

શ્રીમદ્ રાજચંદ્ર.

જન્મ,—વવાણીઆ. | દેહોત્સર્ગ,—રાજકોટ
કાર્તિક શુક્લ પુર્ણિમા, સંવત ૧૯૨૪, વિક્રમ | ચૈત્ર કૃષ્ણ પંચમી, સંવત્ ૧૯૫૭, વિક્રમ.

રાજચંદ્રગુણસ્થાનકમારોહણ.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તિક્ષણ છેદીને,
વિચરશું કવ મહત્પુરૂષને પંથ જો? અપૂર્વ.

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો. અપૂર્વ.

દર્શન મોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્ર મોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ.

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ.

સંયમના હેતુથી યોગપ્રવર્તના,
સ્વરૂપ લક્ષે જિન આજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ.

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો. અપૂર્વ.

ક્રોધપ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા,
માનપ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભપ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ.

બહુઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ.

નગ્નભાવ, મુંડભાવ સહઅસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ, કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ.

શત્રુ મિત્રપ્રત્યે વર્ત્તે સમદર્શીતા,
માન અમાને વર્તે તેજ સ્વભાવ જો;
જીવિત, કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્ત્તે સમભાવ જો. અપૂર્વ.

એકાકી વિચરતો વળી શ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો:
અડોલ આસનને મનમા નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ.

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવજો;
રજકણ, કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ.

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ.

મોહસ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળ જ્ઞાન નિધાન જો. અપૂર્વ.

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવના બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ.

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરિવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધિન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે મટિયે દૈહિકપાત્ર જો. અપૂર્વ.

મન વચન કાયાને કર્મની વર્ગણા,
છુટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગીગુણસ્થાનક ત્યાં વર્ત્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ.

એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણકલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્ત્તિ અનન્યમય,
અગુરૂ લઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ.

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન્ જો;
તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ.

એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજાવગર ને હાલ મનોરથ રૂપ જો;
તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો. અપૂર્વ.

અંતિમ વચનો.

ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો; ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક ગ્રહણ કર્યો.

જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી; એજ અદ્‌ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે.

પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અસાતા મુખ્યત્વે વેદી સાતા પ્રત્યે.

રાજકોટ,
ફાગણ વદ ૩,
શુક્ર, ૧૯૫૭.

ૐ શાંતિઃ

SHRIMAD RAJCHANDRA.

શ્રીમદ્ રાજચંદ્ર.

જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું.

—નિર્ગ્રંથ પ્રવચન.

સંશોધક,

મનસુખલાલ રવજીભાઈ મહેતા.

૧૯૭૦.

દ્વિતીયાવૃત્તિ: પ્રત ૧૨૫૦:

અમદાવાદ.
શા. મનસુખલાલ રવજીભાઇ મેહતા, ઝવેરી બજાર, મુમ્બઈ, એઓને માટે 'સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસ'-પાંચકુવા-માં સાંકળચંદ હરીલાલ શાહે મુદ્રિત કર્યું.

શ્રીમદ્ રાજચંદ્રના વિચારોએ જે સૃષ્ટિ સંમુખ તે સ્થિર થયા છે તે સૃષ્ટિમાં જે કંઇ સ્ફુરણા ઉત્પન્ન કરી હોય તે શોધકબુદ્ધિદ્વારા જાણવા જગત્ ઇચ્છે એ સ્વાભાવિક છે.

શ્રીમદ્ રાજચંદ્રની વિચારશ્રેણિનો ઇતિહાસ યથાયોગ્ય આલેખવામાં આવે, તોજ તેઓના જીવનનો પરિચય નિર્ધારી શકાય. આમ થવા અર્થે તેઓના વિચાર સમૂહને પૃથક્કરણપૂર્વક શોધવાની અગત્ય છે. પૃથક્કરણપૂર્વક શોધાયા પછી જે શોધનતત્ત્વો નીકળે તેને અનુક્રમ આપ્યાથી વિચારશ્રેણિનો ઇતિહાસ આલેખી શકાવા યોગ્ય છે.

અમદાવાદ,
કાર્તિકી પૂર્ણિમા, **મનસુખલાલ.**
૧૯૭૦.

[દ્વિતીયાવૃત્તિ.]

શ્રીમદ્ રાજચંદ્રની સોળ વર્ષની વય પહેલાંથી તે દેહોત્સર્ગપર્યંતના વિચારોનો વર્તમાનમાં એકત્ર થયેલો સંગ્રહ અત્ર સ્થિર થાય છે.

શ્રીમદ્નું જીવન ગ્રંથારૂઢ થયેલું જોવાની પ્રબલ ઇચ્છા ઘણા જિજ્ઞાસુઓની છે, તથાપિ તે ઇચ્છાને અનુકૂળ થવું શક્ય જણાયું નથી; કેમકે તેઓશ્રીનું જીવન મુખ્ય કરી આભ્યંતર દશાનો વિષય છે, અને તેવી આભ્યંતર દશાનું ચિત્ર આલેખવું તે વિશેષ નહીંતો તથારૂપ દશા અને સામર્થ્યના ધારક મહાશયોનું કાર્ય છે; સામાન્ય બુદ્ધિનું નથી.

પરમાર્થપ્રવૃત્તિ પૌદ્ગલિક કારણોને હાનિરૂપ થતી ભાસે તો તે પ્રત્યક્ષ અજ્ઞાન છે એમ જ્ઞાન છતાં, આ ગ્રંથ શોધનપ્રવૃત્તિ પૌદ્ગલિક કારણોને હાનિરૂપ નિમિત્ત થયેલ છે એવી કલ્પના રહ્યા કરવી એ આત્મશિથિલતા જ છે.

રાગભાવ, પ્રમાદ, મંદક્ષયોપશમ, શારીરિક અને માનસિક અસ્વસ્થતા આદિ કારણો આ શોધનને વિઘ્નરૂપ પરિણમ્યાં હોય અને તેથી જે શોધનદોષ રહ્યા હોય તે માટે ક્ષમા ઇચ્છું છું.

મુંબઈ,
આશાઢ વદ ૫, **એક આત્માર્થી.**
વિ. સં. ૧૯૬૧.

[પ્રથમાવૃત્તિ]

INDIANS OF TO-DAY.

We have already quoted a short account from the Bombay papers of Shrimad Rajchandra Ravjibhai, a rising Jain reformer, who died on April 9th, 1901, in Rajkot, Kathiawar, at the premature age of 33. Shrimad had the reputation of being the only *Shataradhani* poet of India, when he was only nineteen. *Avadhana* means attention. *Shatavadhana* means attention to a hundred things at a time. A poet is styled *Shatavadhani*, when he stores up a hundred things in his memory,—be they verses in different languages whose words are recited to him at random, or some games such as chess, cards, &c., or any other things, and reproduces them in their proper order from memory. During the performance the strokes of a bell are counted and arithmetical problems are solved by the poet. This feat of memory power, coupled with poetic gifts,—for the *Shataradhani* poet has also to compose poetry *extempore*,— can be realised better by sight than description.

Shrimad Rajchandra was a living psychological instance of how far memory can be developed. He was considered by his admirers to be one of the greatest moral teachers of our time and country, and the enlightened portion of the Jain community regarded him as its youngest great philosopher in this *Pancham Kal* (the fifth *yuga*). He was born in Vavanya, Kathiawar, in 1867, of *Vanika* parentage. As a boy at school he showed extraordinary powers of memory. He finished within two years the vernacular course of his studies, which generally requires six years to complete. His teachers regarded him as a prodigy of intellect and memory. At a very early age he showed a predilection for poetry. At the age of nine, he wrote small *Ramayana* and *Mahabharata* in Padya (poetry). At the age of twelve, he wrote three hundred stanzas on a clock in three days. This shows that Shrimad was a born poet. He also began to contribute to several monthly magazines and newspapers, and wrote an essay on the importance of female education. When he was thirteen he went to Rajkot to study English. At the age of fourteen or fifteen he went to Morvi, and performed an *Ashtavadhana* (in which eight things are attended to at a time) feat before a circle of friends. He then increased the *Avadhanas* from eight to twelve, and gave a public performance of the same. He gradually increased his powers of memory to such an extent that from twelve *Avadhanas* he began to perform sixteen and from sixteen fifty-two and lastly, one hundred, and thus at the age of nineteen he became a *Shataradhani* poet. He went to Bombay and gave a public performance of his *Shatavadhans*, in the Framji Cowasji Institute and other places. For these wonderful feats of memory he was awarded a gold medal by the Bombay public, and was given the name of *Sakshat Saraswati* (साक्षात् सरस्वति) Mr. Malabari, the well-known social reformer, after witnessing the performance wrote in his paper, the *Indian Spectator*, a very admirable article calling Shrimat, '*a prodigy of intellect and memory*.' Shortly after this, at the instance of the late Sir Charles Sargeant, the then Chief Justice of the High Court of Bombay, Dr. Peterson, Mr. Yajnik, and such other well-known citizens, a big public meeting was arranged to witness Shrimad's *Shatavadhana*. The public and the Press expressed their high appreciation and admiration of the young prodigy. Sir Charles advised him to visit Europe and exhibit his powers there, but he could not do so, as he thought, he could not live in Europe as a pure Jain ought to live.

After such public recognition a sudden change seemed to come over him. At the age of twenty, he completely disappeared from the public gaze. He determined to use his powers and abilities for the instruction and enlightment of his community and the people at large. From his very early age he was a voracious reader. He studied the six schools of religions (षड्दर्शन) and other systems of Oriental and

Western philosophy. Strange though it might seem it was a fact that a book was required to be read only once in order to be digested, and without any regular study of Sanskrit and Prakrit, he could accurately understand works in those languages and explain them to others, as only learned scholars could be expected to do. Shrimad now began to inculcate his taste for knowledge in others and soon attracted a large number of disciples, whom he guided to the proper study of the Jain philosophy. He found that the *Acharayas* (religious teachers) of the time held narrow and sectarian views, and did not appreciate the change of times. Again those who renounced the world were generally lacking in some of the good things of the world, and had some reason or other to be dissatisfied with their lot in the world. Such men could not impress their congregations by their example. He believed that if a man of wealth, and social position renounced the world, he could work real good by his example ; convinced of his sincerity and disinterestedness, the people would more readily follow his guidance and profit by his preaching. Holding such views, he had believed that he had not sufficiently qualified himself to appear before the public as an ascetic and a spiritual guide, and he continued steadily a man of the world, though his inclinations were all the other way.

When he was twenty-one, he took to business and in a very short time gained the credit of being a capable jeweller, The cares of a flourishing business however, did not keep him from his favourite study of religion and philosophy. In the midst of his busy life, he was quietly extending his studies and was always found surrounded by his books. Again for some months of the year, he would leave Bombay with instructions to the members of the firm not to correspond with him, unless he wrote to them. He used to retire into the forests of Gujerat and there pass days and weeks in meditation and *yoga*. He always tried to conceal his identity and whereabouts and, in spite, of that, he was often found out followed by a large number of people eager to listen to his preaching and advice.

After ten years of business life, he felt that he had accomplished the object with which he had entered business. He expressed his desire to sever his connection with it. Knowledge, possession of wealth, social position, the enjoyment of family happiness (for Shrimad had parents, one married brother, four married sisters, a wife, two sons and two daughters, all living), he was preparing to renounce the world and lead the life of an ascetic. In the meantime, in his 32nd year, his health gave way. He was treated by a number of competent medical men, and under their treatment there was a change for the better. A relapse however, followed, and after an illness of more than a year, in spite of competent medical treatment and good nursing by devoted disciples, he quietly passed away on the 9th ultimo, at Rajkot. During his long and painful illness he never uttered a sigh or a groan. He was cheerful while all others around him were despondent.

Besides scattered poems he has written several works. His *Moksha Mala* has already been publised. This work is the keynote of Jainism. This, he had written at the age of seventeen. Among his unpublished works there are *Atma–Siddhi–Upaya* and *Panchastikaya*, and several essays on the *Atma* or soul. The corner-stone of the Jain religion and philosophy is the theory of Karma, in which he strongly believed. He thought of writing a convincing treatise on this theory, and a series of works on the principles taught by the Great Mahavira, but unfortunately he was prevented from doing so by his long illness. He had also solved several difficult problems of religion. After careful study of the Jain and the Buddhist literature, he had come to the conclusion that both Mahavira and Buddha were different personages, their principles were quite different and the belief of European scholars that Jainism was the offspring of Buddhism was not well founded. He said that in the Jain manuscripts of more than two thousand years old, it was clearly stated that the great Mahavira and the Great Buddha were hard religious competitors.

Shrimad had also maintained that the two chief sects of Jainism,-the Digambara and the Swetambara-were the outcome of irregular condition of the country.

The above short sketch of his life is sufficient to show that Shrimad Rajchandra was in every way a remarkable man. His mental powers were extraordinary. At the same time the moral elevation of his character was equally striking. His regard for truth, his adherance to the strictest moral principles in business, his determination to do what he believed to be right, in spite of all opposition, and his lofty ideal of duty, inspired and elevated those who came in contact with him. His exterior was not imposing, but he had a serenity and gravity all his own. On account of his vast and accurate knowledge of religions and philosophy, his wonderful powers of exposition and his lucid delivery, his discourses were listened with the utmost attention. His self-control under irritating circumstances was so complete, his persuasive powers so great, and his presence so inspiring that those who came to discuss with him in a defiant and combative frame of mind returned quite humuliated and full of admiration.

Shrimad Rajchandra deplored the present condition of India, and was always solicitous for its amelioration. His views on the social and political questions of the day were liberal. He said that there ought not to be anything like caste-distinction amongst the Jains, as those who were Jains were all ordered to lead similar life. Among all the agencies for reform, he assigned the highest place to the religious reformer, working with the purest of motives and without ostentation. He found fault with the religious teachers of the present day because they preached sectarianism, did not realise the change of the times, and often forgot their real sphere in the desire to proclaim themselves as *avatars* of God, and arrogated to themselves powers which they did not possess. In his later years, it was clear that he was preparing to fulfil his life's mission in that capacity. But unfortunately death intervened and the mission remained unfulfilled. Shrimad had, however, succeeded in creating a new spirit among the Jains in the Bombay Presidency. It is generally believed that had he lived long, he would have revolutionised the whole system of the present Jain religion, and would have taught the people what the Great Mahavira had actually taught. He wanted to do away with the numerous sects of the Jain religion in order to establish one common religion, founded by Mahavira. That such an useful life should have been cut short at this premature age was a distinct loss to the country.

His admirers have already collected about Rs. 11,000 to perpetuate his memory. A movement is still going on to increase the fund. It is expected that either an institution to collect old manuscripts and to publish the works of the Jain religion, which remain unpublished, in several *Bhandaras*, will be started, or a complete library of the Jain philosophy and literature will be established bearing his honoured name.

It is hoped that some one of his numerous disciples may give the public a comprehensive account of his life and work.—*The Pioneer, 22nd May, 1901.*

આજના ભારતવાસીઓ.

[અલાહબાદના 'પાયોનિયર' (૨૨મે ૧૯૦૧) પત્ર ઉપરથી.]

અમે મુંબઈના વર્તમાનપત્રોમાંથી શ્રીમદ્ રાજચંદ્ર રવજીભાઇ (પ્રસિદ્ધિમાં કવિ તરીકે જ્ઞાત થયેલા) એક ઉગતા જૈન સુધારક કે જે કાઠિયાવાડમાં આવેલ રાજકોટમાં ૩૩ વર્ષની અકાલ ઉમ્મરે ૧૯૦૧ના એપ્રિલની નવમીયે ગત થયા તેનું ટુંક વર્ણન ક્યારનું ટાંકેલ છે. જ્યારે ૧૯ વર્ષના હતા ત્યારે હિંદીના શતાવધાની કવિ તેઓ એક જ છે એવું માન શ્રીમદ્‌ને મળ્યું હતું. અવધાન એટલે લક્ષ; શતાવધાન એટલે એકી વખતે સો વસ્તુપર ધ્યાન આપવું તે. એક કવિ જ્યારે પોતાની સ્મરણશક્તિમાં એક સો બાબતોનો સંગ્રહ કરી રાખે છે ત્યારે તે શતાવધાની કહેવાય છે. આ બાબતોમાં જુદી જુદી ભાષાઓની કવિતાઓ કે જેમાંના શબ્દો આડાઅવળા ક્રમમાં ગમે તેમ કહેવામાં આવે છે, અથવા શેતરંજ પાનાં આદિ કેટલીક રમતો અને બીજી કેટલીક બાબતોનો સમાવેશ થાય છે. આ અવધાન ક્રિયામાં ઘંટ વગાડવામાં આવે છે, તેના ટકોરા ગણતાં ગણતાં ગણિતના દાખલાઓ કરી આપે છે. કવિત્વની બક્ષીસ સાથેની—કારણકે શતાવધાની કવિને પૂછેલી કવિતા તાત્કાળિક અને શીઘ્ર રીતે કરવી પડે છે,—સ્મરણશક્તિનું આવી રીતે વ્યક્તત્ત્વ વર્ણન કરતાં દૃષ્ટિએ જોયાથી જ તેનો ખરો ખ્યાલ આવી શકે છે.

શ્રીમદ્ રાજચંદ્ર, સ્મરણશક્તિનો કેટલો બધો વિકાસ કરી શકાય છે તેના માનસશાસ્ત્રદૃષ્ટયા પ્રત્યક્ષ ઉદાહરણરૂપ હતા. તેમના સ્તુતિકારો તેઓ આપણા સમય અને દેશના મહત્તમ નીતિશાસ્ત્રના ઉપદેશકોમાંના એક હતા એમ ગણતા અને જૈન સમુદાયના સુશિક્ષિત પુરૂષો તેઓને આ પંચમકાલના એક ઉછરતા મહાન ફિલસુફ તરીકે લેખતા; તેમનો જન્મ કાઠિયાવાડના વવાણિયા ગામમાં વણિકજ્ઞાતિમાં ૧૮૬૭માં થયો હતો. નાનપણમાં જ્યારે તેઓ શાળામાં જતા ત્યારે તેઓએ અદ્ભુત સ્મરણશક્તિ દર્શાવી હતી. ગુજરાતી ભાષામાંનો અભ્યાસક્રમ કે જે પૂરો કરવાને ૭ વર્ષ લાગતાં હતાં તે તેમણે બે વર્ષની અંદર પૂરો કર્યો. તેમના શિક્ષકો બુદ્ધિ અને સ્મરણશક્તિ વિષયે તેઓને અસાધારણ લેખતા; ઘણી જ નાની ઉમ્મરથી તેમને કવિતા પ્રત્યે અનુરાગ હતો. નવ વર્ષની વયમાં તેમણે પદ્યમાં નાના રામાયણ અને મહાભારત લખ્યાં હતાં. બાર વર્ષની વયમાં ત્રણ દિવસમાં ઘટિકાયંત્રપર ત્રણસો વૃત્ત લખ્યા હતા. આ દર્શાવે છે કે શ્રીમદ્ આજન્મસિદ્ધ કવિ હતા. તેમણે કેટલાક માસિક અને જાહેર વર્તમાનપત્રોમાં લખાણ લખવા માંડયાં હતાં, અને સ્ત્રી કેળવણીની ઉપયોગિતા ઉપર એક નિબંધ લખ્યો હતો. તેર વર્ષની ઉમરે તેઓ ઇંગ્લિશ ભાષાનો અભ્યાસ કરવા રાજકોટ ગયા. ૧૪ કે ૧૫ વર્ષની ઉમરે તેઓએ મોરબી જઇ મિત્રમંડળ પાસે અષ્ટાવધાન (એકી વખતે આઠ બાબતોમાં ચિત્ત રાખવાની ક્રિયા) કર્યાં. પછી આઠમાંથી બાર અવધાન કરવાની શક્તિ વધારી અને પછી તે બાર અવધાનો પ્રજા સમક્ષ કર્યાં. તેઓએ ધીમે ધીમે પોતાની સ્મરણશક્તિ એટલાં બધાં પ્રમાણમાં વધારી કે બારપરથી સોળ અવધાન કર્યાં. સોળમાંથી બાવન અવધાન કર્યાં. અને અંતે સો અવધાન કર્યાં. અને આવી રીતે ઓગણીશ વર્ષની ઉમરે તેઓ શતાવધાની કવિ થયા. તેઓએ મુંબઇ જઇ પોતાની શતાવધાન કરવાની શક્તિ ફ્રામજી કાવસજી ઇન્સ્ટીટયુટમાં અને અન્ય સ્થળોએ પ્રજા સંમુખ બતાવી. આ આશ્ચર્યભૂત સ્મરણ શક્તિની ક્રિયાઓથી તેઓને પ્રજાએ એક સુવર્ણચંદ્રક (ચાંદ)

આપ્યો; અને 'સાક્ષાત્ સરસ્વતિ' નું બિરૂદ આપવામાં આવ્યું. પ્રસિદ્ધ સુધારક મી. મલબારીએ ઉપરોક્ત શતાવધાન-ક્રિયા જોઈ પોતાના પત્ર નામે 'ધી ઇંડિયન ઇન્સ્પેક્ટેટર' માં તે વિષયે ઘણોજ સ્તુતિપ્રદર્શક લેખ લખ્યો; અને તેમાં શ્રીમદ્‌ને, 'બુદ્ધિ અને સ્મરણશક્તિ અદ્ભુત રીતે ધરાવનાર'–Prodigy of intellect and memory–કહ્યા. આ પછી થોડાક વખતમાં મુમ્બઇની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સર ચાર્લ્સ સારજન્ટ, ડૉકટર પીટેર્સન, મી. યાજ્ઞિક, અને અન્ય પ્રતિષ્ઠિત પુરૂષોની પ્રેરણાથી શ્રીમદ્‌ના શતાવધાન જોવાને માટે એક મહાન્ લોક સભા બોલાવવાને વ્યવસ્થા કરવામાં આવી. આ અસાધારણ શક્તિવાળા યુવકની સ્તુતિ અને કદર લોકોએ અને પત્રકારોએ ઉત્તમ રીતે પ્રદર્શિત કરી. સર ચાર્લ્સે તેઓને યુરપમાં જઈ ત્યાં પોતાની શક્તિઓ દર્શાવવાને ભલામણ કરી; પણ તેઓ તેમ કરી શક્યા નહીં, કારણકે તેઓએ વિચાર્યું કે, યુરપમાં પોતે જૈનધર્માનુસાર રહી શકે નહીં.

આવી રીતે સમગ્ર પ્રજામાં ખ્યાતિ થયા પછી તેઓના પર એકાએક નવું પરિવર્ત્તન આવ્યું હોય એમ જણાયું. વીશ વર્ષની વયે પ્રજાની દૃષ્ટિમાં પૂર્ણ રીતે તેઓ અદૃશ્ય થયા. પોતાની શક્તિ અને બુદ્ધિબળનો ઉપયોગ પોતાના સમુદાય વર્ગમાં અને વિસ્તારથી સમગ્ર લોકને શિક્ષા અને જ્ઞાનબોધ આપવામાં કરવા માટે તેઓએ નિશ્ચય કર્યો. તેઓ ઘણી નાની ઉમરથી અતિશય પ્રમાણમાં વાંચનાર હતા. તેઓએ ષડ્દર્શનની પર્યાલોચના કરી. અને તેના સાથે પૂર્વ તેમજ પશ્ચિમની ફીલસુફીનાં દર્શનો જોયાં. જો કે આશ્ચર્યકારક લાગશે પરંતુ આ તો વાસ્તવિક સત્ય છે કે, તેઓને પુસ્તકને પૂર્ણ રીતે ગ્રહણ કરવાને માત્ર એકજ વખત વાંચવાની જરૂર રહેતી અને સંસ્કૃત તથા પ્રાકૃતના નિયમિત અભ્યાસ વગર તેઓ તે ભાષાઓમાંનાં પુસ્તકો મોટા પંડિતોની પેઠે સમજી શકતા અને બીજાઓને સમજાવી શકતા.

તેઓએ જોયું કે, ધર્મગુરૂઓ વર્ત્તમાનમાં સાંપ્રદાયિક દૃષ્ટિથી સંકુચિત-ટુંક મર્યાદાવાળા વિચારો ધરાવે છે અને કાળના પરિવર્ત્તન અનુસાર કેવી રીતે વર્તન કરવું જોઇએ તે ધ્યાનમાં લેતાં નથી. વિશેષ, જેઓ આ સંસારનો ત્યાગ કરી ત્યાગવ્રત સ્વીકારે છે તેઓમાં કેટલાક સાંસારિક સંપત્તિઓના અભાવે તથા સંસારથી એક વા બીજા કારણથી થયેલા અસંતોષને પરિણામે તેમ કરે છે. આવા પુરૂષો પોતાના ચારિત્ર્યની અસર તેઓના સમુદાય પ્રત્યે પાડી શકતા નથી. શ્રીમદ્‌ની એવી માનીનતા હતી કે, ધનવાન અને સાંસારિક સારી સ્થિતિવાળો પુરૂષ સંસારનો ત્યાગ કરે તો પોતાના ચારિત્ર્યથી સંગીન હિત કરી શકે. જનસમાજ તેનાં સુહૃદય અને નિઃસ્વાર્થના સદ્‌ગુણોની ખાત્રી થવાથી તેના કહેવા પ્રમાણે દોરાવવામાં ઘણી જ તત્પર રહે અને તેના ઉપદેશથી લાભ મેળવતી થાય. આવા વિચારો શ્રીમદ્‌ના હતા. અને તેની સાથે જનસમાજ આગળ એક સાધુ અને ધાર્મિક નાયક તરીકે રજુ થવા યોગ્ય સ્થિતિમાં મૂકાયા નથી એમ તેઓ માનતા હતા અને તેથી જ ગૃહસ્થદશાએ જ જીવન ગાળવાનું ચાલુ રાખ્યું હતું. જ્યારે તેઓના આંતરિક વિચારો સંસાર પ્રત્યે તદ્દન ઉદાસીન વર્તતા હતા.

જ્યારે શ્રીમદ્ એકવીશ વર્ષના હતા ત્યારે તેઓએ ધંધામાં પ્રયાણ કર્યું અને ઘણા ટુંક વખતમાં એક સારા ઝવેરી તરીકેની નામના મેળવી. વધતા જતા વ્યાપારની ઉપાધિઓમાં પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં પોતાના પ્રિય અભ્યાસમાં તેઓએ ખલલ આવવા દીધી નહીં. પોતાના ઉદ્યોગરત જીવનમાં ચૂપકીદીથી જ્ઞાનવૃદ્ધિ કરતા હતા, તેમજ હમેશાં પુસ્તકોમાં ગુંથાયેલા રહેતા હતા. વળી, વર્ષમાં કેટલાક મહિનાઓ તો પોતે મુમ્બઇ છોડી ચાલ્યા જતા અને પોતાની પેઢીએ કહી જતા કે જ્યાં સુધી પોતે લખે નહીં ત્યાં સુધી કોઇએ તેઓની સાથે પત્રવ્યવહાર પણ ચલાવવો

નહીં. ગુજરાતના વનોમાં તેઓ એકાન્તવાસ ગાળતા અને ત્યાં રહી ચિંતવન અને યોગમાં દહાડાઓ અને અઠવાડયાઓ વ્યતીત કરતા. તેઓ રખેને પોતે ઓળખાઇ જાય અથવા પોતાના સ્થાનની ખબર પડી જાય તેવી ધાસ્તીથી ઘણા ગુપ્ત રહેવાનો પ્રયાસ કરતા; છતાં તેઓ વારંવાર ઓળખાઈ જતા અને લોકોની મોટી સંખ્યા તેઓના ઉપદેશ અને શિક્ષાવચનો શ્રવણુ કરવાની જિજ્ઞાસાપૂર્વક તેઓની પાછળ આવતા.

વ્યાપાર કર્યાને દશ વર્ષ થયાં પછી તેઓને લાગ્યું કે, જે હેતુથી વ્યાપાર–ધંધામાં પ્રયાણુ કર્યું હતું તે હેતુ પોતે પૂર્ણ કર્યો હતો તેથી વ્યાપારની સાથેનો પોતાનો સંબંધ નિવૃત્તવાની ઇચ્છા તેઓએ જણાવી. જ્ઞાન, ધનસંપત્તિ, સાંસારિક પદવી, કૌટુમ્બિક સુખ (કારણકે તેઓને હૈયાત માતા, પિતા, એક પરિણિત બંધુ, ચાર પરિણિત બહેનો, સ્ત્રી, બે પુત્રો અને બે પુત્રીઓ હતાં) પ્રાપ્ત કરી સંસારનો ત્યાગ કરી સાધુ–મુનિનું જીવન ગાળવાની તેઓએ તૈયારી કરી. એટલામાં બત્રીશમા વર્ષની વયે તેઓની શારીરિક પ્રકૃતિ નબળી પડી. અનેક કુશળ ડૉકટરોની સારવાર નીચે રાખવામાં આવ્યા અને એક વખત તો તેઓની પ્રકૃતિ સુધરી જવાની આશા રખાઈ. પરંતુ વ્યાધિએ ફરીવાર દેખાવ દીધો; અને કાબેલ્યતવાળી સારવાર તથા તેઓના પ્રશંસકોની માવજત છતાં એક વર્ષ કરતાં વધારે વખત બીછાના વશ રહીને કાઠિયાવાડના રાજકોટ શહેરમાં ગયા માસની નવમી તારીખે (૧૯૦૧ ના એપ્રીલ માસમાં) તેઓએ શાંતિથી દેહવિલય કર્યો.

તેઓની લાંબી અને તીવ્ર માંદગી દરમ્યાન તેઓએ કદીપણુ નિશ્વાસ અથવા આર્ત્તતા દાખવી નહોતી. જ્યારે તેઓના બીછાનાની આસપાસના બીજા બધાઓ ખેદયુક્ત થતાં ત્યારે પણ તેઓ આનંદ સમેત રહેતા.

છૂટીછવાઈ કવિતા ઉપરાંત તેઓએ કેટલાંક પુસ્તકો લખ્યાં છે. તેઓની 'મોક્ષમાળા' ક્યારની પ્રસિદ્ધિ પામી ગઇ છે. આ ગ્રંથ જૈનધર્મની કુંચી સમાન છે. આ તેઓએ સત્તર વર્ષની વયે રચ્યો હતો. તેઓના અપ્રસિદ્ધ ગ્રંથોમાં ' આત્મસિદ્ધિશાસ્ત્ર ' તથા ' પંચાસ્તિકાય ' અને આત્માના વિષય પર કેટલાક નિબન્ધો છે. જૈનધર્મ તથા તેના તત્ત્વજ્ઞાનનો મુખ્ય સિદ્ધાંત કર્મવાદ છે. કર્મવાદમાં તેઓને અખંડ શ્રદ્ધા હતી. તેઓએ આ કર્મવાદ પર પ્રમાણો સાથે એક શ્રેણી લખવાનો અને ભગવાન્ મહાવીરે પ્રકાશેલા સિદ્ધાંતો પર ગ્રન્થમાળા લખવાનો વિચાર હતો; પરંતુ દુર્ભાગ્યે તેઓથી તેમ, લાંબી માંદગીના સબબે થઈ શક્યું નહીં. વળી તેઓએ ધર્મના કેટલાક કઠિન સિદ્ધાંતો પ્રતિપાદીત કર્યા હતા. જૈન અને બૌદ્ધ સાહિત્ય સંભાળપૂર્વક નિરીક્ષિણ કર્યા પછી તેઓ એવા નિર્ણય પર આવ્યા હતા કે, મહાવીર અને બુદ્ધ બન્ને ભિન્ન મહાન્ પુરૂષો હતા. તેઓના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો તદ્દન જુદા હતા. અને જૈનધર્મ એ બૌદ્ધધર્મની શાખા છે એવી યુરપીય પંડિતોની જે માનીનતા હતી તે બરાબર પ્રમાણુ સહિત નથી. તેઓ કહેતા હતા કે, જૈનોના બે હજાર વર્ષનાં પ્રાચીન હસ્ત લિખિત પુસ્તકોમાં સ્પષ્ટ રીતે જણાવે છે કે, મહાન્ મહાવીર અને મહાન્ બુદ્ધ એ ધાર્મિક પ્રતિસ્પર્ધિઓ હતા. શ્રીમદ્ આ પણુ નિશ્ચિત રીતે પ્રતિપાદિત કરતા કે, જૈનની બે મુખ્ય શાખાઓ નામે દિગમ્બર અને શ્વેતામ્બર દેશની અનિયમિત સ્થિતિને લઇને જન્મ પામેલ છે.

શ્રીમદ્ રાજચંદ્ર દરેક રીતે લાક્ષણિક ચિન્હથી અંકિત પુરૂષ હતા એ દર્શાવવાને તેઓના જીવનની ઉપર દર્શાવેલી રૂપરેખા પુરતી છે. તેઓની માનસિક શક્તિઓ અદ્દભૂત રીતે ચમત્કૃતિવાળી હતી તેમજ તેઓના ચારિત્રની નૈતિક ઉન્નતિ ચકિત કરાવનાર હતી. સત્ય પ્રત્યે તેઓનો આદર, વ્યાપારમાં અત્યંત ચીવટથી નૈતિક તત્ત્વોને વળગી રહેવાનું વર્તન, ગમે તેટલી વિરૂદ્ધતા છતાં જે

ખરું તેઓ માનતા તે કરવાની તેઓની નિશ્ચયવૃત્તિ અને તેઓનો કર્તવ્ય સંબંધી ઉચ્ચ આદર્શ જેઓ તેઓના સહવાસમાં આવતા તેઓનામાં પ્રેરણા કરી તેઓને ઉન્નતિની શ્રેણી પર ચઢાવતા. તેઓની બાહ્યાકૃતિ ડીમાકવાળી ન હતી, પરંતુ આંતરિક શાન્તિ અને ગાંભીર્ય તો તેઓના જ હતાં. તેઓનું ધર્મો તથા તત્ત્વજ્ઞાન સંબંધી વિશાળ અને યથાસ્થિત જ્ઞાન, તેઓની સમજાવવાની અદ્ભુત શક્તિ અને ઉપદેશ કરવાની તેઓની દીવ્ય પદ્ધતિ હોવાથી તેઓના ઉપદેશો પૂર્ણ લક્ષપૂર્વક સાંભળવામાં આવતાં હતાં. ઉશ્કેરનાર સંજોગો હોય ત્યારે પણ તેઓનો આત્મસંયમ એટલો બધો પૂર્ણ હતો, તેઓની મધ્યસ્થ રીતે સમજાવવાની શક્તિ એટલી બધી મહાન્ હતી અને તેઓની હાજરી એટલી બધી પ્રેરણાત્મક હતી કે, જેઓ તેઓની સાથે વાદવિવાદ કરી તેઓના ઉપર જય મેળવવાની બુદ્ધિએ આવતા તેઓ તદ્દન તેઓથી વશ થઇને તેઓની આદરપૂર્વક સ્તુતિ કરતા જતા હતા.

હિંદની વર્ત્તમાન દશાપર **શ્રીમદ્ રાજચંદ્રને** ખેદ થતો અને તે દૂર કરવાને હમેશાં ઇચ્છા ધરાવતા હતા. વર્ત્તમાન સામાજિક અને રાજકીય પ્રશ્નોપરના તેઓના વિચારો ઉદાર હતા. તેઓ કહેતા કે, જૈનમાં જ્ઞાતિભેદ જેવું કાંઈ પણ હોવું જોઇએ નહીં, કારણ કે જેટલા જૈનો છે તેઓને એક જ પ્રકારનું જીવનવર્તન રાખવાનું હોય છે. બધા સુધારકોમાં જે સુધારક પવિત્રતમ આશયથી અને દાંભિકવૃત્તિ વગર સુધારાનું કાર્ય કર્યા જાય છે તેઓને **શ્રીમદ્** ઉચ્ચતમ પંક્તિ આપતા. વર્ત્તમાનકાળના ધર્મગુરૂઓની ભૂલ એ કારણથી તેઓ માનતા હતા કે તેઓ સ્વસંપ્રદાયના મોહથી આગ્રહી ઉપદેશ કરી કાળના ફેરફારનો લક્ષ રાખતા નથી. પોતાને પ્રભુના અવતાર તરીકે કહેવડાવવાની ઇચ્છાથી પોતાનું ખરૂં કર્તવ્ય વારંવાર ભૂલી જાય છે અને જે શક્તિ પોતામાં ન હોય છતાં તેનો દાવો કરવાનો ગર્વ રાખે છે. તેઓના પાછલા વર્ષોમાં એ તો સ્પષ્ટ જણાતું હતું કે, **શ્રીમદ્** પોતાના જીવનનો સંદેશ ધર્મશિક્ષક તરીકે આપવાની તૈયારી કરતા હતા; પરંતુ દુર્ભાગ્યે મરણે વચમાં પડી તે સંદેશ પૂર્ણ થતાં અટકાવ્યો છે; છતાં મુમ્બઈ ઇલાકાના જૈનોમાં એક નવીન જીવન ઉત્પન્ન કરવામાં **શ્રીમદ્** વિજય પામ્યા છે. સાધારણ રીતે એવું મનાય છે કે, જો તેઓ વધુ વખત જીવ્યા હોત તો હાલના જૈનમાર્ગની સંપૂર્ણ દર્શનક્રાંતિ કરી હોત અને મહાન્ મહાવીરે જે વાસ્તવિક ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ લોકોને શીખવ્યો હોત. જૈનોના અનેક ગચ્છભેદો દૂર કરી મહાવીરે સ્થાપેલો એક સામાન્ય ધર્મ સ્થાપવાનો તેઓનો વિચાર હતો. આવું ઉપયોગી જીવન અપરિપક્વ વયે ઉપયોગમાં આવતું બંધ પડયું તેથી દેશનો ચોખો ગેરલાભ થયો છે.

તેઓનું નામ ચિરંજીવ રાખવાને તેઓના સ્તુતિપાઠકોએ આશરે રૂપીઆ ૧૧,૦૦૦ ક્યારનાય સંગ્રહીત કર્યા છે. તે ફંડને વધારવાની હીલચાલ હજી પણ ચાલી રહી છે અને એવી આશા રખાય છે કે, જૂના હસ્ત લિખિત પુસ્તકોને એકત્ર કરી જૈનધર્મ–વિષયક પુસ્તકો કે જે કેટલાક ભંડારોમાં અપ્રકટ દશામાં પડયા છે તેને પ્રકટ કરનારી સંસ્થા તેઓના માનવંતા નામ સાથે સ્થાપવામાં આવશે. આશા રહે છે કે, તેઓના અનુયાયીઓમાંના કોઇ શ્રીમદ્‌ના જીવનવૃતાંત અને કાર્યનો સવિસ્તર અને સમજી શકાય તેવો અહેવાલ પ્રજા સમક્ષ રજુ કરશે.

શ્રીમદ્ રાજચંદ્ર.

વર્ષ ૧૬ મા પહેલાં.

૧.

પુષ્પમાળા.

૧. રાત્રિવ્યતીક્રમી ગઇ, પ્રભાત થયો, નિદ્રાથી મુક્ત થવા ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.

૨. વ્યતીત રાત્રિ અને ગઇ જીંદગી પર દૃષ્ટિ ફેરવી જાઓ.

૩. સફળ થયેલા વખતને માટે આનંદ માનો, અને આજનો દિવસ પણ સફળ કરો. નિષ્ફળ થયેલા દિવસને માટે પશ્ચાત્તાપ કરી નિષ્ફળતા વિસ્મૃત કરો.

૪. ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો છતાં સિદ્ધિ થઇ નહીં.

૫. સફળજન્ય એકકે બનાવ તારાથી જો ન બન્યો હોય તો ફરી ફરીને શરમા.

૬. અઘટિત કૃત્યો થયાં હોય તો શરમાઇને મન, વચન, કાયાના યોગથી તે ન કરવાની પ્રતિજ્ઞા લે.

૭. જો તું સ્વતંત્ર હોય તો સંસાર-સમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ.

૧ પ્રહર—ભક્તિકર્ત્તવ્ય.
૧ પ્રહર—ધર્મકર્ત્તવ્ય.
૧ પ્રહર—આહારપ્રયોજન.
૧ પ્રહર—વિદ્યાપ્રયોજન.
૨ પ્રહર—નિદ્રા.
૨ પ્રહર—સંસારપ્રયોજન.

૧ બાલવયને ક્ષયોપશમ સૂચવવા અર્થે સોળ વર્ષની વય પહેલાંનાં આ મળી આવેલાં વચનો અત્ર આપ્યાં છે.—સંશોધક.

૮. જો તું ત્યાગી હોય તો ત્વચાવગરની વનિતાનું સ્વરૂપ વિચારીને સંસારભણી દૃષ્ટિ કરજે.
૯. જો તને ધર્મનું અસ્તિત્વ અનુકૂળ ન આવતું હોય તો નીચે કહું છું તે વિચારી જજે.

તું જે સ્થિતિ ભોગવે છે, તે શા પ્રમાણુથી ?
આવતી કાલની વાત શા માટે જાણી શકતો નથી ?
તું જે ઇચ્છે છે તે શા માટે મળતું નથી ?
ચિત્રવિચિત્રતાનું પ્રયોજન શું છે ?

૧૦. જો તને અસ્તિત્વ પ્રમાણભૂત લાગતું હોય અને તેના મૂળતત્ત્વની આશંકા હોય તો નીચે કહું છું. સર્વ પ્રાણીમાં સમદૃષ્ટિ,—
૧૧. કિંવા, કોઇ પ્રાણીને જીવિતરહિત કરવું નહીં, ગજા ઉપરાંત તેનાથી કામ લેવું નહીં.
૧૨. કિંવા સત્પુરૂષો જે રસ્તે ચાલ્યા તે.
૧૩. મૂળતત્ત્વમાં ક્યાંય ભેદ નથી; માત્ર દૃષ્ટિમાં ભેદ છે; એમ ગણી આશય સમજી પવિત્ર ધર્મમાં પ્રવર્ત્તન કરજે.
૧૪. તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય એ કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.
૧૫. ગમે તેટલો પરતંત્ર હો તોપણ મનથી પવિત્રતાને વિસ્મરણ કર્યા વગર આજનો દિવસ રમણીય કરજે.
૧૬. આજે જો તું દુષ્કૃતમાં દોરાતો હો તો મરણને સ્મર.
૧૭. તારા દુ:ખ સુખના બનાવોની નોંધ આજે કોઇને દુ:ખ આપવા તત્પર થાય તો સંભારી જા.
૧૮. રાજા હો કે રંક હો—ગમે તે હો, પરંતુ આ વિચાર વિચારી સદાચાર ભણી આવજે કે આ કાયાના પુદ્ગલ થોડા વખતને માટે માત્ર સાડાત્રણ હાથ ભૂમિ માંગનાર છે.
૧૯. તું રાજા હો તો ફીકર નહીં, પણ પ્રમાદ ન કર, કારણ નીચમાં નીચ, અધમમાં અધમ, વ્યભિચારનો, ગર્ભપાતનો, નિર્વંશનો, ચાંડાલનો, કસાઇનો અને વેશ્યાનો એવો કણ તું ખાય છે તો પછી ?
૨૦. પ્રજાનાં દુ:ખ, અન્યાય, કર એને તપાસી જઈ આજે ઓછાં કર. તું પણ હે રાજા ! કાળને ઘેર આવેલો પરૂણો છે.
૨૧. વકીલ હો તો એથી અર્ધા વિચારને મનન કરી જજે.
૨૨. શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે. રળવાનું કારણ આજે શોધીને કહેજે.
૨૩. ધાન્યાદિકમાં વ્યાપારથી થતી અસંખ્ય હિંસા સંભારી ન્યાયસંપન્ન વ્યાપારમાં આજે તારૂં ચિત્ત ખેંચ.
૨૪. જો તું કસાઇ હોય તો તારા જીવના સુખનો વિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.
૨૫. જો તું સમજણો બાળક હોય તો વિદ્યા ભણી અને આજ્ઞા ભણી દૃષ્ટિ કર.
૨૬. જો તું યુવાન હોય તો ઉદ્યમ અને બ્રહ્મચર્ય ભણી દૃષ્ટિ કર.
૨૭. જો તું વૃદ્ધ હોય તો મોત ભણી દૃષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કર.
૨૮. જો તું સ્ત્રી હોય તો તારા પતિપ્રત્યેની ધર્મકરણીને સંભાર;—દોષ થયા હોય તેની ક્ષમા માગ અને કુટુંબ ભણી દૃષ્ટિ કર.
૨૯. જો તું કવિ હોય તો અસંભવિત પ્રશંસાને સંભારી જઈ આજના દિવસમાં પ્રવેશ કર.
૩૦. જો તું કૃપણ હોય તો,—
૩૧. જો તું અમલમસ્ત હોય તો નેપોલિયન બોનાપાર્ટનું બન્ને સ્થિતિથી સ્મરણ કર.

૩૨. ગઇ કાલે કોઇ કૃત્ય અપૂર્ણું રહ્યું હોય તો પૂર્ણ કરવાનો સુવિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૩. આજે કોઇ કૃત્યનો આરંભ કરવા ધારતો હો તો વિવેકથી સમય, શક્તિ અને પરિણામને વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૪. પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે, અને માથે મરણ રહ્યું છે; એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૫. અઘોર કર્મ કરવામાં આજે તારે પડવું હોય તો રાજપુત્ર હો તોપણ ભિક્ષાચારી માન્ય કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૬. ભાગ્યશાલી હોય તો તેના આનંદમાં બીજાને ભાગ્યશાલી કરજે, પરંતુ દુર્ભાગ્યશાલી હો તો અન્યનું બુરું કરતાં રોકાઇ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૭. ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષદષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૮. અનુચર હો તો પ્રિયમાં પ્રિય એવા શરીરના નિભાવનાર તારા અધિરાજની નિમકહલાલી ઇચ્છી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૯. દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૦. દુઃખી હો તો આજીવિકા (આજની) જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૧. ધર્મકરણીનો અવશ્ય વખત મેળવી આજની વ્યવહારસિદ્ધિમાં તું પ્રવેશ કરજે.

૪૨. કદાપિ પ્રથમ પ્રવેશે અનુકૂળતા ન હોય તોપણ રોજ જતા દિવસનું સ્વરૂપ વિચારી આજે ગમે ત્યારે પણ તે પવિત્ર વસ્તુનું મનન કરજે.

૪૩. આહાર, વિહાર, નિહાર, એ સંબંધીની તારી પ્રક્રિયા તપાસી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૪. તું કારીગર હો તો આળસનો અને શક્તિના ગેરઉપયોગનો વિચાર કરી જઇ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૫. તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાયસંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.

૪૬. એ સ્મૃતિ ગ્રહણ કર્યા પછી શૌચક્રિયાયુક્ત થઈ ભગવદ્ભક્તિમાં લીન થઇ ક્ષમાપના યાચ.

૪૭. સંસારપ્રયોજનમાં જો તું તારા હિતને અર્થે અમુક સમુદાયનું અહિત કરી નાખતો હો તો અટકજે.

૪૮. જુલમીને, કામીને, અનાડીને ઉત્તેજન આપતો હો તો અટકજે.

૪૯. ઓછામાં ઓછો પણ અર્ધ પ્રહર ધર્મકર્તવ્ય અને વિદ્યાસંપત્તિમાં ગાળ ગણજે.

૫૦. જીંદગી ટુંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટુંકી કર તો સુખરૂપે જીંદગી લાંબી લાગશે.

૫૧. સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી ઇત્યાદિ બધાં સુખ તારે ઘેર હોય તોપણ એ સુખમાં ગૌણતાએ દુઃખ રહ્યું છે, એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.

૫૨. પવિત્રતાનું મૂળ સદાચાર છે.

૫૩. મન દુરંગી થઇ જતું જાળવવાને,—

૫૪. વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઇ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૫૫. કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે "હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનું છું?" એમ આજે વિચારજે.

૫૬. તારે હાથે કોઇની આજીવિકા આજે તૂટવાની હોય તો,—

૫૭. આહારક્રિયામાં હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો.

૫૮. જો આજે દિવસે તને સુવાનું મન થાય, તો તે વખતે ઇશ્વરભક્તિપરાયણ થજે, કે સત્શાસ્ત્રનો લાભ લઇ લેજે.—

૫૯. હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તોપણ અભ્યાસ સર્વનો ઉપાય છે.

૬૦. ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે.

૬૧. તેમ નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે ? એ વિચાર તત્ત્વજ્ઞાનીઓ કરે છે.

૬૨. મહારંભી—હિંસાયુક્ત—વ્યાપારમાં આજે પડવું પડતું હોય તો અટકજે.

૬૩. બહોળી લક્ષ્મી મળતાં છતાં આજે અન્યાયથી કોઇનો જીવ જતો હોય તો અટકજે.

૬૪. વખત અમૂલ્ય છે—એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦ વિપળનો ઉપયોગ કરજે.

૬૫. વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે માટે જંજાળમોહનીથી આજે આભ્યંતરમોહિની વધારીશ નહીં.

૬૬. નવરાશનો દિવસ હોય તો આગળ કહેલી સ્વતંત્રતા પ્રમાણે ચાલજે.

૬૭. કોઇ પ્રકારની નિષ્પાપી ગમ્મત કિંવા અન્ય કંઇ નિષ્પાપી સાધન આજની આનંદનીયતાને માટે શોધજે.

૬૮. સુયોજક કૃત્ય કરવામાં દોરાવું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી, કારણ આજ જેવો મંગળદાયક દિવસ બીજો નથી.

૬૯. અધિકારી હો તોપણ પ્રજાહિત ભૂલીશ નહીં, કારણ જેનું (રાજાનું) તું લુણ ખાય છે, તે પણ પ્રજાના માનીતા નોકર છે.

૭૦. વ્યાવહારિક પ્રયોજનમાં પણ ઉપયોગપૂર્વક વિવેકી રહેવાની સત્પ્રતિજ્ઞા લઇ આજના દિવસમાં વર્તજે.

૭૧. સાયંકાળ થયા પછી વિશેષ શાન્તિ લેજે.

૭૨. આજના દિવસમાં આટલી વસ્તુને બાધ ન આવે તોજ વાસ્તવિક વિચક્ષણતા ગણાય.

૧ આરોગ્યતા.	૨ મહત્તા.
૩ પવિત્રતા.	૪ ફરજ.

૭૩. જો આજે તારાથી કોઇ મહાન્ કામ થતું હોય તો તારા સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.

૭૪. કરજ એ નીચ રજ (ક+રજ) છે, કરજ એ યમના હાથથી નીપજેલી વસ્તુ છે, (કર+જ) કર એ રાક્ષસી રાજાના જુલમી કરને ધરાવનાર છે. એ હોય તો આજે ઉતારજે, અને નવું કરતાં અટકજે.

૭૫. દિવસ સંબંધી કૃત્યનો ગણિતભાગ હવે જોઇ જા.

૭૬. સવારે સ્મૃતિ આપી છે, છતાં કંઇ અયોગ્ય થયું હોય તો પશ્ચાત્તાપ કર અને શિક્ષા લે.

૭૭. કંઇ પરોપકાર, દાન, લાભ કે અન્યનું હિત કરીને આવ્યો હો તો આનંદ માની નિરભિમાની રહે.

૭૮. જાણતાં અજાણતાં પણ વિપરીત થયું હોય તો હવે તે માટે અટકજે.

૭૯. વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે.

૮૦. આજ જેવો ઉત્તમ દિવસ ભોગવ્યો, તેવી તારી જીંદગી ભોગવવાને માટે તું આનંદિત થા તો જ આ૦

૮૧. આજ જે પળે તું મારી કથા મનન કરે છે, તે જ તારૂં આયુષ્ય સમજી સદ્વૃત્તિમાં દોરાજે.

૮૨. સત્પુરૂષ વિદૂરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.

૮૩. આજનો દિવસ સોનેરી છે, પવિત્ર છે—કૃતકૃત્ય થવારૂપ છે, એમ સત્પુરૂષોએ કહ્યું છે માટે માન્ય કર.

૮૪. જેમ બને તેમ આજના દિવસ સંબંધી, સ્વપત્નિ સંબંધી પણ વિષયાસક્ત ઓછો રહેજે. આત્મિક અને શારીરિક શક્તિની દિવ્યતાનું તે મૂળ છે, જ્ઞાનીઓનું એ અનુભવસિદ્ધ વચન છે.

૮૫. તમાકુ સુંઘવા જેવું નાનું વ્યસન પણ હોય તો આજે પૂર્ણ કર.—(૦) નવીન વ્યસન કરતાં અટક.

૮૬. દેશકાલ, મિત્ર એ સઘળાનો વિચાર સર્વે મનુષ્યોએ આ પ્રભાતમાં સ્વશાન્તિ અર્થે કરવો ઉચિત છે.

૮૭. આજે કેટલા સત્પુરૂષોનો સમાગમ થયો, આજે વાસ્તવિક આનંદસ્વરુપ શું થયું? એ ચિંતવન વિરલા પુરૂષો કરે છે.

૮૮. આજે તું ગમે તેવા ભયંકર પણ ઉત્તમ કૃત્યમાં તત્પર હો તો નાહિંમત થઇશ નહીં.

૮૯. શુદ્ધ સચ્ચિદાનંદ, કરૂણામય પરમેશ્વરની ભક્તિ એ આજનાં તારાં સત્કૃત્યનું જીવન છે.

૯૦. તારૂં, તારા કુટુંબનું, મિત્રનું, પુત્રનું, પત્નિનું, માતાપિતાનું, ગુરૂનું, વિદ્વાનનું, સત્પુરૂષનું યથાશક્તિ હિત, સન્માન, વિનય, લાભનું કર્તવ્ય થતું હોય તો આજના દિવસની તે સુગંધ છે.

૯૧. જેને ઘેર આ દિવસ કલેશ વગરનો, સ્વચ્છતાથી, શૌચતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

૯૨. કુશલ અને કહ્યાગરા પુત્રો આજ્ઞાવલંબની ધર્મયુક્ત અનુચરો, સદ્ગુણી સુંદરી, સંપીલું કુટુંબ, સત્પુરૂષ જેવી પોતાની દશા જે પુરુષની હશે તેનો આજનો દિવસ આપણે સઘળાને વંદનીય છે.

૯૩. એ સર્વ લક્ષણસંયુક્ત થવા જે પુરૂષ વિચક્ષણતાથી પ્રયત્ન કરે છે તેનો દિવસ આપણને માનનીય છે.

૯૪. એથી પ્રતિભાવવાળું વર્ત્તન જ્યાં મચી રહ્યું છે, તે ઘર આપણી કટાક્ષ દૃષ્ટિની રેખા છે.

૯૫. ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરૂપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઇચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.

૯૬. કોઇએ તને કડવું કથન કહ્યું હોય તે વખતમાં સહનશીલતા—નિરૂપયોગી પણ.

૯૭. દિવસની ભૂલને માટે રાત્રે હસજે, પરંતુ તેવું હસવું ફરીથી ન થાય તે લક્ષમાં રાખજે.

૯૮. આજે કંઈ બુદ્ધિપ્રભાવ વધાર્યો હોય, આત્મિક શક્તિ ઉજવાળી હોય, પવિત્ર કૃત્યની વૃદ્ધિ કરી હોય, તો તે,—

૯૯. અયોગ્ય રીતે આજે તારી કોઇ શક્તિનો ઉપયોગ કરીશ નહીં:—મર્યાદલોપનથી કરવો પડે તો પાપભીરુ રહેજે.

૧૦૦. સરળતા એ ધર્મનું બીજસ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઇ હોય તો આજનો દિવસ સર્વોત્તમ છે.

૧૦૧. બાઇ, રાજપત્નિ હો કે દિનજનપત્નિ હો, પરંતુ મને તેની કંઇ દરકાર નથી. મર્યાદાથી વર્ત્તતી મેંતો શું પણ પવિત્ર જ્ઞાનીઓએ પ્રશંસી છે.

૧૦૨. સદ્ગુણથી કરીને જો તમારા ઉપર જગતનો પ્રશસ્ત મોહ હશે તો હે બાઇ! તમને હું વંદન કરૂં છું.

૧૦૩. બહુમાન, નમ્રભાવ, વિશુદ્ધ અંતઃકરણથી પરમાત્માના ગુણસંબંધી ચિંતવન-શ્રવણ-મનન,

કીર્તન, પૂજા-અર્ચા એ જ્ઞાનીપુરુષોએ વખાણ્યાં છે, માટે આજનો દિવસ શોભાવજો.

૧૦૪. સત્શીલવાન સુખી છે, દુરાચારી દુઃખી છે; એ વાત જો માન્ય ન હોય તો અત્યારથી તમે લક્ષ રાખી તે વાત વિચારી જુઓ.

૧૦૫. આ સઘળાંનો સહેલો ઉપાય આજે કહી દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

૧૦૬.

૧૦૭.

૧૦૮. લાંબી ટૂંકી કે અનુક્રમ ગમે તે સ્વરૂપે આ મારી કહેલી, પવિત્રતાનાં પુષ્પોથી છવાયલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અને અન્ય અનુકૂળ નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે. વિશેષ શું કહું?

૨
કાળ કોઇને નહિ મૂકે.

[હરિગીત.]

મોતીતણી માળા ગળામાં મૂલ્યવંતી મલકતી,
હીરા તણા શુભ હારથી બહુ કંઠકાંતિ ઝળકતી,
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઇને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઇને. ૧.

મણિમય મુગટ માથે ધરીને કર્ણ કુંડળ નાંખતા,
કાંચન કડાં કરમાં ધરી કશીએ કચાશ ન રાખતા;
પળમાં પડ્યા પૃથ્વીપતિ એ ભાન ભૂતળ ખોઇને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઇને. ૨.

દશ આંગળીમાં માંગલિક મુદ્રાજડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા પોંચી કળા બારીકથી;
એ વેઢ વીંટી સર્વ છોડી ચાલિયા મુખ ધોઇને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઇને. ૩.

મુછ વાંકડી કરી ફાંકડા થઇ લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા હર કોઇનાં હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા છટક્યા તજી સહુ સોઇને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઇને. ૪.

છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નિપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઇને ભૂપ ભારે ઉપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઇને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઇને. ૫.

જે રાજનીતિનિપુણતામાં ન્યાયવંતા નીવડ્યા,
અવળાં કર્યે જેના બધા સવળા સદા પાસા પડ્યા;
એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઇને,
જન જાણીંએ મન માનીંએ નવ કાળ મૂકે કોઇને. ૬.

તરવાર બ્હાદુર ટેક ધારી પૂર્ણતામાં પેખિયા,
હાથી હણે હાથે કરી એ કેશરી સમ દેખિયા;
એવા ભલા ભડવીર તે અંતે રહેલા રોઇને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઇને. ૭.

૩.

[કવિત.]

સાબખી સુખદ હોય, માનતણો મદ હોય,
ખમા ખમા ખુદ હોય તે તે કશા કામનું ?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એ તે સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય.
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું:
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યાવિના;
જાણી લેજે સુખ એતો, બે એ જ બદામનું ! ૧.
મોહ માન મોડવાને, ફેલપણું ફોડવાને,
જાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી;
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
મમત્વને માપવાને, સકળ સિદ્ધાંતથી;
મહા મોક્ષ માણવાને, જગદીશ જાણવાને,
અજન્મતા આણવાને, વળી ભલી ભાતથી;
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,
ધર્મ ધારણાને ધરો, ખરે ખરી ખાંતથી. ૨.
દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,
શશિ વિના જેવી રીતે, શર્વરી સુહાય છે;
પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો.
સુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;
સલિલ વિહીન જેવી, સરીતાની શોભા અને,
ભર્ત્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;
વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,
માનવી મહાન તેમ, કુકર્મિ કળાય છે. ૪.
આતુરો ચોંપેથી ચાહી ચિંતામણી ચિત્ત ગણે,
પંડિતો પ્રમાણે છે પારસમણી પ્રેમથી;
કવિયો કલ્યાણકારી, કલ્પતરુ કથે જેને,
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;
આત્મના ઉદ્ધારને, ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિનેમથી;
વદે રાયચંદ વીર, એવું ધર્મરુપ જાણી,
"ધર્મવૃત્તિ ધ્યાન ધરો, વિલખો ન વેમથી." ૪.

૪.

૧. અયત્નાથી ચાલતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપ કર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૨. અયત્નાથી ઉભા રહેતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૩. અયત્નાથી શયન કરતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૪. અયત્નાથી આહાર લેતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૫. અયત્નાથી બોલતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે; તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.

૬. કેમ ચાલે? કેમ ઉભો રહે? કેમ બેસે? કેમ શયન કરે? કેમ આહાર લે? કેમ બોલે? તો પાપકર્મ ન બાંધે?

૭. યત્નાથી ચાલે; યત્નાથી ઉભો રહે; યત્નાથી બેસે; યત્નાથી શયન કરે; યત્નાથી આહાર લે; યત્નાથી બોલે; તો પાપકર્મ ન બાંધે.

૮. સર્વ જીવને પોતાના આત્મા સમાન લેખે; મન વચન કાયાથી સમ્યક્ પ્રકારે સર્વ જીવને જુએ, પ્રીતિ આશ્રવથી આત્માને દમે તો પાપકર્મ ન બાંધે.

૯. તેમાં પ્રથમ સ્થાનમાં મહાવીરદેવે સર્વ આત્માથી સંયમરૂપ, નિપુણ અહિંસા દેખીને ઉપદેશી.

૧૦. જગતમાં જેટલાં ત્રસ અને સ્થાવર પ્રાણીઓ છે તેને, જાણતાં—અજાણતાં હણવાં નહીં, તેમ જ હણાવવાં નહીં.

૧૧. સર્વ જીવો જીવિતને ઇચ્છે છે, મરણને ઇચ્છતા નથી; એ કારણથી પ્રાણીનો ભયંકર વધ નિર્ગ્રંથે તજવો.

૧૨. પોતાને માટે ક્રોધથી કે ભયથી પ્રાણીઓને કષ્ટ થાય તેવું અસત્ય બોલવું નહીં, તેમજ બોલાવવું નહીં.

૧૩. મૃષાવાદને સર્વ સત્પુરૂષોએ નિષેધ્યો છે,—પ્રાણીને તે અવિશ્વાસ ઉપજાવે છે તે માટે તેનો ત્યાગ કરવો.

૧૪. સચિત્ કે અચિત્—થોડો કે ઘણો, તે એટલા સુધી કે, દંતશોધન માટે એક સળી જેટલો પરિગ્રહ, તે પણ પામ્યા વિના લેવો નહીં.

૧૫. પોતે અયાચ્યું લેવું નહીં, તેમ બીજા પાસે લેવરાવવું નહીં; તેમજ અન્ય લેનારને રુડું કર્યું એમ કહેવું નહીં:—

—જે સંયતિ પુરૂષો છે તે એમ કરે છે.

૧૬. મહા રૌદ્ર એવું અબ્રહ્મચર્ય, પ્રમાદને રહેવાનું સ્થળ, ચારિત્રનો નાશ કરનાર, તે આ જગતમાં મુનિ આચરે નહીં,

૧૭. અધર્મનું મૂળ, મહા દોષની જન્મભૂમિકા એવા જે મૈથુનના આલાપ પ્રલાપ તેનો નિર્ગ્રંથે ત્યાગ કરવો.

૧૮. સિંધાલુણ, મીઠું, તેલ, ઘી, ગોળ, એ વગેરે આહારક પદાર્થો જ્ઞાતપુત્રના વચનમાં પ્રીતિવાળા જે મુનિઓ છે તે, રાત્રિવાસ રાખે નહીં.

૧૯. લોભથી તૃણનો પણ સ્પર્શ કરવો નહીં; જે કંઈ પદાર્થ રાત્રિવાસ રાખવા ઇચ્છે તે, મુનિ નહીં પણ ગૃહસ્થ.

૨૦. જે વસ્ત્ર, પાત્ર, કામળા, રજોહરણ છે, તે પણ, સંયમની રક્ષા માટે થઈને સાધુ ધારણ કરે, નહીંતો ત્યાગે.

૨૧. સંયમની રક્ષા અર્થે રાખવાં પડે છે તેને પરિગ્રહ ન કહેવો, એમ છકાયના રક્ષપાળ જ્ઞાતપુત્રે કહ્યું છે; પણ મૂર્છાને પરિગ્રહ કહેવો, એમ પૂર્વમહર્ષિયો કહે છે.

૨૨. તત્ત્વજ્ઞાનને પામેલાં મનુષ્યો છકાયના રક્ષણને માટે થઈને તેટલો પરિગ્રહ માત્ર રાખે. બાકી પોતાના દેહમાં મમત્વ આચરે નહીં. (આ દેહ મારો નથી, એ ઉપયોગમાં જ રહે.)

૨૩. નિરંતર તપશ્ચર્યા, આશ્ચર્ય !—જેને સર્વ સર્વજ્ઞે વખાણ્યો એવો સંયમ તેને અવિરોધક ઉપજીવનરૂપ એક વખતનો આહાર લેવો.

૨૪. ત્રસ અને સ્થાવર જીવો.—સ્થૂલ તેમ સૂક્ષ્મ જાતિનાં,—રાત્રિએ દેખાતા નથી માટે, તે વેળા આહાર કેમ કરે !

૨૫. પાણી અને બીજ આશ્રિત પ્રાણીઓ પૃથ્વિએ પડ્યા હોય ત્યાંથી ચાલવું તે, દિનને વિષે નિષેધ્યું છે; તો રાત્રિએ તો ભિક્ષાએ ક્યાંથી જઈ શકે ?

૨૬. એ હિંસાદિક દોષો દેખીને જ્ઞાતપુત્ર ભગવાને એમ ઉપદેશ્યું કે સર્વ પ્રકારના આહાર રાત્રિએ નિર્ગ્રંથો ભોગવે નહીં.

૨૭. પૃથ્વિકાયની હિંસા મનથી, વચનથી અને કાયાથી સુસમાધિવાળા સાધુઓ કરે નહીં, કરાવે નહીં, કરતાં અનુમોદન આપે નહીં.

૨૮. પૃથ્વિકાયની હિંસા કરતાં તેને આશ્રયે રહેલાં ચક્ષુગમ્ય અને અચક્ષુગમ્ય એવાં વિવિધ ત્રસ પ્રાણીઓ હણાય,—

૨૯. તે માટે એમ જાણીને, દુર્ગતિને વધારનાર એ પૃથ્વિકાયના સમારંભરૂપ દોષને આયુષ્યપર્યંત ત્યાગવો.

૩૦. જળકાયની મન, વચન અને કાયાથી સુસમાધિવાળા સાધુઓ હિંસા કરે નહીં, કરાવે નહી, કરનારને અનુમોદન આપે નહીં.

૩૧. જળકાયની હિંસા કરતાં તેને આશ્રયે રહેલાં ચક્ષુગમ્ય અને અચક્ષુગમ્ય એવાં ત્રસ જાતિનાં વિવિધ પ્રાણીઓની હિંસા થાય.—

૩૨. તે માટે, એવું જાણીને, જળકાયનો સમારંભ દુર્ગતિને વધારનાર દોષ છે તેથી, આયુષ્યપર્યંત ત્યાગવો.

૩૩. મુનિ અગ્નિકાયને ઇચ્છે નહીં; સર્વ થકી ભયંકર એવું એ જીવને હણવામાં તીક્ષ્ણ શસ્ત્ર છે.

૩૪. પૂર્વ, પશ્ચિમ, ઉંચી, ખુણાની, નીચી, દક્ષિણ અને ઉત્તર—એ સર્વ દિશામાં રહેલા જીવોને અગ્નિ ભસ્મ કરે છે.

૩૫. પ્રાણીનો ઘાત કરવામાં અગ્નિ એવો છે, એમ સંદેહ રહિત માનો, અને એમ છે તેથી, દીવા માટે કે તાપવા માટે સંયતિ અગ્નિ સળગાવે નહી.

૩૬. તે કારણથી દુર્ગતિ દોષને વધારનાર એવો અગ્નિસમારંભ આયુષ્યપર્યંત મુનિ કરે નહી.

૩૭. પ્રથમ જ્ઞાન અને પછી દયા (એમ અનુભવ કરીને) સર્વ સંયમી રહે. અજ્ઞાની (સંયમમાં) શું કરે, કે જો તે કલ્યાણ કે પાપ જાણતો નથી ?

૩૮. શ્રવણ કરીને કલ્યાણને જાણવું જોઇએ, પાપને જાણવું જોઇએ; બન્નેને શ્રવણ કરીને જાણ્યા પછી જે શ્રેય હોય, તે સમાચરવું જોઇએ.

૩૯. જે જીવ એટલે ચૈતન્યનું સ્વરૂપ જાણતો નથી; અજીવ એટલે જે જડનું સ્વરૂપ જાણતો નથી, કે તે બન્નેનાં તત્ત્વને જાણતે નથી તે સાધુ સંયમની વાત ક્યાંથી જાણે ?

૪૦. જે ચૈતન્યનું સ્વરૂપ જાણે, જે જડનું સ્વરૂપ જાણે; તેમજ તે બન્નેનું સ્વરૂપ જાણે; તે સાધુ સંયમનું સ્વરૂપ જાણે.

૪૧. જ્યારે જીવ અને અજીવ એ બન્નેને જાણે, ત્યારે સર્વ જીવની બહુ પ્રકારે ગતિ—આગતિને જાણે.

૪૨. જ્યારે સર્વ જીવની બહુ પ્રકારે ગતિ—આગતિને જાણે, ત્યારેજ પુણ્ય, પાપ અને બંધ, મોક્ષને જાણે.

૪૩. જ્યારે પુણ્ય, પાપ, બંધ અને મોક્ષને જાણે ત્યારે, મનુષ્ય સંબંધી અને દેવ સંબંધી ભોગની ઇચ્છાથી નિવૃત્ત થાય.

૪૪. જ્યારે દેવ અને માનવ સંબંધી ભોગથી નિવૃત્ત થાય ત્યારે સર્વ પ્રકારના બાહ્ય અને અભ્યંતર સંયોગને ત્યાગ કરી શકે.

૪૫. જ્યારે બાહ્યાભ્યંતર સંયોગનો ત્યાગ કરે ત્યારે, દ્રવ્ય—ભાવ મુંડ થઇને મુનિની દિક્ષા લે.

૪૬. જ્યારે મુંડ થઇને મુનિની દિક્ષા લે ત્યારે ઉત્કૃષ્ટ સંવરની પ્રાપ્તિ કરે; અને ઉત્તમ ધર્મનો અનુભવ કરે.

૪૭. જ્યારે ઉત્કૃષ્ટ સંવરની પ્રાપ્તિ કરે અને ઉત્તમ ધર્મમય થાય ત્યારે કર્મરૂપ રજ, અબોધિ, કલુષ એ રૂપે જીવને મલિન કરી રહી છે તેને ખંખેરે

૪૮. અબોધિ કલુષની ઉત્પન્ન થયેલી કર્મરજને ખંખેરે ત્યારે, સર્વ જ્ઞાની થાય અને સમ્યક્-દર્શનવાળો થાય.

૪૯. જ્યારે સર્વ જ્ઞાન અને સર્વ દર્શનની પ્રાપ્તિ થાય ત્યારે, નિરાગી થઇને તે કેવલી લોકાલોકનું સ્વરૂપ જાણે.

૫૦. નિરાગી થઇને કેવળી જ્યારે લોકાલોકનું સ્વરુપ જાણે ત્યારે, પછી મન, વચન, કાયાના યોગને નિરુંધીને શૈલેસી અવસ્થાને પ્રાપ્ત થાય.

૫૧. જ્યારે યોગને નિરુંધીને શૈલેસી અવસ્થાને પ્રાપ્ત થાય ત્યારે સર્વ કર્મનો ક્ષય કરી નિરંજન થઇને સિદ્ધિ પ્રત્યે જાય.

૫.

ઉપયોગ ત્યાં ધર્મ છે.

મહાવીર દેવને નમસ્કાર.

૧ છેવટનો નિર્ણય થવો જોઇએ.
૨ સર્વ પ્રકારનો નિર્ણય તત્ત્વજ્ઞાનમાં છે?
૩ આહાર, વિહાર, નિહારની નિયમિતતા.
૪ અર્થની સિદ્ધિ.

આર્ય—જીવન.

ઉત્તમ પુરુષોએ આચરણ કર્યું છે. [અંગત.

૬.

નિત્ય—સ્મૃતિ,

૧. જે મહાકામ માટે તું જન્મ્યો છે, તે મહાકામનું અનુપ્રેક્ષણ કર.

૨. ધ્યાન ધરી જા, સમાધિસ્થ થા.

૩. વ્યવહાર કામને વિચારી જા; જેનો પ્રમાદ થયો છે તે માટે હવે પ્રમાદ ન થાય તેમ કર; જેમાં સાહસ થયું હોય, તેમાંથી હવે તેવું ન થાય, તેવો બોધ લે.

૪. દ્રઢયોગી છો, તેવો રહે.

૫. કોઈ પણ અલ્પ ભૂલ તારી સ્મૃતિમાંથી જતી નથી, એ મહાકલ્યાણ છે.

૬. લોપાઈશ નહીં.

૭. મહાગંભિર થા.

૮. દ્રવ્યક્ષેત્ર, કાળ, ભાવ વિચારી જા.

૯. યથાર્થ કર.

૧૦. કાર્યસિદ્ધિ કરીને ચાલ્યો જા. [અંગત.

૭.

વચનામૃત.

૧. આતો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ, અણરાગ, અનુરાગ ઇત્યાદિ યોગ કોઇ વ્યવસ્થિત કારણને લઇને રહ્યાં છે.

૨. એકાંત ભાવી કે એકાંત ન્યાયદોષને સન્માન ન આપજો.

૩. કોઇનો પણ સમાગમ કરવો યોગ્ય નથી છતાં જ્યાં સુધી તેવી દશા ન થાય ત્યાં સુધી સત્પુરુષનો સમાગમ અવશ્ય સેવવો ઘટે છે.

૪. કોઈને અંતઃકરણ આપશો નહીં, આપો તેનાથી ભિન્નતા રાખશો નહીં; ભિન્નતા રાખો ત્યાં અંતઃકરણ આપ્યું તે ન આપ્યા સમાન છે.

૫. એક ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો, અને એક ભોગ નથી ભોગવતો છતાં કર્મની વૃદ્ધિ કરે છે; એ આશ્ચર્યકારક પણ સમજવા યોગ્ય કથન છે.

૬. યોગાનુયોગે બનેલું કૃત્ય બહુ સિદ્ધિને આપે છે.

૭. આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતાં અટકશો નહીં.

૮. લોકાપવાદ સહન કરવા કે જેથી તે જ લોકો પોતે કરેલા અપવાદનો પુનઃ પશ્ચાત્તાપ કરે.

૯. હજારો ઉપદેશવચનો સાંભળવા કરતાં તેમાંનાં થોડાં વચનો પણ વિચારવાં તે વિશેષ કલ્યાણકારી છે.

૧૦. નિયમથી કરેલું કામ ત્વરાથી થાય છે, ધારેલી સિદ્ધિ આપે છે; આનંદના કારણરૂપ થઈ પડે છે.

૧૧. જ્ઞાનીઓએ એકત્ર કરેલા અદ્ભુત નિધિના ઉપભોગી થાઓ.

૧૨. સ્ત્રીજાતિમાં જેટલું માયાકપટ છે તેટલું ભોળપણું પણ છે.

૧૩. પઠન કરવા કરતાં મનન કરવા ભણી બહુ લક્ષ આપજો.

૧૪. મહાપુરુષનાં આચરણ જોવા કરતાં તેનું અંતઃકરણ જોવું એ વધારે પરીક્ષા છે.

૧૫. વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો.

૧૬. મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો, સત્પુરુષના સમાગમમાં રહો, આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો; સત્શાસ્ત્રનું મનન કરો; ઉંચી શ્રેણિમાં લક્ષ રાખો.

૧૭. એ એકે ન હોય તો સમજીને આનંદ રાખતાં શીખો.

૧૮. વર્ત્તનમાં બાલક થાઓ, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.

૧૯. રાગ કરવો નહીં, કરવો તો સત્પુરુષ પર કરવો; દ્વેષ કરવો નહીં, કરવો તો કુશીલ પર કરવો.

૨૦. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અને અનંત વીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.

૨૧. મનને વશ કર્યું તેણે જગતને વશ કર્યું.
૨૨. આ સંસારને શું કરવો ? અનંત વાર થયેલી માને આજે સ્ત્રીરૂપે ભોગવીએ છીએ.
૨૩. નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજે; એ લઇને ખામી આણવા કરતાં અલ્પારંભી થજે.
૨૪. સમર્થ પુરુષો કલ્યાણનું સ્વરૂપ પોકારી પોકારીને કહી ગયા; પણ કોઈ વિરલાને જ તે યથાર્થ સમજાયું.
૨૫. સ્ત્રીના સ્વરૂપ પર મોહ થતો અટકાવવાને વગર ત્વચાનું તેનું રૂપ વારંવાર ચિંતવવા યોગ્ય છે.
૨૬. કુપાત્ર પણ સત્પુરુષના મુકેલા હસ્તથી પાત્ર થાય છે. જેમ છાશથી શુદ્ધ થયેલો સોમલ શરીરને નિરોગી કરે છે.
૨૭. આત્માનું સત્યસ્વરૂપ એક શુદ્ધ સચ્ચિદાનંદમય છે, છતાં ભ્રાંતિથી ભિન્ન ભાસે છે. જેમ ત્રાંસી આંખ કરવાથી ચંદ્ર બે દેખાય છે.
૨૮. યથાર્થ વચન ગ્રહવામાં દંભ રાખશો નહીં, કે આપનારનો ઉપકાર ઓળવશો નહીં.
૨૯. અમે બહુ વિચાર કરીને આ મૂળતત્ત્વ શોધ્યું છે કે,—"ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી."
૩૦. રડાવીને પણ બચ્ચાંના હાથમાં રહેલો સોમલ લઈ લેવો.
૩૧. નિર્મળ અંતઃકરણથી આત્માનો વિચાર કરવો યોગ્ય છે.
૩૨. જ્યાં 'હું' માને છે ત્યાં 'તું' નથી, જ્યાં 'તું' માને છે ત્યાં 'હું' નથી.
૩૩. હે જીવ ! હવે ભોગથી શાંત થા, શાંત. વિચાર તો ખરો કે એમાં કયું સુખ છે ?
૩૪. બહુ કંટાળીને સંસારમાં રહીશ નહીં.
૩૫. સત્જ્ઞાન અને સત્શીળને સાથે દોરજે.
૩૬. એકથી મૈત્રી કરીશ નહીં, કરતો આખા જગતથી કરજે.
૩૭. મહા સૌંદર્યથી ભરેલી દેવાંગનાના ક્રીડા વિલાસ નિરીક્ષણ કરતા છતાં જેના અંતઃકરણમાં કામથી વિશેષ વિશેષ વિરાગ છૂટે છે તેને ધન્ય છે.
૩૮. તેને ત્રિકાળ નમસ્કાર છે.
૩૯. ભોગના વખતમાં યોગ સાંભરે એ હળુકર્મિનું લક્ષણ છે.
૪૦. આટલું હોય તો હું મોક્ષની ઇચ્છા કરતો નથી; આખી સૃષ્ટિ સત્શીળને સેવે, નિયમિત આયુષ્ય, નિરોગી શરીર, અચળ પ્રેમી પ્રેમદા, આજ્ઞાંકિત અનુચર, કુળદીપક પુત્ર, જીવનપર્યંત બાલ્યાવસ્થા, આત્મતત્ત્વનું ચિંતવન.
૪૧. એમ કોઈ કાળે થવાનું નથી, માટે હું તો મોક્ષને જ ઇચ્છું છું.
૪૨. સૃષ્ટિ સર્વ અપેક્ષાએ અમર થશે ?
૪૩. શુક્લ નિર્જનાવસ્થાને હું બહુ માન્ય કરું છું.
૪૪. સૃષ્ટિલીલામાં શાંતભાવથી તપશ્ચર્યા કરવી એ પણ ઉત્તમ છે.
૪૫. એકાંતિક કથન કથનાર જ્ઞાની ન કહી શકાય.
૪૬. શુક્લ અંતઃકરણ વિના મારાં કથનોને કોણ દાદ આપશે ?
૪૭. જ્ઞાતપુત્ર ભગવાનના કથનની જ બલિહારી છે.
૪૮. દેવ દેવીની તુષ્ટમાનતાને શું કરીશું ? જગતની તુષ્ટમાનતાને શું કરીશું ? તુષ્ટમાનતા સત્પુરુષની ઇચ્છો.
૪૯. હું સચ્ચિદાનંદ પરમાત્મા છું.
૫૦. એમ સમજો કે તમે તમારા આત્માના હિત માટે પ્રવર્ત્તવાની અભિલાષા રાખતા છતાં એથી નિરાશા પ્રાપ્ત થઇ તો તે પણ તમારું આત્મહિત જ છે.
૫૧. તમારા શુભ વિચારમાં પાર પડો; નહીં તો, સ્થિર ચિત્તથી પાર પડ્યા છો એમ સમજો.

૫૨. જ્ઞાનીઓ અંતરંગ ખેદ અને હર્ષથી રહિત હોય છે.
૫૩. જ્યાંસુધી તે તત્ત્વની પ્રાપ્તિ નહીં થાય ત્યાંસુધી મોક્ષની તાત્પર્યતા મળશે નહીં.
૫૪. સંસારરૂપી કુટુંબને ઘેર આપણો આત્મા પરુણા દાખલ છે.
૫૫. એજ ભાગ્યશાળી, જે દુર્ભાગ્યશાલીની દયા ખાય છે.
૫૬. શુભ દ્રવ્ય એ શુભ ભાવનું નિમિત્ત મહર્ષિઓ કહે છે.
૫૭. સ્થિર ચિત્ત કરીને ધર્મ અને શુક્લ ધ્યાનમાં પ્રવૃત્તિ કરો.
૫૮. પરિગ્રહની મૂર્છા પાપનું મૂળ છે.
૫૯. જે કૃત્ય કરવા વખતે વ્યામોહસંયુક્ત ખેદમાં છો, અને પરિણામે પણ પસ્તાઓ છો, તો તે કૃત્યને પૂર્વકર્મનો દોષ જ્ઞાનીઓ કહે છે.
૬૦. જડભરત અને જનક વિદેહીની દશા મને પ્રાપ્ત થાઓ.
૬૧. સત્પુરૂષના અંતઃકરણે આચર્યો, કિંવા કહ્યો તે ધર્મ.
૬૨. અંતરંગ મોહગ્રંથી જેની ગઇ તે પરમાત્મા છે.
૬૩. વ્રત લઇને ઉલ્લાસિત પરિણામે ભાંગશો નહીં.
૬૪. એક નિષ્ઠાએ જ્ઞાનીની આજ્ઞા આરાધતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે.
૬૫. ક્રિયા એ કર્મ, ઉપયોગ એ ધર્મ, પરિણામ એ બંધ, ભૂલ એ મિથ્યાત્વ, શોકને સંભારવો નહીં; આ ઉત્તમ વસ્તુ જ્ઞાનીએ મને આપી.
૬૬. જગત્ જેમ છે તેમ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જુઓ.
૬૭. શ્રીગૌતમને ચાર વેદ પઠન કરેલા જોવાને શ્રીમત્ મહાવીર સ્વામીએ સમ્યક્નેત્ર આપ્યાં હતાં.
૬૮. ભગવતીમાં કહેલી પુદ્ગલ નામના પરિવ્રાજકની કથા તત્ત્વજ્ઞાનીઓનું કહેલું સુંદર રહસ્ય છે.
૬૯. વીરનાં કહેલાં શાસ્ત્રોમાં સોનેરી વચનો છૂટક છૂટક અને ગુપ્ત છે.
૭૦. સમ્યક્નેત્ર પામીને તમે ગમે તે ધર્મશાસ્ત્ર વિચારો તોપણ આત્મહિત પ્રાપ્ત થશે.
૭૧. કુદરત, આ તારો પ્રબલ અન્યાય છે કે, મારી ધારેલી નીતિએ મારો કાલ વ્યતીત કરાવતી નથી ! (કુદરત તે પૂર્વકર્મ).
૭૨. માણસ પરમેશ્વર છે એમ જ્ઞાનીઓ કહે છે.
૭૩. ઉત્તરાધ્યયન નામનું જૈનસૂત્ર તત્ત્વદૃષ્ટિએ પુનઃ પુનઃ અવલોકો.
૭૪. જીવતાં મરાય તો ફરી મરવું ન પડે. એવું મરણ ઇચ્છવા યોગ્ય છે.
૭૫. કૃતઘ્નતા જેવો એક મહા દોષ મને લાગતો નથી.
૭૬. જગત્માં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત !
૭૭. વસ્તુને વસ્તુગતે જુઓ.
૭૮. ધર્મનું મૂળ વિ. છે.
૭૯. તેનું નામ વિદ્યા કે જેનાથી અવિદ્યા પ્રાપ્ત ન થાય.
૮૦. વીરના એક વાક્યને પણ સમજો.
૮૧. અહંપદ, કૃતઘ્નતા, ઉત્સૂત્રપ્રરુપણા, અવિવેકધર્મ એ માઠી ગતિનાં લક્ષણો છે.
૮૨. દેહ અને દેહાર્થમમત્વ એ મિથ્યાત્વ લક્ષણ છે.
૮૩. અભિનિવેશના ઉદયમાં ઉત્સૂત્રપ્રરુપણા ન થાય તેને, હું મહાભાગ્ય, જ્ઞાનીઓના કહેવાથી કહું છું.
૮૪. સ્યાદ્વાદ શૈલીએ જોતાં કોઇ મત અસત્ય નથી.
૮૫. સ્વાદનો ત્યાગ એ આહારનો ખરો ત્યાગ જ્ઞાનીઓ કહે છે.
૮૬. અભિનિવેશ જેવું એકે પાખંડ નથી.

૮૭. આ કાલમાં આટલું વધ્યું;—ઝાઝા મત, ઝાઝા તત્ત્વજ્ઞાનીઓ, ઝાઝી માયા અને ઝાઝો પરિગ્રહવિશેષ.
૮૮. આખા જગતના શિષ્ય થવારૂપ દૃષ્ટિ જેણે વેદી નથી તે સદ્ગુરુ થવાને યોગ્ય નથી.
૮૯. કોઈ પણ શુદ્ધાશુદ્ધ ધર્મકરણી કરતો હોય તો તેને કરવા દો.
૯૦. આત્માનો ધર્મ આત્મામાં જ છે.
૯૧. મહાવીરે જે જ્ઞાનથી આ જગત્‌ને જોયું છે તે જ્ઞાન, સર્વ આત્મામાં છે, પણ આવિર્ભાવ કરવો જોઈએ.
૯૨. બહુ છકી જાઓ તોપણ મહાવીરની આજ્ઞા તોડશો નહીં. ગમે તેવી શંકા થાય તોપણ મારી વતી વીરને નિઃશંક ગણજો.
૯૩. પાર્શ્વનાથ સ્વામીનું ધ્યાન યોગીઓએ અવશ્ય સ્મરવું જોઈએ છીએ. નિઃ૦ એ નાગની છત્રછાયા વેળાનો પાર્શ્વનાથ ઓર હતો.
૯૪. પવિત્ર પુરુષોની કૃપાદૃષ્ટિ એ જ સમ્યક્દર્શન છે.
૯૫. ભર્તૃહરીએ કહેલો ત્યાગ વિશુદ્ધબુદ્ધિથી વિચારતાં ઘણી ઉર્ધ્વજ્ઞાનદશા થતાં સુધી વર્ત્તે છે.
૯૬. શિથિલ બંધદૃષ્ટિથી નીચે આવીને જ વિખેરાઈ જાય. (જો નિર્જરામાં આવે તો—)
૯૭. સત્પુરુષો કહેતા નથી, કરતા નથી; છતાં તેની સત્પુરુષના નિર્વિકાર મુખમુદ્રામાં રહી છે.
૯૮. સંસ્થાનવિચયધ્યાન પૂર્વધારીઓને પ્રાપ્ત થતું હશે એમ માનવું યોગ્ય લાગે છે. તમે પણ તેને ધ્યાવન કરો.
૯૯. આત્મા જેવો કોઈ દેવ નથી.
૧૦૦. કોણ ભાગ્યશાળી? "અવિરતી સમ્યક્દૃષ્ટિ કે વિરતી?"
૧૦૧. કોઈની આજીવિકા તોડશો નહીં.

૮.

ભાઈ, આટલું તારે અવશ્ય કરવા જેવું છે;—

૧. દેહમાં વિચાર કરનાર બેઠો છે તે દેહથી ભિન્ન છે? તે સુખી છે કે દુઃખી? એ સંભારી લે.
૨. દુઃખ લાગશે જ, અને દુઃખનાં કારણો પણ તને દૃષ્ટિગોચર થશે, તેમ છતાં કદાપિ ન થાય તો મારા ૦ કોઈ ભાગને વાંચી જો, એટલે સિદ્ધ થશે; તે ટાળવા માટે જે ઉપાય છે તે એટલો જ કે, તેથી બાહ્યાભ્યંતર રહિત થવું.
૩. રહિત થવાય છે, ઓર દશા અનુભવાય છે, એ પ્રતિજ્ઞાપૂર્વક કહું છું.
૪. તે સાધન માટે સર્વસંગપરિત્યાગી થવાની આવશ્યકતા છે. "નિર્ગ્રંથ સદ્ગુરુનાં ચરણમાં જઈને પડવું યોગ્ય છે."
૫. જેવા ભાવથી ચડાય તેવા ભાવથી સર્વકાળ રહેવા માટેની વિચારણા પ્રથમ કરી લે. જો તને પૂર્વકર્મ બળવાન લાગતાં હોય તો અત્યાગી, દેશત્યાગી રહીને પણ તે વસ્તુને વિસારીશ નહીં.
૬. પ્રથમ ગમે તેમ કરી તું તારું જીવન જાણ. જાણવું શા માટે કે ભવિષ્યસમાધિ થવા. અત્યારે અપ્રમાદી થવું.
૭. તે આયુષ્યનો માનસિક આત્મોપયોગ તો નિર્વેદમાં રાખ.
૮. જીવન બહુ ટૂંકું છે, ઉપાધિ બહુ છે, અને ત્યાગ થઈ શકે તેમ નથી તો, નીચેની વાત પુનઃ પુનઃ લક્ષમાં રાખ.
    ૧. જિજ્ઞાસા તે વસ્તુની રાખવી.
    ૨. સંસારને બંધન માનવું.

૩. પૂર્વકર્મ નથી એમ ગણી પ્રત્યેક ધર્મ સેવ્યા જવો. તેમ છતાં પૂર્વકર્મ નડે તો શોક કરવો નહીં.

૪. દેહની જેટલી ચિંતા રાખે છે તેટલી નહીં પણ એથી અનંત ગણી ચિંતા આત્માની રાખ, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે.

૫. ન ચાલે તો પ્રતિશ્રોતી થા.

૬. જેમાંથી જેટલું થાય તેટલું કર.

૭. પરિણામિક વિચારવાળો થા.

૮. અનુત્તરવાસી થઈને વર્ત્ત.

૯. છેવટનું સમયે સમયે ચૂકીશ નહીં. એજ ભલામણ, અને એજ ધર્મ.

સમજીને અલ્પભાષી થનારને પશ્ચાત્તાપ કરવાનો થોડો જ અવસર સંભવે.

૯.

હે નાથ! સાતમી તમતમપ્રભા નરકની વેદના મળી હોત તો વખતે સમ્મત કરત, પણ જગતની મોહિની સમ્મત થતી નથી.

પૂર્વનાં અશુભ કર્મ ઉદય આવે વેદતાં જો શોચ કરો છો તો હવે એ ધ્યાન રાખો કે, નવાં બાંધતાં પરિણામે નવાં તો બંધાતાં નથી!

આત્માનો ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પરવસ્તુના ત્યાગી થવું.

જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઇચ્છે તેટલા હલકા સંભવે.

પ્રશસ્ત પુરુષની ભક્તિ કરો; ગુણચિંતન કરો.

૧૦.

સહજ—પ્રકૃતિ.

૧. પરહિત એ જ નિજહિત સમજવું, અને પરદુઃખ એ પોતાનું દુઃખ સમજવું.
૨. સુખ, દુઃખ એ બન્ને મનની કલ્પના છે.
૩. ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.
૪. સઘળા સાથે નમ્રભાવથી વસવું એ જ ખરું ભૂષણ છે.
૫. શાંત સ્વભાવ એ જ સજ્જનતાનું ખરું મૂળ છે.
૬. ખરા સ્નેહીની ચાહના એ સજ્જનતાનું ખાસ લક્ષણ છે.
૭. દુર્જનનો ઓછો સહવાસ.
૮. વિવેકબુદ્ધિથી સઘળું આચરણ કરવું.
૯. દ્વેષભાવ એ વસ્તુ ઝેરરૂપ માનવી.
૧૦. ધર્મકર્મમાં વૃત્તિ રાખવી.
૧૧. નીતિના બાંધા પર પગ ન મૂકવો.
૧૨. જિતેંદ્રિય થવું.
૧૩. જ્ઞાનચર્ચા અને વિદ્યાવિલાસમાં તથા શાસ્ત્રાધ્યયનમાં ગુંથાવું.
૧૪. ગંભીરતા રાખવી.
૧૫. સંસારમાં રહ્યા છતાં ને તે નીતિથી ભોગવતા છતાં વિદેહી દશા રાખવી.
૧૬. પરમાત્માની ભક્તિમાં ગુંથાવું.

૧૭. પરનિંદા એ જ સબળ પાપ માનવું.
૧૮. દુર્જનતા કરી ફાવવું એ જ હારવું, એમ માનવું.
૧૯. આત્મજ્ઞાન અને સજ્જનસંગત રાખવાં. [અપૂર્ણ.

૧૧.

૧. સત્પુરુષનાં ચરણનો ઇચ્છક,—
૨. સદૈવ સૂક્ષ્મ બોધનો અભિલાષી,—
૩. ગુણ પર પ્રશસ્ત ભાવ રાખનાર,—
૪. બ્રહ્મવ્રતમાં પ્રીતિ રાખનાર,—
૫. જ્યારે સ્વદોષ દેખે ત્યારે તેને છેદવાનો ઉપયોગ રાખનાર,—
૬. ઉપયોગથી એક પગ પણ ભરનાર,—
૭. એકાંત વાસને વખાણનાર,—
૮. તિર્થાદિ પ્રવાસનો ઉચ્છરંગી,—
૯. આહાર, વિહાર નિહારનો નિયમી,—
૧૦. પોતાની ગુરુતા દબાવનાર,—
—એવો કોઈ પણ પુરુષ તે મહાવીરના બોધને પાત્ર છે, સમ્યક્‌દશાને પાત્ર છે.

૧૨.

હે જીવ ! ભૂલમાં તને સત્ય કહું છું.
ભ્રમા મા તને હિત કહું છું.
આ મારું છે એવા ભાવની વ્યાખ્યા પ્રાયે ન કર.
આ તેનું છે એમ માની ન બેસ.
આ માટે આમ કરવું છે, એ ભવિષ્યનિર્ણય ન કરી રાખ.
આ માટે આમ ન થયું હોત તો સુખ થાત એમ સ્મરણ ન કર.
આટલું આ પ્રમાણે હોય તો સારું એમ આગ્રહ ન કરી રાખ.
આણે મારા પ્રતિ અનુચિત કર્યું એવું સંભારતાં ન શીખ.
આણે મારા પ્રતિ ઉચિત કર્યું એવું સ્મરણ ન રાખ.
આ મને અશુભ નિમિત્ત છે, એવો વિકલ્પ ન કર.
આ મને શુભ નિમિત્ત છે, એવી દૃઢતા માની ન બેસ.
આ ન હોત તો હું બંધાત નહીં, એમ અચળ વ્યાખ્યા નહીં કરીશ.
પૂર્વકર્મ બળવાન છે માટે આ બધા પ્રસંગ મળી આવ્યો, એવું એકાંતિક ગ્રહણ કરીશ નહીં.
પુરુષાર્થનો જય ન થયો, એવી નિરાશા સ્મરીશ નહીં.
બીજાના દોષે તને બંધન છે એમ માનીશ નહીં.
તારે નિમિત્તે પણ બીજાને દોષ કરતો ભૂલાવ.
તારે દોષે તને બંધન છે. એ સંતની પહેલી શિક્ષા છે.
તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું.
એ બધામાં તારી લાગણી નથી, માટે જુદે જુદે સ્થળે તેં સુખની કલ્પના કરી છે; હે મૂઢ ! એમ ન કર. એ તને તેં હિત કહ્યું. અંતરમાં સુખ છે.

૧. એક ભોગી થવાનો બોધ કરે છે.
૨. એક યોગી થવાનો બોધ કરે છે.
૩. એ બેમાંથી કોને સમ્મત કરીશું ?
૪. બન્ને શા માટે બોધ કરે છે ?
૫. બન્ને કોને બોધ કરે છે ?
૬. કોના પ્રેરવાથી કરે છે ?
૭. કોઇને કોઇનો અને કોઇને કોઇનો બોધ કાં લાગે છે !
૮. એનાં કારણો શું છે ?
૯. તેનો સાક્ષી કોણ છે ?
૧૦. તમે શું વાંચ્છો છો ?
૧૧. તે ક્યાંથી મળશે ? વા શામાં છે ?
૧૨. તે કોણ મેળવશે ?
૧૩. ક્યાં થઇને લાવશો ?
૧૪. લાવવાનું કોણ શીખવશે ?
૧૫. વા શીખ્યા છીએ ?
૧૬. શીખ્યા છો તો ક્યાંથી શીખ્યા છો ?
૧૭. જીવન શું છે ?
૧૮. જીવ શું છે ?
૧૯. તમે શું છો ?
૨૦. તમારી ઇચ્છાપૂર્વક કાં નથી થતું ?
૨૧. તે કેમ કરી શકશો ?
૨૨. બાધતા પ્રિય છે કે નિર્બાધતા પ્રિય છે ?
૨૩. તે ક્યાં ક્યાં કેમ કેમ છે ?

એનો નિર્ણય કરો.

અંતરમાં સુખ છે. બહારમાં નથી. સત્ય કહું છું.

૧૩.

મોહાચ્છાદિત દશાથી વિવેક ન થાય એ ખરૂં, નહીં તો, વસ્તુગતે એ વિવેક ખરો છે.

ઘણું જ સૂક્ષ્મ અવલોકન રાખો.

૧. સત્યને તો સત્ય જ રહેવા દેવું.
૨. કરી શકો તેટલું કહો, અશક્યતા ન છૂપાવો.
૩. એકનિષ્ઠિત રહો.

ગમે તે કોઈ પ્રશસ્ય ક્રમમાં એક નિષ્ઠિત રહો.

વીતરાગે ખરૂં કહ્યું છે.

અરે આત્મા ! સ્થિતિસ્થાપક દશા લે.

આ દુઃખ ક્યાં કહેવું ? અને શાથી ટાળવું ?

પોતે પોતાનો વૈરી તે એમ. કેવી ખરી વાત છે ! [અંગત.

૧૪.

જીવતત્ત્વસંબંધી વિચાર.[1]

૧ એક પ્રકારથી, બે પ્રકારથી, ત્રણ પ્રકારથી, ચાર પ્રકારથી, પાંચ પ્રકારથી અને છ પ્રકારથી જીવતત્ત્વ સમજી શકાય છે.

અ સર્વ જીવને ઓછામાં ઓછો શ્રુતજ્ઞાનનો અનંતમો ભાગ પ્રકાશિત રહેલો હોવાથી સર્વ જીવ ચૈતન્યલક્ષણે એક જ પ્રકારના છે.

ત્રસ એટલે તડકાથી છાયામાં આવે, છાયામાંથી તડકામાં આવે, ચાલવાની શક્તિવાળાં હોય, ભય દેખીને ત્રાસ પામતાં હોય, તેવી એક જાતિ અને બીજાં એક જ સ્થળે સ્થિતિવાળાં હોય, તેવી જાતના જીવની સ્થાવર નામની જાતિ; એમ બે પ્રકારે સર્વ જીવ સમજી શકાય છે.

સર્વ જીવને વેદથી તપાસી જોઇએ તો સ્ત્રી, પુરૂષ કે નપુંસક તેમાં તેઓનો સમાવેશ થાય છે. કોઇ સ્ત્રીવેદમાં, કોઇ પુરૂષવેદમાં અને કોઇ નપુંસકવેદમાં હોય છે. એ શિવાય ચોથો વેદ નહીં હોવાથી ત્રણ પ્રકારે વેદદૃષ્ટિએ સર્વ જીવ સમજી શકાય છે.

કેટલાક જીવ નરકગતિમાં, કેટલાક તિર્યંચગતિમાં, કેટલાક મનુષ્યગતિમાં, અને કેટલાક દેવગતિમાં, એમ જીવો રહેલા છે; એ શિવાય પાંચમી સંસારી ગતિ નહીં હોવાથી જીવો ચાર પ્રકારે સમજી શકાય છે.

૧૫.

જીવાજીવ વિભક્તિ.[2]

જીવ અને અજીવનો વિચાર એકાગ્ર મનથી શ્રવણ કરો. જે જાણવાથી ભિક્ષુઓ સમ્યક્ પ્રકારે સંયમમાં યત્ન કરે.

જીવ અને અજીવ લોક કહેલો છે. અજીવના આકાશ નામના ભાગને અલોક કહેલો છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ વડે કરીને જીવ તેમજ અજીવનો બોધ થઇ શકે છે.

ધર્માસ્તિકાય, તેનો દેશ, અને તેનો પ્રદેશ; અધર્માસ્તિકાય, તેનો દેશ, અને તેનો પ્રદેશ; આકાશ, તેનો દેશ, અને તેનો પ્રદેશ; અર્દ્ધસમયકાલ એમ અરૂપીના દશ પ્રકાર થાય.

ધર્મ અને અધર્મ એ બન્ને લોકપ્રમાણ કહેલા છે; આકાશ લોકાલોકપ્રમાણ અને અર્દ્ધ-સમય–સમય ક્ષેત્ર પ્રમાણ છે.

ધર્મ, અધર્મ અને આકાશ એ અનાદિ અપર્યવસ્થિત છે.

નિરંતરની ઉત્પત્તિ લેતાં સમય પણ એ જ પ્રમાણે છે; સંતતિ એક કાર્યની અપેક્ષાએ સાદિ સાંત છે.

સ્કંધ, સ્કંધદેશ, તેના પ્રદેશ અને પરમાણુ એમ રૂપી અજીવ ચાર પ્રકારે છે.

પરમાણુઓ એકત્ર થાય, પૃથક્ થાય, તે સ્કંધ; તેનો વિભાગ તે દેશ; તેનો છેવટનો અભિન્ન અંશ તે પ્રદેશ.

લોકના એક દેશમાં તે ક્ષેત્રી છે; કાલના વિભાગ તેના ચાર પ્રકારે કહેવાય છે.

નિરંતર ઉત્પત્તિની અપેક્ષાએ અનાદિ અપર્યવસ્થિત છે. એક ક્ષેત્રની સ્થિતિની અપેક્ષાએ સાદિ સપર્યવસ્થિત છે.

---

૧. અપૂર્ણ સ્થિતિમાં મળેલાં છે.—સંશોધક.
૨. અપૂર્ણ સ્થિતિમાં મળેલાં છે.—સંશોધક.

વર્ષ ૧૬ મું.

૧૬.

ભાવના બોધ.—અનુપ્રેક્ષાવિચાર.[1]

ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જ્વલ આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે. બાહ્યદૃષ્ટિથી જ્યાંસુધી ઉજ્જ્વલ આત્માઓ સંસારના માયિક પ્રપંચમાં દર્શન દેછે ત્યાંસુધી, તે કથનની સિદ્ધતા ક્વચિત્ દુર્લભ છે; તોપણ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરતાં એ કથનનું પ્રમાણ કેવલ સુલભ છે, એ નિઃસંશય છે.

એક નાનામાં નાના જંતુથી કરીને એક મદોન્મત્ત હાથી સુધીનાં સઘળાં પ્રાણીઓ, માનવીઓ, અને દેવ દાનવીઓ એ સઘળાંની સ્વાભાવિક ઇચ્છા સુખ અને આનંદ પ્રાપ્ત કરવામાં છે. એથી કરીને તેઓ તેના ઉદ્યોગમાં ગુંથાયાં રહેછે; પરંતુ વિવેકબુદ્ધિના ઉદય વિના તેમાં તેઓ વિભ્રમ પામે છે. તેઓ સંસારમાં નાનાપ્રકારનાં સુખનો આરોપ કરે છે. અતિ અવલોકનથી એમ સિદ્ધ છે કે તે આરોપ વૃથા છે. એ આરોપને અનારોપ કરવાવાળાં વીરલાં માનવીઓ વિવેકના પ્રકાશવડે અદ્ભુત પણ અન્ય વિષય પ્રાપ્ત કરવા કહેતાં આવ્યાં છે. જે સુખ ભયવાળાં છે તે સુખ તે સુખ નથી પણ દુઃખ છે. જે વસ્તુ પ્રાપ્ત કરવામાં મહા તાપ છે; જે વસ્તુ ભોગવવામાં એથી પણ વિશેષ તાપ રહ્યા છે; તેમ જ પરિણામે મહાતાપ, અનંત શોક, અને અનંત ભય છે; તે વસ્તુનું સુખ તે માત્ર નામનું સુખ છે; વા નથી જ. આમ હોવાથી તેની અનુરક્તતા વિવેકીઓ કરતાં નથી. સંસારનાં પ્રત્યેક સુખવડે વિરાજિત રાજેશ્વર છતાં પણ, સત્ય તત્ત્વજ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવાથી તેનો ત્યાગ કરીને યોગમાં પરમાનંદ માની સત્ય મનોવીરતાથી, અન્ય પામર આત્માઓને ભર્તૃહરિ ઉપદેશે છે કેઃ—

ભોગે રોગભયં કુલે ચ્યુતિભયં વિત્તે નૃપાલાદ્ભયં,
માને દૈન્યભયં બલે રિપુભયં રૂપે તરુણ્યા ભયં;
શાસ્ત્રે વાદભયં ગુણે ખલભયં કાયે કૃતાંતાદ્ભયં,
સર્વં વસ્તુ ભયાન્વિતં ભુવિ નૃણાં વૈરાગ્યમેવાભયં.

---

૧. 'સામાન્યતત્ત્વ દર્શાવવામાટે' દ્વાદશાનુપ્રેક્ષાસ્વરૂપદર્શક 'ભાવનાબોધ' નામના પુસ્તકની રચના સોળ વર્ષની વયે કરેલી. જે તે સમયની વૈરાગ્યધારા અને આત્મજાગૃતિનો કંઈક આભાસ આપે છે.—સંશોધક.

ભાવાર્થ:—ભોગમાં રોગનો ભય છે; કુલને પડવાનો ભય છે; લક્ષ્મીમાં રાજાનો ભય છે; માનમાં દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપથી સ્ત્રીને ભય છે; શાસ્ત્રમાં વાદનો ભય છે; ગુણમાં ખલનો ભય છે; અને કાયાપર કાળનો ભય છે; એમ સર્વ વસ્તુ ભયવાળી છે; માત્ર એક વૈરાગ્ય જ અભય છે !!!

મહાયોગી ભર્તૃહરિનું આ કથન સૃષ્ટિમાન્ય એટલે સઘળા ઉજ્જ્વલ આત્માઓ સદૈવ માન્ય રાખે તેવું છે. એમાં આખા તત્ત્વજ્ઞાનનું દોહન કરવા એમણે સકલ તત્ત્વવેત્તાઓનાં સિદ્ધાંત રહસ્યરૂપ અને સ્વાનુભવી સંસારશોકનું તાદૃશ્ય ચિત્ર આપ્યું છે. એણે જે જે વસ્તુઓપર ભયની છાયા પ્રદર્શ્ય કરી તે તે વસ્તુ સંસારમાં મુખ્ય સુખરૂપે મનાઈ છે. સંસારનું સર્વોત્તમ સાહિત્ય જે ભોગ તે તો રોગનું ધામ ઠર્યું; મનુષ્ય ઉંચ કુળથી સુખ માને તેવું છે ત્યાં પડતીનો ભય દેખાડયો; સંસારચક્રમાં વ્યવહારનો ઠાઠ ચલાવવાને દંડરૂપ લક્ષ્મી તે રાજા ઇત્યાદિકના ભયથી ભરેલી છે; કોઈપણ કૃત્ય કરી યશકીર્તિથી માન પામવું કે માનવું એવી સંસારના પામર જીવોની અભિલાષા છે તો ત્યાં મહા દીનતા ને કંગાલિયતનો ભય છે; બલ પરાક્રમથી પણ એવાજ પ્રકારની ઉત્કૃષ્ટતા પામવી એમ ચહાવું રહ્યું છે તો ત્યાં શત્રુનો ભય રહ્યો છે; રૂપકાંતિ એ ભોગીને મોહિનીરૂપ છે તો ત્યાં તેને ધારણ કરનારી સ્ત્રિયો નિરંતર ભયવાલી જ છે; અનેક પ્રકારે ગુંથી કાઢેલી શાસ્ત્રજાલ તેમાં વિવાદનો ભય રહ્યો છે; કોઈપણ સાંસારિક સુખનો ગુણ પ્રાપ્ત કરવાથી જે આનંદ લેખાય છે, તે ખલ મનુષ્યની નિંદાને લીધે ભયાન્વિત છે; જેમાં અનંત પ્રિયતા રહી છે એવી કાયા તે એક સમયે કાલરૂપ સિંહના મુખમાં પડવાના ભયથી ભરી છે. આમ સંસારનાં મનોહર પણ ચપલ સાહિત્યો ભયથી ભર્યાં છે. વિવેકથી વિચારતાં જ્યાં ભય છે ત્યાં કેવલ શોક જ છે; જ્યાં શોક હોય ત્યાં સુખનો અભાવ છે; અને જ્યાં સુખનો અભાવ રહ્યો છે, ત્યાં તિરસ્કાર કરવો યથોચિત છે.

યોગીંદ્ર ભર્તૃહરિ એક જ એમ કહી ગયો છે તેમ નથી. કાલાનુસાર સૃષ્ટિના નિર્માણસમયથી ભર્તૃહરિથી ઉત્તમ, ભર્તૃહરિ સમાન, અને ભર્તૃહરિથી કનિષ્ઠ એવા અસંખ્ય તત્ત્વજ્ઞાનીઓ થઇ ગયા છે. એવો કોઇ કાળ કે આર્ય દેશ નથી કે જેમાં કેવલ તત્ત્વજ્ઞાનીઓનું ઉપજવું થયું નથી. એ તત્ત્વવેત્તાઓએ સંસારસુખની હરેક સામગ્રીને શોકરૂપ ગણાવી છે; એ એમના અગાધ વિવેકનું પરિણામ છે. વ્યાસ, વાલ્મીકિ, શંકર, ગૌતમ, પાતંજલી, કપિલ, અને યુવરાજ શુદ્ધોદને પોતાનાં પ્રવચનમાં માર્મિક રીતે અને સામાન્ય રીતે જે ઉપદેશ્યું છે, તેનું રહસ્ય નીચેના શબ્દોમાં કંઇક આવી જાય છે:

"અહો લોકો ! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એનો પાર પામવા પુરુષાર્થનો ઉપયોગ કરો ! ઉપયોગ કરો !!"

એમ ઉપદેશવામાં એમનો હેતુ પ્રત્યેક પ્રાણીઓને શોકથી મુક્ત કરવાનો હતો. એ સઘળા જ્ઞાનીઓ કરતાં પરમ માન્ય રાખવાયોગ્ય સર્વજ્ઞ મહાવીરનાં વચન સર્વ સ્થળે એ જ છે કે, સંસાર એકાંત અને અનંત શોકરૂપ તેમ જ દુઃખપ્રદ છે. અહો ! ભવ્ય લોકો ! એમાં મધુરી મોહિની ન આણતાં એથી નિવૃત્ત થાઓ ! નિવૃત્ત થાઓ !!

મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ નથી. એનાં સઘળાં પ્રવચનોમાં એણે એ જ પ્રદર્શિત કર્યું છે; તેમ તેવું સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. કંચનવર્ણી કાયા, યશોમતિ જેવી રાણી, અઢળક સામ્રાજ્ય લક્ષ્મી, અને મહા પ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ છતાં તેની મોહિનીને ઉતારી દઈ જ્ઞાનદર્શનયોગપરાયણ થઈ એણે જે અદ્ભુતતા દર્શાવી છે તે અનુપમ છે. એનું એ જ રહસ્ય પ્રકાશ કરતાં પવિત્ર 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં આઠમા અધ્યયનની પહેલી ગાથામાં કપિલ કેવલીની સમીપે તત્ત્વાભિલાષીનાં મુખકમલથી મહાવીર કહેવરાવે છે કે—

અધુવે અસાસયંમિ સંસારમિદુખ્ખપઉરાએ
કિંનામહુજ્જંતકમ્મયં જેણાહંદુગ્ગઇં નગછેજ્જા.

" અધ્રુવ અને અશાશ્વત સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ છે. હું એવી શું કરણી કરૂં કે જે કરણીથી કરી દુર્ગતિ પ્રતિ ન જાઉં ? " એ ગાથામાં એ ભાવથી પ્રશ્ન થતાં કપિલમુનિ પછી આગળ ઉપદેશ ચલાવે છે:—

અધુવે અસાસયંમિ—આ મહદ્ તત્ત્વજ્ઞાનપ્રાસાદિભુત વચનો પ્રવૃત્તિમુક્ત યોગીશ્વરના સતત વૈરાગ્યવેગનાં છે. અતિ બુદ્ધિશાળીને સંસાર પણ ઉત્તમરૂપે માન્ય રાખે છે છતાં, તે બુદ્ધિશાળીઓ તેનો ત્યાગ કરે છે; એ તત્ત્વજ્ઞાનનો સ્તુતિપાત્ર ચમત્કાર છે. એ અતિ મેધાવિયો અંતે પુરુષાર્થની સ્ફુરણા કરી મહા યોગ સાધી આત્માના તિમિરપટને ટાળે છે. સંસારને શોકાબ્ધિ કહેવામાં તત્ત્વજ્ઞાનીઓની ભ્રમણા નથી, પરંતુ એ સઘળા તત્ત્વજ્ઞાનીઓ કંઈ તત્ત્વજ્ઞાનચંદ્રની સોળે કળાઓથી પૂર્ણ હોતા નથી; આ જ કારણથી સર્વજ્ઞ મહાવીરનાં વચન તત્ત્વજ્ઞાનને માટે જે પ્રમાણ આપે છે તે મહદ્ભૂત, સર્વમાન્ય અને કેવળ મંગળમય છે. મહાવીરની તુલ્ય ઋષભદેવ જેવા જે જે સર્વજ્ઞ તીર્થંકરો થયા છે તેમણે નિસ્પૃહતાથી ઉપદેશ આપીને જગતહિતૈષીની પદવી પ્રાપ્ત કરી છે.

સંસારમાં એકાંત અને જે અનંત ભરપુર તાપ છે તે તાપ ત્રણ પ્રકારના છે. આધિ, વ્યાધિ, અને ઉપાધિ. એથી મુક્ત થવા માટે પ્રત્યેક તત્ત્વજ્ઞાનીઓ કહેતા આવ્યા છે. સંસારત્યાગ, શમ, દમ, દયા, શાંતિ, ક્ષમા, ધૃતિ, અપ્રભુત્વ, ગુરુજનનો વિનય, વિવેક નિસ્પૃહિતા, બ્રહ્મચર્ય, સમ્યક્ત્વ અને જ્ઞાન–એનું સેવન કરવું; ક્રોધ, લોભ માન, માયા, અનુરાગ, અણરાગ, વિષય, હિંસા, શોક, અજ્ઞાન, મિથ્યાત્વ એ સઘળાંનો ત્યાગ કરવો. આમ સર્વ દર્શનોનો સામાન્ય રીતે સાર છે. નીચેનાં બે ચરણમાં એ સાર સમાવેશ પામી જાય છે:

" પ્રભુ ભજો નીતિ સજો, પરઠો પરોપકાર. "

ખરે ! એ ઉપદેશ સ્તુતિપાત્ર છે. એ ઉપદેશ આપવામાં કોઈએ કોઈ પ્રકારની અને કોઈએ કોઈ પ્રકારની વિચક્ષણતા દર્શાવી છે. એ સઘળા ઉદ્દેશે તો સમતુલ્ય દૃશ્ય થાય તેવું છે; પરંતુ સૂક્ષ્મ ઉપદેશક તરીકે શ્રમણ ભગવંત તે સિદ્ધાર્થ રાજાના પુત્ર પ્રથમ· પદવીના ધણી થઈ પડે છે. નિવૃત્તિને માટે જે જે વિષયો પૂર્વે જણાવ્યા તે તે વિષયોનું ખરું સ્વરૂપ સમજીને સર્વાંશે મંગલમયરૂપે બોધવામાં એ રાજપુત્ર વધી ગયો છે. એ માટે એને અનંત ધન્યવાદો છાજે છે !

એ સઘળા વિષયોનું અનુકરણ કરવાનું શું પ્રયોજન વા શું પરિણામ ? એનો નિવેડો હવે લઈએ. સઘળા ઉપદેશકો એમ કહેતા આવ્યા છે કે, એનું પરિણામ મુક્તિ પ્રાપ્ત કરવી; અને પ્રયોજન દુઃખની નિવૃત્તિ. એ જ માટે સર્વ દર્શનમાં સામાન્યરૂપે મુક્તિને અનુપમ શ્રેષ્ઠ કહી છે. " સૂત્રકૃતાંગ " દ્વિતીયાંગના પ્રથમ શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનની ચોવીશમી ગાથાના ત્રીજા ચરણમાં કહ્યું છે કે:—

" નિવ્વાણ સેઠ્ઠા જહ સવ્વધમ્મા "

બધાય ધર્મમાં મુક્તિને શ્રેષ્ઠ કહી છે.

સારાંશે મુક્તિ એટલે સંસારના શોકથી મુક્ત થવું તે. પરિણામમાં જ્ઞાનદર્શનાદિક અનુપમ વસ્તુઓ પ્રાપ્ત કરવી. જેમાં પરમ સુખ અને પરમાનંદનો અખંડ નિવાસ છે, જન્મ મરણની વિટંબનાનો અભાવ છે, શોકનો ને દુઃખનો ક્ષય છે; એવા એ વિજ્ઞાની વિષયનું વિવેચન અન્ય પ્રસંગે કરીશું.

આ પણ વિના વિવાદે માન્ય રાખવું જોઈએ કે, તે અનંત શોક અને અનંત દુઃખની નિવૃત્તિ એના એ જ સાંસારિક વિષયથી નથી. રુધિરથી રુધિરનો ડાઘ જતો નથી; પણ જલથી તેનો અભાવ છે; તેમ શૃંગારથી વા શૃંગાર મિશ્રિત ધર્મથી સંસારની નિવૃત્તિ નથી; એ જ માટે વૈરાગ્યજલનું આવશ્યકપણું નિઃસંશય ઠરે છે. અને એ જ માટે વીતરાગનાં વચનમાં અનુરક્ત થવું ઉચિત છે; નિદાન એથી વિષયરૂપ વિષનો જન્મ નથી. પરિણામે એ જ મુક્તિનું કારણ છે. એ વીતરાગ-

સર્વજ્ઞનાં વચનને વિવેકબુદ્ધિથી શ્રવણ, મનન ને નિદિધ્યાસન કરી હે માનવિ! આત્માને ઉજ્જવલ કર.

* * * * * *

વૈરાગ્યબોધિની કેટલીક ભાવનાઓ એમાં ઉપદેશીશું. વૈરાગ્યની અને આત્મહિતૈષી વિષયોની સુદૃઢતા થવા માટે બાર ભાવનાઓ તત્ત્વજ્ઞાની કહે છે.

૧ અનિત્યભાવના:—શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ પરિવારાદિક સર્વ વિનાશી છે; જીવનો મૂળ ધર્મ અવિનાશી છે, એમ ચિંતવવું તે પહેલી અનિત્યભાવના.

૨ અશરણભાવના:—સંસારમાં મરણસમયે જીવને શરણ રાખનાર કોઈ નથી, માત્ર એક શુભ ધર્મનું જ શરણ સત્ય છે; એમ ચિંતવવું તે બીજી અશરણ ભાવના.

૩ સંસારભાવના:—આ આત્માએ સંસાર સમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું ક્યારે છૂટીશ? એ સંસાર મારો નથી; હું મોક્ષમયિ છું: એમ જે ચિંતવવું તે ત્રીજી સંસારભાવના.

૪ એકત્વભાવના:—આ મારો આત્મા એકલો છે, તે એકલો આવ્યો છે, એકલો જશે, પોતાનાં કરેલાં કર્મ એકલો ભોગવશે, અંતઃકરણથી એમ ચિંતવવું તે ચોથી એકત્વભાવના.

૫ અન્યત્વભાવના:—આ સંસારમાં કોઈ કોઈનું નથી; એમ ચિંતવવું તે પાંચમી અન્યત્વભાવના.

૬ અશુચિભાવના:—આ શરીર અપવિત્ર છે, મલમૂત્રની ખાણ છે, રોગ જરાનું નિવાસ ધામ છે, એ શરીરથી હું ન્યારો છું; એમ ચિંતવવું તે છઠ્ઠી અશુચિભાવના.

૭ આશ્રવભાવના:—રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ, ઇત્યાદિક સર્વ આશ્રવ છે એમ ચિંતવવું તે સાતમી આશ્રવભાવના.

૮ સમ્વરભાવના:—જ્ઞાન, ધ્યાનમાં પ્રવર્ત્તમાન થઈને જીવ નવાં કર્મ બાંધે નહીં તે આઠમી સમ્વરભાવના.

૯ નિર્જરાભાવના:—જ્ઞાનસહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે એમ ચિંતવવું તે નવમી નિર્જરાભાવના.

૧૦ લોકસ્વરૂપભાવના:—ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવું તે દશમી લોકસ્વરૂપભાવના.

૧૧ બોધદુર્લભભાવના:—સંસારમાં ભમતાં આત્માને સમ્યગ્ જ્ઞાનની પ્રસાદી પ્રાપ્ત થવી દુર્લભ છે; વા સમ્યગ્જ્ઞાન પામ્યો તો ચારિત્રસર્વવિરતિપરિણામરૂપ ધર્મ પામવો દુર્લભ છે એમ ચિંતવવું તે અગીયારમી બોધદુર્લભભાવના.

૧૨ ધર્મદુર્લભભાવના:—ધર્મના ઉપદેશક તથા શુદ્ધ શાસ્ત્રના બોધક એવા ગુરુ અને એનું શ્રવણ મળવું દુર્લભ છે એમ ચિંતવવું તે બારમી ધર્મદુર્લભભાવના.

એમ મુક્તિ સાધ્ય કરવા માટે જે વૈરાગ્યની આવશ્યકતા છે, તે વૈરાગ્યની દૃઢ કરનારી બાર ભાવનાઓમાંથી કેટલીક ભાવનાઓ આ દર્શનાંતર્ગત વર્ણવીશું. કેટલીક ભાવનાઓ કેટલાક વિષયમાં વહેંચી નાખી છે; કેટલીક ભાવનાઓ માટે અન્ય પ્રસંગની અગત્ય છે; એથી તે વિસ્તારી નથી.

—મોક્ષમાળા.[1]

નિર્ગ્રંથ પ્રવચનને અનુકૂલ થઈ સ્વલ્પતાથી આ ગ્રંથ ગુંથું છું. પ્રત્યેક શિક્ષાવિષયરૂપી મણિ-

---

૧. શ્રીમદ્ રાજચંદ્રે સોળ વર્ષની વયે 'મોક્ષમાળા' નામક ગ્રંથ ગુંથવાનો વિચાર કરી અત્ર અપાતો આ '૧૯' મા આંકનો વિષય લખી તે વયે છપાવવો શરૂ કર્યો હતો. એ ભાગ છપાતો હતો તે દરમ્યાનમાં 'મોક્ષમાળા' નો આકાર ૧૭ મા વર્ષમાં અપાએલ '૧૮' મા આંકના વિષયરૂપે કરવાથી '૧૮' મા આંકનો વિષય 'મોક્ષમાળા' ને નામે અને '૧૯' મા આંકનો આ વિષય 'ભાવના બોધ' ને નામે સંવત્ ૧૯૪૩-૪૪ માં છપાઈ બહાર પડ્યાં હતાં.—સંશોધક.

ક્રાથી આ પૂર્ણાહુતિ પામશે. આડંબરી નામ એજ ગુરુત્વનું કારણ છે, એમ સમજતાં છતાં પરિણામે અપ્રભુત્વ રહેલું હોવાથી એમ કરેલું છે તે ઉચિત થાઓ ! ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ સુશીલનો ઉપદેશ કરનારા પુરુષો કંઇ ઓછા થયા નથી; તેમ આ ગ્રંથ કંઇ તેથી ઉત્તમ વા સમાનતારૂપ નથી; પણ વિનયરૂપે તે ઉપદેશકોના ધુરંધર પ્રવચનો આગલ કનિષ્ઠ છે. આ પણ પ્રમાણભૂત છેકે પ્રધાન પુરુષની સમીપ અનુચરનું અવશ્ય છે; તેમ તેવા ધુરંધર ગ્રંથનું ઉપદેશબીજ રોપાવા અંતઃકરણ કોમલ કરવા આવા ગ્રંથનું પ્રયોજન છે.

આ પ્રથમ દર્શન અને બીજાં અન્ય દર્શનોમાં તત્ત્વજ્ઞાન તેમ જ સુશીલની પ્રાપ્તિ માટે અને પરિણામે અનંત સુખતરંગ પ્રાપ્ત કરવા માટે જે જે સાધ્ય સાધનો શ્રમણ ભગવંત જ્ઞાતપુત્રે પ્રકાસ્યાં છે, તેનો સ્વલ્પતાથી કિંચિત્ સંચય કરી, તેમાં મહાપુરુષોનાં નાનાં નાનાં ચરિત્રો એકત્ર કરી આ મોક્ષમાળાને વિભૂષિત કરી છે. તે–" વિદગ્ધમુખમંડનંભવતુ "

પ્રથમ દર્શન.–પ્રથમ ચિત્ર.

અનિત્યભાવના.

વિદ્યુતલક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ,
પુરંદરી ચાપ અનંગરંગ, શું રાચિયે ત્યાં ક્ષણનો પ્રસંગ !

વિશેષાર્થ:—લક્ષ્મી વીજલી જેવી છે. વીજલીનો ઝબકારો જેમ થઇને ઓલવાઇ જાય છે, તેમ લક્ષ્મી આવીને ચાલી જાય છે. અધિકાર પતંગના રંગ જેવો છે. પતંગનો રંગ જેમ ચાર દિવસની ચટકી છે, તેમ અધિકાર માત્ર થોડો કાળ રહી હાથમાંથી જતો રહે છે. આયુષ્ય પાણીનાં મોજાં જેવું છે. પાણીનો હિલોળો આવ્યો કે ગયો તેમ જન્મ પામ્યા અને એક દેહમાં રહ્યા કે ન રહ્યા ત્યાં બીજા દેહમાં પડવું પડે છે. કામભોગ આકાશમાં ઉત્પન્ન થતા ઇંદ્રના ધનુષ્ય જેવા છે. જેમ ઇંદ્રધનુષ્ય વર્ષાકાળમાં થઇને ક્ષણવારમાં લય થઇ જાય છે, તેમ યૌવનમાં કામના વિકાર ફલિભૂત થઇ જરાવયમાં જતા રહે છે; ટુંકામાં હે જીવ ! એ સઘળી વસ્તુઓનો સંબંધ ક્ષણભર છે; એમાં પ્રેમબંધનની સાંકળે બંધાઇને શું રાચવું ? તાત્પર્ય એ સઘલાં ચપલ અને વિનાશી છે, તું અખંડ અને અવિનાશી છે; માટે તારા જેવી નિત્ય વસ્તુને પ્રાપ્ત કર !

દૃષ્ટાંત:—એ અનિત્ય અને સ્વપ્નવત્ સુખપર એક દૃષ્ટાંત કહીએ છીએ. એક પામર ભીખારી જંગલમાં ભટકતો હતો, ત્યાં તેને ભૂખ લાગી, એટલે તે બિચારો લથડીઆં ખાતો ખાતો એક નગરમાં એક સામાન્ય મનુષ્યને ઘેર પહોંચ્યો; ત્યાં જઇને તેણે અનેક પ્રકારથી આજીજી કરી; તેના કાલાવાલાથી કરુણાર્દ્ર થઇ તે ગૃહપતિની સ્ત્રીએ તેને ઘરમાંથી જમતાં વધેલું મિષ્ટાન્ન ભોજન આણી આપ્યું. એવું ભોજન મળવાથી ભીખારી બહુ આનંદ પામતો પામતો નગરની બહાર આવ્યો. આવીને એક ઝાડ તળે બેઠો. ત્યાં જરા સ્વચ્છ કરીને એક બાજુએ અતિ વૃદ્ધતાને પામેલો એવો પોતાનો જલનો ઘડો મૂક્યો, એક બાજુએ પોતાની ફાટીતુટી મલીન ગોદડી મૂકી, અને પછી એક બાજુએ પોતે તે ભોજન લઇને બેઠો. રાજી રાજી થતાં કોઇ દિવસે તેણે નહીં દીઠેલું એવું ભોજન એણે ખાઇને પુરું કર્યું. ભોજનને સ્વધામ પહોંચાડ્યા પછી ઓશિકે એક પથ્થર મૂકીને તે સુતો. ભોજનના મદથી જરાવારમાં તેની આંખો મિચાઇ ગઇ. તે નિદ્રાવશ થયો ત્યાં તેને એક સ્વપ્ન આવ્યું. પોતે જાણે મહા રાજરીદ્ધિ પામ્યો છે; તેથી તેણે સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કર્યા છે, દેશ આખામાં તેના વિજયનો ડંકો વાગી ગયો છે, સમીપમાં તેની આજ્ઞા અવલંબન કરવા અનુચરો ઉભા થઇ રહ્યા છે, આજુબાજુ છડીદારો "ખમા ! ખમા !" પોકારે છે, એક ઉત્તમ મહાલયમાં સુંદર પલંગપર તેણે શયન કર્યું છે, દેવાંગના જેવી સ્ત્રીઓ તેને પાદ–ચંપન કરે છે, એક બાજુથી મનુષ્યો પંખાવડે

સુગંધી પવન ઢોળે છે; એમ એને અપૂર્વ સુખની પ્રાપ્તિવાળું સ્વપ્ન પ્રાપ્ત થયું. સ્વપ્નાવસ્થામાં તેના રોમાંચ ઉલ્લસી ગયા. તે જાણે ખરેખર પોતે તેવું સુખ ભોગવે છે, એવું તે માનવા લાગ્યો. એવામાં સૂર્યદેવ વાદળાંથી ઢંકાઈ ગયો; વીજળીના ઝબકારા થવા લાગ્યા; મેઘમહારાજ ચઢી આવ્યા; સર્વત્ર અંધકાર વ્યાપી ગયો; મૂશળધાર વર્ષાદ પડશે એવો દેખાવ થઈ ગયો; અને ગાજવીજથી એક સઘન કડાકો થયો. કડાકાના પ્રબળ અવાજથી ભય પામીને સત્વર તે પામર ભીખારી જાગૃત થઈ ગયો. જાગીને જુએ છે તો નથી તે દેશ કે નથી તે નગરી, નથી તે મહાલય કે નથી તે પલંગ, નથી તે ચામરછત્ર ધરનારા કે નથી તે છડીદારો, નથી તે સ્ત્રીઓનાં વૃંદ કે નથી તે વસ્ત્રાલંકારો, નથી તે પંખા કે નથી તે પવન, નથી તે અનુચરો કે નથી તે આજ્ઞા, નથી તે સુખવિલાસ કે નથી તે મદોન્મત્તતા. જુએ છે તો જે સ્થળે પાણીનો વૃદ્ધ ઘડો પડ્યો હતો તે જ સ્થળે તે ઘડો પડ્યો છે. જે સ્થળે ફાટીતુટી ગોદડી પડી હતી તે સ્થળે તે ફાટીતુટી ગોદડી પડી છે. ભાઈ તો જેવા હતા તેવાને તેવા દેખાયા. પોતે જેવાં મલીન અને અનેક જાળી ગોખવાળાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં તેવાંને તેવાં તે જ વસ્ત્રો શરીર ઉપર બિરાજે છે. નથી તલભાર ઘટ્યું કે નથી જવભાર વધ્યું. એ સઘળું જોઈને તે અતિ શોક પામ્યો "કે જે સુખાડંબરવડે મેં આનંદ માન્યો તે સુખમાંનું તો અહીં કશુંએ નથી. અરેરે ! મેં સ્વપ્નાના ભોગ ભોગવ્યા નહીં અને મિથ્યા ખેદ મને પ્રાપ્ત થયો." બિચારો તે ભીખારી એમ ગ્લાનિમાં આવી પડ્યો.

પ્રમાણશિક્ષા:—સ્વપ્નપ્રાપ્તિમાં જેમ તે ભીખારીએ સુખસમુદાય દીઠા, ભોગવ્યા અને આનંદ પામ્યો, તેમ પામર પ્રાણીઓ સંસારના સ્વપ્નવત્ સુખસમુદાયને મહાનંદરૂપ માની બેઠા છે. જેમ તે સુખસમુદાય જાગૃતિમાં તે ભીખારીને મિથ્યા જણાયા, તેમ તત્ત્વજ્ઞાનરૂપી જાગૃતિવડે સંસારનાં સુખ તેવાં જણાય છે. સ્વપ્નાના ભોગ ન ભોગવ્યા છતાં જેમ તે ભીખારીને શોકની પ્રાપ્તિ થઇ, તેમ પામર ભવ્યો સંસારમાં સુખ માની બેસે છે અને ભોગવ્યાતુલ્ય ગણે છે, પણ તે ભીખારીની પેઠે પરિણામે ખેદ, પશ્ચાત્તાપ, અને અધોગતિને પામેછે. સ્વપ્નાની એકે વસ્તુનું સત્યત્વ નથી, તેમ સંસારની એકે વસ્તુનું સત્યત્વ નથી. બન્ને ચપળ અને શોકમય છે; આવું વિચારી બુદ્ધિમાન પુરૂષો આત્મશ્રેયને શોધેછે.

ઇતિ શ્રી 'મોક્ષમાળા' ગ્રંથના પ્રથમ દર્શનનું પ્રથમ ચિત્ર અનિત્યભાવના એ વિષયપર સદૃષ્ટાંત વૈરાગ્યોપદેશાર્થ સમાપ્ત થયું.

દ્વિતીય ચિત્ર.

અશરણભાવના.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

વિશેષાર્થ:—" સર્વજ્ઞ જિનેશ્વર દેવે નિસ્પૃહિતાથી બોધેલો ધર્મ ઉત્તમ શરણરૂપ જાણીને મન વચન અને કાયાના પ્રભાવવડે હે ચેતન ! તેને તું આરાધ્ય, આરાધ્ય. તું કેવળ અનાથરૂપ છો તે સનાથ થઈશ. એના વિના ભવાટવિભ્રમણમાં તારી બાંહ્ય કોઈ સહાનાર નથી. "

જે આત્માઓ સંસારનાં માયિક સુખને કે અવદર્શનને શરણરૂપ માને તે અધોગતિ પામે, તેમ જ સદૈવ અનાથ રહે એવો બોધ કરનારૂં ભગવાન્ અનાથી મુનિનું ચરિત્ર પ્રારંભીએ છીએ, એથી અશરણભાવના સુદૃઢ થશે.

દૃષ્ટાંત:—અનેક પ્રકારની લીલાથી યુક્ત મગધદેશનો શ્રેણિક રાજા અશ્વક્રીડાને માટે મંડિકુક્ષ એ નામના વનમાં નીકળી પડ્યો. વનની વિચિત્રતા મનોહારિણી હતી. નાનાં પ્રકારનાં તરૂકુંજ ત્યાં આવી રહ્યાં હતાં, નાના પ્રકારની કોમળ વલ્લિકાઓ ઘટાટોપ થઈ રહી હતી, નાના પ્રકારનાં પંખીઓ આનંદથી તેનું સેવન કરતાં હતાં, નાના પ્રકારનાં પક્ષિયોનાં મધુરાં ગાયન ત્યાં સંભળાતાં હતાં, નાના પ્રકારનાં

પુષ્પથી તે વન છવાઈ રહ્યું હતું, નાના પ્રકારનાં જલનાં ઝરણાં ત્યાં વહેતાં હતાં; ટુંકામાં સૃષ્ટિસૌંદર્યતાનાં પ્રદર્શનરૂપ હોઇને તે વન નંદનવનની તુલ્યતા ધરાવતું હતું. ત્યાં એક તરૂ તળે મહા સમાધિવંત પણ સુકુમાર અને સુખોચિત મુનિને તે શ્રેણિકે બેઠેલા દીઠા. એનું રૂપ દેખીને તે રાજા અત્યંત આનંદ પામ્યો. એ અતુલ્ય ઉપમારહિત રૂપથી વિસ્મય પામીને મનમાં તેની પ્રશંસા કરવા લાગ્યો: અહો ! આ મુનિનો કેવો અદ્‌ભુત વર્ણ છે ! અહો ! એનું કેવું મનોહરરૂપ છે ! અહો ! આ આર્યની કેવી અદ્‌ભુત સૌમ્યતા છે ! અહો ! આ કેવી વિસ્મયકારક ક્ષમાના ધરનાર છે ! અહો ! આના અંગથી વૈરાગ્યની કેવી ઉત્તમ સ્ફુરણા છે ! અહો ! આની કેવી નિર્લોભતા જણાય છે ! અહો ! આ સંયતિ કેવું નિર્ભય અપ્રભુત્વ ધરાવે છે ! અહો ! એનું ભોગનું અસંગતિપણું કેવું સુદૃઢ છે ! એમ ચિંતવતો, ચિંતવતો, મુદિત થતો થતો, સ્તુતિ કરતો કરતો, ધીમેથી ચાલતો ચાલતો, પ્રદક્ષિણા દઇને તે મુનિને વંદન કરીને અતિ સમીપ નહીં તેમ અતિ દૂર નહીં એમ, તે બેઠો. પછી બે હાથની અંજલિ કરીને વિનયથી તેણે તે મુનિને પૃછ્યું: "હે આર્ય ! તમે પ્રશંસા કરવાયોગ્ય એવા તરુણ છો; ભોગવિલાસને માટે તમારું વય અનુકૂલ છે; સંસારમાં નાના પ્રકારનાં સુખ રહ્યાં છે; ઋતુ ઋતુના કામભોગ, જલસંબંધીના કામભોગ, તેમ જ મનોહારિણી સ્ત્રિયોનાં મુખવચનનું મધુરું શ્રવણ છતાં એ સઘળાંનો ત્યાગ કરીને મુનિત્વમાં તમે મહા ઉદ્યમ કરોછો એનું શું કારણ ? તે મને અનુગ્રહથી કહો."

રાજાનાં વચનનો આવો અર્થ સાંભળીને મુનિએ કહ્યું: "હું અનાથ હતો. હે મહારાજા ! મને અપૂર્વ વસ્તુનો પ્રાપ્ત કરાવનાર તથા યોગક્ષેમનો કરનાર, મારાપર અનુકંપા આણનાર, કરુણાથી કરીને પરમ સુખનો દેનાર, સુહૃન્‌ મિત્ર લેશમાત્ર પણ કોઈ ન થયો. એ કારણ અનાથીપણાનું હતું." શ્રેણિક મુનિનાં ભાષણથી સ્મિત હસી પડ્યો: "અરે ! તમારે મહા રીદ્ધિવંતને નાથ કેમ ન હોય ? લ્યો, કોઈ નાથ નથી તો હું થઉં છું. હે ભયંત્રાણ ! તમે ભોગ ભોગવો. હે સંયતિ, મિત્ર ! જ્ઞાતિએ કરી દુર્લભ એવો તમારો મનુષ્યભવ સુલભ કરો !" અનાથીએ કહ્યું, "પરંતુ અરે શ્રેણિક, મગધદેશના રાજા ! તું પોતે અનાથ છો તો મારો નાથ શું થઈશ ? નિર્ધન તે ધનાઢ્ય ક્યાંથી બનાવે ? અબુધ તે બુદ્ધિદાન ક્યાંથી આપે ? અજ્ઞ તે વિદ્વતા ક્યાંથી દે ? વંધ્યા તે સંતાન ક્યાંથી આપે ? જ્યારે તું પોતે અનાથ છો, ત્યારે મારો નાથ ક્યાંથી થઇશ ?" મુનિનાં વચનથી રાજા અતિ આકુલ અને અતિ વિસ્મિત થયો. કોઇ કાળે જે વચનનું શ્રવણ થયું નથી એવાં વચનનું યતિમુખપ્રતિથી શ્રવણ થયું એથી તે શંકાગ્રસ્ત થયો. "હું અનેક પ્રકારના અશ્વનો ભોગી છું, અનેક પ્રકારના મદોન્મત્ત હાથીઓનો ધણી છું, અનેક પ્રકારની સેના મને આધીન છે; નગર, અંતઃપુર અને ગ્રામ ચતુષ્પાદની મારે કંઈ ન્યૂનતા નથી; મનુષ્ય સંબંધી સઘળા પ્રકારના ભોગ મને પ્રાપ્ત છે; અનુચરો મારી આજ્ઞાને રૂડી રીતે આરાધે છે; પાંચે પ્રકારની સંપત્તિ મારે ઘેર છે; સર્વ મનવાંચ્છિત વસ્તુઓ મારી સમીપે રહે છે; આવો હું જાજ્વલ્યમાન છતાં અનાથ કેમ હોઉં ? રખે હે ભગવન્‌ ! તમે મૃષા બોલતા હો." મુનિએ કહ્યું, "હે રાજા ! મારા કહેલા અર્થની ઉપપત્તિને તું બરાબર સમજ્યો નથી. તું પોતે અનાથ છે; પરંતુ તે સંબંધી તારી અજ્ઞતા છે. હવે હું કહું છું તે અવ્યગ્ર અને સાવધાન ચિત્ત કરીને તું સાંભળ, સાંભળીને પછી તારી શંકાનો સત્યાસત્ય નિર્ણય કરજે, મેં પોતે જે અનાથપણાથી મુનિત્વ અંગીકૃત કર્યું છે તે હું પ્રથમ તને કહું છું:—

"કૌશાંબી નામે અતિ જીર્ણ અને વિવિધ પ્રકારના ભેદની ઉપજાવનારી એક સુંદર નગરી છે, ત્યાં રીદ્ધિથી પરિપૂર્ણ ધનસંચય નામનો મારો પિતા રહેતો હતો. પ્રથમ યૌવન વયને વિષે હે મહારાજા ! અતુલ્ય અને ઉપમારહિત મારી આંખોને વિષે વેદના ઉત્પન્ન થઈ. દુઃખપ્રદ દાહજ્વર આખે શરીરે પ્રવર્ત્તમાન થયો. શસ્ત્રથી પણ અતિશય તીક્ષ્ણ તે રોગ વૈરીની પેઠે મારાપર કોપાયમાન થયો. મારૂં મસ્તક તે આંખની અસહ્ય વેદનાથી દુઃખવા લાગ્યું. ઇંદ્રના વજ્રના પ્રહાર સરખી, બીજાને પણ

રૌદ્રભય ઉપજાવનારી, એવી તે અત્યંત પરમ દારુણ વેદનાથી હું બહુ શોકાર્ત્ત હતો, શારીરિક વિદ્યાના નિપુણ, અનન્ય મંત્ર મુળીના સુજ્ઞ વૈદરાજ મારી તે વેદનાનો નાશ કરવાને માટે આવ્યા, અનેક પ્રકારના ઔષધોપચાર કર્યા, પણ તે વૃથા ગયા. એ મહા નિપુણ ગણાતા વૈદરાજો મને તે દરદથી મુક્ત કરી શક્યા નહીં. એ જ હે રાજા ! મારું અનાથપણું હતું. મારી આંખની વેદના ટાળવાને માટે મારા પિતાએ સર્વ ધન આપવા માંડ્યું; પરંતુ તેથી કરીને પણ મારી તે વેદના ટળી નહીં. હે રાજા ! એ જ મારું અનાથપણું હતું. મારી માતા પુત્રના શોકે કરીને અતિ દુઃખાર્ત્ત થઈ, પરંતુ તે પણ મને તે દરદથી મુકાવી શકી નહીં; એ જ હે મહારાજા ! મારું અનાથપણું હતું. એક ઉદરથી ઉત્પન્ન થયેલા મારા જ્યેષ્ઠ અને કનિષ્ઠ ભાઈઓ પોતાથી બનતો પરિશ્રમ કરી ચૂક્યા પણ મારી વેદના ટળી નહીં. હે રાજા ! એ જ મારું અનાથપણું હતું. એક ઉદરથી ઉત્પન્ન થયેલી મારી જ્યેષ્ઠા અને કનિષ્ઠા ભગિનીઓથી મારું દુઃખ ટળ્યું નહીં. હે મહારાજા ! એ જ મારું અનાથપણું હતું, મારી સ્ત્રી જે પતિવ્રતા. મારા પર અનુરક્ત અને પ્રેમવંતી હતી તે આંખે પરિપૂર્ણ આંસુ ભરી મારા હૃદયને સિંચતાં ભીંજાવતી હતી. અન્ન, પાણી અને નાના પ્રકારનાં અંઘોલણ ચુવાદિક સુગંધિ દ્રવ્ય, અનેક પ્રકારનાં ફૂલ, ચંદનાદિકનાં વિલેપન મને જાણતાં અજાણતાં કર્યા છતાં પણ હું તે યૌવનવંતી સ્ત્રીને ભોગવી ન શક્યો. મારી સમીપથી ક્ષણ પણ અળગી નહોતી રહેતી, અન્ય સ્થળે જતી નહોતી, હે મહારાજા ! એવી તે સ્ત્રી પણ મારા રોગને ટાળી શકી નહીં. એ જ મારું અનાથપણું હતું. એમ કોઈના પ્રેમથી, કોઈના ઔષધથી, કોઈના વિલાપથી, કે કોઈના પરિશ્રમથી એ રોગ ઉપશમ્યો નહીં. મેં એ વેળા પુનઃ પુનઃ અસહ્ય વેદના ભોગવી.

"પછી હું અનંત સંસારથી ખેદ પામ્યો, એકવાર જો હું આ મહાવિડંબનામય વેદનાથી મુક્ત થઉં તો ખંતી, દંતી અને નિરારંભી પ્રવજ્યાને ધારણ કરું એમ ચિંતવતો હું શયન કરી ગયો. જેટલે રાત્રી અતિક્રમી ગઈ, એટલે હે મહારાજા ! મારી તે વેદના ક્ષય થઈ ગઈ; અને હું નિરોગી થયો. માત, તાત, અને સ્વજન બંધવાદિકને પ્રભાતે પૂછીને મેં મહા ક્ષમાવંત ઇંદ્રિયને નિગ્રહ કરવાવાળું આરંભોપાધિથી રહિત એવું અણગારત્વ ધારણ કર્યું; ત્યારપછી હું આત્મા પરમાત્માનો નાથ થયો. સર્વ પ્રકારના જીવનો હું નાથ છઉં." અનાથી મુનિએ આમ અશરણભાવના તે શ્રેણિક રાજાના મનપર દૃઢ કરી; હવે બીજો ઉપદેશ તેના અનુકૂલ કહે છેઃ—

"હે રાજા ! આ આપણો આત્મા જ દુઃખની ભરેલી વૈતરણીનો કરનાર છે. આપણો આત્મા જ ક્રૂર શાલ્મલી વૃક્ષનાં દુઃખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ મનવાંછિત વસ્તુરૂપી દૂધની દેવાવાળી કામધેનુ ગાયનાં સુખનો ઉપજાવનાર છે. આપણો આત્મા જ નંદનવનની પેઠે આનંદકારી છે. આપણો આત્મા જ કર્મનો કરનાર છે. આપણો આત્મા જ તે કર્મનો ટાળનાર છે. આપણો આત્મા જ દુઃખોપાર્જન કરનાર છે. આપણો આત્મા જ સુખોપાર્જન કરનાર છે. આપણો આત્મા જ મિત્ર ને આપણો આત્મા જ વૈરી છે. આપણો આત્મા જ કનિષ્ઠ આચારે સ્થિત અને આપણો આત્મા જ નિર્મલ આચારે સ્થિત રહ્યો છે." એ તથા બીજું અનેક પ્રકારે તે અનાથી મુનિએ શ્રેણિક રાજાપ્રત્યે સંસારનું અનાથપણું કહી બતાવ્યું. પછી શ્રેણિક રાજા અતિ સંતોષ પામ્યો. યુગ હાથની અંજલિ કરીને એમ બોલ્યો કે, "હે ભગવન્ ! તમે મને ભલી રીતે ઉપદેશ્યો. તમે જેમ હતું તેમ અનાથપણું કહી બતાવ્યું. હે મહાઋષિ ! તમે સનાથ, તમે સબંધવ, અને તમે સધર્મ છો. તમે સર્વ અનાથના નાથ છો. હે પવિત્ર સંયતિ ! હું ક્ષમાવું છું. જ્ઞાનરૂપ તમારી શિક્ષાને વાંછું છું. ધર્મ ધ્યાનમાં વિઘ્ન કરવાવાળું ભોગ ભોગવ્યા સંબંધીનું મેં તમને હે મહાભાગ્યવંત ! જે આમંત્રણ કીધું તે સંબંધીનો મારો અપરાધ મસ્તકે કરીને ક્ષમાવું છું." એવા પ્રકારથી સ્તવીને રાજપુરુષ કેશરી પરમાનંદ પામી રોમરાયના વિકસિત મૂલ સહિત પ્રદક્ષિણા કરીને વિનય કરી વંદન કરીને સ્વસ્થાનકે ગયો.

પ્રમાણશિક્ષા:—અહો ભવ્યો ! મહા તપોધન, મહા મુનિ, મહા પ્રજ્ઞાવંત, મહા યશવંત, મહા નિર્ગ્રંથ અને મહા શ્રુત અનાથી મુનિએ મગધ દેશના રાજાને પોતાનાં વિતક ચરિત્રથી જે બોધ આપ્યો છે તે ખરે ! અશરણ ભાવના સિદ્ધ કરે છે. મહા મુનિ અનાથીએ સહન કર્યાં તુલ્ય વા એથી અતિ વિશેષ અસહ્ય દુઃખ અનંત આત્માઓ સામાન્ય દૃષ્ટિની ભોગવતા દેખાય છે. તત્સંબંધી તમે કિંચિત્ વિચાર કરો ! સંસારમાં છવાઈ રહેલી અનંત અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણરૂપ ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ સુશીલને સેવો. અંતે એ જ મુક્તિના કારણરૂપ છે. જેમ સંસારમાં રહ્યા અનાથી અનાથ હતા, તેમ પ્રત્યેક આત્મા તત્ત્વજ્ઞાનની ઉત્તમ પ્રાપ્તિ વિના સદૈવ અનાથ જ છે ! સનાથ થવા પુરૂષાર્થ કરવો એ જ શ્રેય છે !

ઇતિ શ્રી ' મોક્ષમાલા ' ગ્રંથના પ્રથમ દર્શનમાં દ્વિતીય ચિત્રે અશરણ ભાવનાના ઉપદેશાર્થે મહા નિર્ગ્રંથનું ચરિત્ર પરિપૂર્ણતા પામ્યું.

તૃતીય ચિત્ર.

એકત્વભાવના.

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય.
એ ભોગવે એક સ્વ આત્મ પોતે, એકત્વ એથી નયસુજ્ઞ ગોતે.

વિશેષાર્થ:—શરીરમાં પ્રત્યક્ષ દેખાતા રોગાદિક જે ઉપદ્રવ થાય છે, તે સ્નેહી, કુટુંબી, જાયા કે પુત્ર કોઈથી લઇ શકાતા નથી; એ માત્ર એક પોતાનો આત્મા પોતે જ ભોગવે છે; એમાં કોઈ પણ ભાગીદાર થતું નથી; તેમ જ પાપ પુણ્યાદિ સઘળા વિપાકો આપણો આત્મા જ ભોગવે છે. એ એકલો આવે છે, એકલો જાય છે; એવું સિદ્ધ કરીને વિવેકને ભલી રીતે જાણવાવાળા પુરૂષો એકત્વને નિરંતર શોધે છે.

દૃષ્ટાંત:—મહાપુરૂષના તે ન્યાયને અચલ કરનાર નમિરાજર્ષિ અને શક્રેંદ્રનો વૈરાગ્યોપદેશક સંવાદ અહીં આગલ પ્રદર્શિત કરીએ છીએ. નમિરાજર્ષિ મિથિલા નગરીના રાજેશ્વર હતા. સ્ત્રી પુત્રાદિકથી વિશેષ દુઃખનો સમૂહ પામ્યા નહોતા છતાં એકત્વના સ્વરૂપને પરિપૂર્ણ પિછાનવામાં રાજેશ્વરે કિંચિત્ વિભ્રમ કર્યો નથી. શક્રેંદ્ર પ્રથમ નમિરાજર્ષિ જ્યાં નિવૃત્તિમાં વિરાજ્યા છે, ત્યાં વિપ્રરૂપે આવીને પરીક્ષાનિમિત્તે પોતાનું વ્યાખ્યાન શરૂ કરે છે:—

વિપ્ર:—હે રાજા ! મિથિલા નગરીને વિષે આજે પ્રબલ કોલાહલ વ્યાપી રહ્યો છે. હૃદયને અને મનને ઉદ્વેગકારી વિલાપના શબ્દોથી રાજમંદિર અને સામાન્ય ઘર છવાઈ ગયાં છે. માત્ર તારી દિક્ષા એ જ એ સઘળાનાં દુઃખનો હેતુ છે. પરના આત્માને જે દુઃખ આપણાથી ઉત્પન્ન થાય તે દુઃખ સંસાર–પરિભ્રમણનું કારણ ગણીને તું ત્યાં જા. ભોળો ન થા.

નમિરાજ:—(ગૌરવ ભરેલાં વચનોથી) હે વિપ્ર ! તું જે કહે છે તે માત્ર અજ્ઞાનરૂપ છે. મિથિલા નગરીમાં એક બગીચો હતો તેની મધ્યમાં એક વૃક્ષ હતું, શીતલ છાયાથી કરીને તે રમણીય હતું, પત્ર પુષ્પ અને ફલથી તે સહિત હતું, નાનાં પ્રકારનાં પક્ષીઓને તે લાભદાયક હતું, વાયુના હલાવવા થકી તે વૃક્ષમાં રહેનારાં પંખીઓ દુઃખાર્ત્તને શરણરહિત થયાથી આક્રંદ કરે છે. વૃક્ષ, પોતાને માટે થઇને જ તે વિલાપ કરતાં નથી; પોતાનું સુખ ગયું એ માટે થઇને તેઓ શોકાર્ત્ત છે.

વિપ્ર:—પણ આ જો ! અગ્નિ ને વાયુના મિશ્રથી તારૂં નગર, તારાં અંતઃપુર, અને મંદિરો બળે છે, માટે ત્યાં જા અને તે અગ્નિને શાંત કર.

નમિરાજ:—હે વિપ્ર ! મિથિલા નગરીના તે અંતઃપુરના અને તે મંદિરોના દાઝવાથી મારૂં કંઈપણ દાઝતું નથી. જેમ સુખોત્પત્તિ છે તેમ હું વર્તું છું. એ મંદિરાદિકમાં મારૂં અલ્પ માત્ર પણ નથી. મેં પુત્ર, સ્ત્રી આદિકના વ્યવહારને છાંડ્યો છે. મને એમાંનું કંઇ પ્રિય નથી અને અપ્રિય પણ નથી.

વિપ્ર:—પણ હે રાજન ! તારી નગરીને સઘન કિલ્લો કરાવીને, પોળ, કોઠા, અને કમાડ ભોગળ કરાવીને, અને શતઘ્ની ખાઈ કરાવીને ત્યાર પછી જજે.

નમિરાજ:—(હેતુ કારણ પ્રે૦) હે વિપ્ર ! હું શુદ્ધ શ્રદ્ધારૂપી નગરી કરીને, સમ્વરરૂપી ભોગળ કરીને, ક્ષમારૂપી શુભ ગઢ કરીશ; શુભ મનોયોગરૂપ કોઠા કરીશ, વચનયોગરૂપ ખાઇ કરીશ; કાયાયોગરૂપ શતઘ્ની કરીશ; પરાક્રમરૂપી ધનુષ્ય કરીશ; ઈર્યાસમિતિરૂપ પણચ કરીશ; ધીરજરૂપ કમાન સહાવાની મૂઠી કરીશ; સત્યરૂપ ચાપવડે કરીને ધનુષ્યને બાંધીશ; તપરૂપ બાણ કરીશ; કર્મરૂપી વૈરીની સેનાને ભેદીશ; લૌકિક સંગ્રામની મને રુચી નથી. હું માત્ર તેવા ભાવ સંગ્રામને ચાહું છું.

વિપ્ર:—(હેતુ કારણ પ્રે૦) હે રાજા ! શિખર બંધ ઉંચા આવાસ કરાવીને, મણિકંચનમય ગવાક્ષાદિ મૂકાવીને, તલાવમાં ક્રીડા કરવાના મનોહર મહાલય કરાવીને પછી જજે.

નમિરાજ:—(હેતુ કારણ પ્રે૦) તેં જે જે પ્રકારના આવાસ ગણાવ્યા તે તે પ્રકારના આવાસ મને અસ્થિર અને અશાશ્વત જણાય છે. માર્ગના ઘરરૂપ જણાય છે. તે માટે જ્યાં સ્વધામ છે, જ્યાં શાશ્વતતા છે, અને જ્યાં સ્થિરતા છે ત્યાં હું નિવાસ કરવા ચાહું છું.

વિપ્ર:—(હેતુ કારણ પ્રે૦) હે ક્ષત્રીય શિરોમણિ ! અનેક પ્રકારના તસ્કરના ઉપદ્રવને ટાળીને, નગરીનું એ દ્વારે કલ્યાણ કરીને તું જજે.

નમિરાજ:—હે વિપ્ર ! અજ્ઞાનવંત મનુષ્ય અનેકવાર મિથ્યા દંડ દે છે. ચોરીના નહીં કરનાર જે શરીરાદિક પુદ્ગલ તે લોકને વિષે બંધાય છે; અને ચોરીના કરનાર જે ઇંદ્રિયવિકાર તેને કોઈ બંધન કરી શકતું નથી. તો પછી એમ કરવાનું શું અવશ્ય ?

વિપ્ર:—હે ક્ષત્રિતય ! જે રાજાઓ તારી આજ્ઞા અવલંબન કરતા નથી અને જે નરાધિપો સ્વતંત્રતાથી વર્તે છે તેને તું તારે વશ કરીને પછી જજે.

નમિરાજ:—(હેતુ કારણ પ્રે૦) દશ લાખ સુભટને સંગ્રામને વિષે જીતવા એ દુર્લભ ગણાય છે; તોપણ એવા વિજય કરનારા પુરૂષો અનેક મળી આવે પણ એક સ્વાત્માને જીતનાર મળનાર અનંત દુર્લભ છે. તે દશ લાખ સુભટથી વિજય મેલવનાર કરતાં એક સ્વાત્માને જીતનાર પુરૂષ પરમોત્કૃષ્ટ છે. આત્મા સંઘાતે યુદ્ધ કરવું ઉચિત છે. બહિર યુદ્ધનું શું પ્રયોજન છે. ? જ્ઞાનરૂપ આત્મા વડે ક્રોધાદિક આત્માને જીતનાર સ્તુતિપાત્ર છે. પાંચે ઇંદ્રિઓને, ક્રોધને, માનને, માયાને, તેમ જ લોભને જીતવાં દોહલાં છે. જેણે મનયોગાદિક જીત્યું તેણે સર્વ જીત્યું.

વિપ્ર:-(હેતુ કારણ પ્રે૦) સમર્થ યજ્ઞો કરી શ્રમણ, તપસ્વી, બ્રાહ્મણાદિકને ભોજન આપી, સુવર્ણાદિક દાન દઈ, મનોજ્ઞ ભોગ ભોગવી હે ક્ષત્રિ ! તું ત્યાર પછી જજે.

નમિરાજ:-(હેતુ કારણ પ્રે૦) મહીને મહીને જો દશ લાખ ગાયનાં દાન દે તોપણ તે દશ લાખ ગાયનાં દાન કરતાં સંયમ ગ્રહણ કરી સંયમને આરાધે છે તે, તે કરતાં વિશેષ મંગલ પ્રાપ્ત કરે છે.

વિપ્ર:-નિર્વાહ કરવા માટે ભિક્ષાથી સુશીલ પ્રવર્જ્યામાં અસહ્ય પરિશ્રમ વેઠવો પડે છે: તેથી તે પ્રવર્જ્યા ત્યાગ કરીને અન્ય પ્રવર્જ્યામાં રુચિ થાય છે: માટે એ ઉપાધિ ટળવા તું ગૃહસ્થાશ્રમમાં રહી પૌષધાદિક વ્રતમાં તત્પર રહેજે. હે મનુષ્યના અધિપતિ ! હું ઠીક કહું છું,

નમિરાજઃ–(હેતુ કારણ પ્રે૦) હે વિપ્ર! બાલ અવિવેકી ગમે તેવાં ઉગ્ર તપ કરે પરંતુ સમ્યક્શ્રુતધર્મ તથા ચારિત્રધર્મની તુલ્ય ન થાય. એકાદ કળા તે સોળ કળા જેવી કેમ ગણાય ?

વિપ્રઃ–અહો ક્ષત્રિય! સુવર્ણ, મણિ, મુક્તાફલ, વસ્ત્રાલંકાર અને અશ્વાદિકની વૃદ્ધિ કરીને પછી જજે.

નમિરાજઃ–(હેતુ કારણ પ્રે૦) મેરૂ પર્વત જેવા કદાચિત્ સોના રૂપાના અસંખ્યાતા પર્વત હોય તોપણ લોભી મનુષ્યની તૃષ્ણા છીપતી નથી. કિંચિત્ માત્ર તે સંતોષ પામતો નથી. તૃષ્ણા આકાશના જેવી અનંત છે. ધન, સુવર્ણ, ચતુષ્પાદ ઇત્યાદિક સકલ લોક ભરાય એટલું લોભી મનુષ્યની તૃષ્ણા ટાળવા સમર્થ નથી. લોભની એવી કનિષ્ટતા છે. માટે સંતોષનિવૃત્તિરૂપ તપને વિવેકી પુરૂષો આચરે છે.

વિપ્રઃ–(હેતુ કારણ પ્રે૦) હે ક્ષત્રિય ! મને અદ્‌ભુત આશ્ચર્ય ઉપજે છે કે, તું છતા ભોગને છાંડે છે. પછી અછતા કામ-ભોગને વિષે સંકલ્પ વિકલ્પ કરીને હણાઇશ, માટે આ સઘળી મુનિત્વ-સંબંધીની ઉપાધિ મૂક.

નમિરાજઃ–(હેતુ કારણ પ્રે૦) કામભોગ છે તે શલ્ય સરખા છે, કામભોગ છે તે વિષ સરખા છે, કામભોગ છે તે સર્પની તુલ્ય છે; જેની વાંછનાથી જીવ નરકાદિક અધોગતિને વિષે જાય છે; તેમ જ ક્રોધે કરીને અને માને કરીને માઠી ગતિ થાય છે. માયાએ કરીને સદ્‌ગતિનો વિનાશ હોય છે; લોભ થકી આ પરલોકનો ભય હોય છે; માટે હે વિપ્ર! એનો તું મને બોધ ન કર. મારૂં હૃદય કોઇ કાળે ચલનાર નથી; એ મિથ્યા મોહિનીમાં અભિરૂચિ ધરાવનાર નથી. જાણી જોઇને ઝેર કોણ પીએ ? જાણી જોઇને દીપક લઇને કૂવે કોણ પડે ? જાણી જોઇને વિભ્રમમાં કોણ પડે ? હું મારા અમૃત જેવા વૈરાગ્યનો મધુર રસ અપ્રિય કરી એ ઝેરને પ્રિય કરવા મિથિલામાં આવનાર નથી.

મહર્ષિ નમિરાજની સુદૃઢતા જોઇ શક્રેંદ્ર પરમાનંદ પામ્યો, પછી બ્રાહ્મણના રૂપને છાંડીને ઇંદ્રપણાને વૈક્રિય કર્યું. વંદન કરીને મધુરે વચને પછી તે રાજર્ષીશ્વરની સ્તુતિ કરવા લાગ્યોઃ " હે મહાયશસ્વિ ! મોટું આશ્ચર્ય છે કે તેં ક્રોધને જીત્યો. આશ્ચર્ય, તેં અહંકારનો પરાજય કર્યો. આશ્ચર્ય, તેં માયાને ટાળી. આશ્ચર્ય, તેં લોભ વશ કીધો. આશ્ચર્ય, તારૂં સરલપણું. આશ્ચર્ય, તારૂં નિર્મમત્વપણું. આશ્ચર્ય, તારી પ્રધાન ક્ષમા. આશ્ચર્ય, તારી નિર્લોભતા. હે પૂજ્ય ! તું આ ભવને વિષે ઉત્તમ છું; અને પરભવને વિષે ઉત્તમ હોઇશ. કર્મરહિત થઇને પ્રધાન સિદ્ધગતિને વિષે પરવરીશ. " એ રીતે સ્તુતિ કરતાં કરતાં, પ્રદક્ષિણા કરતાં કરતાં, શ્રદ્ધાભક્તિએ તે ઋષિના પાદાંબુજને વંદન કર્યું. પછી તે સુંદર મુકુટવાળો શક્રેન્દ્ર આકાશ વાટે ગયો.

પ્રમાણશિક્ષા;–વિપ્રરૂપે નમિરાજનો વૈરાગ્ય તાવવામાં ઇંદ્રે શું ન્યૂનતા કરી છે ? કંઇએ નથી કરી. સંસારની જે જે લલુતાઓ મનુષ્યને ચલાવનારી છે, તે તે લલુતા સંબંધી મહા ગૌરવથી પ્રશ્ન કરવામાં તે પુરંદરે નિર્મલ ભાવથી સ્તુતિપાત્ર ચાતુર્ય ચલાવ્યું છે. છતાં નિરીક્ષણ કરવાનું તો એ છે કે નમિરાજ કેવલ કંચનમય રહ્યા છે. શુદ્ધ અને અખંડ વૈરાગ્યના વેગમાં એમનું વહન એમણે ઉત્તરમાં દર્શિત કર્યું છે. હે વિપ્ર! તું જે જે વસ્તુઓ મારી છે, એમ કહેવરાવે છે તે તે વસ્તુઓ મારી નથી. હું એક જ છું, એકલો જનાર છું; અને માત્ર પ્રશંસનીય એકત્વને જ ચાહું છું. આવા રહસ્યમાં નમિરાજ પોતાના ઉત્તરને અને વૈરાગ્યને દૃઢીભૂત કરતા ગયા છે. એવી પરમ પ્રમાણશિક્ષાથી ભર્યું તે મહર્ષિનું ચરિત્ર છે. બન્ને મહાત્માઓનો પરસ્પરનો સંવાદ શુદ્ધ એકત્વને સિદ્ધ કરવા તથા અન્ય વસ્તુઓનો ત્યાગ કરવાના ઉપદેશાર્થે અહીં દર્શિત કર્યો છે. એને પણ વિશેષ દૃઢીભૂત કરવા નમિરાજ એકત્વ શાથી પામ્યા, તે વિષે કિંચિત્ માત્ર નમિરાજનો એકત્વસંબંધ આપીએ છીએ.

એ વિદેહ દેશ જેવા મહાન્ રાજ્યના અધિપતિ હતા. અનેક યૌવનવતિ મનોહારિણી સ્ત્રીઓના સમુદાયમાં તે ઘેરાઈ રહ્યા હતા. દર્શન મોહિનીનો ઉદય ન છતાં એ સંસારલુબ્ધરૂપ દેખાતા હતા.

કોઇ કાળે એના શરીરમાં દાહજ્વર નામના રોગની ઉત્પત્તિ થઇ. આખું શરીર જાણે પ્રજ્વલિત થઇ જતું હોય તેવી બળતરા વ્યાપ્ત થઇ ગઇ. રોમે રોમે સહસ્ર વીંછીની ડંશ વેદના સમાન દુઃખ ઉત્પન્ન થયું. વૈદ્યવિદ્યાના પ્રવીણ પુરુષોના ઔષધોપચારનું અનેક પ્રકારે સેવન કર્યું; પણ તે સઘળું વૃથા ગયું. લેશમાત્ર પણ એ વ્યાધિ ઓછો ન થતાં અધિક થતો ગયો. ઔષધમાત્ર દાહજ્વરનાં હિતૈષિ થતાં ગયાં. કોઈ ઔષધ એવું ન મળ્યું કે જેને દાહજ્વરથી કિંચિત્ પણ દ્વેષ હોય! નિપુણ વૈદો કાયર થયા; અને રાજેશ્વર પણ એ મહા વ્યાધિથી કંટાળો પામી ગયા. તેને ટાળનાર પુરુષની શોધ ચોબાજુ ચાલતી હતી. મહા કુશલ એક વૈદ મળ્યો; તેણે મલયાગિરિ ચંદનનું વિલેપન કરવા સૂચવન કર્યું. મનોરમા રાણીઓ તે ચંદનને ઘસવામાં રોકાઇ. તે ચંદન ઘસવાથી હાથમાં પહેરેલાં કંકણનો સમુદાય પ્રત્યેક રાણીઓ કને ખળભળાટ કરવા મંડી પડ્યો. મિથિલેશના અંગમાં એક દાહજ્વરની અસહ્ય વેદના તો હતી, અને બીજી આ કંકણના કોલાહલથી ઉત્પન્ન થઇ. ખળભળાટ ખમી શક્યા નહીં, એટલે તેણે રાણીઓને આજ્ઞા કરીકે તમે ચંદન ન ઘસો; કાં ખળભળાટ કરો છો? મારાથી એ ખળભળાટ સહન થઇ શકતો નથી. એક મહાવ્યાધિથી હું ગ્રહાયો છઉં; અને આ બીજો વ્યાધિ તુલ્ય કોલાહલ થાય છે, તે અસહ્ય છે. સઘળી રાણીઓએ એકેકું કંકણ મંગલદાખલ રાખી કંકણ સમુદાયનો ત્યાગ કર્યો; એટલે થતો ખળભળાટ શાંત થયો. નમિરાજે રાણીઓને કહ્યું: "તમે શું ચંદન ઘસવું બંધ કર્યું? રાણીઓએ જણાવ્યું કે ના. માત્ર કોલાહલ શાંત થવા માટે એકેકું કંકણ રાખી, બીજાં કંકણ પરિત્યાગી અમે ચંદન ઘસીએ છીએ. કંકણનો સમૂહ હવે અમે હાથમાં રાખ્યો નથી, તેથી ખળભળાટ થતો નથી." રાણીઓનાં આટલાં વચનો સાંભળ્યાં ત્યાં તો નમિરાજને રોમેરોમ એકત્વ સિદ્ધ થયું–વ્યાપી ગયું–અને મમત્વ ટળી ગયું: 'ખરે! ઝાઝાં મળ્યે ઝાઝી ઉપાધિ જણાય છે. જો હવે આ એક કંકણથી લેશમાત્ર પણ ખળભળાટ થતો નથી; કંકણના સમૂહવડે કરીને માથું ફેરવી નાખે એવો ખળભળાટ થતો હતો. અહો ચેતન! તું માન કે એકત્વમાં જ તારી સિદ્ધિ છે. વધારે મળવાથી વધારે ઉપાધિ છે. સંસારમાં અનંત આત્માના સંબંધમાં તારે ઉપાધિ ભોગવવાનું શું અવશ્ય છે? તેનો ત્યાગ કર અને એકત્વમાં પ્રવેશ કર. જો આ એક કંકણ હવે ખળભળાટ વિના કેવી ઉત્તમ શાંતિમાં રમે છે? અનેક હતાં ત્યારે તે કેવી અશાંતિ ભોગવતું હતું! તેવીજ રીતે તું પણ કંકણરૂપ છો. તે કંકણની પેઠે તું જ્યાંસુધી સ્નેહી કુટુંબીરૂપી કંકણસમુદાયમાં પડ્યો રહીશ ત્યાંસુધી ભવરૂપી ખળભળાટ સેવન કરવા પડશે; અને જો આ કંકણની વર્ત્તમાન સ્થિતિની પેઠે એકત્વને આરાધીશ તો સિદ્ધગતિરૂપી મહા પવિત્ર શાંતિ પામીશ.' એમ વૈરાગ્યના પ્રવેશમાં ને પ્રવેશમાં તે નમિરાજ પૂર્વજાતિની સ્મૃતિ પામ્યા. પ્રવ્રજ્યા ધારણ કરવા નિશ્ચય કરી તેઓ શયન કરી ગયા. પ્રભાતે માંગલ્યરૂપ વાજિત્રનો ધ્વનિ પ્રકર્યો; દાહજ્વરથી મુક્ત થયા. એકત્વને પરિપૂર્ણ સેવનાર તે શ્રીમન્ નમિરાજ ઋષિને અભિવંદન હો!

રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,
  બૂઝયો ત્યાં કકલાટ કંકણતણો, શ્રોતી નમી ભૂપતી;
સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,
  એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.

વિશેષાર્થ:—રાણીઓનો સમુદાય ચંદન ઘસીને વિલેપન કરવામાં રોકાયો હતો; તત્સમયમાં કંકણના ખળભળાટને સાંભળીને નમિરાજ બૂઝયો. ઇંદ્રની સાથે સંવાદમાં પણ અચલ રહ્યો; અને એકત્વને સિદ્ધ કર્યું. એવા એ મુક્તિસાધક મહા વૈરાગીનું ચરિત્ર 'મોક્ષમાલા' ગ્રંથે તૃતીય ચિત્રે પૂર્ણતા પામ્યું.

ચતુર્થ ચિત્ર.

અન્યત્વભાવના.

ના મારાં તન રૂપ કાંતિ યુવતિ, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભ્રત સ્નેહિયો સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.

વિશેષાર્થ:—આ શરીર તે મારૂં નથી, આ રૂપ તે મારૂં નથી, આ કાંતિ તે મારી નથી, આ સ્ત્રી તે મારી નથી, આ પુત્ર તે મારા નથી, આ ભાઇઓ તે મારા નથી, આ દાસ તે મારા નથી, આ સ્નેહિયો તે મારા નથી, આ સંબંધીઓ તે મારાં નથી, આ ગોત્ર તે મારૂં નથી, આ જ્ઞાતિ તે મારી નથી, આ લક્ષ્મી તે મારી નથી, આ મહાલય તે મારાં નથી, આ યૌવન તે મારૂં નથી, અને આ ભૂમિ તે મારી નથી, માત્ર એ મોહ અજ્ઞાનપણાનો છે. સિદ્ધગતિ સાધવા માટે હે જીવ ! અન્યત્વનો બોધ દેનારી એવી તે અન્યત્વભાવનાનો વિચાર કર ! વિચાર કર !

મિથ્યા મમત્વની ભ્રમણા ટળવા માટે, અને વૈરાગ્યની વૃદ્ધિને માટે પ્રભાવથી મનન કરવાયોગ્ય રાજરાજેશ્વર ભરતનું ચરિત્ર અહીં આગલ ટાંકીએ છીએઃ—

દ્રષ્ટાંત:—જેની અશ્વશાલામાં રમણીય, ચતુર, અને અનેક પ્રકારના તેજી અશ્વના સમૂહ શોભતા હતા; જેની ગજશાલામાં અનેક જાતિના મદોન્મત્ત હસ્તિયો ઝુલી રહ્યા હતા; જેના અંતઃપુરમાં નવયૌવના, સુકુમારિકા અને મુગ્ધા સ્ત્રિયો સહસ્રગમે વિરાજી રહી હતી; જેના ધનનિધિમાં ચંચલા એ ઉપમાથી વિદ્વાનોએ ઓળખેલી સમુદ્રની પુત્રી લક્ષ્મી સ્થિરરૂપ થઈ હતી; જેની આજ્ઞાને દેવ દેવાંગનાઓ આધીન થઇને મુકુટપર ચડાવી રહ્યાં હતાં; જેને પ્રાશન કરવાને માટે નાનાં પ્રકારના ષટરસ ભોજનો પલે પલે નિર્મિત થતાં હતાં; જેના કોમલ કર્ણના વિલાસને માટે ઝીણાં અને મધુરસ્વરી ગાયનો કરનારી વારાંગનાઓ તત્પર હતી; જેને નિરીક્ષણ કરવા માટે અનેક પ્રકારનાં નાટક ચેટક હતાં; જેની યશકીર્ત્તિ વાયુરૂપે પ્રસરી જઇ આકાશ જેવી વ્યાપ્ત હતી; જેના શત્રુઓને સુખથી શયન કરવાની વખત આવ્યો નહોતો; અથવા જેના વૈરીની વનિતાઓનાં નયનોમાંથી સદૈવ આંસુ ટપકતાં હતાં; જેનાથી કોઇ શત્રુવટ દાખવવા તો સમર્થ નહોતું; પણ સામા નિર્દોષતાથી આંગલી ચિંધવાએ પણ કોઈ સમર્થ નહોતું; જેની સમક્ષ અનેક મંત્રીઓના સમુદાય તેની કૃપાની નિમંત્રણા કરતા હતા; જેનાં રૂપ, કાંતિ અને સૌંદર્ય એ મનોહારક હતાં; જેને અંગે મહાન્ બલ, વીર્ય, શક્તિ અને ઉગ્ર પરાક્રમ ઉછળતાં હતાં; ક્રીડા કરવાને માટે જેને મહા સુગંધીમય બાગબગીચા અને વનોપવન હતાં. જેને ત્યાં પ્રધાન કુલ દીપક પુત્રના સમુદાય હતા; જેની સેવામાં લાખો ગમે અનુચરો સજ્જ થઈ ઉભા રહેતા હતા; જે પુરુષ જ્યાં જ્યાં પ્રવેશ કરતો, ત્યાં ત્યાં ખમા ખમા, કંચન-ફૂલ અને મૌક્તિકના થાલથી વધાવાતો હતો; જેના કુમ્ કુમ્વર્ણા પાદપંકજનો સ્પર્શ કરવાને ઇંદ્ર જેવા પણ તલસી રહેતા હતા; જેની આયુધશાલામાં મહા યશોમાન દિવ્ય ચક્રની ઉત્પત્તિ થઇ હતી; જેને ત્યાં સામ્રાજ્યનો અખંડ દીપક પ્રકાશમાન હતો; જેને શીરે મહાન છ ખંડની પ્રભુતાનો તેજસ્વી અને ચલકાટમાન મુકુટ બિરાજિત હતો; કહેવાનો હેતુ કે જેનાં સાહિત્યનો, જેનાં દલનો, જેનાં નગર-પુરપાટણનો, જેના વૈભવનો, અને જેના વિલાસનો સંસાર સંબંધિ કોઇ પણ પ્રકારે ન્યૂનભાવ નહોતો એવો તે શ્રીમાન્ રાજરાજેશ્વર ભરત પોતાના સુંદર આદર્શ-ભુવનમાં વસ્ત્રાભૂષણથી વિભૂષિત થઈ મનોહર સિંહાસનપર બેઠો હતો. ચારે બાજુનાં દ્વાર ખુલ્લાં હતાં; નાના પ્રકારના ધૂપનો ધૂમ્ર સૂક્ષ્મ રીતે પ્રસરી રહ્યો હતો; નાના પ્રકારના સુગંધિ પદાર્થો ઘમઘમી રહ્યા હતા; નાના પ્રકારનાં સુસ્વયુક્ત વાજિંત્રો યાંત્રિક કળાવડે સ્વર ખેંચી રહ્યાં હતાં; શીતલ, મંદ અને સુગંધી એમ ત્રિવિધ વાયુની લહરીઓ છૂટતી હતી; આભૂષણાદિક પદાર્થોનું નિરીક્ષણ

કરતાં કરતાં એ શ્રીમાન્ રાજરાજેશ્વર ભરત તે ભુવનમાં અપૂર્વતાને પામ્યો.

એના હાથની એક આંગલીમાંથી વીંટી નીકળી પડી. ભરતનું ધ્યાન તે ભણી ખેંચાયું; અને આંગળી કેવળ અડવી જણાઇ. નવ આંગળીઓ વીંટીવડે કરીને જે મનોહરતા ધરાવતી હતી તે મનોહરતા વિના આ આંગળીપરથી ભરતેશ્વરને અદ્‌ભુત મૂલોત્તર વિચારની પ્રેરણા થઈ. શા કારણથી આ આંગળી આવી લાગવી જોઈએ ? એ વિચાર કરતાં વીંટીનું નિકળી પડવું એ કારણ એમ તેને સમજાયું. તે વાતને વિશેષ પ્રમાણભૂત કરવા બીજી આંગળીની વીંટી તેણે ખેંચી લીધી. એમ બીજી આંગળીમાંથી જેવી વીંટી નીકળી તેવી તે આંગળી અશોભ્ય દેખાઈ; વળી એ વાતને સિદ્ધ કરવાને તેણે ત્રીજી આંગળીમાંથી પણ વીંટી સેરવી લીધી, એથી વિશેષ પ્રમાણ થયું. વળી ચોથી આંગળીમાંથી વીંટી કાઢી લીધી એટલે એણે પણ એવો જ દેખાવ દીધો. એમ અનુક્રમે દશે આંગળીઓ અડવી કરી મૂકી. અડવી થઈ જવાથી સઘળીનો દેખાવ અશોભ્ય દેખાયો. અશોભ્ય દેખાવાથી રાજરાજેશ્વર અન્યત્વભાવનામાં ગદગદિત થઈ એમ બોલ્યો:—

" અહોહો ! કેવી વિચિત્રતા છે કે ભૂમિમાંથી ઉત્પન્ન થયેલી વસ્તુને ટીપીને કુશલાથી ઘડવાથી મુદ્રિકા બની; એ મુદ્રિકા વડે આંગળી સુંદર દેખાઈ; એ આંગળીમાંથી મુદ્રિકા નીકળી પડતાં એથી વિપરીત દેખાવ દીધો; વિપરીત દેખાવથી અશોભ્યતા અને અડવાણું ખેદરૂપ થયું. અશોભ્ય જણાવાનું કારણ માત્ર વીંટી નહીં એ જ ઠર્યું કે ? જો વીંટી હત તો તો એવી અશોભા હું ન જોત. એ મુદ્રિકાવડે મારી આ આંગળી શોભા પામી; એ આંગળીવડે આ હાથ શોભે છે; અને એ હાથવડે આ શરીર શોભા પામે છે. ત્યારે એમાં હું શોભા કોની ગણું ? અતિ વિસ્મયતા ! મારી આ મનાતી મનોહર કાંતિને વિશેષ દીપ્ત કરનાર તે મણિ માણિક્યાદિના અલંકારો અને રંગ બેરંગી વસ્ત્રો ઠર્યાં. એ કાંતિ મારી ત્વચાની શોભા ઠરી; એ ત્વચા શરીરની ગુપ્તતા ઢાંકી સુંદરતા દેખાડે છે; અહોહો ! આ મહા વિપરીતતા છે ! જે શરીરને હું મારું માનું છું તે શરીર તે માત્ર ત્વચાવડે, તે ત્વચા કાંતિવડે, અને તે કાંતિ વસ્ત્રાલંકારવડે શોભે છે; ત્યારે શું મારા શરીરની તો કંઇ શોભા નહીં જ કે ? રુધિર, માંસ, અને હાડનો જ કેવળ એ માળો કે ? અને એ માળો તે હું કેવળ મારો માનું છું. કેવી ભૂલ ! કેવી ભ્રમણા ! અને કેવી વિચિત્રતા છે ! કેવળ હું પરપુદ્‌ગલની શોભાથી શોભું છું. કોઇથી રમણિકતા ધરાવતું શરીર તે મારે મારું કેમ માનવું ? અને કદાપિ એમ માનીને હું એમાં મમત્વભાવ રાખું તે પણ કેવળ દુઃખપ્રદ અને વૃથા છે. આ મારા આત્માનો એ શરીરથી એક કાળે વિયોગ છે ! આત્મા જ્યારે બીજા દેહને ધારણ કરવા પરવરશે ત્યારે આ દેહ અહીં રહેવામાં કંઇ શંકા નથી. એ કાયા મારી ન થઇ અને નહીં થાય ત્યારે હું એને મારી માનું છું કે માનું એ મૂર્ખતા છે. જેનો એક કાળે વિયોગ થવાનો છે, અને જે કેવળ અન્યત્વભાવ ધરાવે છે તેમાં મમત્વપણું શું રાખવું ? એ જ્યારે મારી થતી નથી, ત્યારે મારે એનું થવું શું ઉચિત છે ? નહીં નહીં, એ જ્યારે મારી નહીં ત્યારે હું એનો નહીં; એમ વિચારું, દૃઢ કરું, અને પ્રવર્ત્તન કરું, એમ વિવેક બુદ્ધિનું તાત્પર્ય છે. આ આખી સૃષ્ટિ અનંત ચીજોથી અને અનંત પદાર્થોથી ભરી છે; તે સઘળા પદાર્થ કરતાં જેના જેટલી કોઇપણ વસ્તુપર મારી પ્રિયતા નથી, તે વસ્તુ તે મારી ન થઈ, તો પછી બીજી કઈ વસ્તુ મારી હોય ? અહો ! હું બહુ ભૂલી ગયો. મિથ્યા મોહમાં લથડી પડ્યો. તે નવ યૌવનાઓ, તે માનેલા કુળદીપક પુત્રો, તે અઢળક લક્ષ્મી, તે છ ખંડનું મહાન્ રાજ, એ મારાં નથી. એમાનું લેશમાત્ર પણ મારું નથી. એમાં મારો કિંચિત્ ભાગ નથી. જે કાયાથી હું એ સઘળી વસ્તુઓનો ઉપભોગ લઉછું, તે ભોગ્ય વસ્તુ જ્યારે મારી ન થઇ, ત્યારે બીજી મારી માની બેઠેલી વસ્તુ,—સ્નેહી, કુટુંબી ઇત્યાદિક—મારાં શું થનાર હતાં ? નહીં, કંઇ જ નહીં ! એ મમત્વભાવ મારે જોઇતો નથી ! એ પુત્ર, એ મિત્ર, એ કલત્ર, એ વૈભવ,

અને એ લક્ષ્મીને મારે મારાં માનવાં જ નથી ! હું એનો નહીં; ને એ મારાં નહીં ! પુણ્યાદિક સાધાને મેં જે જે વસ્તુ પ્રાપ્ત કરી તે તે વસ્તુ મારી ન થઇ એ જેવું સંસારમાં કયું ખેદમય છે ? મારાં ઉગ્ર પુણ્યત્વનું પરિણામ આ જ કે ? છેવટે એ સઘળાનો વિયોગ જ કે ? પુણ્યત્વનું એ ફલ પામીને એની વૃદ્ધિને માટે જે જે પાપ કર્યાં તે તે માસ આત્માએ ભોગવવાં જ કે ? તે પણ એકલાએ જ કે ? એમાં કોઈ સહીયારી નહીં જ કે ? નહીં નહીં. એ અન્યત્વભાવવાળા માટે થઇને હું મમત્વભાવ દર્શાવી આત્માનો અનહિતૈષી થઇ અને રૌદ્ર નરકનો ભોક્તા કરૂં એ જેવું કયું અજ્ઞાન છે ? એવી કઈ ભ્રમણા છે ? એવો કયો અવિવેક છે ? ત્રેશઠશલાકા પુરુષમાંનો હું એક ગણાયો; ત્યાં આવાં કૃત ટાળી શકું નહીં, અને પ્રાપ્ત કરેલી પ્રભુતાને ખોઈ બેસું, એ કેવળ અયુક્ત છે. એ પુત્રોનો, એ પ્રમદાઓનો, એ રાજવૈભવનો, અને એ વાહનાદિક સુખનો મારે કશો અનુરાગ નથી ! મમત્વ નથી !

વૈરાગ્યનું રાજરાજેશ્વર ભરતના અંતઃકરણમાં આવું ચિત્ર પડ્યું કે તિમિરપટ ટળી ગયું, શુક્લ-ધ્યાન પ્રાપ્ત થયું. અશેષ કર્મ બળીને ભસ્મીભૂત થયાં ! ! ! મહાદિવ્ય અને સહસ્ત્ર-કિરણથી પણ અનુપમ કાંતિમાન્ કેવળજ્ઞાન પ્રગટ થયું. તે જ વેળા એણે પંચમુષ્ટિ કેશલોચન કર્યું. શાસન્ દેવીએ એને સંતસાજ આપ્યો; અને તે મહા વિરાગી સર્વજ્ઞ, સર્વદર્શી થઈ, ચતુર્ગતિ, ચોવિશ દંડક, તેમ જ આધિ, વ્યાધિ, અને ઉપાધિથી વિરક્ત થયો. ચપળ સંસારનાં સકલ સુખવિલાસથી એણે નિવૃત્તિ કરી. પ્રિયાપ્રિય ગયું; અને તે નિરંતર સ્તવવાયોગ્ય પરમાત્મા થયો.

પ્રમાણશિક્ષા:–એમ એ છ ખંડનો પ્રભુ, દેવના દેવ જેવો, અઢળક સામ્રાજ્ય લક્ષ્મીનો ભોક્તા, મહાયુનો ધણી, અનેક રત્નની યુક્તતા ધરાવનાર, રાજરાજેશ્વર ભરત આદર્શ ભુવનને વિષે કેવળ અન્યત્વભાવના ઉપજવાથી શુદ્ધ વિરાગી થયો !

ખરેખર ભરતેશ્વરનું મનન કરવાયોગ્ય ચરિત્ર સંસારની શોકાર્ત્તતા અને ઔદાસિન્યતાનો પુરેપુરો ભાવ, ઉપદેશ અને પ્રમાણ દર્શીત કરે છે. કહો ! એને ત્યાં કયી ખામી હતી ? નહોતી એને ત્યાં નવયૌવના સ્ત્રિયોની ખામી, કે નહોતી રાજરીદ્ધિની ખામી, નહોતી વિજયસિદ્ધિની ખામી, કે નહોતી નવનિધિની ખામી, નહોતી પુત્રસમુદાયની ખામી, કે નહોતી કુટુંબ પરિવારની ખામી, નહોતી રૂપ કાંતિની ખામી કે નહોતી યશસ્કીર્ત્તિની ખામી.

આગળ કહેવાઈ ગયેલી તેની રીદ્ધિનું એમ પુનઃ સ્મરણ કરાવી પ્રમાણથી શિક્ષાપ્રસાદીનો લાભ આપીએ છીએ કે, ભરતેશ્વરે વિવેકથી અન્યત્વના સ્વરૂપને જોયું, જાણ્યું, અને સર્પ–કુચુકવત્ સંસાર–પરિત્યાગ કરી તેનું મિથ્યા મમત્વ સિદ્ધ કરી આપ્યું. મહા વૈરાગ્યની અચલતા, નિર્મમત્વતા, અને આત્મ–શક્તિનું પ્રફુલ્લિત થવું, આ મહા યોગીશ્વરના ચરિત્રમાં રહ્યું છે.

એક પિતાના સો પુત્રમાં નવાણું આગળ આત્મસિદ્ધિને સાધતા હતા. સોમા આ ભરતેશ્વરે સિદ્ધિ સાધી. પિતાએ પણ એ જ સિદ્ધિ સાધી. ભરતેશ્વરી–રાજ્યાસન–ભોગિયો, ઉપરા ઉપર આવનાર એ જ આદર્શભુવનમાં તે જ સિદ્ધિને પામ્યા કહેવાય છે. એ સકળ સિદ્ધિસાધક મંડળ અન્યત્વને જ સિદ્ધ કરી એકત્વમાં પ્રવેશ કરાવે છે. અભિવંદન હો તે પરમાત્માઓને !

દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્યવેગે ગયા;
છાંડી રાજ સમાજને ભરતજી, કૈવલ્ય જ્ઞાની થયા
ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા;
જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્યભાવે યથા.

અર્થ:—પોતાની એક આંગળી અડવી દેખીને વૈરાગ્યના પ્રવાહમાં જેણે પ્રવેશ કર્યો, રાજ-સમાજને છોડીને જેણે કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું, એવા તે ભરતેશ્વરનું ચરિત્ર ધારણ કરીને આ ચોથું ચિત્ર પૂર્ણતા પામ્યું. તે જેવો જોઇએ તેવો વૈરાગ્યભાવ દર્શાવીને જ્ઞાની પુરુષનાં મનને રંજન કરનાર થાઓ !

૪

પંચમ ચિત્ર.

અશુચિ ભાવના.

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

વિશેષાર્થ:—મળ ને મૂત્રની ખાણરૂપ, રોગ અને વૃદ્ધતાને રહેવાના ધામના જેવી કાયાને ગણી હે ચૈતન્ય ! તેનું મિથ્યા માન ત્યાગ કરીને સનત્કુમારની પેઠે તેને સફળ કર !

એ ભગવાન્ સનત્કુમારનું ચરિત્ર અહીં આગળ અશુચિ ભાવનાની પ્રમાણિકતા બતાવવા માટે આરંભાશે.

દ્રષ્ટાંત:—જે જે રીદ્ધિસિદ્ધિ અને વૈભવ ભરતેશ્વરના ચરિત્રમાં વર્ણવ્યાં, તે તે વૈભવાદિકથી કરીને યુક્ત સનત્કુમાર ચક્રવર્ત્તી હતા. સનત્કુમારનાં વર્ણ અને રૂપ અનુપમ હતાં. એક વેળા સુધર્મ–સભામાં તે રૂપની સ્તુતિ થઈ. કોઈ બે દેવોને તે વાત રુચી નહીં. પછી તેઓ તે શંકા ટાળવાને વિપ્રરૂપે સનત્કુમારના અંતઃપુરમાં ગયા. સનત્કુમારનો દેહ તે વેળા ખેલ ભર્યો હતો. તેને અંગે મર્દનાદિક પદાર્થોનું માત્ર વિલેપન હતું. એક નાનું પંચીયું પહેર્યું હતું. અને તે સ્નાનમંજન કરવા માટે બેઠા હતા. વિપ્રરૂપે આવેલા દેવતા તેનું મનોહર મુખ, કંચનવર્ણી કાયા અને ચંદ્ર જેવી કાંતિ જોઇને બહુ આનંદ પામ્યા. માથું ધુણાવ્યું, એટલે ચક્રવર્તીએ પૂછ્યું: તમે માથું કેમ ધુણાવ્યું ? દેવોએ કહ્યું, " અમે તમારાં રૂપ અને વર્ણ નિરીક્ષણ કરવા માટે બહુ અભિલાષી હતા. સ્થળે સ્થળે તમારાં વર્ણ રૂપની સ્તુતિ સાંભળી હતી. આજે તે વાત અમને પ્રમાણભૂત થઈ એથી અમે આનંદ પામ્યા. માથું ધુણાવ્યું કે જેવું લોકોમાં કહેવાય છે તેવું જ રૂપ છે. એથી વિશેષ છે પણ ઓછું નથી." સનત્કુમાર સ્વરૂપવર્ણની સ્તુતિથી પ્રભુત્વ લાવી બોલ્યા, તમે આ વેળા મારૂં રૂપ જોયું તે ભલે. પરંતુ હું જ્યારે રાજસભામાં વસ્ત્રાલંકાર ધારણ કરી કેવળ સજ્જ થઇને સિંહાસનપર બેસુંછું, ત્યારે મારૂં રૂપ અને મારો વર્ણ જોવાયોગ્ય છે; અત્યારે તો હું ખેળભરી કાયાએ બેઠો છું; જો તે વેળા તમે મારાં રૂપ, વર્ણ જુઓ તો અદ્દભુત ચમત્કારને પામો, અને ચકિત થઈ જાઓ. દેવોએ કહ્યું, ત્યારે પછી અમે રાજસભામાં આવીશું; એમ કહીને ત્યાંથી ચાલ્યા ગયા.

સનત્કુમારે ત્યાર પછી ઉત્તમ અને અમૂલ્ય વસ્ત્રાલંકારો ધારણ કર્યાં. અનેક ઉપચારથી જેમ પોતાની કાયામાં વિશેષ આશ્ચર્યતા ઉપજાવે તેમ કરીને તે રાજસભામાં આવી સિંહાસન બેઠા. આજુબાજુ સમર્થ મંત્રિયો, સુભટો, વિદ્વાનો અને અન્ય સભાસદો યોગ્ય આસને બેસી ગયા છે. રાજેશ્વર ચામરછત્રથી અને ખમાખમાથી વિશેષ શોભી રહ્યો છે–વધાઈ રહ્યો છે. ત્યાં પેલા દેવતાઓ પાછા વિપ્રરૂપે આવ્યા. અદ્દભુત રૂપવર્ણથી આનંદ પામવાને બદલે જાણે ખેદ પામ્યા છે એવા સ્વરૂપમાં તેઓએ માથું ધુણાવ્યું. ચક્રવર્ત્તીએ પૂછ્યું, અહો બ્રાહ્મણો ! ગઇ વેળા કરતાં આ વેળા તમે જૂદા રૂપમાં માથું ધુણાવ્યું એનું શું કારણ છે ? તે મને કહો. અવધિજ્ઞાનાનુસારે વિપ્રે કહ્યું કે, હે મહારાજા ! તે રૂપમાં અને આ રૂપમાં ભૂમિ આકાશનો ફેર પડી ગયો છે. ચક્રવર્તીએ તે સ્પષ્ટ સમજાવવા કહ્યું. બ્રાહ્મણે કહ્યું, અધિરાજ ! પ્રથમ તમારી કોમળ કાયા અમૃતતુલ્ય હતી. આ વેળાએ ઝેરરૂપ છે. તેથી જ્યારે અમૃતતુલ્ય અંગ હતું ત્યારે આનંદ પામ્યા હતા. આ વેળા ઝેરતુલ્ય છે ત્યારે ખેદ પામ્યા. અમે કહીએ છીએ તે વાતની સિદ્ધતા કરવી હોય તો તમે હમણા તાંબુલ થુંકો; તત્કાળ તેપર મક્ષિકા બેસશે અને પરધામ પ્રાપ્ત થશે.

સનત્કુમારે એ પરીક્ષા કરી તો સત્ય ઠરી; પૂર્વિત કર્મનાં પાપનો જે ભાગ, તેમાં આ કાયાના મદસંબંધીનું મેલવણ થવાથી એ ચક્રવર્તીની કાયા ઝેરમય થઇ ગઈ. વિનાશી અને અશુચિમય કાયાનો આવો પ્રપંચ જોઇને સનત્કુમારના અંતઃકરણમાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. કેવલ આ સંસાર તજવાયોગ્ય છે. આવીને આવી અશુચિ સ્ત્રી, પુત્ર, મિત્રાદિનાં શરીરમાં રહી છે. એ સઘળું મોહમાન

કરવાયોગ્ય નથી. એમ બોલીને તે છ ખંડની પ્રભુતા ત્યાગ કરીને ચાલી નીકળ્યા. સાધુરૂપે જ્યારે વિચરતા હતા ત્યારે મહારોગ ઉત્પન્ન થયો. તેના સત્યત્વની પરીક્ષા લેવાને કોઈ દેવ ત્યાં વૈદરૂપે આવ્યો. સાધુને કહ્યું, હું બહુ કુશળ રાજવૈદ છું; તમારી કાયા રોગનો ભોગ થયેલી છે; જો ઇચ્છા હોય તો તત્કાળ હું તે રોગને ટાળી આપું. સાધુ બોલ્યા, "હે વૈદ! કર્મરૂપી રોગ મદોન્મત્ત છે; એ રોગ ટાળવાની તમારી જો સમર્થતા હોય તો ભલે મારો એ રોગ ટાળો. એ સમર્થતા ન હોય તો આ રોગ ભલે રહ્યો." દેવતાએ કહ્યું: એ રોગ ટાળવાની સમર્થતા હું ધરાવતો નથી. પછી સાધુએ પોતાની લબ્ધિના પરિપૂર્ણ પ્રબળવડે થુંકવાળી અંગુલિ કરી તે રોગને ખરડી કે તત્કાળ તે રોગ વિનાશ પામ્યો; અને કાયા પાછી હતી તેવી બની ગઇ. પછી તે વેળા દેવે પોતાનું સ્વરૂપ પ્રકાશ્યું; ધન્યવાદ ગાઇ વંદન કરી પોતાને સ્થાનકે ગયો.

પ્રમાણશિક્ષાઃ—રક્તપિત્ત જેવા સદૈવ લોહી પરુથી ગદગદતા મહા રોગની ઉત્પત્તિ જે કાયામાં છે, પળમાં વણસી જવાનો જેનો સ્વભાવ છે; જેના પ્રત્યેક રોમે પોણા બબ્બે રોગનો નિવાસ છે; તેવા સાડાત્રણ કરોડ રોમથી તે ભરેલી હોવાથી સવા પાંચ કરોડ રોગનો તે ભંડાર છે એમ વિવેકથી સિદ્ધ છે. અન્નાદિની ન્યૂનાધિકતાથી તે પ્રત્યેક રોગ જે કાયામાં દેખાવ દે છે, મળ, મૂત્ર, નરક, હાડ, માંસ, પરુ અને શ્લેષ્મથી જેનું બંધારણ ટક્યું છે; ત્વચાથી માત્ર જેની મનોહરતા છે, તે કાયાનો મોહ ખરે! વિભ્રમ જ છે! સનત્કુમારે જેનું લેશ માત્ર માન કર્યું, તે પણ જેથી સંખાયું નહીં તે કાયામાં અહો પામર! તું શું મોહે છે? એ કિંચિત્ સ્તુતિપાત્ર નથી.

આમ છતાં પણ આગળ ઉપર મનુષ્યદેહને સર્વદેહોત્તમ કહેવો પડશે. એનાથી સિદ્ધ ગતિની સિદ્ધિ છે એમ કહેવાનું છે. ત્યાં આગળ નિઃશંક થવા માટે અહીં નામમાત્ર વ્યાખ્યાન આપ્યું છે.

આત્માનાં શુભ કર્મનો જ્યારે ઉદય આવ્યો ત્યારે તે મનુષ્યદેહ પામ્યો. મનુષ્ય એટલે બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, એક મુખ, બે હોઠ, એક નાકવાળા દેહનો અધીશ્વર એમ નથી પણ એનો મર્મ જુદો જ છે. જો એમ અવિવેક દાખવીએ તો પછી વાનરને મનુષ્ય ગણવામાં દોષ શો? એ બિચારાએ તો એક પૂછડું પણ વધારે પ્રાપ્ત કર્યું છે. પણ નહીં, મનુષ્યત્વનો મર્મ આમ છે: વિવેકબુદ્ધિ જેના મનમાં ઉદય પામી છે, તે જ મનુષ્ય; બાકી બધાય એ શિવાયનાં તે દ્વિપાદરૂપે પશુ જ છે. મેધાવિ પુરુષો નિરંતર એ માનવત્વનો આમ જ મર્મ પ્રકાશે છે. વિવેક–બુદ્ધિના ઉદયવડે મુક્તિના રાજમાર્ગમાં પ્રવેશ કરાય છે. અને એ માર્ગમાં પ્રવેશ એ જ માનવદેહની ઉત્તમતા છે. તોપણ સ્મૃતિમાન થવું યથોચિત છે કે, તે દેહ કેવળ અશુચિમય જ છે. એના સ્વભાવમાં અન્યત્વ નથી.

"મોક્ષમાળા" ગ્રંથે અશુચિ ભાવનાના ઉપદેશ માટે પ્રથમ દર્શનના પાંચમા ચિત્રમાં સનત્કુમારનું દ્રષ્ટાંત અને પ્રમાણશિક્ષા પૂર્ણતા પામ્યાં.

અંતર્દર્શનઃ—ષષ્ઠચિત્ર.

નિવૃત્તિબોધ.

અનંત સૌખ્ય નામ દુઃખ ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય પ્રેમ ત્યાં, વિચિત્રતા!!
ઉઘાડ ન્યાય નેત્રને નિહાળ રે! નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારિ તે પ્રવૃત્તિ બાળ તું.

વિશેષાર્થઃ—જેમાં એકાંત અને અનંત સુખના તરંગ ઉછળે છે તેવાં શીલ–જ્ઞાનને માત્ર નામનાં દુઃખથી કંટાળી જઇને મિત્રરૂપે ન માનતાં તેમાં અભાવ કરે છે; અને કેવળ અનંત દુઃખમય એવાં જે સંસારનાં નામ માત્ર સુખ તેમાં તારો પરિપૂર્ણ પ્રેમ છે એ કેવી વિચિત્રતા છે! અહો ચેતન! હવે તું તારા ન્યાયરૂપી નેત્રને ઉઘાડીને નિહાળ રે! નિહાળ!!! નિહાળીને શીઘ્રમેવ નિવૃત્તિ એટલે મહા વૈરાગ્યને ધારણ કર, અને મિથ્યા કામભોગની પ્રવૃત્તિને બાળી દે!

એવી પવિત્ર મહાનિવૃત્તિને દૃઢીભૂત કરવા ઉચ્ચવિરાગી યુવરાજ મૃગાપુત્રનું મનન કરવાયોગ્ય ચરિત્ર અહીં આગળ પ્રત્યક્ષ છે. કેવા દુઃખને સુખ માન્યું છે ? અને કેવા સુખને દુઃખ માન્યું છે! તાદૃશ્ય તે યુવરાજનાં મુખ–વચન સિદ્ધ કરશે.

દૃષ્ટાંત:—નાના પ્રકારનાં મનોહર વૃક્ષથી ભરેલાં ઉદ્યાનોવડે સુગ્રીવ એ નામે એક સુશોભિત નગર છે. તે નગરના રાજ્યાસનપર બલભદ્ર એ નામે એક રાજા થયો; તેની પ્રિયંવદા પટરાણીનું નામ મૃગા હતું. એ પતિપત્નીથી બળશ્રી નામે એક કુમારે જન્મ લીધો હતો; મૃગાપુત્ર એવું એનું પ્રખ્યાત નામ હતું. જનકજનેતાને તે અતિ વલ્લભ હતા. એ યુવરાજ ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં સંયતિના ગુણને પામ્યા હતા; એથી કરીને દમીશ્વર એટલે યતિમાં અગ્રેસર ગણાવાયોગ્ય હતા. તે મૃગાપુત્ર શિખરબંધ આનંદકારી પ્રાસાદને વિષે પોતાની પ્રાણપ્રિયા સહિત દોગુંદક દેવતાની પેરે વિલાસ કરતા હતા. નિરંતર પ્રમોદસહિત મનથી વર્ત્તતા હતા. ચંદ્રકાંતાદિક મણિ તેમ જ વિવિધ રત્નથી પ્રાસાદનો પટશાળ જડિત હતો. એક દિવસને સમયે તે કુમાર પોતાના ગોખને વિષે રહ્યા હતા. ત્યાં નગરનું નિરીક્ષણ પરિપૂર્ણ થતું હતું. જ્યાં ચાર રાજમાર્ગ એકત્વને પામતા હતા, એવા ચોકમાં ત્રણ રાજમાર્ગ એકઠા મળ્યા છે ત્યાં તેની દ્રષ્ટિ દોડી. મહા તપ, મહા નિયમ, મહા સંયમ, મહા શીલ, અને મહા ગુણના ધામરૂપ એક શાંત તપસ્વિ સાધુને ત્યાં તેણે જોયા. જેમ જેમ વેળા થતી જાય છે, તેમ તેમ તે મુનિને મૃગાપુત્ર નિરખી નિરખીને જુએ છે.

એ નિરીક્ષણ ઉપરથી તે એમ બોલ્યા: હું જાણુંછું કે આવું રૂપ મેં ક્યાંક દીઠું છે અને એમ બોલતાં બોલતાં તે કુમાર શોભનિક પરિણામને પામ્યા. મોહપટ ટળ્યું; ને ઉપશમતા પામ્યા. જાતિસ્મૃતિજ્ઞાન પ્રકાશિત થયું. પૂર્વિત જાતિની સ્મૃતિ ઉપજવાથી તે મૃગાપુત્ર, મહા રીદ્ધિના ભોક્તા, પૂર્વના ચારિત્રના સ્મરણને પણ પામ્યા. શીઘ્રમેવ તે વિષયને વિષે અણરાચતા થયા; સંયમને વિષે રાચતા થયા માતા પિતાની સમીપે આવીને તે બોલ્યા કે, " પૂર્વભવને વિષે મેં પાંચ મહા વ્રતને સાંભળ્યાં હતાં. નરકને વિષે જે અનંત દુઃખ છે તે પણ મેં સાંભળ્યાં હતાં. તિર્યંચને વિષે જે અનંત દુઃખ છે તે પણ મેં સાંભળ્યાં હતાં. એ અનંત દુઃખથી ખેદ પામીને હું તેનાથી નિવૃત્તવાનો અભિલાષી થયોછું. સંસારરૂપી સમુદ્રથી પાર પામવા માટે હે ગુરુજનો! મને તે પાંચ મહાવ્રત ધારણ કરવાની અનુજ્ઞા દ્યો. "

કુમારનાં નિવૃત્તિથી ભરેલાં વચનો સાંભળીને માતા પિતાએ ભોગ ભોગવવાના આમંત્રણવચનથી ખેદ પામીને મૃગાપુત્ર એમ કહેછે કે " અહો માત! અને અહો તાત! જે ભોગોનું તમે મને આમંત્રણ કરો છો તે ભોગ મેં ભોગવ્યા, તે ભોગ વિષફલ–કિંપાક વૃક્ષનાં ફળની ઉપમાથી યુક્ત છે, ભોગવ્યા પછી કડવા વિપાકને આપે છે, સદૈવ દુઃખોત્પત્તિનાં કારણ છે; આ શરીર છે તે અનિત્ય અને કેવળ અશુચિમય છે, અશુચિથી ઉત્પન્ન થયું છે, જીવનો એ અશાશ્વત વાસ છે, અનંત દુઃખનો હેતુ છે; રોગ, જરા, અને ક્લેશાદિકનું એ શરીર ભાજન છે; એ શરીરને વિષે હું કેમ રતિ કરૂં? બાળપણે એ શરીર છાંડવું છે કે વૃદ્ધપણે એવો જેનો નિયમ નથી; એ શરીર પાણીના ફીણના બુદબુદા જેવું છે; એવા શરીરને વિષે સ્નેહ કેમ યોગ્ય હોય? મનુષ્યત્વમાં એ શરીર પામીને કોઢ, જ્વર, વગેરે વ્યાધિને તેમ જ જરા મરણને વિષે ગ્રહાવું રહ્યું છે; તેમાં હું કેમ પ્રેમ બાંધું? જન્મનું દુઃખ, જરાનું દુઃખ, રોગનું દુઃખ, મરણનું દુઃખ, કેવળ દુઃખના હેતુ સંસારને વિષે છે; ભૂમિ–ક્ષેત્ર, આવાસ, કંચન, કુટુંબ, પુત્ર, પ્રમદા, બંધવ, એ સકલને છાંડીને માત્ર ક્લેશ પામીને આ શરીરથી અવશ્યમેવ જવું છે; જેમ કિંપાક વૃક્ષનાં ફલનું પરિણામ સુખદાયક નથી, એમ ભોગનું પરિણામ પણ સુખદાયક નથી; જેમ કોઇ પુરુષ મહા પ્રવાસને વિષે અન્નજળ અંગીકાર ન કરે એટલે કે ન લે અને ક્ષુધા તૃષાએ કરીને દુઃખી થાય તેમ ધર્મના અનાચરણથી પરભવને વિષે જતાં તે પુરૂષ દુઃખી થાય; જન્મ જરાદિકની પીડા પામે; મહા પ્રવાસમાં પરવરતાં જે પુરૂષ અન્ન જળાદિક

લે તે પુરૂષ ક્ષુધા તૃષાથી રહિત થઈ સુખને પામે; એમ ધર્મનો આચરનાર પુરૂષ પરભવ પ્રત્યે પરવરતાં સુખને પામે; અલ્પ કર્મરહિત હોય; અશાતા વેદનીય રહિત હોય; હે ગુરજનો ! જેમ કોઈ ગૃહસ્થનું ઘર પ્રજ્વલિત થાય છે, ત્યારે તે ઘરનો ધણી અમૂલ્ય વસ્ત્રાદિકને લઇ જઇ જીર્ણ વસ્ત્રાદિકને છાંડી, રહેવા દે છે, તેમ લોક બળતો દેખીને જીર્ણ વસ્ત્રરૂપ જરા મરણને છાંડીને અમૂલ્ય આત્માને તે બળતાથી (તમે આજ્ઞા આપો એટલે હું) તારીશ. "

મૃગાપુત્રનાં વચન સાંભળીને શોકાર્ત્ત થયેલાં એનાં માતાપિતા બોલ્યાં, " હે પુત્ર ! આ તું શું કહે છે ? ચારિત્ર પાળતાં બહુ દુર્લભ છે. ક્ષમાદિક ગુણને યતિએ ધરવા પડે છે, રાખવા પડે છે, યત્નાથી સાચવવા પડે છે; સંયતિએ મિત્રમાં અને શત્રુમાં સમભાવ રાખવો પડે છે; સંયતિને પોતાના આત્મા ઉપર અને પરાત્મા ઉપર સમબુદ્ધિ રાખવી પડે છે; અથવા સર્વ જગત્ ઉપર સરખો ભાવ રાખવો પડે છે એવું એ પ્રાણાતિપાત વિરતિ પ્રથમ વ્રત, યાવત્ જીવતાં સુધી, પાળતાં દુર્લભ તે પાળવું પડે છે; સંયતિને સદૈવકાળ અપ્રમાદપણાથી મૃષા વચનનું વર્જવું, હિતકારી વચનનું ભાખવું, એવું પાળતાં દુઃકર બીજું વ્રત અવધારણ કરવું પડે છે; સંયતિને દાંત શોધનાને અર્થે એક સળીનું પણ અદત્ત વર્જવું, નિર્વદ્ય અને દોષરહિત ભિક્ષાનું આચરવું, એવું પાળતાં દુઃકર ત્રીજું વ્રત અવધારણ કરવું પડે છે; કામભોગના સ્વાદને જાણવા અને અબ્રહ્મચર્યનું ધારણ કરવું તે ત્યાગ કરીને બ્રહ્મચર્યરૂપ ચોથું વ્રત સંયતિને અવધારણ કરવું તેમ જ પાળવું બહુ દુર્લભ છે; ધન ધાન્ય, દાસના સમુદાય, પરિગ્રહ મમત્વનું વર્જન, સઘળા પ્રકારના આરંભનો ત્યાગ, કેવળ એ નિર્મમત્વથી પાંચમું મહાવ્રત સંયતિને ધારણ કરવું અતિ વિકટ છે. રાત્રિભોજનનું વર્જન, ધૃતાદિક પદાર્થનું વાસી રાખવાનું ત્યાગવું, તે અતિ દુઃકર છે.

" હે પુત્ર ! તું ચારિત્ર ચારિત્ર શું કરે છે ? ચારિત્ર જેવી દુઃખપ્રદ વસ્તુ બીજી કયિ છે ? ક્ષુધાના પરિષહ સહન કરવા; તૃષાના પરિષહ સહન કરવા; ટાઢના પરિષહ સહન કરવા; ઉષ્ણ તાપના પરિષહ સહન કરવા; ડાંસ મચ્છરના પરિષહ સહન કરવા; આક્રોશ પરિષહ સહન કરવા; ઉપાશ્રયના પરિષહ સહન કરવા; તૃણાદિક સ્પર્શના પરિષહ સહન કરવા; મેલના પરિષહ સહન કરવા; નિશ્ચય માન કે હે પુત્ર ! એવું ચારિત્ર કેમ પાળી શકાય ? વધના પરિષહ, બંધના પરિષહ કેવા વિકટ ? ભિક્ષાચરી કેવી દુર્લભ છે ? યાચના કરવી કેવી દુર્લભ છે ? યાચના કરવા છતાં ન પમાય એ અલાભપરિષહ કેવો દુર્લભ છે ? કાયર પુરૂષના હૃદયને ભેદી નાખનારું કેશલોચન કેવું વિકટ છે ? તું વિચાર કર, કર્મવૈરીપ્રતિ રૌદ્ર એવું બ્રહ્મચર્ય વ્રત કેવું દુર્લભ છે ? ખરે ! અધીર આત્માને એ સઘળાં અતિ અતિ વિકટ છે.

" પ્રિયપુત્ર ! તું સુખ ભોગવવવાને યોગ્ય છે. અતિ રમણીય રીતે નિર્મળ સ્નાન કરવાને તારું સુકુમાર શરીર યોગ્ય છે. પ્રિય પુત્ર ! નિશ્ચય તું ચારિત્ર પાળવાને સમર્થ નથી. યાવત્ જીવતાં સુધી એમાં વિસામો નથી. સંયતિના ગુણનો મહા સમુદાય લોઢાની પેંઠ બહુ ભારે છે. સંયમનો ભાર વહન કરવો અતિ અતિ વિકટ છે. આકાશગંગાને સામે પુરે જવું જેમ દોહીલું છે, તેમ યૌવન વયને વિષે સંયમ મહાદુઃકર છે. પ્રતિશ્રોત જવું જેમ દુર્લભ છે, તેમ યૌવનને વિષે સંયમ મહા દુર્લભ છે. ભુજાએ કરીને જેમ સમુદ્ર તરવો દુર્લભ છે, તેમ સંયમ ગુણ–સમુદ્ર તરવો યૌવનમાં મહાદુર્લભ છે. વેળુનો કવળ જેમ નિઃરસ છે, તેમ સંયમ પણ નિઃરસ છે. ખડ્ગધારા પર ચાલવું જેમ વિકટ છે, તેમ તપ આચરવું મહા વિકટ છે, જેમ સર્પ એકાંત દૃષ્ટિથી ચાલે છે, તેમ ચારિત્રમાં ઇર્યાસમિતિ માટે એકાંતિક ચાલવું મહા દુર્લભ છે. હે પ્રિય પુત્ર ! જેમ લોઢાના જવ ચાવવા દુર્લભ છે, તેમ સંયમ આચરતાં દુર્લભ છે. જેમ અગ્નિની શિખા પીવી દુર્લભ છે, તેમ યૌવનને વિષે યતિપણું અંગીકાર કરવું મહા દુર્લભ છે. કેવળ મંદ સંઘયણના ધણી કાયર પુરૂષે યતિપણું પામવું તેમ પાળવું દુર્લભ છે. જેમ ત્રાજવે કરી મેરુ પર્વત તોળવો દુર્લભ છે, તેમ નિશ્ચળપણાથી,

નિઃશંકતાથી દશવિધિ યતિધર્મ પાળવો દુઃકર છે. ભુજાએ કરી સ્વયંભૂરમણસમુદ્ર જેમ તરવો દુઃકર છે, તેમ જે નથી ઉપશમવંત તેને ઉપશમરૂપી સમુદ્ર તરવો દોહીલો છે.

"હે પુત્ર ! શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ એ પાંચ પ્રકારે મનુષ્ય સંબંધી ભોગ ભોગવીને ભુક્તભોગી થઈને વૃદ્ધપણામાં તું ધર્મ આચરજે."

માતાપિતાનો ભોગસંબંધી ઉપદેશ સાંભળીને તે મૃગાપુત્ર માતા-પિતાપ્રત્યે એમ બોલી ઉઠ્યાઃ—

"વિષયની વૃત્તિ ન હોય તેને સંયમ પાળવો કંઇયે દુઃકર નથી. આ આત્માએ શારીરિક અને માનસિક વેદના અશાતારૂપે અનંતર સહી છે; ભોગવી છે. મહા દુઃખથી ભરેલી ભયને ઉપજાવનારી અતિ રૌદ્ર વેદના આ આત્માએ ભોગવી છે. જન્મ, જરા, મરણ એ ભયનાં ધામ છે. ચતુર્ગતિરૂપ સંસારાટવિમાં ભમતાં અતિ રૌદ્ર દુઃખ મેં ભોગવ્યાં છે. હે ગુરજનો ! મનુષ્યલોકમાં જે અગ્નિ અતિશય ઉષ્ણ મનાયો છે, તે અગ્નિથી અનંતગણી ઉષ્ણ તાપવેદના નરકને વિષે આ આત્માએ ભોગવી છે. મનુષ્ય લોકમાં જે ટાઢ અતિ શીતળ મનાઇ છે, એ ટાઢથી અનંતગણી ટાઢ નરકને વિષે અશાતાએ આ આત્માએ ભોગવી છે. લોહમય ભાજન,-તેને વિષે ઉંચા પગ બાંધી નીચું મસ્તક કરીને દેવતાએ વૈક્રિય કરેલા ધુંવાધુંવા બળતા અગ્નિમાં આક્રંદ કરતાં, આ આત્માએ અત્યુગ્ર દુઃખ ભોગવ્યાં છે. મહાદવના અગ્નિ જેવા મરુ દેશમાં જેવી વેળુ છે તે વેળુ જેવી વજ્રમય વેળુ કદંબ નામે નદીની વેળુ છે, તે સરખી ઉષ્ણ વેળુને વિષે પૂર્વે મારા આ આત્માને અનંતવાર બાળ્યો છે.

"આક્રંદ કરતાં પચવાના ભાજનને વિષે પચવાને અર્થે મને અનંતીવાર નાખ્યો છે. નરકમાં મહા રૌદ્ર પરમાધામીઓએ મને મારા કડવા વિપાકને માટે અનંતીવાર ઉંચા વૃક્ષની શાખાએ બાંધ્યો હતો. બંધવ રહિત એવા મને લાંબી કરવતે કરીને છેદ્યો હતો; અતિ તીક્ષ્ણ કંટકે કરીને વ્યાપ્ત ઉંચા શાલ્મલિ વૃક્ષને વિષે બાંધીને મહા ખેદ પમાડ્યો હતો. પાશે કરીને બાંધી આઘો પાછો ખેંચવે કરી મને અતિ દુઃખી કર્યો હતો. મહા અસહ્ય કોલ્હુને વિષે શેલડીની પેંઠ આક્રંદ કરતો હું અતિ રૌદ્રતાથી પીડાયો હતો. એ ભોગવવું પડ્યું તે માત્ર મારાં અશુભ કર્મના અનંતીવારના ઉદયથીજ હતું. શ્વાનને રૂપે સામનામા પરમાધામીએ કીધો. શબલ નામા પરમાધામીએ તે શ્વાનરૂપે મને ભોંયપર પાડ્યા; જીર્ણ વસ્ત્રની પરે ફાડ્યો; વૃક્ષની પરે છેદ્યો; એ વેળા હું અતિ અતિ તરફડતો હતો.

"વિકરાલ ખડગે કરી, ભાલાએ કરી, તથા બીજાં શસ્ત્રવડે કરી મને તે પ્રચંડીઓએ વિખંડ કીધો હતો. નરકમાં પાપકર્મે જન્મ લઇને વિષમ જાતિના ખંડનું દુઃખ ભોગવ્યામાં મણા રહી નથી. પરતંત્રે કરી અનંત પ્રજ્વલિત રથમાં રોઝની પેંઠ પરાણે મને જોતર્યો હતો. મહિષની પેંઠ દેવતાના વૈક્રિય કરેલા અગ્નિમાં હું બળ્યો હતો. ભડથું થઈ અશાતાથી અત્યુગ્ર વેદના ભોગવતો હતો. ઢંકગિદ્ધ નામના વિકરાલ પક્ષિયોની સાણસા સરખી ચાંચથી ચુંથાઇ અનંત વલવલાટથી કાયર થઈ હું વિલાપ કરતો હતો. તૃષાને લીધે જલપાનનું ચિંતવન કરી વેગમાં દોડતાં, વૈતરણીનું છરપલાની ધાર જેવું અનંત દુઃખદ પાણી પામ્યો હતો. જેનાં પાંદડાં તીવ્ર ખડગની ધાર જેવાં છે, મહા તાપથી જે તપી રહ્યું છે, તે અસિપત્રવન હું પામ્યો હતો; ત્યાં આગળ પૂર્વકાળે મને અનંતવાર છેદ્યો હતો. મુદ્ગરથી કરી, તીવ્ર શસ્ત્રથી કરી, ત્રિશૂલથી કરી, મુશલથી કરી, તેમ જ ગદાથી કરીને મારાં ગાત્ર ભાંગ્યાં હતાં. શરણરૂપ સુખવિના હું અશણરૂપ અનંત દુઃખ પામ્યો હતો. વસ્ત્રની પેંઠે મને છરપલાની તીક્ષ્ણ ધારે કરી, પાળીએ કરી, અને કાતરણીએ કરીને કાપ્યો હતો. મારા ખંડોખંડ કટકા કર્યાં હતા. મને ત્રિચ્છો છેદ્યો હતો. ચરરર કરતી મારી ત્વચા ઉતારી હતી. એમ હું અનંત દુઃખ પામ્યો હતો.

પરવશતાથી મૃગની પેંઠે અનંતવાર પાશમાં હું સપડાયો હતો. પરમાધામીએ મને મગરમચ્છરૂપે જાળ નાખી અનંત વેળા દુઃખ આપ્યું હતું. સિંચાણારૂપે પંખીની પેંઠે જાળમાં બાંધી અનંતવાર મને હણ્યો હતો. ફરશી ઇત્યાદિક શસ્ત્રથી કરીને મને અનંતીવાર વૃક્ષની પેંઠ કુટીને મારા સૂક્ષ્મ છેદ

કર્યાં હતા. મુદ્ગરાદિકના પ્રહારવતી લોહકાર જેમ લોહને ટીપે તેમ મને પૂર્વકાળે પરમાધામીઓએ અનંતીવાર ટીપ્યો હતો. તાંબું, લોહું અને શીસું અગ્નિથી ગાળી તેનો કળકળતો રસ મને અનંતવાર પાયો હતો. અતિ રૌદ્રતાથી તે પરમાધામીઓ મને એમ કહેતા હતા કે, પૂર્વભવમાં તને માંસ પ્રિય હતું તે લે આ માંસ. એક મારા શરીરના ખંડોખંડ કટકા મેં અનંતીવાર ગળ્યા હતા. મદ્યની વલ્લભતા માટે પણ એથી કંઈ ઓછું દુઃખ પડયું નહોતું. એમ મેં મહા ભયથી, મહા ત્રાસથી અને મહા દુઃખથી કંપાયમાન કાયાએ કરી અનંત વેદના ભોગવી હતી. જે સહન કરતાં અતિ તીવ્ર રૌદ્ર અને ઉત્કૃષ્ટ કાળ સ્થિતિની વેદના, સાંભળતાં પણ અતિ ભયંકર, અનંતવાર તે નરકમાં મેં ભોગવી હતી. જેવી વેદના મનુષ્યલોકમાં છે તેવી દેખાતી પણ તેથી અનંતગણી અધિક અશાતાવેદની નરકને વિષે રહી હતી. સર્વ ભવને વિષે અશાતાવેદની મેં ભોગવી છે. મેષાનુમેષ માત્ર પણ ત્યાં શાતા નથી."

એ પ્રમાણે મૃગાપુત્રે વૈરાગ્યભાવથી સંસારપરિભ્રમણ દુઃખ કહ્યાં. એના ઉત્તરમાં તેનાં જનક જનેતા એમ બોલ્યાં કે, " હે પુત્ર ! જો તારી ઇચ્છા દિક્ષા લેવાની છે તો દિક્ષા ગ્રહણ કર; પણ ચારિત્રમાં રોગોત્પત્તિ વેળા વૈદક કોણ કરશે ? દુઃખનિવૃત્તિ કોણ કરશે ? એ વિના બહુ દોહ્યલું છે." મૃગાપુત્રે કહ્યું, " એ ખરું, પણ તમે વિચારો કે અટવીમાં મૃગ તેમ જ પંખી એકલું હોય છે; તેને રોગ ઉત્પન્ન થાય છે ત્યારે તેનું વૈદું કોણ કરે છે ? જેમ વનમાં મૃગ વિહાર કરે છે તેમ હું ચારિત્ર-વનમાં વિહાર કરીશ, અને સપ્તદશ ભેદે શુદ્ધ સંયમનો અનુરાગી થઇશ. દ્વાદશ પ્રકૃતિ તપ આચરીશ; તેમ જ મૃગચર્યાથી વિચરીશ. મૃગને વનમાં રોગનો ઉપદ્રવ થાય છે, ત્યારે તેનું વૈદું કોણ કરે છે ?" એમ પુનઃ કહી તે બોલ્યા કે " કોણ તે મૃગને ઔષધ દે છે ? કોણ તે મૃગને આનંદ, શાંતિ અને સુખ પૂછે છે ? કોણ તે મૃગને આહાર જળ આણી આપે છે ? જેમ તે મૃગ ઉપદ્રવમુક્ત થયા પછી ગહનવને જ્યાં સરોવર હોય છે ત્યાં જાય છે, તૃણપાણી આદિનું સેવન કરીને પાછું જેમ તે મૃગ વિચરે છે તેમ હું વિચરીશ. સારાંશ, એરૂપ મૃગચર્યા હું આચરીશ. એમ હું મૃગની પેંઠ સંયમ-વંત હોઇશ. અનેક સ્થળે વિચરતો યતિ મૃગની પેંઠ અપ્રતિબદ્ધ રહે. મૃગની પેંઠ વિચરીને, મૃગચર્યા સેવીને સાવદ્ય ટાળીને યતિ વિચરે. જેમ મૃગ, તૃણ જળાદિકની ગોચરી કરે તેમ યતિ ગોચરી કરીને સંયમભાર નિર્વાહ કરે. દુરાહાર માટે ગૃહસ્થને હીલે નહીં, નિંદા કરે નહીં એવો સંયમ હું આચરીશ." **" એવં પુત્તા જહાસુખં"** " હે પુત્ર ! જેમ તને સુખ થાય તેમ કરો !" એમ માતા પિતાએ અનુજ્ઞા આપી. અનુજ્ઞા મળ્યા પછી મમત્વ ભાવ છેદીને જેમ મહાનાગ કંચુક ત્યાગી ચાલ્યો જાય છે, તેમ તે મૃગાપુત્ર સંસાર ત્યાગી સંયમધર્મમાં સાવધાન થયા. કંચન, કામિની, મિત્ર, પુત્ર, જ્ઞાતિ અને સગાંસંબંધીના પરિત્યાગી થયા. વસ્ત્રને ધુણી જેમ રજ ખંખેરી નાખીએ તેમ તે સઘળા પ્રપંચ ત્યાગીને દિક્ષા લેવાને માટે નીકળી પડ્યા. પવિત્ર પાંચ મહાવ્રતયુક્ત થયા. પંચ સમિતિથી સુશોભિત થયા. ત્રિગુપ્તાનુગુપ્ત થયા. બાહ્યાભ્યંતરે દ્વાદશ તપથી સંયુક્ત થયા. મમત્વરહિત થયા; નિરહંકારી થયા; સ્ત્રિયાદિકના સંગરહિત થયા. સર્વાત્મભૂતમાં એનો સમાન ભાવ થયો. આહાર જળ પ્રાપ્ત થાઓ કે ન થાઓ, સુખ ઉપજો કે દુઃખ, જીવિતવ્ય હો કે મરણ હો કોઇ સ્તુતિ કરો, કે કોઇ નિંદા કરો. કોઇ માન દ્યો કે કોઈ અપમાન દ્યો, તે સઘળાંપર તે સમભાવી થયા; રીદ્ધિ, રસ અને સુખ એ ત્રિગારવના અહંપદથી તે વિરક્ત થયા; મનદંડ, વચનદંડ અને તનદંડ નિવર્ત્તાવ્યા. ચાર કષાયથી વિમુક્ત થયા. માયાશલ્ય, નિદાનશલ્ય તથા મિથ્યાત્વ શલ્ય એ ત્રિશલ્યથી તે વિરાગી થયા. સપ્ત મહાભયથી તે અભય થયા. હાસ્ય અને શોકથી નિવર્ત્યા. નિદાનરહિત થયા. રાગદ્વેષરૂપી બંધનથી છૂટી ગયા. વાંછા-રહિત થયા; સર્વ પ્રકારના વિલાસથી રહિત થયા. કરવાલથી કોઇ કાપે અને કોઇ ચંદન વિલેપન કરે તેપર સમભાવી થયા. પાપ આવવાનાં સઘળાં દ્વાર તેણે રુંધ્યાં. શુદ્ધ અંતઃકરણસહિત ધર્મધ્યાનાદિક વ્યાપારે તે પ્રશસ્ત થયા. જિનેંદ્ર શાસનતત્ત્વ પરાયણ થયા. જ્ઞાને કરી, આત્મચારિત્રે કરી, સમ્યક્ત્વે કરી, તપે કરી, પ્રત્યેક મહાવ્રતની પાંચ ભાવના એમ પાંચ મહાવ્રતની પચીશ ભાવનાએ કરી

અને નિર્મળતાએ કરી તે અનુપમ વિભૂષિત થયા. સમ્યક્ પ્રકારથી ઘણા વર્ષ સુધી આત્મચારિત્ર પરિસેવીને એક માસનું અનશન કરીને તે મહાજ્ઞાની યુવરાજ મૃગાપુત્ર પ્રધાન મોક્ષગતિએ પરવર્યા.

પ્રમાણશિક્ષા:-તત્ત્વજ્ઞાનીઓએ સપ્રમાણ સિદ્ધ કરેલી દ્વાદશ ભાવનામાંની સંસારભાવનાને દૃઢ કરવા મૃગાપુત્રનું ચરિત્ર અહીં વર્ણવ્યું. સંસારાટવિમાં પરિભ્રમણ કરતાં અનંત દુઃખ છે એ વિવેક-સિદ્ધ છે; અને એમાં પણ મેષાનુમેષ જેમાં સુખ નથી એવી નરકાધોગતિનાં અનંત દુઃખ યુવજ્ઞાની યોગીંદ્ર મૃગાપુત્રે જનકજનેતાપ્રતિ વર્ણવ્યાં છે, તે કેવળ સંસાર મુક્ત થવાનો વિરાગી ઉપદેશ પ્રદર્શિત કરે છે. આત્મચારિત્ર અવધારણ કરતાં તપપરિષહાદિકનાં બહિર્દુઃખને દુઃખ માન્યું છે; અને મહાધોગતિનાં પરિભ્રમણરૂપ અનંત દુઃખને બહિર્ભાવ મોહિનીથી સુખ માન્યું છે. એ જો કેવી ભ્રમવિચિત્રતા છે ? આત્મચારિત્રનું દુઃખ, તે દુઃખ નહીં પણ પરમ સુખ છે, અને પરિણામે અનંત સુખતરંગ પ્રાપ્તિનું કારણ છે; તેમ જ ભોગવિલાસાદિકનું સુખ તે ક્ષણિક અને બહિર્દશ્ય સુખ તે કેવળ દુઃખ જ છે. પરિણામે અનંત દુઃખનું કારણ છે, એમ સપ્રમાણ સિદ્ધ કરવા મહા જ્ઞાની મૃગાપુત્રનો વૈરાગ્ય અહીં દર્શાવ્યો છે. એ મહાપ્રભાવિક, મહા યશોમાન મૃગાપુત્રની પેઠે તપાદિક અને આત્મચારિત્રાદિક શુદ્ધાચરણ કરે, તે ઉત્તમ સાધુ ત્રિલોકમાં પ્રસિદ્ધ અને પ્રધાન એવી પરમ સિદ્ધિદાયક સિદ્ધગતિને પામે. સંસારમમત્વને દુઃખવૃદ્ધિરૂપ માની તત્ત્વજ્ઞાનીઓ તે મૃગાપુત્રની પેઠે જ્ઞાનદર્શનચારિત્રરૂપ દિવ્ય ચિંતામણિને પરમ સુખ અને પરમાનંદને કારણે આરાધે છે.

મહર્ષિ મૃગાપુત્રનું સર્વોત્તમ ચરિત્ર (સંસારભાવનારૂપે) સંસારપરિભ્રમણનિવૃત્તિનો, અને તેની સાથે અનેક પ્રકારની નિવૃત્તિનો ઉપદેશ કરે છે; એ ઉપરથી નિવૃત્તિબોધ અંતર્દર્શનનું નામ રાખી આત્મચારિત્રની ઉત્તમતા વર્ણવતાં આ મૃગાપુત્ર ચરિત્ર અહીં આગળ પૂર્ણતા પામે છે. સંસારપરિભ્રમણનિવૃત્તિ અને સાવદ્ય ઉપકરણ નિવૃત્તિનો પવિત્ર વિચાર તત્ત્વજ્ઞાનીઓ નિરંતર કરે છે.

ઇતિ અંતર્દર્શને સંસાર-ભાવનારૂપ ષષ્ઠચિત્ર મૃગાપુત્ર ચરિત્ર સમાપ્ત.

સપ્તમ ચિત્ર.

આશ્રવભાવના.

દ્વાદશ અવિરતિ, ષોડશ કષાય, નવ નોકષાય, પંચ મિથ્યાત્વ અને પંચદશ યોગ એ સઘળાં મળી સત્તાવન આશ્રવદ્વાર એટલે પાપને પ્રવેશ કરવાનાં પ્રનાળ છે.

દૃષ્ટાંત:—મહા વિદેહમાં વિશાળ પુંડરિકિણી નગરીના રાજ્યસિંહાસનપર પુંડરિક અને કુંડરિક એ ભાઇઓ સ્થિર હતા. એક વેળા મહા તત્ત્વવિજ્ઞાની મુનિરાજ વિહાર કરતાં ત્યાં આવ્યા. મુનિનાં વૈરાગ્ય વચનામૃતથી કુંડરિક દિક્ષાનુરક્ત થયો; અને ઘેર આવ્યા પછી પુંડરિકને રાજ સોંપી ચારિત્ર અંગીકૃત કર્યું. સરસનિરસ આહાર કરતાં થોડા કાળે તે રોગગ્રસ્ત થયો; તેથી તે ચારિત્રપરિણામે ભંગ થયો. પુંડરિકિણી મહા નગરીની અશોકવાડીમાં આવીને એણે ઓઘો મુખપટી વૃક્ષે વળગાડી મૂક્યાં. નિરંતર તે પરિચિંતવન કરવા મંડ્યો કે પુંડરિક મને રાજ આપશે કે નહીં આપે ? વનરક્ષકે કુંડરિકને ઓળખ્યો. તેણે જઇને પુંડરિકને વિદિત કર્યું કે, આકુલ વ્યાકુલ થતો તમારો ભાઈ અશોક બાગમાં રહ્યો છે. પુંડરિકે આવી કુંડરિકના મનોભાવ જોયા; અને તેને ચારિત્રથી ડોલતો જોઈ કેટલોક ઉપદેશ આપી પછી રાજ સોંપી દઇને ઘેર આવ્યો, કુંડરિકની આજ્ઞાને સામંત કે મંત્રિ કોઈ અવલંબન ન કરતાં, તેણે સહસ્ર વર્ષ પ્રવ્રજ્યા પાળી પતિત થયો તે તેને માટે ધિક્કારતા હતા. કુંડરિકે રાજમાં આવ્યા પછી અતિ આહાર કર્યો. રાત્રિએ એથી કરીને તે બહુ પીડાયો અને વમન થયું; અભાવથી પાસે કોઇ આવ્યું નહીં, એથી તેના મનમાં પ્રચંડભાવ આવ્યો. તેણે નિશ્ચય કર્યો કે, આ દરદથી મને જો શાંતિ થાય તો પછી પ્રભાતે એ સઘળાને હું જોઇ લઇશ. એવાં મહા દુર્ધ્યાનથી મરીને

સાતમી નરકે તે અપયઠાંણુ પાથડે તેત્રિશ સાગરોપમને આયુષ્યે અનંત દુઃખમાં જઇને ઉપન્યો. કેવાં વિપરીત આશ્રવદ્વાર ! ! !

ઇતિ સપ્તમ ચિત્રે આશ્રવભાવના સમાપ્ત.

અષ્ટમ ચિત્ર.

સંવર ભાવના.

સમ્વર ભાવનાઃ—ઉપર કહ્યાં તે આશ્રવદ્વાર; અને પાપપ્રનાલને સર્વ પ્રકારે રોકવાં તે સમ્વર ભાવ–(આવતાં કર્મસમૂહને અટકાવવા.)

દ્રષ્ટાંતઃ(૧)—(કુંડરિકનો અનુસંબંધ) કુંડરિકનાં મુખપટ્ટિ ઇત્યાદિક સાજને ગ્રહણ કરીને પુંડરિકે નિશ્ચય કર્યો કે, મારે મહર્ષિ ગુરુકને જવું; અને ત્યાર પછી જ અન્નજલ ગ્રહણ કરવાં. અણુવાણે ચરણે પરવરતાં પગમાં કંકર, કંટક ખુંચવાથી લોહીની ધારાઓ ચાલી તોપણ તે ઉત્તમ ધ્યાને સમતા ભાવે રહ્યો. એથી એ મહાનુભાવ પુંડરિક ચ્યવિને સમર્થ સર્વાર્થસિદ્ધ વિમાને તેત્રીશ સાગરોપમનાં અત્યુગ્ર આયુષ્યે દેવરૂપે ઉપજ્યો. આશ્રવથી શી કુંડરિકની દુઃખદશા ? અને સમ્વરથી શી પુંડરિકની સુખદશા ! !

દ્રષ્ટાંતઃ(૨)—શ્રી વજ્રસ્વામી કેવળ કંચનકામિનીના દ્રવ્યભાવથી પરિત્યાગી હતા. એક શ્રીમંતની રુકિમણી નામની મનોહારિણી પુત્રી વજ્રસ્વામીના ઉત્તમ ઉપદેશને શ્રવણ કરીને મોહિત થઈ. ઘેર આવી માત પિતાને કહ્યું કે, જો હું આ દેહે પતિ કરૂં તો માત્ર વજ્રસ્વામીને જ કરૂં, અન્યની સાથે સંલગ્ન થવાની મારે પ્રતિજ્ઞા છે. રુકિમણીને તેનાં માતપિતાએ ઘણુંએ કહ્યું, 'ઘેલી ! વિચાર તો ખરી કે, મુનિરાજ તે વળી પરણે ? એણે તો આશ્રવદ્વારની સત્ય પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે.' તોપણ રુકિમણીએ કહ્યું ન માન્યું. નિરૂપાયે ધનાવા શેઠે કેટલુંક દ્રવ્ય અને સુરૂપા રુકિમણીને સાથે લીધી; અને જ્યાં વજ્રસ્વામી વિરાજતા હતા ત્યાં આવીને કહ્યું કે, આ લક્ષ્મી છે તેનો તમે યથારૂચિ ઉપયોગ કરો; અને વૈભવવિલાસમાં વાપરો; અને આ મારી મહા સુકોમલા રુકિમણી નામની પુત્રીથી પાણિગ્રહણ કરો; એમ કહીને તે પોતાને ઘેર આવ્યો.

યૌવનસાગરમાં તરતી અને રૂપના અંબારરૂપ રુકિમણીએ વજ્રસ્વામીને અનેક પ્રકારે ભોગસંબંધી ઉપદેશ કર્યો; ભોગનાં સુખ અનેક પ્રકારે વર્ણવી દેખાડયાં; મનમોહક હાવભાવ તથા અનેક પ્રકારના અન્ય ચળાવવાના ઉપાય કર્યા; પરંતુ તે કેવળ વૃથા ગયા; મહા સુંદરી રુકિમણી પોતાના મોહકટાક્ષમાં નિષ્ફળ થઈ. ઉગ્રચરિત્ર વિજયમાન વજ્રસ્વામી મેરૂની પેઠે અચળ અને અડોલ રહ્યા. રુકિમણીનાં મન, વચન અને તનના સર્વ ઉપદેશ અને હાવભાવથી તે લેશમાત્ર પીગળ્યા નહીં. આવી મહાવિશાળ દ્રઢતાથી રુકિમણીએ બોધ પામી નિશ્ચય કર્યો કે, આ સમર્થ જિતેંદ્રિય મહાત્મા કોઈ કાળે ચલિત થનાર નથી. લોહ પથ્થર પીગળાવવા સુલભ છે, પણ આ મહાપવિત્ર સાધુ વજ્રસ્વામીને પીગળાવવા સંબંધીની આશા નિરર્થક છતાં અધોગતિના કારણરૂપ છે. એમ સુવિચારી તે રુકિમણીએ પિતાએ આપેલી લક્ષ્મીને શુભ ક્ષેત્રે વાપરીને ચારિત્રને ગ્રહણ કર્યું; મન, વચન અને કાયાને અનેક પ્રકારે દમન કરી આત્માર્થ સાધ્યો. એને તત્ત્વજ્ઞાનીઓ સમ્વર ભાવના કહે છે.

ઇતિ અષ્ટમચિત્રે સંવરભાવના સમાપ્ત.

નવમચિત્ર.

નિર્જરાભાવના.

દ્વાદશ પ્રકારનાં તપવડે કરી કર્મઓઘને બાળીને ભસ્મીભૂત કરી નાંખીએ, તેનું નામ નિર્જરાભાવના કહેવાય છે. તપના બાર પ્રકારમાં ૭ બાહ્ય અને ૭ આભ્યંતર પ્રકાર છે. અનશન, ઊણોદરી,

પ્રતિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને પ્રતિસંલીનતા એ છ બાહ્ય તપ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, શાસ્ત્રપઠન, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ આભ્યંતર તપ છે. નિર્જરા બે પ્રકારે છે. એક અકામ નિર્જરા અને દ્વિતીય સકામ નિર્જરા. નિર્જરા ભાવનાપર એક વિપ્રપુત્રનું દ્રષ્ટાંત કહીશું.

દ્રષ્ટાંત:—કોઈ બ્રાહ્મણે પોતાના પુત્રને સપ્તવ્યસનભક્ત જાણીને પોતાને ઘેરથી કાઢી મૂક્યો. તે ત્યાંથી નીકળી પડયો અને જઇને તેણે તસ્કરમંડલીથી સ્નેહસંબંધ જોડયો. તે મંડલીના અગ્રેસરે તેને સ્વકામનો પરાક્રમી જાણીને પુત્ર કરીને સ્થાપ્યો. એ વિપ્રપુત્ર દુષ્ટદમન કરવામાં દ્રઢપ્રહારી જણાયો. એ ઉપરથી એનું ઉપનામ દ્રઢપ્રહારી કરીને સ્થાપ્યું. તે દ્રઢપ્રહારી તસ્કરમાં અગ્રેસર થયો. નગર ગ્રામ ભાંગવામાં બલવત્તર છાતીવાળો ઠર્યો. તેણે ઘણા પ્રાણીઓના પ્રાણ લીધા. એક વેળા પોતાના સંગતિ-સમુદાયને લઇને તેણે એક મહા નગર લૂટયું. દ્રઢપ્રહારી એક વિપ્રને ઘેર બેઠો હતો. તે વિપ્રને ત્યાં ઘણા પ્રેમભાવથી ક્ષીરભોજન કર્યું હતું. તે ક્ષીર ભોજનનાં ભાજનને તે વિપ્રનાં મનોર્થિ બાળકડાં વિંટાઇ વળ્યાં હતાં. દ્રઢપ્રહારી તે ભાજનને અડકવા મંડયો, એટલે બ્રાહ્મણીએ કહ્યું, 'એ મૂર્ખના મહારાજા! અભડાવ કાં? અમારે પછી કામ નહીં આવે, એટલું પણ તું સમજતો નથી?' દ્રઢપ્રહારીને આ વચનથી પ્રચંડ ક્રોધ વ્યાપ્યો અને તેણે તે દીન સ્ત્રીને કાળધર્મ પમાડી. નહાતો નહાતો બ્રાહ્મણ સહાય્યતાએ ધાયો, તેને પણ તેણે પરભવ પ્રાપ્ત કર્યો. એટલામાં ઘરમાંથી ગાય દોડતી આવી, અને તેને શીંગડે કરી દ્રઢપ્રહારીને મારવા માંડયો. તે મહા દુષ્ટે તેને પણ કાળને સ્વાધીન કરી. એ ગાયના પેટમાંથી એક વાછરડું નીકળી પડયું; તેને તરફડતું દેખી દ્રઢપ્રહારીના મનમાં બહુ બહુ પશ્ચાત્તાપ થયો. મને ધિઃકાર છે કે મેં મહાઅઘોર હિંસાઓ કરી! મારો એ મહાપાપથી ક્યારે છૂટકો થશે? ખરે! આત્મસાર્થક સાધવામાં જ શ્રેય છે!

એવી ઉત્તમ ભાવનાએ તેણે પંચમુષ્ટિ કેસલુંચન કર્યું. નગરની ભાગોળે આવી ઉગ્ર કાયોત્સર્ગે રહ્યા. આખા નગરને પૂર્વે સંતાપરૂપ થયા હતા; એથી લોકોએ એને બહુ વિધે સંતાપવા માંડયા. જાતાં આવતાનાં ધૂળઢેફાં અને પથ્થર ઇંટાળા અને તરવારની મુષ્ટિકાવડે તે અતિ સંતાપપ્રાપ્ત થયા. ત્યાં આગળ લોકસમુદાયે દોઢ મહીના સુધી તેને પરાભવ્યા; પછી થાક્યા, અને મૂકી દીધા. દ્રઢપ્રહારી ત્યાંથી કાયોત્સર્ગ પાળી બીજી ભાગોળે એવા જ ઉગ્ર કાયોત્સર્ગથી રહ્યા. તે દિશાના લોકોએ પણ એમ જ પરાભવ્યા; દોઢ મહીને છંછેડી મૂકી દીધા. ત્યાંથી કાયોત્સર્ગ પાળી દ્રઢપ્રહારી ત્રીજી પોળે રહ્યા. તેઓએ પણ મહા પરાભવ આપ્યો. ત્યાંથી દોઢ મહીને મૂકી દીધાથી ચોથી પોળે દોઢ માસ સુધી રહ્યા. ત્યાં અનેક પ્રકારના પરિષહને સહન કરીને તે ક્ષમાધર રહ્યા. છઠે માસે અનંત કર્મસમુદાયને બાળી વિશોધી વિશોધીને તે કર્મરહિત થયા. સર્વ પ્રકારના મમત્વનો તેણે ત્યાગ કર્યો. અનુપમ કૈવલ્યજ્ઞાન પામીને તે મુક્તિનાં અનંત સુખાનંદ યુક્ત થયા. એ નિર્જરાભાવના દ્રઢ થઈ. હવે—

દશમચિત્ર.

લોકસ્વરૂપ ભાવના.

એ ભાવનાનું સ્વરૂપ અહીં આગળ સંક્ષેપમાં કહેવાનું છે. જેમ પુરૂષ બે હાથ દઇ પગ પહોળા કરી ઊભો રહે તેમ લોકનાલ કિંવા લોક—સ્વરૂપ જાણવું. ત્રિચ્છા થાળને આકારે તે લોકસ્વરૂપ છે. કિંવા માદલને ઊભા મૂક્યા સમાન છે. નીચે ભુવનપતિ, વ્યંતર અને સાત નરક છે; વચ્ચે અઢી દ્વીપ આવી રહ્યા છે. ઊંચે બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન અને તેપર અનંત સુખમય પવિત્ર સિદ્ધગતિની પડોશી સિદ્ધશિલા છે. તે લોકાલોક

પ્રકાશક સર્વજ્ઞ, સર્વદર્શી અને નિરૂપમ કૈવલ્યજ્ઞાનીઓએ ભાખ્યું છે. સંક્ષેપે લોકસ્વરૂપ ભાવના કહેવાઈ.

પાપ પ્રનાલને રોકવા માટે આશ્રવ ભાવના અને સમ્વર ભાવના, તપ મહાફલી માટે નિર્જરા-ભાવના અને લોકસ્વરૂપનું કિંચિત્ તત્ત્વ જાણવા માટે લોકસ્વરૂપ ભાવના આ દર્શને આ ચાર ચિત્રે પૂર્ણતા પામી.

દશમચિત્ર સમાપ્ત.

જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય,
ઉત્તમ જ્હાં વિચાર;
એ ભાવે શુભ ભાવના,
તે ઉતરે ભવપાર.

વર્ષ ૧૭ મું.

૧૭

અવધાન[1]માં માગણીથી રચેલાં શીઘ્ર કાવ્યો.

ધર્મ.—

કવિત.

ધર્મ વિના ધન ધામ, ધાન્ય ધૂળધાણી ધારો,
ધર્મ વિના ધરણીમાં, ધિક્કતા ધરાય છે;
ધર્મ વિના ધીમંતની, ધારણાઓ ધોખા ધરે,
ધર્મ વિના ધર્યું ધૈર્ય, ધૂમ થૈ ધૅમાય છે;
ધર્મ વિના ધરાધર, ધુનાશે, ન ધામધુમે,
ધર્મ વિના ધ્યાની ધ્યાન, ઢોંગ ઢંગે થાય છે;
ધારો ધારો ધવળ સુધર્મની ધુરંધરતા,
ધન્ય ધન્ય ધામે ધામે, ધર્મની ધરાય છે.

" આકાશ–પુષ્પ થકી વંધ્યસુતા " વધાવી એની પાદપૂર્ત્તિ.

વસંતતિલકા વૃત્ત.

સંસારમાં મન અરે ક્યમ મોહ પામે ?
વૈરાગ્યમાં ઝટ પડ્યે ગતિ એ જ જામે;
માયા અહો ગણી લહે દિલ આપ આવી;
" આકાશ–પુષ્પ થકી વંધ્યસુતા વધાવી. "

---

૧. સોળ અને સત્તર વર્ષની મધ્યમાં અવધાનઅવસ્થાનો પ્રારંભ થાય છે. પ્રથમ ' અષ્ટાવધાન ' પછી અનુક્રમે ' બાર, ' ' સોળ, ' ' બાવન ' અને છેવટે ' શતાવધાન ' પર્યંત સ્થિતિ કરી, ઓગણીશમા વર્ષે એ નિમિત્ત લોકપ્રસંગ કેવળ નિવૃત્ત કર્યો.—સંશોધક.

૨. ' ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ છતાં ઉજ્જ્વળ આત્માઓનો સ્વતઃવેગ વૈરાગ્યમાં ઝંપલાવું એ છે ' એ કથનની સિદ્ધિ આ કાવ્યોના પ્રસંગથી જણાય છે. અવધાનની અન્ય ક્રિયાઓ પ્રત્યે દ્રષ્ટિ રાખી, પરસ્પર વિરુદ્ધ પ્રસંગોની અવિરુદ્ધ સંબંધદર્શક પાદપૂર્ત્તિ કરતાં કે ' કાંકરો, ' ' પિચકારી ' જેવા નિર્જીવ વિષયો પર શીઘ્રકાવ્યરચના કરતાં પણ વૃત્તિલક્ષ્ય, ' ધર્મ ' અને ' વૈરાગ્ય ' પ્રતિ સ્થિર થયેલ કાવ્ય યોજના દર્શાવે છે.—સંશોધક.

કાંકરો.— દોહરા.

એમ સુચવે કાંકરો, દિલ ખોલીને દેખ;
મનખા કેરા મુજસમા, વિના ધર્મથી લેખ.

રંગની પિચકારી.— શિખરીણી.

બનાવી છે કેવી, સુઘડ પિચકારી સુચવતી,
બધી જૂઠી માયા, મનન કર એવું મન વતી;
નથી સાચી મારી, ચટક સહુ શિક્ષા કથનમાં,
ઉરે ધારી જોજે, વિનયઅરજી આ મથનમાં.

ગુચ્છો. શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

ગુચ્છાના ગુણ આ તમામ વદતા, રક્ષા કરે જંતુની,
રાખે જાલવણી કરી શરીરની, આવ્યા કને અંતુની;
રે ! રક્ષા કરવી ઘટે શરણની, એવું સદા સુચવે;
જો ઇચ્છો તરવા ભવી જન ધરો, તો તો ગુચ્છો જે કવે.

કર્મની ગતિ.— નારાચ.

વડોદરે વસેલ આ, સયાજીરાવ સાંભરે;
અધિપતિ નસીબની, ગતિ વતી થયો ખરે !
ધણી છતાં મલ્હારરાવ, કેદમાં ગયા અરે !
ગતિ વિચિત્ર કર્મની, તું હર્ષ શોક શું ધરે ?

મુનિને પ્રણામ.— મનહર.

શાંતિ કે સાગર અરૂ, નીતિ કે નાગર નેક,
દયા કે આગર આન ધ્યાન કે નિધાન હો;
શુદ્ધ બુદ્ધિ બ્રહ્મચારી, મુખ બાનિ પૂર્ણ પ્યારી,
સબનકે હિતકારી, ધર્મ કે ઉદ્યાન હો;
રાગ દ્વેષસેં રહિત, પરમ પુનીત નિત્ય,
ગુનસેં ખચિત્ત ચિત્ર, સજ્જન સમાન હો;
રાયચંદ્ર ધૈર્ય પાળ, ધર્મ ઢાલ ક્રોધકાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો.—

શાર્દૂલવિક્રીડિત.

માયા માન મનોજ મોહ મમતા મિથ્યાત મોડી મુનિ,
ધારી ધર્મ ધરેલ ધ્યાન ધરથી ધારેલ ધૈર્યે ધુની;
છે સંતોષ સુશીલ સૌમ્ય સમતા ને શીયળે ચંડના,
નીતિ રાય દયા, ક્ષમા, ધર મુનિ, કોટી કરૂં વંદના.

સંવત્ ૧૯૪૧ મોરબી.

૧૮

બાલાવબોધ—મોક્ષમાળા.[1]

શિક્ષણપદ્ધતિ અને મુખમુદ્રા.—

આ એક સ્યાદ્વાદતત્ત્વાવબોધ વૃક્ષનું બીજ છે. આ ગ્રંથ તત્ત્વ પામવાની જિજ્ઞાસા ઉત્પન્ન કરી શકે એવું એમાં કંઈ અંશે પણ દૈવત રહ્યું છે. એ સમભાવથી કહું છઉં. પાઠક અને વાંચક વર્ગને મુખ્ય ભલામણ એ છે કે, શિક્ષાપાઠ પાઠ કરવા કરતાં જેમ બને તેમ મનન કરવા, તેનાં તાત્પર્ય અનુભવવાં. જેમની સમજણમાં ન આવતાં હોય તેમણે જ્ઞાતા શિક્ષક કે મુનિયોથી સમજવા, અને એ યોગવાઈ ન હોય તો પાંચ સાત વખત તે પાઠો વાંચી જવા. એક પાઠ વાંચી ગયા પછી અર્ધ ઘડી તે પર વિચાર કરી અંતઃકરણને પુછવું કે શું તાત્પર્ય મળ્યું ? તે તાત્પર્યમાંથી હેય, જ્ઞેય અને ઉપાદેય શું છે ? એમ કરવાથી આખો ગ્રંથ સમજી શકાશે. હૃદય કોમળ થશે; વિચારશક્તિ ખીલશે; અને જૈન તત્ત્વપર રૂડી શ્રદ્ધા થશે. આ ગ્રંથ કંઈ પઠન કરવારૂપ નથી; પણ મનન કરવારૂપ છે. અર્થરૂપ કેળવણી એમાં યોજી છે. " તે યોજના **'બાલાવબોધ'** રૂપ છે. **'વિવેચન'** અને **'પ્રજ્ઞાવબોધ'** ભાગ ભિન્ન છે; આ એમાંનો એક કકડો છે; છતાં સામાન્ય તત્ત્વરૂપ છે. સ્વભાષા સંબંધી જેને સારૂં જ્ઞાન છે; અને નવતત્ત્વ તેમ જ સામાન્ય પ્રકરણ ગ્રંથો જે સમજી શકે છે; તેવાઓને આ ગ્રંથ વિશેષ બોધદાયક થશે. આટલી તો અવશ્ય ભલામણ છે કે નાના બાળકને આ શિક્ષાપાઠોનું તાત્પર્ય સમજણરૂપે સવિધિ આપવું. જ્ઞાનશાળાના વિદ્યાર્થિયોને શિક્ષાપાઠ મુખપાઠ કરાવવા. ને વારંવાર સમજાવવા, જે જે ગ્રંથોની એ માટે સહાય લેવી ઘટે તે લેવી. એક બે વાર પુસ્તક પૂર્ણ શીખી રહ્યા પછી અવળેથી ચલાવવું. આ પુસ્તક ભણી હું ધારૂં છઉં કે, સુજ્ઞવર્ગ કટાક્ષ દ્રષ્ટિથી નહીં જોશે. બહુ ઊંડાં ઉતરતાં આ મોક્ષમાળા મોક્ષનાં કારણરૂપ થઇ પડશે ! મધ્યસ્થતાથી એમાં તત્ત્વજ્ઞાન અને શીલ બોધવાનો ઉદ્દેશ છે. આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો મુખ્ય હેતુ ઉછરતા બાળયુવાનો અવિવેકી વિદ્યા પામી આત્મસિદ્ધિથી ભ્રષ્ટ થાય છે તે ભ્રષ્ટતા અટકાવવાનો પણ છે.

શિક્ષાપાઠ ૧ વાંચનારને ભલામણ.—

વાંચનાર ! હું આજે તમારા હસ્તકમળમાં આવું છઉં. મને યત્નાપૂર્વક વાંચજો. મારાં કહેલાં તત્ત્વને હૃદયમાં ધારણ કરજો. હું જે જે વાત કહું તે તે વિવેકથી વિચારજો; એમ કરશો તો તમે જ્ઞાન, ધ્યાન, નીતિ, વિવેક, સદ્ગુણ અને આત્મશાંતિ પામી શકશો. તમે જાણતા હશો કે, કેટલાંક અજ્ઞાન મનુષ્યો નહીંવાંચવાયોગ્ય પુસ્તકો વાંચીને પોતાનો વખત ખોઈ દે છે અને અવળે રસ્તે ચઢી જાય છે. આ લોકમાં અપકીર્તિ પામે છે, તેમ જ પરલોકમાં નીચ ગતિએ જાય છે. તમે જે પુસ્તકો ભણ્યા છો, અને હજુ ભણો છો તે પુસ્તકો માત્ર સંસારનાં છે; પરંતુ આ પુસ્તક તો ભવ પરભવ બન્નેમાં તમારૂં હિત કરશે. ભગવાનનાં કહેલાં વચનોનો એમાં થોડો ઉપદેશ કર્યો છે. તમે કોઈ પ્રકારે આ પુસ્તકની અશાતના કરશો નહીં, ડાઘ પાડશો નહીં કે બીજી કોઈ પણ રીતે બિગાડશો નહીં. વિવેકથી સઘળું કામ લેજો. વિચક્ષણ પુરૂષોએ કહ્યું છે કે વિવેક ત્યાં જ ધર્મ છે.

---

૧. મોક્ષમાળાયોજના—આ બાલાવબોધ—મોક્ષમાળા ગ્રંથ લખાયા પછી બે વર્ષે એટલે સંવત્ ૧૯૪૩ ના અશાડ શુદ બીજ (હાલારી નવી સાલ બેસતાં) ને રોજ જપાઇ બહાર પડયો હતો. તે ત્રણ દહાડામાં શ્રી વવાણીઆ વિષે લખાયો હતો. 'મોક્ષમાળા' ની શ્રેણિ ત્રણ ભાગરૂપે કરવાનો વિચાર આ સમયે હતો એમ આ 'બાલાવબોધ' ભાગની મુખમુદ્રાના આ શબ્દો "યોજના બાલાવબોધરૂપ છે; વિવેચન અને પ્રજ્ઞાવબોધ ભાગ ભિન્ન છે. આ એમાંનો એક કકડો છે; છતાં સામાન્ય તત્ત્વરૂપ છે." ઉપરથી જણાય છે.

આ ધર્મવિષયના પ્રવેશકોને માટે યોજએલ 'બાલાવબોધ' અને 'વિવેચન' તથા પ્રજ્ઞાવબોધ' ભાગની યોજનાનું મનન આ વચનું શ્રુતજ્ઞાનપ્રમાણ અનુમાનવાનું એક સાધન ગણી શકાય.—સંશોધક.

તમને એક એ પણ ભલામણ છે કે, જેઓને વાંચતાં નહીં આવડતું હોય અને તેની ઇચ્છા હોય તો આ પુસ્તક અનુક્રમે તેને વાંચી સંભળાવવું. તમે જે વાતની ગમ પામો નહીં તે ડાહ્યા પુરૂષ પાસેથી સમજી લેજો. સમજવામાં આળસ કે મનમાં શંકા કરશો નહીં. તમારા આત્માનું આથી હિત થાય, તમને જ્ઞાન, શાંતિ અને આનંદ મળે; તમે પરોપકારી, દયાળુ ક્ષમાવાન, વિવેકી અને બુદ્ધિશાળી થાઓ એવી શુભ યાચના અર્હત્ ભગવાન્ કને કરી આ પાઠ પૂર્ણ કરૂં છઉં.

શિક્ષાપાઠ ૨. સર્વમાન્યધર્મ.—

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવું સ્નેહે તને;
  જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર.
ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;
  અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને, દળવા દોષ.
સત્ય શીળ ને સઘળાં દાન, દયા હોઇને રહ્યાં પ્રમાણ;
  દયા નહીં તો એ નહીં એક, વિના સૂર્ય કીરણ નહીં દેખ.
પુષ્પપાંખડી જ્યાં દૂભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;
  સર્વ જીવનું ઇચ્છો સૂખ, મહાવીરની શિક્ષા મૂખ્ય.
સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે નહીં વિશેષ;
  સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ !
એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરિ ઉત્સાહ,
  ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ.
તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પ્હોંચે શાશ્વત સુખે;
  શાંતિનાથ ભગવાન્ પ્રસિદ્ધ, રાજચંદ્ર કરૂણાએ સિદ્ધ.

શિક્ષાપાઠ ૩. કર્મના ચમત્કાર.—

હું તમને કેટલીક સામાન્ય વિચિત્રતાઓ કહી જાઉં છઉં; એ ઉપર વિચાર કરશો તો તમને પરભવની શ્રદ્ધા દૃઢ થશે.

એક જીવ સુંદર પલંગે પુષ્પશય્યામાં શયન કરે છે, એકને ફાટલ ગોદડી પણ મળતી નથી. એક ભાત ભાતનાં ભોજનોથી તૃપ્ત રહે છે, એકને કાળી જારનાં પણ સાંસા પડે છે. એક અગણિત લક્ષ્મીનો ઉપભોગ લે છે, એક ફુટી બદામ માટે થઇને ઘેર ઘેર ભાટકે છે, એક મધુરાં વચનથી મનુષ્યનાં મન હરે છે, એક અવાચક જેવો થઇને રહે છે. એક સુંદર વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ ફરે છે, એકને ખરા શિયાળામાં ફાટેલું કપડું પણ ઓઢવાને મળતું નથી. એક રોગી છે, એક પ્રબળ છે. એક બુદ્ધિશાળી છે, એક જડભરત છે. એક મનોહર નયનવાળો છે, એક અંધો છે. એક લૂલો છે, એક પાંગળો છે. એક કીર્તિમાન છે, એક અપયશ ભોગવે છે. એક લાખો અનુચરો પર હુકમ ચલાવે છે, એક તેટલાના જ ટુંબા સહન કરે છે. એકને જોઇને આનંદ ઉપજે છે, એકને જોતાં વમન થાય છે. એક સંપૂર્ણ ઇંદ્રિયોવાળો છે, એક અપૂર્ણ છે. એકને દિન દુનિયાનું લેશ ભાન નથી, ને એકનાં દુઃખનો કિનારો પણ નથી.

એક ગર્ભાધાનથી હરાયો, એક જન્મ્યો કે મુઓ, એક મુએલો અવતર્યો. એક સો વર્ષનો વૃદ્ધ થઇને મરે છે. કોઇનાં મુખ, ભાષા અને સ્થિતિ સરખાં નથી. મૂર્ખ રાજ્યગાદી પર ખમા ખમાથી વધાવાય છે, સમર્થ વિદ્વાનો ધક્કા ખાય છે !

આમ આખા જગતની વિચિત્રતા ભિન્ન પ્રકારે તમે જુઓ છો; એ ઉપરથી તમને કંઇ વિચાર આવે છે ? મેં કહ્યું છે છતાં વિચાર આવતો હોય તો કહો તે શા વડે થાય છે ? પોતાનાં બાંધેલાં

શુભાશુભ કર્મવડે. કર્મવડે આખો સંસાર ભમવો પડે છે. પરભવ નહીં માનનાર પોતે એ વિચાર શા વડે કરે છે? એ વિચારે તો આપણી આ વાત એ પણ માન્ય રાખે.

શિક્ષાપાઠ ૪. માનવદેહ.—

તમે સાંભળ્યું તો હશે કે વિદ્વાનો માનવદેહને બીજા સઘળા દેહ કરતાં ઉત્તમ કહે છે; પણ ઉત્તમ કહેવાનું કારણ તમારા જાણવામાં નહીં હોય માટે લ્યો હું કહું:

આ સંસાર બહુ દુઃખથી ભરેલો છે. એમાંથી જ્ઞાનીઓ તરીને પાર પામવા પ્રયોજન કરે છે. મોક્ષને સાધી તેઓ અનંત સુખમાં વિરાજમાન થાય છે. એ મોક્ષ બીજા કોઇ દેહથી મળનાર નથી. દેવ, તિર્યંચ કે નરક એ એકકે ગતિથી મોક્ષ નથી, માત્ર માનવદેહથી મોક્ષ છે.

ત્યારે તમે પૂછશો કે સઘળાં માનવિનો મોક્ષ કેમ થતો નથી? એનો ઉત્તર પણ હું કહી દઉં. જેઓ માનવપણું સમજે છે, તેઓ સંસારશોકને તરી જાય છે. માનવપણું વિદ્વાનો એને કહેછે કે, જેનામાં વિવેકબુદ્ધિ ઉદય પામી હોય. તે વડે સત્યાસત્યની નિર્ણય સમજીને પરમ તત્ત્વ, ઉત્તમ આચાર અને સત્ ધર્મનું સેવન કરીને તેઓ અનુપમ મોક્ષને પામે છે. મનુષ્યના શરીરના દેખાવ ઉપરથી વિદ્વાનો તેને મનુષ્ય કહેતા નથી; પરંતુ તેના વિવેકને લઇને કહે છે. બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, એક મુખ, બે હોઠ અને નાક એ જેને હોય તેને મનુષ્ય કહેવું એમ આપણે સમજવું નહીં. જો એમ સમજીએ તો પછી વાંદરાને પણ મનુષ્ય ગણવો જોઇએ, એણે પણ એ પ્રમાણે સઘળું પ્રાપ્ત કર્યું છે. વિશેષમાં એક પૂંછડું પણ છે; ત્યારે શું એને મહા મનુષ્ય કહેવો? નહીં. માનવપણું સમજે તે જ માનવ કહેવાય.

જ્ઞાનીઓ કહેછે કે એ ભવ બહુ દુર્લભ છે; અતિ પુણ્યના પ્રભાવથી એ દેહ સાંપડે છે; માટે એથી ઉતાવળે આત્મસાર્થક કરી લેવું. અયમંતકુમાર, ગજસુકુમાર જેવા નનાં બાળકો પણ માનવપણાને સમજવાથી મોક્ષને પામ્યા. મનુષ્યમાં જે શક્તિ વધારે છે તે શક્તિવડે કરીને મદોન્મત્ત હાથી જેવાં પ્રાણીને પણ વશ કરી લેછે; એ જ શક્તિવડે જો તેઓ પોતાનાં મનરૂપી હાથીને વશ કરી લે તો કેટલું કલ્યાણ થાય!

કોઇ પણ અન્ય દેહમાં સદ્વિવેકનો ઉદય થતો નથી અને મોક્ષના રાજમાર્ગમાં પ્રવેશ થઇ શકતો નથી. એથી આપણને મળેલો એ બહુ દુર્લભ માનવદેહ સફળ કરી લેવો અવશ્યનો છે. કેટલાક મૂર્ખો દુરાચારમાં, અજ્ઞાનમાં, વિષયમાં અને અનેક પ્રકારના મદમાં મળેલો માનવદેહ વૃથા ગુમાવે છે. અમૂલ્ય કૌસ્તુભ હારી બેસે છે. એ નામના માનવ ગણાય, બાકી તો વાનરરૂપ જ છે.

મોતની પળ નિશ્ચય આપણે જાણી શકતા નથી, માટે જેમ બને તેમ ધર્મમાં ત્વરાથી સાવધાન થવું.

શિક્ષાપાઠ ૫. સતદેવતત્ત્વ.—

ત્રણ તત્ત્વો આપણે અવશ્ય જાણવાં જોઇએ. જ્યાંસુધી તે તત્ત્વ સંબંધી અજ્ઞાનતા હોય છે ત્યાંસુધી આત્મહિત નથી. એ ત્રણ તત્ત્વ તે સતદેવ, સતધર્મ, સતગુરુ છે. આ પાઠમાં સતદેવસ્વરૂપ વિષે કંઇક કહું છઉં:

જેઓને કૈવલ્યજ્ઞાન અને કૈવલ્યદર્શન પ્રાપ્ત થાય છે; કર્મના સમુદાય મહોગ્રતપોપધ્યાનવડે વિશોધન કરીને જેઓ બાળી નાંખે છે. જેઓએ ચંદ્ર અને શંખથી ઉજ્વળ એવું શુક્લધ્યાન પ્રાપ્ત કર્યું છે. ચક્રવર્તિ—રાજાધિરાજ કે રાજપુત્ર છતાં જેઓ સંસારને એકાંત અનંત શોકનું કારણ માનીને તેનો ત્યાગ કરે છે. કેવળ દયા, શાંતિ, ક્ષમા, નિરાગીત્વ અને આત્મસમૃદ્ધિથી ત્રિવિધ તાપનો લય કરે છે; સંસારમાં મુખ્યતા ભોગવતાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહિનીય અને અંતરાય એ ચાર કર્મ ભસ્મિભૂત કરી જેઓ સ્વસ્વરૂપથી વિહાર કરે છે. સર્વ કર્મનાં મૂળને જેઓ બાળી નાંખે છે. કેવળ મોહિનીજનિત કર્મનો ત્યાગ કરી નિદ્રા જેવી તીવ્ર વસ્તુ એકાંત ટાળી જેઓ પાતળાં પડેલાં

કર્મ રહ્યાસુધી ઉત્તમ શીલનું સેવન કરે છે. વિરાગતાથી કર્મગ્રીષ્મથી અકળાતા પામર પ્રાણીઓને પરમ શાંતિ મળવા જેઓ શુદ્ધ બોધબીજનો મેઘધારા વાણીથી ઉપદેશ કરે છે. કોઈ પણ સમયે કિંચિત્ માત્ર પણ સંસારી વૈભવવિલાસનો સ્વપ્નાંશ પણ જેને રહ્યા નથી. કર્મદળ ક્ષય કર્યા પ્રથમ શ્રીમુખવાણીથી જેઓ છદ્મસ્થતા ગણી ઉપદેશ કરતા નથી. પાંચ પ્રકારના અંતરાય, હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા, શોક, મિથ્યાત્વ, અજ્ઞાન, અપ્રત્યાખ્યાન, રાગ, દ્વેષ, નિદ્રા અને કામ એ અઢાર દૂષણથી રહિત, સચ્ચિદાનંદ સ્વરૂપથી વિરાજમાન અને મહા ઉદ્યોતકર બાર ગુણ જેઓમાં પ્રગટે છે. જન્મ, મરણ અને અનંત સંસાર જેનો ગયો છે તેને સત્દેવ નિર્ગ્રંથઆગમમાં કહ્યા છે. એ દોષરહિત શુદ્ધ આત્મસ્વરૂપને પામેલા હોવાથી પૂજનીય પરમેશ્વર કહેવાય છે. અઢાર દોષમાંનો એક પણ દોષ હોય ત્યાં સત્દેવનું સ્વરૂપ નથી. આ પરમ તત્ત્વ ઉત્તમ સૂત્રોથી વિશેષ જાણવું અવશ્યનું છે.

[1]શિક્ષાપાઠ ૯. સદ્ધર્મતત્ત્વ.—

અનાદિ કાળથી કર્મજાળનાં બંધનથી આ આત્મા સંસારમાં રઝળ્યા કરેછે. સમય માત્ર પણ તેને ખરૂં સુખ નથી. અધોગતિને એ સેવ્યા કરે છે, અને અધોગતિમાં પડતાં આત્માને ધરી રાખનાર જે વસ્તુ તેનું નામ ધર્મ કહેવાય છે. એ ધર્મતત્ત્વના સર્વજ્ઞ ભગવાને ભિન્ન ભિન્ન ભેદ કહ્યા છે. તેમાંના મુખ્ય બે છે: ૧. વ્યવહારધર્મ ૨. નિશ્ચયધર્મ.

વ્યવહારધર્મમાં દયા મુખ્ય છે. ચાર મહાવ્રતો તે પણ દયાની રક્ષા વાસ્તે છે. દયાના આઠ ભેદ છે. ૧. દ્રવ્યદયા ૨. ભાવદયા ૩. સ્વદયા ૪. પરદયા ૫. સ્વરૂપદયા ૬. અનુબંધદયા ૭. વ્યવહારદયા. ૮. નિશ્ચયદયા.

૧. પ્રથમ દ્રવ્યદયા–કોઇ પણ કામ કરવું તેમાં યત્નાપૂર્વક જીવરક્ષા કરીને કરવું તે 'દ્રવ્યદયા.'

૨. બીજી ભાવદયા–બીજા જીવને દુર્ગતિ જતો દેખીને અનુકંપાબુદ્ધિથી ઉપદેશ આપવો તે 'ભાવદયા.'

૩. ત્રીજી સ્વદયા–આ આત્મા અનાદિકાળથી મિથ્યાત્વથી ગૃહાયો છે, તત્ત્વ પામતો નથી, જિનાજ્ઞા પાળી શકતો નથી, એમ ચિંતવી ધર્મમાં પ્રવેશ કરવો તે 'સ્વદયા.'

૪. ચોથી પરદયા–છકાય જીવની રક્ષા કરવી તે 'પરદયા.'

૫. પાંચમી સ્વરૂપદયા–સૂક્ષ્મ વિવેકથી સ્વરૂપવિચારણા તે 'સ્વરૂપદયા.'

૬. છઠ્ઠી અનુબંધદયા–ગુરૂ કે શિક્ષક શિષ્યને કડવાં કથનથી ઉપદેશ આપે એ દેખવામાં તો અયોગ્ય લાગે છે; પરંતુ પરિણામ કરૂણાનું કારણ છે–એનું નામ 'અનુબંધદયા.'

૭. સાતમી વ્યવહારદયા–ઉપયોગપૂર્વક અને વિધિપૂર્વક જે દયા પાળવી તેનું નામ 'વ્યવહારદયા.'

૮. આઠમી નિશ્ચયદયા–શુદ્ધ સાધ્ય ઉપયોગમાં એકતાભાવ, અને અભેદ ઉપયોગ તે 'નિશ્ચયદયા.'

એ આઠ પ્રકારની દયાવડે કરીને વ્યવહારધર્મ ભગવાને કહ્યો છે. એમાં સર્વ જીવનું સુખ, સંતોષ, અભયદાન એ સઘળું વિચારપૂર્વક જોતાં આવી જાયછે.

બીજો નિશ્ચયધર્મ–પોતાના સ્વરૂપની ભ્રમણા ટાળવી, આત્માને આત્મભાવે ઓળખવો. આ સંસાર તે મારો નથી એ વગેરે નિશ્ચયધર્મનું સ્વરૂપછે.

જેમાં કોઈ પ્રાણીનું દુઃખ, અહિત કે અસંતોષ રહ્યો છે ત્યાં દયા નથી; અને દયા નથી ત્યાં ધર્મ નથી. અર્હત્ ભગવાનનાં કહેલાં ધર્મતત્ત્વથી પ્રાણી અભય થાય છે.

શિક્ષાપાઠ ૧૦. સદ્ગુરુતત્ત્વ, ભાગ ૧ લો.—

પિતા—પુત્ર! તું જે શાળામાં અભ્યાસ કરવા જાય છે તે શાળાનો શિક્ષક કોણ છે?

---

૧. 'બાલાવબોધમોક્ષમાળા' મૂળમાં શિક્ષાપાઠ ૫–૬–૭ માં 'અનાથીમુનિનું ચરિત્ર' છે. શિક્ષાપાઠ ૮ માં 'સત્દેવતત્ત્વ' નો વિષય છે. 'અનાથીમુનિનું ચરિત્ર' 'ભાવનાબોધ'માં આવી ગયું હોવાથી શિક્ષાપાઠ ૫–૬–૭ અહીં છોડી દઈ, શિક્ષાપાઠ આઠ ૮ નો 'સત્દેવતત્ત્વ'નો વિષય અત્ર 'શિક્ષાપાઠ ૫' તરીકે આપ્યો છે. આ 'શિક્ષાપાઠ ૫ માં' આવેલ વિષય વસ્તુતઃ 'મોક્ષમાળા' નો ૮ મો શિક્ષાપાઠ છે. —સંશોધક.

પુત્ર—પિતાજી, એક વિદ્વાન અને સમજુ બ્રાહ્મણ છે.

પિતા—તેની વાણી, ચાલચલગત વગેરે કેવાં છે?

પુત્ર—એનાં વચન બહુ મધુરાં છે. એ કોઇને અવિવેકથી બોલાવતા નથી અને બહુ ગંભીર છે. બોલે છે ત્યારે જાણે મુખમાંથી ફુલ ઝરે છે. કોઇનું અપમાન કરતા નથી; અને અમને સમજણથી શિક્ષા આપે છે.

પિતા—તું ત્યાં શા કારણે જાય છે તે મને કહે જોઇએ.

પુત્ર—આપ એમ કેમ કહો છો પિતાજી? સંસારમાં વિચક્ષણ થવાને માટે યુક્તિઓ સમજું, વ્યવહારની નીતિ શીખું એટલા માટે થઇને આપ મને ત્યાં મોકલો છો.

પિતા—તારા એ શિક્ષક દુરાચરણી કે એવા હોત તો?

પુત્ર—તો તો બહુ માઠું થાત; અમને અવિવેક અને કુવચન બોલતાં આવડત; વ્યવહારનીતિ તો પછી શીખવે પણ કોણ?

પિતા—જો પુત્ર, એ ઉપરથી હું હવે તને એક ઉત્તમ શિક્ષા કહું. જેમ સંસારમાં પડવા માટે વ્યવહારનીતિ શીખવાનું પ્રયોજન છે, તેમ ધર્મતત્ત્વ અને ધર્મનીતિમાં પ્રવેશ કરવાનું પરભવને માટે પ્રયોજન છે. જેમ તે વ્યવહારનીતિ સદાચારી શિક્ષકથી ઉત્તમ મળી શકે છે, તેમ પરભવ શ્રેયસ્કર ધર્મનીતિ ઉત્તમ ગુરૂથી મળી શકે છે. વ્યવહારનીતિના શિક્ષક અને ધર્મનીતિના શિક્ષકમાં બહુ ભેદ છે. એક બીલોરીનો કટકો તેમ વ્યવહારશિક્ષક અને અમૂલ્ય કૌસ્તુભ જેમ આત્મધર્મશિક્ષક છે.

પુત્ર—શીરછત્ર! આપનું કહેવું વ્યાજબી છે. ધર્મના શિક્ષકની સંપૂર્ણ અવસ્ય છે. આપે વારંવાર સંસારનાં અનંત દુઃખ સંબંધી મને કહ્યું છે; એથી પાર પામવા ધર્મ જ સહાયભૂત છે; ત્યારે ધર્મ કેવા ગુરુથી પામિયે તો શ્રેયસ્કર નીવડે તે મને કૃપા કરીને કહો.

શિક્ષાપાઠ ૧૧. સદ્ગુરુતત્ત્વ, ભાગ ૨.—

પિતા—પુત્ર! ગુરુ ત્રણ પ્રકારના કહેવાય છે. ૧. કાષ્ઠસ્વરૂપ. ૨. કાગળસ્વરૂપ. ૩. પથ્થરસ્વરૂપ. કાષ્ઠસ્વરૂપ ગુરુ સર્વોત્તમ છે; કારણ સંસારરૂપી સમુદ્રને કાષ્ઠસ્વરૂપી ગુરૂ જ તરે છે—અને તારી શકે છે. ૨. કાગળસ્વરૂપ ગુરુ એ મધ્યમ છે. તે સંસાર સમુદ્રને પોતે તરી શકે નહીં; પરંતુ કંઇ પૃણ્ય ઉપાર્જન કરી શકે. એ બીજાને તારી શકે નહીં. ૩. પથ્થરસ્વરૂપ તે પોતે બુડે અને પરને પણ બુડાડે. કાષ્ઠસ્વરૂપ ગુરુ માત્ર જિનેશ્વર ભગવાનના શાસનમાં છે. બાકી બે પ્રકારના જે ગુરુ રહ્યા તે કર્માવરણને વૃદ્ધિ કરનાર છે. આપણે બધા ઉત્તમ વસ્તુને ચાહિએ છીએ; અને ઉત્તમથી ઉત્તમ મળી શકે છે. ગુરુ જો ઉત્તમ હોય તો તે ભવસમુદ્રમાં નાવિકરૂપ થઇ સદ્ધર્મનાવમાં બેસારી પાર પમાડે. તત્ત્વજ્ઞાનના ભેદ, સ્વસ્વરૂપભેદ, લોકાલોકવિચાર, સંસારસ્વરૂપ એ સઘળું ઉત્તમ ગુરુવિના મળી શકે નહીં; ત્યારે તને પ્રશ્ન કરવાની ઇચ્છા થશે કે, એવા ગુરનાં લક્ષણ કયાં કયાં? તે હું કહું છું: જિનેશ્વર ભગવાનની ભાખેલી આજ્ઞા તેને યથાતથ્ય પાળે, જાણે અને બીજાને બોધે, કંચનકામિનિથી સર્વ ભાવથી ત્યાગી હોય, વિશુદ્ધ આહારજળ લેતા હોય, બાવિશ પ્રકારના પરિષહ સહન કરતા હોય, ક્ષાંત, દાંત, નિરારંભિ અને જિતેંદ્રિય હોય, સિદ્ધાંતિક જ્ઞાનમાં નિમગ્ન હોય, ધર્મ માટે થઇને માત્ર શરીરનો નિર્વાહ કરતા હોય, નિર્ગ્રંથ પંથ પાળતાં કાયર ન હોય, સળી માત્ર પણ અદત્ત લેતા ન હોય, સર્વ પ્રકારના આહાર રાત્રિએ ત્યાગ્યા હોય, સમભાવિ હોય, અને નિરાગતાથી સત્યોપદેશક હોય. ટુંકામાં તેઓને કાષ્ઠસ્વરૂપ સદ્ગુરુ જાણવા. પુત્ર! ગુરૂના આચાર, જ્ઞાન એ સમ્બંધી આગમમાં બહુ વિવેકપૂર્વક વર્ણન કર્યું છે. જેમ તું આગળ વિચાર કરતાં શીખતો જઇશ, તેમ પછી હું તને એ વિશેષ તત્ત્વો બોધતો જઇશ.

પુત્ર--પિતાજી, આપે મને ટુંકામાં પણ બહુ ઉપયોગી અને કલ્યાણમય કહ્યું; હું નિરંતર તે મનન કરતો રહીશ.

શિક્ષાપાઠ ૧૨. ઉત્તમ ગૃહસ્થ.—

સંસારમાં રહ્યા છતાં પણ ઉત્તમ શ્રાવકો ગૃહાશ્રમથી આત્મસાધનને સાધે છે; તેઓનો ગૃહાશ્રમ પણ વખણાય છે.

તે ઉત્તમ પુરુષ, સામાયિક, ક્ષમાપના ચોવિહાર (પ્રત્યાખ્યાન) ઇ૦ યમ નિયમને સેવે છે.

પરપત્નિ ભણી માતુ બહેનની દ્રષ્ટિ રાખે છે.

યથાશક્તિ સત્પાત્રે દાન દે છે.

શાંત, મધુરી અને કોમળ ભાષા બોલે છે.

સત્શાસ્ત્રનું મનન કરે છે.

બને ત્યાંસુધી ઉપજીવિકામાં પણ માયા, કપટ, ઇ૦ કરતો નથી.

સ્ત્રી, પુત્ર, માત, તાત, મુનિ અને ગુરુ એ સઘળાંને યથાયોગ્ય સન્માન આપે છે.

માબાપને ધર્મનો બોધ આપે છે.

યત્નાથી ઘરની સ્વચ્છતા, રાંધવું, સીધવું શયન ઈ૦ રખાવે છે.

પોતે વિચક્ષણતાથી વર્તિ સ્ત્રી, પુત્રને વિનયી અને ધર્મી કરે છે.

સઘળાં કુટુંબમાં સંપની વૃદ્ધિ કરે છે.

આવેલા અતિથિનું યથાયોગ્ય સન્માન કરે છે.

યાચકને ક્ષુધાતુર રાખતો નથી,

સત્પુરુષોનો સમાગમ અને તેઓનો બોધ ધારણ કરે છે,

સમર્યાદ, અને સંતોષયુક્ત નિરંતર વર્તે છે.

યથાશક્તિ શાસ્ત્રસંચય જેનાં ઘરમાં રહ્યા છે, અલ્પ આરંભથી જે વ્યવહાર ચલાવે છે.

આવો ગૃહસ્થાવાસ ઉત્તમ ગતિનું કારણ જ્ઞાનીઓ કહે છે.

શિક્ષાપાઠ ૧૩. જિનેશ્વરની ભક્તિ, ભાગ ૧.—

જિજ્ઞાસુ—વિચક્ષણ સત્ય ! કોઇ શંકરની, કોઇ બ્રહ્માની કોઈ વિષ્ણુની, કોઇ સૂર્યની, કોઇ અગ્નિની, કોઇ ભવાનીની, કોઇ પેગમ્બરની અને કોઇ ઇસુખ્રીસ્તની ભક્તિ કરે છે. એઓ ભક્તિ કરીને શું આશા રાખતા હશે ?

સત્ય—પ્રિય જીજ્ઞાસુ, તે ભાવિક મોક્ષ મેળવવાની પરમ આશાથી એ દેવોને ભજે છે.

જિજ્ઞાસુ—કહો ત્યારે, એથી તેઓ ઉત્તમ ગતિ પામે એમ તમારૂં મત છે ?

સત્ય—એઓની ભક્તિ વડે તેઓ મોક્ષ પામે એમ હું કહી શકતો નથી. જેઓને તે પરમેશ્વર કહે છે તેઓ કંઈ મોક્ષને પામ્યા નથી; તો પછી ઉપાસકને એ મોક્ષ ક્યાંથી આપે ? શંકર વગેરે કર્મક્ષય કરી શક્યા નથી અને દૂષણસહિત છે, એથી તે પૂજવાયોગ્ય નથી.

જિજ્ઞાસુ—એ દૂષણો ક્યાં ક્યાં તે કહો ?

સત્ય—અજ્ઞાન, કામ, હાસ્ય, રતિ, અરતિ વગેરે મળીને અઢાર [1] દૂષણમાંનું એક દૂષણ હોય

---

૧. 'મોક્ષમાળા'ની દ્વિતીયાવૃત્તિ જો કે સંવત્ ૧૯૫૮ માં છપાઇ બહાર પડી હતી, તથાપિ તે સંવત્ ૧૯૫૬-૫૭માં શ્રીમદ્‌ના અસ્વાસ્થ્યસમયે છપાતી હતી. તેઓની દ્રષ્ટિતળે દ્વિતીયાવૃત્તિમાં કોઇ કોઇ સ્થળે શબ્દરચના અને વાક્યરચનામાં ફેરફાર.થયેલો, તેમ જ કોઇ કોઈ સ્થાને સુધારો વધારો પણ થયેલો. અમે બનતા સુધી પ્રથમાવૃત્તિ પ્રમાણે મુદ્રાંકિત કરાવ્યું છે. પ્રથમાવૃત્તિમાં જે હોય અને દ્વિતીયાવૃત્તિમાં ન હોય તે અમે આવાં [ ] ચિન્હોમાં મૂકેલ છે, અને દ્વિતીયાવૃત્તિમાં હોય અને પ્રથમાવૃત્તિમાં ન હોય તે

તોપણ તે અપૂજ્ય છે. એક સમર્થ પંડિતે પણ કહ્યું છે કે, 'પરમેશ્વર છઉં' એમ મિથ્યા રીતે મનાવનારા પુરુષો પોતે પોતાને ઠગે છે; કારણ, પડખામાં સ્ત્રી હોવાથી તેઓ વિષયી ઠરે છે; શસ્ત્ર ધારણ કરેલાં હોવાથી દ્વેષી ઠરે છે. જપમાળા ધારણ કર્યાથી તેઓનું ચિત્ત વ્યગ્ર છે એમ સૂચવે છે. 'મારે શરણે આવ, હું ભવ પાપ હરી લઉં' એમ કહેનારા અભિમાની અને નાસ્તિક ઠરે છે. આમ છે તો પછી બીજાને તેઓ કેમ તારી શકે ? વળી, કેટલાક અવતાર લેવારૂપે પરમેશ્વર કહેવરાવે છે તો ત્યાં અમુક કર્મનું પ્રયોજન તે પરથી સિદ્ધ થાય છે.[1]

જિજ્ઞાસુ—આર્ય, ત્યારે પૂજ્ય કોણ ? અને ભક્તિ કોની કરવી કે જે વડે આત્મા સ્વશક્તિનો પ્રકાશ કરે ?

સત્ય—શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ અનંત સિદ્ધની ભક્તિથી, તેમ જ સર્વ દૂષણરહિત, કર્મમલહીન, મુક્ત, નિરાગી, સકળભયરહિત, સર્વજ્ઞ સર્વદર્શી જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે.[2]

જિજ્ઞાસુ—એઓની ભક્તિ કરવાથી આપણને તેઓ મોક્ષ આપે છે એમ માનવું ખરું ?

સત્ય—ભાઈ જિજ્ઞાસુ, તે અનંતજ્ઞાની (ભગવાન તો) નિરાગી અને નિર્વિકાર છે. એને સ્તુતિ નિંદાનું આપણને કંઈ ફળ આપવાનું પ્રયોજન નથી. આપણો આત્મા જે કર્મદળથી ઘેરાયલો છે, તેમ જ અજ્ઞાની અને મોહાંધ થએલો છે તે ટાળવા અનુપમ પુરુષાર્થની અવશ્યકતા છે. સર્વ કર્મદળ ક્ષય કરી અનંત જીવન, અનંતવીર્ય, અનંતજ્ઞાન અને અનંત દર્શનથી સ્વસ્વરૂપમય થયા એવા જિનેશ્વરોનું સ્વરૂપ—આત્માની નિશ્ચયનયે રીદ્ધિ હોવાથી એ પુરુષાર્થતા આપે છે.[3] વિકારથી વિરક્ત કરે છે, શાંતિ અને નિર્જરા આપે છે. તરવાર હાથમાં લેવાથી જેમ શૌર્ય અને ભાંગથી નિશો ઉત્પન્ન થાય છે, તેમ એ ગુણ ચિંતવનથી આત્મા સ્વસ્વરૂપાનંદની શ્રેણિએ ચઢતો જાય છે. દર્પણ હાથમાં લેતાં જેમ મુખાકૃતિનું ભાન થાય છે તેમ સિદ્ધ કે જિનેશ્વરસ્વરૂપનાં ચિંતવનરૂપ દર્પણથી આત્મસ્વરૂપનું ભાન થાય છે.

શિક્ષાપાઠ ૧૪. જિનેશ્વરની ભક્તિ, ભાગ ૨.—

જિજ્ઞાસુ—આર્ય સત્ય ! સિદ્ધસ્વરૂપ પામેલા તે જિનેશ્વરો તો સઘળા પૂજ્ય છે; ત્યારે નામથી ભક્તિ કરવાની કંઇ જરૂર છે ?

અમે આવાં (   ) ચિન્હોમાં મૂકેલ છે. પ્રથમાવૃત્તિ કરતાં દ્વિતીયાવૃત્તિમાં સુધારો વધારો થયો હોય તે અમે પાંઠાન્તરરૂપે ટિપ્પનીમાં આપ્યો છે. જેમ આ સ્થળે

પ્રથમાવૃત્તિમાં

"અજ્ઞાન, કામ, હાસ્ય, રતિ અરતિ વગેરે મળીને અઢાર દૂષણમાંનું" એમ રચના છે, અને

દ્વિતીયાવૃત્તિમાં

"અજ્ઞાન, નિદ્રા, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અવિરતિ, ભય, શોક, જુગુપ્સા, દાનાંતરાય, લાભાંતરાય, વીર્યાંતરાય, અને ઉપભોગાંતરાય, કામ, હાસ્ય, રતિ અને અરતિ એ અઢાર દૂષણમાંનું" એમ રચના છે. —સંશોધક.

૧. દ્વિતીયાવૃત્તિમાં પાઠાન્તરઃ "ત્યાં તેઓને અમુક કર્મનું ભોગવવું બાકી છે એમ સિદ્ધ થાય છે.—સંશોધક.

૨. દ્વિતીયાવૃત્તિમાં પાઠાન્તરઃ "શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ સિદ્ધ ભગવાનની ભક્તિથી, તેમ જ સર્વ દૂષણરહિત, કર્મમલહીન, મુક્ત, વીતરાગ, સકળ ભયરહિત, સર્વજ્ઞ, સર્વદર્શી જિનેશ્વર ભગવાનની ભક્તિથી આત્મશક્તિ પ્રકાશ પામે છે."—સંશોધક.

૩. દ્વિતીયાવૃત્તિમાં પાઠાન્તરઃ "સર્વ કર્મદળ ક્ષય કરી અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને સ્વસ્વરૂપમય થયા એવા જિનેશ્વરોનું સ્વરૂપ આત્માની નિશ્ચયનયે રીદ્ધિ હોવાથી તે ભગવાનનું સ્મરણ, ચિંતવન, ધ્યાન અને ભક્તિએ પુરુષાર્થતા આપે છે."—સંશોધક.

સત્ય—હા અવસ્ય છે. અનંત સિદ્ધસ્વરૂપને ધ્યાતા જે શુદ્ધ સ્વરૂપના વિચાર થાય તે તો કાર્ય, પરંતુ એ જે જે વડે તે સ્વરૂપને પામ્યા તે કારણ કયું ? એ વિચારતાં ઉગ્ર તપ, મહાન્ વૈરાગ્ય, અનંત દયા, મહાન્ ધ્યાન એ સઘળાંનું સ્મરણ થશે; એઓનાં અર્હત્ તીર્થંકરપદમાં જે નામથી તેઓ વિહાર કરતા હતા તે નામથી તેઓના પવિત્ર આચાર અને પવિત્ર ચરિત્રો અંતઃકરણમાં ઉદય પામશે. જે ઉદય પરિણામે મહા લાભદાયક છે. જેમ મહાવીરનું પવિત્ર નામ સ્મરણ કરવાથી તેઓ કોણ ? ક્યારે ? કેવા પ્રકારે સિદ્ધિ પામ્યા એ ચરિત્રોની સ્મૃતિ થશે. અને એથી આપણે વૈરાગ્ય, વિવેક ઇત્યાદિકનો ઉદય પામીએ.

જિજ્ઞાસુ—પણ લોગસ્સમાં તો ચોવીશ જિનેશ્વરનાં નામ સૂચવન કર્યાં છે ? એનો હેતુ શું છે તે મને સમજાવો.

સત્ય—આ કાળમાં આ ક્ષેત્રમાં જે ચોવીશ જિનેશ્વરો થયા એમનાં નામનું સ્મરણ, ચરિત્રોનું સ્મરણ કરવાથી શુદ્ધ તત્ત્વનો લાભ થાય. એ એમનો હેતુ છે, [1] વૈરાગિનું ચરિત્ર વૈરાગ્ય બોધે છે. અનંત ચોવીશીનાં અનંત નામ સિદ્ધ સ્વરૂપમાં સમગ્રે આવી જાય છે. વર્ત્તમાનકાળના ચોવીશ તીર્થંકરનાં નામ આ કાળે લેવાથી કાળની સ્થિતિનું બહુ સૂક્ષ્મજ્ઞાન પણ સાંભરી આવે છે. જેમ એઓનાં નામ આ કાળમાં લેવાય છે, તેમ ચોવીશી ચોવીશીનાં નામ કાળ ફરતાં અને ચોવીશી ફરતાં લેવાતાં જાય છે, એટલે અમુક નામ લેવાં એમ કંઇ નિશ્ચય નથી; પરંતુ તેઓના ગુણ અને પુરુષાર્થ સ્મૃતિમાટે વર્ત્તતી ચોવીશીની સ્મૃતિ કરવી એમ તત્ત્વ રહ્યું છે. તેઓના જન્મ, વિહાર ઉપદેશ એ સઘળું નામ નિક્ષેપે જાણી શકાય છે. એ વડે આપણો આત્મા પ્રકાશ પામે છે. સર્પ જેમ મોરલીના નાદથી જાગૃત થાય છે, તેમ આત્મા પોતાની સત્ય રીદ્ધિ સાંભળતાં મોહનિદ્રાથી જાગૃત થાયછે.

જિજ્ઞાસુ—મને તમે જિનેશ્વરની ભક્તિ સંબંધી બહુ ઉત્તમ કારણ કહ્યું. આધુનિક કેળવણીથી જિનેશ્વરની ભક્તિ કંઇ ફળદાયક નથી એમ મને આસ્થા થઈ હતી તે નાશ પામી છે. જિનેશ્વર ભગવાનની અવસ્ય ભક્તિ કરવી જોઇએ એ હું માન્ય રાખું છઉં.

સત્ય—જિનેશ્વર ભગવાનની ભક્તિથી અનુપમ લાભ છે. એનાં કારણ મહાન્ છે; [1] એના ઉપકારથી એની ભક્તિ અવશ્ય કરવી જોઇએ. એઓનાં પુરુષાર્થનું સ્મરણ થાય એથી કલ્યાણ થાયછે; વગેરે વગેરે મેં માત્ર સામાન્ય કારણો યથામતિ કહ્યાં છે; તે અન્ય ભાવિકોને પણ સુખદાયક થાઓ.

શિક્ષાપાઠ ૧૫. ભક્તિનો ઉપદેશ.—

શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
    જિનભક્તિ ગ્રહો તરુ કલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો.
નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મન તાપ ઉતાપ તમામ મટે;
    અતિ નિર્જરતા વણ દામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો.
સમભાવિ સદા પરિણામ થશે, જડમંદ અધોગતિ જન્મ જશે;
    શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો.
શુભ ભાવવડે મન શુદ્ધ કરો, નવકાર મહા પદને સમરો;
    નહિ એહ સમાન ન અન્ય કહો, ભજીને ભગવંત ભવંત લહો.
કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
    નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો.

---

૧. દ્વિતીયાવૃત્તિમાં પાઠાન્તરઃ "તેમના પરમ ઉપકારને લીધે પણ તેઓની ભક્તિ અવશ્ય કરવી જોઈએ. વળી તેઓના પુરૂષાર્થનું સ્મરણ થતાં પણ શુભવૃત્તિઓનો ઉદય થાય છે. જેમ જેમ શ્રીજિનનાં સ્વરૂપમાં વૃત્તિ લય પામે છે તેમ તેમ પરમ શાંતિ પ્રગટે છે. એમ જિન ભક્તિનાં કારણો અત્રે સંક્ષેપમાં કહ્યાં છે તે આત્માર્થીઓએ વિશેષપણે મનનકરવાયોગ્ય છે."—સંશોધક.

શિક્ષાપાઠ ૧૬. ખરી મહત્તા.—

કેટલાક લક્ષ્મીથી કરીને મહત્તા મળે છે એમ માને છે. કેટલાક મહાન્ કુટુંબથી મહત્તા મળે છે એમ માને છે, કેટલાક પુત્રવડે કરીને મહત્તા મળે છે એમ માને છે; કેટલાક અધિકારથી મહત્તા મળે છે એમ માને છે. પણ એ એમનું માનવું વિવેકથી જોતાં મિથ્યા છે. એઓ જેમાં મહત્તા ઠરાવે છે તેમાં મહત્તા નથી, પણ લઘુતા છે; લક્ષ્મીથી સંસારમાં ખાનપાન માન, અનુચરોપર આજ્ઞા વૈભવ એ સઘળું મળે છે અને એ મહત્તા છે એમ તમે માનતા હશો; પણ એટલેથી એને મહત્તા માનવી જોઈતી નથી. લક્ષ્મી અનેક પાપ વડે કરીને પેદા થાય છે. આવ્યા પછી અભિમાન, બેભાનતા અને મૂઢતા આપે છે. કુટુંબસમુદાયની મહત્તા મેળવવા માટે તેનું પાલણપોષણ કરવું પડે છે. તે વડે પાપ અને દુઃખ સહન કરવાં પડે છે. આપણે ઉપાધિથી પાપ કરી એનું ઉદર ભરવું પડે છે. પુત્રથી કરીને કંઇ શાશ્વત નામ રહેતું નથી; એને માટે થઇને પણ અનેક પ્રકારનાં પાપ અને ઉપાધિ વેઠવી પડે છે; છતાં એથી આપણું મંગળ શું થાય છે? અધિકારથી પરતંત્રતા કે અમલમદ અને એથી જુલમ, અનીતિ, લાંચ તેમ જ અન્યાય કરવા પડે છે; કે થાય છે. કહો, ત્યારે એમાંથી મહત્તા શાની થાય છે? માત્ર પાપજન્ય કર્મની. પાપી કર્મવડે કરી આત્માની નીચ ગતિ થાય છે; નીચ ગતિ છે ત્યાં મહત્તા નથી પણ લઘુતા છે.

આત્માની મહત્તા તો સત્ય વચન, દયા, ક્ષમા, પરોપકાર અને સમતામાં રહી છે. લક્ષ્મી ઇ૦ એ તો કર્મમહત્તા છે. એમ છતાં લક્ષ્મીથી શાણા પુરુષો દાન દે છે. ઉત્તમ વિદ્યાશાળાઓ સ્થાપી પરદુઃખભંજન થાય છે. એક સ્રી કરીને તેમાં માત્ર વૃત્તિ રોકી પરસ્રી તરફ પુત્રિભાવથી જુએછે.[1] કુટુંબવડે કરીને અમુક સમુદાયનું હિતકામ કરે છે. પુત્રવડે તેને સંસારભાર આપી પોતે ધર્મમાર્ગમાં પ્રવેશ કરે છે. અધિકારથી ડહાપણ વડે આચરણ કરી રાજા પ્રજા બન્નેનું હિત કરી—ધર્મનીતિનો પ્રકાશ કરે છે; એમ કરવાથી કેટલીક ખરી મહત્તા પમાય છે. છતાં એ મહત્તા ચોક્સ નથી. મરણભય માથે રહ્યો છે. ધારણા ધરી રહે છે. યોજેલી યોજના કે વિવેક વખતે હૃદયમાંથી જતો રહે એવી સંસારમોહિનીય છે. એથી આપણે એમ નિસ્સંશય સમજવું કે સત્ય વચન, દયા, ક્ષમા, બ્રહ્મચર્ય અને સમતા જેવી આત્મમહત્તા કોઇ સ્થળે નથી. શુદ્ધ પંચમહાવ્રતધારી ભિક્ષુકે જે રીદ્ધિ અને મહત્તા મેળવી છે તે બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તિએ લક્ષ્મી, કુટુંબ, પુત્ર કે અધિકારથી મેળવી નથી એમ મારું માનવું છે!

શિક્ષાપાઠ ૧૭. બાહુબળ.—

બાહુબળ એટલે પોતાની ભૂજાનું બળ એમ અહીં અર્થ કરવાનો નથી. કારણ બાહુબળ નામના મહાપુરુષનું આ એક નાનું પણ અદ્‌ભુત ચરિત્ર છે.

ઋષભદેવજી ભગવાન્ સર્વ સંગ પરિત્યાગ કરી ભરત, બાહુબળ નામના પોતાના બે પુત્રોને રાજ્ય સોંપી વિહાર કરતા હતા. ત્યારે ભરતેશ્વર ચક્રવર્ત્તિ થયો. આયુધશાળામાં ચક્રની ઉત્પત્તિ થયા પછી પ્રત્યેક રાજ્યપર પોતાની આમ્નાય બેસારી, અને છખંડની પ્રભૂતા મેળવી. માત્ર બાહુબળ જે ભરતેશ્વરનો મોટો ભાઇ હતો તેણે એ પ્રભુતા અંગીકાર ન કરી. એથી પરિણામમાં ભરતેશ્વર અને બાહુબળને યુદ્ધ મંડાયું. ઘણા વખત સુધી ભરતેશ્વર કે બાહુબળ એ બન્નેમાંથી એક્કે હઠ્યા નહીં, ત્યારે ક્રોધાવેશમાં આવી જઇ ભરતેશ્વરે બાહુબળ પર ચક્ર મૂક્યું. એક વીર્યથી ઉત્પન્ન થયેલા ભાઈપર પણ તે ચક્ર પ્રભાવ ન કરી શકે, એ નિયમથી ફરીને પાછું ભરતેશ્વરના હાથમાં આવ્યું. ભરતે ચક્ર મૂકવાથી બાહુબળને બહુ ક્રોધ આવ્યો. તેણે મહા બળવત્તર મુષ્ટી ઉપાડી. તત્કાળ ત્યાં તેની

---

[1] દ્વિતીયાવૃત્તિમાં પાઠાન્તરઃ "એક પરણેલી સ્રીમાં જ માત્ર વૃત્તિ રોકી પરસ્રી તરફ પુત્રિભાવથી જુએ છે."—સંશોધક.

ભાવનાનું સ્વરૂપ ફર્યું. તે વિચારી ગયો કે "હું આ બહુ નિંદનીય કરું છઉં. આનું પરિણામ કેવું દુ:ખદાયક છે ! ભલે ભરતેશ્વર રાજ્ય ભોગવો. મિથ્યા પરસ્પરનો નાશ શા માટે કરવો ? આ મુષ્ટિ મારવી યોગ્ય નથી; તેમ ઉગામી તે હવે પાછી વાળવી પણ યોગ્ય નથી." એમ કહી તેણે પંચમુષ્ટિ કેશલુંચન કર્યું; અને ત્યાંથી મુનિત્વભાવે ચાલી નીકળ્યો. ભગવાન્ આદીશ્વર જ્યાં અઠ્ઠાણુ દિક્ષિત પુત્રોથી તેમ જ આર્ય આર્યાથી વિહાર કરતા હતા ત્યાં જવા ઇચ્છા કરી; પણ મનમાં માન આવ્યું. ત્યાં હું જઈશ તો મારાથી નાના અઠ્ઠાણું ભાઈને વંદન કરવું પડશે. તેથી ત્યાં તો જવું યોગ્ય નથી. પછી વનમાં તે એકાગ્ર ધ્યાને રહ્યો. હળવે હળવે બાર વર્ષ થઈ ગયાં. મહાતપથી કાયા હાડકાંનો માળો થઈ ગઈ. તે સુકાં ઝાડ જેવો દેખાવા લાગ્યો; પરંતુ જ્યાંસુધી માનનો અંકુર તેનાં અંતઃકરણથી ખસ્યો નહોતો ત્યાંસુધી તે સિદ્ધિ ન પામ્યો. બ્રાહ્મી અને સુંદરીએ આવીને તેને ઉપદેશ કર્યો: "આર્ય વીર ! હવે મદોન્મત્ત હાથીપરથી ઉતરો; એનાથી તો બહુ શોષ્યું." એઓનાં આ વચનોથી બાહુબલ વિચારમાં પડ્યો. વિચારતાં વિચારતાં તેને ભાન થયું કે "સત્ય છે, હું માનરૂપી મદોન્મત હાથીપરથી હજુ ક્યાં ઉતર્યો છઉં ? હવે એથી ઉતરવું એ જ મંગળકારક છે;" એમ કહીને તેણે વંદન કરવાને માટે પગલું ભર્યું કે અનુપમ દિવ્ય કૈવલ્યકમળાને પામ્યો.

વાંચનાર ! જુઓ માન એ કેવી દુરિત વસ્તુ છે ! !

શિક્ષાપાઠ ૧૮. ચારગતિ.—

શાતાવેદનીય આશાતાવેદનીય વેદતાં શુભાશુભ કર્મનાં ફળ ભોગવવા આ સંસારવનમાં જીવ ચારગતિમાં ભમ્યા કરે છે; એ ચાર ગતિ ખચીત જાણવી જોઈએ.

૧. નરકગતિ—મહારંભ, મદિરાપાન, માંસભક્ષણ ઈત્યાદિક તીવ્ર હિંસાના કરનાર જીવો અઘોર નરકમાં પડે છે. ત્યાં લેશ પણ શાતા, વિશ્રામ કે સુખ નથી. મહા અંધકાર વ્યાપ્ત છે. અંગછેદન,[1] (સહન કરવું પડે છે;) અગ્નિમાં બળવું (પડે છે,) અને છરપલાની ધાર જેવું જળ પીવું પડે છે. અનંત દુ:ખથી કરીને જ્યાં પ્રાણીભૂતે સાંકડ, અશાતા અને વિલવિલાટ સહન કરવાં પડે છે. જે દુ:ખને કેવળજ્ઞાનીઓ પણ કહી શક્તા નથી. અહોહો ! ! તે દુ:ખ અનંતિવાર આ આત્માએ ભોગવ્યાં છે.

૨. તિર્યંચગતિ—છલ, જૂઠ પ્રપંચ ઇત્યાદિક કરીને જીવ સિંહ, વાઘ, હાથી, મૃગ, ગાય, ભેંસ, બળદ ઈત્યાદિક શરીર ધારણ કરેછે. તે તિર્યંચગતિમાં ભૂખ, તરશ, તાપ, વધબંધન, તાડન, ભાર વહન કરવા ઈત્યાદિકનાં દુ:ખને સહન કરે છે.

૩. મનુષ્યગતિ—ખાદ્ય,અખાદ્ય,(વિષે) વિવેકરહિત (છે,) લજ્જાહીન, માતા પુત્રી સાથે કામગમન કરવામાં જેને પાપાપાપનું ભાન નથી. નિરંતર માંસભક્ષણ, ચોરી, પરસ્ત્રીગમન વગેરે મહા પાતક કર્યા કરે છે. એ તો જાણે અનાર્યદેશનાં અનાર્ય મનુષ્ય છે. પણ ક્ષત્રિ, બ્રાહ્મણ. વૈશ્ય પ્રમુખ મતિહીન, દરિદ્રિ, અજ્ઞાન અને રોગથી પીડિત (મનુષ્યો) છે. માન અપમાન ઇત્યાદિક અનેક પ્રકારનાં દુ:ખ તેઓ ભોગવી રહ્યાં છે.

૪. દેવગતિ—પરસ્પર વેર, ઝેર, કલેશ, શોક મત્સર, કામ, મદ, ક્ષુધા ઇત્યાદિકથી દેવતાઓ પણ આયુષ્ય વ્યતીત કરી રહ્યા છે; એ દેવગતિ. (એમ) ચારગતિ સામાન્યરૂપે કહી.

એક તરૂણ સુકુમારને રોમે રોમે લાલચોળ સુયા ઘોંચવાથી જે અસહ્ય વેદના ઉપજે છે તે કરતાં આઠગુણી વેદના ગર્ભસ્થાનમાં જીવ જ્યારે રહેછે ત્યારે પામે છે. મળ, મૂત્ર, લોહી, પરૂ લગભગ નવ મહિના અહોરાત્ર મૂર્ચ્છાગત સ્થિતિમાં વેદના ભોગવી ભોગવીને જન્મ પામે છે. જન્મસમયે ગર્ભસ્થાનની વેદનાથી અનંત ગુણી વેદના ઉત્પન્ન થાય છે. ત્યાર પછી બાળાવસ્થા પમાય છે. મળ-

---

૧. દ્વિતીયાવૃત્તિમાં પાઠાન્તર: " સંસારવનમાં શુભાશુભ જીવ શાતાવેદનીય, અશાતાવેદનીય વેદતો કર્મનાં ફળ ભોગવવા આ ચાર ગતિમાં ભમ્યા કરે છે, તો એ ચાર ગતિ ખચીત જાણવી જોઈએ." —સંશોધક.

મૂત્ર ધુળ અને નગ્નાવસ્થામાં અણસમજણથી રઝળી રડીને તે બાળાવસ્થા પૂર્ણ થાયછે અને યુવાવસ્થા આવેછે. ધન ઉપાર્જન કરવા માટે નાના પ્રકારનાં પાપમાં પડવું પડે છે. જ્યાંથી ઉત્પન્ન થયોછે ત્યાં એટલે વિષયવિકારમાં વૃત્તિ જાય છે. ઉન્માદ, આળસ, અભિમાન, નિંદ્યદૃષ્ટિ, સંયોગ, વિયોગ એમ ઘટમાળમાં યુવાવય ચાલી જાયછે. ત્યાં વૃદ્ધાવસ્થા આવે છે. શરીર કંપે છે, મુખે લાળ ઝરે છે. ત્વચાપર કરોચલી પડી જાયછે. સુંઘવું સાંભળવું અને દેખવું એ શક્તિઓ કેવળ મંદ થઇ જાય છે, કેશ ધવળ થઇ ખરવા મંડેછે. ચાલવાની આય રહેતી નથી. હાથમાં લાકડી લઇ લડથડીયાં ખાતાં ચાલવું પડે છે. કાં તો જીવનપર્યંત ખાટલે પડ્યાં રહેવું પડે છે. શ્વાસ, ખાંસી ઇત્યાદિક રોગ આવી વળગે છે, અને થોડા કાળમાં કાળ આવીને કોળીઓ કરી જાય છે. આ દેહમાંથી જીવ ચાલી નીકળે છે. કાયા હતી નહતી થઈ જાયછે. મરણસમયે કેટલી બધી વેદના છે? ચતુર્ગતિનાં દુઃખમાં જે મનુષ્યદેહ શ્રેષ્ઠ તેમાં પણ કેટલાં દુઃખ રહ્યાં છે! તેમ છતાં ઉપર જણાવ્યા પ્રમાણે અનુક્રમે કાળ આવે છે એમ નથી. ગમે તે વખતે તે આવીને લઇ જાય છે. માટે જ પ્રમાદ વિના વિચક્ષણ પુરૂષો આત્મકલ્યાણને આરાધે છે.

શિક્ષાપાઠ ૧૯. સંસારને ચાર ઉપમા, ભાગ ૧.—

સંસારને મહા તત્ત્વજ્ઞાનીઓ એક સમુદ્રની ઉપમા પણ આપે છે. સ્થળે સ્થળે સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે; અહો લોકો! એનો પાર પામવા પુરૂષાર્થનો ઉપયોગ કરો! ઉપયોગ કરો!! આમ એમનાં વચન છે. સંસારને સમુદ્રની ઉપમા છાજતી પણ છે. સમુદ્રમાં જેમ મોજાંની છોળો ઉછળ્યા કરે છે તેમ સંસારમાં વિષયરૂપી અનેક મોજાંઓ ઉછળે છે. સમુદ્રના જળનો ઉપરથી જેમ સપાટ દેખાવ છે તેમ સંસાર પણ સરળ દેખાવ દે છે. સમુદ્ર જેમ ક્યાંક બહુ ઉંડો છે અને ક્યાંક ભમરીઓ ખવરાવેછે તેમ સંસાર કામવિષયપ્રપંચાદિકમાં બહુ ઉંડોછે. તે મોહરૂપી ભમરીઓ ખવરાવે છે. થોડું જળ છતાં સમુદ્રમાં જેમ ઉભા રહેવાથી કાદવમાં ખુંચી જઇએ છીએ તેમ સંસારના લેશ પ્રસંગમાં તે તૃષ્ણારૂપી કાદવમાં ધુંચવી દે છે. સમુદ્ર જેમ નાના પ્રકારના ખરાબા અને તોફાનથી નાવ કે વહાણને જોખમ પહોંચાડે છે, તેમ સ્ત્રિયોરૂપી ખરાબા અને કામરૂપી તોફાનથી સંસાર આત્માને જોખમ પહોંચાડે છે. સમુદ્ર જેમ અગાધ જળથી શીતળ દેખાતો છતાં વડવાનળ નામની અગ્નિનો તેમાં વાસ છે, તેમ સંસારમાં માયારૂપી અગ્નિ બળ્યા જ કરે છે. સમુદ્ર જેમ ચોમાસામાં વધારે જળ પામીને ઉંડો ઉતરે છે તેમ પાપરૂપી જળ પામીને સંસાર ઉંડો ઉતરે છે, એટલે મજબુત પાયા કરતો જાય છે.

૨. સંસારને બીજી ઉપમા અગ્નિની છાજે છે. અગ્નિથી કરીને જેમ મહાતાપની ઉત્પત્તિ છે. એમ સંસારથી પણ ત્રિવિધ તાપની ઉત્પત્તિ છે. અગ્નિથી બળેલો જીવ જેમ મહા વિલવિલાટ કરે છે તેમ સંસારથી બળેલો જીવ અનંત દુઃખરૂપ નરકથી અસહ્ય વિલવિલાટ કરે છે. અગ્નિ જેમ સર્વ વસ્તુનો ભક્ષ કરી જાયછે, તેમ સંસારનાં મુખમાં પડેલાંનો તે ભક્ષ કરી જાય છે. અગ્નિમાં જેમ જેમ ઘી અને ઇંધન હોમાય છે તેમ તેમ તે વૃદ્ધિ પામે છે; તેમ [1] સંસારમાં તીવ્ર મોહિનીયરૂપ ઘી અને વિષયરૂપ ઇંધન હોમાય છે તેમ તેમ તે વૃદ્ધિ પામે છે.

૩. સંસારને ત્રીજી ઉપમા અંધકારની છાજે છે. અંધકારમાં જેમ સીંદરી સર્પનું ભાન કરાવે છે તેમ સંસાર સત્યને અસત્યરૂપ બતાવે છે. અંધકારમાં જેમ પ્રાણીઓ આમ તેમ ભટકી વિપત્તિ ભોગવે છે તેમ સંસારમાં બેભાન થઇને અનંત આત્માઓ ચતુર્ગતિમાં આમ તેમ ભટકે છે. અંધકારમાં જેમ કાચ અને હીરાનું જ્ઞાન થતું નથી તેમ સંસારરૂપી અંધકારમાં વિવેક અવિવેકનું જ્ઞાન થતું નથી. જેમ અંધકારમાં પ્રાણીઓ છતી આંખે

---

૧. દ્વિતીયાવૃત્તિમાં પાઠાન્તરઃ "તેવી જ રીતે સંસારરૂપ અગ્નિમાં તીવ્ર મોહિનીરૂપ ઘી અને વિષયરૂપ ઇંધન હોમાતાં તે વૃદ્ધિ પામે છે;"—સંશોધક.

અંધ બની જાય છે તેમ છતી શક્તિએ સંસારમાં તેઓ મોહાંધ બની જાય છે. અંધકારમાં જેમ ઘુવડ ઇત્યાદિકનો ઉપદ્રવ વધે છે તેમ સંસારમાં લોભ, માયાદિકનો ઉપદ્રવ વધે છે. એમ અનેક ભેદે જોતાં સંસાર તે અંધકારરૂપ જ જણાય છે.

શિક્ષાપાઠ ૨૦. સંસારને ચાર ઉપમા. ભાગ ૨.—

૪. સંસારને ચોથી ઉપમા શકટચક્રની એટલે ગાડાંના પૈડાંની છાજે છે. ચાલતાં, શકટચક્ર જેમ ફરતું રહે છે તેમ સંસારમાં પ્રવેશ કરતાં તે ફરતારૂપે રહે છે. શકટચક્ર જેમ ધરી વિના ચાલી શકતું નથી તેમ સંસાર મિથ્યાત્વરૂપી ધરી વિના ચાલી શકતો નથી. શકટચક્ર જેમ આરાવડે કરીને રહ્યું છે, તેમ સંસાર શંકા પ્રમદાદિક આરાથી ટક્યો છે. અનેક પ્રકારથી એમ શકટચક્રની ઉપમા પણ સંસારને લાગી શકે છે:

(એવી રીતે) સંસારને જેટલી અધોપમા આપો એટલી થોડી છે. એ ચાર ઉપમા આપણે જાણી. હવે એમાંથી તત્ત્વ લેવું યોગ્ય છે:

૧. સાગર જેમ મજબુત નાવ અને માહિતગાર નાવિકથી તરીને પાર પમાય છે તેમ સદ્ધર્મરૂપી નાવ અને સદ્ગુરુરૂપી નાવિકથી સંસારસાગર પાર પામી શકાય છે. સાગરમાં જેમ ડાહ્યા પુરુષોએ નિર્વિઘ્ન રસ્તો શોધી કાઢ્યો હોય છે તેમ [1]જિનેશ્વર ભગવાને તત્ત્વજ્ઞાનરૂપ ઉત્તમ રાહ બતાવ્યો છે; જે નિર્વિઘ્ન છે.

૨. અગ્નિ જેમ સર્વને ભક્ષ કરી જાય છે, પરંતુ પાણીથી બુઝાઇ જાય છે તેમ વૈરાગ્યજળથી સંસારઅગ્નિ બુઝવી શકાય છે.

૩. અંધકારમાં જેમ દીવો લઇ જવાથી પ્રકાશ થઇ જોઇ શકાય છે, તેમ તત્ત્વજ્ઞાનરૂપી નિર્બુઝ દીવો સંસારરૂપી અંધકારમાં પ્રકાશ કરી સત્ય વસ્તુ બતાવે છે.

૪. શકટચક્ર જેમ બળદવિના ચાલી શકતું નથી; તેમ સંસારચક્ર રાગ, દ્વેષવિના ચાલી શકતું નથી.

એમ એ સંસારદરદનું ઉપમાવડે નિવારણ અનુપાન સાથે કહ્યું. તે આત્મહિતૈષિએ નિરંતર મનન કરવું; અને બીજાને બોધવું.

શિક્ષાપાઠ ૨૧ બાર ભાવના.[2]

શિક્ષાપાઠ ૨૨. કામદેવશ્રાવક.—

મહાવીર ભગવાનના સમયમાં દ્વાદશવ્રતને વિમળ ભાવથી ધારણ કરનાર, વિવેકી અને નિર્ગ્રંથવચનાનુરક્ત કામદેવ નામનો એક શ્રાવક તેઓનો શિષ્ય હતો.[3] સુધર્માસભામાં ઇંદ્રે એક વેળા કામદેવની ધર્મઅચળતાની પ્રશંસા કરી. એવામાં ત્યાં એક તુચ્છ બુદ્ધિવાન દેવ બેઠો હતો તે બોલ્યો: " એ તો સમજાયું ! નારી ન મળે ત્યાંસુધી બ્રહ્મચારી, તેમ જ જ્યાંસુધી પરિષહ પડ્યા ન હોય ત્યાંસુધી બધાય સહનશીલ અને ધર્મદ્રઢ. આ મારી વાત હું એને ચળાવી આપીને સત્ય કરી દેખાડું.[4] " ધર્મદ્રઢ કામદેવ તે વેળા કાયોત્સર્ગમાં લીન હતો. દેવતાએ હાથીનું રૂપ વૈક્રિય કર્યું; અને પછી કામદેવને ખુબ ગુંદ્યો તોપણ તે અચળ રહ્યો, એટલે મુશળ જેવું અંગ કરીને કાળાવર્ણનો સર્પ થઇને ભયંકર ફુંકાર કર્યા, તોય કામદેવ કાયોત્સર્ગથી લેશ ચળ્યો નહીં; પછી અટ્ટહાસ્ય કરતા રાક્ષસનો દેહ

---

૧. દ્વિતીયાવૃત્તિમાં પાઠાન્તર: " તેમ જિનેશ્વર ભગવાને તત્ત્વજ્ઞાનરૂપ નિર્વિઘ્ન ઉત્તમ રાહ બતાવ્યો છે." —સંશોધક.

૨. આ શિક્ષાપાઠનો વિષય 'ભાવનાબોધ' માં આવી ગયો હોવાથી અત્ર પુનઃ આપેલ નથી.—સંશોધક.

૩. પ્રથમાવૃત્તિમાં કામદેવ શ્રાવકને એક વચનથી બોલાવ્યા છે. દ્વિતીયાવૃત્તિમાં બહુ વચનથી બોલાવ્યા છે.—સંશોધક.

૪. પાઠાન્તર: " એવામાં ત્યાં એક તુચ્છ બુદ્ધિવાન્ પુરૂષ બેઠો હતો તેણે એવી સુદ્રઢતાનો અવિશ્વાસ બતાવ્યો, અને કહ્યું કે જ્યાંસુધી પરિષહ પડયા ન હોય ત્યાંસુધી બધાય સહનશીલ અને ધર્મદ્રઢ જણાય."—સંશોધક.

ધારણ કરીને અનેક પ્રકારના પરિષહ કર્યા, તોપણ કામદેવ કાયોત્સર્ગથી ચળ્યો નહીં. સિંહ વગેરેનાં અનેક ભયંકર રૂપ કર્યાં તોપણ કાયોત્સર્ગમાં લેશ હીનતા કામદેવે આણી નહીં. એમ રાત્રિના ચાર પહોર દેવતાએ કર્યા કર્યું; પણ તે પોતાની ધારણામાં ફાવ્યો નહીં. પછી તેણે ઉપયોગવડે કરીને જોયું તો મેરના શિખરની પેરે તે અડોલ રહ્યો દીઠો. કામદેવની અદ્‌ભુત નિશ્ચલતા જાણી તેને વિનયભાવથી પ્રણામ કરી દોષ ક્ષમાવીને તે દેવતા સ્વસ્થાનકે ગયો.

[1]કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા આપણને શું બોધ કરે છે તે કહ્યા વગર પણ સમજાયું હશે. એમાંથી તત્ત્વવિચાર એ લેવાનો છે કે નિર્ગ્રંથપ્રવચનમાં પ્રવેશ કરીને દૃઢ રહેવું; કાયોત્સર્ગ ઇત્યાદિક જે ધ્યાન ધરવાનાં છે તે જેમ બને તેમ એકાગ્ર ચિત્તથી અને દૃઢતાથી નિર્દોષ કરવાં. ચળવિચળ ભાવથી કાયોત્સર્ગ બહુ દોષયુક્ત થાય છે. [2]પાઇને માટે ધર્મશાખ કાઢનારા ધર્મમાં દૃઢતા ક્યાંથી રાખે ? અને રાખે તો કેવી રાખે ! એ વિચારતાં ખેદ થાય છે.

શિક્ષાપાઠ ૨૩. સત્ય.—

સામાન્ય કથનમાં પણ કહેવાય છે કે સત્ય એ આ સૃષ્ટિનું[3] ધારણ છે. અથવા સત્યને આધારે આ સૃષ્ટિ[4] રહી છે. એ કથનમાંથી એવી શિક્ષા મળે છે કે ધર્મ, નીતિ, રાજ, અને વ્યવહાર એ સત્યવડે પ્રવર્ત્તન કરી રહ્યાં છે અને એ ચાર ન હોય તો જગતનું રૂપ કેવું ભયંકર હોય ? એ માટે થઇને સત્ય એ સૃષ્ટિનું[5] ધારણ છે એમ કહેવું એ કંઇ અતિશયોક્તિ જેવું કે નહીં માનવા જેવું નથી.

વસુરાજાનું એક શબ્દનું અસત્ય બોલવું કેટલું દુઃખદાયક થયું હતું તે[6] તત્ત્વવિચાર કરવા માટે અહીં હું કહું છઉં:

વસુરાજા, નારદ અને પર્વત એ ત્રણે એક ગુરુ પાસેથી વિદ્યા ભણ્યા હતા. પર્વત અધ્યાપકનો પુત્ર હતો. અધ્યાપકે કાળ કર્યો. એથી પર્વત તેની મા સહિત વસુરાજાના દરબારમાં આવ્યો[7] હતો. (એક) રાત્રે તેની મા પાસે બેઠી છે; અને પર્વત તથા નારદ શાસ્ત્રાભ્યાસ કરે છે. એમાં એક વચન પર્વત એવું બોલ્યો કે 'અજાહોતવ્યં.' ત્યારે નારદ બોલ્યો: 'અજ' તે શું પર્વત ? નારદે કહ્યું: 'અજ' તે બોકડો.' નારદ બોલ્યો: "આપણે ત્રણે જણ તારા પિતા કને ભણતા હતા. તારા પિતાએ તો 'અજ' તે ત્રણ વર્ષની 'વ્રીહિ' કહી છે; અને તું અવળું શા માટે કહે છે ? એમ પરસ્પર વચનવિવાદ વધ્યો. ત્યારે પર્વતે કહ્યું: આપણને વસુરાજા કહે તે ખરૂં. એ વાતની નારદે પણ હા કહી.[8] ત્યારપછી પર્વતની મા રાત્રે રાજા પાસે ગઈ અને પૂછ્યું: રાજા ! 'અજ' એટલે શું ? વસુરાજાએ સંબંધપૂર્વક કહ્યું: 'અજ' એટલે 'વ્રીહિ.'. ત્યારે પર્વતની માએ રાજાને કહ્યું: મારા પુત્રથી બોકડો કહેવાયો છે માટે તેનો પક્ષ કરવો પડશે; તમને પૂછવા માટે તેઓ આવશે. વસુરાજા બોલ્યો: હું અસત્ય કેમ કહું ? મારાથી એ બની શકે નહીં. પર્વતની માએ કહ્યું: પણ જો તમે મારા પુત્રનો પક્ષ નહીં કરો તો તમને હું હત્યા આપીશ. રાજા વિચારમાં પડી ગયો કે સત્યવડે કરીને હું મણિમય સિંહાસનપર અદ્ધર બેસું છઉં. લોકસમુ-

---

૧. પાઠાન્તરઃ " કામદેવ શ્રાવકની ધર્મદૃઢતા એવો બોધ કરે છે કે, સત્ય ધર્મ અને સત્ય પ્રતિજ્ઞામાં પરમ દૃઢ રહેવું; અને કાયોત્સર્ગાદિ જેમ બને તેમ એકાગ્ર ચિત્તથી અને સુદૃઢતાથી નિર્દોષ કરવાં."—સંશોધક.

૨. પાઠાન્તરઃ "પાઇ જેવા દ્રવ્યલાભ માટે ધર્મશાખ કાઢનારની ધર્મમાં દૃઢતા ક્યાંથી રહી શકે ? અને રહી શકે તો કેવી રહે ? "—સંશોધક.

૩–૪–૫ ' સૃષ્ટિ'ને બદલે 'જગત્' દ્વિતીયાવૃત્તિમાં છે.—સંશોધક.

૬. પાઠાન્તરઃ " તે પ્રસંગ વિચાર કરવા માટે અહીં કહીશું. "—સંશોધક.

૭. પાઠાન્તરઃ " આવી રહ્યો હતો. "—સંશોધક.

૮. " અને જીતે તેને માટે અમુક શરત કરી- પર્વતની મા જે પાસે બેઠી હતી તેણે આ સાંભળ્યું. 'અજ' એટલે 'વ્રીહિ' એમ તેને પણ યાદ હતું. શરતમાં પોતાનો પુત્ર હારશે એવા ભયથી પર્વતની મા રાત્રે રાજા પાસે ગઈ" આ પ્રમાણે દ્વિતીયાવૃત્તિમાં આ સ્થળે છે.—સંશોધક.

દાયને ન્યાય આપું છઉં. લોક પણ એમ જાણે છે કે રાજા સત્ય ગુણે કરીને સિંહાસનપર અંતરિક્ષ બેસે છે. હવે કેમ કરવું ? જો પર્વતનો પક્ષ ન કરૂં તો બ્રાહ્મણી મરે છે; એ વળી મારા ગુરૂની સ્ત્રી છે. ન ચાલતાં છેવટે રાજાએ બ્રાહ્મણીને કહ્યું: તમે ભલે જાઓ; હું પર્વતનો પક્ષ કરીશ. આવો નિશ્ચય કરાવીને પર્વતની મા ઘેર આવી. પ્રભાતે નારદ, પર્વત અને તેની મા વિવાદ કરતાં રાજા પાસે આવ્યાં. રાજા અજાણ થઈ પૂછવા લાગ્યો: શું છે પર્વત ? પર્વતે કહ્યું: રાજાધિરાજ ! 'અજ' તે શું ? તે કહો. રાજાએ નારદને પૂછ્યું: તમે શું કહોછો ? નારદે કહ્યું 'અજ' તે ત્રણ વર્ષની 'વ્રીહિ.' તમને ક્યાં નથી સાંભરતું ? વસુરાજા બોલ્યો: 'અજ' એટલે 'બોકડો' પણ 'વ્રીહિ' નહીં. તે જ વેળા દેવતાએ સિંહાસનથી ઉછાળી હેઠો નાખ્યો; વસુ કાળપરિણામ પામ્યો.

[1]આ ઉપરથી આપણે સઘળાએ સત્ય તેમ જ રાજાએ સત્ય અને ન્યાય બન્ને ગ્રહણ કરવારૂપ છે એ મુખ્ય બોધ મળે છે.

જે પાંચ મહાવ્રત ભગવાને પ્રણીત કર્યાં છે; તેમાંનાં પ્રથમ મહાવ્રતની રક્ષાને માટે બાકીનાં ચાર વ્રત વાડરૂપે છે; અને તેમાં પણ પહેલી વાડ તે સત્ય મહાવ્રત છે; એ સત્યના અનેક ભેદ સિદ્ધાંતથી શ્રુત કરવા અવશ્યના છે.

શિક્ષાપાઠ ૨૪. સત્સંગ.—

સત્સંગ એ સર્વ સુખનું મૂળ છે; સત્સંગ (નો લાભ) મળ્યો કે તેના પ્રભાવવડે વાંછિત સિદ્ધિ થઈ જ પડી છે. ગમે તેવા પવિત્ર થવાને માટે સત્સંગ શ્રેષ્ઠ સાધન છે. સત્સંગની એક ઘડી જે લાભ દે છે તે કુસંગનાં એક કોટ્યાવધિ વર્ષ પણ લાભ ન દઈ શકતાં અધોગતિમય મહા પાપો કરાવે છે, તેમ જ આત્માને મલિન કરે છે. સત્સંગનો સામાન્ય અર્થ એટલો છે કે ઉત્તમનો સહવાસ. જ્યાં સારી હવા નથી આવતી ત્યાં રોગની વૃદ્ધિ થાય છે; તેમ જ્યાં સત્સંગ નથી ત્યાં આત્મરોગ વધે છે. દુર્ગંધથી કંટાળીને જેમ નાકે વસ્ત્ર આડું દઈએ છીએ તેમ કુસંગથી સહવાસ બંધ કરવાનું અવશ્યનું છે. સંસાર એ પણ એક પ્રકારનો સંગ છે; અને તે અનંત કુસંગરૂપ તેમ જ દુઃખદાયક હોવાથી ત્યાગવાયોગ્ય છે. ગમે તે જાતનો સહવાસ હોય પરંતુ જેવડે આત્મસિદ્ધિ નથી તે સત્સંગ નથી. આત્માને સત્ય રંગ ચઢાવે તે સત્સંગ. મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રિ. ઉત્તમ શાસ્ત્રમાં નિરંતર એકાગ્ર રહેવું તે પણ સત્સંગ છે. સત્પુરૂષોનો સમાગમ એ પણ સત્સંગ છે. મલિન વસ્ત્રને જેમ સાબુ તથા જળ સ્વચ્છ કરે છે, તેમ આત્માની મલિનતાને શાસ્ત્રબોધ અને સત્પુરૂષોનો સમાગમ, ટાળી શુદ્ધતા આપે છે. જેનાથી હમેશનો પરિચય રહી રાગ, રંગ, ગાન, તાન, અને સ્વાદિષ્ટ ભોજન સેવાતાં હોય તે તમને ગમે તેવો પ્રિય હોય તોપણ નિશ્ચય માનજો કે તે સત્સંગ નથી, પણ કુસંગ છે. સત્સંગથી પ્રાપ્ત થયેલું એક વચન અમૂલ્ય લાભ આપે છે. તત્ત્વજ્ઞાનીઓએ મુખ્ય બોધ એવો કર્યો છે કે, સર્વસંગપરિત્યાગ કરી, આંતરમાં રહેલા સર્વ વિકારથી પણ વિરક્ત રહી એકાંતનું સેવન કરો. તેમાં સત્સંગની સ્તુતિ આવી જાય છે. કેવળ એકાંત તે તો ધ્યાનમાં રહેવું કે યોગાભ્યાસમાં રહેવું એ છે, પરંતુ સમસ્વભાવીનો સમાગમ જેમાંથી એક જ પ્રકારની વર્ત્તનતાનો પ્રવાહ નીકળે છે તે, ભાવે એક જ રૂપ હોવાથી ઘણા માણસો છતાં અને પરસ્પરનો સહવાસ છતાં તે એકાંતરૂપ જ છે; અને તેવી એકાંત માત્ર સંતસમાગમમાં રહી છે. કદાપિ કોઈ એમ વિચારશે કે વિષયીમંડળ મળે છે ત્યાં સમભાવ હોવાથી એકાંત કાં ન કહેવી ? તેનું સમાધાન તત્કાળ છે કે, તેઓ એક સ્વભાવી હોતા નથી. પરસ્પર સ્વાર્થબુદ્ધિ અને માયાનું અનુસંધાન હોય છે અને જ્યાં એ બે કારણથી સમાગમ છે તે એક સ્વભાવી કે નિર્દોષ હોતા નથી. નિર્દોષ અને સમસ્વભાવી સમાગમ તો પરસ્પરથી શાંત મુનીશ્વરોનો છે; તેમ જ ધર્મધ્યાનપ્રશસ્ત અલ્પારંભી પુરૂષનો પણ કેટલેક અંશે છે. જ્યાં સ્વાર્થ અને માયા કપટ જ છે ત્યાં સમસ્વભાવતા નથી; અને તે સત્સંગ પણ

---

૧. પાઠાન્તર: " આ ઉપરથી સામાન્ય મનુષ્યોએ સત્ય, તેમ જ રાજાએ ન્યાયમાં અપક્ષપાત અને સત્ય બન્ને ગ્રહણકરવાયોગ્ય છે એ મુખ્ય બોધ મળે છે. "—સંશોધક.

નથી. સત્સંગથી જે સુખ, આનંદ મળે છે તે અતિ સ્તુતિપાત્ર છે. જ્યાં શાસ્ત્રોનાં સુંદર પ્રશ્નો થાય, જ્યાં ઉત્તમ જ્ઞાન ધ્યાનની સુકથા થાય; જ્યાં સત્પુરુષોનાં ચરિત્રપર વિચાર બંધાય, જ્યાં તત્ત્વજ્ઞાનના તરંગની લહરિયો છૂટે, જ્યાં સરળ સ્વભાવથી સિદ્ધાંતવિચાર ચર્ચાય, જ્યાં મોક્ષજન્ય કથનપર પુષ્કળ વિવેચન થાય; એવો સત્સંગ તે મહા દુર્લભ છે. કોઈ એમ કહે કે સત્સંગમંડળમાં કોઈ માયાવિ નહીં હોય ? તો તેનું સમાધાન આ છે: જ્યાં માયા અને સ્વાર્થ હોય છે ત્યાં સત્સંગ જ હોતો નથી. રાજહંસની સભાનો કાગ દેખાવ કદાપિ ન કળાય તો અવશ્ય રાગે કળાશે; મૌન રહ્યો તો મુખમુદ્રાએ કળાશે. પણ તે અંધકારમાં જાય નહીં. તેમ જ માયાવિયોગ સત્સંગમાં સ્વાર્થે જઈને શું કરે ? ત્યાં પેટ ભર્યાંની વાત તો હોય નહીં. બે ઘડી ત્યાં જઈ તે વિશ્રાંતિ લેતા હોય તો ભલે કે જેથી રંગ લાગે. અને રંગ લાગે નહીં તો બીજીવાર તેનું આગમન હોય નહીં. પૃથ્વીપર તરાય નહીં; તેમ સત્સંગથી બુડાય નહીં. આવી સત્સંગમાં ચમત્કૃતિ છે. નિરંતર એવા નિર્દોષ સમાગમમાં માયા લઈને આવે પણ કોણ ? કોઈ જ દુર્ભાગી અને તે પણ અસંભવિત છે.

સત્સંગ એ આત્માનું પરમ હિતસ્વિ[1] ઔષધ છે.

શિક્ષાપાઠ ૨૫. પરિગ્રહને સંકોચવો.—

જે પ્રાણીને પરિગ્રહની મર્યાદા નથી તે પ્રાણી સુખી નથી, તેને જે મળ્યું તે ઓછું છે; કારણ જેટલું મળતું જાય તેટલાંથી વિશેષ પ્રાપ્ત કરવા તેની ઇચ્છા થાય છે. પરિગ્રહની પ્રબળતામાં જે કંઈ મળ્યું હોય તેનું સુખ તો ભોગવાતું નથી, પરંતુ હોય તે પણ વખતે જાય છે. પરિગ્રહથી નિરંતર ચળવિચળ અને પાપભાવના રહે છે. અકસ્માત્ યોગથી એવી પાપભાવનામાં આયુષ્ય પૂર્ણ થાય તો બહુધા અધોગતિનું કારણ થઈ પડે. કેવળ પરિગ્રહ તો મુનીશ્વરો ત્યાગી શકે; પણ ગૃહસ્થો એની અમુક મર્યાદા કરી શકે. મર્યાદા થવાથી ઉપરાંત પરિગ્રહની ઉત્પત્તિ નથી અને એથી કરીને વિશેષ ભાવના પણ બહુધા થતી નથી, અને વળી જે મળ્યું છે તેમાં સંતોષ રાખવાની પ્રથા પડે છે; એથી સુખમાં કાળ જાય છે. કોણ જાણે લક્ષ્મીઆદિકમાં કેવીએ વિચિત્રતા રહી છે કે જેમ જેમ લાભ થતો જાય છે તેમ તેમ લોભની વૃદ્ધિ થતી જાય છે. ધર્મસંબંધી કેટલુંક જ્ઞાન છતાં, ધર્મની દૃઢતા છતાં પણ પરિગ્રહના પાસમાં પડેલો પુરૂષ કોઈક જ છૂટી શકે છે; વૃત્તિ એમાં જ લટકી રહે છે; પરંતુ એ વૃત્તિ કોઈ કાળે સુખદાયક કે આત્મહિતૈષિ થઈ નથી. જેણે એની ટુંકી મર્યાદા કરી નહીં તે બહોળાં દુઃખના ભોગી થયા છે.

છ ખંડ સાધી આજ્ઞા મનાવનાર રાજાધિરાજ, ચક્રવર્ત્તિ કહેવાય છે. એ સમર્થ ચક્રવર્ત્તિમાં સુભુમ્ નામે એક ચક્રવર્ત્તિ થઈ ગયો છે. એણે છ ખંડ સાધી લીધા એટલે ચક્રવર્ત્તિપદથી તે મનાયો; પણ એટલેથી એની મનોવાંચ્છા તૃપ્ત ન થઈ; હજુ તે તરસ્યો રહ્યો. એટલે ધાતકી ખંડના છ ખંડ સાધવા એણે નિશ્ચય કર્યો. બધા ચક્રવર્ત્તિ છખંડ સાધે છે; અને હું પણ એટલા જ સાધું તેમાં મહત્તા શાની ? બારખંડ સાધવાથી ચિરંકાળ હું નામાંકિત થઈશ. સમર્થ આજ્ઞા જીવનપર્યંત એ ખંડોપર મનાવી શકીશ. એવા વિચારથી સમુદ્રમાં ચર્મરત્ન મૂક્યું. તે ઉપર સર્વ સૈન્યાદિકનો આધાર રહ્યો હતો;. ચર્મરત્નના એક હજાર દેવના સેવક કહેવાય છે. તેમાં પ્રથમ એકે વિચાર્યું કે કોણ જાણે ? કેટલાંય વર્ષે આમાંથી છૂટકો થશે; માટે દેવાંગનાને તો મળી આવું એમ ધારી તે ચાલ્યો ગયો; પછી બીજો ગયો; પછી ત્રીજો ગયો. અને એમ કરતાં કરતાં હજારે ચાલ્યા ગયા; ત્યારે ચર્મરત્ન બુડયું. અશ્વ, ગજ અને સર્પ સૈન્યસહિત સુભુમ્ નામનો તે ચક્રવર્ત્તિ બૂડ્યો; પાપભાવનામાં મરીને તે અનંત દુઃખથી ભરેલી સાતમી તમતમપ્રભાનરકને વિષે જઈને પડ્યો. જુઓ ! છ ખંડનું આધિપત્ય તો ભોગવવું રહ્યું; પરંતુ અકસ્માત્ અને ભયંકર રીતે પરિગ્રહની પ્રીતિથી એ ચક્રવર્ત્તિનું મૃત્યુ થયું. તો પછી બીજા માટે તો કહેવું જ શું ? પરિગ્રહ એ પાપનું મૂળ છે. પાપનો પિતા છે. અન્ય એકાદશવ્રતને મહા દોષ દે એવો એનો સ્વભાવ છે. એ માટે થઈને આત્મહિતૈષિએ જેમ બને તેમ તેનો ત્યાગ કરી મર્યાદાપૂર્વક વર્ત્તન કરવું.

શિક્ષાપાઠ ૨૬. તત્ત્વ સમજવું.—

શાસ્ત્રોનાં શાસ્ત્રો મુખ પાઠ હોય એવા પુરુષો ઘણા મળી શકે; પરંતુ જેણે થોડાં વચનોપર પ્રૌઢ અને વિવેકપૂર્વક વિચાર કરી શાસ્ત્ર જેટલું જ્ઞાન હૃદયગત કર્યું હોય તેવા મળવા દુર્લભ છે. તત્ત્વને પહોંચી જવું એ કંઇ નાની વાત નથી. કૂદીને દરિયો ઓળંગી જવો છે.

' અર્થ ' એટલે ' લક્ષ્મી, ' ' અર્થ ' એટલે ' તત્ત્વ ' અને ' અર્થ ' એટલે ' શબ્દનું બીજું નામ. ' આવા (અર્થ શબ્દના ઘણા) અર્થ થાય છે. પણ ' અર્થ ' એટલે ' તત્ત્વ ' એ વિષયપર અહીં આગળ કહેવાનું છે. જેઓ નિર્ગ્રંથપ્રવચનમાં આવેલાં પવિત્ર વચનો મુખપાઠ કરે છે તે તેઓનાં ઉત્સાહબળે સત્ફળ ઉપાર્જન કરે છે; પરંતુ જો તેનો મર્મ પામ્યો હોય તો એથી એ સુખ, આનંદ, વિવેક અને પરિણામે મહદ્દ્ભુત ફળ પામે છે. અભણ પુરુષ સુંદર અક્ષર અને તાણેલા મિથ્યા લીટા એ બેના ભેદને જેટલું જાણે છે તેટલું જ મુખપાઠી અન્ય ગ્રંથ વિચાર અને નિર્ગ્રંથપ્રવચનને ભેદરૂપ માને છે. કારણ તેણે અર્થપૂર્વક નિર્ગ્રંથ વચનામૃતો ધાર્યાં નથી; તેમ તે પર યથાર્થ તત્ત્વવિચાર કર્યો નથી. યદ્યપિ તત્ત્વવિચાર કરવામાં સમર્થ બુદ્ધિપ્રભાવ જોઇએ છીએ; તોપણ કંઇ વિચાર કરી શકે; પથ્થર પીગળે નહીં તોપણ પાણીથી પલળે. તેમ જ જે વચનામૃતો મુખપાઠ કર્યાં હોય તે અર્થસહિત હોય તો બહુ ઉપયોગી થઈ પડે; નહીં તો પોપટવાળું રામનામ. પોપટને કોઈ પરિચયે રામનામ કહેતાં શીખડાવે; પરંતુ પોપટની બલા જાણે કે રામ તે દાડમ કે દ્રાક્ષ. સામાન્યાર્થ સમજ્યા વગર એવું થાય છે. કચ્છી વૈશ્યોનું દ્રષ્ટાંત એક કહેવાય છે તે કંઇક હાસ્યયુક્ત છે ખરૂં, પરંતુ એમાંથી ઉત્તમ શિક્ષા મળી શકે તેમ છે એટલે અહીં કહી જઉં છઉં: કચ્છનાં કોઈ ગામમાં શ્રાવકધર્મ પાળતા રાયસી, દેવસી અને ખેતસી એમ ત્રણ નામધારી ઓશવાળ રહેતા હતા. નિયમિત રીતે તેઓ સંધ્યાકાળે, પરોઢિયે પ્રતિક્રમણ કરતા હતા. પરોઢિયે રાયસી, અને સંધ્યાકાળે દેવસી પ્રતિક્રમણ કરાવતા હતા. રાત્રિ સંબંધી પ્રતિક્રમણ રાયસી કરાવતો; અને સંબંધે " રાઇ પડિક્કમણંઠાયમિ " એમ તેને બોલાવવું પડતું; તેમ જ દેવસીને "દેવસીય પડિક્કમણંઠાયમિ" એમ સંબંધ હોવાથી બોલાવવું પડતું. યોગાનુયોગે ઘણાના આગ્રહથી એક દિવસ સંધ્યાકાળે ખેતશીને બોલાવવા બેસાર્યો. ખેતશીએ " જ્યાં દેવસીય પડિક્કમણંઠાયમિ" એમ આવ્યું ત્યાં "ખેતસીપડિક્કમણંઠાયમિ" એ વાક્યો લગાવી દીધાં. એ સાંભળી બધા હાસ્યગ્રસ્ત થયા અને પૂછ્યું આમ કાં ? ખેતશી બોલ્યો: વળી આમ તે કેમ ? ત્યાં ઉત્તર મળ્યો કે, " ખેતસીપડિક્કમણંઠાયમિ" એમ તમે કેમ બોલો છો ? ખેતશીએ કહ્યું: " હું ગરીબ છઉં એટલે મારૂં નામ આવ્યું ત્યાં પાધરી તકરાર લઈ બેઠા, પણ રાયસી અને દેવસી માટે તો કોઇ દિવસ કોઇ બોલતા પણ નથી. એ બન્ને કેમ ' રાઇ પડિક્કમણંઠાયમિ ' અને ' દેવસીયપડિક્કમણંઠાયમિ ' એમ કહે છે. તો પછી હું ' ખેતશીપડિક્કમણંઠાયમિ ' એમ કાં ન કહું. ? એની ભદ્રિકતાએ તો બધાને વિનોદ ઉપજાવ્યો; પછી અર્થની કારણસહિત સમજણ પાડી એટલે ખેતશી પોતાનાં મુખપાઠી પ્રતિક્રમણથી શરમાયો.

આ તો એક સામાન્ય વાત છે; પરંતુ અર્થની ખુબી ન્યારી છે. તત્ત્વજ્ઞ તેપર બહુ વિચાર કરી શકે. બાકી તો ગોળ ગળ્યો જ લાગે તેમ નિર્ગ્રંથવચનામૃતો પણ સત્ફળ જ આપે. અહો ! પણ મર્મ પામવાની વાતની તો બલિહારી જ છે !

શિક્ષાપાઠ ૨૭. યત્ના.—

જેમ વિવેક એ ધર્મનું મૂળતત્ત્વ છે તેમ યત્ના એ ધર્મનું ઉપતત્ત્વ છે. વિવેકથી ધર્મતત્ત્વ ગ્રહણ કરાય છે અને યત્નાથી તે તત્ત્વ શુદ્ધ રાખી શકાય છે; તે પ્રમાણે પ્રવર્ત્તન કરી શકાય છે. પાંચ સમિતિરૂપ યત્નો તો બહુ શ્રેષ્ઠ છે; પરંતુ ગૃહાશ્રમીથી તે સર્વ ભાવે પાળી શકાતાં નથી; છતાં જેટલા ભાવાંશે પાળી શકાય તેટલા ભાવાંશે પણ અસાવધાનીથી પાળી શકતાં નથી. જિનેશ્વર ભગવાને બોધેલી સ્થૂળ અને સૂક્ષ્મ દયા પ્રત્યે જ્યાં બેદરકારી છે ત્યાં બહુ દોષથી પાળી શકાય છે. એ

યત્નાની ન્યૂનતાને લીધે છે. ઉતાવળી અને વેગભરી ચાલ, પાણી ગળી તેનો સંખાળો રાખવાની અપૂર્ણ વિધિ, કાષ્ઠાદિક ઇંધનનો વગર ખંખેર્યે, જોયે ઉપયોગ; અનાજમાં રહેલ સૂક્ષ્મ જંતુઓની અપૂર્ણ તપાસ, પુંજ્યા પ્રામાર્જ્યા વગર રહેવા દીધેલાં ઠામ, અસ્વચ્છ રાખેલા ઓરડા, આંગણામાં પાણીનું ઢોળવું, એઠનું રાખી મૂકવું, પાટલા વગર ધખધખતી થાળી નીચે મૂકવી. એથી પોતાને અસ્વચ્છતા, અગવડ, અનારોગ્યતા ઇત્યાદિક ફળ થાય છે; અને મહા પાપનાં કારણ પણ થઇ પડે છે. એ માટે થઇને કહેવાનો બોધ કે ચાલવામાં, બેસવામાં, ઉઠવામાં, જમવામાં અને બીજા હરેક પ્રકારમાં યત્નાનો ઉપયોગ કરવો. એથી દ્રવ્યે અને ભાવે બન્ને પ્રકારે લાભ છે. ચાલ ધીમી અને ગંભીર રાખવી. ઘર સ્વચ્છ રાખવાં, પાણી વિધિસહિત ગળાવવું, કાષ્ઠાદિક ઇંધન ખંખેરીને નાખવાં એ કંઇ આપણને અગવડપડતું કામ નથી; તેમ તેમાં વિશેષ વખત જતો નથી. એવા નિયમો દાખલ કરી દીધા પછી પાળવા મુશ્કેલ નથી. એથી બિચારા અસંખ્યાત નિરપરાધી જંતુઓ બચ્ચે છે.

પ્રત્યેક કામ યત્નાપૂર્વક જ કરવું એ વિવેકી શ્રાવકનું કર્ત્તવ્ય છે.

શિક્ષાપાઠ ૨૮. રાત્રિભોજન.—

અહિંસાદિક પંચમહાવ્રત જેવું ભગવાને રાત્રિભોજનત્યાગવ્રત કહ્યું છે. રાત્રિમાં જે ચાર પ્રકારના આહાર છે તે અભક્ષ્યરૂપ છે. જે જાતિનો આહારનો રંગ હોય છે તે જાતિનાં તમસ્કાય નામના જીવ તે આહારમાં ઉત્પન્ન થાય છે. રાત્રિભોજનમાં એ શિવાય પણ અનેક દોષ રહ્યા છે. રાત્રે જમનારને રસોઇને માટે અગ્નિ સળગાવવી પડે છે ત્યારે સમીપની ભીંતપર રહેલા નિરપરાધી સૂક્ષ્મ જંતુઓ નાશ પામે છે. ઇંધનને માટે આણેલાં કાષ્ઠાદિકમાં રહેલા જંતુઓ રાત્રિયે નહીં દેખાવાથી નાશ પામે છે; તેમ જ સર્પનાં ઝેરનો, કરોળિયાની લાળનો અને મચ્છરાદિક સૂક્ષ્મ જંતુનો પણ ભય રહે છે; વખતે એ, કુટુંબાદિકને ભયંકર રોગનું કારણ પણ થઇ પડે છે.

રાત્રિભોજનો પુરાણાદિક મતમાં પણ સામાન્ય આચારને ખાતર ત્યાગ કર્યો છે; છતાં તેઓમાં પરંપરાની રૂઢિથી કરીને રાત્રિભોજન પેસી ગયું છે. પણ એ નિષેધક તો છે જ.

શરીરની અંદર બે પ્રકારનાં કમળ છે. તે સૂર્યનાં અસ્તથી સંકોચ પામી જાય છે. એથી કરીને રાત્રિભોજનમાં સૂક્ષ્મ જીવ ભક્ષણરૂપ અહિત થાય છે; જે મહા રોગનું કારણ છે. એવો કેટલેક સ્થળે આયુર્વેદનો પણ મત છે.

સત્પુરુષો તો દિવસ બે ઘડી રહે ત્યારે વાળુ કરે; અને બે ઘડી દિવસ ચઢ્યાં પહેલાં ગમે તે જાતનો આહાર કરે નહીં. રાત્રિભોજનને માટે વિશેષ વિચાર મુનિસમાગમથી કે શાસ્ત્રથી જાણવો. એ સંબંધી બહુ સૂક્ષ્મ ભેદો જાણવા અવશ્યના છે.

ચારે પ્રકારના આહાર રાત્રિને વિષે ત્યાગવાથી મહદ્ફળ છે. એ જિનવચન છે.

શિક્ષાપાઠ ૨૯. સર્વજીવની રક્ષા, ભાગ ૧.—

દયા જેવો એકે ધર્મ નથી. દયા એ જ ધર્મનું સ્વરૂપ છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી. જગતિતળમાં એવા અનર્થકારક ધર્મ મતો પડ્યા છે કે જેઓ જીવને હણતાં લેશ પાપ થતું નથી, બહુ તો મનુષ્યદેહની રક્ષા કરો; એમ કહે છે. તેમ એ ધર્મમતવાળા ઝનુની, મદાંધ અને દયાનું લેશ સ્વરૂપ પણ જાણતા નથી. એઓ જો પોતાનું હૃદયપટ પ્રકાશમાં મૂકીને વિચારે તો અવશ્ય તેમને જણાશે કે એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુને હણવામાં પણ મહા પાપ છે. 'જેવો મને મારો આત્મા પ્રિય છે તેવો તેને પણ તેનો આત્મા પ્રિય છે. હું મારા લેશ વ્યસન ખાતર કે લાભ ખાતર એવા અસંખ્યાતા જીવોને બેધડક હણું છઉં એ મને કેટલું બધું અનંત દુઃખનું કારણ થઇ પડશે.' તેઓમાં બુદ્ધિનું બીજ પણ નહીં હોવાથી (તેઓ) એવો વિચાર કરી શકતા નથી. પાપમાં ને પાપમાં નિશદિન મગ્ન છે. વેદ અને વૈષ્ણવાદિ પંથોમાં પણ સૂક્ષ્મ દયા સંબંધી કંઇ વિચાર જોવામાં આવતો નથી, તોપણ એઓ કેવળ દયાને નહીં સમજનાર કરતાં ઘણા ઉત્તમ છે. બાદર જીવોની રક્ષામાં એ ઠીક

સમજ્યા છે; પરંતુ એ સઘળા કરતાં આપણે કેવા ભાગ્યશાળી કે જ્યાં એક પુષ્પપાંખડી દુભાય ત્યાં પાપ છે; એ ખરુ તત્ત્વ સમજ્યા અને યજ્ઞ યાગાદિક હિંસાથી તો કેવળ વિરક્ત રહ્યા છીએ. બનતા પ્રયત્નથી જીવ બચાવીએ છીએ, છતાં ચાહિને જીવ હણવાની આપણી લેશ ઇચ્છા નથી. અનંતકાય અભક્ષ્યથી બહુ કરી આપણે વિરક્ત જ છીએ. આ કાળે એ સઘળો પુણ્યપ્રતાપ સિદ્ધાર્થ ભૂપાળના પુત્ર મહાવીરના કહેલાં પરમતત્ત્વબોધના યોગબળથી વધ્યો છે. મનુષ્યો રીદ્ધિ પામે છે, સુંદર સ્ત્રી પામે છે, આજ્ઞાંકિત પુત્ર પામે છે, બહોળો કુટુંબપરિવાર પામે છે; માનપ્રતિષ્ઠા તેમ જ અધિકાર પામે છે, અને તે પામવાં કંઇ દુર્લભ નથી; પરંતુ ખરું ધર્મતત્ત્વ કે તેની શ્રદ્ધા કે તેનો થોડો અંશ પણ પામવો મહાદુર્લભ છે. એ રીદ્ધિ ઇત્યાદિક અવિવેકથી પાપનું કારણ થઇ અનંત દુઃખમાં લઇ જાય છે; પરંતુ આ થોડી શ્રદ્ધાભાવના પણ ઉત્તમ પદવીએ પહોંચાડે છે. આમ દયાનું સત્પરિણામ છે. આપણે ધર્મતત્ત્વયુક્ત કુળમાં જન્મ પામ્યા છીએ તો હવે જેમ બને તેમ વિમળ દયામય વર્ત્તનમાં આવવું. વારંવાર લક્ષમાં રાખવું કે સર્વ જીવની રક્ષા કરવી. બીજાને પણ એવો જ યુક્તિપ્રયુક્તિથી બોધ આપવો. સર્વ જીવની રક્ષા કરવા માટે એક બોધદાયક ઉત્તમ યુક્તિ બુદ્ધિશાળી અભયકુમારે કરી હતી તે આવતા પાઠમાં હું કહું છઉં. એમ જ તત્ત્વબોધને માટે યુક્તિકન્યાયથી અનાર્ય જેવા ધર્મમતવાદીઓને શિક્ષા આપવાને વખત મળે તો આપણે કેવા ભાગ્યશાળી !

શિક્ષાપાઠ ૩૦. સર્વ જીવની રક્ષા, ભાગ ૨.—

મગધ દેશની રાજગૃહી નગરીનો અધિરાજા શ્રેણિક એક વખતે સભા ભરીને બેઠો હતો. પ્રસંગોપાત વાતચિતના પ્રસંગમાં માંસલુબ્ધ સામંતો હતા તે બોલ્યા કે હમણાં માંસની વિશેષ સસ્તાઇ છે. આ વાત અભયકુમારે સાંભળી. એ ઉપરથી એ હિંસક સામંતોને બોધ દેવાનો તેણે નિશ્ચય કર્યો. સાંજે સભા વિસર્જન થઈ. રાજા અંતઃપુરમાં ગયા. ત્યારપછી (કર્ત્તવ્ય માટે) અભયકુમાર જેણે જેણે માંસની વાત ઉચ્ચારી હતી તેને તેને ઘેર ગયા. જેને ઘેર જાય ત્યાં સત્કાર કર્યા પછી તેઓ પૂછવા લાગ્યા કે, આપ શા માટે પરિશ્રમ લઈ અમારે ઘેર પધાર્યા ? અભયકુમારે કહ્યુ: "મહારાજા શ્રેણિકને અકસ્માત્ મહા રોગ ઉત્પન્ન થયો છે વૈદ્ય ભેળા કરવાથી તેણે કહ્યું કે, કોમળ મનુષ્યના કાળજાનું સવા ટાંકભાર માંસ હોય તો આ રોગ મટે. તમે રાજાના પ્રિયમાન્ય છો માટે તમારે ત્યાં એ માંસ લેવા આવ્યો છઉં." સામંતે વિચાર્યું કે કાળજાનું માંસ હું મુવાવિના શી રીતે આપી શકું ? એથી અભયકુમારને પૂછયુંઃ મહારાજ, એ તો કેમ થઇ શકે ? એમ કહી પછી અભયકુમારને કેટલુંક દ્રવ્ય પોતાની વાત રાજા આગળ નહીં પ્રસિદ્ધ કરવા માટે તે પ્રત્યેક સામંત આપતા ગયા, અને તે અભયકુમાર લેતો ગયો. એમ સઘળા સામંતોને ઘેર અભયકુમાર ફરી આવ્યા. સઘળા માંસ ન આપી શક્યા અને પોતાની વાત છુપાવવા દ્રવ્ય આપ્યું. પછી બીજે દિવસે જ્યારે સભા ભેળી થઈ ત્યારે સઘળા સામંતો પોતાને આસને આવીને બેઠા. રાજા પણ સિંહાસનપર બિરાજ્યા હતા. સામંતો આવી આવીને ગઈ કાલનું કુશળ પૂછવા લાગ્યા. રાજાને એ વાતથી વિસ્મય થયો. અભયકુમાર ભણી જોયું. એટલે અભયકુમાર બોલ્યા "મહારાજ ! કાલે આપના સામંતો સભામાં બોલ્યા હતા કે હમણાં માંસ સસ્તું મળે છે તેથી હું તેઓને ત્યાં લેવા ગયો હતો. ત્યારે સઘળાએ મને બહુ દ્રવ્ય આપ્યું; પરંતુ કાળજાનું સવા પૈસાભાર માંસ ન આપ્યું. ત્યારે એ માંસ સસ્તુ કે મોંઘું ?" બધાં સામંતો સાંભળીને શરમથી નીચું જોઈ રહ્યા. કોઇથી કંઈ બોલી શકાયું નહીં. પછી અભયકુમારે કહ્યું: "આ કંઈ મેં તમને દુઃખ આપવાં કર્યું નથી, પરંતુ બોધ આપવા કર્યું છે. આપણને આપણા શરીરનું માંસ આપવું પડે તો અનંત ભય થાય છે, કારણ આપણા દેહની આપણને પ્રિયતા છે તેમ જે જીવનું તે માંસ હશે તેનો પણ જીવ તેને વહાલો હશે. જેમ આપણે અમૂલ્ય વસ્તુઓ આપીને પણ પોતાનો દેહ બચાવીએ છીએ તેમ તે બિચારાં પામર પ્રાણીઓને પણ હોવું જોઈએ. આપણે સમજણવાળાં, બોલતાં ચાલતાં પ્રાણી છઇએ. તે બિચારાં અવાચક અને અણસમજણવાળાં પ્રાણીને મોતરૂપ દુઃખ આપીએ એ કેવું પાપનું પ્રબળ કારણ છે ? આપણે આ વચન નિરંતર લક્ષમાં રાખવું કે સર્વ પ્રાણીને પોતાનો જીવ વહાલો

છે; અને સર્વ જીવની રક્ષા કરવી એ જેવો એકકે ધર્મ નથી." અભયકુમારનાં ભાષણથી શ્રેણિક મહારાજા સંતોષાયા. સઘળા સામંતો પણ બોધ પામ્યા. તેઓએ તે દિવસથી માંસ ખાવાની પતિજ્ઞા કરી, કારણ એક તો તે અભક્ષ્ય છે; અને કોઇ જીવ હણાયા વિના તે આવતું નથી એ મોટો અધર્મ છે; માટે અભય પ્રધાનનું કથન સાંભળીને તેઓએ અભયદાનમાં લક્ષ આપ્યું;—જે આત્માનાં પરમ સુખનું કારણ છે.

શિક્ષાપાઠ ૩૧. પ્રત્યાખ્યાન.—

'પચ્ચખાણ' નામનો શબ્દ વારંવાર તમારા સાંભળવામાં આવ્યો છે. એનો મૂળ શબ્દ પ્રત્યાખ્યાન છે; અને તે અમુક વસ્તુ ભણી ચિત્ત ન કરવું એવો જે નિયમ કરવો તેને બદલે વપરાય છે. પ્રત્યાખ્યાન કરવાનો હેતુ મહા ઉત્તમ અને સૂક્ષ્મ છે. પ્રત્યાખ્યાન નહીં કરવાથી ગમે તે વસ્તુ ન ખાઓ કે ન ભોગવો તોપણ તેથી સંવરપણું નથી; કારણ કે તત્વરૂપે કરીને ઇચ્છાનું રુંધન કર્યું નથી. રાત્રે આપણે ભોજન ન કરતા હોઇએ, પરંતુ તેનો જો પ્રત્યાખ્યાનરૂપે નિયમ ન કર્યો હોય તો તે ફળ ન આપે; કારણ આપણી ઇચ્છા ખુલ્લી રહી. જેમ ઘરનું બારણું ઉઘાડું હોય અને શ્વાનાદિક જનાવર કે મનુષ્ય ચાલ્યું આવે તેમ ઇચ્છાનાં દ્વાર ખુલ્લાં હોય તો તેમાં કર્મ પ્રવેશ કરે છે; એટલે કે એ ભણી આપણા વિચાર છૂટથી જાય છે; તે કર્મ બંધનનું કારણ છે. અને જો પ્રત્યાખ્યાન હોય તો પછી એ ભણી દૃષ્ટિ કરવાની ઇચ્છા થતી નથી. જેમ આપણે જાણીએ છીએ કે વાંસાનો મધ્ય ભાગ આપણાથી જોઇ શકાતો નથી, માટે એ ભણી આપણે દૃષ્ટિ પણ કરતા નથી; તેમ પ્રત્યાખ્યાન કરવાથી આપણે અમુક વસ્તુ ખવાય કે ભોગવાય તેમ નથી એટલે એ ભણી આપણું લક્ષ સ્વાભાવિક જતું નથી. એ કર્મ આવવાને આડા કોટ થઇ પડે છે. પ્રત્યાખ્યાન કર્યા પછી વિસ્મૃતિ વગેરે કારણથી કોઇ દોષ આવી જાય તો તેનાં પ્રાયશ્ચિતનિવારણ પણ મહાત્માઓએ કહ્યાં છે.

પ્રત્યાખ્યાનથી એક બીજો પણ મોટો લાભ છે; તે એ કે અમુક વસ્તુઓમાં જ આપણું લક્ષ રહે છે, બાકી બધી વસ્તુઓનો ત્યાગ થઇ જાય છે. જે જે વસ્તુ ત્યાગ કરી છે તે તે સંબંધી વિશેષ વિચાર, ગ્રહવું, મૂકવું કે એવી કંઇ ઉપાધિ રહેતી નથી. એવડે મન બહુ બહોળતાને પામી નિયમરૂપી સડકમાં ચાલ્યું જાય છે. અશ્વ જો લગામમાં આવી જાય છે, તો પછી ગમે તેવો પ્રબળ છતાં તે તે ધારેલ રસ્તે લઇ જવાય છે. તેમ મન એ નિયમરૂપી લગામમાં આવવાથી પછી ગમે તે શુભ રાહમાં લઇ જવાય છે; અને તેમાં વારંવાર પર્યટન કરાવવાથી તે એકાગ્ર, વિચારશીલ અને વિવેકી થાય છે. મનનો આનંદ શરીરને પણ નિરોગી કરે છે. વળી અભક્ષ્ય, અનંતકાય, પરસ્ત્રીયાગાદિક નિયમ કર્યાથી પણ શરીર નિરોગી રહી શકે છે. માર્દવ પદાર્થો મનને અવળે રસ્તે દોરે છે. પણ પ્રત્યાખ્યાનથી મન ત્યાં જતાં અટકે છે; એથી તે વિમળ થાય છે.

પ્રત્યાખ્યાન એ કેવી ઉત્તમ નિયમ પાળવાની પ્રતિજ્ઞા છે તે આ ઉપરથી તમે સમજ્યા હશો. વિશેષ સદ્ગુરુ મુખથી અને શાસ્ત્રાવલોકનથી સમજવા હું બોધ કરૂં છઉં.

શિક્ષાપાઠ ૩૨. વિનયવડે તત્વની સિદ્ધિ છે.—

રાજગૃહી નગરીનાં રાજ્યાસનપર જ્યારે શ્રેણિક રાજા વિરાજમાન હતો ત્યારે તે નગરીમાં એક ચંડાળ રહેતો હતો. એક વખતે એ ચંડાળની સ્ત્રીને ગર્ભ રહ્યો. ત્યારે તેને કેરી ખાવાની ઇચ્છા ઉત્પન્ન થઇ. તેણે તે લાવી આપવા ચંડાળને કહ્યું: "ચંડાળે કહ્યું, આ કેરીનો વખત નથી, એટલે મારો ઉપાય નથી; નહીં તો હું ગમે તેટલે ઉંચે હોય ત્યાંથી મારી વિદ્યાના બળવડે કરીને લાવી તારી ઇચ્છા સિદ્ધ કરૂં." ચંડાળણી કહ્યું: "રાજાની મહારાણીના બાગમાં એક અકાળિક કેરી દેનાર આંબો છે. તે પર અત્યારે કેરીઓ લચી રહી હશે, માટે ત્યાં જઇને એ કેરી લાવો." પોતાની સ્ત્રીની ઇચ્છા પુરી પાડવા ચંડાળ તે બાગે ગયો. ગુપ્ત રીતે આંબા સમીપ જઇ મંત્ર ભણીને તેને નમાવ્યો; ને કેરી લીધી. પછી બીજા મંત્રવડે કરીને તેને હતો એમ કરી દીધો.

પછી તે ઘેર આવ્યો અને તેના સ્ત્રીની ઇચ્છા માટે નિરંતર તે ચંડાળ વિદ્યાબળે ત્યાંથી કેરી લાવવા લાગ્યો. એક દિવસે ફરતાં ફરતાં માળીની દૃષ્ટિ આંબા ભણી ગઇ. કેરીઓની ચોરી થયેલી જોઇને તેણે જઇને શ્રેણિકરાજા આગળ નમ્રતાપૂર્વક કહ્યું. શ્રેણિકની આજ્ઞાથી અભયકુમાર નામના બુદ્ધિશાળી પ્રધાને યુક્તિવડે તે ચંડાળને શોધી કાઢ્યો. પોતા આગળ તેડાવી પૂછ્યું: "એટલાં બધાં માણસો બાગમાં રહે છે છતાં તું કેવી રીતે ચઢીને એ કેરી લઈ ગયો કે એ વાત કળવામાં (પણ) ન આવી? તે કહે." ચંડાળે કહ્યું: "આપ મારો અપરાધ ક્ષમા કરજો. હું સાચું બોલી જઉં છઉં કે, મારી પાસે એક વિદ્યા છે તેના યોગથી હું એ કેરીઓ લઈ શક્યો." અભયકુમારે કહ્યું: "મારાથી ક્ષમા ન થઈ શકે, પરંતુ મહારાજા શ્રેણિકને એ વિદ્યા તું આપ તો તેઓને એવી વિદ્યા લેવાનો અભિલાષ હોવાથી તારા ઉપકારના બદલામાં હું અપરાધ ક્ષમા કરાવી શકું." ચંડાળે એમ કરવાની હા કહી. પછી અભયકુમારે ચંડાળને શ્રેણિકરાજા જ્યાં સિંહાસન પર બેઠા હતા ત્યાં લાવીને સામો ઉભો રાખ્યો; અને સઘળી વાત રાજાને કહી બતાવી. એ વાતની રાજાએ હા કહી. ચંડાળે પછી સામા ઉભા રહી થરથરતે પગે શ્રેણિકને તે વિદ્યાનો બોધ આપવા માંડ્યો; પણ તે બોધ લાગ્યો નહીં. ઝડપથી ઉભો થઈ અભયકુમાર બોલ્યો: "મહારાજા! આપને જો એ વિદ્યા અવશ્ય શીખવી હોય તો સામા આવી ઉભા રહો; અને એને સિંહાસન આપો." રાજાએ વિદ્યા લેવા ખાતર એમ કર્યું તો તત્કાળ વિદ્યા સાધ્ય થઇ.

આ વાત માત્ર બોધ લેવાને માટે છે. એક ચંડાળનો પણ વિનય કર્યા વગર શ્રેણિક જેવા રાજાને વિદ્યા સિદ્ધ ન થઇ, તો તેમાંથી તત્ત્વ એ ગ્રહણ કરવાનું છે કે, સદ્વિદ્યાને સાધ્ય કરવા વિનય કરવો (અવશ્યનો છે.) આત્મવિદ્યા પામવા નિર્ગ્રંથ ગુરુનો જો વિનય કરીએ તો કેવું મંગળદાયક થાય!

વિનય એ ઉત્તમ વશીકરણ છે. 'ઉત્તરાધ્યયન'માં ભગવાને વિનયને ધર્મનું મૂળ કહી વર્ણવ્યો છે. ગુરુનો, મુનિનો, વિદ્વાનનો, માતાપિતાનો અને પોતાથી વડાનો વિનય કરવો એ આપણી ઉત્તમતાનું કારણ છે.

શિક્ષાપાઠ ૩૩. સુદર્શન શેઠ.—

પ્રાચીન કાળમાં શુદ્ધ એકપત્નિવ્રતને પાળનારા અસંખ્ય પુરૂષો થઇ ગયા છે: એમાંથી સંકટ સહી નામાંકિત થયેલો સુદર્શન નામનો એક સત્પુરૂષ પણ છે. એ ધનાઢ્ય સુંદર મુખમુદ્રાવાળો કાંતિમાન અને મધ્ય વયમાં હતો. જે નગરમાં તે રહેતો હતો તે નગરના રાજ્યદરબાર આગળથી કંઈ કામ પ્રસંગને લીધે તેને નીકળવું પડ્યું. એ જ્યારે ત્યાંથી નીકળ્યો ત્યારે રાજાની અભયા નામની રાણી પોતાના આવાસના ગોખમાં બેઠી હતી. ત્યાંથી સુદર્શન ભણી તેની દ્રષ્ટિ ગઈ. તેનું ઉત્તમ રૂપ અને કાયા જોઇને તેનું મન લલચાયું. એક અનુચરી મોકલીને કપટભાવથી નિર્મળ કારણ બતાવીને સુદર્શનને ઉપર બોલાવ્યો. કેટલાક પ્રકારની વાતચિત કર્યા પછી અભયાએ સુદર્શનને ભોગ ભોગવવા સંબંધીનું આમંત્રણ કર્યું. સુદર્શને કેટલોક ઉપદેશ આપ્યો તોપણ તેનું મન શાંત થયું નહીં. છેવટે કંટાળીને સુદર્શને યુક્તિથી કહ્યું, 'બ્હેન, હું પુરૂષત્વમાં નથી!' તોપણ રાણીએ અનેક પ્રકારના હાવભાવ કર્યા. એ સઘળી કામચેષ્ટાથી સુદર્શન ચળ્યો નહીં; એથી કંટાળી જઇને રાણીએ તેને જતો કર્યો.

એક વાર એ નગરમાં ઉજાણી હતી. તેથી નગર બહાર નગરજનો આનંદથી આમ તેમ ભમતાં હતાં. ધામધુમ મચી રહી હતી. સુદર્શન શેઠના છ દેવકુમાર જેવા પુત્રો પણ ત્યાં આવ્યા હતા. અભયા રાણી કપિલા નામની દાસી સાથે ઠાઠમાઠથી ત્યાં આવી હતી. સુદર્શનના દેવપૂતળાં જેવા છ પુત્રો તેના જોવામાં આવ્યા. કપિલાને તેણે પૂછ્યું, 'આવા રમ્ય પુત્રો કોના છે?' કપિલાએ સુદર્શન શેઠનું નામ આપ્યું. એ નામ સાંભળીને રાણીની છાતીમાં કટાર ભોંકાઈ, તેને કારી ઘા વાગ્યો. સઘળી ધામધુમ વીતી ગયા પછી માયાકથન ગોઠવીને અભયાએ અને તેની દાસીએ મળી રાજાને

કહ્યું: "તમે માનતા હશો કે મારા રાજ્યમાં ન્યાય અને નીતિ વર્તે છે, દુર્જનોથી મારી પ્રજા દુઃખી નથી; પરંતુ તે સઘળું મિથ્યા છે, અંતઃપુરમાં પણ દુર્જનો પ્રવેશ કરે ત્યાંસુધી હજુ અંધેર છે ! તો પછી બીજાં સ્થળ માટે પૂછવું પણ શું ? તમારા નગરના સુદર્શન નામના શેઠ મારી કને ભોગનું આમંત્રણ કર્યું. નહીં કહેવાયોગ્ય કથનો મારે સાંભળવાં પડયાં. પણ મેં તેનો તિરસ્કાર કર્યો; એથી વિશેષ અંધારૂં કયું કહેવાય ? " રાજા મૂળે કાનના કાચા હોય છે એ તો જાણે સર્વમાન્ય છે; તેમાં વળી સ્ત્રીનાં માયાવિ મધુરાં વચન શું અસર ન કરે ? તાતા તેલમાં ટાઢા જળ જેવાં વચનથી રાજા ક્રોધાયમાન થયા. સુદર્શનને શુળીએ ચઢાવી દેવાની તત્કાળ તેણે આજ્ઞા કરી દીધી અને તે પ્રમાણે સઘળું થઇ પણ ગયું. માત્ર, શુળીએ સુદર્શન બેસે એટલી વાર હતી.

ગમે તેમ હો, પણ સૃષ્ટિના દિવ્ય ભંડારમાં અજવાળું છે. (સત્યનો પ્રભાવ ઢાંક્યો રહેતો નથી.) સુદર્શનને શુળીએ બેસાર્યો કે શુળી ફીટીને ઝળઝળતું સોનાનું સિંહાસન થયું અને દેવદુંદુંભીના નાદ થયાં. સર્વત્ર આનંદ વ્યાપી ગયો. સુદર્શનનું સત્યશીળ વિશ્વમંડળમાં ઝળકી ઉઠયું. (સત્યશીળનો સદા જય છે.)

શીયળ અને સુદર્શનની ઉત્તમ દ્રઢતા એ બન્ને આત્માને પવિત્ર શ્રેણિએ ચઢાવે છે.

શિક્ષાપાઠ ૩૪. બ્રહ્મચર્યવિષે સુભાષિત.—

નિરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન;
ગણે કાષ્ટની પુતળી, તે ભગવાનસમાન.
આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ.
એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ, પુર ને અધિકાર.
વિષયરૂપ અંકૂરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદીરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન.
જે નવવાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઇ;
ભવ તેનો લવ પછિ રહે, તત્ત્વવચન એ ભાઇ.
સુંદર શીયળસુરતરુ, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ.
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન.

શિક્ષાપાઠ ૩૫. નવકારમંત્ર.—

નમો અરિહંતાણં,
નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવાઝઝાયણં,
નમો લોએ, સવ્વ સાહુણં.—

આ પવિત્ર વાક્યોને નિર્ગ્રંથપ્રવચનમાં નવકાર (નમસ્કાર) મંત્ર કે પંચપરમેષ્ટિમંત્ર કહે છે.

અર્હત્ ભગવાનના બાર ગુણ, સિદ્ધ ભગવાનના આઠ ગુણ, આચાર્યના છત્રીશ ગુણ, ઉપાધ્યાયના પંચવીશ ગુણ અને સાધુના સત્તાવીશ ગુણ મળીને એકસો આઠ ગુણ થયા. અંગુઠા વિના બાકીની ચાર આંગળીઓનાં બાર ટેરવાં થાય છે; અને એથી એ ગુણોનું ચિંતવન કરવાની યોજના

હોવાથી બારને નવે ગુણતાં ૧૦૮ થાય છે. એટલે નવકાર એમ કહેવામાં સાથે એવું સૂવચન રહ્યું જણાય છે કે હે ભવ્ય! તારાં એ આંગળીનાં ટેરવાંથી (નવકાર) મંત્ર નવ વાર ગણ.—'કાર' એટલે 'કરનાર' એમ પણ થાય છે. બારને નવે ગુણતાં જેટલા થાય એટલા ગુણનો ભરેલો મંત્ર એમ નવકારમંત્ર તરીકે એનો અર્થ થઇ શકે છે. અને પંચપરમેષ્ઠિ એટલે આ સકળ જગત્‌માં પાંચ વસ્તુઓ પરમોત્કૃષ્ટ છે. તે કયિ કયિ? તો કહી બતાવી કે અર્હંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ. એને નમસ્કાર કરવાનો જે મંત્ર તે પરમેષ્ટિ; અને પાંચ પરમેષ્ટિને સાથે નમસ્કાર હોવાથી પંચપરમેષ્ટિમંત્ર એવો શબ્દ થયો. આ મંત્ર અનાદિસિદ્ધ મનાય છે, કારણ પંચપરમેષ્ટિ અનાદિસિદ્ધ છે. એટલે એ પાંચે પાત્રો આદ્યરૂપ નથી (પ્રવાહથી અનાદિ સિદ્ધ છે,) અને તેના જપનાર પણ અનાદિસિદ્ધ છે. એથી એ જાપ પણ અનાદિસિદ્ધ ઠરે છે

પ્ર૦—એ પંચપરમેષ્ટિમંત્ર પરિપૂર્ણ જાણવાથી મનુષ્ય ઉત્તમ ગતિને પામે છે એમ સત્પુરૂષો કહે છે એ માટે તમારૂં શું મત છે?

ઉ૦—એ કહેવું ન્યાયપૂર્વક છે. એમ હું માનું છઉં.

પ્ર૦—એને ક્યાં કારણથી ન્યાયપૂર્વક કહી શકાય?

ઉ૦—હા. એ તમને હું સમજાવું; મનની નિગ્રહતા અર્થે એક તો સર્વોત્તમ જગતભૂષણના સત્ય ગુણનું એ ચિંતવન છે. તત્ત્વથી જોતાં વળી અર્હત્સ્વરૂપ; સિદ્ધસ્વરૂપ, આચાર્યસ્વરૂપ ઉપાધ્યાયસ્વરૂપ અને સાધુસ્વરૂપ એનો વિવેકથી વિચાર કરવાનું પણ એ સૂચવન છે. કારણ કે પૂજવાયોગ્ય એઓ શાથી છે એમ વિચારતાં એઓનાં સ્વરૂપ, ગુણ ઇ૦ માટે વિચાર કરવાની સત્પુરૂષને તો ખરી અગત્ય છે. હવે કહો કે એ મંત્ર એથી કેટલો કલ્યાણકારક થાય[1]?

પ્રશ્નકાર—સત્પુરૂષો મોક્ષનું કારણ નવકારમંત્રને કહે છે. એ આ વ્યાખ્યાનથી હું પણ માન્ય રાખું છઉં.

અર્હત્ ભગવાન્, સિદ્ધ ભગવાન્, આચાર્યજી, ઉપાધ્યાય અને સાધુજી એઓનો અક્કેકો પ્રથમ અક્ષર લેતાં 'અસિઆઉસા' એવું મહદ્ભુત વાક્ય નીકળે છે. જેનું 'ૐ' એવું યોગબિંદુનું સ્વરૂપ થાય છે; માટે આપણે એ મંત્રનો અવશ્ય કરીને વિમળ ભાવથી જાપ કરવો.

શિક્ષાપાઠ ૩૬. અનાનુપૂર્વિ.--

[નરકાનુપૂર્વિ, દેવાનુપૂર્વિ એ અનુપૂર્વિઓ વિષેનો આ પાઠ નથી; પરંતુ એ નામનાં એક અવધાની લઘુ પુસ્તકનાં મંત્રસ્મરણને માટે છે.][2]

૧	૨	૩	૪	૫
૨	૧	૩	૪	૫
૧	૩	૨	૪	૫
૩	૨	૧	૪	૫
૨	૩	૧	૪	૫
૩	૨	૧	૪	૫

પિતા.—આવી જાતનાં કોષ્ટકથી ભરેલું એક નાનું પુસ્તક છે તે તેં જોયું છે?

પુત્ર.—હા, પિતાજી.

પિતા.—એમાં આડા અવળા અંક મૂકયા છે તેનું કાંઇ પણ કારણ તારા સમજવામાં છે?

પુત્ર.—નહીં, પિતાજી. મારા સમજવામાં નથી માટે આપ તે કારણ કહો.

---

૧. પાઠાન્તરઃ "હવે કહો કે, એ મંત્ર કેટલો કલ્યાણકારક છે?" - સંશોધક.

૨. આ ટીકાઓ દ્વિતીયાવૃત્તિમાં નથી. —સંશોધક.

પિતા.—પુત્ર, પ્રત્યક્ષ છે કે મન એ[1] બહુ અવ્યવસ્થિત ચીજ છે; અને તેને એકાગ્ર કરવું બહુ બહુ વિકટ છે. તે જ્યાંસુધી એકાગ્ર થતું નથી ત્યાંસુધી આત્મમલિનતા જતી નથી. પાપના વિચારો ઘટતા નથી. એ એકાગ્રતા માટે બાર પ્રતિજ્ઞાદિક અનેક મહાન્ સાધનો ભગવાને કહ્યાં છે. મનની એકાગ્રતાથી મહા યોગની શ્રેણિયે ચઢવા માટે અને મન કેટલાક પ્રકારથી નિર્મળ કરવા માટે સત્પુરુષોએ આ એક કોષ્ટકાવલી કરી છે. પંચપરમેષ્ઠિ મંત્રના પાંચ અંક એમાં પહેલા મૂક્યા છે; અને પછી લોમવિલોમસ્વરૂપમાં લક્ષબંધ એના એ પાંચ અંક મૂકીને ભિન્ન ભિન્ન પ્રકારે કોષ્ટકો કર્યાં છે. એમ કરવાનું કારણ પણ મનની એકાગ્રતા પામીને નિર્જરા કરી શકે.[2]

પુત્ર.—પિતાજી, અનુક્રમે લેવાથી એમ શા માટે ન થઈ શકે ?

પિતા—લોમ વિલોમ હોય તો તે ગોઠવતાં જવું પડે અને નામ સંભારતાં જવું પડે. પાંચનો અંક મૂક્યા પછી બેનો આંકડો આવે કે 'નમો લોએ સવ્વસાહુણં' પછી 'નમોઅરિહંતાણં' એ વાક્ય મૂકીને 'નમો સિદ્ધાણં' એ વાક્ય સંભારવું પડે. એમ પુનઃ પુનઃ લક્ષની દૃઢતા રાખતાં મન એકાગ્રતાએ પહોંચે છે. અનુક્રમબંધ હોય તો તેમ થઈ શકતું નથી; કારણ કે વિચાર કરવો પડતો નથી; એ સૂક્ષ્મ વખતમાં મન પરમેષ્ઠિમંત્રમાંથી નીકળીને સંસારતંત્રની ખટપટમાં જઈ પડે છે; અને વખતે ધર્મ કરતાં ધાડ પણ કરી નાખે છે. એથી સત્પુરુષોએ અનાનુપૂર્વિની યોજના કરી છે. તે બહુ સુંદર અને આત્મશાંતિને આપનારી છે.

શિક્ષાપાઠ ૩૭. સામાયિકવિચાર ભાગ ૧.—

આત્મશક્તિને પ્રકાશ કરનાર, સમ્યગ્જ્ઞાન દર્શનનો ઉદય કરનાર, શુદ્ધ સમાધિભાવમાં પ્રવેશ કરાવનાર, નિર્જરાનો અમૂલ્ય લાભ આપનાર, રાગદ્વેષથી મધ્યસ્થ બુદ્ધિ કરનાર એવું સામાયિક નામનું શિક્ષાવ્રત છે. 'સામાયિક' શબ્દની વ્યુત્પત્તિ 'સમ,' 'આય' અને 'ઇક' એ શબ્દોથી થાય છે. 'સમ' એટલે રાગદ્વેષરહિત મધ્યસ્થ પરિણામ, 'આય' એટલે 'તે સમભાવનાથી ઉત્પન્ન થતો જ્ઞાનદર્શનચારિત્ર રૂપ મોક્ષમાર્ગનો લાભ;' અને 'ઇક' કહેતાં 'ભાવ' એમ અર્થ થાય છે. એટલે કે 'જે વડે કરીને મોક્ષના માર્ગનો લાભદાયક ભાવ ઉપજે તે સામાયિક.' આર્ત્ત, અને રૌદ્ર એ બે પ્રકારનાં ધ્યાનનો ત્યાગ કરીને મન, વચન કાયાના પાપભાવને રોકીને વિવેકી શ્રાવક[3] સામાયિક કરે છે.

મનનાં પુદ્ગળ દોરંગી છે. સામાયિકમાં જ્યારે વિશુદ્ધ પરિણામથી રહેવું કહ્યું છે; ત્યારે પણ એ મન આકાશ પાતાલના ઘાટ ઘડ્યા કરે છે. તેમ જ ભૂલ, વિસ્મૃતિ, ઉન્માદ ઇત્યાદિકથી વચનકાયામાં પણ દૂષણ આવવાથી સામાયિકમાં દોષ લાગે છે. મન, વચન અને કાયાના થઈને બત્રીશ દોષ ઉત્પન્ન થાય છે. દશ મનના, દશ વચનના અને બાર કાયાના એમ બત્રીશ દોષ જાણવા અવશ્યના છે. જે જાણવાથી મન સાવધાન રહે છે.

મનના દશ દોષ કહું છઉં.

૧. **અવિવેકદોષ**—સામાયિકનું સ્વરૂપ નહીં જાણવાથી મનમાં એવો વિચાર કરે કે આથી શું ફળ થવાનું હતું ? આથી કોણ તર્યું હશે ? એવા વિકલ્પનું નામ 'અવિવેકદોષ.'

૨. **યશોવાંછાદોષ**—પોતે સામાયિક કરે છે એમ અન્ય મનુષ્યો જાણે તો પ્રશંસા કરે તે ઇચ્છાએ સામાયિક કરે ઇ૦ યશોવાંછા ચાહે તે 'યશોવાંછા દોષ.'

૩. **ધનવાંછાદોષ**—ધનની ઇચ્છાએ સામાયિક કરવું તે 'ધનવાંછાદોષ.'

૪. **ગર્વદોષ**—મને લોકો ધર્મિ કહે છે અને હું સામાયિક પણ તેવી જ કરૂં છઉં ! એ 'ગર્વદોષ.'

---

૧. પાઠાન્તરઃ "એ એક બહુ ચંચળ ચીજ છે."—સંશોધક.
૨. પાઠાન્તરઃ "એમ કરવાનું કારણ પણ મનની એકાગ્રતા થઈને નિર્જરા કરી શકાય એ છે."—સંશોધક.
૩. પાઠાન્તરઃ "મનુષ્યો"—સંશોધક.

૫. **ભયદોષ**—હું શ્રાવકકુળમાં જન્મ્યો છઉં, મને લોકો મોટા તરીકે માન દે છે, અને જો સામાયિક નહીં કરૂં તો કહેશે કે એટલું પણ નથી કરતો; એથી નિંદા થશે[1] એ 'ભયદોષ.'

૬. **નિદાનદોષ**—સામાયિક કરીને તેનાં ફળથી ધન, પુત્રાદિક મળવાનું ઇચ્છે તે 'નિદાનદોષ.'

૭. **સંશયદોષ**—સામાયિકનું પરિણામ હશે કે નહીં હોય ? એવો વિકલ્પ તે 'સંશયદોષ.'

૮. **કષાયદોષ**—સામાયિક ક્રોધથી કરવા બેસી જાય કે કંઈ કારણથી પછી ક્રોધ, માન, માયા, લોભમાં વૃત્તિ ધરે એ 'કષાયદોષ.'

૯. **અવિનયદોષ**—વિનય વગર સામાયિક કરે તે ' અવિનયદોષ. '

૧૦. **અબહુમાનદોષ**—ભક્તિભાવ અને ઉમંગપૂર્વક સામાયિક ન કરે તે 'અબહુમાનદોષ.'

શિક્ષાપાઠ ૩૮. સામાયિકવિચાર. ભાગ, ૨.—

દશ દોષ મનના કહ્યા. હવે દશ વચનના દોષ કહું છઉં.

૧. **કુબોલદોષ.**—સામાયિકમાં કુવચન બોલવું તે 'કુબોલદોષ.'

૨. **સહસાત્કારદોષ.** સામાયિકમાં સાહસથી અવિચારપૂર્વક વાક્ય બોલવું તે 'સહસાત્કારદોષ.'

૩. **અસદારોપણદોષ.**—બીજાને ખોટો બોધ[2] આપે તે 'અસદારોપણદોષ.'

૪. **નિરપેક્ષદોષ.**—સામાયિકમાં શાસ્ત્રની દરકાર વિના વાક્ય બોલે તે 'નિરપેક્ષદોષ.'

૫. **સંક્ષેપદોષ.**—સૂત્રના પાઠ ઇત્યાદિક ટુંકામાં બોલી નાખે; અને યથાર્થ ભાખે નહીં તે 'સંક્ષેપદોષ.'[3]

૬. **કલેશદોષ.**—કોઇથી કંકાશ કરે તે 'કલેશદોષ.'

૭. **વિકથાદોષ.**—ચાર પ્રકારની વિકથા માંડી બેસે તે 'વિકથાદોષ.'

૮. **હાસ્યદોષ.**—સામાયિકમાં કોઇની હાંસી મશ્કરી કરે તે 'હાસ્યદોષ.'

૯. **અશુદ્ધદોષ.**—સામાયિકમાં સૂત્રપાઠ ન્યૂનાધિક અને અશુદ્ધ બોલે તે 'અશુદ્ધદોષ.'

૧૦. **મુણમુણદોષ.**—ગડબડગોટાથી સામાયિકમાં સૂત્રપાઠ બોલે જે પોતે પણ પુરૂં માંડ સમજી શકે તે 'મુણમુણદોષ.'

એ વચનના દશ દોષ કહ્યા. હવે કાયાના બાર દોષ કહું છઉં.

૧. સામાયિકમાં પગપર પગ ચઢાવી બેસે એ ગુર્વાદિકનું અવિનયરૂપ આસન માટે એ પહેલો અયોગ્ય '**આસનદોષ.**'

૨. **ચલાસનદોષ.**—ડગડગતે આસને બેસી સામાયિક કરે, અથવા વારંવાર જ્યાંથી ઉઠવું પડે તેવે આસને બેસે એ 'ચલાસનદોષ.'

૩. **ચલદ્રષ્ટિદોષ.**—કાર્યોત્સર્ગમાં આંખો ચંચળ રાખે એ 'ચલદ્રષ્ટિદોષ.'

૪. **સાવદ્યક્રિયાદોષ.**—સામાયિકમાં કંઈ પાપક્રિયા કે તેની સંજ્ઞા કરે તે 'સાવદ્યક્રિયાદોષ.'

૫. **આલંબનદોષ.**—ભીંતાદિકે ઓઠીંગણ દઇ બેસે એથી[4] ત્યાં બેઠેલા જંતુ આદિકનો નાશ અને પ્રમાદ થાય તે 'આલંબનદોષ.'

૬. **આકુંચનપ્રસારણદોષ.**—હાથ પગ સંકોચે, લાંબા કરે એ આદિ તે 'આકુંચનપ્રસારણદોષ.'

૭. **આલસદોષ.**—અંગ મરડે, ટચાકા વગાડે એ આદિ તે 'આલસદોષ.'

૮. **મોટનદોષ.**—આંગળી વગેરે વાંકી કરે, ટચાકા વગાડે તે 'મોટનદોષ.'

૯. **મલદોષ.**—ઘરડાઘરડ કરી સામાયિકમાં ચલ કરી મેલ ખેરે તે 'મલદોષ.'

---

૧. પાઠાન્તરઃ " આટલી ક્રિયા પણ નથી કરતો એમ નિંદાભયથી સામાયિક કરે 'ભય દોષ' "—સંશોધક.

૨. પાઠાન્તરઃ " ખોટો બોધ આદિ આપવાં તે 'અસદરોપણદોષ' " —સંશોધક.

૩. પાઠાન્તરઃ " યથાર્થ ઉચ્ચાર કરે નહીં તે 'સંક્ષેપ દોષ' "—સંશોધક.

૪. પાઠાન્તરઃ " જેથી ત્યાં બેઠેલા જંતુનો નાશ થાય કે તેને પીડા થાય, તેમ જ પોતાને પ્રમાદની પ્રવૃત્તિ થાય એ 'આલંબનદોષ' "—સંશોધક.

૧૦. **વિમાસણદોષ.**—ગળામાં હાથ નાંખી બેસે ઇ૦ તે 'વિમાસણદોષ.'

૧૧. **નિદ્રાદોષ.**—સામાયિકમાં ઉંઘ આવવી તે 'નિદ્રાદોષ.'

૧૨. **વસ્ત્રસંકોચન.**—સામાયિકમા ટાઢ પ્રમુખની ભીતિથી વસ્ત્રથી શરીર સંકોચે તે.

એ બત્રિશ દૂષણરહિત સામાયિક કરવી. પાંચ અતિચાર ટાળવા.

શિક્ષાપાઠ ૩૯. સામાયિકવિચાર, ભાગ, ૩.—

એકાગ્રતા અને સાવધાની વિના એ બત્રીશ દોષમાંનો અમુક દોષ પણ આવી જાય છે. વિજ્ઞાનવેત્તાઓએ સામાયિકનું જઘન્ય પ્રમાણ બે ઘડીનું બાંધ્યું છે. એ વ્રત સાવધાનીપૂર્વક કરવાથી પરમશાંતિ આપે છે. કેટલાકનો એ બે ઘડીનો કાળ જ્યારે જતો નથી ત્યારે તેઓ બહુ કંટાળે છે. સામાયિકમાં નવરાશ લઇને બેસવાથી કાળ જાય પણ ક્યાંથી ? આધુનિક કાળમાં સાવધાનીથી સામાયિક કરનારા બહુ જ થોડા છે. પ્રતિક્રમણું સામાયિકની સાથે કરવાનું હોય છે ત્યારે તો વખત જવો સુગમ પડે છે. જો કે એવા પામરો પ્રતિક્રમણું લક્ષપૂર્વક કરી શકતા નથી તોપણ કેવળ નવરાશ કરતાં એમાં જરૂર કંઇક ફેર પડે છે સામાયિક પણ પુરૂં જેઓને આવડતું નથી તેઓ બિચારા સામાયિકમાં પછી બહુ મુંઝાય છે. કેટલાક ભારેકર્મિયો એ અવસરમાં વ્યવહારના પ્રપંચો પણ ઘડી રાખે છે. આથી સામાયિક બહુ દોષિત થાય છે.

વિધિપૂર્વક સામાયિક ન થાય એ બહુ ખેદકારક અને કર્મની બાહુલ્યતા છે. સાઠ ઘડીનાં અહોરાત્ર વ્યર્થ ચાલ્યા જાય છે. અસંખ્યાતા દિવસથી ભરેલાં અનંતા કાલચક્ર વ્યતીત કરતાં પણ જે સાર્થક ન થયું તે બે ઘડીની વિશુદ્ધ સામાયિક સાર્થક કરે છે. લક્ષપૂર્વક સામાયિક થવા માટે સામાયિકમાં પ્રવેશ કર્યાં પછી ચાર લોગસ્સથી વધારે લોગસ્સનો કાયોત્સર્ગ કરી ચિત્તની કંઇક સ્વસ્થતા આણવી. પછી સૂત્રપાઠ કે ઉત્તમ ગ્રંથનું મનન કરવું, વૈરાગ્યનાં ઉત્તમ કાવ્યો બોલવાં, પાછળનું અધ્યયન કરેલું સ્મરણ કરી જવું, નૂતન અભ્યાસ થાય તો કરવો. કોઇને શાસ્ત્રાધારથી બોધ આપવો; એમ સામાયિક કાળ વ્યતીત કરવો. મુનિરાજનો જો સમાગમ હોય તો આગમવાણી સાંભળવી અને તે મનન કરવી, તેમ ન હોય અને શાસ્ત્રપરિચય ન હોય તો વિચક્ષણ અભ્યાસી પાસેથી વૈરાગ્યબોધક કથન શ્રવણ કરવું; કિંવા કંઇ અભ્યાસ કરવો. એ સઘળી યોગવાઇ ન હોય તો કેટલોક ભાગ લક્ષપૂર્વક કાયોત્સર્ગમાં રોકવો; અને કેટલોક ભાગ મહાપુરૂષોનાં ચરિત્રકથામાં ઉપયોગપૂર્વક રોકવો; પરંતુ જેમ બને તેમ વિવેકથી અને ઉત્સાહથી સામાયિકી કાળ વ્યતીત કરવો. કંઇ સાહિત્ય ન હોયતો પંચપરમેષ્ઠિમંત્રનો જાપ જ ઉત્સાહપૂર્વક કરવો. પણ વ્યર્થ કાળ કાઢી નાખવો નહીં. ધીરજથી, શાંતિથી અને યત્નાથી સામાયિક કરવું. જેમ બને તેમ સામાયિકમાં શાસ્ત્રપરિચય વધારવો.

સાઠ ઘડીના વખતમાંથી બે ઘડી અવસ્ય બચાવી સામાયિક તો સદ્‌ભાવથી કરવું.

શિક્ષાપાઠ ૪૦. પ્રતિક્રમણ વિચાર.—

પ્રતિક્રમણ એટલે સામું જવું.—સ્મરણ કરી જવું. ફરીથી જોઈ જવું. એમ એનો અર્થ થઇ શકે છે.[1] જે દિવસે જે વખતે પ્રતિક્રમણ કરવા બેઠા; તે વખતની અગાઉ તે દિવસે જે જે દોષ થયા છે તે એક પછી એક જોઇ જવા અને તેનો પશ્ચાતાપ કરવો કે દોષનું સ્મરણ કરી જવું; વગેરે સામાન્ય અર્થ પણ છે,

ઉત્તમ મુનિયો અને ભાવિક શ્રાવકો સંધ્યાકાળે અને રાત્રિના પાછળના ભાગમાં દિવસે અને રાત્રે એમ અનુક્રમે થયેલા દોષનો પશ્ચાતાપ કે ક્ષમાપના ઇચ્છેછે એનું નામ અહીં આગળ પ્રતિક્રમણ છે. એ પ્રતિક્રમણું આપણે પણ અવસ્ય કરવું. કારણ આ આત્મા મન, વચન અને કાયાના યોગથી અનેક પ્રકારનાં કર્મ બાંધે છે. પ્રતિક્રમણસૂત્રમાં એનું દોહન કરેલું છે; જેથી દિવસ રાત્રમાં થયેલાં પાપનો પશ્ચાતાપ તે વડે થઇ શકે છે. શુદ્ધભાવ વડે કરી પશ્ચાતાપ કરવાથી લેશ પાપ થતાં પરલોક-

---

૧. પાઠાન્તરઃ " ભાવની અપેક્ષાએ જે દિવસે જે વખતે પ્રતિક્રમણ કરવાનું થાય. "—સંશોધક

ભય અને અનુકંપા છૂટે છે; આત્મા કોમળ થાય છે. ત્યાગવાયોગ્ય વસ્તુનો વિવેક આવતો જાય છે. ભગવાન્‌સાક્ષીએ અજ્ઞાન ઇ૦ જે જે દોષ વિસ્મરણ થયા હોય તેનો પશ્ચાતાપ પણ થઇ શકે છે. આમ એ નિર્જરા કરવાનું ઉત્તમ સાધન છે.

એનું 'આવશ્યક' એવું પણ નામ છે. આવશ્યક એટલે અવશ્ય કરીને કરવાયોગ્ય; એ સત્ય છે. તે વડે આત્માની મલિનતા ખસે છે. માટે અવશ્ય કરવા યોગ્ય જ છે.

સાંયકાળે જે પ્રતિક્રમણું કરવામાં આવે છે તેનું નામ 'દેવસીય પડિક્કમણું' એટલે દિવસસંબંધી પાપનો પશ્ચાતાપ અને રાત્રિના પાછલા ભાગમાં જે પ્રતિક્રમણું કરવામાં આવે છે તે 'રાઇપડિક્કમણું' કહેવાય છે. 'દેવસીય' અને 'રાઇ' એ પ્રાકૃત ભાષાના શબ્દો છે. પખવાડીએ કરવાનું પ્રતિક્રમણ તે 'પાક્ષિક' અને સંવત્સરે કરવાનું તે 'સાંવત્સરિક' કહેવાય છે. સત્પુરુષોએ યોજનાથી બાંધેલો એ સુંદર નિયમ છે.

કેટલાક સામાન્ય બુદ્ધિમાનો એમ કહે છે કે દિવસ અને રાત્રિનું સવારે પ્રાયશ્ચિતરૂપ પ્રતિક્રમણ કર્યું હોય તો કંઇ ખોટું નથી, પરંતુ એ કહેવું પ્રમાણિક નથી. રાત્રિયે અકસ્માત્ અમુક કારણ કે કાળધર્મ થઇ પડે તો દિવસ સંબંધી પણ રહી જાય.

'પ્રતિક્રમણસૂત્ર'ની યોજના બહુ સુંદર છે. એનાં મૂળતત્ત્વ બહુ ઉત્તમ છે. જેમ બને તેમ પ્રતિક્રમણ ધીરજથી, સમજાય એવી ભાષાથી, શાંતિથી, મનની એકાગ્રતાથી અને યત્નાપૂર્વક કરવું.

શિક્ષાપાઠ. ૪૧. ૪૨. ભીખારીનો ખેદ, ભાગ ૧ ૨.—[1]

શિક્ષાપાઠ ૪૩. અનુપમ ક્ષમા.—

ક્ષમા એ અંતર્શત્રુ જીતવામાં ખડ્ગ છે. પવિત્ર આચારની રક્ષા કરવામાં બખ્તર છે. શુદ્ધભાવે અસહ્ય દુઃખમાં, સમપરિણામથી ક્ષમા રાખનાર મનુષ્ય ભવસાગર તરી જાય છે.

કૃષ્ણ વાસુદેવના ગજકુમાર નામના નાના ભાઈ મહાસુરૂપવાન, સુકુમાર માત્ર બારવર્ષની વયે ભગવાન્ નેમનાથની પાસેથી સંસારત્યાગી થઈ સ્મશાનમાં ઉગ્ર ધ્યાનમાં રહ્યા હતા. ત્યારે તેઓ એક અદ્‌ભુત ક્ષમામય ચરિત્રથી મહાસિદ્ધિને પામી ગયા તે અહીં કહું છઉં,

સોમલ નામના બ્રાહ્મણની સુરૂપવર્ણસંપન્ન પુત્રિ વેરે ગજસુકુમારનું સગપણ કર્યું હતું. પરંતુ લગ્ન થયા પહેલાં ગજસુકુમાર તો સંસારત્યાગી ગયા. આથી પોતાની પુત્રિનું સુખ જવાના દ્વેષથી તે સોમલ બ્રાહ્મણને ભયંકર ક્રોધ વ્યાપ્યો. ગજસુકુમારનો શોધ કરતો એ સ્મશાનમાં જ્યાં મહામુનિ ગજસુકુમાર એકાગ્ર વિશુદ્ધ ભાવથી કાયોત્સર્ગમાં છે ત્યાં આવી પહોંચ્યો. કોમળ ગજસુકુમારના માથાપર ચીકણી માટીની વાડ કરી; અને અંદર ધખધખતા અંગારા ભર્યા, ઇંધન પૂર્યું એટલે મહા તાપ થયો. એથી ગજસુકુમારનો કોમળદેહ બળવા મંડ્યો એટલે તે સોમલ જતો રહ્યો. એ વેળા ગજસુકુમારનાં અસહ્ય દુઃખમાં કહેવું પણ શું હોય? પરંતુ ત્યારે તે સમભાવપરિણામમાં રહ્યા. કિંચિત્ ક્રોધ કે દ્વેષ ઉત્પન્ન એના હૃદયમાં જન્મ પામ્યો નહીં. પોતાના આત્માને સ્થિતિસ્થાપક કરીને બોધ દીધો કે 'જો! તું એની પુત્રિને પરણ્યો હોત તો એ કન્યાદાનમાં તને પાઘડી આપત. એ પાઘડી થોડા વખતમાં ફાટી જાય તેવી અને પરિણામે દુઃખદાયક થાત. આ એનો બહુ ઉપકાર થયો કે એ પાઘડી બદલ એણે મોક્ષની પાઘડી બંધાવી.' એવાં વિશુદ્ધ પરિણામથી અડગ રહી સમભાવથી તે અસહ્ય વેદના સહીને સર્વજ્ઞ સર્વદર્શી થઈ અનંત જીવન સુખને પામ્યા. કેવી અનુપમ ક્ષમા અને કેવું તેનું સુંદર પરિણામ? તત્ત્વજ્ઞાનીઓનાં વચન છે કે, આત્મા માત્ર સ્વસદ્‌ભાવમાં આવવો જોઇએ; અને તે આવ્યો તો મોક્ષ હથેળીમાં જ છે. ગજસુકુમારની નામાંકિત ક્ષમા કેવો વિશુદ્ધ બોધ કરે છે?

---

૧. આ પાઠોનો વિષય 'ભાવનાબોધ'માં આવી ગયો હોવાથી અત્ર પુનઃ આપેલ નથી.—સંશોધક.

શિક્ષાપાઠ ૪૪. રાગ.—

શ્રમણ ભગવાન્ મહાવીરના અગ્રેસર ગણધર ગૌતમનું નામ તમે બહુવાર વાંચ્યું છે. ગૌતમ સ્વામીના બોધેલા કેટલાક શિષ્યો કેવળજ્ઞાન પામ્યા છતાં ગૌતમ પોતે કેવળજ્ઞાન પામતા નહોતા, કારણ કે–ભગવાન્ મહાવીરનાં અંગોપાંગ, વર્ણ વાણીરૂપ ઇત્યાદિકપર હજુ ગૌતમને મોહ હતો. નિર્ગ્રંથ પ્રવચનનો નિષ્પક્ષપાતી ન્યાય એવો છે કે ગમે તે વસ્તુપરનો રાગ દુઃખદાયક છે. રાગ એ મોહ અને મોહ એ સંસાર જ છે. ગૌતમનાં હૃદયથી એ રાગ જ્યાંસુધી ખસ્યો નહીં ત્યાંસુધી તેઓ કેવળ-જ્ઞાન પામ્યા નહીં. પછી શ્રમણ ભગવાન્ જ્ઞાતપુત્ર જ્યારે અનુપમેય સિદ્ધિને પામ્યા ત્યારે ગૌતમ નગરમાંથી આવતા હતા. ભગવાનના નિર્વાણસમાચાર સાંભળી તેઓ ખેદ પામ્યા. વિરહથી તેઓ અનુરાગ વચનથી બોલ્યાઃ "હે મહાવીર! તમે મને સાથે તો ન લીધો, પરંતુ સંભાર્યોએ નહીં. મારી પ્રીતિ સામું તમે દ્રષ્ટિ પણ કરી નહીં! આમ તમને છાજતું નહોતું." એવા તરંગો કરતાં કરતાં તેનું લક્ષ ફર્યું ને નિરાગશ્રેણિએ ચઢ્યાઃ "હું બહુ મૂર્ખતા કરૂં છઉં. એ વીતરાગ—નિર્વિકારી અને નિરાગી તે મારામાં કેમ મોહ રાખે; એની શત્રુ અને મિત્રપર કેવળ સમાન દ્રષ્ટિ હતી; હું એ નિરાગીનો મિથ્યા મોહ રાખું છઉં. મોહ સંસારનું પ્રબળ કારણ છે;" એમ વિચારતાં વિચારતાં તેઓ શોક તજીને નિરાગી થયા. એટલે અનંતજ્ઞાન પ્રકાશિત થયું; અને પ્રાંતે નિર્વાણ પધાર્યા.

ગૌતમમુનિનો રાગ આપણને બહુ સૂક્ષ્મ બોધ આપે છે. ભગવાન્પરનો મોહ ગૌતમ જેવા ગણધરને દુઃખદાયક થયો તો પછી સંસારનો, તે વળી પામર આત્માઓનો મોહ કેવું અનંત દુઃખ આપતો હશે! સંસારરૂપી ગાડીને રાગ અને દ્વેષ એ બે રૂપી બળદ છે. એ ન હોય તો સંસારનું અટકન છે. જ્યાં રાગ નથી ત્યાં દ્વેષ નથીઃ આ માન્ય સિદ્ધાંત છે. રાગ તીવ્ર કર્મબંધનનું કારણ છે. એના ક્ષયથી આત્મસિદ્ધિ છે.

શિક્ષાપાઠ ૪૫. સામાન્ય મનોરથ.—

મોહિનિભાવવિચાર અધીન થઇ, ના નિરખું નયને પરનારી;
  પત્થરતુલ્ય ગણું પરવૈભવ, નિર્મળ તાત્વિક લોભ સમારી!
દ્વાદશ વ્રત્ત અને દીનતા ધરિ, સાત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
  એ મુજ નેમ સદા શુભ ક્ષેમક, નિત્ય અખંડ રહો ભવહારી.
[1]તે ત્રિશલાતનયે મન ચિંતવિ, જ્ઞાન, વિવેક, વિચાર વધારૂં;
  નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો, ઉત્તમ બોધ અનેક ઉચ્ચારૂં;
સંશયબીજ ઉગે નહિં અંદર, જે જિનનાં કથનો અવધારૂં.
  રાજ્ય સદા મુજ એજ મનોરથ, ધાર, થશે અપવર્ગ, ઉતારૂં.

શિક્ષાપાઠ ૪૬. કપિલમુનિ, ભાગ ૧.—

કૌસંબી નામની એક નગરી હતી, ત્યાંના રાજદરબારમાં રાજ્યનાં આભૂષણરૂપ કાસ્યપ નામનો એક શાસ્ત્રી રહેતો હતો. એની સ્ત્રીનું નામ શ્રીદેવી હતું; તેના ઉપરથી કપિલ નામનો એક પુત્ર જન્મ્યો હતો. તે પંદર વર્ષનો થયો ત્યારે તેના પિતા પરધામ ગયા. કપિલ લાડપાલમાં ઉછરેલો હોવાથી કંઇ વિશેષ વિદ્વતા પામ્યો નહોતો; તેથી એના પિતાની જગો કોઇ બીજા વિદ્વાનને મળી. કાસ્યપશાસ્ત્રી જે પુંજી કમાઈ ગયાં હતા તે કમાવામાં અશક્ત એવા કપિલે ખાઇને પુરી કરી. શ્રીદેવી એક દિવસ ઘરનાં બારણામાં ઉભી હતી ત્યાં બે ચાર નોકરો સહિત પોતાના પતિની શાસ્ત્રીય પદવી પામેલો વિદ્વાન જતો તેના જોવામાં આવ્યો. ઘણા માનથી જતો આ શાસ્ત્રીને જોઇને શ્રીદેવીને પોતાની પૂર્વ સ્થિતિનું સ્મરણ થઇ આવ્યું. 'જ્યારે મારા પતિ આ પદવીપર હતા ત્યારે હું કેવું સુખ ભોગવતી હતી? એ મારૂં સુખ તો ગયું, પરંતુ મારો પુત્ર પણ પૂરૂં ભણ્યોએ નહીં.' એમ વિચારમાં

૧. શ્રીમદ્‌ના જૈનમાર્ગના પુનરૂદ્ધારના મનોરથનો પરિચય પ્રથમ આ પ્રસંગ પ્રકટ કરે છે.—સંશોધક.

ડોલતાં ડોલતાં તેની આંખમાંથી દડ દડ આંસુ ખરવા મંડયાં. એવામાં ફરતો ફરતો કપિલ ત્યાં આવી પહોંચ્યો. શ્રીદેવીને રડતી જોઇ તેનું કારણ પૂછ્યું. કપિલના બહુ આગ્રહથી શ્રીદેવીએ જે હતું તે કહી બતાવ્યું. પછી કપિલ બોલ્યો: "જો મા ! હું બુદ્ધિશાળી છઉં, પરંતુ મારી બુદ્ધિનો ઉપયોગ જેવો જોઇએ તેવો થઇ શક્યો નથી એટલે વિદ્યાવગર હું એ પદવી પામ્યો નહીં. તું કહે ત્યાં જઇને હવે હું મારાથી બનતી વિદ્યા સાધ્ય કરૂં." શ્રીદેવીએ ખેદ સાથે કહ્યું: "એ તારાથી બની શકે નહીં. નહીં તો આર્યાવર્ત્તની મર્યાદાપર આવેલી શ્રાવસ્તિ નગરીમાં ઇંદ્રદત્ત નામનો તારા પિતાનો મિત્ર રહે છે, તે અનેક વિદ્યાર્થિયોને વિદ્યાદાન દે છે; જો તારાથી ત્યાં જવાય તો ધારેલી સિદ્ધિ થાય ખરી." એક બે દિવસ રોકાઈ સજ થઇ અસ્તુ કહી કપિલજી પંથે પડયા.

અવધ વીતતાં કપિલ શ્રાવસ્તિએ શાસ્ત્રિજીને ઘેર આવી પહોંચ્યા. પ્રણામ કરીને પોતાનો ઇતિહાસ કહી બતાવ્યો. શાસ્ત્રિજીએ મિત્રપુત્રને વિદ્યાદાન દેવાને માટે બહુ આનંદ દેખાડયો, પણ કપિલ આગળ કંઇ પુંજી નહોતી કે તે તેમાંથી ખાય અને અભ્યાસ કરી શકે; એથી કરીને તેને નગરમાં યાચવા જવું પડતું હતું. યાચતાં યાચતાં બપોર થઈ જતા હતા. પછી રસોઇ કરે અને જમે ત્યાં સાંજનો થોડો ભાગ રહેતો હતો. એટલે કંઇ અભ્યાસ કરી શકતો નહોતો. પંડિતે તેનું કારણ પૂછ્યું ત્યારે કપિલે તે કહી બતાવ્યું. પંડિત તેને એક ગૃહસ્થ પાસે તેડી ગયા. એને હમેશાં ભોજન મળે એવી ગોઠવણ એક વિધવા બ્રાહ્મણીને ત્યાં તે ગૃહસ્થે કપિલની અનુકંપા ખાતર કરી દીધી.જેથી કપિલને એ એક ચિંતા ઓછી થઇ.

શિક્ષાપાઠ ૪૭. કપિલમુનિ. ભાગ ૨.—

એ નાની ચિંતા ઓછી થઈ ત્યાં બીજી મોટી જંજાળ ઉભી થઇ. ભદ્રિક કપિલ હવે યુવાન થયો હતો અને જેને ત્યાં તે જમવા જતો તે વિધવા બાઈ પણ યુવાન હતી. તેની સાથે તેના ઘરમાં બીજું કોઇ માણસ નહોતું. હમેશનો પરસ્પરનો વાતચિતનો સંબંધ વધ્યો. વધીને હાસ્યવિનોદરૂપે થયો. એમ કરતાં કરતાં બન્નેને પ્રીતિ બંધાઇ. કપિલ તેનાથી લુબ્ધાયો ! એકાંત બહુ અનિષ્ટ ચીજ છે !!

વિદ્યા પ્રાપ્ત કરવાનું તે ભુલી ગયો. ગૃહસ્થ તરફથી મળતાં સીધાંથી બન્નેનું માંડ પુરું થતું હતું, પણ લુગડાં લતાના વાંધા થયા. ગૃહસ્થાશ્રમ માંડી બેઠાં જેવું કપિલે કરી મુક્યું. ગમે તેવો છતાં હળુકર્મિ જીવ હોવાથી સંસારની વિશેષ લોતાળની તેને માહિતી પણ નહોતી. એથી પૈસા કેમ પેદા કરવા તે બિચારો તે જાણતો પણ નહોતો. ચંચળ સ્ત્રિયે તેને રસ્તો બતાવ્યો કે મુંઝાવામાં કંઇ વળવાનું નથી; પરંતુ ઉપાયથી સિદ્ધિ છે. આ ગામના રાજાનો એવો નિયમ છે કે સવારમાં પહેલો જઇ જે બ્રાહ્મણ આશીર્વાદ આપે તેને તે બે માસા સોનું આપે છે. ત્યાં જો જઇ શકો અને પ્રથમ આશીર્વાદ આપી શકો તો તે બે માસા સોનું મળે. કપિલે એ વાતની હા કહી. આઠ દિવસ સુધી આંટા ખાધા પણ વખત વીત્યા પછી જાય એટલે કાંઈ વળે નહીં. એથી તેણે એક દિવસ એવો નિશ્ચય કર્યો કે જો હું ચોકમાં સુઉં તો ચીવટ રાખીને ઉઠાશે. પછી તે ચોકમાં સુતો. અધરાત ભાંગતાં ચંદ્રનો ઉદય થયો. કપિલે પ્રભાત સમીપ જાણીને મુઠીઓ વાળીને આશીર્વાદ દેવા માટે દોડતાં જવા માંડયું. રક્ષપાળે ચોર જાણીને તેને પકડી રાખ્યો. એક કરતાં બીજું થઈ પડયું. પ્રભાત થયો એટલે રક્ષપાળે તેને લઈ જઇને રાજાની સમક્ષ ઉભો રાખ્યો. કપિલ બેભાન જેવો ઉભો રહ્યો. રાજાને તેનાં ચોરનાં લક્ષણ ભાસ્યાં નહીં. એથી તેને સઘળું વૃત્તાંત પૂછ્યું. ચંદ્રના પ્રકાશને સૂર્યસમાન ગણનારની ભદ્રિકતાપર રાજાને દયા આવી. તેની દરિદ્રતા ટાળવા રાજાની ઇચ્છા થઈ એથી કપિલને કહ્યું: "આશીર્વાદને માટે થઇ ત્યારે જો એટલીબધી તરખડ થઈ પડી છે તો હવે તારી ઇચ્છાપૂરતું તું માગી લે. હું તને આપીશ." કપિલ થોડીવાર મૂઢ જેવો રહ્યો. એથી રાજાએ કહ્યું: 'કેમ વિપ્ર, કંઈ માગતા નથી?' કપિલે ઉત્તર આપ્યો: 'મારું મન હજુ સ્થિર થયું નથી; એટલે શું માગવું તે સુઝતું નથી,

રાજાએ સામેના બાગમાં જઈ ત્યાં બેસીને સ્વસ્થતાપૂર્વક વિચાર કરી કપિલને માગવાનું કહ્યું. એટલે કપિલ તે બાગમાં જઇને વિચાર કરવા બેઠો.

શિક્ષાપાઠ ૪૮. કપિલમુનિ, ભાગ ૩.—

બે માસા સોનું લેવાની જેની ઇચ્છા હતી તે કપિલ હવે તૃષ્ણાતરંગમાં ઘસડાયો. પાંચ મહોર માગવાની ઇચ્છા કરી તો ત્યાં વિચાર આવ્યો કે પાંચથી કંઇ પુરું થનાર નથી માટે પંચવીશ મહોર માગવી. એ વિચાર પણ ફર્યો. પંચવીશ મહોરથી કંઇ આખું વર્ષ ઉતરાય નહીં માટે સો મહોર માગવી; ત્યાં વળી વિચાર ફર્યો. સો મહોરે બે વર્ષ ઉતરી, વૈભવ ભોગવી પાછાં દુઃખનાં દુઃખ માટે એક હજાર મહોરની યાચના કરવી ઠીક છે; પણ એક હજાર મહોરે છોકરાં છૈયાંનાં બેચાર ખર્ચ આવે કે એવું થાય તો પુરું પણ શું થાય? માટે દશ હજાર મહોર માગવી કે જેથી જીંદગીપર્યંત પણ ચિંતા નહીં. ત્યાં વળી ઇચ્છા ફરી. દશ હજાર મહોર ખવાઈ જાય એટલે પછી મુડી વગરના થઇ રહેવું પડે માટે એક લાખ મહોરની માગણી કરું કે જેના વ્યાજમાં બધા વૈભવ ભોગવું. પણ જીવ! લક્ષાધિપતિ તો ઘણાય છે. એમાં આપણે નામાંકિત ક્યાંથી થવાના? માટે કરોડ મહોર માંગવી કે જેથી મહાન્ શ્રીમંતના કહેવાય. વળી પાછો રંગ ફર્યો. મહાન્ શ્રીમંતતાથી પણ ઘેર અમલ કહેવાય નહીં માટે રાજાનું અર્ધું રાજ્ય માગવું; પણ જો અર્ધું રાજ્ય માગીશ તોય રાજાતુલ્ય ગણાશે અને વળી હું એનો યાચક પણ ગણાઇશ, માટે માગવું તો આખું રાજ્ય માંગવું. એમ એ તૃષ્ણામાં ડુબ્યો; પરંતુ તુચ્છ સંસારી એટલે પાછો વળ્યો: "ભલા જીવ! આપણે એવી કૃતઘ્નતા શા માટે કરવી પડે કે જે આપણને ઇચ્છા પ્રમાણે આપવા તત્પર થયો તેનું જ રાજ્ય લઈ લેવું; અને તેને જ ભ્રષ્ટ કરવો? ખરું જોતાં તો એમાં આપણી જ ભ્રષ્ટતા છે. માટે અર્ધું રાજ્ય માગવું; પરંતુ એ ઉપાધિએ મારે નથી જોઇતી. ત્યારે નાણાંની ઉપાધિ પણ ક્યાં ઓછી છે? માટે કરોડ લાખ મૂકીને સો બસેં મહોર જ માગી લેવી. જીવ, સો બસેં મહોર હમણાં આવશે તો પછી વિષયવૈભવમાં જ વખત ચાલ્યો જશે અને વિદ્યાભ્યાસ પણ ધર્યો રહેશે; માટે પાંચ મહોર હમણાં તો લઇ જવી. પછીની વાત પછી. અરે! પાંચ મહોરનીએ હમણાં કંઇ જરૂર નથી; માત્ર બે માસા સોનું લેવા આવ્યો હતો તે જ માગી લેવું. આ તો જીવ બહુ થઈ. તૃષ્ણાસમુદ્રમાં તેં ગળકાં ખાધાં. આખું રાજ્ય માગતાં પણ તૃષ્ણા છીપતી નહોતી. માત્ર સંતોષ અને વિવેકથી તે ઘટાડી તો ઘટી. એ રાજા જો ચક્રવર્ત્તિ હોત તો પછી હું એથી વિશેષ શું માંગી શકત? અને વિશેષ જ્યાંસુધી ન મળત ત્યાં સુધી મારી તૃષ્ણા સમાત પણ નહીં. જ્યાંસુધી તૃષ્ણા સમાત નહીં, ત્યાંસુધી હું સુખી પણ નહોત. એટલેથી એ મારી તૃષ્ણા ટળે નહીં તો પછી બે માસાથી કરીને ક્યાંથી ટળે?" એનો આત્મા સવળીએ આવ્યો અને તે બોલ્યો: 'હવે મારે એ બે માસાનું પણ કંઈ કામ નથી. બે માસાથી વધીને હું કેટલે સુધી પહોંચ્યો! સુખ તો સંતોષમાં જ છે. તૃષ્ણા એ સંસારવૃક્ષનું બીજ છે. એનો હે જીવ, તારે શું ખપ છે? વિદ્યા લેતાં તું વિષયમાં પડી ગયો; વિષયમાં પડવાથી આ ઉપાધિમાં પડ્યો; ઉપાધિ વડે કરીને અનંત તૃષ્ણાસમુદ્રના તરંગમાં તું પડ્યો. એક ઉપાધિમાંથી આ સંસારમાં એમ અનંત ઉપાધિ વેઠવી પડે છે. એથી એનો ત્યાગ કરવો ઉચિત છે. સત્ય સંતોષ જેવું નિરૂપાધિ સુખ એકકે નથી.' એમ વિચારતાં વિચારતાં તૃષ્ણા સમાવવાથી તે કપિલનાં અનેક આવરણ ક્ષય થયા. તેનું અંતઃકરણ પ્રફુલ્લિત અને બહુ વિવેકશીલ થયું. વિવેકમાં ને વિવેકમાં ઉત્તમ જ્ઞાનવડે તે સ્વાત્મનો વિચાર કરી શક્યો. અપૂર્વ શ્રેણિએ ચઢી તે કૈવલ્યજ્ઞાનને પામ્યો કહેવાય છે.

તૃષ્ણા કેવી કનિષ્ઠ વસ્તુ છે! જ્ઞાનીઓ એમ કહેછે કે તૃષ્ણા આકાશના જેવી અનંત છે; નિરંતર તે નવયૌવન રહે છે. ચાહના જેટલું મળ્યું એટલે ચાહનાને વધારી દેછે. સંતોષ એ જ માત્ર કલ્પવૃક્ષ છે અને એ જ માત્ર મનોવાંછિતતા પૂર્ણ કરે છે.

[કપિલમુનિનું આ ચરિત્ર માત્ર કથારૂપ છે; તે કંઈ ઇતિહાસરૂપે મળ્યું નથી.]

શિક્ષાપાઠ ૪૯. તૃષ્ણાની વિચિત્રતા.—

[એક ગરીબની વધતી ગયેલી તૃષ્ણા.]

હતી દીનતાઈ ત્યારે તાકી પટલાઈ અને,
મળી પટેલાઈ ત્યારે તાકી છે શેઠાઈને;
સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રિતાઈ અને,
આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઈને;
મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને,
દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઈને,
અહો! રાજચંદ્ર માનો માનો શંકરાઈ મળી (!)
વધે તૃશનાઈ તોય જાય ન મરાઈને.

[૨]

કરોચલી પડી દાઢી ડાચાંતણો દાટ વળ્યો,
કાળી કેશપટી વિષે, શ્વેતતા છવાઈ ગઈ;
સૂંઘવું સાંભળવું ને દેખવું તે માંડી વળ્યું,
તેમ દાંતઆવલી તે, ખરી, કે ખવાઈ ગઈ;
વળી કેડ વાંકી હાડ ગયાં, અંગરંગ ગયો,
ઊઠવાની આય જતાં લાકડી લેવાઈ ગઈ;
અરે! રાજચંદ્ર એમ, યુવાની હરાઈ પણ,
મનથી ન તોય રાંડ, મમતા મરાઈ ગઈ.

[૩]

કરોડોના કરજના, શીરપર ડંકા વાગે,
રોગથી રૂંધાઈ ગયું, શરીર સૂકાઈને;
પુરપતિ પણ માથે, પીડવાને તાકી રહ્યો,
પેટ તણી વેઠ પણ, શકે ન પુરાઈને;
પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે ખાઉં ખાઉં દુઃખદાઈને,
અરે! રાજચંદ્ર તોય જીવ ઝાવા દાવા કરે,
જંજાળ છડાય નહીં તજી તૃશનાઈને.

[૪]

થઈ ક્ષીણ નાડી અવાચક જેવો રહ્યો પડી,
જીવનદીપક પામ્યો કેવળ ઝંખાઈને,
છેલ્લી ઈસે પડ્યો ભાળી ભાઈએ ત્યાં એમ ભાખ્યું,
હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઈને;
હાથને હલાવી ત્યાં તો ખીજી બુઢ્ઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેશ બાળ તારી ચતુરાઈને!
અરે! રાજચંદ્ર દેખો દેખો આશાપાસ કેવો?
જતાં ગઈ નહીં ડોશે મમતા મરાઈને!

શિક્ષાપાઠ ૫૦. પ્રમાદ.—

ધર્મની અનાદરતા, ઉન્માદ, આળસ, કષાય એ સઘળાં પ્રમાદનાં લક્ષણ છે.

ભગવાને 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં ગૌતમને કહ્યું કે, હે ગૌતમ! મનુષ્યનું આયુષ્ય ડાભની અણીપર

પડેલા જળનાં બિંદુ જેવું છે. જેમ તે બિંદુને પડતાં વાર લાગતી નથી તેમ આ મનુષ્યાયુ જતાં વાર લાગતી નથી. એ બોધની કાવ્યમાં ચોથી કડી સ્મરણમાં અવશ્ય રાખવા જેવી છે 'સમયં ગોયમ મા પમાએ.' એ પવિત્ર વાક્યના બે અર્થ થાય છે. એક તો હે ગૌતમ ! સમય એટલે અવસર પામીને પ્રમાદ ન કરવો અને બીજો એક મેષાનુમેષમાં ચાલ્યા જતા અસંખ્યાતમાં ભાગનો જે સમય કહેવાય છે તેટલો વખત પણ પ્રમાદ ન કરવો. કારણ દેહ ક્ષણભંગુર છે; કાળશીકારી માથે ધનુષ્યબાણ ચઢાવીને ઉભો છે. લીધા કે લેશે એમ જંજાળ થઈ રહી છે; ત્યાં પ્રમાદથી ધર્મકર્ત્તવ્ય કરવું રહી જશે.

અતિ વિચક્ષણ પુરુષો સંસારની સર્વોપાધિ ત્યાગીને અહોરાત્ર ધર્મમાં સાવધાન થાય છે, પળનો પણ પ્રમાદ કરતા નથી. વિચક્ષણ પુરુષો અહોરાત્રના થોડા ભાગને પણ નિરંતર ધર્મકર્ત્તવ્યમાં ગાળે છે અને અવસરે અવસરે ધર્મકર્ત્તવ્ય કરતા રહે છે; પણ મૂઢ પુરુષો નિદ્રા, આહાર, મોજશોખ અને વિકથા તેમ જ રંગરાગમાં આયુ વ્યતીત કરી નાખે છે. એનું પરિણામ તેઓ અધોગતિરૂપ પામે છે.

જેમ બને તેમ યત્ન અને ઉપયોગથી ધર્મને સાધ્ય કરવો યોગ્ય છે. સાઠઘડીનાં અહોરાત્રમાં વીશ ઘડી તો નિદ્રામાં ગાળીએ છીએ. બાકીની ચાળીશ ઘડી ઉપાધિ, ટેલટપ્પા અને રઝળવામાં ગાળીએ છીએ. એ કરતાં એ સાઠ ઘડીના વખતમાંથી બે ચાર ઘડી વિશુદ્ધ ધર્મકર્ત્તવ્યને માટે ઉપયોગમાં લઈએ તો બની શકે એવું છે. એનું પરિણામ પણ કેવું સુંદર થાય !

પળ એ અમૂલ્ય ચીજ છે; ચક્રવર્ત્તિ પણ એક પળ પામવા આખી રીદ્ધિ આપે તો પણ તે પામનાર નથી. એક પળ વ્યર્થ ખોવાથી એક ભવ હારી જવા જેવું છે. એમ તત્ત્વની દ્રષ્ટિએ સિદ્ધ છે !

શિક્ષાપાઠ પર. વિવેક એટલે શું ?—

લઘુ શિષ્યો—ભગવાન્ ! આપ અમને સ્થળે સ્થળે કહેતા આવો છો કે વિવેક એ મહાન્ શ્રેયસ્કર છે. વિવેક એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે. વિવેક વડે કરીને ધર્મ ટકે છે. વિવેક નથી ત્યાં ધર્મ નથી તો વિવેક એટલે શું ? તે અમને કહો.

ગુરૂ—આયુષ્યમન્નો ! સત્યાસત્યને તેને સ્વરૂપે કરીને સમજવાં તેનું નામ વિવેક.

લઘુ શિષ્યો—સત્યને સત્ય અને અસત્યને અસત્ય કહેવાનું તો બધાંય સમજે છે. ત્યારે મહારાજ ! એઓ ધર્મનું મૂળ પામ્યા કહેવાય ?

ગુરૂ—તમે જે વાત કહો છો તેનું એક દ્રષ્ટાંત આપો જોઈએ.

લઘુ શિષ્યો—અમે પોતે કડવાને કડવું જ કહીએ છીએ, મધુરાને મધુરું કહીએ છીએ. ઝેરને ઝેર, ને અમૃતને અમૃત કહીએ છીએ.

ગુરૂ—આયુષ્યમન્નો ! એ બધા દ્રવ્ય પદાર્થ છે; પરંતુ આત્માને કયિ કડવાશ, કયિ મધુરાશ, કયું ઝેર અને કયું અમૃત છે એ ભાવપદાર્થોની એથી કંઇ પરીક્ષા થઇ શકે ?

લઘુ શિષ્યો—ભગવાન્ ! એ સંબંધી તો અમારૂં લક્ષ પણ નથી.

ગુરૂ— ત્યારે એ જ સમજવાનું છે કે દર્શનરૂપ આત્માના સત્ય ભાવ પદાર્થને અજ્ઞાન અને અદર્શનરૂપ અસત્ વસ્તુએ ઘેરી લીધા છે. એમાં એટલી બધી મિશ્રતા થઇ ગઇ છે કે પરીક્ષા કરવી અતિ અતિ દુર્લભ છે. સંસારનાં સુખો અનંતિવાર આત્માએ ભોગવ્યાં. છતાં તેમાંથી હજુ પણ મોહ ટળી નહીં; અને તેને અમૃત જેવો ગણ્યો એ અવિવેક છે; કારણ સંસાર કડવો છે. કડવા વિપાકને આપે છે. તેમ જ વૈરાગ્ય જે એ કડવા વિપાકનું ઔષધ છે તેને કડવો ગણ્યો; આ પણ અવિવેક છે. જ્ઞાન દર્શનાદિગુણો અજ્ઞાન દર્શને ઘેરી જે મિશ્રતા કરી નાંખી છે તે ઓળખી ભાવઅમૃતમાં આવવું; એનું નામ વિવેક છે. કહો હવે વિવેક એ કેવી વસ્તુ ઠરી !

લઘુ શિષ્યો—અહો ! વિવેક એ જ ધર્મનું મૂળ અને ધર્મરક્ષક કહેવાય છે તે સત્ય છે. આત્મસ્વરૂપને વિવેક વિના ઓળખી શકાય નહીં એ પણ સત્ય છે. જ્ઞાન, શીલ, ધર્મતત્ત્વ અને તપ એ સઘળાં વિવેક વિના ઉદય પામે નહીં એ આપનું કહેવું યથાર્થ છે. જે વિવેકી નથી તે અજ્ઞાની અને મંદ છે. તે જ પુરુષ મતભેદ અને મિથ્યા દર્શનમાં લપટાઇ રહે છે. આપની વિવેક સંબંધીની શિક્ષા અમે નિરંતર મનન કરીશું.

શિક્ષાપાઠ ૫૨. જ્ઞાનીઓએ વૈરાગ્ય શા માટે બોધ્યો ?—

સંસારના સ્વરૂપ સંબંધી આગળ કેટલુંક કહેવામાં આવ્યું છે. તે તમને લક્ષમાં હશે.

જ્ઞાનીઓએ એને અનંત ખેદમય, અનંત દુ:ખમય, અવ્યવસ્થિત, ચળવિચળ, અને અનિત્ય કહ્યો છે. આ વિશેષણો લગાડવા પહેલાં એમણે સંસારસંબંધી સંપૂર્ણ વિચાર કરેલો જણાય છે. અનંત ભવનું પર્યટન, અનંત કાળનું અજ્ઞાન, અનંત જીવનનો વ્યાઘાત, અનંત મરણ, અનંત શોક એ વડે કરીને સંસારચક્રમાં આત્મા ભમ્યા કરે છે. સંસારની દેખાતી ઇંદ્રવારણા જેવી સુંદર મોહિનીએ આત્માને તટસ્થ લીન કરી નાંખ્યો છે. એ જેવું સુખ આત્માને ક્યાંય ભાસતું નથી. મોહથી સત્ય સુખ અને એનું સ્વરૂપ જોવાની એણે આકાંક્ષા પણ કરી નથી. પતંગનો જેમ દીપક પ્રત્યે મોહ છે તેમ આત્માનો સંસારસંબંધે મોહ છે. જ્ઞાનીઓ એ સંસારને ક્ષણભર પણ સુખરૂપ કહેતા નથી. તલ જેટલી જગ્યા પણ એ સંસારની ઝેર વિના રહી નથી. એક ભુંડથી કરીને એક ચક્રવર્તિ સુધી ભાવે કરીને સરખાપણું રહ્યું છે. એટલે ચક્રવર્તિનો સંસાર સંબંધમાં જેટલો મોહ છે તેટલો જ બલકે તેથી વિશેષ ભુંડને છે. ચક્રવર્ત્તિ જેમ સમગ્ર પ્રજાપર અધિકાર ભોગવે છે તેમ તેની ઉપાધિ પણ ભોગવે છે. ભુંડને એમાંનું કશુંએ ભોગવવું પડતું નથી. અધિકાર કરતાં ઉલટી ઉપાધિ વિશેષ છે. ચક્રવર્ત્તિનો પોતાની પત્નિ પ્રત્યેનો પ્રેમ જેટલો છે; તેટલો જ બલકે તેથી વિશેષ ભુંડનો પોતાની ભુંડણી પ્રત્યે પ્રેમ રહ્યો છે. ચક્રવર્ત્તિ ભોગથી જેટલો રસ લે છે તેટલો જ રસ ભુંડ પણ માની બેઠું છે. ચક્રવર્ત્તિની જેટલી વૈભવની બહોળતા છે તેટલી જ ઉપાધિ છે. ભુંડને એના વૈભવના પ્રમાણમાં છે. બન્ને જન્મ્યાં છે અને બન્ને મરવાનાં છે. આમ અતિ સૂક્ષ્મ વિચારે ક્ષણિકતાથી, રોગથી, જરાથી બન્ને ગ્રહિત છે. દ્રવ્યે ચક્રવર્ત્તિ સમર્થ છે. મહા પુણ્યશાળી છે. શાતાવેદની ભોગવે છે અને ભુંડ બિચારૂં અશાતાવેદની ભોગવી રહ્યું છે. બન્નેને અશાતા શાતા પણ છે, પરંતુ ચક્રવર્ત્તિ મહા સમર્થ છે. પણ જો એ જીવન પર્યંત મોહાંધ રહ્યો તો સઘળી બાજી હારી જવા જેવું કરે છે. ભુંડને પણ તેમ જ છે. ચક્રવર્ત્તિ શ્લાઘાપુરુષ હોવાથી ભુંડથી એ રૂપે એની તુલના જ નથી; પરંતુ આ સ્વરૂપે છે. ભોગ ભોગવવામાં પણ બન્ને તુચ્છ છે. બન્નેનાં શરીર પરૂ માંસાદિકનાં છે. સંસારની આ ઉત્તમોત્તમ પદવી આવી રહી ત્યાં આવું દુ:ખ, ક્ષણિકતા, તુચ્છતા, અંધપણું એ રહ્યું છે તો પછી બીજે સુખ શા માટે ગણવું જોઇએ ? એ સુખ નથી છતાં સુખ ગણો તો જે સુખ ભયવાળાં અને ક્ષણિક છે તે દુ:ખ જ છે. અનંત તાપ, અનંત શોક, અનંત દુ:ખ જોઇને જ્ઞાનીઓએ એ સંસારને પુંઠ દીધી છે તે સત્ય છે. એ ભણી પાછું વાળી જોવા જેવું નથી. ત્યાં દુ:ખ દુ:ખને દુ:ખ જ છે. દુ:ખનો એ સમુદ્ર છે.

વૈરાગ્ય એ જ અનંતસુખમાં લઇ જનાર ઉત્કૃષ્ઠ ભોમિયો છે.

શિક્ષાપાઠ ૫૩. મહાવીરસાસન.—

હમણાં જે શાસન પ્રવર્ત્તમાન છે તે શ્રમણ ભગવાન્ મહાવીરનું પ્રણીત કરેલું છે. ભગવાન્ મહાવીરને નિર્વાણ પધાર્યાં ૨૪૧૪ વર્ષ થયાં. મગધદેશના ક્ષત્રિયકુંડ નગરમાં ત્રિશલાદેવી ક્ષત્રિયાણીની કુખે સિદ્ધાર્થ રાજાથી ભગવાન્ મહાવીર જન્મ્યા. મહાવીર ભગવાનના મોટા ભાઇનું નામ નંદિવર્દ્ધમાન હતું. મહાવીર ભગવાનની સ્ત્રીનું નામ યશોદા હતું. ત્રીશ વર્ષ તેઓ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. એકાંતિક વિહારે સાડાબાર વર્ષ એક પક્ષ તપાદિક સમ્યક્આચારે, એમણે અશેષ ઘનઘાતી કર્મને બાળીને ભસ્મ

ભૂત કર્યાં; અને અનુપમેય કેવળજ્ઞાન અને કેવળદર્શન ઋજુવાલિકા નદિને કિનારે પામ્યા. એકંદર બહોતેર વર્ષની લગભગ આયુ ભોગવી સર્વ કર્મ ભસ્મિભૂત કરી સિદ્ધસ્વરૂપને પામ્યા. વર્ત્તમાન ચોવીશીના એ છેલ્લા જિનેશ્વર હતા.

એઓનું આ ધર્મતીર્થ પ્રવર્ત્તે છે. તે ૨૧,૦૦૦ હજાર વર્ષ એટલે પંચમકાળની પૂર્ણતા સુધી પ્રવર્ત્તશે એમ 'ભગવતીસૂત્ર'નાં પ્રવચન છે.

આ કાળ દશ અપવાદથી યુક્ત હોવાથી એ ધર્મતીર્થપર અનેક વિપત્તિઓ આવી ગઇ છે. આવે છે; અને [પ્રવચન પ્રમાણે] આવશે [પણ ખરી.]

જૈનસમુદાયમાં પરસ્પર મતભેદ બહુ પડી ગયા છે. પરસ્પર નિંદાગ્રંથોથી જંજાળ માંડી બેઠા છે. વિવેક વિચારે મધ્યસ્થ પુરૂષો મતમતાંતરમાં નહીં પડતાં જૈનશિક્ષાનાં મૂળ તત્ત્વપર આવે છે; ઉત્તમ શીલવાન મુનિયોપર ભાવિક રહે છે. સત્ય એકાગ્રતાથી પોતાના આત્માને દમે છે.

[1]કાળપ્રભાવને લીધે વખતે વખતે શાસન કંઈ સામાન્ય પ્રકાશમાં આવે છે; [પણ તે જોઇએ એવું પ્રફુલ્લિત ન થઇ શકે.]

"વંક જડાય પચ્છિમા" એવું 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં વચન છે. એનો ભાવાર્થ એ છે કે છેલ્લા તીર્થંકરના (મહાવીરસ્વામીના) શિષ્યો વાંકા અને જડ થશે. અને તેની સત્યતા વિષે કોઇને બોલવું રહે તેમ નથી. આપણે ક્યાં તત્ત્વનો વિચાર કરીએ છીએ ? ક્યાં ઉત્તમ શીલનો વિચાર કરીએ છીએ ? નિયમિત વખત ધર્મમાં ક્યાં વ્યતીત કરીએ છીએ ? ધર્મતીર્થના ઉદયને માટે ક્યાં લક્ષ રાખીએ છીએ ? ક્યાં દાઝ વડે ધર્મતત્ત્વને શોધીએ છીએ ? શ્રાવકકુળમાં જન્મ્યા એથી કરીને શ્રાવક, એ વાત આપણે ભાવે કરીને માન્ય કરવી જોઇતી નથી; એને માટે જોઇતા આચાર, જ્ઞાન, શોધ કે એમાંનાં કંઇ વિશેષ લક્ષણો હોય તેને શ્રાવક માનિયે તો તે યથાયોગ્ય છે. દ્રવ્યાદિક કેટલાક પ્રકારની સામાન્ય દયા શ્રાવકને ઘેર જન્મે છે અને તે પાળે છે એ વાત વખાણવા લાયક છે; પણ તત્ત્વને કોઇક જ જાણેછે. જાણ્યા કરતાં ઝાઝી શંકા કરનારા અર્ધદગ્ધો પણ છે. જાણીને અહંપદ કરનારા પણ છે. પરંતુ જાણીને તત્ત્વના કાંટામાં તોળનારા કોઇક વિરલ છે. [2]કેવળ, મનઃપર્યવ અને અવધજ્ઞાન વિચ્છેદ ગયાં, દ્રષ્ટિવાદ વિચ્છેદ ગયું, સિદ્ધાંતનો ઘણો ભાગ વિચ્છેદ ગયો; માત્ર થોડા રહેલા ભાગપર સામાન્ય સમજણથી શંકા કરવી યોગ્ય નથી. જે શંકા થાય તે વિશેષ જાણનારને પૂછવી. ત્યાંથી મનમાનતો ઉત્તર ન મળે તો-પણ જિનવચનની શ્રદ્ધા ચળવિચળ કરવી[3] નહીં. અનેકાંત શૈલીના સ્વરૂપને વિરલ જાણે છે.

[ભગવાનનાં કથનરૂપ મણિના ઘરમાં કેટલાક પામર પ્રાણીઓ દોષરૂપી કાણું શોધવાનું મંથન કરી અધોગતિજન્યકર્મ બાંધે છે. લીલોતરીને બદલે તેની સુકવણી કરી લેવાનું કોણે ? કેવા વિચારથી શોધી કાઢયું હશે ?]

આ વિષય બહુ મોટો છે. એ સંબંધી [અહીં આગળ કહેવાની કંઇ યોગ્યતા નથી; ટુંકામાં કહેવાનું કે આપણે આપણા આત્માનાં સાર્થક અર્થે મતભેદમાં પડવું નહીં.] ઉત્તમ અને શાંત મુનિનો સમાગમ, વિમળ આચાર, વિવેક, દયા, ક્ષમા એનું સેવન કરવું. [મહાવીર તીર્થને અર્થે બને તો વિવેકી બોધ કારણ સહિત આપવો.] તુચ્છ બુદ્ધિથી શંકિત થવું નહીં. એમાં આપણું પરમ મંગળ છે એ વિસર્જન કરવું નહીં.

શિક્ષાપાઠ ૫૪. અશુચિ કોને કહેવી ?—

જિજ્ઞાસુ:—મને જૈન મુનિયોનાં આચારની વાત બહુ રુચી છે. એઓના જેવો કોઇ દર્શનના

---

૧. પાઠાન્તર:" કાળપ્રભાવને લીધે વખતે વખતે શાસન કંઈ ન્યૂનાધિક પ્રકાશમાં આવે છે.—સંશોધક.

૨. પાઠાન્તર: " પરમ્પર આમ્નાયથી કેવળ, મનઃપર્યવ અને પરમ અવધિજ્ઞાન વિચ્છેદ ગયાં. "—સંશોધક.

૩. પાઠાન્તર: "કરવી યોગ્ય નથી."—સંશોધક.

સંતોમાં આચાર નથી. ગમે તેવા શીયાળાની ટાઢમાં અમુક વસ્ત્રવડે તેઓને રેડવવું પડે છે, ઉનાળામાં ગમે તેવા તાપ તપતા છતાં પગમાં તેઓને પગરખાં કે માથાપર છત્રી લેવાતી નથી. ઉની રેતીમાં આતાપના લેવી પડે છે. યાવજ્જીવ ઉનું પાણી પીએ છે. ગૃહસ્થને ઘેર તેઓ બેસી શકતા નથી. શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે. ફુટી બદામ પણ પાસે રાખી શકતા નથી. અયોગ્ય વચન તેથી બોલી શકાતું નથી. વાહન તેઓ લઈ શકતા નથી. આવા પવિત્ર આચારો ખરે ! મોક્ષદાયક છે. પરંતુ નવવાડમાં ભગવાને સ્નાન કરવાની ના કહી છે એ વાત તો મને યથાર્થ બેસતી નથી.

સત્ય—શા માટે બેસતી નથી ?

જિજ્ઞાસુ—કારણ એથી અશુચિ વધે છે.

સત્ય—કયિ અશુચિ વધે છે ?

જિજ્ઞાસુ—શરીર મલિન રહે છે એ.

સત્ય—ભાઇ, શરીરની મલિનતાને અશુચિ કહેવી એ વાત કંઇ વિચારપૂર્વક નથી. શરીર પોતે શાનું બન્યું છે એ તો વિચાર કરો. રક્ત, પિત, મળ, મૂત્ર શ્લેષ્મનો એ ભંડાર છે, તેપર માત્ર ત્વચા છે; છતાં એ પવિત્ર કેમ થાય ? વળી સાધુએ એવું કંઇ સંસારી કર્ત્તવ્ય કર્યું ન હોય કે જેથી તેઓને સ્નાન કરવાની આવશ્યક રહે.

જિજ્ઞાસુ—પણ સ્નાન કરવાથી તેઓને હાનિ શું છે ?

સત્ય—એ તો સ્થૂળ બુદ્ધિનું જ પ્રશ્ન છે. નહાવાથી અસંખ્યાતા જંતુનો વિનાશ, કામાગ્નિની પ્રદિપ્તતા, વ્રતનો ભંગ, પરિણામનું બદલવું એ સઘળી અશુચિ ઉત્પન્ન થાય છે અને એથી આત્મા મહા મલિન થાય છે. પ્રથમ એનો વિચાર કરવો જોઇએ. શરીરની જીવહિંસાયુક્ત જે મલિનતા છે તે અશુચિ છે. અન્ય મલિનતાથી તો આત્માની ઉજ્વળતા થાય છે. એ તત્ત્વવિચારે સમજવાનું છે. નહાવાથી વ્રત્તભંગ થઇ આત્મા મલિન થાય છે; અને આત્માની મલિનતા એ જ અશુચિ છે.

જિજ્ઞાસુ—મને તમે બહુ સુંદર કારણ બતાવ્યું. સૂક્ષ્મ વિચાર કરતાં જિનેશ્વરનાં કથનથી બોધ અને અત્યાનંદ પ્રાપ્ત થાય છે. વારુ, ગૃહસ્થાશ્રમીઓને શરીરની જીવહિંસા કે સંસારકર્ત્તવ્યથી થયેલી અશુચિ ટાળવી જોઇએ કે નહીં ?

સત્ય—સમજણ પૂર્વક અશુચિ ટાળવી જ જોઇએ. જૈન જેવું એકે પવિત્ર દર્શન નથી અને[1] તે અપવિત્રતાનો બોધ કરતું નથી. શૌચાશૌચનો વિચાર પરંતુ થોડા જ કરે છે.

શિક્ષાપાઠ ૫૫ સામાન્ય નિત્યનિયમ.—

પ્રભાત પહેલાં ઉઠીને યત્નાથી રાત સંબંધી થયેલા દોષનું પ્રતિક્રમણ કરવું.[2]

પ્રતિક્રમણ કર્યા પછી સ્તુતિ, અને શિક્ષાવચન ઉચારી મનની બનતી શાંતિ કરી ઘેર આવવું.[3]

માતા પિતાનો વિનય કરી યત્નાથી સંસારી કામમાં પ્રયોજન કરવું.[4]

[5]આહાર વિહારનો નિયમિત વખત રાખવો; તેમજ શાસ્ત્રના અભ્યાસનો અને તાત્ત્વિક ગ્રંથનાં

---

૧. પાઠન્તરઃ "યથાર્થ પવિત્રતાનું બોધક તે છે; પરંતુ શૌચાશૌચનું સ્વરૂપ સમજવું જોઇએ."—સંશોધક.

૨. પાઠન્તરઃ "પ્રભાત પહેલાં જાગૃત થઇ નમસ્કારમંત્રનું સ્મરણ કરી મન વિશુદ્ધ કરવું. પાપવ્યાપારની વૃત્તિ રોકી રાત્રિસંબંધી થયેલા દોષનું ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ કરવું."—સંશોધક.

૩. પાઠાન્તરઃ "પ્રતિક્રમણ કર્યા પછી યથાવસર ભગવાનની ઉપાસના સ્તુતિ તથા સ્વાધ્યાયથી કરી મનને ઉજ્વલ કરવું."—સંશોધક.

૪. પાઠાન્તરઃ "માતપિતાનો વિનય કરી સંસારી કામમાં આત્મહિતનો લક્ષ ભૂલાયજ નહીં, તેમ વ્યાવહારિક કાર્યમાં પ્રવર્ત્તન કરવું."—સંશોધક.

૫. પાઠાન્તરઃ "પોતે ભોજન કરતાં પહેલાં સત્પાત્રે દાન દેવાની પરમ આતુરતા રાખી તેવો યોગ મળતાં યથોચિત પ્રવૃતિ કરવી, આહાર વિહારાદિમાં નિયમ સહિત પ્રવર્તવું. સત્શાસ્ત્રના અભ્યાસનો નિયમિત વખત રાખવો."—સંશોધક.

મનનનો પણ નિયમિત વખત રાખવો.

સાયંકાળે સંધ્યાવશ્યક ઉપયોગપૂર્વક કરવું.

[ચોવિહારપ્રત્યાખ્યાન કરવું.]

નિયમિત નિદ્રા લેવી.

સુતા પહેલાં અઢાર પાપસ્થાનક, દ્વાદશવ્રત દોષ, અને સર્વ જીવને ક્ષમાવી પંચ પરમેષ્ટિમંત્રનું સ્મરણ કરી મહા શાંતિથી સમાધિભાવે શયન કરવું.

આ સામાન્ય નિયમો બહુ લાભદાયક થશે. એ તમને સંક્ષેપમાં કહ્યા છે. સૂક્ષ્મવિચારથી એ વિશેષ મંગળદાયક થશે.

શિક્ષાપાઠ ૫૬. ક્ષમાપના.—

હે ભગવાન્ ! હું બહુ ભૂલી ગયો, મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં. તમારા પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહી. હે ભગવાન્ ! હું ભૂલ્યો, આથડયો—રઝળ્યો—અને અનંત સંસારની વિટમ્બનામાં પડયો છઉં. હું પાપી છઉં. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છઉં. હે પરમાત્મા ! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છઉં, અજ્ઞાનથી અંધ થયો છઉં. મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છઉં, હું નિરાશ્રિત છઉં, અનાથ છઉં. નિરાગી પરમાત્મા ! હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા સાધુનું શરણ ગ્રહું છઉં. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરું છઉં. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઉંડો ઉતરું છઉં તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંત જ્ઞાની, અનંતદર્શી, ત્રૈલોક્યપ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છઉં. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ ! હે સર્વજ્ઞ ભગવાન્ ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કંઇ અજાણ્યું નથી. માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છઉં—ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શિક્ષાપાઠ ૫૭. વૈરાગ્ય એ ધર્મનું સ્વરૂપ છે.—

એક વસ્ત્ર લોહીથી કરીને રંગાયું. તેને જો લોહીથી ધોઇએ તો તે ધોઇ શકાનાર નથી, પરંતુ વિશેષ રંગાય છે. જો પાણીથી એ વસ્ત્રને ધોઇએ તો તે મલિનતા જવાનો સંભવ છે. એ દ્રષ્ટાંત પરથી આત્માપર વિચાર લઇએ. આત્મા અનાદિકાળથી સંસારરૂપી લોહીથી મલિન થયો છે. [1]મલિનતા રોમ રોમ ઉતરી ગઇ છે ! એ મલિનતા આપણે સંસારવડે [2] ટાળવા ધારીએ તો ટળી શકે નહીં. લોહીથી જેમ લોહી ધોવાતું નથી; તેમ શૃંગારથી કરીને વિષયજન્ય આત્મમલિનતા ટળનાર નથી એ જાણે નિશ્ચયરૂપ છે. અનેક ધર્મમતો આ જગત્માં ચાલે છે તે સંબંધી અપક્ષપાતે વિચાર કરતાં આગળથી આટલું વિચારવું અવશ્યનું છે કે જ્યાં સ્ત્રિયો ભોગવવાનો ઉપદેશ કર્યો હોય, લક્ષ્મીલીલાની શિક્ષા આપી હોય; રંગ, રાગ, ગુલતાન અને એશારામ કરવાનું તત્ત્વ બતાવ્યું હોય ત્યાંથી આપણા આત્માની સત્ શાંતિ નથી. કારણ એ ધર્મમત ગણીએ તો આખો સંસાર ધર્મમતયુક્ત જ છે. પ્રત્યેક ગૃહસ્થનું ઘર એ જ યોજનાથી ભરપૂર હોય છે. છોકરાંછૈયાં, સ્ત્રી, રંગ રાગ તાન ત્યાં જામ્યું પડયું હોય છે અને તે ઘર ધર્મમંદિર કહેવું તો પછી અધર્મસ્થાનક કયું ? અને જેમ વર્ત્તિએ છીએ તેમ વર્ત્તવાથી ખોટું પણ શું ? કોઈ એમ કહે કે પેલાં ધર્મમંદિરમાં તો પ્રભુની ભક્તિ થઇ શકે છે તો તેઓને માટે ખેદપૂર્વક

---

૧. પાઠાન્તરઃ " મલિનતા પ્રદેશે પ્રદેશે વ્યાપી રહી છે."—સંશોધક.

૨. પાઠન્તર. " વિષયશૃંગારથી."—સંશોધક.

આટલો જ ઉત્તર દેવાનો છે કે તે પરમાત્માતત્ત્વ અને તેની વૈરાગ્યમય ભક્તિને જાણતા નથી. ગમે તેમ હો, પણ આપણે આપણા મૂળ વિચાર પર આવવું જોઇએ. તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ આત્મા સંસારમાં વિષયાદિક મલિનતાથી પર્યટન કરે છે. તે મલિનતાનો ક્ષય વિશુદ્ધ ભાવજળથી હોવો જોઇએ. તે અર્હતનાં કહેલાં તત્ત્વરૂપ સાબુ અને વૈરાગ્યરૂપી જળથી ઉત્તમ આચારરૂપ પથ્થરપર રાખીને. આત્મવસ્ત્રને ધોનાર નિર્ગ્રંથ ગુરુ છે. આમાં જો વૈરાગ્યજળ ન હોયતો બીજા બધાં સાહિત્યો કંઇ કરી શકતાન થી; માટે વૈરાગ્યને ધર્મનું સ્વરૂપ કહી શકાય. યદિ અર્હત્ પ્રણીત તત્ત્વ વૈરાગ્ય જ બોધે છે, તો તે જ ધર્મનું સ્વરૂપ એમ ગણવું.

શિક્ષાપાઠ ૫૮. ધર્મના મતભેદ, ભાગ ૧.—

[1]આ જગતીતળપર અનેક પ્રકારથી ધર્મના મત પડેલા છે. તેવા મતભેદ અનાદિકાળથી છે એ ન્યાયસિદ્ધ છે. પણ એ મત કંઇ કંઈ રૂપાંતર પામ્યા જાય છે; એ સંબંધી કેટલાક વિચારો કરીએ.

કેટલાક પરસ્પર મળતા અને કેટલાક પરસ્પર વિરૂદ્ધ છે. કેટલાક કેવળ નાસ્તિકના પાથરેલા પણ છે. કેટલાક સામાન્ય નીતિને ધર્મ કહે છે. કેટલાક જ્ઞાનને જ ધર્મ કહે છે. કેટલાક અજ્ઞાન એ જ ધર્મમત કહે છે. કેટલાક ભક્તિને કહે છે; કેટલાક ક્રિયાને કહે છે. કેટલાક વિનયને કહે છે અને કેટલાક શરીર સાચવવું એને ધર્મમત કહે છે.

એ ધર્મમતસ્થાપકોએ એમ બોધ કર્યો જણાય છે કે અમે જે કહીએ છીએ તે સર્વજ્ઞવાણીરૂપ અને સત્ય છે. બાકીના સઘળા મતો અસત્ય અને કુતર્કવાદી છે. પરસ્પર તેથી તે મતવાદીઓએ યોગ્ય કે અયોગ્ય ખંડન કર્યું છે. વેદાંતના ઉપદેશક આ જ બોધ છે, સાંખ્યનો પણ આ જ બોધ છે, બૌધનો પણ આ જ બોધ છે, ન્યાયમતવાળાનો પણ આ જ બોધ છે, વૈશેષિકનો આ જ બોધ છે, શક્તિપંથીનો આ જ બોધ છે, વૈષ્ણવાદિનો આ જ બોધ છે, ઇસ્લામીનો આ જ બોધ છે, અને ક્રાઇસ્ટનો આ જ બોધ છે કે આ અમારૂં કથન તમને સર્વ સિદ્ધિ આપશે. ત્યારે આપણે હવે શું વિચાર કરવો?

વાદી પ્રતિવાદી બન્ને સાચા હોતા નથી, તેમ બન્ને ખોટા હોતા નથી. બહુ તો વાદી કંઇક વધારે સાચો; અને પ્રતિવાદિ કંઇક ઓછો ખોટો હોય, (અથવા પ્રતિવાદી કંઇક વધારે સાચો, અને વાદી કંઇક ઓછો ખોટો હોય.) કેવળ બન્નેની વાત ખોટી હોવી ન જોઇએ. આમ વિચાર કરતાં તો એક ધર્મમત સાચો ઠરે અને બાકીના ખોટા ઠરે.

જિજ્ઞાસુ—એ એક આશ્ચર્યકારક વાત છે. સર્વને અસત્ય અને સર્વને સત્ય કેમ કહી શકાય? જો સર્વને અસત્ય એમ કહીએ તો આપણે નાસ્તિક ઠરીએ અને ધર્મની સચ્ચાઈ જાય. આ[2] તો નિશ્ચય છે કે ધર્મની સચ્ચાઇ છે તેમ સૃષ્ટિપર તેની અવશ્ય છે. એક સત્ય અને બાકીના સર્વ અસત્ય એમ કહીએ તો તે વાત સિદ્ધ કરી બતાવવી જોઇએ. સર્વ સત્ય કહીએ તો તો એ રેતીની ભીંત કરી, કારણ તો આટલા બધા મતભેદ શા માટે પડે? સર્વ એક જ પ્રકારના મતો સ્થાપવા શા માટે યત્ન ન કરે? એમ અન્યોન્યતા વિરોધાભાસ વિચારથી થોડીવાર અટકવું પડે છે.

[3]તોપણ તે સંબંધી યથામતિ હું કંઇ ખુલાસો કરૂં છઉં. એ ખુલાસો સત્ય અને મધ્યસ્થભા-

---

૧. આ જગત્માં અનેક પ્રકારથી ધર્મના ગત પડેલા છે. તેવા મતભેદ અનાદિકાળથી છે એ ન્યાયસિદ્ધ છે. પણ એ મતભેદો દેશકાળાદિયોગે કંઈ કંઇ રૂપાન્તર પામે ખરા. એ સંબંધી કેટલોક વિચાર કરીએ.—સંશોધક.

૨. પાઠાન્તર "આ તો નિશ્ચય છે કે: ધર્મની સચ્ચાઇ છે, તેમ જગત્પર તેની અવશ્ય છે. એક ધર્મમત સત્ય અને બાકીના સર્વ અસત્ય એમ કહીએ...."—સંશોધક.

૩. પાઠાન્તર; "તોપણ તે સંબંધે અત્રે કંઈ સમાધાન કરીશું. એ સમાધાન સત્ય અને મધ્યસ્થ ભાવનાની દ્રષ્ટિથી કર્યું છે. એકાંતિક કે મતાંતિક દ્રષ્ટિથી કર્યું નથી. પક્ષપાતી કે અવિવેકી નથી; ઉત્તમ અને વિચારવાજેવું છે. દેખાવે એ સામાન્ય લાગશે, પરંતુ સુક્ષ્મવિચારથી બહુ ભેદવાળું લાગશે.—સંશોધક.

વનાનો છે. એકાંતિક કે મતાંતિક નથી. પક્ષપાતી કે અવિવેકી નથી; પણ ઉત્તમ અને વિચારવા જેવો છે. દેખાવે એ સામાન્ય લાગશે; પરંતુ સૂક્ષ્મ વિચારથી બહુ ભેદવાળો લાગશે.

શિક્ષાપાઠ ૫૯. ધર્મના મતભેદ, ભાગ ૨.—

આટલું તો તમારે સ્પષ્ટ માનવું કે ગમે તે એક ધર્મ આ સૃષ્ટિપર[1] સંપૂર્ણ સત્યતા ધરાવે છે. હવે એક દર્શનને સત્ય કહેતાં બાકીના ધર્મમતને કેવળ અસત્ય કહેવા પડે, પણ હું એમ કહી ન શકું. શુદ્ધ આત્મજ્ઞાનદાતા નિશ્ચયનયવડે તો તે અસત્યરૂપ ઠરે; પરંતુ વ્યવહારનયે તે અસત્ય ઠરાવી શકાય નહીં. એક સત્ય અને બાકીના અપૂર્ણ અને સદોષ છે એમ હું કહું છઉં. તેમ જ કેટલાક કુતર્કવાદી અને નાસ્તિક છે તે કેવળ અસત્ય છે; પરંતુ જેઓ પરલોક સંબંધી કે પાપ સંબંધી કંઇપણ બોધ કે ભય બતાવે છે તે જાતના ધર્મમતને અપૂર્ણ અને સદોષ કહી શકાય છે. એક દર્શન જે નિર્દોષ અને પૂર્ણ કહેવાનું છે તેની વાત હમણાં એક બાજુ રાખીએ.

હવે તમને શંકા થશે કે સદોષ અને અપૂર્ણ એવું કથન એના પ્રવર્ત્તક શા માટે બોધ્યું હશે? તેનું સમાધાન થવું જોઇએ. એનું (સમાધાન એમ છે કે) એ ધર્મમતવાળાઓની જ્યાંસુધી બુદ્ધિની ગતિ પહોંચી ત્યાંસુધી તેમણે વિચારો કર્યા. અનુમાન, તર્ક અને ઉપમાદિક આધારવડે તેઓને જે કથન સિદ્ધ જણાયું તે પ્રત્યક્ષરૂપે જાણે સિદ્ધ છે એવું તેમણે દર્શાવ્યું. જે પક્ષ લીધા તેમાં મુખ્ય એકાંતિક વાદ લીધા. ભક્તિ, વિશ્વાસ કે નીતિ એમાંના એક વિષયને વિશેષ વર્ણવ્યો, એથી બીજા માનવાયોગ્ય વિષયો તેમણે દૂષિત કરી દીધા. વળી જે વિષયો તેમણે વર્ણવ્યા તે સર્વ ભાવભેદે તેઓએ કંઈ જાણ્યા નહોતા, પણ પોતાની [મહા] બુદ્ધિ અનુસારે બહુ વર્ણવ્યા. તાર્કિક સિદ્ધાંત દ્રષ્ટાંતાદિકથી સામાન્ય બુદ્ધિવાળા આગળ કે જડભરથ આગળ તેઓએ સિદ્ધ કરી બતાવ્યા. કીર્તિ, લોકહિત, કે ભગવાન્ મનાવાની આકાંક્ષા એમાંની એકાદિ પણ એમના મનની ભ્રમણા હોવાથી અત્યુગ્ર ખુબ ઉદ્યમાદિકથી તેઓ જય પામ્યા. કેટલાકે શ્રૃંગાર અને લહરી[2] સાધનોથી મનુષ્યનાં મનહરણ કર્યા. દુનિયાં મોહિનીમાં તો મૂળે ડુબી પડી છે; એટલે એ લહરી[3] દર્શનથી ગાડરરૂપે થઇને તેઓએ રાજી થઈ તેનું કહેવું માન્ય રાખ્યું. કેટલાકે[4] નીતિ, ગુણ ઇત્યાદિકથી તે કથન માન્ય રાખ્યું. પ્રવર્ત્તકની બુદ્ધિ તેઓ કરતાં વિશેષ હોવાથી તેને પછી ભગવાનરૂપ જ માની લીધા. કેટલાકે વૈરાગ્યથી ધર્મમત ફેલાવી પાછળથી કેટલાંક સુખશીલિયાં સાધનનો બોધ ખોશી દીધા. પોતાનો મત સ્થાપન કરવાની મહાન્ ભ્રમણાએ અને પોતાની અપૂર્ણતા ઇત્યાદિક ગમે તે કારણથી બીજાનું કહેલું પોતાને ન રુચ્યું એટલે તેણે જૂદો જ રાહ કાઢ્યો. આમ અનેક મતમતાંતરની જાળ થતી ગઈ. ચાર પાંચ પેઢી એકનો એક ધર્મ[5] પાળ્યો એટલે પછી તે કુળધર્મ થઈ પડયો. એમ સ્થળે સ્થળે થતું ગયું.

શિક્ષાપાઠ ૬૦. ધર્મના મતભેદ, ભાગ ૩.—

જો એક દર્શન પૂર્ણ અને સત્ય ન હોય તો બીજા ધર્મમતને અપૂર્ણ અને અસત્ય કોઈ પ્રમાણથી કહી શકાય નહીં. એ માટે થઈને જે એક દર્શન પૂર્ણ અને સત્ય છે તેના તત્ત્વપ્રમાણથી બીજા મતોની અપૂર્ણતા અને એકાંતિકતા જોઈએ.

એ બીજા ધર્મમતોમાં તત્ત્વજ્ઞાન સંબંધી યથાર્થ સૂક્ષ્મ વિચારો નથી. કેટલાક જગતકર્ત્તાનો બોધ કરે છે, પણ જગતકર્ત્તા પ્રમાણવડે સિદ્ધ થઇ શકતો નથી. કેટલાક જ્ઞાનથી મોક્ષ છે એમ કહે છે તે એકાંતિક છે; તેમ જ ક્રિયાથી મોક્ષ છે એમ કહેનારા પણ એકાંતિક છે. જ્ઞાન, ક્રિયા એ બન્નેથી મોક્ષ કહેનારા તેના યથાર્થ સ્વરૂપને જાણતા નથી; અને એ બન્નેના ભેદ શ્રેણિબંધ નથી કહી શક્યા

---

૧. પાઠાન્તરઃ "લોકપર" ૨. પાઠાન્તરઃ "લોકેચ્છિત" ૩. પાઠાન્તરઃ "ઇચ્છિત"—સંશોધક.
૪. પાઠાન્તરઃ "કેટલાકે નીતિ તથા કંઈ વૈરાગ્યાદિ ગુણ દેખી તે કથન માન્ય રાખ્યું,"—સંશોધક.
૫. પાઠાન્તરઃ "ધર્મ રહ્યો,"—સંશોધક.

એ જ એમની સર્વજ્ઞતાની ખામી જણાઇ આવે છે. સત્‌દેવતત્ત્વમાં કહેલાં અષ્ટાદશ દૂષણોથી એ ધર્મમતસ્થાપકો રહિત નહોતા એમ એઓનાં ગુંથેલાં ચરિત્રોપરથી પણ તત્ત્વની દ્રષ્ટિએ દેખાય છે. કેટલાક મતોમાં હિંસા, અબ્રહ્મચર્ય ઇ૦ અપવિત્ર વિષયોનો બોધ છે તે તો સહજમાં અપૂર્ણ અને સરાગીના સ્થાપેલાં જોવામાં આવે છે. કોઇએ એમાં સર્વવ્યાપક મોક્ષ, કોઇએ કંઇ નહીં એ રૂપ મોક્ષ, કોઇએ સાકારમોક્ષ અને કોઇએ અમુક કાળ સુધી રહી પતિત થવું એ રૂપે મોક્ષ માન્યો છે; પણ એમાંથી કોઇ વાત તેઓની સપ્રમાણ થઇ શકતી નથી. એઓના[1] અપૂર્ણ વિચારોનું ખંડન યથાર્થ જોવા જેવું છે; અને તે નિર્ગ્રંથ આચાર્યોના ગુંથેલા શાસ્ત્રોથી મળી શકશે.

વેદ શિવાયના બીજા મતોના પ્રવર્ત્તકો, એમનાં ચરિત્રો, વિચારો ઇત્યાદિક વાંચવાથી અપૂર્ણ છે એમ જણાઇ આવે છે. [2]વેદે, પ્રવર્ત્તક ભિન્ન ભિન્ન કરી નાખી એધડકતાથી વાત મર્મમાં નાખી ગંભીર ડોળ પણ કર્યો છે; છતાં એમના પુષ્કળ મતો વાંચવાથી એ પણ અપૂર્ણ અને એકાંતિક જણાઇ આવશે.

જે પૂર્ણ દર્શન વિષે કહેવાનું છે તે જૈન એટલે નિરાગીનાં સ્થાપન કરેલાં દર્શન વિષે છે. એના બોધદાતા સર્વજ્ઞ અને સર્વદર્શી હતા. કાળભેદ છે તો પણ એ વાત સિદ્ધાંતિક જણાયછે. દયા, બ્રહ્મચર્ય, શીલ, વિવેક, વૈરાગ્ય, (જ્ઞાન ક્રિયાદિ) એનાં જેવાં પૂર્ણ એકેએ વર્ણવ્યાં નથી. તેની સાથે શુદ્ધ આત્મજ્ઞાન, તેની કોટીઓ, જીવનાં ચ્યવન, જન્મ, ગતિ, વિગતિ, યોનિદ્વાર, પ્રદેશ, કાળ, તેનાં સ્વરૂપ એ વિષે એવો સૂક્ષ્મ બોધ છે કે જેવડે તેની સર્વજ્ઞતાની નિઃશંકતા થાય. કાળભેદે[3] કેવળ જ્ઞાનાદિ જ્ઞાનો વિચ્છેદ છે, છતાં જે જે જિનેશ્વરના રહેલાં સિદ્ધાંતિક વચનો છે તે અખંડ છે. એક[4] વિચાર કરતાં જીંદગી વહી જાય તેવું છે. આગળ પર કેટલુંક એ સંબંધી કહેવાનુ છે.

જિનેશ્વરના કહેલાં ધર્મતત્ત્વથી કોઈ પણ પ્રાણીને લેશ ખેદ ઉત્પન્ન થતો નથી. સર્વ આત્માની રક્ષા અને સર્વાત્મશક્તિનો પ્રકાશ એમાં રહ્યો છે. એ ભેદો વાંચવાથી, સમજવાથી, અને તે પર અતિ અતિ સૂક્ષ્મ વિચાર કરવાથી આત્મશક્તિ પ્રકાશ પામી જૈનદર્શનની સર્વજ્ઞતાની[5] હા કહેવરાવે છે. બહુ[6] મનનથી સર્વ ધર્મમત જાણી પછી તોલન કરનારને મારૂં કથન અવશ્ય સિદ્ધ થશે.

[7]એ સર્વજ્ઞ દર્શનનાં મૂળતત્ત્વો અને બીજા મતનાં મૂળતત્ત્વો વિષે અહીં વિશેષ કહી શકાય તેટલી જગ્યા નથી.

શિક્ષાપાઠ ૬૧. સુખવિષે વિચાર, ભાગ ૧—

એક બ્રાહ્મણ દરિદ્રાવસ્થાથી કરીને બહુ પીડાતો હતો. તેણે કંટાળીને છેવટે દેવનું ઉપાસન કરી

---

૧. પાઠાન્તરઃ "એઓના વિચારોનું અપૂર્ણપણું નિસ્પૃહ તત્ત્વવેત્તાઓએ દર્શાવ્યું છે તે યથાસ્થિત જાણવું યોગ્ય છે."—સંશોધક.

૨. પાઠાન્તરઃ "વર્તમાનમાં જે વેદો છે તે ઘણા પ્રાચીન ગ્રંથો છે તેથી તે મતનું પ્રાચીનપણું છે, પરંતુ તે પણ હિંસાએ કરીને દૂષિત હોવાથી અપૂર્ણ છે, તેમ જ સરાગીનાં વાક્ય છે એમ સ્પષ્ટ જણાય છે."—સંશોધક.

૩. પાઠાન્તરઃ "કાળભેદે પરમ્પરામ્નાયથી કેવળ જ્ઞાનાદિ જ્ઞાનો જોવામાં નથી આવતાં."—સંશોધક.

૪. પાઠાન્તરઃ "તેઓના કેટલાક સિદ્ધાંતો એવા સુક્ષ્મ છે કે, જે એકેક વિચારતાં આખી જીંદગી વહી જાય."—સંશોધક.

૫. પાઠાન્તરઃ "સર્વોત્કૃષ્ટપણાની:"—સંશોધક.

૬. પાઠાન્તરઃ "બહુ મનનથી સર્વ ધર્મમત જાણી પછી તુલના કરનારને આ કથન અવશ્ય સિદ્ધ થશે."—સંશોધક.

૭. પાઠાન્તરઃ "નિર્દોષ દર્શનનાં મૂળતત્ત્વો અને સદોષ દર્શનનાં મૂળતત્વો વિષે બીજે પ્રસંગે વિસ્તારથી કહીશું."—સંશોધક.

લક્ષ્મી મેળવવાનો નિશ્ચય કર્યો. પોતે વિદ્વાન હોવાથી ઉપાસન કરવાં પહેલાં વિચાર કર્યો કે કદાપિ દેવ તો કોઈ તૃપ્યમાન્ થશે; પણ પછી તે આગળ સુખ કયું માગવું ? તપ કરી પછી માગવામાં કંઈ સૂઝે નહીં, અથવા ન્યૂનાધિક સૂઝે તો કરેલો તપ પણ નિરર્થક જાય; માટે એક વખત આખા દેશમાં પ્રવાસ કરવો. સંસારના મહત્પુરુષોનાં ધામ, વૈભવ અને સુખ જોવાં. એમ નિશ્ચય કરી તે પ્રવાસમાં નીકળી પડ્યો. ભારતનાં જે જે રમણીય અને રીદ્ધિમાન શહેરો હતાં તે જોયાં. યુક્તિપ્રયુક્તિએ રાજાધિરાજનાં અંતઃપુર, સુખ અને વૈભવ જોયાં. શ્રીમંતોના આવાસ, વહિવટ, બાગ બગીચા અને કુટુંબપરિવાર જોયાં; પણ એથી તેનું કોઈ રીતે મન માન્યું નહીં. કોઈને સ્ત્રીનું દુઃખ, કોઈને પતિનું દુઃખ, કોઈને અજ્ઞાનથી દુઃખ, કોઈને વહાલાંના વિયોગનું દુઃખ. કોઈને નિર્ધનતાનું દુઃખ, કોઈને લક્ષ્મીની ઉપાધિનું દુઃખ, કોઈને શરીર સંબંધી દુઃખ, કોઈને પુત્રનું દુઃખ, કોઈને શત્રુનું દુઃખ કોઈને જડતાનું દુઃખ, કોઈને માબાપનું દુઃખ, કોઈને વૈધવ્યદુઃખ, કોઈને કુટુંબનું દુઃખ, કોઈને પોતાના નીચ કુળનું દુઃખ, કોઈને પ્રીતિનું દુઃખ, કોઈને ઈર્ષાનું દુઃખ, કોઈને હાનિનું દુઃખ, એમ એક, બે વિશેષ કે બધાં દુઃખ સ્થળે સ્થળે તે વિપ્રના જોવામાં આવ્યાં. એથી કરીને એનું મન કોઈ સ્થળે માન્યું નહીં. જ્યાં જુએ ત્યાં દુઃખ તો ખરૂં જ. કોઈ સ્થળે સંપૂર્ણ સુખ તેના જોવામાં આવ્યું નહીં. હવે ત્યારે શું માગવું ? એમ વિચારતાં વિચારતાં એક મહાધનાઢ્યની પ્રશંસા સાંભળીને તે દ્વારિકામાં આવ્યો. દ્વારિકા મહા રીદ્ધિમાન, વૈભવયુક્ત, બાગબગીચા વડે કરીને સુશોભિત અને વસતિથી ભરપુર શહેર તેને લાગ્યું. સુંદર અને ભવ્ય આવાસો જોતો, અને પૂછતો પૂછતો તે પેલા મહાધનાઢ્યને ઘેર ગયો. શ્રીમંત મુખગ્રહમાં બેઠા હતા. તેણે અતિથિ જાણીને બ્રાહ્મણને સન્માન આપ્યું; કુશળતા પૂછી અને ભોજનની તેઓને માટે યોજના કરાવી. જરા વાર જવા દઈ ધીરજથી શેઠે બ્રાહ્મણને પૂછ્યું, ‘ આપનું આગમન કારણ જો મને કહેવા જેવું હોય તો કહો.’ બ્રાહ્મણે કહ્યું, ‘ હમણાં આપ ક્ષમા રાખો; આપનો સઘળી જાતનો વૈભવ, ધામ, બાગબગીચા ઈત્યાદિક મને દેખાડવું પડશે; એ જોવા પછી આગમનકારણ કહીશ.’ શેઠે એનું કંઈ મર્મરૂપ કારણ જાણીને કહ્યું, ‘ ભલે આનંદપૂર્વક આપની ઈચ્છા પ્રમાણે કરો.’ જમ્યા પછી બ્રાહ્મણે શેઠે પોતે સાથે આવીને ધામાદિક બતાવવા વિનંતિ કરી. ધનાઢ્યે તે માન્ય રાખી; અને પોતે સાથે જઈ બાગબગીચા, ધામ, વૈભવ એ સઘળું દેખાડ્યું. શેઠની સ્ત્રી, પુત્રો પણ ત્યાં બ્રાહ્મણના જોવામાં આવ્યા. યોગ્યતાપૂર્વક તેઓએ તે બ્રાહ્મણનો સત્કાર કર્યો. એઓનાં રૂપ, વિનય અને સ્વચ્છતા તેમ જ મધુર વાણી જોઈને બ્રાહ્મણ રાજી થયો; પછી તેની દુકાનનો વહિવટ જોયો. સોએક વહિવટિયા ત્યાં બેઠેલા જોયા. તેઓ પણ માયાળુ, વિનયિ અને નમ્ર તે બ્રાહ્મણના જોવામાં આવ્યા. એથી તે બહુ સંતુષ્ટ થયો. એનું મન અહીં કંઈક સંતોષાયું. સુખી તો જગતમાં આ જ જણાય છે એમ તેને લાગ્યું.

શિક્ષાપાઠ ૬૨. સુખ વિષે વિચાર, ભાગ ૨.—

કેવાં એનાં સુંદર ઘર છે ! તેની સ્વચ્છતા અને જાળવણી કેવી સુંદર છે ! કેવી શાણી અને મનોજ્ઞા તેની સુશીળ સ્ત્રી છે ! તેના કેવા કાંતિમાન અને કહ્યાગરા પુત્રો છે ! કેવું સંપીલું તેનું કુટુંબ છે ! લક્ષ્મીની મહેર પણ એને ત્યાં કેવી છે ! આખા ભારતમાં એના જેવો બીજો કોઈ સુખી નથી. હવે તપ કરીને જો હું માગું તો આ મહાધનાઢ્ય જેવું જ સઘળું માગું. બીજી ચાહના કરૂં નહીં.

દિવસ વીતી ગયો અને રાત્રિ થઈ. સુવાનો વખત થયો. ધનાઢ્ય અને બ્રાહ્મણ એકાંતમાં બેઠા હતા; પછી ધનાઢ્યે વિપ્રને આગમનકારણ કહેવા વિનિંતિ કરી.

વિપ્ર—હું ઘેરથી એવો વિચાર કરી નીકળ્યો હતો કે બધાથી વધારે સુખી કોણ છે તે જોવું અને તપ કરીને પછી એના જેવું સુખ સંપાદન કરવું. આખા ભારત ને તેનાં સઘળાં રમ-

ઘણાં સ્થળો જોયાં; પરંતુ કોઈ રાજાધિરાજને ત્યાં પણ મને સંપૂર્ણ સુખ જોવામાં આવ્યું નહીં. જ્યાં જોયું ત્યાં આધિ, વ્યાધિ અને ઉપાધિ જોવામાં આવી. આ ભણી આવતાં આપની પ્રશંસા સાંભળી એટલે હું અહીં આવ્યો અને સંતોષ પણ પામ્યો. આપના જેવી રીદ્ધિ, સત્પુત્ર, કમાઈ, સ્ત્રી, કુટુંબ, ઘર વગેરે મારા જોવામાં ક્યાંય આવ્યું નથી. આપ પોતે પણ ધર્મશીલ, સદ્‌ગુણી અને જિનેશ્વરના ઉત્તમ ઉપાસક છો. એથી હું એમ માનું છઉં કે આપના જેવું સુખ બીજે નથી. ભારતમાં આપ વિશેષ સુખી છો. ઉપાસન કરીને કદાપિ દેવ કને યાચું તો આપના જેવી સુખસ્થિતિ યાચું.

ધનાઢ્ય—પંડિતજી, આપ એક બહુ મર્મભરેલા વિચારથી નીકળ્યા છો એટલે અવશ્ય આપને જેમ છે તેમ સ્વાનુભવી વાત કહું છઉં; પછી જેમ તમારી ઇચ્છા થાય તેમ કરજો. મારે ત્યાં આપે જે જે સુખ જોયાં તે તે સુખ ભારતસંબંધમાં ક્યાંય નથી એમ આપે કહ્યું તો તેમ હશે; પણ ખરું એ મને સંભવતું નથી; [પરંતુ] મારો સિદ્ધાંત આવો છે કે જગતમાં કોઈ સ્થળે (વાસ્તવિક) સુખ નથી. જગત્ દુઃખથી કરીને દાઝતું છે. [1]હું પણ જે સ્વરૂપે તમે સુખી જુઓ છો તે સ્વરૂપથી ગણી શકાઉં નહીં.

વિપ્ર—આપનું આ કહેવું કોઈ અનુભવસિદ્ધ અને માર્મિક હશે. મેં અનેક શાસ્ત્રો જોયાં છે; છતાં મર્મપૂર્વક વિચારો આવા લક્ષમાં લેવા પરિશ્રમ જ લીધો નથી તેમ મને એવો અનુભવ સર્વને માટે થઈને થયો નથી. હવે આપને શું દુઃખ છે તે મને કહો.

ધનાઢ્ય—પંડિતજી, આપની ઇચ્છા છે તો હું કહું છઉં. તે લક્ષપૂર્વક મનન કરવા જેવું છે; એ ઉપરથી કંઈ રસ્તો પામવા જેવું છે.

શિક્ષાપાઠ ૬૩. સુખવિષે વિચાર, ભાગ ૩.—

જે સ્થિતિ હમણાં મારી આપ જુઓ છો તેવી સ્થિતિ લક્ષ્મી, કુટુંબ અને સ્ત્રી સંબંધમાં આગળ પણ હતી. જે વખતની હું વાત કરું છઉં તે વખતને લગભગ વીશ વર્ષ થયાં. વ્યાપાર, અને વૈભવની બહોળાશ એ સઘળું વહિવટ અવળો પડવાથી ઘટવા મંડ્યું. કોટ્યાવધિ કહેવાતો હું ઉપરાચાપરી ખોટના ભાર વહન કરવાથી લક્ષ્મી વગરનો માત્ર ત્રણ વર્ષમાં થઈ પડ્યો. જ્યાં કેવળ સવળું ધારીને નાખ્યું હતું ત્યાં અવળું પડ્યું. એવામાં મારી સ્ત્રી પણ ગુજરી ગઈ. તે વખતમાં મને કંઈ સંતાન નહોતું. જબરી ખોટોને લીધે મારે અહીંથી નીકળી જવું પડ્યું. મારાં કુટુંબીઓએ થતી રક્ષા કરી; પરંતુ તે આભ ફાટ્યાનું થીગડું હતું. અન્નને અને દાંતને વેર થવાની સ્થિતિએ, હું બહુ આગળ નીકળી પડ્યો. જ્યારે હું ત્યાંથી ચાલ્યો ત્યારે મારાં કુટુંબીઓ મને રોકી રાખવા મંડ્યાં કે તેં ગામનો દરવાજો પણ દીઠો નથી માટે તને જવા દઈ શકાય નહીં. તારું કોમળ શરીર કંઈ પણ કરી શકે નહીં અને તું ત્યાં જા અને સુખી થા તો પછી આવ પણ નહીં; માટે એ વિચાર તારે માંડી વાળવો. ઘણા પ્રકારથી તેઓને સમજાવી, સારી સ્થિતિમાં આવીશ ત્યારે અવશ્ય અહીં આવીશ એમ વચન દઈ જાવાબંદર હું પર્યટને નીકળી પડ્યો.

પ્રારબ્ધ પાછાં વળવાની તૈયારી થઈ. દૈવયોગે મારી કને એક દમડી પણ રહી નહોતી. એક કે બે મહિના ઉદરપોષણ ચાલે તેવું સાધન રહ્યું નહોતું છતાં જાવામાં હું ગયો. ત્યાં મારી બુદ્ધિએ પ્રારબ્ધ ખીલવ્યાં. જે વહાણમાં હું બેઠો હતો તે વહાણના નાવિકે મારી ચંચળતા અને નમ્રતા જોઈને પોતાના શેઠ આગળ મારાં દુઃખની વાત કરી. તે શેઠે મને બોલાવી અમુક કામમાં ગોઠવ્યો. જેમાં હું મારા પોષણથી ચોગણું પેદા કરતો હતો. એ વેપારમાં મારું ચિત્ત જ્યારે સ્થિર થયું ત્યારે ભારતસાથે એ વેપાર વધારવા મેં પ્રયત્ન કર્યો અને તેમાં ફાવ્યો. બે વર્ષમાં પાંચ લાખ જેટલી કમાઈ

---

1. પાઠાન્તરઃ "તમે મને સુખી જુઓ છો, પરંતુ વાસ્તવિક રીતે હું સુખી નથી."—સંશોધક.

થઈ. પછી શેઠ પાસેથી રાજી ખુશીથી આજ્ઞા લઈ મેં કેટલોક માલ ખરીદી દ્વારિકા ભણી આવવાનું કર્યું. થોડે કાળે ત્યાં આવી પહોંચ્યો. ત્યારે બહુ લોક સન્માન આપવા મને સામા આવ્યા હતા. હું મારાં કુટુંબીઓને આનંદભાવથી જઈ મળ્યો. તેઓ મારા ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યાં. જાવેથી લીધેલા માલે મને એકના પાંચ કરાવ્યા. પંડિતજી, ત્યાં કેટલાક પ્રકારથી મારે પાપ કરવાં પડ્યાં હતાં, પુરૂં ખાવા પણ હું પામ્યો નહોતો. પરંતુ એકવાર લક્ષ્મી સાધ્ય કરવાનો જે પ્રતિજ્ઞાભાવ કર્યો હતો તે પ્રારબ્ધયોગથી પળ્યો. જે દુઃખદાયક સ્થિતિમાં હું હતો તે દુઃખમાં શું ખામી હતી? સ્ત્રી, પુત્ર એ તો જાણે નહોતાં જ, માબાપ આગળથી પરલોક પામ્યાં હતાં. કુટુંબીઓના વિયોગવડે અને વિના દમડીએ જાવે જે વખતે હું ગયો તે વખતની સ્થિતિ અજ્ઞાનદ્રષ્ટિથી આંખમાં આંસુ આણી દે તેવી છે; આ વખતે પણ ધર્મમાં લક્ષ રાખ્યું હતું. દિવસનો અમુક ભાગ તેમાં રોકતો હતો. તે લક્ષ્મી કે એવી લાલચે નહીં, પરંતુ સંસારદુઃખથી એ તારનાર સાધન છે એમ ગણીને. મોતનો ભય ક્ષણ પણ દૂર નથી માટે એ કર્ત્તવ્ય જેમ બને તેમ કરી લેવું એ મારી મુખ્ય નીતિ હતી. દુરાચારથી કંઈ સુખ નથી, મનની તૃપ્તિ નથી અને આત્માની મલિનતા છે એ તત્ત્વ ભણી મેં મારૂં લક્ષ દોરેલું હતું.

શિક્ષાપાઠ ૬૪. સુખ વિષે વિચાર, ભાગ ૪.—

અહીં આવ્યા પછી હું સારા ઠેકાણાની કન્યા પામ્યો. તે પણ સુલક્ષણી અને મર્યાદશીલ નીવડી. એ વડે કરીને મારે ત્રણ પુત્ર થયા. વહિવટ પ્રબળ હોવાથી અને નાણું નાણાંને વધારતું હોવાથી દશ વર્ષમાં હું મહાકોટ્યાવધિ થઈ પડ્યો. પુત્રની નીતિ, વિચાર, અને બુદ્ધિ ઉત્તમ રહેવા મેં બહુ સુંદર સાધનો ગોઠવ્યાં. જેથી, તેઓ આ સ્થિતિ પામ્યા છે. મારાં કુટુંબીઓને યોગ્ય યોગ્ય સ્થળે ગોઠવી તેઓની સ્થિતિને સુધરતી કરી. દુકાનના મેં અમુક નિયમો બાંધ્યા. ઉત્તમ ધામનો આરંભ પણ કરી લીધો. આ ફક્ત એક મમત્વ ખાતર કર્યું. ગયેલું પાછું મેળવ્યું; અને કુળપરંપરાનું નામાંકિતપણું જતું અટકાવ્યું. એમ કહેવરાવા માટે આ સઘળું મેં કર્યું. એને હું સુખ માનતો નથી. જો કે હું બીજા કરતાં સુખી છઉં; તોપણ એ શાતાવેદનીય છે. સત્સુખ નથી. જગત્માં બહુધા કરીને અશાતાવેદનીય છે. મેં ધર્મમાં મારો કાળ ગાળવાનો નિયમ રાખ્યો છે; શાસ્ત્રનાં મનન, સત્પુરૂષોનો સમાગમ, યમનિયમ, એક મહિનામાં બાર દિવસ બ્રહ્મચર્ય, બનતું ગુપ્તદાન, સર્વ વ્યવહાર સંબંધીની ઉપાધિમાંથી કેટલોક ભાગ બહુ અંશે મેં ત્યાગ્યો છે. પુત્રોને વ્યવહારમાં યથાયોગ્ય કરીને હું નિર્ગ્રંથ થવાની ઈચ્છા રાખું છઉં. હમણાં નિર્ગ્રંથ થઈ શકું તેમ નથી એમાં સંસારમોહ કે એવું કારણ નથી; પરંતુ તે પણ ધર્મસંબંધી કારણ છે. ગૃહસ્થધર્મનાં આચરણ બહુ કનિષ્ટ થઈ ગયા છે અને મુનિયો તે સુધારી શકતા નથી. ગૃહસ્થ ગૃહસ્થને વિશેષ બોધ કરી શકે; આચરણથી પણ અસર કરી શકે. એટલા માટે થઈને ધર્મસંબંધે ગૃહસ્થવર્ગને હું ઘણો ભાગ બોધી યમનિયમમાં આણું છઉં. દર સપ્તાહિકે આપણે ત્યાં પાંચસેં જેટલા સદ્ગૃહસ્થોની સભા ભરાય છે. આઠ દિવસનો નવો અનુભવ અને બાકીનો આગળનો ધર્માનુભવ એમને બે ત્રણ મુહૂર્ત્ત બોધું છઉં. મારી સ્ત્રી ધર્મશાસ્ત્રનો કેટલોક બોધ પામેલી હોવાથી તે પણ સ્ત્રીવર્ગને ઉત્તમ યમનિયમનો બોધ કરી સપ્તાહિકે સભા ભરે છે. પુત્રો પણ શાસ્ત્રનો બનતો પરિચય રાખે છે. વિદ્વાનોનું સન્માન, અતિથિનું સન્માન વિનય, અને સત્યતા, સામાન્ય સત્યતા, એક જ ભાવ એવા નિયમો બહુધા મારા અનુચરો પણ સેવે છે. એઓ બધા એથી શાતા ભોગવી શકે છે. લક્ષ્મીની સાથે મારી નીતિ, ધર્મ, સદ્ગુણ, વિનય એણે જનસમુદાયને બહુ સારી અસર કરી છે. રાજાસહિત પણ મારી નીતિવાત અંગીકાર કરે તેવું થયું છે. આ સઘળું આત્મપ્રશંસા માટે હું કહેતો નથી એ આપે સ્મૃતિમાન રાખવું; માત્ર આપના પૂછેલા ખુલાસા દાખલ આ સઘળું સંક્ષેપમાં કહેતો જઉં છઉં.

શિક્ષાપાઠ ૬૫. સુખ વિષે વિચાર, ભાગ ૫.—

આ સઘળાં ઉપરથી હું સુખી છઉં એમ આપને લાગી શકશે અને સામાન્ય વિચારે મને બહુ સુખી માનો તો માની શકાય તેમ છે. ધર્મ, શીલ અને નીતિથી તેમજ શાસ્ત્રાવધાનથી મને જે આનંદ ઉપજે છે તે અવર્ણનીય છે. પણ તત્ત્વદૃષ્ટિથી હું સુખી ન મનાઉં. જ્યાંસુધી સર્વ પ્રકારે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહ મેં ત્યાગ્યા નથી ત્યાંસુધી રાગ દ્વેષનો ભાવ છે; જોકે તે બહુ અંશે છે. નથી પણ છે; તો ત્યાં ઉપાધિ પણ છે. સર્વસંગપરિત્યાગ કરવાની મારી સંપૂર્ણ આકાંક્ષા છે; પણ જ્યાંસુધી તેમ થયું નથી ત્યાંસુધી ગણાતાં હજુ કોઇ પ્રિયજનનો વિયોગ, વ્યવહારમાં હાનિ, કુટુંબીનું દુઃખ એ થોડે અંશે પણ ઉપાધિ આપી શકે. પોતાના દેહપર મોત શિવાય પણ નાના પ્રકારના રોગનો સંભવ છે. માટે કેવળ નિર્ગ્રંથ, બાહ્યાંભ્યતર પરિગ્રહનો ત્યાગ, અલ્પારંભનો ત્યાગ એ સઘળું નથી થયું ત્યાંસુધી હું મને કેવળ સુખી માનતો નથી. હવે આપને તત્ત્વની દ્રષ્ટિએ વિચારતાં માલુમ પડશે કે લક્ષ્મી, સ્ત્રી, પુત્ર કે કુટુંબ એવડે સુખ નથી અને એને સુખ ગણું તો જ્યારે મારી સ્થિતિ પતિત થઇ હતી ત્યારે એ સુખ ક્યા ગયું હતું ? જેનો વિયોગ છે, ક્ષણભંગુર છે અને એકત્વ નથી તે સુખ સંપૂર્ણ નથી. એટલા માટે થઇને હું મને સુખી કહી નથી શકતો. હું બહુ વિચારી વિચારી વ્યાપાર વહિવટ કરતો હતો તોપણ મારે આરંભોપાધિ, અનીતિ અને લેશ પણ કપટ સેવવું પડયુ નથી એમ તો નથી જ. અનેક પ્રકારના આરંભ, અને કપટ મારે સેવવાં પડ્યાં હતાં. આપ જો ધારતા હો કે દેવોપાસનથી લક્ષ્મી પ્રાપ્ત કરવી તો તે જો પુણ્ય ન હોય તો કોઇ કાળે મળનાર નથી. પુણ્યથી લક્ષ્મી પામી મહારંભ કપટ અને માનપ્રમુખ વધારવાં તે મહાપાપનાં કારણ છે. પાપ નરકમાં નાખે છે. પાપથી આત્મા પામેલો મહાન્ મનુષ્યદેહ એળે ગુમાવી દે છે. એક તો જાણે પુણ્યને ખાઈ જવાં; બાકી વળી પાપનું બંધન કરવું; લક્ષ્મીની અને તે વડે આખા સંસારની ઉપાધિ ભોગવવી તે હું ધારૂં છઉં કે વિવેકી આત્માને માન્ય ન હોય. મેં જે કારણથી લક્ષ્મી ઉપાર્જન કરી હતી તે કારણ મેં આગળ આપને જણાવ્યું હતું. જેમ આપની ઇચ્છા હોય તેમ કરો. આપ વિદ્વાન છો, હું વિદ્વાનને ચાહું છઉં, આપની અભિલાષા હોય તો ધર્મધ્યાનમાં પ્રશસ્ત થઈ સહકુટુંબ અહીં ભલે રહો. આપની ઉપજીવિકાની સરળ યોજના જેમ કહો તેમ હું રુચિપૂર્વક કરાવી આપું. અહીં શાસ્ત્રાધ્યયન અને સત્ વસ્તુનો ઉપદેશ કરો. મિથ્યારંભોપાધિની લોલુપતામાં હું ધારૂં છઉં કે ન પડો. પછી આપની જેવી ઇચ્છા.

પંડિત—આપે આપના અનુભવની બહુ મનન કરવા જેવી આખ્યાયિકા કહી. આપ અવશ્ય કોઈ મહાત્મા છો. પુણ્યાનુબંધી પુણ્યવાન જીવ છો. વિવેકી છો. આપની શક્તિ અદ્‌ભુત છે. હું દરિદ્રતાથી કંટાળીને જે ઇચ્છા રાખતો હતો તે એકાંતિક હતી. આવા સર્વ પ્રકારના વિવેકી વિચાર મેં કર્યા નહોતા. આવો અનુભવ, આવી વિવેકશક્તિ હું ગમે તેવો વિદ્વાન છઉં છતાં મારામાં નથીજ એ હું સત્યજ કહું છઉં. આપે મારે માટે જે યોજના દર્શાવી તે માટે આપનો બહુ ઉપકાર માનું છઉં અને નમ્રતાપૂર્વક એનો હું અંગીકાર કરવા હર્ષ બતાવું છઉં. હું ઉપાધિને ચહાતો નથી. લક્ષ્મીનો ફંદ ઉપાધિજ આપે છે. આપનું અનુભવસિદ્ધ કથન મને બહુ રુચ્યું છે. સંસાર બળતો જ છે, એમાં સુખ નથી. આપે નિરુપાધિક મુનિસુખની પ્રશંસા કહી તે સત્ય છે. [1]પરિણામે સર્વોપાધિ, આધિ વ્યાધિ અને સર્વ અજ્ઞાન ભાવરહિત થઈ શાશ્વત મોક્ષરૂપ છે.

શિક્ષાપાઠ ૬૬. સુખ વિષે વિચાર, ભાગ ૬.—

ધનાઢ્યઃ—આપને મારી વાત રુચી એથી હું નિરાભિમાનપૂર્વક આનંદ પામું છઉં. આપને

૧. પાઠાન્તરઃ "તે સન્માર્ગ સર્વોપાધિ, આધિ, વ્યાધિથી તેમ જ સર્વ અજ્ઞાનભાવથી રહિત એવા શાશ્વત્ મોક્ષનો હેતુ છે."—સંશોધક.

માટે હું યોગ્ય યોજના કરીશ. મારા સામાન્ય વિચારો કથાનુરૂપ અહીં હું કહેવાની આજ્ઞા લઉં છઉં.

જેઓ કેવળ લક્ષ્મીને ઉપાર્જન કરવામાં કપટ, લોભ અને માયામાં મુઝાયા પડ્યા છે તે બહુ દુઃખી છે. તેનો તે પુરો ઉપયોગ કે અધુરો ઉપયોગ કરી શકતા નથી. માત્ર ઉપાધિ જ ભોગવે છે. તે અસંખ્યાત પાપ કરે છે. કાળ અચાનક લઇને ઉપાડી જાય છે. અધોગતિ પામી તે જીવ અનંત સંસાર વધારે છે. મળેલો મનુષ્યદેહ એ નિર્માલ્ય કરી નાખે છે. જેથી તે નિરંતર દુઃખી જ છે.

[1]જેણે પોતાનાં ઉપજીવિકા જેટલાં સાધન માત્ર અલ્પારંભથી રાખ્યાં છે, શુદ્ધ એક પત્નિવ્રત, સંતોષ, પરાત્માની રક્ષા, યમ, નિયમ, પરોપકાર, અલ્પરાગ, અલ્પદ્રવ્યમાયા અને સત્ય તેમ જ શાસ્ત્રાધ્યયન રાખ્યું છે, સત્પુરૂષોને સેવે છે, નિર્ગ્રંથતાનો મનોરથ રાખ્યો છે, બહુ પ્રકારે કરીને સંસારથી જે ત્યાગી જેવો છે, જેના ઉત્કૃષ્ટ વૈરાગ્ય અને વિવેક છે, તે પવિત્રતામાં કાળ નિર્ગમન કરે છે.

સર્વ ઘનઘાતી કર્મનો ક્ષય જેમણે કર્યો છે, ચાર કર્મ પાતળાં જેનાં પડ્યાં છે, જે મુક્ત છે. જે અનંતજ્ઞાની અને અનંતદર્શી છે તે તો સંપૂર્ણ સુખી જ છે. મોક્ષમાં તેઓ અનંત જીવનનાં અનંત સુખમાં સર્વ કર્મવિરક્તતાથી વિરાજે છે.

આમ સત્પુરૂષોએ કહેલો મત મને માન્ય છે. પહેલો તો મને ત્યાજ્ય છે. બીજો હમણાં માન્ય છે, અને ઘણે ભાગે એ ગ્રહણ કરવાનો મારો બોધ છે. ત્રીજો બહુમાન્ય છે અને ચોથો તો સર્વમાન્ય અને સચ્ચિદાનંદસ્વરૂપ જ છે.

એમ પંડિતજી આપની અને મારી સુખ સંબંધી વાતચિત થઈ. પ્રસંગોપાત તે વાત ચર્ચતા જઇશું. તેપર વિચાર કરીશું. આ વિચારો આપને કહ્યાથી મને બહુ આનંદ થયો છે. આપ તેવા વિચારને અનુકૂળ થયા એથી વળી આનંદમાં વૃદ્ધિ થઈ છે. પરસ્પર એમ વાતચિત કરતાં કરતાં હર્ષભેર પછી તેઓ સમાધિભાવથી શયન કરી ગયા.

જે વિવેકીઓ આ સુખસંબંધી વિચાર કરશે તેઓ બહુ તત્ત્વ અને આત્મશ્રેણિની ઉત્કૃષ્ટતાને પામશે. એમાં કહેલા અલ્પારંભી, નિરારંભી અને સર્વમુક્ત લક્ષણો લક્ષપૂર્વક મનન કરવાં જેવાં છે. જેમ બને તેમ અલ્પારંભી થઈ સમભાવથી જનસમુદાયનાં હિત ભણી વળવું, પરોપકાર, દયા, શાંતિ ક્ષમા અને પવિત્રતાનું સેવન કરવું એ બહુ સુખદાયક છે. નિર્ગ્રંથતા વિષે તો વિશેષ કહેવારૂપ જ નથી. મુક્તાત્મા તો અનંત સુખમય જ છે.

શિક્ષાપાઠ ૬૭. અમૂલ્ય તત્વવિચાર.—

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો;
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિં એકકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો;
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ?

---

૧. પાઠાન્તર; " જેઓએ પોતાનાં ઉપજીવિકા જેટલાં સાધન માત્ર અલ્પારંભથી રાખ્યાં છે, શુદ્ધ એક પત્નિવ્રત, સંતોષ, પરાત્માની રક્ષા, યમ, નિયમ, પરોપકર, અલ્પરાગ, અલ્પ દ્રવ્ય માયા અને સત્ય તેમજ શાસ્ત્રાધ્યાન રાખેલ છે, સત્પુરૂષોને સેવે છે, નિર્ગ્રંથતાનો મનોરથ રાખ્યો છે; બહુ પ્રકારે કરીને સંસારથી જે ત્યાગી જેવા છે, જેનાં વૈરાગ્ય અને વિવેક ઉત્કૃષ્ઠ છે તેવા પુરૂષો પવિત્રતામાં સુખપૂર્વક કાળ નિર્ગમન કરે છે.

સર્વ પ્રકારના આરંભ અને પરિગ્રહથી જેઓ રહિત થયા છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જેઓ અપ્રતિબંધપણે વિચરે છે, શત્રુ, મિત્ર પ્રત્યે સમાન દ્રષ્ટિવાળા, અને શુદ્ધ આત્મધ્યાનમાં જેમનો કાળ નિર્ગમન થાય છે, અથવા સ્વાધ્યાય, ધ્યાનમાં લીન છે, જિતેંદ્રિય, જિતકષાય એવા નિર્ગ્રંથો પરમ સુખી છે.—સંશોધક.

[૨]

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો,
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહો હો ! એક પળ તમને હવો ! ! !

[૩]

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે;
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે ! !
પર વસ્તુમાં નહિં મુંઝવો, એની દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં.

[૪]

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરૂં ?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા;
તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં.

[૫]

તે—પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો "તેહ" જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો;
સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.

શિક્ષાપાઠ ૬૮. જિતેંદ્રિયતા—

જ્યાંસુધી જીભ સ્વાદિષ્ટ ભોજન ચાહે છે, જ્યાંસુધી નાસિકા સુગંધી ચાહે છે; જ્યાંસુધી કાન વારાંગનાનાં ગાયન અને વાદિત્ર ચાહે છે, જ્યાંસુધી આંખ વનોપવન જોવાનું લક્ષ રાખે છે, જ્યાંસુધી ત્વચા સુગંધીલેપન ચાહે છે ત્યાંસુધી તે મનુષ્ય નિરાગી, નિર્ગ્રંથ, નિઃપરિગ્રહી, નિરારંભી અને બ્રહ્મચારી થઇ શકતો નથી. મનને વશ કરવું એ સર્વોત્તમ છે. એના વડે સઘળી ઇંદ્રિયો વશ કરી શકાય છે. મન જીતવું બહુ બહુ દુર્ઘટ છે. એક સમયમાં અસંખ્યાતા યોજન ચાલનાર અશ્વ તે મન છે. એને થકાવવું બહુ દુર્લભ છે. એની ગતિ ચપળ અને ન ઝાલી શકાય તેવી છે. મહા જ્ઞાનીઓએ લગામવડે કરીને એને સ્થંભિત રાખી સર્વ જય કર્યો છે.

'ઉત્તરાધ્યયનસૂત્ર' માં નમિરાજ મહર્ષિએ શક્રેંદ્રપ્રત્યે એમ કહ્યું કે દશ લાખ સુભટને જીતનારા બહુ દુર્લભ છે અને તે દશ લાખ સુભટને જીતનાર કરતાં અત્યુત્તમ છે.

મન જ સર્વોપાધિની જન્મદાતા ભૂમિકા છે. મનજ બંધ અને મોક્ષનું કારણ છે. મન જ સર્વ સંસારની મોહિનીરૂપ છે. એ વશ થતાં આત્મસ્વરૂપને પામવું લેશ દુર્લભ નથી.

મનવડે ઇંદ્રિયોની લોલુપતા છે. ભોજન, વાદિત્ર, સુગંધી, સ્ત્રીનું નિરીક્ષણ, સુંદર વિલેપન એ સઘળું મન જ માગે છે. એ મોહિની આડે તે ધર્મને સંભારવા પણ દેતું નથી. સંભાર્યા પછી સાવધાન થવા દેતું નથી. સાવધાન થયા પછી પતિતતા કરવામાં પ્રવૃત્ત–લાગુ–થાય છે. એમાં નથી ફાવતું ત્યારે સાવધાનીમાં કંઇ ન્યૂનતા પણ ન પામતાં અડગ્ગ રહીને મન જીતે છે તે સર્વ સિદ્ધિને પામે છે.

મન અકસ્માત્ કોઇથી જ જીતી શકાય છે, નહીં તો ગૃહસ્થાશ્રમે અભ્યાસ કરીને જ જીતાય છે.

એ અભ્યાસ નિર્ગ્રંથતામાં બહુ થઈ શકે છે છતાં સામાન્ય પરિચય કરવા માંગીએ તો તેનો મુખ્ય માર્ગ આ છે કે જે દુરેચ્છા કરે તેને ભૂલી જવી, તેમ કરવું નહીં. તે જ્યારે શબ્દસ્પર્શાદિ વિલાસ ઇચ્છે ત્યારે આપવાં નહીં. ટૂંકામાં આપણે એથી દોરાવું નહીં, પણ આપણે એને દોરવું; તે [1]પણ મોક્ષમાર્ગમાં. જિતેંદ્રિયતા વિના સર્વ પ્રકારની ઉપાધિ ઉભી જ રહી છે. ત્યાગે ન ત્યાગ જેવો થાય છે. લોકલજ્જાએ તેને સેવવો પડે છે; માટે અભ્યાસે કરીને પણ મનને જીતીને સ્વાધીનતામાં લઈ અવશ્ય આત્મહિત કરવું.

શિક્ષાપાઠ ૬૯. બ્રહ્મચર્યની નવવાડ.—

જ્ઞાનીઓએ થોડા શબ્દોમાં કેવો ભેદ અને કેવું સ્વરૂપ બતાવ્યું છે ! એ વડે કેટલીક બધી આત્મોન્નતિ થાય છે! બ્રહ્મચર્ય જેવા ગંભીર વિષયનું સ્વરૂપ સંક્ષેપમાં અતિ ચમત્કારિક રીતે આપ્યું છે. બ્રહ્મચર્યરૂપી એક સુંદર ઝાડ અને તેને રક્ષા કરનારી જે નવ વિધિઓ તેને વાડનું રૂપ આપી આચાર પાળવામાં વિશેષ સ્મૃતિ રહી શકે એવી સરળતા કરી છે. એ નવવાડ જેમ છે તેમ અહીં કહી જઉં છઉં:

૧. **વસતી.**—જે બ્રહ્મચારી સાધુ છે તેમણે જ્યાં સ્ત્રી, પશુ પડંગ એથી કરીને જે સંયુક્ત વસતી હોય ત્યાં રહેવું નહીં. સ્ત્રી બે પ્રકારની છે: મનુષ્યિણી અને દેવાંગના. એ પ્રત્યેકના પાછા બબ્બે ભેદ છે. એક તો મૂળ અને બીજી સ્ત્રીની મૂર્તિ કે ચિત્ર. એ પ્રકારનો જ્યાં વાસ હોય ત્યાં બ્રહ્મચારી સાધુએ ન રહેવું. પશુ એટલે તિર્યંચણી ગાય ભેંસ ઇત્યાદિક જે સ્થળ હોય તે સ્થળે ન રહેવું; અને પડંગ એટલે નપુંસક એનો વાસ હોય ત્યાં પણ ન રહેવું. એવા પ્રકારના વાસ બ્રહ્મચર્યની હાનિ કરે છે. તેઓની કામચેષ્ટા હાવ ભાવ ઇત્યાદિક વિકારો મનને ભ્રષ્ટ કરે છે.

૨. **કથા.**—કેવલ એકલી સ્ત્રીઓને જ કે એક જ સ્ત્રીને ધર્મોપદેશ બ્રહ્મચારીએ ન કરવો. કથા એ મોહની ઉત્પત્તિરૂપ છે. સ્ત્રીના રૂપ સંબંધી ગ્રંથો, કામવિલાસ સંબંધી ગ્રંથો કે જેથી ચિત્ત ચળે એવા પ્રકારની ગમે તે શ્રૃંગાર સંબંધી કથા બ્રહ્મચારીએ ન કરવી.

૩. **આસન**—સ્ત્રિયોની સાથે એક આસને ન બેસવું. જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાં બે ઘડી સુધીમાં બ્રહ્મચારીએ ન બેસવું. એ સ્ત્રિયોની સ્મૃતિનું કારણ છે. વિકારની ઉત્પત્તિ છે એમ ભગવાને કહ્યું છે.

૪. **ઇંદ્રિયનિરીક્ષણ**—સ્ત્રિયોનાં અંગોપાંગ બ્રહ્મચારી સાધુએ ન જોવાં. એનાં અમુક અંગપર દ્રષ્ટિ એકાગ્ર થવાથી વિકારની ઉત્પત્તિ થાય છે.

૫. **કુડ્યાંતર**—ભીંત, કનાત કે ત્રાટાના અંતરપટમાં સ્ત્રી પુરુષ જ્યાં મૈથુન સેવે ત્યાં બ્રહ્મચારીએ રહેવું નહીં, કારણ શબ્દ, ચેષ્ટાદિક વિકારનાં કારણ છે.

૬. **પૂર્વક્રીડા**—પોતે ગૃહસ્થાવાસમાં ગમે તેવી જાતના શ્રૃંગારથી વિષયક્રીડા કરી હોય તેની સ્મૃતિ કરવી નહીં. તેમ કરવાથી બ્રહ્મચર્ય ભંગ થાય છે.

૭. **પ્રણીત**—દૂધ, દહીં, ઘૃતાદિ મધુરા અને ચીકાશવાળા પદાર્થોનો બહુધા આહાર ન કરવો. એથી વીર્યની વૃદ્ધિ અને ઉન્માદ થાય છે અને તેથી કામની ઉત્પત્તિ થાય છે. માટે બ્રહ્મચારીએ તેમ કરવું નહીં.

૮. **અતિમાત્રાહાર**—પેટ ભરીને આહાર કરવો નહીં, તેમ અતિ માત્રાની ઉત્પત્તિ થાય તેમ કરવું નહીં. એથી પણ વિકાર વધે છે.

---

૧. પાઠાન્તરઃ "મોક્ષમાર્ગે ચિંતવવામાં રોકવું."—સંશોધક.

૯ વિભૂષણ—સ્નાન, વિલેપન, પુષ્પાદિક બ્રહ્મચારીએ ગ્રહણ કરવું નહીં. એથી બ્રહ્મચર્યને હાનિ ઉત્પન્ન થાય છે.

એમ ભગવાને નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યને માટે કહી છે. બહુધા એ તમારા સાંભળવામાં આવી હશે; પરંતુ ગૃહસ્થાવાસમાં અમુક અમુક દિવસ બ્રહ્મચર્ય ધારણ કરવામાં અભ્યાસીઓને લક્ષમાં રહેવા અહીં આગળ કંઈક સમજણપૂર્વક કહી છે.

[1]શિક્ષાપાઠ ૭૦, ૭૧. સનત્કુમાર, ભાગ ૧, ૨,—

શિક્ષાપાઠ ૭૨. બત્રિશ યોગ.—

સત્પુરુષો નીચેના બત્રિશ યોગનો સંગ્રહ કરી આત્માને ઉજ્વળ કરવાનું કહે છે:

૧. શિષ્ય પોતાના જેવો થાય તેને માટે તેને શ્રુતાદિક જ્ઞાન આપવું.[2]
૨. પોતાના આચાર્યપણાનું જે જ્ઞાન હોય તેનો અન્યને બોધ આપવો અને પ્રકાશ કરવો.[3]
૩. આપત્તિકાળે પણ ધર્મનું દૃઢપણું ત્યાગવું નહીં,
૪. લોક, પરલોકનાં સુખનાં ફલની વાંછના વિના તપ કરવો.
૫. શિક્ષા મળી તે પ્રમાણે યત્નાથી વર્તવું; અને નવી શિક્ષા વિવેકથી ગ્રહણ કરવી.
૬. મમત્વનો ત્યાગ કરવો.
૭. ગુપ્ત તપ કરવો.
૮. નિર્લોભતા રાખવી.
૯. પરિષહ ઉપસર્ગને જીતવા.
૧૦. સરળ ચિત્ત રાખવું.
૧૧. આત્મસંયમ શુદ્ધ પાળવો.
૧૨. સમકિત શુદ્ધ રાખવું.
૧૩. ચિત્તની એકાગ્ર સમાધિ રાખવી.
૧૪. કપટરહિત આચાર પાળવો.
૧૫. વિનય કરવાયોગ્ય પુરુષોનો યથાયોગ્ય વિનય કરવો.
૧૬. સંતોષથી કરીને તૃષ્ણાની મર્યાદા ટુંકી કરી નાંખવી.
૧૭. વૈરાગ્યભાવનામાં નિમગ્ન રહેવું.
૧૮. માયારહિત વર્ત્તવું.
૧૯. શુદ્ધ કરણીમાં સાવધાન થવું.
૨૦. સમ્વરને આદરવો અને પાપને રોકવાં.
૨૧. પોતાના દોષ સમભાવપૂર્વક ટાળવા.
૨૨. સર્વ પ્રકારના વિષયથી વિરક્ત રહેવું.
૨૩. મૂળ ગુણે પંચમહાવ્રત્ત વિશુદ્ધ પાળવાં.
૨૪. ઉત્તર ગુણે પંચમહાવ્રત્તને વિશુદ્ધ પાળવાં.
૨૫. ઉત્સાહપૂર્વક કાયોત્સર્ગ કરવો.
૨૬. પ્રમાદરહિત જ્ઞાન ધ્યાનમાં પ્રવર્ત્તન કરવું.

---

૧. શિક્ષાપાઠ ૭૦–૭૧ નો વિષય ' ભાવનાબોધ ' માં આવી જતો હોવાથી અત્ર પુનઃ આપેલ નથી. —સંશોધક.

૨. પાઠાન્તર: " મોક્ષસાધક યોગ માટે શિષ્યે આચાર્ય પાસે આલોચના કરવી. "—સંશોધક.

૩. પાઠાન્તર: " આલોચના બીજા પાસે પ્રકાશવી નહીં "—સંશોધક.

૨૭. હમેશાં આત્મચારિત્રમાં સૂક્ષ્મ ઉપયોગથી વર્ત્તવું.

૨૮. ધ્યાન, જિતેંદ્રિયતા અર્થે એકાગ્રતાપૂર્વક કરવું,

૨૯. મરણાંત દુઃખથી પણ ભય પામવો નહીં.

૩૦ સ્ત્રીઆદિકના સંગને ત્યાગવો.

૩૧. પ્રાયશ્ચિત વિશુદ્ધિ કરવી.

૩૨. મરણકાળે આરાધના કરવી.

એ એકેકો યોગ અમૂલ્ય છે. સઘળા સંગ્રહ કરનાર પરિણામે અનંત સુખને પામે છે.

શિક્ષાપાઠ ૭૩. મોક્ષનાં સુખ.—

આ [1]સૃષ્ટિમંડળપર પણ કેટલીક એવી વસ્તુઓ અને મનેચ્છા રહી છે કે જે કેટલાક અંશે જાણતા છતાં કહી શકાતી નથી. છતાં એ વસ્તુઓ કંઇ સંપૂર્ણ શાશ્વત કે અનંત ભેદવાળી નથી. એવી વસ્તુનું જ્યારે વર્ણન ન થઇ શકે ત્યારે અનંત સુખમય મોક્ષ સંબંધી તો ઉપમા ક્યાંથી જ મળે ? ભગવાનને ગૌતમસ્વામીએ મોક્ષના અનંત સુખવિષે પ્રશ્ન કર્યું ત્યારે ભગવાને ઉત્તરમાં કહ્યું: "ગૌતમ! એ અનંત સુખ હું જાણું છઉં; પણ તે કહી શકાય એવી અહીં આગળ કંઇ ઉપમા નથી. જગતમાં એ સુખના તુલ્ય કોઇપણ વસ્તુ કે સુખ નથી." એમ વદી એક ભીલનું દ્રષ્ટાંત નીચેના ભાવમાં આપ્યું હતું.

એક જંગલમાં એક ભદ્રિક ભીલ તેનાં બાળબચ્ચાં સહિત રહેતો હતો. શહેર વગેરેની સમૃદ્ધિની ઉપાધિનું તેને લેશ પણ ભાન નહોતું. એક દિવસે કોઇ રાજા અશ્વક્રીડા માટે ફરતો ફરતો ત્યાં નીકળી આવ્યો. તેને બહુ તૃષા લાગી હતી; જેથી કરીને સાનવડે ભીલ આગળ પાણી માગ્યું. ભીલે પાણી આપ્યું. શીતળ જળથી રાજા સંતોષાયો. પોતાને ભીલ તરફથી મળેલાં અમૂલ્ય જળદાનનો પ્રત્યુપકાર કરવા માટે થઇને ભીલને સમજાવીને સાથે લીધો. નગરમાં આવ્યા પછી ભીલે જીંદગીમાં નહીં જોયેલી વસ્તુમાં તેને રાખ્યો. સુંદર મહેલમાં, કને અનેક અનુચરો, મનોહર છત્ર પલંગ અને સ્વાદિષ્ટ ભોજનથી, મંદમંદ પવનમાં, સુગંધી વિલેપનમાં તેને આનંદ આનંદ કરી આપ્યો. વિવિધ જાતિના હીરામાણેક, મૌક્તિક, મણિરત્ન અને રંગબેરંગી અમૂલ્ય ચીજો નિરંતર તે ભીલને જોવા માટે મોકલ્યા કરે. બાગબગીચામાં ફરવા હરવા મોકલે. એમ રાજા તેને સુખ આપ્યા કરતો હતો. કોઇ રાત્રે બધાં સૂઈ રહ્યાં હતાં ત્યારે તે ભીલને બાળબચ્ચાં સાંભરી આવ્યાં એટલે તે ત્યાંથી કંઇ લીધા કર્યાવગર એકાએક નીકળી પડ્યો. જઇને પોતાનાં કુટુંબીને મળ્યો. તે બધાંયે મળીને પૂછ્યું કે 'તું ક્યાં હતો: ?. ભીલે કહ્યું 'બહુ સુખમાં. ત્યાં મેં બહુ વખાણવા લાયક વસ્તુઓ જોઈ.'

કુટુંબીઓ—પણ તે કેવી ? તે તો અમને કહે.

ભીલ—શું કહું ? અહીં એવી એકકે વસ્તુ જ નથી.

કુટુંબીઓ—એમ હોય કે ? આ શંખલાં, છીપ, કોડાં કેવાં મજાનાં પડ્યાં છે; ત્યાં કોઈ એવી જોવાલાયક વસ્તુ હતી ?

ભીલ—નહીં, નહીં ભાઈ, એવી ચીજ તો અહીં એકકે નથી. એના સોમા ભાગની કે હજારમા ભાગની પણ મનોહર ચીજ અહીં નથી.

કુટુંબીઓ—ત્યારે તો તું બોલ્યા વિના બેઠો રહે. તને ભમણા થઇ છે. આથી તે પછી સારૂં શું હશે ?

હે ગૌતમ ! જેમ એ ભીલ રાજવૈભવસુખ ભોગવી આવ્યો હતો, તેમ જ જાણતો હતો; છતાં

---

1. પાઠાન્તર: "જગત્ મંડળપર."—સંશોધક.

ઉપમાયોગ્ય વસ્તુ નહીં મળવાથી તે કંઇ કહી શકતો નહોતો તેમ અનુપમેય મોક્ષની, સચ્ચિદાનંદસ્વરૂપમય નિર્વિકારી મોક્ષનાં સુખના અસંખ્યાતમા ભાગને પણ યોગ્ય ઉપમેય નહીં મળવાથી હું તને કહી શકતો નથી.

મોક્ષના સ્વરૂપવિષે શંકા કરનારા તો કુતર્કવાદી છે. એઓને ક્ષણિક સુખસંબંધી વિચાર આડે સતસુખનો વિચાર નથી. કોઇ આત્મિકજ્ઞાનહીન એમ પણ કહે છે કે આથી કોઇ વિશેષ સુખનું સાધન ત્યાં રહ્યું નહીં એટલે અનંત અવ્યાબાધ સુખ કહી દે છે. આ એનું કથન વિવેકી નથી. નિદ્રા પ્રત્યેક માનવીને પ્રિય છે; પણ તેમાં તેઓ કંઇ જાણી કે દેખી શકતા નથી; અને જાણવામાં આવે તો માત્ર સ્વપ્નોપાધિનું મિથ્યાપણું આવે, જેની કંઇ અસર પણ થાય. એ સ્વપ્ના વગરની નિદ્રા જેમાં સૂક્ષ્મ સ્થૂળ સર્વ જાણી અને દેખી શકાય અને નિરુપાધિથી શાંત ઉંઘ લઇ શકાય તો તેનું તે વર્ણન શું કરી શકે ? એને ઉપમા પણ શી આપે ? આ તો સ્થૂળ દ્રષ્ટાંત છે; પણ બાલ અવિવેકી એ પરથી કંઇ વિચાર કરી શકે એ માટે કહ્યું છે.

ભીલનું દ્રષ્ટાંત, સમજાવવારૂપે ભાષાભેદે ફેરફારથી તમને કહી બતાવ્યું.

શિક્ષાપાઠ ૭૪. ધર્મધ્યાન. ભાગ ૧.—

ભગવાને ચાર પ્રકારનાં ધ્યાન કહ્યાં છે. આર્ત્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ. પહેલાં બે ધ્યાન ત્યાગવાયોગ્ય છે. પાછળનાં બે ધ્યાન આત્મસાર્થકરૂપ છે. શ્રુતજ્ઞાનના ભેદ જાણવા માટે, શાસ્ત્રવિચારમાં કુશળ થવા માટે, નિર્ગ્રંથપ્રવચનનું તત્ત્વ પામવા માટે સત્પુરુષોએ સેવવા યોગ્ય, વિચારવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય ધર્મધ્યાનના મુખ્ય સોળ ભેદ છે. પહેલાં ચાર ભેદ કહું છઉં: ૧. આણાવિચયે (આજ્ઞાવિચય) ૨. આવાયવિચય (અપાયવિચય) ૩. વિવાગવિચયે (વિપાકવિચય) ૪. સંઠાણવિચય (સંસ્થાનવિચય) ૧. આજ્ઞાવિચય. 'આજ્ઞા એટલે સર્વજ્ઞ ભગવાને ધર્મતત્ત્વ સંબંધી જે જે કહ્યું છે તે તે સત્ય છે, એમાં શંકા કરવા જેવું નથી ' કાળની હીનતાથી, ઉત્તમ જ્ઞાનના વિચ્છેદ જવાથી, બુદ્ધિની મંદતાથી કે એવાં અન્ય કોઇ કારણથી મારી સમજવામાં તે તત્ત્વ આવતું નથી: પરંતુ અર્હત ભગવાને અંશ માત્ર પણ માયાયુક્ત કે અસત્ય કહ્યું નથી જ; કારણ એઓ નિરાગી, ત્યાગી, અને નિસ્પૃહી હતા; મૃષા કહેવાનું કંઇ કારણ એમને હતું નહીં; તેમ એઓ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી અજ્ઞાનથી પણ મૃષા કહે નહીં, જ્યાં અજ્ઞાન જ નથી ત્યાં એ સંબંધી મૃષા ક્યાંથી હોય ?, એવું જે ચિંતન કરવું તે આજ્ઞાવિચય નામે પ્રથમ ભેદ છે. ૨. અપાયવિચય. 'રાગ, દ્વેષ, કામ, ક્રોધ એથી જે દુઃખ ઉત્પન્ન થાય છે તેનું જે ચિંતન કરવું તે અપાયવિચય નામે બીજો ભેદ છે. અપાય એટલે દુઃખ ૩. વિપાકવિચય. 'હું જે જે ક્ષણે ક્ષણે દુઃખ સહન કરૂં છઉં, ભવાટવિમાં પર્યટન કરૂં છઉં, અજ્ઞાનાદિક પામું છઉં તે સઘળું કર્મનાં ફળના ઉદય વડે કરીને છે.' એ ધર્મ ધ્યાનનો ત્રીજો ભેદ છે. ૪. સંસ્થાનવિચય. ત્રણ લોકનું સ્વરૂપ ચિંતવવું તે 'લોકસ્વરૂપ સુપ્રતિષ્ઠિકને આકારે છે.' જીવ અજીવે કરીને સંપૂર્ણ ભરપુર છે, અસંખ્યાત યોજનની કોટાનુકોટીએ તિરછો લોક છે. જ્યાં અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે, અસંખ્યાતા જ્યોતિષી, વાણવ્યંતરાદિકના નિવાસ છે, ઉત્પાદ, વ્યય અને ધ્રુવતાની વિચિત્રતા એમાં લાગી પડી છે. અઢી દ્વીપમાં જઘન્ય તીર્થંકર ૨૦, ઉત્કૃષ્ટા એકસો સિત્તેર હોય તથા કેવળી ભગવાન અને નિર્ગ્રંથ મુનિરાજ વિચરે છે. તેઓને વંદામિ, નમંસામિ, સક્કારેમિ, સમાણેમિ, કલ્લાણં, મંગળં, દેવયં, ચેઇયં પજ્જુવાસામિ તેમ જ ત્યાં વસતા શ્રાવક, શ્રાવિકાનાં ગુણગ્રામ કરીએ; તે તિરછાલોકથકી અસંખ્યાત ગુણો અધિકો ઊર્દ્ધ લોક છે, ત્યાં અનેક પ્રકારના દેવતાઓના નિવાસ છે; પછી ઈષત પ્રાગ્ભારા છે; તે પછી મુક્તાત્માઓ વિરાજે છે તેને વંદામિ, યાવત્ પજ્જુવાસામિ. તે ઊર્દ્ધ લોકથી કંઇક વિશેષ અધોલોક છે ત્યાં અનંત દુઃખથી ભરેલા નરકાવાસ અને ભુવનપતિના ભુવનાદિક છે; એ ત્રણ લોકનાં સર્વ સ્થાનક આ

આત્માએ સમ્યક્ત્વરહિત કરણીથી અનંતિવાર જન્મમરણ કરી સ્પર્શી મૂકયાં છે;' એમ જે ચિંતન કરવું તે સંસ્થાનવિચય નામે ધર્મધ્યાનનો ચોથો ભેદ છે. એ ચાર ભેદ વિચારીને સમ્યક્ત્વસહિત શ્રુત અને ચારિત્ર ધર્મની આરાધના કરવી. જેથી એ અનંત જન્મ મરણ ટળે. એ ધર્મધ્યાનના ચાર ભેદ સ્મરણમાં રાખવા.

શિક્ષાપાઠ ૭૫. ધર્મધ્યાન, ભાગ ૨,—

ધર્મધ્યાનનાં ચાર લક્ષણ કહું છઉં. આજ્ઞારુચિ— એટલે વીતરાગ ભગવાનની આજ્ઞાનો અંગીકાર કરવાની રુચિ ઉપજે તે. ૨. નિસર્ગરુચિ—આત્મા સ્વાભાવિકપણે જાતિસ્મરણાદિક જ્ઞાને કરી શ્રુતસહિત ચારિત્રધર્મ ધરવાનીરુચિ પામે તેને નિસર્ગરુચિ કહી છે. ૩ સૂત્રરુચિ. શ્રુતજ્ઞાન, અને અનંત તત્ત્વના ભેદને માટે ભાખેલાં ભગવાનનાં પવિત્ર વચનોનું જેમાં ગુંથન થયું છે તે સૂત્ર શ્રવણ કરવા, મનન કરવા, અને ભાવથી પઠન કરવાની રુચિ ઉપજે તે સૂત્રરુચિ. ૪. ઉપદેશરુચિ. અજ્ઞાને કરીને ઉપાર્જેલાં કર્મ જ્ઞાને કરીને ખપાવીએ તેમ જ જ્ઞાનવડે કરીને નવાં કર્મ ન બાંધીએ; મિથ્યાત્વે કરીને ઉપાર્જ્યાં કર્મ તે સમ્યક્ભાવથી ખપાવીએ, સમ્યક્ભાવથી નવાં કર્મ ન બાંધીએ; અવૈરાગ્યે કરીને ઉપાર્જ્યાં કર્મ તે વૈરાગ્યે કરીને ખપાવીએ અને વૈરાગ્યવડે કરીને પાછાં નવાં કર્મ ન બાંધીએ; કષાયે કરી ઉપાર્જ્યાં કર્મ તે કષાય ટાળીને ખપાવીએ; એથી નવાં કર્મ ન બાંધીએ; અશુભ યોગે કરી ઉપાર્જ્યાં કર્મ તે શુભયોગે કરી ખપાવીએ, શુભ યોગે કરી નવાં કર્મ ન બાંધીએ; પાંચ ઇંદ્રિયના સ્વાદરૂપ આશ્રવે કરી ઉપાર્જ્યાં કર્મ તે સંવરે કરી ખપાવીએ; તપરૂપ સંવરે કરી નવાં કર્મ ન બાંધીએ; તે માટે અજ્ઞાનાદિક આશ્રવમાર્ગ છાંડીને જ્ઞાનાદિક સંવરમાર્ગ ગ્રહણ કરવા માટે તીર્થંકર ભગવાનનો ઉપદેશ સાંભળવાની રુચિ ઉપજે તેને ઉપદેશરુચિ કહીએ. એ ધર્મધ્યાનનાં ચાર લક્ષણ કહેવાયાં.

ધર્મધ્યાનનાં ચાર આલંબન કહું છઉં. ૧. વાચના ૨. પૃચ્છના ૩. પરાવર્ત્તના ૪. ધર્મકથા. વાચના એટલે વિનય સહિત નિર્જરા તથા જ્ઞાન પામવાને માટે સૂત્ર સિદ્ધાંતના મર્મના જાણનાર ગુરુ કે સત્પુરુષ સમીપે સૂત્રતત્ત્વનું વાચન લઇએ તેનું નામ વાચઆલંબન. ૨ પૃચ્છના. અપૂર્વ જ્ઞાન પામવા માટે, જિનેશ્વર ભગવાનનો માર્ગ દીપાવવાને તથા શંકાશલ્ય નિવારવાને માટે તેમ જ અન્યના તત્ત્વની મધ્યસ્થ પરીક્ષાને માટે યથાયોગ્ય વિનય સહિત ગુર્વાદિકને પ્રશ્ન પૂછીએ તેને પૃચ્છના કહીએ. ૩. પરાવર્ત્તના—પૂર્વે જિનભાષિત સૂત્રાર્થ જે ભણ્યા હોઇએ તે સ્મરણમાં રહેવા માટે, નિર્જરા અર્થે શુદ્ધ ઉપયોગસહિત શુદ્ધ સૂત્રાર્થની વારંવાર સઝઝાય કરીએ તેનું નામ પરાવર્ત્તનાલંબન. ૪. ધર્મકથા. વીતરાગ ભગવાને જે ભાવ જેવા પ્રણીત કર્યા છે તે ભાવ તેવા લઇને, ગ્રહીને વિશેષે કરીને, નિશ્ચય કરીને, શંકા, કંખા અને વિતિગિચ્છારહિતપણે, પોતાની નિર્જરાને અર્થે સભામધ્યે તે ભાવ તેવા પ્રણીત કરીએ તેને ધર્મકથાલંબન કહીએ જેથી સાંભળનાર, સદ્દહનાર બન્ને ભગવાનની આજ્ઞાના આરાધક થાય. એ ધર્મધ્યાનનાં ચાર આલંબન કહેવાયાં. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા કહું છઉં. ૧. એકત્વાનુપ્રેક્ષા. ૨. અનિત્યાનુપ્રેક્ષા. ૩. અશરણાનુપ્રેક્ષા. ૪. સંસારાનુપ્રેક્ષા. એ ચારેનો બોધ બાર ભાવનાના પાઠમાં કહેવાઇ ગયો છે. તે તમને સ્મરણમાં હશે.

શિક્ષાપાઠ ૭૬. ધર્મધ્યાન, ભાગ ૩.—

ધર્મધ્યાન પૂર્વાચાર્યોએ અને આધુનિક મુનીશ્વરોએ પણ વિસ્તારપૂર્વક બહુ સમજાવ્યું છે. એ ધ્યાનવડે કરીને આત્મા મુનિત્વભાવમાં નિરંતર પ્રવેશ કરે છે.

જે જે નિયમો એટલે ભેદ, લક્ષણ, આલંબન અને અનુપ્રેક્ષા કહી તે બહુ મનન કરવા જેવી છે, અન્ય મુનીશ્વરોના કહેવા પ્રમાણે મેં સામાન્ય ભાષામાં તે તમને કહી. એ સાથે નિરંતર લક્ષ

રાખવાની આવશ્યકતા છે કે એમાંથી આપણે કયો ભેદ પામ્યા અથવા કયા ભેદ ભણી ભાવના રાખી છે ? એ સોળ ભેદમાંનો ગમે તે ભેદ હિતસ્વિ અને ઉપયોગી છે; પરંતુ જેવા અનુક્રમથી લેવો જોઈએ તે અનુક્રમથી લેવાય તો તે વિશેષ આત્મલાભનું કારણ થઇ પડે.

સૂત્રસિદ્ધાંતનાં અધ્યયનો કેટલાક મુખપાઠે કરે છે. તેના અર્થ, તેમાં કહેલાં મૂળતત્ત્વો ભણી જો તેઓ લક્ષ પહોંચાડે તો કંઈક સૂક્ષ્મભેદ પામી શકે. કેળનાં પત્રમાં, પત્રમાં પત્રની જેમ ચમત્કૃતિ છે તેમ સૂત્રાર્થને માટે છે. એ ઉપર વિચાર કરતાં નિર્મળ અને કેવળ દયામય માર્ગનો જે વીતરાગપ્રણીત તત્ત્વબોધ તેનું બીજ અંતઃકરણમાં ઉગી નીકળશે. તે અનેક પ્રકારનાં શાસ્ત્રાવલોકનથી, પ્રશ્નોતરથી, વિચારથી અને સત્પુરૂષના સમાગમથી પોષણ પામીને વૃદ્ધિ થઇ વૃક્ષરૂપે થશે; નિર્જરા અને આત્મપ્રકાશરૂપ પછી તે વૃક્ષ ફળ આપશે.

શ્રવણ, મનન અને નિદિધ્યાસનના પ્રકારો વેદાંતવાદિયોએ બતાવ્યા છે, પણ જેવા આ ધર્મધ્યાનના પૃથક્ પૃથક્ સોળ ભેદ કહ્યા છે તેવા તત્ત્વપૂર્વક ભેદ કોઈ સ્થળે નથી. એ અપૂર્વ છે. એમાંથી શાસ્ત્રને શ્રવણ કરવાનો, મનન કરવાનો, વિચારવાનો, અન્યને બોધ કરવાનો, શંકા કંખા ટાળવાનો, ધર્મકથા કરવાનો, એકત્વ વિચારવાનો, અનિત્યતા વિચારવાનો, અશરણતા વિચારવાનો, વૈરાગ્ય પામવાનો, સંસારનાં અનંત દુઃખ મનન કરવાનો, અને વીતરાગ ભગવાનની આજ્ઞાવડે કરીને આખા લોકાલોકના વિચાર કરવાનો અપૂર્વ ઉત્સાહ મળે છે. ભેદે ભેદે કરીને એના પાછા અનેક ભાવ સમજાવ્યા છે.

એમાંના કેટલાક ભાવ સમજવાથી તપ, શાંતિ, ક્ષમા, દયા, વૈરાગ્ય અને જ્ઞાનનો બહુ બહુ ઉદય થશે.

તમે કદાપિ એ સોળ ભેદનું પઠન કરી ગયા હશો; તો પણ ફરી ફરી તેનું પરાવર્તન કરજો.

શિક્ષાપાઠ ૭૭. જ્ઞાન સંબંધી બે બોલ. ભાગ ૧—

જેવડે વસ્તુનું સ્વરૂપ જાણીએ તે જ્ઞાન. જ્ઞાન શબ્દનો આ અર્થ છે. હવે યથામતિ વિચારવાનું છે કે એ જ્ઞાનની કંઇ આવશ્યકતા છે ? જો આવશ્યકતા છે તો તે પ્રાપ્તિનાં કંઇ સાધન છે ? જો સાધન છે તો તેને અનુકૂળ દેશ કાળ ભાવ છે ? જો દેશકાળાદિક અનુકૂળ છે તો કયાંસુધી અનુકૂળ છે ? વિશેષ વિચારમાં એ જ્ઞાનના ભેદ કેટલા છે ? જાણવારૂપ શું ? એના વળી ભેદ કેટલા છે ? જાણવાના સાધન કયાં કયાં છે ? કયિ કયિ વાટે તે સાધનો પ્રાપ્ત કરાય છે ? એ જ્ઞાનનો ઉપયોગ કે પરિણામ શું છે ? એ જાણવું અવસ્યનું છે.

૧. જ્ઞાનની શી આવશ્યકતા છે ? તે વિષે પ્રથમ વિચાર કરીએ. આ ચતુર્દશ રજ્જ્વાત્મક લોકમાં, ચતુર્ગતિમાં અનાદિકાળથી સકર્મસ્થિતિમાં આ આત્માનું પર્યટન છે. મેષાનુમેષ પણ સુખનો જ્યાં ભાવ નથી એવાં નરકનિગોદાદિક સ્થાનક આ આત્માએ બહુ બહુ કાળ વારંવાર સેવન કર્યાં છે. અસહ્ય દુઃખોને પુનઃ પુનઃ અને કહો તો અનંતિવાર સહન કર્યાં છે. એ ઉતાપથી નિરંતર તાપતો આત્મા માત્ર સ્વકર્મવિપાકથી પર્યટન કરે છે. પર્યટનનું કારણ અનંત દુઃખદ જ્ઞાનાવરણીયાદિ કર્મો છે અને વિષયાદિક મોહબંધનને સ્વસ્વરૂપ માની રહ્યો છે. એ સઘળાંનું પરિણામ માત્ર ઉપર કહ્યું તે જ છે કે અનંત દુઃખ અનંત ભાવે કરીને સહેવું, ગમે તેટલું અપ્રિય, ગમે તેટલું ખેદદાયક અને ગમે તેટલું રૌદ્ર છતાં જે દુઃખ અનંતકાળથી અનંતિવાર સહન કરવું પડયું તે દુઃખ માત્ર સહ્યું તે અજ્ઞાનાદિક કર્મથી. એ અજ્ઞાનાદિક ટાળવા માંટે જ્ઞાનની પરિપૂર્ણ આવશ્યકતા છે.

શિક્ષાપાઠ ૭૮. જ્ઞાન સંબંધી બે બોલ, ભાગ, ૨.—

૨. હવે જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો વિષે કંઈ વિચાર કરીએ. અપૂર્ણ પર્યાપ્તિ વડે પરિપૂર્ણ આત્મજ્ઞાન

સાધ્ય થતું નથી એ માટે થઇને છ પર્યાપ્તિયુક્ત જે દેહ તે આત્મજ્ઞાન સાધ્ય કરી શકે. એવો દેહ તે એક માનવદેહ છે. આ સ્થળે પ્રશ્ન ઉઠશે કે માનવદેહ પામેલા અનેક આત્માઓ છે, તો તે સઘળા આત્મજ્ઞાન કાં પામતા નથી ? એના ઉત્તરમાં આપણે માની શકીશું કે જેઓ સંપૂર્ણ આત્મજ્ઞાનને પામ્યાં છે તેઓનાં પવિત્ર વચનામૃતની તેઓને શ્રુતિ નહીં હોય. શ્રુતિ વિના સંસ્કાર નથી. જો સંસ્કાર નથી તો પછી શ્રદ્ધા ક્યાંથી હોય ? અને જ્યાં એ એકે નથી ત્યાં જ્ઞાનપ્રાપ્તિ શાની હોય ? એ માટે માનવદેહની સાથે સર્વજ્ઞવચનામૃતની પ્રાપ્તિ અને તેની શ્રદ્ધા એ પણ સાધનરૂપ છે. સર્વજ્ઞવચનામૃત અકર્મભૂમિ કે કેવળ અનાર્યભૂમિમાં મળતાં નથી તો પછી માનવદેહ શું ઉપયોગનો ? એ માટે થઇને આર્યભૂમિ એ પણ સાધનરૂપ છે. તત્ત્વની શ્રદ્ધા ઉપજવા અને બોધ થવા માટે નિર્ગ્રંથ ગુરુની અવશ્ય છે. દ્રવ્યે કરીને જે મિથ્યાત્વિ છે તે કુળમાં થયેલો જન્મ પણ આત્મજ્ઞાન પ્રાપ્તિની હાનિરૂપ જ છે; કારણ ધર્મમતભેદ એ અતિ દુઃખદાયક છે. પરંપરાથી પૂર્વજોએ ગ્રહણ કરેલું જે દર્શન તેમાં જ સત્યભાવના બંધાય છે; એથી કરીને પણ આત્મજ્ઞાન અટકે છે; એ માટે ભલું કુળ એ સઘળાં પ્રાપ્ત કરવા માટે થઇને ભાગ્યશાળી થવું. તેમાં સદ્પુણ્ય એટલે પુણ્યાનુબંધી પુણ્ય ઇત્યાદિક ઉત્તમ સાધનો છે. એ દ્વિતીય સાધન ભેદ કહ્યો.

૩. જો સાધન છે તો તેને અનુકૂળ દેશ કાળ છે ? એ ત્રીજા ભેદનો વિચાર કરીએ. ભારતમાં મહાવિદેહ ઇ૦ કર્મભૂમિ અને તેમાં પણ આર્યભૂમિ એ દેશભાવે અનુકૂળ છે. જિજ્ઞાસુ ભવ્ય તમે સઘળા આ કાળે ભારતમાં છો માટે ભારતદેશ અનુકૂળ છે. કાળભાવ પ્રમાણે મતિ અને શ્રુત પ્રાપ્ત કરી શકાય એટલી અનુકૂળતા છે; કારણ આ દુઃસમ પંચમકાળમાં પરમાવધિ, મનઃપર્યવ અને કેવળ એ પવિત્ર જ્ઞાન વિચ્છેદ છે.[1] એટલે કાળની પરિપૂર્ણ અનુકૂળતા નથી.

૪. દેશકાળાદિ જો અનુકૂળ છે તો ક્યાં સુધી છે ? એનો ઉત્તરઃ શેષ રહેલું સિદ્ધાંતિક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સામાન્ય મતથી કાળભાવે એકવીશ હજાર વર્ષ સુધી રહેવાનું. તેમાંથી અઢી સહસ્ર ગયાં, બાકી સાડા અઢાર હજાર વર્ષ રહ્યાં; એટલે પંચમકાળનીપૂર્ણતા સુધી કાળની અનુકૂળતા છે. દેશકાળ તે લઇને પરિપૂર્ણ અનુકૂળ છે.

શિક્ષાપાઠ ૭૯. જ્ઞાન સંબંધી બે બોલ. ભાગ ૩.—

હવે વિશેષ વિચાર કરીએ.

૧. આવશ્યકતા શી છે ? એ મહત્ વિચારનું આવર્તન પુનઃ વિશેષતાથી કરીએ. મુખ્ય અવશ્ય સ્વસ્વરૂપ સ્થિતિની શ્રેણિએ ચઢવું. અનંત દુઃખનો નાશ, દુઃખના નાશથી આત્માનું શ્રેયિક સુખ એ હેતું છે કેમકે સુખ નિરંતર આત્માને પ્રિય જ છે; પણ જે સ્વસ્વરૂપિક સુખ છે તે. દેશકાળ ભાવને લઇને શ્રદ્ધા, જ્ઞાન, ઇ૦ ઉત્પન્ન કરવાની આવશ્યકતા અને સમ્યક્ ભાવ સહિત ઉચ્ચગતિ, ત્યાંથી મહાવિદેહમાં માનવદેહે જન્મ, ત્યાં સમ્યક ભાવની પુનઃ ઉન્નતિ, તત્ત્વજ્ઞાનની વિશુદ્ધતા અને વૃદ્ધિ; છેવટે પરિપૂર્ણ આત્મસાધન જ્ઞાન અને તેનું સત્ય પરિણામ કેવળ સર્વ દુઃખનો અભાવ એટલે અખંડ, અનુપમ અનંત શાશ્વત પવિત્ર મોક્ષની પ્રાપ્તિ એ સઘળાં માટે થઇને જ્ઞાનની આવશ્યકતા છે !

૨. જ્ઞાનના ભેદ કેટલા છે એનો વિચાર કહું છઉં. એ જ્ઞાનના ભેદ અનંત છે, પણ સામાન્ય દ્રષ્ટિ સમજી શકે એટલા માટે થઇને સર્વજ્ઞ ભગવાને મુખ્ય પાંચ ભેદ કહ્યા છે. તે જેમ

---

૧. જ્યારે 'મોક્ષમાળા'ની દ્વિતીયાવૃત્તિનો આ ભાગ છપાતો હતો ત્યારે શ્રીમદ્ની શરીરપ્રકૃતિ વિશેષ ગંભીરપણે નરમ થયેલી એટલે તેઓશ્રીની દ્રષ્ટિતળેથી ઘણું કરી આ ભાગ નીકળ્યો નહીં હતો; અને તેથી કરી પ્રથમાવૃત્તિમાં 'આ કાળમાં પરમાવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન વિચ્છેદ છે' એમ હતું, તેને બદલે દ્વિતીયાવૃત્તિમાં 'પરમ્પરામ્નાયથી તે જ્ઞાનો જોવામાં આવતાં નથી' એવો જે ફેરફાર શરૂઆતના ભાગમાં તેઓશ્રીએ કરાવેલો તે આ ભાગમાં થવો રહી ગયો જણાય છે.—સંશોધક.

છે તેમ કહું છઉં. મતિ પ્રથમ, દ્વિતીય શ્રુત, તૃતીય અવધ, ચતુર્થ મનઃપર્યવ અને પાંચમું સંપૂર્ણ સ્વરૂપ કેવળ. એના પાછા પ્રતિભેદ છે. તેની વળી અતીંદ્રિય સ્વરૂપે અનંત ભંગજાળ છે.

૩. શું જાણવારૂપ છે? એનો હવે વિચાર કરીએ. વસ્તુનું સ્વરૂપ જાણવું તેનું નામ જ્યારે જ્ઞાન, ત્યારે તો વસ્તુઓ તો અનંત છે એને કયિ પંક્તિથી જાણવી? સર્વજ્ઞ થયા પછી સર્વદર્શિતાથી તે સત્પુરુષ તે અનંત વસ્તુનું સ્વરૂપ સર્વ ભેદે કરી જાણે છે અને દેખે છે, પરંતુ તેઓએ સર્વજ્ઞ શ્રેણિને પામ્યા તે કયિ કયિ વસ્તુને જાણવાથી? અનંત શ્રેણિઓ જ્યાંસુધી જાણી નથી ત્યાંસુધી કયિ વસ્તુને જાણતાં જાણતાં તે અનંત વસ્તુઓને અનંતરૂપે જાણીએ? એ શંકાનું સમાધાન હવે કરીએ: જે અનંત વસ્તુઓ માની તે અનંત ભંગે કરીને છે, પરંતુ મુખ્ય વસ્તુત્વ સ્વરૂપે તેની બે શ્રેણિઓ છે: જીવ અને અજીવ. વિશેષ વસ્તુત્વસ્વરૂપે નવતત્ત્વ કિંવા ષડ્દ્રવ્યની શ્રેણિઓ જાણવારૂપ થઇ પડે છે. જે પંક્તિએ ચઢતાં ચઢતાં સર્વ ભાવે જણાઇ લોકાલોકસ્વરૂપ હસ્તામલકવત્ જાણી દેખી શકાય છે. એટલા માટે થઇને જાણવારૂપ પદાર્થ તે જીવ અને અજીવ છે. એ જાણવારૂપ મુખ્ય બે શ્રેણિઓ કહેવાઇ.

શિક્ષાપાઠ ૯૦. જ્ઞાનસંબંધી બે બોલ, ભાગ ૪.—

૪. એના ઉપભેદ સંક્ષેપમાં કહું છઉં. એ ચૈતન્યલક્ષણે એક રૂપ છે. દેહસ્વરૂપે અને દ્રવ્યસ્વરૂપે અનંતાનુઅનંત છે. દેહસ્વરૂપે તેના ઇંદ્રિયાદિક જાણવારૂપ છે. તેની ગતિ, વિગતિ ઇત્યાદિક જાણવારૂપ છે. તેની સંસર્ગ ઋદ્ધિ જાણવારૂપ છે. તેમ જ અજીવ, તેના રૂપી અરૂપી પુદ્ગલ આકાશાદિ વિચિત્ર ભાવ કાળચક્ર ઇ૦ જાણવારૂપ છે. જીવાજીવ જાણવાની પ્રકારાંતરે સર્વજ્ઞ સર્વદર્શીએ નવ શ્રેણિરૂપ નવતત્ત્વ કહ્યાં છે:

જીવ,	અજીવ,	પુણ્ય,
પાપ,	આશ્રવ,	સંવર,
નિર્જરા,	બંધ,	મોક્ષ.

એમાંનાં કેટલાંક ગ્રાહ્યરૂપ, કેટલાંક જાણવારૂપ, કેટલાંક ત્યાગવારૂપ છે. સઘળાંએ તત્ત્વો જાણવાપરૂ તો છે જ.

૫. જાણવાનાં સાધન. સામાન્ય વિચારમાં એ સાધનો જો કે જાણ્યાં છે, તોપણ વિશેષ કંઇક જાણીએ. ભગવાનની આજ્ઞા અને તેનું શુદ્ધ સ્વરૂપ યથાતથ્ય જાણવું. સ્વયં કોઇક જ જાણે છે. નહીં તો નિર્ગ્રંથજ્ઞાની ગુરુ જણાવી શકે. નિરાગી જ્ઞાતા સર્વોત્તમ છે. એટલા માટે શ્રદ્ધાનું બીજ રોપનાર કે તેને પોષનાર ગુરુ એ સાધનરૂપ છે. એ[1] સાધનાદિક અન્ય સાધનો છે. એ સાધનો પ્રાપ્ત કરવાની વાટ કહીએ તોપણ ચાલે.

૬. એ જ્ઞાનનો ઉપયોગ કે પરિણામના ઉત્તરનો આશય ઉપર આવી ગયો છે; પણ કાળભેદે કંઇ કહેવાનું છે અને તે એટલું જ કે દિવસમાં બેઘડીનો વખત પણ નિયમિત રાખીને જિનેશ્વર ભગવાનનાં કહેલાં તત્ત્વબોધની પર્યટના કરો. વીતરાગનાં એક સિદ્ધાંતિક શબ્દપરથી જ્ઞાનાવરણીયનો બહુ ક્ષયોપશમ થશે એમ હું વિવેકથી કહું છઉં.

શિક્ષાપાઠ ૯૧. પંચમકાળ.—

કાળચક્રના વિચારો અવશ્ય કરીને જાણવાયોગ્ય છે. જિનેશ્વરે એ કાળચક્રના બે મુખ્ય ભેદ કહ્યા છે. ૧. ઉત્સર્પિણી ૨. અવસર્પિણી એકેકા ભેદના ૭ ૭ આરા છે. આધુનિક વર્ત્તન કરી રહેલો આરો પંચમકાળ કહેવાય છે અને તે અવસર્પિણીકાળનો પાંચમો આરો છે. અવસર્પિણી એટલે

---

૧. પાઠાન્તરઃ "એ સાધનાદિકને માટે સંસારની નિવૃત્તિ એટલે શમ, દમ બ્રહ્મચર્યાદિક અન્ય સાધનો છે."—સંશોધક.

ઉતરતો કાળ. એ ઉતરતા કાળના પાંચમા આરામાં કેવું વર્ત્તન આ ભરતક્ષેત્રે થવું જોઇએ તેને માટે સત્પુરુષોએ કેટલાક વિચારો જણાવ્યા છે. તે અવશ્ય જાણવાજેવા છે.

એઓ પંચમકાળનું સ્વરૂપ મુખ્ય આ ભાવમાં કહે છેઃ નિર્ગ્રંથપ્રવચનપરથી મનુષ્યોની શ્રદ્ધા ક્ષીણ થતી જશે. ધર્મનાં મૂળતત્ત્વોમાં મતમતાંતર વધશે. પાખંડી અને પ્રપંચી મતોનું મંડન થશે. જનસમૂહની રુચિ અધર્મ ભણી વળશે. સત્ય દયા હળવે હળવે પરાભવ પામશે. મોહાદિક દોષોની વૃદ્ધિ થતી જશે. દંભી અને પાપિષ્ઠ ગુરુઓ પૂજ્યરૂપ થશે, દુષ્ટવૃત્તિનાં મનુષ્યો પોતાના ફંદમાં ફાવી જશે. મીઠા પણ ધૂર્ત્તવક્તા પવિત્ર મનાશે. શુદ્ધબ્રહ્મચર્યાદિક શીલયુક્ત પુરુષો મલિન કહેવાશે. આત્મિક જ્ઞાનના ભેદો હણાતા જશે; હેતુ વગરની ક્રિયા વધતી જશે. અજ્ઞાનક્રિયા બહુધા સેવાશે; વ્યાકુળ વિષયોનાં સાધનો વધતાં જશે, એકાંતિક પક્ષો સત્તાધિશ થશે. શ્રૃંગારથી ધર્મ મનાશે.

ખરા ક્ષત્રિયોવિના ભૂમિ શોકગ્રસ્ત થશે. નિર્માલ્ય રાજવંશીઓ વેશ્યાના વિલાસમાં મોહ પામશે. ધર્મ, કર્મ, અને ખરી રાજનીતિ ભૂલી જશે; અન્યાયને જન્મ આપશે, જેમ લુટાશે તેમ પ્રજાને લૂટશે. પોતે પાપિષ્ટ આચરણો સેવી પ્રજા આગળ તે પળાવતા જશે. રાજબીજને નામે શૂન્યતા આવતી જશે. નીચ મંત્રિયોની મહત્તા વધતી જશે. એઓ દિનપ્રજાને ચુસીને ભંડાર ભરવાનો રાજાને ઉપદેશ આપશે. શીયળ ભંગ કરવાનો ધર્મ રાજાને અંગીકાર કરાવશે. શૌર્યાદિક સદ્ગુણોનો નાશ કરાવશે. મૃગયાદિક પાપમાં અંધ બનાવશે. રાજ્યાધિકારીઓ પોતાના અધિકારથી હજારગણી અહંપદતા રાખશે. વિપ્રો લાલચુ અને લોભી થઇ જશે. સદ્વિદ્યાને દાટી દેશે; સંસારી સાધનોને ધર્મ ઠરાવશે. વૈશ્યો માયાવિ, કેવળ સ્વાર્થિ અને કઠોર હૃદયના થતા જશે. સમગ્ર મનુષ્યવર્ગની સદ્વૃત્તિયો ઘટતી જશે. અકૃત અને ભયંકર કૃત્યો કરતાં તેઓની વૃત્તિ અટકશે નહીં. વિવેક, વિનય, સરળતા ઇ૦ સદ્ગુણો ઘટતા જશે, અનુકંપાને નામે હીનતા થશે. માતા કરતાં પત્નિમાં પ્રેમ વધશે; પિતા કરતાં પુત્રમાં પ્રેમ વધશે; એક પત્નિવ્રત્ત નિયમપૂર્વક પાળનારી સુંદરીઓ ઘટી જશે. સ્નાનથી પવિત્રતા ગણાશે; અને ધનથી ઉત્તમ કૂળ ગણાશે. ગુરુથી શિષ્યો અવળા ચાલશે. ભૂમિનો રસ ઘટી જશે. સંક્ષેપમાં કહેવાનો ભાવાર્થ કે ઉત્તમ વસ્તુની ક્ષીણતા છે; અને કનિષ્ટ વસ્તુનો ઉદય છે. પંચમકાળનું સ્વરૂપ આમાંનું પ્રત્યક્ષ સૂચવન પણ કેટલું બધું કરે છે !

મનુષ્ય સત્યધર્મતત્ત્વમાં પરિપૂર્ણ શ્રદ્ધાવાન્ નહીં થઈ શકે; સંપૂર્ણ તત્ત્વજ્ઞાન નહીં પામી શકે; જંબુસ્વામીના નિર્વાણ પછી દશ નિર્વાણી વસ્તુ આ ભરતક્ષેત્રથી વ્યવછેદ ગઇ.

પંચમકાળનું આવું સ્વરૂપ જાણીને વિવેકી પુરુષો તત્ત્વને ગ્રહણ કરશે; કાળાનુસાર ધર્મતત્ત્વશ્રદ્ધા પામીને ઉચ્ચ ગતિ સાધી પરિણામે મોક્ષ સાધશે. નિર્ગ્રંથવચન, નિર્ગ્રંથ ગુરુ ઇ૦ ધર્મતત્ત્વ પામવાનાં સાધનો છે. એની આરાધનથી કર્મની વિરાધના છે.

શિક્ષાપાઠ ૮૨. તત્ત્વાવબોધ, ભાગ ૧.—

'દશ વૈકાળિકસૂત્ર'માં કથન છે કે જેણે જીવાજીવના ભાવ નથી જાણ્યા તે અબુધ સંયમમાં સ્થિર કેમ રહી શકશે? એ વચનામૃતનું તાત્પર્ય એમ છે કે તમે આત્મા, અનાત્માનાં સ્વરૂપને જાણો, એ જાણવાની પરિપૂર્ણ અવશ્ય છે.

આત્મા અનાત્માનું સત્ય સ્વરૂપ નિર્ગ્રંથપ્રવચનમાંથી પ્રાપ્ત થઇ શકે છે. અનેક મતોમાં એ બે તત્ત્વો વિષે વિચારો દર્શાવ્યા છે; તે યથાર્થ નથી. મહા પ્રજ્ઞાવંત આચાર્યોએ કરેલાં વિવેચનસહિત પ્રકારાંતરે કહેલાં મુખ્ય નવતત્ત્વને વિવેકબુદ્ધિથી જે જ્ઞેય કરે છે તે સત્પુરુષ આત્મસ્વરૂપને ઓળખી શકે છે.

સ્યાદ્વાદશૈલી અનુપમ અને અનંત ભેદ ભાવથી ભરેલી છે; એ શૈલીને પરિપૂર્ણ તો સર્વજ્ઞ અને સર્વદર્શી જ જાણી શકે; છતાં એઓનાં વચનામૃતાનુસાર આગમઉપયોગથી યથામતિ નવ તત્ત્વનું

સ્વરૂપ જાણવું અવશ્યનું છે. એ નવતત્ત્વ પ્રિય શ્રદ્ધા ભાવે જાણવાથી પરમ વિવેકબુદ્ધિ, શુદ્ધ સમ્યક્ત્વ અને પ્રભાવિક આત્મજ્ઞાનનો ઉદય થાય છે. નવ તત્ત્વમાં લોકાલોકનું સંપૂર્ણ સ્વરૂપ આવી જાય છે. જે પ્રમાણે જેની બુદ્ધિની ગતિ છે તે પ્રમાણે તેઓ તત્ત્વજ્ઞાન સંબંધી દ્રષ્ટિ પહોંચાડે છે; અને ભાવાનુસાર તેઓના આત્માની ઉજ્વળતા થાય છે. તે વડે કરીને તેઓ આત્મજ્ઞાનનો નિર્મળ રસ અનુભવે છે. જેનું તત્ત્વજ્ઞાન ઉત્તમ અને સૂક્ષ્મ છે તેમ જ સુશીલયુક્ત જે તત્ત્વજ્ઞાનને સેવે છે તે પુરુષ મહદ્ભાગી છે.

એ નવતત્ત્વનાં નામ આગળના શિક્ષાપાઠમાં હું કહી ગયો છઉં; એનું વિશેષ સ્વરૂપ પ્રજ્ઞાવંત આચાર્યોના મહાન્ ગ્રંથોથી અવશ્ય મેળવવું; કારણ સિદ્ધાંતમાં જે જે કહ્યું છે તે તે વિશેષ ભેદથી સમજવા માટે સહાયભૂત પ્રજ્ઞાવંત આચાર્યવિરચિત ગ્રંથો છે. એ ગુરુગમ્યરૂપ પણ છે. નય, નિક્ષેપા અને પ્રમાણભેદ નવતત્ત્વના જ્ઞાનમાં અવશ્યનાં છે અને તેની યથાર્થ સમજણ એ પ્રજ્ઞાવંતોએ આપી છે.

શિક્ષાપાઠ ૮૩. તત્ત્વાવબોધ, ભાગ ૨.—

સર્વજ્ઞ ભગવાને લોકાલોકના સંપૂર્ણ ભાવ જાણ્યા અને જોયા. તેનો ઉપદેશ ભવ્ય લોકોને કર્યો. ભગવાને અનંત જ્ઞાનવડે કરીને લોકાલોકનાં સ્વરૂપવિષેના અનંત ભેદ જાણ્યા હતા, પરંતુ સામાન્ય માનવિયોને ઉપદેશથી શ્રેણિએ ચઢવા મુખ્ય દેખાતા નવ પદાર્થ તેઓએ દર્શાવ્યા. એથી લોકાલોકના સર્વ ભાવનો એમાં સમાવેશ આવી જાય છે. નિર્ગ્રંથપ્રવચનના જે જે સૂક્ષ્મ બોધ છે તે તે તત્ત્વની દ્રષ્ટિએ નવ તત્ત્વમાં સમાઈ જાય છે. તેમ જ સઘળા ધર્મમતોના સૂક્ષ્મ વિચાર એ નવતત્ત્વવિજ્ઞાનના એક દેશમાં આવી જાય છે. આત્માની જે અનંત શક્તિઓ ઢંકાઇ રહી છે તેને પ્રકાશિત કરવા અર્હત્ ભગવાનનો પવિત્ર બોધ છે. એ અનંત શક્તિઓ ત્યારે પ્રફુલ્લિત થઈ શકે કે જ્યારે નવતત્ત્વવિજ્ઞાનમાં પારાવાર જ્ઞાની થાય.

સૂક્ષ્મ દ્વાદશાંગી જ્ઞાન પણ એ નવતત્ત્વસ્વરૂપ જ્ઞાનને સહાયરૂપ છે. ભિન્ન ભિન્ન પ્રકારે એ નવતત્ત્વસ્વરૂપ જ્ઞાનનો બોધ કરે છે; એથી આ નિઃશંક માનવાયોગ્ય છે કે નવ તત્ત્વ જેણે અનંત ભાવ ભેદે જાણ્યાં તે સર્વજ્ઞ અને સર્વદર્શી થયો.

એ નવ તત્ત્વ ત્રિપદીને ભાવે લેવાયોગ્ય છે. હેય, જ્ઞેય અને ઉપાદેય એટલે ત્યાગ કરવા યોગ્ય, જાણવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય એમ ત્રણ ભેદ નવ તત્ત્વસ્વરૂપના વિચારમાં રહેલા છે.

પ્રશ્નઃ—જે ત્યાગવારૂપ છે તેને જાણીને કરવું શું ? જે ગામ ન જવું તેનો માર્ગ શા માટે પૂછવો ?

ઉત્તરઃ—એ તમારી શંકાનું સહજમાં સમાધાન થઇ શકે તેવું છે. ત્યાગવારૂપ પણ જાણવા અવશ્ય છે. સર્વજ્ઞ પણ સર્વ પ્રકારના પ્રપંચને જાણી રહ્યા છે. ત્યાગવારૂપ વસ્તુને જાણવાનું મૂળતત્ત્વ આ છે કે જો તે જાણી ન હોય તો અત્યાજ્ય ગણી કોઇ વખત સેવી જવાય; એક ગામથી બીજે પહોંચતાં સુધી વાટમાં જે જે ગામ આવવાનાં હોય તેનો રસ્તો પણ પૂછવો પડે છે; નહીં તો જ્યાં જવાનું છે ત્યાં ન પહોંચી શકાય. એ ગામ જેમ પૂછ્યાં પણ ત્યાં વાસ કર્યો નહીં તેમ પાપાદિક તત્ત્વો જાણવાં પણ ગ્રહણ કરવાં નહીં. જેમ વાટમાં આવતાં ગામનો ત્યાગ કર્યો તેમ તેનો પણ ત્યાગ કરવો અવશ્યનો છે.

શિક્ષાપાઠ ૮૪. તત્ત્વાવબોધ, ભાગ ૩.—

નવ તત્ત્વનું કાળભેદે જે સત્પુરુષો ગુરુગમ્યતાથી શ્રવણ, મનન અને નિદિધ્યાસનપૂર્વક જ્ઞાન કરે છે તે સત્પુરુષો મહા પુણ્યશાળી તેમ જ ધન્યવાદને પાત્ર છે. પ્રત્યેક સુજ્ઞ પુરુષોને મારો વિનયભાવભૂષિત એ જ બોધ છે કે નવ તત્ત્વને સ્વબુધ્ધાનુસાર યથાર્થ જાણવાં.

મહાવીર ભગવાનનાં શાસનમાં બહુ મતમતાંતર પડી ગયાં છે તેનું મુખ્ય આ એક કારણ પણ છે કે તત્ત્વજ્ઞાન ભણીથી ઉપાસક વર્ગનું લક્ષ ગયું. માત્ર ક્રિયાભાવ પર રાચતા રહ્યા; જેનું પરિણામ દૃષ્ટિગોચર છે. અંગ્રેજોના શોધમાં આવેલી પૃથ્વીની વસતી એક અબજ અને ચાળીશ કરોડની ગણાઇ છે તેમાં સર્વ ગચ્છની મળીને જૈનપ્રજા માત્ર વીશ લાખ છે. એ પ્રજા તે શ્રમણોપાસકની છે. એમાંથી હું ધારું છઉં કે નવ તત્ત્વને પઠનરૂપે બે હજાર પુરૂષો પણ માંડ જાણતા હશે; મનન અને વિચારપૂર્વક તો આંગળીને ટેરવે ગણી શકીએ તેટલા પુરુષો પણ નહીં હશે. જ્યારે આવી પતિત સ્થિતિ તત્ત્વજ્ઞાન સંબંધી થઈ ગઇ છે ત્યારે જ મતમતાંતર વધી પડ્યા છે. એક લૌકિક કથન છે કે 'સો શાણે એક મત' તેમ અનેક તત્ત્વવિચારક પુરુષોના મતમાં ભિન્નતા બહુધા આવતી નથી.

એ નવતત્ત્વવિચાર સંબંધી પ્રત્યેક મુનિઓને મારી વિજ્ઞપ્તિ છે કે વિવેક અને ગુરુગમ્યતાથી એનું જ્ઞાન વિશેષ વૃદ્ધિમાન કરવું; એથી તેઓનાં પવિત્ર પંચમહાવ્રત દૃઢ થશે. જિનેશ્વરનાં વચનામૃતના અનુપમ આનંદની પ્રાસાદિ મળશે; મુનિત્વઆચાર પાળવામાં સરળ થઈ પડશે. જ્ઞાન અને ક્રિયા વિશુદ્ધ રહેવાથી સમ્યકત્વનો ઉદય થશે; પરિણામે ભવાંત થઇ જશે.

શિક્ષાપાઠ ૮૫. તત્ત્વાવબોધ, ભાગ ૪.—

જે જે શ્રમણોપાસક નવ તત્ત્વ પઠનરૂપે પણ જાણતા નથી તેઓએ અવશ્ય જાણવાં. જાણ્યા પછી બહુ મનન કરવાં. સમજાય તેટલા ગંભીર આશય ગુરુગમ્યતાથી સદ્ભાવે કરીને સમજવા. આત્મજ્ઞાન એથી ઉજ્વળતા પામશે અને યમનિયમાદિકનું બહુ પાલન થશે.

નવ તત્ત્વ એટલે તેનું એક સામાન્યગુંથનયુક્ત પુસ્તક હોય તે નહીં, પરંતુ જે જે સ્થળે જે જે વિચારો જ્ઞાનીઓએ પ્રણીત કર્યા છે તે તે વિચારો નવ તત્ત્વમાંના અમુક એક બે કે વિશેષ તત્ત્વના હોય છે. કેવળી ભગવાને એ શ્રેણિઓથી સકળ જગતમંડળ દર્શાવી દીધું છે; એથી જેમ જેમ નયાદિ ભેદથી એ તત્ત્વજ્ઞાન મળશે તેમ તેમ અપૂર્વ આનંદ અને નિર્મળતાની પ્રાપ્તિ થશે. માત્ર વિવેક, ગુરુગમ્યતા અને અપ્રમાદ જોઇએ. એ નવ તત્ત્વજ્ઞાન મને બહુ પ્રિય છે. એના રસાનુભવિયો પણ મને સદૈવ પ્રિય છે.

કાળભેદે કરીને આ વખતે માત્ર મતિ અને શ્રુત એ બે જ્ઞાન ભરતક્ષેત્રે વિદ્યમાન છે. બાકીનાં ત્રણ જ્ઞાન વ્યવચ્છેદ છે;[1] છતાં જેમ જેમ પૂર્ણ શ્રદ્ધાભાવથી એ નવ તત્ત્વજ્ઞાનના વિચારોની ગુફામાં ઉતરાય છે તેમ તેમ તેના અંદર અદ્ભુત આત્મપ્રકાશ, આનંદ, સમર્થ તત્ત્વજ્ઞાનની સ્ફુરણા, ઉત્તમ વિનોદ અને ગંભીર ચળકાટ દિંગ્ કરી દઇ શુદ્ધ સમ્યગ્જ્ઞાનનો તે વિચારો બહુ ઉદય કરે છે. સ્યાદ્વાદવચનામૃતના અનંત સુંદર આશય સમજવાની શક્તિ આ કાળમાં આ ક્ષેત્રથી વિચ્છેદ ગયેલી છતાં તે પરત્વે જે જે સુંદર આશયો સમજાય છે તે તે આશયો અતિ અતિ ગંભીર તત્ત્વથી ભરેલા છે. પુનઃપુનઃ તે આશયોનું મનન કરતાં ચાર્વાકમતિના ચંચળ મનુષ્યને પણ સદ્ધર્મમાં સ્થિર કરી દેતેવા છે. સંક્ષેપમાં સર્વ પ્રકારની સિદ્ધિ, પવિત્રતા, મહા શીલ, નિર્મળ, ઉંડા અને ગંભીર વિચાર, સ્વચ્છ વૈરાગ્યની ભેટ એ તત્ત્વજ્ઞાનથી મળે છે.

શિક્ષાપાઠ ૮૬. તત્ત્વાવબોધ, ભાગ ૫.—

એકવાર એક સમર્થ વિદ્વાનથી નિર્ગ્રંથપ્રવચનની ચમત્કૃતિ સંબંધી વાતચિત થઈ. તેના સંબંધમાં તે વિદ્વાને જણાવ્યું કે આટલું હું માન્ય રાખું છઉં કે મહાવીર એ એક સમર્થ તત્ત્વજ્ઞાની પુરુષ હતા. એમણે જે બોધ કર્યોછે તે ઝીલી લઇ પ્રજ્ઞાવંત પુરુષોએ અંગ, ઉપાંગની યોજના કરી છે. તેના જે વિચારો છે તે ચમત્કૃતિ ભરેલા છે, પરંતુ એ ઉપરથી આખી સૃષ્ટિનું[2] જ્ઞાન એમાં

૧. પૃષ્ઠ ૯૬ની ટિપ્પણી જુઓ.—સંશોધક.
૨. પાઠાન્તરઃ "લોકાલોકનું"—સંશોધક.

રહ્યું છે એમ હું કહી ન શકું. એમ છતાં જો તમે કંઇ એ સંબંધી પ્રમાણ આપતા હો તો હું એ વાતની કંઈ શ્રદ્ધા લાવી શકું. એના ઉત્તરમાં મેં એમ કહ્યું કે હું કંઇ જૈનવચનામૃતને યથાર્થ તો શું પણ વિશેષ ભેદે કરીને પણ જાણતો નથી; પણ જે સામાન્ય ભાવે જાણું છઉં એથી પણ પ્રમાણ આપી શકું ખરો. પછી નવતત્ત્વવિજ્ઞાન સંબંધી વાતચિત નીકળી. મેં કહ્યું એમાં આખી સૃષ્ટિનું[1] જ્ઞાન આવી જાય છે, પરંતુ યથાર્થ સમજવાની શક્તિ જોઇએ. પછી તેઓએ એ કથનનું પ્રમાણ માંગ્યું, ત્યારે આઠ કર્મ મેં કહી બતાવ્યા. તેની સાથે એમ સૂચવ્યું કે એ શિવાય એનાથી ભિન્ન ભાવ દર્શાવે એવું નવમું કર્મ શોધી આપો. પાપની અને પુણ્યની પ્રકૃતિઓ કહીને કહ્યું આ શિવાય એક પણ વધારે પ્રકૃતિ શોધી આપો. એમ કહેતાં કહેતાં અનુક્રમે વાત લીધી. પ્રથમ જીવના ભેદ કહી પૂછ્યું: એમાં કંઇ ન્યૂનાધિક કહેવા માંગો છો? અજીવદ્રવ્યના ભેદ કહી પૂછ્યુ: કંઇ વિશેષતા કહો છો? એમ નવ તત્ત્વસંબંધી વાતચિત થઈ ત્યારે તેઓએ થોડીવાર વિચાર કરીને કહ્યું: આ તો મહાવીરની કહેવાની અદ્‌ભુત ચમત્કૃતિ છે કે જીવનો એક નવો ભેદ મળતો નથી, તેમ પાપ-પુણ્યાદિકની એક પ્રકૃતિ વિશેષ મળતી નથી અને નવમું કર્મ પણ મળતું નથી. આવાં આવાં તત્ત્વજ્ઞાનસિદ્ધાંતો જૈનમાં છે એ મારૂં લક્ષ નહોતું. આમાં આખી સૃષ્ટિનું[2] તત્ત્વજ્ઞાન કેટલેક અંશે આવી શકે ખરૂં.

શિક્ષાપાઠ ૮૭. તત્ત્વાવબોધ, ભાગ ૬—

એનો ઉત્તર આ ભણીથી એમ થયો કે હજુ આપ આટલું કહો છો તે પણ જૈનના તત્ત્વ-વિચારો આપના હૃદયે આવ્યા નથી ત્યાંસુધી, પરંતુ હું મધ્યસ્થતાથી સત્ય કહું છઉં કે એમાં જે વિશુદ્ધ જ્ઞાન બતાવ્યું છે તે ક્યાંય નથી અને સર્વ મતોએ જે જ્ઞાન બતાવ્યું છે તે મહાવીરના તત્ત્વજ્ઞાનના એક ભાગમાં આવી જાય છે. એનું કથન સ્યાદ્વાદ છે. એક પક્ષી નથી. તમે એમ કહ્યું કે કેટલેક અંશે સૃષ્ટિનું[3] તત્ત્વજ્ઞાન એમાં આવી શકે ખરૂં, પરંતુ એ મિશ્રવચન છે. અમારી સમજાવવાની અલ્પજ્ઞતાથી એમ બને ખરૂં, પરંતુ એથી એ તત્ત્વોમાં કંઇ અપૂર્ણતા છે એમ તો નથી જ. આ કંઇ પક્ષપાતી કથન નથી. વિચાર કરી આખી સૃષ્ટિમાંથી[4] એ શિવાયનું એક દશમું તત્ત્વ શોધતાં કોઇ કાળે તે મળનાર નથી. એ સંબંધી પ્રસંગોપાત આપણે જ્યારે વાતચિત અને મધ્યસ્થ ચર્ચા થાય ત્યારે નિઃશંકતા થાય.

ઉત્તરમાં તેઓએ કહ્યું કે, આ ઉપરથી મને એમ તો નિઃશંકતા છે કે જૈન અદ્‌ભુત દર્શન છે. શ્રેણિપૂર્વક તમે મને કેટલાક નવ તત્ત્વના ભાગ કહી બતાવ્યા એથી હું એમ બેધડક કહી શકું છઉં કે મહાવીર ગુપ્ત ભેદને પામેલો પુરુષ હતો. એમ સહજસાજ વાત કરીને 'ઉપન્નેવા,' 'વિધનેવા' અને 'ધુવેવા' એ લબ્ધિવાક્ય મને તેઓએ કહ્યું. તે કહી બતાવ્યા પછી તેઓએ એમ જણાવ્યું કે આ શબ્દોના સામાન્ય અર્થમાં તો કંઇ ચમત્કૃત્તિ દેખાતી નથી. ઉપજવું, નાશ થવું અને અચળતા. એમ એ ત્રણે શબ્દોનો અર્થ છે; પરંતુ શ્રીમાન્ ગણધરોએ તો એમ દર્શિત કર્યુંછે કે એ વચનોનું ગુરુમુખથી શ્રવણ કરતાં આગળના ભાવિક શિષ્યોને દ્વાદશાંગીનું આશયભરિત જ્ઞાન થતું હતું. એ માટે મેં કંઇક વિચારો પહોંચાડી જોયા છતાં મને તો એમ લાગ્યું કે એ બનવું અસંભવિત છે, કારણ અતિ અતિ સૂક્ષ્મ માનેલું સિદ્ધાંતિક જ્ઞાન એમાં ક્યાંથી સમાય? એ સંબંધી તમે કંઇ લક્ષ પહોંચાડી શકશો?

---

૧. પૃષ્ઠ ૯૬ ની ટિપ્પણીમાં દર્શાવ્યું તેમ શ્રીમદ્‌ની શરીરપ્રકૃતિના કારણે આ ભાગ પણ તેઓશ્રીની દૃષ્ટિ તળે નહીં મૂકાયાથી 'સૃષ્ટિ' ને બદલે 'લોકાલોક' શબ્દ તેઓશ્રીએ શરૂઆતના ભાગમાં મૂકાવેલો તે આ સ્થળે મૂકાવો રહી ગયો લાગે છે.—સંશોધક.

૨-૩-૪. પૃષ્ઠ ૧૦૦ ની બીજા આંકની ટિપ્પણી જુઓ.—સંશોધક.

શિક્ષાપાઠ ૮૮. તત્ત્વાવબોધ, ભાગ ૭.—

ઉત્તરમાં મેં કહ્યું કે, [1]આ કાળમાં ત્રણ મહા જ્ઞાન ભારતથી વ્યવચ્છેદ છે, તેમ છતાં હું કંઈ સર્વજ્ઞ કે મહાપ્રજ્ઞાવંત નથી; છતાં મારૂં જેટલું સામાન્ય લક્ષ પહોંચે તેટલું પહોંચાડી કંઈ સમાધાન કરી શકીશ એમ મને સંભવ રહે છે. ત્યારે તેમણે કહ્યું, જો તેમ સંભવ થતો હોય તો એ ત્રિપદી જીવ પર " ના " ને "હા" વિચારે ઉતારો. તે એમ કે જીવ શું ઉત્પત્તિરૂપ છે ? તો કે ના. જીવ શું વિપ્રતારૂપ છે ? તો કે ના. જીવ શું ધ્રુવતારૂપ છે ? તો કે ના. આમ એક વખત ઉતારો અને બીજી વખત જીવ શું ઉત્પત્તિરૂપ છે ? તો કે હા. જીવ શું વિપ્રતારૂપે છે ? તો કે હા. જીવ શું ધ્રુવરૂપે છે ? તો કે હા. આમ ઉતારો. આ વિચારો આખા મંડળે એકત્ર કરી યોજ્યા છે. એ જો યથાર્થ કહી ન શકાય તો અનેક પ્રકારથી દૂષણ આવી શકે. વિપ્રરૂપે હોય એ વસ્તુ ધ્રુવરૂપે હોય નહીં. એ પહેલી શંકા. જો ઉત્પત્તિ, વિપ્રતા અને ધ્રુવતા નથી તો જીવ ક્યાં પ્રમાણથી સિદ્ધ કરશો ? એ બીજી શંકા. વિપ્રતા અને ધ્રુવતાને પરસ્પર વિરોધાભાસ એ ત્રીજી શંકા. જીવ કેવળ ધ્રુવ છે તો ઉત્પત્તિમાં હા કહી એ અસત્ય. અને ચોથો વિરોધ. ઉત્પન્નયુક્ત જીવનો ધ્રુવભાવ કહો, તો ઉત્પન્ન કોણે કર્યો એ પાંચમો વિરોધ. અનાદિપણું જતું રહે છે એ છટ્ઠી શંકા. કેવળ ધ્રુવ વિપ્રરૂપે છે એમ કહો તો ચાર્વાકમિશ્ર વચન થયું એ સાતમો દોષ. ઉત્પત્તિ અને વિપ્રરૂપે કહેશો તો કેવળ ચાર્વાકનો સિદ્ધાંત એ આઠમો દોષ. ઉત્પત્તિની ના, વિપ્રતાની ના અને ધ્રુવતાની ના કહી પાછી ત્રણેની હા કહી એના પુનઃરૂપે છ દોષ, એટલે સર્વાળે ચૌદ દોષ. કેવળ ધ્રુવતા જતાં તીર્થંકરનાં વચન ત્રુટી જાય એ પંદરમો દોષ. ઉત્પત્તિધ્રુવતા લેતાં કર્ત્તાની સિદ્ધિ થતાં સર્વજ્ઞ વચન ત્રુટી જાય એ સોળમો દોષ. ઉત્પત્તિવિપ્રરૂપે પાપપુણ્યાદિકનો અભાવ એટલે ધર્માધર્મ સઘળું ગયું એ સત્તરમો દોષ. ઉત્પત્તિ વિપ્ર અને સામાન્ય સ્થિતિથી (કેવળ અચળ નહીં) ત્રિગુણાત્મક માયા સિદ્ધ થાય છે એ અઢારમો દોષ.

શિક્ષાપાઠ ૮૯. તત્ત્વાવબોધ, ભાગ ૮.—

એટલા દોષ એ કથનો સિદ્ધ ન થતાં આવે છે. એક જૈનમુનિએ મને અને મારા મિત્રમંડળને એમ કહ્યું હતું કે જૈનસપ્તભંગી નય અપૂર્વ છે અને એથી સર્વ પદાર્થ સિદ્ધ થાય છે. નાસ્તિ, અસ્તિના એમાં અગમ્યભેદ રહ્યા છે. આ કથન સાંભળી અમે બધા ઘેર આવ્યા. પછી યોજના કરતાં કરતાં આ લબ્ધિવાક્યની જીવ પર યોજના કરી. હું ધારૂં છઉં કે એવા નાસ્તિ અસ્તિના બન્ને ભાવ જીવ પર નહીં ઉતરી શકે. લબ્ધિવાક્યો પણ ક્લેશરૂપ થઈ પડશે. યદિ એ ભણી મારી કંઈ તિરસ્કારની દ્રષ્ટિ નથી.

આના ઉત્તરમાં અમે કહ્યું કે આપે જે નાસ્તિ અને અસ્તિ નય જીવ પર ઉતારવા ધાર્યો તે સનિક્ષેપ શૈલીથી નથી. એટલે વખતે એમાંથી એકાંતિક પક્ષ લઈ જવાય. તેમ વળી હું કંઈ સ્યાદ્વાદ શૈલીનો યથાર્થ જાણનાર નથી. મંદમતિથી લેશ ભાગ જાણું છઉં. નાસ્તિ અસ્તિ નય પણ આપે શૈલીપૂર્વક ઉતાર્યો નથી એટલે હું તર્કથી જે ઉત્તર દઈ શકું તે આપ સાંભળોઃ

ઉત્પત્તિમાં " ના " એવી જે યોજના કરી છે તે એમ યથાર્થ થઈ શકે છે કે જીવ અનાદિ અનંત છે.

વિઘ્નતામાં " ના " એવી જે યોજના કરી છે તે એમ યથાર્થ થઈ શકે કે એનો કોઈ કાળે નાશ નથી.

ધ્રુવતામાં " ના " એવી જે યોજના કરી છે તે એમ યથાર્થ થઈ શકે કે એક દેહમાં તે સદૈવને માટે રહેનાર નથી.

---

૧. પૃષ્ઠ ૯૬ ની ટિપ્પણી જુઓ.—સંશોધક.

શિક્ષાપાઠ ૯૦. તત્ત્વાવબોધ, ભાગ ૯.—

ઉત્પત્તિમાં " હા " એવી જે યોજના કરી છે તે એમ યથાર્થ થઇ શકે કે જીવનો મોક્ષ થતાં સુધી એક દેહમાંથી ચ્યવન પામી તે બીજા દેહમાં ઉપજે છે.

વિઘ્નતામાં " હા " એવી જે યોજના કરી છે તે એમ યથાર્થ થઇ શકે કે તે જે દેહમાંથી આવ્યો ત્યાંથી વિઘ્ન પામ્યો; વા ક્ષણુ ક્ષણુ પ્રતિ એની આત્મિક ઋદ્ધિ વિષયાદિક મરણવડે રુંધાઇ રહી છે; એ રૂપે વિઘ્નતા યોજી શકાય છે.

ધ્રુવતામાં " હા " એવી જે યોજના કહી છે તે એમ યથાર્થ થઇ શકે કે દ્રવ્યે કરી જીવ કોઇ કાળે નાશરૂપ નથી. ત્રિકાળ સિદ્ધ છે.

હવે એથી કરીને યોજેલા દોષ પણુ હું ધારૂં છઉં કે ટળી જશે.

૧. જીવ વિઘ્નરૂપે નથી માટે ધ્રુવતા સિદ્ધ થઈ એ પહેલો દોષ ટળ્યો.

૨. ઉત્પત્તિ, વિઘ્નતા અને ધ્રુવતા એ ભિન્ન ભિન્ન ન્યાયે સિદ્ધ થઈ એટલે જીવનું સત્યત્વ સિદ્ધ થયું, એ બીજો દોષ ગયો.

૩. જીવનાં સત્યસ્વરૂપે ધ્રુવતા સિદ્ધ થઇ એટલે વિઘ્નતા ગઇ એ ત્રીજો દોષ ગયો.

૪. દ્રવ્ય ભાવે જીવની ઉત્પત્તિ અસિદ્ધ થઈ એ ચોથો દોષ ગયો.

૫. અનાદિ જીવ સિદ્ધ થયો એટલે ઉત્પત્તિ સંબંધીનો પાંચમો દોષ ગયો.

૬. ઉત્પત્તિ અસિદ્ધ થઇ એટલે કર્ત્તા સંબંધીનો છઠ્ઠો દોષ ગયો.

૭. ધ્રુવતા સાથે વિઘ્નતા લેતાં અબાધ થયું એટલે ચાર્વાક મિશ્રવચનનો સાતમો દોષ ગયો.

૮. ઉત્પત્તિ અને વિઘ્નતા પ્રથક્ પ્રથક્ દેહે સિદ્ધ થઈ માટે કેવળ ચાર્વાક સિદ્ધાંત એ નામનો આઠમો દોષ ગયો.

૯–૧૪. શંકાનો પરસ્પરનો વિરોધાભાસ જતાં ચૌદસુધીના દોષ ગયા.

૧૫. અનાદિ અનંતતા સિદ્ધ થતાં સ્યાદ્વાદવચન સત્ય થયું એ પંદરમો દોષ ગયો.

૧૬. કર્ત્તા નથી એ સિદ્ધ થતાં જિનવચનની સત્યતા રહી એ સોળમો દોષ ગયો.

૧૭. ધર્માધર્મ, દેહાદિક પુનરાવર્ત્તન સિદ્ધ થતાં સત્તરમો દોષ ગયો.

૧૮. એ સર્વ વાત સિદ્ધ થતાં ત્રિગુણાત્મક માયા અસિદ્ધ થઇ એ અઢારમો દોષ ગયો.

શિક્ષાપાઠ ૯૧. તત્ત્વાવબોધ, ભાગ ૧૦.—

આપની યોજેલી યોજના હું ધારૂં છઉં કે આથી સમાધાન પામી હશે. આ કંઈ યથાર્થ શૈલી ઉતારી નથી, તોપણુ એમાં કંઈ પણુ વિનોદ મળી શકે તેમ છે. એ ઉપર વિશેષ વિવેચનને માટે બોહોળો વખત જોઇએ એટલે વધારે કહેતો નથી; પણુ એક બે ટુંકી વાત આપને કહેવાની છે તે જો આ સમાધાન યોગ્ય થયું હોય તો કહું. પછી તેઓ તરફથી મનમાનતો ઉત્તર મળ્યો, અને એક બે વાત જે કહેવાની હોય તે સહર્ષ કહો એમ તેઓએ કહ્યું.

પછી મેં મારી વાત સંજીવન કરી લબ્ધિ સંબંધી કહ્યું. આપે એ લબ્ધિ સંબંધી શંકા કરી કે એને કલેશરૂપ કહો તો એ વચનોને અન્યાય મળે છે. એમાં અતિ અતિ ઉજ્વળ આત્મિક શક્તિ, ગુરુગમ્યતા અને વૈરાગ્ય જોઇએ છીએ. જ્યાંસુધી તેમ નથી ત્યાં સુધી લબ્ધિ વિષે શંકા રહે ખરી, પણુ હું ધારૂં છઉં કે આ વેળા એ સંબંધી કહેલા બે બોલ નિરર્થક નહીં જાય. તે એ કે જેમ આ યોજના નાસ્તિ અસ્તિપર યોજી જોઇ તેમ એમાં પણુ બહુ સૂક્ષ્મ વિચાર કરવાના છે. દેહે દેહની પ્રથક્ પ્રથક્ ઉત્પત્તિ ચ્યવન, વિશ્રામ, ગર્ભાધાન, પર્યાપ્તિ, ઇન્દ્રિ, સત્તા, જ્ઞાન, સંજ્ઞા આયુષ્ય વિષય ઇ૦ અનેક કર્મપ્રકૃતિ પ્રત્યેક ભેદે લેતાં જે વિચારો એ લબ્ધિથી નીકળે તે અપૂર્વ છે. જ્યાંસુધી લક્ષ પહોંચે ત્યાંસુધી સઘળા વિચાર કરે છે; પરંતુ દ્રવ્યાર્થિક ભાવાર્થિક નયે

આખી સૃષ્ટિ[1] એ ત્રણ શબ્દોમાં રહી છે. તેનો વિચાર કોઇ જ કરે છે. તે સદ્દગુરૂ મુખની પવિત્ર લબ્ધિરૂપે જ્યારે આવે ત્યારે દ્વાદશાંગી જ્ઞાન શા માટે ન થાય ? જગત્ એમ કહેતાં જેમ મનુષ્ય એક ઘર, એક વાસ, એક ગામ, એક શેહેર, એક દેશ, એક ખંડ, એક પૃથ્વી એ સઘળું મૂકી દઇ અસંખ્યાત દ્વીપ સમુદ્રયુક્તાદિકથી ભરપૂર વસ્તુ એકદમ કેમ સમજી જાય છે ? એનું કારણ માત્ર એટલું જ કે તે એ શબ્દની બહોળતાને સમજ્યું છે, કિંવા લક્ષની અમુક બહોળતાને સમજ્યું છે. જેથી જગત્ એમ કહેતાં એવડો મોટો મર્મ સમજી શકે છે; તેમ જ ઋજુ અને સરળ સત્પાત્ર શિષ્યો નિર્ગ્રંથ ગુરુથી એ ત્રણ શબ્દોની ગમ્યતા લઈ દ્વાદશાંગી જ્ઞાન પામતા હતા અને તે લબ્ધિ અલ્પજ્ઞતાથી વિવેકે જોતાં કલેશરૂપ પણ નથી.

શિક્ષાપાઠ ૯૨. તત્ત્વાવબોધ, ભાગ ૧૧.—

એમ જ નવ તત્ત્વ સંબંધી છે. જે મધ્ય વયના ક્ષત્રિયપુત્રે જગત્ અનાદિ છે એમ બેધડક કહી કર્ત્તાને ઉડાડયો હશે તે પુરૂષે શું કંઇ સર્વજ્ઞતાના ગુપ્ત ભેદ વિના કર્યું હશે ? તેમ એની નિર્દોષતા વિષે જ્યારે આપ વાંચશો ત્યારે નિશ્ચય એવો વિચાર કરશો કે એ પરમેશ્વર હતા. કર્ત્તા નહોતો અને જગત્ અનાદિ હતું તો તેમ કહ્યું. એના અપક્ષપાતિ અને કેવળ તત્ત્વમય વિચારો આપે અવશ્ય વિશોધવા યોગ્ય છે. જૈનદર્શનના અવર્ણવાદીઓ માત્ર જૈનને નથી જાણતા એટલે અન્યાય આપે છે તે હું ધારૂં છઉં કે મમત્વથી અધોગતિ સેવશે.

આ પછી કેટલીક વાતચિત થઇ. પ્રસંગોપાત એ તત્ત્વ વિચારવાનું વચન લઇને સહર્ષ હું ત્યાંથી ઉઠ્યો હતો.

તત્ત્વાવબોધના સંબંધમાં આ કથન કહેવાયું, અનંતભેદથી ભરેલા એ તત્ત્વવિચારો જેટલા કાળભેદથી જેટલા જ્ઞેય થાય તેટલા જ્ઞેય કરવા, ગ્રાહ્યરૂપ થાય તેટલા ગ્રહવા; અને ત્યાગરૂપ દેખાય તેટલા ત્યાગવા.

એ તત્ત્વોને જે યથાર્થ જાણે છે તે અનંત ચતુષ્ટયથી વિરાજમાન થાય છે. એ હું સત્યતાથી કહું છઉં. એ નવ તત્ત્વનાં નામ મૂકવામાં પણ અર્થું સૂચવન મોક્ષની નિકટતાનું જણાય છે !

શિક્ષાપાઠ ૯૩. તત્ત્વાવબોધ, ભાગ ૧૨.—


એ તો તમારા લક્ષમાં છે કે જીવ, અજીવ એ અનુક્રમથી છેવટે મોક્ષ નામ આવે છે. હવે તે એક પછી એક મૂકી જઇએ તો જીવ અને મોક્ષને અનુક્રમે આદ્યઅંત રહેવું પડશે.

જીવ.
અજીવ.
પુણ્ય.
પાપ.
આશ્રવ.
સંવર.
નિર્જરા.
બંધ.
મોક્ષ.

મેં આગળ કહ્યું હતું કે એ નામ મૂકવામાં જીવ અને મોક્ષને નિકટતા છે. છતાં આ નિકટતા તો ન થઇ. પણ જીવ અજીવને નિકટતા થઇ. પરંતુ એમ નથી. અજ્ઞાનવડે તો એ બન્નેને જ નિકટતા રહી છે. જ્ઞાનવડે જીવ અને મોક્ષને નિકટતા રહી છે. જેમકે—

---

૧. પૃષ્ઠ ૧૦૦ ની બીજા આંકની ટિપ્પણી જુઓ—સંશોધક.



હવે જુઓ. એ બન્નેને કંઇ નિકટતા આવી છે ? હા, કહેલી નિકટતા આવી ગઈ છે. પણ એ નિકટતા તો દ્રવ્યરૂપ છે. જ્યારે ભાવે નિકટતા આવે ત્યારે સર્વ સિદ્ધિ થાય, એ નિકટતાનું સાધન સત્પરમાત્મતત્ત્વ, સદ્‌ગુરુતત્ત્વ, અને સદ્ધર્મતત્ત્વ છે. કેવળ એક જ રૂપ થવા જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે.

એ ચક્રથી એવી પણ આશંકા થાય કે જ્યારે બન્ને નિકટ છે ત્યારે શું બાકીનાં ત્યાગવાં ? ઉત્તરમાં એમ કહું છઉં કે જો સર્વ ત્યાગી શકતા હો તો ત્યાગી દ્યો એટલે મોક્ષરૂપ જ થશો; નહીં તો હેય, જ્ઞેય, ઉપાદેયનો બોધ લ્યો, એટલે આત્મસિદ્ધિ પ્રાપ્ત થશે.

શિક્ષાપાઠ ૯૪. તત્ત્વાવબોધ. ભાગ ૧૩.—

જે જે હું કહી ગયો તે તે કંઇ કેવળ જૈનકુળથી જન્મ પામેલા પુરુષને માટે નથી, પરંતુ સર્વને માટે છે; તેમ આ પણ નિઃશંક માનજો કે હું જે કહું છઉં તે અપક્ષપાતે અને પરમાર્થબુદ્ધિથી કહું છઉં.

તમને જે ધર્મતત્ત્વ કહેવાનું છે તે પક્ષપાત કે સ્વાર્થબુદ્ધિથી કહેવાનું મને કંઇ પ્રયોજન નથી. પક્ષપાત કે સ્વાર્થથી હું તમને અધર્મતત્ત્વ બોધી અધોગતિને શા માટે સાધું ? વારંવાર હું તમને નિર્ગ્રંથનાં વચનામૃતો માટે કહું છઉં તેનું કારણ તે વચનામૃતો તત્ત્વમાં પરિપૂર્ણ રૂપ છે તે છે. જિનેશ્વરોને એવું કોઇ પણ કારણ નહોતું કે જે નિમિત્તે તેઓ મૃષા કે પક્ષપાતી બોધે; તેમ એઓ અજ્ઞાની નહોતા કે એથી મૃષા બોધાઇ જવાય. આશંકા કરશો કે એ અજ્ઞાની નહોતા એ શા ઉપરથી જણાય ? તો તેના ઉત્તરમાં એઓના પવિત્ર સિદ્ધાંતોના રહસ્યને મનન કરવાનું કહું છઉં, અને એમ જે કરશે તે તો પુનઃ આશંકા લેશ પણ નહીં કરે. જૈનમતપ્રવર્ત્તકોએ મને કંઇ ભૂરશીદક્ષણા આપી નથી; તેમ એ મારા કંઇ કુટુંબપરિવારી પણ નથી કે એ માટે પક્ષપાતે હું કંઈ પણ તમને કહું. તેમ જ અન્ય મતપ્રવર્ત્તકો ને મારે કંઈ વૈરબુદ્ધિ નથી કે મિથ્યા એનું ખંડન કરૂં. બન્નેમાં હું તો મંદમતિ મધ્યસ્થરૂપ છઉં. બહુ બહુ મનનથી અને મારી મતિ જ્યાંસુધી પહોંચી ત્યાંસુધીના વિચારથી હું વિનયથી એમ કહું છઉં કે પ્રિય ભવ્યો ! જૈન જેવું એકકે પૂર્ણ અને પવિત્ર દર્શન નથી; વીતરાગ જેવો એકે દેવ નથી. તરીને અનંત દુઃખથી પાર પામવું હોય તો એ સર્વ દર્શનરૂપ કલ્પવૃક્ષને સેવો.

શિક્ષાપાઠ ૯૫. તત્ત્વાવબોધ, ભાગ ૧૪.—

જૈન એ એટલી બધી સૂક્ષ્મ વિચારસંકળનાથી ભરેલું દર્શન છે કે જેમાં પ્રવેશ કરતાં પણ બહુ વખત જોઇએ. ઉપર ઉપરથી કે કોઇ પ્રતિપક્ષીના કહેવાથી અમુક વસ્તુ સંબંધી અભિપ્રાય બાંધવો કે આપવો એ વિવેકીનું કર્ત્તવ્ય નથી. એક તળાવ સંપૂર્ણ ભર્યું હોય તેનું જળ ઉપરથી

સમાન લાગે છે, પણ જેમ જેમ આગળ ચાલીએ છીએ તેમ તેમ વધારે વધારે ઉંડાપણું આવતું જાય છે; છતાં ઉપર તો જળ સપાટ જ રહે છે; તેમ જગતના સઘળા ધર્મમતો એક તળાવરૂપ છે. તેને ઉપરથી સામાન્ય સપાટી જોઇને સરખા કહી દેવા એ ઉચ્ચિત નથી. એમ કહેનારા તત્ત્વને પામેલા પણ નથી. જૈનના અક્કેકા પવિત્ર સિદ્ધાંત પર વિચાર કરતાં આયુષ્ય પૂર્ણ થાય તોપણ પાર પામીએ નહીં તેમ રહ્યું છે. બાકીના સઘળા ધર્મમતોના વિચાર જિનપ્રણીત વચનામૃતસિંધુ આગળ એક બિંદુરૂપ પણ નથી. જૈન જેણે જાણ્યો અને સેવ્યો તે કેવળ નિરાગી અને સર્વજ્ઞ થઇ જાય છે. એના પ્રવર્ત્તકો કેવા પવિત્ર પુરુષો હતા! એના સિદ્ધાંતો કેવા અખંડ સંપૂર્ણ અને દયામય છે! એમાં દૂષણ કાંઈ જ નથી. કેવળ નિર્દોષ તો માત્ર જેનું દર્શન છે એવો એક્કે પારમાર્થિક વિષય નથી કે જે જૈનમાં નહીં હોય અને એવું એકકે તત્ત્વ નથી કે જે જૈનમાં નથી. એક વિષયને અનંત ભેદને પરિપૂર્ણ કહેનાર તે જૈનદર્શન છે. પ્રયોજનભૂત તત્ત્વ એના જેવું ક્યાંય નથી. એક દેહમાં બે આત્મા નથી; તેમ આખી સૃષ્ટિમાં બે જૈન એટલે જૈનની તુલ્ય એકકે દર્શન નથી. આમ કહેવાનું કારણ શું? તો માત્ર તેની પરિપૂર્ણતા, નિરાગીતા, સત્યતા અને જગત્ હિતસ્વિતા.

શિક્ષાપાઠ ૯૬. તત્ત્વાવબોધ, ભાગ ૧૫.—

ન્યાયપૂર્વક આટલું મારે પણ માન્ય રાખવું જોઇએ કે જ્યારે એક દર્શનને પરિપૂર્ણ કહી વાત સિદ્ધ કરવી હોય ત્યારે પ્રતિપક્ષની મધ્યસ્થ બુદ્ધિથી અપૂર્ણતા દર્શાવવી જોઇએ અને એ બે વાતપર વિવેચન કરવા જેટલી અહીં જગ્યો નથી; તોપણ થોડું થોડું કહેતો આવ્યો છઉં. મુખ્યતત્ત્વે જે વાત છે તે આ છે કે એ મારી વાત જેને રુચિકર થતી ન હોય કે અસંભવિત લાગતી હોય તેણે જૈનતત્ત્વવિજ્ઞાની શાસ્ત્રો અને અન્યતત્ત્વવિજ્ઞાની શાસ્ત્રો મધ્યસ્થ બુદ્ધિથી મનન કરી ન્યાયને કંટિ તોલન કરવું. એ ઉપરથી અવશ્ય એટલું મહાવાક્ય નીકળશે કે જે આગળ નગારાપર ડાંડી ઠોકીને કહેવાયું હતું તે ખરૂં હતું.

જગત્ ગાડરિયો પ્રવાહ છે. ધર્મના મતભેદ સંબંધીના શિક્ષાપાઠમાં દર્શિત કર્યા પ્રમાણે અનેક ધર્મમતની જાળ લાગી પડી છે. વિશુદ્ધ આત્મા કોઇક જ થાય છે. વિવેકથી તત્ત્વને કોઇક જ શોધે છે. એટલે મને કંઇ વિશેષ ખેદ નથી કે જૈનતત્ત્વને અન્યદર્શનિયો શા માટે જાણતા નથી? એ (ખેદ કે) આશંકા જ કરવારૂપ નથી.

છતાં મને બહુ આશ્ચર્ય લાગે છે કે કેવળ શુદ્ધ પરમાત્મતત્ત્વને પામેલા, સકળ દૂષણરહિત, મૃષા કહેવાનું જેને કંઇ નિમિત્ત નથી એવા પુરુષનાં કહેલાં પવિત્ર દર્શનને પોતે તો જાણ્યું નહીં, પોતાના આત્માનું હિત તો કર્યું નહીં; પણ અવિવેકથી મતભેદમાં આવી જઈ કેવળ નિર્દોષ અને પવિત્ર દર્શનને નાસ્તિક શા માટે કહ્યું હશે? યદિ હું સમજું છઉં કે એ કહેનારા એના તત્ત્વને જાણતા નહોતા; વળી એના તત્ત્વને જાણવાથી પોતાની શ્રદ્ધા ફરશે ત્યારે લોકો પછી પોતાના આગળ કહેલા મતને ગાંઠશે નહીં. જે લૌકિક મતમાં પોતાની આજીવિકા રહી છે એવા વેદોની મહત્તા ઘટાડવાથી પોતાની મહત્તા ઘટશે; પોતાનું મિથ્યા સ્થાપિત કરેલું પરમેશ્વરપદ ચાલશે નહીં. એથી જૈનતત્ત્વમાં પ્રવેશ કરવાની રુચિને મૂળથી બંધ કરવા લોકોને એવી ભ્રમભુરકી આપી કે જૈન નાસ્તિક છે. લોકો તો બિચારા ગભરુ ગાડર છે; એટલે પછી વિચાર પણ ક્યાંથી કરે? એ કહેવું કેટલું અનર્થકારક અને મૃષા છે તે જેણે વીતરાગપ્રણીત સિદ્ધાંતો વિવેકથી જાણ્યા છે તે જાણે. મારું કહેવું મંદબુદ્ધિઓ વખતે પક્ષપાતમાં લઇ જાય.

શિક્ષાપાઠ ૯૭. તત્ત્વાવબોધ, ભાગ ૧૬.—

પવિત્ર જૈન દર્શનને નાસ્તિક કહેવરાવવામાં તેઓ એક દલીલથી મિથ્યા ફાવવા ઇચ્છે છે કે જૈનદર્શન આ જગતના કર્ત્તા પરમેશ્વરને માનતું નથી; અને જે પરમેશ્વરને નથી માનતા તે તો નાસ્તિક

જ છે. આ વાત ભદ્રિક જનોને શીઘ્ર ચોંટી રહે છે, કારણ તેઓમાં યથાર્થ વિચાર કરવાની પ્રેરણા નથી. જો એ ઉપરથી એમ વિચારમાં આવે કે જૈન જગતને ત્યારે અનાદિ અનંત કહે છે તે કયા ન્યાયથી કહે છે ? જગતકર્ત્તા નથી એમ કહેવામાં એમનું નિમિત્ત શું છે ? એમ એક પછી એક ભેદરૂપ વિચારથી તેઓ જૈનની પવિત્રતા પર આવી શકે. જગત રચવાની પરમેશ્વરને અવશ્ય શી હતી ? રચ્યું તો સુખ દુઃખ મૂકવાનું કારણ શું હતું ? રચીને મોત શા માટે મૂક્યું ? એ લીલા બતાવવી કોને હતી ? રચ્યું તો કયાં કર્મથી રચ્યું ? તે પહેલાં રચવાની ઇચ્છા કાં નહોતી ? ઇશ્વર કોણ ? જગતના પદાર્થ કોણ ? અને ઇચ્છા કોણ ? રચ્યું તો જગતમાં એક જ ધર્મનું પ્રવર્ત્તન રાખવું હતું; આમ ભ્રમણામાં નાખવાની અવશ્ય શી હતી ? કદાપિ એ બધું માનો કે એ બિચારાની ભૂલ થઇ ! હશે ! ક્ષમા કરીએ પણ એવું દોઢ ડહાપણ ક્યાંથી સૂઝ્યું કે એને જ મૂળથી ઉખેડનાર એવા મહાવીર જેવા પુરુષોને જન્મ આપે ? એનાં કહેલાં દર્શનને જગતમાં વિદ્યમાનતા આપે ? પોતાના પગપર હાથે કરીને કુહાડો મારવાની એને શું અવશ્ય હતી ? એક તો જાણે એ પ્રકારે વિચાર, અને બાકી બીજા પ્રકારે એ વિચાર કે જૈનદર્શનપ્રવર્ત્તકોને એનાથી કંઇ દ્વેષ હતો ? એ જગતકર્ત્તા હોત તો એમ કહેવાથી એઓના લાભને કંઇ હાનિ પહોંચતી હતી ? જગતકર્ત્તા નથી, જગત્ અનાદિ અનંત છે એમ કહેવામાં એમને કંઇ મહત્તા મળી જતી હતી ? આવા અનેક વિચારો વિચારતાં જણાઇ આવશે કે જેમ જગતનું સ્વરૂપ હતું તેમ જ તે પવિત્ર પુરુષોએ કહ્યું છે. એમાં ભિન્નભાવ કહેવા એમને પ્રયોજન નહોતું. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુની રક્ષા જેણે પ્રણીત કરી છે, એક રજકણથી કરીને આખા જગતના વિચારો જેણે સર્વ ભેદે કહ્યા છે તેવા પુરુષોનાં પવિત્ર દર્શનને નાસ્તિક કહેનારા કયિ ગતિને પામશે એ વિચારતાં દયા આવે છે !

શિક્ષાપાઠ ૯૮. તત્ત્વાવબોધ ભાગ ૧૭.—

જે ન્યાયથી જય મેળવી શકતો નથી તે પછી ગાળો ભાંડે છે. તેમ પવિત્ર જૈનના અખંડ તત્ત્વસિદ્ધાંતો શંકરાચાર્ય, દયાનંદ સન્યાસી વગેરે જ્યારે તોડી ન શક્યા ત્યારે પછી જૈન નાસ્તિક હૈ, સો ચાર્વાકમેંસે ઉત્પન્ન હુઆ હૈ. (એમ કહેવા માંડયું) પણ એ સ્થળે કોઇ પ્રશ્ન કરે કે મહારાજ ! એ વિવેચન તમે પછી કરો. એવા શબ્દો કહેવામાં કંઇ વખત વિવેક કે જ્ઞાન જોઇતું નથી; પણ આનો ઉત્તર આપો કે જૈન વેદથી કયિ વસ્તુમાં ઉતરતો છે; એનું જ્ઞાન, એનો બોધ; એનું રહસ્ય અને એનું સત્શીલ કેવું છે તે એક વાર કહો. આપના વેદ વિચારો કયિ બાબતમાં જૈનથી ચઢે છે ? આમ જ્યારે મર્મસ્થાન પર આવે ત્યારે મૌનતા શિવાય તેઓ પાસે બીજું કંઇ સાધન રહે નહીં. જે સત્પુરુષોના વચનામૃત અને યોગબળથી આ સૃષ્ટિમાં સત્ય દયા, તત્ત્વજ્ઞાન અને મહાશીલ ઉદય પામે છે તે પુરુષો કરતાં જે પુરુષો શ્રૃંગારમાં રાચ્યા પડ્યા છે, સામાન્ય તત્ત્વજ્ઞાનને પણ નથી જાણતા, જેનો આચાર પણ પૂર્ણ નથી તેને ચઢતા કહેવા—પરમેશ્વરને નામે સ્થાપવા અને સત્યસ્વરૂપની અવર્ણ્ય ભાષા બોલવી, પરમાત્મસ્વરૂપ પામેલાને નાસ્તિક કહેવા એ એમની કેટલી બધી કર્મની બહોલતાનું સૂચવન કરે છે ! પરંતુ જગત્ મોહાંધ છે, મતભેદ છે ત્યાં અંધારૂં છે; મમત્વ કે રાગ છે ત્યાં સત્ય તત્ત્વ નથી એ વાત આપણે શા માટે ન વિચારવી ?

હું એક મુખ્ય વાત તમને કહું છઉં કે જે મમત્વરહિતની અને ન્યાયની છે. તે એ છે કે ગમે તે દર્શનને તમે માનો, ગમે તો પછી તમારી દ્રષ્ટિમાં આવે તેમ જૈનને કહો, સર્વ દર્શનના શાસ્ત્રતત્ત્વને જુઓ તેમ જૈનતત્ત્વને પણ જુઓ. સ્વતંત્ર આત્મિકશક્તિએ જે યોગ્ય લાગે તે અંગીકાર કરો. મારૂં કે બીજા ગમે તેનું ભલે એકદમ તમે માન્ય ન કરો પણ તત્ત્વને વિચારો.

શિક્ષાપાઠ. ૯૯. સમાજની અગત્ય.—

આંગ્લભૌમિયો સંસારસંબંધી અનેક કળાકૌશલ્યમાં શાથી વિજય પામ્યાં છે ? એ વિચાર

કરતાં આપણને તત્કાલ જણાશે કે તેઓનો બહુ ઉત્સાહ અને એ ઉત્સાહમાં અનેકનું મળવું. કળાકૌશલ્યના એ ઉત્સાહી કામમાં એ અનેક પુરુષોની ઉભી થએલી સભા કે સમાજે પરિણામ શું મેળવ્યું ? તો ઉત્તરમાં એમ આવશે કે લક્ષ્મી, કીર્તિ અને અધિકાર. એ એમના ઉદાહરણ ઉપરથી એ જાતિનાં કળાકૌશલ્યો શોધવાનો હું અહીં બોધ કરતો નથી; પરંતુ સર્વજ્ઞ ભગવાનનું કહેલું ગુપ્ત તત્ત્વ પ્રમાદ સ્થિતિમાં આવી પડ્યું છે તેને પ્રકાશિત કરવા તથા પૂર્વાચાર્યોનાં ગુંથેલાં મહાન શાસ્ત્રો એકત્ર કરવા, પડેલા ગચ્છના મતમતાંતરને ટાળવા તેમ જ ધર્મવિદ્યાને પ્રફુલ્લિત કરવા એક મહાન્ સમાજ સદાચરણી શ્રીમંત અને ધીમંત બન્નેએ મળીને સ્થાપન કરવાની અવશ્ય છે એમ દર્શાવું છઉં. પવિત્ર સ્યાદ્વાદમતનું ઢંકાયલું તત્ત્વ પ્રસિદ્ધિમાં આણવા જ્યાંસુધી પ્રયોજન નથી ત્યાંસુધી શાસનની ઉન્નતિ પણ નથી. લક્ષ્મી, કીર્તિ અને અધિકાર સંસારી કળાકૌશલ્યથી મળે છે, પરંતુ આ ધર્મકળાકૌશલ્યથી તો સર્વ સિદ્ધિ સાંપડશે. મહાન્ સમાજના અંતર્ગત ઉપસમાજ સ્થાપવા. મતમતાંતર તજી, વાડામાં બેસી રહેવા કરતાં એમ કરવું ઉચિત છે. હું ઇચ્છું છઉં કે તે કૃતની સિદ્ધિ થઇ જૈનાંતર્ગચ્છમતભેદ ટળો, સત્ય વસ્તુ ઉપર મનુષ્યમંડળનું લક્ષ આવો અને મમત્વ જાઓ !

શિક્ષાપાઠ ૧૦૦. મનોનિગ્રહનાં વિઘ્ન.—

વારંવાર જે બોધ કરવામાં આવ્યો છે તેમાંથી મુખ્ય તાત્પર્ય નીકળે છે તે એ છે કે આત્માને તારો અને તારવા માટે તત્ત્વજ્ઞાનનો પ્રકાશ કરો તથા સત્શીલને સેવો. એ પ્રાપ્ત કરવા જે જે માર્ગ દર્શાવ્યા તે તે માર્ગ મનોનિગ્રહતાને આધીન છે. મનોનિગ્રહતા થવા લક્ષની બહોળતા કરવી યથોચિત છે, એ બહોળતામાં વિઘ્નરૂપ નીચેના દોષ છે.

૧. આળસ.
૨. અનિયમિત ઉંઘ.
૩. વિશેષ આહાર.
૪. ઉન્માદ પ્રકૃતિ.
૫. માયાપ્રપંચ.
૬. અનિયમિત કામ.
૭. અકરણીય વિલાસ.
૮. માન.
૯, મર્યાદા ઉપરાંત કામ.
૧૦. આપવડાઇ.
૧૧. તુચ્છ વસ્તુથી આનંદ.
૧૨. રસગારવલુબ્ધતા
૧૩. અતિભોગ.
૧૪. પારકું અનિષ્ટ ઇચ્છવું.
૧૫. કારણવિનાનું રળવું.
૧૬. ઝાઝાનો સ્નેહ.
૧૭. અયોગ્ય સ્થળે જવું.
૧૮. એકે ઉત્તમ નિયમ સાધ્ય ન કરવો.

અષ્ટાદશ પાપસ્થાનક ત્યાંસુધી ક્ષય થવાનાં નથી કે જ્યાંસુધી આ અષ્ટાદશ વિઘ્નથી અમનો સંબંધ છે. આ અષ્ટાદસ દોષ જવાથી મનોનિગ્રહતા અને ધારેલી સિદ્ધિ થઇ શકે છે. એ વસ્તુ જ્યાંસુધી મનથી નિકટતા ધરાવે છે ત્યાંસુધી તે મનુષ્ય પણ આત્મસાર્થક કરવાનો નથી. અતિ ભોગને સ્થળે સામાન્ય ભોગ નહીં પણ કેવળભોગત્યાગવ્રત જેણે ધર્યું છે તેમ જ એ એકેક દોષનું મૂળ જેનાં હૃદયમાં નથી તે સત્પુરુષ મહદ્ભાગી છે.

શિક્ષાપાઠ ૧૦૧. સ્મૃતિમાં રાખવાયોગ્ય મહા વાક્યો.

૧. એક ભેદે નિયમ એ જ આ જગત્નો પ્રવર્ત્તક છે.
૨. જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્રરહસ્યને પામે છે તે મનુષ્ય પરમેશ્વર થાય છે.
૩. ચંચળ ચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે.
૪. ઝાઝાનો મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ એ બન્ને સમાન દુઃખ દાયક છે.

૫. સમસ્વભાવિનું મળવું એને જ્ઞાનીઓ એકાંત કહે છે.

૬. ઇંદ્રિયો તમને જીતે અને સુખ માનો તે કરતાં તેને તમે જીતવામાં જ સુખ, આનંદ અને પરમપદ પ્રાપ્ત કરશો.

૭, રાગવિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.

૮. યુવાવયનો સર્વસંગપરિત્યાગ પરમપદને આપે છે.

૯. તે વસ્તુના વિચારમાં પહોંચો કે જે વસ્તુ અતીંદ્રિયસ્વરૂપ છે.

૧૦. ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ.

શિક્ષાપાઠ ૧૦૨. વિવિધ પ્રશ્નો, ભાગ ૧.—

આજે તમને હું કેટલાંક પ્રશ્નો નિર્ગ્રંથપ્રવચનાનુસાર ઉત્તર આપવા માટે પૂછું છઉં. કહો ધર્મની અગત્ય શી છે?

ઉ૦—અનાદિ કાળથી આત્માની કર્મજાળ ટાળવા માટે.

પ્ર૦—જીવ પહેલો કે કર્મ ?

ઉ૦—બન્ને અનાદિ છે જ. જીવ પેહેલો હોય તો એ વિમળ વસ્તુને મળ વળગવાનું કંઇ નિમિત્ત જોઇએ. કર્મ પહેલાં કહો તો જીવ વિના કર્મ કર્યા કોણે ? એ ન્યાયથી બન્ને અનાદિ છે જ.

પ્ર૦—જીવ રૂપી કે અરૂપી ?

ઉ૦—રૂપી પણ ખરો અને અરૂપી પણ ખરો.

પ્ર૦—રૂપી કયા ન્યાયથી અને અરૂપી કયા ન્યાયથી તે કહો.

ઉ૦—દેહનિમિત્તે રૂપી અને સ્વસ્વરૂપે અરૂપી.

પ્ર૦—દેહનિમિત્ત શાથી છે ?

ઉ૦—સ્વકર્મના વિપાકથી.

પ્ર૦—કર્મની મુખ્ય પ્રકૃતિયો કેટલી છે ?

ઉ૦—આઠ.

પ્ર૦—કયિ કયિ ?

ઉ૦—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર. આયુષ્ય અને અંતરાય.

પ્ર૦—એ આઠ કર્મની સામાન્ય સમજ કહો.

ઉ૦—જ્ઞાનાવરણીય, એટલે આત્માની જ્ઞાન સંબંધીની જે અનંત શક્તિ છે તેને આચ્છાદન થઇ જવું. દર્શનાવરણીય એટલે આત્માની જે અનંત દર્શનશક્તિ છે તેને આચ્છાદન થઈ જવું. વેદનીય એટલે દેહનિમિત્તે શાતા અશાતા બે પ્રકારનાં વેદનીય કર્મથી અવ્યાબાધ સુખરૂપ આત્માની શક્તિ રોકાઇ રહી છે. મોહનીય કર્મથી આત્મચારિત્રરૂપ શક્તિ રોકાઇ રહી છે. નામકર્મથી અમૂર્તિરૂપ દિવ્ય શક્તિ રોકાઇ રહી છે. ગોત્રકર્મથી એટલે અવગાહનારૂપ આત્મિકશક્તિ રોકાઇ રહી છે. આયુકર્મથી અક્ષયસ્થિતિગુણ રોકાઈ રહ્યો છે. અંતરાય કર્મથી અનંત દાન, લાભ વીર્ય, ભોગોપભોગ શક્તિ રોકાઇ રહી છે.

શિક્ષાપાઠ ૧૦૩. વિવિધ પ્રશ્નો, ભાગ ૨.—

પ્ર૦—એ કર્મો ટળવાથી આત્મા ક્યાં જાય છે ?

ઉ૦—અનંત અને શાશ્વત મોક્ષમાં.

પ્ર૦—આ આત્માનો મોક્ષ કોઇવાર થયો છે ?

ઉ૦—ના.

પ્ર૦—કારણ ?

ઉ૦—મોક્ષ થયેલો આત્મા કર્મમલરહિત છે. એથી પુનર્જન્મ એને નથી.

પ્ર૦—કેવલીનાં લક્ષણ શું ?

ઉ૦—ચાર ઘનઘાતી કર્મનો ક્ષય અને ચાર કર્મને પાતળાં પાડી જે પુરુષ ત્રયોદશ ગુણસ્થાનકવર્તિ વિહાર કરે છે.

પ્ર૦—ગુણસ્થાનક કેટલાં ?

ઉ૦—ચૌદ.

પ્ર૦—તેનાં નામ કહો ?

ઉ૦—૧. મિથ્યાત્વગુણસ્થાનક. ૨. સાસ્વાદનગુણસ્થાનક. ૩. મિશ્રગુણસ્થાનક. ૪. અવિરતિસમ્યગ્દષ્ટિગુણસ્થાનક. ૫. દેશવિરતિગુણસ્થાનક. ૬. પ્રમત્તસંયત્તગુણસ્થાનક. ૭. અપ્રમત્તસંયતગુણસ્થાનક. ૮. અપૂર્વકરણગુણસ્થાનક. ૯. અનિવૃત્તિબાદરગુણસ્થાનક. ૧૦. સૂક્ષ્મસંપરાયગુણસ્થાનક. ૧૧. ઉપશાંતમોહગુણસ્થાનક. ૧૨. ક્ષીણમોહગુણસ્થાનક. ૧૩. સયોગી કેવળીગુણસ્થાનક. ૧૪. અયોગીકેવલીગુણસ્થાનક.

શિક્ષાપાઠ ૧૦૪. વિવિધ પ્રશ્નો, ભાગ ૩.—

પ્ર૦—કેવલી અને તીર્થંકર એ બન્નેમાં ફેર શો ?

ઉ૦—કેવલી અને તીર્થંકર શક્તિમાં સમાન છે, પરંતુ તીર્થંકરે પૂર્વે તીર્થંકરનામકર્મ ઉપાર્જ્યું છે તેથી વિશેષમાં બાર ગુણ અને અનેક અતિશય પ્રાપ્ત કરે છે.

પ્ર૦—તીર્થંકર પર્યટન કરીને શા માટે ઉપદેશ આપે છે ? એ તો નિરાગી છે ?

ઉ૦—તીર્થંકરનામકર્મ જે પૂર્વે બાંધ્યું છે તે વેદવા માટે તેઓને અવશ્ય કરવું પડે છે.

પ્ર૦—હમણાં પ્રવર્તે છે તે શાસન કોનું છે ?

ઉ૦—શ્રમણ ભગવાન્ મહાવીરનું.

પ્ર૦—મહાવીર પહેલાં જૈનદર્શન હતું ?

ઉ૦—હા.

પ્ર૦—તે કોણે ઉત્પન્ન કર્યું હતું ?

ઉ૦—તે પહેલાનાં તીર્થંકરોએ.

પ્ર૦—તેઓના અને મહાવીરના ઉપદેશમાં કંઇ ભિન્નતા ખરી કે ?

ઉ૦—તત્ત્વસ્વરૂપે એક જ. પાત્રને લઇને ઉપદેશ હોવાથી અને કંઇક કાળભેદ હોવાથી સામાન્ય મનુષ્યને ભિન્નતા લાગે ખરી; પરંતુ ન્યાયથી જોતાં એ ભિન્નતા નથી.

પ્ર૦—એઓનો મુખ્ય ઉપદેશ શું છે ?

ઉ૦—આત્માને તારો, આત્માની અનંત શક્તિયોનો પ્રકાશ કરો. એને કર્મરૂપ અનંત દુઃખથી મુક્ત કરો.

પ્ર૦—એ માટે તેઓએ કયાં સાધનો દર્શાવ્યાં છે ?

ઉ૦—વ્યવહારનયથી સત્દેવ, સદ્ધર્મ અને સદ્‌ગુરુનું સ્વરૂપ જાણવું; સત્દેવના ગુણગ્રામ કરવા. ત્રિવિધ ધર્મ આચરવો અને નિર્ગ્રંથ ગુરુથી ધર્મની ગમ્યતા પામવી.

પ્ર૦—ત્રિવિધ ધર્મ કયો ?

ઉ૦—સમ્યગ્જ્ઞાનરૂપ, સમ્યગ્દર્શનરૂપ અને સમ્યક્‌ચારિત્રરૂપ.

શિક્ષાપાઠ ૧૦૨. વિવિધ પ્રશ્નો, ભાગ ૪.—

પ્ર૦—આવું જૈનદર્શન જ્યારે સર્વોત્તમ છે ત્યારે સર્વ આત્માઓ એના બોધને કાં માનતા નથી ?

ઉ૦—કર્મની બાહુલ્યતાથી, મિથ્યાત્વના જામેલાં દળિયાંથી, અને સત્સમાગમના અભાવથી.

પ્ર૦—જૈનના મુનિયોના મુખ્ય આચરણરૂપ શું છે?

ઉ૦—પાંચ મહાવ્રત, દશવિધિ યતિધર્મ, સપ્તદશવિધિ સંયમ, દશવિધિ વૈયાવચ્ચ, નવવિધિ બ્રહ્મચર્ય દ્વાદશ પ્રકારનો તપ, ક્રોધાદિક ચાર પ્રકારનો નિગ્રહ વિશેષમાં જ્ઞાન, દર્શન ચારિત્ર ત્રણ પ્રકારના ઇત્યાદિક અનેક ભેદ છે.

પ્ર૦—જૈનમુનિયોના જેવાં જ સન્યાસિયોનાં પંચયામ છે: અને બૌધધર્મનાં પાંચ મહાશીલ છે. એટલે એ આચારમાં તો જૈનમુનિયો અને સન્યાસિયો તેમ જ બૌદ્ધમુનિયો સરખા ખરા કે?

ઉ૦—નહીં.

પ્ર૦—કેમ નહીં?

ઉ૦—એઓનાં પંચયામ અને પંચમહાશીલ અપૂર્ણ છે. મહાવ્રતના પ્રતિભેદ જૈનમાં અતિ સૂક્ષ્મ છે, પેલા એના સ્થૂળ છે.

પ્ર૦—સૂક્ષ્મતાને માટે દ્રષ્ટાંત આપો જોઇએ?

ઉ૦—દ્રષ્ટાંત દેખીતું જ છે. પંચયામિયો કંદમૂળાદિક અભક્ષ્ય ખાય છે; સુખશય્યામાં પોઢે છે; વિવિધક જાતનાં વાહનો અને પુષ્પનો ઉપભોગ લે છે; કેવળ શીતળ જળથી વ્યવહાર છે. રાત્રિયે ભોજન લે છે. એમાં થતો અસંખ્યાતા જંતુનો વિનાશ, બ્રહ્મચર્યનો ભંગ એની સૂક્ષ્મતા તેઓના જાણવામાં નથી. તેમ જ માંસાદિક અભક્ષ્ય અને સુખશીલિયાં સાધનોથી બૌદ્ધમુનિયો યુક્ત છે. જન મુનિયો તો કેવળ એથી વિરક્ત જ છે.

શિક્ષાપાઠ ૧૦૬. વિવિધ પ્રશ્નો, ભાગ ૫.—

પ્ર૦—વેદ અને જૈન દર્શનને પ્રતિપક્ષતા ખરી કે?

ઉ૦—જૈનને કંઇ અસમંજસ ભાવે પ્રતિપક્ષતા નથી, પરંતુ સત્યથી અસત્ય પ્રતિપક્ષી ગણાય છે તેમ જૈનદર્શનથી વેદનો સંબંધ છે.

પ્ર૦—એ બેમાં સત્યરૂપ તમે કોને કહો છો?

ઉ૦—પવિત્ર જૈનદર્શનને.

પ્ર૦—વેદદર્શનિયો વેદને કહે છે તેનું કેમ?

ઉ૦—એ તો મતભેદ અને જૈનના તિરસ્કાર માટે છે; પરંતુ ન્યાયપૂર્વક બન્નેનાં મૂળ તત્ત્વો આપ જોઇ જજો.

પ્ર૦—આટલું તો મને લાગે છે કે મહાવીરાદિક જિનેશ્વરનું કથન ન્યાયના કાંટા પર છે, પરંતુ જગતકર્તાની તેઓ ના કહે છે અને જગત્ અનાદિ અનંત છે એમ કહે છે તે વિષે કંઈ કંઇ શંકા થાય છે કે આ અસંખ્યાત દ્વીપસમુદ્રયુક્ત જગત્ વગર બન્યે ક્યાંથી હોય?

ઉ૦—આપને જ્યાંસુધી આત્માની અનંત શક્તિની લેશ પણ દિવ્ય પ્રસાદી મળી નથી ત્યાંસુધી એમ લાગે છે, પરંતુ તત્ત્વજ્ઞાને એમ નહીં લાગે. સમ્મતિતર્કગ્રંથનો આપ અનુભવ કરશો એટલે એ શંકા નીકળી જશે.

પ્ર૦—પરંતુ સમર્થ વિદ્વાનો પોતાની મૃષા વાતને પણ દ્રષ્ટાંતાદિકથી સિદ્ધાંતિક કરી દે છે એથી એ ત્રુટી શકે નહીં પણ સત્ય કેમ કહેવાય?

ઉ૦— પણ આને કંઈ મૃષા કથવાનું પ્રયોજન નહોતું, અને પળભર એમ માનો કે એમ આપણને શંકા થઈ કે એ કથન મૃષા હશે? તો પછી જગત્કર્તાએ એવા પુરુષને જન્મ પણ કાં આપ્યો! નામબોળક પુત્રને જન્મ આપવા શું પ્રયોજન હતું? તેમ વળી એ સત્પુરુષો સર્વજ્ઞ હતા; જગત્કર્તા સિદ્ધ હોત તો એમ કહેવાથી તેઓને કંઇ હાનિ નહોતી.

શિક્ષાપાઠ ૧૦૭. જિનેશ્વરની વાણી.—

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
  અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે,
સકળ જગતહિતકારિણી હારિણી મોહ,
  તારિણી ભવાબ્ધિ મોક્ષ ચારિણી પ્રમાણી છે;
ઉપમા આપ્યાની જેને, તમા રાખવી તે વ્યર્થ,
  આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે,
અહો રાજચંદ્ર! બાલ, ખ્યાલ નથી પામતા એ,
  જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે.

શિક્ષાપાઠ ૧૦૮. પૂર્ણમાલિકા મંગલ.

તપોપધ્યાને રવિરૂપ થાય,
  એ સાધિને સોમ રહી સુહાય;
મહાન્ તે મંગળ પંક્તિ પામે,
  આવે પછી બુધનાં પ્રણામે,
નિર્ગ્રંથ જ્ઞાતા ગુરુ સિદ્ધ દાતા,
  કાં તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા
ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે;
  સ્વરૂપ સિદ્ધે વિચરી વિરામે.



શ્રીમદ્ રાજચંદ્ર.

વર્ષ ૧૯ મું. સંવત્ ૧૯૪૩, અવધાનસમય.

વર્ષ ૧૮ તથા ૧૯ મું.

૧૯.

—સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા;
—અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.

લઘુ વયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ;
  એ જ સૂચવે એમ કે, ગતિ આગતિ કાં શોધ?
જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
  વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય?
જેમ જેમ મતિઅલ્પતા, અને મોહઉદ્યોત;
  તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર્ જ્યોત.
કરી કલ્પના દ્રઢ કરે, નાના નાસ્તિ--વિચાર;
  પણ 'અસ્તિ' તે સૂચવે, એ જ ખરો નિર્ધાર.
આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ,
  વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ. [અંગત.

૨૦

કેટલીક વાતો એવી છે કે, માત્ર આત્માને ગ્રાહ્ય છે, અને મન, વચન, કાયાથી પર છે. કેટલીક વાતો એવી છે કે, જે વચન, કાયાથી પર છે, પણ છે. [અંગત.

૨૧.[1]

કુટુંબરૂપી કાજળની કોટડીના વાસથી સંસાર વધે છે. ગમે તેટલી તેની સુધારણા કરશો તો-પણ એકાંતથી જેટલો સંસાર ક્ષય થવાનો છે, તેનો સોમો હિસ્સો પણ તે કાજળગ્રહમાં રહેવાથી

1. શ્રીમદ્‌ના જે પત્રો મળી શક્યા છે તેમાં મુખ્યપણે મીતિઓ છે, કેટલાકમાં નથી; પણ તેનો સમય નિર્ણીત થઇ શકયો છે. આ ૨૧ મા આંક નીચેનો પત્ર, બીજા પ્રકારની જાતિનો છે. આવા લેખ, 'સમયનિર્ણીત પત્ર' છે એમ દર્શાવવા અર્થે તેની સમીપમાં હવેથી આવું * ચિહ્‌ન મૂકીશું.-સંશોધક.

થવાનો નથી. કષાયનું તે નિમિત્ત છે, મોહને રહેવાનો અનાદિકાળનો પર્વત છે; પ્રત્યેક અંતરગુફામાં તે જાજ્વલ્યમાન છે. સુધારણા કરતાં વખતે શુદ્ધોત્પત્તિ થવી સંભવે; ત્યાં અલ્પભાષી થવું, અલ્પાહારી થવું, અલ્પપરિચયી થવું, અલ્પઆવકારી થવું, અલ્પ ભાવના દર્શાવવી, અલ્પસહચારી થવું, અલ્પ ગુરુ થવું, પરિણામ વિચારવું; એ જ શ્રેયસ્કર છે.

૨૨.[1]

એકાંતવાદ એ જ જ્ઞાનની અપૂર્ણતાની નિશાનિ, હે વાદીઓ! મને તમારે માટે દર્શાવે છે, કારણ 'શિખાઉ' કવિયો કાવ્યમાં જેમ તેમ ખામી દાબવા "જ" શબ્દનો ઉપયોગ કરે છે તેમ, તમે પણ "જ" એટલે "નિશ્ચયના," 'શિખાઉ' જ્ઞાન વડે કહો છો. મહારો મહાવીર એમ કોઇ કાળે કહે નહીં; એ જ એની સત્કવિની પેંઠ ચમત્કૃતિ છે!!!

૨૩.[2]

જિજ્ઞાસુ,—

આપના પ્રશ્નનો ઉત્તર, મારી યોગ્યતા પ્રમાણે, આપનો પ્રશ્ન ટાંકીને લખું છું:—"**વ્યવહારશુદ્ધિ કેમ થઇ શકે?**"

વ્યવહારશુદ્ધિની આવશ્યકતા આપના લક્ષમાં હશે, છતાં વિષયની પ્રારંભતા માટે અવશ્ય દર્શાવવું યોગ્ય છે કે, આ લોકમાં સુખનું કારણ અને પરલોકમાં સુખનું કારણ જે સંસારપ્રવૃત્તિથી થાય, તે (સંસારપ્રવૃત્તિ)નું નામ **વ્યવહારશુદ્ધિ**; સર્વ સુખના જિજ્ઞાસુ છે: વ્યવહારશુદ્ધિથી જ્યારે સુખ છે, ત્યારે તેની આવશ્યકતા નિઃશંક છે.

૧. જેને ધર્મ સંબંધી કાંઇ પણ બોધ થયો છે અને રળવાની જેને જરુર નથી, તેણે ઉપાધિ કરીને રળવા પ્રયત્ન ન કરવું જોઇએ.

૨. જેને ધર્મ સંબંધી બોધ થયો છે, છતાં સ્થિતિનું દુઃખ હોય તો, તેણે બનતી ઉપાધિ કરીને રળવા પ્રયત્ન કરવું જોઇએ.

(સર્વસંગપરિત્યાગી થવાની જેની જિજ્ઞાસા છે તેને, આ વિષયો સાથે સંબંધ નથી.)

૩. ઉપજીવન સુખે ચાલી શકે તેવું છતાં, જેનું મન લક્ષ્મીને માટે બહુ ઝાવાં નાંખતું હોય તેણે પ્રથમ તેની વૃદ્ધિ કરવાનું કારણ પોતાને પૂછવું. જો ઉત્તરમાં પરોપકાર શિવાય કોઇ પણ પ્રતિકૂળ ભાગ આવતો હોય, કિંવા પારિણામિક લાભને હાનિ પહોંચ્યા શિવાય કંઇ પણ આવતું હોય તો, મનને સંતોષી લેવું; તેમ છતાં ન વળી શકે તેમ હોય તો, અમુક મર્યાદામાં આવવું; તે મર્યાદા સુખનું કારણ થાય તેવી જોઇએ.

૪. પરિણામે આર્ત્તધ્યાન ધ્યાવાની જરુર પડે તેમ કરીને બેસવાથી રળવું સારું છે.

૫. જેનું સારી રીતે ઉપજીવન ચાલે છે તેણે, કોઇ પણ પ્રકારના અનાચારથી લક્ષ્મી મેળવવી ન જોઇએ. મનને જેથી સુખ હોતું નથી, તેથી કાયાને કે વચનને ન હોય, અનાચારથી મન સુખી થતું નથી; આ સ્વતઃ અનુભવ થાય તેવું કહેવું છે.

નીચેના દોષ ન આવવા જોઇએઃ—

૧. કોઇથી મહા વિશ્વાસઘાત.	૪. મિથ્યા આળનું મૂકવું.
૨. કોઇની થાપણ ઓળવવી.	૫. ખોટા લેખ કરવા.
૩. વ્યસનનું સેવવું.	૬. હિસાબમાં ચૂકવવું.

૧. આ, આત્મિક ઉદ્ગાર જણાય છે. ૨. આ, સમગ્રનિર્ણીત પણ લખતાં અધૂરો મૂકી દીધેલો અને નહીં મોકલેલો પત્ર છે.—સંશોધક.

૭. જુલમી ભાવ કહેવો.
૮. નિર્દોષને અલ્પ પણ માયાથી છેતરવો.
૯. ન્યૂધિકના તોલી આપવું
૧૦. એકને બદલે બીજું અથવા મિશ્ર કરીને આપવું.
૧૧. કર્માદાની ધંધો.
૧૨. લાંચ કે અદત્તાદાન.

એ વાટેથી કાંઇ પણ રળવું નહીં.

એ જાણે સામાન્ય વ્યવહારશુદ્ધિ ઉપજીવન અર્થે કહી ગયો ————————

૨૪.[1]

(૧)

વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેંદ્રિયપણું આટલા ગુણો જે આત્મામાં હોય તે, તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે.

અનંત જન્મમરણ કરી ચૂકેલા આ આત્માની કરુણા તેવા અધિકારીને ઉત્પન્ન થાય છે અને તે કર્મમુક્ત થવાના જિજ્ઞાસુ કહી શકાય છે; તે જ પુરુષ યથાર્થ પદાર્થને યથાર્થ સ્વરૂપે સમજી મુક્ત થવાના પુરુષાર્થમાં યોજાય છે.

જે આત્મા મુક્ત થયા છે, તે આત્મા કંઈ સ્વછંદે વર્ત્તવાથી મુક્ત થયા નથી; પણ આપ્ત પુરુષે બોધિલા માર્ગના પ્રબળ અવલંબનથી મુક્ત થયા છે.

અનાદિ કાળના મહાશત્રુરૂપ રાગ, દ્વેષ અને મોહના બંધનમાં તે પોતાસંબંધી વિચાર કરી શક્યો નથી. મનુષ્યત્વ, આર્ય દેશ, ઉત્તમ કુળ, શારીરિક સંપત્તિ એ અપેક્ષીત સાધન છે અને અંતરંગ સાધન માત્ર મુક્ત થવાની સાચી જિજ્ઞાસા એ છે.

એમ જો સુલભબોધીપણાની યોગ્યતા આત્મામાં આવી હોય તો તે, જે પુરુષો મુક્ત થયા છે, અથવા વર્ત્તમાનમાં મુક્તપણે તે આત્મજ્ઞાનદશાએ વિચરે છે તેમણે, ઉપદેશેલા માર્ગમાં નિઃસંદેહપણે શ્રદ્ધાશીલ થાય.

રાગ, દ્વેષ અને મોહ એ જેનામાં નથી તે પુરુષ, તે ત્રણ દોષથી રહિત માર્ગ ઉપદેશી શકે; અને તે જ પદ્ધતિએ નિઃસંદેહપણે પ્રવર્ત્તનાર સત્પુરુષો કાં તે માર્ગ ઉપદેશી શકે.

સર્વ દર્શનની શૈલીનો વિચાર કરતાં એ રાગ, દ્વેષ અને મોહરહિત પુરુષનું બોધિલું નિર્ગ્રંથ-દર્શન વિશેષ માનવાયોગ્ય છે.

એ દોષથી રહિત, મહા અતિશયથી પ્રતાપી એવા તીર્થંકરદેવ તેણે મોક્ષના કારણરૂપ જે ધર્મ બોધ્યો છે, તે ધર્મ ગમે તે મનુષ્યો સ્વીકારતાં હોય, પણ તે એક પદ્ધતિએ હોવાં જોઇએ. આ વાત નિઃશંક છે.

અનેક પદ્ધતિએ અનેક મનુષ્યો તે ધર્મનું પ્રતિપાદન કરતાં હોય અને તે મનુષ્યોને પરસ્પર

---

[1] આ ૨૪ મા આંક નીચેનો લેખ અપૂર્ણ સ્થિતિમાં પ્રાપ્ત થયો છે. તે વિચારતાં જણાય છે કે, આ વિષયપરત્વે એક ગ્રંથ યોજેલો હોય અથવા યોજવાનો પ્રારંભ કર્યો હોય, કેમકે આ પ્રાપ્ત લેખ તેવા ગ્રંથનો એક ભાગ છે. યોજવાનો પ્રારંભ કર્યો હોય એ પ્રકારનું અનુમાન કરતાં, સંપૂર્ણપણે યોજાએલો હોય એ પ્રકારનું અનુમાન, લેખની 'છેવટની ભલામણ' એ ભાગ વિચારતાં કંઇક વિશેષપણે થઇ શકે છે; તથાપિ કેવળ નિર્ણીત થઇ શકતું નથી. અમે તો આ લેખ જે સ્વરૂપમાં મળ્યો છે, તે જ સ્વરૂપમાં માત્ર આપ્યો છે.—સંશોધક.

મતભેદનું કારણ થતું હોય, તો તેમાં તીર્થંકરદેવની એકે પદ્ધતિને દોષ નથી; પણ તે મનુષ્યોની સમજણશક્તિનો દોષ ગણી શકાય.

એ રીતે, નિર્ગ્રંથધર્મપ્રવર્ત્તક અમે છીએ એમ, જૂદા જૂદા મનુષ્યો કહેતા હોય તો, તેમાંથી તે મનુષ્ય પ્રમાણાબાધિત ગણી શકાય કે જે વીતરાગદેવની આજ્ઞાના સદ્‌ભાવે પ્રરૂપક અને પ્રવર્ત્તક હોય.

આ કાળ દુષમ નામથી પ્રખ્યાત છે. દુષમ કાળ એટલે જે કાળમાં મનુષ્યો મહા દુઃખ વડે આયુષ્ય પૂર્ણ કરતાં હોય, તેમ જ જે કાળમાં ધર્મઆરાધનારૂપ પદાર્થો પ્રાપ્ત કરવામાં દુષમતા એટલે મહા વિઘ્નો આવતાં હોય, તેને દુષમ કહેવામાં આવે છે.

અત્યારે વીતરાગદેવને નામે જૈનદર્શનમાં એટલા બધા મત ચાલે છે કે, તે મત તે મતરૂપ છે, પણ સતરૂપ, જ્યાંસુધી વીતરાગદેવની આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્ત્તતા ન હોય ત્યાંસુધી, કહી શકાય નહીં.

એ મતપ્રવર્ત્તનમાં મુખ્ય કારણો મને આટલાં સંભવે છેઃ (૧) પોતાની શિથિલતાને લીધે કેટલાક પુરુષોએ નિર્ગ્રંથદશાની પ્રાધાન્યતા ઘટાડી હોય. (૨) પરસ્પર બે આચાર્યોને વાદવિવાદ. (૩) મોહનીયકર્મનો ઉદય અને તે રૂપે પ્રવર્ત્તન થઈ જવું. (૪) ગ્રહાયા પછી તે વાતનો માર્ગ મળતો હોય તોપણ, તે દુર્લભબોધિતાને લીધે ન ગ્રહવો. (૫) મતિની ન્યૂનતા. (૬) જેના પર રાગ, તેના છંદમાં પ્રવર્ત્તન કરનારાં ઘણાં મનુષ્યો. (૭) દુષમ કાળ અને (૮) શાસ્ત્રજ્ઞાનનું ઘટી જવું.

એટલા બધા મતો સંબંધી સમાધાન થઇ નિઃશંકપણે વીતરાગની આજ્ઞારૂપે માર્ગ પ્રવર્ત્તે એમ થાય તો મહા કલ્યાણ, પણ તેવો સંભવ ઓછો છે. મોક્ષની જિજ્ઞાસા જેને છે, તેની પ્રવર્ત્તના તો તે જ માર્ગમાં હોય છે; પણ લોક કે ઓઘદૃષ્ટિએ પ્રવર્ત્તનારા પુરુષો, તેમ જ પૂર્વનાં દુર્ઘટ કર્મોના ઉદયને લીધે મતની શ્રદ્ધામાં પડેલાં મનુષ્યો, તે માર્ગનો વિચાર કરી શકે કે બોધ લઇ શકે એમ, તેના કેટલાક દુર્લભબોધી ગુરુઓ કરવા દે, અને મતભેદ ટળી પરમાત્માની આજ્ઞાનું સમ્યક્‌દશાથી આરાધન કરતાં તે મતવાદીઓને જોઇએ, એ બહુ અસંભવિત છે; સર્વને સરખી બુદ્ધિ આવી જઇ, સંશોધન થઇ, વીતરાગની આજ્ઞારૂપ માર્ગનું પ્રતિપાદન થાય એ સર્વથા જો કે બને તેવું નથી તોપણ, સુલભબોધી આત્માઓ અવશ્ય તે માટે પ્રયત્ન કરતા રહે તો પરિણામ શ્રેષ્ઠ આવે; એ વાત મને સંભવિત લાગે છે. દુષમ કાળના પ્રતાપે, જે લોકો વિદ્યાનો બોધ લઇ શકયા છે, તેમને ધર્મતત્ત્વ પર મૂળથી શ્રદ્ધા જણાતી નથી; જેને કંઇ સરળતાને લીધે હોય છે, તેને તે વિષયની કંઇ ગતાગમ જણાતી નથી; ગતાગમવાળો કોઇ નીકળે તો, તે વસ્તુની વૃદ્ધિમાં વિઘ્ન કરનારા નીકળે, પણ સહાયક ન થાય; એવી આજની કાળચર્યા છે; એમ કેળવણી પામેલાને ધર્મની દુર્લભતા થઇ પડી છે.

કેળવણી વગરના લોકોમાં સ્વાભાવિક એક આ ગુણ રહ્યો છે કે, આપણા બાપદાદા જે ધર્મને સ્વીકારતા આવ્યા છે, તે ધર્મમાં જ આપણે પ્રવર્ત્તવું જોઇએ; અને તે જ સત સત્ય હોવો જોઇએ; તેમ જ આપણા ગુરુનાં વચન પર જ આપણે વિશ્વાસ રાખવો જોઇએ;–પછી તે ગુરુ ગમે તો શાસ્ત્રનાં નામ પણ જાણતા ન હોય, પણ તે જ મહાજ્ઞાની છે એમ માની પ્રવર્ત્તવું જોઇએ; તેમ જ આપણે જે માનીએ છીએ, તે જ વીતરાગનો બોધેલો ધર્મ છે; બાકી જૈનનામે પ્રવર્ત્તે છે તે મત સઘળા અસત્ છે; આમ તેમની સમજણ હોવાથી તેઓ બિચારા તે જ મતમાં મચ્યા રહે છે. એનો પણ અપેક્ષાથી જોતાં દોષ નથી.

જૈનમાં જે જે મત પડેલા છે તેમાં, જૈન સંબંધી જ ઘણે ભાગે ક્રિયાઓ હોય એ માન્ય વાત છે. તે પ્રમાણે પ્રવૃત્તિ જોઇ જે મતમાં પોતે દીક્ષિત થયા હોય, તે મતમાં જ દીક્ષિત પુરુષોનું મચ્યા રહેવું થાય છે. દીક્ષિતમાં પણ ભદ્રિકતાને લીધે કાં તો દીક્ષા, કાં તો શિક્ષા આપ્યા જેવી

સ્થિતિથી મુંઝાઇને પ્રાપ્ત થયેલી દીક્ષા, કાં તો સ્મશાનવૈરાગ્યમાં લેવાઇ ગયેલી દીક્ષા હોય છે. શિક્ષાની સાપેક્ષ સ્ફુરણાથી પ્રાપ્ત થયેલી દીક્ષાવાળો પુરુષ, તમે વિરલ જ દેખશો, અને દેખશો તો, તે મતથી કંટાળીવી તરાગદેવની આજ્ઞામાં રાચવા વધારે તત્પર હશે.

શિક્ષાની સાપેક્ષ સ્ફુરણા જેને થઇ છે તે શિવાયના, બીજા જેટલા મનુષ્યો દીક્ષિત કે ગૃહસ્થ રહ્યા, તેટલા બધા જે મતમાં પોતે પડ્યા હોય તેમાં જ રાગી હોય; તેઓને વિચારની પ્રેરણા કરનાર કોઈ ન મળે; પોતાના મત સંબંધી નાના પ્રકારના યોજી રાખેલા વિકલ્પો (ગમે તો પછી તેમાં યથાર્થ પ્રમાણ હો કે ન હો.) સમજાવી દઈ ગુરુઓ પોતાના પંજામાં રાખી તેમને પ્રવર્ત્તાવી રહ્યા છે.

તેમ જ, ત્યાગી શિવાયના, પરાણે ગુરુઓ થઈ પડેલા, મહાવીરદેવના માર્ગરક્ષક તરીકે ગણાવતા યતિયોની તો માર્ગ પ્રવર્ત્તાવવાની શૈલી માટે કંઇ બોલવું રહેતું નથી, કારણ ગૃહસ્થને અણુવ્રત પણ હોય છે; પણ આ તો તીર્થંકરદેવની પેઠે કલ્પાતીત પુરુષ થઈ બેઠા છે.

સંશોધક પુરુષો બહુ ઓછા છે. મુક્ત થવાની અંતઃકરણે જિજ્ઞાસા રાખનારા અને પુરુષાર્થ કરનારા બહુ ઓછા છે. તેમને સાહિત્યો જેવાં કે, સદ્‌ગુરુ, સત્સંગ કે સત્શાસ્ત્રો મળવાં દુર્લભ થઇ પડયાં છે. જ્યાં પૂછવા જાઓ ત્યાં સર્વ પોતપોતાની ગાય છે; પછી સાચી કે જૂઠી; તેનો કોઇ ભાવ પૂછતું નથી. ભાવ પૂછનાર આગળ મિથ્યા વિકલ્પો કરી પોતાની સંસારસ્થિતિ વધારે છે અને બીજાને તેવું નિમિત્ત કરે છે.

ઓછામાં પુરું, કોઈ સંશોધક આત્મા હશે તો, તેને પ્રયોજનભૂત પૃથ્વી ઇત્યાદિ વિષયોમાં શંકાએ કરી રોકાવું થઈ ગયું છે. અનુભવધર્મ પર આવવું તેમને પણ દુર્લભ થઇ પડયું છે.

આ પરથી મારું એમ કહેવું નથી કે, કોઈ પણ અત્યારે જૈનદર્શનના આરાધક નથી; છે, પણ બહુ જ અલ્પ, બહુ જ અલ્પ; અને જે છે તે મુક્ત થવા શિવાયની બીજી જિજ્ઞાસા જેને નથી તેવા; અને વીતરાગની આજ્ઞામાં જેણે પોતાનો આત્મા સમર્પ્યો છે તેવા. પણ તે આંગળીએ ગણી લઇએ તેટલા હશે. બાકી તો દર્શનની દશા જોઇ કરુણા ઉપજે તેવું છે; સ્થિર ચિત્તથી વિચાર કરી જોશો તો, મારું કહેવું તમને સપ્રમાણ લાગશે.

એ સઘળા મતોમાં કેટલાકને તો સહજ વિવાદ છે. મુખ્ય વિવાદઃ એકનું કહેવું પ્રતિમાની સિદ્ધિ માટે છે; બીજા તેને કેવળ ઉત્થાપે છે. (એ મુખ્ય વિવાદ છે.)

આ મોટા વિવાદ આ કાળમાં જો પડયા ન હોત તો, ધર્મ પામવાનું લોકોને બહુ સુલભ થાત.

બીજા ભાગમાં પ્રથમ હું પણ ગણાયો હતો. મારી જિજ્ઞાસા વીતરાગદેવની આજ્ઞાના આરાધક ભણી છે એમ સત્યતાને ખાતર કહી દઇ દર્શાવું છું કે, પ્રથમ પક્ષ સત્ય છે. એટલે કે, જિનપ્રતિમા અને તેનું પૂજન શાસ્ત્રોક્ત, પ્રમાણોક્ત, અને અનુભવોક્ત–અનુભવમાં લેવા યોગ્ય–છે. મને તે પદાર્થોનો જે રૂપે બોધ થયો, અથવા તે સંબંધી મને જે અલ્પ શંકા હતી તે નીકળી ગઇ, તે (વસ્તુ) નું કંઈ પણ પ્રતિપાદન થવાથી કોઇ પણ આત્મા તે સંબંધી વિચાર કરી શકશે; અને તે વસ્તુની સિદ્ધિ જણાય તો, તે સંબંધી મતભેદ તેને ટળી જાય; તે સુલભબોધીપણાનું કાર્ય થાય એમ ગણી, ટુંકામાં કેટલાક વિચારો પ્રતિમાસિદ્ધિ માટે દર્શાવું છું:

મારી પ્રતિમામાં શ્રદ્ધા છે માટે, તમે સઘળા કરો એ માટે મારું કહેવું નથી; પણ વીરભગવાનની આજ્ઞાનું આરાધન તેથી થતું જણાય તો તેમ કરવું. પણ આટલું સ્મૃતિમાં રાખવાનું છે કે,—

૧. કોઇ પણ વીતરાગની આજ્ઞાનું પાલન થાય તેમ પ્રવર્ત્તવું એ, મુખ્ય માન્યતા છે.

૨. પ્રથમ પ્રતિમા નહીં માનતો અને હવે માનું છું તેમાં પક્ષપાતી કારણ નથી, પણ મને

તેની સિદ્ધિ જણાઇ તેથી માન્ય રાખું છું. અને સિદ્ધિ છતાં નહીં માનવાથી પ્રથમની માન્યતાની પણ સિદ્ધિ નથી અને તેમ થવાથી આરાધકતા નથી.

૩. મને આ મત કે તે મતની માન્યતા નથી, પણ રાગદ્વેષરહિત થવાની પરમાકાંક્ષા છે અને તે માટે જે જે સાધન હોય તે ઇચ્છવાં, કરવાં એમ માન્યતા છે; અને એ માટે મહાવીરનાં વચન પર મને પૂર્ણ વિશ્વાસ છે.

૪. અત્યારે એટલી પ્રસ્તાવના માત્ર કરી, મને પ્રતિમા સંબંધી અનેક પ્રકારથી દર્શાયલી જે સિદ્ધિ તે, હવે કહું છું. તે સિદ્ધિને મનન કરતાં પહેલાં વાંચનારે નીચેના વિચારો કૃપા કરીને લક્ષમાં લેવા.

(અ) તમે પણ તરવાના ઇચ્છક છો, અને હું પણ છું. બન્ને મહાવીરના બોધ–આત્મહિતૈષી બોધ–ને ઇચ્છીએ છીએ, અને તે ન્યાયમાં છે માટે, જ્યાં સત્યતા આવે ત્યાં, બન્નેએ અપક્ષપાતે સત્યતા કહેવી.

(આ) કોઇ પણ વાત જ્યાંસુધી યોગ્ય રીતે ન સમજાય ત્યાંસુધી સમજવી,–તે સંબંધી કંઇ કહેતાં મૌન રાખવું.

(ઇ) અમુક વાત સિદ્ધ થાય તો જ ઠીક એમ ન ઇચ્છવું, પણ સત્ય સત્ય થાય એમ ઇચ્છવું.

(ઈ–૧.) પ્રતિમા પૂજવાથી જ મોક્ષ છે, કિંવા તે નહીં માનવાથી મોક્ષ છે, એ બન્ને વિચારથી, આ પુસ્તક યોગ્ય પ્રકારે મનન કરતાં સુધી, મૌન રહેવું.

(ઈ–૨.) શાસ્ત્રની શૈલી વિરુદ્ધ, કિંવા પોતાના માનની જાળવણી અર્થે કદાગ્રહી થઈ કંઇ પણ વાત કહેવી નહીં.

(ઉ) એક વાતને અસત્ય અને એકને સત્ય એમ માનવામાં જ્યાંસુધી અત્રુટક કારણ ન આપી શકાય ત્યાંસુધી, પોતાની વાતને મધ્યસ્થ વૃત્તિમાં રોકી રાખવી.

(ઊ) ધર્મ માનનાર કોઇ આખો સમુદાય મોક્ષે જશે એવું શાસ્ત્રકારનું કંઇ કહેવું નથી, પણ જેનો આત્મા ધર્મત્વ ધારણ કરશે તે, સિદ્ધિસંપ્રાપ્ત થશે એમ કહેવું છે. માટે સ્વાત્માને ધર્મબોધની પ્રથમ પ્રાપ્તિ કરાવવી જોઇએ. તે (પ્રાપ્તિનાં સાધનો) માંનું એક આ પણ સાધન છે; તે પરોક્ષ પ્રત્યક્ષ અનુભવ્યા વિના ખંડીનાંખવાયોગ્ય નથી.

(એ) જો તમે પ્રતિમાને માનનાર હો તો, તેનાથી જે હેતુ પાર પાડવા પરમાત્માની આજ્ઞા છે તે, પાર પાડી લેજો; અને જો તમે પ્રતિમાના ઉત્થાપક હો તો, આ પ્રમાણોને યોગ્ય રીતે વિચારી જોજો. બન્નેએ મને શત્રુ કે મિત્ર કંઈ માનવો નહીં. ગમે તે કહેનાર છે એમ ગણી, ગ્રંથ વાંચી જવો.

(ઐ) આટલું જ ખરું અથવા આટલામાંથી જ પ્રતિમાની સિદ્ધિ થાય તો અમે માનીએ, એમ આગ્રહી ન થશો, પણ વીરનાં બોધેલાં શાસ્ત્રોથી સિદ્ધિ થાય તેમ ઇચ્છશો.

(ઓ) એટલા જ માટે વીરનાં બોધેલાં શાસ્ત્રો કોને કહી શકાય અથવા માની શકાય તે સંબંધી પ્રથમ ધ્યાનમાં લેવું પડશે; અને એથી જ એ સંબંધી પ્રથમ હું કહીશ.

(ઔ) મને સંસ્કૃત કે માગધી કોઇ ભાષાનો મારી યોગ્યતા પ્રમાણે પરિચય નથી એમ ગણી, મને અપ્રમાણિક ઠરાવશો તો ન્યાયથી પ્રતિકૂળ જવું પડશે, માટે મારું શાસ્ત્ર અને આત્મા મધ્યસ્થતાથી તપાસશો.

(અં) યોગ્ય લાગે નહીં એવા, મારા કોઇ વિચાર હોય તો, સહર્ષ પૂછશો; પણ તે પહેલાં તે વિષે તમારી સમજણથી શંકારૂપ નિર્ણય કરી બેસશો નહીં.

(અ:) ટુંકામાં કહેવાનું એ કે, જેમ કલ્યાણ થાય તેમ પ્રવર્ત્તવા સંબંધમાં મારું કહેવું અયોગ્ય લાગતું હોય તો, તે માટે યથાર્થ વિચાર કરી, પછી જેમ હોય તેમ માન્ય કરવું.

ટુંકામાં પાંચ પ્રકારનાં પ્રમાણથી તે વાત હું સિદ્ધ કરું છું:

૧. **આગમપ્રમાણ**. ૨. ઇતિહાસપ્રમાણ. ૩. **પરંપરાપ્રમાણ**. ૪. **અનુભવપ્રમાણ**. ૫. **પ્રમાણપ્રમાણ**.

૧. આગમપ્રમાણ.—

આગમ કોને કહેવાય એની પ્રથમ વ્યાખ્યા થવાની જરૂર છે. જેનો પ્રતિપાદક મૂળ પુરુષ આપ્ત હોય તે વચનો જેમાં રહ્યાં છે તે આગમ છે.

કેટલાંક પ્રમાણો—આગમના—સિદ્ધ થવા માટે પરંપરા અનુભવ ઇત્યાદિની આવશ્યકતા છે. કુતર્કથી જો તમે કહેતા હો તો, આખા જૈનદર્શનનું પણ ખંડન કરી દર્શાવું. પણ તેમાં કલ્યાણ નથી. સત્ય વસ્તુ જ્યાં પ્રમાણથી, અનુભવથી સિદ્ધ થઇ, ત્યાં જિજ્ઞાસુ પુરુષો પોતાનો ગમે તેવો હઠ મૂકી દે છે.

ગણધરોએ અર્થની યોજના કરી ટુંકામાં વીતરાગદેવનાં બોધેલાં મુખ્ય વચનોને લીધાં; તે આગમ—સૂત્ર—એ નામથી ઓળખાય છે. સિદ્ધાંત, શાસ્ત્ર એ તેનાં બીજાં નામ છે.

તીર્થંકરદેવે બોધેલાં પુસ્તકોની યોજના દ્વાદશાંગીરૂપે ગણધરદેવે કરી. તે બાર અંગનાં નામ કહી જાઉં છું: **આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતાધર્મકથાંગ, અંતગડદશાંગ**, ઉપાસકદશાંગ, અણુત્તરોવવાઇ, પ્રશ્નવ્યાકરણ, વિપાક અને દૃષ્ટિવાદ.——

* * * * *

(૨)

છેવટની ભલામણ.

હવે એ વિષયને સંક્ષેપમાં પૂર્ણ કર્યો. પ્રતિમાથી એકાંત ધર્મ છે એમ કહેવા માટે, અથવા પ્રતિમાના પૂજનનો જ ભાગ સિદ્ધ કરવા, મેં આ લઘુ ગ્રંથમાં કલમ ચલાવી નથી. પ્રતિમા માટે મને જે જે પ્રમાણો જણાયાં હતાં તે, ટુંકામાં જણાવી દીધાં; તેમાં વ્યાજબી—ગેરવ્યાજબીપણું, શાસ્ત્રવિચક્ષણ અને ન્યાયસંપન્ન પુરુષે જોવાનું છે. અને પછી જેમ સપ્રમાણ લાગે તેમ પ્રવર્તવું કે પ્રરૂપવું; એ તેમના આત્મા પર આધાર રાખે છે. આ પુસ્તકને હું પ્રસિદ્ધ કરત નહીં, કારણ કે જે મનુષ્યે એક વાર પ્રતિમાપૂજનથી પ્રતિકૂળતા બતાવી હોય, તે જ મનુષ્ય જ્યારે તેની અનુકૂળતા બતાવે ત્યારે, પ્રથમ પક્ષવાળાને તે માટે બહુ ખેદ અને કટાક્ષ આવે છે. આપ પણ હું ધારું છું કે, મારા ભણી થોડા વખત પહેલાં એવી સ્થિતિમાં આવી ગયા હતા. તે વેળા જો આ પુસ્તકને મેં પ્રસિદ્ધિ આપી હોત તો, આપનાં અંતઃકરણો વધારે દૂભાત, અને દૂભાવવાનું નિમિત્ત હું થાત; એટલા માટે મેં તેમ કર્યું નહીં. કેટલોક વખત વિત્યા પછી, મારા અંતઃકરણમાં એક એવા વિચારે જન્મ લીધો કે, તારા માટે તે ભાઇઓને સંક્લેશ વિચારો આવતા રહેશે; તેં જે પ્રમાણથી માન્યું છે, તે પણ માત્ર એક તારા હ્રદયમાં રહી જશે; માટે તેને સ્વલ્પતાપૂર્વક જરૂર પ્રસિદ્ધિ આપવી. એ વિચારને મેં ઝીલી લીધો ત્યારે, તેમાંથી ઘણા નિર્મળ વિચારની પ્રેરણા થઇ; તે સંક્ષેપમાં જણાવી દઉં છું. 'પ્રતિમા માનો' એ આગ્રહ માટે આ પુસ્તક કરવાનો કંઇ હેતુ નથી, (તેમ જ તેઓ) પ્રતિમા માનો તેથી મને કંઇ ધનવાન થઇ જવાનું નથી; તે સંબંધી જે વિચારો મને લાગ્યા હતા

૨૫.

તે પવિત્ર દર્શન થયા પછી ગમે તે વર્ત્તન હો, પરંતુ તેને તીવ્ર બંધન નથી. અનંત સંસાર નથી, સોળ ભવ નથી; આભ્યંતર દુઃખ નથી; શંકાનું નિમિત્ત નથી; અંતરંગ મોહ નથી. સત્‌ સત્‌ નિરુપમ, સર્વોત્તમ શુક્લ, શીતળ, અમૃતમય દર્શનજ્ઞાન; સમ્યક્ જ્યોતિમય, ચિરકાળ આનંદની પ્રાપ્તિ, (અને) અદ્ભુત સતસ્વરૂપદર્શિતાની બલિહારી છે!

જ્યાં મતભેદ નથી; જ્યાં શંકા, કંખા, વિતિગિચ્છા, મૂઢદૃષ્ટિ, એમાંનું કાંઈ નથી; છે તે કલમ લખી શકતી નથી; કથન કહી શકતું નથી; મન જેને મનન કરી શકતું નથી

છે તે.

[અંગત.

૨૬.

સ્વરોદયજ્ઞાન[1]

આ ગ્રંથ.—

(૧)

'**સ્વરોદયજ્ઞાન**' વાંચનારના કરકમળમાં મૂકતાં તે વિષે કેટલીક પ્રસ્તાવના કરવી યોગ્ય છે એમ ગણી, તેવી પ્રવૃત્તિ કરું છું.

'**સ્વરોદયજ્ઞાનની**' ભાષા અર્દ્ધ હિંદી અને અર્દ્ધ ગુજરાતી આપણે જોઇ શકીશું. તેના કર્ત્તા એ આત્માનુભવી માણસ હતા. એમાંથી એકે ભાષા સંપ્રદાયપૂર્વક ભણ્યા હોય એવું કંઇ જણાતું નથી; એથી એમની આત્મશક્તિ કે યોગદશાને કંઈ બાધ નથી. તેમ ભાષાશાસ્ત્રી થવાની તેમની કંઇ ઇચ્છા પણ રહી હોય એમ નહીં હોવાથી, પોતાને જે કાંઇ અનુભવગમ્ય થયું છે તેમાંનો કંઇ પણ બોધ લોકોને મર્યાદાપૂર્વક જણાવી દેવો એ, તેમની જિજ્ઞાસાથી આ ગ્રંથની ઉત્પત્તિ છે. અને એમ હોવાથી જ ભાષા કે છંદની ટાપટીપ, અથવા યુક્તિપ્રયુક્તિનું વધારે દર્શન, આ ગ્રંથમાં જોઇ શકતા નથી.

જગત્ જ્યારે અનાદિ અનંત માટે (—?) છે, ત્યારે પછી તેની વિચિત્રતા ભણી વિસ્મયતા શું કરીએ? આજ કદાપિ જડવાદ માટે સંશોધન ચાલી રહી, આત્મવાદને ઉડાવી દેવાનું પ્રયત્ન છે; તો એવા પણ કાળ આવ્યા છે કે, આત્મવાદનું પ્રાધાન્યપણું હતું.—તેમ જડવાદ માટે પણ હતું. તત્ત્વજ્ઞાનીઓ એ માટે કંઇ વિચારમાં પડી જતા નથી, કારણ જગતની એવી સ્થિતિ છે ત્યાં, વિકલ્પથી આત્માને દુઃખવવો કાં? પણ સર્વ વાસનાનો ત્યાગ કર્યા પછી, જે વસ્તુનો અનુભવ થયો તે વસ્તુ શું? અર્થાત્ પોતે અને બીજું શું? કે પોતે તે પોતે, એ વાતનો નિર્ણય લીધો. ત્યાર પછી તો ભેદવૃત્તિ રહી નહીં એટલે દર્શનની સમ્યકતાથી તેઓને એ જ સમ્મતિ રહી કે, મોહાધીન આત્મા પોતે પોતાને ભૂલી જઈ જડપણું સ્વીકારે છે તેમાં, કંઇ આશ્ચર્ય નથી. વળી, તેનું સ્વીકારવું શબ્દની તકરારમાં—————

(૨)

વર્ત્તમાન સૈકામાં અને વળી તેનાં પણ કેટલાંક વર્ષ વ્યતીત થતાં સુધી, ચિદાનંદજી આત્મજ્ઞનું વિદ્યમાનપણું હતું. ઘણોજ સમીપનો વખત હોવાથી, જેમને તેમનાં દર્શન થયેલાં, સમાગમ થયેલો—અને જેઓને તેમની દશાનો અનુભવ થયેલો, તેમાંના કેટલાક પ્રતીતિવાળા મનુષ્યોથી તેમને માટે જાણી શકાયું છે; તેમ હજુ પણ તેવા મનુષ્યોથી જાણી શકાય તેવું છે.

જૈનમુનિ થયા પછી પોતાની પરમ નિર્વિકલ્પ દશા થઈ જવાથી, તેઓ હવે ક્રમપૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી યમ, નિયમ પાળી શકશે નહીં એમ તેમને લાગ્યું. જે પદાર્થની પ્રાપ્તિ માટે યમનિયમનું ક્રમપૂર્વક પાલન રહ્યું છે, તે વસ્તુની પ્રાપ્તિ થઇ તો પછી તે શ્રેણિએ પ્રવર્ત્તવું અને ન

૧. 'સ્વરોદયજ્ઞાન'ને વિશેષ સ્પષ્ટતા આપવાના ઉદ્દેશથી, મુનીશ્વર શ્રી ચિદાનંદજીએ કરેલ તે જ નામની કૃતિપર શ્રીમદે કરેલા (—આ નોંધ લખનારે બાર ચૌદ વર્ષ પૂર્વે આ વિવેચન જોયેલ, જેથી આ સ્થળે નિશ્ચય વાક્યનો ઉપયોગ છે.) વિવેચનનો માત્ર આ ૨૬ મા આંક નીચે મૂકેલો ભાગ જ મળી શક્યો છે. આ લેખમાં જ્યાં અપ્રમત્તગુણસ્થાનકવર્ત્તી મુનીશ્વરની દશાદર્શક ભાગ છે ત્યાં, શ્રીમદ્‌ના આ સમયના સ્વાનુભવનો પણ પ્રસંગ દૃષ્ટિગોચર થશે.—સંશોધક.

પ્રવર્ત્તવું બન્ને સમાન છે; આમ તત્ત્વજ્ઞાનીઓની માન્યતા છે. જેને અપ્રમત્તગુણસ્થાનકે રહેલો મુનિ એમ, નિર્ગ્રંથપ્રવચનમાં માનેલું છે, એમાંની સર્વોત્તમ જાતિ માટે કંઇ કહેવાઇ શકાતું નથી. પણ એક માત્ર તેમનાં વચનનો મારા અનુભવજ્ઞાનને લીધે પરિચય થતાં એમ કહેવાનું બની શકયું છે કે, તેઓ મધ્યમઅપ્રમત્તદશામાં પ્રાયે હતા. વળી, યમનિયમનું પાલન ગૌણતાએ તે દશામાં આવી જાય છે એટલે, વધારે આત્માનંદ માટે તેમણે એ દશા માન્ય રાખી. આ કાળમાં એવી દશાએ પહોંચેલા બહુ જ થોડા મનુષ્યની પ્રાપ્તિ પણ દુર્લભ છે ત્યાં, અપ્રમત્તતા વિષે વાતનો અસંભવ ત્વરાએ થશે એમ ગણીને, તેઓએ પોતાનું જીવન અનિયતપણે ગાળ્યું; એવી જ દશામાં જો તેઓ રહ્યા હોત તો, આવા મનુષ્યો તેમના મુનિપણાની સ્થિતિ શિથિલના સમજત, અને તેમ સમજવાથી તેઓ પર આવા પુરુષથી અભીષ્ટ છાપ પડત; આવો હાર્દયિક નિર્ણય હોવાથી તેઓએ એ દશા સ્વીકારી

ણમો જહટ્ઠિય વત્થુવાઇણં.

૨૭.

ઉપશમ ભાવ.—

સોળ ભાવનાઓથી ભૂષિત થયેલા છતાં પણ, પોતે સર્વોત્કૃષ્ટ જ્યાં મનાયો છે ત્યાં, બીજાની ઉત્કૃષ્ટતાને લીધે પોતાની ન્યૂનતા થતી હોય અને કંઇ મત્સરભાવ આવી ચાલ્યો જાય તો, તેને ઉપશમ ભાવ હતો, ક્ષાયક નહોતો; આ નિયમા છે. [અંગત–?

૨૮.*

સર્વ દર્શનથી ઉચ્ચ ગતિ છે, પરંતુ મોક્ષનો માર્ગ જ્ઞાનીઓએ તે અક્ષરોમાં સ્પષ્ટ દર્શાવ્યો નથી; ગૌણતાએ રાખ્યો છે. તે ગૌણતાનું સર્વોત્તમ તત્ત્વ આ જણાય છે: નિશ્ચય, નિર્ગ્રંથજ્ઞાની ગુરુની પ્રાપ્તિ, તેની આજ્ઞાનું આરાધવું, સમીપમાં સદૈવ રહેવું; કાં સત્સંગની પ્રાપ્તિમાં રહેવું; આત્મદર્શિતા ત્યારે પ્રાપ્ત થશે.

૨૯.[1]

નવપદધ્યાનીની વૃદ્ધિ કરવા મારી જિજ્ઞાસા છે. [અંગત.

---

[1] તે ત્રિશલાતનયે મન ચિંતવી, જ્ઞાન, વિવેક, વિચાર વધારૂં;
નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો, ઉત્તમ બોધ અનેક ઉચ્ચારૂં;
સંશયબીજ ઉગે નહીં, અંદર, જો જિનનાં કથનો અવધારૂં;
રાજ્ય સદા મુજ એ જ મનોરથ, ધાર, થશે અપવર્ગ, ઉતારૂં.
—સામાન્ય મનોરથ.

આ પ્રકારનો પોતાના જીવનનો મનોરથ વિચાર્યો હોવાથી, વીતરાગના દર્શનનો ઉદ્ધાર કરવામાં કેવાં સાધનો જોઇએ, તેનું ચિંતવન આ સમયે વિશેષપણે રહ્યા કરતું હશે એવું, આંક ૨૯ થી ૩૫ સુધીના લેખો વિચારતાં અનુમાન થાય છે, કેમકે એ લેખો દર્શનોદ્ધારની યોજનારૂપ છે.—સંશોધક.

૩૦.[1]

એ પ્રકારે વહેંચાયલો ધર્મ, તીર્થંકરે બે પ્રકારનો કહ્યો છે:

૧. સર્વસંગપરિત્યાગી. ૨. દેશપરિત્યાગી.

સર્વપરિત્યાગી.—

ભાવ અને દ્રવ્ય.

તેનો અધિકારી. પાત્ર, ક્ષેત્ર, કાળ, ભાવ.

પાત્ર.—વૈરાગ્યાદિક લક્ષણો, ત્યાગનું કારણ, અને પારિણામિક ભાવ ભણી આવવું.

ક્ષેત્ર.—તે પુરુષની જન્મભૂમિકા, ત્યાગભૂમિકા, એ બે.

કાળ—અધિકારીની વય, મુખ્ય વર્ત્તતો કાળ.

ભાવ.—વિનયાદિક, તેની યોગ્યતાશક્તિ, તેને ગુરુએ પ્રથમ શું ઉપદેશ કરવો, 'દશવૈકાલિક', 'આચારાંગ' ઇ૦ સંબંધી વિચાર;–તેની નવ દીક્ષિત કારણે તેને સ્વતંત્ર વિહાર કરવા દેવાની આજ્ઞા ઇ૦

નિત્યચર્યા.

વર્ષકલ્પ.

છેલ્લી અવસ્થા.

—એ સંબંધી પરમ આવશ્યકતા છે.

દેશત્યાગી.—

અવશ્ય ક્રિયા.	નિત્ય કલ્પ.
ભક્તિ.	અણુવ્રત.

દાન, શીલ, તપ, ભાવનું સ્વરૂપ–જ્ઞાનને માટે–, તેનો અધિકાર.

—એ સંબંધી પરમ આવશ્યકતા છે.

જ્ઞાનનો ઉદ્ધાર.—

શ્રુતજ્ઞાનનો ઉદય કરવો જોઇએ.

યોગસંબંધી ગ્રંથો,	ત્યાગ સંબંધી ગ્રંથો,
પ્રક્રિયા સંબંધી ગ્રંથો,	અધ્યાત્મ સંબંધી ગ્રંથો.
ધર્મ સંબંધી ગ્રંથો,	ઉપદેશ ગ્રંથો,
આખ્યાન ગ્રંથો,	દ્રવ્યાનુયોગી ગ્રંથો,

—ઇત્યાદિ વહેંચવા જોઇએ:

—તેનો ક્રમ અને ઉદય કરવો જોઇએ.

નિર્ગ્રંથ ધર્મ.	ગચ્છ,
આચાર્ય,	પ્રવચન,
ઉપાધ્યાય,	દ્રવ્યલિંગી.
મુનિ,	અન્ય દર્શન સંબંધી.
ગૃહસ્થ,	

—આ સઘળું યોજાવું જોઇએ.

મતમતાંતર.	માર્ગની શૈલી.
તેનું સ્વરૂપ.	જીવનનું ગાળવું.
તેને સમજાવવા.	ઉદ્યોત.

—એ વિચારણા

[અંગત.

---

૧. ૨૯ મા આંકની નોંધ વિચારો—સંશોધક.

૩૧. ૧

ધર્મ, અર્થ, કામની એકત્રતા પ્રાયે એક ધોરણ–એક સમુદાયમાં, કેટલાંક ઉત્કૃષ્ટ સાધનોથી કોઇ તેવો યોજક પુરુષ (થવા ઇચ્છે છે તો) સાધારણ શ્રેણિમાં લાવવાનો પ્રયત્ન કરે,—અને તે પ્રયત્ન નિરાશ ભાવે ———————

૧. ધર્મનું પ્રથમ સાધન.
૨. પછી અર્થનું સાધન.
૩. કામનું સાધન.
૪. મોક્ષનું સાધન.

---

૩૨. ૨

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એવા ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો સત્પુરુષોનો ઉપદેશ છે. એ ચાર પુરુષાર્થ નીચેના બે પ્રકારથી સમજવામાં આવ્યા છેઃ—

૧, ધર્મ– વસ્તુના સ્વભાવને 'ધર્મ' કહેવામાં આવ્યો છે.
૨. જડ– ચૈતન્ય સંબંધીના વિચારોને 'અર્થ' કહ્યો છે.
૩. ચિત્તનિરોધને 'કામ'.
૪. સર્વ બંધનથી મુક્ત થવું તે 'મોક્ષ.'

—એ પ્રકારે સર્વસંગપરિત્યાગીની અપેક્ષાથી ઠરી શકે છે.

સામાન્ય રીતિઃ નીચે પ્રમાણેઃ—

ધર્મ—સંસારમાં અધોગતિમાં પડતો અટકાવીને ધરી રાખનાર તે 'ધર્મ.'
અર્થ—વૈભવ-લક્ષ્મી, ઉપજીવનમાં સાંસારિક સાધન.
કામ—નિયમિત રીતે સ્ત્રીપરિચય.
મોક્ષ—સર્વ બંધનથી મુક્તિ તે 'મોક્ષ.'

'ધર્મ'ને પહેલાં મૂકવાનો હેતુ એટલો જ છે કે, 'અર્થ' અને 'કામ' એવાં હોવાં જોઇએ કે, 'ધર્મ' જેનું મૂળ હોવું જોઇએ.

એટલા જ માટે 'અર્થ' અને 'કામ' પછી મૂકવામાં આવ્યા છે.

ગૃહસ્થાશ્રમી એકાંત ધર્મસાધન કરવા ઇચ્છે તો તેમ ન થઇ શકે, સર્વસંગપરિત્યાગ જ જોઇએ. ગૃહસ્થને ભિક્ષા વગેરે કૃત્ય યોગ્ય નથી.

અને ગૃહસ્થાશ્રમ જો ———————

---

૩૩. *

"જે મનુષ્યો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થની પ્રાપ્તિ કરી શકવાને ઇચ્છતા હોય, તેમના વિચારને સહાયક થવું", એ વાક્યમાં આ પત્રને જન્મ આપવાનું સર્વ પ્રકારનું પ્રયોજન દેખાડી દીધું છે; તેને કંઇક સ્ફુરણા આપવી યોગ્ય છે. આ જગતમાં વિચિત્ર પ્રકારના દેહધારીઓ છે અને પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રમાણથી એમ સિદ્ધ થઇ શક્યું છે કે, તેમાં મનુષ્યરૂપે પ્રવર્ત્તતા દેહધારી આત્માઓ એ ચારે વર્ગ સાધી શકવાને વિશેષ યોગ્ય છે. મનુષ્યજાતિમાં જેટલા આત્માઓ છે, તેટલા બધા સરખી વૃત્તિના, સરખા વિચારના કે સરખી જિજ્ઞાસા અને ઇચ્છાવાળા નથી; એ

૧.–૨. આ હસ્તનોંધરૂપ યોજનારૂપ અપૂર્ણ સ્થિતિમાં મળેલા લેખો, ૨૯ મા આંકની નોંધ લક્ષમાં રાખી વિચારવાથી પ્રસંગ લક્ષગત થશે.—સંશોધક.

આપણે પ્રત્યક્ષ જોઇ શકીયે છીએ. પ્રત્યેક પ્રત્યેક સૂક્ષ્મ દ્રષ્ટિએ જોતાં વૃત્તિ, વિચાર, જિજ્ઞાસા અને ઇચ્છાની એટલી બધી વિચિત્રતા લાગે છે કે આશ્ચર્ય ! એ આશ્ચર્યનું બહુ પ્રકારે અવલોકન કરતાં, સર્વ પ્રાણીની–અપવાદ શિવાય–સુખપ્રાપ્તિ કરવાની જે ઇચ્છા તે બહુ અંશે મનુષ્યદેહમાં સિદ્ધ થઇ શકે છે; તેવું છતાં તેઓ સુખને બદલે દુઃખ લઇ લે છે; એમ માત્ર મોહ-દ્રષ્ટિથી થયું છે.

૩૪.[૧]

આર્ય ગ્રંથકર્ત્તાઓએ બાંધેલા ચાર આશ્રમ જે કાળમાં દેશની વિભૂષારૂપે પ્રવર્ત્તતા હતા તે કાળને ધન્ય છે !

ચાર આશ્રમમાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમ, પછી ગૃહસ્થાશ્રમ, પછી વાનપ્રસ્થાશ્રમ અને પછી સંન્યાસાશ્રમ, એમ અનુક્રમ છે.

પણ આશ્ચર્ય એ કહેવું પડે છે કે, તેવો અનુક્રમ જો જીવનનો હોય તો ભોગવવામાં આવે, સર્વાંશે સો વર્ષના આયુષ્યવાળો, તેવી જ વૃત્તિએ ચાલ્યો આવ્યો, તો તે આશ્રમનો ઉપભોગ લઇ શકે. પ્રાચીન કાળમાં અકાળિક મોત ઓછાં થતાં હોય, એમ એ આશ્રમના બાંધા પરથી સમજાય છે.

૩૫.[૨]

આર્યભૂમિ પર પ્રાચીન કાળમાં ચાર આશ્રમ પ્રચલિત હતા. એટલે કે, આશ્રમધર્મ મુખ્ય કરીને પ્રવર્ત્તતો હતો. પરમર્ષિ નાભિપુત્રે ભારતમાં નિર્ગ્રંથધર્મને જન્મ આપવા પ્રથમ તે કાળના લોકોને વ્યવહારધર્મનો ઉપદેશ, એ જ આશયથી કર્યો હતો. કલ્પવૃક્ષથી મનોવાંછિતપણે ચાલતો તે લોકોનો વ્યવહાર હવે ક્ષીણ થતો જતો હતો; તેઓમાં ભદ્રપણું અને વ્યવહારની પણ અજ્ઞાનતા હોવાથી, કલ્પવૃક્ષની સમૂળગી ક્ષીણતા વેળા બહુ દુઃખ પામશે એમ અપૂર્વ જ્ઞાની ઋષભદેવજીએ જોયું. તેમની પરમ કરુણાદ્રષ્ટિથી તેમના વ્યવહારની ક્રમમાલિકા પ્રભુએ બાંધી દીધી.

તીર્થંકરરૂપે જ્યારે ભગવંત વિહાર કરતા હતા, ત્યારે તેમના પુત્ર ભરતે વ્યવહારશુદ્ધિ થવા માટે તેમના ઉપદેશને અનુસરી, ચાર વેદની તત્સમયી વિદ્વાનો સમીપે યોજના કરાવી; ચાર આશ્રમના ધર્મ તેમાં દાખલ કર્યા; તેમ જ ચાર વર્ણની નીતિ રીતિ તેમાં દાખલ કરી. પરમ કરુણાથી ભગવાને જે લોકોને ભવિષ્યે ધર્મ પ્રાપ્તિ થવા માટે વ્યવહારશિક્ષા અને વ્યવહારમાર્ગ બતાવ્યો હતો, તેમને ભરતજીના આ કાર્યથી પરમ સુગમતા થઇ.

એ પરથી ચાર વેદ, ચાર આશ્રમ, ચાર વર્ણ અને ચાર પુરુષાર્થ સંબંધી અહીં કેટલોક વિચાર કરવા ઇચ્છા છે. તેમાં પણ મુખ્ય કરીને ચાર આશ્રમ અને ચાર પુરુષાર્થ સંબંધી વિચાર કરીશું, અને છેવટે હેયોપાદેય વિચાર વડે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઇશું.

ચાર વેદ, જેમાં આર્યગૃહધર્મનો મુખ્યે ઉપદેશ હતો, તે આ પ્રમાણે હતોઃ

૩૬.

૧. પ્રમાદને લીધે, આત્મા મળેલું સ્વરૂપ ભૂલી જાય છે.

૧.—૨. આ દર્શનોદ્ધારની યોજનારૂપ લેખો અપૂર્ણ સ્થિતિમાં મળેલ છે. પાછળની છેલ્લી નોંધ જુઓ.—સંશોધક.

૨. જે જે કાળે જે જે કરવાનું છે, તેને સદા ઉપયોગમાં રાખ્યા રહો.

૩. ક્રમે કરીને પછી તેની સિદ્ધિ કરો.

૪. અલ્પ આહાર, અલ્પ વિહાર, અલ્પ નિદ્રા, નિયમિત વાચા, નિયમિત કાયા, અને અનુકૂળ સ્થાન એ મનને વશ કરવાનાં ઉત્તમ સાધનો છે.

૫. શ્રેષ્ઠ વસ્તુની જિજ્ઞાસા કરવી એ જ આત્માની શ્રેષ્ઠતા છે; કદાપિ તે જિજ્ઞાસા પાર ન પડી તોપણ જિજ્ઞાસા તે પણ તે જ અંશવત્ છે.

૬. નવાં કર્મ બાંધવાં નહીં, અને જૂનાં ભોગવી લેવાં, એવી જેની અચળ જિજ્ઞાસા છે તે, તે પ્રમાણે વર્ત્તી શકે છે.

૭. જે કૃત્યનું પરિણામ ધર્મ નથી, તે કૃત્ય મૂળથી જ કરવાની ઇચ્છા રહેવા દેવી જોઇતી નથી.

૮. મન જો શંકાશીલ થઈ ગયું હોય તો 'દ્રવ્યાનુયોગ' વિચારવો યોગ્ય છે; પ્રમાદી થઇ ગયું હોય તો 'ચરણકરણાનુયોગ' વિચારવો યોગ્ય છે. અને કષાયી થઇ ગયું હોય તો 'ધર્મકથાનુયોગ' વિચારવો યોગ્ય છે. જડ થઇ ગયું હોય તો 'ગણિતાનુયોગ' વિચારવો યોગ્ય છે.

૯. પૃથ્વી સંબંધી ક્લેશ પેદા થાય તો, એમ સમજી લેજે કે, તે સાથે આવવાની નથી; ઉલટો હું તેને દેહ આપી જવાનો છું; વળી તે કંઈ મૂલ્યવાન્ નથી. સ્ત્રી સંબંધી ક્લેશ, શંકા, ભાવ થાય તો આમ સમજી અન્ય ભોક્તા પર હસજે કે, તે મળમૂત્રની ખાણમાં મોહી પડ્યો. (જે વસ્તુનો નિત્ય આપણે ત્યાગ કરીએ છીએ તેમાં.) ધન સંબંધી નિરાશા કે ક્લેશ થાય તો, તે ઉંચી જાતના કાંકરા છે એમ સમજી, સંતોષ રાખજે; તો તું ક્રમે કરીને નિસ્પૃહી થઇ શકીશ.

૧૦. તેનો તું બોધ પામ કે જેનાથી સમાધિમરણની પ્રાપ્તિ થાય.

૧૧. એક વાર જો સમાધિમરણ થયું તો સર્વકાળનાં અસમાધિમરણ ટળશે.

૧૩. સર્વોત્તમપદ સર્વત્યાગીનું છે.

૩૭.

હજી મારા દર્શનને જગતમાં પ્રવર્તન કરવાને કેટલોક વખત છે. હજી હું સંસારમાં તમારી ધારેલી કરતાં વધારે મુદત રહેવાનો છું. જીંદગી સંસારમાં કાઢવા અવશ્ય પડશે, તો તેમ કરીશું. હાલ તો એથી વિશેષ મુદત રહેવાનું બની શકશે. ધર્મસંબંધી તમારા વિચાર દર્શાવવા પરિશ્રમ લીધો તે ઉત્તમ કર્યું છે. પ્રવર્ત્તન કરવામાં પંચમકાળમાં જે જે ચમત્કારો જોઇએ છીએ, તે એકત્ર છે, અને થતા જાય છે. હમણા એ સઘળા વિચારો કેવળ પવનથી પણ ગુપ્ત રાખજો.

તમારા ગૃહને માટે, તેમ જ દર્શનસાધના ધર્મ ઇ૦ સંબંધી વિચારો સમાગમે દર્શાવીશ.

હું થોડા વખતમાં સંસારી થવા ત્યાં આવવાનો છઉં.[1]

વિ૦ રાયચંદ્ર

મુંબઈ, સંવત્ ૧૯૪૩.[2]

૩૮.

તમારી પત્રિકા પહોંચી હતી. વૈરાગ્યને લીધે જોઇતા ખુલાસા લખી શકતો નથી...હું કેવળ હૃદયત્યાગી છઉં. થોડી મુદતમાં કંઇક અદ્‌ભુત કરવાને તત્પર છઉં. સંસારથી કંટાળ્યો છઉં.

. . . .

દુનિયા મતભેદના બંધનથી તત્ત્વ પામી શકતા નથી. સાચું સુખ અને સત્ય આનંદ તેઓમાં નથી. તે સ્થાપન થવા એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે.

મુંબઈ, ૧૮૮૭. ત્યાગી ના યથા૦

---

૧. શ્રીમદે સંવત્ ૧૯૪૪ (પ્રથમાવૃત્તિમાં ૧૯૪૩ જણાવેલ છે તે ભૂલ છે) ના મહા સુદ ૧૨ ને રોજ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો હતો.—સંશોધક.

૨. સંવત્ ૧૯૪૩ ની સાલમાં શ્રીમદ્‌ની સ્થિતિ મુંબઇને વિષે હતી. આ સમયે તેઓની શતાવધાન શીઘ્રકવિત્વ શક્તિ માટે અંગ્રેજી અને દેશી વર્તમાનપત્રોના જે અભિપ્રાયો પ્રસિદ્ધ થયેલા તેમાંથી અમને જે મળી શક્યા તે અત્ર આપીએ છીએઃ—

[૧]

'મુંબઈસમાચાર' પત્ર પોતાના તા૦ ૪, ડીસેમ્બર, ૧૮૮૬ (સંવત્ ૧૯૪૩ ના માગશર શુદ શુદ ૮, શનિ) ના અંકમાં નીચે પ્રમાણે એક મુખ્ય લેખ (Leading Article) લખે છે:—

અદ્ભુત સ્મરણશક્તિ તથા કવિતાશક્તિ ધરાવનારા એક જવાન હિંદુની અત્રે પધરામણી, અને તેના તરફથી થતા શતાવધાનના પ્રયોગ.

મોરબીથી કવિ શ્રી રાયચંદ્રજી રવજીભાઇ નામનો માત્ર ઓગણીશ વરસની વયનો એક હિંદુ ગૃહસ્થ અત્રે આવી સ્મરણશક્તિ તથા કવિતાશક્તિનાં જે અદ્ભુત કૃત્યો કરી દેખાડે છે, તેનાથી વાંચનારાઓને અમો વાકેફ કરતા જઇએ છીએ. એવી મહાન્ શક્તિના પુરૂષો એકથી વધારે આવી ગયા છે, અને ખુદ મુંબઈમાં શીઘ્રકવિ પંડિત ગટુલાલજી તેવી શક્તિ ધરાવનાર તરીકે જાણીતા છે; પણ હમણાં આવેલો સદરહુ પુરૂષ તેઓ કરતાં ચઢતી શક્તિનો કહેવાય છે; એટલે બીજાઓ જ્યારે અષ્ટાવધાન એટલે એકી વેળા આઠ પ્રકારના પ્રયોગો કરી બતાવે છે, ત્યારે આને શતાવધાની એટલે એકસો પ્રયોગો કરી દેખાડનારો સમજવામાં આવે છે. તેમનામાં રહેલી શક્તિની મોટી ખુબી એ છે કે, તેઓ એકી વેળા અનેક બાબત પોતાના મનમાં યાદ રાખી તથા રચી શકે છે; અને તે બાબત જેમ સેહેલી, તેમ કવિતા, ગણીત, અને ભાષાના સરખી અઘરી પણ હોય છે. ગમે એવા કઠણ છંદમાં તેઓ બોલ બોલતાં કવિતા રચે છે; ગમે એવી અંજાણી અને પારકી ભાષામાં કહેલાં ઉલટ પાલટ શબ્દોનાં વાકયોને સરખાં ગોઠવી આપે છે; અને તે સઘળું એક બીજાની સાથે વચ્ચે વચ્ચે કરે છે.

. . . .

એ શક્તિઓ ખરેજ અદ્ભૂત અને અસાધારણ છે; અને તે કેમ ખીલે છે તથા કામે લાગે છે તેની તપાસ કરી તેનો લાભ લેવાની તજવીજ કરવી જોઇએ છે. આટલું તો ખરૂં છે કે, એવી શક્તિ કુદરતની એક બક્ષેશ માત્ર છે, અને તે કોઇજ ભાગ્યશાળી ગૃહસ્થને અર્પણ થએલી હોય છે, પણ તે ખીલી કે વધી શકે કે નહીં, અને માણસ જાતના કારોબાર તથા વહેવારમાં આવી શકે કે નહીં તે નક્કી કરવાની જરૂર છે. કેટલીક તરફથી એવું માનવામાં આવે છે કે, તે તેવા ઉપયોગમાં આવી શકે નહીં, અને જો લેવા માંગે, તો તેનું બળ ઓછું થતું જાય. આમાં કેટલી સચ્ચાઇ છે તે પણ શોધી કાડવું જોઇએ. જો એ શક્તિ એવા ઉપયોગમાં આવી શકે નહીં; તો પછી તે માત્ર જોવાની અને નવાઈનીજ થઇ પડે. પણ આપણે એકદમ તેમ માનીશું નહીં. માણસ જાતમાં ઈશ્વરે મેલેલી દરેક શક્તિઓ ખીલવીને વધારી શકાય છે, તેમ ઉપલી અદ્ભુત શક્તિઓના સંબંધમાં પણ થવું જોઇએ; અને જો તેમ હોય, તો પછી આવા ચમત્કારિક પુરૂષોને ઉત્તેજન આપી તેમની શક્તિ ખીલવવા, અને તેને લોકઉપયોગી કામમાં ઉપયોગમાં આણવાની કોશેશ કરવાથી આપણે પછાત પડવું જોઇતું નથી. આ ખેદકારક છે કે, એવી શક્તિના જે પુરૂષો મળી આવે છે, તેઓ ઘણું કરી મુફ્લેસ હાલતના હોય છે. એવા પુરૂષો મુફ્લેસ હાલતમાં રહી જાય એ જેમ તેમના કમનસીબની વાત છે, તેમ દેશીઓની કદર પીછાણવાની શક્તિ વિષે નરસું લગાડનારી પણ છે. એવા પુરૂષો જો યુરોપ કે અમેરિકામાં હોય તો તેઓ મોટાં માન અને દોલતે પોશાય; તથા પ્રજા અને સરકાર તેમને ઉત્તેજન આપી આગળ વધાર્યા વગર રહે નહીં. અત્રે પણ તેમજ થવું જોઈએ છે, અને તેમ થશે તોજ એવા નામીચા પુરૂષોનો આપણામાં વધારો થશે. આ વાત પણ તપાસવા જોગ છે કે, એવા પુરૂષો અત્યારસુધી હિંદુ કોમમાંથીજ મળી આવે છે. મોહમેદન, પારસી વગેરે કોમમાંથી તેઓ મળી આવતા નથી, એનું કારણ શું? શું એવા પુરૂષો ચોકસ જાતમાંજ જન્મ પામે છે, અથવા વંશપરંપરા ઉતરે છે? એ સર્વે બાબતોની તપાસ કરતાં અગત્યના ખુલાસા મળશે, અને તેથી એવા પુરૂષો ઉત્પન્ન થવાનો કાંઇ નિયમ જણાવા જોગ તેમની વૃદ્ધિ બની પ્રજાને ફાયદો થશે.

[૨]

શ્રીમદે કરેલા શતાવધાનના પ્રયોગ સંબંધે લખતાં *The Indian Spectator* (ઇંડિયન સ્પેક્ટેટર) પત્ર તા. ૨૮, નવેમ્બર, ૧૮૮૧ ના અંકમાં જણાવે છે કે,—

We have had a visit from a young prodigy, Shatavadhani Kavi Shri Raichandra Ravji, an inhabitant of Vavanya, between Kutch and Morvi. Mr. Raichandra is a Bania by caste, a versifier by birth and by birth also a *Shatavadhani.* That is one whose mnemonic powers will perform, we suppose 100 different functions at one and the same time. He knows no other language but the Gujarati, and yet he can exercise his marvellous powers on sixteen different languages at one sitting. We shall be glad to introduce him to earnest inquirers.

[કચ્છ અને મોરબીની મધ્યમાં આવેલ વવાણીઆના નિવાસી એક તરૂણ પ્રોડિજિ--(મહા આશ્ચર્ય ઉપજાવે તેવી શક્તિ ધરાવનાર પુરૂષ--અલૌકિક) શતાવધાની કવિ શ્રી રાયચંદ્ર રવજીનો અમને સમાગમ થયો હતો. મી૦ રાયચંદ્ર વણિક જ્ઞાતિના છે, જન્મથી શતાવધાની છે, એટલે કે, જેની માનસિક સ્મરણશક્તિ એકજ સમયે ભિન્ન ભિન્ન ૧૦૦ કાર્ય કરી શકે. તેઓ માત્ર ગુજરાતી ભાષા જાણે છે, છતાં તેઓ પોતાની અદ્‌ભુત શક્તિઓનો જૂદી જૂદી સોળ ભાષાઓ ઉપર એકી વખતે ઉપયોગ કરી શકે છે. જિજ્ઞાસુઓને તેઓનું ઓળખ કરાવવા અમે ખુશી થઈશું.

[૩]

"મુંબઈસમાચાર" પત્ર તા. ૩, ડીસેમ્બર, ૧૮૮૬ ના અંકમાં નીચે પ્રમાણે શતાવધાનસભાનું વર્ણન આપે છે:--

યાદદાસ્ત શક્તિના એક તરૂણ હિંદુએ કરી બતાવેલા ચમત્કારો.

કાઠીઆવાડના મોરબી સંસ્થાનના ગામ વવાણીઆના રહીશ કવિ રાયચંદ્ર રવજીભાઇની અવધાનશક્તિના ચમત્કારો જોવાને અત્રેની 'થીઓસોફીકલ સોસાઈટી, તરફથી એક ખાનગી મેળાવડો કરવાનું આમંત્રણ થયું હતું. તે મુજબ સોસાઇટીવાળા મકાનમાં ગઇ પરમ દિવસ સાંજે સાડા પાંચ કલાકે હિંદુ, મુસલમીન, યુરોપ્યન, પારસી વગેરે જૂદી જૂદી જાતિના ગૃહસ્થો રૂબરૂ તેમણે તે કરી બતાવ્યા હતા. ઠેરવેલે વખતે કાઠીઆવાડી સાદા પોશાકમાં કવિ રાયચંદ્ર આવી પુગતાં તાળીઓના અવાજથી તેઓને વધાવી લેવામાં આવ્યા હતા. સાંજના કલાક છને સુમારે તેણે પોતાનું કાર્ય શરૂ કરતાં જણાવ્યું હતું કે, " દુનિયામાં માણસ જાત યાદદાસ્તશક્તિ, કાવ્યશક્તિ અને હસ્તચમત્કૃતિ માટે વખણાય છે. આ ત્રણમાંની પહેલી બેનું મને સેહજસાજ જ્ઞાન છે; અને છેલીથી હું બીન વાકેફ છું. હસ્તશક્તિનો તીર, બાણ, તલવાર બંદુક વગેરેમાં સમાસ થાય છે, કે જેમાં હિંદુઓમાં જાણીતા થઇ ગયેલા પાંડવો મશહુર છે. સ્મરણશક્તિ વિષે હું પણ કંઇક જાણું છું. તે મારી અલ્પશક્તિ જેટલુ તમો ગૃહસ્થો હજુર કહી સંભળાવીશ. "

તે પછી સભાના ગૃહસ્થોને વાકેફ કરવામાં આવ્યા હતા કે, જૂદી જૂદી આઠ ભાષાઓનું એકેક જણે એવું વાકય બનાવવું કે તેમાં છ શબ્દો આવે. તે મુજબ (૧) સ્પૅનીશ, (૨) અંગ્રેજી, (૩) જર્મન, (૪) ફ્રેંચ. (૫) લૅટીન, (૬) ઝંદ, (૭) સંસ્કૃત, અને (૮) બંગાલી ભાષા જાણનારા જૂદા જૂદા ગૃહસ્થોએ એક કાગળના કટકાપર આગમચથી છ છ શબ્દોનું વાકય લખી રાખ્યું હતું અને નવમી ફારસી ભાષા રહી જવાથી તેની માંગણી થતાં તે પણ મંજુર રખાઇ હતી.

કવિરાજે તે પછી જણાવ્યું હતું કે, " જૂદા જૂદા ભાષા ધરાવનાર એકેક શખસે પોતાના છ છ, બોલના વાકયનો એકેકો બોલ અવાર નવાર ગમે તેમ તેમને કહી સંભળાવવો. અનુક્રમે તે વાક્યોના શબ્દો કહેવાની કશી અગત્ય નથી. જૂદા જૂદા શબ્દો જૂદી જૂદી ભાષામા બોલાશે, તે હું લક્ષમાં લઇ કાગળપર લખ્યા મુજબ વાક્યોના અનુક્રમે શબ્દો છેવટે તમને કહી સંભળાવીશ. તેમજ વળી અધવચમાં હું જૂદા જૂદા બે રાગની કવિતા રચીશ. એકેક લીટી જોડી મારૂં લક્ષ તેમાં પણ દોરવીશ. " અત્રે સભાના એક ગૃહસ્થ તરફથી એવી માંગણી થઇ કે, એક કવિતામાં ' રૂસ્તમજી ' નામ તથા બીજીમાં આજની સભાનું વર્ણન આવે એવી મતલબ સમાવવી. કવિરાજે તે સ્વીકારી જણાવ્યું કે, પહેલી કવિતાની લીટી હું એવી બોલીશ કે તેમાં ' રૂસ્તમજી ' નામ આવી જશે. તે પછી કવિરાજે સ્થિર ચિત્તથી અવધાન તથા શીઘ્ર કવિતાનું કામ શરૂ કર્યું હતું. જૂદી જૂદી ભાષા લખનારા ગૃહસ્થો પોતે લખી રાખેલાં વાકયોના અનુક્રમ ત્રોડી છૂટક છૂટક શબ્દો કહેતા જતા હતા. તે કવિ યાદ રાખ-

તા હતા, ને તે કવિતા પણ કર્યે જતા હતા. સઘળા શબ્દો પૂરા થતાં અકબંધ વાક્યામાં તેઓ નીચે મુજબ બોલી ગયા હતા:

૧. **અંગ્રેજી.** હેવ યુ એવર બીન ઇન બૉમ્બે?

૨. **સ્પૅનીશ.** ડેક્વાનટૅસ પાલા બરાસ પોઇ ડેકસ્ટડે રીક્વરડારેસે.

૩. **જર્મન.** ઇસ્ટ યુ બ્રડર ઓ રોગ ટુ ક્રુગ.

૪. **ફ્રેંચ.** લા ફ્રાઝીલીટૅ ડેલરેહમે એસ્ટ પ્રોવશ બ્રાબે.

૫. **ઝંદ.** મઝ્દ્રા તાશ વહીશતાચ શ્રીએશતાચ વા આહુઇરીશ; જર શુરા તરીશ.

૬. **સંસ્કૃત.** ધરુતા ધરી પાણી રાયમય સપવિત્ર ઉપહુભ (?)

૭. **બંગાલી.** અપના કે ગી આશાય જઇશા ખા મોશા બીયા છેન.

૮. **લૅટીન.** એસે આડમીરાવી લેમ મેનટસ હુજ્જુસ જુવેનીશ.

૯. **ફારસી.** અખરો અનાર અસત મરદુમ ખુબ બરાયે.

(તાળીઓ).

એ પછી પહેલી કવિતામાં.

(છંદ ભુજંગી.)

રહ્યા છો મહા જોગને જાળવીને
 ભલો બોધ ભાખો તથાપિ ભવીને
નથી રાગ કે દ્વેષ કે માન કાંહી,
 વધુ શું વખાણું અહો 'રાય' આંહી ?

(શાર્દૂલ.)

રૂપી લોક સમસ્તની મન સજી વિદ્યાવિલાસે ગઇ,
તેથી સુજ્ઞ સમાજ આ અવસરે, તે ઇક્ષે ગાજી રહી;
થાતાં દર્શન આપનાંજ મુજને આનંદ ભારે થયો,
આપે આ મુજ શક્તિને નિરખતાં, હું સારથક થઈ ગયો.

અત્રે કવિરાજે જણાવ્યું કે, " તમો સાહેબોએ સૂચવેલાં નવ અવધાન તથા જોડેલી કવિતાઓ અનુક્રમે સંભળાવી મારૂં આજનું કાર્ય તમો ગૃહસ્થો હજુર પુરૂં થયું છે. (તાળીઓ.) ઉપલી ' ભુજંગી છંદ ' માં આજની સભાનું વર્ણન તેમજ ' શાર્દૂલ ' ની પહેલી લીટીમાં ૧, ૭, ૯, ૧૨ મા હરફોથી માગ્યા મુજબ " રૂસ્તમજી " નું નામ આવે છે. " મંડળીના એક સભાસદ મી૦ પીરોજશાહે માણસ જાત શું શું કરી શકે છે તેપર સભાજનોનું ધ્યાન ખેંચી જણાવ્યું કે, મનોબલ કેળવવા માંગીએ તો કેવું કેળવાય છે તેનો હાલનો દાખલો સરસ છે. એ પછી તેમણે કવિનો ઉપકાર માનવાની દરખાસ્ત કરતાં તાળીઓના અવાજો વચ્ચે તે બહાલ રહી હતી. તે બાદ મી૦ રૂસ્તમજી અરદેશર માસ્તરે મંડળી તરફથી કવિરાજને ફુલનો હાર અને ગોટો ભેટ આપ્યા બાદ મિલાવડો વિસર્જન થયો હતો.

[૪]

જામે-જમશેદ પત્ર ઉપર પ્રમાણે વર્ણન આપતાં એજ તારીખના પોતાના અંકમાં લખે છે કે, એકેક બોલ પોતાના મનમાં ઠસાવવા સારૂ લગભગ એક મિનિટ લેતા હતા; વળી તે અરસામાં કવિતા પણ જોડતા; અને એકેક લીટી લખાવતા. ભોગ જોગે જૂદી જૂદી ભાષાના શબ્દો બોલનારામાંનું કોઇ ભૂલ ખાઈ જતું, તો તરતજ તેણે ભૂલ કરી છે એવું તેઓ કહી આપતા હતા; જૂદી જૂદી ભાષાનાં વાક્ય નીચેના ગૃહસ્થોએ ગોઠવ્યાં હતાં:-- ઇંગ્રેજી, સ્પૅનીશ, તથા જર્મન, મી૦ વાઈ હાઉસ, યુનાઇટેડ સ્ટેટ્સના કાઉનસલ-જનરલ; ફ્રેંચ, એક ફ્રેચ ગૃહસ્થ; ફારસી, મી૦ ખોદાવક્ષ શીરમહમદ; ઝંદ, મી૦ રૂસતમજી કેરસાજી મોદી; લૅટીન મી૦ દલાલ; સંસ્કૃત મી૦ જનાર્દન ડી૦ કાલીકર; બંગાલી ડાક્ટર રાય૦ એ ગૃહસ્થોએ એકેક બોલ ગુંચવણ ભરેલી રીતે હેર ફેર કહ્યા પછી આ યુવાન ગૃહસ્થે કાંઇ પણ ભૂલચૂક વગર આખાં વાક્ય મોઢેથી રજુ કર્યા હતા. "

[૫]

The Times of India (ટાઇમ્સ ઑફ ઇંડિયા) પત્ર પોતાના તા૦ ૨૪, જાન્યુઆરી ૧૮૮૭ ના અંકમાં બીજી એક સભાનુ વર્ણન આ પ્રમાણે આપે છે:—

Exhibition of Mnemonic powers:—A large number of native gentlemen assembled on Saturday at the Framji Cowasji Institution to witness an exhibition of the mnemonic powers fo a Young Hindoo, named Rajchandra Ravjibhai of about 19 years of age. Dr. Peterson presided on the occassion. Ten Gentlemen of different castes, and creeds were selected from the audience to form a commit-

tee, and they all wrote out sentences composed of six words into as many different languages. Each one then gave in his turn one word of their sentence, oftentimes varying the order of the words. After a time the young Hindu reproduced to the surprise of his audience the entire sentences, giving the order of words from memory. The young man also seemed to have, a remarkable sense of perception by touch or feeling. He was first shown about a dozen books of various sizes, and was informed of the names of those books. The man was then blindfolded, and he gave out the names of each of those books by feeling it as it was placed in his hand. Dr. Peterson congratulated the young Hindu on the wonderful mnemonic powers, he seemed to be gifted with, and presented him with a gold medal on behalf of the Jain community."

["**અદ્‌ભુત સ્મરણ તથા માનસિક શક્તિઓનું પ્રદર્શનઃ**—રાજચંદ્ર રવજીભાઈ નામના ઓગણીશ વર્ષની વયના એક યુવાન હિંદુની અદ્‌ભુત સ્મરણ તથા માનસિક શક્તિઓનું પ્રદર્શન નિરીક્ષણ કરવા અર્થે, ગયા શનિવારે સાંજે ફરામજી કાવસજી ઈન્સ્ટીટયુટમાં દેશી-ગૃહસ્થોનો એક ભવ્ય મિલાવડો થયો હતો. આ પ્રસંગે ડૉક્ટર પીટરસને અધ્યક્ષપદ લીધું હતું. ભિન્ન ભિન્ન જાતિઓની દશ ગૃહસ્થોની એક મંડલી પ્રેક્ષક મંડળીમાંથી બનાવવામાં આવી હતી; અને તે સર્વે તેટલીજ ભાષાના છ છ શબ્દોના બનાવેલાં દશ વાકયો લખી આવ્યા હતા. ત્યાર પછી તેઓ પ્રત્યેક આડા અવળા કહેતા હતા. સહજ વખતમાં, તે યુવાન હિંદુએ પોતાના પ્રેક્ષક મંડલના સાનંદાશ્ચર્ય વચ્ચે પોતાની સ્મૃતિમાંથી સક્રમ તે વાકયો સંપૂર્ણપણે કહી બતાવ્યાં હતાં. આ યુવાન પુરુષ અલૌકિક સ્પર્શેન્દ્રિય તથા મનેંદ્રિય ધરાવતા જોવામાં આવ્યા હતા. તેઓને પ્રથમ એક ડઝન જેટલાં જૂદાં જૂદાં કદનાં પુસ્તકો બતાવવામાં આવ્યાં હતાં. અને તેઓને તેનાં નામ જણાવવામાં આવ્યાં ન હતાં ત્યાર પછી તેઓની ચક્ષુઓ પાટાવડે બંધ કરવામાં આવી હતી; અને તેઓએ તેઓના હાથમાં જેમ જેમ પુસ્તકો મૂકવામાં આવતાં ગયાં, તેમ તેમ તેનાં નામ (પુસ્તકોને) હસ્તવડે સ્પર્શ કરી કહી દીધાં હતાં. ડૉક્ટર પીટરસને આ યુવાન હિંદુને, આ ચમત્કારિક સ્મરણ અને માનસિક શક્તિથી વિભૂષિત થવા માટે અભિવંદન આપ્યું હતું, અને જૈન કોમની-વતી એક સુવર્ણ ચાંદ અર્પણ કર્યો હતો."]

[૬]

'ગુજરાતીઃ' પત્ર આજ સભાનું વર્ણન આપતાં તા૦ ૨૩ મી જાન્યુઆરીના અંકમાં આ પ્રમાણે લખે છે:—

ગઈ કાલ રોજ સાંજે અત્રેના ફરામજી કા૦ ઈન્સ્ટીટયુશનમાં કાઠિયાવાડના શીઘ્રકવિ રાયચંદ્ર રવજીએ શતાવધાન પ્રયોગ કરી બતાવ્યો હતો. શરૂઆતમાં **સીંધી, અંગ્રેજી, તેલંગુ, કેનેડી, મરાઠી, સંસ્કૃત, જર્મન, ફારસી, ફ્રેંચ, પોર્ટુગીઝ** એ દશ ભાષાના છ છ શબ્દનાં દશ વાકયો ઉત્તરો ઉત્તર આડાં અવળાં કહી બતાવેલાં તે કવિએ સ્મરણમાં રાખી મી૦ પીટરસનના પ્રમુખપણા નીચે યથાર્થ કહી સંભળાવી સભાને રંજન કરી હતી. કવિની અદ્‌ભુત સ્મરણશક્તિથી હરકોઇ અચરતીની નજરે જોતું હતું. પહેલો પ્રયોગ પુરો થતાં વાર કવિએ વિધાનવિધિ વચ્ચે રચેલી કવિતા નીચે પ્રમાણે કહી સંભળાવી હતી:—

સભાસદો અહીં મળ્યા, મહાન્ જે સુભાગિયા;
પ્રભા સરસ્વતિ તણી, પ્રમુખરૂપ આ ભણી.

ત્યાર બાદ મી૦ પીટરસને કવિની ટુંકામાં પ્રશંસા કરી જૈનમંડળ તરફથી તેઓને એક સોનાનો ચાંદ ભેટ આપ્યો, અને બીજા કેટલાક ગૃહસ્થોએ પણ યથાશક્તિ ભેટો આપી હતી. પ્રયોગના બીજા ભાગમાં આંખે પાટા બાંધી ચોપડીઓ ઓળખી કાઢી; અને ત્યારબાદ હર્ષના પોકારો વચ્ચે પ્રયોગ પૂરો કરી કવિ એક રસીલું ભાષણ કરી વિધાનવિધિ વિષે તથા સ્મરણશક્તિની કેળવણી વિષે થોડું બોલ્યા હતા. સભામાં આશરે બસો ગૃહસ્થો બિરાજ્યા હતા, અને કવિએ પોતાની અદ્‌ભુત શક્તિ બતાવી સર્વ કોઇને સાનંદાશ્ચર્ય પમાડયા હતા. મેળાવડો છેલ્લે સાડા છ વાગતે વિસર્જન થયો હતો.

[૭]

જામે-જમશેદ (તા૦ ૨૪, જાન્યુઆરી ૧૮૮૭) ના નીચેના હેવાલ ઉપરથી જણાશે કે, આ સભામાં સ્મૃતિમાં રાખેલા દશ ભાષાના શબ્દો અર્ધી કલાકમાં મનન કર્યા હતાઃ—

"એ પછી કમિટીના ગૃહસ્થોએ વારા ફરતી પોતાના વાકયોના બોલો હેરફેર રીતે કવિને કહ્યા હતા; અને તે થોડા થોડા વાર મનમાં છૂટા તેવણે ગોખ્યા હતા. વળી તેજ વખતે તેવણે એક કવિતાના છૂટા છૂટા અધુરા બોલો

એક જણને લખાવ્યા જતા. અર્ધો કલાક એ રીતે ગોખવા પછી, સભાની જોસભર તાળીઓ વચ્ચે સઘળાં વાકયો કવિ બરાબર બોલી ગયા હતા. તેવણુ ફતેહમંદીથી એક વાક્ય પુરો કરતાંજ જોસભરી તાળીઓનો આવકાર તેવણુને મળતો હતો.

"ડાકટર પીટરસને પોતાને આ અખતરાથી બેહદ અચરતી પામેલા જણાવ્યા હતા.

"અમારા સાંભળવામાં આવ્યું છે કે, આગલે દિવસે પોતાને મળેલી એક મેજબાની વખતે કેટલીક વાણીઓમાં મીઠું વધતું ઓછું હતું, તે કવિએ ચાખવા કે હાથ લગાડયા વિના માત્ર નજરે જોઇ કહી આપ્યું હતું."

વર્તમાનપત્રોના માત્ર આટલાજ લેખો અમને મળતાં અહીં પ્રસંગવશાત્ મૂકયા છે. **ટાઇમ્સ ઑફ ઇંડિયા, બૉમ્બે ગેઝિટ, જામે-જમશેદ** તથા બીજા પત્રોના 'સઅભિપ્રાય મુખ્ય લેખો' તથા બીજાં સભાનાં વર્ણનો, અને તે સમયના હાઇકોર્ટના ચીફ જજ્જ સર ચાલ્સૅ સારજંટ, મી૦ ટરનર વગેરે ઘણા યુરોપ્યન તથા દેશી અમેસરોના અભિવંદન પત્રો તે સમયના શ્રીમદ્‌ના એક પ્રસંગી પાસે રહી ગએલાં; જે પ્રસંગીનો પાછળથી દેહત્યાગ થતાં, મળી શકયાં નથી. તે પ્રસંગીના કુટુંબીઓ તરફથી આ સાહિત્ય મળી શકશે, તો ત્રીજી આવૃત્તિમાં દાખલ કરવા યોગ્ય પ્રયત્ન થશે.—સંશોધક

અવધાનવિધિ-મુંબઈસમાચારના નીચેના(૨૦, એપ્રિલ, ૧૯૦૧ ના) લેખથી શ્રીમદે સત્તર અઢાર વર્ષની વયે કરેલાં બાવન અવધાનનો વિધિ જણાવા યોગ્ય છેઃ—

"મહુંમ પ્રસિદ્ધ જૈનતત્ત્વવેત્તા અને શતાવધાની કવીશ્વર શ્રીમાન્ રાજચંદ્ર રવજીભાઇ, જેમને લગતી કેટલીક વિગત ગયા બુધવારના મુંબઈસમાચારમાં આપવામાં આવી છે, તેઓ એકી વખતે સો કામ કેવી રીતે કરતા હતા તેનો ખ્યાલ આપવામાટે તેઓએ કરી બતાવેલાં બાવન અવધાનોને લગતી વિગત અમો હેઠળ આપીએ છીએ. એ મહુંમ ગૃહસ્થની તસવીર આજના પત્રમાં અમોએ આપી છે તે ઉપરથી એવા બાહોશ અને કુદરતની ભારે મોટી બક્ષીશ ધરાવનાર ગૃહસ્થ કેટલા સાદા હતા તે દેખાઈ આવે છે. તેમના ચહેરા ઉપરથી કોઇ કદાપિજ કહી શકે, કે પોતાની સ્મરણશક્તિના અદ્ભુત ચમત્કાર દેખાડનાર એક દેશી તે આ તસવીરમાં દેખાતા જુવાન હતા. તેઓ એકી વખતે એકસો કામ કેવી રીતે બજાવતા હતા, તેને લગતી હેઠળ આપેલી કેટલીક વિગત ઉપરથી વાંચનારને મહુંમ રાજચંદ્ર રવજીભાઇના મરણ માટે વધારે દિલગીરજ થવાનું કારણ મળશેઃ—

બાવનકામઃ—ચોપાટે રમતાં જવું, શેતરંજે રમતાં જવું, ટકોરા ગણતા જવું, માળાના પારા ગણતાં જવું, સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આપેલા ગણતાં જવું, ગંજીફે રમતાં જવું, સોળ ભાષાઓના અક્ષરો યાદ રાખતાં જવું, બે કોઠામાં આડાઅવળા અક્ષરથી કવિતાઓ માગેલા વિષયની કરાવતા જવું, આઠ ભિન્ન ભિન્ન માગેલી સમસ્યાઓ પૂર્ણ કરતાં જવું, સોળ જૂદાં જૂદાં માગેલાં વૃત્તોમાં માગેલા વિષયો તૈયાર કરાવતાં જવું. એમ બાવન કામની શરૂઆત એક વખતે સાથે કરવી, એક કામનો કંઇક ભાગ કરી બીજા કામનો કંઇક ભાગ કરવો, પછી ત્રીજા કામનો કંઇક કરવો, પછી ચોથા કામનો કંઇક ભાગ કરવો, પછી પાંચમાંનો એમ બાવને કામનો થોડો થોડો ભાગ કરવો, ત્યાર પછી વળી પાછું પહેલા કામ તરફ આવવું; અને તેનો થોડો ભાગ કરવો, બીજાનો કરવો, ત્રીજાનો કરવો, એમ સઘળાં કામ પૂર્ણ થતાં સુધી કર્યા જવું. એક સ્થળે ઉંચે આસને બેસીને એ બધાં કામમાં મન અને દૃષ્ટિ પ્રેરિત કરવી. લખવું નહીં કે બીજીવાર પૂછવું નહીં, અને સઘળું સ્મરણભૂત રાખી એ બાવને કામ પૂર્ણ કરવાં. તે અથઇતિ આ પ્રમાણે ગણાય છેઃ—

૧. **ચોપાટે રમતાં જવુઃ**—ત્રણ જણ ચોપાટે બીજા રમતા હતા તેની સાથે ચોપાટે રમતાં જતાં અને વચ્ચે બીજાં એકાવન કામ કરતાં જતાં છેવટે લીલી, પીળી, લાલ અને કાળી એ ચાર રંગની સોગઠીઓ ધ્યાનમાં રાખી કહી આપી હતી. ચોપાટ વચ્ચેથી ઉપાડી લેવામાં આવી હતી.

૨. **ગંજીફે રમતાં જવુંઃ**—ચોપાટનો પાસો નાખ્યાં પછી બીજા ત્રણની સાથે કવીશ્વર ગંજીફે રમતા જતા હતા, અને છેવટે પોતાનાં તેરે પત્તાં કહી આપ્યાં હતાં. એ પત્તાં કવિને એકવાર જોવા આપી લઈ લેવામાં આવ્યાં હતાં.

૩. **શેતરંજે રમતાં જવુંઃ**—તેજ વખતે શેતરંજ રમવા બીજા એક જણની સાથે ચિત્ત પરોવ્યું હતું. અવધાનની સમાપ્તિ વચ્ચેથી ઉપાડી લીધેલ શેતરંજનાં પ્યાદાં ઉંટ, અશ્વ, હાથી અને વજીર બાદશાહ નંબરવાર કવિએ કહી આપ્યાં હતાં.

૪. **ટકોરા ગણવાઃ**—એ વખતે એક જણ બહાર ઉભો રહીને ઝાલરના ટકોરા વગાડતો હતો તે કવિએ સઘળા સ્મરણભૂત રાખી છેવટે કહી આપ્યા હતા.

૫. **પડતી અણોઠી ગણવીઃ**—કવિને વાંસે વચ્ચે વચ્ચે તે કામની સાથે અણોઠીઓ નાખવામાં આવતી હતી તે કેટલી થઇ તે અવધાનની સમાપ્તિએ કવિએ કહી આપી હતી.

૬-૭-૮-૯-આદબાકી, ગુણાકાર, ભાગાકાર, અને સર્વાળાઃ—કવિને તે કામોની સાથે ગણવા આપ્યા હતા જે કવિએ મનમાં રાખીને છેવટે તેના જવાબ ગણી આપ્યા હતા.

૧૦. એક જણ હાથમાં માળાના પારા ફેરવતો જતો હતો જેમાં કવિએ દૃષ્ટિ પરોવી હતી. તે માળા વચ્ચેથી અધુરી મૂકવામાં આવી હતી. છેવટે કવિએ તેના પારા કેટલા થયા, તે કહી આપ્યું હતું.

૧૧ થી ૨૬. જૂદી જૂદી ભાષાઓના શબ્દો—સોળ ભાષાના શબ્દો સોળ જણાને વહેંચી આપવામાં આવ્યા હતા. જ્યારે બીજાં કામો કવિ કરતા જતા હતા, ત્યારે વચ્ચે વચ્ચે અકેકો શબ્દ અનુક્રમવિના કવિને કાને મૂકવામાં આવતો હતો. પ્રથમ ત્રીજો આરબીનો કહેવાતો હતો, પછી ૪૧૭ મો લૅટીનનો કહેવાતો. બીજો સંસ્કૃતનો કહેવાતોપછી ૪૧૮ મો ઉર્દુનો કહેવાતો હતો. એમ અવિચ્છિન્ન અક્ષરો કવિને કહેવામાં આવ્યા હતા. સઘળા કહેવાઈ રહ્યા પછી અવધાનની સમાપ્તિએ ભાષાવાર કવિએ કહી આપ્યા હતા. સંસ્કૃતનો એક અક્ષર ચોથો હોય, અને એક પાંચસેમો હોય, એ બન્નોને કયાંય પણ લખ્યા શિવાય અંતઃકરણમાં ગોઠવી શ્લોકબંધ કહી દીધા હતા.

સંસ્કૃત, ગુજરાતી, મરાઠી હિંદી અંગ્રેજી, પંજાબી, કર્ણાટકી, બંગાળી, મારવાડી, ગ્રીક, ઉર્દુ, જાડેજી, આરબી, ફારસી, દ્રાવિડ, અને સિંધી એમ સોળભાષાના શબ્દો અપાયલા હતા. એ ભાષાના શબ્દોનાં વિલોમરૂપના એક બે દ્રષ્ટાન્ત અહીં આપ્યાં છે.

સંસ્કૃતનું વિલોમ સ્વરૂપ.

સ્તિ	કતો	ષ્ણા	સ્વ	સ્વ	ર્ગં	સ્તિ	ક્ત	ત્ર	ક્ષ	બં
હિ	વિ	યો	વિ	વા	કો	ષ	નુ	ર	રો	કો
ઘો	યા	કો	મુ	ષ	ગી	કઃ	રા	વા	વિ	પ
મ	કિ	યઃ	દં	ધો	યે	વિ	ન	હ	ર	દે

સંસ્કૃતનું ખરૂં સ્વરૂપ.

(કવિએ કહી આપ્યું)

બંધો હિ કો યો વિષયાનુરાગી
કો વા વિમુક્તો વિષયે વિરક્તઃ ૧
કો વાસ્તિ ઘોરો નરક સ્વદેહઃ
તૃષ્ણાક્ષયઃ સ્વર્ગપદં કિમસ્તિ ૨

ગુજરાતીનું વિલોમ સ્વરૂપ.

ત	ત્નો	ષ્ટિ	નાં	આ	જુ	આ	સુ
શો	જે	પે	દ	એ	ય	જો	થી
ર	સુ	ને	ભિ	ઇ	નં	હ	વાં
થા	છે	છે	*	*	*	*	*

ગુજરાતીનું ખરૂં સ્વરૂપ.

"આપનાં જેવાં રત્નોથી હજુ સૃષ્ટિ સુશોભિત છે; એ જોઇને આનંદ થાય છે.

જાડેજીનું વિલોમ સ્વરૂપ.

વ	મું	લે	તે	જી	જા	તો	ધિ	વા
ડે	ચો	જા	જી	ન	ય	હ	ચે	મ
અ	હી	મુ	ન	સા	કે	હી	શે	પ
ઠી	તો	ક	તો	પો	ર	ન	૦	૦

કવિએ આનું મુળ સ્વરૂપ કહી આપ્યું હતું તે.

મુંજા ધિલોજાન હતે અચે ન તો. મૂકે હી ઠીક પડે ન તો; પોય તોજી મરજી. હી સારો ચોવાય ?

અહીં તો અમે માત્ર ત્રણ ભાષાનાં લોમવિલોમરૂપ આપી શકયા છીએ, પરંતુ પોતે જાણતા ન હોતા એવી સોળ ભાષાના શબ્દો વિલોમરૂપ મટાડી ખરા રૂપમાં મૂકેલા હતા.

૨૮—બે જણ બે વિષયો કોષ્ટકમાં આડા અવળા અક્ષરથી માગેલા પુરા કરાવવા ઇચ્છા ધરે; તે કવિ કેવા રૂપથી પૂર્ણ કરતા તેનો એક નમૂનો અહીં આગળ આપ્યો છે. માગનાર જે અક્ષર માગે તે આપી કવિ તે કાવ્ય પૂર્ણ કરતા.

કવિતાને હિમ્મત–ભુજંગી.

૩૩ ભ	૧૬ લી	૩૨ કાં	૪૫ નિ	૮ સા	૧૯ સા	૩૬ ધ	૩૪ રે	૧૧ તું	૨૩ ક	૨૧ વી	૨૦ તા
૧૦ પ	૧૮ ડી	૩૧ શો	૭ ક	૪૪ માં	૨૭ કે	૨ મ	૩૭ તું	૩૫ કા	૧૨ વ્ય	૪૦ ગી	૩૮ તા?
૨૮ હ	૨૬ વે	૩૦ જો	૧૫ મ	૬ ને	૪૩ જો	૩ ડ	૪૨ તાં	૧૩ હ	૪૫ પૂં	૨૨ દે	૪૭ જે
૯ ફ	૧૭ પા	૪૮ તું	૨૫ ક	૨૯ રી	૫ મૂ	૪ જ	૪૧ સં	૧૪ ભા	૧ ળ	૩૯ લે	૨૪ જે

અક્ષર ઉપર જે આડાઅવળા આંકડા મૂકયા છે તે પ્રમાણે અક્ષરો મંગાયા હતા, તેમાંથી કવિતાની કવિતા થઇ ગઇ હતી.

૩૬—આઠ જુદી જુદી સમસ્યાઓ આપી હતી. તેની વચ્ચે વચ્ચે અકેકી કડી લખાવીને પૂર્ણ કરી હતી. છેવટે આઠે સમસ્યાઓ કવિએ પાછી બોલી દેખાડી હતી.

૩૬ થી ૫૨—સોળ જણાઓએ જુદા જુદા સોળ વિષયોની જુદા જુદા વૃત્તમાં કવિતા માગી હતી. જે કવિતાની અકેકી કડી અકેકું કામ કરતાં જતાં કવિએ પૂર્ણ કરાવી હતી; અને છેવટે તે પાછી સોળે નવી કવિતાઓ કવિને મોઢે થઈ ગઇ હતી, તે કવિએ કહી બતાવી હતી. શીઘ્ર કવિતાના બેત્રણ નમૂના આપીએ છીએ:—

"ચંદ્રના રથને હરણિયાં શામાટે જોડયાં છે? તે માટે તર્ક દોડાવવો, અને ઉપરની બે કડી પછી વાણીઆ ઉપર ઉતારવી" એ વિષય.

શાર્દૂલવિક્રીડિત.

"અંગે શૌર્ય દમામ નામ ન મળે, સત્તા રહી ના જરી'
પ્રેમી કાયરતાતણો અધિક છે, શાસ્ત્રે કથા એ ખરી,"
ભાગી જાય જરૂર તે ભય ભર્યો, રે' દેખતાં કેસરી,
તે માટે રથ ચંદ્રને હરણિયાં જોડી દિધાં શ્રી હરી!!!

કજોડાંમાટે હિંદુઓને તિરસ્કાર.

મનહર.

ફુળમૂળપર મોહી, શૂળ હાથે કરી રોપો.
મૂલથકી ધૂળ કેમ? કરો નિજ બાળિકા,
કરો છો કસાઈથકી, એ સવાઈ આર્ય ભાઈ,
નક્કી એ નવાઈની ભવાઇ સુખટાળિકા,
ચેતો ચેતો ચેતો રે ચતુર નર ચેતો ચિત્ત
બાળો નહીં હાથે કરી, બાળ અને બાળિકા,
અરે! રાયચંદ્ર કહો, કેમ કરી માને એહ,
ચઢી બેઠી એને કાંધે, ક્રોધ ધરી કાળિકા!!!

"કવિનું પોતાનું તેમના પિતાજી સહિત નામ આવે અને એક દોહરામાં મહાત્માને પ્રણામ થાય" તે વિષય.

દોહરા.

રાખે યશ ચંદ્રોદયે, રહે વધુ જિવિ નામ;
તેવા નરને પ્રેમથી, નામ કરે પરણામ.

ગ્રંથનો લગભગ સર્વ ભાગ પૂર્ણ મુદ્રિત થયા બાદ પંદર સોલ વરશની વયે કરેલ શીઘ્ર કાવ્યો મળતાં અત્ર મૂક્યાં છેઃ—

તોટક.

અતિ રોગ થયો ગણ સાગરને
ઝટ શોધ હકીમ સુનાગરને;
મુખ ફીણ વળે નહિ સૂખ મળે,
ગણ રોગછટા વદને નિકળે!!!

અહો પ્રશ્નકાર! સાગરને એક જબરજસ્ત રોગ થયો છે. તે રોગને ટાળવા માટે તું ચતુર અને ભલા હકીમને ઝટ શોધી કાઢ; એને મુખે ફીણ વળયા કરે છે, અને બીલકુલ સુખ જણાતું નથી. રોગનું એંધાણ મોઢે ફીણ વળે તે છે માટે ઉપાયમાં સાવધાન થા. (આમાં ધ્વનિ બીજો છે.)

અવધાનોમાં 'ચોપાટનો તિરસ્કાર' એ વિશે ભુજંગી આપ્યો હતો. જે અહીં આગળ પ્રત્યક્ષ છે.

ભુજંગી.

કર્યું રાજ્ય તે ધર્મનું ધુળધાણી,
વળી ફેરવ્યું કોરવો શીર પાણી!
તજી તું પ્રતાપે નળે નીજ રાણી,
હવે જોઇ ચોપાટ તારી કમાણી!!!?

એ જ અવધાનમાં 'વંઝયાપુત્ર મારવાને કોઈ ચાલ્યો જાય છે.' એ સમશ્યા પૂર્ણ કરવાની હતી, તે આવી રીતે પૂર્ણ કરી હતી.

કવિત–મનહર.

પ્રેમ ધરી પૂછયું એક, કવિ કને કામિનીએ,
ખલકનો ખેલ અહા! અજબ દેખાય છે,
સર્વને સંતાનસુખ, સંસારમાં સાંપડે છે,
એજ માટે વંઝયાતણો, જીવ તલખાય છે,
કહો કવિશાય એનું, કૃપાથી કારણ મને,
કહે કવિ કયાંથી થાય? એનું આમ થાય છે,
ઉદર પ્રવેશ પેલાં, પ્રભુને ત્યાંથી પઢાવી
વંઝયાપુત્ર મારવાને, કોઈ ચાલ્યો જાય છે!!!?

સવૈયા એકત્રિશા.

પાણી પૂર્વજનું ખોનારા, જાગ્યા આવા જેને વંશ!
બાપનામના બોળી બેઠા, ધિક્ક ધિક્ક એના આ અંશ!
મરો બુડીને નરો બાયલા ઢાંકણિમાં નાખીને નીર!!
આર્ય કીર્ત્તિને ઝાંખપ દીધી, એનો બટ્ટો તમને શીર.

.. ..

શું પ્રાચિન પૂર્વજ સંભારૂં, આંખે આંસૂ આવે વીર!
શી! હિમ્મત એના હૈયાની, રે શા એનાં નોતમ નીર!

... ...

આગળના ક્ષત્રીઓનું સ્મરણ કરતાં કહે છે કેઃ—
ટાળકસંકટ બાળક નારી, ગૌબ્રાહ્મણપ્રતિપાળક પૂર્ણ,
સંભાળક જે ધરાધર્મના, દુશ્મનદળ કરનારા ચૂર્ણ;
ખરાખરીના ખેલવિષે નહીં, પાછો પગ દેનારા વીર.
*અરે! હિંદના આજગયાકયાં?રઢિઆળા એવારણધીર.
ધન્ય ધન્ય તે રાણી જાયા, માયાને છટ છટ કરનાર,
વીરરસે જે જાયે વાહ્યા, કરે ન કાયાની દરકાર;
કેવળ કેશરિયાં કરનારા, અહા! કેશરિ સિંહ શરીર,
અરે! હિંદના આજ ગયા કયાં?રઢિયાળા એવા રણધીર.
*(આ ક્ષત્રીસ્મરણના ચોવીશ સવૈયા છે, તથાપિ અમને મળી શકયા નથી.)

હનુમાનસ્તુતિ.

હરિગીત.

સમરૂં સદા સમરણ કરીને, શાન્તતામાં મન ધરી,
ધરૂં ધ્યાન આઠે જામને, પરણામ પ્રેમેથી કરી,
તુજ સાંયથી મુજ કામ થાશે હામ પુરો મન તણી. ૧.

મહાવીરશ્રી હનુમાન તમને વંદનામારી ઘણી. ૧.
શ્રીરામકેરાં કામ કીધાં, નામ રાખ્યું જગતમાં;
સમરણ કરી જગનાથનું, પ્રથમે પુજાણા ભગતમાં;
અતિ હેતથી આશિષ પામ્યા બોલતાં જયરામની,
મહાવીર શ્રી હનુમાન તમને વંદના મારી ઘણીં ૨.
મંગળ કરણ મતિવાન થઈ, પ્રેમે કરી પ્રખ્યાત છો,
સંસાર તારણ કર્મમારણ, ભક્ત કેરા ભ્રાત છો;
વિશ્વાસથી આશા પુરો છો, સર્વ જનના મનતણી.
મહાવીર શ્રી હનુમાન તમને વંદના મારી ઘણી. ૩.
સીતા સતિને લાવિયા, નીતિ નીયમમાં મન ધર્યું,
જગમાંહી કે'વાણા જતિ, એ ઠીક કારણ શોધિયું;
આ રાયચંદ્ર વણિક વિનવે, હામથી હર્ષિત બની,
મહાવીર શ્રી હનુમાન તમને વંદના મારી ઘણી. ૪.

દોહરા.

હેત ધરી હનુમાનજી, સમરૂં છું સુખકાર,
આશા અંતરની કરો, પુરણ ભક્તાધાર. ૧.

કવિત.

હામ ધરી હનુમંત પ્રેમે પરણામ કરૂં;
તોડો મારા તંત એવી પુરણ છે વિનતિ.
રામ તણાં કામ કર્યાં, કરો છો ભગત કામ.
જગત પૂજે છે વારંવાર, માગી સુમતિ.
નિશદિન રટણ કરૂં છું, આપ નામતણું.
માગું છું હું અલ્પમતિ આશા પુરો હેતથી.
ચરણકમળ તણી કરૂં નિત્ય નિત્ય પુજા.
દુઃખ ટાળનાર સ્વામી આપની ગતિ છતી.

અંતર્લાપિકા દોહરા.

અતુરતા ચિત્તમાં નથી, વંદન લાયક તાત.
તુજ ગતિમાં મોહી રહું, કઇ દે એવી ખ્યાત.
રહું સદા આનંદમાં નામ લિધે દુઃખ જાય.
ભુજ વિષે દે જોરને કુષ્ટો દુર કપાય.
જગ સમરે છે આપને રેમ કરો તે દેવ,
ધાર્યું મારૂં નીપજે, કરતા રૂડી સેવ.

સંવત્ ૧૯૪૧ ના જેષ્ઠ માસમાં "ધર્મદર્પણ" નામના એક માસિક પત્રમાં શ્રીમદ્‌ની સત્તર વર્ષની વયે વર્તતી શક્તિના સંબંધમાં એક મુખ્ય લેખ છે તેમાંથી અમે નીચે પ્રમાણે લઇએ છીએ.

"પુનર્જન્મ નહીં માનનાર પુરૂષોને આ શીઘ્ર કવીશ્વરની અદ્‌ભુત શક્તિ પુનર્જન્મ છે એમ મનાવવાને માટે પ્રત્યક્ષ અને સબળ પુરાવો છે. આપણા આ શીઘ્રકવીશ્વરની દિવ્ય સ્વાભાવિક શક્તિ માટે આપણા ભરતખંડી આર્યોએ અભિમાન ધરવા જેવું છે. ધન્ય છે! એમની જન્મભૂમિને, અને ધન્ય છે એમની જનેતાને! એ ભારતભુષણ રયણીય રત્ન મહાત્મા શીઘ્રકવીશ્વરને શતાવધાન સુધી પહોંચવા ઉત્સાહ છે.—" **ધર્મદર્પણ** "જેઠ, ૧૯૪૧.

વર્ષ ૨૦ તથા ૨૧ મું.

૩૭.

સ્ત્રીનાં સંબંધમાં મારા વિચાર.

અતિ અતિ સ્વસ્થ વિચારણાથી એમ સિદ્ધ થયું કે, શુદ્ધ જ્ઞાનને આશ્રયે નિરાબાધ સુખ રહ્યું છે; તથા ત્યાંજ પરમ સમાધિ રહી છે. સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવર્ણિક-દષ્ટિથી કલ્પાયું છે, પણ તે તેમ નથી જ. સ્ત્રીથી જે સંયોગસુખ ભોગવવાનું ચિન્હ, તે વિવેકથી દૃષ્ટિગોચર કરતાં વમન કરવાને યોગ્ય ભૂમિકાને પણ યોગ્ય રહેતું નથી. જે જે પદાર્થો પર જુગુપ્સા રહી છે, તે તે પદાર્થો તો તેના શરીરમાં રહ્યા છે, અને તેની તે જન્મભૂમિકા છે. વળી એ સુખ ક્ષણિક, ખેદ અને ખસના દરદરૂપ જ છે. તે વેળાનો દેખાવ હૃદયમાં ચિત્રાઈ રહી હસાવે છે કે, શી આ ભૂલવણી? ટુંકામાં કહેવાનું કે, તેમાં કંઈ પણ સુખ નથી અને સુખ હોય તો તેને અપરિચ્છેદરૂપે વર્ણવી જુઓ, એટલે માત્ર મોહદશાને લીધે તેમ માન્યતા થઈ છે, એમ જ જણાશે. અહીં હું સ્ત્રીના અવયવાદિ ભાગનો વિવેક કરવા બેઠો નથી; પણ ત્યાં ફરી આત્મા ન જ ખેંચાય એ વિવેક થયો છે, તેનું સહજ સૂચવન કર્યું. સ્ત્રીમાં દોષ નથી, પણ આત્મામાં દોષ છે, અને એ દોષ જવાથી આત્મા જે જુએ છે તે, અદ્‌ભુત આનંદમય જ છે; માટે એ દોષથી રહિત થવું એ જ પરમ જિજ્ઞાસા છે. શુદ્ધ ઉપયોગની જો પ્રાપ્તિ થઈ તો પછી તે સમયે સમયે પૂર્વોપાર્જિત મોહનીય (કર્મ) ને ભસ્મિભૂત કરી શકશે. આ અનુભવગમ્ય પ્રવચન છે.

પણ પૂર્વોપાર્જિત હજુસુધી મને પ્રવર્તે છે, ત્યાંસુધી મારી શી દશાથી શાંતિ થાય? એ વિચારતાં મને નીચે પ્રમાણે સમાધાન થયું: . . . .

* * * * * * * * * *

સ્ત્રીના સંબંધમાં કાંઇ પણ રાગ, દ્વેષ રાખવા મારી અંશ માત્ર ઇચ્છા નથી, પણ પૂર્વોપાર્જનથી ઇચ્છાના પ્રવર્ત્તનમાં અટક્યો છું.

[અંગત.

૩૮

૧ નિયમ પાળવાનું દઢ કરતા છતાં નથી પળતો, એ પૂર્વકર્મનો જ દોષ છે, એમ જ્ઞાનીઓનું કહેવું છે.
૨. સ્ત્રીનું કોઇ અંગ લેશ માત્ર સુખદાયક નથી, છતાં મારો દેહ ભોગવે છે.
૩. તત્ત્વાભિલાષાથી મને પુછો તો હું તમને નિરાગી ધર્મ બોધી શકું ખરો.
૪. મારા પર સઘળા સરલ ભાવથી હુકમ ચલાવો તો હું રાજી છું.
૫. હું સંસારથી લેશ પણ રાગસંયુક્ત નથી, છતાં તેને જ ભોગવું છું, કાંઇ મેં ત્યાગ્યું નથી.
૬. નિર્વિકારી દશાથી મને એકલો રહેવા દ્યો.
૭. ગજસુકુમારની ક્ષમા અને રાજેમતી રહનેમીને બોધિ છે તે બોધ, મને પ્રાપ્ત થાઓ.
૮. ભોગ ભોગવતાં સુધી (જ્યાં સુધી તે કર્મ છે ત્યાંસુધી) મને યોગ જ પ્રાપ્ત રહો !
૯. સર્વ શાસ્ત્રનું એક તત્વ મને મળ્યું છે, એમ કહું તો મારૂં અહંપદ નથી.
૧૦. ન્યાય મને બહુ પ્રિય છે. વીરની શૈલી એજ ન્યાય છે, સમજવું દુર્લભ છે.
૧૧. કોઈ ધર્મથી હું વિરૂદ્ધ નથી, સર્વ ધર્મ હું પાળું છું, તમે સઘળા ધર્મથી વિરુદ્ધ છો, એમ કહેવામાં મારો ઉત્તમ હેતુ છે.
૧૨. તમારો માનેલો ધર્મ મને કયા પ્રમાણથી બોધો છો તે મારે જાણવું જરૂરનું છે.
૧૩. કોઇ પણ શાસ્ત્રમાં મને શંકા ન હો.
૧૪. દુઃખના માર્યા વૈરાગ્ય લઇ જગતને આ લોકો ભમાવે છે.
૧૫. અત્યારે, હું કોણ છું એનું, મને પૂર્ણ ભાન નથી.
૧૬. તું સત્પુરૂષનો શિષ્ય છે.
૧૭. એ જ મારી આકાંક્ષા છે.
૧૮. મને કોઈ ગજસુકુમાર જેવો વખત આવો.
૧૯. કોઇ રાજેમતિ જેવો વખત આવો.

[અંગત.

૩૯

હે જીવ ! તું ભૂલ મા.

સુખ અંતરમાં છે, તે બહાર શોધવાથી નહીં મળે.

અંતરનું સુખ અંતરની સ્થિતિમાં છે. સ્થિતિ થવા માટે બાહ્યપદાર્થો સંબંધીનું આશ્ચર્ય ભૂલ.

સ્થિતિ રહેવી બહુ વિકટ છે, નિમિત્તાધીન ફરી ફરી વૃત્તિ ચલિત થઇ જાય છે; એનો દઢ ઉપયોગ રાખવો જોઇએ.

એ ક્રમ યથાયોગ્ય ચલાવ્યો આવીશ તો તું મુંઝાઇશ નહીં, નિર્ભય થઇશ.

હે જીવ ! તું ભૂલ મા.

વખતે વખતે ઉપયોગ ચૂકી કોઇને રંજન કરવામાં, કોઇથી રંજન થવામાં, વા મનની નિર્બળતાને લીધે અન્ય પાસે મંદ થઇ જાય છે;—એ ભૂલ થાય છે; તે ન કર.

હે જીવ ! તું ભમા મા; તને હિત કહું છું.

અંતરમાં સુખ છે, બહાર શોધવાથી મળશે નહીં.

અંતરનું સુખ અંતરની સમશ્રેણિમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર; આશ્ચર્ય ભૂલ.

સમશ્રેણિ રહેવી બહુ દુર્લભ છે; નિમિત્તાધીનવૃત્તિ ફરી ફરી ચલિત થઇ જશે, ન થવા અચળ ગંભીર ઉપયોગ રાખ.

આ ક્રમ યથાયોગ્યપણે ચાલ્યો આવ્યો તો, તું જીવન ત્યાગ કરતો રહીશ, મુંઝાઇશ નહીં, નિર્ભય થઇશ.

[અંગત.

૪૦

જગતને રૂડું દેખાડવા પ્રયત્ન કર્યું, તેથી રૂડું થયું નથી, કેમકે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એકભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંત ભવનું સાટું વળી રહેશે, એમ હું લઘુત્વભાવે સમજ્યો છું; અને તેમ કરવામાં જ મારી પ્રવૃત્તિછે. આ મહાબંધનથી રહિત થવામાં જે જે સાધન-પદાર્થ શ્રેષ્ઠ લાગે, તે ગ્રહવા એજ માન્યતા છે, તો પછી તે માટે જગતની અનુકૂલતા-પ્રતિકૂલતા શું જોવી ? તે ગમે તેમ બોલે, પણ આત્મા જો બંધનરહિત થતો હોય, સમાધિમય દશા પામતો હોય, તો તેમ કરી લેવું; એટલે કીર્ત્તિ-અપકીર્ત્તિથી સર્વ કાળને માટે રહિત થઇ શકાશે. અત્યારે એ વગેરે એમના પક્ષના લોકોના જે વિચારો મારે માટે પ્રવર્તે છે તે, મને ધ્યાનમાં સ્મૃત છે, પણ વિસ્મૃત કરવા એજ શ્રેયસ્કર છે. તમે નિર્ભય રહેજો. મારે માટે કોઇ કાંઇ કહે તે સાંભળી મૌન રહેજો; તેઓને માટે કાંઇ શોક-હર્ષ કરશો નહીં. જે પુરૂષપર તમારો પ્રશસ્ત રાગ છે, તેના ઇષ્ટદેવ પરમાત્મા જિન-મહાયોગેંદ્ર પાર્શ્વનાથાદિક-નું સ્મરણ રાખજો; અને જેમ બને તેમ નિર્મોહી થઇ મુક્તદશાને ઇચ્છજો. જીવિતવ્ય કે જીવનપૂર્ણતા સંબંધી કાંઇ સંકલ્પ-વિકલ્પ કરશો નહીં. ઉપયોગ શુદ્ધ કરવા આ જગતના સંકલ્પ-વિકલ્પને ભૂલી જજો. પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો; અને તેજ અભિલાષા રાખ્યા રહેજો. એજ તમને પુનઃ પુનઃ આશીર્વાદપૂર્વક મારી શિક્ષા છે. આ અલ્પજ્ઞ આત્મા પણ તે પદનો અભિલાષી અને તે પુરૂષના ચરણકમળમાં તલ્લિન થયેલો દીન શિષ્ય છે. તમને તેવી શ્રદ્ધાની જ શિક્ષા દેછે. વીરસ્વામીનું બોધેલું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવથી સર્વસ્વરુપ યથાતથ્ય છે, એ ભૂલશો નહીં. તેની શિક્ષાની કોઇ પણ પ્રકારે વિરાધના થઇ હોય, તે માટે પશ્ચાત્તાપ કરજો. આ કાળની અપેક્ષાએ મન, વચન, કાયા આત્મભાવે તેના ખોળામાં અર્પણ કરો; એ જ મોક્ષનો માર્ગ છે. જગતના સઘળા દર્શનની-મતની શ્રદ્ધાને ભૂલી જજો. જૈન સંબંધી સર્વ ખ્યાલ ભૂલી જજો; માત્ર તે સત્પુરુષોના અદ્દ્ભુત, યોગ-સ્ફુરિત ચરિત્રમાં જ ઉપયોગને પ્રેરશો. આ તમારા "માનેલા મુરબ્બી" માટે કોઇ પણ પ્રકારે હર્ષ-શોક કરશો નહીં; તેની ઇચ્છામાત્ર સંકલ્પ-વિકલ્પથી રહિત થવાનીજ છે; તેને અને આ વિચિત્ર જગતને કંઇ લગાતું વળગતું કે લેવા દેવા નથી, એટલે તેમાંથી તેને માટે ગમે તે વિચારો બંધાય કે બોલાય, તે ભણી હવે જવા ઇચ્છા નથી. જગત્માંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યાં છે તે, હળવે હળવે તેને આપી દઇ, ઋણમુક્ત થવું એ જ, તેની સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે; બાકી તેને કાંઇ આવડતું નથી; તે બીજું કંઇ ઇચ્છતો નથી; પૂર્વકર્મના આધારે તેનું સઘળું વિચરવું છે; એમ સમજી પરમ સંતોષ રાખજો; આ વાત ગુપ્ત રાખજો. કેમ આપણે માનીએ છીએ, અથવા કેમ વર્તીએ છીએ તે, જગતને દેખાડવાની જરૂર નથી, પણ આત્માને આટલું જ પૂછવાની જરૂર છે કે, જો મુક્તિને ઇચ્છે છે તો સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષને મૂક; અને તે મૂકવામાં તને કંઇ બાધા હોય તો

તે કહે. તે તેની મેળે માની જશે; અને તે તેની મેળે મૂકી દેશે, જ્યાં ત્યાંથી રાગ-દ્વેષ રહિત થવું એ જ, મારો ધર્મ છે; અને તે તમને અત્યારે બોધી જઉં છું. હવે પરસ્પર મળીશું ત્યારે તમને કંઇપણ આત્મત્વ સાધનો બતાવાશે તો બતાવીશ બાકી ધર્મ મેં ઉપર કહ્યો તે જ છે, અને તે જ ઉપયોગ રાખજો. ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરૂષનાં ચરણકમળ છે, તે પણ કહી જઉં છું.

આત્મભાવમાં સઘળું રાખજો, ધર્મધ્યાનમાં ઉપયોગ રાખજો; જગતના કોઇ પણ પદાર્થ, સગાં, કુટુંબી, મિત્રનો કંઇ હર્ષશોક કરવો યોગ્ય જ નથી. પરમશાંતિપદને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મતધર્મ છે, અને એ જ ઇચ્છામાં ને ઇચ્છામાં તે મળી જશે, માટે નિશ્ચિંત રહો હું કોઇ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું, એ ભૂલશો નહીં.

વિ૦ રાયચંદ

સં. ૧૯૪૪, આશો વદ ૨, ગુરૂ. મુંબઇ.

વર્ષ ૨૨ મું.

૪૧.

જગત્માં નિરાગીત્વ, વિનયતા અને સત્પુરૂષની આજ્ઞા એ નહીં મળવાથી આ આત્મા અનાદિકાળથી રખડયો; પણ નિરૂપાયતા થઇ તે થઇ. હવે આપણે પુરૂષાર્થ કરવો ઉચિત છે; જય થાઓ.

માગશર શુદ ૧૨, ૧૯૪૫.

૪૨.

મારા ભણી મોહદશા નહીં રાખો. હું તો એક અલ્પ શક્તિવાળું પામર મનુષ્ય છું. સૃષ્ટિમાં અનેક સત્પુરુષો ગુપ્તરૂપે રહ્યા છે, તેમના ગુણને સ્મરો, તેઓનો પવિત્ર સમાગમ કરો, અને આત્મિક લાભવડે મનુષ્યભવને સાર્થક કરો, એ મારી નિરંતર પ્રાર્થના છે.

માર્ગ૦ વદી ૭, ૧૯૪૫. બોએ. **લી૦ રાયચંદના પ્રણામ વાંચશો.**

૪૩.

સત્પુરુષોને નમસ્કાર.

આત્માની એ દશાને જેમ બને તેમ અટકાવી, યોગ્યતાને આધીન થઇ, તે સર્વેના મનનું સમાધાન કરી, આ સંગતને ઇચ્છો, અને આ સંગત કે આ પુરુષ તે પરમાત્મતત્ત્વમાં લીન રહે, એ આશીર્વાદ આપ્યા જ કરો. તન, મન, વચને આત્મસ્થિતિને જાળવશો, ધર્મધ્યાન ધ્યાવન કરવા ભલામણ છે.

માહ વદ ૭, ૧૯૪૫, વવાણીઆ. **લિ૦ રાયચંદના પ્રણામ.**

૪૪.

સત્પુરુષોને નમસ્કાર.

સુજ્ઞ;–વૈરાગ્યભણીના મારા આત્મવર્ત્તન વિષે પૂછો છો તે પ્રશ્નનો ઉત્તર કયા શબ્દોમાં લખું ? અને તેને માટે તમને પ્રમાણ શું આપી શકીશ ? તો પણ ટુંકામાં એમ જ્ઞાનીનું જે માન્ય કરે-

શું (તત્ત્વ ?) સમ્મત કરીએ કે, ઉદય આવેલાં પ્રાચીન કર્મો ભોગવવાં; નૂતન ન બંધાય એમાં જ આપણું આત્મહિત છે. એ શ્રેણિમાં વર્ત્તન કરવા મારી પ્રપૂર્ણ આકાંક્ષા છે; પણ તે જ્ઞાનીગમ્ય હોવાથી બાહ્યપ્રવૃત્તિ હજુ તેનો એક અંશ પણ થઇ શકતી નથી. આંતરપ્રવૃત્તિ ગમે તેટલી નિરાગશ્રેણિભણી વળતી હોય, પણ બાહ્યને આધીન હજી બહુ વર્ત્તવું પડે એ દેખીતું છે.-બોલતાં, ચાલતાં, બેસતાં, ઉઠતાં અને કાંઇ પણ કામ કરતાં લૌકિક શ્રેણિને અનુસરીને ચાલવું પડે. જો એમ ન થઇ શકે, તો લોક કુતર્કમાં ન જાય એમ મને સંભવે છે. તોપણ કંઇ પ્રવૃત્તિ ફરતી રાખી છે. તમારા સઘળાઓનું માનવું મારી (વૈરાગ્યમયી) વર્ત્તનાને માટે કાંઇ વાંધાભરેલું છે; તેમ જ કોઇનું માનવું મારી તે શ્રેણિને માટે શંકાભરેલું પણ હોય; એટલે તમે ઇત્યાદિ વૈરાગ્યમાં જતો અટકાવવા પ્રયત્ન કરો, અને શંકાવાળા તે વૈરાગ્યના ઉપેક્ષિત થઇ ગણકારે નહીં; એથી ખેદ પામી સંસારની વૃદ્ધિ કરવી પડે; એથી મારું માન્ય એમ જ છે કે, સત્ય અંતઃકરણ દર્શાવવાની પ્રાયે ભૂમિ તળે બહુ જ થોડી જગ્યાઓ સંભવે છે જેમ છે તેમ આત્માનું આત્મામાં સમાવી જીવનપર્યંત સમાધિભાવસંયુક્ત રહે, તો પછી સંસારભણીના તે ખેદમાં પડવું જ નહીં. હમણા તો તમે જુઓ છો તેમ છઉં. સંસારી પ્રવર્ત્તન થાય છે તે કરું છઉં. ધર્મસંબંધી મારી વર્ત્તના તે સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં દશ્ય થતી હોય તે ખરી. પૂછવી જોઇતી ન હોતી. પૂછતાં કહી શકાય તેવી પણ નથી. સહજ ઉત્તર આપવો ઘટે તે આપ્યો છે. શું થાય છે ? અને પાત્રતા ક્યાં છે ? એ જોઉં છઉં. ઉદય આવેલાં કર્મો ભોગવું છઉં. ખરી સ્થિતિમાં હજુ એકાદઅંશ પણ આવ્યો હોઉં એમ કહેવું તે આત્મપ્રશંસારૂપ જ સંભવે છે.

બનતી પ્રભુભક્તિ, સત્સંગ, સત્યવ્યવહારની સાથે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ પ્રાપ્ત કરતા રહો. પ્રયત્ને જેમ આત્મા ઊર્ધ્વગતિનો પરિણામી થાય તેમ કરો.

સમય સમય જીવનની ક્ષણિક વ્યતીતતા છે ત્યાં પ્રમાદ કરીએ છીએ; એ જ મહામોહનીયનું–

વવાણીઆ બંદર, મહાવદ, ૭ શુક્ર, ૧૯૪૫ વિક્રમ.

વિ૦ રાયચંદના સત્પુરુષોને નમસ્કારસહિત પ્રણામ.

૪૫.

નિરાગી પુરૂષોને નમસ્કાર.

નિર્ગ્રંથ ભગવાનના પ્રણીતેલા પવિત્ર ધર્મ માટે જે જે ઉપમા આપીએ તે તે ન્યૂન જ છે. આત્મા અનંત કાળ રખડ્યો તે માત્ર એના નિરૂપમ ધર્મના અભાવે જેના એક રોમમાં કિંચિત્ પણ અજ્ઞાન, મોહ કે અસમાધિ રહી નથી, તે સત્પુરુષનાં વચન અને બોધ માટે કઇ પણ નહીં કહી શકતાં, તેનાં જ વચનમાં પ્રશસ્તભાવે પુનઃ પુનઃ પ્રશસ્ત થવું, એ પણ આપણું સર્વોત્તમ શ્રેય છે. શી એની શૈલી ! જ્યાં આત્માને વિકારમય થવાને અનંતાંશ પણ રહ્યો નથી. શુદ્ધ, સ્ફટિક, ફીણ અને ચંદ્રથી ઉજ્જ્વલ શુક્લધ્યાનની શ્રેણિથી પ્રવાહરૂપે નીકળેલાં તે નિર્ગ્રંથનાં પવિત્ર વચનોની મને-તમને ત્રિકાળ શ્રદ્ધા રહો ! એ જ પરમાત્માના યોગબલ આગળ પ્રયાચના !

સં. ૧૯૪૫ ના મહા વદ ૧૦, સોમે, વવાણીઆ બંદર.

૪૬.

નિરાગી મહાત્માઓને નમસ્કાર.

મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમશાંતિને ભૂતકાળે પામ્યા, તે તે સઘળા સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્ત્તમાનકાળે પણ તેથી જ પામે છે; ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી, અસરળતા નથી, ઉન્મત્તતા નથી; ભેદાભેદ નથી; માન્યામાન્ય નથી, તે સરળ માર્ગ છે, તે સમાધિ માર્ગ છે, તથા તે સ્થિર માર્ગ છે; અને સ્વાભાવિક શાંતિ

સ્વરૂપે છે. સર્વ કાળે તે માર્ગનું હોવાપણું છે. માર્ગના મર્મને પામ્યા વિના કોઈ ભૂતકાળે મોક્ષ પામ્યા નથી, વર્ત્તમાનકાળે પામતા નથી અને ભવિષ્યકાળે પામશે નહીં. શ્રી જિને સહસ્ર ક્રિયાઓ અને સહસ્ર ઉપદેશો એ એક જ માર્ગ આપવા માટે કહ્યાં છે; ને તે માર્ગને અર્થે તે ક્રિયાઓ અને ઉપદેશો ગ્રહણ થાય તો સફળ છે, અને એ માર્ગને ભૂલી જઇ તે ક્રિયાઓ અને તે ઉપદેશો ગ્રહણ થાય તો તે સૌ નિષ્ફળ છે. શ્રી મહાવીર જે વાટેથી તર્યા તે વાટેથી શ્રીકૃષ્ણ તરશે; જે વાટેથી શ્રીકૃષ્ણ તરશે, તે વાટેથી શ્રી મહાવીર તર્યા છે· એ વાટ ગમે ત્યાં બેઠાં, ગમે તે કાળે, ગમે તે શ્રેણિમાં, ગમે તે યોગમાં જ્યારે પમાશે ત્યારે, પવિત્ર, શાશ્વત સત્પદના અનંત અતીંદ્રિય સુખનો અનુભવ થશે. તે વાટ સર્વ સ્થળે સંભવિત છે, યોગ્ય સામગ્રી નહીં મેળવવાથી ભવ્ય પણ એ માર્ગ પામતાં અટક્યા છે તથા અટકશે અને અટક્યા હતા. કોઇ પણ ધર્મ સંબંધી મતભેદ રાખવો છોડી દઇ, એકાગ્ર ભાવથી સમ્યક્‌યોગે એ જ માર્ગ સંશોધન કરવાનો છે. વિશેષ શું કહેવું ? તે માર્ગ આત્મામાં રહ્યો છે. આત્મત્વપ્રાપ્તપુરુષ–નિર્ગ્રંથઆત્મા–જ્યારે યોગ્યતા ગણી તે આત્મત્વ અર્પશે–ઉદય આપશે ત્યારે જ, તે પ્રાપ્ત થશે,–ત્યારે જ તેની વાટ મળશે, ત્યારે જ તે મતભેદાદિક જશે, મતભેદ રાખી કોઇ મોક્ષ પામ્યા નથી; વિચારીને જેણે મતભેદને ટાળ્યો, તે અંતર્વૃત્તિને પામી ક્રમે કરી શાશ્વત મોક્ષને પામ્યા છે, પામે છે અને પામશે.

ફાલ્ગુન શુદ ૯, રવિ. ૧૯૪૫.

૪૭.

નિરાગી મહાત્માઓને નમસ્કાર.

કર્મ એ જડ વસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે. આશ્ચર્યતા છે કે, પોતે જડ છતાં ચેતનને અચેતન મનાવી રહ્યાં છે ! ચેતન ચેતનભાવ ભૂલી જઇ તેને સ્વસ્વરુપ જ માને છે; જે પુરુષો તે કર્મસંયોગ અને તેના ઉદયે ઉત્પન્ન થયેલા પર્યાયોને સ્વસ્વરુપ નથી માનતા અને પૂર્વસંયોગો સત્તામાં છે તેને, અબંધપરિણામે ભોગવી રહ્યા છે, તે આત્માઓ સ્વભાવની ઉત્તરોત્તર ઊર્ધ્વ શ્રેણિ પામી શુદ્ધ ચેતનભાવને પામશે. આમ કહેવું સપ્રમાણ છે, કારણ અતીત કાળે તેમ થયું છે, વર્ત્તમાન કાળે તેમ થાય છે, અનાગત કાળે તેમ જ થશે. કોઇ પણ આત્મા ઉદયીકર્મને ભોગવતાં સમત્વશ્રેણિમાં પ્રવેશ કરી અબંધપરિણામે વર્ત્તશે તો, ખચિત ચેતનશુદ્ધિ પામશે.

આત્મા વિનયી (થઇ), સરળ અને લઘુત્વ ભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો તો, જે મહાત્માઓને નમસ્કાર કર્યો છે, તે મહાત્માઓની જે જાતિની રિદ્ધિ છે, તે જાતિની રિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય. અનંત કાળમાં કાં તો સત્પાત્રતા થઇ નથી, અને કાં તો સત્પુરુષ (જેમાં સદ્‌ગુરુત્વ, સત્સંગ અને સત્કથા એ રહ્યાં છે.) મળ્યા નથી; નહીં તો નિશ્ચય છે કે, મોક્ષ હથેળીમાં છે. ઇષત્ પ્રાગ્ભારા એટલે સિદ્ધિ, પૃથ્વી પર ત્યાર પછી છે;–અને સર્વ શાસ્ત્ર પણ સમ્મત છે. (મનન કરશો.) અને આ કથન ત્રિકાળસિદ્ધ છે.

ફાલ્ગુન શુદ ૯, રવિ, ૧૯૪૫.

૪૮.

કર્મની ગતિ વિચિત્ર છે. નિરંતર મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષાભાવના ભાવશો. મૈત્રી

એટલે સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ, પ્રમોદ એટલે કોઇ પણ આત્માના ગુણ જોઇ હર્ષ પામવો; કરુણા એટલે સંસારતાપથી દુઃખી આત્માના દુઃખથી અનુકંપા પામવી અને ઉપેક્ષા એટલે નિસ્પૃહભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું. એ ભાવનાઓ કલ્યાણમય અને પાત્રતા આપનારી છે.

ચૈત્ર વદ ૯, ૧૯૪૫, મોરબી

ચિ૦—, ૪૯.

તમારા બન્નેના પત્રો મળ્યા. સ્યાદ્વાદ્દર્શનસ્વરુપ પામવા માટે તમારી પરમ જિજ્ઞાસાથી સંતોષ પામ્યો છું. પણ આ એક વચન અવશ્ય સ્મરણમાં રાખશો કે, શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી. મર્મ તો સત્પુરુષોનાં અંતરાત્મામાં રહ્યો છે. એ માટે મેળાપે વિશેષ ચર્ચી શકાય. ધર્મનો રસ્તો સરળ, સ્વચ્છ અને સહજ છે; પણ તે વિરલ આત્માઓ પામ્યા છે, પામે છે અને પામશે. માગેલી કાવ્યો પ્રસગ લઇને મોકલીશ. દોહરાના અર્થ માટે પણ તેમજ. હમણા તો આ ચાર ભાવના ભાવશોઃ—મૈત્રી (સર્વ જગત ઉપર નિર્વૈરબુદ્ધિ); અનુકંપા (તેમનાં દુઃખ પર કરુણા); પ્રમોદ (આત્મગુણ દેખી આનંદ); ઉપેક્ષા (નિસ્પૃહીબુદ્ધિ). એથી પાત્રતા આવશે.—

મોરબી, ચૈત્ર વદ ૧૦, ૧૮૮૯.

---

*૫૦.

સત્પુરૂષોને નમસ્કાર.

પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે, પણ તે ધ્યાવન, આત્મા સત્પુરુના ચરણકમળની વિનયોપાસના વિના પ્રાપ્ત કરી શકતો નથી; એ નિર્ગ્રંથ ભગવાનનું સર્વોત્તમ વચનામૃત છે.

તમને મેં ચાર ભાવના માટે આગળ કંઇક સૂચવન કર્યું હતું. તે સૂચવન અહીં વિશેષતાથી કંઇક લખું છું: આત્માને અનંત ભ્રમણાથી સ્વરુપમય પવિત્ર શ્રેણિમાં આણવો એ કેવું નિરુપમ સુખ છે ? તે કહ્યું કહેવાતું નથી, લખ્યું લખાતું નથી અને મને વિચાર્યું વિચારાતું નથી.

આ કાળમાં શુકલધ્યાનની મુખ્યતાનો અનુભવ ભારતમાં અસંભવિત છે; તે ધ્યાનની પરોક્ષ કથારુપ અમૃતતાનો રસ કેટલાક પુરૂષો પ્રાપ્ત કરી શકે છે. પણ મોક્ષના માર્ગની અનુકૂળતા ધોરીવાટે પ્રથમ ધર્મધ્યાનથી છે. આ કાળનાં રુપાતીત સુધી ધર્મધ્યાનની પ્રાપ્તિ કેટલાક સત્પુરુષોને સ્વભાવે, કેટલાકને સદ્ગુરુરુપ નિરુપમ નિમિત્તથી, અને કેટલાકને સત્સંગ—આદિ લઇ અનેક સાધનોથી થઈ શકે છે; પણ તેવા પુરૂષો—નિર્ગ્રંથમતના—લાખોમાં પણ કોઇક જ નીકળી શકે છે. ઘણેભાગે તે સત્પુરુષો ત્યાગી થઇ, એકાંત ભૂમિકામાં વાસ કરે છે કેટલાક બાહ્ય—અત્યાગને લીધે સંસારમાં રહ્યા છતાં સંસારીપણું જ દર્શાવે છે. પે'લા પુરૂષનું મુખ્યોત્કૃષ્ટ અને બીજાનું ગૌણોત્કૃષ્ટ જ્ઞાન, પ્રાયે કરીને, ગણી શકાય. ચોથે ગુણસ્થાનકે આવેલો પુરૂષ પાત્રતા પામ્યો ગણી શકાય; ત્યાં ત્યાં ધર્મધ્યાનની ગૌણતા છે. પાંચમે મધ્યમ ગૌણતા તે; છઠ્ઠે મુખ્યતા પણ મધ્યમ છે; સાતમે મુખ્યતા છે. આપણે ગૃહાવાસમાં સામાન્ય વિધિએ પાંચમે ઉત્કૃષ્ટે તો આવી શકીએ. આ શિવાય ભાવની અપેક્ષા તો ઓર જ છે ! એ ધર્મધ્યાનમાં ચાર ભાવનાથી ભૂષિત થવું સંભવે છે. ૧. મૈત્રી.—સર્વ જગતના જીવભણી નિર્વૈરબુદ્ધિ. ૨. પ્રમોદ.—અંશમાત્ર પણ કોઇનો ગુણ નિરખીને રોમાંચિત ઉલ્લાસવાં. ૩. કરુણા.—જગતજીવનાં દુઃખ દેખીને અનુકંપિત થવું. ૪. માધ્યસ્થ કે ઉપેક્ષા.—શુદ્ધ સમદષ્ટિના બળવીર્યને યોગ્ય થવું. ચાર તેનાં આલંબન છે; ચાર તેની રુચિ છે; ચાર તેના

પામ્યા છે; એમ અનેક ભેદે વહેંચાયલું ધર્મધ્યાન છે. જે પવન (શ્વાસ) નો જય કરે છે, તે મનનો જય કરે છે; જે મનનો જય કરે છે, તે આત્મલીનતા પામે છે. આ કહ્યું તે વ્યવહાર માત્ર છે. નિશ્ચયમાં નિશ્ચયઅર્થની અપૂર્વ યોજના સત્પુરૂષના અંતરમાં રહી છે. શ્વાસનો જય કરતાં છતાં સત્પુરુષની આજ્ઞાથી પરાઙ્મુખતા છે, તો તે શ્વાસ જય પરિણામે સંસાર જ વધારે છે. શ્વાસનો જય ત્યાં છે કે જ્યાં વાસ(ના)નો જય છે. તેનાં બે સાધન છે: સદ્‌ગુરુ અને સત્સંગ. તેની બે શ્રેણિ છે: પર્યુપાસના અને પાત્રતા: તેની બે વર્દ્ધમાનતા છે. પરિચય અને પુણ્યાનુબંધીપુણ્યતા. સઘળાંનું મૂળ આત્માની સત્પાત્રતા છે. અત્યારે એ વિષય સંબંધી એટલું લખું છું.

૫૧.

જો પદ્માસન વાળીને કિંવા સ્થિર આસનથી બેસી શકાતું હોય, (સૂઇ શકાતું હોય તો પણ ચાલે, પણ સ્થિરતા જોઇએ.) ચળવિચળ દેહ ન થતો હોય, તો આંખો મિંચી જઇ નાભિના ભાગપર દૃષ્ટિ પહોંચાડી, પછી છાતીના મધ્ય ભાગમાં આણી, કપાળના મધ્ય ભાગમાં તે દૃષ્ટિ ઠેઠ લાવી, સર્વ જગત્ શૂન્યાભાસરૂપ ચિંતવી, પોતાના દેહમાં સર્વ સ્થળે એક તેજ વ્યાપ્યું છે, એવો ભાસ લઇ, જે રૂપે પાર્શ્વનાથાદિક અર્હંતની પ્રતિમા સ્થિરધવળ દેખાય છે, તેવો ખ્યાલ છાતીના મધ્ય ભાગમાં કરો. તેટલામાંથી કંઇ થઇ ન શકતું હોય તો સવારના ચાર વાગે કે પાંચ વાગે જાગૃતિ પામી, એકાગ્રતા ચિંતવવી. અર્હંત સ્વરૂપનું ચિંતવન, બને તો કરવું; નહીં તો કંઇ પણ નહીં ચિંતવતાં, સમાધિ કે બોધિ એ શબ્દો જ ચિંતવવા. અત્યારે એટલું જ. પરમ કલ્યાણની એક શ્રેણિ થશે. ઓછામાં ઓછી બાર પળ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત સ્થિતિ રાખવી.

વૈશાખ શુદ ૧, ૧૯૪૫.

વિ૦ રાયચંદ.

૫૨.

સત્પુરુષોને નમસ્કાર.

આપનાં દર્શન મને અહિં લગભગ સવા માસ પહેલાં થયાં હતાં. ધર્મસંબંધી કેટલીક મુખચર્ચા થઇ હતી. આપણે સ્મૃતિમાં હશે એમ ગણી એ ચર્ચાસંબંધી કંઇ વિશેષ દર્શાવવાની આજ્ઞા લેતો નથી.

ધર્મસંબંધી મધ્યસ્થ, ઉચ્ચ અને અદંભી વિચારોથી આપનાપર કંઇક મારી વિશેષ પ્રશસ્ત અનુરક્તતા થવાથી કોઇ વેળા આધ્યાત્મિક શૈલીસંબંધી પ્રશ્ન આપની સમીપ મૂકવાની આજ્ઞા લેવાનો આપને પરિશ્રમ આપું છઉં. યોગ્ય લાગે તો આપ અનકૂળ થશો.

હું અર્થ કે વયસંબંધમાં વૃદ્ધ સ્થિતિવાળો નથી; તોપણ કંઇક જ્ઞાનવૃદ્ધતા આણવા માટે આપના જેવા–સત્સંગને, તેમના વિચારોને અને સત્પુરુષની ચરણરજને સેવવાનો અભિલાષી છઉં. મારૂ આ બાલવય એ અભિલાષામાં વિશેષભાગે ગયું છે; તેથી કંઇ પણ સમજાયું હોય, તો (તે) બે શબ્દો સમયાનુસાર આપ જેવાની સમીપ મૂકી આત્મહિત વિશેષ કરી શકું; એ પ્રયાચના આ પત્રથી છે.

આ કાળમાં પુનર્જન્મનો નિશ્ચય આત્મા શા વડે, કેવા પ્રકારે, અને કઇ શ્રેણિમાં કરી શકે, એ સંબંધી કંઇ મારાથી સમજાયું છે તે જો આપની આજ્ઞા હોય તો આપની સમીપ મૂકીશ.

વવાણીઆ, વૈશાખ શુદ ૬, ૧૯૪૫, સોમ.

વિ૦ આપના મધ્યસ્થ વિચારોના અભિલાષી
રાયચંદ રવજીભાઇના પંચાંગી પ્રશસ્તભાવે પ્રણામ.

पक्षपातो न मे वीरे, न द्वेषो कपिलादिषु
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

—हरिभद्राचार्यः ।

આપનું ધર્મપત્ર વૈશાખ વદ ૬ નું મળ્યું. આપના વિશેષ અવકાશ માટે વિચાર કરી ઉત્તર લખવામાં આટલો મેં વિલંબ કર્યો છે; જે વિલંબ ક્ષમાપાત્ર છે.

તે પત્રમાં આપ દર્શાવો છો કે, કોઇપણ માર્ગથી આધ્યાત્મિક જ્ઞાન સંપાદન કરવું; એ જ્ઞાનીઓનો ઉપદેશ છે. આ વચન મને પણ સમ્મત છે. પ્રત્યેક દર્શનમાં આત્માનો જ બોધ છે; અને મોક્ષ માટે સર્વનું પ્રયત્ન છે; તોપણ આટલું તો આપ પણ માન્ય કરી શકશો કે, જે માર્ગથી આત્મા આત્મત્વ–સમ્યક્‌જ્ઞાન–યથાર્થદૃષ્ટિ–પામે તે માર્ગ સત્પુરુષની આજ્ઞાનુસાર સમ્મત કરવો જોઇએ. અહીં કોઇ પણ દર્શન માટે બોલવાની ઉચિતતા નથી; છતાં આમ તો કહી શકાય કે, જે પુરુષનું વચન પૂર્વાપર અખંડિત છે, તેનું બોધેલું દર્શન તે પૂર્વાપર હિતસ્વી છે. આત્મા જ્યાંથી ' યથાર્થદૃષ્ટિ ' કિંવા ' વસ્તુધર્મ ' પામે ત્યાંથી સમ્યક્‌જ્ઞાન સંપ્રાપ્ત થાય એ સર્વમાન્ય છે.

આત્મત્વ પામવા માટે શું હેય ? શું ઉપાદેય ? અને શું જ્ઞેય છે ? તે વિષે પ્રસંગોપાત સત્પુરુષની આજ્ઞાનુસાર આપની સમીપ કંઇ કંઇ મૂકતો રહીશ. જ્ઞેય, હેય, અને ઉપાદેયરૂપે કોઇ પદાર્થ–એક પણ પરમાણુ નથી જાણ્યો તો ત્યાં આત્મા પણ જાણ્યો નથી. મહાવીરના બોધેલા "આચારાંગ " નામના એક સિદ્ધાંતિક શાસ્ત્રમાં આમ કહ્યું છે કે, "**एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ ए एगं जाणइ**"–એકને જાણ્યો તેણે સર્વ જાણ્યું, જેણે સર્વને જાણ્યું તેણે એકને જાણ્યો. આ વચનામૃત એમ ઉપદેશે છે કે, એક આત્મા, જ્યારે જાણવા માટે પ્રયત્ન કરશે, ત્યારે સર્વ જાણ્યાનું પ્રયત્ન થશે. અને સર્વ જાણ્યાનું પ્રયત્ન એક આત્મા જાણવાને માટે છે; તોપણ વિચિત્ર જગતનું સ્વરૂપ જેણે જાણ્યું નથી તે આત્માને જાણતો નથી. આ બોધ અયથાર્થ ઠરતો નથી.

આત્મા શાથી, કેમ, અને કેવા પ્રકારે બંધાયો છે ? આ જ્ઞાન જેને થયું નથી, તેને તે શાથી, કેમ અને કેવા પ્રકારે મુક્ત થાય ? તેનું જ્ઞાન પણ થયું નથી; અને ન થયતો વચનામૃત પણ પ્રમાણભૂત છે. મહાવીરના બોધનો મુખ્ય પાયો ઉપરના વચનામૃતથી શરૂ થાય છે; અને એનું સ્વરુપ એણે સર્વોત્તમ દર્શાવ્યું છે; તે માટે આપની અનુકૂળતા હશે, તો આગળ ઉપર જણાવીશ.

અહિં એક આ પણ વિજ્ઞાપના આપને કરવી યોગ્ય છે કે, મહાવીર કે કોઈ પણ બીજા ઉપદેશકના પક્ષપાત માટે મારૂંકંઇ પણ કથન અથવા માનવું નથી; પણ આત્મત્વ પામવા માટે જેનો બોધ અનુકૂળ છે તેને માટે પક્ષપાત (!)–દૃષ્ટિરાગ–પ્રશસ્ત રાગ, કે માન્યતા છે; અને તેને આધારે વર્ત્તના છે; તો આત્મત્વને બાધા કરતું એવું કોઇ પણ મારૂં કથન હોય, તો દર્શાવી ઉપકાર કરતા રહેશો. પ્રત્યક્ષ સત્સંગની તો બલિહારી છે; અને તે પુણ્યાનુબંધી પુણ્યનું ફળ છે; છતાં જ્યાંસુધી પરોક્ષ સત્સંગ જ્ઞાનીદષ્ટ્યનુસાર મળ્યા કરશે ત્યાંસુધી પણ મારા ભાગ્યનો ઉદય જ છે.

૨. નિર્ગ્રંથ શાસન જ્ઞાનવૃદ્ધને સર્વોત્તમ વૃદ્ધ ગણે છે. જાતિવૃદ્ધતા, પર્યાયવૃદ્ધતા એવા વૃદ્ધતાના અનેક ભેદ છે, પણ જ્ઞાનવૃદ્ધતાવિના એ સઘળી વૃદ્ધતા તે નામવૃદ્ધતા છે; કિંવા શૂન્યવૃદ્ધતા છે.

૩. પુનર્જન્મ-સંબંધી મારા વિચાર દર્શાવવા આપે સૂચવ્યું તે માટે અહિં પ્રસંગ પુરતું સંક્ષેપમાત્ર દર્શાવું છું:—

અ. મારૂં કેટલાક નિર્ણયપરથી આમ માનવું થયું છે કે, આ કાળમાં પણ કોઇ કોઇ મહાત્માઓ ગતભવને જાતિસ્મરણજ્ઞાનવડે જાણી શકે છે; જે જાણવું કલ્પિત નહીં પણ સમ્યક્

હોય છે. ઉત્કૃષ્ટ સમ્વેગ-જ્ઞાનયોગ-અને સત્સંગથી પણ એ જ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે શું કે ભૂતભવ પ્રત્યક્ષાનુભવરૂપ થાય છે.

જ્યાંસુધી ભૂતભવ અનુભવગમ્ય ન થાય ત્યાંસુધી ભવિષ્યકાળનું ધર્મપ્રયત્ન શંકાસહ આત્મા કર્યાં કરે છે; અને શંકાસહ પ્રયત્ન તે યોગ્ય સિદ્ધિ આપતું નથી.

આ 'પુનર્જન્મ છે;' આટલું પરોક્ષ-પ્રત્યક્ષ નિઃશંકત્વ જે પુરુષને પ્રાપ્ત થયું નથી, તે પુરુષને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોય એમ શાસ્ત્રશૈલી કહેતી નથી. પુનર્જન્મને માટે શ્રુતજ્ઞાનથી મેળવેલો આશય મને જે અનુભવગમ્ય થયો છે તે કંઇક અહિં દર્શાવી જઉં છઉં.

(૧) 'ચૈતન્ય' અને 'જડ' એ બે ઓળખવાને માટે તે બન્ને વચ્ચે જે ભિન્ન ધર્મ છે તે પ્રથમ ઓળખાવો જોઇએ; અને તે ભિન્ન ધર્મમાં પણ મુખ્ય ભિન્ન ધર્મ જે ઓળખવાનો છે તે આ છે કે, 'ચૈતન્ય'માં 'ઉપયોગ' (કોઇ પણ વસ્તુનો જેવડે બોધ થાય તે વસ્તુ) રહ્યો છે, અને 'જડ'માં 'તે' નથી. અહિં કદાપિ આમ કોઇ નિર્ણય કરવા ઇચ્છે કે, 'જડ'માં 'શબ્દ', 'સ્પર્શ', 'રુપ', 'રસ અને 'ગંધ' એ શક્તિઓ રહી છે; અને ચૈતન્યમાં તે નથી; પણ એ ભિન્નતા આકાશની અપેક્ષા લેતાં ન સમજાય તેવી છે, કારણ તેવા કેટલાક ગુણો આકાશમાં પણ રહ્યા છે; જેવા કે, નિરંજન, નિરાકાર, અરુપી ઇ૦ તો તે આત્માની સદશ્ય ગણી શકાય, કારણ ભિન્ન ધર્મ ન રહ્યા; પરંતુ ભિન્ન ધર્મ "ઉપયોગ" નામનો આગળ કહેલો ગુણ તે દર્શાવે છે; અને પછીથી જડ ચૈતન્યનું સ્વરુપ સમજવું સુગમ પડે છે.

(૨) જીવનો મુખ્ય ગુણ, વા લક્ષણ છે તે 'ઉપયોગ' (કોઇ પણ વસ્તુસંબંધી લાગણી; બોધ; જ્ઞાન). અશુદ્ધ અને અપૂર્ણ ઉપયોગ જેને રહ્યો છે તે જીવ "વ્યવહારનયની અપેક્ષાએ-" આત્મા સ્વસ્વરુપે પરમાત્મા જ છે, પણ જ્યાંસુધી સ્વસ્વરુપ યથાર્થ સમજ્યો નથી ત્યાંસુધી (આત્મા) છદ્મસ્થ જીવ છે-પરમાત્મદશામાં આવ્યો નથી. શુદ્ધ અને સંપૂર્ણ યથાર્થ ઉપયોગ જેને રહ્યો છે તે પરમાત્મદશાને પ્રાપ્ત થયેલો આત્મા ગણાય. અશુદ્ધ ઉપયોગી હોવાથી જ આત્મા કલ્પિત જ્ઞાન (અજ્ઞાન)ને સમ્યક્જ્ઞાન માની રહ્યો છે; અને સમક્જ્ઞાન વિના પુનર્જન્મનો નિશ્ચય કોઇ અંશે પણ યથાર્થ થતો નથી. અશુદ્ધ ઉપયોગ થવાનું કંઇ પણ નિમિત્ત હોવું જોઇએ. તે નિમિત્ત અનુપૂર્વિએ ચાલ્યાં આવતાં બાહ્યભાવે ગ્રહેલાં કર્મપુદ્ગલ છે. (તે કર્મનું યથાર્થ સ્વરુપ સૂક્ષ્મતાથી સમજવા જેવું છે, કારણ આત્માને આવી દશા કાંઇ પણ નિમિત્તથી જ હોવી જોઇએ; અને તે નિમિત્ત જ્યાંસુધી જે પ્રકારે છે તે પ્રકારે ન સમજાય ત્યાંસુધી જે વાટે જવું છે તે વાટની નિકટતા ન થાય.) જેનું પરિણામ વિપર્યય હોય તેનો પ્રારંભ અશુદ્ધ ઉપયોગવિના ન થાય, અને અશુદ્ધ ઉપયોગ ભૂતકાળના કંઇ પણ સંલગ્ન વિના ન થાય. વર્તમાનકાળમાંથી આપણે એકેકી પળ બાદ કરતા જઇએ, અને તપાસતા જઇએ, તો પ્રત્યેક પળ ભિન્ન ભિન્ન સ્વરૂપે ગઇ જણાશે. (તે ભિન્ન ભિન્ન થવાનું કારણ કંઇ હોય જ). એક માણસે એવો દઢ સંકલ્પ કર્યો કે, યાવત્ જીવનકાળ સ્ત્રીનું ચિંતવન પણ મારે ન કરવું; છતાં પાંચ પળ ન જાય, અને ચિંતવન થયું તો પછી તેનું કારણ જોઇએ. મને જે શાસ્ત્રસંબંધી અલ્પ બોધ થયો છે તેથી એમ કહી શકું છઉં કે, તે પૂર્વકર્મનો કોઇ પણ અંશે ઉદય જોઇએ. કેવાં કર્મનો ? તો કહી શકીશ કે, મોહનીય કર્મનો; કઇ તેની પ્રકૃતિનો ? તો કહીશ કે, પુરુષવેદનો. (પુરુષવેદની પંદર પ્રકૃતિ છે.) પુરુષવેદનો ઉદય દઢ સંકલ્પે રોકયો છતાં થયો તેનું કારણ હવે કહી શકાશે કે, કંઇ ભૂતકાલનું હોવું જોઇએ; અને અનુપૂર્વિએ તેનું સ્વરૂપ વિચારતાં પુનર્જન્મ સિદ્ધ થશે. આ સ્થળે બહુ દષ્ટાંતોથી કહેવાની મારી ઇચ્છા હતી; પણ ધાર્યા કરતાં કહેવું વધી ગયું છે. તેમ આત્માને જે બોધ થયો તે મન યથાર્થ ન જાણી શકે. મનનો બોધ વચન યથાર્થ ન કહી શકે. વચનનો કથ-

નબોધ પણ કલમ લખી ન શકે. આમ હોવાથી અને આ વિષયસંબંધે કેટલાક શૈલીશબ્દો વાપરવાની આવશ્યકતા હોવાથી અત્યારે અપૂર્ણ ભાગે આ વિષય મૂકી દઉં છઉં. એ **અનુમાનપ્રમાણ** કહી ગયો. **પ્રત્યક્ષપ્રમાણ**સંબંધી જ્ઞાનીદષ્ટ હશે, તો હવે પછી, વા દર્શનસમય મળ્યો તો ત્યારે કંઇક દર્શાવી શકીશ. આપના ઉપયોગમાં રમી રહ્યું છે, છતાં બે એક વચનો અહીં પ્રસન્નતાર્થે મૂકું છઉં:—

૧. સર્વ કરતાં આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે.

૨. ધર્મવિષય, ગતિ, આગતિ નિશ્ચય છે.

૩. જેમ ઉપયોગની શુદ્ધતા તેમ આત્મજ્ઞાન પમાય છે.

૪. એ માટે નિર્વિકાર દૃષ્ટિની અગત્ય છે.

૫. 'પુનર્જન્મ છે' તે યોગથી, શાસ્ત્રથી અને સહજરૂપે અનેક સત્પુરુષોને સિદ્ધ થયેલ છે.

આ કાળમાં એ વિષે અનેક પુરુષોને નિઃશંકતા નથી થતી. તેનાં કારણો માત્ર સાત્વિકતાની ન્યૂનતા, ત્રિવિધતાપની મૂર્છના, 'શ્રી ગોકુળજીચરિત્ર'માં આપે દર્શાવેલી નિર્જનાવસ્થા તેની ખામી, સત્સંગવિનાનો વાસ, સ્વમાન અને અયથાર્થ દૃષ્ટિ એ છે.

ફરી એ વિષે વિશેષ આપને અનુકૂળતા હશે, તો દર્શાવીશ. આથી મને આત્મોજ્વલતાનો પરમ લાભ છે. તેથી આપને અનુકૂળ થશે જ. વખત હોય તો બે ચાર વખત આ પત્ર મનન થવાથી મારો કહેલો અલ્પ આશય આપને બહુ દૃષ્ટિગોચર થશે. શૈલીને માટે થઇને વિસ્તારથી કંઇક લખ્યું છે; છતાં જેવું જોઇએ તેવું સમજાવાયું નથી એમ મારું માનવું છે. પણ હળવે હળવે હું ધારું છું કે, તે આપની પાસે સરળ રુપે મૂકી શકીશ.

બુધ ભગવાનનું જન્મચરિત્ર મારી પાસે આવ્યું નથી. અનુકૂળતા હોય તો મોકલાવવા સૂચવન કરશો. સત્પુરુષનાં ચરિત્ર એ દર્પણરૂપ છે. બુધ અને જૈનના બોધમાં મહાન્ તફાવત છે.

સર્વ દોષની ક્ષમા ઇચ્છી આ પત્ર પૂરું (અપૂર્ણ સ્થિતિએ) કરું છઉં. આપની આજ્ઞા હશે, તો એવો વખત મેળવી શકાશે કે, આત્મત્વ દૃઢ થાય.

અસુગમતાથી લેખ દોષિત થયો છે, પણ કેટલીક નિરૂપાયતા હતી. નહીં તો સરળતા વાપરવાથી આત્મત્વની પ્રફુલ્લિતતા વિશેષ થઈ શકે.

વિ૦ **ધર્મજીવનના** ઇચ્છક

રાયચંદ રવજીભાઇના વિનયભાવે પ્રશસ્ત પ્રણામ.

વવાણીઆ બંદર જ્યેષ્ઠ, શુદ ૪, ૧૯૪૫, રવિ.

૫૩.

આપને મેં વવાણીઆ બંદરથી પુનર્જન્મસંબંધી પરોક્ષજ્ઞાનની અપેક્ષાએ એકાદ બે વિચારો દર્શાવ્યા હતા; અને એ વિષે અવકાશ લઈ કેટલુંક દર્શાવી પછી પ્રત્યક્ષ અનુભવગમ્ય જ્ઞાનથી તે વિષયનો નિશ્ચય મારા સમજવામાં જે કંઇ આવ્યો છે તે દર્શાવવાની ઇચ્છા રાખી છે.

એ પત્ર જ્યેષ્ઠ શુદ ૫ મે આપને મળેલું હોવું જોઇએ. અવકાશ પ્રાપ્ત કરી કંઇ ઉત્તર ઘટે, તો ઉત્તર; નહીં તો પહોંચ માત્ર આપી પ્રશમ આપશો એ વિજ્ઞાપના છે.

નિર્ગ્રંથના બોધેલાં શાસ્ત્રના શોધ માટે અહિં સાતેક દિવસ થયાં મારું આવવું થયું છે.

ધર્મોપજીવનના ઇચ્છક રાયચંદ રવજીભાઇના યથાવિધિ પ્રણામ.

અમદાવાદ, જ્યેષ્ઠ વદ ૧૨, ભોમ, ૧૯૪૫.

૫૪.

ભગવતીજીના પાઠ સંબંધી નીચે ટુંકો ખુલાસો આપ્યો છેઃ—

सुह जोगं पडुच्चं अणारंभी, असुहजोगं,
पडुच्चं आयारंभी, परारंभी, तदुभयारंभी.

શુભ યોગની અપેક્ષાએ અનારંભી; અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભી, પરારંભી, તદુભયારંભી (આત્મારંભી અને પરારંભી). અહીં શુભનો અર્થ, પારિણામિક શુભથી લેવો જોઇએ, એમ મારી દૃષ્ટિ છે. પારિણામિક એટલે જે પરિણામે શુભ વા જેવું હતું તેવું રહેવું છે તે. અહીં યોગનો અર્થ, મન, વચન અને કાયા છે. શાસ્ત્રકારનો એ વ્યાખ્યાન આપવાનો મુખ્ય હેતુ યથાર્થ દર્શાવવાનો અને શુભ યોગમાં પ્રવૃત્તિ કરાવવાનો છે. પાઠમાં બોધ ઘણો સુંદર છે. યથાર્થ ઉપદેશ જેમણે કર્યો છે એવા વીતરાગના ઉપદેશમાં પરાયણ રહો એ, મારી વિનયપૂર્વક તમને—બન્ને ભાઇઓને—અને બીજાઓને ભલામણ છે.

મોહાધીન એવો મારો આત્મા બાહ્યોપાધિથી કેટલે પ્રકારે ઘેરાયો છે તે, તમે જાણોછો, એટલે અધિક શું લખું ? હાલ તો તમે જ તમારાથી ધર્મશિક્ષા લ્યો, યોગ્ય પાત્ર થાઓ, હું પણ યોગ્ય પાત્ર થાઉં; આગળ વધારે જોઇશું.

મુમ્બાઈ, તા. ૨૨, ૬, ૯૦; અશાડ શુદ ૫, રવિ, ૧૯૪૫.

વિ૦ રાયચંદના પ્રણામ.

૫૫.

અનંતાનુબંધી ક્રોધ, અનંતાનુબંધી માન, અનંતાનુબંધી માયા અને અનંતાનુબંધી લોભ, એ ચાર તથા મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમ્યક્ત્વ મોહનીય, એ ત્રણ, એમ સાત પ્રકૃતિ જ્યાંસુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય થતી નથી ત્યાંસુધી, સમ્યક્દૃષ્ટિ થવું સંભવતું નથી. એ સાત પ્રકૃતિ જેમ જેમ મંદતાને પામે, તેમ તેમ સમ્યક્ત્વનો ઉદય થાય છે. તે પ્રકૃતિયોની ગ્રંથી છેદવી પરમ દુર્લભ છે. જેની તે ગ્રંથી છેદાઇ તેને, આત્મા હસ્તગત થવો સુલભ છે. તત્ત્વજ્ઞાનીઓએ એ જ ગ્રંથીને ભેદવાનો ફરી ફરીને બોધ કર્યો છે. જે આત્મા અપ્રમાદપણે તે ભેદવા ભણી દૃષ્ટિ આપશે, તે આત્મતત્વને પામશે, એ નિઃસંદેહ છે.

સદ્‌ગુરુના ઉપદેશ વિના અને જીવની સત્પાત્રતા વિના એમ થવુ અટક્યું છે. તેની પ્રાપ્તિ કરીને સંસારતાપથી અત્યંત તપાયમાન આત્માને શીતળ કરવો, એ જ કૃતકૃત્યતા છે.

"ધર્મ" એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. બાહ્યસંશોધનથી મળવાની નથી; અપૂર્વ અંતર્સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. જે અંતર્સંશોધન, કોઇક મહાભાગ્ય, સદ્‌ગુરુ–અનુગ્રહે પામે છે.

એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનું પ્રયત્ન સત્પુરુષો કરે છે.

સ્યાત્પદ આ વાત પણ માન્ય છે કે, બનનાર છે તે ફરનાર નથી અને ફરનાર છે તે બનનાર નથી; તો પછી ધર્મપ્રયત્નમાં—આત્મહિતમાં—અન્યઉપાધિને આધીન થઈ પ્રમાદ શું ધારણ કરવો ? આમ છે છતાં, દેશ, કાળ, પાત્ર, ભાવ જોવાં જોઇએ. સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.

સં. ૧૯૪૫, શ્રાવણ વદ ૧૦, બુધવાર.

૫૬.

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છેઃ શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી.—

અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી; આ અનુભવપ્રવચન પ્રમાણિક ગણ.

સં. ૧૯૪૫, આશો વદ ૧૦, શનિ. મોહમયી.

વિ૦ રાયચંદના પ્રણામ.

૫૭.

નિરાબાધપણે જેની મનોવૃત્તિ રહ્યા કરે છે. સંકલ્પ–વિકલ્પની મંદતા જેને થઈ છે; પંચ વિષયથી વિરક્ત બુદ્ધિના અંકુરો જેને ફુટ્યા છે; ક્લેશનાં કારણ જેણે નિર્મૂળ કર્યાં છે; અનેકાંતદૃષ્ટિયુક્ત એકાંતદૃષ્ટિને જે સેવ્યા કરે છે; જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે; તે પ્રતાપી પુરુષ જયવાન વર્તો.

આપણે તેવું થવાનું પ્રયત્ન કરવું જોઈએ.

૫૮. *

આજે આપનું એક પત્ર મળ્યું. અત્ર સમય અનુકૂલ છે. તે ભણીની સમયકુશલતા ઇચ્છું છું.

આપને જે પત્ર પાઠવવું મારી ઇચ્છામાં હતું, તે પત્ર અધિક વિસ્તારથી લખવાની અવશ્ય હોવાથી, તેમજ તેમ કરવાથી તેનું ઉપયોગીપણું પણ અધિક ઠરતું હોવાથી, તેમ કરવા ઇચ્છા હતી, અને હજુ પણ છે; તથાપિ કાર્યોપાધિનું એવું સબળ રૂપ છે કે, એટલો શાંત અવકાશ મળી શકતો નથી, મળી શક્યો નહીં, અને હજુ થોડો વખત મળવો પણ સંભવિત નથી. આપને આ સમયમાં એ પત્ર મળ્યું હોત તો વધારે વધારે ઉપયોગી થાત; તોપણ હવે પછી પણ એનું ઉપયોગીપણું તો અધિક જ આપ પણ માની શકશો. આપની જિજ્ઞાસાના કાંઇક સમાર્થે ટુંકું તે પત્રનું વ્યાખ્યાન આપ્યું છે.

આપના પહેલાં, આ જન્મમાં હું લગભગ બે વર્ષથી કાંઇક વધારે કાળથી ગૃહાશ્રમી થયો છું; એ આપના જાણવામાં છે. ગૃહાશ્રમી જેને લઇને કહી શકાય છે, તે વસ્તુ અને મને, તે વખતમાં કાંઇ ઘણો પરિચય પડ્યો નથી; તોપણ તેનું બનતું કાયિક, વાચિક અને માનસિક વલણ મને તેથી ઘણુંખરૂં સમજાયું છે; અને તે પરથી તેનો અને મારો સંબંધ અસંતોષપાત્ર થયો નથી; એમ જણાવવાનો હેતુ એવો છે કે, ગૃહાશ્રમનું વ્યાખ્યાન સહજ માત્ર પણ આપતાં તે સંબંધી વધારે અનુભવ ઉપયોગી થાય છે; મને કાંઇક સાંરકારિક અનુભવ ઉગી નીકળવાથી, એમ કહી શકું છું કે, મારો ગૃહાશ્રમ અત્યાર સુધી જેમ અસંતોષપાત્ર નથી, તેમ ઉચિત સંતોષપાત્ર પણ નથી; તે માત્ર મધ્યમ છે; અને તે મધ્યમ હોવામાં પણ મારી કેટલીક ઉદાસીનવૃત્તિની સહાયતા છે. તત્ત્વજ્ઞાનની ગુપ્ત ગુફાનાં દર્શન લેતાં ગૃહાશ્રમથી વિરક્ત થવાનું અધિકતર સૂઝે છે.—અને ખચિત તે તત્ત્વજ્ઞાનનો વિવેક પણ આને ઉગ્યો હતો; કાળના બળવત્તર અનિષ્ટપણાને લીધે, તેને યથાયોગ્ય સમાધિસંગની અપ્રાપ્તિને લીધે, તે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડ્યો; અને ખરે ! જો તેમ ન થઇ શક્યું હોત તો, તેના જીવનનો અંત આવત (તેના એટલે આ પત્રલેખકના.)

જે વિવેકને મહાખેદની સાથે ગૌણ કરવો પડ્યો છે, તે વિવેકમાં જ ચિત્તવૃત્તિ પ્રસન્ન રહી જાય છે; તેની બાહ્ય પ્રાધાન્યતા નથી રાખી શકાતી એ માટે અકથ્ય ખેદ થાય છે, તથાપિ જ્યાં

નિરુપાયતા છે ત્યાં, સહનતા સુખદાયક છે, એમ માન્યતા હોવાથી મૌનતા છે.

કોઇ કોઇ વાર સંગીઓ અને પરસંગીઓ તુચ્છ નિમિત્ત થઈ પડે છે; તે વેળા તે વિવેકપર કોઇ જાતિનું આવરણુ આવે છે; ત્યારે આત્મા બહુ જ મુંઝાય છે; જીવનરહિત થવાની–દેહત્યાગ કરવાની–દુ:ખદ સ્થિતિ કરતાં તે વેળા ભયંકર સ્થિતિ થઇ પડે છે; પણુ એવું ઝાઝો વખત રહેતું નથી, અને એમ જ્યારે રહેશે ત્યારે, ખચિત દેહત્યાગ કરીશ; પણુ અસમાધિથી નહીં વર્તું, એવી અત્યારસુધીની પ્રતિજ્ઞા કાયમ ચાલી આવી છે.

૫૯.

અહોહો ! કર્મની કેવી વિચિત્ર બંધસ્થિતિ છે ? જેને સ્વપ્ને પણુ ઇચ્છતો નથી, જે માટે પરમ શોક થાય છે; એ જ અગાંભિર્ય દશાથી પ્રવર્તવું પડે છે.

તે જિન–વર્દ્ધમાનાદિ સત્પુરૂષો કેવા મહાન્ મનોજયી હતા ! તેને મૌન રહેવું–અમૌન રહેવું બન્ને સુલભ હતું; તેને સર્વ અનુકૂલ–પ્રતિકૂલ દિવસ સરખા હતા; તેને લાભ–હાનિ સરખી હતી; તેનો ક્રમ માત્ર આત્મસમતાર્થે હતો. કેવું આશ્ચર્યકારક કે, એક કલ્પનાનો જય એક કલ્પે થવો દુર્લભ, તેવી તેમણે અનંત કલ્પનાઓ કલ્પના અનંતમાં ભાગે શમાવી દીધી !

[અંગત.

૬૦.[1]

દુખિયા મનુષ્યોનું પ્રદર્શન કરવામાં આવ્યું હોય તો, ખચિત તેના શિરોભાગમાં હું આવી શકું.

આ મારાં વચનો વાંચીને કોઇ વિચારમાં પડી જઇ, ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરશે, અને કાંતો ભ્રમ ગણી વાળશે; પણુ તેનું સમાધાન અહીં જ ટપકાવી દઉં છું.

તમે મને સ્ત્રી સંબંધી કંઇ દુ:ખ લેખશો નહીં, લક્ષ્મી સંબંધી લેખશો નહીં, પુત્ર સંબંધી લેખશો નહીં, કીર્ત્તિ સંબંધી લેખશો નહીં, ભય સંબંધી લેખશો નહીં, કાયા સંબંધી લેખશો નહીં, અથવા સર્વથી લેખશો નહીં, મને દુ:ખ બીજી રીતિનું છે. તે દરદ વાતનું નથી, કફનું નથી કે પિત્તનું નથી; તે શરીરનું નથી, વચનનું નથી કે મનનું નથી. ગણો તો બધાંયનું છે અને ન ગણો તો એકેનું નથી; પરંતુ મારી વિજ્ઞાપના તે નહીં ગણુવા માટે છે, કારણુ એમાં કોઇ ઓર મર્મ રહ્યો છે.

તમે જરૂર માનજો કે, હું વિનોદિવાનાપણે આ કલમ ચલાવું છું. **રાયચંદ્ર** નામથી ઓળખાતો **વવાણીઆ** નામના નાના ગામનો, લક્ષ્મીમાં સાધારણુ એવો પણુ આર્ય તરીકે ઓળખાતો **દશાશ્રી** માળી–વૈશ્યનો પુત્ર ગણુાઉં છું. આ દેહમાં મુખ્યે બે ભવ કર્યા છે, અમુખનો હિસાબ નથી.

નાનપણની નાની સમજણમાં કોણુ જાણે ક્યાંથીએ મોટી કલ્પનાઓ આવતી. સુખની જિજ્ઞાસા પણુ ઓછી નહોતી; અને સુખમાં પણુ મહાલય, બાગ, બગીચા, લાડીવાડીનાં કંઇક માન્યાં હતાં; મોટી કલ્પના તે આ બધું શું છે ? તેની હતી. તે કલ્પનાનું એક વાર એવું રૂપ દીઠું કે, પુનર્જન્મે નથી, પાપે નથી, પુણ્યે નથી, સુખે રહેવું અને સંસાર ભોગવવો એજ કૃતકૃત્યતા છે. એમાંથી બીજી પંચાતમાં નહીં પડતાં, ધર્મની વાસનાઓ કાઢી નાંખી, કોઇ ધર્મ માટે ન્યૂનાધિક કે શ્રદ્ધાભાવપણુ રહ્યું નહીં. થોડો વખત ગયા પછી એમાંથી ઓર જ થયું.

જે થવાનું મેં કલ્પ્યું નહોતું, તેમ તે માટે મારા ખ્યાલમાં હોય એવું કાંઇ મારું પ્રયત્ન પણુ નહોતું, છતાં અચાનક ફેરફાર થયો; કોઇ ઓર અનુભવ થયો;—અને જે અનુભવ પ્રાયે શા-

---

૧. યોજતાં મૂકી દીધેલો સ્વચરિત્ર સૂચક પ્રબંધ છે.—**સંશોધક.**

આમાં લેખિત ન હોય, જડ વાદીઓની કલ્પનામાં પણ નથી; તેવો હતો. તે ક્રમે કરીને વધ્યો; વધીને અત્યારે એક "તુંહિ તુંહિ" નો જાપ કરે છે.

હવે અહીં સમાધાન થઇ જશે. આગળ જે મળ્યાં નહીં હોય, અથવા ભયાદિક હશે, તેથી દુઃખ હશે તેવું કાંઈ નથી; એમ ખચિત સમજાશે. સ્ત્રી શિવાય બીજો કોઇ પદાર્થ ખાસ કરીને મને રોકી શકતો નથી–બીજો કોઇ પણ સંસારી સાધને મારી પ્રીતિ મેળવી નથી; તેમ કોઇ ભયે મને બહુલતાએ ઘેર્યો નથી. સ્ત્રીના સંબંધમાં જિજ્ઞાસા ઓર છે, અને વર્ત્તના ઓર છે. એક પક્ષે તેનું કેટલાક કાળ સુધી સેવન કરવું સમ્મત કર્યું છે, તથાપિ ત્યાં સામાન્ય પ્રીતિ–અપ્રીતિ છે; પણ દુઃખ એ છે કે જિજ્ઞાસા નથી, છતાં પૂર્વકર્મ કાં ઘેરે છે ? એટલેથી પતતું નથી, પણ તેને લીધે નહીં ગમતા પદાર્થોને જોવા, સુંઘવા, સ્પર્શવા પડે છે; અને એ જ કારણથી પ્રાયે ઉપાધિમાં બેસવું પડે છે.

મહારંભ, મહા પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ કે એવું તેવું જગતમાં કંઇ જ નથી, એમ વિસ્મરણધ્યાન કરવાથી પરમાનંદ રહે છે.

તેને ઉપરનાં કારણોથી જોવાં પડે છે, એ મહા ખેદ છે. અંતરંગચર્યા પણ કોઇ સ્થળે ખોળી શકાતી નથી. એવાં પાત્રોની દુર્લભતા મને થઈ પડી એ જ મહા દુખમતા કહો.

૬૧.

જગતમાં ભિન્ન ભિન્ન મત અને દર્શન જોવામાં આવે છે તે દૃષ્ટિભેદ છે.

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદદૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ.— ૧
તેહ તત્ત્વરૂપવૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ. ૨
પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાનવિચાર;
અનુભવી ગુરૂને સેવીએ, બુધજનનો નિર્ધાર.— ૩
ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિકમોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય.— ૪
બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રથ ગ્રંથિ નહીં હોય;
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય.— ૫
બાહ્ય પરિગ્રહ ગ્રંથિ છે, અભ્યંતર મિથ્યાત્વ;
સ્વભાવથી પ્રતિકૂળતા— ૬

૬૨.

અત્રે કુશલતા છે; આપના તરફની ઇચ્છું છું. આજે આપનું જિજ્ઞાસુ પત્ર મળ્યું; તે જિજ્ઞાસુ પત્રના ઉત્તર બદલ જે પત્ર મોકલવું જોઇએ, તે પત્ર આ છે.

આ પત્રમાં ગૃહાશ્રમસંબંધી મારા કેટલાક વિચારો આપની સમીપ મૂકું છું. એ મૂકવાનો હેતુ માત્ર એટલો જ છે કે, કોઈ પણ પ્રકારના ઉત્તમ ક્રમમાં આપનું જીવન–વલણ થાય; અને ક્રમ જ્યારથી આરંભવો જોઇએ તે કાળ હમણા જ આપની પાસે આરંભાયો છે; એટલે તે ક્રમ જણાવવાનો ઉચિત સમય છે; તેમ જણાવેલા ક્રમના વિચારો ઘણા સાંસ્કારિક હોઇને પત્ર વાટે નીકળ્યા છે; આપને તેમ જ કોઇ પણ આત્મોન્નતિ વા પ્રશસ્ત ક્રમને ઇચ્છનારને તે ખચિત વધારે

ઉપયોગી થઇ પડશે, એમ માન્યતા છે.

તત્ત્વજ્ઞાનની ઉંડી ગુફાનું દર્શન કરવા જઇએ તો, ત્યાં નેપથ્યમાંથી એવો ધ્વનિ જ નીકળશે કે, તમે કોણુ છો ? કયાંથી આવ્યા છો ? કેમ આવ્યા છો ? તમારી સમીપ આ સઘળું શું છે ? તમારી તમને પ્રતીતિ છે ? તમે વિનાશી, અવિનાશી વા કોઇ ત્રિરાશી છો ? એવાં અનેક પ્રશ્નો હ્રદયમાં તે ધ્વનિથી પ્રવેશ કરશે; અને એ પ્રશ્નોથી જ્યાં આત્મા ઘેરાયો ત્યાં પછી બીજા વિચારોને બહુ જ થોડો અવકાશ રહેશે; યદિ એ વિચારોથી જ છેવટે સિદ્ધિ છે; એ જ વિચારોના વિવેકથી જે અવ્યાબાધ સુખની ઇચ્છા છે, તેની પ્રાપ્તિ થાય છે, એ જ વિચારોના મનનથી અનંત કાળનું મુંઝન ટળવાનું છે; તથાપિ તે સર્વને માટે નથી. વાસ્તવિક દૃષ્ટિથી જોતાં તેને છેવટ સુધી પામનારા પાત્રોની ન્યૂનતા બહુ છે; કાળ ફરી ગયો છે. એ વસ્તુનો, અધીરાઇ અથવા અશૌચતાથી અંત લેવા જતાં ઝેર નીકળે છે; અને ભાગ્યહીન અપાત્ર બન્ને લોકથી ભ્રષ્ટ થાય છે; એટલા માટે અમુક સંતોને અપવાદરૂપ માની બાકીનાઓને તે ક્રમમાં આવવા, તે ગુફાનું દર્શન કરવા, ઘણા વખત સુધી અભ્યાસની જરુર છે; કદાપિ તે ગુફાદર્શનની તેની ઇચ્છા ન હોય, તોપણુ પોતાનાં આ ભવનાં સુખને અર્થે પણુ જન્મ્યા તથા મુઆની વચ્ચેનો ભાગ કોઇ રીતે ગાળવા માટે પણુ એ અભ્યાસની ખચિત જરુર છે; એ કથન અનુભવગમ્ય છે; ઘણાને તે અનુભવમાં આવ્યું છે; ઘણા આર્ય સત્પુરુષો તે માટે વિચાર કરી ગયા છે; તેઓએ તે પર અધિકાધિક મનન કર્યું છે. આત્માને શોધી, તેના અપાર માર્ગમાંથી થયેલી પ્રાપ્તિના ઘણા ભાગ્યશાલી થવાને માટે, અનેક ક્રમ બાંધ્યા છે. તે મહાત્મા જયવાન હો ! અને તેને ત્રિકાળ નમસ્કાર હો !

આપણે થોડીવાર તત્ત્વજ્ઞાનની ગુફાની વિસ્મરણા કરી, આર્યોએ બોધેલા અનેક ક્રમ પર આવવા માટે પરાયણુ છીએ, તે સમયમાં જણાવી જવું યોગ્ય જ છે કે, પૂર્ણાલ્હાદક જેને માન્યું છે, પરમ સુખકર, હિતકર અને હ્રદયમય જેને માનેલ છે, તેમ છે; અનુભવગમ્ય છે. તે તો તે જ ગુફાનો નિવાસ છે;—અને નિરંતર તેની જ જિજ્ઞાસા છે. અત્યારે કંઇ તે જિજ્ઞાસા પૂર્ણ થવાનાં ચિન્હ નથી, તોપણુ ક્રમે, એમાં આ લેખકનો જય થશે એવી તેની ખચિત શુભાકાંક્ષા છે,–અને તેમ અનુભવગમ્ય પણુ છે. અત્યારથી જ જો યોગ્ય રીતે તે ક્રમની પ્રાપ્તિ હોય તો, આ પત્ર લખવા જેટલી ખોટી (–ઢીલ) કરવા ઇચ્છા નથી; પરંતુ કાળની કઠિનતા છે; ભાગ્યની મંદતા છે; સંતોની કૃપાદષ્ટિ દષ્ટિગોચર નથી; સત્સંગની ખામી છે; ત્યાં કંઇજ—

તોપણુ તે ક્રમનું બીજ હ્રદયમાં અવસ્ય રોપાયું છે, અને એ જ સુખકર થયું છે. સૃષ્ટિના રાજ્યથી જે સુખ મળવા આશા નહોતી, તેમ જ કોઇ પણુ રીતે ગમે તેવા ઔષધથી, સાધનથી, સ્ત્રીથી, પુત્રથી, મિત્રથી કે બીજા અનેક ઉપચારથી જે અંતર્શાંતિ થવાની નહોતી, તે થઇ છે. નિરંતરની ભવિષ્યકાળની ભીતિ ગઇ છે; અને એક સાધારણુ ઉપજીવનમાં પ્રવર્તતો એવો આ તમારો મિત્ર એને લઇને જીવે છે, નહીંતો જીવવાની ખચિત શંકા જ હતી; વિશેષ શું કહેવું ? આ ભ્રમણા નથી, વહેમ નથી; ખચિત સત્ય જ છે. એ ત્રિકાળમાં એક જ પરમપ્રિય અને જીવનવસ્તુની પ્રાપ્તિ, તેનું બીજ–રોપણુ, કેમ વા કેવા પ્રકારથી થયાં, એની વ્યાખ્યાનો પ્રસંગ અહીં નથી, પરંતુ ખચિત એ જ મને ત્રિકાળ સમ્મત હો ! એટલું જ કહેવાનો પ્રસંગ છે, કારણુ લેખસમય બહુ ટુંકો છે.

એ પ્રિયજીવન સર્વ પામી જાય, સર્વ એને યોગ્ય હોય, સર્વને એ પ્રિય લાગે, સર્વને એમાં રુચિ થાય એવું, ભૂતકાળે બન્યું નથી, વર્ત્તમાનકાળે બનતું નથી અને ભવિષ્યકાળે પણુ બનવું અસંભવિત છે;–અને એ જ કારણુથી આ જગતની વિચિત્રતા ત્રિકાળ છે !

મનુષ્ય શિવાયની પ્રાણીની બીજી જાતિ જોઈએ છીએ, તેમાં તો એ વસ્તુનો વિવેક જણાતો નથી; હવે જે મનુષ્ય રહ્યાં, તે સર્વ મનુષ્યમાં પણ તેમ દેખી શકશો નહીં.

૬૩.[૧]

સંવત્ ૧૯૨૪ ના કાર્તિક શુદિ ૧૫, રવિએ મારો જન્મ હોવાથી, આજે મને સામાન્ય ગણતરીથી બાવીસ વર્ષ પુરાં થયાં. બાવીસ વર્ષની અલ્પવયમાં મેં અનેક રંગ આત્મા સંબંધમાં, મન સંબંધમાં, વચન સંબંધમાં, તન સંબંધમાં અને ધન સંબંધમાં દીઠા છે. નાના પ્રકારની સૃષ્ટિરચના, નાના પ્રકારનાં સંસારી મોજાં, અનંતદુઃખમૂળ, એ બધાંનો અનેક પ્રકારે મને અનુભવ થયો છે. સમર્થ તત્ત્વજ્ઞાનીઓએ અને સમર્થ નાસ્તિકોએ જે જે વિચારો કર્યા છે, તે જાતિના અનેક વિચારો તે અલ્પ વયમાં મેં કરેલા છે. મહાન્ ચક્રવર્તિએ કરેલા તૃષ્ણાના વિચાર, અને એક નિસ્પૃહી મહાત્માએ કરેલા નિસ્પૃહાના વિચાર મેં કર્યા છે. અમરત્વની સિદ્ધિ અને ક્ષણિકત્વની સિદ્ધિ ખૂબ વિચારી છે. અલ્પવયમાં મહત વિચારો કરી નાખ્યા છે. મહત વિચિત્રતાની પ્રાપ્તિ થઇ છે. એ સઘળું બહુ ગંભીર ભાવથી આજે હું દૃષ્ટિ દઇ જોઉં છું તો, પ્રથમની મારી ઉગતી વિચારશ્રેણિ, આત્મદશા અને આજને આકાશ પાતાળનું અંતર છે; તેનો છેડો અને આનો છેડો કોઈ કાળે જાણે મળ્યા મળે તેમ નથી. પણ શોચ કરશો કે, એટલી બધી વિચિત્રતાનું કોઇ સ્થળે લેખનચિત્રન કર્યું છે કે કંઇ નહીં ? તો ત્યાં એટલું જ કહી શકીશ કે, લેખન-ચિત્રન સઘળું સ્મૃતિના ચિત્રપટમાં છે. બાકી પત્ર, લેખિનિનો સમાગમ કરી જગતમાં દર્શાવવાનું પ્રયત્ન કર્યું નથી. યદિ હું એમ સમજી શકું છું કે, તે વય-ચર્યા જનસમૂહને બહુ ઉપયોગી, પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય અને પરિણામે તેઓ ભણીથી મને શ્રેયની પ્રાપ્તિ થાય તેવી છે; પણ મારી સ્મૃતિએ તે પરિશ્રમ લેવાની મને ચોખી ના કહી હતી, એટલે નિરુપાયતાથી ક્ષમા ઇચ્છી લઉં છું. પારિણામિક વિચારથી તે સ્મૃતિની ઇચ્છાને દબાવી, તે જ સ્મૃતિને સમજાવી, તે વય-ચર્યા ધીરે ધીરે બનશે તો, અવશ્ય ધવળ-પત્ર પર મૂકીશ. તોપણ

समुच्चयवय-चर्या.

સંભારી જઉં છું:—

સાત વર્ષ સુધી એકાંત બાળવયની રમત ગમત સેવી હતી. એટલું મને તે વેળા માટે સ્મૃતિમાં છે કે, વિચિત્ર કલ્પના-કલ્પનાનું સ્વરુપ કે હેતુ સમજ્યા વગર,-મારા આત્મામાં થયા કરતી હતી. રમત ગમતમાં પણ વિજય મેળવવાની અને રાજેશ્વર જેવી ઉંચી પદવી મેળવવાની પરમ જીજ્ઞાસા હતી. વસ્ત્ર પહેરવાની, સ્વચ્છ રાખવાની, ખાવાપીવાની, સૂવાબેસવાની, બધી વિદેહી દશા હતી; છતાં હાડ ગરીબ હતું. તે દશા હજુ બહુ સાંભરે છે. અત્યારનું વિવેકી જ્ઞાન તે વયમાં હોત તો, મને મોક્ષ માટે ઝાઝી જિજ્ઞાસા રહેત નહીં; એવી નિરપરાધિ દશા હોવાથી પુનઃ પુનઃ તે સાંભરે છે.

સાત વર્ષથી અગિયાર વર્ષ સુધીનો કાળ કેળવણી લેવામાં હતો. આજે મારી સ્મૃતિ જેટલી ખ્યાતિ ભોગવે છે, તેટલી ખ્યાતિ ભોગવવાથી તે કંઇક અપરાધી થઇ છે; પણ તે કાળે નિરપરાધિ સ્મૃતિ હોવાથી એક જ વાર પાઠનું અવલોકન કરવું પડતું હતું; છતાં ખ્યાતિનો હેતુ નહોતો. એટલે ઉપાધિ બહુ ઓછી હતી. સ્મૃતિ એવી બળવત્તર હતી કે જેવી સ્મૃતિ બહુ જ થોડા મનુષ્યોમાં આ કાળે, આ ક્ષેત્રે હશે. અભ્યાસમાં પ્રમાદી બહુ હતો. વાતડાહ્યો, રમતિયાળ અને

---

૧. આ સ્વાત્મવૃત્તાંત (Autobiography) અપૂર્ણ સ્થિતિમાં મળેલ છે.—સંશોધક.

આનંદી હતો. પાઠ માત્ર શિક્ષક વંચાવે તે જ વેળા વાંચી તેનો ભાવાર્થ કહી જતો. એ ભણીની નિશ્ચિંતતા હતી. તે વેળા પ્રીતિ—સરલ વાત્સલ્યતા—મારામાં બહુ હતી: સર્વથી એકત્વ ઇચ્છતો; સર્વમાં ભ્રાતૃભાવ હોય તો જ સુખ, એ મને સ્વાભાવિક આવડયું હતું. લોકોમાં કોઇ પણ પ્રકારથી જુદાઈના અંકુરો જોતો કે મારું અંતઃકરણ રડી પડતું. તે વેળા કલ્પિત વાતો કરવાની મને બહુ ટેવ હતી. આઠમા વર્ષમાં મેં કવિતા કરી હતી; જે પાછળથી તપાસતાં સમાપ હતી.

અભ્યાસ એટલી ત્વરાથી કરી શકયો હતો કે, જે માણસે મને પ્રથમ પુસ્તકનો બોધ દેવો શરુ કર્યો હતો, તેને જ ગુજરાતી કેળવણી ઠીક પામીને તે જ ચોપડીનો પાછો મેં બોધ કર્યો હતો. ત્યારે કેટલાક કાવ્યગ્રંથો મેં વાંચ્યા હતા. તેમજ અનેક પ્રકારના બોધગ્રંથો—નાના—આડા અવળા મેં જોયા હતા; જે પ્રાયે હજુ સ્મૃતિમાં રહ્યા છે.

ત્યાંસુધી મારાથી સ્વાભાવિક રીતે ભદ્રિકપણું જ સેવાયું હતું; હું માણસ જાતનો બહુ વિશ્વાસુ હતો; સ્વાભાવિકસૃષ્ટિરચના પર મને બહુ પ્રીતિ હતી.

મારા પિતામહ કૃષ્ણની ભક્તિ કરતા હતા. તેમની પાસે તે વયમાં કૃષ્ણકિર્ત્તનનાં પદો મેં સાંભળ્યાં હતાં; તેમ જ જુદા જુદા અવતારો સંબંધી ચમત્કારો સાંભળ્યા હતા; જેથી મને ભક્તિની સાથે તે અવતારોમાં પ્રીતિ થઈ હતી; અને રામદાસજી નામના સાધુની સમીપે મેં બાળલીલામાં કંઠી બંધાવી હતી; નિત્ય કૃષ્ણનાં દર્શન કરવા જતો; વખતો વખત કથાઓ સાંભળતો; વારંવાર અવતારો સંબંધી ચમત્કારમાં હું મોહ પામતો; અને તેને પરમાત્મા માનતો, જેથી તેનું રહેવાનું સ્થળ જોવાની પરમ જિજ્ઞાસા હતી તેના સંપ્રદાયના મહંત હોઇએ, સ્થળે સ્થળે ચમત્કારથી હરિકથા કરતા હોઈએ અને ત્યાગી હોઇએ તો કેટલી મજા પડે ? એ જ વિકલ્પના થયા કરતી; તેમ જ કોઈ વૈભવી ભૂમિયા જોતો કે સમર્થ વૈભવી થવાની ઇચ્છા થતી; 'પ્રવીણસાગર' નામનો ગ્રંથ તેવામાં મેં વાંચ્યો હતો; તે વધારે સમજ્યો નહોતો; છતાં સ્ત્રી સંબંધી નાનાં પ્રકારનાં સુખમાં લીન હોઇએ, અને નિરુપાધિપણે કથાકથન શ્રવણ કરતા હોઇએ તો, કેવી આનંદદાયક દશા, એ મારી તૃષ્ણા હતી. ગુજરાતી ભાષાની વાંચનમાળામાં જગતકર્ત્તા સંબંધી કેટલેક સ્થળે બોધ કર્યો છે તે, મને દૃઢ થઇ ગયો હતો; જેથી જૈન લોકો ભણી મારી બહુ જુગુપ્સા હતી; બનાવ્યા વગર કોઇ પદાર્થ બને નહીં માટે જૈન લોકો મૂર્ખ છે, તેને ખબર નથી. તેમ જ તે વેળા પ્રતિમાના અશ્રદ્ધાળુ લોકોની ક્રિયા મારા જોવામાં આવી હતી, જેથી તે ક્રિયાઓ મલીન લાગવાથી હું તેથી બીતો હતો, એટલે કે તે મને પ્રિય નહોતી.

જન્મભૂમિકામાં જેટલા વાણિયાઓ રહે છે, તે બધાની કૂળશ્રદ્ધા ભિન્ન ભિન્ન છતાં, કાંઈક પ્રતિમાના અશ્રદ્ધાળુને જ લગતિ હતી, એથી મને તે લોકોનો જ પાનારો હતો. પહેલેથી સમર્થ શક્તિવાળો અને ગામનો નામાંકિત વિદ્યાર્થી લોકો મને ગણતા તેથી, મારી પ્રશંસાને લીધે ચાહીને તેવા મંડળમાં બેસી મારી ચપળશક્તિ દર્શાવવાનું હું પ્રયત્ન કરતો. કંઠીને માટે વારંવાર તેઓ મારી હાસ્યપૂર્વક ટીકા કરતા; છતાં હું તેઓથી વાદ કરતો અને સમજણ પાડવા પ્રયત્ન કરતો. પણ હળવે હળવે મને તેમનાં પ્રતિક્રમણસૂત્ર ઇત્યાદિક પુસ્તકો વાંચવા મળયાં; તેમાં બહુ વિનય પૂર્વક સર્વ જગત્ ને જીવથી મિત્રતા ઇચ્છી છે તેથી, મારી પ્રીતિ તેમાં પણ થઇ; અને પેલામાં પણ રહી; હળવે હળવે આ પ્રસંગ વધ્યો. છતાં સ્વચ્છ રહેવાના તેમજ બીજા આચાર—વિચાર મને વૈષ્ણવના પ્રિય હતા; અને જગતકર્ત્તાની શ્રદ્ધા હતી. તેવામાં કંઠી તુટી ગઇ, એટલે ફરીથી મેં બાંધી નહીં. તે વેળા બાંધવા—નબાંધવાનું કંઇ કારણ મેં શોધ્યું નહોતું. આ મારી તેર વર્ષની વયની ચર્યા છે. પછી હું મારા પિતાની દુકાને બેસતો અને મારા અક્ષરની છટાથી કચ્છદરબારને ઉતારે મને લખવા માટે બોલાવતા ત્યારે હું ત્યાં જતો. દુકાને મેં નાના પ્રકારની લીલા—

જાહેર કરી છે; અનેક પુસ્તકો વાંચ્યાં છે. રામ ઇત્યાદિકનાં ચરિત્રો પર કવિતાઓ રચી છે; સંસારી તૃષ્ણાઓ કરી છે; છતાં કોઇને મેં ઓછોઅધિકો ભાવ કહ્યો નથી, કે કોઇને મેં ઓછુંઅધિકું તોળી દીધું નથી, એ મને ચોક્કસ સાંભરે છે.

પ્રથમ ત્રણ કાળને મુઠીમાં લીધા, એટલે મહાવીરદેવે જગતને આમ જોયું.

તેમાં અનંત ચૈતન્યાત્માઓ મુક્ત દીઠા,	અનંત ચૈતન્યાત્માઓ બદ્ધ દીઠા,
અનંત મોક્ષપાત્ર દીઠા,	અનંત મોક્ષઅપાત્ર દીઠા.
અનંત અધોગતિમાં દીઠા,	ઊર્દ્ધગતિમાં દીઠા,

—તે મેં પુરુષાકારે જોયું.

—જડચૈતન્યાત્મક જોયું.

૬૫.

પરમસત્ય છે.
પરમસત્ય છે. } ત્રિકાળ એમ જ છે.
પરમસત્ય છે.

વ્યવહારના પ્રસંગને સાવધાનપણે, મંદ ઉપયોગે, સમતાભાવે નિભાવ્યો આવજે.

બીજાં તારું કેમ માનતાં નથી ? એવો પ્રશ્ન તારા અંતરમાં ન ઉગો.

બીજાં તારું માને છે, એ ઘણું યોગ્ય છે, એવું સ્મરણ તને ન થાઓ.

તું સર્વ પ્રકારે તાગથી પ્રવર્તો; જીવન-અજીવન પર સમવૃત્તિ હો.

જીવન હો તો એ જ વૃત્તિએ પૂર્ણ હો.

ગૃહવાસ જ્યાંસુધી સર્જિત હો ત્યાંસુધી વ્યવહારપ્રસંગમાં પણ સત્ય તે સત્ય હો.

ગૃહવાસમાં તેમાંજ લક્ષ હો.

ગૃહવાસમાં પ્રસંગિયોને ઉચિત વૃત્તિ રાખતાં શીખવ; સઘળાં સમાન જ માન; ત્યાંસુધીનો તારો કાળ ઘણો જ ઉચિત જાઓ;

અમુક વ્યવહાર પ્રસંગનો કાળ.
તે સિવાયનો તત્સંબંધી કાર્યકાળ.
પૂર્વિક કર્મોદય કાળ.
નિદ્રાકાળ.

જો તારી સ્વતંત્રતા અને તારા ક્રમથી તારા ઉપજીવન-વ્યવહાર સંબંધી સંતોષિત હોય તો, ઉચિત પ્રકારે તારે વ્યવહાર પ્રવર્તાવવો.

તેની અથી બીજાં ગમે તે કારણથી સંતોષિત વૃત્તિ ન રહેતી હોય તો, તારે તેના કહ્યાપ્રમાણે પ્રવૃત્તિ કરી તે પ્રસંગ પૂરો કરવો, અર્થાત્ પ્રસંગની પૂર્ણાહુતી સુધી એમ કરવામાં તારે વિષમ થવું નહીં.

તારા ક્રમથી તેઓ સંતોષિત રહે તો, ઔદાસીન્યવૃત્તિ ઘટે; નિરાગ્રહભાવે તેઓનું સારૂં થાય તેમ કરવાનું સાવધાનપણું તારે રાખવું. [અંગત.

વર્ષ ૨૩ મું.

૬૬.[1]

નિરંતર સમાધિભાવમાં રહો; હું તમારી સમીપ જ બેઠો છું એમ સમજો. દેહદર્શનનું અત્યારે ધ્યાન ખસેડી, જાણે સમીપ જ છું એમ ગણી, આત્મદર્શનમાં સ્થિર રહો; શોક ઘટાડો— જરુર ઘટાડો. આરોગ્યતા વધશે; જિંદગીની સંભાળ રાખો; હમણા દેહત્યાગનો ભય ન સમજો; એવો વખત હશે તો, અને જ્ઞાનીદૃશ્ય હશે તો, જરુર આગળથી કોઇ જણાવશે કે પહોંચી વળશે; હમણા તો તેમ નથી.

૬૭.

તમે મારા સંબંધી જે જે પ્રસ્તુતિ દર્શાવી, તે તે મેં બહુ મનન કરી છે. તેવા ગુણો પ્રકાશિત થાય, એમ પ્રવર્તવા અભિલાષા છે, પરંતુ તેવા ગુણો કંઇ મારામાં પ્રકાશિત થયા હોય, એમ મને લાગતું નથી; માત્ર રુચિ ઉત્પન્ન થઇ, એમ ગણીએ તો ગણી શકાય, આપણે જેમ બને તેમ એક જ પદના ઇચ્છક થઇ પ્રયત્ની થઇએ છીએ; તે આ કે "બંધાયલાને છોડવો." એ બંધન જેથી છૂટે, તેથી છોડી લેવું; એ સર્વમાન્ય છે.

માગશર શુદ ૯, ૧૯૪૬, મુંબઇ. વિ૦ રાયચંદના પ્રણામ.

---

૧. અમદાવાદનિવાસી શાહ મંછાચંદ જયચંદના પૌત્ર શ્રી જુઠાભાઈ, શ્રીમદ્‌ના સમાગમમાં આવેલા હતા. તેઓની દેહસ્થિતિ તરુણવયે પૂર્ણ થઇ હતી. જે સમયે શ્રી જુઠાભાઇનું આરોગ્ય અવ્યવસ્થિતપણે વર્તતું હતું, તે સમયે ૫૧ અને ૬૬ આંકના પત્રો તેમના પ્રત્યે લખાયા હતા. ૬૯ મા અંકનો લેખ જુઓ-સં૦



શ્રીમદ્ રાજચંદ્ર.

વર્ષ ૨૩ મું. સંવત્ ૧૯૪૭. ધ્યાનાવસ્થા.

૬૮

(૧)

લોક પુરુષ સંસ્થાને કહ્યો, એનો ભેદ તમે કંઇ લહ્યો ?
એનું કારણ સમજ્યા કાંઇ, કે સમજાવ્યાની ચતુરાઇ.
શરીર પરથી એ ઉપદેશ, જ્ઞાન, દર્શન કે ઉદ્દેશ;
જેમ જણાવો, શુણિયે તેમ, કાંતો લઇએ દઇએ ક્ષેમ.

(૨)

શું કરવાથી પોતે સુખી, શું કરવાથી પોતે દુઃખી;
પોતે શું ? ક્યાંથી છે આપ, એનો માગો શીઘ્ર જવાપ.

(૩)

જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહીં સ્થાપ;
પ્રભુ-ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.
ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઉપજવા પૂર્વિક ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ.

(૪)

જે ગાયો તે સઘળે એક, સકળ દર્શને એ જ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્વાદસમજણ પણ ખરી.
મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંતને મધ્યે એક, લોકરુપ અલોકે દેખ.
જીવાજીવ સ્થિતિને જોઇ, ટળ્યો ઓરતો શંકા ખોઇ,
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય, "ઉપાય કાં નહીં" શંકા જાય.
એ આશ્ચર્ય જાણે તે જાણ, જાણે જ્યારે પ્રકટે ભાણ;
સમજે બંધમુક્તિયુક્ત જીવ, નિરખી ટાળે શોક સદૈવ.
બંધયુક્ત જીવ કર્મ સહિત, પુદ્‌ગળરચના કર્મ ખચિત;
પુદ્‌ગળજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન.
જો કે પુદ્‌ગળનો એ દેહ, તોપણ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ.

(૫)

જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સકળ દુઃખનો છે ત્યાં નાશ.
સર્વ કાળનું છે ત્યાં જ્ઞાન, દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા, રામ ધામ આવીને વસ્યા.

ફાલ્ગુન વદ ૧, ૧૯૪૬.

૬૯[૧]

આ ઉપાધિમાં પડ્યા પછી જો મારું લિંગદેહજન્ય જ્ઞાન-દર્શન તેવું જ રહ્યું હોય-યથાર્થ જ

૧. આ લેખ તેઓની દિનચર્યાનોંધ-પત્રો (Diery-Leaves) માંનો છે. તે વિચારતાં જણાય છે કે, લેખનો પ્રથમ ભાગ, શ્રી જુઠાભાઈના દેહત્યાગ પૂર્વે અને બીજો ભાગ દેહત્યાગ પછી લખાયો છે.—સંશોધક.

રહ્યું હોય તો, જુઠાભાઈ અશાડ સુદ ૯ ગુરુની રાત્રે સમાધિશીત થઈ, આ ક્ષણિક જીવનનો ત્યાગ કરી જશે; એમ તે જ્ઞાન સૂચવે છે.

લિંગદેહજન્ય જ્ઞાનમાં ઉપાધિને લીધે યત્કિંચિત્ ફેર થયો જણાયો. પવિત્રાત્મા જુઠાભાઈ ઉપ- રની તિથિએ પણ દિવસે સ્વર્ગવાસી થયાના આજે ખબર મળ્યા.

એ પાવન આત્માના ગુણોનું શું સ્મરણ કરવું? જ્યાં વિસ્મૃતિને અવકાશ નથી, ત્યાં સ્મૃતિ થઈ ગણાય જ કેમ?

એનું લૌકિક નામ જ દેહધારી દાખલ સત્ય હતું,–એ આત્મદશારૂપે ખરો વૈરાગ્ય હતો.

મિથ્યાવાસના જેની બહુ ક્ષીણ થઈ હતી, વીતરાગનો જે પરમ રાગી હતો, સંસારનો પરમ જુગુપ્સિત હતો, ભક્તિનું પ્રાધાન્ય જેના અંતરમાં સદાય પ્રકાશિત હતું. સમ્યક્ભાવથી વેદનીય કર્મ વેદવાની તેની અદ્‌ભુત સમતા હતી. મોહનીય કર્મનું પ્રબળ જેના અંતર્માં બહુ શૂન્ય થયું હતું, મુમુક્ષુતા જેનામાં ઉત્તમ પ્રકારે દીપી નીકળી હતી, એવો એ જુઠાભાઈનો પવિત્રાત્મા આજે જગતના આ ભાગનો ત્યાગ કરીને ચાલ્યો ગયો; આ સહચારિયોથી મુક્ત થયો. ધર્મના પૂર્ણાલ્હાદમાં આયુષ્ય અચિંતું પૂર્ણ કર્યું.

અરેરે! એવા ધર્માત્માનું ટુંકું જીવન આ કાળમાં હોય એ કાંઈ વધારે આશ્ચર્યકારક નથી. એવા પવિત્રાત્માની આ કાળમાં ક્યાંથી સ્થિતિ હોય? બીજા સંગિયોનાં એવાં ભાગ્ય ક્યાંથી હોય કે આવા પવિત્રાત્માના દર્શનનો લાભ અધિક કાળ તેમને થાય? મોક્ષમાર્ગને દે એવું જે સમ્યક્ત્વ જેના અંતરમાં પ્રકાશ્યું હતું, એવા પવિત્રાત્મા જુઠાભાઈને નમસ્કાર હો! નમસ્કાર હો!

ચિ૦— ૭૦.

સત્યપરાયણના સ્વર્ગવાસસૂચક શબ્દો ભયંકર છે. એવાં રત્નોનું લાંબુ જીવન પરંતુ કાળને પોષાતું નથી. ધર્મેચ્છકનો એવો અનન્ય સહાયક, માયાદેવીને રહેવા દેવો યોગ્ય ન લાગ્યો. આ આત્માનો, આ જીવનનો રાહસ્યિક વિશ્રામ, કાળની પ્રબળ દૃષ્ટિએ ખેંચી લીધો. જ્ઞાનદૃષ્ટિથી શોકનો અવકાશ નથી મનાતો, તથાપિ તેના ઉત્તમોત્તમ ગુણો તેમ કરવાની આજ્ઞા કરે છે; બહુ સ્મરણ થાય છે; વધારે નથી લખી શકતો. ० ० ० ०

સત્યપરાયણસ્મરણાર્થે બને તો એક શિક્ષાગ્રંથ લખવા વિચારું છું.

"આહાર વિહાર અને નિહારનો નિયમિત," એ વાક્યનો સંક્ષેપાર્થ આમ છે:–જેમાં યોગદશા આવે છે તેમાં, દ્રવ્ય, આહાર, વિહાર અને નિહાર (શરીરના મળની ત્યાગક્રિયા), એ નિયમિત (જેવી જોઈએ તેવી,–આત્માને નિર્બાધિક) ક્રિયાથી–એ, પ્રવૃત્તિ કરનારો.

ધર્મમાં પ્રશસ્ત રહો એ જ ફરી ફરી ભલામણ. સત્યપરાયણના માર્ગનું સેવન કરીશું તો જરુર પાર પામીશું; સુખી થઈશું, એમ હું ધારું છું.

મુંબઈ, અશાડ શુદ ૧૫, બુધ, ૧૯૪૬. ઉપાધિગ્રાહ્ય રાયચંદના યથાયોગ્ય

૭૧.

નિરંતર નિર્ભયપણાથી રહિત એવા આ ભ્રાંતિરુપ સંસારમાં વીતરાગત્વ એ જ અભ્યાસવા યોગ્ય છે. નિરંતર નિર્ભયપણે વિચરવું એ જ શ્રેયસ્કર છે, તથાપિ કાળની અને કર્મની વિચિત્રતાથી પરાધીનપણે આ ० ० ० કરીએ છીએ. જેનું અપાર મહાત્મ્ય છે એવી તીર્થંકરદેવની વાણીની ભક્તિ કરો.

તારીખ; ૮,૭,૯૦, મુંબઇ. વિ રાયચંદ્ર.

૭૨.

કેટલાંક વર્ષ થયા એક મહાન ઇચ્છા અંતઃકરણમાં પ્રવર્તિ રહી છે. જે કોઇ સ્થળે કહી નથી; કહી શકાઇ નથી; કહી શકાતી નથી; નહીં કહેવાનું અવશ્ય છે. મહાન પરિશ્રમથી ઘણું કરીને તે પાર પાડી શકાય એવી છે; તથાપિ તે માટે જેવો જોઇએ તેવો પરિશ્રમ થતો નથી; એ એક આશ્ચર્ય અને પ્રમત્તતા છે.

એ ઇચ્છા સ્વાભાવિક ઉત્પન્ન થઇ હતી. જ્યાંસુધી તે યથાયોગ્ય રીતે પાર નહીં કરાય ત્યાંસુધી, આત્મા સમાધિસ્થ થવા ઇચ્છતો નથી, અથવા થશે નહીં. કોઇ વેળા અવસર હશે તો, તે ઇચ્છાની છાયા જણાવી દેવાનું પ્રયત્ન કરીશ.

એ ઇચ્છાનાં કારણને લીધે જીવ ઘણુંકરીને વિટંબનદશામાં જ જીવન વ્યતીત કર્યો જાય છે; જો કે તે વિટંબનદશા પણ કલ્યાણકારક જ છે; તથાપિ બીજા પ્રત્યે તેવી કલ્યાણકારક થવામાં કંઇક ખામીવાળી છે.

અંતઃકરણથી ઉગેલી અનેક ઊર્મિયો તમને ઘણીવાર સમાગમમાં જણાવી છે. સાંભળીને કેટલેક અંશે તમને અવધારવાની ઇચ્છા થતી જોવામાં આવી છે. ફરી ભલામણ છે કે, જે જે સ્થળોએ તે ઉર્મિયો જણાવી હોય, તે તે સ્થળે જતાં ફરી ફરી તેનું અધિક સ્મરણ અવશ્ય કરશો.

આત્મા છે,
તે બંધાયો છે,
તે કર્મનો કર્ત્તા છે,
તે કર્મનો ભોક્તા છે,
મોક્ષનો ઉપાય છે,
આત્મા સાધી શકે છે,
—આ જે છ મહા પ્રવચનો છે, તેનું નિરંતર સંશોધન કરજો.

બીજાની વિટંબનાનો અનુગ્રહ નહીં કરતાં પોતાની અનુગ્રહતા ઇચ્છનાર જય પામતો નથી એમ પ્રાયે થાય છે; માટે ઇચ્છું છું કે, તમે સ્વાત્માના અનુગ્રહમાં દૃષ્ટિ આપી છે તેની, વૃદ્ધિ કરતા રહેશો, અને તેથી પરની અનુગ્રહતા પણ કરી શકશો.

ધર્મ જ જેનાં અસ્થિ અને ધર્મ જ જેની મજ્જા છે, ધર્મ જ જેનું લોહી છે, ધર્મ જ જેનું આમિષ છે, ધર્મ જ જેની ત્વચા છે, ધર્મ જ જેની ઇંદ્રિયો છે, ધર્મ જ જેનું કર્મ છે, ધર્મ જ જેનું ચલન છે, ધર્મ જ જેનું બેસવું છે, ધર્મ જ જેનું ઉઠવું છે, ધર્મ જ જેનું ઉભું રહેવું છે, ધર્મ જ જેનું શયન છે, ધર્મ જ જેની જાગૃતિ છે, ધર્મ જ જેનો આહાર છે, ધર્મ જ જેનો વિહાર છે, ધર્મ જ જેનો નિહાર (?) છે. ધર્મ જ જેનો વિકલ્પ છે, ધર્મ જ જેનો સંકલ્પ છે, ધર્મ જ જેનું સર્વસ્વ છે, એવા પુરુષની પ્રાપ્તિ દુર્લભ છે, અને તે મનુષ્યદેહે પરમાત્મા છે. એ દશાને શું આપણે નથી ઇચ્છતા ? ઇચ્છિયે છિયે તથાપિ પ્રમાદ અને અસત્સંગ આડે તેમાં દૃષ્ટિ નથી દેતા.

વવાણીઆ, પ્ર૦ ભા૦ શુદ ૧૧, ભોમે, ૧૯૪૬.

૭૩

બાહ્યભાવે જગતમાં વર્ત્તો અને અંતરંગમાં એકાંત શીતળીભૂત—નિર્લેપ—રહો; એજ માન્યતા

અને આપના છે. ભરુચ, શ્રાવણ શુદ ૧૦, ૧૯૪૬.

૭૪

'जणं जणं दिसं इच्छइ तणं तणं दिसं अपडिबद्धे.'

જેજે દિશા ભણી જવું ઇચ્છ છે, તેતે દિશાજેને અપ્રતિબદ્ધ અર્થાત્ ખુલ્લિ છે (રોકીશકતીનથી)

આવી દશાનો અભ્યાસ જ્યાંસુધી નહીં થાય, ત્યાંસુધી યથાર્થ ત્યાગની ઉત્પત્તિ થવી કેમ સંભવે ? પૌદ્ગલિક રચનાએ આત્માને સ્થંભિત કરવો ઉચિત નથી.

શ્રા૦ વ૦ ૫ ભોમે, ૧૮૯૦. વિ૦ રાયચંદના યથાયોગ્ય.

૭૫.

આજે મતાંતરથી ઉત્પન્ન થયેલાં પહેલાં પર્યૂષણ આરંભાયાં. આવતા માસમા બીજાં આરંભાશે. સમ્યક્દૃષ્ટિથી મતાંતર દૂર મૂકી જોતાં એજ મતાંતર બેવડા લાભનું કારણ છે, કારણ બેવડો ધર્મ સંપાદન કરી શકાશે.——ચિત્ત શુદ્ધાને યોગ્ય થઇ ગયું છે. કર્મરચના વિચિત્ર છે.

વવાણીઆ, ૧૩, ઑગસ્ટ, ૧૮૯૦. વિ૦ રાયચંદના યથા૦

૭૬.

મતાંતરથી બેવડો લાભ થાય છે એવું, આ પર્યૂષણ સમ્યક્દૃષ્ટિથી જોતાં જણાયું; એ વાત રુચી; તથાપિ કલ્યાણ અર્થે એ દૃષ્ટિ ઉપયોગી છે. સમુદાયના કલ્યાણ અર્થે જોતાં બે પર્યૂષણ દુઃખદાયક છે. પ્રત્યેક મતાંતર સમુદાયમાં વધવાં ન જોઇએ, ઘટવાં જોઇએ. અત્યારે એ જ.

સં૦૧૯૪૬, ભા, પ્ર. શુદ ૪, વવાણીઆ. વિ૦ રાયચંદ.

૭૭.

ભગવતીસૂત્રના પાઠ સંબંધમાં બન્નેના અર્થ મને તો ઠીક જ લાગે છે. બાળજીવોની અપેક્ષાએ ટબાના લેખકે ભરેલો અર્થ હિતકારક છે; મુમુક્ષુને માટે તમે કલ્પેલો અર્થ હિતકારક છે; સંતોને માટે બન્ને હિતકારક છે. જ્ઞાનમાં મનુષ્યો પ્રયત્ન કરે એટલા માટે એ સ્થળે પ્રત્યાખ્યાનને દુઃપ્રત્યાખ્યાન કહેવાની અપેક્ષા છે. યથાયોગ્ય જ્ઞાનની પ્રાપ્તિ જો ન થઇ હોય તો, જે પ્રત્યાખ્યાન કર્યાં હોય તે, દેવાદિક ગતિ આપી સંસારમાં જ અંગભૂત થાયછે; એ માટે તેને દુઃપ્રત્યાખ્યાન કહ્યાં; પણ એ સ્થળે પ્રત્યાખ્યાન જ્ઞાન વિના ન જ કરવાં એમ કહેવાનો હેતુ તીર્થંકરદેવનો છે જ નહીં. પ્રત્યાખ્યાનાદિક ક્રિયાથી જ મનુષ્યત્વ મળે છે. ઉચ્ચ ગોત્ર અને આર્યદેશમાં જન્મ મળે છે તો, પછી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે; માટે એવી ક્રિયા પણ જ્ઞાનને સાધનભૂત સમજવી જોઇએ છીએ.

જેતપર, પ્ર. ભા. વદ ૫, બુધે, ૧૯૪૬. વિ૦રાયચંદના યથોચિત.

૭૮

'क्षणमपि सज्जनसंगतिरेका भवति भवार्णवतरणे नौका'

' ક્ષણવારનો પણ સત્પુરુષનો સમાગમ તે સંસારરુપ સમુદ્ર તરવાને નૌકારુપ થાય છે, '

એ વાક્ય મહાત્મા શંકરાચાર્યજીનું છે; અને તે યથાર્થ જ લાગે છે. અંતઃકરણમાં નિરંતર એમ જ આવ્યા કરે છે કે, પરમાર્થરુપ થવું, અને અનેકને પરમાર્થ સાધ્ય કરવામાં સહાયક થવું; એ જ કર્ત્તવ્ય છે; તથાપિ તેવો યોગ હજુ વિયોગમાં છે.

વવાણીઆ, સપ્ટેમ્બર, ૧૨, ૯૦

૭૯.

આ ક્ષેત્રમાં આ કાળે આ દેહધારીનો જન્મ થવો યોગ્ય નહોતો, જો કે સર્વ ક્ષેત્રે જન્મવાની તેણે ઇચ્છા રુંધિ જ છે, તથાપિ થયેલા જન્મ માટે શોક દર્શાવવા આમ...લખ્યું છે. કોઇ પણ પ્રકારે વિદેહી દશા ! ત્રાસતું–. યથાયોગ્ય જીવન્મુક્તદશા વગરતું–યથાયોગ્ય નિર્ગ્રંથદશા વગરતું–ક્ષણ એકનું જીવન પણ ભાળવું, જીવને સુલભ લાગતું નથી, તો પછી બાકી રહેલું અધિક આયુષ્ય કેમ જશે ? એ વિટંબના આત્મેચ્છાની છે.

યથાયોગ્ય દશાનો હજી મુમુક્ષુ છું; કેટલીક પ્રાપ્તિ છે, તથાપિ સર્વ પૂર્ણતા પ્રાપ્ત થયા વિના આ જીવ શાંતિને પામે એવી દશા જણાતી નથી. એક પર રાગ અને એક પર દ્વેષ એવી સ્થિતિ એક રોમમાં પણ તેને પ્રિય નથી. અધિક શું કહેવું ? પરના પરમાર્થ શિવાયનો દેહ જ ગમતો નથી તો ?——આત્મકલ્યાણમાં પ્રવૃત્તિ કરશો.

બી૦ ભા૦ શુદ ૮, રવિ, વવાણીઆ. વિ૦ રાયચંદના યથાયોગ્ય.

૮૦

અત્ર જે ઉપાધિ છે તે, એક અમુક કામથી ઉત્પન્ન થઇ છે; અને તે ઉપાધિ માટે શું થશે, એવી કંઇ કલ્પના પણ થતી નથી, અર્થાત્ તે ઉપાધિ સંબંધી કંઇ ચિંતા કરવાની વૃત્તિ રહેલી નથી. એ ઉપાધિ કળિકાળના પ્રસંગે એક આગળની સંગતિથી ઉત્પન્ન થઇ છે, અને જેમ તે માટે થવું હશે તેમ થોડા કાળમાં થઇ રહેશે; એવી ઉપાધિઓ આ સંસારમાં આવવી, એ કંઇ નવાઇની વાત નથી.

ઇશ્વર પર વિશ્વાસ રાખવો એ એક સુખદાયક માર્ગ છે. જેનો દૃઢ વિશ્વાસ હોય છે, તે દુઃખી હોતો નથી, અથવા દુઃખી હોય તો દુઃખ વેદતો નથી; દુઃખ ઉલટું સુખરૂપ થઇ પડે છે. આત્મેચ્છા એવી જ વર્તે છે કે, સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવા શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.

રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે; આહાર પણ એ જ છે; નિદ્રા પણ એ જ છે; શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે; ભય પણ એ જ છે; ભોગ પણ એ જ; પરિગ્રહ પણ એ જ છે; ચલન પણ એ જ છે; આસન પણ એ જ છે; અધિક શું કહેવું ? હાડ, માંસ અને તેની મજ્જાને એક જ એ જ રંગનનું રંગન છે; એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે; અને તેને લીધે નથી કંઇ જોવું ગમતું; નથી કંઇ સૂંઘવું ગમતું; નથી કંઇ સાંભળવું ગમતું; નથી કંઇ ચાખવું ગમતું કે નથી કંઇ સ્પર્શવું ગમતું; નથી કંઇ બોલવું ગમતું કે નથી મૌન રહેવું ગમતું; નથી બેસવું ગમતું કે નથી ઉઠવું ગમતું; નથી સુવું ગમતું કે નથી જાગવું ગમતું; નથી ખાવું ગમતું કે નથી ભૂખ્યું રહેવું ગમતું; નથી અસંગ ગમતો કે નથી સંગ ગમતો; નથી લક્ષ્મી ગમતી કે નથી અલક્ષ્મી ગમતી; એમ છે; તથાપિ તે પ્રત્યે આશા નિરાશા કંઇજ ઉગતું જણાતું નથી; તે હો તો પણ ભલે; અને ન હો તો પણ ભલે; એ કંઇ દુઃખનાં કારણ નથી. દુઃખનાં કારણ માત્ર વિષમાત્મા છે, અને તે જો સમ છે, તો સર્વ સુખ જ છે;

એ વૃત્તિને લીધે સમાધિ રહે છે, તથાપિ બહારથી ગૃહસ્થપણાની પ્રવૃત્તિ નથી થઇ શકતી; દેહભાવ દેખાડવો પાલવતો નથી; આત્મભાવથી પ્રવૃત્તિ નથી થઈ શકતી; બાહ્યથી કરવાને કેટલોક અંતરાય છે. ત્યારે હવે કેમ કરવું ? કયા પર્વતની ગુફામાં જવું ? અને અલોપ થઇ જવું ? એ જ રટાય છે; તથાપિ બહારથી અમુક સંસારી પ્રવૃત્તિ કરવી પડે છે; તે માટે શોક તો નથી, તથાપિ સહન કરવા જીવ ઇચ્છતો નથી ! પરમાનંદ ત્યાગી એને ઇચ્છે પણ કેમ ? અને એ જ કારણથી જ્યોતિષાદિક તરફ હાલ ચિત્ત નથી. ગમે તેવાં ભવિષ્યજ્ઞાન અથવા સિદ્ધિઓની ઇચ્છા નથી. તેમ તેઓનો ઉપયોગ કરવામાં ઉદાસીનતા રહે છે,—તેમાં પણ હાલ તો અધિક જ રહે છે; માટે એ જ્ઞાન સંબંધે ચિત્તની સ્વસ્થતાએ વિચારી, માગેલા પ્રશ્નો સંબંધી લખીશ; અથવા સમાગમે જણાવીશ.

જે પ્રાણીઓ એવા પ્રશ્નના ઉત્તર પામવાથી આનંદ માને છે, તેઓ મોહાધીન છે; અને તેઓ પરમાર્થનાં પાત્ર થવાં દુર્લભ છે, એમ માન્યતા છે; તો તેવા પ્રસંગમાં આવવું પણ ગમતું નથી; પણ પરમાર્થહેતુએ પ્રવૃત્તિ કરવી પડશે તો પ્રસંગે કંઇ કરીશ: ઇચ્છા તો થતી નથી.

વવાણીઆ, ભાદરવા શુદ ૨, ભોમ સં૦ ૧૯૪૬. વિ૦ રાયચંદ્રના પ્રણામ.

૮૧

મુમુક્ષુતાના અંશોએ ગ્રહાયલું તમારું હૃદય પરમ સંતોષ આપે છે. અનાદિ કાળનું પરિભ્રમણ હવે સમાપ્તતાને પામે એવી જિજ્ઞાસા એ પણ એક કલ્યાણ જ છે. કોઇ એવો યથાયોગ્ય સમય આવી રહેશે કે જ્યારે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઇ રહેશે. નિરંતર વૃત્તિઓ લખતા રહેશો. જિજ્ઞાસાને ઉત્તેજન આપતા રહેશો, અને નીચેની ધર્મકથા શ્રવણ કરી હશે, તથાપિ ફરી ફરી તેનું સ્મરણ કરશો.

સમ્યક્દશાનાં પાંચ લક્ષણો છે:—

શમ.
સંવેગ.
નિર્વેદ. } અનુકંપા.
આસ્થા.

ક્રોધાદિક કષાયોનું સમાઇ જવું, ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી, અથવા અનાદિ કાળની વૃત્તિઓ સમાઇ જવી તે 'શમ.'

મુક્ત થવા સિવાય બીજી કોઇ પણ પ્રકારની ઇચ્છા નહીં,—અભિલાષા નહીં તે 'સમ્વેગ.'

જ્યારથી એમ સમજાયું કે, ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું, ત્યારથી હવે ઘણી થઇ, અને, જીવ ! હવે થોભ, એ ' નિર્વેદ.'

મહાત્મ્ય જેનું પરમ છે એવા નિસ્પૃહી પુરુષોનાં વચનમાં જ તલ્લિનતા તે ' શ્રદ્ધા'–'આસ્થા'.

એ સઘળાં વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે ' અનુકંપા

આ લક્ષણો અવસ્ય મનન કરવા યોગ્ય છે, સ્મરવા યોગ્ય છે, ઇચ્છવા યોગ્ય છે, અનુભવવા યોગ્ય છે. અધિક અન્ય પ્રસંગે.

વવાણીઆ, બી. ભા. શુદ ૧૪, ૧૯૪૬. વિ૦ રાયચંદ્ર

૮૨

પ્રથમ સંવત્સરી અને એ દિવસ પર્યંત કોઇ પણ પ્રકારે તમારો અવિનય, આશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઇ પણ યોગાધ્યવસાયથી થઇ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું. અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઇ કાળ જણાતો નથી, વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં, આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય; સંકલ્પ— વિકલ્પનું રટણ ન કર્યું હોય, અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યાં કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે, એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવોપરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં, કે અન્યથા કરતાં તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું? અર્થાત્ એમ જાણવું જોઇતું હતું; છતાં ન જાણ્યું. એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે, જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રિયાદિક) ને અનંતવાર છોડતાં, તેનો વિયોગ થયો, અનંત કાળ પણ થઇ ગયો; તથાપિ તેના વિના જીવાયું એ કંઇ થોડું આશ્ચર્યકારક નથી; અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો, તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઇ કાળે પણ નહીં જોઉં, જેને કોઇ કાળે હું ગ્રહણ નહીં જ કરું; તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે, શા માટે જન્મ્યો? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડયું, અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી. કહો, એ સ્મરણ થતાં આ ક્લેશિત આત્માપરત્વે જુગુપ્સા નહીં આવતી હોય? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું? જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું, તેનું સ્મરણ થતાં હવે કેમ આવવું? એ ચિંતના થઇ પડી છે. ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું, એવું દૃઢત્વ આત્મામાં પ્રકાશે છે; પણ કેટલીક નિરુપાયતા છે; ત્યાં કેમ કરવું?

જે દૃઢતા છે તે પૂર્ણ કરવી—જરૂર પૂર્ણ પડવી, એ જ રટન છે; પણ જે કંઇ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચાલ્યું જાય છે, એને ન જવા દેવું. જ્યાંસુધી યથાયોગ્ય જય ન થાય ત્યાંસુધી એમ દૃઢતા છે; તેનું કેમ કરવું?

કદાપિ કોઇ રીતે તેમાંનું કંઇ કરીએ તો તેવું સ્થાન કયાં છે કે જ્યાં જઇને રહીએ! અર્થાત્ તેવા સંતો કયાં છે કે જ્યાં જઇને એ દશામાં બેસી તેવું પોષણ પામીએ, ત્યારે હવે કેમ કરવું?:

" ગમે તેમ હો—ગમે એટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિસહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાંસુધી હે જીવ! છૂટકો નથી. " આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભાવવૃત્તિ નથી જોઇતી; અમુક કાળ સુધી શૂન્યશિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત શિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ શિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો આર્યાચરણ શિવાય કંઇ નથી જોઇતું; (આર્યાચરણ આર્ય પુરુષોએ કરેલાં આચરણ.) તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધભાવે લીનતા શિવાય કંઇ નથી જોઇતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડયા વિના આગમ અનર્થકારક થઈ પડે છે; સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે; સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી; લોક-ત્યાગ વિના વૈરાગ્ય યથાયોગ્ય પામવો દુર્લભ છે. એ જ વિજ્ઞાપના.

વવાણીઆ, પ્ર. ભા. શુદ ૬, ૧૯૪૬. વિ૦ રાયચંદના યથાયોગ્ય.

૮૩.

તમારું સંવેગ ભરેલું પત્ર મળ્યું. પત્રોથી અધિક શું જણાવું? જ્યાંસુધી આત્મા આત્મભાવથી અન્યથા એટલે દેહભાવે વર્તશે, 'હું કરું છું' એવી બુદ્ધિ કરશે, 'હું રિદ્ધિ ઇત્યાદિકે અધિક છું' એમ માનશે, શાસ્ત્રને જાળરૂપે સમજશે, મર્મને માટે મિથ્યા મોહ કરશે, ત્યાંસુધી તેની શાંતિ થવી દુર્લભ છે, એ જ આ પત્તાથી જણાવું છું. તેમાં જ બહુ સમાયું છે. ઘણે સ્થળેથી વાંચ્યું હોય, સાંભળ્યું હોય, તોપણ આ પર અધિક લક્ષ રાખશો.

બી૦ ભા૦ શુદિ ૧૪, રવિ, ૧૯૪૦, વવાણીઆ. રાયચંદ.

૮૪

આત્મશાંતિમાં પ્રવર્તશો. યોગ્યતા મેળવો;-એમ જ મળશે. પાત્રતાપ્રાપ્તિનો પ્રયાસ અધિક કરો.

મોરબી, આકટોબર, ૫, ૯૦.

૮૫.

આઠ રુચકપ્રદેશ સંબંધીનું પ્રથમ તમારું પ્રશ્ન છે. 'ઉત્તરાધ્યયન સિદ્ધાંત'માં સર્વ પ્રદેશે કર્મવળગણા બતાવી એનો હેતુ એવો સમજાયો છે કે, એ કહેવું ઉપદેશાર્થે છે. સર્વ પ્રદેશે કહેવાથી શાસ્ત્રકર્ત્તા આઠ રુચકપ્રદેશ કર્મ રહિત નથી, એવો નિષેધ કરે છે, એમ સમજાતું નથી. અસંખ્યાત પ્રદેશી આત્મામાં જ્યારે માત્ર આઠ જ પ્રદેશ કર્મ રહિત છે, ત્યારે અસંખ્યાત પ્રદેશ પાસે તે કઇ ગણતિમાં છે? અસંખ્યાત આગળ તેનું એટલું બધું લઘુત્વ છે કે, શાસ્ત્રકારે ઉપદેશની અધિકતા માટે એ વાત અંતઃકરણમાં રાખી બહારથી આ પ્રમાણે ઉપદેશ કર્યો;-અને એવી શૈલી નિરંતર શાસ્ત્રકારની છે. અંતર્મુહૂર્ત એટલે બે ઘડીની અંદરનો ગમે તે વખત, એમ સાધારણ રીતે અર્થ થાય છે; પરંતુ શાસ્ત્રકારની શૈલી પ્રમાણે એનો અર્થ એવો કરવો પડે છે કે, આઠ સમયથી ઉપરાંત અને બેઘડીની અંદરના વખતને અંતર્મુહૂર્ત કહેવાય છે. પણ રુઢિમાંતો જેમ આગળ બતાવ્યું તેમ જ સમજાય છે; તથાપિ શાસ્ત્રકારની શૈલી જ માન્ય છે. જેમ અહીં આઠ સમયની વાત બહુ લઘુત્વવાળી હોવાથી સ્થળે સ્થળે શાસ્ત્રમાં બતાવી નથી, તેમ આઠ રુચકપ્રદેશની વાત પણ છે; એમ મારું સમજવું છે; અને તેને 'ભગવતી,' 'પ્રજ્ઞાપના' 'ઠાણાંગ' ઇત્યાદિક સિદ્ધાંતો પુષ્ટિ આપે છે. વળી મારી સમજણ તો એમ રહે છે કે, શાસ્ત્રકારે બધાં શાસ્ત્રોમાં ન હોય એવી પણ કોઇ શાસ્ત્રમાં વાત કરી હોય તો, કંઈ ચિંતા જેવું નથી. એની સાથે તે એક શાસ્ત્રમાં કહેલી વાત સર્વ શાસ્ત્રની રચના કરતાં શાસ્ત્રકારના લક્ષમાં જ હતું, એમ સમજવું. વળી બધાં શાસ્ત્ર કરતાં કંઇ વિચિત્ર વાત કોઇ શાસ્ત્રમાં જણાવી હોય તો, એ વધારે સમ્મત કરવા જેવી સમજવી, કારણ એ કોઈ વીરલા મનુષ્યને અર્થે તેવી વાત કહેવાઇ હોય છે; બાકી તો સાધારણ મનુષ્યો માટે જ કથન હોય છે. આમ હોવાથી આઠ રુચકપ્રદેશ નિર્બંધન છે, એ વાત અનિષિદ્ધ છે; એમ મારી સમજણ છે. બાકીના ચાર અસ્તિકાયના પ્રદેશને સ્થળે એ રુચકપ્રદેશ મૂકી સમુદ્‌ઘાત કરવાનું કેવળી સંબંધી જે વર્ણન છે તે, કેટલીક અપેક્ષાએ જીવનો મૂળ કર્મભાવ નથી એમ સમજાવવા માટે છે. એ વાત પ્રસંગવશાત્ સમાગમે ચર્ચો તો ઠીક પડશે.

બીજું પ્રશ્ન, "ચૌદપૂર્વધારી' કંઇ જ્ઞાને ઉણા—એવા—અનંત નિગોદમાં લાભે, અને જઘન્યજ્ઞાનવાળા પણ અધિકમાં અધિક પંદર ભવે મોક્ષે જાય, એ વાતનું સમાધાન કેમ?' એનો ઉત્તર જે મારા હૃદયમાં છે, તેજ જણાવી દઉં છું: એ જઘન્યજ્ઞાન બીજું; અને એ પ્રસંગ પણ બીજો છે. જઘન્યજ્ઞાન એટલે સામાન્યપણે, પણ, મૂળ વસ્તુનું જ્ઞાન; અતિશય સંક્ષેપમાં છતાં મોક્ષના બીજરૂપ છે એટલા માટે એમ કહ્યું. અને 'એકદેશે ઉણું' એવું ચૌદપૂર્વધારીનું જ્ઞાન તે એક મૂળ વસ્તુના જ્ઞાન શિવાય બીજું બધું જાણનાર થયું; પણ દેહદેવળમાં રહેલો શાશ્વત પદાર્થ જાણનાર ન થયું, અને એ ન થયું તો પછી લક્ષ વગરનું ફેંકેલું તીર લક્ષ્યાર્થનું કારણ નથી તેમ આ પણ થયું. જે વસ્તુ પ્રાપ્ત કરવા ચૌદપૂર્વનું જ્ઞાન જિને બોધ્યું છે, તે વસ્તુ ન મળી તો, પછી ચૌદપૂર્વનું જ્ઞાન અજ્ઞાનરુપ જ થયું. અહીં 'દેશે ઉણું' ચૌદપૂર્વનું જ્ઞાન સમજવું. 'દેશે ઉણું' કહેવાથી આપણી સાધારણ મતિથી એમ સમજાય કે, ભણી ભણી ચૌદ પૂર્વને છેડે આવી પહોંચતાં એકાદ અધ્યયન કે તેવું રહી ગયું; અને તેથી રખડયા; પરંતુ એમ તો નહીં. એટલા બધા જ્ઞાનનો અભ્યાસી એક અલ્પ ભાગ માટે અભ્યાસમાં પરાભવ પામે, એ માનવા જેવું નથી; અર્થાત કંઇ ભાષા અઘરી અથવા અર્થ અઘરો નથી કે સ્મરણમાં રાખવું તેમને દુર્લભ પડે; માત્ર મૂળ વસ્તુનું જ્ઞાન ન મળ્યું એટલી જ 'ઉણાઇ.' તેનું ચૌદ પૂર્વનું બાકીનું જ્ઞાન નિષ્ફળ કર્યું. એક નયથી એવી વિચારણા પણ થઇ શકે છે કે, શાસ્ત્રો—લખેલાં—નાં પાનાં ઉપાડવાં અને ભણવાં એમાં કાંઇ અંતર નથી—જો તત્ત્વ ન મળ્યું તો; કારણ કે બેયે બોજો જ ઉપાડયો. પાનાં ઉપાડયાં તેણે કાયાએ બોજો ઉપાડયો, ભણી ગયા હતા તેણે મને બોજો ઉપાડયો; પરંતુ વાસ્તવિક લક્ષાર્થ વિના તેનું નિરુપયોગીપણુ થાય એમ સમજણ છે. જેને ઘેર આખો લવણસમુદ્ર છે તે, તૃષાતુરની તૃષા મટાડવા સમર્થ નથી; પણ જેને ઘેર એક મીઠા પાણીની વીરડી છે તે, પોતાની અને કેટલાક બીજાની તૃષા મટાડવા સમર્થ છે; અને જ્ઞાનદૃષ્ટિએ જોતાં મહત્વ તેનું જ છે; તોપણ બીજા નય પર હવે દૃષ્ટિ કરવી પડે છે; અને તે એ કે કોઇ રીતે પણ શાસ્ત્રાભ્યાસ હશે તો, કંઇ પાત્ર થવાની જિજ્ઞાસા થશે, અને કાળે કરીને પાત્રતા પણ મળશે, અને પાત્રતા બીજાને પણ આપશે; એટલે શાસ્ત્રાભ્યાસનો નિષેધ અહીં કરવાનો હેતુ નથી; પણ મૂળ વસ્તુથી દૂર જવાય એવા શાસ્ત્રાભ્યાસનો નિષેધ કરીએ તો એકાંતવાદી નહીં કહેવાઇએ.

ટુંકામાં એમ એ બે પ્રશ્નોના ઉત્તર લખું છું. લેખન કરતાં વાચાએ અધિક સમજાવવાનું બને છે, તોપણ આશા છે કે, આથી સમાધાન થશે, અને તે પાત્રપણાના કોઇ પણ અંશોને વધારશે, એકાંતિક દૃષ્ટિને ઘટાડશે, એમ માન્યતા છે.

અહો ! અનંત ભવનાં પર્યટને, કોઈ સત્પુરુષના પ્રતાપે આ દશા પામેલા એવા આ દેહધારીને તમે ઇચ્છો છો, તેની પાસેથી ધર્મ ઇચ્છો છો; અને તે તો હજુ કોઈ આશ્ચર્યકારક ઉપાધિમાં છે. નિવૃત્તિ હોત તો બહુ ઉપયોગી થઇ પડત. વારુ, તમને તેને માટે આટલી બધી શ્રદ્ધા રહે છે, તેનું કંઈ મૂળ કારણ હસ્તગત થયું છે? એના પર રાખેલી શ્રદ્ધા, એનો કહેલો ધર્મઅનુભવ, અનર્થકારક તો નહીં લઇ લો? અર્થાત્ હજુ તેની પૂર્ણ કસોટી કરજો, અને એમ કરવામાં તે રાજી છે; તેની સાથે તમને યોગ્યતાનું કારણ છે.—અને કદાપિ પૂર્વાપર પણ નિઃશંક શ્રદ્ધા જ રહેશે એમ હોય તો, તેમ જ રાખવામાં કલ્યાણ છે, એમ સ્પષ્ટ કહી દેવું આજે વ્યાજબી લાગતાં કહી દીધું છે.

આજના પત્રની ભાષા ઘણી જ ગ્રામિક વાપરી છે, તથાપિ તેનો ઉપદેશ એક પરમાર્થ જ છે.

મોરબી, બી. ભા. વદ. ૭, રવિ, ૧૯૪૫. તમારા સમાગમના ઇચ્છક,

આગમના ઉલ્લાસની વૃદ્ધિ કરશો—જરૂર. રાયચંદ (અનામ) ના પ્રણામ.

૮૬

નીચેનો અભ્યાસ તો રાખ્યા કરોઃ—

૧. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલા અને ઉદય આવવાના કષાયોને સમાવો.

૨. સર્વ પ્રકારની અભિલાષા નિવૃત્ત કરતા રહો.

૩. આટલા કાળ સુધી જે કર્યું તે બધાથી નિવૃત્ત થાઓ;–એ કરતાં હવે અટકો.

૪. તમે પરિપૂર્ણ સુખી છો એમ માનો અને બાકીના પ્રાણીઓ ઉપર અનુકંપા રાખ્યા કરો.

૫. કોઇ એક સત્ પુરૂષ શોધો અને તેનાં ગમે તેવાં વચનમાં શ્રદ્ધા રાખો.

એ પાંચે અભ્યાસ અવશ્ય યોગ્યતાને આપે છે. પાંચમામાં વળી ચારે સમાવેશ પામે છે, એમ અવશ્ય માનો. અધિક શું કહું ? ગમે તે કાળે પણ એ પાંચમું પ્રાપ્ત થયા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી. બાકીના ચાર એ પાંચમું મેળવવાના સહાયક છે. પાંચમા અભ્યાસ શિવાયનો,–તેની પ્રાપ્તિ શિવાયનો, બીજો કોઇ નિર્વાણ–માર્ગ મને સુજતો નથી, અને બધાય મહાત્માઓને પણ એમ જ સૂજ્યું હશે–સૂજ્યું છે.

હવે જેમ તમને યોગ્ય લાગે તેમ કરો. એ બધાની તમારી ઇચ્છા છે, તોપણ અધિક ઇચ્છાએ ઉતાવળ ન કરો. જેટલી ઉતાવળ તેટલી કચાસ, અને કચાસ એટલી ખટાસ; આ અપેક્ષિત વચનનું સ્મરણ કરો.

સં૦ ૧૯૪૬, ભાદરવો.

૮૭

વ્યાસભગવાન્ વદે છે કેઃ—

इच्छाद्वेषविहीनेन, सर्वत्र समचेतसा

भगवद्भक्तियुक्तेन, प्राप्ता भागवती गतिः ।

'ઇચ્છા અને દ્વેષ વગર સર્વ ઠેકાણે સમદૃષ્ટિથી જોનાર એવા પુરુષો, ભગવાનની ભક્તિથી યુક્ત થઇને ભાગવતી ગતિને પામ્યા, અર્થાત્ નિર્વાણ પામ્યા.'

આપ જુઓ, એ વચનમાં કેટલો બધો પરમાર્થ તેમણે સમાવ્યો છે ! પ્રસંગાવશાત્ એ વાતનું સ્મરણ થવાથી લખ્યું.

વવાણીઆ, ભાદરવા વદ ૧૨ શુક્રે, ૧૯૪૬.

૮૮.

આત્માનું વિસ્મરણ કેમ થયું હશે ?

તમે અને બીજા જે જે ભાઇઓ મારી પાસેથી કંઇ આત્મલાભ ઇચ્છો છો તે તે, તે લાભ પામો, એ મારી અંતઃકરણથી ઇચ્છા જ છે, તથાપિ તે લાભ આપવાની જે યથાયોગ્ય પાત્રતા તેમાં મને હજુ કંઇક આવરણ છે, અને તે લાભ લેવા ઇચ્છનારની પણ કેટલીક રીતે યોગ્યતાની

મને ન્યૂનતા લાગ્યા કરે છે, એટલે એ બન્ને યોગ જ્યાંસુધી પરિપકવતાને નહીં પામે ત્યાંસુધી, ઇચ્છિત સિદ્ધિ વિલંબમાં રહી છે, એમ માન્યતા છે. ફરી ફરી અનુકંપા આવી જાય છે, પણ નિરુપાયતા આગળ શું કરું ? પોતાની કંઇ ન્યૂનતાને પૂર્ણતા કેમ કહું ?

એ પરથી એવી ઇચ્છા રહ્યા કરે છે કે, હમણા તો જેમ તમે બધા યોગ્યતામાં આવી શકો તેવું કંઇ નિવેદન કર્યા રહેવું. જે કંઇ ખુલાસો માગો તે યથામતિ આપવો, નહીંતો યોગ્યતા મેળવ્યા રહો એ ફરી ફરી સૂચવવું.

વવાણીઆ, બી. ભા. વદ ૧૩, શનિ.

૮૯.

ચૈતન્યનો નિરંતર-અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે; એ જ જોઇએ છીએ; બીજી કંઇ સ્પૃહા રહેતી નથી,-રહેતી હોય તોપણ રાખવા ઇચ્છા નથી. એક 'તુંહિ તુંહિ' એજ યથાર્થ વહેતી પ્રવાહના જોઇએ છીએ; અધિક શું કહેવું ? લખ્યું લખાય તેમ નથી, કથ્યું કથાય તેમ નથી, જ્ઞાને માત્ર ગમ્ય છે; કાંતો શ્રેણિએ શ્રેણિએ સમજાય તેવું છે. બાકી તો અવ્યક્તતા જ છે.

માટે જે નિસ્પૃહ દશાનું જ રટણ છે, તે મળ્યે—આ કલ્પિત ભૂલી ગયે—છૂટકો છે.

વવાણીઆ, બીજા ભાદરવા વદ, ૦)) સોમ, ૧૯૪૬. વિ૦ રા૦

૯૦.

ઉંચ નિચનો અંતર નથી, સમજ્યા તે પામ્યા સદ્ગતી.

તીર્થંકરદેવે રાગ કરવાની ના કહી છે, અર્થાત્ રાગ હોય ત્યાંસુધી મોક્ષ નથી, ત્યારે આ પ્રત્યેનો રાગ તમને બધાને હિતકારક કેમ થશે ?

વવાણીઆ, તા. ૧૮ ઑક્ટોબર, ૧૮૯૦ લખનાર-અવ્યક્તદશા.

૯૧.

એવા અનેક પ્રકારના પરિત્યાગી વિચારો પાલટી પાલટીને જ્યારે આત્મા એકત્વ બુદ્ધિ પામી મહાત્માના સંગને આરાધશે, વા પોતે કોઇ પૂર્વના સ્મરણને પામશે તો, ઇચ્છિત સિદ્ધિને પામશે; આ નિ:સંશય છે.

વવાણીઆ, આશો શુદ ૧૦ ગુરૂ. ૧૯૪૬ વિ૦ રાયચંદના યથોચિત.

૯૨

પદ મળ્યું. સર્વાર્થસિદ્ધની જ વાત છે. જૈનમાં એમ કહે છે કે, સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર યોજન દૂર મુક્તિશિલા છે. કબીર પણ ધ્વજાથી આનંદ આનંદ પામી ગયા છે. પદ વાંચી પરમાનંદ થયો. પ્રભાતમાં વહેલો ઉદયો ત્યારથી કોઇ અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો. તેવામાં પદ મળ્યું; અને મૂળપદનું અતિશય સ્મરણ થયું; એકતાન થઇ ગયું; એકાકાર વૃત્તિનું વર્ણન શબ્દે કેમ કરી શકાય ! દિવસના બાર બજ્યાસુધી રહ્યું. અપૂર્વ આનંદ તો તેવો ને તેવો જ છે, પરંતુ બીજી વાર્ત્તા (જ્ઞાનની) કરવામાં ત્યાર પછીનો કાળક્ષેપ કર્યો. 'કેવળ જ્ઞાન **હવે પામશું, પામશું પામશું, પામશું રે-કે૦**'[1] એવું એક પદ કર્યું. હૃદય બહુ આનંદમાં છે.

---

૧. આ પદ અમને મળી શક્યું નથી.—સંશોધક.

વવાણીઆ, આશો સુદ ૧૧, શુક્ર ૧૯૪૬.

૯૩.

સંસારમાં રહેવું, અને મોક્ષ થવા કહેવું, એ બનવું અસુલભ છે.—

ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે.

વવાણીઆ, આશો સુદ ૧૨, શનિ, ૧૯૪૬. વિ૦ રાયચંદના યથા૦

૯૪

સતને નમોનમઃ

" વાંછા "–" ઇચ્છા " ના અર્થ તરીકે " કામ " શબ્દ વપરાય છે. તેમ જ પંચેંદ્રિયના વિષયના અર્થ તરીકે પણ વપરાય છે.

" અનન્ય " એટલે જેના જેવો બીજો નહીં,—સર્વોત્કૃષ્ટ. " અનન્ય ભક્તિભાવ " એટલે જેના જેવો બીજો નહીં એવો ભક્તિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવ.

જેના વચનબળે જીવ નિર્વાણમાર્ગને પામે છે, એવી સજીવન મૂર્તિનો પૂર્વકાળમાં જીવને જોગ ઘણીવાર થઇ ગયો છે, પણ તેનું ઓળખાણ થયું નથી; જીવે ઓળખાણ કરવા પ્રયત્ન ક્વચિત્ કર્યું પણ હશે, તથાપિ જીવને વિષે ગ્રહી રાખેલી સિદ્ધિ–યોગાદિ, રિદ્ધિ–યોગાદિ અને બીજી તેવી કામનાઓથી પોતાની દૃષ્ટિ મલિન હતી. દૃષ્ટિ જો મલિન હોય તો તેથી સત્–મૂર્ત્તિ પ્રત્યે પણ બાહ્ય લક્ષ રહે છે. જેથી ઓળખાણ પડતું નથી; અને જ્યારે ઓળખાણ પડે છે ત્યારે, જીવને કોઇ અપૂર્વ સ્નેહ આવે છે, તે એવો કે તે મૂર્ત્તિના વિયોગે ઘડી એક આયુષ્ય ભોગવવું તે પણ તેને વિટંબના લાગે છે,–અર્થાત્ તેના વિયોગે તે ઉદાસીન ભાવે તેમાં જ વૃત્તિ રાખીને જીવે છે. બીજા પદાર્થોના સંયોગ અને મૃત્યુ એ બન્ને એને સમાન થઇ ગયાં હોય છે. આવી દશા જ્યારે આવે છે ત્યારે, જીવને માર્ગ બહુ નિકટ હોય છે એમ જાણવું. એવી દશા આવવામાં માયાની સંગતિ બહુ વિટંબનામય છે; પણ એજ દશા આણવી એવો જેનો દૃઢ નિશ્ચય છે તેને, ઘણું કરીને થોડા વખતમાં તે દશા પ્રાપ્ત થાય છે.

તમે બધાએ હાલ તો એક પ્રકારનું અમને બંધન કરવા માંડ્યું છે; તે માટે અમારે શું કરવું તે કાંઇ સૂજતું નથી. સજીવન મૂર્ત્તિથી માર્ગ મળે એવો ઉપદેશ કરતાં પોતે પોતાને બંધન કર્યું છે, કે જે ઉપદેશનો લક્ષ તમે અમારા ઉપર જ માંડ્યો. અમે તો સજીવન મૂર્ત્તિના દાસ છીએ; ચરણરજ છીએ. અમારી એવી અલૌકિક દશા પણ ક્યાં છે કે જે દશામાં કેવળ અસંગતા જ વર્તે છે ? અમારો ઉપાધિયોગ તો તમે પ્રત્યક્ષ દેખો તેવો છે.

આ બે છેલ્લી વાત તો તમારા બધાને માટે મેં લખી છે. અમને હવે ઓછું બંધન થાય તેમ કરવા બધાને વિનંતિ છે. બીજું એ જણાવવાનું છે કે, તમે અમારે માટે કંઇ હવે કોઇને કહેશો નહીં. ઉદયકાળ તમે જાણો છો.

૯૫

આવા પ્રકારે તારો સમાગમ મને શા માટે થયો ? ક્યાં તારું ગુપ્ત રહેવું થયું હતું !

સર્વગુણાંશ તે સમ્યક્ત્વ. [અપૂર્ણ] અંબત.

૫૬.

પ્રભુપ્રતાપે ઉપાધિજન્ય વૃત્તિ છે. ભગવાન્ પરિપૂર્ણ–સર્વગુણસંપન્ન–કહેવાય છે, તથાપિ એમાંય અપલક્ષણ કંઇ ઓછાં નથી! વિચિત્ર કરવું એજ એની લીલા ત્યાં અધિક શું કહેવું!

સર્વ સમર્થ પુરુષો...ને પ્રાપ્ત થયેલા જ્ઞાનને જ ગાઇ ગયા છે. એ જ્ઞાનની દિન પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે. હું ધારું છું કે, કેવળજ્ઞાન સુધીની મહેનત કરી અલેખે તો નહીં જાય. મોક્ષની કાંઇ જરૂર નથી; નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિર્મુઝણપણાની અને નિસ્પૃહપણાની જરૂર હતી; તે ઘણે અંશે પ્રાપ્ત થઇ જણાય છે, અને પૂર્ણ અંશે પ્રાપ્ત કરાવવાની કરુણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે; છતાં વળી એથીએ અલૌકિક દશાની ઇચ્છા રહે છે; ત્યાં વિશેષ શું કહેવું?

અનહદ ધ્વનિમાં મણા નથી, પણ ગાડી ઘોડાની ઉપાધિ શ્રવણનું સુખ થોડું આપે છે. નિવૃત્તિ વિના અહીં બીજું બધુંય લાગે છે! જગતને, જગતની લીલાને, બેઠા બેઠા મફતમાં જોઇએ છીએ!

મુંબઇ, કાર્ત્તિક શુદિ ૫, સોમ, ૧૯૪૭. વિ૦ ૨૧૦

૫૭.

સત્પુરુષના એકેક વાકયમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે?

નીચેનાં વાકયો પ્રત્યેક મુમુક્ષુઓને મેં અસંખ્ય સત્પુરુષોની સમ્મતિથી મંગળરુપ છે–મોક્ષના સર્વોત્તમ કારણરુપ માન્યાં છેઃ—

૧. માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડયા વિના છૂટકો થવો નથી તો, જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું ત્યારથીજ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે, એમ સમજવું.

૨. કોઇ પણ પ્રકારે સદ્ગુરુનો શોધ કરવો; શોધ કરીને તેના પ્રત્યે તન, મન, વચન અને આત્માથી અર્પણબુદ્ધિ કરવી; તેની જ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું; અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે, એમ સમજવું.

૩. અનાદિકાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્રશ્રવણ, અનંતવાર વિદ્યાભ્યાસ, અનંતવાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્યે જ છુટવાની વાર્તાનો આત્માથી ભણકારે થશે.

૪. મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે.

૫. બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિકાળથી એટલું બધું કર્યો છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો.

મુંબઇ, કાર્ત્તિક શુદિ ૬ ભોમે. ૧૯૪૭.

---

૫૮. *

આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે. ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ પામવી છે, જે સુલભ છે, અને તે પામવાનો હેતુ પણ એ જ છે કે, કોઇ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં; અવલોકનસુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં; 'તું હિ' 'તું હિ' વિના બીજી રટના રહે નહીં. માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે

વિકલ્પનો અંશ રહે નહીં. એ એકવાર જો યથાયોગ્ય આવી જાય તો પછી ગમે તેમ પ્રવર્તાય; ગમે તેમ બોલાય; ગમે તેમ આહાર, વિહાર કરાય, તથાપિ તેને કોઇ પણ જાતની બાધા નથી પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી. તેનું કરેલું સર્વે સવળું છે. આવી દશા પામવાથી પરમાર્થ માટે કરેલો પ્રયત્ન સફળ થાય છે; અને એવી દશા થયા વિના પ્રગટ–માર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે; માટે દૃઢ નિશ્ચય કર્યો છે કે, એ દશાને પામી, પછી પ્રગટ–માર્ગ કહેવો–પરમાર્થ પ્રકાશવો; ત્યાંસુધી નહીં. અને એ દશાને હવે કંઇ ઝાઝો વખત પણ નથી. પંદર અંશે તો પહોંચી જવાયું છે. નિર્વિકલ્પતા તો છે જ, પરંતુ નિવૃત્તિ હોય તો બીજાના પરમાર્થ માટે શું કરવું તે વિચારી શકાય; ત્યાર પછી ત્યાગ જોઇએ, અને ત્યાર પછી ત્યાગ કરાવવો જોઇએ.

મહાન્ પુરુષોએ કેવી દશા પામી માર્ગ પ્રકાશ્યો છે; શું શું કરીને માર્ગ પ્રકાશ્યો છે; એ વાતનું આત્માને સારી રીતે સ્મરણ રહે છે; અને એ જ પ્રગટ–માર્ગ કહેવા દેવાની ઇશ્વરી ઇચ્છાનું લક્ષણ જણાય છે.

આટલા માટે હમણા તો કેવળ ગુપ્ત થઇ જવું જ યોગ્ય છે. એક અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. આપની ઇચ્છા જાળવવા ક્યારેક પ્રવર્ત્તન છે, અથવા ઘણા પરિચયમાં આવેલા યોગ્ય પુરુષની ઇચ્છા માટે કંઇક અક્ષરઉચ્ચાર અથવા લેખ કરાય છે; બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઇને વાસ કરવાની ઇચ્છા બાંધી રાખી છે, તે એવી કે અપૂર્વ કાળે જ્ઞાન પ્રકાશતાં બાધ ન આવે.

આટલાં કારણથી ૦ ૦ ૦ ૦ ૦ માટે કંઇ લખતો નથી. ગુણઠાણા ઇત્યાદિકનો ઉત્તર લખતો નથી. સૂત્રને અડતોય નથી. વ્યવહાર સાચવવા થોડાંએક પુસ્તકોનાં પાનાં ફેરવું છું. બાકી બધુંય પથ્થર પર પાણીના ચિત્ર જેવું કરી મૂક્યું છે, તન્મય આત્મયોગમાં પ્રવેશ છે; ત્યાં જ ઉલ્લાસ છે; ત્યાં જ યાચના છે, અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે. વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે, કારણ પંચમકાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેમની થોડી જ ઇચ્છા લાગે છે.

તીર્થંકર જે સમજ્યા તે અને પામ્યા તે ૦ ૦ ૦ આ કાળમાં ન સમજી શકે અથવા ન પામી શકે તેવું કંઇ નથી; આ નિર્ણય ઘણા વખત થયાં કરી રાખ્યો છે. જો કે તીર્થંકર થવા ઇચ્છા નથી, પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે; એટલી બધી ઉન્મત્તતા આવી ગઇ છે; તેને સમાવવાની શક્તિ પણ આવી ગઇ છે, પણ ચાહીને સમાવવાની ઇચ્છા રાખી નથી.

આપને વિજ્ઞાપન છે કે વૃદ્ધમાંથી યુવાન થવું, અને આ અલખવાર્તાના અગ્રેસર આગળ અગ્રેસર થવું.— થોડું લખ્યું ઘણું કરી જાણશો.

ગુણઠાણા એ સમજવા માટે કહેલાં છે. ઉપશમ અને ક્ષપક એ બે જાતની શ્રેણિ છે. ઉપશમમાં પ્રત્યક્ષ દર્શનનો સંભવ નથી; ક્ષપકમાં છે. પ્રત્યક્ષ દર્શનના સંભવને અભાવે અગિયારમેથી જીવ પાછો વળે છે. ઉપશમ શ્રેણિ બે પ્રકારે છે: એક આજ્ઞારૂપ; એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમ થવારૂપ આજ્ઞારૂપ પણ આજ્ઞાઆરાધન સુધી પતિત થતો નથી. પાછળનો ઠેઠ ગયા પછી માર્ગના અજાણપણાને લીધે પડે છે. આ નજરે જોયેલી, આત્માએ અનુભવેલી વાત છે. કોઇ શાસ્ત્રમાંથી નીકળી આવશે; ન નીકળે તો કંઇ બાધ નથી. તીર્થંકરના હૃદયમાં આ વાત હતી, એમ અમે જાણ્યું છે.

દશપૂર્વધારી ઇત્યાદિકની આજ્ઞાનું આરાધન કરવાની મહાવીરદેવની શિક્ષા વિષે આપે જણાવ્યું તે ખરું છે. એણે તો ઘણુંય કહ્યું હતું; પણ રહ્યું છે થોડું. અને પ્રકાશક પુરુષ ગૃહસ્થાવાસમાં છે.

કહેવાતા આધુનિક મુનિયોનો સૂત્રાર્થ શ્રવણને પણ અનુકૂળ નથી. સૂત્ર લઈ ઉપદેશ કરવાની આગળ જરૂર પડશે નહીં. સૂત્ર અને તેનાં પડખાં બધાંય જણાયાં છે. એ જ વિનતિ.

રાયચંદ.

૯૯

—एनुं स्वप्ने जो दर्शन पामेरे, तेनुं मन न चढे बीजे भामेरे;
थाय कृष्णनो लेश प्रसंगरे, तेने न गमे संसारनो संगरे.

—हसतां रमतां प्रगट हरी देखुंरे, मारुं जीव्युं सफळ तव लेखुंरे;
मुक्तानंदनो नाथ विहारीरे, ओधा जीवनदोरी अमारीरे.

અગિયારમેથી લથડેલો ઓછામાં ઓછા ત્રણ અને ઘણામાં ઘણા પંદર ભવ કરે એમ અનુભવ થાય છે. અગિયારમું એવું છે કે ત્યાં પ્રકૃતિયો ઉપશમ ભાવમાં હોવાથી મન, વચન, કાયાના યોગ પ્રબળ–શુભ–ભાવમાં વર્તે છે, એથી શાતાનો બંધ થાય છે. અને એ શાતા ઘણું કરીને પાંચ અનુત્તરવિમાનની જ હોય છે.

સં૦ ૧૯૪૭, કારતક શુદ ૧૩.

૧૦૦.

અનંત કાળથી પોતાને પોતા વિષેની જ ભ્રાંતિ રહી ગઇ છે; આ એક અવાચ્ય–અદ્ભુત વિચારણાનું સ્થળ છે. જ્યાં મતિની ગતિ નથી; ત્યાં વચનની ગતિ ક્યાંથી હોય !

નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરૂષની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરૂષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરૂષોનાં લક્ષણોનું ચિંતન કરવું; સત્પુરૂષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્દ્ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું–નિર્વાણને અર્થે માન્ય રાખવાયોગ્ય, શ્રદ્ધવાયોગ્ય, ફરી ફરી ચિંતવવાયોગ્ય, ક્ષણે ક્ષણે–સમયે સમયે લીન થવા યોગ્ય–પરમ રહસ્ય છે, અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઇશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે. અને સઘળાંનું કારણ કોઇ વિદ્યમાન સત્પુરૂષની પ્રાપ્તિ અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે. અધિક શું લખવું ? આજે, ગમે તો તેથી મોડે અથવા વહેલે, એ જ સૂજ્યે, એ જ પ્રાપ્ત થયે છૂટકો છે. સર્વ પ્રદેશે મને તો એ જ સમ્મત.

મોહમયી, કાર્તિક શુદિ ૧૪, ૧૯૪૭.

રાયચંદની વંદના.

૧૦૧

અષાઢ શુદ ૭ નું લખેલું આપનું પત્ર મને વઢવાણ કેમ્પ મળ્યું. ત્યાર પછી મારું અહિ આવવું થયું; એથી પહોંચ લખવામાં વિલંબ થયો.

પુનર્જન્મના મારા વિચારો આપને અનુકૂળ થવાથી મને એ વિષયમાં આપનું સહાયક-પણું મળ્યું.

આપે અંતઃકરણીય–આત્મભાવજન્ય–અભિલાષા જે એ દર્શાવી તે નિરંતર સત્પુરુષો રાખતા આવ્યા છે; તેવી મન, વચન, કાયા અને આત્માથી દશા તેઓએ પ્રાપ્ત કરી છે; અને તે દશાના પ્રકાશ વડે દિવ્ય થએલા આત્માએ વાણીદ્વારા સર્વોત્તમ આધ્યાત્મિક વચનામૃતોને પ્રદર્શિત કર્યાં છે; જેને આપ જેવાં સત્પાત્ર મનુષ્યો નિરંતર સેવે છે; અને એ જ અનંત ભવનું આત્મિક દુઃખ ટાળવાનું પરમૌષધ છે.

સર્વ દર્શન પારિણામિક ભાવે મુક્તિનો ઉપદેશ કરે છે, એ નિઃસંશય છે, પણ યથાર્થ દૃષ્ટિ થયા વિના સર્વ દર્શનનું તાત્પર્યજ્ઞાન હૃદયગત થતું નથી. જે થવા માટે સત્પુરુષોની પ્રશસ્ત ભક્તિ, તેના પાદપંકજ અને ઉપદેશનું અવલંબન, નિર્વિકાર જ્ઞાનયોગ, જે સાધનો તે શુદ્ધ ઉપયોગ વડે સમ્મત થવાં જોઇએ.

પુનર્જન્મના પ્રત્યક્ષ નિશ્ચય, તેમ જ અન્ય આધ્યાત્મિક વિચારો હવે પછી પ્રસંગાનુકૂળ દર્શાવવાની આજ્ઞા લઉં છઉં.

બુદ્ધભગવાનનું ચરિત્ર મનન કરવા જેવું છે; એ જાણે નિષ્પક્ષપાતી કથન છે.

કેટલાંક આધ્યાત્મિક તત્ત્વ ભરેલાં વચનામૃતો હવે લખી શકીશ.

ધર્મોપજીવન ઈચ્છક રાયચંદના વિનયયુક્ત પ્રણામ.

બાણાણા, કાઠિયાવાડ, અષાડ શુદ ૧૫, શુક્ર, ૧૯૪૫.

૧૦૨

બાણાણા નામના ગ્રામથી મારું લખેલું એક વિનયપત્ર આપને પ્રાપ્ત થયું હશે.

હું મારી નિવાસભૂમિકાથી આશરે બે માસ થયાં સત્યોગ, સત્સંગની પ્રવર્દ્ધનાર્થે પ્રવાસરૂપે કેટલાંક સ્થળોમાં વિહાર કરું છઉં. પ્રાયે કરીને એક સપ્તાહમાં મારું ત્યાં આપના દર્શન અને સમાગમની પ્રાપ્તિ કરી શકે એમ આગમન થવા સંભવ છે. . . . .

. . . .

સર્વ શાસ્ત્રના બોધનું, ક્રિયાનું, જ્ઞાનનું, યોગનું અને ભક્તિનું પ્રયોજન સ્વસ્વરૂપ પ્રાપ્તિને અર્થે છે; અને એ સમ્યક્ શ્રેણિઓ આત્મગત થાય, તો તેમ થવું પ્રત્યક્ષ સંભવિત છે; પણ એ વસ્તુઓ પ્રાપ્ત કરવા સર્વસંગપરિત્યાગની અવશ્ય છે. નિર્જનાવસ્થા યોગભૂમિકામાં વાસ,–સહજ સમાધિની પ્રાપ્તિ નથી. તે સર્વસંગપરિત્યાગમાં નિયમા વાસિત છે. દેશ (ભાગ)સંગપરિત્યાગમાં ભજના સંભવે છે. જ્યાંસુધી ગૃહવાસ પૂર્વકર્મના બળથી ભોગવવો રહ્યો છે ત્યાંસુધી ધર્મ, અર્થ, અને કામ ઉલ્લાસિત–ઉદાસીન ભાવે સેવવાં યોગ્ય છે. બાહ્યભાવે ગૃહસ્થશ્રેણિ છતાં અંતરંગ નિર્ગ્રંથશ્રેણિ જોઇએ, અને જ્યાં તેમ થયું છે ત્યાં સર્વ સિદ્ધિ છે. મારી આત્માભિલાષા તે શ્રેણિમાં ઘણા માસ થયાં વર્તે છે. ધર્મોપજીવનની પૂર્ણ અભિલાષા કેટલીક વ્યવહારોપાધિને લીધે પાર પડી શકતી નથી; પણ પ્રત્યક્ષ સત્પદની સિદ્ધિ આત્માને થાય છે; આ વાર્ત્તા તો સમ્મત જ છે અને ત્યાં કંઈ પણ વિરોધની અપેક્ષા નથી.

નિર્ગ્રંથના ઉપદેશને અચલભાવે અને વિશેષ સમ્મત કરતા અન્ય દર્શનના ઉપદેશમાં માધ્યસ્થતા પ્રિય છે. ગમે તે વાટે, અને ગમે તે દર્શનથી કલ્યાણ થતું હોય, તો ત્યાં પછી મતાંતરની કંઇ અપેક્ષા શોધવી યોગ્ય નથી. આત્મત્વ જે અનુપ્રેક્ષાથી, જે દર્શનથી, કે જે જ્ઞાનથી પ્રાપ્ત થાય તે અનુપ્રેક્ષા, તે દર્શન, કે તે જ્ઞાન સર્વોપરિ છે; અને જેટલા આત્મા તર્યા, વર્તમાને તરે છે, ભવિષ્યે તરશે તે સર્વ એ એક જ ભાવને પામીને. આપણે એ સર્વ ભાવે પામીએ એ મળેલા અનુત્તર જન્મનું સાફલ્ય છે.

કેટલાક જ્ઞાનવિચારો લખતાં ઔદાસીન્ય ભાવની વૃદ્ધિ થઇ જવાથી ધારેલું લખી શકાતું નથી; અને તેમ આપ જેવાને નથી દર્શાવી શકાતું. એ કાંઇ   તું કારણ.

નાનાપ્રકારના વિચારો ગમે તે રુપે અનુક્રમવિહીન આપની સમીપ મૂકું, તો તેને યોગ્યતાપૂર્વક આત્મગત કરતાં દોષને માટે–ભવિષ્યને માટે પણ–ક્ષમાભાવ જ આપશો.

આ વેળા લઘુત્વભાવે એક પ્રશ્ન કરવાની આજ્ઞા લઉં છઉં. આપને લક્ષગત હશે કે પ્રત્યેક પદાર્થની પ્રજ્ઞાપનીયતા ચાર પ્રકારે છે; દ્રવ્ય (તેનો વસ્તુસ્વભાવ)થી, ક્ષેત્ર (કંઇ પણ તેનું વ્યાપવું–ઉપચારે કે અનુપચારે) થી, કાળથી અને ભાવ (તેના ગુણાદિક ભાવ)થી. હવે આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ તેમ છે. આપ જો એ પ્રજ્ઞાપનીયતાએ આત્માની વ્યાખ્યા અવકાશાનુકૂળ દર્શાવો, તો સંતોષનું કારણ થાય. આમાંથી એક અદ્‌ભુત વ્યાખ્યા નીકળી શકે તેમ છે; પણ આપના વિચારો આગળથી કંઇ સહાયક થઇ શકશે એમ ગણી આ પ્રયાચન કર્યું છે.

ધર્મોપજીવન પ્રાપ્ત કરવામાં આપની સહાયતાની પ્રાયે અવશ્ય પડે તેવું છે, પણ સામાન્ય વૃત્તિભાવ માટે આપના વિચાર માગી પછી તે વાતને જન્મ આપવો, તેમ રહ્યું છે.

શાસ્ત્ર એ પરોક્ષમાર્ગ છે; અને······પ્રત્યક્ષમાર્ગ છે. આ વેળા એ શબ્દો મૂકી આ પત્ર વિનયભાવે પૂર્ણ કરું છઉં.

વિ૦ આ૦ રાયચંદ રવજીભાઇના પ્ર૦

આ ભૂમિકા તે શ્રેષ્ઠ યોગભૂમિકા છે, અહીં એક સત્મુનિ ઇ૦ નો મને પ્રસંગ રહે છે. ભરુચ, શ્રાવણ શુદ ૩, બુધ, ૧૯૪૬, (હાલારી).

૧૦૩

'અષ્ટક' અને 'યોગબિંદુ' એ નામનાં બે પુસ્તકો આ સાથે આપની દ્રષ્ટિતળે નીકળીજવા હું મોકલું છઉં. 'યોગબિંદુનું' બીજું પાનું શોધતાં મળી શક્યું નથી; તોપણ બાકીનો ભાગ સમજી શકાય તેવો હોવાથી તે પુસ્તક મોકલ્યું છે.

'યોગદ્દષ્ટિસમુચ્ચય' પાછળથી મોકલીશ.

પરમતત્ત્વને સામાન્ય બોધમાં ઉતારી દેવાની હરિભદ્રાચાર્યની ચમત્કૃતિ સ્તુત્ય છે. કોઇ સ્થળે ખંડન મંડન ભાગ સાપેક્ષ હશે, તે ભણી આપની દ્રષ્ટિ નહીં હોવાથી મને કલ્યાણ છે.

અથથી ઇતિસુધી અવલોકન કરવાનો વખત મેળવ્યાથી મારાપર એક કૃપા થશે. (જૈન એ મોક્ષના અખંડ ઉપદેશનું કરણ, અને વાસ્તવિક તત્ત્વમાં જ જેની શ્રદ્ધા છે એવું દર્શન છતાં કોઈ 'નાસ્તિક' એ ઉપનામથી તેનું આગળ ખંડન કરી ગયા છે તે યથાર્થ થયું નથી; એ આપને દ્રષ્ટિમાં આવી જવાનું પ્રાયે બનશે તેથી.)

જૈનસંબંધી આપને કંઇ પણ મારો આગ્રહ દર્શાવતો નથી. તેમ આત્મા જે રૂપે હો તે રૂપે ગમે તેથી થાઓ. એ શિવાય બીજી મારી અંતરંગ જિજ્ઞાસા નથી; એ કંઇ કારણથી કહી જા

જૈન પણ એક પવિત્ર દર્શન છે; એમ કહેવાની આજ્ઞા લઉં છઉં. તે માત્ર જે વસ્તુ જે રૂપે સ્વાનુભવમાં આવી હોય તે રૂપે કહેવી એમ સમજીને.

સર્વ સત્પુરુષો માત્ર એકજ વાટેથી તર્યા છે, અને તે વાટ વાસ્તવિક આત્મજ્ઞાન અને તેની અનુચારિણી દેહસ્થિતિપર્યંત સત્ક્રિયા કે રાગ દ્વેષ અને મોહવગરની દશા થવાથી તે તત્ત્વ તેમને પ્રાપ્ત થયું હોય એમ મારૂં આધીન મત છે.

આત્મા, આમ લખવા જિજ્ઞાસુ થવાથી લખ્યું છે. તેમાંની ન્યૂનાધિકતા ક્ષમાપાત્ર છે.

વિ૦ રાયચંદ્રના વિનયપૂર્વક પ્રણામ.

કાર્ત્તિક શુદ ૭, ગુરૂ, ૧૯૪૬ મુંબઇ.

૧૦૪

આપનું 'યોગવાસિષ્ઠ' નું પુસ્તક આ સાથે મોકલું છું. ઉપાધિનો તાપ સમાવવાને એ શીતળ ચંદન છે; આધિ વ્યાધિનું એની વાચનમાં આગમન સંભવતું નથી. આપનો એ માટે ઉપકાર માનું છું.

આપની પાસે કોઇ કોઇવાર આવવામાં પણ એકજ એજ વિષયની જિજ્ઞાસા છે. ઘણાં વર્ષોથી આપના અંતઃકરણમાં વાસ કરી રહેલ બ્રહ્મવિદ્યાનું આપના જ મુખથી શ્રવણ થાય, તો એક શાંતિ છે. કોઇ પણ વાટે કલ્પિત વાસનાઓ નાશ થઇ યથાયોગ્ય સ્થિતિની પ્રાપ્તિ શિવાય અન્ય ઇચ્છા નથી. પણ વ્યવહારપરત્વે કેટલીક ઉપાધિ રહે છે, એટલે સત્સમાગમનો અવકાશ જોઇએ તેટલો મળતો નથી; તેમ જ આપને પણ તેટલો વખત આપવાનું કેટલાંક કારણોથી અશક્ય સમજું છું; અને એ જ કારણથી ફરી ફરી અંતઃકરણની છેવટની વૃત્તિ આપને જણાવી શકતો નથી; તેમ જ તે પરત્વે અધિક વાતચિત થઇ શકતી નથી. એ એક પુણ્યની ન્યૂનતા; બીજું શું ?

વ્યવહારપરત્વે કોઇ રીતે આપના સંબંધથી લાભ લેવાનું સ્વપ્નું પણ ઇચ્છયું નથી; તેમ જ આપ જેવા બીજાઓની સમીપથી પણ એની ઇચ્છા રાખી નથી; એક જન્મ અને તે થોડા જ કાળનો પ્રારબ્ધાનુસાર ગાળી લેવો તેમાં દૈન્ય ઉચિત નથી; એ નિશ્ચય પ્રિય છે. સહજભાવે વર્ત્તવાની અભ્યાસપ્રણાલિકા કેટલાંક (જુજ) વર્ષ થયાં આરંભિત છે; અને એથી નિવૃત્તિની વૃદ્ધિ છે. આ વાત અહીં જણાવવાનો હેતુ એટલો જ કે આપ અશંક્તિ હશો; તથાપિ પૂર્વાપરે પણ અશંક્તિ રહેવા માટે જે હેતુથી આપના ભણી મારૂં જોવું છે તે જણાવ્યું છે; અને એ અશંકિતતા સંસારથી ઔદાસીન્ય ભાવને પામેલી દશાને સહાયક થશે એમ માન્યું હોવાથી (જણાવ્યું છે.)

'યોગવાસિષ્ઠ' પરત્વે આપને કંઇ જણાવવા ઇચ્છું છું (પ્રસંગ મળ્યે).

જૈનના આગ્રહથી જ મોક્ષ છે; એમ આત્મા ઘણા વખત થયાં માનવું ભૂલી ગયો છે. મુક્તભાવમાં (?) મોક્ષ છે એમ ધારણા છે; એટલે વાતચિતવેળા આપ કંઇ અધિક કહેતાં નહીં સ્થંભો એમ વિજ્ઞાપન છે.

વિ૦ આજ્ઞાંકિત રાયચંદના વિ૦ પૂર્વક પ્રણામ

નામદેવી રસ્તા, મુંબઇ, અશાડ વદ ૦)) ૧૯૪૬.

૧૦૫

આપના દર્શનનો લાભ લીધાં લગભગ એકમાસ ઉપર કંઇ વખત થયો. મુંબઇ મૂક્યાં એક પખવાડિયું થયું.

મુંબઇનો એક વર્ષનો નિવાસ ઉપાધિગ્રાહ્ય રહ્યો. સમાધિરૂપ એક આપનો સમાગમ, તેનો જેવો જોઇએ તેવો લાભ પ્રાપ્ત ન થયો.

જ્ઞાનીઓએ કલ્પેલો ખરેખરો આ કળિકાળ જ છે. જનસમુદાયની વૃત્તિઓ વિષયકષાયાદિકથી વિષમતાને પામી છે. એનું બળવત્તરપણું પ્રત્યક્ષ છે. રાજસીવૃત્તિનું અનુકરણ તેમને પ્રિય થયું છે. તાત્પર્ય વિવેકીઓની અને યથાયોગ્ય ઉપશમપાત્રની છાયાં પણ મળતી નથી. એવા વિષમકાળમાં જન્મેલો આ દેહધારી આત્મા અનાદિકાળના પરિભ્રમણના થાકથી વિશ્રાંતિ લેવા આવતાં અવિશ્રાંતિ પામી સપડાયો છે. માનસિક ચિંતા ક્યાંય કહી શકાતી નથી. કહેવાનાં પાત્રોની પણ ખામી છે; ત્યાં હવે શું કરવું ?

જો કે યથાયોગ્ય ઉપશમભાવને પામેલો આત્મા સંસાર અને મોક્ષપર સમવૃત્તિવાળો હોય છે, એટલે અપ્રતિબદ્ધપણે વિચરી શકે છે; પણ આ આત્માને તો હજુ તે દશા પ્રાપ્ત થઈ નથી. તેનો અભ્યાસ છે. ત્યાં તેને પડખે આ પ્રવૃત્તિ શા માટે ઉભી હશે ?

જેની નિરુપાયતા છે તેની સહનશીલતા સુખદાયક છે અને એમજ પ્રવર્ત્તન છે; પરંતુ જીવન પૂર્ણ થતાં પહેલાં યથાયોગ્યપણે નીચેની દશા આવવી જોઇએઃ—

૧. મન, વચન અને કાયાથી આત્માનો મુક્તભાવ.

૨. મનનું ઉદાસીનપણે પ્રવર્તન.

૩. વચનનું સ્યાદ્વાદપણું (નિરાગ્રહપણું).

૪. કાયાની વૃક્ષદશા (આહાર વિહારની નિયમિતતા).

અથવા સર્વ સંદેહની નિવૃત્તિ; સર્વ ભયનું છૂટવું; અને સર્વ અજ્ઞાનનો નાશ.

અનેક પ્રકારે સંતોએ શાસ્ત્રવાટે તેનો માર્ગ કહ્યો છે. સાધનો બતાવ્યાં છે. યોગાદિકથી થયેલો પોતાનો અનુભવ કહ્યો છે; તથાપિ તેથી યથાયોગ્ય ઉપશમભાવ આવવો દુર્લભ છે. તે માર્ગ છે; પરંતુ ઉપાદાનની બળવાન સ્થિતિ જોઇએ. ઉપાદાનની બળવાન સ્થિતિ થવા નિરંતર સત્સંગ જોઇએ તે નથી.

શિશુ વયમાંથી જ એ વૃત્તિ ઉગવાથી કોઇ પ્રકારનો પરભાષાભ્યાસ ન થઇ શકયો. અમુક સંપ્રદાયથી શાસ્ત્રાભ્યાસ ન થઈ શકયો. સંસારના બંધનથી ઇહાપોહાભ્યાસ પણ ન થઇ શકયો; અને તે ન થઇ શકયો તેને માટે કંઇ બીજી વિચારણા નથી. એથી આત્મા અધિક વિકલ્પી થાત.(સર્વને માટે વિકલ્પીપણું નહીં, પણ એક હું પોતાની અપેક્ષાએ કહું છું) અને વિકલ્પાદિક કલેશનો તો નાશ જ કરવો ઇચ્છયો હતો, એટલે જે થયું તે કલ્યાણકારક જ; પણ હવે શ્રીરામને જેમ મહાનુભાવ વસિષ્ઠ ભગવાને આ જ દોષનું વિસ્મરણ કરાવ્યું હતું તેમ કોણ કરાવે ? અર્થાત્ શાસ્ત્રનો ભાષાભ્યાસવિના પણ ઘણો પરિચય થયો છે. ધર્મના વ્યાવહારિક જ્ઞાતાઓનો પણ પરિચય થયો છે, તથાપિ આ આત્માનું આનંદાવરણ એથી ટળે એમ નથી. માત્ર સત્સંગ શિવાય, યોગસમાધિ શિવાય, ત્યાં કેમ કરવું ?

આટલું પણ દર્શાવવાનું કોઇ સત્પાત્ર-સ્થળ-નહોતું. ભાગ્યોદયે આપ મળ્યા કે જેને એ જ રોમે રોમે રુચિકર છે.

વવાણીઆ, પ્ર૦ ભા૦ શુદ, ૩ સોમ, ૧૯૪૬.

બિ૦ રાયચંદ રવજીભાઇ.

---

૧. શ્રીમદે વ્યાપારપ્રવૃત્તિને વિષે સંવત ૧૯૪૬ના મહા મહિનામાં પ્રવેશ કર્યો.—સંશોધક.

૧૦૬

એક બાજુથી પરમાર્થમાર્ગ ત્વરાથી પ્રકાશવા ઇચ્છા છે, અને એક બાજુથી અલખ લે'માં સમાઇ જવું એમ રહે છે. અલખ લે'માં આત્માએ કરીને સમાવેશ થયો છે. યોગે કરીને કરવો એ એક રટણ છે. પરમાર્થનો માર્ગ ઘણા મુમુક્ષુઓ પામે, અલખ સમાધિ પામે, તો સારું, અને તે માટે કેટલુંક મનન છે. દિનબંધુની ઇચ્છા પ્રમાણે થઇ રહેશે.

અદ્‌ભુત દશા નિરંતર રહ્યા કરે છે. અબધુ થયા છિયે; અબધુ કરવા માટે ઘણા જીવો-પ્રત્યે દૃષ્ટિ છે.

મહાવીરદેવે આ કાળને 'પંચમકાળ' કહી દૂષમ કહ્યો. વ્યાસે 'કલિયુગ' કહ્યો; એમ ઘણા મહાપુરુષોએ આ કાળને કઠિન કહ્યો છે; એ વાત નિશંક સત્ય છે; કારણ ભક્તિ અને સત્સંગ વિદેશ ગયાં છે; અર્થાત્ સંપ્રદાયમાં રહ્યાં નથી; અને એ મળ્યાવિના જીવને છૂટકો નથી.—આ કાળમાં મળવાં દુષમ થઇ પડયાં છે; માટે કાળ પણ દુષમ છે. તે વાત યથાયોગ્ય જ છે. દુષમને ઓછાપણાથી જણાવવાની ઇચ્છા થાય છે, પણ લખવાની કે બોલવાની ઝાઝી ઇચ્છા રહી નથી. ચેષ્ટા ઉપરથી સમજાય તેવું થયા જ કરે એ ઇચ્છા નિશ્ચળ છે.

નાખુદા મહોલો, કાર્તિક વદ ૯, શુક્ર, ૧૯૪૭.

૧૦૭

ૐ.

ભક્તિપૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે, એક તૃણમાત્ર પણ હરિપ્રત્યે યાચવું નહીં. સર્વ દશામાં ભક્તિમય જ રહેવું.

વહેવારચિંતાથી અકળામણ આવતાં, સત્સંગના વિયોગથી કોઇ પ્રકારે શાંતિ નથી હોતી એમ આપે લખ્યું તે યોગ્ય જ છે; તથાપિ વહેવારચિંતાનું અકળામણ યોગ્ય નથી. સર્વત્ર હરીચ્છા બળવાન છે. એ કરાવવા માટે હરિએ આમ કર્યું છે; એમ આપે નિઃશંકપણે સમજવું; માટે જે થાય તે જોવું; અને પછી જો આપને અકળામણ જન્મ પામે, તો જોઇ લઇશું. હવે સમાગમ થશે ત્યારે એ વિષે વાતચિત કરીશું. અકળામણ રાખશો નહીં; અમે તો એ માર્ગથી તર્યા છિયે.

છોટમ જ્ઞાનીપુરુષ હતા. પદની રચના બહુ શ્રેષ્ઠ છે. આકારરુપે હરિની પ્રગટ પ્રાપ્તિ[1] એ શબ્દને 'પ્રત્યક્ષદર્શન' ઘણું કરીને લખું છું.

ઘ૦ આજ્ઞાંકિત રાયચંદ્ર.

જેઠ શુદ ૧૫, રવિ, ૧૯૪૭, મુંબઈ.

રોજનિશી[2]

કાર્તિક વદ ૧, શુક્ર, ૧૯૪૬.

નાના પ્રકારનો મોહ પાતળો થવાથી દૃષ્ટિ પોતાના ગુણથી ઉત્પન્ન થતાં સુખમાં જાય છે,

---

૧. શ્રીમદ્‌ના કેટલાક લેખોમાં અને ખાસ કરી સંવત્ ૧૯૪૬–૪૭ સાલના લેખોમાં "હરિ" શબ્દ વપરાએલો છે. "હરિ" ની પ્રગટ પ્રાપ્તિને "પ્રત્યક્ષદર્શન" ના આશયમાં તેઓ વાપરતા હતા તે અત્ર કરેલી વ્યાખ્યા પરથી જણાવા યોગ્ય છે;

૨. સંવત ૧૯૪૬ ની રોજનિશી (Diary)માં અમુક મિતિઓએ પોતાની વિચારચર્યા શ્રીમદે લખી છે. આ રોજનિશીમાંથી કેટલાંક પત્રો કોઈએ ફાડી લીધેલાં જણાય છે. જેટલાં પત્રો રોજનિશીમાં વિદ્યમાન છે તે અમે અહીં આપેલ છે.—સંશોધક.

અને પછી તે મેળવવા તે પ્રયત્ન કરે છે. એ જ દૃષ્ટિ તેને તેની સિદ્ધિ આપે છે.

કાર્તિક વદ ૩, રવિ, ૧૯૪૧.

આયુષ્યનું પ્રમાણ આપણે જાણ્યું નથી. બાલાવસ્થા અસમજમાં વ્યતીત થઈ માનો કે ૪૧ વર્ષનું આયુષ્ય હશે, અથવા વૃદ્ધતા દેખી શકીશું એટલું આયુષ્ય હશે, પણ તેમાં શિથિલદશા સિવાય બીજું કંઈ જોઈ શકીશું નહીં. હવે માત્ર એક યુવાવસ્થા રહી તેમાં જો મોહનીયબળવત્તરતા ન ઘટી તો સુખથી નિદ્રા આવશે નહીં, નિરોગી રહેવાશે નહીં, માઠા સંકલ્પ વિકલ્પ ટળશે નહીં, અને ઠામ ઠામ આથડવું પડશે, અને તે પણ રીદ્ધિ હશે તો થશે. નહિંતો પ્રથમ તેનું પ્રયત્ન કરવું પડશે. તે ઇચ્છા પ્રમાણે મળી ન મળી તો એક બાજુ રહી. પરંતુ વખતે પેટ પૂરતી મળવી દુર્લભ છે. તેની જ ચિંતામાં, તેના જ વિકલ્પમાં, અને તે મેળવીને સુખ ભોગવીશું એ જ સંકલ્પમાં માત્ર દુઃખ શિવાય બીજું કંઇ દેખી શકીશું નહીં. એ વયમાં કોઇ કાર્યમાં પ્રવૃત્તિ કરતાં ફાવ્યા તો એકદમ આંખ ત્રિછી થઇ જશે. ન ફાવ્યા તો લોકનો ભેદ અને પોતાનો નિષ્ફળભેદ બહુ દુઃખ આપશે. પ્રત્યેક વખત મૃત્યુના ભયવાળો, રોગના ભયવાળો, આજીવિકાના ભયવાળો, યશ હશે તો તેની રક્ષાના ભયવાલો, અપયશ હશે તો તેને ટાળવાના ભયવાળો, લેણું હશે તો તેને લેવાના ભયવાળો, દેણું હશે તો તેની હાયવોયના ભયવાળો, સ્ત્રી હશે તો તેની............ના ભયવાળો, નહીં હોય તો તેને પ્રાપ્ત કરવાના ખ્યાલવાળો, પુત્રપુત્રાદિક હશે તો તેની કડાકૂટના ભયવાળો, નહીં હોય તો તેને મેળવવાના ખ્યાલવાળો, ઓછી રીદ્ધિ હશે તો વધારેના ખ્યાલવાળો, વધારે હશે તો તેને બાથ ભરવાના ખ્યાલનો, એમ જ પ્રત્યેક સાધનો માટે અનુભવ થશે. ક્રમે કે વિક્રમે ટુંકામાં કહેવાનું કે, સુખનો સમય હવે કયો કહેવો? બાલાવસ્થા! યુવાવસ્થા? જરાવસ્થા? નિરોગાવસ્થા? રોગાવસ્થા? ધનાવસ્થા? નિર્ધનાવસ્થા? ગૃહસ્થાવસ્થા! અગૃહસ્થાવસ્થા?

એ સર્વ પ્રકારની બાહ્ય મહેનત વિના અનુત્તર અંતરંગ વિચારણાથી જે વિવેક થયો તે જ આપણને બીજી દૃષ્ટિ કરાવી, સર્વ કાળને માટે સુખી કરે છે એટલે કહ્યું શું? તો કે વધારે જીવાયું તો પણ સુખી–, ઓછું જીવાયું તો પણ સુખી, પાછળ જન્મવું હોય તો પણ સુખી, ન જન્મ હોય તો પણ સુખી.

માગશર શુદ ૧–૨, રવિ, ૧૯૪૧.

હે ગૌતમ! તે કાલ અને તે સમયમાં છદ્મસ્થ અવસ્થાએ હું એકાદશ વર્ષની પર્યાયે છઠ્ઠ છઠ્ઠે, સાવધાનપણે, નિરંતર તપશ્ચર્યા અને સંયમથી આત્મતા ભાવતાં પૂર્વાનુપૂર્વિએ ચાલતાં, એક ગામથી બીજે ગામ જતાં, જ્યાં સુષુમારપુર નગર, જ્યાં અશોક વનખંડ બાગ, જ્યાં અશોકવર પાદપ, જ્યાં પૃથ્વિશિલાપટ્ટ. ત્યાં આવ્યો, આવીને અશોકવર પાદપની નીચે, પૃથ્વિશીલાપટ્ટ પર અષ્ટમભક્ત ગ્રહણ કરીને બન્ને પગ સંકોચીને, લાંબા કર કરીને, એક પુદ્ગલમાં દૃષ્ટિ અડગ્ગ સ્થાપીને અનિમેષ નયનથી જરા નીચું આગળ મૂકી રાખીને, યોગની સમાધિથી, સર્વ ઇંદ્રિયો ગુપ્ત કરીને એક રાત્રિની મહા પ્રતિમા ધારણ કરીને વિચરતો હતો. (ચમર)

૧૯૪૧, પોશ શુદ ૩, બુધ.

નીચેના નિયમોપર બહુ લક્ષ આપવું જોઇએ.

૧. એક વાત કરતાં તેની અપૂર્ણતામાં અવશ્યવિના બીજી વાત ન કરવી.

૨. કહેનારની વાત પૂર્ણ સાંભળવી જોઇએ.

૩. પોતે ધીરજથી તેનો સદ્-ઉત્તર આપવો જોઇએ.

૪. જેમાં આત્મશ્લાઘા કે આત્મહાનિ ન હોય તે વાત ઉચ્ચારવી જોઇએ.

૫. ધર્મસંબંધી હમણાં બહુ જ ઓછી વાત કરવી. ૬. લોકોથી ધર્મવ્યવહારમાં પડવું નહીં. ૭.

વૈશાખ વદ ૪, ગુરૂ, ૧૯૪૬.

આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો; વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક તે ક્રમ રૂપે સુમાર્ગ ગણાયો.

વૈશાખ વદ ૫, શુક્ર ૧૯૪૬.

ઇચ્છાવગરનું કોઇ પ્રાણી નથી. વિવિધ આશાથી તેમાં પણ મનુષ્ય પ્રાણી રોકાયલું છે. ઇચ્છા, આશા જ્યાં સુધી અતૃપ્ત છે; ત્યાં સુધી તે પ્રાણી અધોવૃત્તિવત્ છે. ઇચ્છાજયવાળું પ્રાણી ઊર્ધ્વગામીવત્ છે.

જેઠ શુદ ૪, ગુરૂ, ૧૯૪૬.

પરિચયી! તમને હું ભલામણ કરૂં છું કે, તમે યોગ્ય થવાની તમારામાં ઇચ્છા ઉત્પન્ન કરો. હું તે ઇચ્છા પૂર્ણ કરવામાં સહાયક થઇશ.

તમે મારાં અનુયાયી થયાં, અને તેમાં મને પ્રધાનપદ જન્માંતરના યોગથી હોવાથી તમારે મારી આજ્ઞાનું અવલંબન કરી પ્રવર્ત્તવું એ ઉચિત ગણ્યું છે.

અને હું પણ તમારી સાથે ઉચિતપણે પ્રવર્તવા ઇચ્છું છું, બીજી રીતે નહીં.

જો તમે પ્રથમ જીવનસ્થિતિ પૂર્ણ કરો, તો ધર્માર્થે મને ઇચ્છો. એવું કરવું ઉચિત ગણું છું; અને જો હુ કરૂં તો ધર્મપાત્ર તરીકે મારૂં સ્મરણ થાય એમ થવું જોઇએ.

બન્ને ધર્મમૂર્ત્તિ થવા પ્રયત્ન કરીએ. મોટા હર્ષથી પ્રયત્ન કરીએ.

તમારી ગતિ કરતાં મારી ગતિ શ્રેષ્ઠ થશે એમ અનુમાન્યું છે—"મતિમાં"—

તેનો લાભ તમને આપવા ઇચ્છું છું; કારણ ઘણા નિકટના તમે સંબંધી છો.

તે લાભ તમે લેવા ઇચ્છતા હો, તો બીજી કલમમાં કહ્યા પ્રમાણે જરુર કરશો એવી આશા રાખું છું.

તમે સ્વચ્છતાને બહુજ ઇચ્છજો. વીતરાગભક્તિને બહુ જ ઇચ્છજો. મારી ભક્તિને સમભાવથી ઇચ્છજો. તમે જે વેળા મારી સંગતિમાં હો તે વેળા સર્વ પ્રકારે મને આનંદ થાય એમ રહેજો.

વિદ્યાભ્યાસી થાઓ.

વિદ્યાયુક્ત વિનોદી સંભાષણ મારાથી કરજો.

હું તમને યુક્ત બોધ આપીશ. તમે રુપસંપન્ન, અને રીદ્ધિ તેમ જ બુદ્ધિસંપન્ન તેથી થશો. પાછી એ દશા જોઇ હું પરમ પ્રસન્ન થઇશ.

જેઠ શુદ ૧૧, શુક્ર, ૧૯૪૬.

સવારના છ થી આઠ સુધીનો વખત સમાધિયુક્ત ગયો હતો. અખાજીના વિચારો ઘણાં સ્વસ્થ ચિત્તથી વાંચ્યા હતા, મનન કર્યાં હતા.

જેઠ શુદ ૧૨, શનિ, ૧૯૪૬.

આવતી કાલે રેવાશંકરજી આવવાના છે માટે ત્યારથી નીચેનો ક્રમ પ્રભુ પાર્શ્વ સચવાવો.

૧. કાર્યપ્રવૃત્તિ. ૨. સાધારણ ભાષણ—સકારણ. ૩ બન્નેના અંતઃકરણની નિર્મળ પ્રીતિ.

૪. ધર્માનુષ્ઠાન.

૫. વૈરાગ્યની તીવ્રતા.

જેઠ વદ ૧૧, શુક્ર, ૧૯૪૧.

તને તારું હોવાપણું માનવામાં ક્યાં શંકા છે ? શંકા હોય તો તે ખરી પણ નથી.

જેઠ વદ ૧૨, શનિ, ૧૯૪૧.

ગઇ કાલ રાત્રે એક અદ્દ્ભુત સ્વપ્ન આવ્યું હતું, જેમાં બે એક પુરુષોની સમીપે આ જગત્‌ની રચનાનું સ્વરુપ વર્ણવ્યું હતું; પ્રથમ સર્વ ભૂલાવી પછી જગતનું દર્શન કરાવ્યું હતું. સ્વપ્નમાં મહાવીરદેવની શિક્ષા સપ્રમાણ થઇ હતી. એ સ્વપ્નનું વર્ણન ઘણું સુંદર અને ચમત્કારિક હોવાથી પરમાનંદ થયો હતો. હવે પછી તે સંબંધી અધિક.

આશાઢ શુદ ૪, શનિ, ૧૯૪૧.

કળિકાળે મનુષ્યને સ્વાર્થપરાયણ અને મોહવશ કર્યાં.

જેનું હૃદય શુદ્ધ, સંતની બતાવેલી વાટે ચાલે છે તેને ધન્ય છે.

સત્સંગના અભાવથી ચઢેલી આત્મશ્રેણિ ઘણું કરીને પતિત થાય છે.

આશાઢ શુદ, ૫, રવિ ૧૯૪૧.

જ્યારે આ વ્યવહારોપાધિ ગ્રહણ કરી ત્યારે તે ગ્રહણ કરવાનો હેતુ આ હતો. " ભવિષ્યકાળે જે ઉપાધિ ઘણો વખત રોકશે, તે ઉપાધિ વધારે દુઃખદાયક થાય તોપણ થોડા વખતમાં ભોગવી લેવી એ વધારે શ્રેયસ્કર છે. "

એ ઉપાધિ નીચેના હેતુથી સમાધિરૂપ થશે એમ માન્યું હતું.

" ધર્મ સંબંધી વધારે વાતચિત આ કાળમાં ગૃહવાસ પરત્વે ન આવે તો સારૂં. "

ભલે તને વસમું લાગે, પણ એંજ ક્રમમાં પ્રવર્ત્ત–ખચિત કરીને અને ક્રમમાં પ્રવર્ત્ત–દુઃખને સહન કરી ક્રમની સાચવણીના પરિસહને સહન કરી; અનુકૂળ–પ્રતિકૂળ ઉપસર્ગને સહન કરી તું અચળ રહે. અત્યારે કદાપિ વસમુ, અધિકતર લાગશે, પણ પરિણામે તે વસમું સમું થશે. ઘેરામાં ઘેરાઇશ નહીં. ફરિફરી કહુ છું–ઘેરાઇશ નહીં. દુઃખી થઇશ. પશ્ચાતાપ કરીશ; એ કરતાં અત્યારથી આ વચનો ઘટમાં ઊતાર–પ્રીતિપૂર્વક ઉતાર.

૧. કોઇના પણ દોષ જો નહીં. તારા પોતાના દોષથી જે કંઇ થાય છે તે, થાય છે એમ માન.

૨. તારી (આત્મ) પ્રશંસા કરીશ નહીં; અને કરીશ તો તું જ હલકો છે એમ હું માનું છું,

૩. જેમ બીજાને પ્રિય લાગે તેવી તારી વર્ત્તણુંક કરવાનું પ્રયત્ન કરજે. એકદમ તેમાં તને સિદ્ધિ નહીં મળે, વા વિઘ્ન નડશે, તથાપિ દૃઢ આગ્રહથી હળવે હળવે તે ક્રમપર તારી નિષ્ટા લાવી મૂકજે.

૪. તું વ્યવહારમાં જેનાથી જોડાયો હો તેનાથી અમુક પ્રકારે વર્તવાનો નિર્ણય કરી તેને જણાવ. તેને અનુકૂળ આવે તો તેમ; નહીં તો તે જણાવે તેમ પ્રવર્ત્તજે, સાથે જણાવજે કે તમારા કાર્યમાં (જે મને સોંપો તેમાં) કોઇ રીતે મારી નિષ્ટાથી કરીને હાનિ નહીં પહોંચાડું. તમે મારા સંબંધમાં બીજી કંઇ કલ્પના કરશો નહીં; મને વ્યવહાર સંબંધી અન્યથા લાગણી નથી. તેમ હું તમારાથી વર્ત્તવા ઇચ્છતો નથી, એટલુંજ નહીં, પણ કંઇ મારૂં વિપરિતાચરણ મન વચન કાયાએ થયું, તો તે માટે પશ્ચાત્તાપી થઇશ, એમ નહીં કરવા આગળથી બહુ સાવચેતી રાખીશ. તમે સોંપેલું કામ કરતાં હું નિરભિમાની રહીશ. મારી ભૂલને માટે મને ઠપકો આપશો તે સહન કરીશ. મારૂં ચાલશે ત્યાં સુધી સ્વપ્ને પણ તમારો દ્વેષ વા તમારા સંબંધી કોઇપણ જાતની અન્યથા કલ્પના કરીશ નહીં. તમને કોઇ જાતની શંકા થાય તો મને જણાવશો, તો તમારો ઉપકાર માનીશ,

અને તેનો ખરો ખુલાસો કરીશ, ખુલાસો નહીં હોય તો મૌન રહીશ, પરંતુ અસત્ય બોલીશ નહીં. માત્ર તમારી પાસેથી એટલું જ ઇચ્છું છઉં કે, કોઇપણ પ્રકારે તમે મને નિમિત્ત રાખી અશુભ-યોગમાં પ્રવૃત્તિ કરશો નહીં; તમારી ઇચ્છાનુસાર તમે વર્ત્તજો. તેમાં મારે કંઇ પણ અધિક કહેવાની જરૂર નથી. માત્ર મને મારી નિવૃત્તિ શ્રેણીમાં વર્ત્તવા દેતાં, કોઈ રીતે તમારૂં અંતઃકરણ ટુંકું કરશો નહીં; અને ટુંકું કરવા જો તમારી ઇચ્છા હોય તો ખચિત કરીને મને આગળથી જણાવી દેજો. તે શ્રેણિને સાચવવા મારી ઇચ્છા છે અને તે માટે એથી હું યોગ્ય કરી લઇશ. મારૂં ચાલતાં સુધી તમને દુભવીશ નહીં અને છેવટે એ જ નિવૃત્તિશ્રેણિ તમને અપ્રિય હશે તો પણ હું જેમ બનશે તેમ જાળવણીથી તમારી સમીપથી–,તમને કોઇ પણ જાતની હાનિ કર્યા વગર બનતો લાભ કરીને, હવે પછીના ગમને કાળ મળે પણ તેવી ઇચ્છા રાખીને ખશી જઇશ.

આશાઢ, વદ ૪, રવિવાર, ૧૯૪૬.

વિશ્વાસથી વર્તિ, અન્યથા વર્ત્તનારા આજે પસ્તાવો કરાવે છે.

અશાઢ, વદ ૧૧, શનિવાર, ૧૯૪૬.

૧. અણુછતું, વાચા વગરનું આ જગત્ તો જુઓ.--

આશાઢ, વદ ૧૩, રવિવાર, ૧૯૪૬

દ્રષ્ટિ એવી સ્વચ્છ કરો કે જેમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષ પણ દેખાઇ શકે; અને દેખાયાથી ક્ષય થઇ શકે.

બીજ જ્ઞાન શોધ તો કેવલ જ્ઞાન

આશો શુદ ૧૦, ગુરૂવાર, ૧૯૪૬.
ભગવાન્ મહાવીર દેવ.

કંઇ કહી શકાય એવું આ સ્વરૂપ નથી.

જ્ઞાની રત્નાકર.

૧—૩
\+
૨—૪

આ બધી નિયતિઓ કોણે કહી ?

અમે જ્ઞાનવડે જોઇ પછી યોગ્ય લાગી તેમ વ્યાખ્યા કરી.

ભગવાન્ મહાવીર દેવ.

૧૦, ૯, ૮, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧

આશો, શુદ, ૧૧, શુક્ર, ૧૯૪૬.

આ બંધાયલા પામે છે મોક્ષ એમ કાં ન કહી દેવું ?
એવી કોને ઇચ્છા રહી છે કે તેમ થવા દે છે ?
જિનનાં વચનની રચના અદ્ભુત છે. એમાં તો ના નહી.
પણ પામેલા પદાર્થનું સ્વરૂપ તેનાં શાસ્ત્રોમાં કાં નહી ?
શું તેને આશ્ચર્ય નહી લાગ્યું હોય, કાં છુપાવ્યું હશે.

૧૦૮.

देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि;
यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः

'હું કર્ત્તા, ' 'હું મનુષ્ય,' 'હું સુખી, ' 'હું દુઃખી,' એ વગેરે પ્રકારથી રહેલું દેહાભિમાન તે જેનું ગળી ગયું છે; અને સર્વોત્તમપદરૂપ પરમાત્માને જેણે જાણ્યો છે, તેનું મન જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં તેને સમાધિ જ છે.—

આપનાં પત્ર ઘણીવાર વિગતથી મળ્યાં છે. અને તે પત્રો વાંચી પ્રથમ તો સમાગમમાં જ રહેવાની ઇચ્છા છે; તથાપિ ૦ ૦ ૦ ૦ કારણથી તે ઇચ્છાનું ગમે તે પ્રકારે વિસ્મરણ કરવું પડે છે; અને પત્રનો સવિગત ઉત્તર લખવા ઇચ્છા થાય છે તો, તે ઇચ્છા પણ ઘણું કરીને ક્વચિતજ પાર પડે છે, એનાં બે કારણ છે: એક તો એ વિષયમાં અધિક લખવા જેવી દશા રહી નથી તે, અને બીજું કારણ ઉપાધિયોગ. ઉપાધિયોગ કરતાં વર્તતી દશાવાળું કારણ અધિક બલવાન છે; જે દશા બહુ નિસ્પૃહ છે, અને તેને લીધે મન અન્ય વિષયમાં પ્રવેશ કરતું નથી; અને તેમાં પણ પરમાર્થ વિષે લખતાં કેવળ શૂન્યતા જેવું થયાં કરે છે; એ વિષયમાં લેખનશક્તિ તો એટલી બધી શૂન્યતા પામી છે. વાણી પ્રસંગોપાત હજુ એ વિષયમાં કેટલુંક કાર્ય કરી શકે છે, અને તેથી આશા રહે છે કે સમાગમમાં જરૂર ઇશ્વર કૃપા કરશે.

વાણી પણ જેવી આગળ ક્રમપૂર્વક વાત કરી શકતી તેવી હવે લાગતી નથી; લેખનશક્તિ શૂન્યતા પામ્યા જેવી થવાનું કારણ એક એવું પણ છે કે, ચિત્તમાં ઉગેલી વાત ઘણા નયયુક્ત હોય છે, અને તે લેખમાં આવી શકતા નથી; જેથી ચિત્ત વૈરાગ્ય પામી જાય છે.

આપે એકવાર ભક્તિના સંબંધમાં પ્રશ્ન કર્યો હતો; તે સંબંધમાં વધારે વાત તો સમાગમે થઇ શકે તેમ છે; અને ઘણું કરીને બધી વાતને માટે સમાગમ ઠીક લાગે છે, તોપણ ઘણો જ ટુંકો ઉત્તર લખું છું. પરમાત્મા અને આત્માનું એકરુપ થઇ જેવું (!) તે પરાભક્તિની છેવટની હદ છે. એક એ જ લય રહેવી તે પરાભક્તિ છે. પરમ મહાત્મા ગોપાંગનાઓ મહાત્મા વાસુદેવની ભક્તિમાં એ જ પ્રકારે રહી હતી. પરમાત્માને નિરંજન અને નિર્દેહરુપે ચિંતવ્યે જીવને એ લય આવવી વિકટ છે એટલા માટે, જેને પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે એવો દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે. તે જ્ઞાની પુરુષનાં સર્વ ચરિત્રમાં ઐક્યભાવનો લક્ષ થવાથી તેના હ્રદયમાં વિરાજમાન પરમાત્માનો ઐક્યભાવ હોય છે; અને એ જ પરાભક્તિ છે. જ્ઞાની પુરુષ અને પરમાત્મામાં અંતર જ નથી; અને જે કોઇ અંતર માને છે, તેને માર્ગની પ્રાપ્તિ પરમ વિકટ છે. જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેની ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઇ નથી, માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્ત્તિ—જ્ઞાનીરૂપ પરમાત્માની—ને નમસ્કારાદિક ભક્તિથી માંડી પરાભક્તિના અંતસુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે. પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે, એમ જ જ્ઞાની પુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઉગે છે, અને તે ભક્તિ ક્રમે કરી પરાભક્તિરૂપ થાય છે. આ વિષે શ્રીમદ્ ભાગવતમાં—ભગવદ્ગીતામાં ઘણા ભેદ પ્રકાશિત કરી એ જ લક્ષ્ય પ્રકાશ્યો છે. અધિક શું કહેવું ? જ્ઞાની તીર્થંકરદેવમાં લક્ષ થવા જૈનમાં પણ પંચપરમેષ્ટિમંત્રમાં 'નમો અરિહંતાણ'—પદ પછી 'સિદ્ધ'ને નમસ્કાર કર્યો છે, એ જ ભક્તિમાટે એમ સૂચવે છે કે, પ્રથમ જ્ઞાની પુરુષની ભક્તિ, એ જ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે.

બીજું એક પ્રશ્ન આપે (એકથી અધિકવાર) એમ લખ્યું હતું કે, વ્યવહારમાં વેપારાદિ વિષે આ વર્ષ જેવું જોઇએ તેવું લાભરૂપ લાગતું નથી; અને કઠણાઇ રહ્યા કરે છે. પરમાત્માની ભક્તિ જ જેને પ્રિય છે એવા પુરુષને એવી કઠણાઇ ન હોય તો પછી ખરા પરમાત્માની તેને ભક્તિ જ નથી, એમ સમજવું; અથવા તો ચાહીને પરમાત્માની ઇચ્છારુપ માયાએ તેવી કઠણાઇ મોકલ-

ગ્રાનું કાર્ય વિસ્મરણ કર્યું છે. જનકવિદેહી અને મહાત્મા કૃષ્ણ વિષે માયાનું વિસ્મરણ થયું લાગે છે; તથાપિ તેમ નથી. જનકવિદેહીની કઠણાઇ વિષે કંઇ અત્ર કહેવું જોગ નથી, કારણ કે તે અપ્રગટ કઠણાઇ છે; અને મહાત્મા કૃષ્ણની સંકટરૂપ કઠણાઇ પ્રગટ જ છે; તેમ અષ્ટમાસિદ્ધિ અને નવનિધિ પણ પ્રસિદ્ધ જ છે, તથાપિ કઠણાઇ તો ઘટારત જ હતી; અને હોવી જોઇએ. એ કઠણાઇ માયાની છે, અને પરમાત્માના લક્ષની તો એ સરળાઇ છે,–અને એમ જ હો ઋભુ રાજાએ વિકટ તપ કરી પરમાત્માનું આરાધન કર્યું; અને દેહધારીરૂપે પરમાત્માએ તેને દર્શન આપ્યું, અને વર માગવા કહ્યું ત્યારે, ઋભુ રાજાએ માગ્યું કે, હે ભગવાન્ ! આવી જે રાજ્યલક્ષ્મી મને આપી છે તે ઠીક નથી, તારો પરમ અનુગ્રહ મારા ઉપર હોય તો પંચવિષયના સાધનરૂપ એ રાજ્યલક્ષ્મીનું ફરીથી મને સ્વપ્નું પણ ન હો, એ વર આપ. પરમાત્મા દીંગ થઇ જઇ 'તથાસ્તુ' કહી સ્વધામગત થયા. કહેવાનો આશય એવો છે કે, એમ જ યોગ્ય છે, કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા, એ ભગવદ્‌ભક્તને સરખાં જ છે; અને વળી કઠણાઇ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે કે, જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરુપ નથી. આપને તો એ વાર્તા જાણવામાં છે, તથા કુટુંબાદિકને વિષે કઠણાઇ હોવી ઘટારત નથી એમ ઉગતું હોય તો, તેનું કારણ એ જ છે કે, પરમાત્મા એમ કહે છે કે, તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો, અને તેના પ્રત્યે સમભાવિ થઇ પ્રતિબંધરહિત થાઓ; તે તમારું છે એમ ન માનો. અને પ્રારબ્ધયોગને લીધે એમ મનાય છે; તે ટાળવા આ કઠણાઇ મેં મોકલી છે.—અધિક શું કહેવું ? એ એમ જ છે.

જે જે વાટેથી અનંત કાળથી ગ્રેહાયલા આગ્રહનો, પોતાપણાનો અને અસત્સંગનો નાશ થાય તે તે વાટે વૃત્તિ લાવવી એ જ ચિંતન રાખવાથી અને પરભવનો દૃઢ વિશ્વાસ રાખવાથી કેટલેક અંશે તેમાં જય પમાશે.

મુંબઇ, સં૦ ૧૯૪૭ ના કાર્તિક વદ ૧૪, ગુરૂ.

૧૦૯

હમણા તો હું કોઇને સ્પષ્ટધર્મ આપવાને યોગ્ય નથી,—અથવા તેમ કરવાની મારી ઇચ્છા રહેતી નથી. ઇચ્છા રહેતી નથી એનું કારણ ઉદયમાં વર્તતાં કર્મો છે. હું ઇચ્છું છું કે, કોઇ પણ જિજ્ઞાસુ હો તે ધર્મ પામો, તથાપિ વર્ત્તમાન, વર્તું છું તે કાળ એવો નથી.

જેની પાસેથી ધર્મ માગવો તે પુરૂષ ધર્મ પામ્યા વિષેની પૂર્ણ ચોકસી કરવી. આ સંતની સમજવા જેવી વાત છે.

મુંબઇ, સં. ૧૯૪૭ ના કાર્તિક વદ૦)) શુક્ર

વિ૦ રાયચંદના યથા૦

૧૧૦

ગઇ કાલના પત્રમાં સહજ વ્યવહારચિંતા જણાવી; તો તે માટે સર્વ પ્રકારે નિર્ભય રહેવું. રોમ રોમ ભક્તિ તો એ જ છે કે, એવી દશા આવ્યે અધિક પ્રસન્ન રહેવું. માત્ર બીજા જીવોને કચવાયાનું કારણ આત્મ થાય ત્યાં ચિંતા સહજ કરવી; દૃઢજ્ઞાનની પ્રાપ્તિનું એ જ લક્ષણ છે.

રોમ રોમ ખુમારી ચઢશે, અમરવરમય જ આત્મદૃષ્ટિ થઇ જશે, એક 'તુંહિ' મનન કરવાનો પણ અવકાશ નહીં રહે ત્યારે, અમરવરના આનંદનો અનુભવ થશે. અત્ર એ જ દશા છે. રામ હૃદે વસ્યા છે, અનાદિનાં ખસ્યાં છે. સુરતી ઇત્યાદિક હસ્યાં છે. આ પણ એક વાક્યની વેઠ કરી છે.

હમણાં તો ભાગી જવાની વૃત્તિ છે. આ શબ્દનો અર્થ જુદો થાય છે.

નીચે એક વાક્યને સહજ સ્યાદ્વાદ કર્યું છે.

"આ કાળમાં કોઇ મોક્ષે ન જ જાય."

"આ કાળમાં કોઇ આ ક્ષેત્રેથી મોક્ષે ન જ જાય."

"આ કાળમાં કોઇ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય."

"આ કાળમાં કોઇ આ કાળનો જન્મેલો સર્વથા ન મૂકાય."

"આ કાળમાં કોઇ આ કાળનો જન્મેલો સર્વ કર્મથી સર્વથા ન મૂકાય."

હવે એ ઉપર સહજ વિચાર કરીએ. પ્રથમ એક માણસ બોલ્યો કે, આ કાળમાં કોઈ મોક્ષે ન જ જાય. જેવું એ વાક્ય નીકળ્યું કે શંકા થઇ; આ કાળમાં શું મહાવિદેહેથી મોક્ષે ન જ જાય? ત્યાંથી તો જાય; માટે ફરી વાક્ય બોલો. ત્યારે બીજીવાર કહ્યું: આ કાળમાં કોઇ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય. ત્યારે પ્રશ્ન કર્યું કે જંબુ, સુધર્માસ્વામી ઇત્યાદિક કેમ ગયા? એ પણ આ જ કાળ હતો, એટલે ફરી વળી સામો પુરૂષ વિચારીને બોલ્યો: આ કાળમાં કોઇ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે ન જાય. ત્યારે પ્રશ્ન કર્યું કે, કોઇનું મિથ્યાત્વ જતું હશે કે નહીં? ઉત્તર આપ્યો: હા જાય. ત્યારે ફરી કહ્યું કે, જો મિથ્યાત્વ જાય તો મિથ્યાત્વ જવાથી મોક્ષ થયો કહેવાય કે નહીં? ત્યારે તેણે હા કહી કે એમ તો થાય. ત્યારે કહ્યું: એમ નહીં પણ એમ હશે કે આ કાળમાં કોઇ આ કાળનો જન્મેલ સર્વ કર્મથી ન મૂકાય.

આમાં પણ ઘણા ભેદ છે; પરંતુ આટલા સુધી કદાપિ સાધારણ સ્યાદ્વાદ માનીએ તો, એ જૈનનાં શાસ્ત્ર માટે ખુલાસો થયો ગણાય. વેદાંતાદિક તો આ કાળમાં સર્વથા સર્વ કર્મથી મૂકાવા માટે જણાવે છે, માટે હજુ પણ આગળ જવાનું છે; ત્યાર પછી વાક્યસિદ્ધિ થાય. આમ વાક્ય બોલવાની અપેક્ષા રાખવી એ ખરૂં, પરંતુ જ્ઞાન ઉપજ્યા વિના એ અપેક્ષા સ્મૃત થાય એમ બનવું સંભવિત નથી. કાંતો સત્પુરુષની કૃપાથી સિદ્ધ થાય.

અત્યારે એ જ. થોડું લખ્યું ઘણું કરી જાણજો. ઉપર લખી માથાકૂટે લખવી પસંદ નથી; સાકરનું શ્રીફળ બધાએ વખાણી માગ્યું છે; પરંતુ અહીં તો અમૃતની સચોડી નાળિયેરી છે ત્યાં, આ ક્યાંથી પસંદ આવે? નાપસંદ પણ કરાય નહીં.

છેવટે આજે, કાલે અને બધે વખતે આ કહેવું છે કે, આનો સંગ થયા પછી સર્વ પ્રકારે નિર્ભય રહેતાં શીખવું. આપને આ વાક્ય કેમ લાગે છે?

માર્ગ૦ શુદ, સોમ, ૧૯૪૭, મુંબઇ.

બિ૦ રાયચંદ.

૧૧૧

અહીં ત્રણે કાળ સરખા છે. જોડેલા વ્યવહાર પ્રત્યે અસમતા નથી, અને ત્યાગવાની ઇચ્છા રાખી છે, પણ પૂર્વપ્રકૃતિને ટાળ્યા વિના છૂટકો નથી.

કાળની દુષમતા . . . . થી આ પ્રવૃત્તિમાર્ગ ઘણા જીવોને 'સત્'નું દર્શન કરતાં અટકાવે છે.

તમને બધાને ભલામણ છે કે, આ આત્મા સંબંધે બીજા પ્રત્યે કંઇ વાતચિત કરવી નહીં.

માર્ગશીર્ષ શુદિ ૯, શનિ ૧૦૪૭.

બિ૦ રાયચંદ.

૧૧૨

આપ હ્રદયના જે જે ઉદ્દગાર દર્શાવો છો, તે તે વાંચી આપની યોગ્યતા માટે પ્રસન્ન થવાય છે, પરમ પ્રસન્નતા થાય છે, અને ફરી ફરી સતયુગનું સ્મરણ થાય છે. આપ પણ જાણો છો કે, આ કાળમાં મનુષ્યોનાં મન માયિક સંપત્તિની ઇચ્છાવાળાં થઇ ગયાં છે. કોઇક વીરલ મનુષ્ય નિર્વાણ–માર્ગના દૃઢ ઇચ્છાવાળું રહ્યું સંભવે છે; અથવા કોઇકને જ તે ઇચ્છા સત્પુરૂષનાં ચરણસેવનવડે પ્રાપ્ત થાય તેવું છે. મહાંધકારવાળા આ કાળમાં આપણો જન્મ એ કાંઇક કારણયુક્ત હશેજ; એ નિઃશંક છે; પણ શું કરવું તે સંપૂર્ણ તો, તે સૂઝાડે ત્યારે બને તેવું છે.

મુંબઇ, ડિસેમ્બર ૨૪, ૧૮૯૦.

વિ૦ રાયચંદ.

૧૧૩

આનંદમૂર્તિ સત્સ્વરૂપને અભેદ ભાવે ત્રણે કાળ નમસ્કાર કરૂં છું.

પરિભ્રમણ કરતો જીવ અનાદિકાળથી અત્યાર સુધીમાં અપૂર્વને પામ્યો નથી; જે પામ્યો છે તે બધું પૂર્વાનુપૂર્વ છે. એ સઘળાંની વાસનાનો ત્યાગ કરવાનો અભ્યાસ કરશો. દૃઢ પ્રેમથી અને પરમોલ્લાસથી એ અભ્યાસ જયવંત થશે, અને તે કાળે કરીને મહા પુરૂષના યોગે અપૂર્વની પ્રાપ્તિ કરાવશે.

સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો અને તે શિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે, આત્માને છોડવા માટે સર્વે છે; બંધનને માટે નથી; જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળા યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.

માર્ગશીર્ષ શુદ ૧૪, ગુરૂ, ૧૯૪૭. **મિથ્યાનામધારીના યથા૦**

૧૧૪

પ્રાપ્ત થયેલા સત્સ્વરૂપને અભેદ ભાવે, અપૂર્વ સમાધિમાં સ્મરૂં છું.

છેવટનું સ્વરુપ સમજાયામાં, અનુભવાયામાં અલ્પ પણ ન્યૂનતા રહી નથી; જેમ છે તેમ સર્વ પ્રકારે સમજાયું છે. સર્વ પ્રકારનો એક દેશ બાદ કરતાં બાકી સર્વ અનુભવાયું છે. એક દેશ સમજાયા વિના રહ્યો નથી; પરંતુ યોગ (મન, વચન, કાયા)થી અસંગ થવા વનવાસની આવશ્યકતા છે; અને એમ થયે એ દેશ અનુભવાશે, અર્થાત્ તેમાં જ રહેવાશે; પરિપૂર્ણ લોકાલોકજ્ઞાન ઉત્પન્ન થશે. અને એ ઉત્પન્ન કરવાની (તેમ) આકાંક્ષા રહી નથી, છતાં ઉત્પન્ન કેમ થશે ? એ વળી આશ્ચર્યકારક છે ! પરિપૂર્ણસ્વરુપજ્ઞાન તો ઉત્પન્ન થયું જ છે, અને એ સમાધિમાંથી નીકળી લોકાલોક–દર્શન પ્રત્યે જવું કેમ બનશે ? એ પણ એક મને નહીં પણ પત્ર લખનારને વિકલ્પ થાય છે.

કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડાં વર્ષમાં ઘણા પુરૂષો થઇ ગયા છે. તે મહાત્માઓની જનમંડળને અપિછાન હોવાને લીધે કોઇક જ તેનાથી સાર્થક સાધી શક્યું છે; જીવને મહાત્મા પ્રત્યે મોહ જ ન આવ્યો એ કેવી ઇશ્વિરી અદ્દભુત નિયતિ છે ?

એઓ સર્વ કંઇ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા; પરંતુ તે મળવું તેમને બહુ સમીપમાં હતું. એવા પુરૂષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે, અને જાણે નિરંતર તેઓની ચરણસેવા જ કરીએ; એ એક આકાંક્ષા રહે છે. જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે; તેનું કારણ એ જ કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે; અને એ જ એમનું દાસત્વ અમારું તેમના પ્રત્યે દાસત્વ થાય છે,–તેનું કારણ છે. ભોજો ભગત, નિરાંત કોળી ઇત્યાદિક પુરુષો યોગી (પરમ-યોગ્યતાવાળા) હતા.

નિરંજનપદને બુજનારા નિરંજન કેવી સ્થિતિમાં રાખે છે; એ વિચારતાં અકળ ગતિ પર ગંભિર સમાધિયુક્ત હાસ્ય આવે છે !

હવે અમે અમારી દશા કોઇ પણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીશું ? (કંઇ) મુક્તિએ નથી જોઇતી અને જૈનનું કેવળજ્ઞાને જે પુરૂષને નથી જોઇતું તે પુરૂષને પરમેશ્વર હવે કયું પદ આપશે ? એ કંઇ આપના વિચારમાં આવે છે ? આવે તો આશ્ચર્ય પામજો; નહીં તો અહીંથી તો કોઇ રીતે કંઇએ બહાર કાઢી શકાય તેમ બને તેવું લાગતું નથી.

આપ જે કંઇ વ્યવહાર ધર્મપ્રશ્નો બીડો છો, તે ઉપર લક્ષ અપાતું નથી; તેના અક્ષર પણ પૂરા વાંચવા લક્ષ જતું નથી; તો પછી તેનો ઉત્તર ન લખી શકાયો હોય તો આપ શા માટે રાહ જુઓ છો ? અર્થાત્ તે હવે ક્યારે બનશે તે કંઇ કલ્પી શકાતું નથી.

વારંવાર જણાવો છો કે આતુરતા–દર્શન માટે–બહુ છે, પરંતુ પંચમકાળ મહાવીરદેવે કહ્યો છે, કળિયુગ વ્યાસભગવાને કહ્યો છે, તે ક્યાંથી ઉપાધિમુક્ત રાખે ?

માગશર વદ ૦)), ૧૯૪૭.

૧૧૫

—अलख नाम धुनी लगी गगनमें, मगन भया मन मेराजी.
आसन मारी सुरत दृढ धारी, दिया अगम घर डेराजी.
दरश्या अलख देदाराजी.—

મુંબઈ, સં૦ ૧૯૪૭, પોષ શુદ ૫, ગુરુ.

૧૧૬.

' જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ ?' એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.

... ...

અમને લાગે છે કે માર્ગ સુલભ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

ભાવઅપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષોની આજ્ઞાની, તથા તેના વિચારની સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના, તથા અચળ સ્નેહ થયા વિના સતસ્વરૂપના વિચારની યથાર્થ પ્રાપ્તિ થતી નથી, અને તેવી દશા આવેથી તેનાં ચરણારવિંદ જેણે સેવ્યાં છે તે પુરુષ, તેવી દશાને ક્રમે

---

૧. પત્ર લખતી વેળા, પોતાનો આત્મપ્રવાહ જે જાતના વિચારમાં વહેતો હોય, તે જાતિના અન્યપુરુષપ્રણીત વિચારોની રટના જો મુખે વર્તતી હોય, તો તે અન્યપુરુષપ્રણીત વિચારો પણ શ્રીમદ્ પત્રરુપે લખતા. આ ૧૧૫ મા આંક નીચે મૂકેલો પત્ર આ જાતિનો છે. આવા પત્રો ઉપર હવેથી × આવું ચિન્હ મૂકીશું—**સંશોધક.**

કરીને પામે છે. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિ કાળથી પરિભ્રમણ કર્યું. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરુપી અંધત્વ છે ત્યાંસુધી, એ માર્ગનું દર્શન થતું નથી. તે અંધત્વ ટળવા માટે જીવે એ માર્ગનો વિચાર કરવો. દૃઢ મોક્ષેચ્છાએ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઇ અંધત્વ ત્વ ટળે છે. અનાદિકાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે;–જો કે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યાં છે, તથાપિ જે કંઇ પણ અવસ્ય કરવા યોગ્ય હતું તે, તેણે કર્યું નથી, જે કે અમે પ્રથમજ જણાવ્યું છે. 'સૂયગડાંગસૂત્ર'માં ઋષભદેવજીભગવાને જ્યાં અઠાણું પુત્રોને ઉપદેશ્યા છે-મોક્ષ માર્ગે ચઢાવ્યા છે ત્યાં, આમ ઉપદેશ કર્યો છે:—

(હે આયુષ્માનો !) આ જીવે સર્વે કર્યું છે; એક આ વિના. તે શું ? તો કે' નિશ્ચય કહીએ છીએ કે, સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ, તે સાંભળ્યા નથી, અથવા રુડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી; અને એનેજ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે, જગત્ આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીરભગવાન્ તેણે અમને આમ કહ્યું છે: "ગુરુને આધીન થઇ વર્તતા એવા અનંત પુરૂષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા."

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

આણાએ ધમ્મો આણાએ તવો.

'આજ્ઞાનું આરાધન એજ ધર્મ, આજ્ઞાનું આરાધન એજ તપ'

એ લક્ષ જીવને સમજાયો નથી, તેના કારણોમાં સર્વથી પ્રધાન કારણ સ્વચ્છંદ છે.

... ...

સં० ૧૯૪૭, પોશ, મુંબઇ.

૧૧૬

'પ્રશ્ન વ્યાકરણ'માં સત્યનું મહાત્મ્ય વાંચ્યું છે.

હાલમાં હરિજનની સંગતિના અભાવે કાળ દુર્લભ જાય છે. હરિજનની સંગતિમાં પણ તે પ્રત્યે ભક્તિ કરવી એ બહુ પ્રિય છે.

આપ પરમાર્થ માટે જે પરમ આકાંક્ષા રાખો છો, તે ઇશ્વરેચ્છા હશે તો કોઇ અપૂર્વ વાટેથી પાર પડશે; જેઓને ભ્રાંતિથી કરી પરમાર્થનો લક્ષ મળવો દુર્લભ થયો છે, એવા ભારતક્ષેત્રવાસી મનુષ્ય પ્રત્યે તે પરમકૃપાળુ પરમ કૃપા કરશે; પરંતુ હમણા થોડો કાળ તેની ઇચ્છા હોય તેવું જણાતું નથી.

મુંબઇ, પોશ શુદ ૧૦, ૧૯૪૭.

૧૧૭

—કરના ફકિરી, કયા દિલગીરી; સદા મગન મન રહેનાજી.

એ વૃત્તિ મુમુક્ષુઓને અધિકાધિક વર્દ્ધમાન કરવા જેવી છે, પરમાર્થે ચિંતા હોય એ વિષય જુદો છે. વ્યવહારચિંતાનું વેદન અંતરથી ઓછું કરવું એ એક માર્ગ પામવાનું સાધન છે.

અમારી વૃત્તિ જે કરવા ઇચ્છે છે, તે નિષ્કારણ પરમાર્થ છે; એ વિષે વારંવાર જાણી શક્યા છો, તથાપિ કોઇ સમવાય કારણની ન્યૂનતાને લીધે હાલ તો તેમ કંઇ અધિક કરી શકાતું નથી માટે ભલામણ છે કે, અમે હાલ કંઇ પરમાર્થજ્ઞાની છીએ, અથવા સમર્થ છીએ એવું કથન કીર્તિત કરશો નહીં, કારણકે એ અમને વર્તમાનમાં પ્રતિકૂળ જેવું છે.

તમે જેઓ સમજ્યા છો, તેઓ માર્ગને સાધ્ય કરવા નિરંતર સત્પુરુષના ચરિત્રનું મનન રાખજો, તેવા વિષય પ્રસંગે અમને પૂછજો, સચ્છાસ્ત્રને અને સત્કથાને તેમજ સદ્વ્રતને સેવજો; એ જ ભલામણ.

પોશ શુદ ૧૪, શુક્ર, ૧૯૪૭, મુંબઇ. **નિમિત્તમાત્ર.**

૧૧૮.

જીવને બે મોટાં બંધન છે; એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવાની ઇચ્છા જેની છે તેણે, જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઇએ; અને પ્રતિબંધ ટાળવાની ઇચ્છા જેની છે તેણે, સર્વ સંગથી ત્યાગી થવું જોઇએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. જેનો સ્વચ્છંદ છેદાયો છે તેને, જે પ્રતિબંધ છે તે, અવસર પ્રાપ્ત થયે તરત નાશ પામે છે; આટલી શિક્ષા સ્મરણકરવારુપ છે.

વ્યાખ્યાન કરવું પડે તો કરવું, પણ 'આ કર્ત્તવ્યની હજુ મારી યોગ્યતા નથી, અને આ મને પ્રતિબંધ છે,' એમ સમજતાં જતાં ઉદાસીન ભાવે કરવું. ન કરવા માટે જેટલાં સામાને રુચિકર અને યોગ્ય પ્રયત્ન થાય તેટલાં કરવાં. અને તેમ છતાંય જો કરવું પડે તો ઉપર પ્રમાણે ઉદાસીન ભાવ સમજીને કરવુ.

મુંબઇ, ફેબ્રુઆરી ૧૪, ૧૮૯૧.

૧૧૯.

જ્ઞાનનાં 'પરોક્ષ' 'અપરોક્ષ' વિષે પત્રથી લખી શકાય તેમ નથી, પણ સુધાની ધારાપછીનાં કેટલાંક દર્શન થયાં છે; અને જો અસંગતાની સાથે......નો સત્સંગ હોય તો છેવટનું પરિપૂર્ણ પ્રકાશે તેમ છે; કારણકે તે ઘણું કરીને સર્વ પ્રકારે જાણ્યું છે, અને તે જ વાટ તેના દર્શનની છે. આ ઉપાધિયોગમાં એ દર્શન ભગવત્ થવા દેશે નહીં એમ, તે મને પ્રેરે છે, માટે એકાંતવાસીપણે જ્યારે થવાશે ત્યારે ચાહીને ભગવતે રાખેલો પડદો એક થોડા પ્રયત્નમાં ટળી જશે,

મુંબઇ, ફેબ્રુઆરી, ૧૬, ૧૮૯૧.

૧૨૦.

'સત્'ને અભેદભાવે નમોનમઃ

બીજ બધી પ્રવૃત્તિ કરતાં જીવને યોગ્યપણું પ્રાપ્ત થાય તેવી વિચારણા કરવી યોગ્ય છે; અને તેનું મુખ્ય સાધન સર્વ પ્રકારના કામભોગથી વૈરાગ્યસમેત સત્સંગ છે.

સત્સંગ (સમવયા પુરુષોનો--સમગુણી પુરુષનોયોગ) માં 'સત્'નો જેને સાક્ષાત્કાર છે એવા પુરુષનાં વચનોનું પરિચર્યન કરવું કે જેમાંથી કાળે કરીને 'સત્'ની પ્રાપ્તિ થાય છે.

કોઇ પણ પ્રકારે જીવ પોતાની કલ્પનાએ કરી 'સત્'ને પ્રાપ્ત કરી શકતો નથી. સજીવન મૂર્તિ પ્રાપ્ત થયે જ 'સત્' સમજાય છે. 'સત્'નો માર્ગ મળે છે. 'સત્' પર લક્ષ આવે છે, સજીવન મૂર્તિના લક્ષ વગર જે કંઇ પણ કરવામાં આવે છે તે, જીવને બંધન છે; આ અમારું હ્રદય છે. આ કાળ સુલભબોધીપણું પ્રાપ્ત થવામાં વિઘ્નભૂત છે. કંઇક (બીજા કાળ કરતાં બહુ) હજુ તેનું વિષમપણું ઓછું છે તેવા સમયમાં વક્રપણું, જડપણું, જેનાથી પ્રાપ્ત થાય છે, એવા માયિક વ્યવહારમાં ઉદાસીન થવું શ્રેયસ્કર છે. ० ० ० ० ० ० ० ० 'સત્'નો માર્ગ કોઇ સ્થળે દેખાતો નથી.

તમને બધાને હમણા જે કંઇ જૈનનાં પુસ્તકો વાંચવાનો પરિચય રહેતો હોય, તેમાંથી જગતનું વિશેષ વર્ણન કર્યું હોય, તેવો ભાગ વાંચવાનો લક્ષ ઓછો કરજો; અને જીવે શું નથી કર્યું?' 'હવે શું કરવું?' એ ભાગ વાંચવાનો, વિચારવાનો વિશેષ લક્ષ રાખજો.

કોઇ પણ બીજાઓ ધર્મક્રિયાને નામે જે તમારા સહવાસીઓ (શ્રાવકાદિક) ક્રિયા કરતા હોય તેને નિષેધશો નહીં. હાલ જેણે ઉપાધિરુપ ઇચ્છા અંગીકાર કરી છે, તે પુરૂષને કોઇ પણ પ્રકારે પ્રગટ કરશો નહીં, માત્ર કોઇ દઢ જિજ્ઞાસુ હોય તો તેનો લક્ષ માર્ગ ભણી વળે એવી થોડા શબ્દોમાં ધર્મકથા કરશો. (તે પણ જો ઇચ્છા રાખતા હોય તો.) બાકી હાલ તો તમે સર્વ પોતપોતાના સફળપણાર્થે મિથ્યાધર્મ—વાસનાઓનો, વિષયાદિકની પ્રિયતાનો—પ્રતિબંધનો ત્યાગ કરતાં શીખજો. જે કંઈ પ્રિય કરવા જેવું છે તે, જીવે જાણ્યું નથી; અને બાકીનું કંઈ પ્રિય કરવા જેવું નથી; આ અમારો નિશ્ચય છે. યોગ્યતા માટે બ્રહ્મચર્ય એ મોટું સાધન છે. અસત્સંગ એ મોટું વિઘ્ન છે.

મુંબઈ. સં. ૧૯૪૭ ના મહા શુદ ૧૧.

૧૨૧.

ઉપાધિના યોગને લીધે શાસ્ત્રવાંચન જો ન થઈ શકતું હોય તો હમણા તે રહેવા દેવું, પરંતુ ઉપાધિથી થોડો પણ નિત્ય પ્રતિ અવકાશ લઇ ચિત્તવૃત્તિ સ્થિર થાય એવી નિવૃત્તિમાં બેસવાનું બહુ અવશ્ય છે, અને ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખજો.

જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે તો મનુષ્યત્વનું સફળ થવું ક્યારે સંભવે? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે, એવો નિશ્ચય કરવો જોઇએ. અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે, તે પ્રાપ્ત કરવા નિત્ય પ્રતિ નિવૃત્તિ મેળવવી જોઇએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે.

ધર્મને રુપે મિથ્યા વાસનાઓથી જીવને બંધન થયું છે, એ મહા લક્ષ રાખી તેવી મિથ્યા વાસના કેમ ટળે, એ માટે વિચાર કરવાનો પરિચય રાખશો.

મહા શુદ ૧૧, ગુરુ, મુંબઇ, ૧૯૪૭.

૧૨૨.

કેવળ નિર્વિકાર છતાં પરબ્રહ્મ પ્રેમમય પરાભક્તિને વશ છે એ હૃદયમાં જેણે અનુભવ કર્યો છે એવા જ્ઞાનીઓની ગુપ્ત શિક્ષા છે.

અત્ર પરમાનંદ છે. અસંગવૃત્તિ હોવાથી સમુદાયમાં રહેવું બહુ વિકટ છે. જેનો કોઈ પણ પ્રકારે યથાર્થ આનંદ કહી શકાતો નથી એવું જે સત્સ્વરુપ તે જેના હૃદયમાં પ્રકાશ્યું છે એવા મહાભાગ્ય જ્ઞાનીઓની અમારા ઉપર કૃપા વર્તો; અમે તો ચરણરજ છીએ; અને ત્રણે કાળ એ પ્રેમની નિરંજનદેવ પ્રત્યે યાચના છે.

આજના પ્રભાતથી નિરંજનદેવની કોઇ અદ્દભુત અનુગ્રહતા પ્રકાશી છે; આજે ઘણા દિવસ થયા ઇચ્છેલી પરાભક્તિ કોઇ અનુપમ રુપમાં ઉદય પામી છે. ગોપીઓ ભગવાન્ વાસુદેવ (કૃષ્ણચંદ્ર) ને મહીની મટુકીમાં નાખી વેચવા નીકળી હતી એવી એક શ્રીમદ્ભાગવતમાં કથા છે; તે

પ્રસંગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે. અમૃત પ્રવહે છે ત્યાં, સહસ્રદળકમળ છે, એ મહીની મટુકી છે; અને આદિ પુરૂષ તેમાં બિરાજમાન છે, તે ભગવંત્ વાસુદેવ છે. તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરુપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઇ બીજા કોઇ મુમુક્ષુ આત્મા પ્રત્યે "કોઇ માધવ લ્યો, હાંરે કોઇ માધવ લ્યો," એમ કહે છે. અર્થાત્ તે વૃત્તિ કહે છે કે, આદિપુરુષની અમને પ્રાપ્તિ થઇ; અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે; બીજું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી, માટે તમે પ્રાપ્ત કરો. ઉલ્લાસમાં ફરી ફરી કહે છે, "તમે તે પુરાણપુરુષને પ્રાપ્ત કરો, અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઇચ્છો તો અમે તમને તે આદિપુરુષ આપી દઇએ. મટુકીમાં નાંખીને વેચવા નીકળયા છીએ, ગ્રાહક દેખી આપી દઇએ છીએ; કોઈ ગ્રાહક થાઓ, અચળપ્રેમ કોઇ ગ્રાહક થાઓ. વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ." મટુકીમાં નાંખીને વેચવા નીકળયાનો અર્થ સહસ્રદળકમળમાં અમને વાસુદેવભગવાન્ મળયા છે મહીનું નામ માત્ર છે; આખી સૃષ્ટિને મથીને જો મહી મથી કાઢીએ, તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવભગવાન જ મહી નીકળે છે. એવું સૂક્ષ્મ સ્વરુપ તે સ્થૂળ કરી વ્યાસજીએ અદ્દભુત ભક્તિને ગાઇ છે. આ વાત અને આખું ભાગવત એ એકને જ પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે; અને તે (અ)મને ઘણા કાળ થયા પહેલાં સમજાયું છે. આજે અતિ અતિ સ્મરણમાં છે, કારણ કે સાક્ષાત્ અનુભવપ્રાપ્તિ છે, અને એને લીધે આજની પરમઅદ્દભુત દશા છે. એવી દશાથી જીવ ઉન્મત્ત પણ થઇ ગયા વિના રહેશે નહીં. અને વાસુદેવહરિ ચાહીને કેટલોક વખત વળી અંતર્ધાન પણ થઇ જાય એવા લક્ષણના ધારક છે; માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ.

સત્સંગની માત્ર ખામી છે, અને વિકટવાસમાં નિવાસ છે. હરીઈચ્છાએ હર્યાફર્યાની વૃત્તિ છે, એટલે કંઇ ખેદ તો નથી; પણ ભેદનો પ્રકાશ કરી શકાતો નથી, એ ચિંતના નિરંતર રહ્યા કરે છે.

ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો દૃઢ નિશ્ચય છે કે, ભક્તિ એ સર્વોપરી માર્ગ છે; અને તે સત્પુરુષના ચરણ સમીપ રહીને થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે.

વિશેષ કંઇ લખ્યું જતું નથી; પરમાનંદ છે, પણ અસત્સંગ છે, અર્થાત્ સત્સંગ નથી.

મુંબઇ, મહા વદ ૩, ગુરુ. ૧૯૪૭.

૧૨૩.

"એક દેખિયે જાનિયે" એ દોહા વિષે આપે લખ્યું, તો એ દોહાથી અમે આપને નિઃશંકતાની દૃઢતા થવા લખ્યું નહોતું; પણ સ્વભાવે એ દોહો પ્રશસ્ત લાગવાથી લખી મોકલ્યો હતો. એવી લય તો ગોપાંગનાને હતી; શ્રીમદ્દભાગવતમાં મહાત્મા વ્યાસે વાસુદેવભગવાન્ પ્રત્યે ગોપીઓની પ્રેમભક્તિ વર્ણવી છે તે, પરમાલ્હાદક અને આશ્ચર્યક છે.

મુંબઇ, મહા વદ ૪, ૧૯૪૭.

૧૨૪.

આપને મારા પ્રત્યે પરમોલ્લાસ આવે છે; અને વારંવાર તે વિષે આપ પ્રસન્નતા પ્રગટ કરો છો; પણ હજુ અમારી પ્રસન્નતા મારા ઉપર થતી નથી, કારણ કે જેવી જોઇએ તેવી અસંગદશાથી વર્તાતું નથી; અને મિથ્યા પ્રતિબંધમાં વાસ છે. પરમાર્થ માટે પરિપૂર્ણ ઇચ્છા છે, પણ ઇશ્વરેચ્છાની હજુ તેમાં સમ્મતિ થઇ નથી ત્યાં સુધી, મારા વિષે અંતર્માં સમજી રાખજો; અને ગમે તેવા મુમુક્ષુઓને પણ કંઇ નામપૂર્વક જણાવશો નહીં. હાલ એવી દશાએ રહેવું અમને વહાલું છે.

........ને આપે પતું લખી મારું મહાત્મ્ય પ્રગટ કર્યું, પણ તેમ તો હાલ થવું જોઇતું નથી; તે અર્થે પ્રગટ થઈ પ્રતિબંધ કરવો મને યોગ્ય નથી લાગતો.

મુંબઇ, મહા વદ ૭, ૧૯૪૭.

૧૨૫.*

પરમાર્થ ઉપર પ્રીતિ થવામાં સત્સંગ એ સર્વોત્કૃષ્ટ અને અનુપમ સાધન છે. પણ આ કાળમાં તેવો જોગ બનવો બહુ વિકટ છે; માટે જીવે એ વિકટતામાં રહી પાર પાડવામાં વિકટ પુરુષાર્થ કરવો યોગ્ય છે;—અને તે એકે "અનાદિ કાળથી જેટલું જાણ્યું છે તેટલું બધુંય અજ્ઞાન જ છે; તેનું વિસ્મરણ કરવું."

૧૨૬.

તત્ર કો મોહઃ કઃ શોક એકત્વમનુપશ્યતઃ ?

'તેને મોહ શો ? અને તેને શોક શો ? કે જે સર્વત્ર એકત્વ (પરમાત્મસ્વરુપ) ને જ જુએ છે.'

વાસ્તવિક સુખ જો જગતની દૃષ્ટિમાં આવ્યું હોત, તો જ્ઞાની પુરૂષોએ નિયત કરેલું એવું મોક્ષસ્થાન ઉર્દ્ધ્વલોકમાં હોત નહીં; પણ આ જગત્ જ મોક્ષ હોત. જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે, આ વાત જો કે યથાર્થ છે, તોપણ જ્યાં માયાપૂર્વક પરમાત્માનું દર્શન છે, એવું જગત્ વિચારી પગ મૂકવા જેવું તેને પણ કંઈ લાગે છે; માટે અમે અસંગતાને ઇચ્છીએ છીએ.

મુંબઇ, મહા વદ ૧૧, ૧૯૪૭.

૧૨૭.*

'સત્' સત્ જ છે, સરલ છે, સુગમ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ 'સત્'ને બતાવનાર 'સત્' જોઇએ.—

નય અનંતા છે. એકેક પદાર્થમાં અનંત ગુણ–ધર્મ–છે. તેમાં અનંતા નય પરિણમે છે, તો એક અથવા બે ચાર નયપૂર્વક બોલી શકાય એવું કયાં છે ? માટે નયાદિકમાં સમતાવાન રહેવું. જ્ઞાનીઓની વાણી 'નય' માં ઉદાસીન વર્તે છે; તે વાણીને નમસ્કાર હો !

૧૨૮.

સત્સ્વરુપને અભેદભાવે નમોનમઃ

શું લખવું, તે તો કંઇ સૂઝતું નથી, કારણ કે દશા જુદી વર્તે છે, તોપણ પ્રસંગે કોઇ સદ્‌વૃત્તિ થાય તેવી વાંચના હશે તો મોકલીશ.

અમારા ઉપર તમારી ગમે તેવી ભક્તિ હો, બાકી સર્વ જીવોના—અને વિશેષે કરી ધર્મજીવના તો—અમે ત્રણે કાળને માટે દાસ જ છીએ.

સર્વેએ એટલુંજ હાલ તો કરવાનું છે કે જૂનું મૂકયા વિના તો છુટકો જ નથી, અને એ મૂકવા યોગ્ય જ છે, એમ દૃઢ કરવું.— —માર્ગ સરલ છે; પ્રાપ્તિ દુર્લભ છે.

મુંબઈ, મહા વદ ૦)), ૧૯૪૭.

૧૨૯.

પુરાણપુરૂષને નમોનમઃ

આ લોક ત્રિવિધ તાપથી આકુળ વ્યાકુળ છે. ઝાંઝવાના પાણીને લેવા દોડી તૃષા છીપાવવા ઇચ્છે છે એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઇ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે. એવી અશરણતાવાળા આ જગત્‌ને એક સત્પુરૂષ જ શરણ છે. સત્પુરૂષની વાણી વિના કોઇ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે માટે, ફરી ફરી તે સત્પુરૂષના ચરણનું અમે ધ્યાન કરીએ છીએ.

સંસાર કેવળ અશાતામય છે. જે કોઇ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તો તે પણ સત્પુરૂષનો જ અનુગ્રહ છે. કોઇ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરૂષના ઉપદેશ વિના કોઇએ જાણ્યું નથી, ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢીને આધીન થઇ પ્રવર્ત્તે છે, તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે. પણ એનું મૂળ એક સત્પુરૂષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે, એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરૂષ જ કારણ છે. આટલી બધી સમર્થતા છતાં જેને કંઇ પણ સ્પૃહા નથી, ઉન્મત્તતા નથી, પોતાપણું નથી, ગર્વ નથી, ગારવ નથી, એવા આશ્ચર્યની પ્રતિમારૂપ સત્પુરૂષને અમે ફરી ફરી નામરૂપે સ્મરીએ છીએ.

ત્રિલોકના નાથ વશ થયા છે જેને, એવા છતાં પણ એવી કોઇ અટપટી દશાથી વર્તે છે કે જેનું સામાન્ય મનુષ્યને ઓળખાણ થવું દુર્લભ છે; એવા સત્પુરૂષને અમે ફરી ફરી સ્તવીએ છીએ.

એક સમય પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે, તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે એવા સત્પુરૂષના અંતઃકરણ, તે જોઇ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ.

હે પરમાત્મા ! અમે તો એમ જ માનીએ છીએ કે, આ કાળમાં પણ જીવનો મોક્ષ હોય; તેમ છતાં જૈન—ગ્રંથોમાં ક્વચિત્ પ્રતિપાદન થયું છે તે પ્રમાણે, આ કાળે મોક્ષ ન હોય તો, આ ક્ષેત્રે એ પ્રતિપાદન તું રાખ—અને અમને મોક્ષ આપવા કરતાં સત્પુરૂષના જ ચરણનું ધ્યાન કરીએ અને તેની સમીપ જ રહીએ એવો યોગ આપ.

હે પુરૂષપુરાણ ! અમે તારામાં અને સત્પુરૂષમાં કંઇ ભેદ હોય એમ સમજતા નથી; તારા કરતાં અમને તો સત્પુરૂષ જ વિશેષ લાગે છે, કારણ કે તું પણ તેને આધીન જ રહ્યો છે; અને અમે સત્પુરૂષને ઓળખ્યા વિના તને ઓળખી શકયા નહીં; એ જ તારૂં દુર્ઘટપણું અમને સત્પુરૂષ પ્રત્યે પ્રેમ ઉપજાવે છે, કારણ કે તું વશ છતાં પણ તેઓ ઉન્મત્ત નથી. અને તારાથી પણ સરલ છે, માટે હવે તું કહે તેમ કરીએ ?

હે નાથ ! તારે ખોટું ન લગાડવું કે અમે તારા કરતાં પણ સત્પુરૂષને વિશેષ સ્તવીએ છીએ; જગત્ આખું તને સ્તવે છે, તો પછી અમે એક તારા સામા બેઠા રહીશું તેમાં તને કયાં સ્તવનની આકાંક્ષા છે; અને કયાં તને ન્યૂનપણું પણ છે.

જ્ઞાની પુરૂષો ત્રિકાળની વાત જાણતાં છતાં પ્રગટ કરતા નથી એમ આપે પૂછયું તે સંબંધમાં એમ જણાય છે કે, ઇશ્વરી ઇચ્છા જ એવી છે કે, અમુક પારમાર્થિક વાત શિવાય જ્ઞાની બીજી ત્રિકાળિક વાત પ્રસિદ્ધ ન કરે; અને જ્ઞાનીની પણ અંતર્ ઇચ્છા તેવી જ જણાય છે. જેની કોઇ

પણ પ્રકારની આકાંક્ષા નથી એવા, જ્ઞાની પુરૂષને કંઇ કર્ત્તવ્યરૂપ નહીં હોવાથી જે કંઇ ઉદયમાં આવે તેટલું જ કરે છે. અમે તો કંઇ તેવું જ્ઞાન ધરાવતા નથી કે જેથી ત્રણે કાળ સર્વ પ્રકારે જણાય અને અમને એવા જ્ઞાનનો કંઇ વિશેષ લક્ષ નથી; અમને તો વાસ્તવિક એવું જે સ્વરૂપ તેની ભક્તિ, અને અસંગતા એ પ્રિય છે. એ જ વિજ્ઞાપન.

૧૩૦.

અભેદદશા આવ્યાવિના જે પ્રાણી આ જગતની રચના જોવા ઇચ્છે છે, તે બંધાય છે. એવી દશા આવવા માટે એ પ્રાણીએ તે રચનાના કારણ પ્રત્યે પ્રીતિ કરવી, અને પોતાની અહંરૂપ ભ્રાંતિનો પરિત્યાગ કરવો. સર્વ પ્રકારે કરીને એ રચનાના ઉપભોગની ઇચ્છા ત્યાગવી યોગ્ય છે, અને એમ થવા માટે સત્પુરૂષના શરણ જેવું એકકે ઔષધ નથી. આ નિશ્ચયવાર્ત્તા બિચારા મોહાંધ પ્રાણીઓ નહીં જાણીને ત્રણે તાપથી બળતાં જોઇ પરમ કરૂણા આવે છે. હે નાથ ! તું અનુગ્રહ કરી એને તારી ગતિમાં ભક્તિ આપ, ' એ ઉદ્‌ગાર નીકળે છે.

ઉદયકાળ પ્રમાણે વર્તીએ છીએ. કવચિત્ મનોયોગેને લીધે ઇચ્છા ઉત્પન્ન હો તો ભિન્ન વાત પણ અમને તો એમ લાગે છે કે, આ જગત્ પ્રત્યે અમારો પરમ ઉદાસીન ભાવ વર્તે છે; તે સાવ સોનાનું થાય તોપણ અમને તૃણવત્ છે; અને પરમાત્માની વિભૂતિરૂપે અમારૂં ભક્તિધામ છે.

મુંબઇ, ફાગણ શુદ ૭, ૧૯૪૭.

૧૩૧.

આપનું પત્ર પ્રાપ્ત થયું. એમાં કરેલા પ્રશ્નોનો સવિગત ઉત્તર બનતાં સુધી તરતમાં લખીશ.

એ પ્રશ્નો એવાં પારમાર્થિક છે કે મુમુક્ષુ પુરૂષે તેનો પરિચય કરવો જોઇએ. હજારો પુસ્તકોના પાઠીને પણ એવાં પ્રશ્નો ઉગે નહીં, એમ અમે ધારીએ છીએ. તેમાં પણ પ્રથમ લખેલું પ્રશ્ન (જગતના સ્વરૂપમાં મતાંતર કાં છે ?) તો જ્ઞાની પુરૂષ અથવા તેની આજ્ઞાએ અનુસરનારો પુરૂષ જ ઉગાડી શકે. અત્ર મનમાનતી નિવૃત્તિ નથી રહેતી, જેથી એવી જ્ઞાનવાર્ત્તા લખવામાં વિલંબ કરવાની જરૂર થાય છે. છેલ્લું પ્રશ્ન અમારા વનવાસનું પૂછ્યું છે; એ પણ જ્ઞાનીની અંતર્વૃત્તિ જાણનાર પુરૂષ વિના કોઇકથી જ પૂછી શકાય તેવું પ્રશ્ન છે.

મુંબઇ, ફાગણ શુદ ૮, ૧૯૪૭.

૧૩૨.

સર્વાત્મા હરિને નમસ્કાર.

' સત્ ' સત્ છે, સરલ છે, સુગમ છે; તેની પ્રાપ્તિ સર્વત્ર હોય છે.

' સત્ ' છે, કાળથી તેને બાધા નથી, તે સર્વનું અધિષ્ઠાન છે, વાણીથી અકથ્ય છે, તેની પ્રાપ્તિ હોય છે; અને તે પ્રાપ્તિનો ઉપાય છે.—

ગમે તે સંપ્રદાય-દર્શન-ના મહાત્માઓનો લક્ષ એક ' સત્ ' જ છે. વાણીથી અકથ્ય હોવાથી મુંગાની એણે સમજાવ્યું છે; જેથી તેઓના કથનમાં કંઇક ભેદ લાગે છે; વાસ્તવિક રીતે ભેદ નથી.

લોકનું સ્વરુપ સર્વ કાળ એક સ્થિતિનું નથી; ક્ષણે ક્ષણે તે રુપાંતર પામ્યા કરે છે; અનેક રુપ નવાં થાય છે; અનેક સ્થિતિ કરે છે; અને અનેક લય પામે છે; એક ક્ષણ પહેલાં જે રુપ બાહ્યજ્ઞાને જણાતું નહોતું, તે દેખાય છે; અને ક્ષણમાં ઘણા દીર્ઘ વિસ્તારવાળાં રુપ લય પામ્યાં જાય છે. મહાત્માની વિદ્યમાને વર્તતું લોકનું સ્વરુપ અજ્ઞાનીના અનુગ્રહને અર્થે કંઇક રુપાંતરપૂર્વક કહ્યું જાય છે; પણ સર્વ કાળ જેની એક સ્થિતિ નથી એવું એ રુપ 'સત્' નહીં હોવાથી ગમે તે રુપે વર્ણવી, તે કાળે ભ્રાંતિ ટાળી છે; અને એને લીધે સર્વત્ર એ સ્વરુપ હોય જ એમ નથી; એમ સમજાય છે. બાળ જીવ તો તે સ્વરુપને શાશ્વતરુપ માની લઇ ભ્રાંતિમાં પડે છે, પણ કોઇ જોગ જીવ એવી અનેકતાની કહેણીથી મુંઝાઇ જઇ 'સત્' તરફ વળે છે; ઘણું કરીને સર્વ મુમુક્ષુઓ એમ જ માર્ગ પામ્યા છે. 'ભ્રાંતિ'નું રુપ એવું આ જગત્ વારંવાર વર્ણવવાનો મોટા પુરુષનો એ જ ઉદ્દેશ છે કે, તે સ્વરુપને વિચાર કરતાં પ્રાણી ભ્રાંતિ પામે કે 'ખરું શું? આમ અનેક પ્રકારે કહ્યું છે, તેમાં શું માનું? અને મને શું કલ્યાણકારક?' એમ વિચારતાં વિચારતાં એને એક (ભ્રાંતિ)નો વિષય જાણી જ્યાંથી 'સત્' ની પ્રાપ્તિ હોય છે એવા સંતના શરણ વગર છૂટકો નથી એમ સમજી તે શોધી, શરણાપન્ન થઇ, 'સત્' પામી 'સત્'રુપ હોય છે.

ગમે તેમ હો, પણ આ કાળમાં જૈનમાં તીર્થંકરના માર્ગને જાણવાની આકાંક્ષાવાળો પ્રાણી થવો દુર્લભ સંભવે છે, કારણ કે ખરાબે ચઢેલું વહાણ–અને તે પણ જુનું–એ ભયંકર છે, તેમ જ જૈનની કથની ઘસાઇ જઇ, ભ્રાંતિરુપ ખરાબે તે વહાણ ચઢયું છે,

જગતનું કોઇ 'અધિષ્ઠાન' હોવું જોઇએ, એમ ઘણાખરા મહાત્માઓનું કથન છે; અને અમે પણ એમ જ કહીએ છીએ કે 'અધિષ્ઠાન' છે; અને તે અધિષ્ઠાન તે હરિ ભગવાન્ છે, જેને ફરી ફરી હૃદયદેશમાં જોઇએ છીએ.

'અધિષ્ઠાન' વિષે સમાગમે અધિક સત્કથા થશે; લેખમાં તેવી આવી શકશી નહીં.

મુંબઇ, ફાગણ શુદ ૧૩, સોમ, ૧૯૪૭.

૧૩૩.

પારમાર્થિક વિષય માટે હાલ મૌન રહેવાનું કારણ પરમાત્માની ઇચ્છા છે. જ્યાંસુધી અસંગ થઇશું નહીં, અને ત્યાર પછી તેની ઇચ્છા મળશે નહીં ત્યાંસુધી, પ્રગટ રીતે માર્ગ કહીશું નહીં, અને આવો સર્વ મહાત્માઓનો રીવાજ છે; અમે તો દીન માત્ર છીએ. ભાગવતવાળી વાત આત્મજ્ઞાનથી જાણેલી છે.

સં. ૧૯૪૭ ના ફાગણ વદ ૨, મુંબઇ.

૧૩૪

શ્રીમદ્ભાગવત પરમભક્તિરુપ જ છે. એમાં જે જે વર્ણવ્યું છે, તે તે લક્ષરુપને સૂચવવા માટેછે. આપે જ્યોતિષાદિકની પણ હાલ ઇચ્છા કરવી નહીં, કારણ કે તે કલ્પિત છે, અને કલ્પિતપર લક્ષ નથી.

ફાગણ વદ ૮ બુધે. ૧૯૪૭.

વિ૦ રાયચંદ્ર.

૧૩૫

જ્યોતિષને કલ્પિત કહેવાનો હેતુ એવો છે કે તે વિષય પારમાર્થિક જ્ઞાને કલ્પિત જ છે; અને પારમાર્થિક જ સત્ છે, અને તેની જ રટના રહે છે. મને પોતાને શિર, હાલ ઉપાધિનો બોજો ઇશ્વરે વિશેષ મૂકયો છે; એમ કરવામાં તેની ઇચ્છા સુખરૂપ જ માનું છું. પંચમકાળને નામે જૈન-

ગ્રંથો આ કાળને ઓળખે છે, અને કળિકાળને નામે પુરાણગ્રંથો ઓળખે છે. એમ આ કાળને કઠિન કાળ કહ્યો છે; તેનો હેતુ જીવને ' સત્સંગને અને સત્શાસ્ત્ર' નો જોગ થવો આ કાળમાં દુર્લભ છે, અને તેટલા જ માટે કાળને એવું ઉપનામ આપ્યું છે. અમને પણ પંચમકાળ અથવા કળિયુગ હાલ તો અનુભવ આપે છે. અમારું ચિત્ત નિસ્પૃહ અતિશય છે, અને જગતમાં સસ્પૃહ તરીકે વર્તીએ છીએ; એ કળિયુગની કૃપા છે.

મુંબઇ, ફાગણ વદ ૧૩, ૧૯૪૭.

૧૩૬.

આપને સ્મરણ રહેવા લખું છું કે, જ્યાંસુધી ઇશ્વરેચ્છા નથી ત્યાંસુધી, અમારાથી કાંઇ પણ થઇ શકનાર નથી; તણખલાંના બે કટકા કરવાની શક્તિ પણ અમે ધરાવતા નથી; અધિક શું કહેવું ?

મુંબઈ, ચૈત્ર શુદ ૪ રવિ, ૧૯૪૭.

૧૩૭.

અનંતા નય છે; એકેક પદાર્થ અનંત ગુણથી અને અનંત ધર્મથી યુક્ત છે. એકેક ગુણ અને એકેક ધર્મ પ્રત્યે અનંત નય પરિણામે છે, માટે એ વાટે પદાર્થનો નિર્ણય કરવા માગીએ તો થાય નહીં; એની વાટ કોઇ બીજી હોવી જોઇએ, ઘણું કરીને આ વાટને જ્ઞાની પુરુષો જ જાણે છે; અને તેઓ તે નયાદિક માર્ગ પ્રત્યે ઉદાસીન વર્ત્તે છે, જેથી કોઇ નયનું એકાંત ખંડન થતું નથી, અથવા કોઈ નયનું એકાંત મંડન થતું નથી. જેટલી જેની યોગ્યતા છે, તેટલી તે નયની સત્તા જ્ઞાની પુરુષોને સમ્મત હોય છે. માર્ગ જેને નથી પ્રાપ્ત થયો એવાં મનુષ્યો નયનો આગ્રહ કરે છે; અને એથી વિષમ ફળની પ્રાપ્તિ હોય છે. કોઇ નય જ્યાં દૂભાતો નથી, એવાં જ્ઞાનીનાં વચનોને અમે નમસ્કાર કરીએ છીએ.

જેણે જ્ઞાનીના માર્ગની ઇચ્છા કરી હોય એવાં પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઇ નયમાં આગ્રહ કરવો નહીં; અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં; અને એ આગ્રહ જેને મટયો છે, તે કોઇ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઇચ્છા કરતો નથી.

૧૩૮.*

વાસનાના ઉપશમાર્થે તેમનું વિજ્ઞાપન છે; અને તેનો સર્વોત્તમ ઉપાય તો જ્ઞાની પુરુષનો જોગ મળવો તે છે. દઢ મુમુક્ષુતા હોય, અને અમુક કાળસુધી તેવો જોગ મળયો હોય, તો જીવનું કલ્યાણ થઇ જાય.

તમે બધા સત્સંગ, સત્શાસ્ત્રાદિક સંબંધી હાલ કેવા (જોગે) વર્તો છો તે લખશો. એ જોગ માટે પ્રમાદભાવ કરવો યોગ્યજ નથીઃ માત્ર પૂર્વની કોઇ ગાઢી પ્રતિબદ્ધતા હોય, તો આત્મા તો એ વિષયે અપ્રમત્ત હોવો જોઇએ. તમારી ઇચ્છાને ખાતર કાંઇ પણ લખવું જોઇએ; જેથી પ્રસંગે લખું છું. બાકી હમણા સત્કથાનો લેખ કરી શકાય તેવી દશા (ઇચ્છા ?) નથી.

વિ૦ રાયચંદ.

૧૩૯.*

કોઇનો દોષ નથી; અમે કર્મ બાંધ્યાં માટે અમારો દોષ છે.

જ્યોતિષની આમ્નાય સંબંધી કેટલીક વિગત લખી તે વાંચી છે. ઘણો ભાગ તેનો જાણવામાં

છે, તથાપિ ચિત્ત તેમાં જરાય પ્રવેશ કરી શકતું નથી; અને તે વિષેનું વાંચવું, સાંભળવું કદાપિ ચમત્કારિક હોય, તોપણ બોજારુપ લાગે છે; થોડી પણ તેમાં રુચિ રહી નથી. અમને તો માત્ર એક અપૂર્વ એવા 'સત્'ના જ્ઞાનને વિષે જ રુચિ રહે છે; બીજું જે કંઈ કરવામાં આવે છે, કે અનુસરવામાં આવે છે, તે બધું આસપાસનાં બંધનને લઇને કરવામાં આવે છે. હાલ જે કંઇ વ્યવહાર કરીએ છીએ, તેમાં દેહ અને મનને બાહ્ય ઉપયોગ વર્તાવવો પડે છે, આત્મા તેમાં વર્તતો નથી. કવચિત્ પૂર્વકર્માનુસાર વર્તાવું પડે છે, તેથી અત્યંત આકુળતા આવી જાય છે. જે કંઇ પૂર્વે નિબંધન કરવામાં આવ્યાં છે તે કર્મો નિવૃત્ત થવા અર્થે,-ભોગવી લેવા અર્થે-થોડા કાળમાં ભોગવી લેવાને અર્થે-આ વેપાર નામનું વ્યાવહારિક કામ બીજાને અર્થે સેવીએ છીએ.

હાલ જે કરીએ છીએ તે વેપાર વિષે મને વિચાર આવ્યા કરેલ, અને ત્યાર પછી અનુક્રમે તે કામની શરુઆત થઇ ત્યારથી તે અત્યાર સુધીમાં કામની દિનપ્રતિદિન કંઇ વૃદ્ધિ થયા કરી છે.

અમે આ કામ પ્રેરેલું માટે તે સંબંધી......બને તેટલું મજુરી જેવું કામ પણ કર્યાનું રાખ્યું છે. કામની હવે ઘણી હદ વધી ગયેલી હોવાથી નિવૃત્તિ થવાની અત્યંત બુદ્ધિ થઇ જાય છે, પણ........ને દોષબુદ્ધિ આવી જવાનો સંભવ; તે અનંત સંસારનું કારણ........ને થાય એમ જાણીને જેમ બને તેમ ચિત્તનું સમાધાન કરી તે મજુરી જેવું કામ પણ કર્યા જવું એમ હાલ તો ધાર્યું છે.

આ કામની પ્રવૃત્તિ કરતી વખતે જેટલી અમારી ઉદાસીન દશા હતી તેથી આજ વિશેષ છે, અને તેથી અમે ઘણું કરીને તેમની વૃત્તિને અનુસરી શકીએ એવું છે; તથા જેટલું બન્યું છે તેટલું અનુસરણ તો જેમ તેમ ચિત્ત સમાધાન કરી રાખ્યા કર્યું છે.

કોઈ પણ જીવ પરમાર્થને ઇચ્છે અને વ્યાવહારિક સંગમાં પ્રીતિ રાખે, ને પરમાર્થ પ્રાપ્ત થાય એમ તો કોઇ કાળે બને જ નહીં. આ કામની નિવૃત્તિ પૂર્વકર્મ જોતાં તો હાલ થાય તેવું દેખાતું નથી.

આ કામ પછી 'ત્યાગ' એવું અમે તો જ્ઞાનમાં જોયું હતું; અને હાલ આવું સ્વરુપ દેખાય છે, એટલી આશ્ચર્યવાર્તા છે. અમારી વૃત્તિને પરમાર્થ આડે અવકાશ નથી, તેમ છતાં ઘણોખરો કાળ આ કામમાં ગાળીએ છીએ; અને તેનું કારણ માત્ર તેમને દોષબુદ્ધિ ન આવે એટલું જ છે; તથાપિ અમારી વર્તના જ એવી છે કે, જીવ તેનો જો ખ્યાલ ન કરી શકે તો તેટલું કામ કરતાં છતાં પણ દોષબુદ્ધિ જ રહ્યા કરે.

૧૪૦.*

અનંત કાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ 'સત્' સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઇ શકતું નથી, તેમ અ-સત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ 'સત્' સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી; કવચિત્ અંશે થાય છે, ત્યાં પાછો અનંતકાળનો જે મિથ્યા અભ્યાસ છે તેના વિકલ્પમાં પડી જાય છે, એટલે તે કવચિત્-સતના અંશોપર આવરણ આવે છે. 'સત્' સંબંધી સંસ્કારોની દઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે. લોકલજ્જા તો કોઇ મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે; સામાન્ય રીતે સત્સંગનો લોકસમુદાયમાં તિરસ્કાર નથી, જેથી લજ્જા દુઃખદાયક થતી નથી; માત્ર ચિત્તને વિષે સત્સંગના લાભનો વિચાર કરી નિરંતર અભ્યાસ કરવો; તો પરમાર્થને વિષે દઢતા થાય છે.

૧૪૧*

'સત્' એ કંઇ દૂર નથી, પણ દૂર લાગે છે; અને એ જ જીવનો મોહ છે.

'સત્' જે કંઇ છે, તે 'સત્ જ' છે, સરળ છે, સુગમ છે, અને સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે; પણ જેને ભ્રાંતિરૂપ આવરણતમ વર્તે છે, તે પ્રાણીને તેની પ્રાપ્તિ કેમ હોય? અંધકારના ગમે તેટલા પ્રકાર કરીએ, પણ તેમાં કોઇ એવો પ્રકાર નહીં આવે કે જે અજવાળારૂપ હોય. આવરણ-તિમિર જેને છે એવાં પ્રાણીની કલ્પનામાંની કોઇ પણ કલ્પના 'સત્' જણાતી નથી; અને 'સત્'ની નજીક સંભવતી નથી; 'સત્' છે તે ભ્રાંતિ નથી; ભ્રાંતિથી કેવળ વ્યતિરિક્ત (જુદું) છે; કલ્પનાથી પર (આઘે) છે; માટે જેની પ્રાપ્ત કરવાની દૃઢ મતિ થઇ છે તેણે, પોતે કંઇ જ જાણતો નથી એવો દૃઢ નિશ્ચયવાળો પ્રથમ વિચાર કરવો; અને પછી 'સત્'ની પ્રાપ્તિ માટે જ્ઞાનીને શરણે જવું; તો જરૂર માર્ગની પ્રાપ્તિ થાય. ૦ ૦ ૦

આ જે વચનો લખ્યાં છે તે, સર્વ મુમુક્ષુને પરમ બાંધવરૂપ છે, પરમ રક્ષકરૂપ છે, અને એને સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમપદને આપે એવાં છે. એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષડ્દર્શનનું સર્વોત્તમ તત્ત્વ, અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે; માટે ફરી ફરીને તેને સંભારજો, વિચારજો; સમજજો; સમજવા પ્રયત્ન કરજો; એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો; એમાં જ વૃત્તિનો લય કરજો; એ તમને અને કોઇ પણ મુમુક્ષુને ગુપ્ત રીતે કહેવાનો અમારો મંત્ર છે. એમાં 'સત્'જ કહ્યું છે. એ સમજવા માટે ઘણો જ વખત ગાળજો.

મુંબઇ.

૧૪૨*

ગુરુગમે કરીને જ્યાંસુધી ભક્તિનું પરમ સ્વરૂપ સમજાયું નથી, તેમ તેની પ્રાપ્તિ થઇ નથી, ત્યાંસુધી ભક્તિમાં પ્રવર્તતાં અકાળ અને અશુચિ દોષ હોય.

અકાળ અને અશુચિનો વિસ્તાર મોટો છે, તોપણ ટુંકામાં લખ્યું છે. એકાંત પ્રભાત, પ્રથમ પ્રહર, એ સેવ્ય ભક્તિને માટે યોગ્ય કાળ છે. સ્વરૂપચિંતનભક્તિ તો સર્વ કાળે સેવ્ય છે.

વ્યવસ્થિત મન એ સર્વ શુચિનું કારણ છે. બાહ્યમલાદિકરહિત તન, અને શુદ્ધ સ્પષ્ટ વાણી એ શુચિ છે.

બિ૦ રાયચંદ.

૧૪૩*

સત્સ્વરૂપને અભેદરૂપે અનન્ય ભક્તિએ નમસ્કાર.

માર્ગની ઇચ્છા જેને ઉત્પન્ન થઇ છે, તેણે બધા વિકલ્પો મૂકીને આ એક વિકલ્પ ફરી ફરી સ્મરણ કરવો અવશ્યનો છેઃ—" અનંત કાળથી જીવનું પરિભ્રમણ થયા છતાં તેની નિવૃત્તિ કાં થતી નથી ? અને તે શું કરવાથી થાય " ?

આ વાક્યમાં અનંત અર્થ સમાયલો છે, અને એ વાક્યમાં કહેલી ચિંતના કર્યા વિના, તેને માટે દૃઢ થઇ ઝુર્યા વિના, માર્ગની દિશાનું પણ અલ્પ ભાન થતું નથી, પૂર્વે થયું નથી; અને ભવિષ્યકાળે પણ નહીં થશે. અમે તો એમ જાણ્યું છે, માટે તમારે સધળાએ એ જ શોધવાનું છે. ત્યાર પછી બીજું શું જાણવું તે જણાય છે.

૧૪૪

૧. જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સત્ સુખનો તેને વિયોગ છે; એમ સર્વ ધર્મસમ્મત કહ્યું છે.

૨. પોતાને ભૂલીગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે; એમ નિઃશંક માનવું.

૩. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઇએ, એ સ્વાભાવિક સમજાય છે; છતાં લોકો લજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતા નથી; એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

૪. જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી તેણે, જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહેછે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિકાળથી રખડ્યો.

૫. જ્યાંસુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય ત્યાંસુધી, અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એક નિષ્ઠાએ તન, મન, ધનથી આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

૭. જો કે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી; અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી; માટે મુમુક્ષુને જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્ત્તવ્ય છે, એમ સત્પુરુષોએ કહ્યું છે.

૮.

૯. ઋષભદેવજીએ અઠાણું પુત્રોને ત્વરાથી મોક્ષ થવાનો એ જ ઉપદેશ કર્યો હતો.

૧૦. પરિક્ષિત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો છે.

૧૧. અનંતકાળસુધી જીવ નિજછંદે ચાલી પરિશ્રમ કરે, તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્ત્તમાં પણ કેવળજ્ઞાન પામે.

૧૨. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે, અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઇએ.

૧૪૫*

સુદૃઢ સ્વભાવથી આત્માર્થનું પ્રયત્ન કરવું. આત્મકલ્યાણ પ્રાપ્ત થવામાં ઘણું કરીને વારંવાર પ્રબળ પરિસહે આવવાનો સ્વભાવ છે, પણ જો તે પરિસહ શાંત ચિત્તથી વેદવામાં આવે છે, તો દીર્ઘકાળે થઇ શકવા યોગ્ય એવું કલ્યાણ બહુ અલ્પકાળમાં સાધ્ય થાય છે.

તમે સૌ એવાં શુદ્ધ આચરણથી વર્તજો કે વિષમ દૃષ્ટિએ જોનાર માણસોમાંથી ઘણાને પોતાની તે દૃષ્ટિનો કાળ જતાં પશ્ચાત્તાપ કરવાનો વખત આવે.

ધૈર્ય રાખીને આત્માર્થમાં નિર્ભય રહેજો. નિરાશ ન થવું. આત્માર્થમાં પ્રયત્ન કરવું.

સંવત્ ૧૯૪૭.

૧૪૬*

આ જગતને વિષે સત્સંગની પ્રાપ્તિ ચતુર્થકાળ જેવા કાળને વિષે પણ પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે, તો આ દુષમકાળને વિષે પ્રાપ્તિ પરમ દુર્લભ હોવી સંભાવ્ય છે એમ જાણી, જે જે પ્રકારે સત્સંગના વિયોગમાં પણ આત્મામાં ગુણોત્પત્તિ થાય, તે તે પ્રકારે પ્રવર્તવાનો પુરુષાર્થ વારંવાર, વખતો વખત અને પ્રસંગે પ્રસંગે કર્ત્તવ્ય છે; અને નિરંતર સત્સંગની ઇચ્છા—અસત્સંગમાં ઉદા-

સીનતા-કરવામાં મુખ્ય કારણ તેવો પુરુષાર્થ છે એમ જાણી, જે કાંઇ નિવૃત્તિનાં કારણો હોય, તે તે કારણોનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે.

અમને આ લખતાં એમ સ્મરણ થાય છે કે "શું કરવું ?" અથવા "કોઇ પ્રકારેથતું નથી," એવું, તમારા ચિત્તમાં વારંવાર થઇ આવતું હશે, તથાપિ એમ ઘટે છે કે, જે પુરુષ બીજા બધા પ્રકારનો વિચાર અકર્તવ્યરૂપ જાણી આત્મકલ્યાણને વિષે ઉજમાળ થાય છે તેને, કંઇ નહીં જાણતાં છતાં, તે જ વિચારના પરિણામમાં જે કરવું ઘટે છે, અને કોઇ પ્રકારે થતું નથી, એમ ભાસ્યમાન થયેલું તે પ્રગટ થવાનું તે જીવને વિષે કારણ ઉત્પન્ન થાય છે; અથવા કૃતકૃત્યતાનું સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન થાય છે.

દોષ કરે છે, એવી સ્થિતિમાં આ જગતના જીવોના ત્રણ પ્રકાર જ્ઞાની પુરુષે દીઠા છેઃ (૧) કોઇ પણ પ્રકારે જીવ દોષ કે કલ્યાણનો વિચાર નથી કરી શક્યો-અથવા કરવાની જે સ્થિતિ તેમાં બેભાન છે, એવા જીવોનો એક પ્રકાર છે. (૨) અજ્ઞાનપણાથી અસત્સંગના અભ્યાસે ભાસ્યમાન થયેલા બોધથી દોષ કરે છે તે, કલ્યાણસ્વરૂપ માનતા એવા જીવોનો બીજો પ્રકાર છે. (૩) ઉદયાધીનપણે માત્ર જેની સ્થિતિ છે;-સર્વ પરસ્વરૂપનો સાક્ષી છે એવો બોધસ્વરૂપ જીવ, માત્ર ઉદાસીનપણે કર્તા દેખાય છે; એવા જીવોનો ત્રીજો પ્રકાર છે. એમ ત્રણ પ્રકારના જીવ-સમૂહ જ્ઞાની પુરૂષે દીઠા છે. ઘણું કરી પ્રથમ પ્રકારને વિષે સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ પ્રાપ્તિ-અપ્રાપ્તિના પ્રકારને વિષે તદાકાર પરિણામી જેવા ભાસતા એવા જીવો સમાવેશ પામે છે. જૂદા જૂદા ધર્મની નામક્રિયા કરતા એવા જીવો-અથવા સ્વચ્છંદપરિણામી એવા પરમાર્થ માર્ગે ચાલીએ છીએ, એવી બુદ્ધિએ ગ્રહિત જીવો તે બીજા પ્રકારને વિષે સમાવેશ પામે છે. સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ પ્રાપ્તિ-અપ્રાપ્તિ આદિભાવને વિષે જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, અથવા થયા કરે છે, સ્વચ્છંદપરિણામ જેનું ગળિત થયું છે; અને તેવા ભાવના વિચારમાં નિરંતર જેનું રહેવું છે, એવા જીવના દોષ તે ત્રીજા પ્રકારમાં સમાવેશ થાય છે. જે પ્રકારે ત્રીજો સમૂહ સાધ્ય થાય તે પ્રકાર વિચાર છે. વિચારવાન છે તેને યથાબુદ્ધિએ, સદ્ગ્રંથે, સત્સંગે તે વિચાર પ્રાપ્ત થાય છે, અને અનુક્રમે દોષરહિત એવું સ્વરૂપ તેને વિષે ઉત્પન્ન હોય છે. આ વાત ફરી ફરી સૂતાં તથા જાગતાં અને બીજે પ્રકારે વિચારવા-સંભારવા યોગ્ય છે.

૧૯૪૭.

પ્રણામ.

૧૪૭*

જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે; તેથી ઉપયોગ અન્ય વિકલ્પ રહિત થયો તેનું નામ સમાવું છે; વસ્તુતાએ બન્ને એક જ છે. જેમ છે તેમ સમજવાથી ઉપયોગ સ્વરૂપમાં શમાયો, અને આત્મા સ્વભાવમય થઇ રહ્યો, એ પ્રથમ વાક્ય "સમજીને સમાઇ રહ્યા" તેનો અર્થ છે.

અન્ય પદાર્થના સંયોગમાં જે અધ્યાસ હતો, અને તે અધ્યાસમાં આત્માપણું માન્યું હતું, તે અધ્યાસરૂપ આત્માપણું શમાઇ ગયું, એ બીજું વાક્ય "સમજીને શમાઇ ગયા" તેવો અર્થ છે.

પર્યાયાંતરથી અર્થાંતર થઇ શકે છે; વાસ્તવ્યમાં બન્ને વાક્યનો પરમાર્થ એક જ વિચારવા યોગ્ય છે.

જે જે સમજ્યા તેણે તેણે મારૂં તારૂં એ આદિ અહંત્વ મમત્વ શમાવી દીધું, કેમકે કોઇ પણ નિજસ્વભાવ તેવો દીઠો નહીં; અને નિજસ્વભાવ તો અચિંત્ય અવ્યાબાધસ્વરૂપ,-કેવળ ન્યારો -જોયો એટલે તેમાં જ સમાવેશ પામી ગયા. આત્મા શિવાય અન્યમાં સ્વમાન્યતા હતી તે ટાળી

પરમાર્થે મૌન થયા; વાણીએ કરી 'આ આનું છે' એ આદિ કહેવાતું બનવારૂપ વ્યવહાર વચનાદિ યોગસુધી ક્વચિત રહ્યો, તથાપિ આત્માથી આ મારૂં છે, એ વિકલ્પ કેવળ શમાઇ ગયો; જેમ છે તેમ અચિંત્ય સ્વાનુભવગોચરપદમાં લીનતા થઈ. એ બન્ને વાક્ય લોકભાષામાં પ્રવર્ત્યાં છે; તે આત્મભાષામાંથી આવ્યાં છે. જે ઉપર કહ્યા તે પ્રકારે ન શમાયા તે સમજ્યા નથી; એમ એ વાક્યનો રસાભૂત અર્થ થયો; અથવા જેટલે અંશે શમાયા તેટલે અંશે સમજ્યા, અને જે પ્રકારે શમાયા તે પ્રકારે સમજ્યા, એટલો વિભાગાર્થ થઇ શકવા યોગ્ય છે, તથાપિ મુખ્યાર્થમાં ઉપયોગ વર્તાવવો ઘટે છે.

અનંત કાળથી યમનિયમ શાસ્ત્રાવલોકનાદિ કાર્ય કર્યાં છતાં સમજાવું, અને શમાવું એ પ્રકાર આત્મામાં આવ્યો નહીં, અને તેથી પરિભ્રમણનિવૃત્તિ ન થઇ.

સમજાવા અને શમાવાનું જે કોઇ ઐક્ય કરે, તે સ્વાનુભવપદમાં વર્તે–તેનું પરિભ્રમણ નિવૃત્ત થાય. સદ્‌ગુરુની આજ્ઞા વિચાર્યા વિના જીવે તે પરમાર્થ જાણ્યો નહી; જાણવાને પ્રતિબંધક અસત્સંગ, સ્વછંદ અને અવિચાર તેનો રોધ કર્યો નહીં. જેથી સમજાવું અને શમાવું તથા બેયનું ઐક્ય ન બન્યું એવો નિશ્ચય પ્રસિદ્ધ છે. અત્રેથી આરંભી ઉપર ઉપરની ભૂમિકા ઉપાસે તો જીવ સમજીને શમાય; એ નિઃસંદેહ છે.

અનંત જ્ઞાની પુરૂષે અનુભવ કરેલો એવો આ શાશ્વત, સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો, એથી ઉત્પન્ન થયેલું ખેદસહિત આશ્ચર્ય તે પણ અત્રે શમાવીએ છીએ. સત્સંગ, સદ્‌વિચારથી શમાવા સુધીનાં સર્વ પદ અત્યંત સાચાં છે, સુગમ સુગોચર છે. સહજ છે, અને નિઃસંદેહ છે.

ૐ ૐ ૐ ૐ

સં૦ ૧૯૪૭.

૧૪૮*

—હમ પરદેશી પંખી સાધુ, આરે દેશકે નાહિ રે.

ૐ सत्.

સામાન્ય ઉપદેશમાં કાળ શું ખાય છે ? તેનો ઉત્તર એ છે કે, તે પ્રાણીમાત્રનું આયુષ્ય ખાય છે ! વ્યવહારનયથી કાળ 'જૂનું' ખાય છે. નિશ્ચયનયથી કાળ પદાર્થ માત્રને રુપાંતર આપે છે;—પર્યાયાંતર કરે છે.—

છેલ્લા બે ઉત્તર વધારે વિચારવાથી બંધ બેસી શકશે. વ્યવહારનયથી કાળ 'જૂનું' ખાય છે, એમ જે લખ્યું છે, તે વળી નીચે વિશેષ સ્પષ્ટ કર્યું છે:—

"કાળ 'જૂનું' ખાય છે."—'જૂનું' એટલે શું ? એક સમય જે ચીજને ઉત્પન્ન થયાં થઇ, બીજે સમય વર્તે છે, તે જૂની ગણાય છે. (જ્ઞાનીની અપેક્ષાથી) તે ચીજને ત્રીજે સમયે ચોથે સમયે, એમ અસંખ્યાત સમયે–અનંત સમયે કાળ બદલાવ્યા જ કરે છે. બીજા સમયમાં તે હોય તેવી ત્રીજામાં ન હોય, એટલે કે બીજા સમયમાં પદાર્થનું જે સ્વરુપ હતું, તે ખાઇ જઇ ત્રીજે સમયે કાળે પદાર્થને બીજું રુપ આપ્યું; અર્થાત્ 'જૂનું' તે ખાઇ ગયો. પહેલે સમયે પદાર્થ ઉત્પન્ન થયો. અને તે જ વેળા કાળ તેને ખાઇ જાય એમ વ્યવહારનયથી બને નહીં. પહેલે સમયે પદાર્થનું નવાપણું ગણાય, પણ તે વેળા કાળ તેને ખાઇ જતો નથી, બીજે સમયે બદલાવે છે, માટે જૂનાપણાને તે ખાય છે, તેમ કહ્યું છે.

નિશ્ચયનયથી પદાર્થ માત્ર રૂપાંતર જ પામે છે. ' કોઇ પણ પદાર્થ કોઈ પણ કાળમાં કેવલ

નાશ પામે જ નહીં,' એવો સિદ્ધાંત છે; અને જો પદાર્થ કેવળ નાશ પામતો હોત, તો આજ કંઇ પણ હોત નહીં, માટે કાળ ખાતો નથી, પણ રૂપાંતર કરે છે એમ કહ્યું છે. ત્રણ પ્રકારના ઉત્તરમાં પહેલો ઉત્તર સર્વને સમજવો દુર્લભ છે.

અત્ર પણ દશાના પ્રમાણમાં બાહ્ય ઉપાધિ વિશેષ છે. આપે કેટલાક વ્યાવહારિક-પ્રશ્નો (જો કે શાસ્ત્ર સંબંધી)-આવેલાં-લખ્યાં હતાં, પણ ચિત્ત તેવું વાંચવામાં પણ હાલ પૂરું રહેતું નથી, એટલે ઉત્તર શી રીતે લખી શકાય?

સંવત્ ૧૯૪૭.

૧૪૯

મહાત્મા કબીરજી તથા નરસૈં મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્ભુત, અને સર્વોત્કૃષ્ટ હતી; તેમ છતાં તે નિસ્પૃહ હતી. સ્વપ્ને પણ તેમણે એવી દુ:ખી સ્થિતિ છતાં આજીવિકા અર્થે-વ્યવહારાર્થે પરમેશ્વર પ્રત્યે દીનપણું કર્યું નથી; તેમ કર્યા શિવાય જો કે ઇશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો ગયો છે, તથાપિ તેમની દારિદ્રાવસ્થા હજુસુધી જગત્-વિદિત છે; અને એ જ એમનું સબળ મહાત્મ્ય છે. પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે, એ ભક્તોની ઇચ્છાથી ઉપરવટ થઇને. ભક્તોની એવી ઇચ્છા ન હોય, અને તેવી ઇચ્છા હોય તો રહસ્ય-ભક્તિની તેમને પ્રાપ્તિ પણ ન હોય. આપ હજારો વાતો લખો પણ જ્યાંસુધી નિસ્પૃહ નહીં હો (નહીં થાઓ) ત્યાંસુધી, વિટંબન જ છે.

મુંબઇ, ચૈત્ર શુદ ૮, ૧૯૪૭.

૧૫૦

પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી.

જો કે અમને ઉપાધિયોગ છે, તથાપિ અવકાશ નથી મળતો એમ કંઇ છે નહીં, પણ દશા એવી વર્તે છે કે જેમાં પરમાર્થ વિષે કંઇ ન થઇ શકે; અને રુચિ પણ હાલ તો તેમ જ રહે છે.

માયાનો પ્રપંચ ક્ષણે ક્ષણે બાધકર્ત્તા છે. તે પ્રપંચમાં તાપની નિવૃત્તિ કોઇ કલ્પદ્રુમની છાયા છે; અને કાં કેવળદશા છે; તથાપિ કલ્પદ્રુમની છાયા પ્રશસ્ત છે. તે શિવાય એ તાપની નિવૃત્તિ નથી; અને એ કલ્પદ્રુમને વાસ્તવિક ઓળખવા જીવે યોગ્ય થવું પ્રશસ્ત છે. તે યોગ્ય થવામાં બાધકર્ત્તા એવો એ માયાપ્રપંચ છે; જેનો પરિચય જેમ ઓછો હોય તેમ વર્ત્યા વિના યોગ્યતાનું આવરણ ભંગ થતું નથી. પગલે પગલે ભયવાળી અજ્ઞાન ભૂમિકામાં જીવ વગર વિચારે કોટ્યાવધિ યોજનો ચાલ્યા કરે છે; ત્યાં યોગ્યતાનો અવકાશ કયાંથી હોય? આમ ન થાય તેટલા માટે થયેલા કાર્યના ઉપદ્રવને જેમ શમાવાય તેમ શમાવી,—સર્વ પ્રકારે એ વિષેની નિવૃત્તિ કરી, યોગ્ય વ્યવહારમાં આવવાનું પ્રયત્ન કરવું ઉચિત છે. ન ચાલતાં કરવો જોઇએ, અને તે પણ પ્રારબ્ધવશાત્ નિસ્પૃહ બુદ્ધિથી એવો જે વ્યવહાર, તેને યોગ્ય વ્યવહાર માનજો. અત્ર ઇશ્વરાનુગ્રહ છે.

મુંબઇ, ચૈત્ર શુદ ૯, શુક્ર, ૧૯૪૭.

વિ૦ રાયચંદના પ્રણામ.

૧૫૧

જંબુસ્વામીનું દૃષ્ટાંત પ્રબળ કરનારું, અને ઘણું આનંદકારક અપાયું છે. લુંટાવી દેવાની

ઇચ્છા છતાં લોકપ્રવાહ એમ માને કે, ચોર લઇ ગયાના કારણે જંબુનો ત્યાગ છે, તો તે પરમાર્થને કલંકરૂપ છે, એવો જે મહાત્મા જંબુનો આશય તે સત્ય હતો. એ વાત એમ ટુંકી કરી હવે આપને પ્રશ્ન કરવો યોગ્ય છે કે, ચિત્તની માયાના પ્રસંગોમાં આકુળતા–વ્યાકુળતા હોય, અને તેમાં આત્મા ચિંતિત રહ્યા કરે એ, ઇશ્વરપ્રસન્નતાનો માર્ગ છે કે કેમ ? અને પોતાની બુદ્ધિએ નહીં, તથાપિ લોકપ્રવાહને લઇને પણ કુટુંબાદિકને કારણે શોચનીય થવું એ, વાસ્તવિક માર્ગ છે કે કેમ ? આપણે આકુળ થવાથી કંઇ કરી શકીએ છીએ કે કેમ ? અને જો કરી શકીએ છીએ તો પછી ઇશ્વર પર વિશ્વાસ શું ફળદાયક છે ? જ્યોતિષ જેવા કલ્પિત વિષયનો સાંસારિક પ્રસંગમાં નિસ્પૃહ પુરુષો લક્ષ કરતા હશે કે કેમ ? અમે જ્યોતિષ જાણીએ છીએ, અથવા કંઇ કરી શકીએ છીએ, એમ ન માનો તો સારું, એવી હાલ ઇચ્છા છે.

મુંબઈ, ચૈત્ર શુદ ૧૦, ૧૯૪૭.

૧૫૨.

સર્વાત્મસ્વરૂપને નમસ્કાર.

પોતાનું અથવા પારકું જેને કંઇ રહ્યું નથી, એવી કોઇ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ આ દેહે છે; અને તેને લીધે પરેચ્છાથી વર્તિયે છીએ. પૂર્વે જે જે વિદ્યા, બોધ, જ્ઞાન ક્રિયાની પ્રાપ્તિ થઇ ગઇ છે, તે તે સઘળાં આ દેહે જ વિસ્મરણ કરી નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી; અને તેને લીધેજ આમ વર્તિયે છીએ; તથાપિ આપની અધિક આકુળતા જોઇ કંઇ કંઈ આપને ઉત્તર આપવો પડયો છે; તે પણ સ્વેચ્છાથી નહીં; આમ હોવાથી આપને વિનંતિ છે કે, એ સર્વ માયિક વિદ્યા અથવા માયિક માર્ગ સંબંધી આપના તરફથી મારી બીજી દશા થતાંસુધી સ્મરણ ન મળવું જોઇએ; એ એમ યોગ્ય છે.

મુંબઇ, એપ્રિલ, ૧૮, ૧૮૯૧.

૧૫૩

જ્ઞાનની પરિપકવ અવસ્થા (દશા) થયે સર્વ પ્રકારે રાગ, દ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે.

મુંબઇ, એપ્રિલ ૨૧, ૧૮૯૨.

૧૫૪.

તે પુર્ણપદને જ્ઞાનીઓ પરમ પ્રેમથી ઉપાસે છે.

ચારેક દિવસ પહેલાં આપનો પત્ર મળ્યો. પરમસ્વરૂપના અનુગ્રહથી અત્ર સમાધિ છે. આપની ઇચ્છા સદ્‌વૃત્તિઓ થવા રહે છે, એ વાંચી વારંવાર આનંદ થાય છે. ચિત્તનું સરલપણું, 'સત' પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા, એ પ્રાપ્ત થવાં પરમ દુર્લભ છે; અને તેની પ્રાપ્તિને વિષે પરમ કારણરુપ એવો 'સત્સંગ' તે પ્રાપ્ત થવો એ તો પરમ પરમ દુર્લભ છે. મોટેરા પુરુષોએ આ કાળને કઠણ કાળ કહ્યો છે, તેનું મુખ્ય કારણ તો એ છે કે 'સત્સંગ'નો જોગ થવો જીવને બહુ કઠણ છે. અને એમ હોવાથી કાળને પણ કઠણ કહ્યો છે. માયાઅગ્નિથી ચૌદે રાજલોક પ્રજ્વલિત છે. તે માયામાં જીવની બુદ્ધિ રાચી રહી છે; અને તેથી જીવ પણ તે ત્રિવિધિ તાપ–અગ્નિ–થી બળ્યા કરે

છે. તેને પરમ કારુણ્ય મૂર્ત્તિનો બોધ એ જ પરમ શીતળ જળ છે, તથાપિ જીવને ચારે બાજુથી અપૂર્ણું પુણ્યને લીધે તેની પ્રાપ્તિ હોવી દુર્લભ થઇ પડી છે.

પણ એ જ વસ્તુની ચિંતના રાખવી. 'સત્'ને વિષે પ્રીતિ, 'સત્' રૂપ 'સત્' ને વિષે પરમ ભક્તિ, તેના માર્ગની જીજ્ઞાસા, એ જ નિરંતર સંભારવા યોગ્ય છે. તે સ્મરણ રહેવામાં ઉપયોગી એવાં વૈરાગ્યાદિક ચરિત્રવાળાં પુસ્તકો, અને વૈરાગી, સરલ ચિત્તવાળા મનુષ્યનો સંગ અને પોતાની ચિત્તશુદ્ધિ એ સારાં કારણો છે. એ જ મેળવવા રટણ રાખવું કલ્યાણકારક છે.

મુંબઇ, ૧૯૪૭, ચૈત્ર વદ ૩, રવિ.

૧૫૫

—આપ્યું સૌને તે અક્ષરધામ રે.

જો કે ઉપાધિ સંયુક્ત કાળ ઘણો જાય છે. ઇશ્વરેચ્છા પ્રમાણે વર્ત્તવું શ્રેયસ્કર છે, અને યોગ્ય છે, એટલે જેમ ચાલે છે તેમ ઉપાધિ હો તો ભલે, ન હો તોપણ ભલે; જે હોય તે સમાન જ છે.

એમ તો સમજાય છે કે, ભેદનો ભેદ ટળ્યો વાસ્તવિક સમજાય છે. પરમ અભેદ એવું 'સત્' સર્વત્ર છે. મુંબઇ, ચૈત્ર વદ ૭, ગુરુ, ૧૯૪૭.

૧૫૬.

જેને લાગી છે, તેને જ લાગી છે, અને તેણે જ જાણી છે; તે જ "પિયુ પિયુ" પોકારે છે. એ બ્રાહ્મી વેદના કહી કેમ જાય? કે જ્યાં વાણીનો પ્રવેશ નથી. વધારે શું કહેવું ! લાગી છે તેને જ લાગી છે. તેના જ ચરણસંગથી લાગે છે; અને લાગે છે; ત્યારે જ છુટકો હોય છે. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહીં; તથાપિ કોઇ પ્રયત્ન કરતું નથી, મોહ બળવાન છે!

મુંબઇ, મે, ૧૩, ૧૮૯૧.

૧૫૭.

પરબ્રહ્મ આનંદમૂર્ત્તિ છે; તેનો ત્રણે કાળને વિષે અનુગ્રહ ઇચ્છીએ છીએ.

કેટલોક નિવૃત્તિનો વખત મળયા કરે છે. પરબ્રહ્મવિચાર તો એમને એમ રહ્યા જ કરે છે. ક્યારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે; અને કંઇની કંઇ (અભેદ) વાત સમજાય છે; પણ કોઇને કહી શકાતી નથી; અમારી એ વેદના અથાગ છે. વેદનાને વખતે શાતા પૂછનાર જોઇએ એવો વ્યવહામાર્ગ છે; પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી!

મુંબઇ, મે, ૧૫, ૧૮૯૧.

૧૫૮.

વિરહ પણ સુખદાયક માનવો.

અતિશય વિરહાગ્નિ—હરિ પ્રત્યેની—જલવાથી સાક્ષાત તેની પ્રાપ્તિ હોય છે; તેમ જ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે.

પૂર્ણ કામ એવું હરિનું સ્વરૂપ છે; તેને વિષે જેની નિરંતર લય લાગી રહી છે, એવા પુરુષથી ભારતક્ષેત્ર પ્રાયે શૂન્યવત્ થયું છે, માયામોહ સર્વત્ર ભળાય છે. કવચિત્ મુમુક્ષુ જોઇએ છીએ,

તથાપિ મતાંતરાદિકનાં કારણોથી તેમને પણ જોગ થવો દુર્લભ થાય છે; અમને વારંવાર આપ જે પ્રેરોછો તે માટે અમારી જેવી જોઇએ તેવી યોગ્યતા નથી; અને હરિએ સાક્ષાત્ દર્શનથી જ્યાં સુધી તે વાત પ્રેરી નથી ત્યાંસુધી, ઇચ્છા થતી નથી,—થવાની નથી.

મુંબઇ, વૈશાખ વદ ૩, ૧૯૪૭.

૧૫૯

હરિને પ્રતાપે હરિનું સ્વરૂપ મળશું ત્યારે સમજાવશું.

ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે, જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણુંકરીને અવ્યવસ્થાથી કરીએ છીએ, હરીચ્છા સુખદાયક માનીએ છીએ, એટલે જે ઉપાધિજોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ.

ચિત્તની અવ્યવસ્થાને લીધે મુહૂર્ત્ત માત્રમાં કરી શકાય એવું કાર્ય વિચારતાં પણ પખવાડિયું વ્યતીત કરી નંખાય છે, અને વખતે તે કાર્ય કર્યા વિના જ જવા દેવાનું થાય છે. બધા પ્રસંગોમાં તેમ થાય તોપણ હાનિ માની નથી, તથાપિ આપને કંઇ કંઇ જ્ઞાનવાર્ત્તા દર્શાવાય તો વિશેષ આનંદ રહે છે; અને તે પ્રસંગમાં ચિત્તને કંઇક વ્યવસ્થિત કરવાની ઇચ્છા રાખ્યા કરાય છે, છતાં તે સ્થિતિમાં પણ હમણાં પ્રવેશ નથી કરી શકાતો, એવી ચિત્તની દશા નિરંકુશ થઇ રહી છે; અને તે નિરંકુશતા પ્રાપ્ત થવામાં હરિનો પરમ અનુગ્રહ કારણ છે, એમ માનીએ છીએ. જે નિરંકુશતાને પૂર્ણતા આપ્યા શિવાય ચિત્ત યથોચિત સમાધિયુક્ત નહીં થાય એમ લાગે છે; અત્યારે તો બધુંય ગમે છે—અને બધુંય ગમતું નથી; એવી સ્થિતિ છે. જ્યારે બધુંય ગમશે, ત્યારે નિરંકુશતાની પૂર્ણતા થશે, એ ‘ પૂર્ણકામના ’ પણ કહેવાય છે; જ્યાં હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે.—અત્યારે કંઇક અસ્પષ્ટ ભાસે છે, પણ સ્પષ્ટ છે, એવો અનુભવ છે.

જે રસ જગતનું જીવન છે, તે રસનો અનુભવ થવા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે; અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઇચ્છીએ ત્યાં તેવે રૂપે હરિ—

° ° ° ° ° ° ° ° ° °

આવશે એવો ભવિષ્યકાળ ઇશ્વરેચ્છાને લીધે લખ્યો છે.

અમે અમારો અંતરંગ વિચાર લખી શકવાને અતિશય અશક્ત થઇ ગયા છીએ; જેથી સમાગમને ઇચ્છીએ છીએ, પણ ઇશ્વરેચ્છા હજુ તેમ કરવામાં અસમ્મત લાગે છે; જેથી વિયોગે જ વર્તીએ છીએ.

તે પૂર્ણસ્વરૂપ હરિમાં જેની પરમ ભક્તિ છે, એવો કોઇ પણ પુરુષ હાલ નથી દેખાતો, તેનું શું કારણ હશે ? તેમ તેવી ‘ અતિ તીવ્ર ’ અથવા ‘ તીવ્ર મુમુક્ષુતા ’–કોઇની જોવામાં આવી નથી, તેનું શું કારણ હશે ? ક્વચિત ‘ તીવ્ર મુમુક્ષુતા ’ જોવામાં આવી હશે, તો ત્યાં અનંતગુણ ગંભીર જ્ઞાનાવતાર પુરુષનો લક્ષ કેમ જોવામાં આવ્યો નહીં હોય ? બીજું મોટું આશ્ચર્યકારક તો એ છે કે, આપ જેવાને સમ્યક્જ્ઞાનના બીજની—પરાભક્તિના મૂળની—પ્રાપ્તિ છતાં ત્યાર પછીનો ભેદ કેમ પ્રાપ્ત નથી હોતો ? તેમ હરિ પ્રત્યે અખંડ લયરૂપ વૈરાગ્ય જેટલો જોઇએ તેટલો કેમ વર્દ્ધમાન નથી થતો ? એનું જો કંઇ કારણ સમજાતું હોય તો લખશો.

અમારી ચિત્તની અવ્યવસ્થા એવી થઇ જવાને લીધે કોઇ કામમાં જેવો જોઈએ તેવો ઉપયોગ રહેતો નથી; સ્મૃતિ રહેતી નથી; અથવા ખબર પણ રહેતી નથી; તે માટે શું કરવું ? શું કરવું એટલે કે વ્યવહારમાં બેઠા છતાં એવી સર્વોત્તમ દશા બીજા કોઇને દુઃખરુપ ન થવી જોઇએ,

અને અમારા આચાર એવા છે કે વખતે તેમ થઇ જાય. બીજા કોઇને પણ આનંદરુપ લાગવા-વિષે હરિને ચિંતા રહે છે; માટે તે રાખશે. અમારું કામ તો તે દશાની પૂર્ણતા કરવાનું છે, એમ માનીએ છીએ. તેમ બીજા કોઇને સંતાપરુપ થવાનો તો સ્વપ્ને પણ વિચાર નથી; બધાના દાસ છીએ; ત્યાં પછી દુ:ખરુપ કોણ માનશે ?—તથાપિ વ્યવહારપ્રસંગમાં હરિની માયા અમને નહીં તો સામાને પણ એકને બદલે બીજું આરોપાવી દે તો નિરુપાયતા છે, અને એટલો પણ શોક રહેશે. અમે સર્વ સત્તા હરિને અર્પણ કરીએ છીએ–કરી છે.

વધારે શું લખવું ? પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વિસરવા એ અમારી સર્વ વૃત્તિ, વૃત્તિ અને લેખનો હેતુ છે.

વૈશાખ વદ ૮, રવિ, ૧૯૪૭.

૧૬૦.

' પ્રબોધશતક ' મોકલ્યું છે, તે પહોંચ્યું હશે. તમો બધાને એ શતક શ્રવણ મનન અને નિદિધ્યાસન કરવા જોગ છે. એ પુસ્તક વેદાંતની શ્રદ્ધા કરવા માટે મોકલ્યું નથી, એવો લક્ષ સાંભળનારનો પ્રથમ થવો જોઇએ; બીજા કંઇ કારણથી મોકલ્યું છે; જે કારણ ઘણું કરીને વિશેષ વિચારે તમો જાણી શકશો.

હાલ તમોને કોઇ તેવું બોધક સાધન નહીં હોવાને લીધે એ શતક ઠીક સાધન છે, એમ માની મોકલ્યું. છે. એમાંથી તમારે શું જાણવું જોઇએ, તેનો તમારે વિચાર કરવો.

સાંભળતાં કોઇએ અમારા વિષે આશંકા કરવી નહીં કે, એમાં જે કંઇ મતભાગ જણાવ્યો છે, તે મત અમારો છે. માત્ર ચિત્તની સ્થિરતા માટે એ પુસ્તકના ઘણા વિચારો કામના છે માટે મોકલ્યું છે એમ માનવું.

વૈશાખ વદ ૮, રવિ, ૧૯૪૭.

૧૬૧.

ૐ नम:

કરાળ કાળ હોવાથી જીવને જ્યાં વૃત્તિની સ્થિતિ કરવી જોઇએ, ત્યાં તે કરી શકતો નથી. સદ્દર્મનો ઘણું કરીને લોપ જ રહે તે માટે આ કાળને કળિયુગ કહેવામાં આવ્યો છે. સદ્દર્મનો જોગ સત્પુરુષ વિના હોય નહીં, કારણ કે 'અસત્'માં 'સત્' હોતું નથી. ઘણું કરીને સત્પુરુષનાં દર્શનની અને જોગની આ કાળમાં અપ્રાપ્તિ દેખાય છે. જ્યારે એમ છે ત્યારે, સદ્દર્મરૂપ સમાધિ મુમુક્ષુ પુરુષને ક્યાંથી પ્રાપ્ત હોય ? અને અમુક કાળ વ્યતીત થયા છતાં જ્યારે તેથી સમાધિ પ્રાપ્ત નથી થતી, ત્યારે મુમુક્ષુતા પણ કેમ રહે ? ઘણું કરીને જીવ જે પરિચયમાં રહે છે, તે પરિચયરૂપ પોતાને માને છે; જેનો પ્રગટ અનુભવ પણ થાય છે કે અનાર્ય કુળમાં પરિચય કરી રહેલો જીવ અનાર્યરૂપે પોતાને દૃઢ માને છે, અને આર્યત્વને વિષે મતિ કરતો નથી. માટે મોટા પુરૂષોએ અને તેને લઇને અમે એવો દૃઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે.

પોતાની યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનાર પુરુષોનો સંગ તે સત્સંગ કહ્યો છે. મોટા પુરુષના સંગમાં નિવાસ છે તેને અમે 'પરમ સત્સંગ' કહીએ છીએ, કારણ એના જેવું કોઇ હિતસ્વિ સાધન આ જગતમાં અમે જોયું નથી, અને સાંભળ્યું નથી. પૂર્વે થઇ ગયેલા મોટા પુરૂષનું ચિંતન કલ્યાણકારક છે, તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ કોઇ થઈ શકતું નથી, કારણ કે જીવે શું કરવું ? તે તેવા સ્મરણથી નથી સમજાતું. પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે પણ સ્વરુપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે કે; તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે, કારણ કે 'મૂર્તિમાન મોક્ષ' તે સત્પુરુષ છે. મોક્ષે ગયા છે એવા

(અર્હંતાદિક) પુરુષનું ચિંતન ઘણાકાળે ભાવાનુસાર મોક્ષાદિક ફળદાતા હોય છે. સમ્યક્ત્વ પામ્યા છે એવા પુરુષનો નિશ્ચય થયે અને જોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે.

જેઠ શુદ ૭ શનિ ૧૯૪૭, મુંબઈ.

૧૬૨.

હરીચ્છાથી જીવવું છે; અને પરેચ્છાથી ચાલવું છે. અધિક શું કહેવું !

મુંબઈ, જ્યુન, ૨૭, ૯૧.

૧૬૩.

નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે; અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.

પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે, અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે; પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.

ઘણું કરીને મનુષ્યાત્મા કોઇને કોઈ ધર્મમતમાં હોય છે; અને તેથી તે ધર્મમતપ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે,–એમ માને છે. પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી. 'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુંઝાઇ એક મોક્ષને વિષેજ યત્ન કરવો. અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્ત્તવું. 'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી, પણ મુમુક્ષુતા વિષે જણાવવું છે કે, તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે. સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજયોગ્ય ભૂમિકાબીજ થાય છે; સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ' ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ; આ લોકની અલ્પ પણ સુખેચ્છા; પરમ વિનયની ઓછાઇ; અને પદાર્થનો અનિર્ણય એ બધાં કારણો ટાળવાનું બીજ હવે પછી કહીશું; તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.

આ લોકની અલ્પ પણ સુખેચ્છા—એ ઘણું કરીને 'તીવ્ર મુમુક્ષુતા'ની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે. તે હોવાનાં કારણો નિઃશંકપણે જ તે 'સત્' છે, એવું દૃઢ થયું નથી; અથવા તે પરમાનંદરુપ જ છે, એમ પણુનિશ્ચય નથી; અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીકવાર પ્રિય લાગે છે, અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઇ જાય છે.

વાસ્તવિક તત્ત્વ પામવાની કંઇ જોગ્યતાની ઓછાઇને લીધે 'પદાર્થનિર્ણય' ન થયો હોય, તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ યોગ્યતાની હાનિ છે. અધિક શું કહીએ? અનંત કાળે એ જ માર્ગ છે.

કળિયુગ છે, માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે.

અસાડ શુદ ૮. ભોમ, ૧૯૪૭, મુંબઇ. **તમને બધાને યથાયોગ્ય પહોંચે.**

૧૬૪

-सुखना सिंधु श्री सहजानंदजी, जगजीवन के जगवंदजी;
शरणागतना सदा सुखकंदजी, परमस्नेही छो (!) परमानंदजी,

હરિકૃપાથી અમે પરમપ્રસન્નપદમાં છીએ; તમારો સત્સંગ નિરંતર ઇચ્છીએ છીએ.

અમારી દશા હાલમાં કેવી વર્તે છે, તે જાણવાની આપની ઇચ્છા રહે છે; પણ જેવી વિગતથી જોઇએ, તેવી વિગતથી, લખી શકાય નહીં એટલે વારંવાર લખી નથી, અત્રે ટુંકામાં લખીએ છીએ.

એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઇ ગમતું નથી; અમને કોઇ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઇ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે, એનું ભાન નથી: જગત્ શું સ્થિતિમાં છે, તેની સ્મૃતિ રહેતી નથી; શત્રુ, મિત્ર કોઇમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે, અને કોણ મિત્ર છે; એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ ? તે સંભારીએ ત્યારે માંડ જાણીએ; અમારે શું કરવાનું છે, તે કોઇથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઇ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત નિયમનો કંઇ નિયમ રાખ્યો નથી; જાતભાતનો કંઇ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઇ માન્યું નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતાં ખેદ રહે છે; સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી; શબ્દાદિક વિષયો અનુભવ્યા સ્મૃતિમાં આવવા,—અથવા ઇશ્વરેચ્છાથી તેની ઇચ્છા રહી નથી; પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે; જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઇએ છીએ; હૃદય પ્રાયે શૂન્ય જેવું થઇ ગયું છે; પાંચે ઇંદ્રિયોશૂન્યપણે પ્રવર્તવારુપ જ રહે છે. નય, પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતા નથી; કંઇ વાંચતાં ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સુવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિયો પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે; મને પોતાને સ્વાધીન છે કે કેમ ? એનું યથાયોગ્ય ભાન રહ્યું નથી. આમ સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે. એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે; એક પ્રકારે તે ઘેલછા કંઇક છૂપી રાખીએ છીએ; અને જેટલી છૂપી રખાય છે, તેટલી હાનિ છે. યોગ્ય વર્તીએ છીએ કે અયોગ્ય, એનો કંઈ હિસાબ રાખ્યો નથી. આદિ પુરુષને વિષે અખંડ પ્રેમ શિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઇ ગયો છે; આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી એમ, માનીએ છીએ; અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઇએ તેવી પ્રવહતી નથી એમ, જાણીએ છીએ. આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ નિશ્ચયપણે જાણીએ છીએ, પણ તે કરવામાં કાળ કારણભૂત થઇ પડયો છે, અને એ સર્વનો દોષ અમને છે કે હરિને છે, એનો ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી; એટલી બધી ઉદાસીનતા છતાં વેપાર કરીએ છીએ, લઇએ છીએ, દઇએ છીએ, લખીએ છીએ, જાળવીએ છીએ અને ખેદ પામીએ છૈયે; વળી હસીએ છીએ.—જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે; અને તેનું કારણ માત્ર હરિની સુખદ ઇચ્છા જ્યાંસુધી માની નથી ત્યાંસુધી ખેદ મટવો નથી.

સમજાય છે, સમજીએ છીએ; સમજીશું; પણ હરિ જ સર્વત્ર કારણરુપ છે.

જે મુનિને આપ સમજાવવા ઇચ્છો છો, તે હાલ જોગ્ય છે એમ અમે જાણતા નથી. અમારી દશા મંદજોગને હાલ લાભ કરે તેવી નથી. અમે એવી જંજાળ હાલ ઇચ્છતા નથી: રાખી નથી. અને તેઓ બધાનો વહીવટ કેમ ચાલે છે, એનું સ્મરણે નથી. તેમ છતાં અમને એ બધાની અનુકંપા આવ્યાં કરે છે; તેમનાથી અથવા પ્રાણીમાત્રથી ભિન્નભાવ રાખ્યો નથી; અને રાખ્યો રહે તેમ નથી.

ભક્તિવાળાં પુસ્તકો ક્વચિત્ વાંચીએ છીએ, પણ જે સઘળું કરીએ છીએ તે, ઠેકાણા વ-

ગરની દશાથી ડરીએ છીએ.

પ્રભુની પરમ કૃપા છે; અમને કોઈથી ભિન્નભાવ રહ્યો નથી; કોઈ વિષે દોષબુદ્ધિ આવતી નથી; મુનિ વિષે અમને કાંઈ હલકો વિચાર નથી; પણ હરિની પ્રાપ્તિ ન થાય એવી પ્રવૃત્તિમાં તેઓ પડ્યા છે; એકલું ' બીજજ્ઞાન ' જ તેમનું કલ્યાણ કરે એવી, એમની અને બીજા ઘણા મુમુક્ષુઓની દશા નથી; ' સિદ્ધાંતજ્ઞાન ' સાથે જોઈએ; એ ' સિદ્ધાંતજ્ઞાન ' અમારા હૃદયને વિષે આવરણરૂપે પડ્યું છે. જો તે પ્રગટ થવા દેવાની હરીચ્છા હશે તો થશે. અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રુપ હરિ છે, નામ હરિ છે, સર્વ હરિ છે; અને તેમ છતાં આમ વહીવટમાં છીએ; એ એની ઇચ્છાનું કારણ છે.

મુંબઈ, અશાડ શુદ ૧૩, ૧૯૪૭. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૯૫.

જીવ સ્વભાવે (પોતાની સમજણની ભુલે) દોષિત છે; ત્યાં પછી તેના દોષ ભણી જોવું, એ અનુકંપાનો ત્યાગ કરવા જેવું થાય છે; અને મોટા પુરુષો તેમ આચરવા ઇચ્છતા નથી; કળિયુગમાં અસત્સંગથી, અને અણુસમજણથી ભૂલભરેલે રસ્તે ન દોરાય એમ બનવું બહુ મુશ્કેલ છે.

મુંબઇ, અશાડ વદ ૧૪, ૧૯૪૭.

૧૯૬

સર્વશક્તિમાન હરિની ઇચ્છા સદૈવ સુખરુપ જ હોય છે; અને જેને કાંઇ પણ ભક્તિના અંશો પ્રાપ્ત થયા છે, એવા પુરુષે તો જરુર એમ જ નિશ્ચય કરવો યોગ્ય છે કે, " હરિની ઇચ્છા સદૈવ સુખરુપ જ હોય છે. " વિયોગ રહેવામાં પણ હરિની તેવી જ ઇચ્છા છે, અને તે ઇચ્છા શું હશે તે, અમને કોઇ રીતે ભાસે છે; જે સમાગમે કહીશું.

' જ્ઞાનધારા ' સંબંધી ' મૂળ માર્ગ ' અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું; અને તે માર્ગ પૂરી રીતે આજ જન્મમાં તમને કહીશું, એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે.

તમે અમારે માટે જન્મ ધર્યો હશે, એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો; તમે અમને અમારી ઇચ્છાનું સુખ આપ્યું છે; તે માટે નમસ્કાર શિવાય બીજો શું બદલો વાળીએ ?

પણ અમને એમ લાગે છે કે, અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે; હરિના સ્વરુપનું જ્ઞાન કરાવશે; અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું.

અમારું ચિત્ત તો બહુ હરિમય રહે છે, પણ સંગ બધા કળિયુગના રહ્યા છે. માયાના પ્રસંગે રાતદિવસ રહેવું રહે છે એટલે, પૂર્ણ હરિમય ચિત્ત રહી શકવું દુર્લભ હોય છે, અને ત્યાંસુધી અમારા ચિત્તને ઉદ્વેગ મટશે નહીં.

શ્રાવણ શુદ ૧, બુધ, ૧૯૪૭.

લા૦ ઈશ્વરાર્પણ.

૧૯૭.

ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે, જે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ સર્વ પ્રકારે 'સત્' જ આચરે છે;–જગત્ જેને વિસ્મૃત થયું છે. અમે એ જ ઇચ્છીએ છીએ.

શ્રાવણ શુદ ૯, ગુરુ, ૧૯૪૭.

૧૬૮.

ૐ. सत्.

જ્ઞાન તે જ કે અભિપ્રાય એક જ હોય; થોડો અથવા ઘણો પ્રકાશ પણ પ્રકાશ એક જ. શાસ્ત્રાદિકના જ્ઞાનથી નિવેડો નથી, પણ અનુભવજ્ઞાનથી નિવેડો છે.

સંવત ૧૯૪૭, ભાદરવો.

૧૬૯.

ૐ. सत्.

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧.
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ!
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨.
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉર માંહિ;
આપતણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહિ. ૩.
જોગ નથી સતસંગનો, નથી સતસેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪.
'હું પામર શું કરી શકું,' એવો નથી વિવેક;
ચરણ, શરણ, ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫.
અચિંત્ય તુજ મહાત્મ્યનો નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬.
અચળરૂપ આસક્તિ નહિ, નહિ વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭.
ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહિ ભજન દૃઢ ભાન;
સમજ નહિ નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮.
કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯.
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહિ, કરે બાહ્યપર રાગ. ૧૦.
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન, નયન, યમ નાંહિ;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિ. ૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મસંચય નાંહિ;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨.
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહિ એકે સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩.
કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ, દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪.
અનંત કાળથી આથડ્યો. વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫.

સંતચરણઆશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬.
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય? ૧૭.
પ્રભુ પ્રભુ લય લાગી નહિ, પડ્યો ન સદ્‌ગુરુ પાય,
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય? ૧૮.
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯.
પડી પડી તુજ પદપંકજે, ફરિ ફરિ, માગું એજ;
સદ્‌ગુરુ, સંત, સ્વરૂપ તુજ, એ દૃઢતા કરિ દેજ. ૨૦

ભાદરવા શુદ ૮, ૧૯૪૭.

૧૭૦

ૐ. સત્.

આપ યમ નિયમ સમય કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લયો મુખ મૌન રહ્યો, દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧.
મનપૌનનિરોધ સ્વબોધ કિયો, હઠજોગ–પ્રયોગ સુતાર ભયો;
જપભેદ જપે તપ ત્યૌહિ તપે, ઉરસેંહિ ઉદાસિ લહી સબપેં. ૨.
સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપી કછુ હાથ હજૂ ન પર્યો. .
અબ ક્યોં ન બિચારતહેં મનસેં, કછુ ઔર રહા ઉન સાધનસેં!
બિન સદ્‌ગુરૂ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાત કહે! ૪.
કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગળસેં, જબ સદ્‌ગુરૂચર્ન સુપ્રેમ બસે. ૫.
તનસેં, મનસેં, ધનસેં, સબસેં ગુરૂદેવકિ આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬.
વહ સત્ય સુધા દરશાવહિંગે, ચતુરંગુલ હે દૃગસેં મિલ હે;
રસ દેવ નિરંજનકો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જિવહી, ૭.
પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુ ઉર બસે;
વહ કેવલકો બિજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌબતલાઈ દિયે. ૮.

૧૯૪૭, ભાદરવા શુદ ૮.

૧૭૧.

બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરૂકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧.
બૂઝી ચહત જો પ્યાસ કો, હે બૂઝનકી રીત;
પાવે નહિ ગુરૂ ગમ બિના, એહી અનાદિ સ્થીત. ૨.
એહિ નહિ હે કલ્પના, એહ નહિ વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩.

નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪.
જપ, તપ, ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઇ કૃપા અનુપ. ૫.
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ.
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬.

૧૯૪૭.

૧૭૨

જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઇ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણકાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ ?
જો જડ ત્રણકાળમાં, ચેતનચેતન હોય.
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય.
બંધ મોક્ષ સંયોગથી, જ્યાંલગ આત્મ અભાન;
પણ ત્યાગ સ્વભાવનો; ભાખે જિન ભગવાન.
વર્તે બંધપ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ.
ગ્રહે અરુપી રુપીને, એ અચરજની વાત,
જીવ બંધન જાણે નહિ, કેવો જિનસિદ્ધાંત ?
પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઇ આત્મમાં ગયો દેહથી નેહ.
જડ, ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત,
કોઇ ન કર્ત્તા તેહનો, ભાખે જીન ભગવંત.
મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહિ નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જીનવર એમ.
હોય તેહનો નાશ નહિ, નહિ તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.
પરમપુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખ ધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

૧૯૪૭, રાળજ.

૧૭૩.

ૐ. सत्.

શ્રીમાન્ પુરૂષોત્તમની અનન્ય ભક્તિને અવિચ્છિન્ન ઇચ્છું છું.

એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે, કે જેથી એવો અનંત પ્રકારનો પરિચય નિ-વૃત્ત થાય છે; તે કયો ? અને કેવા પ્રકારે ? તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે.

વવાણીઆ, ભાદ્રપદ વદ ૪, ભોમ, ૧૯૪૭. આત્માં અભેદ.

૧૭૪.

જે મહંત પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે, એવો મહાત્મા પ્રાપ્ત થયે, નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો હોય, તો મુમુક્ષુઓએ કેવી દષ્ટિ રાખવી ? એ વાર્ત્તા સમજવા જેવી છે.

વવાણીઆ, ભાદ્રપદ વદ ૪, ભોમ, ૧૯૪૭. અપ્રગટ સત્.

૧૭૫.

કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરુષનું ઓળખાણ પડે છે; છતાં વળી કંચન અને કાંતાનો મોહ, તેમાં પરમ પ્રેમ આવવા ન દે તેમ છે; ઓળખાણ પડયે અડગ્ગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે; અને આ કળિયુગ છે; તેમાં જે નથી મુંઝાતા તેને નમસ્કાર.

ભાદ્રપદ વદ ૫, બુધ, ૧૯૪૭, વવાણીઆ.

૧૭૬

'સત' હાલ તો કેવળ અપ્રગટ રહ્યું દેખાય છે. જૂદી જૂદી ચેષ્ટાએ તે હાલ પ્રગટ જેવું માનવામાં આવે છે; (યોગાદિક સાધન, આત્માનું ધ્યાન, અધ્યાત્મચિંતન, વેદાંત-શુષ્ક વગેરેથી) પણ તે તેવું નથી. જિનનો સિદ્ધાંત છે કે, **જડ કોઈ કાળે જીવ ન થાય; અને જીવ કોઈ કાળે જડ ન થાય** ' તેમ "સત" કોઇ કાળે 'સત' શિવાયનાં બીજાં કોઇ સાધનથી ઉત્પન્ન હોઇ શકે જ નહીં. આવી દેખીતી સમજાય તેવી વાતમાં મુંઝાઇ જીવ પોતાની કલ્પનાએ 'સત ' કરવાનું કહે છે, પ્રરૂપે છે, બોધે છે; એ આશ્ચર્ય છે.

જગતમાં રુડું દેખાડવા માટે મુમુક્ષુ કંઇ આચરે નહીં, પણ રુડું હોય તે જ આચરે.

ભાદ્રપદ વદ ૫, બુધ, ૧૯૪૭, વવાણીઆ.

૧૭૭.

ચિત્ત ઉદાસ રહે છે; કંઇ ગમતું નથી; અને જે કંઇ ગમતું નથી તે જ બધું નજરે પડે છે; તે જ સંભળાય છે; ત્યાં હવે શું કરવું ? મન કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતું નથી, જેથી પ્રત્યેક કાર્ય મુલતવાં પડે છે; કંઇ વાંચન, લેખન કે જનપરિચયમાં રુચિ આવતી નથી; ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે, હૃદયને વિષે મૃત્યુથી અધિક વેદના થાય છે.

સ્થિતિ કાં તમે જાણો છો; કાં સ્થિતિ વિતિ ગઈ છે તે જાણે છે; અને હરિ જાણે છે.

ભા૦ વદ ૭, ૧૯૪૭.

૧૭૮.+

" આત્મામાં રમણ કરી રહ્યા છે, એવા નિર્ગ્રંથ મુનિઓ પણ નિષ્કારણ ભગવાનની ભક્તિમાં પ્રવર્તે છે, કારણ કે ભગવાનના ગુણોજ એવા છે."--**શ્રીમદ્ભાગવત.**

ભાદરવા વદ ૧૦, રવિ, ૧૯૪૭.

૧૭૯.

જીવને જ્યાંસુધી સંતનો જોગ ન થાય ત્યાંસુધી, મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે.

સં૦ ૧૯૪૭ના ભાદ્રપદ વદ ૧૧, સોમે, વવાણીઆ.

૧૮૦.

જણાવ્યા જેવું તો મન છે, કે જે સત્સ્વરૂપ ભણી અખંડ સ્થિર થયું છે-(નાગ જેમ મોરલી ઉપર), તથાપિ તે દશા વર્ણવવાની સત્તા સર્વાધાર હરિએ વાણીમાં પૂર્ણ મૂકી નથી; અને લેખમાં તો તે વાણીનો અનંતમો ભાગ માંડ આવી શકે; એવી તે દશા તે સર્વનું કારણ એવું જે પુરુષોત્તમસ્વરૂપ તેને વિષે અમને તમને અનન્ય પ્રેમભક્તિ અખંડ રહો; તે પ્રેમભક્તિ પરિપૂર્ણ

પ્રાપ્ત થાઓ. એ જ પ્રયાચના ઇચ્છી અત્યારે અધિક લખતો નથી.

ભાદરવા વદ ૧૨, ભોમે, ૧૯૪૭.

૧૮૧.

મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું, તેમ અમને હમણા વર્તે છે. આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા, કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે. અખંડ એવો હરિરસ પરમ પ્રેમે, અખંડપણે અનુભવતાં હજુ ક્યાંથી આવડે? અને જ્યાંસુધી તેમ નહીં થાય, ત્યાંસુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી.

ભગવાન્ વ્યાસજી જે યુગમાં હતા, તે યુગ બીજો હતો; આ કળિયુગ છે. એમાં હરિસ્વરૂપ, હરિનામ અને હરિજન દૃષ્ટિએ નથી આવતાં; એ ત્રણેમાંનાં કોઇની સ્મૃતિ થાય, એવી કોઇ પણ ચીજ પણ દૃષ્ટિએ નથી આવતી. બધાં સાધન કળિયુગથી દોરાઇ ગયાં છે. ઘણું કરીને બધાય જીવ ઉન્માર્ગે પ્રવર્તે છે, અથવા સન્માર્ગની સન્મુખ વર્તતા નજરે નથી પડતા. ક્વચિત્ મુમુક્ષુ છે, પણ તેને હજુ માર્ગનો નિકટ સંબંધ નથી. નિષ્કપટીપણુ પણ મનુષ્યોમાંથી ચાલ્યા ગયા જેવું થયું છે; સન્માર્ગનો એક અંશ, અને તેનો પણ શતાંશ, તે કોઇ આગળ પણ દૃષ્ટિયે પડતો નથી. કેવળજ્ઞાનનો માર્ગ તે તો કેવળ વિસર્જન થઇ ગયો છે; કોણ જાણે હરિની ઇચ્છા શુંય છે? આવો વિકટ કાળ તો હમણાજ જોયો. કેવળમંદ પુણ્યવાળાં પ્રાણી જોઇ પરમ અનુકંપા આવે છે; અમને સત્સંગની ન્યૂનતાને લીધે કંઇ ગમતું નથી; ઘણીવાર થોડ થોડે કહેવાઇ ગયું છે, તથાપિ ચોખ્ખા શબ્દોમાં કહેવાયાથી સ્મૃતિમાં વધારે રહે, એટલા માટે કહીએ છીએ કે, કોઇથી 'અર્થસંબંધ' અને કામસંબંધ' તો ઘણા કાળ થયાં ગમતાં જ નથી. હમણાં 'ધર્મસંબંધ' અને 'મોક્ષસંબંધ' પણ ગમતો નથી. 'ધર્મસંબંધ' અને 'મોક્ષસંબંધ' તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે; અને અમે તો તેથી પણ વિરક્ત રહેવા માગીએ છીએ. હાલ તો અમને કંઇ ગમતું નથી, અને જે કંઇ ગમે છે, તેનો અતિશય વિયોગ છે. વધારે શું લખવું? સહન જ કરવું એ સુગમ છે.

વવાણીઆ ભાદરવા વદ ૧૪, ગુરુ, ૧૯૪૭.

૧૮૨

પૂર્વાપર અવિરુદ્ધ એવું જે ભગવતસંબંધી જ્ઞાન તે પ્રગટ કરવા જ્યાં સુધી તેની ઇચ્છા નથી, ત્યાંસુધી, વધારે પ્રસંગ કોઇથી પાડવામાં નથી આવતો તે જાણો છો.

અભિન્ન એવું હરિપદ જ્યાંસુધી અમે અમારામાં નહીં માનીએ ત્યાંસુધી, 'પ્રગટમાર્ગ' કહીશું નહીં; તમે પણ અમને જાણો છો, તે શિવાય અધિકને નામ, ઠામ, ગામથી અમને જણાવશો નહીં.

એકથી અનંત છે, અનંતથી એક છે.

આશો વદ ૧, રવિ ૧૯૪૭.

૧૮૩

આદિપુરુષ રમત માંડીને બેઠો છે.—

નવા જૂનું તો એક આત્મવૃત્તિ શિવાય અમારે ક્યાં છે? અને તે લખવા જેટલો મનને અવકાશ પણ ક્યાં છે? નહીં તો બધુંય નવું છે, અને બંધુય જૂનું છે.

આશો વદ ૫, ૧૯૪૭ (ગુજરાતી).

૧૮૪

અપૂર્વ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે; જેનાથી પ્રાપ્ત થાય છે, તેનું સ્વરૂપ ઓળખાવું દુર્લભ છે; અને જીવને ભૂલવણી પણ એ જ છે.

આ પત્રમાં, લખેલા પ્રશ્નોનો ટુંકામાં નીચે ઉત્તર લખ્યો છે:—

૧–૨–૩, એ ત્રણે પ્રશ્નો સ્મૃતિમાં હશે; એમાં એમ જણાવ્યું છે કે,—

" ૧. 'ઠાણાંગ'માં આઠ વાદિ કહ્યા છે, તેમાં આપને તથા અમારે કયા વાદમાં દાખલ થવું;"

" ૨. એ આઠ વાદથી કોઇ જૂદો મારગ આદરવાજોગ હોય, તો તે જાણવાસારુ આકાંક્ષા છે; "

" ૩. અથવા આઠે વાદિના મારગનો સરવાળો કરવો એ જ મારગ છે કે શી રીતે? અથવા તે આઠ વાદિના સરવાળામાં કાંઇ ન્યૂનાધિકતા કરી મારગ ગ્રહણ કરવા યોગ્ય છે? અને છે તો શું?"

આમ લખ્યું છે; તે વિષે જાણવાનું કે, એ આઠ વાદિનાં–બીજાં તે શિવાયનાં દર્શનોમાં–સંપ્રદાયોમાં માર્ગ કંઇક (અન્વય) જોડાયેલો રહે છે, નહીં તો ઘણુંકરીને જૂદો જ (વ્યતિરિક્ત) રહે છે. વાદિ, દર્શન, સંપ્રદાય, એ બધાં કોઇ રીતે પ્રાપ્તિમાં કારણરુપ થાય છે; પણ સમ્યક્જ્ઞાની વિનાના બીજા જીવોને તો બંધન પણ થાય છે. માર્ગની જેને ઇચ્છા ઉત્પન્ન થઇ છે તેણે, એ બધાનું સાધારણ જ્ઞાન' વાંચવું વિચારવું; બાકી મધ્યસ્થ રહેવું યોગ્ય છે. 'સાધારણ જ્ઞાન'નો અર્થ આ ઠેકાણે એવો કરવો કે, 'બધા શાસ્ત્રમાં વર્ણવતાં અધિક જુદાઇ ન પડી હોય તેવું જ્ઞાન.'

"તીર્થંકર આવી ગર્ભમાં ઉપજે, અથવા જન્મે ત્યારે, અથવા ત્યારપછી દેવતાઓ જાણે કે આ તીર્થંકર છે, અને જાણે તો શી રીતે?" તેના ઉત્તરમાં: સમ્યક્જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે, એવા દેવતાઓ, અવધિજ્ઞાનથી તીર્થંકરને જાણે; બધા ન જાણે. જે પ્રકૃતિઓ જવાથી જન્મથી તીર્થંકર અવધિજ્ઞાન સંયુક્ત હોય છે, તે પ્રકૃત્તિઓ તેમાં નહીં દેખાવાથી તે સમ્યક્જ્ઞાની દેવતાઓ તીર્થંકરને ઓળખી શકે છે. એ જ વિજ્ઞાપન.

આશો વદ ૭, શુક્ર, ૧૯૪૭, વવાણીઆ.

૧૯૫

પરમાર્થવિષયે મનુષ્યોનો પત્ર વ્યવહાર વધારે ચાલે છે; અને અમને તે અનુકૂળ આવતો નથી; જેથી ઘણા ઉત્તર તો લખવામાં જ આવતા નથી; એવી હરીચ્છા છે; અને અમને એ વાત પ્રિય પણ છે.

આસો વદ ૧૦, સોમે, ૧૯૪૭ (ગુજરાતી)

૧૯૬

ૐ

પૂર્ણકામ ચિત્તને નમોનમઃ

આત્મા બાહ્ય સમાધિમાં છે; મન વનમાં છે; એક બીજાના આભાસે અનુક્રમે દેહ કંઇ ક્રિયા કરે છે.

એક સમય પણ વિરહ નહીં; એવી રીતે સત્સંગમાં જ રહેવાનું ઇચ્છિયે છિયે, પણ તે તો હરીચ્છાવશ છે. કળિયુગમાં સત્સંગની પરમ હાનિ થઇ ગઇ છે; અંધકાર વ્યાપ્ત છે; અને સત્સંગનું જે અપૂર્વપણું તેનું જીવને યથાર્થ ભાન થતું નથી.

વવાણીઆ, આશો વદ ૧૨, ૧૯૪૭.

૧૯૭

તૃષાતુરને પાવાની મહેનત કરજો. અતૃષાતુરને તૃષાતુર થવાની જીજ્ઞાસા પેદા કરજો. જેને તે

પેદા ન થાય તેવું હોય, તેને માટે ઉદાસીન રહેજો. ઉપાધિ એવી છે કે, આ કામ થતું નથી. પરમેશ્વરને નહીં પાલવતું હોય, ત્યાં શું કરવું ?

૧૯૪૭. વિ૦ રાયચંદના પ્ર૦

૧૮૮

૧. 'પરસમય' જાણ્યા વિના 'સ્વસમય' જાણ્યા છે, એમ કહી શકાય નહીં.

૨. 'પરદ્રવ્ય' જાણ્યા વિના 'સ્વદ્રવ્ય' જાણ્યું છે, એમ કહી શકાય નહીં.

૩. 'સમ્મતિતર્ક'માં શ્રી સિદ્ધસેનદિવાકરે કહ્યું છે કે, જેટલા વચનમાર્ગ છે' તેટલા 'નય-વાદ' છે, અને જેટલા 'નયવાદ છે' તેટલા જ 'પરસમય' છે.

૪. અક્ષય ભગત કવિએ કહ્યું છે કે,—

કર્ત્તા મટે તો છુટે કર્મ, એ છે મહા ભજનનો મર્મ;
જો તું જીવ તો કર્ત્તા હરી, જો તું શિવ તો વસ્તુ ખરી;
તું છો જીવને, તું છો નાથ, એમ કહી અખે ઝટક્યા હાથ.

૧૯૪૭, વવાણીઆ.

૧૮૯

કાળ વિષમ આવી ગયો છે, સત્સંગનો જોગ નથી, અને વીતરાગતા વિશેષ છે, એટલે ક્યાંય સાતું નથી, અર્થાત્ મન વિશ્રાંતિ પામતું નથી. અનેક પ્રકારની વિટંબનાએ અમને નથી, તથાપિ સત્સંગ નહીં, એ મોટી વિટંબના છે. લોકસંગ રુચતો નથી.

કારતક સુદિ ૫, શુક્ર, ૧૯૪૮.

૧૯૦.

જગત્ આત્મરુપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે; તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે.

કાર્તિક સુદિ ૮, સોમે, ૧૯૪૮. **વિ૦ રાયચંદ પ્રણામ.**

૧૯૧.

ગમે તેટલી વિપત્તિઓ પડે, તથાપિ જ્ઞાનીદ્વારા સાંસારિક ફળની ઇચ્છા કરવી યોગ્ય નથી.

ઉદય આવેલો અંતરાય સમપરિણામે વેદવા યોગ્ય છે. વિષમપરિણામે વેદવા યોગ્ય નથી.

યથાર્થ જ્ઞાન જેને છે, એવો પુરુષ અન્યથા આચરે નહી; માટે તમે જે આકુળતાને લઇ ઇચ્છા જણાવી, તે નિવૃત્ત કરવા યોગ્ય છે.

જ્ઞાની પાસે સાંસારિક વૈભવ હોય, તોપણ મુમુક્ષુએ કોઇ પણ પ્રકારે તે ઇચ્છવા યોગ્ય નથી. ઘણું કરીને જ્ઞાની પાસે તેવો વૈભવ હોય છે તો, તે મુમુક્ષુની વિપત્તિ ટાળવા માટે ઉપયોગી થાય છે. પારમાર્થિક વૈભવથી જ્ઞાની, મુમુક્ષુને સાંસારિક ફળ આપવાનું ઇચ્છે નહીં, કારણ કે અકર્ત્તવ્ય તે જ્ઞાની કરે નહીં.

ધીરજ ન રહે એવા પ્રકારની તમારી સ્થિતિ છે, એમ અમે જાણીએ છીએ; તેમ છતાં ધીરજમાં એક અંશનું પણ ન્યૂનપણું ન થવા દેવું તે, તમને કર્ત્તવ્ય છે, અને એ યથાર્થ બોધ પામવાનો મુખ્ય માર્ગ છે.

કોઇ પણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી, વર્તમાનમાં સમપણે પ્રવર્ત્તવાનો દૃઢ નિશ્ચય કરવો એ, તમને યોગ્ય છે; ભવિષ્યમાં જે થવા યોગ્ય હશે તે થશે,—તે અનિવાર્ય છે, એમ ગણી પરમાર્થ—પુરુષાર્થ સન્મુખ થવું યોગ્ય છે. ગમે તે પ્રકારે પણ એ લોકલજ્જારુપ ભયનું

સ્થાનક એવું જે ભવિષ્ય, તે વિસ્મરણ કરવા યોગ્ય છે; તેની ચિંતા પડયે પરમાર્થનું વિસ્મરણ હોય છે, અને એમ થાય, તે મહા આપત્તિરુપ છે; માટે તે આપત્તિ આવે નહીં એટલું વારંવાર વિચારવા યોગ્ય છે. ઘણો વખત થયા લોકલજ્જાનો ખેદ તમને અંતરમાં ભેલો થયો છે, તે વિષે હવે તો નિર્ભયપણું જ અંગીકાર કરવું યોગ્ય છે; ફરી કહીએ છીએ કે તે જ કર્ત્તવ્ય છે; યથાર્થ બોધનો એ મુખ્ય માર્ગ છે; એ સ્થળે ભૂલ ખાવી યોગ્ય નથી; લજ્જા અને આજીવિકા મિથ્યા છે: કુટુંબાદિનું મમત્વ રાખશો તોપણ, જે થવાનું હશે તે થશે. તેમાં સમપણું રાખશો તોપણ, જે થવા યોગ્ય હશે તે થશે; માટે નિઃશંકપણે નિરાભિમાની થવું યોગ્ય છે. સમપરિણામે પરિણમવું યોગ્ય છે, અને એ જ અમારો બોધ છે. આ જ્યાંસુધી નહીં પરણિમે ત્યાંસુધી યથાર્થ બોધ પણ પરિણમે નહીં.

૧૯૨.[1]

સંસારકાળથી તે અત્ર ક્ષણ સુધીમાં તમ પ્રત્યે કોઇ પણ પ્રકારનો અવિનય, અભક્તિ, અસત્કાર કે તેવા બીજા અન્ય પ્રકાર સંબંધી કોઇ પણ અપરાધ મન, વચન, કાયાના પરિણામથી થયા હોય, તે સર્વ અત્યંત નમ્રપણે, તે સર્વ અપરાધોના અત્યંત લયપરિણામરુપ આત્મસ્થિતિએ કરી, હું સર્વ પ્રકારે કરી ક્ષમાવું છું; અને તે ક્ષમાવવાને યોગ્ય છું. તમને કોઇ પણ પ્રકારે તે અપરાધાદિનો અનુપયોગ હોય તોપણ, અત્યંતપણે અમારી તેવી પૂર્વકાળ સંબંધીની કોઇ પ્રકારે પણ સંભાવના જાણી અત્યંતપણે ક્ષમા આપવાયોગ્ય આત્મસ્થિતિ કરવા અત્ર ક્ષણ લઘુતાથી વિનંતિ છે.

મુંબઇ, કારતક સુદ ૧૦, ગુરુ, ૧૯૪૮.

---

[1]. આ પત્ર એક ધર્મેચ્છક પ્રત્યે, તેના દેહાંત સમયે, ક્ષમાપનારુપ લખાયો હતો.–સંશોધક.

વર્ષ ૨૫ મું.

૧૯૩

(એવું જે) 'પરમસત્ય' તેનું અમે ધ્યાન કરીએ છીએ.

ભગવતને સર્વ સમર્પણ કર્યા શિવાય આ કાળમાં જીવનું દેહાભિમાન મટવું સંભવતું નથી, માટે અમે સનાતનધર્મરુપ 'પરમસત્ય' તેનું નિરંતર ધ્યાન કરીએ છીએ. જે સત્યનું ધ્યાન કરે છે તે, સત્ય હોય છે.

માગશર સુદિ ૨, ગુરુ, ૧૯૪૮.

૧૯૪.

ૐ સત્.—શ્રી સહજ સમાધિ.

અત્રે સમાધિ છે, સ્મૃતિ રહે છે, તથાપિ નિરુપાયતા વર્તે છે. અસંગવૃત્તિ હોવાથી, અણુમાત્ર ઉપાધિ સહન થઇ શકે તેવી દશા નથી; તોય સહન કરીએ છીએ.

વિચાર કરી વસ્તુને ફરી ફરી સમજો. મનથી કરેલો નિશ્ચય સાક્ષાત્ માનશો નહી. જ્ઞાનીથી થયેલો નિશ્ચય જાણીને પ્રવર્ત્તવામાં કલ્યાણ છે.—પછી જેમ ભાવી.

સુધાને વિષે અમને સંદેહ નથી. તમે તેનું સ્વરુપ સમજો; અને ત્યારે જ ફળ છે.

માગશર શુદિ ૧૪ ભોમે, ૧૯૪૮. **પ્રણામ પહોંચે.**

૧૯૫.

—અનુક્રમે સંયમ સ્પર્શતોજી, પામ્યો ક્ષાયકભાવ રે;
સંયમ શ્રેણિ ફુલડેજી, પૂજું પદ નિષ્પાવ રે.

—મુનિ શ્રી યશોવિજયજી.

(આત્માની અભેદચિંતનારુપ) સંયમના એક પછી એક ક્રમને અનુભવીને ક્ષાયકભાવ (જડ-પરિણતિનો ત્યાગ) ને પામેલો એવો જે શ્રી સિદ્ધાર્થપુત્ર, તેના નિર્મળ ચરણકમળને સંયમશ્રેણિ-રુપ ફુલથી પૂજું છું.

ઉપરનાં વચનો અતિશય ગંભીર છે.

માગશર વદ ૦)) ગુરુ, ૧૯૪૮, મુંબઇથી. **યથાર્થ બોધસ્વરુપના યથા૦**

૧૯૬.

જ્ઞાનીના આત્માને અવલોકીએ છીએ; અને તેમ થઇએ છીએ.

ગમે તેવા દેશકાળને વિષે યથાયોગ્ય રહેવું,-યથાયોગ્ય રહેવા ઇચ્છયા જ કરવું.

કોઇ એવા પ્રકારનો ઉદય છે કે, અપૂર્વ વીતરાગતા છતાં વેપારસંબંધી કંઇક પ્રવર્ત્તન કરી શકીએ છીએ; તેમ જ બીજાં પણ ખાવા, પીવા વગેરેનાં પ્રવર્ત્તન માંડ માંડ કરી શકીએ છીએ; મન ક્યાંય વિરામ પામતું નથી; ઘણું કરીને અત્ર કોઇનો સમાગમ ઇચ્છતું નથી; કંઇ લખી શકાતું નથી; વધારે પરમાર્થવાક્ય વદવા ઇચ્છા થતી નથી; કોઇએ પૂછેલાં પ્રશ્નોનો ઉત્તર જાણતાં છતાં લખી શકતા નથી; ચિત્તનો પણ ઝાઝો સંગ નથી; આત્મા આત્મભાવે વર્તે છે.

સમયે સમયે અનંતગુણવિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે, જે ઘણું કરીને કળવા દેવામાં આવતી નથી,-અથવા કળી શકે તેવાનો પ્રસંગ નથી. આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન, શ્રી વર્દ્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહેજે સાંભરી આવે છે; એટલે જ ૦ ૦ ૦ અત્રે ૦ ૦ ૦ ૦ ૦ લખ્યું હતું કે, તમે 'પદાર્થ'ને સમજો; બીજો કોઈ તેમ લખવામાં હેતુ નહોતો.

પોશ શુદ ૭, ગુરુ, ૧૯૪૮, મુંબઈ.

૧૯૭.

આત્મસંયમને સંભારીએ છીએ. યથારુપ વીતરાગતાની પૂર્ણતા ઇચ્છીએ છીએ.

પોષ શુદ ૧૧, ૧૯૪૮. **શ્રી બોધસ્વરુપના યથાયોગ્ય.**

૧૯૮.*

—અનુક્રમે સંયમ સ્પર્શતોજી, પામ્યો ક્ષાયક ભાવ રે;
સંયમ શ્રેણિ ફૂલડેજી, પૂજું પદ નિષ્પાવ રે.
દર્શન સકળના નય ગ્રહે, આપ રહે નિજભાવે રે;
હિત કરી જનની સંજીવની, ચારો તેહ ચરાવે રે.
દર્શન જે થયાં જૂજવાં, તે ઓઘ નજરને ફેરે રે;
દૃષ્ટિ થિરાદિક તેહમાં, સમકિતદૃષ્ટિને હેરે રે.
યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;
ભાવાચારજ સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે.—

—મુનિ શ્રી યશોવિજયજી.

પોશ શુદ ૧૩, ૧૯૪૮.

૧૯૯.

—એક પરિનામ કે ન કરતા દરબ દોય.

વસ્તુ પોતાના સ્વરૂપમાં જ પરિણમે એવો નિયમ છે. જીવ જીવરૂપે પરિણમ્યા કરે છે, અને જડ જડરુપે પરિણમ્યા કરે છે. જીવનું મુખ્ય પરિણમવું તે ચેતન (જ્ઞાન) સ્વરુપ છે; અને જડનું મુખ્ય પરિણમવું તે જડત્વસ્વરુપ છે. જીવનું જે ચેતનપરિણામ તે કોઈ પ્રકારે જડ થઇને પરિણમે નહી, અને જડનું જડત્વપરિણામ તે કોઇ દિવસે ચેતનપરિણામે પરિણમે નહીં; એવી આ વસ્તુની મર્યાદા છે; અને ચેતન, અચેતન એ બે પ્રકારનાં પરિણામ તો અનુભવસિદ્ધ છે; તેમાંનું એક પરિણામ બે દ્રવ્ય મળીને કરી શકે નહીં, અર્થાત્ જીવ અને જડ મળી કેવળ ચેતનપરિણામે પરિણમી શકે નહીં, અથવા કેવળ અચેતનપરિણામે પરિણમી શકે નહી. જીવ ચેતનપરિણામે પરિણ-

મે, અને જડ અચેતનપરિણામે પરિણમે, એમ વસ્તુસ્થિતિ છે; માટે જિન કહે છે કે, એક પરિણામ બે દ્રવ્ય કરી શકે નહીં. જે જે દ્રવ્ય છે, તે તે પોતાની સ્થિતિમાંજ હોય, અને પોતાના સ્વભાવમાં પરિણમે. તેમ જ

—દોય પરિનામ એક દ્રવ્ય ન ધરતુ હૈ;

એક દ્રવ્ય બે પરિણામે પરિણમી શકે નહીં, એવી વસ્તુસ્થિતિ છે. એક જીવદ્રવ્ય તે ચેતન અને અચેતન એ બે પરિણામે પરિણમી શકે નહીં; અથવા એક પુદ્ગળદ્રવ્ય અચેતન અને ચેતન એ બે પરિણામે પરિણમી શકે નહીં, માત્ર પોતે પોતાનાંજ પરિણામમાં પરિણમે; ચેતનપરિણામ તે અચેતન પદાર્થને વિષે હોય નહીં; અને અચેતનપરિણામ તે ચેતન પદાર્થને વિષે હોય નહીં; માટે બે પ્રકારનાં પરિણામે એક દ્રવ્ય પરિણમે નહીં-બે પરિણામને ધારણ કરી શકે નહીં. માટે

—એક કરતૂતિ દોઇ દર્બ કબહોં ન કરે;

એક ક્રિયા તે બે દ્રવ્ય ક્યારે પણ કરે નહીં. બે દ્રવ્યનું મળવું એકાંતે હોવું યોગ્ય નથી. જો બે દ્રવ્ય મળીને એક દ્રવ્ય ઉપજતું હોય, તો વસ્તુ પોતાના સ્વરુપનો કેવળ ત્યાગ કરે. જ્યારે એમ બનતું નથી, ત્યારે બે દ્રવ્ય કેવળ એક પરિણામને પામ્યા વિના એક ક્રિયા પણ ક્યાંથી કરે? અર્થાત્ ન જ કરે.

—દોઈ કરતૂતિ એક દર્બ ન ધરતુ હૈ;

તેમ જ બે ક્રિયા એક દ્રવ્ય ધારણ પણ કરે નહીં; એક સમયને વિષે બે ઉપયોગ હોઇ શકે નહીં. માટે

—જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઈ;

જીવ અને પુદ્ગલ કદાપિ એક ક્ષેત્રને રોકી રહ્યાં હોય, તોપણ

—અપને અપને રૂપ, કોઉ ન ટરતુ હૈ;

પોતપોતાના સ્વરુપથી કોઇ અન્ય પરિણામ પામતું નથી, અને તેથી કરીને એમ કહીએ છીએ કે.

—જડ પરિનામનિકો કરતા હે પુદ્ગલ.

દેહાદિક કરીને જે પરિણામ થાય છે, તેનો પુદ્ગલ કર્ત્તા છે, કારણ કે તે દેહાદિ જડ છે; અને જડપરિણામ તો પુદ્ગલને વિષે છે; જ્યારે એમ જ છે, તો પછી જીવ પણ જીવસ્વરુપેજ વર્તે છે; એમાં કંઇ બીજું પ્રમાણ પણ હવે જોઇતું નથી; એમ ગણી કહે છે કે,—

—ચિદાનંદ ચેતન સુભાઉ આચરતુ હૈ.

કાવ્યકર્ત્તાનો કહેવાનો હેતુ એમ છે કે, જો આમ તમે વસ્તુસ્થિતિ સમજો, તો તો જડને વિષેનો જે સ્વસ્વરૂપભાવ છે તે, મટે; અને સ્વસ્વરુપનું જે તિરોભાવપણું છે તે, પ્રગટ થાય; વિચાર કરો. સ્થિતિ પણ એમ જ છે.

વળી ગહન વાતને અહીં ટુંકામાં લખી છે. જો કે જેને યથાર્થ બોધ છે તેને તો સુગમ છે.

ચિત્ત ઘણું કરીને વનમાં રહે છે; આત્મા તો પ્રાયે મુક્તસ્વરુપ લાગે છે. વીતરાગપણું વિશેષ છે; વેઠની પેઠે પ્રવૃત્તિ કરીએ છીએ; બીજાને અનુસરવાનું પણ રાખીએ છીએ; જગતથી બહુ ઉદાસ થઈ ગયા છીએ; વસ્તીથી કંટાળી ગયા છીએ; દશા કોઇને જણાવી શકતા નથી; જણાવીએ તેવો સત્સંગ નથી; મનને જેમ ધારીએ તેમ વાળી શકીએ છીએ, એટલે પ્રવૃત્તિમાં રહી શક્યા છીએ. કોઇ પ્રકારથી રાગપૂર્વક પ્રવૃત્તિ થતી નહીં હોય એવી દશા છે, એમ રહે છે. લોકપરિચય ગમતો નથી-જગતમાં સાતું નથી.

૧૯૪૮ ના પોષ વદી ૯, રવિ. વિ૦ યથાર્થ બોધસ્વરૂપના યથા૦

૨૦૦

બીજા કામમાં પ્રવર્તતાં પણ અન્યત્વ-ભાવનાએ વર્તવાનો અભ્યાસ રાખવો યોગ્ય છે. વૈરાગ્ય-ભાવનાએ ભૂતષિ એવા શાંતસુધારસાદિ ગ્રંથો નિરંતર ચિંતન કરવા યોગ્ય છે. પ્રમાદમાં વૈરાગ્યની તીવ્રતા મુમુક્ષુએ મંદ કરવા યોગ્ય નથી; એવો નિશ્ચય રાખવો યોગ્ય છે.

પોશ વદ ૧૩, ગુરુ, ૧૯૪૮, મુંબઈ. શ્રી બોધસ્વરૂપ.

૨૦૧

અનંતકાલ થયાં સ્વરૂપનું વિસ્મરણ હોવાથી અન્યભાવ જીવને સાધારણ થઈ ગયો છે. દીર્ઘકાલસુધી સત્સંગમાં રહી બોધભૂમિકાનું સેવન થવાથી તે વિસ્મરણ અને અન્યભાવની સાધારણતા ટળે છે, અર્થાત્ અન્યભાવથી ઉદાસીનપણું પ્રાપ્ત હોય છે. આ કાળ વિષમ હોવાથી સ્વરૂપમાં તન્મયતા રહેવાની દુર્ઘટતા છે, તથાપિ સત્સંગનું દીર્ઘકાળ સુધી સેવન, તે તન્મયતા આપે, એમાં સંદેહ નથી થતો.

જીંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; સંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરુપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે, અને જીંદગી અપ્રમત્ત છે, તેમ જ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી અને સર્વસિદ્ધિ છે, ત્યાં સ્વરુપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાન, જીવનપ્રપંચે આવરેલું વહ્યું જાય છે; ઉદય બળવાન છે!

મુંબઇ, ફેબ્રુઆરી ૩૭૯૨.

૨૦૨.+

(રાગ પ્રભાતને અનુસરતો.)

—जीव नवि पुग्गली नैव पुग्गल कदा, पुग्गलाधार नहीं तास रंगी;
पर तणो ईश नहीं अपर ऐश्वर्यता, वस्तुधर्मे कदा न परसंगी.

—દેવચંદજી, શ્રીસુમતિનાથજીનું સ્તવન.

મુંબઇ, સં૦ ૧૯૪૮ ના મહા શુદ ૧૩, બુધ. પ્રણામ પહોંચે.

૨૦૩.

અત્યંત ઉદાસ પરિણામે રહેલું એવું જે ચૈતન્ય તેને, જ્ઞાની પ્રવૃત્તિમાં છતાં તેવું રાખે છે; તોપણ કહીએ છૈયે: માયા દુસ્તર છે, દુરંત છે; ક્ષણવાર પણ,-સમય એક પણ, એને આત્માને વિષે સ્થાપન કરવા યોગ્ય નથી. એવી તીવ્ર દશા આવ્યે અત્યંત ઉદાસ પરિણામ ઉત્પન્ન થાય છે; અને તેવા ઉદાસ પરિણામની જે પ્રવર્ત્તના-ગૃહસ્થપણા સહિતની-તે અબંધપરિણામી કહેવા યોગ્ય છે. જે બોધસ્વરુપે સ્થિત છે તે, એમ કઠિનતાથી વર્તી શકે છે, કારણ કે તેની વિકટતા પરમ છે. વિદેહિપણે જનકરાજાની પ્રવૃત્તિ તે અત્યંત ઉદાસ પરિણામને લીધે રહેતી; ઘણું કરીને તેમને તે સહજ સ્વરુપમાં હતી, તથાપિ કોઇ માયાના દુરંત પ્રસંગમાં સમુદ્રને વિષે જેમ નવા યત્કિંચિત્ ડોલાયમાન થાય, તેમ તે પરિણામનું ડોલાયમાનથવાપણું સંભવિત હોવાથી, પ્રત્યેક માયાના પ્રસંગમાં કેવળ જેની ઉદાસ અવસ્થા છે, એવા નિજગુરુ અષ્ટાવક્રની શરણતા સ્વીકારી હોવાથી માયાને સુખે તરી શકાય એમ થતું હતું, કારણ કે મહાત્માના આલંબનની એવી જ બળવત્તરતા છે.

મુંબઈ, મહા વદ ૨, ૧૯૪૮.

૨૦૪.

ચોતરફ ઉપાધિની જ્વાળા પ્રજ્વલતી હોય, તે પ્રસંગમાં સમાધિ રહેવી એ પરમ દુષ્કર છે;

અને એ વાત તો પરમજ્ઞાની વિના થવી વિકટ છે. અમને પણ આશ્ચર્ય થઈ આવે છે, તથાપિ એમ પ્રાયે વર્ત્યા જ કરે છે એવો, અનુભવ છે.

આત્મભાવ યથાર્થ જેને સમજાય છે,–નિશ્ચળ રહે છે તેને, એ પ્રાપ્ત હોય છે. સમ્યક્‌દર્શનનું મુખ્ય લક્ષણ વીતરાગતા જાણીએ છીએ, અને તેવો અનુભવ છે.

મુંબઈ, ૧૯૪૮, મહા વદ ૪, બુધવાર.

૨૦૫+

—જબહિ તેં ચેતન વિભાવ સો ઉલટિ આપુ;
સમો પાઇ અપનો સુભાવ ગહિ લીનો હૈ;
તબહિ તે જો જો લેનજોગ, સો સો લીનો હૈ;
જો જો ત્યાગજોગ, સો સો સબ છોડી દીનો હૈ;
લેવે કોન રહી ઠોર, ત્યાગિવેકો નાહિ ઓર;
બાકી કહા ઉબર્યોજુ કારજ ન બીનો હૈ;
સંગત્યાગી, અંગત્યાગી, વચનતરંગત્યાગી;
મન ત્યાગી, બુદ્ધિ ત્યાગી, આપા શુદ્ધ કીનો હૈ.

—કેવી અદ્‌ભુત દશા?

સં૦ ૧૯૪૮, મહા વદ ૯, ભોમ, મુંબઈથી. પ્રમાણ પહોંચે.

૨૦૬.

આત્માપણે કેવળ ઉજાગર અવસ્થા વર્તે, અર્થાત્ આત્મા પોતાના સ્વરુપને વિષે કેવળ જાગૃત હોય ત્યારે, તેને કેવળજ્ઞાન વર્તે છે એમ કહેવું યોગ્ય છે એવો, શ્રીતીર્થંકરનો આશય છે. "આત્મા" જે પદાર્થને તીર્થંકર કહ્યો છે, તે જ પદાર્થની તે જ સ્વરુપે પ્રતીતિ થાય, તે જ પરિણામે આત્મા સાક્ષાત ભાસે, ત્યારે તેને 'પરમાર્થ–સમ્યક્ત્વ' છે, એવો શ્રીતીર્થંકરનો અભિપ્રાય છે. એવું સ્વરુપ જેને ભાસ્યું છે, તેવા પુરુષને વિષે 'નિષ્કામ શ્રદ્ધા' છે જેને, તે પુરુષને 'બીજરુચિ–સમ્યક્ત્વ' છે. તેવા પુરુષની 'નિષ્કામ ભક્તિ' અબાધાએ પ્રાપ્ત થાય, એવા ગુણો જે જીવમાં હોય, તે જીવ 'માર્ગાનુસારી' હોય, એમ જીન કહે છે.

અમારો, અભિપ્રાય કંઇ પણ દેહ પ્રત્યે હોય, તો તે માત્ર એક આત્માર્થે છે; અન્ય અર્થે નહીં. બીજા કોઇ પણ પદાર્થ પ્રત્યે અભિપ્રાય હોય તો, તે પદાર્થ અર્થે નહીં, પણ આત્માર્થે છે. તે આત્માર્થ તે પદાર્થની પ્રાપ્તિ અપ્રાપ્તિને વિષે હોય એમ, અમને લાગતું નથી "આત્માપણું" એ ધ્વનિ શિવાય બીજો કોઇ ધ્વનિ કોઇ પણ પદાર્થના ગ્રહણત્યાગમાં સ્મરણજોગ નથી, અનવકાશ આત્માપણું જાણ્યાવિના–તે સ્થિતિ વિના, અન્ય સર્વ કલેશરુપ છે.

મુંબઈ, મહા વદ ૧૦, ભોમ, ૧૯૪૮.

૨૦૭.

અત્ર સમાધિ છે. પૂર્ણજ્ઞાને કરીને યુક્ત એવી જે સમાધિ તે વારંવાર સાંભરે છે.
'પરમસત'નું ધ્યાન કરીએ છીએ. (ઉદાસપણું વર્તે છે.)
મહા વદ ૧૨, રવિ ૧૯૪૮.

૨૦૮+

—लेवेकी न रही ठोर, त्यागिवेकी नांहि ओर;
बाकी कहा उबर्यो जु, कारज नवीनो है!

સ્વરુપનું ભાન થવાથી પૂર્ણકામપણું પ્રાપ્ત થયું; એટલે હવે બીજું કોઇ ક્ષેત્ર કંઇ પણ લેવાને માટે રહ્યું નથી. સ્વરુપનો તો કોઇ કાળે ત્યાગ કરવાને મૂર્ખ પણ ઇચ્છે નહીં; અને જ્યાં કેવળ સ્વરુપસ્થિતિ છે, ત્યાં તો પછી બીજું કંઇ રહ્યું નથી; એટલે ત્યાગવાપણું પણ રહ્યું નહી. હવે જ્યારે લેવું, દેવું, એ બન્ને નિવૃત્ત થઇ ગયું, ત્યારે બીજું કોઈ નવીન કાર્ય કરવાને માટે શું ઉગર્યું ? અર્થાત જેમ થવું જોઇએ તેમ થયું, ત્યાં પછી બીજી લેવાદેવાની જંજાળ ક્યાંથી હોય! એટલે કહે છે કે, અહીં પૂર્ણકામતા પ્રાપ્ત થઇ.

સં૦ ૧૯૪૮ ના મહા વદ ૦)) રવિ. મુંબઇથી.

૨૦૯+

शुद्धता विचारे ध्यावे, शुद्धतामें केली करे;
शुद्धतामें थिर व्है अमृत धारा वरसे.—

૨૧૦

આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદપરિણામને પામે છે, તેમ તેમ મુક્ષુક્ષુતા વર્દ્ધમાન થયા કરે છે. અનંત કાળના પરિચયવાળું એ અભિમાન પ્રાયે એકદમ નિવૃત્ત થતું નથી તેટલા માટે, તન, મન ધનાદિ જે કંઇ પોતાપણે વર્તતાં હોય છે તે, જ્ઞાની પ્રત્યે અર્પણ કરવામાં આવે છે; પ્રાયે જ્ઞાની કંઇ તેને ગ્રહણ કરતા નથી, પણ તેમાંથી પોતાપણું મટાડવાનું ઉપદેશે છે; અને કરવા યોગ્ય પણ તેમ જ છે કે, આરંભ, પરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાનાં થતાં અટકાવવાં; ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે.

મુંબઇ, માર્ચ ૨, ૯૨.

૨૧૧.

પરિણામમાં અત્યંત ઉદાસીનતા પરિણમ્યા કરે છે; જેમ જેમ તેમ થાય છે, તેમ તેમ પ્રવૃત્તિપ્રસંગ પણ વધ્યા કરે છે. જે પ્રવૃત્તિનો પ્રસંગ થશે એમ નહીં ધારેલું, તે પણ પ્રાપ્ત થયા કરે છે, અને એથી એમ માનીએ છીએ કે, ઉતાવળે પૂર્વે નિબંધન કરેલાં એવાં કર્મો નિવૃત્ત થવાને માટે ઉદયમાં આવે છે.

ફાગણ શુદ ૧૩, શુક્ર, ૧૯૪૮.

૨૧૨.

દુસમકાળનું મોટામાં મોટું ચિન્હ શું ? અથવા દુસમકાળ કયો કહેવાય ? અથવા કયાં મુખ્ય લક્ષણે તે ઓળખી શકાય ? એ જ વિજ્ઞાપન.

ફાગણ વદ ૫, શનિ, ૧૯૪૮. वि० बोधबीज.

૨૧૩.

ચાલુ ઉપાધિ ઉદયપણે પ્રવર્તે છે.

ફાગણ વદ ૧૦, ગુરુ, ૧૯૪૮.

૨૧૪.

કોઇ પણ પ્રકારે સત્સંગનો જોગ બને તો, તે કર્યાં રહેવું એ કર્તવ્ય છે; અને જે પ્રકારે જીવને મારાપણું વિશેષ થયા કરતું હોય, અથવા વધ્યા કરતું હોય, તે પ્રકારથી જેમ બને તેમ સંકોચાતું રહેવું એ, સત્સંગમાં પણ ફળ આપનાર ભાવના છે.

ફાગણ વદ ૧૧, ગુરુવાર, ૧૯૪૮.

૨૧૫.

પુર્વકર્મ તરત નિવૃત્ત થાય એમ કરીએ છીએ.

ફાગણ વદ ૧૪, ૧૯૪૮.

૨૧૬.

હાલ અત્ર અમે વ્યાવહારિક કામ તો પ્રમાણમાં ઘણું કરીએ છીએ; તેમાં મન પણ પૂરી રીતે દઇએ છીએ, તથાપિ તે મન વ્યવહારમાં ચોંટતું નથી; પોતાને વિષે જ રહે છે; એટલે વ્યવહાર બોજારુપ રહે છે. જાણીએ છીએ કે ઘણાકાળે જે પરિણામ પ્રાપ્ત થવાનું છે તે, તેથી થોડા કાળે પ્રાપ્ત થવા માટે તે ઉપાધિજોગ વિશેષપણે વર્તે છે.

આખો લોક ત્રણે કાળને વિષે દુઃખે કરીને પીડાલો માનવામાં આવ્યો છે, અને તેમાં પણ આ વર્તે છે તે તો મહા દુસમકાળ છે, અને સર્વ પ્રકારે વિશ્રાંતિનું કારણ એવો જે કર્ત્તવ્યરુપ 'શ્રી સત્સંગ', તે તો સર્વ કાળને વિષે પ્રાપ્ત થવો દુર્લભ છે; તે આ કાળમાં પ્રાપ્ત થવો ઘણો ઘણો દુર્લભ હોય એમાં કંઇ આશ્ચર્યકારક નથી. અમે કે જેનું મન પ્રાયે ક્રોધથી, માનથી, માયાથી, લોભથી, હાસ્યથી, રતિથી, અરતિથી, ભયથી, શોકથી, જુગુપ્સાથી કે શબ્દાદિ વિષયોથી અપ્રતિબંધ જેવું છે; કુટુંબથી, ધનથી, પુત્રથી, વૈભવથી, સ્ત્રીથી કે દેહથી મુક્ત જેવું છે, તે મનને પણ સત્સંગને વિષે બંધન રાખવું બહુ બહુ રહ્યા કરે છે.

સોમવતી અમાવાસ્યા, ૧૯૪૮, મુંબઇ.

૨૧૭.

આ લોકસ્થિતિ જ એવી છે કે, તેમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે.

મુંબઇ, ૩૦, માર્ચ, ૯૨.

૨૧૮.

લોકસ્થિતિ આશ્ચર્યકારક છે !

ચૈત્ર શુદિ ૫, શનિ ૧૯૪૮.

૨૧૯.

જ્ઞાનીને સર્વસંગપરિત્યાગ કરવાનો શો હેતુ હશે ?

ચૈત્ર શુદ ૭, રવિ, ૧૯૪૮.

૨૨૦.

આત્મસમાધિપૂર્વક યોગઉપાધિ રહ્યા કરે છે; જે પ્રતિબંધને લીધે હાલ તો કંઇ ઇચ્છિત કરી શકાતું નથી. આવા જ હેતુએ કરીને શ્રી ઋષભાદિ જ્ઞાનીઓએ શરીરાદિ પ્રવર્ત્તનાના ભાનનો પણ ત્યાગ કર્યો હતો.

મુંબઇ, એપ્રિલ ૪, ૯૨. **સ્વસ્થિતભાવ.**

૨૨૧.

ૐ.

સમય માત્ર પણ અપ્રમત્તધારાને નહીં વિસ્મરણ કરતું એવું જે આત્માકાર મન, તે વર્ત્તમાન સમયે ઉદય પ્રમાણે પ્રવૃત્તિ કરે છે; અને જે કોઇ પણ પ્રકારે વર્તાય છે, તેનું કારણ પૂર્વે નિબંધન કરવામાં આવેલો એ ઉદય છે; તે ઉદયને વિષે પ્રીતિ પણ નથી, અને અપ્રીતિ પણ નથી; સમતા છે, કરવા યોગ્ય પણ એમજ છે.

મુંબઇ, એપ્રિલ ૮, ૯૨, **યથાયોગ્ય.**

૨૨૨.

બાહ્યોપાધિપ્રસંગ વર્તે છે. જેમ બને તેમ સદ્વિચારનો પરિચય થાય તેમ કરવા, ઉપાધિમાં મુંઝાઇ રહેવાવાથી યોગ્યપણે ન વર્તાય તે વાત, લક્ષમાં રાખવાયોગ્ય જ્ઞાનીઓએ જાણી છે.

મુંબઇ, ચૈત્ર શુદ ૯, બુધ, ૧૯૪૮. **પ્રણામ.**

૨૨૩.

સમકિતની ફરસના થઈ ક્યારે ગણાય? કેવી દશા વર્તતી હોય?

સંસારી ઉપાધિનું જેમ થતું હોય તેમ થવા દેવું; કર્તવ્ય એ જ છે; અભિપ્રાય એ જ રહ્યા કરે છે; ધીરજથી ઉદયને વેદવો યોગ્ય છે.

ચૈત્ર શુદિ ૧૩, રવિ, ૧૯૪૮.

૨૨૪.

પ્રતિબંધપણું દુઃખદાયક છે.

ચૈત્ર વદ ૧, બુધ, ૧૯૪૮. **સ્વરૂપસ્થના યથાયોગ્ય.**

૨૨૫.

ઉપાધિયોગનો જે ઉદય તે પણ વેદવા વિના ઉપાય નથી. જગત્‌માં બીજા પદાર્થો તો અમને કંઇ રુચિનાં કારણ રહ્યાં નથી. જે કંઇ રુચિ રહી છે, તે માત્ર એક 'સત્‌'નું ધ્યાન કરનારા એવા સંત પ્રત્યે, જેમાં આત્માને વર્ણવ્યો છે એવાં 'સતશાસ્ત્ર' પ્રત્યે, અને પરેચ્છાએ પરમાર્થનાં નિમિત્ત કારણ એવાં 'દાનાદિ' પ્રત્યે રહી છે; આત્મા તો કૃતાર્થ સમજાય છે.

ચૈત્ર વદ ૬, રવિ, ૧૯૪૮.

૨૨૬.

જગત્‌ના અભિપ્રાય પ્રત્યે જોઇને જીવ પદાર્થનો બોધ પામ્યો છે; જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઇને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે, તે જીવને સમ્યગ્‌દર્શન થાય છે.

માર્ગ બે પ્રકારનો જાણીએ છીએ: એક 'ઉપદેશ થવા અર્થેનો માર્ગ,' એક 'વાસ્તવ્ય માર્ગ.' 'વિચારસાગર' ઉપદેશ થવા અર્થે વિચારવા યોગ્ય છે. જ્યારે જૈનશાસ્ત્ર વાંચવા જણાવીએ, ત્યારે જૈની કરવા જણાવતા નથી; વેદાંતશાસ્ત્ર વાંચવા જણાવીએ, ત્યારે વેદાંતી કરવાને જણાવતા નથી; તેમ જ અન્ય શાસ્ત્ર વાંચવા જણાવીએ, ત્યારે અન્ય થવા નથી જણાવતા. માત્ર જે જણાવીએ છીએ, તે તમ સર્વને ઉપદેશ લેવા અર્થે જણાવીએ છીએ; જૈન અને વેદાંતી આદિનો ભેદ ત્યાગ કરો, આત્મા તેવો નથી.

મુંબઇ, એપ્રિલ ૧૭, ૯૨.

૨૨૭

જ્યાં પૂર્ણકામપણું છે, ત્યાં સર્વજ્ઞતા છે.

જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે, તેને સ્વરૂપસુખથી કરીને પરિતૃપ્તપણું વર્તે છે; અને વિષય પ્રત્યે અપ્રયત્ન દશા વર્તે છે.

જે જીવિતવ્યમાં ક્ષણિકપણું છે, તે જીવિતવ્યમાં જ્ઞાનીઓએ નિત્યપણું પ્રાપ્ત કર્યું છે; એ અચરજની વાત છે. જો જીવને પરિતૃપ્તપણું વર્ત્યા કરતું ન હોય તો, અખંડ એવો આત્મબોધ તેને સમજવો નહીં.

સં૦ ૧૯૪૮, ચૈત્ર વદ ૧૨, રવિ.

૨૨૮.

ભાવસમાધિ છે, બાહ્યઉપાધિ છે. જે ભાવને ગૌણ કરી શકે એવી સ્થિતિની છે, તથાપિ સમાધિ વર્તે છે.

અક્ષયતૃતિયા, ૧૯૪૮.

૨૨૯.

જે પ્રમાણે જ્ઞાનનું પ્રકાશવું છે, તે પ્રમાણે રાગાદિ વ્યવહારિક પદાર્થને વિષેથી નિસ્પૃહપણું વર્તે છે. આત્મસુખે કરી પરિતૃપ્તપણુ વર્તે છે. અન્ય સુખની જે ઇચ્છા નહિં થવી તે, પૂર્ણ જ્ઞાનનું લક્ષણ છે.

જ્ઞાની અનિત્ય જીવનમાં નિત્યપણુ પ્રાપ્ત કરે છે, એમ જે લખ્યું છે તે, એવા આશયથી લખ્યું છે કે, તેને મૃત્યુને માટે નિર્ભયપણુ વર્તે છે. જેને એમ હોય તેને પછી અનિત્યપણા વિષે રહ્યા છે, એમ કહીએ નહીં તો તે વાત સત્ય છે.

ખરૂં આત્મભાન થાય છે તેને, "હું" અન્યભાવનો અકર્ત્તા છું, એવો બોધ ઉત્પન્ન થઇ અહંપ્રત્યયિબુદ્ધિ તે વિલય પામે છે; એવું છે આત્મભાન તે વારંવાર ઉજ્જ્વળપણે વર્ત્યા કરે છે, તથાપિ જેમ ઇચ્છિએ તેમ તો નહીં.

૧૯૪૮, વૈશાખ શુદ ૪, શનિવાર. સમાધિરૂપ.

૨૩૦

હાલ તો અનુક્રમે ઉપાધિયોગ વિશેષ વર્ત્યા કરે છે.—

અનંતકાળ વ્યવહાર કરવામાં વ્યતીત કર્યો છે, ત્યાં તેવી જંજાળમાં પરમાર્થ વિસર્જન ન કરાય એમ જ વર્તવું; એવો જેનો નિશ્ચય છે તેને, તેમ હોય છે; એમ અમે જાણીએ છીએ.

વનને વિષે ઉદાસીનપણે સ્થિત એવા જે યોગીઓ-તીર્થંકરાદિક-તેનું આત્મત્વ સાંભરે છે.

મુંબઇ, સં૦ ૧૯૪૮, વૈશાખ શુદિ ૬, રવિ.

૨૩૧.

જે જ્ઞાને કરીને ભવાંત થાય છે, તે જ્ઞાન પ્રાપ્ત થવું જીવને ઘણું દુર્લભ છે, તથાપિ તે જ્ઞાન, સ્વરુપે તો અત્યંત સુગમ છે, એમ જાણીએ છીએ. તે જ્ઞાન સુગમપણે પ્રાપ્ત થવામાં જે દશા જોઇએ છીએ, તે દશા પ્રાપ્ત થવી ઘણી ઘણી કઠણ છે અને એ પ્રાપ્ત થવાનાં જે બે કારણ છે, તે મળ્યા વિના જીવને અનંતકાળ થયાં રખડવું પડયું છે. જે બે કારણ મળ્યે મોક્ષ હોય છે

મુંબઇ, ૧૩, ૯૨ (રવિ). પ્રણામ.

૨૩૨.

જ્ઞાનીને વિષે જો કોઇ પણ પ્રકારે ધનાદિની વાંછા રાખવામાં આવે છે, તો જીવને દર્શનાવરણીય કર્મનો પ્રતિબંધ વિશેષ ઉત્પન્ન થાય છે. ઘણું કરીને, જ્ઞાની તેવો પ્રતિબંધ કોઇને પોતાથકી ઉત્પન્ન ન થાય એમ વર્તે છે.

જ્ઞાની પોતાનું ઉપજીવન—આજીવિકા—પણ પૂર્વકર્માનુસાર કરે છે; જ્ઞાનને વિષે પ્રતિબદ્ધતા થાય એમ કરી આજીવિકા કરતા નથી, અથવા કરાવવાનો પ્રસંગ ઇચ્છતા નથી; એમ જાણીએ છીએ.

જ્ઞાની પ્રત્યે જેને કેવળ નિસ્પૃહ ભક્તિ છે, પોતાની ઇચ્છા તે થકી પૂર્ણ થતી ન દેખીને પણ જેને દોષ આવતો નથી, એવા જે જીવ છે તેને, જ્ઞાનીને આશ્રયે ધીરજથી વર્તતાં આપત્તિનો નાશ હોય છે; અથવા ઘણું મંદપણુ થઇ જાય છે; એમ જાણીએ છીએ, તથાપિ તેવી ધીરજ રહેવી આ કાળને વિષે બહુ વિકટ છે, અને તેથી ઉપર જણાવ્યું છે, એવું પરિણામ ઘણીવાર આવતું અટકી જાય છે. અમારા વિષે વર્તતો પરમ વૈરાગ્ય વ્યવહારને વિષે ક્યારેય મન મળવા

દેતો નથી, અને વ્યવહારનો પ્રતિબંધ તો આખો દિવસ રાખવો પડે છે. હાલ તો એવા ઉદય સ્થિતિમાં વર્તે છે, તેથી સંભવ થાય છે કે, તે પણ સુખનો હેતુ છે.

અમે તો પાંચ માસ થયાં જગત, ઇશ્વર અને અન્યભાવ એ સર્વને વિષે ઉદાસીનપણે વર્તીએ છીએ, તથાપિ તે વાર્તા તમને ગાંભીર્યપણે રહી જણાવી નથી. તમે જે પ્રકારે ઇશ્વરાદિ વિષે શ્રદ્ધાશીલ છો, તેમ વર્તવું તમને કલ્યાણરૂપ છે. અમને તો કોઇ જાતનો ભેદભાવ નહીં ઉત્પન્ન થતો હોવાથી સર્વ જંજાળરૂપ વર્તે છે; એટલે ઇશ્વરાદિ સમેતમાં ઉદાસપણું વર્તે છે; આવું જે અમારૂં લખવું તે વાંચી, કોઇ પ્રકારે સંદેહને વિષે પડવાને તમે યોગ્ય નથી.

હાલ તો અમે અત્રપણે વર્તીએ છીએ, એટલે કોઇ પ્રકારની જ્ઞાનવાર્ત્તા પણ જણાવી શકાતી નથી; પણ મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્તે છે; એતો નિઃશંક વાર્ત્તા છે; અમારૂં જે ચિત્ત તે આત્મા શિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી; ક્ષણુ પણ અન્યભાવને વિષે સ્થિર થતું નથી; સ્વરૂપને વિષે સ્થિર રહે છે; એવું જે અમારૂં આશ્ચર્યકારક સ્વરૂપ તે હાલ તો ક્યાંય કહ્યું જતું નથી. ઘણા માસ વીત્યાથી તમને લખી સંતોષ માનીએ છીએ.

મુંબઇ, વૈશાખ વદ ૬, ભોમ, ૧૯૪૮.

૨૩૩.

ૐ

નિરંતર જેને અભેદધ્યાન વર્તે છે, એવા શ્રી બોધપુરુષના યથાયોગ્યવાંચશો. અત્ર ભાત્ર પ્રત્યે તો સમાધિ વર્તે છે; અને બાહ્ય પ્રત્યે ઉપાધિજોગ વર્તે છે; તમારાં આવેલાં ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે, અને તે કારણથી પ્રત્યુત્તર લખ્યો નથી.

આ કાળતું વિષમપણું એવું છે, કે જેને વિષે ઘણા વખતસુધી સત્સંગનું સેવન થયું હોય તો જીવને વિશેષથી લોકભાવના ઓછી થાય; અથવા લય પામે. લોકભાવનાના આવરણને લીધે પરમાર્થભાવના પ્રત્યે જીવને ઉલ્લાસપરિણતિ થાય નહીં; અને ત્યાં સુધી લોકસહવાસ તે ભવરુપ હોય છે.

સત્સંગનું સેવન જે નિરંતરપણે ઇચ્છે છે, એવા મુમુક્ષુ જીવને જ્યાંસુધી તે જોગનો વિરહ રહે ત્યાંસુધી, દઢભાવે તે ભાવના ઇચ્છી પ્રત્યેક કાર્ય કરતાં વિચારથી વર્તી, પોતાને વિષે લઘુપણું માન્ય કરી, પોતાના જોવામાં આવે તે દોષ પ્રત્યે નિવૃત્તિ ઇચ્છી, સરળપણે વર્ત્યા કરવું; અને જે કાર્યેકરી તે ભાવનાની ઉત્પત્તિ થાય, એવી જ્ઞાનવાર્ત્તા, કે જ્ઞાનલેખ કે ગ્રંથનું કંઇ કંઇ વિચારવું રાખવું તે, યોગ્ય છે.

ઉપર જણાવી છે જે વાર્ત્તા તેને વિષે બાધ કરનારા એવા ઘણા પ્રસંગ તમ જીવોને વર્તે છે, એમ જાણીએ છીએ, તથાપિ તે તે બાધ કરનારા પ્રસંગ પ્રત્યે જેમ બને તેમ સદ્ઉપયોગે વિચારી વર્તવાનું ઇચ્છવું, અનુક્રમે બને એવું છે, કોઇ પ્રકારે મનને વિષે સંતાપ પામવા યોગ્ય નથી. પુરુષાર્થ જે કંઇ થાય તે કરવાની દઢ ઇચ્છા રાખવી યોગ્ય છે; અને પરમ એવું જે બોધસ્વરુપ છે, તેનું જેને ઓળખાણ છે એવા પુરુષે તો, નિરંતર તેમ વર્ત્યાના પુરુષાર્થને વિષે મુંઝાવું યોગ્ય નથી.

અનંત કાળે જે પ્રાપ્ત થયું નથી, તે પ્રાપ્તપણાને વિષે અમુક કાળ વ્યતીત થાય, તો હાનિ નથી. માત્ર અનંતકાળે જે પ્રાપ્ત થયું છે, તેને વિષે ભ્રાંતિ થાય, ભૂલ થાય, તે હાનિ છે. જો પરમ એવું જ્ઞાનીનું સ્વરુપ ભાસ્યમાન થયું છે, તો પછી તેના માર્ગને વિષે અનુક્રમે જીવનું પ્રવેશપણું થાય, એ સરળ પ્રકારે સમજાય એવી વાર્ત્તા છે.

રુડે પ્રકારે મન વર્તે એમ વર્તો. વિયોગ છે, તો તેમાં કલ્યાણનો પણ વિયોગ છે, એ વાત્તી સત્ય છે, તથાપિ જો જ્ઞાનીના વિયોગમાં પણ તેને જ વિષે ચિત્ત વર્તે છે, તો કલ્યાણ છે. ધીરજનો ત્યાગ કરવાને યોગ્ય નથી.

મુંબઈ, વૈશાખ વદ ૧૩, ભોમ, ૧૯૪૮. શ્રી સ્વરૂપના યથાયોગ્ય.

૨૩૪.

"મનને લઇને આ બધું છે," એવો જે અત્યારસુધીનો થયેલો નિર્ણય લખ્યો તે સામાન્ય પ્રકારે તો યથાતથ્ય છે, તથાપિ 'મન,' 'તેને,' લઇને અને 'આ બધું,' અને 'તેનો નિર્ણય' એવા જે ચાર ભાગ એ વાક્યના થાય છે, તે ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય છે, એમ જાણીએ છીએ. જેને તે સમજાય છે, તેને મન વશ વર્તે છે, એ વાત નિશ્ચયરુપ છે, તથાપિ ન વર્તતું હોય, તોપણ તે આત્મસ્વરુપને વિષે જ વર્તે છે

એ મન વશ થવાનો ઉત્તર ઉપર લખ્યો છે; તે સર્વથી મુખ્ય એવો લખ્યો છે. જે વાક્ય લખવામાં આવ્યાં છે તે, ઘણા પ્રકારે વિચારવાને યોગ્ય છે.

મહાત્માનો દેહ બે કારણને લઇને વિદ્યમાનપણે વર્તે છેઃ પ્રારબ્ધકર્મ ભોગવવાને અર્થે; જીવોના કલ્યાણને અર્થે. તથાપિ એ બંનેમાં તે ઉદાસપણે ઉદય આવેલી વર્તનાએ વર્તે છે, એમ જાણીએ છીએ.

ધ્યાન, જપ, તપ, ક્રિયા માત્ર એ સર્વ થકી અમે જણાવેલું કોઇ વાક્ય જો પરમ ફળનું કારણ ધારતા હો તો, નિશ્ચયપણે ધારતા હો તો, પાછળથી બુદ્ધિ લોકસંજ્ઞા, શાસ્ત્રસંજ્ઞા પર ન જતી હોય તો, જાય તો તે ભ્રાંતિવડે ગઈ છે એમ ધારતા હો તો, તે વાક્યને ઘણા પ્રકારની ધીરજ વડે વિચારવાને ધારતા હો તો, લખવાને ઇચ્છા થાય છે. હજી આથી વિશેષપણે નિશ્ચયને વિષે ધારણા કરવાને લખવું અગત્ય જેવું લાગે છે, તથાપિ ચિત્ત અવકાશરુપે વર્તતું નથી; એટલે જે લખ્યું છે તે, પ્રબળપણે માનશો.

વૈશાખ વદ ૧૪, બુધ, ૧૯૪૮

૨૩૫.

ઇશ્વરાદિ સંબંધી જે નિશ્ચય છે, તેમ વિષે હાલ વિચારનો ત્યાગ કરી સામાન્ય પ્રકારે 'સમયસાર'નું વાંચન કરવું યોગ્ય છે, અર્થાત ઇશ્વરના આશ્રયથી હાલ ધીરજ રહે છે, તે ધીરજ તેના વિકલ્પમાં પડવાથી રહેવી વિકટ છે.

'નિશ્ચય'ને વિષે અકર્તા, 'વ્યવહાર'ને વિષે કર્તા, ઇત્યાદિ જે વ્યાખ્યાન 'સમયસાર'ને વિષે છે, તે વિચારવાયોગ્ય છે, તથાપિ નિવૃત્ત થયા છે, જેના બોધસંબંધી દોષ એવા જે જ્ઞાની તેના પ્રત્યેથી એ પ્રકાર સમજવા યોગ્ય છે.

સમજવાયોગ્ય તો છે જે…સ્વરુપ, પ્રાપ્ત થયું છે જેમે વિષે નિર્વિકલ્પપણું એવા જ્ઞાનીથી, તેના આશ્રયે જીવના દોષ ગલિત થઇ પ્રાપ્ત હોય છે, સમજાય છે.

મુંબઇ, જેઠ શુદ ૧૦, રવિ, ૧૯૪૮.

૨૩૬,+

—એક પરિનામ કે ન કરતા દરબ દોય,
દોય પરિનામ એક દર્બ ન ધરતુ હૈ;
એક કરતૂતિ દોઇ દર્બ કબહો ન કરૈ,
દોઇ કરતૂતિ એક દર્બ ન કરતુ હૈ;
જીવ પુદ્ગલ એક ખેત અવગાહી દોઇ;

અપને અપને રુપ, કોઉ ન ટરતુ હે;
જડ પરિનામનિકો, કરતા હે પુદ્‌ગલ,
ચિદાનંદ ચેતન સુભાવ આચરતુ હે.—

જેઠ વદ ૭, શુક્ર, ૧૯૪૮. સમયસાર.

૨૩૭.

જેની પ્રાપ્તિ પછી અનંતકાળનું યાચકપણું મટી, સર્વ કાળને માટે અયાચકપણું પ્રાપ્ત હોય છે, એવો જો કોઈ હોય, તો, તે તરણ તારણ જાણીએ છીએ; તેને ભજો.

સંસારથી કંટાળ્યા તો ઘણો કાળ થઇ ગયો છે, તથાપિ સંસારનો પ્રસંગ હજી વિરામ પામતો નથી; એ એક પ્રકારનો ક્લેશ વર્તે છે. હાલ તો નિર્બળ થઇ શ્રી હરિને હાથ સોંપીએ છીએ.

અમને તો કંઇ કરવા વિષે બુદ્ધિ થતી નથી, અને લખવા વિષે બુદ્ધિ થતી નથી; કંઇક વાણીએ વર્તિયે છીએ; તેમાં પણ બુદ્ધિ થતી નથી; માત્ર આત્મારુપ મૌનપણું, અને તે સંબંધી પ્રસંગ, એને વિષે બુદ્ધિ રહે છે, અને પ્રસંગ તો તેથી અન્ય પ્રકારના વર્તે છે.

એવી જ ઇશ્વરેચ્છા હશે, એમ જાણી જેમ સ્થિતિ પ્રાપ્ત થાય છે, તેમ જ યોગ્ય જાણી રહીએ છીએ. બુદ્ધિ તો મોક્ષને વિષે પણ સ્પૃહાવાળી નથી, પણ પ્રસંગ આ વર્તે છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૨૩૮

સં૦ ૧૯૪૮ ના જેઠ વદ ૦)), શુક્ર. નમસ્કાર પહોંચે.

શબ્દાદિ પાંચ વિષયની પ્રાપ્તિની ઇચ્છાએ કરી જેનાં ચિત્તો અત્યંત વ્યાકુળપણે વર્તે છે, એવા જીવોનું જ્યાં વિશેષપણું દેખાવું છે, એવો જે કાળ તે આ દુષમ કળિયુગ નામનો કાળ છે. તેને વિષે વિહ્વળપણું જેને પરમાર્થને વિષે નથી થયું, ચિત્ત વિક્ષેપ પામ્યું નથી, સંગે કરી પ્રવર્તનભેદ પામ્યું નથી, બીજી પ્રીતિના પ્રસંગે જેનું ચિત્ત આવૃત થયું નથી, બીજાં જે કારણો તેને વિષે જેનો વિશ્વાસ વર્તતો નથી, એવો જો કોઇ હોય, તો તે આ કાળને વિષે 'બીજો શ્રી રામ' છે. તથાપિ જોઇને સખેદ આશ્ચર્ય વર્તે છે કે, એ ગુણોના કોઈ અંશે સંપન્ન પણ અલ્પ જીવો દષ્ટિગોચર થતા નથી.

નિદ્રા શિવાયનો બાકીનો જે વખત તેમાંથી એકાદ કલાક શિવાય બાકીનો વખત મન, વચન, કાયાથી ઉપાધિને જોગે વર્તે છે; ઉપાય નથી, એટલે સમ્યક્ પરિણતિએ સવેદન કરવું યોગ્ય છે.

મોટા આશ્ચર્યને પમાડનારા એવા જળ, વાયુ, ચંદ્ર, સૂર્ય, અગ્નિ આદિ પદાર્થોના જે ગુણો તે સામાન્ય પ્રકારે પણ જેમ જીવોની દૃષ્ટિમાં આવતા નથી, અને પોતાનું જે નાનું ઘર અથવા કંઇ ચીજો તેને વિષે કોઇ જાતનું જાણે આશ્ચર્યકારક સ્વરૂપ દેખી અહંત્વ વર્તે છે એ જોઇ, એમ થાય છે કે, લોકોને દૃષ્ટિભ્રમ અનાદિ કાળનો મટયો નથી; જેથી મટે એવો જે ઉપાય, તેને વિષે જીવનું અલ્પ પણ જ્ઞાન પ્રવર્તતું નથી, અને તેનું ઓળખાણ થયે પણ સ્વેચ્છાએ વર્તવાની જે બુદ્ધિ તે વારંવાર ઉદય પામે છે; એમ ઘણા જીવોની સ્થિતિ જોઇ આ લોક અનંતકાળ રહેવાનો છે એમ જાણો.

અષાડ શુદ ૯, ૧૯૪૮, મુંબઇ.

૨૩૯.

શાંતિઃ

ઉપાધિને વિષે વિક્ષેપરહિતપણે વર્તવું, એ વાત અત્યંત વિકટ છે. જે વર્તે છે, તે થોડા

કાળનેવિષે પરિપકવ સમાધિરુપ હોય છે.

અષાડ વદ ૦)), ૧૯૪૮.

૨૪૦.

" જગત્ જ્યાં સુવે છે, ત્યાં જ્ઞાની જાગે છે. જ્ઞાની જાગે છે, ત્યાં જગત્ સુવે છે. જગત્ જાગે છે, ત્યાં જ્ઞાની સુવે છે" એમ શ્રીકૃષ્ણ કહે છે.

શ્રાવણ શુદ ૪, બુધ, ૧૯૪૮, મુંબઇથી. આત્મપ્રદેશ સમસ્થિતિએ નમસ્કાર.

૨૪૧.

અસત્સંગમાં ઉદાસીન રહેવા માટે જીવને વિષે અપ્રમાદપણે નિશ્ચય થાય છે, ત્યારે 'સત્જ્ઞાન' સમજાય છે; તે પહેલાં પ્રાપ્ત થએલ બોધને ઘણા પ્રકારના અંતરાય રહ્યા હોય છે.

જગત અને મોક્ષનો માર્ગ એ બે એક નથી; જેને જગતની ઇચ્છા, રુચિ, ભાવના તેને મોક્ષને વિષે અનિચ્છા, અરુચિ, અભાવના હોય, એમ જણાય છે.

—ઇણ વિધ પરખી મન વિસરામી, જીનવર ગુણ જે ગાવે રે;
દીનબંધુની મહેરનજર થકી, આનંદઘન પદ પાવે હો.
મલ્લિજીન સેવક કેમ અવગણિયે હો.—
—જીન થઇ જીનવર જે આરાધે, તે સહી જીનવર હોવે રે;
ભંગી ઇલીકાને ચટકાવે, તે ભંગી જગ જોવે રે.
—શ્રી આનંદઘન.

શ્રવણ શુદ ૧૦, બુધ, ૧૯૪૮.

૨૨૨.

ૐ નમઃ

નિષ્કામ યથાયોગ્ય.—જે ઉપાર્જીત કર્મ ભોગવતાં ઘણો વખત ભાવિમાં વ્યતીત થશે, તે બળવાનપણે ઉદયમાં વર્તી ક્ષયપણાને પામતાં હોય, તો તેમ થવા દેવાં યોગ્ય છે, એમ ઘણાં વર્ષનો સંકલ્પ છે.

વ્યાવહારિક પ્રસંગ સંબંધી ચોતરફથીઃ ચિંતા ઉત્પન્ન થાય, એવાં કારણો જોઇને પણ નિર્ભયતા આશ્રય રાખવા યોગ્ય છે.

અમે વિશેષ કંઇ હાલ લખી શકતા નથી, તે માટે ક્ષમા માગીએ છીએ, એ જ વિનંતી.

--નાગર સુખ પામર નવી જાણે, વલ્લભ સુખ ન કુમારી રે;
અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કોણ જાણે નરનારી રે.
--મન મહિલાનું વહાલા ઉપરે; બીજાં કામ કરંત રે;

૧૯૪૮ ના શ્રાવણ શુદ ૧૦ બુધ.

૨૪૩.

—मन महिलानुं वहाला उपरे; बीजां काम करंत रे;
तेम श्रुतधर्मे मन दृढ धरे, ज्ञानाक्षेपकवंत रे–(घन०)

ઘર સંબંધી બીજાં સમસ્ત કાર્ય કરતાં છતાં પણ જેમ પતિવ્રતા (–'મહિલા' શબ્દનો અર્થ) સ્રીનું મન પોતાના પ્રિય એવા ભર્ત્તારને વિષે લીન છે, તેમ સમ્યક્દૃષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્યપ્રસંગે વર્તવું પડતાં છતાં, જ્ઞાની સંબંધી શ્રવણ કાર્યો છે એવો જે ઉપદેશધર્મ તેને વિષે લીનપણે વર્તે છે.

સમસ્ત સંસારને વિષે સ્ત્રી, પુરુષના સ્નેહને પ્રધાન ગણવામાં આવ્યો છે; તેમાં પણ પુરુષ પ્રત્યેનો સ્ત્રીનો પ્રેમ એ કોઈ પ્રકારે પણ તેથી વિશેષ પ્રધાન ગણવામાં આવ્યો છે, અને એમાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનો સ્નેહ, તે પ્રધાનને વિષે પણ પ્રધાન એવો ગણવામાં આવ્યો છે. તે સ્નેહ એવો પ્રધાન પ્રધાન શા માટે ગણવામાં આવ્યો છે ? ત્યારે જેને સિદ્ધાંત બળવાનપણે દર્શાવવા તે દૃષ્ટાંતને ગ્રહણ કર્યું છે, એવો સિદ્ધાંતકાર કહે છે કે, તે સ્નેહને એટલા માટે અમે પ્રધાનને વિષે પણ પ્રધાન ગણ્યો છે કે, બીજાં બધાં ઘર સંબંધી-અને બીજાં પણ-કામ કરતાં છતાં તે પતિવ્રતા એવી મહિલાનું ચિત્ત પતિને વિષે જ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઇચ્છાપણે વર્તે છે, એટલા માટે.

પણ સિદ્ધાંતકાર કહે છે કે, એ સ્નેહનું કારણ તો સંસારપ્રત્યયી છે, અને અત્રે તો તે અસંસારપ્રત્યયી કરવાને અર્થે કહેવું છે; માટે તે સ્નેહ, લીનપણે, પ્રેમપણે સ્મરણપણે, ધ્યાનપણે ઇચ્છાપણે જ્યાં કરવાયોગ્ય છે; જ્યાં તે સ્નેહ અસંસાર પરિણામને પામે છે, તે કહીએ છીએ.

તે સ્નેહ તો પતિવ્રતારુપ એવા મુમુક્ષુએ જ્ઞાનીસંબંધી શ્રવણરુપ જે ઉપદેશાદિ ધર્મ, તેની પ્રત્યે તે જ પ્રકારે કરવા યોગ્ય છે. અને તે પ્રત્યે તે પ્રકારે જે જીવ વર્તે છે ત્યારે, "કાંતા" એવા નામની સમકીત સંબંધી જે દૃષ્ટિ, તેને વિષે તે જીવ સ્થિત છે, એમ જાણીએ છીએ.

એવા અર્થને વિષે પૂરિત એવા એ બે પદ છે; તે પદ તો ભક્તિપ્રધાન છે; તથાપિ તે પ્રકારે ગૂઢ આશયે જીવનું નિદિધ્યાસન ન થાય તો કવચિત્ બીજું એવું પદ તે જ્ઞાનપ્રધાન જેવું ભાસે છે, અને તમને ભાસશે; એમ જાણી તે બીજા પદનો તેવા પ્રકારનો ભાસ, બોધ થવા અર્થે ફરી પત્રની પૂર્ણતાએ માત્ર પ્રથમનું એક જ પદ લખી પ્રધાનપણે ભક્તિને જણાવી છે.

ભક્તિ પ્રધાન દશાએ વર્તવાથી જીવના સ્વછંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે, એવો પ્રધાન આશય જ્ઞાની પુરૂષોનો છે.

તે ભક્તિને વિષે નિષ્કામ એવી અલ્પ પણ ભક્તિ જો જીવને ઉત્પન્ન થઈ હોય છે, તો તે ઘણા દોષથી નિવૃત્ત કરવાને યોગ્ય એવી હોય છે; અલ્પ એવું જ્ઞાન અથવા જ્ઞાનપ્રધાનદશાને અસુગમ એવા માર્ગ પ્રત્યે-સ્વછંદાદિ દોષપ્રત્યે-અથવા પદાર્થ સંબંધી ભ્રાંતિપ્રત્યે-પ્રાપ્ત કરે છે, ઘણું કરીને એમ હોય છે; તેમાં પણ આ કાળને વિષે તો ઘણા કાળસુધી જીવનપર્યંત પણ જીવે ભક્તિપ્રધાનદશા આરાધવાયોગ્ય છે; એવો નિશ્ચય જ્ઞાનીઓએ કર્યો જણાય છે. (અમને એમ લાગે છે; અને એમ જ છે.)

હૃદયને વિષે જોવા દર્શન કરવાની તમને ઇચ્છા છે, તેને પ્રતિબંધ કરનારી એવી પ્રારબ્ધસ્થિતિ છે; અને તે સ્થિતિને પરિપકવ થવાની હજુ વાર છે; વળી તેના પ્રત્યક્ષપણામાં તો હાલ ગૃહાશ્રમ વર્તે છે, અને ચિત્રપટને વિષે સંન્યસ્તાશ્રમ વર્તે છે, એ એક ધ્યાનનો મુખ્ય એવો બીજો પ્રતિબંધ છે, તે મૂર્તિથી તે આત્મસ્વરુપપુરુષની દશા ફરી ફરી તેનાં વાક્યાદિનાં અનુસંધાને વિચારવાને યોગ્ય છે, અને તેનું તે હૃદયદર્શનથી પણ મોટું ફળ છે; આ વાતને અત્ર સંક્ષેપ કરવી પડે છે.

ભૃંગી ઇલીકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે.

એ વાક્ય પરંપરાગત છે; એવું થવું કોઇ પ્રકારે સંભવિત છે, તથાપિ પ્રોફેસરનાં ગવેષણ પ્રમાણે ધારીએ કે તેમ થતું નથી, તોપણ અત્ર કંઈ હાનિ નથી, કારણ કે દૃષ્ટાંત તેવી અસર કરવાને યોગ્ય છે, તો પછી સિદ્ધાંતનો જ અનુભવ કે વિચાર કર્તવ્ય છે. ઘણું કરીને એ દૃષ્ટાંત સંબંધી કોઇને જ વિકલ્પ હશે, એટલે તે દૃષ્ટાંત માન્ય છે એમ જણાય છે; લોકદૃષ્ટિએ અનુભવગમ્ય છે. એટલે સિદ્ધાંતને વિષે તેનું બળવાનપણું જાણી મહત્ પુરૂષો તે દૃષ્ટાંત આપતા આવ્યા

છે, અને કોઈ પ્રકારે તેમ થવું સંભાવ્ય પણ જાણીએ છીએ. એક સમય પણ કદાપિ તે દૃષ્ટાંત સિદ્ધ ન થાય એવું છે એમ ઠરે, તોપણ, ત્રણે કાળને નિરાબાધ-અખંડ સિદ્ધ-એવી વાત તેના સિદ્ધાંતપદની તો છે. (જિનસ્વરુપ થઈ જિનને આરાધે, તે સહી જિનવર હોવે રે.)

આનંદઘનજી અને બીજા બધા જ્ઞાનીપુરુષો એમજ કહે છે. અને જિન વળી બીજો પ્રકાર કહે છે કે, અનંતવાર જિનસંબંધી જે ભક્તિ તે કરવા છતાં જીવનું કલ્યાણ થયું નહીં. જિનમાર્ગને વિષે ઓળખાતાં એવાં સ્ત્રી પુરુષો એમ કહે છે કે, અમે જિનને આરાધીએ છીએ. અને તે આરાધવા જાય છે, અથવા આરાધન કરવાને વિષે ઉપાય લેછે, તેમ છતાં જિનવર થયેલા એવા તે દેખાતા નથી; ત્રણે કાળને વિષે અખંડ એવો એ સિદ્ધાંત તો અત્ર ખંડપણાને પામે છે, ત્યારે હવે એ વાત વિકલ્પ કરવાયોગ્ય કેમ નથી??

શ્રાવણ વદ ૧૦, ૧૯૪૮.

૨૪૪.

આત્મસ્વરુપને વિષે સ્થિતિ છે એવા જે ૦ ૦ ૦ ૦ ૦ ૦ ૦ તેના નિષ્કામ સ્મરણે યથાયોગ્ય વાંચશો. તે તરફના "આજે ક્ષાયક સમકીત ન હોય" એ વગેરે સંબંધી વ્યાખ્યાનના પ્રસંગનું તમ લિખિત પત્ર પ્રાપ્ત થયું છે. જે જીવો તે તે પ્રકારે પ્રતિપાદન કરે છે, ઉપદેશે છે, અને તે સંબંધી વિશેષપણે જીવોને પ્રેરણા કરે છે, તે જીવો જો તેટલી પ્રેરણા-ગવેષણા-જીવનાં કલ્યાણને વિષે કરશે, તો તે પ્રશ્નનું સમાધાન થવાને કયારેય પણ તેમને પ્રસંગ પ્રાપ્ત થશે. એવા જીવો પ્રત્યે દોષદૃષ્ટિ કરવી યોગ્ય નથી; નિષ્કામ કરુણાએ કરી માત્ર તે જીવો જોવા યોગ્ય છે; કોઈ પ્રકારનો તે સંબંધી ચિત્તને વિષે ખેદ આણવો યોગ્ય નથી; તે તે પ્રસંગે જીવે તેમના પ્રત્યે ક્રોધાદિ કરવા યોગ્ય નથી, કદાપિ તે જીવોને ઉપદેશ કરી સમજાવવાની તમને ચિંતના થતી હોય, તોપણ તે માટે તમે વર્તમાન દશાએ જોતાં તો નિરુપાય છો, માટે અનુકંપાબુદ્ધિ અને સમતાબુદ્ધિએ તે જીવો પ્રત્યે સરળ પરિણામે જોવું, તેમ જ ઇચ્છવું અને તે જ પરમાર્થ માર્ગ છે, એમ નિશ્ચય રાખવો યોગ્ય છે.

હાલ તેમને જે કર્મસંબંધી આવરણ છે, તે ભંગ કરવાને તેમને જ જો ચિંતા ઉત્પન્ન થાય, તો પછી તમથી અથવા તમ જેવા બીજા સત્સંગીના મુખથી કંઇ પણ શ્રવણ કરવાની વારંવાર તેમને ઉલ્લાસ વૃત્તિ ઉત્પન્ન થાય, અને કોઈ આત્મસ્વરુપ એવા સત્પુરુષને જોગે માર્ગની પ્રાપ્તિ થાય પણ તેની ચિંતા ઉત્પન્ન થવાનો તેમને સમીપ જોગ જો હોય, તો હાલ આવી ચેષ્ટામાં વર્તે નહીં; અને જ્યાંસુધી તેવી જીવની ચેષ્ટા છે, ત્યાંસુધી તીર્થંકર જેવા જ્ઞાની પુરૂષનું વાકય પણ તે પ્રત્યે નિષ્ફળ થાય છે, તો તમ વગેરેમાં વાકયનું નિષ્ફળપણું હોય, અને તેમને કલેશરૂપ ભાસે એમાં આશ્ચર્ય નથી, એમ સમજી ઉપર પ્રદર્શિત કરી છે એવી અંતરંગ ભાવનાએ તે પ્રત્યે વર્તવું; અને કોઇ પ્રકારે પણ તેમને તમ સંબંધી કલેશનું ઓછું કારણ થાય, એવી વિચારણા કરવી તે માર્ગને વિષે યોગ્ય ગણ્યું છે.

વળી બીજી એક ભલામણ સ્પષ્ટપણે લખવી યોગ્ય ભાસે છે, માટે લખીએ છીએ, તે એ કે, આગળ અમે તમ વગેરેને જણાવ્યું હતું કે, અમારા સંબંધી જેમ બને તેમ બીજા જીવો પ્રત્યે ઓછી વાત કરવી. તે અનુક્રમમાં વર્તવાનો લક્ષ વિસર્જન થયો હોય તો, હવેથી સ્મરણ રાખશો; અમારાસંબંધી, અને અમારાથી કહેવાયલાં કે લખાયલાં વાકયોસંબંધી એમ કરવું યોગ્ય છે; અને તેનાં કારણો તમને હાલ સ્પષ્ટ જણાવવાં તે યોગ્યતાવાળું નથી; તથાપિ તે અનુક્રમે જો અનુસરવામાં વિસર્જન થવાય છે. તો બીજા જીવોને કલેશાદિનું કારણ થવાય છે, તે પણ હવે "ક્ષાયકની ચર્ચા" વગેરેના પ્રસંગથી તમને અનુભવમાં આવેલ છે. જે કારણો જીવને પ્રાપ્ત થવાથી કલ્યાણનું

કારણ થાય, તે કારણોની પ્રાપ્તિ તે જીવોને આ ભવને વિષે થતી અટકે છે, કેમકે તે તો પોતાના અજ્ઞાનપણાથી, નથી ઓળખાણ પડયું એવા સત્પુરૂષસંબંધીની તમ વગેરેથી પ્રાપ્ત થયેલી વાતથી તે સત્પુરૂષ પ્રત્યે વિમુખપણાને પામે છે; તેને વિષે આગ્રહપણે અન્ય અન્ય ચેષ્ટા કલ્પે છે; અને ફરી તેવો જોગ થયે તેવું વિમુખપણું ઘણુંકરીને બળવાનપણાને પામે છે. એમ ન થવા દેવા, અને આ ભવને વિષે તેમને તેવો જોગ જો અજાણપણે પ્રાપ્ત થાય તો, વખતે શ્રેયને પામે, એમ ધારણા રાખી, અંતરંગમાં એવા સત્પુરૂષને પ્રગટ રાખી, બાહ્યપ્રદેશે ગુપ્તપણું રાખવું વધારે યોગ્ય છે. તે ગુપ્તપણું માયા કપટ નથી, કારણ કે તેમ વર્તવા વિષે માયા કપટનો હેતુ નથી,–તેના ભવિષ્યકલ્યાણનો હેતુ છે; જે તેમ હોય તે માયાકપટ ન હોય એમ જાણીએ છીએ.

જેને દર્શનમોહનીય ઉદયપણે બળવાનપણે વર્તે છે, એવા જીવને માત્ર સત્પુરૂષાદિકનાં અવજ્ઞાદિ બોલવાનો પ્રસંગ આપણાથી પ્રાપ્ત ન થાય એટલો ઉપયોગ રાખી વર્તવું, એ તેનું અને ઉપયોગ રાખનાર એ બન્નેના કલ્યાણનું કારણ છે.

જ્ઞાની પુરૂષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું, એ જીવનું અનંતસંસાર વધવાનું કારણ છે, એમ તીર્થંકર કહે છે; તે પુરૂષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું અને તેની આજ્ઞામાં સરળ પરિણામે પરમઉપયોગદૃષ્ટિએ વર્તવું, એ અનંત સંસારને નાશ કરનારૂં તીર્થંકર કહે છે; અને તે વાક્યો જિનાગમને વિષે છે. ઘણા જીવો તે વાક્યો શ્રવણ કરતા હશે, તથાપિ પ્રથમ વાક્યને અફળ અને બીજા વાક્યને સફળ કર્યું હોય, એવા જીવો તો ક્વચિત જ જોવામાં આવે છે; પ્રથમ વાક્યને સફળ, અને બીજા વાક્યને અફળ, એમ જીવે અનંતવાર કર્યું છે. તેવાં પરિણામમાં આવતાં તેને વખત લાગતો નથી, કારણ કે અનાદિકાળથી મોહ નામનો મદિરા તેના આત્મામાં પરિણામ પામ્યો છે; માટે વારંવાર વિચારી તેવા તેવા પ્રસંગમાં યથાશક્તિ યથાબળવીર્યે ઉપર દર્શિત કર્યો છે જે પ્રકાર, તે પ્રકારે વર્તવું યોગ્ય છે.

કદાપિ એમ ધારો કે "ક્ષાયક સમકિત આ કાળમાં ન હોય" એવું સ્પષ્ટ જીનના આગમને વિષે લખ્યું છે; હવે તે જીવે વિચારવું યોગ્ય છે કે "ક્ષાયક સમકિત એટલે શું સમજવું ?" જેમાં એક નવકારમંત્ર જેટલું પણ વ્રત પ્રત્યાખ્યાન હોતું નથી, છતાં તે જીવ વિશેષ તો ત્રણ ભવે, અને નહીં તો, તે જ ભવે પરમપદને પામે છે; એવી મોટી આશ્ચર્યકારક તો તે સમકીતની વ્યાખ્યા છે; ત્યારે હવે એવી તે કઈ દશા સમજવી કે જે 'ક્ષાયક સમકીત' કહેવાય ? "ભગવાન તીર્થંકરને વિષે દૃઢ શ્રદ્ધા" એનું નામ જો 'ક્ષાયક સમકીત' એમ ગણીએ, તો તે શ્રદ્ધા કેવી સમજવી કે જે શ્રદ્ધા આપણે જાણી કે આ તો ખચિત આ કાળમાં હોય જ નહીં ? જો એમ જણાતું નથી કે અમુક દશા કે અમુક શ્રદ્ધાને 'ક્ષાયક સમકીત' કહ્યું છે, તો પછી તે નથી એમ, માત્ર જિનાગમના શબ્દોથી જાણવું થયું કહીએ છીએ. હવે એમ ધારો કે, તે શબ્દો બીજા આશયે કહેવાયા છે, અથવા કોઇ પાછળના કાળના વિસર્જનદોષે લખાયા છે, તો તેને વિષે આગ્રહ કરીને જે જીવે પ્રતિપાદન કર્યું હોય, તે જીવ કેવા દોષને પ્રાપ્ત હોય ? તે સખેદ કરુણાએ વિચારવાયોગ્ય છે. હાલ જેને જિનસૂત્રોને નામે ઓળખવામાં આવે છે તેમાં "ક્ષાયકસમકીત નથી," એવું સ્પષ્ટ લખેલું નથી; અને તે પરંપરાગત તથા બીજા કેટલાક ગ્રંથોમાં એ વાત ચાલી આવે છે, એમ વાંચેલું છે, અને સાંભળેલું છે. તે વાક્ય મિથ્યા છે કે મૃષા છે, એમ અમારો અભિપ્રાય નથી, તેમ તે વાક્ય જે પ્રકારે લખ્યું છે, તે એકાંત અભિપ્રાયે જ લખ્યું છે એમ, અમને લાગતું નથી. કદાપિ એમ ધારો કે, તે વાક્ય એકાંત એમ જ હોય, તોપણ કોઇ પણ પ્રકારે વ્યાકુળપણું કરવું યોગ્ય નથી, કારણ કે તે બધી વ્યાખ્યા જો સત્પુરૂષના આશયથી જાણી નથી તો પછી સફળ નથી. એને બદલે કદાપિ ધારો કે, જિનાગમમાં લખ્યું હોય કે ચોથા કાળની પેઠે પાંચમા કાળમાં પણ

ઘણા જીવો મોક્ષ જવાના છે તો, તે વાતનું શ્રવણ કંઇ તમને કલ્યાણકર્ત્તા થાય નહીં, અ-થવા મોક્ષપ્રાપ્તિનું કારણ હોય નહીં, કારણ કે તે મોક્ષપ્રાપ્તિ જે દશાને કહી છે, તે જ દશાની પ્રાપ્તિ જ સિદ્ધ છે; ઉપયોગી છે; કયાણકર્ત્તા છે; શ્રવણ તો માત્ર વાત છે, તેમ જ તેથી પ્રતિકૂળ વાક્ય પણ માત્ર વાત છે; તે બેય લખી હોય, અથવા એક જ લખી હોય, અથવા વગર વ્ય-વસ્થાએ રાખ્યું હોય તોપણ તે બંધ કે મોક્ષનું કારણ નથી; માત્ર બંધદશા તે બંધ છે; મોક્ષદશા તે મોક્ષ છે; ક્ષાયકદશા તે ક્ષાયક છે; અન્ય દશા તે અન્ય છે; શ્રવણ તે શ્રવણ છે મનન તે મનન છે; પરિણામ તે પરિણામ છે; પ્રાપ્તિ તે પ્રાપ્તિ છે; એમ સત્પુરૂષનો નિશ્ચય છે. બંધ તે મોક્ષ નથી, મોક્ષ તે બંધ નથી. જે, જે છે, તે તે છે; જે જે સ્થિતિમાં છે, તે તે સ્થિ-તિમાં છે. બંધબુદ્ધિ ટળી નથી. અને મોક્ષ, જીવન્મુક્તતા માનવામાં આવે, તો તે જેમ સફળ નથી, તેમ અક્ષાયકદશાએ ક્ષાયક માનવામાં આવે, તો તે પણ સફળ નથી; માનવાનું ફળ નથી, પણ દશાનું ફળ છે. જ્યારે એ પ્રકારે છે, ત્યારે હવે આપણો આત્મા કઇ દશામાં હાલ છે, અને તે ક્ષાયક સમકીતી જીવની દશાનો વિચાર કરવાને યોગ્ય છે કે કેમ? અથવા તેનાથી ઉત-રતી અથવા તેથી ઉપરની દશાનો વિચાર આ જીવ યથાર્થ કરી શકે એમ છે કે કેમ? તે જ વિચારવું જીવને શ્રેયસ્કર છે; પણ અનંતકાળ થયાં જીવે તેવું વિચાર્યું નથી, તેને તેવું વિચારવું યોગ્ય છે, એવું ભાસ્યું પણ નથી; અને નિષ્ફળપણે સિદ્ધપદ સુધીના ઉપદેશ જીવ અનંતવાર કરી ચૂકયો છે; તે ઉપર જણાવ્યો છે તે પ્રકાર વિચાર્યા વિના, કરી ચૂકયો છે. વિચારીને યથાર્થ વિચારીને–કરી ચૂકયો નથી. જેમ પૂર્વે જીવે યથાર્થ વિચાર વિના તેમ કર્યું છે, તેમ જ તે દશા (યથાર્થ વિચારદશા) વિના વર્ત્તમાને તેમ કરે છે. પોતાના બોધનું બળ જીવને ભાનમાં આવશે નહીં ત્યાંસુધી, હવે પછી પણ તે વર્ત્યા કરશે; કોઇ પણ મહાપુણ્યને યોગે જીવ, ઓસરીને તથા તેવા મિથ્યા ઉપદેશના પ્રવર્ત્તનથી પોતાનું બોધબળ આવરણને પામ્યું છે એમ જાણી, તેને વિષે સાવધાન થઇ, નિરાવરણ થવાનો વિચાર કરશે ત્યારે તેવો ઉપદેશ કરતાં, બીજાને પ્રેરતાં આગ્રહે કહેતાં અટકશે. વધારે શું કહીએ? એક અક્ષર બોલતાં અતિશય અતિસય એવી પ્રેરણાએ પણ વાણી મૌનપણાને પ્રાપ્ત થશે, અને તે મૌનપણું પ્રાપ્ત થયા પહેલાં જીવને એક અક્ષર સત્ય બોલાય એમ બનવું અશક્ય છે. આ વાત કોઇ પણ પ્રકારે ત્રણે કાળને વિષે સંદેહપાત્ર નથી; તીર્થંકરે પણ એમ જ કહ્યું છે; અને તે તેનાં આગમમાં પણ હાલ છે, એમ જાણવામાં છે; કદાપિ આગ-મને વિષે એમ કહેવાયલો અર્થ રહ્યો હોત નહીં, તોપણ ઉપર જણાવ્યા છે તે શબ્દો આગમ જ છે–જિનાગમ જ છે. રાગ, દ્વેષ, અજ્ઞાન એ ત્રણે કારણથી રહિતપણે એ શબ્દો પ્રગટ લે-ખપણું પામ્યા છે, માટે સેવનીય છે. થોડાં વાકયોમાં લખી વાળવા ધારેલો આ પત્ર વિસ્તાર પામ્યો છે, અને ઘણાં જ ટુંકાણમાં તે લખ્યો છે, છતાં કેટલાક પ્રકારે અપૂર્ણ સ્થિતિએ આ પત્ર અત્ર પરિસમાપ્ત કરવો પડે છે.

આ પત્ર તમને તથા તમારા જેવા બીજા જે જે ભાઇઓને પ્રસંગ છે તેમને, પ્રથમ ભાગ વિશેષ કરી તેવા પ્રસંગે સ્મરણમાં રાખવા યોગ્ય છે; અને બાકીનો બીજો ભાગ તમને અને બીજા મુમુક્ષુ જીવને વારંવાર વિચારવા યોગ્ય છે. અત્ર ઉદેસમાધિ છે.

'વિચારસાગર'ના થોડા પણ તરંગો વાંચવાનો પ્રસંગ મળે તો લાભરુપ છે.

મુંબઇ, શ્રાવણ વદ ૧૧, ૧૯૪૮. "પ્રારબ્ધ દેહી."

૨૪૫.

જેમાં પ્રેમભક્તિ પ્રધાન નિષ્કામપણે રહી છે, એવાં તમ લિખિત ઘણાં પત્રો અનુક્રમે પ્રાપ્ત

થયાં છે. આત્માકારસ્થિતિ અને ઉપાધિજોગરુપ કારણને લીધે માત્ર તે પત્રોની પહોંચ લખવા જેટલું બન્યું છે.

અત્ર ભા. રેવાશંકરની શારીરિક સ્થિતિ યથાયોગ્યપણે રહેતી નહીં હોવાથી, અને વ્યવહાર સંબંધીનું કામકાજ વધ્યું હોવાથી, ઉપાધિજોગ પણ વિશેષ રહ્યો છે, અને રહે છે; જેથી આ ચોમાસામાં બહાર નીકળવાનું અશક્ય થયું છે.

તમ લિખિત કેટલાક પત્રોને વિષે જીવાદિ સ્વભાવ અને પરભાવનાં કેટલાંક પ્રશ્નો આવતાં હતાં; તેના પ્રત્યુત્તર તે કારણથી લખી શકાયા નથી. બીજા પણ જિજ્ઞાસુઓનાં પત્રો આ વખતમાં ઘણાં મળ્યાં છે, તેને માટે પણ ઘણું કરીને તેમ જ થયું છે.

હાલ જે ઉપાધિજોગ પ્રાપ્તપણે વર્તે છે, તે જોગનો પ્રતિબંધ ત્યાગવાનો વિચાર જો કરીએ, તો તેમ થઈ શકે એમ છે, તથાપિ તે ઉપાધિજોગના વેદવાથી જે પ્રારબ્ધ નિવૃત્ત થવાનું છે, તે તે જ પ્રકારે વેદવા શિવાયની બીજી ઇચ્છા વર્તતી નથી, એટલે તે જ જોગે પ્રારબ્ધ નિવૃત્ત થવા દેવું યોગ્ય છે, એમ જાણીયે છીએ, અને તેમ સ્થિતિ છે.

શાસ્ત્રોને વિષે આ કાળનેઅનુક્રમે ક્ષીણપણાયોગ્ય કહ્યો છે; અને તે પ્રકારે અનુક્રમે થયા કરે છે. એ ક્ષીણપણું મુખ્ય કરીને પરમાર્થસંબંધીનું કહ્યું છે. જે કાળમાં અત્યંત દુર્લભપણે પરમાર્થની પ્રાપ્તિ થાય, તે કાળ દુસમ કહેવા યોગ્ય છે. જો કે સર્વ કાળને વિષે પરમાર્થપ્રાપ્તિ જેનાથી થાય છે, એવા પુરુષોનો જોગ દુર્લભ જ છે, તથાપિ આવા કાળને વિષે તો અત્યંત દુર્લભ હોય છે, જીવોની પરમાર્થવૃત્તિ ક્ષીણપરિણામને પામતી જતી હોવાથી તે પ્રત્યે જ્ઞાની પુરુષોના ઉપદેશનું બળ ઓછું થાય છે, અને તેથી પરંપરાએ તે ઉપદેશ પણ ક્ષીણપણાને પામે છે, એટલે પરમાર્થમાર્ગ અનુક્રમે વ્યવચ્છેદ થવા જોગ કાળ આવે છે. આ કાળને વિષે અને તેમાં પણ હમણાં લગભગના સૈકડાથી મનુષ્યની પરમાર્થવૃત્તિ બહુ ક્ષીણપણાને પામી છે; એ વાત પ્રત્યક્ષ છે. મનુષ્યોમાં જે સરળ વૃત્તિ હતી, તે અને આજની સરળ વૃત્તિ એમાં મોટો તફાવત થઇ ગયો છે. ત્યાંસુધી મનુષ્યોની વૃત્તિને વિષે કંઇ કંઇ આજ્ઞાંકિતપણું, પરમાર્થની ઇચ્છા, અને તે સંબંધી નિશ્ચયમાં દઢતા એ જેવાં હતાં તેવાં આજે નથી; તેથી તો આજે ઘણું ક્ષીણપણું થયું છે,–જો કે હજુ આ કાળમાં પરમાર્થવૃત્તિ કેવળ વ્યવચ્છેદપ્રાપ્ત થઇ નથી, તેમ સત્પુરુષરહિત ભૂમિ થઇ નથી; તોપણ કાળ તે કરતાં વધારે વિષમ–છે; બહુ વિષમ છે; એમ જાણીએ છીએ.

આવું કાળનું:સ્વરુપ:જોઇને મોટી અનુકંપા હ્રદયને વિષે અખંડપણે વર્તે છે, જીવોને વિષે કોઇ પણ પ્રકારે અત્યંત દુઃખની નિવૃત્તિનો ઉપાય એવો જે સર્વોત્તમ પરમાર્થ, તે સંબંધી વૃત્તિ કંઇ પણ વર્દ્ધમાનપણાને પ્રાપ્ત થાય, તો જ તેને સત્પુરુષનું ઓળખાણ થાય છે, નહીં તો થતું નથી. તે વૃત્તિ સજીવન થાય, અને કોઇ પણ જીવોને-ઘણા જીવોને–પરમાર્થસંબંધી જે માર્ગ તે પ્રાપ્ત થાય તેવી અનુકંપા અખંડપણે રહ્યા કરે છે, તથાપિ તેમ થવું બહુ દુર્લભ જાણીએ છીએ, અને જેનાં કારણો પણ ઉપર જણાવ્યાં છે. જે પુરુષનું દુર્લભપણું ચોથા કાળને વિષે હતું, તેવા પુરુષનો જોગ આ કાળમાં થાય એમ થયું છે, તથાપિ પરમાર્થસંબંધી ચિંતા જીવોને અત્યંત ક્ષીણ થઇ ગઇ છે, એટલે તે પુરુષનું ઓળખાણ થવું અત્યંત વિકટ છે, તેમાં પણ જે ગૃહવાસાદિ પ્રસંગમાં તે પુરુષની સ્થિતિ છે, તે જોઇ જીવને પ્રતીતિ આવવી દુર્લભ છે, અત્યંત દુર્લભ છે; અને કદાપિ પ્રતીતિ આવી તો તેમનો જે પ્રારબ્ધપ્રકાર હાલ વર્તે છે, તે જોઇ નિશ્ચય રહેવો દુર્લભ છે, અને કદાપિ નિશ્ચય થાય તોપણ તેનો સત્સંગ રહેવો દુર્લભ છે, અને જે પરમાર્થનું મુખ્ય કારણ તે તો તે છે, તે આવી સ્થિતિમાં જોઇ ઉપર જણાવ્યાં છે જે કારણો તેને વધારે બળવાનપણે દેખીએ છીએ, અને એ વાત જોઇ ફરી ફરી અનુકંપા ઉત્પન્ન થાય છે.

ઇશ્વરેચ્છાથી જે કોઇ પણ જીવોનું કલ્યાણ વર્ત્તમાનમાં પણ થવું સૃજિત હશે તે તો તેમ થશે, અને તે બીજેથી નહીં પણ અમથકી એમ પણ અત્ર માનીએ છીએ. ગંગા યમુનાદિના પ્રદેશને વિષે જો આ દેહ ઉત્પન્ન થયો હોત, ત્યાં વર્દ્ધમાનપણું પામ્યો હોત, તો તે એક બળવાન કારણ હતું, એમ જાણીએ છીએ; બીજું પ્રારબ્ધમાં ગૃહવાસ બાકી ન હોત, અને બ્રહ્મચર્ય, વનવાસ હોત, તો તે બળવાન કારણ હતું, એમ જાણીએ છીએ; કદાપિ ગૃહવાસ બાકી છે તેમ હોત, અને ઉપાધિજોગરૂપ પ્રારબ્ધ ન હોત, તો તે ત્રીજું પરમાર્થને બળવાન કારણ હતું, એમ જાણીએ છીએ. તેવાં બે કારણો તો થઇ ચૂક્યાં છે, એટલે હવે તેનું નિવારણ નથી; ત્રીજું ઉપાધિજોગરૂપ જે પ્રારબ્ધ તે શીઘ્રપણે નિવૃત્ત થાય. વેદન થાય–અને તે નિષ્કામકરૂણાના હેતુથી–તો તેમ થવું હજુ બાકી છે, તથાપિ તે પણ હજુ વિચાર યોગ્ય સ્થિતિમાં છે, એટલે કે તે પ્રારબ્ધનો સહેજે પ્રતીકાર થઇ જાય એમ જ ઇચ્છાની સ્થિતિ છે, અથવા તો વિશેષ ઉદયમાં આવી જઈ થોડા કાળમાં તે પ્રકારનો ઉદય પરિસમાપ્ત થાય, તો તેમ નિષ્કામકરૂણાની સ્થિતિ છે; અને એ બે પ્રકારમાં તો હાલ ઉદાસીનપણે એટલે સામાન્યપણે રહેવું છે, એમ આત્મસંભાવના છે; અને એ સંબંધીનો મોટો વિચાર વારંવાર રહ્યા કરે છે.

પરમાર્થ કેવા પ્રકારના સંપ્રદાયે કહેવો એ પ્રકાર જ્યાંસુધી ઉપાધિજોગ પરિસમાપ્ત નહીં થાય ત્યાંસુધી, મૌનપણામાં અને અવિચાર અથવા નિર્વિચારમાં રાખ્યો છે. અર્થાત્ તે વિચાર હાલ કરવા વિષે ઉદાસપણું વર્તે છે.

આત્માકાર સ્થિતિ થઇ જવાથી ચિત્ત ઘણું કરીને એક અંશ પણ ઉપાધિજોગ વેદવાને યોગ્ય નથી, તથાપિ તે તો જે પ્રકારે વેદવું પ્રાપ્ત થાય, તે જ પ્રકારે વેદવું છે, એટલે તેમાં સમાધિ છે; પરંતુ પરમાર્થ સંબંધી કોઇ કોઇ જીવોને પ્રસંગ પડે છે, તેને તે ઉપાધિજોગના કારણથી અમારી અનુકંપા પ્રમાણે લાભ મળતો નથી; અને પરમાર્થ સંબંધી કંઇ તમ લિખિતાદિ વાર્તા આવે છે, તે પણ ચિત્તમાં માંડ પ્રવેશ થાય છે, કારણ કે તેનો હાલ ઉદય નથી. આથી પત્રાદિ પ્રસંગથી તમ શિવાયના મુમુક્ષુ જીવો તેમને ઇચ્છિત અનુકંપાએ પરમાર્થવૃત્તિ આપી શકાતી નથી, એ પણ ચિત્તને ઘણીવાર લાગી જાય છે.

ચિત્ત બંધનવાળું થઇ શકતું નહીં હોવાથી જે જીવો સંસારસંબંધે સ્ત્રિયાદિરૂપે પ્રાપ્ત થયા છે, તે જીવોની ઇચ્છા પણ દુભવવાની ઇચ્છા થતી નથી, અર્થાત્ તે પણ અનુકંપાથી, અને માબાપાદિના ઉપકારાદિ કારણોથી ઉપાધિજોગને બળવાન રીતે વેદીએ છીએ, અને જેની જે કામના છે, તે તે પ્રારબ્ધના ઉદયમાં જે પ્રકારે પ્રાપ્ત થવી સૃજીત છે, તે પ્રકારે થાય ત્યાંસુધી નિવૃત્તિ ગ્રહણ કરતાં પણ જીવ ઉદાસીન રહે છે. એમાં કોઇ પ્રકારનું અમારૂં સકામપણું નથી; અમે એ સર્વમાં નિષ્કામ જ છીએ; એમ છે, તથાપિ પ્રારબ્ધ તેવા પ્રકારનું બંધન રાખવારૂપ ઉદયે વર્તે છે, એ પણ બીજા મુમુક્ષુની પરમાર્થવૃત્તિ ઉત્પન્ન કરવાને વિષે રોધરૂપ જાણીએ છીએ,

આ વાર્તા કે જે ઉપર અનુક્રમે લખી છે, તે જણાવવાની ઇચ્છા હતી, પણ તેનાં ઉદય તે તે પ્રકારમાં હતો નહીં, એટલે તેમ બન્યું નહીં; હમણાં તે ઉદય જણાવવાયોગ્ય થવાથી સંક્ષેપે જણાવ્યો છે,–જે વારંવાર વિચારવાને અર્થે તમને લખ્યો છે. બહુ વિચાર કરો. સૂક્ષ્મપણે હૃદયમાં નિર્ધાર રાખવાયોગ્ય પ્રકાર એમાં લેખિત થયેલ છે. કોઇ વાતમાં શબ્દોના સંક્ષેપપણાથી એમ ભાસી શકે એવું હોય કે, અમને કોઇ પ્રકારની કંઇ હજુ સંસારસુખવૃત્તિ છે, તો તે અર્થ ફરી વિચારવાયોગ્ય છે. નિશ્ચય છે કે ત્રણે કાળને વિષે અમારા સંબંધમાં તે ભાસવું આરોપિત જાણવાયોગ્ય છે; અર્થાત્ સંસારસુખવૃત્તિથી નિરંતર ઉદાસપણું જ છે. આ વાક્યો કંઇ તમસંબંધીના ઓછો નિશ્ચય અમ પ્રત્યે છે, અથવા હશે તો નિવૃત્ત થશે એમ જાણી લખ્યાં નથીઅન્ય હેતુએ લખ્યાં છે.

એ પ્રકારે એ વિચારવાયોગ્ય. વારંવાર વિચારી હૃદયમાં નિર્ધાર કરવાયોગ્ય વાર્ત્તા સંક્ષેપે કરી અહીં તો પરિસમાપ્ત થાય છે.

જગતમાં કોઇ પણ પ્રકારથી જેની કોઇપણ જીવપ્રત્યે ભેદદૃષ્ટિ નથી એવા.

૧૯૪૮ ના આ૦ વદ ૧૪, રવિ. **શ્રી…નિષ્કામ આત્મસ્વરૂપના નમસ્કાર પ્રાપ્ત થાય.**

"ઉદાસીન" શબ્દનો અર્થ સમપણું છે.

૨૪૬.

ઉદય જોઇને ઉદાસપણું ભજશો નહીં.

સંસાર ભજવાના આરંભકાળ (!) થી તે આજ દિનપર્યંત તમ પ્રત્યે જે કંઇ અવિનય, અભક્તિ અને અપરાધાદિ દોષ ઉપયોગપૂર્વક કે અનુપયોગે થયો હોય, તે સર્વ અત્યંત નમ્રપણે ક્ષમાવું છું. શ્રી તીર્થંકરે જેને મુખ્ય એવું ધર્મપર્વ ગણવાનું યોગ્ય ગણ્યું છે, એવી સંવત્સરી–આ વર્ષ સંબંધી–વ્યતીત થઇ. કોઇ પણ જીવ પ્રત્યે, કોઇ પણ પ્રકારે, કોઇ પણ કાળને વિષે, અત્યંત અલ્પ પણ દોષ કરવો યોગ્ય નથી, એવી વાત જેનાવડે પરમોત્કૃષ્ટપણે નિર્ધાર થઇ છે, એવા આ ચિત્તને નમસ્કાર કરીએ છીએ, અને તે જ વાક્ય માત્ર સ્મરણ યોગ્ય એવા તમને લખ્યું છે, કે જે વાક્ય નિઃશંકપણે તમે જાણો છો.

"રવિવારે તમને પત્ર લખીશ." એમ જણાવ્યું હતું, તથાપિ તેમ થઇ શક્યું નથી; તે ક્ષમા કરવા જોગ છે. તમે વ્યવહારપ્રસંગની વિગતસંબંધી પત્ર લખ્યો હતો, તે વિગત ચિત્તમાં ઉતારવા અને વિચારવાની ઇચ્છા હતી. તથાપિ તે ચિત્તના આત્માકારપણાથી નિષ્ફળપણાને પ્રાપ્ત થઇ છે, અને અત્યારે કંઇ લખવું બનાવી શકાય એમ ભાસતું નથી; જે માટે અત્યંત નમ્રપણે ક્ષમા ઇચ્છી આ પત્ર પરિસમાપ્ત કરું છું.

ભાદ્રપદ શુદિ ૭, સોમે, ૧૯૪૮. **સહજસ્વરૂપ.**

૨૪૭.

પરમાર્થ શીઘ્ર પ્રકાશ પામે તેમ થવા વિષે તમ બન્નેનો આગ્રહ પ્રાપ્ત થયો, અને તેમાં પણ સકામપણું નિવેદન કર્યું, તે પણ આગ્રહરૂપે પ્રાપ્ત થએલ છે. હાલ તો એ સર્વ વિસર્જન કરવારૂપ ઉદાસીનતા વર્તે છે, અને તે સર્વ ઇશ્વરેચ્છાધીન સોંપવા યોગ્ય છે. હાલ એ બેય વાત અમે ફરી ન લખીએ ત્યાંસુધી વિસ્મરણ કરવા યોગ્ય છે.

૧૯૪૮ ના ભાદરવા શુદ ૧૨, રવિ.

૨૪૮.

દૃઢ વિશ્વાસથી માનજો કે આને વ્યવહારનું બંધન ઉદયકાળમાં ન હોત, તો તમને અને બીજા કેટલાક મનુષ્યોને અપૂર્વ હિતનો આપનાર થાત. પ્રવૃત્તિ છે, તો તેને માટે કંઇ અસમતા માની નથી: પરંતુ નિવૃત્તિ હોત, તો બીજા આત્માઓને માર્ગ મળવાનું કારણ થાત. હજુ તેને વિલંબ હશે. પંચમકાળની પણ પ્રવૃત્તિ છે; આ કાળે મોક્ષે જાય એવા મનુષ્યોનો સંભવ પણ ઓછો છે; ઇત્યાદિક કારણોથી એમ જ થયું હશે.

મુંબઇ, શ્રાવણ વદ ૩, સોમે. **વિ૦ રાયચંદના યથા૦**

૨૪૯.

'સત્' એક પ્રદેશ પણ અસમીપ નથી, તથાપિ તે પ્રાપ્ત થવાને વિષે લોક પ્રમાણે પ્રત્યેક એવા જાણે અનંત અંતરાય રહ્યા છે. જીવને કર્તવ્ય એ છે કે, અપ્રમત્તપણે તે 'સત્'નું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાનો અખંડ નિશ્ચય રાખવો.

ઓગસ્ટ ૩,૯૨, મુંબઇ. **તમ સર્વને નિષ્કામપણે યથા૦**

२५०.

જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે, તે તે પ્રકાર ધર્મના છે. આત્મા જે પ્રકારે અન્યભાવ પામે, તે પ્રકાર અન્યરુપ છે; ધર્મરુપ નથી. તમે હાલ જે નિષ્ઠા વચનના શ્રવણ પછી અંગીકૃત કરી છે, તે નિષ્ઠા શ્રેય જોગ છે. દૃઢ મુમુક્ષુને સત્સંગે તે નિષ્ઠાદિ અનુક્રમે વર્દ્ધમાનપણાને પ્રાપ્ત થઇ, આત્મસ્થિતિરુપ થાય છે. પોતાની કલ્પના વડે, અથવા કલ્પનાપ્રાપ્ત અન્ય પુરુષ વડે જીવે ધર્મ શ્રવણ કરવા જોગ, મનન કરવા જોગ, કે આરાધવા જોગ નથી; માત્ર આત્મસ્થિતિ છે જેની, એવા સત્પુરુષથી જ આત્મા કે આત્મધર્મશ્રવણ કરવા જોગ છે; યાવત આરાધવા જોગ છે.

મુંબઇ. સપ્ટેમ્બર ૧, ૧૮૯૨.

૨૫૧.

ૐ નમસ્કાર.

જે જે કાળે જે જે પ્રારબ્ધ ઉદય આવે તે તે વેદન કરવું એ જ્ઞાની પુરૂષોનું સનાતન આચરણ છે, અને તેજ આચરણ અમને ઉદયપણે વર્તે છે; અર્થાત્ જે સંસારમાં સ્નેહ રહ્યો નથી, તે સંસારના કાર્યની પ્રવૃત્તિનો ઉદય છે; અને ઉદય અનુક્રમે વેદન થયા કરે છે. ઉદયના એ ક્રમમાં કોઇ પણ પ્રકારની હાનિ, વૃદ્ધિ કરવાથી ઇચ્છા ઉત્પન્ન થતી નથી, અને એમ જાણીએ છીએ કે જ્ઞાની પુરુષોનું પણ તે સનાતન આચરણ છે, તથાપિ જેમાં સ્નેહ રહ્યો નથી, અથવા સ્નેહ રાખવાની ઇચ્છા નિવૃત્ત થઇ છે, અથવા નિવૃત્ત થવા આવી છે, તેવા આ સંસારમાં કાર્યપણે–કારણપણે પ્રવર્ત્તવાની ઇચ્છા રહી નથી; તેનાથી નિવૃત્તપણું જ આત્માને વિષે વર્તે છે, તેમ છતાં પણ તેના અનેક પ્રકારના સંગપ્રસંગમાં પ્રવર્તવું પડે એવું પૂર્વે કોઇ પ્રારબ્ધ ઉપાર્જન કર્યું છે, જે સમપરિણામે વેદન કરીએ છીએ, તથાપિ હજુ પણ તે કેટલાક વખત સુધી ઉદયજોગ છે, એમ જાણી ક્વચિત્ ખેદ પામીએ છીએ, અને તે ખેદનું કારણ વિચારી જોતાં તો પરાનુકંપારૂપ જણાય છે, હાલ તો તે પ્રારબ્ધ સ્વાભાવિક ઉદયપ્રમાણે વેદન કર્યા શિવાય અન્ય ઇચ્છા ઉત્પન્ન થતી નથી, તથાપિ તે ઉદયમાં બીજા કોઇને સુખ, દુઃખ, રાગ, દ્વેષ, લાભ અલાભના કારણરૂપે બીજાને ભાસીએ છીએ, તે ભાસવાને વિષે લોક પ્રસંગની વિચિત્ર ભ્રાંતિ જોઇ ખેદ થાય છે. જે સંસારને વિષે 'સાક્ષીકર્ત્તા' તરીકે મનાય છે, તે સંસારમાં તે સાક્ષીએ સાક્ષીરુપે રહેવું, અને કર્ત્તા તરીકે ભાસમાન થવું તે, બેધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે.

એમ છતાં પણ, કોઇને ખેદ, દુઃખ અલાભનું કારણ તે સાક્ષીપુરુષ ભ્રાંતિગત લોકોને ન ન ભાસે તો, તે પ્રસંગમાં તે સાક્ષીપુરૂષનું અત્યંત વિકટપણું નથી; અમને તો અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે; એમાં પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે. ('ધર્મ' શબ્દ આચરણને બદલે છે.)

એકવાર એક તણખલાના બે ભાગ કરવાની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ થાય, ત્યારે જે ઇશ્વરેચ્છા હશે તે થશે.

સં૦ ૧૯૪૭ ના ભાદરવા વદ ૮, મુંબઇ. **અચિંત્યદશા સ્વરૂપ.**

૨૫૨

પ્રગટ આત્મસ્વરુપ અવિચ્છિન્નપણે ભજવા યોગ્ય છે. વાસ્તવિક તો એમ છે કે, કરેલાં કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થાય નહીં. અને નહીં કરેલું એવું કર્મફળ કંઇ પ્રાપ્ત થાય નહીં; કોઇ કોઇ વખત અકસ્માત્ કોઇનું શુભ, અથવા અશુભ 'વર' અથવા 'શાપ'થી થયેલું દેખવામાં આવે છે, તે કંઇ નહીં કરેલાં કર્મનું ફળ નથી; કોઇ પણ પ્રકારે કરેલાં કર્મનું ફળ છે. એકેંદ્રિયનું એકાવતારીપણું અપેક્ષાએ જાણવાયોગ્ય છે.

૧૯૪૮, આશો શુદ ૭, ભોમે.

૨૫૩.

'ભગવતી' વગેરે સિદ્ધાંતોને વિષે જે કોઈ કોઇ જીવોના ભવાંતરનું વર્ણન કર્યું છે, તેમાં કંઇ સંશયાત્મક થવા જેવું નથી. તીર્થંકર તો પૂર્ણ આત્મસ્વરુપ છે, પરંતુ જે પુરૂષો માત્ર યોગધ્યાનાદિકના અભ્યાસબળવડે સ્થિત હોય, તેમાંના ઘણા પુરુષો પણ તે ભવાંતર જાણી શકે છે; અને એમ બનવું એ કંઇ કલ્પિત પ્રકાર નથી. જે પુરૂષને આત્માનું નિશ્ચયાત્મક જ્ઞાન છે, તેને ભવાંતરનું જ્ઞાન ઘટે છે–હોય છે. ક્વચિત્ જ્ઞાનના તારતમ્ય–ક્ષયોપશમ–ભેદે તેમ નથી પણ હોતું, તથાપિ જેને આત્માનું પૂર્ણ શુદ્ધપણું વર્તે છે, તે પુરુષ તો નિશ્ચય તે જ્ઞાનને જાણે છે,–ભવાંતરને જાણે છે. 'આત્મા નિત્ય છે;' 'અનુભવરુપ છે;' 'વસ્તુ છે;' એ એ પ્રકારે અત્યંતપણે દૃઢ થવા અર્થે શાસ્ત્રને વિષે તે પ્રસંગો કહેવામાં આવ્યા છે.

ભવાંતરનું જો સ્પષ્ટ જ્ઞાન કોઇને થતું ન હોય, તો આત્માનું સ્પષ્ટ જ્ઞાન પણ કોઇને થતું નથી એમ કહેવાતુલ્ય છે, તથાપિ એમ તો નથી. આત્માનું સ્પષ્ટ જ્ઞાન થાય છે, અને ભવાંતર પણ સ્પષ્ટ ભાસે છે. પોતાના તેમજ પરના ભવ જાણવાનું જ્ઞાન કોઈ પ્રકારે વિસંવાદપણાને પામતું નથી.

પ્રત્યેક ઠેકાણે તીર્થંકર ભિક્ષાર્થે જતાં સુવર્ણવૃષ્ટિ ઇત્યાદિ થાય, એમ શાસ્ત્રના કહેવાનો અર્થ સમજવાયોગ્ય નથી; અથવા શાસ્ત્રમાં કહેલાં વાક્યોનો તેવો અર્થ થતો હોય, તો તે સાપેક્ષ છે; લોકભાષાનાં, એ વાક્ય સમજવા યોગ્ય છે. રુડા પુરુષનું આગમન કોઇને ત્યાં થાય, તો તે જેમ એમ કહે છે કે, "આજે અમૃતના મેહ વુઠ્યા," તો તે કહેવું સાપેક્ષ છે; યથાર્થ છે, તથાપિ શબ્દના ભાવાર્થે યથાર્થ છે. શબ્દથી પરમાર્થે અર્થે યથાર્થ નથી; તેમ જ તીર્થંકરાદિકની ભિક્ષાસંબંધમાં તેવું છે, તથાપિ એમ જ માનવું યોગ્ય છે કે, "આત્મસ્વરુપે પૂર્ણ એવા પુરુષના પ્રભાવજોગે તે બનવું અત્યંત સંભવિત છે, સર્વત્ર એમ બન્યું છે એમ કહેવાનો અર્થ નથી." "એમ બનવું સંભવિત છે, એમ ઘટે છે, એમ કહેવાનો હેતુ છે." સર્વ મહંત પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપ જ્યાં છે ત્યાં આધીન છે. એ નિશ્ચયાત્મક વાત છે,–નિઃસંદેહ અંગીકારવા યોગ્ય વાત છે. પૂર્ણ આત્મસ્વરુપ જ્યાં વર્તે છે, ત્યાં જો સર્વ મહંત પ્રભાવજોગ વર્તતા ન હોય, તો પછી તે બીજે કયે સ્થળે વર્તે ? તે વિચારવાયોગ્ય છે. તેવું તો બીજું કોઇ સ્થળ સંભવતું નથી, ત્યારે સર્વ મહંત્ પ્રભાવજોગનો અભાવ થશે. પૂર્ણ આત્મસ્વરૂપનું પ્રાપ્ત થવું એ અભાવરૂપ નથી, તો પછી મહંત્ એવા પ્રભાવજોગનો અભાવ તો ક્યાંથી હોય ? અને જો કદાપિ એમ કહેવામાં આવે કે, આત્મસ્વરૂપનું પૂર્ણ પ્રાપ્તપણું તો ઘટે છે, મહંત્ પ્રભાવજોગનું પ્રાપ્તપણું ઘટતું નથી, તો તે કહેવું એક વિસંવાદ શિવાય બીજું કંઇ નથી, કારણ કે તે કહેનાર શુદ્ધ આત્મસ્વરુપના મહંત્પણાથી અત્યંત હીન એવા પ્રભાવજોગને મહંત્ જાણે છે,–અંગીકાર કરે છે; અને તે એમ સૂચવે છે કે, તે વક્તા આત્મસ્વરૂપનો જાણનાર નથી; તે આત્મસ્વરૂપથી મહંત એવું કંઈ નથી. એવો આ સૃષ્ટિને વિષે કોઇ પ્રભાવજોગ ઉત્પન્ન થયો નથી, છે નહીં, અને થવાનો નથી, કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરુપને પણ પ્રાપ્ત ન હોય, તથાપિ તે પ્રભાવજોગને વિષે વર્તવામાં આત્મસ્વરૂપને કંઈ કર્ત્તવ્ય નથી, એમ તો છે, અને જો તેને તે પ્રભાવજોગને વિષે કંઇ કર્ત્તવ્ય ભાસે છે, તો તે પુરૂષ આત્મસ્વરુપના અત્યંત અજ્ઞાનને વિષે વર્તે છે, એમ જાણીએ છીએ. કહેવાનો હેતુ એમ છે કે, સર્વ પ્રકારના પ્રભાવજોગ આત્મારુપ મહાભાગ્ય એવા તીર્થંકરને વિષે ઘટે છે;–હોય છે, તથાપિ તેને વિકાશવાનો એક અંશ પણ તેને વિષે ઘટતો નથી; સ્વાભાવિક કોઇ પુણ્યપ્રકારવશાત્ સુવર્ણવૃષ્ટિ ઇત્યાદિ થાય એમ કહેવું અસંભવિત નથી; અને તીર્થંકરપદને તે બાધરુપ નથી. જે તીર્થંકર

છે તે આત્મસ્વરૂપવિના અન્ય પ્રભાવાદિને કરે નહીં, અને જે કરે તે આત્મરૂપ એવા તીર્થંકર કહેવા યોગ્ય નહીં, એમ જાણીએ છીએ,--એમ જ છે. જૈનનાં કહેલાં શાસ્ત્રો જે ગણાય છે, તેને વિષે અમુક 'બોલ' વિચ્છેદ ગયાનું કથન છે, અને તેમાં મુખ્ય એવા કેવલજ્ઞાનાદિ 'દશ બોલ' છે, અને તે 'દશ બોલ' વિચ્છેદ દેખાડવાનો આશય આ કાળને વિષે "સર્વથા મુક્તપણું ન હોય" એમ બતાવવાનો છે. 'દશ બોલ' પ્રાપ્ત હોય, તો તે ચરમશરીરિ જીવ કહેવો ઘટે એમ જાણી, તે વાત વિચ્છેદરૂપ ગણી છે, તથાપિ તેમ એકાંત જ કહેવા યોગ્ય નથી, એમ અમને ભાસે છે,–એમ જ છે; કારણ કે ક્ષાયક સમકીતનો એને વિષે નિષેધ છે, તે ચરમશરીરિને જ હોય એમ તો ઘટતું નથી; અથવા તેમ એકાંત નથી. મહાભાગ્ય એવા શ્રેણિક ક્ષાયકસમકીતી છતાં, ચરમશરીરિ નહોતા, એવું તે જ જિનશાસ્ત્રોને વિષે કથન છે. જિનકલ્પી--વિહાર વિચ્છેદ, એમ શ્વેતાંબરનું કથન છે; દિગંબરનું કથન નથી. "સર્વથા મોક્ષ થવો" એમ આ કાળે બને નહીં, એમ બેયનો અભિપ્રાય છે, તે પણ અત્યત એકાંતપણે કહી શકાતો નથી. ચરમશરીરિપણું જાણીએ કે આ કાળમાં નથી, તથાપિ અશરીરિભાવપણે આત્મા સ્થિત છે, તો તે ભાવનયે ચરમશરીરિપણું નહીં, પણ સિદ્ધપણું છે; અને તે અશરીરિભાવ આ કાળને વિષે નથી એમ અત્રે કહીએ, તો આ કાળમાં અમે પોતે નથી, એમ કહેવાતુલ્ય છે. વિશેષ શું કહીએ ? એ કેવળ એકાંત નથી. કદાપિ એકાંત હોય, તોપણ આગમ જેણે ભાખ્યાં છે, તે જ આશય સત્પુરૂષે કરી તે ગમ્ય કરવાયોગ્ય છે, અને તે જ આત્મસ્થિતિનો ઉપાય છે.

મુંબઇ, આશો શુદ દશેરા, ૧૯૪૮.

૨૫૪.

લોકવ્યાપક એવા અંધકારને વિષે સ્વએ કરી પ્રકાશિત એવા જ્ઞાની પુરુષ જ યથાતથ્ય દેખે છે. લોકની શબ્દાદિ કામના દેખતાં છતાં ઉદાસીન રહી જે માત્ર સ્પષ્ટપણે પોતાને દેખે છે, એવા જ્ઞાનીને નમસ્કાર કરીએ છીએ, અને જ્ઞાને સ્ફુરિત એવા આત્મભાવને અત્યારે આટલું લખી તટસ્થ કરીએ છીએ.

આશો વદ ૮, ૧૯૪૮, મુંબઇ.

૨૫૫ *

શ્રી..............જિજ્ઞાસુપ્રત્યે–શ્રી મોહમયીથી અમોદસ્વરુપ એવા શ્રી ૦ ૦ ૦ ૦ ના આત્મસમાન ભાવની સ્મૃતિએ યથાયોગ્ય વાંચશો. હાલ અત્રે બાહ્યપ્રવૃત્તિનો જોગ વિશેષપણે રહે છે. જ્ઞાનીનો દેહ ઉપાર્જન કરેલાં એવાં પૂર્વકર્મ નિવૃત્ત કરવા અર્થે અને અન્યની અનુકંપાને અર્થે હોય છે.

જે ભાવે કરી સંસારની ઉત્પત્તિ હોય છે, તે ભાવ જેને વિષેથી નિવૃત્ત થયો છે, એવા જ્ઞાની પણ બાહ્યપ્રવૃત્તિના નિવૃત્તપણાને, અને સત્સમાગમના નિવાસપણાને ઇચ્છે છે. તે જોગનું જ્યાંસુધી ઉદયપણું પ્રાપ્ત ન હોય ત્યાંસુધી, અવિષમપણે પ્રાપ્તસ્થિતિએ વર્તે છે એવા જે જ્ઞાની તેના ચરણારવિંદની ફરી ફરી સ્મૃતિ થઇ આવવાથી પરમ વિશિષ્ટભાવે તેમને નમસ્કાર કરીએ છીએ.

હાલ જે પ્રવૃત્તિજોગમાં રહીએ છીએ, તે તો ઘણા પ્રકારના પરેચ્છાના કારણથી રહીએ છીએ. આત્મ દૃષ્ટિનું અખંડપણું એ પ્રવૃત્તિજોગથી બાધ નથી પામતું માટે ઉદય આવેલો એવો તે જોગ આરાધીએ છીએ. અમારો પ્રવૃત્તિજોગ જિજ્ઞાસુ પ્રત્યે કલ્યાણ પ્રાપ્ત થવા વિષે વિયોગપણે કોઇ પ્રકારે વર્તે છે.

જેને વિષે સત્સ્વરૂપ વર્તે છે એવા જે જ્ઞાની તેને વિષે લોકસ્પૃહાદિનો ત્યાગ કરી, ભાવે પણ જે આશ્રિતપણે વર્તે છે, તે નિકટપણે કલ્યાણને પામે છે; એમ જાણીએ છીએ.

નિવૃત્તિના સમાગમને ઘણા પ્રકારે ઇચ્છીએ છીએ, કારણ કે એ પ્રકારનો જે અમારો રાગ તે અમે કેવળ નિવૃત્ત કર્યો નથી. કાળનું કળિસ્વરુપ વર્તે છે, તેને વિષે જે અવિષમપણે, માર્ગની જિજ્ઞાસાએ કરી, બાકી બીજા જે અન્ય જાણવાના ઉપાય તે પ્રત્યે ઉદાસીનપણે વર્તતો પણ જ્ઞાનીના સમાગમે રહે છે, તે અત્યંત નિકટપણે કલ્યાણ પામે છે, એમ જાણીએ છીએ.

જગત, ઇશ્વરાદિસંબંધી પ્રશ્ન તે અમારા ઘણા વિશેષ સમાગમે સમજવાયોગ્ય છે. એવા પ્રકારનો વિચાર (કોઇ કોઈ સમયે) કરવામાં હાનિ નથી; તેનો યથાર્થ ઉત્તર કદાપિ અમુક કાળસુધી પ્રાપ્ત ન થાય તો તેથી ધીરજનો ત્યાગ કરવાનેવિષે જતી એવી જે મતિ તે રોકવાયોગ્ય છે.

અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે 'શ્રી રાયચંદ્ર' તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પુરું કરીએ છીએ.

૧૯૪૮. ૦ ૦ ૦

૨૫૬. *

જીવને સ્વસ્વરુપ જાણ્યા શિવાય છૂટકો નથી; ત્યાંસુધી યથાયોગ્ય સમાધિ નથી. તે જાણવા માટે ઉત્પન્ન થવાયોગ્ય મુમુક્ષુતા અને જ્ઞાનીનું ઓળખાણ એ છે. જ્ઞાનીને જે યથાયોગ્યપણે ઓળખે છે. તે જ્ઞાની થાય છે,-ક્રમે કરી જ્ઞાની થાય છે. આનંદઘનજીએ એક સ્થળે એમ કહ્યું છે કે:-

—जिन थई जिनने जे आराधे, ते सही जिनवर होवे रे;
भ्रंगी इलीकाने चटकावे, ते भ्रंगी जग जोवे रे.

જિન થઇને એટલે સાંસારિક ભાવને વિષેથી આત્મભાવ ત્યાગીને, જે કોઇ જિનને એટલે કેવળજ્ઞાનીને-વીતરાગને-આરાધે છે, તે નિશ્ચયે જિનવર એટલે કૈવલ્યપદયુક્ત હોય છે.

તેને ભમરી અને ઇયળનું પ્રત્યક્ષ સમજાય એવું દૃષ્ટાંત આપ્યું છે. અમને પણ અત્રે ઉપાધિજોગ વર્તે છે; અન્યભાવને વિષે જોકે આત્મભાવ ઉત્પન્ન થતો નથી; અને એ જ મુખ્ય સમાધિ છે.

૧૯૪૮.

૨૫૭. *

ૐ

વીતરાગપણે-અત્યંત વિનયપણે પ્રણામ.

ભ્રાંતિગતપણે સુખસ્વરુપ ભાસે છે એવા સંસારી પ્રસંગ અને પ્રકારોમાં જ્યાંસુધી જીવને વહાલપ વર્તે છે, ત્યાંસુધી જીવને પોતાનું સ્વરુપ ભાસવું અસંભવિત છે; અને સત્સંગનું મહાત્મ્ય પણ તથારુપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. જ્યાંસુધી તે સંસારગત વહાલપ અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય, ત્યાંસુધી ખચિત કરી અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે. આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણી નિષ્કામપણે લખી છે.

૧૯૪૮. ૨૫૮. *

જિનાગમ છે તે, ઉપશમસ્વરુપ છે. ઉપશમસ્વરુપ એવા પુરુષોએ ઉપશમને અર્થે તે પ્રરુપ્યાં ઉપદેશ્યાં-છે. તે ઉપશમ આત્માર્થે છે, અન્ય કોઇ પ્રયોજન અર્થે નથી. આત્માર્થમાં જો તેનું આરાધન કરવામાં ન આવ્યું, તો તે જિનાગમનું શ્રવણ, વાંચન નિષ્ફળરુપ છે; એ વાર્ત્તા અમને તો નિઃસંદેહ યથાર્થ લાગે છે.

દુઃખની નિવૃત્તિને સર્વ જીવ ઇચ્છે છે, અને દુઃખની નિવૃત્તિ, દુઃખ જેનાથી જન્મ પામે છે એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિર્વૃત્તિ થયા વિના થવી સંભવતી નથી. તે રાગાદિની નિર્વૃત્તિ એક આત્મજ્ઞાન શિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઇ નથી, વર્ત્તમાનકાળમાં થતી

નથી, ભવિષ્યકાળમાં થઇ શકે તેમ નથી; એમ સર્વ જ્ઞાની પુરુષોને ભાસ્યું છે, માટે તે આત્મજ્ઞાન માટે જીવને પ્રયોજનરુપ છે. તેનો સર્વશ્રેષ્ઠ ઉપાય સદ્ગુરુવચનનું શ્રવણવું કે સત્શાસ્ત્રનું વિચારવુંએ છે. જે કોઇ જીવ દુઃખની નિવૃત્તિ ઇચ્છતો હોય–સર્વથા દુઃખથી મુક્તપણું જેને પ્રાપ્ત કરવું હોય–તેને એ જ એક માર્ગ આરાધ્યા શિવાય અન્ય બીજો કોઇ ઉપાય નથી; માટે જીવે સર્વ પ્રકારના મતમતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારુપ ધર્મનો ઓઘ સંજ્ઞારુપ ધર્મનો ઉદાસભાવ ભજી, એકાત્મવિચાર–કર્ત્તવ્યરુપ ધર્મ ભજવો યોગ્ય છે.

એક મોટી નિશ્ચયથી વાર્ત્તા તો મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે કે, સત્સંગ જેવું કલ્યાણનું કોઈ બળવાન કારણ નથી, અને તે સત્સંગમાં નિરંતર સમય સમય નિવાસ ઇચ્છવો, અસત્સંગનું ક્ષણે ક્ષણે વિપરિણામ વિચારવું, એ શ્રેયરુપ છે. બહુ બહુ કરીને આ વાર્તા અનુભવમાં આણવા જેવી છે.

યથાપ્રારબ્ધ સ્થિતિ છે, એટલે બળવાન ઉપાધિયોગે વિષમતા આવતી નથી; કંટાળો અત્યંત આવી જતાં છતાં ઉપશમનું–સમાધિનું–યથારુપ રહેવું થાય છે, તથાપિ નિરંતર ચિત્તમાં સત્સંગની ભાવના વર્ત્યા કરે છે. સત્સંગનું અત્યંત મહાત્મ્ય પૂર્વભવે વેદન કર્યું છે; તે ફરી ફરી સ્મૃતિરુપ થાય છે; અને નિરંતર અભંગપણે તે ભાવના સ્ફુરિત રહ્યા કરે છે.

જ્યાંસુધી આ ઉપાધિયોગનો ઉદય છે ત્યાંસુધી, સમવસ્થાને તે નિર્વાહવો એ પ્રારબ્ધ છે; તથાપિ જે કાળ જાય છે, તે તેના ત્યાગભાવમાં ઘણું કરી થયા કરે છે.

નિવૃત્તિ જેવા ક્ષેત્રે ચિત્તસ્થિરતાએ હાલ 'સુત્રકૃતાંગ સુત્ર'નું શ્રવણ કરવા ઇચ્છા હોય, તો કરવામાં બાધ નથી; માત્ર જીવને ઉપશમાર્થે તે કરવું યોગ્ય છે. કયા મતનું વિશેષપણું છે, કયા મતનું ન્યુનપણું છે; એવા અન્યાર્થમાં પડવા અર્થે તેમ કરવું યોગ્ય નથી. તે 'સુત્રકૃતાંગ'ની રચના જે પુરુષોએ કરી છે, તે આત્મસ્વરુપ પુરુષ હતા, એવો અમારો નિશ્ચય છે.

"આ કર્મરુપ ક્લેશ જે જીવને પ્રાપ્ત થયો છે, તે કેમ ત્રુટે ?" એવું પ્રશ્ન મુમુક્ષુ શિષ્યને ઉદ્ભવ કરી, 'બોધ પામવાથી ત્રુટે " એવું તે સુત્રકૃતાંગનું પ્રથમ વાકય છે. "તે બંધન શું ? અને શું જાણવાથી તે ત્રુટે ?" એવું બીજું પ્રશ્ન ત્યાં શિષ્યને સંભવે છે; અને "તે બંધન વીરસ્વામીએ શા પ્રકારે કહ્યું છે" એવા વાકયથી તે પ્રશ્ન મૂકયું છે. અર્થાત્ શિષ્યના પ્રશ્નમાં તે વાકય મૂકી ગ્રંથકાર એમ કહે છે કે, આત્મસ્વરુપ એવા શ્રી વીરસ્વામીનું કહેલું તમને કહીશું, કેમકે આત્મસ્વરુપ પુરુષ આત્મસ્વરુપાર્થે અત્યંત પ્રતીતિયોગ્ય છે. તે બંધનનું સ્વરુપ ત્યાર પછી ગ્રંથકાર કહે છે, તે ફરી ફરી વિચારવાયોગ્ય છે. ત્યાર પછી તેના વિશેષ વિચારે ગ્રંથકારને સ્મૃતિ થઇ કે આ જે સમાધિમાર્ગ તે આત્માના નિશ્ચય વિના ઘટે નહી, અને જગતવાસી જીવે અજ્ઞાની ઉપદેશકોથી જીવનું સ્વરુપ અન્યથા જાણી–કલ્યાણનું સ્વરુપ અન્યથા જાણી–અન્યથાનો યથાર્થપણે નિશ્ચય કર્યો છે; તે નિશ્ચયનો ભંગ થયા વિના–તે નિશ્ચયમાં સંદેહ પડયા વિના–અમે જે અનુભવ્યો છે એવો સમાધિમાર્ગ તે તેમને કોઇ પ્રકારે સંભળાવ્યો શી રીતે ફળીભૂત થશે, એવું જાણી ગ્રંથકાર કહે છે કે, 'આવા માર્ગનો ત્યાગ કરી કોઇ એક શ્રમણ બ્રાહ્મણ અજાણપણે–વગર વિચાર્યે–અન્યથા પ્રકારે–માર્ગ કહે છે, એમ કહેતા હતા." તે અન્યથા પ્રકાર પછી ગ્રંથકાર નિવેદન કરે છે કે, પંચમહાભૂતનુંજ કોઇ અસ્તિત્વ માને છે,–આત્માનું ઉત્પન્ન થવું તેથી માને છે; જેમ ઘટતું નથી; એમ જણાવી 'આત્માનું નિત્યપણું પ્રતિપાદન કરે છે. 'જો જીવે પોતાનું નિત્યપણું જાણ્યું નથી, તો પછી, નિર્વાણનું પ્રયત્ન શા અર્થે થાય ?" એવો અભિપ્રાય કરી 'નિત્યતા' દર્શાવી છે. ત્યાર પછી ભિન્ન ભિન્ન પ્રકારે કલ્પિત અભિપ્રાય દર્શાવી યથાર્થ અભિપ્રાયનો બોધ કરી, યથાર્થ માર્ગ વિના છુટકો નથી, ગર્ભપણું ટળે નહીં, જન્મ ટળે નહીં, મરણ ટળે નહીં, દુઃખ

ટળે નહીં, આધિ, વ્યાધિ, ઉપાધિ કંઇ ટળે નહીં, અને અમે ઉપર જે કહી ગયા છીએ એવા મતવાદિઓ તે સૌ તેવા પ્રકારને વિષે વસ્યા છે કે જેથી જન્મ, જરા મરણાદિનો નાશ થાય નહીં એવો વિશેષ ઉપદેશરૂપ આગ્રહ કરી પ્રથમાધ્યયન સમાપ્ત કર્યું છે. ત્યાર પછી અનુક્રમે તેથી વર્દ્ધમાન પરિણામે ઉપશમકલ્યાણ-આત્માર્થ બોધ્યો છે. તે લક્ષમાં રાખી વાંચન, શ્રવણ ઘટે છે. કુળધર્માર્થે સૂત્રકૃતાંગનું વાંચન, શ્રવણ નિષ્ફળ છે.

દીર્ઘકાળસુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે; અને એ બોધબીજ તે પ્રાયે 'નિશ્ચય સમ્યકત્વ' હોય છે.

જિને બાવીશ પ્રકારના પરિસહ કહ્યા છે; તેમાં 'દર્શનપરિસહ' નામે એક પરિસહ કહ્યો છે. તેમ જ એક બીજો 'અજ્ઞાનપરિસહ' નામનો પરિસહ પણ કહ્યો છે. એ બન્ને પરિસહનો વિચાર કરવાયોગ્ય છે,–એ વિચાર કરવાની તમારી ભૂમિકા છે; અર્થાત્ ભૂમિકા (ગુણસ્થાનક) વિચારવાથી કોઇ પ્રકારે તમને યથાર્થ ધીરજ આવવાનો સંભવ છે.

કોઇ પણ પ્રકારે પોતે કંઇ મનમાં સંકલ્પ્યું હોય કે, આવી દશામાં આવીએ, અથવા આવા પ્રકારનું ધ્યાન કરીએ, તો સમ્યકત્વની પ્રાપ્તિ થાય, તો તે સંકલ્પેલું પ્રાયે (જ્ઞાનીનું સ્વરુપ સમજાયે) ખોટું છે, એમ જણાય છે. યથાર્થ બોધ એટલે શું ? તેનો વિચાર કરી–અનેકવાર વિચાર કરી–પોતાની કલ્પના નિવૃત્ત કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે.

'અધ્યાત્મસાર'નું વાંચન, શ્રવણ ચાલે છે તે સારું છે, અનેકવાર ગ્રંથ વંચાવાની ચિંતા નહીં, પણ કોઇ પણ પ્રકારે તેનું અનુપ્રેક્ષણ દીર્ઘકાળ સુધી રહ્યાં કરે એમ કરવું યોગ્ય છે.

પરમાર્થ પ્રાપ્ત થવા વિષે કોઇ પણ પ્રકારનું આકુળવ્યાકુળપણું રાખવું–થવું–તેને 'દર્શનપરિસહ' કહ્યો છે. એ પરિસહ ઉત્પન્ન થાય તે તો સુખકારક છે, પણ જો ધીરજથી તે વેદાય તો તેમાંથી દર્શનની ઉત્પત્તિ થવાનો સંભવ થાય છે. તમે 'દર્શનપરિસહ'માં કોઇ પણ પ્રકારે વર્તો છો એમ જો તમને લાગતું હોય, તો તે ધીરજથી વેદવા યોગ્ય છે; એમ ઉપદેશ છે. 'દર્શનપરિસહ'માં તમે પ્રાયે છો, એમ અમે જાણીએ છીએ.

કોઇ પણ પ્રકારની આકુળતા વિના વૈરાગ્યભાવનાએ, વીતરાગભાવે, જ્ઞાની વિષે પરમ ભક્તિભાવે સત્શાસ્ત્રાદિક અને સત્સંગનો પરિચય કરવો હાલ યોગ્ય છે. કોઇ પણ પ્રકારે પરમાર્થસંબંધિ મનથી કરેલા સંકલ્પ પ્રમાણે ઇચ્છા કરવી નહીં, અર્થાત્ કોઇ પણ પ્રકારના દિવ્યતેજયુક્ત પદાર્થો ઇત્યાદિ દેખાવા વિગેરેની ઇચ્છા, મનોકલ્પિત ધ્યાનાદિ, એ સર્વ સંકલ્પની જેમ બને તેમ નિવૃત્તિ કરવી. 'શાંતસુધારસ'માં કહેલી 'ભાવના,' 'અધ્યાત્મસાર'માં કહેલો 'આત્મનિશ્ચયાધિકાર' એ ફરી ફરી મનન કરવાયોગ્ય છે.

"'આત્મા છે,' એમ જે પ્રમાણથી જણાય; 'આત્મા નિત્ય છે,' એમ જે પ્રમાણથી જણાય; 'આત્મા કર્તા છે,' એમ જે પ્રમાણથી જણાય; 'આત્મા ભોક્તા છે,' એમ જે પ્રમાણથી જણાય; 'મોક્ષ છે,' એમ જે પ્રમાણથી જણાય; અને 'તેનો ઉપાય છે.' એમ જે પ્રમાણથી જણાય; તે વારંવાર વિચારવાયોગ્ય છે. "અધ્યાત્મસાર'માં અથવા બીજા ગમે તે ગ્રંથમાં એ વાત હોય તો વિચારવામાં બાધ નથી—કલ્પનાનો ત્યાગ કરી વિચારવાયોગ્ય છે.

જનકવિદેહિની વાત હાલ જાણવાનું ફળ તમને નથી.

૧૯૪૮

૨૫૯. *

મુમુક્ષુ જન સત્સંગમાં હોય તો નિરંતર ઉલ્લાસિત પરિણામમાં રહી આત્મસાધન અલ્પકાળનાં કરી શકે છે; એ વાર્તા યથાર્થ છે, તેમ જ સત્સંગના અભાવમાં સમપરિણતિ રહેવી એ વિકટ

છે, તથાપિ એમ કરવામાં જ આત્મસાધન રહ્યું હોવાથી ગમે તેવા મોટા નિમિત્તમાં પણ જે પ્રકારે સમપરિણતિ આવે તે પ્રકારે પ્રવર્ત્તવું એ જ યોગ્ય છે. જ્ઞાનીના આશ્રયમાં નિરંતર વાસ હોય, તો સહજ સાધનવડે પણ સમપરિણામ પ્રાપ્ત હોય છે; એમાં તો નિર્વિવાદતા છે. પણ જ્યારે પૂર્વકર્મનાં નિબંધનથી અનુકૂળ નહીં એવા નિમિત્તમાં નિવાસ પ્રાપ્ત થયો છે, ત્યારે ગમે તેમ કરીને પણ તેના પ્રત્યે અદ્વેષ પરિણામ રહે એમ પ્રવર્ત્તવું, એ જ અમારી વૃત્તિ છે, અને એ જ શિક્ષા છે.

જેના ગુણગ્રામ કરવાથી જીવ ભવમુક્ત હોય છે, તેના ગુણગ્રામથી પ્રતિકૂળતા આણી દોષભાવે પ્રવર્ત્તવું, એ જીવને જોકે મહાદુઃખદાયક છે, એમ જાણીએ છીએ, અને તેવા પ્રકારમાં જ્યારે તેઓનું આવી જવું થાય છે ત્યારે, જાણીએ છીએ કે, જીવને કોઇ તેવા પૂર્વકર્મનું નિબંધન હશે; અમને તો તે વિષે અદ્વેષ જ પરિણામ છે; અને તેમના પ્રત્યે કરુણા આવે છે. તમે પણ તે ગુણનું અનુકરણ કરો, અને જે પ્રકારે તેઓ ગુણગ્રામકરવાયોગ્યના અવર્ણવાદ બોલવાનો પ્રસંગ ન પામે તેમ યોગ્ય માર્ગ ગ્રહણ કરો. એ ભલામણ છે.

અમે પોતે ઉપાધિપ્રસંગમાં રહ્યા હતા, અને રહ્યા છીએ, તે પરથી સ્પષ્ટ જાણીએ છીએ કે, તે પ્રસંગમાં કેવળ આત્મભાવે પ્રવર્ત્તવું એ દુર્લભ છે, માટે નિરુપાધિવાળાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનું સેવન અવશ્યનું છે એમ જાણતા છતાં પણ હાલ તો એમ જ કહીએ છીએ કે, તે ઉપાધિવહન કરતા જતાં નિરુપાધિને વિસર્જન ન કરાય એમ થાય તેમ કર્યા રહેો.

અમ જેવા સત્સંગને નિરંતર ભજે છે, તો તે તમને કેમ અભજ્ય હોય ? તે જાણીએ છીએ પણ હાલ તો પૂર્વકર્મને ભજીએ છીએ. એટલે તમને બીજો માર્ગ કેમ બતાવીએ તે તમે વિચારો.

એક ક્ષણવાર પણ આ સંસર્ગમાં રહેવું ગમતું નથી, તેમ છતાં ઘણાં કાળ થયાં સેવ્યા આવીએ છીએ, સેવીએ છીએ; અને હજી અમુક કાળ સેવવાનું ધારી રાખવું પડયું છે, અને તમને તે જ ભલામણ કરવી યોગ્ય માની છે. જેમ બને તેમ વિનયાદિ સાધનસંપન્ન થઇ સત્સંગ શાસ્ત્રાભ્યાસ, અને આત્મવિચારમાં પ્રવર્ત્તવું; એમ કરવું એ જ શ્રેયસ્કર છે.

સમય માત્ર પણ પ્રમાદ કરવાની તીર્થંકરદેવની આજ્ઞા નથી.

૧૯૪૮.

૨૬૦*

કોઇ પણ પ્રકારનું દર્શન થાય તેને સમ્યક્જ્ઞાન મોટા પુરૂષોએ ગણ્યું છે એમ સમજવાનું નથી, પદાર્થનો બોધ પ્રાપ્ત થાય તેને સમ્યક્જ્ઞાન ગણવામાં આવ્યું છે.

૧૯૪૮.

૨૬૧. *

ૐ

—તેમ શ્રુતધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે;

"વિક્ષેપરહિત એવું જેનું વિચારજ્ઞાન થયું છે, એવો આત્મકલ્યાણની ઇચ્છાવાળો પુરૂષ" (જ્ઞાનાક્ષેપકવંત) હોય તે, જ્ઞાની મુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યાણરુપ ધર્મ તેને વિષે નિશ્ચળ-પરિણામે મનને ધારણ કરે. એ સામાન્ય ભાવ ઉપરનાં પદોનો છે.

તે નિશ્ચળ પરિણામનું સ્વરુપ ત્યાં કેવું ઘટે છે ? તે પ્રથમ જ જણાવ્યું છે કે, પ્રિય એવા પોતાના સ્વામીને વિષે બીજાં ગૃહકામને વિષે પ્રવર્ત્તન છતાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનું મન વર્ત્તે છે તે પ્રકારે—જે પદનો વિશેષ અર્થ આગળ લખ્યો છે, તે સ્મરણમાં લાવી સિદ્ધાંતરુપ એવા ઉપરના પદને વિષે સંપ્રિભૂત કરવું યોગ્ય છે, કારણ કે, "મન મહિલાનું વ્હાલા ઉપરે " એ પદ છે તે દૃષ્ટાંતરુપ છે.

અત્યંત સમર્થ એવો સિદ્ધાંત પ્રતિપાદન કરતાં–જીવના પરિણામમાં તે સિદ્ધાંત સ્થિત થવાને અર્થે સમર્થ, એવું દૃષ્ટાંત દેવું ઘટે છે એમ જાણી, ગ્રંથકર્ત્તા તે સ્થળે જગતમાં–સંસારમાં–પ્રાયે મુખ્ય એવો જે પુરૂષ પ્રત્યેનો ક્લેશાદિભાવરહિત એવો કામ્યપ્રેમ–સ્ત્રીનો–તે જ પ્રેમ સત્પુરુષથી શ્રવણ થયો હોય, જે ધર્મ તેનેવિષે પરિણમિત કરવા કહે છે. તે સત્પુરુષદ્વારા શ્રવણ પ્રાપ્ત થયો છે જે ધર્મ, તેમાં સર્વ–બીજા–જે પદાર્થ પ્રત્યે પ્રેમ રહ્યો છે તેથી ઉદાસીન થઈ એક લક્ષપણે, એક ધ્યાનપણે, એક લયપણે, એક સ્મરણપણે, એક શ્રેણિપણે, એક ઉપયોગપણે, એક પરિણામપણે સર્વ વૃત્તિમાં રહેલો જે કામ્યપ્રેમ તે મટાડી, શ્રુતધર્મરૂપ કરવાનો ઉપદેશ કર્યો છે. એ કામ્યપ્રેમથી અનંતગુણ વિશિષ્ટ એવો શ્રુતપ્રત્યે પ્રેમ કરવો ઘટે છે; તથાપિ દૃષ્ટાંત પરિસીમા કરી શક્યું નથી, જેથી દૃષ્ટાંતની પરિસીમા જ્યાં થઇ ત્યાં સુધીનો પ્રેમ કહ્યો છે. સિદ્ધાંત ત્યાં પરિસીમાપણાને પમાડયો નથી.

અનાદિથી જીવને સંસારરૂપ અનંત પરિણતિ પ્રાપ્ત થવાથી અસંસારપણારૂપ કોઇ અંશ પ્રત્યે તેને બોધ નથી. ઘણાં કારણોનો જોગ પ્રાપ્ત થયે તે અંશદૃષ્ટિ પ્રગટવાનો જોગ પ્રાપ્ત થયો તો તે વિષમ એવી સંસારપરિણતિ આડે તેને તે અવકાશ પ્રાપ્ત થતો નથી. જ્યાંસુધી તે અવકાશ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી, જીવને સ્વપ્રાપ્તિભાન ઘટતું નથી; જ્યાંસુધી તે પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી, જીવને કંઇ સુખ કહેવું ઘટતુ નથી–દુઃખી કહેવો ઘટે છે; એમ દેખી અત્યંત અનંત કરુણા પ્રાપ્ત થઇ છે જેને એવા આપ્તપુરુષે દુઃખ મટવાનો માર્ગ જાણ્યો છે; જે તે કહેતા હતા; કહે છે; ભવિષ્યકાળે કહેશે. તે માર્ગ એક, જીવનું સ્વાભાવિકપણું પ્રગટયું છે જેને વિષે, જીવનું સ્વાભાવિક સુખ પ્રગટયું છે જેને વિષે, એવો જ્ઞાનીપુરુષ તે જ તે અજ્ઞાનપરિણતિ અને તેથી પ્રાપ્ત થયું જે દુઃખપરિણામ તેથી આત્માને સ્વાભાવિકપણે સમજાવી શકવા યોગ્ય છે; કહી શકવાને યોગ્ય છે; અને તે વચન સ્વાભાવિક આત્મા જાણ્યાપૂર્વક હોવાથી, તે દુઃખ મટાડી શકવાને બળવાન છે; માટે તે વચન જો કોઇ પણ પ્રકારે જીવને શ્રવણ થાય, તે અપૂર્વભાવરૂપ જાણી તેમાં પરમપ્રેમ વર્તે, તો તત્કાળ અથવા અમુક અનુક્રમે આત્માનું સ્વાભાવિકપણુ પ્રગટ થાય.

૧૯૪૮, મુંબઇ.

૨૬૨.*

ૐ.

અન–અવકાશ એવું આત્મસ્વરૂપ વર્તે છે; જેમાં પ્રારબ્ધોદય શિવાયબીજો કોઇ અવકાશજોગ નથી.

તે ઉદયમાં ક્વચિત્ પરમાર્થભાષા કહેવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત પરમાર્થભાષા લખવારૂપ જોગ ઉદય આવે છે, ક્વચિત્ પરમાર્થભાષા સમજાવવારૂપ જોગ આવે છે, વિશેષપણે વૈશ્યદશારૂપ જોગ હાલ તો ઉદયમાં વર્તે છે; અને જે કંઇ ઉદયમાં નથી આવતું તે કરી શકવાનું હાલ તો અસમર્થપણુ છે.

ઉદયાધીન માત્ર જીવિતવ્ય કરવાથી–થવાથી–વિષમપણુ મટયું છે. તમપ્રત્યે, પોતાપ્રત્યે, અન્ય પ્રત્યે કોઇ જાતનો વિભાવિક ભાવ પ્રાયે ઉદયપ્રાપ્ત થતો નથી, અને એ જ કારણથી પત્રાદિ કાર્યકરવારૂપ પરમાર્થભાષાજોગે અવકાશ પ્રાપ્ત નથી એમ લખ્યું છે.–તે તેમ જ છે.

પૂર્વોપાર્જિત એવો જે સ્વાભાવિક ઉદય તે પ્રમાણે દેહસ્થિતિ છે; આત્માપણે તેનો અવકાશ અત્યંતાભાવરૂપ છે. ...

જે તે પુરુષના સ્વરૂપને જાણે છે, તેને સ્વાભાવિક–અત્યંત શુદ્ધ–એવું આત્મસ્વરૂપ પ્રગટે છે. એ પ્રગટ થવાનું કારણ તે પુરુષ જાણ્યો સર્વ પ્રકારની સંસારકામના પરિત્યાગી–અસંસાર–પરિ-

ત્યાગ રૂપ કરી–શુદ્ધ ભક્તિએ તે પુરુષસ્વરૂપ વિચારવા યોગ્ય છે.

"મન મહિલાનું વહાલા ઉપરે, બીજાં કામ કરંત રે," એ પદના વિસ્તારવાળા અર્થને આત્મપરિણામરૂપ કરી તે પ્રેમભક્તિ સત્પુરુષને વિષે અત્યંતપણે કરવી યોગ્ય છે, એમ સર્વ તીર્થંકરોએ કહ્યું છે, વર્તમાને કહે છે, અને ભવિષ્યે પણ એમ જ કહેવાના છે.

તે પુરુષથી પ્રાપ્ત થયેલી એવી તેની આત્મપદ્ધતિસૂચક ભાષા તેમાં આક્ષેપક થયું છે વિચારજ્ઞાન જેનું એવો પુરુષ. તે આત્મકલ્યાણના અર્થ તે પુરુષ જાણી, તે શ્રુત (શ્રવણ) ધર્મમાં, મન (આત્મા) ધારણ–તે રૂપે પરિણામ કરે છે. તે પરિણામ કેવું કરવા યોગ્ય છે? તે દૃષ્ટાંત–મન મહિલાનું વહાલા ઉપરે, બીજાં કામ કરંત રે–આપી સમર્થ કર્યું છે. ઘટે છે તો એમ કે પુરુષ પ્રત્યે સ્ત્રીનો જે કામ્યપ્રેમ તે સંસારના બીજા ભાવોની અપેક્ષાએ શિરોમણિ છે, તથાપિ તે પ્રેમથી અનંત ગુણવિશિષ્ટ એવો પ્રેમ સત્પુરુષ પ્રત્યેથી પ્રાપ્ત થયો જે આત્મારૂપ શ્રુતધર્મ તેને વિષે યોગ્ય છે; પરંતુ તે પ્રેમનું સ્વરૂપ જ્યાં અદૃષ્ટાંતપણાને પામે છે, ત્યાં બોધનો અવકાશ નથી એમ જાણો. પરિસીમાભૂત એવુ તે શ્રુતધર્મને અર્થે ભર્તાર પ્રત્યેના સ્ત્રીના કામ્યપ્રેમનું દૃષ્ટાંત કહ્યું છે. સિદ્ધાંત ત્યાં પરિસીમા પામતો નથી, આગળ વાણી પછીનાં પરિણામને પામે છે, અને આત્મવ્યક્તિએ જણાય છે:–એમ છે.

૧૯૪૮, મુંબઈ.

૨૬૩.*

જે પ્રકારે અત્રે કહેવામાં આવ્યું હતું, તે પ્રકારથી પણ સુગમ એવું ધ્યાનનું સ્વરૂપ અહીં લખ્યું છે;

૧. નિર્મળ એવા કોઈ પદાર્થને વિષે દૃષ્ટિ સ્થાપન કરવાનો અભ્યાસ કરીને પ્રથમ તેને અચપળસ્થિતિમાં આણવો.
૨. એવું કેટલુંક અચપળપણું પ્રાપ્ત થયા પછી જમણા ચક્ષુને વિષે સૂર્ય અને ડાબા ચક્ષુને વિષે ચંદ્ર સ્થિત છે એવી ભાવના કરવી.
૩. એ ભાવના, જ્યાંસુધી તે પદાર્થના આકારાદિનાં દર્શનને આપે નહીં ત્યાંસુધી સુદૃઢ કરવી.
૪. તેવી સુદૃઢતા થયા પછી ચંદ્રને જમણા ચક્ષુને વિષે અને સૂર્યને વામ ચક્ષુને વિષે સ્થાપન કરવા.
૫. એ ભાવના, જ્યાંસુધી તે પદાર્થના આકારાદિ દર્શનને આપે નહીં ત્યાંસુધી સુદૃઢ કરવી.— આ, જે દર્શન કહ્યું છે તે, ભાસમાનદર્શન સમજવું.
૬. એ બે પ્રકારની ઉલટ સુલટ ભાવના સિદ્ધ થયે ભ્રકુટીના મધ્યભાગને વિષે તે બન્નેનું ચિંતન કરવું.
૭. પ્રથમ તે ચિંતન, દૃષ્ટિ ઉઘાડી રાખી કરવું.
૮. ઘણા પ્રકારે તે ચિંતન દૃઢ થયા પછી દૃષ્ટિ બંધ રાખવી–તે પદાર્થના દર્શનની ભાવના કરવી.
૯. તે ભાવનાથી દર્શન સુદૃઢ થયા પછી તે બન્ને પદાર્થો એક અષ્ટદલકમલનું ચિંતન કરી હૃદયને વિષે અનુક્રમે સ્થાપિત કરવા.
૧૦. હૃદયને વિષે એવું એક અષ્ટદલકમલ માનવામાં આવ્યું છે, તથાપિ તે વિમુખમુખે રહ્યું છે, એમ માનવામાં આવ્યું છે, જેથી સન્મુખમુખે તેને ચિંતવવું–અર્થાત્ સુલટું ચિંતવવું.
૧૧. તે અષ્ટદળકમળને વિષે પ્રથમ ચંદ્રના તેજને સ્થાપન કરવું, પછી સૂર્યના તેજને સ્થાપન કરવું. અને પછી અખંડ દિવ્યાકાર એવી અગ્નિની જ્યોતિનું સ્થાપન કરવું.
૧૨. તે ભાવના દૃઢ થયે પૂર્ણ છે જેનું જ્ઞાન, દર્શન અને આત્મચારિત્ર એવા શ્રી વીતરાગદેવ તેની પ્રતિમા મહાતેજોમય સ્વરૂપે તેને વિષે ચિંતવવા.

૧૩. તે પરમ દિવ્ય પ્રતિમા નહીં બાળ, યુવા અને વૃદ્ધ એવા દિવ્યસ્વરૂપે ચિંતવવી.
૧૪. સંપૂર્ણ જ્ઞાન, દર્શન ઉત્પન્ન થવાથી સ્વરૂપસમાધિને વિષે શ્રી વીતરાગદેવ અત્ર છે, એમ ભાવવું.
૧૫. સ્વરૂપસમાધિને વિષે સ્થિત એવા તે વીતરાગ આત્માના સ્વરૂપમાં જ તદાકાર છે એમ ભાવવું.
૧૬. તેમના મૂર્ધસ્થાનને વિષેથી તે વખતે ૐકારનો ધ્વનિ થયા કરે છે, એમ ભાવવું.
૧૭. તે ભાવનાઓ દૃઢ થયે તે ૐકાર સર્વ પ્રકારના વક્તવ્ય જ્ઞાનને ઉપદેશે છે, એમ ભાવવું.
૧૮. જે પ્રકારના સમ્યક્‌માર્ગે કરી વીતરાગદેવ વીતરાગ નિષ્પન્નતાને પામ્યા એવું જ્ઞાન, તે ઉપદેશનું રહસ્ય છે એમ ચિંતવતાં તે જ્ઞાન તે શું, એમ ભાવવું.
૧૯. તે ભાવના દૃઢ થયા પછી તેમણે જે દ્રવ્યાદિ પદાર્થો કહ્યા છે, તેનું ભાવન કરી આત્માને સ્વરૂપમાં ચિંતવવો—સર્વાંગ ચિંતવવો.

ધ્યાનના ઘણા ઘણા પ્રકાર છે. એ સર્વમાં શ્રેષ્ઠ એવું તો આત્મા જેમાં મુખ્યપણે વર્તે છે તે ધ્યાન કહેવાય છે; અને એ જ આત્મધ્યાનની પ્રાપ્તિ, ઘણું કરીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ વિના થતી નથી એવું જે આત્મજ્ઞાન તે યથાર્થ બોધની પ્રાપ્તિ શિવાય, ઉત્પન્ન થતું નથી; એ યથાર્થ બોધની પ્રાપ્તિ ઘણું કરીને ક્રમે કરીને ઘણા જીવોને થાય છે. અને તેનો મુખ્ય માર્ગ તે બોધસ્વરુપ એવા જ્ઞાની પુરુષનો આશ્રય કે સંગ અને તેને વિષે બહુ માન–પ્રેમ–એ છે. જ્ઞાની પુરુષનો તેવો તેવો સંગ જીવને અનંતકાળમાં ઘણીવાર થઈ ગયો છે; તથાપિ આ પુરુષ જ્ઞાની છે, માટે હવે તેનો આશ્રય ગ્રહણ કરવો એ જ કર્તવ્ય છે, એમ જીવને આવ્યું નથી; અને તે જ કારણ જીવને પરિભ્રમણનું થયું છે; એમ અમને તો દૃઢ કરીને લાગે છે.

જ્ઞાની પુરુષનું ઓળખાણ નહીં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીએ. એક તો 'હું જાણું છું', 'હું સમજું છું', એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન; બીજું, પરિગ્રહાદિકને વિષે જ્ઞાની પુરુષપર રાગ કરતાં પણ વિશેષ રાગ; ત્રીજું લોકભયને લીધે, અપકીર્તિભયને લીધે અને અપમાનભયને લીધે જ્ઞાનીથી વિમુખ રહેવું, તેના પ્રત્યે જેવું વિનયાન્વિત થવું જોઇએ તેવું ન થવું. એ ત્રણ કારણો જીવને જ્ઞાનીથી અજાણ્યો રાખે છે. જ્ઞાનીને વિષે પોતાસમાન કલ્પના રહ્યા કરે છે; પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચારનું, શાસ્ત્રનું તોલન કરવામાં આવે છે; થોડું પણ ગ્રંથસંબંધી વાંચનાદિ જ્ઞાન મળવાથી ઘણા પ્રકારે તે દર્શાવવાની જીવને ઇચ્છા રહ્યા કરે છે એ વગેરે જે દોષ તે ઉપર જણાવ્યા એવા જે ત્રણ દોષ તેને વિષે સમાય છે, અને એ ત્રણે દોષના ઉપાદાન કારણ એવો તો એક 'સ્વચ્છંદ' નામનો મહાદોષ છે; અને તેનું નિમિત્તકારણ અસત્સંગ છે.

જેને તમારા પ્રત્યે તમને પરમાર્થની કોઈ પ્રકારે કંઈ પણ પ્રાપ્તિ થાઓ એ હેતુ શિવાય બીજી સ્પૃહા નથી, એવો હું તે આ સ્થળે સ્પષ્ટ જણાવવા ઇચ્છું છું, અને તે એ કે, ઉપર જણાવેલા દોષો જે વિષે હજુ તમને પ્રેમ વર્તે છે; 'હું જાણું છું', 'હું સમજું છું', એ દોષ ઘણીવાર વર્તમાનમાં પ્રવર્તે છે; અસાર એવા પરિગ્રહાદિકને વિષે પણ મહત્તાની ઇચ્છા રહે છે; એ વગેરે જે દોષો તે ધ્યાન, જ્ઞાન એ સર્વેનું કારણ જે જ્ઞાની પુરુષ અને તેની આજ્ઞાને અનુસરવું તેને આડા આવે છે માટે, જેમ બને તેમ આત્મવૃત્તિ કરી તેને ઓછા કરવાનું પ્રયત્ન કરવું; અને લૌકિક ભાવનાના પ્રતિબંધથી ઉદાસ થવું એ જ કલ્યાણકારક છે.—એમ જાણીએ છીએ.

સંવત્ ૧૯૪૮.

૨૬૪.

લૌકિક દૃષ્ટિએ તમે અમે પ્રવર્ત્તશું, તો પછી અલૌકિક દૃષ્ટિએ કોણ પ્રવર્ત્તશે?

આત્મા એક છે, કે અનેક છે; કર્ત્તા છે, કે અકર્ત્તા છે; જગતનો કોઈ કર્તા છે, કે જગત્

સ્વતઃ છે, એ વગેરે ક્રમે કરીને સત્સંગે સમજવાયોગ્ય છે, એમ જાણીને પત્રવાટે તે વિષે હાલ લખવામાં આવ્યું નથી.

સમ્યક્‌પ્રકારે જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે.

સંસારસંબંધી તમને જે જે ચિંતા છે, તે ચિંતા પ્રાયે અમને જાણવામાં છે, અને તે વિષે અમુક અમુક તમને વિકલ્પ રહે છે, તે પણ જાણીએ છીએ; તેમ જ પરમાર્થચિંતા પણ સત્સંગના વિયોગને લીધે રહે છે, તે પણ જાણીએ છીએ; બેય પ્રકારનો વિકલ્પ હોવાથી તમને આકુળ-વ્યાકુળપણું પ્રાપ્ત હોય એમાં પણ આશ્ચર્ય લાગતું નથી, અથવા અસંભવરૂપ લાગતું નથી. હવે એ બેય પ્રકારને માટે ચોખ્ખા શબ્દોમાં નીચે જે કંઈ મનને વિષે છે તે, લખવાનું પ્રયત્ન કર્યું છે.

સંસારસંબંધી તમને જે ચિંતા છે તે, જેમ ઉદયમાં આવે તેમ વેદવી-સહન કરવી. એ ચિંતા થવાનું કારણ એવું કોઈ કર્મ નથી કે જે ટાળવા માટે જ્ઞાની પુરુષને પ્રવૃત્તિ કરતાં બાધ ન આવે. જ્યારથી યથાર્થ બોધની ઉત્પત્તિ થઈ છે ત્યારથી, કોઈ પણ પ્રકારના સિદ્ધિયોગે કે વિદ્યાના યોગે સાંસારિક સાધન પોતાસંબંધી કે પરસંબંધી કરવાની પ્રતિજ્ઞા છે; અને એ પ્રતિજ્ઞામાં એક પળ પણ મંદપણું આવ્યું હોય એમ હજુસુધીમાં થયું છે એમ સાંભરતું નથી. તમારી ચિંતા જાણીએ છીએ, અને અમે તે ચિંતાનો કોઈ પણ ભાગ જેટલો બને તેટલો વેદવા ઇચ્છીએ છીએ, પણ એમ તો કોઈ કાળે બન્યું નથી, તે કેમ બને? અમને પણ ઉદયકાળ એવો વર્તે છે કે, હાલ રિદ્ધિયોગ હાથમાં નથી.

પ્રાણીમાત્ર પ્રાયે આહાર-પાણી પામી રહે છે, તો તમજેવા પ્રાણીના કુટુંબને માટે તેથી વિપર્યય પરિણામ આવે એવું જે ધારવું તે યોગ્ય જ નથી; કુટુંબની લાજ વારંવાર આડી આવી જે આકુળતા આપે છે, તે ગમે તો રાખીએ, અને ગમે તો ન રાખીએ તે બન્ને સરખું છે, કેમકે જેમાં પોતાનું નિરુપાયપણું રહ્યું, તેમાં તો જે થાય તે યોગ્ય જ માનવું એ દૃષ્ટિ સમ્યક્ છે. જે લાગ્યું તે જણાવ્યું છે.

અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપપરિણતિ વર્તતી હોવાને લીધે છે. આત્માના સ્વરૂપસંબંધી તો પ્રાયે નિર્વિકલ્પપણું જ રહેવાનું અમને સંભવિત છે, કારણ કે અન્યભાવને વિષે મુખ્યપણે અમારી પ્રવૃત્તિ જ નથી.

બંધ, મોક્ષની યથાર્થ વ્યવસ્થા જે દર્શનને વિષે યથાર્થપણે કહેવામાં આવી છે, તે દર્શન, નિકટ મુક્તપણાનું કારણ છે, અને એ યથાર્થ વ્યવસ્થા કહેવાને યોગ્ય જો કોઈ અમે વિશેષપણે માનતા હોઈએ, તો તે શ્રી તીર્થંકરદેવ છે. અને એ જે શ્રી તીર્થંકરદેવનો અંતર આશય તે પ્રાયે મુખ્યપણે અત્યારે કોઈને વિષે આ આ ક્ષેત્રે હોય, તો તે અમે હોઈશું એમ અમને દૃઢ કરીને ભાસે છે, કારણ કે, જે અમારું અનુભવજ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે, અને વીતરાગનું કહેલું જે શ્રુતજ્ઞાન તે પણ તે જ પરિણામનું કારણ લાગે છે; માટે અમે તેના અનુયાયિ ખરેખરા છીએ,-સાચા છીએ.

વન અને ઘર એ બન્ને કોઈ પ્રકારે અમને સમાન છે, તથાપિ વનમાં પૂર્ણ વીતરાગભાવને અર્થે રહેવું વધારે રુચિકર લાગે છે; સુખની ઇચ્છા નથી, પણ વીતરાગપણાની ઇચ્છા છે.

જગતના કલ્યાણને અર્થે પુરુષાર્થ કરવાવિષે લખ્યું, તો તે પુરુષાર્થ કરવાની ઇચ્છા કોઈ પ્રકારે રહે પણ છે, તથાપિ ઉદયને અનુસરીને ચાલવું એ આત્માની સહજ દશા થઈ છે, અને તેવો ઉદયકાળ હાલ સમીપમાં જણાતો નથી; તો તે ઉદેરી આણવાનું બને એવી દશા અમારી નથી.

"માગી ખાઈને ગુજરાન ચલાવીશું પણ ખેદ નહીં પામીએ, જ્ઞાનના અનંત આનંદ આગળ તે

દુઃખ તૃણુમાત્ર છે." આ ભાવાર્થનું જે વચન લખ્યું છે, તે વચનને અમારો નમસ્કાર હો; એવું જે વચન તે ખરી યોગ્યતા વિના નીકળવું સંભવિત નથી.

"જીવ એ પુદ્ગલી પદાર્થ નથી, પુદ્ગલ નથી; તેમ પુદ્ગલનો આધાર નથી; તેના રંગવાળો નથી; પોતાની સ્વરૂપસત્તા શિવાય જે અન્ય તેનો તે સ્વામી નથી, કારણ કે પરની ઐશ્વર્યતા સ્વરૂપને વિષે હોય નહીં; વસ્તુત્વધર્મે જોતાં તે કોઇ કાળે પણ પરસંગી પણ નથી." એ પ્રમાણે સામાન્ય અર્થ "જીવ નવી પુગ્ગલી" વગેરે પદોનો છે.

दुःख–सुखरूप करमफळ जाणो, निश्चय एक आनंदोरे;
चेतनता परिणाम न चूके, चेतन कहे जिनचंदो रे,

—आनंदघन वासुपुज्यस्तवन.

૨૬૫.

ઘણુંકરી આત્મામાં એમ જ રહ્યા કરે છે કે, જ્યાંસુધી આ વેપારપ્રસંગે કામકાજ કરવું રહ્યા કરે, ત્યાંસુધી ધર્મકથાદિ પ્રસંગે, અને ધર્મના જાણનારરૂપે કોઇ પ્રકારે પ્રગટપણામાં ન અવાય એ યથાયોગ્ય પ્રકાર છે. વેપારપ્રસંગે રહેતા છતાં જેનો ભક્તિભાવ રહ્યા કર્યો છે, તેનો પ્રસંગ પણ એવા પ્રકારમાં કરવો યોગ્ય છે કે જ્યાં આત્માને વિષે ઉપર જણાવેલો પ્રકાર રહ્યા કરે છે, તે પ્રકારને બાધ જ થાય.

જિને કહેલાં મેરુ વગેરે વિષે તથા અંગ્રેજે કહેલ પૃથ્વીઆદિ સંબંધે સમાગમપ્રસંગમાં વાતચિત કરશો.

અમારું મન ઘણું ઉદાસ રહે છે, અને પ્રતિબંધ એવા પ્રકારનો રહે છે કે, છે તે ઉદાસપણું સાવ ગુપ્ત જેવું કરી, ન ખમી શકાય એવા વેપારાદિ પ્રસંગમાં ઉપાધિજોગ વેદવા પડે છે;–જો કે વારતવ્યપણે તો સમાધિપ્રત્યયી આત્મા છે.

સંવત્ ૧૯૪૮.

૨૬૬.

સૂર્ય ઉદય-અસ્તરહિત છે, માત્ર લોકોને ચક્ષુમર્યાદાથી બહાર વર્તે ત્યારે અસ્ત, અને ચક્ષુ-મર્યાદાને વિષે વર્તે ત્યારે ઉદય એમ ભાસે છે; પણ સૂર્યને વિષે તો ઉદયઅસ્ત નથી. તેમ જ જ્ઞાની છે તે, બધા પ્રસંગને વિષે જેમ છે, તેમ છે; માત્ર પ્રસંગની મર્યાદા ઉપરાંત લોકોનું જ્ઞાન નથી, એટલે પોતાની જેવી તે પ્રસંગને વિષે દશા થઇ શકે તેવી દશા, જ્ઞાનીને વિષે કલ્પે છે; અને એ કલ્પના જ્ઞાનીનું પરમ એવું જે આત્મપણું, પરિતાપપણું, મુક્તપણું, તે જીવને જાણવા દેતો નથી; એમ જાણવાયોગ્ય છે.

જે પ્રકારે પ્રારબ્ધનો ક્રમ ઉદય હોય, તે પ્રકારે હાલ તો વર્તીએ છીએ; અને એમ વર્તવું કોઇ પ્રકારે તો સુગમ ભાસે છે.

જોકે, અમારું ચિત્ત નેત્ર જેવું છે; નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવોરૂપ અન્ય ચિત્ત છે. તેને વિષે વાણીનું ઉઠવું, સમજાવવું આ કરવું, અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી, તે માંડ માંડ બને છે. ઘણી ક્રિયા તો શૂન્ય-પણાની પેઠે વર્તે છે; આવી સ્થિતિ છતાં ઉપાધિજોગ તો બળવાનપણે આરાધીએ છીએ; એ વેદવું ઓછું વિકટ લાગતું નથી, કારણ કે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય

છે. તે જેમ દુઃખે–અત્યંત દુઃખે–થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામરુપ થવા બરાબર છે. સુગમપણાએ સ્થિત ચિત્ત હોવાથી વેદનાને સમ્યક્પ્રકારે વેદે છે. અખંડ સમાધિપણે વેદે છે. આ વાત લખવાનો આશય તો એમ છે જે આવા ઉત્કૃષ્ટ વૈરાગ્યને વિષે આવો ઉપાધિજોગ વેદવાનો જે પ્રસંગ છે તે કેવો ગણવો ? અને આ બધું શા અર્થે કરવામાં આવે છે ? જાણતાં છતાં તે મૂકી કેમ દેવામાં આવતો નથી ? એ બધું વિચારવાયોગ્ય છે.

ઇશ્વરેચ્છા જેમ હશે તેમ થશે. વિકલ્પ કરવાથી ખેદ થાય; અને તે તો જ્યાંસુધી તેની ઇચ્છા હોય ત્યાંસુધી તે પ્રકારે જ પ્રવર્તે. સમ રહેવું યોગ્ય છે.

બીજી તો કંઈ સ્પૃહા નથી; કોઇ પ્રારબ્ધસ્પૃહા પણ નથી. સત્તારુપ કોઈ પૂર્વે ઉપાર્જન કરેલી ઉપાધિરુપ સ્પૃહા તે તો અનુક્રમે સંવેદન કરવી છે. એક સત્સંગ–તમરુપ સત્સંગ–ની સ્પૃહા વર્તે છે. રુચિમાત્ર સમાધાન પામી છે. એ આશ્ચર્યરૂપ વાત કયાં કહેવી ? આશ્ચર્ય થાય છે. આ જે દેહ મળ્યો તે પૂર્વે કોઇવાર મળ્યો ન હોય તો, ભવિષ્યકાળે પ્રાપ્ત થવો નથી. ધન્યરુપ–કૃતાર્થરુપ–એવા જે અમે તેને વિષે આ ઉપાધિજોગ જોઈ લોકમાત્ર ભૂલે એમાં આશ્ચર્ય નથી, અને પૂર્વે જો સત્પુરુષનું ઓળખાણ પડતું નથી, તો તે આવા યોગના કારણથી છે. વધારે લખવું સૂજતું નથી. નમસ્કાર પહોંચે.

સંવત્ ૧૯૪૮. સમસ્વરુપ શ્રી રાયચંદ્રના યથાયોગ.

વર્ષ ૨૬ મું.

૨૬૭.

ઓછો પ્રમાદ થવાનો ઉપયોગ એ જીવને માર્ગના વિચારમાં સ્થિતિ કરાવે છે. એ વાત ફરી ફરી વિચારી તે પ્રયત્ન ત્યાં વિયોગે પણ કોઈ પ્રકારે કરવું ઘટે છે, એ વાત ભૂલવાજોગ્ય નથી.

મુંબઈ, કારતક વદ ૯, ૧૯૪૯.

૨૬૮.

"પુનર્જન્મ છે, જરુર છે, એ માટે હું અનુભવથી હા કહેવામાં અચલ છું." એ વાકય પૂર્વભવના કોઈ જોગનું સ્મરણ થતી વખતે સિદ્ધ થયેલું લખ્યું છે. જેને–પુનર્જન્માદિ ભાવ કર્યા છે, તે પદાર્થને–કોઈ પ્રકારે જાણીને તે વાકય લખાયું છે.

મુંબઈ, નવેમ્બર ૧૬, **પ્રણામ પ્રાપ્ત થાય.**

૨૬૯.

સ્વરુપ સહજમાં છે. જ્ઞાનીના ચરણસેવનવિના અનંત કાળસુધી પણ પ્રાપ્ત ન થાય એવું વિકટ પણ છે. આત્મસંયમને સંભારીએ છીએ. યથારુપ વીતરાગતાની પૂર્ણતા ઇચ્છીએ છીએ.

પોશ શુદ ૧૧, સંવત ૧૯૪૯, મુંબઈ.

૨૭૦.

ૐ

તમો સર્વ મુમુક્ષુજનને નમ્રપણે યથાયોગ્ય પ્રાપ્ત થાય. જ્ઞાનીપુરૂષની સેવાના ઇચ્છાવાન એવા અમે છીએ, તથાપિ આ દુષમ કાળને વિષે તો તેની પ્રાપ્તિ પરમ દુષમ દેખીએ છીએ, અને તેથી જ્ઞાનીપુરુષના આશ્રયને વિષે સ્થિર બુદ્ધિ છે જેની, એવા મુમુક્ષુજનને વિષે સત્સંગપૂર્વક ભક્તિભાવે રહેવાની પ્રાપ્તિ તે મહાભાગ્યરુપ જાણીએ છીએ, તથાપિ હાલ તો તેથી વિપર્યય પ્રારબ્ધોદય વર્તે છે, તથાપિ ઉદયાધીન સ્થિતિ છે; અને તે એવા પરિણામે હાલ વર્તે છે કે, તમ મુમુક્ષુજનનાં પત્રની પહોંચ માત્ર વિલંબેથી અપાય છે. ગમે તે સ્થિતિમાં પણ અપરાધયોગ્ય પરિણામ નથી.

મુંબઈ, જાન્યુઆરી ૨૫, ૯૩.

૨૭૧.

કોઈ પણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત થવાનાં કારણોને પ્રાપ્ત થાય એમ, નિષ્કારણ કરુણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે, કારણ કે સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એવી કરુણાવસ્થા હોય છે કે, સમયમાત્રના અનવકાશે આખો લોક આત્માવસ્થા-પ્રત્યે હો, સ્વરૂપપ્રત્યે હો, આત્મસમાધિપ્રત્યે હો; અન્ય અવસ્થાપ્રત્યે ન હો, અન્ય સ્વરૂપપ્રત્યે ન હો, અન્ય આધિપ્રત્યે ન હો; જે જ્ઞાનથી સ્વાત્મસ્થ પરિણામ હોય છે, તે જ્ઞાન સર્વ જીવો-પ્રત્યે પ્રગટ હો, અનવકાશપણે સર્વ જીવ તે જ્ઞાનપ્રત્યે રુચિપણે હો. એવો જ જેનો કરુણાશીળ સહજ સ્વભાવ છે, તે સંપ્રદાય સનાતન સત્પુરુષોનો છે. આપના અંતઃકરણમાં એવી કરુણા-વૃત્તિથી પ્રભાવ વિધિનો વિચાર વારંવાર આવ્યા કરે છે, અને આપના વિચારનું એક અંશ પણ ફળ પ્રાપ્ત થાય, અથવા તે ફળ પ્રાપ્ત થવાનું એક અંશ પણ કારણ ઉત્પન્ન થાય, તો આ પંચમકાળમાં તીર્થંકરનો માર્ગ બહુ અંશે પ્રગટ થવા બરોબર છે, તથાપિ તેમ થવું સંભવિત નથી. એનો જે માર્ગ છે તે, હાલ તો પ્રવૃત્તિના ઉદયમાં છે, અને તે કારણ જ્યાંસુધી તેમને લક્ષગત નહીં થાય ત્યાંસુધી બીજા ઉપાય તે પ્રતિબંધરૂપ છે,–નિઃસંશય પ્રતિબંધરૂપ છે. જીવ જો અજ્ઞાન–પરિણામી હોય, તો તે અજ્ઞાન નિયમિતપણે આરાધવાથી જેમ કલ્યાણ નથી, તેમ મોહરુપ એવો એ માર્ગ–અથવા એવા એ લોકસંબંધી માર્ગ, તે માત્ર સંસાર છે; તે પછી ગમે તે આકારમાં મૂકો, તોપણ સંસાર છે. તે સંસારપરિણામથી રહિત કરવા અસંસારગત વાણીનો અસ્વચ્છંદપરિણામે જ્યારે આધાર પ્રાપ્ત થાય છે, ત્યારે તે સંસારનો આકાર નિરાકારતાને પ્રાપ્ત થતો જાય છે. બીજા પ્રતિબંધ તેમ-ની દૃષ્ટિપ્રમાણે કર્યા કરે છે. તેમ જ જ્ઞાનીનાં વચન પણ તેનીતે દૃષ્ટિએ આરાધે તો કલ્યાણ થવા-યોગ્ય લાગતું નથી. માટે તમે ત્યાં એમ જણાવો કે તમે કોઈ કલ્યાણના કારણ નજીક થવાના ઉપાયની ઇચ્છા કરતા હો, તો તેના પ્રતિબંધ ઓછા થવાના ઉપાય કરો, અને નહીં તો કલ્યાણની તૃષ્ણાનો ત્યાગ કરો. તમે એમ જાણતા હો કે, અમે જેમ વર્ત્તીએ છીએ તેમ કલ્યાણ છે—માત્ર અવસ્થા થઈ ગઈ છે, તે જ માત્ર અકલ્યાણ છે એમ જાણતા હો, તો તે યથાર્થ નથી. વાસ્તવ્યપણે તમારૂં જે વર્તવું છે, તેથી કલ્યાણ ન્યારું છે, અને તે તો જ્યારે જ્યારે જે જે જીવને તેવો તેવો ભવસ્થિત્યાદિ સમીપજોગ હોય, ત્યારે ત્યારે તેને તે પ્રાપ્ત થવાયોગ્ય છે. આખા સમૂહને વિષે કલ્યાણ માની લેવા યોગ્ય નથી, અને એમ જો કલ્યાણ થતું હોય તો તેનું ફળ સંસારાર્થ છે, કારણ કે પૂર્વે એમ કરી જીવ, સંસારી રહ્યા કર્યો છે; માટે તે વિચાર તો જ્યારે જેને આચરવો હશે, ત્યારે આવશે. હાલ તમે તમારી રુચિ અનુસાર અથવા તમને જે ભાસે તે કલ્યાણ માની પ્રવર્તો છો તે વિષે, સહજ કોઈ જાતના માનની ઇચ્છા વગર, સ્વાર્થની ઇચ્છા વગર, તમારામાં કલેશ ઉત્પન્ન કરવાની ઇચ્છા વગર મને જે કાંઈ ચિત્તમાં લાગે છે તે જણાવું છું.

કલ્યાણ જે વાટે થાય છે, તે વાટનાં મુખ્ય બે કારણ જોવામાં આવે છે. એક તો જે સં-પ્રદાયમાં આત્માર્થે બધી અસંગપણાવાળી ક્રિયા હોય, અને નિરંતર જ્ઞાનદશા ઉપર જીવોનું ચિત્ત હોય; તેમાં અવશ્ય કલ્યાણ જન્મવાનો જોગ જાણીએ છીએ. એમ ન હોય તો તે જોગનો સંભવ થતો નથી: અત્ર તો લોકસંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ, માનાર્થે, પૂજાર્થે, મતના મહત્વાર્થે, શ્રાવકાદિના પોતાપણાર્થે, કે એવા બીજા કારણથી જપતપાદિ, વ્યાખ્યાનાદિ કરવાનું પ્રવર્તન થઈ ગયું છે. તે આત્માર્થ કોઈ રીતે નથી, આત્માના પ્રતિબંધસ્વરૂપ છે, માટે જો તમે કંઈ ઇચ્છા કરતા હો, તો તેનો ઉપાય કરવા માટે બીજું જે કારણ કહીએ છીએ તે અસંગપણાથી સાધ્ય થયે કોઈ

દિવસે પણ કલ્યાણ થવા સંભવ છે. અસંગપણું એટલે આત્માર્થ શિવાયના સંગપ્રસંગમાં પડવું નહીં; સંસારના સંગીના સંગમાં વાતચિતાદિ પ્રસંગ, શિષ્યાદિ કરવાનાં કારણે રાખવો નહીં. શિષ્યાદિ કરવા સાથે ગૃહવાસી વેષવાળાને ફેરવવા નહીં. ' દીક્ષા લે તો તારૂં કલ્યાણ થશે, ' એવાં વાકય તીર્થંકરદેવ કહેતા નહોતા, તેનો હેતુ એક એવો પણ હતો કે, એમ કહેવું એ પણ તેનો અભિપ્રાય ઉત્પન્ન થવા પહેલાં તેને દીક્ષા આપવી છે; તે કલ્યાણ નથી. જેમાં તીર્થંકરદેવ આવા વિચારથી વર્ત્યા છે, તેમાં આપણે છ છ માસ દીક્ષા લેવાનો ઉપદેશ જારી રાખી તેને શિષ્ય કરીએ છીએ, તે માત્ર શિષ્યાર્થે છે, આત્માર્થે નથી. પુસ્તક છે તે, જ્ઞાનના આરાધનને અર્થે, સર્વ પ્રકારના પોતાના મમત્વભાવરહિત રખાય તો જ આત્માર્થે છે; નહીંતો મહાન્ પ્રતિબંધ છે. તે પણ વિચારવાયોગ્ય છે. આ ક્ષેત્ર આપણું છે, અને તે ક્ષેત્ર જાળવવા ચાતુર્માસ ત્યાં રહેવા માટે જે વિચાર કરવામાં આવે છે, તે ક્ષેત્રપ્રતિબંધ છે. તીર્થંકરદેવ તો એમ કહે છે કે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એ ચારે પ્રતિબંધથી જો આત્માર્થ થતો હોય, અથવા નિર્ગ્રંથ થવાતું હોય, તો તે તીર્થંકરદેવના માર્ગમાં નહીં, પણ સંસારના માર્ગમાં છે. એ જ.

મહા વદ ૦)), બૃહસ્પતવાર, ૧૯૪૯, મુંબઈ. **લા૦ રાયચંદના પ્રણામ.**

૨૭૨.

આત્માને વિભાવથી અવકાશિત કરવાને અર્થે, અને સ્વભાવમાં અનવકાશપણે રહેવાને અર્થે કોઈ પણ મુખ્ય ઉપાય હોય, તો આત્મારામ એવા જ્ઞાની પુરુષનો નિષ્કામબુદ્ધિથી ભક્તિયોગરૂપ સંગ છે. તે સફળ થવાને અર્થે નિવૃત્તિક્ષેત્રમાં તેવો જોગ પ્રાપ્ત થવો એ કોઈ મોટા પુણ્યનો જોગ છે; અને તેવો પુણ્યજોગ ઘણા પ્રકારના અંતરાયવાળો પ્રાયે આ જગતને વિષે દેખાય છે, માટે અમે સમીપમાં છીએ એમ વારંવાર સંભારી જેમાં આ સંસારનું ઉદાસીનપણું કહ્યું હોય તે, હાલ વાંચી વિચારો.

આત્મા કેવળ આત્માપણે વર્તે, એમ જે ચિંતવન રાખવું તે લક્ષ છે,—શાસ્ત્રના પરમાર્થરૂપ છે.

આ આત્મા પૂર્વે અનંતકાલ વ્યતીત કર્યે જાણ્યો નથી, તે ઉપરથી એમ લાગે છે કે, તે જાણવાનું કાર્ય સર્વથી વિકટ છે; અથવા તો જાણવાના તથારૂપ યોગો પરમ દુર્લભ છે. જે રૂપે પોતે છે, તે રૂપનું નિરંતર વિસ્મરણ ચાલ્યું આવે છે. એ વાત બહુ બહુ પ્રકારે વિચારવાયોગ્ય છે,—અને તેનો ઉપાય પણ બહુ પ્રકારે વિચારવાયોગ્ય છે.

મુંબઈ, ફેબ્રુઆરી ૨૩, ૯૩.

૨૭૩.

ૐ.

જેને વિષે પરમાર્થધર્મની પ્રાપ્તિનાં કારણો પ્રાપ્ત થવાં અત્યંત દુસમ થાય, તે કાળને તીર્થંકરદેવે દુસમ કહ્યો છે, અને આ કાળને વિષે તે વાત સ્પષ્ટ દેખાય છે. સુગમમાં સુગમ એવો કલ્યાણનો ઉપાય તે, જીવને પ્રાપ્ત થવો આ કાળને વિષે અત્યંત દુષ્કર છે. મુમુક્ષુપણું, સરળપણું, નિવૃત્તિ, સત્સંગઆદિ સાધનો આ કાળને વિષે પરમ દુર્લભ જાણી, પૂર્વના પુરુષોએ આ કાળને ' હુંડાઅવસર્પિણી ' કાળ કહ્યો છે; અને તે વાત સ્પષ્ટ પણ છે. પ્રથમનાં ત્રણ સાધનોનો સંયોગ તો ક્વચિત્ પણ પ્રાપ્ત થવે, બીજા અમુક કાળમાં સુગમ હતો, પરંતુ સત્સંગ તો સર્વ કાળમાં દુર્લભ જ દેખાય છે, તો પછી આ કાળને વિષે સત્સંગ સુલભ ક્યાંથી હોય ? પ્રથમનાં ત્રણ સાધન કોઈ રીતે આ કાળમાં જીવ પામે, તોપણ ધન્ય છે. કાળસંબંધી તીર્થંકરવાણી સત્ય કરવાને અર્થે આવો ઉદય અમને વર્તે છે, અને તે સમાધિરૂપ વેદવાયોગ્ય છે.

ફા૦ શુદ ૧૪, ૧૯૪૯. **આત્મસ્વરૂપ.**

૨૭૮.

ॐ.

—समता, रमता, ऊरधता, ज्ञायकता, सुखभास;
वेदकता, चैतन्यता, ए सब जीव विलास.

શ્રી તીર્થંકર એમ કહે છે કે, આ જગતમાં આ ' જીવ ' નામના પદાર્થને ગમે તે પ્રકારે કહ્યો હોય તે પ્રકાર તેની સ્થિતિમાં હો, તેને વિષે અમારૂં ઉદાસીનપણું છે; જે પ્રકારે નિરાબાધપણે તે ' જીવ ' નામનો પદાર્થ અમે જાણ્યો છે, તે પ્રકારે કરી તે અમે પ્રગટ કહ્યો છે; જે લક્ષણે કહ્યો છે, તે સર્વ પ્રકારના બાધે કરી રહિત એવો કહ્યો છે; અમે તે આત્મા એવો જાણ્યો છે, જોયો છે, સ્પષ્ટ અનુભવ્યો છે;-પ્રગટ તે જ આત્મા છીએ. તે આત્મા ' સમતા ' નામને લક્ષણે યુક્ત છે. વર્ત્તમાન સમયે જે અસંખ્ય પ્રદેશાત્મક ચૈતન્યસ્થિતિ તે આત્માની છે તે, તે પહેલાનાં એક, બે, ત્રણ, ચાર, દશ, સંખ્યાત, અનંત, સમયે હતી, વર્ત્તમાને છે. હવે પછીના કાળને વિષે પણ તે જ પ્રકારે તેની સ્થિતિ છે. કોઇ પણ કાળે તેનું અસંખ્યાત પ્રદેશાત્મકપણું, ચૈતન્યપણું, અરૂપીપણું, એ આદિ સમસ્ત સ્વભાવ તે છૂટવા ઘટતા નથી; એવું જે ' સમપણું ' —' સમતા '—તે જેનામાં લક્ષણ છે, તે ' જીવ ' છે.

પશુ, પક્ષી, મનુષ્યાદિ દેહને વિષે, વૃક્ષાદિને વિષે, જે કંઇ રમણીયપણું જણાય છે, અથવા જેનાવડે તે સર્વ પ્રગટ સ્ફૂર્તિવાળાં જણાય છે, પ્રગટ સુંદરપણા સમેત લાગે છે, તે—'રમણીયપણું' —'રમતા છે'—લક્ષણ જેનું, તે 'જીવ' નામનો પદાર્થ છે;—જેના વિદ્યમાનપણા વિના આખું જગત્ શૂન્યવત્ સંભવે છે, એવું રમ્યપણું જેને વિષે છે,—તે લક્ષણ જેને વિષે ઘટે—તે 'જીવ' છે.

કોઇ પણ જાણનાર, ક્યારે પણ, કોઇ પણ પદાર્થને પોતાના અવિદ્યમાનપણે જાણે એમ, બનવાયોગ્ય નથી; પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે,અને કોઈ પણ પદાર્થનું ગ્રહણ, ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન થવામાં પોતે જ કારણ છે; બીજા પદાર્થના અંગીકારમાં,—તેના અલ્પમાત્ર પણ જ્ઞાનમાં પ્રથમ જે હોય, તો જ થઇ શકે, એવો સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ, તે જીવ છે;- તેને ગૌણ કરીને એટલે તેનાવિના કોઇ કંઇ પણ જાણવા ઇચ્છે. તો તે બનવાયોગ્ય નથી, માત્ર તે જ મુખ્ય હોય, તો જ બીજું કંઈ જાણી શકાય; એવો એ પ્રગટ, 'ઊર્ધ્વતાધર્મ ' તે જેને વિષે છે, તે પદાર્થને શ્રી તીર્થંકર ' જીવ ' કહે છે.

પ્રગટ એવા જડ પદાર્થો, અને જીવ, તે જે કારણે કરી ભિન્ન પડે છે, તે લક્ષણ જીવતો 'જ્ઞાયકપણા' નામનો ગુણ છે. કોઈ પણ સમયે જ્ઞાયકરહિતપણે આ ' જીવ પદાર્થ ' કોઈ પણ અનુભવી શકે નહીં, અને તે 'જીવ' નામના પદાર્થ શિવાય બીજા કોઇ પણ પદાર્થને વિષે જ્ઞાયકપણું સંભવી શકે નહીં; એવું જે અત્યંત અનુભવનું કારણ ' જ્ઞાયકતા, '—તે લક્ષણ જેમાં છે, તે પદાર્થ તીર્થંકરે ' જીવ ' કહ્યો છે.

શબ્દાદિ પાંચ વિષયસંબંધી અથવા સમાધિ આદિ જોગસંબંધી જે સ્થિતિમાં સુખ સંભવે છે, તે ભિન્ન ભિન્ન કરી જોતાં માત્ર છેવટે તે સર્વને વિષે સુખનું કારણ, એક જ એવો એ ' જીવ પદાર્થ ' સંભવે છે, તે સુખભાસ નામનું લક્ષણ, માટે, તીર્થંકરે 'જીવ'નું કહ્યું છે, અને વ્યવહારદૃષ્ટાંતે નિદ્રાથી તે પ્રગટ જણાય છે. જે નિદ્રાને વિષે બીજા સર્વ પદાર્થથી રહિતપણું છે, ત્યાં પણ ' હું સુખી ' છું, એવું જે જ્ઞાન છે તે, બાકી વધ્યો એવો જે 'જીવ પદાર્થ' તેનું છે; બીજું કોઈ ત્યાં વિદ્યમાન નથી, અને સુખનું ભાસવાપણું તો અત્યંત સ્પષ્ટ છે; તે જેનેથી ભાસે છે તે,—તે લક્ષણ-'જીવ' નામના પદાર્થ શિવાય બીજે ક્યાંય જોયું નથી.

આ મેળું છે, આ મીઠું છે, આ ખાટું છે, આ ખારું છે, હું આ સ્થિતિમાં છું, ટાઢે ઠરૂં છું, તાપ પડે છે, દુઃખી છું, દુઃખ અનુભવું છું, એવું જે સ્પષ્ટ જ્ઞાન–વેદનજ્ઞાન–અનુભવજ્ઞાન–અનુભવપણું–તે જો કોઇમાં પણ હોય, તો તે આ 'જીવપદ'ને વિષે છે, અથવા તે જેનું લક્ષણુ હોય છે. તે પદાર્થ 'જીવ' હોય છે;–એ જ તીર્થંકરાદિનો અનુભવ છે.

'સ્પષ્ટ પ્રકાશપણું,'–અનંત અનંત કોટી તેજસ્વી દીપક, મણી, ચંદ્ર, સૂર્યાદિની કાંતિ જેના પ્રકાશવિના પ્રગટવા સમર્થ નથી, અર્થાત્ તે સર્વ પોતપોતાને જણાવા અથવા જાણવા યોગ્ય નથી; જે પદાર્થના પ્રકાશને વિષે ચૈતન્યપણાથી તે પદાર્થો જાણ્યા જાય છે, તે પદાર્થો પ્રકાશ પામે છે, સ્પષ્ટ ભાસે છે; તે પદાર્થ જે કોઇ છે તે, જીવ છે; અર્થાત્ તે લક્ષણુ–સ્પષ્ટ પ્રકાશમાન અચળ એવું નિરાબાધ પ્રકાશમાન ચૈતન્ય—તે 'જીવ'નું તે 'જીવ' પ્રત્યે ઉપયોગ વાળતાં પ્રગટ–પ્રગટપણે–દેખાય છે.

એ જે લક્ષણો કહ્યાં તે, ફરી ફરી વિચારી 'જીવ' નિરાબાધપણે જાણ્યો જાય છે. જે જાણુવાથી 'જીવ' જાણ્યો છે તે લક્ષણો, એ પ્રકારે તીર્થંકરાદિએ કહ્યાં છે.

ચૈત્ર શુદ ૧. ૧૯૪૯.

૨૭૫.

ઉપાધિનો જોગ વિશેષ રહે છે. જેમ જેમ નિવૃત્તિના જોગની વિશેષ ઇચ્છા થઇ આવે છે, તેમ તેમ ઉપાધિની પ્રાપ્તિનો જોગ વિશેષ દેખાય છે, ચારે બાજુથી ઉપાધિનો ભીડો છે. કોઇ એવી બાજુ અત્યારે જણાતી નથી કે અત્યારે જ એમાંથી છૂટી ચાલ્યા જવું હોય તો કોઇનો અપરાધ કર્યો ન ગણાય. છુટવા જતાં કોઇના મુખ્ય અપરાધમાં આવી જવાનો સ્પષ્ટ સંભવ દેખાય છે; અને આ વર્તમાન અવસ્થા ઉપાધિરહિતપણાને અત્યંત યોગ્ય છે. પ્રારબ્ધની વ્યવસ્થા એવી પ્રબન્ધ કરી હશે.

૧૯૪૯. ચૈત્ર શુદ ૫. ગુરૂ. **લિ॰ રાયચંદના પ્રણામ.**

૨૭૬

આરંભ, પરિગ્રહ, અસત્સંગ આદિ કલ્યાણને પ્રતિબંધ કરનારાં કારણોનો જેમ બને તેમ ઓછો પરિચય થાય, તથા તેમાં ઉદાસીનતા પ્રાપ્ત થાય, તે વિચાર હાલ મુખ્યપણે રાખવાયોગ્ય છે.

૧૯૪૯ ના ચૈત્ર શુદ ૯, મુંબઇ.

૨૭૭.

સર્વ પરમાર્થના સાધનમાં પરમ સાધન તે સત્સંગ છે;–સત્પુરૂષના ચરણ સમીપનો નિવાસ છે. બધા કાળમાં તેનું દુર્લભપણું છે, અને આવા વિષમકાળમાં તેનું અત્યંત દુર્લભપણું જ્ઞાની–પુરુષોએ જાણ્યું છે.

જ્ઞાનીપુરુષોની પ્રવૃત્તિ, પ્રવૃત્તિ જેવી હોતી નથી; ઉના પાણીને વિષે જેમ અગ્નિપણાનો મુખ્ય ગુણ કહી શકાતો નથી તેમ, જ્ઞાનીની પ્રવૃત્તિ છે, તથાપિ જ્ઞાનીપુરુષ પણ નિવૃત્તિને કોઈ પ્રકારે પણ ઇચ્છે છે. પૂર્વે આરાધન કરેલાં એવાં નિવૃત્તિનાં ક્ષેત્રો, વન, ઉપવન, જોગ, સમાધિ અને સત્સંગાદિ જ્ઞાનીપુરૂષને પ્રવૃત્તિમાં બેઠાં વારંવાર સાંભરી આવે છે, તથાપિ ઉદયપ્રાપ્ત પ્રારબ્ધને જ્ઞાની અનુસરે છે. સત્સંગની રૂચી રહે છે; તેનો લક્ષ રહે છે; પણ તે વખત અત્ર વખત નિયમિત નથી.

કલ્યાણને વિષે પ્રતિબંધરૂપ જે જે કારણો છે, તે જીવે વારંવાર વિચારવાં ઘટે છે; તે તે કારણોને વારંવાર વિચારી મટાડવાં ઘટે છે; અને એ માર્ગને અનુસર્યા વિના કલ્યાણની પ્રાપ્તિ ઘટતી નથી. મળ, વિક્ષેપ અને અજ્ઞાન એ, અનાદિના જીવના ત્રણ દોષ છે. જ્ઞાની પુરૂષોનાં વચનની

---

૧. આ પત્ર એક જ વખતે અનુક્રમે જૂદાં જૂદાં આઠ પત્તાં (પોસ્ટકાર્ડ)થી લખાયેલ છે.- સંશોધક.

પ્રાપ્તિ થયે, તેનો યથાયોગ્ય વિચાર થવાથી, અજ્ઞાનની નિવૃત્તિ હોય છે; તે અજ્ઞાનની સંતતિ બળવાન હોવાથી તેનો રોધ થવાને અર્થે-અને જ્ઞાનીપુરુષનાં વચનોનો યથાયોગ્ય વિચાર થવાને અર્થે, મળ અને વિક્ષેપ મટાડવાં ઘટે છે. સરળપણું, ક્ષમા, પોતાના દોષનું જોવું, અલ્પારંભ, અલ્પ પરિગ્રહ એ આદિ મળ મટવાનાં સાધન છે. જ્ઞાનીપુરુષની અત્યંત ભક્તિ, તે વિક્ષેપ મટવાનું સાધન છે.

જ્ઞાનીપુરુષના સમાગમનો અંતરાય રહેતો હોય, તે તે પ્રસંગમાં વારંવાર તે જ્ઞાનીપુરુષની દશા, ચેષ્ટા અને વચનો સંભારવાં, નિરખવાં અને વિચારવાં યોગ્ય છે. વળી તે સમાગમના અંતરાયમાં,-પ્રવૃત્તિના પ્રસંગોમાં-અત્યંત સાવધાનપણું રાખવું ઘટે છે, કારણ કે એક તો સમાગમનું બળ નથી. અને બીજો અનાદિ અભ્યાસ છે જેનો, એવી સહજાકાર પ્રવૃત્તિ છે; જેથી જીવ આવરણપ્રાપ્ત હોય છે. ઘરનું, જ્ઞાતિનું, કે બીજાં તેવાં કામોનું કારણ પડ્યે ઉદાસીન ભાવે, પ્રતિબંધરૂપ જાણી, પ્રવર્તન ઘટે છે. તે કારણોને મુખ્ય કરી કોઈ પ્રવર્તન કરવું ઘટતું નથી; અને એમ થયા વિના પ્રવૃત્તિનો અવકાશ પ્રાપ્ત થાય નહીં.

આત્માને ભિન્ન ભિન્ન પ્રકારની કલ્પનાવડે વિચારવામાં લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા અને અસત્સંગ એ કારણો છે;-જે કારણોમાં ઉદાસીન થયાવિના, નિઃસત્વ એવી લોકસંબંધી જપતપાદિ ક્રિયામાં સાક્ષાત્ મોક્ષ નથી,-પરંપરા મોક્ષ નથી,-એમ માન્યાવિના, નિઃસત્વ એવા અસત્શાસ્ત્ર અને અસદ્ગુરુ જે આત્મસ્વરુપને આવરણનાં મુખ્ય કારણો છે તેને, સાક્ષાત્ આત્મઘાતી જાણ્યાવિના જીવને જીવના સ્વરૂપનો નિશ્ચય થવો બહુ દુર્લભ છે;-અત્યંત દુર્લભ છે. જ્ઞાનીપુરુષનાં પ્રગટ આત્મસ્વરૂપને કહેતાં એવાં વચનો પણ તે કારણોને લીધે જીવને સ્વરૂપનો વિચાર કરવાને બળવાન થતાં નથી. હવે એવો નિશ્ચય કરવો ઘટે છે કે, જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે, પ્રગટ છે, તે પુરુષવિના બીજો કોઈ તે આત્મસ્વરૂપ યથાર્થ કહેવા યોગ્ય નથી; અને તે પુરુષથી આત્મા જાણ્યાવિના બીજો કોઈ કલ્યાણનો ઉપાય નથી. તે પુરુષથી આત્મા જાણ્યાવિના આત્મા જાણ્યો છે એવી કલ્પના, મુમુક્ષુ જીવે સર્વથા ત્યાગ કરવી ઘટે છે. તે આત્મારૂપ પુરુષના સત્સંગની નિરંતર કામના રાખી, ઉદાસીનપણે લોકધર્મસંબંધી અને કર્મસંબંધી પરિણામે છૂટી શકાય એવી રીતે વ્યવહાર કરવો; જે વ્યવહાર કર્યામાં જીવને પોતાના મહત્તાદિની ઇચ્છા હોય, તે વ્યવહાર કરવાં યથાયોગ્ય નથી.

અમારા સમાગમનો હાલ અંતરાય જાણી નિરાશતાને પ્રાપ્ત થવાય છે, તથાપિ તેમ કરવાને વિષે ઇશ્વરેચ્છા જાણી, સમાગમની કામના રાખી, પરસ્પર મુમુક્ષુભાઇઓનો સમાગમ બને તેટલો કરવો; જેટલું બને તેટલું પ્રવૃત્તિમાંથી વિરક્તપણું રાખવું; સત્પુરુષનાં ચરિત્રો, અને માર્ગાનુસારી (સુંદરદાસ, પ્રીતમ, અખા, કબીર આદિ) જીવોનાં વચનો; અને જેનો ઉદ્દેશ આત્માને મુખ્ય કહેવાવિષે છે, એના ગ્રંથોનો પરિચય રાખવો; અને એ સૌ સાધનોમાં મુખ્ય સાધન એવો શ્રી સત્પુરુષનો સમાગમ ગણવો.

અમારા સમાગમનો અંતરાય જાણી, ચિત્તને પ્રમાદનો અવકાશ આપવો યોગ્ય નહીં; પરસ્પર મુમુક્ષુભાઇઓનો સમાગમ અવ્યવસ્થિત થવા દેવો યોગ્ય નહીં; નિવૃત્તિના ક્ષેત્રનો પ્રસંગ ન્યૂન થવા દેવો યોગ્ય નહીં; કામના પ્રવૃત્તિપૂર્વક યોગ્ય નહીં; એમ વિચારી જેમ બને તેમ અપ્રમત્તતાને, પરસ્પરના સમાગમને, નિવૃત્તિના ક્ષેત્રને અને પ્રવૃત્તિના ઉદાસીનપણાને આરાધવાં. જે પ્રવૃત્તિ અત્ર ઉદયમાં છે, તે બીજે દ્વારેથી ચાલ્યા જતાં પણ ન છોડી શકાય એવી છે, વેદવાયોગ્ય છે, માટે તેને અનુસરીએ છીએ, તથાપિ અવ્યાબાધ સ્થિતિને વિષે જેવું ને તેવું સ્વાસ્થ્ય છે.

આજે આ આઠમું પત્તું લખીએ છીએ. તે સૌ તમ સર્વ જિજ્ઞાસુભાઇઓના વારંવાર વિચારવાને અર્થે લખાયાં છે. ચિત્ત એવા ઉદયવાળું ક્યારેક વર્તે છે. આજે તેવો અનુક્રમે ઉદય થવાથી

તે ઉદય પ્રમાણે લખ્યું છે. અમે સત્સંગની તથા નિવૃત્તિની કામના રાખીએ છીએ, તો પછી તમ સર્વને એ રાખવી ઘટે એમાં કંઈ આશ્ચર્ય નથી. અમે અલ્પારંભને, અલ્પ પરિગ્રહને, વ્યવહારમાં બેઠા પ્રારબ્ધનિવૃત્તિરૂપે ઇચ્છીએ. તો પછી તમારે તેમ વર્તવું ઘટે એમાં કંઈ સંશય કર્તવ્ય નથી. અત્યારે સમાગમ થવાના જોગનો નિયમિત વખત લખી શકાય એમ સૂજતું નથી. એ જ વિનંતી.

મુંબાઈ, માર્ચ ૨૬. ૯૩.

૨૭૮.

--धार तरवारनी सोहली, दोहली चौदमा जिनतणी चरणसेवा;
धारपर नाचता देख बाजीगरा, सेवना–धारपर रहे न देवा.
--आनंदघन, अनंतजिनस्तवन.

એવું માર્ગનું અત્યંત દુષ્કરપણું શા કારણે કહ્યું ? તે વિચારવાયોગ્ય છે.

ચૈત્ર વદ ૧, રવિ. ૧૯૪૯, મુંબઈ. **આત્મપ્રણામ.**

૨૭૯.

સંસારસંબંધી કારણના પદાર્થોની પ્રાપ્તિ સુલભપણે નિરંતર પ્રાપ્ત થયા કરે, અને બંધન ન થાય એવા કોઇ પુરુષ હોય. તો તે તીર્થંકર કે તીર્થંકર જેવા જાણીએ છીએ. પણ પ્રાયે એવી સુલભ પ્રાપ્તિના જોગથી જીવને અલ્પકાળમાં સંસાર પ્રત્યેથી અત્યંત એવો વૈરાગ્ય થતો નથી, અને સ્પષ્ટ આત્મજ્ઞાન ઉદય થતું નથી એમ જાણી, જે કંઇ તે સુલભ પ્રાપ્તિને હાનિ કરનાર જોગ બને છે તે, ઉપકારક જાણી, સુખે રહેવાયોગ્ય છે.

ચૈત્ર વદ ૯, રવિ ૧૯૪૯. મુંબઇ.

૨૮૦.

ચારિત્ર--(-શ્રી જિનના અભિપ્રાયમાં શું છે ? તે વિચારી સમવસ્થાન થવું)- દશાસંબંધી અનુપ્રેક્ષા કરવાથી જીવમાં સ્વસ્થતા ઉત્પન્ન થાય છે. વિચારે કરી ઉત્પન્ન થયેલી ચારિત્રપરિણામસ્વભાવરૂપ સ્વસ્થતા વિના જ્ઞાન અફળ છે, એવો જિનનો અભિમત તે અવ્યાબાધ સત્ય છે. તે સંબંધી અનુપ્રેક્ષા ઘણીવાર રહ્યા છતાં, ચંચળ પરિણતિના હેતુ એવા ઉપાધિયોગ તીવ્ર ઉદયરૂપ હોવાથી ચિત્તમાં ઘણું કરી ખેદ જેવું રહે છે, અને તે ખેદથી શિથિલતા ઉત્પન્ન થઇ વિશેષ જણાવવાનું થઈ શકતું નથી. બાકી, કંઈ જણાવવા વિષે તો ચિત્તમાં ઘણીવાર રહે છે. એ જ વિનંતિ.

ચૈત્ર વદ ૧૪. બુધ, ૧૯૪૯.

૨૮૧.

સંસારીપણે વસતાં કઈ સ્થિતિએ વર્તીએ તો સારું એમ કદાપિ ભાસે. તોપણ તે વર્તવાનું પ્રારબ્ધાધીન છે. કોઇ પ્રકારનું કંઈ રાગ. દ્વેષ કે અજ્ઞાનના કારણથી જે ન થતું હોય, તેનું કારણ ઉદય જણાય છે.

જળમાં સ્વાભાવિક શીતળપણું છે, પણ સૂર્યાદિના તાપને યોગે ઉષ્ણપણાને તે ભજતું દેખાય છે; તે તાપનો યોગ મટયેથી તે જ જળ શીતળ જણાય છે; વચ્ચે શીતળપણાથી રહિત તે જળ જણાય છે તે, તાપના યોગથી છે; એમ આ પ્રવૃત્તિજોગ અમને છે. પણ અમારો તે પ્રવૃત્તિ વિષે હાલ તો વેદ્યા શિવાય અન્ય ઉપાય નથી.

ચૈત્ર વદ ૦)), ૪૯. મુંબઈ.

૨૮૨.

શ્રી મહાવીરદેવને ગૌતમાદિ મુનિજન એમ પૂછતા હતા કે, હે પૂજ્ય ! ' માહણ', 'શ્રમણ',

' ભિક્ષુ ' અને ' નિર્ગ્રંથ' એ ચાર શબ્દનો અર્થ શો છે તે, અમને કહો. તે અર્થ ત્યાર પછી શ્રી તીર્થંકર વિસ્તારથી કહેતા હતા. ઘણા પ્રકારની વીતરાગ અવસ્થાઓ તે ચારની અનુક્રમે વિશેષથી વિશેષ કરી કહેતા હતા, અને એમ તે શબ્દનો અર્થ શિષ્યો ધારતા હતા. નિર્ગ્રંથની ઘણી દશાઓ કહેતાં એક " આત્મવાદ પ્રાપ્ત " એવો શબ્દ તે નિર્ગ્રંથનો તીર્થંકર કરતા હતા. ટીકાકાર શીલંગાચાર્ય તે " આત્મવાદ પ્રાપ્ત " શબ્દનો અર્થ એમ કહેતા હતા કે, " ઉપયોગ છે લક્ષણ જેનું, અસંખ્ય પ્રદેશી, સંકોચ વિકાશનું ભાજન, પોતાના કરેલાં કર્મોનો ભોક્તા, વ્યવસ્થાએ કરી દ્રવ્ય-પર્યાયરૂપ, નિત્યાનિત્યાદિ અનંત ધર્માત્મક એવા આત્માને જાણનાર. "

વૈશાખ વદ ૯, ૧૯૪૯, મુંબઈ.

૨૮૩.

પ્રદેશે પ્રદેશથી જીવના ઉપયોગને આકર્ષક એવા આ સંસારને વિષે એક સમય માત્ર પણ અવકાશ લેવાની જ્ઞાનીપુરુષોએ હા કહી નથી; કેવળ તે વિષે નકાર કહ્યો છે. તે આકર્ષણથી ઉપયોગ જો અવકાશ પામે, તો તે જ સમયે તે આત્માપણે થાય છે. તે જ સમયે આત્માને વિષે તે ઉપયોગ અનન્ય થાય છે; એ આદિ જે અનુભવવાર્ત્તા તે, જીવને સત્સંગના દૃઢ નિશ્ચયવિના પ્રાપ્ત થવી અત્યંત વિકટ છે. તે સત્સંગ નિશ્ચયપણે જાણ્યો છે, એવા પુરુષને તે સત્સંગનો યોગ રહેવો એ, દુષમકાળને વિષે અત્યંત વિકટ છે.

૧૯૪૯, વૈશાખ વદ ૦)), સોમ, મુંબઈ.

૨૮૪.

હાલ તે તરફ થયેલા શ્રાવકો વગેરેના સમાગમસંબંધીની વિગત વાંચી છે; તે પ્રસંગમાં રુચિ કે અરુચિ ઉદય આવી નહીં, તે શ્રેયવાળું કારણ; તેને અનુસરી નિરંતર પ્રવર્ત્તન કરવાનો પરિચય કરવો યોગ્ય છે, અને તે અસત્સંગનો પરિચય જેમ ઓછો પડે તેમ તેની અનુકંપા ઇચ્છી રહેવું યોગ્ય છે. જેમ બને તેમ સત્સંગના જોગને ઇચ્છવો. અને પોતાના દોષને જોવા યોગ્ય છે.

મુંબઈ, મે ૨૬, ૯૩.

૨૮૫.

—જીવ તું શીદ શોચના ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે.

—જીવ તું શીદ શોચના ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે.

પૂર્વે જ્ઞાનીપુરુષો થઈ ગયા છે. તે જ્ઞાનીમાં ઘણા જ્ઞાનીપુરુષો સિદ્ધિજોગવાળા થઈ ગયા છે, એવું જે લોક કથન છે તે, સાચું છે કે ખોટું એમ, આપનું પ્રશ્ન છે, અને સાચું સંભવે છે એમ આપનો અભિપ્રાય છે; સાક્ષાત્ જોવામાં આવતું નથી એ, વિચારરૂપ જિજ્ઞાસા છે.

કેટલાક માર્ગાનુસારીપુરુષો, અને અજ્ઞાન યોગીપુરુષોને વિષે પણ સિદ્ધિજોગ હોય છે. ઘણું કરી તેમના ચિત્તના અત્યંત સરલપણાથી, અથવા સિદ્ધિજોગાદિને અજ્ઞાનજોગે સ્ફુરણા આપવાથી તે પ્રવર્તે છે.

સમ્યક્દૃષ્ટિપુરુષો, કે જેનો ચોથે ગુણઠાણે સંભવ છે, તેવા જ્ઞાનીપુરુષોને વિષે ક્વચિત્ સિદ્ધિ હોય છે, અને ક્વચિત્ સિદ્ધિ હોતી નથી જેને વિષે હોય છે, તેને તે સ્ફુરણાવિષે પ્રાયે ઇચ્છા થતી નથી, અને ઘણું કરી જ્યારે ઇચ્છા થાય છે ત્યારે, જીવ પ્રમાદવશપણે હોય તો, થાય છે; અને જો તેવી ઇચ્છા થઈ તો, સમ્યક્ત્વથી પડવાપણું તેને ઘટે છે. પ્રાયે પાંચમે, છઠ્ઠે ગુણઠાણે પણ ઉત્તરોત્તર સિદ્ધિજોગનો વિશેષ સંભવ થતો જાય છે; અને ત્યાં પણ જો પ્રમાદાદિ જોગે સિદ્ધિમાં જીવ પ્રવર્તે તો, પ્રથમ ગુણઠાણાને વિષે સ્થિતિ થવી સંભવે છે. સાતમે ગુણઠાણે,

આઠમે ગુણઠાણે, નવમે, દશમે ઘણું કરી પ્રમાદનો અવકાશ ઓછો છે; અગિયારમે ગુણઠાણે સિદ્ધિજોગનો લોભ સંભવતો જાણી, પ્રથમ ગુણઠાણે સ્થિતિ હોવી સંભવે છે. બાકી જેટલાં સમ્યકત્વનાં સ્થાનક છે, અને જ્યાંસુધી સમ્યકપરિણામી આત્મા છે ત્યાં સુધી, તે એક જોગને વિષે જીવને પ્રવૃત્તિ ત્રિકાળે સંભવતી નથી.

જે સમ્યક્ જ્ઞાનીપુરૂષોથી સિદ્ધિજોગના ચમત્કારો લોકોએ જાણ્યા છે, તે તે જ્ઞાનીપુરૂષનાં કરેલાં સંભવતાં નથી; સ્વભાવે કરી તે સિદ્ધિજોગ પરિણામ પામ્યા હોય છે. બીજા કોઇ કારણથી જ્ઞાનીપુરૂષને વિષે તે જોગ કહ્યો જતો નથી.

માર્ગાનુસારી કે સમ્યક્દૃષ્ટિપુરૂષનાં અત્યંત સરલ પરિણામથી તેમના વચનાનુસાર કેટલીકવાર બને છે. અજ્ઞાનપૂર્વક જેનો યોગ છે, તેનાં તે આવરણના ઉદયે અજ્ઞાન સ્ફુરી, તે સિદ્ધિજોગ અલ્પકાળે ફળે છે. જ્ઞાનીપુરુષથી તો માત્ર સ્વાભાવિક સ્ફુર્યે જ ફળે છે; અન્ય પ્રકારે નહીં. જે જ્ઞાનીથી સ્વાભાવિક સિદ્ધિજોગ પરિણામી હોય છે, તે જ્ઞાનીપુરુષ અમે જે કહીએ છીએ તેવા, અને તે આદિ બીજા ઘણા પ્રકારના ચારિત્રને પ્રતિબંધક કારણોથી મુક્ત હોય છે. કે જે કારણે આત્માનું ઐશ્વર્ય વિશેષ સ્ફુરિત થઈ, મનાદિ જોગમાં સિદ્ધિના સ્વાભાવિક પરિણામને પામે છે. ક્વચિત્ એમ પણ જાણીએ છીએ કે, કોઇ પ્રસંગે જ્ઞાનીપુરુષે પણ સિદ્ધિજોગ પરિણામી કર્યો હોય છે, તથાપિ તે કારણ અત્યંત બળવાન હોય છે, અને તે પણ સંપૂર્ણ જ્ઞાનદશાનું કાર્ય નથી. અમે આ જે લખ્યું છે, તે બહુ વિચારવાથી સમજાશે.

અમારા વિષે માર્ગાનુસારીપણું કહેવું ઘટતું નથી. અજ્ઞાન યોગીપણું તો આ દેહ ધર્યો ત્યારથી જ નહીં હોય એમ. જણાય છે. સમ્યક્દૃષ્ટિપણું તો જરૂર સંભવે છે. કોઇ પ્રકારનો સિદ્ધિજોગ અમે ક્યારે પણ સાધવાનો આખી જીંદગીમાં અલ્પ પણ વિચાર કર્યો સાંભરતો નથી, એટલે સાધને કરી તેવો જોગ પ્રગટયો હોય એવું, જણાતું નથી; આત્માના વિશુદ્ધપણાને કારણે જો કંઇ તેવું ઐશ્વર્ય હોય, તો તેનું નહીંહોવાપણું કહી શકાતું નથી; તે ઐશ્વર્ય કેટલેક અંશે સંભવે છે, તથાપિ આ પત્ર લખતી વખત એ ઐશ્વર્યની સ્મૃતિ થઇ છે, નહીંતો ઘણા કાળ થયાં તેમ થવું સ્મરણમાં નથી; તો પછી તે સ્ફુરિત કરવા વિષેની ઇચ્છા ક્યારેય થઈ હોય એમ કહી શકાય નહીં, એ સ્પષ્ટ વાર્તા છે. તમે, અમે કંઈ દુઃખી નથી; જે દુઃખ છે તે, રામના ચૌદ વર્ષનાં દુઃખનો એક દિવસ પણ નથી; પાંડવના તેર વર્ષનાં દુઃખની એક ઘડી નથી; અને ગજસુકુમારના ધ્યાનની એક પળ નથી; તો પછી અમને એ અત્યંત કારણ ક્યારેય જણાવું સંભવતું નથી: તમે શોચ કરવા યોગ્ય નથી. માત્ર જે થાય તે જોયા કરવું, એવો નિશ્ચય રાખવાનો વિચાર કરો; ઉપયોગ કરો; અને સાક્ષી રહો. એ જ ઉપદેશ છે.

સં૰ ૧૯૪૯ ના જેઠ શુદ ૧૫, ભોમે, મુંબઇથી. **નમસ્કાર પહોંચે.**

૨૮૬.

ગઈ સાલના માર્ગશીર્ષ માસમાં અત્રે આવવું થયું ત્યારથી, ઉત્તરોત્તર ઉપાધિયોગ વિશેષાકાર થતો આવ્યો છે, અને ઘણું કરીને ઉપાધિયોગ વિશેષાકાર પ્રકારે કરી ઉપયોગથી વેદવો પડયો છે.

આ કાળ સ્વભાવે કરી તીર્થંકરાદિએ દુસમ કહ્યો છે. તેમાં વિશેષ કરી પ્રયોગે અનાર્યપણે યોગ્ય થયેલાં એવાં. આવાં ક્ષેત્રો વિષે તે કાળ બળવાનપણે વર્તે છે. લોકોની આત્મપ્રત્યયયોગ્ય બુદ્ધિ અત્યંત હણાઇજવાયોગ્ય થઇ છે. એવા સર્વ પ્રકારના દુસમયોગને વિષે વ્યવહાર કરતાં પરમાર્થનું વિસરવું અત્યંત સુલભ છે, અને પરમાર્થનું અવિસરવું અત્યંત અત્યંત દુર્લભ છે. આનંદઘનજીએ ચૌદમા જિનના સ્તવનને વિષે કહ્યું છે તેમાં, આવા ક્ષેત્રનું દુસમપણું એટલી વિશેષતા છે. અને આનંદઘનજીના કાળ કરતાં વર્ત્તમાનકાળ વિશેષ દુસમપરિણામી વર્તે છે; તેમાં જો કોઇ આત્મપ્રત્યયી

પુરૂષને બચવાયોગ્ય ઉપાય હોય, તો તે એક માત્ર નિરંતર અવિચ્છિન્ન ધારાએ સત્સંગનું ઉપાસવું એ જ, જણાય છે.

પ્રાયે સર્વ કામના પ્રત્યે ઉદાસીનપણું છે. એવા અમને પણ આ સર્વ વ્યવહાર અને કાળાદિગળકાં ખાતો ખાતો સંસારસમુદ્ર માંડ તરવા દેછે. તથા સમયે સમયે તે પરિશ્રમનો અત્યંત પ્રસ્વેદ ઉત્પન્ન થયા કરે છે, અને ઉતાપ ઉત્પન્ન થઇ સત્સંગરૂપ જળની તૃષા અત્યંતપણે રહ્યા કરે છે; અને એ જ દુઃખ લાગ્યા કરે છે.

એમ છતાં પણ, આવો વ્યવહાર ભજતાં દ્વેષપરિણામ તે પ્રત્યે કરવા યોગ્ય નથી, એવો જે સર્વજ્ઞાની-અભિપ્રાય તે, તે વ્યવહાર પ્રાયે સમતાપણે કરાવે છે. આત્મા તેને વિષે જાણે કંઇ કરતો નથી, એમ લાગ્યા કરે છે.

આ જે ઉપાધિ ઉદયવર્ત્તી છે, તે સર્વ પ્રકારે કષ્ટરૂપ છે, એમ પણ વિચારતાં લાગતું નથી. પૂર્વોપાર્જિત પ્રારબ્ધ જેવડે શાંત થાય છે. તે ઉપાધિ પરિણામે આત્મપ્રત્યયી કહેવા યોગ્ય છે.

મનમાં એમને એમ રહ્યા કરે છે કે, અલ્પકાળમાં આ ઉપાધિયોગ મટી બાહ્યાભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થાય તો. વધારે યોગ્ય છે, તથાપિ તે વાત અલ્પકાળમાં બને એવું સૂજતું નથી. અને જ્યાંસુધી તેમ ન થાય ત્યાંસુધી, તે ચિંતના મટવી સંભવતી નથી.

બીજો બધો વ્યવહાર વર્ત્તમાનમાં જ મૂકી દીધો હોય, તો તે બને એવું છે. બે ત્રણ ઉદયવ્યવહાર એવા છે કે, જે ભોગવ્યે જ નિવૃત્ત થાય એવા છે; અને કષ્ટે પણ તે વિશેષ કાળની સ્થિતિમાંથી અલ્પકાળમાં વેદી શકાય નહીં એવા છે; અને તે કારણે કરી મૂર્ખની પેઠે આ વ્યવહાર ભજ્યા કરીએ છીએ.

કોઈ દ્રવ્યમાં, કોઇ ક્ષેત્રમાં, કોઇ કાળમાં, કોઇ ભાવમાં સ્થિતિ થાય એવો પ્રસંગ જાણે ક્યાંય દેખાતો નથી. કેવળ સર્વ પ્રકારનું તેમાંથી અપ્રબદ્ધપણું જ યોગ્ય છે, તથાપિ નિવૃત્તિક્ષેત્ર અને નિવૃત્તિકાળને, સત્સંગને અને આત્મવિચારને વિષે અમને પ્રતિબદ્ધ રુચિ રહે છે.

તે જોગ કોઈ પ્રકારે, પણ જેમ બને તેમ થોડા કાળમાં થાય તે જ ચિંતના અહોરાત્ર વર્તે છે.

પ્રથમ અશાડ વદ ૩, રવિ, ૧૯૪૯. મુંબઇ.

૨૮૭.

ૐ.

સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય, તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યાં નથી, અથવા જ્ઞાનીપુરુષનાં દર્શન પણ તેણે કર્યા નથી, એમ તીર્થંકર કહે છે.

જેની કેડનો ભંગ થયો છે, તેનું પ્રાયે બધું બળ પરિક્ષીણપણાને ભજે છે. જેને જ્ઞાનીપુરુષના વચનરૂપ લાકડીનો પ્રહાર થયો છે, તે પુરુષને વિષે તે પ્રકારે સંસારસંબંધી બળ હોય છે, એમ તીર્થંકર કહે છે.

" જ્ઞાનીપુરુષને જોયા પછી સ્ત્રીને જોઈ જો રાગ ઉત્પન્ન થતો હોય, તો જ્ઞાનીપુરુષને જોયા નથી એમ, તમે જાણો. "

" જ્ઞાનીપુરુષનાં વચનોને સાંભળ્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યાવિના રહે નહીં."

" ખરેખર, પૃથ્વીનો વિકાર, ધનાદિસંપત્તિ ભાસ્યાવિના રહે નહીં. "

" જ્ઞાનીપુરૂષ શિવાય તેનો આત્મા બીજે ક્યાંય પણ ક્ષણભર સ્થાયી થવાને વિષે ઇચ્છે નહીં."

એ આદિ વચનો તે પૂર્વે જ્ઞાનીપુરૂષો માર્ગાનુસારી પુરૂષને બોધતા હતા.

એ જાણીને-સાંભળીને તે સરલ જીવો આત્માને વિષે અવધારતા હતા.

પ્રાણત્યાગ જેવા પ્રસંગને વિષે પણ તે વચનોને અપ્રધાન ન કરવાયોગ્ય જાણતા હતા-વર્ત્તતા હતા.

તમ સર્વ મુમુક્ષુભાઇઓને અમારા ભક્તિભાવે નમસ્કાર પોંચે. અમારો આવો ઉપાધિજોગ જોઇ જીવમાં કલેશ પામ્યા વિના જેટલો બને તેટલો આત્માસંબંધી અભ્યાસ વધારવાનો વિચાર કરજો સર્વથી સ્મરણ જોગ વાત તો ઘણી છે, તથાપિ સંસારમાં સાવ ઉદાસીનતા, પરના અલ્પ ગુણમાં પણ પ્રીતિ, પોતાના અલ્પદોષને વિષે પણ અત્યંત કલેશ, દોષના વિલયમાં અત્યંત વીર્યનું સ્ફુરવું, એ વાતો સત્સંગમાં અખંડ એક શરણાગતપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. જેમ બને તેમ નિવૃત્તિકાળ, નિવૃતિ-ક્ષેત્ર નિવૃત્તિ-દ્રવ્ય, અને નિવૃત્તિ-ભાવને ભજજો. તીર્થંકર ગૌતમ જેવા જ્ઞાનીપુરુષને પણ સંબોધતા હતા કે, સમય માત્ર પણ પ્રમાદ યોગ્ય નથી.

મુંબાઇ, પ્રથમ અશાડ વદ ૪, સોમ, ૧૯૪૯. **પ્રણામ.**

૨૮૮.

ઘણું કરીને પ્રાણીઓ આશાથી જીવે છે. જેમ સંજ્ઞા વિશેષ હોય છે, તેમ તેમ વિશેષ આશાના બળથી જીવવું થાય છે. એક માત્ર જ્યાં આત્મવિચાર અને આત્મજ્ઞાનનો ઉદ્‌ભવ થાય છે ત્યાં, સર્વ પ્રકારની આશાની સમાધિ થઇ જીવના સ્વરુપથી જીવાય છે. જે કોઇ પણ મનુષ્ય ઇચ્છે છે, તે ભવિષ્યમાં તેની પ્રાપ્તિ ઇચ્છે છે, અને તે પ્રાપ્તિની ઇચ્છારુપ આશાએ તેની કલ્પનાનું જીવવું છે, અને તે કલ્પના ઘણુંકરી કલ્પના જ રહ્યા કરે છે; જો તે કલ્પના જીવને ન હોય અને જ્ઞાન પણ ન હોય, તો તેની દુઃખકારક ભયંકર સ્થિતિ અકથ્ય હોવી સંભવે છે. સર્વ પ્રકારની આશા, તેમાં પણ આત્મા શિવાય બીજા અન્ય પદાર્થની આશામાં સમાધિ કેવા પ્રકારે થાય તે, કહો ?

પ્ર૦ અશાડ વદ ૧૪, બુધે, ૧૯૪૯.

૨૮૯.

શ્રીકૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી. જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમયે ન હોય, એવો કંઇ નિયમ નથી. સમ્યક્ત્વ ઉત્પન્ન થવા પછી સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ઘણુંકરી એવી કોઇ પણ ક્રિયા તે જીવથી હોવી નથી, કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય, અને જ્યાંસુધી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય નહીં ત્યાંસુધી, બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં. સર્પને આ જગતનાં લોકો પૂજે છે, તે વાસ્તવિકપણે પૂજ્યબુદ્ધિથી પૂજતાં નથી, પણ ભયથી પૂજે છે, ભાવથી પૂજતાં નથી; અને ઇષ્ટદેવને લોકો અત્યંતભાવે પૂજે છે, એમ સમ્યક્‌દૃષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે, તે પૂર્વે નિબંધન કરેલાં એવાં પ્રારબ્ધ કર્મથી દેખાય છે. વાસ્તવ્યપણે ભાવથી તે સંસારમાં તેનો પ્રતિબંધ ઘટે નહીં; પૂર્વકર્મના ઉદયરુપ ભયથી ઘટે છે. જેટલે અંશે ભાવ-પ્રતિબંધ ન હોય, તેટલે અંશે જ સમ્યક્‌દૃષ્ટિપણું તે જીવને હોય છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્ત્વ શિવાય ગયાં સંભવે નહીં એમ જે કહેવાય છે તે, યથાર્થ છે. સંસારી પદાર્થોને વિષે જીવને તીવ્ર સ્નેહવિનાં એવાં ક્રોધ, માન માયા અને લોભ હોય નહી, કે જે કારણે તેને અનંત સંસારનો અનુબંધ થાય. જે જીવને સંસારી પદાર્થો વિષે તીવ્ર સ્નેહ વર્ત્તતો હોય, તેને કોઇ પ્રસંગે પણ અનંતાનુબંધી ચતુષ્કમાંથી કોઇ પણ ઉદય થવા સંભવે છે. અને જ્યાંસુધી તીવ્ર સ્નેહ તે પદાર્થોમાં હોય ત્યાંસુધી અવશ્ય પરમાર્થમાર્ગવાળો જીવ તે ન હોય. પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે, અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે. દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસારસુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું-તે સુખનું અણગમવાપણું-નિરસપણું-પરમાર્થમાર્ગી પુરુષને હોય છે. તેવું નિરસપણું જીવને પરમાર્થજ્ઞાને અથવા પરમાર્થજ્ઞાનીપુરુષનાં નિશ્ચયે થવું સંભવે છે, બીજા પ્રકારે થવું સંભવતું નથી. પરમાર્થજ્ઞાને અપરમાર્થરુપ એવો આ સંસાર જાણી પછી તે

પ્રત્યે તીવ્ર એવો ક્રોધ, માન, માયા, કે લોભ કોણુ કરે ? કે ક્યાંથી થાય ? જે વસ્તુનું મહાત્મ્ય દૃષ્ટિમાંથી ગયું તે વસ્તુને અર્થે અત્યંત ક્લેશ થતો નથી. સંસારને વિષે ભ્રાંતિપણે જાણેલું સુખ તે પરમાર્થજ્ઞાને ભ્રાંતિ જ ભાસે છે, અને જેને ભ્રાંતિ ભાસી છે, તેને પછી તેનું મહાત્મ્ય શું લાગે ? એવી મહાત્મ્યદૃષ્ટિ પરમાર્થજ્ઞાનીપુરુષના નિશ્ચયવાળા જીવને હોય છે, તેનું કારણુ પણુ એ જ છે. કોઇ જ્ઞાનના આવરણુને કારણે જીવને વ્યવચ્છેદકજ્ઞાન થાય નહીં, તથાપિ સામાન્ય એવું જ્ઞાન જ્ઞાનીપુરુષની શ્રદ્ધારૂપે થાય છે. વડનાં બીજની પેઠે પરમાર્થ થવાનું બીજ એ છે. તીવ્ર પરિણામે, ભવભયરહિતપણે જ્ઞાનીપુરુષ કે સમ્યક્દૃષ્ટિ જીવને ક્રોધ, માન, માયા કે લોભ હોય નહીં. જે સંસાર અર્થે અનુબંધ કરે છે, તે કરતાં પરમાર્થને નામે, ભ્રાંતિગત પરિણામે અસદ્ ગુરુ–દેવ–ધર્મને ભજે છે, તે જીવને ઘણુંકરી અનંતાનુબંધી ક્રોધ માન, માયા, લોભ થાય છે, કારણુ કે બીજી સંસારની ક્રિયાઓ ઘણુંકરી અનંત અનુબંધ કરવાવાળી નથી. માત્ર અપરમાર્થને પરમાર્થ જાણી આગ્રહે જીવ ભજ્યા કરે તે, પરમાર્થ–જ્ઞાની એવા પુરુષપ્રત્યે, દેવપ્રત્યે, ધર્મપ્રત્યે નિરાદર છે, એમ કહેવામાં ઘણુંકરી યથાર્થ છે. તે સત્ગુરુ, દેવ, ધર્મપ્રત્યે અસત્ ગુરુવાદિકના આગ્રહથી–માઠા બોધથી આશાતનાએ, ઉપેક્ષાએ પ્રવર્તે એવો સંભવ છે, તેમ જ તે માઠા સંગથી તેની સંસારવાસના પરિચ્છેદ નહીં થતી હોવા છતાં તે પરિચ્છેદ માની પરમાર્થપ્રત્યે ઉપેક્ષક રહે છે; એ જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનો આકાર છે.

બીo અo વદ ૬, ૧૯૪૯.

૨૯૦.

ૐ.

શારીરિક વેદનાને દેહનો ધર્મ જાણી અને બાંધેલાં એવાં કર્મોનું ફળ જાણી સમ્યક્ પ્રકારે અહિયાસવાયોગ્ય છે. ઘણીવાર શારીરિક વેદનાનું બળ વિશેષ વર્તતું હોય છે ત્યારે, ઉપર જે કહ્યો છે તે સમ્યક્ પ્રકાર, રુડા જીવોને પણુ સ્થિર રહેવો કઠણુ થાય છે, તથાપિ હૃદયને વિષે વારંવાર તે વાતનો વિચાર કરતાં અને આત્માને નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જરા, મરણાદિ ધર્મથી રહિત ભાવતાં –વિચારતાં–કેટલીક રીતે તે સમ્યક્પ્રકારનો નિશ્ચય આવે છે. મોટા પુરુષોએ અહિયાસેલા એવા ઉપસર્ગ, તથા પરિસહના પ્રસંગોની જીવમાં સ્મૃતિ કરી, તે વિષે તેમનો રહેલો અખંડનિશ્ચય, તે ફરી ફરી હૃદયમાં સ્થિર કરવાયોગ્ય જાણુવાથી જીવને તે સમ્યક્ પરિણામ ફળિભૂત થાય છે. અને વેદના, વેદનાના ક્ષયકાળે નિવૃત્ત થયે, ફરી તે વેદના કોઇ કર્મનું કારણુ થતી નથી. વ્યાધિરહિત શરીર હોય તેવા સમયમાં જીવે જો તેનાથી પોતાનું જૂદાપણુ જાણી, તેનું અનિત્યાદિ સ્વરુપ જાણી, તે પ્રત્યેથી મોહ, મમત્વાદિ ત્યાગ્યાં હોય, તો તે મોટું શ્રેય છે, તથાપિ તેમ ન બન્યું હોય, તો કંઇ પણ વ્યાધિ ઉત્પન્ન થયે, તેવી ભાવના ભાવતાં જીવને નિષ્ફળ એવું, ઘણુંકરી, કર્મબંધન થતું નથી; અને મહાવ્યાધિની ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરુર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રુડો ઉપાય છે. જો કે દેહનું તેવું મમત્વ ત્યાગવું કે ઓછું કરવું એ મહાદુષ્કર વાત છે, તથાપિ જેનો તેમ કરવા નિશ્ચય છે તે, વેલે મોડે ફળિભૂત થાય છે.

જ્યાંસુધી દેહાદિકથી કરી જીવને આત્મકલ્યાણુનું સાધન કરવું રહ્યું છે, ત્યાંસુધી તે દેહને વિષે અપરિણામિક એવી મમતા ભજવી યોગ્ય છે; એટલે કે આ દેહના કોઇ ઉપચાર કરવા પડે તો તે ઉપચાર દેહના મમત્વાર્થે કરવાની ઇચ્છાએ નહીં, પણ એ દેહે કરી જ્ઞાનીપુરુષના માર્ગનું આરાધન થઇ શકે છે, એવો કોઇ પ્રકારે તેમાં રહેલો લાભ, તે લાભને અર્થે, અને તેવીજ બુદ્ધિએ તે દેહની વ્યાધિના ઉપચારે પ્રવર્તવામાં બાધ નથી. જે કંઇ મમતા છે, તે અપરિણામિક મમતા છે, એટલે પરિણામે સમતા સ્વરુપ છે, પણુ તે દેહની પ્રિયતાર્થે, સાંસારિક સાધનમાં પ્રધાન-

ભોગનો એ હેતુ છે, તે ત્યાગવો પડે છે, એમાં આર્તધ્યાને કોઇ પ્રકારે પણ તે દેહમાં બુદ્ધિ ન કરવી એવી જ્ઞાનીપુરુષોના માર્ગની શિક્ષા જાણી, આત્મકલ્યાણનો તેવા પ્રસંગે લક્ષ રાખવો યોગ્ય છે.

સર્વ પ્રકારે જ્ઞાનીના શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કરી છે, અને અમે પણ એ જ કહીએ છીએ. કોઇ પણ કારણે આ સંસારમાં ક્લેશિત થવું યોગ્ય નથી. અવિચાર અને અજ્ઞાન એ સર્વ ક્લેશનું, મોહનું અને માઠી ગતિનું કારણ છે. સદ્‌વિચાર અને આત્મજ્ઞાન તે આત્મગતિનું કારણ છે. તેનો પ્રથમ સાક્ષાત્ ઉપાય જ્ઞાની પુરુષની આજ્ઞાને વિચારવી એ જ, જણાય છે.

મુંબઇ, બીજા અશાડ વદ ૧૦, સોમે ૧૯૪૯. **પ્રણામ પોંચે.**

૨૯૧.

કોઇ જીવ સામાન્ય મુમુક્ષુ થાય છે, તેને પણ આ સંસારના પ્રસંગમાં પ્રવર્તવા પ્રત્યયીનું વીર્ય મંદ પડી જાય છે, તો અમને તે પ્રત્યયી ઘણી મંદતા વર્તે તેમાં આશ્ચર્ય લાગતું નથી, તથાપિ કોઇ પૂર્વે પ્રારબ્ધ ઉપાર્જન થવાનો એવો જ પ્રકાર હશે, કે જેથી તે પ્રસંગમાં પ્રવર્તવાનું રહ્યા કરે, પણ તે કેવું રહ્યા કરે છે? કે જે ખાસ સંસારસુખની ઇચ્છાવાળા હોય તેને પણ તેવું કરવું ન પોષાય એવું રહ્યા કરે છે. જો કે એ વાતનો ખેદ યોગ્ય નથી, અને ઉદાસીનતાજ ભજીએ છીએ, તથાપિ તે કારણે એક બીજો ખેદ ઉત્પન્ન થાય છે, તે એ કે, સત્સંગ, નિવૃત્તિનું અપ્રધાનપણુ રહ્યા કરે છે, અને પરમ રુચિ છે જેને વિષે, એવું આત્મજ્ઞાન અને આત્મવાર્તા, કોઇ પણ પ્રકારની ઇચ્છા વિના ક્વચિત્ ત્યાગજેવાં રાખવાં પડે છે. આત્મજ્ઞાન વેદક હોવાથી મુંઝવતું નથી પણ આત્મવાર્તાનો વિયોગ તે, મુંઝવે છે.

૧૯૪૯ ના શ્રાવણ શુદ ૪, ભોમ. **પ્રણામ.**

૨૯૨.

જવાહિરી લોકોનું એમ માનવું છે કે, એક સાધારણ સોપારી જેવું સારા રંગનું, પાણીનું અને ઘાટનું માણેક (પ્રત્યક્ષ) એબરહિત હોય, તો તેની કરોડો રુપૈયા કીંમત ગણીએ, તો તે પણ ઓછું છે. જો વિચાર કરીએ તો માત્ર તેમાં આંખનું ઠરવું, અને મનની ઇચ્છાની કલ્પિત માન્યતા શિવાય બીજું કંઇ નથી, તથાપિ એક આંખના ઠરવાની એમાં મોટી ખુબીને માટે, અને દુર્લભ પ્રાપ્તિને કારણે, જીવો તેનું અદ્‌ભુત મહાત્મ્ય કહે છે. અને અનાદિ દુર્લભ-જેમાં આત્મા ઠરી રહે છે, એવું જે સત્સંગરુપ સાધન તેને વિષે કંઇ આગ્રહ, રુચિ નથી; તે આશ્ચર્ય વિચારવાયોગ્ય છે.

સં॰ ૧૯૪૯, શ્રાવણ શુદ ૫, મુંબઇ.

૨૯૩.

ૐ

ગઇ શાલના માગશર શુદ ૬ કે અત્રે આવવાનું થયું હતું; ત્યારથી આજ દિવસપર્યંતમાં ઘણા પ્રકારનો ઉપાધિજોગ વેદવાનું બન્યું છે, અને જો ભગવત્ કૃપા ન હોય, તો આ કાળને વિષે તેવા ઉપાધિજોગમાં માથું ધડ ઉપર રહેવું કઠણ થાય. એમ થતાં થતાં ઘણીવાર જોયું છે; અને આત્મ સ્વરુપ જેણે જાણ્યું છે એવા પુરુષને, અને આ સંસારને મળતી પાણ આવે નહીં, એવો અધિક નિશ્ચય થયો છે. જ્ઞાનીપુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતાં વર્તતાં ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય, એવી આ સંસારની રચના છે. આત્મસ્વરૂપસંબંધી બોધનો તો જો કે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધનાં વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવારૂપ ઉપાધિજોગ થાય છે. અમે તો તે ઉપાધિજોગથી હજુ ત્રાસ પામ્યા કરીએ છીએ, અને તે તે જોગે હૃદયમાં અને દુઃખમાં મધ્યમાવાચાએ પ્રભુનું નામ રાખી, માંડ કંઇ પ્રવર્તન કરી સ્થિર રહી શકીએ છીએ. સમ્યક્ત્વને વિષે, અર્થાત્ બોધને વિષે ભ્રાંતિ પ્રાયે થતી નથી. પણ બોધના વિશેષ

પરિણામનો અનવકાશ થાય છે, એમ તો સ્પષ્ટ દેખાય છે, અને તેથી ઘણીવાર આકુળવ્યાકુળપણાને પામી ત્યાગને ભજતો હવો; તથાપિ ઉપાર્જિત કર્મની સ્થિતિને સમપરિણામે અદીનપણે, અવ્યાકુળપણે વેદવી એ જ જ્ઞાનીપુરુષોનો માર્ગ છે, અને તે જ ભજવો છે, એમ સ્મૃતિ થઇ સ્થિરતા રહેતી આવી છે; એટલે આકુળાદિ ભાવની થતી વિશેષ મુંઝવણ સમાપ્ત થતી હતી.

આખો દિવસ, નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાંસુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. ' આત્મા–આત્મા ', ' તેનો વિચાર ', 'જ્ઞાનીપુરુષની સ્મૃતિ', 'તેના મહાત્મ્યની કથા–વાર્ત્તા', 'તે પ્રત્યે અત્યંત ભક્તિ', 'તેમના અનવકાશ આત્મચારિત્ર પ્રત્યે મોહ' એ અમને હજુ આકર્ષ્યા કરે છે; અને તે કાળ ભજીએ છીએ. પૂર્વ કાળમાં જે જે જ્ઞાની પુરૂષના પ્રસંગો વ્યતીત થયા છે, તે કાળ ધન્ય છે; તે ક્ષેત્ર અત્યંત ધન્ય છે. તે શ્રવણને, શ્રવણના કર્ત્તાને, અને તેમાં ભક્તિભાવવાળા જીવોને ત્રિકાળ દંડવત્ છે. તે આત્મસ્વરૂપમાં ભક્તિ, ચિંતન, આત્મવ્યાખ્યાની જ્ઞાનીપુરુષની વાણી, અથવા જ્ઞાનીનાં શાસ્ત્રો કે માર્ગાનુસારી, જ્ઞાનીપુરુષના સિદ્ધાંત, તેની અપૂર્વતાને પ્રણામ, અતિ ભક્તિએ કરીએ છીએ. અખંડ આત્મધુનના એકતાર પ્રવાહપૂર્વક તે વાત અમને હજી ભજવાની અત્યંત આતુરતા રહ્યા કરે છે, અને બીજી બાજુથી આવાં ક્ષેત્રો, આવા લોકપ્રવાહ, આવા ઉપાધિજોગ અને બીજા તેવા પ્રકાર જોઇ, વિચાર મૂર્છાવત્ થાય છે. ઇશ્વરેચ્છા !

સં૦ ૧૯૪૯ ના શ્રાવણ વદ ૫, મુંબઇ. **પ્રણામ પોંચે.**

૨૯૪.

અજ્ઞાનદશા વર્તતી હોય, અને તે દશાને જ્ઞાનદશા જીવે ભ્રમાદિ કારણથી માની લીધી હોય ત્યારે, તેવા તેવા, દેહને દુઃખ થવાના પ્રસંગોમાં, અથવા તેવાં બીજાં કારણોમાં, જીવ દેહની શાતાને ભજવાની ઇચ્છા કરે છે; અને તેમ વર્તવાનું કરે છે. સાચી જ્ઞાનદશા હોય, તો તેને દેહને દુઃખપ્રાપ્તિનાં કારણો વિષે વિષમતા થતી નથી, અને તે દુઃખને ટાળવા એટલી બધી ચીવટ પણ હોતી નથી.

૧૯૪૯, ભાદરવો.

૨૯૫.

નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરીને જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઇંદ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને જેને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદ્ભવે છે, એવા જીવને જેટલો બને તેટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે; અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે; સત્સંગના અયોગે તથાપ્રકારના નિમિત્તથી દૂર રહેવું ઘટે છે. ક્ષણે ક્ષણે, પ્રસંગે, પ્રસંગે, નિમિત્તે નિમિત્તે, સ્વદશાપ્રત્યે ઉપયોગ દેવો ઘટે છે. તમારું પત્ર મળ્યું છે. આજ પર્યંત સર્વભાવે કરીને ખમાવું છું.

ભાદ્રપદ સુદ ૯, ૧૯૪૯.

૨૯૬[1]

ૐ.

અનાદિકાળથી વિપર્યયબુદ્ધિ હોવાથી, અને કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી જ્ઞાનીપુરુષને વિષે વિભ્રમબુદ્ધિ થઇ આવે છે; અથવા જીવની જ્ઞાનીપુરુષપ્રત્યે તે તે ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે. બીજી બાજુએથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય, તો કોઇ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે

૧. આ પત્ર અપૂર્ણ સ્થિતિમાં પ્રાપ્ત થયેલ છે.—સંશોધક.

તોપણ બીજી બાજુના નિશ્ચયના બળને લીધે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે; અથવા જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઇ અગમ્યપણું જ એવું છે કે, અધુરી અવસ્થાએ કે અધુરા નિશ્ચયે જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે, પણ વાસ્તવ્યપણે તથા પુરા નિશ્ચયે, તે વિભ્રમ અને વિકલ્પ ઉત્પન્ન થવા યોગ્ય નથી; માટે આ જીવનો અધુરો જ્ઞાનીપુરુષ પ્રત્યેનો નિશ્ચય છે, એ જ આ જીવનો દોષ છે. જ્ઞાનીપુરુષ બધી રીતે અજ્ઞાની પુરુષથી ચેષ્ટાપણે સરખા હોય નહિ અને જો હોય, તો પછી જ્ઞાની નથી, એવો નિશ્ચય કરવો તે યથાર્થ કારણ છે, તથાપિ જ્ઞાની અને અજ્ઞાની પુરુષમાં કોઇ એવાં વિલક્ષણ કારણોનો ભેદ છે કે, જેથી જ્ઞાનીનું, અજ્ઞાનીનું એકપણું કોઇ પ્રકારે થાય નહીં. અજ્ઞાની છતાં જ્ઞાનીનું સ્વરુપ જે જીવ મનાવતો હોય, તે તે વિલક્ષણપણાદ્વારાએ નિશ્ચયમાં આવે છે; માટે જ્ઞાનીપુરુષનું જે વિલક્ષણપણું છે, તે તો પ્રથમ નિશ્ચય વિચારવાયોગ્ય છે, અને જો તેવા વિલક્ષણ કારણનું સ્વરૂપ જાણી જ્ઞાનીનો નિશ્ચય થાય છે, તો પછી અજ્ઞાની જેવી કવચિત્ જે જે જ્ઞાનીપુરુષની ચેષ્ટા જોવામાં આવે છે, તેને વિષે નિર્વિકલ્પપણું પ્રાપ્ત હોય છે; તેમ નહીં તો જ્ઞાની પુરુષની તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે.

પ્રત્યેક જીવ—એટલે જ્ઞાની, અજ્ઞાની જો બધી અવસ્થામાં સરખા જ હોય, તો પછી જ્ઞાની અજ્ઞાની એ નામ માત્ર થાય છે, પણ તેમ હોવાયોગ્ય નથી. જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષને વિષે અવસ્ય વિલક્ષણપણું હોવાયોગ્ય છે. જે વિલક્ષણપણું યથાર્થ નિશ્ચય થયે જીવને સમજવામાં આવે છે; જેનું કંઇક સ્વરૂપ અત્રે જણાવવાયોગ્ય છેઃ જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુ જીવને તેમની એટલે જ્ઞાની, અજ્ઞાની પુરુષની દશાદ્વારા સમજાય છે. તે દશાનું વિલક્ષણપણું જે પ્રકારે થાય છે, તે જણાવવાયોગ્ય છેઃ એક તો મૂળદશા, અને બીજી ઉત્તરદશા. એવા બે ભાગ જીવની દશાના થઇ શકે છે.

ભાદરવા શુદ ૧૨, ૧૯૪૯.

૨૯૭

જેવી દૃષ્ટિ આ આત્માપ્રત્યે છે, તેવી દૃષ્ટિ જગતના સર્વ આત્માને વિષે છે. જેવો સ્નેહ આ આત્માપ્રત્યે છે, તેવો સ્નેહ સર્વે આત્માપ્રત્યે વર્તે છે. જેવી આ આત્માની સહજાનંદ સ્થિતિ ઇચ્છીએ છીએ, તેવી જ સર્વ આત્માપ્રત્યે ઇચ્છીએ છીએ; જે જે આ આત્મા માટે ઇચ્છીએ છીએ, તે તે સર્વ આત્મા માટે ઇચ્છીએ છીએ; જેવો આ દેહપ્રત્યે ભાવ રાખીએ છીએ, તેવો જ સર્વ દેહપ્રત્યે ભાવ રાખીએ છીએ; જેવો સર્વ દેહ પ્રત્યે વર્તવાનો પ્રકાર રાખીએ છીએ, તેવો જ આ દેહપ્રત્યે પ્રકાર વર્તે છે. આ દેહમાં વિશેષ-બુદ્ધિ અને બીજા દેહપ્રત્યે વિષમ-બુદ્ધિ ઘણું કરીને ક્યારેય થઇ શકતી નથી. જે સ્ત્રી આદિનો સ્વપણે સંબંધ ગણાય છે,-છે, તે સ્ત્રીઆદિપ્રત્યે જે કંઇ સ્નેહાદિક છે, અથવા સમતા છે, તેવાં જ પ્રાયે સર્વપ્રત્યે વર્તે છે. આત્મારુપપણાના કાર્યે માત્ર પ્રવર્તન હોવાથી જગત્‌ના સર્વ પદાર્થ પ્રત્યે જેમ ઉદાસીનતા વર્તે છે તેમ, સ્વપણે ગણાતા સ્ત્રીઆદિ પદાર્થોપ્રત્યે વર્તે છે. પ્રારબ્ધપ્રબંધે સ્ત્રીઆદિપ્રત્યે જે કંઇ ઉદય હોય તેથી વિશેષ વર્ત્તના ઘણું કરીને આત્માથી થતી નથી; કદાપિ કરુણાથી કંઇ તેવી વિશેષ વર્ત્તના થતી હોય, તો તેવી તે જ ક્ષણે તેવા ઉદયપ્રતિબદ્ધ આત્માઓપ્રત્યે વર્ત્તે છે, અથવા સર્વ જગતપ્રત્યે વર્તે છે. કોઇપ્રત્યે કંઇ વિશેષ કરવું નહીં, કે ન્યૂન કરવું નહીં; અને કરવું તો તેવું એક ધારાનું વર્ત્તન સર્વ જગત્‌પ્રત્યે કરવું એવું જ્ઞાન, આત્માને ઘણા કાળ થયા દૃઢ છે,-નિશ્ચયસ્વરુપ છે. કોઇ સ્થળે ન્યૂન પણું, વિશેષપણું કે કંઇ તેવી સમ, વિષમ ચેષ્ટાએ વર્તવું દેખાતું હેય, તો જરુર તે આત્મસ્થિતિએ —આત્મબુદ્ધિએ થતું નથી, એમ લાગે છે. પૂર્વપ્રબંધી પ્રારબ્ધના યોગે કંઇ તેવું ઉદયભાવપણે થતું હોય, તો તેને વિષે પણ સમતા છે. કોઇપ્રત્યે ઓછાપણું, અધિકપણું કંઇ પણ આત્માને રુચતું

નથી; ત્યાં પછી બીજી અવસ્થાનો વિકલ્પ હોવાયોગ્ય નથી, એમ તમને શું કહીએ ?

સૌથી અભિન્ન ભાવના છે. જેટલી યોગ્યતા જેની વર્તે છે, તે પ્રત્યે તેટલી અભિન્ન ભાવની સ્ફુર્તિ થાય છે. ક્વચિત્ કરુણાબુદ્ધિથી વિશેષ સ્ફુર્તિ થાય છે. પણ વિષમપણાથી કે વિષયપરિગ્રહાદિ કારણપ્રત્યયથી તે પ્રત્યે વર્તવાનો કંઇ આત્માનો સંકલ્પ જણાતો નથી; અવિકલ્પરુપ સ્થિતિ છે. વિશેષ શું કહીએ ? અમારે કંઇ અમારું નથી, બીજાનું નથી, કે બીજું નથી; જેમ છે, તેમ છે. જેવી સ્થિતિ આત્માની છે, તેવી સ્થિતિ છે સર્વ પ્રકારની વર્તના નિષ્કપટપણાથી ઉદયની છે.

સમ, વિષમતા નથી.

સહજાનંદ સ્થિતિ છે.

જ્યાં તેમ હોય ત્યાં, અન્ય પદાર્થમાં આસક્તબુદ્ધિ ઘટે નહીં,–હોય નહીં.

૧૯૪૯ ભાદરવા ૦)). (૦ ૦ ૦ ૦)

૨૯૮

અમારો આશય તે જ્ઞાન વિષે લખવાનો વિશેષપણે અત્રે લખ્યો છેઃ જે જ્ઞાનીપુરુષે સ્પષ્ટ એવો આત્મા કોઇ અપૂર્વ લક્ષણે, ગુણે, અને વેદનપણે અનુભવ્યો છે, અને તે જ પરિણામ જેના આત્માનું થયું છે, તે જ્ઞાનીપુરુષે, જો તે સુધારસસંબંધી જ્ઞાન આપ્યું હોય, તો તેનું પરિણામ પરમાર્થે પરમાર્થસ્વરુપ છે; અને જે પુરુષ તે સુધારસને જ આત્મા જાણે છે, તેનાથી તે જ્ઞાનની પ્રાપ્તિ થઇ હોય, તો તે વ્યવહારે પરમાર્થસ્વરુપ છે. તે જ્ઞાન કદાપિ પરમાર્થ–પરમાર્થસ્વરુપ એવા જ્ઞાનીએ ન આપ્યું હોય, તોપણ તે જ્ઞાનીપુરુષે, સન્માર્ગ સન્મુખ આકર્ષે એવો જે જીવને ઉપદેશ કર્યો હોય તે જીવનું જ્ઞાન, તે પરમાર્થ–વ્યવહારસ્વરુપ છે; અને તે શિવાય શાસ્ત્રાદિ જાણનાર સામાન્ય પ્રકારે માર્ગાનુસારી જેવી ઉપદેશક વાત કરે, તેવી શ્રદ્ધાય, તે વ્યવહારે વ્યવહારસ્વરુપ છે. સુગમપણે સમજવા એમ ચાર પ્રકાર થાય છે. પરમાર્થ–પરમાર્થસ્વરુપ એ નિકટ મોક્ષનો ઉપાય છે. પરમાર્થ–વ્યવહારસ્વરુપ એ અનંતર–પરંપરસંબંધે મોક્ષનો ઉપાય છે. વ્યવહાર–પરમાર્થસ્વરુપ તે, ઘણા કાળે કોઇ પ્રકારે પણ મોક્ષના સાધનના કારણભૂત થવાનો ઉપાય છે. વ્યવહાર–વ્યવહારસ્વરુપનું ફળ આત્મપ્રત્યયી નથી સંભવતુ. આ વાત હજુ કોઇ પ્રસંગે વિશેષપણે લખીશું એટલે વિશેષપણે સમજાશે, પણ આટલી સંક્ષેપતાથી વિશેષ ન સમજાય તો મુંઝાશો નહીં. લક્ષણથી. ગુણથી, અને વેદનથી જેને આત્મસ્વરુપ જણાયું છે તેને ધ્યાનનો એ એક ઉપાય છે, કે જેથી આત્મપ્રદેશની સ્થિરતા થાય છે; અને પરિણામ પણ સ્થિર થાય છે. લક્ષણથી, ગુણથી, અને વેદનથી જેણે આત્મસ્વરુપ જાણ્યું નથી, એવા મુમુક્ષુ તેને, તે જ્ઞાનીપુરુષે બતાવેલું જો આ જ્ઞાન હોય, તો અનુક્રમે લક્ષણાદિનો બોધ સુગમપણે થાય છે. મુખરસ અને તેનું ઉત્પત્તિક્ષેત્ર એ કોઇ અપૂર્વ કારણરુપ છે; એમ તમે નિશ્ચયપણે નિર્ધારજો. જ્ઞાનીપુરુષનો તે પછીનો જે માર્ગ, તે ન દુભાય એવો તમને પ્રસંગ થયો છે, તેથી તેવો નિશ્ચય રાખવા જણાવ્યું છે. પછીનો માર્ગ જો દુભાતો હોય અને તેને વિષે કોઇ તે અપૂર્વ કારણરુપે નિશ્ચય થયો હોય, તો તે કોઇ પ્રકારે પાછો નિશ્ચય ફેરવ્યે જ ઉપાયરુપ થાય છે, એવો અમારા આત્મામાં લક્ષ રહે છે. એક અજ્ઞાનપણે પવનની સ્થિરતા કરે છે, પણ શ્વાસોશ્વાસરોધ, નથી તેને કલ્યાણનો હેતુ થતો,–નથી. અને એક જ્ઞાનીની આજ્ઞાપૂર્વક શ્વાસોશ્વાસનો રોધ કરે છે તો તેને તે કારણથી જે સ્થિરતા આવે છે, તે આત્માને પ્રગટવાનો હેતુ થાય છે. શ્વાસોશ્વાસની સ્થિરતા થવી એ એક પ્રકારે ઘણી કઠણ વાત છે; તેનો સુગમ ઉપાય મુખરસ એકતાર કરવાથી થાય છે, માટે તે વિશેષ સ્થિરતાનું સાધન છે. સુધારસસ્થિરતા પણ તે અજ્ઞાનપણે ફળિભૂત થતી નથી,એટલે કલ્યાણરુપ થતી નથી. તેમ તે બીજજ્ઞાનનું ધ્યાન પણ અજ્ઞાનપણે કલ્યાણરુપ થતું નથી, એવો વિશેષ નિશ્ચય અમને ભાસ્યા કરે છે; જેણે વેદનપણે આત્મા

જાણ્યો છે, તે જ્ઞાનીપુરુષની આજ્ઞાએ તે કલ્યાણરુપ થાય છે; અને આત્મા પ્રગટવાનો અત્યંત સુગમ ઉપાય થાય છે. એક બીજી અપૂર્વ વાત પણ આ સ્થળે લખવાનું સુજે છેઃ—આત્મા છે તે ચંદનવૃક્ષ છે. તેની સમીપે જે જે વસ્તુઓ વિશેષપણે રહી હોય, તે તે વસ્તુ તેની સુગંધનો (?) વિશેષ બોધ કરે છે. જે વૃક્ષ ચંદનથી વિશેષ સમીપ હોય તે વૃક્ષમાં, ચંદનની ગંધ વિશેષપણે સ્ફુરે છે. જેમ જેમ આઘેના વૃક્ષ હોય, તેમ તેમ સુગંધ મંદ પરિણામને ભજે છે; અને અમુક મર્યાદા પછી અસુગંધરુપ વૃક્ષોનું વળ આવે છે; અર્થાત્ ચંદન, પછી તે સુગંધપરિણામ કરતું નથી. તેમ આ આત્મા વિભાવ પરિણામને ભજે છે ત્યાંસુધી, તેને ચંદનવૃક્ષ કહીએ છીએ; અને સૌથી તેને અમુક અમુક સૂક્ષ્મ વસ્તુનો સંબંધ છે, તેમાં તેની છાયા(?)રુપ સુગંધ વિશેષ પડે છે; જેનું ધ્યાન જ્ઞાનીની આજ્ઞાએ થવાથી આત્મા પ્રગટે છે. પવન કરતાં પણ સુધારસ છે તેમાં, આત્મા વિશેષ સમીપપણે વર્તે છે; માટે તે આત્માની વિશેષ છાયા (?) સુગંધનો ધ્યાન કરવાયોગ્ય ઉપાય છે. આ પણ વિશેષપણે સમજવાયોગ્ય છે.

મુંબાઈ, આશો શુદ ૯, બુધ, ૧૯૪૯.

૨૯૯ *

સર્વ પ્રકારના કર્ત્તવ્યને વિષે ઉદાસીન એવા અમારાથી કંઈ થઈ શકતું હોય, તો તે એક જ થઈ શકે છે કે, પૂર્વોપાર્જિતનું સમતાપણે વેદન કરવું; અને જે કંઈ કરાય છે તે, તેના આધારે કરાય છે, એમ વર્તે છે.

અમને એમ આવી જાય છે કે અમે જો અપ્રતિબંધપણે રહી શકીએ એમ છીએ, છતાં સંસારના બાહ્યપ્રસંગને, અંતરપ્રસંગને, કુટુંબાદિ સ્નેહને ભજવા ઇચ્છતા નથી, તો તમજેવા માર્ગેચ્છાવાનને તે ભજવાને અત્યંત ત્રાસ અહોરાત્ર કેમ નથી છૂટતો ? કે જેને પ્રતિબંધપણારુપ ભયંકર યમનું સહચારીપણું વર્તે છે.

જ્ઞાનીપુરુષને મળીને જે સંસારને ભજે છે તેને, તીર્થંકર પોતાના માર્ગથી બહાર કહે છે.

કદાપિ જ્ઞાનીપુરુષને મળીને સંસાર ભજે છે તે સર્વ તિર્થંકરના માર્ગથી બહાર કહેવા યોગ્ય હોય તો શ્રેણિકાદિકને વિષે મિથ્યાત્વનો સંભવ થાય છે—અને વિસંવાદપણું પ્રાપ્ત થાય છે. તે વિસંવાદપણાથી યુક્ત એવું વચન જો તીર્થંકરનું હોય તો તે તીર્થંકર કહેવાયોગ્ય નથી.

જ્ઞાનીપુરુષને મળીને જે આત્મભાવે, સ્વછંદપણે, કામનાએ કરી, રસે કરી, જ્ઞાનીમાં વચનની ઉપેક્ષા કરી, અનુપયોગ પરિણામી થઈ સંસારને ભજે છે, તે પુરૂષ તીર્થંકરના માર્ગથી બહાર છે; એમ કહેવાનો તીર્થંકરનો આશય છે.

૧૯૪૯.

૩૦૦.*

ૐ

આટલી વાતનો નિશ્ચય રાખવો યોગ્ય છે કે, જ્ઞાનીપુરુષને પણ પ્રારબ્ધકર્મ ભોગવ્યાવિના નિવૃત્ત થતાં નથી, અને અભોગવ્યે નિવૃત્ત થવાને વિષે જ્ઞાનીને કંઈ ઇચ્છા નથી. જ્ઞાની શિવાય બીજા જીવને પણ એવાં કેટલાંક કર્મ છે, કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય, અર્થાત્ તે પ્રારબ્ધ જેવાં હોય છે; તથાપિ ભેદ એટલો છે કે, જ્ઞાનીની પ્રવૃત્તિ પૂર્વોપાર્જિત કારણથી માત્ર છે, અને બીજાની પ્રવૃત્તિમાં ભવિષ્યસંસારનો હેતુ છે; માટે જ્ઞાનીનું પ્રારબ્ધ જૂદું પડે છે. એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી, કે તે નિવૃત્તિરૂપે જ ઉદય આવે. જેમ શ્રીકૃષ્ણાદિક જ્ઞાનીપુરુષ, કે જેને પ્રવૃત્તિરુપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી;—જેમ ગૃહઅવસ્થામાં શ્રી તીર્થંકર. પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે. કેટલીક પ્રારબ્ધસ્થિતિ એવી છે, કે જે જ્ઞાનીપુરુષને વિષે તેના સ્વરુપ માટે જીવોને

અંદેશાનો હેતુ થાય, અને તે માટે થઇ જ્ઞાનીપુરુષો ઘણું કરી જડ-મૌન-દશા રાખી પોતાનું જ્ઞાનીપણું અસ્પષ્ટ રાખે છે, તથાપિ પ્રારબ્ધવશાત્ તે દશા કોઇને સ્પષ્ટ જાણવામાં આવે, તો પછી તે જ્ઞાનીપુરુષનું વિચિત્ર પ્રારબ્ધ, તેને અંદેશાનો હેતુ થતું નથી.

૧૯૪૯.

૩૦૧*

ૐ

જે કંઇ ઉપાધિ કરાય છે, તે કંઇ સ્વપણાને કારણે કરવામાં આવતી નથી, તેમ કરાતી નથી. જે કારણે કરાય છે, તે કારણ અનુક્રમે વેદવાયોગ્ય એવું પ્રારબ્ધકર્મ છે. જે કંઇ ઉદય આવે તે, અવિસંવાદપરિણામે વેદવું એવું જે જ્ઞાનીનું બોધન છે તે, અમારે વિષે નિશ્ચળ છે, એટલે તે પ્રકારે વેદીએ છીએ; તથાપિ ઇચ્છા તો એમ રહે છે કે, અલ્પકાળને વિષે-એક સમયને વિષે-જો તે ઉદય અસત્તાને પામતો હોય, તો અમે આ બધામાંથી ઉઠી ચાલ્યા જઇએ; એટલી આત્માને મોકળાશ વર્તે છે, તથાપિ નિદ્રાકાળ, ભોજનકાળ, તથા અમુક છૂટક કાળશિવાય ઉપાધિનો પ્રસંગ રહ્યા કરે છે, અને કંઇ ભિન્નાંતર થતું નથી, તોપણ આત્મોપયોગ કોઇ પ્રસંગે પણ અપ્રધાનપણું ભજતો જોવામાં આવે છે, અને તે પ્રસંગે મૃત્યુના શોકથી અત્યંત અધિક શોક થાય છે, એમ નિઃસંદેહ છે.

એમ હોવાથી અને ગૃહસ્થપ્રત્યયી પ્રારબ્ધ જ્યાંસુધી ઉદયમાં વર્તે ત્યાંસુધીમાં, સર્વથા અયાચકપણાને ભજતું ચિત્ત રહેવામાં જ્ઞાનીપુરુષોનો માર્ગ રહેતો હોવાથી, આ ઉપાધિ ભજીએ છીએ. જો તે માર્ગની ઉપેક્ષા કરીએ તોપણ જ્ઞાનીને વિરાધીએ નહીં એમ છે, છતાં ઉપેક્ષા થઇ શકતી નથી. જો ઉપેક્ષા કરીએ તો ગૃહસ્થપણું પણ વનવાસીપણે ભજાય એવો, આકરો વૈરાગ્ય વર્તે છે.

૧૯૪૯.

૩૦૨.*

ૐ

તીર્થંકર, વારંવાર, નીચે કહ્યો છે તે, ઉપદેશ કરતા હતાઃ—

"હે જીવો ! તમે બુઝો, સમ્યક્ પ્રકારે બુઝો, મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે; અને ચારે ગતિને વિષે ભય છે એમ જાણો. અજ્ઞાનથી સદ્વિવેક પામવો દુર્લભ છે એમ, સમજો. આખો લોક એકાંત દુઃખે કરીને બળે છે એમ, જાણો; અને સર્વ જીવ પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો."—**સૂયગડાંગ, અધ્યયન ૭ મું, ૧૩.**

સર્વ દુઃખથી મુક્ત થવાનો અભિપ્રાય જેનો થયો હોય, તે પુરુષે આત્માને ગવેષવો, અને આત્મા ગવેષવો હોય તેણે, યમનિયમાદિક સર્વ સાધનનો આગ્રહ અપ્રધાન કરી, સત્સંગને ગવેષવો; તેમ જ ઉપાસવો. સત્સંગની ઉપાસના કરવી હોય તેણે, સંસારને ઉપાસવાનો આત્મભાવ સર્વથા ત્યાગવો. પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી, પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે, જે કોઇ તે આજ્ઞા ઉપાસે છે તે, અવશ્ય સત્સંગને ઉપાસે છે; એમ જે સત્સંગને ઉપાસે છે તે, અવશ્ય આત્માને ઉપાસે છે; અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.—**દ્વાદશાંગીનું સળંગ સૂત્ર.**

પ્રથમમાં જે અભિપ્રાય દર્શાવ્યો છે, તે ગાથા સૂયગડાંગમાં નીચે પ્રમાણે છેઃ —

संबुज्झहा जंतवो माणुसत्तं, दट्ठुं भयं बालिसेणं अलंभो;

एगंतदुक्खे जरिएव लोए, सकम्मणा विपरियासुवेति.

સર્વ પ્રકારની ઉપાધિ, આધિ, વ્યાધિથી મુક્તપણે વર્તતા હોઇએ, તોપણ સત્સંગને વિષે રહે-

વી ભક્તિ, તે અમને મટવી દુર્લભ જણાય છે. સત્સંગનું સર્વોત્તમ અપૂર્વપણું અહોરાત્ર એમ અમને વસ્યા કરે છે, તથાપિ ઉદયજોગ પ્રારબ્ધથી તેવો અંતરાય વર્તે છે. ઘણુંકરી કોઈ વાતનો ખેદ અમારા આત્માને વિષે ઉત્પન્ન થતો નથી, તથાપિ સત્સંગના અંતરાયનો ખેદ અહોરાત્રમાં ઘણુંકરી વર્ત્યા કરે છે. સર્વ ભૂમિઓ, સર્વ માણસો, સર્વ કામો, સર્વ વાતચિતાદિ પ્રસંગો અજાણ્યા જેવા-સાવ પરના-ઉદાસીન જેવા, અરમણીય, અમોહકર અને રસરહિત સ્વાભાવિકપણે ભાસે છે. માત્ર જ્ઞાનીપુરુષો, મુમુક્ષુપુરુષો કે માર્ગાનુસારી પુરુષોનો સત્સંગ તે જાણીતો, પોતાનો, પ્રીતિકર, સુંદર, આકર્ષનાર અને રસસ્વરૂપ ભાસે છે: એમ હોવાથી અમારૂં મન ઘણુંકરી અપ્રતિબંધપણું ભજતું ભજતું તમજેવા માર્ગેચ્છાવાન પુરુષોને વિષે પ્રતિબંધપણું પામે છે.

૧૯૪૯, મુંબઈ.

૩૦૩.

તે પુરુષ નમન કરવા યોગ્ય છે.

કીર્ત્તન કરવા યોગ્ય છે.

પરમ પ્રેમે ગુણગ્રામ કરવા યોગ્ય છે.

ફરી ફરી વિશિષ્ટ આત્મપરિણામે ધ્યાવન કરવા યોગ્ય છે.

કે,

જે પુરુષને દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કોઈ પણ પ્રકારનું પ્રતિબંધપણું વર્તતું નથી.

આપનાં ઘણાં પત્રો મળ્યાં છે. ઉપાધિજોગ એવા પ્રકારે રહે છે કે, તેના વિદ્યમાનપણામાં પત્ર લખવાયોગ્ય અવકાશ રહેતો નથી, અથવા તે ઉપાધિ ઉદયરૂપ જાણી મુખ્યપણે આરાધતાં તમજેવા પુરુષને પણ ચાહીને પત્ર લખેલ નથી; તે માટે ક્ષમા કરવાયોગ્ય છો.

ચિત્તને વિષે જેવું આ ઉપાધિયોગ આરાધિએ છીએ, ત્યારથી મુક્તપણું વર્તે છે, તેવું મુક્તપણું અનુપાધિપ્રસંગમાં પણ વર્તતું નહોતું. એવી નિશ્ચયદશા માગશર શુદ ૬ થી એક ધારાએ વર્તી આવી છે.

સંવત ૧૯૪૯.

૩૦૪*

ૐ.

અમારા ચિત્તમાં તો એમ આવે છે કે, મુમુક્ષુજીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે, તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર, સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષે હોય છે: એ વાત નિશ્ચય કરવાયોગ્ય છે.

વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ: એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ તે અનુકૂળ ભાસે છે; પ્રતિકૂળ કલ્પનાએ તે પ્રતિકૂળ ભાસે છે અને જ્ઞાનીપુરુષે તે બેય કલ્પના કરવાની ના કહી છે; વિચારવાનને શોક ઘટે નહીં. એમ શ્રી તીર્થંકર કહેતા હતા.

સંવત્ ૧૯૪૯.

૩૦૫*૧

—समता, रमता, ऊरधता, ज्ञायकता, सुखभास;

वेदकता, चैतन्यता, ए सब जीवविलास.

જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઇ, વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે

૧. અપૂર્ણ સ્થિતિમાં પ્રાપ્ત થયેલ છે.—સંશોધક.

પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારના ફળમાં સત્પુરુષને વિષે જેનાં વચનોથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરનાં વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરુષવિના જાણ્યો જાય એવો નથી: એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ, તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે-તે જીવ પ્રાપ્ત થવા અર્થે-યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઈ, તે જીવ જેવડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશવચનને નમસ્કાર કરીએ છીએ.

સંવત ૧૯૪૯.

૩૦૬*

કોઈ પણ જાતનાં અમારાં આત્મિક બંધનને લઈને અમે સંસારમાં રહ્યા નથી. સ્ત્રી જે છે તેનાથી પૂર્વે બંધાયલું ભોગકર્મ નિવૃત્ત કરવું છે; કુટુંબ છે તેનું, પૂર્વનું કરેલું કરજ આપી નિવૃત્ત થવા અર્થે રહ્યા છીએ; તે શિવાયના જે જે કંઇ પ્રસંગ છે, તે તેની અંદર શમાઈ જાય છે. તનને અર્થે, ધનને અર્થે, ભોગને અર્થે, સુખને અર્થે, સ્વાર્થને અર્થે કે કોઈ જાતનાં આત્મિકબંધનથી અમે સંસારમાં રહ્યા નથી. આવો જે અંતરનો ભેદ, તે જે જીવને નિકટપણે મોક્ષ વર્તતો ન હોય તે જીવ કેમ સમજી શકે?

દુ:ખના ભયથી પણ સંસારમાં રહેવું રાખ્યું છે, એમ નથી. માન અપમાનનો તો, કંઈ ભેદ છે તે, નિવૃત્ત થઈ ગયો છે.

સંવત ૧૯૪૯.

૩૦૭

"જ્ઞાનીપુરુષપ્રત્યે અભિન્ન બુદ્ધિ થાય એ, કલ્યાણવિષેનો મોટો નિશ્ચય છે," એવો સર્વ મહાત્મા પુરુષોનો અભિપ્રાય જણાય છે. તમે તથા તે અન્ય વૈદ જેનો દેહ હાલ વર્તે છે, તે બેય જ્ઞાનીપુરુષપ્રત્યે જેમ અભિન્નતા વિશેષ નિર્મળપણે આવે તે પ્રકારની વાત પ્રસગોપાત કરો તે, યોગ્ય છે; અને પરસ્પરમાં એટલે, તેઓ અને તમ વચ્ચે, નિર્મળ હેત વર્તે તેમ પ્રવર્તવામાં બાધ નથી, પણ તે હેત જાત્યાંતર થવું યોગ્ય છે. જેવું સ્ત્રી, પુરુષને કામાદિકારણે હેત હોય છે, તેવું હેત નહીં; પણ જ્ઞાનીપુરુષપ્રત્યે બન્નેનો ભક્તિરાગ છે એવું, બેય, એક ગુરુપ્રત્યેનું શિષ્યપણું જોઇ, અને નિરંતરનો સત્સંગ રહ્યા કરે છે એમ જાણી, ભાઈ જેવી બુદ્ધિએ-તેવે હેતે-વર્તો તે વાત વિશેષ યોગ્ય છે. જ્ઞાનીપુરુષપ્રત્યેનો ભિન્નભાવ સાવ ટાળવો યોગ્ય છે.

મુંબઈ, ઑક્ટોબર ૧૦,૧૮૯૩.

૩૦૮

આત્માને સમાધિ થવા માટે-આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે-સુધારસ કે જે મુખને વિષે વરસે છે, તે એક અપૂર્વ આધાર છે, માટે કોઈ રીતે તેને બીજજ્ઞાન કહો તો હરકત નથી; માત્ર એટલો ભેદ છે કે, તે જ્ઞાન જ્ઞાનીપુરુષ, કે જે તેથી આગળ આત્મા છે એમ, જાણનાર હોવો જોઈએ.

દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી, એમ જાણનારને કંઇ કર્તવ્ય કહી શકાય નહીં, પણ તે ક્યારે? સ્વદ્રવ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે-સ્વદ્રવ્યસ્વરૂપ પરિણામે પરિણમી અન્ય દ્રવ્ય

પ્રત્યે કેવળ ઉદાસ થઈ, કૃતકૃત્ય થયે-કંઈ કર્ત્તવ્ય રહેતું નથી; એમ ઘટે છે;–અને એમ જ છે.

મુંબઈ, સં૦ ૧૯૫૦ ના કારતક શુદ ૬.

૩૦૯.

" માથે રાજા વર્તે છે. " એટલા વાક્યના ઈહાપોહ (વિચાર) થી ગર્ભશ્રીમંત એવા શ્રી શાલીભદ્ર, તે કાળથી સ્ત્રિયાદિ પરિચયને ત્યાગવારૂપ પ્રારંભ ભજતા હવા.

" નિત્ય પ્રત્યે એકેક સ્ત્રીને ત્યાગી. અનુક્રમે બત્રીસ સ્ત્રીઓને ત્યાગવા ઈચ્છે છે એવા, બત્રીસ દિવસ સુધીના કાળપારધીનો ભરુંસો, શ્રીશાલીભદ્ર કરે છે. એ મોટું આશ્ચર્ય છે, " એવાં વચનો શ્રીધનાભદ્રથી સ્વાભાવિક વૈરાગ્ય ઉદ્ભવ થતાં હવાં.

" તમે એમ કહો છો. તે જો કે મને માન્ય છે, તથાપિ તે પ્રકારે આપ પણ ત્યાગવાને દુર્લભ છો;" એવાં સહજ વચન તે ધનાભદ્રપ્રત્યે શાલીભદ્રની બ્હેન અને તે ધનાભદ્રની પત્ની કહેતી હવી. જે સાંભળી કોઈ પ્રકારના ચિત્તક્લેશ પરિણમવ્યા વગર તે શ્રીધનાભદ્ર તે જ સમયે ત્યાગને ભજતા હવા: અને શ્રી શાલીભદ્ર કહેતા હવા કે ' તમે શા વિચારે કાળના વિશ્વાસને ભજો છો? ' તે શ્રવણ કરી જેનું ચિત્ત આત્મારૂપ છે, એવા તે શ્રીશાલીભદ્ર અને ધનાભદ્ર ' જાણે કોઈ દિવસે કંઈ પોતાનું કર્યું નથી, ' એવા પ્રકારથી ગૃહાદિ ત્યાગ કરી ચાલ્યા જતા હવા. આવા સત્પુરુષના વૈરાગ્યને સાંભળ્યા છતાં આ જીવ ઘણા વર્ષના આગ્રહે કાળનો વિશ્વાસ કરે છે, તે કિયાબળે કરતો હશે ! તે વિચારી જોવાયોગ્ય છે.

મુંબઈ, કારતક શુદ ૯, શુક્ર, ૧૯૫૦.

વર્ષ ૨૭ મું.

૩૧૦

વાણીનું સંયમન શ્રેયસ્‌રૂપ છે, તથાપિ વ્યવહારનો સંબંધ એવા પ્રકારનો વર્તે છે કે, કેવલ તેનું સંયમન રાખીએ તો પ્રસંગમાં આવતા જીવોને ક્લેશનો હેતુ થાય; માટે બહુ કરી સપ્રયોજન શિવાયમાં સંયમન રાખવું થાય, તો તેનું પરિણામ કોઇ પ્રકારે શ્રેયસ્‌રૂપ થવું સંભવે છે.

"જીવનું મૂઢપણું ફરી ફરી, ક્ષણે ક્ષણે પ્રસંગે પ્રસંગે. વિચારવામાં જો સચેતપણું ન રાખવામાં આવ્યું, તો આવો જોગ બન્યો તે, વૃથા છે."

મુંબઇ, માગશર શુદ ૩. ૧૯૫૦.

૩૧૧

હાલ વિશેષપણેકરી લખવાનું થતુ નથી તેમાં. ઉપાધિ કરતાં ચિત્તનું સંક્ષેપપણુ વિશેષ કારણરૂપ છે. (ચિત્તનું ઇચ્છારૂપમાં કંઇ પ્રવર્ત્તન થવું. પ્રાયે સંક્ષેપ–ન્યૂન–થાય તે સંક્ષેપપણુ અત્રે લખ્યું છે.) અત્રે એમ વેદ્યું છે કે, જ્યાં કંઇ પણ પ્રમત્તદશા હોય છે ત્યાં. જગતપ્રત્યયી કામનો આત્માને વિષે અવકાશ ઘટે છે. જ્યાં કેવળ અપ્રમત્તતા વર્તે છે. ત્યાં આત્મા શિવાય બીજા કોઇ પણ ભાવનો અવકાશ વર્તે નહીં; જો કે તીર્થંકરાદિક, સંપૂર્ણ એવું જ્ઞાન પામ્યા પછી, કોઇ જાતની દેહક્રિયાએ સહિત દેખાવાનું બન્યું છે, તથાપિ આત્મા. એ ક્રિયાનો અવકાશ પામે તો જ કરી શકે એવી કોઇ ક્રિયા, તે જ્ઞાન પછી હોઇ શકે નહીં; અને તો જ ત્યાં સંપૂર્ણ જ્ઞાન ઘટે; એવો અસંદેહ જ્ઞાનીપુરુષોનો નિર્ધાર છે. એમ અમને લાગે છે. જ્વરાદિ સંગમાં કંઇ સ્નેહ જેમ ચિત્તને નથી થતો. તેમ આ ભાવોને વિષે પણ વર્તે છે:–લગભગ સ્પષ્ટ વર્તે છે, અને તેના પ્રતિબંધના રહિતપણાનો વિચાર થયા કરે છે

મુંબઇ પોશ વદ ૧૪, રવિ, ૧૯૫૦.

૩૧૨.

તમારાં પત્રો પોંચ્યાં છે. તે સાથે પ્રશ્નોની ટીપ ઉતારીને બીડી તે પણ પોંચી છે. તે પ્રશ્નોમાં જે વિચારો જણાવ્યા છે તે, પ્રથમ વિચારભૂમિકામાં વિચારવા જેવા છે. જે પુરુષે તે ગ્રંથ કર્યો છે તેણે, વેદાંતાદિ શાસ્ત્રના અમુક ગ્રંથના અવલોકન ઉપરથી તે પ્રશ્નો લખ્યાં છે. અત્યંત આશ્ચર્યયોગ્ય વાર્તા એમાં લખી નથી. એ પ્રશ્નો તથા તે જાતિના વિચાર ઘણા વખત પહેલાં વિચાર્યા હતા; અને એવા વિચારની વિચારણા કરવા વિષે તમને તથા............ને જણાવ્યું હતું. તેમ જ બીજા તેવા મુમુક્ષુને એવા વિચારના અવલોકન વિષે કહ્યું હતું; અથવા કહ્યાનું થઈ આવે છે કે, જે વિચારોની વિચારણા ઉપરથી અનુક્રમે સદ્અસદ્નો પૂરો વિવેક થઈ શકે.

હાલ સાત આઠ દિવસ થયાં શારીરિક સ્થિતિ જ્વરગ્રસ્ત હતી; હમણા બે દિવસ થયાં ઠીક છે.

કવિતા બીડી તે પોંચી છે. તેમાં આલાપિકા તરીકેના ભેદમાં તમારું નામ બતાવ્યું છે; અને કવિતા કરવામાં જે કંઇ વિચક્ષણતા જોઇએ, તે બતાવવાનો વિચાર રાખ્યો છે. કવિતા ઠીક છે. કવિતા કવિતાર્થે આરાધવાયોગ્ય નથી,-સંસારાર્થે આરાધવાયોગ્ય નથી. ભગવદ્ભજનાર્થે-આત્મકલ્યાણાર્થે-જો તેનુ પ્રયોજન થાય, તો જીવને તે ગુણની ક્ષયોપશમતાનું ફળ છે. જે વિદ્યાથી ઉપશમ ગુણ પ્રગટ્યો નહીં, વિવેક આવ્યો નહીં, કે સમાધિ થઇ નહીં, તે વિદ્યાને વિષે રૂડા જીવે આગ્રહ કરવા યોગ્ય નથી.

હાલ હવે ઘણું કરી મોતીની ખરીદી બંધ રાખી છે. વિલાયતમાં છે તેનો, અનુક્રમે વેચવાનો વિચાર રાખ્યો છે. જો આ પ્રસંગ ન હોત, તો તે પ્રસંગમાં ઉદ્ભવ થતી જંજાળ, અને તેનુ ઉપશમાવવું થાત નહીં. હવે તે સ્વસંવેદ્યરૂપે અનુભવમાં આવે છે. તે પણ એક પ્રકારનું પ્રારબ્ધ-નિવર્તનરૂપ છે

સવિગત જ્ઞાનવાર્ત્તાનો, હવે પત્ર લખશો, તો ઘણું કરી તેનો ઉત્તર લખીશું.

સં૦ ૧૯૫૦ ના મહાવદ ૪, શુક્ર, મોહમયી. લ૦ આત્મસ્વરૂપ.

૩૧૩.

અત્રના ઉપાધિપ્રસંગમાં કંઇક વિશેષ સહનતાથી વર્તવું પડે એવી, મોસમ હોવાથી આત્માનેવિષે ગુણનું વિશેષ સ્પષ્ટપણું વર્તે છે. ઘણુંકરીને હવેથી જો બને તો નિયમિતપણે કંઇ સત્સંગ-વાર્ત્તા લખશો.

સં૦ ૧૯૫૦ ના મહાવદ ૮ ગુરુ, મોહમયી. આ૦ સ્વ૦ પ્રણામ,

૩૧૪.

વારંવાર કંટાળી જઇએ છીએ, તથાપિ પ્રારબ્ધયોગથી ઉપાધિથી દૂર થઇ શકાતું નથી. એ જ વિજ્ઞાપન. ફાગણ શુદ ૪, રવિ, ૧૯૫૦ મુંબઈ આત્મસ્વરૂપે પ્રણામ.

૩૧૫.

ૐ

"પ્રમાદને તીર્થંકરદેવ 'કર્મ' કહે છે, અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું 'આત્મસ્વરૂપ' કહે છે. તેવા ભેદના પ્રકારથી અજ્ઞાની અને જ્ઞાનીનું સ્વરૂપ છે. (કહ્યું છે.)"

સૂયગડાંગ સૂત્ર, વીર્ય અધ્યયન.

"જે કુળને વિષે જન્મ થયો છે, અને જેના સહવાસમાં જીવ વસ્યો છે ત્યાં, અજ્ઞાની એવો આ જીવ તે, મમતા કરે છે; અને તેમાં નિમગ્ન રહ્યા કરે છે." --**સૂયગડાંગ, પ્રથમાધ્યયન.**

"જે જ્ઞાનીપુરુષો ભૂતકાળને વિષે થઈ ગયા છે, અને જે જ્ઞાનીપુરુષો ભાવિકાળને વિષે થશે, તે સર્વ પુરુષોએ 'શાંતિ' (બધા વિભાવપરિણામથી થાકવું-નિવૃત્ત થવું-તે) ને સર્વ ધર્મનો આધાર

કહ્યો છે. જેમ ભૂતમાત્રને પૃથ્વી આધારભૂત છે. અર્થાત્ પ્રાણીમાત્ર પૃથ્વીના આધારથી સ્થિતિવાળાં છે—તેનો આધાર પ્રથમ તેમને હોવો યોગ્ય છે—તેમ, સર્વ પ્રકારનાં કલ્યાણનો આધાર, પૃથ્વીની પેઠે, 'શાંતિ'ને જ્ઞાનીપુરુષે કહ્યો છે. "—**સૂયગડાંગ.**

મુંબઈ, ફાગણ શુદ ૧૧. રવિ. ૧૯૫૦.

૩૧૬

'શિક્ષાપત્ર ગ્રંથ'માં ભક્તિનું પ્રયોજન છે. ભક્તિના આધારરૂપ એવા વિવેક, **ધૈર્ય અને** આશ્રય એ ત્રણ ગુણનું તેમાં વિશેષ પોષણ કર્યું છે: તેમાં ધૈર્ય અને આશ્રયનું પ્રતિપાદન વિશેષ સમ્યક્ પ્રકારે છે: જે વિચારી મુમુક્ષુ જીવે સ્વગુણ કરવા યોગ્ય છે. શ્રીકૃષ્ણાદિનો પ્રસંગ એમાં જે જે આવે છે તે, ક્વચિત્ સંદેહનો હેતુ થાય એવો છે, તથાપિ તેમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ સમજ્યાફેર ગણી, ઉપેક્ષિત રહેવાયોગ્ય છે. કેવળ હિતબુદ્ધિથી વાંચવા–વિચારવામાં મુમુક્ષુનું પ્રયોજન હોય છે.

મુંબઈ. ફાગણ વદ ૧૦. ૧૯૫૦ **પ્રણામ.**

૩૧૭

'શ્રી શિક્ષાપત્ર ગ્રંથ' વાંચવા-વિચારવામાં હાલ કંઈ અડચણ નથી; જ્યાં કોઈ અંદેશાનો હેતુ હોય, ત્યાં વિચારવું અથવા સમાધાન પૂછાવવાયોગ્ય હોય. તો પૂછવામાં પ્રતિબંધ નથી.

સુદર્શન શેઠ પુરુષ ધર્મમાં હતા, તથાપિ રાણીના સમાગમમાં તે અવિકળ હતા. અત્યંત આત્મબળે કામ ઉપશમાવવાથી કામેંદ્રિયને વિષે અજાગૃતપણું જ સંભવે છે, અને તે વખતે રાણીએ, કદાપિ તેના દેહનો પરિચય કરવા ઇચ્છા કરી હોત તોપણ કામની જાગૃતિ શ્રી સુદર્શનમાં જોવામાં આવત નહીં એમ, અમને લાગે છે.

મુંબઈ, ફાગણ વદ ૧૦. ૧૯૫૦.

૩૧૮

જે મુમુક્ષુ જીવ, ગૃહસ્થવ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઈએ: નહીંતો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે. દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ, 'નીતિ' છે. એ નીતિ મૂકતાં પ્રાણ જાય એવી દશા આવ્યે ત્યાગ, વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે: અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્ભુત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે: અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાના માર્ગે સ્પષ્ટ સિદ્ધ થાય છે.

દેશ, કાળ, સંગ આદિનો વિપરીત યોગ ઘણું કરીને તમને વર્તે છે. માટે વારંવાર—પળે પળે, તથા કાર્યે કાર્યે સાવચેતીથી નીતિ આદિ ધર્મોમાં વર્તવું ઘટે છે. તમારી પેઠે જે જીવ કલ્યાણની આકાંક્ષા રાખે છે, અને પ્રત્યક્ષ સત્પુરુષનો નિશ્ચય છે તેને, પ્રથમ ભૂમિકામાં એ નીતિ મુખ્ય આધાર છે. જે જીવ સત્પુરુષનો નિશ્ચય થયો છે એમ માને છે, તેને વિષે ઉપર કહી તે નીતિનું જો બળવાનપણું ન હોય, અને કલ્યાણની યાચના કરે તથા વાર્તા કરે, તો એ નિશ્ચય માત્ર સત્પુરુષને વંચવા બરોબર છે: જો કે, સત્પુરુષ તો નિરાકાંક્ષી છે એટલે, તેને છેતરાવાપણું કંઈ છે નહીં, પણ એવા પ્રકારે પ્રવર્તતા જીવ, તે અપરાધ યોગ્ય થાય છે. આ વાત પર, વારંવાર તમારે તથા તમારા સમાગમને ઇચ્છતા હોય તે મુમુક્ષુઓએ, લક્ષ કર્તવ્ય છે. કહેણ વાત છે માટે, ન બને એ કલ્પના, મુમુક્ષુને અહિતકારી છે, અને છોડી દેવા યોગ્ય છે.

સંવત્ ૧૯૫૦ ના ચૈત્ર વદ ૧૪, શુક્ર.

૩૧૯

'યોગવાસિષ્ટ' વાંચવામાં હરકત નથી. આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે ક્ષણે ભાસ્યાં કરે એ, મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે. યોગવાસિષ્ટાદિ જે જે ગ્રંથ તે કારણનાં પોષક છે, તે વિચારવામાં હરકત નથી. મૂળ વાત તો એ છે કે, જીવને વૈરાગ્ય આવતાં છતાં પણ જે તેનું અત્યંત શિથિલપણું–ઢીલાપણું છે તે ટાળતાં તેને અત્યંત વસમું લાગે છે; અને ગમે તે પ્રકારે પણ એ જ પ્રથમ ટાળવા યોગ્ય છે.

મુંબઈ. સં૦ ૧૯૫૦ ના વૈશાખ શુદ ૧, રવિ.

૩૨૦

જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય, તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય, તો તે ફરી ફરી પાછા હઠીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યાં કરું છું' એવું ફરી ફરી વિચારીને અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરી મને આ પ્રતિબંધ છે,' એમ ફરી ફરી નિશ્ચય કરીને, જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતાં જઈ પ્રવર્તવું થાય, તો બોધનું ફળવું થવું સંભવે છે. ચિત્તનો લખવા વગેરેમાં વધારે પ્રયાસ થઈ શકતો નથી તેથી, પત્ર ટુંકું લખ્યું છે.

સં૦ ૧૯૫૦ ના વૈશાખ શુદ ૯, મુંબઈથી.

૩૨૧

અત્રે ઉપાધિરૂપ વ્યવહાર વર્તે છે. ઘણું કરી આત્મસમાધિની સ્થિતિ રહે છે, તોપણ તે વ્યવહારના પ્રતિબંધથી છૂટવાનું વારંવાર સ્મૃતિમાં આવ્યા કરે છે. તે પ્રારબ્ધની નિવૃત્તિ થતાંસુધી તો વ્યવહારનો પ્રતિબંધ રહેવો ઘટે છે, માટે સમચિત્ત થઈ, સ્થિતિ રહે છે.

તમારું લખેલું પત્ર ૧ સંપ્રાપ્ત થયું છે. 'યોગવાસિષ્ટાદિ' ગ્રંથની વાંચના થતી હોય, તો તે હિતકારી છે. જીનાગમમાં 'પ્રત્યેક આત્મા' માની પરિણામમાં 'અનંત આત્મા' કહ્યા છે, અને વેદાંતમાં 'પ્રત્યેક' કહેવામાં આવી, સર્વત્ર ચેતનસત્તા દેખાય છે તે, એક જ આત્માની છે, અને આત્મા એક જ છે,' એમ પ્રતિપાદન કર્યું છે: તે બેય વાત મુમુક્ષુ પુરુષે જરૂર કરી વિચારવા જેવી છે, અને યથાપ્રયત્ને તે વિચારી, નિર્ધાર કરવા યોગ્ય છે; એ વાત નિઃસંદેહ છે, તથાપિ જ્યાંસુધી પ્રથમ વૈરાગ્ય અને ઉપશમનું બળ દૃઢપણે જીવમાં આવ્યું ન હોય ત્યાંસુધી, તે વિચારથી ચિત્તનું સમાધાન થવાને બદલે ચંચળપણું થાય છે, અને તે વિચારનો નિર્ધાર પ્રાપ્ત થતો નથી, તથા ચિત્ત વિક્ષેપ પામી યથાર્થપણે પછી વૈરાગ્ય, ઉપશમને ધારણ કરી શકતું નથી; માટે તે પ્રશ્નનું સમાધાન જ્ઞાની પુરુષોએ કર્યું છે તે સમજવા આ જીવમાં વૈરાગ્ય, ઉપશમ અને સત્સંગનું બલ હાલ તો વધારવું ઘટે છે, એમ જીવમાં વિચારી વૈરાગ્યાદિ બલ વધવાનાં સાધન આરાધવાને નિત્યપ્રતિ વિશેષ પુરુષાર્થ યોગ્ય છે.

વિચારની ઉત્પત્તિ થવા પછી વર્દ્ધમાનસ્વામી જેવા મહાત્માપુરુષે ફરી ફરી વિચાર્યું કે, આ જીવનું અનાદિ કાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંતવાર જન્મવું, મરવું થયાં છતાં, હજુ તે જન્મ મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી; તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવાં ? અને એવી કઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે કે, જે ભૂલનું આટલાંસુધી પરિણમવું થયું છે ? આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સદ્બોધનાં વર્દ્ધમાનપરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભગવાને દીઠી છે તે, જીનાગમમાં ઠામ ઠામ કહી છે;—કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય. જીવની ભૂલ જોતાં તો અનંતવિશેષ લાગે છે; પણ સર્વ ભૂલની બીજભૂત ભૂલ તે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે, કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વે ભૂલનો વિચાર થાય છે; અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલ મટે છે. કોઈ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઇચ્છે,

તો પણ તે કર્તવ્ય છે. અને તેવી અનેક ભૂલથી છૂટવાની ઇચ્છા, મૂળ ભૂલથી છૂટવાનું સહેજે કારણ થાય છે.

શાસ્ત્રમાં જે જ્ઞાન પ્રગટ થયું છે તે જ્ઞાન, બે પ્રકારમાં વિચારવા યોગ્ય છે. એક પ્રકાર ઉપદેશનો, અને બીજો પ્રકાર સિદ્ધાંતનો છે. "જન્મ મરણાદિ ક્લેશવાળા આ સંસારને ત્યાગવો ઘટે છે; અનિત્ય પદાર્થમાં વિવેકીને રૂચિ કરવી હોય નહીં; માત, પિતા સ્વજનાદિક સર્વનો સ્વાર્થરૂપ સંબંધ છતાં આ જીવ તે જાળનો આશ્રય કર્યા કરે છે, એ જ તેનો અવિવેક છે; પ્રત્યક્ષ રીતે ત્રિવિધતાપરૂપ આ સંસાર જણાતાં છતાં મૂર્ખ એવો જીવ તેમાં જ વિશ્રાંતિ ઇચ્છે છે; પરિગ્રહ, આરંભ અને સંગ એ સૌ અનર્થના હેતુ છે;" એ આદિ જે શિક્ષા છે, તે 'ઉપદેશજ્ઞાન' છે. 'આત્માનું હોવાપણું,' 'નિત્યપણું,' 'એકપણું' અથવા 'અનેકપણું,' 'બંધાદિ ભાવ,' 'મોક્ષ,' 'આત્માની સર્વ પ્રકારની અવસ્થા,' 'પદાર્થ' અને 'તેની અવસ્થા' એ આદિને દૃષ્ટાંતાદિથી કરી જે પ્રકારે સિદ્ધ કર્યા હોય છે, તે 'સિદ્ધાંતજ્ઞાન' છે. વેદાંત અને જિનાગમ એ સૌનું અવલોકન પ્રથમ તો ઉપદેશજ્ઞાનપ્રાપ્તિ અર્થે જ મુમુક્ષુ જીવે કરવું ઘટે છે; કારણ કે 'સિદ્ધાંતજ્ઞાન' જિનાગમ અને વેદાંતમાં પરસ્પર ભેદ પામતું જોવામાં આવે છે; અને તે પ્રકારે જોઈ મુમુક્ષુ જીવ અંદેશો–શંકા–પામે છે; અને તે શંકા ચિત્તનું અસમાધિપણું કરે છે; એવું ઘણું કરીને બનવા યોગ્ય જ છે, કારણ કે, 'સિદ્ધાંતજ્ઞાન' તો જીવને કોઈ અત્યંત ઉજ્વળ ક્ષયોપશમે અને સદ્ગુરૂના વચનની આરાધનાએ ઉદ્ભવે છે. 'સિદ્ધાંતજ્ઞાન'નું કારણ 'ઉપદેશજ્ઞાન' છે. સદ્ગુરુથી કે સત્શાસ્ત્રથી પ્રથમ જીવમાં એ જ્ઞાનનું દૃઢ થવું ઘટે છે, કે જે ઉપદેશજ્ઞાનનાં ફળ 'વૈરાગ્ય' અને 'ઉપશમ' છે. વૈરાગ્ય અને ઉપશમનું બળ વધવાથી જીવને વિષે સહેજે ક્ષયોપશમનું નિર્મળપણું થાય છે; અને સહેજ સહેજમાં 'સિદ્ધાંતજ્ઞાન' થવાનું કારણ થાય છે. જો જીવમાં અસંગદશા આવે, તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે; અને તે અસંગદશાનો હેતુ 'વૈરાગ્ય,' 'ઉપશમ' છે; જે ફરી ફરી જિનાગમમાં તથા વેદાંતાદિ ઘણાં શાસ્ત્રોમાં કહેલ છે,–વિસ્તારેલ છે; માટે નિઃસંશયપણે વૈરાગ્ય, ઉપશમના હેતુ એવા 'યોગવાસિષ્ઠાદિ' સદ્ગ્રંથો વિચારવા યોગ્ય છે. અમારી પાસે આવવામાં કોઈ કોઈ રીતે તમારી સાથેના પરિચયી શ્રી............નું મન અટકતું હતું; અને તેમ અટકવું થવું સ્વાભાવિક છે, કારણ કે અમારા વિષે અંદેશો સહેજે ઉત્પન્ન થાય એવો વ્યવહાર પ્રારબ્ધવશાત્ અમને ઉદયમાં વર્તે છે; અને તેવા વ્યવહારનો ઉદય દેખી ઘણુંકરી ધર્મસંબંધી સંગમાં અમે લૌકિક, લોકોત્તર પ્રકારે ભળવાપણું કર્યું નથી, કે જેથી લોકોને આ અમારો વ્યવહારનો પ્રસંગ વિચારવાનો પ્રસંગ ઓછો આવે. તમને અથવા શ્રી ....ને અથવા કોઈ બીજા મુમુક્ષુને કોઈ પ્રકારની કંઈ પણ પરમાર્થની વાર્તા કરી હોય તેમાં, માત્ર પરમાર્થ શિવાય બીજો કોઈ હેતુ નથી. વિષમ અને ભયંકર, આ સંસારનું સ્વરૂપ જોઈ, તેની નિવૃત્તિ વિષે અમને બોધ થયો, જે બોધવડે જીવમાં શાંતિ આવી, સમાધિદશા થઈ તે બોધ, આ જગતમાં કોઈ અનંત પુણ્યજોગે જીવને પ્રાપ્ત થાય છે, એમ મહાત્મા પુરુષો ફરી ફરી કહી ગયા છે. આ દુષમ કાળને વિષે અંધકાર પ્રગટી બોધના માર્ગને આવરણ પ્રાપ્ત થયા જેવું થયું છે, તે કાળમાં અમને દેહજોગ બન્યો, તેથી કોઈ રીતે ખેદ થાય છે, તથાપિ પરમાર્થથી તે ખેદ પણ સમાધાન રાખ્યા કર્યો છે; પણ તે દેહજોગમાં કોઈ કોઈ વખત કોઈ મુમુક્ષુપ્રત્યે વખતે લોક માર્ગનો પ્રતિકાર ફરી ફરી કહેવાનું થાય છે; જે જોગમાંનો જોગ તમારા અને શ્રી........સંબંધમાં સહેજે બન્યો છે; પણ તેથી તમે અમારું કહેવું માન્ય કરો એવા આગ્રહ માટે કંઇ પણ નથી કહેવાનું થતું; માત્ર હિતકારી જાણી તે વાતનો આગ્રહ થયો હોય છે, કે થાય છે, એટલો લક્ષ રહે, તો સંગનું ફળ કોઈ રીતે થવું સંભવે છે.

જેમ બને તેમ જીવના પોતાના દોષપ્રત્યે લક્ષ કરી, બીજા જીવપ્રત્યે નિર્દોષદૃષ્ટિ રાખી વર્તવું, અને વૈરાગ્યોપશમનું જેમ આરાધન થાય તેમ કરવું એ, પ્રથમ સ્મરણવાયોગ્ય વાત છે.

મુંબઈ, વૈશાખ શુદ ૯, રવિ, ૧૯૫૦. **આ૦ સ્વ૦ નમસ્કાર પ્રાપ્ત થાય.**

૩૨૨,

ઘણુંકરીને જિનાગમમાં 'સર્વવિરતિ' એવા સાધુને પત્ર–સમાચારાદિ લખવાની આજ્ઞા નથી; અને જો તેમ, સર્વવિરતિ ભૂમિકામાં રહી કરવા ઇચ્છે, તો તે અતિચારયોગ્ય ગણાય. આ પ્રમાણે સાધારણપણે શાસ્ત્રઉદેશ છે; અને તે ધોરીમાર્ગે તો યથાયોગ્ય લાગે છે; તથાપિ જિનાગમની રચના પૂર્વાપર અવિરોધ વાળી જણાય છે, અને તેવો અવિરોધ રહેવા, પત્ર–સમાચારાદિ લખવાની આજ્ઞા કોઇ પ્રકારથી જિનાગમમાં છે; તે તમારા ચિત્તનું સમાધાન થવા માટે સંક્ષેપે અત્રે લખું છું.

જિનની જે જે આજ્ઞા છે તે તે આજ્ઞા, સર્વ પ્રાણી, અર્થાત્ આત્માના કલ્યાણને અર્થે જેની કંઇ ઇચ્છા છે તે સર્વને, તે કલ્યાણનું જેમ ઉત્પન્ન થવું થાય, અને જેમ વર્દ્ધમાનપણું થાય, તથા તે કલ્યાણ જેમ રક્ષાય તેમ, (તે આજ્ઞાઓ) કરી છે. એક આજ્ઞા એવી જિનાગમમાં કહી હોય કે, તે આજ્ઞા અમુક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સંયોગે ન પળી શકતાં આત્માને બાધકારી થાતી હોય, તો ત્યાં તે આજ્ઞા ગૌણ કરી–નિષેધી–ને બીજી આજ્ઞા શ્રી તીર્થંકરે કહી છે. સર્વ વિરતિ કરી છે એવા મુનિને સર્વ વિરતિ કરતી વખતના પ્રસંગમાં "સવ્વાઇ પાણાઇ વાયં પચ્ચખામિ, સવ્વાઇ મુસાવાયં પચ્ચખામિ, સવ્વાઇ અદત્તાદાણાઇ પચ્ચખામિ, સવ્વાઇ મેહુણાઇ પચ્ચખામિ, સવ્વાઇ પરિગ્ગહાઇ પચ્ચખામિ" આ ઉદ્દેશનાં વચનો ઉચારવાનાં કહ્યાં છે; અર્થાત્ 'પ્રાણાતિપાતથી હું નિવૃત્તું છું,' 'સર્વપ્રકારના મૃષાવાદથી હું નિવૃત્તું છું,' 'સર્વ પ્રકારના અદત્તાદાનથી હું નિવૃત્તું છું,' 'સર્વ પ્રકારના મૈથુનથી નિવૃત્તું છું.' 'અને સર્વ પ્રકારના પરિગ્રહથી નિવૃત્તું છું.' (સર્વ પ્રકારના રાત્રિભોજનથી તથા બીજાં તેવાં તેવાં કારણોથી નિવૃત્તું છું, એમ તે સાથે ઘણાં ત્યાગનાં કારણો જાણવાં) એમ જે વચનો કહ્યાં છે તે, 'સર્વ વિરતિ'ની ભૂમિકાનાં લક્ષણો કહ્યાં છે, તથાપિ તે પાંચ મહાવ્રતમાં ચાર મહાવ્રત–મૈથુનત્યાગ શિવાય–માં ભગવાને પાછી બીજી આજ્ઞા કરી છે, કે જે આજ્ઞા પ્રત્યક્ષ તો મહાવ્રતને બાધકારી લાગે, પણ જ્ઞાનદૃષ્ટિથી જોતાં તો રક્ષણકારી છે. 'સર્વપ્રકારના પ્રાણાતિપાતથી નિવૃત્તું છું,' એવાં પચ્ચખાણ છતાં નદી ઉતરવા જેવા પ્રાણાતિપાતરૂપ પ્રસંગની આજ્ઞા કરવી પડી છે; જે આજ્ઞા લોકસમુદાયને વિશેષ સમાગમે કરી સાધુ આરાધશે તો પંચમહાવ્રત્ત નિર્મૂળ થવાનો વખત આવશે એવું જાણી, નદીનું ઉતરવું ભગવાને કહ્યું છે. તે, પ્રાણાતિપાતરૂપ પ્રત્યક્ષ છતાં, પાંચ મહાવ્રતની રક્ષાના અમૂલ્ય હેતુરૂપ હોવાથી પ્રાણાતિપાતની નિર્વૃત્તિરૂપ છે, કારણ કે પાંચ મહાવ્રતની રક્ષાનો હેતુ–એવું જે કારણ–તે પ્રાણતિપાતની નિવૃત્તિનો પણ હેતુ જ છે. પ્રાણાતિપાત છતાં અપ્રાણાતિપાતરૂપ એમ નદીના ઉતરવાની આજ્ઞા થાય છે, તથાપિ 'સર્વ પ્રકારના પ્રાણાતિપાતથી નિવૃત્તું છું,' એ વાકયને તે કારણથી એકવાર આંચકો આવે છે;–જે આંચકો ફરીથી વિચાર કરતાં તો તેની વિશેષ દઢતા માટે જણાય છે, તેમ જ બીજાં વ્રતો માટે છે. 'પરિગ્રહની સર્વથા નિવૃત્તિ કરું છું,' એવું વ્રત છતાં વસ્ત્ર, પાત્ર, પુસ્તકનો સંબંધ જોવામાં આવે છે;–તે અંગીકાર કરવામાં આવે છે. તે પરિગ્રહની સર્વથા નિવૃત્તિનાં કારણને કોઇ પ્રકારે રક્ષણરૂપ હોવાથી કહ્યાં છે; અને તેથી પરિણામે અપરિગ્રહરૂપ હોય છે. મૂર્છારહિતપણે નિત્ય આત્મદશા વધવાને માટે પુસ્તકનો અંગીકાર કહ્યો છે. શરીરસંઘયણનું આ કાળનું હીનપણું દેખી, ચિત્તસ્થિતિ પ્રથમ સમાધાન રહેવા અર્થે વસ્ત્રપાત્રાદિનું ગ્રહણ કહ્યું છે; અર્થાત્ આત્મહિત દીઠું તો પરિગ્રહ રાખવાનું કહ્યું છે. પ્રાણાતિપાત–ક્રિયાપ્રવર્ત્તન કહ્યું છે; પણ ભાવનો આકાર ફેર છે. પરિગ્રહબુદ્ધિથી કે પ્રાણાતિપાતબુદ્ધિથી એમાંનું કંઇ પણ કરવાનું ક્યારે પણ ભગ-

વાને કહ્યું નથી. પાંચ મહાવ્રત, સર્વથા નિવૃત્તિરૂપ ભગવાને જ્યાં બોધ્યાં ત્યાં પણ બીજા જીવન હિતાર્થે કહ્યાં છે; અને તેમાં તેના ત્યાગ જેવો દેખાવ દેનાર એવો અપવાદ પણ આત્મહિતાર્થે કહ્યો છે; અર્થાત્ એક પરિણામ હોવાથી ત્યાગ કહેલી ક્રિયા ગ્રહણ કરાવી છે. મૈથુનત્યાગમાં જે અપવાદ નથી, તેનો હેતુ એવો છે કે, રાગ-દ્વેષવિના તેનો ભંગ થઇ શકે નહીં; અને રાગ-દ્વેષ છે તે, આત્માને અહિતકારી છે; જેથી, તેમાં કોઇ અપવાદ ભગવાને કહ્યો નથી. નદીનું ઉતરવું રાગ -દ્વેષવિના પણ થઇ શકે; પુસ્તકાદિકનું ગ્રહણ પણ તેમ થઇ શકે; પણ મૈથુનસેવન તેમ ન થઇ શકે; માટે ભગવાને અનપવાદ એ વ્રત કહ્યું છે; અને બીજામાં અપવાદ આત્મહિતાર્થે કહ્યા છે. આમ હોવાથી જિનાગમ જેમ જીવનું-સંયમનું-રક્ષણ થાય તેમ કહેવાને અર્થે છે. પત્ર લખવાનું, કે સમાચારાદિ કહેવાનું જે નિષિદ્ધ કર્યું છે, તે પણ એ જ હેતુએ છે. લોકસમાગમ વધે, પ્રીતિ, અપ્રીતિનાં કારણો વધે, સ્ત્રિયાદિના પરિચયમાં આવવાનો હેતુ થાય, સંયમ ઢીલો થાય, તે તે પ્રકારનો પરિગ્રહ વિનાકારણે અંગીકૃત થાય, એવાં સાન્નિપાત અનંત કારણો દેખી પત્રાદિનો નિષેધ કર્યો છે, તથાપિ તે પણ અપવાદસહિત છે. અનાર્ય ભૂમિમાં વિચરવાની 'બૃહત્કલ્પ'માં ના કહી છે, અને ત્યાં ક્ષેત્રમર્યાદા કરી છે; પણ જ્ઞાન, દર્શન, સંયમના હેતુએ ત્યાં વિચરવાની પણ હા કહી છે; તે જ અર્થ ઉપરથી એમ જણાય છે કે, કોઇ જ્ઞાનીપુરુષનું દૂર રહેવું થતું હોય, તેમનો સમાગમ થવો મુશ્કેલ હોય, અને પત્ર—સમાચાર શિવાય બીજો કોઇ ઉપાય ન હોય, તો પછી આત્મહિત શિવાય બીજા સર્વ પ્રકારની બુદ્ધિનો ત્યાગ કરી, તેવા જ્ઞાનીપુરુષની આજ્ઞાએ કે કોઇ મુમુક્ષુ-સત્સંગી-ની સામાન્યઆજ્ઞાએ તેમ કરવાનો જિનાગમથી નિષેધ થતો નથી એમ, જણાય છે, કારણ કે પત્ર-સમાચાર લખવાથી આત્મહિત નાશ પામતું હતું ત્યાં જ તે ના સમજાવી છે. જ્યાં આત્મહિત, પત્ર-સમાચાર નહીં હોવાથી નાશ પામતું હોય, ત્યાં પત્ર-સમાચારનો નિષેધ હોય એમ જિનાગમથી બને કે કેમ? તે હવે વિચારવાયોગ્ય છે.

એ પ્રકારે વિચારવાથી જિનાગમમાં જ્ઞાન, દર્શન, સંયમના સંરક્ષણાર્થે પત્ર-સમાચારાદિ વ્યવહાર પણ સ્વિકારવાનો સમાવેશ થાય છે, તથાપિ તે કોઇક કાળ અર્થે, કોઇ મોટા પ્રયોજને, મહાત્મા પુરુષોની આજ્ઞાથી, કે કેવળ જીવના કલ્યાણના જ કારણમાં તેનો ઉપયોગ કોઇક પાત્રને અર્થે છે, એમ સમજવા યોગ્ય છે. નિત્યપ્રતિ અને સાધારણ પ્રસંગમાં પત્ર-સમાચારાદિ વ્યવહાર ઘટે નહીં; જ્ઞાનીપુરુષપ્રત્યે તેની આજ્ઞાએ નિત્યપ્રતિ પત્રાદિ વ્યવહાર પણ ઘટે છે, તથાપિ બીજા લૌકિક જીવનાં કારણોમાં તો સાવ નિષેધ સમજાય છે. વળી કાળ એવો આવ્યો છે કે, જેમાં આમ કહેવાથી પણ વિષમ પરિણામ આવે. લોકમાર્ગમાં વર્તતા એવા સાધુ આદિના મનમાં આ વ્યવહારમાર્ગનો નાશ કરનાર ભાસ્યમાન થાય તે, સંભવિત છે. તેમ આ માર્ગ સમજાવવાથી પણ અનુક્રમે, વગર કારણે, પત્ર-સમાચારાદિ ચાલુ થાય, કે જેથી વગર કારણે સાધારણ દ્રવ્યત્યાગ પણ હણાય: એવું જાણી એ વ્યવહાર ઘણું કરી..........થી પણ કરવો નહીં, કારણ કે તેમ કરવાથી પણ વ્યવસાય વધવા સંભવ છે. તમને સર્વ પચ્ચખાણ હોય, તો પછી પત્ર ન લખવાનાં જે પચ્ચખાણ સાધુએ આપ્યાં છે તે અપાય નહીં, તથાપિ આપ્યાં તોપણ હરકત ગણવી નહીં; તે પચ્ચખાણ પણ જ્ઞાની પુરુષની વાણીથી રૂપાંતર થયાં હોત, તો હરકત નહોતી, પણ સાધારણપણે રૂપાંતર થયાં છે, તે ઘટારત નથી થયું. મૂળ-સ્વાભાવિક-પચ્ચખાણનો અત્રે વ્યાખ્યાઅવસર નથી. લોક પચ્ચખાણની વાતનો અવસર છે, તથાપિ તે પણ સાધારણપણે પોતાની ઇચ્છાએ તોડવાં ઘટે નહીં; એવો હમણાં તો દૃઢ વિચાર જ રાખવો. ગુણ પ્રગટવાના સાધનમાં જ્યારે રોધ થતો હોય ત્યારે, તે પચ્ચખાણ જ્ઞાની પુરુષની વાણીથી કે મુમુક્ષુ જીવના પ્રસંગથી સહજ આકારફેર થવા દઇ, રસ્તાપર લાવવાં, કારણ કે વગર કારણે લોકોમાં અંદેશો થવા દેવાની વાર્ત્તા યોગ્ય નથી.

બીજા પામર જીવને વગર કારણે તે જીવ અનહિતકારી થાય છે, એ વગેરે ઘણા હેતુ ધારી બનતાંસુધી પત્રાદિ વ્યવહાર ઓછો કરવો એ જ યોગ્ય છે. અમપ્રત્યે ક્યારેક તેવો વ્યવહાર તમને હિતકારીરૂપ છે, માટે કરવો યોગ્ય લાગતો હોય, તો તે પત્ર શ્રી..........જેવા કોઇ સત્સંગીને વંચાવીને મોકલવો. કે જેથી જ્ઞાનચર્ચા શિવાય એમાં કાંઇ બીજી વાર્ત્તા નથી એવું તેમનું સાક્ષીપણુ તે તમારા આત્માને બીજા પ્રકારનો પત્રવ્યવહાર કરતાં અટકાવવાને સંભવિત થાય. મારા વિચાર પ્રમાણે એવા પ્રકારમાં શ્રી...........વિરોધ નહીં સમજે; કદાપિ તેમને તેમ લાગતું હોય, તો કોઇ પ્રસંગમાં તેમનો તે અંદેશો અમે નિવૃત્ત કરીશું, તથાપિ તમારે ઘણુંકરી વિશેષ પત્રવ્યવહાર કરવો યોગ્ય નહીં તે લક્ષ, ચુકશો નહીં. ઘણુંકરી શબ્દનો અર્થ માત્ર હિતકારી પ્રસંગે પત્રનું કારણ કહ્યું છે તેને બાધ ન થાય તે છે, વિશેષ પત્રવ્યવહાર કરવાથી, તે જ્ઞાનચર્ચારૂપ હશે તોપણ, લોકવ્યવહારમાં ઘણા અંદેશાનો હેતુ થશે. માત્ર જે પ્રમાણે પ્રસંગે પ્રસંગે આત્મહિતાર્થ હોય તે વિચારવું, અને વિમાસવું યોગ્ય છે. અમપ્રત્યે કોઇ જ્ઞાનપ્રશ્નાર્થે પત્ર લખવાની તમારી ઇચ્છા હોય. તો તે શ્રી...........ને પૂછીને લખવો, કે જેથી તમને ગુણ ઉત્પન્ન થવામાં બાધ ઓછો થાય.

તમે..........ને પત્ર લખ્યા વિષેમાં ચર્ચા થઇ તે, જો કે ઘટારત થયું નથી. તમને કાંઇ પ્રાયશ્ચિત્ત આપે, તો તે લેવું, પણ કોઇ જ્ઞાનવાર્ત્તા લખવાને બદલે લખાવવામાં તમારે અડચણ કરવી ન જોઇએ, એમ સાથે યથાયોગ્ય, નિર્મળ અંતઃકરણથી જણાવવું યોગ્ય છે, કે જે વાત માત્ર જીવના હિતને અર્થે કરવા માટે છે. પર્યુસણાદિમાં પત્રવ્યવહાર સાધુઓ લખાવીને કરે છે; જેમાં આત્મહિતજેવું થોડું જ હોય છે, તથાપિ તે રૂઢી થઇ હોવાથી તેનો લોક નિષેધ કરતા નથી, તેમ તે રૂઢીને અનુસરી વર્તવાનું રાખશો, તોપણ હરકત નથી, એટલે તમને પત્ર લખાવવામાં અડચણ નહીં પહોંચે, અને લોકોને અંદેશો નહીં થાય.

અમને ઉપમાનું કંઇ સફળપણું નથી; માત્ર તમારી ચિત્તસમાધિ અર્થે તમને લખવાનો પ્રતિબંધ કર્યો નથી, એ જ.

મુંબઇ, વૈશાખ વદ ૭, ૧૯૫૦. આત્મસ્વરૂપે પ્રણામ.

૩૨૩

પત્ર પ્રાપ્ત થયું છે, તેની સાથે ૩ પ્રશ્નો છુટાં લખ્યાં છે, તે પણ પ્રાપ્ત થયાં છે. જે ૩ પ્રશ્નો લખ્યાં છે, તે પ્રશ્નો મુમુક્ષુ જીવને વિચારવા હિતકારી છે.

જીવ, કાયા પદાર્થપણે જૂદા છે, પણ સંબંધપણે સહચારી છે, કે જ્યાંસુધી તે દેહથી જીવને કર્મનો ભોગ છે. શ્રી જિને જીવ અને કર્મનો ક્ષીર, નીરની પેઠે સંબંધ કહ્યો છે તેનો હેતુ પણ એ જ છે કે, ક્ષીર અને નીર એકત્ર થયાં સ્પષ્ટ દેખાય છે, છતાં પરમાર્થે તે જૂદાં છે; પદાર્થપણે ભિન્ન છે; અગ્નિપ્રયોગે તે પાછાં સ્પષ્ટ જૂદાં પડે છે. તેમ જ જીવ અને કર્મનો સંબંધ છે; કર્મનો મુખ્ય આકાર કોઇ પ્રકારે દેહ છે, અને જીવ ઇંદ્રિયાદિદ્વારા ક્રિયા કરતો જાણી જીવ છે એમ સામાન્યપણે કહેવાય છે, પણ જ્ઞાનદશા આવ્યાવિના જીવ કાયાનું જે સ્પષ્ટ જૂદાપણુ છે તે, જીવને ભાસ્યામાં આવતું નથી, તથાપિ ક્ષીરનીરવત્ જૂદાપણું છે. જ્ઞાનસંસ્કારે તે જૂદાપણુ સાવ સ્પષ્ટ વર્તે છે. હવે ત્યાં એમ પ્રશ્ન કર્યું છે કે, " જો જ્ઞાને કરી જીવ ને કાયા જૂદાં જાણ્યાં છે, તો પછી વેદનાનું વેદવું અને માનવું શાથી થાય છે ? તે પછી થવું ન જોઇએ. " એ પ્રશ્ન જો કે થાય છે, તથાપિ તેનું સમાધાન આ પ્રકારે છે:—" સૂર્યથી તપેલા એવા પથ્થર તે સૂર્યના અસ્ત થયા પછી પણ અમુક વખતસુધી તપ્યા રહે છે, અને પછી સ્વરૂપને ભજે છે; તેમ પૂર્વના અજ્ઞાન સંસ્કારથી ઉપાર્જિત કરેલાં એવાં વેદનાદિ તાપ તેનો આ જીવને સંબંધ છે. જ્ઞાન-

યોગનો કોઈ હેતુ થયો, તો પછી અજ્ઞાન નાશ પામે છે અને તેથી ઉત્પન્ન થનારૂં એવું ભાવિ-કર્મ નાશ પામે છે, પણ તે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું એવું વેદનીયકર્મ તે અજ્ઞાનના સૂર્યની પેઠે અસ્ત થયા પછી પથ્થરરૂપ એવા આ જીવને સંબંધમાં છે; જે આયુષ્યકર્મના નાશથી નાશ પામે છે. ભેદ એટલો છે કે, જ્ઞાનીપુરુષને કાયાને વિષે આત્મબુદ્ધિ થતી નથી; અને આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી; બેય સ્પષ્ટ ભિન્ન તેના જ્ઞાનમાં વર્તે છે. માત્ર પૂર્વ સંબંધ—જેમ પથ્થરને સૂર્યના તાપનો પ્રસંગ છે તેની પેઠે—હોવાથી વેદનીયકર્મ આયુષ પૂર્ણતાસુધી અવિષમ ભાવે વેદવું થાય છે, પણ તે વેદના વેદતાં જીવને સ્વરૂપજ્ઞાનનો ભંગ થતો નથી, અથવા જો થાય છે તો, તે જીવને તેવું સ્વરૂપજ્ઞાન સંભવતું નથી. આત્મજ્ઞાન હોવાથી પૂર્વોપાર્જિત વેદનીયકર્મ નાશ જ પામે એવો નિયમ નથી. તે તેની સ્થિતિએ નાશ પામે; વળી તે કર્મ જ્ઞાનને આવરણ કરનારૂં નથી; અવ્યાબાધપણાને આવરણરૂપ છે; અથવા ત્યાંસુધી સંપૂર્ણ અવ્યાબાધપણું પ્રગટતું નથી; પણ સંપૂર્ણ જ્ઞાન સાથે તેને વિરોધ નથી. સંપૂર્ણ જ્ઞાનીને આત્મા અવ્યાબાધ છે એવે નિજરૂપ અનુભવ વર્તે છે, તથાપિ સંબંધપણે જોતાં તેનું અવ્યાબાધપણું વેદનીયકર્મથી અમુક ભાવે રોકાયેલ છે,—જો કે તે કર્મમાં જ્ઞાનીને આત્મબુદ્ધિ નહીં હોવાથી અવ્યાબાધ ગુણને પણ માત્ર સંબંધ—આવરણ છે; સાક્ષાત્—આવરણ નથી.

વેદના વેદતાં જીવને કંઇ પણ વિષમભાવ થવો તે, અજ્ઞાનનું લક્ષણ છે, પણ વેદના છે તે અજ્ઞાનનું લક્ષણ નથી. પૂર્વોપાર્જિત અજ્ઞાનનું ફળ છે; વર્ત્તમાનમાં તે માત્ર પ્રારબ્ધરૂપ છે. તેને વેદતાં જ્ઞાનીને અવિષમપણું છે, એટલે જીવ ને કાયા જૂદાં છે, એવો જે જ્ઞાનયોગ, તે–જ્ઞાનીપુરુષનો–અબાધ જ રહે છે. માત્ર વિષમભાવરહિતપણું છે, એ પ્રકાર જ્ઞાનને અવ્યાબાધ છે. વિષમભાવ છે તે, જ્ઞાનને બાધકારક છે. દેહમાં દેહબુદ્ધિ, અને આત્મામાં આત્મબુદ્ધિ, દેહથી ઉદાસીનતા અને આત્મામાં સ્થિતિ છે, એવા જ્ઞાનીપુરુષનો વેદનાઉદય તે પ્રારબ્ધ વેદનારૂપ છે; નવાં કર્મનો હેતુ નથી.

બીજું પ્રશ્ન, " પરમાત્મસ્વરૂપ સર્વ ઠેકાણે સરખું છે; સિદ્ધ અને સંસારી જીવ સરખા છે; ત્યારે સિદ્ધની સ્તુતિ કરતાં કંઇ બાધ છે કે કેમ ? " એ પ્રકારનું પ્રશ્ન છેઃ—પરમાત્માસ્વરૂપ પ્રથમ વિચારવાયોગ્ય છે. વ્યાપકપણે પરમાત્માસ્વરૂપ સર્વત્ર છે કે કેમ ? તે વાત વિચારવાયોગ્ય છે. સિદ્ધ અને સંસારી જીવો એ, સમસત્તાવાન સ્વરૂપે છે, એ નિશ્ચય જ્ઞાનીપુરુષોએ કર્યો છે, તે યથાર્થ છે. તથાપિ ભેદ એટલો છે કે, સિદ્ધને વિષે તે સત્તા પ્રગટપણે છે; સંસારી જીવો એ સમસત્તાવાન સ્વરૂપે છે, એ નિશ્ચય જ્ઞાનિપુરુષોએ કર્યો છે તે યથાર્થ છે, તથાપિ ભેદ એટલો છે કે સિદ્ધને વિષે તે સત્તા પ્રગટપણે છે, સંસારી જીવને વિષે તે સત્તા સત્તાપણે છે;—જેમ દીવાને વિષે અગ્નિ પ્રગટ છે, અને ચકમકને વિષે અગ્નિ સત્તાપણે છે તે પ્રકારે. દીવાને વિષે અને ચકમકને વિષે જે અગ્નિ છે, તે અગ્નિપણે સમ છે. વ્યક્તિપણે (પ્રગટતાં) અને શક્તિપણે (સત્તામાં) ભેદ છે; પણ વસ્તુની જાતિપણે ભેદ નથી. તે પ્રકારે સિદ્ધના જીવને વિષે જે ચેતનસત્તા છે, તે જ સૌ સંસારી જીવને વિષે છે; ભેદ માત્ર પ્રગટ–અપ્રગટપણાનો છે. જેને તે ચેતનસત્તા પ્રગટી નથી એવા સંસારી જીવને તે સત્તા પ્રગટવાનો હેતુ, પ્રગટ-સત્તા જેને વિષે છે એવા સિદ્ધ ભગવંતનું સ્વરૂપ તે, વિચારવાયોગ્ય છે; ધ્યાન કરવાયોગ્ય છે; સ્તુતિ કરવાયોગ્ય છે; કેમકે તેથી આત્માને નિજરૂપનો વિચાર, ધ્યાન, સ્તુતિ કરવાનો પ્રકાર થાય છે; કે જે કર્ત્તવ્ય છે. સિદ્ધસ્વરૂપ જેવું આત્મસ્વરૂપ છે, એવું વિચારીને અને આ આત્માને વિષે તેનું વર્ત્તમાનમાં અપ્રગટપણું છે, તેનો અભાવ કરવા તે સિદ્ધસ્વરૂપનો વિચાર, ધ્યાન, તથા સ્તુતિ ઘટે છે; એ પ્રકાર જાણી સિદ્ધની સ્તુતિ કરતાં કંઇ બાધ જણાતો નથી.

"આત્મસ્વરૂપમાં જગત્ નથી. " એવી વેદાંતે વાત કહી છે, અથવા એમ ઘટે છે, પણ બાહ્ય

જગત્ નથી, એવો અર્થ માત્ર જીવને ઉપશમ થવા અર્થે માનવો યોગ્ય ગણાય.

એમ એ ત્રણ પ્રશ્નોનું સંક્ષેપ સમાધાન લખ્યું છે. તે, વિશેષકરી વિચારશો. કંઇ વિશેષ સમાધાન જાણવા ઇચ્છા થાય તો લખશો. જેમ વૈરાગ્ય, ઉપશમનું વર્દ્ધમાનપણું થાય તેમ હાલ તો કર્ત્તવ્ય છે.

મોહમયી, અશાડ શુદ ૫, રવિ, ૧૯૫૦.

૩૨૪.

બંધવૃત્તિઓને ઉપશમાવવાનો તથા નિવૃત્તાવવાનો જીવને અભ્યાસ–સતત અભ્યાસ–કર્ત્તવ્ય છે, કારણ કે વિના વિચારે, વિના પ્રયાસે, તે વૃત્તિઓનું ઉપશમવું, અથવા નિવૃત્તવું કેવા પ્રકારથી થાય ? કારણવિના કોઇ કાર્ય સંભવતું નથી; તો આ જીવે તે વૃત્તિઓના ઉપશમન કે નિવૃત્તનનો કોઇ ઉપાય કર્યો ન હોય એટલે તેનો અભાવ ન થાય એ, સ્પષ્ટ સંભવરૂપ છે. ઘણીવાર, પૂર્વ-કાળે વૃત્તિઓના ઉપશમનનું, તથા નિવૃત્તનનું જીવે અભિમાન કર્યું છે, પણ તેવું કંઇ સાધન કર્યું નથી; અને હજુસુધી તે પ્રકારમાં જીવ કંઇ ઠેકાણું કરતો નથી; અર્થાત્ હજુ તેને તે અભ્યાસમાં કંઇ રસ દેખાતો નથી, તેમ કડવાસ લાગતાં છતાં, તે કડવાસ ઉપર પગ દઇ આ જીવ ઉપશમન, નિવૃત્તનમાં પ્રવેશ કરતો નથી. આ વાત વારંવાર આ દુષ્ટ–પરિણામી જીવે વિચારવાયોગ્ય છે;—વિસર્જન કરવાયોગ્ય કોઇ રીતે નથી.

પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે, તે પ્રકાર કેવળ નિરસ અને નિંદવા-યોગ્ય છે. જીવ જો જરાય વિચાર કરે, તો સ્પષ્ટ દેખાય એવું છે કે, કોઇને વિષે પુત્રપણું ભાવી, આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી; અને કોઇને વિષે પિતાપણું માનીને પણ તેમ જ કર્યું છે; અને કોઈ જીવ હજુસુધી તો પિતા, પુત્ર થઇ શકયા દીઠા નથી. સૌ કહેતા આવે છે કે, આનો આ પુત્ર, અથવા આનો આ પિતા, પણ વિચારતાં આ વાત કોઈ પણ કાળે ન બની શકે તેવી, સ્પષ્ટ લાગે છે. અનુત્પન્ન એવો આ જીવ તેને પુત્રપણે ગણવો કે ગણાવવાનું ચિત્ત રહેવું એ, સૌ જીવની મૂઢતા છે;—અને તે મૂઢતા કોઇ પણ પ્રકારે સત્સંગની ઇચ્છાવાળા જીવને ઘટતી નથી.

જે મોહાદિ પ્રકાર વિષે તમે લખ્યું તે, બન્નેને ભ્રમણનો હેતુ છે;—અત્યંત વિટંબનાનો હેતુ છે. જ્ઞાનીપુરુષ પણ એમ વર્તે, તો જ્ઞાનઉપર પગ મૂકવા જેવું છે, અને સર્વ પ્રકારે અજ્ઞાનનિદ્રા-નો તે હેતુ છે; એ પ્રકારને વિચારે બન્નેને સીધો ભાવ કર્ત્તવ્ય છે. આ વાત અલ્પકાળમાં ચેતવાયોગ્ય છે. જેટલો બને તેટલો તમે કે બીજા તમસંબંધી સત્સંગી નિવૃત્તિનો અવકાશ લેશો; તે જ જીવને હિતકારી છે.

મુંબઇ, અશાડ શુદ ૫, રવિ, ૧૯૫૦

૩૨૫.

આપનો સવિગત કાગળ ૧ તથા પત્તું ૧ પ્રાપ્ત થયું છે. તેમાં લખેલાં પ્રશ્નો મુમુક્ષુજીવે વિચારવા યોગ્ય છે.

જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યાં છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી; એ વાત અંદેશારહિત લાગે છે, જો એમ થયું હોત, તો જીવને સંસારપરિભ્રમણ હોય નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધજેવી છે, કારણ જેને આત્માર્થ શિવાય બીજો કોઇ અર્થ નથી, અને આત્માર્થ પણ સાધી પ્રારબ્ધવશાત્ જેનો દેહ છે, એવા જ્ઞાની-પુરુષની આજ્ઞા તે ફકત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે. અને આ જીવે તો પૂર્વકાળે કંઇ આત્માર્થ જાણ્યો નથી, ઉલટો આત્માર્થ વિસ્મરણપણે ચાલ્યો આવ્યો છે. તે પોતાની કલ્પના કરી સાધન કરે તેથી આત્માર્થ ન થાય, અને ઉલટું ' આત્માર્થ સાધું છું ' એવું દુષ્ટ અભિમાન

ઉત્પન્ન થાય, કે જે જીવને સંસારનો મુખ્ય હેતુ છે. જે વાત સ્વપ્ને પણ આવતી નથી, તે જીવ માત્ર અમરથી કલ્પનાથી સાક્ષાત્કારજેવી ગણે, તો તેથી કલ્યાણ ન થઇ શકે; તેમ આ જીવ પૂર્વ-કાળથી અંધ ચાલ્યો આવતાં છતાં પોતાની કલ્પનાએ આત્માર્થ માને તો તેમાં સફળપણું ન હોય, એ સાવ સમજી શકાય એવો પ્રકાર છે; એટલે એમ તો જણાય છે કે, જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન-કલ્પિત સાધન-મટવા અપૂર્વ જ્ઞાન શિવાય બીજો કોઇ ઉપાય નથી, અને તે અપૂર્વ વિચારવિના ઉત્પન્ન થવા સંભવ નથી, અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધનવિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધિપદનો સર્વશ્રેય ઉપાય છે, અને એ વાત જ્યારથી જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું-નિવૃત્તવું શરુ થાય છે.

શ્રી જિને આ જીવના અજ્ઞાનની જે જે વ્યાખ્યા કહી છે, તેમાં સમયે સમયે તેને અનંત કર્મનો વ્યવસાયી કહ્યો છે, અને અનાદિ કાળથી અનંત કર્મનો બંધ કરતો આવ્યો છે એમ, કહ્યું છે; તે વાત તો યથાર્થ છે, પણ ત્યાં આપને એક પ્રશ્ન થયું કે, 'તો તેવાં અનંત કર્મ નિવૃત્ત કરવાનું સાધન ગમે તેવું બળવાન હોય, તોપણ અનંતકાળને પ્રયોજને પણ તે પાર પડે નહી.' જો કે કેવળ એમ હોય, તો તમને લાગ્યું તેમ સંભવે છે, તથાપિ જિને પ્રવાહથી જીવને અનંત કર્મનો કર્તા કહ્યો છે;-અનંત કાળથી કર્મનો કર્તા તે ચાલ્યો આવે છે એમ કહ્યું છે; પણ સમયે સમયે અનંતકાળ ભોગવવાં પડે એવાં કર્મ તે આગામિકાળ માટે ઉપાર્જન કરે છે એમ કહ્યું નથી; કોઇ જીવઆશ્રયી એ વાત દૂર રાખી, વિચારવા જતાં એમ કહ્યું છે કે, સર્વ કર્મનું મૂળ એવું જે અજ્ઞાન-મોહ-પરિણામ તે હજુ જીવમાં એવુંને એવું ચાલ્યું આવે છે, કે જે પરિણામથી અનંત કાળ તેને ભ્રમણ થયું છે, અને જે પરિણામ વર્ત્યા કરે, તો હજુ પણ એમનેએમ અનંતકાળ પરિભ્રમણ થાય. અગ્નિના એક તણખાને વિષે આખો લોક સળગાવી શકાય એટલો 'ઐશ્વર્ય' ગુણ છે; તથાપિ તેને જેવો જેવો યોગ થાય છે, તેવો તેવો તેનો ગુણ ફળવાન થાય છે તેમ, અજ્ઞાનપરિણામને વિષે અનાદિકાળથી જીવનું રખડવું થયું છે. તેમ હજુ અનંત કાળ પણ ચૌદ રાજલોકમાં પ્રદેશે પ્રદેશે અનંત જન્મ, મરણ તે પરિણામથી હજુ સંભવે; તથાપિ જેમ તણખાનો અગ્નિ યોગવશ છે, તેમ અજ્ઞાનનાં કર્મપરિણામની પણ અમુક પ્રકૃતિ છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એક જીવને મોહનીયકર્મનું બંધન થાય, તો સિત્તેર કોડ, કોડીનું સાગરોપમનું થાય, એમ જિને કહ્યું છે; તેનો હેતુ સ્પષ્ટ છે કે, જો અનંતકાળનું બંધન થતું હોય, તો પછી જીવનો મોક્ષ ન થાય એ બંધ હજુ નિવૃત્ત ન થયો હોય, પણ લગભગ નિવૃત્તવા આવ્યો હોય, ત્યાં વખતે બીજી તેવી સ્થિતિનો સંભવ હોય, પણ એવાં મોહનીયકર્મ, કે જેની કાળસ્થિતિ ઉપર કહી છે. તેવાં એક વખતે ઘણાં બાંધે એમ, ન બને; અનુક્રમે હજુ તે કર્મથી નિવૃત્ત થવા પ્રથમ બીજું તે જ સ્થિતિનું બાંધે; તેમ બીજું નિવૃત્ત થતાં પ્રથમ ત્રીજું બાંધે; પણ બીજું, ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું એમ સૌ એક મોહનીયકર્મના સંબંધમાં તે જ સ્થિતિનું બાંધ્યા કરે એમ બને નહીં, કારણ કે જીવને એટલો અવકાશ નથી;-મોહનીયકર્મની એ પ્રકારે સ્થિતિ છે. તેમ આયુષકર્મની સ્થિતિ શ્રી જિને એમ કહી છે કે, એક જીવ એક દેહમાં વર્તતાં તે દેહનું જેટલું આયુષ છે, તેટલાના ત્રણ ભાગમાંના બે ભાગ વ્યતીત થયે, આવતા ભવનું આયુષ (જીવ) બાંધે; તે પ્રથમ બાંધે નહીં. અને એક ભવમાં આગામિક કાળના બે ભવનું આયુષ બાંધે નહી; એવી સ્થિતિ છે. અર્થાત્ જીવને અજ્ઞાન-ભાવથી કર્મસંબંધ ચાલ્યો આવે છે, તથાપિ તે તે કર્મોની સ્થિતિ ગમે તેટલી વિટંબનારૂપ છતાં-અનંત દુઃખ અને ભવનો હેતુ છતાં પણ જેમાં જીવ તેથી નિવૃત્ત થાય એટલો અમુક પ્રકાર બાધ કરતાં સાવ અવકાશ છે. આ પ્રકાર જિને ઘણો સૂક્ષ્મપણે કહ્યો છે; તે વિચારવાયોગ્ય છે;-જેમાં

જીવને મોક્ષનો અવકાશ કહી કર્મબંધ કહ્યો છે. આ વાર્તા સંક્ષેપમાં આપને લખી છે; તે ફરી ફરી વિચારવાથી કેટલુંક સમાધાન થશે, અને ક્રમે કરી, કે સમાગમે કરી તેનું સાવ સમાધાન થશે.

સત્સંગ છે તે, કામ બાળવાનો બળવાન ઉપાય છે. સર્વ જ્ઞાનીપુરુષે કામનું જીતવું તે અત્યંત દુષ્કર કહ્યું—છે તે, સાવ સિદ્ધ છે; અને જેમ જેમ જ્ઞાનીનાં વચનોનું અવગાહન થાય છે, તેમ તેમ કંઈક કંઈક કરી પાછો હઠતાં અનુક્રમે જીવનું વીર્ય બળવાન થઈ કામનું સામર્થ્ય જીવથી નાશ કરાય છે. કામનું સ્વરૂપ જ જ્ઞાનીપુરુષનાં વચન સાંભળી જીવે જાણ્યું નથી; અને જો જાણ્યું હોત, તો તેને વિષે સાવ નિરસતા થઈ હોત. એ જ વિનંતી.

૧૯૫૦, અશાડ શુદ ૫, રવિ. આ૦ સ્વ૦ પ્રણામ.

૩૨૬

ૐ

" ભગવાને, ચૌદ રાજલોકમાં કાજળના કુપાની પેરે સૂક્ષ્મ એકેંદ્રિય જીવ ભર્યા છે એમ, કહ્યું છે;–કે જે જીવ બાળ્યા બળે નહીં, છેદ્યા છેદાય નહીં, માર્યા મરે નહીં એવા કહ્યા છે. તે જીવને ઔદારિક શરીર નહીં હોય, તેથી તેને અગ્નિઆદિ વ્યાઘાત થતો નહીં હોય ? ઔદારિક શરીર છતાં તેને અગ્નિ આદિ વ્યાઘાત નહીં થતો હોય ? જો ઔદારિક શરીર હોય, તો તે શરીર અગ્નિ આદિ વ્યાઘાત કેમ ન પામે ? " એ પ્રકારનું પ્રશ્ન એ કાગળમાં લખ્યું તે, વાંચ્યું છે. વિચારને અર્થે સંક્ષેપમાં તેનું અત્ર સમાધાન લખ્યું છે કે, એક દેહ ત્યાગી, બીજો દેહ ધારણ કરતી વખતે કોઈ જીવ જ્યારે વાટે વહેતો હોય છે ત્યારે અથવા અપર્યાપ્તપણે, માત્ર તેને તૈજસ અને કાર્મણ એ બે શરીર હોય છે; બાકી સર્વ સ્થિતિમાં એટલે સકર્મ સ્થિતિમાં સર્વ જીવને ત્રણ શરીરનો સંભવ શ્રી જિને કહ્યો છે: કાર્મણ, તૈજસ, અને ઔદારિક કે વૈક્રય એ બેમાંનું કોઈ એક. ફક્ત વાટે વહેતા જીવને કાર્મણ, તૈજસ એ બે શરીર હોય છે; અથવા અપર્યાપ્ત-સ્થિતિ જીવની જ્યાંસુધી છે, ત્યાંસુધીમાં તો તેને કાર્મણ, તૈજસ શરીરથી નિર્વાહ થઈ શકે, પણ અપર્યાપ્ત-સ્થિતિમાં તેને ભિન્ન શરીરનો નિયમિત સંભવ છે. પર્યાપ્ત-સ્થિતિનું લક્ષણ એ છે કે, આહારાદિનું ગ્રહણ કરવારૂપ બરાબર સામર્થ્ય;–અને એ આહારાદિનું કંઈ પણ ગ્રહણ છે તે, ત્રીજા શરીરનો પ્રારંભ છે, અર્થાત્ તેજ ત્રીજું શરીર શરૂ થયું એમ સમજવાયોગ્ય છે. ભગવાને જે સૂક્ષ્મ એકેંદ્રિય કહ્યા છે તે, અગ્નિ આદિકથી વ્યાઘાત નથી પામતા. તે પર્યાપ્ત-સૂક્ષ્મ એકેંદ્રિય હોવાથી તેને ત્રણ શરીર છે, પણ તેને જે ત્રીજું ઔદારિક શરીર છે તે, એકલા સૂક્ષ્મ અવગાહનું છે કે, તેને શસ્ત્રઆદિક સ્પર્શ ન થઈ શકે. અગ્નિઆદિનું જે મહત્વ છે, અને એકેંદ્રિય શરીરનું જે સૂક્ષ્મત્વ છે, તે એવાં પ્રકારનાં છે કે, જેને એક બીજાનો સંબંધ ન થઈ શકે; અર્થાત્ સાધારણ સંબંધ થાય એમ કહીએ, તોપણ અગ્નિ, શસ્ત્રઆદિને વિષે જે અવકાશ છે તે અવકાશમાંથી તે એકેંદ્રિય જીવોનું સુગમપણે ગમનાગમન થઈ શકે તેમ હોવાથી તે જીવોનો નાશ થઈ શકે, કે તેને વ્યાઘાત થાય તેવો અગ્નિશસ્ત્રઆદિકનો સંબંધ તેને થતો નથી, જો તે જીવોની અવગાહના મહત્વવાળી હોય, અથવા અગ્નિ આદિનું અત્યંત સૂક્ષ્મપણું હોય, કે જેને એકેંદ્રિય જીવ જેવું સૂક્ષ્મપણું ગણાય, તો તે એકેંદ્રિય જીવને વ્યાઘાત કરવાને વિષે સંભવિત ગણાય; પણ તેમ નથી. અહીં તો જીવોનું અત્યંત સૂક્ષ્મત્વ છે, અને અગ્નિ, શસ્ત્રઆદિનું મહત્વ છે તેથી વ્યાઘાતયોગ્ય સંબંધ થતો નથી, એમ ભગવાને કહ્યું છે. તેથી ઔદારિક શરીર અવિનાશી કહ્યું છે એમ નથી; સ્વભાવે કરી તે વિપરિણામ પામી, અથવા ઉપાર્જિત કરેલાં એવાં તે જીવોનાં પૂર્વકર્મ પરિણામ પામી, ઔદારિક શરીરનો નાશ કરે છે. કંઈ તે શરીર બીજાથી જ નાશ પમાડ્યું હોય તો જ પામે એવો પણ નિયમ નથી.

વૈરાગ્ય, ઉપશમનું બળ વધે તે પ્રકારનો સત્સંગ, સત્શાસ્ત્રનો પરિચય કરવો એ, જીવને પરમ હિતકારી છે, બીજો પરિચય જેમ બને તેમ નિવર્ત્તન યોગ્ય છે.

અત્રે હાલમાં વ્યાપારસંબંધી પ્રયોજન રહે છે તેથી, તરતમાં થોડા વખત માટે પણ નીકળી-શકાવું દુર્લભ છે, કારણ કે પ્રસંગ એવો છે કે, જેમાં મારા વિદ્યમાનપણાની અવશ્ય, પ્રસંગના લોકો ગણે છે. તેમનું મન ન દુભાઇ શકે, અથવા તેમના કામને અત્રેથી મારા દૂર થવાથી કોઇ બળવાન હાનિ ન થઇ શકે એવો વ્યવસાય થાય, તો તેમ કરી થોડો વખત આ પ્રવૃત્તિથી અવકાશ લેવાનું ચિત્ત છે, તથાપિ તમારી તરફ આવવાથી લોકોના પરિચયમાં જરૂર કરી આવવાનું થાય, એ સંભવિત હોવાથી, તે તરફ આવવાનું ચિત્ત થવું મુશ્કેલ છે. લોકોના પરિચયમાં આવા પ્રસંગ રહ્યા છતાં, ધર્મપ્રસંગે આવવું થાય તે, વિશેષ અંદેશાયોગ્ય જાણી, જેમ બને તેમ તે પરિચયથી-ધર્મપ્રસંગને નામે-દૂર રહેવાનું ચિત્ત વિશેષપણે રહ્યા કરે છે. વૈરાગ્ય, ઉપશમનું બળ વધે, તે પ્રકારનો સત્સંગ-સત્શાસ્ત્રનો પરિચય કરવો એ, જીવને પરમ હિતકારી છે. બીજો પરિચય જેમ બને તેમ નિવર્ત્તનયોગ છે.

મોહમયી સં૦ ૧૯૫૦, અષાડ શુદ ૧૫, ભોમ. આ૦ સ્વ૦ પ્રણામ.

૩૨૭.

ૐ

'યોગવાસિષ્ઠાદિ' ગ્રંથો વાંચવા-વિચારવામાં બીજી અડચણ નથી. અમે આગળ લખ્યું હતું કે, ઉપદેશગ્રંથ સમજી એવા ગ્રંથ વિચારવાથી જીવને ગુણ પ્રગટે છે. ઘણુંકરી તેવા ગ્રંથો વૈરાગ્ય અને ઉપશમને અર્થે છે. ' સિદ્ધાંતજ્ઞાન ' સત્પુરુષથી જાણવાયોગ્ય જાણીને જીવમાં સરળતા, નિરહંતાદિ ગુણો ઉદ્ભવ થવાને અર્થે 'યોગવાસિષ્ઠ', 'ઉત્તરાધ્યયન', 'સૂત્રકૃતાંગાદિ' વિચારવામાં અડચણ નથી; એટલી સ્મૃતિ રાખજો.

વેદાંત અને જિન-સિદ્ધાંત એ બેમાં કેટલાક પ્રકારે ભેદ છે:

વેદાંત એક બ્રહ્મસ્વરૂપે સર્વ સ્થિતિ છે એમ કહે છે. જિનાગમમાં તેથી બીજો પ્રકાર કહ્યો છે. 'સમયસાર' વાંચતાં પણ કેટલાક જીવોને એક બ્રહ્મની માન્યતારૂપનો સિદ્ધાંત થઇ જાય છે. સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્ત્તવ્ય છે. જો એમ નથી કરવામાં આવતું, તો જીવ બીજા પ્રકારમાં ચડી જઇ, વૈરાગ્ય અને ઉપશમથી હીન થાય છે 'એક બ્રહ્મસ્વરૂપ' વિચારવામાં અડચણ નથી; અથવા 'અનેક આત્મા' વિચારવામાં અડચણ નથી, અને તમને અથવા કોઇ મુમુક્ષુને પોતાના સ્વરૂપનું જાણવું એ મુખ્ય કર્ત્તવ્ય છે, પણ તે જાણવાનાં સાધન શમ, સંતોષ, વિચાર અને સત્સંગ છે. તે સાધન સિદ્ધ થયે, વૈરાગ્ય, ઉપશમ વર્દ્ધમાનપરિણામી થયે, 'એક આત્મા છે, ' કે ' અનેક આત્મા છે, ' એ આદિ પ્રકારે સ્વરૂપ વિચારવાયોગ્ય છે. એ જ વિનંતી.

મોહમયી, શ્રાવણ શુદ ૧૧, રવિ, ૧૯૫૦. આ૦ સ્વ૦ પ્રણામ.

૩૨૮.

નિઃસારપણું અત્યંતપણે જાણ્યા છતાં વ્યવસાયનો પ્રસંગ આત્માવીર્યને કંઇ પણ મંદતાનો હેતુ થાય છે, તે છતાં તે વ્યવસાય કરીએ છૈયે; આત્માથી ખમવા યોગ્ય નહીં તે ખમીએ છૈયે. એ જ વિનંતિ.

૧૯૫૦ ના શ્રાવણ શુદ ૧૪, મુંબઇ. આ૦ પ્ર૦

૩૨૯.

જેમ આત્મબળ અપ્રમાદી થાય તેમ સત્સંગ, સદ્વાંચનનો પ્રસંગ નિત્યપ્રત્યે કરવાયોગ્ય-છે. તેને વિષે પ્રમાદ કર્ત્તવ્ય નથી.-અવશ્ય એમ કર્ત્તવ્ય નથી.

સં૦ ૧૯૫૦, શ્રાવણ શુદ ૧૪, બુધે, મુંબઇ. આ૦ સ્વ૦ પ્રણામ.

૩૩૦.[1]

પાણી સ્વભાવે શીતળ છતાં કોઇ વાસણમાં નાંખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય, તો તેની નિરીચ્છા હોય છતાં તે પાણી ઉષ્ણપણુ ભજે છે; તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષપ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે; એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે. વર્દ્ધમાનસ્વામીએ ગૃહાવાસમાં પણ—

આ સર્વ વ્યવસાય અસાર છે; કર્ત્તવ્યરૂપ નથી; એમ જાણ્યું હતું; તેમ છતાં તે ગૃહાવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી ને મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે એમ જાણી, મૌનપણુ અને અનિદ્રાપણુ સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઇ શકે નહીં. જે વર્દ્ધમાનસ્વામી ગૃહાવાસમાં છતાં અભોગીજેવા હતા, અવ્યવસાયીજેવા હતા, નિસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવાહતા, આત્માકાર પરિણામી હતા, તે વર્દ્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણુ જાણીને–નિરસ જાણીને–દૂર પ્રવર્ત્યા તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે તે,

વિચારવા યોગ્ય છે; તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્ત્તને પ્રવર્ત્તને, સ્મૃતિમાં લાવી, વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવાયોગ્ય છે. જો એમ ન કરવામાં આવે, તો એમ ઘણુંકરીને લાગે છે કે, હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઇ નથી, અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઇચ્છે છે; પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી, કારણ કે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય એમ ત્રિકાળમાં બનવાયોગ્ય નથી.

મુંબઇ, શ્રાવણ વદ ૧, ૧૯૫૦.

૩૩૧.

'યોગવાસિષ્ઠ,' જીવમાં જેમ ત્યાગ, વૈરાગ્ય અને ઉપશમ ગુણ પ્રગટે–ઉદય પામે–તે પ્રકારે લક્ષમાં રાખવાના ખબર લખ્યા તે પત્ર પ્રાપ્ત થયું છે.

એ ગુણો જ્યાંસુધી જીવને વિષે સ્થિરતા પામશે નહીં, ત્યાંસુધી આત્મસ્વરૂપનો વિચાર જીવથી યથાર્થપણે થવો કઠણ છે. 'આત્મા રૂપી છે?,' 'અરૂપી છે?' એ આદિ વિકલ્પ તે પ્રથમમાં જે જે વિચારાય છે તે, કલ્પના જેવા છે. જીવ કંઇક પણ ગુણ પામીને જો શીતળ થાય, તો પછી તેને વિશેષ વિચાર કર્ત્તવ્ય છે. આત્મદર્શનાદિ પ્રસંગ તીવ્ર મુમુક્ષુપણુ ઉત્પન્ન થયાં પહેલાં ઘણુંકરીને કલ્પિતપણે સમજાય છે; જેથી હાલ તેસંબંધી પ્રશ્ન શમાવવાયોગ્ય છે. એ જ વિનંતી.

સં૰ ૧૯૫૦, શ્રાવણ વદ ૯, મુંબઇ.

૩૩૨

પ્રસંગના ચારે બાજુના પ્રારબ્ધવશાત્ દબાણથી કેટલાંક વ્યવસાયી કાર્ય થઇ આવે છે, પણ ચિત્તપરિણામ સાધારણ પ્રસંગમાં પ્રવૃત્તિ કરતાં વિશેષ સંકોચાયલાં રહ્યાં કરતાં હોવાથી આ પ્રકારના પત્રાદિ લખવા વગેરેનું બની શકતું નથી; જેથી વધારે નથી લખાયું તે માટે, બન્ને ક્ષમા આપવા યોગ્ય છો.

૧૯૫૦ ના શ્રાવણ વદ ૯, શનિ.

૩૩૩[2]

જે કારણ વિષે લખ્યું હતું, તે કારણના વિચારમાં હજુ ચિત્ત છે, અને તે વિચાર હજી-

---

૧. આ પત્ર અનુક્રમે ત્રણ પત્તાંથી લખાયો છે.—સંશોધક. ૨. આ પત્ર અનુક્રમે ચાર પત્તાંથી લખાયો છે.—સંશોધક.

સુધી ચિત્તસમાધાનરૂપ એટલે પૂરો, થઇ શક્યો ન હોવાથી તમને પત્ર લખવાનું થયું નથી, વળી કોઇ પ્રમાદદોષ જેવો કોઇ પ્રસંગદોષ વર્તે છે, કે જેને લીધે કંઇ પણ પરમાર્થવાત લખવા સંબંધમાં ચિત્ત મુંઝાઇ, લખતાં સાવ અટકવું થાય છે. તેમ જ જે કાર્યપ્રવૃત્તિ છે, તે કાર્યપ્રવૃત્તિમાં અને અપરમાર્થપ્રસંગમાં ઉદાસીન બળ યથાયોગ્ય જાણે મારાથી થતું નથી, એમ લાગી આવી પોતાના દોષવિચારમાં પડી જઇ, પત્ર લખવું અટકી જાય છે, અને ઘણુંકરી, ઉપર જે વિચારનું સમાધાન થયું નથી એમ લખ્યું છે, તે તે જ કારણ છે.

જો કોઇ પણ પ્રકારે બને તો આ ત્રાસરૂપ સંસારમાં વધતો વ્યવસાય ન કરવો; સત્સંગ કરવો યોગ્ય છે. મને એમ લાગે છે કે, જીવને મૂળપણે જોતાં જો મુમુક્ષુતા આવી હોય, તો નિત્યપ્રત્યે તેનું સંસારબળ ઘટ્યા કરે; સંસારમાં ધનાદિ સંપત્તિ ઘટે, કે નહીં, તે અનિયત છે, પણ સંસારપ્રત્યેની જીવની જે ભાવના, તે મોળી પડ્યા કરે;-અનુક્રમે નાશ પામવાયોગ્ય થાય. આ કાળમાં એ વાત ઘણુંકરી જોવામાં આવતી નથી. કોઇ જુદા સ્વરૂપમાં મુમુક્ષુ, અને જુદા સ્વરૂપમાં મુનિ વગેરે જોઇ, વિચાર થાય છે કે, આવા સંગે કરી જીવની ઊર્ધ્વદશા થવી ઘટે નહીં; પણ અધમદશા થવી ઘટે. વળી સત્સંગનો કંઇ પ્રસંગ થયો છે, એવા જીવની વ્યવસ્થા પણ કાળદોષથી પલટતાં વાર નથી લાગતી.

એવું પ્રગટ જોઇ ચિત્તમાં ખેદ થાય છે; અને મારા ચિત્તની વ્યવસ્થા જોતાં મને પણ એમ થાય છે કે, મને કોઇ પ્રકારે આ વ્યવસાય ઘટતો નથી;-અવશ્ય ઘટતો નથી. જરૂર-અત્યંત જરૂર-આ જીવનો કોઇ પ્રમાદ છે; નહીંતો પ્રગટ જાણ્યું છે એવું જે ઝેર, તે પીવાને વિષે જીવની પ્રવૃત્તિ કેમ હોય? અથવા એમ નહીંતો ઉદાસીન પ્રવૃત્તિ હોય, તોપણ તે પ્રવૃત્તિએ હવે જો કોઇ પ્રકારે પણ પરિસમાપ્તપણું ભજે એમ થવાયોગ્ય છે; નહીંતો જરૂર, જીવનો કોઇ પણ પ્રકારે દોષ છે.

વધારે લખવાનું થઇ શકતું નથી; એટલે ચિત્તમાં ખેદ થાય છે; નહીંતો પ્રગટપણે કોઇ મુમુક્ષુને આ જીવના દોષ પણ જેટલા બને તેટલા પ્રકારે વિદિત કરી, જીવનો તેટલો તો ખેદ ટાળવો, અને તે વિદિત-દોષની પરિસમાપ્તિ માટે તેનો સંગરૂપ ઉપકાર ઇચ્છવો. વારંવાર, મને મારા દોષ માટે એમ લાગે છે; કે જે દોષનું બળ પરમાર્થથી જોતાં મેં કહ્યું છે; પણ બીજા આધુનિક જીવોના દોષ આગળ મારા દોષનું અત્યંત અલ્પપણું લાગે છે; જો કે એમ માનવાની કંઇ બુદ્ધિ નથી, તથાપિ સ્વભાવે એમ કંઇ લાગે છે; છતાં કોઇ વિશેષ અપરાધીની પેઠે જ્યાંસુધી અમે આ વ્યવહાર કરીએ છીએ ત્યાંસુધી, અમારા આત્મામાં લાગ્યા કરીશું. તમને અને તમારા સંગમાં વર્તતા કોઇ પણ મુમુક્ષુને કંઇ પણ વિચારવાજોગ, જરૂર, આ વાત લાગે છે.

૧૯૫૦.

૩૩૪

મનનો, વચનનો તથા કાયાનો વ્યવસાય, ધારીએ તે કરતાં હમણાં વિશેષ વર્ત્યા કરે છે, અને એ જ કારણથી તમને પત્રાદિ લખવાનું બની શકતું નથી. વ્યવસાયનું બહોળાપણું ઇચ્છવામાં આવતું નથી, તથાપિ પ્રાપ્ત થયા કરે છે, અને એમ જણાય છે કે, કેટલાક પ્રકારે તે વ્યવસાય વેદવાયોગ્ય છે કે, જેના વેદનથી, ફરી તેની ઉત્પત્તિયોગ મટશે;-નિવૃત્ત થશે; કદાપિ બળવાનપણે તેનો નિરોધ કરવામાં આવે, તોપણ તે નિરોધરૂપ કલેશને લીધે, આત્મા આત્માપણે વિસ્રસા પરિણામ જેવો પરિણમી શકે નહીં, એમ લાગે છે, માટે તે વ્યવસાયની જે પ્રકારે અનિચ્છાપણે પ્રાપ્તિ થાય તે વેદવી; એ કોઇ પ્રકારે વિશેષ સમ્યક્ લાગે છે.

કોઇ પ્રકટ કારણને અવલંબી-વિચારી-પરોક્ષ ચાલ્યા આવતા સર્વજ્ઞ પુરુષને માત્ર સમ્યક્દષ્ટિ-

પણે પણ ઓળખાય. તો તેનું મહત્ ફળ છે, અને તેમ ન હોય, તો સર્વજ્ઞને સર્વજ્ઞ કહેવાનું કંઇ આત્માસંબંધી ફળ નથી, એમ અનુભવમાં આવે છે. પ્રત્યક્ષ પુરુષને પણ કોઇ કારણે— વિચારે—અવલંબને, સમ્યક્‌દૃષ્ટિસ્વરૂપપણે પણ ન જાણ્યા હોય, તો તેનું આત્મપ્રત્યયી ફળ નથી, પરમાર્થથી તેની સેવા અસેવાથી જીવને કંઇ જાતિ—(   )—ભેદ થતો નથી, માટે તે કંઇ સફળકારણરૂપે જ્ઞાનીપુરુષોએ સ્વીકારી નથી; એમ જણાય છે.

ઘણાં પ્રત્યક્ષ વર્ત્તમાનોપરથી એમ પ્રગટ જણાય છે કે, આ કાળ તે વિષમ, કે દુષમ કાળ છે, અથવા કલિયુગ છે. કાળચક્રના પરાવર્ત્તનમાં અનંતવાર દુષમકાળ પૂર્વે આવી ગયા છે, તથાપિ આવો દુષમકાળ કોઇક જ વખત આવે છે. શ્વેતામ્બર—સંપ્રદાયમાં એવી પરંપરાગત વાત ચાલી આવે છે કે, અસંયતી—પૂજા' નામે આશ્ચર્યવાળો 'હુંડ'-ધીટ—એવો આ પંચમકાળ અનંતકાળે આશ્ચર્યસ્વરૂપે તીર્થંકરાદિકે ગણ્યો છે; એ વાત અમને બહુકરી અનુભવમાં આવે છે;—સાક્ષાત્ એમ જાણે ભાસે છે.

કાળ એવો છે. ક્ષેત્ર ઘણુંકરી અનાર્યજેવું છે ત્યાં, સ્થિતિ છે. પ્રસંગ, દ્રવ્યકાળાદિ કારણુથી સરળ છતાં, લોકસંજ્ઞાપણે ગણવા ઘટે છે. ભાવ, દ્રવ્ય, ક્ષેત્ર અને કાળના આલંબન વિના નિરાધારપણે જેમ આત્માપણું ભજાય તેમ ભજે છે. બીજો શો ઉપાય ?

૩૩૫

જ્ઞાનવાર્ત્તાના પ્રસંગમાં ઉપકારી એવાં કેટલાક પ્રશ્નો તમને થાય છે તે, તમે અમને લખી જણાવો છો; અને તેના સમાધાનની તમારી ઇચ્છા વિશેષ રહે છે તેથી, કોઇ પણ પ્રકારે જો તમને તે પ્રશ્નોનાં સમાધાન લખાય તો સારું, એમ ચિત્તમાં રહ્યા કરતાં, છતાં, ઉદયયોગથી તેમ બનતું નથી· પત્ર લખવામાં ચિત્તની સ્થિરતા ઘણી જ ઓછી રહે છે, અથવા ચિત્ત તે કાર્યમાં અલ્પમાત્ર છાંયાજેવો પ્રવેશ કરી શકે છે, જેથી તમને વિશેષ વિગતથી પત્ર લખવાનું થઇ આવતું નથી. એક કાગળ લખતાં દશ દશ, પાંચ પાંચ વખત બબે ચારચાર લીટી લખી તે કાગળ અધુરા મૂકવાનું ચિત્તની સ્થિતિને લીધે બને છે. ક્રિયાને વિષે રુચિ નહીં, તેમ પ્રારબ્ધબળ પણ તે ક્રિયામાં હાલ વિશેષ ઉદયમાન નહીં હોવાથી તમને તેમ જ બીજા મુમુક્ષુઓને વિશેષપણે કંઇ જ્ઞાનચર્ચા લખી શકાતી નથી. ચિત્તમાં એ વિષે ખેદ રહે છે, તથાપિ તેને હાલ તો ઉપશમ કરવાનું જ ચિત્ત રહે છે; એવી જ કોઇ આત્મદશાની સ્થિતિ હાલ વર્ત્તે છે. ઘણુંકરીને જાણીને કરવામાં આવતું નથી, અર્થાત્ પ્રમાદાદિ દોષે કરી તે ક્રિયા નથી બનતી;—એમ જણાતું નથી.

જે મુખરસ સંબંધી જ્ઞાન વિષે 'સમયસાર ગ્રંથ'ના કવિતાદિમાં તમે અર્થ ધારો છો તે તેમ જ છે; એમ સર્વત્ર છે, એમ કહેવા યોગ્ય નથી· બનારસીદાસે 'સમયસાર ગ્રંથ' હિંદીભાષામાં કરતાં કેટલાંક કવિત, સવૈયા વગેરેમાં તેના જેવી જ વાત કહી છે; અને તે કોઇ રીતે 'બીજ જ્ઞાન' ને લગતી જણાય છે, તથાપિ ક્યાંક ક્યાંક તેવા શબ્દો ઉપમાપણે પણ આવે છે. 'સમયસાર', બનારસીદાસે કર્યો છે તેમાં, તે શબ્દો જ્યાં જ્યાં આવ્યા છે, ત્યાં ત્યાં સર્વ સ્થળે ઉપમાપણે છે એમ, જણાતું નથી; પણ કેટલેક સ્થળે વસ્તુપણે કહ્યું છે એમ, લાગે છે. જોકે એ વાત કંઇક આગળ ગયે મળતી આવી શકે એમ છે, એટલે તમે જે 'બીજ જ્ઞાન'માં કારણ ગણો છો તેથી કંઇક આગળ વધતી આવી વાત, અથવા તે વાત વિશેષ જ્ઞાને તેમાં અંગીકાર કરી જણાય છે.

બનારસીદાસને કંઇ તેવો યોગ બન્યો હોય એમ 'સમયસાર ગ્રંથ'ની રચનાપરથી જણાય છે. 'મૂળ સમયસાર'માં એટલી બધી સ્પષ્ટવાર્ત્તા 'બીજ જ્ઞાન' વિષે કહી નથી જણાતી, અને બનારસીદાસે તો ઘણે ઠેકાણે વસ્તુપણે અને ઉપમાપણે તે વાત કહી છે. જે ઉપરથી એમ જણાય છે કે, બનાર·

સીદાસે સાથે પોતાના આત્માના વિષે જે કંઇ અનુભવ થયો છે; તેનો પણ કોઇ તે પ્રકારે પ્રકાશ કર્યો છે, કે કોઇ વિચક્ષણ જીવનના અનુભવને તે વાત આધારભૂત થાય,–વિશેષ સ્થિર કરનાર થાય.

એમ પણ લાગે છે કે, બનારસીદાસે લક્ષણાદિ ભેદથી 'જીવ'નો વિશેષ નિર્ધાર કર્યો હતો, અને તે તે લક્ષણાદિનું સતત્ મનન થયા કર્યાથી આત્મસ્વરૂપ કંઇક તીક્ષ્ણપણે તેમને અનુભવમાં આવ્યું છે; અને અવ્યક્તપણે આત્મદ્રવ્યનો પણ તેમને લક્ષ થયો છે, અને તે 'અવ્યક્ત લક્ષ'થી તે 'બીજજ્ઞાન' તેમણે ગાયું છે. 'અવ્યક્ત લક્ષ'નો અર્થ અત્ર એવો છે કે, ચિત્તવૃત્તિ આત્મવિચારમાં વિશેષપણે લાગી રહેવાથી પરિણામની નિર્મળ ધારા બનારસીદાસને જે અંશે પ્રગટી છે તે નિર્મળ ધારાને લીધે, પોતાને દ્રવ્ય આ જ છે એમ જો કે સ્પષ્ટ જાણવામાં નથી તોપણ અસ્પષ્ટપણે એટલે સ્વભાવિકપણે પણ તેમના આત્મામાં તે છાયા ભાસ્યમાન થઇ છે, અને જેને લીધે એ વાત તેમના મુખથી નીકળી શકી છે; અને સહજ આગળ વધતાં તે વાત તેમને સાવ સ્પષ્ટ થઇ જાય એવી દશા તે ગ્રંથ કરતાં તેમની પ્રાયે રહી છે.

શ્રી·········ના અંતરમાં જે ખેદ રહે છે તે, કોઇ રીતે યોગ્ય છે. અને તે ખેદ ઘણુંકરી તમને પણ રહે છે, તે જાણવામાં છે. તેમ જ બીજા પણ કેટલાક મુમુક્ષુ જીવોને એ પ્રકારનો ખેદ રહે છે; એ રીતે જાણવામાં છતાં અને તમ સૌનો એ ખેદ દૂર કરાય તો સારું એમ મનમાં રહેતાં છતાં, પ્રારબ્ધ વેદીએ છૈયે. વળી અમારા ચિત્તમાં એ વિષે અત્યંત બળવાન ખેદ છે;–જે ખેદ એક દિવસપ્રત્યે ઘણા ઘણા પ્રસંગે સ્ફુર્યા કરે છે, અને તેને ઉપશમાવવાનું કરવું પડે છે; અને ઘણુંકરી તમ વગેરેને પણ અમે વિશેષપણે તે ખેદ વિષે લખ્યું નથી, કે જણાવ્યું નથી; પણ હાલ શ્રી······એ જણાવવાથી, પ્રસંગથી જણાવવાનું થયું છે. તમને અને······ને જે ખેદ રહે છે તેથી, તે પ્રકારવિષે અમને અસંખ્યાત ગુણ વિશેષ ખેદ રહેતો હશે એમ લાગે છે, કારણ કે જે જે પ્રસંગે બધા પ્રદેશ શિથિલજેવા થઇ જાય છે; અને જીવનો 'નિત્ય સ્વભાવ' હોવાથી જીવ આવો ખેદ રાખતા છતાં જીવે છે; એવા પ્રકારના ખેદસુધી પ્રાપ્ત થાય છે. વળી પરિણામાંતર થઇ થોડા અવકાશે પણ, તેની તે વાત, પ્રદેશે પ્રદેશે સ્ફુરી નીકળે છે, અને તેવીને તેવી દશા થઇ આવે છે, તથાપિ આત્માપર અત્યંત દષ્ટિ કરી, તે પ્રકારને હાલ તો ઉપશમાવવો જ ઘટે છે એમ જાણી, ઉપશમાવવામાં આવે છે.

શ્રી······ના કે તમારા ચિત્તમાં એમ આવતું હોય કે, સાધરણ કારણોને લીધે અમે એ પ્રકારની પ્રવૃત્તિ કરતા નથી તે, યોગ્ય નથી, એ પ્રકારે જો રહેતું હોય, તો ઘણુંકરી તેમ નથી એમ, અમને લાગે છે. નિત્યપ્રત્યે તે વાતનો વિચાર કરવા છતાં હજુ બળવાન કારણોનો તે પ્રત્યે સંબંધ છે એમ જાણી, જે પ્રકારની તમારી ઇચ્છા પ્રભાવના હેતુમાં છે, તે હેતુને ઢીલમાં નાંખવાનું થાય છે; અને તેને અવરોધક એવાં કારણોને ક્ષીણ થવા દેવામાં કંઇ પણ આત્મવીર્ય પરિણામ પામી સ્થિતિમાં વર્તે છે. તમારી ઇચ્છા પ્રમાણે હાલ જે પ્રવર્તાતું નથી, તે વિષે જે બળવાન કારણો અવરોધક છે તે, તમને વિશેષપણે જણાવવાનું ચિત્ત થતું નથી, કેમકે હજુ તે વિશેષપણે જણાવવામાં અવકાશ જવા દેવો યોગ્ય છે.

જે બળવાન કારણો પ્રભાવના હેતુને અવરોધક છે તેમાં, અમારો કંઇ પણ બુદ્ધિપૂર્વક પ્રમાદ હોય એમ, કોઇ રીતે સંભવતું નથી; તેમ જ અવ્યક્તપણે એટલે નહીં જાણવામાં છતાં સહેજે થયા કરતો હોય એવો, પ્રમાદ હોય એમ પણ જણાતું નથી, તથાપિ કોઇ અંશે તે પ્રમાદ સંભવમાં લેખતાં પણ તેથી અવરોધકપણું હોય એમ લાગી શકે એમ નથી, કારણ કે આત્માની નિશ્ચયવૃત્તિ તેથી અસન્મુખ છે.

લોકોમાં તે પ્રવૃત્તિ કરતાં માનભંગ થવાનો પ્રસંગ આવે, તો તે માનભંગ પણ સહન ન થઇ

શકે એમ હોવાથી પ્રભાવના હેતુની ઉપેક્ષા કરવામાં આવતી હોય એમ પણ લાગતું નથી, કારણ કે, તે માનામાન વિષે ચિત્ત ઘણું ઉદાસીનજેવું છે, અથવા તે પ્રકારમાં ચિત્તને વિશેષ ઉદાસીન કર્યું હોય, તો થઇશકે એમ છે.

શબ્દાદિ વિષયો પ્રત્યેનું કોઇ બળવાન કારણ પણ અવરોધક હોય એમ જણાતું નથી. કેવળ તે વિષયોનો ક્ષાયક-ભાવ છે એમ જોકે કહેવા પ્રસંગ નથી, તથાપિ તેમાં વિરસપણું બહુપણે ભાસી રહ્યું છે. ઉદયથી પણ કયારેક મંદરુચિ જન્મતી હોય તો તે પણ વિશેષ અવસ્થા પામ્યા પ્રથમ નાશ પામે છે, અને તે મંદરુચિ વેદતાં પણ આત્મા ખેદમાં જ રહે છે, એટલે તે રુચિ અનાધાર થતી જતી હોવાથી બળવાન કારણરૂપ નથી.

બીજા કેટલાક પ્રભાવક થયા છે તે કરતાં, કોઇ રીતે વિચારદશાદિનું બળવાનપણું પણ હશે. એમ લાગે છે કે, તેવા પ્રભાવક પુરુષ આજે જણાતા નથી, અને માત્ર ઉપદેશકપણે નામજેવી પ્રભાવનાએ પ્રવર્તતા કોઇ જોવામાં, સાંભળવામાં આવે છે, તેમના વિદ્યમાનપણાને લીધે અમને કોઇ અવરોધકપણું હોય એમ પણ જણાતું નથી.

અત્યારે તો આટલું લખવાનું બન્યું છે. વિશેષ સમાગમપ્રસંગે જણાવીશું. આ વિષે તમે અને શ્રી········જે કંઇ પણ વિશેષ જણાવવા ઇચ્છતા હો, તો ખુશીથી જણાવશો. વળી અમારાં લખેલાં કારણો સાવ બહાનારૂપ છે એમ વિચારવાયોગ્ય નથી; એટલો લક્ષ રાખજો.

મુંબઇ, શ્રાવણ વદ૦)), ગુરુવાર, ૧૯૫૦.

૩૩૬.

પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે. ગમે તો મનથી પણ સ્થિર થઇને બેસી પ્રભુભક્તિ અવશ્ય કરવી યોગ્ય છે.

મનની સ્થિરતા થવાનો મુખ્ય ઉપાય હમણા તો પ્રભુભક્તિ સમજો. આગળ પણ તે, અને તેવું જ છે, તથાપિ સ્થૂળપણે એને લખી જણાવવી વધારે યોગ્ય લાગે છે.

'ઉત્તરાધ્યયન સૂત્ર'માં બીજા ઇચ્છિત અધ્યયન વાંચશો. બત્રીસમાંની ચોવીસ ગાથા, મોઢા આગળની, મનન કરશો.

સમ, સંવેગ, નિર્વેદ, આસ્થા અને અનુકંપા ઇત્યાદિક સદ્ગુણોથી યોગ્યતા મેળવવી; અને કોઇ વેળા મહાત્માના યોગે તે ધર્મ મળી રહેશે. સત્સંગ, સત્શાસ્ત્ર, અને સદ્વ્રત એ, ઉત્તમ સાધનછે.

૩૩૭.

'સૂયગડાંગ સૂત્ર' નો જોગ હોય, તો તેનું બીજું અધ્યયન, તથા ઉદકપેઢાળવાળું અધ્યયન વાંચવાનો પરિચય રાખજો. તેમ જ 'ઉત્તરાધ્યયન' માં કેટલાંક વૈરાગ્યાદિક ચરિત્રવાળાં અધ્યયન વાંચતા રહેજો. અને પ્રભાતમાં વહેલા ઉઠવાનો પરિચય રાખજો. એકાંતમાં સ્થિર બેસવાનો પરિચય રાખજો. માયા એટલે 'જગત્-લોક' નું જેમાં વધારે વર્ણન કર્યું છે, એવાં પુસ્તકો વાંચવા કરતાં જેમાં સત્પુરુષનાં ચરિત્રો અથવા વૈરાગ્યકથા વિશેષ કરીને રહી છે, તેવાં પુસ્તકોનો ભાવ રાખજો.

૩૩૮.

જે વડે વૈરાગ્યની વૃદ્ધિ થાય તે વાંચન વિશેષ કરીને રાખવું. મતમતાંતરનો ત્યાગ કરવો; અને જેથી મતમતાંતરની વૃદ્ધિ થાય તેવું વાંચન લેવું નહીં. અસત્સંગાદિકમાં રુચી ઉત્પન્ન થતી મટવાનો વિચાર વારંવાર કરવો યોગ્ય છે.

૩૩૯

શ્રી જિન આત્મપરિણામની સ્વસ્થતાને સમાધિ, અને આત્મપરિણામની અસ્વસ્થતાને અસમાધિ કહે છે તે, અનુભવજ્ઞાને જોતાં પરમ સત્ય છે. અસ્વસ્થ કાર્યની પ્રવૃત્તિ કરવી, અને આત્મ-

પરિણામ સ્વસ્થ રાખવાં એવી વિષમ પ્રવૃત્તિ શ્રી તીર્થંકર જેવા જ્ઞાનીથી બનવી કઠણ કહી છે, તો પછી બીજા જીવને વિષે તે વાત સંભવિત કરવી કઠણ હોય એમાં, આશ્ચર્ય નથી. કોઇ પણ પરપદાર્થને વિષે ઇચ્છાની પ્રવૃત્તિ છે, અને કોઇ પણ પરપદાર્થના વિયોગની ચિંતા છે તેને, શ્રી જિન આર્ત્તધ્યાન કહે છે;-તેમાં અંદેશો ઘટતો નથી.

ત્રણ વર્ષના ઉપાધિયોગથી ઉત્પન્ન થયો એવો વિક્ષેપભાવ તે મટાડવાનો વિચાર વર્તે છે. દૃઢ વૈરાગ્યવાનના ચિત્તને જે પ્રવૃત્તિ બાધ કરી શકે એવી છે, તે પ્રવૃત્તિ અદૃઢ વૈરાગ્યવાન જીવને કલ્યાણ સન્મુખ થવા ન દે એમાં, આશ્ચર્ય નથી. જેટલી સંસારને વિષે સારપરિણતિ મનાય તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા શ્રી તીર્થંકરે કહી છે. પરિણામ જડ હોય એવો સિદ્ધાંત નથી. ચેતનને ચેતનપરિણામ હોય અને અચેતનને અચેતન પરિણામ હોય, એવો જિને અનુભવ કર્યો છે. કોઇ પણ પદાર્થ પરિણામ કે પર્યાયવિના હોય નહીં; એમ, શ્રી જિને કહ્યું છે;- અને તે સત્ય છે. શ્રી જિને જે આત્મ-અનુભવ કર્યો છે; અને પદાર્થનાં સ્વરૂપો સાક્ષાત્કાર કરી જે નિરૂપણ કર્યું છે તે, સર્વ મુમુક્ષુ જીવે પરમ કલ્યાણને અર્થે નિશ્ચયકરી વિચારવા યોગ્ય છે. જિને કહેલા સર્વ પદાર્થના ભાવો એક આત્મા પ્રગટ કરવાને અર્થે છે. અને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે. એક આત્મજ્ઞાનીની અને એક આત્મજ્ઞાનીના આશ્રયવાનની; એમ શ્રી જિને કહ્યું છે.

'આત્મા સાંભળવો, વિચારવો, નિદિધ્યાસવો, અનુભવવો' એવી એક વેદની શ્રુતિ છે, અર્થાત્ જો એક એ જ પ્રવૃત્તિ કરવામાં આવે, તો જીવ તરી પાર પામે એવું લાગે છે. બાકી તો માત્ર કોઇ શ્રી તીર્થંકર જેવા જ્ઞાની વિના સર્વને આ પ્રવૃત્તિ કરતાં કલ્યાણનો વિચાર કરવો, અને નિશ્ચય થવો, તથા આત્મસ્વસ્થતા થવી દુર્લભ છે. એ જ વિનંતિ.

૩૪૦[1]

જીવને જ્ઞાની પુરુષનું ઓળખાણ થયે, તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવાયોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે; તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે; અને પોતાના દોષ જોવાભણી ચિત્ત વળી આવે છે, વિકથાદિ ભાવમાં નિરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવાપ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાનીપુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે-

પંચવિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દૃઢ કરે છે; અર્થાત્ સત્પુરુષ મળ્યે, આ સત્પુરુષ છે. એટલું જાણી, સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ, રક્ત, ત્યાર પછી, નથી રહેતો; અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કાંઈ દુર્લભ નથી; તથાપિ સત્પુરુષને વિષે, તેના વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ-ભક્તિ થાય નહીં ત્યાં સુધી, આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવાયોગ્ય નથી; અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે એમ પણ કહેવું કઠણ છે. જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે, અત્યારસુધી જે મારાં પ્રયત્નો કલ્યાણને અર્થે હતાં તે, સૌ નિષ્ફળ હતાં;-લક્ષવગરના બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો, મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. લોકપ્રસંગમાં રહીને જે નિષ્ફળ-નિર્લક્ષ-સાધન કર્યાં તે પ્રકારે, હવે સત્પુરુષને યોગે ન કરતાં, જરૂર અંતરાત્મામાં વિચારીને, દૃઢ પરિણામ રાખીને જીવે આ યોગને, વચનને વિષે જાગૃત થવું યોગ્ય છે-જાગૃત રહેવું યોગ્ય છે; અને તે તે પ્રકારે ભાવી, જીવને દૃઢ કરવો, કે જેથી તેને પ્રાપ્ત

1, આ પત્ર અનુક્રમે ચાર પત્તાંથી લખાયો છે.—સંશોધક.

—જેમ અફળ ન જાય, અને સર્વ પ્રકારે એ જ બળ આત્મામાં વર્દ્ધમાન કરવું કે, આ યોગથી જીવને અપૂર્વ ફળ થવા યોગ્ય છે તેમાં, અંતરાય કરનાર 'હું જાણું છું' એ મારું અભિમાન છે. કુળ–ધર્મને, અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને, કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિક ભાવ, અને કદાપિ કોઇ પંચવિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવા ભાવનું પોતે આરાધવાપણું, એ આદિ પ્રકાર છે તે જ, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. એ પ્રકાર વિશેષપણે સમજવાયોગ્ય છે, તથાપિ અત્યારે જેટલું લખવાનું બન્યું તેટલું લખ્યું છે. ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષાયક સમ્યક્ત્વને માટે સંક્ષેપમાં વ્યાખ્યા કહી હતી તેને અનુસરતી·····ના સ્મરણમાં છે. જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે;–જે અભિમાન નિવૃત્ત કર્યા વિના તે તે દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે; એટલે, હજુ સુધી તે, જ્ઞાનવિચારે કરી, ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે; એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે. એ જ.

મુંબઇ, ભાદ્રપદ શુદ ૩, ૧૯૫૦.

૩૪૧

શ્રી·····ગ્રામેસ્થિત સત્સંગયોગ્ય પ્રત્યે શ્રી મોહમયીપુરીથી ૦ ૦ ૦ ૦ ૦ ના આત્મસ્વરૂપસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય. અત્રે સમાધિ છે, તમારો લખેલો કાગળ ૧ આજે મળ્યો છે. તમારા વિદ્યમાનપણામાં પ્રભાવના હેતુની તમને વિશેષ જિજ્ઞાસા છે, અને તે હેતુ ઉત્પન્ન થાય, તો તમારે વિષે જે અસીમ હર્ષ ઉત્પન્ન થવા યોગ્ય છે તે વિશેષ જિજ્ઞાસા, અને અસીમ હર્ષ સંબંધીની તમારી ચિત્તવૃત્તિ અમને સમજવામાં છે. અનેક જીવોની અજ્ઞાનદશા જોઇ, વળી તે જીવો કલ્યાણ કરીએ છીએ, અથવા આપણું કલ્યાણ થશે, એવી ભાવનાએ, કે ઇચ્છાએ અજ્ઞાનમાર્ગ પામતા જોઇ, તે માટે અત્યંત કરુણા છૂટે છે; અને કોઇ પણ પ્રકારે આ મટાડવા યોગ્ય છે એમ, થઇ આવે છે; અથવા તેવો ભાવ ચિત્તમાં એમને એમ રહ્યા કરે છે; તથાપિ તે થવાયોગ્ય હશે તે પ્રકારે થશે, અને જે સમયપર તે પ્રકાર હોવાયોગ્ય હશે તે સમયે થશે, એવો પણ પ્રકાર ચિત્તમાં રહે છે, કેમકે તે કરુણાભાવ ચિંતવતાં ચિંતવતાં આત્મા બાહ્ય–મહાત્મ્યને ભજે એમ થવા દેવું યોગ્ય નથી; અને હજુ કંઇક તેવો ભય રાખવો યોગ્ય લાગે છે. બેય પ્રકારને હાલ તો ઘણુંકરી નિત્ય વિચારવામાં આવે છે, તથાપિ બહુ સમીપમાં તેનું પરિણામ આવવાનો સમય જણાતો નહીં હોવાથી, બનતાંસુધી તમને લખ્યું, કે કહ્યું નથી. તમારી ઇચ્છા થવાથી વર્ત્તમાન જે સ્થિતિ છે તે, એ સંબંધમાં સંક્ષેપે લખી છે; અને તેથી તમને કોઇ પણ પ્રકારે ઉદાસ થવું ઘટતું નથી, કેમકે અમને વર્ત્તમાનમાં તેવો ઉદય નથી; પણ અમારાં આત્મપરિણામ તે ઉદયને અલ્પકાળમાં મટાડવા ભણી છે, એટલે તે ઉદયની કાળસ્થિતિ કોઇ પણ પ્રકારે, વધારે બળવાનપણે વેદવાથી ઘટતી હોય, તો તે ઘટાડવા વિષે વર્ત્તે છે. બાહ્ય–મહાત્મ્યની ઇચ્છા આત્માને ઘણા વખત થયાં નહીંજેવી જ થઇ ગઇ છે, એટલે બુદ્ધિ બાહ્ય–મહાત્મ્ય ઘણુંકરી ઇચ્છતી જણાતી નથી, એમ છે, તથાપિ બાહ્ય–મહાત્મ્યથી જીવ સહેજ પણ પરિણામભેદ ન જ પામે એવા સ્વાસ્થ્યમાં કંઇક ન્યૂનતા કહેવી ઘટે છે; અને તેથી જે કંઇ ભય રહે છે તે, રહે છે; જે ભયથી તરતમાં મુક્તપણું થશે એમ, જણાય છે.

સોનાના ઘાટ જૂદા જૂદા છે, પણ તે ઘાટનો જો ઢાળ પાડવામાં આવે, તો તે બધા ઘાટ મટી જઇ, એક સોનું જ અવશેષ રહે છે; અર્થાત્ સૌ ઘાટ જૂદા જૂદા દ્રવ્યપણાનો ત્યાગ કરી દે છે, અને સૌ ઘાટની જાતિનું સજાતિયપણું હોવાથી માત્ર એક સોનારૂપ દ્રવ્યપણાને પામે છે.

એ પ્રમાણે દૃષ્ટાંત લખી, આત્માની મુક્તિ, અને દ્રવ્યપણાના સિદ્ધાંત ઉપર પ્રશ્ન કર્યું છે, તે સંબંધમાં સંક્ષેપમાં જણાવવાયોગ્ય આ પ્રકારે છે: સોનું ઉપચારિક દ્રવ્ય છે, એવો જિનનો અભિપ્રાય છે, અને અનંત પરમાણુના સમુદાયપણે તે વર્તે છે ત્યારે, ચક્ષુગોચર થાય છે. જૂદા જૂદા તેના જે ઘાટ બની શકે છે તે, સર્વે સંયોગભાવી છે, અને પાછાં ભેળાં કરી શકાય છે તે, તે જ કારણથી છે. પણ સોનાનું મૂળ સ્વરૂપ જોઇએ તો અનંત પરમાણુસમુદાય છે. જે પ્રત્યેક્ પ્રત્યેક્ પરમાણુઓ છે, તે સૌ પોતપોતાના સ્વરૂપમાં જ રહ્યાં છે કોઇ પણ પરમાણુ પોતાનું સ્વરૂપ તજી દઈ, બીજા પરમાણુપણે કોઇ પણ રીતે પરિણમવા યોગ્ય નથી; માત્ર તેઓ એક જાતિ હોવાથી અને તેને વિષે સ્પર્શગુણ હોવાથી તે સ્પર્શના સમ-વિષમયોગે તેનું મળવું થઇ શકે છે, પણ તે મળવું કંઇ એવું નથી કે, જેમાં કોઇ પણ પરમાણુએ પોતાનું સ્વરૂપ તજ્યું હોય, કરોડો પ્રકારે તે અનંત પરમાણુરૂપ સોનાના ઘાટોને એકરસપણે કરો, તો પણ સૌ સૌ પરમાણુ પોતાના જ સ્વરૂપમાં રહે છે. પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ત્યજતાં નથી, કેમકે તેવું બનવાનો કોઇ પણ રીતે અનુભવ થઇ શકતો નથી. તે સોનાનાં અનંત પરમાણુ પ્રમાણે સિદ્ધ અનંતની અવગાહના ગણો તો અડચણ નથી, પણ તેથી કંઇ કોઇ પણ જીવે કોઇ પણ બીજાની સાથે કેવળ એકત્વપણે ભળીજવાપણું કર્યું છે એમ, છે જ નહીં. સૌ નિજભાવમાં સ્થિતિ કરીને જ વર્તી શકે. જીવે જીવની જાતિ એક હોય તેથી કંઇ એક જીવ છતે પોતાપણું ત્યાગી બીજા જીવોના સમુદાયમાં ભળી સ્વરૂપનો ત્યાગ કરી દે એમ બનાવવાનો શો હેતુ છે ? તેનાં પોતાનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, કર્મબંધ અને મુક્તાવસ્થા એ અનાદિથી ભિન્ન છે, અને મુક્તાવસ્થામાં પાછાં તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો ત્યાગ કરે, તો પછી તેનું પોતાનું સ્વરૂપ શું રહ્યું ? તેને શો અનુભવ રહ્યો ? અને પોતાનું સ્વરૂપ જવાથી તેની કર્મથી મુક્તિ થઇ, કે પોતાના સ્વરૂપથી મુક્તિ થઇ, એ પ્રકાર વિચારવાયોગ્ય છે. એ આદિ પ્રકારે કેવળ એકપણું જિને નિષેધ્યું છે. અત્યારે વખત નહીં હોવાથી એટલું લખી પત્ર પૂરું કરવું પડે છે. એ જ વિનંતી.

સં० ૧૯૫૦, ભાદરવા શુદ ૪, સોમે. આ० સ્વ० પ્રણામ.

૪૪૨.

આ આત્મભાવ છે, અને આ અન્યભાવ છે, એવું બોધબીજ આત્માનેવિષે પરિણમિત થવાથી અન્યભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે, અને તે ઉદાસીનતા અનુક્રમે તે અન્યભાવથી સર્વથા મુક્તપણું કરે છે.

નિજ પરભાવ જેણે જાણ્યા છે, એવા જ્ઞાનીપુરુષને ત્યારપછી પરભાવનાં કાર્યોનો જે કંઇ પ્રસંગ રહે છે, તે પ્રસંગમાં પ્રવર્તતાં પ્રવર્તતાં પણ તેથી તે જ્ઞાનીનો સંબંધ છૂટયા કરે છે, પણ તેમાં હિતબુદ્ધિ થઇ પ્રતિબંધ થતો નથી. પ્રતિબંધ થતો નથી એ વાત એકાંત નથી, કેમકે જ્ઞાનનું વિશેષ બળવાનપણું જ્યાં હોય નહીં ત્યાં, પરભાવનો વિશેષ પરિચય તે પ્રતિબંધરૂપ થઇ આવવો પણ સંભવે છે; અને તેટલા માટે પણ જ્ઞાનીપુરુષને પણ શ્રી જિને નિજજ્ઞાનના પરિચયી પુરુષાર્થને વખાણ્યો છે; તેને પણ પ્રમાદ કર્તવ્ય નથી, અથવા પરભાવનો પરિચય કરવાયોગ્ય નથી, કેમકે કોઇ અંશે પણ આત્મધારાને તે પ્રતિબંધરૂપ કહેવાયોગ્ય છે.

જ્ઞાનીને પ્રમાદબુદ્ધિ સંભવતી નથી, એમ જોકે સામાન્યપણે શ્રીજિનાદિ મહાત્માઓએ કહ્યું છે. તોપણ તે પદ ચોથે ગુણઠાણેથી સંભવિત ગણ્યું નથી; આગળ જતાં સંભવિત ગણ્યું છે; જેથી વિચારવાન જીવને તો અવશ્ય કર્તવ્ય છે કે, જેમ બને તેમ પરભાવના પરિચિત કાર્યથી દૂર રહેવું-નિવૃત્ત થવું. ઘણું કરીને વિચારવાન જીવને તો એ જ બુદ્ધિ રહે છે, તથાપિ કોઇ આરંભવશાત્ પરભાવનો પરિચય બળવાનપણે ઉદય હોય ત્યાં, નિજપદબુદ્ધિમાં સ્થિર રહેવું વિકટ છે

એમ જાણી, નિત્યનિવૃત્તબુદ્ધિની વિશેષ ભાવના કરવી; એમ મોટા પુરુષોએ કહ્યું છે.

અલ્પકાળમાં અવ્યાબાધ સ્થિતિ થવાને અર્થે તો અત્યંત પુરુષાર્થ કરી જીવે પરપરિચયથી નિવર્તવું જ ઘટે છે, હળવે હળવે નિવૃત્ત થવાનાં કારણો ઉપર ભાર દેવા કરતાં જે પ્રકારે ત્વરાએ નિવૃત્તિ થાય તે વિચાર કર્ત્તવ્ય છે, અને તેમ કરતાં અશાતાદિ આપત્તિયોગ વેદવા પડતા હોય, તો તેને વેદીને પણ પરપરિચયથી શીઘ્રપણે દૂર થવાનો પ્રકાર કરવો યોગ્ય છે. એ વાત વિસ્મરણ થવા દેવાયોગ્ય નથી. જ્ઞાનનું બળવાન તારતમ્યપણું થયે તો જીવને પરપરિચયમાં કદાપિ સ્વાત્મબુદ્ધિ થવી સંભવતી નથી; અને તેની નિવૃત્તિ થયે પણ જ્ઞાનબળે તે એકાંતપણે વિહાર કરવા યોગ્ય છે; પણ તેથી જેની ઓછી દશા છે એવા જીવને તો અવશ્ય પરપરિચયને છેદીને સત્સંગ કર્ત્તવ્ય છે; કે જે સત્સંગથી સહેજે અવ્યાબાધ સ્થિતિનો અનુભવ થાય છે.

જ્ઞાનીપુરુષ, કે જેને એકાંતે વિચરતાં પણ પ્રતિબંધ સંભવતો નથી, તે પણ સત્સંગની નિરંતર ઇચ્છા રાખે છે, કેમકે જીવને જો અવ્યાબાધ સમાધિની ઇચ્છા હોય, તો સત્સંગ જેવો કોઈ સરલ ઉપાય નથી. આમ હોવાથી દિનદિનપ્રત્યે, પ્રસંગે પ્રસંગે, ઘણીવાર ક્ષણે ક્ષણે, સત્સંગ આરાધવાની જ ઇચ્છા વર્દ્ધમાન થયા કરે છે. એ જ વિનંતી.

સં૦ ૧૯૫૦ ના ભાદ્રપદ શુદ ૧૦, રવિવાર. આ૦ સ્વ૦ પ્રણામ.

૩૪૩

'યોગવાસિષ્ઠાદિ' જે જે રૂડા પુરુષોનાં વચનો છે, તે સૌ અહંવૃત્તિનો પ્રતિકાર કરવાપ્રત્યે જ પ્રવર્તે છે. જે જે પ્રકારે પોતાની ભ્રાંતિ કલ્પાઈ છે, તે તે પ્રકારે તે ભ્રાંતિ સમજી તે સંબંધી અભિમાન નિવૃત્ત કરવું એ જ, સર્વ તીર્થંકરાદિ મહાત્માનું કહેવું છે; અને તે જ વાક્ય ઉપર જીવે વિશેષ કરી સ્થિર થવાનું છેઃ–વિશેષ વિચારવાનું છે;–અને તે જ વાક્ય અનુપ્રેક્ષાયોગ્ય મુખ્યપણે છે. તે કાર્યની સિદ્ધિને અર્થે સર્વ સાધન કહ્યાં છે. અહંતાદિ વધવાને માટે, બાહ્યક્રિયા, કે મતના આગ્રહ માટે, સંપ્રદાય ચલાવવા માટે, કે પૂજાશ્લાઘાદિ પામવા અર્થે, કોઇ મહાપુરુષનો કંઈ ઉપદેશ છે નહીં; અને તે જ કાર્ય કરવાની સર્વથા આજ્ઞા જ્ઞાનીપુરુષની છે. પોતાને વિષે ઉત્પન્ન થયલો હોય એવા મહિમાયોગ્ય ગુણથી ઉત્કર્ષ પામવું ઘટતું નથી; પણ અલ્પ પણ નિજદોષ જોઇને ફરી ફરી પશ્ચાત્તાપમાં પડવું ઘટે છે, અને વિનાપ્રમાદે તેથી પાછું ફરવું ઘટે છે; એ ભલામણ જ્ઞાનીપુરુષનાં વચનોમાં સર્વત્ર રહી છેઃ અને તે ભાવ આવવા માટે સત્સંગ સદ્ગુરુ અને સત્શાસ્ત્રાદિ સાધન કહ્યાં છે;–જે અનન્ય નિમિત્ત છે. તે સાધનની આરાધના જીવને નિજ સ્વરૂપ કરવાના હેતુપણે જ છે, તથાપિ જીવ જો ત્યાં પણ વંચનાબુદ્ધિએ પ્રવર્તે, તો કોઈ દિવસ કલ્યાણ થાય નહીં. વંચનાબુદ્ધિ એટલે સત્સંગ, સદ્ગુરુ આદિને વિષે ખરા આત્મભાવે મહાત્મ્યબુદ્ધિ ઘટે તે મહાત્મ્યબુદ્ધિ નહીં, અને પોતાના આત્માને અજ્ઞાનપણું જ વર્ત્યા કર્યું છે, માટે તેની અલ્પજ્ઞતા–લઘુતા–વિચારી અમહાત્મ્યબુદ્ધિ નહીં,–તે સત્સંગ સદ્ગુરુ આદિને વિષે આરાધવાં નહીં. પણ વંચનાબુદ્ધિ છે, ત્યાં પણ જીવ લઘુતા ધારણ ન કરે તો પ્રત્યક્ષપણે જીવ ભવપરિભ્રમણથી ભય નથી પામતો એમ જ વિચારવાયોગ્ય છે. વધારે લક્ષ તો પ્રથમ જીવને જો આ થાય તો સર્વ શાસ્ત્રાર્થ અને આત્માર્થ સહેજે સિદ્ધ થવા સંભવે છે. એ જ વિજ્ઞાપન.

મુંબઈ, ભાદ્રપદ વદ ૫, ગુરુ, ૧૯૫૦

૩૪૪.

સ્વપ્નેય જેને સંસારસુખની ઇચ્છા રહી નથી, અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે, એવા જ્ઞાનીપુરુષ પણ વારંવાર આત્માવસ્થા સંભાળી સંભાળીને ઉદય હોય તે પ્રારબ્ધ વેદે છે, પણ આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી. પ્રમાદના અવકાશયોગે જ્ઞાનીને પણ

અંશે વ્યામોહ થવાનો સંભવ, જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધારણ જીવે રહીને, તેનો વ્યવસાય લૌકિકભાવે કરીને આત્મહિત ઇચ્છવું એ, નહીં બનવા જેવું જ કાર્ય છે, કેમકે લૌકિક ભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ, તો બીજાનું પરિણામ થવું સંભવે છે, અહિતહેતું એવો સંસારસંબંધી પ્રસંગ, લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને–તેને સંક્ષેપીને–આત્મહિતને અવકાશ આપવો ઘટે છે. આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી; છતાં, તે સત્સંગ પણ, જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રાયે નિષ્ફળ જાય છે, અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય તોપણ જો વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય, તો તે ફળ નિર્મૂળ થઈ જતાં વાર લાગતી નથી; અને સ્ત્રીપુત્ર, આરંભપરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે, તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને ? જે પ્રસંગમાં મહાજ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે, તેમાં, આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી, સંક્ષેપીને ચાલવું એ વાત ન જ ભૂલવાજેવી છે, એમ નિશ્ચય કરી પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે, અને પરિણામે પરિણામે, તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય તેમ જ કર્યા કરવું; એ શ્રી વર્દ્ધમાનસ્વામીના છદ્મસ્થમુનિચર્યાને દ્રષ્ટાંતે અમે કહ્યું હતું.

મુંબઈ, સં० १९५० ના આશો શુદ ११, બુધ.

३४५.

મનમાં વારંવાર વિચારથી નિશ્ચય થઈ રહ્યો છે કે, કોઈ પણ પ્રકારે ઉપયોગ ફરી, અન્યભાવમાં પોતાપણું થતું નથી; અને અખંડ આત્મધ્યાન રહ્યા કરે છે એવી જે દશા, તેને વિષે વિકટ ઉપાધિજોગનો ઉદય, એ આશ્ચર્યકારક છે. હાલમાં તો થોડા ક્ષણની નિવૃત્તિ માંડ રહે છે, અને પ્રવૃત્તિ કરી શકે એવી યોગ્યતાવાળું તો ચિત્ત નથી, અને હાલ તેવી પ્રવૃત્તિ કરવી એ કર્ત્તવ્ય છે, તો ઉદાસપણે તેમ કરીએ છીએ. મન ક્યાંય બાઝતું નથી, અને કાંઈ ગમતું નથી; તથાપિ હાલ હરીઈચ્છાઆધિન છે.

નિરુપમ એવું જે આત્મધ્યાન તીર્થંકરાદિકે કહ્યું છે એ, પરમ આશ્ચર્યકારક છે. તે કાળ પણ આશ્ચર્યકારક હતો. વધારે શું કહેવું ? "વનની મારી કોયલ" ના કહેવત પ્રમાણે આ કાળમાં, અને આ પ્રવૃત્તિમાં અમે છીએ.

३४६.

અત્રેથી પ્રસંગે લખેલા ચાર પ્રશ્નોના ઉત્તર લખ્યા તે, વાંચ્યા છે. પ્રથમના બે પ્રશ્નના ઉત્તર સંક્ષેપમાં છે, તથાપિ યથાયોગ્ય છે. ત્રીજા પ્રશ્નનો ઉત્તર લખ્યો તે, સામાન્યપણે યોગ્ય છે, તથાપિ વિશેષ સૂક્ષ્મ આલોચનથી તે પ્રશ્નનો ઉત્તર લખવા યોગ્ય છે. તે ત્રીજો પ્રશ્ન આ પ્રમાણે છે; "ગુણના સમુદાયથી જૂદું એવું ગુણીનું સ્વરૂપ હોવા યોગ્ય છે કે કેમ ?" અર્થાત્ "બધા ગુણનો સમુદાય તે જ ગુણ એટલે દ્રવ્ય ? કે તે ગુણના સમુદાયને આધારભૂત એવું પણ કંઈ દ્રવ્યનું બીજું હોવાપણું છે ?" તેના ઉત્તરમાં એમ લખ્યું છે કે, આત્મા ગુણી છે; તેના ગુણ જ્ઞાન દર્શન વગેરે જૂદા છે; એમ ગુણી અને ગુણની વિવિક્ષા કરી, તથાપિ ત્યાં વિશેષ કરવી ઘટે છે. જ્ઞાનદર્શનાદિ ગુણથી જૂદું એવું બાકીનું આત્માપણું શું ? તે પ્રશ્ન છે, માટે યથાશક્તિ તે પ્રશ્નની પરિચર્યા કરવા યોગ્ય છે. ચોથો પ્રશ્નઃ—"કેવળજ્ઞાન આ કાળમાં હોવા યોગ્ય છે કે કેમ ?" તેનો ઉત્તર એમ લખ્યો કે, પ્રમાણથી જોતાં તે હોવાયોગ્ય છે. એ ઉત્તર પણ સંક્ષેપથી છે;—જે પ્રત્યે ઘણો વિચાર કરવો યોગ્ય છે. એ ચોથા પ્રશ્નનો વિશેષ વિચાર થવાને અર્થે તેમાં આટલું વિશેષ ગ્રહણ કરશો કે, જે પ્રમાણે જૈનાગમમાં કેવળજ્ઞાન માન્યું છે, અથવા

કહ્યું છે, તે કેવળજ્ઞાનનું સ્વરૂપ યથાતથ્ય કહ્યું છે, એમ ભાસ્યમાન થાય છે કે કેમ? અને તેવું કેવળજ્ઞાનનું સ્વરૂપ હોય એમ ભાસ્યમાન થતું હોય, તો તે સ્વરૂપ આ કાળમાં પણ પ્રગટવાયોગ્ય છે કે કેમ? કિંવા જૈનાગમ કહે છે, તેનો હેતુ, કહેવાનો, જૂદો કંઈ છે? અને કેવળજ્ઞાનનું સ્વરૂપ બીજા કોઈ પ્રકારે હોવાયોગ્ય છે? તથા સમજવાયોગ્ય છે? આ વાર્તાપર યથાશક્તિ અનુપ્રેક્ષા કરવાયોગ્ય છે; તેમ જ ત્રીજો પ્રશ્ન છે, તે પણ ઘણા પ્રકારે વિચારવાયોગ્ય છે. વિશેષ અનુપ્રેક્ષા કરી, એ બન્ને પ્રશ્નના ઉત્તર લખવાનું બને તો કરશો. પ્રથમના બે પ્રશ્ન છે, તેના ઉત્તર સંક્ષેપમાં લખ્યા છે, તે વિશેષતાથી લખવાનું બની શકે એમ હોય તો તે પણ લખશો.

તમે પાંચ પ્રશ્નો લખ્યા છે, તેમાંના ત્રણ પ્રશ્નના ઉત્તર અત્રે સંક્ષેપમાં લખ્યા છે;

પ્રથમ પ્રશ્નઃ—"જાતિસ્મરણજ્ઞાનવાન પાછળનો ભવ કેવી રીતે દેખે છે?" તેનો ઉત્તર આ પ્રમાણે વિચારશોઃ—

નાનપણે કોઈ ગામ, વસ્તુઆદિ જોયાં હોય, અને મોટપણે કોઈ પ્રસંગે તે ગામાદિનું આત્મામાં સ્મરણ થાય છે તે વખતે, તે ગામાદિનું આત્મામાં જે પ્રકારે ભાન થાય છે, તે પ્રકારે 'જાતિસ્મરણજ્ઞાનવાન'ને પૂર્વભવનું ભાન થાય છે. કદાપિ આ ઠેકાણે એમ પ્રશ્ન થશે કે, "પૂર્વભવમાં અનુભવેલા એવા દેહાદિનું આ ભવમાં ઉપર કહ્યું તેમ ભાન થાય એ વાત યથાતથ્ય માનીએ, તોપણ પૂર્વભવમાં અનુભવેલા એવા દેહાદિ, અથવા કોઈ દેવલોકાદિ નિવાસસ્થાન અનુભવ્યાં હોય તે અનુભવની સ્મૃતિ થઈ છે, અને તે અનુભવ યથાતથ્ય થયો છે એ, શા ઉપરથી સમજાય?" તો એ પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છેઃ—અમુક અમુક ચેષ્ટા અને લિંગ તથા પરિણામ આદિથી પોતાને તેનું સ્પષ્ટ ભાન થાય છે; પણ તેની બીજા કોઈ જીવને પ્રતીતિ થવા માટે તો નિયમિતપણું નથી. કવચિત્ અમુક દેશમાં, અમુક ગામ, અમુક ઘેર, પૂર્વે દેહ ધારણ થયો હોય અને તેનાં ચિન્હો બીજા જીવને જણાવવાથી તે દેશાદિનું અથવા તેના નિશાનાદિનું કંઈ પણ વિદ્યમાનપણું હોય, તો બીજા જીવને પણ પ્રતીતિનો હેતુ થવો સંભવે, અથવા 'જાતિસ્મૃતિજ્ઞાનવાન' કરતાં જેનું વિશેષજ્ઞાન છે તે, જાણે. તેમ જ જેને 'જાતિસ્મૃતિજ્ઞાન' છે તેની, પ્રકૃત્યાદિને જાણતો એવો કોઈ વિચારવાન પુરુષ પણ જાણે કે, આ પુરુષને તેવા જ્ઞાનનો કંઈ સંભવ છે, અથવા 'જાતિસ્મૃતિ' હોવી સંભવે છે, અથવા જેને 'જાતિસ્મૃતિજ્ઞાન' છે, તે પુરુષના સંબંધમાં કોઈ જીવ પૂર્વભવે આવ્યો છે,—વિશેષે કરીને આવ્યો છે, તેને તે સંબંધ જણાવતાં કંઈ પણ સ્મૃતિ થાય તો તેવા જીવને પણ પ્રતીતિ આવે.

બીજો પ્રશ્નઃ—"જીવ સમયે સમયે મરે છે તે, કેવી રીતે સમજવું?" તેનો ઉત્તર આ પ્રમાણે વિચારશોઃ—

જેમ આત્માને સ્થૂળ દેહનો વિયોગ થાય છે તેને, મરણ કહેવામાં આવે છે, તેમ સ્થૂળદેહના આયુષ્યાદિ સૂક્ષ્મપર્યાયનો પણ, સમયે સમયે હાનિ પરિણામ થવાથી, વિયોગ થઈ રહ્યો છે, તેથી તેનું સમયે સમયે મરણ કહેવાયોગ્ય છે. આ મરણ તે વ્યવહાર નયથી કહેવાય છે; નિશ્ચયથી તો આત્માને સ્વાભાવિક એવા જ્ઞાનદર્શનાદિ ગુણપર્યાયની, વિભાવ–પરિણામના યોગને લીધે, હાનિ થયા કરે છે, અને તે હાનિ આત્માના નિત્યપણાદિ સ્વરૂપને પણ ગ્રહી રહે છે; તે સમયે સમયે મરણ છે.

ત્રીજો પ્રશ્નઃ—"કેવળજ્ઞાનદર્શનને વિષે ગયા કાળ અને આવતા કાળના પદાર્થ, વર્તમાન કાળમાં વર્તમાનપણે દેખાય છે તેમ જ, દેખાય કે બીજી રીતે?" તેનો ઉત્તર આ પ્રમાણે વિચારશોઃ—

વર્ત્તમાનમાં વર્ત્તમાનપદાર્થ જેમ દેખાય છે, તેમ ગયા કાળના પદાર્થ ગયા કાળમાં જે સ્વરૂપે હતા તે સ્વરૂપે વર્ત્તમાનકાળમાં દેખાય છે: અને આવતા કાળમાં તે પદાર્થ જે સ્વરૂપ પામશે તે સ્વરૂપપણે, વર્ત્તમાનકાળમાં દેખાય છે: ભૂતકાળે જે જે પર્યાય પદાર્થે ભજ્યા છે, તે કારણો પણ વર્ત્તમાનમાં પદાર્થને વિષે રહ્યાં છે, અને ભવિષ્યકાળમાં જે જે પર્યાય ભજશે, તેની યોગ્યતા વર્ત્તમાનમાં પદાર્થને વિષે રહી છે. તે કારણ અને યોગ્યતાનું જ્ઞાન વર્ત્તમાનકાળમાં પણ કેવળજ્ઞાનીને વિષે યથાર્થ સ્વરૂપે હોઈ શકે. આ પ્રશ્નપ્રત્યે ઘણા વિચાર જણાવવા યોગ્ય છે.

૩૪૭.

નમઃ–શ્રી સત્પુરૂષને નમસ્કાર.

આત્માર્થી, ગુણગ્રાહી, સત્સંગયોગ્ય ભાઈ શ્રી......પ્રત્યે, શ્રી ડરબન.

શ્રી મુંબઈથી લ. જીવન્મુક્તદશાઇચ્છિક રાયચંદના આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પહોંચે. અત્ર કુશળતા છે. તમારું લખેલું એક પત્ર મને પહોંચ્યું છે. કેટલાંક કારણોથી તેનો ઉત્તર લખવામાં ઢીલ થઈ હતી. પાછળથી તમે આ તરફ તરતમાં આવવાના છો એમ જાણવામાં આવ્યાથી પત્ર લખ્યું નહોતું; પણ હાલ એમ જાણવામાં આવ્યું કે, હમણા લગભગ એક વર્ષસુધી સ્થિતિ કરવાનું ત્યાં સંબંધીનું કારણ છે; જેથી મેં આ પત્ર લખ્યું છે. તમારા લખેલા પત્રમાં જે આત્માદિ વિષયપરત્વે પ્રશ્નો છે; અને જે પ્રશ્નોના ઉત્તર જાણવાની તમારા ચિત્તમાં વિશેષ આતુરતા છે, તે બન્ને પ્રત્યે મારું અનુમોદન સહજે સહજે છે, પણ જેવામાં તમારું તે પત્ર મને મળ્યું તેવામાં તેના ઉત્તર લખી શકાય એવી, મારા ચિત્તની સ્થિતિ નહોતી, અને ઘણું કરી તેમ થવાનું કારણ પણ તે પ્રસંગમાં બાહ્યોપાધિપ્રત્યેનો વૈરાગ્ય વિશેષ પરિણામ પામ્યો હતો તે હતું; અને તેમ હોવાથી તે પત્રના ઉત્તર લખવા જેવા કાર્યમાં પણ પ્રવૃત્તિ થઈ શકે તેવું નહોતું. થોડો વખત જવા દઈ, કંઇ તેવા વૈરાગ્યમાંથી પણ અવકાશ લઈ તમારા પત્રનો ઉત્તર લખીશ એમ, વિચાર્યું હતું; પણ પાછળથી તેમ પણ બનવું અશક્ય થયું. તમારા પત્રની પહોંચ પણ મેં લખી નહોતી,અને આવા પ્રકારે ઉત્તર લખી મોકલવા પરત્વે ઢીલ થઇ તેથી, મારા મનમાં પણ ખેદ થયો હતો, અને જેમાંનો અમુક ભાવ હજુ સુધી વર્તે છે. જે પ્રસંગમાં વિશેષ કરીને ખેદ થયો, તે પ્રસંગમાં એમ સાંભળવામાં આવ્યું કે, તમે તરતમાં આ દેશમાં આવવાની ધારણા રાખો છો; તેથી કંઇક ચિત્તમાં એમ આવ્યું હતું કે, તમને ઉત્તર લખવાની ઢીલ થઇ છે, તે પણ તમારો સમાગમ થવાથી સામી લાભકારક થશે, કેમકે લેખદ્વારા કેટલાક ઉત્તર સમજાવવા વિકટ હતા. અને પત્ર તરતમાં તમને નહીં મળી શકવાથી તમારા ચિત્તમાં જે આતુરપણું વર્દ્ધમાન થયેલું તે, ઉત્તર તરત સમજી શકવાને સમાગમમાં એક સારું કારણ ગણવા યોગ્ય હતું. હવે પ્રારબ્ધોદયે જ્યારે સમાગમ થાય ત્યારે કંઇ પણ તેવી જ્ઞાનવાર્ત્તા થવાનો પ્રસંગ થાય, એવી આકાંક્ષા રાખી, સંક્ષેપમાં તમારા પ્રશ્નોના ઉત્તર લખું છું. જે પ્રશ્નોના ઉત્તર વિચારવાને નિરંતર તત્સંબંધી વિચારરૂપ અભ્યાસની આવશ્યકતા છે. તે ઉત્તર સંક્ષેપમાં લખવાનું થયું છે તેથી, કેટલાક સંદેહની નિવૃત્તિ વખતે થવી કઠણ પડશે, તોપણ મારા ચિત્તમાં એમ રહે છે કે, મારા વચન પ્રત્યે કંઇ પણ વિશેષ વિશ્વાસ છે તેથી, તમને ધીરજ રહી શકશે, અને પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન થવાને અનુક્રમે કારણભૂત થશે; એમ મને લાગે છે. તમારા પત્રમાં ૨૭ પ્રશ્નો છે; તેના સંક્ષેપે નીચે ઉત્તર લખું છું.

૧. પ્ર૦–" આત્મા શું છે ? તે કંઇ કરે છે ? અને તેને કર્મ નડે છે કે નહિ ? "

ઉ૦–(૧) જેમ ઘટપટાદિ જડ વસ્તુઓછે, તેમ આત્માજ્ઞાનસ્વરૂપ વસ્તુછે. ઘટપટાદિ 'અનિત્ય' છે. ત્રિકાળ એક સ્વરૂપે સ્થિતિ કરી રહી શકે એવાં નથી. આત્મા એક સ્વરૂપે ત્રિકાળ સ્થિતિ

કરી શકે એવો 'નિત્ય પદાર્થ' છે. જે પદાર્થની ઉત્પત્તિ કોઇ પણ સંયોગથી થઈ શકી ન હોય, તે પદાર્થ 'નિત્ય' હોય છે. આત્મા કોઈ પણ સંયોગોથી બની શકે એમ જણાતું નથી, કેમકે જડના હજારોગમે સંયોગો કરીએ, તોપણ તેથી ચેતનની ઉત્પત્તિ નહીં થઈ શકવા યોગ્ય છે. જે ધર્મ પદાર્થમાં હોય નહીં, તેવા ઘણા પદાર્થો ભેળા કરવાથી પણ તેમાં જે ધર્મ નથી, તે ઉત્પન્ન થઇ શકે નહીં એવો, સૌને અનુભવ થઈ શકે એમ છે. જે ઘટપટાદિ પદાર્થો છે, તેને વિષે જ્ઞાનસ્વરૂપતા જોવામાં આવતી નથી. તેવા પદાર્થોના, પરિણામાંતર કરી, સંયોગ કર્યા હોય, અથવા થયા હોય, તોપણ તે તેવી જ જાતિના થાય. અર્થાત્ જડસ્વરૂપ થાય, પણ જ્ઞાનસ્વરૂપ ન થાય. તો પછી તેવા પદાર્થના સંયોગે આત્મા, કે જેને જ્ઞાનીપુરુષો 'મુખ્ય જ્ઞાનસ્વરૂપ લક્ષણવાળો' કહે છે, તે તેવા ઘટપટાદિ (પૃથ્વી, જળ, વાયુ, આકાશ) પદાર્થથી, ઉત્પન્ન, કોઇ રીતે, થઇ શકવા યોગ્ય નથી. 'જ્ઞાનસ્વરૂપપણું' એ આત્માનું મુખ્ય લક્ષણ છે,–અને 'તેના અભાવવાળું' મુખ્ય લક્ષણ જડનું છે. તે બન્નેના અનાદિ સહજ સ્વભાવ છે. આ તથા બીજાં તેવાં સહસ્રગમે પ્રમાણો આત્માને 'નિત્ય' પ્રતિપાદન કરી શકે છે. તેમ જ તેનો વિશેષ વિચાર કર્યે સહજસ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવમાં આવે છે: જેથી સુખદુ:ખાદિ ભોગવનાર, તેથી નિવૃત્તનાર, વિચારનાર, પ્રેરણા કરનાર, એ આદિ ભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે, અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વ કાળ રહી શકે એવો 'નિત્ય–પદાર્થ' છે, એમ માનવામાં કંઈ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વિકાર થવારૂપ ગુણ થાય છે. આ પ્રશ્ન તથા તમારા બીજા કેટલાક પ્રશ્નો એવા છે કે, જેમાં વિશેષ લખવાનું તથા કહેવાનું અને સમજાવવાનું અવશ્ય છે. તે પ્રશ્ન માટે એવા સ્વરૂપમાં ઉત્તર લખવાનું બનવું હાલ કઠણ હોવાથી પ્રથમ ' પડ્દર્શનસમુચ્ચય ગ્રંથ ' તમને મોકલ્યો હતો, કે જે વાંચવા–વિચારવાથી તમને કોઈ પણ અંશે સમાધાન થાય, અને પત્રમાં પણ કાંઈ વિશેષ અંશે સમાધાન થાય, એટલું બની શકે; કેમકે તે સંબંધી અનેક પ્રશ્નો ઉઠવા યોગ્ય છે, કે જે ફરી ફરી સમાધાન પ્રાપ્ત થવાથી, વિચારવાથી, સમાવેશ પામે એવી, પ્રાયે સ્થિતિ છે. (૨) જ્ઞાનદશામાં–પોતાના સ્વરૂપના યથાર્થબોધથી ઉત્પન્ન થયેલી દશામાં–તે આત્મા નિજભાવનો એટલે જ્ઞાન. દર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજસમાધિ–પરિણામનો કર્ત્તા છે. અજ્ઞાનદશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્ત્તા છે,–અને તે ભાવનાં ફળનો ભોક્તા થતાં પ્રસંગવશાત્ ઘટપટાદિ પદાર્થોનો નિમિત્તપણે કર્ત્તા છે; અર્થાત્ ઘટપટાદિ પદાર્થનાં મૂળ દ્રવ્યોનો તે કર્ત્તા નથી, પણ તેને કોઈ આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્ત્તા છે. એ જે, પાછળ તેની દશા કહી તેને જૈન 'કર્મ' કહે છે; વેદાંત 'ભ્રાંતિ' કહે છે; તથા બીજા પણ, તેને અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્ત્તા થઈ શકતો નથી. માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાન–પરિણામનો જ કર્ત્તા એ સ્પષ્ટ સમજાય છે. (૩) અજ્ઞાનભાવથી કરેલાં કર્મો પ્રારંભકાળે બીજરૂપ હોઈ વખતનો યોગ પામી ફળરૂપ વૃક્ષપરિણામે પરિણમે છે;–અર્થાત્ તે કર્મો આત્માને ભોગવવાં પડે છે;–જેમ અગ્નિના સ્પર્શે ઉષ્ણપણાનો સંબંધ થાય છે, અને તેનું સહેજે વેદના–રૂપ થાય છે. તેથી આત્માને ક્રોધાદિ ભાવના કર્ત્તાપણાએ જન્મ જરા મરણાદિ વેદનારૂપ પરિણામ થાય છે. આ વિચારમાં તમે વિશેષપણે વિચારશો, અને તે પરત્વે જે કંઈ પ્રશ્ન થાય તે લખશો, કેમકે જે પ્રકારની સમજ તેથી નિવૃત્ત થવારૂપ કાર્ય કર્યે જીવને મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

૨. પ્ર૦–"ઈશ્વર શું છે ? તે જગતકર્ત્તા છે એ ખરૂં છે ?"

ઉ૦–(૧) અમે તમે કર્મબંધમાં વસી રહેલા જીવ છીએ. તે જીવનું સહજસ્વરૂપ એટલે કર્મરહિત

પણે—માત્ર એક આત્મત્વપણે—જે સ્વરૂપ છે, તે ઇશ્વરપણું છે. જ્ઞાનાદિ ઐશ્વર્ય જેને વિષે છે, તે ઇશ્વર કહેવાયોગ્ય છે; અને તે ઇશ્વરતા આત્માનું સહજસ્વરૂપ છે. જે સ્વરૂપ કર્મપ્રસંગે જણાતું નથી, પણ તે પ્રસંગ અન્ય અન્યસ્વરૂપ જાણી, જ્યારે આત્માભણી દૃષ્ટિ થાય છે ત્યારે, અનુક્રમે સર્વજ્ઞતાદિ ઐશ્વર્યપણું તે જ આત્મામાં જણાય છે; અને તેથી વિશેષ ઐશ્વર્યવાળો કોઈ પદાર્થ, સમસ્ત પદાર્થો નિરખતાં પણ અનુભવમાં આવી શકાતો નથી; જેથી ઇશ્વર છે તે, આત્માનું બીજું પર્યાયિક નામ છે; એથી કોઇ વિશેષ સત્તાવાળો પદાર્થ ઇશ્વર છે એમ નથી; એવા નિશ્ચયમાં મારો અભિપ્રાય છે. (૨) તે જગત્કર્ત્તા નથી, અર્થાત્ પરમાણુ, આકાશાદિ પદાર્થ નિત્ય હોવાયોગ્ય છે. તે કોઇ પણ વસ્તુમાંથી બનવાયોગ્ય નથી; કદાપિ એમ ગણીએ કે, તે ઇશ્વરમાંથી બન્યા છે, તો તે વાત પણ યોગ્ય લાગતી નથી. કેમકે ઇશ્વરને જો ચેતનપણે માનીએ, તો તેથી પરમાણુ, આકાશ વગેરે ઉત્પન્ન કેમ થઇ શકે? કેમકે ચેતનથી જડની ઉત્પત્તિ થવી જ સંભવતી નથી. જો ઇશ્વરને જડ સ્વિકારવામાં આવે તો સહેજે તે અનૈશ્વર્યવાન ઠરે છે. તેમ જ તેથી જીવરૂપ 'ચેતનપદાર્થ'ની ઉત્પત્તિ પણ થઈ શકે નહીં. જડ ચેતન ઉભયરૂપ ઇશ્વર ગણીએ, તો પછી જડ ચેતન ઉભયરૂપ જગત્ છે તેનું, ઇશ્વર એવું બીજું નામ કરી સંતોષ રાખી લેવા જેવું થાય છે;—અને જગત્નું નામ ઇશ્વર રાખી સંતોષ રાખી લેવો તે કરતાં જગત્ને જગત્ કહેવું, એ વિશેષ યોગ્ય છે. કદાપિ પરમાણુ, આકાશાદિ ગણીએ અને ઇશ્વરને કર્માદિને ફળ આપનાર ગણીએ, તોપણ તે વાત સિદ્ધ જણાતી નથી. એ વિચારપર 'ષટ્દર્શનસમુચ્ચય'માં સારાં પ્રમાણો આપ્યાં છે.

૩. પ્ર૦—" મોક્ષ શું છે ? "

ઉ૦—જે ક્રોધાદિ અજ્ઞાનભાવમાં—દેહાદિમાં આત્માને પ્રતિબંધ છે, તેથી સર્વથા નિવૃત્તિ થવી. મુક્તિ થવાથી તે, મોક્ષપદ જ્ઞાનીઓએ કહ્યું છે; જે સહજ વિચારતાં પ્રમાણભૂત લાગે છે.

૪. પ્ર૦—" મોક્ષ મળશે કે નહિ તે ચોકસ રીતે આ દેહમાં જ જાણી શકાય ? "

ઉ૦—એક દોરડીના ઘણા બંધથી હાથ બાંધવામાં આવ્યો હોય, તેમાંથી અનુક્રમે જેમ જેમ બંધ છોડવામાં આવે, તેમ તેમ તે બંધના સંબંધની નિવૃત્તિ અનુભવમાં આવે છે, અને તે દોરડી વળ મૂકી છૂટી ગયાના પરિણામમાં વર્તે છે એમ, જણાય છે,—અનુભવાય છે. તેમ જ અજ્ઞાનભાવનાં અનેક પરિણામરૂપ બંધનો પ્રસંગ આત્માને છે તે, જેમ જેમ છૂટે છે, તેમ તેમ મોક્ષનો અનુભવ થાય છે; અને તેનું ઘણું જ અલ્પપણું જ્યારે થાય છે ત્યારે, સહજે આત્મામાં નિજભાવ પ્રકાશી નીકળીને અજ્ઞાનભાવરૂપ બંધથી છૂટી શકવાનો પ્રસંગ છે;—એવો સ્પષ્ટ અનુભવ થાય છે. તેમ જ કેવળ અજ્ઞાનાદિભાવથી નિવૃત્તિ થઇ કેવળ આત્મભાવ આજ દેહને વિષે સ્થિતિમાન છતાં પણ આત્માને પ્રગટે છે, અને સર્વ સંબંધથી કેવળ પોતાનું ભિન્નપણું અનુભવમાં આવે છે;—અર્થાત્ મોક્ષપદ આ દેહમાં પણ અનુભવમાં આવવાયોગ્ય છે.

૫. પ્ર૦—" એમ વાંચવામાં આવ્યું કે, માણસ દેહ છોડી કર્મપ્રમાણે જનાવરોમાં અવતરે, પથરો પણ થાય, ઝાડ પણ થાય; આ બરાબર છે ? "

ઉ૦—દેહ છોડી ઉપાર્જિત પ્રમાણે જીવની ગતિ થાય છે, તેથી તે તિર્યંચ (જનાવર) પણ થાય છે, અને પૃથ્વીકાય એટલે પૃથ્વીરૂપ શરીર ધારણ કરી બાકીની બીજી ચાર ઇંદ્રિયોવિના કર્મ ભોગવવાનો જીવન પ્રસંગ પણ આવે છે; તથાપિ કેવળ પથ્થર કે પૃથ્વી થઇ જાય છે, એવું કંઇ નથી. પથ્થરરૂપ કાયા ધારણ કરે, અને તેમાં પણ અવ્યક્તપણે જીવ, જીવપણે જ હોય છે. બીજી ચાર ઇંદ્રિયોનું ત્યાં અવ્યક્ત—(અપ્રગટ)—પણું હોવાથી 'પૃથ્વીકાયરૂપ જીવ' કહેવા યોગ્ય છે. અનુક્રમે તે કર્મ ભોગવી જીવ નિવૃત્ત થાય છે ત્યારે, ફક્ત પથ્થરનું દળ પરમાણુરૂપે રહે

છે, પણ જીવ તેના સંબંધથી ચાલ્યો જવાથી આહારાદિ સંજ્ઞા તેને હોતી નથી, અર્થાત્ કેવળ જડ એવો પથ્થર જીવ થાય છે એવું નથી. કર્મના વિષમપણાથી ચાર ઇંદ્રિયોનો પ્રસંગ અવ્યક્ત થઇ ફક્ત એક સ્પર્શેંદ્રિયપણે દેહનો પ્રસંગ જીવને જે કર્મથી થાય છે, તે કર્મ ભોગવતા તે પૃથ્વ્યાદિમાં જન્મે છે; પણ કેવળ પૃથ્વીરૂપ, કે પથ્થરરૂપ થઇ જતો નથી; જનાવર થતાં કેવળ જનાવર પણ થઇ જતો નથી. દેહ છે તે, જીવને વેષધારીપણું છે; સ્વરૂપપણું નથી.

૬ ઠ્ઠા પ્રશ્નનું પણ આમાં સમાધાન આવ્યું છે.

૭ મા પ્રશ્નનું પણ સમાધાન આવ્યું છે કે, કેવળ પથ્થર કે કેવળ પૃથ્વી કંઇ કર્મના કર્ત્તા નથી; તેમાં આવીને ઉપજેલો એવો જીવ કર્મનો કર્ત્તા છે, અને તે પણ દૂધ અને પાણીની પેઠે છે. જેમ તે બન્નેનો સંયોગ થતાં પણ દૂધ તે દૂધ છે, અને પાણી તે પાણી છે. તેમ એકેંદ્રિયાદિ કર્મબંધે જીવને પથ્થરપણું–જડપણું–જણાય છે, તોપણ તે જીવ અંતર્ તો જીવપણે જ છે. અને ત્યાં પણ તે આહાર ભયાદિ સંજ્ઞા–(જે અવ્યક્તજેવી છે તે) પૂર્વક છે.

૮. પ્ર૦–" આર્યધર્મ તે શું ? બધાની ઉત્પત્તિ વેદમાંથી જ છે શું ? "

ઉ૦–(૧) આર્યધર્મની વ્યાખ્યા કરવામાં સૌ પોતાના પક્ષને ' આર્યધર્મ ' કહેવા ઇચ્છે છે. જૈન જૈનને, બૌદ્ધ બૌદ્ધને, વેદાંતી વેદાંતને ' આર્યધર્મ ' કહે એમ સાધારણ છે, તથાપિ જ્ઞાનીપુરુષો તો જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ તેને ' આર્યધર્મ ' કહે છે; અને એમ જ યોગ્ય છે. (૨) બધાની ઉત્પત્તિ વેદમાંથી થવી સંભવતી નથી. વેદમાં જેટલું જ્ઞાન કહ્યું છે, તેથી સહસ્રગણા આશયવાળું જ્ઞાન શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે એમ, મારા અનુભવમાં આવે છે. અને તેથી હું એમ જાણું છું કે, અલ્પ વસ્તુમાંથી સંપૂર્ણ વસ્તુ થઇ શકે નહીં; એમ હોવાથી વેદમાંથી સર્વની ઉત્પત્તિ કહેવી ઘટતી નથી. વૈષ્ણવાદિ સંપ્રદાયોની ઉત્પત્તિ તેના આશ્રયથી માનતાં અડચણ નથી. જૈન, બૌદ્ધના છેલ્લા મહાવીરાદિ મહાત્માઓ થયા પહેલાં. વેદ હતા એમ જણાય છે; તેમ તે ઘણા પ્રાચીન ગ્રંથ છે એમ પણ જણાય છે. તથાપિ જે કંઇ પ્રાચીન હોય તે જ સંપૂર્ણ હોય, કે સત્ય હોય. એમ કહી શકાય નહીં; અને પાછળથી ઉત્પન્ન થાય તે અસંપૂર્ણ અને અસત્ય હોય એમ પણ કહી શકાય નહીં. બાકી વેદજેવો અભિપ્રાય અને જૈનજેવો અભિપ્રાય અનાદિથી ચાલ્યો આવે છે. સર્વ ભાવ અનાદિ છે; માત્ર રૂપાંતર થાય છે. કેવળ ઉત્પત્તિ, કે કેવળ નાશ થતો નથી. વેદ, જૈન અને બીજા સૌના અભિપ્રાય અનાદિ છે, એમ માનવામાં અડચણ નથી; ત્યાંપછી વિવાદ શાનો રહે ? તથાપિ એ સૌમાં વિશેષ બળવાન–સત્ય–અભિપ્રાય કોનો કહેવાયોગ્ય છે તે વિચારવું એ, અમને તમને સૌને યોગ્ય છે.

૯. પ્ર૦—" વેદ કોણે કર્યા ? તે અનાદિ છે ? જો અનાદિ હોય તો અનાદિ એટલે શું ? "

ઉ૦—(૧) ઘણા કાળ પહેલાં વેદ થયા સંભવે છે. (૨) પુસ્તકપણે કોઇ પણ શાસ્ત્ર અનાદિ નથી; તેમાં કહેલાં અર્થ પ્રમાણે તો સૌ શાસ્ત્ર અનાદિ છે, કેમકે તેવા તેવા અભિપ્રાય જૂદા જૂદા જીવો જૂદે જૂદે રૂપે કહેતા આવ્યા છે. એ એમ જ સ્થિતિ સંભવે છે. ક્રોધાદિ ભાવ પણ અનાદિ છે, અને ક્ષમાભાવ પણ અનાદિ છે. હિંસાદિ ધર્મ પણ અનાદિ છે, અને અહિંસાદિ ધર્મ પણ અનાદિ છે. માત્ર જીવને હિતકારી શું છે એટલું વિચારવું, કાર્યરૂપ છે. અનાદિ તો બેય છે. પછી ક્યારેક ઓછા પ્રમાણમાં અને ક્યારેક વિશેષ પ્રમાણમાં કોઇનું બળ હોય છે.

૧૦. પ્ર૦—" ગીતા કોણે બનાવી ? ઇશ્વરકૃત તો નથી ? જો તેમ હોય તો તેનો કાંઇ પુરાવો ?"

ઉ૦—(૧) ઉપર આવેલા ઉત્તરોથી કેટલુંક સમાધાન થઇ શકવાયોગ્ય છે કે, ઇશ્વરકૃતનો અર્થ જ્ઞાની–સંપૂર્ણજ્ઞાની–એવો કરવાથી તે ઇશ્વરકૃત થઈ શકે પણ નિત્ય અક્રિય એવા આકાશની

પેઠે વ્યાપક ઇશ્વરને સ્વિકાર્યે તેવાં પુસ્તકાદિની ઉત્પત્તિ થવી સંભવે નહીં, કેમકે તે તો સાધારણ કાર્ય છે, કે જેનું કર્ત્તાપણું આરંભપૂર્વક હોય છે; અનાદિ નથી હોતું. (૨) ગીતા વેદવ્યાસજીનું કરેલું પુસ્તક ગણાય છે, અને મહાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને તેવો બોધ કર્યો હતો, માટે મુખ્યપણે કર્ત્તા શ્રીકૃષ્ણ કહેવાય છે; જે વાત સંભવિત છે. ગ્રંથ શ્રેષ્ઠ છે. તેવો ભાવાર્થ અનાદિથી ચાલ્યો આવે છે, પણ તેજ શ્લોકો અનાદિથી ચાલ્યા આવે એમ, બનવા યોગ્ય નથી; તેમ અક્રિય ઇશ્વિ-રથી પણ તેની ઉત્પત્તિ હોય એમ બનવા યોગ્ય નથી. સક્રિય એટલે કોઇ દેહધારીથી તે ક્રિયા બનવા યોગ્ય છે. માટે સંપૂર્ણ જ્ઞાની તે ઇશ્વર છે, અને તેનાથી બોધાયલાં શાસ્ત્રો તે ઇશ્વિરીશાસ્ત્ર છે, એમ માનવામાં અડચણ નથી.

૧૧. પ્ર૦—"પશુઆદિના યજ્ઞથી જરાય પુણ્ય છે ખરૂં ?"

ઉ૦—પશુના વધથી, હોમથી, કે જરાય તેને દુઃખ આપવાથી પાપ જ છે;—તે પછી યજ્ઞમાં કરો, કે ગમે તો ઇશ્વિરના ધામમાં બેસીને કરો. પણ યજ્ઞમાં જે દાનાદિ ક્રિયા થાય છે તે, કંઇક પુણ્ય હેતુ છે, તથાપિ હિંસામિશ્રિત::હોવાથી તે પણ અનુમોદનયોગ્ય નથી.

૧૨. પ્ર૦—" જે ધર્મ ઉત્તમ છે એમ કહો તેનો પુરાવો માગી શકાય ખરો કે ?"

ઉ૦—પુરાવો માગવામાં ન આવે, અને ઉત્તમ છે એમ, વગર પુરાવે પ્રતિપાદન કરવામાં આવે તો તો અર્થ, અનર્થ, ધર્મ, અધર્મ સૌ ઉત્તમ જ ઠરે. પ્રમાણથી જ ઉત્તમ, અનુત્તમ જણાય છે. જે ધર્મ સંસાર પરિક્ષીણ કરવામાં સર્વથી ઉત્તમ હોય, અને નિજસ્વભાવમાં સ્થિતિ કરાવવાને બળવાન હોય, તે જ ઉત્તમ અને તે જ બળવાન છે,

૧૩. પ્ર૦—" ખ્રીસ્તિધર્મ વિષે આપ કંઈ જાણો છો ? જો જાણતા હો તો આપના વિચાર દર્શાવશો ? "

ઉ૦—ખ્રીસ્તિધર્મ વિષે સાધારણપણે હું જાણું છું: ભરતખંડના મહાત્માઓએ જેવો ધર્મ શોધ્યો છે—વિચાર્યો છે, તેવો ધર્મ બીજા દેશથી વિચારાયો નથી, એમ તો એક અલ્પ અભ્યાસે સમજી શકાય તેવું છે; જીવનું સર્વદા પરવશપણું કહ્યું છે: અને મોક્ષમાં પણ તે દશા તેવી જ રાખી છે; જીવના અનાદિ સ્વરૂપનું વિવેચન જેમાં યથાયોગ્ય નથી; કર્મસંબંધી વ્યવસ્થા અને તેની નિવૃત્તિ પણ યથાયોગ્ય કહી નથી, તે ધર્મવિષે મારો અભિપ્રાય, " સર્વોત્તમ તે ધર્મ છે " એમ થવાનો સંભવ નથી. ખ્રીસ્તિધર્મમાં મેં જે ઉપર કહ્યા તેવા પ્રકારોનું યથાયોગ્ય સમાધાન દેખાતું નથી. આ વાકય મતભેદવશે કહ્યું નથી. વધારે પૂછવાયોગ્ય લાગે તો પૂછશો. તો વિશેષ સમાધાન કરવાનું બની શકશે.

૧૪. પ્ર૦—" તેઓ એમ કહે છે: બાઇબલ ઇશ્વિરપ્રેરિત છે; ઇસુ તે ઇશ્વિરનો અવતાર; તેનો દીકરો છે. તે હતો ? "

ઉ૦—એ વાત તો શ્રદ્ધાથી માન્યાથી માની શકાય, પણ પ્રમાણથી સિદ્ધ નથી. જેમ ગીતા અને વેદના ઇશ્વિરપ્રેરિતપણા માટે મેં ઉપર લખ્યું છે, તેમ જ બાઇબલ સંબંધમાં પણ ગણવું. જે જન્મમરણથી મુક્ત થયા તે ઇશ્વિર, અવતાર લે તે બનવા યોગ્ય નથી, કેમકે રાગ દ્વેષાદિ પરિ-ણામ જ જન્મનો હેતુ છે; તે જેને નથી એવો ઇશ્વિર, અવતાર ધારણ કરે એ વાત વિચારતાં યથાર્થ લાગતી નથી. ઇશ્વિરનો દીકરો છે—તે હતો, તે વાત પણ કોઇ રૂપક તરીકે વિચારીએ તો વખતે બંધબેસે; નહીતો પ્રત્યક્ષ—પ્રમાણથી બાધ પામતી છે. મુક્ત એવા ઇશ્વિરનો દીકરો હોય તેમ શી રીતે કહેવાય ? અને કહીએ તો તેની ઉત્પત્તિ શી રીતે કહી શકીએ ? બન્નેને અનાદિ માનીએ તો પિતાપુત્રપણું શી રીતે બંધબેસે ? એ વગેરે વાત વિચારવાયોગ્ય છે;—જે વિચાર્યેથી મને એમ લાગે છે કે, તે વાત યથાયોગ્ય નહીં લાગે.

૧૫. પ્ર૦–"જુના કરારમાં જે ભવિષ્ય ભાખ્યું છે, તે બધું ઈસામાં ખરું પડયું છે ?"

ઉ૦–એમ હોય તોપણ તેથી તે બન્ને શાસ્ત્રવિષે વિચાર કરવો ઘટે છે. તેમ જ એવું ભવિષ્ય તે પણ ઈસુને ઈશ્વરાવતાર કહેવામાં બળવાન પ્રમાણ નથી, કેમકે જ્યોતિષાદિકથી પણ મહાત્માની ઉત્પત્તિ જણાવી સંભવે છે, અથવા ભલે કોઈ જ્ઞાનથી તેવી વાત જણાવી હોય, પણ તેવા ભવિષ્યવેત્તા સંપૂર્ણ એવા મોક્ષમાર્ગના જાણનાર હતા તે વાત, જ્યાંસુધી યથાસ્થિત પ્રમાણરૂપ ન થાય ત્યાંસુધી, તે ભવિષ્ય વગેરે એક શ્રદ્ધાગ્રાહ્ય પ્રમાણ છે, તેમ બીજાં પ્રમાણોથી તે હાનિ ન પામે એવું ધારણામાં નથી આવી શકતું.

૧૬. પ્ર૦–માં "ઈસુખ્રીસ્તના ચમત્કાર" વિષે લખ્યું છે ?"

ઉ૦–કેવળ, કાયામાંથી જીવ ચાલ્યો ગયો હોય, તે જ જીવ તે જ કાયામાં દાખલ કર્યો હોય, અથવા કોઈ બીજા જીવને તેમાં દાખલ કર્યો હોય, તો તે બની શકે એવું સંભવતું નથી; અને એમ થાયતો પછી કર્માદિની વ્યવસ્થા પણ નિષ્ફળ થાય. બાકી યોગાદિની સિદ્ધિથી કેટલાક ચમત્કાર ઉત્પન્ન થાય છે, અને તેવા કેટલાક ઈસુને હોય, તો તેમાં તદ્દન ખોટું છે, કે અસંભવિત છે એમ, કહેવાય નહીં, તેવી સિદ્ધિઓ આત્માના ઐશ્વર્ય આગળ અલ્પ છે, આત્માના ઐશ્વર્યનું તેથી અનંતગુણ મહત્વ સંભવે છે. આ વિષયમાં સમાગમે પૂછવાયોગ્ય છે.

૧૭. પ્ર૦—"આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડે ? અથવા અગાઉ શું હતા તેની ?"

ઉ૦–તેમ બની શકે. નિર્મળ જ્ઞાન જેનું થયું હોય તેને તેવું બનવું સંભવે છે. વાદળાં વગેરેનાં ચિન્હોપરથી વર્ષાદનું અનુમાન થાય છે, તેમ આ જીવની આ ભવની ચેષ્ટા ઉપરથી તેનાં પૂર્વકારણો કેવાં હોવાં જોઈએ, તે પણ સમજી શકાય;–થોડે અંશે વખતે સમજાય. તેમ જ તે ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે, તે પણ તેના સ્વરૂપપરથી જાણી શકાય; અને તેને વિશેષ વિચારતાં કેવો ભવ થવો સંભવે છે, તેમ જ કેવો ભવ હતો, તે પણ વિચારમાં સારી રીતે આવી શકવાયોગ્ય છે.

૧૮. પ્ર૦—"પડી શકે તો કોને ?" આનો ઉત્તર ઉપર આવી ગયો છે.

૧૯ પ્ર૦–મોક્ષ પામેલાનાં નામ આપ આપો છો તે શા આધાર ઉપર ?"

ઉ૦–મને, આ પ્રશ્ન ખાસ સંબોધીને પૂછો તો તેનાં ઉત્તરમાં એમ કહી શકાય કે, અત્યંત સંસારદશા પરિક્ષીણ જેની થઈ છે તેનાં વચનો આવાં હોય, આવી તેની ચેષ્ટા હોય એ આદિ અંશે પણ પોતાના આત્મામાં અનુભવ થાય છે, અને તેને આશ્રયે તેના મોક્ષપરત્વે કહેવાય; અને ઘણુંકરી તે યથાર્થ હોય એમ માનવાનાં પ્રમાણો પણ શાસ્ત્રાદિથી જાણી શકાય.

૨૦ પ્ર૦–"બુદ્ધદેવ પણ મોક્ષ નથી પામ્યા એ શા ઉપરથી આપ કહો છો ?"

ઉ૦–તેના શાસ્ત્રસિદ્ધાંતોના આશ્રયે. જે પ્રમાણે તેમનાં શાસ્ત્રસિદ્ધાંતો છે, તે જ પ્રમાણે જો તેમનો અભિપ્રાય હોય, તો તે અભિપ્રાય પૂર્વાપર વિરુદ્ધ પણ દેખાય છે;–અને તે લક્ષણ સંપૂર્ણ જ્ઞાનનું નથી. સંપૂર્ણ જ્ઞાન જ્યાં ન હોય, ત્યાં સંપૂર્ણ રાગદ્વેષ નાશ પામવા સંભવિત નથી. જ્યાં તેમ હોય ત્યાં, સંસારનો સંભવ છે; એટલે કેવળ મોક્ષ તેને હોય એમ કહેવું બની શકે એવું નથી; અને તેમનાં કહેલાં શાસ્ત્રોમાં જે અભિપ્રાય છે, તે શિવાય બીજો તેમનો અભિપ્રાય હતો, તે બીજી રીતે જાણવું અમને તમને કઠણ પડે તેવું છે, અને તેમ છતાં કહીએ કે, બુદ્ધદેવનો અભિપ્રાય બીજો હતો તે, કારણપૂર્વક કહેવાથી પ્રમાણભૂત ન થાય એમ કંઈ નથી.

૨૧. પ્ર૦–"દુનિયાની છેવટ શી સ્થિતિ થશે ?"

ઉ૦–કેવળ મોક્ષરૂપે સર્વ જીવોની સ્થિતિ થાય, કે કેવળ આ દુનિયાનો નાશ થાય તેવું બનવું મને પ્રમાણરૂપ લાગતું નથી. આવાને આવા પ્રવાહમાં તેની સ્થિતિ સંભવે છે. કોઈ ભાવ, રૂપાંતર

પામી ક્ષીણ થાય, તો કોઇ વર્દ્ધમાન થાય; તે એક ક્ષેત્રે વધે, તો બીજે ક્ષેત્રે ઘટે; એ આદિ આ સૃષ્ટિની સ્થિતિ છે. તે પરથી અને ઘણા જ ઉંડા વિચારમાં ગયા પછી એમ જણાવું સંભવિત લાગે છે કે, કેવળ આ સૃષ્ટિ નાશ થાય, કે પ્રલયરૂપ થાય એ ન બનવાયોગ્ય છે. સૃષ્ટિ એટલે એક આજ પૃથ્વી એવો અર્થ નથી.

૨૨. પ્ર૦–"આ અનીતિમાંથી સુનીતિ થશે ખરી?"

ઉ૦–આ પ્રશ્નનો ઉત્તર સાંભળી જે જીવ અનીતિ ઇચ્છે તેને, તે (ઉત્તર) ઉપયોગી થાય એમ થવાં દેવું યોગ્ય નથી. સર્વ ભાવ અનાદિ છે: નીતિ–અનીતિ. તથાપિ તમે અમે અનીતિ ત્યાગી નીતિ સ્વીકારીએ, તો તે સ્વીકારી શકાય એવું છે, અને એ જ આત્માને કર્તવ્ય છે. સર્વ જીવઆશ્રી અનીતિ મટી નીતિ સ્થપાય એવું વચન કહી શકાતું નથી, કેમકે એકાંતે તેવી સ્થિતિ થઈ શકવાયોગ્ય નથી.

૨૩. પ્ર૦–"દુનિયાનો પ્રલય છે?"

ઉ૦–પ્રલય એટલે જો 'કેવળ નાશ' એવો અર્થ કરવામાં આવે, તો તે વાત ઘટતી નથી. કેમકે સર્વ પદાર્થનો કેવળ નાશ થઇ જવો સંભવતો જ નથી. પ્રલય એટલે સર્વ પદાર્થનું ઇશ્વરાદિને વિષે લીનપણું, તો કોઇ અભિપ્રાયમાં તે વાતનો સ્વીકાર છે; પણ મને તે સંભવિત લાગતું નથી, કેમકે સર્વ પદાર્થ–સર્વ જીવ એવાં સમપરિણામ શી રીતે પામે કે એવો યોગ બને? અને જો તેવાં સમપરિણામનો પ્રસંગ આવે તો પછી ફરી વિષમપણું થવું બને નહીં. અવ્યક્તપણે જીવમાં વિષમપણું અને વ્યક્તપણું સમપણું એ રીતે પ્રલય સ્વીકારિએ તોપણ દેહાદિ સંબંધ વિના વિષમપણું શા આશ્રયે રહે? વેદાદિ સંબંધ માનીએ, તો સર્વને એકેંદ્રિયપણું માનવાનો પ્રસંગ આવે,–અને તેમ માનતાં તો વિનાકારણે બીજી ગતિઓનો અસ્વીકાર કર્યો ગણાય. અર્થાત્ ઉંચી ગતિના જીવને તેવા પરિણામનો પ્રસંગ મટવા આવ્યો હોય તે પ્રાપ્ત થવાનો પ્રસંગ આવે એ આદિ ઘણા વિચાર ઉદ્‌ભવે છે. સર્વ જીવઆશ્રયી પ્રલય સંભવતો નથી.

૨૪. પ્ર૦–"અભણને ભક્તિથીજ મોક્ષ મળે ખરો કે?"

ઉ૦–ભક્તિ જ્ઞાનનો હેતુ છે જ્ઞાન મોક્ષનો હેતુ છે. અક્ષરજ્ઞાન ન હોય તેને, અભણ કહ્યો હોય, તો તેને ભક્તિ પ્રાપ્ત થવી અસંભવિત છે એવું કંઇ છે નહીં. જીવમાત્ર જ્ઞાનસ્વભાવિ છે. ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે. નિર્મળજ્ઞાન મોક્ષનો હેતુ થાય છે. સંપૂર્ણ જ્ઞાનની આવૃત્તિ થયા વિના સર્વથા મોક્ષ હોય એમ મને લાગતું નથી; અને જ્યાં સંપૂર્ણ જ્ઞાન હોય ત્યાં સર્વ ભાષા (લિપિ) જ્ઞાન સમાય એમ કહેવાની પણ જરૂર નથી. ભાષાજ્ઞાન મોક્ષનો હેતુ છે. તે જેને ન હોય તેને આત્મજ્ઞાન ન થાય એવો કંઇ નિયમ સંભવતો નથી.

૨૫. પ્ર૦–"કૃષ્ણાવતાર ને રામાવતાર એ ખરી વાત છે? એમ હોય તો તે શું? એ સાક્ષાત્ ઇશ્વર હતા, કે તેના અંશ હતા? તેમને માનીને મોક્ષ ખરો?"

ઉ૦–(૧)બન્ને મહાત્મા પુરુષ હતા એવો તો મને પણ નિશ્ચય છે. આત્મા હોવાથી તેઓ ઇશ્વર હતા; સર્વ આવરણ તેમને મટયાં હોય, તો તેનો મોક્ષ પણ સર્વથા માનવામાં વિવાદ નથી. ઇશ્વરનો અંશ કોઈ જીવ છે એમ મને લાગતું નથી, કેમકે તેને વિરોધ આપતાં એવાં હજારો પ્રમાણ દૃષ્ટિમાં આવે છે. ઇશ્વરનો અંશ જીવને માનવાથી બંધ, મોક્ષ બધાં વ્યર્થ થાય, કેમકે ઇશ્વર જ અજ્ઞાનાદિનો કર્ત્તા થયો; એમ અજ્ઞાનાદિનો જે કર્ત્તા થાય તે પછી, સહેજે ઇશ્વર હોય તોય, ઇશ્વરપણું ખોઇ બેસે; અર્થાત્ ઉલટું જીવના સ્વામી થવા જતાં ઇશ્વરને નુકશાન ખમવાનો પ્રસંગ આવે તેવું છે. તેમ જીવને ઇશ્વરનો અંશ માન્યા પછી પુરુષાર્થ કરવો યોગ્ય શી રીતે લાગે? કેમકે તે રીતે તો કંઈ કર્ત્તાહર્ત્તા ઠરી શકે નહીં; એ આદિ વિરોધથી ઇશ્વરના અંશ તરીકે કોઈ જીવને સ્વીકારવાની પણ મારી બુદ્ધિ થતી નથી; તો પછી શ્રીકૃષ્ણ કે રામ જેવા મહાત્માને તેવા યોગમાં ગણવાની બુદ્ધિ

કેમ થાય ? તે બન્ને ' અવ્યક્ત-ઇશ્વર ' હતા, એમ માનવામાં અડચણ નથી; તથાપિ તેમને વિષે સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટયું હતું કે કેમ ? તે વાત વિચારવાયોગ્ય છે. (૨) ' તેમને માનીને મોક્ષ ખરો કે ?' એનો ઉત્તર સહજ છે. જીવને સર્વ રાગ, દ્વેષ, અજ્ઞાનનો અભાવ અર્થાત્ તેથી છૂટવું તે મોક્ષ છે. તે જેના ઉપદેશે થઇ શકે તેને માન્યે, અને તેવું પરમાર્થસ્વરૂપ વિચારી સ્વાત્માને વિષે પણ તેવી જ નિષ્ઠા થઇ, તે જ મહાત્માના આત્માને આકારે (સ્વરૂપે) પ્રતિષ્ઠાન થાય ત્યારે, મોક્ષ થવો સંભવે છે. બાકી બીજી ઉપાસના કેવળ મોક્ષનો હેતુ નથી. તેના સાધનનો હેતુ થાય છે. તે પણ નિશ્ચય થાય જ એમ કહેવા યોગ્ય નથી.

૨૬. પ્ર૦—" બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ્વર તે કોણ ? "

ઉ૦—સૃષ્ટિના હેતુરૂપ ત્રણ ગુણ ગણી તે આશ્રયે રૂપ આપ્યું હોય, તો તે વાત બંધબેસી શકે છે, તથા તેવાં બીજાં કારણોથી તે બ્રહ્માદિનું સ્વરૂપ સમજાય છે; પણ પુરાણમાં જે પ્રકારે તેમનું સ્વરૂપ કહ્યું છે, તે પ્રકારે સ્વરૂપ છે, એમ માનવા વિષેમાં મારૂં વિશેષ વલણ નથી, કેમકે તેમાં કેટલાંક ઉપદેશાર્થે રૂપક કહ્યાં હોય એમ પણ લાગે છે; તથાપિ આપણે પણ તેનો ઉપદેશ તરીકે લાભ લેવો, અને બ્રહ્માદિના સ્વરૂપનો સિદ્ધાંત કરવાની જંજાળમાં ન પડવું; એ મને વિશેષ ઠીક લાગે છે.

૨૭. પ્ર૦—" મને સર્પ કરડવા આવે ત્યારે તેને મારે કરડવા દેવો કે મારી નાંખવો ? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ. "

ઉ૦—સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે, તથાપિ તમે જો ' દેહ અનિત્ય છે ' એમ જાણ્યું હોય, તો પછી અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને તેમાં પ્રીતિ રહી છે એવા સર્પને, તમારે મારવો કેમ યોગ્ય હોય ? જેણે આત્મહિત ઇચ્છવું હોય તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે. આત્મહિત ઇચ્છવું ન હોય તેણે કેમ કરવું ?' તો તેનો ઉત્તર એ જ અપાય કે, તેણે નરકાદિને પરિભ્રમણ કરવું; અર્થાત્ સર્પને મારવો એવો ઉપદેશ કયાંથી કરી શકીએ ? અનાર્યવૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય તે તો અમને તમને સ્વપ્ન પણ ન હો એ જ ઇચ્છવાયોગ્ય છે.

હવે સંક્ષેપમાં આ ઉત્તરો લખી પત્ર પૂરૂં કરૂં છું. 'ષટ્દર્શનસમુચ્ચય' વિશેષ સમજવાનું યત્ન કરશો. આ પ્રશ્નોના ઉત્તરમાં મારા લખાણના સંકોચથી તમને સમજવું વિશેષ મુંઝવણ વાળું થાય તેવું કયાંય પણ હોય તોપણ તે વિશેષતાથી વિચારશો, અને કંઇ પણ પત્રદ્વારાએ પૂછવા જેવું લાગે તે, પૂછશો; તો ઘણુંકરી તેનો ઉત્તર લખીશ. વિશેષ સમાગમે સમાધાન થાય એ વધારે યોગ્ય લાગે છે. એ જ વિનંતિ.

લ૦ આત્મસ્વરૂપને વિષે નિત્ય નિષ્ઠાના હેતુભૂત એવા વિચારની ચિંતામાં રહેનાર

સંવત ૧૯૫૦ ના આશો વદ ૬, શનિ, મુંબઈ. **રાયચંદ્રના પ્રણામ.**

૩૪૮.

શ્રી સત્ પુરુષને નમસ્કાર.

શ્રી મોહમયી ભૂમિથી જીવન્મુક્તદશાઇચ્છક શ્રી ૦ ૦ ૯ ૦ ના આત્મસ્મૃતિપૂર્વક યથાયોગ્ય પ્રાપ્ત થાય. વિશેષ વિનંતિ કે. તમારાં લખેલાં ત્રણ પત્રો થોડા થોડા દિવસને અંતરે પહોંચ્યાં છે.

આ જીવ અત્યંત માયાના આવરણે દિશામૂઢ થયો છે, અને તે યોગે કરી તેની પરમાર્થ-દૃષ્ટિ ઉદય પ્રકાશતી નથી; અપરમાર્થને વિષે પરમાર્થનો દૃઢાગ્રહ થયો છે; અને તેથી બોધ પ્રાપ્ત

થવાના યોગે પણ તેમાં બોધ પ્રવેશ થાય એવો ભાવ સ્ફુરતો નથી; એ આદિ જીવની વિષમદશા કહી, પ્રભુપ્રત્યે દીનત્વ કહ્યું છે કે, ' હે નાથ ! હવે મારી કોઇ ગતિ (માર્ગ) મને દેખાતી નથી, કેમકે સર્વસ્વ લુંટાયા જેવો યોગ મેં કર્યો છે; અને સહજ ઐશ્વર્ય છતાં પ્રયત્ન કર્યે છતે તે ઐશ્વર્યથી વિપરીત એવા જ માર્ગ મેં આચર્યાં છે; તે તે યોગથી મારી નિવૃત્તિ કર, અને તે નિવૃત્તિનો સર્વોત્તમ સદુપાય એવો જે સદ્ગુરુ પ્રત્યેનો શરણભાવ તે ઉત્પન્ન થાય એવી કૃપા કર' એવા ભાવના વીશ દોહરા, કે જેમાં પ્રથમ વાક્ય " હે હરિ ! હે હરિ શું કહું, દીનાનાથ દયાળ. "[1]છે, તે દોહરા તમને સ્મરણમાં હશે, તે દોહરાની વિશેષ અનુપ્રેક્ષા થાય તેમ કરશો, તો વિશેષ ગુણવૃત્તિનો હેતુ છે.

બીજા આઠ ત્રોટક છંદ તે સાથે અનુપ્રેક્ષા કરવાયોગ્ય છે, કે જેમાં આ જીવને શું આચરવું બાકી છે, અને જે જે પરમાર્થને નામે આચરણ કર્યાં તે અત્યારસુધી વૃથા થયાં, ને તે આચરણને વિષે મિથ્યાગ્રહ છે તે, નિવૃત્ત કરવાનો બોધ કહ્યો છે, તે પણ અનુપ્રેક્ષા કરતાં જીવને પુરુષાર્થવિશેષનો હેતુ છે.

'યોગવાસિષ્ઠ'ની વાંચના પૂરી થઇ હોય, તો થોડો વખત તેનો અવકાશ રાખી એટલે હમણાં ફરી વાંચવાનું બંધ રાખી, 'ઉત્તરાધ્યયન સૂત્ર' વિચારશો, પણ તે કુળ-સંપ્રદાયના આગ્રહાર્થ નિવૃત્ત કરવાને વિચારશો, કેમકે જીવને કુળયોગે સંપ્રદાય પ્રાપ્ત થયો હોય છે તે, પરમાર્થરૂપ છે કે કેમ ? એમ વિચારતાં દૃષ્ટિ ચાલતી નથી; અને સહેજે તે જ પરમાર્થ માની રાખી, જીવ પરમાર્થથી ચૂકે છે. માટે મુમુક્ષુ જીવને તો એમ જ કર્ત્તવ્ય છે કે, જીવને સદ્ગુરુયોગે કલ્યાણની પ્રાપ્તિ અલ્પકાળમાં થાય તેનાં સાધન, વૈરાગ્ય અને ઉપશમ અર્થે 'યોગવાસિષ્ઠ' 'ઉત્તરાધ્યયનાદિ' વિચારવાયોગ્ય છે; તેમ જ પ્રત્યક્ષ-પુરુષનાં વચનોનું પૂર્વાપર અવિરોધપણું જાણવાને અર્થે વિચારવાયોગ્ય છે.

સં૦ ૧૯૫૧, કારતક શુદ ૩, બુધે, આ૦ સ્વ૦ પ્રણામ.

૩૪૯.

શ્રી સત્પુરુષોને નમસ્કાર.

મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન શિવાય બીજો કોઇ ભય હોય નહીં. એક અજ્ઞાનની નિવૃત્તિ ઇચ્છવી એ રૂપ જે ઇચ્છા તે શિવાય વિચારવાન જીવને બીજી ઇચ્છા હોય નહી; અને પૂર્વ કર્મના બળે તેવો કોઈ ઉદય હોય તોપણ વિચારવાનના ચિત્તમાં સંસાર કારાગૃહ છે, સમસ્ત લોક દુઃખે કરી આર્ત્ત છે, ભયાકુળ છે, રાગદ્વેષના પ્રાપ્ત-ફળથી બળતો છે એવો વિચાર નિશ્ચયરૂપ જ વર્ત્તે છે. અને ' જ્ઞાનપ્રાપ્તિનો કંઇ અંતરાય છે માટે તે કારાગૃહરૂપ સંસાર મને ભયનો હેતુ છે, અને લોકનો પ્રસંગ કરવાયોગ્ય નથી, ' એ જ એક ભય વિચારવાનને ઘટે છે, મહાત્મા શ્રી તીર્થંકરે ' નિર્ગ્રંથ ' ને પ્રાપ્ત-પરિષહ સહન કરવાની ફરી ફરી ભલામણ આપી છે. તે પરિષહનું સ્વરૂપ પ્રતિપાદન કરતાં ' અજ્ઞાનપરિષહ, ' અને ' દર્શનપરિષહ' એવા બે પરિષહ પ્રતિપાદન કર્યા છે; કે કોઇ ઉદયયોગનું બળવાનપણું હોય અને સત્સંગ-સત્પુરુષનો યોગ થયા છતાં જીવને અજ્ઞાનનાં કારણો ટાળવામાં હિમ્મત ન ચાલી શકતી હોય, મુંઝવણ આવી જતી હોય, તોપણ ધીરજ રાખવી, સત્સંગ સત્પુરુષનો યોગ વિશેષ કરી આરાધવો; તો અનુક્રમે અજ્ઞાનની નિવૃત્તિ થશે; કેમકે નિશ્ચય જે ઉપાય છે; અને જીવને નિવૃત્ત થવાની બુદ્ધિ છે, તો પછી તે અજ્ઞાન નિરાધાર થયું છતું શી રીતે રહી શકે ? એક માત્ર પૂર્વકર્મયોગ શિવાય ત્યાં કોઈ તેને આધાર નથી. તે તો જે જીવને સત્સંગ-સત્પુરુષનો યોગ થયો છે, અને પૂર્વકર્મનિવૃત્તિપ્રત્યે પ્રયોજન છે તેને, ક્રમે ટળવા જ યોગ્ય છે એમ વિચારી, તે અજ્ઞાનથી થતું આકુળવ્યાકુળપણું તે

---

1. કોઈ સ્થળે " હે પ્રભુ ! હે પ્રભુ ! " એમ પણ લખાયલ દૃષ્ટિગોચર થાય છે.—સંશોધક.

મુમુક્ષુ જીવે ધીરજથી સહન કરવું. એ પ્રમાણે પરમાર્થે કહીને પરિષહ કહ્યો છે. અત્રે અમે સંક્ષેપમાં તે બેય પરિષહનું સ્વરૂપ લખ્યું છે. આ પરિષહનું સ્વરૂપ જાણી, સત્સંગ સત્પુરુષના યોગે જે અજ્ઞાનથી મુંઝવણુ થાય છે, તે નિવૃત્ત થશે એવો નિશ્ચય રાખી, યથાઉદય જાણી, ધીરજ રાખવાનું ભગવાન્ તીર્થંકરે કહ્યું છે; પણ તે ધીરજ એવા અર્થમાં કહી નથી, કે સત્સંગ–સત્પુરુષના યોગે પ્રમાદ હેતુએ વિલંબ કરવો તે ધીરજ છે, અને ઉદય છે તે વાત પણ વિચારવાન જીવે સ્મૃતિમાં રાખવાયોગ્ય છે.

શ્રી તીર્થંકરાદિએ ફરી ફરી જીવોને ઉપદેશ કર્યો છે, પણ જીવ દિશામૂઢ રહેવા ઇચ્છે છે ત્યાં, ઉપાય પ્રવર્તી શકે નહીં. ફરી ફરી ઠોકી ઠોકીને કહ્યું છે કે, એક આ જીવ સમજે તો સહજ મોક્ષ છે, નહીં તો અનંત ઉપાયે પણ નથી;–અને તે સમજવું પણ કંઇ વિકટ નથી, કેમકે જીવનું સહજ જે સ્વરૂપ છે, તે જ માત્ર સમજવું છે; અને તે કોઇ બીજાના સ્વરૂપની વાત નથી; કે વખતે ગોપવે, કે ન જણાવે તેથી સમજવી ન બને. પોતાથી પોતે ગુપ્ત રહેવાનું શી રીતે બનવાયોગ્ય છે? પણ સ્વપ્નદશામાં જેમ, ન બનવાયોગ્ય એવું, પોતાનું મૃત્યુ પણ જીવ જુએ છે તેમ અજ્ઞાનદશારૂપ સ્વપ્નરૂપયોગે આ જીવ પોતાને, પોતાનાં નહીં એવાં બીજાં દ્રવ્યને વિષે, સ્વપણે માને છે; અને એ જ માન્યતા તે સંસાર છે; તે જ અજ્ઞાન છે. નરકાદિગતિનો હેતુ તે જ છે; તે જ જન્મ છે, મરણ છે, અને તે જ દેહના વિકાર છે; તે જ પુત્ર, તે જ પિતા, તે જ શત્રુ તે જ મિત્રાદિ ભાવ કલ્પનાના હેતુ છે; અને તેની નિવૃત્તિ થઇ ત્યાં સહજ મોક્ષ છે, અને એ જ નિવૃત્તિને અર્થે સત્સંગ—સત્પુરુષાદિ સાધન કહ્યાં છે; અને તે સાધન પણ જીવ જો પોતાના પુરુષાર્થને તેમાં ગોપવ્યા સિવાય પ્રવર્તાવે તો જ સિદ્ધ છે. વધારે શું કહીએ? આટલો જ સંક્ષેપ જીવમાં પરિણામ પામે, તો તે સર્વ વ્રત, યમ, નિયમ, જપ, યાત્રા, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ કરી છૂટયો, એમાં કંઇ સંશય નથી. એ જ વિનંતિ.

મુંબઇ, કારતક શુદ ૭, ૧૯૫૧. **આ૦ સ્વ૦ પ્રણામ.**

૩૫૦.

બે પ્રકારની દશા મુમુક્ષુ જીવને વર્તે છે. એક ' વિચારદશા' અને બીજી ' **સ્થિતપ્રજ્ઞદશા.**' સ્થિતપ્રજ્ઞદશા વિચારદશા લગભગ પૂરી થયે અથવા સંપૂર્ણ થયે પ્રગટે છે. તે સ્થિતપ્રજ્ઞદશાની પ્રાપ્તિ આ કાળમાં કઠણ છે, કેમકે આત્મપરિણામને વ્યાઘાતરૂપ યોગ, આ કાળમાં પ્રધાનપણે વર્તે છે; અને તેથી વિચારદશાનો યોગ પણ સદ્ગુરુ–સત્સંગના અંતરાયથી પ્રાપ્ત થતો નથી. તેવા કાળમાં......... ....વિચારદશાને ઇચ્છે એ, વિચારદશા પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ છે, અને તેવા જીવને ભય, ચિંતા, પરાભવાદિ ભાવમાં નિજબુદ્ધિ કરવી ઘટે નહીં; તોપણ ધીરજથી તેમને સમાધાન થવા દેવું; અને નિર્ભય ચિત્ત રખાવવું ઘટે છે.

સં૦ ૧૯૫૧ ના કારતક શુદ ૧૪, શનિ, મુંબઇ.

૩૫૧.

સર્વ જીવ આત્માપણે સમસ્વભાવિ છે. બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજનેવિષે નિજબુદ્ધિ થાય, તો પરિભ્રમણદશા ટળે છે. જેના ચિત્તમાં એવો માર્ગ વિચારવો અવશ્યનો છે તેણે, તે જ્ઞાન જેના આત્મામાં પ્રકાશ પામ્યું છે તેની, દાસાનુદાસપણે અનન્યભક્તિ કરવી એ પરમ શ્રેય છે. અને તે દાસાનુદાસ ભક્તિમાનની ભક્તિ પ્રાપ્ત થયે જેમાં કંઈ વિષમતા આવતી નથી, તે જ્ઞાનીને ધન્ય છે. તેટલી સર્વાંશદશા જ્યાંસુધી પ્રગટી ન હોય ત્યાંસુધી, આત્માને કોઈ ગુરુપણે આરાધે ત્યાં, પ્રથમ તે ગુરુપણું છોડી તે શિષ્ય વિષે પોતાનું દાસાનુદાસપણું કરવું ઘટે છે.

કારતક શુદ ૧૪, સોમે, ૧૯૫૧.

વર્ષ ૨૮ મું.

૩૫૨.

ૐ.

આ જગતને વિષે જેને વિષે વિચારશક્તિ વાચાસહિત વર્તે છે, એવા મનુષ્યતાથી કલ્યાણનો વિચાર કરવાને સર્વથી અધિક યોગ્ય છે; તથાપિ પ્રાયે જીવને અનંતવાર મનુષ્યપણું મળ્યા છતાં તે કલ્યાણસિદ્ધ થયું નથી, જેથી વર્તમાનસુધી જન્મ-મરણનો માર્ગ આરાધવો પડ્યો છે; અનાદિ એવા આ લોકને વિષે જીવની અનંત કોટિ સંખ્યા છે; સમયે સમયે અનંત પ્રકારની જન્મ-મરણાદિ સ્થિતિ તે જીવોને વિષે વર્ત્યા કરે છે; એવો અનંતકાળ પૂર્વે વ્યતીત થયો છે. અનંત કોટિ જીવના પ્રમાણમાં આત્મકલ્યાણ જેણે આરાધ્યું છે, કે પ્રાપ્ત થયું છે એવા જીવ અત્યંત થોડા થયા છે, વર્તમાને તેમ છે, અને હવે પછીના કાળમાં પણ તેવી જ સ્થિતિ સંભવે છે;-તેમ જ છે. અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ જીવને ત્રણે કાળને વિષે અત્યંત દુર્લભ છે, એવો જે શ્રી તીર્થંકરદેવાદિ જ્ઞાનીનો ઉપદેશ તે સત્ય છે. એવી, જીવ સમુદાયની જે ભ્રાંતિ તે, અનાદિ સંયોગે છે, એમ ઘટે છે; એમ જ છે; તે ભ્રાંતિ જે કારણથી વર્તે છે, તે કારણના મુખ્ય બે પ્રકાર જણાય છે: એક ' પારમાર્થિક ' અને એક ' વ્યાવહારિક;' અને તે બે પ્રકારનો એકત્ર અભિપ્રાય જે છે તે એ છે કે આ જીવને ખરી મુમુક્ષુતા આવી નથી; એક અક્ષર સત્ય પણ તે જીવમાં પરિણામ પામ્યું નથી; સત્પુરુષના દર્શનપ્રત્યે જીવને રુચિ થઇ નથી તેવા તેવા જોગે સમર્થ અંતરાયથી જીવને તે પ્રતિબંધ રહ્યો છે; અને તેનું સૌથી મોટું કારણ અસત્સંગની વાસનાએ જન્મ પામ્યું એવું નિજેચ્છાપણું, અને અસદ્દર્શનને વિષે સતદ્દર્શનરૂપ ભ્રાંતિ, તે છે. " આત્મા નામનો કોઈ પદાર્થ નથી, " એવો એક અભિપ્રાય ધરાવે છે; " આત્મા નામનો પદાર્થ સંયોગિકછે " એવો અભિપ્રાય કોઇ બીજા દર્શનનો સમુદાય સ્વીકારે છે; " આત્મા દેહસ્થિતિ રૂપ છે, દેહની સ્થિતિ પછી નથી " એવો અભિપ્રાય કોઈ બીજા દર્શનનો છે.

"આત્મા અણુ છે," "આત્મા સર્વવ્યાપક છે," "આત્મા શૂન્ય છે," "આત્મા સાકાર છે," "આત્મા પ્રકાશરૂપ છે," "આત્મા સ્વતંત્ર નથી," "આત્મા કર્તા નથી," "આત્મા કર્તા છે, ભોક્તા નથી," "આત્મા કર્તા નથી, ભોક્તા છે," "આત્મા કર્તા નથી, ભોક્તા નથી," "આત્મા જડ છે," "આત્મા કૃત્રિમ છે," એ આદિ અનંત નય જેના થઇ શકે છે એવા અભિપ્રાયની ભ્રાંતિનું કારણ એવું અસદ્દર્શન, તે આરાધવાથી પૂર્વે આ જીવે પોતાનું સ્વરૂપ તે જેમ છે તેમ જાણ્યું નથી; તે તે-ઉપર જણાવ્યાં એકાંત-અયથાર્થપદે જાણી આત્માને વિષે અથવા આત્માને નામે ઇશ્વરાદિ વિષે પૂર્વે જીવે આગ્રહ કર્યો છે; એવું જે અસત્સંગ, નિજેચ્છાપણું, અને મિથ્યાદર્શનનું પરિણામ તે જ્યાંસુધી, મટે નહીં ત્યાંસુધી આ જીવ કલેશરહિત એવો શુદ્ધ અસંખ્ય પ્રદેશાત્મક મુક્ત થવો ઘટતો નથી; અને તે અસત્સંગાદિ ટાળવાને અર્થે સત્સંગ, જ્ઞાનીની આજ્ઞાનું અત્યંત અંગીકૃતપણું, અને પરમાર્થસ્વરૂપ એવું જે આત્માપણું તે, જાણવાયોગ્ય છે. પૂર્વે થયા એવા જે તીર્થંકરાદિ જ્ઞાનીપુરુષો તેમણે ઉપર કહી એવી જે ભ્રાંતિ તેનો અત્યંત વિચાર કરી,-અત્યંત એકાગ્રપણે, તન્મયપણે જીવસ્વરૂપને વિચારી-જીવસ્વરૂપે શુદ્ધ-સ્થિતિ કરી છે. તે આત્મા-અને બીજા સર્વ પદાર્થો, તે શ્રી તીર્થંકરાદિએ સર્વ પ્રકારની ભ્રાંતિરહિતપણે જાણવાને અર્થે અત્યંત દુષ્કર એવો પુરુષાર્થ આરાધ્યો છે. આત્માને એક પણ અણુના આહાર-પરિણામથી અનન્ય ભિન્ન કરી આ દેહને વિષે સ્પષ્ટ એવો 'અણાહારી આત્મા' સ્વરૂપથી જીવનાર એવો જોયો છે; તે જોનાર એવા જે તીર્થંકરાદિ જ્ઞાની પોતે જ શુદ્ધાત્મા છે, તો ત્યાં ભિન્નપણે જોવાનું કહેવું જો કે ઘટતું નથી, તથાપિ વાણીધર્મે એમ કહ્યું છે. એવો જે અનંત પ્રકારે વિચારીને પણ જાણવા યોગ્ય 'ચૈતન્યઘન જીવ' તે બે પ્રકારે તીર્થંકરે કહ્યો છે, કે જે સત્પુરુષથી જાણી, વિચારી, સત્કારીને જીવ, પોતે તે સ્વરૂપને વિષે સ્થિતિ કરે. પદાર્થ માત્ર તીર્થંકરાદિ જ્ઞાનીએ 'વક્તવ્ય' અને અવક્તવ્ય એવા બે વ્યવહારધર્મવાળા માન્યા છે. અવક્તવ્યપણે જે છે તે, અહીં 'અવક્તવ્ય' છે; વક્તવ્યપણે જે જીવધર્મ છે તે સર્વ પ્રકારે તીર્થંકરાદિ કહેવા સમર્થ છે; અને તે માત્ર જીવના વિશુદ્ધ પરિણામે અથવા સત્પુરુષે કરી જણાય એવો જીવધર્મ છે, અને તે જ ધર્મ તે લક્ષણે કરી અમુક મુખ્ય પ્રકારે કરી તે દોહાને વિષે કહ્યો છે. અત્યંત પરમાર્થના અભ્યાસે તે વ્યાખ્યા અત્યંત સ્ફુટ સમજાય છે; અને તે સમજાયે આત્માપણું પણ અત્યંત પ્રગટે છે, તથાપિ યથાવકાશ તેનો અર્થ લખ્યો છે.

"જેનું મધ્ય નહીં, અર્ધ નહીં, અચ્છેદ્ય અભેદ્ય એ આદિ પરમાણુની સંખ્યા શ્રી જિને કહી છે, ત્યારે તેને અનંત પર્યાય શી રીતે ઘટે? અથવા પર્યાય તે એક પરમાણુનું બીજું નામ હશે કે શી રીતે?"એ પ્રશ્નનું પત્ર પહોંચ્યું હતું. તેનું સમાધાનઃ-પ્રત્યેક પદાર્થને અનંત પર્યાય(અવસ્થા) છે; અનંત પર્યાયવિનાનો કોઇ પદાર્થ હોઇ શકે નહીં; એવો શ્રી જિનનો અભિમત છે, અને તે યથાર્થ લાગે છે; કેમકે પ્રત્યેક પદાર્થ સમયે સમયે અવસ્થાંતરતા પામતા હોવા જોઇએ એવું પ્રત્યક્ષ દેખાય છે. ક્ષણે ક્ષણે જેમ આત્માને વિષે સંકલ્પવિકલ્પ-પરિણતિ થઈ અવસ્થાંતર થયા કરેછે તેમ પરમાણુને વિષે વર્ણ, ગંધ, રૂપ અવસ્થાંતરપણું ભજે છે; તેવું અવસ્થાંતરપણું ભજવાથી તે પરમાણુના અનંત ભાગ થયા કહેવા યોગ્ય નથી, કેમકે તે પરમાણુ પોતાનું એકપ્રદેશક્ષેત્ર-અવગાહીપણું ત્યાગ્યા શિવાય તે અવસ્થાંતર પામે છે. એક પ્રદેશક્ષેત્ર-અવગાહીપણાના તે અનંત ભાગ થઈ શકયા નથી. એક સમુદ્ર છતાં તેમાં જેમ તરંગ ઉઠે છે, અને તે તરંગ તેમાં જ સમાય છે, તરંગપણે તે સમુદ્રની અવસ્થા જૂદી થયા કરતાં છતાં પણ સમુદ્ર પોતાના અવગાહક ક્ષેત્રને ત્યાગતો નથી, તેમ કંઈ સમુદ્રના અનંત જૂદા જૂદા કટકા થતા નથી, માત્ર પોતાના સ્વરૂપમાં તે રમે છે; તરંગપણું એ સમુદ્રની પરિણુતિ છે, જો જળ શાંત હોય, તો શાંતપણું એ તેની પરિણુતિ છે, કંઇ પણ પરિણુતિ તેમાં થવી જ જોઇએ; તેમ વર્ણગંધાદિ પરિણામ પરમાણુંમાં બદલાય છે, પણ તે પરમાણુના કંઇ કટકા થવાનો પ્રસંગ થતો નથી; અવસ્થાંતરપણું પામ્યા કરે છે. જેમ

સોનું કુંડળપણું ત્યાગી મુકુટપણું પામે, તેમ પરમાણુ આ સમયની અવસ્થાથી બીજા સમયની અવસ્થા કંઇક અંતરવાળી પામે છે. જેમ સોનું એ પર્યાયને ભજતાં સોનાપણામાં જ છે, તેમ પરમાણુ પણ પરમાણુ જ રહે છે. એક પુરુષ (જીવ) બાળપણું ત્યાગી યુવાન થાય, યુવાનપણું ત્યાગી વૃદ્ધ થાય. પણ પુરુષ તેને તે જ રહે, તેમ પરમાણુ પર્યાયને ભજે છે. આકાશ પણ અનંત પર્યાયી છે; અને સિદ્ધપણુ અનંત પર્યાયિ છે એવો જિનનો અભિપ્રાય છે, તે વિરોધી લાગતો નથી અને ઘણુંકરી સમજાય છે; પણ વિશેષપણે લખવાનું થઇ શકયું નહીં હોવાથી તમને તે વાત વિચારવામાં કારણુ થાય એમ ઉપર ઉપરથી લખ્યું છે. ચક્ષુનેવિષે મેષોન્મેષ અવસ્થા છે તે, પર્યાય છે. દીપકની ચલનસ્થિતિ તે, પર્યાય છે. આત્માની સંકલ્પવિકલ્પદશા, કે જ્ઞાનપરિણુતિ તે પર્યાય છે; તેમ વર્ણુ, ગંધ, પલટનપણું પામે તે. પરમાણુના પર્યાય છે. જો તેવું પલટણુપણું થતું ન હોય, તો આ જગત્ આવા વિચિત્રપણાને પામી શકે નહીં, કેમકે એક પરમાણુમાં પર્યાયપણું ન હોય, તો સર્વ પરમાણુમાં પણ ન હોય. સંયોગ–વિયોગ. એકત્વ–પૃથક્ત્વ, એ આદિ પરમાણુના પર્યાય છે–અને તે સર્વ પરમાણુમાં છે; તે ભાવસમયે સમયે તેમાં પલટનપણું પામે તોય પરમાણુનો વ્યય (નાશ) થાય નહીં; જેમ મેષોન્મેષથી ચક્ષુનો થતો નથી તેમ.

માગસર વદ ૩, શુક્ર, ૧૯૫૧.

૩૫૩

પ્રત્યક્ષ કારાગ્રહ છતાં તેના ત્યાગને વિષે જીવ ઇચ્છે નહીં. અથવા અત્યાગરૂપ શિથિલતા ત્યાગી શકે નહીં, કે ત્યાગબુદ્ધિ છતાં ત્યાગતાં ત્યાગતાં કાળવ્યય કરવાનુ થાય, તે સૌ વિચાર કેવી રીતે દૂર કરવા? અલ્પકાળમાં તેમ કેવી રીતે બને, તે વિષે તે પત્રમાં લખવાનું થાય, તો કરશો, એ જ વિનંતિ.

મુંબઈ, પોશ શુદ ૧૦, રવિ.

૩૫૪

અત્રેથી નિવૃત્તવા પછી ઘણુંકરી કાઠિયાવાડમાં, એટલે આ ભવના જન્મગામમાં સાધારણ વ્યાવહારિક પ્રસંગે જવાનું કારણુ છે. ચિત્તમાં ઘણા પ્રકારે તે પ્રસંગથી છૂટી શકવાનું વિચારતાં છૂટી શકાય તેમ પણ બને, તથાપિ, કેટલાક જીવોને અલ્પ કારણમાં વિશેષ અસમાધાન વખતે થવાનો સંભવ રહે છે; જેથી અપ્રતિબંધ—ભાવને વિશેષ દૃઢ કરી જવાનો વિચાર રહે છે. ત્યાં ગયે વખતે એક માસથી વિશેષ વખત જવાનો સંભવ છે. વખતે બે માસ પણ થાય. ત્યાર પછી પાછું ત્યાંથી વળી આ ક્ષેત્રે તરફ આવવાનું કરવું પડે તેમ છે, છતાં બને ત્યાંસુધી વચ્ચે એક-એક મહિના એકાંત જેવો નિવૃત્તિ—જોગ બને, તો તેમ કરવાની ઇચ્છા રહે છે, અને તે જોગ અપ્રતિબદ્ધપણે થઈ શકે તે માટે વિચારું છું.

સર્વ વ્યવહારથી નિવૃત્ત થયા વિના ચિત્ત ઠેકાણે બેસે નહીં એવો અપ્રતિબદ્ધ–અસંગભાવ ચિત્તે બહુ વિચાર્યો હોવાથી તે જ પ્રવાહમાં રહેવું થાય છે; પણ ઉપાર્જિત પ્રારબ્ધ નિવૃત્ત થયે તેમ બની શકે એટલો પ્રતિબંધ પૂર્વકૃત છે. આત્માની ઇચ્છાનો પ્રતિબંધ નથી. સર્વસામાન્ય લોકવ્યવહારની નિવૃત્તિસંબંધી પ્રસંગનો વિચાર બીજે પ્રસંગે જણાવવો રાખી, આ ક્ષેત્રથી નિવૃત્તવા વિષે વિશેષ અભિપ્રાય રહે છે; તે પણ ઉદય આગળ બનતું નથી, તોપણુ અહોનિશ એ જ ચિંતન રહે છે, તો તે વખતે થોડા કાળમાં બનશે એમ રહે છે. આ ક્ષેત્રપ્રત્યે કંઇ દ્વેષપરિણામ નથી, તથાપિ સંગનું વિશેષ કારણુ છે. પ્રવૃત્તિના પ્રયોજન વિના અત્રે રહેવું કંઇ આ માને તેવા લાભનું કારણુ નથી એમ જાણી, આ ક્ષેત્રેથી નિવૃત્તવાનો વિચાર રહે છે પ્રવૃત્તિ પણ નિજબુદ્ધિથી પ્રયોજનભૂત કોઇ પણ પ્રકારે લાગતી નથી, તથાપિ ઉદય પ્રમાણે વર્તવાનો જ્ઞાનીનો ઉપદેશ અંગીકાર કરી ઉદય વેદવાના પ્રવૃત્તિજોગ વેઠીએ છીએ.

જ્ઞાનેકરીને આત્મામાં ઉત્પન્ન થયેલો એવો નિશ્ચય બદલાતો નથી કે, સર્વસંગ મોટા આશ્રવ છે; ચાલતાં, જોતાં, પ્રસંગ કરતાં, સમયમાત્રમાં નિજભાવને વિસ્મરણ કરાવે છે; અને તે વાત કેવળ પ્રત્યક્ષ જોવામાં આવી છે, આવે છે, અને આવી શકે તેવી છે; તેથી અહોનિશ તે મોટા આશ્રવરૂપ એવા સર્વસંગમાં ઉદાસપણું રહે છે; અને તે, દિવસ દિવસ પ્રત્યે વધતા પરિણામને પામ્યા કરે છે; તે તેથી વિશેષ પરિણામને પામી સર્વસંગથી નિવૃત્તિ થાય એવી અનન્ય કારણયોગે ઇચ્છા રહે છે.

આ પત્ર પ્રથમથી વ્યાવહારિક આકૃતિમાં લખાયો હોય એમ વખતે લાગે, પણ તેમાં તે સહજમાત્ર નથી. અસંગપણાનો, આત્મભાવનાનો માત્ર અલ્પ વિચાર લખ્યો છે.

૧૯૫૧ ના માગશર વદ ૮, બુધ, મોહમયી-ક્ષેત્ર. **આ૦ સ્વરૂપે પ્રણામ.**

૩૫૫

ચિત્તમાં કંઇ પણ વિચારવૃત્તિ પરિણામી છે તેમ જાણીને, હૃદયમાં આનંદ થયો છે. અસાર અને ક્લેશરૂપ આરંભપરિગ્રહના કાર્યમાં વસતાં જો આ જીવ કંઇ પણ નિર્ભય કે અજાગૃત રહે, તો ઘણા વર્ષનો ઉપાસેલો વૈરાગ્ય પણ નિષ્ફળ જાય એવી દશા થઇ આવે છે; એવો નિત્યપ્રત્યે નિશ્ચય સંભારીને નિરુપાય પ્રસંગમાં કંપતા ચિત્તે ન જ છૂટયે પ્રવર્તવું ઘટે છે; એ વાતનો મુમુક્ષુ જીવે કાર્યે કાર્યે, ક્ષણે ક્ષણે અને પ્રસંગે પ્રસંગે લક્ષ રાખ્યા વિના મુમુક્ષુતા રહેવી દુર્લભ છે, અને એવી દશા વેદ્યાવિના મુમુક્ષુપણું પણ સંભવે નહીં. મારા ચિત્તમાં મુખ્ય વિચાર હાલ એ વર્તે છે. એ જ વિનંતિ.

૧૯૫૧ ના મહા શુદ ૨, રવિ, મુંબઇથી. **લિ૦ રાયચંદના પ્ર૦.**

૩૫૬

જે પ્રારબ્ધ વેદ્યાવિના બીજો કોઈ ઉપાય નથી, તે પ્રારબ્ધ જ્ઞાનીને પણ વેદવું પડે છે. અંત સુધી જ્ઞાની આત્માર્થનો ત્યાગ કરવા ઇચ્છે નહીં; એટલું ભિન્નપણું જ્ઞાનીને વિષે હોય એમ મોટા પુરુષોએ કહ્યું છે, તે સત્ય છે.

૧૯૫૧, મહા શુદ ૩, સોમે, મુંબઇ.

૩૫૭

તમે પત્રમાં જે કંઇ લખ્યું છે, તે પર વારંવાર વિચાર કરવાથી, જાગૃતિ રાખવાથી, જેમાં પંચવિષયાદિનું અશુચિસ્વરૂપ વર્ણવ્યું હોય એવાં શાસ્ત્રો અને સત્પુરુષોનાં ચરિત્રો વિચારવાથી, તથા કાર્યે કાર્યે લક્ષ રાખી પ્રવર્તવાથી જે કંઇ ઉદાસભાવના થવી ઘટે તે થશે.

મુંબઇ, મહા શુદ ૮, રવિ ૧૯૫૧.

૩૫૮

અશરણ એવા સંસારને વિષે નિશ્ચિતબુદ્ધિએ વ્યવહાર કરવો જેને યોગ્ય જણાતો ન હોય, અને તે વ્યવહારનો સંબંધ નિવૃત્ત કરતાં, તથા ઓછો કરતાં, વિશેષ કાળ વ્યતીત થયા કરતો હોય, તો તે કામ અલ્પકાળમાં કરવા માટે જીવને શું કરવું ઘટે ? સમસ્ત સંસાર મૃત્યુ આદિ ભયે અશરણ છે; તે શરણનો હેતુ થાય એવું કલ્પવું તે મૃગજળ જેવું છે. વિચારી વિચારીને શ્રી તીર્થંકર જેવાએ પણ તેથી નિવૃત્તવું-છૂટવું-એ જ ઉપાય શોધ્યો છે. તે સંસારનાં મુખ્ય કારણો પ્રેમબંધન તથા દ્વેષબંધન સર્વ જ્ઞાનીએ સ્વીકાર્યાં છે. તેની મુંઝવણે જીવને નિજ-વિચાર કરવાનો અવકાશ પ્રાપ્ત થતો નથી, અથવા થાય એવા યોગે તે બંધનના કારણથી આત્મવીર્ય પ્રવર્તી શકતું નથી, અને તે સૌ પ્રમાદનો હેતુ છે, અને તેવા પ્રમાદે લેશમાત્ર સમયકાળ પણ નિર્ભય રહેવું, કે અજાગૃત રહેવું તે આ જીવનું અતિશય નિર્બળપણું છે, અવિવેકતા છે, ભ્રાંતિ છે, અને દા-

ગાતાં અત્યંત કઠણ એવો મોહ છે. સમસ્ત સંસાર બે પ્રવાહથી વહે છે: પ્રેમથી અને દ્વેષથી. પ્રેમથી વિરક્ત થયા વિના દ્વેષથી છૂટાય નહીં, અને પ્રેમથી વિરક્ત થાય તેણે, સર્વસંગથી વિરક્ત થયા વિના વ્યવહારમાં વર્ત્તી અપ્રેમ (ઉદાસ) દશા રાખવી તે ' ભયંકર-વ્રત છે. ' જો કેવળ પ્રેમનો ત્યાગ કરી વ્યવહારમાં પ્રવર્ત્તવું કરાય, તો કેટલાક જીવોની દયાનો, ઉપકારનો, અને સ્વાર્થનો, ભંગ કરવા જેવું થાય છે: અને તેમ વિચારી જો દયા, ઉપકારાદિ કારણે કંઈ પ્રેમ-દશા રાખતાં ચિત્તમાં વિવેકીને ક્લેશ પણ થયા વિના રહેવો ન જોઈએ. ત્યારે તેનો વિશેષ વિ-ચાર કયા પ્રકારે કરવો ?

મુંબઈ, માર્ચ ૧૦, ૯૫.

૩૫૯

સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મ-જ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્-પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્ત્તતું નથી: એમાં કિંચિત્માત્ર સંશય નથી.

આરંભ, પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્સંગનું બળ ઘટે છે; અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે.

અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે. જે જીવો મોહનિદ્રામાં સુતા છે તે અમુનિ છે. નિરંતર આત્મ-વિચારે કરી મુનિ તો જાગૃત રહે. પ્રમાદીને સર્વથા ભય છે; અપ્રમાદીને કોઈ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે. સર્વ પદાર્થ જાણવાનો હેતુ માત્ર આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય, તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે. જેટલું આત્મજ્ઞાન થાય એટલી આત્મસમાધિ પ્રગટે. કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદજાગૃતિ થાય, તો તેને મોક્ષ વિશેષ દૂર નથી, અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે. જો કોઈ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઇ શકે તેવું છે. પ્રાયે મનુષ્ય-દેહ વિના આત્મ જોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મ જોગ ઉત્પન્ન કરવો ઘટે. વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય પરિચયથી પાછો વળે, તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગ-પ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિ કાળનો હીનસત્વ થયો હોવાથી તેથી અવકાશ પ્રાપ્ત કરવા, તેની નિવૃત્તિ કરવા, જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે, તો કોઈ રીતે પુરુષાર્થયોગ્ય થઈ વિચારદશાને પામે. જે પ્રકારે અનિત્યપણું આ સંસારનું અત્યંત પણે ભાસે, તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય હવે આ ઉપાધિકાર્યથી છૂટવાની વિશેષ વિશેષ આર્તિ થયા કરે છે, અને છૂટવા વિના જે કંઈ પણ કાળ જાય છે તે, આ જીવનું શિથિલપણું જ છે, એમ લાગે છે: અથવા એવો નિશ્ચય રહે છે. જનકાદિ ઉપાધિમાં રહ્યા છતાં આત્મસ્વભાવમાં વસતા હતા એવા આલંબનપ્રત્યે ક્યારેય બુદ્ધિ થતી નથી. શ્રી જિનજેવા જન્મત્યાગી પણ છોડીને ચાલી નીકળ્યા એવા ભયના હેતુરૂપ-ઉપાધિયોગની નિવૃત્તિ આ પામર જીવ કરતાં કરતાં કાળ વ્યતીત કરશે, તો અશ્રેય થશે, એવો ભય જીવના ઉપયોગ પ્રત્યે પ્રવર્તે છે, કેમકે એમ જ કર્ત્તવ્ય છે. જે રાગદ્વેષાદિ પરિણામ અજ્ઞાન વિના સંભવતાં નથી, તે રાગદ્વેષપરિણામનું પરિક્ષીણપણું જ કર્ત્તવ્ય છે. અત્યંત જ્ઞાન હોય ત્યાં, અત્યંત ત્યાગ સંભવે છે: અત્યંત ત્યાગ પ્રગટ્યા વિના અત્યંત જ્ઞાન ન હોય એમ, શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે. આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્ય-અધ્યાસ નિવર્ત્તવો તેને શ્રી જિન ' ત્યાગ ' કહે છે. તે તાદાત્મ્ય-અધ્યાસની નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય-પ્ર-

સંગના ત્યાગનો અર્થ અંતર્ત્યાગ કહ્યો નથી, એમ છે, તોપણ આ જીવે અંતર્ત્યાગને અર્થે બાહ્ય-પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે. નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ, અને જેમ તે કાર્ય તરત બને તેમ જાપ જપીએ છીએ:-જો કે. એમ લાગે છે કે, તે વિચાર અને જાપ હજી તથારૂપ નથી, શિથિલ છે; માટે અત્યંત વિચાર, અને તે જાપને ઉગ્રપણે આરાધવાનો અ-લ્પકાળમાં યોગ કરવો ઘટે છે એમ, વર્ત્યા કરે છે. પ્રસંગથી કેટલાક અરસપરસ-સંબંધજેવાં વચનો આ પત્રમાં લખ્યાં છે, તે વિચારમાં સ્ફુરી આવતાં સ્વવિચારવાને અર્થે લખ્યાં છે. જીવ, પ્રદેશ, પર્યાય તથા સંખ્યાત, અસંખ્યાત, અનંત, આદિ વિષે, તથા રસના વ્યાપકપણાવિષે ક્રમે-કરી સમજવું યોગ્ય થશે.

સં૦ ૧૯૫૧, ફાગણ વદ ૩, રવિવાર, મુંબઈ.

૩૬૦.

સુજ્ઞભાઈ શ્રી........ પ્રત્યે, શ્રી ડરબન.

પત્ર ૧ મળ્યું છે. જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય, તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય, તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે. વિચાર કરીએ તો આ વાત પ્રત્યક્ષ અનુભવરૂપ થાય છે.

જો કંઈ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે, તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં, કેમકે માત્ર અવિચારે કરીને તેમાં મોહબુદ્ધિ રહે છે.

"આત્મા છે," "આત્મા નિત્ય છે," "આત્મા કર્મનો કર્ત્તા છે," "આત્મા કર્મનો ભોક્તા છે," "તેથી તે નિવૃત્ત થઈ શકે છે," "અને નિવૃત્ત થઈ શકવાનાં સાધન છે," એ છ કારણો જેને વિચાર કરીને સિદ્ધ થાય, તેને 'વિવેકજ્ઞાન' અથવા 'સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ' ગણવી એમ શ્રી જિને નિરૂપણ કર્યું છે. જે નિરૂપણ મુમુક્ષુ જીવે વિશેષકરી અભ્યાસ કરવાયોગ્ય છે

પર્વના કોઈ વિશેષ અભ્યાસબળથી એ છ કારણોનો વિચાર ઉત્પન્ન થાય છે, અથવા સત્સં-ગના આશ્રયથી તે વિચાર ઉત્પન્ન થવાનો યોગ બને છે.

અનિત્ય પદાર્થપ્રત્યે મોહબુદ્ધિ હોવાને લીધે આત્માનું 'અસ્તિત્વ, 'નિત્યત્વ,' અને 'અવ્યાબાધ સમાધિસુખ' ભાનમાં આવતું નથી. તેની મોહબુદ્ધિમાં જીવને અનાદિથી એવું એકાગ્રપણું ચાલ્યું આવે છે કે, તેનો વિવેક કરતાં જીવને મુઝાઈને પાછું વળવું પડે છે, અને તે મોહગ્રંથી છેદ-વાનો વખત આવવા પહેલાં તે વિવેક છોડી દેવાનો યોગ પર્વકાળે ઘણીવાર બન્યો છે, કેમકે જેનો અનાદિકાળથી અભ્યાસ છે, તે અત્યંત પુરૂષાર્થ વિના અલ્પકાળમાં છોડી શકાય નહીં; માટે ફરી ફરી સત્સંગ, સત્શાસ્ત્ર અને પોતામાં સરળ વિચારદશા કરી તે વિષયમાં વિશેષ શ્રમ લેવો યોગ્ય છે, કે જેના પરિણામમાં 'નિત્ય,' 'શાશ્વત,' 'સુખસ્વરૂપ' એવું 'આત્મજ્ઞાન' થઈ સ્વરૂપ-આ-વિર્ભાવ થાય છે. એમાં પ્રથમથી ઉત્પન્ન થતા સંશય ધીરજથી અને વિચારથી શાંત થાય છે. અધીરજથી અથવા આડી કલ્પના કરવાથી માત્ર જીવને પોતાના હિતનો ત્યાગ કરવાનો વખત આવે છે; અને અનિત્ય પદાર્થનો રાગ રહેવાથી તેના કારણે ફરી ફરી સંસારપરિભ્રમણનો યોગ રહ્યા કરે છે.

કંઈ પણ આત્મવિચાર કરવાની ઇચ્છા તમને વર્તે છે એમ જાણી, ઘણો સંતોષ થયો છે; તે સંતોષમાં મારો કંઈ સ્વાર્થ નથી. માત્ર તમે સમાધિને રસ્તે ચડવા ઇચ્છો છો તેથી, સંસાર-ક્લેશથી નિવૃત્તવાનો તમને પ્રસંગ પ્રાપ્ત થશે એવા પ્રકારનો સંભવ દેખી સ્વભાવે સંતોષ થાય છે. એ જ વિનંતિ.

સંવત્ ૧૯૫૧ ના ફાગણ વદ ૫, શનિ, તા. ૧૫ । ૩ । ૧૫, મુંબઈથી. **આ૦ સ્વ૦ પ્રણામ.**

૩૬૧.

સર્વ વિભાવથી ઉદાસીન, અને અત્યંત શુદ્ધ નિજપર્યાયને સહજપણે આત્મા ભજે તેને, શ્રી જિને 'તીવ્રજ્ઞાનદશા' કહી છે. જે દશા આવ્યા વિના કોઇ પણ જીવ બંધનમુક્ત થાય નહીં, એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે; જે અખંડ સત્ય છે.

કોઇક જીવથી એ ગહન દશાનો વિચાર થઇ શકવા યોગ્ય છે, કેમકે અનાદિથી અત્યંત અજ્ઞાનદશાએ આ જીવે પ્રવૃત્તિ કરી છે. તે પ્રવૃત્તિ એકદમ અસત્ય અને અસાર સમજાઈ, તેની નિવૃત્તિ સૂઝે એમ બનવું બહુ કઠણ છે. માટે જ્ઞાનીપુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.

જ્ઞાનીપુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના એ ભક્તિમાર્ગ સિદ્ધ થતો નથી. જેથી ફરી ફરી જ્ઞાનીની આજ્ઞા આરાધવાનું જિનાગમમાં ઠેકાણે ઠેકાણે કથન કર્યું છે.

જ્ઞાનીપુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાનીપ્રત્યે અપૂર્વદૃષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે. તે દોષ થવાનાં સાધનથી જેમ બને તેમ દૂર રહેવું; અને પ્રાપ્ત–સાધનમાં પણ ઉદાસીનતા રાખવી, અથવા તે તે સાધનોમાંથી અહંબુદ્ધિ છોડી દઇ રોગરૂપ જાણી પ્રવર્તવું ઘટે. અનાદિ–દોષનો એવા પ્રસંગમાં વિશેષ ઉદય થાય છે, કેમકે આત્મા તે દોષને છેદવા પોતાની સન્મુખ લાવે છે. કે તે સ્વરૂપાંતર કરી તેને આકર્ષે છે. અને જાગ્રતિમાં શિથિલ કરી નાંખી પોતાને વિષે એકાગ્રબુદ્ધિ કરાવી દે છે. તે એકાગ્રબુદ્ધિ, એવા પ્રકારની હોય છે કે "મને આ પ્રવૃત્તિથી તેવો વિશેષ બાધ નહીં થાય; હું અનુક્રમે તેને છોડીશ; અને કરતાં જાગ્રત રહીશ " એ આદિ ભ્રાંતદશા તે દોષ કરે છે: જેથી તે દોષનો સંબંધ જીવ છોડતો નથી, અથવા તે દોષ વધે છે, તેનો લક્ષ તેને આવી શકતો નથી.

એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઇ શકે છે: એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ: બીજો પ્રકાર, વિચારથી કરી તેનું તુચ્છપણું સમજવું.

વિચારથી કરી તુચ્છપણું સમજવા માટે પ્રથમ તે પંચવિષયાદિના સાધનની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમકે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે.

તે પંચવિષયાદિ સાધનની નિવૃત્તિ સર્વથા કરવાનું જીવનું બળ ન ચાલતું હોય ત્યારે, ક્રમે ક્રમે દેશે દેશે–તેનો ત્યાગ કરવો ઘટે. પરિગ્રહ તથા ભોગોપભોગ પદાર્થનો અલ્પ પરિચય કરવો ઘટે. એમ કરવાથી અનુક્રમે તે દોષ મોળા પડે; અને આશ્રયભક્તિ દૃઢ થાય; તથા જ્ઞાનીનાં વચનોનું આત્મામાં પરિણામ થઇ 'તીવ્રજ્ઞાનદશા' પ્રગટી જીવ મુક્ત થાય.

જીવ કોઇકવાર આવી વાતનો વિચાર કરે તેથી, અનાદિ–અભ્યાસનું બળ ઘટવું કઠણ પડે, પણ દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે, અને પ્રવૃત્તિ પ્રવૃત્તિએ, ફરી ફરી વિચાર કરે, તો અનાદિ-અભ્યાસનું બળ ઘટી, અપૂર્વ અભ્યાસની સિદ્ધિ થઇ, સુલભ એવો આશ્રયભક્તિમાર્ગ સિદ્ધ થાય.

મુંબઈ, ફાગણ વદ, ૭ રવિ. **આ૦ સ્વ૦ પ્રણામ.**

૩૬૨.

જે પ્રકારે બંધનથી છૂટાય તે પ્રકારે પ્રવર્તવું એ, હિતકર કાર્ય છે. બાહ્યપરિચયને વિચારી વિચારીને નિવૃત્ત કરવો એ છૂટવાનો એક પ્રકાર છે. જીવ આ વાત જેટલી વિચારશે તેટલા જ્ઞાનીપુરુષનો માર્ગ સમજવાનો સમય સમીપ પ્રાપ્ત થશે.

સં. ૧૯૫૧, ફાગણ વદ ૧૨, શુક્ર. મુંબઈ. **આ૦ સ્વ૦ પ્રણામ.**

૩૬૩

જન્મ, જરા મરણાદિ દુઃખે કરી સમસ્ત સંસાર અશરણ છે. સર્વ પ્રકારે જેને તેને સંસારની આસ્થા તજી તે જ નિર્ભય થયા છે, અને આત્મસ્વભાવને પામ્યા છે. વિચાર વિના તે સ્થિતિ જીવને પ્રાપ્ત થઈ શકતી નથી. અને સંગના મોહે પરાધીન એવા આ જીવને વિચાર પ્રાપ્ત થવો દુર્લભ છે.

સં૦ ૧૯૫૧, ફાગણ વદ ૧૨, શુક્ર, મુંબઈ.

૩૬૪

આજે પત્ર ૧ પહોચ્યું છે. પત્ર લખતાં લખતાં, અથવા કંઈ કહેતાં કહેતાં વારંવાર ચિત્તની અપ્રવૃત્તિ થાય છે;—અને 'કલ્પિતનું આટલું બધું મહાત્મ્ય શું? કહેવું શું? જણાવું શું? શ્રવણ કરવું શું? પ્રવૃત્તિ શી?' એ આદિ વિક્ષેપથી ચિત્તની તેમાં અપ્રવૃત્તિ થાય છે: અને પરમાર્થસંબંધી કહેતાં, લખતાં, તેથી બીજા પ્રકારના વિક્ષેપની ઉત્પત્તિ થાય છે. જે વિક્ષેપમાં મુખ્ય અનીચ્છ-પ્રવૃત્તિના નિરોધ વિના તેમાં—પરમાર્થકથનમાં—પણ અપ્રવૃત્તિ હાલ શ્રેયભૂત લાગે છે. આ કારણ વિષે આગળ એક પત્ર સવિગત લખ્યું છે, એટલે વિશેષ લખવા જેવું અત્ર નથી: માત્ર ચિત્તમાં અત્રે વિશેષ સ્ફુર્તિ થવાથી લખ્યું છે.

મોતીના વેપાર વગેરેની પ્રવૃત્તિ વધારે ન કરવા સંબંધીનું બને તો સારૂં.—અને ચિત્તની નિત્ય ઇચ્છા એમ રહ્યા કરે છે. લોભહેતુથી તે પ્રવૃત્તિ થાય છે કે કેમ? એમ વિચારતાં લોભનું નિદાન જણાતું નથી. વિષયાદિની ઇચ્છાએ પ્રવૃત્તિ થાય છે, એમ પણ જણાતું નથી. તથાપિ પ્રવૃત્તિ થાય છે એમાં સંદેહ નથી. જગત્ કંઈ લેવાને માટે પ્રવૃત્તિ કરે છે; આ પ્રવૃત્તિ દેવાને માટે થતી હશે એમ લાગે છે. અત્રે એ લાગે છે તે, યથાર્થ હશે કે કેમ? તે માટે વિચારવાન પુરૂષ જે કહે તે પ્રમાણ છે. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૧ ના ચૈત્ર શુદ ૬, મુબઈ. **લ૰ રાયચંદના પ્રણામ.**

૩૬૫

ચેતનને ચેતનપર્યાય હોય. અને જડને જડપર્યાય હોય. એ જ પદાર્થની સ્થિતિ છે. પ્રત્યેક સમયે જે જે પરિણામ થાય છે, તે તે પર્યાય છે. વિચાર કરવાથી આ વાત યથાર્થ લાગશે.

લખવાનું હાલ ઓછું બની શકે છે તેથી, કેટલાક વિચારો જણાવવાનું બની શકતું નથી. તેમ કેટલાક વિચારો ઉપશમ કરવારૂપ પ્રકૃતિનો ઉદય હોવાથી કોઈને સ્પષ્ટતાથી કહેવાનું બની શકતું નથી. હાલ અત્રે એટલી બધી ઉપાધિ રહેતી નથી, તોપણ પ્રવૃત્તિરૂપ સંગ હોવાથી, તથા ક્ષેત્ર ઉતાપરૂપ હોવાથી થોડા દિવસ અત્રેથી નિવૃત્ત થવાનો વિચાર થાય છે; હવે તે વિષે જે બને તે ખરું. એ જ વિનંતિ.

સંવત્ ૧૯૫૧, ચૈત્ર વદ ૮, બુધ. **પ્રણામ.**

૩૬૬

આત્મવીર્ય પ્રવર્તાવવામાં અને સંકોચવામાં બહુ વિચાર કરી પ્રવર્તવું ઘટે છે.-

શુભેચ્છાસંપન્ન ભાઈ ० ० ० પ્રત્યે, શ્રી ભાવનગર.

વિશેષ વિનંતિ કે, તમારું લખેલું પત્તું ૧ પ્રાપ્ત થયું છે. તે તરફ આવવા સંબંધીમાં નીચે પ્રમાણે સ્થિતિ છે:—

લોકોને અંદેશો પડે એવી જાતનો બાહ્ય-વ્યવહારનો ઉદય છે, અને તેવા વ્યવહારસાથે બળવાન નિર્ગ્રંથ પુરૂષ જેવો ઉપદેશ કરવો તે, માર્ગનો વિરોધ કરવા જેવું છે;—અને એમ જાણીને, તથા તેનાં જેવાં બીજાં કારણોનું સ્વરૂપ વિચારી ઘણુંકરીને લોકોને અંદેશાનો હેતું થાય તેવા પ્રસંગમાં મારૂં આવવું થતું નથી. વખતે ક્યારેક કોઈ સમાગમમાં આવે છે, અને કંઇ સ્વાભાવિક કહેવા કરવાનું થાય છે, એમાં પણ ચિત્તની ઇચ્છિત પ્રવૃત્તિ નથી. પૂર્વે યથાસ્થિત વિચાર કર્યા-

વિના જીવે પ્રવૃત્તિ કરી તેથી, આવા વ્યવહારનો ઉદય પ્રાપ્ત થયો છે, જેથી ઘણીવાર ચિત્તમાં શોચ રહે છે; પણ યથાસ્થિત સમપરિણામે વેદવું ઘટે છે એમ જાણી, ઘણુંકરી તેવી વૃત્તિ રહે છે. આ વ્યાપારાદિ ઉદયવ્યવહારથી જે જે સંગ થાય છે, તેમાં ઘણુંકરી અસંગ-પરિણામવત્ પ્રવૃત્તિ થાય છે, કેમકે તેમાં સારભૂતપણું કંઇ લાગતું નથી, પણ જે ધર્મવ્યવહારના પ્રસંગમાં આવવું થાય ત્યાં, તે પ્રવૃત્તિ પ્રમાણે વર્તવું ઘટે નહીં. તેમ બીજો આશય વિચારી પ્રવૃત્તિ કરવામાં આવે તો તેટલું સમર્થપણું હાલ નથી. તેથી તેવા પ્રસંગમાં ઘણુંકરીને મારું આવવું ઓછું થાય છે; અને એ ક્રમ ફેરવવાનું ચિત્તમાં હાલ બેસતું નથી, છતાં તે તરફ આવવાના પ્રસંગમાં તેમ કરવા કંઈ પણ વિચાર મેં કર્યો હતો, તથાપિ તે ક્રમ ફેરવતાં બીજાં વિષમ કારણોનો આગળપર સંભવ થશે એમ પ્રત્યક્ષ દેખાવાથી ક્રમ ફેરવવા સંબંધીની વૃત્તિ ઉપશમ કરવી યોગ્ય લાગવાથી તેમ કર્યું છે. આ આશય શિવાય ચિત્તમાં બીજા આશય પણ તે તરફ હાલ નહીં આવવાના સંબંધમાં છે; પણ કોઇ લોકવ્યવહારરૂપ કારણથી આવવા વિષેનો વિચાર વિસર્જન કર્યો નથી.

ચિત્તપર વધારે દબાણ કરીને આ સ્થિતિ લખી છે. તેપર વિચાર કરી જો કંઈ અગત્ય જેવું લાગે તો વખતે......ને ખુલાસો કરશો. મારા આવવા, નહીં આવવા વિષે જો કંઇ વાત નહીં ઉચ્ચારવાનું બને તો તેમ કરવા વિનંતિ છે.

સં૦ ૧૯૫૧ ના ચૈત્ર વદ ૮, મુંબઇથી. **વિ૦ રાયચંદના પ્ર૦**

૩૬૭

સર્વ કરતાં જેમાં અધિક સ્નેહ રહ્યા કરે છે એવી આ કાયા તે. રોગ, જરાદિથી સ્વાત્મને જ દુઃખરૂપ થઇ પડે છે, તો પછી તેથી દૂર એવાં ધનાદિથી જીવને તથારૂપ (યથાયોગ્ય) સુખવૃત્તિ થાય એમ માનતાં વિચારવાની બુદ્ધિ જરૂર ક્ષોભ પામવી જોઇએ; અને કોઈ બીજા વિચારમાં જવી જોઇએ; એવો જ્ઞાની પુરૂષોએ નિર્ણય કર્યો છે તે, યથાતથ્ય છે.

૧૯૫૧, વૈશાખ સુદ ૧૫, બુધે, મુંબઇ,

૩૬૮

આત્મા અત્યંત-સહજ-સ્વસ્થતા પામે એ જ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે.

અનાદિ કાળથી જીવે અસ્વસ્થતા નિરંતર આરાધી છે; જેથી સ્વસ્થા પ્રત્યે આવવું તેને દુર્ગમ પડે છે. શ્રી જિને એમ કહ્યું છે કે, યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ અનંતિવાર આવ્યો છે, પણ જે સમયે ગ્રંથીભેદ થવા સુધી આવવાનું થાય છે ત્યારે, ક્ષોભ પામી પાછો સંસારપરિણામી થયા કર્યો છે. ગ્રંથીભેદ થવામાં જે વીર્યગતિ જોઇએ તે થવાને અર્થે જ જીવે નિત્યપ્રત્યે સત્સમાગમ, સદ્‌વિચાર અને સદ્‌ગ્રંથનો પરિચય નિરંતરપણે કરવો શ્રેયભૂત છે.

આ દેહનું આયુષ્ય પ્રત્યક્ષ ઉપાધિયોગે વ્યતીત થયું જાય છે, એ માટે અત્યંત શોક થાય છે, અને તેનો અલ્પકાળમાં જો ઉપાય ન કર્યો તો અમજેવા અવિચારી પણ થોડા સમજવા.

જે જ્ઞાનથી 'કામ'નાશ પામે તે જ્ઞાનને અત્યંત ભક્તિએ નમસ્કાર હો. એ જ વિનંતિ.

૧૯૫૧ ના વૈશાખ શુદ ૧૪. બુધે, મુંબઇ. **આ૦ સ્વ૦ યથા.**

૩૬૯

વધારેમાં વધારે એક સમયે ૧૦૮ જીવ મુક્ત થાય. એથી વિશેષ ન થાય એવી લોકસ્થિતિ જિનાગમમાં સ્વીકારેલી છે. અનેક પ્રત્યેક સમયે એકસો આઠ જીવ મુક્ત થયા જ કરે છે એમ ગણીએ, તો પરિણામે ત્રણે કાળમાં જેટલા જીવ મોક્ષપ્રાપ્ત થાય તેટલા જીવની જે અનંત સંખ્યા થાય, તે કરતાં સંસારનિવાસી જીવોની સંખ્યા અનંતપણે જિનાગમમાં નિરૂપી છે; અર્થાત્ ત્રણે કાળમાં મુક્તજીવ જેટલા થાય તે કરતાં સંસારમાં અનંતગણા જીવ રહે, કેમકે તેનું પરિમાણ

એટલું વિશેષ છે; અને તેથી મોક્ષમાર્ગનો પ્રવાહ વહ્યા કરતા છતાં સંસારમાર્ગ ઉચ્છેદ થઈ જવો સંભવતો નથી, અને તેથી બંધ-મોક્ષવ્યવસ્થામાં વિપર્યય થતું નથી. આ વિષે વધારે ચર્ચા સમાગમમાં કરશો તો અડચણ નથી.

જીવના બંધ-મોક્ષની વ્યવસ્થા વિષે સંક્ષેપમાં પત્તું લખ્યું છે.

સૌ કરતાં વિચારવાયોગ્ય વાત તો હાલ એ જ છે કે, ઉપાધિ કરવામાં આવે, અને કેવળ અસંગદશા રહે એમ બનવું અત્યંત કઠણ છે; અને ઉપાધિ કરતાં આત્મપરિણામ ચંચળ ન થાય એમ બનવું અસંભવિત જેવું છે. ઉત્કૃષ્ટ જ્ઞાનીને બાદ કરતાં આપણે સૌએ તો આત્મામાં જેટલું અસંપૂર્ણ અસમાધિપણું વર્તે છે તે, અથવા વર્તી શકે તેવું હોય તે, ઉચ્છેદ કરવું એ વાત લક્ષમાં વધારે લેવા યોગ્ય છે.

સં૦ ૧૯૫૧, વૈશાખ વદ ૭, શનિ, મુંબઈ.

૩૭૦

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરૂદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્‌દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થનક કહ્યાં છે.

પ્રથમપદઃ—"આત્મા છે." જેમ ઘટપટઆદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટઆદિ હોવાનું પ્રમાણ છે; તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્ય-સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

બીજું પદઃ—"આત્મા નિત્ય છે." ઘટપટઆદિ પદાર્થો અમુક કાળવર્ત્તિ છે. આત્મા ત્રિકાળવર્ત્તિ છે. ઘટપટાદિ 'સંયોગે કરી' પદાર્થ છે. આત્મા 'સ્વભાવે કરીને' પદાર્થ છે, કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતન-સત્તા પ્રગટ થવાયોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય તેનો કોઇને વિષે લય પણ હોય નહીં.

ત્રીજું પદઃ—"આત્મા કર્ત્તા છે." સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઇને કંઇ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયા-સંપન્ન છે, માટે કર્ત્તા છે. તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે. પરમાર્થથી સ્વભાવપરિણતિએ 'નિજસ્વરૂપનો કર્ત્તા છે.' અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય-વિશેષ સંબંધસહિત) વ્યવહારથી તે આત્મા 'કર્મનો કર્ત્તા છે.' ઉપચારથી 'ઘર, નગર આદિનો કર્ત્તા છે.'

ચોથું પદઃ—"આત્મા ભોક્તા છે." જે જે કંઇ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઇ પણ કરવામાં આવે છે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું સાકર ખાવાથી સાકરનું ફળ; અગ્નિ સ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ; હીમને સ્પર્શ કરવાથી હીમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ, કે અકષાયાદિ જે કંઇ પણ પરિણામે આત્મા પ્રવર્ત્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે આત્મા કર્ત્તા હોવાથી 'ભોક્તા છે.'

પાંચમું પદઃ—"મોક્ષપદ છે." જે અનુપચરિત-વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ

છે, કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી–તેના અપરિચયથી–તેને ઉપશમ કરવાથી–તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવાયોગ્ય દેખાય છે; ક્ષીણ થઇ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવાયોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ–આત્મસ્વભાવ તે રૂપ 'મોક્ષપદ છે.'

છઠ્ઠું પદ:–"તે મોક્ષનો ઉપાય છે." જો કદી કર્મબંધમાત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઇ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવળા એવા જ્ઞાન,, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે,–ઉપશમ પામે છે–ક્ષીણ થાય છે. 'માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.'

શ્રી જ્ઞાનીપુરૂષોએ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવાયોગ્ય છે,–પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે. તેનો સર્વ વિભાગે વિસ્તાર થઇ તેના આત્મામાં વિવેક થવાયોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહ રહિત છે, એમ પરમપુરૂષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ–મમત્વભાવ–તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજમાત્રમાં તે જાગ્રત થઇ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યદર્શનને પ્રાપ્ત થઇ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય, તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે, સર્વ વિભવિ–પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી એકયતા થઇ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે એમ, સ્પષ્ટ–પ્રત્યક્ષ–અત્યંત પ્રત્યક્ષ–અપરોક્ષ–તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટ–અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ મહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી, તે કૃતાર્થ થાય છે. જે જે પુરૂષોને ' એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરૂષના વચને આત્માનો નિશ્ચય થયોછે,તે તે પુરૂષો સ્વરૂપને પામ્યા છે. આધિ, વ્યાધિ, ઉપાધિ સર્વસંગથી રહિત થયા છે, થાય છે, અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

'જે સત્પુરૂષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો,સ્વસ્વરૂપમાં સહજ–અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરૂષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ–કરૂણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે એવા સર્વ સત્પુરૂષો, તેનાં ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઇ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરૂષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમકે જેનો પ્રત્યુપકાર ન થઇ શકે એવો પરમાત્વભાવ તે જેણે કંઇ પણ ઇચ્છાવિના માત્ર નિષ્કારણ–કરૂણાશીલતાથી આપ્યો; એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે ' આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે,' એમ કદી જોયું નથી. એવા જે સત્પુરૂષ, તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો !

જે સત્પુરૂષોએ સદ્ગુરૂની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરૂના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઇ

અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરૂષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

જો કદી પ્રગટપણે વર્ત્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઇ નથી, જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્ત્તે છે, તે કેવળજ્ઞાન-સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર-જેનાયોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો ! નમસ્કાર હો ! !

વેદાંતાદિમાં આત્મસ્વરૂપની જે વિચારણા કહી છે, તે વિચારણા કરતાં શ્રી જિનાગમમાં જે આત્મસ્વરૂપની વિચારણા કહી છે તેમાં, ભેદ પડે છે, સર્વ વિચારણાનું ફળ આત્માનું સહજ-સ્વભાવે પરિણામ થવું એ જ છે. સંપૂર્ણ રાગદ્વેષના ક્ષય વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહીં એવો નિશ્ચય જિને કહ્યો છે તે, વેદાંતાદિ કરતાં બળવાન પ્રમાણભૂત છે,

મુંબઇ, વૈશાખ વદ ૭, ગુરૂ, ૧૯૫૧,

૩૭૧

ૐ.

"અલ્પકાળમાં ઉપાધિરહિત થવા ઇચ્છનારે આત્મપરિણતિને કયા વિચારમાં આણવી ઘટે છે, કે જેથી તે ઉપાધિરહિત થઇ શકે?" એ પ્રશ્ન અમે લખ્યું હતું. તેના ઉત્તરમાં તમે લખ્યું કે, જ્યાંસુધી રાગબંધન છે ત્યાંસુધી, ઉપાધિરહિત થવાતું નથી, અને તે બંધન આત્મપરિ-ણતિથી ઓછું પડી જાય તેવી પરિણતિ રહે, તો અલ્પકાળમાં ઉપાધિરહિત થવાય. એ પ્રમાણે ઉત્તર લખ્યો તે, યથાર્થ છે. અહીં પ્રશ્નમાં વિશેષતા એટલી છે કે "પરાણે ઉપાધિયોગ પ્રાપ્ત થતો હોય, તે પ્રત્યે રાગદ્વેષાદિ પરિણતિ ઓછી હોય, ઉપાધિ કરવા ચિત્તમાં વારંવાર ખેદ રહેતો હોય, અને તે ઉપાધિને ત્યાગ કરવામાં પરિણામ રહ્યાં કરતાં હોય, તેમ છતાં ઉદયબળથી ઉપાધિપ્રસંગ વર્તતો હોય, તો તે શા ઉપાયે નિવૃત્ત કરી શકાય?" એ પ્રશ્ન વિશે જે લક્ષ પહોંચે તે લખશો.

'ભાવાર્થપ્રકાશ' ગ્રંથ અમે વાંચ્યો છે. તેમાં સંપ્રદાયના વિવાદનું કંઈક સમાધાન થઈ શકે એવી રચના કરી છે, પણ તારતમ્યે વાસ્તવ્ય-જ્ઞાનવાનની રચના નથી, એમ મને લાગે છે.

શ્રી.........એ "અખે પુરૂષ એક વરખ હૈ" એ સવૈયો લખાવ્યો તે, વાંચ્યો છે. શ્રી.........ને એવા સવૈયાનો વિશેષ અનુભવ છે, તથાપિ એવા સવૈયામાં પણ ઘણુંકરીને છાયાજેવો ઉપદેશ જોવામાં આવે છે, અને તેથી અમુક નિર્ણય કરી શકાય, અને કદી નિર્ણય કરી શકાય તો તે પૂર્વાપર અવિરોધ રહે છે એમ, ઘણુંકરીને લક્ષમાં આવતું નથી. જીવના પુરૂષાર્થધર્મને કેટલીક રીતે એવી વાણી બળવાન કરે છે. એટલો તે વાણીનો ઉપકાર કેટલાક જીવોપ્રત્યે થવો સંભવે છે.

તમારા આજના પત્રમાં છેવટે શ્રી.........એ જે સાખી લખાવી છે "વ્યવહારની જાળ પાંદડે પાંદડે પરજળી" એ પદ જેમાં પહેલું છે તે યથાર્થ છે. ઉપાધિથી ઉદાસ થયેલા ચિત્તને ધીર-જનો હેતુ થાય એવી છે. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૧, ના વૈશાખ વદ ૧૦, રવિ, મુંબઈ. આ૦ સ્વ૦ પ્ર૦

૩૭૨.

શરણ (આશ્રય), અને નિશ્ચય કર્ત્તવ્ય છે. અધીરજથી ખેદ કર્ત્તવ્ય નથી. ચિત્તને દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી. અસ્થિર પરિણામ ઉપશમાવવા યોગ્ય છે.

મુંબઇ, વૈશાખ વદ ૧૪, ગુરૂ, ૧૯૫૧. આ૦ સ્વ૦ પ્ર૦

૩૭૩.

વિચારવાનને દેહ છૂટવાસંબંધી હર્ષ-વિષાદ ઘટે નહીં. આત્મપરિણામનું વિભાવપણુ તે જ હાનિ, અને તે જ મુખ્ય મરણ છે. સ્વભાવસન્મુખતા, તથા તેની દૃઢ ઇચ્છા પણ તે હર્ષ-વિષાદને ટાળે છે.

મુંબઈ, જુન ૧૦, ૧૮૯૫.

૩૭૪.

—જેનો કાળ તે કિંકર થઇ રહ્યો, મૃગતૃષ્ણાજળ ત્રૈલોક. જીવ્યું ધન્ય તેહનું-
દાસી આશા પિશાચી થઈ રહી, કામ ક્રોધ તે કેદીલોક. જીવ્યું૦
ખાતાં પીતાં બોલતાં નિત્યે, છે નિરંજન નિરાકાર. જીવ્યું૦
જાણે સંત સલૂણા તેહને, જેને હોય છેલ્લો અવતાર. જીવ્યું૦
જગપાવનકર તે અવતર્યા, અન્ય માતઉદરનો ભાર. જીવ્યું૦
તેને ચૌદ લોકમાં વિચરતાં, અંતરાય કોઈએ નવ થાય. જીવ્યું૦
રિદ્ધિ સિદ્ધિ તે દાસિયો થઇ રહી, બ્રહ્મ-આનંદ હૃદે ન સમાય. જીવ્યું૦

જેઠ શુદ ૧૧, ૧૯૫૧, મુંબઇ.

૩૭૫.

સર્વને વિષે સમભાવની ઇચ્છા રહે છે.–

—એ શ્રીપાળનો રાસ કરંતાં, જ્ઞાન અમૃતરસ વુઠયો રે. મુજ૦

–શ્રી યશોવિજયજી.

તીવ્રવૈરાગ્યવાનને જે ઉદયના પ્રસંગ શિથિલ કરવામાં ઘણીવાર ફળીભૂત થાય છે તેવા, ઉદયના પ્રસંગ જોઇ ચિત્તમાં અત્યંત ઉદાસપણુ આવે છે. આ સંસાર કયા કારણે પરિચય કરવા યોગ્ય છે? તથા તેની નિવૃત્તિ ઇચ્છનાર એવા વિચારવાનને પ્રારબ્ધવશાત્ તેનો પ્રસંગ રહ્યા કરતો હોય, તો તે પ્રારબ્ધ બીજે કોઈ પ્રકારે ત્વરાએ વેદી શકાય કે કેમ? તે તમે તથા.. ......વિચાર કરીને લખશો.

જે તીર્થંકરે જ્ઞાનનું ફળ 'વિરતિ' કહ્યું છે, તે તીર્થંકરને અત્યંત ભક્તિએ નમસ્કાર હો!

નહીં ઇચ્છવામાં આવતાં છતાં જીવને ભોગવવું પડે છે: એ પૂર્વકર્મનો સંબંધ યથાર્થ સિદ્ધ કરે છે. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૧ ના જેઠ વદ ૫, બુધે. **આઠ સ્વ૦ બન્નેને પ્રણામ.**

૩૭૬.

—જંગમની જુક્તિ તો સર્વે જાણિયે, સમીપ રહે પણ શરીરનો નહીં સંગ જો;
એકાંતે વસવું રે એક જ આસને, ભૂલ પડે તો પડે ભજનમાં ભંગ જો.
ઓધવજી અબળા તે સાધન શું કરે.—

મુંબઈ, જુન ૧૪, ૧૮૯૫.

૩૭૭.

તથારૂપ ગંભીર વાકય નથી, તોપણ આશય ગંભીર હોવાથી એક લૌકિક વચનનું આત્મામાં હાલ ઘણીવાર સ્મરણ થઇ આવે છે. તે વાકય આ પ્રમાણે છે: "રાંડી રૂએ, માંડી રૂએ, પણ સાત ભરતારવાળી તો મોઢું જ ન ઉઘાડે." વાકય અગંભીર હોવાથી લખવામાં પ્રવૃત્તિ ન થાત, પણ આશય ગંભીર હોવાથી, અને પોતાને વિષે વિચારવાનું વિશેષ દેખાવાથી, તમને પત્ર લખવાનું સ્મરણ થતાં આ વાકય લખ્યું છે. તેનાપર યથાશક્તિ વિચાર કરશો એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૧ ના જેઠ વદ ૧૦, સોમ, મુંબઇ. લિ૦ રાયચંદના પ્રણામ વાંચશોજી.

૩૭૮.

સત્યનું જ્ઞાન થયા પછી મિથ્યાપ્રવૃત્તિ ન ટળે એમ બને નહીં, કેમકે જેટલે અંશે સત્યનું જ્ઞાન થાય, તેટલે અંશે મિથ્યાભાવપ્રવૃત્તિ મટે એવો જિનનો નિશ્ચય છે. કદી પૂર્વપ્રારબ્ધથી બાહ્યપ્રવૃત્તિનો ઉદય વર્તતો હોય, તોપણ મિથ્યાપ્રવૃત્તિમાં તાદાત્મ્ય થાય નહીં; એ જ્ઞાનનું લક્ષણ છે. અને નિત્ય પ્રત્યે મિથ્યાપ્રવૃત્તિ પરિક્ષીણ થાય એ જ સત્યજ્ઞાનની પ્રતીતિનું ફળ છે. મિથ્યાપ્રવૃત્તિ કંઈ પણ ટળે નહીં તો સત્યનું જ્ઞાન પણ સંભવે નહીં.

સં૦ ૧૯૫૧ ના અશાડ શુદ ૧, રવિ, મુંબઈ.

૩૭૯.

અમુક વનસ્પતિની અમુક ઋતુમાં જેમ ઉત્પત્તિ થાય છે, તેમ અમુક ઋતુમાં વિપરિણામ પણ થાય છે. સામાન્ય રીતે કેરીના રસસ્પર્શનું વિપરિણામ આર્દ્રા—નક્ષત્રમાં થાય છે, આર્દ્રા-નક્ષત્ર પછી જે કેરી ઉત્પન્ન થાય છે તેનો, વિપરિણામકાળ આર્દ્રા-નક્ષત્ર છે એમ નથી, પણ સામાન્યપણે ચૈત્ર-વૈશાખાદિ માસમાં ઉત્પન્ન થતી કેરીપરત્વે આર્દ્રા-નક્ષત્રે વિપરિણામીપણું સંભવે છે.

૧૯૫૧, અશાડ શુદ ૧, રવિ, મુંબઈ.

૩૮૦.

જે કષાય-પરિણામથી અનંત સંસારનો સંબંધ થાય, તે કષાય-પરિણામને જિનપ્રવચનમાં "અનંતાનુબંધી" સંજ્ઞા કહી છે. જે કષાયમાં તન્મયપણે, અપ્રશસ્ત (માઠા) ભાવે, તીવ્રોપયોગે, આત્માની પ્રવૃત્તિ છે, ત્યાં 'અનંતાનુબંધી'નો સંભવ છે. મુખ્યકરીને અહીં કહ્યાં છે તે સ્થાનકે તે કષાયનો વિશેષ સંભવ છેઃ સદ્દેવ, સદ્ગુરૂ અને સદ્ધર્મનો જે પ્રકારે દ્રોહ થાય, અવજ્ઞા થાય, તથા વિમુખભાવ થાય, એ આદિ પ્રવૃત્તિથી, તેમ જ અસદ્દેવ, અસદ્ગુરૂ તથા અસદ્ધર્મનો જે પ્રકારે આગ્રહ થાય, તે સંબંધી કૃતકૃત્યતા માન્ય થાય, એ આદિ પ્રવૃત્તિથી પ્રવર્ત્તતાં 'અનંતાનુબંધી-કષાય' સંભવે છે, અથવા જ્ઞાનીના વચનના સ્ત્રીપુત્રાદિ ભાવોને જે મર્યાદા પછી ઇચ્છતાં નિર્ધ્વંશપરિણામ કહ્યાં છે, તે પરિણામે પ્રવર્ત્તતાં પણ 'અનંતાનુબંધી' હોવાયોગ્ય છે. સંક્ષેપમાં 'અનંતાનુબંધી-કષાય'ની વ્યાખ્યા એ પ્રમાણે જણાય છે.

જે પુત્રાદિ વસ્તુ લોકસંજ્ઞાએ ઇચ્છવા યોગ્ય છે, તે વસ્તુ દુઃખદાયક અને અસારભૂત જાણી, પ્રાપ્ત થયા પછી નાશ પામ્યા છતાં પણ ઇચ્છવા યોગ્ય લાગતી નહોતી. તેવા પદાર્થની હાલ ઇચ્છા ઉત્પન્ન થાય છે, અને તેથી અનિત્યભાવ જેમ બળવાન થાય તેમ કરવાની જીજ્ઞાસા ઉદ્ભવે છે, એ આદિ ઉદાહરણ સાથે લખ્યું તે, વાંચ્યું છે. જે પુરૂષની જ્ઞાનદશા સ્થિર રહેવા યોગ્ય છે, એવા જ્ઞાનીપુરૂષને પણ સંસારપ્રસંગનો ઉદય હોય, તો જાગ્રતપણે પ્રવર્ત્તવું ઘટે છે, એમ વીતરાગે કહ્યું છે, તે અન્યથા નથી; અને આપણે સૌએ જાગ્રતપણે પ્રવર્ત્તવું કરવામાં કંઈ શિથિલતા રાખીએ, તો તે સંસારપ્રસંગથી બાધ થતાં વાર ન લાગે એવો ઉપદેશ એ વચનોથી આત્મામાં પરિણામી કરવા યોગ્ય છેઃ એમાં સંશય ઘટતો નથી. પ્રસંગની 'સાવ નિવૃત્તિ' અશક્ય થતી હોય, તો પ્રસંગ સંક્ષેપ કરવો ઘટે, અને ક્રમે કરીને 'સાવ નિવૃત્તિરૂપ' પરિણામ આણવું ઘટે; એ મુમુક્ષુપુરૂષનો ભૂમિકાધર્મ છે. સત્સંગ-સત્શાસ્ત્રના યોગથી તે ધર્મનું આરાધન વિશેષકરી સંભવે છે.

૧૯૫૧, અશાડ શુદ ૧૧, બુધે, મુંબઈ.

૩૮૧.

શ્રીમદ્ વીતરાગને નમસ્કાર.

સત્સમાગમ અને સત્શાસ્ત્રના લાભને ઇચ્છતા એવા મુમુક્ષુઓને આરંભ, પરિગ્રહ અને રસસ્વાદાદિ પ્રતિબંધ સંક્ષેપ કરવા યોગ્ય છે, એમ શ્રી જિનાદિ મહાપુરૂષોએ કહ્યું છે. જ્યાંસુધી પોતાના દોષોને વિચારી સંક્ષેપ કરવાને પ્રવૃત્તમાન ન થવાય ત્યાંસુધી, સત્પુરૂષનો કહેલો માર્ગ પરિણામ પામવો કઠણ છે. આ વાતપર મુમુક્ષુ જીવે વિશેષ વિચાર કરવો ઘટે છે.

સં૦ ૧૯૫૧, અશાડ વદ ૨, રવિ, મુંબઈ.

૩૮૨.

નમોવીતરાગાય.

સત્સંગ નૈષ્ઠિક શ્રી,—

તમારૂં તથા શ્રી·········નું લખેલું પત્ર મળ્યું છે. 'આ ભરતક્ષેત્રને વિષે આ કાળમાં કેવળ–જ્ઞાન સંભવે કે કેમ?' એ વગેરે પ્રશ્નો લખ્યાં હતાં. તેના ઉત્તરમાં તમારા તથા શ્રી·········ના વિચાર મળેલાં પત્રથી વિશેષકરી જાણ્યા છે. એ પ્રશ્નોપર તમોને તથા શ્રી······ને વિશેષ વિચાર કર્તવ્ય છે. અન્યદર્શનમાં જે પ્રકારે કેવળજ્ઞાનાદિનાં સ્વરૂપ કહ્યાં છે તેમાં, અને જૈનદર્શનમાં તે વિષયનાં સ્વરૂપ કહ્યાં છે તેમાં, કેટલો મુખ્ય ભેદ જોવામાં આવે છે તે સૌપ્રત્યે વિચાર થઈ, સમાધાન થાય, તો આત્માને કલ્યાણનાં અંગભૂત છે; માટે એ વિષયપર વધારે વિચાર થાય તો સારૂં.

'અસ્તિ' એ પદથી માંડીને આત્માર્થે સર્વ ભાવ વિચારવાયોગ્ય છે. તેમાં જે સ્વરૂપપ્રાપ્તિના હેતુ છે તે, મુખ્યપણે વિચારવાયોગ્ય છે: અને તે વિચાર માટે અન્ય પદાર્થના વિચારની પણ અપેક્ષા રહે છે તે અર્થે, તે પણ વિચારવાયોગ્ય છે.

એક બીજાં દર્શનોમાં મોટો ભેદ આવે છે. તે સર્વની તુલના કરી અમુક દર્શન સાચું છે એવો નિર્ધાર બધા મુમુક્ષુથી થવો દુષ્કર છે, કેમકે તે તુલના કરવાની ક્ષયોપશમશક્તિ કોઇક જીવને હોય છે. વળી એક દર્શન સર્વાંશે સત્ય, અને બીજાં દર્શન સર્વાંશે અસત્ય, એમ વિચારમાં સિદ્ધ થાય, તો બીજાં દર્શનોની દશા આદિ વિચારવાયોગ્ય છે, કેમકે વૈરાગ્ય, ઉપશમ જેનાં બળવાન છે તેણે, કેવળ અસત્યનું નિરૂપણ કેમ કર્યું હોય? એ આદિ વિચારવાયોગ્ય છે. પણ સર્વ જીવથી આ વિચાર થવો દુર્લભ છે, અને તે વિચાર કાર્યકારી પણ છે, કરવાયોગ્ય છે; પણ તે કોઈ મહાત્મ્યવાનને થવાયોગ્ય છે. ત્યારે બાકી જે મોક્ષના ઇચ્છક જીવો છે તેણે તે સંબંધી શું કરવું ઘટે? તે પણ વિચારવાયોગ્ય છે.

સર્વ પ્રકારનાં સર્વાંગ–સમાધાન વિના સર્વકર્મથી મુક્ત થવું અશકય છે, એવો વિચાર અમારા ચિત્તમાં રહે છે: અને સર્વ પ્રકારનું સમાધાન થવા માટે અનંતકાળ પુરુષાર્થ કરવો પડતો હોય તો ઘણુંકરી કોઈ જીવ મુક્ત થઇ શકે નહીં; તેથી એમ જણાય છે કે, અલ્પકાળમાં તે સર્વ પ્રકારના સમાધાનના ઉપાય હોવાયોગ્ય છે. જેથી મુમુક્ષુ જીવને નિરાશાનું કારણ પણ નથી.

શ્રાવણ શુદ ૫–૬ ઉપર અત્રેથી નિવૃત્તવાનું બને એમ જણાય છે. પણ અહીંથી જતી વખતે વચ્ચે રોકાવું યોગ્ય છે કે કેમ? તે હજીસુધી વિચારમાં આવી શકયું નથી, કદાપિ જતી, કે વળતી વખત વચ્ચે રોકવાનું થઈ શકે, તો તે કયે ક્ષેત્રે થઈ શકે તે, હાલ સ્પષ્ટ વિચારમાં આવતું નથી. જ્યાં ક્ષેત્રસ્પર્શના હશે ત્યાં, સ્થિતિ થશે. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૧ ના અશાડ વદ ૭, રવિવાર. આ૦ સ્વ૦ પ્રણામ.

૩૮૩

જે વિચારવાન પુરૂષની દૃષ્ટિમાં સંસારનું સ્વરૂપ નિત્યપ્રત્યે ક્લેશસ્વરૂપ ભાસમાન થતું હોય, સંસારિક ભોગોપભોગ વિષે વિરસપણાજેવું જેને વર્ત્તતું હોય, તેવા વિચારવાનને બીજી તરફ લોક-વ્યવહારાદિ–વ્યાપારાદિ ઉદય વર્ત્તતા હોય, તો તે ઉદયપ્રતિબંધ, ઈંદ્રિયના સુખને અર્થે નહીં પણ આત્મહિતાર્થે ટાળવો હોય, તો ટાળી શકવાના શા ઉપાય હોવા જોઈએ ? તે સંબંધી કંઈ જણાવવાનું થાય તો કરશો. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૧, અશાડ વદ ૧૧, ગુરુવાર, મુંબઈ. આ૦ સ્વ૦ યથા૦

૩૮૪

જન્મથી જેને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન હતાં, અને આત્મોપયોગી એવી વૈરાગ્યદશા હતી, અલ્પકાળમાં ભોગકર્મ ક્ષીણ કરી સંયમને ગ્રહણ કરતાં મનઃપર્યવ નામનું જ્ઞાન પામ્યા હતા, એવા શ્રીમદ્ મહાવીરસ્વામી, તે છતાં પણ બાર વર્ષ અને સાડાછ માસ સુધી મૌનપણે વિચર્યા. આ પ્રકારનું તેમનું પ્રવર્તન તે ઉપદેશમાર્ગ પ્રવર્ત્તાવતાં કોઈ પણ જીવે અત્યંતપણે વિચારી પ્રવર્ત્તવાયોગ્ય છે એવી અખંડ શિક્ષા પ્રતિબોધે છે. તેમ જ જિનજેવાએ જે પ્રતિબંધની નિવૃત્તિ માટે પ્રયત્ન કર્યું, તે પ્રતિબંધમાં અજાગ્રત રહેવાયોગ્ય કોઈ જીવ ન હોય એમ જણાવ્યું છે; તથા અનંત આત્માર્થનો તે પ્રવર્ત્તનથી પ્રકાશ કર્યો છે. જેવા પ્રકારપ્રત્યે વિચારનું વિશેષ સ્થિરપણું વર્ત્તે છેઃ–વર્ત્તાતું ઘટે છે.

જે પ્રકારનું પૂર્વપ્રારબ્ધ ભોગવ્યે નિવૃત્ત થવાયોગ્ય છે, તે પ્રકારનુ પ્રારબ્ધ ઉદાસીનપણે વેદવું ઘટે; જેથી તે પ્રકારપ્રત્યે પ્રવર્ત્તતાં જે કંઈ પ્રસંગ પ્રાપ્ત થાય છે, તે તે પ્રસંગમાં જાગ્રત ઉપયોગ ન હોય, તો જીવને સમાધિવિરાધના થતાં વાર ન લાગે. તે માટે સર્વ સંગભાવને મૂળપણે પરિણામી કરી, ભોગવ્યાવિના ન છૂટી શકે તેવા પ્રસંગપ્રત્યે પ્રવૃત્તિ થવા દેવી ઘટે; તોપણ તે પ્રકાર કરતાં સર્વાંશ–અસંગતા જન્મે તે પ્રકાર ભજવો ઘટે છે.

કેટલાક વખત થયા 'સહજ–પ્રવૃત્તિ' અને 'ઉદીરણ–પ્રવૃત્તિ' એમ વિભાગે પ્રવૃત્તિ વર્ત્તે છે. મુખ્યપણે સહજ–પ્રવૃત્તિ વર્ત્તે છે. સહજ–પ્રવૃત્તિ એટલે પ્રારબ્ધોદયે ઉદ્ભવ થાય તે, પણ જેમાં કર્ત્તવ્ય–પરિણામ નહીં. બીજી ઉદીરણ–પ્રવૃત્તિ જે પરાર્થાદિ યોગે કરવી પડે તે. હાલ બીજી પ્રવૃત્તિ થવામાં આત્મા સંક્ષેપ થાય છે, કેમકે અપૂર્વ એવા સમાધિયોગને તે કારણથી પણ પ્રતિબંધ થાય છે, એમ સાંભળ્યું હતું, તથા જાણ્યું હતું, અને હાલ તેવું સ્પષ્ટાર્થે વેદ્યું છે. તે તે કારણોથી વધારે સમાગમમાં આવવાનું, પત્રાદિથી કંઈ પણ પ્રશ્નોત્તરાદિ જણાવવાનું તથા બીજા પ્રકારે પરમાર્થાદિ લખવા કરવાનું પણ સંક્ષેપ થવાના પર્યાયને આત્મા ભજે છે; એવા પર્યાયને ભજ્યાવિના અપૂર્વ સમાધિને હાનિ સંભવતી હતી. એમ છતાં પણ થવાયોગ્ય એવી સંક્ષેપ–પ્રવૃત્તિ થઈ નથી.

મુંબઈ, અશાડ વદ૦)), સોમ, ૧૯૫૧.

૩૮૫

'અનંતાનુબંધી'નો બીજો પ્રકાર લખ્યો છે તે વિષે વિશેષાર્થ નીચે લખ્યાથી જાણશોઃ—

ઉદયથી અથવા ઉદાસભાવસંયુક્ત મંદપરિણતબુદ્ધિથી ભોગાદિને વિષે પ્રવૃત્તિ થાય ત્યાંસુધીમાં જ્ઞાનીની આજ્ઞાપર પગ મૂકીને પ્રવૃત્તિ થઈ ન સંભવે. પણ જ્યાં ભોગાદિને વિષે તીવ્ર–તન્મયપણે–પ્રવૃત્તિ થાય ત્યાં, જ્ઞાનીની આજ્ઞાની કંઈ અંકુશતા સંભવે નહીં, નિર્ભયપણે ભોગપ્રવૃત્તિ સંભવે. જે નિર્ધ્વંસ પરિણામ કહ્યા છે, તેવાં પરિણામ વર્ત્તે ત્યાં પણ 'અનંતાનુબંધી' સંભવે છે. તેમ જ 'હું સમજું છું, મને બાધ નથી' એવાને એવા બફમમાં રહે; અને 'ભોગથી નિવૃત્તિ ઘટે છે'; અને વળી કંઈ પુરુષત્વ કરે તો થઈ શકવા યોગ્ય છતાં પણ મિથ્યાજ્ઞાનથી જ્ઞાનદશા માની ભોગા-

દિકમાં પ્રવર્ત્તના કરે ત્યાં પણ 'અનંતાનુબંધી' સંભવે છે. જાગ્રતમાં જેમ ઉપયોગનું શુદ્ધપણું થાય, તેમ તેમ સ્વમદશાનું પરિક્ષીણપણું સંભવે.

મુંબઈ, અશાડ વદ૦)), ૧૯૫૧.

૩૮૬.

'નિમિત્તવાસી આ જીવ છે' એવું એક સામાન્ય વચન છે; તે સંગપ્રસંગથી થતી જીવની પરિણતિ વિષે જોતાં પ્રાયે સિદ્ધાંતરૂપ લાગી શકે છે.

વવાણીઆ, શ્રાવણ શુદ ૧૨, શુક્રે ૧૯૫૧. **સહજાત્મસ્વરૂપે યથા૦**

૩૮૭.

પ્રથમપદમાં એમ કહ્યું છે કે "હે મુમુક્ષુ! એક આત્માને જાણતા સમસ્ત લોકાલોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જૂદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઇચ્છાથી તું નિવૃત્ત, અને એક નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્તસૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે; તત્ત્વસ્વરૂપ એવાં સત્શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ આ તત્ત્વ છે એમ, તત્ત્વજ્ઞાનીઓએ કહ્યું છે, તથાપિ ઉપયોગપૂર્વક તે સમજવું દુર્લભ છે; એ માર્ગ જૂદો છે, અને સ્વરૂપ પણ જૂદું છે; જેમ માત્ર 'કથનજ્ઞાનીઓ' કહેછે, તેમ નથી; માટે ઠેકાણે ઠેકાણે જઇને કાં પૂછેછે? કેમકે, તે અપૂર્વ ભાવનો અર્થ ઠેકાણે ઠેકાણેથી પ્રાપ્ત થવા યોગ્ય નથી."

બીજા પદનો સંક્ષેપ અર્થઃ—"હે મુમુક્ષુ! યમનિયમાદિ જે સાધનો શાસ્ત્રમાં કહ્યાં છે, તે ઉપર કહેલા અર્થથી નિષ્ફળ ઠરશે એમ પણ નથી, કેમકે તે પણ કારણને અર્થે છે. તે કારણ આ પ્રમાણે છે; આત્મજ્ઞાન રહી શકે એવી પાત્રતા પ્રાપ્ત થવા, તથા તેમાં સ્થિતિ થાય તેવી યોગ્યતા આવવા, એ કારણો ઉપદેશ્યાં છે. તત્ત્વજ્ઞાનીએ એર્થા—એવા હેતુથી—એ સાધનો કહ્યાં છે, પણ જીવની સમજણમાં સામટો ફેર હોવાથી તે સાધનોમાં જ અટકી રહ્યો, અથવા તે સાધન પણ અભિનિવેશપરિણામે ગ્રહ્યાં. આંગળીથી જેમ બાળકને ચંદ્ર દેખાડવામાં આવે, તેમ તત્ત્વજ્ઞાનીઓએ એ તત્ત્વનું તત્ત્વ કહ્યું છે."

સંવત્ ૧૯૫૧, શ્રાવણ વદ ૧૪, વવાણીઆ.

૩૮૮.

"બાળપણા કરતાં યુવાવસ્થામાં ઇંદ્રિયવિકાર વિશેષકરી ઉત્પન્ન થાય છે તેનાં શું કારણો હોવાં જોઇએ?" એમ લખ્યું તે માટે સંક્ષેપમાં આ પ્રમાણે વિચારવા યોગ્ય છે; ક્રમે જેમ વય વધે છે, તેમ તેમ ઇંદ્રિયબળ વધે છેઃ તેમ તે બળને વિકારના હેતુ એવાં નિમિત્તો મળે છે; અને પૂર્વભવે તેવા વિકારના સંસ્કાર રહ્યા છે તેથી, તે નિમિત્તાદિ યોગ પામી વિશેષ પરિણામ પામે છે. જેમ બીજ છે તે, તથારૂપ કારણો પામી ક્રમે વૃક્ષાકારે પરિણમે છે તેમ, પૂર્વના બીજભૂત સંસ્કારો ક્રમે કરી વિશેષાકારે પરિણમે છે.

વવાણીઆ, શ્રાવણ વદ ૧૪, સોમે, ૧૯૫૨ (હાલારી).

૩૮૯.

વેદાંત કહે છે કે, આત્મા અસંગ છે. જિન પણ કહે છે કે, 'પરમાર્થનય'થી આત્મા તેમ જ છે. એ જ અસંગતા સિદ્ધ થવી—પરિણત થવી—તે મોક્ષ છે. પરભારી તેવી અસંગતા સિદ્ધ થવી ઘણું કરીને અસંભવિત છે, અને એ જ માટે જ્ઞાની—પુરૂષોએ સર્વ દુઃખ ક્ષય કરવાની ઇચ્છા છે જેને એવા મુમુક્ષુએ સત્સંગની નિત્ય ઉપાસના કરવી એમ જે કહ્યું છે તે, અત્યંત સત્ય છે.

આશો શુદ ૧૧, ૧૯૫૧, મુંબઈ.

૩૯૦.

"દેખતભૂલી ટળે તો સર્વ દુઃખનો ક્ષય થાય," એવો સ્પષ્ટ અનુભવ થાય છે. તેમ છતાં તે જ 'દેખતભૂલી'ના પ્રવાહમાં જ જીવ વહ્યો જાય છે. એવા જીવોને આ જગતને વિષે કોઈ એવો આધાર છે કે જે આધારથી–આશ્રયથી–તે પ્રવાહમાં ન વહે? એ જ વિનંતિ.

આશો શુદ ૧૨. સોમે, ૧૯૫૧. મુંબઈ.

૩૯૧.

સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા, અને પરવૃત્તિમાં વહ્યું જાય છે. તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય?

આવા અમૂલ્ય મનુષ્યપણાનો એક સમય પણ પરવૃત્તિએ જવા દેવો યોગ્ય નથી; અને કંઇ પણ તેમ થયા કરે છે. તેનો ઉપાય કંઇ વિશેષે કરી ગવેષવા યોગ્ય છે.

જ્ઞાનીપુરૂષનો નિશ્ચય થઈ, અંતર્ભેદ ન રહે, તો આત્મપ્રાપ્તિ સાવ સુલભ છે. એવું જ્ઞાની પોકારી ગયા છતાં કેમ લોકો ભૂલે છે?

મુંબઈ, આશો શુદ ૧૫, ભોમ, ૧૯૫૧.

૩૯૨.

કરવાયોગ્ય કંઇ કહ્યું હોય તે, વિસ્મરણયોગ્ય ન હોય એટલો ઉપયોગ કરી, ક્રમે કરીને પણ તેમાં અવશ્ય પરિણતિ કરવી ઘટે. ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજસ્વભાવરૂપ કરી મૂક્યા વિના આત્મદશા કેમ આવે? પણ શિથિલપણાથી, પ્રમાદથી, એ વાત વિસ્મૃત થઈ જાય છે.

મુંબઈ, આશો શુદ ૧૩, ૧૯૫૧.

૩૯૩.

અનાદિથી વિપરિત અભ્યાસ છે, તેથી વૈરાગ્ય ઉપશમાદિ ભાવોની પરિણતિ એકદમ ન થઈ શકે, કિંવા થવી કઠિણ પડે; તથાપિ નિરંતર તે ભાવોપ્રત્યે લક્ષ રાખ્યે અવશ્ય સિદ્ધિ થાય છે. સત્સમાગમનો યોગ ન હોય ત્યારે, તે ભાવો જે પ્રકારે વર્દ્ધમાન થાય તે પ્રકારનાં દ્રવ્ય, ક્ષેત્રાદિ ઉપાસવાં. સત્શાસ્ત્રનો પરિચય કરવો યોગ્ય છે. સૌ કાર્યની પ્રથમભૂમિકા વિકટ હોય છે. તો અનંતકાળથી અનભ્યસ્ત એવી મુમુક્ષુતા માટે તેમ હોય એમાં કંઈ આશ્ચર્ય નથી.

મુંબઈ, આશો વદ ૩, રવિ, ૧૯૫૧. **સહજાત્મસ્વરૂપે પ્રણામ.**

૩૯૪.

"સમજ્યા તે શમાઈ રહ્યા," તથા "સમજ્યા તે શમાઈ ગયા," એ વાક્યમાં કંઇ અર્થાંતર થાય છે કે કેમ? તથા એમાં કયું વાક્ય વિશેષાર્થવાચક જણાય છે? તેમ જ સમજવા યોગ્ય શું? તથા શમાવું શું? તથા સમુચ્ચય વાક્યનો એક પરમાર્થ શો? તે વિચારવાયોગ્ય છે;–વિશેષપણે વિચારવાયોગ્ય છે, અને વિચારગત હોય તે, તથા વિચારતાં તે વાક્યોને વિશેષ પરમાર્થ લક્ષગત થતો હોય તે, લખવાનું બને તો લખશો. એ જ વિનંતિ

આશો વદ ૧૧, સં૦ ૧૯૫૧, શ્રી મોહમયી. **સહજાત્મસ્વરૂપે યથા૦**

૩૯૫.

શ્રી વીતરાગને પરમભક્તિએ નમસ્કાર.

બે તાર, બે પત્ર તથા બે પત્તાં મળ્યાં છે. શ્રી જિનજેવા પુરૂષે ગૃહવાસમાં જે પ્રતિબંધ કર્યો નથી તે પ્રતિબંધ ન થવા, આવવાનું કે પત્ર લખવાનું થયું નથી તે માટે અત્યંત દીન-

પણે ક્ષમા ઇચ્છું છઉં. સંપૂર્ણ વીતરાગતા નહીં હોવાથી આ પ્રમાણે વર્ત્તતાં અંતરૂમાં વિક્ષેપ થયો છે; જે વિક્ષેપ પણ શમાવવો ઘટે એ જ્ઞાનીએ માર્ગ દીઠા છે. જે આત્માનો અંતર્વ્યાપાર (અંતર્પરિણામની ધારા) તે બંધ અને મોક્ષની (કર્મથી આત્માનું બંધાવું અને તેથી આત્માનું છૂટવું) વ્યવસ્થાનો હેતુ છે; માત્ર શરીરચેષ્ટા, બંધ–મોક્ષની વ્યવસ્થાનો હેતુ નથી. વિશેષ રોગાદિ યોગે જ્ઞાનીપુરૂષના દેહનેવિષે પણ નિર્બળપણું, મંદપણું, મ્લાનતા, કંપ, સ્વેદ, મૂર્છા, બાહ્યવિભ્રમાદિ દૃષ્ટ થાય છે, તથાપિ જેટલું જ્ઞાને કરીને, બોધે કરીને, વૈરાગ્યે કરીને આત્માનું નિર્મળપણું થયું છે, તેટલા નિર્મળપણાએ કરી તે રોગને અંતર્પરિણામે જ્ઞાની વેદે છે, અને વેદતાં કદાપિ બાહ્યસ્થિતિ ઉન્મત્ત જોવામાં આવે, તોપણ અંતર્પરિણામ પ્રમાણે કર્મબંધ અથવા નિવૃત્તિ થાય છે.

આત્મા જ્યાં અત્યંત શુદ્ધ એવા નિજપર્યાયને સહજ ભજે ત્યાં[1] ——

૩૯૬.

શ્રી તીર્થંકરાદિ મહાત્માઓએ કહ્યું છે કે, જેને વિપર્યાસ મટી દેહાદિને વિષે થયેલી આત્મબુદ્ધિ, અને આત્મભાવને વિષે થયેલી દેહબુદ્ધિ તે મટી છે; એટલે, આત્મા આત્મપરિણામી થયો છે તેવા જ્ઞાનીપુરૂષને પણ જ્યાંસુધી પ્રારબ્ધવ્યવસાય છે ત્યાંસુધી, જાગ્રતિમાં રહેવું યોગ્ય છે; કેમકે, અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વિપર્યાસ ભયનો હેતુ ત્યાંપણ અમે જાણ્યો છે. 'ચાર ઘનઘાતી કર્મ' જ્યાં છિન્ન થયાં છે એવા સહજસ્વરૂપ પરમાત્માને વિષે તો સંપૂર્ણ જ્ઞાન, અને સંપૂર્ણ જાગ્રતિરૂપ તુર્યાવસ્થા છે; એટલે ત્યાં અનાદિ વિપર્યાસ નિર્બીજપણાને પ્રાપ્ત થવાથી કોઇ પણ પ્રકારે ઉદ્‌ભવ થઈ શકે જ નહીં; તથાપિ તેથી ન્યૂન એવા વિરત્યાદિ ગુણસ્થાનકે વર્ત્તતા એવા જ્ઞાનીને તો કાર્યે કાર્યે, અને ક્ષણે ક્ષણે આત્મજાગ્રતિ યોગ્ય છે. પ્રમાદવશે ચૌદપૂર્વ અંશે ન્યૂન જાણ્યા છે એવા જ્ઞાનીપુરુષને પણ અનંતકાળ પરિભ્રમણ થયું છે. માટે જેની વ્યવહારને વિષે અનાસક્તબુદ્ધિ થઈ તેવા પુરૂષે પણ જો તેવા ઉદયનું પ્રારબ્ધ હોય, તો તેની ક્ષણે ક્ષણે નિવૃત્તિ ચિંતવવી, અને નિજભાવની જાગ્રતિ રાખવી. આ પ્રકારે જ્ઞાનીપુરૂષને મહાજ્ઞાની એવા શ્રી તીર્થંકરાદિકે ભલામણ દીધી છે; તો પછી, જેને માર્ગાનુસારી અવસ્થામાં હજુ પ્રવેશ થયો નથી, એવા જીવને તો આ સર્વ વ્યવસાયથી વિશેષ નિવૃત્તભાવ રાખવો; અને વિચાર–જાગ્રતિ રાખવી યોગ્ય છે, એમ જણાવવા જેવું પણ રહેતું નથી, કેમકે તે તો સમજાણમાં સહેજે આવી શકે એવું છે.

બોધ બે પ્રકારથી જ્ઞાનીપુરૂષોએ કર્યો છે: એક તો '**સિદ્ધાંતબોધ**,' અને બીજો તે સિદ્ધાંત બોધ થવાને કારણભૂત એવો '**ઉપદેશબોધ**.' જો ઉપદેશબોધ જીવને અંતઃકરણમાં સ્થિતિમાન થયો ન હોય, તો સિદ્ધાંતબોધનું માત્ર તેને શ્રવણ થાય તે ભલે; પણ પરિણામ થઈ શકે નહીં. 'સિદ્ધાંતબોધ' એટલે પદાર્થનું જે સિદ્ધ થયેલું સ્વરૂપ છે–જ્ઞાનીપુરૂષોએ નિષ્કર્ષ કરી જે પ્રકારે છેવટે પદાર્થ જાણ્યો છે, તે પ્રકારથી વાણીદ્વારાએ જણાવાય તેમ જણાવ્યો છે–તેનો જે બોધ છે તે 'સિદ્ધાંતબોધ' છે. પણ પદાર્થના નિર્ણયને પામવા જીવને અંતરાયરૂપ તેની અનાદિ વિપર્યાસભાવને પામેલી એવી બુદ્ધિ છે, કે જે વ્યક્તપણે, કે અવ્યક્તપણે, વિપર્યાસ પદાર્થસ્વરૂપને નિર્ધારી લે છે. તે વિપર્યાસબુદ્ધિનું બળ ઘટવા, યથાવત્ વસ્તુસ્વરૂપ જાણવાને વિષે પ્રવેશ થવા જીવને વૈરાગ્ય અને ઉપશમ સાધનો કહ્યાં છે; અને એવાં જે જે સાધનો જીવને સંસારભય દૃઢ કરાવે છે, તે તે સાધનો સંબંધી જે ઉપદેશ કહ્યો છે તે, 'ઉપદેશ બોધ' છે. આ ઠેકાણે એવો ભેદ ઉત્પન્ન થાય કે, 'ઉપદેશબોધ' કરતાં 'સિદ્ધાંતબોધનું' મુખ્યપણું જણાય છે, કેમકે 'ઉપદેશબોધ'

1. આ પત્ર આ સ્થળેથી અપૂર્ણ સ્થિતિમાં મૂકી દીધેલો પ્રાપ્ત થયો છે.—સંશોધક.

પણ તેને જ અર્થે છે, તો પછી 'સિદ્ધાંતબોધ'નું જ પ્રથમથી અવગાહન કર્યું હોય, તો જીવને પ્રથમથી જ ઉન્નતિનો હેતુ છે. આ પ્રકારે જો વિચાર ઉદ્ભવે તો તે વિપરીત છે. કેમકે સિદ્ધાંતબોધનો જન્મ ' ' ઉપદેશબોધ'થી થાય છે. જેને વૈરાગ્ય–ઉપશમસંબંધી ઉપદેશબોધ થયો નથી, તેને બુદ્ધિનું વિપર્યાસપણું વર્ત્યા કરે છે; અને જ્યાંસુધી બુદ્ધિનું વિપર્યાસપણું હોય ત્યાંસુધી, સિદ્ધાંતનું વિચારવું પણ વિપર્યાસપણે થવું જ સંભવે છે, કેમકે ચક્ષુને વિષે જેટલી ઝાંખપ છે, તેટલો ઝાંખો પદાર્થ તે દેખે છે, અને જો અત્યંત બળવાન પડળ હોય તો તેને સમૂળગો પદાર્થ દેખાતો નથી. તેમ જેને ચક્ષુનું યથાતથ સંપૂર્ણ તેજ છે તે, પદાર્થને પણ યથાયોગ્ય દેખે છે. તેમ જે જીવને વિષે ગાઢ વિપર્યાસબુદ્ધિ છે તેને, તો કોઇ રીતે 'સિદ્ધાંતબોધ' વિચારમાં આવી શકે નહીં, જેની વિપર્યાસબુદ્ધિ મંદ થઇ છે તેને, તે પ્રમાણમાં સિદ્ધાંતનું અવગાહન થાય. અને જેણે તે વિપર્યાસબુદ્ધિ વિશેષપણે ક્ષીણ કરી છે એવા જીવને વિશેષપણે સિદ્ધાંતનું અવગાહન થાય. ગૃહકુટુંબપરિગ્રહાદિ ભાવને વિષે જે અહંતા, મમતા છે, અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ પ્રસંગમાં જે રાગદ્વેષ કષાય છે. તે જ વિપર્યાસબુદ્ધિ છે. અને અહંતા, મમતા તથા કષાય જ્યાં વૈરાગ્ય, ઉપશમ ઉદ્ભવે છે ત્યાં, મંદ પડે છે,–ત્યાં અનુક્રમે નાશ પામવાયોગ્ય થાય છે. ગૃહકુટુંબાદિ ભાવને વિષે અનાસક્તબુદ્ધિ થવી તે, 'વૈરાગ્ય' છે. અને તેની પ્રાપ્તિ અપ્રાપ્તિ નિમિત્તે ઉત્પન્ન થતો એવો જે કષાયક્લેશ તેનું મંદ થવું તે, 'ઉપશમ' છે. એટલે તે બે ગુણ વિપર્યાસબુદ્ધિને પર્યાયાંતર કરી સદ્બુદ્ધિ કરે છે; અને તે સદ્બુદ્ધિ જીવાજીવાદિ પદાર્થની વ્યવસ્થા જેથી જણાય છે એવા સિદ્ધાંતની વિચારણા કરવાયોગ્ય થાય છે. કેમકે ચક્ષુને પડળાદિ અંતરાય મટવાથી જેમ પદાર્થ યથાતથ દેખાય છે, તેમ અહંતાદિ પડળનું મંદપણું થવાથી જીવને જ્ઞાનીપુરૂષે કહેલા એવા સિદ્ધાંત ભાવ–– આત્મભાવ–વિચારચક્ષુએ દેખાય છે. જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે ત્યાં, વિવેક બળવાનપણે હોય છે. વૈરાગ્ય, ઉપશમ બળવાન ન હોય, ત્યાં વિવેક બળવાન હોય નહીં–અથવા યથાતથ વિવેક હોય નહીં. સહજ આત્મસ્વરૂપ છે એવું કેવળજ્ઞાન તે પણ પ્રથમ મોહનીય કર્મના ક્ષયાંતર પ્રગટે છે, અને તે વાતથી ઉપર જણાવ્યો છે તે સિદ્ધાંત, સ્પષ્ટ સમજી શકાશે. વળી જ્ઞાનીપુરૂષોની વિશેષ શીખામણ વૈરાગ્ય, ઉપશમપ્રતિ બોધતી જોવામાં આવેછે. જિનના આગમપર દૃષ્ટિ મૂકવાથી એ વાત વિશેષ સ્પષ્ટ જણાઇ શકશે. 'સિદ્ધાંતબોધ' એટલે જીવાજીવ પદાર્થનું વિશેષપણે કથન. તે (કથન) આગમમાં જેટલું કહ્યું છે તે કરતાં વિશેષપણે–વિશેષપણે–વૈરાગ્ય અને ઉપશમને કથન કર્યા છે, કેમકે તેની સિદ્ધિ થયા પછી વિચારની નિર્મળતા સહેજે થશે; અને વિચારની નિર્મળતા સિદ્ધાંતરૂપ કથનને સહેજે, કે ઓછા પરિશ્રમે અંગીકાર કરી શકે છે, એટલે તેની પણ સહેજે સિદ્ધિ થશે; અને તેમ જ થવું હોવાથી ઠામ ઠામ તે જ અધિકારનું વ્યાખ્યાન કર્યું છે. જો જીવને આરંભપરિગ્રહનું પ્રવર્ત્તન વિશેષ રહેતું હોય, તો વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે, કેમકે આરંભપરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમનાં મૂળ છે–વૈરાગ્ય અને ઉપશમના કાળ છે. 'શ્રીઠાણાંગસૂત્ર'માં આરંભ અને પરિગ્રહનું બળ જણાવી પછી તેથી નિવૃત્તવું યોગ્ય છે એવો ઉપદેશ થવા આ ભાવે દ્વીભંગી કહી છે.

૧, જીવને મતિજ્ઞાનાવરણીય ક્યાંસુધી ? જ્યાંસુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાંસુધી.
૨, જીવને શ્રુતજ્ઞાનાવરણીય ક્યાંસુધી હોય ? જ્યાંસુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાંસુધી.
૩, જીવને અવધિજ્ઞાનાવરણીય ક્યાંસુધી હોય ? જ્યાંસુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાંસુધી.
૪, જીવને મનઃપર્યવજ્ઞાનાવરણીય ક્યાંસુધી હોય ? જ્યાંસુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાંસુધી.
૫, જીવને કેવળજ્ઞાનાવરણીય ક્યાંસુધી હોય ? જ્યાંસુધી આરંભ અને પરિગ્રહ હોય ત્યાંસુધી.

એમ કહી દર્શનાદિના ભેદ જણાવી સત્તરવાર તેને તે વાત જણાવી છે કે, તે આવરણો ત્યાં-

સુધી હોય કે જ્યાંસુધી, આરંભ અને પરિગ્રહ હોય. આવું આરંભપરિગ્રહનું બળ જણાવી, ફરી અર્થાપત્તિરૂપે પાછું તેનું ત્યાં જ કથન કર્યું છે.

૧, જીવને મતિજ્ઞાન ક્યારે ઉપજે ?	આરંભપરિગ્રહથી નિવર્ત્યે.
૨, જીવને શ્રુતજ્ઞાન ક્યારે ઉપજે ?	આરંભપરિગ્રહથી નિવર્ત્યે.
૩, જીવને અવધિજ્ઞાન ક્યારે ઉપજે ?	આરંભપરિગ્રહથી નિવર્ત્યે.
૪, જીવને મનઃપર્યવજ્ઞાન ક્યારે ઉપજે ?	આરંભપરિગ્રહથી નિવર્ત્યે.
૫, જીવને કેવળજ્ઞાન ક્યારે ઉપજે ?	આરંભપરિગ્રહથી નિવર્ત્યે.

એમ સત્તર પ્રકાર ફરીથી કહી આરંભ પરિગ્રહની નિવૃત્તિનું ફળ જ્યાં છેવટે કેવળજ્ઞાન છે ત્યાંસુધી કીધું છે; અને પ્રવૃત્તિનું ફળ કેવળજ્ઞાનસુધીના આવરણના હેતુપણે કહી તેનું અત્યંત બળવાનપણુ કહી જીવને તેથી નિવૃત્ત થવાનો જ ઉપદેશ કર્યો છે. ફરીફરીને જ્ઞાનીપુરુષોનાં વચનો એ ઉપદેશનો જ નિશ્ચય કરવાની જીવને પ્રેરણા કરવા ઇચ્છે છે; તથાપિ અનાદિ અસત્સંગથી ઉત્પન્ન થયેલી એવી દુષ્ટ ઇચ્છાદિ ભાવમાં મૂઢ થયેલો એવો જીવ પ્રતિ બુઝતો નથી, અને તે ભાવોની નિવૃત્તિ કર્યાવિના, અથવા નિવૃત્તિનું પ્રયત્ન કર્યાવિના શ્રેય ઇચ્છે છે, કે જેનો સંભવ ક્યારે પણ થઈ શક્યો નથી, વર્તમાનમાં થતો નથી, અને ભવિષ્યમાં થશે નહીં.

૩૯૭

....[1]

અને તે આચાર્ય ભવભવાંત કરનાર નહીં હોવાથી તેમને બીજા ભંગમાં ગવેષ્યા છે. અથવા કોઇ જીવ પૂર્વકાળે જ્ઞાનારાધન કરી પ્રારબ્ધોદયે વર્તમાનમાં મંદક્ષયોપશમ મનુષ્યદેહ પામી જેણે માર્ગ નથી જાણ્યો, એવા કોઈ ઉપદેશક પાસેથી ઉપદેશ સાંભળતાં પૂર્વસંસ્કારથી, પૂર્વના આરાધનથી એવો વિચાર પામે કે, આ પરૂપણા જરૂર મોક્ષનો હેતુ ન હોય, કેમકે અંધપણે તે માર્ગ કહે છે, અથવા આ ઉપદેશ દેનારો જીવ પોતે અપરિણામી રહી ઉપદેશ કરે છે તે, મહાઅનર્થ છે, એમ વિમાસતાં પૂર્વારાધન જાગ્રત થાય અને ઉદય છેદી ભવાંત કરે; તેથી નિમિત્તરૂપ ગ્રહણ કરી તેવા ઉપદેશકનો પણ આ ભંગને વિષે સમાસ કર્યો હોય એમ લાગે છે. પોતે તરે અને બીજાને તારે તે શ્રી તીર્થંકરાદિ. ચોથો ભંગઃ—પોતે તરે પણ નહીં, અને બીજાને તારી પણ ન શકે તે 'અભવ્ય' કે 'દુર્ભવ્ય' જીવ. એ પ્રકારે સમાધાન કર્યું હોય તો જિનાગમ વિરોધ નહીં પામે; આ માટે વિશેષ પૂછવા ઇચ્છા હોય તો પૂછશો.

૩૯૮

ન ગમતું એવું ક્ષણવાર કરવાને પણ કોઇ ઇચ્છતું નથી, તથાપિ તે કરવું પડે છે એ, એમ સૂચવે છે કે, પૂર્વકર્મનું નિબંધન અવશ્ય છે. અવિકલ્પ સમાધિનું ધ્યાન ક્ષણવાર પણ મટતું નથી, તથાપિ અનેક વર્ષો થયા વિકલ્પરૂપ ઉપાધિને આરાધ્યા જઇયે છીએ. જ્યાંસુધી સંસાર છે ત્યાંસુધી, કોઈ જાતની ઉપાધિ હોવી તો સંભવે છે; તથાપિ 'અવિકલ્પ સમાધિમાં સ્થિત એવા જ્ઞાનીને તો તે ઉપાધિ પણ અબાધ છે; અર્થાત્ સમાધિ જ છે.

આ દેહ ધારણકરીને જો કે કોઇ મહાન શ્રીમંતપણુ ભોગવ્યું નથી, શબ્દાદિ વિષયોનો પૂરો વૈભવ પ્રાપ્ત થયો નથી; કોઈ વિશેષ એવા રાજ્યાધિકારેસહિત દિવસ ગાળ્યા નથી; પોતાનાં ગણાય છે એવાં કોઇ ધામ, આરામ સેવ્યાં નથી; અને હજુ યુવાવસ્થાનો પહેલો ભાગ વર્તે છે, તથાપિ એ કોઇની આત્મભાવે અમને કંઈ ઇચ્છા ઉત્પન્ન થતી નથી એ, એક મોટું આશ્ચર્ય

[1] આ પત્રનો પ્રથમ ભાગ અમને મળી શક્યો નથી.—સંશોધક.

જાણી વર્તીએ છીએ-અને એ પદાર્થોની પ્રાપ્તિ અપ્રાપ્તિ બન્ને સમાન થયાં જાણી ઘણા પ્રકારે 'અવિકલ્પ સમાધિ'ને જ અનુભવીએ છીએ. એમ છતાં વારંવાર વનવાસ સાંભરે છે. કોઈ પ્રકારનો લોકપરિચય રૂચિકર થતો નથી; સત્સંગમાં સુરતિ પ્રવાહ્યા કરે છે; અને અવ્યવસ્થિત દશાએ ઉપાધિજોગમાં રહીએ છીએ.

એક અવિકલ્પસમાધિ શિવાય બીજું ખરી રીતે સ્મરણ રહેતું નથી, ચિંતન રહેતું નથી, રૂચિ રહેતી નથી, અથવા કંઈ કામ કરાતું નથી. 'જ્યોતિષાદિ વિદ્યા' કે 'અણિમાદિ સિદ્ધિ' એ માયિક પદાર્થો જાણી આત્માને તેનું સ્મરણ પણ કવચિત્ જ થાય છે. તે વારે કોઇ વાત જાણવાનું, અથવા સિદ્ધ કરવાનું, ક્યારેય યોગ્ય લાગતું નથી, અને એ વાતમાં કોઈ પ્રકારે હાલ તો ચિત્તપ્રવેશ પણ રહ્યો નથી.

પૂર્વનિબંધન જે જે પ્રકારે ઉદય આવે, તે તે પ્રકારે ૦ ૦ ૦ અનુક્રમે કર્યા જવાં એમ કરવું યોગ્ય લાગે છે. તમે પણ તેવા અનુક્રમમાં ગમે તેટલા થોડા અંશે પ્રવર્તાય તોપણ તેમ પ્રવર્ત્તવાનો અભ્યાસ રાખજો; અને કોઇ પણ કામના પ્રસંગમાં વધારે શોચમાં પડવાનો અભ્યાસ ઓછો કરજો. એમ કરવું, અથવા થવું એ, જ્ઞાનીની અવસ્થામાં પ્રવેશ કરવાનું દ્વાર છે.

કોઇ પણ પ્રકારનો ઉપાધિપ્રસંગ લખો છો, તે જો કે વાંચ્યામાં આવે છે, તથાપિ તે વિશે ચિત્તમાં કંઇ આભાસ પડતો નહીં હોવાથી ઘણુંકરીને ઉત્તર લખવાનું પણ બનતું નથી; એ ક્ષમા કરવાયોગ્ય છે. સાંસારિક ઉપાધિ અમને પણ ઓછી નથી, તથાપિ તેમાં સ્વપણું રહ્યું નહીં હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી. તે ઉપાધિના ઉદયકાળને લીધે હાલ તો સમાધિ ગૌણભાવે વર્ત્તે છે: અને તે માટેનો શોચ રહ્યા કરે છે.

સંવત્ ૧૯૫૧. **લ૦ વીતરાગભાવના યથાયોગ્ય.**

૩૯૯.

ૐ સદ્ગુરૂ-પ્રસાદ.

વિસ્તારપૂર્વક કાગળ લખવાનું હાલમાં થતું નથી તેથી, ચિત્તમાં વૈરાગ્ય ઉપશમાદિ વિશેષ પ્રદીપ્ત રહેવામાં સત્શાસ્ત્ર એક વિશેષ આધારભૂત નિમિત્ત જાણી, શ્રી સુંદરદાસાદિના ગ્રંથનું બને તો એથી ચાર ઘડી નિયમિત વાંચવું-પૂછવું થાય તેમ કરવાને લખ્યું હતું. શ્રી સુંદરદાસના ગ્રંથો પ્રથમથી કરીને પ્રાંતસુધી વિશેષ અનુપ્રેક્ષાથી હાલ વિચારવા માટે તમને તથા શ્રી........... ને વિનંતિ છે.

કાયાસુધી માયા (એટલે કષાયાદિનો) સંભવ રહ્યા કરે એમ, શ્રી.........ને લાગે છે; તે અભિપ્રાય પ્રાયે (ઘણુંકરીને) તો યથાર્થ છે. તોપણ કોઇ પુરૂષવિશેષને વિષે કેવળ-સર્વ પ્રકારના-સંજ્વલનાદિ કષાયનો અભાવ થઇ શકવા યોગ્ય લાગે છે;-અને થઇ શકવામાં સંદેહ થતો નથી. તેથી કાયા છતાં પણ કષાયરહિતપણું સંભવે; અર્થાત્ સર્વથા રાગદ્વેષરહિત પુરૂષ હોઈ શકે. રાગદ્વેષરહિત આ પુરૂષ છે, એમ બાહ્યચેષ્ટાથી સામાન્ય જીવો જાણી શકે એમ બની શકે નહીં એથી, તે પુરૂષ કષાયરહિત-સંપૂર્ણ વીતરાગ-ન હોય એવો અભિપ્રાય વિચારવાન સિદ્ધ કરતા નથી, કેમકે બાહ્યચેષ્ટાથી આત્મદશાની સર્વથા સ્થિતિ સમજાઈ શકે એમ ન કહી શકાય.

શ્રી સુંદરદાસે આત્મજાગ્રતદશામાં 'શૂરાતનઅંગ' કહ્યું છે. તેમાં વિશેષ ઉલ્લાસપરિણતિથી 'શૂરવીરતાનું' નિરૂપણ કર્યું છે:—

મારે કામ ક્રોધ સબ લોભ મોહ પીસિ ડારે ઈંદ્રિ હુ કતલ કરી કિયો રજપૂતો હૈ,
માર્યો મહા મત્ત મન મારે અહંકાર મીર મારે મદ મચ્છર હૂ ઐસો રન રૂતો હૈ;

મારી આશા તૃષ્ણા પુનિ પાપિની સાપિની દોઉ સબકો પ્રહાર કરિ નિજપદ પ્હૂતો હૈ;
સુંદર કહત ઐસો કોઉ શૂરવીર નાંહિ વૈરિ સબ મારિકૈં નિચિંત હોઇ સૂતો હૈ. ?
—શ્રી સુંદરદાસ, શૂરાતનઅંગ, ૧૧ મું.

૪૦૦

ૐ

—આતમભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.

૪૦૧.

શ્રી વેદાંતે નિરૂપણ કરેલાં એવાં મુમુક્ષુ જીવનાં લક્ષણો તથા શ્રી જિને નિરૂપણ કરેલાં એવાં સમ્યક્દ્રષ્ટિ જીવનાં લક્ષણો સાંભળવાયોગ્ય છે;-તથારૂપ યોગ ન હોય તો વાંચવાયોગ્ય છે;-વિશેષપણે મનન કરવા યોગ્ય છે;-આત્મામાં પરિણામી કરવાયોગ્ય છે. પોતાનું ક્ષયોપશમબળ ઓછું જાણીને, અહંમમતાદિનો પરાભવ થવાને નિત્ય પોતાનું ન્યૂનપણું દેખવું. વિશેષ સંગપ્રસંગ સંક્ષેપવા યોગ્ય છે. એ જ વિનંતિ.

મુંબઈ, કારતક શુદ ૩, સોમવાર, ૧૯૫૨.

૪૦૨.

આત્મહેતુભૂત એવા સંગવિના સર્વ સંગ મુમુક્ષુ જીવે સંક્ષેપ કરવા ઘટે છે, કેમકે તે વિના પરમાર્થ આવિર્ભૂત થવો કઠણ છે. અને તે કારણે વ્યવહાર-દ્રવ્ય-સંયમરૂપ સાધુત્વ શ્રી જિને ઉપદેશ્યું છે.

મુંબઈ, કારતક શુદ ૧૩, ગુરૂ. ૧૯૫૨. **સહજાત્મસ્વરૂપ.**

ગયા પરમ દિવસે લખેલા પત્રમાં જે ગંભીર આશય લખ્યા છે તે વિચારવાન જીવને આત્માના પરમ હિતસ્વિ થાય તેવા આશય છે એ ઉપદેશ અમે તમને ઘણી વાર સહેજસાજ કર્યો છે, છતાં તે ઉપદેશને આજીવિકાના કષ્ટકલેશથી તમને ઘણીવાર વિસર્જન થયો છે, અથવા થઇ જાય છે. અમારાપ્રત્યે માવિત્ર જેટલો તમારો ભક્તિભાવ છે; એટલે લખવામાં અડચણ નથી એમ ગણીને, તથા દુઃખ સહન કરવાની અસમર્થતાને લીધે અમારી પાસેથી તેવા વહેવારની યાચના બે પ્રકારે તમારાથી થઇ છે:—એક તો કંઇ સિદ્ધિયોગથી દુઃખ મટાડી શકાય તેવા આશયની, અને બીજી યાચના કંઈ વેપાર રોજગારાદિની. એમાની એક યાચના તમારી અમારી પાસે થાય, તે તમારા આત્માને હિતનું કારણ રોધનાર, અને અનુક્રમે મલિન વાસનાનો હેતુ થાય; કેમકે જે ભૂમિકામાં જે ઘટે નહીં તે જીવ તે કરે તો તે ભૂમિકાનો તેને સહેજે ત્યાગ થાય. એમાં કંઇ સંદેહ નથી. તમારી અમારા પ્રત્યે નિષ્કામ ભક્તિ જોઇએ, અને તમને ગમે તેટલું દુઃખ હોય છતાં તેને ધીરજથી વેદવું જોઇએ. તેમ ન બને તોપણ એક અક્ષર અમારી પાસે તો તેની સૂચના પણ ન કરવી જોઇએ. એ તમને સર્વાંગ યોગ્ય છે. અને તમને તેવી જ સ્થિતિમાં જોવાને જેટલી મારી ઇચ્છા છે, અને જેટલું તમારૂં તે સ્થિતિમાં હિત છે, તે પત્રથી કે વચનથી અમારાથી જણાવી શકાય તેવું નથી: પણ પૂર્વના કોઈ તે જ ઉદયને લીધે તમને તે વાત વિસર્જન થઈ પાછી અમને જણાવવાની ઇચ્છા રહ્યા કરે છે. તે બે પ્રકારની યાચનામાં પ્રથમ જણાવી છે તે યાચના તો કોઇ પણ નિકઃભરીને કરવી ઘટે જ નહીં, અને અલ્પમાત્ર હોય તોપણ તેને મૂળથી છેદવી ઘટે; કેમકે લોકોત્તર મિથ્યાત્વનું તે છે એવો તીર્થંકરાદિનો નિશ્ચય છે; તે અમને તો સપ્રમાણ લાગે છે. બીજી યાચના છે તે પણ કર્ત્તવ્ય નથી, કેમકે તે પણ અમને પરિશ્રમનો હેતુ છે. અમને વહેવારનો પરિશ્રમ આપીને વહેવાર નિભાવવો એ આ જીવની સદ્વૃત્તિનું ઘણું જ અલ્પત્વ બતાવે છે; કેમકે અમારા અર્થે પરિશ્રમ વેઠી તમારે વહેવાર ચલાવી દેવો પડતો

હોય તો તે તમને હિતકારી છે, અને અમને તેવા દુષ્ટ નિમિત્તનું કારણ નથી; એવી સ્થિતિ છતાં પણ અમારા ચિત્તમાં એવો વિચાર રહે છે કે, જ્યાંસુધી અમારે પરિગ્રહાદિનું લેવું દેવું થાય, એવો વહેવાર ઉદયમાં હોય ત્યાંસુધી જાતે તે કાર્ય કરવું, અથવા વહેવારીક સંબંધી ધારાદિથી કરવું, પણ તે સંબંધી મુમુક્ષુ પુરૂષને તો પરિશ્રમ આપીને ન કરવું, કેમકે જીવને મલિન વાસના તેવા કારણે ઉદ્ભવ થવી સંભવે; કદાપિ અમારૂં ચિત્ત શુદ્ધ જ રહે એવું છે; તથાપિ કાળ એવો છે કે, જો શુદ્ધિ દ્રવ્યથી પણ રાખિયે તો સામા જીવને વિષમતા ઉદ્ભવ ન થાય; અને અશુદ્ધ વૃત્તિવાન જીવ પણ તેમ વર્તી પરમપુરૂષોના માર્ગનો નાશ ન કરે.—એ આદિ વિચારપર મારૂં ચિત્ત રહે છે. તો પછી જેનું અમારાથી પરમાર્થબળ, કે ચિત્તશુદ્ધિપણું ઓછું હોય તેણે તો જરૂર તે માર્ગણા બળવાનપણે રાખવી, એ જ તેને બળવાન શ્રેય છે,—અને તેમ જેવા મુમુક્ષુ પુરૂષે તો અવશ્ય તેમ વર્ત્તવું ઘટે; કેમકે તમારૂં અનુકરણ સહેજે બીજા મુમુક્ષુઓને હિતાહિતનું કારણ થઇ શકે. પ્રાણ જવા જેવી વિષમ અવસ્થાએ પણ તમને નિષ્કામતા જ રાખવી ઘટે છે, એવો અમારો વિચાર તે તમારા આજીવિકાથી ગમે તેવા દુઃખની અનુકંપા પ્રત્યે જતાં પણ મટતો નથી; પણ સામો વધારે બળવાન થાય છે. આ વિષયપરત્વે તમને વિશેષ કારણો આપી નિશ્ચય કરાવવાની ઇચ્છા છે, અને તે થશે એમ અમને નિશ્ચય રહે છે.

આ પ્રમાણે તમારા અથવા બીજા મુમુક્ષુ જીવના હિતના અર્થે મને જે યોગ્ય લાગ્યું તે લખ્યું છે. આટલું જણાવ્યા પછી મારો પોતાનો મારા આત્માર્થે તે સંબંધમાં કંઇક બીજો પણ વિચાર રહે છે તે લખવો ઘટતો નહોતો, પણ તમારા આત્માને કંઇક અમે દુભવવા જેવું લખ્યું છે, ત્યારે તે લખવો ઘટારત ગણી લખ્યો છે; તે આ પ્રમાણે છે કે, જ્યાંસુધી પરિગ્રહાદિનું લેવું દેવું થાય તેવો વહેવાર અમને ઉદયમાં હોય ત્યાંસુધી જો કોઇ પણ નિષ્કામ મુમુક્ષુ કે સત્પાત્ર જીવની, કે તેની અમારાથી અનુકંપાયોગની જે કાંઇ અમારાથી તેને જણાવ્યા શિવાય સેવા ચાકરી થઇ શકે તે દ્રવ્યાદિ પદાર્થથી પણ કરવી. કેમકે એવો માર્ગ ઋષભાદિ મહાપુરૂષે પણ ક્યાંક ક્યાંક જીવની ગુણનિષ્પન્નતાર્થે ગણ્યો છે. તે અમારા અંગના વિચારનો છે અને તેવી આચરણા સત્પુરૂષને નિષેધ નથી, પણ કોઇ રીતે કર્તવ્ય છે. માત્ર સામા જીવને પરમાર્થનો રોધ કરનાર તે વિષય કે સેવા ચાકરી થતી હોય તો તેને સત્પુરૂષે પણ ઉપશમાવવો જોઇએ.

૧૯૫૧ ના માગશર વદ ૧૧, રવિ. **પ્રણામ પ્રાપ્ત થાય.**

ૐ. વધારે વિચારનું સાધન થવા આ પત્ર લખ્યું છે.

પૂર્ણ જ્ઞાની શ્રીઋષભાદિ પુરૂષોને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે ક્ષય થયો છે; તો અમજેવાને તે પ્રારબ્ધોદય ભોગવવો જ પડે એમાં કંઈ સંશય નથી. માત્ર ખેદ એટલો થાય છે કે, અમને આવા પ્રારબ્ધોદયમાં શ્રીઋષભદેવાદિ જેવી અવિષમતા રહે એટલું બળ નથી; અને તેથી પ્રારબ્ધોદય છતાં વારંવાર તેથી અપરિપક્વ કાળે છૂટવાની કામના થઇ આવે છે કે, જો આ વિષમ પ્રારબ્ધોદયમાં કંઇ પણ ઉપયોગની યથાતથ્યતા ન રહી તો ફરી આત્મસ્થિરતા થતાં વળી અવસર ગવેષવો જોઇશે; અને પશ્ચત્તાપપૂર્વક દેહ છૂટશે એવી ચિંતા ઘણીવાર થઇ આવે છે.

આ પ્રારબ્ધોદય મટી નિવૃત્તિકર્મ વેદવારૂપ પ્રારબ્ધનો ઉદય થવા આશય રહ્યા કરે છે, પણ તે તરતમાં એટલે એકથી દોઢ વર્ષમાં થાય એમ તો દેખાતું નથી, અને પળ પળ જવી કઠણ પડે છે. એકથી દોઢ વર્ષ પછી પ્રવૃત્તિકર્મ વેદવારૂપ ઉદય કેવળ પરિક્ષીણ થશે, એમ પણ લાગતું નથી, કંઇક ઉદય વિશેષ મોળો પડશે, એમ લાગે છે.

આત્માની કેટલીક અસ્થિરતા રહે છે. ગયા વર્ષનો મોતીસંબંધી વ્યાપાર લગભગ પતવા આવ્યો છે, આ વર્ષનો મોતીસંબંધી વ્યાપાર ગયા વર્ષ કરતાં લગભગ બમણો થયો છે. ગયા

વર્ષ જેવું તેમાં પરિણામ આવવું કહણુ છે. થોડા દિવસ કરતાં હાલ ઠીક છે; અને આ વર્ષે પણ તેનું ગયા વર્ષ જેવું નહીં તોપણ કંઇક ઠીક પરિણામ આવશે, એમ સંભવ રહે છે; પણ ઘણો વખત તેના વિચારમાં વ્યતીત થવા જેવું થાય છે; અને તે માટે શોચ થાય છે કે, આ એક પરિગ્રહની કામનાના બળવાન પ્રવર્તન જેવું થાય છે, તે સમાવવું ઘટે છે; અને કંઇક કરવું પડે એવાં કારણો રહે છે, હવે જેમ તેમ કરી તે પ્રારબ્ધોદય તરત ક્ષય થાય તો સારું એમ મનમાં ઘણીવાર આવી રહ્યા કરે છે.

અત્રે જે આડત તથા મોતીસંબંધી વેપાર છે તેમાંથી મારાથી છૂટવાનું બને અથવા તેનો ઘણો પ્રસંગ ઓછો થવાનું થાય તેવો કોઇ રસ્તો ધ્યાનમાં આવે તો લખશો, ગમે તો આ વિષે સમાગમમાં વિશેષતાથી જણાવી શકાય તો જણાવશો. આ વાત લક્ષમાં રાખશો.

ત્રણ વર્ષની લગભગથી એવું વર્ત્યા કરે છે કે, પરમાર્થસંબંધી કે વ્યવહારસંબંધી કંઈ પણ લખતાં કંટાળો આવી જાય છે; અને લખતાં લખતાં કલ્પિત જેવું લાગવાથી વારંવાર અપૂર્ણ છોડી દેવાનું થાય છે. પરમાર્થમાં ચિત્ત જે વખતે એકાગ્રવત્ હોય ત્યારે જે પરમાર્થસંબંધી લખવાનું, અથવા કહેવાનું બને તો તે યથાર્થ કહેવાય; પણ ચિત્ત અસ્થિરવત્ હોય, અને પરમાર્થસંબંધી લખવાનું કે કહેવાનું કરવામાં આવે, તો તે ઉદીરણા જેવું થાય, તેમ જ અંતર્વૃત્તિનો યથાતથ્ય તેમાં ઉપયોગ નહીં હોવાથી તે આત્મબુદ્ધિથી લખ્યું કે કહ્યું નહીં હોવાથી કલ્પિતરૂપ કહેવાય; જેથી તથા તેવાં બીજાં કારણોથી પરમાર્થસંબંધી લખવાનું તથા કહેવાનું ઘણું ઓછું થઈ ગયું છે. આ સ્થળે સહજ પ્રશ્ન થશે કે, ચિત્ત અસ્થિરવત્ થઈ જવાનો હેતુ શો છે? પરમાર્થમાં જે ચિત્ત વિશેષ એકાગ્રવત્ રહેતું તે ચિત્ત પરમાર્થમાં અસ્થિરવત્ થવાનું કારણ કંઇ પણ જોઇએ. જો પરમાર્થસંશયનો હેતુ લાગ્યો હોય, તો તેમ બને, અથવા કોઈ તથાવિધ આત્મવીર્ય મંદ થવારૂપ તીવ્ર પ્રારબ્ધોદયના બળથી તેમ થાય.. આ બે હેતુથી પરમાર્થવિચાર કરતાં, લખતાં, કે કહેતાં ચિત્ત અસ્થિરવત્ વર્તે. તેમાં પ્રથમ કહ્યો તે હેતુ વર્તવાનો સંભવ નથી. માત્ર બીજો હેતુ કહ્યો તે સંભવે છે. આત્મવીર્ય મંદ થવારૂપ તીવ્ર પ્રારબ્ધોદય હોવાથી તે હેતુ ટાળવાનો પુરુષાર્થ છતાં કાળક્ષેપ થયા કરે છે, અને તેના ઉદયસુધી તે અસ્થિરતા ટળવી કઠણ છે; અને તેથી પરમાર્થસ્વરૂપ ચિત્ત વિના તે સંબંધી લખવું, કહેવું એ કલ્પિત જેવું લાગે છે, તોપણ કેટલાક પ્રસંગમાં વિશેષ સ્થિરતા રહે છે. વ્યવહારસંબંધી કંઇ પણ લખતાં તે અસારભૂત અને સાક્ષાત્ ભ્રાંતિરૂપ લાગવાથી તે સંબંધી જે કંઈ લખવું કે કહેવું તે તુચ્છ છે, આત્માને વિકળતાનો હેતુ છે; અને જે કંઇ લખવું, કહેવું છે તે ન કહ્યું હોય તોપણ ચાલી શકે એવું છે; માટે જ્યાંસુધી તેમ વર્ત્તે ત્યાં સુધી તો જરૂર તેમ વર્ત્તવું ઘટે છે. એમ જાણી ઘણી વ્યાવહારિક વાત લખવા, કરવા, કહેવાની ટેવ નીકળી ગઇ છે. માત્ર જે વ્યાપારાદિ વ્યવહારમાં તીવ્ર પ્રારબ્ધોદયે પ્રવૃત્તિ છે ત્યાં, કંઈક પ્રવર્ત્તિ થાય છે. જો કે તેનું પણ અયથાર્થપણું જણાય છે.

શ્રી જિન વીતરાગે દ્રવ્યભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કરી છે; અને તે સંયોગનો વિશ્વાસ પરમ જ્ઞાનીને પણ કર્તવ્ય નથી; એવો નિશ્ચળ માર્ગ કહ્યો છે તે શ્રી જિન વીતરાગનાં ચરણકમળને વિષે અત્યંત નમ્ર પરિણામથી નમસ્કાર છે.

જે પ્રશ્ન આજના પત્રમાં બીડ્યાં છે તેનો સમાગમે ઉત્તર પૂછશો.—દર્પણ, જળ, દીપક, સૂર્ય અને ચક્ષુના સ્વરૂપપર વિચાર કરશો તો કેવળજ્ઞાનથી પદાર્થનું જે પ્રકાશપણું થાય છે એમ જિને કહ્યું છે તે સમજવાને કંઈક સાધન થશે.

૧૯૫૧ ના ચૈત્ર વદ ૧૨, રવિ,–મુંબઇથી.

ૐ. આપના તરફથી બે પત્ર મળ્યાં છે. અમારાથી હાલ કંઇ વિશેષ લખવાનું થતું નથી. આગળ જે વિસ્તારથી એક પ્રશ્નના સમાધાનમાં ઘણા પ્રકારનાં દૃષ્ટાંત સિદ્ધાંતથી લખવાનું બની શકતું હતું, તેટલું હાલ બની શકતું નથી; એટલું જ નહીં પણ ચાર લીટી જેટલું લખવું હોય તો પણ કઠણ પડે છે; કેમકે અંતર્વિચારમાં ચિત્તની હાલ પ્રવૃત્તિ વિશેષ રહે છે; અને લખવા વિગેરેની પ્રવૃત્તિથી ચિત્ત સંક્ષિપ્ત રહે છે. વળી ઉદય પણ તથારૂપ વર્ત્તે છે. આગળ કરતાં બોલવાના સંબંધમાં પણ આ જ પ્રકારે ઘણું કરી ઉદય વર્ત્તે છે. તે પણ લખવા કરતાં કેટલીક વાર બોલવાનું કંઇક વિશેષ બની શકે છે. જેથી સમાગમે કંઇ જાણવા યોગ્ય પૂછવું હોય તો સ્મરણ રાખશો.

અહોરાત્ર ઘણું કરી વિચારદશા રહ્યા કરે છે; જે સંક્ષેપમાં પણ લખવાનું બની શકતું નથી, સમાગમમાં કંઇ પ્રસંગોપાત કહી શકાશે તો તેમ કરવા ઇચ્છા રહે છે, કેમકે તેથી અમને પણ હિતકારક સ્થિરતા થશે.

કબીરપંથી ત્યાં આવ્યા છે; તેમનો સમાગમ કરવામાં બાધ સંભવતો નથી; તેમ જ કોઇ તેમની પ્રવૃત્તિ યથાયોગ્ય ન લાગતી હોય તો તે વાતપર વધારે લક્ષ ન દેતાં કંઇ તેમના વિચારનું અનુકરણ કરવાયોગ્ય લાગે તે વિચારવું. વૈરાગ્યવાન હોય તેનો સમાગમ કેટલાક પ્રકારે આત્મભાવની ઉન્નતિ કરે છે.

લોક સંબંધી સમાગમથી ઉદાસભાવ વિશેષ રહે છે. તેમ જ એકાંત જેવા યોગ વિના કેટલીક પ્રવૃત્તિનો રોધ કરવો બની શકે નહીં, જેથી આપે લખેલી ઇચ્છા માટે પ્રવૃત્તિ થઇ શકવી અશક્ય છે.

અત્રેથી જે મિતિએ નિવૃત્ત થઇ શકાય તેવું હશે તે મિતિ તથા ત્યાર પછીની વ્યવસ્થા વિષે વિચાર યથાયોગ્ય થયે તે વિષે આપના તરફ પત્ર લખીશું. **આ૦ સ્વ૦ પ્રણામ.**

મોહ૦ સં૦ ૧૯૫૧ ના અશાડ શુદ ૧, રવિ.

શ્રીમદ્ વીતરાગાય નમઃ

તમારાં લખેલાં પત્ર મળ્યાં છે. તથારૂપ ઉદયવિશેષથી પ્રત્યુત્તર લખવાની પ્રવૃત્તિ હાલ ઘણી સંક્ષેપ રહે છે. જેથી અત્રથી પત્ર લખવામાં વિલંબ થાય છે; પણ તમે, કંઇ જ્ઞાનવાર્તા લખવાનું સૂઝે તે લખવામાં તે વિલંબના કારણથી ન અટકશો. હાલ તમારા તથા શ્રી······ના તરફથી જ્ઞાનવાર્તા જણાવવાનું થતું નથી તે લખશો. હાલ શ્રી કબીરસંપ્રદાયી સાધુનો કંઇ સમાગમ થાય છે કે કેમ ? તે લખશો.

અત્રેથી થોડા વખત માટે નિવૃત્ત થવારૂપ સમય જાણવા પૂછ્યો તેનો ઉત્તર લખતાં મન સંક્ષેપાય છે; જો બનશે તો એક બે દિવસ પછી લખીશ.

નીચેના બોલો પ્રત્યે તમારે તથા······એ વિશેષ વિચારપરિણતિ કરવા યોગ્ય છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ શા પ્રકારે ઘટે છે ? આ ભરતક્ષેત્રમાં આ કાળે તેનો સંભવ હોઇ શકે કે કેમ ? કેવળજ્ઞાનીને વિષે કેવા પ્રકારની આત્મસ્થિતિ હોય ? સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન અને કેવળજ્ઞાનના સ્વરૂપમાં કેવા પ્રકારે ભેદ હોવાયોગ્ય છે ? સમ્યક્દર્શનવાન પુરૂષની આત્માસ્થિતિ કેવી હોય ? તમારે તથા શ્રી······એ ઉપર જણાવેલા બોલપર યથાશક્તિ વિશેષ વિચાર કરવા યોગ્ય છે; તે સંબંધી પત્રવાટે તમારાથી લખાવા યોગ્ય લખશો. હાલ અત્રે ઉપાધિનું કેટલુંક ઓછાપણું છે. એ જ વિનંતિ. **આ૦ સ્વ૦ યોગ્ય.**

સં૦ ૧૯૫૧ ના અશાડ શુદ ૧૩, ગુરૂવાર.

વર્ષ ૨૯ મું.

૪૦૩

—નિશદિન નૈનમેં નિંદ ન આવે, નર તબહિ નારાયન પાવે.

—સુંદરદાસજી.

મુંબઇ, નવેમ્બર ૧૦, ૧૮૯૫.

૪૦૪

જે જે પ્રકારે પર-દ્રવ્ય (વસ્તુ) ના કાર્યનું સંક્ષેપપણું થાય, નિજદોષ જોવાનો દૃઢ લક્ષ રહે, અને સત્સમાગમ, સત્શાસ્ત્રને વિષે વર્દ્ધમાન પરિણતિ, ને પરમભક્તિ વર્ત્યા કરે, તે પ્રકારની આત્મતા કર્યા જતાં, તથા જ્ઞાનીનાં વચનોનો વિચાર કરવાથી દશા વિશેષતા પામતાં, યથાર્થ સમાધિને યોગ્ય થાય એવો લક્ષ રાખશો એમ, કહ્યું હતું. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૨ ના માગશર શુદ ૧૦, મંગલ, મુંબઈ.

૪૦૫

શુભેચ્છા, વિચાર, જ્ઞાન એ આદિ સર્વ ભૂમિકાને વિષે સર્વસંગપરિત્યાગ બળવાન ઉપકારી છે એમ જાણીને જ્ઞાનીપુરૂષોએ ' અણગારત્વ ' નિરૂપણ કર્યું છે. યદ્યપિ પરમાર્થથી સર્વસંગપરિત્યાગ યથાર્થ બોધ થયે પ્રાપ્ત થવાયોગ્ય છે; એમ જાણતા છતાં પણ સત્સંગમાં નિત્ય નિવાસ થાય, તો તેવો સમય પ્રાપ્ત થવાયોગ્ય છે એમ જાણી, સામાન્ય રીતે બાહ્યસર્વસંગપરિત્યાગ જ્ઞાનીપુરૂષોએ ઉપદેશ્યો છે, કે જે નિવૃત્તિને યોગે શુભેચ્છાવાન એવો જીવ સદ્‌ગુરૂ, સત્પુરૂષ અને સત્શાસ્ત્રની યથાયોગ્ય ઉપાસના કરી યથાર્થ બોધ પામે. એ જ વિનંતિ.

માગશર શુદ ૧૦, ભોમ, ૧૯૫૨, મુંબઇ.

બે અભિનિવેશ આડા આવી ઉભા રહેતા હોવાથી જીવ ' મિથ્યાત્વ 'નો ત્યાગ કરી શકતો નથી. તે આ પ્રમાણેઃ લૌકિક અને શાસ્ત્રિય. ક્રમે કરીને સત્સમાગમયોગે જીવ જો તે અભિનિવેશ છોડે, તો ' મિથ્યાત્વ ' નો ત્યાગ થાય છે; એમ વારંવાર જ્ઞાનીપુરૂષોએ શાસ્ત્રાદિ

દ્વારાએ ઉપદેશ્યું છતાં જીવ તે છોડવા પ્રત્યે ઉપેક્ષિત શા માટે થાય છે? તે વાત વિચારવાયોગ્ય છે.

સં૦ ૧૯૫૨ ના પોશ શુદ ૫. રવિ, મુંબઈથી.

૪૦૭

સર્વ દુઃખનું મૂળ સંયોગ (સંબંધ) છે એમ જ્ઞાનવંત એવા તીર્થંકરોએ કહ્યું છે. સમસ્ત જ્ઞાની પુરૂષોએ એમ દીઠું છે. જે સંયોગ બે પ્રકારે મુખ્યપણે કહ્યો છે; અંતર્સંબંધિય, અને બાહ્યસંબંધિય. અંતર્સંયોગનો વિચાર થવાને આત્માને બાહ્યસંયોગનો અપરિચય કર્તવ્ય છે;—જે અપરિચયની સપરમાર્થઇચ્છા જ્ઞાનીપુરુષોએ પણ કરી છે.

સં૦ ૧૯૫૨ ના પોશ શુદ ૫. રવિ, મુંબઈથી.

૪૦૮

—સરધાજ્ઞાન લહ્યો છે તોપણ જો નવિ જાય પમાયો (પ્રમાદ) રે.
વંધ્ય તરુ ઉપમ તે પામે, સંયમઠાણ જો નાયો રે.
ગાયો, ગાયો, ભલે વીર, જગત્ ગુરુ, ગાયો:—

સં૦ ૧૯૫૨, પોશ ? રવિ, મુંબઈ.

૪૦૯

આત્માર્થ શિવાય, શાસ્ત્રની જે જે પ્રકારે જીવે માન્યતા કરી કૃતાર્થતા માની છે, તે સર્વ 'શાસ્ત્રિય અભિનિવેશ' છે. સ્વચ્છંદતા ટળી નથી; સત્સમાગમનો યોગ પ્રાપ્ત થયો છે તે યોગે પણ સ્વચ્છંદતા નિર્વાહને અર્થે શાસ્ત્રના કોઇ એક વચનને બહુવચન જેવું જણાવી, તે મુખ્ય સાધન એવા સત્સમાગમ તેના સમાન, કે તેથી વિશેષ ભાર શાસ્ત્રપ્રત્યે મૂકે છે; તે જીવને પણ 'અપ્રશસ્ત શાસ્ત્રિય અભિનિવેશ' છે. આત્મા સમજવા અર્થે શાસ્ત્રો ઉપકારી છે, અને તે પણ સ્વચ્છંદરહિત પુરૂષને; એટલો લક્ષ રાખી સત્શાસ્ત્ર વિચારાય તો તે 'શાસ્ત્રિય અભિનિવેશ' ગણવાયોગ્ય નથી. સંક્ષેપથી લખ્યું છે.

સં૦ ૧૯૫૨ ના પોશ શુદ ૮, વાર ભોમે, મુંબઈથી.

૪૧૦

સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે.

ૐ

મોટા મુનિઓને જે વૈરાગ્યદશા પ્રાપ્ત થવી દુર્લભ તે વૈરાગ્ય દશા તો ગૃહવાસને વિષે જેને પ્રાયે વર્તતી હતી એવા શ્રી મહાવીર ઋષભાદિ પુરૂષો પણ ત્યાગને ગ્રહણ કરી ચાલી નીકળ્યા એ જ ત્યાગનું ઉત્કૃષ્ટપણું ઉપદેશે છે.

ગૃહસ્થાદિ વ્યવહાર વર્તે ત્યાં સુધી આત્મજ્ઞાન ન થાય, કે આત્મજ્ઞાન હોય તેને ગૃહસ્થાદિ વ્યવહાર ન હોય, એવો નિયમ નથી. તેમ છતાં પણ જ્ઞાનીને પણ ત્યાગવ્યવહારની ભલામણ પરમ પુરૂષોએ ઉપદેશી છે, કેમકે ત્યાગ આત્મઐશ્વર્યને સ્પષ્ટ વ્યક્ત કરે છે. તેથી અને લોકને ઉપકારભૂત છે તેથી, ત્યાગ અકર્ત્તવ્યલક્ષે કર્ત્તવ્ય છે; એમાં સંદેહ નથી.

સ્વસ્વરૂપને વિષે સ્થિતિ તેને, 'પરમાર્થસંયમ' કહ્યો છે. તે સંયમને કારણભૂત એવાં અન્ય નિમિત્તોના ગ્રહણને 'વ્યવહારસંયમ' કહ્યો છે. કોઇ જ્ઞાનીપુરૂષોએ તે સંયમનો પણ નિષેધ કર્યો નથી. પરમાર્થની ઉપેક્ષાએ—લક્ષવગર—જે 'વ્યવહારસંયમ'માંજ 'પરમાર્થસંયમ'ની માન્યતા રાખે તેના 'વ્યવહારસંયમ'નો તેનો અભિનિવેશ ટાળવા નિષેધ કર્યો છે, પણ વ્યવહારસંયમ'માં કંઈ પણ પરમાર્થની નિમિત્તતા નથી એમ જ્ઞાનીપુરૂષોએ કહ્યું નથી.

પરમાર્થના કારણભૂત એવા 'વ્યવહારસંયમ'ને પણ ' પરમાર્થસંયમ કહ્યો છે.

પ્રારબ્ધ છે એમ માનીને જ્ઞાની ઉપાધિ કરે છે એમ જણાતું નથી, પણ પરિણતિથી છૂટયા છતાં, ત્યાગવા જતાં બાહ્ય કારણો રોકે છે, માટે જ્ઞાની ઉપાધિસહિત દેખાય છે; તથાપિ તેની નિવૃત્તિના લક્ષને નિત્ય ભજે છે.

સં૦ ૧૯૫૨, પોષ વદ ૨. મુંબઇથી. પ્રણામ.

૪૧૧

દેહાભિમાન રહિત એવા સત્પુરૂષોને અત્યંત ભક્તિથી ત્રિકાળ નમસ્કાર.

જ્ઞાનીપુરૂષોએ વારંવાર આરંભપરિગ્રહના ત્યાગનું ઉત્કૃષ્ટપણું કહ્યું છે, અને ફરીફરીને તે ત્યાગનો ઉપદેશ કર્યો છે, અને ઘણું કરી પોતે પણ એમ વર્ત્યા છે, માટે મુમુક્ષુ પુરૂષને અવશ્યકરી તેની સંક્ષેપવૃત્તિ જોઇએ; એમાં સંદેહ નથી.

આરંભપરિગ્રહનો ત્યાગ કયા કયા પ્રતિબંધથી જીવ ન કરી શકે, અને તે પ્રતિબંધ કયા પ્રકારે ટાળી શકાય, એ પ્રકારે મુમુક્ષુ જીવે પોતાના ચિત્તમાં વિશેષ વિચારઅંકુર ઉત્પન્ન કરી કંઇ પણ તથારૂપ ફળ આણવું ઘટે. જો તેમ કરવામાં ન આવે, તો તે જીવને મુમુક્ષુતા નથી, એમ પ્રાયે કહી શકાય.

આરંભ અને પરિગ્રહનો ત્યાગ કયા પ્રકારે થયો હોય, તો યથાર્થ કહેવાય તે પ્રથમ વિચાર કરી પછી ઉપર કહ્યો તે વિચારઅંકુર મુમુક્ષુ જીવે પોતાના અંતઃકરણમાં અવશ્ય ઉત્પન્ન કરવો યોગ્ય છે.

તથારૂપ ઉદયથી વિશેષ લખવાનું હાલમાં બની શકતું નથી.

સં૦ ૧૯૫૨. પોશ વદ ૯, મુંબઇ.

૪૧૨

ૐ

ઉત્કૃષ્ટ સંપત્તિનાં ઠેકાણાં જે ચક્રવર્ત્યાદિ પદ તે સર્વ અનિત્ય દેખીને વિચારવાન પુરૂષો તેને છોડીને ચાલી નીકળ્યા છે; અથવા પ્રારબ્ધોદયે વાસ થયો તોપણ અમૂર્છિતપણે, અને ઉદાસીનપણે તેને પ્રારબ્ધોદય સમજીને વર્ત્યા છે, અને ત્યાગનો લક્ષ રાખ્યો છે.

સં૦ ૧૯૫૨, પોશ વદ ૧૧, રવિ, મુંબઇ,

૪૧૩

મહાત્મા બુદ્ધ (ગૌતમ) જરા, દારિદ્ર, રોગ અને મૃત્યુ એ ચારને એક આત્મજ્ઞાનવિના અન્ય સર્વ ઉપાયે અજીત દેખી, જેનેવિષે તેની ઉત્પત્તિનો હેતુ છે એવા સંસારને છોડીને ચાલ્યા જતા હવા. શ્રીઋષભાદિ અનંત જ્ઞાની પુરૂષોએ એ જ ઉપાય ઉપાસ્યો છે, અને સર્વ જીવોને તે ઉપાય ઉપદેશ્યો છે. તે આત્મજ્ઞાન દુર્ગમ્ય–પ્રાયે–દેખીને નિષ્કારણ કરૂણાશીલ એવા તે સત્પુરૂષોએ ભક્તિમાર્ગ પ્રકાશ્યો છે, જે સર્વ અશરણને નિશ્ચળ શરણરૂપ છે, અને સુગમ છે.

મુંબઇ, પોશ વદ ૧૨, રવિ, ૧૯૫૨.

૪૧૪

અસંગ એવું આત્મસ્વરૂપ સત્સંગને યોગે સૌથી સુલભપણે જાણવાયોગ્ય છે, એમાં સંશય નથી. સત્સંગનું મહાત્મ્ય સર્વ જ્ઞાનીપુરૂષોએ અતિશય કરી કહ્યું છે તે, યથાર્થ છે. એમાં વિચારવાનને કોઈ રીતે વિકલ્પ થવાયોગ્ય નથી.

રવિવાર, મહા શુદ ૪, ૧૯૫૨, મુંબઇ.

૪૧૫

ૐ સદ્‌ગુરુ પ્રસાદ.

જ્ઞાનીના સર્વ વ્યવહાર પરમાર્થમૂળ હોય છે, તોપણ જે દિવસે ઉદય પણ આત્માકાર વર્તશે તે દિવસને ધન્ય છે.

સર્વ દુઃખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય 'આત્મજ્ઞાન'ને કહ્યો છે. તે જ્ઞાનીપુરુષોનાં વચનો સાચાં છે;–અત્યંત સાચાં છે. જ્યાંસુધી જીવને તથારૂપ આત્મજ્ઞાન ન થાય ત્યાંસુધી, આત્યંતિક બંધનની નિવૃત્તિ ન હોય એમાં સંશય નથી. તે આત્મજ્ઞાન થતાંસુધી જીવે 'મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ' એવા સદ્‌ગુરુદેવનો નિરંતર આશ્રય અવશ્ય કરવાયોગ્ય છે; એમાં સંશય નથી. તે આશ્રયનો વિયોગ હોય ત્યારે, આશ્રયભાવના નિત્ય કર્ત્તવ્ય છે.

ઉદયને યોગે તથારૂપ આત્મજ્ઞાન થયા પ્રથમ ઉપદેશકાર્ય કરવું પડતું હોય, તો જે વિચાવાન મુમુક્ષુ તે પરમાર્થના માર્ગને અનુસરવાને હેતુભૂત એવા ભક્તિ, સત્પુરુષના ગુણગ્રામ, સત્પુરુષપ્રત્યે પ્રમોદભાવના, અને સત્પુરુષપ્રત્યે અવિરોધભાવના લોકોને ઉપદેશે છે; જે પ્રકારે મતમતાંતરનો અભિનિવેશ ટળે, અને સત્પુરુષનાં વચનો ગ્રહણ કરવાની આત્મવૃત્તિ થાય તેમ કરે છે. વર્ત્તમાનકાળમાં તે પ્રકારની વિશેષ હાનિ થશે એમ જાણી, જ્ઞાનીપુરુષોએ આ કાળને દુષમકાળ કહ્યો છે; અને તેમ પ્રત્યક્ષ દેખાય છે.

સર્વ કાર્યમાં કર્ત્તવ્યમાત્ર આત્માર્થ છેઃ એ સંભાવના નિત્ય મુમુક્ષુ જીવે કરવી યોગ્ય છે. એજ ફા૦ શુદ ૧, ૧૯૫૨, મુંબઈ.

૪૧૬

ૐ સદ્‌ગુરુ પ્રસાદ.

પર્યાયજ્ઞાન ઉત્પન્ન થયા પ્રથમ જે જીવોને ઉપદેશકપણું વર્ત્તતું હોય, તે જીવોએ જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને ભકિતનો લક્ષ થાય તે પ્રકારે પ્રસંગપ્રાપ્ત જીવોને ઉપદેશ આપવો ઘટે; અને જે પ્રકારે તેને નાના પ્રકારનાં અસદ્ આગ્રહનો, તથા કેવળવેષવ્યવહારાદિનો અભિનિવેશ ઘટે તે પ્રકારે–ઉપદેશ પરિણામી થાય તેમ–આત્માર્થ વિચારી કહેવું ઘટે. ક્રમે કરીને તે, જીવો યથાર્થ માર્ગની સન્મુખ થાય એવો યથાશક્તિ ઉપદેશ કર્ત્તવ્ય છે.

સં૦ ૧૯૫૨, ફાગણ શુદ ૧૦, મુંબઈ.

૪૧૭

ૐ સદ્‌ગુરુ પ્રસાદ.

દેહધારી છતાં નિરાવરણ જ્ઞાનસહિત વર્ત્તે છે એવા મહાપુરુષોને ત્રિકાળ નમસ્કાર.

સર્વ કષાયનો અભાવ દેહધારી છતાં પરમ જ્ઞાની પુરુષને વિષે બને એ પ્રકારે અમે લખ્યું તે પ્રસંગમાં "અભાવ" શબ્દનો અર્થ "ક્ષય" ગણીને લખ્યો છે.

જગતવાસી જીવને રાગદ્વેષ ગયાની ખબર પડે નહીં; બાકી જે મોટા પુરુષ છે તે, જાણે છે કે, આ મહાત્મા પુરુષને વિષે રાગદ્વેષનો અભાવ, કે ઉપશમ વર્ત્તે છે એમ લખી, આપે શંકા કરી કે, "જેમ મહાત્મા પુરુષને જ્ઞાનીપુરુષો અથવા દૃઢ મુમુક્ષુ જીવો જાણે છે તેમ, જગતના જીવો શા માટે ન જાણે ! મનુષ્યાદિ પ્રાણીને જેમ જોઇને જગતવાસી જીવો જાણે છે કે, આ મનુષ્યાદિ છે, અને મહાત્માપુરુષો પણ જાણે છે કે, આ મનુષ્યાદિ છે; એ પદાર્થો જોવાથી બેયનું જાણવું સરખું વર્ત્તે છે, અને આમાં ભેદ વર્ત્તે છે, તેવો ભેદ થવાનાં કયાં કારણો મુખ્યપણે વિચારવાયોગ્ય છે ?" એ પ્રકારે લખ્યું તેનું સમાધાનઃ—

મનુષ્યાદિને જગતવાસી જીવો જાણે છે તે, દૈહિક સ્વરૂપથી તથા દૈહિક ચેષ્ટાથી જાણે છે. એક બીજાની મુદ્રામાં, આકારમાં, તથા ઈંદ્રિયોમાં જે ભેદ છે તે, ચક્ષુ આદિ ઈંદ્રિયોથી જગત્-વાસી જીવ જાણી શકે છે; અને કેટલાક તે જીવોના અભિપ્રાય પણ અનુમાનપરથી જગતવાસી જીવ જાણી શકે છે, કેમકે તે તેના અનુભવનો વિષય છે; પણ જ્ઞાનદશા અથવા વીતરાગદશા છે તે, મુખ્યપણે દૈહિક સ્વરૂપ તથા દૈહિક ચેષ્ટાનો વિષય નથી; અંતરાત્મગુણ છે. અને અંતરાત્મપણું બાહ્યજીવોના અનુભવનો વિષય ન હોવાથી, તેમ જ તથારૂપ અનુમાન પણ પ્રવર્ત્તે એવા જગતવાસી જીવોને ઘણુંકરીને સંસ્કાર નહીં હોવાથી જ્ઞાની, કે વીતરાગને તે ઓળખી શકતા નથી. કોઈક જીવ સત્સમાગમના યોગથી, સહજ શુભકર્મના ઉદયથી, તથારૂપ કંઈ સંસ્કાર પામીને જ્ઞાની, કે વીતરાગને યથાશક્તિ ઓળખી શકે, તથાપિ ખરેખરૂં ઓળખાણ તો દૃઢ મુમુક્ષુતા પ્રગટ્યે, તથારૂપ સત્સમાગમથી પ્રાપ્ત થયેલ ઉપદેશને અવધારણ કર્યે, અંતરાત્મવૃત્તિ પરિણમ્યે, જીવ જ્ઞાની, કે વીતરાગને ઓળખી શકે. જગતવાસી એટલે જગતદૃષ્ટિજીવો છે તેની દૃષ્ટિએ ખરેખરૂં જ્ઞાની, કે વીતરાગનું ઓળખાણ કયાંથી થાય ? અંધકારને વિષે પડેલા પદાર્થને મનુષ્ય-ચક્ષુ દેખી શકે નહીં તેમ, દેહને વિષે રહ્યા એવા જ્ઞાની, કે વીતરાગને જગતદૃષ્ટિજીવ ઓળખી શકે નહીં. જેમ અંધકારને વિષે પડેલો પદાર્થ મનુષ્યચક્ષુથી જોવાને બીજા કોઈ પ્રકારની અપેક્ષા રહે છે, તેમ જગતદૃષ્ટિજીવોને જ્ઞાની, કે વીતરાગની ઓળખાણ માટે, વિશેષ શુભ સંસ્કાર અને સત્સમાગમની અપેક્ષા યોગ્ય છે. જો તે યોગ પ્રાપ્ત ન હોય, તો જેમ અંધકારમાં પડેલો પદાર્થ અને અંધકાર એ બેય એકાકાર ભાસે છે, ભેદ ભાસતો નથી, તેમ તથારૂપ યોગવિના જ્ઞાની, કે વીતરાગ અને અન્ય સંસારી જીવોનું એકાકારપણું ભાસે છે; દેહાદિ ચેષ્ટાથી ઘણુંકરીને ભેદ ભાસતો નથી.

જે દેહધારી સર્વ અજ્ઞાન અને સર્વ કષાયરહિત થયા છે, તે દેહધારી મહાત્માને ત્રિકાળ પરમભક્તિથી નમસ્કાર હો ! નમસ્કાર હો ! ! તે મહાત્મા વર્ત્તે છે તે દેહને, ભૂમિને, ઘરને માર્ગને, આસનાદિ સર્વને નમસ્કાર હો ! નમસ્કાર હો ! !

ફાગણ વદ ૩, સોમે. ૧૯૫૭, મુંબઈ,

૪૧૮

કાગળ પહોંચ્યો છે. સામાન્યપણે વર્ત્તતી ચિત્તવૃત્તિઓ લખી તે, વાંચી છે. વિસ્તારથી હિતવચન લખવાની જીજ્ઞાસા જણાવી તે વિષે, સંક્ષેપમાં નીચે લખ્યાથી વિચારશોઃ—

પ્રારબ્ધોદયથી જે પ્રકારનો વ્યવહાર પ્રસંગમાં વર્ત્તે છે તે પ્રત્યે દૃષ્ટિ દેતાં જેમ પત્રાદિ લખવામાં સંક્ષેપતાથી વર્ત્તવાનું થાય છે. તેમ વધારે યોગ્ય છે, એવો અભિપ્રાય ઘણુંકરીને રહે છે. આત્માને વાસ્તવ્યપણે ઉપકારભૂત એવો ઉપદેશ કરવામાં જ્ઞાની પુરૂષો સંક્ષેપતાથી વર્ત્તે નહીં એમ ઘણુંકરીને બનવાયોગ્ય છે; તથાપિ બે કારણેકરીને તે પ્રકારે પણ જ્ઞાનીપુરૂષો વર્ત્તે છેઃ તે ઉપદેશ જિજ્ઞાસુ જીવનેવિષે પરિણામ થાય એવા સંયોગોવિષે તે જીજ્ઞાસુ જીવ વર્ત્તતો ન હોય, અથવા તે ઉપદેશ વિસ્તારથી કર્યે પણ ગ્રહણ કરવાનું તેનેવિષે તથારૂપ યોગ્યપણું ન હોય, તો જ્ઞાનીપુરૂષ તે જીવોને ઉપદેશ કરવામાં સંક્ષેપપણે પણ વર્ત્તે છે; અથવા પોતાને બાહ્ય વ્યવહાર એવા ઉદયરૂપ હોય કે, તે ઉપદેશ જીજ્ઞાસુ જીવને પરિણમતાં પ્રતિબંધરૂપ થાય; અથવા તથારૂપ કારણવિના તેમ વર્ત્તી મુખ્યમાર્ગને વિરોધરૂપ, કે સંશયના હેતુરૂપ થવાનું કારણ બનતું હોય તો-પણ જ્ઞાનીપુરૂષો સંક્ષેપપણે ઉપદેશમાં પ્રવર્ત્તે અથવા મૌન રહે.

સર્વસંગપરિત્યાગ કરીને ચાલી નીકળ્યાથી પણ જીવ ઉપાધિરહિત થતો નથી, કેમકે જ્યાં સુધી અંતર્પરિણતિપર દૃષ્ટિ ન થાય, અને તથારૂપ માર્ગે ન પ્રવર્ત્તાય ત્યાંસુધી, સર્વસંગપરિત્યાગ

પણ નામ માત્ર થાય છે, અને તેવા અવસરમાં પણ અંતર્પરિણતિપર દૃષ્ટિ દેવાનું ભાન જીવને આવવું કઠણ છે, તો પછી આવા ગૃહવ્યવહારને વિષે લૌકિક અભિનિવેશપૂર્વક રહી અંતર્પરિણતિપર દૃષ્ટિ દેવાનું બનવું કેટલું દુઃસાધ્ય હોવું જોઈએ તે વિચારવાયોગ્ય છે. વળી તેવા વ્યવહારમાં રહી જીવે અંતર્પરિણતિપર કેટલું બળ રાખવું જોઈએ તે પણ વિચારવાયોગ્ય છે, અને અવશ્ય તેમ કરવાયોગ્ય છે.

વધારે શું લખીએ? જેટલી પોતાની શક્તિ હોય, તે સર્વ શક્તિથી એક લક્ષ રાખીને, લૌકિક અભિનિવેશને સંક્ષેપ કરીને, કંઈ પણ અપૂર્વ નિરાવરણપણું દેખાતું નથી માટે સમજ્યાનું માત્ર અભિમાન છે એમ જીવને સમજાવીને, જે પ્રકારે જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રનેવિષે સતત જાગ્રત થાય તે જ કરવામાં વૃત્તિ જોડવી, અને રાત્રિદિવસ તે જ ચિંતામાં પ્રવર્ત્તવું એ જ વિચારવાન જીવનું કર્ત્તવ્ય છે; અને તેને માટે સત્સંગ, સત્શાસ્ત્ર અને સરળતાદિ નિજગુણો ઉપકારભૂત છે, એમ વિચારીને તેનો આશ્રય કરવો યોગ્ય છે. જ્યાંસુધી લૌકિક અભિનિવેશ, એટલે દ્રવ્યાદિ લોભ, તૃષ્ણા, દૈહિક માન, કુળ, જાતિ આદિસંબંધી મોહ કે વિશેષત્વ માનવું હોય, તે વાત ન છોડવી હોય, પોતાની બુદ્ધિએ–સ્વેચ્છાએ–અમુક ગચ્છાદિનો આગ્રહ રાખવો હોય ત્યાંસુધી, જીવને અપૂર્વ ગુણ કેમ ઉત્પન્ન થાય? તેનો વિચાર સુગમ છે.

વધારે લખી શકાય એવો ઉદય હાલ અત્રે નથી; તેમ વધારે લખવું, કે કહેવું તે પણ કોઈક પ્રસંગમાં થવા દેવું યોગ્ય છે એમ છે. તમારી વિશેષ જિજ્ઞાસાથી પ્રારબ્ધોદય વેદતાં જે કંઈ લખી શકાત તે કરતાં કંઈક ઉદીરણા કરીને વિશેષ લખ્યું છે. એજ વિનંતિ.

સં૦ ૧૯૫૨ ના ચૈત્ર શુદ ૧, રવિ, મુંબઈથી.

૪૧૯.

ૐ.

જેમાં ક્ષણવારમાં હર્ષ, અને ક્ષણવારમાં શોક થઈ આવે એવા આ વ્યવહારમાં જે જ્ઞાની પુરુષો સમદશાથી વર્ત્તે છે, તેને અત્યંત ભક્તિથી ધન્ય કહીએ છીએ; અને સર્વ મુમુક્ષુ જીવને એ જ દશા ઉપાસવાયોગ્ય છે એમ નિશ્ચય દેખીને પરિણતિ કરવી ઘટે છે. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૨ ના ચૈત્ર શુદ ૨, સોમે, મુંબઈ.

૪૨૦.

ૐ.

સદ્‌ગુરુચરણાય નમઃ

૧, જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટ્યો છે, અને અન્ય પદાર્થને વિષે અહંતા મમતા વર્ત્તતાં નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે, અર્થાત્ જ્ઞાનસ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને 'નિરાવરણ જ્ઞાન' કહેવાયોગ્ય છે.

૨. સર્વ જીવોને એટલે, સામાન્ય મનુષ્યોને, જ્ઞાની અજ્ઞાનીની વાણીનો ભેદ સમજવો કઠણ છે, એ વાત યથાર્થ છે: કેમકે કૈક શુષ્કજ્ઞાની શીખી લઈને જ્ઞાનીના જેવો ઉપદેશ કરે, એટલે તેમાં વચનનું સમતુલ્યપણું જોયાથી શુષ્કજ્ઞાનીને પણ સામાન્ય મનુષ્યો જ્ઞાની માને, મંદદશાવાન મુમુક્ષુ જીવો પણ તેવાં વચનથી ભ્રાંતિ પામે; પણ ઉત્કૃષ્ટદશાવાન મુમુક્ષુ પુરુષ, શુષ્કજ્ઞાનીની વાણી જ્ઞાનીની વાણીજેવી શબ્દે જોઈ પ્રાયે ભ્રાંતિ પામવાયોગ્ય નથી, કેમકે શુષ્કજ્ઞાનીની વાણીમાં આશયે જ્ઞાનીની વાણીની તુલના હોતી નથી; જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરુદ્ધ, આત્માર્થઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે; અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગ્રત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી; સર્વથી ઉત્કૃષ્ટ ગુણ જે પૂર્વાપર અવિ-

રોધપણું તે શુષ્કજ્ઞાનીની વાણીને વિષે વર્ત્તવાયોગ્ય નથી, કેમકે યથાસ્થિત પદાર્થદર્શન તેને હોતું નથી; અને તેથી ઠામ ઠામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે. એ આદિ નાનાપ્રકારના ભેદથી જ્ઞાની અને 'શુષ્કજ્ઞાનીની વાણીનું ઓળખાણ ઉત્કૃષ્ટ મુમુક્ષુને થવાયોગ્ય છે. જ્ઞાનીપુરૂષને તો સહજ સ્વભાવે તેનું ઓળખાણ છે, કેમકે પોતે ભાનસહિત છે, અને ભાનસહિત પુરૂષવિના આ પ્રકારનો આશય ઉપદેશી શકાય નહીં. એમ સહેજે તે જાણે છે. અજ્ઞાન અને જ્ઞાનનો ભેદ જેને સમજાયો છે, તેને અજ્ઞાની અને જ્ઞાનીનો ભેદ સહેજે સમજાવાયોગ્ય છે. અજ્ઞાનપ્રત્યેનો જેનો મોહ વિરામ પામ્યો છે, એવા જ્ઞાનીપુરૂષને શુષ્કજ્ઞાનીનાં વચનો ભ્રાંતિ કેમ કરી શકે? બાકી સામાન્ય જીવોને અથવા મંદદશા અને મધ્યમદશાના મુમુક્ષુને શુષ્કજ્ઞાનીનાં વચનો સાદૃશ્યપણે જોવામાં આવ્યાથી બન્ને જ્ઞાનીનાં વચનો છે એમ ભ્રાંતિ થવાનો સંભવ છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુને ઘણું કરીને તેવી ભ્રાંતિનો સંભવ નથી, કેમકે જ્ઞાનીનાં વચનોની પરીક્ષાનું બળ તેને વિશેષપણે સ્થિર થયું છે. પૂર્વકાળે જ્ઞાની થઇ ગયા હોય, અને માત્ર તેની મુખવાણી રહી હોય; તોપણ વર્ત્તમાન કાળે જ્ઞાનીપુરૂષ એમ જાણી શકે કે, આ વાણી જ્ઞાનીપુરૂષની છે; કેમકે રાત્રિદિવસના ભેદની પેઠે અજ્ઞાની જ્ઞાનીની વાણીને વિષે આશયભેદ હોય છે, અને આત્મદશાના તારતમ્ય પ્રમાણે આશયવાળી વાણી નીકળે છે. તે આશય, વાણીપરથી 'વર્ત્તમાન જ્ઞાનીપુરૂષ'ને સ્વાભાવિક દૃષ્ટિગત થાય છે; અને કહેનાર પુરૂષની દશાનું તારતમ્ય લક્ષગત થાય છે. અત્રે જે 'વર્ત્તમાન જ્ઞાની' શબ્દ લખ્યો છે, તે કોઇ વિશેષ પ્રજ્ઞાવંત, પ્રગટ બોધબીજસહિત પુરૂષશબ્દના અર્થમાં લખ્યો છે જ્ઞાનીનાં વચનોની પરીક્ષા સર્વ જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત.

૩. જિનાગમમાં મતિ, શ્રુત આદિ જ્ઞાનના પાંચ પ્રકાર કહ્યા છે. તે જ્ઞાનના પ્રકાર સાચા છે. ઉપમાવાચક નથી. અવધિ, મનઃપર્યવાદિ જ્ઞાન વર્ત્તમાનકાળમાં વ્યવચ્છેદ જેવાં લાગે છે તે પરથી તે જ્ઞાન ઉપમાવાચક ગણવાયોગ્ય નથી. એ જ્ઞાન મનુષ્ય જીવોને ચારિત્રપર્યાયની વિશુદ્ધ તારતમ્યતાથી ઉપજે છે. વર્ત્તમાનકાળમાં તે વિશુદ્ધ તારતમ્યતા પ્રાપ્ત થવી દુર્લભ છે, કેમકે કાળનું પ્રત્યક્ષ સ્વરૂપ ચારિત્રમોહનીય આદિ પ્રકૃતિના વિશેષ બળસહિત વર્ત્તતું જોવામાં આવે છે. સામાન્ય આત્મચારિત્ર પણ કોઇક જીવને વિષે વર્ત્તવા યોગ્ય છે, તેવા કાળમાં તે જ્ઞાનની લબ્ધિ વ્યવચ્છેદ જેવી હોય એમાં કંઈ આશ્ચર્ય નથી; તેથી તે જ્ઞાન ઉપમાવાચક ગણવાયોગ્ય નથી; આત્મસ્વરૂપ વિચારતાં તો તે જ્ઞાનનું કંઈ પણ અસંભવિતપણું દેખાતું નથી. સર્વ જ્ઞાનની સ્થિતિનું ક્ષેત્ર આત્મા છે. તો પછી અવધિ, મનઃપર્યવાદિ જ્ઞાનનું ક્ષેત્ર આત્મા હોય એમાં સંશય કેમ ઘટે? યદ્યપિ શાસ્ત્રના યથાસ્થિત પરમાર્થના અજ્ઞજીવો તેની વ્યાખ્યા જે પ્રકારે કરે છે, તે વ્યાખ્યા વિરોધવાળી હોય, પણ પરમાર્થે તે જ્ઞાનનો સંભવ છે. જિનાગમમાં તેની જે પ્રકારના આશયથી વ્યાખ્યા કરી હોય તે વ્યાખ્યા, અને અજ્ઞાની જીવો આશય જાણ્યાવિના જે વ્યાખ્યા કરે, તેમાં મોટો ભેદ હોય એમાં આશ્ચર્ય નથી; અને તે ભેદને લીધે તે જ્ઞાનના વિષય માટે સંદેહ થવાયોગ્ય છે; પણ આત્મદૃષ્ટિએ જોતાં તે સંદેહનો અવકાશ નથી.

૪. કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ 'સમય' છે, રૂપી પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ 'પરમાણુ' છે, અને અરૂપી પદાર્થનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ 'પ્રદેશ' છે. એ ત્રણે એવાં સૂક્ષ્મ છે કે, અત્યંત નિર્મળ જ્ઞાનની સ્થિતિ તેના સ્વરૂપને ગ્રહણ કરી શકે; સામાન્યપણે સંસારી જીવનો ઉપયોગ અસંખ્યાત સમયવર્તિ છે, તે ઉપયોગમાં સાક્ષાત્પણે એક સમયનું જ્ઞાન સંભવે નહીં; જો તે ઉપયોગ એક સમયવર્તિ અને શુદ્ધ હોય, તો તેને વિષે સાક્ષાત્પણે સમયનું જ્ઞાન થાય. તે ઉપયોગનું એક સમયવર્તિપણું કષાયાદિના અભાવે થાય છે, કેમકે કષાયાદિ યોગે ઉપયોગ મૂઢતાદિ ધારણ કરે છે, તેમ જ અસંખ્યાત સમયવર્તિપણું ભજે છે; તે કષાયાદિને અભાવે એક સમયવર્તિપણું થાય છે,

અર્થાત્ કષાયાદિને યોગે તેને અસંખ્યાત સમયમાંથી એક સમય જૂદો પાડવાનું સામર્થ્ય નહોતું તે કષાયાદિને અભાવે એક સમય જૂદો પાડીને અવગાહે છે. ઉપયોગનું સમયવર્તિપણુ કષાયરહિતપણુ થયા પછી થાય છે: માટે એક સમયનું, એક પરમાણુનું, અને એક પ્રદેશનું જેને જ્ઞાન થાય તેને, 'કેવળજ્ઞાન' પ્રગટે એમ કહ્યું છે તે, સત્ય છે. કષાયરહિતપણાવિના કેવળજ્ઞાનનો સંભવ નથી, અને કષાયરહિતપણાવિના ઉપયોગ એક સમયને સાક્ષાત્પણે ગ્રહણ કરી શકતો નથી, માટે એક સમયને ગ્રહણ કરે તે સમયે, અત્યંત કષાયરહિતપણુ જોઇએ, અને જ્યાં અત્યંત કષાયનો અભાવ હોય ત્યાં, 'કેવળજ્ઞાન' હોય છે. માટે એ પ્રકારે કહ્યું કે, એક સમય, એક પરમાણુ અને એક પ્રદેશનો જેને અનુભવ થાય તેને, 'કેવળજ્ઞાન' પ્રગટે. જીવને વિશેષ પુરૂષાર્થને અર્થે આ એક સુગમ સાધનનો જ્ઞાનીપુરૂષે ઉપદેશ કર્યો છે. સમયની પેઠે પરમાણુ અને પ્રદેશનું સૂક્ષ્મપણુ હોવાથી ત્રણે સાથે ગ્રહણ કર્યા છે. અંતર્વિચારમાં વર્તવાને અર્થે જ્ઞાનીપુરૂષોએ અસંખ્યાત યોગ કહ્યા છે તે મધ્યેનો એક આ 'વિચારયોગ' કહ્યો છે; એમ સમજવાયોગ્ય છે.

૫. શુભેચ્છાથી માંડીને સર્વકર્મરહિતપણે સ્વસ્વરૂપસ્થિતિસુધીમાં અનેક ભૂમિકાઓ છે. જે જે આત્માર્થિ જીવો થયા, અને તેમનામાં જે જે અંશે જાગ્રતદશા ઉત્પન્ન થઈ, તે તે દશાના ભેદે અનેક ભૂમિકાઓ તેમણે આરાધિ છે, શ્રી કબીર, સુંદરદાસ આદિ સાધુજનો આત્માર્થિ ગણવાયોગ્ય છે, અને શુભેચ્છાથી ઉપરની ભૂમિકાઓમાં તેમની સ્થિતિ સંભવે છે. અત્યંત સ્વસ્વરૂપસ્થિતિ માટે તેમની જાગ્રતિ અને અનુભવ પણ લક્ષગત થાય છે, એથી વિશેષ સ્પષ્ટ અભિપ્રાય હાલ આપવાની ઇચ્છા નથી થતી.

૬. 'કેવળજ્ઞાનના' સ્વરૂપનો વિચાર દુર્ગમ્ય છે. અને શ્રી·········કેવળ કોટીથી તેનો નિર્ધાર કરે છે તેમાં, જો કે તેમનો અભિનિવેશ નથી, પણ તેમ તેમને ભાસે છે માટે, કહે છે માત્ર 'કેવળ કોટી' છે. અને ભૂત, ભવિષ્યનું કંઇ પણ જ્ઞાન કોઇને ન થાય એવી માન્યતા કરવી ઘટતી નથી. ભૂત, ભવિષ્યનું યથાર્થ જ્ઞાન થવાયોગ્ય છે; પણ તે કોઇક વિરલા પુરૂષોને, અને તે પણ વિશુદ્ધ ચારિત્રતારતમ્યે; એટલે તે સંદેહરૂપ લાગે છે, કેમકે તેવી વિશુદ્ધ ચારિત્રતારતમ્યતા વર્તમાનમાં અભાવ જેવી વર્ત્તે છે. કેવળજ્ઞાનનો અર્થ વર્તમાનમાં શાસ્ત્રવેત્તા માત્ર શબ્દબોધથી જે કહે છે, તે યથાર્થ નથી એમ, શ્રી·········ને લાગતું હોય, તો તે સંભવિત છે; વળી ભૂત, ભવિષ્ય જાણવું એનું નામ 'કેવળજ્ઞાન' છે એવી વ્યાખ્યા મુખ્યપણે શાસ્ત્રકારે પણ કહી નથી. જ્ઞાનનું અત્યંત શુદ્ધ થવે તેને, 'કેવળજ્ઞાન' જ્ઞાનીપુરૂષોએ કહ્યું છે, અને તે જ્ઞાનમાં મુખ્ય તો આત્મસ્થિતિ અને આત્મસમાધિ કહ્યાં છે. જગત્નું જ્ઞાન થવું એ આદિ કહ્યું છે તે, અપૂર્વ વિષયનું ગ્રહણ સામાન્ય જીવોથી થવું અશક્ય જાણીને કહ્યું છે; કેમકે, જગતના જ્ઞાનપર વિચાર કરતાં કરતાં આત્મસામર્થ્ય સમજાય. શ્રી·········મહાત્મા શ્રી ઋષભાદિને વિષે 'કેવળ કોટી' કહેતા ન હોય, અને તેમના આજ્ઞાવર્તિ એટલે જેમ મહાવીરસ્વામીના દર્શને પાંચસેં મુમુક્ષુઓ કેવળજ્ઞાન પામ્યા તે, આજ્ઞાવર્ત્તિને કેવળજ્ઞાન કહ્યું છે, તે 'કેવળજ્ઞાન'ને 'કેવળ કોટી' કહેતા હોય, તો તે વાત કોઇ પણ રીતે ઘટે છે. એકાંત કેવળજ્ઞાનનો શ્રી·········નિષેધ કરે, તો તે આત્માનો નિષેધ કરવા જેવું છે. લોકો હાલ 'કેવળજ્ઞાન'ની જે વ્યાખ્યા કરે છે તે 'કેવળજ્ઞાન'ની વ્યાખ્યા વિરોધવાળી દેખાય છે, એમ તેમને લાગતું હોય તો તે પણ સંભવિત છે, કેમકે માત્ર 'જગતજ્ઞાન' તે 'કેવળજ્ઞાન'નો વિષય વર્તમાનપરૂપણામાં ઉપદેશાય છે. આ પ્રકારનું સમાધાન લખતાં ઘણા પ્રકારના વિરોધ દૃષ્ટિગોચર થાય છે, અને તે વિરોધો દર્શાવી તેનું સમાધાન લખવાનું હાલ તરતમાં બનવું અશક્ય છે તેથી, સંક્ષેપમાં સમાધાન લખ્યું છે. સમાધાનસમુચ્ચયાર્થ આ પ્રમાણે છે; "આત્મા જ્યારે અત્યંત શુદ્ધજ્ઞાનસ્થિતિ ભજે, તેનું નામ

'કેવળજ્ઞાન' મુખ્યપણે છે. સર્વ પ્રકારના રાગ દ્વેષનો અભાવ થયે અત્યંત શુદ્ધજ્ઞાનસ્થિતિ પ્રગટવાયોગ્ય છે. તે સ્થિતિમાં જે કંઇ જાણી શકાય તે, 'કેવળજ્ઞાન' છે; અને તે સંદેહયોગ્ય નથી. શ્રી........., કેવળ કોટી' કહે છે, તે પણ મહાવીરસ્વામી સમીપે વર્તતા આજ્ઞાવર્ત્તિ પાંચસેં કેવળી જેવા પ્રસંગમાં સંભવિત છે. જગતના જ્ઞાનનો લક્ષ મૂકી શુદ્ધ આત્મજ્ઞાન તે 'કેવળજ્ઞાન' છે એમ વિચારતાં આત્મદશા વિશેષપણું ભજે." એ પ્રમાણે આ પ્રશ્નના સમાધાનનો સંક્ષેપ આશય છે. જેમ બને તેમ જગતના જ્ઞાનપ્રત્યેનો વિચાર છોડી સ્વરૂપજ્ઞાન થાય તેમ કેવળજ્ઞાનનો વિચાર થવા અર્થે પુરૂષાર્થ કર્ત્તવ્ય છે. જગતનું જ્ઞાન થવું તેનું નામ 'કેવળજ્ઞાન' મુખ્યાર્થપણે ગણવાયોગ્ય નથી. જગતના જીવોને વિશેષ લક્ષ થવા અર્થે વારંવાર જગત્નું જ્ઞાન સાથે લીધું છે; અને તે કંઇ કલ્પિત છે એમ નહીં, પણ તે પ્રત્યે અભિનિવેશ કરવાયોગ્ય નથી. આ ઠેકાણે વિશેષ લખવાની ઇચ્છા થાય છે, અને તે રોકવી પડે છે; તોપણ સંક્ષેપમાં ફરી લખીએછીએ; "આત્માને વિષેથી સર્વ પ્રકારનો અન્ય અધ્યાસ ટળી સ્ફટિકની પેઠે આત્મા અત્યંત શુદ્ધતા ભજે તે, 'કેવળજ્ઞાન છે. અને જગતજ્ઞાનપણે તેને વારંવાર જિનાગમમાં કહ્યું છે 'મહાત્મ્યથી કરી બાહ્યદૃષ્ટિ જીવો પુરૂષાર્થમાં પ્રવર્ત્તે તે હેતુ છે," અત્ર શ્રી.........એ 'કેવળ કોટી' સર્વથા અમે કહી છે, એવું કહેવું યોગ્ય નથી. અમે અંતરાત્મપણે પણ તેવું માન્યું નથી, તમે આ પ્રશ્ન લખ્યું એટલે કંઇ વિશેષ હેતુ વિચારી સમાધાન લખ્યું છે; પણ હાલ તે પ્રશ્નનું સમાધાન કરવાવિષે જેટલું મૌન રહેવાય તેટલું ઉપકારી છે એમ ચિત્તમાં રહે છે. બાકીના પ્રશ્નોનું સમાધાન સમાગમે ધારશો.

સં૦ ૧૯૫૨, ચૈત્ર શુદ ૧૧, મુંબઇથી.

૪૨૧.

ભાઇ.........નો તથા તમારો લખેલો એમ બે કાગળ મળ્યા છે. વિસ્તારપૂર્વક હાલ કાગળ લખવાનું ઘણુંકરીને કયારેક બને છે, અને વખતે તો પત્રની પહોંચ પણ કેટલાક દિવસ વ્યતીત થયે લખાય છે.

સત્સમાગમના અભાવપ્રસંગમાં તો વિશેષેકરી આરંભપરિગ્રહપ્રત્યેથી વૃત્તિ સંક્ષેપવાનો અભ્યાસ રાખી, જેને વિષે ત્યાગવૈરાગ્યાદિ પરમાર્થસાધનો ઉપદેસ્યાં છે, તેવા ગ્રંથો વાંચવાનો પરિચય કર્ત્તવ્ય છે, અને અપ્રમત્તપણે પોતાના દોષ વારંવાર જોવાયોગ્ય છે.

સં૦ ૧૯૫૨ ના ચૈત્ર વદ ૭, રવિ, મુંબઇ.

૪૨૨.

ૐ.

શ્રી જિનવીતરાગે દ્રવ્યભાવ–સંયોગથી ફરી ફરી છૂટવાની બલામણ કરી છે, અને તે સંયોગનો વિશ્વાસ પરમજ્ઞાનીને પણ કર્ત્તવ્ય નથી, એવો અખંડ માર્ગ કહ્યો છે તે, શ્રીજિનવીતરાગના ચરણકમળમાં ભક્તિથી નમસ્કાર.

આત્મસ્વરૂપનો નિશ્ચય થવામાં જીવની અનાદિથી ભૂલ થતી આવી છે, સમસ્તશ્રુતજ્ઞાનસ્વરૂપ એવાં દ્વાદશાંગમાં સૌથી પ્રથમ ઉપદેશયોગ્ય એવું આચારાંગસૂત્ર છે; તેના પ્રથમશ્રુત–સ્કંધમાં, પ્રથમ અધ્યયનના પ્રથમ ઉદ્દેશમાં, પ્રથમવાક્યે, જે શ્રી જિને ઉપદેશ કર્યો છે તે, સર્વ અંગના સર્વશ્રુતજ્ઞાનનો સારસ્વરૂપ છે; મોક્ષના બીજભૂત છે; સમ્યક્ત્વસ્વરૂપ છે. તે વાક્યપ્રત્યે ઉપયોગ સ્થિર થવાથી જીવને નિશ્ચય આવશે કે, જ્ઞાનીપુરૂષના સમાગમની ઉપાસનાવિના જીવ સ્વચ્છંદે નિશ્ચય કરે

તે, છૂટવાનો માર્ગ નથી. સર્વ જીવનું પરમાત્માપણું છે એમાં સંશય નથી, તો પછી શ્રી……… પોતાને પરમાત્મસ્વરૂપ માને તો તે વાત અસત્ય નથી; પણ જ્યાંસુધી તે સ્વરૂપ યથાતથ્ય પ્રગટે નહીં ત્યાંસુધી, મુમુક્ષુ–જિજ્ઞાસુ–રહેવું તે વધારે સારૂં છે; અને તે રસ્તે યથાર્થ પરમાત્મપણું પ્રગટે છે. જે માર્ગ મૂકીને પ્રવર્ત્તવાથી તે પદનું ભાન થતું નથી; તથા શ્રી જિનવીતરાગ–સર્વજ્ઞ પુરૂષોની અશાતના કરવારૂપ પ્રવૃત્તિ થાય છે. બીજો કંઈ મતભેદ નથી.

મુબાઈ, ચૈત્ર વદ ૧૪, રવિ, ૧૯૫૨.　　　　**આ૦ સ્વ૦ પ્રણામ.**

મૃત્યુનું અવશ્ય આવવું છે.

૪૨૩.

—અન્ય પુરૂપકી દૃષ્ટિમેં, જગ વ્યવહાર લખાય;
વૃંદાવન જબ જગ નહીં, કૌન વ્યવહાર બતાય ?
—વિહાર વૃંદાવન.

સં૦ ૧૯૫૨ ના ચૈત્ર વદ ૧૪, રવિ; મુંબઈ.

૪૨૪

ૐ

અત્રેથી જેમ પ્રથમ વિસ્તારપૂર્વક પત્ર લખવાનું થતું તેમ. કેટલાક વખત થયા ઘણુંકરીને તથારૂપ પ્રારબ્ધને લીધે થતું નથી.

કરવાપ્રત્યે વૃત્તિ નથી, અથવા એક ક્ષણ પણ જેને કરવું ભાસતું નથી, કરવાથી ઉત્પન્ન થતાં ફળપ્રત્યે જેની ઉદાસીનતા છે, તેવા કોઈ આપ્તપુરૂષ તથારૂપ પ્રારબ્ધયોગથી પરિગ્રહ સંયોગાદિમાં વર્તતા દેખાતા હોય, અને જેમ ઇચ્છિક પુરૂષ પ્રવૃત્તિ કરે, ઉદ્યમ કરે, તેવા કાર્યસહિત પ્રવૃત્તિમાન જોવામાં આવતા હોય, તો તેવા પુરૂષને વિષે જ્ઞાનદશા છે, એમ શી રીતે જાણી શકાય ? એટલે તે પુરૂષ આપ્ત (પરમાર્થ અર્થે પ્રતીતિ કરવાયોગ્ય) છે, અથવા જ્ઞાની છે એમ, કયા લક્ષણે ઓળખી શકાય ? કદાપિ કોઈ પુરૂષના સત્સંગયોગથી એમ જાણવામાં આવ્યું, તો તે ઓળખાણમાં ભ્રાંતિ પડે તેવો વ્યવહાર તે સત્પુરૂષ વિષે પ્રત્યક્ષ દેખાય છે, તે ભ્રાંતિનિવૃત્તિ થવા માટે મુમુક્ષુ જીવે તેવા પુરૂષને કેવા પ્રકારથી ઓળખવા ઘટે કે તેથી તેવા વ્યવહારમાં વર્તતાં પણ જ્ઞાનલક્ષણપણું તેના લક્ષમાં રહે !

સર્વ પ્રકારે જેને પરિગ્રહાદિ સંયોગપ્રત્યે ઉદાસીનપણું વર્ત્તે છે, અર્થાત્ અહંમમત્વપણું તથારૂપ સંયોગવિષે જેને થતું નથી, પરિક્ષીણ થયું છે; 'અનંતાનુબંધી' પ્રકૃતિથી રહિત માત્ર પ્રારબ્ધોદયથી વ્યવહાર વર્તતો હોય, તે વ્યવહાર સામાન્ય દશાના મુમુક્ષુને સંદેહનો હેતુ થઇ તેને ઉપકારભૂત થવામાં નિરોધરૂપ થતો હોય એવું, તે જ્ઞાનીપુરૂષ દેખે છે, અને તે અર્થે પણ પરિગ્રહ સંયોગાદિ પ્રારબ્ધોદય વ્યવહારની પરિક્ષીણતા ઇચ્છે છે; તેમ થતાં સુધી કેવા પ્રકારથી તે પુરૂષ વર્ત્યા હોય તો સામાન્ય મુમુક્ષુને ઉપકાર થવામાં હાનિ ન થાય ? પત્ર વિશેષ સંક્ષેપમાં લખવાનું થયું છે; પણ તે પ્રત્યે તમે તથા શ્રી અચળ વિશેષ મનન કરશો.

મુંબઈ, વૈશાખ શુદ ૧, ભોમે, ૧૯૫૨.

૪૨૫

શ્રી સુંદરલાલે વૈશાખ વદ એકમે દેહ છોડ્યાના ખબર લખ્યા તે વાંચ્યા. વિશેષકાળની માંદગીવિના યુવાન–અવસ્થામાં અકસ્માત્ દેહ છોડવાનું બન્યાથી સામાન્યપણે ઓળખતા માણસોને પણ તે વાતથી ખેદ થયાવિના ન રહે, તો પછી જેણે કુટુંબાદિક સંબંધસ્નેહે મૂર્ચ્છા કરી હોય,

સહવાસમાં વસ્યા હોય. તે પ્રત્યે કંઈ આશ્રયભાવના રાખી હોય, તેને ખેદ થયાવિના કેમ રહે ? આ સંસારમાં મનુષ્ય પ્રાણીને જે ખેદના અકથ્ય પ્રસંગો પ્રાપ્ત થાય છે, તે અકથ્ય પ્રસંગોમાંનો એક આ મોટો ખેદકારક પ્રસંગ છે. તે પ્રસંગમાં યથાર્થ વિચારવાન પુરુષો શિવાય સર્વ પ્રાણી ખેદવિશેષને પ્રાપ્ત થાય છે, અને યથાર્થ વિચારવાન પુરુષોને વૈરાગ્ય વિશેષ થાય છે. સંસારનું અશરણપણું, અનિત્યપણું અને અસારપણું વિશેષ દૃઢ થાય છે. વિચારવાન પુરુષોને તે ખેદકારક પ્રસંગનો મૂર્છાભાવે ખેદ કરવો તે માત્ર કર્મબંધનો હેતુ ભાસે છે, અને વૈરાગ્ય ખેદરૂપથી કર્મબંધનો હેતુ ભાસે છે,--અને તે સત્ય છે; મૂર્છાભાવે ખેદ કર્યાથી, પણ જે સંબંધીનો વિયોગ થયો છે તેની પ્રાપ્તિ થતી નથી, અને જે મૂર્છા થાય છે તે પણ અવિચારનું ફળ છે એમ વિચારી, વિચારવાન પુરુષો તે મૂર્છાભાવપ્રત્યયિ ખેદને શમાવે છે, અથવા ઘણું કરીને તેવો ખેદ તેમને થતો નથી:-કોઇ રીતે તેવા ખેદનું હિતકારીપણું દેખાતું નથી. અને બનેલો પ્રસંગ ખેદનું નિમિત્ત છે. એટલે તેવે અવસરે વિચારવાન પુરુષોને જીવને હિતકારી એવો ખેદ ઉત્પન્ન થાય છે. સર્વસંગનું અશરણપણું, અબંધવપણું, અનિત્યપણું અને તુચ્છપણું, તેમ જ અન્યત્વપણું દેખીને પોતાને વિશેષ પ્રતિબોધ થાય છે કે " હે જીવ ? તારે વિષે કંઈ પણ આ સંસારને વિષે ઉદયાદિ ભાવે પણ મૂર્છા વર્તતી હોય. તો તે ત્યાગ કર, ૦ ૦ ૦ ત્યાગ કર તે મૂર્છાનું કંઇ ફળ નથી. સંસારમાં ક્યારેય પણ શરણત્વાદિપણું પ્રાપ્ત થતું નથી, અને અવિચારપણાવિના તે સંસારનેવિષે મોહ અનંત જન્મ મરણનો અને પ્રત્યક્ષ ખેદનો હેતુ છે, દુઃખ અને ક્લેશનું બીજ છે, તેને શાંત કર, તેનો ક્ષય કર; હે જીવ ! એ વિના બીજો કોઈ હિતકારી ઉપાય નથી. " એ વગેરે ભાવિતાત્મતાથી વૈરાગ્યને શુદ્ધ અને નિશ્ચળ કરે છે. જે કોઇ જીવ યથાર્થ વિચારથી જુએ છે તેને, આ જ પ્રકારે ભાસે છે.

આ જીવને દેહસંબંધ હોઇને મૃત્યુ ન હોત, તો આ સંસાર શિવાય બીજે તેનીવૃત્તિ જોડાવાનો અભિપ્રાય થાત નહીં; મુખ્યકરીને મૃત્યુને ભયે પરમાર્થરૂપ બીજે સ્થાનકે વૃત્તિ પ્રેરી છે; તે પણ કોઇક વિરલા જીવને પ્રેરિત થઇ છે. ઘણા જીવોને તો બાહ્ય નિમિત્તથી મૃત્યુભયપરથી બાહ્ય, ક્ષણિક વૈરાગ્ય પ્રાપ્ત થઈ, વિશેષ કાર્યકારી થયાવિના નાશ પામે છે: માત્ર કોઇક વિચારવાન અથવા સુલભબોધી, કે લઘુકર્મિ જીવને તે ભયપરથી અવિનાશી, નિઃશ્રેય સત્પદપ્રત્યે વૃત્તિ થાય છે. મૃત્યુભય હોત તો પણ તે વૃદ્ધાવસ્થાએ નિયમિત પ્રાપ્ત થતું હોત તોપણ જેટલા પૂર્વે વિચારવાનો થયા છે તેટલા ન થાત. અર્થાત્ વૃદ્ધાવસ્થાસુધી તો મૃત્યુનો ભય નથી એમ દેખીને પ્રમાદસહિત વર્તત. મૃત્યુનું અવશ્ય આવવું દેખીને તથા તેનું અનિયમિત પણે આવવું દેખીને, તે પ્રસંગ પ્રાપ્ત થયે. સ્વજનાદિ સૌથી અરક્ષણપણું દેખીને. પરમાર્થ વિચારવામાં અપ્રમત્ત પણું જ હિતકારી લાગ્યું. અને સર્વસંગનું અહિતકારીપણું વિચારવાન પુરુષોનો તે નિશ્ચય નિઃસંદેહ સત્ય છે. ત્રણે કાળ સત્ય છે. મૂર્છાભાવનો ખેદ ત્યાગીને અસંગભાવપ્રત્યયિ ખેદ વિચારવાનને કર્ત્તવ્ય છે.

જો આ સંસારને વિષે આવા પ્રસંગોનો સંભવ ન હોત, પોતાને અથવા પરને તેવા પ્રસંગથી અપ્રાપ્તિ દેખાતી હોત, અશરણાદિપણું ન હોત, તો પંચવિષયના સુખસાધનનું કશું ન્યૂનપણું પ્રાયે ન હોતું એવા શ્રી ઋષભદેવાદિ પરમપુરુષો, અને ભરતાદિ ચક્રવર્ત્યાદિયો તેનો શા કારણે ત્યાગ કરત ? એકાંત અસંગપણું શા કારણે ભજત ?

હે આર્ય ! યથાર્થ વિચારના ઓછાપણાને લીધે, પુત્રાદિ ભાવની કલ્પના અને મૂર્છાને લીધે, તમને કંઈ પણ ખેદ વિશેષ પ્રાપ્ત થવો સંભવિત છે; તો પણ તે ખેદનું બેયને કંઇ પણ હિતકારી ફળ નહીં હોવાથી, હિતકારીપણું માત્ર અસંગવિચારવિના કોઇ અન્ય ઉપાયે નથી એમ વિચારી,

થતો ખેદ યથાશક્તિ વિચારથી, જ્ઞાનીપુરુષોનાં વચનામૃતથી, તથા સાધુપુરુષના આશ્રય, સમાગમાદિથી અને વિરતિથી ઉપશાંત કરવો એ જ કર્ત્તવ્ય છે.

વવાણીઆ, વૈશાખ વદ ૬, રવિ, ૧૯૫૨.

૪૨૬.

ૐ

"વર્ત્તમાનકાળમાં આ ક્ષેત્રથી નિર્વાણની પ્રાપ્તિ થાય નહીં," એમ જિનાગમમાં કહ્યું છે, અને વેદાંતાદિ એમ કહે છે કે "આ કાળમાં આ ક્ષેત્રથી નિર્વાણની પ્રાપ્તિ થાય." તે માટે શ્રી……ને જે પરમાર્થ ભાસતો હોય તે લખશો. તમને અને……ને પણ આ વિષે જો કંઈ લખવા ઇચ્છા થાય તો લખશો.

"વર્ત્તમાનકાળમાં આ ક્ષેત્રથી નિર્વાણપ્રાપ્તિ ન હોય એ શિવાય બીજા કેટલાક ભાવની પણ જિનાગમમાં તથા તેના આશ્રયને ઇચ્છતા એવા આચાર્યરચિત શાસ્ત્રને વિષે વિચ્છેદતા કહી છે. કેવળજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અવધિજ્ઞાન, પૂર્વજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, સૂક્ષ્મસંપરાય ચારિત્ર, પરિહારવિશુદ્ધ ચારિત્ર, ક્ષાયક સમકિત અને પુલાકલબ્ધિ એ ભાવો મુખ્ય કરીને વિચ્છેદ કહ્યા છે." શ્રી……ને તેનો જે પરમાર્થ ભાસતો હોય તે લખશો. તમને તથા……ને આ વિષે જો કંઇ લખવાની ઇચ્છા થાય તો લખશો.

"વર્ત્તમાનકાળમાં આ ક્ષેત્રથી આત્માર્થની કઈ કઇ મુખ્ય ભૂમિકા ઉત્કૃષ્ટ અધિકારીને પ્રાપ્ત થઈ શકે, અને તે પ્રાપ્ત થવાનો માર્ગ કયો ?" તે પણ શ્રી……થી લખાવાય તો લખશો, તેમ જ તે વિષે જો તમારી તથા……ની લખવાની ઇચ્છા થાય તો લખશો.

ઉપર જણાવેલા પ્રશ્નોનો પ્રત્યુત્તર લખવાનું હાલ બને એમ ન હોય, તો તે પ્રશ્નોના પરમાર્થપ્રત્યે વિચારવાનો લક્ષ રાખશો.

સં૦ ૧૯૫૨ ના બીજા જેઠ વદ ૫, ગુરૂવાર, મુંબઈ.

૪૨૭

જેને મૃત્યુની સાથે મિત્રતા હોય, અથવા જે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હોય, અથવા 'હું નહીં જ મરૂં', એમ જેને નિશ્ચય હોય તે ભલે સુખે સુએ.—શ્રી તીર્થંકર-છજીવનિકાય અધ્યયન.

જ્ઞાનમાર્ગ દુરારાધ્ય છે; પરમાવગાઢદશા પામ્યા પહેલાં તે માર્ગે પડવાનાં ઘણાં સ્થાનક છે; સંદેહ, વિકલ્પ, સ્વચ્છંદતા, અતિપરિણામીપણું એ આદિ કારણો વારંવાર જીવને તે માર્ગે પડવાના હેતુઓ થાય છે; અથવા ઊર્ધ્વભૂમિકા પ્રાપ્ત થવા દેતાં નથી; ક્રિયામાર્ગે અસદ્ અભિમાન, વ્યવહાર, આગ્રહ, સિદ્ધિમોહ, પૂજાસત્કારાદિ યોગ, અને દૈહિક ક્રિયામાં આત્મનિષ્ઠાદિ દોષોનો સંભવ રહ્યો છે. કોઇક મહાત્માને બાદ કરતાં ઘણા વિચારવાન જીવોએ ભક્તિમાર્ગનો તે જ કારણોથી આશ્રય કર્યો છે, અને આજ્ઞાશ્રિતપણું અથવા પરમપુરૂષ સદ્ગુરૂને વિષે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે, અને તેમ જ વર્ત્યા છે, તથાપિ તેવો યોગ પ્રાપ્ત થવો જોઇએ; નહીંતો ચિંતામણિ જેવો જેનો એક સમય છે એવો મનુષ્યદેહ ઉલટો પરિભ્રમણવૃદ્ધિનો હેતુ થાય.

સં૦ ૧૯૫૨ ના અશાડ શુદ ૨, રવિ, મુંબઇ.

૪૨૮.

ૐ

શ્રી………ના અભિપ્રાયપૂર્વક લખેલો તમારો કાગળ તથા શ્રી……નો લખેલો કાગળ પહોંચ્યો છે. શ્રી……ના અભિપ્રાયપૂર્વક શ્રી……એ લખ્યું કે, નિશ્ચય અને વ્યવહારના અપેક્ષિ-

તપણાથી જિનાગમ તથા વેદાદિ દર્શનમાં વર્ત્તમાનકાળમાં આ ક્ષેત્રથી મોક્ષની ના તથા હા કહી હોવાનો સંભવ છે. એ વિશેષ અપેક્ષાથી યથાર્થ દેખાય છે. અને………એ જણાવ્યું છે કે, વર્ત્તમાનકાળમાં સંઘયણાદિ હીન થવાનાં કારણોથી કેવળજ્ઞાનનો નિષેધ કર્યો છે; તે પણ અપેક્ષિત છે.

આગળપર વિશેષાર્થ લક્ષગત થવા માટે ગયા પત્રના પ્રશ્નને કંઈક સ્પષ્ટતાથી લખીએ છીએ:– "જેવો કેવળજ્ઞાનનો અર્થ વર્ત્તમાનમાં જિનાગમથી વર્ત્તમાન જૈનસમૂહને વિષે ચાલે છે, તેવો જ તેનો અર્થ તમને યથાર્થ ભાસે છે કે કંઈ બીજો અર્થ ભાસે છે.?" સર્વ દેશકાળાદિનું જ્ઞાન કેવળજ્ઞાનીને હોય એમ જિનાગમનો હાલ રૂઢીઅર્થ છે; બીજા દર્શનમાં એવો મુખ્યાર્થ નથી; અને જિનાગમથી તેવો મુખ્યાર્થ લોકોમાં હાલ પ્રચલિત છે, તે જ કેવળજ્ઞાનનો અર્થ હોય તો તેમાં કેટલાક વિરોધ દેખાય છે. જે બધા અત્ર લખી શકવાનું બન્યું નથી. તેમ જે વિરોધ લખ્યા છે, તે પણ વિશેષ વિસ્તારથી લખવાનું બન્યું નથી, કેમકે તે યથાવસરે લખવા યોગ્ય લાગે છે. જે લખ્યું છે તે, ઉપકારદૃષ્ટિથી લખ્યું છે, એમ લક્ષ રાખશો.

"યોગધારીપણું એટલે મન, વચન અને કાયાસહિત સ્થિતિ હોવાથી આહારાદિ અર્થે પ્રવૃત્તિ થતાં ઉપયોગાંતર થવાથી કંઈ પણ વૃત્તિનો એટલે ઉપયોગનો તેમાં નિરોધ થાય. એક વખતે બે ઉપયોગ કોઈને વર્ત્તે નહીં એવો સિદ્ધાંત છે; ત્યારે, આહારાદિ પ્રવૃત્તિના ઉપયોગમાં વર્ત્તતા કેવળજ્ઞાનીનો ઉપયોગ કેવળજ્ઞાનના જ્ઞેયપ્રત્યે વર્ત્તે નહીં, અને જો એમ બને તો કેવળજ્ઞાનને અપ્રતિહત કહ્યું છે, તે પ્રતિહત થયું ગણાય. અત્રે કદાપિ એમ સમાધાન કરીએ કે, આરસીને વિષે જેમ પદાર્થ પ્રતિબિંબિત થાય છે તેમ, કેવળજ્ઞાનને વિષે સર્વ દેશ, કાળ પ્રતિબિંબિત થાય છે; કેવળજ્ઞાની તેમાં ઉપયોગ દઈને જાણે છે એમ નથી, સહજ સ્વભાવે જ તેમનામાં પદાર્થ પ્રતિભાસ્યા કરે છે; માટે આહારાદિમાં ઉપયોગ વર્ત્તતાં સહજ સ્વભાવે પ્રતિભાસિત એવા કેવળજ્ઞાનનું હોવાપણું યથાર્થ છે, તો ત્યાં પ્રશ્ન થવા યોગ્ય છે કે, આરસીને વિષે પ્રતિભાસિત પદાર્થનું જ્ઞાન આરસીને નથી, અને અત્રે તો કેવળજ્ઞાનીને તેનું જ્ઞાન છે એમ કહ્યું છે, અને ઉપયોગ શિવાય આત્માનું બીજું એવું કયું સ્વરૂપ છે કે, આહારાદિમાં ઉપયોગ પ્રવર્ત્યો હોય ત્યારે, કેવળજ્ઞાનમાં થવાયોગ્ય જ્ઞેય આત્મા તેથી જાણે?"

સર્વ દેશકાળાદિનું જ્ઞાન કેવળીને હોય તે કેવળી 'સિદ્ધ'ને કહીએ, તો સંભવિત થવાયોગ્ય ગણાય, કેમકે તેને યોગધારીપણું કહ્યું નથી. આમાં પણ પ્રશ્ન થવાયોગ્ય છે; તથાપિ યોગધારીની અપેક્ષાથી સિદ્ધને વિષે તેવા કેવળજ્ઞાનની માન્યતા હોય, તો યોગરહિતપણું હોવાથી તેમાં સંભવી શકે છે, એટલું પ્રતિપાદન કરવાને અર્થે લખ્યું છે. સિદ્ધને તેવું જ્ઞાન હોય જ એવો અર્થ પ્રતિપાદન કરવાને લખ્યું નથી; જો કે જિનાગમના રૂઢીઅર્થ પ્રમાણે જોતાં તો 'દેહધારી કેવળી' અને 'સિદ્ધને' વિષે કેવળજ્ઞાનનો ભેદ થતો નથી; બેયને સર્વ દેશકાળાદિનું સંપૂર્ણજ્ઞાન હોય એમ રૂઢીઅર્થ છે. બીજી અપેક્ષાથી જિનાગમ જોતાં જૂદી રીતે દેખાય છે. જિનાગમમાં આ પ્રમાણે પાઠાર્થ જોવામાં આવે છે:

> "કેવળજ્ઞાન બે પ્રકારે કહ્યું. તે આ પ્રમાણે: 'સયોગી ભવસ્થ કેવળજ્ઞાન,' 'અયોગી ભવસ્થ કેવળજ્ઞાન.' સયોગી કેવળજ્ઞાન બે પ્રકારે કહ્યું, તે આ પ્રમાણે: પ્રથમ સમય એટલે ઉપજતી વખતનું સયોગી કેવળજ્ઞાન; અપ્રથમ સમય એટલે અયોગી થવાના પ્રવેશસમય પહેલાનું કેવળજ્ઞાન; એમ અયોગી ભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારે કહ્યું. તે આ પ્રમાણે: પ્રથમ સમય કેવળજ્ઞાન અને અપ્રથમ એટલે સિદ્ધ થવા પહેલાંના છેલ્લા સમયનું કેવળજ્ઞાન."

એ આદિ પ્રકારે કેવળજ્ઞાનના ભેદ જિનાગમમાં કહ્યા છે. તેનો પરમાર્થ શો હોવો જોઈએ?

કદાપિ એમ સમાધાન કરીએ કે, બાહ્ય કારણની અપેક્ષાથી કેવળજ્ઞાનના ભેદ બતાવ્યા છે, તો ત્યાં એમ શંકા કરવા યોગ્ય છે કે, "કશો પણ પુરૂષાર્થ સિદ્ધ થતો ન હોય અને જેમાં વિકલ્પનો અવકાશ ન હોય તેમાં, ભેદ પાડવાની પ્રવૃત્તિ જ્ઞાનીના વચનમાં સંભવતી નથી. પ્રથમ સમય કેવળજ્ઞાન અને અપ્રથમ સમય કેવળજ્ઞાન એવો ભેદ પાડતાં કેવળજ્ઞાનનું તારતમ્ય વધતું, ઘટતું હોય તો તે ભેદ સંભવે, પણ તારતમ્યમાં તેમ નથી; ત્યારે ભેદ પાડવાનું કારણ શું ? " એ આદિ પ્રશ્ન અત્રે સંભવે છે. તે પર અને પ્રથમના પત્રપર યથાશક્તિ વિચાર કર્ત્તવ્ય છે.

અશાડ શુદ ૨, રવિવાર, ૧૯૫૨, મુંબાઇ.

૬૨૯.

ૐ

"શ્રી સહજાનંદના વચનામૃતમાં આત્મસ્વરૂપની સાથે અહર્નિશ 'પ્રત્યક્ષ ભગવાન'ની ભક્તિ કરવી, અને તે ભક્તિ સ્વધર્મમાં રહીને કરવી, એમ ઠેકાણે ઠેકાણે મુખ્યપણે વાત આવે છે; હવે જો 'સ્વધર્મ' શબ્દનો અર્થ ,આત્મસ્વભાવ' અથવા 'આત્મસ્વરૂપ' થતો હોય, તો ફરી સ્વધર્મસહિત ભક્તિ કરવી એમ આવવાનું કારણ શું ? ,' એમ તમે લખ્યું તેનો ઉત્તર અત્રે લખ્યો છેઃ

સ્વધર્મમાં રહીને ભક્તિ કરવી એમ જણાવ્યું છે ત્યાં, 'સ્વધર્મ' શબ્દનો અર્થ વર્ણાશ્રમ ધર્મ છે, જે બ્રાહ્મણાદિ વર્ણમાં દેહ ધારણ થયો તે વર્ણનો શ્રુતિ, સ્મૃતિએ કહેલો ધર્મ આચરવો તે વર્ણધર્મ છે, અને બ્રહ્મચર્યાદિ આશ્રમ ક્રમેકરી આચરવાની જે મર્યાદા શ્રુતિ, સ્મૃતિએ કરી છે, તે મર્યાદાસહિત તે તે 'આશ્રમમાં' વર્ત્તવું તે 'આશ્રમધર્મ' છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણ છે; તથા બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યસ્ત એ ચાર આશ્રમ છે. બ્રાહ્મણવર્ણે આ પ્રમાણે વર્ણધર્મ આચરવા એમ શ્રુતિ, સ્મૃતિમાં કહ્યું હોય તે પ્રમાણે બ્રાહ્મણ આચરે તો 'સ્વધર્મ, અને જો તેમ ન આચરતાં ક્ષત્રિયાદિને આચરવાયોગ્ય ધર્મને આચરે તો 'પરધર્મ' કહેવાય; તેથી એ પ્રકારે જે જે વર્ણમાં દેહ ધારણ થયો હોય, તે તે વર્ણના શ્રુતિ, સ્મૃતિએ કહેલા ધર્મપ્રમાણે વર્ત્તવું તે 'સ્વધર્મ' કહેવાય, અને બીજા વર્ણના ધર્મ આચરે તો 'પરધર્મ' કહેવાય. તેવી રીતે આશ્રમધર્મસંબંધી પણ સ્થિતિ છે. જે વર્ણોને બ્રહ્મચર્યાદિ આશ્રમસહિત વર્ત્તવાનું શ્રુતિ, સ્મૃતિએ કહ્યું છે, તે વર્ણે પ્રથમ ચોવીશ વર્ષસુધી બ્રહ્મચર્યાશ્રમમાં વર્ત્તવું; પછી ચોવીશ વર્ષસુધી ગૃહસ્થાશ્રમમાં વર્ત્તવું; ક્રમે કરીને વાનપ્રસ્થ અને સંન્યસ્થાશ્રમ આચારવા; એ પ્રમાણે આશ્રમનો સામાન્ય ક્રમ છે. તે તે આશ્રમમાં વર્ત્તવાના મર્યાદાકાળને વિષે બીજા આશ્રમના આચારને ગ્રહણ કરે, તો તે 'પરધર્મ' કહેવાય; અને તે તે આશ્રમમાં તે તે આશ્રમના ધર્મોને આચરે તો તે 'સ્વધર્મ' કહેવાય. આ પ્રમાણે વેદાશ્રિત માર્ગમાં વર્ણાશ્રમધર્મને 'સ્વધર્મ' કહ્યો છે. તે વર્ણાશ્રમધર્મને 'સ્વધર્મ' શબ્દે સમજવા યોગ્ય છે; અર્થાત્ સહજાનંદ સ્વામીએ વર્ણાશ્રમ ધર્મને અત્રે 'સ્વધર્મ' શબ્દથી કહ્યો છે. ભકિતપ્રધાન સંપ્રદાયોમાં ઘણુંકરીને ભગવદ્‌ભક્તિ કરવી, એ જ જીવનો 'સ્વધર્મ' છે એમ પ્રતિપાદન કર્યું છે; પણ તે અર્થમાં અત્રે સ્વધર્મશબ્દ કહ્યો નથી, કેમકે ભક્તિ 'સ્વધર્મ'માં રહીને કરવી એમ કહ્યું છે. માટે સ્વધર્મનું જૂદાપણે ગ્રહણ છે, અને તે વર્ણાશ્રમધર્મના અર્થમાં ગ્રહણ છે, જીવનો 'સ્વધર્મ' ભક્તિ છે, એમ જણાવવાને અર્થે તો ભક્તિશબ્દને બદલે ક્વચિત્ જ 'સ્વધર્મ'શબ્દ સંપ્રદાયોએ ગ્રહણ કર્યો છે; અને શ્રી સહજાનંદના વચનામૃતમાં ભક્તિને બદલે 'સ્વધર્મ' શબ્દ સંજ્ઞાવાચકપણે પણ વાપર્યો નથી; ક્વચિત્ શ્રી વલ્લભાચાર્યે વાપર્યો છે.

સં૦ ૧૯૫૨, અશાડ શુદ ૫, બુધે, મુંબાઇ.

૪૩૦.

ભુજાએ કરી જે સ્વયંભૂરમણસમુદ્ર તરી ગયા, તરે છે, અને તરશે, તે સત્પુરૂષોને નિષ્કામભક્તિથી ત્રિકાળ નમસ્કાર.

એક ધારાએ વેદવાયોગ્ય પ્રારબ્ધ વેદતાં કંઈ એક 'પરમાર્થવ્યવહારરૂપ' પ્રવૃત્તિ કૃત્રિમ જેવી લાગે છે, અને તે આદિ કારણથી માત્ર પહોંચ લખવાનું પણ કર્યું નથી, ચિત્તને સહજ પણ અવલંબ છે તે ખેંચી લેવાથી આર્ત્તતા પામશે, એમ જાણી તે દયાના પ્રતિબંધે આ પત્ર લખ્યુ છે.

'સૂક્ષ્મસંગરૂપ' અને 'બાહ્યસંગરૂપ દુસ્તર સ્વયંભૂરમણસમુદ્ર ભુજાએ કરી જે વર્દ્ધમાનાદિ-પુરૂષો તરી ગયા છે, તેમને પરમભક્તિથી નમસ્કાર હો ! પડવાના ભયંકર સ્થાનકે સાવચેત રહી, તથારૂપ સામર્થ્ય વિસ્તારી 'સિદ્ધિ' સિદ્ધ કરી છે, તે પુરૂષાર્થને સંભારી રોમાંચિત, અનંત અને મૌન એવું આશ્ચર્ય ઉપજે છે.

સં૦ ૧૯૫૨ ના અશાડ વદ ૮, રવિ, મુંબઈથી.

૪૩૧.

ભુજાએ કરી સ્વયંભૂરમણ તરી ગયા છે, તરે છે, અને તરશે, તે સત્પુરૂષોને નિષ્કામ-ભક્તિથી ત્રિકાળ નમસ્કાર.

પ્રારબ્ધરૂપ દુસ્તર પ્રતિબંધ વર્ત્તે છે, ત્યાં કંઈ લખવું, કે જણાવવું તે કૃત્રિમજેવું લાગે છે, અને તેથી હમણા પત્રાદિની પહોંચમાત્ર પણ લખવાનું કર્યું નથી. ઘણાં પત્રોને માટે તેમ થયું છે તેથી, ચિત્તને વિશેષ મુંઝાવારૂપ થશે, તે વિચારરૂપ દયાના પ્રતિબંધે આ પત્ર લખ્યું છે. આત્માને મૂળજ્ઞાનથી ચલાયમાન કરી નાંખે એવા પ્રારબ્ધને વેદતાં આવો પ્રતિબંધ તે પ્રારબ્ધને ઉપકારનો હેતુ થાય છે; અને કોઈક વિકટ અવસરને વિષે એકવાર આત્માને મૂળ-જ્ઞાન વમાવી દેવાસુધીની સ્થિતિ પમાડે છે એમ જાણી, તેથી ડરીને વર્ત્તવું યોગ્ય છે એમ વિચારી, પત્રાદિની પહોંચ લખી નથી.

અહો ! જ્ઞાની પુરૂષના આશય, ગંભીરતા, ધીરજ અને ઉપશમ. અહો ! અહો ! વારંવાર અહો !

સં૦ ૧૯૫૨ ના અશાડ વદ ૮, રવિ, મુંબઈથી,

૪૩૨.

ૐ

" જિનાગમમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ છ 'દ્રવ્ય' કહ્યાં છે; તેમાં કાળને 'દ્રવ્ય' કહ્યું છે; અને 'અસ્તિકાય' પાંચ કહ્યાં છે. કાળને 'અસ્તિકાય' કહ્યો નથી: તેનો શો હેતુ હોવો જોઈએ ? કદાપિ કાળને 'અસ્તિકાય' ન કહેવામાં એવો હેતુ હોય કે, ધર્માસ્તિકાયાદિ પ્રદેશના સમૂહરૂપે છે: અને પરમાણુ પુદ્ગળ તેવી યોગ્યતાવાળાં 'દ્રવ્ય' છે; કાળ તેવી રીતે નથી; માત્ર એક સમયરૂપ છે; તેથી કાળને 'અસ્તિકાય' કહ્યો નથી. ત્યાં એમ આશંકા થાય છે કે એક સમય પછી બીજો, પછી ત્રીજો, એમ સમયની ધારા વર્ત્યા જ કરે છે, અને ધારામાં વચ્ચે અવકાશ નથી તેથી એક બીજા સમયનું અનુસંધાનપણુ અથવા સમૂહાત્મકપણુ સંભવે છે: જેથી કાળ પણ 'અસ્તિકાય' કહી શકાય. વળી સર્વજ્ઞને ત્રણે કાળનું જ્ઞાન થાય છે, એમ કહ્યું છે તેથી પણ એમ સમજાય કે, સર્વકાળનો સમૂહ જ્ઞાનગોચર થાય છે; અને સર્વ સમૂહ જ્ઞાનગોચર થતો હોય તો કાળ ' અસ્તિકાય ' સંભવે છે; અને જિનાગમમાં તેને અસ્તિકાય ગણ્યો નથી," એ આશંકા લખેલ તેનું સમાધાન નીચે લખ્યાથી વિચારવાયોગ્ય છે:-

જિનાગમની એવી પ્રરૂપણા છે કે, કાળ 'ઉપચારિક દ્રવ્ય' છે; 'સ્વાભાવિક દ્રવ્ય' નથી.

જે પાંચ 'અસ્તિકાય' કહ્યા છે તેની વર્ત્તનાનું નામ મુખ્યપણે કાળ છે. તે વર્ત્તનાનું બીજું નામ પર્યાય પણ છે. જેમ ધર્માસ્તિકાય એક સમયે અસંખ્યાત પ્રદેશના સમૂહરૂપે જણાય છે, તેમ કાળ સમૂહરૂપે જણાતો નથી. એક સમય વર્તી લય પામે, ત્યારપછી બીજો સમય ઉત્પન્ન થાય છે. તે સમય દ્રવ્યની વર્ત્તનાનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ છે.

સર્વજ્ઞને સર્વ કાળનું જ્ઞાન થાય છે એમ કહ્યું છે તેનો મુખ્ય અર્થ તો એમ છે કે, 'પંચાસ્તિકાય, દ્રવ્યપર્યાત્મકપણે તેમને જ્ઞાનગોચર થાય છે; અને સર્વ પર્યાયનું જ્ઞાન તે જ સર્વકાળનું જ્ઞાન કહેલું છે. એક સમયે સર્વજ્ઞ પણ એક સમય જ વર્ત્તતો દેખે છે, અને ભૂતકાળ, કે ભાવિકાળને વર્ત્તતો દેખે નહીં; જો તેને પણ વર્ત્તતા દેખે તો તે પણ 'વર્ત્તમાનકાળ' જ કહેવાય. સર્વજ્ઞ ભૂતકાળને વર્ત્તીચૂક્યાપણે અને ભાવિકાળને હવે પછી આમ વર્ત્તશે એમ દેખે છે.

ભૂતકાળ દ્રવ્યને વિષે સમાઇ ગયો છે, અને ભાવિકાળ સત્તાપણે રહ્યો છે. બેમાંથી એકકે વર્ત્તવાપણે નથી. માત્ર એક સમયરૂપ એવો વર્ત્તમાનકાળ જ વર્ત્તે છે; માટે સર્વજ્ઞને જ્ઞાનમાં પણ તે જ પ્રકારે ભાસ્યમાન થાય છે.

એક ઘડો હમણા જોયો હોય, તે ત્યાર પછીને બીજે સમયે નાશ પામી ગયો ત્યારે ઘડાપણે વિદ્યમાન નથી; પણ જોનારને, તે ઘડો જેવો હતો તેવો જ્ઞાનમાં ભાસ્યમાન થાય છે; તેમ જ હમણા એક માટીનો પિંડ પડ્યો છે, તેમાંથી થોડો વખત ગયે એક ઘડો નીપજશે એમ જ્ઞાનમાં ભાસી શકે છે; તથાપિ માટીનો પિંડ વર્ત્તમાનમાં કંઇ ઘડાપણે વર્ત્તતો હોતો નથી. એ જ રીતે એક સમયમાં સર્વજ્ઞને ત્રિકાળજ્ઞાન છતાં પણ વર્ત્તમાન સમય તો એક જ છે.

સૂર્યનેલીધે જે દિવસરાત્રિરૂપી કાળ સમજાય છે તે, 'વ્યવહારકાળ' છે, કેમકે સૂર્ય સ્વાભાવિક દ્રવ્ય નથી. 'દિગમ્બર' કાળના અસંખ્યાત 'અણુ' માને છે, પણ તેનું એક બીજાની સાથે અનુસંધાન છે એમ તેમનો અભિપ્રાય નથી; અને તેથી કાળને અસ્તિકાયપણે ગણ્યા નથી પ્રત્યક્ષ સત્સમાગમમાં ભક્તિ વૈરાગ્યાદિ દૃઢ સાધનસહિત મુમુક્ષુએ સદ્ગુરૂઆજ્ઞાએ 'દ્રવ્યાનુયોગ' વિચારવા યોગ્ય છે.

અભિનંદનજિનની શ્રી દેવચંદજીકૃત સ્તવનનું પદ લખી અર્થ પૂછાવ્યો તેમાં "પુદ્ગળઅનુભવત્યાગથી 'કરવી જ શું' પરતીતહો" એમ લખાયું છે, તેમ મૂળ નથી; "પુદ્ગળઅનુભવત્યાગથી, કરવી 'જશુ' પરતીત" એમ મૂળપદ છે; એટલે વર્ણગંધાદિ પુદ્ગળગુણના અનુભવનો અર્થાત્ રસનો ત્યાગ કરવાથી, તે પ્રત્યે ઉદાસીન થવાથી, 'જશુ' એટલે 'જેની' (આત્માની) પ્રતીતિ થાય છે; એમ અર્થ છે.

શ્રાવણ શુદ ૫, શુક્રે. વિક્રમ સં० ૧૯૫૨, મુંબઇથી.

૪૩૩.

ગયા શનિવારનો લખેલો કાગળ પહોંચ્યો છે. તે કાગળમાં મુખ્યકરી ત્રણ પ્રશ્નો લખ્યાં છે. તેના ઉત્તર નીચે લખ્યાથી વિચારશોઃ—પ્રથમ પ્રશ્નમાં એમ જણાવ્યું છે કે, "એક મનુષ્યપ્રાણી દિવસને વખતે આત્માના ગુણવડીએ અમુક હદ્દસુધી દેખી શકે છે, અને રાત્રિને વખતે અંધારામાં કશું દેખતો નથી; વળી બીજે દિવસે પાછું દેખે છે, અને વળી રાત્રિએ અંધારામાં કશું દેખતો નથી; તેથી એક અહોરાત્રિમાં ચાલુ આ પ્રમાણે આત્માના ગુણ ઉપર અધ્યવસાય બદલાયાવિના નહીં દેખવાનું આવરણ આવી જતું હશે ! કે દેખવું એ આત્માનો ગુણ નહીં પણ સૂરજ વડીએ દેખાય છે, માટે સૂરજનો ગુણ હોઇને તેની ગેરહાજરીમાં દેખાતું નથી ? અને વળી આવી જ રીતે સાંભળવાના દૃષ્ટાંતે કાન આડું રાખવાથી નથી સંભળાતું

ત્યારે આત્માના ગુણ કેમ ભૂલાઈ જવાય છે?" તેનો સંક્ષેપમાં ઉત્તર જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મનો અમુક ક્ષયોપશમ થવાથી ઇંદ્રિયલબ્ધિ ઉત્પન્ન થાય છે. ઇંદ્રિયલબ્ધિ સામાન્યપણે પાંચ પ્રકારની કહી શકાય છે. સ્પર્શ-ઇંદ્રિયથી શ્રવણેંદ્રિયપર્યંત સામાન્યપણે મનુષ્યપ્રાણીને પાંચ ઇંદ્રિયની લબ્ધિનો ક્ષયોપશમ હોય છે; તે ક્ષયોપશમની શક્તિ અમુક વ્યાપતિ થાય ત્યાંસુધી જાણી દેખી શકે છે. દેખવું એ ચક્ષુ-ઇંદ્રિયનો ગુણ છે, તથાપિ અંધકારથી, કે અમુક છેટે વસ્તુ હોવાથી તેને પદાર્થ જોવામાં આવી શકે નહીં, કેમકે ચક્ષુ-ઇંદ્રિયની ક્ષયોપશમલબ્ધિને તે હદે અટકવું થાય છે. અર્થાત્ ક્ષયોપશમની સામાન્યપણે એટલી શક્તિ છે. દિવસે પણ વિશેષ અંધકાર હોય, અથવા કોઈ વસ્તુ ઘણા અંધારામાં પડી હોય, અથવા અમુક હદથી છેટે હોય તો ચક્ષુથી દેખાઈ શકતી નથી; તેમ બીજી ઇંદ્રિયોની લબ્ધિસંબંધી ક્ષયોપશમશક્તિ સુધી તેના વિષય જ્ઞાનદર્શનની પ્રવૃત્તિ છે. અમુક વ્યાઘાતસુધી તે સ્પર્શી શકે છે, અથવા સુંઘી શકે છે; સ્વાદ ઓળખી શકે છે, અથવા સાંભળી શકે છે.

બીજા પ્રશ્નમાં એમ જણાવ્યું છે કે, "આત્માના અસંખ્યાત પ્રદેશ આખા શરીરમાં વ્યાપક છતાં આંખના વચલા ભાગની કીકી છે તેથી જ દેખી શકાય છે; તે જ પ્રમાણે આખા શરીરમાં અસંખ્યાત પ્રદેશ વ્યાપક છતાં એક નાનો ભાગ કાન વડીએ સાંભળી શકાય. બીજી જગોએથી સાંભળીએ શકાય. અમુક જગોએથી ગંધપરીક્ષા થાય, અમુક જગોએથી રસની પરીક્ષા થાય; જેમકે સાકરનો સ્વાદ હાથ પગ જાણતા નથી, પરંતુ જીભ જાણે છે. આત્મા આખા શરીરમાં સરખી રીતે વ્યાપક છતાં અમુક ભાગેથી જ જ્ઞાન થાય આનું કારણ શું હશે?" તેનો સંક્ષેપમાં ઉત્તરઃ–

જીવને જ્ઞાન, દર્શન ક્ષાયકભાવે પ્રગટ્યાં હોય, તો સર્વ પ્રદેશે તથા પ્રકારનું તેને નિરાવરણ-હોવાથી એક સમયે સર્વ ભાવનું જ્ઞાયકપણું હોય; પણ જ્યાં ક્ષયોપશમભાવે જ્ઞાનદર્શન વર્ત્તે છે, ત્યાં ભિન્ન ભિન્ન પ્રકારે અમુક મર્યાદામાં જ્ઞાયકપણું હોય. જે જીવને અત્યંત અલ્પ જ્ઞાનદર્શનની ક્ષયોપશમશક્તિ વર્ત્તે છે, તે જીવને અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાયકપણું હોય છે, તેથી વિશેષ ક્ષયોપશમે સ્પર્શેંદ્રિયની લબ્ધિ કંઇક વિશેષ વ્યક્ત (પ્રગટ) થાય છે. તેથી વિશેષ ક્ષયોપશમે સ્પર્શ અને રસેંદ્રિયની લબ્ધિ ઉત્પન્ન થાય છે, એમ વિશેષતાથી ઉત્તરોત્તર સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ તથા શબ્દ ગ્રહણ કરવા યોગ્ય એવો પંચેંદ્રિયસંબંધી ક્ષયોપશમ થાય છે, તથાપિ ક્ષયોપશમદશામાં ગુણનું સમ-વિષમપણું હોવાથી સર્વાંગે તે પાંચે ઇંદ્રિયસંબંધી જ્ઞાન, દર્શન થતાં નથી, કેમકે શક્તિનું તેવું તારતમ્ય (સત્વ) નથી, કે પાંચે વિષય સર્વાંગે ગ્રહણ કરે. યદ્યપિ અવધિ આદિ જ્ઞાનમાં તેમ થાય છે; પણ અત્રે તો સામાન્ય ક્ષયોપશમ, અને તે પણ ઇંદ્રિયસાપેક્ષક્ષયોપશમનો પ્રસંગ છે. અમુક નિયત પ્રદેશમાં જ તે ઇંદ્રિયલબ્ધિનું પરિણામ થાય છે તેનો હેતુ ક્ષયોપશમ તથા પ્રાપ્ત થયેલી યોનિનો સંબંધ છે, કે નિયતપ્રદેશે (અમુક મર્યાદા-ભાગ-માં) અમુક અમુક વિષયનું જીવને ગ્રહણ થાય.

ત્રીજા પ્રશ્નમાં એમ જણાવ્યું છે કે "શરીરના અમુક ભાગમાં પીડા હોય ત્યારે જીવ ત્યાં વળગી રહે છે, તેથી જે ભાગમાં પીડા છે, તે ભાગની પીડા વેદવાસારૂ તમામ પ્રદેશ તે તરફ ખેંચાતા હશે? જગતમાં કહેવત છે કે, જ્યાં પીડા હોય ત્યાં જીવ વળગી રહે છે." તેનો સંક્ષેપમાં ઉત્તરઃ–

તે વેદના વેદવામાં કેટલાક પ્રસંગે વિશેષ ઉપયોગ રોકાય છે, અને બીજા પ્રદેશનું તે ભણી કેટલાક પ્રસંગમાં સહજ આકર્ષણ પણ થાય છે. કોઇ પ્રસંગમાં વેદનાનું બહુલપણું હોય તો સર્વ પ્રદેશ મૂર્છાગત સ્થિતિ પણ ભજે છે; અને કોઇ પ્રસંગમાં વેદના, કે ભયનાં બહુલપણે

સર્વપ્રદેશ એટલે આત્માની દશમદ્વાર આદિ એક સ્થાનમાં સ્થિતિ થાય છે. આમ થવાનો હેતુ પણ અવ્યાબાધ નામનો જીવસ્વભાવ તથાપ્રકારે પરિણામી નહીં હોવાથી તેમ વીર્યાંતરાયના ક્ષયોપશમનું સમ-વિષમપણું હોય છે.

આવા પ્રશ્નો કેટલાક મુમુક્ષુ જીવને વિચારની પરિશુદ્ધિને અર્થે કર્ત્તવ્ય છે, અને તેવા પ્રશ્નોનું સમાધાન જણાવવાની ચિત્તમાં સહજ કવચિત્ ઇચ્છા પણ રહે છે; તથાપિ લખવામાં વિશેષ ઉપયોગ રોકાઈ શકવાનું ઘણી મુશ્કેલીથી થાય છે, અને તેથી કોઇક વખત લખવાનું બને છે, અને કોઇક વખત લખવાનું બની શકતું નથી, અથવા નિયમિત ઉત્તર લખવાનું બની શકતું નથી ઘણુંકરીને અમુક કાળસુધી તો હાલ તો તથાપ્રકારે રહેવાયોગ્ય છે; તોપણ પ્રશ્નાદિ લખવામાં તમને પ્રતિબંધ નથી.

શ્રાવણ વદ ૧૨, શનિ, ૧૯૫૨.

૪૩૪.

ૐ

" અમુક પદાર્થના જવા આવવાદિના પ્રસંગમાં ધર્માસ્તિકાયાદિના અમુક પ્રદેશે ક્રિયા થાય છે; અને જો એ પ્રમાણે થાય તો વિભાગપણું થાય. જેથી તે પણ કાળના સમયની પેઠે ' અસ્તિકાય ' ન કહી શકાય ?" એ પ્રશ્નનું સમાધાનઃ-જેમ ધર્માસ્તિકાયાદિના સર્વ પ્રદેશ એક સમયે વર્તમાન છે, અર્થાત્ વિદ્યમાન છે, તેમ કાળના સર્વ સમય કંઇ એક સમયે વિદ્યમાન હોતા નથી, અને વળી દ્રવ્યના વર્તનાપર્યાય શિવાય કાળનું કંઈ જૂદું દ્રવ્યત્વ નથી, કે તેના 'અસ્તિકાયત્વ'નો સંભવ થાય. અમુક પ્રદેશે ધર્માસ્તિકાયાદિને વિષે ક્રિયા થાય, અને અમુક પ્રદેશે ન થાય તેથી, કંઈ તેના 'અસ્તિકાયપણા'નો ભંગ થતો નથી; માત્ર એક પ્રદેશાત્મક તે દ્રવ્ય હોય, અને સમૂહાત્મક થવાની તેમાં યોગ્યતા ન હોય, તો તેના અસ્તિકાયપણાનો ભંગ થાય; એટલે કે, તો તે ' અસ્તિકાય' કહેવાય નહીં. પરમાણુ એક પ્રદેશાત્મક છે; તોપણ, તેવાં બીજાં પરમાણુઓ મળી તે સમૂહાત્મકપણુ પામે છે, માટે તે 'અસ્તિકાય' (પુદ્ગલાસ્તિકાય) છે. વળી એક પરમાણુમાં પણ અનંત પર્યાયાત્મકપણુ છે, અને કાળના એક સમયમાં કંઇ અનંત પર્યાયાત્મકપણુ નથી, કેમંકે તે પોતે જ વર્તમાન એક પર્યાયરૂપ છે. એક પર્યાયરૂપ હોવાથી તે દ્રવ્યરૂપ ઠરતું નથી, તો પછી અસ્તિકાયરૂપ ગણવાનો વિકલ્પ પણ સંભવતો નથી.

૨. મૂળ અપ્કાયિક જીવોનું સ્વરૂપ ઘણું સૂક્ષ્મ હોવાથી વિશેષપણે સામાન્યજ્ઞાને તેનો બોધ થવો કઠણ છે. તોપણ 'ષડ્દર્શનસમુચ્ચય' ગ્રંથ હાલ પ્રસિદ્ધ થયો છે, તેમાં ૧૪૧ થી ૧૪૩ સુધીનાં પૃષ્ઠમાં તેનું સ્વરૂપ કંઈક સમજાવ્યું છે; તે વિચારવાનું બને તો વિચારશો.

૩. અગ્નિ અથવા બીજા બળવાન શસ્ત્રથી અપ્કાયિક મૂળ જીવ નાશ પામે એમ સમજાય છે. અત્રેથી વરાળાદિરૂપે થઇ જે ઉંચે આકાશમાં વાદળાંરૂપે બંધાય છે, તે વરાળાદિરૂપે થવાથી અચિત્ત થવાયોગ્ય લાગે છે, પણ વાદળાંરૂપે થવાથી ફરી સચિત્તપણુ પામવા યોગ્ય છે. તે વર્ષાદરૂપે જમીનપર પડયે પણ સચિત્ત હોય છે. માટી આદિની સાથે મળવાથી પણ તે સચિત્ત રહી શકવાયોગ્ય છે. સામાન્યપણે અગ્નિ જેવું માટી બળવાન શસ્ત્ર નથી, એટલે તેવું હોય ત્યારે પણ સચિત્તપણુ સંભવે છે.

૪. બીજ જ્યાંસુધી વાવવાથી ઉગવાની યોગ્યતાવાળું છે, ત્યાંસુધી નિર્જીવ હોય નહીં, સજીવ જ કહી શકાય. અમુક અવધિ પછી એટલે સામાન્યપણે (અન્નાદિનાં) બીજ ત્રણ વર્ષ સુધી સજીવ રહી શકે છે; તેથી વચ્ચે તેમાંથી જીવ ચવી જાય ખરો; પણ તે અવધિ વિત્યા પછી

તે નિર્જીવ એટલે નિર્બીજ થવાયોગ્ય કહ્યું છે. કદાપિ બીજ જેવો આકાર તેનો હોય પણ તે વાવવાથી ઉગવાની યોગ્યતારહિત થાય. સર્વે બીજની અવધિ ત્રણ વર્ષની સંભવતી નથી, કેટલાંક બીજની સંભવે છે.

૫. ફ્રેંચ વિદ્વાને શોધેલા યંત્રની વિગતનું વર્તમાન બીડયું તે વાંચ્યું છે. તેમાં 'આત્મા જોવાનું યંત્ર' તેનું નામ આપ્યું છે, તે યથાર્થ નથી. એવા કોઇ પણ પ્રકારના દર્શનની વ્યાખ્યામાં આત્માનો સમાવેશ થવાયોગ્ય નથી. તમે પણ તેને આત્મા જોવાનું યંત્ર સમજ્યા નથી એમ જાણીએ છીએ; તથાપિ "કાર્મણ, તૈજસ શરીર દેખાવાયોગ્ય છે, કે કંઇ બીજો ભાસ થવાયોગ્ય છે," તે જાણવાની જિજ્ઞાસા જણાય છે. કાર્મણ કે તૈજસ શરીર પણ તે રીતે દેખાવાયોગ્ય નથી; પણ ચક્ષુ, પ્રકાશ, તે યંત્ર, મરનારનો દેહ, અને તેની છાયા કે કોઇ આભાસવિશેષથી તેવો દેખાવ થવો સંભવે છે. તે યંત્ર વિષે વધારે વ્યાખ્યા પ્રસિદ્ધિમાં આવ્યે પૂર્વાપર આ વાત જાણવામાં ઘણું કરીને આવશે. હવાના પરમાણુઓ દેખાવાવિષેમાં પણ કંઇક તેઓના લખવાની વ્યાખ્યા, કે જોયેલા સ્વરૂપની વ્યાખ્યા કરવામાં પર્યાયાંતર લાગે છે. હવાથી ગતિ પામેલા કોઇ પરમાણુસ્કંધ (વ્યાવહારિક પરમાણુ-કંઇક વિશેષ પ્રયોગે દૃષ્ટિગોચર થઇ શકવાયોગ્ય હોય તે) દૃષ્ટિગોચર થવા સંભવે છે. હજુ તેની વધારે કૃતિ પ્રસિદ્ધ થયે સમાધાન વિશેષપણે કરવું યોગ્ય લાગે છે.

સં૦ ૧૯૫૨, શ્રાવણ વદ ૧૩, શનિવાર, રાળજથી.

૪૩૫.

વિચારવાન પુરૂષો તો કૈવલ્યદશા થતાંસુધી મૃત્યુને નિત્ય સમીપ જ સમજીને પ્રવર્તે છે.

ઘણુંકરીને ઉત્પન્ન કરેલાં એવાં કર્મની રહસ્યભૂતમતિ મૃત્યુ વખતે વર્તે છે, ક્વચિત્-માંડ પરિચિત થયે એવો પરમાર્થ તે એક ભાવ; અને નિત્ય, પરિચિત નિજકલ્પનાદિ ભાવે રૂઢીધર્મનું ગ્રહણ એવો ભાવ. એમ ભાવ બે પ્રકારના થઈ શકે. સદ્વિચારે યથાર્થ આત્મદૃષ્ટિ, કે વાસ્તવ્ય ઉદાસીનતા તો સર્વ જીવસમૂહ જોતાં કોઇક વિરલ જીવને કવચિત્ કવચિત્ હોય છે, અને બીજો ભાવ અનાદિ પરિચિત છે તે જ પ્રાયે સર્વ જીવમાં જોવામાં આવે છે; અને દેહાંતપ્રસંગે પણ તેનું પ્રાબલ્ય જોવામાં આવે છે એમ જાણી, મૃત્યુ સમીપ આવ્યે તથારૂપ પરિણતિ કરવાનો વિચાર વિચારવાન પુરૂષ છોડી દઇ પ્રથમથી જ તે પ્રકારે વર્ત્તે છે. તમે પોતે બાહ્યક્રિયાનો વિધિનિષેધાગ્રહ વિસર્જનવત્ કરી દઈ, અથવા તેમાં અંતર્પરિણામે ઉદાસીન થઇ, દેહ અને તેનાસંબંધી સંબંધનો વારંવારનો વિક્ષેપ છોડી દઈ યથાર્થ આત્મભાવનો વિચાર કરવાનું લક્ષગત કરો તો તે જ સાર્થક છે. છેલ્લે અવસરે અનશનાદિ કે સંસ્તારાદિ કે સંલેખનાદિક ક્રિયા કવચિત્ બનો, કે ન બનો તોપણ જે જીવને ઉપર કહ્યો તે ભાવ લક્ષગત છે તેનો જન્મ સફળ છે; અને ક્રમે કરી તે નિશ્રેયને પ્રાપ્ત થાય છે. તમને બાહ્યક્રિયાદિનાં કેટલાંક કારણોથી વિશેષ વિધિનિષેધલક્ષ જોઇને અમને ખેદ થતો કે આમાં કાળ વ્યતીત થતાં આત્માવસ્થા કેટલી સ્વસ્થતા ભજે છે, અને શું યથાર્થ સ્વરૂપનો વિચાર કરી શકે છે, કે તમને તેનો આટલો બધો પરિચય ખેદનો હેતુ લાગતો નથી? સહજમાત્ર જેમાં ઉપયોગ દીધો હોય તો ચાલે તેવું છે, તેમાં લગભગ જાગ્રતિકાળનો ઘણો ભાગ વ્યતીત થયા જેવું થાય છે તે કેને અર્થે? અને તેનું શું પરિણામ? તે શા માટે તમને ધ્યાનમાં આવતું નથી? તે વિષે કવચિત્ કંઇ પ્રેરવાની ઇચ્છા થયેલી સંભવે છે, પણ તમારી તથારૂપ રૂચિ અને સ્થિતિ ન દેખાવાથી પ્રેરણા કરતાં કરતાં વૃત્તિ સંક્ષેપી લીધેલી. હજી પણ તમારા ચિત્તમાં આ વાતને અવકાશ આપવાયોગ્ય અવસર છે. માત્ર લોકો વિચારવાન કે સમ્યગ્દૃષ્ટિ સમજે તેથી કલ્યાણ નથી, અથવા બાહ્યવ્યવહારના ઘણા વિધિનિષેધના

કર્તૃત્વના મહાત્મ્યમાં કંઇ કલ્યાણ નથી; એમ અમને તો લાગે છે. આ કંઈ એકાંતિક દૃષ્ટિએ લખ્યું છે, અથવા અન્ય કંઈ હેતુ છે એમ વિચારવું છોડી દઇ, જે કંઇ તે વચનોથી અંતર્મુખવૃત્તિ થવાની પ્રેરણા થાય તે કરવાનો વિચાર રાખવો એ જ સુવિચારદૃષ્ટિ છે. લોકસમુદાય કોઇ ભલો થવાનો નથી, અથવા સ્તુતિ નિંદાના પ્રયત્નાર્થે આ દેહની પ્રવૃત્તિ તે વિચારવાનને કર્તવ્ય નથી. બાહ્યક્રિયાના અંતર્મુખવૃત્તિવગરના વિધિ-નિષેધમાં કંઇ પણ વાસ્તવ્ય કલ્યાણ રહ્યું નથી. ગચ્છાદિ ભેદને નિર્વાહવામાં, નાનાપ્રકારના વિકલ્પો સિદ્ધ કરવામાં, આત્માને આવરણ કરવા બરાબર છે. અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા શિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી, એમ જાણી લખ્યું છે. તે માત્ર અનુકંપાબુદ્ધિએ, નિરાગ્રહથી, નિષ્કપટતાથી, નિર્દંભતાથી અને હિતાર્થે લખ્યું છે; એમ જો તમે યથાર્થ વિચારશો તો દૃષ્ટિગોચર થશે, અને વચનનું ગ્રહણ કે પ્રેરણા થવાનો હેતુ થશે.

રાળજ, શ્રાવણ વદ ૧૪, રવિ, ૧૯૫૨.

૪૩૬.

સહજાત્મસ્વરૂપે યથાયોગ્ય પ્રાપ્ત થાય.—

ત્રણ પત્રો પ્રાપ્ત થયાં છે. ' કંઇ પણ વૃત્તિ રોકતાં તે કરતાં વિશેષ અભિમાન વર્ત્તે છે; ' તેમ જ ' તૃષ્ણાના પ્રવાહમાં ચાલતાં તણાઇ જવાય છે, અને તેની ગતિ રોકવાનું સામર્થ્ય રહેતું નથી. ' ઇત્યાદિ વિગત, તથા ' ક્ષમાપના , અને કર્કટી રાક્ષસીના યોગવાસિષ્ઠસંબંધી પ્રસંગની જગત્ભ્રમ ટળવા માટેમાં વિશેષતા ' લખી તે વિગત વાંચી છે. હાલ લખવામાં ઉપયોગ વિશેષ રહી શકતો નથી, જેથી પત્રની પહોંચ પણ લખતાં રહી જાય છે. સંક્ષેપમાં તે પત્રોના ઉત્તર નીચે લખ્યાપરથી વિચારવા યોગ્ય છે.

૧. વૃત્તિઆદિ સંક્ષેપ અભિમાનપૂર્વક થતો હોય તોપણ કરવો ઘટે. વિશેષતા એટલી કે, તે અભિમાનપર નિરંતર ખેદ રાખવો. તેમ બને તો ક્રમે કરીને વૃત્તિઆદિનો સંક્ષેપ થાય, અને તે સંબંધી અભિમાન પણ સંક્ષેપ થાય.

૨. ઘણે સ્થળે વિચારવાન પુરુષોએ એમ કહ્યું છે કે, જ્ઞાન થયે કામ, ક્રોધ, તૃષ્ણાદિ ભાવ નિર્મૂળ થાય. તે સત્ય છે. તથાપિ તે વચનોનો એવો પરમાર્થ નથી કે, જ્ઞાન થયા પ્રથમ તે મોળાં ન પડે, કે ઓછાં ન થાય. મૂળસહિત છેદ તો જ્ઞાને કરીને થાય, પણ કષાયાદિનું મોળાપણું, કે ઓછાપણું ન થાય ત્યાંસુધી જ્ઞાન ઘણુંકરીને ઉત્પન્ન જ ન થાય. જ્ઞાન પ્રાપ્ત થવામાં વિચાર મુખ્ય સાધન છે, અને તે વિચારને વૈરાગ્ય (ભોગપ્રત્યે અનાસક્તિ), તથા ઉપશમ (કષાયાદિનું ઘણું જ મંદપણું, તે પ્રત્યે વિશેષ ખેદ) એ મુખ્ય આધાર છે, એમ જાણી તેનો નિરંતર લક્ષ રાખી તેવી પરિણતિ કરવી ઘટે. સત્પુરૂષના વચનના યથાર્થ ગ્રહણવિના વિચાર ઘણું કરીને ઉદ્ભવ થતો નથી, અને સત્પુરૂષના વચનનું યથાર્થ ગ્રહણ—સત્પુરૂષની પ્રતીતિ—એ કલ્યાણ થવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત હોવાથી તેમની અનન્ય આશ્રયભક્તિ પરિણામ પામ્યેથી થાય છે. ઘણું કરી એક બીજાં કારણોને અન્યોન્યાશ્રય જેવું છે. ક્યાંક કોઇનું મુખ્યપણું છે, ક્યાંક કોઇનું મુખ્યપણું છે, તથાપિ એમતો અનુભવમાં આવે છે કે, ખરેખરો મુમુક્ષુ હોય તેને, સત્પુરૂષની આશ્રયભક્તિ અહંભાવાદિ છેદવાને માટે, અને અલ્પકાળમાં વિચારદશા પરિણામ પામવાને માટે, ઉત્કૃષ્ટ કારણરૂપ થાય છે. ભોગમાં અનાસક્તિ થાય, તથા લૌકિક વિશેષતા દેખાડવાની બુદ્ધિ ઓછી કરવામાં આવે, તો તૃષ્ણા નિર્બળ થતી જાય છે. લૌકિક માન આદિનું તુચ્છપણું સમજવામાં આવે તો તેની વિશેષતા ન લાગે અને તેથી તેની ઇચ્છા સહેજે મોળી પડી જાય, એમ યથાર્થ ભાસે

છે. માંડ માંડ આજીવિકા ચાલતી હોય તોપણ મુમુક્ષુને તે ઘણું છે. કેમકે વિશેષનો કંઇ અવશ્ય ઉપયોગ (કારણ) નથી, એમ જ્યાંસુધી નિશ્ચયમાં ન આણવામાં આવે ત્યાંસુધી, તૃષ્ણા નાનાપ્રકારે આવરણ કર્યા કરે. લૌકિક વિશેષતામાં કંઈ સારભૂતતા જ નથી એમ નિશ્ચય કરવામાં આવે, તો માંડ–આજીવિકા જેટલું મળતું હોય તોપણ તૃપ્તિ રહે. માંડ આજીવિકા જેટલું મળતું ન હોય તોપણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે, અથવા થયે તે પર વિશેષ ખેદ કરે, અને આજીવિકામાં ત્રુટતું, યથાધર્મ ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે; એ આદિ પ્રકારે વર્ત્તતા તૃષ્ણાનો પરાભવ ક્ષીણ થવાયોગ્ય દેખાય છે.

૩. ઘણુંકરીને સત્પુરૂષને વચને આધ્યાત્મિક શાસ્ત્ર પણ આત્મજ્ઞાનનો હેતુ થાય છે, કેમકે 'પરમાર્થઆત્મા' શાસ્ત્રમાં વર્ત્તતો નથી, સત્પુરૂષમાં વર્ત્તે છે. મુમુક્ષુએ જો કોઇ સત્પુરૂષનો આશ્રય પ્રાપ્ત થયો હોય, તો પ્રાયે જ્ઞાનની યાચના કરવી ન ઘટે, માત્ર તથારૂપ વૈરાગ્ય ઉપશમાદિ પ્રાપ્ત કરવાના ઉપાય કરવા ઘટે. તે યોગ્ય પ્રકારે સિદ્ધ થયે જ્ઞાનીનો ઉપદેશ સુલભ પરિણમે છે, અને યથાર્થ વિચાર તથા જ્ઞાનનો હેતુ થાય છે.

૪. જ્યાંસુધી ઓછા ઉપાધિવાળા ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય ત્યાંસુધી, વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઇ એક વિશેષ અલૌકિક હેતુવિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે જવું ન ઘટે, કેમકે તેથી ઘણી સદ્વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્દ્ધમાન થતી નથી.

૫. યોગવાસિષ્ઠના પ્રથમનાં બે પ્રકરણ અને તેવા ગ્રંથોનો મુમુક્ષુએ વિશેષ કરી લક્ષ કરવાયોગ્ય છે. એ જ.

સ્થંભતીર્થસમીપ વડવાથી. સંવત્ ૧૯૫૨ ના ભાદ્રપદ શુદ ૧૧ ને ગુરૂવાર.

૪૩૭.

કેટલાંક પ્રશ્નોનું સમાધાન જાણવાની જિજ્ઞાસા રહે એ સ્વાભાવિક છે.

" ઘણુંકરીને બધા માર્ગોમાં મનુષ્યપણાને મોક્ષનું એક સાધન જાણી બહુ વખાણ્યું છે; અને જીવને જેમ તે પ્રાપ્ત થાય એટલે તેની વૃદ્ધિ થાય તેમ કેટલાક માર્ગોમાં ઉપદેશ કર્યો દેખાય છે. જિનોક્ત માર્ગને વિષે તેવો ઉપદેશ કર્યો દેખાતો નથી; વેદોક્ત માર્ગમાં અપુત્રને ગતિ નથી એ આદિ કારણથી તથા ચાર આશ્રમને ક્રિયાદિથી કરીને વિચારતાં મનુષ્યની વૃદ્ધિ થાય તેવો ઉપદેશ કર્યો દૃષ્ટિગોચર થાય છે; જિનોક્ત માર્ગમાં તેથી ઉલટું જોવામાં આવે છે. અર્થાત્ તેમ નહીં' કરતાં ગમે ત્યારે જીવ વૈરાગ્ય પામે તો સંસાર ત્યાગ કરી દેવો એવો ઉપદેશ જોવામાં આવે છે; તેથી ઘણા ગૃહસ્થાશ્રમને પામ્યાવિના ત્યાગી થાય, અને મનુષ્યની વૃદ્ધિ અટકે, કેમકે તેમના અત્યાગથી જે કંઇ તેમને સંતાનોત્પત્તિનો સંભવ રહેત, તે ન થાય, અને તેથી વંશનો નાશ થવા જેવું થાય, જેથી દુર્લભ એવું મનુષ્યપણું જે મોક્ષસાધનરૂપ ગણ્યું છે તેની વૃદ્ધિ અટકે છે, માટે તેવો અભિપ્રાય જિનનો કેમ હોય ?" તે જાણવા આદિ વિચારનું પ્રશ્ન લખ્યું છે. તેનું સમાધાન વિચારવા અર્થે અત્રે લખ્યું છેઃ—

લૌકિક દૃષ્ટિ અને અલૌકિક (લોકોત્તર) દૃષ્ટિમાં મોટો ભેદ છે, અથવા એક બીજી દૃષ્ટિ પરસ્પર વિરૂદ્ધ સ્વભાવવાળી છે. લૌકિક દૃષ્ટિમાં વ્યવહાર–સાંસારિક કારણો–નું મુખ્યપણું છે, અને અલૌકિક દૃષ્ટિમાં પરમાર્થનું મુખ્યપણું છે. માટે અલૌકિક દૃષ્ટિને લૌકિક દૃષ્ટિના ફળની સાથે પ્રાયે (ઘણુંકરીને) મેળવવી યોગ્ય નહીં.

જૈન અને બીજા બધા માર્ગમાં ઘણુંકરીને મનુષ્યદેહનું વિશેષ મહાત્મ્ય કહ્યું છે એટલે મોક્ષ સાધનના કારણરૂપ હોવાથી તેને ચિંતામણિ જેવો કહ્યો છે, તે સત્ય છે. પણ જો તેથી મોક્ષ

સાધન કર્યું તો જ તેનું એ મહાત્મ્ય છે; નહીંતો પશુના દેહ જેટલીએ વાસ્તવિક દૃષ્ટિથી તેની કિમ્મત દેખાતી નથી.

મનુષ્યાદિ વંશની વૃદ્ધિ કરવી, એ વિચાર મુખ્યપણે લૌકિક દૃષ્ટિનો છે: પણ તે દેહ પામીને અવશ્ય મોક્ષ સાધન કરવું, અથવા તે સાધનનો નિશ્ચય કરવો એ વિચાર મુખ્યપણે અલૌકિક દૃષ્ટિનો છે. અલૌકિક દૃષ્ટિમાં મનુષ્યાદિ વંશની વૃદ્ધિ કરવી એમ કહ્યું નથી તેથી, મનુષ્યાદિનો નાશ કરવો એમ તેમાં આશય રહે છે એમ સમજવું ન જોઇએ. લૌકિક દૃષ્ટિમાં તો યુદ્ધાદિ ઘણા પ્રસંગમાં હજારો મનુષ્યો નાશ પામવાનો વખત આવે છે, અને તેમાં ઘણા વંશરહિત થાય છે, પણ પરમાર્થ એટલે અલૌકિક દૃષ્ટિનાં તેવાં કાર્ય નથી કે જેથી તેમ થવાનો ઘણુંકરીને વખત આવે, અર્થાત્ એ સ્થળે અલૌકિક દૃષ્ટિથી નિર્વૈરતા, અવિરોધ, મનુષ્યાદિ પ્રાણીની રક્ષા અને તેમના વંશનું રહેવું એ સહજ બને છે; અને મનુષ્યાદિ વંશની વૃદ્ધિ કરવાનો જેનો હેતુ છે એવી લૌકિકદૃષ્ટિ ઉલટી તે સ્થળે વૈર, વિરોધ, મનુષ્યાદિ પ્રાણીનો નાશ અને વંશરહિતપણું કરનારી થાય છે.

અલૌકિક દૃષ્ટિ પામીને, અથવા અલૌકિક દૃષ્ટિની અસરથી કોઇ પણ મનુષ્ય નાની વયમાં ત્યાગી થાય, તો તેથી જે ગૃહસ્થાશ્રમપણુ પામ્યા ન હોય તેના વંશનો, અથવા ગૃહસ્થાશ્રમપણુ પામ્યા હોય અને પુત્રોત્પત્તિ ન થઇ હોય તેના વંશનો નાશ થવાનો વખત આવે, અને તેટલાં મનુષ્યો ઓછાં જન્મવાનું થાય: જેથી મોક્ષસાધનના હેતુભુત એવા મનુષ્ય દેહની પ્રાપ્તિ અટકાવવા જેવું બને એમ લૌકિક દૃષ્ટિથી યોગ્ય લાગે, પણ પરમાર્થદૃષ્ટિથી તે ઘણુંકરીને કલ્પનામાત્ર લાગે છે. કોઇ પણ પૂર્વે પરમાર્થમાર્ગને આરાધીને અત્રે મનુષ્યપણુ પામ્યા હોય તેને નાની વયથી જ ત્યાગ વૈરાગ્ય તીવ્રપણે ઉદયમાં આવે છે. તેવા મનુષ્યને સંતાનની ઉત્પત્તિ થયા પછી ત્યાગ કરવાનો ઉપદેશ કરવો, અથવા આશ્રમના અનુક્રમમાં મૂકવા તે યથાર્થ દેખાતું નથી, કેમકે મનુષ્ય દેહ તો બાહ્યદૃષ્ટિથી અથવા અપેક્ષાપણે મોક્ષસાધનરૂપ છે. અને યથાર્થ ત્યાગ, વૈરાગ્ય તો મૂળપણે મોક્ષસાધનરૂપ છે. અને તેવાં કારણો પ્રાપ્ત કરવાથી મનુષ્યદેહનું મોક્ષસાધનપણુ કરતું હતું, તે કારણો પ્રાપ્ત થયે તે દેહથી ભોગાદિમાં પડવાનું કહેવું, એમ મનુષ્યદેહને મોક્ષ સાધનરૂપ કરવા બરાબર કહેવાય, કે સંસાર સાધનરૂપ કરવા બરાબર કહેવાય ? તે વિચારવાયોગ્ય છે.

વેદોક્ત માર્ગમાં ચાર આશ્રમ બાંધ્યા છે તે એકાંતે નથી. વામદેવ, શુકદેવ, જડભરતજી એ આદિ આશ્રમના ક્રમવગર ત્યાગપણે વિચર્યા છે. જેઓથી તેમ થવું અશક્ય હોય, તેઓ પરિણામે યથાર્થ ત્યાગ કરવાનો લક્ષ રાખી, આશ્રમપૂર્વક પ્રવર્તે તો તે સામાન્ય રીતે ઠીક છે એમ કહી શકાય. આયુષ્યનું એવું ક્ષણભંગુરપણુ છે કે, તેવો ક્રમ પણ વિરલાને જ પ્રાપ્ત થવાનો વખત આવે. કદાપિ તેવું આયુષ્ય પ્રાપ્ત થયું હોય તોપણ તેવી વૃત્તિએ એટલે પરિણામે યથાર્થ ત્યાગ થાય એવો લક્ષ રાખીને પ્રવર્ત્તવાનું તો કોઇકથી જ બને તેવું છે.

જિનોક્ત માર્ગનો પણ એવો એકાંત સિદ્ધાંત નથી કે, ગમે તે વયમાં, ગમે તેવે માણસે, ત્યાગ કરવો. તથારૂપ સત્સંગ, સદ્‌ગુરૂનો યોગ થયે, તે આશ્રયે કોઈ પૂર્વના સંસ્કારવાળો એટલે વિશેષ વૈરાગ્યવાન પુરૂષ ગૃહસ્થાશ્રમ પામ્યા પહેલાં ત્યાગ કરે, તો તેણે યોગ્ય કર્યું છે એમ જિન-સિદ્ધાંત પ્રાયે કહે છે, કેમકે અપૂર્વ એવાં સાધનો પ્રાપ્ત થયે, ભોગાદિ ભોગવવા જેવું કરવું, અને તેની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરી પોતાનું પ્રાપ્ત આત્મસાધન ગુમાવવા જેવું કરવું, અને પોતાથી સંતતિ થશે તે મનુષ્યદેહ પામશે, તે મોક્ષ સાધનરૂપ થશે, એવી મનોર્થમાત્રકલ્પનામાં પડવું તે મનુષ્યપણાનું ઉત્તમપણુ ટાળીને પશુવત્ કરવા જેવું થાય.

ઈંદ્રિયાદિ શાંત થયાં નથી, જ્ઞાનીપુરૂષની દૃષ્ટિમાં હજી જે ત્યાગ કરવાને યોગ્ય નથી, એવા કોઈ મંદ, કે મોહ વૈરાગ્યવાન જીવને ત્યાગ લેવો પ્રશસ્ત જ છે એમ કંઇ જિનસિદ્ધાંત એકાંતે નથી.

પ્રથમથી જ જેને ઉત્તમ સંસ્કારવાળો વૈરાગ્ય ન હોય તે પુરૂષ કદાપિ ત્યાગનો પરિણામે લક્ષ રાખી આશ્રમપૂર્વક પ્રવર્તે તો તેણે એકાંતે ભૂલ જ કરી છે; અને ત્યાગ જ કર્યો હોત તો ઉત્તમ હતું એમ પણ જિનસિદ્ધાંત નથી. માત્ર મોક્ષસાધનનો પ્રસંગ પ્રાપ્ત થયે તે પ્રસંગ જતો કરવો ન જોઇએ એમ જિનનો ઉપદેશ છે.

ઉત્તમ સંસ્કારવાળા પુરૂષો ગૃહસ્થાશ્રમ કર્યા શિવાય ત્યાગ કરે તેથી મનુષ્યની વૃદ્ધિ અટકે, તેથી મોક્ષસાધનનાં કારણો અટકે, એ વિચારવું અલ્પદૃષ્ટિથી યોગ્ય દેખાય. પણ તથારૂપ ત્યાગ-વૈરાગ્યનો યોગ પ્રાપ્ત થયે મનુષ્યદેહનું સફળપણું થવા અર્થે તે યોગનો અપ્રમત્તપણે, વિલંબ-વગર લાભ પ્રાપ્ત કરવો તે વિચાર તો પૂર્વાપર અવિરૂદ્ધ અને પરમાર્થદૃષ્ટિથી સિદ્ધ કહેવાય. આ-સંપૂર્ણ છે, તથા આપણે સંતતિ થાય તો તેઓ મોક્ષસાધન કરશે એવો નિશ્ચય કરી, સંતતિ થશે જ એવું માન્ય રાખી, પાછો આવોને આવો ત્યાગ પ્રકાશિત થશે એવું ભવિષ્ય કલ્પીને આશ્રમ-પૂર્વક પ્રવર્તવાનું કયો વિચારવાન એકાંતે યોગ્ય ગણે? પોતાના વૈરાગ્યમાં મંદપણું ન હોય, અને જ્ઞાનીપુરૂષ જેને ત્યાગ કરવાયોગ્ય ગણતા હોય, તેણે બીજા મનોર્થમાત્ર કારણોનો, અથવા અનિ-શ્ચિત કારણોનો વિચાર છોડી દઇ, નિશ્ચિત અને પ્રાપ્ત ઉત્તમ કારણોનો આશ્રય કરવો એ જ ઉત્તમ છે, અને એ જ મનુષ્યપણાનું સાર્થક છે; બાકી વૃદ્ધિ આદિની તો કલ્પના છે. ખરેખરો મોક્ષમાર્ગ નાશ કરી માત્ર મનુષ્યની વૃદ્ધિ કરવાની કલ્પના કર્યાજેવું કરીએ તો બને.

એ આદિ ઘણાં કારણોથી પરમાર્થદૃષ્ટિથી જે બોધ્યું છે તે જ યોગ્ય જોવામાં આવે છે. ઉપયોગ આવાં પ્રશ્નોત્તરમાં વિશેષ કરી પ્રેરવો કઠણ પડે છે, તોપણ સંક્ષેપમાં જે કંઈ લખવાનું બન્યું તે ઉદીરણાવત્ કરીને લખ્યું છે. જ્યાંસુધી, બને ત્યાંસુધી, જ્ઞાનીપુરૂષનાં વચનોને લૌકિક આશ-યમાં ન ઉતારવાં, અથવા અલૌકિક દૃષ્ટિએ વિચારવાયોગ્ય છે; અને જ્યાંસુધી લૌકિક પ્રશ્નોત્તરમાં પણ વિશેષ ઉપકારવિના પડવું ન ઘટે. તેવા પ્રસંગોથી કેટલીકવાર પરમાર્થદૃષ્ટિ ક્ષોભ પમાડ્યા જેવું પરિણામ આવે છે.

વડના ટેટા, કે પીપરના પીપાંનું રક્ષણ પણ કંઇ તેની વંશવૃદ્ધિને અર્થે કરવાના હેતુથી અભક્ષ કહ્યાં છે એમ સમજવું યોગ્ય નથી. તેમાં કોમળપણું હોય છે ત્યારે અનંતકાયનો સંભવ છે, તથા તેને બદલે બીજી ઘણી ચીજોથી નિષ્પાપપણે રહી શકાય છે, છતાં તે જ અંગીકાર કરવાની ઇચ્છા રાખવી તે વૃત્તિનું ઘણું તુચ્છપણું થાય છે. તેથી અભક્ષ કહ્યાં છે; તે યથાર્થ લાગવા યોગ્ય છે. પાણીના ટીપામાં અસંખ્યાત જીવ છે એ વાત ખરી છે, પણ ઉપર દર્શાવ્યાં જે વડનાં ટેટા વગેરેનાં કારણો—તેવાં કારણો—તેમાં રહ્યાં નથી તેથી, તે અભક્ષ કહ્યું નથી; જો કે તેવું પાણી વાપરવાની પણ આજ્ઞા છે એમ કહ્યું નથી; અને નથી, પણ અમુક પાપ થાય એવો ઉપદેશ છે.

સં૰ ૧૯૫૨, ભાદરવા શુદ ૮, રાળજ.

૪૩૮.

લૌકિક દૃષ્ટિ અને અલૌકિક દૃષ્ટિમાં મોટો ભેદ છે; લૌકિક દૃષ્ટિમાં વ્યવહારનું મુખ્યપણું છે, અને અલૌકિક દૃષ્ટિમાં પરમાર્થનું મુખ્યપણું છે.

મનુષ્યદેહનું જૈન અને બીજા બધા માર્ગમાં વિશેષપણું અને અમૂલ્યપણું કહ્યું છે; તે સત્ય છે; પણ જો તેથી મોક્ષસાધન કરી શકાયું તો જ તેને વિશેષપણું અને અમૂલ્યપણું છે.

મનુષ્યાદિ વંશની વૃદ્ધિ કરવી એ વિચાર લૌકિક દૃષ્ટિનો છે, પણ મનુષ્યને યથાતથ્ય યોગ થયે કલ્યાણનો અવશ્ય નિશ્ચય કરવો તથા પ્રાપ્તિ કરવી એ વિચાર અલૌકિક દૃષ્ટિનો છે.

જો એમ જ દર્શાવવામાં આવ્યું હોય કે, ક્રમે કરીને જ સર્વસંગપરિત્યાગ કરવો તો તે યથાસ્થિત વિચાર કહેવાય નહીં, કેમકે પૂર્વે કલ્યાણનું આરાધન કર્યું છે એવા કેક ઉત્તમ જીવો નાની વયથી જ ઉત્કૃષ્ટ ત્યાગ પામ્યા છે. શુકદેવજી, જડભરતાદિના પ્રસંગ બીજા દર્શનમાં તે અર્થે દૃષ્ટાંતરૂપ છે. જો એવો જ નિયમ બાંધ્યો હોય કે, ગૃહસ્થાશ્રમ આરાધ્યાવિના ત્યાગ થાય જ નહીં, તો પછી તેવા પરમ ઉદાસીન પુરૂષને ત્યાગનો નાશ કરાવી કામભોગમાં દોરવા બરાબર ઉપદેશ કહેવાય; અને મોક્ષસાધન કરવારૂપ જે મનુષ્યભવનું ઉત્તમપણું હતું તે ટાળીને સાધન પ્રાપ્ત થયે સંસારસાધનનો હેતુ કર્યો કહેવાય.

વળી એકાંતે એવો નિયમ બાંધ્યો હોય કે, બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમાદિ ક્રમે કરી આટલા આટલા વર્ષસુધી સેવીને પછી ત્યાગી થવું તો તે પણ સ્વતંત્ર વાત નથી. તથારૂપ આયુષ્ય ન હોય તો ત્યાગનો અવકાશ ન આવે.

વળી જો અપુત્રપણે ત્યાગ ન કરાય એમ ગણીએ તો તો કેકને વૃદ્ધાવસ્થાસુધીમાં પણ પુત્ર થતા નથી તે માટે શું સમજવું ?

જૈનમાર્ગનો પણ એવો એકાંત સિદ્ધાંત નથી કે ગમે તે વયમાં ગમે તેવે માણસે ત્યાગ કરવો. તથારૂપ સત્સંગ, સદ્‌ગુરૂનો યોગ થયે, વિશેષ વૈરાગ્યવાન પુરૂષ સત્પુરૂષને આશ્રયે ત્યાગ નાની વયમાં કરે તો તેથી તેણે તેમ કરવું ઘટારત નથી એમ જિનસિદ્ધાંત નથી. તેમ કરવું યોગ્ય છે એમ જિનસિદ્ધાંત છે, કેમકે અપૂર્વ એવાં સાધનો પ્રાપ્ત થયે ભોગાદિ સાધનો ભોગવવાના વિચારમાં પડવું, અને તેની પ્રાપ્તિઅર્થે પ્રયત્ન કરી તેને અમુક વર્ષસુધી ભોગવવાં જ, એ તો જે મોક્ષસાધનથી મનુષ્યપણાનું ઉત્તમપણું હતું તે ટાળી પશુવત્ કરવાજેવું થાય.

ઈંદ્રિયાદિ શાંત થયાં નથી, જ્ઞાનીપુરૂષની દૃષ્ટિમાં હજુ તે ત્યાગ કરવાને યોગ્ય નથી, એવા મંદવૈરાગ્યવાન અથવા મોહવૈરાગ્યવાનને ત્યાગ લેવો પ્રશસ્ત જ છે એમ કંઈ જિનસિદ્ધાંત નથી. પ્રથમથીજ જેને સત્સંગ જોગ ન હોય, તથા પૂર્વના ઉત્તમ સંસ્કારવાળો વૈરાગ્ય ન હોય તે પુરૂષ કદાપિ આશ્રમપૂર્વક પ્રવર્ત્તે તો તેથી તેણે એકાંતે ભૂલ કરી છે એમ ન કહી શકાય; જો કે તેણે પણ રાત્રિદિવસ ઉત્કૃષ્ટ ત્યાગની જાગ્રતિ રાખતાંપૂર્વક ગૃહસ્થાશ્રમાદિ કરવું પ્રશસ્ત છે.

ઉત્તમ સંસ્કારવાળા પુરૂષો ગૃહસ્થાશ્રમ કર્યાશિવાય ત્યાગ કરે તેથી મનુષ્યપ્રાણીની વૃદ્ધિ અટકે અને તેથી મોક્ષસાધનનાં કારણ અટકે એ વિચારવું અલ્પ દૃષ્ટિથી યોગ્ય દેખાય, કેમકે પ્રત્યક્ષ મનુષ્યદેહ જે મોક્ષસાધનનો હેતુ થતો હતો તેને રોકીને પુત્રાદિની કલ્પનામાં પડી, વળી તેઓ મોક્ષ સાધન આરાધશે જ એવો નિશ્ચય કરી, તેની ઉત્પત્તિમાટે ગૃહસ્થાશ્રમમાં પડવું, અને વળી તેની ઉત્પત્તિ થશે એ પણ માની વાળવું, અને કદાપિ તે સંયોગો બન્યા તો જેમ હાલ પુત્રોત્પત્તિમાટે આ પુરૂષને અટકવું પડયું હતું તેમ તેને પણ અટકવું થાય તેથી તો કોઇને ઉત્કૃષ્ટ ત્યાગરૂપ મોક્ષસાધન પ્રાપ્ત થવાનો જોગ ન આવવાદેવા જેવું થાય.

વળી કોઈ કોઇ ઉત્તમ સંસ્કારવાન પુરૂષોના ગૃહસ્થાશ્રમ પહેલાંના ત્યાગથી વંશવૃદ્ધિ અટકવાનો વિચાર લઈએ તો તેવા ઉત્તમ પુરૂષના ઉપદેશથી અનેક જીવો જે મનુષ્યાદિ પ્રાણીનો નાશ કરતાં ડરતા નથી તેઓ ઉપદેશ પામી વર્ત્તમાનમાં તેવી રીતે મનુષ્યાદિનો નાશ કરતાં કેમ ન અટકે ! તથા શુભવૃત્તિ પામવાથી ફરી મનુષ્યપણું કેમ ન પામે ? અને એ રીતે મનુષ્યનું રક્ષણ તથા વૃદ્ધિ પણ સંભવે.

અલૌકિક દૃષ્ટિમાં તો મનુષ્યની હાનિ વૃદ્ધિ આદિનો મુખ્ય વિચાર નથી, કલ્યાણ અકલ્યાણનો મુખ્ય વિચાર છે. એક રાજા જો અલૌકિક દૃષ્ટિ પામે તો પોતાને મોહે હજારો મનુષ્યપ્રા-

ણીનો યુદ્ધમાં નાશ થવાનો હેતુ દેખી ઘણીવાર વગરકારણે તેવાં યુદ્ધો ઉત્પન્ન ન કરે, તેથી ઘણા માણસોનો બચાવ થાય, અને તેથી વંશવૃદ્ધિ થઈ ઘણા માણસો વધે એમ પણ વિચાર કેમ ન લઈ શકાય ?

ઇંદ્રિયો અતૃપ્ત હોય, વિશેષ મોહપ્રધાન હોય, મોહવૈરાગ્યે માત્ર ક્ષણિક વૈરાગ્ય ઉગ્યો હોય, અને યથાતથ્ય સત્સંગનો જોગ ન હોય, તો તેને સાધુપણું આપવું પ્રાયે પ્રશસ્ત કહી ન શકાય, એમ કહીએ તો વિરોધ નહીં; પણ ઉત્તમ સંસ્કારવાળા અને મોહાંધ એમણે સર્વેએ ગૃહસ્થાશ્રમ ભોગવીને જ ત્યાગ કરવો એવો પ્રતિબંધ કરતાં તો આયુષ્યાદિનું અનિયમિતપણું, પ્રાપ્તજોગે તેને દૂર કરવાપણું, એ આદિ ઘણા વિરોધથી મોક્ષસાધનનો નાશ કરવા બરોબર થાય; અને જેથી ઉત્તમપણું ઠરતું હતું તે ન થયું તો પછી મનુષ્યપણાનું ઉત્તમપણું પણ શું છે ? એ આદિ અનેક પ્રકારે વિચાર કરવાથી લૌકિક દૃષ્ટિ ટળી અલૌકિક દૃષ્ટિએ વિચાર જાગ્રતિ થશે.

વડના ટેટા, કે પીપરના ટેટાનું રક્ષણ કંઈ તેની વંશવૃદ્ધિને અર્થે કરવાના હેતુથી અભક્ષણ કહ્યું નથી; તેમાં કોમળપણું હોય છે ત્યારે, અનંતકાયપણાનો સંભવ છે તેથી, તથા તેને બદલે બીજી ઘણી ચીજોથી ચાલી શકે તેવું છે છતાં તે જ ગ્રહણ કરવી એ વૃત્તિનું ઘણું ક્ષુદ્રપણું છે તેથી, અભક્ષ કહ્યા છે; તે યથાતથ્ય લાગવાયોગ્ય છે.

પાણીના ટીપામાં અસંખ્યાત જીવ છે, એ વાત ખરી છે; પણ તેવું પાણી પીવાથી પાપ નથી એમ કહ્યું નથી. વળી તેને બદલે ગૃહસ્થાદિથી બીજી વસ્તુથી ચાલી શકતું નથી તેથી અંગીકાર કરાય છે, પણ સાધુને તો તે પણ લેવાની આજ્ઞા પ્રાયે આપી નથી.

જ્યાંસુધી બને ત્યાંસુધી જ્ઞાનીપુરૂષનાં વચનોને લૌકિક દૃષ્ટિના આશયમાં ન ઉતારવાયોગ્ય છે, અને અલૌકિક દૃષ્ટિએ વિચારવાયોગ્ય છે; તે અલૌકિક દૃષ્ટિનાં કારણો સામા જીવને હૈયે જો બેસાડી શકવાની શક્તિ હોય, તો બેસાડવાં. નહીંતો પોતાનું વિશેષ જાણપણું નથી એમ જણાવવું, તથા મોક્ષ માર્ગમાં કેવળ લૌકિકવિચાર હોતો નથી એ આદિ કારણો યથાશક્તિ દર્શાવી બનતું સમાધાન કરવું, નહીંતો બને ત્યાંસુધી તેવા પ્રસંગથી દૂર રહેવું એ ઠીક છે.

નાનાપ્રકારના પ્રશ્નોત્તરનો લક્ષ એક આત્માર્થપ્રત્યે થાય, તો આત્માને ઘણો ઉપકાર થવાનો સંભવ રહે.

સંવત્ ૧૯૫૨ ના ભાદ્રપદ શુદ ૮, રાળજ.

૪૩૯.

ૐ

શ્રીસદ્ગુરૂચરણાય નમઃ

મૂળ મારગ સાંભળો જિનનો રે.—
કરી વૃત્તિ અખંડ સન્મુખ, મૂળ મારગ સાંભળો જિનનો રે.
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર્ ભવદુઃખ; મૂળ૦
કરી જો જો વચનની તુલના રે, જો જો શોધિને જિનસિદ્ધાંત; મૂળ૦
માત્ર કહેવું પરમાર્થહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત; મૂળ૦
જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ; મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ; મૂળ૦
લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે. સંક્ષેપે સુણો પરમાર્થ; મૂળ૦
તેને જોતાં વિચારિ વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ; મૂળ૦
છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
એમ જાણે સદ્‌ગુરૂઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ; મૂળ૦
જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્ત્ત છે શુદ્ધ પ્રતીત; મૂળ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકીત; મૂળ૦
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ; મૂળ૦
તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્ત્તે તે આત્મારૂપ; મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે. કિંવા પામ્યો તે નિજસ્વરૂપ; મૂળ૦
એવા મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ; મૂળ૦
ઉપદેશ સદ્‌ગુરૂનો પામવા રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ; મૂળ૦
એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ; મૂળ૦
ભવ્ય-જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂળ૦

સં૦ ૧૯૫૨ ના આશો સુદ ૧. આનંદ.

૪૪૦.

ૐ સદ્‌ગુરૂપ્રસાદ.

શ્રી રામદાસસ્વામિનું યોજેલું "દાસબોધ" નામનું પુસ્તક મરાઠી ભાષામાં છે. તેનું ગુજરાતી ભાષાંતર છપાઈ પ્રગટ થયું છે; જે પુસ્તક વાંચવા તથા વિચારવા અર્થે મોકલ્યું છે.

પ્રથમ ગણપતિ આદિની સ્તુતિ કરી છે તેથી, તેમ જ પાછળ જગતના પદાર્થોને આત્મારૂપ વર્ણવીને ઉપદેશ કર્યો છે તેથી, તેમ જ તેમાં વેદાંતનું મુખ્યપણુ વર્ણવ્યું છે તે વગેરેથી કંઈ પણ ભય ન પામતાં, અથવા વિકલ્પ નહીં પામતાં, આત્માર્થવિષેના ગ્રંથકર્ત્તાના વિચારોનું અવગાહન કરવાયોગ્ય છે.

આત્માર્થ વિચારવામાં તેથી ક્રમે કરીને સુલભતા થાય છે.

જેણે જેણે સદ્‌ગુરૂનેવિષે તથા તેમની દશાનેવિષે વિશેષપણુ દીઠું છે, તેને તેને ઘણુંકરીને અહંભાવ તથારૂપ પ્રસંગ જોવામાં ઉદયપ્રસંગ થતો નથી; અથવા તરત શમાય છે. તે અહંભાવને જો આગળથી ઝેર જેવો પ્રતીત કર્યો હોય, તો પૂર્વાપર તેનો સંભવ ઓછો થાય. કંઈક અંતરૂમાં ચાતુર્યાદિ ભાવે મીઠાશ સૂક્ષ્મપરિણતિએ પણ રાખી હોય, તો તે પૂર્વાપર વિશેષતા પામે છે. પણ ઝેર જ છે. નિશ્ચય ઝેર જ છે. પ્રગટ 'કાળકૂટ' ઝેર છે; એમાં કોઈ રીતે સંશય નથી; અને સંશય થાય, તો તે સંશય માનવો નથી; તે સંશયને અજ્ઞાન જ જાણવું છે; એવી તીવ્ર ખારાશ કરી મૂકી હોય તો તે અહંભાવ ઘણુંકરી બળ કરી શકતો નથી. વખતે તે અહંભાવને રોકવાથી નિરહંભાવતા થઈ તેનો પાછો અહંભાવ થઈ આવવાનું બને છે; તેપણ આગળ ઝેર, ઝેર અને ઝેર માની રાખી વર્ત્તાયું હોય તો આત્માર્થને બાધ ન થાય.

શ્રી આનંદ, આશો શુદ ૧, ગુરૂ.

૪૪૧.

આત્માર્થી ભાઈ શ્રી············પ્રત્યે—

તમારો લખેલો કાગળ મળ્યો હતો. આ કાગળથી તેનો ટુંકામાં ઉત્તર લખ્યો છે:—

નાતાલમાં સ્થિતિ કરવાથી તમારી કેટલીક સદ્વૃત્તિઓ વિશેષતા પામી છે. એમ પ્રતિતી થાય છે; પણ તમારી તેમ વર્ત્તવાની ઉત્કૃષ્ટ ઇચ્છા તેમાં હેતુભૂત છે. રાજકોટ કરતાં નાતાલ કેટલીક રીતે તમારી વૃત્તિને ઉપકાર કરી શકે એવું ક્ષેત્ર ખરૂં એમ માનવામાં હાનિ નથી, કેમકે તમારી સરળતા સાચવવામાં અંગત વિઘ્નનો ભય રહી શકે એવા પ્રપંચમાં અનુસરવાનું દબાણ નાતાલમાં ઘણુંકરીને નહીં; પણ જેની સદ્વૃત્તિઓ વિશેષ બળવાન ન હોય, અથવા નિર્બળ હોય, અને તેને ઇંગ્લિંડાદિમાં સ્વતંત્રપણે રહેવાનું હોય, તો અભક્ષાદિવિષેમાં તે દોષિત થાય એમ લાગે છે. જેમ તમને નાતાલ ક્ષેત્રમાં પ્રપંચનો વિશેષ યોગ નહીં હોવાથી તમારી સદ્વૃત્તિઓ વિશેષતા પામી, તેમ રાજકોટ જેવામાં કઠણ પડે એ યથાર્થ લાગે છે; પણ કોઈ સારાં આર્યક્ષેત્રમાં સત્સંગાદિ યોગમાં તમારી વૃત્તિઓ નાતાલ કરતાં પણ વિશેષતા પામત એમ સંભવે છે. તમારી વૃત્તિઓ જોતાં તમને નાતાલ અનાર્ય ક્ષેત્રરૂપે અસર કરે એવું મારી માન્યતામાં ઘણુંકરીને નથી; પણ સત્સંગાદિ યોગની ઘણુંકરીને પ્રાપ્તિ ન થાય તેથી, કેટલુંક આત્મનિરાકરણ ન થાય તે રૂપ હાનિ માનવી કંઇક વિશેષ યોગ્ય લાગે છે.

અત્રેથી '**આર્યઆચારવિચાર**' સાચવવાસંબંધી લખ્યું હતું તે આવા ભાવાર્થમાં લખ્યું હતું 'આર્યઆચાર' એટલે મુખ્ય કરીને દયા, સત્ય, ક્ષમાદિ ગુણોનું આચરવું તે; અને 'આર્ય વિચાર' એટલે, મુખ્ય કરીને આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, વર્ત્તમાનકાળસુધીમાં તે સ્વરૂપનું અજ્ઞાન, તથા તે અજ્ઞાન અને અભાનનાં કારણો, તે કારણોની નિવૃત્તિ અને તેમ થઇ અવ્યાબાધ આનંદસ્વરૂપ અભાન એવા નિજપદનેવિષે સ્વાભાવિક સ્થિતિ થવી તે. એમ સંક્ષેપ મુખ્ય અર્થથી તે શબ્દો લખ્યા છે. વર્ણાશ્રમાદિ, વર્ણાશ્રમાદિપૂર્વક આચાર, તે સદાચારના અંગભૂત જેવા છે. વર્ણાશ્રમાદિપૂર્વક વિશેષ પારમાર્થિક હેતુવિના તો વર્ત્તવું યોગ્ય છે, એમ વિચારસિદ્ધ છે; જો કે વર્ણાશ્રમધર્મ વર્ત્તમાનમાં બહુ નિર્બળ સ્થિતિને પામ્યો છે, તોપણ આપણે તો જ્યાંસુધી ઉત્કૃષ્ટ ત્યાગદશા ન પામીએ, અને જ્યાંસુધી ગૃહાશ્રમમાં વાસ હોય ત્યાંસુધી, તો વાણીઆરૂપ વર્ણધર્મને અનુસરવો તે યોગ્ય છે, કેમકે અભક્ષાદિ ગ્રહણનો તેનો વ્યવહાર નથી; ત્યારે એમ આશંકા થવાયોગ્ય છે કે, "લુહાણા પણ તે રીતે વર્તે છે, તો તેનાં અન્નાહારાદિ ગ્રહણ કરતાં શું હાનિ ?" તો તેના ઉત્તરમાં એટલું જણાવવું યોગ્ય થઇ શકે કે, વગર કારણે તેવી રીતિ પણ બદલાવવી ઘટતી નથી, કેમકે તેથી પછી બીજા સમાગમવાસી, કે પ્રસંગાદિ આપણી રીતિ જોનાર ગમે તે વર્ણનું ખાતાં બાધ નથી એવા ઉપદેશના નિમિત્તને પામે. લુહાણાને ત્યાં અન્નાહાર લેવાથી વર્ણધર્મ હાનિ પામતો નથી; પણ મુસલમાનને ત્યાં અન્નાહાર લેતાં તો વર્ણધર્મની હાનિનો વિશેષ સંભવ છે, અને વર્ણધર્મ લોપવારૂપ દોષ કરવા જેવું થાય છે. આપણે, કંઇ લોકના ઉપકારાદિ હેતુથી તેમ વર્ત્તવું થતું હોય, અને રસલુબ્ધતાબુદ્ધિથી તેમ વર્ત્તવું ન થતું હોય, તોપણ બીજા તેનું અનુકરણ તે હેતુને સમજ્યાવિના ઘણુંકરીને કરે, અને અંતે અભક્ષાદિ ગ્રહણ કરવામાં પ્રવૃત્તિ કરે એવા નિમિત્તનો હેતુ આપણું તે આચરણ છે, માટે તેમ નહીં વર્ત્તવું તે, એટલે મુસલમાનાદિના અન્નાહારાદિનું ગ્રહણ નહીં કરવું તે, ઉત્તમ છે. તમારી વૃત્તિની કેટલીક પ્રતીતિ આપે છે, પણ તેથી ઉતરતી વૃત્તિ હોય તો તે જ પોતે અભક્ષાદિ આહારના યોગને ઘણુંકરીને તે રસ્તે પામે. માટે એ પ્રસંગથી દૂર રહેવાય તેમ વિચારવું કર્ત્તવ્ય છે. દયાની લાગણી વિશેષ રહેવા દેવી હોય તો જ્યાં હિંસાનાં સ્થાનકો છે, તથા તેવા પદાર્થો લેવાય દેવાય છે, ત્યાં રહેવાનો અથવા જવા આવવાનો પ્રસંગ ન થવા દેવો જોઇએ, નહીંતો જેવી જોઇએ તેવી ઘણુંકરીને દયાની લાગણી ન રહે; તેમ જ અભક્ષપર વૃત્તિ ન જવા દેવા અર્થે, અને તે માર્ગની ઉન્નતિનાં નહીં અનુમોદનને અર્થે અભક્ષાદિ ગ્રહણ કરનારનો આહારાદિ અર્થે પરિચય ન રાખવો જોઇએ.

જ્ઞાનદૃષ્ટિએ જોતાં જ્ઞાત્યાદિ ભેદનું વિશેષાદિપણું જણાતું નથી, પણ ભક્ષાભક્ષભેદનો તો ત્યાં પણ વિચાર કર્ત્તવ્ય છે, અને તે અર્થે મુખ્યકરીને આ વૃત્તિ રાખવી ઉત્તમ છે. કેટલાંક કાર્યો એવાં હોય છે કે, તેમાં પ્રત્યક્ષ દોષ હોતો નથી, અથવા તેથી દોષ થતો હોતો નથી, પણ તેને અંગે બીજા દોષોનો આશ્રય હોય છે, તેપણ વિચારવાનને લક્ષ રાખવો ઉચિત છે, નાતાલના લોકોના ઉપકાર અર્થે કદાપિ તમારૂં એમ પ્રવર્ત્તવું થાય છે એમ પણ નિશ્ચય ન ગણાય; જો બીજે કોઈ પણ સ્થળે તેવું વર્તન કરતાં બાધ ભાસે, અને વર્ત્તવાનું ન બને તો માત્ર તે હેતુ ગણાય. વળી તે લોકોના ઉપકાર અર્થે વર્ત્તવું જોઇએ એમ વિચારવામાં પણ કંઇક તમારા સમજવાફેર થતું હશે એમ લાગ્યા કરેછે. તમારી સદ્વૃત્તિની કઇક પ્રતીતિ છે એટલે, આ વિષે વધારે લખવું યોગ્ય દેખાતું નથી. જેમ સદાચાર અને સદ્વિચારનું આરાધન થાય તેમ પ્રવર્ત્તવું યોગ્ય છે.

બીજી ઉતરતી જ્ઞાતિઓ અથવા મુસલમાનાદિનાં કોઈ તેવાં નિમંત્રણોમાં અન્નાહારાદિને બદલે નહીં રાંધેલો એવો ફળાહાર આદિ લેતાં તે લોકોનો ઉપકાર સાચવવાનો સંભવ રહેતો હોય, તો તેમ અનુસરો તો સારૂં છે. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૨ ના આશો શુદ ૩, શુક્ર. આણંદ.

૪૪૨

શ્રી સદ્ગુરૂચરણાય નમઃ

ૐ

શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર.

જે સ્વરૂપ સમજ્યાવિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રીસદ્ગુરૂ ભગવંત. ૧

જે આત્મસ્વરૂપ સમજ્યાવિના ભૂતકાળે હું અનંત દુઃખ પામ્યો, તે પદ જેણે સમજાવ્યું એટલે ભવિષ્યકાળે ઉત્પન્ન થવાયોગ્ય એવાં અનંત દુઃખ પામત તે મૂળ જેણે છેદ્યું એવા શ્રીસદ્ગુરૂ ભગવાનને નમસ્કાર કરૂં છું. ૧.

વર્ત્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨.

આ વર્ત્તમાનકાળમાં મોક્ષમાર્ગ ઘણો લોપ થઈ ગયો છે; જે મોક્ષમાર્ગ ગુરૂશિષ્યના સંવાદરૂપે અત્રે પ્રકટ કહીએ છીએ. ૨.

કોઇ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઇ;
માને મારગ મોક્ષનો, કરૂણા ઉપજે જોઈ. ૩.

કોઇ ક્રિયાને જ વળગી રહ્યા છે; અને કોઈ શુષ્કજ્ઞાનને જ વળગી રહ્યા છે; એમ મોક્ષમાર્ગ માને છે. જે જોઈને દયા આવે છે. ૩.

બાહ્યક્રિયામાં રાચતાં, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતાં, તેહ ક્રિયાજડ આંહિ. ૪.

બાહ્યક્રિયામાં જ માત્ર રાચી રહ્યાં છે, અંતર્ કંઈ ભેદાયું નથી, અને જ્ઞાનમાર્ગને નિષેધ્યા કરે છે, તે અહીં ક્રિયાજડ કહ્યાં છે. ૪.

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહિ;
વર્ત્તે મોહાવેશમાં, શુષ્કજ્ઞાની તે આંહિ. ૫.

બંધ, મોક્ષ માત્ર કલ્પના છે, એવાં નિશ્ચયવાક્ય માત્ર વાણીમાં બોલે છે, અને તથારૂપ દશા થઇ નથી, મોહના પ્રભાવમાં વર્ત્તે છે, એ અહીં શુષ્કજ્ઞાની કહ્યાં છે. ૫.

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

વૈરાગ્યત્યાગાદિ જો સાથે આત્મજ્ઞાન હોય તો સફળ છે, અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના હેતુ છે. અને જ્યાં આત્મજ્ઞાન ન હોય ત્યાં પણ જો તે આત્મજ્ઞાનને અર્થે કરવામાં આવતાં હોય, તો તે આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે. ૬.

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭.

જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન થયાં ન હોય તેને જ્ઞાન ન થાય; અને જે ત્યાગ, વિરાગમાં જ અટકી રહી, આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે, તે પોતાનું ભાન ભૂલે. અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગવૈરાગ્યાદિ હોવાથી તે પૂજાસત્કારાદિથી પરાભવ પામે, અને આત્માર્થ ચૂકી જાય. ૭.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે. ત્યાં ત્યાં તે તે સમજે, અને ત્યાં ત્યાં તે તે આચરે એ, આત્માર્થી પુરૂષનાં લક્ષણો છે. ૮.

સેવે સદ્‌ગુરૂચરણને, ત્યાગિ દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯.

પોતાના પક્ષને છોડી દઈ, જે સદ્‌ગુરૂરૂપ ચરણને સેવે તે પરમાર્થને પામે, અને આત્મસ્વરૂપનો લક્ષ તેને થાય. ૯.

આતમજ્ઞાન સમ-દર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપુર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરૂ લક્ષણયોગ્ય. ૧૦.

આત્મજ્ઞાનને વિષે જેમની સ્થિતિ છે, એટલે પરભાવની ઇચ્છાથી જે રહિત થયા છે, તથા શત્રુ, મિત્ર, હર્ષ, શોક, નમસ્કાર, તિરસ્કારાદિ ભાવપ્રત્યે જેને સમતા વર્ત્તે છે; માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલાં એવાં કર્મોના ઉદયને લીધે જેમની વિચરવાઆદિ ક્રિયા છે; અજ્ઞાની કરતાં જેની વાણી પ્રત્યક્ષ જૂદી પડે છે. અને ષટ્‌દર્શનના તાત્પર્યને જાણે છે, તે સદ્‌ગુરૂનાં ઉત્તમ લક્ષણો છે. ૧૦.

પ્રત્યક્ષસદ્‌ગુરૂ સમ નહીં, પરોક્ષજિનઉપકાર;
એવો લક્ષ થયાવિના, ઉગે ન આતમવિચાર. ૧૧

જ્યાંસુધી જીવને પૂર્વકાળે થઈ ગયેલા એવા જિનની વાતપર જ લક્ષ રહ્યા કરે, અને તેનો ઉપકાર કહ્યા કરે, અને જેથી પ્રત્યક્ષ આત્મભ્રાંતિનું સમાધાન થાય એવા સદ્‌ગુરૂનો સમાગમ પ્રાપ્ત થયો હોય તેમાં પરોક્ષજિનોનાં વચન કરતાં મોટો ઉપકાર સમાયો છે, તેમ જે ન જાણે તેને આત્મવિચાર ઉત્પન્ન ન થાય. ૧૧.

સદ્‌ગુરૂના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યાવણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨.

સદ્‌ગુરૂના ઉપદેશવિના જિનનું સ્વરૂપ સમજાય નહીં, અને સ્વરૂપ સમજ્યાવિના ઉપકાર શો થાય? જો સદ્‌ગુરૂઉપદેશે જિનનું સ્વરૂપ સમજે તો સમજનારનો આત્મા પરિણામે જિનની દશાને પામે. ૧૨.

આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષસદ્‌ગુરૂયોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩.

જે જિનાગમાદિ આત્માના હોવાપણાનાં તથા પરલોકાદિનાં હોવાપણાનો ઉપદેશ કરવાવાળાં

શાસ્ત્રો છે. તેપણ જ્યાં પ્રત્યક્ષસદ્‌ગુરુનો જોગ ન હોય ત્યાં, સુપાત્ર જીવને આધારરૂપ છે; પણ સદ્‌ગુરૂસમાન તે ભ્રાંતિનાં છેદક કહી ન શકાય. ૧૩.

અથવા સદ્‌ગુરૂએ કહ્યાં, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪.

અથવા જે સદ્‌ગુરૂએ તે શાસ્ત્રો વિચારવાની આજ્ઞા દીધી હોય, તો તે શાસ્ત્રો મતાંતર એટલે કુળધર્મને સાર્થક કરવાનો હેતુ આદિ ભ્રાંતિ છોડીને માત્ર આત્માર્થે વિચારવાં. ૧૪.

રોકે જીવ સ્વછંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫.

જીવ અનાદિ કાળથી પોતાના ડહાપણે અને પોતાની ઇચ્છાએ ચાલ્યો છે, એનું નામ 'સ્વચ્છંદ' છે. જો તે સ્વચ્છંદને રોકે તો જરૂર તે મોક્ષને પામે; અને એ રીતે ભૂતકાળે અનંત જીવ મોક્ષ પામ્યા છે, એમ રાગ, દ્વેષ અને અજ્ઞાન એમાંનો એકકે દોષ જેને વિષે નથી એવા દોષરહિત વીતરાગે કહ્યું છે. ૧૫.

પ્રત્યક્ષસદ્‌ગુરૂયોગથી, સ્વછંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬.

પ્રત્યક્ષસદ્‌ગુરૂના યોગથી તે સ્વચ્છંદ રોકાય છે, બાકી પોતાની ઇચ્છાએ બીજા ઘણા ઉપાય કર્યા છતાં ઘણુંકરીને તે બમણો થાય છે. ૧૬.

સ્વછંદ મત આગ્રહ તજી, વર્ત્તે સદ્‌ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

સ્વચ્છંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્‌ગુરૂના લક્ષે ચાલે તેને, પ્રત્યક્ષ કારણ ગણીને વીતરાગે 'સમકિત' કહ્યું છે. ૧૭.

માનાદિક શત્રુ મહા, નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરૂશરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮.

માન, અને પૂજાસત્કારાદિનો લોભ એ આદિ મહાશત્રુ છે, તે પોતાના ડહાપણે ચાલતાં નાશ પામે નહીં, અને સદ્‌ગુરૂના શરણમાં જતાં સહજ પ્રયત્નમાં જાય. ૧૮.

જે સદ્‌ગુરૂઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરૂ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯.

જે સદ્‌ગુરૂના ઉપદેશથી કોઇ કેવળજ્ઞાનને પામ્યા, તે સદ્‌ગુરૂ હજુ છદ્મસ્થ રહ્યા હોય, તોપણ જે કેવળજ્ઞાનને પામ્યા છે એવા તે કેવળીભગવાન છદ્મસ્થ એવા પોતાના સદ્‌ગુરૂની વૈયાવચ્ચ કરે. ૧૯.

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઇ સુભાગ્ય. ૨૦.

એવો વિનયનો માર્ગ શ્રી જિને ઉપદેશ્યો છે. એ માર્ગનો મૂળહેતુ એટલે તેથી આત્માને શો ઉપકાર થાય છે તે, કોઇક સુભાગ્ય એટલે સુલભબોધી અથવા આરાધક જીવ હોય તે સમજે.૨૦.

અસદ્‌ગુરૂ એ વિનયનો, લાભ લહે જો કાંઇ;
મહામોહિનીય કર્મથી, બૂડે ભવજળમાંહિ. ૨૧.

આ વિનયમાર્ગ કહ્યો તેનો લાભ એટલે તે શિષ્યાદિની પાસે કરાવવાની ઇચ્છા કરીને જો કોઇ પણ અસદ્‌ગુરૂ પોતાને વિષે સદ્‌ગુરૂપણું સ્થાપે તો તે મહામોહિનીય કર્મ ઉપાર્જન કરીને ભવસમુદ્રમાં બૂડે. ૨૧.

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨.

જે મોક્ષાર્થી જીવ હોય તે, આ વિનયમાર્ગાદિનો વિચાર સમજે, અને જે મતાર્થી હોય તે, તેનો અવળો નિર્ધાર લે, એટલે કાં પોતે તેવો વિનય શિષ્યાદિ પાસે કરાવે, અથવા અસદ્‌ગુરૂને વિષે પોતે સદ્‌ગુરૂની ભ્રાંતિ રાખી આ વિનયમાર્ગનો ઉપયોગ કરે. ૨૨.

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થીલક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩.

જે મતાર્થી જીવ હોય તેને આત્મજ્ઞાનનો લક્ષ થાય નહીં; એવાં મતાર્થી જીવનાં અહીં નિષ્પક્ષપાતે લક્ષણો કહ્યાં છે: ૨૩.

મતાર્થિલક્ષણ.

બાહ્યત્યાગ પણ જ્ઞાન નહીં, તે માને ગુરૂ સત્ય;
અથવા નિજકુળધર્મના, તે ગુરૂમાં જ મમત્વ. ૨૪.

જેને માત્ર બાહ્યથી ત્યાગ દેખાય છે, પણ આત્મજ્ઞાન નથી, અને ઉપલક્ષણથી અંતરંગ ત્યાગ નથી, તેવા ગુરૂને સાચા ગુરૂ માને, અથવા તો પોતાના કુળધર્મના ગમે તેવા ગુરૂ હોય હોય તોપણ તેમાંજ મમત્વ રાખે. ૨૪.

જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજબુદ્ધિ. ૨૫.

જે જિનના દેહાદિનું વર્ણન છે, તેને જિનનું વર્ણન સમજે છે, અને માત્ર પોતાના કુળધર્મના દેવ છે માટે મારાપણાના કલ્પિત રાગે સમવસરણાદિ મહાત્મ્ય કહ્યા કરે છે, અને તેમાં પોતાની બુદ્ધિને રોકી રહે છે; એટલે પરમાર્થહેતુસ્વરૂપ એવું જિનનું જે અંતરંગસ્વરૂપ જાણવાયોગ્ય છે તે, જાણતા નથી. તથા તે જાણવાનું પ્રયત્ન કરતા નથી, અને માત્ર સમવસરણાદિમાં જ જિનનું સ્વરૂપ કહીને મતાર્થમાં રહે છે. ૨૫.

પ્રત્યક્ષસદ્‌ગુરૂયોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરૂને દૃઢ કરે, નિજમાનાર્થે મુખ્ય. ૨૬.

પ્રત્યક્ષસદ્‌ગુરૂનો કયારેક યોગ મળે તો દુરાગ્રહાદિછેદક તેની વાણી સાંભળીને તેનાથી અવળી રીતે ચાલે, અર્થાત્ તે હિતકારી વાણીને ગ્રહણ કરે નહીં, અને પોતે ખરેખરો દૃઢ મુમુક્ષુ છે એવું માન મુખ્યપણે મેળવવાને અર્થે અસદ્‌ગુરૂસમીપે જઈને પોતે તેનાપ્રત્યે પોતાનું વિશેષ દૃઢપણું જણાવે. ૨૬,

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજમતવેષનો, આગ્રહ મુક્તિનિદાન. ૨૭.

દેવ નારકાદિ ગતિના, 'ભાંગા' આદિનાં સ્વરૂપ કોઈક વિશેષ પરમાર્થહેતુથી કહ્યા છે, તે હેતુને જાણ્યો નથી, અને તે ભંગજાળને શ્રુતજ્ઞાન જે સમજે છે, તથા પોતાના મતના વેષનો આગ્રહ રાખવામાં જ મુક્તિનો હેતુ માને છે. ૨૭.

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક–માન. ૨૮.

વૃત્તિનું સ્વરૂપ શું ? તે પણ જે જાણતો નથી, અને 'હું વ્રતધારી છું' એવું અભિમાન ધારણ કર્યું છે. કવચિત્ પરમાર્થના ઉપદેશનો યોગ બને તોપણલોકોમાં પોતાનું માન અને પૂજાસત્કારાદિ જતાં રહેશે, અથવા તે માનાદિ પછી પ્રાપ્ત નહીં થાય એમ જાણીને તે પરમાર્થને ગ્રહણ કરે નહીં. ૨૮.

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દનીમાંય;
લોપે સદ્વ્યવહારને, સાધનરહિત થાય. ૨૯.

અથવા 'સમયસાર' કે 'યોગવાસિષ્ટ' જેવા ગ્રંથો વાંચી તે માત્ર નિશ્ચય નયને ગ્રહણ કરે ? કેવી રીતે ગ્રહણ કરે ? માત્ર કહેવારૂપે; અંતરંગમાં તથારૂપ ગુણની કશી સ્પર્શના નહીં, અને સદ્ગુરૂ, સત્શાસ્ત્ર, તથા વૈરાગ્ય, વિવેકાદિ સાચા વ્યવહારને લોપે, તેમ જ પોતાને જ્ઞાની માની લઇને સાધનરહિત વર્ત્તે. ૨૯.

જ્ઞાનદશા પામ્યો નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ. ૩૦.

તે જ્ઞાનદશા પામે નહીં, તેમ વૈરાગ્યાદિ સાધનદશા પણ તેને નથી, જેથી તેવા જીવનો સંગ બીજા જીવને થાય તે પણ ભવસાગરમાં બુડે. ૩૦.

એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;
પામે નહીં પરમાર્થને, અનૂઅધિકારીમાં જ. ૩૧

એ જીવ પણ મતાર્થમાં જ વર્ત્તે છે, કેમકે ઉપર કહ્યા જીવ તેને જેમ કુળધર્માદિથી માતાર્થતા છે, તેમ આને જ્ઞાની ગણાવવાના માનની ઇચ્છાથી પોતાના શુષ્કમતનો ગ્રહણ છે, માટે તે પણ પરમાર્થને પામે નહીં, અને અનૂઅધિકારી એટલે જેને વિષે જ્ઞાન પરિણામ પામવા યોગ્ય નહીં એવા જીવોમાં તે પણ ગણાય. ૩૧.

નહીં કષાયઉપશાંતતા, નહીં અંતર્વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨.

જેને ક્રોધ માન માયા લોભરૂપ કષાય પાતળા પડયા નથી. તેમ જેને અંતર્વૈરાગ્ય ઉત્પન્ન થયો નથી, આત્મામાં ગુણ ગ્રહણકરવારૂપ સરળપણું જેને કહ્યું નથી, તેમ સત્યાસત્યતુલના કરવાને જેને અપક્ષપાતદૃષ્ટિ નથી, તે મતાર્થી જીવ દુર્ભાગ્ય એટલે જન્મ, જરા, મરણને છેદવાવાળા મોક્ષમાર્ગને પામવા યોગ્ય એવું તેનું ભાગ્ય ન સમજવું. ૩૨.

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખસાજ. ૩૩.

એમ મતાર્થી જીવનાં લક્ષણ કહ્યાં, તે કહેવામો હેતુ એ છે કે, કોઇ પણ જીવનો તે જાણીને મતાર્થ જાય, હવે આત્માર્થી જીવનાં લક્ષણ કહીએ છીએ: તે લક્ષણ કેવાં છે કે, આત્માને આવ્યાબાધ સુખની સામગ્રિના હેતુ છે. ૩૩.

આત્માર્થીલક્ષણ.

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરૂ હોય;
બાકી કુળગુરૂકલ્પના, આત્માર્થી નહીં જોય. ૩૪.

જ્યાં આત્મજ્ઞાન હોય ત્યાં મુનિપણું હોય. અર્થાત્ આત્મજ્ઞાન ન હોય ત્યાં મુનિપણું ન જ સંભવે. "જંસમતિ પાસહ તં મોણંતિ પાસહ" (જ્યાં સમકિત એટલે આત્મજ્ઞાન છે, ત્યાં મુનિપણું જાણો) એમ "આચારાંગસૂત્રમાં" કહ્યું છે, એટલે જેમાં આત્મજ્ઞાન હોય તે સાચા ગુરૂ છે એમ જોણે છે, અને આત્મજ્ઞાનરહિત હોય તોપણ પોતાના કુળના ગુરૂને સદ્ગુરૂ માનવા એ માત્ર કલ્પના છે તેવી કંઈ ભવચ્છેદ ન થાય એમ આત્માર્થી જુએ છે, ૩૪.

પ્રત્યક્ષસદ્ગુરૂપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્ત્તે આજ્ઞાધાર. ૩૫.

પ્રત્યક્ષસદ્ગુરૂની પ્રાપ્તિનો મોટો ઉપકાર જાણે, અર્થાત્ શાસ્ત્રાદિથી જે સમાધાન થઇ શકવા-

યોગ્ય નથી, અને જે દોષો સદ્ગુરૂની આજ્ઞા ધારણ કર્યાવિના જતા નથી તે, સદ્ગુરૂયોગથી સમાધાન થાય, અને તે દોષો ટળે, માટે પ્રત્યક્ષસદ્ગુરૂનો મોટો ઉપકાર જાણે, અને તે સદ્ગુરૂપ્રત્યે મન વચન કાયાથી આજ્ઞાંકિતપણે વર્તે. ૩૬.

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬.

ત્રણે કાળને વિષે પરમાર્થનો પંથ એટલે મોક્ષનો માર્ગ એક હોવો જોઇએ, અને જેથી તે પરમાર્થ સિદ્ધ થાય તે વ્યવહાર જીવે માન્ય રાખવો જોઇએ; બીજો નહીં. ૩૬.

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરૂયોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહીં મનરોગ. ૩૭.

એમ અંતર્માં વિચારીને જે સદ્ગુરૂના યોગનો શોધ કરે, માત્ર એક આત્માર્થની ઇચ્છા રાખે, પણ માનપૂજાદિક સિદ્ધિરિદ્ધિની કશી ઇચ્છા રાખે નહીં;—એ રોગ જેના મનમાં નથી. ૩૭.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થનિવાસ. ૩૮.

જ્યાં કષાય પાતળા પડયા છે, માત્ર એક મોક્ષપદ શિવાય બીજા કોઇ પદની અભિલાષા નથી, સંસારપર જેને વૈરાગ્ય વર્ત્તે છે, અને પ્રાણીમાત્રપર જેને દયા છે, એવા જીવને વિષે આત્માર્થનો નિવાસ થાય ૩૮.

દશા ન એવી જ્યાંસુધી, જીવ લહે નહીં જોગ્ય;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર્રોગ. ૩૯.

જ્યાંસુધી એવી જોગદશા જીવ પામે નહીં, ત્યાંસુધી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન થાય, અને આત્મભ્રાંતિરૂપ અનંત દુઃખનો હેતુ એવો અંતર્રોગ ન મટે. ૩૯.

આવે જ્યાં એવી દશા, સદ્ગુરૂબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦.

એવી દશા જ્યાં આવે ત્યાં સદ્ગુરૂનો બોધ શોભે, અર્થાત્ પરિણામ પામે, અને તે બોધના પરિણામથી સુખદાયક એવી સુવિચારદશા પ્રગટે. ૪૦.

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧.

જ્યાં સુવિચારદશા પ્રગટે ત્યાં, આત્મજ્ઞાન ઉત્પન્ન થાય, અને તે જ્ઞાનથી મોહનો ક્ષય કરી નિર્વાણપદને પામે. ૪૧.

ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરૂશિષ્યસંવાદથી, ભાખું ષટ્પદ આંહિ. ૪૨

જેથી તે સુવિચારદશા ઉત્પન્ન થાય, અને મોક્ષમાર્ગ સમજવામાં આવે તે, છ પદરૂપે ગુરૂશિષ્યના સંવાદથી કરીને અહીં કહું છું. ૪૨.

ષટ્પદનામકથન.

'આત્મા છે,' 'તે નિત્ય છે,' 'છે કર્તા નિજકર્મ;
'છે ભોક્તા,' વળી 'મોક્ષ છે,' 'મોક્ષઉપાય સુધર્મ.' ૪૩.

'આત્મા છે.' 'તે આત્મા નિત્ય છે,' 'તે આત્મા પોતાના કર્મનો કર્ત્તા છે,' 'તે કર્મનો ભોક્તા છે' 'તેથી મોક્ષ થાય છે,' અને તે 'મોક્ષનો ઉપાય એવો સતધર્મ છે.' ૪૩.

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪.

એ ૭ સ્થાનક અથવા ૭ પદ અહીં સંક્ષેપમાં કહ્યાં છે, અને વિચાર કરવાથી ષટ્દર્શન પણ તે જ છે પરમાર્થ સમજવાને માટે જ્ઞાનીપુરૂષે એ ૭ પદો કહ્યાં છે. ૪૪.

શંકા.—શિષ્ય ઉવાચ.

શિષ્ય પ્રથમ સ્થાનકની શંકા કહે છેઃ—

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫.

દૃષ્ટિમાં આવતો નથી, તેમ જેનું કંઇ રૂપ જણાતું નથી, તેમ સ્પર્શાદિ બીજા અનુભવથી પણ જણાવાપણું નથી, માટે જીવનું સ્વરૂપ નથી; અર્થાત્ જીવ નથી. ૪૫.

અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય, પ્રાણ;
મિથ્યા જૂદો માનવો, નહીં જૂદું એંધાણ. ૪૬.

અથવા દેહ જ છે તે, આત્મા છે, અથવા ઈંદ્રિયો છે તે, આત્મા છે, અથવા શ્વાસોચ્છ્વાસ છે તે, આત્મા છે, અર્થાત્ એ સૌ એકના એક દેહરૂપે છે, માટે આત્માને જૂદો માનવો તે મિથ્યા છે, કેમકે તેનું કશું જૂદું એંધાણ એટલે ચિન્હ નથી. ૪૬.

વળી જો આત્મા હોય તો, જણાય તે નહીં કેમ ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

અને જો આત્મા હોય તો તે જણાય શા માટે નહીં ? જો ઘટ, પટ, આદિ પદાર્થો છે તો જેમ જણાય છે, તેમ આત્મા હોય તો શા માટે ન જણાય ? ૪૭.

માટે છે નહીં આતમા, મિથ્યા મોક્ષઉપાય;
એ અંતરશંકાતણો, સમજાવો સદુપાય. ૪૮.

માટે આત્મા છે નહીં, અને આત્મા નથી એટલે તેના મોક્ષના અર્થે ઉપાય કરવા તે ફોકટ છે, એ મારા અંતરની શંકાનો કંઈ પણ સદુપાય સમાજાવો એટલે સમાધાન હોયતો કહો. ૪૮.

સમાધાન.—સદ્ગુરૂ ઉવાચ.

'આત્મા છે' એમ સદ્ગુરૂ સમાધાન કરે છેઃ—

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટલક્ષણે ભાન. ૪૯.

દેહાધ્યાસથી એટલે અનાદિકાળથી અજ્ઞાનને લીધે દેહનો પરિચય છે તેથી, આત્મા દેહ જેવો અર્થાત્ તને દેહ ભાસ્યો છે; પણ આત્મા અને દેહ બન્ને જૂદાં છે, કેમકે બેય જૂદાં જૂદાં લક્ષણથી પ્રગટ ભાનમાં આવે છે. ૪૯.

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહસમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦.

અનાદિકાળના અજ્ઞાનને લીધે દેહના પરિચયથી દેહ જ આત્મા ભાસ્યો છે, અથવા દેહ જેવો આત્મા ભાસ્યો છે, પણ જેમ તરવાર ને મ્યાન, મ્યાનરૂપ લાગતાં છતાં બન્ને જૂદા જૂદાં છે, તેમ આત્મા અને દેહ બન્ને જૂદાં જૂદાં છે. ૫૦.

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧.

તે આત્મા દૃષ્ટિ એટલે આંખથી ક્યાંથી દેખાય ? કેમકે ઉલટો તેનો તે જોનાર છે. સ્થૂળ-સૂક્ષ્માદિ રૂપને જે જાણે છે, અને સર્વને બાધ કરતાં કરતાં કોઇ પણ પ્રકારે જેનો બાધ કરી શકાતો નથી એવો બાકી જે અનુભવ રહે છે તે, જીવનું સ્વરૂપ છે. ૫૧.

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨.

કર્ણેંદ્રિયથી સાંભળ્યું તે તે કર્ણેંદ્રિય જાણે છે, પણ ચક્ષુ-ઇંદ્રિય તેને જાણતી નથી, અને ચક્ષુ-ઇંદ્રિયે દીઠેલું તે કર્ણેંદ્રિય જાણતી નથી. અર્થાત્ સૌ સૌ ઇંદ્રિયને પોતપોતાના વિષયનું જ્ઞાન છે; પણ બીજી ઇંદ્રિયોના વિષયનું જ્ઞાન નથી, અને આત્માને તો પાંચે ઇંદ્રિયના વિષયનું જ્ઞાન છે. અર્થાત્ જે તે પાંચે ઇંદ્રિયોના ગ્રહણ કરેલા વિષયને જાણે છે તેજ, 'આત્મા' છે, અને આત્માવિના એકેક ઇંદ્રિય એકેક વિષયને ગ્રહણ કરે એમ કહ્યું તેપણ ઉપચારથી કહ્યું છે. ૫૨.

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિ પ્રાણ;
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્તે જાણ. ૫૩.

દેહ તેને જાણતો નથી, ઇંદ્રિયો તેને જાણતી નથી, અને શ્વાસોચ્છ્વાસરૂપ પ્રાણ પણ તેને જાણતો નથી; તે સૌ એક આત્માની સત્તા પામીને પ્રવર્ત્તે છે, નહીં તો જડપણે પડ્યા રહે છે, એમ જાણ. ૫૩.

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણે સદાય. ૫૪.

જાગ્રત, સ્વપ્ન, અને નિદ્રા એ અવસ્થામાં વર્ત્તતો છતાં તે તે અવસ્થાઓથી જૂદો જે રહ્યા કરે છે, અને તે તે અવસ્થા વ્યતીત થયે પણ જેનું હોવાપણું છે, અને તે તે અવસ્થાને જે જાણે છે, એવો પ્રગટસ્વરૂપ ચૈતન્યમય છે, અર્થાત્ જાણ્યા જ કરે છે એવો જેનો સ્વભાવ પ્રગટ છે, અને એ તેની નિશાની સદાય વર્ત્તે છે; કોઇ દિવસ તે નિશાનીનો ભંગ થતો નથી. ૫૪

ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહીં, કહિયે કેવું જ્ઞાન? ૫૫.

ઘટ, પટ આદિને તું પોતે જાણે છે, 'તે છે' એમ તું માને છે, અને જે તે ઘટ, પટ આદિનો જાણનાર છે તેને માનતો નથી; એ જ્ઞાન તે કેવું કહેવું? ૫૫.

પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬.

દુર્બળ દેહને વિષે પરમ બુદ્ધિ જોવામાં આવે છે, અને સ્થૂળ દેહને વિષે થોડી બુદ્ધિ જોવામાં આવે છે; જો દેહ જ આત્મા હોય તો એવો વિકલ્પ એટલે વિરોધ થવાનો વખત ન આવે. ૫૬.

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વય ભાવ. ૫૭.

કોઇ કાળે જેમાં જાણવાનો સ્વભાવ નથી તે જડ, અને સદાય જે જાણવાના સ્વભાવવાન છે, તે ચેતન, એવો બેયનો કેવળ જૂદો સ્વભાવ છે, અને તે કોઈ પણ પ્રકારે એકપણું પામવાયોગ્ય નથી. ત્રણે કાળ જડ જડ ભાવે, અને ચેતન ચેતન ભાવે રહે એવો બેયનો જૂદો જૂદો દ્વૈતભાવ પ્રસિદ્ધ જ અનુભવાય છે. ૫૭.

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮.

આત્માની શંકા આત્મા આપે પોતે કરે છે. જે શંકાનો કરનાર છે, તે જ આત્મા છે. તે જણાતો નથી, એ માપ ન થઈ શકે એવું આશ્ચર્ય છે. ૫૮.

શંકા.—શિષ્ય ઉવાચ.

આત્મા નિત્ય નથી, એમ શિષ્ય કહે છે:—

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર્ કર્યે વિચાર. ૫૯.

આત્માના હોવાપણા વિષે આપે જે જે પ્રકાર કહ્યા તેનો અંતરૂમાં વિચાર કરવાથી સંભવ થાય છે. ૫૯.

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહયોગથી ઉપજે, દેહ વિયોગે નાશ. ૬૦.

પણ બીજી એમ શંકા થાય છે કે, આત્મા છે તોપણ તે અવિનાશ એટલે નિત્ય નથી. ત્રણે કાળ હોય એવો પદાર્થ નથી, માત્ર દેહના સંયોગથી ઉત્પન્ન થાય, અને વિયોગે નાશ પામે. ૬૦.

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં,આત્મા નિત્ય જણાય. ૬૧

અથવા વસ્તુ ક્ષણે ક્ષણે બદલાતી જોવામાં આવે છે, તેથી સર્વ વસ્તુ ક્ષણિક છે, અને અનુભવથી જોતાં પણ આત્મા નિત્ય જણાતો નથી. ૬૧.

સમાધાન.—સદ્ગુરૂ ઉવાચ.

'આત્મા નિત્ય છે,' એમ સમાધાન કરે છે:—

દેહ માત્ર સંયોગ છે, વળી જડ રૂપી દૃશ્ય;
ચેતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય. ૬૨.

દેહમાત્ર પરમાણુનો સંયોગ છે, અથવા સંયોગે કરી આત્માના સંબંધમાં છે. વળી તે દેહ જડ છે, રૂપી છે અને દૃશ્ય એટલે બીજા કોઇ દ્રષ્ટાનો તે જાણવાનો વિષય છે; એટલે તે પોતે પોતાને જાણતો નથી, તો ચેતનનાં ઉત્પત્તિ અને નાશ તે ક્યાં થી જાણે? તે દેહના પરમાણુએ પરમાણુનો વિચાર કરતાં પણ તે જડ જ છે, એમ સમજાય છે. તેથી તેમાંથી ચેતનઉત્પત્તિ થવાયોગ્ય નથી, અને ઉત્પત્તિ થવા યોગ્ય નથી તેથી ચેતના તેમાં પણ પામવાયોગ્ય નથી. વળી તે દેહ રૂપી એટલે સ્થૂળાદિ પરિણામવાળો છે, અને ચેતન દ્રષ્ટા છે, ત્યારે તેના સંયોગથી ચેતનની ઉત્પત્તિ શી રીતે થાય? અને તેમાં લય પણ કેમ થાય? દેહમાંથી ચેતન ઉત્પન્ન થાય છે, અને તેમાં જ નાશ પામે છે, એ વાત કોના અનુભવને વશ રહી? અર્થાત્ એમ કોણે જાણ્યું? કેમકે જાણનાર એવા ચેતનની ઉત્પત્તિ દેહથી પ્રથમ છે નહીં, અને નાશ તો તેથી પહેલાં છે, ત્યારે એ અનુભવ થયો કોને? ૬૨.

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જૂદા વિના, થાય ન કેમેં ભાન. ૬૩.

જેના અનુભવમાં જ ઉત્પત્તિ અને નાશનું જ્ઞાન વર્તે તે ભાન તેથી જૂદા વિના કોઇ પ્રકારે પણ સંભવતું નથી, અર્થાત્ ચેતનનાં ઉત્પત્તિ લય થાય છે, એવો કોઇને પણ અનુભવ થવાયોગ્ય છે નહીં. ૬૩

જે સંયોગો દેખીયે, તે તે અનુભવ દૃશ્ય;
ઉપજે નહીં સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪.

જે જે સંયોગો દેખીએ છીએ તે તે અનુભવ સ્વરૂપ એવા આત્માના દૃશ્ય એટલે તેને આત્મા જાણે છે, અને તે સંયોગનું સ્વરૂપ વિચારતાં એવો કોઈ પણ સંયોગ સમજાતો નથી, કે જેથી આત્મા ઉત્પન્ન થાય છે, માટે આત્મા સંયોગથી નહીં ઉત્પન્ન થયેલો એવો છે; અર્થાત્ અસંયોગી છે, સ્વાભાવિક પદાર્થ છે, માટે તે પ્રત્યક્ષ 'નિત્ય' સમજાય છે. ૬૪.

જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઇને, ક્યારે કદી ન થાય. ૬૫.

જડથી ચેતન ઉપજે, અને ચેતનથી જડ ઉત્પન્ન થાય એવો કોઇને ક્યારે–કદી–પણ અનુભવ થાય નહીં. ૬૫.

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઇમાં, તેથી નિત્ય સદાય ૬૬.

જેની ઉત્પત્તિ કોઈ પણ સંયોગોથી થાય નહીં, તેનો નાશ પણ કોઇને વિષે થાય નહીં, માટે આત્મા ત્રિકાળ 'નિત્ય' છે. ૬૬.

ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મસંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય. ૬૭

ક્રોધાદિ પ્રકૃતિઓનું વિશેષપણું સર્પ વગેરે પ્રાણીમાં જન્મથી જ જોવામાં આવે છે, વર્તમાન-દેહે તો તે અભ્યાસ કર્યો નથી; જન્મની સાથે જ તે છે. એટલે એ પૂર્વજન્મનો જ સંસ્કાર છે. જે પૂર્વજન્મ જીવની નિત્યતા સિદ્ધ કરે છે. ૬૭.

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય,
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮.

આત્મા વસ્તુપણે નિત્ય છે. સમયે સમયે જ્ઞાનાદિ પરિણામના પલટવાથી તેના પર્યાયનું પલટવા પણ છે. (કંઈ સમુદ્ર પલટાતો નથી, માત્ર મોજાં પલટાય છે, તેની પેઠે.) જેમ બાલ, યુવાન અને વૃદ્ધ એ ત્રણ અવસ્થા છે. તે આત્માને વિભાવથી પર્યાય છે; અને બાળ અવસ્થા વર્તતાં આત્મા બાળક જણાતો, તે બાળ અવસ્થા છોડી, જ્યારે યુવાવસ્થા ગ્રહણ કરી ત્યારે યુવાન જણાયો, અને યુવાવસ્થા તજી વૃદ્ધાવસ્થા ગ્રહણ કરી ત્યારે વૃદ્ધ જણાયો. એ ત્રણે અવસ્થાનો ભેદ થયો તે પર્યાયભેદ છે; પણ તે ત્રણે અવસ્થામાં આત્મદ્રવ્યનો ભેદ થયો નહીં, અર્થાત્ અવસ્થાઓ બદલાઈ પણ આત્મા બદલાયો નથી. આત્મા એ ત્રણ અવસ્થાને જાણે છે, અને તે ત્રણે અવસ્થાની તેને જ સ્મૃતિ છે. ત્રણે અવસ્થામાં આત્મા એક હોય તો એમ બને, જો આત્મા ક્ષણે ક્ષણે બદલાતા હોય તો તેવો અનુભવ બને જ નહીં. ૬૮.

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહીં, કર અનુભવ નિર્ધાર. ૬૯.

અમુક પદાર્થ ક્ષણિક છે, એમ જે જાણે છે, અને ક્ષણિકપણું કહે છે તે કહેનાર અર્થાત્ જાણનાર ક્ષણિક હોય નહીં, કેમકે પ્રથમ ક્ષણે અનુભવ થયો તેને બીજે ક્ષણે તે અનુભવ કહી શકાય, તે બીજે ક્ષણે પોતે ન હોય તો ક્યાંથી કહે? માટે એ અનુભવથી પણ આત્માના અક્ષણિકપણાનો નિશ્ચય કર. ૬૯.

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦.

કોઇ પણ વસ્તુનો કોઇ પણ કાળે કેવળ તો નાશ થાય જ નહીં; માત્ર અવસ્થાંતર થાય, ચેતનનો પણ કેવળ નાશ થાય નહીં, અને અવસ્થાંતરરૂપ નાશ થતો હોય તો તે કેમાં ભળે, અથવા કેવા પ્રકારનું અવસ્થાંતર પામે તે તપાસ. અર્થાત્ ઘટાદિ પદાર્થ ફુટી જાય છે, એટલે લોકો એમ કહે છે કે, ઘડો નાશ પામ્યો છે. કંઇ માટીપણું નાશ પામ્યું નથી. તે છિન્નભિન્ન થઇ જઈ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભૂકો થાય, તોપણ પરમાણુસમૂહરૂપે રહે, પણ કેવળ નાશ ન થાય;

અને તેમાનું એક પરમાણુપણ ઘટે નહીં, કેમકે અનુભવથી જોતાં અવસ્થાંતર થઇ શકે, પણ પદાર્થનો સમૂળગો નાશ થાય એમ ભાસી જ શકવા યોગ્ય નથી, એટલે જો તું ચેતનનો નાશ કહે, તો પણ કેવળ નાશ તો કહી જ શકાય નહીં; અવસ્થાંતરરૂપ નાશ કહેવાય. જેમ ઘટ ફૂટી જઇ ક્રમે કરી પરમાણુસમૂહરૂપે સ્થિતિમાં રહે, તેમ ચેતનનો અવસ્થાંતરરૂપ નાશ તારે કહેવો હોય તો તે શી સ્થિતિમાં રહે, અથવા ઘટના પરમાણુઓ જેમ પરમાણુસમૂહમાં મળ્યા તેમ ચેતન કઈ વસ્તુમાં ભળવાયોગ્ય છે તે તપાસ; અર્થાત્ એ પ્રકારે તું અનુભવ કરી જોઇશ તો કોઇમાં નહીં ભળી શકવાયોગ્ય, અથવા પરસ્વરૂપે અવસ્થાંતર નહીં પામવાયોગ્ય એવું ચેતન એટલે આત્મા તને ભાસ્યમાન થશે. ૭૦

શંકા.—શિષ્ય ઉવાચ.

આત્મા કર્મનો કર્ત્તા નથી, એમ શિષ્ય કહે છેઃ—

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્ત્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧.

જીવ કર્મનો કર્ત્તા નથી, કર્મના કર્ત્તા કર્મ છે, અથવા અનાયાસે તે થયા કરે છે. એમ નહીં. ને જીવ જ તેનો કર્ત્તા છે એમ કહો તો પછી તે જીવનો ધર્મ જ છે, અર્થાત્ ધર્મ હોવાથી ક્યારે નિવૃત્ત ન થાય. ૭૧.

આત્મા સદા અસંગને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વરપ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨.

અથવા એમ નહીં, તો આત્મા સદા અસંગ છે, અને સત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મનો બંધ કરે છે; તેમ નહીં, તો જીવને કર્મ કરવાની પ્રેરણા ઇશ્વર કરે છે, તેથી ઇશ્વરેચ્છારૂપ હોવાથી જીવ તે કર્મથી 'અબંધ' છે. ૭૨

માટે મોક્ષ-ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહીં કાં નહીં જાય ? ૭૩.

માટે જીવ કોઇ રીતે કર્મનો કર્ત્તા થઇ શકતો નથી, અને મોક્ષનો ઉપાય કરવાનો કોઈ હેતુ જણાતો નથી; કાં જીવને કર્મનું કર્ત્તાપણું નથી અને જો કર્ત્તાપણું હોય તો કોઈ રીતે તે તેનો સ્વભાવ મટવાયોગ્ય નથી, ૭૩.

સમાધાન—સદ્ગુરૂ ઉવાચ.

કર્મનું કર્ત્તાપણું આત્માને જે પ્રકારે સદ્ગુરૂ સમાધાન કરે છેઃ—

હોય ન ચેતનપ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ;
જડસ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪.

ચેતન એટલે આત્માની પ્રેરણારૂપ પ્રવૃત્તિ ન હોય, તો કર્મને કોણ ગ્રહણ કરે ? જડનો સ્વભાવ પ્રેરણા નથી. જડ અને ચેતન બેયના ધર્મ વિચારી જુઓ. ૭૪,

જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહીં, તેમ જ નહીં જીવધર્મ. ૭૫.

આત્મા જો કર્મ કરતો નથી, તો થતાં નથી; તેથી સહજ સ્વભાવે એટલે અનાયાસે થાય એમ કહેવું ઘટતું નથી; તેમ જ તે જીવનો ધર્મ પણ નહીં, કેમકે સ્વભાવનો નાશ થાય નહીં, અને આત્મા ન કરે તો કર્મ થાય નહીં, એટલે એ ભાવ ટળી શકે છે, માટે તે આત્માનો સ્વાભાવિક ધર્મ નહીં. ૭૫.

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ. ૭૬.

કેવળ જો અસંગ હોત, અર્થાત્ કયારે પણ તેને કર્મનું કરવાપણું ન હોત, તો તને પોતાને તે આત્મા પ્રથમથી કેમ ન ભાસત? પરમાર્થથી તે આત્મા અસંગ છે, પણ તે તો જ્યારે સ્વરૂપનું ભાન થાય ત્યારે થાય. ૭૬.

કર્ત્તા ઇશ્વર કો નહીં, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭.

જગતનો અથવા જીવોનાં કર્મનો ઇશ્વિર કર્ત્તા કોઈ છે નહીં; શુદ્ધ આત્મસ્વભાવ જેનો થયો છે તે ઇશ્વિર છે, અને તેને જો પ્રેરક એટલે કર્મકર્ત્તા ગણીએ તો તેને દોષનો પ્રભાવ થયો ગણાવો જોઈએ; માટે ઇશ્વિરની પ્રેરણા જીવના કર્મ કરવામાં પણ કહેવાય નહીં. ૭૭.

ચેતન જો નિજભાનમાં, કર્ત્તા આપસ્વભાવ;
વર્ત્તે નહીં નિજભાનમાં, કર્ત્તા કર્મપ્રભાવ. ૭૮.

આત્મા જો પોતાના શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવમાં વર્ત્તે તો તે પોતાના તે જ સ્વભાવનો કર્ત્તા છે, અર્થાત્ તે જ સ્વરૂપમાં પરિણમિત છે, અને તે શુદ્ધ ચૈતન્યાદિ સ્વભાવના ભાનમાં વર્ત્તતો ન હોય ત્યારે કર્મભાવનો કર્ત્તા છે. ૭૮.

શંકા.—શિષ્ય ઉવાચ

તે કર્મનું ભોક્તાપણું જીવને નહીં હોય ? એમ શિષ્ય કહે છેઃ—

જીવ કર્મકર્ત્તા કહો, પણ ભોક્તા નહીં સોય;
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય ? ૭૯.

જીવને કર્મનો કર્ત્તા કહીએ તોપણ તે કર્મનો ભોક્તા જીવ નહીં ઠરે, કેમકે જડ એવાં કર્મ શું સમજે કે તે ફળ દેવામાં પરિણામી થાય ? અર્થાત્ ફળદાતા થાય ? ૭૯.

ફળદાતા ઇશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહે ઈશ્વરતણું, ઇશ્વરપણું જ જાય. ૮૦.

ફળદાતા ઇશ્વિર ગણીએ તો ભોક્તાપણું સાધી શકીએ, અર્થાત્ જીવને ઇશ્વર કર્મ ભોગવાવે તેથી જીવ કર્મનો ભોક્તા સિદ્ધ થાય, પણ પરને ફળદેવા આદિ પ્રવૃત્તિવાળો ઇશ્વિર ગણીએ તો તેનું ઇશ્વરપણું જ રહેતું નથી, એમ પણ પાછો વિરોધ આવે છે. ૮૦.

ઇશ્વર સિદ્ધ થયા વિના, જગત્-નિયમ નહીં હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહીં કોય. ૮૧.

તેવો ફળદાતા ઇશ્વિર સિદ્ધ થતો, એટલે જગતનો નિયમ પણ કોઇ રહે નહીં, અને શુભાશુભ કર્મ ભોગવવામાં કોઈ સ્થાનક પણ ઠરે નહીં, એટલે જીવને કર્મનું ભોક્તૃત્વ કયાં રહ્યું ? ૮૧.

સમાધાન.—સદ્ગુરૂ ઉવાચ.

જીવને પોતાનાં કરેલાં કર્મનું ભોક્તાપણું છે, એમ સદ્ગુરૂ સમાધાન કરે છેઃ—

ભાવકર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨.

ભાવકર્મ જીવને પોતાથી ભ્રાંતિ છે, માટે તે ચેતનરૂપ છે, અને તે ભ્રાંતિને અનુયાયી થઇ જીવવીર્ય સ્ફુરાયમાન થાય છે, તેથી જડ એવાં દ્રવ્યકર્મની વર્ગણા તે ગ્રહણ કરે છે. ૮૨.

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩.

ઝેર અને અમૃત પોતે જાણતાં નથી કે અમારે આ જીવને ફળ આપવું છે, તોપણ જે જીવ ખાય છે, તેને તે ફળ થાય છે; એમ શુભાશુભ કર્મ આ જીવને આ ફળ આપવું છે એમ જાણતાં નથી, તોપણ ગ્રહણ કરનાર જીવ, ઝેર અમૃતના પરિણામની રીતે ફળ પામે છે. ૮૩.

એક રાંકને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણવિના ન કાર્ય તે, એ જ શુભાશુભ વેદ્ય. ૮૪.

એક રાંક છે, અને એક રાજા છે, એ આદિ શબ્દથી નીચપણું, ઊંચપણું, કુરૂપપણું, સુરૂપપણું એમ ઘણું વિચિત્રપણું છે; અને એવો જે ભેદ રહે છે–તે સર્વને સમાનતા નથી–તે જ શુભાશુભ કર્મનું ભોક્તાપણું છે, એમ સિદ્ધ કરે છે, કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ થતી નથી. ૮૪.

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫.

ફળદાતા ઇશ્વરની એમાં કંઇ જરૂર નથી. ઝેર અને અમૃતની રીતે શુભાશુભ કર્મ સ્વભાવે ફળ દેતાં જેમ નિવૃત્ત થાય છે,પરિણમે છે; અને નિઃસત્વ થયેથી ઝેર અને અમૃત ફળ દેતાં જેમ નિવૃત્ત થાય છે, તેમ શુભાશુભ કર્મને ભોગવવાથી તે નિઃસત્વ થાય છે. ૮૫.

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬.

ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ શુભગતિ છે, અને ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ અશુભગતિ છે. શુભાશુભ અધ્યવસાય મિશ્રગતિ છે; અને તે જીવપરિણામ તે જ મુખ્યપણે તો ગતિ છે; તથાપિ ઉત્કૃષ્ટ શુભ દ્રવ્યનું ઊર્ધ્વગમન, ઉત્કૃષ્ટ અશુભ દ્રવ્યનું અધોગમન, શુભાશુભની મધ્યસ્થિતિ, એમ દ્રવ્યનો વિશેષ સ્વભાવ છે. અને તે આદિ હેતુથી તે તે ભોગ્યસ્થાનક હોવાયોગ્ય છે. હે શિષ્ય ! જડ ચેતનના સ્વભાવ સંયોગાદિ સૂક્ષ્મસ્વરૂપનો અત્રે ઘણો વિચાર સમાય છે, માટે આ વાત ગહન છે, તો પણ તેને સાવ સંક્ષેપમાં કહી છે. ૮૬.

શંકા.—શિષ્ય ઉવાચ.

જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છેઃ—

કર્ત્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહીં મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭.

કર્ત્તા, ભોક્તા જીવ હો પણ તેથી તેનો મોક્ષ થવાયોગ્ય નથી, કેમકે અનંતકાળ થયો તોપણ કર્મ કરવારૂપી દોષ હજુ તેને વિષે વર્ત્તમાન જ છે. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય. ૮૮.

શુભ કર્મ કરે તો તેથી દેવાદિ ગતિમાં તેનું શુભ ફળ ભોગવે, અને અશુભ કર્મ કરે તો નરકાદિ ગતિને વિષે તેનું અશુભ ફળ ભોગવે; પણ જીવ કર્મરહિત કોઈ સ્થળે હોય નહીં. ૮૮.

સમાધાન.—સદ્ગુરૂ ઉવાચ.

તે કર્મથી જીવનો મોક્ષ થઇ શકે છે. એમ સમાધાન કરે છેઃ—

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ–સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯.

જેમ શુભાશુભ કર્મપદ તે જીવના કરવાથી તે થતાં જાણ્યાં, અને તેથી તેનું ભોક્તાપણું જાણ્યું

તેમ નહીં કરવાથી અથવા તે કર્માનવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ થવાયોગ્ય છે; માટે તે નિવૃત્તિનું પણ સફળપણું છે; અર્થાત્ જેમ તે શુભાશુભ કર્મ અફળ જતાં નથી, તેમ તેની નિવૃત્તિ પણ અફળ જવાયોગ્ય નથી; માટે તે નિવૃત્તિરૂપ મોક્ષ છે એમ હે વિચક્ષણ ? તું વિચાર. ૮૯,

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષસ્વભાવ. ૯૦.

કર્મસહિત અનંતકાળ વીત્યો તે તે શુભાશુભ કર્મપ્રત્યેની જીવનીઆસક્તિને લીધે વીત્યો, પણ તેના પર ઉદાસીન થવાથી તે કર્મફળ છેદાય, અને તેથી મોક્ષસ્વભાવ પ્રગટ થાય. ૯૦.

દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ. ૯૧.

દેહાદિ સંયોગનો અનુક્રમે વિયોગ તો થયા કરે છે, પણ તે પાછો ગ્રહણ ન થાય તે રીતે વિયોગ કરવામાં આવે, તો સિદ્ધસ્વરૂપ મોક્ષસ્વભાવ પ્રગટે, અને શાશ્વતપદે અનંત આત્માનંદ ભોગવાય. ૯૧.

શંકા.—શિષ્ય ઉવાચ.

મોક્ષનો ઉપાય નથી, એમ શિષ્ય કહે છેઃ—

હોય કદાપિ મોક્ષપદ, નહીં અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય ? ૯૨.

મોક્ષપદ કદાપિ હોય તોપણ તે પ્રાપ્ત થવાનો કોઇ અવિરોધ એટલે યથાતથ્ય પ્રતીત થાય એવો ઉપાય જણાતો નથી, કેમકે અનંત કાળનાં કર્મો છે, તે આવા અલ્પાયુષ્યવાળા મનુષ્યદેહથી કેમ છેદ્યાં જાય ? ૯૨.

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩.

અથવા કદાપિ મનુષ્યદેહના અલ્પાયુષ્ય વગેરેની શંકા છોડી દઇએ, તોપણ મત અને દર્શન ઘણાં છે, અને તે મોક્ષના અનેક ઉપાયો કહે છે, અર્થાત્ કોઇ કંઈ કહે છે, અને કોઇ કંઈ કહે છે, તેમાં કયો મત સાચો એ વિવેક બની શકે એવો નથી. ૯૩.

કયી જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪.

બ્રાહ્મણાદિ કઈ જાતિમાં મોક્ષ છે, અથવા કયા વેષમાં મોક્ષ છે, એનો નિશ્ચય પણ ન બની શકે એવો છે, કેમકે તેવા ઘણા ભેદો છે, અને એ દોષે પણ મોક્ષનો ઉપાય પ્રાપ્ત થવાયોગ્ય દેખાતો નથી. ૯૪.

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ-ઉપાય;
જીવાદિ જાણ્યાતણો, શો ઉપકાર જ થાય ? ૯૫.

તેથી એમ જણાય છે કે, મોક્ષનો ઉપાય પ્રાપ્ત થઇ શકે એવું નથી, માટે જીવાદિનું સ્વરૂપ જાણવાથી પણ શું ઉપકાર થાય ? અર્થાત્ જે પદને અર્થે જાણવાં જોઇએ તે પદનો ઉપાય પ્રાપ્ત થવો અશક્ય દેખાય છે. ૯૫.

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ-ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬.

આપે પાંચે ઉત્તર કહ્યા તેથી સર્વાંગ એટલે બધી રીતે મારી શંકાનું સમાધાન થયું છે; પણ જો મોક્ષનો ઉપાય સમજું તો સદ્ભાગ્યનો ઉદય-ઉદય-થાય. અત્ર 'ઉદય' 'ઉદય' બે વાર શબ્દ છે તે પાંચ ઉત્તરના સમાધાનથી થયેલી મોક્ષપદની જિજ્ઞાસાનું તીવ્રપણું દર્શાવે છે. ૯૬.

સમાધાન—સદ્‌ગુરૂ ઉવાચ.

મોક્ષનો ઉપાય, છે એમ સમાધાન કરે છેઃ—

પાંચે ઉત્તરથી થઈ, આત્મા વિષે પ્રતીતઃ
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭.

પાંચે ઉત્તરની તારા આત્માને વિષે પ્રતીતિ થઇ છે, તો મોક્ષના ઉપાયની પણ એ જ રીતે તને સહજમાં પ્રતીતિ થશે. અત્રે 'થશે' અને 'સહજ' એ બે શબ્દ સદ્‌ગુરૂએ કહ્યા છે તે જેને પાંચ પદની શંકા નિવૃત્ત થઈ છે તે ' મોક્ષોપાય સમજાવો કંઈ કઠણ જ નથી એમ દર્શાવવા, તથા શિષ્યનું વિશેષ જિજ્ઞાસુપણું જાણી અવશ્ય તેને મોક્ષોપાય પરિણમશે એમ ભાસવાથી (તે વચન) કહ્યાં છે; એમ સદ્‌ગુરૂનાં વચનનો આશય છે. ૯૭,

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮.

કર્મભાવ છે તે જીવનું અજ્ઞાન છે અને મોક્ષભાવ છે તે જીવના પોતાના સ્વરૂપને વિષે સ્થિતિ થવી તે છે. અજ્ઞાનનો સ્વભાવ અંધકાર જેવો છે. તેથી જેમ પ્રકાશ થતાં ઘણા કાળનો અંધકાર છતાં નાશ પામે છે, તેમ જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાન પણ નાશ પામે છે, ૯૮.

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૯૯.

જે જે કારણો કર્મબંધનાં છે, તે તે કર્મબંધનો માર્ગ છે; અને તે તે કારણોને છેદે એવી જે દશા છે તે મોક્ષનો માર્ગ છે; ભવનો અંત છે. ૯૯.

રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦.

રાગ, દ્વેષ અને અજ્ઞાન એનું એકત્વ એ કર્મની મુખ્ય ગાંઠ છે; અર્થાત્ એ વિના કર્મનો બંધ ન થાય; તેની જેથી નિવૃત્તિ થાય તે જ મોક્ષનો માર્ગ છે. ૧૦૦.

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧.

'સત્' એટલે 'અવિનાશી', અને 'ચૈતન્યમય' એટલે 'સર્વભાવને પ્રકાશવારૂપ સ્વભાવમય' 'અન્ય સર્વ વિભાવ અને દેહાદિ સંયોગના આભાસથી રહિત એવો', 'કેવળ' એટલે 'શુદ્ધ આત્મા' પામિયે તેમ પ્રવર્ત્તાય તે મોક્ષમાર્ગ છે. ૧૦૧.

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહિનીય, હણાય તે કહું પાઠ; ૧૦૨.

કર્મ અનંત પ્રકારનાં છે, પણ તેના મુખ્ય જ્ઞાનાવરણાદિ આઠ પ્રકાર થાય છે. તેમાં પણ મુખ્ય મોહનીયકર્મ છે. તે મોહનીયકર્મ હણાય તેનો પાઠ કહું છું. ૧૦૨.

કર્મ મોહિનિય ભેદ બે, દર્શન ચારિત્ર નામ.
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩.

તે મોહનીય કર્મ બે ભેદે છે;–એક 'દર્શનમોહનીય' એટલે 'પરમાર્થને વિષે અપરમાર્થબુદ્ધિ અને અપરમાર્થને વિષે પરમાર્થબુદ્ધિરૂપ;' બીજી 'ચારિત્રમોહનીય' 'તથારૂપ પરમાર્થને પરમાર્થ જાણીને આત્મસ્વભાવમાં જે સ્થિરતા થાય, તે સ્થિરતાને રોધક એવા પૂર્વસંસ્કારરૂપ કષાય અને નોકષાય' તે ચારિત્રમોહનીય. દર્શનમોહનીયને આત્મબોધ, અને ચારિત્રમોહનીયને વીતરાગપણું નાશ કરે છે. આમ તેના અચૂક ઉપાય છે, કેમકે મિથ્યાબોધ તે દર્શનમોહનીય છે; તેનો પ્રતિપક્ષ સત્યાત્મબોધ છે; અને ચારિત્રમોહનીય રાગાદિક પરિણામરૂપ છે, તેનો પ્રતિપક્ષ વીતરાગભાવ છે. એટલે

અંધકાર જેમ પ્રકાશ થવાથી નાશ પામે છે-તે તેનો અચૂક ઉપાય છે-તેમ બોધ અને વીતરાગતા દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ અંધકાર ટાળવામાં પ્રકાશસ્વરૂપ છે; માટે તે તેનો અચૂક ઉપાય છે. ૧૦૩.

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪.

ક્રોધાદિ ભાવથી કર્મબંધ થાય છે, અને ક્ષમાદિક ભાવથી તે હણાય છે; અર્થાત્ ક્ષમા રાખવાથી ક્રોધ રોકી શકાય છે, સરળતાથી માયા રોકી શકાય છે, સંતોષથી લોભ રોકી શકાય છે; એમ રતિ અરતિ આદિના પ્રતિપક્ષથી તે તે દોષો રોકી શકાય છે, તે જ કર્મબંધનો નિરોધ છે; અને તે જ તેની નિવૃત્તિ છે. વળી સર્વને આ વાતનો પ્રત્યક્ષ અનુભવ છે, અથવા સર્વને પ્રત્યક્ષ અનુભવ થઈ શકે એવું છે. ક્રોધાદિ રોકયાં રોકાય છે, અને જે કર્મબંધને રોકે છે, તે અકર્મદશાનો માર્ગ છે. એ માર્ગ પરલોકે નહીં, પણ અત્રે અનુભવમાં આવે છે, તો એમાં સંદેહ શો કરવો? ૧૦૪.

છોડી મત દર્શન-તણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ.૧૦૫.

આ મારો મત છે, માટે મારે વળગી જ રહેવું, અથવા આ મારૂં દર્શન છે, માટે ગમે તેમ મારે તે સિદ્ધ કરવું એવો આગ્રહ અથવા એવા વિકલ્પને છોડીને આ જે માર્ગ કહ્યો છે, તે સાધશે, તેના અલ્પ જન્મ જાણવા. અહીં 'જન્મ' શબ્દ બહુવચનમાં વાપર્યો છે, તે એટલું જ દર્શાવવાને કે, ક્વચિત્ તે સાધન અધૂરાં રહ્યાં તેથી, અથવા જઘન્ય, કે મધ્યમ પરિણામની ધારાથી આરાધન થયાં હોય તેથી, સર્વ કર્મ ક્ષય થઇ ન શકવાથી બીજો જન્મ થવાનો સંભવ છે; પણ તે બહુ નહીં; બહુ જ અલ્પ. " સમકિત આવ્યા પછી જો વમે નહીં, તો ઘણામાં ઘણા પંદર ભવ થાય, એમ જિને કહ્યું છે," અને " જે ઉત્કૃષ્ટપણે આરાધે તેનો તે ભવે પણ મોક્ષ થાય;" અત્રે તે વાતનો વિરોધ નથી. ૧૦૫

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછયાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિરધાર ૧૦૬.

હે શિષ્ય! તેં છ પદનાં છ પ્રશ્નો વિચાર કરીને પૂછયાં છે, અને તે પદની સર્વાંગતામાં મોક્ષમાર્ગ છે, એમ નિશ્ચય કર. અર્થાત્ એમાનું કોઈ પણ પદ એકાંતે, કે અવિચારથી ઉત્થાપતાં મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી. ૧૦૬.

જાતિ વેષનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭.

જે મોક્ષનો માર્ગ કહ્યો તે હોય તો ગમે તે જાતિ કે વેષથી મોક્ષ થાય; એમાં કંઈ ભેદ નથી. જે સાધે તે મુક્તિપદ પામે; અને તે મોક્ષમાં પણ બીજા કશા પ્રકારનો ઉંચનીચત્વાદિ ભેદ નથી. અથવા આ વચન કહ્યાં તેમાં બીજો કંઇ ભેદ એટલે ફેર નથી. ૧૦૭.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮.

ક્રોધાદિ કષાય જેના પાતળા પડયા છે, માત્ર આત્માને વિષે મોક્ષ થવા શિવાય બીજી કોઇ ઇચ્છા નથી, અને સંસારના ભોગપ્રત્યે ઉદાસીનતા વર્ત્તે છે; તેમ જ પ્રાણીપર અંતરથી દયા વર્ત્તે છે, તે જીવને મોક્ષમાર્ગનોજિજ્ઞાસુ કહીએ, અર્થાત્ તે માર્ગ પામવાયોગ્ય કહીએ. ૧૦૮.

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરૂબોધ;
તો પામે સમકીતને, વર્ત્તે અંતરશોધ. ૧૦૯.

તે જિજ્ઞાસુ જીવને જો સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય તો તે સમકિતને પામે, અને અંતરની શોધમાં વર્તે. ૧૦૯.

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ,
લહે શુદ્ધ સમકીત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦.

મત અને દર્શનનો આગ્રહ છોડી દઈ જે સદ્ગુરુને લક્ષે વર્તે, તે શુદ્ધ સમકિતને પામે, કે જેમાં ભેદ તથા પક્ષ નથી. ૧૧૦.

વર્ત્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકીત. ૧૧૧.

આત્મસ્વભાવનો જ્યાં અનુભવ, લક્ષ, અને પ્રતીત વર્ત્તે છે, તથા વૃત્તિ આત્માના સ્વભાવમાં વહે છે. ત્યાં પરમાર્થે સમકિત છે. ૧૧૧.

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ. ૧૧૨.

તે સમકિત વધતી જતી ધારાથી હાસ્ય શોકાદિ જે કંઈ આત્માને વિષે મિથ્યાભાસ ભાસ્યા છે તેને ટાળે, અને સ્વભાવ સમાધિરૂપ ચારિત્રનો ઉદય થાય, જેથી સર્વ રાગદ્વેષના ક્ષયરૂપ વીતરાગપદમાં સ્થિતિ થાય. ૧૧૨.

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩.

સર્વ આભાસરહિત આત્મસ્વભાવનું જ્યાં અખંડ એટલે ક્યારે પણ ખંડિત ન થાય, મંદ ન થાય, નાશ ન પામે એવું જ્ઞાન વર્ત્તે તેને કેવળજ્ઞાન કહીએ છીએ. જે કેવળજ્ઞાન પામ્યાથી ઉત્કૃષ્ટ જીવન્મુક્તદશારૂપ નિર્વાણ, દેહ છતાં જ અત્રે અનુભવાય છે. ૧૧૩.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪.

કરોડો વર્ષનું સ્વપ્ન હોય તોપણ જાગ્રત થતાં તરત તે શમાય છે, તેમ અનાદિનો વિભાવ છે તે આત્મજ્ઞાન થતાં દૂર થાય છે. ૧૧૪,

છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્ત્તા તું કર્મ;
નહી ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫.

હે શિષ્ય! દેહમાં જે આત્મતા મનાઇ છે, અને તેને લીધે સ્ત્રી પુત્રાદિ સર્વમાં અહંમમત્વપણું વર્ત્તે છે, તે આત્મતા જો આત્મામાં જ મનાય, અને તે દેહાધ્યાસ એટલે દેહમાં આત્મબુદ્ધિ તથા આત્મામાં દેહબુદ્ધિ છે તે છૂટે, તો તું કર્મનો કર્ત્તા પણ નથી, અને ભોક્તા પણ નથી, અને એ જ ધર્મનો મર્મ છે. ૧૧૫.

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬.

એ જ ધર્મથી મોક્ષ છે, અને તું જ મોક્ષસ્વરૂપ છો; અર્થાત્ શુદ્ધ આત્મપદ એ જ મોક્ષ છે. તું અનંત જ્ઞાન દર્શન તથા અવ્યાબાધ સુખસ્વરૂપ છો. ૧૧૬.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું? કર વિચાર તો પામ. ૧૧૭.

તું દેહાદિક સર્વ પદાર્થથી જૂદો છે, કોઇમાં આત્મદ્રવ્ય ભળતું નથી, કોઈ તેમાં ભળતું નથી. દ્રવ્યે દ્રવ્ય પરમાર્થથી સદાય ભિન્ન છે; માટે તું શુદ્ધ છો, બોધસ્વરૂપ છો, ચૈતન્યપ્રદેશાત્મક છો, સ્વયંજ્યોતિ એટલે કોઇ પણ તને પ્રકાશતું નથી, સ્વભાવે જ તું પ્રકાશસ્વરૂપ છો, અને અવ્યા-

બાધ સુખનું ધામ છો. બીજું કેટલું કહીએ ? અથવા ઘણું શું કહેવું ? ટુંકામાં એટલું જ કહીએ છીએ, જો વિચાર કર તો તે પદને પામીશ. ૧૧૭.

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી, સહજસમાધિ માંય ૧૧૮.

સર્વે જ્ઞાનીઓનો નિશ્ચય અત્રે આવીને શમાય છે; એમ કહીને સદ્‌ગુરૂ મૌનતા ધરીને સહજ-સમાધિમાં સ્થિત થયા, અર્થાત્ વાણીયોગની અપ્રવૃત્તિ કરી. ૧૧૮.

શિષ્યબોધબીજપ્રાપ્તિકથન.

સદ્‌ગુરૂના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજ માંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯.

શિષ્યને સદ્‌ગુરૂના ઉપદેશથી અપૂર્વ એટલે પૂર્વે કોઈ દિવસ નહીં આવેલું એવું ભાન આવ્યું, અને તેને પોતાનું સ્વરૂપ પોતાને વિષે યથાતથ્ય ભાસ્યું, અને દેહાત્મબુદ્ધિરૂપ અજ્ઞાન દૂર થયું. ૧૧૯.

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અજર, અમર, અવિનાશી અને દેહથી સ્પષ્ટ જૂદું ભાસ્યું. ૧૨૦.

કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય. ૧૨૧.

જ્યાં વિભાવ એટલે મિથ્યાત્વ વર્ત્તે છે, ત્યાં મુખ્ય નયથી કર્મનું કર્ત્તાપણુ અને ભોક્તાપણુ છે; આત્મસ્વભાવમાં વૃત્તિ વહી તેથી અકર્ત્તા થયો. ૧૨૧.

અથવા નિજપરિણામ જે, શુદ્ધચેતનારૂપ;
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પસ્વરૂપ. ૧૨૨.

અથવા આત્મપરિણામ જે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે, તેનો નિર્વિકલ્પસ્વરૂપે કર્ત્તા, ભોક્તા થયો.૧૨૨

મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩.

આત્માનું શુદ્ધપદ છે તે મોક્ષ છે, અને જેથી તે પમાય તે તેનો માર્ગ છે; શ્રી સદ્‌ગુરૂએ કૃપા કરીને નિર્ગ્રંથનો સર્વ માર્ગ સમજાવ્યો. ૧૨૩.

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરૂ, કરૂણાસિંધુ અપાર;
આ પામરપર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧૨૪.

અહો ! અહો ! કરૂણાના અપાર સમુદ્રસ્વરૂપ આત્મલક્ષ્મીએ યુક્ત સદ્‌ગુરૂ, આપ પ્રભુએ આ પામર જીવ પર આશ્ચર્યકારક એવો ઉપકાર કર્યો. ૧૨૪.

શું પ્રભુ ચરણ કને ધરૂં, આત્મથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીયો, વર્ત્તું ચરણાધીન. ૧૨૫.

હું પ્રભુના ચરણ આગળ શું ધરૂં ? (સદ્‌ગુરૂ તો પરમ નિષ્કામ છે; એક નિષ્કામ–કરૂણાથી માત્ર ઉપદેશના દાતા છે, પણ શિષ્યધર્મે શિષ્યે આ વચન કહ્યું છે.) જે જે જગતમાં પદાર્થ છે, તે સૌ આત્માની અપેક્ષાએ નિર્મૂલ્ય જેવા છે, તે આત્મા તો જેણે આપ્યો તેના ચરણ-સમીપે હું બીજું શું ધરૂં ? એક પ્રભુના ચરણને આધીન વર્ત્તુ, એટલું માત્ર ઉપચારથી કરવાને હું સમર્થ છું. ૧૨૫.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુઆધીન,
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન   ૧૨૬.

આ દેહ આદિ, શબ્દથી જે કંઈ મારૂં ગણાય છે, તે આજથી કરીને સદ્‌ગુરૂ પ્રભુને આધીન વર્તો, હું તેહ પ્રભુનો દાસ છું, દાસ છું દીન દાસ છું. ૧૨૬.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ.   ૧૨૭.

છએ સ્થાનક સમજાવીને હે સદ્‌ગુરૂ દેવ ! આપે દેહાદિથી આત્માને, જેમ મ્યાનથી તરવાર જૂદી કાઢીને બતાવીએ તેમ સ્પષ્ટ જૂદો બતાવ્યો; આપે મપાઈ શકે નહીં એવો ઉપકાર કર્યો.૧૨૭.

ઉપસંહાર.

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઇ.   ૧૨૮.

છએ દર્શન આ ૭ સ્થાનકમાં શમાય છે. વિશેષકરીને વિચારવાથી કોઇ પણ પ્રકારનો સંશય રહે નહીં, ૧૨૮.

આત્મભ્રાંતિસમ રોગ નહીં, સદ્‌ગુરૂ વૈદ્ય સુજાણ;
ગુરૂઆજ્ઞાસમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.   ૧૨૯.

આત્માને પોતાના સ્વરૂપનું ભાન નહીં એવો બીજો કોઇ રોગ નથી, સદ્‌ગુરૂ જેવા તેના કોઈ સાચા અથવા નિપુણ વૈદ્ય નથી, સદ્‌ગુરૂઆજ્ઞાએ ચાલવા સમાન બીજી કોઇ પથ્ય નથી, અને વિચાર તથા નિદિધ્યાસન જેવું કોઇ તેનું ઔષધ નથી. ૧૨૯.

જો ઈચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરૂષાર્થ,
ભવસ્થિતિ આદિ નામ લઇ, છેદો નહીં આત્માર્થ.   ૧૩૦.

જો પરમાર્થને ઇચ્છતા હો, તો સાચો પુરૂષાર્થ કરો, અને ભવસ્થિતિ આદિનું નામ લઈને આત્માર્થને છેદો નહીં. ૧૩૦.

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.   ૧૩૧.

આત્મા અબંધ છે, અસંગ છે, સિદ્ધ છે, એવી નિશ્ચયમુખ્ય વાણી સાંભળીને સાધન તજવાં યોગ્ય નથી, પણ તથારૂપ નિશ્ચય લક્ષમાં રાખી સાધન કરીને તે નિશ્ચયસ્વરૂપ પ્રાપ્ત કરવું. ૧૩૧.

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથ રહેલ.   ૧૩૨.

અત્રે એકાંતે નિશ્ચયનય કહ્યો નથી, અથવા એકાંતે વ્યવહારનય કહ્યો નથી; બેય જ્યાં જ્યાં જેમ ઘટે તેમ સાથે રહ્યાં છે. ૧૩૨.

ગછ મતની જે કલ્પના, તે નહીં સદ્‌વ્યવહાર;
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર.   ૧૩૩.

ગચ્છ, મતની કલ્પના છે તે સદ્‌વ્યવહાર નથી. પણ આત્માર્થીના લક્ષણમાં કહી તે દશા, અને મોક્ષોપાયમાં જિજ્ઞાસુનાં લક્ષણ આદિ કહ્યાં તે સદ્‌વ્યવહાર છે; જે અત્રે તો સંક્ષેપમાં કહેલ છે. પોતાના સ્વરૂપનું ભાન નથી, અર્થાત્ જેમ દેહ અનુભવમાં આવે છે, તેવો આત્માનો અનુભવ થયો નથી, દેહાધ્યાસ વર્ત્તે છે, અને જે વૈરાગ્યાદિ સાધન પામ્યાવિના નિશ્ચય પોકાર્યા કરે છે, તે નિશ્ચયસારભૂત નથી. ૧૩૩.

આગળ જ્ઞાની થઇ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહીં કોય. ૧૩૪.

ભૂતકાળમાં જે જ્ઞાનીપુરૂષો થઇ ગયા છે, વર્ત્તમાનકાળમાં જે છે, અને ભવિષ્યકાળમાં થશે, તેને કોઈને માર્ગનો ભેદ નથી, અર્થાત્ પરમાર્થે તે સૌનો એક માર્ગ છે; અને પ્રાપ્ત કરવા-યોગ્ય વ્યવહાર પણ તે જ પરમાર્થસાધકરૂપે દેશ કાળાદિને લીધે ભેદ કહ્યો હોય છતાં એક ફળ ઉત્પન્ન કરનાર હોવાથી તેમાં પણ પરમાર્થે ભેદ નથી. ૧૩૪.

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્ગુરૂઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણ માંય. ૧૩૫.

સર્વ જીવને વિષે સિદ્ધ સમાન સત્તા છે, પણ તે તો જે સમજે તેને પ્રગટ થાય. તે પ્રગટ થવામાં સદ્ગુરૂની આજ્ઞાથી પ્રવર્ત્તવું, તથા સદ્ગુરૂએ ઉપદેશેલી એવી જિનદશાનો વિચાર કરવો તે બેય નિમિત્ત કારણ છે. ૧૩૫.

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬.

સદ્ગુરૂઆજ્ઞા આદિ તે આત્મસાધનનાં નિમિત્ત કારણ છે, અને આત્માનાં જ્ઞાન દર્શનાદિ ઉપાદાન કારણ છે; એમ શાસ્ત્રમાં કહ્યું છે; તેથી ઉપાદાનનું નામ લઈ જે કોઇ તે નિમિત્તને તજશે તે સિદ્ધપણાને નહીં પામે, અને ભ્રાંતિમાં વર્ત્યા કરશે, કેમકે સાચા નિમિત્તના નિષેધાર્થે તે ઉપાદાનની વ્યાખ્યા શાસ્ત્રમાં કહી નથી, પણ ઉપાદાન અજાગ્રત રાખવાથી તારૂં સાચા નિમિત્ત મળ્યા છતાં કામ નહીં થાય, માટે સાચાનિમિત્ત મળ્યે તે નિમિત્તને અવલંબીને ઉપાદાન સન્મુખ કરવું, અને પુરૂષાર્થરહિત ન થવું; એવો શાસ્ત્રકારે કહેલી તે વ્યાખ્યાનો પરમાર્થ છે. ૧૩૬.

મુખથી જ્ઞાન કથે અને, અંતર્ છૂટ્યો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭.

મુખથી નિશ્ચયમુખ્ય વચનો કહે છે; પણ અંતર્થી પોતાને જ મોહ છૂટ્યો નથી, એવા પામર પ્રાણી માત્ર જ્ઞાની કહેવરાવવાની કામનાએ સાચા જ્ઞાનીપુરૂષનો દ્રોહ કરે છે. ૧૩૭.

દયા શાંતિ સમતા ક્ષમા, સત્ય ત્યાગ વૈરાગ્ય;
હોય મુમુક્ષુઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮.

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, અને વૈરાગ્ય એ ગુણો મુમુક્ષુના ઘટમાં સદાય સુજાગ્ય એટલે જાગ્રત હોય; અર્થાત્ એ ગુણોવિના તો મુમુક્ષુપણ્ પણ ન હોય. ૧૩૮.

મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી કહિયે ભ્રાંત. ૧૩૯.

મોહભાવનો જ્યાં ક્ષય થયો હોય, અથવા જ્યાં મોહદશા બહુ ક્ષીણ થઇ હોય, ત્યાં જ્ઞાનીની દશા કહીએ, અને બાકી તો જેણે પોતામાં જ્ઞાન માની લીધું છે, તેને ભ્રાંતિ કહીએ. ૧૩૯.

સકળ જગત્ તે એંઠવત્, અથવા સ્વપ્નસમાન;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦.

સમસ્ત જગત્ જેણે એંઠજેવું જાણ્યું છે, અથવા સ્વપ્નજેવું જગત્ જેને જ્ઞાનમાં વર્તે છે, તે જ્ઞાનીની દશા છે, બાકી માત્ર વાચાજ્ઞાન એટલે કહેવામાત્ર જ્ઞાન છે. ૧૪૦.

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્ત્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહીં સંદેહ. ૧૪૧.

પાંચે સ્થાનકને વિચારીને જે છઠ્ઠે સ્થાનકે વર્ત્તે, એટલે તે મોક્ષના જે ઉપાય કહ્યા છે તેમાં પ્રવર્ત્તે તે પાંચમું સ્થાનક એટલે મોક્ષપદ તેને પામે. ૧૪૧.

દેહ છતાં જેની દશા, વર્ત્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત! ૧૪૨.

પૂર્વપ્રારબ્ધયોગથી જેને દેહ વર્ત્તે છે, પણ તે દેહથી અતીત એટલે દેહાદિની કલ્પનારહિત આત્મામય જેની દશા વર્ત્તે છે, તે જ્ઞાનીપુરૂષના ચરણકમળમાં અગણિત વાર વંદન હો! ૧૪૨.

શ્રીસદ્ગુરૂચરણાર્પણમસ્તુ.

સં૦ ૧૯૫૨ ના આશ્વિન વદ ૧, ગુરૂવારે, નડિયાદ.

૪૪૩.

ૐ

જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો —

જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યા વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧.

નહીં ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહીં કવિ-ચાતુરી,
નહીં મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહીં ભાષા ઠરી;
નહીં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૨.

આ જીવ, આ દેહ, એવો ભેદ જો ભાસ્યો નહીં;
પચખાણ કીધાં ત્યાં સુધી મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૩.

કેવળ નહીં બ્રહ્મચર્યથી,
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો;
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૪,

શાસ્ત્રો વિશેષ સહીત પણ, જો જાણિયું નિજ રૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫.

આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનિના પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;
નિજકલ્પનાથી કોટી શાસ્ત્રો, માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૬.

ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વના,
શ્રીનંદીસૂત્રે ભાખિયાં છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;

પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરે,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો, ૭.

વ્રત નહીં પચ્ચખાણ નહીં, નહીં ત્યાગ વસ્તુ કોઇનો,
મહા પદ્મ તીર્થંકર થશે, શ્રેણીક ઠાણુંગ જોઈ લ્યો;
છેદ્યો અનંતા, ૮.

સં. ૧૯૫૨, આશો, આનંદ.

૪૪૪.

સદ્ગુરૂના ઉપદેશથી, સમજે જિનનું રૂપ;
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ.
પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય;
સમજો જિનસ્વભાવ તો, આત્મભાનનો ગુજ્ય.

સદ્ગુરૂના ઉપદેશથી જે જિનનું સ્વરૂપ સમજે, તે પોતાના સ્વરૂપથી દશા પામે, કેમકે શુદ્ધ આત્માપણુ એ જ જિનનું સ્વરૂપ છે, અથવા રાગ, દ્વેષ અને અજ્ઞાન જિનને વિષે નથી; તે જ શુદ્ધ આત્મપદ છે, અને તે પદ તો સત્તાએ સર્વ જીવનું છે, તે સદ્ગુરૂ–જિનને અવલંબીને અને જિનના સ્વરૂપને કહેવે કરી મુમુક્ષુ જીવને સમજાય છે.[1]

નડિયાદ, આશો વદ ૨, ૧૯૫૨.

૪૪૫.[2]

સ્વરૂપસ્થિત ઇચ્છારહિત, વિચરે પૂર્વપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરૂલક્ષણ યોગ્ય.

આત્મસ્વરૂપને વિષે જેની સ્થિતિ છે. વિષય અને માન પૂજાદિ ઇચ્છાથી રહિત છે, અને માત્ર પૂર્વે ઉત્પન્ન થયેલા એવા કર્મના પ્રયોગથી જે વિચરે છે; જેમની વાણી અપૂર્વ છે, અર્થાત્ નિજઅનુભવસહિત જેનો ઉપદેશ હોવાથી અજ્ઞાનીની વાણી કરતાં પ્રત્યક્ષ જૂદી પડે છે, અને પરમશ્રુત એટલે ષટ્દર્શનના યથાસ્થિત જાણ હોય, એ સદ્ગુરૂનાં યોગ્ય લક્ષણો છે.

અત્રે સ્વરૂપસ્થિત એવું પ્રથમપદ કહ્યું તેથી જ્ઞાનદશા કહી, ઇચ્છારહિતપણુ કહ્યું તેથી ચારિત્રદશા કહી, ઇચ્છારહિત હોય તે વિચરી કેમ શકે ? એવી આશંકા, 'પૂર્વપ્રયોગ એટલે પૂર્વનાં બંધાયેલાં પ્રારબ્ધથી વિચરે છે; વિચરવા આદિની બાકી જેને કામના નથી,' એમ કહી (એવી આશંકા) નિવૃત્ત કરી; અપૂર્વ વાણી એમ કહેવાથી વચનાતિશયતા કહી, કેમકે તે વિના મુમુક્ષુને ઉપકાર ન થાય; પરમશ્રુત કહેવાથી ષટ્દર્શન અવિરૂદ્ધ દશાએ જાણનાર કહ્યા, એટલે શ્રુતજ્ઞાનનું વિશેષપણુ દર્શાવ્યું.

આશંકા—વર્ત્તમાનકાળમાં સ્વરૂપસ્થિત પુરૂષ હોય નહીં, એટલે જે સ્વરૂપસ્થિત વિશેષણ વાળા સદ્ગુરૂ કહ્યા છે, તે આજે હોવાયોગ્ય નથી.

સમાધાન—વર્ત્તમાનકાળમાં કદાપિ એમ કહેલું હોય તો કહેવાય કે 'કેવળભૂમિકા' ને વિષે એવી સ્થિતિ અસંભવિત છે, પણ આત્મજ્ઞાન જ ન થાય એમ કહેવાય નહીં; અને આત્મ જ્ઞાન છે તે સ્વરૂપસ્થિતિ છે.

---

૧. આ લેખ લખતાં આ સ્થળેથી અપૂર્ણ મૂકી દીધેલ છે.—સંશોધક.
૨. આ લેખમાં જે જે સ્થળે લીટીઓ મૂકી છે, તે તે સ્થળે મૂળ લેખમાં વચનો લખાયાં નથી.—સંશોધક.

આશંકા—આત્મજ્ઞાન થાય તો વર્ત્તમાન કાળમાં મુક્તિ થવી જોઇએ અને જિનાગમમાં ના કહી છે.

સમાધાન—એ વચન કદાપિ એકાંતે એમ જ એમ ગણીએ, તોપણ તેથી એકાવતારીપણાનો નિષેધ થતો નથી, અને એકાવતારીપણું આત્મજ્ઞાનવિના પ્રાપ્ત થાય નહીં.

આશંકા—ત્યાગ વૈરાગ્યાદિના ઉત્કૃષ્ટપણાથી તેને એકાવતારીપણું કહ્યું હશે.

સમાધાન—પરમાર્થથી ઉત્કૃષ્ટ ત્યાગ વૈરાગ્યવિના એકાવતારીપણું થાય જ નહીં, એવો સિદ્ધાંત છે; અને વર્ત્તમાનમાં પણ ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકનો કશો નિષેધ છે નહીં. અને ચોથે ગુણસ્થાનકેથી જ આત્મજ્ઞાનનો સંભવ થાય છે; પાંચમે વિશેષ સ્વરૂપસ્થિતિ થાય છે; છઠ્ઠે ઘણા અંશે સ્વરૂપસ્થિતિ થાય છે, પૂર્વપ્રેરિત પ્રમાદના ઉદયથી માત્ર કંઇક પ્રમાદદશા આવી જાય છે, પણ તે આત્મજ્ઞાનને રોધક નથી, ચારિત્રને રોધક છે.

આશંકા—અત્રે તો સ્વરૂપસ્થિત એવું પદ વાપર્યું છે, અને સ્વરૂપસ્થિતપદ તો તેરમે ગુણસ્થાનકે જ સંભવે છે.

સમાધાન—સ્વરૂપસ્થિતિની પરાકાષ્ઠા તો ચૌદમા ગુણસ્થાનકને છેડે થાય છે, કેમકે નામ ગોત્રાદિ ચાર કર્મનો નાશ ત્યાં થાય છે, તે પહેલાં કેવળીને ચાર કર્મનો સંગ છે, તેથી સંપૂર્ણ સ્વરૂપસ્થિતિ તો તેરમે ગુણસ્થાનકે પણ કહેવાય.

આશંકા—ત્યાં નામાદિ કર્મથી કરીને અવ્યાબાધ સ્વરૂપસ્થિતિની ના કહે તો તે ઠીક છે; પણ કેવળજ્ઞાનરૂપ સ્વરૂપસ્થિતિ છે, તેથી સ્વરૂપસ્થિતિ કહેવામાં દોષ નથી, અને અત્રે તો તેમ નથી, માટે સ્વરૂપસ્થિતપણુ કેમ કહેવાય.

સમાધાન—કેવળજ્ઞાનને વિશે સ્વરૂપસ્થિતિનું તારતમ્ય વિશેષ છે; અને ચોથે, પાંચમે, છઠ્ઠે, ગુણસ્થાનકે તેથી અલ્પ છે, એમ કહેવાય; પણ સ્વરૂપસ્થિતિ નથી એમ ન કહી શકાય. ચોથે ગુણસ્થાનકે મિથ્યાત્વમુક્તદશા થવાથી આત્મસ્વભાવઆવિર્ભાવપણુ છે, અને સ્વરૂપસ્થિતિ છે; પાંચમે ગુણસ્થાનકે દેશે કરીને ચારિત્રઘાતક કષાયો રોકાવાથી આત્મસ્વભાવનું ચોથા કરતાં વિશેષ આવિર્ભાવપણુ છે, અને છઠ્ઠામાં કષાયો વિશેષ રોકાવાથી સર્વ ચારિત્રનું ઉદયપણુ છે, તેથી આત્મસ્વભાવનું વિશેષ આવિર્ભાવપણુ છે. માત્ર છઠ્ઠે ગુણસ્થાનકે પૂર્વનિબંધિત કર્મના ઉદયથી પ્રમતદશા કવચિત્ વર્ત્તે છે તેને લીધે 'પ્રમત્ત' સર્વ ચારિત્ર કહેવાય, પણ તેથી સ્વરૂપસ્થિતિમાં વિરોધ નહીં, કેમકે આત્મસ્વભાવનું બાહુલ્યતાથી આવિર્ભાવપણુ છે, વળી આગમ પણ એમ કહેછે કે, ચોથે ગુણસ્થાનકેથી તેરમા ગુણસ્થાનકસુધી આત્મપ્રતીતિ સમાન છે; જ્ઞાનનો તારતમ્યભેદ છે. વળી ઠામ ઠામ એકાન્તપણે વિચરવાનો નિષેધ કર્યો છે, અને સદ્ગુરૂની સેવામાં વિચરવાનો જ ઉપદેશ કર્યો છે; તેથી પણ એમ સમજાય છે કે, જીવને હિતકારી અને મુખ્ય માર્ગ તે જ, અને અસદ્ગુરૂથી પણ કલ્યાણ થાય એમ કહેવું તે તો તીર્થંકરાદિની જ્ઞાનીની આસાતના કરવાસમાન છે, કેમકે તેમાં અને સદ્ગુરૂમાં કંઈ ભેદ ન પડયો; જન્માંધ, અને અત્યંત શુદ્ધ નિર્મળ ચક્ષુવાળાનું કંઇ ન્યૂનાધિકપણુ ઠર્યું જ નહીં. વળી કોઈ 'શ્રી ઠાણાંગસૂત્ર' ની ચોભંગી ગ્રહણ કરીને એમ કહે કે 'અભવ્યના તાર્યા પણ તરે,' તો તે વચન પણ વદતોવ્યાઘાત જેવું છે; એક તો મૂળમાં 'ઠાણાંગ'માં તે પ્રમાણે પાઠજ નથી; જે પાઠ છે તે આ પ્રમાણે છે:———

તેનો શબ્દાર્થ આ પ્રમાણે છે:———

———

તેનો વિશેષાર્થ ટીકાકારે આ પ્રમાણે કર્યો છે:———

———

જેમાં કોઇ સ્થળે અભવ્યના તાર્યા તરે એવું કહ્યું નથી; અને કોઇ એક ટબામાં કોઇએ એવું વચન લખ્યું છે તે તેની સમજનું અયથાર્થપણું સમજાય છે.

કદાપિ એમ કોઇ કહે કે, અભવ્ય કહે છે તે યથાર્થ નથી. એમ ભાસવાથી યથાર્થ શું છે? તેનો લક્ષ થવાથી સ્વવિચારને પામીને તર્યા એમ અર્થ કરીએ, તો તે એક પ્રકારે સંભવિત થાય છે, પણ તેથી અભવ્યના તાર્યા તર્યા એમ કહી શકાતું નથી, એમ વિચારી જે માર્ગેથી અનંત જીવ તર્યા છે, તરે છે, અને તરશે તે માર્ગને અવગાહવો અને સ્વકલ્પિત અર્થનો માનાદિની જાળવણી છોડી દઇ ત્યાગ કરવો એ જ શ્રેય છે. જો અભવ્યથી તરાય છે એમ તમે કહો, તો તો અવશ્ય નિશ્ચય થાય છે કે, અસદ્‌ગુરૂથી તરાશે એમાં કશો સંદેહ નથી; અને અશોચ્યા કેવળી જેમણે પૂર્વે કોઈ પાસેથી ધર્મ સાંભળ્યો નથી તેને, કોઈ તથારૂપ આવરણના ક્ષયથી જ્ઞાન ઉપજ્યું છે એમ શાસ્ત્રમાં નિરૂપણ કર્યું છે, તે આત્માનું મહાત્મ્ય દર્શાવવા, અને જેને સદ્‌ગુરૂ-યોગ ન હોય તેને જાગ્રત કરવા, તે તે અનેકાંતમાર્ગ નિરૂપણ કરવા, દર્શાવ્યું છે; પણ સદ્‌ગુરૂ-આજ્ઞાએ પ્રવર્ત્તવાનો માર્ગ ઉપેક્ષિત કરવા દર્શાવ્યું નથી. વળી એ સ્થળે તો, ઉલટું, તે માર્ગ ઉપર દૃષ્ટિ આવવા, વધારે સબળ કર્યું છે, અને કહ્યું છે કે, તે અશોચ્યા કેવળી

અર્થાત્ અશોચ્યા કેવળીનો આ પ્રસંગ સાંભળીને કોઇએ જે શાશ્વતમાર્ગ ચાલ્યો આવે છે, તેના નિષેધપ્રત્યે જવું એવો આશય નથી; એમ નિવેદન કર્યું.

કોઇ તીવ્ર આત્માર્થીને એવો કદાપિ સદ્‌ગુરૂનો યોગ ન મળ્યો હોય, અને તેની તીવ્ર કામનામાંનેકામનામાં જ નિજવિચારમાં પડવાથી, અથવા તીવ્ર આત્મર્થને લીધે નિજવિચારમાં પડવાથી આત્મજ્ઞાન થયું હોય તો તે સદ્‌ગુરૂમાર્ગનો ઉપેક્ષિત નહીં એવો, અને સદ્‌ગુરૂથી પોતાને જ્ઞાન મળ્યું નથી માટે મોટો છું એવો નહીં હોય, તેને થયું હોય; એમ વિચારી વિચારવાન જીવે શાશ્વત મોક્ષમાર્ગનો લોપ ન થાય તેવું વચન પ્રકાશવું જોઇએ. એક ગામથી બીજે ગામ જવું હોય અને તેનો માર્ગ દીઠો ન હોય એવો પોતે પચાશ વર્ષનો પુરૂષ હોય, અને લાખો ગામ જોઈ આવ્યો હોય તેને પણ તે માર્ગની ખબર પડતી નથી, અને કોઇને પૂછે ત્યારે જણાય છે, નહીં તો ભૂલ ખાય છે; અને તે માર્ગને જાણનાર એવું દશ વર્ષનું બાળક પણ તેને તે માર્ગ દેખાડે છે તેથી તે પહોંચી શકે છે; એમ લૌકિકમાં અથવા વ્યવહારમાં પણ પ્રત્યક્ષ છે, માટે જે આત્માર્થી હોય, અથવા જેને આત્માર્થની ઇચ્છા હોય તેણે સદ્‌ગુરૂના યોગે તરવાના કામી જીવનું કલ્યાણ થાય એ માર્ગ લોપવો ઘટે નહીં, કેમકે તેથી સર્વ જ્ઞાનીપુરૂષની આજ્ઞા લોપવા બરાબર થાય છે.

સમજવાથી પરમાર્થ થાય છે તે જાણતો નથી. વળી જેમ દયા દાનાદિકનું શાસ્ત્રોમાં નિષ્ફળપણું કહ્યું છે તેમ, નવપૂર્વસુધી ભળ્યા છતાં તે પણ અફળ ગયું એમ જ્ઞાનનું પણ નિષ્ફળપણું કહ્યું છે, તો તે શુષ્કજ્ઞાનનો જ નિષેધ છે. એમ છતાં તેનો લક્ષ તેને થતો નથી, કેમકે જ્ઞાની બનવાના માને આત્મા મૂઢતાને પામ્યો છે. તેથી તેને વિચારનો અવકાશ રહ્યો નથી. એમ ક્રિયાજડ અથવા શુષ્કજ્ઞાની તે બન્ને ભૂલ્યા છે, અને તે પરમાર્થ પામવાની વાંછા રાખે છે, અથવા પરમાર્થ પામ્યા છીએ એમ કહે છે, તે માત્ર તેમનો દુરાગ્રહ તે પ્રત્યક્ષ દેખાય છે. જો સદ્‌ગુરૂનાં ચરણ સેવ્યાં હોત, તો એવા દુરાગ્રહમાં પડી જવાનો વખત ન આવત, અને આત્મસાધનમાં જીવ દોરાત, અને તથારૂપ સાધનથી પરમાર્થને પામત, અને નિજપદનો લક્ષ લેત; અર્થાત્ તેની વૃત્તિ આત્મ

સન્મુખ થાય. પૂર્વે સદ્‌ગુરૂનો યોગ તો ઘણી વખત થયો છે, છતાં જીવનું કલ્યાણ થયું નહીં, જેથી સદ્‌ગુરૂના ઉપદેશનું એવું કંઈ વિશેષપણું દેખાતું નથી, એમ આશંકા થાય તો તેનો ઉત્તર બીજા પદમાં જ કહ્યો છે કે, જે પોતાના પક્ષને ત્યાગી દઇ સદ્‌ગુરૂના ચરણને સેવે, તે પરમાર્થને પામે. અર્થાત્ પૂર્વે સદ્‌ગુરૂનો યોગ થવાની વાત સત્ય છે, પરંતુ ત્યાં જીવે તેને સદ્‌ગુરૂ જાણ્યા નથી, અથવા ઓળખ્યા નથી, પ્રતીત્યા નથી, અને તેની પાસે પોતાનાં માન અને મત મૂક્યાં નથી; અને તેથી સદ્‌ગુરૂનો ઉપદેશ પરિણામ પામ્યો નહીં, અને પરમાર્થની પ્રાપ્તિ થઈ નહીં એમ જો પોતાનો મત એટલે સ્વચ્છંદ અને કુળધર્મનો આગ્રહ દૂર કરીને સદુપદેશ ગ્રહણ કરવાનો કામી થયો હોત તો અવશ્ય પરમાર્થ પામત. અત્રે અસદ્‌ગુરૂએ દૃઢ કરાવેલા દુર્બોધથી અથવા માનાદિકના તીવ્ર કામીપણાથી એમ પણ આશંકા થવી સંભવે છે કે "કૈક જીવોનાં પૂર્વે કલ્યાણ થયાં છે; અને તેમને સદ્‌ગુરૂના ચરણ સેવ્યાવિના કલ્યાણની પ્રાપ્તિ થઈ છે, અથવા અસદ્‌ગુરૂથી પણ કલ્યાણની પ્રાપ્તિ થાય: અસદ્‌ગુરૂને પોતાને ભલે માર્ગની પ્રતીતિ નથી, પણ બીજાને તે પમાડી શકે; એટલે બીજો તે માર્ગની પ્રતીતિ, તેનો ઉપદેશ સાંભળીને કરે તો તે પરમાર્થને પામે; માટે સદ્‌ગુરૂચરણને સેવ્યાવિના પણ પરમાર્થની પ્રાપ્તિ થાય." એવી આશંકાનું સમાધાન કરે છે: યદ્યપિ કોઈ જીવો પોતે વિચાર કરતાં બુઝ્યા છે, એવો શાસ્ત્રમાં પ્રસંગ છે; પણ કોઇ સ્થળે એવો પ્રસંગ રહ્યો નથી કે, અસદ્‌ગુરૂથી અમુક બુઝ્યા. હવે, કોઇ પોતે વિચાર કરતાં બુઝ્યા છે એમ કહ્યું છે તેમાં, શાસ્ત્રોનો કહેવાનો હેતું એવો નથી કે, સદ્‌ગુરૂની આજ્ઞાએ વર્ત્તવાથી જીવનું કલ્યાણ થાય છે એમ અમે કહ્યું છે, પણ તે વાત યથાર્થ નથી; અથવા સદ્‌ગુરૂની આજ્ઞાનું જીવને કંઇ કારણ નથી એમ કહેવાને માટે. તેમ જે જીવો પોતાના વિચારથી સ્વયંબોધ પામ્યા છે એમ કહ્યું છે તે પણ વર્ત્તમાનદેહે પોતાના વિચારથી, અથવા બોધથી બુઝ્યા કહ્યા છે, પણ પૂર્વે તે વિચાર અથવા બોધ તેણે સન્મુખ કર્યો છે તેથી વર્ત્તમાનમાં તે સ્ફુરાયમાન થવાનો સંભવ છે, તીર્થંકરાદિ 'સ્વયંબુધ' કહ્યા છે તે પણ પૂર્વે ત્રીજે ભવે સદ્‌ગુરૂથી નિશ્ચય સમકિત પામ્યા છે એમ કહ્યું છે. એટલે કે સ્વયંબુધપણું કહ્યું છે તે વર્ત્તમાનદેહની અપેક્ષાએ કહ્યું છે; અને તે સદ્‌ગુરૂના નિષેધને અર્થે કહ્યું નથી; અને જો સદ્‌ગુરૂપદનો નિષેધ કરે તો તે સતદ્દેવ, સદ્‌ગુરૂ, અને સદ્ધર્મની પ્રતીતિ વિના સમકિત કહ્યુ નથી તે, કહેવા માત્ર જ થયું. અથવા જે શાસ્ત્રનું તમે પ્રમાણ લ્યો છો તે શાસ્ત્ર સદ્‌ગુરૂ એવા જિનનાં કહેલાં છે તેથી પ્રમાણિક માનવાયોગ્ય છે, કે કોઇ અસદ્‌ગુરૂનાં કહેલાં છે તેથી, પ્રમાણિક માનવાયોગ્ય છે? જો અસદ્‌ગુરૂનાં શાસ્ત્રો પણ પ્રમાણિક માનાવામાં બાધ ન હોય, તો તો અજ્ઞાન અને રાગ, દ્વેષ આરાધવાથી પણ મોક્ષ થાય એમ કહેવામાં બાધ નથી; તે વિચારવા યોગ્ય છે. 'આચારંગસૂત્ર'માં કહ્યું છે કે:—

પ્રથમ શ્રુત સ્કંધ, પ્રથમાધ્યાયના પ્રથમ ઉદ્દેશે, પ્રથમ વાકય.

આ જીવ પૂર્વેથી આવ્યો છે; પશ્ચિમથી આવ્યો છે; ઉત્તરથી આવ્યો છે: દક્ષિણથી આવ્યો છે; અથવા ઊંચેથી, નીચેથી, કે કોઇ અનેરી દિશાથી આવ્યો છે એમ જે જાણતો નથી તે, મિથ્યા દૃષ્ટિ છે. જે જાણે તે સમ્યગ્દૃષ્ટિ છે. તે જાણવાનાં ત્રણ કારણો આ પ્રમાણે:–તીર્થંકરના ઉપદેશથી, સદ્‌ગુરૂના ઉપદેશથી, અને જાતિસ્મૃતિજ્ઞાનથી. અત્રે જાતિસ્મૃતિજ્ઞાન કહ્યું તે પણ પૂર્વેના ઉપદેશની સંધિ કહી છે.

એટલે પૂર્વે તેને બોધ થવામાં સદ્‌ગુરૂનો અસંભવ ધારવો ઘટતો નથી, વળી ઠામ ઠામ જિનાગમમાં એમ કહ્યું છે કે, " ગુરૂણો છંદાણું વત્ત"–ગુરૂની આજ્ઞાએ ચાલતાં અનંતા જીવો સીઝ્યા,

સીઝે છે, અને સીઝશે. તેમ કોઇ જીવ પોતાના વિચારથી બોધ પામ્યા, તેમાં પ્રાયે પૂર્વે સદ્ગુરૂ-ઉપદેશનું કારણ હોય છે. પણ કદાપિ જ્યાં તેમ ન હોય ત્યાં પણ તે સદ્ગુરૂનો નિત્યકામી રહ્યો થકો સદ્વિચારમાં પ્રેરાતો પ્રેરાતો સ્વવિચારથી આત્મજ્ઞાન પામ્યો એમ કહેવાયોગ્ય છે. અથવા તેને કંઈ સદ્ગુરૂની ઉપેક્ષા નથી; અને જ્યાં સદ્ગુરૂની ઉપેક્ષા વર્ત્તે ત્યાં માનનો સંભવ થાય છે; અને જ્યાં સદ્ગુરૂપ્રત્યે માન હોય ત્યાં કલ્યાણ થવું કહ્યું, કે તેને સદ્વિચાર પ્રેરવાનો આત્મગુણ કહ્યો. તથારૂપ માન આત્મગુણનું અવશ્ય ઘાતક છે. બાહુબળજીમાં અનેક ગુણસમૂહ વિદ્યમાન છતાં નાના અઠ્ઠાણું ભાઇને વંદન કરવામાં પોતાનું લઘુપણુ થશે માટે અત્રે જ ધ્યાનમાં રોકાવું યોગ્ય છે એમ રાખી એક વર્ષસુધી નિરાહારપણે અનેક ગુણસમુદાયે આત્મધ્યાનમાં રહ્યા તોપણ આત્મજ્ઞાન થયું નહીં. બાકી બીજી બધી રીતની યોગ્યતા છતાં એક એ માનના ગુણથી તે જ્ઞાન અટકયું હતું. જ્યારે શ્રી ઋષભદેવે પ્રેરેલી એવી બ્રાહ્મી અને સુંદરી સતીએ તેને તે દોષ નિવેદન કર્યો, અને તે દોષનું ભાન તેને થયું, તથા તે દોષની ઉપેક્ષા કરી અસારત્વ જાણ્યું ત્યારે કેવળજ્ઞાન થયું. તે માન જ અત્રે ચાર ઘનઘાતી કર્મનું મૂળ થઈ વર્ત્યું હતું. વળી બાર બાર મહિનાસુધી નિરાહારપણે, એક લક્ષે, એક આસને, આત્મવિચારમાં રહેનાર એવા પુરૂષને એટલા માને તેવી બારે મહિનાની દશા સફળ થવા ન દીધી અર્થાત્ તે દશાથી માન ન સમજાયું, અને જ્યારે સદ્ગુરૂ એવા શ્રી ઋષભદેવે તે માન છે એમ પ્રેર્યું ત્યારે, મુહૂર્ત્તમાં તે માન વ્યતીત થયું; એ પણ સદ્ગુરૂનું જ મહાત્મ્ય દર્શાવ્યું છે. વળી આખો માર્ગ જ્ઞાનીની આજ્ઞામાં સમાય છે એમ વારંવાર કહ્યું છે. 'આચારંગસૂત્રમાં કહ્યું છે કેઃ—

' ઉત્તરાધ્યયન, ' ' સૂયગડાંગાદિમાં 'માં ઠામ ઠામ એ જ કહ્યું છે.

જો ચોથે ગુણસ્થાનકે સ્વરૂપસ્થિતિ અંશે પણ ન હોય, તો મિથ્યાત્વ જવાનું ફળ શું થયું ? કંઈ જ થયું નહીં. જે મિથ્યાત્વ ગયું તે જ આત્મસ્વભાવનું આવિર્ભાવપણુ છે, અને તે જ સ્વરૂપસ્થિતિ છે, જો સમ્યક્ત્વથી તથારૂપ સ્વરૂપસ્થિતિ ન હોત, તો શ્રેણિકાદિને એકાવતારીપણુ કેમ પ્રાપ્ત થાય ? એક પણ ત્યાં વ્રત, પચ્ચખાણ નથી, અને માત્ર એક જ ભવ જ બાકી રહ્યો એવું અલ્પ સંસારીપણુ થયું તે જ સ્વરૂપસ્થિતિરૂપ સમકિતનું બળ છે. પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાનકે ચારિત્રનું બળ વિશેષ છે, અને મુખ્યપણે ઉપદેશક ગુણસ્થાનક તો છઠ્ઠું અને તેરમું છે. બાકીનાં ગુણસ્થાનકો ઉપદેશકની પ્રવૃત્તિ કરી શકવાયોગ્ય નથી; એટલે તેરમે અને છઠ્ઠે ગુણ-સ્થાનકે તે પદ પ્રવર્ત્તે છે.

નડિયાદ, આશો વદ ૨, ૧૯૫૨.

૪૪૬.

ઘણાને ક્રિયાજડત્વ વર્ત્તે છે, અને ઘણાને શુષ્કજ્ઞાનીપણુ વર્ત્તે છે તેનું શું કારણ હોવું જોઇએ ? એવી આશંકા કરી તેનું સમાધાનઃ–સદ્ગુરૂના ચરણને જે પોતાનો પક્ષ એટલે મત છોડી દઇ સેવે તે પદાર્થને પામે, અને નિજપદનો એટલે આત્મસ્વભાવનો લક્ષ લે, અર્થાત્ ઘણાને ક્રિયાજ-ડત્વ વર્ત્તે છે તેનો હેતુ એ છે કે, અસદ્ગુરૂ કે જે આત્મજ્ઞાન અને આત્મજ્ઞાનના સાધનને જાણતા નથી તેનો તેણે આશ્રય કર્યો છે; જેથી તેનો માત્ર ક્રિયાજડત્વનો એટલે કાયકલેશનો માર્ગ જાણે છે, તેમાં વળગાડે છે, અને કુળધર્મ દૃઢ કરાવે છે; જેથી તેને સદ્ગુરૂનો યોગ મેળવવાની આ-કાંક્ષા થતી નથી, અથવા તેવા યોગ મળ્યે પણ પક્ષની દૃઢ વાસના તેને સદુપદેશસન્મુખ થવા દેતી નથી, એટલે ક્રિયાજડત્વપણુ ટળતું નથી; અને પરમાર્થની પ્રાપ્તિ થતી નથી. અને જે શુષ્ક-

જ્ઞાની છે તેણે પણ સદ્‌ગુરૂના ચરણ સેવ્યા નથી, માત્ર પોતાની મતિ–કલ્પનાથી સ્વચ્છંદપણે અધ્યાત્મ ગ્રંથો વાંચ્યા છે, અથવા શુષ્કજ્ઞાની સમીપથી તેવા ગ્રંથો, કે વચનો સાંભળી લઇને પોતાને વિષે જ્ઞાનીપણું માન્યું છે, અને જ્ઞાની ગણાવાના પદનું એક પ્રકારનું માન છે તેમાં તેને મીઠાશ રહી છે, અને એ તેનો પક્ષ થયો છે. અથવા કોઇ એક કારણવિશેષથી શાસ્ત્રોમાં દયા, દાન, અને હિંસા, પૂજાનું સમાનપણું કહ્યું છે તેવાં વચનોને, તેનો પરમાર્થ સમજ્યાવિના હાથમાં લઇને માત્ર પોતાને જ્ઞાની બનાવા અર્થે, અને પામર જીવના તિરસ્કારના અર્થે તે વચનોનો ઉપયોગ કરે છે, પણ તેવાં વચનો કયે લક્ષે[1] ———

નડિયાદ, આશો વદ ૨, સંવત્ ૧૯૫૨.

૪૪૭.

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન.

વૈરાગ્ય, ત્યાગ, દયાદિ અંતરંગવૃત્તિવાળી ક્રિયા છે, તે જો સાથે આત્મજ્ઞાન હોય, તો સફળ છે: અર્થાત્ ભવનું મૂળ છેદે છે. અથવા વૈરાગ્ય ત્યાગ દયાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે, એટલે જીવમાં પ્રથમ એ ગુણો આવ્યેથી સદ્‌ગુરૂનો ઉપદેશ તેમાં પરિણામ પામે છે. ઉજ્વળ અંતઃકરણવિના સદ્‌ગુરૂનો ઉપદેશ પરિણમતો નથી: તથા વૈરાગ્યાદિ આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં સાધનો છે એમ કહ્યું. અત્રે જે જીવો ક્રિયાજડ છે તેને એવો ઉપદેશ કર્યો કે, કાયા જ માત્ર રોકવી તે કાંઈ આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ નથી. વૈરાગ્યાદિ ગુણો આત્મજ્ઞાનની પ્રાપ્તિના હેતુ છે, માટે તમે તે ક્રિયાને અવગાહો; અને તે ક્રિયામાં પણ અટકીને રહેવું ઘટતું નથી, કેમકે આત્મજ્ઞાનવિના તે પણ ભવનું મૂળ છેદી શકતાં નથી; માટે આત્મજ્ઞાનની પ્રાપ્તિને અર્થે તે વૈરાગ્યાદિ ગુણોમાં વર્ત્તો, અને કાયક્લેશરૂપ, પણ કષાયાદિનું જેમાં તથારૂપ કંઇ ક્ષીણપણું થતું નથી તેમાં, તમે મોક્ષમાર્ગનો દુરાગ્રહ રાખો નહીં; એમ ક્રિયાજડને કહ્યું; અને જે શુષ્કજ્ઞાનીઓ ત્યાગવૈરાગ્યાદિ રહિત છે, માત્ર વાચાજ્ઞાની છે તેને એમ કહ્યું કે, વૈરાગ્યાદિ સાધન છે તે આત્મજ્ઞાનની પ્રાપ્તિનાં કારણો છે; કારણવિના કાર્યની ઉત્પત્તિ થતી નથી; તમે વૈરાગ્યાદિ પણ પામ્યા નથી, તો આત્મજ્ઞાન ક્યાંથી પામ્યા હો તે કંઈક આત્મામાં વિચારો, સંસારપ્રત્યે બહુ ઉદાસીનતા, દેહની મૂર્છાનું અલ્પત્વ, ભોગમાં અનાસક્તિ. તથા માનાદિનું પાતળાપણું એ આદિ ગુણોવિના તો આત્મજ્ઞાન પરિણામ પામતું નથી, અને આત્મજ્ઞાન પામ્યે તો તે ગુણો અત્યંત દૃઢ થાય છે, કેમકે આત્મજ્ઞાનરૂપ મૂળ તેને પ્રાપ્ત થયું; તેને બદલે તમે આત્મજ્ઞાન અમને છે, એમ માનો છો, અને આત્મામાં તો ભોગાદિ કામનાની અગ્નિ બળ્યા કરે છે; પૂજા સત્કારાદિની કામના વારંવાર સ્ફુરાયમાન થાય છે; સહજ અશાતાએ બહુ આકુળ–વ્યાકુળતા થઈ જાય છે, તે કેમ લક્ષમાં આવતાં નથી કે, આ આત્મજ્ઞાનનાં લક્ષણો નહીં ? ‘ માત્ર માનાદિ કામનાએ આત્મજ્ઞાની કહેવરાવું છઉં, ’ એમ જે સમજવામાં આવતું નથી તે સમજો; અને વૈરાગ્યાદિ સાધનો પ્રથમ તો આત્મામાં ઉત્પન્ન કરો, કે જેથી આત્મજ્ઞાનની સન્મુખતા થાય.

ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

જેના અંતઃકરણમાં ત્યાગ વૈરાગ્યાદિ ગુણો ઉત્પન્ન થયા નથી, એવા જીવને આત્મજ્ઞાન ન થાય, કેમકે મલીન અંતઃકરણરૂપ દર્પણમાં આત્મોપદેશનું પ્રતિબિંબ પડવું ઘટતું નથી. તેમ જ માત્ર ત્યાગ, વિરાગમાં રાચીને કૃતાર્થતા માને તે પણ પોતાના આત્માનું ભાન ભૂલે; અર્થાત્

---

૧. આ લેખ લખતાં આ સ્થાનેથી અપૂર્ણ મૂકી દીધેલો છે.—સંશોધક.

આત્મજ્ઞાન નહીં હોવાથી અજ્ઞાનનું સહચારીપણું છે; જેથી તે ત્યાગ વૈરાગ્યાદિનું માન ઉત્પન્ન કરવા અર્થે અને માનાર્થે સર્વ સંયમાદિ પ્રવૃત્તિ થઈ જાય, જેથી સંસારનો ઉચ્છેદ ન થાય; માત્ર ત્યાં જ અટકવું થાય, અર્થાત્ તે આત્મજ્ઞાનને પામે નહીં એમ ક્રિયાજડને સાધન–ક્રિયા–અને તે સાધનનું જેથી સફળપણું થાય છે એવા આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો, અને શુષ્કજ્ઞાનીને ત્યાગ વિરાગાદિ સાધનનો ઉપદેશ કરી વાચાજ્ઞાનમાં કલ્યાણ નથી એમ પ્રેર્યું.

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ,
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.

જે જે ઠેકાણે જે જે યોગ્ય છે, એટલે જ્યાં ત્યાગ વૈરાગાદિ યોગ્ય હોય ત્યાં વૈરાગ્યાદિ સમજે, જ્યાં આત્મજ્ઞાન યોગ્ય હોય ત્યાં આત્મજ્ઞાન સમજે; એમ જે જ્યાં જોઇએ તે ત્યાં સમજવું, અને ત્યાં ત્યાં તે પ્રમાણે પ્રવર્ત્તવું, એ આત્માર્થી જીવનું લક્ષણ છે, અર્થાત્ મતાર્થી હોય, કે માનાર્થી હોય તે યોગ્ય માર્ગને ગ્રહણ ન કરે; અથવા ક્રિયામાં જ જેને દુરાગ્રહ થયો છે; અથવા શુષ્કજ્ઞાનના જ અભિમાનમાં જેણે જ્ઞાનીપણું માની લીધું છે, તે ત્યાગ વિરાગાદિ સાધનને અથવા આત્મજ્ઞાનને ગ્રહણ ન કરી શકે. જે આત્માર્થી હોય તે જ્યાં જ્યાં જે જે કરવું ઘટે છે તે તે કરે, અને જ્યાં જ્યાં જે જે સમજવું ઘટે છે તે તે સમજે. અથવા જ્યાં જ્યાં જે જે સમજવું ઘટે છે તે તે સમજે, અને જ્યાં જે જે આચરવું ઘટે છે તે તે આચરે તે આત્માર્થી કહેવાય. અત્રે 'સમજવું' અને 'આચરવું' એ બે સામાન્યપદે છે. પણ વિભાગપદે કહેવાનો આશય એવો પણ છે કે, જે જે જ્યાં સમજવું ઘટે તે તે ત્યાં સમજવાની કામના જેને છે, અને જે જે જ્યાં આચરવું ઘટે તે તે ત્યાં આચરવાની જેને કામના છે તે પણ આત્માર્થી કહેવાય.

નડિયાદ, આશો વદ ૨, સંવત્ ૧૯૫૨.

૪૪૮.

"કર્મ જડ છે, તો તે શું સમજે કે, આ જીવને આ રીતે મારે ફળ આપવું, અથવા તે સ્વરૂપે પરિણમવું? માટે જીવ કર્મનો ભોક્તા થવો સંભવતો નથી," એ આશંકાનું સમાધાન નીચેથી થશેઃ—

જીવ પોતાના સ્વરૂપના અજ્ઞાનથી કર્મનો કર્ત્તા છે. તે અજ્ઞાન તે ચેતનરૂપ છે, અર્થાત્ જીવની પોતાની કલ્પના છે, અને તે કલ્પનાને અનુસરીને તેના વીર્યસ્વભાવની સ્ફુર્તિ થાય છે, અથવા તેનું સામર્થ્ય તદનુયાયીપણે પરિણમે છે, અને તેથી જડની ધૂપ એટલે દ્રવ્યકર્મરૂપ પુદ્ગળની વર્ગણાને તે ગ્રહણ કરે છે.

ઝેર અને અમૃત પોતે એમ સમજતાં નથી કે, અમને ખાનારને મૃત્યુ, દીર્ઘાયુષતા થાય છે, પણ સ્વભાવે તેને ગ્રહણ કરનારપ્રત્યે જેમ તેનું પરિણમવું થાય છે; તેમ જીવમાં શુભાશુભ કર્મ પણ પરિણમે છે, અને ફળ સન્મુખ થાય છે; એમ જીવને કર્મનું ભોક્તાપણું સમજાય છે.

તે શુભાશુભ કર્મનું ફળ ન થતું હોય, તો એક રાંક અને એક રાજા એ આદિ જે ભેદ છે, તે ન થવા જોઈએ, કેમકે જીવપણું સમાન છે, તથા મનુષ્યપણું સમાન છે, તો સર્વને સુખ અથવા દુઃખ પણ સમાન જોઇએ; જેને બદલે આવું વિચિત્રપણું જણાય છે, તે જ શુભાશુભ કર્મથી ઉત્પન્ન થયેલો ભેદ છે, કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ થતી નથી. એમ શુભ અને અશુભ કર્મ ભોગવાય છે.

ઝેર ઝેરપણે પરિણમે છે, અને અમૃત અમૃતપણે પરિણમે છે, તેમ અશુભ કર્મ અશુભપણે પરિણમે અને શુભ કર્મ શુભપણે પરિણમે છે, માટે જીવ જેવા જેવા અધ્યવસાયથી કર્મને

ગ્રહણ કરે છે, તેવા તેવા વિપાકરૂપે કર્મ પરિણમે છે; અને જેમ ઝેર અને અમૃત પરિણમી રસે નિઃસત્વ થાય છે, તેમ ભોગથી તે કર્મ દૂર થાય છે.

તેમ જ, "ઇશ્વર જો કર્મફળદાતા ન હોય, અથવા જગત્કર્ત્તા ન ગણીએ. તો કર્મ ભોગવવાનાં વિશેષ સ્થાનકો એટલે નરકાદિ ગતિ આદિ સ્થાન કયાંથી હોય, કેમકે તેમાં તો ઇશ્વરનાં કર્તૃત્વની જરૂર છે ?" એવી આશંકા પણ કરવાયોગ્ય નથી, કેમકે મુખ્યપણે તો ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ દેવલોક છે; અને ઉત્કૃષ્ટ અશુભ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ નરક છે; શુભાશુભ અધ્યવસાય તે મનુષ્ય તિર્યંચાદિ છે, અને સ્થાનવિશેષ એટલે ઉર્ધ્વલોકે દેવગતિ એ આદિ ભેદ છે. જીવસમૂહનાં–કર્મદ્રવ્યનાં પણ–તે પરિણામવિશેષ છે, એટલે તે તે ગતિઓ જીવના કર્મવિશેષ પરિણામાદિ સંભવે છે.

આ વાત ઘણી ગહન છે, કેમકે અચિંત્ય એવું જીવવીર્ય, અચિંત્ય એવું પુદ્ગલસામર્થ્ય એના સંયોગવિશેષથી લોક પરિણમે છે; તેનો વિચાર કરવા માટે ઘણો વિસ્તાર કહેવો જોઇએ; પણ અત્ર તો મુખ્યકરીને આત્મા કર્મનો ભોક્તા છે એટલો લક્ષ કરાવવાનો હોવાથી સાવ સંક્ષેપે આ પ્રસંગ કહ્યો છે.

નડિયાદ, આશો વદ ૨, સં૦ ૧૯૫૨.

૪૪૯.

" ઇશ્વર સિદ્ધ થયા વિના એટલે કર્મફળદાતૃત્વાદિ કોઇ પણ ઇશ્વર ઠર્યા વિના જગતની વ્યવસ્થા રહેવી સંભવતી નથી, " એવા અભિપ્રાય પરત્વે નીચે પ્રમાણે વિચારવા યોગ્ય છેઃ—

જો કર્મનાં ફળને ઇશ્વર આપે છે એમ ગણીએ, તો ત્યાં ઇશ્વિરનું ઇશ્વરપણુ જ રહેતું નથી, કેમકે પરને ફળ દેવા આદિ પ્રપંચમાં પ્રવર્ત્તતાં ઇશ્વરને દેહાદિ અનેક પ્રકારનો સંગ થવો સંભવે છે, અને તેથી યથાર્થ શુદ્ધતાનો ભંગ થાય છે. મુક્ત જીવ જેમ નિષ્ક્રિય એટલે પરભાવાદિનો કર્ત્તા નથી; જો પરભાવાદિનો કર્ત્તા થાય તો તો સંસારની પ્રાપ્તિ થાય છે, તેમ જ ઇશ્વર પણ ફળને ફળદેવા આદિરૂપ ક્રિયામાં પ્રવર્તે તો તેને પણ પરભાવાદિના કર્ત્તાપણાનો પ્રસંગ આવે છે, અને મુક્ત જીવ કરતાં તેનું ન્યૂનત્વ ઠરે છે; તેથી તો તેનું ઇશ્વિરપણુ જ ઉચ્છેદવા જેવી સ્થિતિ થાય છે. વળી જીવ અને ઇશ્વરનો સ્વભાવ ભેદ માનતાં પણ અનેક દોષ સંભવે છે. બન્નેને જો ચૈતન્યસ્વભાવ માનીએ, તો બન્ને સમાન ધર્મના કર્ત્તા થયા; તેમાં ઇશ્વર જગતાદિ રચે અથવા કર્મનું ફળ આપવારૂપ કાર્ય કરે. અને મુક્ત ગણાય; અને જીવ એક માત્ર દેહાદિ સૃષ્ટિ રચે, અને પોતાનાં કર્મોનું ફળ પામવા માટે ઇશ્વરાશ્રય ગ્રહણ કરે, તેમ જ બંધમાં ગણાય, એ યથાર્થ વાત દેખાતી નથી. એવી વિષમતા કેમ સંભવિત થાય ? વળી જીવ કરતાં ઇશ્વિરનું સામર્થ્ય વિશેષ માનિએ તોપણ વિરોધ આવે છે. ઇશ્વર શુદ્ધ ચૈત્યન્યસ્વરૂપ ગણીએ તો શુદ્ધ ચૈતન્ય એવા મુક્ત જીવમાં, અને તેમાં, ભેદ પડવો ન જોઇએ, અને ઇશ્વરથી કર્મનાં ફળ આપવાદિ કાર્ય ન થવાં જોઇએ; અથવા મુક્ત જીવથી પણ તે કાર્ય થવું જોઇએ; અને ઇશ્વિરને જો અશુદ્ધ ચૈતન્યસ્વરૂપ ગણીએ તો તો સંસારી જીવો જેવી તેની સ્થિતિ ઠરે, ત્યાં પછી સર્વજ્ઞાદિ ગુણનો સંભવ કયાંથી થાય ? અથવા દેહધારી–સર્વજ્ઞની પેઠે તેને ' દેહધારી સર્વજ્ઞ ઇશ્વર ' માનીએ તોપણ સર્વ કર્મફળદાતૃત્વરૂપ ' વિશેષ સ્વભાવ' ઇશ્વરમાં કયા ગુણને લીધે માનવાયોગ્ય થાય ? અને દેહ તો નાશ પામવાયોગ્ય છે, તેથી ઇશ્વરનો પણ દેહ નાશ પામે, અને તે મુક્ત થયે કર્મફળદાતૃત્વ ન રહે, એ આદિ અનેક પ્રકારથી ઇશ્વરને કર્મફળદાતૃત્વ કહેતાં દોષ આવે છે, અને ઇશ્વરને તેવે સ્વરૂપે માનતાં તેનું ઇશ્વિરપણુ ઉત્થાપવાસમાન થાય છે.

નડીઆદ, આશો વદ ૨, સંવત્ ૧૯૫૨.

૪૫૦.

" જીવનું સ્વરૂપ અવિનાશી એટલે નિત્ય-ત્રિકાળ રહેવાવાળું-સંભવતું નથી; દેહના યોગથી એટલે દેહના જન્મ સાથે તે જન્મે છે, અને દેહના વિયોગે એટલે દેહના નાશથી તે નાશ પામે છે, " એ આશંકાનું સમાધાન આ પ્રમાણે વિચારશોઃ—

દેહ છે તે જીવને માત્ર સંયોગસંબંધે છે, પણ જીવનું મૂળ સ્વરૂપ ઉત્પન્ન થવાનું કંઈ તે કારણ નથી; અથવા દેહ છે તે માત્ર સંયોગથી ઉત્પન્ન થયેલો એવો પદાર્થ છે. વળી તે જડ એટલે કોઇને જાણતો નથી, પોતાને તે જાણતો નથી, તો બીજાને શું જાણે? વળી દેહ રૂપી છે, સ્થૂળાદિ સ્વભાવવાળો છે, અને ચક્ષુનો વિષય છે; એ પ્રકારે દેહનું સ્વરૂપ છે, તો તે ચેતનનાં ઉત્પત્તિ અને લયને શી રીતે જાણે? અર્થાત્ પોતાને તે જાણતો નથી, તો 'મારાથી આ ચેતન ઉત્પન્ન થયું છે' એમ શી રીતે જાણે? અને 'મારા છૂટી જવા પછી આ ચેતન છૂટી જશે' અર્થાત્ નાશ પામશે એમ જડ એવો દેહ શી રીતે જાણે? કેમકે જાણનારો પદાર્થ તો જાણનાર જ રહે છે, દેહ જાણનાર થઇ શકતો નથી, તો પછી ચેતનનાં ઉત્પત્તિ લયનો અનુભવ કેને વશ્ય કહેવો? દેહને વશ તો કહેવાય એવું છે જ નહીં, કેમકે તે પ્રત્યક્ષ જડ છે, અને તેનું જડપણું જાણનારો એવો તેથી ભિન્ન બીજો પદાર્થ પણ સમજાય છે. જો કદી એમ કહીએ કે, ચેતનનાં ઉત્પત્તિ, લય, ચેતન જાણે છે, તો તે વાત તો બોલતાં જ વિઘ્ન પામે છે, કેમકે ચેતનનાં ઉત્પત્તિ, લય જાણનાર તરીકે ચેતનનોજ અંગીકાર કરવો પડયો, એટલે એ વચન તો માત્ર અપસિદ્ધાંતરૂપ અને કહેવા માત્ર થયું. જેમ 'મારા મોઢામાં જીભ નથી' એવું વચન કોઈ કહે તેમ ચેતનનાં ઉત્પત્તિ, લય ચેતન જાણે છે, માટે ચેતન નિત્ય નથી એવું કહીએ તે તેવું પ્રમાણ થયું. તે પ્રમાણનું કેવું યથાર્થપણું છે તે તમે જ વિચારી જુઓ. દેહની ઉત્પત્તિ અને લયનું જ્ઞાન થાય નહીં; અથવા જેની ઉત્પત્તિ અને લય જે જાણે છે, તે તેથી જૂદો જ હોય, કેમકે તે ઉત્પત્તિલયરૂપ ન ઠર્યો, પણ તેનો જાણનાર ઠર્યો; માટે તે બેની એકતા કેમ થાય? જે જે દેહાદિ સંયોગો દેખાય છે, તે તે અનુભવ સ્વરૂપ એવા આત્માનાં દૃશ્ય છે; અર્થાત્ આત્મા તેને જુએ છે અને જાણે છે, એવા પદાર્થ છે, તે બધા સંયોગોનો વિચાર કરી જુઓ, તો કોઇ પણ સંયોગોથી અનુભવસ્વરૂપ એવો આત્મા ઉત્પન્ન થઈ શકવા યોગ્ય તમને જણાશે નહીં; કોઇ પણ સંયોગો તમને જાણતા નથી, અને તમે તે સર્વ સંયોગોને જાણો છો એ જ તમારૂં તેથી જૂદાપણું અને અસંયોગીપણું એટલે તે સંયોગોથી ઉત્પન્ન નહીં થવાપણું સહજે સિદ્ધ થાય છે, અને અનુભવમાં આવે છે; તેથી એટલે કોઈ પણ સંયોગોથી જેની ઉત્પત્તિ થઈ શકતી નથી, કોઇપણ સંયોગો જેની ઉત્પત્તિ માટે આવી શકતા નથી; જે જે સંયોગો કલ્પીએ તેથી તે અનુભવ ન્યારો ને ન્યારોજ માત્ર તેને જાણનારરૂપે જ રહે છે; તે અનુભવસ્વરૂપ આત્માને તમે નિત્ય અને અસ્પર્શ્ય એટલે તે સંયોગોના ભાવરૂપ સ્પર્શને પામ્યો નથી, એમ જાણો. કોઇ પણ સંયોગોથી જે ઉત્પન્ન ન થયું હોય, અર્થાત્ પોતાના સ્વભાવથી કરીને જે પદાર્થ સિદ્ધ હોય. તેનો લય બીજા કોઇ પણ પદાર્થમાં થાય નહીં, અને જો બીજા પદાર્થમાં તેનો લય થતો હોય, તો તેમાંથી તેની પ્રથમ ઉત્પત્તિ થવી જોઇતી હતી, નહીંતો તેમાં તેની લયરૂપ ઐકયતા થાય નહીં, માટે આત્મા અનુત્પન્ન અને અવિનાશ જાણીને નિત્ય છે, એવી પ્રતીતિ કરવી યોગ્ય લાગશે. સર્પમાં જન્મથી ક્રોધનું વિશેષપણું જેવામાં આવે છે; પારેવાને વિષે જન્મથી જ નિર્હિંસકપણું જેવામાં આવેછે; માંકડ આદિ જંતુઓને પકડતાં, તે પકડવાથી દુઃખ થાયછે એવી ભયસંજ્ઞા પ્રથમથી તેના અનુભવમાં રહી છે તેથી, તે નાશી જવાનું પ્રયત્ન કરે છે; કોઈ પ્રાણીમાં જન્મથી પ્રીતિનું,

કેકમાં સમતાનું, કેકમાં વિશેષ નિર્ભયતાનું, કેકમાં ગંભીરતાનું, કેકમાં વિશેષ ભયસંજ્ઞાનું, કેકમાં કામાદિ પ્રત્યે અસંગતાનું, અને કેકને આહારાદિ વિષે અધિક અધિક લુબ્ધપણાનું, વિશેષપણું જોવામાં આવે છે; એ આદિ ભેદ એટલે ક્રોધાદિ સંજ્ઞાના ન્યૂનાધિકપણા આદિથી, તેમ જ તે તે પ્રકૃતિઓ જન્મથી સહચારીપણે રહી જોવામાં આવે છે તેથી, તેનું કારણ પૂર્વના સંસ્કારો જ સંભવે છે. કદાપિ એમ કહીએ કે, ગર્ભમાં વીર્ય રેતના ગુણના યોગથી તે તે પ્રકારના ગુણો ઉત્પન્ન થાય છે, પણ તેમાં પૂર્વજન્મ કંઇ કારણભૂત નથી. એ કહેવું પણ યથાર્થ નથી. જે મા બાપો કામને વિષે વિશેષ પ્રીતિવાળાં જોવામાં આવે છે, તેના પુત્રો પરમ વીતરાગ જેવા બાળપણાથી જ જોવામાં આવે છે; વળી જે મા બાપોમાં ક્રોધનું વિશેષપણું જોવામાં આવે છે, તેની સંતતિમાં સમતાનું વિશેષપણું દષ્ટિગોચર થાય છે, તે શી રીતે થાય ? વળી તે વીર્ય રેતના તેવા ગુણો સંભવતા નથી, કેમકે તે વીર્ય રેત પોતે ચેતન નથી. તેમાં ચેતન સંચરે છે, એટલે દેહ ધારણ કરે છે; એથી કરીને વીર્ય રેતને આશ્રયે ક્રોધાદિ ભાવ ગણી શકાય નહીં. ચેતનવિના કોઇ પણ સ્થળે તેવા ભાવો અનુભવમાં આવતા નથી; માત્ર તે ચેતનાશ્રિત છે; એટલે વીર્ય રેતના ગુણો નથી; જેથી તેનાં ન્યૂનાધિકે કરી ક્રોધાદિનું ન્યૂનાધિકપણું મુખ્યપણે થઇ શકવાયોગ્ય નથી. ચેતનના ઓછા અધિકા પ્રયોગથી ક્રોધાદિનું ન્યૂનાધિકપણું થાય છે, જેથી ગર્ભના વીર્ય રેતનો ગુણ નહીં, પણ ચેતનનો તે ગુણને આશ્રય છે; અને તે ન્યૂનાધિકપણું તે ચેતનના પૂર્વના અભ્યાસથી જ સંભવે છે, કેમકે કારણવિના કાર્યની ઉત્પત્તિ ન થાય, ચેતનનો પૂર્વપ્રયોગ તથાપ્રકારે હોય, તો તે સંસ્કાર વર્ત્તે; જેથી આ દેહાદિ પ્રથમના સંસ્કારોનો અનુભવ થાય છે, અને તે સંસ્કારો પૂર્વજન્મ સિદ્ધ કરે છે, અને પૂર્વજન્મની સિદ્ધિથી આત્માની નિત્યતા સહજે સિદ્ધ થાય છે.

નડિયાદ, સંવત્ ૧૯૫૨ ના આશો વદ ૨.

૪૫૧.

જો ચેતનની પ્રેરણા ન હોય, તો કર્મ કોણ ગ્રહણ કરે ? પ્રેરણાપણે ગ્રહણ કરાવવારૂપ સ્વભાવ જડનો છે જ નહીં; અને એમ હોય તો ઘટ, પટાદિ પણ ક્રોધાદિ ભાવમાં પરિણમવા જોઈએ, અને કર્મના ગ્રહણકર્ત્તા હોવા જોઇએ, પણ તેવો અનુભવ તો કોઇને ક્યારે પણ થતો નથી; જેથી ચેતન એટલે જીવ કર્મ ગ્રહણ કરે છે, એમ સિદ્ધ થાય છે; અને તે માટે કર્મનો કર્ત્તા કહીએ છીએ. અર્થાત્ એમ જીવ કર્મનો કર્ત્તા છે. તમે એમ પૂછ્યું કે, "કર્મના કર્ત્તા કર્મ કહેવાય કે કેમ ?" તેનું પણ સમાધાન આથી તમને થશે કે, જડ કર્મમાં પ્રેરણારૂપ ધર્મ નહીં હોવાથી તે તે રીતે ગ્રહણ કરવાને અસમર્થ છે; અને કર્મનું કરવાપણું જીવને છે, કેમકે તેને વિષે પ્રેરણાશક્તિ છે. હવે તમે અનાયાશથી તે કર્મો થતાં હોય, એમ કહ્યું તે વિચારીએ. અનાયાસ એટલે શું ? આત્માએ નહીં ચિંતવેલું ? અથવા આત્માનું કંઈ પણ કર્તૃત્વ છતાં પ્રવર્ત્તેલું નહીં ? અથવા ઇશ્વરાદિ કોઈ કર્મ વળગાડી દે તેથી થયેલું ? અથવા પ્રકૃતિ પરાણે વળગે તેથી થયેલું? એવા મુખ્ય ચાર વિકલ્પથી અનાયાસકર્ત્તાપણું વિચારવાયોગ્ય છે. પ્રથમ વિકલ્પ આત્માએ નહિં ચિંતવેલો એવો છે. જો તેમ થતું હોય તો તો કર્મનું ગ્રહવાપણું રહેતું જ નથી, અને જ્યાં ગ્રહવાપણું રહે નહીં ત્યાં કર્મનું હોવાપણું સંભવતું નથી, અને જીવ તો પ્રત્યક્ષ ચિંતવન કરે છે; અને ગ્રહણાગ્રહણ કરે છે; એમ અનુભવ થાય છે. જેમાં તે કોઈ પણ રીતે પ્રવર્ત્તતો જ નથી, તેવા ક્રોધાદિ ભાવ તેને સંપ્રાપ્ત થતા જ નથી; તેથી એમ જણાય છે કે, નહીં ચિંતવેલાં અથવા આત્માથી નહીં પ્રવર્ત્તેલાં એવાં કર્મોનું ગ્રહણ તેને થવાયોગ્ય નથી, એટલે એ બન્ને પ્રકારે અનાયાસ કર્મનું ગ્રહણ સિદ્ધ થતું નથી, ત્રીજો પ્રકાર ઇશ્વરાદિ કોઇ કર્મ વળગાડી દે તેથી અનાયાસ કર્મનું ગ્રહણ થાય છે એમ કહીએ, તો તે ઘટતું નથી. પ્રથમ તો ઇશ્વરનું સ્વરૂપ નિર્ધારવું

ઘટે છે; અને એ પ્રસંગ પણ વિશેષ સમજવાયોગ્ય છે; તથાપિ અત્રે ઇશ્વર. કે વિષ્ણુઆદિ કર્ત્તાનો કોઈ રીતે સ્વીકાર કરી લઈએ છીએ, અને તે પર વિચાર કરીએ છીએ: જો ઇશ્વરાદિ કર્મના વળગાડનાર હોય તો તો જીવ નામનો વચ્ચે કોઈ પણ પદાર્થ રહ્યો નહીં, કેમકે પ્રેરણાદિ ધર્મે કરીને તેનું અસ્તિત્વ સમજાતું હતું, તે પ્રેરણાદિ તો ઇશ્વરકૃત ઠર્યાં, અથવા ઇશ્વરના ગુણ ઠર્યા; તો પછી બાકી જીવનું સ્વરૂપ શું રહ્યું કે તેને જીવ એટલે આત્મા કહીએ ? એટલે કર્મ ઇશ્વરપ્રેરિત નહીં, પણ આત્માનાં પોતાનાં જ કરેલાં હોવાયોગ્ય છે. તેમ ચોથો વિકલ્પ પ્રકૃત્યાદિ પરાણે વળગવાથી કર્મ થતાં હોય ? તે વિકલ્પ પણ યથાર્થ નથી, કેમકે પ્રકૃત્યાદિ જડ છે, તેને આત્મા ગ્રહણ ન કરે તો તે શી રીતે વળગવાયોગ્ય થાય ? અથવા દ્રવ્યકર્મનું બીજું નામ પ્રકૃતિ છે; એટલે કર્મનું કર્ત્તાપણુ કર્મને જ કહેવા બરાબર થયું. તે તો પૂર્વે નિષેધી દેખાડયું છે. પ્રકૃતિ નહીં, તો અંતઃકરણાદિ કર્મ ગ્રહણ કરે તેથી આત્મામાં કર્ત્તાપણું વળગે છે, એમ કહીએ તો તે પણ એકાંતે સિદ્ધ નથી, અંતઃકરણાદિ પણ ચેતનની પ્રેરણાવિના અંતઃકરણાદિરૂપે પ્રથમ ઠરે જ કયાંથી ? ચેતન જે કર્મવળગવાનું મનન કરવા અવલંબન લે છે. તે અંતઃકરણ છે. જો ચેતન મનન કરે નહીં, તો કંઇ તે વળગણામાં મનન કરવાનો ધર્મ નથી; તે તો માત્ર જડ છે. ચેતનની પ્રેરણાથી ચેતન તેને અવલંબીને કંઈ ગ્રહણ કરે છે; તેથી તેના વિષે કર્ત્તાપણુ આરોપાય છે, પણ મુખ્યપણે તે ચેતન કર્મનો કર્ત્તા છે, આ સ્થળે તમે વેદાંતાદિ દૃષ્ટિએ વિચારશો તો અમારાં આ વાકયો તમને ભ્રાંતિગત પુરૂષનાં કહેલાં લાગશે. પણ હવે જે પ્રકાર કહ્યો છે, તે સમજવાથી તમને તે વાકયની યથાતથ્યતા લાગશે; અને ભ્રાંતિગતપણુ ભાસ્યમાન નહીં થાય, જો કોઈ પણ પ્રકારે આત્માનું કર્મનું કર્તૃત્ત્વપણુ ન હોય, તો કોઇ પણ પ્રકારે તેનું ભોકૃતૃત્ત્વપણુ પણ ન ઠરે, અને જ્યારે એમ જ હોય, તો પછી તેના કોઇ પણ પ્રકારનાં દુઃખોનો સંભવ પણ ન જ થાય. જ્યારે કોઇ પણ પ્રકારનાં દુઃખોનો સંભવ આત્માને ન જ થતો હોય, તો પછી વેદાંતાદિ શાસ્ત્રો સર્વ દુખથી ક્ષય થવાનો જે માર્ગ ઉપદેશે છે તે શા માટે ઉપદેશે છે ? 'જ્યાંસુધી આત્મજ્ઞાન થાય નહીં ત્યાંસુધી દુઃખની આત્યંતિક નિવૃત્તિ થાય નહીં,' એમ વેદાંતાદિ કહે છે. તે જો દુઃખ ન જ હોય, તો તેની નિવૃત્તિનો ઉપાય શા માટે કહેવો જોઇએ ? અને કર્તૃત્ત્વપણુ ન હોય, તો દુઃખનું ભોકતૃત્ત્વપણુ કયાંથી હોય ? એમ વિચાર કરવાથી કર્મનું કર્તૃત્ત્વ ઠરે છે. હવે અત્રે એક પ્રશ્ન થવાયોગ્ય છે, અને તમે પણ તે પ્રશ્ન કર્યું છે કે "જો કર્મનું કર્ત્તાપણુ આત્માને માનીએ, તો તો આત્માનો તે ધર્મ ઠરે, અને જે જેનો ધર્મ હોય તે કયારે પણ ઉચ્છેદ થવાયોગ્ય નથી; અર્થાત્ તેનાથી કેવળ ભિન્ન પડી શકવાયોગ્ય નથી. જેમ અગ્નિની ઉષ્ણતા અથવા પ્રકાશ તેમ." એમ જ જો કર્મનું કર્ત્તાપણુ આત્માનો ધર્મ ઠરે, તો તે નાશ પામે નહીં. જેથી સર્વ પ્રમાણાંશના સ્વીકાર્યાવિના એમ ઠરે: પણ વિચારવાન હોય તે કોઇ એક પ્રમાણાંશ સ્વીકારીને બીજા પ્રમાણાંશનો નાશ ન કરે 'તે જીવને કર્મનું કર્ત્તાપણુ ન હોય ?' અથવા 'હોય તો તે પ્રતીત થવા યોગ્ય નથી.' એ આદિ પ્રશ્ન કર્યાના ઉત્તરમાં જીવનું કર્મનું કર્તૃત્ત્વ જણાવ્યું છે. કર્મનું કર્તૃત્ત્વ હોય તો તે ટળેજ નહીં, એમ કાંઇ સિદ્ધાંત સમજવો યોગ્ય નથી, કેમકે જે જે કોઇ પણ વસ્તુ ગ્રહણ કરી હોય તે છોડી શકાય એટલે ત્યાગી શકાય; કેમકે ગ્રહણ કરેલી વસ્તુથી ગ્રહણ કરનારી વસ્તુનું કેવળ એકત્વ કેમ થાય ? તેથી જીવે ગ્રહણ કરેલાં એવાં જે દ્રવ્યકર્મ તેનો જીવ ત્યાગ કરે, તો થઇ શકવાયોગ્ય છે, કેમકે તે તેને સહકારી સ્વભાવે છે, સહજ સ્વભાવે નથી; અને તે કર્મને મેં તમને અનાદિ ભ્રમ કહ્યો છે; અર્થાત્ તે કર્મનું કર્ત્તાપણુ અજ્ઞાનથી પ્રતિપાદન કર્યું છે. તેથી પણ તે નિવૃત્ત થવાયોગ્ય છે, એમ સાથે સમજવું ઘટે છે. જે જે ભ્રમ હોય છે, તે

તે વસ્તુની ઉલટી સ્થિતિની માન્યતારૂપ હોય છે, અને તેથી તે ટળવાયોગ્ય છે. જેમ મૃગજળમાંથી જળબુદ્ધિ. કહેવાનો હેતુ એ છે કે, અજ્ઞાને કરીને પણ જો આત્માને કર્ત્તાપણું ન હોય, તો તો કશું-ઉપદેશાદિ શ્રવણ, વિચાર. જ્ઞાન આદિ-સમજવાનો હેતુ રહેતો નથી. હવે અહીં આગળ જીવનું પરમાર્થે જે કર્ત્તાપણું છે તે કહીએ છીએઃ—

પોતાના સ્વરૂપના ભાનમાં આત્મા પોતાના સ્વભાવનો એટલે ચૈતન્યાદિ સ્વભાવનો જ કર્ત્તા છે, અન્ય કોઈ પણ કર્માદિનો કર્ત્તા નથી; અને આત્મા જ્યારે પોતાના સ્વરૂપના ભાનમાં વર્ત્તે નહીં ત્યારે કર્મના પ્રભાવનો કર્ત્તા કહ્યો છે. પરમાર્થે તો જીવ અક્રિય છે. એમ વેદાંતાદિનું નિરૂપણ છે. અને જિનપ્રવચનમાં પણ સિદ્ધ એટલે શુદ્ધાત્માનું અક્રિયપણું છે એમ નિરૂપણ કર્યું છે; છતાં અમે આત્માને શુદ્ધાવસ્થામાં કર્ત્તા હોવાથી સક્રિય કહ્યો એવો સંદેહ અત્રે થવાયોગ્ય છે. તે સંદેહ આ પ્રકારે શમાવવા યોગ્ય છેઃ- શુદ્ધાત્મા પરયોગનો, પરભાવનો, અનેક વિભાવનો ત્યાં કર્ત્તા નથી, માટે અક્રિય કહેવાયોગ્ય છે. પણ ચૈતન્યાદિ સ્વભાવનો પણ આત્મા કર્ત્તા નથી, એમ જો કહીએ તો તો પછી તેનું કંઇ પણ સ્વરૂપ ન રહે. શુદ્ધાત્માને યોગક્રિયા નહીં હોવાથી તે અક્રિય છે, પણ સ્વાભાવિક ચૈતન્યાદિ સ્વભાવરૂપ ક્રિયા હોવાથી તે સક્રિય છે. ચૈતન્યાત્મપણું આત્માને સ્વાભાવિક હોવાથી તેમાં આત્માનું પરિણમવું તે એકાત્મપણેજ છે, અને તેથી પરમાર્થનયથી સક્રિય એવું વિશેષણ ત્યાં પણ આત્માને આપી શકાય નહીં. નિજસ્વભાવમાં પરિણમવારૂપ સક્રિયતાથી નિજસ્વભાવનું કર્ત્તાપણું શુદ્ધાત્માને છે, તેથી કેવળ શુદ્ધ સ્વધર્મ હોવાથી એકાત્મપણે પરિણમે છે; તેથી અક્રિય કહેતાં પણ દોષ નથી. જે વિચારે સક્રિયતા, અક્રિયતા નિરૂપણ કરી છે, તે વિચારના પરમાર્થને ગ્રહીને સક્રિયતા, અક્રિયતા કહેતાં કશો દોષ નથી.

નડિયાદ, સંવત્ ૧૯૫૨ ના આશો વદ ૨.

૪૫૨.

સત્પુરૂષની આજ્ઞામાં વર્ત્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્ત્તે છે, અને જે તે નિશ્ચયને આરાધે છે, તેનેજ જ્ઞાન સમ્યક્પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવાયોગ્ય છે. અમે જે આ વચનો લખ્યાં છે, તેના સર્વ જ્ઞાનીપુરૂષો સાક્ષી છે.

સં० ૧૯૫૨ ના આશો વદ ૧૦, શનિવાર, નડિયાદ.

૪૫૩.

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે, જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહ આત્મવિચાર જન્મ પામવાયોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાંજ તેનો ઉપયોગ કરવો એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઇએ.

સં० ૧૯૫૨, આશોવદ ૧૦, શનિવાર, નડિયાદ.

૪૫૪.

૧. સહજસ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ 'મોક્ષ' કહે છે.

૨. સહજસ્વરૂપથી જીવ રહિત નથી, પણ તે સહજસ્વરૂપનું માત્ર ભાન જીવને નથી. જે થવું તેજ સહજસ્વરૂપે સ્થિતિ છે.

૩. સંગના યોગે આ જીવ સહજસ્થિતિને ભૂલ્યો છે; સંગની નિવૃત્તિએ સહજસ્વરૂપનું અપરોક્ષ ભાન પ્રગટે છે.

૪. એજ માટે સર્વ તીર્થંકરાદિ જ્ઞાનીઓએ અસંગપણુંજ સર્વોત્કૃષ્ટ કહ્યું છે, કે જેના અંગે સર્વ આત્મસાધન રહ્યાં છે.

૫. સર્વ જિનાગમમાં કહેલાં વચનો એક માત્ર અસંગપણામાંજ શમાય છે; કેમકે તે થવાને

અર્થેજ તે સર્વ વચનો કહ્યાં છે. એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકની અને મેષોન્મેષથી માંડી શૈલેસી અવસ્થાપર્યંતની સર્વ ક્રિયા વર્ણવી છે, તે એજ અસંગતા સમજાવવાને અર્થે વર્ણવી છે.

૬. સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે, એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે, કે જે સત્સંગના સહજસ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.

૭. તે સત્સંગ પણ જીવને ઘણીવાર પ્રાપ્ત થયા છતાં ફળવાન થયો નથી એમ શ્રી વીતરાગે કહ્યું છે, કેમકે તે સત્સંગને ઓળખી, આ જીવે તેને પરમ હિતકારી જાણ્યો નથી; પરમ સ્નેહે ઉપાસ્યો નથી; અને પ્રાપ્ત પણ અપ્રાપ્ત ફળવાન થવા યોગસંજ્ઞાએ વિસર્જન કર્યો છે, એમ કહ્યું છે. આ અમે કહ્યું તે જ વાતની વિચારણાથી અમારા આત્મામાં આત્મગુણ આવિર્ભાવ પામી સમાધિપર્યંત પ્રાપ્ત થયા એવા સત્સંગને હું અત્યંત અત્યંત ભક્તિએ નમસ્કાર કરૂં છઉં.

૮. અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે, કે જેથી સર્વ સાધન સુલભ થાય છે; એવો અમારો આત્મસાક્ષાત્કાર છે.

૯. તે સત્સંગ પ્રાપ્ત થયે જો આ જીવને કલ્યાણ પ્રાપ્ત ન થાય, તો અવશ્ય આ જીવનો જ વાંક છે, કેમકે તે સત્સંગના અપૂર્વ, અલભ્ય. અત્યંત દુર્લભ એવા યોગમાં પણ તેણે તે સત્સંગના યોગને બાધ કરનાર એવાં માઠાં કારણોનો ત્યાગ ન કર્યો.

૧૦. મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇંદ્રિયવિષયથી ઉપેક્ષા ન કરી હોય તો જ સત્સંગ ફળવાન થાય નહીં, અથવા સત્સંગમાં એક નિષ્ઠા–અપૂર્વ ભક્તિ–આણી ના હોય, તો ફળવાન થાય નહીં. જો એક એવી અપૂર્વ ભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય, તો અલ્પકાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે, અને અનુક્રમે સર્વ દોષથી મુક્ત થાય.

૧૧. સત્સંગની ઓળખાણ થવી જીવને દુર્લભ છે. કોઇ મહત્ પુણ્યયોગે તે ઓળખાણ થયે નિશ્ચય કરી આ જ સત્સંગ, સત્પુરૂષ છે એવો સાક્ષીભાવ ઉત્પન્ન થયો હોય તે જીવે તો અવશ્ય કરી પ્રવૃત્તિને સંકોચવી; પોતાના દોષ ક્ષણે ક્ષણે, કાર્યે કાર્યે, અને પ્રસંગે પ્રસંગે, તીક્ષ્ણ ઉપયોગેકરી જોવા; જોઇને પરિક્ષીણ કરવા; અને તે સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો યોગ થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઇ પદાર્થને વિષે વિશેષ ભક્તિસ્નેહ થવા દેવો યોગ્ય નથી; તેમ પ્રમાદે રસગારવાદિ દોષે તે સત્સંગ પ્રાપ્ત થયે પુરૂષાર્થધર્મ મંદ રહે છે, અને સત્સંગ ફળવાન થતો નથી એમ જાણી પુરૂષાર્થવીર્ય ગોપવવું ઘટે નહીં.

૧૨. સત્સંગ એટલે સત્પુરૂષનું ઓળખાણ થયે પણ તે યોગ નિરંતર રહેતો ન હોય, તો સત્સંગથી પ્રાપ્ત થયો છે એવો જે ઉપદેશ તે પ્રત્યક્ષ સત્પુરૂષતુલ્ય જાણી વિચારવો, તથા આરાધવો; કે જે આરાધનથી જીવને અપૂર્વ એવું સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

૧૩. જીવે મુખ્યમાં મુખ્ય અને અવશ્યમાં અવશ્ય એવો નિશ્ચય રાખવો કે, જે કંઈ મારે કરવું છે, તે આત્માને કલ્યાણરૂપ થાય તે જ કરવું છે. અને તે જ અર્થે આ ત્રણ યોગની ઉદયબળે પ્રવૃત્તિ થતી હોય તો થવા દેતાં, પણ છેવટે તે ત્રિયોગથી રહિત એવી સ્થિતિ કરવાને અર્થે તે પ્રવૃત્તિને સંકોચતાં સંકોચતાં ક્ષય થાય એ જ ઉપાય કર્તવ્ય છે. તે ઉપાય મિથ્યાગ્રહનો ત્યાગ, સ્વચ્છંદપણાનો ત્યાગ, પ્રમાદ અને ઇંદ્રિયવિષયનો ત્યાગ એ મુખ્ય છે. તે સત્સંગના યોગમાં અવશ્ય આરાધન કર્યા જ રહેવું અને સત્સંગના પરોક્ષપણામાં તો

અવશ્ય-અવશ્ય-આરાધન કર્યા જ કરવાં, કેમકે સત્સંગપ્રસંગમાં તો જીવનું કંઈક ન્યૂનપણું હોય, તો તે નિવારણ થવાનું સત્સંગ સાધન છે, પણ સત્સંગના પરોક્ષપણામાં તો એક પોતાનું આત્મબળ જ સાધન છે. જો તે આત્મબળ સત્સંગથી પ્રાપ્ત થયેલા એવા બોધને અનુસરે નહીં, તેને આચરે નહીં, આચરવામાં થતા પ્રમાદને છોડે નહીં, તો કોઇ દિવસે પણ જીવનું કલ્યાણ થાય નહીં.

સંક્ષેપમાં લખાયલાં જ્ઞાનીના માર્ગના આશયને ઉપદેશનારાં આ વાક્યો મુમુક્ષુ જીવે પોતાના આત્માને વિષે નિરંતર પરિણામી કરવાયોગ્ય છે; જે પોતાના આત્મગુણને વિશેષ વિચારવા શબ્દરૂપે અમે લખ્યાં છે.

૪૫૫.

શિરછત્ર પિતાશ્રીજી,—

મુંબઇથી આ બાજુ આવવામાં ફક્ત નિવૃત્તિનો હેતુ છે. શરીરની અડચણથી આ તરફ આવવું થયેલું તેમ નથી. આપની કૃપાથી શરીર સારૂં રહે છે. મુંબઇમાં રોગના ઉપદ્રવને લીધે આપની તથા રેવાશંકર ભાઈની આજ્ઞા થવાથી આ તરફ વિશેષ સ્થિરતા કરી, અને તે સ્થિરતામાં આત્માને નિવૃત્તિ વિશેષ કરી રહી છે. હાલ મુંબઇમાં રોગની શાંતિ ઘણી થઈ ગઈ છે. સંપૂર્ણ શાંતિ થયે તે તરફ જવાનો વિચાર રાખ્યો છે, અને ત્યાં ગયા પછી ઘણુંકરીને ભાઈ મનસુખને આપના તરફ થોડા વખત માટે મોકલવાનું ચિત્ત છે; જેથી મારી માતુશ્રીના મનને પણ ગોઠશે. આપને પ્રતાપે નાણું મેળવવાવો ઘણુંકરીને લોભ નથી, પણ આત્માનું પરમ કલ્યાણ કરવાની ઇચ્છા છે. મારી માતુશ્રીને પાયલાગણું પ્રાપ્ત થાય.

નડિયાદ, આશો વદ ૧૨, સોમે, સં૦ ૧૯૫૨. **છોરૂ રાયચંદના દંડવત્ પ્રાપ્ત થાય.**

૪૫૬.

ધર્મસંબંધી પત્રાદિ વ્યવહાર પણ ઘણો થોડો રહે છે; જેથી તમારાં કેટલાંક પત્રોની પહોંચ માત્ર લખાવ્યાનું બન્યું છે.

જિનાગમમાં આ કાળને 'દુષમ' એવી સંજ્ઞા કહી છે, તે પ્રત્યક્ષ દેખાય છે; કેમકે 'દુષમ' શબ્દનો અર્થ 'દુઃખે કરીને પ્રાપ્ત થવાયોગ્ય' એવો થાય છે. તે દુઃખેકરીને પ્રાપ્ત થવાયોગ્ય તો એવો એક પરમાર્થમાર્ગ મુખ્યપણે કહી શકાય; અને તેવી સ્થિતિ પ્રત્યક્ષ જોવામાં આવે છે, જો કે પરમાર્થમાર્ગનું દુર્લભપણું તો સર્વકાળને વિષે છે; પણ આવા કાળનેવિષે તો વિશેષકરીને કાળ પણ દુર્લભપણાના કારણરૂપ છે.

અત્ર કહેવાનો હેતુ એવો છે કે, ઘણુંકરીને આ ક્ષેત્રે વર્તમાનકાળમાં પૂર્વે જેણે પરમાર્થમાર્ગ આરાધ્યો છે, તે દેહ ધારણ ન કરે;—અને તે સત્ય છે, કેમકે જો તેવા જીવનો સમૂહ દેહધારી પણે આ ક્ષેત્રે વર્તતો હોત, તો તેમને તથા તેમના સમાગમમાં આવનારા એવા ઘણા જીવોને પરમાર્થમાર્ગની પ્રાપ્તિ સુખે કરીને થઇ શકતી હોત; અને તેથી આ કાળને 'દુષમ' કહેવાનું કારણ રહેત નહીં. આ રીતે પૂર્વારાધક જીવોનું અલ્પપણું એ આદિ છતાં પણ વર્તમાનકાળને વિષે જો કોઇ પણ જીવ પરમાર્થમાર્ગ આરાધવા ઇચ્છે, તો અવશ્ય આરાધી શકે, કેમકે દુઃખેકરીને પણ આ કાળને વિષે પરમાર્થમાર્ગ પ્રાપ્ત થાય, એમ પૂર્વ જ્ઞાનીઓનું કથન છે.

સર્વ જીવને વર્તમાન કાળમાં માર્ગ દુઃખે કરીને જ પ્રાપ્ત થાય, એવો એકાંત અભિપ્રાય વિચારવાયોગ્ય નથી. ઘણું કરીને તેમ બને એવો અભિપ્રાય સમજવાયોગ્ય છે. તેનાં ઘણાં કારણો પ્રત્યક્ષ દેખાય છે. પ્રથમ કારણ, ઉપર દર્શાવ્યું તે કે, પૂર્વનું ઘણુંકરીને આરાધકપણું નહીં.

બીજું કારણ, તેવું આરાધકપણું નહીં તેને લીધે વર્ત્તમાનદેહે તે આરાધક માર્ગની રીતિ પણ પ્રથમ સમજવામાં ન હોય; તેથી અનારાધકમાર્ગને આરાધકમાર્ગ માની લઇ જીવે પ્રવૃત્તિ કરી હોયછે.

ત્રીજું કારણ, ઘણુંકરીને ક્યાંક સત્સમાગમ અથવા સદ્દગુરૂનો યોગ બને, અને તે પણ ક્વચિત્ બને.

ચોથું કારણ, અસત્સંગ આદિ કારણોથી જીવને અસદ્દગુરૂવાદિકનું ઓળખાણ થવું પણ દુષ્કર વર્ત્તે છે, અને ઘણુંકરીને અસદ્દગુરૂવાદિને વિષે સત્ય પ્રતીતિ માની જીવ ત્યાં જ રોકાઇ રહે છે.

પાંચમું કારણ, ક્વચિત્ સત્સમાગમાદિનો યોગ બને તો પણ બળ, વીર્યાદિનું એવું શિથિલપણું, કે જીવ તથારૂપ માર્ગ ગ્રહણ ન કરી શકે, અથવા ન સમજી શકે, અથવા અસત્સમાગમાદિ, કે પોતાની કલ્પનાથી મિથ્યાને વિષે સત્યપણે પ્રતીતિ કરી હોય.

ઘણુંકરીને વર્ત્તમાનમાં કાં તો શુષ્કક્રિયા પ્રધાનપણામાં જીવે મોક્ષમાર્ગ કલ્પ્યો છે, અથવા બાહ્યક્રિયા અને શુદ્ધવ્યવહારક્રિયાને ઉત્થાપવામાં મોક્ષમાર્ગ કલ્પ્યો છે; અથવા સ્વમતિકલ્પનાએ અધ્યાત્મ ગ્રંથો વાંચી કથન માત્ર અધ્યાત્મ પામી મોક્ષમાર્ગ કલ્પ્યો છે; એમ કલ્પાયાથી જીવને સત્સમાગમાદિ હેતુમાં તે તે માન્યતાનો આગ્રહ આડો આવી પરમાર્થ પામવામાં સ્થંભભૂત થાય છે.

જે જીવો શુષ્કક્રિયાપ્રધાનપણામાં મોક્ષમાર્ગ કલ્પે છે, તે જીવોને તથા ઉપદેશનું પોષણ પણ રહ્યા કરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એમ મોક્ષમાર્ગ ચાર પ્રકારે કહ્યો. છતાં. પ્રથમનાં બે પદ તો તેમણે વીસાર્યા જેવું હોય છે; અને ' ચારિત્ર ' શબ્દનો અર્થ વેષ તથા માત્ર બાહ્યવિરતિમાં સમજ્યા જેવું હોય છે; 'તપ' શબ્દનો અર્થ માત્ર ઉપવાસાદિ વ્રતનું કરવું,-તે પણ બાહ્યસંજ્ઞાથી-તેમાં સમજ્યા જેવું હોય છે; વળી ક્વચિત્ જ્ઞાન-દર્શનપદ કહેવાં પડે, તો ત્યાં ' લૌકિક કથન જેવા ભાવોનાં કથનને' જ્ઞાન, અને ' તેની પ્રતીતિ ' અથવા ' તે કહેનારની પ્રતીતિને વિષે ' 'દર્શન ' શબ્દનો અર્થ સમજવા જેવું રહે છે. જે જીવો બાહ્ય ક્રિયા (એટલે દાનાદિ) અને શુદ્ધ વ્યવહારક્રિયાને ઉત્થાપવામાં મોક્ષમાર્ગ સમજે છે, તે જીવો શાસ્ત્રોના કોઇ એક વચનને અણુસમજણભાવે ગ્રહણ કરીને સમજે છે. દાનાદિ ક્રિયા જો કોઇ અહંકારાદિથી, નિદાનબુદ્ધિથી, કે જ્યાં તેવી ક્રિયા ન સંભવે એવા છઠ્ઠા ગુણસ્થાને કરે, તો તે સંસારહેતુ છે, એમ શાસ્ત્રોનો મૂળ આશય છે; પણ સમૂળગી દાનાદિ ક્રિયા ઉત્થાપવાનો શાસ્ત્રોનો હેતુ નથી, તે માત્ર પોતાની મતિકલ્પનાથી નિષેધે છે. તેમ જ વ્યવહાર બે પ્રકારના છે:-એક પરમાર્થહેતુમૂળ વ્યવહાર, અને બીજો વ્યવહારરૂપે વ્યવહાર: પૂર્વે આ જીવે અનંતીવાર કર્યા છતાં આત્માર્થ થયો નહીં એમ શાસ્ત્રોમાં વાક્યો છે, તે વાક્ય ગ્રહણ કરી સચોડો વ્યવહાર ઉત્થાપનારા પોતે સમજ્યા એવું માને છે, પણ શાસ્ત્રકારે તો તેવું કશું કહ્યું નથી. જે વ્યવહાર પરમાર્થહેતુમૂળ વ્યવહાર નથી, અને માત્ર વ્યવહારહેતુ વ્યવહાર છે, તેના દુરાગ્રહને શાસ્ત્રકારે નિષેધ્યો છે. જે વ્યવહાનું ફળ ચાર ગતિ થાય તે વ્યવહારહેતુ કહી શકાય અથવા જે વ્યવહારથી આત્માની વિભાવદશા જવાયોગ્ય ન થાય, તે વ્યવહારને વ્યવહાર હેતુ વ્યવહાર કહેવાય. એતો શાસ્ત્રકારે નિષેધ કર્યો છે, તે પણ એકાંતે નહીં; કેવળ દુરાગ્રહથી અથવા તેમાં જ મોક્ષમાર્ગ માનનારને એ નિષેધથી સાચા વ્યવહાર ઉપર લાવવા કર્યો છે, અને પરમાર્થહેતુમૂળ વ્યવહાર શમ, સંવેગ, નિર્વેદ; અનુકંપા, આસ્થા અથવા સદ્દગુરૂ, સત્શાસ્ત્ર અને મન વચનાદિ સુમતિ તથા ગુપ્તિ તેનો નિષેધ કર્યો નથી; અને તેનો નિષેધ કરવાયોગ્ય હોય, તો શાસ્ત્રો ઉપદેશીને બાકી શું સમજાવાજેવું રહેતું હતું, કે શું સાધનો કરાવવાનું જણાવવું બાકી રહેતું હતું કે, શાસ્ત્રો ઉપદેશ્યાં ? અર્થાત્ તેવા વ્યવહારથી પરમાર્થ પમાય છે, અને અવશ્ય જીવે તેવો વ્યવહાર ગ્રહણ કરવો કે જેથી પરમાર્થ પામશે એમ

શાસ્ત્રોનો આશય છે; શુષ્કઅધ્યાત્મી, અથવા તેના પ્રસંગી તે આશય સમજ્યાવિના તે વ્યવહારને ઉત્થાપી પોતાને તથા પરને દુર્લભબોધીપણું કરે છે.

શમ, સંવેગાદિ ગુણો ઉત્પન્ન થયે, અથવા વૈરાગ્યવિશેષ, નિષ્પક્ષપાતતા થયે, કષાયાદિ પાતળાં પડયે, અથવા કંઇ પણ પ્રજ્ઞાવિશેષથી સમજ્યાની યોગ્યતા થયે, જે સદ્દગુરૂગમે સમજવાયોગ્ય અધ્યાત્મગ્રંથો છે–ત્યાંસુધી ઘણુંકરી શસ્ત્ર જેવા છે–તે પોતાની કલ્પનાએ જેમ તેમ વાંચી લઇ, નિર્ધારી લઇ, તેવો અંતર્ભેદ થયા વિના, અથવા દશા કર્યાવિના વિભાવ ગયાવિના, પોતાને વિષે જ્ઞાન કલ્પે છે; અને ક્રિયારહિત તથા શુદ્ધ વ્યવહારરહિત થઈ વર્તે છે એવો ત્રીજો પ્રકાર શુષ્કઅધ્યાત્મીનો છે. ઠામ ઠામ જીવને આવા યોગ બાઝે તેવું રહ્યું છે, અથવા તો જ્ઞાનરહિત ગુરૂઓ કે પરિગ્રહાદિ ઇચ્છક ગુરૂઓ, માત્ર પોતાનાં માન પૂજાદિની કામનાએ ફરતા એવા જીવોને અનેક પ્રકારે અવળે રસ્તે ચડાવી દે છે; અને ઘણુંકરીને ક્વચિત્ જ એવું નહી હોય; જેથી એમ જણાય છે કે, કાળનું દુષમપણું છે.

આ દુષમપણું લખ્યું છે, તે જીવને પુરૂષાર્થરહિત કરવા અર્થે લખ્યું નથી, પણ પુરૂષાર્થજાગ્રતિ અર્થે લખ્યું છે. અનુકૂળ સંયોગમાં તો જીવને કંઇક ઓછી જાગ્રતિ હોય તોપણ વખતે હાનિ ન થાય, પણ જ્યાં આવા પ્રતિકૂળ યોગ વર્ત્તતા હોય ત્યાં, અવસ્ય મુમુક્ષુ જીવે વધારે જાગ્રત રહેવું જોઇએ, કે જેથી તથારૂપ પરાભવ ન થાય, અને તેવા કોઈ પ્રવાહમાં ન તણાઈ જવાય. વર્ત્તમાનકાળ દુષમ કહ્યો છે, છતાં તેને વિષે અનંત ભવને છેદી માત્ર એક ભવ બાકી રાખે એવું એકાવતારીપણું પ્રાપ્ત થાય એવું પણ છે, માટે વિચારવાન જીવે તે લક્ષ રાખી, ઉપર કહ્યા તેવા પ્રવાહોમાં ન પડતાં યથાશક્તિ વૈરાગ્યાદિ અવસ્ય આરાધી સદ્દગુરૂનો યોગ પ્રાપ્ત કરી, કષાયાદિ દોષ છેદ કરવાવાળો એવો અને અજ્ઞાનથી રહિત થવાનો સત્ય માર્ગ પ્રાપ્ત કરવો, મુમુક્ષુ જીવમાં શમાદિ કહ્યા તે ગુણો અવસ્ય સંભવે છે; અથવા તે ગુણોવિના મુમુક્ષુતા ન કહી શકાય. નિત્ય તેવો પરિચય રાખતાં તે તે વાત શ્રવણ કરતાં, વિચારતાં, ફરીફરીને પુરૂષાર્થ કરતાં, તે મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે; તે મુમુક્ષુતા ઉત્પન્ન થયે જીવને પરમાર્થમાર્ગ અવસ્ય સમજાય છે.

૧૯૫૨, રાળજ.

૪૫૭.

નેત્રાંકી શ્યામતા વિષે જો પુતલિયાંરૂપ સ્થિત હૈ, અરૂ રૂપકોં દેખાતા હૈ, સાક્ષીભૂત હૈ, સો અંતર્ કૈસે નહીં દેખતા? જો ત્વચાવિષે સ્પર્શ કરતા હૈ, શીત ઉષ્ણાદિકકોં જાનતા હૈ, ઐસા સર્વ અંગ વિષે વ્યાપક અનુભવ કરતા હૈ; જૈસે તિલોં વિષે તેલ વ્યાપક હોતા હૈ, તિસકા અનુભવ કોઉ નહીં કરતા. જો શબ્દ શ્રવણ–ઇંદ્રિયકે અંતર્ ગ્રહણ કરતા હૈ, તિસ શબ્દ–શક્તિકોં જાનનેહારી સત્તા હૈ, જિસ વિષે શબ્દ–શક્તિકા વિચાર હોતા હૈ, જિસ કરી રોમ ખડે હોઇ આતે હૈં, સો સત્તા દૂર કૈસે હોવે? જો જિવ્હાકે અગ્રવિષે રસ સ્વાદકો ગ્રહણ કરતા હૈ, તિસ રસકા અનુભવ કરનેહારી અલેપ સત્તા હૈ, સો સન્મુખ કૈસે ન હોવૈ? વેદ, વેદાંત, સપ્ત સિદ્ધાંત પુરાણ, ગીતા કરી જો જ્ઞેય—જાનને યોગ્ય—આત્મા હૈ, તિસકોં જબ જાન્યા તબ વિશ્રામ કૈસે ન હોવે?

૪૫૮.

દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થયા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે કે, જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાનીપુરૂષને ઓળખ્યા, તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો, જે પુરૂષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ તે પુરૂષને આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થક છે. જન્મ જરા મરણાદિનો નાશ કરવાવાળું આત્મા

જ્ઞાન જેમને વિષે વર્તે છે, તે પુરૂષનો આશ્રય જ જીવને જન્મ જરા મરણાદિનો નાશ કરી શકે, કેમકે તે યથાસંભવ ઉપાય છે. સંયોગસંબંધે આ દેહપ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે; કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે.

૪૫૯.

બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરૂ થકી, ઉલટો વધ્યો ઉતાપ.

૪૬૦.

'હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી પુત્રાદિ કોઈ પણ મારાં નથી; શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છું;' એમ આત્મભાવના કરતાં રાગ, દ્વેષનો ક્ષય થાય.

૧૯૫૨ મુંબાઈ,

૪૬૧.

તમારી વૃત્તિ હાલ સમાગમમાં આવવા વિષે જણાવી, તે વિષે તમને અંતરાય જેવું થયું, કેમકે આ પત્ર પહોંચશે તે પહેલાં પર્યુષણનો પ્રારંભ લોકોમાં થયો ગણાશે: જેથી તમે આ તરફ આવવાનું કરો, તો ગુણ અવગુણનો વિચાર કર્યા વગર મતાગ્રહી માણસો નિંદે, અને તેવું નિમિત્ત ગ્રહણ કરી ઘણા જીવોને નિંદાદ્વારાએ પરમાર્થપ્રાપ્તિ થવાનો અંતરાય ઉત્પન્ન કરે; જેથી તેમ ન થાય તે અર્થે તમારે હાલ તે પર્યુષણમાં બહાર ન નીકળવા સંબંધી લોકપદ્ધતિ સાચવવી યોગ્ય છે.

'વૈરાગ્યશતક,' 'આનંદઘનચોવીશી,' 'ભાવનાબોધ' આદિ પુસ્તકો તમે તથા·········વાંચવા વિચારવાનું કરીને જેટલો બને તેટલો નિવૃત્તિનો લાભ મેળવજો. પ્રમાદ અને લોકપદ્ધતિમાં કાળ સર્વથા વૃથા કરવો તે મુમુક્ષુ જીવનું લક્ષણ નથી. બીજાં શાસ્ત્રોનો યોગ બનવો કઠણ છે એમ જાણી ઉપર જણાવેલાં પુસ્તકો લખ્યાં છે; જે પુસ્તકો પણ વિચારવાયોગ્ય છે. માતુશ્રી તથા પિતાશ્રીને પાયલાગણપૂર્વક સુખવૃત્તિમાં છે એમ જણાવશો.

અમુક વખત જ્યારે નિવૃત્તિને અર્થે કોઈ ક્ષેત્રે રહેવાનું થાય છે, ત્યારે ઘણુંકરીને કાગળ પત્ર લખવાની વૃત્તિ ઓછી રહે છે; આ વખતે વિશેષ ઓછી છે, પણ તમારો કાગળ એવા પ્રકારનો હતો કે જેનો ઉત્તર ન મળવાથી શું કારણથી આમ બન્યું છે તે તમને ન જણાય.

સં૦ ૧૯૫૨, કાવિઠા.

૪૬૨.

સર્વ જીવને અપ્રિય છતાં જે દુ:ખનો અનુભવ કરવો પડે છે, તે દુ:ખ સકારણ હોવું જોઇએ. એ ભૂમિથી મુખ્યકરીને વિચારવાનની વિચારશ્રેણી ઉદય પામી છે, અને તે પરથી અનુક્રમે આત્મા, કર્મ, પરલોક, મોક્ષ આદિ ભાવોનું સ્વરૂપ સિદ્ધ થયું હોય એમ જણાય છે.

વર્ત્તમાનમાં જો પોતાનું વિદ્યમાનપણું છે, તો ભૂતકાળને વિષે પણ તેનું વિદ્યમાનપણું હોવું જોઇએ, અને ભવિષ્યમાં પણ તેમ જ હોવું જોઇએ. આ પ્રકારના વિચારનો આશ્રય મુમુક્ષુ જીવને કર્ત્તવ્ય છે. કોઇ પણ વસ્તુનું પૂર્વપશ્ચાત હોવાપણું ન હોય, તો મધ્યમાં તેનું હોવાપણું ન હોય, એવો અનુભવ વિચારતાં થાય છે,

વસ્તુની કેવળ ઉત્પત્તિ, અથવા કેવળ નાશ નથી; સર્વકાળ તેનું હોવાપણું છે. રૂપાંતરપરિણામ થયા કરે છે; વસ્તુતા ફરતી નથી, એવો શ્રી જિનનો અભિમત છે તે વિચારવાયોગ્ય છે,

'ષટ્દર્શનસમુચ્ચય ' કંઇક ગહન છે, તોપણ ફરી ફરી વિચારવાથી તેનો કેટલોક બોધ થશે.

જેમ જેમ ચિત્તનું શુદ્ધિપણું અને સ્થિરત્વ હોય છે, તેમ તેમ જ્ઞાનીનાં વચનોનો વિચાર યથાયોગ્ય થઈ શકે છે. સર્વ જ્ઞાનનું ફળ પણ આત્મસ્થિરતા થવી એ જ છે, એમ વીતરાગ પુરૂષોએ કહ્યું છે; જે અત્યંત સત્ય છે. મારા યોગ્ય કામકાજ લખશો. એ જ વિનંતિ.

૧૯૫૨. **લ. રાયચંદના પ્રણામ વાંચશો.**

૪૬૪.

ૐ. આસ્તિક એવાં મૂળ પાંચ દર્શન આત્માનું નિરૂપણ કરે છે; તેમાં ભેદ જોવામાં આવે છે; તેનું સમાધાન.

દિન પ્રતિદિન જૈનદર્શન ક્ષીણ થતું જોવામાં આવે છે, અને વર્દ્ધમાનસ્વામી થયા પછી થોડાએક વર્ષમાં તેમાં નાના પ્રકારના ભેદ થયા દેખાય છે, તે આદિનાં શાં કારણો ?

હરિભદ્રાદિ આચાર્યોએ નવીન યોજનાની પેઠે શ્રુતજ્ઞાનની ઉન્નતિ કરી દેખાય છે, પણ લોકસમુદાયમાં જૈનમાર્ગ વધારે પ્રચાર પામ્યો દેખાતો નથી, અથવા તથારૂપ અતિશયસંપન્ન ધર્મપ્રવર્ત્તક પુરૂષનું તે માર્ગમાં ઉત્પન્ન થવું ઓછું દેખાય છે, તેનાં શાં કારણો ?

હવે વર્ત્તમાનમાં તે માર્ગની ઉન્નતિ થવી સંભવે છે કે કેમ ? અને થાય તો શી શી રીતે થવી સંભવિત દેખાય છે, અર્થાત્ તે વાત ક્યાંથી જન્મ પામી, કેવી રીતે, કેવા દ્વારે, કેવી સ્થિતિમાં પ્રચાર પામવી સંભવિત દેખાય છે ? ફરી જાણે વર્દ્ધમાનસ્વામીના વખત જેવો વર્ત્તમાનકાળના યોગાદિ અનુસાર તે ધર્મ ઉદય પામે એવું દીર્ઘદૃષ્ટિથી સંભવે છે, અને સંભવતું હોય તો તે શા શા કારણથી ?

જૈનસૂત્ર હાલ વર્ત્તમાનમાં છે, તેમાં તે દર્શનનું સ્વરૂપ ઘણું અધુરૂં રહેલું જોવામાં આવે છે, તે વિરોધ શાથી ટળે ?

તે દર્શનની પરંપરામાં એમ કહ્યું છે કે, વર્ત્તમાનકાળમાં કેવળજ્ઞાન ન હોય, અને કેવળજ્ઞાનનો વિષય લોકાલોકને દ્રવ્યગુણપર્યાયસહિત સર્વ કાળપરત્વે જાણવાનો માન્યો છે તે યથાર્થ દેખાય છે ? અથવા તે માટે વિચારતાં કંઈ નિર્ણય આવી શકે છે કે કેમ ? તેની વ્યાખ્યા કંઇ ફેર દેખાય છે કે કેમ ? અને મૂળ વ્યાખ્યા પ્રમાણે કંઇ બીજો અર્થ થતો હોય, તો તે અર્થાનુસાર વર્ત્તમાનમાં કેવળજ્ઞાન ઉપજે કે કેમ ? અને તે ઉપદેશી શકાય કે કેમ ? તેમ જ બીજાં જ્ઞાનોની વ્યાખ્યા કહી છે, તે પણ કંઇ ફેરવાળી લાગે છે કે કેમ ? અને તે શા કારણોથી ?

દ્રવ્ય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આત્મા મધ્યમ અવગાહી, સંકોચ વિકાશનું ભાજન; મહાવિદેહાદિ ક્ષેત્રની વ્યાખ્યા તે કંઈ અપૂર્વ રીતે કે કહેલી રીતે ઘણાજ બળવાન પ્રમાણસહિત સિદ્ધ થવા યોગ્ય દેખાય છે કે કેમ ?

ગચ્છના મતમતાંતર ઘણી જ નજીવી બાબતમાં બળવાન આગ્રહી થઈ જૂદી જૂદી રીતે દર્શનમોહનીયના હેતુ થઈ પડયા છે, તે સમાધાન કરવું બહુ વિકટ છે, કેમકે તે લોકોની મતિ વિશેષ આવરણને પામ્યાવિના એટલા અલ્પ કારણમાં બળવાન આગ્રહ ન હોય.

અવિરતિ, દેશવિરતિ, સર્વવિરતિ એમાંના કયા આશ્રમવાળા પુરૂષથી વિશેષ ઉન્નતિ થઈ શકવાનો સંભવ રહે છે ? સર્વવિરતિ કેટલાં કારણોમાં પ્રતિબંધને લીધે પ્રવર્તી શકે નહીં ? દેશવિરતિ અને અવિરતિની તથારૂપ પ્રતીતિ થવી મુશ્કેલ, અને વળી જૈનમાર્ગમાં પણ એ રીતનો સમાવેશ ઓછો છે.

આ વિકલ્પ અમને શા માટે ઉઠે છે ? અને તે સમાવી દેવાનું ચિત્ત છે તે સમાવી દઇએ ?

૧૯૫૨. (અંગત.)

૪૬૫.

—જેમ નિર્મળતા રે રત્ન સ્ફાટિકતણી, તેમ જ જીવસ્વભાવ રે,
તે જિનવીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાયઅભાવ રે.

સહજ દ્રવ્ય અત્યંત પ્રકાશિત થયે, એટલે સર્વ કર્મનો ક્ષય થયેજ અસંગતા કહી છે, અને સુખસ્વરૂપતા કહી છે. જ્ઞાનીપુરૂષનાં તે વચન અત્યંત સાચાં છે, કેમકે સત્સંગથી પ્રત્યક્ષ—અત્યંત પ્રગટ—તે વચનોનો અનુભવ થાય છે.

નિર્વિકલ્પઉપયોગનો લક્ષ, સ્થિરતાનો પરિચય કર્યાથી થાય છે. સદ્વિચાર અને વૈરાગ્ય, ઉપશમ એ સૌને સ્થિરતાના હેતુ છે.

૪૬૬.

અંતર્મુખદૃષ્ટિ જે પુરૂષોની થઈ છે, તે પુરૂષોને પણ સતત જાગૃતિરૂપ ભલામણ શ્રી વીતરાગે કરી છે, કેમકે અનંતકાળના અધ્યાસવાળા પદાર્થોનો સંગ છે, તે કંઈ પણ દૃષ્ટિને આકર્ષે એવો ભય રાખવાયોગ્ય છે. આવી ભૂમિકામાં આ પ્રકારે ભલામણ ઘટે છે. એમ છે તો પછી વિચારદશા જેની છે એવા મુમુક્ષુ જીવે સતત જાગૃતિ રાખવી ઘટે એમ કહેવામાં ન આવ્યું હોય, તો પણ સ્પષ્ટ સમજી શકાય એમ છે કે, મુમુક્ષુ જીવે જે જે પ્રકારે પરઅધ્યાસ થવાયોગ્ય પદાર્થાદિનો ત્યાગ થાય, તે તે પ્રકારે અવશ્ય કરવો ઘટે; જો કે આરંભ પરિગ્રહનો ત્યાગ એ સ્થૂળ દેખાય છે, તથાપિ અંતર્મુખવૃત્તિનો હેતુ હોવાથી વારંવાર તેનો ત્યાગ ઉપદેશ્યો છે.

૪૬૭.

બનતાંસુધી તૃષ્ણા ઓછી કરવી જોઇએ. જન્મ, જરા, મરણ કોનાં છે કે જે તૃષ્ણા રાખે છે; તેનાં જન્મ, જરા, મરણ છે. માટે જેમ બને તેમ તૃષ્ણા ઓછી કરતા જવું.

૪૬૮.

અન્યસંબંધી જે તાદાત્મ્યપણું ભાસ્યું છે, તે તાદાત્મ્યપણું નિવૃત્ત થાય, તો સહજસ્વભાવે આત્મા મુક્ત જ છે, એમ શ્રી ઋષભાદિ અનંત જ્ઞાનીપુરૂષો કહી ગયા છે; યાવત્ તથારૂપમાં સમાયા છે.

૪૬૯.

વિષયાદિ ઇચ્છિત પદાર્થ ભોગવી તેથી નિવૃત્ત થવાની ઇચ્છા રાખવી, અને તે ક્રમે પ્રવર્ત્તવાથી આગળપર તે વિષયમૂર્ચ્છા ઉત્પન્ન થવી ન સંભવે એમ થવું કઠણ છે, કેમકે જ્ઞાનદશાવિના વિષયનું નિર્બળપણું થવું સંભવતું નથી. માત્ર ઉદય વિષયો ભોગવ્યાથી નાશ થાય; પણ જો જ્ઞાનદશા ન હોય, તો ઉત્સુક પરિણામ વિષય આરાધતાં ઉત્પન્ન થયાવિના ન રહે; અને તેથી વિષય પરાજિત થવાને બદલે વિશેષ વર્દ્ધમાન થાય. જેને જ્ઞાનદશા છે તેવા પુરૂષો વિષયાકાંક્ષાથી અથવા વિષયનો અનુભવ કરી તેથી વિરક્ત થવાની ઇચ્છાથી તેમાં પ્રવર્ત્તતા નથી, અને એમ જો પ્રવર્ત્તતા જાય, તો જ્ઞાનને પણ આવરણ આવવાયોગ્ય છે. માત્ર પ્રારબ્ધસંબંધી ઉદય હોય એટલે છૂટી ન શકાય તેથીજ જ્ઞાનીપુરૂષની ભોગપ્રવૃત્તિ છે. તે પણ પૂર્વપશ્ચાત્ પશ્ચાત્તાપવાળી અને મંદમાં મંદ પરિણામસંયુક્ત હોય છે. સામાન્ય મુમુક્ષુ જીવ વૈરાગ્યના ઉદ્ભવને અર્થે વિષય આરાધવા જતાં તો ઘણું કરી બંધાવા સંભવ છે, કેમકે જ્ઞાનીપુરૂષ પણ તે પ્રસંગોને માંડ માંડ જીતી શક્યા છે, તો જેની માત્ર વિચારદશા છે એવા પુરૂષનો ભાર નથી કે તે વિષયને એ પ્રકારે જીતી શકે.

૪૭૦.

જ્ઞાનીપુરૂષને જે સુખ વર્ત્તે છે તે નિજસ્વભાવમાં સ્થિતિનું વર્ત્તે છે. બાહ્યપદાર્થમાં તેને સુખબુદ્ધિ નથી, માટે તે તે પદાર્થથી જ્ઞાનીને સુખદુઃખાદિનું વિશેષ ઓછાપણું કહી શકાતું નથી. જો

કે સામાન્યપણે શરીરના સ્વાસ્થ્યાદિથી શાતા, જ્વરાદિથી અશાતા જ્ઞાની અને અજ્ઞાની બન્નેને થાય છે, તથાપિ જ્ઞાનીને તે તે પ્રસંગ હર્ષ વિષાદનો હેતુ નથી, અથવા જ્ઞાનના તારતમ્યમાં ન્યૂનપણુ હોય તો કંઇક હર્ષ વિષાદ તેથી થાય છે; તથાપિ કેવળ અજાગૃતતાને પામવાયોગ્ય એવા હર્ષ વિષાદ થતા નથી. ઉદયબળે કંઇક તેવાં પરિણામ થાય છે, તોપણ વિચારજાગૃતિને લીધે તે ઉદય ક્ષીણ કરવા પ્રત્યે જ્ઞાનીપુરૂષનાં પરિણામ વર્ત્તે છે. વાયુ ફેર હોવાથી વહાણનું બીજી તરફ ખેચાવું થાય છે, તથાપિ વહાણ ચલાવનાર જેમ પહોંચવાયોગ્ય માર્ગ ભણી તે વહાણને રાખવાના પ્રયત્નમાં જ વર્ત્તે છે, તેમ જ્ઞાનીપુરૂષ મન વચનાદિ યોગને નિજભાવમાં સ્થિતિ થવા ભણી જ પ્રવર્તાવે છે; તથાપિ ઉદયવાયુયોગે યત્કિંચિત્ દશા ફેર થાય છે; તોપણ પરિણામ-પ્રયત્ન--સ્વધર્મને વિષે છે.

જ્ઞાની નિર્ધન હોય, અથવા ધનવાન હોય; અજ્ઞાની નિર્ધન હોય, અથવા ધનવાન હોય એવો કંઇ નિયમ નથી. પૂર્વનિષ્પન્ન શુભ અશુભ કર્મ પ્રમાણે બન્નેને ઉદય વર્ત્તે છે. જ્ઞાની ઉદયમાં સમ વર્ત્તે છે. અજ્ઞાની હર્ષવિષાદપ્રાપ્ત થાય છે.

જ્યાં સંપૂર્ણ જ્ઞાન છે, ત્યાં સ્ત્રિયાદિ પરિગ્રહનો પણ અપ્રસંગ છે; તેથી ન્યૂનભૂમિકાની જ્ઞાનદશામાં (ચોથે પાંચમે ગુણસ્થાનકે) જ્યાં તે યોગનો પ્રસંગ સંભવે છે, તે દશામાં વર્ત્તતા જ્ઞાની-સમ્યક્દૃષ્ટિ-ને સ્ત્રિયાદિ પરિગ્રહની પ્રાપ્તિ થાય છે.

૪૭૧.

હે જ્ઞાતપુત્ર ભગવન્! કાળની બલિહારી છે. આ ભારતના હીનપુણ્યી મનુષ્યોને તારૂં સત્ય, અખંડ અને પૂર્વાપર અવિરોધ શાસન ક્યાંથી પ્રાપ્ત થાય? થવામાં આવાં વિઘ્નો ઉત્પન્ન થયાં. તારાં બોધેલાં શાસ્ત્રો કલ્પિત અર્થથી વિરાધ્યાં, કેટલાંક સમૂળગાં ખંડયાં; ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એ જે તારી પ્રતિમા તેથી કટાક્ષદૃષ્ટિએ લાખો ગમે લોકો વળ્યાં; તારા પછી પરંપરાએ જે આચાર્ય પુરૂષો થયા તેનાં વચનમાં અને તારાં વચનમાં પણ શંકા નાંખી દીધી. એકાંત દઈ કુટી તારૂં શાસન નિંદાવ્યું. શાસન દેવી! એવી સહાયતા કંઈ આપ કે જે વડે કલ્યાણનો માર્ગ હું બીજાને બોધી શકું, દર્શાવી શકું.-ખરા પુરૂષો દર્શાવી શકે. સર્વોત્તમ નિર્ગ્રંથપ્રવચનના બોધ ભણી વાળી આત્મવિરાધક પંથેથી પાછાં ખેંચવામાં સહાયતા આપ!! તારો ધર્મ છે કે, સમાધિ અને બોધિમાં સહાયતા આપવી. [અંગત.]

૪૭૨.

પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્ગુરૂયોગ;
વચન-સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગત-શોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહિં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.

૪૭૩.

માતુશ્રીને શરીરે તાવ આવવાથી તથા કેટલોક વખત થયાં અત્રે આવવા વિષે તેમની વિશેષ આકાંક્ષા હોવાથી ગયા સોમવારે અત્રેથી આજ્ઞા થવાથી નડિયાદથી ભોમવારે રવાના થવાનું થયું હતું; બુધવારે બપોરે અત્રે આવવું થયું છે.

શરીરને વિષે વેદનીયનું અશાતાપણે પરિણમવું થયું હોય તે વખતે શરીરનો વિપરિણામી સ્વભાવ વિચારી, તે શરીર અને શરીરને સંબંધે પ્રાપ્ત થયેલાં સ્ત્રીપુત્રાદિ પ્રત્યેનો મોહ વિચારવાન પુરૂષો છોડી દે છે, અથવા તે મોહને મંદ કરવામાં પ્રવર્ત્તે છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર' વિશેષ વિચારવાયોગ્ય છે.

સંવત્ ૧૯૫૩ના કારતક શુદ, ૧૦ શનિ, વવાણિઆ,

૪૭૪

લોકની દૃષ્ટિને જ્યાંસુધી આ જીવ વમે નહીં, તથા તેમાંથી અંતર્વૃત્તિ છૂટી ન જાય ત્યાંસુધી જ્ઞાનીની દૃષ્ટિનું વાસ્તવિક મહાત્મ્ય લક્ષગત ન થઈ શકે એમાં સંશય નથી.

સં૦ ૧૯૫૩ના કારતક શુદ ૧૧, રવિ, વવાણીઆ.

ઉપદેશછાયા. ૧.

સ્ત્રી, પુત્ર, પરિગ્રહાદિ ભાવો પ્રત્યે મૂળ જ્ઞાન થયા પછી જો એવી ભાવના રહે કે, "જ્યારે ઇચ્છીશ ત્યારે આ સ્ત્રિયાદિ પ્રસંગ ત્યાગી શકીશ" તો તે મૂળ જ્ઞાનથી વમાવી દેવાની વાત સમજવી; અર્થાત્ મૂળ જ્ઞાનમાં જો કે ભેદ પડે નહીં, પણ આવરણરૂપ થાય. વળી શિષ્યાદિ અથવા ભક્તિના કરનારાઓ માર્ગથી પડશે અથવા અટકી જશે એવી ભાવનાથી જ્ઞાનીપુરૂષ પણ વર્ત્તે તો જ્ઞાનીપુરૂષને પણ નિરાવરણજ્ઞાન તે આવરણરૂપ થાય; અને તેથી જ વર્દ્ધમાનાદિ જ્ઞાનીપુરૂષો અનિદ્રાપણે સાડાબારવર્ષસુધી રહ્યા; સર્વથા અસંગપણુ જ શ્રેયસ્કાર દીઠું; એક શબ્દનો ઉચ્ચાર કરવાનું પણ યથાર્થ દીઠું નહીં; સાવ નિરાવરણ, વિજોગી અને નિર્ભયી જ્ઞાન થયા પછી ઉપદેશકાર્ય કર્યું. માટે "આને આમ કહીશું તો ઠીક, અથવા આજે આમ નહીં કહેવાય તો ખોટું" એ વગેરે વિકલ્પો સાધુ મુનિઓએ ન કરવા.[2]

હાલના વખતમાં મનુષ્યોનું કેટલુંક આયુષ્ સ્ત્રીપાસે જાય, કેટલુંક નિદ્રામાં જાય, કેટલુંક ધંધામાં જાય, અને સહેજ રહે તે કુગુરૂ લૂંટી લે. એટલે મનુષ્યભવ નિરર્થક ચાલ્યો જાય.

પ્ર૦:—"કેવળજ્ઞાનીએ સિદ્ધાંતો પ્રરૂપ્યાં તે 'પરઉપયોગ' કે 'સ્વઉપયોગ' ? શાસ્ત્રમાં કહ્યું છે કે કેવળજ્ઞાની સ્વઉપયોગમાં જ વર્ત્તે."

ઉ૦:—તીર્થંકર કોઇને ઉપદેશ દે તેથી કરી 'પરઉપયોગ' કહેવાય નહીં. 'પરઉપયોગ' તેને કહેવાય કે જે ઉપદેશ દેતાં રતિ, અરતિ, હર્ષ, અહંકાર થતાં હોય. જ્ઞાનીપુરૂષને તો તાદાત્મ્યસંબંધ હોતો નથી જેથી ઉપદેશ દેતાં રતિ, અરતિ ન થાય. રતિ, અરતિ થાય તે 'પરઉપયોગ' કહેવાય. જો એમ હોય તો કેવળી લોકાલોક જાણે છે–દેખે છે તે પણ 'પરઉપયોગ' કહેવાય. પણ તેમ નથી, કારણ તેને વિષે રતિપણુ, અરતિપણુ નથી.

સિદ્ધાંતના બાંધાવિષે એમ સમજવું કે, આપણી બુદ્ધિ ન પહોંચે તેથી તે વચનો અસત્ છે એમ ન કહેવું; કારણ કે જેને તમે અસત્ કહો છો, તે શાસ્ત્રથી જ પ્રથમ તો તમે જીવ, અજીવ એવું કહેતા શીખ્યા છો, અર્થાત્ તે જ શાસ્ત્રોને આધારે જ તમે જે કાંઇ જાણો છો તે જાણ્યું છે; તો પછી તેનેઅસત્ કહેવાં તે ઉપકારને બદલે દોષ કરવા બરાબર ગણાય. વળી શાસ્ત્રના લખનારાઓ પણ વિચારવાન હતા. તેથી તે (સિદ્ધાંત) વિષે જાણતા હતા. મહાવીરસ્વામી પછી ઘણે વર્ષે લખાણાં છે માટે અસત્ કહેવાં તે દોષ ગણાય.

જ્ઞાનીની આજ્ઞાએ વર્ત્તતા એવા ભદ્રિક મુમુક્ષુ જીવને "બ્રહ્મચર્ય પાળવું એટલે સ્ત્રિયાદિકના પ્રસંગમાં ન જવુ" એવી આજ્ઞા ગુરૂએ કરી હોય તો તે વચનપર દૃઢ વિશ્વાસ કરી તે તે

સંવત્ ૧૯૫૨ના શ્રાવણમાસમાં શ્રીઆનંદ અને તેની આસ પાસમાં શ્રીમદ્દનું નિવૃત્તિઅર્થે રહેવું થએલું. આ વખતે તેમના સમીપવાસી ભાઇને જે પ્રસ્તાવિક ઉપદેશવિચારોનું શ્રવણ થએલું તેની છાયામાત્ર તેઓની સ્મૃતિમાં રહી ગએલી. તે ઉપરથી તે ભાઈએ સંક્ષિપ્તપણે તે છાયાનો સાર પૃથક્ પૃથક્ સ્થળે ઘણી અપૂર્ણ અને અવ્યવસ્થિત સ્થિતિમાં લખી લીધેલો હતો. —સંશોધક.

૨. આ વચનોનો સમુચ્ચયાશય એમ છે કે, જે ઉપદેશ છે તેણે સર્વ શ્રોતાને સમભાવે સ્વતંત્ર્યસહિત નિસ્પૃહપણે જોવા —સંશોધક.

સ્થાનકે ન જાય; જ્યારે જેને માત્ર આધ્યાત્મિક શાસ્ત્રાદિક વાંચી મુમુક્ષુતા થઇ હોય, તેને એમ અહંકાર રહ્યા કરે કે, "એમાં તે શું જીતવું છે ?" આવી ઘેલછાના કારણથી તે તેવા (સ્ત્રિયાદિકના) પ્રસંગમાં જાય. કદાચ તે પ્રસંગથી એકવાર બેવાર બચે, પણ પછી તે પદાર્થપ્રત્યે દૃષ્ટિ દેતાં 'આ ઠીક છે' એમ કરતાં કરતાં તેને તેમાં આનંદ થાય, અને તેથી સ્ત્રિયો સેવે.

જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે બાળો ભોળો જીવ તો વર્ત્તે; એટલે તે બીજા વિકલ્પો નહીં કરતાં તેવા પ્રસંગમાં ન જ જાય. આ પ્રકારે, જે જીવને "આ સ્થાનકે જવું યોગ્ય નથી" એવાં જે જ્ઞાનીનાં વચનો તેનો દૃઢ વિશ્વાસ છે તે બ્રહ્મચર્યવ્રતમાં રહી શકે છે. અર્થાત્ તે આ અકાર્યમાં પ્રવૃત્ત ન થાય. જ્યારે, જ્ઞાનીના આજ્ઞાંકિત નથી એવા માત્ર આધ્યાત્મિક શાસ્ત્રો વાંચી થયેલા મુમુક્ષુઓ અહંકારમાં ફર્યા કરે, અને માન્યા કરે એમાં તે શું જીતવું છે ? આવી માન્યતાને લઈને આ જીવ પડી જાય છે, અને આગળ વધી શકે નહીં. આ ક્ષેત્ર છે તે નિવૃત્તિવાળું છે, પણ જેને નિવૃત્તિ થઈ હોય તેને તેમ છે. તેમ ખરા જ્ઞાની છે તે શિવાયને તો અબ્રહ્મચર્યવશ ન થવાય એમ કહેવામાત્ર છે. જેમ જેને નિવૃત્તિ થઇ નથી તેને પ્રથમ તો એમ થાય છે કે "આ ક્ષેત્ર સારૂં છે. અહીં રહેવા જેવું છે," પણ પછી એમ એમ કરતાં વિશેષ પ્રેરણા થવાથી ક્ષેત્રાકારવૃત્તિ થઈ જાય. જ્ઞાનીની વૃત્તિ ક્ષેત્રાકાર ન થાય; કારણ કે, ક્ષેત્ર નિવૃત્તિવાળું છે, અને પોતે પણ નિવૃત્તિભાવ પામેલા છે એટલે બન્ને યોગ અનુકૂળ છે. શુષ્કજ્ઞાનીઓને પ્રથમ તો એમ અભિમાન રહ્યા કરે કે, એમાં શું જીતવું છે ? પણ પછી ધીમે ધીમે સ્ત્રિયાદિ પદાર્થોમાં સપડાઇ જાય છે: જ્યારે ખરા જ્ઞાનીને તેમ થતું નથી.

હાલ સિદ્ધાંતોનો જે બાંધો જોવામાં આવે છે તે જ અક્ષરોમાં અનુક્રમે તીર્થંકરે કહ્યું હોય એમ કંઇ નથી. પણ જેમ કોઇ વખતે કોઇએ વાચના, પ્રચ્છણા, પરાવર્ત્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા સંબંધી પૂછ્યું તો તે વખતે તે સંબંધી વાત કહી. વળી કોઇએ પૂછ્યું કે, ધર્મકથા કેટલા પ્રકારે તો કહ્યું કે ચાર પ્રકારે:–અક્ષેપણી, વિક્ષેપણી, નિર્વેગણી, સંવેગણી. આવા આવા પ્રકારની વાત થતી હોય તે તેમની પાસે જે ગણધરો હોય તે ધ્યાનમાં રાખી લે, અને અનુક્રમે તેનો બાંધો બાંધે. જેમ અહીં કોઇ વાત કરવાથી કોઇ ધ્યાનમાં રાખી અનુક્રમે તેનો બાંધો બાંધે તેમ. બાકી તીર્થંકર જેટલું કહે તેટલું કાંઇ તેઓના ધ્યાનમાં ન રહે, અભિપ્રાય ધ્યાનમાં રહે. વળી ગણધરો પણ બુદ્ધિમાન હતા એટલે તે (તીર્થંકરે કહેલાં) વાકયો કાંઇ તેમાં આવ્યાં નથી એમ પણ નથી.

સિદ્ધાંતોનો બાંધો એટલો બધો સખત છે છતાં યતિલોકોને તેથી વિરૂદ્ધ આચરણ કરતા દેખીએ છીએ. દાખલા તરીકે, કહ્યું છે કે, સાધુઓએ ધુપેલ નાંખવું નહીં, છતાં તે લોકો નાંખે છે. આથી કાંઈ જ્ઞાનીની વાણીનો દોષ નથી. પણ જીવની સમજણશક્તિનો દોષ છે. જીવમાં સદ્બુદ્ધિ ન હોય તો પ્રત્યક્ષયોગે પણ તેને અવળું જ પરિણમે છે, અને જીવમાં સદ્બુદ્ધિ હોય તો સવળું ભાસે છે. પ્રાપ્ત=જ્ઞાન પામેલો પુરૂષ આપ્ત=વિશ્વાસ કરવાયોગ્ય પુરૂષ.

મુમુક્ષુ એટલે સમગ્દૃષ્ટિ જીવ સમજવા નહીં. જીવને ભૂલવણીનાં સ્થાનક ઘણાં છે. માટે વિશેષ વિશેષ જાગ્રતિ રાખવી. મુંઝાવું નહીં; મંદતા ન કરવી. પુરૂષાર્થધર્મ વર્દ્ધમાન કરવો.

જીવને સત્પુરૂષનો યોગ મળવો દુર્લભ છે. અપારમાર્થિક ગુરૂને જો પોતાનો શિષ્ય બીજા ધર્મમાં જાય તો તાવ ચઢે છે. પારમાર્થિક ગુરૂને "આ મારો શિષ્ય છે" એવો ભાવ હોતો નથી. કોઇ કુગુરૂઆશ્રિત જીવ બોધશ્રવણઅર્થે સદ્ગુરૂપાસે એક વખત ગયો હોય, અને પછી તે તેના તે કુગુરૂપાસે જાય, તો તે કુગુરૂ તે જીવને અનેક વિચિત્ર વિકલ્પો બેસાડી દે છે, કે જેથી તે

જીવ ફરી સદ્દગુરૂપાસે જાય નહીં. તે જીવને બિચારાને તો સત્, અસત્, વાણીની પરીક્ષા નથી એટલે ભોળવાઇ જાય છે, અને સાચા માર્ગથી પડી જાય છે

ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે. ભક્તિથી અહંકાર મટે, સ્વચ્છંદ ટળે, અને સીધા માર્ગે ચાલ્યું જવાય. અન્ય વિકલ્પો મટે, આવો એ ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.

આત્મા કોણે અનુભવ્યો કહેવાય ?:-

તરવાર મ્યાનમાંથી કાઢવાથી જેમ જૂદી માલમ પડે છે, તેમ દેહથી આત્મા સ્પષ્ટ જૂદો બતાવે છે તેણે આત્મા અનુભવ્યો કહેવાય.

દૂધને પાણી ભેળાં છે તેવી રીતે આત્મા અને દેહ રહેલા છે. દૂધ અને પાણી ક્રિયા કરવાથી જૂદાં પડે ત્યારે જૂદાં કહેવાય. તેવી રીતે આત્મા અને દેહ ક્રિયાથી જૂદા પડે ત્યારે જૂદા કહેવાય. દૂધ દૂધના અને પાણી પાણીના પરિણામ પામે ત્યાંસુધી ક્રિયા કહેવી. આત્મા જાણ્યો હોય તો પછી એક પર્યાયથી માંડી આખા સ્વરૂપસુધીની ભ્રાંતિ થાય નહીં. પોતાના દોષ ઘટે, આવરણ ટળે તો જ જાણવું કે જ્ઞાનીનાં વચનો સાચાં છે. આપણે ભવ્ય અભવ્યની ચિંતા ન રાખતાં, હાલ તો ઉપકાર થાય તેવો લાભનો ધર્મવ્યાપાર કરવો.

જ્ઞાન તેનું નામ કે જે હર્ષ શોક વખતે હાજર થાય; અર્થાત્ હર્ષ શોક થાય નહીં. સમ્યગ્-દૃષ્ટિ હર્ષ શોકાદિ પ્રસંગમાં એકાકાર થાય નહીં. તેમનાં નિર્ધ્વંસ પરિણામ થાય નહીં. અજ્ઞાન ઉભું થાય કે જાણવામાં આવ્યે તરત જ દાબી દે. બહુ જ જાગૃતિ હોય. ભય અજ્ઞાનનો છે. જેમ સિંહણને સિંહ ચાલ્યો આવતો હોય અને ભય લાગતો નથી; પણ જાણે તે કૂતરો ચાલ્યો આવતો હોય તેમ સિંહણને લાગે છે; તેવી રીતે જ્ઞાની પૌદ્ગલિક સંયોગ સમજે છે. રાજ મળ્યે આનંદ થાય તો તે અજ્ઞાન.

જ્ઞાનીની દશા બહુ જ અદ્ભુત છે. યથાતથ્ય કલ્યાણ સમજાયું નથી તેનું કારણ વચનને આવરણ કરનાર દુરાગ્રહભાવ–કષાય–રહ્યા છે. દુરાગ્રહભાવને લીધે મિથ્યાત્વ શું છે તે સમજાય નહીં; દુરાગ્રહને મૂકે તો મિથ્યાત્વ દૂર ખસવા માંડે. કલ્યાણને અકલ્યાણ અને અકલ્યાણને કલ્યાણ સમજે તે મિથ્યાત્વ. દુરાગ્રહાદિ ભાવનેલીધે જીવને કલ્યાણનું સ્વરૂપ બતાવ્યા છતાં સમજાય નહીં. કષાય દુરાગ્રહાદિ મૂકાય નહીં તો પછી તે વિશેષ પ્રકારે પીડે છે. કષાય સત્તાપણે છે. નિ-મિત્ત આવે ત્યારે ઉભા થાય છે. ત્યાંસુધી ઉભા થાય નહીં.

શું વિચાર કર્યે સમભાવ આવે ?

વિચારવાનને પુદ્ગલમાં તન્મયપણું–તાદાત્મ્યપણું–થતું નથી. અજ્ઞાની પૌદ્ગલિક સંયોગના હર્ષનો પત્ર વાંચે તો તેનું મોઢું ખુશીમાં દેખાય, અને ભયનો કાગળ આવે તો ઉદાસ થઇ જાય.

સર્પ દેખી આત્મવૃત્તિમાં ભયનો હેતુ થાય ત્યારે તાદાત્મ્યપણું કહેવાય. તન્મયપણું થાય તેને જ હર્ષ, શોક થાય છે. નિમિત્ત છે તે તેનું કાર્ય કર્યાવગર રહે નહીં.

મિથ્યાદૃષ્ટિને વચમાં સાક્ષી નથી.[1]

દેહ ને આત્મા બન્ને જૂદા છે એવો જ્ઞાનીને ભેદ પડયો છે. જ્ઞાનીને વચમાં સાક્ષી છે. જ્ઞાન, જાગૃતિ હોય તો જ્ઞાનના વેગે કરી, જે જે નિમિત્તો મળે તેને પાછું વાળી શકે.

જીવ વિભાવ પરિણામમાં વર્ત્તે તે વખતે કર્મ બાંધે; અને સ્વભાવ પરિણામમાં વર્ત્તે તે વખતે કર્મ બાંધે નહીં.

---

૧. આ વચનનો આશય એવો છે કે, મિથ્યાદૃષ્ટિને વિપરીતપણે વર્ત્તતાં કોઇ રોકી શકનાર નથી, અર્થાત્ મિથ્યાદૃષ્ટિને કોઈનો ભય નથી–સંશોધક.

સ્વચ્છંદ ટળે તો જ મોક્ષ થાય. સદ્દગુરૂની આજ્ઞાવિના આત્માર્થી જીવનાં શ્વાસોચ્છ્વાસ શિવાય બીજું ન ચાલે એવી જિનની આજ્ઞા છે.

પાંચ ઇંદ્રિયો શી રીતે વશ થાય ? વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી. ફૂલ સુકાવાથી તેની સુગંધી થોડીવાર રહી નાશ પામે છે, ને ફૂલ કરમાઈ જાય છે, અને તેથી કાંઇ સંતોષ થતો નથી તેની પેઠે તુચ્છ ભાવ આવવાથી ઇંદ્રિયોના વિષયોમાં લુબ્ધતા થતી નથી.

પાંચ ઇંદ્રિયોમાં જીવ્હાઇંદ્રિય વશ કરવાથી બાકીની ચાર ઇંદ્રિયો સહેજે વશ થાય છે.

જ્ઞાનીપુરૂષને શિષ્યે પ્રશ્ન પૂછ્યું, " બાર ઉપાંગ તો બહુ ગહન છે; અને તેથી મારાથી સમજી શકાય તેમ નથી; માટે બાર ઉપાંગનો સાર જ બતાવો કે જે પ્રમાણે વર્તું તો મારૂં કલ્યાણ થાય. " સદ્દગુરૂએ ઉત્તર આપ્યો " બાર ઉપાંગનો સાર તમને કહીએ છીએ કે વૃત્તિઓને ક્ષય કરવી. "

આ વૃત્તિઓ બે પ્રકારની કહી; એક બાહ્ય અને બીજી આંતર. બાહ્યવૃત્તિ એટલે આત્માથી બહાર વર્ત્તવું તે. આત્માની અંદર પરિણમવું-તેમાં સમાવું-તે અંતરૃવૃત્તિ. પદાર્થનું તુચ્છપણુ ભાસ્યમાન થયું હોય તો અંતરૃવૃત્તિ રહે. જેમ અલ્પ કિંમતનો એવો જે માટીનો ઘડો તે ફુટી ગયો અને પછી તેનો ત્યાગ કરતાં આત્માની વૃત્તિ ક્ષોભ પામતી નથી, કારણ કે તેમાં તુચ્છપણુ સમજાયું છે. આવી રીતે જ્ઞાનીને જગતના સર્વ પદાર્થ તુચ્છ ભાસ્યમાન છે. જ્ઞાનીને એક રૂપિયાથી માંડી સુવર્ણ ઇત્યાદિક પદાર્થમાં સાવ માટીપણુ જ ભાસે છે.

સ્ત્રી એ હાડમાંસનું પૂતળું છે એમ સ્પષ્ટ જાણ્યું છે તેથી વિચારવાનની વૃત્તિ ત્યાં ક્ષોભ પામતી નથી; તોપણ સાધુને એવી આજ્ઞા કરી છે કે, હજારો દેવાંગનાથી ન ચળી શકે તેવા મુનિએ પણ નાક કાન છેદેલી એવી જે સો વરષની વૃદ્ધ સ્ત્રી તેની સમીપ પણ રહેવું નહીં; કારણ કે તે વૃત્તિને ક્ષોભ પમાડે જ એવું જ્ઞાનીએ જાણ્યું છે. સાધુને તેટલું જ્ઞાન નથી કે તેનાથી ન જ ચળી શકે એમ ધારી તેની સમીપ રહેવાની આજ્ઞા કરી નથી. એ વચન ઉપર જ્ઞાનીએ પોતે વિશેષ ભાર મૂક્યો છે; એટલા માટે જે વૃત્તિઓ પદાર્થોમાં ક્ષોભ પામે તો તરત ખેંચી લઈ તેવી બાહ્યવૃત્તિઓ ક્ષય કરવી.

ચૌદ ગુણુસ્થાનક છે તે આત્માના અંશે-અંશે ગુણુ બતાવ્યા છે, અને છેવટે તે કેવા છે તે જણાવ્યું છે. જેમ એક હીરો છે તેને એક એક કરતાં ચૌદ પેહેલ પાડો તો અનુક્રમે વિશેષ વિશેષ કાન્તિ પ્રગટે, અને ચૌદે પેહેલ પાડતાં છેવટે હીરાની સંપૂર્ણ સ્પષ્ટ કાન્તિ પ્રગટે. આ જ રીતે સંપૂર્ણ ગુણુ પ્રગટવાથી આત્મા સંપૂર્ણપણે પ્રગટે.

ચૌદપૂર્વધારી ત્યાંથી પાછો પડે છે તેનું કારણ પ્રમાદ છે. પ્રમાદના કારણથી તે એમ જાણે કે " હવે મને ગુણુ પ્રગટ્યો. " આવા અભિમાનથી પહેલે ગુણુસ્થાનકે જઈ પડે છે; અને અનંત કાળનું ભ્રમણ કરવું પડે છે. માટે જીવે અવશ્ય જાગ્રત રહેવું; કારણ કે વૃત્તિઓનું પ્રાબલ્ય એવું છે કે, તે હરેક પ્રકારે છેતરે છે.

અગીઆરમા ગુણુસ્થાનકેથી જીવ પડે છે તેનું કારણ એ કે, વૃત્તિઓ પ્રથમ જાણે છે કે " હમણા આ શરાતનમાં છે એટલે આપણું બળ ચાલવાનું નથી;" અને તેથી ચુપ થઇ બધી દબાઈ રહે છે. " ક્રોધથી છેતરાશે નહીં, માનથી પણુ છેતરાશે નહીં; તેમ માયાનું બળ ચાલે તેવું નથી " એમ વૃત્તિએ જાણ્યું કે તરત ત્યાં લોભ ઉદયમાન થાય છે. " મારામાં કેવાં રિદ્ધિ, સિદ્ધિ, અને ઐશ્વર્ય પ્રગટ થયાં " એવી વૃત્તિ ત્યાં આગળ થતાં તેનો લોભ થવાથી ત્યાંથી જીવ પડે છે, અને પહેલે ગુણુસ્થાનકે આવે છે.

આ કારણથી વૃત્તિઓને ઉપશમ કરવા કરતાં ક્ષય કરવી; એટલે ફરીથી ઉદ્ભવે નહીં. જ્યારે જ્ઞાનીપુરૂષ ત્યાગ કરાવવાને માટે કહે કે, આ પદાર્થ ત્યાગી દે ત્યારે વૃત્તિ ભૂલવે છે કે, ઠીક છે, હું બે દિવસ પછી ત્યાગીશ. આવા ભૂલાવામાં પડે છે કે, વૃત્તિ જાણે છે કે, ઠીક થયું, અણીનો ચૂક્યો સો વર્ષ જીવે. એટલામાં શિથિલપણાનાં કારણો મળે કે "આ ત્યાગવાથી રોગનાં કારણો થશે; માટે હમણા નહીં પણ આગળ ત્યાગીશ." આ રીતે વૃત્તિઓ છેતરે છે.

આ પ્રકારે અનાદિકાળથી જીવ છેતરાય છે. કોઇનો વીશ વર્ષનો પુત્ર મરી ગયો હોય, તે વખતે તે જીવને એવી કડવાસ લાગે કે, આ સંસાર ખોટો છે. પણ બીજેજ દિવસે એ વિચાર બાહ્યવૃત્તિ વિસ્મરણ કરાવે છે કે, "એનો છોકરો કાલસવારે મોટો થઈ રહેશે; એમ થતુંજ આવે છે; શું કરીએ!" આમ થાય છે; પણ એમ નથી થતું કે, તે પુત્ર જેમ મરી ગયો, તેમ હું પણ મરી જઇશ, માટે સમજીને વૈરાગ્ય પામી ચાલ્યો જાઉં તો સારૂં. આમ વૃત્તિ થતી નથી. ત્યાં વૃત્તિ છેતરે છે.

(કોઇ અભિમાની) જીવ એમ માની બેસે છે કે, "હું પંડિત છું, શાસ્ત્રવેત્તા છું, ડાહ્યો છું, ગુણવાન છું, લોક મને ગુણવાન કહે છે," પણ તેને જ્યારે તુચ્છ પદાર્થનો સંયોગ થાય છે ત્યારે તરતજ તેની વૃત્તિ ખેંચાય છે. આવા જીવને જ્ઞાની કહે છે કે, તું વિચાર તો ખરો કે તે તુચ્છ પદાર્થની કિંમત કરતાં તારી કિંમત તુચ્છ છે! જેમ એક પાઇની ચાર બીડી મળે છે; અર્થાત્ પા પાઇની એક બીડી છે. તેવી બીડીનું જો તને વ્યસન હોય તો તું અપૂર્વ જ્ઞાનીનાં વચનો સાંભળતો હોય તોપણ જો ત્યાં ક્યાંયથી બીડીનો ધૂમાડો આવ્યો તો તારા આત્મામાંથી ધૂમાડો નીકળે છે,[1] અને જ્ઞાનીનાં વચનો ઉપરથી પ્રેમ જતો રહે છે. બીડી જેવા પદાર્થમાં—તેની ક્રિયામાં—વૃત્તિ ખેંચાવાથી વૃત્તિક્ષોભ નિવૃત્ત થતો નથી! પા પાઇની બીડીથી જો એમ થઇ જાય છે તો વ્યસનીની કિંમત તેથી પણ તુચ્છ થઈ—એક પાઇના ચાર આત્મા થયા! માટે દરેક પદાર્થમાં તુચ્છપણું વિચારી વૃત્તિ બહાર જતી અટકાવવી; અને ક્ષય કરવી.

અનાથદાસજીએ કહ્યું છે કે, "એક અજ્ઞાનીના કોટિ અભિપ્રાયો છે, અને કોટી જ્ઞાનીનો એક અભિપ્રાય છે."

ઉત્તમ જાતિ, આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, અને સત્સંગ એ આદિ પ્રકારથી આત્મગુણ પ્રગટ થાય છે.

તમે માન્યો છે તેવો આત્માનો મૂળ સ્વભાવ નથી; તેમ આત્માને કર્મે કાંઇ સાવ આવરી નાંખ્યો નથી. આત્માના પુરૂષાર્થધર્મનો માર્ગ સાવ ખુલ્લો છે.

બાજરા અથવા ઘઉંનો એક દાણો લાખ વર્ષ સુધી રાખી મૂક્યો હોય (સડી જાય તે વાત અમારા ધ્યાનમાં છે) પણ જો તેને પાણી, માટી આદિનો સંયોગ ન મળે તો, ઉગવાનો સંભવ નથી, તેમ સત્સંગ અને વિચારનો યોગ ન મળે તો આત્મગુણ પ્રગટ થતો નથી.

શ્રેણિકરાજા નરકમાં છે, પણ સમભાવે છે—સમકિતિ છે; માટે તેને દુઃખ નથી.

ચાર કઠિયારાના દૃષ્ટાંતે ચાર પ્રકારના જીવો છેઃ—

ચાર કઠિયારા જંગલમાં ગયા. પ્રથમ સર્વેએ કાષ્ઠ લીધાં. ત્યાંથી આગળ ચાલ્યા કે સુખડ આવી. ત્યાં ત્રણેએ સુખડ લીધી. એક કહે કે "એ જાતનાં લાકડાં ખપે કે નહીં, માટે મારે તો લેવાં નથી, આપણે રોજ લઇએ છીએ તેજ મારે તો સારાં." આગળ ચાલતાં સોનું રૂપું આવ્યું ત્રણમાંથી બેએ સુખડ નાંખી દઈ, સોનું રૂપું લીધું, એકે ન લીધું. ત્યાંથી આગળ ચાલ્યા કે રત્ન-

---

1. અત્ર કહેવાનો હેતુ એવો છે કે, તુચ્છ પદાર્થો પણ ત્યાગી શકતા નથી એવા શિથિલપરિણામી જીવો તુચ્છ પદાર્થના સંયોગે જ્ઞાનીના અપૂર્વ યોગના ભોગે એકાકાર થઇ જાય છે.—સંશોધક.

ચિંતામણી આવ્યો. એમાંથી એકે સોનું નાંખી દઈ રત્નચિંતામણિ લીધો; એકે સોનું રહેવા દીધું.

૧. આ જગોએ એમ દૃષ્ટાંત ઘટાવવું કે જેણે લાકડાંજ લીધાં અને બીજું ન લીધું તે પ્રકારના એક જીવ છે; કે જેણે લૌકિક કર્મો કરતાં જ્ઞાનીપુરૂષને ઓળખ્યા નહીં. દર્શન પણ કર્યાં નહીં: એથી તેનાં જન્મ જરા મરણ પણ ટળ્યાં નહીં. ગતિ પણ સુધરી નહી.

૨. સુખડ લીધી અને કાષ્ઠ મૂકી દીધાં ત્યાં દૃષ્ટાંત એમ ઘટાવવું કે, જેણે સહેજે જ્ઞાનીને ઓળખ્યા, દર્શન કર્યાં તેથી તેની ગતિ સારી થઇ.

૩. સોનું આદિ લીધું તે દૃષ્ટાંત એમ ઘટાવવું કે, જેણે જ્ઞાનીને તે પ્રકારે ઓળખ્યા માટે તેને દેવગતિ પ્રાપ્ત થઈ.

૪. રત્નચિંતામણિ જેણે લીધો તે દૃષ્ટાંત એમ ઘટાવવું કે, જે જીવને જ્ઞાનીની યથાર્થ ઓળખાણ થઇ તે જીવ ભવમુક્ત થયો.

એક વન છે. તેમાં મહાત્મ્યવાળા પદાર્થો છે. તેનું જે પ્રકારે ઓળખાણ થાય તેટલું મહાત્મ્ય લાગે, અને તે પ્રમાણમાં તે ગ્રહે. આ રીતે જ્ઞાનીપુરૂષરૂપી વન છે. તે જ્ઞાની પુરૂષનું અગમ્ય અગોચર મહાત્મ્ય છે. તેનું જેટલું ઓળખાણ થાય તેટલું મહાત્મ્ય લાગે; અને તે તે પ્રમાણમાં તેનું કલ્યાણ થાય.

સાંસારિક ખેદનાં કારણો જોઈ, જીવને કડવાસ લાગતાં છતાં તે વૈરાગ્ય ઉપર પગ દઇ ચાલ્યો જાય છે, પણ વૈરાગ્યમાં પ્રવૃત્તિ કરતો નથી.

લોકો જ્ઞાનીને લોકદૃષ્ટિએ દેખે તો ઓળખે નહીં.

આહારાદિ વગેરેમાં પણ જ્ઞાનીપુરૂષની પ્રવૃત્તિ બાહ્ય વર્ત્તે છે. કેવી રીતે જે, ઘડો ઉપર (આકાશમાં) છે, અને પાણીમાં ઉભા રહીને, પાણીમાં દૃષ્ટિ રાખી, બાણ સાંધી તે (ઉંચેનો ઘડો) વીંધવો છે; લોક જાણે છે કે, વીંધનારની દૃષ્ટિ પાણીમાં છે; પણ વાસ્તવિક રીતે ઘડો વીંધવાનો છે; તેનો લક્ષ કરવા માટે વીંધનારની દૃષ્ટિ આકાશમાં છે. આ રીતે જ્ઞાનીની ઓળખાણ કોઇ વિચારવાનને હોય છે.

દૃઢ નિશ્ચય કરવો કે, વૃત્તિઓ બહાર જતી ક્ષય કરવી; એ જ જ્ઞાનીની આજ્ઞા છે.

સ્પષ્ટ પ્રીતિથી સંસાર કરવાની ઇચ્છા થતી હોય તો સમજવું કે, જ્ઞાનીપુરૂષને જોયા નથી. જે પ્રકારે પ્રથમ સંસારમાં રસસહિત વર્ત્તતો હોય તે પ્રકારે, જ્ઞાનનો યોગ થયા પછી વર્ત્તે નહીં એ જ જ્ઞાનીનું સ્વરૂપ.[૧]

જ્ઞાનીને જ્ઞાનદૃષ્ટિ–અંતરૃદૃષ્ટિ–થી જોયા પછી સ્ત્રી જોઇને રાગ ઉત્પન્ન થાય નહીં; કારણ કે, જ્ઞાનીનું સ્વરૂપ વિષયસુખકલ્પનાથી જૂદું છે. અનંત સુખ જાણ્યું હોય તેને રાગ થાય નહીં; અને જેને રાગ થાય નહીં તેણે જ જ્ઞાનીને જોયા; અને તેને જ જ્ઞાનીપુરૂષનાં દર્શન કર્યા પછી સ્ત્રીનું સજીવન શરીર અજીવનપણે ભાસ્યાવિના રહે નહીં, કારણ કે, જ્ઞાનીના વચનો યથાર્થ રીતે સાચાં જાણ્યાં છે. જ્ઞાનીની સમીપ દેહ અને આત્મા જૂદો પૃથક્ પૃથક્ જાણ્યો છે તેને દેહ બાદ કરી આત્મા ભિન્ન ભિન્ન ભાસે; અને તેથી સ્ત્રીનાં શરીર અને આત્મા જૂદાં ભાસે છે. તેણે સ્ત્રીનું શરી માંસ, માટી, હાડકાં આદિનું પૂતળું જાણ્યું છે એટલે ત્યાં રાગ ઉત્પન્ન થતો નથી.

આખા શરીરનું બળ–ઉપર નીચેનું બન્ને–કમર ઉપર છે. જેની કમર ભાંગી ગઇ છે તેનું બધું બળ ગયું. વિષયાદિ જીવની તૃષ્ણા છે. સંસારરૂપી શરીરનું બળ આ વિષયાદિરૂપ કેડ–

૧ જ્ઞાનીનું ખરૂં સ્વરૂપ એ જ કે તેઓનો યોગ થયા પછી સામા જીવની દશા અપૂર્વપણું પામે એવો આ ઠેકાણે કહેવાનો અભિપ્રાય છે.–સંશોધક.

કમર-ઉપર છે. જ્ઞાનીપુરૂષનો બોધ લાગવાથી વિષયાદિરૂપ કેડનો ભંગ થાય છે. અર્થાત્ વિષયાદિનું તુચ્છપણું લાગે છે; અને તે પ્રકારે સંસારનું બળ ઘટે છે; અર્થાત્ જ્ઞાનીપુરૂષના બોધમાં આવું સામર્થ્ય છે.

શ્રી મહાવીરસ્વામીને સંગમ નામે દેવતાએ બહુ જ-પ્રાણત્યાગ થતાં વાર ન લાગે તેવા-પરિષહ દીધા ત્યાં કેવી અદ્‌ભુત સમતા ! ત્યાં તેઓએ વિચાર્યું કે જેનાં દર્શન કરવાથી કલ્યાણ થાય, નામ સ્મરવાથી કલ્યાણ થાય તેના સંગમાં આવીને અનંત સંસાર વધવાનું આ જીવને કારણ થાય છે. આવી અનુકંપા આવવાથી આંખમાં આંસુ આવી ગયાં. કેવી અદ્‌ભુત સમતા ? પારકી દયા કેવી રીતે ઉગી નીકળી હતી ? તે વખતે મોહરાજાએ જો જરા ધક્કો માર્યો હોત તો તો તરત જ તીર્થંકરપણું સંભવત નહીં; પણ જો કે દેવતા તે ભાગી જાત. મોહનીયના મળને મૂળથી નાશ કર્યો છે-અર્થાત્ મોહને જીત્યો છે તે મોહ કેમ કરે ?

શ્રી મહાવીરસ્વામી સમીપે ગોશાલાએ આવી બે સાધુને બાળી નાંખ્યા ત્યારે જો જરા ઐશ્વર્યપણું કરીને સાધુની રક્ષા કરી હોત તો તીર્થંકરપણું ફરી કરવું પડત; પણ જેને "હું ગુરૂ છું, મારા શિષ્ય છે" એવી ભાવના નથી તેને તેવો કોઈ પ્રકાર કરવો પડતો નથી. "શરીરરક્ષણનો દાતાર નથી, ફક્ત ભાવઉપદેશનો દાતાર છું; જો હું રક્ષા કરૂં તો મારે ગોશાલીની રક્ષા કરવી જોઇએ, અથવા આખા જગતની રક્ષા કરવી ઘટે" એમ વિચાર્યું. અર્થાત્ તીર્થંકર એમ (મારાપણું) કરે જ નહીં.

વેદાંતવિષે આ કાળમાં ચરમશરીરિ કહ્યા છે. જિનના અભિપ્રાયપ્રમાણે પણ આ કાળમાં એકાવતારી જીવ થાય છે, આ કાંઇ થોડી વાત નથી; કેમકે આ પછી કાંઈ મોક્ષ થવાને વધારે વાર નથી. સહેજ કાંઈ બાકી રહ્યું હોય-રહ્યું છે-તે પછી સહેજમાં ચાલ્યું જાય છે. આવા પુરૂષની દશા-વૃત્તિઓ-કેવી હોય ? અનાદિની ઘણી જ વૃત્તિઓ સમાઇ ગઈ હોય છે; અને એટલી બધી શાન્તિ થઈ ગઈ હોય છે કે, રાગદ્વેષ બધા નાશ પામવાયોગ્ય થયા છે-ઉપશાંત થયા છે.

સદ્‌વૃત્તિઓ થવા માટે જે જે કારણો (સાધનો) બતાવેલાં હોય છે તે નહીં કરવાનું જ્ઞાની કહેતા જ નથી; જેમ રાત્રે ખાવાથી હિંસાનું કારણ દેખાય છે, એટલે જ્ઞાની આજ્ઞા કરે જ નહીં કે તું રાત્રે ખા. પણ જે જે અહંભાવે આચરણ કર્યું હોય. અને રાત્રિભોજનથી જ, અથવા "આ ફલાણાથી જ મોક્ષ થાય, અથવા આમાં જ મોક્ષ છે," એમ દુરાગ્રહથી માન્યું હોય તો તેવો દુરાગ્રહ મૂકાવવાને માટે જ્ઞાનીપુરૂષો કહે "મૂકી દે; જ્ઞાની પુરૂષોની આજ્ઞાએ તેમ (રાત્રિભોજનત્યાગાદિ) કર," અને તેમ કરે તો કલ્યાણ થાય. અનાદિકાળથી દિવસે તેમ જ રાત્રે ખાધું છે, પણ જીવનો મોક્ષ થયો નહીં !

આ કાળમાં આરાધકપણાનાં કારણો ઘટતાં જાય છે, અને વિરાધકપણાનાં લક્ષણો વર્દ્ધમાનતા પામતાં જાય છે.

કેશીસ્વામી મોટા હતા, અને પાર્શ્વનાથસ્વામીના શિષ્ય હતા, તો પણ પાંચ મહાવ્રત અંગીકાર કર્યાં હતાં.

કેશીસ્વામી અને ગૌતમસ્વામી મહા વિચારવાન હતા, પણ કેશીસ્વામીએ એમ ન કહ્યું "હું દિક્ષાએ મોટો છું માટે તમે મારી પાસે ચારિત્ર લ્યો." વિચારવાન અને સરળ જીવ જેને તરત કલ્યાણયુક્ત થઇ જવું છે તેને આવી વાતનો આગ્રહ હોય નહીં.

કોઈ સાધુ જેણે પ્રથમ આચાર્યપણે અજ્ઞાનઅવસ્થાએ ઉપદેશ કર્યો હોય, અને પછી તેને જ્ઞાનીપુરૂષનો સમાગમ થતાં તે જ્ઞાનીપુરૂષ જો આજ્ઞા કરે કે, જે સ્થળે આચાર્યપણે ઉપદેશ કર્યો

હોય ત્યાં જઈ એક ખુણે છેવાડે બેસી બધા લોકોને એમ કહે કે, મેં અજ્ઞાનપણે ઉપદેશ આપ્યો છે, માટે તમે ભૂલ ખાશો નહીં; તો તે પ્રમાણે સાધુને કર્યાવિના છૂટકો નહીં. જો તે સાધુ એમ કહે "મારાથી એમ થાય નહીં; એને બદલે આપ કહો તો પહાડ ઉપરથી પડતું મૂકું, અથવા બીજું ગમે તે કહો તે કરૂં; પણ ત્યાં તો મારાથી નહીં જવાય" જ્ઞાની કહે છે " કદાપિ તું લાખ વાર પર્વતથી પડે તોપણ કામનું નથી. અહીં તો તેમ કરશે તો જ મોક્ષ મળશે. તેમ કર્યાવિના મોક્ષ નથી; માટે જઇને ક્ષમાપના માગે તો જ કલ્યાણ થાય."

ગૌતમસ્વામી ચાર જ્ઞાનના ધર્ત્તા હતા અને આનંદશ્રાવક પાસે ગયા હતા. આનંદશ્રાવકે કહ્યું " મને જ્ઞાન ઉપજ્યું છે. " ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું "ના, ના એટલું બધું હોય નહીં, માટે આપ ક્ષમાપના લ્યો." ત્યારે આનંદશ્રાવકે વિચાર્યું કે, મારા ગુરૂ છે, કદાચ આ વખતે ભૂલ ખાય છે, તોપણ ભૂલ ખાઓ છો એમ કહેવું યોગ્ય નથી; ગુરૂ છે માટે શાન્તિથી કહેવું યોગ્ય છે એમ ધારી આનંદશ્રાવકે કહ્યું કે, મહારાજ ! સદ્‌ભૂત વચનનો "મિચ્છામિ દુક્કડ" કે અસદ્‌ભૂત વચનનો "મિચ્છામિ દુક્કડં ?" ત્યારે ગૌતમસ્વામીએ કહ્યું કે, અસદ્‌ભૂત વચનનો "મિચ્છામિ દુક્કડં." ત્યારે આનંદશ્રાવકે કહ્યું "મહારાજ ! હું 'મિચ્છામિ દુક્કડ' લેવાને યોગ્ય નથી." એટલે ગૌતમસ્વામી ચાલ્યા ગયા, અને જઇને મહાવીરસ્વામીને પૂછ્યું (ગૌતમસ્વામી તેનું સમાધાન કરે તેવા હતા, પણ છતે ગુરૂએ તેમ કરે નહીં જેથી મહાવીરસ્વામીપાસે જઇ હકીકત કહી). મહાવીરસ્વામીએ કહ્યું " હે ગૌતમ ! હા, આનંદ દેખે છે એમ જ છે, અને તમારી ભૂલ છે, માટે તમે આનંદપાસે જઇ ક્ષમાપના લ્યો." 'તહત્' કહી ગૌતમસ્વામી ક્ષમાવવા ગયા. જો ગૌતમસ્વામીમાં મોહ નામનો મહા સુભટ પરાભવ પામ્યો ન હોત તો ત્યાં જાત નહીં, અને કદાપિ ગૌતમસ્વામી એમ કહેત કે, મહારાજ ! આપના આટલા બધા શિષ્ય છે તેમની હું ચાકરી કરૂં, પણ ત્યાં તો નહીં જાઉં; તો તે વાત કબૂલ થાત નહીં. ગૌતમસ્વામી પોતે ત્યાં જઇ ક્ષમાવી આવ્યા !

'સાસ્વાદાનસમકિત' એટલે વમી ગયેલું સમકિત. અર્થાત્ જે પરીક્ષા થયેલી તેને આવરણ આવી જાય, તોપણ મિથ્યાત્વ અને સમકિતની કિંમત તેને જૂદીને જૂદી લાગે. જેમ, છાશમાંથી માખણ કાઢી લીધું, ને પછી પાછું છાશમાં નાંખ્યું. માખણને છાશ પ્રથમ જેવાં એકમેક હતાં તેવાં એકમેક પછી થાય નહીં, તેમ મિથ્યાત્વની સાથે એકમેક થાય નહીં. હીરામણિની કિંમત થઈ છે, પણ કાચની મણિ આવે ત્યારે હીરામણિ સાક્ષાત્ અનુભવમાં આવે તે દષ્ટાંત પણ અત્રે ઘટે છે.

સદ્‌ગુરૂ, સતદેવ, કેવળીનો પ્રરૂપેલો ધર્મ તેને સમ્યક્ત્વ કહ્યું, પણ સતદેવ અને કેવળી એ બે સદ્‌ગુરૂમાં સમાઈ ગયા !

નિર્ગ્રંથગુરૂ એટલે પૈસારહિત ગુરૂ નહીં, પણ જેની ગ્રંથિ છેદાઇ છે એવા ગુરૂ. સદ્‌ગુરૂની ઓળખાણ થાય ત્યારે વ્યવહારથી ગ્રંથિ છેદવાનો ઉપાય છે. જેમ, એક માણસે કાચની મણિ લઇ ધાર્યું કે, " મારી પાસે સાચી મણિ છે, આવી કાંઇ પ્રાપ્ત થતી નથી. " પછી તેણે એક વિચારવાનપાસે જઇને કહ્યું " મારી મણિ સાચી છે. " પછી તે વિચારવાને તેથી સારી, તેથી સારી, એમ વધતી વધતી કિંમતની મણિ બતાવીને કહ્યું કે, જો ફેર લાગે છે ? બરાબર જોજે, ત્યારે તેણે કહ્યું " હા ફેર લાગે છે ". પછી તે વિચારવાને ઝુમર બતાવી કહ્યું; જો તારા જેવી તો હજારો મળે છે. આખું ઝુમર બતાવ્યા પછી સાચી મણિ બતાવી ત્યારે તે તેની બરોબર કિંમત થઈ; પછી જૂઠીને જૂઠી જાણી મૂકી દીધી. પછી કાંઇક સંગ મળવાથી તેણે કહ્યું કે,

તેં આ મણિ જે સાચી જાણી છે એવી તો ઘણી મળે છે. આવા આવરણથી વ્હેમ આવી જવાથી ભૂલી જાય; પણ પછી જૂઠી દેખે-જે પ્રકારે સાચાની કિંમત થઇ હોય તે પ્રકારે-તે તરત જાગૃતિમાં આવે કે સાચી ઝાઝી હોય નહીં. અર્થાત્ આવરણ હોય, પણ પ્રથમની ઓળખાણ ભૂલાય નહીં. આ પ્રકારે વિચારવાન સદ્ગુરુનો યોગ મળતાં તત્ત્વપ્રતીતિ થાય, પણ પછી મિથ્યાત્વીના સંગથી આવરણ આવતાં શંકા થઈ જાય; જો કે તત્ત્વપ્રતીતિ જાય નહીં પણ તેને આવરણ આવી જાય. આનું નામ 'સાસ્વાદાનસમ્યક્ત્વ,'

સદ્ગુરૂ અને અસદ્ગુરૂમાં રાતદિવસ જેટલો અંતર છે.

એક ઝવેરી હતો. વેપાર કરતાં ઘણી ખોટ જવાથી તેની પાસે કાંઇ પણ દ્રવ્ય રહ્યું નહીં. મરણ વખત આવી પહોંચ્યો એટલે બૈરાં છોકરાંનો વિચાર કરે છે કે, મારીપાસે કાંઇ દ્રવ્ય નથી, પણ જો હાલ કહીશ, તો છોકરો નાની ઉમરનો છે તેથી દેહ છૂટી જશે. સ્ત્રીએ સામું જોયું ત્યારે તેણે કહ્યું કે, કાંઈ કહો છો ? પુરૂષે કહ્યું "શું કહું ?" સ્ત્રીએ કહ્યું કે, મારૂં અને છોકરાનું ઉદરપોષણ થાય તેનું બતાવો ને કંઇ કહો. ત્યારે પેલાએ વિચાર કરીને કહ્યું કે, ઘરમાં ઝવેરાતની પેટીમાં કિંમતી નંગની દાબડી છે તે જ્યારે તારે અવસ્યની જરૂર પડે ત્યારે કાઢીને મારા ભાઇબંધપાસે જઈને વેચાવજે. ત્યાં તને ઘણું દ્રવ્ય આવશે. આટલું કહીને પેલો પુરૂષ કાળધર્મ પામ્યો. કેટલાક દિવસે નાણાવિના ઉદરપોષણ માટે પીડાતા જાણી, પેલો છોકરો તેના બાપે પ્રથમ કહેલ ઝવેરાતનાં નંગ લઇ, તેના કાકા (પિતાનો ભાઇબંધ ઝવેરી) પાસે ગયો ને કહ્યું કે, મારે આ નંગ વેચવાં છે. તેનું દ્રવ્ય જે આવે તે મને આપો. ત્યારે પેલા ઝવેરીભાઇએ પૂછ્યું: " આ નંગ વેચીને શું કરવું છે ? " "ઉદર ભરવા પૈસા જોઈએ છીએ" એમ પેલા છોકરાએ કહ્યું ત્યારે તે ઝવેરીએ કહ્યું: "સો પચાસ રૂપિયા જોઇએ તો લઈ જા, ને રોજ મારી દુકાને આવતો રહેજે, અને ખર્ચ લઈ જજે. આ નંગ હાલ રહેવા દે." પેલા છોકરાએ પેલા ભાઇની વાત સ્વીકારી: અને પેલું ઝવેરાત પાછું લઇ ગયો. પછી રોજ ઝવેરીની દુકાને જતાં ઝવેરીના સમાગમે તે છોકરો હીરા, પાના, માણેક, લીલમ બધાંને ઓળખતાં શીખ્યો ને તેની તેને કિંમત થઇ. પછી પેલા ઝવેરીએ કહ્યું: "તું તારૂં જે ઝવેરાત પ્રથમ વેચવા લાવ્યો હતો તે લાવ, હવે વેચીએ." પછી ઘેરથી છોકરાએ પોતાના ઝવેરાતની દાબડી લાવીને જોયું તો નંગ ખોટાં લાગ્યાં. એટલે તરત ફેંકી દીધાં. ત્યારે તેને પેલા ઝવેરીએ પૂછ્યું કે, તે નાંખી કેમ દીધાં ? ત્યારે તેણે કહ્યું કે, સાવ ખોટાં છે માટે નાંખી દીધાં છે. જો પેલા ભાઇએ પ્રથમથી જ ખોટાં કહ્યાં હોત તો તે માનત નહીં; પણ જ્યારે પોતાને વસ્તુની કિંમત આવી ને ખોટાંને ખોટારૂપે જાણ્યાં ત્યારે ઝવેરીને કહેવું પડયું નહીં કે ખોટાં છે. આ જ રીતે પોતાને સદ્ગુરૂની પરીક્ષા થતાં અસદ્ગુરૂને અસત્ જાણ્યા તો પછી તે તરત જ અસદ્ગુરૂ વર્જીને સદ્ગુરૂના ચરણમાં પડે; અર્થાત્ પોતામાં કિંમત કરવાની શક્તિ આવવી જોઇએ.

ગુરૂપાસે રોજ જઈ એકેંદ્રિયાદિક જીવોના સંબંધમાં અનેક પ્રકારની શંકાઓ, અને કલ્પનાઓ કરી પૂછ્યા કરે. પણ કોઈ દિવસ એમ પૂછતો નથી કે, એકેંદ્રિયથી માંડી પંચેંદ્રિયને જાણવાનો પરમાર્થ શો ? એકેંદ્રિયાદિ જીવો સંબંધી કલ્પનાઓથી કાંઈ મિથ્યાત્વગ્રંથી છેદાય નહીં એકેંદ્રિયાદિ જીવોનું સ્વરૂપ જાણવાનું કારણ તો દયા પાળવાનું છે; પણ માત્ર પ્રશ્ન કરવાની ખાતર તેવા પ્રકારની વાતો કરવાનું કંઇ ફળ નથી; વાસ્તવિક રીતે તો સમકિત પ્રાપ્ત કરવાનું છે, માટે ગુરૂપાસે જઈ નકામાં પ્રશ્નો કરવા કરતાં ગુરૂને કહેવું કે, એકેંદ્રિયાદિકની વાત આજે જાણી, હવે તે વાત કાલ કરશો નહીં. પણ સમકિતની ગોઠવણ કરજો. આવું કહે, તો કોઇ દહાડો એનો નીવેડો આવે. પણ રોજ એકેંદ્રિયાદિની કડાકુટો કરે તો એનું કલ્યાણ કયારે થાય?

સમુદ્ર છે તે ખારો છે. એકદમ તો તેની ખારાશ નીકળે નહીં. તેને માટે આ પ્રકારે ઉપાય છે કે, તે સમુદ્રમાંથી એકેક વહેળા લેવા, અને તે વહેળામાં જેથી તે પાણીની ખારાશ મટે, અને મીઠાશ થાય એવો ખાર નાખવો; પણ તે પાણી શોષાવાના બે પ્રકાર છે: એક તો સૂર્યનો તાપ, અને બીજી જમીન; માટે પ્રથમ જમીન તૈયાર કરવી અને પછી નીકોદ્વારાએ પાણી લઈ જવું; અને પછી ખાર નાંખવો કે તેથી ખારાશ મટી જશે. આ જ રીતે મિથ્યાત્વરૂપી સમુદ્ર છે, તેમાં કદાગ્રહાદિરૂપ ખારાશ છે; માટે કુળધર્મરૂપી વહેળાને યોગ્યતારૂપ જમીનમાં લઇ સદ્બોધ-રૂપી ખાર નાંખવો એટલે સત્પુરૂષરૂપી તાપથી ખારાશ મટી જશે.

દુર્બળ દેહ ને માસઉપવાસી, જો છે માયારંગ રે,
તોપણ ગર્ભ અનંતા લેશે, બોલે બીજું અંગ રે--

જેટલી શાન્તિ વધારે તેટલું વધારે. સૌથી મોટો રોગ મિથ્યાત્વ.

જે જે વખતે તપશ્ચર્યા કરવી, તે તે વખતે સ્વચ્છંદથી ન કરવી; અહંકારથી ન કરવી. લોકોને લીધે ન કરવી; જીવે જે કાંઇ કરવું તે સ્વચ્છંદે ન કરવું. " હું ડાહ્યો છું" એવું માન રાખવું તે કયા ભવને માટે ! " હું ડાહ્યો નથી" એવું સમજ્યા તે મોક્ષે ગયા છે. મુખ્યમાં મુખ્ય વિઘ્ન સ્વચ્છંદ છે. જેનો દુરાગ્રહ છેદાયો તે લોકોને પણ પ્રિય થાય છે. કદાગ્રહ મૂકયો હોય તો બીજાને પણ પ્રિય થાય છે; માટે કદાગ્રહ મૂકાયાથી બધાં ફળ થવા સંભવે છે.

ગૌતમસ્વામીએ મહાવીરસ્વામીને વેદનાં પ્રશ્નો પૂછયાં તેનું, સર્વ દોષનો ક્ષય કર્યો છે એવા તે મહાવીરસ્વામીએ વેદના દાખલા દઇ સમાધાન (સિદ્ધતા) કરી આપ્યું.

બીજાને ઉંચા ગુણે ચઢાવવા, પણ કોઈની નિંદા કરવી નહીં. કોઈને સ્વચ્છંદ કાંઈ કહેવું નહીં. કહેવાયોગ્ય હોય તો અહંકારરહિતપણે કહેવું. પરમાર્થદષ્ટિ રાગદ્વેષ ઘટયો હોય તો ફળીભૂત થાય, વ્યવહારથી તો ભોળા જીવોને પણ રાગદ્વેષ ઘટયા હોય; પણ પરમાર્થથી રાગદ્વેષ મોળા પડે, તો કલ્યાણનો હેતુ છે.

મોટા પુરૂષોની દષ્ટિએ જોતાં સઘળાં દર્શન સરખાં છે. જૈનમાં વીશલાખ જીવો મતમતાંતરમાં પડયા છે ! જ્ઞાનીની દષ્ટિએ ભેદાભેદ હોય નહીં.

જે જીવને અનંતાનુબંધીયનો ઉદય છે તેને સાચા પુરૂષની વાત પણ ગમે નહીં, અથવા સાચા પુરૂષની વાત સાંભળવી ગમે નહીં.

મિથ્યાત્વની ગ્રંથિ છે, તેની સાત પ્રકૃત્તિ છે. માન આવે એટલે સાતે આવે, તેમાં અનંતા-નુબંધીયની ચાર પ્રકૃતિ ચક્રવર્તિ સમાન છે. તે કોઇ રીતે ગ્રંથીમાંથી નીકળવા દે નહીં. મિથ્યાત્વ રખવાળ (રક્ષપાળ) છે ! આખું જગત્ તેની સેવા ચાકરી કરે છે !

પ્ર૦:–ઉદયકર્મ કોને કહીએ !

ઉ૦:—ઐશ્વર્યપદ પ્રાપ્ત થતાં તેને ધક્કો મારીને પાછું કાઢે કે "આ મારે જોઇતું નથી; મારે આને શું કરવું છે ? " કોઇ રાજા, પ્રધાનપણુ આપે તોપણ પોતે લેવા ઇચ્છે નહીં. " મારે એને શું કરવું છે ? ઘરસંબંધીની આટલી ઉપાધિ થાય તો ઘણી છે " આવી રીતે ના પાડે; ઐશ્વર્યપદની નિરિચ્છા છતાં રાજા ફરી ફરી આપવા ઇચ્છે તેને લીધે આવી પડે, તો તેને વિચાર થાય કે " "જો તારે પ્રધાનપણુ હશે તો, ઘણા જીવોની દયા પળાશે, હિંસા ઓછી થશે, પુસ્તક શાળાઓ થશે, પુસ્તકો છપાવાશે. " એવા ધર્મના કેટલાક હેતુ જાણીને વૈરાગ્યભાવનાએ વેદે તેને ઉદય કહેવાય. ઇચ્છાસહિત ભોગવે, અને ઉદય કહે તે તો શિથિલતાના અને સંસાર રઝળવાના હેતુ થાય.

કેટલાક જીવો મોહગર્ભિત વૈરાગ્યથી, અને કેટલાક દુઃખગર્ભિત વૈરાગ્યથી દિક્ષા લે છે. "દિક્ષા લેવાથી સારાં સારાં નગરે, ગામે ફરવાનું થશે. દિક્ષા લીધા પછી સારા સારા પદાર્થો ખાવાને મળશે. ઉઘાડા પગે તડકે ચાલવું પડશે તેટલી મુશ્કેલી છે, પણ તેમ તો સાધારણ ખેડુતો કે પાટીદારો પણ તડકામાં કે ઉઘાડે પગે ચાલે છે, તો તેની પેરે સહજ થઈ રહેશે; પણ બીજી રીતે દુઃખ નથી અને કલ્યાણ થશે." આવી ભાવનાથી દિક્ષા લેવાનો જે વૈરાગ્ય થાય તે "મોહગર્ભિત વૈરાગ્ય." પૂનેમને દહાડે ઘણા લોકો ડાકોર જાય છે, પણ કોઇ એમ વિચારતું નથી કે આથી આપણું કલ્યાણ શું થાય છે? પૂનેમને દહાડે રણછોડજીનાં દર્શન કરવા બાપદાદા જતા તે જોઈ છોકરાં જાય છે, પણ તેનો હેતુ વિચારતા નથી. આ પ્રકાર પણ મોહગર્ભિત વૈરાગ્યનો છે.

જે સાંસારિક દુઃખથી સંસારત્યાગ કરે છે તે દુઃખગર્ભિત વૈરાગ્ય સમજવો.

જ્યાં જાઓ ત્યાં કલ્યાણની વૃદ્ધિ થાય તેવી દૃઢ મતિ કરવી. કુળગચ્છનો આગ્રહ મૂકાવવો એ જ સત્સંગનું મહાત્મ્ય સાંભળ્યાનું પ્રમાણ છે. મતમતાંતરાદિ ધર્મના મોટા મોટા અનંતાનુબંધીય પર્વતની ફાટની માફક મળે જ નહીં. કદાગ્રહ કરવો નહીં, ને કદાગ્રહ કરતા હોય તેને ધીરજથી સમજાવીને મૂકાવવા ત્યારે સમજ્યાનું ફળ છે. અનંતાનુબંધીય માન કલ્યાણ થવામાં આડા સ્થંભરૂપ કહેલ છે. જ્યાં જ્યાં ગુણી મનુષ્ય હોય ત્યાં ત્યાં તેનો સંગ કરવાનું વિચારવાન જીવ કહે. અજ્ઞાનીનાં લક્ષણો લૌકિક ભાવનાં છે. જ્યાં જ્યાં દુરાગ્રહ હોય ત્યાં ત્યાંથી છૂટવું; "એને મારે જોઇતાં નથી" એ જ સમજવાનું છે.

પ્રમાદથી યોગ ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીને પ્રમાદ છે. યોગથી અજ્ઞાન ઉત્પન્ન થતું હોય, તો જ્ઞાનીને વિષે પણ સંભવે માટે જ્ઞાનીને યોગ હોય, પણ પ્રમાદ હોય નહીં.

"સ્વભાવમાં રહેવું, વિભાવથી મૂકાવું" એ જ મુખ્ય તો સમજવાનું છે. બાલજીવોને સમજવા સારૂ સિદ્ધાંતોના મોટા ભાગનું વર્ણન જ્ઞાનીપુરૂષોએ કર્યું છે.

કોઈ ઉપર રોપ કરવો નહીં, તેમ કોઇ ઉપર રાજી થવું નહીં. આમ કરવાથી એક શિષ્યને બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રગટ થયું એમ શાસ્ત્રમાં વર્ણન છે.

જેટલો રોગ હોય તેટલી દવા કરવી પડે છે. જીવને સમજવું હોય તો સહજ વિચાર પ્રગટે; પણ મિથ્યાત્વરૂપી મોટો રોગ છે તેથી (સમજવા માટે) ઘણો કાળ જવો જોઇએ. શાસ્ત્રમાં જે સોળે રોગ કહ્યા છે તે સઘળા આ જીવને છે એમ સમજવું.

જે સાધન બતાવ્યાં છે તે સાત્ર સુલભ છે. સ્વચ્છંદથી, અહંકારથી, લોકલાજથી, કુળધર્મના રક્ષણ અર્થે તપશ્ચર્યા કરવી નહીં, આત્માર્થે કરવી. તપશ્ચર્યા બાર પ્રકારે કહી છે. આહાર નહીં લેવો એ વગેરે બાર પ્રકાર છે. સત્ સાધન કરવા માટે જે કાંઈ બતાવ્યું હોય તે સાચા પુરૂષના આશ્રયે કરવું, પોતાપણે વર્ત્તવું તે જ સ્વચ્છંદ છે એમ કહ્યું છે. સદ્ગુરૂની આજ્ઞાવિના શ્વાસોચ્છ્વાસ ક્રિયા શિવાય બીજું કંઈ કરવું નહીં.

સાધુએ લઘુશંકા પણ ગુરૂને કહીને કરવી એવી જ્ઞાનીપુરૂષોની આજ્ઞા છે.

સ્વચ્છંદાચારે શિષ્ય કરવો હોય તો આજ્ઞા માગે નહીં; અથવા કલ્પના કરે. પરોપકાર કરવામાં માઠી સંકલ્પના વર્ત્તતી હોય, અને તેવા જ ઘણા વિકલ્પો કરી સ્વચ્છંદ મૂકે નહીં, તે અજ્ઞાની આત્માને વિઘ્ન કરે. તેમ જ આવા બધા પ્રકાર સેવે, અને પરમાર્થનો રસ્તો બાદ કરીને વાણી કરે. આ જ પોતાનું ડહાપણ, અને તેને જ સ્વચ્છંદ કહેલ છે.

બાહ્યવ્રત વધારે લેવાથી મિથ્યાત્વ ગાળીશું એમ જીવ ધારે પણ તેમ બને નહીં, કેમકે

જેમ એક પાડો જે હજારો કડબના પૂળા ખાઈ ગયો છે તે એક તણખલાથી બીએ નહીં, તેમ મિથ્યાત્વરૂપી પાડો જે પૂળારૂપી અનંતાનુબંધીય કષાયે અનંતા ચારિત્ર ખાઈ ગયો તે તણખલારૂપી બાલવ્રતથી કેમ ડરે ? પણ જેમ પાડાને એક બંધનથી બાંધીએ ત્યારે આધીન થઈ જાય, તેમ મિથ્યાત્વરૂપી પાડાને આત્માના બળરૂપી બંધનથી બાંધીએ ત્યારે આધીન થાય; અર્થાત્ આત્માનું બળ વધે ત્યારે મિથ્યાત્વ ઘટે.

અનાદિકાળના અજ્ઞાનને લીધે જેટલો કાળ ગયો તેટલો કાળ મોક્ષ થવા માટે જોઇએ નહીં, કારણ કે પુરૂષાર્થનું બળ કર્મો કરતાં વધુ છે. કેટલાક જીવો બે ઘડીમાં કલ્યાણ કરી ગયા છે ! સમ્યગ્દૃષ્ટિ જીવ ગમે ત્યાંથી આત્માને ઉંચો લાવે, અર્થાત્ સમ્યકત્વ આવ્યે જીવની દૃષ્ટિ ફરી જાય.

મિથ્યાદૃષ્ટિ સમકિતિપ્રમાણે જપતપાદિ કરે છે, એમ છતાં મિથ્યાદૃષ્ટિનાં જપતપાદિ મોક્ષના હેતુભૂત થતાં નથી, સંસારના હેતુભૂત થાય છે. સમકિતિના જપતપાદિ મોક્ષના હેતુભૂત થાય છે. સમકિતિ દંભરહિત કરે છે; આત્માને જ નિંદે છે, કર્મો કરવાનાં કારણોથી પાછો હઠે છે. આમ કરવાથી તેના અહંકારાદિ સહેજે ઘટે છે. અજ્ઞાનીના બધાં જગતપાદિ અહંકાર વધારે છે અને સંસારના હેતુ થાય છે.

જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે, લબ્ધિઓ ઉપજે છે. જૈનને વેદ જન્મથી જ લડતાં આવે છે પણ આ વાત તો બન્ને જણા કબૂલ કરે છે; માટે સંભવિત છે. આત્મા સાક્ષી પૂરે છે; ત્યારે આત્મામાં ઉલ્લાસપરિણામ આવે છે.

હોમહવનાદિ લૈકિક રીવાજ ઘણો ચાલતો જોઇ, તીર્થંકર ભગવાને પોતાના કાળમાં દયાનું વર્ણન ઘણું જ સૂક્ષ્મ રીતે કર્યું છે. જૈનના જેવા દયાસંબંધીના વિચારો કોઇ દર્શન કે સંપ્રદાયવાળાઓ કરી શકયા નથી; કેમકે તેઓ (જૈન) પંચેંદ્રિયનો ઘાત તો ન કરે, પણ તેઓએ એકેંદ્રિયાદિમાં જીવ હોવાનું વિશેષ વિશેષ દૃઢ કરી દયાનો માર્ગ વર્ણવ્યો છે.

આ કારણે ચાર વેદ, અઢાર પુરાણ આદિનાં જેણે વર્ણન કર્યાં છે તેણે અજ્ઞાનથી, સ્વચ્છંદથી, મિથ્યાત્વથી, સંશયથી કર્યાં છે એમ કહ્યું છે. આ વચનો બહુ જ ભારે નાંખ્યાં છે. ત્યાં આગળ ઘણો જ વિચાર કરી પાછું વર્ણન કર્યું છે કે, અન્ય દર્શનો–વેદાદિ–ના ગ્રંથો છે તે જો સમ્યગ્દૃષ્ટિ જીવ વાંચે તો સમ્યક્ રીતે પરિણમે; અને જિનના અથવા ગમે તેવા ગ્રંથો મિથ્યાદૃષ્ટિ વાંચે તો મિથ્યાત્વરૂપે પરિણમે.

જીવને જ્ઞાનીપુરૂષસમીપે તેમનાં અપૂર્વ વચનો સાંભળવાથી અપૂર્વ ઉલ્લાસપરિણામ આવે છે, પણ પછી પ્રમાદી થતાં અપૂર્વ ઉલ્લાસ આવતો નથી. જેમ અગ્નિની સગડીપાસે બેઠા હોઇએ ત્યારે ટાઢ વાય નહીં, અને સગડીથી વેગળા ગયા એટલે પાછી ટાઢ વાય; તેમ જ્ઞાનીપુરૂષસમીપ તેમનાં અપૂર્વ વચનો સાંભળ્યાં ત્યારે પ્રમાદાદિ જાય, અને ઉલ્લાસપરિણામ આવે, પણ પછી પ્રમાદાદિ ઉત્પન્ન થાય. જો પૂર્વના સંસ્કારથી, તે વચનો અંતર્પરિણામ પામે, તો દિનદિનપ્રતિ ઉલ્લાસપરિણામ વધતાં જાય; અને યથાર્થ રીતે ભાન થાય, અજ્ઞાન મટયે, બધી ભૂલ મટે. સ્વરૂપ જાગૃતમાન્ થાય. બહારથી વચન સાંભળીને, અંતર્પરિણામ થાય નહીં, તો જેમ સગડીથી વેગળા ગયા એટલે ટાઢ વાય તેની પેઠે દોષ ઘટે નહીં.

કેશીસ્વામીએ પરદેશી રાજાને બોધ દેતી વખતે 'જડ જેવો,' 'મૂઢ જેવો' કહ્યો હતો તેનું કારણ પરદેશીરાજાને વિષે પુરૂષાર્થ જગાડવા માટેનું હતું. જડપણું, મૂઢપણું મટાડવાને માટે ઉપદેશ દીધો છે. જ્ઞાનીનાં વચનો અપૂર્વ પરમાર્થ શિવાય બીજા હેતુએ હોય નહીં. બાલજીવો એમ વાતો

કરે છે કે છદ્મસ્થપણાથી કેશીસ્વામી પરદેશીરાજાપ્રત્યે તેમ બોલ્યા હતા; પણ એમ નથી. તેમની પરમાર્થ અર્થે જ વાણી નીકળી હતી.

જડપદાર્થને લેવા મૂકવામાં ઉન્માદથી વર્ત્તે તો તેને અસંયમ કહ્યો; તેનું કારણ એ છે કે, ઉતાવળથી લેવા મૂકવામાં આત્માનો ઉપયોગ ચૂકી જઇ તાદાત્મ્યપણું થાય. આ હેતુથી ઉપયોગ ચૂકી જવો તેને અસંયમ કહ્યો.

અહંકારે આચાર્યપણું ધારી દંભ રાખે, અને ઉપદેશ દે, તો પાપ લાગે. આત્મવૃત્તિ રાખવા માટે ઉપયોગ રાખવો.

શ્રી આચારંગસૂત્રમધ્યે કહ્યું છે, 'કે આશ્રવા તે પરિસવા,' ને જે 'પરિસવા તે આશ્રવા.' આશ્રવ છે તે જ્ઞાનીને મોક્ષનાહેતુ થાય છે, અને જે સંવર છે, છતાં તે અજ્ઞાનીને બંધના હેતુ થાય છે એમ પ્રગટ કહ્યું છે. તેનું કારણ જ્ઞાનીને વિષે ઉપયોગની જાગૃતિ છે, અને અજ્ઞાનીને વિષે નથી. ઉપયોગ બે પ્રકારે કહ્યા:—

૧. દ્રવ્યઉપયોગ. ૨. ભાવઉપયોગ.

જેવું સિદ્ધનું સામર્થ્ય છે, તેવું સર્વ જીવનુ થઇ શકે છે. માત્ર અજ્ઞાનવડે કરી ધ્યાનમાં આવતું નથી. વિચારવાન જીવ હોય તેણે તો તે સંબંધી નિત્ય વિચાર કરવો.

જીવ એમ સમજે છે કે, હું જે ક્રિયા કરૂં છું એથી મોક્ષ છે. ક્રિયા કરવી એ સારી વાત છે, પણ લોકસંજ્ઞાએ કરે, તો તેને તેનું ફળ હોય નહીં,

એક માણસના હાથમાં ચિંતામણિ આવ્યો હોય, પણ જો તેની તેને ખબર ન પડે તો નિષ્ફળ છે. જો ખબર પડે તો સફળ છે. તેમ જીવને ખરેખરા જ્ઞાનીની ઓળખ પડે તો સફળછે.

જીવની અનાદિકાળથી ભૂલ ચાલી આવે છે. તે સમજવાને અર્થે જીવની જે ભૂલ–મિથ્યાત્વ–છે તેને મૂળથી છેદવી જોઇએ. જો મૂળથી છેદવામાં આવે તો તે પાછી ઉગે નહીં. નહીંતો તે પાછી ઉગી નીકળે છે; જેમ પૃથ્વીમાં મૂળ રહ્યું હોય તો ઝાડ ઉગી નીકળે છે તેમ. માટેજીવની મૂળ ભૂલ શું છે તે વિચારી વિચારી તેથી છૂટું થવું જોઇએ. " મને શાથી બંધન થાય છે ?" " તે કેમ ટળે ?" એ વિચાર પ્રથમ કર્ત્તવ્ય છે.

રાત્રિભોજન કરવાથી આળસ, પ્રમાદ થાય; જાગૃતિ થાય નહીં; વિચાર આવે નહીં એ આદિ દોષના ઘણા પ્રકાર રાત્રિભોજનથી થાય છે. મૈથુન ઉપરાંત પણ બીજા ઘણા દોષ થાય છે.

કોઇ લીલોતરી સૅાળતું હોય તો અમારાથી તો જોઈ શકાય નહીં. તેમ આત્મા ઉજ્વળતા પામે તો ઘણીજ અનુકંપાબુદ્ધિ વર્ત્તે છે.

જ્ઞાનમાં સવળું ભાસે; અવળું ન ભાસે. જ્ઞાની મોહને પેસવા દેતા નથી. તેઓનો જાગૃત ઉપયોગ હોય છે. જ્ઞાનીના જેવાં પરિણામ વર્ત્તે તેવું કાર્ય જ્ઞાનીને થાય. અજ્ઞાનીને વર્ત્તે તેવૂં અજ્ઞાનીને થાય. જ્ઞાનીનું ચાલવું સવળું. બોલવું સવળું. અને બધું જ સવળું જ હોય છે. અજ્ઞાનીનું બધું અવળું જ હોય છે; વર્ત્તનના વિકલ્પ હોય છે.

મોક્ષનો ઉપાય છે. ઓઘભાવે ખબર હશે, વિચારભાવે પ્રતીતિ આવશે.

અજ્ઞાની પોતે દરિદ્રિ છે, જ્ઞાનીની આજ્ઞાથી કામક્રોધાદિ ઘટે છે. જ્ઞાની તેના વૈદ્ય છે. જ્ઞાનીના હાથે ચારિત્ર આવે તો મોક્ષ થાય. જ્ઞાની જે જે વ્રત આપે તે તે ઠેઠ લઇ જઇ પાર ઉતારનાર છે. સમકિત આવ્યા પછી આત્મા સમાધિ પામશે, કેમકે સાચો થયો છે.

પ્રશ્ન:–જ્ઞાનની કર્મ નિર્જરે ખરાં ?

ઉત્તરઃ—સાર જાણવો તે જ્ઞાન. સાર ન જાણવો તે અજ્ઞાન. કંઇ પણ પાપથી આપણે નિવર્તીએ, અથવા કલ્યાણમાં પ્રવર્ત્તીએ તે જ્ઞાન, પરમાર્થ સમજીને કરવો. અહંકારરહિત, લોકસંજ્ઞારહિત, આત્મામાં પ્રવર્ત્તવું તે 'નિર્જરા.'

આ જીવની સાથે રાગદ્વેષ વળગેલાં છે; જીવ અનંતજ્ઞાનદર્શનસહિત છે, પણ રાગદ્વેષવડે તે વિનાનો છે તે જીવને ધ્યાનમાં આવતું નથી.

સિદ્ધને રાગદ્વેષ નથી, જેવું સિદ્ધનું સ્વરૂપ છે તેવું જ સર્વ જીવનું સ્વરૂપ છે. માત્ર જીવને અજ્ઞાને કરી ધ્યાનમાં આવતું નથી; તેટલામાટે વિચારવાને સિદ્ધના સ્વરૂપનો વિચાર કરવો, એટલે પોતાનું સ્વરૂપ સમજાય.

એક માણસના હાથમાં ચિંતામણિ આવ્યો હોય, ને તેની તેને ખબર (ઓળખાણ) છે તો તેના પ્રત્યે તેને ઘણો જ પ્રેમ આવે છે, પણ જેને ખબર નથી તેને કંઇ પણ પ્રેમ આવતો નથી.

આ જીવની અનાદિકાળની જે ભૂલ તે ભાંગવી છે. ભાંગવાસારૂ જીવની મોટામાં મોટી ભૂલ શું છે તેનો વિચાર કરવો, ને તેનું મૂળ છેદવા ભણી લક્ષ રાખવો. જ્યાંસુધી મૂળ રહે ત્યાંસુધી વધે.

"મને શાથી બંધન થાય છે?" અને "તે શાથી ટળે ?" એ જાણવાસારૂ શાસ્ત્રો કરેલાં છે. લોકોમાં પૂજાવાસારૂ શાસ્ત્રો કરેલાં નથી.

આ જીવનું સ્વરૂપ શું છે ?

જીવનું સ્વરૂપ જ્યાંસુધી જાણવામાં ન આવે, ત્યાંસુધી અનંતા જન્મ મરણ કરવાં પડે. જીવની શું ભૂલ છે તે હજુસુધી ધ્યાનમાં આવતું નથી.

જીવનો ક્લેશ ભાંગશે તો ભૂલ મટશે. જે દિવસે ભૂલ ભાંગશે તેજ દિવસથી સાધુપણું કહેવાશે. તેમ જ શ્રાવકપણા માટે સમજવું.

કર્મની વર્ગણા જીવને દૂધ અને પાણીના સંયોગની પેઠે છે, અગ્નિના પ્રયોગથી પાણી ચાલ્યું જઈ દૂધ બાકી રહે છે તે રીતે જ્ઞાનરૂપી અગ્નિથી કર્મવર્ગણા ચાલી જાય છે.

દેહને વિષે હુંપણું મનાએલું છે તેથી જીવની ભૂલ ભાંગતી નથી. જીવ દેહની સાથે ભળી જવાથી એમ માને છે કે 'હું વાણીઓ છું,' 'બ્રાહ્મણ છું,' પણ શુદ્ધ વિચારે તો તેને 'શુદ્ધ સ્વરૂપમય છું' એમ અનુભવ થાય. આત્માનું નામ ઠામ કે કાંઇ નથી એમ ધારે તો કોઇ ગાળો વગેરે દે તો તેથી તેને કંઈ પણ લાગતું નથી.

જ્યાં જ્યાં જીવ મારાપણું કરે છે ત્યાં ત્યાં તેની ભૂલ છે. તે ટાળવાસારૂ શાસ્ત્ર કહ્યાં છે.

ગમે તે કોઈ મરી ગયું હોય તેનો જો વિચાર કરે તો તે વૈરાગ્ય છે. જ્યાં જ્યાં 'આ મારા ભાઇ ભાંડુ' વગેરે ભાવના છે ત્યાં ત્યાં કર્મબંધનો હેતુ છે. આ જ રીતે સાધુ પણ ચેલા પ્રત્યે રાખે, તો આચાર્યપણું નાશ પામે. નિર્દંભપણું નિરહંકારપણું કરે, તો આત્માનું કલ્યાણ જ થાય.

પાંચ ઈંદ્રિયો શી રીતે વશ થાય ? વસ્તુઓ ઉપર તુચ્છભાવ લાવવાથી. ફૂલના દૃષ્ટાંતેઃ—ફૂલમાં સુગંધ હોય છે તેથી મન સંતુષ્ટ થાય છે; પણ સુગંધ થોડીવાર રહી નાશ પામી જાય છે, અને ફૂલ કરમાઈ જાય છે. પછી કાંઈ મનને સંતોષ થતો નથી; તેમ સર્વ પદાર્થને વિષે તુચ્છભાવ લાવવાથી ઈંદ્રિયોને પ્રિયતા થતી નથી, અને તેથી ક્રમે ઈંદ્રિયો વશ થાય છે. વળી પાંચ ઇંદ્રિયોમાં પણ જિવ્હાઈંદ્રિય વશ કરવાથી બાકીની ચાર ઈંદ્રિયો સેહેજે વશ થાય છે. તુચ્છ આહાર કરવો. કોઈ રસવાળા પદાર્થમાં દોરાવું નહીં. બલિષ્ટ આહાર ન કરવો.

એક ભાજનમાં લોહી, માંસ. હાડકાં, ચામડું, વીર્ય, મળ, મૂત્ર એ સાત ધાતુ પડી હોય;

અને તેના પ્રત્યે કોઇ જોવાનું કહે તો તેના ઉપર અરૂચિ થાય. ને થૂંકવા પણ જાય નહીં. તેવી જ રીતે, સ્રીપુરૂષના શરીરની રચના છે. પણ ઉપરની રમણીયતા જોઈ જીવ મોહ પામે છે. અને તેમાં તૃષ્ણાપૂર્વક દોરાય છે. અજ્ઞાનથી જીવ ભૂલે છે એમ વિચારી, તુચ્છ જાણીને પદાર્થ ઉપર અરૂચિ ભાવ લાવવો. આ રીતે દરેક વસ્તુનું તુચ્છપણુ જાણવું. આ રીતે જાણીને મનનો નિરોધ કરવો.

તીર્થંકરે ઉપવાસ કરવાની આજ્ઞા કરી છે તે માત્ર ઇંદ્રિયોને વશ કરવા માટે, એકલા ઉપવાસ કરવાથી ઇંદ્રિયો વશ થતી નથી; પણ ઉપયોગ હોય તો–વિચારસહિત થાય તો— વશ થાય છે. જેમ લક્ષવગરનું બાણ નકામું જાય છે, તેમ ઉપયોગવિનાનો ઉપવાસ આત્માર્થે થતો નથી.

આપણે વિષે કોઈ ગુણ પ્રગટયો હોય, અને તે માટે જો કોઇ માણસ આપણી સ્તુતિ કરે. અને જો તેથી આપણો આત્મા અહંકાર લાવે તો તે પાછો હઠે. પોતાના આત્માને નિંદે નહીં, અભ્યંતરદોષ વિચારે નહીં, તો જીવ લૌકિક ભાવમાં ચાલ્યો જાય; પણ જો પોતાના દોષ જુએ, પોતાના આત્માને નિંદે, અહંભાવરહિતપણુ વિચારે, તો સત્પુરૂષના આશ્રયથી આત્મલક્ષ થાય.

માર્ગ પામવામાં અનંત અંતરાયો છે, તેમાં વળી 'મેં આ કર્યું," " મેં કેવું સરસ કર્યું " આવા પ્રકારનું અભિમાન છે ? "મેં કાંઇ કર્યું જ નથી" એવી દૃષ્ટિ મૂકવાથી તે અભિમાન દૂર થાય.

લૌકિક અને અલૌકિક એવા બે ભાવ છે. લૌકિકથી સંસાર, અને અલૌકિકથી મોક્ષ.

બાહ્યઇંદ્રિયો વશ કરી હોય, તો સત્પુરૂષના આશ્રયથી અંતર્લક્ષ થઇ શકે. આ કારણથી બાહ્યઇંદ્રિયો વશ કરવી તે શ્રેષ્ઠ છે. બાહ્યઇંદ્રિયો વશ હોય, અને સત્પુરૂનો આશ્રય ન હોય તો લૌકિકભાવમાં જવાનો સંભવ રહે.

ઉપાય કર્યાવિના કાંઈ દરદ મટતું નથી. તેમ લોભરૂપી જીવને દરદ છે તેનો ઉપાય કર્યાવિના તે ન જાય. આવા દોષ ટાળવા માટે જીવ લગાર માત્ર ઉપાય કરતો નથી. જો ઉપાય કરે તો તે દોષ હાલ ભાગી જાય. કારણ ઉભું કરો તો કાર્ય થાય. કારણ વિના કાર્ય ન થાય.

સાચા ઉપાય જીવ શોધતો નથી.જ્ઞાનીપુરૂષનાં વચનો સાંભળે તો પ્રતીતિ નથી. "મારે લોભ મૂકવો છે" એવી બીજભૂત લાગણી થાય તો દોષ ટળી જઇ અનુક્રમે 'બીજજ્ઞાન' પ્રગટે.

આત્મા એક છે કે અનેક છે ? જો આત્મા એક જ હોય તો પૂર્વે રામચંદ્રજી મુક્ત થયા છે, અને તેથી સર્વની મુક્તિ થવી જોઇએ; અર્થાત્ એકની મુક્તિ થઇ હોય તો સર્વની મુક્તિ થાય; અને તો પછી બીજાને સત્શાસ્ત્ર, સદ્ગુરૂ આદિ સાધનોની જરૂર નથી. મુક્તિ થાય, પછી એકાકાર થઇ જાય છે ?:—જો મુક્ત થયા પછી એકાકાર થઈ જતું હોય, તો સ્વાનુભવ આનંદ અનુભવે નહીં. એક પુરૂષ અહીં આવી બેઠો; અને તે વિદેહમુક્ત થયો. ત્યાર પછી બીજો અહીં આવી બેઠો. તે પણ મુક્ત થયો. આથી કરી કાંઈ ત્રીજો મુક્ત થયો નહીં. એક આત્મા છે તેનો આશય એવો છે કે, સર્વ આત્મા વસ્તુપણે સરખા છે; પણ સ્વતંત્ર છે. સ્વાનુભવ કરે છે, આ કારણથી આત્મા પ્રત્યેક છે. " આત્મા એક છે, માટે તારે બીજી કાંઇ ભ્રાંતિ રાખવાની જરૂર નથી. જગત્ કાંઇ છે જ નહીં. એવા ભ્રાન્તિરહિતપણાસહિત વર્તવાથી મુક્તિ છે " એમ જે કહે છે તેણે વિચારવું જોઈએ કે, તે એકની મુક્તિએ સર્વની મુક્તિ થવી જ જોઇએ, પણ એમ નથી થતું. માટે આત્મા પ્રત્યેક છે. જગતની ભ્રાન્તિ ટળી ગઈ એટલે એમ સમજવાનું નથી કે, ચંદ્ર, સૂર્યાદિ ઉંચેથી પડી જાય છે ! આત્માને વિષેથી ભ્રાન્તિ ટળી ગઈ એમ આશય સમજવાનો છે. રૂઢીએ કાંઈ કલ્યાણ નથી. આત્મા શુદ્ધ વિચારને પામ્યાવિના કલ્યાણ થાય નહીં.

માયા કપટથી જૂઠું બોલવું તેમાં ઘણું પાપ છે. તે પાપના બે પ્રકાર છે. માન અને ધન

મેળવવા માટે જૂઠું બોલે તો તેમાં ઘણું પાપ છે. આજીવિકા અર્થે જૂઠું બોલવું પડ્યું હોય, અને પશ્ચાત્તાપ કરે, તો પ્રથમવાળા કરતાં કાંઇક ઓછું પાપ લાગે.

બાપ પોતેપચાશ વર્ષનો હોય, અને તેનો છોકરો વીશ વર્ષનો મરી જાય તો તે (બાપ) તેની પાસેના જે દાગીના હોય તે કાઢી લે છે! પુત્રના દેહાંતક્ષણે જે વૈરાગ્ય હતો તે શ્મશાન વૈરાગ્ય હતો!

કંઈ પણ પદાર્થ બીજાને આપવાથી મુનિને ભગવાને આજ્ઞા આપી નથી. દેહને ધર્મસાધન ગણી તેને નિભાવવાને માટે જે કાંઇ આજ્ઞા આપી છે તે આપી છે; બાકી બીજાને કાંઈ પણ આપવાની ભગવાને આજ્ઞા આપી નથી. આજ્ઞા આપી હોત તો પરિગ્રહ વધત, અને તેથી કરી અનુક્રમે અન્ન, પાણી વગેરે લાવીને કુટુંબનું અથવા બીજાનું પોષણ કરીને દાનેશ્વરી થાત. માટે મુનિઓએ વિચારવું કે તીર્થંકરે જે કાંઇ રાખવાની આજ્ઞા આપી છે તે માત્ર તારા પોતાને માટે, અને તે પણ લૌકિક દૃષ્ટિ મૂકાવી સંયમમાં જોડવાને અર્થે આપી છે.

મુનિ ગૃહસ્થને ત્યાંથી એક સૉય લાવ્યો હોય, અને તે ખોવાઇ જવાના કારણથી પણ પાછી ન આપે તો તેણે ત્રણ ઉપવાસ કરવા એવી જ્ઞાનીપુરૂષોએ આજ્ઞા કરી છે; તેનું કારણ એ છે કે, તે ઉપયોગશૂન્ય રહ્યો. જો આટલો બધો બોજો ન મૂકયો હોત, તો બીજી વસ્તુઓ લાવવાનું મન થાત; અને કાળે કરી પરિગ્રહ વધારી, મુનિપણુ ખોઇ બેસત. જ્ઞાનીએ આવો આકરો માર્ગ પ્રરૂપ્યો છે તેનું કારણ એ છે કે તે જાણે છે કે, આ જીવ વિશ્વાસ કરવાયોગ્ય નથી; કારણ કે તે ભ્રાન્તિવાળો છે. જો સહેજ છૂટ આપી હશે તો કાળે કરી તેવા તેવા પ્રકારમાં વિશેષ પ્રવર્તશે એવું જાણી જ્ઞાનીએ સૉયજેવી નિર્જીવી વસ્તુના સંબંધમાં આ પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી છે. લોકની દૃષ્ટિમાં આ વાત સાધારણ છે, પણ જ્ઞાનીની દૃષ્ટિમાં તેટલી છૂટ પણ મૂળથી પાડી દે તે મોટી લાગે.

ઋષભદેવજીની પાસે અઠ્ઠાણુ પુત્રો "અમને રાજ આપો" એમ કહેવાના અભિપ્રાયથી આવ્યા હતા; ત્યાં તો ઋષભદેવે ઉપદેશ દઇ અઠ્ઠાણુયને મૂંડી દીધા! જુઓ મોટા પુરૂષની કરૂણા!

કેશીસ્વામી અને ગૌતમસ્વામી કેવા સરળ હતા! બન્નેનો એક માર્ગ જાણવાથી પાંચ મહાવ્રત ગ્રહણ કર્યાં. આજના કાળમાં બે પક્ષને ભેગું થવું હોય તો તે બને નહીં. આજના ઢુંઢીઆ અને તપ્પાને તેમજ દરેક જુદા જુદા સંઘાડાને એકઠાં થવું હોય તો તેમ બને નહીં. તેમાં કેટલોક કાળ જાય. તેમાં કાંઇ છે નહીં, પણ અસરલતાને લીધે બને જ નહીં.

સત્પુરૂષો કાંઈ સદ્ અનુષ્ઠાનનો ત્યાગ કરાવતા નથી; પણ જો તેનો આગ્રહ થયો હોય છે તો આગ્રહ દૂર કરાવવા તેનો એકવાર ત્યાગ કરાવે છે; આગ્રહ મટયા પછી પાછું તેને તે ગ્રહણ કરવાનું કહે છે.

ચક્રવર્ત્તિ રાજાઓ જેવા પણ નગ્ન થઇ ચાલ્યા ગયા છે! ચક્રવર્ત્તિરાજા હોય, તેણે રાજ્યનો ત્યાગ કરી દિક્ષા લીધી હોય, અને તેની કાંઈ ભૂલ હોય, અને તે ચક્રવર્ત્તિરાજ્યપણાના વખતના સમયની દાસીનો છોકરો તે ભૂલ ભાંગી શકે તેમ હોય તો તેની પાસે જઈ તેનું કહેવું ગ્રહણ કરવાની આજ્ઞા કરી છે. જો તેને દાસીના છોકરા પાસે જતાં એમ રહે કે, "મારાથી દાસીના છોકરા પાસે કેમ જવાય" તો તેને રખડી મરવાનું છે. આવા કારણમાં લોકલાજ છોડવાનું કહ્યું છે, અર્થાત્ આત્માને ઉંચો લાવવાનું કારણ હોય ત્યાં લોકલાજ ગણી નથી. લોકલાજ આવાં કારણોમાં ગણી છેઃ—કોઇ મુનિ વિષયઇચ્છાથી વેશ્યાશાળામાં ગયો; પણ ત્યાં જઇને તેને એમ થયું કે "મને લોક દેખશે તો મારી નિંદા થશે. માટે અહીંથી પાછું વળવું." તો ત્યાં લોક-

લાજ રાખવી એમ કહ્યું છે, કેમકે આ સ્થળે લોકલાજનો ડર ખાવાથી બ્રહ્મચર્ય રહે છે. જે ઉપકારક છે.

હિતકારી શું છે તે સમજવું જોઇએ. આઠમની તકરાર તિથિઅર્થે કરવી નહીં, પણ લીલોતરીના રક્ષણ અર્થે તિથિ પાળવી. લીલોતરીના રક્ષણ અર્થે આઠમાદિ તિથિ કહી છે. કાંઈ તિથિને અર્થે આઠમાદિ કહી નથી. માટે આઠમાદિ તિથિનો કદાગ્રહ મટાડવો. જે કાંઈ કહ્યું છે તે કદાગ્રહ કરવાને કહ્યું નથી. આત્માની શુદ્ધિથી જેટલું કરશો તેટલું હિતકારી છે. અશુદ્ધિથી કરશો તેટલું અહિતકારી છે; માટે શુદ્ધતાપૂર્વક સદ્વ્રત સેવવાં.

અમને તો બ્રાહ્મણ, વૈષ્ણવ ગમે તે સમાન છે. જૈન કહેવાતા હોય, અને મતવાળા હોય તો તે અહિતકારી છે; મતરહિત હિતકારી છે.

સામાયિકશાસ્ત્રકારે વિચાર કર્યો કે, કાયાને સ્થિર રાખવાની હશે, તો પછી વિચાર કરશે, બંધ નહી બાંધ્યો હોય તો બીજાં કામે વળગશે એમ જાણી તેવા પ્રકારનો બંધ બાંધ્યો. જેવાં મન પરિણામ રહે તેવું સામાયિક થાય. મનના ઘોડા દોડતા હોય તો કર્મબંધ થાય. મનના ઘોડા દોડતા હોય, અને સામાયિક કર્યું હોય તો તેનું ફળ તે કેવું થાય?

કર્મબંધ થોડે થોડે છોડવા ઇચ્છે તો છૂટે. જેમ કોઠી ભરી હોય, પણ કાણું કરી કાઢે તો છેવટે ખાલી થાય. પણ દૃઢ ઇચ્છાથી કર્મ છોડવાં એ જ સાર્થક છે.

આવશ્યકના છ પ્રકારઃ–સામાયિક, ચોવીસથ્થો, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પ્રત્યાખ્યાન. સામાયિક એટલે સાવદ્ય યોગની નિવૃત્તિ.

વાચના (વાંચવું), પૃચ્છના (પૂછવું); પરિવર્તના (ફરી ફરી વિચારવું.) ધર્મકથા (ધર્મવિષયની કથા કરવી) એ ચાર દ્રવ્ય છે; અને અનુપ્રેક્ષા એ ભાવ છે. પ્રથમ ચાર જો અનુપ્રેક્ષા ન આવે તો દ્રવ્ય છે.

'અજ્ઞાનીઓ આજ કેવળજ્ઞાન નથી;' 'મોક્ષ નથી' એવી હીનપુરૂષાર્થની વાતો કરે છે. જ્ઞાનીનું વચન પુરૂષાર્થ પ્રેરે તેવું હોય. અજ્ઞાની શિથિલ છે, તેથી એવા હીનપુરૂષાર્થનાં વચનો કહે છે. પંચમકાળની, ભવસ્થિતિની, કે આયુષ્યની વાત મનમાં લાવવી નહીં; અને એવી વાણી પણ સાંભળવી નહીં.

કોઈ હીનપુરૂષાર્થી વાતો કરે કે ઉપાદાનકારણનું શું કામ છે? પૂર્વે અશોચ્યાકેવળી થયા છે; તો તેની વાતોથી પુરૂષાર્થહીન ન થવું. સત્સંગ ને સત્સાધનવિના કોઈ કાળે પણ કલ્યાણ થાય નહીં. જો પોતાની મેળે કલ્યાણ થતું હોય તો માટીમાંથી ઘડો થવો સંભવે. લાખ વર્ષ થાય તોપણ ઘડો થાય નહીં. તેમ ઉપાદાનકારણવિના કલ્યાણ થાય નહીં. તીર્થંકરનો યોગ થયો હશે એમ શાસ્ત્રવચન છે છતાં કલ્યાણ થયું નથી તેનું કારણ પુરૂષાર્થરહિતપણાનું છે. પૂર્વે તેમને જ્ઞાની મળ્યા હતા છતાં પુરૂષાર્થવિના જેમ તે યોગ નિષ્ફળ ગયા તેમ જ્ઞાનીયોગ મળ્યો છે, ને પુરૂષાર્થ નહીં કરો તો આ યોગ પણ નિષ્ફળ જશે. માટે પુરૂષાર્થ કરવો;— અને તો જ કલ્યાણ થશે. ઉપાદાનકારણ શ્રેષ્ઠ છે.

એમ નિશ્ચય કરવો કે, સત્પુરૂષના કારણ–નિમિત્ત–થી અનંત જીવ તરી ગયા છે. કારણવિના કોઇ જીવ તરે નહીં. અશોચ્યાકેવળીને પણ આગળ પાછળ તેવો યોગ પ્રાપ્ત થયો હશે. સત્સંગવિના આખું જગત્ ડૂબી ગયું છે!

મિરાંબાઇ મહાભક્તિવાન હતાં.

સુંદર રીતભાતવાળા સુંદર સમાગમથી સમતા આવે. સમતાની વિચારણાઅર્થે બે ઘડિનું સા-

માયિક કરવું કહ્યું છે. સામાયિકમાં મનના મનોરથ અવળા સવળા ચિંતવે તો કાંઇ પણ ફળ થાય નહીં. સામાયિક મનના ઘોડા દોડતા અટકાવવાસારૂ પ્રરૂપેલ છે. સંવત્સરિના દિવસસંબંધી એક પક્ષ ચોથની તિથિનો આગ્રહ કરે છે, અને બીજો પક્ષ પાંચમની તિથિનો આગ્રહ કરે છે. આગ્રહ કરનાર બન્ને મિથ્યાત્વી છે. જ્ઞાનીપુરૂષોએ તિથિઓની મર્યાદા આત્માર્થે કરી છે, જો ચોકસ દિવસ નિશ્ચિત ન કર્યો હોત, તો આવશ્યક વિધિઓનો નિયમ રહેત નહીં. આત્માર્થે તિથિની મર્યાદાનો લાભ લેવો. બાકી તિથિબિથિનો ભેદ મૂકી દેવો. એવી કલ્પના કરવી નહીં. એવી ભંગજાળમાં પડવું નહીં.

આનંદઘનજીએ કહ્યું છે કે, " ફળ અનેકાંત લોચન ન દેખે; ફળ અનેકાંત ક્રિયા કરી બાપડા, રડવડે ચાર ગતિમાંહી લેખે. " એટલે જે ક્રિયા કરવાથી અનેક ફળ થાય તે ક્રિયા મોક્ષાર્થે નહીં. અનેક ક્રિયાનું ફળ એક મોક્ષ થવો તે હોવું જોઇએ. આત્માના અંશો પ્રગટ થવા માટે ક્રિયાઓ વર્ણવી છે. જો ક્રિયાઓનું તે ફળ ન થયું, તો તે સર્વ ક્રિયા સંસારના હેતુઓ છે. "નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ" એમ જે કહ્યું છે તેનો હેતુ કષાયને વોસરાવવાનો છે, પણ લોકો તો બિચારાં સચોડા આત્મા વોસરાવી દીએ છે !

જીવે દેવગતિની, મોક્ષના સુખની, અથવા બીજી તેવી કામનાની ઇચ્છા ન રાખવી. પંચમકાળના ગુરૂઓ કેવા છે તે પ્રત્યે એક સંન્યાસીનું દૃષ્ટાંત. એક સંન્યાસી હશે તે પોતાના શિષ્યને ત્યાં ગયો, ટાઢ ઘણી હતી. જમવા બેસવા વખતે શિષ્યે નહાવાનું કહ્યું ત્યારે ગુરૂએ મનમાં વિચાર કર્યો કે, " ટાઢ ઘણી છે, અને નહાવું પડશે." આમ વિચાર કરી સંન્યાસીએ કહ્યું કે, "મેં તો જ્ઞાનગંગાજળમાં સ્નાન કર્યું છે." શિષ્ય વિચક્ષણ હોવાથી સમજીગયો, અને તેને શિખામણ મળે તેમ રસ્તો લીધો. શિષ્યે "જમવા પધારો" એવા માનસહિત બોલાવી જમાડયા. પ્રસાદ પછી ગુરૂમહારાજ એક ઓરડામાં સૂઇ રહ્યા. ગુરૂને તૃષા લાગી એટલે શિષ્યપાસે જળ માંગ્યું; એટલે તરત શિષ્યે કહ્યું: "મહારાજ ! જળ જ્ઞાનગંગામાંથી લ્યો,' જ્યારે શિષ્યે આવો સખત રસ્તો લીધો ત્યારે ગુરૂએ કબૂલ કર્યું કે " મારીપાસે જ્ઞાન નથી. દેહની શાતાને અર્થે ટાઢમાં મેં સ્નાન નહીં કરવાનું કહ્યું હતું !"

મિથ્યાદૃષ્ટિના પૂર્વના જપ તપ હજીસુધી એક આત્મહિતાર્થે થયા નથી !

આત્મા મુખ્યપણે આત્મરૂપભાવે વર્ત્તે તે "અધ્યાત્મજ્ઞાન." મુખ્યપણે જેમાં આત્મા વર્ણવ્યો હોય તે 'અધ્યાત્મશાસ્ત્ર.' અક્ષરઅધ્યાત્મીનો મોક્ષ નથી થતો. જે ગુણો અક્ષરોમાં કહ્યા છે તે ગુણો જો આત્મામાં પ્રવર્ત્તે તો મોક્ષ થાય. સત્પુરૂષમાં ભાવઅધ્યાત્મ પ્રગટ છે. માત્ર વાણી સાંભળવાની ખાતર વચનો સાંભળે તે શબ્દઅધ્યાત્મી કહેવા. શબ્દઅધ્યાત્મીઓ અધ્યાત્મની વાતો કરે, અને મહા અનર્થકારક પ્રવર્ત્તન કરે; આ કારણથી તેવાઓને જ્ઞાનદગ્ધ કહેવા, આવા અધ્યાત્મીઓ શુષ્ક અને અજ્ઞાની સમજવા.

જ્ઞાનીપુરૂષરૂપી સૂર્ય પ્રગટ થયા પછી ખરા અધ્યાત્મીઓ શુષ્ક રીતે પ્રવર્ત્તે નહીં, ભાવઅધ્યાત્મમાં પ્રગટપણે વર્ત્તે. આત્મામાં ખરેખરા ગુણો ઉત્પન્ન થયા પછી મોક્ષ થાય. આ કાળમાં દ્રવ્ય અધ્યાત્મીઓ—જ્ઞાનદગ્ધો—ઘણા છે. દ્રવ્યઅધ્યાત્મી દેવળના ઇંડાની પેઠે.

મોહાદિ વિકાર એવા છે કે સમ્યગ્દૃષ્ટિને પણ ડોલાયમાન કરી નાંખે છે; માટે તમારે તો સમજવું કે, મોક્ષમાર્ગ પામવામાં તેવાં વિઘ્નો ઘણાં છે. આયુષ્ થોડું છે, અને કાર્ય મહાભારત કરવાનું છે. જેમ હોડી નાની હોય અને મોટો મહાસાગર તરવાનો હોય, તેમ આયુષ્ થોડું છે, અને સંસારરૂપી મહાસાગર તરવો છે. જે પુરૂષો પ્રભુના નામથી તર્યા છે તે પુરૂષોને ધન્ય છે.

અજ્ઞાની જીવને ખબર નથી કે ફલાણી જગ્યા પડવાની છે. પણ જ્ઞાનીઓએ તે જોએલું છે. અજ્ઞાનીઓ—દ્રવ્ય અધ્યાત્મીઓ-કહે છે કે, મારામાં કષાય નથી સમ્યગ્દૃષ્ટિ ચૈતન્યસંયોગે છે.

એક મુનિ ગુફામાં ધ્યાન કરવા જતા હતા. ત્યાં સિંહ મળ્યો. તેમના હાથમાં લાકડી હતી. સિંહ સામી લાકડી ઉગામી હોય તો સિંહ ચાલ્યો જાય એમ મનમાં થતાં મુનિને વિચાર આવ્યો કે "હું આત્મા અજર, અમર છું, દેહ પ્રેમ રાખવાયોગ્ય નથી; માટે હે જીવ ! અહીં જ ઉભો રહે. સિંહનો ભય છે તે જ અજ્ઞાન છે. દેહમાં મૂર્છાને લઇને ભય છે." આવી ભાવના ભાવતાં બે ઘડીસુધી ઉભા રહ્યા તો કેવળજ્ઞાન પ્રગટ થયું. માટે વિચારદશા, વિચારદશા વચ્ચે ઘણો જ ફેર છે.

ઉપયોગ જીવવગર હોય નહીં. જડ અને ચૈતન્ય એ બન્નેમાં પરિણામ હોય છે. દેહધારી જીવમાં અધ્યવસાય વર્ત્તાય. સંકલ્પ વિકલ્પ ઉભા થાય, પણ જ્ઞાનથી નિર્વિકલ્પપણુ થાય. અધ્યવસાયનો ક્ષય જ્ઞાનથી થાય છે. ધ્યાનનો હેતુ એ જ છે. ઉપયોગ વર્ત્તતો હોવો જોઇએ.

ધર્મધ્યાન ને શુકલધ્યાન ઉત્તમ કહેવાય, આર્ત, રૌદ્ર, એ ધ્યાન માઠાં કહેવાય, બહાર ઉપાધિ એ જ અધ્યવસાય. ઉત્તમ લેશ્યા હોય તો ધ્યાન કહેવાય; અને આત્મા સમ્યક્ પરિણામ પામે.

માણેકદાસજી એક વેદાંતી હતા. તેઓએ એક ગ્રંથમાં મોક્ષ કરતાં સત્સંગ વધારે યથાર્થ ગણ્યો છે. કહ્યું છે કે,

> નિજછંદનસેં ના મિલે, હેરો વૈકુંઠધામ.
> સંતકૃપાસેં પાઇએં, સો હરિ સબસે ઠામ.

કુગુરૂ અને અજ્ઞાની પાખંડીઓનો આ કાળમાં પાર નથી !

મોટા વરઘોડા ચઢાવે, નાણાં ખર્ચે; એમ જાણીને કે મારૂં કલ્યાણ થશે. આમ સમજી હજારો રૂપિયા ખર્ચી નાંખે. એક પૈસો ખોટું બોલી ભેગો કરે છે, ને સામટા હજારો રૂપિયા ખર્ચી નાંખે છે ! જુઓ જીવનું કેટલું બધું અજ્ઞાન ! કંઈ વિચાર જ ન આવે !

આત્માનું જેવું છે તેવું જ સ્વરૂપ તે જ "યથાખ્યાતચારિત્ર" કહ્યું છે. ભય અજ્ઞાનથી છે. સિંહનો ભય સિંહણને થતો નથી. નાગણીને નાગનો ભય થતો નથી. આનું કારણ એ પ્રકારનું તેને અજ્ઞાન દૂર થયું છે.

સમ્યક્ત્વ ન પ્રગટે ત્યાંસુધી મિથ્યાત્વ; અને મિશ્રગુણસ્થાનકનો નાશ થાય ત્યારે સમ્યક્ત્વ કહેવાય. અજ્ઞાનીઓ બધા પહેલા ગુણસ્થાનકે છે.

સત્શાસ્ત્ર સદ્ગુરૂઆશ્રયે જે સંયમ તેને "સરાગસંયમ" કહેવાય. નિવૃત્તિ અનિવૃત્તિસ્થાનક ફેર પડે ત્યારે સરાગસંયમમાંથી "વીતરાગસંયમ" થાય. તેને નિવૃત્તિ અનિવૃત્તિ બરાબર છે. સ્વચ્છંદે કલ્પના તે ભ્રાંતિ છે. "આ તો આમ નહીં; આમ હશે" એવો જે ભાવ તે "શંકા." સમજવા માટે વિચાર કરી પૂછવું તે "આશંકા" કહેવાય.

પોતાથી સમજાય તે "આશંકામોહનીય." સાચું જાણ્યું હોય છતાં ખરેખરો ભાવ આવે નહીં તે પણ આશંકામોહનીય. પોતાથી ન સમજાય તે પૂછવું. મૂળ જાણ્યા પછી ઉત્તર વિષય માટે આનું કેમ હશે એવું જાણવા આકાંક્ષા થાય તેનું સમ્યક્ત્વ જાય નહીં. અર્થાત્ તે પતીત હોય નહીં. ખોટી ભ્રાન્તિ થાય તે શંકા ખોટી પ્રતીતિ તે અનંતાનુબંધીયમાં સમાય. અણસમજણે દોષ જુએ તો મિથ્યાત્વ. ક્ષયોપશમ એટલે નાશ તે સમાઈ જવું.

જ્ઞાનમાર્ગ આરાધે તો, અને રસ્તે ચાલે તો જ્ઞાન થાય. સમજાય તો આત્મા સહજમાં પ્રગટે, નહીંતો જીંદગી જાય તોય પ્રગટે નહીં. મહાત્મ્ય સમજાવું જોઇએ. નિષ્કામ બુદ્ધિ અને ભક્તિ જોઇએ. અંતઃકરણની શુદ્ધિ થાય તો જ્ઞાન એની મેળે થાય. જ્ઞાનીને ઓળખાય તો જ્ઞાનપ્રાપ્તિ

થાય. કોઈ જીવ યોગ્ય દેખે તો જ્ઞાની તેને કહે કે, બધી કલ્પના મૂકવા જેવી છે. જ્ઞાન લે. જ્ઞાનીને ઓઘસંજ્ઞાએ ઓળખે તો યથાર્થ જ્ઞાન થતું નથી

જ્યારે જ્ઞાનીનો ત્યાગ (દઢત્યાગ) આવે અર્થાત્ જેવો જોઇએ તેવો યથાર્થ ત્યાગ કરવાનું જ્ઞાની કહે ત્યારે માયા ભૂલવી દે છે; માટે બરાબર જાગૃત રહેવું; અને માયાને દૂર કરતા રહેવું. જ્ઞાનીના ત્યાગ (જ્ઞાનીએ બતાવેલ ત્યાગ) માટે ભેઠ બાંધી તૈયાર રહેવું.

સત્સંગ થાય ત્યારે માયા વેગળી રહે છે; અને સત્સંગનો યોગ મટયો કે પાછી તૈયારને તૈયાર ઉભી છે. માટે બાહ્યઉપાધિ ઓછી કરવી. તેથી સત્સંગ વિશેષ થાય છે. આ કારણથી બાહ્યત્યાગ શ્રેષ્ઠ છે,

જ્ઞાનીને દુઃખ નથી. અજ્ઞાનીને દુઃખ છે. સમાધિ કરવાસારૂજ સદાચરણ સેવવાનાં છે. ખોટા રંગ તે ખોટા રંગ છે. સાચો રંગ સદા રહે છે. જ્ઞાનીને મળ્યા પછી દેહ છૂટી ગયો (દેહ ધારણ કરવાનું ન રહે) એમ સમજવું. જ્ઞાનીનાં વચનો પ્રથમ કડવાં લાગે છે, પણ પછી જણાય છે કે, જ્ઞાનીપુરૂષ સંસારનાં અનંત દુઃખો મટાડે છે. જેમ ઓસડ કડવું છે, પણ ઘણાવખતનો રોગ મટાડે છે તેમ.

ત્યાગ ઉપર હમેશાં લક્ષ રાખવો. ત્યાગ મૉળો રાખવો નહીં. શ્રાવકે ત્રણ મનોરથ ચિંતવવા. સત્યમાર્ગને આરાધન કરવા માટે માયાથી દૂર રહેવું. ત્યાગ કર્યા જ કરવો. માયા કેવી રીતે ભૂલવે છે તે પ્રત્યે દૃષ્ટાંતઃ કોઈ એક સંન્યાસી હશે તે એમ કહ્યા કરે કે "હું માયાને ગરવા દઉં જ નહીં. નગ્ન થઇને વિચરીશ." ત્યારે માયાએ કહ્યું કે "હું તારી આગળને આગળ ચાલીશ" "જંગલમાં એકલો વિચરીશ" એમ સંન્યાસીએ કહ્યું ત્યારે માયા કહે કે, "હું સામી થઇશ." સંન્યાસી પછી જંગલમાં રહેતા. અને કાંકરા કે રેતી બેઉ સરખાં છે એમ કહી રેતીપર સૂતા. પછી માયાને કહ્યું કે "તું કયાં છે?" માયાએ જાણ્યું કે આને ગર્વ બહુ ચઢયો છે એટલે કહ્યું કે "મારે આવવાનું શું કામ છે? મારો મોટો પુત્ર અહંકાર તારી હજૂરમાં મૂકેલો હતો"!

માયા આ રીતે છેતરે છે. માટે જ્ઞાની કહે છે કે, "હું બધાથી ન્યારો છું; સર્વથા ત્યાગી થયો છું; અવધૂત છું, નગ્ન છું; તપશ્ચર્યા કરૂં છું. મારી વાત અગમ્ય છે. મારી દશા બહુ જ સારી છે. માયા મને નડશે નહી" એવી માત્ર કલ્પનાએ માયાથી છેતરાવું નહીં.

સ્વચ્છંદમાં અહંકાર છે. રાગ દ્વેષ જતા નથી ત્યાંસુધી તપશ્ચર્યા કરી તેનું ફળ શું? "જનકવિદેહીમાં વિદેહીપણું હોય નહીં, કલ્પના છે, સંસારમાં વિદેહપણું રહે નહી" એમ ચિંતવવું નહીં. પોતાપણું મટે તેનાથી રહેવાય. જનકવિદેહી તો બરોબર છે. વસિષ્ઠજીએ રામને ઉપદેશ દીધો ત્યારે રામે ગુરૂને રાજ અર્પણ કરવા માંડયું; પણ ગુરૂએ રાજ લીધું જ નહીં. શિષ્ય અને ગુરૂ આવા જોઇએ.

અજ્ઞાન ટાળવાનું છે. ઉપદેશથી પોતાપણું મટાડવું છે. અજ્ઞાન ગયું તેનું દુઃખ ગયું,

જ્ઞાની ગૃહસ્થાવાસમાં બાહ્યઉપદેશવત દે નહીં. ગૃહસ્થાવાસમાં હોય એવા પરમજ્ઞાની માર્ગ ચલાવે નહીં;—માર્ગ ચલાવવાની રીતે માર્ગ ચલાવે નહીં; કેમકે પોતે અવિરત રહી વ્રત આદરાવે નહીં; કેમકે તેમ કરવાથી ઘણાં કારણોમાં વિરોધ આવે.

સકામ ભક્તિથી જ્ઞાન થાય નહીં. નિષ્કામ ભક્તિથી જ્ઞાન થાય. જ્ઞાનીના ઉપદેશને વિષે અદ્ભુતપણું છે. તેઓ નિરિચ્છા પણે ઉપદેશ દે છે. સ્પૃહારહિત હોય છે. ઉપદેશ એ જ્ઞાનનું મહાત્મ્ય છે. મહાત્મ્યને લઈને ઘણા જીવો બૂઝે છે.

અજ્ઞાનીનો સકામ ઉપદેશ હોય છે; જે સંસારફળનું કારણ છે. જગતમાં અજ્ઞાનીનો માર્ગ

વધારે છે. જ્ઞાનીને મિથ્યાભાવનો ક્ષય થયો છે; અહંભાવ મટી ગયો છે; માટે અમૂલ્ય વચનો નીકળે. બાલજીવોને જ્ઞાની અજ્ઞાનીનું ઓળખાણ હોય નહીં.

આચાર્યજીએ જીવોનો સ્વભાવ પ્રમાદી જાણી, બધે ત્રણ ત્રણ દિવસને આંતરે નિયમ પાળવાની આજ્ઞા કરી છે. તિથિઓને માટે ખોટા કદાગ્રહ ન રાખતાં મૂકવા. કદાગ્રહ મૂકાવવા અર્થે તિથિઓ કરી છે. તેને બદલે તે જ દિવસે કદાગ્રહ વધારે છે. હાલમાં ઘણાં વર્ષો થયાં પર્યુષણમાં તિથિઓની ભ્રાન્તિ ચાલે છે. ઢુંઢિયા તપ્પા તિથિઓનો વાંધો કાઢી તકરાર કરે છે તે મોક્ષે જવાનો રસ્તો નથી. કવચિત્ પાંચમનો દિવસ ન પળાયો, અને છઠ્ઠ પાળે અને આત્મામાં કોમળતા હોય તો તે ફળવાન્ થાય. જેથી ખરેખરૂં પાપ લાગે છે તે રોકવાનું પોતાના હાથમાં છે–પોતાથી બને તેવું છે–તે રોકતો નથી; ને બીજી તિથિ આદિની ભળતી ફિકર કર્યે જાય છે. અનાદિથી શબ્દ, રૂપ, રસ, ગંધ ને સ્પર્શનો મોહ રહ્યો છે. તે મોહ અટકાવવાનો છે. મોટું પાપ અજ્ઞાનનું છે.

વિરતિના પાપની ચિંતા થતી હોય તેનાથી જગ્યામાં રહેવાય કેમ ?

પોતે ત્યાગ કરી શકે નહીં. અને બ્હાનાં કાઢે કે મારે અંતરાયો ઘણા છે. ધર્મનો પ્રસંગ આવે ત્યારે "ઉદય" છે એમ કહે. "ઉદય ઉદય" કહ્યા કરે, પણ કાંઈ કુવામાં પડતોનથી. ગાડામાં બેઠો હોય, અને ધાંચ આવે તો સાચવી સંભાળીને ચાલે. તે વખતે ઉદય ભૂલી જાય. અર્થાત્ પોતાની શિથિલતા હોય તેને બદલે ઉદયનો દોષ કાઢે છે.

લૌકિક અને લોકોત્તર ખુલાસો જૂદો હોય છે. ઉદયનો દોષ કાઢવો એ લૌકિક ખુલાસો છે. અનાદિકાળનાં કર્મો બે ઘડીમાં નાશ પામે છે; કર્મનો દોષ કાઢવો નહીં. આત્માને નિંદવો. ધર્મ કરવાની વાત આવે ત્યારે પૂર્વકર્મના દોષની વાત આગળ કરે છે. પુરૂષાર્થ કરવો શ્રેષ્ઠ છે. પુરૂષાર્થ પહેલો કરવો. મિથ્યાત્વ, પ્રમાદ અશુભયોગ મૂકવા.

કર્મ ટાળ્યાવગર ટળવાનાં નથી. તેટલા માટે જ જ્ઞાનીઓએ શાસ્ત્રો વર્ણવ્યાં છે. શિથિલ થવાને સાધનો બતાવ્યાં નથી. પરિણામ ઉંચાં આવવાં જોઇએ: કર્મ ઉદય આવશે એવું મનમાં રહે તો કર્મ ઉદયમાં આવે ? બાકી પુરૂષાર્થ કરે, તો તો કર્મ ટળી જાય. ઉપકાર થાય તે જ લક્ષ રાખવો,

કર્મ ગણી ગણીને નાશ કરાતાં નથી. જ્ઞાનીપુરૂષ તો સામટો ગોટો વાળી નાશ કરે છે.

વિચારવાને બધાં આલંબનો મૂકી દઈ, આત્માના પુરૂષાર્થનો જય થાય તેવું આલંબન લેવું. કર્મબંધનનું આલંબન લેવું નહીં. આત્મામાં પરિણામ પામે તે અનુપ્રેક્ષા.

માટીમાં ઘડો થવાની સત્તા છે; પણ દંડ ચક્ર કુંભારાદિ મળે તો થાય; તેમ આત્મા માટીરૂપ છે તેને સદ્ગુરૂ આદિ સાધન મળે તો આત્મજ્ઞાન થાય. જે જ્ઞાન થયું હોય તે પૂર્વે થઇ ગએલા જ્ઞાનીઓએ સંપાદન કરેલું છે તેને પૂર્વાપર મળતું આવવું જોઇએ; અને વર્ત્તમાનમાં પણ જે જ્ઞાનીપુરૂષોએ જ્ઞાન સંપાદન કરેલું છે તેનાં વચનોને મળતું આવવું જોઇએ; નહીંતો અજ્ઞાનને જ્ઞાન માન્યું છે એમ કહેવાય.

જ્ઞાન બે પ્રકારનાં છે:–એક બીજભૂત જ્ઞાન; અને બીજું વૃક્ષભૂત જ્ઞાન. પ્રતીતિએ બન્ને સરખાં છે. તેમાં ભેદ નથી. વૃક્ષભૂત–કેવળ નિરાવરણ–થાય ત્યારે તે જ ભવે મોક્ષ થાય; અને બીજભૂત જ્ઞાન થાય ત્યારે છેવટે પંદર ભવે મોક્ષ થાય.

આત્મા અરૂપી છે; એટલે વર્ણગંધરસસ્પર્શરહિત વસ્તુ છે; અવસ્તુ નથી.

ષટ્દર્શન જેણે બાંધ્યાં છે તેણે બહુ જ ડહાપણ વાપર્યું છે.

બંધ ઘણી અપેક્ષાએ થાય છે; પણ મૂળ પ્રકૃતિ આઠ છે. તે કર્મની આંટી ઉકેલવા માટે આઠ પ્રકારે કહી છે.

આયુષ્કર્મ એક જ ભવનું બંધાય. વિશેષ ભવનું આયુષ્ બંધાય નહીં. જો બંધાતું હોય તો કોઈને કેવળજ્ઞાન ઉપજે નહીં.

જ્ઞાનીપુરૂષ સમતાથી કલ્યાણનું જે સ્વરૂપ બતાવે છે તે ઉપકારને અર્થે બતાવે છે. જ્ઞાનીપુરૂષો માર્ગમાં ભૂલા પડેલા જીવને સીધો રસ્તો બતાવે છે. જ્ઞાનીને માર્ગે ચાલે તેનું કલ્યાણ થાય. જ્ઞાની થયા પછી ઘણો કાળ જાય એટલે અંધકાર થઈ જવાથી અજ્ઞાનની પ્રવૃત્તિ થાય; અને જ્ઞાનીપુરૂષોનાં વચનો ન સમજાય; તેથી લોકોને અવળું ભાસે. ન સમજાય તેથી લોકો ગચ્છના ભેદ પાડે છે. ગચ્છના ભેદ જ્ઞાનીઓએ પાડયા નથી. અજ્ઞાની માર્ગનો લોપ કરે છે. જ્ઞાની થાય ત્યારે માર્ગનો ઉદ્યોત કરે છે. અજ્ઞાનીઓ જ્ઞાનીની સામાં થાય છે. માર્ગસન્મુખ થવું જોઇએ.

બાલ અને અજ્ઞાની જીવો નાની નાની બાબતોમાં ભેદ પાડે છે. ચાંડલા અને મુખપટ્ટી વગેરેના આગ્રહમાં કલ્યાણ નથી. અજ્ઞાનીને મતભેદ કરતાં વાર લાગતી નથી. જ્ઞાનીપુરૂષો રૂઢીમાર્ગને બદલે શુદ્ધ માર્ગ પ્રરૂપતા હોય તોય જીવને જૂદું ભાસે અને જાણે કે આપણો ધર્મ નહીં. જે જીવ કદાગ્રહરહિત તે શુદ્ધ માર્ગ આદરે વિચારવાનોનો તો કલ્યાણનો માર્ગ એક જ હોય. અજ્ઞાનમાર્ગના અનંત પ્રકાર છે.

જેમ પોતાનું છોકરૂં કુબડું હોય અને બીજાનું છોકરૂં ઘણું રૂપાળું હોય, પણ રાગ પોતાના છોકરાપર આવે; ને સારૂં લાગે. તેવી જ રીતે જે કુળધર્મ પોતે માન્યા છે તે ગમે તેવા દૂષણવાળા હોય તોપણ સાચા લાગે છે. વૈષ્ણવ, તપ્પા, ઢુંઢિયા, જૈનાદિ ગમે તે હોય પણ જે કદાગ્રહરહિતપણે શુદ્ધ સમતાથી પોતાનાં આવરણો ઘટાડશે તેનું જ કલ્યાણ થશે.

સામાયિક કાયાનો યોગ રોકે; આત્માને નિર્મળ કરવા માટે કાયાનો યોગ રોકવો. રોકવાથી પરિણામે કલ્યાણ થાય. કાયાની સામાયિક કરવા કરતાં આત્માની સમાયિક એકવાર કરો, જ્ઞાનીપુરૂષનાં વચનો સાંભળી સાંભળીને ગાંઠે બાંધો તો આત્માની સામાયિક થશે. મોક્ષનો ઉપાય અનુભવગોચર છે. જેમ અભ્યાસે કરી આગળ જવાય છે તેમ મોક્ષને માટે પણ છે.

જ્યારે આત્મા કંઇ પણ ક્રિયા કરે નહીં ત્યારે અબંધ કહેવાય.

પુરૂષાર્થ કરે તો કર્મથી મુક્ત થાય. અનંતકાળનાં કર્મો હોય, અને જો યથાર્થ પુરૂષાર્થ કરે તો કર્મ એમ ન કહે કે હું નહીં જાઉં. બે ઘડીમાં અનંતાં કર્મો નાશ પામે છે. આત્માની ઓળખાણ થાય તો કર્મ નાશ પામે.

સમ્યક્ત્વ શાથી પ્રગટે? આત્માનો યથાર્થ લક્ષ થાય તેથી. સમ્યક્ત્વના બે પ્રકાર છેઃ– ૧. વ્યવહાર અને ૨. પરમાર્થ. સદ્‌ગુરૂનાં વચનોનું સાંભળવું, તે વચનોનો વિચાર કરવો; તેની પ્રતીતિ કરવી; તે "વ્યવહારસમ્યક્ત્વ." આત્માની ઓળખાણ થાય તે "પરમાર્થસમ્યક્ત્વ."

અંતઃકરણની શુદ્ધિવિના બોધ અસર પામતો નથી; માટે પ્રથમ અંતઃકરણમાં કોમળતા લાવવી. વ્યવહાર અને નિશ્ચય એ આદિની મિથ્યાચર્ચામાં નિરાગ્રહ રહેવું; મધ્યસ્થભાવે રહેવું. આત્માના સ્વભાવને જે આવરણ તેને જ્ઞાનીઓ 'કર્મ' કહે છે.

સાત પ્રકૃતિ ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટે. અનંતાનુબંધીય ચાર કષાય મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમકિતમોહનીય એ સાત ક્ષય થાય ત્યારે સમ્યક્ત્વ પ્રગટે. કષાય તે શું?

સત્પુરૂષો મળ્યે જીવને તે બતાવે કે તું જે વિચાર કર્યાવિના કર્યે જાય છે તેમાં કલ્યાણ નથી. છતાં તે કરવા માટે દુરાગ્રહ રાખે, ઉન્માર્ગને મોક્ષમાર્ગ માને; અને મોક્ષમાર્ગને ઉન્માર્ગ માને તે 'મિથ્યાત્વમોહનીય.' ઉન્માર્ગથી મોક્ષ થાય નહીં; માટે માર્ગ બીજો હોવો જોઇયે એવો જે ભાવ તે 'મિશ્રમોહનીય' 'આત્મા આ હશે?' તેવું જ્ઞાન થાય તે 'સમ્યક્ત્વમોહનીય.' 'આત્મા છે' એવો નિશ્ચયભાવ તે 'સમ્યક્ત્વ.'

નિયમથી જીવ કોમળ થાય છે. દયા આવે છે. મનમાં પરિણામો ઉપયોગસહિત જો હોય તો કર્મ ઓછાં લાગે. ઉપયોગરહિત હોય તો કર્મ વધારે લાગે. અંતઃકરણ કોમળ કરવા—શુદ્ધ કરવા–વ્રતાદિ કરવાનું કહ્યું છે. સ્વાદબુદ્ધિ ઓછી કરવા નિયમ કરવા. કુળધર્મ જયાં જયાં જોઇએ છીએ ત્યાં ત્યાં આડો આવે છે.

લૌકિક દૃષ્ટિમાં વૈરાગ્ય ભક્તિ નથી. પુરૂષાર્થ કરવાનું, અને સત્ય રીતે વર્તવાનું ધ્યાનમાં જ આવતું નથી. તે તો લોકો ભૂલી જ ગયાં છે.

માણસો વરસાદ આવે ત્યારે પાણી ટાંકામાં ભરી રાખે છે, પણ મુમુક્ષુ જીવો આટલો આટલો ઉપદેશ સાંભળીને જરાય ગ્રહણ કરતા નથી; તે એક આશ્ચર્ય છે. તેને ઉપકાર કેવી રીતે થાય ?

જ્ઞાનીઓ દોષ ઘટાડવા માટે અનુભવનાં વચનો કહે છે; માટે તેવાં વચનોનું સ્મરણ કરી જો તે સમજવામાં આવે, શ્રવણ મનન થાય, તો સહજે આત્મા ઉજ્વલ થાય. તેમ કરવામાં કાંઇ બહુ મેહેનત નથી. તેવાં વચનોનો વિચાર ન કરે, તો કોઈ દિવસ પણ દોષ ઘટે નહીં.

સદાચાર સેવવા જોઇએ. જ્ઞાનીપુરૂષોએ દયા, સત્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય, પરિગ્રહપ્રમાણ વગેરે સદાચાર કહેલા છે. જ્ઞાનીઓએ જે સદાચાર સેવવા કહેલ છે તે યથાર્થ છે;સેવવાયોગ્ય છે. વગર સાક્ષીએ જીવે વ્રત નિયમ કરવાં નહીં.

વિષયકષાયાદિ દોષ ગયાવિના સામાન્ય આશયવાળા દયા વગેરે આવે નહીં. તો પછી ઉંડા આશયવાળા દયા વગેરે ક્યાંથી આવે ? વિષયકષાયસહિત મોક્ષે જવાય નહીં, અંતઃકરણની શુદ્ધિવિના આત્મજ્ઞાન થાય નહીં. ભક્તિ એ સર્વ દોષને ક્ષય કરવાવાળી છે; માટે તે સર્વોત્કૃષ્ટ છે.

જીવે વિકલ્પના વ્યાપાર કરવા નહીં. વિચારવાન અવિચારણા અને અકાર્ય કરતાં ક્ષોભ પામે. અકાર્ય કરતાં જે ક્ષોભ ન પામે તે અવિચારવાન.

આકાર્ય કરતાં પ્રથમ જેટલો ત્રાસ રહે છે તેટલો બીજી ફેરે કરતાં રહેતો નથી. માટે પ્રથમથી જ અકાર્ય કરતાં અટકવું, દૃઢ નિશ્ચય કરી અકાર્ય કરવું નહીં.

સત્પુરૂષો ઉપકારઅર્થે જે ઉપદેશ કરે છે તે શ્રવણ કરે, ને વિચારે તો જીવના દોષો અવશ્ય ઘટે. પારસમણિનો સંગ થયો, ને લોઢાનું સુવર્ણ ન થયું તો કાંતો પારસમણિ નહીં; અને કાંતો ખરૂં લોઢું નહીં. તેવી જ રીતે જેના ઉપદેશથી સુવર્ણમય આત્મા ન થાય તો કાંતો તે ઉપદેષ્ટા સત્પુરૂષ નહીં, અને કાંતો સામો માણસ યોગ્ય જીવ નહીં. યોગ્ય જીવ અને ખરા સત્પુરૂષ હોય તો ગુણો પ્રગટયાવિના રહે નહીં.

લૌકિક અલંબન ન જ કરવાં. જીવ પોતે જાગે તો બધાં વિપરીત કારણો મટી જાય. જેમ કોઈ પુરૂષ ઘરમાં નિદ્રાવશ થવાથી તેના ઘરમાં કૂતરાં, બિલાડાં વગેરે પેસી જવાથી નુકસાન કરે અને પછી તે પુરૂષ જાગ્યા પછી નુકસાન કરનારાં એવાં જે કૂતરાં આદિ પ્રાણીઓ તેનો દોષ કાઢે; પણ પોતાનો દોષ કાઢતો નથી કે હું ઉંઘી ગયો તો આમ થયું; તેમ જીવ પોતાના દોષો જોતો નથી. પોતે જાગૃત રહેતો હોય, તો બધાં વિપરીત કારણો મટી જાય; માટે પોતે જાગૃત રહેવું.

જીવ એમ કહે છે કે, મારા તૃષ્ણા, અહંકાર, લોભ આદિ દોષો જતા નથી. અર્થાત્ જીવ પોતાનો દોષ કાઢતો નથી; અને દોષોનો વાંક કાઢે છે. જેમ સૂર્યનો તાપ બહુ પડે છે, અને તેથી બહાર નીકળાતું નથી- માટે સૂર્યનો દોષ કાઢે છે; પણ છત્રિ અને પગરખાં સૂર્યના તાપથી રક્ષણઅર્થે બતાવ્યાં છે તેનો ઉપયોગ કરતો નથી તેમ. જ્ઞાનીપુરૂષોએ લૌકિક ભાવ મૂકી દઈ જે વિચારથી પોતાના દોષો ઘટાડેલા (નાશ કરેલા) તે વિચારો, અને તે ઉપાયો જ્ઞાનીઓ ઉપકારઅર્થે કહે છે. તે શ્રવણ કરી આત્મામાં પરિણામ પામે તેમ કરવું.

કયા પ્રકારે દોષ ઘટે ? જીવ લૌકિક ભાવ કર્યા કરે છે, ને દોષો કેમ ઘટતા નથી એમ કહ્યા કરે છે !

મુમુક્ષુઓએ જાગૃત-જાગૃત થઈ વૈરાગ્ય વધારવો જોઇએ. સત્પુરૂષનું એક વચન સાંભળી પોતાને વિષે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે, અને દોષ ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે. સત્સંગ સમાગમની જરૂર છે. બાકી સત્પુરૂષ તો જેમ એક વટેમાર્ગુ, બીજા વટેમાર્ગુને રસ્તો બતાવી ચાલ્યો જાય છે તેમ બતાવી ચાલ્યા જાય છે. શિષ્યો કરવા માટે સત્પુરૂષની ઇચ્છા નથી. દુરાગ્રહ મટયો તેને આત્માનું ભાન થાય છે. ભ્રાન્તિ જાય તો તરત સમ્યક્ત્વ થાય.

બાહુબલિજીને જેમ કેવળજ્ઞાન પાસે (અંતરમાં) હતું, કાંઇ બહાર નહોતું; તેમ સમ્યક્ત્વ પોતાનીપાસે જ છે.

જીવ અહંકાર રાખે છે, અસત્ વચનો બોલે છે; ભ્રાન્તિ રાખે છે; તેનું લગારે ભાન નથી. એ ભાન થયાવિના નિવેડા આવવાનો નથી.

શૂરવીર વચનોને બીજાં એકે વચનો પહોંચે નહીં. જીવને સત્પુરૂષનો એક શબ્દ પણ સમજાયો નથી. મોટાઈ નડતી હોય તો મૂકી દેવી. ઢુંઢિયા ' મુમતિ ', તપ્પા ' મૂર્તિ ' આદિના કદાગ્રહ ગ્રહી રહ્યા છે ! તેવા કદાગ્રહમાં કંઇ જ હિત નથી. શૂરાતન કરીને આગ્રહ, કદાગ્રહથી દૂર રહેવું; પણ વિરોધ કરવો નહીં.

જ્યારે જ્ઞાનીપુરૂષો થાય છે ત્યારે મતભેદ, કદાગ્રહ ઘટાડી દે છે. જ્ઞાની અનુકંપાઅર્થે માર્ગ બોધે છે. અજ્ઞાની કુગુરૂઓ મતભેદ ઠામ ઠામ વધારી કદાગ્રહ ચોકસ કરે છે.

સાચા પુરૂષ મળે, ને તેઓ જે કલ્યાણનો માર્ગ બતાવે તે જ પ્રમાણે વર્ત્તે તો અવશ્ય કલ્યાણ થાય. માર્ગ વિચારવાનને પૂછવો. સત્પુરૂષના આશ્રયે સારાં આચરણો કરવાં. ખોટી બુદ્ધિ સહુને હેરાનકર્ત્તા છે; પાપની કર્ત્તા છે. મમત્વ હોય ત્યાં જ મિથ્યાત્વ. શ્રાવક સર્વે દયાળુ હોય. કલ્યાણનો માર્ગ એક જ હોય; સો બસો ન હોય. અંદરના દોષો નાશ થશે, અને સમપરિણામ આવશે તો જ કલ્યાણ થશે.

મતભેદને છેદે તે જ સાચા પુરૂષ. સમપરિણામને રસ્તે ચઢાવે તે સાચો સંગ. વિચારવાનનેમાર્ગનો ભેદ નથી.

હિંદુ અને મુસલમાન સરખા નથી. હિંદુઓના ધર્મગુરૂઓ જે ધર્મબોધ કહી ગયા હતા તે બહુ ઉપકાર અર્થે કહી ગયા હતા. તેવો બોધ પીરાણા મુસલમાનનાં શાસ્ત્રોમાં નથી. આત્માપેક્ષાએ કણબી, વાણીઓ, મુસલમાન નથી. તેનો જેને ભેદ મટી ગયો તેજ શુદ્ધ; ભેદ ભાસે તે જ અનાદિની ભૂલ છે. કુળાચાર પ્રમાણે જે સાચું માન્યું તે જ કષાય છે.

મોક્ષ એટલે શું ? આત્માનું અત્યંત શુદ્ધપણું તે-અજ્ઞાનથી છૂટી જવું તે-સર્વ કર્મથી મુક્ત થવું તે "મોક્ષ." યથાતથ્ય જ્ઞાન પ્રગટયે મોક્ષ. ભ્રાન્તિ રહે ત્યાંસુધી આત્મા જગતમાં છે. અનાદિકાળનું એવું જે ચેતન તેનો સ્વભાવ જાણપણું-જ્ઞાન-છે, છતાં ભૂલી જાય છે તે શું ? જાણપણામાં ન્યૂનતા છે. યથાતથ્ય જાણપણું નથી. તે ન્યૂનતા કેમ મટે ? તે જાણપણારૂપી સ્વભાવને ભૂલી ન જાય;-તેને વારંવાર દૃઢ કરે તો ન્યૂનતા મટે.

જ્ઞાનીપુરૂષનાં વચનોનું અવલંબન લેવાથી જાણપણું થાય. સાધન છે તે ઉપકારના હેતુઓ છે. અધિકારિપણું સત્પુરૂષના આશ્રયે લે તો સાધનો ઉપકારના હેતુઓ છે, સત્પુરૂષની દૃષ્ટિએ ચાલવાથી જ્ઞાન થાય છે. સત્પુરૂષોનાં વચનો આત્મામાં પરિણામ પામ્યે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, અશુભ યોગ વગેરે બધા દોષો અનુક્રમે મોળા પડે. આત્મજ્ઞાન વિચારવાથી દોષો નાશ થાય છે. સત્પુરૂષો પોકારી પોકારીને કહી ગયા છે, પણ જીવને લોકમાર્ગમાં પડી રહેવું છે; અને લોકો-

ત્તર કહેવરાવવું છે; ને દોષ કેમ જતા નથી એમ માત્ર કલ્પના કરવું છે. લોકનો ભય મૂકી સત્પુરૂષોનાં વચનો આત્મામાં પરિણમાવે તો સર્વ દોષ જાય. જીવે મારાપણું લાવવું નહીં. મોટાઇ, ને મહત્તા મૂક્યા વગર સમ્યક્ત્વનો માર્ગ આત્મામાં પરિણામ પામવો કઠણ છે.

વેદાંતશાસ્ત્રો વર્તમાનમાં સ્વચ્છંદથી વાંચવામાં આવે છે; ને તેથી શુષ્કપણા જેવું થઇ જાય છે. ષડ્દર્શનમાં ઝગડો નથી; પણ આત્માને કેવળ મુક્તદષ્ટિએ જોતાં તીર્થંકરે લાંબો વિચાર કર્યો છે. મૂળ લક્ષગત થવાથી જે જે વક્તા (સત્પુરૂષો) એ કહ્યું તે યથાર્થ છે એમ જણાશે.

આત્માને ક્યારે પણ વિકાર ન ઉપજે, તથા રાગદ્વેષપરિણામ ન થાય ત્યારે જ કેવળજ્ઞાન કહેવાય. ષડ્દર્શનવાળાએ જે વિચાર કર્યા છે તેથી આત્માનું તેમને ભાન થાય છે. તારતમ્યપણામાં ફેર પડે. ષડ્દર્શન પોતાની સમજણે બેસાડે તો કોઇવાર બેસે નહીં. તે બેસવું સત્પુરૂષના આશ્રયે થાય. જેણે આત્મા અસંગ, અક્રિય વિચાર્યો હોય તેને ભ્રાન્તિ હોય નહીં. સંશય હોય નહીં. આત્માના હોવાપણા સંબંધમાં પ્રશ્ન રહે નહીં.

પ્ર૦:—સમ્યક્ત્વ કેમ જણાય ?

ઉ૦:—માંહીથી દશા ફરે ત્યારે સમ્યક્ત્વની ખબર એની મેળે પડે. સત્દેવ એટલે રાગદ્વેષ ને અજ્ઞાન જેનાં ક્ષય થયાં છે તે. સદ્દગુરૂ કોણ કહેવાય ? મિથ્યાત્વગ્રંથિ જેની છેદાણી છે તે. સદ્દગુરૂ એટલે નિર્ગ્રંથ. સત્ધર્મ જ્ઞાનીપુરૂષોએ બોધેલો જે ધર્મ. આ ત્રણે તત્ત્વ યથાર્થ રીતે જાણે ત્યારે સમ્યક્ત્વ થયું ગણાય.

અજ્ઞાન ટાળવા માટે કારણો (સાધનો) બતાવ્યાં છે. જ્ઞાનનું સ્વરૂપ જ્યારે જાણે ત્યારે મોક્ષ થાય.

પરમવૈદ્યરૂપી સદ્દગુરૂ મળે અને ઉપદેશરૂપી દવા આત્મામાં પરિણામ પામે ત્યારે રોગ જાય; પણ તે દવા અંતરૂમાં ન ઉતારે, તો તેનો કોઇ કાળે રોગ જાય નહીં. જીવ ખરેખરૂં સાધન કરતો નથી. જેમ આખા કુટુંબને ઓળખવું હોય તો પહેલાં એક જણને ઓળખે તો બધાની ઓળખાણ થાય, તેમ પહેલાં સમ્યક્ત્વનું ઓળખાણ થાય ત્યારે બધા આત્માના ગુણોરૂપી કુટુંબનું ઓળખાણ થાય, સમ્યક્ત્વ સર્વોત્કૃષ્ટ સાધન કહ્યું છે. બહારની વૃત્તિઓ ઘટાડી અંતર્ પરિણામ કરે, તો સમ્યક્ત્વનો માર્ગ આવે. ચાલતાં ચાલતાં ગામ આવે, પણ વગર ચાલ્યે ગામ ન આવે. જીવને યથાર્થ સત્પુરૂષોની પ્રતીતિ થઇ નથી.

બહિરાત્મામાંથી અંતરાત્મા થયા પછી પરમાત્મપણું પ્રાપ્ત થવું જોઇએ. દૂધ ને પાણી જૂદાં છે તેમ સત્પુરૂષના આશ્રયે-પ્રતીતિએ-દેહ અને આત્મા જૂદા છે એમ ભાન થાય. અંતરૂમાં પોતાના આત્માનુભવરૂપે, જેમ દૂધ ને પાણી જૂદાં થાય તેમ દેહ અને આત્મા જૂદા લાગે ત્યારે પરમાત્મપણું પ્રાપ્ત થાય. જેને આત્માના વિચારરૂપી ધ્યાન છે-સતત નિરંતર ધ્યાન છે-આત્મા જેને સ્વપ્નમાં પણ જૂદો જ ભાસે-કોઈ વખત જેને આત્માની ભ્રાન્તિ થાય જ નહીં-તેને જ પરમાત્મપણું થાય.

અંતરાત્મા નિરંતર કષાયાદિ નિવારવા પુરૂષાર્થ કરે છે. ચૌદમા ગુણસ્થાનક સુધી એ વિચારરૂપી ક્રિયા છે. જેને વૈરાગ્ય ઉપશમ વર્ત્તતો હોય તેને જ વિચારવાન કહીએ. આત્માઓ મુક્ત થયા પછી સંસારમાં આવતા નથી. આત્મા સ્વાનુભવ છે. તે ચક્ષુથી દેખાતો નથી. ઇંદ્રિયથી રહિત એવું જે જ્ઞાન તે જાણે છે. આત્માનોઉપયોગ મનન કરે તે મન છે. વળગણા છે તેથી મન જૂદું કહેવાય. સંકલ્પ વિકલ્પ મૂકી દેવો તે 'ઉપયોગ.' જ્ઞાનને આવરણ કરનારૂં નિકાચિતકર્મ ન બાંધ્યું હોય તેને સત્પુરૂષોનો બોધ લાગે. આયુષ્યનો બંધ હોય તે રોકાય નહીં.

જીવે અજ્ઞાન ગ્રહ્યું છે તેથી ઉપદેશ પરિણમે નહીં; કારણ આવરણને લીધે પરિણમવાનો રસ્તો નથી. જ્યાંસુધી લોકના અભિનિવેશની કલ્પના કર્યા કરો ત્યાંસુધી આત્મા ઉંચો આવે નહીં; અને ત્યાંસુધી કલ્યાણ પણ થાય નહીં. ઘણા જીવો સત્પુરૂષનો બોધ સાંભળે છે, પણ તેને વિચારવાનો યોગ બનતો નથી.

ઇંદ્રિયોના નિગ્રહનું ન હોવાપણું, કુળધર્મનો આગ્રહ, માન શ્લાઘાની કામના, અમધ્યસ્થપણું એ કદાગ્રહ છે. તે કદાગ્રહો જ્યાંસુધી જીવ ન મૂકે ત્યાંસુધી કલ્યાણ થાય નહીં. નવ પૂર્વ ભણ્યો તોય રખડયો ! ચૌદ રાજલોક જાણ્યો પણ દેહમાં રહેલો આત્મા ન ઓળખ્યો; માટે રખડયો ! જ્ઞાનીપુરૂષ બધી શંકાઓ ટાળી શકે છે; પણ તરવાનું કારણ સત્પુરૂષની દૃષ્ટિએ ચાલવું તે છે; અને તો જ દુ:ખ મટે. આજ પણ પુરૂષાર્થ કરે તો આત્મજ્ઞાન થાય. જેને આત્મજ્ઞાન નથી તેનાથી કલ્યાણ થાય નહીં.

વ્યવહાર જેનો પરમાર્થ છે તેવા આત્મજ્ઞાનીની આજ્ઞાએ વર્ત્યે આત્મા લક્ષગત થાય;–કલ્યાણ થાય.

જીવને કર્મનો બંધ કેમ પડે ? નિકાચિત વિષે.–ઉપયોગે અને અનઉપયોગે કર્મબંધ પડે.

આત્મજ્ઞાન સહજ નથી. ' પંચીકરણ,' 'વિચારસાગર' વાંચીને કથનમાત્ર માન્યાથી જ્ઞાન થાય નહીં. જેને અનુભવ થયો છે એવા અનુભવિના આશ્રયે તે સમજી તેની આજ્ઞા પ્રમાણે વર્ત્તે તો જ્ઞાન થાય. સમજ્યાવિના રસ્તો ભારે વિકટ છે. હીરો કાઢવા માટે ખાણ ખોદવી તે મેહેનત છે, પણ હીરો લેવો તેમાં મેહેનત નથી. તે જ પ્રમાણે આત્માસંબંધી સમજણ આવવી દુર્લભ છે; નહીં તો આત્મા કંઇ દૂર નથી. ભાન નથી તેથી દૂર લાગે છે. જીવને કલ્યાણ કરવું, ન કરવું તેનું ભાન નથી; અને પોતપણું રાખવું છે.

ચોથે ગુણસ્થાનકે ગ્રંથિભેદ થાય. અગીઆરમેથી પડે છે તેને 'ઉપશમસમ્યક્ત્વ' કહેવાય, લોભ ચારિત્રને પાડનારો છે. ચોથે ગુણસ્થાનકે ઉપશમ અને ક્ષાયિક બન્ને હોય. ઉપશમ એટલે સત્તામાં આવરણનું રહેવું. કલ્યાણનાં ખરેખરાં કારણો જીવને ધાર્યામાં નથી. જે શાસ્ત્રો વૃત્તિને સંક્ષેપે નહીં (વૃત્તિને સંકોચે નહીં) પરંતુ વધારે તેવાં શાસ્ત્રોમાં ન્યાય ક્યાંથી હોય ?

વ્રત આપનારે અને વ્રત લેનારે બન્નેએ વિચાર તથા ઉપયોગ રાખવા. ઉપયોગ રાખે નહીં, ને ભાર રાખે તો નિકાચિતકર્મ બંધાય. ' ઓછું કરવું' (પરિગ્રહમર્યાદા કરવી) એમ જેના મનમાં હોય તે શિથિલ કર્મ બાંધે. પાપ કર્યે કાંઈ મુક્તિ હોય નહીં. એક વ્રત માત્ર લઈ અજ્ઞાનને કાઢવા ઇચ્છે છે તેવાને અજ્ઞાન કહે છે કે તારાં કેક ચારિત્ર હું ખાઈ ગયો છું; તેમાં તે શું મોટી વાત છે ?

જે સાધનો બતાવે તે તરવાનાં સાધનો હોય તો જ ખરાં સાધન. બાકી નિષ્ફળ સાધન છે. વ્યવહારમાં અનંતા ભાંગા ઉઠે છે, તો કેમ પાર આવે ? કોઇ માણસ ઉતાવળો બોલે તેને કષાયી કહેવાય. કોઇ ધીરજથી બોલે તેને શાન્તિ દેખાય, પણ અંતર્પરિણામ હોય તો શાંતિ કહેવાય.

જેને સુવાની એક પથારી જોઇએ તે દશ ઘર મોકળાં રાખે તો તેની વૃત્તિ ક્યારે સંકોચાય ? વૃત્તિ રોકે તેને પાપ નહીં. કેટલાક જીવો એવા છે કે વૃત્તિ ન રોકાય એવાં કારણો ભેગાં કરે–આથી પાપ રોકાય નહીં,[1]

૧, સામાન્યપણે જેટલો પરિગ્રહ રાખવાની જરૂર હોય તેના કરતાં પણ જે જીવો અજ્ઞાનવડે પરિગ્રહનો વિસ્તાર બહુ મોટો રાખે છે, અને કહે છે કે અમે વિરતિ આદરીએ છીએ, એવા જીવોને સંબોધી આ પ્રસંગ કહ્યા છે.—સંશોધક.

ચૌદ રાજલોકની કામના છે તે પાપ છે. માટે પરિણામ જોવાં. ચૌદ રાજલોકની ખબર નથી એમ કદાચ્ કહો, તોપણ જેટલું ધાર્યું તેટલું તો નક્કી પાપ થયું. મુનિને તણખલું પણ ગ્રહવાની છૂટ નથી. ગૃહસ્થ એટલું ગ્રહે તો તેટલું તેને પાપ છે.

જડને આત્મા તન્મયપણે થાય નહીં. સુતરની આંટી સુતરથી કાંઈ જૂદી નથી; પણ આંટી કાઢવી તેમાં વિકટતા છે; જો કે સુતર ઘટે નહીં ને વધે નહીં, તેવી જ રીતે આત્મામાં આંટી પડી ગઇ છે.

સત્પુરૂષ અને સત્શાસ્ત્ર એ વ્યવહાર કાંઇ કલ્પિત નથી. સદ્‌ગુરૂ સત્શાસ્ત્રરૂપી વ્યવહારથી સ્વરૂપ શુદ્ધ થાય ત્યારે કેવળ વર્ત્તે. પોતાનું સ્વરૂપ જાણવું તે સમકિત. સત્પુરૂષનું વચન સાંભળવું દુર્લભ છે, શ્રદ્ધવું દુર્લભ છે, વિચારવું દુર્લભ છે તો અનુભવવું દુર્લભ હોય તેમાં શી નવાઈ?

ઉપદેશજ્ઞાન અનાદિનું ચાલ્યું આવે છે. એકલાં પુસ્તકથી જ્ઞાન થાય નહીં. પુસ્તકથી જ્ઞાન થતું હોય તો પુસ્તકનો મોક્ષ થાય! સદ્‌ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલવું એમાં ભૂલી જવાય તો પુસ્તક અવલંબનભૂત છે,–ચૈતન્યપણુ ગોખે તો–ચૈતન્યપણુ પ્રાપ્ત થાય;–ચૈતન્યપણુ અનુભવગોચર થાય તે. સદ્‌ગુરૂનું વચન શ્રવણ કરે, મનન કરે, ને આત્મામાં પરિણમાવે તો કલ્યાણ થાય.

જ્ઞાન અને અનુભવ હોય તો મોક્ષ થાય. વ્યવહારને નિષેધવો નહીં. એકલા વ્યવહારને વળગી રહેવું નહીં,

આત્મજ્ઞાનની વાત સામાન્ય થઈ જાય એવી રીતે કરવી ઘટે નહીં. આત્મજ્ઞાનની વાત એકાંતે કહેવી. આત્માનું હોવાપણુ વિચારવામાં આવે તો અનુભવમાં આવે; નહીંતો તેમાં શંકા થાય છે. જેમ એક માણસને વધારે પડળથી દેખાતું નથી તેમ આવરણની વળગણાને લીધે આત્માને થાય છે. ઉંઘમાં પણ આત્માને સામાન્યપણે જાગૃતિ છે. આત્મા કેવળ ઉંઘે નહીં; તેને આવરણ આવે; આત્મા હોય તો જ્ઞાન થાય, જડ હોય તો જ્ઞાન કોને થાય?

પોતાને પોતાનું ભાન થવું—પોતે પોતાનું જ્ઞાન પામવું–તે જીવન્મુક્ત થવું.

ચૈતન્ય એક હોય તો ભ્રાન્તિ કોને થઈ? મોક્ષ કોનો થયો? બધા ચૈતન્યની જાતિ એક પણ પ્રત્યેક ચૈતન્યનું સ્વતંત્રપણુ જૂદું ચૈતન્ય છે, ચૈતન્યનો સ્વભાવ એક છે, મોક્ષ સ્વાનુભવગોચર છે. નિરાવરણમાં ભેદ નથી. પરમાણુ ભેળાં થાય નહીં એટલે કે આત્માને પરમાણુનો સંબંધ નહીં ત્યારે મુક્તિ. પરસ્વરૂપમાં નહીં મળવું તે મુક્તિ.

કલ્યાણ કરવું, ન કરવું તેનું ભાન નથી; પણ જીવને પોતાપણુ રાખવું છે. બંધ ક્યાં સુધી થાય? જીવ ચૈતન્ય ન થાય ત્યાં સુધી. એકેંન્દ્રિયાદિક યોનિ હોય તોપણ જીવનો જ્ઞાનસ્વભાવ કેવળ લોપાઈ જાય નહીં. અંશે ખુલ્લો રહે છે. અદિ કાળથી જીવ બંધાયો છે. નિરાવરણ થયા પછી બંધાતો નથી. "હું જાણું છું" એવું અભિમાન તે ચૈતન્યનું અશુદ્ધપણુ. આ જગતમાં બંધ ને મોક્ષ ન હોત તો શ્રુતિનો ઉપદેશ કોને અર્થે? આત્મા સ્વભાવે કેવળ અક્રિય છે; પ્રયોગે ક્રિય છે. જ્યારે નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે જ અક્રિયપણુ કહ્યું છે. નિર્વિવાદપણે વેદાંત વિચારવામાં અડચણ નથી. આત્મા અર્હંતપદ વિચારે તો અર્હંત થાય. સિદ્ધિપદ વિચારે તો સિદ્ધ થાય. આચાર્યપદ વિચારે તો આચાર્ય થાય. ઉપાધ્યાયનો વિચાર કરે તો ઉપાધ્યાય થાય. સ્ત્રીરૂપ વિચારે તો આત્મા સ્ત્રી. અર્થાત્ જે સ્વરૂપને વિચારે તે રૂપ ભાવાત્મા થાય. આત્મા એક છે કે અનેક છે તેની ચિંતા કરવી નહીં. આપણે તો એ વિચારની જરૂર છે કે "હું એક છું." જગતને ભેળવવાની શી જરૂર છે? એક, અનેકનો વિચાર ઘણી આઘી દશાએ પહોંચ્યા પછી વિચારવાનો છે. જગતને આત્મા સ્વપ્ને પણ એક જાણશો નહીં. આત્મા અચળ છે, નિરાવરણ છે

વેદાંત સાંભળીને પણ આત્માને ઓળખવો. આત્મા સર્વવ્યાપક છે, કે આત્મા દેહને વિષે છે તે અનુભવ પ્રત્યક્ષ અનુભવગમ્ય છે.

બધા ધર્મનું તાત્પર્ય એ છે કે, આત્માને ઓળખવો. બીજાં બધાં સાધન છે તે જે ઠેકાણે જોઇએ (ઘટે) તે જ્ઞાનીની આજ્ઞાએ વાપરતાં અધિકારી જીવને ફળ થાય. દયા વગેરે આત્માને નિર્મલ થવાનાં સાધનો છે.

મિથ્યાત્વ, પ્રમાદ, અવ્રત, અશુભયોગ, એ અનુક્રમે જાય તો સત્પુરૂષનું વચન આત્મામાં પરિણામ પામે. તેથી બધા દોષો અનુક્રમે નાશ પામે. આત્મજ્ઞાન વિચારથી થાય છે. સત્પુરૂષ તો પોકારી પોકારીને કહી ગયા છે, પણ જીવ લોકમાર્ગે પડયો છે; ને તેને લોકોત્તરમાર્ગ માને છે, આથી કરી કેમેય દોષ જતા નથી. લોકનો ભય મૂકી સત્પુરૂષોનાં વચનનો આત્મામાં પરિણામ પામે તો સર્વ દોષ જાય. જીવે મારાપણું લાવવું નહીં; મોટાઈ અને મહત્તા મૂકયા વગર સમ્યક્ માર્ગ આત્મામાં પરિણામ પામે નહીં.

બ્રહ્મચર્યવિષેઃ—પરમાર્થ હેતુ માટે નદી ઉતરવાને ટાઢા પાણીની મુનિને આજ્ઞા આપી. પણ અબ્રહ્મચર્યની આજ્ઞા આપી નથી; ને તેને માટે કહ્યું છે કે, અલ્પ આહાર કરજે, ઉપવાસ કરજે એકાંતર કરજે, છેવટે ઝેર ખાઇને મરજે, પણ બ્રહ્મચર્ય ભાંગીશ નહીં.

દેહની મૂર્છા હોય તેને કલ્યાણ કેમ ભાસે? સર્પ કરડે ને ભય ન થાય ત્યારે સમજવું કે, આત્મજ્ઞાન પ્રગટયું છે. આત્મા અજર–અમર છે. "હું" મરવાનો નથી; તો મરણનો ભય શો? જેને દેહની મૂર્છા ગઇ તેને આત્મજ્ઞાન થયું કહેવાય.

પ્રશ્નઃ—જીવે કેમ વર્ત્તવું?

સમાધાનઃ—સત્સંગને યોગે આત્માનું શુદ્ધપણું પ્રાપ્ત થાય તેમ. પણ સત્સંગનો સદા યોગ નથી મળતો. જીવે યોગ્ય થવા માટે હિંસા કરવી નહીં; સત્ય બોલવું; અદત્ત લેવું નહીં; બ્રહ્મચર્ય પાળવું; પરિગ્રહની મર્યાદા કરવી, રાત્રિભોજન કરવું નહીં એ આદિ સદાચરણ શુદ્ધ અંતઃકરણે કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે; તે પણ જો આત્માને અર્થે લક્ષ રાખી કરવામાં આવતાં હોય તો ઉપકારી છે; નહીંતો પુણ્યયોગ્ય પ્રાપ્ત થાય. તેથી મનુષ્યપણું મળે, દેવતાપણું મળે. રાજ મળે. એક ભવનું સુખ મળે, ને પાછું ચાર ગતિમાં રઝળવું થાય; માટે જ્ઞાનીઓએ તપ આદિ જે ક્રિયા આત્માને ઉપકાર અર્થે અહંકારરહિતપણે કરવા કહી છે, તે પરમજ્ઞાની પોતે પણ જગતના ઉપકારને અર્થે નિશ્ચય કરી સેવે.

મહાવીરસ્વામીએ કેવળજ્ઞાન ઉપજ્યા પછી ઉપવાસ કર્યા નથી, તેમ કોઇ કોઇ જ્ઞાનીયે કર્યા નથી; તથાપિ લોકોના મનમાં એમ ન આવે કે, જ્ઞાન થયા પછી ખાવું, પીવું સરખું છે; તેટલા માટે છેલ્લી વખતે તપની આવશ્યકતા બતાવવા ઉપવાસ કર્યા; દાનને સિદ્ધ કરવા માટે દિક્ષા લીધાં પહેલાં બે વર્ષ સુધી પોતે દાન દીધું. આથી જગતને દાન સિદ્ધ કરી આપ્યું; માતા પિતાની સેવા સિદ્ધ કરી આપી. દિક્ષા નાની વયમાં ન લીધી તે ઉપકાર અર્થે. નહીંતો પોતાને કરવા ન કરવાનું કાંઇ નથી. જે સાધન કહ્યાં છે તે આત્મલક્ષ કરવાને માટે છે. પરના ઉપકારને અર્થે જ્ઞાની સદાચરણ સેવે છે.

હાલ જૈનમાં ઘણો વખત થયાં અવાવરૂ કુવાની માફક આવરણ આવી ગયું છે; કોઈ જ્ઞાનીપુરૂષ છે નહીં. કેટલોક વખત થયાં જ્ઞાની થયા નથી; કેમકે, નહીંતો તેમાં આટલા બધા કદાગ્રહ થઇ જાત નહીં. આ પંચમકાળમાં સત્પુરૂષનો જોગ મળવો દુર્લભ છે; તેમાં હાલમાં તો વિશેષ દુર્લભ જોવામાં આવે છે; ઘણુંકરી પૂર્વના સંસ્કારી જીવ જોવામાં આવતા નથી. ઘણા

જીવોમાં કોઇક ખરો મુમુક્ષુ-જિજ્ઞાસુ-જોવામાં આવે છે. બાકી તો ત્રણ પ્રકારના જીવો જોવામાં આવે છે; જે બાહ્યદૃષ્ટિવાળા છેઃ—૧. "ક્રિયા કરવી નહીં. ક્રિયાથી દેવગતિ પ્રાપ્ત થાય; બીજું કાંઇ પ્રાપ્ત થતું નથી. ચાર ગતિ રઝળવાનું મટે તે ખરૂં." એમ કહી સદાચરણ, પુણ્યના હેતુથી જોઈ કરતાં નથી; અને પાપનાં કારણો સેવતાં અટકતાં નથી. આ પ્રકારના જીવોએ કાંઇ કરવું જ નહીં; અને મોટી મોટી વાતો કરવી એટલું જ છે. આ જીવોને "અજ્ઞાનવાદી" તરીકે મૂકી શકાય. ૨. "એકાંતક્રિયા કરવી; તેથી જ કલ્યાણ થશે." એવું માનનારાઓ સાવ વ્યવહારમાં કલ્યાણ માની કદાગ્રહ મૂકતા નથી. આવા જીવોને "ક્રિયાવાદી" અથવા "ક્રિયાજડ" ગણવા. ક્રિયાજડને આત્માનો લક્ષ હોય નહીં. ૩. "અમને 'આત્મજ્ઞાન' છે. આત્માને ભ્રાન્તિ હોય જ નહીં; આત્મા કર્ત્તાય નથી; ને ભોક્તાય નથી; માટે કાંઇ નથી." આવું બોલનારાઓ "શુષ્ક અધ્યાત્મી"-"પોલા જ્ઞાની" થઈ બેસી અનાચાર સેવતાં અટકે નહીં.

આવા ત્રણ પ્રકારના જીવો હાલમાં જોવામાં આવે છે. જીવે જે કાંઇ કરવાનું છે તે આત્માના ઉપકાર અર્થે કરવાનું છે તે વાત તેઓ ભૂલી ગયા છે. હાલમાં જૈનમાં ચોરાસીથી સો ગચ્છ થઈ ગયા છે. તે બધામાં કદાગ્રહો થઇ ગયા છે; છતાં તેઓ બધા કહે છે કે "જૈનધર્મ અમારો ગચ્છ છે."

'પડિક્કમામિ, નિંદામિ' આદિ પાઠનો લૌકિકમાં હાલ એવો અર્થ થઇ ગયો જણાય છે કે "આત્માને વોસરાવું છું." એટલે જેનો અર્થ-ઉપકાર-કરવાનો છે તેને જ-આત્માને જ-ભૂલી ગયા છે. જેમ જાન જોડી હોય, અને વિધ વિધ વૈભવ વગેરે હોય, પણ જો એક વર ન હોય તો ન શોભે; અને વર હોય તો શોભે. જૈનમાં હાલમાં આત્માનો ભૂલાવો થઇ ગયો છે.

સૂત્રો, ચૌદપૂર્વનું જ્ઞાન, મુનિપણું, શ્રાવકપણું, હજારો જાતનાં સદાચરણ, તપશ્ચર્યા આદિ જે જે સાધનો-જે જે મહેનતો-જે જે પુરૂષાર્થ-કહ્યાં છે તે એક આત્માને ઓળખવા માટે. તે પ્રયત્ન જો આત્માને ઓળખવા માટે-શોધી કાઢવા માટે-આત્માને અર્થે થાય તો સફળ છે; નહીં તો નિષ્ફળ છે; જો કે તેથી બાહ્ય ફળ થાય, પણ ચાર ગતિનો છેદ થાય નહીં. જીવને સત્પુરૂષનો જોગ થાય, અને લક્ષ થાય, તો તે સહેજે યોગ્ય જીવ થાય; અને પછી સદ્‌ગુરૂની આસ્થા હોય, તો સમ્યક્ત્વ થાય.

શમ=ક્રોધાદિ પાતળાં પાડવાં તે. સંવેગ=મોક્ષમાર્ગ શિવાય બીજી કોઈ ઇચ્છા નહીં તે. નિર્વેદ=સંસારથી થાકી જવું તે-સંસારથી અટકી જવું તે. આસ્થા=સાચા ગુરૂની—સદ્‌ગુરૂની આસ્થા થવી તે. અનુકંપા=સર્વ પ્રાણીપર સમભાવ રાખવો તે.—નિર્વૈરબુદ્ધિ રાખવી તે. આ ગુણો સમકિતી જીવમાં સહેજે હોય. પ્રથમ સાચા પુરૂષનું ઓળખાણ થાય, તો પછી આ ચાર ગુણો આવે. વેદાંતમાં વિચાર અર્થે ષડ્ સંપત્તિ બતાવી છે. વિવેક વૈરાગ્યાદિ સદ્‌ગુણ પ્રાપ્ત થયા પછી જીવ યોગ્ય-મુમુક્ષુ-કહેવાય.

સમકિત છે તે દેશચારિત્ર છે; દેશે કેવળજ્ઞાન છે. શાસ્ત્રમાં આ કાળમાં મોક્ષનો સાવ નિષેધ નથી. જેમ આગગાડીનો રસ્તો છે તેની મારફતે વહેલાં જવાય, ને પગરસ્તે મોડા જવાય તેમ આ કાળમાં મોક્ષનો રસ્તો પગ રસ્તા જેવો હોય તો તેથી ન પહોંચાય એમ કાંઈ નથી; વહેલા ચાલે તો વહેલા જવાય; કાંઇ રસ્તો બંધ નથી. આ રીતે મોક્ષમાર્ગ છે; તેનો નાશ નથી, અજ્ઞાની અકલ્યાણના માર્ગમાં કલ્યાણ માની, સ્વચ્છંદે કલ્પના કરી, જીવોને તરવાનું બંધ કરાવી દે છે. અજ્ઞાનીના રાગી બાળાભોળા જીવો અજ્ઞાનીના કહ્યા પ્રમાણે ચાલે છે; અને તેવા કર્મના બાંધેલા બન્ને માઠી ગતિને પ્રાપ્ત થાય છે. આવો કુટારો જૈન મતોમાં વિશેષ થયો છે.

નય આત્માને સમજાવા અર્થે કહ્યા છે; પણ જીવો તો નયવાદમાં ગુંચવાઈ જાય છે, આત્મા

સમજાવવા જતાં નયમાં ગુંચવાઇ જવાથી તે પ્રયોગ અવળો પડ્યો. સમકિતદૃષ્ટિ જીવને 'કેવળ જ્ઞાન' કહેવાય. વર્ત્તમાનમાં ભાન થયું છે માટે 'દેશકેવળ જ્ઞાન' થયું કહેવાય; બાકી તો આત્માનું ભાન થયું એટલે 'કેવળજ્ઞાન. તે આ રીતે કહેવાય: સમકિતદૃષ્ટિને આત્માનું ભાન થાય ત્યારે તેને કેવળજ્ઞાનનું ભાન પ્રગટયું; અને ભાન પ્રગટયું એટલે કેવળજ્ઞાન અવશ્ય થવાનું; માટે આ અપેક્ષાએ સમકિતદૃષ્ટિને કેવળજ્ઞાન કહ્યું છે. સમ્યક્ત્વ થયું એટલે જમીન ખેડી ઝાડ વાવ્યું, ઝાડ થયું, ફળ થયું, ફળ થોડાં ખાધાં, ખાતાં ખાતાં આયુષ્ પુરૂં થયું; તો પછી બીજે ભવ ફળ ખવાય. માટે 'કેવળજ્ઞાન' આ કાળમાં નથી, નથી એવું અવળું માની લેવું નહીં; અને કહેવું નહીં. સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં અનંતા ભવ મટી એક ભવ આડો રહ્યો. માટે સમ્યક્ત્વ ઉત્કૃષ્ટ છે. આત્મામાં કેવળજ્ઞાન છે. પણ આવરણ ટળ્યે કેવળજ્ઞાન હોય. આ કાળમાં સંપૂર્ણ આવરણ ટળે નહીં, એક ભવ બાકી રહે; એટલે જેટલું કેવળજ્ઞાનાવરણીય જાય તેટલું કેવળજ્ઞાન થાય છે. સમકિત આવ્યે માંહી—અંતરમાં—દશા ફરે; કેવળજ્ઞાનનું બીજ પ્રગટ થયું. સદ્‌ગુરૂવિના માર્ગ નથી, એમ મોટા પુરૂષોએ કહ્યું છે. આ ઉપદેશ જાણીને—વગર કારણે—કર્યો નથી. સમકિતી એટલે મિથ્યાત્વમુક્ત; કેવળજ્ઞાની એટલે ચારિત્રાવરણથી સંપૂર્ણપણે મુક્ત; અને સિદ્ધ એટલે દેહાદિથી સંપૂર્ણપણે મુક્ત.

પ્રશ્ન:—કર્મ ઓછાં કેમ થાય?

ઉત્તર:—ક્રોધ ન કરે, માન કરે, માયા ન કરે, લોભ ન કરે તેથી કર્મ ઓછાં થાય.

બાહ્યક્રિયા કરીશ ત્યારે મનુષ્યપણું મળશે; અને કોઇ દિવસ સાચા પુરૂષનો જોગ મળશે.

પ્રશ્ન:—વ્રતનિયમ કરવાં કે નહીં?

ઉત્તર:—વ્રત નિયમ કરવાનાં છે. તેની સાથે કજીઆ, કંકાશ, છોકરાં છૈયાં અને ઘરમાં મારાપણું કરવું નહીં. ઉંચી દિશાએ જવા માટે વ્રતનિયમ કરવાં.

સાચા ખોટાની પરીક્ષા કરવી તે ઉપર એક સાચા ભક્તનું દૃષ્ટાંત:-એક રાજા બહુ ભક્તિવાળો હતો; અને તેથી ભકતોની સેવા બહુ કરતો; ઘણા ભકતોનું અન્ન વસ્ત્રાદિથી પોષણ કરતાં ઘણા ભકતો ભેગા થયા. પ્રધાને જાણ્યું કે, રાજા ભોળો છે; ભકતો ઠગી ખાનારા છે; માટે તેની રાજાને પરીક્ષા કરાવવી, પણ હાલ રાજાને પ્રેમ બહુ છે તેથી માનશે નહીં; માટે કોઇ અવસરે વાત; એમ વિચારી કેટલોક વખત ખમી જતાં કોઈ અવસર મળવાથી તેણે રાજાને કહ્યું "આપ ઘણો વખત થયા બધા ભકતોની સરખી સેવા ચાકરી કરો છો; પણ તેમાં કોઈ મોટા હશે, કોઈ નાના હશે. માટે બધાને ઓળખીને ભકિત કરો." ત્યાંને રાજાએ હા કહી કહ્યું; "ત્યારે કેમ કરવું?". રાજાની રજા લઈ પ્રધાને બે હજાર ભકતો હતા તે બધાંને ભેગા કરી કહેવરાવ્યું કે, તમે દરવાજા બહાર આવજો, કેમકે રાજાને જરૂર હોવાથી આજે ભક્તતેલ કાઢવું છે. તમે બધા ઘણા દિવસ થયાં રાજાનો માલમસાલો ખાઓ છો; તો આજે રાજાનું આટલું કામ તમારે કરવું જ જોઇએ. ઘાણીમાં ઘાલી તેલ કાઢવાનું સાંભળ્યું કે, બધા ભકતોએ તો ભાગવા માંડયું; અને નાસી ગયા. એક સાચો ભક્ત હતો તેણે વિચાર કર્યો કે, રાજાનું નિમક-લુણ-ખાધું તો તેના પ્રત્યે નિમકહરામ કેમ થવાય? રાજાએ પરમાર્થ જાણી અન્ન દીધું છે; માટે રાજા ગમે તેમ કરે તેમ કરવા દેવું. આમ વિચારી ઘાણી પાસે જઈ કહ્યું કે, "તમારે 'ભક્ત-તેલ' કાઢવું હોય તો કાઢો." પછી પ્રધાને રાજાને કહ્યું: "જુઓ, તમે બધા ભકતોની સેવા કરતા હતા; પણ સાચા ખોટાની પરીક્ષા ન હોતી." જુઓ, આ રીતે, સાચા જીવો તો વિરલા જ હોય; અને તેવા વિરલા સાચા સદ્‌ગુરૂની ભક્તિ શ્રેયકર છે. સાચા સદ્‌ગુરૂની ભક્તિ, મન, વચન અને કાયાએ કરવી.

એક વાત સમજાય નહીં ત્યાંસુધી બીજી વાત સાંભળવી શું કામની ? સાંભળેલું મૂકવું નહીં. એકવાર જમ્યા તેપચ્યાવગર બીજું ખાવું નહીં તેની પેઠે. તપ વગેરે કરવાં તે કાંઇ મહાભારત વાત નથી; માટે તપ કરનારે અહંકાર કરવો નહીં. તપ એ નાનામાં નાનો ભાગ છે. ભૂખે મરવું કે ઉપવાસ કરવા તેનું નામ તપ નથી. માંહીથી શુદ્ધ અંતઃકરણ થાય ત્યારે તપ કહેવાય; અને તેથી મોક્ષગતિ થાય. બાહ્ય તપ શરીરથી થાય. તપ ૭ પ્રકારેઃ—૧. અંતર્વૃત્તિ થાય તે. ૨. એક આસને કાયાને બેસાડવી તે. ૩. ઓછો આહાર કરવો તે. ૪. નિરસ આહાર કરવો તે ૫. વૃત્તિઓ ઓછી કરવી તે. ૬. આહારનો ત્યાગ તે.

તિથિને અર્થે ઉપવાસ કરવાના નથી; પણ આત્માને અર્થે ઉપવાસ કરવાના છે. બાર પ્રકારે તપ કહ્યા છે. તેમાં આહાર ન કરવો તે તપ જિવ્હાઇંદ્રિય વશ કરવાનો ઉપાય જાણીને કહ્યો છે. જિવ્હાઇંદ્રિય વશ કરી, તો બધી ઈંદ્રિયો વશ થવાનું નિમિત્ત છે. ઉપવાસ કરો તેની વાત બહાર ન કરો; બીજાની નિંદા ન કરો; ક્રોધ ન કરો; જો આવા દોષો ઘટે તો મોટો લાભ થાય. તપાદિ આત્માને અર્થે કરવાનાં છે, લોકને દેખાડવા અર્થે કરવાનાં નથી. કષાય ઘટે તેને 'તપ' કહ્યો છે. લૌકિક દૃષ્ટિ ભૂલી જવી.

સહુ સામાયિક કરે છે, ને કહે છે કે, જ્ઞાની સ્વીકારે તે ખરૂં. સમકિત હશે કે નહીં તે પણ જ્ઞાની સ્વીકારે તે ખરૂં. પણ જ્ઞાની સ્વીકારે શું ? અજ્ઞાની સ્વીકારે તેવું તમારૂં સામાયિક વ્રત અને સમકિત છે ! અર્થાત્ વાસ્તવિક સામાયિક વ્રત અને સમકિત તમારાં નથી. મન, વચન અને કાયા વ્યવહારસમતામાં સ્થિર રહે તે સમકિત નહીં. જેમ ઉંઘમાં સ્થિર યોગ માલુમ પડે છે છતાં તે વસ્તુતઃ સ્થિર નથી; અને તેટલા માટે તે સમતા પણ નથી. મન, વચન, કાયા ચૌદમા ગુણસ્થાનક સુધી હોય; મન તો કાર્ય કર્યાવગર બેસતું જ નથી. કેવળીના મનયોગ ચપળ હોય, પણ આત્મા ચપળ હોય નહીં. આત્મા ચોથે ગુણસ્થાનકે ચપળ હોય, પણ સર્વથા નહીં. 'જ્ઞાન' એટલે આત્માને યથાતથ્ય જાણવો તે. 'દર્શન' એટલે આત્માની યથાતથ્ય પ્રતીતિ તે. 'ચારિત્ર' એટલે આત્મા સ્થિર થાય તે. આત્મા ને સદ્‌ગુરૂ એક જ સમજવા. આ વાત વિચારથી ગ્રહણ થાય છે. પૂર્વે જે અજ્ઞાન ભેગું કર્યું છે તે ખસે તો જ્ઞાનીની અપૂર્વ વાણી સમજાય. ખોટી વાસના=ધર્મના ખોટા સ્વરૂપને ખરૂં જાણવું તે.

તપ આદિક પણ જ્ઞાનીની કસોટી છે. શાતાશીલ્યું વર્ત્તન રાખ્યું હોય, અનેઅશાતા આવે. તો જ્ઞાન મંદ થાય છે.

વિચારવગર ઇંદ્રિયો વશ થવાની નથી. અવિચારથી ઈંદ્રિયો દોડે છે. નિવૃત્તિ માટે ઉપવાસ બતાવ્યા છે. હાલમાં કેટલાક અજ્ઞાની જીવો ઉપવાસ કર્યો હોય ત્યારે દુકાને બેસે છે, અને તેને પૌષધ ઠરાવે છે. આવા કલ્પિત પૌષધ જીવે અનાદિ કાળથી કર્યા છે. તે બધા જ્ઞાનીઓએ નિષ્ફળ ઠરાવ્યા છે. સ્ત્રી, ઘર, છોકરાં છૈયાં ભૂલી જવાય ત્યારે સામાયિક કર્યું કહેવાય. વ્યવહારસામાયિક બહુ નિષેધવા જેવું નથી; જો કે સાવ જડ વ્યવહારરૂપ સામાયિક કરી નાંખેલ છે. તે કરનારા જીવોને ખબર પણ નથી હોતી કે આથી કલ્યાણ શું થશે ? સમ્યક્ત્વ પહેલું જોઇએ. જે વચન સાંભળવાથી આત્મા સ્થિર થાય તે સત્પુરૂષનાં વચન શ્રવણ થાય તો પછી સમ્યક્ત્વ થાય. સામાન્ય વિચારને લઈને, ઈંદ્રિયો વશ કરવા છ કાયનો આરંભ કાયાથી ન કરતાં વૃત્તિ નિર્મળ થાય ત્યારે સામાયિક થઈ શકે.

ભવસ્થિતિ, પંચમકાળમાં મોક્ષનો અભાવ આદિ શંકાઓથી જીવે બાહ્ય વૃત્તિ કરી નાંખી છે. પણ જો આવા જીવો પુરૂષાર્થ કરે, ને પંચમકાળ મોક્ષ થતાં હાથ ઝાલવા આવે ત્યારે તેનો ઉપાય અમે લઇશું. તે ઉપાય કાંઈ હાથી, નથી, જળહળતો અગ્નિ નથી. મફતનો જીવને ભડ

કાવી દીધો છે. જીવને પુરૂષાર્થ કરવો નથી; અને તેને લઇને બહાનાં કાઢવાં છે. આ પોતાનો વાંક સમજવો. સમતાની વૈરાગ્યની વાતો સાંભળવી, વિચારવી. બાહ્ય વાતો જેમ બને તેમ મૂકી દેવી. જીવ તરવાનો કામી હોય, ને સદ્ગુરૂની આજ્ઞાએ વર્ત્તે, તો બધી વાસનાઓ જતી રહે.

સદ્ગુરૂની આજ્ઞામાં બધાં સાધનો સમાઇ ગયાં. જે જીવો તરવાના કામી હોય છે તેમાં બધી વાસનાનો નાશ થાય છે. જેમ કોઇ સો પચાસ ગાઊ વેગળો હોય, તો બે ચાર દિવસે પણ ઘર ભેગો થાય, પણ લાખો ગાઊ વેગળો હોય તે એકદમ ઘર ભેગો કયાંથી થાય? તેમ આ જીવ કલ્યાણમાર્ગથી થોડો વેગળો હોય, તો તો કોઇક દિવસ કલ્યાણ પામે, પણ જ્યાં સાવ ઊંધે રસ્તે હોય ત્યાં કયાંથી પાર પામે?

દેહાદિનો અભાવ થવો; મૂર્છાનો નાશ થવો તે જ મુક્તિ. એક ભવ જેને બાકી રહ્યો હોય તેને દેહની એટલી બધી ચિંતા ન જોઇએ. અજ્ઞાન ગયા પછી એક ભવ કાંઇ વિશાતમાં નથી. લાખો ભવ ગયા ત્યારે એક ભવ તો શું હિસાબમાં?

હોય મિથ્યાત્વ, ને માને છઠ્ઠું કે સાતમું ગુણસ્થાનક તેનું શું કરવું? ચોથા ગુણસ્થાનકની સ્થિતિ કેવી હોય? ગણધર જેવી મોક્ષમાર્ગની પરમ પ્રતીતિ આવે.

તરવાનો કામી હોય તે માથું કાપીને આપતાં પાછો હઠે નહીં. શિથિલ હોય તે સહેજ કુલક્ષણ હોય તે પણ મૂકી શકે નહીં. વીતરાગ જે વચન કહેતાં ડર્યા છે તે અજ્ઞાની સ્વચ્છંદે કરી કહે છે; તો તે કેમ છૂટશે?

મહાવીરસ્વામિના દિક્ષાના વરઘોડાની વાત--સ્વરૂપ--જો વિચારેતો વૈરાગ્ય થાય. એ વાત અદ્ભુત છે. તે ભગવાન્ અપ્રમાદી હતા. તેઓને ચારિત્ર વર્તતું હતું, પણ જ્યારે બાહ્યચારિત્ર લીધું ત્યારે મોક્ષે ગયા.

અવિરતિ શિષ્ય હોય તો તેની સરભરા કેમ કરાય? રાગદ્વેષ મારવા માટે નીકળ્યો, અને તેને તો કામમાં આણ્યા ત્યારે રાગદ્વેષ કયાંથી જાય? જિનનાં આગમનો જે સમાગમ થયો હોય, તે તો પોતાના ક્ષયોપશમ પ્રમાણે થયો હોય, પણ સદ્ગુરૂના જોગ પ્રમાણે ન થયો હોય. સદ્ગુરૂનો જોગ મળ્યે તેની આજ્ઞા પ્રમાણે ચાલ્યો તેનો ખરેખરો રાગદ્વેષ ગયો.

ગંભીર રોગ મટાડવા માટે ખરી દવા તરત ફળ આપે છે. તાવ તો એક બે દિવસે પણ મટે.

માર્ગ અને ઉન્માર્ગનું ઓળખાણ થવું જોઇએ. તરવાનો કામી એ શબ્દ વાપરો ત્યાં અભવ્યનું પ્રશ્ન થતું નથી. કામીમાં પણ ભેદ છે.

પ્રશ્ન:—સત્પુરૂષ કેમ ઓળખાય?

ઉત્તર:—સત્પુરૂષો તેમનાં લક્ષણોથી ઓળખાય. સત્પુરૂષોનાં લક્ષણો:-તેઓની વાણીમાં પૂર્વાપર અવિરોધ હોય, તેઓ ક્રોધનો જે ઉપાય કહે તેથી ક્રોધ જાય, માનનો જે ઉપાય કહે તેથી માન જાય. જ્ઞાનીની વાણી પરમાર્થરૂપ જ હોય છે. તે અપૂર્વ છે. જ્ઞાનીની વાણી બીજા અજ્ઞાનીની વાણીની ઉપર ને ઉપર જ હોય. જ્યાંસુધી જ્ઞાનીની વાણી સાંભળી નથી, ત્યાં સુધી સૂત્રો પણ છાશબાકળા જેવાં લાગે. સદ્ગુરૂ અને અસદ્ગુરૂનું ઓળખાણ, સોનાની અને પીતળની કંઠીના ઓળખાણની પેઠે થવું જોઇએ. તરવાના કામી હોય, અને સદ્ગુરૂ મળે, તો કર્મ ટળે. સદ્ગુરૂ કર્મ ટાળવાનું કારણ છે. કર્મો બાંધવાનાં કારણો મળે તો કર્મ બંધાય, અને કર્મ ટાળવાનાં કારણો મળે તો કર્મ ટળે. તરવાના કામી હોય તે ભવસ્થિતિ આદિનાં આલંબન ખોટાં કહે છે. તરવાના કામી કોને કહેવાય? જે પદાર્થને જ્ઞાની ઝેર કહે તેને ઝેર જાણી મૂકે, અને જ્ઞાનીની આજ્ઞા આરાધે તેને તરવાના કામી કહેવાય.

ઉપદેશ સાંભળવાની ખાતર સાંભળવાના કામીએ કર્મરૂપ ગોદડું ઓઢ્યું છે તેથી ઉપદેશરૂપ લાકડી લાગતી નથી. તરવાના કામી હોય તેણે ધોતીઆરૂપ કર્મ ઓઢ્યાં છે તેથી ઉપદેશરૂપ લાકડી પહેલી લાગે. શાસ્ત્રમાં અભવ્યના તાર્યા તરે એમ કહ્યું નથી. ચોભંગીમાં એમ અર્થ નથી. ઢુંઢિયાના ધરમશી નામના મુનિએ એની ટીકા કરી છે. પોતે તર્યા નથી, ને બીજાને તારે છે એનો અર્થ આંધળો માર્ગ બતાવે તેવો છે. અસદ્‌ગુરુઓ આવાં ખોટાં આલંબન દે છેઃ

"જ્ઞાનાપેક્ષાએ સર્વ વ્યાપક, સત્‌ચિત્ આનંદ એવો હું આત્મા એક છું" એમ વિચારવું, ધ્યાવવું. નિર્મળ, અત્યંત નિર્મળ, પરમ શુદ્ધ ચૈતનઘન પ્રગટ આત્મસ્વરૂપ છે. સર્વને બાદ કરતાં કરતાં જે અબાધ્ય અનુભવ રહે છે તે આત્મા છે. જે સર્વને જાણે છે તે આત્મા છે. જે સર્વ ભાવને પ્રકાશે છે તે આત્મા છે. ઉપયોગમય આત્મા છે. અવ્યાબાધ સમાધિસ્વરૂપ આત્મા છે.

આત્મા છે. આત્મા અત્યંત પ્રગટ છે, કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે. અનુત્પન્ન અને અમીલન સ્વરૂપ હોવાથી આત્મા નિત્ય છે. ભ્રાંતિપણે પરભાવનો કર્તા છે. તેના ફળનો ભોક્તા છે. ભાન થયે સ્વભાવપરિણામી છે. સર્વથા સ્વભાવપરિણામ તે મોક્ષ છે. સદ્‌ગુરુ, સત્સંગ, સત્‌શાસ્ત્ર, સદ્‌વિચાર અને સંયમાદિ તેનાં સાધન છે. આત્માના અસ્તિત્વથી માંડી નિર્વાણ સુધીનાં પદ સાચાં છે;–અત્યંત સાચાં છે, કેમકે પ્રગટ અનુભવમાં આવે છે. ભ્રાંતિપણે આત્મા પરભાવનો કર્તા હોવાથી શુભાશુભ કર્મ આત્મા ભોગવે છે. માટે, ઉત્કૃષ્ટ શુભથી ઉત્કૃષ્ટ અશુભ સુધીના સર્વ ન્યૂનાધિક પર્યાય ભોગવવારૂપ ક્ષેત્ર, અવશ્ય છે.

નિજસ્વભાવ–જ્ઞાન–માં કેવળ ઉપયોગે તન્મયાકાર સહજ સ્વભાવે નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે સમ્યક્‌ત્વ છે. નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તો તેને ક્ષાયક સમ્યક્‌ત્વ કહીએ છીએ. ક્વચિત્ મંદ, ક્વચિત્ તીવ્ર, ક્વચિત્ વિસર્જન, ક્વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને ક્ષયોપશમ સમ્યક્‌ત્વ કહીએ છીએ. તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યા નથી ત્યાં સુધી ઉપશમસમ્યક્‌ત્વ કહીએ છીએ. આત્માને આવરણ ઉદય આવે ત્યારે પ્રતીતિથી પડી જાય તેને સાસ્વાદાનસમ્યક્‌ત્વ કહીએ છીએ. અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્‌ગલનું વેદવું જ્યાં રહ્યું છે તેને વેદકસમ્યક્‌ત્વ કહીએ છીએ. તથારૂપ પ્રતીતિ થયે, અન્યભાવસંબંધી અહંમમત્વાદિ હર્ષ, શોક, ક્રમે કરી ક્ષય થાય. મનરૂપ યોગમાં તારતમ્યસહિત જે કોઈ ચારિત્ર આરાધે તે સિદ્ધિ પામે છે; અને જે સ્વરૂપસ્થિરતા ભજે તે સ્વભાવસ્થિતિ પામે છે. નિરંતર સ્વરૂપલાભ, સ્વરૂપાકાર ઉપયોગનું પરિણમન એ આદિ સ્વભાવ અંતરાય કર્મના ક્ષયે પ્રગટે છે. કેવળ સ્વભાવપરિણામી જ્ઞાન તે કેવળજ્ઞાન છે.

'જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ' નામના જૈનસૂત્રમાં એમ કહ્યું છે કે, આ કાળમાં મોક્ષ નથી. આ ઉપરથી એમ ન સમજવું કે; મિથ્યાત્વનું ટળવું, અને તે મિથ્યાત્વ ટળવારૂપ મોક્ષ નથી. મિથ્યાત્વ ટળવારૂપ મોક્ષ છે; પણ સર્વથા એટલે આત્યાંતિક દેહરહિત મોક્ષ નથી. આ ઉપરથી એમ કહી શકાય કે, સર્વ પ્રકારનું કેવળજ્ઞાન હોય નહીં, બાકી સમ્યક્‌ત્વ હોય નહીં એમ હોય નહીં, આ કાળમાં મોક્ષના નહીં હોવાપણાની આવી વાતો કોઈ કરે તે સાંભળવી નહીં, સત્પુરુષની વાત પુરુષાર્થને મંદ કરવાની હોય નહીં. પુરુષાર્થને ઉત્તેજન આપવાની હોય.

ઝેર ને અમૃત સરખાં છે એમ જ્ઞાનીઓએ કહ્યું હોય તો તે અપેક્ષિત છે. ઝેર અને અમૃત સરખાં કહેવાથી ઝેર ગ્રહણ કરવાનું કહ્યું છે એમ નથી. આજ રીતે શુભ અશુભ બન્ને ક્રિયાના સંબંધમાં સમજવું. ક્રિયા–શુભ અને અશુભ–નો નિષેધ કહ્યો હોય તો મોક્ષની અપેક્ષાએ છે. તેથી કરી શુભ અને અશુભ ક્રિયા સરખી છે એમ ગણી લઈ અશુભ ક્રિયા

કરવી નહીં. આવું જ્ઞાનીપુરૂષનું કથન હોય જ નહીં, સત્પુરૂષનું વચન અધર્મમાં ધર્મનું સ્થાપન કરવાનું હોય જ નહીં.

જે ક્રિયા કરવી તે નિર્દંભપણે, નિરઅહંકારપણે કરવી. ક્રિયાના ફળની આકાંક્ષા રાખવી નહીં શુભ ક્રિયાનો કાંઇ નિષેધ છે જ નહીં, પણ જ્યાં જ્યાં માત્ર બાહ્ય ક્રિયાથી જ મોક્ષ માન્યો છે ત્યાં ત્યાં નિષેધ છે.

શરીર ઠીક રહે તે પણ એક જાતની સમાધિ. મન ઠીક રહે તે પણ એક જાતની સમાધિ. સહજસમાધિ એટલે બાહ્યકારણો વગરની સમાધિ. તેનાથી પ્રમાદાદિ નાશ થાય જેને આ સમાધિ વર્તે છે તે કોઈ લાખ રૂપીઆ આપે તો આનંદ થાય નહીં; કે કોઇ પડાવી લે તો ખેદ થાય નહીં. જેને શાતા અશાતા બન્ને સમાન છે તેને સહજસમાધિ કહી. સમકિત દૃષ્ટિને અલ્પ હર્ષ, અલ્પ શોક કવચિત્ થઈ આવે પણ પાછો સમાવેશ પામી જાય, અંગનો હર્ષ ન રહે, ખેદ થાય તેવો ખેંચી લે. તે "આમ થવું ન ઘટે" એમ વિચારે છે, અને આત્માને નિંદે છે. હર્ષ શોક થાય તોપણ તેનું (સમકિતનું) મૂળ જાય નહીં. સમકિતદૃષ્ટિને અંશે સહજ પ્રતીતિ પ્રમાણે સદાય સમાધિ છે. કનકવાની દોરી જેમ હાથમાં છે તેમ સમકિતદૃષ્ટિના હાથમાં તેની વૃત્તિરૂપી દોરી છે.

સમકિતદૃષ્ટિ જીવને સહજસમાધિ છે. સત્તામાં કર્મ રહ્યાં હોય, પણ પોતાને સહજસમાધિ છે. બહારનાં કારણોથી તેને સમાધિ નથી. આત્મામાંથી મોહ ગયો તે જ સમાધિ છે. પોતાના હાથમાં દોરી નથી તેથી, મિથ્યાદૃષ્ટિ બહારનાં કારણોમાં તદાકાર થઇ જઇ તે રૂપ થઈ જાય છે.

સમકિતદૃષ્ટિને બહારનાં દુઃખ આવ્યે ખેદ હોય નહીં; જો કે રોગ આવે એવું ઇચ્છે નહીં, પણ રોગ આવ્યે રાગદ્વેષપરિણામ થાય નહીં.

શરીરનો ધર્મ–રોગાદિ જે હોય તે કેવળીને પણ થાય; કેમકે વેદનીયકર્મ છે તે તો સર્વેએ ભોગવવું જ જોઇએ. સમકિત આવ્યાવગર કોઇને સહજસમાધિ થાય નહીં. સમકિત થવાથી સહેજે સમાધિ થાય. સમકિત થવાથી સહેજે આસક્તભાવ મટી જાય. બાકી આસક્તભાવને અમસ્થી ના કહેવાથી બંધ રહે નહીં. સત્પુરૂષના વચનપ્રમાણે તેની આજ્ઞાપ્રમાણે વર્ત્તે તેને સમકિત અંશે થયું.

બીજી બધા પ્રકારની કલ્પનાઓ મૂકી, પ્રત્યક્ષ સત્પુરૂષની આજ્ઞાએ વચન સાંભળવાં; તેની સાચી શ્રદ્ધા કરવી, તે આત્મામાં પરિણમાવવાં તો સમકિત થાય. શાસ્ત્રમાં કહેલ મહાવીર-સ્વામીની આજ્ઞાથી દરેક જીવ વર્ત્તે તેવા પ્રકારના જીવો હાલમાં નથી; માટે પ્રત્યક્ષજ્ઞાની જોઇએ. કાળ વિકરાળ છે. કુગુરૂઓએ લોકને અવળો માર્ગ બતાવી ભૂલાવ્યા છે; મનુષ્યપણું લૂંટી લીધું છે; એટલે જીવ માર્ગમાં કેમ આવે? જો કે કુગુરૂઓએ લૂંટી લીધા છે, પણ તેમાં તે બિચારા-ઓનો વાંક નથી, કેમકે તે માર્ગની ખબર નથી. મિથ્યાત્વરૂપી બરોળની ગાંઠ મોટી છે, માટે બધો રોગ ક્યાંથી મટે? જેની ગ્રંથિ છેદાઈ તેને સહજસમાધિ થાય, કેમકે જેનું મિથ્યાત્વ છેદાયું તેની મૂળ ગાંઠ છેદાઇ; અને તેથી બીજા ગુણો પ્રગટે જ.

સાચા પુરૂષનો બોધ પ્રાપ્ત થવો તે અમૃત પ્રાપ્ત થવાબરોબર છે. અજ્ઞાની ગુરૂઓએ બિચારા મનુષ્યોને લૂંટી લીધા છે. કોઇ જીવને ગચ્છનો આગ્રહ કરાવી, કોઇને મતનો આગ્રહ કરાવી, ન તરાય એવાં આલંબનો દઇને સાવ લૂંટી લઇ મુંઝવી નાંખ્યા છે;–મનુષ્યપણું લૂંટી લીધું છે.

સમોવસરણથી ભગવાનની ઓળખાણ થાય એ બધી કડાકૂટ મૂકી દેવી. લાખ સમોવસરણ હોય, પણ જ્ઞાન ન હોય તો કલ્યાણ થાય નહીં. જ્ઞાન હોય તો કલ્યાણ થાય. ભગવાન્ માણસ

જેવા માણુસ હતા. તેઓ ખાતા, પીતા, બેસતા, ઉઠતા, એવો ફેર નથી. ફેર બીજે જ છે; સમોવસરણાદિના પ્રસંગો લૌકિક ભાવના છે. ભગવાનનું સ્વરૂપ એવું નથી. ભગવાનનું સ્વરૂપ સાવ નિર્મળ આત્મા સંપૂર્ણ જ્ઞાન પ્રગટયે છે તેવું છે. સંપૂર્ણ જ્ઞાન પ્રગટે તે જ ભગવાનનું સ્વરૂપ. વર્તમાનમાં ભગવાન્ હોત તો તમે માનત નહીં. ભગવાનનું મહાત્મ્ય જ્ઞાન છે. ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરવાથી આત્મા ભાનમાં આવે; પણ ભગવાનના દેહથી ભાન પ્રગટે નહીં. જેને સંપૂર્ણ ઐશ્વર્ય પ્રગટે તેને ભગવાન્ કહેવાય. જેમ ભગવાન્ વર્તમાન હોત, અને તમને બતાવત તો માનત નહીં; તેમ વર્તમાનમાં જ્ઞાની હોય તો મનાય નહીં. સ્વધામ પહોંચ્યા પછી કહે કે એવા જ્ઞાની થવા નથી. પછવાડેથી જીવો તેની પ્રતિમાને પૂજે પણ વર્તમાનમાં પ્રતીત ન કરે. જીવને જ્ઞાનીનું ઓળખાણ વર્તમાનમાં થતું નથી.[1]

સમકિતને ખરેખરૂં વિચારે, તો નવમે સમયે કેવળજ્ઞાન થાય; નહીં તો એક ભવમાં કેવળજ્ઞાન થાય; છેવટે પંદરમે ભવે કેવળજ્ઞાન થાય જ. માટે સમકિત સર્વોત્કૃષ્ટ છે. જૂદા જૂદા વિચારભેદો આત્મામાં લાભ થવા અર્થે કહ્યા છે; પણ ભેદમાં જ આત્માને ભૂમાવવા કહ્યા નથી. દરેકમાં પરમાર્થ હોવો જોઇએ.

સમકિતીને કેવળજ્ઞાનની ઇચ્છા નથી !

અજ્ઞાની ગુરૂઓએ લોકોને અવળે માર્ગે ચઢાવી દીધા છે. અવળું ઝલાવી દીધું છે એટલે લોકો ગચ્છ, કુળ આદિ લૌકિક ભાવમાં તદાકાર થઇ ગયા છે. અજ્ઞાનીઓએ લોકને સાવ અવળો જ માર્ગ સમજાવી દીધો છે. તેઓના સંગથી આ કાળમાં અંધકાર થઇ ગયો છે. અમારી કહેલી દરેકે દરેક વાત સંભારી પુરૂષાર્થ વિશેષપણે કરવો. ગચ્છાદિના કદાગ્રહો મૂકી દેવા જોઇએ. જીવ અનાદિ કાળથી રખડયો છે. સમકિત થાય તો સહેજે સમાધિ થાય; અને પરિણામે કલ્યાણ થાય. જીવ સત્પુરૂષના આશ્રયે જો આજ્ઞાદિ ખરેખર આરાધે, તેના ઉપર પ્રતીત આણે, તો ઉપકાર થાય જ.

એક તરફથી ચૌદ રાજલોકનું સુખ હોય, અને બીજી તરફ સિદ્ધના એક પ્રદેશનું સુખ હોય તોપણ સિદ્ધના એક પ્રદેશનું સુખ અનંતું થઇ જાય.

વૃત્તિને ગમે તેમ કરી રોકવી; જ્ઞાનવિચારથી રોકવી; લોકલાજથી રોકવી, ઉપયોગથી રોકવી; ગમે તેમ કરીને પણ વૃત્તિને રોકવી. મુમુક્ષુઓએ કાંઇ પદાર્થવિના ચાલે નહીં એવું રાખવું નહીં.

જીવ મારાપણું માને છે ને જ દુઃખ છે. કેમકે મારાપણું માન્યું કે, ચિંતા થઈ કે કેમ થશે ? કેમ કરીએ ? ચિંતામાં જે સ્વરૂપ થઇ જાય છે તે જ અજ્ઞાન છે. વિચારથી કરી, જ્ઞાને કરી જોઇએ, તો કાંઈ મારૂં નથી એમ જણાય. જો એકની ચિંતા કરો, તો આખા જગતની ચિંતા કરવી જોઇએ. માટે દરેક પ્રસંગે મારાપણું થતું અટકાવવું; તો ચિંતા–કલ્પના–પાતળી પડશે. તૃષ્ણા જેમ બને તેમ પાતળી પાડવી. વિચાર કરી કરીને તૃષ્ણા ઓછી કરવી. આ દેહને પચાસ રૂપીઆનો ખર્ચ જોઇએ તેને બદલે હજારો લાખોની ચિંતા કરી તે અગ્નિએ આખો દિવસ બળ્યા કરે છે. બાહ્ય ઉપયોગ તૃષ્ણાની વૃદ્ધિ થવાનું નિમિત્ત છે. જીવ મોટાઇને લીધે તૃષ્ણા વધારે છે. તે મોટાઇ રાખીને મુક્તપણું થતું નથી. જેમ બને તેમ મોટાઈ, તૃષ્ણા પાતળાં પાડવાં. નિર્ધન કોણ ? ધન માગે–ઇચ્છે–તે નિર્ધન. જે ન માગે તે ધનવાન છે. જેને વિશેષ લક્ષ્મીની તૃષ્ણા–તેની દુઃખધા, બળત્રા છે તેને જરા પણ સુખ નથી. લોક જાણે છે કે, શ્રીમંત સુખી છે, પણ વસ્તુતઃ તેને રોમે રોમે બળત્રા છે. માટે તૃષ્ણા ઘટાડવી.

---

૧. આ વિચારો શ્રીમદે પોતાને ઉદ્દેશી કહ્યા સંભવે છે. તેઓનું ઓળખ વર્તમાન દેહસ્થિતિ પછી જીવોને થશે એવો અભિપ્રાય અત્ર કહેવાનો જણાય છે.—સંશોધક.

અહારની વાત એટલે ખાવાના પદાર્થોની વાત તુચ્છ છે, તે કરવી નહીં. વિહારની એટલે ક્રિડાની વાત ઘણી તુચ્છ છે. નિહારની વાત તે પણ ઘણી તુચ્છ છે. શરીરનું શાતાપણું કે દીનપણું એ બધી તુચ્છપણાની વાત કરવી નહીં. આહાર વિષ્ટા છે. વિચારો કે, ખાધા પછી વિષ્ટા થાય છે. વિષ્ટા ગાય ખાય તો દૂધ થાય છે; ને વળી ખેતરમાં ખાતર નાંખતાં અનાજ થાય છે. આવી રીતે ઉત્પન્ન થયેલ અનાજનો જે આહાર તેને વિષ્ટાતુલ્ય જાણી, તેની ચર્ચા ન કરવી, તે તુચ્છ વાત છે.

સામાન્ય જીવોથી સાવ મૌનપણે રહેવાય નહીં; ને રહે તો અંતરની કલ્પના મટે નહીં; અને જ્યાંસુધી કલ્પના હોય ત્યાંસુધી તેને માટે રસ્તો કાઢવો જ જોઈએ. એટલે પછી લખીને કલ્પના બહાર કાઢે. પરમાર્થકામમાં બોલવું. વ્યવહારકામમાં પ્રયોજન વગર લવારી કરવી નહીં. જ્યાં કડાકૂટ થતી હોય ત્યાંથી દૂર રહેવું; વૃત્તિ ઓછી કરવી.

ક્રોધ, માન, માયા, લોભ મારે પાતળા પાડવા છે એવો જ્યારે લક્ષ થશે,–જ્યારે તેનો થોડો થોડો પણ લક્ષ વર્ત્તશે–ત્યારે પછી સહજ થશે. આત્માને આવરણ કરનાર દરેક દૂષણ જાણવામાં આવે ત્યારે તેને ખસેડવાનો અભ્યાસ કરવો. ક્રોધાદિ થોડે થોડે પાતળા પડયા પછી સહજરૂપ થશે. પછી નિયમમાં લેવા માટે જેમ બને તેમ અભ્યાસ રાખવો; અને વિચારમાં વખત ગાળવો. કોઇના પ્રસંગથી ક્રોધાદિ ઉપજવાનું નિમિત્ત થાય તો તેને ગણકારવું નહીં; કેમકે પોતે ક્રોધ કરીએ તો થાય. જ્યારે પોતાના પ્રત્યે કોઇ ક્રોધ કરે, ત્યારે, વિચાર કરવો કે, તે બિચારાને હાલ તે પ્રકૃતિનો ઉદય છે; એની મેળે ઘડીએ બે ઘડીએ શાંત થશે. માટે જેમ બને તેમ અંતર્ વિચાર કરી પોતે સ્થિર રહેવું. ક્રોધાદિ કષાયને, હમેશાં વિચારી વિચારી પાતળા પાડવા. તૃષ્ણા ઓછી કરવી, કારણકે તે એકાંત દુઃખદાયી છે, જેમ ઉદય હશે તેમ બનશે; માટે તૃષ્ણા અવશ્ય ઓછી કરવી. બાહ્ય પ્રસંગો જેમ બને તેમ ઓછા કરવા.

ચેલાતીપુત્ર કોઇનું માથું કાપી લાવ્યો હતો. ત્યાર બાદ જ્ઞાનીને મળ્યો; અને કહ્યું કે મોક્ષ આપ; નહીં તો માથું કાપી નાંખીશ. પછી જ્ઞાનીએ કહ્યું કે " .બરાબર–નક્કી–કહે છે ? વિવેક (સાચાને સાચું સમજવું), શમ (બધા ઉપર સમભાવ રાખવો તે), અને ઉપશમ (વૃત્તિઓને બહાર જવા દેવી નહીં; અને અંતર્વૃત્તિ રાખવી) વિશેષ વિશેષ આત્મામાં પરિણમાવવાથી આત્માનો મોક્ષ થાય છે."

કોઇ એક સંપ્રદાયવાળા એમ કહે છે કે, વેદાંતવાળાની મુક્તિ કરતાં–એ ભ્રમદશા કરતાં, ચાર ગતિ સારી; સુખદુઃખનો પોતાને અનુભવ તો રહે.

સિદ્ધમાં સમ્વર કહેવાય નહીં, કેમકે ત્યાં કર્મ આવતું નથી એટલે પછી રોકવાનું પણ હોય નહીં. મુક્તને વિષે સ્વભાવ સંભવે. એક ગુણથી–અંશથી તે સંપૂર્ણ સુધી.

સિદ્ધદશામાં સ્વભાવસુખ પ્રગટયું. કર્મનાં આવરણો મટયાં; એટલે સમ્વર, નિર્જરા હવે કોને રહે ? ત્રણ યોગ પણ હોય નહીં. મિથ્યાત્વ, પ્રમાદ, કષાય, યોગ બધાથી મૂકાણા તેને કર્મ આવતાં નથી; એટલે તેને કર્મ રોકવાનાં હોય નહીં. એક હજારની રકમ હોય; અને પછી થોડે થોડે પૂરી કરી દીધી એટલે ખાતું બંધ થયું, તેની પેઠે. પાંચ કારણો કર્મનાં હતાં તે સમ્વર, નિર્જરાથી પૂર્ણ કર્યાં એટલે પાંચ કારણોરૂપી ખાતું બંધ થયું; એટલે પછી ફરી કોઇ રીતે પ્રાપ્ત થાયજ નહીં. ધર્મસંન્યાસ–ક્રોધ, માન, માયા, લોભ આદિ દોષો છેદ્યા તે.

જીવ તો સદાય જીવતો જ છે. તે કોઇ વખત ઉંઘતો નથી; કે મરતો નથી; મરવો સંભવતો નથી. સ્વભાવે સર્વ જીવતા જ છે. જેમ શ્વાસોચ્છ્વાસ વિના કોઇ જીવ જોવામાં આવતો નથી તેમ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યવિના કોઇ જીવ નથી.

આત્માને નિંદવો; અને એવો ખેદ કરવો કે જેથી વૈરાગ્ય આવે; સંસાર ખોટો લાગે. ગમે તે મરણ પામે, પણ જેની આંખમાંથી આંસુ આવે—સંસાર અસાર જાણી જન્મ, જરા, મરણ મહાભયંકર જાણી વૈરાગ્ય પામી આંસુ આવે—તે ઉત્તમ છે. પોતાનો છોકરો મરણ પામે; ને રૂવે તેમાં કાંઈ વિશેષ નથી, તે તો મોહનું કારણ છે.

આત્મા પુરૂષાર્થ કરે તો શું ન થાય? મોટા મોટા પર્વતોના પર્વતો છેદી નાંખ્યા છે; અને કેવા કેવા વિચાર કરી તેને રેલ્વેના કામમાં લીધા છે! આ તો બહારનાં કામ છે છતાં જય કર્યો છે. આત્માને વિચારવો એ કાંઈ બહારની વાત નથી. અજ્ઞાન છે તે મટે તો જ્ઞાન થાય.

અનુભવી વૈદ્ય તો દવા આપે, પણ દરદી જો ગળે ઉતારે તો રોગ મટે; તેમ સદ્‌ગુરૂ અનુભવ કરીને જ્ઞાનરૂપ દવા આપે, પણ મુમુક્ષુ ગ્રહણ કરવારૂપ ગળે ઉતારે ત્યારે મિથ્યાત્વરૂપ રોગ ટળે.

બે ઘડી પુરૂષાર્થ કરે, તો કેવળજ્ઞાન થાય એમ કહ્યું. રેલ્વે આદિ ગમે તેવો પુરૂષાર્થ કરે તોપણ બે ઘડીમાં તૈયાર થાય નહીં; તો પછી કેવળજ્ઞાન કેટલું સુલભ છે તે વિચારો. *

જે વાતો જીવને મંદ કરી નાંખે, પ્રમાદી કરી નાંખે તેવી વાતો સાંભળવી નહીં. એથીજ જીવ અનાદિ રખડયો છે. ભવસ્થિતિ, કાળ આદિનાં આલંબન લેવાં નહીં. એ બધાં બહાનાં છે.

જીવને સંસારી આલંબનો-વિટંબનાઓ-મૂકવાં નથી; ને ખોટાં આલંબન લઇને કહે છે કે કર્મનાં દળિઆં છે એટલે મારાથી કાંઇ બની શકતું નથી. આવાં આલંબન લઇ પુરૂષાર્થ કરતો નથી. જો પુરૂષાર્થ કરે, ને ભવસ્થિતિ કે કાળ નડે ત્યારે તેનો ઉપાય કરીશું; પણ પ્રથમ પુરૂષાર્થ કરવો.

સાચા પુરૂષની આજ્ઞા આરાધે તે પણ પરમાર્થરૂપ જ છે. તેમાં લાભ જ થાય. એ વેપાર લાભનો જ છે.

જે માણસે લાખો રૂપીઆ સામું પાછું વાળીને જોયું નથી, તે હવે હજારના વેપારમાં બહાનાં કાઢે છે; તેનું કારણ અંતરથી આત્માર્થની ઇચ્છા નથી. જે આત્માર્થી થયા તે પાછું વાળીને સામું જોતા નથી. પુરૂષાર્થ કરી સામા આવી જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે આવરણ, સ્વભાવ, ભવસ્થિતિ પાકે ક્યારે? તો કહે કે પુરૂષાર્થ કરે ત્યારે.

પાંચ કારણો મળે ત્યારે મુક્ત થાય. તે પાંચે કારણો પુરૂષાર્થમાં રહ્યાં છે. અનંતા ચોથા આરા મળે, પણ પોતે જો પુરૂષાર્થ કરે તો મુક્તિ પ્રાપ્ત થાય. જીવે અનંતા કાળથી પુરૂષાર્થ કર્યો નથી. બધાં ખોટાં આલંબનો લઈ માર્ગ આડા વિઘ્નો નાંખ્યાં છે. કલ્યાણ વૃત્તિ ઉગે ત્યારે ભવસ્થિતિ પાકી જાણવી. શૂરાતન હોય તો વર્ષનું કામ બે ઘડીમાં કરી શકાય.

પ્રશ્નઃ—વ્યવહારમાં ચોથા ગુણસ્થાનકે કયા કયા વ્યવહાર લાગુ પડે? શુદ્ધ વ્યવહાર કે બીજા ખરા?

ઉત્તરઃ—બીજા બધાય લાગુ પડે. ઉદયથી શુભાશુભ વ્યવહાર છે, અને પરિણતિએ શુદ્ધ વ્યવહાર છે.

પરમાર્થથી શુદ્ધ કર્ત્તા કહેવાય. પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની ખપાવ્યા છે માટે શુદ્ધ વ્યવહારના કર્ત્તા છે. સમકિતીને અશુદ્ધ વ્યવહાર ટાળવાનો છે. સમકિતી પરમાર્થથી શુદ્ધ કર્ત્તા છે. નયના પ્રકાર ઘણા છે; પણ જે પ્રકારવડે આત્મા ઉંચો આવે, પુરૂષાર્થ વર્દ્ધમાન થાય તે જ પ્રકાર વિ-

* આ વિચારો પુરૂષાર્થ જાગૃત કરવાના હેતુથી કહ્યા છે.-સંશોધક.

ચારવો. પ્રત્યેક કાર્ય કરતાં પોતાની ભૂલ ઉપર લક્ષ રાખવો. એક સમ્યક્ ઉપયોગ થાય, તો પોતાને અનુભવ થાય કે કેવી અનુભવદશા પ્રગટે છે!

સત્સંગ હોય તો બધા ગુણો સહેજે થાય. દયા, સત્ય, અદત્ત, બ્રહ્મચર્ય, પરિગ્રહમર્યાદા આદિ અહંકારરહિત કરવાં. લોકોને બતાવવા અર્થે કાંઇપણ કરવું નહીં. મનુષ્યઅવતાર મળ્યો છે, ને સદાચાર નહીં સેવે, તો પસ્તાવાનું થશે. મનુષ્યઅવતારમાં સત્પુરૂષનું વચન સાંભળવાનો, વિચારવાનો યોગ મળ્યો છે.

સત્ય બોલવું એ કાંઇ મુશ્કેલ નથી. સાવ સહેજ છે. જે વેપારાદિ સત્યવડે થાય તે જ કરવા. જો છ મહિના સુધી એમ વર્ત્તાય તો પછી સત્ય બોલવું સહજ થઇ જાય છે. સત્ય બોલતાં કદાચ્ થોડો વખત પ્રથમ થોડું નુકશાન થાય, પણ પછી અનંત ગુણનો ધણી જે આત્મા તે આખો લૂંટાઈ જાય છે તે લૂંટાતો બંધ પડે. સત્ય બોલતાં ધીમે ધીમે સહજ થઈ જાય છે; અને થયા પછી વ્રત લેવું. અભ્યાસ રાખવો; કેમકે ઉત્કૃષ્ટ પરિણામવાળા આત્મા વિરલા છે.

જીવ જો લૌકિક ભયથી ભય પામ્યો તો તેનાથી કાંઇ પણ થાય નહીં. લોક ગમે તેમ બોલે તેની દરકાર ન કરતાં આત્મહિત જેનાથી થાય તે સદાચરણ સેવવાં.

જ્ઞાન જે કામ કરે છે તે અદ્‌ભુત છે. સત્પુરૂષનાં વચનવગર વિચાર આવતો નથી; વિચારવિના વૈરાગ્ય આવે નહીં. વૈરાગ્યવગર જ્ઞાન આવે નહીં. આ કારણથી સત્પુરૂષનાં વચનો વારંવાર વિચારવાં.

ખરેખરી આશંકા ટળે તો ઘણી નિર્જરા થાય છે. જીવ જો સત્પુરૂષનો માર્ગ જાણતો હોય, તેનો તેને વારંવાર બોધ થતો હોય, તો ઘણું ફળ થાય.

સાત નય, અથવા અનંત નય છે. તે બધા એક આત્માર્થે જ છે,અને આત્માર્થ તે જ એક ખરો નય. નયનો પરમાર્થ જીવથી નીકળે તો ફળ થાય. છેવટે ઉપશમભાવ આવે, તો ફળ થાય; નહીંતો જીવને નયનું જ્ઞાન જાળરૂપ થઇ પડે; અને તે વળી અહંકાર વધવાનું ઠેકાણું છે. સત્પુરૂષના આશ્રયે જાળ ટળે.

વ્યાખ્યાનમાં ભંગજાલ રાગ (સ્વર) કાઢી સંભળાવે છે, પણ તેમાં આત્માર્થ નથી. જો સત્પુરૂષના આશ્રયે કષાયાદિ મોળા પાડો, ને સદાચાર સેવી અંહકારરહિત થાઓ, તો તમારૂં અને બીજાનું હિત થાય, દંભરહિત આત્માર્થે સદાચાર સેવવા; જેથી ઉપકાર થાય.

ખારી જમીન હોય, ને તેમાં વરસાદ પડે તો શું કામ આવે? તેમ જ્યાંસુધી આત્મામાં ઉપદેશ પરિણમે નહીં તેવી સ્થિતિ હોય ત્યાંસુધી તે શું કામનો? જ્યાંસુધી ઉપદેશવાત આત્મામાં પરિણમે નહીં ત્યાંસુધી ફરી સાંભળવી; વિચારવી; તેનો કેડો મૂકવો નહીં; કાયર થવું નહીં; કાયર થાય તો આત્મા ઉંચો આવે નહીં. જ્ઞાનનો અભ્યાસ જેમ બને તેમ વધારવો; અભ્યાસ રાખવો તેમાં કુટિલતા કે અહંકાર રાખવાં નહીં.

આત્મા અનંત જ્ઞાનમય છે. જેટલો અભ્યાસ વધે તેટલો ઓછો છે. 'સુંદરવિલાસ' વગેરે વાંચવાનો અભ્યાસ રાખવો. ગચ્છનાં કે મતમતાંતરનાં પુસ્તકો હાથમાં લેવાં નહીં. પરંપરાએ પણ કદાગ્રહ આવ્યો, તો જીવ પાછો માર્યો જાય; માટે મતોના કદાગ્રહની વાતોમાં પડવું નહીં. મતોથી છેટે રહેવું; દૂર રહેવું. જે પુસ્તકથી વૈરાગ્ય ઉપશમ થાય તે સમકિતદૃષ્ટિનાં પુસ્તકો છે, વૈરાગ્યવાળાં પુસ્તકો વાંચવાં.

દયા, સત્ય, આદિ જે સાધનો છે તે વિભાવને ત્યાગવાનાં સાધનો છે. અંતર્ સ્પર્શે તો

વિચારને મોટો ટેકો મળે છે. અત્યારસુધીનાં સાધનો વિભાવના ટેકા હતા; તેને સાચાં સાધનોથી જ્ઞાનીપુરૂષો હલાવે છે. કલ્યાણ કરવાનું હોય તેને સત્ય સાધન અવશ્ય કરવાનાં છે.

સત્સમાગમમાં જીવ આવ્યો, ને ઈંદ્રિયોનું લુબ્ધપણું ન જાય, તો સત્સમાગમમાં આવ્યો નથી એમ સમજવું. સત્ય બોલે નહીં ત્યાંસુધી ગુણ પ્રગટે નહીં. સત્પુરૂષ હાથે ઝાલીને વ્રત આપે ત્યારે લ્યો. જ્ઞાનીપુરૂષ પરમાર્થનો જ ઉપદેશ આપે છે. મુમુક્ષુઓએ સાચાં સાધનો સેવવાં યોગ્ય છે.

સમકિતનાં મૂળ બાર વ્રતઃ–સ્થૂલપ્રાણાતિપાત; સ્થૂલ મૃષાવાદ; સ્થૂલ કહેવાનો હેતુ૦—

જ્ઞાનીઓએ આત્માનો ઓર જ માર્ગ સમજાવ્યો છે. વ્રત બે પ્રકાકનાં છેઃ–૧, સમકિત-વગર બાહ્યવ્રત છે. ૨. સમકિતસહિત અંતરૂવ્રત છે. સમકિતસહિત બાર વ્રતનો પરમાર્થ સમજાય તો ફળ થાય.

બાહ્યવ્રત, અંતરૂવ્રતને અર્થે છે; જેવી રીતે એકડો શીખવા માટે લીટોડા છે તેમ પ્રથમ તો લીટોડા કરતાં એકડો વાંકો ચૂકો થાય; અને એમ કરતાં કરતાં પછી એકડો બરાબર થાય.

જીવે જે જે સાંભળ્યું છે તે તે અવળું જ ગ્રહણ કર્યું છે. જ્ઞાની બિચારા શું કરે! કેટલુંક સમજાવે ? સમજાવવાની રીતે સમજાવે. મારીકૂટીને સમજાવ્યે આત્મજ્ઞાન થાય નહીં. આગળ જે જે વ્રતાદિ કર્યાં તે તે અફળ ગયાં, માટે હવે સત્પુરૂષની દૃષ્ટિએ પરમાર્થ સમજીને કરો. એકને એક વ્રત હોય પણ મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ બંધ છે; અને સમ્યક્દૃષ્ટિની અપેક્ષાએ નિર્જરા છે. પૂર્વે જે વ્રતાદિ નિષ્ફળ ગયાં છે તે હવે સફળ થવાયોગ્ય સત્પુરૂષનો જોગ થયો છે, માટે પુરૂષાર્થ કરવો; સદાચરણ ટેકસહિત સેવવાં, મરણ આવ્યે પણ પાછા હઠવું નહીં. જ્ઞાનીનાં વચનો શ્રવણ થતાં નથી; મનન થતાં નથી; નહીતો દશા બદલ્યાવિના કેમ રહે ?

આરંભપરિગ્રહનું સંક્ષેપપણું કરવું; વાંચવામાં ચિત્ત ચોંટે નહીં તેનું કારણ નિરસપણું લાગે છે. જેવી રીતે માણસ નિરસ આહાર કરી બેસે તો પછી ભાવે નહીં તેવી રીતે.

જ્ઞાનીઓએ કહ્યું છે તેથી જીવ અવળો ચાલે છે; એટલે સત્પુરૂષથી વાણીમાંથી પરિણામ પામે ? લોકલાજ આદિ શલ્ય છે, એ શલ્યને લઇને જીવનું પાણી ભભકતું નથી. તે શલ્યને સત્પુરૂષનાં વચનરૂપી ટાંકણે કરી તડ પડે તો પાણી ભભકી ઉઠે. જીવના શલ્ય હજારો દિ-વસના જાતિયોગને લઈને ન ટળે, પણ સત્સંગનો યોગ એક મહિના સુધી થાય, તો ટળે; ને રસ્તે જીવ ચાલ્યો જાય.

કેટલાક હળુકર્મી સંસારી જીવોને છોકરા ઉપર મોહ કરતાં જેટલો અરેરાટ આવે છે તેટલો પણ હાલના કેટલાક સાધુઓને શિષ્યો ઉપર મોહ કરતાં આવતો નથી !

તૃષ્ણાવાળો જીવ નિત્ય ભીખારી; સંતોષવાળો જીવ સદા સુખી.

સાચાદેવનું, સાચા ગુરૂનું, સાચા ધર્મનું ઓળખાણ થવું બહુ મુશ્કેલ છે. સાચા ગુરૂનું ઓળખાણ થાય, તેનો ઉપદેશ હોય તો દેવ, સિદ્ધ, ધર્મ એ બધાનું ઓલખાણ થાય. બધાનું સ્વરૂપ સદ્‌ગુરૂમાં સમાય.

સાચા દેવ અર્હંત, સાચા ગુરૂ નિર્ગ્રંથ; સાચા હરિ રાગદ્વેષ જેના ગયા છે તે. ગ્રંથિરહિત એટલે ગાંઠરહિત. મિથ્યાત્વ તે અંતરગ્રંથિ છે. પરિગ્રહ તે બાહ્યગ્રંથિ છે. મૂળમાં અભ્યંતર ગ્રંથિ ન છેદાય ત્યાંસુધી ધર્મનું સ્વરૂપ સમજાય નહીં. જેની ગ્રંથિ ગઇ છે તેવા પુરૂષ મળે તો ખરેખરૂં કામ થાય; તેમાં વળી સત્સમાગમ રહે, તો વિશેષ કલ્યાણ થાય, જે મૂળ ગાંઠ છેદવા શાસ્ત્રમાં કહ્યું છે તે સહુ ભૂલી ગયા છે; ને બહારથી તપશ્ચર્યા કરે છે. દુઃખ સહન કરતાં છતાં મુક્તિ થતી નથી તો દુઃખ વેદવાનું કારણ જે વૈરાગ્ય તે ભૂલી ગયા. દુઃખ અજ્ઞાનનું છે.

અંદરથી છૂટે ત્યારે બહારથી છૂટે; અંદરથી છૂટયાવગર બહારથી છૂટે નહીં. એકલું બહારથી છોડે તેમાં કામ થાય નહીં. આત્મસાધનવગર કલ્યાણ થતું નથી.

બાહ્ય અને અંતર બન્ને સાધન જેને છે તે ઉત્કૃષ્ટ પુરુષ છે; અને તે માટે શ્રેષ્ઠ છે. જે સાધુના સંગથી અંતર્ગુણ પ્રગટે તેનો સંગ કરવો. કલઇનો અને ચાંદીનો રૂપીઓ સરખો કહેવાય નહીં. કલઇ ઉપર સિક્કો પાડો; પણ તેની રૂપીઆની કીંમત થાય નહીં. જ્યારે ચાંદી છે તેના ઉપર સિક્કો પાડો તોપણ તેની કીંમત જાય નહીં, તેવી જ રીતે ગૃહસ્થપણામાં સમકિત હોય તો તેની કીંમત જાય નહીં. સહુ કહે છે કે અમારા ધર્મથી મોક્ષ છે.°

આત્મામાં રાગ દ્વેષ ગયે જ્ઞાન પ્રગટે. ગમે ત્યાં બેઠા, ને ગમે તે સ્થિતિમાં મોક્ષ થાય; પણ રાગદ્વેષ જાય તો. મિથ્યાત્વ, ને અહંકાર ગયાવગર રાજપાટ છોડે, ઝાડની માફક સૂકાઈ જાય; પણ મોક્ષ થાય નહીં. મિથ્યાત્વ ગયા પછી સહુ સાધન સફળ થાય. આટલા માટે સમ્યક્દર્શન શ્રેષ્ઠ છે.

સંસારમાં મોહ છે; સ્ત્રીપુત્રમાં મારાપણું થઇ ગયું છે; ને કષાયનો ભરેલો છે તે રાત્રિભોજન ન કરે તોપણ શું થયું ? જ્યારે મિથ્યાત્વ જાય ત્યારે તેનું ખરૂં ફળ થાય.

હાલમાં જૈનના જેટલા સાધુ ફરે છે તેટલા બધાય સમકિતી સમજવા નહીં; તેને દાન દેવામાં હાનિ નથી; પણ તેઓ આપણું કલ્યાણ કરી શકે નહીં. વેશ કલ્યાણ કરતો નથી. જે સાધુ એકલી બાહ્યક્રિયાઓ કર્યા કરે છે તેમાં જ્ઞાન નથી,

જ્ઞાન તો તે કે જેનાથી બાહ્યવૃત્તિઓ રોકાય છે. સંસારપરથી ખરેખરી પ્રીતિ ઘટે છે. સાચાને સાચું જાણે છે. જેનાથી આત્મામાં ગુણ પ્રગટે તે જ્ઞાન.

મનુષ્યઅવતાર પામીને રળવામાં અને સ્ત્રીપુત્રમાં તદાકાર થઇ આત્મવિચાર કર્યો નહીં; પોતાના દોષ જોયા નહીં; આત્માને નિંદ્યો નહીં; તો તે મનુષ્ય અવતાર—રત્નચિંતામણિરૂપ દેહ વૃથા જાય છે.

જીવ ખોટા સંગથી, અને અસદ્‌ગુરૂથી આદિકાળથી રખડયો છે; માટે સાચા પુરૂષને ઓળખવા. સાચા પુરૂષ કેવા છે ? સાચા પુરૂષ તો તે કે જેનો દેહપરથી મમત્વ ગયો છે; જ્ઞાન પ્રાપ્ત થયું છે. આવા જ્ઞાનીપુરૂષની આજ્ઞાએ વર્ત્તે તો પોતાના દોષ ઘટે; અને કષાયાદિ મોળા પડે; પરિણામે સમ્યક્ત્વ થાય,

ક્રોધ, માન, માયા, લોભએ ખરેખરાં પાપ છે. તેનાથી બહુ કર્મ ઉપાર્જન થાય. હજાર વર્ષ તપ કર્યું હોય; પણ એક બે ઘડી ક્રોધ કરે, તો બધું તપ નિષ્ફળ જાય.

"છ ખંડના ભોક્તા રાજ મૂકી ચાલી ગયા, અને હું આવા અલ્પ વ્યવહારમાં મોટાઈ અને અહંકાર કરી બેઠો છું" એમ કેમ વિચારતો નથી ?

આયુષ્યનાં આટલાં વર્ષો ગયાં તોપણ લોભ કાંઈ ઘટયો નહીં; ને કાંઇ જ્ઞાન પ્રાપ્ત થયું નહી ગમે તેટલી તૃષ્ણા હોય પણ આયુષ્ પૂર્ણ થાય ત્યારે જરા પણ કામ આવે નહીં; ને તૃષ્ણા કરી હોય તેથી કર્મ બંધાય. અમુક પરિગ્રહમર્યાદા કરી હોય, જેમ કે દશ હજાર રૂપીઆની; તો સમતા આવે. આટલું મળ્યા પછી ધર્મધ્યાન કરીશું એવો વિચાર પણ રાખે તો નિયમમાં અવાય.

કોઇ ઉપર ક્રોધ કરવો નહીં. જેમ રાત્રિભોજન ત્યાગ કર્યું છે તેમ ક્રોધ, માન, માયા, લોભ, અસત્ય આદિ છોડવાને પ્રયત્ન કરી મોળા પાડવા. તે મોળા પાડવાથી પરિણામે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. વિચાર કરે તો અનંતાં કર્મો મોળાં પડે; અને વિચાર ન કરે, તો અનંતાં કર્મો ઉપાર્જન થાય.

રોગ ઉત્પન્ન થાય છે ત્યારે સ્ત્રી, છોકરાં છૈયાં, ભાઈ કે કોઇ પણ રોગ લઇ શકતાં નથી!

સંતોષ કરી ધર્મ ધ્યાન કરવું; છોકરાં છૈયાં વગેરે અન્યની ન જોઈતી ચિંતા કરવી નહીં. એક સ્થાનકે બેસી, વિચારી, સત્પુરૂષના સંગે, જ્ઞાનીનાં વચન સાંભળી વિચારીને ધન આદિની મર્યાદા કરવી.

બ્રહ્મચર્ય યથાતથ્ય રીતે તો કોઇ વિરલા જીવ પાળી શકે છે; તોપણ લોકલાજથી બ્રહ્મચર્ય પળાય તો તે ઉત્તમ છે.

મિથ્યાત્વ ગયું હોય તો ચાર ગતિ ટળે. સમકિત ન આવ્યું હોય અને બ્રહ્મચર્ય પાળે તો દેવલોક મળે.

વાણીઓ, બ્રાહ્મણ, પશુ, પુરૂષ, સ્ત્રીઆદિ કલ્પનાએ કરી "હું વાણીઓ, બ્રાહ્મણ, પુરૂષ, સ્ત્રી, પશુ છું" એમ માન્યું છે; પણ વિચાર કરે તો પોતે તેમાંનો કોઈ નથી, "મારૂં" સ્વરૂપ તેથી જૂદું જ છે.

સૂર્યના ઉદ્યોતની પેઠે દિવસ ચાલ્યો જાય; તેમ અંજળીજલની માફક આયુષ ચાલ્યું જાય.

લાકડું કરવતથી વ્હેરાય; તેમ આયુષ ચાલ્યું જાય છે; તોય મૂર્ખ પરમાર્થ સાધતો નથી; ને મોહના જથ્થા ભેળા કરે છે.

"બધા કરતાં હું જગતમાં મોટો થાઉં" એવી મોટાઈ મેળવવાની તૃષ્ણામાં, પાંચ ઇંદ્રિયોને વિષે લયલીન, મદ્ય પીધો હોય તેની પેંઠે, ઝાંઝવાના પાણીની માફક સંસારમાં જીવ ભમે છે; અને કુળ, ગામ, ગતિઓને વિષે મોહના નચાવવાથી નાચ્યા કરે છે!

આંધળો વણે; ને વાછડો ચાવે એની પેઠે અજ્ઞાનીની ક્રિયા નિષ્ફળ જાય છે.

'હું કર્ત્તા' 'હું કરૂં છું' 'હું કેવું કરૂં છું?' આદિ જે વિભાવ છે તે જ મિથ્યાત્વ. અહંકારથી કરી સંસારમાં અનંત દુઃખ પ્રાપ્ત થાય; ચારે ગતિમાં રઝલે.

કોઈનું દીધું દેવાતું નથી; કોઇનું લીધું લેવાતું નથી, જીવ ફોકટ કલ્પના કરી રઝળે છે. જે પ્રમાણે કર્મ ઉપાર્જન કરેલાં હોય તે પ્રમાણે લાભ, અલાભ, આયુષ, શાતા, અશાતા મળે છે. પોતાથી કાંઈ અપાતું લેવાતું નથી. અહંકારે કરી 'મેં આને સુખ આપ્યું'; 'મેં દુઃખ આપ્યું'; 'મેં અન્ન આપ્યું' એવી મિથ્યા ભાવના કરે છે, ને તેને લઈને કર્મ ઉપાર્જન કરે છે. મિથ્યાત્વે કરી ખોટો ધર્મ ઉપાર્જન કરે છે.

જગતમાં આનો આ પિતા; આનો આ પુત્ર એમ કહેવાય છે; પણ કોઈ કોઇનું નથી. પૂર્વના કર્મના ઉદયે સઘળું બન્યું છે.

અહંકારે કરી જે આવી મિથ્યાબુદ્ધિ કરે છે તે ભૂલ્યા છે. ચાર ગતિમાં રઝળે છે; અને દુઃખ ભોગવે છે.

અધમાધમ પુરૂષનાં લક્ષણોઃ—સાચા પુરૂષને દેખી તેને રોષ ઉત્પન્ન થાય; તેનાં સાચાં વચન સાંભળી નિંદા કરે છે;—ખોટી બુદ્ધિવાળા સાચી બુદ્ધિવાળાને દેખી રોષ કરે; સરળને મૂર્ખ કહે—વિનય કરે તેને ધનના ખુશામતીઆ કહે; પાંચ ઇંદ્રિયો વશ કરી હોય તેને ભાગ્યહીન કહે. સાચા ગુણવાળાને દેખી રોષ કરે. સ્ત્રી પુરૂષનાં સુખમાં લયલીન. આવા જીવો માઠી ગતિને પ્રાપ્ત થાય. જીવ કર્મને લઇને, પોતાના સ્વરૂપજ્ઞાનથી અંધ છે; તેને જ્ઞાનની ખબર નથી.

એક નાકને માટે—મારૂં નાક રહેતો સારૂં—એવી કલ્પનાને લીધે પોતાનું શૂરવીરપણુ દેખાડવા લડાઇમાં ઉતરે છે; નાકની તો રાખ થવાની છે!

દેહ કેવો છે? રેતીના ઘર જેવો. મસાણની મઢી જેવો. પર્વતની ગુફાની માફક દેહમાં અંધારૂં છે. ચામડીને લીધે દેહ ઉપરથી રૂપાળો લાગે છે. દેહ અવગુણની ઓરડી, માયા અને

મેલને રહેવાનું ઠેકાણું છે, દેહમાં પ્રેમ રાખવાથી જીવ રખડયો છે. તે દેહ અનિત્ય છે. બદફેલની ખાણ છે. તેમાં મોહ રાખવાથી જીવ ચારે ગતિમાં રઝળે છે. કેવા રઝળે છે ? ઘાણીના બળદની માફક. આંખે પાટો બાંધે છે; તેને ચાલવાના માર્ગમાં સંકડાઇ રહેવું પડે છે; છૂટવાનું મન થાય પણ છૂટી શકાય નહીં. ભૂખ્યા તરસ્યાનું કહેવાય નહીં. શ્વાસોચ્છ્વાસ નિરાંતે લેવાય નહીં. તેની પેઠે જીવ પરાધીન છે. જે સંસારમાં પ્રીતિ કરે છે તે આવા પ્રકારનું દુઃખ સહન કરે છે.

ધુમાડા જેવાં લૂગડાં પેહેરી તેઓ આડંબર કરે છે, પણ તે ધુમાડાની માફક નાશ પામવા-યોગ્ય છે. આત્માનું જ્ઞાન માયાને લઈને દબાઈ રહે છે.

જે જીવ આત્મેચ્છા રાખે છે તે નાણાને નાકના મેલની પેઠે ત્યાગે છે. માખી ગળપણમાં વળગી છે તેની પેઠે આ અભાગીઓ જીવ કુટુંબના સુખમાં વળગ્યો છે.

વૃદ્ધ, જુવાન, બાળ એ સર્વ સંસારમાં બૂડયા છે. કાળના મુખમાં છે; એમ ભય રાખવો. તે ભય રાખીને સંસારમાં ઉદાસીનપણે રહેવું.

સો ઉપવાસ કરે, પણ જ્યાંસુધી માંહોથી ખરેખરા દોષ જાય નહીં ત્યાંસુધી ફળ થાય નહીં.

શ્રાવક કોને કહેવા ? જેને સંતોષ આવ્યો હોય; કષાય પાતળા પડયા હોય; માંહોથી ગુણ આવ્યા હોય; સાચો સંગ મળ્યો હોય તેને શ્રાવક કહેવા. આવા જીવને બોધ લાગે, તો બધું વલણ ફરી જાય,–દશા ફરી જાય; સાચો સંગ મળવો તે પુણ્યનો જોગ છે.

જીવો અવિચારથી ભૂલ્યા છે; જરા કોઇ કહે કે તરત ખોટું લાગે, પણ વિચારે નહીં કે, મારે શું ? તે કહેશે તો તેને કર્મ બંધાશે.

સામાયિક સમતાને કહેવાય. જીવ અહંકાર કરી બાહ્યક્રિયા કરે છે; અહંકારથી માયા ખરચે છે; તે માઠી ગતિનાં કારણો છે. સાચા સંગ વગર આ દોષ ઘટે નહીં.

જીવને ડાહ્યા કહેવરાવવું બહુ ગમે છે. વગર બોલાવ્યે ડહાપણ કરી મોટાઇ લે છે. જે જીવને વિચાર નહીં તેનો છૂટવાનો આરો નહીં. જો વિચાર કરે, અને સાચા માર્ગે ચાલે તો છૂટવાનો આરો આવે.

અહંકારથી, માનથી, કૈવલ્ય પ્રગટ થતું નથી. તે મોટા દોષ છે. અજ્ઞાનમાં મોટા નાનાની કલ્પના છે. બાહુબલિજીએ વિચાર્યું કે હું અંકુશ વગરનો છું માટે ————

પંદર ભેદે સિદ્ધ કહ્યા તેનું કારણ રાગ, દ્વેષ અને અજ્ઞાન જેના ગયા તે ગમે તે વેષે, ગમે તે જગોએ, ગમે તે લિંગે કલ્યાણ થાય તે છે.

સાચો માર્ગ એક જ છે; માટે આગ્રહ રાખવો નહીં. ફલાણો ઢુંઢિયો છે, ફલાણો તપ્પો છે એવી કલ્પના રાખવી નહીં. દયા, સત્ય આદિ સાદાચરણ મુક્તિના રસ્તા છે; માટે સદાચરણ સેવવાં.

લોચ કરવો શા માટે કહ્યો છે ? શરીરની મમતાની તે પરીક્ષા છે માટે. તે મોહ વધવાનું કારણ છે. નહાવાનું મન થાય; આરીસો લેવાનું; તેમ મોઢું જોવાનું મન થાય; અને એ ઉપરાંત તેનાં સાધનો માટે ઉપાધિ કરવી પડે. આ કારણથી જ્ઞાનીઓએ લોચ કરવાનું કહ્યું છે,

જાત્રાએ જવાનો હેતુ એક તો એ છે કે ગૃહવાસની ઉપાધિથી નિવૃત્તિ લેવાય; સો બસો રૂપીઆ ઉપરથી મૂર્ચ્છા ઓછી કરાય; પરદેશમાં દેશાટન કરતાં, કોઇ સત્પુરૂષ શોધતાં જડે, તો કલ્યાણ થાય. આ કારણથી જાત્રા કરવાનું બતાવ્યું છે.

જે સત્પુરૂષો બીજા જીવોને ઉપદેશ દઇ કલ્યાણ બતાવે છે તે સત્પુરૂષોને અનંતો લાભ પ્રાપ્ત થયો છે. સત્પુરૂષો પરજીવની નિષ્કામ કરૂણાના સાગર છે. વાણીના ઉદય પ્રમાણે, તેમની વાણી નીકળે છે. તેઓ કોઇ જીવને દીક્ષા લે તેવું કહે નહીં. તીર્થંકરે પૂર્વે કર્મ બાંધ્યું છે તે વે-દવા માટે બીજા જીવનું કલ્યાણ કરે છે; બાકી તો ઉદયપ્રમાણે દયા વર્ત્તે છે. તે દયા નિષ્કારણ

છે, તેમ તેઓને પારકી નિર્જરાએ કરી પોતાનું કલ્યાણ કરવાનું નથી. તેમનું કલ્યાણ તો થયેલું જ છે. તે ત્રણ લોકના નાથ, તો તરીને જ બેઠા છે, સત્પુરુષ કે સમકિતીને પણ એવી ઉપદેશ દેવાની ઇચ્છા હોય નહીં. તે પણ નિષ્કારણ દયાની ખાતર ઉપદેશ દે છે, મહાવીરસ્વામી ગૃહવાસમાં રહેતા છતાં પણ ત્યાગી જેવા હતા.

હજારો વર્ષના સંયમી પણ જેવો વૈરાગ્ય રાખી શકે નહીં તેવો વૈરાગ્ય ભગવાનનો હતો. જ્યાં જ્યાં ભગવાન્ વર્ત્તે છે, ત્યાં ત્યાં બધા પ્રકારના અર્થ પણ વર્ત્તે છે. તેઓની વાણી ઉદયપ્રમાણે શાંતિપૂર્વક પરમાર્થહેતુથી નીકળે છે. અર્થાત્ તેમની વાણી કલ્યાણ અર્થે જ છે. તેઓને જન્મથી મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હતાં. તે પુરુષના ગુણગ્રામ કરતાં અનંતિ નિર્જરા છે જ્ઞાનીની વાત અગમ્ય છે. તેઓનો અભિપ્રાય જણાય નહીં. જ્ઞાનીપુરુષની ખરી ખુબી એ છે કે, તેમણે અનાદિથી નહીં ટળેલા એવા રાગ દ્વેષ ને અજ્ઞાન તેને છેદી ભેદી નાંખ્યા છે. એ ભગવાનની અનંત કૃપા છે. તેને પચીસો વર્ષ થયાં; છતાં તેમની દયા આદિ હાલ વર્ત્તે છે. એ તેમનો અનંતો ઉપકાર છે. જ્ઞાની આડંબર દેખાડવા અર્થે વ્યવહાર કરતા નથી. તેઓ સહજ સ્વભાવે ઉદાસીનપણે વર્ત્તે છે.

જ્ઞાની દોષ પાસે જઈ દોષ છેદી નાંખે છે; જ્યારે અજ્ઞાની જીવ દોષ છોડી શકતા નથી. જ્ઞાનીની વાત અદ્ભુત છે.

વાડામાં કલ્યાણ નથી; અજ્ઞાનીના વાડા હોય. જેમ લોઢું પોતે તરે નહીં, અને બીજાને તારે નહી તેમ. વીતરાગનો માર્ગ અનાદિનો છે. જેના રાગ, દ્વેષ અને અજ્ઞાન ગયાં તેનું કલ્યાણ; બાકી અજ્ઞાની કહે કે, મારા ધર્મથી કલ્યાણ છે તો તે માનવું નહીં. એમ કલ્યાણ હોય નહીં. ઢુંઢિયાપણું કે તપ્પાપણું માન્યું તો કષાય ચઢે. તપ્પો ઢુંઢિયા સાથે બેઠો હોય તો કષાય ચઢે; અને ઢુંઢિયો તપ્પા સાથે બેઠાં કષાય ચઢે; આ અજ્ઞાની સમજવા. બન્ને સમજ્યા વગર વાડા બાંધી કર્મ ઉપાર્જન કરી રખડે છે. વહોરાના નાડાની માફક મતાગ્રહ પકડી બેઠા છે. મુમતિ આદિનો આગ્રહ મૂકી દેવો.

જૈન માર્ગ શું? રાગ દ્વેષ અને અજ્ઞાનનું જવું તે. અજ્ઞાની સાધુઓએ ભોળા જીવોને સમજાવી તેને મારી નાંખ્યા જેવું કર્યુ છે. પોતે જો પ્રથમ વિચાર કરે કે, મારા દોષ શું ઘટ્યા છે? તો તો જણાય કે જૈનધર્મ તો મારાથી વેગળો રહ્યો છે, જીવ અવળી સમજણ કરી પોતાનું કલ્યાણ ભૂલી જઇ, બીજાનું અકલ્યાણ કરે છે. તપ્પા ઢુંઢિયાના સાધુને, અને ઢુંઢિયા તપ્પાના સાધુને અન્ન પાણી ન આપવા માટે પોતાના શિષ્યોને ઉપદેશ આપે છે. કુગુરુઓ એક બીજાને મળવા દેતા નથી; એક બીજાને મળવા દે તો તો કષાય ઓછા થાય. નિંદા ઘટે.

જીવ નિરાપેક્ષી રહેતા નથી. અનાદિથી પક્ષમાં પડ્યા છે, અને તેમાં રહીને કલ્યાણ ભૂલી જાય છે.

બાર કુળની ગૌચરી કહી છે તેવી કેટળાક મુનિઓ કરતા નથી. તેમને લુગડાંઆદિ પરિગ્રહનો મોહ મટ્યો નથી. એકવાર આહાર લેવાનું કહ્યું છતાં બે વાર લે છે. જે જ્ઞાનીપુરુષના વચનથી આત્મા ઉંચો આવે તે સાચો માર્ગ. તે પોતાનો માર્ગ. સાચો ધર્મ પુસ્તકમાં છે, પણ આત્મામાં ગુણ પ્રગટે નહીં ત્યાંસુધી કંઇ ફળ આપે નહીં. "આપણો ધર્મ" એવી કલ્પના છે. આપણો ધર્મ શું? મહાસાગર કોઇનો નથી; તેમ ધર્મ કોઇના બાપનો નથી. જેમાં દયા, સત્ય આદિ હોય તે પાળો. તે કોઈના બાપનાં નથી. અનાદિ કાળનાં છે; શાશ્વત છે. જીવે ગાંઠ પકડી છે કે આપણો ધર્મ છે, પણ શાશ્વત માર્ગ શું? શાશ્વત માર્ગથી સહુ મોક્ષે ગયા છે. રજોહરણો, દોરો કે, મુમતિ, કપડાં કોઈ આત્મા નથી. વહોરાના નાડાની માફક જીવ પક્ષનો આગ્રહ પકડી બેઠો છે એવી જી-

વની મૂઢતા છે. "આપણા જૈનધર્મના શાસ્ત્રમાં બધું છે. શાસ્ત્રો આપણી પાસે છે." એવું મિથ્યાભિમાન જીવ કરી બેઠો છે. ક્રોધ, માન, માયા, લોભરૂપી ચોર રાતદિવસ માલ ચોરી લે છે તેનું ભાન નથી.

તીર્થંકરનો માર્ગ સાચો છે. દ્રવ્યમાં બદામ સરખી પણ રાખવાની આજ્ઞા નથી. વૈષ્ણુવના કુળધર્મના કુગુરૂઓ આરંભ પરિગ્રહ મૂક્યા વગર લોકોપાસેથી લક્ષ્મી ગ્રહણ કરે છે; અને તે રૂપી વેપાર થઈ પડ્યો છે. તે પોતે અગ્નિમાં બળે છે; તો તેનાથી બીજાની અગ્નિ શી રીતે શાંત થાય ? જૈનમાર્ગનો પરમાર્થ સાચા ગુરૂથી સમજવાનો છે. જે ગુરૂને સ્વાર્થ હોય તે પોતાનું અકલ્યાણ કરે; ને શિષ્યોનું પણ અકલ્યાણ થાય.

જૈનલિંગધારીપણુ ધરી જીવ અનંતિ વાર રખડ્યો છે.–બાહ્યવર્તિ લિંગધારી લૌકિક વ્યવહારમાં અનંતિ વાર રખડ્યો છે. આ ઠેકાણે જૈનમાર્ગને નિષેધતા નથી; જેટલા અંતરંગે સાચો માર્ગ બતાવે તે "જૈન." બાકીતો અનાદિ કાળથી જીવે ખોટાને સાચું માન્યું છે; અને તે જ અજ્ઞાન છે. મનુષ્યદેહનું સાર્થક ખોટા આગ્રહ–દુરાગ્રહ મૂકી કલ્યાણ થાય તો છે. જ્ઞાની સવળું જ બતાવે. આત્મજ્ઞાન પ્રગટે ત્યારે જ આત્મજ્ઞાનીપણુ માનવું. ગુણ પ્રગટ્યા વગર માનવું એ ભૂલ છે. ઝવેરાતની કીંમતવગર ઝવેરીપણુ માનવું નહીં. અજ્ઞાની ખોટાને સાચું નામ આપી વાડા બંધાવે છે. સત્‌નું ઓળખાણ હોય તો કોઈ વખત પણ સાચું ગ્રહણ થશે.

જે જીવ પોતાને મુમુક્ષુ માનતો હોય, તરવાનો કામી માનતો હોય તેણે, દેહને વિષે રોગ થતી વખત આકુળ–વ્યાકુળપણુ થયું હોય તો તે વખત વિચારવું કે તારૂં મુમુક્ષુપણુ–ડહાપણુ ક્યાં ગયાં? જો તરવાનો કામી હોય તો તો દેહને અસાર જાણે; દેહને આત્માથી જૂદોજાણે છે, તેને આકુળતા આવવી જોઇએ નહીં. દેહ સાચવ્યો સચવાતો નથી; કેમકે તે ક્ષણમાં ભાંગી જાય છે,–ક્ષણમાં રોગ, ક્ષણમાં વેદના થાય. દેહના સંગે દેહ દુઃખ આપે છે માટે આકુળ–વ્યાકુળપણુ થાય છે તે જ અજ્ઞાન છે. શાસ્ત્ર શ્રવણ કરી રોજ સાંભળ્યું છે કે દેહ આત્માથી જૂદો છે, ક્ષણ ભંગુર છે; પણ દેહને વેદના આવ્યે તો રાગદ્વેષપરિણામ કરી બૂમ પાડે છે. દેહ ક્ષણ ભંગુર છે એવું તમે શાસ્ત્રમાં સાંભળવા શું કરવા જાઓ છો ? દેહ તો તમારી પાસે છે તો અનુભવ કરો દેહ પ્રગટ માટી જેવો છે; રાખ્યો રખાય નહીં. વેદના વેદતાં ઉપાય ચાલે નહીં ત્યારે શું સાચવે ? કંઈ પણ બનીશકતું નથી. આવો દેહનો પ્રત્યક્ષ અનુભવ થાય છે, તો તેની મમતા કરી કરવું શું ? દેહનો પ્રગટ અનુભવ કરી શાસ્ત્રમાં કહ્યું કે તે અનિત્ય છે; દેહમાં મૂર્ચ્છા કર્યા જેવું નથી.

જ્યાંસુધી દેહાત્મબુદ્ધિ ટળે નહીં ત્યાંસુધી સમ્યક્ત્વ થાય નહીં. જીવને સાચ ક્યારેય આવ્યું જ નથી; આવ્યુ હોત તો મોક્ષ થાત. ભલે સાધુપણુ, શ્રાવકપણુ અથવા તો ગમે તે લ્યો, પણ સાચવગર સાધન તે વૃથા છે. જે દેહાત્મબુદ્ધિ મટાડવા માટે સાધનો બતાવ્યાં છે તે દેહાત્મબુદ્ધિ મટે ત્યારે સાચ આવ્યું સમજાય. દેહાત્મબુદ્ધિ થઈ છે તે મટાડવા–મારાપણુ મૂકાવવા–સાધનો કરવાનાં છે. તે ન મટે તો સાધુપણુ, શ્રાવકપણુ, શાસ્ત્રશ્રવણુ કે ઉપદેશ તે વગડામાં પોક મૂક્યા જેવું છે. જેને એ ભ્રમ ભાંગી ગયો છે, તે જ સાધુ, તે જ આચાર્ય, તે જ જ્ઞાની. જેમ અમૃતભોજન જમે તે કાંઇ છાનું રહે નહીં, તેમ ભ્રાંતિ મટે તે કાંઇ છાનું રહે નહીં

લોક કહે છે કે સમકિત છે કે નહીં તે કેવળજ્ઞાની જાણે; પણ પોતે આત્મા છે તે કેમ ન જાણે ? કાંઈ આત્મા ગામ ગયો નથી; અર્થાત્ સમકિત થયું છે તે આત્મા પોતે જાણે. જેમ કાંઈ પદાર્થ ખાવામાં આવ્યે તેનું ફળ આપે છે તેમ જ સમકિત આવ્યે–ભ્રાંતિ મટ્યે–તેનું ફળ

પોતે જાણે. જ્ઞાનનું ફળ જ્ઞાન આપે જ. પદાર્થનું ફળ પદાર્થ, લક્ષણ પ્રમાણે આપે જ. આત્મામાંથી –માંહીથી–કર્મ જઉં જઉં થયાં હોય તેની પોતાને ખબર કેમ ન પડે? અર્થાત્ ખબર પડે જ. સમકિતીની દશા છાની રહે નહીં. કલ્પિત સમકિત માને તે પીતળની હીરાકંઠીને સોનાની હીરાકંઠી માને તેની પેઠે.

સમકિત થયું હોય તો દેહાત્મબુદ્ધિ મટે; જો કે અલ્પ બોધ, મધ્યમ બોધ, વિશેષ બોધ જેવો હોય તે પ્રમાણે પછી દેહાત્મબુદ્ધિ મટે. દેહને વિષે રોગ આવ્યે જેનામાં આકુળ—વ્યાકુળતા માલમ પડે તે મિથ્યાદૃષ્ટિ જાણવા.

જે જ્ઞાનીને આકુળતા વ્યાકુળતા મટી ગઈ છે તેને અંતરંગ પચ્ચખાણ જ છે. તેને બધા પચ્ચખાણ આવી જાય છે. જેને રાગદ્વેષ મટી ગયા છે તેને વીસ વર્ષનો છોકરો મરી જાય, તોય ખેદ થાય નહીં. શરીરને વ્યાધિપણુ થવાથી જેને વ્યાકુળપણુ થાય છે, અને જેનુ કલ્પના માત્ર જ્ઞાન છે તે પોલું અધ્યાત્મજ્ઞાન માનવું. આવા કલ્પિત જ્ઞાની તે પોલા જ્ઞાનને અધ્યાત્મ જ્ઞાન માની અનાચાર સેવી બહુ જ રખડે છે. જો શાસ્ત્રનું ફળ?

આત્માને પુત્ર પણ ન હોય અને પિતા પણ ન હોય. જે આવી કલ્પના સાચું માની બેઠા છે તે મિથ્યાત્વી છે. ખોટા સંગથી સમજાતું નથી; માટે સમકિત આવતું નથી. સત્પુરૂષના સંગથી જોગ્ય જીવ હોય તો સમ્યક્ત્વ થાય.

સમકિત ને મિથ્યાત્વની તરત ખબર પડે તેવું છે. સમકિતીની અને મિથ્યાત્વીની વાણી ઘડી-ઘડીએ જૂદી પડે છે. જ્ઞાનીની વાણી એક જ ધારી–પૂર્વાપર મળતી–આવે. અંતરંગ ગાંઠ મટે ત્યારે જ સમ્યક્ત્વ થાય. રોગ જાણે, રોગની દવા જાણે, પથ્ય જાણે અને તે પ્રમાણે ઉપાય કરે, તો રોગ મટે. રોગ જાણ્યા વગર અજ્ઞાની જે ઉપાય કરે તેથી રોગ વધે. પથ્ય પાળે ને દવા કરે નહીં; તો રોગ કેમ મટે? ન મટે. તો આ તો રોગે કાંઈ, ને દવાય કાંઈ! શાસ્ત્ર તો જ્ઞાન કહેવાય નહીં. જ્ઞાન તો માંહીથી ગાંઠ મટે ત્યારે જ કહેવાય. તપ સંયમાદિ માટે સત્પુરૂષનાં વચન સાંભળવાનું બતાવ્યું છે.

જ્ઞાની ભગવાને કહ્યું છે કે સાધુઓએ અચેત આહાર લેવો. આ કહેવું તો કેટલાક સાધુઓ ભૂલી ગયા છે. દૂધ આદિ સચેત ભારે ભારે પદાર્થો લઇ જ્ઞાનીની આજ્ઞાપર પગ દઈ ચાલે તે કલ્યાણનો રસ્તો નહીં. લોક કહે છે કે સાધુ છે; પણ આત્મદશા સાધે તે સાધુ.

નરસિંહમેહતો કહે છે કે, અનાદિ કાળથી આમને આમ ચાલતાં કાળ ગયો, પણ નીવેડો આવ્યો નહીં. આ માર્ગ નહીં; કેમકે અનાદિ કાળથી ચાલતાં ચાલતાં પણ માર્ગ હાથ આવ્યો નહીં. જો માર્ગજ હોય તો હજીસુધી કાંઈએ હાથમાં આવ્યું નહીં એમ બને નહીં. માટે માર્ગ જૂદો જ હોવો જોઈએ.

તૃષ્ણા કેમ ઘટે? લૌકિક ભાવમાં મોટાઇ મૂકી દે તો. "ઘરકુટુંબ આદિને મારે શું કરવું છે? લૌકિકમાં ગમે તેમ હોય, પણ મારે તો મોટાઈ મૂકી ગમે તે પ્રકારે તૃષ્ણા ઘટે તેમ કરવું છે," એમ વિચારે તો તૃષ્ણા ઘટે,–મોળી પડે.

તપનું અભિમાન કેમ ઘટે? ત્યાગ કરવો તેનો ઉપયોગ રાખવાથી. 'મને આ અભિમાન કેમ થાય છે!' એમ રોજ વિચારતાં અભિમાન મોળું પડશે.

જ્ઞાની કહે છે તે કુંચીરૂપી જ્ઞાન, વિચારે, તો અજ્ઞાનરૂપી તાળું ઉઘડી જાય;–કેટલાંય તાળાં ઉઘડી જાય, કુંચી હોય તો તાળું ઉઘડે; બાકી પ્હાણા મારે તો તાળું ભાંગી જાય,

'કલ્યાણ શું હશે?' એવો જીવને ભામો છે. તે કાંઈ હાથી ઘોડો નથી. જીવને આવી

ભ્રાન્તિને લીધે કલ્યાણની કુંચીઓ સમજાતી નથી. સમજાય તો તો સુગમ છે. જીવની ભ્રાંતિઓ દૂર કરવા માટે જગતનું વર્ણન બતાવ્યું છે. જો જીવ હમેશના અંધ માર્ગથી થાકે તો માર્ગમાં આવે.

જ્ઞાની પરમાર્થ–સમ્યક્ત્વ–હોય તે જ કહે. " કષાય ઘટે તે કલ્યાણ,'–'જીવનાં રાગ દ્વેષ અને અજ્ઞાન જાય તેને કલ્યાણ કહેવાય' એવું લોક કહે છે કે, અમારા ગુરૂઓય કહે છે; ત્યારે સત્પુરૂષો જૂદું શું બતાવો છો ?" આવી આડી કલ્પનાઓ કરી જીવને પોતાના દોષ મટાડવા નથી.

આત્મા અજ્ઞાનરૂપી પથ્થરેકરી દબાઇ ગયો છે. જ્ઞાની જ આત્માને ઉંચો લાવશે. આત્મા દબાઈ ગયો છે એટલે કલ્યાણ સૂજતું નથી. જ્ઞાની સદ્‌વિચારોરૂપી સહેલી કુંચીઓ બતાવે તે કુંચીઓ હજારો તાળાંને લાગે છે.

જીવને માંહીથી અજીર્ણ મટે ત્યારે અમૃત ભાવે, તે જ રીતે ભ્રાંતિરૂપી અજીર્ણ મટયે કલ્યાણ થાય; પણ જીવને અજ્ઞાની ગુરૂએ ભડકાવી માર્યા છે એટલે ભ્રાંતિરૂપ અજીર્ણ કેમ મટે ? અજ્ઞાની ગુરૂઓ જ્ઞાનને બદલે તપ બતાવે; તપમાં જ્ઞાન બતાવે; આવી રીતે અવળું અવળું બતાવે તેથી જીવને તરવું બહુ મુસીબતવાળું છે. અહંકારાદિરહિતપણે તપાદિ કરવાં.

કદાગ્રહ મૂકીને જીવ વિચારે, તો માર્ગ જૂદો છે. સમકિત સુલભ છે, પ્રત્યક્ષ છે, સહેલું છે. જીવ ગામ મૂકી આઘો ગયો છે તે પાછો ફરે ત્યારે કામ આવે. સત્પુરૂષનાં વચનોનું આસ્થાસહિત શ્રવણ મનન કરે તો સમ્યક્ત્વ આવે. તે આવ્યા પછી વ્રત પચ્ચખાણ આવે, ત્યારે પછી પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય.

સાચું સમજાઈ તેની આસ્થા થઇ તે જ સમ્યક્ત્વ છે, જેને ખરા ખોટાની કીંમત થઈ છે; તે–ભેદ જેને મટયો છે તેને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય.

અસદ્‌ગુરૂથી સત્ સમજાય નહીં. દયા, સત્ય, અદત્ત આદિ સદાચાર એ સત્પુરૂષની સમીપ આવવાનાં સત્ સાધન છે. સત્પુરૂષો જે કહે છે તે સૂત્રના સિદ્ધાંતના પરમાર્થ છે. અનુભવથી કહીએ છીએ,–અનુભવથી શંકા મટાડવાનું કહી શકીએ. અનુભવ પ્રગટ દીવો છે; ને સૂત્ર કાગળમાં લખેલ દીવો છે.

ઢુંઢિયાપણું કે તપ્પાપણું કર્યા કરો તેથી સમકિત થવાનું નથી; ખરેખરૂં સાચું સ્વરૂપ સમજાય, માંહિથી દશા ફરે તો સમકિત થાય. પરમાર્થમાં પ્રમાદ એટલે આત્મામાંથી બહાર વૃત્તિ તે, ઘાતિકર્મ ઘાત કરે તેને કહેવાય. પરમાણુ આત્માની અપેક્ષા છે. પરમાણુને પક્ષપાત નથી. જે રૂપે પરિણમવાવે તે રૂપે પરિણમે.

નિકાચિત કર્મમાં સ્થિતિબંધ હોય તો બરોબર બંધ થાય છે. સ્થિતિકાળ ન હોય અને વિચારે, પશ્ચાત્તાપે જ્ઞાન વિચારે તો નાશ થાય. સ્થિતિકાળ હોય તો ભોગવ્યે છૂટકો.

ક્રોધાદિક કરી જે કર્મો ઉપાર્જન કર્યાં હોય તે ભોગવ્યે છૂટકો. ઉદય આવ્યે ભોગવવું જ જોઇએ. સમતા રાખે તેને સમતાનું ફળ. સહુ સહુના પ્રમાણે કર્મ ભોગવવાં પડે છે.

જ્ઞાન સ્ત્રી પણામાં, પુરૂષપણામાં સરખું જ છે. જ્ઞાન આત્માનું છે.

વર્ષ ૩૦ મું.

૪૭૫.

જ્ઞાનીઓએ મનુષ્યપણું ચિંતામણિરત્નતુલ્ય કહ્યું છે, તે વિચારો તો પ્રત્યક્ષ જણાય તેવું છે. વિશેષ વિચારતાં તો તે મનુષ્યપણાનો એક સમય પણ ચિંતામણિરત્નથી પરમ મહાત્મ્યવાન અને મૂલ્યવાન દેખાય છે, અને જો દેહાર્થમાં જ તે મનુષ્યપણું વ્યતીત થયું તો એક ફુટી બદામની કીંમતનું નથી એમ નિઃસંદેહ દેખાય છે.

કારતક વદ ૨, રવિ, ૧૯૫૩, વવાણીઆ.

૪૭૬.

ૐ સર્વજ્ઞાયનમઃ

દેહનું અને પ્રારબ્ધોદય જ્યાંસુધી બળવાન હોય ત્યાંસુધી દેહસંબંધી કુટુંબ, કે જેનું ભરણ પોષણ કરવાનો સંબંધ છૂટે તેવો ન હોય, અર્થાત્ આગારવાસપર્યંત જેનું ભરણ પોષણ કરવું ઘટતું હોય તેનું ભરણ પોષણ માત્ર મળતું હોય તો તેમાં સંતોષ પામીને મુમુક્ષુ જીવ આત્મહિતનો જ વિચાર કરે, તથા પુરૂષાર્થ કરે. દેહ અને દેહસંબંધી કુટુંબનાં મહાત્મ્યાદિ અર્થે પરિગ્રહાદિની પરિણામપૂર્વક સ્મૃતિ પણ ન થવા દે, કેમકે તે પરિગ્રહાદિની પ્રાપ્તિ આદિ કાર્ય એવાં છે, કે આત્મહિતનો અવસર જ ઘણુંકરીને પ્રાપ્ત થવા ન દે.

સંવત્ ૧૯૫૩ના કાર્તિક વદ ૧૧, શુક્ર, વવાણીઆ.

૪૭૭.

આયુષ્ય અલ્પ અને અનિયત પ્રવૃત્તિ, અસીમ બળવાન અસત્સંગ, પૂર્વનું ઘણું કરીને અનારાધકપણું, બળવીર્યની હીનતા એવાં કારણોથી રહિત કોઈક જીવ હશે, એવા આ કાળને વિષે પૂર્વે ક્યારે પણ નહીં જાણેલો, નહીં પ્રતીત કરેલો, નહીં આરાધેલો તથા નહીં સ્વભાવસિદ્ધ થયેલો એવો “ માર્ગ ” પ્રાપ્ત કરવો દુષ્કર હોય એમાં આશ્ચર્ય નથી; તથાપિ જેણે તે પ્રાપ્ત કરવા સિવાય બીજો કોઈ લક્ષ રાખ્યો જ નથી, તે આ કાળને વિષે પણ અવશ્ય તે

માર્ગ પામે છે. લૌકિક કારણોમાં અધિક હર્ષ વિષાદ મુમુક્ષુ જીવ કરે નહીં.

૧૯૫૩, માગશર શુદ ૧, શનિ, વવાણીઆ.

૪૭૮.

શ્રી માણેકચંદનો દેહ છૂટવા સંબંધી ખબર જાણ્યા. સર્વ દેહધારી જીવો મરણ પાસે શરણરહિત છે. માત્ર તે દેહનું યથાર્થ સ્વરૂપ પ્રથમથી જાણી તેનું મમત્વ છેદીને નિજસ્થિરતાને અથવા જ્ઞાનીના માર્ગની યથાર્થ પ્રતીતિને પામ્યા છે, તે જ જીવ તે મરણકાળે શરણસહિત છતાં ઘણુંકરીને ફરી દેહ ધારણ કરતા નથી, અથવા મરણકાળે દેહના મમત્વભાવનું અલ્પત્વ હોવાથી પણ નિર્ભય વર્ત્તે છે. દેહ છૂટવાનો કાળ અનિયત હોવાથી વિચારવાન પુરૂષો અપ્રમાદપણે પ્રથમથી જ તેનું મમત્વ નિવૃત્ત કરવાનો અવિરૂદ્ધ ઉપાય સાધે છે; અને એ જ તમારે અમારે સૌએ લક્ષ રાખવાયોગ્ય છે. પ્રીતિબંધનથી ખેદ થવા યોગ્ય છે, તથાપિ એમાં બીજો કોઈ ઉપાય નહીં હોવાથી તે ખેદને વૈરાગ્યસ્વરૂપમાં પરિણમન કરવો, એજ વિચારવાનને કર્ત્તવ્ય છે.

સં૦ ૧૯૫૩ના માગશર શુદ ૩, ગુરૂ, વવાણીઆ

૪૭૯.

સર્વજ્ઞાયનમઃ

'યોગવાસિષ્ઠ'ના પ્રથમનાં બે પ્રકરણ, 'પંચીકરણ', 'દાસબોધ' તથા 'વિચારસાગર' એ ગ્રંથો તમારે વિચારવા યોગ્ય છે. એમાંનો કોઈ ગ્રંથ તમે પૂર્વે વાંચ્યો હોય તોપણ વાંચવો યોગ્ય છે; તેમજ વિચારવો યોગ્ય છે. જૈનપદ્ધતિના એ ગ્રંથો નથી એમ જાણીને તે ગ્રંથો વિચારતાં ક્ષોભ પામવો યોગ્ય નથી.

લોકદૃષ્ટિમાં જે જે વાતો, કે વસ્તુઓ મોટાઈવાળી મનાય છે, તે તે વાતો અને વસ્તુઓ શોભાયમાન ગૃહાદિ આરંભ અલંકારાદિ પરિગ્રહ, લોકદૃષ્ટિનું વિચક્ષણપણું, લોકમાન્યધર્મશ્રદ્ધાવાનપણુ–પ્રત્યક્ષ ઝેરનું ગ્રહણ છે એમ યથાર્થ જણાયાવિના ધારો છો તે વૃત્તિનો લક્ષ ન થાય. પ્રથમ તે વાતો અને વસ્તુઓ પ્રત્યે ઝેરદૃષ્ટિ આવવી કઠણ દેખી કાયર ન થતાં પુરૂપાર્થ કરવો યોગ્ય છે.

વવાણીઆ; સંવત્ ૧૯૫૩ ના માર્ગ૦ શુદ ૧૦, સોમે.

૪૮૦.

સર્વજ્ઞાયનમઃ

જો સફળતાનો માર્ગ સમજાય, તો આ મનુષ્ય દેહનો એક સમય પણ સર્વોત્કૃષ્ટ ચિંતામણિ છે, એમાં સંશય નથી.

સંવત્ ૧૯૫૩ ના માર્ગ૦ શુદ ૧૨, વવાણીઆ.

૪૮૧.

સર્વજ્ઞાયનમઃ

વૃત્તિનો લક્ષ તથારૂપ સર્વસંગપરિત્યાગપ્રત્યે વર્ત્તતો છતાં જે મુમુક્ષુને પ્રારબ્ધવિશેષથી તે યોગનો અનુદય રહ્યા કરે, અને કુટુંબાદિનો પ્રસંગ તથા આજીવિકાદિ કારણે પ્રવૃત્તિ રહે–જે યથાન્યાયથી કરવી પડે, પણ તે ત્યાગના ઉદયને પ્રતિબંધક જાણી સખેદપણે કરે–તે મુમુક્ષુએ પૂર્વોપાર્જિત શુભાશુભ કર્માનુસાર આજીવિકાદિ પ્રાપ્ત થશે એમ વિચારી માત્ર નિમિત્તરૂપ પ્રયત્ન કરવું ઘટે, પણ ભયાકુળ થઇ ચિંતા, કે ન્યાયત્યાગ કરવો ન ઘટે; કેમકે તે તો માત્ર વ્યામોહ છે;–એ સમાવવાયોગ્ય છે. પ્રાપ્તિ શુભાશુભ પ્રારબ્ધાનુસાર છે. પ્રયત્ન વ્યવહારિક નિમિત્ત છે

એટલે કરવું ઘટે; પણ ચિંતા તો માત્ર આત્મગુણરોધક છે.

સં૦ ૧૯૫૩ ના માર્ગ૦ શુદ ૧૨, વવાણીઆ.

૪૮૨.

આરંભ તથા પરિગ્રહની પ્રવૃત્તિ આત્મહિતને ઘણા પ્રકારે રોધક છે, અથવા સત્સમાગમના યોગમાં એક વિશેષ અંતરાયનું કારણ જાણીને તેના ત્યાગરૂપે બાહ્યસંયમ જ્ઞાનીપુરૂષોએ ઉપદેશ્યો છે, જે પ્રાયે તમને પ્રાપ્ત છે. વળી યથાર્થ ભાવસંયમની જિજ્ઞાસાથી પ્રવર્ત્તો છો, માટે અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો જાણી સત્શાસ્ત્ર, અપ્રતિબદ્ધતા, ચિત્તની એકાગ્રતા, સત્પુરૂષનાં વચનોની અનુપ્રેક્ષાદ્વારા તે સફળ કરવી યોગ્ય છે.

સંવત્ ૧૯૫૩ના માર્ગ૦ વદ ૧૧, બુધે, વવાણીઆ.

૪૮૩.

વિષમભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયા છતાં જે જ્ઞાનીપુરૂષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્ત્તે છે, અને ભવિષ્યકાળે વર્ત્તે તે સર્વને વારંવાર નમસ્કાર.

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહજે સમાય છે એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર; એ જ ધ્યાન.

સંવત્ ૧૯૫૩ના પોશ શુદ ૧૦, ભોમે, વવાણીઆ.

૪૮૪.

રાગ, દ્વેષનાં પ્રત્યક્ષ બળવાન નિમિત્તો પ્રાપ્ત થયે પણ જેનો આત્મભાવ કિંચિત્ માત્ર પણ ક્ષોભ પામતો નથી, તે જ્ઞાનીના જ્ઞાનનો વિચાર કરતાં પણ મહા નિર્જરા થાય; એમાં સંશય નથી.

સંવત્ ૧૯૫૩ના પોષ શુદ ૧૧, બુધે, વવાણીઆ.

૪૮૫.

આરંભ અને પરિગ્રહનો ઇચ્છાપૂર્વક પ્રસંગ હોય, તો આત્મલાભને વિશેષ ઘાતક છે; અને વારંવાર અસ્થિર, અપ્રશસ્ત પરિણામનો હેતુ છે, એમાં તો સંશય નથી; પણ જ્યાં અનિચ્છાથી ઉદયના કોઈ એક યોગથી પ્રસંગ વર્ત્તતો હોય ત્યાંપણ આત્મભાવના ઉત્કૃષ્ટપણાને બાધ કરનાર, તથા આત્મસ્થિરતાને અંતરાય કરનાર તે આરંભ પરિગ્રહનો પ્રસંગ પ્રાયે થાય છે, માટે પરમ કૃપાળુ જ્ઞાનીપુરૂષોએ ત્યાગમાર્ગ ઉપદેશ્યો છે; તે મુમુક્ષુ જીવે દેશે અને સર્વથા અનુસરવાયોગ્ય છે.

સંવત્ ૧૯૫૩ના પોષ વદ ૪, શુક્ર, વવાણીઆ.

૪૮૬.

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી એમ ચારે પ્રકારે અપ્રતિબદ્ધપણે આત્મતાએ વર્ત્તતા નિર્ગ્રંથને કહ્યું છે; તે વિશેષ અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

મોરબી, સંવત્ ૧૯૫૩ ના મહા શુદ ૯, બુધે.

૪૮૭.

કોઈ પુરૂષ પોતે વિશેષ સદાચારમાં તથા સંયમમાં પ્રવર્ત્તે છે, તેના સમાગમમાં આવવા ઇચ્છતા જીવોને તે પદ્ધતિનાં અવલોકનથી જેવો સદાચાર તથા સંયમનો લાભ થાય છે, તેવો લાભ વિસ્તારવાળા ઉપદેશથી પણ ઘણુંકરીને થતો નથી; તે લક્ષ રાખવાયોગ્ય છે.

સં૦ ૧૯૫૩ના મહા શુદ ૯, બુધે, મોરબીથી.

૪૮૮.

જે પ્રકારે બીજા મુમુક્ષુ જીવોના ચિત્તમાં, તથા અંગમાં નિર્મળતા–ભાવની વૃદ્ધિ થાય, તે તે પ્રકારે પ્રવર્ત્તવું કર્તવ્ય છે. નિયમિત શ્રવણ કરાવાય, તથા આરંભ પરિગ્રહના સ્વરૂપ સમ્યક્‌પ્રકારે જોતાં નિવૃત્તિને અને નિર્મળતાને કેટલા પ્રતિબંધક છે તે વાત ચિત્તમાં દૃઢ થાય, તેમ અરસ્પરસ જ્ઞાનકથા થાય તેમ કર્ત્તવ્ય છે.

સંવત્ ૧૯૫૩ના મહા વદ ૪, રવિ, મોરબી.

૪૮૯.

—સફળ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિષ્કામી રે.

—મુનિશ્રી આનંદઘન.

મોરબી, રવિ, મહા વદ ૪, ૧૯૫૩.

૪૯૦.

—તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહિયે રે;
સમય ચરણ–સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહિયે રે.

—મુનિશ્રી આનંદઘન.

સંવત્ ૧૯૫૩ના મહા વદ ૧૨, વવાણીઆ.

૪૯૧.

એકાંત નિશ્ચયનયથી મતિ આદિ ચાર જ્ઞાન, સંપૂર્ણ શુદ્ધ જ્ઞાનની અપેક્ષાએ વિકલ્પજ્ઞાન કહી શકાય; પણ સંપૂર્ણ શુદ્ધજ્ઞાન એટલે સંપૂર્ણ નિર્વિકલ્પજ્ઞાન ઉત્પન્ન થવાનાં એ જ્ઞાન સાધન છે. તેમાં પણ શ્રુતજ્ઞાન મુખ્યપણે છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થવામાં છેવટસુધી તે જ્ઞાનનું અવલંબન છે. પ્રથમથી કોઈ જીવ એનો ત્યાગ કરે તો કેવળજ્ઞાન પામે નહીં. કેવળજ્ઞાન સુધી દશા પામવાનો હેતુ શ્રુતજ્ઞાનથી થાય છે.

સંવત્ ૧૯૫૩ના મહા વદ ૨, વવાણીઆ.

૪૯૨.

"જ્ઞાનનું ફળ વિરતિ છે," વીતરાગનું આ વચન સર્વ મુમુક્ષુઓએ નિત્ય સ્મરણમાં રાખવાયોગ્યછે. જે વાંચવાથી, સમજવાથી, તથા આત્મા વિભાવથી, વિભાવનાં કાર્યોથી, અને વિભાવનાં પરિણામથી ઉદાસ ન થયો, વિભાવનો ત્યાગી ન થયો; વિભાવનાં કાર્યોનો અને વિભાવનાં ફળનો ત્યાગી ન થયો, તે વાંચવું, વિચારવું, અને તે સમજવું અજ્ઞાન છે. વિચારવૃત્તિ સાથે ત્યાગવૃત્તિ ઉત્પન્ન કરવી તેજ વિચાર સફળ છે; એમ કહેવાને જ્ઞાનીનો પરમાર્થ છે.

સંવત્ ૧૯૫૩ના ફાગણ વદ ૧૧, શ્રી વવાણીઆ.

૪૯૩.

ૐ નમઃ સર્વજ્ઞાય,

'આત્મસિદ્ધિ'માં કહેલા સમકિતના પ્રકારનો વિશેષાર્થ જિજ્ઞાસાનો કાગળ મળ્યો છે. 'આત્મસિદ્ધિ'માં ત્રણ પ્રકારનાં સમકિત ઉપદેશ્યાં છેઃ

આપ્ત પુરુષના વચનની પ્રતીતિરૂપ, આજ્ઞાની અપૂર્વ રુચિરૂપ, સ્વચ્છંદનિરોધપણે આપ્ત પુરુષની ભક્તિ; એ પ્રથમ સમકિત કહ્યું છે.

પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ તે સમકિતનો બીજો પ્રકાર કહ્યો છે.

નિર્વિકલ્પ પરમાર્થઅનુભવ તે સમકિતનો ત્રીજો પ્રકાર કહ્યો છે.

પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે. બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. ત્રણે સમકિત વીતરાગ પુરૂષે માન્ય કર્યાં છે. ત્રણે સમકિત ઉપાસવાયોગ્ય છે, સત્કાર કરવાયોગ્ય છે; ભક્તિ કરવાયોગ્ય છે.

કેવળજ્ઞાન ઉપજવાના છેલ્લા સમયસુધી સત્પુરૂષનાં વચનોનું અવલંબન વીતરાગે કહ્યું છે; અર્થાત્ બારમા ક્ષીણમોહગુણસ્થાનક પર્યંત શ્રુતજ્ઞાનથી આત્માના અનુભવને નિર્મળ કરતાં કરતાં તે નિર્મળતા સંપૂર્ણતા પામ્યે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે ઉત્પન્ન થવાના પ્રથમ સમયસુધી સત્પુરૂષે ઉપદેશેલો માર્ગ આધારભૂત છે; એમ કહ્યું છે તે નિઃસંદેહ સત્ય છે.

સંવત્ ૧૯૫૩ના ફા૦ વદ ૧૧, રવિ, વવાણીઆ.

૪૯૪.

લેશ્યા—જીવનાં કૃષ્ણાદિ દ્રવ્યની પેઠે ભાસ્યમાન પરિણામ.

અધ્યવસાય—લેશ્યા—પરિણામની કંઈક સ્પષ્ટપણે પ્રવૃત્તિ.

સંકલ્પ—કંઈ પણ પ્રવૃત્તિ કરવાનો નિર્ધારિત અધ્યાવસાય.

વિકલ્પ—કંઈ પણ પ્રવૃત્તિ કરવાનો અપૂર્ણ—અનિર્ધારિત—સંદેહાત્મક—અધ્યવસાય.

સંજ્ઞા—કંઈ પણ આગળ પાછળની ચિંતવનશક્તિવિશેષ અથવા સ્મૃતિ.

પરિણામ—જળના દ્રવણસ્વભાવની પેઠે દ્રવ્યની કથંચિત્ અવસ્થાંતર પામવાની શક્તિ છે, તે અવસ્થાંતરની વિશેષ ધારા, તે પરિણતિ.

મિથ્યાત્વસહિત મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન હોય તો તે 'અજ્ઞાન.'

મિથ્યાત્વસહિત અતીંદ્રિય જ્ઞાન હોય તે 'વિભંગજ્ઞાન.'

કંઈ પણ વિશેષપણે જાણવું તે 'વિજ્ઞાન.'

સં૦ ૧૯૫૩ના ફાલ્ગુન વદ ૧૧, સોમે, વવાણીઆ.

૪૯૫.

પરમભક્તિથી સ્તુતિકરનારપ્રત્યે પણ જેને રાગ નથી, અને પરમદ્વેષથી પરિષહ ઉપસર્ગ કરનારપ્રત્યે પણ જેને દ્વેષ નથી, તે પુરૂષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર,

અદ્વેષવૃત્તિ વર્તવું યોગ્ય છે, ધીરજ કર્તવ્ય.

"'આચારંગ' વાંચતાં સાધુનો દીર્ઘશંકાદિ કારણોમાં પણ ઘણો સાંકડો માર્ગ જોવામાં આવ્યો તે પરથી એવી આશંકા થઈ કે, એટલી બધી સંકડાશ એવી અલ્પ ક્રિયામાં પણ રાખવાનું કારણ શું હશે ?" તે આશંકાનું સમાધાનઃ—

સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે; પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવાયોગ્ય છે. કંઈ પણ તેવી પ્રવૃત્તિ કરતાં ઉપયોગ બહિર્મુખ થવાનું નિમિત્ત છે, તેથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગપ્રત્યે રહ્યા કરે એવા પ્રકારમાં ગ્રહણ કરાવી છે. કેવળ અને સહજ અંતર્મુખ ઉપયોગ તો મુખ્યતાએ 'કેવળ ભૂમિકા' નામે તેરમે ગુણસ્થાનકે હોય છે. અતિનિર્મળ વિચારધારાના બળવાનપણાસહિત અંતર્મુખ ઉપયોગ સાતમે ગુણસ્થાનકે હોય છે. પ્રમાદથી તે ઉપયોગ સ્ખલિત થાય છે, અને કંઈ વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવ અસંયમપણે ઉપયોગની પ્રવૃત્તિ થાય છે. તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી, તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્ભુત સંકલનાથી ઉપદેશી છે. જેમે 'પાંચ સમિતિ' કહેવાય છે.

જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક ચાલવું પડે તો ચાલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક બોલવું પડે તો બોલવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક આહારાદિ ગ્રહણ કરવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક વસ્ત્રાદિનું લેવું મૂકવું; જેમ આજ્ઞા આપી છે તેમ આજ્ઞાના ઉપયોગપૂર્વક દીર્ઘશંકાદિ શરીરમળનો ત્યાગકરવાયોગ્ય ત્યાગ કરવો. એ પ્રકારે પ્રવૃત્તિરૂપ 'પાંચ સમિતિ' કહી છે. જે જે સંયમમાં પ્રવર્ત્તવાના બીજા પ્રકારો ઉપદેશ્યા છે, તે તે સર્વ આ 'પાંચ સમિતિ' માં સમાય છે; અર્થાત્ જે કંઇ નિર્ગ્રંથને પ્રવૃત્તિ કરવાની આજ્ઞા આપી છે, તે પ્રવૃત્તિ ત્યાગ કરવી અશક્ય છે તેની જ આજ્ઞા આપી છે; અને તે એવા પ્રકારમાં આપી છે કે, મુખ્ય હેતુ જે અંતર્મુખ ઉપયોગ તેને જેમ અસ્ખલિતતા રહે તેમ આપી છે. તે જ પ્રમાણે વર્ત્તવામાં આવે તો ઉપયોગ સતત જાગ્રત રહ્યા કરે, અને જે જે સમયે જીવની, જેટલી જેટલી જ્ઞાનશક્તિ તથા વીર્યશક્તિ છે તે તે અપ્રમત્ત રહ્યા કરે. દીર્ઘશંકાદિ ક્રિયાએ પ્રવર્ત્તતાં પણ અપ્રમત્તસંયમદૃષ્ટિ વિસ્મરણ ન થઇ જાય તે હેતુએ તેવી તેવી સંકડાશવાળી ક્રિયા ઉપદેશી છે. પણ સત્પુરૂષની દૃષ્ટિવિના તે સમજાતી નથી. આ રહસ્યદૃષ્ટિ સંક્ષેપમાં લખી છે તે પર ઘણો ઘણો વિચાર કર્ત્તવ્ય છે. સર્વ ક્રિયામાં પ્રવર્ત્તતાં આ દૃષ્ટિ સ્મરણમાં આણવાનો લક્ષ રાખવાયોગ્ય છે. 'કર્મગ્રંથ'ની વાંચના કર્ત્તવ્ય છે.

ચૈત્ર શુદ ૩, રવિ, સંવત્ ૧૯૫૩, વવાણીઆ.

૪૯૬.

ત્રણે પ્રકારનાં સમકિતમાંથી ગમે તે પ્રકારનું સમકિત આવે તોપણ વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ થાય; અને જો તે સમકિત આવ્યા પછી જીવ વમે, તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્ત્તનકાળ સુધી સંસારપરિભ્રમણ થઇને મોક્ષ થાય.

તીર્થંકરનાં નિર્ગ્રંથ, નિર્ગ્રંથીઓ, શ્રાવક અને શ્રાવિકાઓ સર્વને જીવ અજીવનું જ્ઞાન હતું તેથી સમકિત કહ્યું છે એમ કંઇ નથી. તેમાંના ઘણા જીવોને માત્ર સાચા અંતરંગ ભાવથી તીર્થંકરની, અને તેમના ઉપદેશેલા માર્ગની પ્રતીતિથી પણ સમકિત કહ્યું છે. એ સમકિત પામ્યા પછી જો વમ્યું ન હોય, તો વધારેમાં વધારે પંદર ભવ થાય. સાચા મોક્ષમાર્ગને પામેલા એવા સત્પુરૂષની તથારૂપ પ્રતીતિથી સિદ્ધાંતમાં પણ ઘણે સ્થળે સમકિત કહ્યું છે. એ સમકિત આવ્યા વિના જીવને ઘણુંકરીને જીવ અને અજીવનું યથાર્થ જ્ઞાન પણ થતું નથી. જીવ અજીવનું જ્ઞાન પામવાનો મુખ્ય માર્ગ એ જ છે.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગઅજ્ઞાન, એ આઠે જીવના ઉપયોગસ્વરૂપ હોવાથી અરૂપી કહ્યાં છે. 'જ્ઞાન' અને 'અજ્ઞાન' એ બેમાં મુખ્ય ફેર આટલો છે કે જે જ્ઞાન સમકિતસહિત છે, તેને 'જ્ઞાન' કહ્યું છે, અને જે જ્ઞાન મિથ્યાત્વસહિત છે તેને 'અજ્ઞાન' કહ્યું છે; પણ વસ્તુતાએ બન્ને જ્ઞાન છે.

'જ્ઞાનાવરણીયકર્મ' અને 'અજ્ઞાન' એક નથી. 'જ્ઞાનાવરણીયકર્મ' જ્ઞાનને આવરણસ્વરૂપ છે, અને 'અજ્ઞાન' જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમસ્વરૂપ એટલે આવરણટળવાસ્વરૂપ છે.

'અજ્ઞાન' શબ્દનો સાધારણ ભાષામાં "જ્ઞાનરહિત" અર્થ થાય છે જેમ જડ જ્ઞાનથી રહિત છે તેમ; પણ નિર્ગ્રંથપરિભાષામાં તો મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ 'અજ્ઞાન' છે; એટલે તે દૃષ્ટિથી અજ્ઞાનને અરૂપી કહ્યું છે.

એમ આશંકા થાય કે, જો અજ્ઞાન અરૂપી હોય તો સિદ્ધમાં પણ હોવું જોઇએ. તેનું સમાધાન આ પ્રમાણે છેઃ મિથ્યાત્વસહિત જ્ઞાનનું નામ 'અજ્ઞાન' કહ્યું છે. તેમાંથી મિથ્યાત્વ જતાં જતાં બાકી જ્ઞાન રહે છે, તે જ્ઞાન સંપૂર્ણ શુદ્ધતાસહિત સિદ્ધ ભગવંતમાં વર્ત્તે છે. સિદ્ધનું,

કેવળજ્ઞાનીનું અને સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન મિથ્યાત્વરહિત છે. મિથ્યાત્વ જીવને ભ્રાંતિસ્વરૂપે છે. તે ભ્રાંતિ યથાર્થ સમજાયે નિવૃત્ત થઈ શકવાયોગ્ય છે. મિથ્યાત્વ દિશાભ્રમરૂપ છે.

ચૈત્ર શુદ ૪, સોમ, સંવત્ ૧૯૫૩, વવાણીઆ.

૪૯૭.

૧. એકેંદ્રિય જીવને અનુકૂળ સ્પર્શાદિની પ્રિયતા અવ્યક્તપણે છે, તે 'મૈથુનસંજ્ઞા' છે.

૨. એકેંદ્રિય જીવને દેહ અને દેહના નિર્વાહાદિ સાધનમાં અવ્યક્ત મૂર્છારૂપ 'પરિગ્રહસંજ્ઞા' છે. વનસ્પતિએકેંદ્રિય જીવમાં આ સંજ્ઞા કંઈક વિશેષ વ્યક્ત છે.

ચૈત્ર શુદ ૪. સંવત્ ૧૯૫૩, શ્રી વવાણીઆ.

૪૯૮.

ૐ. સર્વજ્ઞાયનમઃ

કેટલાક રોગાદિપર ઔષધાદિ-સંપ્રાપ્ત થયે-અસર કરે છે, કેમકે તે રોગાદિના હેતુનો કર્મબંધ કંઈ પણ તેવા પ્રકારનો હોય છે. ઔષધાદિ નિમિત્તથી તે પુદ્ગલ વિસ્તારમાં પસરી જઈને, અથવા ખશી જઈને વેદનીયના ઉદયનું નિમિત્તપણું છોડી દે છે. તેવી રીતે નિવૃત્ત થવાયોગ્ય તે રોગાદિ સંબંધી કર્મબંધન હોય, તો તે તેનાપર ઔષધાદિની અસર થતી નથી, અથવા ઔષધાદિ પ્રાપ્ત થતાં નથી, કે સમ્યક્ ઔષધાદિ પ્રાપ્ત થતાં નથી.

અમુક કર્મબંધ કેવા પ્રકારના છે, તે તથારૂપ જ્ઞાનદૃષ્ટિવિના જાણવું કઠણ છે, એટલે ઔષધાદિ વ્યવહારની પ્રવૃત્તિ એકાંતે નિષેધી ન શકાય. પોતાના દેહના સંબંધમાં કોઈ એક પરમ આત્મદૃષ્ટિવાળા પુરૂષ તેમ વર્ત્તે તો એટલે ઔષધાદિ ગ્રહણ ન કરે તો તે યોગ્ય છે; પણ બીજા સામાન્ય જીવો તેમ વર્તવા જાય તો તે એકાંતિક દૃષ્ટિથી કેટલીક હાનિ કરે; તેમાં પણ પોતાને આશ્રિત રહેલા એવા જીવોપ્રત્યે અથવા બીજા કોઈ જીવપ્રત્યે રોગાદિ કારણોમાં તેવો ઉપચાર કરવાના વ્યવહારમાં વર્ત્તી શકે તેવું છે. છતાં ઉપચારાદિ કરવાની ઉપેક્ષા કરે તો અનુકંપામાર્ગ છોડી દેવા જેવું થાય. કોઈ જીવ ગમે તેવો પીડાતો હોય તોપણ તેની આસના વાસના કરવાનું, તથા ઔષધાદિવ્યવહાર, છોડી દેવામાં આવે તો તેને આર્તધ્યાનના હેતુ થવા જેવું થાય. ગૃહસ્થવ્યવહારમાં એવી એકાંતિક દૃષ્ટિ કરતાં ઘણા વિરોધ ઉત્પન્ન થાય. ત્યાગવ્યવહારમાં પણ એકાંતે ઉપચારાદિનો નિષેધ જ્ઞાનીએ કર્યો નથી. નિર્ગ્રંથને સ્વપરિગ્રહિત શરીરે રોગાદિ થાય ત્યારે ઔષધાદિ ગ્રહણ કરવામાં એવી આજ્ઞા છે કે, જ્યાંસુધી આર્તધ્યાન ન ઉપજવાયોગ દૃષ્ટિ રહે ત્યાંસુધી ઔષધાદિ ગ્રહણ ન કરવું, અને તેવું વિશેષ કારણ દેખાય તો નિર્વદ્ય ઔષધાદિ ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી; અથવા યથાશુભ ઔષધાદિ ગ્રહણ કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી; અને બીજા નિર્ગ્રંથને શરીરે રોગાદિ થયું હોય ત્યારે તેની વૈયાવચ્ચાદિ કરવાનો પ્રકાર જ્યાં દર્શાવ્યો છે ત્યાં કંઈ પણ વિશેષ અનુકંપાદિ દૃષ્ટિ રહે એવી રીતે દર્શાવ્યો છે. એટલે ગૃહસ્થવ્યવહારમાં એકાંત તેનો ત્યાગ અશક્ય છે એમ સમજાશે.

તે ઔષધાદિ કંઈ પણ પાપક્રિયાથી થયાં હોય, તોપણ તેથી પોતાના ઔષધાદિપણાનો ગુણ દેખાડ્યા વિના ન રહે, અને તેમાં થયેલી પાપક્રિયા પણ પોતાનો ગુણ દેખાડ્યાવિના ન રહે; અર્થાત્ જેમ ઔષધાદિના પુદ્ગલમાં રોગાદિ પુદ્ગલને પરાભવ કરવાનો ગુણ છે, તેમ તે કરતાં કરવામાં આવેલી પાપક્રિયામાં પણ પાપપણે પરિણમવાનો ગુણ છે, અને તેથી કર્મબંધ થઈ યથાઅવસર તે પાપક્રિયાનું ફળ ઉદયમાં આવે. તે પાપક્રિયાવાળા ઔષધાદિ કરવામાં, કરાવવામાં, તથા અનુમોદન કરવામાં ગ્રહણ કરનાર જીવની જેવી જેવી દેહાદિ અર્થે મૂર્છા છે, મનનું આકુળવ્યાકુળપણું છે; તથા તે ઔષધાદિની પાપક્રિયા છે, તે સર્વે પોતપોતાના સ્વભાવ

છે તેવો દર્શાવે છે, જેમ ઔષધાદિનાં પુદ્ગલ પોતાનો સ્વભાવ દર્શાવે છે, તેમ ઔષધાદિની ઉત્પત્તિ આદિમાં થયેલી ક્રિયા તેના કર્ત્તાની જ્ઞાનાદિ વૃત્તિ તથા તે ગ્રહણકર્ત્તાનાં જેવાં પરિણામ છે—તેનાં જેવાં જ્ઞાનાદિ છે, વૃત્તિ છે–તેને પોતાનો સ્વભાવ દર્શાવવાને યોગ્ય છે; તથારૂપ શુભ શુભસ્વરૂપે અને અશુભ અશુભસ્વરૂપે સફળ છે.

ગૃહસ્થવ્યવહારમાં પણ પોતાના દેહે રોગાદિ થયે જેટલી મુખ્ય આત્મદૃષ્ટિ રહે તેટલી રાખવી; અને આર્તધ્યાનનું યથાદૃષ્ટિએ જોતાં અવશ્ય પરિણામ આવવાયોગ્ય દેખાય, અથવા આર્તધ્યાન ઉપજતું દેખાય, તો ઔષધાદિ વ્યવહાર ગ્રહણ કરતાં નિર્વદ્ય (નિષ્પાપ) ઔષધાદિની વૃત્તિ રાખવી. ક્વચિત્ પોતાને અર્થે, અથવા પોતાને આશ્રિત એવા, અથવા અનુકંપાયોગ્ય એવા પર જીવને અર્થે સાવદ્ય ઔષધાદિનું ગ્રહણ થાય તો તેનું સાવદ્યપણું નિર્ધ્વંશ (ક્રૂર) પરિણામના હેતુ જેવું, અથવા માર્ગને ઉથાપે તેવું હોવું ન જોઇએ; એ લક્ષ રાખવાયોગ્ય છે.

સર્વ જીવને હિતકારી એવી જ્ઞાનીપુરૂષની વાણીને કંઈ પણ એકાંત દૃષ્ટિ ગ્રહણ કરીને અહિતકારી અર્થમાં ઉતારવી નહીં; એ ઉપયોગ નિરંતર સ્મરણમાં રાખવાયોગ્ય છે.

ચૈત્ર સુદ ૧૦, સોમે, ૧૯૫૩, શ્રી વવાણીઆથી.

૪૯૯.

ૐ સર્વજ્ઞાયનમઃ

જે વેદનીયપર ઔષધ અસર કરે છે, તે ઔષધ વેદનીયનો બંધ વસ્તુતાએ નિવૃત્ત કરી શકે છે એમ કહ્યું નથી, કેમકે તે ઔષધ કર્મરૂપ વેદનીયનો નાશ કરે તો અશુભ કર્મ નિષ્ફળ થાય, અથવા ઔષધ શુભકર્મરૂપ કહેવાય. પણ ત્યાં એમ સમજવું યોગ્ય છે કે, તે અશુભ કર્મવેદનીય એવા પ્રકારની છે કે તેને પરિણામાંતર પામવામાં ઔષધાદિ નિમિત્ત કારણરૂપ થઈ શકે. મંદ, કે મધ્યમ, શુભ અથવા અશુભ બંધને કોઈ એક સ્વજાતીય કર્મ મળવાથી ઉત્કૃષ્ટ બંધ પણ થઈ શકે છે. મંદ, કે મધ્યમ બાંધેલા કેટલાએક શુભ બંધને કોઈ એક અશુભ કર્મવિશેષના પરાભવથી અશુભ પરિણામીપણું થાય છે, તેમ જ તેવા અશુભ બંધને કોઈ એક શુભકર્મના યોગથી શુભ પરિણામીપણું થાય છે.

મુખ્યકરીને બંધ પરિણામાનુસાર થાય છે. કોઇ એક મનુષ્યપ્રાણીનો તીવ્ર પરિણામે નાશ કરવાથી તેણે 'નિકાચિત કર્મ' ઉત્પન્ન કર્યું; છતાં કેટલાક બચાવના કારણથી અને સાક્ષી આદિના અભાવથી રાજનીતિના ધોરણમાં તે કર્મ કરનાર મનુષ્ય છૂટી જાય તેથી કાંઈ તેનો બંધ 'નિકાચિત' નહીં હોય એમ સમજવાયોગ્ય નથી. તેના વિપાકનો ઉદય થવાનો વખત દૂર હોય તેથી પણ એમ બને. વળી કેટલાક અપરાધમાં રાજનીતિના ધોરણે શિક્ષા થાય છે, તે પણ કર્ત્તાના પરિણામવત્ જ છે એમ એકાંતે નથી, અથવા તે શિક્ષા કોઈ આગળ ઉત્પન્ન કરેલા અશુભ કર્મના ઉદયરૂપ પણ હોય છે; અને વર્ત્તમાન કર્મબંધ સત્તામાં પડયા રહે છે. જે યથાઅવસરે વિપાક આપે છે.

સામાન્યપણે અસત્યાદિ કરતાં હિંસાનું પાપ વિશેષ છે. પણ વિશેષદૃષ્ટિએ તો હિંસા કરતાં અસત્યાદિનું પાપ એકાંતે ઓછું છે એમ ન સમજવું; અથવા વધારે છે એમ પણ એકાંતે ન સમજવું. હિંસાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને તેના કર્ત્તાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને તેનો બંધ કર્ત્તાને થાય છે. તેમ જ અસત્યાદિના સંબંધમાં પણ સમજવાયોગ્ય છે. કોઈએક હિંસા કરતાં કોઈએક અસત્યાદિનું ફળ એક ગુણુ, બે ગુણુ, કે અનંતગુણુવિશેષપર્યંત થાય છે. તેમ જ કોઇએક અસત્યાદિ કરતાં કોઇએક હિંસાનું ફળ પણ એક ગુણુ, બે ગુણુ, કે અનંતગુણુવિશેષપર્યંત થાય છે.

ત્યાગની વારંવાર વિશેષ જિજ્ઞાસા છતાં, સંસારપ્રત્યે વિશેષ ઉદાસીનતા છતાં, કોઈએક પૂર્વ-કર્મના બળવાનપણાથી જે જીવ ગૃહસ્થાવાસ ત્યાગી શકતા નથી, તે પુરૂષ ગૃહસ્થાવાસમાં કુટુંબાદિના નિર્વાહઅર્થે જે કાંઈ પ્રવૃત્તિ કરે છે, તેમાં તેનાં પરિણામ જેવાં જેવાં વર્તે છે, તે તે પ્રમાણે બંધાદિ થાય. મોહ છતાં અનુકંપા માનવાથી, કે પ્રમાદ છતાં ઉદય માનવાથી, કંઈ કર્મબંધ ભૂલથાપ ખાતો નથી; તે તો યથાપરિણામ બંધપણું પામે છે. કર્મના સૂક્ષ્મ પ્રકારોને મતિ વિચારી ન શકે તોપણ શુભ અને અશુભ કર્મ સફળ છે, એ નિશ્ચય જીવે વિસ્મરણ કરવો નહીં. પ્રત્યક્ષ પરમ ઉપકારી હોવાથી, તથા સિદ્ધપદના બતાવનાર પણ તેઓ હોવાથી, સિદ્ધ કરતાં અર્હંતને પ્રથમ નમસ્કાર કર્યો છે.

શ્રી વવાણીઆ, ચૈત્ર શુદ ૧૫, શનિ, સંવત્ ૧૯૫૩.

૫૦૦.

છ કાયનું સ્વરૂપ પણ સત્પુરૂષની દૃષ્ટિએ પ્રતીત કરતાં તથા વિચારતાં જ્ઞાન જ છે. 'આ જીવ દિશાથી આવ્યો છે' એ વાક્યથી 'શાસ્ત્રપરિજ્ઞા–અધ્યયન' પ્રારંભ્યું છે. સદ્‌ગુરૂમુખે તે પ્રારંભવાક્યના આશયને સમજવાથી સમસ્ત દ્વાદશાંગીનું રહસ્ય સમજાવાયોગ્ય છે.

વવાણીઆ ચૈત્ર વદ ૧, રવિ, સં૦ ૧૯૫૩.

૫૦૧.

તથારૂપ (યથાર્થ) આપ્ત (મોક્ષમાર્ગ માટે જેના વિશ્વાસે પ્રવર્તી શકાય એવા) પુરૂષનો, જીવને, સમાગમ થવામાં કોઈએક પુણ્યહેતુ જોઈએ છીએ; તેનું ઓળખાણ થવામાં મહદ્‌મહદ્‌પુણ્ય જોઈએ છીએ, અને તેની આજ્ઞા ભક્તિએ પ્રવર્ત્તવામાં મહદ્‌પુણ્ય જોઈએ છીએ; એવાં જ્ઞાનીનાં વચનો છે તે સાચાં છે એમ પ્રત્યક્ષ અનુભવાય એવું છે. તથારૂપ આપ્ત પુરૂષના અભાવ જેવો આ કાળ વર્ત્તે છે, તોપણ આત્માર્થી જીવે તેવો સમાગમ ઇચ્છતાં તેના અભાવે પણ વિશુદ્ધિસ્થાનકના અભ્યાસનો લક્ષ અવશ્ય કરીને કર્તવ્ય છે.

ઇડર, વૈશાખ વદ ૧૨, શુક્ર, ૧૯૫૩.

૫૦૨.

કેવળ નિરાશા પામવાથી જીવને સત્સમાગમનો પ્રાપ્ત લાભ પણ શિથિલ થઈ જાય છે. સત્સમાગમના અભાવનો ખેદ રાખતાં છતાં પણ સત્સમાગમ થયો છે એ પરમ પુણ્યયોગ બન્યો છે, માટે સર્વસંગત્યાગયોગ બનતાંસુધીમાં ગૃહસ્થવાસે સ્થિતિ હોય ત્યાંપર્યંત તે પ્રવૃત્તિ નીતિસહ કંઈ પણ જાળવી લઈને પરમાર્થમાં ઉત્સાહસહિત પ્રવર્તી વિશુદ્ધિસ્થાનક નિત્ય અભ્યાસતાં રહેવું એ જ કર્તવ્ય છે.

૫૦૩.

જેને કોઈ પણ પ્રત્યે રાગ દ્વેષ રહ્યા નથી તે મહાત્માને વારંવાર નમસ્કાર.

પરમયોગી એવા શ્રી ઋષભદેવાદિ પુરૂષો પણ જે દેહને રાખી શક્યા નથી, તે દેહમાં એક વિશેષપણું રહ્યું છે. તે એ કે તેનો સંબંધ વર્ત્તે ત્યાંસુધીમાં જીવે અસંગપણું–નિર્મોહપણું–કરી લઈ અબાધ્ય અનુભવસ્વરૂપ એવું નિજસ્વરૂપ જાણી, બીજા સર્વ ભાવપ્રત્યેથી વ્યાવૃત (છૂટા) થવું, કે જેથી ફરી જન્મ મરણનો ફેરો ન રહે. તે દેહ છોડતી વખતે જેટલા અંશે અસંગપણું—નિર્મોહપણું–યથાર્થ સમરસપણું–રહે છે તેટલું મોક્ષપદ નજીક છે, એમ પરમજ્ઞાની પુરૂષનો નિશ્ચય છે.

કંઈ પણ મન, વચન, કાયાના યોગથી અપરાધ થયો હોય–જાણતાં અથવા અજાણતાં–તે સર્વ વિનયપૂર્વક ખમાવું છું. ઘણા નમ્રભાવથી ખમાવું છું.

આ દેહે કરવાયોગ્ય કાર્ય તો એક જ છે કે કોઇપ્રત્યે રાગ, અથવા કોઇપ્રત્યે કિંચિત્માત્ર દ્વેષ ન રહે; સર્વત્ર સમદશા વર્ત્તે; એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.

સંવત્ ૧૯૫૩, જેઠ શુદ ૮, ભોમ, મુંબઈ.

૫૦૪.

પરમપુરૂષદશાવર્ણન.

—કીચસો કનક જાકે નીચસો નરેશપદ
મીચસી મિતાઈ ગરવાઈ જાકે ગારસી,
જહરસી જોગ જાનિ કહરસી કરામતિ
હહરસી હૌંસ પુદ્ગલછબી છારસી;
જાલસો જગવિલાસ ભાલસો ભુવનવાસ
કાલસો કુટુંબકાજ લોકલાજ લારસી,
સીઠસો સુજસ જાનૈ બીઠસો બખત માનૈ
ઐસી જાકી રીતિ તાહી બંદત બનારસી.

જે કંચનને કાદવસરખું જાણે છે, રાજગાદીને નીચપદસરખી જાણે છે, કોઈથી સ્નેહ કરવો તેને મરણસમાન જાણે છે, મોટાઈને લીપવાની ગારજેવી જાણે છે, કિમિયા વગેરે જોગને ઝેરસમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતાસમાન જાણે છે, જગત્માં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થસમાન જાણે છે, પુદ્ગલની છબી એવી ઔદારિકાદિ કાયાને રાખજેવી જાણે છે, જગતના ભોગ–વિલાસને મુંઝાવારૂપ જાળસમાન જાણે છે, ઘરવાસને ભાલાસમાન જાણે છે, કુટુંબનાં કાર્યને કાળ એટલે મૃત્યુસમાન જાણે છે, લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળસમાન જાણે છે. કીર્તિની ઇચ્છાને નાકના મેલજેવી જાણે છે, અને પુણ્યના ઉદયને જે વિષ્ઠાસમાન જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.

વ્યવહાર અથવા પરમાર્થસંબંધી કોઈ પણ જીવ વિષેની વૃત્તિ હોય તે ઉપશાંત કરી, કેવળ અસંગઉપયોગે અથવા પરમપુરૂષની ઉપર કહી છે તે દશાના અવલંબને આત્મસ્થિતિ કરવી એમ વિજ્ઞાપના છે, કેમકે બીજો કોઈ પણ વિકલ્પ રાખવાજેવું નથી. જે કોઈ સાચા અંતઃકરણે સત્પુરૂષના વચનને ગ્રહણ કરશે તે સત્યને પામશે એમાં કંઈ સંશય નથી; અને શરીરનિર્વાહાદિ વ્યવહાર સૌ સૌના પ્રારબ્ધ પ્રમાણે પ્રાપ્ત થવાયોગ્ય છે, એટલે તે વિષે પણ કંઈ વિકલ્પ રાખવાયોગ્ય નથી; જે વિકલ્પ તમે ઘણુંકરીને સમાવ્યો છે, તોપણ નિશ્ચયના બળવાનપણાને અર્થે દર્શાવ્યું છે.

સર્વ જીવપ્રત્યે, સર્વ ભાવપ્રત્યે અખંડ એકરસ વીતરાગદશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, જન્મ જરા મરણરહિત અસંગસ્વરૂપ છે. એમાં સર્વ જ્ઞાન સમાય છે. તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે. આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવદશા રહે તે, સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ, અને વીતરાગદશા છે; જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે; એ કેવળ નિઃસંદેહ છે, કેવળ નિઃસંદેહ છે.

જેઠ વદ ૬, રવિ, ૧૯૫૩ મુંબઈ.

૫૦૫.

આર્ય શ્રી સોભાગે જેષ્ટ વદ ૧૦, ગુરૂવારે સવારે કલાક ૧૦ ને ૫૦ મિનિટે દેહ મુક્યાના સમાચાર વાંચી ઘણો ખેદ થયો છે. જેમ જેમ તેમના અદ્‌ભુત ગુણોપ્રત્યે દૃષ્ટિ જાય છે, તેમ તેમ અધિક અધિક ખેદ થાય છે.

જીવને દેહનો સંબંધ એ જ રીતે છે, તેમ છતાં પણ અનાદિથી તે દેહને ત્યાગતાં જીવ ખેદ પામ્યા કરે છે, અને તેમાં દૃઢ મોહથી એકપણાની પેઠે વર્ત્તે છે. જન્મ મરણાદિ સંસારનું મુખ્ય બીજ એ જ છે. શ્રી સોભાગે તેવા દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચય અસંગતાથી નિજઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી.

વડીલપણાથી, તથા તેમના તમારાપ્રત્યે ઘણા ઉપકાર હોવાથી, તેમ જ તેમના ગુણોના અદ્ભુતપણાથી તેમનો વિયોગ તમને વધારે ખેદકારક થયો છે, અને થવાયોગ્ય છે. તેમના તમારાપ્રત્યેના સંસારી વડીલપણાનો ખેદ વિસ્મરણ કરી, તેમણે તમારા સર્વેપ્રત્યે જે પરમ ઉપકાર કર્યો હોય, તથા તેમના ગુણોનું જે જે અદ્ભુતપણુ તમને ભાસ્યું હોય, તેને વારંવાર સંભારી, તેવા પુરૂષનો વિયોગ થયો તેનો અંતરમાં ખેદ રાખી, તેમણે આરાધવાયોગ્ય જે જે વચનો અને ગુણો કહ્યા હોય તેનું સ્મરણ આણી તેમાં આત્માને પ્રેરવો એમ તમો સર્વપ્રત્યે વિનંતિ છે. સમાગમમાં આવેલા મુમુક્ષુઓને શ્રી સોભાગનું સ્મરણ સહેજે ઘણા વખતસુધી રહેવાયોગ્ય છે.

મોહે કરીને જે સમયે ખેદ થાય, તે સમયે પણ તેમના ગુણોનું અદ્ભુતપણુ સ્મરણમાં આણી, મોહથી થતો ખેદ સમાવીને ગુણોના અદ્ભુતપણાનો વિરહ થયો તે પ્રકારમાં તે ખેદ પ્રવર્ત્તાવવો યોગ્ય છે.

આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરૂષ મળે એમ અમને વારંવાર ભાસે છે.

ધીરજથી સર્વેએ ખેદ સમાવવો, અને તેમના અદ્ભુત ગુણોનો અને ઉપકારી વચનોનો આશ્રય કરવો યોગ્ય છે. 'શ્રી સોભાગ' મુમુક્ષુએ વિસ્મરણ કરવાયોગ્ય નથી.

સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે જાણ્યું છે, તેને તે સંસારના પદાર્થની પ્રાપ્તિથી, કે અપ્રાપ્તિથી હર્ષ, શોક થવાયોગ્ય નથી. તોપણ એમ જણાય છે કે, સત્પુરૂષના સમાગમની પ્રાપ્તિથી કંઈ પણ હર્ષ, અને તેમના વિયોગથી કંઈ ખેદ અમુક ગુણસ્થાનકસુધી તેમને પણ થવાયોગ્ય છે.

શ્રી સોભાગની સરળતા, પરમાર્થસંબંધી નિશ્ચય, મુમુક્ષુપ્રત્યે પરમ ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવાયોગ્ય છે.

જેઠ વદ ૧૨, શનિ, ૧૯૫૩, મુંબઈ. **શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

૫૦૬.

સર્વ જીવ સુખને ઇચ્છે છે, પણ કોઈક વિરલા પુરૂષ તે સુખનું યથાર્થ સ્વરૂપ જાણે છે.

જન્મ મરણ આદિ અનંત દુઃખનો આત્યંતિક (સર્વથા) ક્ષય થવાનો ઉપાય અનાદિકાળથી જીવના જાણવામાં નથી. તે ઉપાય જાણવાની, અને કરવાની સાચી ઇચ્છા ઉત્પન્ન થયે જીવ જો સત્પુરૂષના સમાગમનો લાભ પામે, તો તે ઉપાયને જાણી શકે છે, અને તે ઉપાય ઉપાસીને સર્વ દુઃખથી મુક્ત થાય છે.

તેવી સાચી ઇચ્છા પણ ઘણુંકરીને જીવને સત્પુરૂષના સમાગમથી જ પ્રાપ્ત થાય છે. તેવો સમાગમ, તે સમાગમની ઓળખાણ, દર્શાવેલા માર્ગની પ્રતીતિ, અને તેમ જ ચાલવાની પ્રવૃત્તિ જીવને પરમ દુર્લભ છે.

મનુષ્યપણુ, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ પ્રાપ્ત થવું, તેની પ્રતીતિ થવી, અને તેમણે કહેલા માર્ગમાં પ્રવૃત્તિ થવી પરમ દુર્લભ છે; એમ શ્રી વર્દ્ધમાનસ્વામીએ 'ઉત્તરાધ્યન' ના ત્રીજા અધ્યયનમાં ઉપદેસ્યું છે.

પ્રત્યક્ષ સત્પુરૂષના સમાગમમાં અને તે આશ્રમમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણુંકરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુ જીવનું નિરંતર ચિત્ત વર્ત્તે છે.

સત્પુરૂષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે; તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત્ જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરૂષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને, જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.

તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહપ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષકરીને કર્ત્તવ્ય છે. વ્યવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મૉળી પાડવા જે જીવ ઇચ્છે છે, તે જીવ મૉળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે.

આરંભ પરિગ્રહપરથી જેની વૃત્તિ ખેદ પામી છે, એટલે તેને અસાર જાણી તે પ્રત્યેથી જે જીવો ઓસર્યા છે, તે જીવોને સત્પુરૂષનો સમાગમ અને સત્શાસ્ત્રનું શ્રવણ વિશેષકરીને હિતકારી થાય છે. આરંભ પરિગ્રહપર વિશેષ વૃત્તિ વર્તતી હોય તે જીવમાં સત્પુરૂપના વચનનું, અથવા સત્શાસ્ત્રનું પરિણમન થવું કઠણ છે.

આરંભ પરિગ્રહપરથી વૃત્તિ મૉળી પાડવાનું, અને સત્શાસ્ત્રના પરિચયમાં રૂચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે, કેમકે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જૂદો છે; તોપણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે; માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્ત્તવ્ય છે.

સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્યનિયમ કરવો ઘટે છે. પ્રમાદ, અને અનિયમિતપણું ટાળવું ઘટે છે.

અશાડ શુદ ૪, રવિ, ૧૯૫૩, મુંબઈ.

૫૦૭.

શુભેચ્છાથી માંડીને શૈલેસીકરણપર્યંતની સર્વ ક્રિયા જે જ્ઞાનીને સમ્મત છે, તે જ્ઞાનીનાં વચનો ત્યાગ વૈરાગ્યનો નિષેધ કરવામાં પ્રવર્ત્તે નહીં; ત્યાગ વૈરાગ્યના સાધનરૂપે પ્રથમ ત્યાગ વૈરાગ્ય આવે છે, તેનો પણ જ્ઞાની નિષેધ કરે નહીં. એકલી જડક્રિયામાં પ્રવૃત્તિ કરી જ્ઞાનીના માર્ગથી વિમુખ રહેતા હોય, અથવા મતિના મૂઢત્વને લીધે ઊંચી દશા પામતા અટકતા હોય, અથવા અસત્સમાગમથી મતિવ્યામોહ પામી અન્યથા ત્યાગ વૈરાગ્યને ત્યાગ વૈરાગ્યપણે માની લીધા હોય તેના નિષેધને અર્થે કરૂણાબુદ્ધિથી જ્ઞાની યોગ્ય વચને "તેનો નિષેધ" ક્વચિત્ કરતા હોય, તો વ્યામોહ નહીં પામતાં તેનો સદ્‌હેતુ સમજી યથાર્થ ત્યાગ વૈરાગ્યની ક્રિયામાં અંતર્ તથા બાહ્યમાં પ્રવર્ત્તવું યોગ્ય છે.

સં૰ ૧૯૫૩ ના અશાડ શુદ ૧૫, બુધ, મુંબઇથી.

૫૦૮.

—સકળ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે,
મુખ્યપણે જે આતમરામી, તે કહિયે નિઃકામી રે.

હે મુનિઓ! દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અસંગપણે વિચારવાનો સતત ઉપયોગ સિદ્ધ કરવો યોગ્ય છે. જેમણે જગતસુખસ્પૃહા છોડી જ્ઞાનીના માર્ગનો આશ્રય ગ્રહણ કર્યો છે, તે અવશ્ય તે અસંગ ઉપયોગને પામે છે. જે શ્રુતથી અસંગતા ઉલ્લસે તે શ્રુતનો પરિચય કર્ત્તવ્ય છે.

મુંબઈ, અશાડ વદ ૧, ગુરૂ, સં૰ ૧૯૫૩.

૫૦૯.

પરમસંયમી પુરૂષોને નમસ્કાર.

અસારભૂત વ્યવહાર, સારભૂત પ્રયોજનની પેઠે કરવાનો ઉદય વર્ત્યા છતાં, જે પુરૂષો તે

ઉદયથી ક્ષોભ ન પામતાં સહજભાવ-સ્વધર્મમાં નિશ્ચળપણે રહ્યા છે, તે પુરૂષોના ભીષ્મવ્રતનું વારંવાર સ્મરણ કરીએ છીએ.

સં૦ ૧૯૫૩, અશાડ વદ ૧૧, રવિ, મુંબઈથી.

૫૧૦

પરમઉત્કૃષ્ટ સંયમ જેના લક્ષમાં નિરંતર વર્ત્યા કરે છે તે સત્પુરૂષોના સમાગમનું ધ્યાન નિરંતર છે.

પ્રતિષ્ઠિત (નિર્ગ્રંથ) વ્યવહારની શ્રી...... ...ની જિજ્ઞાસાથી અનંતગુણવિશિષ્ટ જિજ્ઞાસા વર્તે છે. બળવાન, અને વેદ્યાવિના અટળ ઉદય હોવાથી અંતરંગ ખેદ સમતાસહિત વેદીએ છીએ. દીર્ઘકાળને ઘણા અલ્પપણામાં લાવવાના ધ્યાનમાં વર્ત્તાય છે. એકત્વભાવના આત્મશુદ્ધિની ઉત્કૃષ્ટતા કરે છે.

મુંબઈ, શ્રા૦ શુદ ૩, રવિ, ૧૯૫૩.

૫૧૧.

દીર્ઘકાળની જેની સ્થિતિ છે, તેને અલ્પકાળની સ્થિતિમાં આણી જેમણે કર્મક્ષય કર્યો તે મહાત્માઓને નમસ્કાર.

સદ્વર્તન સદ્ગ્રંથ, અને સત્સમાગમમાં પ્રમાદ કર્ત્તવ્ય નથી.

સં૦ ૧૯૫૩ ના શ્રાવણ શુદ ૧૫, ગુરૂવાર, મુંબઈથી.

૫૧૨.

" મોક્ષમાર્ગપ્રકાશ"નામે ગ્રંથ મુમુક્ષુ જીવે વિચારવાયોગ્ય છે. તે અવલોકન કરતાં કોઈ કોઈ વિચારમાં મતમતાંતર જેવું લાગે તો નહીં મુંઝાતાં તે સ્થળે વધારે મનન કરવું, અથવા સત્સમાગમને યોગે તે સ્થળ સમજવું યોગ્ય છે.

પરમોત્કૃષ્ટ સંયમમાં સ્થિતિની વાત તો દૂર રહી, પણ તેના સ્વરૂપનો વિચાર થવો પણ વિકટ છે.

૧૯૫૩, શ્રાવણ શુદ ૧૫. મુંબઈ.

૫૧૩.

ૐ

સર્વ-ઉત્કૃષ્ટ ભૂમિકામાં સ્થિતિ થવાપર્યંત શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને સત્પુરૂષો પણ સ્વદશામાં સ્થિર રહી શકે છે, એમ જિનનો અભિમત છે તે પ્રત્યક્ષ સત્ય દેખાય છે.

સર્વોત્કૃષ્ટ ભૂમિકાપર્યંતમાં શ્રુતજ્ઞાન (જ્ઞાનીપુરૂપનાં વચનો)નું અવલંબન જે જે વખતે મંદ પડે છે, તે તે વખતે કંઇ કંઈ ચપળપણુ સત્પુરૂષો પણ પામી જાય છે, તો પછી સામાન્ય મુમુક્ષુ જીવો, કે જેને વિપરીત સમાગમ, વિપરીત શ્રુતાદિ-અવલંબન રહ્યાં છે તેને વારંવાર વિશેષ વિશેષ ચપળપણુ થવાયોગ્ય છે.

એમ છે તોપણ જે મુમુક્ષુઓ સત્સમાગમ, સદાચાર અને સત્શાસ્ત્રવિચારરૂપ અવલંબનમાં દૃઢ નિવાસ કરે છે, તેને સર્વોત્કૃષ્ટ ભૂમિકાપર્યંત પહોંચવું કઠણ નથી. કઠણ છતાં પણ કઠણ નથી.

મુબઈ, સંવત્ ૧૯૫૩ ના શ્રાવણ વદ ૧૨.

૫૧૪.

પરમકૃપાળુ પૂજ્ય પિતાશ્રીજી— વવાણીઆબંદર.

આજદિવસપર્યંત મેં આપનો કોઈ પણ અવિનય, અભક્તિ, કે અપરાધ કર્યો હોય તે એ

હાથ જોડી મસ્તક નમાવીને શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું. કૃપાકરીને આપ ક્ષમા આપશો. મારી માતુશ્રીપ્રત્યે પણ તે જ રીતે ખમાવું છું; તેમ જ બીજા સાથસર્વેપ્રત્યે મેં કોઈ પણ પ્રકારનો અપરાધ, કે અવિનય જાણતાં, અથવા અજાણતાં કર્યો હોય તે શુદ્ધ અંતઃકરણથી ખમાવું છું. કૃપાકરીને સૌ ક્ષમા આપશોજી.

સં૦ ૧૯૫૩ના ભાદરવા શુદ ૫, ગુરૂવાર, મુંબઈથી. **છોરૂ રાયચંદના દંડવત્ પ્રાપ્ત થાય.**

૫૧૫.

શરીરાદિ બળ ઘટવાથી સર્વ મનુષ્યોની માત્ર દિગમ્બરવૃત્તિએ વર્ત્તીને ચારિત્રનો નિર્વાહ ન થઈ શકે તેથી જ્ઞાનીએ ઉપદેશેલી મર્યાદાપૂર્વક શ્વેતામ્બરપણેથી વર્ત્તમાનકાળ જેવા કાળમાં ચારિત્રનો નિર્વાહ કરવાને અર્થે પ્રવૃત્તિ છે, તે નિષેધ કરવાયોગ્ય નથી. તેમ જ વસ્ત્રનો આગ્રહ કરી દિગમ્બરવૃત્તિનો એકાંતે નિષેધ કરી વસ્ત્રમૂર્છાદિ કારણોથી ચારિત્રમાં શિથિલપણું પણ કર્ત્તવ્ય નથી. દિગમ્બરપણું અને શ્વેતામ્બરપણું દેશ, કાળ, અધિકારીયોગે ઉપકારનાં હેતુ છે, એટલે જ્યાં જ્ઞાનીએ જેમ ઉપદેશ્યું તેમ પ્રવર્ત્તતાં આત્માર્થ જ છે. "મોક્ષમાર્ગપ્રકાશ"માં વર્ત્તમાનજિનાગમ, કે જે શ્વેતામ્બરસંપ્રદાયને માન્ય છે, તેનો નિષેધ કર્યો છે, તે નિષેધ કર્ત્તવ્ય નથી. વર્ત્તમાન-આગમમાં અમુક સ્થળો વધારે સંદેહનાં સ્થાન છે, પણ સત્પુરૂષની દૃષ્ટિએ જોતાં તેનું નિરાકરણ થાય છે. માટે ઉપશમદૃષ્ટિએ તે આગમો અવલોકન કરવામાં સંશય કર્ત્તવ્ય નથી.

સં૦ ૧૯૫૩ના ભાદ્રપદ વદ ૦)), રવિવાર, મુંબાઈથી.

૫૧૬

ૐ પારમાર્થિક હેતુવિશેષથી પત્રાદિ લખવાનું બની શકતું નથી. જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે, તે આ જીવને પ્રીતિનું કારણ કેમ થાય છે, તે વાત રાત્રિ દિવસ વિચારવાયોગ્ય છે.

લોકદૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિને પશ્ચિમ પૂર્વ જેટલો તફાવત છે. જ્ઞાનીની દૃષ્ટિ પ્રથમ નિરાલંબન છે; રૂચિ ઉત્પન્ન કરતી નથી; જીવની પ્રકૃતિને મળતી આવતી નથી; તેથી જીવ તે દૃષ્ટિમાં રૂચિવાન થતો નથી, પણ જે જીવોએ પરિષહ વેઠીને થોડા કાળસુધી તે દૃષ્ટિનું આરાધન કર્યું છે તે સર્વ દુઃખના ક્ષયરૂપ નિર્વાણને પામ્યા છે; તેના ઉપાયને પામ્યા છે.

જીવને પ્રમાદમાં અનાદિથી રતિ છે, પણ તેમાં રતિ કરવાયોગ્ય કંઈ દેખાતું નથી.

સં૦ ૧૯૫૩ ના આશો શુદ ૮, મુંબઈથી.

૫૧૭.

ૐસત્પુરૂષોના અગાધગંભીર સંયમને નમસ્કાર.

અવિષમ પરિણામથી જેમણે કાળકૂટ વિષ પીધું એવા શ્રી ઋષભાદિ પરમપુરૂષોને નમસ્કાર.

પરિણામમાં તો જે અમૃત જ છે, પણ પ્રથમદશાએ કાળકૂટ વિષની પેઠે મુંઝવે છે એવા શ્રી સંયમને નમસ્કાર. તે જ્ઞાનને, તે દર્શનને, અને તે ચારિત્રને વારંવાર નમસ્કાર.

મુંબઈ, સં૦ ૧૯૫૩ના આશો શુદ ૮ રવિ.

૫૧૮.

ઉપરની ભૂમિકાઓમાં પણ અવકાશ પ્રાપ્ત થયે અનાદિ વાસનાનું સંક્રમણ થઈ આવે છે, અને આત્માને વારંવાર એમ થયા કરે છે કે, હવે ઉપરનીભૂમિકાની પ્રાપ્તિ થવી દુર્લભ જ છે, અને વર્ત્તમાનભૂમિકામાં સ્થિતિ પણ થવી દુર્લભ છે; એવા અસંખ્ય અંતરાયપરિણામ ઉપરની ભૂમિકામાં પણ બને છે, તો પછી શુભેચ્છાદિ ભૂમિકાએ તેમ બને એ કંઈ આશ્ચર્યકારક નથી. તેવા અંતરાયથી ખેદ નહીં પામતાં આત્માર્થીજીવે પુરૂષાર્થદૃષ્ટિ કરવી, અને શૂરવીરપણું રાખવું;

હિતકારી દ્રવ્ય ક્ષેત્રાદિ યોગનું અનુસંધાન કરવું; સત્શાસ્ત્રનો વિશેષ પરિચય રાખી વારંવાર હઠ કરીને પણ મનને સદ્વિચારમાં પ્રવેશિત કરવું, અને મનના દુરાત્મ્યપણાથી આકુળવ્યાકુળતા નહીં પામતાં ધૈર્યથી સદ્વિચારપંથે જવાનો ઉદ્યમ કરતાં જય થઈ ઉપરની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે અને અવિક્ષેપપણું પ્રાપ્ત થાય છે.

આશો વદ ૭, સં૦ ૧૯૫૩, મુંબાઇ.

૫૧૯.

ૐ શ્રી હરિભદ્રાચાર્યે 'યોગદષ્ટિસમુચ્ચયગ્રંથ' સંકૃતમાં રચ્યો છે. 'યોગબિંદુ' નામે યોગનો બીજો ગ્રંથ પણ તેમણે રચ્યો છે. હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'નામે ગ્રંથ રચ્યો છે. શ્રી હરિભદ્રકૃત 'યોગદષ્ટિસમુચ્ચય'ની પદ્ધતિએ ગુર્જરભાષામાં શ્રી યશોવિજયજીએ સ્વાધ્યાય'ની રચના કરી છે. શુભેચ્છાથી માંડીને નિર્વાણપર્યંતની ભૂમિકાઓમાં બોધતારતમ્ય તથા ચારિત્રસ્વભાવનું તારતમ્ય, મુમુક્ષુ જીવને વારંવાર શ્રવણ કરવાયોગ્ય, વિચાર કરવાયોગ્ય, અને સ્થિતિ કરવાયોગ્ય આશયથી તે ગ્રંથમાં પ્રકાશ્યું છે. યમથી માંડીને સમાધિપર્યંત અષ્ટાંગયોગ બે પ્રકારે છેઃ એક પ્રાણાદિનિરોધરૂપ, બીજો આત્મસ્વભાવપરિણામરૂપ'યોગદષ્ટિસમુચ્ચય'માં આત્મસ્વભાવપરિણામરૂપ યોગનો મુખ્ય વિષય છે. વારંવાર તે વિચારવાયોગ્ય છે.

આશો વદ ૧૪, રવિવાર, સં૦ ૧૯૫૩, મુંબાઈ.

૫૨૦.

—ગુરૂ ગણધર ગુણધર અધિકાર, પ્રચૂર પરંપર ઔર,
વ્રત તપધર તનુ નગનધર, વંદો વૃષસિર મોર,

જગત્ વિષયના વિક્ષેપમાં સ્વરૂપવિભ્રાંતિવડે વિશ્રાંતિ પામતું નથી. અનંત અવ્યાબાધ સુખનો એક અનન્ય ઉપાય સ્વરૂપસ્થ થવું તે જ છે. એ જ હિતકારી ઉપાય જ્ઞાનીએ દીઠો છે. ભગવાન્ જિને દ્વાદશાંગી એ જ અર્થે નિરૂપણ કરી છે; અને એ જ ઉત્કૃષ્ટતાથી તે શોભે છે. જયવંત છે.

જ્ઞાનીના વાકયના શ્રવણથી ઉલ્લાસિત થતો એવો જીવ ચેતન, જડને ભિન્નસ્વરૂપ યથાર્થપણે પ્રતીતિ કરે છે. અનુભવે છે; અનુક્રમે સ્વરૂપસ્થ થાય છે. યથાસ્થિત અનુભવ થવાથી સ્વરૂપસ્થ થવાયોગ્ય છે.

દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે. તત્ત્વપ્રતીતિ સમ્યક્પણે ઉત્પન્ન થાય છે. તત્ત્વપ્રતીતિવડે શુદ્ધચૈતન્યપ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે. શુદ્ધચૈતન્યના અનુભવઅર્થે ચારિત્રમોહ વ્યતિત કરવાયોગ્ય છે. ચારિત્રમોહ, ચૈતન્યના—જ્ઞાનીપુરૂષના સન્માર્ગના નૈષ્ઠિકપણાથી પ્રલય થાય છે. અસંગતાથી પરમાવગાઢ અનુભવ થવા યોગ્ય છે.

હે આર્ય મુનિવરો ! એ જ અસંગ શુદ્ધચૈતન્યાર્થે અસંગયોગને અહોનિશ ઇચ્છીએ છીએ. હે મુનિવરો ! અસંગતાનો અભ્યાસ કરો. જે મહાત્માઓ અસંગ ચૈતન્યમાં લીન થયા છે, અને થશે તેને નમસ્કાર.

૫૨૧.

અત્રે હાલ કાંઇક બાહ્યઉપાધિ ઓછી વર્તે છે. તમારા પત્રમાં પ્રશ્નો છે તેનું સમાધાન નીચે લખ્યાથી વિચારશો. પૂર્વકર્મ બે પ્રકારનાં છે, અથવા જીવથી જે જે કર્મ કરાય છે તે બે પ્રકારથી કરાય છે. એક પ્રકારનાં કર્મ એવાં છે કે, જે પ્રકારે કાળાદિ તેની સ્થિતિ છે, તે જ પ્રકારે તે ભોગવી શકાય. બીજો પ્રકાર એવો છે કે, જ્ઞાનથી, વિચારથી કેટલાંક કર્મ નિવૃત્ત થાય જ્ઞાન થવા છતાં પણ જે પ્રકારનાં કર્મ અવશ્ય ભોગવવાયોગ્ય છે તે પ્રથમ પ્રકારનાં કર્મ કહ્યાં

અને જે જ્ઞાનથી ટળી શકે છે, તે બીજા પ્રકારનાં કર્મ કહ્યાં છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થવા છતાં દેહનું રહેવું થાય છે, તે દેહનું રહેવું એ કેવળ જ્ઞાનીની ઇચ્છાથી નથી, પણ પ્રારબ્ધથી છે. એટલું સંપૂર્ણ જ્ઞાનબળ છતાં પણ તે દેહસ્થિતિ વેદ્યાશિવાય કેવળજ્ઞાનીથી પણ છૂટી શકાય નહીં, એવી સ્થિતિ છે; જો કે તેવા પ્રકારથી છૂટવાવિષે કોઇ જ્ઞાનીપુરૂષ ઇચ્છા કરે નહીં, તથાપિ અત્રે કહેવાનું એમ છે કે, જ્ઞાનીપુરૂષને પણ તે કર્મ ભોગવવાયોગ્ય છે; તેમજ અંતરાયાદિ અમુક કર્મની વ્યવસ્થા એવી છે કે, તે જ્ઞાનીપુરૂષને પણ ભોગવવાયોગ્ય છે; અર્થાત્ જ્ઞાનીપુરૂષ પણ તે કર્મ ભોગવ્યાવિના નિવૃત્ત કરી શકે નહીં. સર્વ પ્રકારનાં કર્મ એવાં છે કે, તે અફળ હોય નહીં; માત્ર તેની નિવૃત્તિના પ્રકારમાં ફેર છે.

એક, જે પ્રકારે સ્થિતિ વગેરે બાંધ્યું છે તે જ પ્રકારે ભોગવવાયોગ્ય હોય છે. બીજાં, જીવનાં જ્ઞાનાદિ–પુરૂપાર્થધર્મે નિવૃત્ત થાય એવાં હોય છે. જ્ઞાનાદિ–પુરૂષાર્થધર્મે નિવૃત્ત થાય એવાં કર્મની નિવૃત્તિ જ્ઞાનીપુરૂષ પણ કરે છે; પણ ભોગવવાયોગ્ય કર્મને જ્ઞાનીપુરૂષ સિદ્ધિઆદિ પ્રયત્ને કરી નિવૃત્ત કરવાની ઇચ્છા કરે નહીં, એ સંભવિત છે. કર્મને યથાયોગ્યપણે ભોગવવાવિષે જ્ઞાનીપુરૂષને સંકોચ હોતો નથી. કોઇ અજ્ઞાનદશા છતાં પોતાવિષે જ્ઞાનદશા સમજનાર જીવ કદાપિ ભોગવવા-યોગ્ય કર્મ ભોગવવા વિષે ન ઇચ્છે તોપણ ભોગવ્યે જ છૂટકો થાય એવી નીતિ છે. જીવનું કરેલું જો વગર ભોગવ્યે અફળ જતું હોય, તો પછી બંધ મોક્ષની વ્યવસ્થા ક્યાંથી હોઇ શકે ? વેદનીયાદિ કર્મ હોય તે ભોગવવા વિષે અમને નિરિચ્છા થતી નથી. જો નિરિચ્છા થતી હોય, તો ચિત્તમાં ખેદ થાય કે, જીવને દેહાભિમાન છે તેથી ઉપાર્જિત કર્મ ભોગવતાં ખેદ થાય છે; અને તેથી નિરિચ્છા થાય છે. મંત્રાદિથી, સિદ્ધિથી અને બીજાં તેવાં અમુક કારણોથી અમુક ચમત્કાર થઈ શકવા અસંભવિત નથી, તથાપિ ઉપર જેમ અમે જણાવ્યાં તેમ ભોગવવાયોગ્ય એવાં 'નિકાચિત-કર્મ' તે તેમાંના કોઇ પ્રકારે મટી શકે નહીં; અમુક 'શિથિલકર્મ'ની ક્વચિત્ નિવૃત્તિ થાય છે, પણ તે કંઈ ઉપાર્જિત કરનારે વેદ્યાવિના નિવૃત્ત થાય છે એમ નહીં; આકારફેરથી તે કર્મનું વેદવું થાય છે. કોઇએક એવું ' શિથિલકર્મ ' છે કે, જેમાં અમુક વખત ચિત્તની સ્થિરતા રહે તો તે નિવૃત્ત થાય; તેવું કર્મ તે મંત્રાદિમાં સ્થિરતાના યોગે નિવૃત્ત થાય એ સંભવિત છે, અથવા કોઈ પાસે પૂર્વલાભનો કોઈ એવો બંધ છે કે, જે માત્ર તેની થોડી કૃપાથી ફળભૂત થઇ આવે; એ પણ એક સિદ્ધિ જેવું છે; તેમ અમુક મંત્રાદિના પ્રયત્નમાં હોય, અને અમુક પૂર્વાંતરાય ત્રુટવાનો પ્રસંગ સમીપવર્ત્તિ હોય તોપણ કાર્યસિદ્ધિ મંત્રાદિથી થઇ ગણાય; પણ એ વાતમાં કંઈ સેહેજ પણ ચિત થવાનું કારણ નથી. નિષ્ફળ વાર્ત્તા છે. આત્માના કલ્યાણસંબંધનો એમાં કોઇ મુખ્ય પ્રસંગ નથી. મુખ્ય પ્રસંગ વિસ્મૃતિનો હેતુ એવી કથા થાય છે; માટે તે પ્રકારના વિચારનો, કે શોધનો નિર્ધાર લેવાની ઇચ્છા કરવા કરતાં ત્યાગી દેવી સારી છે, અને તે ત્યાગે સેહેજે નિર્ધાર થાય છે.

*　*　*　*　*　*

આત્મામાં વિશેષ આકુળતા ન થાય તેમ રાખશો. જે થવાયોગ્ય હશે તે થઈ રહેશે, અને આકુળતા કરતાં પણ જે થવાયોગ્ય હશે તે થશે, તેની સાથે આત્મા પણ અપરાધી થશે.

*　*　*　*　*　*

વર્ષ ૩૧ મું.

૫૨૨.

કેવળ અંતર્મુખ થવાનો સત્પુરૂષોનો માર્ગ સર્વદુ:ખક્ષયનો ઉપાય છે, પણ તે કોઈક જીવને સમજાય છે. મહત્પુણ્યના યોગથી, વિશુદ્ધ મતિથી, તીવ્ર વૈરાગ્યથી, અને સત્પુરૂષના સમાગમથી તે ઉપાય સમજાવાયોગ્ય છે. તે સમજવાનો અવસર એકમાત્ર આ મનુષ્યદેહ છે; તે પણ અનિયત કાળના ભયથી ગ્રહિત છે; ત્યાં પ્રમાદ થાય છે એ ખેદ અને આશ્ચર્ય છે.

૧૯૫૪ના કારતક વદ ૫, રવિ, મુંબઈ.

૫૨૩.

ૐ

ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયક, પરિણામિક, ઔદયિક અને સાન્નિપાતિક એ છ ભાવનો લક્ષ કરી આત્માને તે ભાવે અનુપ્રેક્ષી જોતાં સદ્વિચારમાં વિશેષ સ્થિતિ થશે.

જ્ઞાન, દર્શન, અને ચારિત્ર જે આત્મભાવરૂપ છે, તે સમજવા માટે ઉપર કહ્યા તે ભાવો વિશેષ અવલંબન ભૂત છે.

સં૦ ૧૯૫૪ના માર્ગશીર્ષ શુદ ૫, રવિવાર, મુંબઈથી.

૫૨૪.

ૐ

ખેદ નહીં' કરતાં શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે. વિષય, કષાયાદિ વિશેષ વિકાર કરી જાય તે વખતે વિચારવાનને પોતાનું નિર્વીર્યપણું જોઈને ઘણો જ ખેદ થાય છે, અને આત્માને વારંવાર નિંદે છે. ફરી ફરીને તિરસ્કારની વૃત્તિથી જોઈ, ફરી મહંતપુરૂષના ચરિત્ર અને વાક્યનું અવલંબન ગ્રહણ કરી, આત્માને શૌર્ય ઉપજાવી તે વિષયાદિ સામે અતિ હઠ કરીને તેને હઠાવે છે ત્યાંસુધી નીચે મને બેસતા નથી; તેમ એકલો ખેદ કરીને અટકી રહેતા નથી; એ જ વૃત્તિનું અવલંબન આત્માર્થી જીવોએ લીધું છે, અને તેથી જ અંતે

જય પામ્યા છે. આ વાત સર્વ મુમુક્ષુઓએ મુખે કરી હૃદયમાં સ્થિર કરવાયોગ્ય છે.

મુંબઈ, માર્ગશીર્ષ શુદ ૫, રવિ, ૧૯૫૪.

૫૨૫

ૐ

શુભેચ્છાથી માંડીને ક્ષીણમોહપર્યંત સત્શ્રુત અને સત્સમાગમ સેવવાયોગ્ય છે. સર્વ કાળમાં એ સાધનનું જીવને દુર્લભપણું છે, તેમાં આવા કાળમાં દુર્લભપણું વર્ત્તે તે યથાસંભવ છે. દુષમકાળ અને હુંડાવસર્પિણી નામનો આશ્ચર્યભાવ અનુભવથી પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય એવું છે. આત્મશ્રેયઇચ્છિક પુરૂષે તેથી ક્ષોભ ન પામતાં વારંવાર તે યોગપર પગ દઇ સત્શ્રુત, સત્સમાગમ, અને સદ્વૃત્તિ બળવાન કરવાયોગ્ય છે.

મહા શુદ ૪, બુધવાર સં. ૧૯૫૪

૫૨૬.

આ જીવને ઉત્તાપના મૂળ હેતુ શું છે? તથા તેની કેમ નિવૃત્તિ થતી નથી? અને તે કેમ થાય? એ પ્રશ્ન વિશેષકરી વિચારવાયોગ્ય છે. અંતર્‌માં ઉતારીને વિચારવાયોગ્ય છે.

જ્યાંસુધી એ ક્ષેત્રે સ્થિતિ રહે ત્યાંસુધી ચિત્તને વધારે દૃઢ રાખી વર્તવું. એ જ વિનંતિ.

સં૦ ૧૯૫૪ ના મહા વદ ૪, ગુરૂ, વવાણીઆ.

૫૨૭.

દુષમકાળનું પ્રબળ રાજ્ય વર્ત્તે છે, તોપણ અડગ નિશ્ચયથી, સત્પુરૂષની આજ્ઞામાં વૃત્તિનું અનુસંધાન કરી. જે પુરૂષો અગુપ્ત વીર્યથી સમ્યક્ જ્ઞાન દર્શન ચારિત્રને ઉપાસવા ઇચ્છે છે, તેને પરમશાંતિનો માર્ગ હજી પણ પ્રાપ્ત થવા યોગ્ય છે.

ચૈત્ર વદ ૧૨, રવિ, ૧૯૫૪, મોરબી.

૫૨૮.

સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધચૈતન્યસ્વરૂપ પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખસ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવ રૂપ હું છું; ત્યાં વિક્ષેપ શો? વિકલ્પ શો? ભય શો? ખેદ શો? બીજી અવસ્થા શી? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ, પરમશાંત ચૈતન્ય છું; હું માત્ર નિર્વિકલ્પ છું, હું નિજસ્વરૂપમય ઉપયોગ કરૂં છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

જ્યેષ્ઠ શુદ ૧, શનિવાર, ૧૯૫૪.

૫૨૯.

સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વકાળથી, અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબદ્ધ થઇ નિજસ્વરૂપમાં સ્થિત થયા તે પરમપુરૂષોને નમસ્કાર.

જેને કંઈ પ્રિય નથી, જેને કંઇ અપ્રિય નથી; જેને કોઈ શત્રુ નથી, જેને કોઈ મિત્ર નથી; જે માન, અપમાન; લાભ, અલાભ; હર્ષ, શોક; જન્મ, મૃત્યુ આદિ દ્વંદ્વનો અભાવ કરી શુદ્ધ ચૈતન્યસ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા છે, પામે છે, અને પામશે, તેમનું અતિ ઉત્કૃષ્ટ પરાક્રમ સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

દેહપ્રત્યે જેવો વસ્ત્રનો સંબંધ છે, તેવો આત્માપ્રત્યે જેણે દેહનો સંબંધ યથાતથ્ય દીઠો છે, મ્યાનપ્રત્યે તરવારનો જેવો સંબંધ છે, તેવો દેહપ્રત્યે જેણે આત્માનો સંબંધ દીઠો છે, અબદ્ધ-સ્પષ્ટ-આત્મા જેણે અનુભવ્યો છે, તે મહત્પુરૂષોને જીવન અને મરણ બન્ને સમાન છે.

૫૩૦.

જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધચિતિસ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજસ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમકૃપાળુ સત્પુરૂષોએ પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.

ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે; પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઇ કાળે તેમ થતો નથી; એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી; સદા-સર્વદા-ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.

જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દ્રષ્ટિપુરૂષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે. જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય?

અજ્ઞાનથી, અને સ્વસ્વરૂપપ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે, તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગ્રત થઇ જ્ઞાની સદાય નિર્ભય છે.

એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે; સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અક્લેશ સમાધિને પામે છે.

પરમસુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરૂષોને નમસ્કાર.

સંવત્ ૧૯૫૪, જ્યેષ્ટ શુદ ૧, શનિ,

શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૫૩૧.

ૐ નમઃ

મનની વૃત્તિ શુદ્ધ અને સ્થિર થાય એવો સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે. વળી તેમાં આ દુષમકાળ હોવાથી જીવને તેનો વિશેષ અંતરાય છે. જે જીવને પ્રત્યક્ષ સત્સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય તે મહત્પુણ્યવાનપણું છે. સત્સમાગમના વિયોગમાં સત્શાસ્ત્રનો સદાચારપૂર્વક પરિચય અવશ્ય કરવાયોગ્ય છે.

જ્યેષ્ટ વદ ૪, બુધે, ૧૯૫૪.

૫૩૨.

અપાર મહામોહજળને અનંત અંતરાય છતાં ધીર રહી જે પુરૂષ તર્યા તે શ્રી પુરૂષ ભગવાનને નમસ્કાર.

અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું, તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યાંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું, તે કલ્યાણમૂર્ત્તિ સમ્યક્દર્શનને નમસ્કાર.

લખવામાં વધારે ઉપયોગ હાલ પ્રવર્ત્તવો શક્ય નથી.

સં૦ ૧૯૫૪ના અશાડ શુદ ૧૧, મુંબઇથી.

૫૩૩.

સ્વભાવજાગૃતદશા,

—ચિત્ર સારી ન્યારી પરજંક ન્યારો સેજ ન્યારી
ચાદરભી ન્યારી ઇહાં જૂઠી મેરી થપના,
અતીત અવસ્થા સૈન નિદ્રા વહી કોઉ પૈન

વિદ્યમાન પલક ન યામેં અબ છપના;
શ્વાસ ઔ સુપન દોઉ નિદ્રાકી અલંગ બૂઝે
સૂઝે સબ અંગ લખિ આતમદરપના,
ત્યાગી ભયો ચેતન અચેતનતા ભાવ ત્યાગી
ભાલે દૃષ્ટિ ખોલિંકે સંભાલે રૂપ અપના.

સંવત્ ૧૯૫૪. —શ્રી બનારસીદાસજી.

૫૩૪.

શ્રીમત્ વીતરાગભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિસ્વરૂપ પરમહિતકારી પરમઅદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર પરમઅમૃતસ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્ત્તો; ત્રિકાળ જયવંત વર્ત્તો,

તે શ્રીમત્ અનંતચતુષ્ટયસ્થિત ભગવંતનો, અને તે જયવંત ધર્મનો આશ્રય સદૈવ કર્ત્તવ્ય છે. જેને બીજું કંઈ સામર્થ્ય નથી એવા અબુધ અને અશક્ત મનુષ્યો પણ તે આશ્રયના બળથી પરમસુખહેતુ એવાં અદ્ભુત ફળને પામ્યા છે, પામે છે, અને પામશે માટે નિશ્ચય અને આશ્રય જ કર્ત્તવ્ય છે. અધીરજથી ખેદ કર્ત્તવ્ય નથી.

ચિત્તમાં દેહાદિ ભયનો વિક્ષેપ પણ કરવો યોગ્ય નથી.

દેહાદિસંબંધી જે પુરૂષો હર્ષ, વિષાદ કરતા નથી, તે પુરૂષો પૂર્ણ દ્વાદશાંગને સંક્ષેપમાં સમજ્યા છે. એમ સમજો; એ જ દૃષ્ટિ કર્ત્તવ્ય છે.

'તું ધર્મ પામ્યો નથી,' 'હું ધર્મ કેમ પામીશ?' એ આદિ ખેદ નહીં કરતાં વીતરાગ પુરૂષોનો ધર્મ, જે દેહાદિ સંબંધીથી હર્ષવિષાદવૃત્તિ દૂર કરી આત્મા અસંગ શુદ્ધચૈતન્યસ્વરૂપ છે એવી વૃત્તિનો નિશ્ચય અને આશ્રય ગ્રહણ કરી તે જ વૃત્તિનું બળ રાખવું, અને મંદવૃત્તિ થાય ત્યાં વીતરાગ પુરૂષોની દશાનું સ્મરણ કરવું: તે અદ્ભુત ચરિત્રપર દૃષ્ટિ પ્રેરીને વૃત્તિને અપ્રમત્ત કરવી, એ સુગમ અને સર્વોત્કૃષ્ટ ઉપકારક તથા કલ્યાણસ્વરૂપ છે.

વસો (ગુજરાત), આશો શુદ ૬. બુધવાર, સં૦ ૧૯૫૪. નિર્વિકલ્પ.

૫૩૫.

અનુભવઉત્સાહદશા.

—જૈસો નરભેદરૂપ નિહચૈં અતીત હુતો
તૈસો નિરભેદ અબ ભેદકોં ન ગહૈગો,
દીસે કર્મરહિત સહિત સુખ સમાધાન
પાયો નિજ થાન ફિર બાહિર ન વહૈગો;
કબહુ કદાચિ અપનો સુભાઉ ત્યાગિ કરિ
રાગ રસ રાચિકે ન પરવસ્તુ ગહૈગો,
અમલાન જ્ઞાન વિદ્યમાન પરગટ ભયો
યાહી ભાંતિ આગમ અનંત કાલ રહૈગો.

—શ્રી બનારસીદાસજી.

૫૩૬.

જે સ્વરૂપજિજ્ઞાસુ પુરૂષો છે, તે પૂર્ણ શુદ્ધ સ્વરૂપને પામ્યા છે એવા ભગવાનના સ્વરૂપમાં પોતાની વૃત્તિ તન્મય કરે છે; જેથી પોતાની સ્વરૂપદશા જાગ્રત થતી જાય છે, અને સર્વોત્કૃષ્ટ

યથાખ્યાતચારિત્રને પ્રાપ્ત થાય છે. જેવું ભગવાનનું સ્વરૂપ છે, તેવું જ શુદ્ધનયની દૃષ્ટિથી આત્માનું સ્વરૂપ છે. આ આત્મા અને સિદ્ધભગવાનના સ્વરૂપમાં ઔપાધિક ભેદ છે; સ્વાભાવિક સ્વરૂપથી જોઈએ તો આત્મા સિદ્ધભગવાનની તુલ્ય જ છે. સિદ્ધભગવાનનું સ્વરૂપ નિરાવરણ છે; અને વર્ત્તમાનમાં આ આત્માનું સ્વરૂપ આવરણસહિત છે, અને એ જ ભેદ છે; વસ્તુતાએ ભેદ નથી, તે આવરણ ક્ષીણ થવાથી આત્માનું સ્વાભાવિક સિદ્ધસ્વરૂપ પ્રગટે છે. અને જ્યાંસુધી તેવું સ્વાભાવિક સિદ્ધસ્વરૂપ પ્રગટયું નથી ત્યાંસુધી સ્વાભાવિક શુદ્ધસ્વરૂપને પામ્યા છે એવા સિદ્ધભગવાનની ઉપાસના કર્ત્તવ્ય છે; તેમ જ અર્હંતભગવાનની ઉપાસના પણ કર્ત્તવ્ય છે, કેમકે તે ભગવાન્ સયોગીસિદ્ધ છે. સયોગરૂપ પ્રારબ્ધને લઈને તેઓ દેહધારી છે; પણ તે ભગવાન્ સ્વરૂપસમવસ્થિત છે. સિદ્ધભગવાન્ અને તેમના જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં કે વીર્યમાં કંઈ પણ ભેદ નથી; એટલે અર્હંતભગવાનની ઉપાસનાથી પણ આ આત્મા સ્વરૂપલક્ષયને પામી શકે છે, પૂર્વ મહાત્માઓએ કહ્યું છે કે:—

જે જાણઇ અરિહંતે । દવ્વ ગુણ પજ્જવે હિંય ॥
સો જાણઇ નિય આપા । મોહો ખલુ જાઇય તસ્સ લયં ॥

'જે ભગવાન અર્હંતનું સ્વરૂપ દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણે, તે પોતાના આત્માનું સ્વરૂપ જાણે, અને તેનો નિશ્ચયકરીને મોહ નાશ પામે.'

તે ભગવાનની ઉપાસના કેવા અનુક્રમથી જીવોને કર્ત્તવ્ય છે, તે નવમા સ્તવનમાં શ્રી આનંદઘનજી કહેવાના છે.

ભગવાન સિદ્ધને નામ, ગોત્ર, વેદનીય અને આયુષ્ય એ કર્મોનો પણ અભાવ છે; તે ભગવાન્ કેવળ કર્મરહિત છે. ભગવાનઅર્હંતને આત્મસ્વરૂપને આવરણીય કર્મોનો ક્ષય છે, પણ ઉપર જણાવેલાં ચાર કર્મનો પૂર્વબંધ વેદીને ક્ષીણ કરતાંસુધી તેમને વર્ત્તે છે. જેથી તે પરમાત્મા 'સાકારભગવાન્' કહેવાયોગ્ય છે.

તે અર્હંતભગવાનમાં જે કોઇ 'તીર્થંકરનામકર્મ'નો શુભયોગ પૂર્વે ઉત્પન્ન કર્યો હોય છે, તે તીર્થંકરભગવાન્' કહેવાય છે; જેમનો પ્રતાપ, ઉપદેશબળ, આદિ મહત્પુણ્યયોગના ઉદયથી આશ્ચર્યકારી શોભે છે.

ભરતક્ષેત્રમાં વર્ત્તમાન અવસર્પિણીકાળમાં તેવા ચોવીશ તીર્થંકર થયા; શ્રી ઋષભદેવથી શ્રી વર્દ્ધમાન.

વર્ત્તમાનમાં તે ભગવાન્ સિદ્ધાલયમાં સ્વરૂપસ્થિતપણે વિરાજમાન છે. પણ 'ભૂતપ્રજ્ઞાપનીય નય'થી તેમને વિષે 'તીર્થંકરપદ'નો ઉપચાર કરાય છે. તે ઔપચારિક નયદૃષ્ટિથી તે ચોવીશ ભગવાનની સ્તવનારૂપે આ ચોવીશ સ્તવનોની રચના કરી છે. સિદ્ધભગવાન્ કેવળ અમૂર્ત્તપદે સ્થિત હોવાથી તેમનું સ્વરૂપ સામાન્યતાથી ચિંતવવું દુર્ગમ્ય છે. અર્હંતભગવાનનું સ્વરૂપ મૂળ દૃષ્ટિથી ચિંતવવું તો તેવું જ દુર્ગમ્ય છે. પણ સયોગીપદના અવલંબનપૂર્વક ચિંતવતા સામાન્ય જીવોને પણ વૃત્તિ સ્થિર થવાને કંઇક સુગમ ઉપાય છે જેથી અર્હંતભગવાનની સ્તવનાથી સિદ્ધપદની સ્તવના થયા છતાં આટલો વિશેષ ઉપકાર જાણી શ્રી આનંદઘનજીએ આ ચોવીશી ચોવીશ તીર્થંકરની સ્તવના રૂપે રચી છે, નમસ્કારમંત્રમાં પણ અર્હંતપદ પ્રથમ કરવાનો હેતુ એટલો જ છે કે, તેમનું વિશેષ ઉપકારીપણું છે.

ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમાર્થદૃષ્ટિવાન પુરૂષોને ગૌણતાથી સ્વરૂપનું જ ચિંતવન છે. 'સિદ્ધપ્રાભૃત'માં કહ્યું છે કે.—

જારિસ સિદ્ધ સહાવો । તારિ સહાવો સવ્વ જીવાણું ॥
તહ્મા સિદ્ધંત રૂઇ । કાયવ્વા ભવ્વ જીવેહિં ॥

જેવું સિદ્ધભગવાનનું આત્મસ્વરૂપ છે, તેવું સર્વ જીવોનું આત્મસ્વરૂપ છે; તે માટે ભવ્ય

જીવોએ સિદ્ધત્વને વિષે રૂચી કરવી. તેમ જ શ્રી દેવચંદ્રસ્વામીએ કહ્યું છે કે "જિનપૂજારે તે નિજ-પૂજના." જો યથાર્થ–મૂળ–દૃષ્ટિથી જોઇએ તો જિનની પૂજા તે આત્મસ્વરૂપનું જ પૂજન છે. સ્વરૂપઆકાંક્ષી મહાત્માઓએ એમ જિનભગવાનની તથા સિદ્ધભગવાનની ઉપાસના સ્વરૂપપ્રાપ્તિનો હેતુ જાણ્યો છે.

*—ગુણસ્થાનકપર્યંત તે સ્વરૂપચિંતવના જીવને પ્રબળ અવલંબન છે. વળી માત્ર એકલું અધ્યાત્મસ્વરૂપ ચિંતવન જીવને વ્યામોહ ઉપજાવે છે; ઘણા જીવોને શુષ્કતા પ્રાપ્ત કરાવે છે, અથવા સ્વેચ્છાચારિપણુ ઉત્પન્ન કરે છે; અથવા ઉન્મત્ત–પ્રલાપ–દશા ઉત્પન્ન કરે છે. ભગવાનના સ્વરૂપના ધ્યાનાવલંબનથી ભક્તિપ્રધાન દૃષ્ટિ થાય છે, અને અધ્યાત્મદૃષ્ટિ ગૌણ થાય છે. જેથી શુષ્કતા, સ્વેચ્છાચારિપણુ, અને ઉન્મત્તપ્રલાપતા થતાં નથી. આત્મદશાબળ થવાથી સ્વાભાવિક અધ્યાત્મ-પ્રધાનતા થાય છે. આત્મા સ્વાભાવિક ઉચ્ચ ગુણોને ભજે છે, એટલે શુષ્કતાદિ દોષો ઉત્પન્ન થતા નથી. અને ભક્તિમાર્ગપ્રત્યે પણ જુગુપ્સિત થતા નથી. સ્વાભાવિક આત્મદશા સ્વરૂપલીનતા પામતી જાય છે. જ્યાં અર્હંતાદિના સ્વરૂપધ્યાનાવલંબન વગર વૃત્તિ આત્માકારતા ભજે છે, ત્યાં [1]

૫૩૭.

—ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંથ;
રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.

વીતરાગોને વિષે ઇશ્વિર એવા ઋષભદેવ ભગવાન્ મારા સ્વામી છે, તેથી હવે હું બીજા કંથની ઇચ્છા કરતી નથી, કેમકે તે પ્રભુ રીઝ્યા પછી છોડતા નથી. તે પ્રભુનો યોગ પ્રાપ્ત થવો તેની આદિ છે; પણ તે યોગ કોઇવાર પણ નિવૃત્તિ પામતો નથી, માટે અનંત છે.

જગતના ભાવોમાંથી ઉદાસીન થઇ ચૈતન્યવૃત્તિ શુદ્ધચૈતન્યસ્વભાવે સમવસ્થિત ભગવાનમાં પ્રીતિમાન થઈ તેનો હર્ષ આનંદઘનજી દર્શાવે છે. પોતાની શ્રદ્ધા નામની સખીને આનંદઘનજીની ચૈતન્યવૃત્તિ કહે છે કે, હે સખી! મેં ઋષભદેવ ભગવાનથી લગ્ન કર્યું છે, અને તે ભગવાન્ મને સર્વથી વહાલા છે. એ ભગવાન્ મારા પતિ થવાથી હવે હું બીજા કોઇ પણ પતિની ઇચ્છા કરૂં જ નહીં, કેમકે બીજા બધા જન્મ, જરા, મરણાદિ દુઃખે કરીને આકુળ વ્યાકુળ છે; ક્ષણુ-વાર પણુ સુખી નથી: તેવા જીવને પતિ કરવાથી મને સુખ ક્યાંથી થાય? ભગવાન્ ઋષભદેવ તો અનંત અવ્યાબાધ સુખસમાધિને પ્રાપ્ત થયા છે, માટે તેનો આશ્રય કરૂં તો મને તે જ વસ્તુની પ્રાપ્તિ થાય; તે યોગ વર્તમાનમાં પ્રાપ્ત થવાથી હે સખી! મને પરમ શીતલતા થઈ. બીજા પતિનો તો કોઈ કાળે વિયોગ પણ થાય, પણ આ મારા સ્વામીનો તો કોઇ પણ કાળે વિયોગ થાય જ નહીં. જ્યારથી તે સ્વામી પ્રસન્ન થયા ત્યારથી કોઇ પણ દિવસ સંગ છોડતા નથી. એ સ્વામીના યોગનો સ્વભાવ સિદ્ધાંતમાં સાદિઅનંત એટલે તે યોગ થવાની આદિ છે, પણ કોઇ દિવસ તેનો વિયોગ થવાનો નથી, માટે અનંત છે એમ કહ્યો છે; તેથી હવે મારે કોઈ પણ દિવસ તે પતિનો વિયોગ થશે જ નહીં.

હે સખી! આ જગતનેવિષે પતિનો વિયોગ ન થાય તે અર્થે જે સ્ત્રિયો નાના પ્રકારના ઉપાય કરે છે, તે ઉપાય સાચા નથી; અને એમ મારા પતિની પ્રાપ્તિ થતી નથી. તે ઉપાયનું મિથ્યા-પણુ જણાવવા તેમાંના થોડાએક તને કહું છું. કોઇએક તો પતિની સાથે કાષ્ઠમાં બળવા ઇચ્છે છે, કે જેથી તે પતિની સાથે મેળાપ જ રહે, પણ તે મેળાપનો કંઈ સંભવ નથી, કેમકે તે પતિ તો પોતાના કર્માનુસાર જે સ્થળને પ્રાપ્ત થવાનો હતો ત્યાં થયો, અને સતી થઇને મળવા ઇચ્છે છે એવી તે સ્ત્રી પણ મેળાપને અર્થે એક ચિતામાં બળી મરવા ઇચ્છે છે, તોપણુ તે પો-

૧. આનંદઘનતીર્થંકરસ્તવનાવલીપરત્વેનું આ વિવેચન લખતાં આ સ્થળેથી અપૂર્ણું મૂકાયું છે.—સંશોધક.

તાના કર્માનુસાર દેહને પ્રાપ્ત થવાની છે; બન્ને એક જ સ્થળે દેહ ધારણ કરે, અને પતિપત્નીરૂપે યોગ પામીને નિરંતર સુખ ભોગવે એવો કંઈ નિયમ નથી; એટલે તે પતિનો વિયોગ થયો. વળી તેના યોગનો પણ અસંભવ રહ્યો; એવો પતિનો મેળાપ તે મેં ખોટો ગણ્યો છે, કેમકે તેનું ઠામ ઠેકાણું કંઈ નથી.

અથવા, પ્રથમ પદનો અર્થ એવો પણ થાય છે કે, પરમેશ્વરરૂપ પતિની પ્રાપ્તિને અર્થે કોઈ કાષ્ઠ ભક્ષણ કરે છે, એટલે પંચાગ્નિની ધુણિયો સળગાવી તેમાં કાષ્ઠ હોમી તે અગ્નિનો પરિષહ સહન કરે છે, અને તેથી એમ પણ સમજે છે કે, પરમેશ્વરરૂપ પતિને પામીશું, પણ તે સમજવું ખોટું છે; કેમકે પંચાગ્નિ તાપવામાં તેની પ્રવૃત્તિ છે: તે પતિનું સ્વરૂપ જાણી, તે પતિને પ્રસન્ન થવાનાં કારણો જાણી, તે કારણોની ઉપાસના તે કરતા નથી માટે તે પરમેશ્વરરૂપ પતિને ક્યાંથી પામશે? તેની મતિ જેવા સ્વભાવમાં પરિણમી છે, તેવા જ પ્રકારની ગતિને તે પામશે, જેથી તે મેળાપનું કંઈ ઠામ ઠેકાણું નથી.

હે સખી! કોઈ વળી એમ કહે છે કે, આ જગત્, જેનું સ્વરૂપ ઓળખવાનો લક્ષ ન થઈ શકે તેવા ભગવાનની લીલા છે; અને તે 'અલખ ભગવાન્' સૌની ઇચ્છા પૂર્ણ કરે છે. તે એમ સમજીને આ જગત્ ભગવાનની લીલા માની, તે ભગવાનનો તે સ્વરૂપે મહિમા ગાવામાં જ પોતાની ઇચ્છા પૂર્ણ થશે, (એટલે ભગવાન્ પ્રસન્ન થઈને તેને વિષે લગ્નતા કરશે) એમ માને છે. પણ તે ખોટું છે. કેમકે તે ભગવાનના સ્વરૂપના અજ્ઞાનથી જ એમ કહે છે.

જે ભગવાન્ અનંત જ્ઞાનદર્શનમય સર્વોત્કૃષ્ટ સુખ સમાધિમય છે, તે ભગવાનને આ જગત્નું કર્ત્તાપણું કેમ હોય? અને લીલાને અર્થે પ્રવૃત્તિ કેમ હોય? લીલાની પ્રવૃત્તિ તો સદોષમાં જ સંભવે છે. જે પૂર્ણ હોય તે કંઈ ઇચ્છે જ નહીં; ભવવાન્ તો અનંત અવ્યાબાધસુખે કરીને પૂર્ણ છે; તેને વિષે બીજી કલ્પના ક્યાંથી અવકાશ પામે? લીલાની ઉત્પત્તિ કુતૂહલવૃત્તિથી થાય, તેવી કુતૂહલવૃત્તિ તો જ્ઞાનસુખના અપરિપૂર્ણપણાથી જ થાય; ભગવાનમાં તો તે બન્ને પરિપૂર્ણ છે, માટે તેની પ્રવૃત્તિ જગતરચવારૂપ લીલા પ્રત્યે ન જ થાય. એ લીલા તો દોષનો વિલાસ છે; સરાગીને જ તેનો સંભવ છે. જે સરાગી હોય તેને સદ્વેષતા હોય, અને જેને એ બન્ને હોય તેને ક્રોધ, માન, માયા, લોભ આદિ સર્વ દોષનું પણ સંભવિતપણું છે; જેથી યથાર્થ રીતે જોતાં તો લીલા દોષનો જ વિલાસ છે; અને એવો દોષવિલાસ તો અજ્ઞાનીજ ઇચ્છે. વિચારવાન મુમુક્ષુ ઓ પણ તેવો દોષવિલાસ ઇચ્છતા નથી, તો અનંત જ્ઞાનમય ભગવાન્ તે કેમ ઇચ્છે? જેથી ભગવાનનું સ્વરૂપ લીલાના કર્તૃત્વપણાથી ભાવે જે સમજે છે, તે ભ્રાંતિ છે; અને તે ભ્રાંતિને અનુસરીને ભગવાનને પ્રસન્ન કરવાનો તે જે માર્ગ લે છે તે પણ ભ્રાંતિમય જ છે; જેથી તે ભગવાનરૂપ પતિની તેને પ્રાપ્તિ થતી નથી.

હે સખી! કોઈ પતિ રીઝવવા માટે ઘણા પ્રકારનાં તપ કરે છે. પણ તે માત્ર શરીરને તાપ છે; એ પતિને રાજી કરવાનો માર્ગ મેં ગણ્યો નથી; પતિને રંજન કરવાને તો બન્નેની ધાતુનો મેળાપ થવો તે છે.

કોઈ સ્ત્રી ગમે તેટલા કષ્ટથી તપશ્ચર્યા કરી પોતાના પતિને રીઝવવા ઇચ્છે તોપણ જ્યાંસુધી તે સ્ત્રી પોતાની પ્રકૃતિ પતિની પ્રકૃતિના સ્વભાવાનુસાર કરી ન શકે, ત્યાંસુધી પ્રકૃતિના પ્રતિકૂલપણાને લીધે તે પતિ પ્રસન્ન ન જ થાય. અને તે સ્ત્રીને માત્ર શરીરે ક્ષુધાદિ તાપની પ્રાપ્તિ થાય; તેમ કોઈ મુમુક્ષુની વૃત્તિ ભગવાનને પતિપણે પ્રાપ્ત કરવાની હોય તો તે ભગવાનના સ્વરૂપાનુસાર વૃત્તિ ન કરે, અને અન્ય સ્વરૂપમાં રુચિમાન છતાં અનેક પ્રકારનો તપ તપીને કષ્ટ સેવે તોપણ તે ભગવાને પામે નહીં, કેમકે જેમ પતિ પત્નીનો ખરો મેળાપ, અને ખરી પ્રસન્નતા ધાતુના એકત્વમાં છે, તેમ હે સખી! ભગવાનમાં આ વૃત્તિને પતિપણુ સ્થાપન કરી તે અચળ રાખવું હોય તો તે ભગવાનની સાથે ધાતુમેળાપ કરવો જ યોગ્ય છે; અર્થાત્ તે ભગવાન્ જે શુદ્ધચૈતન્ય

ધાતુપણે પરિણમ્યા છે તેવી શુદ્ધચૈતન્યવૃદ્ધિ કરવાથી જ તે ધાતુમાંથી પ્રતિકૂલ સ્વભાવ નિવૃત્તવાથી ઐક્ય થવાનો સંભવ છે; અને તે જ ધાતુમેલાપથી તે ભગવાનરૂપ પતિની પ્રાપ્તિનો કોઈ પણ કાળે વિયોગ થવાનો નથી.

હે સખી! પતિને પ્રસન્ન કરવાના તો ઘણા પ્રકાર છે. અનેક પ્રકારના શબ્દ સ્પર્શાદિ ભોગથી પતિની સેવા કરવામાં આવે છે એવા ઘણા પ્રકાર છે, પણ તે સૌમાં ચિત્તપ્રસન્નતા એ જ સૌથી ઉત્તમ સેવા છે, અને ક્યારે પણ ખંડિત ન થાય એવી સેવા છે. કપટરહિત થઈને આત્મા અર્પણ કરીને પતિની સેવા કરવાથી ઘણા આનંદના સમૂહની પ્રાપ્તિનો ભાગ્યોદય થાય.

ભગવાનરૂપ પતિની સેવાના પ્રકાર ઘણા છે. દ્રવ્યપૂજા, ભાવપૂજા, આજ્ઞાપૂજા. દ્રવ્યપૂજાના પણ ઘણા ભેદ છે. પણ તેમાં સર્વોત્કૃષ્ટ પૂજા તો ચિત્તપ્રસન્નતા એટલે તે ભગવાનમાં ચૈતન્યવૃત્તિ પરમહર્ષથી એકત્વને પ્રાપ્ત કરવી તે જ છે; તેમાં જ સર્વ સાધન સમાય છે. તે જ અખંડિત પૂજા છે, કેમકે જો ચિત્ત ભગવાનમાં લીન હોય તો બીજા યોગ પણ ચિત્તાધીન હોવાથી ભગવાનને આધીન જ છે, અને ચિત્તની લીનતા ભગવાનમાંથી ન ખસે તો જ જગતના ભાવોમાંથી ઉદાસીનતા વર્ત્તે, અને તેમાં ગ્રહણ ત્યાગરૂપ વિકલ્પ પ્રવર્ત્તે નહીં; જેથી તે સેવા અખંડ જ રહે. જ્યાંસુધી ચિત્તમાં બીજો ભાવ હોય ત્યાંસુધી તમારા શિવાય બીજામાં મારે કંઇ પણ ભાવ નથી એમ દેખાડીએ તો તે વૃથા જ છે; અને કપટ છે; અને જ્યાંસુધી કપટ છે ત્યાંસુધી ભગવાનના ચરણમાં આત્માનું અર્પણ ક્યાંથી થાય? જેથી સર્વ જગતના ભાવપ્રત્યે વિરામ પમાડી વૃત્તિને શુદ્ધચૈતન્ય ભાવવાળી કરવાથી જ તે વૃત્તિમાં અન્યભાવ રહ્યો ન હોવાથી શુદ્ધ કહેવાય, અને તે નિષ્કપટ કહેવાય. એવી ચૈતન્યવૃત્તિ ભગવાનમાં લીન કરવામાં આવે તે જ આત્મઅર્પણતા કહેવાય. ધન ધાન્યાદિક સર્વ ભગવાનને અર્પણ કર્યાં હોય, પણ જો આત્મા અર્પણ ન કર્યો હોય એટલે તે આત્માની વૃત્તિ ભગવાનમાં લીન કરી ન હોય, તો તે ધન ધાન્યાદિકનું અર્પણ કરવું સકપટ જ છે; કેમકે અર્પણ કરનાર આત્મા અથવા તેની વૃત્તિ તો બીજે સ્થળે લીન છે. જે પોતે બીજે સ્થળે લીન છે, તેના અર્પણ થયેલા બીજા જડપદાર્થ ભગવાનમાં અર્પણ ક્યાંથી થઈ શકે? માટે ભગવાનમાં ચિત્તવૃત્તિની લીનતા એ જ આત્મઅર્પણતા છે; અને એ જ આનંદઘનપદની રેખ: એટલે પરમઅવ્યાબાધ સુખમય મોક્ષપદની નિશાની છે, અર્થાત્ જેને એવી દશાની પ્રાપ્તિ થાય તે પરમ આનંદઘનસ્વરૂપ મોક્ષને પ્રાપ્ત થશે. એવાં લક્ષણ તે લક્ષણ છે.

૫૩૮.

ૐ નમ:

અહો જિણેહિં અસાવજ્જા । વિત્તી સાહુણ દેસિયા ॥
મોખ સાહણ હેઉસ્સ । સાહુ દેહસ્સ ધારણા ॥

ભગવાન્ જિને આશ્ચર્યકારક એવી નિષ્પાપવૃત્તિ (આહારગ્રહણ) મુનિઓની ઉપદેશી (તેપણ શા અર્થે??) માત્ર મોક્ષસાધનને અર્થે. મુનિને દેહ જોઇએ તેના ધારણાર્થે. (બીજા કોઇ પણ હેતુથી નહીં.)—

અહો નિચ્ચ તવા કમ્મં । સવ્વ બુદ્ધેહિં વં નિયં ॥
જાય લજ્જા સમાવિત્તી । એગભત્તં ચ ભોયણં ॥

સર્વ જિન ભગવંતોએ આશ્ચર્યકારક (અદ્ભુત ઉપકારભૂત) એવું તપ:કર્મ નિત્યને અર્થે ઉપદેશ્યું. (તે આ પ્રમાણે:) સંયમના રક્ષણાર્થે સમ્યક્‌વૃત્તિએ એક વખત આહાર ગ્રહણ.—

—દશવૈકાલિકસૂત્ર.

તથારૂપ અસંગ નિર્ગ્રંથપદનો અભ્યાસ સતત વર્દ્ધમાન કરજો. 'પ્રશ્ન વ્યાકરણ,' 'દશવૈકાલિક', 'આત્માનુશાસન' હાલ સંપૂર્ણ લક્ષ રાખીને વિચારશો. એક શાસ્ત્ર પુરૂં વાંચ્યા પછી બીજું વિચારશો.
સ્થિતિ: વનક્ષેત્ર, પ્ર૦ આસો વદ ૯, રવિ. ૧૯૫૪.

વર્ષ ૩૨ મું.

૫૩૯.

ૐ નમઃ

જેમ બને તેમ વીતરાગશ્રુતનું અનુપ્રેક્ષન (ચિંતવન) વિશેષ કર્ત્તવ્ય છે. પ્રમાદ પરમ રિપુ છે, એ વચન જેને સમ્યક્‌નિશ્ચિત થયું છે તે પુરૂષો કૃત્યકૃત્ય થતાં સુધી નિર્ભયપણે વર્ત્તવાનું સ્વપ્ન પણ ઇચ્છતા નથી.

ઇડરથી, માર્ગશીર્ષ શુદ ૧૫, સોમવાર, ૧૯૫૫,

૫૪૦.

૧. ચરમાવર્ત્ત હો ચરમકારણ તથા, ભવપરિણતિપરિપાક રે,
દોષ ટળે ને દૃષ્ટિ ખુલે ભલી, પ્રાપતિ પ્રવચનવાક રે.
૨. પરિચય પાતક ઘાતક સાધુશું અકુશળ અપચય ચેત રે;
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી, પરિશીલન નય હેત રે.
૩. મુગધ સુગમ કરી સેવન લેખવે, સેવન અગમ અનૂપ રે;
દેજો કદાચિત્ સેવકયાચના, આનંદઘનરસરૂપ રે.

—આનંદઘન. સંભવજિનસ્તવન.

ફાગણ વદ ૦)), સંવત્ ૧૯૫૫, વવાણીઆ.

૫૪૧.

—ઉવસંત ખીણ મોહો । મગ્ગે જિણ ભાસિદે ન સમુપગદો ॥
ણાણાણુ મગ્ગ ચારી । નિવ્વાણંપુર વજ્જદિ ધીરા ॥

'દર્શનમોહ ઉપશાંત અથવા ક્ષીણ થયો છે જેનો ધીર પુરૂષ વીતરાગોએ દર્શાવેલા માર્ગને અંગીકાર કરીને શુદ્ધ ચૈતન્યસ્વભાવપરિણામી થઈ મોક્ષપુરપ્રત્યે જાય છે.'

ચૈત્ર શુદ ૧, ૧૯૫૫, વવાણીઆ.

૫૪૨.

ૐ

'દ્રવ્યાનુયોગ' પરમગંભીર અને સૂક્ષ્મ છે. નિર્ગ્રંથપ્રવચનનું રહસ્ય છે. શુક્લધ્યાનનું અનન્ય કારણ છે, શુક્લધ્યાનવડે કેવળજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્યવડે તે 'દ્રવ્યાનુયોગ'ની પ્રાપ્તિ થાય છે.

દર્શનમોહનો અનુભાગ ઘટવાથી, અથવા નાશ પામવાથી, વિષયપ્રત્યે ઉદાસીનતાથી, અને મહત્પુરૂષના ચરણકમલની ઉપાસનાના બળથી 'દ્રવ્યાનુયોગ' પરિણમે છે.

જેમ જેમ સંયમ વર્દ્ધમાન થાય છે, તેમ તેમ 'દ્રવ્યાનુયોગ' યથાર્થ પરિણમે છે. સંયમની વૃદ્ધિનું કારણ સમ્યક્દર્શનનું નિર્મલત્વ છે. તેનું કારણ પણ 'દ્રવ્યાનુયોગ' થાય છે.

સામાન્યપણે 'દ્રવ્યાનુયોગ'ની યોગ્યતા પામવી દુર્લભ છે. આત્મારામપરિણામી, પરમવીતરાગદૃષ્ટિવંત, પરમઅસંગ એવા મહાત્માપુરૂષો તેનાં મુખ્ય પાત્ર છે.

કોઇ મહત્પુરૂષના મનને અર્થે 'પંચાસ્તિકાય'નું સંક્ષિપ્ત સ્વરૂપ લખ્યું હતું; તે મનનઅર્થે આ સાથે મોકલ્યું છે.

હે આર્ય ! 'દ્રવ્યાનુયોગ'નું ફળ સર્વ ભાવથી વિરામ પામવારૂપ સંયમ છે. તે આ પુરૂષનાં વચન તારા અંતઃકરણમાં તું કોઇ દિવસ શિથિલ કરીશ નહીં. વધારે શું ? સમાધિનું રહસ્ય એ જ છે. સર્વ દુઃખથી મુક્ત થવાનો અનન્ય ઉપાય એ જ છે.

શ્રી વવાણીઆ, ચૈત્ર શુદ ૫, ૧૯૫૫.

૫૪૩.

ૐ સર્વજ્ઞાયનમઃ નમઃ સદ્ગુરવે.

પંચાસ્તિકાય.

૧. સો ઇંદ્રોએ વંદનીક, ત્રણ લોકને કલ્યાણ કારી, મધુર અને નિર્મળ જેનાં વાક્ય છે, અનંત જેના ગુણો છે, જેમણે સંસારનો પરાજય કર્યો છે, એવા ભગવાન્ સર્વજ્ઞ વીતરાગને નમસ્કાર.

૨. સર્વજ્ઞ મહામુનિના મુખથી ઉત્પન્ન થયેલું અમૃત—આ શાસ્ત્ર —ચાર ગતિથી જીવને મુક્ત કરી નિર્વાણ પ્રાપ્ત કરાવનાર એવાં આગમને નમન કરીને કહું છું તે શ્રવણ કરો.

૩. પાંચ અસ્તિકાયના સમૂહરૂપ અર્થસમયને સર્વજ્ઞ વીતરાગદેવે 'લોક' કહ્યો છે. તેથી ઉપરાંત માત્ર આકારૂપ અનંત એવો 'અલોક' છે.

૪. 'જીવ', 'પુદ્ગલસમૂહ', 'ધર્મ', અધર્મ તેમ જ 'આકાશ' એ પદાર્થો પોતાના અસ્તિત્વમાં નિયમથી રહ્યા છે. પોતાની સત્તાથી અભિન્ન છે, અને અનેકપ્રદેશાત્મક છે.

૫. અનેક ગુણ અને પર્યાયસહિત જેનો અસ્તિત્વસ્વભાવ છે તે 'અસ્તિકાય'. તેનાથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે.

૬. તે અસ્તિકાય ત્રણે કાળે ભાવપણે પરિણામી છે, અને પરાવર્ત્તન જેનું લક્ષણ છે એવા કાળ સહિત છએ 'દ્રવ્યસંજ્ઞા'ને પામે છે.

૭. એ દ્રવ્યો એક બીજામાં પ્રવેશ કરે છે, એકમેકને અવકાશ આપે છે. એકમેક મળી જાય છે, અને જૂદાં પડે છે; પણ પોતપોતાના સ્વભાવનો ત્યાગ કરતાં નથી.

૮. સત્તાસ્વરૂપે સર્વ પદાર્થ એકત્વવાળા છે. તે સત્તા અનંત પ્રકારના સ્વભાવવાળી છે; ઉત્પાદવ્યયધ્રુવત્વવાળી સામાન્ય વિશેષાત્મક છે.

૯. દ્રવ્યનું લક્ષણ સત્ છે, જે ઉત્પાદવ્યયધ્રુવતાસહિત છે; ગુણ પર્યાયના આશ્રયરૂપ છે, એમ સર્વજ્ઞદેવ કહે છે.

૧૦. દ્રવ્યની ઉત્પત્તિ અને વિનાશ થતો નથી; તેનો 'અસ્તિ' સ્વભાવ જ છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવત્વ પર્યાયને લઇને છે.

૧૧. પોતાના સદ્ભાવ પર્યાયને દ્રવે છે, તે તે ભાવે પરિણમે છે તે માટે દ્રવ્ય કહીએ છીએ, જે પોતાની સત્તાથી અનન્ય છે.

૧૨. પર્યાયથી રહિત દ્રવ્ય ન હોય, દ્રવ્યવિના પર્યાય ન હોય, બન્ને અનન્યભાવથી છે એમ મહામુનિઓ કહે છે.

૧૩. દ્રવ્યવિના ગુણ ન હોય, અને ગુણવિના દ્રવ્ય ન હોય; બન્નેનો–દ્રવ્ય અને ગુણનો–અભિન્ન ભાવ તેથી છે.

૧૪. 'સ્યાત્ અસ્તિ,' 'સ્યાત્ નાસ્તિ,' 'સ્યાત્ અસ્તિ નાસ્તિ,' 'સ્યાત્ અવક્તવ્યં,' 'સ્યાત્ અસ્તિ અવક્તવ્યં,' 'સ્યાત્ નાસ્તિ અવક્તવ્યં,' 'સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્યં,' એમ વિવિક્ષાને લઇને દ્રવ્યના સાત ભંગ થાય છે.

૧૫. ભાવનો નાશ થતો નથી, અને અભાવની ઉત્પત્તિ થતી નથી. ઉત્પાદ, વ્યય ગુણ પર્યાયના સ્વભાવથી થાય છે.

૧૬. જીવ આદિ પદાર્થો છે. જીવનો ગુણ ચૈતન્ય-ઉપયોગ છે. દેવ, મનુષ્ય, નારક, તિર્યંચાદિ તેના અનેક પર્યાયો છે.

૧૭. મનુષ્યપર્યાય નાશ પામેલો એવો જીવ તે દેવ અથવા બીજે સ્થળે ઉત્પન્ન થાય છે. બન્ને સ્થળે જીવભાવ ધ્રુવ છે. તે નાશ પામીને કંઇ બીજો થતો નથી.

૧૮. જે જીવ જન્મ્યો હતો, તે જ જીવ નાશપામ્યો. વસ્તુત્વે તો તે જીવ ઉત્પન્ન થયો નથી, અને નાશ પણ થયો નથી. ઉત્પન્ન અને નાશ દેવત્વ, મનુષ્યત્વનો થાય છે.

૧૯. એમ સત્નો વિનાશ, અને અસત્ જીવની ઉત્પત્તિ છે. જીવને દેવત્વ, મનુષ્યત્વાદિ પર્યાય, ગતિનામકર્મથી હોય છે.

૨૦. જ્ઞાનાવરણીય આદિ કર્મભાવો જીવે સુદૃઢ–અવગાઢ–પણે બાંધ્યા છે; તેનો અભાવ કરવાથી પૂર્વે નહીં થયેલો એવો તે સિદ્ધભગવાન્ થાય.

૨૧. એમ ભાવ, અભાવ, ભાવાભાવ અને અભાવભાવથી ગુણ પર્યાયસહિત જીવ સંસાર પરિભ્રમણ કરે છે.

૨૨. જીવ, પુદ્ગલસમૂહ, અને આકાશ તેમ જ બીજા અસ્તિકાય કોઇનાં કરેલા નથી, સ્વરૂપથી જ અસ્તિત્વવાળા છે; અને લોકના કારણભૂત છે.

૨૩. સદ્ભાવ સ્વભાવવાળાં જીવ અને પુદ્ગલના પરાવર્તનપણાથી ઓળખાતો એવો ' નિશ્ચયકાળ ' કહ્યો છે.

૨૪. તે કાળ પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શથી રહિત છે. અગુરૂ લઘુ છે, અમૂર્ત્ત છે, અને વર્ત્તનાલક્ષણવાળો છે.

૨૫. 'સમય,' 'નિમેષ' 'કાષ્ઠા,' 'કળા,' 'નાલી,' 'મૂહૂર્ત,' 'દિવસ,' 'રાત્રિ,' 'માસ,' 'ઋતુ' અને 'સંવત્સરા'દિ તે 'વ્યવહારકાળ' છે.

૨૬. કાળનાં કોઇ પણ પરિમાણ (માપ) વિના બહુ કાળ, થોડો કાળ એમ કહી શકાય નહીં. તેની મર્યાદા પુદ્ગલદ્રવ્યવિના થતી નથી, તેથી કાળને પુદ્ગલદ્રવ્યથી ઉત્પન્ન થવાપણું કહીએ છીએ,

૨૭. જીવત્વવાળો, જાણનાર, ઉપયોગવાળો, પ્રભુ, કર્ત્તા, ભોક્તા, દેહપ્રમાણ, વસ્તુતાએ અમૂર્ત અને કર્માવસ્થામાં મૂર્ત્ત એવો જીવ છે.

૨૮. કર્મમલથી સર્વ પ્રકારે મુક્ત થવાથી, ઊર્ધ્વ લોકાંતને પ્રાપ્ત થઇ તે સર્વજ્ઞ, સર્વદર્શી ઇંદ્રિયથી પર એવું અનંતસુખ પામે છે.

૨૯. પોતાના સ્વાભાવિક ભાવને લીધે આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી થાય છે, અને પોતાનાં કર્મથી મુક્ત થવાથી અનંતસુખ પામે છે.

૩૦. 'બળ,' 'ઇંદ્રિય,' 'આયુષ,' અને 'ઉચ્છ્વાસ' એ ચાર પ્રાણવડે જે ભૂતકાળે જીવતો હતો, વર્તમાનકાળે જીવે છે, અને ભવિષ્યકાળે જીવશે તે 'જીવ.'

૩૧. અનંત અગુરૂ લઘુ ગુણથી નિરંતર પરિણમેલા અનંત જીવો છે, અસંખ્યાત પ્રદેશપ્રમાણ છે. કોઇક જીવો લોકપ્રમાણ અવગાહનાને પામ્યા છે.

૩૨. કોઇકિ જીવો તે અવગાહનાને પામ્યા નથી. મિથ્યાદર્શન, કષાય અને યોગસહિત અનંત એવા સંસારી જીવો છે. તેથી રહિત એવા અનંત સિદ્ધ છે.

૩૩. જેમ પદ્મરાગ નામનું રત્ન દૂધમાં નાંખ્યું હોય તો તે દૂધના પરિમાણપ્રમાણે પ્રભાસે છે, તેમ દેહને વિષે સ્થિત એવો આત્મા તે માત્ર દેહપ્રમાણ પ્રકાશક-વ્યાપક-છે.

૩૪. એક કાયામાં સર્વ અવસ્થામાં જેમ તેનો તે જ જીવ છે, તેમ સર્વત્ર સંસાર—અવસ્થામાં પણ તેનો તે જ જીવ છે. અધ્યવસાયવિશેષથી કર્મરૂપી રજોમલથી તે જીવ મલીન થાય છે.

૩૫. જેને પ્રાણધારણપણું નથી; તેનો પ્રાણધારણપણાનો જેને સર્વથા અભાવ થયો છે, તે દેહથી ભિન્ન અને વચનથી અગોચર જેમનું સ્વરૂપ છે એવા સિદ્ધ છે.

૩૬. વસ્તુદૃષ્ટિથી જોઇએ તો સિદ્ધપદ ઉત્પન્ન થતું નથી, કેમકે તે કોઇ બીજા પદાર્થથી ઉત્પન્ન થતું કાર્ય નથી, તેમ તે કોઇ પ્રત્યે કારણરૂપ પણ નથી, કેમકે અન્ય સંબંધે તેની પ્રવૃત્તિ નથી.

૩૭. શાશ્વત, અશાશ્વત, ભવ્ય, અભવ્ય, શૂન્ય, અશૂન્ય, વિજ્ઞાન અને અવિજ્ઞાન એ ભાવ, જો મોક્ષમાં જીવનું અસ્તિત્વ ન હોય તો કોને હોય ?

૩૮. કોઇએક જીવો કર્મનું ફળ વેદે છે. કોઇએક જીવો કર્મબંધકર્તૃત્વ વેદે છે; અને કોઇએક જીવો માત્ર શુદ્ધ જ્ઞાનસ્વભાવ વેદે છે; એમ વેદકભાવથી જીવરાશિના ત્રણ ભેદ છે.

૩૯. સ્થાવરકાયના જીવો પોતપોતાનાં કરેલાં કર્મોનું ફળ વેદે છે. ત્રસજીવો કર્મબંધચેતના વેદે છે, અને પ્રાણથી રહિત એવા અતીંદ્રિય જીવો શુદ્ધજ્ઞાનચેતના વેદે છે.

૪૦. ઉપયોગ, જ્ઞાન અને દર્શન એમ બે પ્રકારનો છે. જીવને સર્વકાળ તે અનન્યભૂતપણે જાણવો.

૪૧. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એમ જ્ઞાનના પાંચ ભેદ છે. કુમતિ, કુશ્રુત, અને વિભંગ એમ અજ્ઞાનના ત્રણ ભેદ છે. એ બધા જ્ઞાનોપયોગના ભેદ છે.

૪૨. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, અને અવિનાશી અનંત એવું કેવળદર્શન એમ દર્શનોપયોગના ચાર ભેદ છે.

૪૩. આત્મા ને જ્ઞાનગુણનો સંબંધ છે, અને તેથી આત્મા જ્ઞાની છે એમ નથી; પરમાર્થથી બન્નેનું અભિન્નપણું જ છે.

૪૪. જો દ્રવ્ય જાદું હોય, અને ગુણ પણ જાદા હોય તો એક દ્રવ્યના અનંત દ્રવ્ય થઇ જાય; અથવા દ્રવ્યનો અભાવ થાય.

૪૫. દ્રવ્ય અને ગુણ અનન્યપણે છે; બન્નેમાં પ્રદેશભેદ નથી. દ્રવ્યના નાશથી ગુણનો નાશ થાય, અને ગુણના નાશથી દ્રવ્યનો નાશ થાય એવું એકપણું છે.

૪૬. વ્યપદેશ (કથન), સંસ્થાન, સંખ્યા અને વિષય એ ચાર પ્રકારની વિવિક્ષાથી દ્રવ્ય ગુણના ઘણા ભેદ થઈ શકે; પણ પરમાર્થનયથી એ ચારેનો અભેદ છે.

૪૭. પુરૂષની પાસે ધન હોય તેનું ધનવંત એવું નામ કહેવાય; તેમ આત્માની પાસે જ્ઞાન છે તેથી જ્ઞાનવંત એવું નામ કહેવાય છે. એમ ભેદ અભેદનું સ્વરૂપ છે. જે સ્વરૂપ બન્ને પ્રકારથી તત્ત્વજ્ઞો જાણે છે.

૪૮. આત્મા અને જ્ઞાનનો સર્વથા ભેદ હોય તો બન્ને અચેતન થાય, એમ વીતરાગ સર્વજ્ઞનો સિદ્ધાંત છે.

૪૯. જ્ઞાનનો સંબંધ થવાથી આત્મા જ્ઞાની થાય છે એવો સંબંધ માનવાથી આત્મા અને અજ્ઞાન-જડત્વ-નો એકયભાવ થવાનો પ્રસંગ આવે.

૫૦. સમવર્તિત્વ સમવાય અપૃથક્ભૂત અને અપૃથક્સિદ્ધ છે; માટે દ્રવ્ય અને ગુણનો સંબંધ વીતરાગોએ અપૃથક્સિદ્ધ કહ્યો છે.

૫૧. વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ ચાર વિશેષપરમાણુદ્રવ્યથી અનન્યપણે છે. વ્યવહારથી તે પુદ્ગલદ્રવ્યથી ભેદપણે કહેવાય છે.

૫૨. તેમ જ દર્શન અને જ્ઞાન પણ જીવથી અનન્યભૂત છે. વ્યવહારથી તેનો આત્માથી ભેદ કહેવાય છે.

૫૩. આત્મા (વસ્તુપણે) અનાદિ અનંત છે, અને સંતાનની અપેક્ષાએ સાદિ—સાંત પણ છે. તેમ સાદિ—અનંત પણ છે. પાંચ ભાવના પ્રાધાન્યપણાથી તે તે ભંગ છે. સદ્ભાવથી જીવદ્રવ્ય અનંતા છે.

૫૪. એમ સત્નો વિનાશ અને અસત્ જીવનો ઉત્પાદ, પરસ્પર વિરૂદ્ધ છતાં જેમ અવિરોધપણે સિદ્ધ છે તેમ સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યો છે.

૫૫. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ નામકર્મની પ્રકૃતિ સત્નો નાશ અને અસત્ભાવનો ઉત્પાદ કરે છે.

૫૬. ઉદય ઉપશમ ક્ષાયક ક્ષયોપશમ અને પારિણામિક ભાવથી જીવના ગુણોનું બહુ વિસ્તીર્ણપણુ છે.

૫૭. દ્રવ્યકર્મનું નિમિત્ત પામીને ઉદયાદિક ભાવે જીવ પરિણમે છે; ભાવકર્મનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મ પરિણમે છે. કોઇ કોઇના ભાવના કર્ત્તા નથી: તેમ કર્ત્તાવિના થયાં નથી.

૫૮. સર્વ પોતપોતાનો સ્વભાવ કરે છે; તેમ આત્મા પણ પોતાના જ ભાવનો કર્ત્તા છે; પુદ્ગલકર્મનો આત્મા કર્ત્તા નથી, એ વીતરાગનાં વાક્ય સમજવાયોગ્ય છે.

૫૯. કર્મ જો કર્મ કરે, અને આત્મા આત્મત્વ જ કરે, તો પછી તેનું ફળ કોણ ભોગવે ? અને તે ફળ કર્મ કોને આપે ?

૬૦. કર્મ પોતાના સ્વભાવાનુસાર યથાર્થ પરિણમે છે. જીવ પોતાના સ્વભાવાનુસાર તેમ ભાવકર્મને કરે છે.

૬૧. સંપૂર્ણ લોક પૂર્ણઅવગાઢપણે પુદ્ગલસમૂહથી ભર્યો છે. સૂક્ષ્મ અને બાદર એવા વિવિધપ્રકારના અનંત સ્કંધોથી.

૬૨. આત્મા જ્યારે ભાવકર્મરૂપ પોતાનો સ્વભાવ કરે છે, ત્યારે ત્યાં રહેલાં પુદ્ગલ-પરમાણુઓ પોતાના સ્વભાવને લીધે કર્મભાવને પ્રાપ્ત થાય છે; અને એક બીજાં એકક્ષેત્રાવગાહપણે અવગાઢતા પામે છે.

૬૩. કોઇ કર્ત્તા નહીં છતાં પુદ્ગલદ્રવ્યથી જેમ ઘણા સ્કંધોની ઉત્પત્તિ થાય છે, તેમ કર્મપણે પણ સ્વાભાવિકપણે પુદ્ગલદ્રવ્ય પરિણમે છે એમ જાણવું.

૬૪. જીવ અને પુદ્ગલસમૂહ અરસ્પરસ મજબુત અવગાહિત છે. યથાકાળે ઉદય થયે તેથી જીવ સુખદુઃખરૂપ ફળ વેદે છે.

૬૫. તેથી કર્મભાવનો કર્ત્તા જીવ છે, અને ભોક્તા પણ જીવ છે. વેદકભાવને લીધે કર્મફળ તે અનુભવે છે.

૬૬. એમ કર્ત્તા અને ભોક્તા આત્મા પોતાના ભાવથી થાય છે. મોહથી સારી રીતે આચ્છાદિત એવો તે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.

૬૭. (મિથ્યાત્વ) મોહનો ઉપશમ થવાથી અથવા ક્ષય થવાથી વીતરાગના કહેલા માર્ગને પ્રાપ્ત થયેલો એવો ધીર, શુદ્ધ જ્ઞાનાચારવંત નિર્વાણપુરપ્રત્યે જાય છે.

૬૮. ૬૯. એક પ્રકારથી, બે પ્રકારથી, ત્રણ પ્રકારથી, ચાર ગતિના પ્રકારથી, પાંચ ગુણોની મુખ્યતાથી, છકાયના પ્રકારથી, સાત ભંગના ઉપયોગપણાથી, આઠ ગુણ અથવા આઠ કર્મરૂપ ભેદથી, નવ તત્ત્વથી, અને દશસ્થાનકથી જીવનું નિરૂપણ છે.

૭૦. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધથી સર્વથા મુક્ત થવાથી જીવ ઊર્ધ્વ-ગમન કરે છે. સંસાર અથવા કર્માવસ્થામાં વિદિશાવિના બીજી દિશાએમાં જીવ ગમન કરે છે.

૭૧. સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ અને પરમાણુ એમ પુદ્ગલ-અસ્તિકાય ચાર પ્રકારે જાણવો.

૭૨. સકળ સમ તે સ્કંધ, તેનું અર્ધ તે દેશ, તેનું વળી અર્ધ તે પ્રદેશ, અને અવિભાગી તે પરમાણુ.

૭૩. બાદર અને સૂક્ષ્મ પરિણામ પામવાયોગ્ય સ્કંધમાં પૂરણ (પૂરાવાનો) ગલન (ગળવાનો --છૂટાં પડી જવાનો) સ્વભાવ જેનો છે તેથી પરમાણુ 'પુદ્ગલ'ના નામથી ઓળખાય છે. તેના છ ભેદ છે, જેનાથી ત્રૈલોક્ય ઉત્પન્ન થાય છે.

૭૪. સર્વ સ્કંધનું છેલામાં છેલું કારણ પરમાણુ છે. તે સત્, અસત, એક અવિભાગી અને મૂર્ત્ત હોય છે.

૭૫. વિવિક્ષાએ કરીને મૂર્ત્ત, ચાર ધાતુનું કારણ જે છે તે પરમાણુ જાણવાયોગ્ય છે; તે પરિ-ણામી છે પોતે અશબ્દ છે, પણ શબ્દનું કારણ છે.

૭૬, સ્કંધથી શબ્દ ઉત્પન્ન થાય છે. અનંત પરમાણુઓના મેલાપ—તેનો સંઘાત--સમૂહ તેનું નામ સ્કંધ. તે સ્કંધો પરસ્પર સ્પર્શાવાથી—અથડાવાથી નિશ્ચય કરીને શબ્દ ઉત્પન્ન થાય છે.

૭૭. તે પરમાણુ નિત્ય છે. પોતાના રૂપાદિ ગુણોને અવકાશ—આધાર—આપે છે. પોતે એક પ્રદેશી હોવાથી એક પ્રદેશથી ઉપરાંત અવકાશને પ્રાપ્ત થતો નથી. બીજા દ્રવ્યને અવકાશ (આકાશની પેઠે) આપતો નથી. સ્કંધના ભેદનું કારણ છે; સ્કંધના ખંડનું કારણ છે, સ્કંધનો કર્ત્તા છે. કાળના પરિમાણ (માપ), સંખ્યા(ગણના)નો હેતુ છે.

૭૮. એક રસ, એક વર્ણ, એક ગંધ અને બે સ્પર્શ, શબ્દની ઉત્પત્તિનું કારણ, અને એકપ્ર-દેશાત્મકપણે અશબ્દ, સ્કંધપરિણિત છતાં વ્યતિરિક્ત તે પરમાણુ જાણવો.

૭૯. ઇંદ્રિયોએ કરી ઉપભોગ્ય, તેમ જ કાયા, મન અને કર્મ આદિ જે જે અનંત એવા મૂર્ત્ત પદાર્થો છે તે સર્વ પુદ્ગલદ્રવ્ય જાણવું.

૮૦. ધર્માસ્તિકાય અરસ, અવર્ણ, અગંધ, અશબ્દ અને અસ્પર્શ છે. સકળલોકપ્રમાણ છે. અખંડિત, વિસ્તીર્ણ અને અસંખ્યાતપ્રદેશાત્મક દ્રવ્ય છે.—

૮૧. અનંત, અગુરૂ લઘુગુણપણે તે નિરંતર પરિણમિત છે. ગતિક્રિયાયુક્તને કારણભૂત છે; પોતે અકાર્ય છે; અર્થાત્ કોઇથી ઉત્પન્ન થયેલું તે દ્રવ્ય નથી.

૮૨. જેમ મત્સ્યની ગતિને જળ ઉપકાર કરે છે, તેમ જીવ અને પુદ્ગલ દ્રવ્યની ગતિને ઉપકાર કરે છે તે 'ધર્માસ્તિકાય' જાણવો.

૮૩. જેમ ધર્મ–અસ્તિકાય દ્રવ્ય છે તેમ અધર્માસ્તિકાય પણ છે એમ જાણો. સ્થિતિક્રિયાયુક્ત જીવ, પુદ્ગલને તે પૃથ્વીની પેઠે કારણભૂત છે.

૮૪. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને લીધે લોક અલોકનો વિભાગ થાય છે. એ ધર્મ અને અધર્મ દ્રવ્ય પોતાના પ્રદેશથી કરીને જૂદાં જૂદાં છે. પોતે હલન ચલન ક્રિયાથી રહિત છે; અને લોકપ્રમાણ છે.

૮૫. ધર્માસ્તિકાય જીવ પુદ્ગલને ચલાવે છે એમ નથી; જીવ પુદ્ગલ ગતિ કરે છે તેને સહાયક છે.

૮૬. સર્વ જીવોને તથા બાકીના પુદ્ગલોને સંપૂર્ણ અવકાશ આપે છે તેને 'લોકાકાશ' કહીએ છીએ.

૮૭. જીવ, પુદ્ગલસમૂહ, ધર્મ અને અધર્મ એ દ્રવ્યો લોકથી અનન્ય છે; અર્થાત્ લોકમાં છે; લોકથી બહાર નથી. આકાશ લોકથી પણ બહાર છે, અને તે અનંત છે. જેને 'અલોક' કહીએ છીએ.

૮૮. જો ગમન અને સ્થિતિનું કારણ આકાશ હોત તો ધર્મ અને અધર્મદ્રવ્યના અભાવને લીધે સિદ્ધભગવાનનું અલોકમાં પણ ગમન હોત.

૮૯. જે માટે સિદ્ધભગવાનનું સ્થાન ઉર્ધ્વલોકાંતે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે; તેથી ગમન અને સ્થાનનું કારણ આકાશ નથી એમ જાણો.

૯૦. જો ગમનનો હેતુ આકાશ હોત, અથવા સ્થાનનો હેતુ આકાશ હોત તો અલોકની હાનિ થાય અને લોકના અંતની વૃદ્ધિ પણ થાય.

૯૧. તેથી ધર્મ અને અધર્મ દ્રવ્ય ગમન તથા સ્થિતિનાં કારણ છે, પણ આકાશ નથી. આ પ્રમાણે લોકનો સ્વભાવ શ્રોતાજીવોપ્રત્યે સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યો છે.

૯૨. ધર્મ, અધર્મ અને (લોક) આકાશ, અપૃથક્ભૂત (એકક્ષેત્રાવગાહી) અને સરખાં પરિમાણવાળાં છે. નિશ્ચયથી ત્રણે દ્રવ્યની પૃથક્ ઉપલબ્ધિ છે. પોતપોતાની સત્તાથી રહ્યાં છે. એમ એકતા અનેકતા છે.

૯૩. આકાશ, કાળ, જીવ, ધર્મ અને અધર્મ એ દ્રવ્યો મૂર્તતારહિત છે, અને પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે. તેમાં જીવદ્રવ્ય ચેતન છે.

૯૪. જીવ અને પુદ્ગલ એક બીજાને ક્રિયાનાં સહાયક છે. દ્રવ્યો (તે પ્રકારે) સહાયક નથી. જીવ પુદ્ગલદ્રવ્યનાં નિમિત્તથી ક્રિયાવાન હોય છે. કાળના કારણથી પુદ્ગલ અનેક સ્કંધપણે પરિણમે છે.

૯૫. જીવને જે ઈંદ્રિયગ્રાહ્ય વિષય છે તે પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે; બાકીનાં અમૂર્ત છે. મન પોતાના વિચારના નિશ્ચિતપણાથી બન્નેને જાણે છે.

૯૬. કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે. પરિણામ કાળથી ઉત્પન્ન થાય છે. બન્નેનો એમ સ્વભાવ છે. 'નિશ્ચયકાળ'થી 'ક્ષણભંગુરકાળ' હોય છે.

૯૭. કાળ એવો શબ્દ સદ્ભાવનો બોધક છે, તેમાં એક નિત્ય છે, બીજો ઉત્પન્નવ્યયવાળો છે.

૯૮. એ કાળ, આકાશ, ધર્મ, અધર્મ અને પુદ્ગલ તથા જીવ એ બધાંને દ્રવ્ય એવી સંજ્ઞા છે. કાળને અસ્તિકાય એવી સંજ્ઞા નથી.

૯૯. એમ નિર્ગ્રંથનાં પ્રવચનનું રહસ્ય એવો આ પંચાસ્તિકાયના સ્વરૂપવિવેચનનો સંક્ષેપ તે જે યથાર્થપણે જાણીને રાગ અને દ્વેષથી મુક્ત થાય તે સર્વ દુઃખથી પરિમુક્ત થાય.

૧૦૦. આ પરમાર્થને જાણીને જે મોહના હણનાર થયા છે, અને જેણે રાગ દ્વેષને શાંત કર્યા છે, તે જીવ સંસારની દીર્ઘ પરંપરાનો નાશ કરી શુદ્ધાત્મપદમાં લીન થાય.

ઇતિ પંચાસ્તિકાય પ્રથમ અધ્યાયઃ

ૐ જિનાયનમઃ । નમઃ શ્રીસદ્ગુરવે.

૧. મોક્ષના કારણ શ્રી ભગવાન્ મહાવીરને ભક્તિપૂર્વક મસ્તક નમાવી, તે ભગવાનનો કહેલો પદાર્થપ્રમોદરૂપ મોક્ષનો માર્ગ કહું છું.

૩. દર્શન અને જ્ઞાન તેમ જ રાગદ્વેષથી રહિત એવું ચારિત્ર–સમ્યક્–બુદ્ધિ–જેને પ્રાપ્ત થયેલ છે એવા ભવ્યજીવને મોક્ષમાર્ગ હોય.

૩. તત્ત્વાર્થની પ્રતીતિ તે 'સમ્યક્ત્વ,' તે ભાવોનું જાણવું તે 'જ્ઞાન,' વિષયમાર્ગપ્રત્યે શાંતભાવ થાવો તે 'ચારિત્ર.'

૪. 'જીવ,' 'અજીવ,' 'પુણ્ય,' 'પાપ,' 'આશ્રવ,' 'સંવર,' નિર્જરા,' 'બંધ' અને 'મોક્ષ' એ ભાવો તે 'તત્ત્વ' છે.

૫. 'સંસારસ્થ' અને 'સંસારરહિત' એમ બે પ્રકારના જીવો છે. બન્ને ચૈતન્યોપયોગ લક્ષણ છે. સંસારી દેહસહિત અને અસંસારી દેહરહિત જીવો છે.

૬. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ જીવ સંશ્રિત છે. તે જીવોને મોહનું પ્રબળ પણ છે અને સ્પર્શ–ઇંદ્રિયના વિષયનું તેને જ્ઞાન છે.

૭. તેમાં ત્રણ સ્થાવર છે. અલ્પ યોગવાળા અગ્નિ અને વાયુકાય તે ત્રસ છે. તે મનના પરિણામથી રહિત એક–ઇંદ્રિય જીવો જાણવા.

૮. એ પાંચે પ્રકારનો જીવસમૂહ મનપરિણામથી રહિત અને એકેંદ્રિય છે એમ સર્વજ્ઞે કહ્યું છે.

૯. ઇંડામાં જેમ પક્ષીનો ગર્ભ વધે છે, જેમ મનુષ્યગર્ભમાં મૂર્છાગત અવસ્થા છતાં જીવત્વ છે. તેમ એકેંદ્રિય જીવો પણ જાણવા.

૧૦. શંબુક, શંખ, છીપ, કૃમિ એ આદિ જે જીવો રસ અને સ્પર્શને જાણે છે તે બે–ઇંદ્રિય જીવો જાણવા

૧૧. જુ, માંકડ, કીડી, વીંછી આદિ અનેક પ્રકારના બીજા પણ કીડાઓ રસ, સ્પર્શ. અને ગંધને જાણે છે; તે ત્રણ–ઇંદ્રિય જીવો જાણવા.

૧૨. ડાંસ, મચ્છર, માખી, ભમરી, ભમરા, પતંગ આદિ રૂપ, રસ, ગંધ અને સ્પર્શને જાણે છે તે ચાર–ઇંદ્રિય જીવો જાણવા.

૧૩, દેવ, મનુષ્ય, નારક, તિર્યંચ–જળચર, સ્થલચર અને ખેચર તે વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણે છે. જે બળવાન પાંચ ઇંદ્રિયવાળા જીવો છે.

૧૪. દેવતાના ચાર નિકાય છે. મનુષ્ય, કર્મ અને અકર્મ ભૂમીનાં એમ બે પ્રકારનાં છે. તિર્યંચના ઘણા પ્રકાર છે; તથા નારકી તેની પૃથ્વી–યોનિ જેટલી જાતિ છે તેટલી જાતિના છે.

૧૫. પૂર્વે બાંધેલું આયુષ્ ક્ષીણ થવાથી, જીવ ગતિનામકર્મને લીધે આયુષ્ અને લેશ્યાના વશથી બીજા દેહમાં જાય છે.

૧૬. દેહાશ્રિત જીવોના સ્વરૂપનો એ વિચાર નિરૂપણ કર્યો; તેના 'ભવ્ય' અને 'અભવ્ય' એવા બે ભેદ છે. દેહરહિત એવા 'સિદ્ધભગવંતો' છે.

૧૭. જે સર્વ જાણે છે, દેખે છે, દુઃખ બેદીને સુખ ઇચ્છે છે, શુભ અને અશુભને કરે છે અને તેનું ફળ ભોગવે છે તે 'જીવ' છે.

૧૮. આકાશ, કાળ, પુદ્ગલ અને ધર્મ અધર્મ દ્રવ્યને વિષે જીવત્વગુણ નથી; તેને અચૈતન્ય કહીએ છીએ, અને જીવને સચૈતન્ય કહીએ છીએ.

૧૯. સુખ દુઃખનું વેદન, હિતમાં પ્રવૃત્તિ, અહિતમાં ભીતિ તે ત્રણે કાળમાં જેને નથી તેને સર્વજ્ઞ મહામુનિઓ 'અજીવ' કહે છે.

૨૦. સંસ્થાન, સંઘાત, વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ એમ પુદ્ગલદ્રવ્યથી ઉત્પન્ન થતા ગુણ પર્યાયો ઘણા છે,

૨૧. અરસ, અરૂપ, અગંધ, અશબ્દ, અનિર્દિષ્ટ સંસ્થાન, અને વચનઅગોચર એવો જેનો ચૈતન્ય ગુણ છે તે 'જીવ' છે.

૨૨. જે નિશ્ચયકરી સંસારસ્થિત જીવ છે તેના બે પ્રકારનાં પરિણામ હોય છે. પરિણામથી કર્મ ઉત્પન્ન થાય છે, તેથી સારી અને માઠી ગતિ થાય છે.

૨૩. ગતિની પ્રાપ્તિથી દેહ થાય છે, દેહથી ઇંદ્રિયો અને ઇંદ્રિયોથી વિષય ગ્રહણ થાય છે, અને તેથી રાગ, દ્વેષ ઉત્પન્ન થાય છે.

૨૪. સંસારચક્રવાલમાં તે ભાવે કરીને પરિભ્રમણ કરતાં જીવોમાં કોઈ જીવોનો સંસાર અનાદિ–સાંત છે, અને કોઈ નો અનાદિ–અનંત છે એમ ભગવાન્ સર્વજ્ઞે કહ્યું છે.

૨૫. અજ્ઞાન, રાગ, દ્વેષ અને ચિત્તપ્રસન્નતા જે જે ભાવમાં વર્ત્તે છે, તેથી શુભ, કે અશુભ પરિણામ થાય છે.

૨૬. જીવને શુભ પરિણામથી પુણ્ય થાય છે, અને અશુભ પરિણામથી પાપ છે. તેનાથી શુભાશુભ પુદ્ગલના ગ્રહણરૂપ કર્મપણું પ્રાપ્ત થાય છે.

૨૭. તૃષાતુરને, ક્ષુધાતુરને, રોગીને અથવા બીજા દુઃખી મનના જીવને તેનું દુઃખ મટાડવાના ઉપાયની ક્રિયા કરવામાં આવે તેનું નામ 'અનુકંપા.'

૨૮. ક્રોધ, માન, માયા અને લોભની મિઠાશ જીવને ક્ષોભ પમાડે છે અને પાપભાવની ઉત્પત્તિ કરે છે.

૨૯. ઘણા પ્રમાદવાળી ક્રિયા, ચિત્તની મલીનતા, ઇંદ્રિયવિષયમાં લુબ્ધતા, બીજા જીવોને દુઃખ દેવું, તેનો અપવાદ બોલવો એ આદિ વર્તનથી જીવ 'પાપ–આશ્રવ' કરે છે.

૩૦. ચાર સંજ્ઞા, કૃષ્ણાદિ ત્રણ લેશ્યા ઇંદ્રિયવશતા, આર્ત્ત અને રૌદ્રધ્યાન. દુષ્ટભાવવાળી ધર્મક્રિયામાં મોહ એ 'ભાવ પાપ આશ્રવ' છે,

૩૧. ઇંદ્રિયો, કષાય અને સંજ્ઞાનો જય કરવાવાળો કલ્યાણકારી માર્ગ જીવને જે કાળે વર્ત્તે છે તે કાળે જીવને પાપ–આશ્રવરૂપ છિદ્રનો નિરોધ છે એમ જાણવું.

૩૨. જેને સર્વ દ્રવ્ય પ્રત્યે રાગ, દ્વેષ તેમ જ અજ્ઞાન વર્તતું નથી એવા સુખ દુઃખનેવિષે સમાનદૃષ્ટિના ધણી નિર્ગ્રંથ મહાત્માને શુભાશુભ આશ્રવ નથી.

૩૩. યોગનો નિરોધ કરીને જે તપશ્ચર્યા કરે છે, તે નિશ્ચય બહુ પ્રકારનાં કર્મોની નિર્જરા કરેછે.

૩૪. જે સંયમીને જ્યારે યોગમાં પુણ્ય પાપની પ્રવૃત્તિ નથી ત્યારે તેને શુભાશુભકર્મકર્તૃત્વનો 'સંવર' છે;–'નિરોધ' છે.

૩૫. જે આત્માર્થનો સાધનાર સંવરયુક્ત, આત્માસ્વરૂપ જાણીને તદ્રૂપ ધ્યાન કરે છે તે મહાત્મા સાધુ કર્મરજને ખંખેરી નાંખે છે.

૩૬. જેને રાગ દ્વેષ તેમ જ મોહ અને યોગપરિણમન વર્તતાં નથી તેને, શુભાશુભ કર્મને બાળીને ભસ્મ કરવાવાળો ધ્યાનરૂપી અગ્નિ પ્રગટે.

૩૭. દર્શનજ્ઞાનથી ભરપૂર, અન્ય દ્રવ્યના સંસર્ગથી રહિત એવું ધ્યાન નિર્જરાહેતુથી ધ્યાવે છે તે મહાત્મા સ્વભાવસહિત છે.

૩૮. જે સંવરયુક્ત સર્વ કર્મની નિર્જરા કરતો છતો વેદનીય અને આયુષ્યકર્મથી રહિત થાય તે મહાત્મા તે જ ભવે 'મોક્ષ' પામે.

૩૯. જીવનો સ્વભાવ અપ્રતિહત જ્ઞાનદર્શન છે. તેનું અનન્યમય આચરણ–શુદ્ધનિશ્ચયમય એવો સ્થિર સ્વભાવ તે 'નિર્મલ ચારિત્ર' સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે.

૪૦, વસ્તુપણે આત્માનો સ્વભાવ નિર્મલ જ છે, ગુણ અને પર્યાય પરસમયપરિણામીપણે અનાદિથી પરિણમ્યા છે તે દૃષ્ટિથી અનિર્મલ છે. જો તે આત્મા સ્વસમયને પ્રાપ્ત થાય તે કર્મબંધથી રહિત થાય.

નાદિથી પરિણમ્યા છે તે દૃષ્ટિથી અનિર્મલ છે. જો તે આત્મા સ્વસમયને પ્રાપ્ત થાય તો કર્મબંધથી રહિત થાય.

૪૧. જે પરદ્રવ્યને વિષે શુભ અથવા અશુભ રાગ કરે છે, તે જીવ 'સ્વચારિત્ર'થી ભ્રષ્ટ છે અને 'પરચારિત્ર' આચરે છે એમ જાણવું.

૪૨. જે ભાવવડે આત્માને પુણ્ય અથવા પાપ આશ્રવની પ્રાપ્તિ થાય તે પ્રવર્તમાન આત્મા પરચારિત્રમાં વર્તે છે એમ વીતરાગ સર્વજ્ઞે કહ્યું છે.

૪૩. જે સર્વ સંગમાત્રથી મુક્ત થઇ, અનન્યમયપણે આત્મસ્વભાવમાં સ્થિત છે, નિર્મલ જ્ઞાતા, દૃષ્ટા છે તે સ્વચારિત્ર આચરનાર જીવ છે.

૪૪. પરદ્રવ્યપ્રત્યેના ભાવથી રહિત, નિર્વિકલ્પ જ્ઞાનદર્શનમય પરિણામી આત્મા છે તે સ્વચારિત્રાચરણ છે.

૪૫. સમ્યક્ત્વ, આત્મજ્ઞાન, અને રાગદ્વેષથી રહિત એવું ચારિત્ર, સમ્યક્બુદ્ધિ પ્રાપ્ત થયેલ છે જેને એવા ભવ્ય જીવનો મોક્ષમાર્ગ છે.

૪૬. આ તત્ત્વાર્થ પ્રતીતિ તે 'સમ્યક્ત્વ,' તત્ત્વાર્થનું જ્ઞાન તે 'જ્ઞાન,' અને વિષયના વિમૂઢમાર્ગપ્રત્યે શાંતભાવ તે 'ચારિત્ર.'

૪૭. ધર્માસ્તિકાયાદિના સ્વરૂપની પ્રતીતિ તે 'સમ્યક્ત્વ.' બાર અંગ અને પૂર્વનું જાણપણું તે 'જ્ઞાન.' તપશ્ચર્યાદિમાં પ્રવૃત્તિ તે 'વ્યવહાર મોક્ષમાર્ગ' છે.

૪૮. તે તે સમાધિત આત્મા, શિવાય જ્યાં અન્ય કિંચિત્ માત્ર કરતો નથી, માત્ર અનન્ય આત્મામય છે ત્યાં 'નિશ્ચય મોક્ષમાર્ગ' સર્વજ્ઞ વીતરાગે કહ્યો છે.

૪૯. જે આત્મા આત્મસ્વભાવમય એવાં જ્ઞાન દર્શનને અનન્યમયઆચરે છે, તેને તે નિશ્ચય જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે.

૫૦. જે આ સર્વ જાણશે અને દેખશે તે અવ્યાબાધ સુખ અનુભવશે. આ ભાવોની પ્રતીતિ ભવ્યને થાય છે, અભવ્યને થતી નથી,

૫૧. દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ 'મોક્ષમાર્ગ' છે, તેની સેવનાથી 'મોક્ષ' પ્રાપ્ત થાય છે. અને (અમુક હેતુથી) 'બંધ' થાય છે એમ મુનિઓએ કહ્યું છે.

૫૨. અર્હતસિદ્ધચૈત્યપ્રવચનગુણજ્ઞાનભક્તિસંપન્ન ઘણું પુણ્ય ઉત્પન્ન કરે છે, પણ તે તે સર્વ કર્મનો ક્ષય કરતો નથી.

૫૩. જેના હૃદયને વિષે અણુમાત્ર પરદ્રવ્ય પ્રત્યે રાગ વર્ત્તે છે, તે સર્વઆગમનો જાણનાર હોય તોપણ 'સ્વસમય' નથી જાણતો એમ જાણવું.

૫૪. તે માટે સર્વ ઇચ્છાથી નિવર્તી નિઃસંગ અને નિર્મમત્વ થઇને જે સિદ્ધસ્વરૂપની ભક્તિ કરે તે નિર્વાણને પ્રાપ્ત થાય.

૫૫. પરમેષ્ઠિપદને વિષે જેને તત્ત્વાર્થપ્રતીતિપૂર્વક ભક્તિ છે, અને નિર્ગ્રંથપ્રવચનમાં રૂચિપણે જેની બુદ્ધિ પરિણમી છે, તેમજ તે સંયમતપસહિત વર્તે છે તો તેને મોક્ષ કંઇ દૂર નથી.

૫૬. અર્હંતની, સિદ્ધની, ચૈત્યની, પ્રવચનની ભક્તિસહિત જો તપશ્ચર્યા કરે છે તો તે નિયમથી દેવલોકને અંગીકાર કરે છે.

૫૭. તેથી ઇચ્છામાત્રની નિવૃત્તિ કરો. સર્વત્ર કિંચિત્માત્ર પણ રાગ કરો માં, કેમકે વીતરાગ ભવસાગરને તરે છે.

૫૮. માર્ગનો પ્રભાવ થવાને અર્થે, પ્રવચનની ભક્તિથી ઉત્પન્ન થયેલી પ્રેરણાથી પ્રવચનના રહસ્યભૂત 'પંચાસ્તિકાય'ના સંગ્રહરૂપ આ શાસ્ત્ર મેં કહ્યું.

ઇતિ પંચાસ્તિકાય સમાપ્તમ્

૫૪૪[1].

+શારીરિક, માનસિક અનંત પ્રકારનાં દુઃખોએ આકુલ વ્યાકુલ જીવોને તે દુઃખોથી છૂટવાની બહુ બહુ પ્રકારે ઇચ્છા છતાં તેમાંથી મુક્ત થઈ શકતા નથી તેનું શું કારણ ? એવું પ્રશ્ન અનેક જીવોને ઉત્પન્ન થયા કરે; પણ તેનું યથાર્થ સમાધાન કોઇ એક વિરલ જીવને જ પ્રાપ્ત થાય છે. જ્યાંસુધી દુઃખનું મૂળ કારણ યથાર્થપણે જાણવામાં ન આવ્યું હોય ત્યાંસુધી, તે ટાળવાને માટે ગમે તેવું પ્રયત્ન કરવામાં આવે તોપણ દુઃખનો ક્ષય થઈ શકે નહીં, અને ગમે તેટલી અરૂચિ, અપ્રિયતા અને અભાવ તે દુઃખપ્રત્યે હોય છતાં તેને અનુભવ્યા જ કરવું પડે. અવાસ્તવિક ઉપાયથી તે દુઃખ મટાડવાનું પ્રયત્ન કરવામાં આવે, અને તે પ્રયત્ન ન સહન થઈ શકે એટલા પરિશ્રમપૂર્વક કર્યું હોય છતાં તે દુઃખ ન મટવાથી દુઃખ મટાડવા ઇચ્છત મુમુક્ષુને અત્યંત વ્યામોહ થઇ આવે છે, અથવા થયા કરે છે, કે આનું શું કારણ ? આ દુઃખ ટળતું કેમ નથી ? કોઈ પણ પ્રકારે મારે તે દુઃખની પ્રાપ્તિ ઇચ્છિત નહીં છતાં સ્વપ્નેય પણ તેના પ્રત્યે કંઇ પણ વૃત્તિ નહીં છતાં તેની પ્રાપ્તિ થયા કરે છે, અને હું જે જે પ્રયત્ન કરૂં છું તે તે બધાં નિષ્ફળ જઇ દુઃખ અનુભવ્યા જ કરૂં છું એનું શું કારણ ? શું એ દુઃખ કોઇનું મટતું જ નહીં હોય ? દુઃખી થવું એ જ જીવનો સ્વભાવ હશે ? શું કોઇ એક જગત્કર્ત્તા ઇશ્વર હશે તેણે આમ જ કરવું યોગ્ય ગણ્યું હશે ? શું ભવિતવ્યતાને આધીન એ વાત હશે ? અથવા કોઈ એક મારા કરેલા આગલા અપરાધોનું ફળ હશે ? એ વગેરે અનેક પ્રકારના વિકલ્પો જે જીવો મનસહિત દેહધારી

---

૧ શાસ્ત્રયોજના છે.—સંશોધક.

+ પ્રથમની આવૃત્તિમાં આ મથાળાનો લેખ હાથ લાગ્યો ન હતો, પણ આ વખતે લભ્ય થવાથી જોડી દેવામાં આવ્યો છે.

છે તે કર્યા કરે છે. અને જે જીવો મનરહિત છે તે અવ્યક્તપણે દુઃખનો અનુભવ કરે છે, અને અવ્યક્તપણે તે દુઃખ મટે એવી ઇચ્છા રાખ્યા કરે છે. આ જગતને વિષે પ્રાણીમાત્રની વ્યક્ત અથવા અવ્યક્ત ઇચ્છા પણ એ જ છે કે, કોઇ પણ પ્રકારે મને દુઃખ ન હો. અને સર્વથા સુખ હો. પ્રયત્ન પણ એ જ અર્થે છે છતાં તે દુઃખ શા માટે મટતું નથી ? એવો પ્રશ્ન ઘણા ઘણા વિચારવાનોને પણ ભૂત કાળે ઉત્પન્ન થયો હતો; વર્તમાનકાળે પણ થાય છે અને ભવિષ્યકાળે પણ થશે, તે અનંત અનંત વિચારવાનોમાંથી અનંત વિચારવાનો તેના યથાર્થ સમાધાનને પામ્યા અને તે દુઃખથી મુક્ત થયા. વર્તમાનકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામે છે તે પણ તથારૂપ ફળને પામે છે, અને ભવિષ્યકાળે પણ જે જે વિચારવાનો યથાર્થ સમાધાન પામશે તે તે તથારૂપ ફળને પામશે એમાં સંશય નથી.

શરીરનું દુઃખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોત, મનનું દુઃખ ધનાદિ મળવાથી જતું હોત, અને બાહ્ય સંસર્ગ સંબંધનું દુઃખ મનને કંઇ અસર ઉપજાવી શકતું ન હોત, તો દુઃખ મટવા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે તે તે સર્વ જીવોનું સફળ થાત; પણ જ્યારે તેમ બનતું જોવામાં ન આવ્યું ત્યારે જ વિચારવાનોને પ્રશ્ન ઉત્પન્ન થયું કે. દુઃખ મટવા માટે બીજો જ ઉપાય હોવો જોઇએ. આ જે કરવામાં આવે છે તે ઉપાય અયથાર્થ છે, અને બધો શ્રમ વૃથા છે માટે તે દુઃખનું મૂળ કારણ જો યથાર્થ જાણવામાં આવે, અને તે જ પ્રમાણે ઉપાય કરવામાં આવે તો દુઃખ મટે; નહીં તો નહીં જ મટે.

જે વિચારવાનો દુઃખનું યથાર્થ મૂળ કારણ વિચારના ઉત્કંઠિત છતાં કોઇ એક જ તેનું યથાર્થ સમાધાન પામ્યા અને ઘણા યથાર્થ સમાધાન નહીં પામતાં છતાં મતિ વ્યામોહાદિ કારણથી યથાર્થ સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા, અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા, અને ઘણા લોકો તેને અનુસરવા પણ લાગ્યા. જગતમાં જુદા જુદા ધર્મ મત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે. "ધર્મથી દુઃખ મટે" એમ ઘણાખરા વિચારવાનોની માન્યતા થઇ, પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એક બીજામાં ઘણો તફાવત પડયો. ઘણા તો પોતાનો મૂળ વિષય ચુકી ગયા; અને ઘણા તો તે વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિકાદિ પરિણામોને પામ્યા.

દુઃખનાં મૂળ કારણ અને તેની શી રીતે પ્રવૃત્તિ થઈ તેના સંબંધમાં થોડાક મુખ્ય અભિપ્રાયો અત્રે સંક્ષેપમાં જણાવવામાં આવે છે.

દુઃખ શું છે ? તેનાં મૂળ કારણો શું છે ? અને તે શાથી મટી શકે ? તે સંબંધી જિનો એટલે વીતરાગોએ પોતાનો જે મત દર્શાવ્યો છે તે અહીં સંક્ષેપમાં કહીએ છીએ:

હવે, તે યથાર્થ છે કે કેમ ? તેનું અવલોકન કરીએ છીએ:

જે ઉપાયો દર્શાવ્યા તે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર, અથવા તે ત્રણેનું એક નામ ' સમ્યક્મોક્ષ.'

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રમાં સમ્યક્દર્શનની મુખ્યતા ઘણે સ્થળે તે વીતરાગોએ કહી છે; જો કે સમ્યક્જ્ઞાનથી જ સમ્યક્દર્શનનું પણ ઓળખાણ થાય છે, તો પણ સમ્યક્દર્શનની પ્રાપ્તિવગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.

જેમ જેમ સમ્યક્દર્શન શુદ્ધ થતું જાય છે, તેમ તેમ સમ્યક્ચારિત્રપ્રત્યે વીર્ય ઉલ્લસતું જાય છે; અને ક્રમે કરીને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે, જેથી આત્મામાં સ્થિર સ્વભાવ સિદ્ધ થતો જાય છે, અને ક્રમે કરીને પૂર્ણ સ્થિર સ્વભાવ પ્રગટે છે; અને આત્મા નિજ પદમાં લીન થઈ સર્વકર્મકલંકથી રહિત થવાથી એક શુદ્ધઆત્મસ્વભાવરૂપ મોક્ષમાં પરમઅવ્યાબાધ સુખના અનુભવસમુદ્રમાં સ્થિત થાય છે.

સમ્યક્દર્શનની પ્રાપ્તિથી જેમ જ્ઞાન સમ્યક્સ્વભાવને પામે છે–એ સમ્યક્દર્શનનો પરમ ઉપકાર છે–તેમ સમ્યક્દર્શન ક્રમે કરી શુદ્ધ થતું જઈ પૂર્ણ સ્થિર સ્વભાવ સમ્યક્ચારિત્રને પ્રાપ્ત થાય તેને અર્થે સમ્યક્જ્ઞાનના બળની તેને ખરેખરી આવશ્યકતા છે. તે સમ્યક્જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય વીતરાગશ્રુત અને તે શ્રુતતત્ત્વોપદેષ્ટા મહાત્મા છે.

વીતરાગશ્રુતના પરમરહસ્યને પ્રાપ્ત થયેલા અસંગ અને પરમકરૂણાશીળ મહાત્માનો યોગ પ્રાપ્ત થવો અતિશય કઠણ છે. મહતભાગ્યોદયના યોગથી જ તે યોગ પ્રાપ્ત થાય છે એમાં સંશય નથી. કહ્યું છે કે.—

તહા રુવાણં સમણાણં ॥

તે શ્રવણમહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણો પરમપુરૂષે આ પ્રમાણે કહ્યાં છે:

અભ્યંતરદશાનાં ચિન્હ તે મહાત્માઓનાં પ્રવૃત્તિલક્ષણોથી નિર્ણીત કરી શકાય; જો કે પ્રવૃત્તિલક્ષણ કરતાં અભ્યંતરદશા વિષેનો નિશ્ચય અન્ય પણ નીકળે છે. કોઈ એક શુદ્ધવૃત્તિમાન મુમુક્ષુને તેવા અભ્યંતરદશાની પરીક્ષા આવે છે.

એવા મહાત્માઓના સમાગમ અને વિનયની શી જરૂર ? ગમે તેવો પુરુષ હોય પણ સારી રીતે શાસ્ત્ર વાંચી સંભળાવે તેવા પુરુષથી જીવ કલ્યાણનો યથાર્થ માર્ગ શા માટે ન પામી શકે ? એવી આશંકાનું સમાધાન કરવામાં આવે છેઃ

એવા મહાત્માપુરુષનો યોગ બહુ દુર્લભ છે. સારા દેશ, કાળમાં પણ એવા મહાત્માનો યોગ દુર્લભ છે; તો આવા દુષમ કાળમાં તેમ હોય એમાં કંઇ કહેવું રહેતું નથી.

કહ્યું છે કે,—

યદ્યપિ તેવા મહાત્માપુરૂષનો ક્વચિત્ યોગ બને છે: તોપણ જો શુદ્ધવૃત્તિમાન્ મુમુક્ષુ હોય તો તે અપૂર્વ ગુણને તેવા મુહૂર્તમાત્રના સમાગમમાં પ્રાપ્ત કરી શકે છે. જેવા મહાત્માપુરૂષનાં વચન-પ્રતાપથી મુહૂર્તમાત્રમાં ચક્રવર્ત્તિઓ પોતાનું રાજપાટ છોડી ભયંકર વનમાં તપશ્ચર્યા કરવાને ચાલી નીકળતા હતા, તેવા મહાત્માપુરૂષના યોગથી અપૂર્વ ગુણ કેમ પ્રાપ્ત ન થાય ?

સારા દેશ, કાળમાં પણ ક્વચિત્ તેવા મહાત્માનો યોગ બની આવે છે, કેમકે તેઓ અપ્રતિબદ્ધ-વિહારી હોય છે. ત્યારે એવા પુરૂષોનો નિત્ય સંગ રહી શકે તેમ શી રીતે બની શકે કે જેથી મુમુક્ષુ જીવ સર્વ દુઃખ ક્ષય કરવાનાં અનન્ય કારણોને પૂર્ણપણે ઉપાસી શકે ? તેનો માર્ગ આ પ્રમાણે ભગવાન્ જિને અવલોક્યો છે:

નિત્ય તેમના સમાગમમાં આજ્ઞાધીનપણે વર્ત્તવું જોઇએ, અને તે માટે બાહ્યાભ્યંતર પરિગ્રહાદિ ત્યાગ જ યોગ્ય છે.

જેઓ સર્વથા તેવો ત્યાગ કરવાને સમર્થ નથી તેમણે આ પ્રમાણે દેશત્યાગપૂર્વક કરવું યોગ્ય છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે ઉપદેશ્યું છે:

તે મહાત્માપુરુષના ગુણાતિશયપણાથી, સમ્યક્‌આચરણથી, પરમજ્ઞાનથી, પરમશાંતિથી, પરમનિવૃત્તિથી મુમુક્ષુ જીવની અશુભ વૃત્તિઓ પરાવર્તન થઈ શુભસ્વભાવને પામી સ્વરૂપપ્રત્યે વળતી જાય છે.

તે પુરુષનાં વચનો આગમસ્વરૂપ છે, તોપણ વારંવાર પોતાથી વચનયોગની પ્રવૃત્તિ ન થાય તેથી, તથા નિરંતર સમાગમનો યોગ ન બને તેથી, તથા તે વચનનું શ્રવણ તાદૃશ્ય સ્મરણમાં ન રહે તેથી, તેમ જ કેટલાક ભાવોનું સ્વરૂપ જાણવામાં પરાવર્તનની જરૂર હોય છે તેથી, અને અનુપ્રેક્ષાનું બળ વૃદ્ધિ પામવાને અર્થે વીતરાગશ્રુત–વીતરાગ શાસ્ત્ર–એક બળવાન ઉપકારી સાધન છે; જો કે તેવા મહાત્માપુરૂષદ્વારા જ પ્રથમ તેનું રહસ્ય જાણવું જોઇએ, પછી વિશુદ્ધ દૃષ્ટિ થયે મહાત્માના સમાગમના અંતરાયમાં પણ તે શ્રુત બળવાન ઉપકાર કરે છે, અથવા જ્યાં કેવળ તેવા મહાત્માઓનો યોગ બની શકતો નથી, ત્યાં પણ વિશુદ્ધ દૃષ્ટિવાનને વીતરાગશ્રુત પરમોપકારી છે, અને તે જ અર્થે થઈને મહત્પુરૂષોએ એક શ્લોકથી માંડી દ્વાદશાંગસુધીની રચના કરી છે.

તે દ્વાદશાંગના મૂળ ઉપદેષ્ટા સર્વજ્ઞવીતરાગ છે; કે જેના સ્વરૂપનું મહાત્માપુરૂષો નિરંતર ધ્યાન કરે છે; અને તે પદની પ્રાપ્તિમાં જ સર્વસ્વ સમાયલું છે એમ પ્રતીતિથી અનુભવે છે. સર્વજ્ઞવીતરાગનાં વચનો ધારણ કરીને મહત્આચાર્યોએ દ્વાદશાંગની રચના કરી હતી; અને તદાશ્રિત આજ્ઞાંકિત મહાત્માઓએ બીજાં અનેક નિર્દોષ શાસ્ત્રોની રચના કરી છે. આ પ્રમાણે દ્વાદશાંગનાં નામો છેઃ

આચારંગ. દૃષ્ટિવાદ.

તેમાં આ પ્રમાણે નિરૂપણ છેઃ

કાળદોષથી ઘણાં સ્થળો તેમાંથી વિસર્જન થઈ ગયાં, અને માત્ર અલ્પ સ્થળો રહ્યાંઃ

જે અલ્પસ્થળો રહ્યાં તેને એકાદશાંગને નામે શ્વેતામ્બરઆચાર્યો કહે છે. દિગમ્બરો તેમાં અનુમત નહીં થતાં એમ કહે છે કે,—

વિસંવાદ કે મતાગ્રહની દૃષ્ટિએ તેમાં બન્ને કેવળ ભિન્ન ભિન્ન માર્ગની પેઠે જોવામાં આવે છે. દીર્ઘ દૃષ્ટિએ જોતાં તેનાં જૂદાં જ કારણો જોવામાં આવે છે.

ગમે તેમ હો, પણ આ પ્રમાણે બન્ને બહુ નજીકમાં આવી જાય છે:

વિવાદમાં ઘણાં સ્થળો તો અપ્રયોજન જેવાં છે; તે પણ પરોક્ષ છે.

અપાત્ર શ્રોતાને દ્રવ્યાનુયોગાદિ ભાવ ઉપદેશવાથી નાસ્તિકતાદિ ભાવો ઉત્પન્ન થવાનો વખત આવે છે, અથવા શુષ્કજ્ઞાની થવાનો વખત આવે છે.

હવે, આ પ્રસ્તાવના અત્રે સંક્ષેપીએ છીએ; અને જે મહાત્માપુરૂષે.

આ પ્રમાણે જો સુપ્રતીત થાય તો.

હિંસા રહિઓ ધમ્મો । અટ્ઠારસ દોષ વિરહિઓ દેવો ॥
નિગ્ગંથે પવયણે । સદ્દહણે હોઈ સમ્મતં ॥ ૧ ॥

તથા

. . . .

જીવને મોક્ષમાર્ગ છે, નહીં તો ઉન્માર્ગ છે.

સર્વ દુઃખનો ક્ષય કરનારો એક પરમ સદુપાય સર્વ જીવને હિતકારી, સર્વ દુઃખનાં ક્ષયનો એક આત્યંતિક ઉપાય—પરમ સદુપાયરૂપ વીતરાગદર્શન છે. તેની પ્રતીતિથી, તેના અનુકરણથી, તેની આજ્ઞાના પરમ અવલંબનવડે, જીવ ભવસાગર તરી જાય છે, 'સમવાયંગસૂત્ર' માં કહ્યું છે કેઃ—

આત્મા શું ? કર્મ શું ? તેનો કર્ત્તા કોણ ? તેની સ્થિતિ કેટલી ? કર્ત્તા શા વડે ? શું પરિમાણમાં તે બાંધી શકે ? એ આદિ ભાવોનું સ્વરૂપ જેવું નિર્ગ્રંથસિદ્ધાંતમાં સ્પષ્ટ, સૂક્ષ્મ અને સંકલનાપૂર્વક છે તેવું કોઈ પણ દર્શનમાં નથી.

૫૪૫.

હે આર્ય ! જેમ રણ ઉતરીને પારને સંપ્રાપ્ત થયા, તેમ ભવસ્વયંભૂરમણ તરી પારને સંપ્રાપ્ત થાઓ.

ચૈત્ર વદ ૨, ગુરૂવાર, ૧૯૫૫, વવાણીઆ.

૫૪૬.

ૐ

ગૃહવાસનો જેને ઉદય વર્ત્તે છે, તે જો કંઈ પણ શુભધ્યાનની પ્રાપ્તિ ઇચ્છિતા હોય, તો તેના મૂળહેતુભૂત એવાં અમુક સદ્દૃત્તનપૂર્વક રહેવું યોગ્ય છે. જે અમુક નિયમમાં "ન્યાયસંપન્ન આજીવિકાદિ વ્યવહાર" તે પહેલો નિયમ સાધ્ય કરવો ઘટે છે. એ નિયમ સાધ્ય થવાથી ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધિકાર ઉત્પન્ન થાય છે. આ પ્રથમ નિયમ ઉપર જો ધ્યાન આપવામાં આવે, અને તે નિયમને સિદ્ધ જ કરવામાં આવે, તો કષાયાદિ સ્વભાવથી મંદ પડવાયોગ્ય થાય છે, અથવા જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય છે; જે પર ધ્યાન આપવું યોગ્ય છે.

વવાણીઆ, વૈશાખ શુદ ૭, (૯૯, મે).

૫૪૭.

શુદ્ધાત્મસ્થિતિનાં પારમાર્થિક શ્રુત અને ઇંદ્રિયજય એ મુખ્ય અવલંબન છે. સુદૃઢપણે ઉપાસતાં તેની સિદ્ધિ થાય છે. હે આર્ય !! નિરાશા વખતે મહાત્મા પુરૂષોનું અદ્દ્ભુત આચરણ સંભારવું યોગ્ય છે. ઉલ્લાસિતવીર્યમાન પરમતત્ત્વ ઉપાસવાનાં મુખ્ય અધિકારી છે.

મોહમયી, અશાડ શુદ ૮, રવિ, સં૦ ૧૯૫૫. શાંતિઃ

૫૪૮.

અપ્રમત્ત સ્વભાવનું વારંવાર સ્મરણ કરીએ છીએ. પારમાર્થિક શ્રુત અને વૃત્તિજયનો અભ્યાસ વર્દ્ધમાન કરવો યોગ્ય છે.

અશાડ શુદ ૮, રવિવાર, ૧૯૫૫, મોહમયીક્ષેત્ર.

૫૪૯.

મુમુક્ષુ તથા બીજા જીવોના ઉપકારને નિમિત્તે જે ઉપકારશીલ બાહ્ય પ્રતાપની સૂચના–વિજ્ઞાપન દર્શાવ્યું તે અથવા બીજાં કોઈ કારણો કોઈ અપેક્ષાએ ઉપકારશીલ થાય છે.

હાલ તેવા પ્રવૃત્તિસ્વભાવપ્રત્યે ઉપશાંતવૃત્તિ છે. પ્રારબ્ધયોગથી જે બને તે પણ શુદ્ધસ્વભાવનાં અનુસંધાનપૂર્વક થવું ઘટે છે.

મહાત્માઓએ નિષ્કારણ કરૂણાથી પરમપદનો ઉપદેશ કર્યો છે. તેથી એમ જણાય છે કે, તે ઉપદેશનું કાર્ય પરમ મહત્ત જ છે. સર્વ જીવપ્રત્યે બાહ્યદયામાં પણ અપ્રમત્ત રહેવાનો જેના યોગનો સ્વભાવ છે, તેનો આત્મસ્વભાવ સર્વ જીવને પરમપદના ઉપદેશનો આકર્ષક હોય–તેવી નિષ્કારણ કરૂણાવાળો હોય તે યથાર્થ છે.

અશાડ વદ ૮, રવિ, સં૦ ૧૯૫૫, મુંબઈ.

૫૫૦.

ૐ

પરમપુરૂષની મુખ્ય ભક્તિ ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય એવા સદ્વર્તનથી પ્રાપ્ત થાય છે. ચરણપ્રતિપતિ–(શુદ્ધ આચરણની ઉપાસના)–રૂપ સદ્વર્તન જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે. જે આજ્ઞા પરમપુરૂષની મુખ્ય ભક્તિ છે.

ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થવામાં ગૃહવાસીજનોએ " સદ્ધર્મરૂપ આજીવિકાવ્યવહાર " સહિત પ્રવર્ત્તન કરવું યોગ્ય છે.

ઘણાં શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ જો જ્ઞાનીપુરૂષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણાં શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.

શ્રાવણ શુદ ૩, મુંબઈ, (૧૦, આગ. ૯૯).

૫૫૧.

ત્રણ યોગની અલ્પ પ્રવૃત્તિ, તે પણ સમ્યક્પ્રવૃત્તિ હોય ત્યારે મહત્ પુરૂષના વચનામૃતનું મનન પરમશ્રેયનુ મૂળ દઢીભૂત કરે છે; ક્રમે કરીને પરમપદ સંપ્રાપ્ત કરે છે.

ચિત્ત અવિક્ષેપ રાખી પરમશાંત શ્રુતનું અનુપ્રેક્ષન કર્ત્તવ્ય છે.

શ્રાવણ શુદ ૭, ૧૯૫૫, મોહમયીક્ષેત્ર.

૫૫૨.

ૐ

જે વચનોની આકાંક્ષા છે, તે ઘણું કરીને થોડા વખતમાં પ્રાપ્ત થશે.

ઇંદ્રિયનિગ્રહના અભ્યાસપૂર્વક સત્શ્રુત અને સત્સમાગમ નિરંતર ઉપાસવાયોગ્ય છે. ક્ષીણમોહપર્યંત જ્ઞાનીની આજ્ઞાનું અવલંબન પરમ હિતકારી છે.

આજદિવસપર્યંત તમારાપ્રત્યે, તથા તમારા સમીપ વસતાં બાઇઓ ભાઇઓપ્રત્યે યોગના પ્રમત્તસ્વભાવવડે કિંચિત્ જે અન્યથા થયું હોય તે અર્થે નમ્રભાવથી ક્ષમાની યાચના છે.

મુંબઈ, ભાદ્રપદ શુદ ૫. રવિવાર, (૧૮૯૯.) **શાંતિઃ**

૫૫૩.

ૐ. જે જ્ઞાનીપુરૂષોને દેહાભિમાન ટળ્યું છે, તેને કંઇ કરવું રહ્યું નથી; એમ છે તોપણ તેમને સર્વસંગપરિત્યાગાદિ સત્પુરૂષાર્થતા પરમપુરૂષે ઉપકારભૂત કહી છે.

૫૫૪.

જ્ઞાનાવરણીયાદિ કર્મના પુદ્ગલયોગથી ગ્રહણ થાય છે તે 'દ્રવ્યાશ્રવ' જાણવો. જિનભગવાને તે અનેક ભેદથી કહ્યો છે.

જીવ જે પરિણામથી કર્મનો બંધ કરે છે તે 'ભાવબંધ'. કર્મપ્રદેશ, પરમાણુઓ, અને જીવનો અન્યોન્યપ્રવેશરૂપે સંબંધ થવો તે 'દ્રવ્યબંધ.'

પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ એમ ચાર પ્રકારનો બંધ છે. પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી થાય છે. સ્થિતિ તથા અનુભાગબંધ કષાયથી થાય છે.

આશ્રયને રોકી શકે એવો ચૈતન્યસ્વભાવ તે 'ભાવસંવર,' અને તેથી દ્રવ્યાશ્રવને રોકે તે 'દ્રવ્યસંવર' બીજો છે. વ્રત, સમિતિ, ગુપ્તિ, ધર્મ, અનુપ્રેક્ષા અને પરિષહજય એમ ચારિત્રના ઘણા પ્રકાર તે 'ભાવસંવર'ના વિશેષ જાણવા.

તપશ્ચર્યાએ કરીને જે કાળે કર્મના પુદ્ગલોએ રસ ભોગવી લીધો તે 'ભાવનિર્જરા.' તે પુદ્ગલપરમાણુઓનું આત્મપ્રદેશથી ખરી પડવું તે 'દ્રવ્યનિર્જરા.'

સર્વ કર્મનો ક્ષયથવારૂપ આત્મસ્વભાવ તે 'ભાવમોક્ષ.' કર્મવર્ગણાથી આત્મદ્રવ્યનું જૂદું થઇ જવું તે 'દ્રવ્યમોક્ષ."

શુભ અને અશુભ ભાવને લીધે પુણ્ય અને પાપ જીવને હોય છે. શાતા, શુભાયુષ્, શુભનામ અને ઉચ્ચગોત્રનો હેતુ 'પુણ્ય' છે. 'પાપ'થી તેથી વિપરીત થાય છે.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર મોક્ષનાં કારણ છે, 'વ્યવહાર' અને 'નિશ્ચય' નયથી તે ત્રણે છે. 'નિશ્ચય'થી આત્મા એ ત્રણેમય છે.

જીવાદિ તત્ત્વોપ્રત્યે આસ્થારૂપ આત્મસ્વભાવ તે 'સમ્યક્દર્શન;' માઠા આગ્રહથી રહિત તે 'સમ્યક્જ્ઞાન.'

સંશય, વિપર્યય અને ભ્રાંતિથી રહિત આત્મસ્વરૂપને અને પરસ્વરૂપને યથાર્થપણે ગ્રહણ કરી શકે તે 'સમ્યક્જ્ઞાન.' સાકારોપયોગરૂપ તેના ઘણા ભેદ છે.

ભાવોનું સામાન્યસ્વરૂપ જે ઉપયોગ ગ્રહણ કરી શકે તે 'દર્શન.' 'દર્શન' શબ્દ શ્રદ્ધાના અર્થમાં પણ વપરાય છે: એમ આગમમાં કહ્યું છે.

છદ્મસ્થને પ્રથમ દર્શન અને પછી જ્ઞાન થાય છે. કેવળીભગવાનને બન્ને સાથે થાય છે.

અશુભભાવથી નિવૃત્તિ, અને શુભભાવમાં પ્રવૃત્તિ તે 'ચારિત્ર'. વ્યવહારનયથી તે 'ચારિત્રવ્રત' સમિતિગુપ્તિરૂપે શ્રી વીતરાગોએ કહ્યું છે.

સંસારના મૂળ હેતુઓના વિશેષ નાશ કરવાને અર્થે બાહ્ય અને અંતરંગ ક્રિયાનો જ્ઞાનીપુરૂષને નિરોધ થાય તેનું નામ 'પરમ સમ્યક્ચારિત્ર' વીતરાગોએ કહ્યું છે.

મોક્ષના હેતુરૂપ એ બન્ને ચારિત્ર ધ્યાનથી અવશ્ય મુનિઓ પામે છે, તેટલા માટે પ્રયત્નવાન ચિત્તથી ધ્યાનનો ઉત્તમ અભ્યાસ કરો.

જો તમે સ્થિરતા ઇચ્છતા હો તો પ્રિય અથવા અપ્રિય વસ્તુમાં મોહ ન કરો, રાગ ન કરો, દ્વેષ ન કરો; અનેક પ્રકારના ધ્યાનની પ્રાપ્તિને અર્થે પાંત્રિશ, સોલ. છ, પાંચ, ચાર, બે, અને એક એક પરમેષ્ટિપદના વાચક છે તેનું જ જયપૂર્વક ધ્યાન કરો. વિશેષ સ્વરૂપ શ્રી ગુરૂના ઉપદેશથી જાણવું યોગ્ય છે.

૫૫૫.

એક આત્મપરિણતિ શિવાયના બીજા જે વિષયો તેને વિષે ચિત્ત અવ્યવસ્થિતપણે વર્ત્તે છે; અને તેવું અવ્યવસ્થિતપણું લોકવ્યવહારથી પ્રતિકૂલ હોવાથી લોકવ્યવહાર ભજવો ગમતો નથી,

અને બનતો નથી; એ વેદના ઘણું કરીને દિવસના આખા ભાગમાં વેદનામાં આવ્યા કરે છે.

ખાવાને વિષે, પીવાને વિષે, બોલવાને વિષે, શયનને વિષે, લખવાને વિષે, કે બીજાં વ્યવહારિક કાર્યોને વિષે જેવા જોઇએ તેવા ભાનથી પ્રવર્ત્તાતું નથી, અને તે પ્રસંગો રહ્યા હોવાથી આત્મપરિણતિને સ્વતંત્ર પ્રગટપણે અનુસરવામાં વિપત્તિ આવ્યા કરે છે, અને તે વિષેનું ક્ષણે ક્ષણે દુઃખ રહ્યા કરે છે.

અસ્ખલિત આત્મરૂપે રહેવાની સ્થિતિમાં જ ચિત્તેચ્છા રહે છે, અને ઉપર જણાવ્યા પ્રસંગોની આપત્તિને લીધે કેટલોક તે સ્થિતિનો વિયોગ રહ્યા કરે છે; અને તે વિયોગ માત્ર પરેચ્છાથી રહ્યો છે; સ્વેચ્છાના કારણથી રહ્યો નથી; એ એક ગંભીર વેદના ક્ષણે ક્ષણે થયા કરે છે.

આ જ ભવને વિષે, અને થોડા જ વખત પહેલાં વ્યવહારને વિષે પણ સ્મૃતિ તીવ્ર હતી. તે સ્મૃતિ હવે વ્યવહારને વિષે ક્વચિત જ મંદપણે પ્રવર્ત્તે છે. થોડા જ વખત પહેલાં—એટલે થોડાં વર્ષો પહેલા—વાણી ઘણું બોલી શકતી—વક્તાપણે કુશલતાથી પ્રવર્ત્તી શકતી—તે હવે મંદપણે અવ્યવસ્થાથી પ્રવર્ત્તે છે. થોડાં વર્ષ પહેલાં—થોડાં વખત પહેલાં-લેખકશક્તિ અતિ ઉગ્ર હતી; આજે શું લખવું તે સુજતાં સુજતાં દિવસના દિવસ વ્યતીત થઈ જાય છે; અને પછી પણ જે કંઈ લખાય છે તે ઇચ્છેલું, અથવા યોગ્ય વ્યવસ્થાવાળું લખાતું નથી; અર્થાત્ એક આત્મપરિણામ શિવાય સર્વ બીજાં પરિણામને વિષે ઉદાસીનપણું વર્ત્તે છે; અને જે કઈ કરાય છે તે જેવાં જોઇએ તેવાં ભાનના સોમા અંશથી પણ નથી. જેમ તેમ અને જે તે કરાય છે; લખવાની પ્રવૃત્તિ કરતાં વાણીની પ્રવૃત્તિ કંઇક ઠીક છે.

કુંદકુંદાચાર્યજી, આનંદઘનજીને સિદ્ધાંત સંબંધી જ્ઞાન તીવ્ર હતું. કુંદકુંદાચાર્ય તો આત્મસ્થિતિમાં બહુ સ્થિત હતા. નામનું જેને દર્શન તે બધા સમ્યક્જ્ઞાની કહી શકાતા નથી. વિશેષ હવેપછી—

વ્યાખ્યાન સાર સંક્ષેપ.[1]

૧. પહેલે ગુણસ્થાનકે ગ્રંથિ છે તેનું ભેદન કર્યાવિના આત્મા ગુણસ્થાનકે જઈ શકતો નથી. જોગાનજોગ મળવાથી અકામનિર્જરા કરતો જીવ આગળ વધે છે; ને ગ્રંથિ ભેદ કરવાથી નજીક આવે છે. અહીં આગળ ગ્રંથિનું એટલું બધું પ્રબલપણું છે કે, તે ગ્રંથિભેદ કરવામાં મોળો પડી જઇ અસમર્થ થઈ જઇ પાછો વળે છે; હિમ્મત કરી આગળ વધવા ધારે છે; પણ મોહનીયના કારણથી રૂપાન્તર સમજાઈ પોતે ગ્રંથિભેદ કરે છે એમ સમજે છે; અને ઉલટું તે સમજવારૂપ મોહના કારણથી ગ્રંથિનું નિવિડપણું કરે છે. તેમાંથી કોઇક જ જીવ જોગાનજોગ પ્રાપ્ત થયે અકામનિર્જરા કરતાં અતિ બળવાન થઈ તે ગ્રંથિને મોળી પાડી, અથવા પોચી કરી, આગળ વધી જાય છે. જે અવિરતિસમ્યક્દૃષ્ટિનામા ચોથું ગુણસ્થાનક છે; જ્યાં મોક્ષમાર્ગની સુપ્રતીતિ થાય છે. આનું બીજું નામ 'બોધબીજ' છે. અહીં આત્માના અનુભવની શરૂઆત થાય છે; અર્થાત્ મોક્ષ થવાનું બીજ અહીં રોપાય છે.

૨. આ 'બોધબીજ ગુણસ્થાનક'—ચોથા ગુણસ્થાનક—થી તેરમા ગુણસ્થાનકસુધી આત્મઅનુભવ

---

૧. શ્રીમદ્‌ના સંવત્ ૧૯૫૪–૫૫ ના શ્રી મોરબીના આગમનપ્રસંગના વ્યાખ્યાનના જે મુદ્દાઓ (Points) યથાશક્તિ સ્મૃતિમાં રાખી યથાવકાશે પોતાના ક્ષયોપશમાનુસાર એક શ્રોતાએ પૃથક્ પૃથક્ સ્થળે અવ્યવસ્થિતપણે લખી લીધેલા તેનો સંગ્રહ કરી અમે આ સ્થળે મૂકીએ છીએ. આ સ્મૃત વચનો હોવાથી શ્રીમદ્‌ના લેખિત વચનોની રીત્યાનુસાર અમે તેના ઉપર આંક ટાંક્યો નથી.—સંશોધક.

એક સરખો છે; પરંતુ જ્ઞાનાવરણીયકર્મની નિરાવરણતાનુસાર જ્ઞાનની વિશુદ્ધતા ઓછી અધિકી હોય છે તેના પ્રમાણમાં અનુભવનું પ્રકાશવું કહી શકે છે.

***

૩. જ્ઞાનાવરણનું સર્વ પ્રકારે નિવારણ થવું તે 'કેવળજ્ઞાન' એટલે 'મોક્ષ,' જે બુદ્ધિબળથી કહેવામાં આવે છે એમ નથી; પરંતુ અનુભવગમ્ય છે.

૪. બુદ્ધિબળથી નિશ્ચય કરેલો સિદ્ધાંત તેથી વિશેષ બુદ્ધિબળ અથવા તર્કથી વખતે ફરી શકે છે; પરંતુ જે વસ્તુ અનુભવગમ્ય–અનુભવસિદ્ધ–થઇ છે તે ત્રણે કાળમાં ફરી શકતી નથી.

૫. હાલના સમયમાં જૈનદર્શનને વિષે અવિરતિસમ્યક્દષ્ટિનામા ચોથા ગુણસ્થાનકથી અપ્રમત્ત-નામા સાતમા ગુણસ્થાનકસુધી આત્મઅનુભવ સ્પષ્ટ સ્વીકારેલ છે.

૬. સાતમાથી સયોગીકેવળીનામા તેરમા ગુણસ્થાનકસુધીનો કાળ અંતર્મૂહૂર્તનો છે, તેરમાનો કાળ વખતે લાંબો પણ હોય છે. ત્યાંસુધી આત્મઅનુભવ પ્રતીતિરૂપ છે.

૭. આ કાળને વિષે મોક્ષ નથી એમ માની જીવ મોક્ષહેતુભૂત ક્રિયા કરી શકતો નથી, અને તેવી માન્યતાને લઇને જીવનું પ્રવર્ત્તન બીજી જ રીતે થાય છે.

૮. પાંજરામાં પૂરેલો સિંહ પાંજરાથી પ્રત્યક્ષ જૂદો છે, તોપણ બહાર નીકળવાને સામર્થ્યરહિત છે. તેમ જ ઓછા આયુષ્યના કારણથી, અથવા સંઘયણાદિ અન્ય સાધનોના અભાવે આત્મારૂપી સિંહ કર્મરૂપી પાંજરામાંથી બહાર આવી શકતો નથી એમ માનવામાં આવે તો તે માનવું સકારણ છે.

૯. આ અસાર એવા સંસારને વિષે મુખ્ય એવી ચાર ગતિ છે; જે કર્મબંધથી પ્રાપ્ત થાય છે. બંધ વિના તે ગતિ પ્રાપ્ત થતી નથી. અબંધ એવું જે મોક્ષસ્થાનક તે બંધથી થનારી એવી જે ચાર ગતિ તે રૂપ સંસારને વિષે નથી. સમ્યક્ત્વ, અથવા ચારિત્રથી બંધ થતો નથી એ તો ચોકસ છે; તો પછી ગમે તે કાળમાં સમ્યક્ત્વ અથવા ચારિત્ર પામે ત્યાં તે સમયે બંધ નથી; અને જ્યાં બંધ નથી ત્યાં સંસાર નથી.

૧૦. સમ્યક્ત્વ અને ચારિત્રમાં આત્માની શુદ્ધ પરિણતિ છે, તથાપિ તે સાથે મન વચન શરીરના શુભજોગ પ્રવર્ત્તે છે. તે શુભજોગથી શુભ એવો બંધ થાય છે. તે બંધને લઇને દેવાદિગતિ એવો જે સંસાર તે કરવો પડે છે. પરંતુ તેથી વિપરીત જે સમ્યક્ત્વ અને ચારિત્ર જેટલે અંશે પ્રાપ્ત થાય છે તેટલે અંશે મોક્ષ પ્રગટ થાય છે; તેનું ફળ દેવાદિ ગતિ પ્રાપ્ત થઇ તે નથી. દેવાદિ ગતિ જે પ્રાપ્ત થઇ તે ઉપર બતાવેલા મન વચન શરીરના શુભજોગથી થઇ છે; અને અબંધ એવું જે સમ્યક્ત્વ તથા ચારિત્ર પ્રગટ થયું છે તે કાયમ રહીને ફરી મનુષ્યપણુ પામી ફરી તે ભાગને જોડાઇ મોક્ષ થાય છે.

૧૧. ગમે તે કાળમાં કર્મ છે; તેનો બંધ છે; અને તે બંધની નિર્જરા છે; અને સંપૂર્ણ નિર્જરા તેનું નામ 'મોક્ષ' છે.

**

૧૨. નિર્જરાના બે ભેદ છે. એક સકામ, એટલે સહેતુ–મોક્ષના હેતુભૂત–નિર્જરા, અને બીજી અકામ એટલે વિપાકનિર્જરા.

૧૩. અકામનિર્જરા ઉદયિક ભાવે થાય છે. આ નિર્જરા જીવે અનંતિવાર કરી છે; અને તે કર્મબંધનું કારણ છે.

૧૪. સકામનિર્જરા ક્ષાયોપશમિક ભાવે થાય છે. જે કર્મના અબંધનું કારણ છે. જેટલે અંશે સકામ નિર્જરા (ક્ષાયોપશમિક ભાવે) થાય તેટલે અંશે આત્મા પ્રગટ થાય છે. જો અકામ–

વિપાક-નિર્જરા હોય તો તે ઉદયિક ભાવે હોય છે; અને તે કર્મબંધનું કારણ છે. અહીં પણ કર્મનું નિર્જરવું થાય છે; પરંતુ આત્મા પ્રગટ થતો નથી.

૧૫. અનંતિવાર ચારિત્ર પ્રાપ્ત કરવાથી જે નિર્જરા થઇ છે તે ઉદયિક ભાવે-જે ભાવ અબંધક નથી-થઈ છે; ક્ષાયોપશમિક ભાવે થઈ નથી. જો તેમ થઈ હોત તો આ પ્રમાણે રખડવું બનત નહીં.

***

૧૬. માર્ગ બે પ્રકારે છે; એક લૌકિકમાર્ગ, અને બીજો લોકોત્તરમાર્ગ; જે એક બીજાથી વિરુદ્ધ છે.

૧૭. લૌકિકમાર્ગથી વિરુદ્ધ જે લોકોત્તરમાર્ગ તે પાળવાથી તેનું ફળ તેથી વિરુદ્ધ એવું જે લૌકિક તે હોય નહીં. જેવું કૃત્ય તેવું ફળ.

***

૧૮. આ સંસારને વિષે અનંત એવા કોટિ જીવોની સંખ્યા છે. વ્યવહારાદિ પ્રસંગે ક્રોધાદિ વર્તણુક અનંત જીવો ચલાવે છે. ચક્રવર્તી રાજા આદિ ક્રોધાદિ ભાવે સંગ્રામ ચલાવે છે, અને લાખો મનુષ્યનો ઘાત કરે છે તોપણ તેઓમાંના કોઈ કોઈનો તે જ કાળમાં મોક્ષ થયો છે.

૧૯. ક્રોધ, માન, માયા, અને લોભની ચોકડીને કષાય એવા નામથી ઓળખવામાં આવે છે. આ કષાય છે તે અત્યંત ક્રોધાદિવાળો છે. તે જો અનંત સંસારનો હેતુ હોઇને અનંતાનુબંધિ કષાય થતો હોય તો તે ચક્રવર્ત્યાદિને અનંત સંસારની વૃદ્ધિ થવી જોઇએ, અને તે હિસાબે અનંત સંસાર વ્યતીત થયા પહેલાં મોક્ષ થવો શી રીતે ઘટે ? એ વાત વિચારવાયોગ્ય છે.

૨૦. જે ક્રોધાદિથી અનંત સંસારની વૃદ્ધિ થાય તે અનંતાનુબંધિ કષાય છે, એ પણ નિઃશંક છે. તે હિસાબે ઉપર બતાવેલા ક્રોધાદિ અનંતાનુબંધિ સંભવતા નથી. ત્યારે અનંતાનુબંધિની ચોકડી બીજી રીતે સંભવે છે.

૨૧. સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેની ઐક્યતા તે 'મોક્ષ'. તે સમ્યક્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એટલે વીતરાગ જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. તેનાથી જ અનંત સંસારથી મુક્તપણુ પમાય છે. આ વીતરાગજ્ઞાન કર્મનો અબંધહેતુ છે. વીતરાગના માર્ગે ચાલવું, અથવા તેમની આજ્ઞાપ્રમાણે ચાલવું એ પણ અબંધક છે. તે પ્રત્યે જે ક્રોધાદિ કષાય હોય તેથી વિમુક્ત થવું તે જ અનંત સંસારથી અત્યંતપણે મુક્ત થવું છે; અર્થાત્ મોક્ષ છે. મોક્ષથી વિપરીત એવો જે અનંત સંસાર તેની વૃદ્ધિ જેનાથી થાય છે તેને અનંતાનુબંધિ કહેવામાં આવે છે; અને છે પણ તેમ જ. વીતરાગના માર્ગે અને તેમની આજ્ઞાએ ચાલનારાનું કલ્યાણ થાય છે. આવો જે ઘણા જીવોને કલ્યાણકારી માર્ગ તેપ્રત્યે ક્રોધાદિભાવ-જે મહા વિપરીતના કરનારા છે-તે જ અનંતાનુબંધિ કષાય છે.

૨૨. જો કે ક્રોધાદિભાવ લૌકિકે પણ અફળ નથી; પરંતુ વીતરાગે પ્રરૂપેલ વીતરાગજ્ઞાન અથવા મોક્ષધર્મ અથવા તો સતધર્મ તેનું ખંડન, અથવા તે પ્રત્યે ક્રોધાદિભાવ તીવ્ર મંદાદિ જેવે ભાવે હોય તેવે ભાવે અનંતાનુબંધિ કષાયથી બંધ થઈ અનંત એવા સંસારની વૃદ્ધિ થાય છે.

***

૨૩. અનુભવનો કોઈ પણ કાળમાં અભાવ નથી. બુદ્ધિબળથી મુકરર કરેલ વાત જે અપ્રત્યક્ષ છે તેનો ક્વચિત્ અભાવ પણ થવો ઘટે.

૨૪. "કેવળજ્ઞાન એટલે જેનાથી કંઈ પણ જાણવું અવશેષ નથી તે કે આત્મપ્રદેશનો જે સ્વભાવભાવ છે તે ?":—

(અ) આત્માએ ઉત્પન્ન કરેલ વિભાવભાવ અને તેથી જડપદાર્થનો થયેલો સંયોગ તેરૂપે થયેલા આવરણે કરી જે કંઇ દેખવું, જાણવું થાય છે તે ઇંદ્રિયની સહાયતાથી થઈ શકે છે, પરંતુ તે સંબંધી આ વિવેચન નથી. આ વિવેચન 'કેવળજ્ઞાન' સંબંધી છે.[1]

(આ) વિભાવભાવથી થયેલો જે પુદ્ગલાસ્તિકાયનો સંબંધ તે આત્માથી પર છે તેનું, તથા જેટલા પુદ્ગલનો સંયોગ થયો તેનું યથાન્યાયથી જ્ઞાન અર્થાત્ અનુભવ થાય તે અનુભવગમ્યમાં સમાય છે. અને તેને લઇને લોકસમસ્તના જે પુદ્ગલ તેનો પણ એવો જ નિર્ણય થાય તે બુદ્ધિબળમાં સમાય છે. જેમ. જે આકાશપ્રદેશને વિષે. અથવા તો તેની નજીક વિભાવી આત્મા સ્થિત છે તે આકાશપ્રદેશના તેટલા ભાગને લઇને અચ્છેદ્ય અભેદ્ય એવું જે અનુભવાય છે તે અનુભવગમ્યમાં સમાય છે; અને તે ઉપરાંતનો બાકીનો આકાશ જેને કેવળજ્ઞાનીએ પોતે પણ અનંત-જેનો અંત નહીં એવો-કહેલ છે, તે અનંત આકાશનો પણ તે પ્રમાણે ગુણ હોવો જોઈએ એવું બુદ્ધિબળે નિર્ણીત કરેલું હોવું જોઇએ.

(ઇ) આત્મજ્ઞાન ઉત્પન્ન થયું, અથવા તો આત્મજ્ઞાન થયું, એ વાત અનુભવગમ્ય છે. તે આત્મજ્ઞાન ઉત્પન્ન થવાથી આત્મઅનુભવ થવા ઉપરાંત શું શું થવું જોઇએ એમ જે કહેવામાં આવ્યું છે તે બુદ્ધિબળથી કહેલું, એમ ધારી શકાય છે.

(ઈ) ઇંદ્રિયના સંયોગથી જે કંઇ દેખવું, જાણવું થાય તે જો કે અનુભવગમ્યમાં સમાય છે ખરૂં, પરંતુ અહીં તો અનુભવગમ્ય આત્મતત્ત્વને વિષે કહેવાનું છે; જેમાં ઇંદ્રિયોની સહાયતા, અથવા તો સંબંધની જરૂર છે નહીં. તે શિવાયની વાત છે. કેવળજ્ઞાની સહજ દેખી જાણી રહ્યા છે; અર્થાત્ લોકના સર્વ પદાર્થને અનુભવ્યા છે એમ જે કહેવામાં આવે છે તેમાં ઉપયોગનો સંબંધ રહે છે; કારણ કે, કેવળજ્ઞાનીના ૧૩ મા અને ૧૪ મા ગુણસ્થાનક એવા બે વિભાગ કરવામાં આવ્યા છે તેમાં ૧૩ મા ગુણસ્થાનકવાળા કેવળજ્ઞાનીને યોગ છે એમ સ્પષ્ટ છે, અને જ્યાં એ પ્રમાણે છે ત્યાં, ઉપયોગની ખાસ રીતે જરૂર છે, અને જ્યાં ખાસ રીતે જરૂર છે ત્યાં, બુદ્ધિબળ છે એમ કહ્યાવિના ચાલે તેમ નથી; અને જ્યાં એ પ્રમાણે ઠરે છે ત્યાં અનુભવ સાથે બુદ્ધિબળ પણ ઠરે છે.

(ઉ) આ પ્રમાણે ઉપયોગ ઠરવાથી આત્માને જે જડપદાર્થ નજીક છે તેનો તો અનુભવ થાય છે; પણ જે નજીક નથી અર્થાત્ જેનો યોગ નથી તેનો અનુભવ થવો એમ કહેવું એ મુશ્કેલીવાળું છે; અને જેની સાથે છેટેના પદાર્થનો અનુભવ ગમ્ય નથી એમ કહેવાથી કહેવાતા કેવળજ્ઞાનના અર્થને વિરોધ આવે છે, તેથી ત્યાં બુદ્ધિબળથી સર્વ પદાર્થનું, સર્વ પ્રકારે, સર્વ કાળનું જ્ઞાન થાય છે એમ ઠરે છે.

૨૬. એક કાળના કલ્પેલા સમય જે અનંત છે તેને લઈને અનંતકાળ કહેવાય છે. તેમાંના વર્ત્તમાન કાળ પહેલાના જે સમય વ્યતીત થયા છે તે ફરીથી આવવાના નથી એ વાત ન્યાયસંપન્ન છે; તે સમય અનુભવગમ્ય શી રીતે થઈ શકે એ વિચારવાનું છે.

---

૧. "આત્મપ્રદેશનો જે સ્વભાવ તે 'કેવળજ્ઞાન'" એમ આ વિવેચનનો સમુચ્ચયાશય છે.—સંશોધક.

૨૬. અનુભવગમ્ય જે સમય થાય છે તેનું જે સ્વરૂપ છે તે, તથા તે સ્વરૂપ શિવાય તેનું બીજું સ્વરૂપ થયું નથી, અને તે જ પ્રમાણે અનાદિ અનંત કાળના બીજા જે સમય તેનું પણ તેવુંજ સ્વરૂપ છે; એમ બુદ્ધિબળથી નિર્ણીત થયેલું જણાય છે.

***

૨૭, આ કાળને વિષે જ્ઞાન ક્ષીણ થયું છે; અને જ્ઞાન ક્ષીણ થવાથી મતભેદ ઘણા થયા છે. જેમ જ્ઞાન ઓછું તેમ મતભેદ વધારે, અને જ્ઞાન વધુ તેમ મતભેદ ઓછા. નાણાંની પેઠે જ્યાં નાણું ઘટયું ત્યાં કંકાશ વધારે, અને જ્યાં નાણું વધ્યું ત્યાં કંકાશ ઓછા હોય છે.

૨૮. જ્ઞાનવિના સમ્યક્ત્વનો વિચાર સુજતો નથી. મતભેદ ઉત્પન્ન નથી કરવો એવું જેના મનમાં છે તે જે જે વાંચે અથવા સાંભળે તે તે તેને ફળે છે. મતભેદાદિ કારણને લઇને શ્રુતશ્રવણાદિ ફળતાં નથી.

***

૨૯. વાટે ચાલતાં એક ફાળિયું કાંટામાં ભરાયું, અને રસ્તાની મુસાફરી હજી છે. તો બની શકે તો કાંટા દૂર કરવા, પરંતુ કાંટા કાઢવાનું ન બની શકે તો તેટલા સારૂ ત્યાં રોકાઈ રાત ન રહેવું; પણ ફાળિયું મૂકી દઈ ચાલી નીકળવું, તેવી જ રીતે જિનમાર્ગનું સ્વરૂપ તથા તેનું રહસ્ય શું છે તે સમજ્યાવિના; અથવા તેનો વિચાર કર્યાવિના અલ્પ અલ્પ શંકાઓ માટે બેસી રહી આગળ ન વધવું તે ઉચિત નથી. જિનમાર્ગ ખરી રીતે જોતાં તો જીવને કર્મક્ષય કરવાનો ઉપાય છે, પણ પોતાના મતથી ગુંચાઇ ગયેલ છે.

***

૩૦. જીવ પહેલા ગુણસ્થાનકમાંથી નીકળી ગ્રંથીભેદસુધી અનંતિવાર આવ્યો, ને ત્યાંથી પાછો વળી ગયો છે.

૩૧. જીવને એવો ભાવ રહે છે કે, સમ્યક્ત્વ અનાયાસે આવતું હશે; પરંતુ તે તો પ્રયાસ-પુરૂષાર્થ-કર્યાવિના પ્રાપ્ત થતું નથી.

૩૨. કર્મપ્રકૃતિ ૧૫૮ છે. સમ્યક્ત્વ આવ્યાવિના તેમાંની કોઇ પણ પ્રકૃતિ સમૂળગી ક્ષય થાય નહીં. અનાદિથી જીવ નિર્જરા કરે છે. પરંતુ મૂળમાંથી એક પણ પ્રકૃતિ ક્ષય થતી નથી ! સમ્યક્ત્વમાં એવું સામર્થ્ય છે, તે પ્રકૃતિને મૂળમાંથી ક્ષય કરે છે. તે આવી રીતે કે-અમુક પ્રકૃતિ ક્ષય થયા પછી તે આવે છે; અને જીવ બળીઓ થાય તો આસ્તે આસ્તે સર્વ પ્રકૃતિ ખપાવે છે.

૩૩. સમ્યક્ત્વ સર્વને ન જણાય એમ પણ નહીં, તેમ કોઇને પણ ન જણાય એમ પણ નહીં. વિચારવાનને તે જણાય છે.

૩૪. જીવને સમજાય તો સમજવા પછીથી બહુ સુગમ છે; પણ સમજવા સારૂ જીવે આજદિવસ સુધી ખરેખરો લક્ષ આપ્યો નથી. સમ્યક્ત્વ પ્રાપ્ત થવાના જીવને જ્યારે જ્યારે જોગ બન્યા છે ત્યારે ત્યારે બરાબર ધ્યાન આપ્યું નથી, કારણ કે જીવને અંતરાય ઘણા છે. કેટલાક અંતરાયો તો પ્રત્યક્ષ છે, છતાં જાણવામાં આવતા નથી. જો જણાવનાર મળે તોપણ અંતરાયના જોગથી ધ્યાનમાં લેવાનું બનતું નથી. કેટલાક અંતરાય તો અવ્યક્ત છે, કે જે ધ્યાનમાં આવવા જ મુશ્કેલ છે.

૩૫. સમ્યક્ત્વનું સ્વરૂપ માત્ર વાણીયોગથી કહી શકાય; જો એકદમ કહેવામાં આવે તો ત્યાં આગળ જીવને ઉલટો ભાવ ભાસે; તથા સમ્યક્ત્વ ઉપર ઉલટો અભાવ થવા માંડે; પરંતુ

તે જ સ્વરૂપ જો અનુક્રમે જેમ જેમ દશા વધતી જાય તેમ તેમ કહેવામાં અથવા સમજાવવામાં આવે તો તે સમજવામાં આવી શકવાયોગ્ય છે.

૩૬. આ કાળને વિષે મોક્ષ છે એમ બીજા માર્ગમાં કહેવામાં આવે છે. જૈનમાર્ગમાં આ કાળને વિષે અમુક ક્ષેત્રમાં તેમ થવું જો કે કહેવામાં આવતું નથી; છતાં તે જ ક્ષેત્રમાં આ કાળને વિષે સમ્યક્ત્વ થઇ શકે છે એમ કહેવામાં આવ્યું છે.

૩૭. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ત્રણે આ કાળને વિષે છે. પ્રયોજનભૂત પદાર્થનું જાણપણું તે 'જ્ઞાન,' તેને લઇને સુપ્રતીતિ તે 'દર્શન'; અને તેથી થતી ક્રિયા તે 'ચારિત્ર" છે. આ ચારિત્ર, આ કાળને વિષે જૈનમાર્ગમાં સમ્યક્ત્વ પછી સાતમા ગુણસ્થાનકસુધી પ્રાપ્ત કરી શકવાનું સ્વીકારવામાં આવ્યું છે.

૩૮. સાતમાસુધી પહોંચે તોપણ મોટી વાત છે.

૩૯. સાતમાસુધી પહોંચે તો તેમાં સમ્યક્ત્વ સમાઇ જાય છે, અને જો ત્યાંસુધી પહોંચે તો તેને ખાત્રી થાય છે કે, આગલી દશાનું કેવી રીતે છે ? પરંતુ સાતમાસુધી પહોંચ્યાવિના આગલી વાત ખ્યાલમાં આવી શકતી નથી.

* * *

૪૦. વધતી દશા થતી હોય તો તેને નિષેધવા જરૂર નથી; અને ન હોય તો માનવા જરૂર નથી. નિષેધકર્યાવિના આગળ વધતા જવું.

* * *

૪૧. સામાયિક છ, આઠ કોટિનો વિવાદ મૂકી દીધા પછી નવવિના નથી થતું; અને છેવટે નવ નવ કોટિએ વૃત્તિ મૂકયાવિના મોક્ષ નથી.

૪૨. ૧૧પ્રકૃતિ ખપાવ્યાવિના સામાયિક આવે નહીં. સામાયિક થાય તેની દશા તો અદ્ભુત થાય. ત્યાંથી છ, સાત, અને આઠમા ગુણસ્થાનકે જાય; ને ત્યાંથી બે ઘડીમાં મોક્ષ થઇ શકે છે.

* * *

૪૩. મોક્ષમાર્ગ કરવાળની ધાર જેવો છે, એટલે એક ધારો—એક પ્રવાહરૂપે—છે. ત્રણે કાળમાં એક ધારાએ એટલે એકસરખો પ્રવર્તે તે જ મોક્ષમાર્ગ;—વહેવામાં ખંડિત નહીં તે જ મોક્ષમાર્ગ.

* * *

૪૪. આગાઉ બે વખત કહેવામાં આવ્યું છે છતાં આ ત્રીજી વખત કહેવામાં આવે છે કે, ક્યારેય પણ બાદર અને બાહ્યક્રિયાનો નિષેધ કરવામાં આવ્યો નથી, કારણ કે અમારા આત્માને વિષે તેવો ભાવ કોઇ દિવસ સ્વપ્નેય પણ ઉત્પન્ન થાય તેમ છે નહીં.

૪૫. રૂઢીવાળી ગાંઠ, મિથ્યાત્વ, અથવા કષાયને સૂચવનારી ક્રિયાના સંબંધમાં વખતે કોઇ પ્રસંગે કાંઇ કહેવામાં આવ્યું હોય, તો ત્યાં ક્રિયાના નિષેધઅર્થે તો નહીં જ કહેવામાં આવ્યું હોય; છતાં કહેવાથી બીજી રીતે સમજવામાં આવ્યું હોય, તો તેમાં સમજનારે પોતાની ભૂલ થઇ છે એમ સમજવાનું છે.

૪૬. જેણે કષાયભાવનું ઉચ્છેદન કરેલું છે તે કષાયભાવનું સેવન થાય એમ કદિ પણ કરે નહીં.

૪૭. અમુક ક્રિયા કરવી એવું જ્યાંસુધી અમારા તરફથી કહેવામાં નથી આવતું ત્યાંસુધી એમ સમજવું કે તે કારણસહિત છે; ને તેથી કરી ક્રિયા ન કરવી એમ ઠરતું નથી.

૪૮. હાલ અમુક ક્રિયા કરવી એમ કહેવામાં જો આવે, અને પાછળથી દેશ કાળને અનુસરી તે ક્રિયાને બીજા આકારમાં મૂકી કહેવામાં આવે તો શ્રોતાના મનમાં શંકા આણવાનું

કારણ થાય કે, એક વખત આમ કહેવામાં આવતું હતું, ને બીજી વખત આમ કહેવામાં આવે છે; ને એવી શંકાથી તેનું શ્રેય થવાને બદલે અશ્રેય થાય.

***

૪૯. બારમા ગુણસ્થાનક છેલ્લા સમયસુધી પણ જ્ઞાનીની આજ્ઞાપ્રમાણે ચાલવાનું થાય છે. તેમાં સ્વચ્છંદપણું વિલય થાય છે.

૫૦. સ્વચ્છંદે નિવૃત્તિ કરવાથી વૃત્તિઓ શાંત થતી નથી, પણ ઉન્મત્ત થાય છે, અને તેથી પડવાનો વખત આવે છે; અને જેમ જેમ આગળ ગયા પછી જો પડવાનું થાય છે, તો તેમ તેમ તેને પછાટ વધારે લાગે છે, એટલે ઘણો તે ઊંડો જાય છે; અર્થાત્ પહેલામાં જઇ ખુંચે છે, એટલું જ નહીં પરંતુ તેને ત્યાં ઘણા કાળસુધી જોરની પછાટથી ખુંચ્યા રહેવું પડે છે.

૫૧. હજુ પણ શંકા કરવી હોય તો કરવી; પણ એટલું તો ચોકસપણે શ્રદ્ધવું કે, જીવથી માંડી મોક્ષસુધી છે; અને મોક્ષનો ઉપાય પણ છે; તેમાં કાંઇ પણ અસત્ય નથી. આવો નિર્ણય કરવા પછી તેમાં તો કોઇ દિવસ શંકા કરવી નહીં; અને એ પ્રમાણે નિર્ણય થયા પછી ઘણુંકરીને શંકા થતી નથી. જો કદાચ્ શંકા થાય તો તે દેશશંકા થાય છે, ને તેનું સમાધાન થઇ શકે છે. પરંતુ મૂળમાં એટલે જીવથી માંડી મોક્ષસુધી અથવા તેના ઉપાયમાં શંકા થાય તો તે દેશશંકા નથી પણ સર્વશંકા છે; ને તે શંકાથી ઘણુંકરી પડવું થાય છે; અને તે પડવું એટલા બધા જોરમાં થાય છે કે, તેની પછાટ અત્યંત લાગે છે.

૫૨. આ જે શ્રદ્ધા છે તે બે પ્રકારે છેઃ એક 'ઓઘે' અને બીજી 'વિચારપૂર્વક.'

***

૫૩. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જે કંઇ જાણી શકાય છે તેમાં અનુમાન સાથે રહે છે, પરંતુ તેથી આગળ, અને અનુમાનવિના શુદ્ધપણે જાણવું એ મનઃપર્યવજ્ઞાનનો વિષય છે; એટલે મૂળ તો મતિ, શ્રુત, અને મનઃપર્યવજ્ઞાન એક છે, પરંતુ મનઃપર્યવમાં અનુમાનવિના મતિની નિર્મલતાએ શુદ્ધ જાણી શકાય છે.

૫૪. મતિની નિર્મલતા થવી એ સંયમવિના થઇ શકે નહીં; વૃત્તિને રોકવાથી સંયમ થાય છે, અને તે સંયમથી મતિની શુદ્ધતા થઇ શુદ્ધ પર્યાયનું જે જાણવું (અનુમાન વિના) તે મનઃપર્યવજ્ઞાન છે.

૫૫. મતિજ્ઞાન એ લિંગ એટલે ચિન્હથી જાણી શકાય છે; અને તે મનઃપર્યવજ્ઞાનમાં લિંગ અથવા ચિન્હની જરૂર રહેતી નથી.

૫૬. મતિજ્ઞાનથી જાણવામાં અનુમાનની આવશ્યકતા રહે છે, અને તે અનુમાનને લઇને જાણેલું ફેરફારરૂપ પણ થાય છે. જ્યારે મનઃપર્યવને વિષે તેમ (ફેરફારરૂપ) થતું નથી. કેમકે તેમાં અનુમાનના સહાયપણાની જરૂર નથી. શરીરની ચેષ્ટાથી ક્રોધાદિ પારખી શકાય છે, પરંતુ તેનું (ક્રોધાદિનું) મૂળસ્વરૂપ ન દેખાવા સારૂ શરીરની વિપરીત ચેષ્ટા કરવામાં આવી હોય તો તે ઉપરથી પારખી શકવું—પરીક્ષા કરવી—એ દુર્ઘટ છે; તેમ જ શરીરની ચેષ્ટા કોઇ પણ આકારમાં ન કરવામાં આવી હોય છતાં, તદ્દન ચેષ્ટા જોયાવિના તેનું (ક્રોધાદિનું) જાણવું તે અતિ દુર્ઘટ છે, છતાં તે પ્રમાણે પરબારૂં થઇ શકવું તે જ મનઃપર્યવજ્ઞાન છે.

***

૫૭. લોકોમાં ઓઘસંજ્ઞાએ એમ માનવામાં આવતું કે, " આપણને સમ્યક્ત્વ છે કે શી રીતે તે કેવળી જાણે. નિશ્ચય સમ્યક્ત્વ છે એ વાત તો કેવળીગમ્ય છે." ચાલતી રૂઢીપ્રમાણે એમ માનવામાં આવતું; પરંતુ બનારસીદાસ અને બીજા તે દશાના પુરૂષો એમ કહે છે કે, અમને સમ્યક્ત્વ થયું છે એ નિશ્ચયથી કહીએ છીએ.

૫૮. શાસ્ત્રમાં એમ કહેવામાં આવ્યું છે કે, 'નિશ્ચય સમ્યક્ત્વ છે કે શી રીતે તે કેવળી જાણે' તે વાત અમુક નયથી સત્ય છે; તેમ કેવળજ્ઞાની શિવાય પણ બનારસીદાસ વગેરેએ મોકમપણે એમ કહ્યું છે કે, " અમને સમ્યક્ત્વ છે, અથવા પ્રાપ્ત થયું, તે વાત પણ સત્ય છે; કારણ 'નિશ્ચય સમ્યક્ત્વ' છે તે દરેક રહયસ્ના પર્યાયસહિત, કેવળી જાણી શકે છે; અથવા દરેક પ્રયોજનભૂત પદાર્થના હેતુ અહેતુ સંપૂર્ણપણે જાણવા એ કેવળી શિવાય બીજાથી બની શકતું નથી; ત્યાં આગળ 'નિશ્ચય સમ્યક્ત્વ' કેવળીગમ્ય કહ્યું છે. તે પ્રયોજનભૂત પદાર્થના સામાન્યપણે અથવા સ્થૂળપણે હેતુ, અહેતુ સમજી શકાય એ બનવાયોગ્ય છે, અને તે કારણને લઇને મહાન્ બનારસીદાસ વગેરેએ પોતાને સમ્યક્ત્વ છે એમ કહેલું છે.

૫૯. 'સમયસારે' મહાન્ બનારસીદાસે કરેલી કવિતામાં 'અમારે હૃદયને વિષે બોધબીજ થયું છે' એમ કહેલું છે; અર્થાત્ પોતાને વિષે સમ્યક્ત્વ છે એમ કહ્યું છે.

૬૦. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી વધારેમાં વધારે પંદર ભવની અંદર મુક્તિ છે. અને જો ત્યાંથી તે પડે છે તો અર્ધપુદ્ગલપરાવર્ત્તનકાળ ગણાય. અર્ધપુદ્ગલપરાવર્ત્તનકાળ ગણાય તોપણ તે સાદિસાંતના ભાંગામાં આવી જાય છે; એ વાત નિઃશંક છે.

૬૧. સમ્યક્ત્વનાં લક્ષણોઃ—

૧. કષાયનું મંદપણુ, અથવા તેના રસનું મોળાપણુ.
૨. મોક્ષમાર્ગ તરફ વલણ.
૩. સંસાર બંધનરૂપ લાગે, અથવા સંસાર ખારો ઝેર લાગે.
૪. સર્વ પ્રાણી ઉપર દયાભાવ; તેમાં વિશેષે કરી પોતાના આત્મા તરફ દયાભાવ.
૫. સત્‌દેવ, સત્‌ધર્મ, સદ્‌ગુરૂ ઉપર આસ્થા.

***

૬૨. આત્મજ્ઞાન, અથવા આત્માથી પર એવું જે કર્મસ્વરૂપ, અથવા પુદ્‌ગલાસ્તિકાય વગેરેનું જે સ્વરૂપ જૂદા જૂદા પ્રકારે, જૂદે જૂદે પ્રસંગે, અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને અતિ વિસ્તારવાળું જ્ઞાનીથી પ્રકાશવું થયું છે; તેમાં કંઈ હેતુ સમાય છે કે શી રીતે ? અને સમાય છે તો શું ? તે વિષે વિચાર કરવાથી સાત કારણો તેમાં સમાયેલાં છે એમ માલુમ પડે છેઃ સદ્‌ભુતાર્થપ્રકાશ, તેનો વિચાર, તેની પ્રતીતિ, જીવસંરક્ષણ વગેરે. તે સાતે હેતુનું ફળ મોક્ષની પ્રાપ્તિ થાય તે છે. તેમ જ મોક્ષની પ્રાપ્તિનો જે માર્ગ તે આ હેતુથી સુપ્રતીતરૂપ થાય છે.

***

૬૩. કર્મ અનંત પ્રકારનાં છે. તેમાં મુખ્ય ૧૫૮ છે. તેમાં મુખ્ય આઠ કર્મપ્રકૃતિ વર્ણવવામાં આવી છે. આ બધા કર્મમાં મુખ્ય-પ્રાધાન્ય-એવું મોહનીય છે; જેનું સામર્થ્ય બીજા કરતાં અત્યંત છે. અને તેની સ્થિતિ પણ સર્વ કરતાં વધારે છે.

૬૪. આઠ કર્મમાં ચાર ઘનઘાતિ છે. તે ચારમાં પણ મોહનીય અત્યંત પ્રબલપણે ઘનઘાતિ છે. મોહનીયકર્મ શિવાય સાત કર્મ છે તે મોહનીયકર્મના પ્રતાપથી પ્રબલપણે થાય છે. જો

મોહનીય ખસે તો બીજાં નિર્બલ થઇ જાય છે. મોહનીય ખસવાથી બીજાઓનો પગ ટકી શકતો નથી.

૬૫. કર્મબંધના ચાર પ્રકાર છે. પ્રકૃતિબંધ, પ્રદેશબંધ, સ્થિતિબંધ, અને રસબંધ. તેમાં પ્રદેશ, સ્થિતિ અને રસ એ ત્રણ બંધના સર્વાળાનું નામ પ્રકૃતિ આપવામાં આવ્યું છે. પ્રદેશબંધ છે તે, આત્માના પ્રદેશની સાથે પુદ્‌ગલનો જમાવ અર્થાત્ જોડાણ છે. ત્યાં તેનું પ્રબલપણું હોતું નથી; તે ખેરવવા ચાહે તો ખરી શકે તેમ છે. મોહને લઇને સ્થિતિ તથા રસનો બંધ પડે છે, અને તે સ્થિતિ તથા રસનો બંધ છે તે જીવ ફેરવવા ધારે તો ફરી જ શકે એમ બનવું અશક્ય છે. આવું મોહને લઇને એ સ્થિતિ તથા રસનું પ્રબલપણું છે.

***

૬૬. સમ્યક્‌ત્વ અન્યોક્તરીતે પોતાનું દૂષણ બતાવે છે. "મને ગ્રહણ કરવાથી ગ્રહણ કરનારની ઇચ્છા ન થાય તોપણ મારે તેને પરાણે મોક્ષે લઇ જવો પડે છે; માટે મને ગ્રહણ કરવા પહેલાં એ વિચાર કરવો કે, મોક્ષે જવાની ઇચ્છા ફેરવવી હશે તો પણ કામ આવવાની નથી; મને ગ્રહણ કરવા પછી નવમે સમયે તો મારે તેને મોક્ષે પહોંચાડવો જોઇએ. ગ્રહણ કરનાર કદાચ શિથિલ થઇ જાય તોપણ બને તો તે જ ભવે, અને ન બને તો વધારેમાં વધારે પંદર ભવે મારે તેને મોક્ષે પોહોંચાડવો જોઇએ. કદાચ મને છોડી દઈ મારાથી વિરૂદ્ધ આચરણ કરે, અથવા પ્રબલમાં પ્રબલ એવા મોહને ધારણ કરે તોપણ અર્ધપુદ્‌ગલ-પરાવર્ત્તનની અંદર મારે તેને મોક્ષે પહોંચાડવો એ મારી પ્રતિજ્ઞા છે." ! અર્થાત્ અહિં સમ્યક્‌ત્વની મહત્તા બતાવી છે.

૬૭. સમ્યક્‌ત્વ કેવળજ્ઞાનને કહે છે: "હું જીવને મોક્ષે પહોંચાડું એટલેસુધી કાર્ય કરી શકુંછું; અને તું પણ તે જ કાર્ય કરે છે;-તું તેથી કાંઇ વિશેષ કાર્ય કરી શકતું નથી; તો પછી તારા કરતાં મારામાં ન્યૂનતા શાની? એટલું જ નહીં, પરંતુ તને પામવામાં મારી જરૂર રહે છે." !

***

૬૮. ગ્રંથાદિ વાંચવાનું શરૂ કરતાં પ્રથમ મંગલાચરણ કરવું, અને તે ગ્રંથ ફરીથી વાંચતાં, અથવા ગમે તે ભાગથી તે વાંચવાનું શરૂ કરતાં—માંડતી વખત—પ્રથમ મંગલાચરણ કરવું એવી શાસ્ત્રપદ્ધતિ છે તેનું મુખ્ય કારણ એ છે કે, બાહ્યવૃત્તિમાંથી આત્મવૃત્તિમાં કરવી છે માટે તેમ કરવામાં પ્રથમ શાંતપણું કરવાની જરૂર છે, અને તે પ્રમાણે પ્રથમ મંગલાચરણ કરવાથી શાંતપણું પ્રવેશ કરે છે. વાંચવાનો અનુક્રમ જે હોય તે બનતાંસુધી ન જ તોડવો જોઇએ; તેમાં જ્ઞાનીનો દાખલો લેવા જરૂર નથી.

***

૬૯. આત્મ અનુભવગમ્ય, અથવા આત્માજનિત સુખ અને મોક્ષસુખ તે એક જ છે. માત્ર શબ્દ જૂદા છે.

૭૦. કેવળજ્ઞાની શરીરને લઇને નથી કે બીજાના શરીર કરતાં તેમનું શરીર તફાવતવાળું જોવામાં આવે. વળી તે કેવળજ્ઞાન શરીરથી કરી નીપજાવેલ છે એમ નથી; તે તો આત્માવડે કરી પ્રગટ કરવામાં આવ્યું છે; તેને લીધે શરીરથી તફાવત જાણવાનું કારણ નથી; અને શરીર તફાવતવાળું લોકોના જોવામાં નહીં આવવાથી લોકો તેનું મહાત્મ્ય બહુ જાણી શકતા નથી.

૭૧. જેને મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનની અંશે પણ ખબર નથી તે જીવ કેવળજ્ઞાનનું સ્વરૂપ જાણ-

વા ઇચ્છે તે શી રીતે બની શકવાયોગ્ય છે ? અર્થાત્ બની શકવાયોગ્ય નથી.

૭૨. મતિ સ્ફુરાયમાન થઈ જણાયેલું જે જ્ઞાન તે 'મતિજ્ઞાન' અને શ્રવણ થવાથી થયેલું જે જ્ઞાન તે 'શ્રુતજ્ઞાન'; અને તે શ્રુતજ્ઞાનનું મનન થઈ પ્રગમ્યું ત્યારે તે પાછું મતિજ્ઞાન થયું, અથવા તે 'શ્રુતજ્ઞાન' પ્રગમ્યાથી બીજાને કહેવામાં આવ્યું ત્યારે તે જ કહેનારને વિષે મતિજ્ઞાન અને સાંભળનારને માટે શ્રુતજ્ઞાન થાય છે. તેમ 'શ્રુતજ્ઞાન' મતિવિના થઈ શકતું નથી; અને તે જ મતિ પૂર્વ શ્રુત હોવું જોઈએ. એમ એક બીજાને કાર્ય કારણનો સંબંધ ભેદ છે, તે સર્વે ભેદને જેમ જોઈએ તેમ હેતુસહિત જાણ્યા નથી–હેતુસહિત જાણવા સમજવા એ દુર્ઘટ છે–અને ત્યારપછી આગળ વધતાં અવધિજ્ઞાન જેના પણ ઘણા ભેદ છે, ને જે સઘળા રૂપી પદાર્થને જાણવાના વિષય છે તેને, અને તે જ પ્રમાણે મનઃપર્યવનો વિષય છે તે સઘળાઓને કંઈ અંશે પણ જાણવા સમજવાની જેને શક્તિ નથી એવા મનુષ્યો પર અને અરૂપી પદાર્થના સઘળા ભાવને જાણનારૂં એવું જે 'કેવળજ્ઞાન તેના વિષે જાણવા, સમજવાનું પ્રશ્ન કરે તો તે શી રીતે સમજી શકે ? અર્થાત્ ન સમજી શકે.

*
* *

૭૩. જ્ઞાનીના માર્ગને વિષે ચાલનારને કર્મબંધ નથી; તેમ જ તે જ્ઞાનીની આજ્ઞાપ્રમાણે ચાલનારને પણ કર્મબંધ નથી, કારણ કે ક્રોધ, માન, માયા, લોભાદિનો ત્યાં અભાવ છે; અને તે અભાવના હેતુએકરી કર્મબંધ ન થાય. તોપણ 'ઇરિયા પંથ'ને વિષે વહેતાં 'ઇરિયા પંથ'ની ક્રિયા જ્ઞાનીને લાગે છે; અને જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે ચાલનારને પણ તે ક્રિયા લાગે છે.

*
* *

૭૪. જે વિદ્યાથી જીવ કર્મ બાંધે છે, તે જ વિદ્યાથી જીવ કર્મ છોડે છે !

૭૫. તેજ વિદ્યા સંસારી હેતુના પ્રયોગે વિચાર કરવાથી કર્મબંધ કરે છે, અને તે જ વિદ્યાથી દ્રવ્યનું સ્વરૂપ સમજવાના પ્રયોગથી વિચાર કરે છે ત્યાં કર્મ છોડે છે !

*
* *

૭૬. 'ક્ષેત્રસમાસ'માં ક્ષેત્રસંબંધાદિની જે જે વાતો છે, તે અનુમાનથી માનવાની છે. તેમાં અનુભવ હોતો નથી; પરંતુ તે સઘળું કારણોને લઈને વર્ણવવામાં આવે છે. તેની શ્રદ્ધા વિશ્વાસપૂર્વક રાખવાની છે. મૂળ શ્રદ્ધામાં ફેર હોઈને આગળ સમજવામાં ઠેઠ સુધી ભૂલ ચાલી આવે છે. જેમ ગણિતમાં પ્રથમ ભૂલ થઈ તો પછી તે ભૂલ ઠેઠસુધી ચાલી આવે છે,

*
* *

૭૭. જ્ઞાન પાંચ પ્રકારનું છે. તે જ્ઞાન જો સમ્યક્ત્વવિનાનું મિથ્યાત્વસહિત હોય તો 'મતિ અજ્ઞાન' શ્રુત અજ્ઞાન' અને 'અવધિ અજ્ઞાન' એમ કહેવાય. તે મળી કુલ આઠ પ્રકાર છે.

૭૮. મતિ, શ્રુત, અને અવધિ મિથ્યાત્વસહિત હોય, તો તે 'અજ્ઞાન' છે, અને સમ્યક્ત્વસહિત હોય તો 'જ્ઞાન' છે. તે શિવાય બીજો ફેર નથી,

*
* *

૭૯. દેહાદિ સહિત જીવ કંઈ પણ પ્રવૃત્તિ કરે તો તેનું નામ 'કર્મ' છેઃ–શુભ અથવા અશુભ અધ્યવસાયવાળું પરિણમન તે 'કર્મ' કહેવાય; અને શુદ્ધ અધ્યવસાયવાળું પરિણમન તે કર્મ નથી, પણ 'નિર્જરા' છે.

***

૮૦. અમુક આચાર્ય એમ કહે છે કે, દિગમ્બરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કે "જીવનો મોક્ષ થતો નથી. પરંતુ મોક્ષ સમજાય છે; તે એવી રીતે કે, જીવ શુદ્ધસ્વરૂપી છે; તેને બંધ થયો નથી, તોપછી મોક્ષ થવાપણું ક્યાં રહે છે ? પરંતુ તેણે માનેલું છે કે, 'હું બંધાણો છું' તે માનવાપણું વિચારવડીએ કરી સમજાય છે કે મને બંધન નથી, માત્ર માન્યું હતું; તે માનવાપણું શુદ્ધ સ્વરૂપ સમજવાથી રહેતું નથી; અર્થાત્ મોક્ષ સમજાય છે" આ વાત 'શુદ્ધનય'ની, અથવા 'નિશ્ચયનય'ની છે. પર્યાયાર્થી નયવાળાઓ એ નયને વળગી આચરણ કરે તો તેને રખડી મરવાનું છે.

***

૮૧. 'ઠાણાંગસૂત્ર'માં કહેવામાં આવ્યું છે કે જીવ, અજીવ, પુણ્ય, પાપ. આશ્રવ, સંવર, નિર્જરા. બંધ, અને મોક્ષ એ પદાર્થ સદ્ભાવ છે; એટલે તેના ભાવ છતા છે; કલ્પવામાં આવ્યા છે એમ નથી.

***

૮૨. વેદાંત છે તે શુદ્ધનયઆભાસી છે. શુદ્ધનયઆભાસમતવાળા 'નિશ્ચયનય' શિવાય બીજા નયને એટલે 'વ્યવહારનય'ને ગ્રહણ કરતા નથી. જિન અનેકાંતિક છે. અર્થાત તે સ્યાદ્વાદી છે.

***

૮૩. કોઈ નવ તત્ત્વની, કોઈ સાત તત્ત્વની, કોઈ ષડ્દ્રવ્યની, કોઈ ષડ્પદની, કોઈ બે રાશિની વાત કહે છે, પરંતુ તે સઘળું જીવ, અજીવ એવી બે રાશિ અથવા એ બે તત્ત્વ અર્થાત્ દ્રવ્યમાં સમાય છે.

***

૮૪. નિગોદમાં અનંતા જીવ રહ્યા છે એ વાતમાં તેમ જ કંદમૂળમાં સોયની અણી ઉપર રહે તેટલા નાના ભાગમાં અનંતા જીવ રહ્યા છે તે વાતમાં આશંકાકરવાપણું છે નહીં. જ્ઞાનીએ જેવું સ્વરૂપ દીઠું છે તેવું જ કહ્યું છે. આ જીવ જે સ્થૂલદેહપ્રમાણ થઈ રહ્યો છે, અને જેને પોતાના સ્વરૂપનું હજુ જાણપણું નથી થયું તેને એવી ઝીણી વાત સમજવામાં ન આવે તે વાત ખરી છે; પરંતુ તેને આશંકા કરવાનું કારણ નથી. તે આ રીતે; ચોમાસાના વખતમાં એક ગામના પાદરમાં તપાસીએ તો ઘણી લીલોતરી જોવામાં આવે છે; અને તેવી થોડી લીલોતરીમાં અનંતા જીવો છે; તો એવા ઘણા ગામનો વિચાર કરીએ, તો જીવની સંખ્યાના પ્રમાણવિષે અનુભવ નથી થયો, છતાં બુદ્ધિબળથી વિચાર કરતાં અનંતપણું સંભાવી શકાય છે. કંદમૂળ આદિમાં અનંતપણું સંભવે છે. બીજી લીલોતરીમાં અનંતપણું સંભવતું નથી, પરંતુ કંદમૂળમાં અનંતપણું ઘટે છે. કંદમૂળનો અમુક થોડો ભાગ જો વાવવામાં આવે તો તે ઉગે છે તે કારણથી પણ ત્યાં જીવનું વિશેષપણું ઘટે છે; તથાપિ જો પ્રતીતિ ન થતી હોય તો આત્માનુભવ કરવો; આત્માનુભવ થવાથી પ્રતીતિ થાય છે. જ્યાંસુધી આત્માનુભવ નથી થતો, ત્યાંસુધી તે પ્રતીતિ થવી મુશ્કેલ છે, માટે જો તેની પ્રતીતિ કરવી હોય તો પ્રથમ આત્માના અનુભવી થવું.

***

૮૫. જ્યાંસુધી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ નથી થયો, ત્યાંસુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થવાની ઇચ્છા રાખનારે તે વાતની પ્રતીતિ રાખી આજ્ઞાનુસાર વર્તન કરવું.

***

૮૬. જીવમાં સંકોચ વિસ્તારની શક્તિરૂપ ગુણ રહે છે તે કારણથી તે નાના મોટા શરીરમાં દેહ-પ્રમાણ સ્થિતિ કરી રહે છે. આ જ કારણથી જ્યાં થોડા અવકાશને વિષે પણ સંકોચપણું વિશેષપણે કરી શકે છે ત્યાં જીવો તેમ કરી રહેલા છે.

૮૭. જેમ જેમ જીવ કર્મપુદ્ગલ વધારે ગ્રહણ કરે છે, તેમ તેમ તે વધારે નિવિડ થઈ નાના દેહને વિષે રહે છે.

૮૮. પદાર્થને વિષે અચિંત્ય શક્તિ છે. દરેક પદાર્થ પોતપોતાના ધર્મને ત્યાગતા નથી. એક. જીવે પરમાણુરૂપે ગ્રહેલાં એવાં જે કર્મ તે અનંત છે. તેવા અનંત જીવ જેનીપાસે કર્મ-રૂપી પરમાણુ અનંતા અનંત છે તે સઘળા નિગોદઆશ્રયી થોડા અવકાશમાં રહેલા છે. તે વાત પણ શંકા કરવાયોગ્ય નથી. સાધારણ ગણત્રિપ્રમાણે એક પરમાણુ એક આકાશ પ્રદેશ અવગાહે છે; પરંતુ તેનામાં અચિંત્ય સામર્થ્યપણું છે તે સામર્થ્યધર્મે કરી થોડા આકાશને વિષે અનંતા પરમાણુ રહ્યા છે. એક આરિસો છે તે સામે તેથી ઘણી મોટી વસ્તુ મૂકવામાં આવે, તો પણ તેવડો આકાર તેમાંસમાઈને રહે છે. આંખ એક નાની વસ્તુ છે છતાં તેવી નાની વસ્તુ તેમાં સૂર્ય ચંદ્રાદિ મોટા પદાર્થોનું સ્વરૂપ મોટું જોવામાં આવે છે. તે જ રીતે આકાશ જે ઘણું વિશાળ ક્ષેત્ર છે તે પણ એક આંખને વિષે દેખાવારૂપે સમાય છે. મોટાં મોટાં એવાં ઘણાં ઘરો તેને નાની વસ્તુ એવી જે આંખ તે જોઈ શકે છે. થોડા આકાશમાં જો અનંત પરમાણુ અચિંત્ય સામર્થ્યને લીધે ન સમાઈ શકતાં હોય તો, આંખથી કરી પોતાના કદ જેવડી જ વસ્તુ જોઈ શકાય, પણ વધારે મોટો ભાગ જોઈ ન શકાય; અથવા આરિસામાં ઘણાં ઘરો આદિ મોટી વસ્તુનું પ્રતિબિંબ મોટારૂપે પડે નહીં. આ જ કારણથી પરમાણુનું પણ અચિંત્ય સામર્થ્ય છે, અને તેને લઈને થોડા આકાશને વિષે અનંતા પરમાણુ સમાઈ રહી શકે છે.

૮૯. આ પ્રમાણે પરમાણુ આદિ દ્રવ્યનું સૂક્ષ્મભાવથી નિરૂપણ કરવામાં આવ્યું છે, તે જો કે પરભાવનું વિવેચન છે, તોપણ તે કારણસર છે, અને સહેતુ કરવામાં આવેલું છે.

૯૦. ચિત્ત સ્થિર કરવાસારૂ, અથવા વૃત્તિને બહાર ન જવા દેતાં અંતરંગમાં લઈ જવાસારૂ પરદ્રવ્યના સ્વરૂપનું સમજવું કામે લાગે છે.

૯૧. પરદ્રવ્યનું સ્વરૂપ વિચારવાથી વૃત્તિ બહાર ન જતાં અંતરંગને વિષે રહે છે; અને સ્વરૂપ સમજ્યા પછી તેના થયેલા જ્ઞાનથી તે તેનો વિષય થઈ રહેતાં, અથવા અમુક અંશે સમ-જવાથી તેટલો તેનો વિષય થઈ રહેતાં, વૃત્તિ પાધરી બહાર નીકળી પરપદાર્થો વિષે રમણ કરવા દોડે છે; ત્યારે પરદ્રવ્ય કે જેનું જ્ઞાન થયું છે તેને સૂક્ષ્મભાવે કરી સમજવા માંડતાં વૃત્તિને પાછી અંતરંગમાં લાવવી પડે છે; અને તેમ લાવ્યા પછી વિશેષપણે સ્વરૂપ સમ-જાયાથી જ્ઞાનેકરી તેટલો તેનો વિષય થઈ રહેતાં વળી વૃત્તિ બહાર દોડવા માંડે છે; ત્યારે જાણ્યું હોય તેથી વિશેષ સૂક્ષ્મભાવે ફરી વિચારવા માંડતાં વળી પણ વૃત્તિ પાછી અંતરંગને વિષે પ્રેરાય છે. એમ કરતાં કરતાં વૃત્તિને વારંવાર અંતરંગભાવમાં લાવી શાંત કરવામાં આવે છે; અને એ પ્રમાણે વૃત્તિને અંતરંગમાં લાવતાં લાવતાં આત્માનો અનુભવ વખતે થઈ જાય છે, અને જ્યારે એ પ્રમાણે થાય છે ત્યારે વૃત્તિ બહાર જતી નથી, પરંતુ આ-ત્માને વિષે શુદ્ધ પરિણતિ રૂપ થઈ પરિણમે છે; અને તે પ્રમાણે પરિણમવાથી બાહ્યપ-દાર્થનું દર્શન સહજ થાય છે. આ કારણોથી પરદ્રવ્યનું વિવેચન કામનું અથવા હેતુરૂપ થાય છે.

૯૨. જીવ પોતાને જે અલ્પજ્ઞાન હોય છે તેના વડે મોટો એવો જે જ્ઞેય પદાર્થ તેનું સ્વરૂપ જાણ-

વા ઇચ્છે છે, તે ક્યાંથી થઇ શકે ? અર્થાત્ ન જ થઈ શકે. જ્ઞેયપદાર્થનું સ્વરૂપ જાણવાનું ન થઇ શકે ત્યાં આગળ પોતાના અલ્પજ્ઞપણાથી ન સમજાયાનું કારણ ન માનતાં તેથી મોટો જ્ઞેયપદાર્થ તેને વિષે દોષ કાઢે છે, પરંતુ સવળીએ આવી પોતાના અલ્પજ્ઞપણાથો ન સમજાયાવિષેનું કારણ માનતો નથી.

૯૩. જીવ પોતાનું સ્વરૂપ જાણી શકતો નથી; તો પછી પરનું સ્વરૂપ જાણવા ઇચ્છે તે તે-નાથી શી રીતે જાણી–સમજી–શકાય ? અને જ્યાંસુધી ન સમજવામાં આવે ત્યાંસુધી ત્યાં રહી ગુંચાઈ ડૉળાયા કરે છે. શ્રેયકારી એવું જે નિજસ્વરૂપનું જ્ઞાન તે જ્યાંસુધી પ્રગટ નથી કર્યું, ત્યાંસુધી પરદ્રવ્યનું ગમે તેટલું જ્ઞાન મેળવે તોપણ તે કશા કામનું નથી; માટે ઉત્તમ રસ્તો એ છે કે, બીજી બધી વાતો મુકી દઈ પોતાના આત્માને ઓળખવા પ્રયત્ન કરવો. જે સારભૂત છે ને જોવાસારૂ આ 'આત્મા સદ્ભાવવાળો છે', 'તે કર્મનો કર્ત્તા છે,' અને તેથી (કર્મથી) તેને બંધ થાય છે, 'તે બંધ શી રીતે થાય છે', 'તે બંધ કેવી રીતે નિવૃત્ત થાય' અને 'તે બંધથી નિવૃત્તિ થવું એ મોક્ષ છે' આદિ વિચારો સંબંધી વારંવાર, અને ક્ષણે ક્ષણે વિચાર કરવો યોગ્ય છે; અને એ પ્રમાણે વારંવાર વિચાર કરવાથી વિચાર વૃદ્ધિને પામે છે; ને તેને લીધે નિજસ્વરૂપનો અંશે અંશે અનુભવ થાય છે. જેમ જેમ નિજસ્વરૂપનો અનુભવ થાય છે, તેમ તેમ દ્રવ્યનું જે અચિંત્ય સામર્થ્ય તે તેના અનુભવમાં આવતું જાય છે. તેને લઇને ઉપર બતાવેલી એવી જે શંકાઓ (જેવી કે, થોડા આકાશમાં અનંત જીવનું સમાવું, અથવા અનંત પુદ્ગલ પરમાણુનું સમાવું) તેનું કરવાપણુ રહેતું નથી; અને તે યથાર્થ છે એમ સમજાય છે. તે છતાં પણ જો માનવામાં ન આવતું હોય તો અથવા શંકા કરવાનું કારણ રહેતું હોય તો જ્ઞાની કહે છે કે, ઉપર બતાવેલો પુરૂષાર્થ કરવામાં આવ્યેથી અનુભવસિદ્ધ થશે.

***

૯૪. જીવ કર્મબંધ જે કરે છે, તે દેહ-સ્થિત રહેલો જે આકાશ તેને વિષે રહેલાં જે સૂક્ષ્મ પુદ્ગલ તેમાંથી ગ્રહીને કરે છે. બહારથી લઈ કર્મ બાંધતો નથી.

૯૫. આકાશમાં ચૌદ રાજલોકને વિષે સદા–સર્વદા–પુદ્ગલ પરમાણુ ભરપૂર છે; તે જ પ્રમાણે શરીરને વિષે રહેલો જે આકાશ ત્યાં પણ સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુનો સમૂહ ભરપૂર છે. ત્યાંથી સૂક્ષ્મ પુદ્ગલ જીવ ગ્રહી, કર્મબંધ પાડે છે.

૯૬. એવી આશંકા કરવામાં આવે કે, શરીરથી લાંબે–દૂર–એટલે ઘણે છેટે એવા કોઈ કોઈ પદાર્થપ્રત્યે જીવ રાગ, દ્વેષ કરે તો તે ત્યાંના પુદ્ગલ ગ્રહી બંધ બાંધે છે કે શી રીતે ? તેનું સમાધાન એમ થાય છે કે, તે રાગદ્વેષરૂપ પરિણતિ તો આત્માની વિભાવરૂપ પરિણતિ છે; અને તે પરિણતિ કરનાર આત્મા છે; અને તે શરીરને વિષે રહી કરે છે; માટે ત્યાં આગળ એટલે શરીરને વિષે રહેલો એવો જે આત્મા, તે જે ક્ષેત્ર છે તે ક્ષેત્રે રહેલાં એવાં જે પુદ્ગલ પરમાણુ તેને ગ્રહીને બાંધે છે. બહાર ગ્રહવા જતો નથી.

***

૯૭. યશ અપયશ કીર્ત્તિ જે નામકર્મ છે, તે નામકર્મસંબંધ જે શરીરને લઇને છે તે શરીર રહે છે ત્યાંસુધી ચાલે છે; ત્યાંથી આગળ ચાલતાં નથી. જીવ સિદ્ધપણાને પ્રાપ્ત થાય, અથવા વિરતિપણુ પામે ત્યારે તે સંબંધ રહેતો નથી. સિદ્ધપણા વિષે એક આત્માશિવાય બીજું કંઈ નથી, અને નામકર્મ એ એક જાતનું કર્મ છે, તો ત્યાં યશ અપયશ આદિનો સંબંધ શી રીતે ઘટે ? અવિરતિપણાથી જે કંઈ પાપક્રિયા થાય છે તે પાપ ચાલ્યું આવે છે

૯૮. 'વિરતિ' એટલે 'મૂકાવું', અથવા રતિથી વિરૂદ્ધ, એટલે રતિ નહીં તે. અવિરતિમાં ત્રણ શબ્દનો સંબંધ છે. અ+વિ+રતિ=અ નહીં+વિ=વિરૂદ્ધ+રતિ=પ્રીતિ એટલે પ્રીતિ વિરૂદ્ધ નહીં તે 'અવિરતિ' છે. તે અવિરતિપણું બાર પ્રકારનું છે.

૯૯. પાંચ ઇંદ્રિય. અને છઠ્ઠું મન તથા પાંચ સ્થાવર જીવ, અને એક ત્રસ જીવ મળી કુલ તે બાર પ્રકાર છે.

૧૦૦. એવો સિદ્ધાંત છે કે, કૃતિવિના જીવને પાપ લાગતું નથી. તે કૃતિની જ્યાંસુધી વિરતિ કરી નથી ત્યાંસુધી અવિરતિપણાનું પાપ લાગે છે. સમસ્ત એવા ચૌદ રાજલોકમાંથી તેને પાપક્રિયા ચાલી આવે છે.

૧૦૧. કોઇ જીવ કંઈ પદાર્થ યોજી મરણ પામે અને તે પદાર્થની યોજના એવા પ્રકારની હોય કે તે યોજેલો પદાર્થ જ્યાંસુધી રહે, ત્યાંસુધી તેનાથી પાપક્રિયા થયા કરે; તો ત્યાંસુધી તે જીવને અવિરતિપણાની પાપક્રિયા ચાલી આવે છે; જો કે જીવે બીજો પર્યાય ધારણ કર્યાથી અગાઉના પર્યાય સમયે જે જે પદાર્થની યોજના કરેલી છે તેની તેને ખબર નથી, તોપણ, તથા હાલના પર્યાયને સમયે તે જીવ તે યોજેલા પદાર્થની ક્રિયા નથી કરતો તોપણ જ્યાંસુધી તેનો મોહભાવ વિરતિપણાને નથી પામ્યો ત્યાંસુધી અવ્યક્તપણે તેની ક્રિયા ચાલી આવે છે.

૧૦૨. હાલના પર્યાયને સમયે તેના અજાણપણાનો લાભ તેને મળી શકતો નથી. તે જીવે સમજવું જોઇતું હતું કે, આ પદાર્થથી થતો પ્રયોગ જ્યાંસુધી કાયમ રહેશે ત્યાંસુધી તેની પાપક્રિયા ચાલુ રહેશે. તે યોજેલા પદાર્થથી અવ્યક્તપણે પણ થતી (લાગતી) ક્રિયાથી મુક્ત થવું હોય તો મોહભાવને મૂકવો. મૂકવાથી એટલે વિરતિપણું કરવાથી પાપક્રિયા બંધ થાય છે. તે વિરતિપણું તે જ પર્યાયને વિષે આદરવામાં આવે, એટલે યોજેલા પદાર્થના જ ભાવને વિષે આદરવામાં આવે તો તે પાપક્રિયા જ્યારથી વિરતિપણું આદરે ત્યારથી આવતી બંધ થાય છે. અહીં જે પાપક્રિયા લાગે છે તે ચારિત્રમોહનીયના કારણથી આવે છે. તે મોહભાવના ક્ષય થવાથી આવતી બંધ થાય છે.

૧૦૩. ક્રિયા બે પ્રકારે થાય છે: એક વ્યક્ત એટલે પ્રકટપણે, અને બીજી અવ્યક્ત એટલે અપ્રગટપણે. અવ્યક્તપણે થતી ક્રિયા જો કે તમામથી જાણી નથી શકાતી, પરંતુ તેથી થતી નથી એમ નથી.

૧૦૪. પાણીને વિષે લહેર અથવા હિલ્લોલ તે વ્યક્તપણે જણાય છે, પરંતુ તે પાણીમાં ગંધક અથવા કસ્તુરી નાંખ્યા હોય, અને તે પાણી શાન્તપણામાં હોય તોપણ તેને વિષે ગંધક, અથવા કસ્તુરીની જે ક્રિયા છે તે જો કે દેખાતી નથી, તથાપિ તેમાં અવ્યક્તપણે રહેલી છે. આવી રીતે અવ્યક્તપણે થતી ક્રિયાને ન શ્રદ્ધવામાં આવે અને માત્ર વ્યક્તપણાને શ્રદ્ધવામાં આવે તો એક જ્ઞાની જેને વિષે અવિરતિરૂપ ક્રિયા થતી નથી તે ભાવ, અને બીજો ઉંઘી ગયેલો માણસ જે કંઈ ક્રિયા વ્યક્તપણે કરતો નથી તે ભાવ સમાનપણાને પામે છે; પરંતુ વાસ્તવિક રીતે તેમ છે નહીં. ઉંઘી ગયેલા માણસને અવ્યક્તપણે ક્રિયા લાગે છે. આ જ પ્રમાણે જે માણસ (જે જીવ) ચારિત્રમોહનીય નામની નિદ્રામાં સૂતો છે તેને અવ્યક્ત ક્રિયા લાગતી નથી એમ નથી. જો મોહભાવ ક્ષય થાય તો જ અવિરતિરૂપ ચારિત્રમોહનીયની ક્રિયા બંધ પડે છે; તે પહેલાં બંધ પડતી નથી.

ક્રિયાથી થતો બંધ મુખ્ય એવા પાંચ પ્રકારે છે:

૧. મિથ્યાત્વ	૨. અવિરતિ	૩. કષાય	૪. પ્રમાદ	૫. યોગ
૫	૧૨	૨૫		૧૫

૧૦૫. મિથ્યાત્વની હાજરી હોય ત્યાંસુધી અવિરતિપણુ નિર્મૂલ થતું નથી, એટલે જતું નથી; પરંતું જો મિથ્યાત્વપણુ ખસે તો અવરતિપણાને જવું જ જોઈએ એ નિઃસદેહ છે; કારણ કે, મિથ્યાત્વસહિત વિરતિપણુ આદરવાથી મોહભાવ જતો નથી. મોહભાવ કાયમ છે ત્યાંસુધી અભ્યંતરઅવિરતિપણુ થતું નથી, અને પ્રમુખપણે રહેલો એવો જે મોહભાવ તે નાશ પામવાથી અભ્યંતરઅવિરતિપણુ રહેતું નથી, અને બાહ્ય જો અવિરતિપણુ આદરવામાં ન આવ્યું હોય તોપણ જો અભ્યંતર છે તો સેહેજે બહાર આવે છે.

૧૦૬. અભ્યંતરવિરતિપણુ પ્રાપ્ત થયા પછી, અને ઉદય આધીન બાહ્યથી વિરતિપણુ ન આદરી શકે તોપણ જ્યારે ઉદયકાળ સંપૂર્ણ થઇ રહે ત્યારે સેહેજે વિરતિપણુ રહે છે; કારણ કે, અભ્યંતરવિરતિપણુ પહેલેથી પ્રાપ્ત થયેલું છે; જેથી હવે અવિરતિપણુ છે નહી, કે તે અવિરતિપણાની ક્રિયા કરી શકે.

૧૦૭. મોહભાવવડે કરીને જ મિથ્યાત્વ છે. મોહભાવનો ક્ષય થવાથી મિથ્યાત્વનો પ્રતિપક્ષ, જે સમ્યક્ભાવ તે પ્રગટે છે માટે ત્યાં આગળ મોહભાવ કેમ હોય ? અર્થાત્ હોતો નથી,

૧૦૮. જો એવી આશંકા કરવામાં આવે કે, પાંચ ઇંદ્રિય અને છઠ્ઠું મન. તથા પાંચ સ્થાવરકાય અને છઠ્ઠી ત્રસકાય એમ બાર પ્રકારે વિરતિઆદરવામાં આવે તો લોકમાં રહેલા જીવ અને અજીવ રાશિ નામના બે સમૂહ છે તેમાંથી પાંચ સ્થાવરકાય અને છઠ્ઠી ત્રસકાય મળી જીવરાશિની વિરતિ થઈ; પરંતુ લોકમાં રખડાવનાર એટલે અજીવરાશિ જે જીવથી પર છે તેપ્રત્યે પ્રીતિ તેનું નિવૃત્તિપણુ આમાં આવતું નથી, ત્યાંસુધી વિરતિ શી રીતે ગણી શકાય ? તેનું સમાધાનઃ પાંચ ઈંદ્રિય અને છઠ્ઠા મનથી જે વિરતિ કરવી છે તેનું જે વિરતિપણુ છે તેમાં અજીવરાશિની વિરતિ આવી જાય છે.

***

૧૦૯. પૂર્વે જ્ઞાનીની વાણી આ જીવે નિશ્ચયપણે કદિ સાંભળી નથી, અથવા તે વાણી સમ્યક્પ્રકારે માથે ચડાવી નથી એમ સર્વદર્શીએ કહ્યું છે.

૧૧૦. સદ્ગુરૂઉપદેષ્ટિત યથોક્ત સંયમને પાળતાં એટલે સદ્ગુરૂની આજ્ઞાએ વર્ત્તતાં પાપથકી વિરમવું થાય છે, અને અભેદ્ય એવા સંસારસમુદ્રનું તરવું થાય છે.

***

૧૧૧. વસ્તુરૂપ કેટલાક સ્થાનકે આજ્ઞાવડીએ પ્રતિષ્ઠિત છે, અને કેટલાક સ્થાનકે સદ્વિચારપૂર્વક પ્રતિષ્ઠિત છે. પરંતુ આ કાળનું પ્રબલપણુ એટલું બધું છે, કે, હવે પછીની ક્ષણે પણ, વિચારપૂર્વક પ્રતિષ્ઠિતને માટે કેમ પ્રવર્ત્તશે તે જાણવાની આ કાળને વિષે શક્તિ જણાતી નથી, માટે ત્યાં આગળ આજ્ઞાપૂર્વક પ્રતિષ્ઠિત રહેવું એ યોગ્ય છે.

૧૧૨. જ્ઞાનીએ કહ્યું છે કે "બૂઝો ! કેમ બૂઝતા નથી ? ફરી આવો અવસર આવવો દુર્લભ છે."

***

૧૧૩. લોકને વિષે જે પદાર્થ છે તેના ધર્મ દેવાધિદેવે પોતાના જ્ઞાનમાં ભાસવાથી જેમ હતા તેમ વર્ણવ્યા છે; પદાર્થો તે ધર્મથી બહાર જઇ પ્રવર્ત્તતા નથી; અર્થાત્ જ્ઞાની મહારાજે પ્રકાશ્યું તેથી બીજી રીતે પ્રવર્ત્તતા નથી; તેથી તે જ્ઞાનીની આજ્ઞાપ્રમાણે પ્રવર્ત્તે છે એમ કહ્યું છે, કારણ કે જ્ઞાનીએ પદાર્થના જેવા ધર્મ હતા તેવા જ તેના ધર્મ કહ્યા છે.

***

૧૧૪. કાળ મૂળ દ્રવ્ય નથી, ઉપચારિક દ્રવ્ય છે; અને તે જીવ તથા અજીવ (અજીવમાં મુખ્યત્વે પુદ્ગલાસ્તિકાયમાં વિશેષપણે સમજાય છે) માંથી ઉત્પન્ન થયેલ છે; અથવા જીવાજીવની

પર્યાય–અવસ્થા તે કાળ છે. દરેક દ્રવ્યના અનંતા ધર્મ છે. તેમાં ઊર્ધ્વપ્રચય, અને તિર્યંક્પ્રચય એવા બે ધર્મ છે; અને કાળને વિષે તિર્યંક પ્રચય ધર્મ નથી. એક ઊર્ધ્વ-પ્રચય ધર્મ છે.

૧૧૫. ઊર્ધ્વપ્રચયથી પદાર્થમાં જે ધર્મનું ઉદ્ભવવું થાય છે તે ધર્મનું તિર્યંકપ્રચયથી પાછું તેમાં સમાવું થાય છે. કાળના સમયને તિર્યંકપ્રચય નથી, તેથી જે સમય ગયો તે પાછો આવતો નથી.

૧૧૬. દિગમ્બરઅભિપ્રાય મુજબ ' કાળદ્રવ્ય'ના લોકમાં અસંખ્યાતા અણુ છે.

૧૧૭. દરેક દ્રવ્યના અનંતા ધર્મ છે. તે તેમાં કેટલાક ધર્મ વ્યક્ત છે; કેટલાક અવ્યક્ત છે. કેટલાક મુખ્ય છે; કેટલાક સામાન્ય છે; કેટલાક વિશેષ છે.

૧૧૮. અસંખ્યાતાને અસંખ્યાતા ગુણા કરતાં પણ અસંખ્યાત થાય, અર્થાત્ અસંખ્યાતના અસંખ્યાત ભેદ છે.

૧૧૯. એક આંગુલના અસંખ્યાત ભાગ–અંશ–પ્રદેશ–તે એક આંગુલમાં અસંખ્યાત છે. લોકના પણ અસંખ્યાત પ્રદેશ છે. ગમે તે દિશાની સમશ્રેણિએ અસંખ્યાત થાય છે. તે પ્રમાણે એક પછી એક બીજી ત્રીજી સમશ્રેણિનો સરવાળો કરતાં જે સરવાળો થાય તે એક ગુણું, બે ગુણું, ત્રણ ગુણું, ચાર ગુણું થાય પણ અસંખ્યાત ગુણું ન થાય; પરંતુ એક સમશ્રેણિ જે અસંખ્યાત પ્રદેશવાળી છે તે સમશ્રેણિની દિશાવાળી સઘળી સમશ્રેણિઓ જે અસંખ્યાત ગુણી છે તે દરેક અસંખ્યાતીએ ગુણતાં, તેમ જ બીજી દિશાની સમશ્રેણિ છે તેનો પણ ગુણાકાર કરતાં તે પ્રમાણે કરતાં, ત્રીજી દિશાની છે તેનું પણ તે પ્રમાણે કરતાં અસંખ્યાત થાય. એ અસંખ્યાતાના ભાંગાને જ્યાંસુધી એક બીજાનો ગુણાકાર કરી શકાય ત્યાંસુધી અસંખ્યાતા થાય. અને તે ગુણાકારથી કોઈ ગુણાકાર કરવો બાકી ન રહે ત્યારે અસંખ્યાત પુરૂં થઈ તેમાં એક ઉમેરતાં જઘન્યમાં જઘન્ય અનંતું થાય.

***

૧૨૦. નય છે તે પ્રમાણનો અંશ છે. જે નયથી જે ધર્મ કહેવામાં આવ્યો છે ત્યાં તેટલું પ્રમાણ છે. એ નયથી જે ધર્મ કહેવામાં આવ્યો છે તે શિવાય વસ્તુને વિષે બીજા જે ધર્મ છે તેનો નિષેધ કરવામાં આવ્યો નથી. એકી વખતે વાણીદ્વારાએ બધા ધર્મ કહી શકાતા નથી. તેમ જ જે જે પ્રસંગ હોય તે તે પ્રસંગે ત્યાં મુખ્યપણે તે જ ધર્મ કહેવામાં આવે છે. ત્યાં ત્યાં તે તે નયથી પ્રમાણ છે.

૧૨૧. નયના સ્વરૂપથી આઘે જઈ કહેવામાં આવે છે તે નય નહીં, પરંતુ નયાભાસ થાય છે; અને નયાભાસ ત્યાં મિથ્યાત્વ ઠરે છે.

૧૨૨. નય સાત માન્યા છે. તેના ઉપનય સાતસો, અને વિશેષ સ્વરૂપે અનંતા છે; અર્થાત્ જે વાણી છે તે સઘળા નય છે.

૧૨૩. એકાંતિકપણુ ગ્રહવાનો સ્વચ્છંદ જીવને વિશેષપણે હોય છે, અને એકાંતિકપણુ ગ્રહવાથી નાસ્તિકપણુ થાય છે. તે ન થવા માટે આ નયનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે; જે સમજવાથી જીવ એકાંતિકપણુ ગ્રહતો અટકી મધ્યસ્થ રહે છે, અને મધ્યસ્થ રહેવાથી નાસ્તિકતા અવકાશ પામી શકતી નથી.

૧૨૪. નય જે કહેવામાં આવે છે તે નય પોતે કંઈ વસ્તુ નથી, પરંતુ વસ્તુનું સ્વરૂપ સમજવા તથા તેની સુપ્રતીત થવા પ્રમાણનો અંશ છે.

૧૨૫. અમુક નયથી કહેવામાં આવ્યું ત્યારે બીજા નયથી પ્રતીત થતા ધર્મની અસ્તિ નથી એમ ઠરતું નથી.

*
* *

૧૨૬. કેવળજ્ઞાન એટલે માત્ર જ્ઞાન જ. તે શિવાય બીજું કંઇ જ નહીં. અને જ્યારે એમ છે ત્યારે તેને વિષે બીજું કશું સમાતું નથી. સર્વથા સર્વ પ્રકારે રાગદ્વેષનો ક્ષય થાય ત્યારે જ કેવળજ્ઞાન કહેવાય. જો કોઈ અંશે રાગદ્વેષ હોય તો તે ચારિત્રમોહનીયના કારણથી છે. જ્યાં આગળ જેટલે અંશે રાગદ્વેષ છે ત્યાં આગળ તેટલે અંશે અજ્ઞાન છે, જેથી કેવળજ્ઞાનમાં તે સમાઈ શકતાં નથી, એટલે કેવળજ્ઞાનમાં તે હોતાં નથી. તે એક બીજાનાં પ્રતિપક્ષિ છે. જ્યાં કેવળજ્ઞાન છે ત્યાં રાગદ્વેષ નથી, અથવા જ્યાં રાગદ્વેષ છે ત્યાં કેવળજ્ઞાન નથી.

*
* *

૧૨૭. ગુણ અને ગુણી એક જ છે, પરંતુ કોઈ કારણે તે પરિછિન્ન પણ છે. સામાન્ય પ્રકારે તો ગુણનો સમુદાય તે 'ગુણી' છે; એટલે ગુણ અને ગુણી એક જ છે. જૂદી જૂદી વસ્તુ નથી. ગુણીથી ગુણ જૂદો પડી શકતો નથી. જેમ સાકરનો કટકો છે તે 'ગુણી' છે અને મિઠાશ છે તો ગુણ છે. 'ગુણી' જે સાકર અને ગુણ જે મિઠાશ તે બન્ને સાથે જ રહેલ છે; મિઠાશ કંઇ જૂદી પડતી નથી, તથાપિ 'ગુણ' 'ગુણી' કોઈ અંશે ભેદવાળા છે.

૧૨૮. કેવળજ્ઞાનીનો આત્મા પણ દેહવ્યાપકક્ષેત્રઅવગાહિત છે; છતાં લોકાલોકના સઘળા--પદાર્થો જે દેહથી દૂર છે તેને પણ એકદમ જાણી શકે છે,

૧૨૯. સ્વ પરને જૂદા પાડનાર જે જ્ઞાન તે જ્ઞાન આ જ્ઞાનને પ્રયોજનભૂત કહેવામાં આવ્યું છે. આ શિવાયનું જ્ઞાન તે 'અજ્ઞાન' છે. શુદ્ધ આત્મદશારૂપ શાંત જિન છે. તેની પ્રતીતિ જિનપ્રતિબિંબ સૂચવે છે. તે શાંત દશા પામવા સારૂ જે પરિણતિ, અથવા અનુકરણ અથવા માર્ગ તેનું નામ 'જૈન';—જે માર્ગે ચાલવાથી જૈનપણું પ્રાપ્ત થાય છે.

૧૩૦. આ માર્ગ આત્મગુણરોધક નથી, પણ બોધક છે, એટલે આત્મગુણ પ્રગટ કરે છે. જેમાં કશો સંશય નથી. આ વાત પરોક્ષ નથી, પણ પ્રત્યક્ષ છે. ખાત્રી કરવા ઇચ્છનારે પુરૂષાર્થ કરવાથી સુપ્રતીત થઈ પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય છે.

૧૩૧. સૂત્ર અને સિદ્ધાંત એ બે જૂદાં છે. સાચવવાસારૂ સિદ્ધાંતો સૂત્રરૂપી પેટીમાં રાખવામાં આવ્યા છે- દેશ, કાળને અનુસરી સૂત્ર રચવામાં એટલે ગુંથવામાં આવે છે; અને તેમાં સિદ્ધાંતની ગુંથણી કરવામાં આવે છે. તે સિદ્ધાંતો ગમે તે કાળમાં; ગમે ક્ષેત્રમાં ફરતા નથી; અથવા ખંડિતપણાને પામતા નથી; અને જો તેમ થાય તો તે સિદ્ધાંત નથી.

૧૩૨. સિદ્ધાંત એ ગણિતની માફક પ્રત્યક્ષ છે તેથી તેમાં કોઈ જાતની ભૂલ કે અધૂરાપણું સમાતું નથી. અક્ષર ખોડીઆ હોય તો સુધારિને માણસો વાંચે છે, પરંતુ આંકડાની ભૂલ થાય તો તે હિસાબ ખોટો ઠરે છે માટે આંકડા ખોડીઆ હોતા નથી. આ દૃષ્ટાંત ઉપદેશમાર્ગ અને સિદ્ધાંતમાર્ગને ઘટાવવું.

૧૩૩. સિદ્ધાંતો ગમે તે દેશમાં, ગમે તે ભાષામાં, ગમે તે કાળમાં લખાણાં હોય, તોપણ અસિદ્ધાંતપણાને પામતા નથી. દાખલા તરીકે, બેને બે ચાર થાય. પછી ગમે તો ગુજરાતી, કે સંસ્કૃત, કે પ્રાકૃત, કે અરબી, કે પરશ્યન, કે ઇંગ્લિશ ભાષામાં લખાયેલ હોય, તે આંકડાને ગમે તે સંજ્ઞામાં ઓળખવામાં આવે તોપણ બે ને બેનો સરવાળો ચાર થાય એ વાત પ્રત્યક્ષ છે. જેમ નવે નવે એકાશી તે ગમે તે દેશમાં, ગમે તે ભાષામાં, અને ધોળા દિવસે. કે અંધારી રાત્રિએ ગણવામાં આવે તોપણ ૮૦. અથવા ૮૨ થતા નથી, પરંતુ એકાશી જ થાય છે. આ જ પ્રમાણે સિદ્ધાંતનું પણ છે.

૧૩૪. સિદ્ધાંત છે એ પ્રત્યક્ષ છે. જ્ઞાનીના અનુભવગમ્યની બાબત છે. તેમાં અનુમાનપણું કામ આવતું નથી. અનુમાન એ તર્કનો વિષય છે; અને તર્ક એ આગળ જતાં કેટલીકવાર ખોટો પણ પડે; પરંતુ પ્રત્યક્ષ જે અનુભવગમ્ય છે તેમાં કાંઇ પણ ખોટાપણું સમાતું નથી.

૧૩૫. જેને ગુણાકાર, અથવા સર્વાળાનું જ્ઞાન થયું છે તે એમ કહે કે, નવે નવે એકાશી, ત્યાં આગળ જેને સર્વાળા અથવા ગુણાકારનું જ્ઞાન થયું નથી, અર્થાત્ ક્ષયોપશમ થયો નથી તે અનુમાનથી અથવા તર્ક કરી એક એમ કહે કે "૯૮ થતા હોય તો કેમ ના કહી શકાય?" તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું છે નહીં, કેમકે તેને જ્ઞાન ન હોવાથી તેમ કહે એ સ્વાભાવિક છે. પરંતુ જો તેને ગુણાકારની રીત છોડી (છૂટી છૂટી કરી) એકથી નવ સુધી આંકડા બતાવી નવવાર ગણાવ્યું હોય તો એકાશી થતાં અનુભવગમ્ય થવાથી તેને સિદ્ધ થાય છે. કદાપિ તેના મંદ ક્ષયોપશમથી એકાશી ગુણાકારથી અથવા સર્વાળાથી ન સમજાય તોપણ એકાશી થાય એમાં ફેર નથી. એ પ્રમાણે સિદ્ધાંત આવરણના કારણથી ન સમજવામાં આવે તોપણ તે અસિદ્ધાંતપણાને પામતા નથી એ વાતની ચોકસ પ્રતીતિ રાખવી. છતાં ખાત્રી કરવા જરૂર હોય તો તેમાં બતાવ્યાપ્રમાણે કરવાથી ખાત્રી થતાં પ્રત્યક્ષ અનુભવગમ્ય થાય છે.

૧૩૬. જ્યાંસુધી અનુભવગમ્ય ન થાય ત્યાંસુધી સુપ્રતીતિ રાખવા જરૂર છે, અને સુપ્રતીતિથી ક્રમે ક્રમે કરી અનુભવગમ્ય થાય છે.

૧૩૭. સિદ્ધાંતના દાખલા:

(૧) "રાગદ્વેષથી બંધ થાય છે."

(૨) "બંધનો ક્ષય થવાથી મુક્તિ થાય છે."

આ સિદ્ધાંતની ખાત્રી કરવી હોય તો રાગદ્વેષ છોડો. રાગદ્વેષ સર્વ પ્રકારે છૂટે તો આત્માનો સર્વ પ્રકારે મોક્ષ થાય છે. આત્મા બંધનના કારણથી મુક્ત થઇ શકતો નથી. બંધન છૂટયું કે મુક્ત છે. બંધન થવાનું કારણ રાગદ્વેષ છે. રાગદ્વેષ સર્વથા પ્રકારે છૂટયો કે બંધથી છૂટયો જ છે. તેમાં કશો સવાલ કે શંકા રહેતાં નથી.

૧૩૮. જે સમયે સર્વથા પ્રકારે રાગદ્વેષ ક્ષય તેને બીજે જ સમયે 'કેવળજ્ઞાન' છે.

***

૧૩૯. જીવ પહેલા ગુણસ્થાનકમાં આગળ જતો નથી; આગળ જવા વિચાર કરતો નથી. પહેલાથી આગળ શી રીતે વધી શકાય? તેના શું ઉપાય છે? કેવી રીતે પુરૂપાર્થ કરવો? તેનો વિચાર પણ કરતો નથી, અને વાતો કરવા બેસે ત્યારે એવી કરે કે તેરમું આ ક્ષેત્રે, અને આ કાળે પ્રાપ્ત થતું નથી. આવી આવી ગહન વાતો જે પોતાની શક્તિ બહારની છે તે તેનાથી શી રીતે સમજી શકાય? અર્થાત્ પોતાને ક્ષયોપશમ હોય તે ઉપરાંતની વાતો કરવા બેસે તે ન જ સમજી શકાય.

૧૪૦. ગ્રંથિ પહેલે ગુણસ્થાનકે છે તેનું ભેદન કરી આગળ વધી ચોથા સુધી સંસારી જીવો પહોંચ્યા નથી. કોઈ જીવ નિર્જરા કરવાથી ઉંચા ભાવે આવતાં, પહેલામાંથી નીકળવા વિચાર કરી, ગ્રંથિભેદની નજીક આવે છે ત્યાં આગળ ગાંઠનું એટલું બધું તેના ઉપર જોર થાય છે કે, ગ્રંથિભેદ કરવામાં શિથિલ થઇ જઇ અટકી પડે છે; અને એ પ્રમાણે મોળો થઇ પાછો વળે છે. આ પ્રમાણે ગ્રંથિભેદ નજીક અનંતિવાર આવી જીવ પાછો ફર્યો છે. કોઈ

જીવ પ્રબલ પુરૂષાર્થ કરી નિમિત્ત કારણનો જોગ પામી કરેડીઆં કરી ગ્રંથિભેદ કરી, આગળ વધી આવે છે, અને જ્યારે ગ્રંથિભેદ કરી આગળ વધ્યો કે, ચોથામાં આવે છે, અને ચોથામાં આવ્યો કે વેહેલામોડો મોક્ષ થશે, એવી તે જીવને છાપ મળે છે.

૧૪૧. આ ગુણસ્થાનકનું નામ 'અવિરતિસમ્યક્દૃષ્ટિ' છે; જ્યાં વિરતિપણાવિના સમ્યક્ જ્ઞાનદર્શન છે.

૧૪૨. કહેવામાં એમ આવે છે કે, તેરમું ગુણસ્થાનક આ કાળ ને આ ક્ષેત્રથી ન પમાય; પરંતુ તેમ કહેનારા પહેલામાંથી ખસતા નથી. જો તેઓ પહેલામાંથી ખસી, ચોથાસુધી આવે, અને ત્યાં પુરૂષાર્થ કરી સાતમું જે અપ્રમાદી છે ત્યાંસુધી પહોંચે તો પણ એક મોટામાં મોટી વાત છે, સાતમાસુધી પહોંચ્યાવિના તે પછીની દશાની સુપ્રતીતિ થઇ શકવી મુશ્કેલ છે.

૧૪૩. આત્માને વિષે પ્રમાદરહિત જાગૃતદશા તે જ સાતમું ગુણસ્થાનક છે. ત્યાંસુધી પહોંચવાથી તેમાં સમ્યક્ત્વ સમાય છે. ચોથા ગુણસ્થાનકે જીવ આવીને ત્યાંથી પાંચમું 'દેશવિરતિ, છઠ્ઠું 'સર્વવિરતિ' અને સાતમું 'પ્રમાદરહિત વિરતિ' છે ત્યાં પહોંચે છે. ત્યાં આગળ પહોંચ્યેથી આગળની દશાની અંશે અનુભવ અથવા સુપ્રતીતિ થાય છે. ચોથા ગુણસ્થાનકવાળો જીવ સાતમા ગુણસ્થાનકને પહોંચનારની દશાનો આ વિચાર કરે તો તે કોઈ અંશે પ્રતીત થઈ શકે. પણ તેનો પહેલા ગુણસ્થાનકવાળો જીવ વિચાર કરે તો તે શી રીતે પ્રતીતિમાં આવી શકે? કારણ કે, તેને જાણવાનું સાધન જે આવરણરહિત થવું તે પહેલા ગુણસ્થાનકવાળાની પાસે હોય નહીં,

૧૪૪. સમ્યક્ત્વ પ્રાપ્ત થયેલ જીવની દશાનું સ્વરૂપ જ જૂદું હોય છે. પહેલા ગુણસ્થાનકવાળા જીવની દશાની જે સ્થિતિ અથવા ભાવ છે તેના કરતાં ચોથું ગુણસ્થાનક પ્રાપ્ત કરનારની દશાની જે સ્થિતિ અથવા ભાવ તે જૂદાં જોવામાં આવે છે. અર્થાત્ જૂદી જ દશાનું વર્ત્તન જોવામાં આવે છે.

૧૪૫. પહેલું મોળું કરે તો ચોથે આવે એમ કહેવામાત્ર છે; ચોથે આવવામાં જે વર્ત્તન છે તે વિષય વિચારવાજોગ છે.

૧૪૬. આગળ ૪,૫,૬ અને ૭મા ગુણસ્થાનકસુધીની જે વાત કહેવામાં આવી છે તે કહેવામાત્ર, અથવા સાંભળવામાત્ર જ છે એમ નથી, પરંતુ સમજીને વારંવાર વિચારવાયોગ્ય છે.

૧૪૭. બની શકે તેટલો પુરૂષાર્થ કરી આગળ વધવા જરૂર છે.

૧૪૮. ન પ્રાપ્ત થઇ શકે તેવી ધીરજ, સંઘયણ, આયુષની પૂર્ણતા ઇત્યાદિના અભાવથી કદાચ સાતમા ગુણસ્થાનક ઉપરનો વિચાર અનુભવમાં ન આવી શકે, પરંતુ સુપ્રતીત થઈ શકવાયોગ્ય છે.

૧૪૯. સિંહના દાખલાની માફક સિંહને લોઢાના જબરદસ્ત પાંજરામાં પૂરવામાં આવ્યો હોય તો તે અંદર રહ્યો પોતાને સિંહ સમજે છે, પાંજરામાં પૂરાયલો માને છે; અને પાંજરાની બહારની ભૂમિકા પણ જુવે છે; માત્ર લોઢાના મજબુત સળિયાની આડયને લીધે બહાર નીકળી શકતો નથી. આ જ રીતે સાતમા ગુણસ્થાનક ઉપરનો વિચાર સુપ્રતીત થઈ શકે છે.

૧૫૦. આ પ્રમાણે છતાં જીવ મતભેદાદિ કારણોને લઈને રોકાઇ જઈ આગળ વધી શકતો નથી.

૧૫૧. મતભેદ અથવા રૂઢી આદિ નજીવી બાબત છે; અર્થાત્ તેમાં મોક્ષ નથી. માટે ખરી રીતે સત્યની પ્રતીતિ કરવાની જરૂર છે.

*
* *

૧૫૨. શુભાશુભ અને શુદ્ધાશુદ્ધ પરિણામ ઉપર બધો આધાર છે. અલ્પ અલ્પ બાબતમાં પણ દોષ માનવામાં આવે ત્યાં મોક્ષ થતો નથી. લોકરૂઢીમાં અથવા લોકવ્યવહારમાં પડેલો જીવ

મોક્ષતત્ત્વનું રહસ્ય જાણી શકતો નથી તેનું કારણ તેને વિષે રૂઢીનું અથવા લોકસંજ્ઞાનું મહાત્મ્ય છે. આથી કરી બાદરક્રિયાનો નિષેધ કરવામાં આવતો નથી. જે કાંઈ પણ ન કરતાં તદ્દન અનર્થ કરે છે તે કરતાં બાદરક્રિયા ઉપયોગી છે. તોપણ તેથી કરી બાદરક્રિયાથી આગળ ન વધવું એમ પણ કહેવાનો હેતુ નથી.

૧૫૩. જીવને પોતાના ડહાપણ અને મરજી પ્રમાણે ચાલવું એ વાત મનગમતી છે; પણ તે જીવનું ભૂંડું કરનાર વસ્તુ છે. આ દોષ મટાડવારૂપ પ્રથમ તો કોઈને ઉપદેશ દેવાને નથી પણ પ્રથમ ઉપદેશ લેવાનો છે એ જ્ઞાનીનો ઉપદેશ છે. જેનામાં રાગદ્વેષ ન હોય. તેવાનો સંગ થયાવિના સમ્યક્ત્વ પ્રાપ્ત થઇ શકતું નથી. સમ્યક્ત્વ આવવાથી (પ્રાપ્ત થવાથી) જીવ ફરે છે (જીવની દશા ફરે છે); એટલે પ્રતિકૂલ હોય તો અનુકૂલ થાય છે. જિનની પ્રતિમા (શાંતપણા માટે) જોવાથી સાતમા ગુણસ્થાનકે વર્ત્તતા એવા જ્ઞાનીની જે શાંત દશા છે તેની પ્રતીતિ થાય છે.

૧૫૪. જૈનમાર્ગમાં હાલમાં ઘણા ગચ્છ પ્રવર્ત્તે છે. જેવા કે તપગચ્છ, અંચલગચ્છ, લુંકાગચ્છ, ખરતરગચ્છ ઇત્યાદિ. આ દરેક પોતાથી અન્ય પક્ષવાળાને મિથ્યાત્વી માને છે. તેવી રીતે બીજા વિભાગ છ કોટિ, આઠ કોટિ, ઇત્યાદિ દરેક પોતાથી અન્ય કોટિવાળાને મિથ્યાત્વી માને છે. વ્યાજબી રીતે નવકોટિ જોઇએ. તેમાંથી જેટલી ઓછી તેટલું ઓછું; અને તે કરતાં પણ આગળ જવામાં આવે તો સમજાય કે, છેવટે નવ કોટિએ છોડયાવિના રસ્તો નથી.

૧૫૫. તીર્થંકરાદિ મોક્ષ પામ્યા તે માર્ગ પામર નથી. જૈનરૂઢીનું થોડું પણ મૂકવું એ અત્યંત આકરૂં લાગે છે; તો મહાન્ અને મહાભારત એવો મોક્ષમાર્ગ તે શી રીતે આદરી શકાશે? તે વિચારવાયોગ્ય છે.

***

૧૫૬. મિથ્યાત્વપ્રકૃતિ ખપાવ્યાવિના સમ્યક્ત્વ આવે નહીં. સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેની દશા અદ્ભુત વર્ત્તે. ત્યાંથી ૫,૬,૭ અને ૮ મે જઇ બે ઘડીમાં મોક્ષ થઇ શકે છે. એક સમ્યક્ત્વ પામવાથી કેવું અદ્ભુત કાર્ય બને છે ! આથી સમ્યક્ત્વની ચમત્કૃતિ અથવા તેનું મહાત્મ્ય કોઇ અંશે સમજી શકાય તેમ છે.

૧૫૭ દુ:ધર પુરૂષાર્થથી પામવાયોગ્ય મોક્ષમાર્ગ તે અનાયાસે પ્રાપ્ત થતો નથી. આત્મજ્ઞાન અથવા મોક્ષમાર્ગ કોઇના શ્રાપથી અપ્રાપ્ત થતો નથી, કે કોઇના આશિર્વાદથી પ્રાપ્ત થતો નથી. પુરૂષાર્થ પ્રમાણે થાય છે માટે પુરૂષાર્થની જરૂર છે.

***

૧૫૮. સૂત્ર-સિદ્ધાંત-શાસ્ત્રો સત્પુરૂષના ઉપદેશવિના ફળતાં નથી. ફેરફાર જે છે તે વ્યવહારમાર્ગમાં છે. મોક્ષમાર્ગ તો ફેરફારવાળો નથી. એક જ છે. તે પ્રાપ્ત કરવામાં શિથિલપણું છે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. ત્યાં આગળ શૂરવીરપણું ગ્રહણ કરવાયોગ્ય છે. જીવને અમૂર્છિત કરવો એ જ જરૂરનું છે.

૧૫૯. વિચારવાન પુરૂષે વ્યવહારના ફેરફારથી મુંઝાવું નહીં.

૧૬૦. ઉપરની ભૂમિકાવાળા નીચેની ભૂમિકાની બરોબર નથી, પરંતુ નીચેની ભૂમિકાવાળાથી ઠીક છે. પોતે જે વ્યવહારમાં હોય તેથી બીજાનો ઉંચો વ્યવહાર જોવામાં આવે તો તે ઉંચા વ્યવહારનો નિષેધ કરવો નહીં, કારણ કે મોક્ષમાર્ગને વિષે કશો ફેરફાર છે નહીં. ત્રણે કાળમાં ગમે તે ક્ષેત્રમાં, એક જ સરખો જે પ્રવર્ત્તે તે જ મોક્ષમાર્ગ.

***

૧૬૧. અલ્પમાં અલ્પ એવી નિવૃત્તિઓ કરવામાં પણ જીવને ટાઢ વછૂટે છે, તો તેવી અનંત પ્રવૃત્તિથી કરી જે મિથ્યાત્વ થાય છે તેથી નિવર્તવું એ કેટલું દુઃધર થઈ પડવું જોઈએ ? મિથ્યાત્વની નિવૃત્તિ તે જ 'સમ્યક્ત્વ'.

૧૬૨. જીવાજીવની વિચારરૂપે પ્રતીતિ કરવામાં આવી ન હોય, અને બોલવામાત્ર જ જીવાજીવ છે એમ કહેવું તે સમ્યક્ત્વ નથી. તીર્થંકરાદિએ પણ પૂર્વે આરાધ્યું છે તેથી પ્રથમથી જ સમ્યક્ત્વ તેમને વિષે છે. પરંતુ બીજાને તે કંઇ અમુક કુળમાં, અમુક નાતમાં કે જાતમાં કે અમુક દેશમાં અવતાર લેવાથી જન્મથી જ સમ્યક્ત્વ હોય એમ નથી.

૧૬૩, વિચારવિના જ્ઞાન નહીં. જ્ઞાનવિના સુપ્રતીતિ એટલે સમ્યક્ત્વ નહીં. સમ્યક્ત્વવિના ચારિત્ર ન આવે. અને ચારિત્ર ન આવે, ત્યાંસુધી કેવળજ્ઞાન ન પામે, અને જ્યાંસુધી કેવળજ્ઞાન ન પામે ત્યાંસુધી મોક્ષ નથી; એમ જોવામાં આવે છે.

***

૧૬૪. દેવતાનું વર્ણન.° તત્ત્વ.° જીવનું સ્વરૂપ.°

***

૧૬૫. કર્મરૂપે રહેલા પરમાણુ કેવળજ્ઞાનીને દૃષ્ય છે તે શિવાયને માટે ચોકસ નિયમ હોય નહીં. પરમાવધિવાળાને દૃષ્ય થવા સંભવે છે; અને મનઃપર્યવજ્ઞાનીને અમુક દેશે દૃષ્ય સંભવે છે.

***

૧૬૬. પદાર્થના વિષે અનંતા ધર્મ-ગુણાદિ રહ્યા છે. તેના અનંતમા ભાગે વાણીથી કહી શકાય છે. તેના અનંતમા ભાગે સૂત્રમાં ગુંથી શકાય છે.

***

૧૬૭. યથાપ્રવૃત્તિકરણ, અનિવૃત્તિકરણ, અપૂર્વકરણ ઉપરાંત યુંજનકરણ અને ગુણકરણ છે. યુંજનકરણને ગુણકરણથી ક્ષય કરી શકાય છે.

૧૬૮. યુંજનકરણ એટલે પ્રકૃતિને યોજવી તે. આત્મગુણ જે જ્ઞાન, ને તેનાથી દર્શન; ને તેનાથી ચારિત્ર, એવા ગુણકરણથી યુંજનકરણનો ક્ષય કરી શકાય છે. અમુક અમુક પ્રકૃતિ જે આત્મગુણરોધક છે તેને ગુણકરણે કરી ક્ષય કરી શકાય છે.

***

૧૬૯. કર્મપ્રકૃતિ, તેના જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગ, તેવો બંધ, ઉદય, ઉદીરણા, સંક્રમણ, સત્તા, અને ક્ષયભાવ જે બતાવવામાં આવ્યા છે-વર્ણવવામાં આવ્યા છે તે પરમ સામર્થ્યવિના વર્ણવી શકાય નહીં. આ વર્ણવનાર જીવકોટિના પુરૂષ નહીં; પરંતુ ઈશ્વરકોટીના પુરૂષ જોઈએ એવી સુપ્રતીતિ થાય છે.

૧૭૦. કઇ કઈ પ્રકૃતિનો કેવા રસથી ક્ષય થયેલો હોવો જોઇએ ? કઇ પ્રકૃતિ સત્તામાં છે ? કઇ ઉદયમાં છે ? કઇ સંક્રમણ કરી છે ? આ આદિની રચના કહેનારે, ઉપરમુજબ પ્રકૃતિનું સ્વરૂપ માપીને કહ્યું છે તે તેમના પરમજ્ઞાનની વાત બાજુએ મૂકીએ તોપણ તે કહેનાર ઈશ્વરકોટિનો પુરૂષ હોવો જોઈએ એ ચોકસ થાય છે.

° આ વિષયો પરત્વેના વ્યાખ્યાનનો સારસંક્ષેપ શ્રોતાથી પુસ્તકારૂઢ થઈ શક્યો નથી,-સંશોધક.

૧૭૧. જાતિસ્મરણજ્ઞાન એ મતિજ્ઞાનના 'ધારણા' નામના ભેદમાં સમાય છે. તે પાછલા ભવ જાણી શકે છે. તે જ્યાંસુધી પાછલા ભવમાં અસંજ્ઞીપણું ન આવ્યું હોય ત્યાંસુધી આગળ ચાલી શકે છે.

૧૭૨. (૧) તીર્થંકરે આજ્ઞા ન આપી હોય, અને જીવ પોતાના શિવાય પરવસ્તુનું જે કાંઈ ગ્રહણ કરે તે પારકું લીધેલું, ને તે અદત્ત ગણાય. તે અદત્તમાંથી તીર્થંકરે પરવસ્તુ જેટલી ગ્રહણ કરવાની છૂટ આપી છે, તેટલાને અદત્ત ગણવામાં આવતાં નથી.

(૨) ગુરૂની આજ્ઞાપ્રમાણે કરેલા વર્ત્તનના સંબંધે અદત્ત ગણવામાં આવતું નથી.

૧૭૩. ઉપદેશના ચાર મુખ્ય પ્રકાર છે;

(૧) દ્રવ્યાનુયોગ. (૨) ચરણાનુયોગ. (૩) ગણિતાનુયોગ. (૪) ધર્મકથાનુયોગ.

(૧) લોકને વિષે રહેલાં દ્રવ્યો, તેનાં સ્વરૂપ, તેના ગુણ, ધર્મ, હેતુ, અહેતુ પર્યાયાદિ અનંત અનંત પ્રકારે છે, તેનું જેમાં વર્ણન છે તે 'દ્રવ્યાનુયોગ.'

(૨) આ દ્રવ્યાનુયોગનું સ્વરૂપ સમજાયા પછી કેમ ચાલવું તે સંબંધીનું વર્ણન તે 'ચરણાનુયોગ.'

(૩) દ્રવ્યાનુયોગ તથા ચરણાનુયોગથી તેની ગણત્રિનું પ્રમાણ, તથા લોકને વિષે રહેલા પદાર્થ, ભાવો, ક્ષેત્ર, કાળાદિની ગણત્રિના પ્રમાણની જે વાત તે 'ગણિતાનુયોગ.'

(૪) સત્પુરૂષોના ધર્મચરિત્રની કથાઓ કે જેનો ધડો લઈ જીવને પડતાં અવલંબનકારી થઈ પરણમે તે 'ધર્મકથાનુયોગ.'

૧૭૪. પરમાણુમાં રહેલા ગુણ સ્વભાવાદિ કાયમ રહે છે, અને પર્યાય તે ફરે છે. દષ્ટાંત તરીકે: પાણીમાં રહેલો શીતગુણ એ ફરતો નથી, પણ પાણીમાં જે તરંગો ઉઠે છે તે ફરે છે, અર્થાત્ તે એક પછી એક ઉઠી તેમાં સમાઈ જાય છે. આ પ્રમાણે પર્યાયવસ્થા અવસ્થાંતર થયા કરે છે તેથી કરી પાણીને વિષે રહેલ જે શીતલતા અથવા પાણીપણું તે ફરી જતાં નથી પણ કાયમ રહે છે, અને પર્યાયરૂપ તરગ તે ફર્યા કરે છે. તેમ જ તે ગુણની હાનિ વૃદ્ધિરૂપ ફેરફાર તે પણ પર્યાય છે. તેના વિચારથી પ્રતીતિ અને પ્રતીતિથી ત્યાગ અને ત્યાગથી જ્ઞાન થાય છે.

૧૭૫. તૈજસ અને કાર્મણ શરીર સ્થૂલદેહપ્રમાણ છે. તૈજસ શરીર ગરમી કરે છે, તથા આહાર પચાવવાનું કામ કરે છે. શરીરના અમુક અંગ ઘસવાથી ગરમ જણાય છે તે તૈજસના કારણથી જણાય છે. માથા ઉપર ઘૃતાદિ મૂકી તે શરીરની પરીક્ષા કરવાની રૂઢી છે. તેનો અર્થ એ કે તે શરીર સ્થૂલ શરીરમાં છે કે શી રીતે ? અર્થાત્ સ્થૂલ શરીરમાં જીવની માફક તે આખા શરીરમાં રહે છે.

૧૭૬. તેમ જ કાર્મણ શરીર પણ છે;–જે તૈજસ કરતાં સૂક્ષ્મ છે. તે પણ તૈજસની માફક રહે છે. સ્થૂલ શરીરની અંદર પીડા થાય છે, અથવા ક્રોધાદિ થાય છે તે જ કાર્મણશરીર છે. કાર્મણથી ક્રોધાદિ થઇ તેજુલેશ્યાદિ ઉત્પન્ન થાય છે. વેદનાનો અનુભવ જીવ કરે છે, પરંતુ વેદના થવી તે કાર્મણશરીરને લઇને થાય છે. કાર્મણ શરીર એ જીવનું અવલંબન છે.

૧૭૭. ઉપરનું ચાર યોગનું તથા તેના સૂક્ષ્મભાવનું જે સ્વરૂપ તે જીવે વારંવાર વિચારવાયોગ્ય છે; જાણવાયોગ્ય છે. તે પરિણામે નિર્જરાના હેતુ થાય છે, વા નિર્જરા થાય છે. ચિત્તની સ્થિરતા કરવા માટે સઘળું કહેવામાં આવ્યું છે; કારણ કે, એ સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપ જીવે જો કાંઈ જાણ્યું હોય તો તેને વાસ્તે વારંવાર વિચાર કરવાનું બને છે; અને તેવા

વિચારથી જીવની બાહ્યવૃત્તિ નહીં થતાં અંદરની અંદર વિચારતાંસુધી સમાયેલી રહે છે.

૧૭૮. અંતર્વિચારનું સાધન ન હોય તો જીવની બાહ્યવસ્તુ ઉપર વૃત્તિ જઈ અનેક જાતના ઘાટ ઘડાય છે. જીવને અવલંબન જોઈએ છીએ. તેને નવરો બેસી રહેવાનું ઠીક પડતું નથી. એવી જ ટેવ પડી ગઈ છે; તેથી જો ઉપલા પદાર્થનું જાણપણું થયું હોય તો તેના વિચારને લીધે સદ્ચિત્તવૃત્તિ બહાર નીકળવાને બદલે અંદર સમાયેલી રહે છે; અને તેમ થવાથી નિર્જરા થાય છે.

૧૭૯. પુદ્ગલ પરમાણુ અને તેના પર્યાયાદિનું સૂક્ષ્મપણું છે તે જેટલું વર્ણાગોચર થઈ શકે તેટલું કહેવામાં આવ્યું છે. તે એટલા સારૂ કે એ પદાર્થો મૂર્તિમાન છે; અમૂર્તિમાન નથી. મૂર્તિમાન છતાં આ પ્રમાણે સૂક્ષ્મ છે તેના વારંવાર વિચારથી સ્વરૂપ સમજાય છે, અને તે પ્રમાણે સમજાયાથી તેથી સૂક્ષ્મ અરૂપી એવો જે આત્મા તે સંબંધી જાણવાનું કામ સહેલું થાય છે.

૧૮૦. માન અને મતાગ્રહ એ માર્ગ પામવામાં આડા સ્થંભરૂપ છે. તે મૂકી શકાતાં નથી, અને તેથી સમજાતું નથી. સમજવામાં વિનય, ભક્તિની પહેલી જરૂર પડે છે, તે ભક્તિ માન મતાગ્રહના કારણથી આદરી શકાતી નથી.

૧૮૧. ૧. વાંચવું ૨. પૂછવું ૩. વારંવાર ફેરવવું ૪. ચિત્તને નિશ્ચયમાં આણવું ૫. ધર્મકથા. વેદાંતમાં પણ શ્રવણ, મનન, નિદિધ્યાસન એમ ભેદ બતાવ્યા છે.

૧૮૨. ઉત્તરાધ્યયનમાં ધર્મનાં મુખ્ય ચાર અંગ કહ્યાં છે.

૧. મનુષ્યપણું ૨. સત્પુરૂષના વચનનું શ્રવણ. ૩. તેની પ્રતીતિ. ૪. ધર્મનું પ્રવર્ત્તવું. આ ચાર વસ્તુ દુર્લભ છે.

૧૮૩. મિથ્યાત્વના બે ભેદ છે. (૧) વ્યક્ત (૨) અવ્યક્ત. તે જ મિથ્યાત્વના ત્રણ ભેદ પણ કર્યા છે. (૧) ઉત્કૃષ્ટ (૨) મધ્યમ (૩) જઘન્ય. ઉત્કૃષ્ટ મિથ્યાત્વ હોય ત્યાંસુધી પહેલા ગુણસ્થાનમાંથી બહાર નીકળતો નથી. ઉત્કૃષ્ટ મિથ્યાત્વ હોય ત્યાંસુધી તે મિથ્યાત્વ ગુણસ્થાનક ન ગણાય. ગુણસ્થાનક એ જીવઆશ્રયી છે.

૧૮૪. મિથ્યાત્વવડે કરી મિથ્યાત્વ મોળું પડે છે, અને તે કારણથી તે જરા આગળ ચાલ્યો કે, તરત મિથ્યાત્વ ગુણસ્થાનકમાં આવે છે.

૧૮૫. ગુણસ્થાનક એ આત્માના ગુણને લઈને છે.

૧૮૬. મિથ્યાત્વમાંથી સાવ ખસ્યો ન હોય પણ થોડો ખસ્યો હોય તો પણ તેથી મિથ્યાત્વ મોળું પડે છે. આ મિથ્યાત્વ પણ મિથ્યાત્વે કરીને મોળું પડે છે. મિથ્યાત્વગુણસ્થાનકે પણ મિથ્યાત્વનો અંશ કષાય હોય તે અંશથી પણ મિથ્યાત્વમાંથી મિથ્યાત્વગુણસ્થાનક કહેવામાં આવે છે.

૧૮૭. પ્રયોજનભૂત જ્ઞાનના મૂળમાં-પૂર્ણ પ્રતીતિમાં-તેવા જ આકારમાં મળતા આવવા અન્ય માર્ગની સરખામણીના અંશે સરખાપણારૂપ પ્રતીત થવું તે મિશ્રગુણસ્થાનક છે; પરંતુ ફલાણું દર્શન સત્ય છે, અને ફલાણું દર્શન પણ સત્ય છે એવી બન્ને ઉપર સરખી પ્રતીતિ તે મિશ્ર નહીં, પણ મિથ્યાત્વગુણસ્થાનક છે. અમુકથી દર્શન અમુક અંશે મળતું આવે છે એમ કહેવામાં સમ્યક્ત્વને બાધ નથી; કારણ કે, ત્યાં તો અમુક દર્શનની બીજા દર્શનની સરખામણીમાં પહેલું દર્શન સર્વાંગે પ્રતીતિરૂપ થાય છે.

૧૮૮. પહેલેથી બીજે જવાતું નથી, પરંતુ ચોથેથી પાછા વળતાં પહેલું આવવામાં રહેતો વચલો અમુક કાળ તે બીજું છે. તેને જો ચોથા પછી પાંચમું ગણવામાં આવે તો ચોથાથી પાંચમું ચડી જાય, અને અહીં તો સાસ્વાદન ચોથાથી પતિત થયેલ માનેલ છે; એટલે

તે ઉતરતું છે; તેથી પાંચમાતરીકે ન મૂકી શકાય પણ બીજા તરીકે મૂકવું એ બરાબર છે.

૧૮૯. આવરણ છે એ વાત નિઃસંદેહ છે. જે શ્વેતામ્બર તથા દિગમ્બર બન્ને કરે છે; પરંતુ આવરણને સાથે લઈ કહેવામાં થોડુંએક બીજાથી તફાવતવાળું છે.

૧૯૦. શ્વેતામ્બર કહે છે કે, કેવળજ્ઞાન સત્તારૂપે નહીં, પરંતુ શક્તિરૂપે રહ્યું છે.

૧૯૧. જો કે સત્તા અને શક્તિનો સામાન્ય અર્થ એક છે; પરંતુ વિશેષાર્થપ્રમાણે કંઇક ફેર રહે છે.

***

૧૯૨. દૃઢપણે ઓઘ આસ્થાથી, વિચારપૂર્વક અભ્યાસથી 'વિચારસહિત આસ્થા' થાય છે.

***

૧૯૩. તીર્થંકર જેવા પણ સંસારપક્ષે વિશેષ વિશેષ સમૃદ્ધિના ધણી હતા. છતાં તેમને પણ ત્યાગ કરવાની જરૂર પડી હતી; તો પછી અન્ય જીવોને તેમ કરવાશિવાય છૂટકો નથી.

૧૯૪. ત્યાગના બે પ્રકાર છે; એક બાહ્ય, અને બીજો અભ્યંતર. તેમાંનો બાહ્યત્યાગ તે અભ્યંતર ત્યાગને સહાયકારી છે (ત્યાગ સાથે વૈરાગ્ય જોડાય છે, કારણ કે વૈરાગ્ય થયે જ ત્યાગ થાય છે).

૧૯૫. જીવ એમ માને છે કે, હું કાંઇક સમજું છું, અને જ્યારે ત્યાગ કરવા ધારીશ ત્યારે એકદમ ત્યાગ કરી શકીશ, પરંતુ તે માનવું ભૂલભરેલું થાય છે. જ્યાંસુધી એવો પ્રસંગ નથી આવ્યો, ત્યાંસુધી પોતાનું જોર રહે છે. જ્યારે એવો વખત આવે છે ત્યારે, શિથિલપરિણામી થઇ મોળો પડે છે. માટે આસ્તે આસ્તે તપાસ કરવો તથા પરિચય કરવા માંડવો કે ત્યાગતી વખત પરિણામ કેવાં શિથિલ થઈ જાય છે ?

૧૯૬. આંખ, જીભાદિ ઇંદ્રિયોની એકેક આંગળ જેટલી જગો જીતવી જેને મુશ્કેલ થઈ પડે છે, અથવા જીતવું અસંભવિત થઈ પડે છે, તેને મોટું પરાક્રમ કરવાનું અથવા મોટું ક્ષેત્ર જીતવાનું કામ સોંપ્યું હોય તો તે શી રીતે બની શકે ? એકદમ ત્યાગ કરવાનો વખત આવે ત્યારેની વાત ત્યારે, એ વિચાર તરફ લક્ષ રાખી હાલ તો આસ્તે આસ્તે ત્યાગની કસરત કરવાની જરૂર છે. તેમાં પણ શરીર અને શરીર સાથે સંબંધ રાખતા સગા સંબંધીઓના સંબંધમાં પ્રથમ અજમાયશ કરવી; અને શરીરમાં પણ આંખ, જીભ અને ઉપસ્થ એ ત્રણ ઇંદ્રિયોના વિષયના દેશે દેશે ત્યાગ તરફ પ્રથમ જોડાણ કરાવવાનું છે, અને તેના અભ્યાસથી એકદમ ત્યાગ સુગમતાવાળો થઇ પડે છે,

૧૯૭. હાલ તપાસ દાખલ, અંશે અંશે જેટલો જેટલો ત્યાગ કરવો તેમાં પણ મોળાશ ન રાખવી. તેમ જ રૂઢીને અનુસરી ત્યાગ કરવો એમ પણ નહીં. જે કાંઈ ત્યાગ કરવો તે શિથિલપણારહિત તથા બારીબારણાંરહિત કરવો, અથવા બારીબારણાં રાખવાં જરૂર હોય તો તે પણ ચોકસ આકારમાં ખુલ્લી રીતે રાખવાં; પણ એવાં ન રાખવાં કે, તેનો અર્થ જ્યારે જેવો કરવો હોય તેવો થઈ શકે. જ્યારે જેની જરૂર પડે ત્યારે તેના ઇચ્છાનુસાર અર્થ થઇ શકે તેવી ગોઠવણ જ ત્યાગને વિષે રાખવી નહીં. જો અચોકસપણે એટલે જરૂર પડે ત્યારે મનગમતો અર્થ થઈ શકે એવા આકારમાં ગોઠવણ રાખવામાં આવે તો શિથિલપરિણામી થઈ ત્યાગેલું બધું બગાડી મૂકે છે.

૧૯૮. અંશે પણ ત્યાગ કરવો તેની પ્રથમથી જ ચોકસપણે વ્યાખ્યા બાંધી સાક્ષી રાખી ત્યાગ કરવો, તથા ત્યાગ કરવા પછી પોતાને મનગમતો અર્થ કરવો નહીં.

***

૧૯૯. સંસારમાં પરિભ્રમણ કરાવનાર ક્રોધ, માન, માયા, લોભની ચોકડીરૂપ કષાય છે. તેનું સ્વરૂપ

પણ સમજવાયોગ્ય છે. તેમાં પણ અનંતાનુબંધિ જે કષાય છે તે અનંત સંસાર રખડાવનાર છે. તે કષાય ક્ષય થવાનો ક્રમ, સામાન્ય રીતે ક્રોધ, માન, માયા, લોભ એ પ્રમાણે છે; અને તેનો ઉદય થવાનો ક્રમ સામાન્ય રીતે માન, લોભ, માયા, ક્રોધ એ પ્રમાણે છે.

૨૦૦. આ કષાયના અસંખ્યાત ભેદ છે. જેવા આકારમાં કષાય તેવા આકારમાં સંસારપરિભ્રમણને માટે કર્મબંધ જીવ પાડે છે. કષાયમાં મોટામાં મોટો બંધ અનંતાનુબંધિ કષાયનો છે. જે અંતર્મુહૂર્ત્તમાં સીત્તેર કોડાંકોડિ સાગરોપમનો બંધ પાડે છે તે અનંતાનુબંધિનું સ્વરૂપ પણ જબરદસ્ત છે; તે એવી રીતે કે મિથ્યાત્વમોહરૂપી એક રાજાને બરાબર જાળવણુથી સૈન્યના મધ્ય ભાગમાં રાખી ક્રોધ, માન, માયા, લોભ, એ ચાર તેની રક્ષા કરે છે, અને જે વખતે જેની જરૂર પડે છે, તે વખતે તે વગર બોલાવ્યા મિથ્યાત્વમોહની સેવા બજાવવા મંડી પડે છે. આ ઉપરાંતનો કષાયરૂપ બીજો પરિવાર છે. તે કષાયના આગળના ભાગમાં રહી મિથ્યાત્વમોહની ચોકી ભરે છે, પરંતુ બીજા સઘળા ચોકિયાતો નહીં જેવા કષાયનું કામ કરે છે. રખડપાટ કરાવનાર કષાય છે, અને તે કષાયમાં પણ અનંતાનુબંધિ કષાયના ચાર યોદ્ધાઓ બહુ મારી નાંખે છે. આ ચાર યોદ્ધાઓ મધ્યેથી ક્રોધનો સ્વભાવ બીજા ત્રણ કરતાં કાંઇક ભોળો માલમ પડે છે; કારણ કે, તેનું સ્વરૂપ સર્વ કરતાં વહેલું જણાઇ શકે છે. એ પ્રમાણે જ્યારે જેનું સ્વરૂપ વહેલું જણાય ત્યારે તેની સાથે લડાઇ કરવામાં ક્રોધીની ખાત્રી થયેથી લડવાની હિમ્મત થાય છે.

* * *

૨૦૧. ઘનઘાતી એવાં જે ચાર કર્મ મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય, જે આત્માના ગુણને આવરનારાં છે તે એક પ્રકારે ક્ષય કરવાં સહેલાં પણ છે. વેદનીયાદિ કર્મ જે ઘનઘાતી નથી તોપણ તે એક પ્રકારે ખપાવવાં આકરાં છે. તે એવી રીતે કે. વેદનીયકર્મનો ઉદય પ્રાપ્ત થાય તે ખપાવવા સારૂ ભોગવવાં જોઇએ; તે ન ભોગવવાં એવી ઇચ્છા થાય તોપણ ત્યાં તે કામ આવતી નથી; ભોગવવાં જ જોઇએ; અને જ્ઞાનાવરણીયનો ઉદય હોય તે યત્ન કરવાથી ક્ષય થાય છે. ઉદાહરણ તરીકે, એક શ્લોક જે જ્ઞાનાવરણીયના ઉદયથી યાદ ન રહેતો હોય તે બે, ચાર, આઠ, સોળ, બત્રીશ, ચોસઠ, સો અર્થાત્ વધારેવાર ગોખવાથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અથવા ક્ષય થઇ યાદ રહે છે; અર્થાત્ બળવાન થવાથી તે તે જ ભવમાં અમુક અંશે ખપાવી શકાય છે. તેમ જ દર્શનાવરણીય કર્મના સંબંધમાં સમજવું. મોહનીયકર્મ જે મહા જોરાવર તેમ ભોળું પણ છે, તે તરત ખપાવી શકાય છે. જેમ તેની આવણી-વેગ-આવવામાં જબ્બર છે, તેમ તે જલદીથી ખસી પણ શકે છે. મોહનીયકર્મનો તીવ્ર બંધ હોય છે, તોપણ તે પ્રદેશબંધ ન હોવાથી તરત ખપાવી શકાય છે. નામ, આયુષ્યાદિ કર્મ જે પ્રદેશબંધ હોય છે તે કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ છેડા સુધી ભોગવવાં પડે છે. જ્યારે મોહનીયાદિ ચાર કર્મ તે પહેલાં ક્ષય થાય છે.

૨૦૨. 'ઘેલછા'–એ ચારિત્રમોહનીયનો વિશેષ પર્યાય છે. ક્વચિત્ હાસ્ય, ક્વચિત્ શોક, ક્વચિત્ રતિ, ક્વચિત્ અરતિ, ક્વચિત્ ભય અને ક્વચિત્ જુગુપ્સારૂપે તે જણાય છે. કંઇ અંશે જ્ઞાનાવરણીયમાં પણ સમાસ થાય છે. સ્વપ્નમાં વિશેષપણે જ્ઞાનાવરણીયપર્યાય જણાય છે.

૨૦૩. 'સંજ્ઞા' એ જ્ઞાનનો ભાગ છે. પણ 'પરિગ્રહસંજ્ઞા' 'લોભપ્રકૃતિ'માં સમાય છે; 'મૈથુનસંજ્ઞા' 'વેદપ્રકૃતિ'માં સમાય છે, 'આહારસંજ્ઞા' 'વેદનીય'માં સમાય છે; અને 'ભયસંજ્ઞા' 'ભયપ્રકૃતિ'માં સમાય છે.

***

૨૦૪. અનંત પ્રકારનાં કર્મો મુખ્ય આઠ પ્રકારે 'પ્રકૃતિ'ના નામથી ઓળખાય છે. તે એવી રીતે કે, અમુક અમુક પ્રકૃતિ, અમુક અમુક 'ગુણસ્થાનક' સુધી હોય છે, આવું માપ તોળીને જ્ઞાનીદેવે બીજાઓને સમજાવવા સારૂ સ્થૂલ સ્વરૂપે તેનું વિવેચન કર્યું છે; તેમાં બીજાં કેટલીએક જાતનાં કર્મ અર્થાત્ 'કર્મપ્રકૃતિ' સમાય છે, અર્થાત્ જે પ્રકૃતિનાં નામ 'કર્મગ્રંથ'માં નથી આવતાં, તે તે પ્રકૃતિ ઉપર બતાવેલી પ્રકૃતિના વિશેષ પર્યાય છે; અથવા તે ઉપર બતાવેલી પ્રકૃતિમાં સમાય છે.

***

૨૦૫. 'વિભાવ' એટલે વિરૂદ્ધભાવ' નહીં, પરંતુ 'વિશેષભાવ'. આત્મા આત્માપે પરિણમે તે 'ભાવ' છે, અથવા 'સ્વભાવ' છે. જ્યારે આત્મા તથા જડનો સંયોગ થવાથી આત્મા સ્વભાવ કરતાં આગળ જઇ 'વિશેષભાવે' પરિણમે તે 'વિભાવ' છે. આ જ રીતે જડને માટે પણ સમજવું.

***

૨૦૬. 'કાળ'ના 'અણુ' લોકપ્રમાણ અસંખ્યાત છે. તે 'અણુ'માં 'રૂક્ષ' અથવા 'સ્નિગ્ધ' ગુણ નથી; તેથી તે દરેક અણુ એકબીજામાં મળતાં નથી. અને દરેક પૃથક્ પૃથક્ રહે છે. પરમાણુ-પુદ્ગલમાં તે ગુણ હોવાથી મૂળ સત્તા કાયમ રહ્યા છતાં તેનો (પરમાણુ-પુદ્ગલનો) 'સ્કંધ' થાય છે.

વર્ષ ૩૩ મું.

૫૫૬.[1]

ૐ.

૧. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઇશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?
સર્વ સંબંધનું બંધન તિક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરૂષને પંથ જો ? અપૂર્વ૦

૨. સર્વભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦

૩. દર્શનમોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિતમોહ વિલોકિયે,
વર્ત્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦

૪. આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્ય પણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦

૫. સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,

---

૧ શ્રીમદ્‌નો આ ગુણસ્થાનક્રમ લખાયાનો સમય નિઃસંશયપણે નિર્ણીત થઇ શક્તો નથી. આ પરત્વે જે કાંઇ નિર્ણય અમે કરી શક્યા છીએ તે એ છે કે, સંવત્ ૧૯૫૨ થી સંવત્ ૧૯૫૬ સુધીના કોઇ વર્ષમાં શ્રીવવાણીઆ ક્ષેત્રે તે લખાયેલ છે.—સંશોધક.



શ્રીમદ્ રાજચંદ્ર.

વર્ષ ૩૩ મું. સંવત્ ૧૯૫૬. અંતિમાવસ્થા.

સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો.
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦

૬. પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો.
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો. અપૂર્વ૦

૭. ક્રોધપ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવના,
માનપ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભપ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦

૮. બહુ ઉપસર્ગકર્ત્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦

૯. નગ્નભાવ, મુંડભાવ સહઅસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો.
કેશ, રોમ નખ, કે અંગે શ્રૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦

૧૦. શત્રુ મિત્રપ્રત્યે વર્ત્તે સમદર્શિતા,
માન અમાને વર્ત્તે સમભાવ જો,
જીવિત, કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્ત્તેસમભાવ જો. અપૂર્વ૦

૧૧. એકાકી વિચરતો વળી શ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦

૧૨. ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિકદેવની,
સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦

૧૩. એમ પરાજય કરીને ચારિતમોહનો.
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦

૧૪. મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;

અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઇ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાનનિધાન જો. અપૂર્વ૦

૧૫. ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વભાવ જ્ઞાતા દૃષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦

૧૬ વેદનીયાદિ ચાર કર્મ વર્ત્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ્ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ પૂર્ણે, મટિયે દૈહિકપાત્ર જો. અપૂર્વ૦

૧૭. મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો,
એવું અયોગિગુણસ્થાનક ત્યાં વર્ત્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦

૧૮. એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણકલંકરહિત અડોલસ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્ત્તિ અનન્યમય,
અગુરૂ, લઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦

૧૯, પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન, અનંત સહિત જો. અપૂર્વ૦

૨૦, જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં.
કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો, અપૂર્વ૦

૨૧. એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં.
ગજાવગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજ્યચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦

૫૫૭.

ૐ સર્વજ્ઞ.

સર્વ અન્યભાવથી આત્મા રહિત છે. કેવળ એવો જેને અનુભવ વર્ત્તે છે તે મુક્ત છે. બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું, અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્ત્તે છે તે મુક્ત છે. અટળ અનુભવસ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ ભાસવો ત્યાંથી મુક્તદશા વર્ત્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય

છે.તે પુરૂષ નિર્વિકલ્પ થાય છે; અને તે પુરૂષ મુક્ત થાય છે. જેણે ત્રણે કાળને વિષે દેહાદિથી પોતાનો કંઇ પણ સંબંધ નહોતો એવી અસંગદશા ઉત્પન્ન કરી તે ભગવાનરૂપ સત્પુરૂષો નમસ્કાર છે.

શુદ્ધ સહજઆત્મસ્વરૂપ.

ૐ

૫૫૮.

પરમશાંત શ્રુતનું મનન નિત્ય નિયમપૂર્વક કર્ત્તવ્ય છે.

મોહમયિક્ષેત્ર, જ્ઞાનપંચમી, ૧૯૫૬. શાંતિઃ

ૐ.

૫૫૯.

ધન્ય તે મુનિવરા, જે ચાલે સમભાવે રે.
જ્ઞાનવંત જ્ઞાનીશું મળતાં, તન મન વચને સાચા,
દ્રવ્યભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા રે.
ધન્ય તે મુનિવરા, જે ચાલે સમભાવે રે.

બાહ્ય અને અંતર્ સમાધિયોગ વર્ત્તે છે.

ધર્મપુર, ચૈત્ર વદ ૧, રવિ, ૧૯૫૬. પરમશાંતિઃ

૫૬૦.

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવાયોગ્ય છેઃ સત્શ્રુત અને સત્સમાગમ. પ્રત્યક્ષ સત્પુરૂષોનો સમાગમ ક્વચિત્ ક્વચિત્ જીવને પ્રાપ્ત થાય છે; પણ જો જીવ સદ્દષ્ટિવાન હોય તો સત્શ્રુતનો ઘણાકાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરૂષના સમાગમથી બહુ અલ્પકાળમાં પ્રાપ્ત કરી શકે છે, કેમકે પ્રત્યક્ષ ગુણાતિશયવાન નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિ ક્રિયાચેષ્ટિતપણું છે. જીવને તેવો સમાગમયોગ પ્રાપ્ત થાય એવું વિશેષ પ્રયત્ન કર્ત્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતપરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંતરસના હેતુએ જેનો સમસ્ત ઉપદેશ છે. સર્વે રસ ગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવાં શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

૫૬૧.

સમસ્ત સંસારી જીવો કર્મવશાત્ શાતા અશાતાનો ઉદય અનુભવ્યા જ કરે છે. તેમાં પણ મુખ્ય પણે તો અશાતાનો જ ઉદય અનુભવાય છે. ક્વચિત્ અથવા કોઈક દૈવસંયોગમાં શાતાનો ઉદય અધિક અનુભવાતો જણાય છે, પણ વસ્તુતાએ ત્યાં પણ અંતર્દાહ બળ્યાં જ કરતો હોય છે. પૂર્ણ જ્ઞાની પણ જે અશાતાનું વર્ણનકરીશકવાયોગ્ય વચનયોગ ધરાવતા નથી, તેવી અનંત અનંત અશાતા આ જીવે ભોગવી છે, અને જો હજુ તેનાં કારણોનો નાશ કરવામાં ન આવે તો ભોગવવી પડે એ સુનિશ્ચિત છે એમ જાણી વિચારવાન ઉત્તમ પુરૂષો તે અંતર્દાહરૂપ શાતા અને બાહ્યાભ્યંતર સંક્લેશઅગ્નિરૂપે પ્રજ્વલિત એવી અશાતાનો આત્યંતિક વિયોગ કરવાનો માર્ગ ગવેષવા તત્પર થયા, અને તે સન્માર્ગ ગવેષી, પ્રતીત કરી, તેને યથાયોગ્યપણે આરાધી, અવ્યાબાધ સુખસ્વરૂપ એવા આત્માના સહજ-શુદ્ધ-સ્વભાવરૂપ પરમપદમાં લીન થયા.

શાતા અશાતાનો ઉદય, કે અનુભવ પ્રાપ્ત થવાનાં મૂળ કારણોને ગવેષતા એવા તે મહત્ પુરૂષોને એવી વિલક્ષણ સાનંદાશ્ચર્યક વૃત્તિ ઉદ્ભવતી, કે શાતા કરતાં અશાતાનો ઉદય સંપ્રાપ્ત થયે અને તેમાં પણ તીવ્રપણે તે ઉદય સંપ્રાપ્ત થયે તેમનું વીર્ય વિશેષપણે જાગ્રત થતું, ઉલ્લાસ પામતું, અને તે સમય કલ્યાણકારી અધિકપણે સમજાતો.

કેટલાક કારણવિશેષને યોગે વ્યવહારદૃષ્ટિથી ગ્રહણકરવાયોગ્ય ઔષધાદિ આત્મમર્યાદામાં રહી ગ્રહણ કરતા, પરંતુ મુખ્યપણે તે પરમ ઉપશમને જ સર્વોત્કૃષ્ટ ઔષધરૂપે ઉપાસતા.

ઉપયોગ લક્ષણે સનાતન–સ્ફુરિત એવા આત્માને દેહથી–તૈજસ અને કાર્મણ શરીરથી–પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, તે ચૈતન્યાત્મક સ્વભાવ–આત્મા–નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધ દશાને સંપ્રાપ્ત ન થાય ત્યાંસુધી શાતા–અશાતારૂપ અનુભવ વેદ્યાવિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, જે શુભાશુભ પરિણામધારાની પરિણતિ પડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે, તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, દેહાદિથી ભિન્ન અને સ્વરૂપમર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવરૂપ પરિણામધારા છે તેનો, આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, પરમ શુદ્ધચૈતન્યસ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે. તેથી ઉપશમ થઈ, જેમ ઉપશમિત થવાય તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તેજ ચિંતવનના અને તે જ સહજ પરિણામરૂપ સ્વભાવ કરવાયોગ્ય છે. મહાત્માઓની વારંવાર એજ શિક્ષા છે.

તે સન્માર્ગને ગવેષતા, પ્રતીત કરવા ઇચ્છિતા, તેને સંપ્રાપ્ત કરવા ઇચ્છિતા એવા આત્માર્થી જનને પરમવીતરાગસ્વરૂપ દેવ, સ્વરૂપનૈષ્ઠિક, નિસ્પૃહ, નિર્ગ્રંથરૂપ ગુરૂ, પરમદયામૂળ ધર્મ વ્યવહાર પરમશાંતરસ રહસ્યવાક્યમય સત્શાસ્ત્ર સન્માર્ગની સંપૂર્ણતા થતાં સુધી પરમભક્તિવડે ઉપાસવાયોગ્ય છે; જે આત્માના કલ્યાણનાં પરમ કારણો છે.

ભીસણ નરય ગઈએ, તિરિય ગઇએ કુદેવ મણુય ગઇએ;
પત્તો સિ તીવ્વ દુઃખં, ભાવહિ જિણ ભાવણા જીવ.

ભયંકર નરકગતિમાં, તિર્યંચગતિમાં અને માઠી દેવ તથા મનુષ્યગતિમાં હે જીવ ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિનભાવના (જિન ભગવાન જે પરમશાંત રસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમશાંતસ્વરૂપ ચિંતવના) ભાવ, ચિંતવ. (કે જેથી તેવાં અનંત દુઃખોનો આત્યંતિક વિયોગ થઇ પરમ અવ્યાબાધ સુખસંપત્તિ સંપ્રાપ્ત થાય.)

શ્રી ધર્મપુર, ચૈત્ર વદ ૪, બુધે, સં૦ ૧૯૫૬ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૫૬૨.

પ્રમત્ત–પ્રમત્ત એવા વર્તમાન જીવો છે, અને પરમ પુરૂષોએ અપ્રમત્તમાં સહજ આત્મશુદ્ધિ કહી છે, માટે તે વિરોધ શાંત થવા પરમપુરૂષનો સમાગમ, ચરણનો યોગજ પરમ હિતકારી છે.

સંવત્ ૧૯૫૬ ના વૈશાખ વદ ૮, મંગળ, વવાણીઆ. શાંતિઃ

૫૬૩.

ૐ

'મોક્ષમાળા'માં શબ્દાંતર અથવા પ્રસંગવિશેષમાં કોઈ વાક્યાંતર કરવાની વૃત્તિ થાય તે કરશો. ઉપોદ્ઘાત આદિ લખવાની વૃત્તિ હોય તે લખશો. જીવનચરિત્રની વૃત્તિ ઉપશાંત કરશો.

ઉપોદ્ઘાતથી વાચકને, શ્રોતાને અલ્પ અલ્પ મતાંતરની વૃત્તિ વિસ્મરણ થઈ જ્ઞાનીપુરૂષોના આત્મસ્વભાવરૂપ પરમધર્મનો વિચાર કરવાની સ્ફુરણા થાય એવો લક્ષ સામાન્યપણે રાખશોઃ એ સહજ સૂચના છે.

શ્રી વવાણીઆ, વૈશાખ વદ ૯. બુધવાર. શાંતિઃ

૫૬૪.

આર્ય ત્રિભુવને અલ્પ સમયમાં શાંતવૃત્તિથી દેહોત્સર્ગ કર્યાના ખબર શ્રુત થયા. સુશીલ

મુમુક્ષુએ અન્યસ્થાનક ગ્રહણ કર્યું. જીવના વિવિધ પ્રકારનાં મુખ્ય સ્થાનક છે. દેવલોકમાં ઈંદ્ર તથા સામાન્ય ત્રયસ્ત્રિંશદાદિકનાં સ્થાનક છે, મનુષ્યમાં ચક્રવર્તિ, વાસુદેવ, બલદેવ તથા માંડલિક સ્થાન છે, તિર્યંચમાં પણ ક્યાંએક ઈષ્ટ ભોગ   ન છે. તે સર્વ સ્થાનને જીવ છાંડશે, એ   તિ ગોત્રી અને બંધુઆદિક એ સર્વનો   તે એવો આ વાસ છે.

જ્યેષ્ઠ શુદ ૧૧. ૧૯૫૬. શ્રીવવા૦.

૫૬૫.

ૐ

પરમપુરૂષને અભિમત એવા અભ્યંતર અને બાહ્ય બન્ને સંયમને ઉલ્લાસિત ભક્તિએ નમસ્કાર.

'મોક્ષમાળા' વિષે જેમ તમને સુખ થાય તેમ પ્રવર્ત્તો.

મનુષ્યપણુ, આર્યતા, જ્ઞાનીનાં વચનોનું શ્રવણ, તે પ્રત્યે આસ્તિકયપણુ, સંયમ, તે પ્રત્યે વીર્યપ્રવૃત્તિ, પ્રતિકૂળ યોગોએ પણ સ્થિતિ, અંતપર્યંત સંપૂર્ણમાર્ગરૂપ સમુદ્ર તરી જવો એ ઉત્તરોત્તર દુર્લભ અને અત્યંત કઠણ છે, એ નિઃસંદેહ છે.

શરીરપ્રકૃતિ ક્વચિત્ ઠીક જોવામાં આવે છે, ક્વચિત્ તેથી વિપરીત પણ જોવામાં આવે છે. કાંઈક અશાતામુખ્યપણુ હમણાં જોવામાં આવે છે.

શ્રી વવાણીઆ, જ્યેષ્ઠ વદ ૦)), બુધે, સં૦ ૧૯૫૬. **ૐ શાંતિ.**

૫૬૬.

નિર્ગ્રંથ મહાત્માઓનાં દર્શન અને સમાગમ મુક્તિની સમ્યક્ પ્રતીતિ કરાવે છે.

તથારૂપ મહાત્માના એક આર્ય વચનનું સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી યાવત્ મોક્ષ થાય એમ શ્રી માન્ તીર્થંકરે કહ્યું છે તે યથાર્થ છે. આ જીવમાં તથારૂપ યોગ્યતા જોઈએ. પરમકૃપાળુ મુનિવરોને ફરી નમસ્કાર કરીએ છીએ.

સં૦ ૧૯૫૬, જ્યેષ્ઠ વદ ૦)), શ્રી વવાણીઆ. **ૐ શાંતિઃ**

૫૬૭.

ૐ

ચક્રવર્તિની સમસ્ત સંપત્તિ કરતાં પણ જેનો એક સમયમાત્ર પણ વિશેષ મૂલ્યવાન છે એવો આ મનુષ્યદેહ અને પરમાર્થને અનુકૂળ એવા યોગ સંપ્રાપ્ત છતાં જો જન્મ મરણથી રહિત એવા પરમપદનું ધ્યાન રહ્યું નહીં તો આ મનુષ્યત્વને અધિષ્ઠિત એવા આત્માને અનંતવાર ધિઃકાર હો ! જેમણે પ્રમાદનો જય કર્યો.

સંવત્ ૧૯૫૬, જ્યેષ્ઠ વદ ૦)) શ્રી વવાણીઆ.

૫૬૮.

બે વખત ઉપદેશ અને એક વખત આહાર ગ્રહણ તથા નિદ્રાસમયવિના બાકીનો અવકાશ મુખ્યપણે આત્મવિચારમાં. પદ્મનંદી આદિ શાસ્ત્રાવલોકનમાં અને, આત્મધ્યાનમાં વ્યતીત કરવા યોગ્ય છે. કોઈ બાઈ, ભાઇ ક્યારેક કંઇ પ્રશ્નાદિ કરે તો તેનું ઘટતું સમાધાન કરવું, કે જેમ તેનો આત્મા શાંત થાય. અશુદ્ધ ક્રિયાનાં નિષેધક વચનો ઉપદેશરૂપે ન પ્રવર્તાવતાં શુદ્ધ ક્રિયામાં જેમ લોકોની રૂચિ વધે તેમ ક્રિયા કરાવ્યે જવી; ઉદાહરણ દાખલ કે જેમ કોઈ એક મનુષ્ય તેની રૂઢી પ્રમાણે સામાયિકવ્રત કરે છે, તો તેનો નિષેધ નહીં કરતાં તેનો તે વખત ઉપદેશના

---

૧. જે જગો કોરી મૂકી દીધેલી છે ત્યાં આગળના અક્ષરો, પત્ર જીર્ણ થતાં ફાટીજવાથી રહ્યા નથી. સંશોધક.

શ્રવણમાં, કે સત્શાસ્ત્ર અધ્યયનમાં અથવા કાયોત્સર્ગમાં જાય તેમ તેને ઉપદેશવું. કિંચિત્માત્ર આભાસે પણ તેને સામાયિકવ્રતાદિનો નિષેધ હૃદયમાં પણ ન આવે એવી ગંભીરતાથી શુદ્ધ ક્રિયાની પ્રેરણા કરવી, ખુલ્લી પ્રેરણા કરવા જતાં પણ ક્રિયાથી રહિત થઈ ઉન્મત્ત થાય છે, અથવા તમારી આ ક્રિયા બરાબર નથી એટલું જણાવતાં પણ તમારા પ્રત્યે દોષ દઈને ક્રિયા છોડી દે એવો પ્રમત્ત જીવોનો સ્વભાવ છે; અને લોકોની દૃષ્ટિમાં એમ આવે કે તમે જ ક્રિયાનો નિષેધ કર્યો છે. માટે મતભેદથી દૂર રહી મધ્યસ્થવત્ રહી સ્વાત્માનું હિત કરતાં જેમ જેમ પર આત્માનું હિત થાય તેમ તેમ પ્રવર્તવું, અને જ્ઞાનીના માર્ગનું, જ્ઞાન ક્રિયાનું સમન્વિતપણું સ્થાપિત કરવું એ જ નિર્જરાના સુંદર માર્ગ છે.

સ્વાત્મહિતમાં પ્રમાદ ન થાય, અને પરને અવિક્ષેપપણે આસ્તિક્યવૃત્તિ બંધાય તેવું તેને શ્રવણ થાય, ક્રિયાની વૃદ્ધિ થાય, છતાં કલ્પિત ભેદ વધે નહીં, અને સ્વપર આત્માને શાંતિ થાય એમ પ્રવર્તવામાં ઉલ્લાસિત વૃત્તિ રાખજો. સત્શાસ્ત્રપ્રત્યે રૂચી વધે તેમ કરજો.

અશાડ શુદ ૧, ગુરૂ, સં૦ ૧૯૫૬, વવાણીઆ. ૐ શાંતિઃ

૫૬૯.

ૐ

સમ્યક્ પ્રકારે વેદના અહિયાસવારૂપ પરમધર્મ પરમપુરૂષોએ કહ્યો છે.

શ્રી મોરબી, અશાડ વદ ૯, શુક્રવાર, સં૦ ૧૯૫૬. ૐ શાંતિઃ

૫૭૦.

ૐ

મુમુક્ષુઓના અધ્યયન અને શ્રવણ મનને અર્થે શ્રાવણ વદ ૧૩ થી ભાદ્રપદ પૂર્ણિમાપર્યંત સુવ્રત, નિયમ અને નિવૃત્તિપરાયણતાને હેતુએ 'યોગશાસ્ત્ર'ગ્રંથનો ઉપયોગ કર્તવ્ય છે. પ્રમત્તભાવે આ જીવનું ભુંડું કરવામાં કાંઇ ન્યૂનતા રાખી નથી, તથાપિ આ જીવને નિજહિતનો ઉપયોગ નથી એ જ અતિશય ખેદકારક છે. હે આર્યો! હાલ તે પ્રમત્તભાવને ઉલ્લાસિત વીર્યથી મોળો પાડી સુશીલસહિત સત્શ્રુતનું અધ્યયન કરી નિવૃત્તિએ આત્મભાવને પોષજો.

મોરબી, શ્રાવણ વદ ૧૦, ૧૯૫૬.

૫૭૧.

'અહો, સત્પુરૂષના વચનામૃત! મુદ્રા અને સત્સમાગમથી સુસુપ્ત ચેતનને જાગ્રત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વસ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ, અને પૂર્ણવીતરાગ નિર્વિકલ્પ સ્વભાવના કારણભૂત–છેલ્લે અયોગી સ્વભાવ પ્રકટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર, ત્રિકાળ જયવંત વર્તો.

સં૦ ૧૯૫૬, ૐ. શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૫૭૨.

પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું યથાખ્યાતચારિત્રથી પ્રગટેલું એવું પરમ અસંગપણું નિરંતર વ્યક્તાવ્યક્તપણે સંભારૂં છું. આ દુષમ કાળમાં સત્સમાગમનો યોગ પણ અતિ દુર્લભ છે; ત્યાં પરમ સત્સંગ અને પરમ અસંગપણાનો યોગ ક્યાંથી બને?

એવા ક્ષેત્રે વિચરવું યોગ્ય છે કે જે ક્ષેત્રે આત્મસાધન સુલભપણે થાય. પરમશાંત શ્રુતના વિચારમાં ઇંદ્રિયનિગ્રહપૂર્વક આત્મપ્રવૃત્તિ રાખવામાં સ્વરૂપસ્થિરતા અપૂર્વપણે પ્રગટે છે.

૧૯૫૬. ૐ શાંતિઃ

૫૭૩.

અત્યંત સુપ્રસિદ્ધ છે કે, પ્રાણીમાત્રને દુઃખ પ્રતિકૂળ છે; અપ્રિય છે. સુખ અનુકૂળ તથા પ્રિય છે. તે દુઃખથી રહિત થવા માટે અને સુખની પ્રાપ્તિ માટે પ્રાણીમાત્રનું પ્રયત્ન છે.

પ્રાણીમાત્રનું એવું પ્રયત્ન છતાં પણ તેઓ દુઃખનો અનુભવ જ કરતાં દૃષ્ટિગોચર થાય છે. ક્વચિત્ કંઇક સુખના અંશ કોઇક પ્રાણીને પ્રાપ્ત થયા દેખાય છે, તે પણ દુઃખની બાહુલ્યતાથી કરીને જોવામાં આવે છે,

પ્રાણીમાત્રને દુઃખ અપ્રિય હોવા છતાં, વળી તે મટાડવાને અર્થે તેનું પ્રયત્ન છતાં તે દુઃખ મટતું નથી; તો પછી તે દુઃખ ટળવાનો કોઈ ઉપાય જ નહીં એમ સમજાય છે, કેમકે બધાનું પ્રયત્ન નિષ્ફળ જાય તે વાત નિરૂપાય જ હોવી જોઇએ, એમ અત્રે આશંકા થાય છે; તેનું સમાધાન આ પ્રમાણે છેઃ—દુઃખનું સ્વરૂપ યથાર્થ ન સમજાવાથી, દુઃખ મટાડવા સંબંધીનું તેમનું પ્રયત્ન સ્વરૂપથી અયથાર્થ હોવાથી દુઃખ મટી શકતું નથી.

દુઃખ અનુભવમાં આવે છે તોપણ તે સ્પષ્ટ ધ્યાનમાં આવવાને અર્થે થોડુંક તેનું વ્યાખ્યાન કરીએ છીએ. પ્રાણીઓ બે પ્રકારનાં છે. એક ત્રસ એટલે પોતે ભયાદિનું કારણ દેખીને નાશી જતાં, હાલતાં, ચાલતાં એ આદિ શક્તિવાળાં; બીજાં સ્થાવરઃ જે દેહ ધારણ કર્યો છે, તે જ સ્થળે સ્થિતિ માને, અથવા ભયાદિ કારણ જાણી નાશી જવા વગેરેની સમજણશક્તિ જેમાં નથી તે. અથવા એકેંદ્રિયથી માંડી પાંચ ઇંદ્રિય સુધીનાં પ્રાણીઓ છે. એકેંદ્રિય પ્રાણીઓ સ્થાવર કહેવાય, અને બે ઇંદ્રિયવાળાં પ્રાણીથી માંડીને પાંચ ઇંદ્રિયવાળાં પ્રાણીસુધીનાં ત્રસ કહેવાય. પાંચ ઉપરાંત, કોઈ પણ પ્રાણીને ઇંદ્રિય હોતી નથી. એકેંદ્રિય પ્રાણીના પાંચ ભેદ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ.

વનસ્પતિનુ જીવત્વ સાધારણ મનુષ્યોને પણ કંઇક અનુમાનગોચર થાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનું જીવત્વ આગમપ્રમાણથી, વિશેષ વિચારબળથી, કંઇ પણ સમજી શકાય છે. સર્વથા તો પ્રકૃષ્ટ જ્ઞાનગોચર છે.

અગ્નિ અને વાયુના જીવો કંઇક ગતિમાન જોવામાં આવે છે, પણ તે પોતાની સમજણશક્તિપૂર્વક હોતું નથી, જેથી તેને સ્થાવર કહેવામાં આવે છે.

એકેંદ્રિય જીવમાં વનસ્પતિમાં જીવત્વ સુપ્રસિદ્ધ છે, છતાં તેનાં પ્રમાણો આ ગ્રંથમાં અનુક્રમમાં આવશે. પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુનું જીવત્વ આ પ્રમાણે સિદ્ધ કર્યું છેઃ[1]

૫૭૪.

પોતાના સમાધાનને અર્થે યથાશક્તિએ જૈનમાર્ગને જાણ્યો છે તેનો સંક્ષેપે કંઇ પણ વિવેક કરૂં છું.

તે જૈનમાર્ગ જે પદાર્થનું હોવાપણું છે તેને હોવાપણે, અને નથી તેને નહીં હોવાપણે માને છે.

જેને હોવાપણું છે તે બે પ્રકારે છે, એમ કહે છે. જીવ અને અજીવ એ પદાર્થ સ્પષ્ટ ભિન્ન છે; કોઈ કોઇનો સ્વભાવ ત્યાગી શકે તેવા સ્વરૂપે નથી. અજીવ રૂપી અને અરૂપી બે પ્રકારે છે.

જીવ અનંતા છે. પ્રત્યેક પ્રત્યેક જીવ ત્રણે કાળ જૂદા છે. જ્ઞાન દર્શનાદિ લક્ષણે જીવ ઓળખાય છે. પ્રત્યેક જીવ અસંખ્યાત પ્રદેશને અવગાહીને રહે છે. સંકોચ વિકાશનું ભાજન છે. અનાદિથી કર્મગ્રાહક છે. તથારૂપ સ્વરૂપ જાણ્યાથી, પ્રતીતિમાં આણ્યાથી, સ્થિર પરિણામ થયે તે કર્મની નિવૃત્તિ થાય છે. સ્વરૂપે જીવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત છે. અજર, અમર, શાશ્વત વસ્તુ છે.

[અપૂર્ણ.

૧, આ ગ્રંથની રચના કરેલી જણાતી નથી—સંશોધક,

૫૭૫.

દેહથી ભિન્ન સ્વપરપ્રકાશક પરમજ્યોતિઃસ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાઓ! હે આર્ય જનો! અંતર્મુખ થઈ, સ્થિર થઇ, તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.

સર્વ જગતના જીવો કંઇને કંઇ મેળવીને સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. મોટો ચક્રવર્તિ રાજા તે પણ વધતા વૈભવ, પરિગ્રહના સંકલ્પમાં પ્રયત્નવાન છે, અને મેળવવામાં સુખ માને છે; પણ અહો! જ્ઞાનીઓએ તો તેથી વિપરીત જ સુખનો માર્ગ નિર્ણીત કર્યો કે કિંચિત્ માત્ર પણ ગ્રહવું એ જ સુખનો નાશ છે.

વિષયથી જેની ઇંદ્રિયો આર્ત્ત છે, તેને શીતળ એવું આત્મસુખ આત્મત્વ કયાંથી પ્રતીતિમાં આવે?

પરમધર્મરૂપ ચંદ્રપ્રત્યે રાહુ જેવો પરિગ્રહ તેથી હવે હું વિરામ પામવાને જ ઇચ્છું છું,

અમારે પરિગ્રહને શું કરવો છે? કશું પ્રયોજન નથી.

"સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ" હે આર્ય જનો! આ પરમ વાકયનો આત્માપણે તમે અનુભવ કરો. [અંગત.

૫૭૬.

ૐ નમઃ સિદ્ધેભ્યઃ

અનંત અવ્યાબાધ સુખમય પરમપદ તેની પ્રાપ્તિને અર્થે ભગવાન્ સર્વજ્ઞે નિરૂપણ કરેલો મોક્ષસિદ્ધાંત તે ભગવાનને પરમભક્તિથી નમસ્કાર કરીને કહું છું,

દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ, અને ધર્મકથાનુયોગના મહાનિધિ એવા વીતરાગપ્રવચનને નમસ્કાર કરૂં છું.

કર્મરૂપ વૈરીનો પરાજય કર્યો છે એવા અર્હંત ભગવાન્; જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એવા મોક્ષના પાંચ આચાર જેના આચરણમાં પ્રવર્ત્તમાન છે, અને બીજા ભવ્ય જીવોને તે આચારમાં પ્રવર્ત્તાવે છે એવા આચાર્ય ભગવાન્; દ્વાદશાંગના અભ્યાસી, અને તે શ્રુત, શબ્દ, અર્થ, અને રહસ્યથી અન્ય ભવ્ય જીવોને અધ્યયન કરાવનાર એવા ઉપાધ્યાય ભગવાન્; મોક્ષમાર્ગને આત્મજાગ્રતિપૂર્વક સાધતા એવા સાધુ ભગવાનને હું પરમભક્તિથી નમસ્કાર કરૂં છું.

શ્રી ઋષભદેવથી શ્રી મહાવીર પર્યંત વર્ત્તમાન ભરતક્ષેત્રના ચોવીશ તીર્થંકરોના પરમઉપકારને વારંવાર સંભારૂં છું.

શ્રીમાન્ વર્દ્ધમાનજિન વર્ત્તમાનકાળના ચરમતીર્થંકરદેવની શિક્ષાથી હાલ મોક્ષમાર્ગનું અસ્તિત્વ વર્ત્તે છે. એ તેમના ઉપકારને સુવિહિત પુરૂષો વારંવાર આશ્ચર્યમય દેખે છે.

કાળના દોષથી અપાર શ્રુતસાગરનો ઘણો ભાગ વિસર્જન થતો ગયો; અને બિંદુમાત્ર અથવા અલ્પમાત્ર વર્ત્તમાનમાં વિદ્યમાન છે. ઘણાં સ્થળો વિસર્જન થવાથી, ઘણાં સ્થળોમાં સ્થૂળત્વ-નિરૂપણ રહ્યું હોવાથી, નિર્ગ્રંથભગવાનના તે શ્રુતનો પૂર્ણ લાભ વર્ત્તમાન મનુષ્યોને આ ક્ષેત્રે પ્રાપ્ત થતો નથી. ઘણા મતમતાંતરાદિ ઉત્પન્ન થવાનો હેતુ પણ એ જ છે, અને તેથી જ નિર્મળ આત્મતત્વના અભ્યાસી મહાત્માઓની અલ્પતા થઇ.

શ્રુત અલ્પ રહ્યા છતાં, મતમતાંતર ઘણા છતાં, સમાધાનનાં કેટલાંક સાધનો પરોક્ષ છતાં, મહાત્મા પુરૂષોનું કવચિત્તત્વ છતાં, હે આર્ય જનો! સમ્યક્દર્શન, શ્રુતનું રહસ્ય એવો પરમપદનો પંથ, આત્માનુભવના હેતુ, સમ્યક્ ચારિત્ર અને વિશુદ્ધઆત્મધ્યાન આજે વિદ્યમાન છે; એ પરમ હર્ષનું કારણ છે.

વર્તમાનકાળનું નામ દુષમકાળ છે. તેથી દુઃખે કરીને, ઘણા અંતરાયથી, પ્રતિકૂળતાથી,

સાધનનું દુર્લભપણું હોવાથી, મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે; પણ વર્તમાનમાં મોક્ષમાર્ગનો વિચ્છેદ છે એમ ચિંતવવું જોતું નથી.

પંચમકાળમાં થયેલા મહર્ષિઓએ પણ એમ જ કહ્યું છે. તે પ્રમાણે પણ અત્રે કહું છું:

સૂત્ર અને બીજાં પ્રાચીન આચાર્યે તત્ અનુસાર રચેલાં ઘણાં શાસ્ત્રો વિદ્યમાન છે. સુવિહિત પુરૂષોએ તો હિતકારી મતિથી જ રચ્યાં છે, કોઇ મતવાદી, હઠાગ્રહી, અને શિથિલતાના પોષક પુરૂષોએ રચેલાં કોઇ પુસ્તકો સૂત્રથી, અથવા જિનાચારથી મળતાં ન આવતાં હોય, અને પ્રયોજનની મર્યાદાથી બાહ્ય હોય, તે પુસ્તકોના ઉદાહરણથી પ્રાચીન સુવિહિત આચાર્યનાં વચનોને ઉત્થાપવાનું પ્રયત્ન ભવભીરૂ મહાત્માઓ કરતા નથી. પણ તેથી ઉપકાર થાય છે એમ જાણી તેનું બહુમાન કરતાં છતાં યથાયોગ્ય સદુપયોગ કરે છે.

દિગમ્બર અને શ્વેતામ્બર એવા બે ભેદ જિનદર્શનમાં મુખ્ય છે. મતદૃષ્ટિથી તેમાં મોટો અંતર જોવામાં આવે છે. તત્ત્વદૃષ્ટિથી તેવો વિશેષ ભેદ જિનદર્શનમાં મુખ્યપણે પરોક્ષ છે; જે પ્રત્યક્ષ કાર્યભૂત થઈ શકે તેવા છે તેમાં તેવો ભેદ નથી; માટે બન્ને સંપ્રદાયમાં ઉત્પન્ન થતા ગુણવાન પુરૂષો સમ્યક્દૃષ્ટિથી જુએ છે, અને જેમ તત્ત્વપ્રતીતિનો અંતરાય ઓછો થાય તેમ પ્રવર્ત્તેછે.

જૈનાભાસથી પ્રવર્ત્તેલા મતમતાંતરો બીજા ઘણા છે. તેનું સ્વરૂપ નિરૂપણ કરતાં પણ વૃત્તિ સંકોચાય છે; જેમાં મૂળ પ્રયોજનનું ભાન નથી; એટલું જ નહીં પણ મૂળ પ્રયોજનથી વિરૂદ્ધ એવી પદ્ધતિનું અવલંબન વર્ત્તે છે. તેને મુનિપણાનું સ્વપ્ન પણ ક્યાંથી? કેમકે મૂળ પ્રયોજનને વિસારી ક્લેશમાં પડ્યા છે, અને જીવોને પોતાની પૂજ્યતાદિને અર્થે પરમાર્થમાર્ગના અંતરાયક છે.

તે મુનિનું લિંગ પણ ધરાવતા નથી, કેમકે સ્વકપોલરચનાથી તેમની સર્વ પ્રવૃત્તિ છે. જિનાગમ અથવા આચાર્યની પરંપરાનું નામ માત્ર તેમની પાસે છે. વસ્તુત્વે તો તે તેથી પરાઙ્મુખ જ છે

એક તુમડાજેવી, દોરાજેવી અલ્પમાં અલ્પ વસ્તુના ગ્રહણત્યાગના આગ્રહથી જૂદો માર્ગ ઉપજાવી કાઢી વર્ત્તે છે, અને તીર્થનો ભેદ કરે છે, એવા મહામોહમૂઢ જીવ લિંગાભાસપણે આજે વીતરાગના દર્શનને ઘેરી બેઠા છે, એ જ અસંયતીપૂજા નામનું આશ્ચર્ય લાગે છે.

મહાત્મા પુરૂષોની અલ્પ પણ પ્રવૃત્તિ સ્વપરને મોક્ષમાર્ગસન્મુખ કરવાની છે. લિંગાભાસી જીવો મોક્ષમાર્ગથી પરાઙ્મુખ કરવામાં પોતાનું બળ પ્રવર્ત્તતું જાણી હર્ષાયમાન થાય છે, અને તે સર્વ કર્મપ્રકૃતિમાં વધતા અનુભાગ અને સ્થિતિબંધનું સ્થાનક છે એમ હું જાણું છું.

૫૭૭[૧]

અમારા ચિત્તને વિષે વારંવાર એમ આવે છે, અને એમ પરિણામ સ્થિર રહ્યા કરે છે કે, જેવો આત્મકલ્યાણનો નિર્ધાર શ્રી વર્દ્ધમાનસ્વામીએ, કે શ્રી ઋષભાદિએ કર્યો છે તેવો નિર્ધાર બીજા સંપ્રદાયને વિષે નથી. વેદાંતાદિ દર્શનનો લક્ષ આત્મજ્ઞાન ભણી અને સંપૂર્ણ મોક્ષપ્રત્યે જતો જોવામાં આવે છે, પણ તેનો યથાયોગ્ય નિર્ધાર સંપૂર્ણપણે તેમાં જણાતો નથી, અંશે જણાય છે; અને કંઈ કંઈ તે પણ પર્યાયફેર દેખાય છે. જો કે વેદાંતને વિષે ઠામ ઠામ આત્મચર્યા જ વિવેચી છે, તથાપિ તે ચર્યા સ્પષ્ટપણે અવિરૂદ્ધ છે, એમ હજુસુધી લાગી શકતું નથી; એમ પણ બને કે વખતે વિચારના કોઈ ઉદયભેદથી વેદાંતનો આશય બીજે સ્વરૂપે સમજવામાં આવતો હોય, અને તેથી વિરોધ ભાસતો હોય, એવી આશંકા પણ ફરી ફરી ચિત્તમાં કરવામાં આવી છે; વિશેષ વિશેષ આત્મવીર્ય પરિણમાવીને તેને અવિરોધ જોવા માટે વિચાર

૧. આ પત્ર લખતાં અપૂર્ણ મૂકી દીધેલો છે.—સંશોધક.

કર્યા કરેલ છે; તથાપિ એમ જણાય છે કે, વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ કહે છે તે પ્રકારે સર્વથા વેદાંત અવિરોધપણું પામી શકતું નથી; કેમકે તે કહે છે તે જ પ્રમાણે આત્મસ્વરૂપ નથી; કોઈ તેમાં મોટો ભેદ જોવામાં આવે છે. અને તે તે પ્રકારે સાંખ્યાદિ દર્શનોને વિષે પણ ભેદ જોવામાં આવે છે. એકમાત્ર શ્રી જિને કહ્યું છે તે આત્મસ્વરૂપ વિશેષ વિશેષ અવિરોધી જોવામાં આવે છે; અને તે પ્રકારે વેદવામાં આવે છે. સંપૂર્ણપણે અવિરોધી જિનનું કહેલું આત્મસ્વરૂપ હોવાયોગ્ય છે એમ ભાસે છે. સંપૂર્ણપણે અવિરોધી જ છે એમ કહેવામાં નથી આવતું તેનો હેતુ માત્ર એટલો છે કે, સંપૂર્ણપણે આત્માવસ્થા પ્રગટી નથી, જે અવસ્થા અપ્રગટ છે; તે અવસ્થાનું અનુમાન વર્તમાનમાં કરીએ છીએ, જેથી તે અનુમાન પર અત્યંત ભાર ન દેવાયોગ્ય ગણી વિશેષ વિશેષ અવિરોધી છે એમ જણાવ્યું છે. સંપૂર્ણ અવિરોધી હોવાયોગ્ય છે એમ લાગે છે.

સંપૂર્ણ આત્મસ્વરૂપ કોઈ પણ પુરૂષને વિષે પ્રગટવું જોઈએ એવો આત્માને વિષે નિશ્ચય પ્રતીતિ ભાવ આવે છે, અને તે કેવા પુરૂષને વિષે પ્રગટવું જોઈએ એમ વિચાર કરતાં જિન જેવા પુરૂષને પ્રગટવું જોઈએ એમ સ્પષ્ટ લાગે છે. કોઈને પણ આ સૃષ્ટિમંડળને વિષે આત્મસ્વરૂપ સંપૂર્ણ પ્રગટવાયોગ્ય હોય તો શ્રી વર્દ્ધમાનસ્વામીને વિષે પ્રથમ પ્રગટવાયોગ્ય લાગે છે, અથવા તે દશાના પુરૂષોને વિષે સૌથી પ્રથમ સંપૂર્ણ આત્મસ્વરૂપ———————————

પ૭૮.

સર્વજ્ઞે કહેલું, ગુરૂઉપદેશથી આત્માનું સ્વરૂપ જાણીને સુપ્રતીત કરીને તેનું ધ્યાન કરો.

જેમ જેમ ધ્યાનવિશુદ્ધિ, તેમ તેમ જ્ઞાનાવરણીયનો ક્ષય થશે. પોતાની કલ્પનાથી તે ધ્યાન થતું નથી.

જ્ઞાનમય આત્મા જેમને પરમોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો, અને જેમણે પરદ્રવ્યમાત્ર ત્યાગ કર્યું છે, તે દેવને નમન હો! નમન હો!

બાર પ્રકારના નિદાનરહિત તપથી કર્મની નિર્જરા વૈરાગ્યભાવનાભાવિત, અહંભાવરહિત એવા જ્ઞાનીને થાય છે. તે નિર્જરા પણ બે પ્રકારની જાણવી. સ્વકાળપ્રાપ્ત, અને તપથી. એક ચારે ગતિમાં થાય છે; બીજી વ્રતધારીને જ હોય છે.

જેમ જેમ ઉપશમની વૃદ્ધિ થાય, તેમ તેમ તપ કરવાથી કર્મની ઘણી નિર્જરા થાય.

તે નિર્જરાનો ક્રમ કહે છે. મિથ્યાદર્શનમાં વર્ત્તતો પણ થોડા વખતમાં ઉપશમસમ્યક્દર્શન પામવાનો છે, એવા જીવ કરતાં અસંયત સમ્યક્દષ્ટિને અસંખ્યાતગુણ નિર્જરા, તેથી દેશવિરતિ, તેથી સર્વવિરતિ જ્ઞાનીને, તેથી,———————————

પ૭૯.

હે જીવ! આટલો બધો પ્રમાદ શો?

શુદ્ધ આત્મપદની પ્રાપ્તિને અર્થે વીતરાગ સન્માર્ગની ઉપાસના કર્ત્તવ્ય છે.

સર્વજ્ઞ દેવ }
નિર્ગ્રંથ ગુરૂ } શુદ્ધ આત્મદૃષ્ટિ થવાનાં અવલંબન છે.
દયા મુખ્ય ધર્મ }

સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધઆત્મપ્રાપ્તિનો ઉપાય શ્રી ગુરૂવડે જાણીને-તેનું રહસ્ય ધ્યાનમાં લઇને આત્મપ્રાપ્તિ કરો.

યથાજાતિના સર્વ વિરતિધર્મ. દ્વાદશવિધ દેશવિરતિધર્મ.

દ્રવ્યાનુયોગ સુસિદ્ધ—સ્વરૂપદૃષ્ટિ થતાં. ચરણાનુયોગ સુસિદ્ધ—પદ્ધતિવિવાદ શાંત કરતાં.

કરણાનુયોગ સુસિદ્ધ—સુપ્રતીતદષ્ટિ થતાં. ધર્મકથાનુયોગ સુસિદ્ધ—બાલબોધહેતુ સમજાવતાં.
[અંગત.

૫૮૦.

ૐ નમઃ

સર્વ દુઃખનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ 'મોક્ષ' છે; અને તે જ 'પરમહિત' છે. વીતરાગસન્માર્ગ તેનો 'સદુપાય' છે. તે સન્માર્ગનો આ પ્રમાણે સંક્ષેપ છે.

સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રની એકત્રતા તે 'મોક્ષમાર્ગ' છે. સર્વજ્ઞના જ્ઞાનમાં ભાસ્યમાન તત્ત્વોની સમ્યક્પ્રતીતિ થવી તે 'સમ્યક્દર્શન' છે. તે તત્ત્વનો બોધ થવો તે 'સમ્યક્જ્ઞાન' છે. ઉપાદેય તત્ત્વનો અભ્યાસ થવો તે 'સમ્યક્ચારિત્ર' છે. શુદ્ધ આત્મપદ સ્વરૂપ એવા વીતરાગપદમાં સ્થિતિ થવી તે એ ત્રણેની 'એકત્રતા' છે. સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથગુરૂ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી 'તત્ત્વપ્રતીતિ' પ્રાપ્ત થાય છે.

સર્વ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, સર્વ મોહ, અને સર્વ વીર્યાદિ અંતરાયનો ક્ષય થવાથી આત્માનો 'સર્વજ્ઞવીતરાગસ્વભાવ' પ્રગટે છે.

નિર્ગ્રંથપદના અભ્યાસનો ઉત્તરોત્તર ક્રમ તેનો 'માર્ગ' છે. તેનું રહસ્ય 'સર્વજ્ઞોપદિષ્ટ ધર્મ' છે.

૫૮૧.

ચિંતિત્ જેનાથી પ્રાપ્ત થાય તે મણિને ચિંતામણિ કહ્યો છે. એ જ આ મનુષ્યદેહ છે કે, જે દેહમાં, યોગમાં આત્યંતિક એવા સર્વ દુઃખના ક્ષયની ચિંતિતા ધારી તો પાર પડે છે.

અચિંત્ય જેનું મહાત્મ્ય છે એવા સત્સંગરૂપી કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે જીવનું દારિદ્ર રહે એમ બને તો આ જગત્‌ને વિષે તે અગિયારમું આશ્ચર્ય જ છે,

૫૮૨.

ૐ જિનાયનમઃ

જિનપરિભાષાવિચાર યથાવકાશાનુસાર વિશેષ નિદિધ્યાસ કરવાયોગ્ય,

ભગવાન્ જિને કહેલા લોકસંસ્થાનાદિ ભાવ આધ્યાત્મિક દૃષ્ટિથી સિદ્ધ થવાયોગ્ય છે. ચક્રવર્ત્યાદિનું સ્વરૂપ પણ આધ્યાત્મિક દૃષ્ટિથી સમજાય એવું છે. મનુષ્ય-ઊંચત્વ પ્રમાણાદિમાં પણ તેનો સંભવ છે, કાળપ્રમાણાદિ પણ તે જ રીતે ઘટમાન છે. નિગોદાદિ પણ તે જ રીતે ઘટમાન થવાયોગ્ય છે. સિદ્ધસ્વરૂપ પણ એ જ ભાવથી નિદિધ્યાસ થવાયોગ્ય છે.—સંપ્રાપ્ત થવાયોગ્ય જણાય છે.

લોક શબ્દનો અર્થ— }
અનેકાંત શબ્દનો અર્થ— } આધ્યાત્મિક છે. 'સર્વજ્ઞ' શબ્દ સમજાવો બહુ ગૂઢ છે.

ધર્મકથારૂપ ચરિત્રો આધ્યાત્મિક પરિભાષાથી અલંકૃત લાગે છે. જંબુદ્વીપાદિનું વર્ણન પણ અધ્યાત્મપરિભાષાથી નિરૂપિત કર્યું લાગે છે.

અતીંદ્રિય જ્ઞાનના ભગવાન્ જિને બે ભેદ પાડયા છે.

દેશપ્રત્યક્ષ—તે બે ભેદઃ (૧) અવધિ (૨) મનઃપર્યવ

ઇચ્છિતપણે અવલોકન કરતો આત્મા ઇંદ્રિયના અવલંબનવગર અમુક મર્યાદા જાણે તે 'અવધિ' અનિચ્છિત છતાં માનસિક વિશુદ્ધિના બળવડે જાણે તે 'મનઃપર્યવ.' સામાન્ય વિશેષ ચૈત-

ન્યાત્મદૃષ્ટિમાં પરિનિષ્ઠિત શુદ્ધ 'કેવળજ્ઞાન,' શ્રી જિને કહેલા ભાવો અધ્યાત્મપરિભાષામય હોવાથી સમજાવા કઠણ છે. પરમપુરૂષનો યોગ સંપ્રાપ્ત થવો જોઈએ.

[અંગત.

૫૮૩.

વિચારવાન પુરૂષને કેવળ ક્લેશરૂપે ભાસે છે, એવો આ સંસાર તેને વિષે હવે ફરી આત્મભાવે કરી જન્મવાની નિશ્ચલ પ્રતિજ્ઞા છે. ત્રણે કાળને વિષે પછી આ સંસારનું સ્વરૂપ અન્યપણે ભાસ્યમાનથવાયોગ્ય નથી, અને ભાસે એવું ત્રણે કાળને વિષે સંભવતું નથી.

અત્રે આત્મભાવે સમાધિ છે ઉદયભાવપ્રત્યે ઉપાધિ વર્ત્તે છે.

શ્રી તીર્થંકરે, તેરમા સ્થાનકે વર્ત્તતા પુરૂષનું નીચે લખ્યું છે તે સ્વરૂપ કહ્યું છે;

આત્માભાવને અર્થે સર્વ સંસાર સંવૃત કર્યો છે જેણે–અર્થાત્ સર્વ સંસારની ઇચ્છા જેનાપ્રત્યે આવતી નિરોધ થઈ છે એવા નિર્ગ્રંથને–સત્પુરૂષને તેરમે સ્થાને કહેવાયોગ્ય છે. મનસમિતિએયુક્ત, વચનસમિતિએ યુક્ત, કાયસમિતિએ યુક્ત, કોઈ પણ વસ્તુને ગ્રહણ ત્યાગ કરતાં સમિતિયુક્ત, દીર્ઘશંકાદિનો ત્યાગ કરતાં સમિતિયુક્ત, મનને સંકોચનાર, વચનને સંકોચનાર, કાયાને સંકોચનાર, સર્વ ઇંદ્રિયોના સંકોચપણે બ્રહ્મચારી–ઉપયોગપૂર્વક ચાલનાર, ઉપયોગપૂર્વક ઉભો રહેનાર, ઉપયોગપૂર્વક બેસનાર, ઉપયોગપૂર્વક શયન કરનાર, ઉપયોગપૂર્વક બોલનાર, ઉપયોગપૂર્વક આહાર લેનાર અને ઉપયોગપૂર્વક શ્વાસોચ્છ્વાસ લેનાર, આંખનું એક નિમિષમાત્ર પણ ઉપયોગપૂર્વક ચલન કરનાર કે ઉપયોગરહિત જેની ક્રિયા નથી તેવા આ નિર્ગ્રંથને એક સમયે ક્રિયા બંધાય છે, બીજે સમયે વેદાય છે, ત્રીજે સમયે તે કર્મરહિત હોય છે, અર્થાત્ ચોથે સમયે તે ક્રિયા સંબંધી સર્વ ચેષ્ટા નિવૃત્ત થાય છે.

શ્રી તીર્થંકર જેવાને કેવો અત્યંત નિશ્ચળ———

૫૮૪.

'પંચાસ્તિકાય'નું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છેઃ—

જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ 'અસ્તિકાય' કહેવાય છે. અસ્તિકાય એટલે પ્રદેશસમૂહાત્મક વસ્તુ. એક પરમાણુપ્રમાણે, અમૂર્ત્ત વસ્તુના ભાગને 'પ્રદેશ' એવી સંજ્ઞા છે. અનેકપ્રદેશસમૂહાત્મક જે વસ્તુ હોય તે 'અસ્તિકાય' કહેવાય. એક જીવ અસંખ્યાતપ્રદેશપ્રમાણ છે. પુદ્ગલ પરમાણુ જો કે એક પ્રદેશાત્મક છે. પણ બે પરમાણુથી માંડીને અસંખ્યાત, અનંત પરમાણુઓ એકત્ર થઈ શકે છે; એમ અરસપરસ મળવાની શક્તિ તેમાં રહેલી હોવાથી અનેકપ્રદેશાત્મકપણુ તે પામી શકે છે; જેથી તે પણ 'અસ્તિકાય' કહેવાયોગ્ય છે. 'ધર્મ' દ્રવ્ય અસંખ્યાત; પ્રદેશ પ્રમાણ, 'અધર્મદ્રવ્ય' અસંખ્યાતપ્રદેશપ્રમાણ, 'આકાશ' દ્રવ્ય અનંતપ્રદેશપ્રમાણ હોવાથી તે પણ 'અસ્તિકાય' છે. એમ પાંચ અસ્તિકાય છે. જે પાંચ અસ્તિકાયના એકમેકાત્મકપણાથી આ 'લોકની' ઉત્પત્તિ છે, અર્થાત્ 'લોક' એ પાંચ અસ્તિકાયમય છે.

પ્રત્યેકે પ્રત્યેક જીવ અસંખ્યાતપ્રદેશપ્રમાણ છે. તે જીવો અનંત છે. એક પરમાણુ એવાં અનંત પરમાણુઓ છે. બે પરમાણુઓ એકત્ર મળેલાં એવા દ્વિઅણુક–સ્કંધ અનંતા છે. એમ ત્રણ પરમાણુઓ એકત્ર મળેલા એવા ત્રિઅણુક–સ્કંધ અનંતા છે. ચાર પરમાણુ એકત્ર મળેલા એવા ચતુઃઅણુક–સ્કંધ અનંતા છે. પાંચ પરમાણુઓ એકત્ર મળેલા એવા પંચાણુક, સ્કંધ અનંત છે. એમ છ પરમાણુ, સાત પરમાણુ, આઠ પરમાણુ, નવ પરમાણુ, દશ પરમાણુ, એકત્ર મળેલા એવા અનંતા સ્કંધ છે. તેમ જ અગિયાર પરમાણુ યાવત્ સો પરમાણુ, સંખ્યાત પરમાણુ, અસંખ્યાત પરમાણુ, તથા અનંત પરમાણુ મળેલા એવા અનંતા સ્કંધ છે.

'ધર્મદ્રવ્ય' એક છે. તે અશંખ્યાત પ્રદેશપ્રમાણુ–લોકવ્યાપક છે. 'અધર્મદ્રવ્ય' એક છે. તે પણ અસંખ્યાતપ્રદેશપ્રમાણુ–લોકવ્યાપક છે. 'આકાશદ્રવ્ય' એક છે. તે અનંતપ્રદેશપ્રમાણુ છે. લોકાલોકવ્યાપક છે. લોકપ્રમાણુ આકાશ અસંખ્યાતપ્રદેશાત્મક છે.

'કાળદ્રવ્ય' એ પાંચ અસ્તિકાયનો વર્ત્તનરૂપ પર્યાય છે, એટલે ઉપચારિક દ્રવ્ય છે. વસ્તુતાએ તો પર્યાય જ છે; અને પળ, વિપળથી માંડી વર્ષાદિપર્યંત જે કાળ સૂર્યની ગતિપરથી સમજાય છે તે 'વ્યાવહારિક કાળ' છે એમ શ્વેતામ્બરાચાર્યો કહે છે. દિગમ્બરાચાર્યો પણ એમ કહે છે; પણ વિશેષમાં એટલું કહે છે કે, લોકાકાશના એકેક પ્રદેશે એકેક કાળાણુ રહેલો-છે; જે અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ છે;–અગુરૂ લઘુ સ્વભાવવાન છે. તે કાળાણુઓ વર્ત્તનાપર્યાય અને વ્યાવહારિક કાળને નિમિત્તોપકારી છે- તે કાળાણુઓ ' દ્રવ્ય ' કહેવાયોગ્ય છે, પણ ' અસ્તિકાય ' કહેવાયોગ્ય નથી; કેમકે એક બીજા તે અણુઓ મળીને ક્રિયાની પ્રવૃત્તિ કરતાં નથી; જેથી બહુ-પ્રદેશાત્મક નહીં હોવાથી 'કાળ'દ્રવ્ય 'અસ્તિકાય' કહેવાયોગ્ય નથી; અને વિવેચનમાં પણ પંચાસ્તિકાયમાં તેનું ગૌણરૂપે સ્વરૂપ કહીએ છીએ.

'આકાશ' અનંતપ્રદેશપ્રમાણુ છે. તેમાં અસંખ્યાત પ્રદેશપ્રમાણુમાં ધર્મ, અધર્મ દ્રવ્ય વ્યાપક છે. ધર્મ, અધર્મ દ્રવ્યનો એવો સ્વભાવ છે કે, જીવ અને પુદ્દગલ તેની સહાયતાનાં નિમિત્તથી ગતિ અને સ્થિતિ કરી શકે છે; જેથી ધર્મ અધર્મ દ્રવ્યનાં વ્યાપકપણાપર્યંત જ જીવ અને પુદ્દગલની ગતિ, સ્થિતિ છે; અને તેથી લોકમર્યાદા ઉત્પન્ન થાય છે. જીવ, પુદ્દગલ અને ધર્મ, અધર્મ દ્રવ્યપ્રમાણુ આકાશ એ પાંચ જ્યાં વ્યાપક છે તે ' લોક ' કહેવાય છે.

૫૮૫.

ગીતિ[1]

૧. પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરિ કહિશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે.

૨. મૂળ પરમપદ કારણુ, સમ્યક્‌દર્શન જ્ઞાન ચરણુ પૂર્ણુ;
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણુ.

૩. જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;
તેવી અંતર્ આસ્થા, પ્રકટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે.

૪. સમ્યક્ પ્રમાણુ પૂર્વક, તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;
સમ્યક્ જ્ઞાન કહ્યું તે, સંશય વિભ્રમ, મોહ ત્યાં નાસ્યે.

૫. વિષયારંભનિવૃત્તિ, રાગ દ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યક્‌દર્શન, શુદ્ધચરણુ ત્યાં સમાધિ સદ્દુપાય.

૬. ત્રણે અભિન્ન સ્વભાવે, પરણુમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણુ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય.

૭, જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આશ્રવ તથા બંધ;
સંવર નિર્જરા મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ.

૮. જીવ અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય;
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહાન્ મુનિરાય.

---

૧. શ્રીમદ્દના દેહોત્સર્ગ પછી તેઓનાં વચનોનો સંગ્રહ કરવામાં આવ્યો ત્યારે આ વિષયની ૩૧ કે ૫૦ ગીતી હતી, પણ પાછળથી સંભાળપૂર્વક નહીં રહ્યાથી ગુમ થઈ છે.–સંશોધક.

૫૮૬.[1]

ચૈતન્ય જેનું મુખ્ય લક્ષણ છે.
દેહ પ્રમાણ છે.
અસંખ્યાતપ્રદેશપ્રમાણ છે.
તે અસંખ્યાત પ્રદેશના લોક પરિમિત છે.
પરિણામી છે.
અમૂર્ત્ત છે.
અનંત અગુરૂ લઘુ પરિણત દ્રવ્ય છે.
સ્વાભાવિક દ્રવ્ય છે.
કર્ત્તા છે.
ભોક્તા છે.
અનાદિ સંસારી છે.
ભવ્યત્વ લબ્ધિ પરિપાકાદિથી મોક્ષ સાધનમાં પ્રવર્તે છે.
મોક્ષ થાય છે.
મોક્ષમાં સ્વપરિણામી છે.
સંસારઅવસ્થામાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ ઉત્તરોત્તર બંધનાં સ્થાનકો છે.
સિદ્ધાવસ્થામાં યોગનો પણ અભાવ છે.
માત્ર ચૈતન્યસ્વરૂપ આત્મદ્રવ્ય સિદ્ધપદ છે.
વિભાવપરિણામ ભાવકર્મ છે.
પુદ્ગલસંબંધ દ્રવ્યકર્મ છે.

૫૮૭.[2]

મોક્ષમાર્ગનું અસ્તિત્વ.	પ્રમાણ.
આપ્ત.	નય.
ગુરૂ.	અનેકાંત.
ધર્મ.	લોક.
ધર્મની યોગ્યતા.	અલોક.
કર્મ.	અહિંસા.
જીવ.	સત્ય.
અજીવ.	અસત્ય.
પુણ્ય.	બ્રહ્મચર્ય.
પાપ.	અપરિગ્રહ.
આશ્રવ.	આજ્ઞા.
સંવર.	વ્યવહાર.
નિર્જરા.	આગમ.
બંધ.	સંયમ.
મોક્ષ.	વર્ત્તમાનકાળ.
જ્ઞાન.	ગુણસ્થાનક.
દર્શન.	દ્રવ્ય–અનુયોગ.
ચારિત્ર.	કરણ–અનુયોગ.
તપ.	ચરણ–અનુયોગ.
દ્રવ્ય.	ધર્મ–કથાનુયોગ.
ગુણ.	મુનિત્વ.
પર્યાય.	ગૃહધર્મ.
સંસાર.	પરિષહ.
એકેંદ્રિકનું અસ્તિત્વ.	ઉપસર્ગ.

આવશ્યક વચનસાર.[3]

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ શુદ ૪, રવિ, –તા૦ ૧।૭।૧૯૦૦.

૧. જ્ઞાન વૈરાગ્યસાથે, અને વૈરાગ્ય જ્ઞાનસાથે હોય છે; એકલાં ન હોય.

૨. વૈરાગ્ય શ્રૃંગારસાથે ન હોય, અને શ્રૃંગારસાથે વૈરાગ્ય ન હોય.

૩. વીતરાગવચનની અસરથી ઇંદ્રિયસુખ નિરસ ન લાગ્યાં તો જ્ઞાનીનાં વચનો કાને પડયાં જ નથી એમ સમજવું.

૪. જ્ઞાનીનાં વચનો વિષયનું વિરેચન કરાવનારાં છે.

---

૧ જીવદ્રવ્યના લક્ષણોનું નિરૂપણ છે. ૨ શાસ્ત્રયોજનાનો વિષય-અનુક્રમ છે—સંશોધક.

૩ સંવત્ ૧૯૫૬ ની શ્રીમદ્‌ની મોરબીની સ્થિતિવેળાએ તેઓના તરફથી જે કાંઈ વચનો કહેવામાં આવતાં તેમાંથી જે વચનોના મુદ્દાઓ સ્મૃતિમાં રહ્યા હતા તેમાંથી જે લખી રાખવાની એક શ્રોતાને જરૂર હતી તેનું સંક્ષિપ્ત ટાંચણ યથાવકાશાનુસાર તે શ્રોતાએ કરી લીધેલું તે અમે આ સ્થળે ટાંકીએ છીએ.—સંશોધક.

૫. છદ્મસ્થ એટલે આવરણયુક્ત.

૬. શૈલેશિકરણ, તેમાં (શૈલ=પર્વત+ઇશ=મોટો)=પર્વતોમાં મોટો–મેરૂના જેવું અચલ, અડગ.

૭. અકંપ ગુણવાળા=મન વચન કાયાના યોગની સ્થિરતાવાળા,

૮. મોક્ષમાં આત્માના અનુભવનો જો નાશ થતો હોય તો તે મોક્ષ શા કામનો ?

૯. આત્માનો ઊર્ધ્વ સ્વભાવ છે; તે પ્રમાણે પ્રથમ ઉંચો જાય, અને વખતે સિદ્ધિશિલાએ અટકાય; પણ કર્મરૂપી બોજો હોવાથી નીચે આવે. જેમ ડુબેલો માણસ ઉછાળાથી એક વખત ઉપર આવે છે તેમ.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ શુદ ૫, સોમ, –તા૦ ૨।૭।૧૯૦૦.

૧. જૈન એ આત્માનું સ્વરૂપ છે. તે સ્વરૂપ(ધર્મ)ને પ્રવર્ત્તાવનાર પણ મનુષ્ય હતા. જેમકે, વર્ત્તમાન અવસર્પિણીકાળમાં ઋષભાદિ ધર્મ પ્રવર્ત્તાવનાર હતા. આથી કરી કંઇ અનાદિ આત્મધર્મનો વિચાર નહોતો એમ નહોતું.

૨. આશરે બે હજાર વર્ષ ઉપર એટલે જૈનયતિ શિખરસૂરિ આચાર્યે વૈશ્યને ક્ષત્રિયસાથે મેળવ્યા.

૩. ઉત્કર્ષ, અપકર્ષ, અને સંક્રમણ એ સત્તામાં રહેલી કર્મપ્રકૃતિનાં થઈ શકે છે. ઉદયમાં આવેલી પ્રકૃતિનાં થઈ શકે નહીં.

૪. આયુઃકર્મનો જે પ્રકારે બંધ હોય તે પ્રકારે દેહસ્થિતિ પૂર્ણ થાય.

૫. 'ઓસવાળ' તે 'ઓરપાક' જાતના રજપૂત છે.

૬. અંધારામાં ન દેખવું એ 'એકાંત દર્શનાવરણીય' કર્મ ન કહેવાય; પણ 'મંદ દર્શનાવરણીય' કહેવાય. તમસ્‌નું નિમિત્ત અને તેજસ્‌નો અભાવ તેને લઇને તેમ બને છે.

૭. દર્શન રોકાયે જ્ઞાન રોકાય.

૮. જ્ઞેય જાણવા માટે જ્ઞાનને વધારવું જોઇએ. વજન તેવાં કાટલાં.

૯. જેમ પરમાણુની શકિત પર્યાયને પામવાથી વધતી જાય છે, તેમ ચૈતન્યદ્રવ્યની શક્તિ, વિશુદ્ધતાને પામવાથી વધતી જાય છે. કાચ, ચસમા. દુર્બિન આદિ પહેલા (પરમાણુ)નાં પ્રમાણ છે; અને અવધિ, મનઃપર્યવ, કેવળજ્ઞાન, લબ્ધિ, ઋદ્ધિ વગેરે બીજા (ચૈતન્યદ્રવ્ય)નાં પ્રમાણ છે.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ શુદ ૬, ભોમ,–તા૦ ૩।૭।૧૯૦૦.

૧. 'ક્ષયોપશમસમ્યક્ત્વ'ને 'વેદકસમ્યક્ત્વ' પણ કહેવામાં આવે છે. પરંતુ ક્ષયોપશમમાંથી ક્ષાયિક થવાના સંધિના વખતનું જે સમ્યક્ત્વ તે વાસ્તવિક રીતે 'વેદકસમ્યક્ત્વ' છે.

૨. પાંચ સ્થાવર એકેંદ્રિય બાદર છે; તેમ જ સૂક્ષ્મ પણ છે. વનસ્પતિ શિવાય બાકીના ચારમાં અસંખ્યાત સૂક્ષ્મ કહેવામાં આવે છે. નિગોદ સૂક્ષ્મ અનંત છે; અને વનસ્પતિના સૂક્ષ્મ અનંત છે; ત્યાં નિગોદમાં સૂક્ષ્મ વનસ્પતિ ઘટે છે.

૩. શ્રી તીર્થંકર, અગિયારમું ગુણસ્થાનક સ્પર્શે નહીં; તેમ જ ૧ લું, ૨ જું તથા ૩ જું પણ ન સ્પર્શે

૪. વર્દ્ધમાન, હીયમાન, અને સ્થિત એવી જે ત્રણ પરિણામની ધારા છે તેમાં હીયમાન પરિણામની ધારા સમ્યક્ત્વઆશ્રયી (દર્શનઆશ્રયી) શ્રી તીર્થંકરદેવને ન હોય; અને ચારિત્ર આશ્રયી ભજના.

૫. ક્ષાયિકચારિત્ર છે ત્યાં મોહનીયનો અભાવ છે; અને જ્યાં મોહનીયનો અભાવ છે ત્યાં ૧ લું, ૨ જું, ૩ ત્રીજું અને ૧૧ મું એ ચાર ગુણસ્થાનકના સ્પર્શપણાનો અભાવ છે.

૬. ઉદય બે પ્રકારનો છે. એક, પ્રદેશોદય; અને બીજો વિપાકોદય. વિપાકોદય બાહ્ય (દેખી-

તી) રીતે વેદાય છે; અને પ્રદેશોદય અંદરથી વેદાય છે.

૭. આયુષ્યકર્મનો બંધ પ્રકૃતિવિના થતો નથી; પણ વેદનીયનો થાય છે.

૮. આયુષ્પ્રકૃતિ એક જ ભવમાં વેદાય છે. બીજી પ્રકૃતિઓ તે ભવમાં વેદાય, અને અન્ય ભવમાં પણ વેદાય.

૯. જીવ જે ભવની આયુષ્પ્રકૃતિ ભોગવે છે તે આખા ભવની એક જ બંધપ્રકૃતિ છે. તે બંધપ્રકૃતિનો ઉદય આયુષ્યની શરૂઆત થઈ ત્યારથી ગણાય. આ કારણથી તે ભવની આયુષ્પ્રકૃતિ ઉદયમાં છે તેમાં સંક્રમણ, ઉત્કર્ષ, અપકર્ષાદિ થઈ શકતાં નથી.

૧૦. આયુષ્યકર્મની પ્રકૃતિ બીજા ભવમાં ભોગવાતી નથી.

૧૧. ગતિ, જાતિ, સ્થિતિ, સંબંધ, અવગાહ, (શરીરપ્રમાણ) અને રસ અમુક જીવે અમુક પ્રમાણમાં ભોગવવાં તેનો આધાર આયુષ્યકર્મ ઉપર છે. જેમકે, એક માણસની સો વર્ષની આયુઃકર્મપ્રકૃતિનો ઉદય વર્ત્તે છે; તેમાંથી તે એંસીમે વર્ષે અધુરે આયુષે મરણ પામે તો બાકીનાં વીશ વર્ષ ક્યાં અને શી રીતે ભોગવાય ? બીજા ભવમાં ગતિ, જાતિ, સ્થિતિ, સંબંધાદિ નવેસરથી છે; એકાશીમા વર્ષથી નથી; તેથી કરીને આયુષ્ઉદયપ્રકૃતિ અધવચથી ત્રુટી શકે નહીં. જે જે પ્રકારે બંધ પડયો હોય, તે તે પ્રકારે ઉદયમાં આવવાથી કોઈની નજરમાં કદાચ આયુષ્ ત્રુટવાનું આવે; પરંતુ તેમ બની શકતું નથી.

૧૨. સંક્રમણ અપકર્ષ ઉત્કર્ષાદિ કરણનો નિયમ આયુઃકર્મવર્ગણા સત્તામાં હોય ત્યાંસુધી લાગુ થઇ શકે; પણ ઉદયની શરૂઆત થયા પછી લાગુ થઈ શકે નહીં.

૧૩. આયુ.કર્મ પૃથ્વીસમાન છે; અને બીજાં કર્મો ઝાડસમાન છે. (જો પૃથ્વી હોય તો ઝાડ હોય.)

૧૪. આયુષ્ના બે પ્રકાર છેઃ-(૧) સોપક્રમ અને (૨) નિરૂપક્રમ. આમાંથી જે પ્રકારનું બાંધ્યું હોય તે પ્રકારનું ભોગવાય છે.

૧૫. 'ઉપશમ સમ્યક્ત્વ' 'ક્ષયોપશમ' થઈ 'ક્ષાયિક' થાય; કારણ કે, ઉપશમ સત્તામાં છે એટલે તે ઉદય આવી ક્ષય થાય.

૧૬. ચક્ષુ બે પ્રકારેઃ—(૧) જ્ઞાનચક્ષુ અને (૨) ચર્મચક્ષુ. જેમ ચર્મચક્ષુવડે એક વસ્તુ જે સ્વરૂપે દેખાય છે તે વસ્તુ દુર્બિન સૂક્ષ્મદર્શકાદિ યંત્રોથી જૂદા જ સ્વરૂપે દેખાય છે; તેમ ચર્મચક્ષુવડે જે સ્વરૂપે દેખાય છે તે જ્ઞાનચક્ષુવડે કોઈ જૂદા જ સ્વરૂપે દેખાય; ને તેમ કહેવામાં આવે તે આપણે પોતાના ડહાપણે—અહંપણે—ન માનવું તે યોગ્ય નથી.[1]

સંવત્ ૧૯૫૭ (હાલારી) ના આશાડ શુદ ૮, બુધ,—તા૦ ૪।૭।૧૯૦૦.

૧. શ્રીમાન્ કુંદકુદાચાર્યે અષ્ટપાહુડ- પ્રાભૃત રચેલ છે. પ્રાભૃતભેદઃ—દર્શનપ્રાભૃત, જ્ઞાનપ્રાભૃત, ચારિત્રપ્રાભૃત, ભાવપ્રાભૃત ઇત્યાદિ. દર્શનપ્રાભૃતમાં જિનભાવનું સ્વરૂપ બતાવ્યું છે. શાસ્ત્રકર્તા કહે છે કે, અન્યભાવો અમે, તમે, અને દેવાધિદેવ સુદ્ધાંએ પૂર્વે ભાવ્યા છે; અને તેથી કાર્ય સર્યું નથી; એટલા માટે જિનભાવ ભાવવાની જરૂર છે. જે જિનભાવ શાંત છે, આત્માનો ધર્મ છે; અને તે ભાવ્યેથી જ મુક્તિ થાય છે.

૨. ચારિત્રપ્રાભૃત°.

---

૧. આ કહેવાનો અભિપ્રાય એવો જણાય છે કે, આત્માદિ પદાર્થો જ્ઞાનચક્ષુના વિષયો છે તેનો નિર્ધાર એકાંત સ્થૂળ (ચર્મ)ચક્ષુવડે થવો સંભાવિત નથી,—સંશોધક.

૩. દ્રવ્ય અને તેના પર્યાય માનવામાં નથી આવતા ત્યાં વિકલ્પ થવાથી ગુંચવાઈ જવું થાય છે. પર્યાય નથી માનેલા તેનું કારણ તેટલે અંશે નહીં પહોંચવાનું છે.[1]

૪. દ્રવ્યના પર્યાય છે એમ સ્વીકારવામાં આવે છે ત્યાં દ્રવ્યનું સ્વરૂપ સમજવામાં વિકલ્પ રહેતો હોવાથી ગુંચવાઈ જવું થાય છે; અને તેથી જ રખડવું થાય છે.[2]

૫. સિદ્ધપદ એ દ્રવ્ય નથી; પણ આત્માનો એક શુદ્ધપર્યાય છે. તે પહેલાં મનુષ્ય, વા દેવ હતો ત્યારે તે પર્યાય હતો; એમ દ્રવ્ય શાશ્વત રહી પર્યાયાંતર થાય છે.

૬. શાન્તપણું પ્રાપ્ત કરવાથી જ્ઞાન વધે છે.

૭. આત્મસિદ્ધિ માટે દ્વાદશાંગીનું જ્ઞાન જાણતાં ઘણો વખત જાય. જ્યારે એક માત્ર શાંતપણું સેવ્યાથી તરત પ્રાપ્ત થાય છે.

૮ પર્યાયનું સ્વરૂપ સમજાવવા અર્થે શ્રીતીર્થંકરદેવે ત્રિપદ(ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય)સમજાવ્યાં છે.

૯. દ્રવ્યધ્રુવ–સનાતન–છે.

૧૦. પર્યાય ઉત્પાદવ્યયવંત છે.

૧૧. છએ દર્શન એક જૈનદર્શનમાં સમાય છે. તેમાં પણ જૈન એક દર્શન છે.
બૌદ્ધ–ક્ષણિકવાદી=પર્યાયરૂપે 'સત્' છે. વેદાંત–સનાતન=દ્રવ્યરૂપે 'સત્' છે.
ચાર્વાક–નિરીશ્વરવાદી જ્યાંસુધી આત્માની પ્રતીતિ થઇ નથી ત્યાંસુધી તેને ઓળખવારૂપે 'સત્' છે.

૧૨. (આત્મ) પર્યાયના બે ભેદ છે: જીવપર્યાય (સંસારાવસ્થામાં) અને સિદ્ધપર્યાય. સિદ્ધપર્યાય સોટચના સોનાતુલ્ય છે, અને જીવપર્યાય કથિરસહિત સોનાતુલ્ય છે.

૧૩. વ્યંજનપર્યાય°.

૧૪. અર્થપર્યાય°.

૧૫. વિષયનો નાશ (વેદનો અભાવ) ક્ષાયિકચારિત્રથી થાય છે. ચોથે ગુણસ્થાનકે વિષયની મંદતા હોય છે; ને નવમા ગુણસ્થાનકસુધી વેદનો ઉદય હોય છે.[3]

૧૬. જે ગુણ પોતાને વિષે નથી તે ગુણ પોતાને વિષે છે એમ જે કહે અથવા મનાવે તે મિથ્યાદૃષ્ટિ જાણવા.[4]

૧૭. જિન અને જૈન શબ્દનો અર્થ:°

---

૧. આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવામાં ગુણપર્યાયાદિનું જ્ઞાન થવું આવશ્યક છે; તથાપિ કેટલાંક દર્શનો ગુણપર્યાયાદિનું અસ્તિત્વ સ્વીકારતાં નથી; અને નથી સ્વીકારતાં તેનું કારણ તેઓની વિચારદૃષ્ટિ તે જ્ઞાનસ્થિતિપર્યંત નહીં પહોંચવાનું છે, એમ આ સ્થળે આશય લાગે છે.—સંશોધક.

૨ જૈનાદિ દર્શનો ગુણપર્યાયાદિને સ્વીકારનારાં છે, પણ તેવા દર્શનનું યથાતથ્ય સ્વરૂપ નહીં સમજનારા કેટલાક અનુયાયિઓ, આત્માદિ સાધ્ય કરવા અર્થે તે ગુણપર્યાયાદિનું સ્વરૂપ કહેલ છે એ હેતુ ગ્રહી શકતા નહીં હોવાથી, ગુણપર્યાયાદિનું સ્વરૂપ તે દર્શનોએ સ્વીકાર્યું, ન સ્વીકાર્યું તે જીવને સમાન છે; એવો આ પ્રસંગનો ઉદ્દેશ અમે ધારીએ છીએ,—સંશોધક.

° સારલેખકથી તે વિષયોના વિવેચન સંબંધી નોંધ થઇ શકી નથી એમ જ્યાં° આવું ચિન્હ હોય ત્યાં સમજવું,—સંશોધક;

૩. સારલેખકની પોતાની નોંધ: "પોતે [શ્રીમદે] દૃષ્ટાંતરૂપ બની પ્રમત્ત, અપ્રમત્તનો ભેદ બતાવ્યો. "—સંશોધક,

૪. પ્રમત્ત અપ્રમત્તનો ભેદ બતાવતાં શ્રીમદે આપેલા જાતિદૃષ્ટાંત[જુઓ છેલ્લી નોંધ]ને ઉદ્દેશી આ વાત અહીં સંભવે છે,—સંશોધક,

ઘટ ઘટ અંતર્ જિન બસે, ઘટ ઘટ અંતર્ જૈન;
મત મદિરાકે પાનસેં, મતવારા સમજૈ ન.

સમયસાર.

૧૮, આત્માનો સનાતનધર્મ શાંત થવું-વિરામ પામવું તે છે, આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે. તે ષડ્દર્શનમાં સમાય છે. અને તે ષડ્દર્શન જૈનમાં સમાય છે.

૧૯. વીતરાગનાં વચનો વિષયનું વિરેચન કરાવનારા છે,

૨૦. જૈનધર્મનો આશય, દિગમ્બર તેમ જ શ્વેતામ્બર આચાર્યોનો આશય, ને દ્વાદશાંગીનો આશય માત્ર આત્માનો સનાતનધર્મ પમાડવાનો છે,-અને તે જ સારરૂપ છે. આ વાતમાં કોઇ પ્રકારે જ્ઞાનીઓનો વિકલ્પ નથી. તે જ ત્રણેકાળમાં જ્ઞાનીઓનું કહેવું છે, હતું અને થશે.

૨૧. બાહ્ય વિષયોથી મુક્ત થઈ જેમ જેમ તેનો વિચાર કરવામાં આવે તેમ તેમ આત્મા વિરત થતો જાય; નિર્મળ થતો જાય.

૨૨. ભંગજાળમાં પડવું નહીં. માત્ર આત્માની શાંતિનો વિચાર કરવો ઘટે છે.

૨૩. જ્ઞાનીઓ જો કે વાણીઆ જેવા હિસાબી છે [-વાણીઆની પેઠે રેસ ન ખાય તેવા છે— અર્થાત્ સૂક્ષ્મપણે શોધન કરી તત્ત્વો સ્વીકારનારા છે.] તોપણ છેવટે લોક જેવા લોક (-ભદ્રતાદિ) [એક સારભૂત વાત પકડી રાખનાર સાધારણ રીતે કહેવાય છે] થાય છે. અર્થાત્ છેવટે ગમેતેમ થાય પણ એક શાંતપણાને મૂકતા નથી; અને આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે.

૨૪. જ્ઞાની ઉદયને જાણે છે; પણ શાતા, અશાતામાં તે પરિણમતા નથી.

૨૫. ઇંદ્રિયોના ભોગસહિત મુક્તપણું નથી. ઇંદ્રિયોના ભોગ છે ત્યાં સંસાર છે; ને સંસાર છે ત્યાં મુક્તપણું નથી.

૨૬. બારમા ગુણસ્થાનકસુધી જ્ઞાનીનો આશ્રય લેવાનો છે;-જ્ઞાનીની આજ્ઞાએ વર્ત્તવાનું છે.

૨૭. મહાન્ આચાર્યો અને જ્ઞાનીઓમાં દોષ તથા ભૂલ હોય નહીં. આપણાથી ન સમજાય તેને લીધે આપણે ભૂલ માનીએ છીએ. આપણાથી સમજાય તેવું આપણામાં જ્ઞાન નથી માટે તેવું જ્ઞાન પ્રાપ્ત થયે જે જ્ઞાનીનો આશય ભૂલવાળો લાગે છે તે સમજાશે એવી ભાવના રાખવી. એક બીજા આચાર્યોના વિચારમાં કોઈ જગોએ કાંઇ ભેદ જોવામાં આવે તો તેમ થવું ક્ષયોપશમને લીધે સંભવે છે, પણ વસ્તુત્વે તેમાં વિકલ્પ કરવા જેવું નથી.

૨૮. જ્ઞાનીઓ ઘણા ડાહ્યા હતા. વિષયસુખ ભોગવી જાણતા હતા. પાંચે ઇંદ્રિયો પૂર્ણ હતી; (પાંચે ઇંદ્રિયો પૂર્ણ હોય તે જ આચાર્યપદવિને યોગ્ય થાય) છતાં આ સંસાર અને ઇંદ્રિયસુખ નિર્માલ્ય લાગવાથી તથા આત્માના સનાતનધર્મને વિષે શ્રેયપણું લાગવાથી તેઓ વિષયસુખ વિરમી આત્માના સનાતનધર્મમાં જોડાયા છે.

૨૯. અનંતકાળથી જીવ રખડે છે; છતાં તેનો મોક્ષ થયો નહીં. જ્યારે જ્ઞાનીએ એક અંતર્મુહૂર્ત્તમાં મુક્તપણું બતાવ્યું છે !

૩૦. જીવ જ્ઞાનીની આજ્ઞાપ્રમાણે શાંતપણામાં વિચરે, તો અંતર્મુહૂર્ત્તમાં મુક્ત થાય છે.

૩૧. અમુકવસ્તુઓ વ્યવચ્છેદ ગઇ એમ કહેવામાં આવે છે; પણ તેનો પુરૂષાર્થ કરવામાં આવતો નથી તેથી વ્યવચ્છેદ ગઇ કહે છે, યદ્યપિ જો તેનો સાચો-જેવો જોઇએ તેવો-પુરૂષાર્થ થાય તો તે ગુણો પ્રગટે એમાં સંશય નથી. અંગ્રેજોએ ઉદ્યમ કર્યો તો હુન્નરો તથા રાજ્ય પ્રાપ્ત કર્યાં; અને હિંદુસ્થાનવાળાએ ઉદ્યમ ન કર્યો તો પ્રાપ્ત કરી શક્યા નહીં. તેથી

વિદ્યા (જ્ઞાન) વ્યવચ્છેદ ગઇ કહેવાય નહીં.

૩૨. વિષયો ક્ષય થયા નથી છતાં જે જીવો પોતાને વિષે વર્ત્તમાનમાં ગુણો માની બેઠા છે તે જીવોના જેવી ભ્રમણા ન કરતાં તે (વિષયો) ક્ષય કરવા ભણી લક્ષ આપવું.

સંવત્ ૧૯૫૭ (હલારી)ના અશાડ શુદ ૮, ગુરૂ, –તા૦ ૫।૭।૧૯૦૦.

૧. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરૂષાર્થમાં પ્રથમ ત્રણથી ચઢીઆતો મોક્ષ. મોક્ષઅર્થે બાકીના ત્રણે છે.

૨. સુખરૂપ આત્માનો ધર્મ છે એમ પ્રતીત થાય છે. તે સોનામાફક શુદ્ધ છે.

૩. કર્મવડે સુખ દુઃખ સહન કરતાં છતાં પરિગ્રહ ઉપાર્જન કરવા તથા તેનું રક્ષણ કરવા સૌ પ્રયત્ન કરે છે. સૌ સુખને ચાહે છે; પણ તે પરતંત્ર છે. પરતંત્રતા પ્રશંસાપાત્ર નથી.

૪. તે માર્ગ (મોક્ષ) રત્નત્રયની આરાધનાવડે સર્વ કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થાય છે.

૫. જ્ઞાનીએ નિરૂપણ કરેલાં તત્ત્વોનો યથાર્થ બોધ થવો તે 'સમ્યગ્જ્ઞાન'.

૬. જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ તત્ત્વો છે. (અત્રે પુણ્ય, પાપ આશ્રવમાં ગણેલાં છે).

૭. જીવના બે ભેદ: સિદ્ધ અને સંસારી:—

સિદ્ધ. સિદ્ધને અનંત જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ એ સ્વભાવ સમાન છે; છતાં અનંતર પરંપર થવારૂપે પંદર ભેદ આ પ્રમાણે કહ્યા છે:–(૧) તીર્થ (૨) અતીર્થ (૩) તીર્થંકર, (૪) અતીર્થંકર (૫) સ્વયંબુદ્ધ (૬) પ્રત્યેકબુદ્ધ (૭) બુદ્ધબોધિત. (૮) સ્ત્રીલિંગ (૯) પુરૂષલિંગ (૧૦) નપુંસકલિંગ. (૧૧) અન્યલિંગ, (૧૨) જૈનલિંગ (૧૩) ગૃહસ્થલિંગ (૧૪) એક (૧૫) અનેક

સંસારી, સંસારી જીવો એક પ્રકારે, બે પ્રકારે ઇત્યાદિ અનેક પ્રકારે કહ્યા છે. એક પ્રકારે–સામાન્યપણે 'ઉપયોગ' લક્ષણે સર્વ સંસારી જીવો છે. બે પ્રકારે–ત્રસ, સ્થાવર અથવા વ્યવહારરાશિ, અવ્યવહારરાશિ, સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી એક વખત ત્રસપણુ પામ્યા છે તે 'વ્યવહારરાશિ'. અનાદિકાળથી સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી કોઈ દિવસ ત્રસપણુ પામ્યા નથી તે 'અવ્યવહારરાશિ.' ત્રણ પ્રકારે–સંયત, અસંયત અને સંયતાસંયત અથવા સ્ત્રી, પુરૂષ ને નપુંસક. ચાર પ્રકારે–ગતિઅપેક્ષાએ. પાંચ પ્રકારે–ઇંદ્રિયઅપેક્ષાએ. ૭ પ્રકારે–પૃથ્વી, અપ, તેજસ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. સાત પ્રકારે-કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ, શુકલ અને અલેસી. (ચૌદમા ગુણસ્થાનકવાળા લેવા પણ સિદ્ધ ન લેવા, કેમકે સંસારી જીવની વ્યાખ્યા છે,) આઠ પ્રકારે–અંડજ, પોતજ, જરાયુજ, સ્વેદજ, રસજ, સન્મૂર્છન, ઉદ્ભિજ અને ઉપપાદ. નવ પ્રકારે પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિય, અને પંચેંદ્રિય દશ પ્રકારે–પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિય, સંજ્ઞી તથા અસંજ્ઞી પંચેંદ્રિય. અગીઆર પ્રકારે—સૂક્ષ્મ, બાદર, ત્રણ વિકલેન્દ્રિય, અને પંચેંદ્રિયમાં જલચર, સ્થલચર; નભશ્ચર, મનુષ્ય, દેવતા, નારક. બાર પ્રકારે–છકાયના પર્યાપ્ત તથા અપર્યાપ્ત. તેર પ્રકારે–ઉપલા બાર ભેદ સંવ્યવહારિક તથા એક અસંવ્યવહારિક (સૂક્ષ્મ નિગોદનો). ચૌદ પ્રકારે–ગુણસ્થાનક આશ્રી, અથવા સૂક્ષ્મ, બાદર, ત્રણ વિકલેન્દ્રિય તથા સંજ્ઞી, અસંજ્ઞીના પર્યાપ્ત અને અપર્યાપ્ત. એમ બુદ્ધિમાન પુરૂષોએ સિદ્ધાંતને અનુસરી જીવના અનેક ભેદ (છતાં ભાવના ભેદ) કહ્યા છે.

સંવત્ ૧૯૫૭ (હાલરીના) અશાડ શુદ્ધ ૯, શુક્ર,–તા. ૬–૧–૧૯૦૦.

૧. 'જાતિસ્મરણ જ્ઞાન' વિષે જે શંકા રહે છે તેનું સમાધાન આ ઉપરથી થશે:—જેમ બા-

બ્યાવસ્થાને વિષે જે કાંઇ જોયું હોય અથવા અનુભવ્યું હોય તેનું સ્મરણ વૃદ્ધાવસ્થામાં કેટલાકને થાય ને કેટલાકને ન થાય, તેમ પૂર્વભવનું ભાન કેટલાકને રહે, ને કેટલાકને ન રહે. ન રહેવાનું કારણ એ છે કે, પૂર્વદેહ છોડતાં બાહ્ય પદાર્થોને વિષે જીવ વળગી રહી મરણ કરે છે, અને નવો દેહ પામી તેમાં જ આસક્ત રહે છે. આથી ઉલટી રીતે પ્રવર્ત્તનારને–અવકાશ રાખ્યો હોય તેને–પૂર્વનો ભવ અનુભવવામાં આવે છે,

૨. 'જાતિસ્મરણજ્ઞાન' એ મતિજ્ઞાનનો ભેદ છે. પૂર્વપર્યાય છોડતાં વેદનાના કારણને લઇને, નવો દેહ ધારણ કરતાં ગર્ભાવાસને લઇને, બાલપણામાં મૂઢપણાને લઇને, અને વર્ત્તમાન દેહમાં અતિ લિપ્તતાને લઇને, પૂર્વપર્યાયની સ્મૃતિ કરવાનો અવકાશ જ મળતો નથી; તથાપિ, જેમ ગર્ભાવાસ તથા બાલપણુ સ્મૃતિમાં રહે નહીં તેથી કરી તે નહોતાં એમ નથી, તેમ ઉપરનાં કારણોને લઇને પૂર્વપર્યાય સ્મૃતિમાં રહે નહીં તેથી કરી તે નહોતાં એમ કહેવાય નહીં. જેવી રીતે આંબા આદિ વૃક્ષોની કલમ કરવામાં આવે છે તેમાં સાનુકૂળતા હોય તો થાય છે, તેમ જો પૂર્વ પર્યાયની સ્મૃતિ કરવાને સાનુકૂળતા (યોગ્યતા) હોય તો 'જાતિસ્મરણજ્ઞાન' થાય. પૂર્વસંજ્ઞા કાયમ હોવી જોઇએ. અસંજ્ઞીનો ભવ આવવાથી 'જાતિ સ્મરણજ્ઞાન' ન થાય.

૩. આત્મા છે. આત્મા નિત્ય છે. પ્રમાણો:—

(૧) બાલકને ધાવતાં બટબટાવવાનું કોઈ શીખવે છે ? તે પૂર્વાભ્યાસ છે.

(૨) સર્પ અને મોરને; હાથી અને સિંહને; ઉંદર અને બિલાડીને સ્વાભાવિક વેર છે. તે કોઈ શીખડાવતું નથી. પૂર્વભવના વૈરની સ્વાભાવિક સંજ્ઞા છે.–પૂર્વજ્ઞાન છે.

૪. નિઃસંગપણુ એ વનવાસીનો વિષય છે એમ જ્ઞાનીઓએ કહેલ છે તે સત્ય છે. જેનામાં બે વ્યવહાર–સાંસારિક અને અસાંસારિક–હોય તેનાથી નિઃસંગપણુ થય નહીં.[1]

૫, સંસાર છોડયાવિના અપ્રમત્તગુણસ્થાનક નથી. અપ્રમત્તગુણસ્થાનકની સ્થિતિ અંતર્મુહૂર્ત્તની છે.[2]

૬. 'અમે સમજ્યા છીએ,' 'શાન્ત છીએ' એમ કહે છે તે તો ઠગાયા છે.

૭. સંસારમાં રહી સાતમા ગુણસ્થાનની ઉપર વધી શકાતું નથી. આથી સંસારીને નિરાશ થવાનું નથી; પણ તે ધ્યાનમાં રાખવાનું છે.[3]

૮. પૂર્વે સ્મૃતિમાં આવેલી વસ્તુ ફરી શાંતપણે સંભારે તો યથાસ્થિત સાંભરે.

૯. ગ્રંથિના બે ભેદ છેઃ–એક દ્રવ્ય–બાહ્ય–ગ્રંથિ (ચતુષ્પદ, દ્વિપદ, અપદ ઇ૦) બીજી ભાવ –અભ્યન્તર–ગ્રંથિ (આઠ કર્મ ઇ૦). સમ્યક્પ્રકારે બન્ને ગ્રંથિથી નિવર્ત્તે તે 'નિર્ગ્રંથ'.

૧૦. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ આદિ ભાવ જેને છોડવા જ નથી તેને વસ્ત્રનો ત્યાગ હોય, તોપણ તે પારલૌકિક કલ્યાણ શું કરે ?

૧૧. સક્રિય જીવને અબંધનું અનુષ્ઠાન હોય એમ બને જ નહીં. (ક્રિયા છતાં અબંધ ગુણસ્થાનક હોતું નથી.)

૧૨. રાગાદિ દોષોનો ક્ષય થવાથી તેનાં સહાયકારી કારણોનો ક્ષય થાય છે. જ્યાં સુધી ક્ષય સંપૂર્ણપણે થતો નથી, ત્યાંસુધી મુમુક્ષુ જીવ સંતોષ માની બેસતા નથી.

૧૩ રાગાદિ દોષ અને તેનાં સહાયકારી કારણોના અભાવે બંધ થતો નથી. રાગાદિના પ્રયોગે

---

૧. શ્રીમદ્‌નો અપ્રમત્તભાવ અવ્યક્ત રીતે આ શબ્દો સૂચવે છે.—સંશોધક.

૨. આ વચન અપેક્ષિત છે, સંસારત્યાગની આવશ્યકતા સૂચવવા અર્થે કહ્યાં છે,—સંશોધક.

૩, આ વચન પણ અપેક્ષિત છે, અભિપ્રાયસૂચક છે,—સંશોધક.

કરી કર્મ હોય છે. તેના અભાવે કર્મનો અભાવ સર્વ સ્થળે જાણવો.

૧૪. આયુઃકર્મ.

(અ) અપવર્તન—વિશેષકાળનું હોય તે કર્મ થોડા કાળમાં વેદી શકાય તેનું કારણ પૂર્વનો તેવો બંધ હોવાથી તે પ્રકારે ઉદયમાં આવે;—ભોગવાય. (આ) 'ત્રુટવું' શબ્દનો અર્થ 'બે ભાગ થવા' એમ કેટલાક કરે છે; પણ તેમ નથી. જેવી રીતે 'દેવું ત્રુટવું' શબ્દનો 'દેવાનો નિકાલ થયો, દેવું દઈ દીધું' ના અર્થમાં વપરાય છે તેવી રીતે 'આયુષ ત્રૂટયું' શબ્દોનો આશય જાણવો. (ઇ) 'સોપક્રમ'–શિથિલ–એકદમ ભોગવી લેવાય તે. (ઈ) નિ-રૂપક્રમ=નિકાચિત. દેવ, નારક, યુગલ, ૬૩ શલાકા પુરૂપ ને ચરમ શરીરિને હોય છે. (ઉ) પ્રદેશોદય=પ્રદેશને મોઢા આગળ લઈ વેદવું તે 'પ્રદેશોદય.' પ્રદેશોદયથી જ્ઞાનીઓ કર્મનો ક્ષય અંતર્મૂહૂર્ત્તમાં કરે છે. (ઊ) 'અનપવર્તન'; અને 'અનુદીરણા' એ બેનો અર્થ મળતો છે; તથાપિ તફાવત એ છે કે, 'ઉદીરણામાં આત્માની શકિત છે, અને અપવર્ત્તનમાં કર્મની શક્તિ છે.' (એ) આયુપ્ ઘટે છે એટલે થોડા કાળમાં ભોગવાય છે.

૧૫. અશાતાના ઉદયમાં જ્ઞાનની કસોટી થાય છે.

૧૬. પરિણામની ધારા એ 'થરમોમીટર' સમાન છે.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ શુદ ૧૦, શનિ,–૭।૭।૧૯૦૦

૧. અસમંજસતા=અમળતાપણુ (અસ્પષ્ટતા.) ૨, વિપમ=જેમ તેમ. ૩. આર્ય=ઉત્તમ. 'આર્ય'શબ્દ શ્રી જિનેશ્વરને, મુમુક્ષુને તથા આર્યદેશના રહેનારને વપરાય. ૪. નિક્ષેપ=પ્રકાર, ભેદ, વિભાગ.

૨. ભયંત્રાણ=ભયથી તારનાર; શરણ આપનાર.

૩. હેમચંદ્રાચાર્ય, એ ધંધુકાના મોઢવાણીઆ હતા. તે મહાત્માએ કુમારપાલ રાજાપાસે પોતાના કુટુંબને માટે એક ક્ષેત્ર પણ માગ્યું ન હોતું. તેમ પોતે પણ રાજ અન્નકોળીઓ લીધો નહોતો એમ શ્રીકુમારપાલે તે મહાત્માને અગ્નિદાહ દેતી વખતે કહ્યું હતું. તેઓના ગુરૂ દેવચન્દ્રસૂરિ હતા.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ શુદ ૧૧, રવિ,–તા૦ ૮।૭।૧૯૦૦.

૧. સરસ્વતિ જિનવાણીની ધારા.

૨. ૧. બાંધનાર, ૨. બાંધવાના હેતુ, ૩. બંધન અને ૪. બંધનના ફળથી આખા સંસારનો પ્રપંચ રહ્યો છે એમ શ્રી જિનેંદ્રે કહ્યું છે.

૩. બનારસીદાસ એ શ્રી આગ્રાના દશા શ્રીમાલી વાણીઆ હતા.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ શુદ ૧૧॥, સોમ–૯।૭।૧૯૦૦.

૧. શ્રી યશોવિજયજીએ 'યોગદષ્ટિ' ગ્રંથમાં–

છઠ્ઠી 'કાન્તાદષ્ટિ'ને વિષે બતાવ્યું છે કે, વીતરાગસ્વરૂપશિવાય બીજે કયાંય સ્થિરતા થઇ શકે નહીં; વીતરાગસુખશિવાય બીજું સુખ નિઃસત્વ લાગે છે, આડંબરરૂપ લાગે છે.

પાંચમી સ્થિરાદષ્ટિમાં બતાવ્યું છે કે, વીતરાગસુખ પ્રિયકારી લાગે.

આઠમી 'પરાદષ્ટિમાં' બતાવ્યું છે કે, 'પરમાવગાઢ સમ્યકૃત્વ' સંભવે. જ્યાં કેવળજ્ઞાન હોય.

૨. પાતંજલ–યોગના કર્ત્તાને સમ્યકૃત્વ પ્રાપ્ત થયું નહોતું, પણ હરિભદ્રસૂરિએ તેમને માર્ગાનુસારી ગણેલ છે.

૩. હરિભદ્રસૂરિએ તે દષ્ટિઓ અધ્યાત્મપણે સંસ્કૃતમાં વર્ણવી છે; અને તે ઉપરથી યશોવિજયજી મહારાજે ઢાળરૂપે ગુજરાતીમાં કરેલ છે.

૪. યોગદૃષ્ટિમાં છએ ભાવ–ઉદય, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, પરિણામિક, સાન્નિપાતિક–નો સમાવેશ થાય છે. એ છ ભાવ જીવના સ્વતત્ત્વભૂત છે.

૫. જ્યાંસુધી યથાર્થ જ્ઞાન થાય નહીં ત્યાંસુધી મૌન રહેવું ઠીક છે, નહીંતો અનાચારદોષ લાગે છે. આ વિષયપરત્વે ઉત્તરાધ્યયનસૂત્રમાં 'અનાચાર' નામે અધિકાર છે.

૬. જ્ઞાનીના સિદ્ધાંતમાં ફેર હોઈ શકે નહીં.

૭. સૂત્રો, આત્માનો સ્વધર્મ પ્રાપ્ત કરવા માટે કરવામાં આવ્યાં છે; પણ તેનું રહસ્ય યથાર્થ સમજવામાં આવતું નથી તેથી ફેર લાગે છે.

૮. દિગમ્બરનાં તીવ્ર વચનોને લીધે કંઈ રહસ્ય સમજી શકાય છે. શ્વેતામ્બરની મૅાળાશને લીધે રસ ઠંડાતો ગયો.

૯. 'શાલ્મલિ વૃક્ષ.–નરકને વિષેની અશાતા દર્શાવવા આ શબ્દ વપરાય છે. ખીજડાને મળતું તે વૃક્ષ થાય છે. ભાવથી સંસારી આત્મા તે વૃક્ષરૂપ છે. આત્મા પરમાર્થે–અધ્યવસાય વર્જતા–નંદનવન સમાન છે.

૧૦. જિનમુદ્રા બે પ્રકારે છે; કાયોત્સર્ગ અને પદ્માસન. પ્રમાદ ટાળવાને બીજાં ઘણાં આસનો કર્યાં છે, પણ મુખ્યત્વે આ બે આસનો છે.

૧૧. 'પ્રશમરસનિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નં ॥ વદનકમલમંકઃ કામિનીસંગશૂન્યઃ ॥
કરયુગમપિ યત્તે શસ્ત્રસંબંધવંધ્યં ॥ તદસિ જગતિ દેવો વીતરાગસ્ત્વમેવ ॥ ૧ ॥

૧૨. ચૈતન્યલક્ષ કરનારની બલિહારી છે!

૧૩. તીર્થ=તરવાનો માર્ગ.

૧૪. અરનાથ પ્રભુની સ્તુતિ મહાત્મા આનંદઘનજીએ કરેલ છે. શ્રી આનંદઘનજીનું બીજું નામ 'લાભાનંદજી' હતું. તેઓ તપગચ્છમાં થયા છે.

૧૫. વર્તમાનમાં લોકોને જ્ઞાન તથા શાંતિ સાથે સંબંધ રહ્યો નથી. મતાચાર્યે મારી નાખ્યાં છે.

૧૬. આશય આનંદઘન તણો, અતિ ગંભીર ઉદાર;
બાલક બાંહ પસારીને, કહે ઉદધિ વિસ્તાર.

૧૭. ત્રણ પ્રકારે ઈશ્વરપણું જણાય છેઃ—(૧) જડતેજડાત્મકપણે વર્તે છે. (૨) ચૈતન્ય–સં-સંસારી જીવો વિભાવાત્મકપણે વર્તે છે. (૩) સિદ્ધ–શુદ્ધ ચૈતન્યાત્મકપણે વર્તે છે.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ શુદ ૧૩, ભોમ,-૧૦૭૧૦૦.

'ભગવતી આરાધના' જેવાં પુસ્તકો મધ્યમઉત્કૃષ્ટભાવના મહાત્માઓને તથા મુનિરાજોને યોગ્ય છે. એવા ગ્રંથો તેથી ઓછી પદવિ-યોગ્યતા–વાળા સાધુ, શ્રાવકને આપવાથી કૃતઘ્ન થાય છે; તેઓને તેથી ઉલટો અલાભ થાય છે. ખરા મુમુક્ષુઓને જ એ લાભકારી છે.

૨. મોક્ષમાર્ગ એ અગમ્ય તેમ જ સરળ છે.
અગમ્યઃ–માત્ર વિભાવદશાને લીધે મતભેદો પડવાથી કોઈ પણ સ્થળે મોક્ષમાર્ગ સમજાય તેવું રહ્યું નથી, અને તેને લીધે વર્તમાનમાં અગમ્ય છે. માણસ મરી ગયા પછી અજ્ઞાન-વડે નાડ ઝાલીને વૈદાં કરવાનાં ફળની બરાબર, મતભેદ પડવાનું ફળ થયું છે, અને તેથી મોક્ષમાર્ગ સમજાય તેમ નથી. સરળઃ–મતભેદની કડાકૂટ જવા દઈ, જો આત્મા અને પુદ્ગલવચ્ચે વહેંચણી કરી, શાંતપણે અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરળ છે; અને દૂર નથી.

૩. અનેક શાસ્ત્રો છે. તે એકેક વાંચ્યા પછી તેનો નિર્ણય કરવા માટે બેસવામાં આવે તો તે હિસાબે પૂર્વાદિકનું જ્ઞાન અને કેવળજ્ઞાન કેમે પ્રાપ્ત થાય નહીં અર્થાત્ કોઈ દિવસ પાર

આવે નહીં; પણ તેની સંકલના છે, ને તે શ્રીગુરૂદેવ બતાવે છે કે. અંતર્મુહૂર્તમાં મહાત્માઓ પ્રાપ્ત કરે છે.

૪. આ જીવે નવપૂર્વસુધી જ્ઞાન મેળવ્યું તોપણ કાંઇ સિદ્ધિ થઈ નહીં. તેનું કારણ વિમુખદશાએ પરિણમવાનું છે. જો સન્મુખદશાએ પરિણમ્યા હોય તો તત્ક્ષણ મુક્ત થાય.

૫. પરમશાંત રસમય 'ભગવતી આરાધના' જેવા એક જ શાસ્ત્રનું સારી રીતે પરિણમન થયું હોય તો બસ છે.

૬. આ આરા–કાળ–માં સંઘયણ સારાં નહીં; આયુષ્ ઓછાં, દુર્ભિક્ષ, મરકી જેવા સંજોગો વારંવાર બને તેથી આયુષ્ની કાંઈ નિશ્ચયપૂર્વક સ્થિતિ નથી, માટે જેમ બને તેમ આત્મહિતની વાત તરત જ કરવી. મુલ્તવી રાખવાથી ભૂલથાપ ખાઇ બેસાય છે. આવા સાંકડા સમયમાં તો છેક જ સાંકડો માર્ગ–પરમ શાંત થવું તે–ગ્રહણ કરવો. તેથી જ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકભાવ થાય છે.

૭. કામાદિ કોઇકિ જ વાર આપણાથી હારી જાય છે; નહીં તો ઘણીવાર આપણને થાપ મારી દે છે. એટલા માટે બનતાંસુધી જેમ બને તેમ ત્વરાથી તેને તજવાને અપ્રમાદી થવું, જેમ વહેલું થવાય તેમ થવું. શૂરવીરપણાથી તેમ તરત થવાય છે.

૮. વર્તમાનમાં દૃષ્ટિરાગાનુસારી માણસો વિશેષપણે છે.

૯. જો ખરા વૈદ્યની પ્રાપ્તિ થાય, તો દેહનો વિધર્મ સહેજે ઔષધિવડે વિધર્મમાંથી નીકળી સ્વધર્મ પકડે છે. તેવી રીતે જો ખરા ગુરૂની પ્રાપ્તિ થાય, તો આત્માની શાંતિ ઘણી જ સુગમતાથી અને સહેજમાં થાય છે.

૧૦. ક્રિયા કરવામાં તત્પર એટલે અપ્રમાદી થવું. પ્રમાદ કરીને ઉલટા કાયર થવું નહીં.

૧૧. સામાયિક–સંયમ. પ્રતિક્રમણ–આત્માની ક્ષમાપના, આરાધના. પૂજા–ભક્તિ.

૧૨. જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ આદિ કેવા અનુક્રમે કરવાં તે કહેતાં એક પછી એક પ્રશ્ન ઉઠે; અને તેનો કેમે પાર આવે તેમ નથી. જ્ઞાનીની આજ્ઞાપ્રમાણે–જ્ઞાનીએ બતાવ્યાપ્રમાણે ગમે તે ક્રિયામાં વર્તે તોપણ તે મોક્ષના માર્ગમાં છે.

૧૩. અમારી આજ્ઞાએ વર્તતાં જો પાપ લાગે તો તે અમે અમારે શિર ઓઢી લઈએ છીએ; કારણ કે, જેમ રસ્તાઉપર કાંટા પડયા હોય તે કોઈને વાગશે એમ જાણી માર્ગે ચાલતાં ત્યાંથી ઉપાડી લઇ કોઇને જ્યાં ન લાગે તેવી બીજી એકાંત જગોએ કોઈ મૂકે તો કાંઈ તેણે રાજ્યનો ગુન્હો કર્યો કહેવાય નહીં; તેમ મોક્ષનો શાંત માર્ગ બતાવતાં પાપ કેમ સંભવે ?

૧૪. જ્ઞાનીની આજ્ઞાએ ચાલતાં જ્ઞાનીગુરૂએ ક્રિયાઆશ્રી યોગ્યતાનુસાર કોઈને કાંઇ બતાવ્યું હોય અને કોઇને કાંઈ બતાવ્યું હોય તેથી મોક્ષનો માર્ગ અટકતો નથી.

૧૫. યથાર્થ સ્વરૂપ સમજ્યાવિના, અથવા પોતે જે બોલે છે તે પરમાર્થે યથાર્થ છે કે કેમ તે જાણ્યાવિના સમજ્યાવિના જે વક્તા થાય છે તે અનંત સંસારને વધારે છે, માટે જ્યાંસુધી આ સમજવાની શક્તિ થાય નહીં ત્યાંસુધી મૌન રહેવું સારૂં છે.

૧૬. વક્તા થઈ એક પણ જીવને યથાર્થ માર્ગ પમાડવાથી તીર્થંકરગોત્ર બંધાય છે, અને તેથી ઉલટું કરવાથી મહામોહનીયકર્મ બંધાય છે.

૧૭. જો કે હમણાં જ તમો સર્વને માર્ગે ચઢાવીએ, પણ ભાજનના પ્રમાણમાં વસ્તુ મૂકાય છે. નહીંતો જેમ હમણાં વાસણમાં ભારે વસ્તુ મૂકવાથી વાસણનો નાશ થાય, તેમ થાય.

૧૮. તમારે કોઈ પ્રકારે ડરવા જેવું નથી; કારણ કે, તમારે માથે અમારા જેવા છે. તો હવે

તમારા પુરૂષાર્થને આધીન છે. જો તમે પુરૂષાર્થ કરશો તો મોક્ષ થવો દૂર નથી. મોક્ષ પ્રાપ્ત કર્યો તે બધા મહાત્મા પ્રથમ આપણા જેવા મનુષ્ય હતા; અને કેવળજ્ઞાન પામ્યા પછી પણ દેહ તો તેનો તે જ રહે છે; તો પછી હવે તે દેહમાંથી તે મહાત્માઓએ શું કાઢી નાખ્યું તે સમજીને કાઢી નાખવાનું કરવાનું છે. તેમાં ડર શાનો? વાદવિવાદ કે મતભેદ શાનો? માત્ર શાંતપણે તે જ ઉપાસવાયોગ્ય છે.

સંવત્ ૧૯૫૭ (હાલારી) ના અશાડ શુદ ૧૪,–બુધવાર. તા૦ ૧૧।૭।૧૯૦૦.

૧. પ્રથમથી આયુધ બાંધતાં, ને વાપરતાં શીખ્યા હોઇએ તો લડાઇ વખતે તે કામ આવે છે; તેમ પ્રથમથી વૈરાગ્યદશા પ્રાપ્ત કરી હોય, તો અવસર આવ્યે કામ આવે છે; આરાધના થઈ શકે છે.

૨. યશોવિજયજીએ ગ્રંથો રચતાં એટલો અખંડ ઉપયોગ રાખ્યો હતો કે, તે કોઈ ઠેકાણે ચૂક્યા ન હોતા. તોપણ છદ્મસ્થ-અવસ્થાને લીધે દોઢસો ગાથાના સ્તવન મધ્યે ૭ મા ઠાણાંગસૂત્રની શાખ આપી છે તે મળતી નથી. તે શ્રી ભગવતીજીના પાંચમા શતકના ઉદ્દેશે માલમ પડે છે. આ ઠેકાણે અર્થકર્ત્તાએ ' રાસભવૃત્તિ' એટલે પશુતુલ્ય ગણેલ છે; પણ તેનો અર્થ તેમ નથી. રાસભવૃત્તિ એટલે કે ગધેડાને સારી કેળવણી આપી હોય તો પણ જાતિસ્વભાવને લીધે રખ્યા દેખાને લોટી જવાનું મન થાય છે; તેમ વર્તમાનકાળે બોલતાં ભવિષ્યકાળમાં કહેવાનું બોલી જવાય છે.

૩. ' ભગવતી આરાધના' મધ્યે લેશ્યાના અધિકારે દરેકની સ્થિતિ વગેરે સારી રીતે બતાવેલ છે.

૪. પરિણામ ત્રણ પ્રકારનાં છે; હીયમાન, વર્દ્ધમાન અને સમવસ્થિત. પ્રથમનાં બે છદ્મસ્થને હોય છે; અને છેલ્લું સમવસ્થિત (અચલ–અકંપ–શૈલેશીકરણ) કેવળજ્ઞાનીને હોય છે.

૫. તેરમે ગુણસ્થાનકે લેશ્યા તથા યોગનું ચલાચલપણુ છે, તો સમવસ્થિત પરિણામ કેમ સંભવે તેનો આશયઃ સક્રિય જીવને અબંધ અનુષ્ઠાન હોતું નથી. ૧૩ મા ગુણસ્થાનકે કેવળીને પણ યોગને લીધે સક્રિયતા છે, અને તેથી બંધ છે; પણ બંધ અબંધ-બંધ ગણાય છે. ૧૪ મા ગુણસ્થાનકે આત્માના પ્રદેશ અચલ થાય છે. પાંજરામાંહેના સિંહના દૃષ્ટાન્તેઃ જેમ પાંજરામાં સિંહ જાળીને અડતો નથી, અને સ્થિર થઇ બેસી રહે છે, ને કાંઇ ક્રિયા કરતો નથી, તેમ અક્રિય છે. જ્યાં પ્રદેશનું અચલપણુ છે ત્યાં અક્રિયતા ગણાય.

૬. ચલઇ સો બંધે–યોગનું ચલાયમાન થવું તે ' બંધ.' યોગનું સ્થિર થવું તે અબંધ.

૭. જ્યારે અબંધ થાય ત્યારે મુક્ત થયા કહેવાય.

૮. ઉત્સર્ગમાર્ગ એટલે યથાખ્યાતચારિત્ર; જે નિરતિચારવાળું છે.
ઉત્સર્ગમાં ત્રણ ગુપ્તિ સમાય છે. અપવાદમાં પાંચ સમિતિ સમાય છે. ઉત્સર્ગ અક્રિય છે. અપવાદ સક્રિય છે. ઉત્તમ ઉત્સર્ગમાર્ગ છે; ને તેથી જે ઉતરતો તે અપવાદ છે. ચૌદમું ગુણસ્થાનક ઉત્સર્ગ છે; તેથી નીચેનાં ગુણસ્થાનકો એક બીજાની અપેક્ષાએ અપવાદ છે.

૯. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, ને યોગથી એક પછી એક અનુક્રમે બંધ પડે છે.

૧૦. મિથ્યાત્વ એટલે યથાર્થ ન સમજાય તે. મિથ્યાત્વથી વિરતિપણુ ન થાય. વિરતિને અભાવે કષાય થાય, કષાયથી યોગનું ચલાયમાનપણુ થાય છે. યોગનું ચલાયમાનપણુ 'આશ્રવ,' અને તેથી ઉલટું તે 'સંવર.'

૧૧. દર્શનમાં ભૂલ થવાથી જ્ઞાનમાં ભૂલ થાય છે. જેવા રસથી જ્ઞાનમાં ભૂલ થાય તેવી રીતે આત્માનું વીર્ય સ્ફુરાય, અને તે પ્રમાણે પરમાણુ ગ્રહણ કરે ને તેવોજ બંધ પડે; અને તે પ્રમાણે વિપાક ઉદયમાં આવે. બે આંગળીના આંકડીઆ પાડયા તે રૂપ ઉદય. ને તે

મરડવા તે રૂપ ભૂલ, તે ભૂલથી દુઃખ થાય છે એટલે બંધ બંધાય છે. પણ મરડવારૂપ ભૂલ જવાથી આંકડા સેહેજે વિપાક આપી નિર્જરે છે, અને નવો બંધ થતો નથી.

૧૨. દર્શનમાં ભૂલ થાય તેનું ઉદાહરણઃ—જેમ દીકરો બાપના જ્ઞાનમાં તેમ જ બીજાના જ્ઞાનમાં દેહઅપેક્ષાએ એક જ છે. બીજી રીતે નથી; પરંતુ બાપ તેને પોતાનો દીકરો કરી માને છે. તે જ ભૂલ છે. તે જ દર્શનમાં ભૂલ અને તેથી જો કે જ્ઞાનમાં ફેર નથી તો પણ ભૂલ કરે છે; ને તેથી ઉપર પ્રમાણે બંધ પડે છે.

૧૩. જો ઉદયમાં આવ્યા પહેલાં રસમાં મોળાશ કરી નાખવામાં આવે તો આત્મપ્રદેશથી કર્મ ખરી જઇ નિર્જરા થાય, અથવા મંદ રસે ઉદય આવે.

૧૪. જ્ઞાનીઓ નવી ભૂલ કરતા નથી, માટે તે અબંધ થઇ શકે છે.

૧૫. જ્ઞાનીઓએ માનેલું છે કે દેહ પોતાનો નથી; તે રહેવાનો પણ નથી; જ્યારે ત્યારે પણ તેનો વિયોગ થવાનો છે. એ ભેદવિજ્ઞાનને લઇને હમેશાં નગારાં વાગતાં હોય તેવી રીતે તેના કાને પડે છે, અને અજ્ઞાનીના કાન બહેરા હોય છે એટલે તે જાણતો નથી.

૧૬. જ્ઞાની દેહ જવાનો છે એમ સમજી તેનો વિયોગ થાય તેમાં ખેદ કરતા નથી. પણ જેવી રીતે કોઇની વસ્તુ લીધી હોય, ને તેને પાછી આપવી પડે તેમ દેહને ઉલ્લાસથી પાછો સોંપે છે; અર્થાત્ દેહમાં પરિણમતા નથી.

૧૭. દેહ અને આત્માનો ભેદ પાડવો તે 'ભેદજ્ઞાન.' તે જ્ઞાનીનો તેજાબ છે. તે તેજાબથી દેહ અને આત્મા જૂદાં પડી શકે છે. તે વિજ્ઞાન થવા માટે મહાત્માઓએ સકળ શાસ્ત્રો રચ્યાં છે. જેમ તેજાબથી સોનું તથા કથિર જૂદાં પડે છે, તેમ જ્ઞાનીના ભેદવિજ્ઞાનરૂપ તેજાબથી સ્વાભાવિક આત્મદ્રવ્ય અગુરૂ લઘુ સ્વભાવવાળું હોઇને પ્રયોગી દ્રવ્યથી જૂદું પડી સ્વધર્મમાં આવે છે.

૧૮. બીજા ઉદયમાં આવેલાં કર્મોનું આત્મા ગમે તેમ સમાધાન કરી શકે, પણ વેદનીયકર્મમાં તેમ થઇ શકે નહીં; ને તે આત્મપ્રદેશે વેદવું જ જોઇએ; ને તે વેદતાં મુશ્કેલીનો પૂર્ણ અનુભવ થાય છે. ત્યાં જો ભેદજ્ઞાન સંપૂર્ણ પ્રગટ થતું ન હોય, તો આત્મા દેહાકારે પરિણમે; એટલે દેહ પોતાનો માની લઇ વેદે છે. અને તેને લઇને આત્માની શાંતિનો ભંગ થાય છે. આવા પ્રસંગે જેમને ભેદજ્ઞાન સંપૂર્ણ થયું છે એવા જ્ઞાનીઓને અશાતાવેદની વેદતાં નિર્જરા થાય છે; ને ત્યાં જ્ઞાનીની કસોટી થાય છે. એટલે બીજા દર્શનોવાળા ત્યાં તે પ્રમાણે ટકી શકતા નથી, ને જ્ઞાની એવી રીતે માનીને ટકી શકે છે.

૧૯. પુદ્ગલદ્રવ્યની દરકાર રાખવામાં આવે તોપણ જ્યારે ત્યારે ચાલ્યું જવાનું છે, અને જે પોતાનું નથી તે પોતાનું થવાનું નથી; માટે લાચાર થઇ દીન બનવું તે શા કામનું ?

૨૦. જોગાપયડિ પયેશા —યોગથી પ્રકૃતિ, ને પ્રદેશ બંધાય છે.

૨૧. સ્થિતિ તથા અનુભાગ કષાયથી બંધાય છે.

૨૨. આઠ વિધ, સાત વિધ, છ વિધ. ને એક વિધ એ પ્રમાણે બંધ બંધાય છે.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ શુદ ૧૫, ગુરૂવાર.—તા૦ ૧૨।૭।૧૯૦૦.

૧. જ્ઞાનદર્શનનું ફળ યથાખ્યાતચારિત્ર, અને તેનું ફળ નિર્વાણ; અને તેનું ફળ અવ્યાબાધ સુખ.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ વદ ૧, શુક્રવાર,—તા૦ ૧૩।૭।૧૯૦૦.

૧. દેવાગમનસ્તોત્ર જે મહાત્મા સંમત ભદ્રાચાર્યે (જેના નામનો શબ્દાર્થ 'કલ્યાણ જેને માન્ય છે.' એવો થાય છે) બનાવેલ છે; અને તેના ઉપર દિગમ્બર તથા શ્વેતામ્બર આચાર્યોએ

ટીકા કરી છે. એ મહાત્મા દિગમ્બરઆચાર્ય છતાં તેઓ કૃત ઉપરનું સ્તોત્ર શ્વેતામ્બરઆચાર્યોને પણ માન્ય છે. તે સ્તોત્રમાં નીચેનો શ્લોક છે:—

દેવાગમનભોયાનચામરાદિવિભૂતયઃ ।
માયાવિષ્વપિ દૃશ્યંતે, નાતસ્ત્વમસિ નો મહાન્ ॥

આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે, દેવાગમન (દેવતાઓનું આવવું થતું હોય), આકાશગમન (આકાશગમન થઇ શકતું હોય), ચામરાદિ વિભૂતિ (ચામર વગેરે વિભૂતિ હોય–સમવસરણ થતું હોય આદિ) એ બધાં તો માયાવીઓનામાં પણ જણાય છે, (માયાથી અથવા યુક્તિથી પણ થઈ શકે) એટલે તેટલાથી જ આપ અમારા મહત્તમ નથી. (તેટલા ઉપરથી કાંઇ તીર્થંકર વા જિનેન્દ્રદેવનું અસ્તિત્વ માની શકાય નહીં. એવી વિભૂતિ આદિનું કાંઇ અમારે કામ નથી. અમે તો તેનો ત્યાગ કર્યો છે.)

આ આચાર્યે કેમ જાણે ગુફામાંથી નીકળતાં તીર્થંકરનું કાંડું પકડી ઉપર પ્રમાણે નિરપેક્ષપણે વચનો કહ્યાં હોય એવો આશય આ સ્થળે બતાવવામાં આવ્યો છે.

૨. આપ્તનાં અથવા પરમેશ્વરનાં લક્ષણો કેવાં હોવાં હોવાં જોઇએ તે સંબંધી 'તત્ત્વાર્થસૂત્રમાં' પહેલી ગાથા નીચેપ્રમાણે છે:—

મોક્ષમાર્ગસ્ય નેતારં । ભેત્તારં કર્મભૂભૃતમ્ ॥
જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં । વંદે તદ્ગુણલબ્ધયે ॥

સારભૂત અર્થ:—

'મોક્ષમાર્ગસ્ય નેતારં', (મોક્ષમાર્ગે લઇ જનારને' એમ કહેવાથી 'મોક્ષ'નું 'અસ્તિત્વ' માર્ગ, અને' લઈ જનાર' એ ત્રણ વાત સ્વીકારી. જો મોક્ષ છે તો તેનો માર્ગ પણ જોઈએ; અને જો માર્ગ છે, તો તેનો દ્રષ્ટા પણ જોઇએ; અને જે દ્રષ્ટા હોય તે જ માર્ગે લઈ જઈ શકે. માર્ગે લઇ જવાનું કાર્ય નિરાકાર ન કરી શકે, પણ સાકાર કરી શકે, અર્થાત્ મોક્ષમાર્ગનો ઉપદેશ સાકાર ઉપદેષ્ટા; એટલે દેહસ્થિતિએ જેણે મોક્ષ અનુભવ્યો છે એવા કરી શકે 'ભેત્તારં કર્મભૂભૃતાં' (કર્મરૂપ પર્વતને ભેદવાવાળા) અર્થાત્ કર્મરૂપી પર્વતો તોડયાથી મોક્ષ હોઈ શકે; એટલે જેણે દેહસ્થિતિએ કર્મરૂપી પર્વતો તોડયા છે તે સાકાર ઉપદેષ્ટા છે; તેવા કોણ ? વર્તમાનદેહે જે જીવન્મુક્ત છે તે. જે કર્મરૂપી પર્વતો તોડી મુક્ત થયા છે તેને ફરી કર્મનું હોવાપણું ન હોય; માટે કેટલાક માને છે, તેમ મુક્ત થયા પછી દેહ ધારણ કરે એવા જીવન્મુક્ત ન જોઇએ. જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં' (વિશ્વતત્ત્વના જાણનાર) એમ કહેવાથી એમ દર્શાવ્યું કે આપ્ત કેવા જોઈએ કે જે સમસ્ત વિશ્વના જ્ઞાયક હોય. 'વંદે તદ્ગુણ લબ્ધયે' (તેના ગુણની પ્રાપ્તિને અર્થે તેને વંદના કરું છું). અર્થાત્ આવા ગુણવાળા પુરૂષ હોય તે જ આપ્ત છે; અને તે જ વંદન યોગ્ય છે.

૩. મોક્ષપદ બધા ચૈતન્યને સામાન્ય જોઇએ. એક જીવ આશ્રયી નહીં. એટલે એ ચૈતન્યનો સામાન્ય ધર્મ છે. એક જીવને હોય અને બીજા જીવને ન હોય એમ બને નહીં.

૪. 'ભગવતી આરાધના' ઉપર શ્વેતામ્બરઆચાર્યોએ ટીકા કરેલ છે તે પણ તે જ નામે કહેવાય છે.

૫. કરણાનુયોગ કે દ્રવ્યાનુયોગમાં દિગમ્બર અને શ્વેતામ્બર વચ્ચે તફાવત નથી. માત્ર બાહ્ય વ્યવહારમાં તફાવત છે.

૬. કરણાનુયોગમાં ગણિતાકારે સિદ્ધાન્તો મેળવેલા છે. તેમાં તફાવત હોવાનો સંભવ નથી.

૭. કર્મગ્રન્થ મુખ્યપણે કરણાનુયોગમાં સમાય.

૮, 'પરમાત્માપ્રકાશ' દિગમ્બરઆચાર્યનો બનાવેલો છે. તે ઉપર ટીકા થઇ છે.

૯. નિરાકુળતા એ સુખ છે. સંકલ્પ એ દુઃખ છે.

૧૦. કાયક્લેશ તપ કરતાં છતાં મહામુનિને નિરાકુળતા અર્થાત્ સ્વસ્થતા જોવામાં આવે છે. મતલબ જેને તપાદિકની આવશ્યકતા છે, અને તેથી તપાદિક કાયક્લેશ કરે છે, છતાં સ્વાસ્થ્યદશા અનુભવે છે; તો પછી કાયક્લેક કરવાનું રહ્યું નથી એવા સિદ્ધભગવાનને નિરાકુળતા કેમ ન સંભવે ?

૧૧. દેહ કરતાં ચૈતન્ય સાવ સ્પષ્ટ છે. દેહગુણધર્મ જેમ જોવામાં આવે છે, તેમ આત્મગુણ-ધર્મ જોવામાં આવે તો દેહ ઉપરનો રાગ નષ્ટ થઇ જાય. આત્મવૃત્તિ વિશુદ્ધ થતાં બીજા દ્રવ્યને સંયોગે આત્મ દેહપણે-વિભાવે પરિણમ્યાનું જણાઈ રહે.

૧૨. અત્યંત ચૈતન્યનું સ્થિર થવું તે 'મુક્તિ.'

૧૩. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એના અભાવે અનુક્રમે યોગ સ્થિર થાય છે.

૧૪. પૂર્વના અભ્યાસને લીધે જે ઝોકું આવી જાય છે તે 'પ્રમાદ.'

૧૫. યોગને આકર્ષણ કરનાર નહીં હોવાથી એની મેળે સ્થિર થાય છે.

૧૬. રાગ અને દ્વેષ એ આકર્ષણ.

૧૭. સંક્ષેપમાં જ્ઞાનીનું એમ કહેવું છે કે, પુદ્ગલથી ચૈતન્યનો વિયોગ કરાવવો છે; એટલે કે રાગદ્વેષથી આકર્ષણ મટાડવું છે.

૧૮. અપ્રમત્ત થવાય ત્યાંસુધી જાગૃત જ રહેવાનું છે.

૧૯. જિનપૂજાદિ અપવાદમાર્ગ છે.

૨૦. મોહનીયકર્મ મનથી જીતાય, પણ વેદનીયકર્મ મનથી જીતાય નહીં; તિર્થંકરઆદિને પણ વેદવું પડે; ને બીજાના જેવું વસમું પણ લાગે. પરંતુ તેમાં (આત્મધર્મમાં) તેમના ઉપ-યોગની સ્થિરતા હોઈને નિર્જરા થાય છે, અને બીજાને-અજ્ઞાનીને બંધ પડે છે. ક્ષુધા, તૃષા એ મોહનીય નહીં પણ વેદનીયકર્મ છે.

૨૧, જો પુમાન પરધન હરૈ, સો અપરાધિ અજ્ઞ;
જે અપનો ધન વિવહરૈ, સો ધનપતિ ધર્મજ્ઞ.

—શ્રીબનારસીદાસ.

૨૨. પ્રવચનસારોદ્ધાર ગ્રન્થના ત્રીજા ભાગમાં જિનકલ્પનું વર્ણન કર્યું છે. એ ગ્રન્થ શ્વેતામ્બરી છે. તેમાં કહ્યું છે કે, એ કલ્પ સાધનાર નીચેના ગુણોવાળો મહાત્મા હોવો જોઇએ:—
૧. સંઘયણ. ૨. ધીરજ. ૩ શ્રુત. ૪. વીર્ય. ૫. અસંગતા.

૨૩. દિગમ્બરદૃષ્ટિમાં આ દશા સાતમા ગુણસ્થાનકવર્ત્તીની છે. દિગમ્બરદૃષ્ટિ પ્રમાણે સ્થિવિરકલ્પી અને જિનકલ્પી એ નગ્ન હોય; અને શ્વેતામ્બર પ્રમાણે પહેલા એટલે સ્થિવિર નગ્ન ન હોય. એ કલ્પ સાધનારને શ્રુતજ્ઞાન એટલું બધું બળવાન હોવું જોઈએ કે, વૃત્તિ શ્રુતજ્ઞાનાકારે હોવી જોઈએ; વિષયાકારે વૃત્તિ થવી ન જોઈએ. દિગમ્બર કહે છે કે નાગાનો એટલે નગ્ન સ્થિતિવાળાનો મોક્ષમાર્ગ છે. બાકી તો ઉન્મત્તમાર્ગ છે. નગાએ મોખમગ્ગો, શેષાય ઉમગ્ગયા સવ્વે. વળી 'નાગો એ બાદશાહથી આઘો એટલે તેથી વધારે ચઢિયાતો' એ કહેવત પ્રમાણે એ સ્થિતિ બાદશાહને પૂજ્ય છે.[1]

૨૪. ચેતના ત્રણ પ્રકારની.—૧. કર્મફળચેતના-એકેન્દ્રિય જીવ અનુભવે છે. ૨. કર્મચેતના-વિકલેન્દ્રિય તથા પંચેંદ્રિય અનુભવે છે. ૩. જ્ઞાનચેતના-સિદ્ધપર્યાય અનુભવે છે.

૨૫. મુનિઓની વૃત્તિ અલૌકિક હોવી જોઈએ; તેને બદલે હાલ લૌકિક જોવામાં આવે છે.

---

૧. ઉત્કૃષ્ટ સંયમદશાનું પ્રતિપાદન આ પ્રસંગમાં કર્યું છે.—સંશોધક.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ વદ ૨, શનિ.–તા. ૧૪।૭।૧૯૦૦

૨૬. પર્યાયાલોચન–એક વસ્તુને બીજી રીતે વિચારવી તે.

૨૭. આત્માની પ્રતીતિ માટે સંકલનાપ્રત્યે દષ્ટાંતઃ–છ ઇંદ્રિયોમાં મન અધિષ્ઠાતા છે; અને બાકીની પાંચ ઇંદ્રિયો તેની આજ્ઞા પ્રમાણે વર્ત્તનાર છે; અને તેની સંકલના કરનાર પણ એક મન જ છે. મન જો ન હોત તો કોઈ કાર્ય બનત નહીં. વાસ્તવિક રીતે કોઇ ઇંદ્રિયનું કાંઇ વળતું નથી. મનનું સમાધાન થાય છે; તે એ પ્રમાણે કે, એક ચીજ આંખે જોઈ, તે લેવા પગે ચાલવા માંડયું. ત્યાં જઈ હાથે લીધી, ને ખાધી ઈત્યાદિ. તે સઘળી ક્રિયાનું સમાધાન મને કર્યું છતાં એ સઘળાનો આધાર આત્મા ઉપર છે.

૨૮. જે પ્રદેશે વેદના વધારે હોય તે મુખ્યપણે વેદે છે; અને બાકીના ગૌણપણે વેદે છે.

૨૯. જગતમાં અભવ્યના જીવ અનંતગુણા છે. તેથી અનંતગુણા પરમાણું એક સમયે એક જીવ ગ્રહણ કરે છે.

૩૦. દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવે બાહ્ય અને અભ્યંતર પરિણમતાં પરમાણુ જે ક્ષેત્રે વેદનારૂપે ઉદયમાં આવે ત્યાં એકઠા થઈ ત્યાં તે રૂપે પરિણમે, અને ત્યાં જેવા પ્રકારનો બંધ હોય તે ઉદયમાં આવે. પરમાણુઓ માથામાં એકઠા થાય તો ત્યાં માથાના દુઃખાવાને આકારે પરિણમે છે, આંખમાં આંખની વેદનાના આકારે પરિણમે છે.

૩૧. એનું એ જ ચૈતન્ય સ્ત્રીને સ્ત્રીરૂપે, અને પુરૂષને પુરૂષરૂપે પરિણમે છે; અને ખોરાક પણ તથાપ્રકારના જ આકારે પરિણમી પુષ્ટિ આપે છે.

૩૨. પરમાણુ પરમાણુને શરીરમાં લડતાં કોઇએ જોયાં નથી; પણ તેનું પરિણામવિશેષ જાણવામાં આવે છે. તાવની દવા તાવ અટકાવે છે એ જાણી શકીએ છીએ, પણ અંદર શું ક્રિયા થઈ તે જાણી શકતા નથી એ દષ્ટાન્તે કર્મ બંધ થતો જોવામાં આવતો નથી, પણ વિપાક જોવામાં આવે છે.

૩૩. અનાગાર–જેને વ્રતને વિષે અપવાદ નહીં તે.

૩૪. અણગાર–ઘરવિનાના.

૩૫. સમિતિ–સમ્યક્પ્રકારે જેની મર્યાદા રહી છે તે મર્યાદાસહિત, યથાસ્થિતપણે પ્રવર્ત્તવાનો જ્ઞાનીઓએ જે માર્ગ કહ્યો છે તે માર્ગ પ્રમાણે માપસહિત પ્રવર્ત્તવું તે.

૩૬. સત્તાગત–ઉપશમ.

૩૭. શ્રવણ ભગવાન્–સાધુભગવાન્ અથવા મુનિ ભગવાન્.

૩૮. અપેક્ષા–જરૂરિયાત;- ઇચ્છા.

૩૯. સાપેક્ષ–બીજા કારણ, હેતુની જરૂરિયાત ઇચ્છે છે તે.

૪૦. સાપેક્ષત્વ અથવા અપેક્ષાએ–એક બીજાને લઇને.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના આશાડ વદ ૩, રવિ–તા૦ ૧૫।૭।૧૯૦૦

૧. પાર્થિવપાક–સત્તાએ થયેલો.

૨. અનુપપન્ન–નહીં સંભવિત; નહીં સિદ્ધ થવાયોગ્ય.

રાત્રે.–શ્રાવકઆશ્રયી. પરસ્ત્રીત્યાગ તથા બીજા અણુવ્રત વિષે.

૧. જ્યાંસુધી મૃગ અને પરસ્ત્રીનો ત્યાગ કરવામાં આવે નહીં ત્યાંસુધી સર્વ ક્રિયા નિષ્ફળ છે; ત્યાંસુધી આત્મામાં છળ કપટ હોવાથી ધર્મ પરિણમતો નથી.

૨. ધર્મ પામવાની આ પ્રથમ ભૂમિકા છે.

૩. જ્યાંસુધી મૃષાત્યાગ અને પરસ્ત્રીત્યાગ એ ગુણો ન હોય ત્યાંસુધી વક્તા તથા શ્રોતા હોઈ શકે નહીં.

૪. મૃષા જવાથી ઘણી અસત્ય પ્રવૃત્તિ ઓછી થઈ નિવૃત્તિનો પ્રસંગ આવે છે. સહજ વાતચિત કરતાં પણ વિચાર કરવો પડે.

૫. મૃષા બોલવાથી જ લાભ થાય એવો કાંઈ નિયમ નથી. જો તેમ હોય તો સાચા બોલનારા કરતાં જગત્‌માં અસત્ય બોલનારા ઘણા હોય છે, તો તેઓને ઘણો લાભ થવો જોઇએ તેમ કાંઈ જોવામાં આવતું નથી; તેમ અસત્ય બોલવાથી લાભ થતો હોય તો કર્મ સાવ રદ થઈ જાય, અને શાસ્ત્ર પણ ખોટાં પડે.

૬. સત્યનો જય છે. પ્રથમ મુશ્કેલી જણાય, પણ પાછળથી સત્યનો પ્રભાવ થાય, ને તેની અસર સામા માણસ તથા સંબંધમાં આવનાર ઉપર થાય.

૭. સત્યથી મનુષ્યનો આત્મા સ્ફટિક જેવો જણાય છે.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ વદ ૪ સોમ,-તા૦ ૧૬।૭।૧૯૦૦

૧. દિગમ્બરસંપ્રદાય એમ કહે છે કે આત્મામાં 'કેવળજ્ઞાન' શક્તિ રૂપે રહ્યું છે.

૨. શ્વેતામ્બરસંપ્રદાય કેવળજ્ઞાન સત્તારૂપે રહ્યાનું કહે છે.

૩. 'શક્તિ'શબ્દનો અર્થ 'સત્તા'થી વધારે ગૌણ થાય છે.

૪. શક્તિરૂપે છે, એટલે આવરણથી રોકાયું નથી. જેમ જેમ શક્તિ વધતી જાય એટલે તેના ઉપર જેમ જેમ પ્રયોગ થતા જાય, તેમ તેમ જ્ઞાન વિશુદ્ધ થતું જઇ, કેવળજ્ઞાન પ્રગટ થાય.

૫. સત્તામાં એટલે આવરણમાં રહ્યું છે એમ કહેવાય.

૬. સત્તામાં કર્મપ્રકૃતિ હોય તે ઉદયમાં આવે એ શક્તિરૂપે ન કહેવાય.

૭. સત્તામાં કેવળજ્ઞાન હોય અને આવરણમાં ન હોય એમ ન બને.[1]

૮. કાન્તિ, દીપ્તિ, શરીરનું બળવું, ખોરાકનું પાચન થવું, લોહીનું ફરવું, ઉપરના પ્રદેશોનું નીચે આવવું, નીચેનાનું ઉપર જવું (વિશેષ કારણથી સમુદ્‌ઘાતાદિ), રતાશ, તાવ આવવો; એ બધી તૈજસ પરમાણુની ક્રિયાઓ છે. તેમ જ સામાન્ય રીતે આત્માના પ્રદેશો ઉંચા નીચા થયા કરે એટલે કંપાયમાન રહે તે પણ તૈજસ પરમાણુથી.

૯. કાર્મણશરીર તે જ સ્થળે આત્મપ્રદેશોને પોતાના આવરણના સ્વભાવ બતાવે.

૧૦. આત્માના આઠ રોચક પ્રદેશ પોતાનું સ્થાન ન બદલે. સામાન્ય રીતે સ્થૂળ નયથી એ આઠ પ્રદેશ નાભિના કહેવાય; સૂક્ષ્મપણે ત્યાં અસંખ્યાતા પ્રદેશ કહેવાય.[2]

૧૧. એક પરમાણુ એક પ્રદેશી છતાં છ દિશાને સ્પર્શે. (ચાર દિશા તથા એક ઉર્ધ્વ અને બીજી અધો એ મળી છ દિશા.)

૧૨. નિયાણું એટલે નિદાન.

૧૩. આઠ કર્મ બધાં વેદનીય છે; કારણ કે બધાં વેદાય છે; પરંતુ લોકપ્રસિદ્ધ વેદવું થતું નહીં હોવાથી લોકપ્રસિદ્ધ વેદનીયકર્મ જુદું ગણ્યું છે.

૧૪. કાર્મણ, તૈજસ, આહાર, વૈક્રિય અને ઔદારિક એ પાંચ શરીરના પરમાણુ એકનાએક એટલે સરખા છે; પરંતુ તે આત્માના પ્રયોગ પ્રમાણે પરિણમે છે.

૧૫. અમુક અમુક મગજમાંની નસો દાબવાથી ક્રોધ, હાસ્ય, ઘેલછા ઉત્પન્ન થાય છે. શરીરમાં

---

૧. અહીં શ્રોતાએ આ પ્રમાણે નોંધ કરી છે:-'ભગવતી આરાધના'માં વિશેષ જોવા (શ્રીમદે) ભલામણ કરી; એ પ્રસંગ વિશેષપણે સમજાવવા (શ્રીમદે) કહ્યું:—સંશોધક.

૨. શ્રોતાની નોંધઃ—"આઠ પ્રદેશનો સંબંધ (શ્રીમદે) બતાવ્યો:."—સંશોધક.

મુખ્ય મુખ્ય સ્થળો જીભ, નાશિકા, ઇત્યાદિ પ્રગટ જણાય છે તેથી માનીએ છીએ, પણ આવાં સૂક્ષ્મ સ્થાનો પ્રગટ જણાતાં નથી એટલે માનતા નથી; પણ તે જરૂર છે.

૧૬. વેદનીયકર્મ એ નિર્જરારૂપે છે. પણ દવા ઇત્યાદિ તેમાંથી ભાગ પડાવી જાય.

૧૭. જ્ઞાનીએ એમ કહ્યું છે કે, આહાર લેતાંય દુઃખ થતું હોય, અને છોડતાંય દુઃખ થતું હોય ત્યાં સંલેખના કરવી. તેમાં પણ અપવાદ હોય છે, જ્ઞાનીએ કાંઇ આત્મઘાત કરવાની ભલામણ કરી નથી.

૧૮. જ્ઞાનીએ અનંત ઔષધિ અનંતા ગુણોસંયુક્ત જોઈ છે, પરંતુ મોત મટાડી શકે એવી ઔષધિ કોઈ જોવામાં આવી નહીં! વૈદ્ય અને ઔષધિ એ નિમિત્તરૂપ છે.

૧૯. બુદ્ધદેવને રોગ, દારિદ્રતા, વૃદ્ધાવસ્થા, અને મોત એ ચાર બાબત ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થતો હતો.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ વદ ૪ ભોમ,–તા૦ ૧૭।૭।૧૯૦૦.

૧. ચક્રવર્તિને ઉપદેશ કરવામાં આવે, તો તે ઘડીકમાં રાજ્યનો ત્યાગ કરે. પણ ભિક્ષુકને અનંતિ તૃષ્ણા હોવાથી તે પ્રકારનો ઉપદેશ તેને અસર કરે નહીં.

૨. જો એક વખત આત્મામાં અંતર્વૃત્તિ સ્પર્શી જાય, તો અર્ધપુદ્ગલપરાવર્ત્તન રહે એમ તીર્થંકરાદિએ કહ્યું છે. અંતર્વૃત્તિ જ્ઞાનથી થાય છે. અંતર્વૃત્તિ થવાનો આભાસ એની મેળે (સ્વભાવે જ) આત્મામાં થાય છે. અને તેમ થવાની ખાત્રી પણ સ્વાભાવિક થાય છે. અર્થાત્ આત્મા 'થરમોમીટર' સમાન છે. તાવ હોવાની તેમ તાવ ઉતરી જવાની ખાત્રી 'થરમોમીટર' આપે છે. જો કે 'થરમોમીટર તાવની આકૃતિ બતાવતું નથી, છતાં તેથી પ્રતીતિ થાય છે. તેમ અંતર્વૃત્તિ થયાની આકૃતિ જણાતી નથી, છતાં અંતર્વૃત્તિ થઈ છે એમ આત્માને પ્રતીતિ થાય છે. ઔષધ કેવી રીતે તાવ ઉતારે છે, તે કાંઈ બતાવતું નથી, છતાં ઔષધથી તાવ ખસી જાય છે-એમ પ્રતીતિ થાય છે. એ જ રીતે અંતર્વૃત્તિ થયાની એની મેળે જ પ્રતીતિ થાય છે. આ પ્રતીતિ તે 'પરિણામપ્રતીતિ' છે.

૩. વેદનીય કર્મ.૦૧

૪. નિર્જરાનો અસંખ્યાતગુણો ઉત્તરોત્તર ક્રમ છે, સમ્યક્દર્શન પામેલ નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવ કરતાં સમ્યક્દૃષ્ટિ અનંતગુણી નિર્જરા કરે છે. ૨

૫. તીર્થંકરાદિનો ગૃહસ્થાશ્રમમાં વર્ત્તતાં છતાં 'ગાઢ' અથવા 'અવગાઢ' સમ્યક્ત્વ હોય છે.

૬. 'ગાઢ' અથવા 'અવગાઢ' એક જ કહેવાય.

૭. કેવળીને 'પરમાવગાઢ સમ્યક્ત્વ' હોય છે.

૮. ચોથે ગુણસ્થાનકે, 'ગાઢ' અથવા સમ્યક્ત્વ હોય છે.

૯. ક્ષાયિક સમ્યક્ત્વ અથવા ગાઢ અવગાઢ સમ્યક્ત્વ એક સરખું છે.

૧૦. દેવ, ગુરૂ, તત્ત્વ, અથવા ધર્મ અથવા પરમાર્થને તપાસવાના ત્રણ પ્રકાર છે. (૧) કસ, (૨) છેદ, અને (૩) તાપ. એમ ત્રણ પ્રકારે કસોટી થાય છે. સોનાની કસોટીને દૃષ્ટાન્તે. (ધર્મબિંદુ ગ્રન્થમાં છે.) પહેલા બીજા પ્રકારે કોઇમાં મળતાપણુ આવે, પરંતુ તાપની વિશુદ્ધ કસોટીએ શુદ્ધ જણાય તો તે દેવ ગુરૂ અને ધર્મ ખરા ગણાય.

---

૦૧. શ્રોતાની નોંધ:–વેદનીયકર્મની ઉદયમાન પ્રકૃતિમાં આત્મા હર્ષ ધરે છે, તો કેવા ભાવમાં આત્મા ભાવિત રહેવાથી તેમ થાય છે એ વિષે સ્વાત્માગતી વિચારણા (શ્રીમદે) કહ્યું."—સંશોધક.

૨. "એમ અનંત ગુણનિર્જરાનો ચઢિઆતો ક્રમ ચૌદમા ગુણ સ્થાનક સુધી (શ્રીમદે) બતાવ્યો, અને સ્વામિકાર્તિકની શાખ આપી." એ પ્રકારે આ સ્થળ નોંધ કરી છે.—સંશોધક.

૧૧. શિષ્યની જે ખામીઓ હોય છે તે જે ઉપદેશકના ધ્યાનમાં આવતી નથી તે ઉપદેશકર્ત્તા ન સમજવો. આચાર્યો એવા જોઇએ કે શિષ્યનો અલ્પ દોષ પણ જાણી શકે, અને તેનો યથાસમયે બોધ પણ આપી શકે.

૧૨. સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થ એવા હોવા જોઇએ કે જેની પ્રતીતિ દુશ્મનો પણ કરે, એમ જ્ઞાનીઓએ કહ્યું છે. તાત્પર્ય કે, એવા નિષ્કલંક ધર્મ પાળનારા હોવા જોઇએ.[1]

રાત્રે.

૧૩, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન વચ્ચે તફાવતઃ [2]

૧૪. પરમાવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનથી પણ ચઢી જાય છે; અને તે એક અપવાદરૂપે છે.

સંવત્ ૧૯૫૭ (હાલારી)ના અશાડ વદ ૫ બુધ,–તા૦ ૧૮।૭।૧૯૦૦.

૧. આરાધના થવા માટે સઘળાં શ્રુતજ્ઞાન છે, અને તે આરાધનાનું વર્ણન કરવા શ્રુતકેવળી પણ અશક્ય છે,

૨. જ્ઞાન, લબ્ધિ, ધ્યાન અને સમસ્ત આરાધનાનો પ્રકાર પણ એવો જ છે.

૩. ગુણનું અતિશયપણું જ પૂજ્ય છે, અને તેને આધીન લબ્ધિ, સિદ્ધિ ઇત્યાદિ છે; અને ચારિત્ર સ્વચ્છ કરવું એ તેનો વિધિ છે.

૪. દશવૈકાલિકમાં પહેલી ગાથા–" ધમ્મો મંગલ મુક્કિઠં, અહિંસા સંયમોતવો ! દેવાવિ તં નમંસંતિ જસ ધમ્મે સયામણો" ॥ એમાં સર્વ વિધિ સમાઇ જાય છે. પણ અમુક વિધિ એમ કહેવામાં આવેલ નથી તેથી એમ સમજવામાં આવે છે, કે સ્પષ્ટપણે વિધિ બતાવ્યો નથી.

૫. ગુણાતિશયમાં જ ચમત્કાર છે. (આત્માના).

૬. સર્વોત્કૃષ્ટ શાન્ત સ્વભાવ કરવાથી પરસ્પર વૈરવાળાં પ્રાણીઓ પોતાનો વૈરભાર છોડી દઇ શાન્ત થઇ બેસે છે. એવો શ્રી તીર્થંકરનો અતિશય છે.

૭. જે કાંઈ સિદ્ધિ, લબ્ધિ ઇત્યાદિ છે તે આત્માના જાગૃતપણામાં એટલે આત્માના અપ્રમત્ત સ્વભાવમાં છે. તે બધી શક્તિઓ આત્માને આધીન છે. આત્માવિના કાંઈ નથી. એ સર્વનું મૂળ સમ્યક્ જ્ઞાન દર્શન અને ચારિત્ર છે.

૮. અત્યંત લેશ્યાશુદ્ધિ હોવાને લીધે પરમાણુ પણ શુદ્ધ હોય છે. સાત્વિક અસાત્વિક ઝાડ નીચે બેસવાથી જણાતી અસરના દૃષ્ટાન્તે.

૯. લબ્ધિ સિદ્ધિ સાચી છે; અને તે અપેક્ષાવગરના મહાત્માને પ્રાપ્ત થાય છે, જોગી વૈરાગી એવા મિથ્યાત્વીને પ્રાપ્ત થતી નથી. તેમાં પણ અનંત પ્રકાર હોઇને અપવાદ છે. એવી શક્તિઓવાળા મહાત્મા જાહેરમાં આવતા નથી; તેમ બતાવતા પણ નથી. જે કહે છે તેની પાસે તેવું હોતું નથી.

૧૦. લબ્ધિ ક્ષોભકારી, અને ચારિત્રને શિથિલ કરનારી છે, લબ્ધિ આદિ માર્ગથી પડવાનાં કારણો

---

૧. શ્રોતાની નોંધઃ–"અવધિજ્ઞાન, અને મનઃપર્યવજ્ઞાન સંબંધી 'નંદિસૂત્ર'માં જે વાંચવામાં આવેલ તેથી અભિપ્રાય જૂદો થએલ, તે જ પ્રમાણે 'ભગવતી આરાધના'માં અધિકાર વાંચવામાં આવ્યાનું (શ્રીમદે)જણાવ્યું. બન્ને વચ્ચે શું તફાવત છે તે જણાવવામાં નથી આવ્યો–સંશોધક.

૨ શ્રોતાએ અત્ર નોંધ કરી છે કે, "પહેલા (અવધિ) જ્ઞાનના કટકા થાય છે; હીયમાન ઇત્યાદિ છે. ચોથે ગુણસ્થાનકે પણ હોઈ શકે; સ્થૂળ છે; એટલે મનના સ્થૂલ પર્યાય જાણી શકે; અને બીજું (મનઃપર્યવ) જ્ઞાન સ્વતંત્રખાસ, મનના પર્યાય સંબંધી શક્તિવિશેષને લઈને એક જૂદા તાલુકાની માફક છે; તે અખંડ છે, અપ્રમત્તને જ થઇ શકે ઇત્યાદિ મુખ્ય મુખ્ય તફાવત (શ્રીમદે) કહી બતાવ્યો." =સંશોધક.

છે. તેથી કરી જ્ઞાનીને તેનો તિરસ્કાર હોય છે. જ્ઞાનીને જ્યાં લબ્ધિ, સિદ્ધિ આદિથી પડવાનો સંભવ ઉત્પન્ન થાય છે ત્યાં તે પોતાથી વિશેષ જ્ઞાનીનો આશ્રય શોધે છે.

૧૧. આત્માની યોગ્યતાવગર એ શક્તિ આવતી નથી. આત્માએ પોતાનો અધિકાર વધારવાથી તે આવે છે.

૧૨. દેહ છૂટે છે તે પર્યાય છૂટે છે; પણ આત્મા આત્માકારે અખંડ ઉભો રહે છે; પોતાનું કાંઈ જતું નથી; જે જાય છે તે પોતાનું નથી એમ પ્રત્યક્ષ જ્ઞાન થાય નહીં ત્યાંસુધી મૃત્યુનો ભય લાગે છે.

૧૩. ગુરૂ ગણધર ગુણધર અધિક, પ્રચુર પરંપર ઔર;
વ્રત તપ તનુ નગન ધર, વંદો વૃષ શિરમોર. ૧

—સ્વામિકાર્તિક.

પ્રચુર=છુટક, છુટક; વિરલા વૃષ=ધન. શિરમોર=માથાના મુકુટ.

૧૪. અવગાઢ=મજબૂત. પરમાવગાઢ ઉત્કૃષ્ટપણે મજબૂત. અવગાહ—એક પરમાણુ પ્રદેશ રોકે તે વ્યાપવું. શ્રાવક—જ્ઞાનીના વચનના શ્રોતા; જ્ઞાનીનું વચન શ્રવણ કરનાર. દર્શન જ્ઞાન વગર ક્રિયા કરતાં છતાં શ્રુતજ્ઞાન વાંચતાં છતાં શ્રાવક સાધુ હોઇ શકે નહીં. ઉદયિક ભાવે તે શ્રાવક, સાધુ કહેવાય. પરિણામિકભાવે કહેવાય નહીં. સ્થવિર=સ્થિર જામેલ.

૧૫. સ્થવિરકલ્પ=જે સાધુ વૃદ્ધ થયેલ છે તેઓને શાસ્ત્રમર્યાદાએ વર્ત્તવાનો—ચાલવાનો જ્ઞાનીઓએ મુકરર કરેલો, બાંધેલો; નક્કી કરેલો માર્ગ—નિયમ.

૧૬. જિનકલ્પ—એકાકી વિચરનારા સાધુઓને માટે કલ્પેલો અર્થાત્ બાંધેલો—મુકરર કરેલો જિનમાર્ગ વા નિયમ.

તા૦ ૧૯ા૩ા૧૯૦૦.

૧. સર્વ ધર્મ કરતાં જૈનધર્મ ઉત્કૃષ્ટ દયાપ્રણીત છે. દયાનું સ્થાપન જેવું તેમાં કરવામાં આવ્યું છે, તેવું બીજા કોઇમાં નથી. "માર" એ શબ્દ જ "મારી" નાખવાની સજ્જડ છાપ તીર્થંકરોએ આત્મામાં મારી છે. એ જગોએ ઉપદેશનાં વચનો પણ આત્મામાં સર્વોત્કૃષ્ટ અસર કરે છે, શ્રી જિનની છાતીમાં જીવહિંસાના પરમાણુ જ ન હોય એવો અહિંસાધર્મ શ્રી જિનનો છે. જેનામાં દયા ન હોય તે જિન ન હોય. જૈનને હાથે ખુન થવાના બનાવો પ્રમાણમાં અલ્પ હશે. જૈન હોય તે અસત્ય બોલે નહીં.

૨. જૈન શિવાય બીજા ધર્મોને મુકાબલે અહિંસામાં બૌદ્ધ પણ ચઢી જાય છે, બ્રાહ્મણોની યજ્ઞાદિ હિંસકક્રિયાનો નાશ પણ શ્રી જિને શ્રી બુદ્ધે કર્યો છે. જે હજુ સુધી કાયમ છે.

૩. બ્રાહ્મણો યજ્ઞાદિ હિંસકધર્મવાળા હોવાથી શ્રી જિને તથા શ્રી બુદ્ધે સખત શબ્દો વાપરી ધિક્કાર્યા છે, તે યથાર્થ છે.

૪. બ્રાહ્મણોએ સ્વાર્થબુદ્ધિથી એ હિંસકક્રિયા દાખલ કરી છે. શ્રી જિને તેમ જ શ્રી બુદ્ધે જાતે વૈભવત્યાગ કરેલો હોવાથી તેઓએ નિઃસ્વાર્થબુદ્ધિએ દયાધર્મનો ઉપદેશ કરી હિંસકક્રિયાનો વિચ્છેદ કર્યો. જગત્સુખમાં તેઓની સ્પૃહા નહોતી,

૫. હિંદુસ્થાનના લોકો એક વખત એક વિદ્યાનો અભ્યાસ એવી રીતે છોડી દે છે કે, ફરીને તે ગ્રહણ કરતાં તેઓને કંટાળો આવે છે. યુરોપિયન પ્રજામાં તેથી ઉલટું છે. તેઓ તદ્દન છોડી દેતા નથી. પણ ચાલુ જ રાખે છે. પ્રવૃત્તિના કારણને લઇને વત્તોઓછો અભ્યાસ થઈ શકે એ વાત જૂદી.

રાત્રે.—

૬. વેદનીયકર્મની સ્થિતિ જઘન્ય બાર મુહૂર્ત્તની છે; તેથી ઓછી સ્થિતિનો બંધ પણ કષાય વગર એક સમયનો પડે, બીજે સમયે વેદે, ત્રીજે સમયે નિર્જરે.

૭. ઈર્યાપથિકી ક્રિયા=ચાલવાની ક્રિયા.

૮. એક સમયે સાત, અથવા આઠ પ્રકૃતિનો બંધ થાય છે. ખોરાક તથા વિષનાં દૃષ્ટાન્તે. જેમ ખોરાક એક જગોએથી લેવામાં આવે છે પણ તેનો રસ દરેક ઇન્દ્રિયને પહોંચે છે, ને દરેક ઇન્દ્રિયો જ પોતે પોતાની શક્તિપ્રમાણે ગ્રહી તે રૂપે પરિણમે છે. તેમાં તફાવત પડતો નથી. તેવી જ રીતે વિષ લેવામાં આવે, અથવા સર્પદંસ થાય તો તે ક્રિયા તો એક જ ઠેકાણે થાય છે, પરંતુ તેની અસર ઝેરરૂપે દરેક ઇન્દ્રિયને જૂદે જૂદે પ્રકારે આખે શરીરે થાય છે. આ જ રીતે કર્મ બાંધતી વખત મુખ્ય ઉપયોગ એક પ્રકૃતિનો હોય છે, પરંતુ તેની અસર અર્થાત્ વહેંચણુ બીજી સર્વ પ્રકૃતિઓને અન્યોઅન્યના સંબંધને લઇને મળે છે. જેવો રસ તેવું ગ્રહણ કરવું થાય. જે ભાગમાં સર્પદંસ થાય તે ભાગ કાપી નાંખવામાં આવે, તો ઝેર ચઢતું નથી; તે જ પ્રમાણે પ્રકૃતિનો ક્ષય કરવામાં આવે તો બંધ પડતો અટકે છે. અને તેને લીધે બીજી પ્રકૃતિઓમાં વેહેંચણુ થતી અટકે છે. બીજા પ્રયોગથી જેમ ચઢેલું ઝેર પાછું ઉતરે છે, તેમ પ્રકૃતિનો રસ મંદ કરી નાંખવામાં આવે તો તેનું બળ ઓછું થાય છે. એક પ્રકૃતિ બંધ કરે કે બીજી પ્રકૃતિઓ તેમાંથી ભાગ લે; એવો તેમાં સ્વભાવ રહેલો છે.

૯. મૂળ કર્મપ્રકૃતિનો ક્ષય થયો ન હોય ત્યાંસુધી ઉત્તર કર્મપ્રકૃતિનો બંધ વિચ્છેદ થયો હોય તોપણ તેનો બંધ મૂળ પ્રકૃતિમાં રહેલા રસને લીધે પડી શકે છે. તે આશ્ચર્ય જેવું છે.

૧૦. અનંતાનુબંધીય કર્મપ્રકૃતિની સ્થિતિ ૪૦ કોડાકોડિની, અને મોહનીય (દર્શનમોહનીય)ની ૭૦ કોડાકોડિની છે તેનું કારણ.

તા૦ ૨૦।૭।૧૯૦૦.

૧. આયુનો બંધ એક આવતા ભવનો આત્મા કરી શકે. તેથી વધારે ભવનો ન કરી શકે.

૨. કર્મગ્રન્થના બંધચક્રમાં આઠ કર્મપ્રકૃતિ જે બતાવી છે તેની ઉત્તર પ્રકૃતિઓ એક જીવઆશ્રયી અપવાદ સાથે બંધ ઉદયાદિમાં છે, પરંતુ તેમાં આયુ અપવાદરૂપે છે. તે એવી રીતે કે, મિથ્યાત્વગુણસ્થાનકવર્ત્તી જીવને બંધમાં ચાર આયુની પ્રકૃતિનો (અપવાદ) જણાવ્યો છે. તેમાં એમ સમજવાનું નથી કે ચાલતા પર્યાયમાં ચારે ગતિના આયુનો બંધ કરે; પરંતુ આયુનો બંધ કરવા માટે વર્ત્તમાનપર્યાયમાં એ ગુણસ્થાનકવર્ત્તી જીવને ચાર ગતિ ખુલ્લી છે. તેમાં ચારમાંથી એક એક ગતિનો બંધ કરી શકે. તે જ પ્રમાણે જે પર્યાયમાં જીવ હોય તેને તે આયુનો ઉદય હોય. મતલબ કે ચાર ગતિમાંથી વર્ત્તમાન એક ગતિનો ઉદય હોઈ શકે; ને ઉદીરણા પણ તેની જ હોઇ શકે.

૩. જે પ્રકૃતિ ઉદયમાં હોય તે શિવાય બીજી પ્રકૃતિની ઉદીરણા કરી શકે; ને તેટલો વખત ઉદયમાન્ પ્રકૃતિ રોકાઈ જાય; ને પછી ઉદયમાં આવે.

૪. ૭૦ કોડાકોડિનો મોટામાં મોટો સ્થિતિબંધ છે. તેમાં અસંખ્યાતા ભવ થાય. વળી પાછો તેવો ને તેવો ક્રમે ક્રમે બંધ પડતો જાય. એવા અનંત બંધની અપેક્ષાએ અનંતાભવ કહેવાય; પણ આગળ કહ્યા પ્રમાણે જ ભવનો બંધ પડે.

તા૦ ૨૧।૭।૧૯૦૦.

૧. વિશિષ્ટ—મુખ્યપણે મુખ્યપણાવાચક શબ્દ છે.

૨. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય એ ત્રણ પ્રકૃત્તિ ઉપશમભાવમાં હોઈ શકે જ નહીં. ક્ષયોપશમભાવે જ હોય. એ પ્રકૃતિ જો ઉપશમભાવે હોય તો આત્મા જડવત્ થઈ જાય; અને ક્રિયા પણ કરી શકે નહીં; અથવા તો તેનાથી પ્રવર્ત્તન પણ થઈ શકે નહીં. જ્ઞાનનું કામ જાણવાનું છે. દર્શનનું કામ દેખવાનું છે; અને વીર્યનું કામ પ્રવર્ત્તવાનું છે. વીર્ય બે પ્રકારે પ્રર્ત્તી શકે છેઃ ૧. અભિસંધિ. ૨. અનભિસંધિ. અભિસંધિ—આત્માની પ્રેરણાથી વીર્યનું પ્રવર્ત્તવું થાય તે. અનભિસંધિ—કષાયથી વીર્યનું પ્રવર્ત્તવું થાય તે. જ્ઞાનદર્શનમાં ભૂલ થતી નથી. પરંતુ ઉદયભાવે રહેલા દર્શનમોહને લીધે ભૂલ થવાથી એટલે ઔરનું ઔર જણાવાથી વીર્યની પ્રવૃત્તિ વિપરીતપણે થાય છે. જો સમ્યક્પણે થાય, તો સિદ્ધપર્યાય પામે. આત્મા કોઈ પણ વખતે ક્રિયા વગરનો હોઈ શકતો નથી. જ્યાં સુધી યોગો છે ત્યાંસુધી ક્રિયા કરે છે તે પોતાની વીર્યશક્તિથી કરે છે. તે ક્રિયા જોવામાં આવતી નથી; પણ પરિણામ ઉપરથી જાણવામાં આવે છે. ખાધેલો ખોરાક નિદ્રામાં પચી જાય છે એમ સવારે ઉઠતાં જણાય છે. નિદ્રા સારી આવી હતી ઇત્યાદિક બોલીએ છીએ તે થયેલી ક્રિયા સમજ્તયાથી બોલવામાં આવે છે. ચાળીશ વર્ષની ઉમરે આંકડા ગણતાં આવડે તો શું તે પહેલાં આંકડા નહોતા એમ કાંઇ કહી શકાશે ? નહીં જ. પોતાને જ્ઞાન નહોતું તેથી એમ કહે. આ જ પ્રમાણે જ્ઞાન દર્શનનું સમજવાનું છે. આત્માનાં જ્ઞાન દર્શન અને વીર્ય થોડાં ઘણાં પણ ખુલ્લાં રહેતાં હોવાથી આત્મા ક્રિયામાં પ્રવર્તી શકે. વીર્ય ચળાચળ હમેશાં રહ્યા કરે છે. કર્મગ્રન્થ વાંચવાથી વિશેષ સ્પષ્ટ થશે. આટલા ખુલાસાથી બહુ લાભ થશે.

૩. પારિણામિકભાવે હમેશા જીવત્વપણુ છે; એટલે જીવ જીવપણે પરિણમે, અને સિદ્ધત્વ ક્ષાયિકભાવે હોય, કારણ કે પ્રકૃતિઓનો ક્ષય કરવાથી સિદ્ધપર્યાય પમાય છે.

૪. મોહનીયકર્મ ઉદયિકભાવે હોય.

૫. વાણિયા બોડા અક્ષર લખે છે, પણ આંકડા બોડા લખતા નથી. ત્યાં તો બહુ સ્પષ્ટપણે લખે છે. તેવી રીતે કથાનુયોગમાં જ્ઞાનીઓએ વખતે બોડું લખ્યું હોય તો ભલે. બાકી કર્મપ્રકૃતિમાં તો ચોકસ આંકડા લખ્યા છે. તેમાં જરા તફાવત આવવા નથી દીધો.

તા૦ ૨૨।૭।૧૯૦૦.

૧. જ્ઞાન એ દોરો પરોવેલ સોય જેવું છે એમ ઉત્તરાધ્યયનસૂત્રમાં કહેલું છે. દોરો પરોવેલ સોય ખોવાતી નથી તેમ જ્ઞાન હોવાથી સંસારમાં ભૂલું પડાતું નથી.

તા૦ ૨૩।૭।૧૯૦૦.

૧. પ્રતિહાર—તીર્થંકરનું ધર્મરાજ્યપણુ બતાવનાર. પ્રતિહાર—દરવાન.

૨. સ્થૂળ, અલ્પ સ્થૂળ, તેથી પણ સ્થૂળ, દૂર, દૂરમાંદૂર તેથી પણ દૂર; એમ જણાય છે. અને તે ઉપરથી સૂક્ષ્મ, સૂક્ષ્મમાં સૂક્ષ્મ આદિનું જ્ઞાન કોઇકને પણ હોવાનું સિદ્ધ થઈ શકે છે.

૩. "નમ" એ "આત્મમમ"

૪. ઉપહત—હણાયલા, અનુપહત—નહીં હણાયલા, ઉપષ્ટંભજન્ય—આધારભૂત, અભિધેય—વસ્તુધર્મ કહી શકાય એવો. પાઠાંતર—એક પાઠની જગોએ બીજો પાઠ આવે તે. અર્થાંતર—કહેવાનો હેતુ બદલાઈ જાય તે. વિષમ—યથાયોગ્ય નહીં, ફેરફારવાળું, વતુંઓછું. આત્મદ્રવ્ય—એ સામાન્ય વિશેષ ઉભયાત્મક સત્તાવાળું છે. સામાન્ય ચૈતન—સત્તાએ દર્શન. સવિશેષચૈતન—સત્તાએ જ્ઞાન.

૫. સત્તાસમુદ્ભૂત–સમ્યક્પ્રકારે સત્તાનું ઉદયભૂત થવું–પ્રકાશવું–સ્ફુરવું–જણાવું, તે.

૬. દર્શન–જગતના કોઈ પણ પદાર્થનું ભેદરૂપ રસગંધરહિત નિરાકાર પ્રતિબિંબિત થવું,—તેનું અસ્તિત્વ જણાવું. નિર્વિકલ્પપણે કાંઈ છે એમ આરસીના ઝળકારાની પેઠે સામા પદાર્થનો ભાસ થવો એ "દર્શન." વિકલ્પ થાય ત્યાં "જ્ઞાન" થાય.

૭. દર્શનાવરણીયકર્મના આવરણને લઇને. દર્શન અવગાઢપણે અવરાયું હોવાથી, ચેતનમાં મૂઢતા થઈ ગઇ, અને ત્યાંથી શૂન્યવાદ શરૂ થયો.

૮. દર્શન રોકાય ત્યાં જ્ઞાન પણ રોકાય.

૯. દર્શન અને જ્ઞાનની વહેંચણ કરવામાં આવી છે. જ્ઞાન દર્શનના કાંઈ કટકા થઈ જૂદા પડી શકે એમ નથી. એ આત્માના ગુણો છે. રૂપિયાના બે અર્ધા તેજ રીતે આઠ આના દર્શન, અને આઠ આના જ્ઞાન છે.

૧૦. તીર્થંકરને એક સમયે દર્શન અને તે જ સમયે જ્ઞાન એમ બે ઉપયોગ દિગમ્બરમતપ્રમાણે છે. શ્વેતામ્બરમતપ્રમાણે નથી. ૧૨ મા ગુણસ્થાનકે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય એમ ત્રણ પ્રકૃતિનો ક્ષય એક સાથે થાય છે; અને ઉત્પન્ન થતી લબ્ધિ પણ સાથે થાય છે. જો એક સમયે ન થતું હોય તો એક બીજી પ્રકૃતિએ ખમવું જોઇએ. શ્વેતામ્બર કહે છે કે, જ્ઞાન સત્તામાં રહેવું જોઈએ, કારણ એક સમયે બે ઉપયોગ ન હોય; પણ દિગમ્બરની તેથી જૂદી માન્યતા છે.

૧૧. શૂન્યવાદ–કાંઇ નથી એમ માનનાર, એ બૌધ ધર્મનો એક ફાંટો છે. આયતન કોઈ પણ પદાર્થનું સ્થળ, પાત્ર, ફૂટસ્થ–અચળ, ન ખસી શકે એવો. તટસ્થ–કાંઠે; તે સ્થળે. મધ્યસ્થ–વચમાં.

તા૦ ૨૪।૭।૧૯૦૦.

૧. ચયોપચય–જવું જવું. પણ પ્રસંગવશાત્ આવવું જવું–ગમનાગમન. માણસના જવા આવવાને લાગુ પડે નહીં. શ્વાસોચ્છ્વાસ ઇત્યાદિ સૂક્ષ્મ ક્રિયાને લાગુ પડે. ચયવિચય–જવું આવવું.

૨. આત્માનું જ્ઞાન જ્યારે ચિંતામાં રોકાય છે ત્યારે નવા પરમાણુ ગ્રહણ થઈ શકાતા નથી; ને જે હોય છે તેનું જવું થાય છે, તેથી શરીરનું વજન ઘટી જાય છે.

૩. શ્રી આચારાંગસૂત્રના પહેલા અધ્યયન શસ્ત્રપરિજ્ઞામાં, અને શ્રી ષડ્દર્શનસમુચ્ચયમાં મનુષ્ય અને વનસ્પતિના ધર્મની તુલના કરી વનસ્પતિમાં આત્મા હોવાનું સિદ્ધ કરી બતાવ્યું છે. તે એવી રીતે કે બન્ને જન્મે છે, વધે છે, આહાર લે છે; પરમાણુ લે છે, મૂકે છે; મરે છે. ઈત્યાદિ,

તા૦ ૫।૮।૧૯૦૦,

૧. સાધુ.–સામાન્યપણે–ગ્રહવાસ ત્યાગી મૂળગુણના ધારક તે. યતિ–ધ્યાનમાં સ્થિર થઈ શ્રેણિ માંડનાર. મુનિ–જેને અવધિ, મનઃપર્યવ જ્ઞાન હોય તથા કેવળજ્ઞાન હોય તે. ઋષિ–બહુ ઋદ્ધિ ધારી હોય તે. ઋષિના ચાર ભેદ. ૧. રાજ્ય. ૨. બ્રહ્મ. ૩. દેવ. ૪, પરમ. રાજર્ષિ–ઋદ્ધિવાળા. બ્રહ્મર્ષિ–અક્ષીણ મહાન ઋદ્ધિવાળા. દેવર્ષિ–આકાશગામી દેવ. પરર્ષિ–કેવળજ્ઞાની.

તા૦ ૧૩।૮।૧૯૦૦.

૧. અભવ્યજીવ એટલે જે જીવ ઉત્કટ રસે પરિણમે, અને તેથી કર્મો બાંધ્યા કરે, અને તેને લીધે તેનો મોક્ષ ન થાય. ભવ્ય એટલે જે જીવનું વીર્ય શાંતરસે પરિણમે, ને તેથી નવો કર્મબંધ ન થતાં મોક્ષ થાય. જે જીવનો વળાંક ઉત્કટ રસે પરિણમવાનો હોય તેનું વીર્ય

તે પ્રમાણે પરિણમે તેથી જ્ઞાનીના જ્ઞાનમાં અભવ્ય લાગ્યા. આત્માની પરમશાંત દશાએ 'મોક્ષ', અને ઉત્કટ દશાએ 'અમોક્ષ', જ્ઞાનીએ દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ ભવ્ય અભવ્ય કહ્યા છે. જીવનું વીર્ય ઉત્કટ રસે પરિણમતાં સિદ્ધપર્યાય પામી શકે નહીં એમ જ્ઞાનીએ કહેલું છે. ભજના–અંશે. વંચક–મન, વચન, કાયાએ.

તા૦ ૧૮।૮।૧૯૦૦.

૧. કમ્મ દવ્વેહિં સંગમ, સંજોગો જો હોઈ જીવસ્સ;
સો બંધો નાયવ્વો, તસ વિયોગો ભવે મોખો.

અર્થ:—કર્મદ્રવ્યની એટલે પુદ્ગલદ્રવ્યની સાથે જીવનો સંબંધ થવો તે બંધ. તેનો વિયોગ થવો તે મોક્ષ.

સંગમ–સારી રીતે સંબંધ થવો. ખરેખરી રીતે સંબંધ થવો. જેમ તેમ કલ્પના કરી સંબંધથયાનું માની લેવું તેમ નહીં.

૨. પ્રદેશ અને પ્રકૃતિબંધ મન વચન કાયાના યોગવડે થાય. સ્થિતિ અને અનુભાગ બંધકષાયવડે થાય.

૩. વિપાક એટલે અનુભાગવડે ફળપરિપક્વતા થાય છે તે. સર્વ કર્મનું મૂળ અનુભાગ છે, તેમાં જેવો રસ તીવ્ર તીવ્રતર મંદ મંદતર પડ્યો, તેવો ઉદયમાં આવે છે. તેમાં ફેરફાર કે ભૂલ થતી નથી. કુલડીમાં પૈસા, રૂપિયા, સોનામોહોર, આદિને દૃષ્ટાંતે. જેમ એક કુલડીમાં ઘણા વખત પહેલા રૂપિયા, પૈસા, સોનામોહોર નાખી હોય તે જ્યારે કાઢો ત્યારે તેને તે ઠેકાણે તે જ ધાતુરૂપે નીકળે છે. તેમાં જગોની તેમ જ તેની સ્થિતિનો ફેરફાર થતો નથી. એટલે કે પૈસા રૂપિયા થતા નથી, તેમ રૂપિયા પૈસા થઇ જતા નથી. તે જ પ્રમાણે બાંધેલું કર્મ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ પ્રમાણે ઉદયમાં આવે છે.

૪. આત્માના હોવાપણા વિષે જેને શંકા પડે તે 'ચાર્વાક' કહેવાય.

૫. તેરમે ગુણસ્થાનકે તીર્થંકરાદિને એક સમયનો બંધ હોય. મુખ્યત્વે કરી વખતે અગીઆરમે ગુણસ્થાનકે અકષાયીને પણ એક સમયનો બંધ હોઇ શકે.

૬. પવન પાણીની નિર્મળતાનો ભંગ કરી શકતો નથી; પણ તેને ચલાયમાન કરી શકે છે. તેમ આત્માના જ્ઞાનમાં કાંઇ નિર્મળતા ઓછી થતી નથી, પણ યોગનું ચલાયમાનપણું છે તેથી રસવિના એક સમયનો બંધ કહ્યો.

૭. જો કે કષાયનો રસ પુણ્ય તથા પાપરૂપ છે તોપણ તેનો સ્વભાવ કડવો છે.

૮. પુણ્ય પણ ખારાશમાંથી થાય છે. પુણ્યનો ચોઠાણિયો રસ નથી, કારણ કે એકાંત શાતાનો ઉદય નથી, કષાયના ભેદ બે. ૧ પ્રશસ્તરાગ. ૨ અપ્રશસ્તરાગ. કષાયવગર બંધ નથી.

૯. આર્તધ્યાનનો સમાવેશ મુખ્યકરીને કષાયમાં થઈ શકે. 'પ્રમાદ'નો 'ચારિત્રમોહ'માં, અને 'યોગ'નો 'નામકર્મ'માં થઈ શકે.

૧૦. શ્રવણ એ પવનની લહેરમાફક છે. તે આવે છે, અને ચાલ્યું જાય છે.

૧૧. મનન કરવાથી છાપ બેસે છે. અને નિદિધ્યાસન કરવાથી ગ્રહણ થાય છે.

૧૨. વધારે શ્રવણ કરવાથી મનનશક્તિ મંદ થતી જોવામાં આવે છે.

૧૩. પ્રાકૃતજન્ય એટલે લોકમાં કહેવાનું વાક્ય. જ્ઞાનીનું વાક્ય નહીં.

૧૪. આત્મા સમય સમય ઉપયોગી છતાં અવકાશની ખામી, અથવા કામના બોજાને લઇને તેને આત્માસંબંધી વિચાર કરવાનો વખત મળી શકાતો નથી એમ કહેવું એ પ્રાકૃતજન્ય 'લૌકિક' વચન છે. જો ખાવાનો પીવાનો ઊંઘવા ઇત્યાદિનો વખત મળ્યો ને કામ કર્યું

તે પણ આત્માના ઉપયોગવિના નથી થયું, તો પછી ખાસ જે સુખની આવશ્યકતા છે, ને જે મનુષ્યજન્મનું કર્ત્તવ્ય છે તેમાં વખત ન મળ્યો એ વચન જ્ઞાની કોઇ કાળે સાચું માની શકે નહીં. એનો અર્થ એટલો જ છે કે, બીજાં ઇન્દ્રિયાદિક સુખનાં કામો જરૂરનાં લાગ્યાં છે અને તે વિના દુઃખી થવાના ડરની કલ્પના છે. આત્મિક સુખના વિચારનું કામ કર્યાવિના અનંતો કાળ દુઃખ ભોગવવું પડશે, અને અનંત સંસાર ભ્રમણ કરવો પડશે એ વાત જરૂરની નથી લાગતી ! મતલબ આ ચૈતન્યે કૃત્રિમ માન્યું છે. સાચું માન્યું નથી.

૧૫. સમ્યગ્દ્રષ્ટિ પુરૂષો કર્યાવિના ચાલે નહીં એવા ઉદયને લીધે લોકવ્યવહાર નિર્દોષપણે લજ્જાયમાનપણે કરે છે. પ્રવૃત્તિ કરવી જોઇએ તેથી શુભાશુભ જેમ બનવાનું હશે તેમ બનશે એવી દૃઢ માન્યતાની સાથે ઉપલક પ્રવૃત્તિ કરે છે.

૧૬. બીજા પદાર્થો ઉપર ઉપયોગ આપીએ તો આત્માની શક્તિ આવિર્ભાવ થાય છે. તો સિદ્ધિ લબ્ધિ આદિ શંકાને પાત્ર નથી. પ્રાપ્ત થતી નથી તેનું કારણ આત્મા નિરાવરણ નથી કરી શકાતો. એ શક્તિ બધી સાચી છે. ચૈતન્યમાં ચમત્કાર જોઈએ, તેનો શુદ્ધ રસ પ્રગટવો જોઈએ. એવી સિદ્ધિવાળા પુરૂષો અશાતાની શાતા કરી શકે છે. તેમ છતાં તેની અપેક્ષા કરતા નથી. તે વેદવામાં જ નિર્જરા સમજે છે.

૧૭. તમો જીવોમાં ઉલ્લાસમાન વીર્ય કે પુરૂષાર્થ નથી. વીર્ય મંદ પડયું ત્યાં ઉપાય નથી.

૧૮. અશાતાનો ઉદય ન હોય ત્યારે કામ કરી લેવું એમ જ્ઞાનીપુરૂષોએ જીવનું અસામર્થ્યવાનપણું જોઇને કહેલું છે; કે જેથી તેનો ઉદય આવ્યે ચળે નહીં.

૧૯. સમ્યગ્દ્રષ્ટિ પુરૂષને નાખવાની માફક પવન વિરૂદ્ધ હોવાથી વહાણુ મરડી રસ્તો બદલવો પડે છે તેથી તેઓ પોતે લીધેલો રસ્તો ખરો નથી એમ સમજે છે; તેમ જ્ઞાનીપુરૂષો ઉદયવિશેષને લઇને વ્યવહારમાં પણ અંતરાત્મદૃષ્ટિ ચુકતા નથી.

૨૦. ઉપાધિમાં ઉપાધિ રાખવી. સમાધિમાં સમાધિ રાખવી. અંગ્રેજોની માફક કામ ટાણે કામ, અને આરામટાણે આરામ. એક બીજાને સેળભેળ કરી દેવાં ન જોઈએ.

૨૧. વ્યવહારમાં આત્મકર્ત્તવ્ય કરતા રહેવું. સુખ, દુઃખ ધન પ્રાપ્તિ અપ્રાપ્તિ એ શુભાશુભ તથા લાભાંતરાયના ઉદય ઉપર આધાર રાખે છે, શુભના ઉદયની સાથે અગાઉથી અશુભના ઉદયનું પુસ્તક વાંચ્યું હોય તો શોક ન થાય. શુભના ઉદય વખતે શત્રુ મિત્ર થઇ જાય છે, અને અશુભના ઉદય વખતે મિત્ર શત્રુ થઇ જાય છે. સુખદુઃખનું ખરૂં કારણ કર્મ જ છે. કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું છે કે, કોઇ માણસ કરજ લેવા આવે તેને કરજ ચુકવી આપ્યાથી માથા ઉપરથી બોજો ઓછો થતાં કેવો હર્ષ થાય છે? તે પ્રમાણે પુદ્ગલ દ્રવ્યરૂપી શુભાશુભ કરજ જે કાળે ઉદયમાં આવે તે કાળે સમ્યક્પ્રકારે વેદી ચુકવી દેવાથી નિર્જરા થાય છે ને નવું કરજ થતું નથી; તો જ્ઞાનીપુરૂષે કર્મરૂપી કરજમાંથી મુક્ત થવાને હર્ષાયમાનપણે તૈયાર થઈ રહેવું જોઇએ; કારણ તે દીધા વગર છૂટકો થવાનો નથી.

૨૨. સુખદુઃખ જે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવે ઉદય આવવાનું હોય તેમાં ઇન્દ્રાદિ પણ ફેરફાર કરવાને શક્તિવાન નથી.

૨૩. કરણાનુયોગમાં જ્ઞાનિએ અંતર્મુહૂર્ત્ત આત્માનો અપ્રમત્ત ઉપયોગ માન્યો છે.

૨૪. કરણાનુયોગમાં સિદ્ધાન્તનો સમાવેશ થાય છે.

૨૫. ચરણાનુયોગમાં વ્યવહારમાં આચરી શકે તેનો સમાવેશ કર્યો છે.

૨૬. સર્વવિરતિમુનિને બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા જ્ઞાની આપે છે તે ચરણાનુયોગની અપેક્ષાએ; પણ કરણાનુયોગની અપેક્ષાએ નહીં; કારણ કે, કરણાનુયોગ પ્રમાણે નવમા ગુણસ્થાનકે વેદોદયનો ક્ષય થઈ શકે છે. ત્યાંસુધી થઈ શકતો નથી.

आभ्यन्तरपरिणाम अवलोकन.

વયક્રમમાં શ્રીમદ્‌ના કેટલાક અંગત અભિપ્રાયો આવી જાય છે. તે ઉપરાંત તેઓનું આભ્યન્તર પરિણામ અવલોકન (Introspection) લખેલ ત્રણ હાથનોંધ (Memo-Books) પ્રાપ્ત થતાં અત્ર મૂકીએ છીએ. આ હાથનોંધમાં સ્વાલોચનાથી ઉદ્‌ભવેલા પૃથક્ પૃથક્ ઉદ્ગારો સ્વ-ઉપયોગાર્થે ક્રમરહિત લખેલા છે. આ હાથનોંધમાં બે વિલાયતના બાંધાની છે, અને એક અહિંના બાંધાની છે. પ્રથમની બેમાંથી એકના પુંઠા ઉપર અંગ્રેજી વર્ષ ૧૮૯૦ નું, અને બીજામાં ૧૮૯૬ નું, 'કેલેન્ડર' છે, અહિંવાળીમાં નથી. વિલાયતવાળી બન્નેનાં કદ ઇંચ ૭×૪$\frac{૩}{૪}$ છે; અને અહિંવાળીનું કદ ઇંચ ૬$\frac{૩}{૪}$×૪ છે. ૧૮૯૦ વાળીમાં ૧૦૦, ૧૮૯૬ વાળીમાં ૧૧૬ અને બીજી અહિં વાળીમાં ૬૦ પાનાં (Leaves) છે. આ ત્રણેમાં ઘણુંકરી એકે લેખ ક્રમવાર નથી. દૃષ્ટાંત તરીકે, ૧૮૯૦ વાળી હાથનોંધમાં લખવાનો પ્રારંભ બીજા પાના (ત્રીજા પૃષ્ટ) થી 'સહજ' એ મથાળા નીચેનો લેખ જોતાં થયો જણાય છે. આ પ્રારંભલેખની શૈલી જોતાં તે અંગ્રેજી વર્ષ ૧૮૯૦ અથવા વિક્રમ સંવત્ ૧૯૪૬ માં લખાયો હોય એમ સંભવે છે. આ પ્રારંભલેખ બીજા પાના–ત્રીજા પૃષ્ઠ–માં છે: જ્યારે પ્રારંભલેખ લખતીવેળા પહેલું પૃષ્ઠ મૂકી દીધેલું તે પાછળથી લખ્યું છે. આ જ રીતે ૫૧ મા પૃષ્ઠમાં સંવત્ ૧૯૫૧ ના પોષ માસની મીતિનો લેખ છે. ત્યાર પછી ૬૨ મા પૃષ્ઠમાં સંવત્ ૧૯૫૩ ના ફાગણ વદ ૧૨ નો લેખ છે. અને ૯૭ મા પૃષ્ઠમાં સંવત્ ૧૯૫૧ ના મહા શુદ ૭ નો લેખ છે; જ્યારે ૧૩૦ મા પૃષ્ઠમાં જે લેખ છે તે સંવત્ ૧૯૪૭ નો સંભવે છે. કેમકે તે લેખનો વિષય દર્શન–આલોચનારૂપ છે. જે દર્શન–આલોચના સંવત્ ૧૯૪૭ માં સમ્યગ્દર્શન (જુઓ નોંધ પહેલીનો નં. ૩૧–ઓગણીસેં સુડતાળીસે સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે–) થવા પૂર્વે હોવાયોગ્ય છે. વળી. ૧૮૯૬ એટલે સંવત્ ૧૯૫૨ વાળી હાથનોંધ લખવી શરૂ કર્યા પછી તેમાં જ લખ્યું એમ પણ નથી. કેમકે સંવત્ ૧૯૫૨ વાળી નવી હાથનોંધ છતાં ૧૮૯૦ (૧૯૪૬) વાળી હાથનોંધમાં સંવત્ ૧૯૫૩ ના લેખો છે. સંવત્ ૧૯૫૨ (૧૮૯૬) વાળી હાથનોંધ પૂરી થઇ રહ્યા પછી ત્રીજી અહિંના બાંધાવાળી વાપરી છે એમ પણ નથી, કેમકે ૧૮૯૬ વાળીમાં ૨૭ પાનાં વાપર્યા છે; અને ત્યાર પછી તમામ કોરાં પડયાં છે. અને ત્રીજી અહિંના બાંધાવાળીમાં કેટલાક લેખો છે. જેમ સંન ૧૮૯૬ વાળી મિમોબુકમાં સંવત્ ૧૯૫૪ ના જ લેખ છે. તેમ અહિંના બાંધાવાળીમાં પણ છે. તેવીજ રીતે ૧૮૯૦ વાળીમાં સંવત ૧૯૫૩ નાજ લેખ હશે અને ત્યાર પછીના નહીં હોય એમ પણ કહી શકવું શકય નથી. તેમ ત્રણે મિમોબુકમાં વચવચમાં ઘણાં પાનાઓ કેવળ કોરાં પડતર છે; અર્થાત્ એમ અનુમાન થાય છે કે, જ્યારે જે મિમોબુક હાથ આવી, અને ઉઘાડતાં જે પાનું નીકળ્યું તેમાં કવચિત્ કવચિત્ સ્વાલોચના પોતાને જ જાણુવાને અર્થે લખી વાળેલ છે. જે અંગત લેખો વયક્રમમાં છે તે, અને આ ત્રણે મિમોબુક સ્વાલોચના અર્ગે છે તેટલા માટે અમે તેને 'આભ્યન્તરપરિણામઅવલોકન' એવા માથાળા નીચે અત્ર દાખલ કર્યા છે. આ આલોચનામાં કેટલાક તેમની દશા, આત્મજાગૃતિ અને આત્મમંદતા, અનુભવ, સ્વવિચાર અર્થે લખેલાં પ્રશ્નોત્તર, અન્ય જીવોનાં નિર્ણય કરવાના ઉદ્દેશથી લખેલાં પ્રશ્નોત્તર, દર્શનોદ્ધાર યોજનાઓ આદિ સંબંધે અનેક ઉદ્ગારો છે. જેમાં કેટલીક બાંધી લીધેલી ભાષા (સંજ્ઞા) માં છે, જ્યાં જ્યાં અમે સ્પષ્ટતા કરી શકીશું ત્યાંત્યાં તેમ કરવા પ્રયત્ન કરીશું.—**સંશોધક.**

વર્ષ ૨૨ થી ૩૪ પર્યંત.

આભ્યન્તરપરિણામઅવલોકન.

હાથનોંધ ૧ લી.

૧.[1] (હાથનોંધ પૃષ્ઠ ૧.)

પ્રત્યેકે પ્રત્યેક પદાર્થનો અત્યંત વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત્ત કરવો એમ નિર્ગ્રંથ કહે છે.

શુદ્ધ એવા સ્ફટિકને વિષે અન્ય રંગનું પ્રતિભાસવું થવાથી તેનું જેમ મૂળ સ્વરૂપ લક્ષગત થતું નથી, તેમ શુદ્ધ નિર્મળ એવું આ ચેતન અન્ય સંયોગના તાદાત્મ્યવત્ અધ્યાસે પોતાના સ્વરૂપનો લક્ષ પામતું નથી. યત્કિંચિત્ પર્યાયાંતરથી એ જ પ્રકારે જૈન, વેદાંત, સાંખ્ય, યોગાદિ કહે છે.

૨.[2]

જીવનાં અસ્તિત્વપણાંનો તો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

જીવનાં નિત્યપણાંનો–ત્રિકાળ હોવાપણાંનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

જીવનાં ચૈતન્યપણાંનો–ત્રિકાળ હોવાપણાંનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

તેને કોઈ પણ પ્રકારે બંધ દશા વર્તે છે એ વાતનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

તે બંધની નિવૃત્તિ કોઈ પણ પ્રકારે નિઃસંશય ઘટે છે, એ વાતનો કોઈ કાળે પણ સંશય પ્રાપ્ત નહીં થાય.

મોક્ષપદ છે એ વાતનો કોઈ પણ કાળે સંશય નહીં થાય.

૩.[3] (હાથનોંધ પૃષ્ઠ ૩.)

સહજ.

જે પુરૂષ આ ગ્રંથમાં સહજ નોંધ કરે છે, તે પુરૂષ માટે પ્રથમ સહજ તે પુરૂષ લખે છે.

---

૧. ષડ્દર્શનમાં કહેલ પદાર્થના સ્વરૂપનો શ્રીમદ્નો જ્ઞાનાનુભવ આ વચનો દર્શાવે છે.—સંશોધક.

૨. આ સદ્ભૂત છ તત્ત્વોનો શ્રીમદ્નો અચલ નિશ્ચય, તેઓના સમ્યગ્દર્શનની પ્રત્યક્ષતાનું પ્રમાણ ગણાય, કેમકે શ્રી સિદ્ધાંત આ પ્રકારના નિર્ણયને 'સમ્યગ્દર્શન' કહે છે.—સંશોધક.

૩. આ હાથનોંધ (Memo-Book) લખવાનો પ્રારંભ કરતી વખતનો આ સ્વજીવનવૃત્તાંતોપયોગી (auto-biographical) પ્રથમ લેખ છે. આ હાથનોંધ વિ૦ સં૦ ૧૯૪૬ (ઈ૦ સ૦ ૧૮૯૦) ની છે:

તેની હમણા એવી દશા અંતરંગમાં રહી છે કે કંઈક વિના સર્વ સંસારી ઇચ્છાની પણ તેણે વિસ્મૃતિ કરી નાખી છે.અ.

તે કંઈક પામ્યો પણ છે, અને પૂર્ણનો પરમ મુમુક્ષુ છે. છેલ્લા માર્ગનો નિઃશંક જિજ્ઞાસુ છે.આ.

હમણાં જે આવરણો તેને ઉદય આવ્યાં છે, તે આવરણોથી એને ખેદ નથી. પરંતુ વસ્તુ-ભાવમાં થતી મંદતાનો ખેદ છે.ઇ.

તે ધર્મની વિધિ, અર્થની વિધિ, કામની વિધિ, અને તેને આધારે મોક્ષની વિધિને પ્રકાશી શકે તેવો છે. ઘણા જ થોડા પુરૂષોને પ્રાપ્ત થયો હશે એવો એ કાળનો ક્ષયોપશમી પુરૂષ છેઃઈ.

તેને પોતાની સ્મૃતિ માટે ગર્વ નથી. તર્ક માટે ગર્વ નથી. તેમ તે માટે તેનો પક્ષપાત પણ નથી; તેમ છતાં કંઈક બહાર રાખવું પડે છે તેને માટે ખેદ છે. ઉ.

તેનું અત્યારે એક વિષય વિના બીજા વિષયપ્રતિ ઠેકાણું નથી. તે પુરૂષ જો કે તીક્ષ્ણ ઉપ-યોગવાળો છે; તથાપિ તે તીક્ષ્ણ ઉપયોગ બીજા કોઈ પણ વિષયમાં વાપરવા તે પ્રીતિ ધરાવતો નથી.

(હાથનોંધ પૃ૪ ૪.)

૪.[1] (હાથનોંધ પૃ૪ ૯.)

એકવાર તે સ્વભુવનમાં બેઠો હતો. જગતમાં કોણ સુખી છે, તે જોઉં તો ખરો. પછી આપણે આપણે માટે વિચાર. એની એ જિજ્ઞાસા પૂર્ણ કરવા અથવા પોતે તે સંગ્રહસ્થાન જોવા ઘણા પુરૂષો–(આત્માઓ)–ઘણા પદાર્થો તેની સમીપે આવ્યા.

" એમાં કોઈ જડ પદાર્થ હતો નહીં." " કોઈ એકલો આત્મા જોવામાં આવ્યો નહીં."

માત્ર કેટલાક દેહધારિયો હતા; જેઓ મારી નિર્વૃત્તિને માટે આવ્યા હોય એમ તે પુરૂષને શંકા થઇ.

વાયુ, અગ્નિ, કે પાણી, ભૂમિ એ કોઈ કેમ આવ્યું નથી ?

અ આ ઉદ્ગારો એવા પ્રકારનું સૂચવન કરે છે કે, શ્રીમદ્‌ની આ સમયની અંતરંગદશા એવા પ્રવાહમાં વહેતી હતી કે, તેથી તેઓને વિષે કંઈક દેશન્યૂન સર્વ સંસારી ઈચ્છાની વિસ્મૃતિ થઈ હોય;—

આ. આ વાક્યમાં જે પદની દેશપ્રાપ્તિનું, પરમ મુમુક્ષુતાનું, અને નિઃશંકજિજ્ઞાસુતાનું કથન છે તે પદ તે 'પરમપદ' (સ્વસ્વરૂપપ્રાપ્તિ) હોવું સંભવે છે;—

ઇ. કયા આવરણોદયને ઉદ્દેશી આ વચનો લખાયાં છે તે અનુમાની શકાતું નથી; તથાપિ તે આવરણોદય વસ્તુભાવને વિક્ષેપક હશે, કેમકે તથાપ્રકારની સખેદ જાગૃતિ અત્ર જણાય છે;--

ઈ. આ શબ્દો સ્વપરાક્રમ અને ક્ષયોપશમની પરાકાષ્ટાનો શ્રીમદ્‌નો સ્વાનુભવ સૂચવે છેઃ—

ઉ. આ શબ્દો, પોતાની સ્મૃતિ અને તર્કશક્તિની સ્થિતિનો શ્રીમદ્‌નો જાતિઅનુભવ, તત્પશ્ચાત્ તે પ્રતિ ઉદાસીન ભાવ, અને તે શક્તિઓના બાહ્યપ્રવર્તન માટે ખેદ બતાવે છે;—

ઊ. જે એક જ વિષયપ્રત્યે સતત તીક્ષ્ણ ઉપયોગ અહીં દર્શાવ્યો છે તે વિષય તે સ્વરૂપસ્થિતિનો સંભવે છે,—સંશોધક.

૧, આ વિનોદપદ્ધતિમાં લખાયેલા લેખમાં મોક્ષપદની શ્રેણિરૂપ જિનાગમપ્રણીત ગુણસ્થાનકનું સ્વરૂપ દર્શાવતાં, અગીઆરમા 'ઉપશાંત મોહગુણસ્થાનક' નો અભાવ કહ્યો છે તે પોતાને સંબોધીને શ્રી-મદે કહ્યો હોય એમ સંભવે છે, કેમકે અન્યત્ર પણ એવા પ્રસંગો જોવામાં આવે છે કે, જે ઉપરથી તે-ઓએ ઉપશાંતમોહગુણસ્થાનકનો અભાવ માન્યો હોય એમ ધારી શકાય છે; અને અગીઆરમા ગુણસ્થાનકનો અભાવ સમ્યક્‌ત્વનો પ્રકાર વિચારવામાં ઉપયોગી સાધન છે આ લેખ પરથી શ્રીમદ્‌ની સ્થિતિ કયા ગુણસ્થાનકે વર્ત્તતી હતી તે અનુમાની શકાય.—સંશોધક.

(નેપથ્ય) તેઓ સુખનો વિચાર પણ કરી શકતાં નથી. દુઃખથી બિચારાં પરાધીન છે.

એ ઇંદ્રિય જીવો કેમ આવ્યા નથી ?

(નેપથ્ય) એને માટે પણ એ જ કારણ છે. આ ચક્ષુથી જુઓ. તેઓ બિચારાંને કેટલું બધું દુઃખ છે.

તેનો કંપ-તેનો થરથરાટ-પરાધીનપણું ઇત્યાદિક જોઈ શકાય તેવું ન હોતું-તે બહુ દુઃખી હતાં.

(હાથનોંધ પૃષ્ઠ ૧૦.)

(નેપથ્ય) એ જ ચક્ષુથી હવે તમે આખું જગત્ જોઈ લ્યો. પછી બીજી વાત કરો.

ઠીક ત્યારે. દર્શન થયું, આનંદ પામ્યો; પણ પાછો ખેદ જન્મ્યો.

(નેપથ્ય) હવે ખેદ કાં કરો છો ?

મને દર્શન થયું તે શું સમ્યક્ હતું ?

" હા "

સમ્યક્ હોય તો પછી ચક્રવર્ત્યાદિક તે દુઃખી કેમ દેખાય ? "

ચક્રવર્તિ તો દુઃખી નહીં હોય ?

" જેમ દર્શન થયું તેમ શ્રધો. વિશેષ જોવું હોય તો ચાલો મારી સાથે "

ચક્રવર્તિનાં અંતઃકરણમાં પ્રવેશ કર્યો.

અંતઃકરણ જોઇને પેલું દર્શન સમ્યક્ હતું એમ મેં માન્યું. તેનું અંતઃકરણ બહુ દુઃખી હતું. અનંત ભયના પર્યાયથી તે થરથરતું હતું. કાળ આયુષ્યની દોરીને ગળી જતો હતો. હાડ માંસમાં તેની વૃત્તિ હતી. કાંકરામાં તેની પ્રીતિ હતી. ક્રોધ, માનનો તે ઉપાસક હતો. બહુ દુઃખ.

(હાથનોંધ પૃષ્ઠ ૧૧.)

વારૂ. આ દેવોનું દર્શન પણ સમ્યક્ સમજવું.

" નિશ્ચય કરવા માટે ઇંદ્રના અંતઃકરણમાં પ્રવેશ કરીએ "

ચાલો ત્યારે—

(તે ઇંદ્રની ભવ્યતાથી ભૂલ ખાધી.) તે પણ પરમ દુઃખી હતો. બિચારો ચવીને કોઇ બિભત્સ સ્થળમાં જન્મવાનો હતો માટે ખેદ કરતો હતો. તેનામાં સમ્યક્દષ્ટિ નામની દેવી વસી હતી., તે તેને ખેદમાં વિશ્રાંતિ હતી. એ મહાદુઃખ શિવાય તેનાં બીજાં ઘણુંય અવ્યક્ત દુઃખ હતાં.

પણ, (નેપથ્ય)-આ જડ એકલાં કે આત્મા એકલા જગત્માં નથી શું કે ?-તેઓએ મારાં આમંત્રણને સન્માન આપ્યું નથી.

" જડને જ્ઞાન નહીં હોવાથી તમારૂં આમંત્રણ તે બિચારાં ક્યાંથી સ્વીકારે ? સિદ્ધ (એકાત્મભાવિ) તમારૂં આમંત્રણ સ્વીકારી શકતા નથી. તેની તેમને કંઇ દરકાર નથી. "

એટલી બધી બેદરકારી ? આમંત્રણને તો માન્ય કરવું જોઇએ; તમે શું કહો છો ?

" એને આમંત્રણ-અનામંત્રણથી કંઇ સંબંધ નથી. (હાથનોંધ પૃષ્ઠ ૧૨.)

તેઓ પરિપૂર્ણ સ્વરૂપસુખમાં વિરાજમાન છે. " એ મને બતાવો. એકદમ-બહુ ત્વરાથી.

"તેનું દર્શન બહુ દુર્લભ છે. લ્યો આ અંજન આંજી દર્શન પ્રવેશ ભેળાં કરી જુઓ. "

અહો ! આ બહુ સુખી છે. એને ભય પણ નથી. શોક પણ નથી. વૃદ્ધતા નથી. રોગ નથી. આધિએ નથી. વ્યાધિએ નથી. એ બધુંય નથી. પણ . . . . અનંત અનંત

સચ્ચિદાનંદ સિદ્ધિથી તેઓ પૂર્ણ છે. આપણને એવા થવું છે.

" ક્રમે કરીને થઈ શકશે. "

તે ક્રમ બ્રમ અહીં ચાલશે નહીં. અહીં તો તુરત તે જ પદ જોઇએ.

" જરા શાંત થાઓ. સમતા રાખો; અને ક્રમને અંગીકાર કરો. નહીંતો તે પદયુક્ત થવું નહીં સંભવે. "

" થવું નહીં સંભવે " એ તમારાં વચન તમે પાછાં લ્યો. ક્રમ ત્વરાથી બતાવો, અને તે પદમાં તુરત મોકલો.

" ઘણા માણસો આવ્યા છે. તેમને અહીં
બોલાવો. તેમાંથી તમને ક્રમ મળી શકશે. " (હાથનોંધ પૃષ્ઠ ૩૨.)

ઇચ્છયું કે તેઓ આવ્યા;

તમે મારું આમંત્રણ સ્વીકારી આવ્યા તે માટે તમારો ઉપકાર માનું છઉં. તમે સુખી છો. એ વાત ખરી છે શું ? તમારું પદ શું સુખવાળું ગણાય છે એમ ?

' તમારું આમંત્રણ સ્વીકારવું, ન સ્વીકારવું એવું અમને કંઇ બંધન નથી. અમે સુખી છીએ કે દુઃખી તેવું બતાવવાને પણ અમારું અહીં આગમન નથી. અમારાં પદની વ્યાખ્યા કરવા માટે પણ આગમન નથી. તમારાં કલ્યાણને અર્થે અમારું આગમન છે,' એક વૃદ્ધ પુરૂષે કહ્યું.

કૃપા કરીને ત્વરાથી કહો, આપ મારું શું કલ્યાણ કરશો તે. અને આવેલા પુરૂષોનું ઓળખાણ પાડો.

તેમણે પ્રથમ ઓળખાણ પાડી.

આ વર્ગમાં ૪–૫–૬–૭–૮–૯–૧૦–૧૨ અંકવાળા મુખ્યે મનુષ્યો છે. તે સઘળાં તમે જે પદને પ્રિય ગણ્યું તેના આરાધક યોગીઓ છે.

૪ થી તે પદ જ સુખરૂપ છે, અને બાકીની જગત્– (હાથનોંધ પૃષ્ઠ ૧૪.)

વ્યવસ્થા અમે જેમ માનીએ છીએ તેમ માને છે. તે પદની અંતરંગની તેની અભિલાષા છે પણ તેઓ પ્રયત્ન કરી શકતા નથી; કારણ થોડો વખત સુધી તેમને અંતરાય છે.

અંતરાય શી ? કરવા માટે તત્પર થાય એટલે થયું.

વૃદ્ધઃ–તમે ત્વરા ન કરો. તેનું સમાધાન હમણા જ તમને મળી શકશે–મળી જશે.

ઠીક–આપની તે વાતને સમ્મત થઉં છઉં.

વૃદ્ધઃ–આ '૫' ના અંકવાળો–એ કંઇક પ્રયત્ન પણ કરે છે. બાકી "૪" ના પ્રમાણે છે.

'૬' સર્વ પ્રકારે પ્રયત્ન કરે છે, પણ પ્રમત્તદશાથી પ્રયત્નમાં મંદતા આવી જાય છે.

"૭' સર્વ પ્રકારે અપ્રમત્તપ્રયત્નિ છે.

"૮–૯–૧૦" તેના કરતાં ક્રમે ઉજ્વળ, પણ તે જ જાતિના છે, "૧૧" ના અંકવાળા પતિત થઇ જાય છે માટે અહીં તેનું આગમન નથી. દર્શન થવા માટે બારમેજ હું–હમણા હું તે પદને સંપૂર્ણ જોવાનો છું–પરિપૂર્ણતા પામવાનો છું. આયુષ્યસ્થિતિ પૂરી થયે તમે જોયેલું પદ–તેમાં એક મને પણ જોશો.—

પિતાજીઃ–તમે મહાભાગ્ય છો. (હાથનોંધ પૃષ્ઠ ૧૫.)

આવા અંક કેટલા છે ?

વૃદ્ધઃ–ત્રણ અંક પ્રથમના તમને અનુકૂળ ન આવે. અગિયારમાનું પણ તેમ જ. "૧૩–૧૪ તમારી પાસે આવે એવું તેમને નિમિત્ત રહ્યું નથી. "૧૩" યત્કિંચિત્ આવે. પણ પૂ૦ ક૦ હોય તો તેઓનું આગમન થાય. નહીં તો નહીં. ચૌદમાનું આગમન કારણ માગશો નહીં. કારણ નથી.

(નેપથ્ય) "તમે એ સઘળાંનાં અંતરમાં પ્રવેશ કરો, હું સહાયક થઉં છઉં."

ચાલો-૪ થી ૧૧×૧૨ સુધી ક્રમે ક્રમે સુખની ઉત્તરોત્તર ચઢતી લહરીઓ છૂટતી હતી. વધુ શું કહીએ ? મને તે બહુ પ્રિય લાગ્યું; અને એ જ મારૂં પોતાનું લાગ્યું.

વૃદ્ધે મારા મનોગત ભાવ જાણીને કહ્યું; એ જ તમારો કલ્યાણમાર્ગ. જાઓ તો ભલે; અને આવો તો આ સમુદાય રહ્યો. ઉઠીને ભળી ગયો.

(સ્વવિચારભુવન. દ્વાર પ્રથમ.)

૫.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૭.]

કાયાનું	નિયમિતપણું.
વચનનું	સ્યાદ્વાદપણું.
મનનું	ઔદાસીન્યપણું.
આત્માનું	મુક્તપણું.

(આ છેલ્લી સમજણ.)

૬.[2] [હાથનોંધ પૃષ્ઠ ૧૮.]

આત્મસાધન.

દ્રવ્ય-હું એક છું. અસંગ છું. સર્વ પરભાવથી મુક્ત છું.

ક્ષેત્ર-અસંખ્યાત જિનઅવગાહના પ્રમાણ છું.

કાળ-અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાયપરિણામી સમયાત્મક છું.

ભાવ-શુદ્ધ ચૈતન્ય માત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું.

૭.[3] [હાથનોંધ પૃષ્ઠ ૧૯.]

વચન સંયમ-	વચન સંયમ-	વચન સંયમ.
મનો સંયમ-	મનો સંયમ-	મનો સંયમ.
કાય સંયમ-	કાય સંયમ-	કાય સંયમ.

કાય સંયમ.

ઇંદ્રિય સંક્ષેપતા	આસન સ્થિરતા.
ઇંદ્રિય સ્થિરતા,	સઉપયોગ યથાસૂત્ર પ્રવૃત્તિ.

વચન સંયમ.

મૌનતા,	ઉપયોગ યથાસૂત્ર પ્રવૃત્તિ.
વચનસંક્ષેપ.	વચનગુણાતિશયતા.

મનો સંયમ.

મનો સંક્ષેપતા,	મન.સ્થિરતા.
આત્મચિંતનતા.	

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ.

સંયમ કારણ નિમિત્તરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ.

દ્રવ્ય—સંયમિત દેહ.

ક્ષેત્ર—નિવૃત્તિવાળાં ક્ષેત્રે સ્થિતિ-વિહાર.

---

૧. જીવનક્રમવિચારણા જણાય છે.—સંશોધક

૨. શુદ્ધનયાપેક્ષા આત્મસ્વરૂપનું અત્ર અવલોકન કર્યું જણાય છે.—સંશોધક.

૩. યોગસંક્ષેપતાર્થે સંયમગ્રહણ કેવા પ્રકારે કરવો તે સંબંધીની વિચારણા અત્ર કરી જણાય છે.—સંશોધક.

કાળ—યથાસૂત્ર કાળ.

ભાવ—યથાસૂત્ર નિવૃત્તિસાધનવિચાર,

૮.[1] (હાથનોંધ પૃષ્ઠ ૨૧)

સુખને ઇચ્છતો ન હોય તે નાસ્તિક, કાં સિદ્ધ, કાં જડ.

૯. (હાથનોંધ પૃષ્ઠ ૨૫)

એ જ સ્થિતિ–એ જ ભાવ અને એ જ સ્વરૂપ.અ

ગમે તો કલ્પના કરી બીજી વાટ લ્યો. યથાર્થ જોઇતો હોય તો આ . . લો.આ

વિભંગ જ્ઞાન–દર્શન અન્ય દર્શનમાં માનવામાં આવ્યું છે. એમાં મુખ્ય પ્રવર્તકોએ જે ધર્મ-માર્ગ બોધ્યો છે, તે સમ્યક્ થવા સ્યાત્ મુદ્રા જોઇએ.ઇ

સ્યાત્ મુદ્રા તે સ્વરૂપસ્થિત આત્મા છે. શ્રુતજ્ઞાનની અપેક્ષાએ સ્વરૂપસ્થિત આત્માએ કહેલી શિક્ષા છે.ઈ

નાના પ્રકારના નય, નાના પ્રકારનાં પ્રમાણ, નાના પ્રકારની ભંગજાલ, નાના પ્રકારના અનુયોગ એ સઘળાં લક્ષણારૂપ છે. લક્ષ એક સચ્ચિદાનંદ છે.ઉ

દૃષ્ટિવિષ ગયા પછી ગમે તે શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે તે કથન, ગમે તે વચન, ગમે તે સ્થળ પ્રાયે અહિતનું કારણ થતું નથી.ઊ

પુનર્જન્મ છે–જરૂર છે–એ માટે હું અનુભવથી હા કહેવામાં અચળ છું.એ

આ કાળમાં મારૂં જન્મવું માનું તો દુઃખદાયક છે, અને માનું તો સુખદાયક પણ છે. ઐ

(હાથનોંધ પૃષ્ઠ ૨૬)

એવું હવે કોઈ વાંચન રહ્યું નથી કે જે વાંચી જોઇએ. જીએ તે પામીએ એ જેના સંગમાં રહ્યું છે તે સંગની આ કાળમાં ન્યૂનતા થઈ પડી છે.ઓ

વિકરાળ કાળ !— . . . વિકરાળ કર્મ ! . . . વિકરાળ.

---

૧. આત્મસુખેચ્છારહિત સિદ્ધ, જડ અને નાસ્તિક અવસ્થાઓ હોઈ શકે; એમ વિચારી શ્રીમદે એમ વિચાર્યું હોય કે, પોતાને વિષે જડ તથા નાસ્તિક અવસ્થાઓનો સંભવ નથી; ત્યારે જે બાકીની અવસ્થા સિદ્ધપદની રહી તે ભવપરિપકવતાએ પ્રાપ્ત થવા યોગ્ય છે; એમ આ વચનોપરથી અનુમાનવાનું અમે કારણ માનીએ છીએ.—સંશોધક.

અ. આ. કોઈ એક પ્રકારનું સમ્યક આત્મદર્શન થતાં આ ઉદ્‌ગારો નીકળ્યા હોય એમ ધારી શકાય છે.—સંશોધક.

ઇ, ઈ, ઉ, ઊ. સ્યાત્ મુદ્રા એ જ સ્વરૂપસ્થિતિ છે, એવો શ્રીમદ્‌નો સ્વાનુભવ દર્શાવતો અખંડ નિર્ણય આ વિચારોપરથી જોઈ શકાશે.—સંશોધક.

એ. પ્રત્યક્ષાનુભવવિના પુનર્જન્મના હોવાપણા માટે આટલો બધો અચલ અને નિઃશંક અભિપ્રાય આપી શકાય કે કેમ તે વિચારવા જેવું છે. શ્રીમાન્ મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી પ્રત્યેના જ્યેષ્ઠ શુદ ૪, ૧૯૪૫ ના પત્રમાં જાતિસ્મરણજ્ઞાનનો પ્રસંગ લીધો છે તે આ અભિપ્રાયની સાથે રાખી વિચારવાથી કંઇક વિશેષ સ્પષ્ટતા થશે-સંશોધક.

ઐ. કઈ અપેક્ષાએ શ્રીમદે પોતાનું આ કાળમાં જન્મવું દુઃખદાયક, અને કઇ અપેક્ષાએ સુખદાયક માન્યું છે તે નિશ્ચતપણે કહી શકાતું નથી. જે અનુમાન કરી શકાય તે એટલું જ કે, ઉત્કૃષ્ટ આત્માવસ્થા માટે આ કાળ સામાન્યપણે વિષમતાવાળો ગણાય, અને તે અપેક્ષાએ આ કાળમાં જન્મવું દુઃખદાયક ગણાય; તેમ વળી, અતિ વિષમતા એ પરમ ઔદાસીન્યભાવ આણવાનું પ્રબલ સાધન જ્ઞાનીઓએ ગણ્યું છે તે અપેક્ષાએ સુખદાયક પણ ગણાય.

ઓ. માત્ર જ્ઞાનદર્શનસ્વરૂપે આત્મસ્વરૂપ પ્રગટ્યું હોય, અને ચારિત્રસ્વરૂપે પામવાની પરમ જીજ્ઞાસા

આત્મા ! . . . જેમ . . પણ એમ . . . .

હવે ધ્યાન રાખો. એ જ કલ્યાણ.ઔ

૧૦. (હાથનોંધ પૃષ્ઠ ૨૭.)

એટલું જ શોધાય તો બધું પામશો; ખચિત એમાં જ છે. મને કંઈક અનુભવ છે. સત્ય કહું છું. યથાર્થ કહું છું. નિઃશંક માનો.અ

એ સ્વરૂપ માટે સહજ સહજ કોઈ સ્થળે લખી વાળ્યું છે. . . . .આ

૧૧.[1] (હાથનોંધ પૃષ્ઠ ૨૯.)

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્न ક્રિયા નિજ દેહ.[2]
સમજ પિછેં સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકીલ;
યે મુશકીલી ક્યા કહું ?
ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય;
યેહિ બ્રહ્માંડિ બાસના, જબ જાવે તબ...
આપ આપકું ભુલ ગયા, ઇનસેં ક્યા અંધેર ?
સમર સમર અબ હસત હૈં, નહિં ભુલેંગે ફેર.[3]
જહાં કલપના-જલપના,-તહાં માનું દુખ છાંઈ,
મિટે કલપના-જલપના, તબ વસ્તું તિન પાઈ.
ક્યા ઇચ્છિત ? ખોવત સબેં, હૈ ઇચ્છા દુઃખ મૂલ;
જબ ઇચ્છાકા નાશ તબ, મિટે અનાદી ભૂલ.
ઐસી કહાંસે મતિ ભઈ, આપ આપ હૈ નાહિં.
આપનકું જબ ભુલ ગયે, અવર કહાંસેં લાઈ.
આપ આપ એ શોધસેં, આપ આપ મિલ જાય; (હાથનોંધ પૃષ્ઠ ૩૦.)
આપ મિલન નય બાપકો;

૧૨.[4] (હાથનોંધ પૃષ્ઠ ૩૩.)

એકવાર તે સ્વભુવનમાં બેઠો હતો . . . . . પ્રકાશ હતો;-ઝંખાશ હતી.

હોય અને તેને સહાયક પરમસત્સંગની ન્યૂનતા અનુભવતાં આ વચનો જન્મ પામ્યાં હોય એમ આ વચનોના પ્રવાહપરથી જણાય છે.—સંશોધક.

ઔ. 'વિકરાળ' શબ્દથી માંડી "એ જ કલ્યાણ" પર્યંતના ઉદ્ગારો કોઈ એક અપૂર્વ જાગૃતિનું નિમિત્ત જણાય છે.—સંશોધક.

અ. કોઈ પ્રકારના અપૂર્વ અનુભવની યથાર્થતા, અને સત્યતાની નિઃશંકતા પ્રતીત થતાં આ ઉલ્લાસભાવ પ્રકટ્યો લાગે છે.—સંશોધક

આ. અમે આ હાથનોંધ વિષેની સૂચનામાં એમ જે જણાવ્યું છે કે, હાથનોંધમાં ક્રમરહિતપણે અને હાથનોંધ ઉઘાડતાં જ્યારે જે પાનું હાથ આવ્યું તે પાનામાં લખી વાળ્યું છે એ આ શબ્દોથી પ્રતીતભૂત થશે.—સંશોધક,

૧. સમ્યગ્દર્શનના ઉદ્ભવના હર્ષમાં આ પદો અત્ર મૂકાયાં લાગે છે.—સંશોધક.

૨-૩. આ પેટાપારગ્રાફ નંબર ૪ ના અક્ષરમાં મૂકેલાં ચરણ આ હાથનોંધમાં નથી; પણ પાછળથી એ બે ચરણ શ્રીમદે પૂરાં કરેલાં એમ જે ભાઈ તરફથી આ ચરણ મળ્યાં તેના કહેવા પરથી જણાયું—સંશોધક.

૪. આ પ્રસંગ સમજી શકાતો નથી.—સંશોધક.

મંત્રિયે આવીને તેને કહ્યું. આપ શું વિચારણામાં પરિશ્રમ લો છો? તે યોગ્ય હોય તો આ દીનને દર્શાવી ઉપકૃત કરશો.

૧૩. [૧] [હાથનોંધ પૃષ્ઠ ૩૫.]

હોત આસવા પરિસવા, નહિં ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ, ગયે ગત એહિ.
રચના જિનઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હૈં, કરતેં નિજ સંભાલ.
જિન સોહી હૈ આતમા, અન્ય હોઇ સો કર્મ;
કર્મ કટે જિનબચનસો, તત્વગ્યાનિકો મર્મ.
જબ જાન્યો નિજરૂપકોં, તબ જાન્યો સબ લોક;
હોત ન્યૂનસેં ન્યૂનતા[૨]
યહિ દિશાકી મૂઢતા, હૈ નહિં જિનપેં ભાવ;
જિનસેં ભાવ બિનુ કબૂ, નહિં છૂટત દુખદાવ.
વ્યવહારસેં દેવ જિન, નિહચેસેં હૈ આપ;
યહિ બચનસેં સમજ લે; જિનપ્રવચનકી છાપ.
યહિ નહીં હૈ કલ્પના, યેહી જહાં વિભંગ;
જબ જાગેંગે આતમા, તબ લાગેંગે રંગ.

૧૪.[૩] [હાથનોંધ પૃષ્ઠ ૩૭.]

અનુભવ.

૧૫.[૪] [હાથનોંધ પૃષ્ઠ ૩૯.]

એ ત્યાગી પણ નથી, અત્યાગી પણ નથી, એ રાગી પણ નથી. વીતરાગી પણ નથી.

પોતાનો ક્રમ નિશ્ચળ કરો. તેની ચો બાજુ નિવૃત્ત ભૂમિકા રાખો.

આ દર્શન થાય છે તે કાં વૃથા જાય છે? એનો વિચાર પુનઃ પુનઃ વિચારતાં મૂર્છા આવે છે.

સંતજનોએ પોતાનો ક્રમ મૂક્યો છે તે પરમ અસમાધિને પામ્યા છે.

સંતપણું અતિ અતિ દુર્લભ છે. આવ્યા પછી સંત મળવા દુર્લભ છે. સંતપણાની જિજ્ઞાસાવાળા અનેક છે. પરંતુ સંતપણું દુર્લભ જ છે!

---

૧. જિનપદ એ જ નિજપદ છે, એવો સાક્ષાત્કાર થતાં આ પદ અહિં મૂકાયાં જણાયછે.— સંશોધક.

૨. હાથનોંધમાં તો આ પ્રમાણે પદ અપૂર્ણ છે; પણ એક ભાઈ તરફથી એમ ખબર મળ્યા કે એ પદના અનુસંધાનમાં આ એક લીટી પણ શ્રીમદે અન્ય સ્થળે કહી છે,–" નહિં જાન્યો નિજરૂપ તો, સબ જાન્યો સો ફોક. "—સંશોધક.

૩. ' અનુભવ ' એટલો જ શબ્દ લખી લખવું મૂકી દીધું છે. કોઇ પ્રકારનો અનુભવ પ્રત્યક્ષ થતાં લખવાની અભિલાષા થઈ હોય.—સંશોધક.

૪. સ્ફુરાયમાન આત્મજાગૃતિને ક્રિયાશક્તિ આપવાનો પરમભાવ વર્તતો હશે તે સમયે આ વચનો લખાયાં સંભવે છે.—સંશોધક.

૧૬.[૧] [હાથનોંધ પૃષ્ઠ ૪૩.]

પ્રકાશ ભુવન.

ખચિત તે સત્ય છે. એમ જ સ્થિતિ છે. તમે આ ભણી વળો–

તેઓએ રૂપકથી કહ્યું છે. ભિન્ન ભિન્ન પ્રકારે તેથી બોધ થયો છે, અને થાય છે; પરંતુ તે વિભંગરૂપ છે.

આ બોધ સમ્યક્ છે. તથાપિ ઘણો જ સૂક્ષ્મ અને મોહ ટળ્યે ગ્રાહ્ય થાય તેવો છે.

સમ્યક્ બોધ પણ પૂર્ણ સ્થિતિમાં રહ્યો નથી. તોપણ જે છે તે યોગ્ય છે.

એ સમજીને હવે ઘટતો માર્ગ લ્યો.

કારણ શોધો મા, ના કહો મા, કલ્પના કરો મા. એમ જ છે.

એ પુરુષ યથાર્થ વક્તા હતો. અયથાર્થ કહેવાનું તેમને કોઈ નિમિત્ત નહોતું.

૧૭.[૨] [હાથનોંધ પૃષ્ઠ ૪૭.]

તે દશા શાથી અવરાઈ? અને તે દશા વર્ધમાન કેમ ન થઇ?

લોકના પ્રસંગથી, માનેચ્છાથી, અજાગૃતપણાથી, સ્ત્રિયાદિ પરિષહનો જય ન કરવાથી.

જે ક્રિયાને વિષે જીવને રંગ લાગે છે, તેને ત્યાં જ સ્થિતિ હોય છે, એવો જે જિનનો અભિપ્રાય તે સત્ય છે.

ત્રીશ મહા મોહનીયનાં સ્થાનક શ્રી તીર્થંકરે કહ્યાં છે તે સાચાં છે.

અનંતા જ્ઞાનીપુરૂષોએ જેનું પ્રાયશ્ચિત્ત કહ્યું નથી, જેના ત્યાગનો એકાંત અભિપ્રાય આપ્યો છે એવો જે કામ તેથી જે મુંઝાયા નથી, તે જ પરમાત્મા છે.

૧૮.[૩] [હાથનોંધ પૃષ્ઠ ૪૯.]

કોઈ બ્રહ્મરસના ભોગી,
કોઈ બ્રહ્મરસના ભોગી.
જાણે કોઇ વિરલા યોગી,
કોઇ બ્રહ્મરસના ભોગી.

૧૯.[૪] [હાથનોંધ પૃષ્ઠ ૫૧]

૨–૨–૩મા–૧૯૫૧[અ]

દ્રવ્ય,[આ] એક લક્ષ[ઈ]

---

૧. આ લેખ ક્ષયોપશમભાવ માટે ઉપયોગ અને યથાર્થાત્મતત્વનો સમ્યક્ પરીક્ષણ અનુભવ સૂચવતો જણાય છે.—સંશોધક.

૨. અહિં જે લોકપ્રસંગાદિ કારણો કહ્યાં છે તે કારણોએ પોતાપ્રત્યે અમુક પ્રસંગે જય મેળવવાથી, પ્રાપ્ત દશાનું વૃદ્ધિને બદલે અવરાવું થયેલું જોઇ શ્રીમદે વીર્યજાગૃતિ અર્થે નિજદોષો માટે તીવ્ર આત્મનિંદન કર્યું જણાય છે.—સંશોધક.

૪. (ક). શ્રીમદે પોતાની પરિગ્રહપરિમાણવિચારણા પોતાને જ જાણવા અર્થે ટુંકાક્ષરી ભાષા (સંજ્ઞા) માં આ સ્થળે લખી છેઃ—

(અ) ૨–૨–૩મા–૧૯૫૧=૨=બીજ ૨.=કૃષ્ણપક્ષ, ૩=પોષ માસ; ૧૯૫૧=સંવત્ ૧૯૫૧=સંવત્ ૧૯૫૧ ના પોષ વદ બીજ.

(આ) દ્રવ્ય=ધન. (ઇ) એક લક્ષ=એક લાખ.

ક્ષેત્ર,ઈ મોહમયી.ઉ

કાળ ઊ —મા. વ. ૮–૧ એ

ભાવ [૧](ખ) ઉદય ભાવ.

દ્રવ્ય—	એક લક્ષ	ઉદાસીન.
ક્ષેત્ર—	મોહમયિ	
કાળ—	૮–૧	ઇચ્છા.
ભાવ—	ઉદયભાવ.	પ્રારબ્ધ.

૨૦.[૨] [હાથનોંધ પૃષ્ઠ ૫૨.]

સામાન્ય ચેતન સામાન્ય ચૈતન્ય

વિશેષ ચેતન. વિશેષ ચૈતન્ય

નિર્વિશેષ ચેતન (ચૈતન્ય)

સ્વભાવિક અનેક આત્મા (જીવ) નિર્ગ્રંથ.

સોપાધિક અનેક આત્મા (જીવ) વેદાંત.

૨૧.[૩] [હાથનોંધ પૃષ્ઠ ૫૩.]

ચક્ષુ અપ્રાપ્યકારી.

મન અપ્રાપ્યકારી.

ચેતનનું બાહ્ય આગમન (ગમન નહીં તે.)

(ઈ) ક્ષેત્ર=સ્થાન.

(ઉ) મોહમયી=મુંબઈ.

(ઊ) કાળ=સમય.

(એ) ૮ મા. ૧ વ. એક વર્ષને આઠ માસ.

આ વિચારણા સંવત્ ૧૯૫૧ ના પોશ વદ ૨ ને રોજ એમ લખી સંભવે છે કે, દ્રવ્યમર્યાદા એક લાખની કરવી. મુંબઈમાં એક વર્ષ ને આઠ માસ રહેવું; આમ વૃત્તિ છતાં ઉદયભાવ પ્રમાણે વર્તવું.

૧ (ખ.) આને આ વાતને ફરી વિચારી જણાય છે કે, એક લાખ દ્રવ્ય કેવી રીતે પ્રાપ્ત કરવું? તો કહે કે, ઉદાસીનપણે. મુંબઈમાં સ્થિતિ કેવી રીતે કરવી? આ વાતનો ઉત્તર તેઓએ આપ્યો નથી તેથી એમ સૂચવે છે કે, ભાવાભાવરહિતપણે. એક વર્ષને આઠ માસની સ્થિતિમાં કેવો ભાવ છે? તો કહે કે ઈચ્છાભાવ. ઉદયભાવ તે શું? તો કહે કે પ્રારબ્ધ, અર્થાત્ પૂર્વનિષ્પન્ન કર્માનુસાર જે સ્થિતિ વેદવી પડે તે. શ્રીમદે વ્યવહારમુક્તતા માટે સંવત્ ૧૯૫૧ના પોશ વદ ૨ ને રોજ આ વિચારણા કરી સંભવે છે કે, ઉદાસીનભાવવડે એક લાખ રૂપિયાની સ્થિતિ કરવી. એક વર્ષ ને આઠ માસ સુધીની સ્થિતિની ઇચ્છા રાખી, મુંબઈમાં ભાવાભાવરહિતપણે રહેવું; આમ વૃત્તિ છતાં પૂર્વ નિષ્પન્નકર્મના ઉદયાનુસાર જે સ્થિતિ ઉત્પન્ન થાય તે વેદવી.—સંશોધક.

૨. ભિન્ન ભિન્ન દર્શનોનું અવલોકન કરતાં આ સ્વરૂપ સહજ લક્ષાર્થે ટાંકી રાખ્યું જણાય છે.—સંશોધક.

૩. આ પ્રસંગ લખવાનો હેતુ અમે સમજી શકતા નથી.—સંશોધક.

૨૨.[1] [હાથનોંધ પૃષ્ઠ ૫૫.]

જ્ઞાની પુરુષોને સમયે સમયે અનંતા સંયમપરિણામ વર્ધમાન થાય છે, એમ સર્વજ્ઞે કહ્યું છે તે સત્ય છે.અ

તે સંયમ, વિચારની તીક્ષ્ણ પરિણતિથી તથા બ્રહ્મરસપ્રત્યે સ્થિરપણાથી ઉત્પન્ન થાય છે.આ

૨૩.


શ્રી તીર્થંકર આત્માને સંકોચ વિકાશનું ભાજન યોગદશામાં માને છે, તે સિદ્ધાંત વિશેષે કરી વિચારવાયોગ્ય છે.[1]

૨૪.[2] [હાથનોંધ પૃષ્ઠ ૫૬.]

ધ્યાન
ધ્યાન–ધ્યાન.
ધ્યાન–ધ્યાન–ધ્યાન.
ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન.
ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન.
ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન.
ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન–ધ્યાન.

૨૫.[3] [હાથનોંધ પૃષ્ઠ ૫૭.]

ચિદ્ ધાતુમય, પરમશાંત, અડગ્ગ એકાગ્ર; એક સ્વભાવમય અસંખ્યાત પ્રદેશાત્મક પુરુષાકાર ચિદાનંદઘન તેનું ધ્યાન કરો.



નો આત્યંતિક અભાવ. પ્રદેશસંબંધ પામેલાં પૂર્વ નિષ્પન્ન–સત્તાપ્રાપ્ત ઉદયપ્રાપ્ત–ઉદીરણાપ્રાપ્ત ચાર એવાં ના૦ ગો૦ આ૦ વેદનીય વેદવાથી. અભાવ જેને છે એવું શુદ્ધસ્વરૂપ જિન ચિદ્મૂર્ત્તિ–સર્વલોકાલોક ભાસક ચમત્કારનું ધામ.

અ. આ. તીક્ષ્ણ વિચારપરિણતિ તથા બ્રહ્મરસસ્થિરતા, સંયમના ઉત્પત્તિહેતુઓ છે, અને જ્ઞાનાવસ્થા સંયમપરિણામવર્ધમાનતાનું સર્વોત્કૃષ્ટ સાધન છે એવા સ્વાનુભવનું પરિણામ આ વચનો લાગે છે.—સંશોધક.

૧ જે સિદ્ધાંત યોગદશામાં આત્માને સંકોચવિકાશનું ભાજન માને છે તે સિદ્ધાંત સૂક્ષ્મ અવલોકનદ્વારા પ્રમાણભૂત થવાયોગ્ય છે એમ પોતાનો અનુભવ અહીં કહ્યો જણાય છે.—સંશોધક,

અનેકવાર 'ધ્યાન' શબ્દના આ જપપરથી, શ્રીમદ્‌ની ધ્યાનત્વરાનું અનુમાન થઈ શકે—સંશોધક.

૩ સર્વ લોકાલોકભાસક ચમત્કારનું ધામ અષ્ટ કર્મરહિતતાએ ઉત્પન્ન થયેલી જિન ચિદ્મૂર્ત્તિ છે, અને તે જ પ્રત્યેક આત્માનું અને તેથી પોતાનું મૂળ શુદ્ધપદ છે (જુઓ દેહપૂર્ણતા પહેલાનાં–સંવત ૧૯૫૭ના ચૈત્ર સુદ ૧૦નાં છેલ્લાં વચનો) એવા પ્રકારવડે આ ધ્યાનતત્પરતા જન્મ પામી સંભવે છે.—સંશોધક.

૨૬. [હાથનોંધ પૃષ્ઠ ૫૮.]

વિશ્વ અનાદિ છે. જીવ અનાદિ છે.[૧] ——

પરમાણુ પુદ્ગલો અનાદિ છે. જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે. ——

સંયોગીભાવમાં તાદાત્મ્ય અધ્યાસ હોવાથી જીવ જન્મ મરણાદિ દુઃખોને અનુભવે છે.

૨૭.[૨] [હાથનોંધ પૃષ્ઠ ૫૯.]

પાંચ અસ્તિકાયરૂપ લોક એટલે વિશ્વ છે. ચૈતન્ય લક્ષણ જીવ છે.

વર્ણ ગંધ રસ સ્પર્શમાન પરમાણુઓ છે તે સંબંધ સ્વરૂપથી નથી. વિભાવરૂપ છે.

૨૮.

[હાથનોંધ પૃષ્ઠ ૬૦.]

શરીરને વિષે આત્મભાવના પ્રથમ થતી હોય તો થવા દેવી, ક્રમે કરી પ્રાણમાં આત્મભાવના કરવી, પછી ઇંદ્રિયોમાં આત્મભાવના કરવી, પછી સંકલ્પ વિકલ્પરૂપ પરિણામમાં આત્મભાવના કરવી, પછી સ્થિર જ્ઞાનમાં આત્મભાવના કરવી. ત્યાં સર્વ પ્રકારની અન્યાલંબનરહિત સ્થિતિ કરવી.[૩]

૨૯.[૪] [હાથનોંધ પૃષ્ઠ ૬૧]

પ્રાણ, વાણી, રસ. }	સોહં અનહદ	તેનું ધ્યાન કરવું

૩૦.[૫] [હાથનોંધ પૃષ્ઠ ૬૨.]

સંવત ૧૯૫૩ ના ફા. વદી ૧૨ ભોમવાર.

જિન	મુખ્ય	આચાર્ય.
સિદ્ધાંત	પદ્ધતિ	ધર્મ
શાંત રસ	અહિંસા	મુખ્ય
લિંગાદિ	વ્યવહાર	જિનમુદ્રા સૂચક.
મતાંતર	સમાવેશ	
શાંત રસ	પ્રવહન.	
જિન	અન્યને	ધર્મ પ્રાપ્તિ.
લોકાદિ સ્વરૂપ—	સંશયની	નિવૃત્તિ સમાધાન.
જિન	પ્રતિમા	કારણ.

કાંઇક ગૃહવ્યવહાર શાંત કરી. પરિ–ગ્રહાદિ કાર્યથી નિવૃત્ત થવું.

અપ્રમત્ત ગુણસ્થાનકપર્યંત પહોંચવું. કેવળ ભૂમિકાનું સહજ પરિણામી ધ્યાન--

૧, શ્રી જિનનિર્ણીત વિશ્વવ્યવસ્થાપ્રત્યે પોતાનો સ્વાનુભવઅભિપ્રાય કર્યો લાગે છે,—સંશોધક.

૨, જુઓ હાથનોંધ પૃષ્ઠ ૫૮ ની નોંધ–સંશોધક.

૩, અન્યાલંબનરહિત સ્થિતિ માટે સ્થિર જ્ઞાન કરવા સારૂ આત્મભાવનાનો ક્રમ શ્રીમદે વિચાર્યો જણાય છે,—સંશોધક

૪, સ્વરૂપાનુસંધાન વિચાર્યું જણાય છે.—સંશોધક.

૫, જિનશાસનના પુનરુદ્ધાર સંબંધી અને પોતાની ગુણસ્થાનક સ્થિતિ સંબંધી કાંઇક મહાન અને અદ્ભુત વિચારણા છે, વિસ્તીર્ણ વ્યવહાર સમયની આ અંતરંગ જિજ્ઞાસા છે, આ સંબંધી વિચાર આપવાનું કામ મહાન પુરૂષોનું છે એટલે એ વિષે અમે અત્ર શાંત રહીશું.—સંશોધક.

૩૧.[1] [હાથનોંધ પૃષ્ઠ ૬૩.]

ધન્ય રે દિવસ આ અહો,
જાગી રે શાંતિ અપૂર્વ, રે;
દશ વર્ષે રે ધારા ઉલસી,
મટ્યો ઉદય કર્મનો ગર્વ રે. ધન્ય૦

ઓગણીસેં ને એકત્રીસે,
આવ્યો અપૂર્વ અનુસાર : રે,
ઓગણીસેં ને બેતાળીસે,
અદ્ભુત વૈરાગ્ય ધાર રે. ધન્ય૦

ઓગણીસેં ને સુડતાળીસે,
સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે,
શ્રુત અનુભવ વધતી દશા,
નિજસ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય૦

ત્યાં આવ્યો રે ઉદય કારમો,
પરિગ્રહ કાર્ય પ્રપંચ રે,
જેમ જેમ તે હડસેલીએ,
તેમ વધે ન ઘટે રંચ રે. ધન્ય૦

વધતું એમ જ ચાલિયું, [હાથનોંધ પૃષ્ઠ ૬૪.]
હવે દીસે ક્ષીણ કાંઈ રે,
ક્રમે કરીને રે તે જશે,
એમ ભાસે મનમાંહિ રે. ધન્ય૦

યથાહેતુ જે ચિત્તનો,
સત્યધર્મનો ઉદ્ધાર રે,
થશે અવશ્ય આ દેહથી,
એમ થયો નિરધાર રે. ધન્ય૦

આવી અપૂર્વ વૃત્તિ અહો,
થશે અપ્રમત્ત યોગ રે,
કેવળ લગભગ ભૂમિકા,
સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય૦

અવશ્ય કર્મનો ભોગ છે.

---

૧ હાથનોંધ પૃષ્ઠ ૬૨ પર લખેલ વિષય જે દિવસે લખ્યો છે તે દિવસે ઘણું કરી આ સ્વાત્મવૃત્તાંતોપયોગી પદ (Autobiographical poem) પણ લખ્યું જણાય છે, કેમકે લેખનપદ્ધતિ અને તેનું સાહિત્ય સમાન છે, આ આંતર્ વિષય છે, એટલે આપણે અન્ય જીવોએ તો તેઓનું જીવન અભ્યાસી આ સ્વાનુભવપ્રત્યે અભિપ્રાય બાંધવો યોગ્ય છે. "ક્ષાયક સમ્યક્ત્વ' હોય ત્યારે ઘણું કરી

ભોગવવો અવશેષ રે,
તેથી દેહ એક જ ધારિને
જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય૦

૩૨.[1] [હાથનોંધ પૃષ્ઠ ૬૭.]

કુમ્મં દધેહિ સમં, સંજોગો જો હોઈ જીવસ્સ, સો બંધો નાયવો, તસ્સવિયોગો ભવ મોખ્ખો.

૩૩.[2] [હાથનોંધ પૃષ્ઠ ૭૩.]

સમ્યક્‌દર્શનસ્વરૂપ એવાં નીચે લખ્યાં શ્રીજિનનાં ઉપદેશેલાં ૭ પદ આત્માર્થિ જીવે અતિશય કરી વિચારવાં ઘટે છે.

આત્મા છે, કેમકે પ્રમાણે કરીને તેનું પ્રસિદ્ધપણું છે; એ અસ્તિપદ.
આત્મા નિત્ય છે; એ નિત્યપદ.
આત્માનું જે સ્વરૂપ છે તે કોઈ પણ પ્રકારે ઉત્પન્ન થવું સંભવતું નથી, તેમ તેનો વિનાશ સંભવતો નથી.
આત્મા કર્મનો કર્તા છે; એ કર્તા પદ.
આત્મા કર્મનો ભોક્તા છે. [હાથનોંધ પૃષ્ઠ ૭૪.]
તે આત્માની મુક્તિ થઈ શકે છે.
મોક્ષ થઈ શકે એવા પ્રકાર પ્રસિદ્ધ છે.

૩૪.[3] [હાથનોંધ પૃષ્ઠ ૮૦]

આત્મા—	વેદાંત,	જિન,	સાંખ્ય,	યોગ,	નૈયાયિક,	બૌધ.
નિત્ય—						
અનિત્ય	+	,,	+	+	+	,,
પરિણામી.	+	,,	+	+	+	+
અપરિણામી.						
સાક્ષી.						
સાક્ષી-કર્તા.						

૩૫.[4] [હાથનોંધ પૃષ્ઠ ૮૬.]

સાંખ્ય કહે છે કે બુદ્ધિ જડ છે. પાતંજળી, વેદાંત એમ જ કહે છે.
જિન કહે છે કે બુદ્ધિ ચેતન છે.
વેદાંત કહે છે કે આત્મા એક જ છે.
જિન કહે છે કે આત્મા અનંત છે.

---

૧. આ પ્રકારની વિચારદશામાં આ ગાથા લખાઇ હોય —સંશોધક.

૨. આત્માના અસ્તિત્વ પદથી માંડી નિર્વાણપ્રાપ્તિ સુધી ઉપાયના ષટ્‌પદનો અખંડાકાર નિર્ણય એ જ સમ્યગ્દર્શનપ્રાપ્તિનું બીજું સ્વરૂપ શ્રી જિનપતિ કહ્યું છે.—સંશોધક.

૩. હાથનોંધ પૃષ્ઠ ૧૩૦ ઉપર સર્વદર્શનાવલોકન સંબંધી શ્રીમદ્‌ના વિચારો છે તે વાંચ્યા પછી આ જુદા જુદા દર્શનોની આલોચના કર્યાના પ્રમાણો લાગશે; અર્થાત્ ઓઘશ્રદ્ધાએ નહીં પણ ભિન્ન ભિન્ન દર્શનો વિચાર્યા પછી શ્રીજિને કહેલું આત્મસ્વરૂપ યથાર્થ છે એમ નિર્ણય કરેલો જણાશે. વર્ષના ક્રમમાં પાછળ મૂકાયેલો લેખ જુઓ.—સંશોધક.

૪. હાથનોંધ પૃષ્ઠ ૮૦ ની નોંધ જુઓ—સંશોધક.

જાતિ એક છે. સાંખ્ય પણ તેમ જ કહે છે;
પાતંજલી પણ તેમ જ કહે છે.
વેદાંત કહે છે કે આ સમસ્ત વિશ્વ વંધ્યાપુત્રવત્ છે.
જિન કહે છે કે આ સમસ્ત વિશ્વ શાશ્વત છે.
પાતંજલી કહે છે કે નિત્યમુક્ત એવો એક ઇશ્વિર હોવો જોઇએ.
સાંખ્ય ના કહે છે. જિન ના કહે છે.

૩૬.[૧]

શ્રીમાન્ મહાવીરસ્વામી જેવાએ અપ્રસિદ્ધ પદ રાખી ગૃહવાસરૂપ વેદ્યો–ગૃહવાસથી નિવૃત્ત થયે પણ સાડાબાર જેવા દીર્ઘ કાળ સુધી મૌન આચર્યું. નિદ્રા તજી વિષમ પરિષહ સહ્યા એનો હેતુ શો ? અને આ જીવ આમ વર્ત્તે છે, તથા આમ કહે છે તેનો હેતુ શો ?

જે પુરૂષ સદ્‌ગુરૂની ઉપાસના વિના નિજ કલ્પનાએ આત્મસ્વરૂપનો નિર્ધાર કરે તે માત્ર પોતાના સ્વચ્છંદના ઉદયને વેદે છે, એમ વિચારવું ઘટે છે.

જે જીવ સત્પુરૂષના ગુણનો વિચાર ન કરે, અને પોતાની કલ્પનાના આશ્રયે વર્ત્તે તે જીવ સહજમાત્રમાં ભવવૃદ્ધિ ઉત્પન્ન કરે છે, કેમકે અમર થવાને માટે ઝેર પીએ છે.

૩૭.[૨]

સર્વ સંગ મહાશ્રવરૂપ તીર્થંકરે કહ્યો છે, તે સત્ય છે. ક

આવી મિશ્ર ગુણસ્થાનક જેવી સ્થિતિ કયાં સુધી રાખવી ? જે વાત ચિત્તમાં નહીં તે કરવી, અને જે ચિત્તમાં છે તેમાં ઉદાસ રહેવું એવો વ્યવહાર શી રીતે થઇ શકે ? ખ

વૈશ્યવેષે અને નિર્ગ્રંથભાવે વસતાં કોટી કોટી વિચાર થયા કરે છે.ગ

વેષ અને તે વેષસંબંધી વ્યવહાર જોઇ લોકદૃષ્ટિ તેવું માને એ ખરૂં છે, અને નિર્ગ્રન્થ ભાવે વર્ત્તતું ચિત્ત તે વ્યવહારમાં યથાર્થ ન પ્રવર્ત્તિ શકે એ પણ સત્ય છે; જે માટે એવા બે પ્રકારની એક સ્થિતિ કરી વર્તિ શકાતું નથી, કેમકે પ્રથમ પ્રકારે વર્ત્તતાં નિર્ગ્રંથભાવથી ઉદાસ રહેવું પડે તો જ યથાર્થ વ્યવહાર સાચવી શકાય એમ છે, અને નિર્ગ્રંથભાવે વસીએ તો પછી તે વ્યવહાર ગમે તેવો થાય તેની ઉપેક્ષા કરવી ઘટે, જો ઉપેક્ષા ન કરવામાં આવે તો નિર્ગ્રંથભાવ હાનિ પામ્યા વિના રહે નહીં. [હાથનોંધ પૃષ્ટ ૯૦.]

તે વ્યવહાર ત્યાગ્યા વિના અથવા અત્યંત અલ્પ કર્યા વિના નિર્ગ્રંથતા યથાર્થ રહે નહીં,

૧–૨. સ્વદશાના દર્પણરૂપ શ્રીમદ્‌ના આ વિચારો અભ્યાસવાની તેઓની આંતર્ સ્થિતિસંબંધનો અભિપ્રાય બાંધી શકાવા યોગ્ય છે.– સંશોધક

(ક.) પોતાને વર્તતો સંગ મહાશ્રવરૂપ અનુભવવાનું કાંઈ કારણ મળ્યું હશે તે પ્રસંગે આ પ્રકારની શ્રીમદ્‌ને વિષે જાગૃતિ થવી સંભવે છે—સંશોધક.

(ખ.) "જે વાત ચિત્તમાં નહીં તે કરવી" એમ જે કહ્યું તે પોતાને વર્તતો 'વ્યવહાર' છે. અને "જે ચિત્તમાં છે તેમાં ઉદાસ રહેવું" એમ જે કહ્યું તે 'નિર્ગ્રન્થદશાની જિજ્ઞાસા' છે. વ્યવહારપ્રત્યે અભાવ છતાં તે કરવો પડે છે, અને નિર્ગ્રંથતા પ્રત્યે પરમભાવ છતાં તે પ્રત્યે ઉદાસીનતા રાખવી પડતી જોઈ જાણે શ્રીમદને ખેદ ન થતો હોય એમ આ વચનરેખ દર્શાવે છે.—સંશોધક.

(ગ). વૈશ્યસ્થિતિમાં નિર્ગ્રંથદશાએ વર્તવાની દુષ્કરતાનો અનુભવ થતાં આ ભાવ પ્રકટયો લાગે છે.—સંશોધક.

અને ઉદયરૂપ હોવાથી વ્યવહાર ત્યાગ્યો જતો નથી.ઘ

આ સર્વ વિભાવયોગ મટયાવિના અમારૂં ચિત્ત બીજા કોઈ ઉપાયે સંતોષ પામે એમ લાગતું નથી.ચ.

તે વિભાવયોગ બે પ્રકારે છે; એક પૂર્વે નિષ્પન્ન કરેલો એવો ઉદયસ્વરૂપ, અને બીજો આત્મબુદ્ધિએ કરી રંજનપણે કરવામાં આવતો ભાવસ્વરૂપ. છ

આત્મભાવે વિભાવસંબંધી યોગ તેની ઉપેક્ષા જ શ્રેયભૂત લાગે છે. નિત્ય તે વિચારવામાં આવે છે. તે વિભાવપણે વર્ત્તતો આત્મભાવ ઘણો પરિક્ષીણ કર્યો છે, અને હજી પણ તે જ પરિણતિ વર્ત્તે છે.જ

તે સંપૂર્ણ વિભાવયોગ નિવૃત્ત કર્યા વિના ચિત્ત વિશ્રાંતિ પામે એમ જણાતું નથી, અને હાલ તો તે કારણે કરી વિશેષ ક્લેશ વેદન કરવો પડે છે, કેમકે ઉદય વિભાવ ક્રિયાનો છે. અને ઇચ્છા આત્મભાવમાં સ્થિતિ કરવાની છે.ઝ [હાથનોંધ પૃ૦ ૯૧.]

તથાપિ એમ રહે છે કે; ઉદયનું વિશેષ કાળસુધી વર્ત્તવું રહે તો આત્મભાવ વિશેષ ચંચળ પરિણામને પામશે; કેમકે આત્મભાવ વિશેષ સંધાન કરવાનો અવકાશ ઉદયની પ્રવૃત્તિને લીધે પ્રાપ્ત ન થઇ શકે, અને તેથી તે આત્મભાવ કંઈ પણ અજાગૃતપણાને પામે.ટ

જે આત્મભાવ ઉત્પન્ન થયો છે, તે આત્મભાવપર જો વિશેષ લક્ષ કરવામાં આવે તો અલ્પ કાળમાં તેનું વિશેષ વર્ધમાનપણુ થાય, અને વિશેષ જાગૃતાવસ્થા ઉત્પન્ન થાય,-અને થોડા કાળમાં હિતકારી એવી ઉગ્ર આત્મદશા પ્રગટે; અને જો ઉદયની સ્થિતિ પ્રમાણે ઉદયનો કાળ રહેવા દેવાનો વિચાર કરવામાં આવે તો હવે આત્મશિથિલતા થવાનો પ્રસંગ આવશે, એમ લાગે છે; કેમકે દીર્ઘ કાળનો આત્મભાવ હોવાથી અત્યારસુધી ઉદયબળ ગમે તેવું છતાં તે આત્મભાવ હણાયો નથી, તથાપિ કંઇક કંઇક તેની અજાગૃતાવસ્થા થવા દેવાનો વખત આવ્યો છે; એમ છતાં પણ હવે કેવળ ઉદયપર ધ્યાન આપવામાં આવશે તો શિથિલભાવ ઉત્પન્ન થશે-ઠ

[હાથનોંધ પૃષ્ટ ૯૨.]

જ્ઞાનીપુરૂષો ઉદયવશ દેહાદિ ધર્મ નિવૃત્તે છે. એ રીતે પ્રવૃત્તિ કરી હોય તો આત્મભાવ હણાવો ન જોઇએ; એ માટે તે વાત લક્ષમાં રાખી ઉદય વેદવો ઘટે છે, એમ વિચાર પણ હમણાં ઘટતો નથી, કેમકે જ્ઞાનના તારતમ્ય કરતાં ઉદયબળ વધતું જોવામાં આવે તો જરૂર ત્યાં જ્ઞાનીએ

(ઘ). અત્ર આશય એમ જણાય છે કે, વર્તતી વૈશ્યદશાના કારણે તેઓ આભ્યંતરદશા જગત્ જીવોને લક્ષગત ન થાય એ સ્વાભાવિક છે. ઇચ્છિત જે નિર્ગ્રંથતા તેની ઉપેક્ષા કરવી પડે તેવા સંયોગો જોઇને, અને અનિચ્છિત એવો જે વ્યવહાર તેનું અનુકરણ કરવું પડતું જોઇને જાગૃતિના અંકુરો પુનઃ સ્ફુરાયમાન થતાં આ વચનો ઉત્પત્તિ પામ્યાં જણાય છે.—સંશોધક.

(ચ). વિભાવભાવ પ્રતિ અતિ અપ્રિયતા આ શબ્દો દર્શાવે છે.—સંશોધક

(છ). (જ). (ઝ). (ટ). વિશેષપણે ક્ષીણ કરેલો સ્વપ્રેરિત વિભાવભાવ સર્વથા નાશ કરવાની પરમોત્કૃષ્ટ જિજ્ઞાસા દર્શાવવાની સાથે ઉદયબળ સામે પોતાના પુરૂષાર્થના ઉપયોગની અગત્ય વિચારી છે, તથા આત્મભાવ અજાગૃતપણાને પામે તેવો ભય જોઈ તેથી સાવધ થવાનું અવ્યવસ્થ કરવાનું વિચાર્યું જણાય છે.—સંશોધક,

(ઠ). શ્રીમદ્‌નેવિષે અમુક સ્થિતિવાળો આત્મભાવ ઉત્પન્ન થવાનું આ વચનોથી જાણી શકાય તેમ છે; તેમ જ તે આત્મભાવ એવા પ્રકારનો તેઓને અનુભવગત થયો જણાય છે કે, વિશેષ લક્ષથી તે હમ કરાતું કારણ હોય. ઉદયરૂપ માનવું એ આત્મભાવની અજાગૃતિનો હેતુ માની પુરૂષાર્થ વિશેષની અગત્ય જોઈ લાગે છે. " દીર્ઘકાળનો આત્મભાવ હોવાથી અત્યારસુધી ઉદયબળ ગમે તેવું છતાં તે આત્મ-

પણ જાગૃત દશા કરવી ઘટે, એમ શ્રી સર્વજ્ઞે કહ્યું છે.૮

અત્યંત દુષમ કાળ છે તેને લીધે અને હતપુણ્ય લોકોએ ભરતક્ષેત્ર ઘેર્યું છે તેને લીધે પરમ સત્સંગ—સત્સંગ કે સરળ પરિણામી જીવોનો સમાગમ પણ દુર્લભ છે, એમ જાણી જેમ અલ્પ કાળમાં સાવધાન થવાય તેમ કરવું ઘટે છે.૯

૩૮. [હા૦ નોં૦ પૃ૦ ૯૩]

મૌન દશા ધારણ કરવી ?૧

વ્યવહારનો ઉદય એવો છે કે તે ધારણ કરેલી દશા લોકોને કષાયનું નિમિત્ત થાય. તેમ વ્યવહારની પ્રવૃત્તિ બને નહીં.૨

ત્યારે તે વ્યવહાર નિવૃત્ત કરવો ?૩

તે પણ વિચારતાં બનવું કઠણ લાગે છે, કેમકે તેવી કંઈક સ્થિતિ વેદવાનું ચિત્ત રહ્યા કરે છે. પછી તે શિથિલતાથી–ઉદયથી કે પરેચ્છાથી કે સર્વજ્ઞ દૃષ્ટથી, એમ છતાં પણ અલ્પકાળમાં આ વ્યવહારને સંક્ષેપ કરવા ચિત્ત છે.૪

તે વ્યવહાર કેવા પ્રકારે સંક્ષેપ થઇ શકશે ? ૫

કેમકે તેનો વિસ્તાર વિશેષપણે જોવામાં આવે છે. વ્યાપાર સ્વરૂપે, કુટુંબ પ્રતિબંધ, યુવાવસ્થા પ્રતિબંધ, દયાસ્વરૂપે, વિકાર સ્વરૂપે, ઉદય સ્વરૂપે–એ આદિ કારણે તે વ્યવહાર વિસ્તારરૂપ જણાય છે.૬ [હા૦ નોં૦ પૃ૦ ૯૪]

હું એમ જાણું છઉં કે અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળજ્ઞાન કેવળદર્શનસ્વરૂપે અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન કર્યું છે, તો પછી વર્ષ છ માસ કાળમાં આટલો આ વ્યવહાર કેમ નિવૃત્ત નહીં થઈ શકે ? માત્ર જાગૃતિના ઉપયોગાંતરથી તેની સ્થિતિ છે, અને તે ઉપયોગનાં બળને નિત્ય વિચાર્યેથી અલ્પકાળમાં તે વ્યવહાર નિવૃત્ત થઇ શકવાયોગ્ય છે. તોપણ તેની કેવા પ્રકારે નિવૃત્તિ કરવી, એ હજી વિશેષપણે મારે વિચારવું ઘટે છે; એમ માનું છઉં, કેમકે વીર્યને

ભાવહણાયો નથી; તથાપિ કંઇક કંઈક તેની અજાગૃતાવસ્થા થવા દેવાનો વખત આવ્યો છે: એમ છતાં પણ હવે કેવળ ઉદય પર ધ્યાન આપવામાં આવશે તો શિથિલભાવ ઉત્પન્ન થશે" આ વચનો વિચારતાં એવું ભાન થાય છે કે કેમ જાણે તેઓ પોતેજ પોતાના ગુણદોષ જોવાનું યંત્ર ન હોય.—સંશોધક.

(૮). (૯). પુનઃ પુરૂષાર્થ દાખવતાં વચનો છે —સંશોધક.

૧—૨. પૂર્વ પ્રસંગોથી વાચકને લક્ષમાં આવ્યું હશે કે, શ્રીમદ્ ગૃહસ્થાશ્રમમાં વૈશ્યસ્થિતિએ હતા; તથાપિ તેઓનો અંતરંગ લક્ષ નિર્ગ્રંથદશા પ્રત્યે હતો. નિર્ગ્રંથદશાને પોષક મૌનદશા હોવાથી એ દશા ધારણ કરવાની વૃત્તિ ઉદ્ભવતાં આ પ્રશ્નોત્તરરૂપ વિચારણા કરી છે.

૩.—૪ સમીપના સમયમાં વ્યવહારદશાએ મૌન ધારણ કરવું શક્ય નહીં લાગતાં ફરી આ પ્રશ્નોત્તરમાં, વ્યવહારની નિવૃત્તિ કેવા પ્રકારે કરવી તે વિચાર્યું જણાય છે. વ્યવહારનિવૃત્તિને અંતરાયક કારણોનો વિચાર કરતાં, વ્યવહાર વેદનનો કોઈ અંશે અભિપ્રાય જણાતાં અને અભિપ્રાય રહેવાનાં કારણો ૧ શિથિલતા, ૨ ઉદય, ૩ પરેચ્છા અને સર્વજ્ઞ દૃષ્ટ (કારણ) એમાંથી કયું છે તે કેમ જાણે પોતાથી નિર્ણીત ન થઈ શકતું હોય એવો ભાવ દર્શાવતાં ટુંક સમયમાં વ્યવહાર સંક્ષેપ કરવાની જિજ્ઞાસા રાખી હોય એમ આ પ્રશ્નોત્તરરૂપ વિચારણાથી જણાય છે.—

૫—૬ વ્યવહાર સંક્ષેપ થવા યોગ્ય છે કે કેમ તેનો આ પ્રશ્નોત્તરમાં વિચાર કરતાં પોતાને સંક્ષેપને અંતરાયક વ્યાપારસ્વરૂપ, કુટુંબ પ્રતિબંધ, યુવાવસ્થા પ્રતિબંધ, દયાસ્વરૂપ, વિકારસ્વરૂપ, અને ઉદયસ્વરૂપાદિ કારણો જોવામાં આવે છે.—સંશોધક.

વિષે કંઈ પણ મંદ દશા વર્ત્તે છે. તે મંદ દશાનો હેતુ શો?[1]

ઉદય બળે પ્રાપ્ત થયો એવો પરિચય માત્ર પરિચય, એમ કહેવામાં કંઇ બાધ છે? તે પરિચયની વિષે વિશેષ અરૂચિ રહે છે, તે છતાં તે પરિચય કરવો રહ્યો છે. તે પરિચયનો દોષ કહી શકાય નહીં, પણ નિજદોષ કહી શકાય. અરૂચિ હોવાથી ઇચ્છારૂપ દોષ નહીં કહેતાં ઉદયરૂપ દોષ કહ્યો છે.[2]

૩૯. [હાથ નોંધ પૃ૦ ૯૬]

ઘણો વિચાર કરી નીચેનું સમાધાન થાય છે.[3]

એકાંત દ્રવ્ય, એકાંત ક્ષેત્ર, એકાંત કાળ અને એકાંત ભાવરૂપ સંયમ આરાધ્યા વિના ચિત્તનિ શાંતિ નહીં થાય એમ લાગે છે. એવો નિશ્ચય રહે છે.

તે યોગ હજી કંઈ દૂર સંભવે છે, કેમકે ઉદયનું બળ જોતાં તે નિવૃત્ત થતાં કંઇક વિશેષ કાળ જશે.

૪૦. [હાથ નોંધ પૃ૦ ૯૭]

મહાશુદ ૭ શનીવાર–વિક્રમ સંવત્ ૧૯૫૧ ત્યાર પછી દોઢ વર્ષથી વધારે સ્થિતિ નહીં.[4]

અને તેટલા કાળમાં ત્યાર પછી જીવનકાળ શી રીતે વેદવો તે વિચારવાનું બનશે[5]—

૪૧. [હાથ નોંધ પૃ૦ ૯૮]

અવિ આપણો વિ દેહંમિ, નાયરંતિ મમાઇયં,

૪૨. [હાથ નોંધ પૃ૦ ૧૦૦]

કામ, માન અને ઉતાવળ એ ત્રણનો વિશેષ સંયમ કરવો ઘટે છે—[6]

૪૩.[7] [હાથ નોંધ પૃ૦ ૧૦૧]

હે જીવ! અસારભૂત લાગતા એવા આ વ્યવસાયથી હવે નિવૃત્ત થા, નિવૃત!

---

૧. અલ્પકાળમાં વ્યવહારમુક્ત થવાની ક્રમ પરિણતિનું પરિણામ આ ઉદ્ગારો જણાય છે. "વીર્યને વિષે કંઈપણ મંદ દશા વર્ત્તે છે તે મંદ દશાનો હેતુ શો ?" એવો જે પોતે પોતાને પ્રશ્ન કર્યો છે તે પરથી તેઓની નિજદોષ જોવાની સૂક્ષ્મ દૃષ્ટિનું અનુમાન થવા યોગ્ય છે. "અનંતકાળથી અપ્રાપ્તવત્ એવું આત્મસ્વરૂપ કેવળજ્ઞાન કેવળદર્શન સ્વરૂપે અંતર્મુહૂર્ત્તમાં ઉત્પન્ન કર્યું છે." ઈ. વાક્યમાં "કેવળજ્ઞાન કેવળદર્શન સ્વરૂપે" એમ જે કહેવામાં આવ્યું છે તેનો આશય 'સમ્યગ્દર્શન' લાગે છે, તથાપિ આ વાત વિશેષ સૂક્ષ્મ વિચારને પાત્ર જણાય છે. —સંશોધક.

૨. પોતે ઇચ્છિત દશા (સંયમ ?) નહીં પ્રાપ્ત થવાનું કારણ પરિચય-સંગ-પોતાને લાગે છે. તથાપિ તે પરિચયનો દોષ ન કાઢતાં પોતાનો દોષ છે એવું સ્વીકારી, વળી વિચારે છે કે, તે પરિચય વેદન એ સ્વદોષ છે; જો કે તેને વિષે અરૂચિ રહેતી હોવાથી પોતાનો ઇચ્છારૂપ દોષ નહીં કહેતાં ઉદયરૂપ દોષ કહ્યા છે.—સંશોધક.

૩. એકાંત દ્રવ્ય ભાવાદિ સંયમમય નિર્ગ્રંથતા એજ એક પોતાની શાંતિનું કારણ શ્રીમદ્ જોઈ તેની પરમાકાંક્ષા કરે છે, તથાપિ તેની સાથે તેઓને તેવો યોગ સમીપ નથી લાગતો એમ આ વિચારપરથી સહજ જણાવા યોગ્ય છે.—સંશોધક.

૪. આ વિચારણા કઈ સ્થિતિને અંગે કરી છે તેનો નિર્ણય અમારાથી થઈ શકતો નથી.—સંશોધક.

૫. ઉપર કહ્યા સમય પછીનો જીવનકાળ વ્યતીત કરવાની વિચારણા શ્રીમદ્‌ના સ્વાનુભવનો વિષય ગણાય. —સંશોધક.

૬. સ્વતઃ સ્પષ્ટ છે.—સંશોધક.

૭. આવથી વ્યવસાયપ્રતિ કેવી તીવ્ર અપ્રિયતા શ્રીમદને હોવા યોગ્ય છે તે આ ઉદ્ગારોથી જાણી શકાવા યોગ્ય છે.—સંશોધક.

તે વ્યવસાય કરવાને વિષે ગમે તેટલો બળવાન પ્રારબ્ધોદય દેખાતો હોય તો પણ તેથી નિવૃત્ત થા, નિવૃત્ત!

જો કે શ્રી સર્વજ્ઞે એમ કહ્યું છે કે ચૌદમે ગુણઠાણે વર્તતો એવો જીવ પણ પ્રારબ્ધ વેદ્યાવિના મુક્ત થઈ શકે નહીં, તોપણ તું તે ઉદયનો આશ્રયરૂપ હોવાથી નિજ દોષ જાણી તેને અત્યંત તીવ્રપણે વિચારી તેથી નિવૃત્ત થા, નિવૃત્ત!

કેવળ માત્ર પ્રારબ્ધ હોય, અને અન્ય કર્મ દશા વર્તતી ન હોય તો તે પ્રારબ્ધ સહેજે નિવૃત્ત થવા દેવાનું બને છે, એમ પરમ પુરૂષે સ્વીકાર્યું છે, પણ તે કેવળ પ્રારબ્ધ ત્યારે કહી શકાય કે જ્યારે પ્રાણાંતપર્યંત નિષ્ટાભેદ દૃષ્ટિ ન થાય, અને તને સર્વ પ્રસંગમાં એમ બને છે, એવું જ્યાંસુધી કેવળ નિશ્ચય ન થાય ત્યાંસુધી શ્રેય એ છે કે, તેને વિષે ત્યાગબુદ્ધિ ભજવી, આ વાત વિચારી હે જીવ! હવે તું અલ્પકાળમાં નિવૃત્ત થા નિવૃત્ત!અ

૪૪. [હા૦ નોં૦ પૃ૦ ૧૦૨]

હે જીવ, હવે તું સંગ નિવૃત્તિરૂપ કાળની પ્રતિજ્ઞા કર, પ્રતિજ્ઞા કર![૫]

કેવળસંગનિવૃત્તિરૂપ પ્રતિજ્ઞાનો વિશેષ અવકાશ જોવામાં આવે તો અંશસંગનિવૃત્તિરૂપ એવો આ વ્યવસાય તેને ત્યાગ!

જે જ્ઞાનદશામાં ત્યાગાત્યાગ કંઇ સંભવે નહીં તે જ્ઞાનદશાની સિદ્ધિ છે જેને વિષે એવો તું સર્વસંગત્યાગદશા અલ્પકાળ વેદીશ તો સંપૂર્ણ જગત્ પ્રસંગમાં વર્ત્તે તો પણ તને બાધરૂપ ન થાય. એ પ્રકાર વર્ત્યે છતે પણ નિવૃત્તિ જ પ્રશસ્ત સર્વજ્ઞે કહી છે, કેમકે ઋષભાદિ સર્વ પરમ પુરૂષે છેવટે એમ જ કર્યું છે.[૧]

૪૫. [હા૦ નોંધ પૃ૦ ૧૦૩]

સં૦ ૧૯૫૧ ના વૈશાખ શુદ ૫ સોમે–સાયંકાળથી પ્રત્યાખ્યાન.[૨]

સં૦ ૧૯૫૧ ના વૈશાખ શુદ ૧૪ ભોમે.[૩]

૪૬.[૪] [હા૦ નોં૦ પૃ૦ ૧૦૫]

ક્ષયોપશમી જ્ઞાન વિકળ થતાં શી વાર?

અ પ્રારબ્ધોદયની કેવી વિસ્તીર્ણ વ્યાખ્યા શ્રીમદે સ્વીકારી છે તે આ લેખમાંથી જોઇ શકાશે.--સંશોધક

૫. સર્વ વિરતિની પરમ જિજ્ઞાસા છતાં તેનો યોગ સમીપમાં ન બને તો દેશવિરતિની વિશેષ આવશ્યકતા શ્રીમદે આ વિચારોમાં વિચારી છે.—સંશોધક

૧. જે દશાની પૂર્ણતામાં સર્વસંગપરિત્યાગનું અલ્પકાળનું વેદવું એટલું જ ન્યૂન છે તે દશાનો નિર્ણય, તે શ્રીમદ્‌ની આ સમયની દશાના નિર્ણયરૂપ ગણાય.—સંશોધક.

૨ શાના પ્રત્યાખ્યાન છે તે અમારાથી કલ્પી શકાતું નથી. સંશોધક.

૩ આ મિતિ ઉપરની મિતિ નીચે લખી છે, પણ તેનો સંબંધ લક્ષમાં આવી શકતો નથી. સંશોધક.

૪ આ પ્રશ્ન સહજ અવલોકનાર્થે છે કે, પોતાને સંબોધીને છે તે કહી શકાતું નથી. જો પોતાને સંબોધીને હોય તો 'સમ્યક્‌ત્વ'ને ઉદ્દેશીને કહ્યું છે કે મતિશ્રુતાદિ જ્ઞાનમાના કોઈ જ્ઞાનને ઉદ્દેશીને કહ્યું છે તે અનુમાની શકાતું નથી. જો મતિશ્રુતાદિજ્ઞાનને ઉદ્દેશીને કહ્યું હોય તો તે સ્વાભાવિક છે, કેમકે મતિઆદિ જ્ઞાનમાનું કોઇ જ્ઞાન ક્ષયોપશમપણે પરિણમ્યું હોય તો વિકળ થવું સંભવિત છે; તથાપિ જો 'સમ્યક્‌ત્વ'ને ઉદ્દેશીને કહ્યું હોય તો જે સમયે 'ક્ષાયોપશમિક સમ્યગ્જ્ઞાન' વર્તતું હશે તે સમયે કોઇ પ્રસંગે આત્મભાવની વિસ્મૃતિ થયેલી જોઇ જાગૃતિ થતાં આ વાક્ય અહીં લખ્યું હોય; ઘણું કરીને તો મતિઆદિજ્ઞાનને ઉદ્દેશીને કહ્યું હોય એમ સંભવિત જણાય છે, કેમકે 'સમ્યક્‌ત્વ' દર્શાવવાનો ઉદ્દેશ હોત, તો 'જ્ઞાન' શબ્દ ન વપરાતાં 'દર્શન' શબ્દ વપરાવવો વિશેષ સંભવિત છે; તેમ છતાં આ 'ક્ષયોપશમી જ્ઞાન' શબ્દ "ક્ષાયોપશમિક સમ્યક્‌ત્વ" ના આશયમાં વાપર્યો

૪૭.[1] [હા૦ નોં૦ પૃ૦ ૧૦૬]

જેમ નિર્મળતારે રત્ન સ્ફટિક તણી,
તેમ જ જીવ સ્વભાવરે;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો,
પ્રબળ કષાય અભાવ રે.

૪૮. [હા૦ નોં૦ પૃ૦ ૧૦૮]

વીતરાગદર્શન[2]

ઉદ્દેશ પ્રકરણ.
સર્વજ્ઞ મિમાંસા.
ષટ્ દર્શન અવલોકન.
વીતરાગ અભિપ્રાય વિચાર.
વ્યવહાર પ્રકરણ.
મુનીધર્મ.
આગારધર્મ.
મતમતાંતરનિરાકરણ.
ઉપસંહાર.

૪૯.[3] [હા૦ નોં૦ પૃ૦ ૧૧૦]

નવ તત્વવિવેચન.
ગુણસ્થાનકવિવેચન.
કર્મપ્રકૃતિવિવેચન.
વિચારપદ્ધતિ.
શ્રવણાદિ વિવેચન.
બોધબીજસંપત્તિ.
જીવાજીવવિભક્તિ.
શુદ્ધાત્મપદ ભાવના.

હોય તો તેની સ્થિતિ સંવત્ ૧૯૪૭ ની પૂર્વે હોવાયોગ્ય છે, કેમકે સંવત્ ૧૯૫૩ ની સાલમાં લખેલ સ્વાત્મ વૃત્તાંતોપયોગી પદ (Antobio-graphica Poen) માં 'શુદ્ધ સમ્યકત્વ' સંવત્ ૧૯૪૭ ની સાલમાં પ્રકટ થયાનું જણાવવામાં આવ્યું છે. અને 'શુદ્ધ સમ્યકત્વ' નો અર્થ 'ક્ષાયક સમ્યકત્વ' વિશેષ સંભવિત હોવાયોગ્ય છે, કારણ કે, સ્વાત્મવૃત્તાંતોપયોગી પદમાં એક દેહ ધારણ કરવાપણું કહ્યું છે તે 'ક્ષાયક સમ્યકત્વ' હોય તો સંભવે એમ સાંભર્યું છે.—સંશોધક.

૧. જીવના સ્વભાવની તથાપ્રકાર ની આલોચના સમયે આ પદ અહીં કદાચ લખી નાંખ્યું હોય. સંશોધક.

૨. અત્ર કહ્યા 'ઉદ્દેશ પ્રકરણાદિ' નવ પ્રકરણનું વિવેચક 'વીતરાગ દર્શન' નામનું શાસ્ત્ર રચવા ધાર્યું હોય, અને તેને માટે સંકલના કરી હોય એમ લાગે છે.—સંશોધક.

૩. આ વિષયો જે ગ્રંથમાં આવે તે પ્રકારના ગ્રંથની રચના કરવા અર્થે આ સંકળના કરી હોય એમ જણાય છે.—સંશોધક.

૫૦.[1] [હા૦ નોં૦ પૃ૦ ૧૧૧]

અંગ.
ઉપાંગ.
મૂળ.
છેદ.
આશય પ્રકાશિતા ટીકા.
વ્યવહાર હેતુ.
પરમાર્થ હેતુ.
પરમાર્થ ગૌણતાની પ્રસિદ્ધિ.
વ્યવહાર વિસ્તારનું પર્યવસાન.
અનેકાંતદૃષ્ટિ હેતુ.
સ્વગત મતાંતર નિવૃત્તિપ્રયત્ન.
ઉપક્રમ ઉપસંહાર અવિસંધિ લોકવર્ણન સ્થૂળત્વ હેતુ.
વર્ત્તમાન કાળે આત્મસાધન ભૂમિકા.
વીતરાગદર્શન વ્યાખ્યાનો અનુક્રમ.

૫૧. [હા૦ નોં૦ પૃ૦ ૧૧૩]

મૂળ.[2]

લોક સંસ્થાન ?
ધર્મ અધર્મ અસ્તિકાયરૂપ દ્રવ્ય ?
સ્વાભાવિક અભવ્યત્વ ?
અનાદિ અનંત સિદ્ધિ ?
અનાદિ અનંતનું જ્ઞાન શી રીતે ?
આત્મા સંકોચે વિકાશે ?
સિદ્ધ ઊર્ધ્વગમન-ચેતન, ખંડવત્ શામાટે નહીં ?
કેવળજ્ઞાનમાં લોકાલોકનું જ્ઞાતૃત્વ શી રીતે ?
લોકસ્થિતિ મર્યાદા હેતુ ?
શાશ્વત વસ્તુ લક્ષણ ?

---

૧. 'અંગઉપાંગાદિ' એમ જે અત્રે ટાંક્યું છે તેનો ઉદ્દેશ કાં તો સ્વતંત્ર અંગાદિ તૈયાર કરવાનો હોય અને તે વાત ટૂંકી અત્રે ટાંકી લીધી હોય. અથવા વર્તમાન જૈન અંગઉપાંગાદિની આશયપ્રકાશિતા ટીકા કે જેને વિષે 'વ્યવહારહેતુઆદિ' જે વિષયો અત્રે જણાવ્યા છે તેનો સમાવેશ થાય, તે (ટીકા) લખવાનો હોય અને તેથી તેની સંકલના કરી હોય. ઘણુંકરી વર્તમાનઅંગાદિ ઉપર 'ટીકા' લખવાનો ઉદ્દેશ વિશેષ સંભવવિત જણાય છે.—સંશોધક.

૨. કાં તો આ પ્રકારના વિચારનું સમાધાન અન્યજનોના ઉપકારાર્થે લખવાનો વિચાર હોય, અને તેથી આ પ્રશ્નો અહીં ટાંક્યાં હોય, અને કાં તો જે સમયે પોતે સર્વદર્શનોની આલોચના કરતા હતા તે સમયે પોતાના સહજ લક્ષાર્થે રહેવા ટાંક્યાં હોય; જો કે આ હાથનોંધ પૃ ૪ ૧૧૫ જોતાં પરઉપકારાર્થે હોવાનું અનુમાન વિશેષ વિશ્વાસપાત્ર છે, કેમકે 'લોકોપકાર પ્રવૃત્તિ' અને તેના 'મોરણ' સંબંધે પોતે જે વિચાર કર્યો છે, તે પોતે જ્યાં સુધી પદાર્થના સ્વરૂપ વિષે નિશ્ચયાત્મક ન હોય ત્યાં સુધી કરવો શક્ય નથી—સંશોધક.

ઉત્તર.

તે તે સ્થાનવર્તિ સૂર્ય ચંદ્રાદિ વસ્તુ,
અથવા નિયમિત ગતિ હેતુ ?
દુષમ સુષમાદિ કાળ ?
મનુષ્ય ઉચ્ચત્વાદિ પ્રમાણુ ?
અગ્નિકાયાદિનું નિમિત્ત યોગે એકદમ ઉત્પન્ન થવું ?
એક સિદ્ધ ત્યાં અનંત સિદ્ધ અવગાહના ?

૫૨. [હા૦ નોં૦ પૃ૦ ૧૧૪]

હેતુ અવ્યક્તવ્ય ?[1]

એકમાં પર્યવસાન શી રીતે થઈ શકે છે ?
અથવા થતું નથી ?
વ્યવહાર રચના કરી છે એમ કોઇ હેતુથી સિદ્ધ થાય છે ?

૫૩.[2] [હાથનોંધ પૃષ્ઠ ૧૧૫.]

સ્વસ્થિતિ–આત્મદશા સંબંધે વિચાર.
તથા તેનું પર્યવસાન ?
ત્યાર પછી લોકોપકાર પ્રવૃત્તિ ?
લોકોપકાર પ્રવૃત્તિનું ધોરણ.
વર્તમાનમાં કેમ વર્તવું ઉચિત છે ?
(હાલમાં)

૫૪.[3] [હાથનોંધ પૃષ્ઠ ૧૧૭.]

આત્મપરિણામની વિશેષ સ્થિરતા થવા વાણી અને કાયાનો સંયમ સઉપયોગપણે કરવો ઘટે છે—

૫૫.[4] [હાથનોંધ પૃષ્ઠ ૧૧૮.]

ત્રણે કાળમાં જે વસ્તુ જાત્યાંતર થાય નહીં તેને શ્રી જિન દ્રવ્ય કહે છે.
કોઈ પણ દ્રવ્ય પરપરિણામે પરિણમે નહીં. સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં.
પ્રત્યેક દ્રવ્ય (દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી) સ્વપરિણામી છે.
નિયત અનાદિ મર્યાદાપણે વર્તે છે.

જે ચેતન છે, તે કોઈ દિવસ અચેતન થાય નહીં: જે અચેતન છે, તે કોઈ દિવસ ચેતન થાય નહીં.

૫૬.[5] [હાથનોંધ પૃષ્ઠ ૧૨૦]

હે યોગ,

---

૧ ઉપરની નોંધ જુઓ.—સંશોધક
૨–૩ પોતાના જીવનક્રમની વિચારણા જણાય છે.—સંશોધક.
૪. આ વિચારણાનો હેતુ સ્વતઃ સ્પષ્ટ થઇ શકે તેમ છે.—સંશોધક.
૫. "હે યોગ" એટલા જ અક્ષરો લખી મૂકી દીધું છે, તથાપિ યોગસંક્ષેપનો અંકુર ઉગતાં કાંઇ તે સંબંધી લખવાનું ધાર્યું હશે એમ લાગે છે—સંશોધક.

૫૭.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૨૧.]

એક ચૈતન્યમાં આ સર્વ શી રીતે ઘટે છે ?

૫૮.[2] [હાથનોંધ પૃષ્ઠ ૧૨૨.]

જો આ જીવે તે વિભાવ પરિણામ ક્ષીણ ન કર્યા તો આ જ ભવને વિષે તે પ્રત્યક્ષ દુઃખ વેદશે.

૫૯.[3] [હાથનોંધ પૃષ્ઠ ૧૨૪.]

જે જે પ્રકારે આત્માને ચિંતન કર્યો હોય તે તે પ્રકારે તે પ્રતિભાસે છે.

વિષયાર્ત્તપણાથી મૂઢતાને પામેલી વિચારશક્તિવાળા જીવને આત્માનું નિત્યપણું ભાસતું નથી, એમ ઘણુંકરીને દેખાય છે, તેમ થાય છે, તે યથાર્થ છે; કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી પોતાનું પણ અનિત્યપણું ભાસે છે.

વિચારવાનને આત્મા વિચારવાન લાગે છે. શૂન્યપણે ચિંતન કરનારને આત્મા શૂન્ય લાગે છે, અનિત્યપણે ચિંતન કરનારને અનિત્ય લાગે છે, નિત્યપણે ચિંતન કરનારને નિત્ય લાગે છે.

ચેતનની ઉત્પત્તિનાં કંઇ પણ સંયોગો દેખાતાં નથી, તેથી ચેતન અનુત્પન્ન છે. તે ચેતન વિનાશ પામવાનો કંઈ અનુભવ થતો નથી, માટે અવિનાશી છે,–નિત્ય અનુભવસ્વરૂપ હોવાથી નિત્ય છે.

સમયે સમયે પરિણામાંતર પ્રાપ્ત થવાથી અનિત્ય છે.

સ્વસ્વરૂપનો ત્યાગ કરવાને અયોગ્ય હોવાથી મૂળ દ્રવ્ય છે.

૬૦.[4] [હાથનોંધ પૃષ્ઠ ૧૨૬.]

સર્વ કરતાં વીતરાગનાં વચનને સંપૂર્ણ પ્રતીતિનું સ્થાન કહેવું ઘટે છે, કેમકે જ્યાં રાગાદિ દોષનો સંપૂર્ણ ક્ષય હોય ત્યાં સંપૂર્ણ જ્ઞાનસ્વભાવ પ્રગટવાયોગ્ય નિયમ ઘટે છે.

શ્રી જિનને સર્વ કરતાં ઉત્કૃષ્ટ વીતરાગતા સંભવે છે. પ્રત્યક્ષ તેમનાં વચનનું પ્રમાણ છે માટે, જે કોઈ પુરુષને જેટલે અંશે વીતરાગતા સંભવે છે, તેટલે અંશે તે પુરુષનું વાક્ય માન્યતા યોગ્ય છે.

સાંખ્યાદિ દર્શને બંધ, મોક્ષની જે જે વ્યાખ્યા ઉપદેશી છે, તેથી બળવાન પ્રમાણસિદ્ધ વ્યાખ્યા શ્રી જિનવીતરાગે કહી છે, એમ જાણું છઉં.

શં૦ જે જિને દ્વૈતનું નિરૂપણ કર્યું છે, આત્માને ખંડ દ્રવ્યવત્ કહ્યો છે, કર્ત્તા ભોક્તા કહ્યો છે, અને નિર્વિકલ્પ સમાધિને અંતરાયમાં મુખ્ય કારણ થાય એવી પદાર્થવ્યાખ્યા કહી છે, તે જિનની શિક્ષા બળવાન પ્રમાણસિદ્ધ છે એમ કેમ કહી શકાય ? કેવળ અદ્વૈત—અને

[હાથનોંધ પૃષ્ઠ ૧૨૭.]

સહજે નિર્વિકલ્પ સમાધિનું કારણ એવો જે વેદાંતાદિ માર્ગ તેનું તે કરતાં અવશ્ય વિશેષ પ્રમાણસિદ્ધપણું સંભવે છે.

---

૧. આ શ્રીવેદાંતઅભિપ્રાય, સર્વ દર્શનની આલોચના કરવાના સમયે સહજ વિચારાર્થે ટાંક્યો હશે એમ અમને લાગે છે.–સંશોધક.

૨ આ સ્વાનુભવનો વિષય છે એટલે તે સંબંધી અનુમાન કરવું યોગ્ય નથી.–સંશોધક.

૩ આત્મદ્રવ્યની સ્થિતિનો પોતાને થએલો નિર્ધાર અત્ર લખ્યો છે.—સંશોધક.

૪. વીતરાગના વચનની પ્રતીતિ થવાના પરિણામમાં આ પ્રશ્નોત્તરરૂપ વિચારણા લખી જણાય છે,—સંશોધક,

ઉ૦ યદ્યપિ એકવાર તમે કહો છો તેમ ગણીએ, પણ સર્વ દર્શનની શિક્ષા કરતા જિનની કહેલી બંધ મોક્ષના સ્વરૂપની શિક્ષા જેટલી અવિકળ પ્રતિભાસે છે, તેટલી બીજાં દર્શનની પ્રતિભાસતી નથી.—અને જે અવિકળ શિક્ષા તે જ પ્રમાણસિદ્ધ છે.

શં૦ એમ જો તમે ધારો છો તો કોઈ રીતે નિર્ણયનો સમય નહીં આવે, કેમકે સર્વ દર્શનમાં જે જે દર્શનને વિષે જેની સ્થિતિ છે તે તે દર્શન માટે અવિકળતા માને છે.

ઉ૦ યદ્યપિ એમ હોય તો તેથી અવિકળતા ન ઠરે, જેનું પ્રમાણે કરી અવિકળપણું હોય તે જ અવિકળ ઠરે.

પ્ર૦ જે પ્રમાણે કરી તમે જિનની શિક્ષાને અવિકળ જાણો છો તે પ્રકારને તમે કહો; અને જે પ્રકારે વેદાંતાદિનું વિકળપણું તમને સંભવે છે, તે પણ કહો.

૬૧.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૩૦.]

પ્રત્યક્ષ અનેક પ્રકારનાં દુઃખને તથા દુઃખી પ્રાણીઓને જોઇને, તેમ જ જગતની વિચિત્ર રચના જાણીને તેમ થવાનો હેતુ શો છે? તથા તે દુઃખનું મૂળ સ્વરૂપ શું છે? અને તેની નિવૃત્તિ કયા પ્રકારે થઈ શકવા યોગ્ય છે? તેમ જ જગતની વિચિત્રરચનાનું અંતર્સ્વરૂપ શું છે— એ આદિ પ્રકારને વિષે વિચારદશા ઉત્પન્ન થઈ છે જેને એવા મુમુક્ષુ પુરૂષ તેમણે, પૂર્વ પુરૂષોએ ઉપર કહ્યા તે વિચારો વિષે જે કંઇ સમાધાન આણ્યું હતું, અથવા માન્યું હતું, તે વિચારના સમાધાન પ્રત્યે પણ યથાશક્તિ આલોચના કરી. તે આલોચના કરતાં વિવિધ પ્રકારના મતમતાંતર તથા અભિપ્રાય સંબંધી યથાશક્તિ વિશેષ વિચાર કર્યો. તેમજ નાના પ્રકારના રામાનુજાદિ સંપ્રદાયનો વિચાર કર્યો. તે આલોચનાવિષે અનેક પ્રકારે તે દર્શનના સ્વરૂપનું મથન કર્યું, અને પ્રસંગે પ્રસંગે મથનની યોગ્યતાને પ્રાપ્ત થયેલું એવું જૈનદર્શન તે સંબંધી ઘણા પ્રકારે જે મથન થયું, તે મથનથી તે દર્શનને સિદ્ધ થવા અર્થે—પૂર્વાપર વિરોધ જેવા લાગે છે એવાં નીચે લખ્યાં છે તે કારણો દેખાયાં.

૬૨.[2] [હાથનોંધ પૃષ્ઠ ૧૩૨.]

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય તથા આકાશાસ્તિકાય અરૂપી છતાં રૂપીને સામર્થ્ય આપે છે, અને એ ત્રણ દ્રવ્ય સ્વભાવપરિણામી કહ્યાં છે, ત્યારે એ અરૂપી છતાં રૂપીને સહાયક કેમ થઈ શકે?

---

૧. શ્રીમદે સર્વ દર્શનો અને સંપ્રદાયોની કરેલી આલોચનાનું પરિણામ આ લેખ જણાય છે. જિનદર્શનની સિદ્ધિ શ્રીમદ્‌ને થયેલી આ અવલોકનના અંતિમ વચનોથી જણાય છે; તથાપિ તે દર્શનની સિદ્ધિ થવામાં કેટલાંક પૂર્વાપર વિરૂદ્ધ કારણો જોવામાં આવ્યાં છે. આ આલોચનાલેખ પૃષ્ઠ ૧૩૦ વિષે પૂર્ણ થાય છે, અને જે પૂર્વાપર વિરોધવાળાં કારણો તે ૧૩૧ મા પૃષ્ઠપર લખાવાં જોઈએ, પણ ૧૩૧ પૃષ્ઠ કેવળ કોરૂં પડ્યું છે. આલોચનાલેખમાં જે પ્રકારનાં કારણોસંબંધી કહેવામાં આવ્યું છે તે પ્રકારના જેવાં કેટલાંક પ્રશ્નો ૧૩૨–૧૩૩ પૃષ્ઠપર જોવામાં આવે છે તથાપી અમે નિશ્ચયપૂર્વક કહી શકતા નથી કે, ૧૩૦ મા પૃષ્ઠપરના આલોચનાલેખમાં જે પૂર્વાપર વિરોધો કહેવામાં આવ્યા છે તે જ ૧૩૨–૧૩૩ પૃષ્ઠપરના છે, કેમકે ૧૩૧ પૃષ્ઠપર આ કારણો લખવાં જોઈએ તેને બદલે તે પાનું કોરૂં મૂકીને શા માટે ૧૩૨–૧૩૩ પૃષ્ઠપર લખવામાં આવે એ પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય છે. ૧૩૨–૧૩૩ પૃષ્ઠપર લખેલા કેટલાક પ્રશ્નોના ઉત્તર શ્રીમદ્‌ના જુદા જુદા લેખોમાંથી નીકળી શકે છે. આ આલોચનાલેખનો સમય સંવત્ ૧૯૪૭ ની પૂર્વે એટલે સમ્યગ્દર્શનની પૂર્વેનો હોવો જોઈએ. કેમકે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, એને જિન પ્રવચનમાં કહેવામાં આવે છે કે, જેનાથી જિનપ્રણીત તત્ત્વાર્થની શ્રદ્ધાન થાય.—સંશોધક.

૨. ઉપલી નોંધ જુઓ.—સંશોધક.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એકક્ષેત્રાવગાહી છે, અને પરસ્પર વિરૂદ્ધતાવાળા તેના સ્વભાવ છે, છતાં તેમાં વિરોધ, ગતિ પામેલી વસ્તુપ્રત્યે સ્થિતિસહાયકતારૂપે અને સ્થિતિ પામેલી વસ્તુપ્રત્યે ગતિ સહાયકતારૂપે થઇ શા માટે આવે નહીં ?

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આત્મા એક એ ત્રણુસમાન અસંખ્યાત પ્રદેશી છે, તેનો કંઇ બીજો રહસ્યાર્થ છે ?

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયની અવગાહના અમૂર્ત્તાકારે છે, તેમ હોવામાં કંઇ રહસ્યાર્થ છે ?

લોકસંસ્થાન સદૈવ એક સ્વરૂપે રહેવામાં કંઇ રહસ્યાર્થ છે ?

એક તારો પણ ઘટવધ થતો નથી, એવી અનાદિસ્થિતિ શા હેતુથી માનવી ?

શાશ્વતપણાની વ્યાખ્યા શું ? આત્મા, કે પરમાણુ કદાપિ શાશ્વત માનવામાં મૂળ દ્રવ્યત્વ કારણ છે; પણ તારા, ચંદ્ર, વિમાનાદિમાં તેવું શું કારણ છે?

૬૩.[૧] [હાથનોંધ પૃષ્ઠ ૧૩૩.]

સિદ્ધ આત્મા લોકાલોકવ્યાપક છે, પણ લોકાલોકવ્યાપક નથી, વ્યાપક તો સ્વઅવગાહનાપ્રમાણ છે. જે મનુષ્યદેહે સિદ્ધિ પામ્યા તેના ત્રીજા ભાગ ઉણે તે પ્રદેશ ઘન છે, એટલે આત્મદ્રવ્ય લોકાલોકવ્યાપક નથી પણ લોકાલોકપ્રકાશક એટલે લોકાલોકજ્ઞાયક છે, લોકાલોક પ્રત્યે આત્મા જતો નથી, અને લોકાલોક કંઇ આત્મામાં આવતાં નથી, સર્વે પોતપોતાની અવગાહનામાં સ્વસત્તામાં રહ્યાં છે, તેમ છતાં આત્માને તેનું જ્ઞાન દર્શન શી રીતે થાય છે?

અત્રે જો એવું દૃષ્ટાંત કહેવામાં આવે કે જેમ આરીસામાં વસ્તુ પ્રતિબિંબિત થાય છે, તેમ આત્મામાં પણ લોકાલોક પ્રકાશિત થાય છે, પ્રતિબિંબિત થાય છે તો એ સમાધાન પણ અવિરોધ દેખાતું નથી, કેમકે આરીસામાં તો વીસ્રસા પરિણામી પુદ્ગલ રાશી(?)થી પ્રતિબિંબ થાય છે.

આત્માનો અગુરૂ લઘુ ધર્મ છે, તે ધર્મને દેખતાં આત્મા સર્વ પદાર્થને જાણે છે, કેમકે સર્વ દ્રવ્યમાં અગુરૂ લઘુ ગુણ સમાન છે. એમ કહેવામાં આવે છે, ત્યાં અગુરૂ લઘુ ધર્મનો અર્થ શું સમજવો ?

૬૪.[૨] [હાથનોંધ પૃષ્ઠ ૧૩૬.]

આહારનો જય,
આસનનો જય,
નિદ્રાનો જય,
વાક્સંયમ,
જિનોપદિષ્ટ આત્મધ્યાન.
" આત્મધ્યાન શી રીતે ?
જ્ઞાન પ્રમાણ ધ્યાન થઈ શકે, માટે જ્ઞાનતારતમ્યતા જોઇએ.
શું વિચારતાં, શું માનતાં, શી દશા થતાં ચોથું ગુણસ્થાનક કહેવાય ?
શાથી ચોથે ગુણસ્થાનકેથી તેરમે ગુણસ્થાનકે આવે ?

---

૧. ૬૯મી નોંધ જુઓ.—સંશોધક.

૨. ચારિત્રદશાનો ક્રમ અને ચતુર્થ ગુણસ્થાનક (સમ્યગ્દર્શન) હોવાનું અવલોકન, અને વર્ધમાન દશા કરવાની ચિંતના આ લેખપરથી જણાય છે.——સંશોધક.

૬૫.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૩૫.]

વર્તમાનકાળની પેઠે આ જગત્ સર્વ કાળ છે.

પૂર્વકાળે ન હોય તો વર્તમાનકાળે તેનું હોવું પણ હોય નહીં.

વર્તમાનકાળે છે તો ભવિષ્યકાળમાં તે અત્યંત વિનાશ પામે નહીં.

પદાર્થમાત્ર પરિણામી હોવાથી આ જગત્ પર્યાયાંતર દેખાય છે; પણ મૂળપણે તેનું સદા વર્તમાનપણું છે.

૬૬.[2] [હાથનોંધ પૃષ્ઠ ૧૫૦.]

જે વસ્તુ સમયમાત્ર છે, તે સર્વ કાળ છે.

જે ભાવ છે તે છે, જે ભાવ નથી તે નથી,

એ પ્રકારનો પદાર્થ સ્વભાવપૂર્વક સ્પષ્ટ દેખાય છે. જડ સ્વભાવ, ચેતન સ્વભાવ.

૬૭.[3] [હાથનોંધ પૃષ્ઠ ૧૫૨,]

ગુણાતિશયતા શું ?

તે કેમ આરાધાય ?

કેવળજ્ઞાનમાં અતિશયતા શું ?

તીર્થંકરમાં અતિશયતા શું ? વિશેષતહેતુ શો ?

જો જિનસમ્મત કેવળજ્ઞાન-લોકાલોક જ્ઞાયક માનીએ તો તે કેવળજ્ઞાનમાં આહાર, નિહાર, વિહારાદિ ક્રિયા શી રીતે સંભવે ?

વર્તમાનમાં તેની આ ક્ષેત્રે અપ્રાપ્તિ તેનો હેતુ શો ?

૬૮.[4] [હાથનોંધ પૃષ્ઠ ૧૫૪.]

મતિ,
શ્રુત,
અવધિ,
મનઃપર્યવ,
પરમાવધિ,
કેવળ,

૬૯.[5] [હાથનોંધ પૃષ્ઠ ૧૫૫.]

પરમાવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી કેવળજ્ઞાન ઉત્પન્ન છે, એ રહસ્ય અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.

અનાદિ અંતકાળનું, અનંત એવા અલોકનું ? ગણિતથી અતીત અથવા અસંખ્યાતથી પર એવો જીવસમૂહ, પરમાણુસમૂહ અનંત છતાં અનંતપણાનો સાક્ષાત્કાર થાય તે ગણિતાતીતપણું છતાં શી રીતે સાક્ષાત્ અનંતપણું જણાય ? એ વિરોધની શાંતિ ઉપર કહ્યાં તે રહસ્યથી થવાયોગ્ય સમજાય છે.

---

૧. વિશ્વવ્યવસ્થાના દ્રવ્ય-પદાર્થોના સ્વભાવની અજ્ઞાનદર્શક આ લેખ છે.—સંશોધક.

૨. પૃષ્ઠ ૭૫ પરની નોંધ જુઓ—સંશોધક.

૩. તત્ત્વાર્થશ્રદ્ધાન પૂર્વેની તત્ત્વાર્થવિચારણા જણાય છે.—સંશોધક.

૪. મત્યાદિજ્ઞાનની વ્યાખ્યાઓ લખવા અર્થે આ અનુક્રમ લખ્યો જણાય છે.—સંશોધક.

૫. શ્રીમદ્‌નું પરમાવધિ આદિ જ્ઞાનનું અનુપ્રેક્ષણ છે. - સંશોધક.

વળી કેવળજ્ઞાન નિર્વિકલ્પ છે, ઉપયોગનો પ્રયોગ કરવો પડતો નથી. સહજ ઉપયોગે તે છે; તે પણ રહસ્ય અનુપ્રેક્ષા કરવાયોગ્ય છે.

કેમકે પ્રથમ સિદ્ધ કોણ ? પ્રથમ જીવપર્યાય કયો ? પ્રથમ પરમાણુ–પર્યાય કયો ? એ કેવળજ્ઞાનગોચર પણ અનાદિ જ જણાય છે; અર્થાત્ કેવળજ્ઞાન તેની આદિ પામતું નથી, અને કેવળજ્ઞાનથી કંઇ છાનું નથી એ બે વાત પરસ્પર વિરોધી છે, તેનું સમાધાન પરમાવધિની અનુપ્રેક્ષાથી તથા સહજ ઉપયોગની અનુપ્રેક્ષાથી સમજવાયોગ્ય રસ્તો દેખાય છે.

૭૦.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૫૬.]

કંઇ પણ છે ?
શું છે ?
શા પ્રકારે છે ?
જાણવા યોગ્ય છે ?
જાણવાનું ફળ શું છે ?

બંધનો હેતુ શો છે ? [હાથનોંધ પૃષ્ઠ ૧૫૭]

પુદ્ગલનિમિત્ત બંધ કે જીવના દોષથી બંધ ?

જે પ્રકારે માનો તે પ્રકારે બંધ ન ટાળી શકાય એવો સિદ્ધ થાય છે; માટે મોક્ષપદની હાનિ થાય છે. તેનું નાસ્તિત્વ ઠરે છે.

અમૂર્ત્તતા તે કંઈ વસ્તુતા કે અવસ્તુતા ?

અમૂર્ત્તતા જો વસ્તુતા તો કંઇ મહત્વવાન કે તેમ નહીં ?

મૂર્ત્ત એવાં પુદ્ગલનો અને અમૂર્ત એવા જીવનો સંયોગ કેમ ઘટે ? [હાથનોંધ પૃષ્ઠ ૧૫૮.]

ધર્મ અધર્મ અને જીવ દ્રવ્યનું ક્ષેત્રવ્યાપીપણું જે પ્રકારે જિન કહે છે તે પ્રમાણે માનતાં તે દ્રવ્ય ઉત્પન્નસ્વભાવીવત્ સિદ્ધ થવા જાય છે, કેમકે મધ્યમપરિણામીપણું છે.

ધર્મ, અધર્મ અને આકાશ એ વસ્તુ દ્રવ્યપણે એક જાતિ અને ગુણપણે ભિન્ન જાતિ એમ માનવા યોગ્ય છે. કે દ્રવ્યતા પણ ભિન્ન ભિન્ન માનવા યોગ્ય છે.

દ્રવ્ય એટલે શું ? ગુણપર્યાયવિના તેનું બીજું શું સ્વરૂપ છે ? [હાથનોંધ પૃષ્ઠ ૧૫૯.]

કેવળજ્ઞાન સર્વ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળભાવનું જ્ઞાયક ઠરે તો સર્વ વસ્તુ નિયત મર્યાદામાં આવી જાય–અનંતપણું ન ઠરે, કેમકે અનંતપણું–અનાદિપણું સમજ્યું જતું નથી–અર્થાત્ કેવળજ્ઞાનમાં તેનું કઇ રીતે પ્રતિભાસવું થાય ! તેનો વિચાર બરાબર બંધ બેસતો નથી.

૭૧.[2] [હાથનોંધ પૃષ્ઠ ૧૬૨.]

જૈન જેને સર્વપ્રકાશતા કહે છે, તેને વેદાંત સર્વવ્યાપકતા કહે છે.

દૃષ્ટ વસ્તુપરથી અદૃષ્ટનો વિચાર અનુસંધાન કરવો ઘટે.

જિનને અભિપ્રાયે આત્મા માનતાં અત્ર લખ્યા છે તે પ્રસંગોપ્રત્યે વધારે વિચાર કરવો—

૧ અસંખ્યાત પ્રદેશનું મૂળ પરિમાણ.

૨ સંકોચ વિકાશ થઈ શકે એવો આત્મા માન્યો છે તે સંકોચ, વિકાશ અરૂપીને વિષે હોવાયોગ્ય છે ? તથા કેવા પ્રકારે હોવાયોગ્ય છે.

૩ નિગોદ અવસ્થાવિષે વિશેષ કારણ કંઈ છે ?

---

૧. તત્ત્વાર્થશ્રદ્ધાન (વિ૦ સં૦ ૧૯૪૭) થવા પૂર્વે શ્રીમદે તત્ત્વવિચારણા આ પ્રશ્નોથી કરી હોય અથવા આવા વિષયોપરત્વે વિવેચન લખવાના અભિપ્રાયથી આ પ્રશ્નો લખ્યા હોય.—સંશોધક.

૨. તત્ત્વાર્થશ્રદ્ધાન (વિ૦ સં૦ ૧૯૪૭) થવા પૂર્વેના તત્ત્વવિચારણારૂપ પ્રશ્નો છે.—સંશોધક.

૪ સર્વ દ્રવ્ય ક્ષેત્રાદિની પ્રકાશકતા તે રૂપ કેવળજ્ઞાનસ્વભાવી આત્મા છે, કે સ્વસ્વરૂપાવસાન નિજજ્ઞાનમય કેવળજ્ઞાન છે ?

૫ આત્મામાં યોગે વિપરિણામ છે, સ્વભાવે વિપરિણામ છે. વિપરિણામ આત્માની મૂળ સત્તા છે, સંયોગી સત્તા છે. તે સત્તાનું કયું દ્રવ્ય મૂળ કારણ છે ?

૬ હીનાધિક અવસ્થા ચેતન પામે તેને વિષે કંઈ વિશેષ કારણ છે. સ્વસ્વભાવનું ? પુદ્ગળ સંયોગનું કે તેથી વ્યતિરિક્ત ?

૭ જે પ્રમાણે મોક્ષપદે આત્મતા પ્રગટે તે પ્રમાણે મૂળ દ્રવ્ય માનીએ તો લોકવ્યાપક પ્રમાણ આત્મા ન થવાનું કારણ શું?

૮ જ્ઞાન ગુણ અને આત્મા ગુણી એ ઘટના ઘટાવવા જતાં આત્મા કથંચિત્ જ્ઞાનવ્યતિરિક્ત માનવો તે કેવી અપેક્ષાએ–જડત્વભાવે કે અન્યગુણ અપેક્ષાએ ?

૯ મધ્યમ પરિણામવાળી વસ્તુનું નિત્યપણું શી રીતે સંભવે છે ?

૧૦ શુદ્ધચેતનમાં અનેકની સંખ્યાનો ભેદ શા કારણે ઘટે છે ?

૭૨.[૧] [હાથનોંધ પૃષ્ઠ ૧૬૫.]

અ. જેનાથી માર્ગ પ્રવર્ત્યો છે, એવા મોટા પુરૂષના વિચાર, બળ, નિર્ભયતાદિ ગુણો પણ મોટા હતા.

આ. એક રાજ્ય પ્રાપ્ત કરવામાં જે પરાક્રમ ઘટે છે, તે કરતાં અપૂર્વ અભિપ્રાય સહિત ધર્મસંતતિ પ્રવર્ત્તવામાં વિશેષ પરાક્રમ ઘટે છે.

ઇ. તથારૂપ શક્તિ થોડા વખત પૂર્વે અત્ર જણાતી હતી, હાલ તેમાં વિકળતા જોવામાં આવે છે તેનો હેતુ શો હોવો જોઈએ તે વિચારવાયોગ્ય છે.

ઈ. દર્શનની રીતે આ કાળમાં ધર્મ પ્રવર્તે એથી જીવોનું કલ્યાણ છે કે સંપ્રદાયની રીતે પ્રવર્ત્તે તો જીવોનું કલ્યાણ છે તે વાત વિચારવાયોગ્ય છે.

ઉ. સંપ્રદાયની રીતે ઘણા જીવોને તે માર્ગ ગ્રહણ થવા યોગ્ય થાય, દર્શનની રીતે વિરલ જીવોને ગ્રહણ થાય.

ઊ. જો જિનને અભિમતે માર્ગ નિરૂપણ કરવાયોગ્ય ગણવામાં આવે, તો તે સંપ્રદાયના પ્રકારે નિરૂપણ થવો વિશેષ અસંભવિત છે, કેમકે તેની રચનાનું સાંપ્રદાયિક સ્વરૂપ થવું કઠણ છે.

દર્શનની અપેક્ષાએ કાઇક જીવને ઉપકારી થાય એટલો વિરોધ આવે છે.

૭૩.[૨] [હાથનોંધ પૃષ્ઠ ૧૬૬.]

જે કોઇ મોટા પુરૂષ થયા છે તેઓ:પ્રથમથી સ્વસ્વરૂપ (નિજશક્તિ) સમજી શકતા હતા, અને ભાવિ મહત્કાર્યનાં બીજને પ્રથમથી અવ્યક્તપણે વાવ્યા રહેતા હતા–અથવા સ્વાચરણ અવિરોધ જેવું રાખતા હતા.

અત્રે તે પ્રકાર વિશેષ વિરોધમાં પડયો હોય એમ દેખાય છે. તે વિરોધમાં કારણો પણ અત્રે લખ્યાં છે.

---

૧. શ્રીમદ્‌ની માર્ગ પ્રવર્ત્તાવવાની ઇચ્છા, આ લેખપરથી અત્યંત સ્પષ્ટ થાય છે.

અ. આ. માર્ગપ્રવર્ત્તકને પરાક્રમાદિ કેવાં જોઈએ તે સંબંધીની શ્રીમદ્‌ની સાવધતા દર્શાવે છે.

ઇ. જાગૃતિપ્રેરક વચનો છે.

ઈ. ઉ, ઊ. દર્શનપદ્ધતિએ અને સંપ્રદાયપદ્ધતિએ માર્ગ પ્રવર્ત્તાવવાની પોતાની શક્તિવિષેનો શ્રીમદ્‌નો સ્વાનુભવ દર્શાવે છે.—સંશોધક.

૨. અપ્રમત્તભાવ રાખવાની પરમ જિજ્ઞાસા આ ઉદ્‌ગારો જણાવે છે.—સંશોધક.

૧ વિશેષ સંસારીની રીતિ જેવો વ્યવહાર વર્તતો હોવાથી.

૨ બ્રહ્મચર્યનું ધારણ.

૭૪.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૬૭.]

અ. સોહં (આશ્ચર્યકારક) મહાપુરુષોએ ગવેષણા કરી છે.

આ. કલ્પિત પરિણતિથી જીવને વિરમવું આટલું બધું કઠણ થઇ પડયું છે તેનો હેતુ શો હોવો જોઇએ ?

ઇ. આત્માના ધ્યાનનો મુખ્ય પ્રકાર કયો કહી શકાય ?

ઈ. તે ધ્યાનનું સ્વરૂપ શા પ્રકારે ?

ઉ. આત્માનું સ્વરૂપ શા પ્રકારે ?

ઊ. કેવળજ્ઞાન જિનાગમમાં પ્રરૂપ્યું છે તે યથાયોગ્ય છે કે, વેદાંતે પ્રરૂપ્યું છે તે યથાયોગ્ય છે ?

૭૫.[2] [હાથનોંધ પૃષ્ઠ ૧૬૮.]

પ્રેરણાપૂર્વક સ્પષ્ટ ગમનાગમ ક્રિયા આત્માના અસંખ્યાત પ્રદેશપ્રમાણપણા માટે વિશેષ વિચારવાયોગ્ય છે.

પ્ર૦ પરમાણુ એક પ્રદેશાત્મક આકાશ અનંત પ્રદેશાત્મક માનવામાં જે હેતુ છે, તે હેતુ આત્માના અસંખ્યાત પ્રદેશપણા માટે યથાતથ્ય સિદ્ધ થતો નથી. મધ્યમ પરિણામી વસ્તુ અનુત્પન્ન જોવામાં આવતી નથી માટે.

ઉ૦—

૭૬.[3] [હાથનોંધ પૃષ્ઠ ૧૬૯.]

અમૂર્ત્તપણાની વ્યાખ્યા શું ?

અનંતપણાની વ્યાખ્યા શું ?

આકાશનું અવગાહકધર્મપણું શા પ્રકારે ?

મૂર્ત્તામૂર્ત્તનો બંધ આજ થતો નથી તો અનાદિથી કેમ થઇ શકે ? વસ્તુસ્વભાવ એમ અન્યથા કેમ માની શકાય ?

ક્રોધાદિભાવ જીવમાં પરિણામીપણે છે, નિવૃત્તપણે છે ?

પરિણામીપણે જો કહીએ તો સ્વાભાવિક ધર્મ થાય, સ્વાભાવિક ધર્મનું ટળવાપણું કયાંય અનુભૂત થતું નથી.

નિવર્ત્તપણે જો ગણીએ તો સાક્ષાત્ બંધ જે પ્રકારે જિન કહે છે, તે પ્રમાણે માનતાં વિરોધ આવવો સંભવે છે.

૭૭.[4] [હાથનોંધ પૃષ્ઠ ૧૭૦]

જિનને અભિમત કેવળદર્શન અને વેદાંતને અભિમત બ્રહ્મ એમાં ભેદ શો છે ?

---

૧. અ, આ, ઇ, ઈ, ઉ. સ્વતઃ સ્પષ્ટ છે,—

ઊ. કેવળજ્ઞાનના સ્વરૂપની વિચારશોધના છે.—સંશોધક.

૨. તત્ત્વશોધન છે—સંશોધક.

૩ તત્ત્વાર્થશ્રદ્ધાન (વિ૦ સં૦ ૧૯૪૭) પૂર્વેની તત્ત્વવિચારણા જણાય છે.—સંશોધક.

૪. તત્ત્વાર્થશ્રદ્ધાન (સં૦ ૧૯૪૭ (પૂર્વે કરેલા ભિન્ન ભિન્ન દર્શનોના સિદ્ધાંતોનું અવલોકનરૂપ આ પ્રશ્ન છે.—સંશોધક.

૭૮.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૭૧.]

જિનને અભિમતે.

આત્મા—અસંખ્યાત પ્રદેશી—(૦) સંકોચ વિકાશનું ભાજન–અરૂપી લોક પ્રમાણ પ્રદેશાત્મક

૭૯.[2] [હાથનોંધ પૃષ્ઠ ૧૭૨.]

જિન.

મધ્યમ પરિમાણનું નિત્યપણું, ક્રોધાદિનું પારિણામિકપણું (?) આત્મામાં કેમ ઘટે ? કર્મ બંધનો હેતુ આત્મા, કે પુદ્ગલ, કે ઉભયકે કંઈ એથી પણ અન્ય પ્રકાર ? મુક્તિમાં આત્મઘન ? દ્રવ્યનું ગુણથી અતિરિક્તપણું શું ? બધા ગુણ મળી એક દ્રવ્ય કે તે વિના બીજું દ્રવ્યનું કંઈ વિશેષ સ્વરૂપ છે ? સર્વ દ્રવ્યનું વસ્તુત્વ–ગુણ બાદ કરી વિચારીએ તો એક છે કે કેમ? આત્મા ગુણી જ્ઞાન ગુણ એમ કહેવાથી કથંચિત્ આત્માનું જ્ઞાનરાહિત્યપણું ખરું કે નહીં ? જો જ્ઞાન-રાહિત્ય આત્માપણું સ્વીકારીએ તો જડ બને ? ચારિત્ર–વીર્યાદિ ગુણ કહીએ તો જ્ઞાનથી તેનું જૂદાપણું હોવાથી તે જડ ઠરે તેનું સમાધાન શા પ્રકારે ઘટે છે ? અભવ્યત્વ પારિણામિક ભાવે શા માટે ઘટે ? ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય–આકાશ અને જીવ દ્રવ્ય દૃષ્ટિએ જોઇએ તો એક વસ્તુ ખરી કે નહીં ? દ્રવ્યપણું શું ? ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશનું સ્વરૂપ વિશેષ શી રીતે પ્રતિપાદન થઈ શકે છે ? લોક અસંખ્ય પ્રદેશી–અને દ્વીપ સમુદ્ર અસંખ્યાતા તે

૮૦. [હાથનોંધ પૃષ્ઠ ૧૭૩.]

આદિ વિરોધનું સમાધાન શા પ્રકારે છે ? આત્મતમાં પારિણામિકતા ? મુક્તિમાં પણ સર્વ પદાર્થનું પ્રતિભાસવું ? અનાદિ અનંતનું જ્ઞાન કયા પ્રકારે થવા યોગ્ય છે ?

વેદાંત.

આત્મા એક, અનાદિ માયા. બંધમોક્ષનું પ્રતિપાદન એ તમે કહો છો એમ ઘટી શકતાં નથી.

આનંદ અને ચૈતન્યમાં શ્રી કપિલદેવજીએ વિરોધ કહ્યો છે તેનું શું સમાધન છે ? યથા-યોગ્ય સમાધાન વેદાંતમાં જોવામાં આવતું નથી.

આત્મા નાનાવિના બંધ, મોક્ષ હોવાયોગ્ય જ નથી. તે તો છે, એમ છતાં કલ્પિત કહેવાથી પણ ઉપદેશાદિ કાર્ય કરવા યોગ્ય ઠરતાં નથી.

૮૧.[3] [હાથનોંધ પૃષ્ઠ ૨.]

જીવનું વ્યાપકપણું, પરિણામપણું, કર્મસંબંધ, મોક્ષક્ષેત્ર, શા શા પ્રકારે ઘટવા યોગ્ય છે તે વિચાર્યાવિના, તથાપ્રકારે સમાધિ ન થાય, ગુણ અને ગુણીનો ભેદ સમજવા યોગ્ય પ્રકારેછે ?

જીવનું વ્યાપકપણું. સામાન્ય વિશેષાત્મકતા, પરિણામીપણું, લોકાલોકજ્ઞાયકપણું, કર્મસં-બંધતા, મોક્ષક્ષેત્ર એ પૂર્વાપર અવિરોધથી શી રીતે સિદ્ધ છે.

એક જ જીવ નામનો પદાર્થ જૂદાં જૂદાં દર્શનો, સંપ્રદાયો, અને મતો જૂદે જૂદે સ્વરૂપે કહે છે.; તેનો કર્મસંબંધ, અને મોક્ષ પણ જૂદે જૂદે સ્વરૂપે કહે છે; એથી નિર્ણય કરવો દુર્ઘટ કેમ નથી ?

---

૧. તત્વવિચારણા છે.—સંશોધક.

૨. તત્વાર્થશ્રદ્ધાન (સં૦ ૧૯૪૭) પૂર્વે આ પૃષ્ઠપરના તથા ત્યાર પછીના પૃષ્ઠપરના તત્વશોધનાર્થે ઉદ્ભવેલા પ્રશ્નો લખ્યા હોય એમ અનુમાન થાય છે.—સંશોધક

૩. તત્વવિચારણારૂપ પ્રશ્નો, તત્વાર્થશ્રદ્ધાન (સંવત્ ૧૯૪૭) પૂર્વેના જણાય છે.—સંશોધક.

૮૨.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૭૪.]

જૈનમાર્ગ.

૧ લોક સંસ્થાન,
૨ ધર્મ, અધર્મ, આકાશ દ્રવ્ય.
૩ અરૂપીપણું.
૪ સુષમ દુષમાદિકાળ,
૫ તે તે કાળે ભારતાદિની સ્થિતિ–મનુષ્ય ઉંચત્વાદિપ્રમાણ.
૬ નિગોદ સૂક્ષ્મ.
૭ ભવ્ય અભવ્ય નામે બે પ્રકારે જીવ.
૮ વિભાવ દશા પારિણામિક ભાવે.
૯ પ્રદેશ અને સમય તેનું વ્યાવહારિક પારમાર્થિક કંઈ સ્વરૂપ.
૧૦ ગુણ સમુદાયથી જૂદું કંઈ દ્રવ્યત્વ.
૧૧ પ્રદેશ સમુદાયનું વસ્તુત્વ.
૧૨ રૂપ, રસ, ગંધ, સ્પર્શથી જૂદું એવું કંઈ પણ પરમાણુપણું.
૧૩ પ્રદેશનું સંકોચાવું, વિકાશાવું.
૧૪ તેથી ઘનપણું કે પાતળાપણું.
૧૫ અસ્પર્શગતિ.
૧૬ એક સમય અત્ર અને સિદ્ધક્ષેત્ર હોવાપણું.–અથવા તે જ સમયે લોકાંતગમન.
૧૭ સિદ્ધસંબંધી અવગાહ.
૧૮ અવધિ, મનઃપર્યવ અને કેવળની વ્યાવહારિક પારમાર્થિક કંઈ વ્યાખ્યા;—જીવની અપેક્ષા તથા દશ્ય પદાર્થની અપેક્ષાએ.
"મતિશ્રુતની વ્યાખ્યા–તે પ્રકારે." [હાથનોંધ પૃષ્ઠ ૧૭૫.]
૧૯ કેવળજ્ઞાનની બીજી કંઈ વ્યાખ્યા.
૨૦ ક્ષેત્રપ્રમાણની બીજી કંઈ વ્યાખ્યા.
૨૧ સમસ્ત વિશ્વનો એક અદ્વૈત તત્વપર વિચાર.
૨૨ કેવળજ્ઞાનવિના જીવસ્વરૂપનું બીજા કોઈ જ્ઞાને ગ્રહણ પ્રત્યક્ષપણે.
૨૩ વિભાવનું ઉપાદાન કારણ.
૨૪ તેમ તથાપ્રકારનો સમાધાનયોગ્ય કોઈ પ્રકાર.
૨૫ આ કાળને વિષે દશ બોલનું વ્યવચ્છેદપણું–તેનો અન્ય કંઈ પણ પરમાર્થ.
૨૬ બીજભૂત અને સંપૂર્ણ એમ કેવળ જ્ઞાન બે પ્રકારે.
૨૭ વીર્યાદિ આત્મગુણ ગણ્યા છે તેમાં ચેતનપણું.
૨૮ જ્ઞાનથી જૂદું એવું આત્મત્વ.
૨૯ જીવનો સ્પષ્ટ અનુભવ થવાના ધ્યાનના મુખ્ય પ્રકાર–વર્તમાનકાળને વિષે.
૩૦ તેમાં પણ સર્વોત્કૃષ્ટ મુખ્ય પ્રકાર.
૩૧ અતિશયનું સ્વરૂપ.
૩૨ લબ્ધિ (કેટલીક) અદ્વૈતતત્વ માનતાં સિદ્ધ થાય એવી માન્ય છે,
૩૩ લોકદર્શનનો સુગમ માર્ગ–વર્તમાનકાળે; કંઈ પણ. [હાથનોંધ પૃષ્ઠ ૧૭૯.]

---

1. આ વિષયોના વિવેચનરૂપ ગ્રંથની સંકલના જણાય છે.—સંશોધક.

૩૪ દેહાંતદર્શનનો સુગમ માર્ગ–વર્તમાનકાળે.

૩૫ સિદ્ધત્વપર્યાય સાદિ અનંત, અને મોક્ષ અનાદિ અનંત૦

૩૬ પરિણામી પદાર્થ–નિરંતર **સ્વાકાર** પરિણામી હોય તો પણ અવ્યવસ્થિત પરિણામીપણું. અનાદિથી હોય તે કેવળજ્ઞાનને વિષે ભાસ્યમાન. પદાર્થને વિષે શી રીતે ઘટમાન.

૮૩.[૧] (હાથનોંધ પૃષ્ટ ૧૮૦.)

૧ કર્મવ્યવસ્થા.
૨ સર્વજ્ઞતા.
૩ પારિણામિકતા.
૪ નાના પ્રકારના વિચાર અને સમાધાન.
૫ અન્યથી ન્યૂન પરાભવતા.
૬ જ્યાં જ્યાં અન્ય વિકળ છે ત્યાં ત્યાં અવિકળ આ અવિકળ દેખાય ત્યાં અન્યનું ક્વચિત્ અવિકળપણું–નહીં તો નહીં.

૮૪.[૨] (હાથનોંધ પૃષ્ટ ૧૮૧.)

મોહમયી ક્ષેત્ર સંબંધી ઉપાધિ પરિત્યાગવાને આઠ મહિના અને દશ દિવસ બાકી છે; અને તે પરિત્યાગ થઇ શકવાયોગ્ય છે.––

બીજે ક્ષેત્રે ઉપાધિ (વ્યાપાર) કરવાના અભિપ્રાયથી મોહમયિ ક્ષેત્રની ઉપાધિનો ત્યાગ કરવાનો વિચાર રહે છે, એમ નથી.

પણ જ્યાં સુધી સર્વસંગપરિત્યાગરૂપ યોગ નિવારણ થાય નહીં ત્યાં સુધી જે ગૃહાશ્રમ વર્ત્તે તે ગૃહાશ્રમમાં કાળ વ્યતીત કરવા વિષેનો વિચાર કર્ત્તવ્ય છે. ક્ષેત્રનો વિચાર કર્ત્તવ્ય છે જે વ્યવહારમાં વર્ત્તવું તે વ્યવહારનો વિચાર કર્ત્તવ્ય છે, કેમકે પૂર્વાપર અવિરોધપણું નહીં, તો રહેવું કઠણ છે.

૮૫[૩] [હાથનોંધ પૃષ્ટ ૧૮૨.]

ભૂ.—	બ્રહ્મ.
સ્થાપના. –	ધ્યાન.
મુખ:—	યોગબળ.
બ્રહ્મગ્રહણ.	નિર્ગ્રંથાદિ સંપ્રદાય.
ધ્યાન.	નિરૂપણ.
યોગબળ.	ભૂ. સ્થાપના મુખ સર્વદર્શન અવિરોધ.
સ્વાયુ સ્થિતિ.	
આત્મબળ.	

---

૧. આ વિષયોના વિવેચનરૂપ ગ્રંથની સંકલના જણાય છે.––સંશોધક.

૨. મુંબઈ પરિત્યાગ કરેલા નિર્ણય સમય પહેલાં જાગૃતિ, વ્યાપારરહિત રહેવાની ઈચ્છા, અને સર્વસંગપરિત્યાગની વૃત્તિ ક્રિયામાં ન મૂકાય ત્યાંસુધી પૂર્વાપર અવિરોધપણું રહેવા અર્થે ગૃહસ્થાશ્રમ કેવા પ્રકારે વેદવો તે સંબંધીનો શ્રીમદ્‌નો વિચાર આ લેખથી જણાય છે.—સંશોધક.

૩. શ્રીમદ્‌ના જીવનસંબંધીની વિચારણા છે.—સંશોધક.

૮૬. [હાથનોંધ પૃષ્ઠ ૧૮૩.]

સો ધમ્મો જથ્થ દયા, દસઠ દોસા ન જસ્સા સો દેવો; સોહુ ગુરૂ જો નાણી, આરંભ પરિગ્ગહા વિરઓ.

૮૭.[1] [હાથનોંધ પૃષ્ઠ ૧૮૭.]

અકિંચિનપણાથી વિચરતાં એકાંત મૌનથી જિન સદૃશ્ય ધ્યાનથી તન્મયાત્મકરૂપ એવો ક્યારે થઈશ ?

૮૮.[2]

એકવાર વિક્ષેપ શમ્યાવિના બહુ સમીપ આવી શકવા યોગ્ય અપૂર્વ સંયમ પ્રગટશે નહીં. કેમ, ક્યાં, સ્થિતિ કરીએ ?

---

૧. આ અદ્ભુત અભિલાષા સતત વિચારને પાત્ર છે.—સંશોધક.
૨. આ લેખ અપૂર્વ સંયમાભિલાષા સૂચક છે.—સંશોધક.

વર્ષ ૨૯ થી ૩૪ પર્યંત.

હાથનોંધ ૨ જી.

આ બીજી હાથનોંધ કઈ સાલથી લખવી શરૂ કરી છે, તથા કઇ સાલસુધી લખી છે તે જાણી શકાતું નથી. આ હાથનોંધમાં અંગ્રેજી વર્ષ ૧૮૯૬ નું કેલેન્ડર છે તે જોતાં સંવત્ ૧૯૫૨ પછી તે લખવી શરૂ કરી હોવી જોઇએ. સંવત્ ૧૯૫૨ ની સાલમાં શ્રીમદ્‌ને ૨૯ મું વર્ષ ચાલતું હતું; એટલે અમે ૨૯ મું વર્ષ અહીં લખ્યું છે, તથા કઇ સાલ સુધી લખી છે તે જણાતું નથી; એટલે દેહાંત સુધી અર્થાત્ ૩૪ મા વર્ષ પર્યંત એમ અહીં જણાવ્યું છે.—**સંશોધક.**

૧.[1] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૩.]

રાગ, દ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારૂં સ્મરણ ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે.

૨.[2] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૫.]

સર્વજ્ઞપદનું ધ્યાન કરો.

૩.[3] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૭.]

શુદ્ધ ચૈતન્ય
અનંત આત્મદ્રવ્ય
કેવળજ્ઞાન સ્વરૂપ
શક્તિરૂપે
તે
જેને સંપૂર્ણ વ્યક્ત થયું છે, તથા વ્યક્ત થવાનો

---

૧. હેતુ સ્પષ્ટ છે.—સંશોધક.

૨. સર્વજ્ઞપદની પરમ ઇચ્છા દર્શાવે છે.—સંશોધક.

૩. શ્રીમદ્‌ની કઇ દશા પ્રત્યે પરમ પ્રતીતિ હતી તે આ ઉદ્ગારોથી જાણી શકાય તેમ છે.—સંશોધક.

જે પુરૂષો માર્ગ પામ્યા છે તે પુરૂષોને
અત્યંત ભક્તિથી નમસ્કાર.

૪.[1] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૯.]

નમો જિણાણં જિન ભવાણં
જિનતત્વસંક્ષેપ.

અનંત અવકાશ છે.
તેમાં જડ ચેતનાત્મક વિશ્વ રહ્યું છે.
વિશ્વમર્યાદા બે અમૂર્ત્ત દ્રવ્યથી છે.
જેને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એવી સંજ્ઞા છે.
જીવ, અને પરમાણુપુદ્ગળ એ બે દ્રવ્ય સક્રિય છે.
સર્વ દ્રવ્ય દ્રવ્યત્વે શાશ્વત છે.
અનંત જીવ છે.
અનંત અનંત પરમાણુપુદ્ગળ છે.
ધર્માસ્તિકાય એક છે.
અધર્માસ્તિકાય એક છે.
કાળ દ્રવ્ય છે.
વિશ્વપ્રમાણ ક્ષેત્રાવગાહ કરી શકે એવો એકેક જીવ છે.

૫.[2] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૧૩.]

નમો જિણાણં જિન ભવાણં.

જેની પ્રત્યક્ષ દશા જ બોધરૂપ છે, તે મહત્પુરૂષને ધન્ય છે.

જે મતભેદે આ જીવ ગ્રહાયો છે, તે જ મતભેદ જ તેના સ્વરૂપને મુખ્ય આવરણ છે.

વીતરાગપુરૂષના સમાગમવિના, ઉપાસનાવિના, આ જીવને મુમુક્ષુતા કેમ ઉત્પન્ન થાય? સમ્યક્જ્ઞાન ક્યાંથી થાય? સમ્યક્દર્શન ક્યાંથી થાય? સમ્યક્ચારિત્ર ક્યાંથી થાય? કેમકે એ ત્રણે વસ્તુ અન્ય સ્થાનકે હોતી નથી.

વીતરાગપુરૂષના અભાવ જેવો વર્તમાન કાળ વર્ત્તે છે. હે મુમુક્ષુ! વીતરાગપદ વારંવાર વિચાર કરવાયોગ્ય છે, ઉપાસના કરવા યોગ્ય છે. ધ્યાન કરવાયોગ્ય છે.

૬.[3] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૧૫.]

જીવને બંધનના મુખ્ય હેતુ બે:
રાગ અને દ્વેષ.
રાગને અભાવે દ્વેષનો અભાવ થાય.
રાગનું મુખ્યપણું છે.
રાગને લીધે જ સંયોગમાં આત્મા તન્મયવૃત્તિમાન્ છે.
તે જ કર્મ મુખ્યપણે છે.

જેમ જેમ રાગ દ્વેષ મંદ, તેમ તેમ કર્મબંધ મંદ, અને જેમ જેમ રાગ દ્વેષ તીવ્ર, તેમ તેમ

1. જિનતત્ત્વાર્થનો નિશ્ચય છે.—સંશોધક.
2. વીતરાગસમાગમની તિતિક્ષા દર્શાવે છે.—સંશોધક
3. વીતરાગદર્શનના સિદ્ધાંતોનું રહસ્ય છે.—સંશોધક.

કર્મબંધ તીવ્ર. રાગ દ્વેષનો અભાવ ત્યાં કર્મબંધનો સાંપરાયિક અભાવ.

રાગ દ્વેષ થવાનું મુખ્ય કારણ—

મિથ્યાત્વ એટલે

અસમ્યક્‌દર્શન છે.

સમ્યક્‌જ્ઞાનથી સમ્યક્‌દર્શન થાય છે.

તેથી અસમ્યક્‌દર્શન નિવૃત્તિ પામે છે.

તે જીવને સમ્યક્‌ચારિત્ર પ્રગટે છે.

જે વીતરાગદશા છે.

સંપૂર્ણ વીતરાગદશા જેને વર્તે છે તે ચરમશરીરિ જાણીએ છીએ.

૭.[1] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૧૭.]

હે જીવ ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારૂં સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.

હે જીવ ! અસમ્યક્‌દર્શનને લીધે તે સ્વરૂપ તને ભાસતું નથી. તે સ્વરૂપમાં તને શંકા છે; વ્યામોહ અને ભય છે.

સમ્યક્‌દર્શનનો યોગ પ્રાપ્ત કરવાથી તે અભાસનાદિની નિવૃત્તિ થશે.

હે સમ્યક્‌દર્શની ! સમ્યક્‌ચારિત્ર જ સમ્યક્‌દર્શનનું ફળ ઘટે છે, માટે તેમાં અપ્રમત્ત થા.

જે પ્રમત્તભાવ ઉત્પન્ન કરે છે તે કર્મબંધની તને સુપ્રતીતિનો હેતુ છે.

હે સમ્યક્‌ચારિત્રી ! હવે શિથિલપણું ઘટતું નથી. ઘણો અંતરાય હતો તે નિવૃત્ત થયો; તો હવે નિરંતરાય પદમાં શિથિલતા શા માટે કરે છે ?

૮.[2] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૨૧.]

દુઃખનો અભાવ કરવાને સર્વ જીવ ઇચ્છે છે.

દુઃખનો આત્યંતિક અભાવ કેમ થાય ? તે નહીં જાણવાથી દુઃખ ઉત્પન્ન થાય. તે માર્ગને દુઃખથી મૂકાવાનો ઉપાય જીવ સમજે છે.

જન્મ, જરા, મરણ મુખ્યપણે દુઃખ છે. તેનું બીજ કર્મ છે. કર્મનું બીજ રાગ દ્વેષ છે, અથવા આ પ્રમાણે પાંચ કારણ છે.

મિથ્યાત્વ.
અવિરતિ.
પ્રમાદ.
કષાય.
યોગ.

પહેલા કારણનો અભાવ થયે બીજાનો અભાવ, પછી ત્રીજાનો, પછી ચોથાનો, અને છેવટે પાંચમા કારણનો એમ અભાવ થવાનો ક્રમ છે.

મિથ્યાત્વ મુખ્ય મોહ છે.
અવિરતિ ગૌણ મોહ છે.

---

૧ સમ્યગ્જ્ઞાની, સમ્યક્‌દર્શની અને સમ્યક્‌ચારિત્રી પ્રતિ અનુભવઉપદેશક આ વચનો જણાય છે.—સંશોધક.

૨ સંસારાવસ્થામાં જીવની સ્થિતિ અને તેના હેતુ આદિ વિષે સ્પષ્ટતા કરી જણાય છે.—સંશોધક.

પ્રમાદ, અને કષાય અવિરતિમાં અંતર્ભાવી શકે છે. યોગ સહચારીપણે ઉત્પન્ન થાય છે. ચારે વ્યતીત થયા પછી પણ પૂર્વ હેતુથી યોગ હોઈ શકે.

૯.[1] [હા૦ નાં૦ ૨ જી પૃ૦ ૨૫.]

હે મુનિઓ ! જ્યાં સુધી કેવળ સમવસ્થાનરૂપ સહજ સ્થિતિ સ્વભાવિક ન થાય ત્યાં સુધી તમે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો.

જીવ કેવળ સ્વભાવિક સ્થિતિમાં સ્થિત થાય ત્યાં કંઈ કરવું રહ્યું નથી.

જ્યાં જીવનાં પરિણામ વર્ધમાન, હીયમાન થયા કરે છે ત્યાં ધ્યાન કર્ત્તવ્ય છે. અર્થાત્ ધ્યાન લીનપણે સર્વ બાહ્યદ્રવ્યના પરિચયથી વીરામ પામી નિજસ્વરૂપના લક્ષમાં રહેવું ઉચિત છે.

ઉદયના ધક્કાથી તે ધ્યાન જ્યારે જ્યારે છૂટી જાય ત્યારે ત્યારે તેનું અનુસંધાન ઘણી ત્વરાથી કરવું.

વચ્ચેના અવકાશમાં સ્વાધ્યાયમાં લીનતા કરવી. સર્વ પરદ્રવ્યમાં એક સમય પણ ઉપયોગ સંગ ન પામે એવી દશાને જીવ ભજે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

૧૦.[2] [હા૦ નાં૦ ૨ જી પૃ૦ ૨૭.]

એકાંત આત્મવૃત્તિ.
એકાંત આત્મા.
કેવળ એક આત્મા.
કેવળ એક આત્મા જ.
કેવળ માત્ર આત્મા.
કેવળ માત્ર આત્મા જ.
આત્મા જ.
શુદ્ધાત્મ જ.
સહજાત્મા જ.
નિર્વિકલ્પ, શબ્દાતીત સહજ સ્વરૂપ આત્મા જ.

૧૧.[3] [હા૦ નાં૦ ૨ જી પૃ૦ ૨૯.]

૭–૧૨–૫૪અ.
૩૧–૧૧–૨૨આ

આમ કાળ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. સમયે સમય આત્મોપયોગે ઉપકારી કરીને નિ-વૃત્ત થવા દેવા યોગ્ય છે.

---

૧. મુનિઓને આવશ્યક સ્થિતિસંબંધી બોધરૂપ આ વિચારો છે.—સંશોધક.

૨. એકાંત આત્મવૃત્તિ દર્શાવનાર આ શબ્દો જણાય છે.—સંશોધક.

૩. આ વચનો શ્રીમદે પોતાપ્રત્યે, પ્રમત્તભાવ ટાળવા અર્થે કહ્યા જણાય છે. આ લેખનો સમય(અ) તથા (આ) દર્શાવેલ $\frac{૭-૧૨-૫૪}{૩૧-૧૧-૨૨}$ ઉપરથી નીકળી શકે છે. ૭–૧૨–૫૪ નો આશય ૭ મો દિવસ, ૧૨ મો માસ અને ૫૪ ની સાલ અર્થાત્ સંવત્ ૧૯૫૪ ના આસો શુદ ૭ લાગે છે; અને ૩૧—૧૧—૨૨ નો આશય, ૩૧ મું વર્ષ ૧૧ મો મહિનો બાવીસમો દિવસ લાગે છે; અર્થાત્ આ લેખ સંવત્ ૧૯૫૪ ના આસો શુદ ૭ ને રોજ લખ્યો છે, અને તે દિવસે શ્રીમદ્‌ને ૩૧ મું વર્ષ, અગ્યારમો મહિનો, અને બાવી

અહો ! આ દેહની રચના; અહો! ચેતન; અહો ! તેનું સામર્થ્ય; અહો જ્ઞાની; અહો તેની ગવેષણા ! અહો તેમનું ધ્યાન ! અહો તેમની સમાધિ ! અહો તેમનો સંયમ ! અહો, તેમનો અપ્રમત્તભાવ ! અહો, તેમની પરમ જાગૃતિ ! અહો, તેમનો વીતરાગ સ્વભાવ ! અહો, તેમનું નિરાવરણ જ્ઞાન ! અહો, તેમના યોગની શાંતિ ! અહો તેમના વચનાદિ યોગનો ઉદય !

હે આત્મા ! આ બધું તને સુપ્રતીત થયું છતાં પ્રમત્તભાવ કેમ ? મંદ પ્રયત્ન કેમ ? જઘન્યમંદ જાગૃતિ કેમ ? શિથિલતા કેમ ? મુંઝવણ કેમ ? અંતરાયનો હેતુ શો ?

અપ્રમત્ત થા, અપ્રમત્ત થા.

પરમ જાગૃત સ્વભાવ ભજ, પરમ જાગૃત સ્વભાવ ભજ.

૧૨.[1] [હા૦ નોં૦ ૨ ૭ પૃ૦ ૩૦.]

તીવ્ર વૈરાગ્ય, પરમ આર્જવ, બાહ્યાભ્યંતર ત્યાગ.

આહારનો જય.

આસનનો જય.

નિદ્રાનો જય.

યોગનો જય.

આરંભપરિગ્રહવિરતિ બ્રહ્મચર્ય પ્રત્યે પ્રતિનિવાસ.

એકાંતવાસ.

અષ્ટાંગયોગ.

સર્વજ્ઞધ્યાન.

આત્મ ઇહા.

આત્મોપયોગ.

મૂળ આત્મોપયોગ.

અપ્રમત્ત ઉપયોગ.

કેવળ ઉપયોગ.

કેવળ આત્મા.

અચિંત્ય સિદ્ધસ્વરૂપ.

રામો દિવસ ચાલતાં હતાં. શ્રીમદ્‌નો જન્મદિવસ સંવત્ ૧૯૨૪ ના કાર્તિક શુદ ૧૫ ને રોજ છે, અને તે હિસાબે ગણતાં સંવત ૧૯૫૪ ના આસો શુદ સાતમે અમે કહીએ છીએ તે પ્રમાણે શ્રીમદ્‌ને એકત્રીશમા વર્ષનો અગ્યારમો મહિનો અને બાવીશમો દિવસ ચાલતાં હોય. વિશેષ સ્પષ્ટતા આથી થશે:—

વર્ષ		માસ		દિ૦	
૧૯૫૪	-	૧૧	-	૭=	સંવત્ ૧૯૫૪ ના આસો શુદ ૭
—૧૯૨૪	-	૦	-	૧૫=	,, ૧૯૨૪ ના કાર્તિક શુદ ૧૫
૩૦	-	૧૧	-	૨૨=	૩૧ મું વર્ષ, અગ્યારમો મહિનો, અને બાવીશમો દિવસ.

સામાન્ય કથનીમાં એક વર્ષ પૂર્ણ થયા પછી બીજા વર્ષના થોડા દિવસ કે માસ ગયા હોય, તોપણ બીજું વર્ષ બોલાય છે, અને તે જ રીતે માસના સંબંધમાં પણ પદ્ધતિ ચાલે છે. આ ગણત્રીએ આ લેખ સંવત્ ૧૯૫૪ ના આસો શુદ ૭ ને રોજ લખ્યો છે, અને તેથી તે દિવસે શ્રીમદ્‌ને એકત્રીશમું વર્ષ, અગ્યારમો મહિનો અને બાવીશમો દિવસ ચાલતાં કહેવાય. આ લેખથી તે હા૦ નોંધ ૨ ૭ ના પૃષ્ઠ ૪૧ સુધીના લેખો એક જ દિવસે લખાયા જણાય છે; કેમકે લખવાની પદ્ધતિ અને શાહી, કલમ આદિ લખવાનાં સાધનો એકસરખાં જણાય છે.—સંશોધક.

1. આસનસ્થાનો ક્રમ યોજ્યો જણાય છે.—સંશોધક.

૧૩.[1] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૩૧.]

જિનચૈતન્યપ્રતિમા.
સર્વાંગસંયમ.
એકાંત સ્થિરસંયમ.
એકાંત શુદ્ધસંયમ.
કેવળ બાહ્યભાવ નિરપેક્ષતા.

આત્મતત્વવિચાર. જગતતત્વવિચાર. જિનદર્શનતત્વવિચાર. બીજાદર્શનતત્વવિચાર.	} સમાધાન.
ધર્મસુગમતા. લોકાનુગ્રહ.	} પદ્ધતિ.
યથાસ્થિત શુદ્ધ સનાતન સર્વોત્કૃષ્ટ જયવંત ધર્મનો ઉદય.	} વૃત્તિ.

૧૪.[2] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૩૨.]

સ્વપર પરમોપકારક પરમાર્થ સત્યધર્મ જયવંત વર્તો.

આશ્ચર્યકારક ભેદ પડી ગયા છે.
ખંડિત છે.

---

૧. 'એકાંતસ્થિરસંયમ' એકાંતશુદ્ધસંયમ' અને 'કેવળ બાહ્યભાવનિરપેક્ષતા' પૂર્વક 'સર્વાંગ સંયમ' પ્રાપ્ત કરી તે દ્વારાએ "શ્રીજિચૈતન્ય પ્રતિમા" રૂપ થઇ, અર્થાત્ 'અડોલ, આત્માવસ્થા પામી' જગત્‌જીવોના કલ્યાણાર્થે અર્થાત્ માર્ગના પુનરોદ્ધારાર્થે પ્રવૃત્તિ કરવી; એવો આ યોજનાનો ઉદ્દેશ જણાય છે. "વૃત્તિ" "પદ્ધતિ" અને "સમાધાન" એમાં જે કહેવામાં આવ્યું છે તે વિચારવાથી જગત્‌જીવોના કલ્યાણાર્થે અર્થાત્ 'માર્ગના પુનરોદ્ધાર' માટે વૃત્તિ આ યોજનામાં દર્શાવી છે એમ જણાશે. પ્રથમ "વૃત્તિ" શું છે ? તો તેને માટે એમ કહેવામાં આવ્યું છે કે "યથાસ્થિત શુદ્ધ સનાતન સર્વોત્કૃષ્ટ જયવંત ધર્મનો ઉદય" કરવો તે; પછી કેવી "પદ્ધતિ"એ તે "ઉદય કરવો તે વિચાર્યું જણાય છે, અને તેને માટે જણાવ્યું છે કે" લોકોને "ધર્મસુગમતા" થાય અને "લોકાનુગ્રહ' પણ થાય, એ 'વૃત્તિ' અને 'પદ્ધતિ'નું પરિણામ શું લાવવું એ સંબંધી "સમાધાન"માં વિચાર્યું જણાય છે કે, "આત્મતત્વવિચાર" "જગત્‌તત્વવિચાર", "જિનદર્શન તત્વવિચાર" અને બીજા દર્શનતત્વવિચાર "એ સંબંધી જગત્ જીવોનું સમાધાન કરવું." અમારું આ પુનરોદ્ધારસંબંધીનું અનુમાન આ પછીના એટલે હાથનોંધ ૨ જી પૃષ્ઠ ૩૩ માંનો લેખ વિચારવાથી યોગ્ય જણાશે. "જિનચૈતન્યપ્રતિમા" થયા પછી "જગત્ જીવોના કલ્યાણ અર્થે પ્રવૃત્તિ કરવી" એમ જે અમે ઉપર કહ્યું તે વાત હાથનોંધ ૨ જીના પૃષ્ઠ ૩૯ મા પરની વિચારણામાં પ્રથમ વાક્ય "પરાનુગ્રહ પરમ કારુણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિન પ્રતિમા થા! ચૈતન્ય જિનપ્રતિમા થા!" વિચારવાથી યોગ્ય લાગશે. કેમકે "પરાનુગ્રહ પરમ કારુણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિન૦" નો અર્થ એમ સંભવે છે કે, પર કહેતાં અન્ય જીવો ના, અનુગ્રહ કરવારૂપ તારે વિષે જે પરમ કારુણ્યવૃત્તિ છે "તેનો ઉપયોગ કરતાં પહેલાં" "પણ" પ્રથમ કહેતાં ચૈતન્ય જિનપ્રતિમારૂપ થા.—સંશોધક.

૨. પોતે કરવા ધારેલા વીતરાગમાર્ગના પુનર્દિગ્વિજયને અંતરાયક કારણોનો પોતાનો અનુભવ શ્રીમદે આ લેખમાં લખ્યો છે. શ્રીમદને અનુભવગત થએલ આ અંતરાયક કારણો અતિ બળવાન જણ્યા છતાં ઉદ્ધાર કરવાની પોતાની પરમ ઇચ્છાના પરિણામમાં (હા૦ નોં૦ ૨ જી ના પૃષ્ઠ ૩૩ પર પોતે પો-

સંપૂર્ણ કરવાનું સાધન દુર્ગમ્ય દેખાય છે.

તે પ્રભાવને વિષે મહત્ અંતરાય છે.

દેશકાળાદિ ઘણાં પ્રતિકૂળ છે.

વીતરાગોનો મત લોકપ્રતિકૂળ થઇ પડયો છે.

રૂઢીથી જે લોકો તેને માને છે તેના લક્ષમાં પણ તે પ્રતીત જણાતો નથી, અથવા અન્યમતને વીતરાગોનો મત સમજી પ્રવર્ત્યે જાય છે.

યથાર્થ વીતરાગોનો મત સમજવાની તેમનામાં યોગ્યતાની ઘણી ખામી છે.

દૃષ્ટિરાગનું પ્રબળ રાજ્ય વર્ત્તે છે.

વેષાદિ વ્યવહારમાં મોટી વિટંબના કરી મોક્ષમાર્ગનો અંતરાય કરી બેઠા છે.

તુચ્છ પામર પુરૂષો વિરાધક વૃત્તિના ધણી અગ્રભાગે વર્ત્તે છે.

કિંચિત્ સત્ય બહાર આવતાં પણ તેમને પ્રાણઘાતતુલ્ય દુઃખ લાગતું હોય એમ દેખાય છે.

૧૫.[1] [હા૦ નોં૦ ૨ ૭ પૃ૦ ૩૪.]

ત્યારે તમે શામાટે તે ધર્મનો ઉદ્ધાર ઇચ્છો છો ?

પરમ કારૂણ્ય સ્વભાવથી.

તે સદ્ધર્મ પ્રત્યેની પરમ ભક્તિથી.

૧૬.[2] [હા૦ નોં૦ ૨ ૭ પૃ૦ ૩૫.]

એવંભૂત દૃષ્ટિથી ઋજુ સૂત્ર સ્થિતિ કર.
ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર.
નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર.
એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર.
સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા.
એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર.
વ્યવહાર દૃષ્ટિથી એવંભૂતપ્રત્યે જા.
એવંભૂત દૃષ્ટિથી વ્યવહારવિનિવૃત્તિ કર.
શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા.
એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર.
સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક.
એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર.
એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા.
એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તાને પ્રશ્ન કર્યો છે કે "ત્યારે (આટલાં બધાં પ્રતિકૂળ સંયોગો છતાં) તમે શા માટે તે ધર્મનો ઉદ્ધાર ઇચ્છો છો ?" આ પ્રશ્નનો ઉત્તર તેઓએ જે આપ્યો છે કે "પરમ કારૂણ્ય સ્વભાવથી" અને "તે સદ્ધર્મ પ્રત્યેની પરમ ભક્તિથી" તે મનન કરતાં શ્રીપદની જૈનદર્શનોદ્ધારઇચ્છાનું પરમપણું દૃષ્ટિમાં આવી શકવા યોગ્ય છે."

૧. ઉપ્લી નોંધ જુઓ.--સંશોધક.

૨. જિનશાસ્ત્રોક્ત સપ્તનયપૂર્વક દશા ઇચ્છી જણાય છે.—સંશોધક.

૧૭.[1] [હા૦ નાં૦ ૨ જી પૃ૦ ૩૭.]

હું અસંગ શુદ્ધચેતન છું, વચનાતીત નિર્વિકલ્પ એકાંત શુદ્ધઅનુભવ સ્વરૂપ છું.

હું પરમ શુદ્ધ, અખંડ ચિદ્ ધાતું છું.

અચિદ્ ધાતુના સંયોગ રસનો આ આભાસ તો જુઓ !

આશ્ચર્યવત્, આશ્ચર્યરૂપ, ઘટના છે.

કંઈ પણ અન્ય વિકલ્પનો અવકાશ નથી.

સ્થિતિ પણ એમ જ છે.

૧૮.[2] [હા૦ નાં૦ ૨ જી પૃ૦ ૩૯.]

પરાનુગ્રહ પરમકારૂણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિનપ્રતિમા થા.

ચૈતન્ય જિનપ્રતિમા થા.

તેવો કાળ છે ?

તે વિષે નિર્વિકલ્પ થા.

તેવો ક્ષેત્ર યોગ છે ?

ગવેષ.

૧. "આત્મા"નું મૂળ શુદ્ધપદ દર્શાવ્યું છે "સ્થિતિ પણ એમ જ છે" એ શબ્દો શ્રીમદનો આત્માનુભવ દર્શાવે છે.— સંશોધક.

૨. હા૦ નાં૦ ૨ જીના ૨૯ મા પૃષ્ઠ ઉપરના લેખ લખવાનાં કલમ શાહિ આદિ સાહિત્યો પૃષ્ઠ ૪૧ સુધીના ૨વે લેખો સુધીનાં સાહિત્યો સમાન જણાય છે, અને ૨૯ મા પૃષ્ઠનો લેખ ૭-૧૨-૫૪
૩૧-૧૧-૨૨
આંકડાઓ ઉપરથી સંવત્ ૧૯૫૪ આશો શુદ ૭ અર્થાત્ શ્રીમદ્‌ના એકત્રીશમા વર્ષના અગ્યારમે મહિને અને બાવીશમા દિવસે લખાયાનો સંભવ થાય છે તેથી, આ ૩૯ મા પૃષ્ઠના લેખ લખવાની મિતિ સંવત્ ૧૯૫૪ ના આશો શુદ ૭ અથવા તેની સમીપની હોવાનું અનુમાન થઇ શકે છે. આ લેખનું પૃથક્કરણ કરી વિચારવાથી તેનો પરમ ગંભીર આશય લક્ષમાં આવી શકવા યોગ્ય છે: "પરાનુગ્રહ પરમકારૂણ્યવૃત્તિ કરતાં પણ પ્રથમ ચૈતન્ય જિનપ્રતિમા થા ! ચૈતન્ય જિનપ્રતિમા થા !" તેનો આ પ્રમાણે આશય સમજવા યોગ્ય છે: 'પરાનુગ્રહ પરમકારૂણ્યવૃત્તિ' એટલે 'અન્ય જીવોના અનુગ્રહ (માર્ગનો ઉદ્ધાર) કરવારૂપ પરમ કરૂણાળુ વૃત્તિ કરતાં પહેલાં તું પોતે જેવી જિનની ચૈતન્યપ્રતિમા છે તેવી પ્રતિમારૂપ અર્થાત્ અડોલ દશા પ્રાપ્ત કર. બે વખત 'ચૈતન્ય જિનપ્રતિમા થા" ઉદ્ગારો લખ્યા છે તે વિશેષતા સૂચક છે. પ્રથમ જિનની અડોળ દશા માટે અને પછી પરમાનુગ્રહ કરવા માટે સાધનો અનુકૂળ છે કે કેમ તે સંબંધી નીચે વિચારણા કરી છે. ચાર સાધનો પોતાને દૃષ્ટિમાં આવતાં તે સાધનો છે કે કેમ તે પોતે પોતાને પૂછે છે, અને પાછો પોતે પોતાને ઉત્તર આપે છે: વિચારવાથી જણાશે કે પ્રથમ ત્રણ પ્રશ્નોના ઉત્તર "હકાર" માં છે, જ્યારે ચોથા પ્રશ્નનો ઉત્તર "હકાર" કે "નકાર"માં નથી. પણ "ગોપ્યસ્થિતિ"માં છે, પહેલો પ્રશ્ન જે કર્યો છે કે "તેવો કાળ છે ?" તેનો આશય એવો જણાય છે કે, 'પરાનુગ્રહ' અને 'જિનની અડોલદશાને' માટે આ 'કાળ અનુકૂળ છે કે ? તેનો ઉત્તર જે આપ્યો છે કે "તે વિષે નિર્વિકલ્પ થા." તેનો આશય એમ સમજાય છે કે, વર્તમાન કાળ વિષે નિર્વિકલ્પ રહેવા જેવું છે અર્થાત્ વર્તમાન કાળ બાધક નથી બીજો પ્રશ્ન જે કર્યો છે કે, તેવો ક્ષેત્ર યોગ છે ?" તેનો આશય એમ જણાય છે કે તે ઈચ્છિત સ્થિતિને માટે ક્ષેત્ર અર્થાત્ ભૂમિ સાનુકૂળ છે કે નહીં'. તેનો ઉત્તર જે આપ્યો છે કે "ગવેષ." અર્થાત્ 'અવલોક." તે પરથી અસરળતાવિના કહી શકાય કે, ભૂમિ પોતાને પ્રતિકૂળ જણાઈ નથી. ત્રીજા પ્રશ્નમાં એમ જે કહ્યું કે "તેવું પરાક્રમ છે ?" તેનો આશય એમ જણાય છે કે, આવી ઈચ્છિત સ્થિતિ પ્રાપ્ત કરી શકે તેવું પોતાને (શ્રીમદને) વિષે સામર્થ્ય છે કે નહીં ! તેનો ઉત્તર જે આપ્યો છે કે "અપ્રમત્ત શૂરવીર થા !'

તેવું પરાક્રમ છે ?
અપ્રમત્ત શૂરવીર થા.
તેટલું આયુષ્યબળ છે ?
શું લખવું ? શું કહેવું ?
અંતર્મુખ ઉપયોગ કરીને જો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

૧૯.[1] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૪૧.]

હે કામ ! હે માન ! હે સંગઉદય !
હે વચનવર્ગણા, હે મોહ, હે મોહદયા !
હે શિથિલતા, તમે શા માટે અંતરાય કરો છો ?
પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાવ ! અનુકૂળ થાવ.

૨૦.[2] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૪૫.]

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્‌દર્શન ! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો. અ.
આ અનાદિ અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રયવિના અનંત દુઃખને
અનુભવે છે. આ

તારા પરમાનુગ્રહથી સ્વસ્વરૂપમાં રૂચિ થઇ. પરમ વીતરાગ સ્વભાવપ્રત્યે પરમનિશ્ચય આવ્યો. કૃત્યકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો. ઇ.

હે જિન વીતરાગ ! તમને અત્યંત ભકિતથી નમસ્કાર કરૂં છું. તમે આ પામરપ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.ઈ.

હે કુંદકુંદાદિ આચાર્યો ? તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ-ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરૂં છું. ઉ.

જે એમ દર્શાવે છે કે, જે " પ્રમત્તભાવ છે તે ટાળવારૂપ શૂરવીરતા" રાખ તો "પરાક્રમ" પણ છે; અર્થાત્ આ ત્રીજા પ્રશ્નનો ઉત્તર પણ "હકાર"માં આપ્યો છે ચોથો પ્રશ્ન જે કર્યો છે કે "તેટલું આયુષબળ છે કે ?" તેનો હેતુ એમ જણાય છે કે, શ્રીમદ્ પોતે ઈચ્છેલી સ્થિતિ પ્રાપ્ત કરી શકે તેટલું ' આયુષબળ' ધરાવે છે કે નહીં તે પોતાના મનમાં વિચારે છે, તેનો ઉત્તર જે આપ્યો છે કે " શું લખવું ? શું કહેવું ? અંતર્મુખ ઉપયોગ કરીને જો" તેપરથી એમ ન કહી શકવા યોગ્ય છે કે તે "હકાર"માં અથવા "નકાર"માં છે. જે કહી શકાય તે એટલું જ કે તે ઉત્તર 'ગોપ્યસ્થિતિ'માં છે. જો અમે કરેલું આ પૃથક્કરણ સત્ય હોય એટલે કે, પ્રથમ ત્રણ પ્રશ્નોના ઉત્તર 'હકાર'માં છે, અને ચોથો 'આયુષબળ' સંબંધીનો પ્રશ્ન ' ગોપ્યસ્થિતિ'માં છે, તો હોવાયોગ્ય છે, તો આપણે એવા અભિપ્રાયપર આવી શકીએ (જો આ લેખ તથા ૨૯ મા પૃષ્ઠથી ૪૧ મા સુધીના લેખો એક જ દિવસે લખાયેલા હોય તો) કે સંવત્ ૧૯૫૪ ના આશો શુદ ૭ અથવા તેની લગભગમાં શ્રીમદ્‌ને પોતાને પોતાના 'આયુષ્' પરત્વે ગોપ્યસ્થિતિમાં રાખવાયોગ્ય વિચારણા થઇ હતી. અમારી દૃષ્ટિ પહોંચી તે અનુસાર અમે આ પૃથક્કરણ કરવા પ્રયાસ કર્યો છે.—સંશોધક.

૧, કામ, માન, સંગ, ઉદય, વચનવર્ગણા માટે મોહદયા અને શિથિલતા આદિ દોષોની અત્યંત ઉપેક્ષા દર્શાવે છે --સંશોધક.

૨. અ, આ, ઇ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિએ પોતાપ્રત્યે કરેલા ઉપકાર માટે તેને તેને પરમભાવથી નમસ્કાર કર્યો છે.

ઈ, શ્રી જિનવીતરાગને, તેઓશ્રીના ઉપકાર માટે નમસ્કાર કર્યો છે.

ઉ. શ્રી કુંદકુંદાદિ આચાર્યોનાં વચનોએ શ્રીમદ્‌પ્રત્યે કરેલા ઉપકાર અર્થે તેને નમસ્કાર કરેલો છે.

હે શ્રી સોભાગ ! તારા સત્સમાગમના અનુગ્રહથી આત્મદશાનું સ્મરણ થયું તે અર્થે તને નમસ્કાર કરૂં છું.

૨૧.[1] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૪૭.]

જેમ ભગવાન્ જિને નિરૂપણ કર્યું છે તેમ જ સર્વ પદાર્થનું સ્વરૂપ છે.

ભગવાન જિને ઉપદેશેલો આત્માનો સમાધિમાર્ગ શ્રી ગુરૂના અનુગ્રહથી જાણી, પરમપ્રયત્નથી ઉપાસના કરો.

૨૨.[2] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૪૯.]

બંધ વિહાણં વિમુક્કં, વંદિઅ સિરિ વદ્ધમાણ જિણચંદ.
સિરિ વીર જિણં વંદિઅ, કમ્મ વિવાગં સમાસઓ વુચ્છં
કીરએ જિએણ હે ઉહિ, જેણં તો ભન્નએ કમ્મં ?
કમ્મ દવેહિ સમ્મં, સંજોગો જો હોઇ જીવસ્સ.
સો બંધો નાયવ્વો, તસ્સ વિયોગો ભવે મોક્ખો.

૨૩.[3] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૫૧.]

કેવળ સમવસ્થિત શુદ્ધ ચેતન મોક્ષ.
તે સ્વભાવનું અનુસંધાન તે મોક્ષમાર્ગ.

પ્રતીતિરૂપે તે માર્ગ જ્યાં શરૂ થાય છે ત્યાં સમ્યક્દર્શન.
દેશ આચરણરૂપે તે પંચમ ગુણસ્થાનક.
સર્વ આચરણરૂપે તે છઠ્ઠું ગુણસ્થાનક.
અપ્રમત્તપણે તે આચરણમાં સ્થિતિ તે સપ્તમ.
અપૂર્વ આત્મજાગૃતિ તે અષ્ટ.
સત્તાગત સ્થૂળ કષાયબળપૂર્વક સ્વસ્વરૂપ સ્થિતિ તે નવમ.
,, સૂક્ષ્મ ,, ,, દશમ.
,, ઉપશાંત ,, ,, એકાદશ.
,, ક્ષીણ ,, ,, દ્વાદશ.

ઉત્પાત
વ્યય
ધ્રુવ
} આ ભાવ એક વસ્તુમાં એક સમયે છે.


જીવ અને
પરમાણુઓનો

કુંદકુંદાચાર્ય વિ૦ સં૦ ૪૯ માં વિદ્યમાન હતા તેઓના 'સમયસાર,' 'પંચાસ્તિકાય 'સમયસાર,' આદિ ઘણા ગ્રંથો હાલમાં વિદ્યમાન છે.

૧ આ વાક્ય નિશ્ચયાત્મક છે; અને તેમાં "સર્વ પદાર્થનું સ્વરૂપ" "જેમ ભગવાન્ જિને નિરૂપણ કર્યું છે તેમ જ" "છે" એમ જે ભાર મૂકીને કહ્યું છે તે શ્રીમદને પદાર્થની પ્રતીતિ અવગાઢપણે થયેલી જણાવે છે.—સંશોધક.

૨. તથાપ્રકારના વિચારસમયે આ ગાથાઓ અહીં મૂકાઈ હોય.—સંશોધક.

૩. 'મોક્ષ' તથા તેના 'માર્ગ' અને 'ગુણસ્થાનક'ની સંક્ષિપ્ત વ્યાખ્યા છે.—સંશોધક.



સંયોગ


કોઈ એક જીવ એકેંદ્રિયપણે–પર્યાય | વર્ત્તમાન ભાવ
,, બે ઇંદ્રિયપણે– ,,
,, ત્રણ ઇંદ્રિયપણે– ,,
,, ચાર ઇંદ્રિયપણે– ,,
,, પાંચ ઇંદ્રિયપણે– ,,

સંજ્ઞી
અસંજ્ઞી
પર્યાપ્ત
અપર્યાપ્ત | વર્ત્તમાન ભાવ

જ્ઞાની
અજ્ઞાની | વર્ત્તમાન ભાવ

મિથ્યાદૃષ્ટિ
સમ્યગ્દૃષ્ટિ | વર્ત્તમાન ભાવ

એક અંશ ક્રોધ
યાવત્ અનંત અંશ ક્રોધ | વર્ત્તમાન ભાવ



વર્ષ ૨૨ થી ૩૪ પર્યંત.

હાથનોંધ ૩ જી.

૧ આ હાથનોંધ ક્યારથી લખવી શરૂ થઇ, અને ક્યાંસુધી લખાઈ તેનો સમય નિર્ણિત થઈ શકતો નથી. ૨૨ મા વર્ષ પછી અને દેહોત્સર્ગ સુધીના વિચારો એમાં હોવાયોગ્ય છે એમ ધારી અમે " વર્ષ ૨૨ થી ૩૪ પર્યંત" એમ અત્રે કહ્યું છે. —સંશોધક.

૧.[1] [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૩.]

ૐ નમઃ

સર્વજ્ઞ. જિન. વીતરાગ.

સર્વજ્ઞ છે.

રાગ દ્વેષનો આત્યંતિક ક્ષય થઇ શકે છે,

જ્ઞાનને પ્રતિબંધક રાગ દ્વેષ છે.

જ્ઞાન, જીવનો સ્વત્વભૂત ધર્મ છે.

જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે.

૨. [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૭.]

સર્વજ્ઞપદ વારંવાર શ્રવણ કરવાયોગ્ય, વાંચવાયોગ્ય, વિચાર કરવાયોગ્ય, લક્ષ કરવાયોગ્ય, અને સ્વાનુભવ સિદ્ધ કરવાયોગ્ય છે.

૩. [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૯.]

સર્વજ્ઞ દેવ. સર્વજ્ઞ દેવ.

નિર્ગ્રંથ ગુરૂ. નિર્ગ્રંથ ગુરૂ.

---

૧ હાથનોંધ ૩ જીના પૃષ્ઠ ૩ થી ૧૩ મા પૃષ્ઠ સુધી શ્રીમદ્‌ને જેને સિદ્ધિ જણાઇ છે તે તત્ત્વાર્થના નિશ્ચય કર્યા છે.—સંશોધક.

ઉપશમ મૂળ ધર્મ. દયા મૂળ ધર્મ.

સર્વજ્ઞ દેવ.

નિર્ગ્રંથ ગુરૂ.

સિદ્ધાંત મૂળ ધર્મ.

સર્વજ્ઞ દેવ.

નિર્ગ્રંથ ગુરૂ.

જિન–આજ્ઞા મૂળ ધર્મ.

સર્વજ્ઞનું સ્વરૂપ.

નિર્ગ્રંથનું સ્વરૂપ.

ધર્મનું સ્વરૂપ.

સમ્યક્ ક્રિયાવાદ.

૪. [હા૦ નાં૦ ૩ જી પૃ૦ ૧૧.]

ૐ નમઃ

પ્રદેશ સમય પરમાણુ	}
દ્રવ્ય ગુણ પર્યાય	}
જડ ચેતન	}

૫. [હા૦ નાં૦ ૩ જી પૃ૦ ૧૩.]

ૐ નમઃ

મૂળ દ્રવ્ય શાશ્વત.

મૂળ દ્રવ્યઃ–જીવ અજીવ.

પર્યાય.—અશાશ્વત.

અનાદિ નિત્ય પર્યાયઃ—મેરૂ આદિ.

૬. [હા૦ નાં૦ ૩ જી પૃ૦ ૧૫.]

ૐ નમઃ

સર્વ જીવ સુખને ઇચ્છે છે.
દુઃખ સર્વને અપ્રિય છે.
દુઃખથી મુક્ત થવા સર્વ જીવ ઇચ્છે છે.
વાસ્તવિક તેનું સ્વરૂપ ન સમજાવાથી તે દુઃખ મટતું નથી.
તે દુઃખના આત્યંતિક અભાવનું નામ મોક્ષ કહીએ છીએ. [હાથનોંધ ૩ જી, પૃષ્ઠ ૧૬.]
અત્યંત વીતરાગ થયાવિના આત્યંતિક મોક્ષ હોય નહીં.
સમ્યગ્જ્ઞાનવિના વીતરાગ થઈ શકાય નહીં

સમ્યગ્દર્શનવિના જ્ઞાન અસમ્યક્ કહેવાય છે.

વસ્તુની જે સ્વભાવે સ્થિતિ છે, તે સ્વભાવે તે વસ્તુની સ્થિતિ સમજાવી તેને સમ્યગ્જ્ઞાન કહીએ છીએ.

સમ્યગ્જ્ઞાન દર્શનથી પ્રતીત થયેલા આત્મભાવે વર્ત્તવું તે ચારિત્ર છે.

એ ત્રણેની એકતાથી મોક્ષ થાય.

જીવ સ્વાભાવિક છે.

જીવ અનંત છે.

પરમાણુ અનંત છે.

જીવ અને પુદ્ગળનો સંયોગ અનાદિ છે.

જ્યાંસુધી જીવને પુદ્ગળ સંબંધ છે, ત્યાંસુધી સકર્મ જીવ કહેવાય.

ભાવ કર્મનો કર્ત્તા જીવ છે.

ભાવ કર્મનું બીજું નામ વિભાવ કહેવાય છે.

ભાવ કર્મના હેતુથી જીવ પુદ્ગળ ગ્રહે છે.

તેથી તૈજસાદિ શરીર અને ઔદારિકાદિ શરીરનો યોગ થાય છે.

ભાવ કર્મથી વિમુખ થાય તો નિજ ભાવ પરિણામી થાય. [હાથનોંધ ૩ જી, પૃષ્ઠ ૧૭.]

સમ્યગ્દર્શનવિના વાસ્તવિકપણે જીવ ભાવ કર્મથી વિમુખ ન થઈ શકે.

સમ્યગ્દર્શન થવાનો મુખ્ય હેતુ જિનવચનથી તત્વાર્થ પ્રતીતિ થઈ તે છે.

૭. [હાથનોંધ ૩જી, પૃષ્ઠ ૧૯.]

હું કેવળ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સહજ નિજ અનુભવસ્વરૂપ છું.

વ્યવહારદૃષ્ટિથી માત્ર આ વચનનો વક્તા છું.

પરમાર્થથી તો માત્ર તે વચનથી વ્યંજીત મૂળ અર્થરૂપ છું.

તમારાથી જગત્ ભિન્ન છે, અભિન્ન છે, ભિન્નાભિન્ન છે.

ભિન્ન, અભિન્ન, ભિન્નાભિન્ન, એવો અવકાશ સ્વરૂપમાં નથી.

વ્યવહારદૃષ્ટિથી તેનું નિરૂપણ કરીએ છીએ.

—જગત્ મારા વિષે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે. પણ જગત્ જગત્સ્વરૂપે છે, હું સ્વસ્વરૂપે છું, તેથી જગત્ મારાથી કેવળ ભિન્ન છે. તે બે દૃષ્ટિથી જગત્ મારાથી ભિન્નભિન્ન છે.

ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય.

૮. [હાથનોંધ ૩ જી, પૃષ્ઠ ૨૩.]

ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય.

ૐ નમઃ

કેવળજ્ઞાન. [૧]

એક જ્ઞાન.

સર્વ અન્ય ભાવના સંસર્ગરહિત શુદ્ધ જ્ઞાન.

સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવનું સર્વ પ્રકારથી એક સમયે જ્ઞાન.

---

૧. કેવળજ્ઞાન સંબંધીનો અનુભવવિચાર.—સંશોધક.

તે કેવળ જ્ઞાનનું અમે ધ્યાન કરીએ છીએ.[1]

નિજ સ્વભાવરૂપ છે.

સ્વતત્વભૂત છે,
નિરાવરણ છે.

અભેદ છે.
નિર્વિકલ્પ છે.

સર્વ ભાવનું ઉત્કૃષ્ટ પ્રકાશક છે.

૯. [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૨૪.]

હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું,
એમ સમ્યક્ પ્રતીત થાય છે.

તેમ થવાના હેતુઓ સુપ્રતીત છે.

સર્વ ઈંદ્રિયોનો સંયમ કરી, સર્વ પર દ્રવ્યથી જિનસ્વરૂપ વ્યાવૃત કરી, યોગને અચળ કરી, ઉપયોગથી ઉપયોગની એકતા કરવાથી કેવળજ્ઞાન થાય.

૧૦. [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૨૭.]

આકાશવાણી.


તપ કરો: તપ કરો; શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો; શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો.[2]

૧૧[3]. [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૨૯.]

હું એક છું; અસંગ છું; સર્વ પરભાવથી મુક્ત છું.

અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહના પ્રમાણ અજન્મ, અજર, અમર, શાશ્વત છું. સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું.



૧૨. [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૩૧.]

શુદ્ધ ચૈતન્ય.

શુદ્ધ ચૈતન્ય. શુદ્ધ ચૈતન્ય.

સદ્ભાવની પ્રતીતિ–સમ્યગ્દર્શન.

---

૧. "તે કેવળજ્ઞાનનું અમે ધ્યાન કરીએ છીએ" એનો પરમાર્થ સૂક્ષ્મ વિચારને પાત્ર છે.–સંશોધક.

૨. શ્રીમદ્‌ની તપની પરમ જાગૃતિ સૂચવે છે.—સંશોધક.

૩ હાથનોંધ પૃ ૨૭ થી ૩૪ પર્યંત આત્મવિચારણા છે.—સંશોધક.

શુદ્ધાત્મપદ.

જ્ઞાનની સીમા કઈ ?
નિરાવરણ જ્ઞાનની સ્થિતિ શું ?
અદ્વૈત એકાંતે ઘટે છે ?
ધ્યાન અને અધ્યયન.
ઉ૦ અ૫૦

૧૩. [હાથનોંધ ૩ જી, પૃષ્ઠ ૩૫.]

ૐ.

" ઠાણુંગસૂત્ર"માં નીચે દર્શાવેલું સૂત્ર શું ઉપકાર થવા નાખ્યું છે તે વિચારો.

એગે સમણે ભગવં મહાવીરે ઇમીસેણું ઉસર્પિણીએ ચઉવીસં તિથ્થયરાણું ચરિમે તિથ્થયરે સિદ્ધે બુદ્ધે મુત્તે પરિ નિવ્વુડે સવ્વ દુઃખપ્પહીણે ।

૧૪.[1] [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૩૭.

આભ્યંતર ભાન અવધૂવત.

વિદેહિવત.

જિનકલ્પીવત.

સર્વ પરભાવ અને વિભાવથી વ્યાવૃત.

નિજ સ્વભાવના ભાનસહિત, અવધૂવત્ વિદેહિવત્ જિન કલ્પીવત્ વિચરતા પુરૂષ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરિયે છૈયે.

૧૫.[2] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૩૯.]

પ્રવૃત્તિનાં કાર્યોપ્રત્યે વિરતિ.

સંગ અને સ્નેહપાશનું ત્રોડવું (અતિશય વસમું છતાં પણ કરવું, કેમકે બીજો કોઇ ઉપાય નથી.)

આશંકાઃ—જે સ્નેહ રાખે છે, તેના પ્રત્યે આવી ક્રૂર દૃષ્ટિથી વર્તવું તે કૃતઘ્નતા અથવા નિર્દયતા નથી ?

સમાધાન—

૧૬.[3] [હાથનોંધ ૩ જી, પૃષ્ઠ ૪૦.]

સ્વરૂપબોધ.
યોગનિરોધ.
સર્વ ધર્મ સ્વાધીનતા.
ધર્મ મૂર્તિતા.
સર્વપ્રદેશ સંપૂર્ણ ગુણાત્મકતા.
સર્વાંગસંયમ.
લોકપ્રત્યે નિષ્કારણ અનુગ્રહ

---

૧. ભગવાનના આ પ્રકારના સ્વરૂપની પરમ જિજ્ઞાસા દર્શાવે છે—સંશોધક.
૨. શ્રીમદ્‌ની અસંગતા: પ્રતિ તિતિક્ષા સૂચવે છે.—સંશોધક.
૩. શ્રીમદ્‌ની સ્વદશાસંબંધીની વિચારણા છે.—સંશોધક.

૧૭.[૧] [હાથનોંધ ૩ જી. પૃ૪ ૪૩.]

ૐ નમઃ

સર્વજ્ઞ–વીતરાગ દેવ.

(સર્વ દ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવનો– સર્વપ્રકારે જાણનાર, રાગદ્વેષાદિ સર્વ વિભાવ જેણે ક્ષીણ કર્યા છે તે ઇશ્વર.*

તે પદ મનુષ્યદેહને વિષે સંપ્રાપ્ત થવા યોગ્ય છે. સપૂર્ણ વીતરાગ થાય, તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.

સંપૂર્ણ વીતરાગ થઈ શકાય એવા હેતુઓ પ્રતીત થાય છે.

૧૮.[૨] [હાથનોંધ ૩ જી, પૃષ્ઠ ૪૫.]

પ્રત્યક્ષ નિજ અનુભવસ્વરૂપ છું, તેમાં સંશય શો ?

તે અનુભવમાં જે વિશેષ વિષે ન્યૂનાધિકપણું થાય છે, તે જો મટે તો કેવળ અખંડાકાર સ્વાનુભવ સ્થિતિ વર્તે.

અપ્રમત્ત ઉપયોગે તેમ થઈ શકે.

અપ્રમત્ત ઉપયોગ થવાના હેતુઓ સુપ્રતીત છે. તેમ વર્તે જવાય છે તે પ્રત્યક્ષ સુપ્રતીત છે.

અવિચ્છીન્ન તેવી ધારા વર્ત્તે તે અદ્ભુત અનંત જ્ઞાનસ્વરૂપ અનુભવસ્પષ્ટસમવસ્થિત વર્ત્તે—

૧૯.[૩] [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૪૭]

સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામાં અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષ સંબંધી સર્વ પ્રકારના સાધનના જયને અર્થે "**બ્રહ્મચર્ય**" અદ્ભુત અનુપમ સહાયકારી છે; અથવા મૂળભૂત છે.

૨૦.[૪] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૪૯.]

ૐ નમઃ

સંયમ.

૨૧. [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૫૦.]

જાગૃત સત્તા.

જ્ઞાયક સત્તા.

આત્મસ્વરૂપ.

૨૨.[૫] [હા૦ નોં૦ ૨ જી પૃ૦ ૫૧.]

સર્વજ્ઞોપદિષ્ટ આત્મા સદ્ગુરૂકૃપાએ જાણીને નિરંતર તેના ધ્યાનના અર્થે વિચરવું, સંયમ તપ. પૂર્વકઃ –

૨૩.[૬] [હાથ નોં૦ ૩ જી પૃ૦ ૫૨.]

અહો ! સર્વોત્કૃષ્ટ શાંત રસમય સન્માર્ગઃ—

---

૧. શ્રીમદના જ્ઞાનાનુભવનો પરિચય આ વચનોથી થઇ શકે છે,—સંશોધક.

*શ્રીમદના કેટલાક લેખોમાં, અને ખાસ કરી સંવત્ ૧૯૪૬–૪૭ ની સાલના લેખોમાં 'ઇશ્વર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે તો ઈશ્વરનું સ્વરૂપ શા પ્રકારે તેઓએ કહ્યું છે તે આ વ્યાખ્યાથી જણાશે.

૧. ' કેવળ અખંડાકાર સ્વાનુભવ સ્થિતિ, વર્ત્તનાને માટે આવશ્યક હેતુઓનો શ્રીમદનો અનુભવ સૂચવે છે, તેની સાથે એમ જે કહ્યું કે " અપ્રમત્ત ઉપયોગ થવાના હેતુઓ સુપ્રતીત છે. તેમ વર્તે જવાય છે તે પ્રત્યક્ષ સુપ્રતીત છે" તે શ્રીમદની અપ્રમત્ત ભાવની વર્તના સૂચવે છે.—સંશોધક.

૩. હેતુ સ્પષ્ટ છે.—સંશોધક,

૧–૨–૩. આત્માની પરમ જાગૃતિ સૂચવે છે —સંશોધક.

અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંત રસ સુપ્રતીત કરાવ્યો એવા પરમકૃપાળુ સદ્ગુરુદેવ—
આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્ત્તો, જયવંત વર્ત્તો.

૨૪.[1] [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૫૪.]

ૐ નમઃ

વિશ્વ અનાદિ છે.
આકાશ સર્વવ્યાપક છે.
તેમાં લોક રહ્યો છે.
જડ ચેતનાત્મક સંપૂર્ણ ભરપૂર લોક છે.
ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગળ એ જડ દ્રવ્ય છે.
જીવ દ્રવ્ય ચૈતન છે.
ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ ચાર અમૂર્ત્ત દ્રવ્ય છે.
પરતુતાએ કાળ ઉપચારિક દ્રવ્ય છે.
ધર્મ, અધર્મ, આકાશ એકેક દ્રવ્ય છે.
કાળ, પુદ્ગળ અને જીવ અનંત દ્રવ્ય છે.
દ્રવ્ય ગુણ પર્યાયાત્મક છે.

[હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૫૫.]

૨૫.[2] [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૫૭.]

પરમ ગુણમય ચારિત્ર જોઇએ, બળવાન અસંગાદિ ભાવ.
પરમ નિર્દોષ શ્રુત.
પરમ પ્રતીતિ.
પરમ પરાક્રમ.
પરમ ઇંદ્રિયજય.
૧ મૂળનું વિશેષપણું.
૨ માર્ગની શરૂઆતથી અંતપર્યંતની અદ્‌ભુત સંકળના.
૩ નિર્વિવાદ—
૪ મુનિધર્મપ્રકાશ.
૫ ગૃહસ્થધર્મપ્રકાશ.
૬ નિર્ગ્રંથ પરિભાષાની નિધિ—
૭ શ્રુતસમુદ્ર પ્રવેશ માર્ગ.

૨૬[3] [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૫૮.]

સ્વપર ઉપકારનું મહત્કાર્ય હવે કરી લે ! ત્વરાથી કરી લે !
અપ્રમત્ત થા—અપ્રમત્ત થા.
શું કાળનો ક્ષણવારનો પણ ભરૂસો આર્ય પુરૂષોએ કર્યો છે ?
હે પ્રમાદ ! ! હવે તું જા, જા,
હે બ્રહ્મચર્ય ! હવે તું પ્રસન્ન થા.

---

૧. આ વિષય તત્ત્વાર્થવિચારણા હોઈ અનુભવ સૂચક છે.—સંશોધક.
૨. શ્રીમદની અંગત વિચારણા છે.—સંશોધક.
૩. શ્રીમદની પરમોત્કૃષ્ટ ચારિત્ર જાગૃતિ સૂચવે છે.—સંશોધક.

હે વ્યવહારોદય ! હવે પ્રબળથી ઉદય આવીને પણ તું શાંત થા, શાંત.
હે દીર્ઘસૂત્રતા ! સુવિચારનું, ધીરજનું, ગંભીરપણાનું પરિણામ તું શા માટે થવા ઇચ્છે છે ?
હે બોધબીજ ! તું અત્યંત હસ્તામલકવત્ વર્ત, વર્ત.
હે જ્ઞાન ! તું દુર્ગમ્યને પણ હવે સુગમ સ્વભાવમાં લાવી મૂક.
હે ચારિત્ર ! પરમ અનુગ્રહ કર, પરમ અનુગ્રહ કર. [હા૦ નોં૦ ૩ જી પૃ૦ ૫૯.]
હે યોગ ! તમે સ્થિર થાઓ; સ્થિર થાઓ !
હે ધ્યાન ! તું નિજસ્વાભાવાકાર થા, નિજસ્વાભાવાકાર થા.
હે વ્યગ્રતા ! તું જતી રહે, જતી રહે.
હે અલ્પ કે મધ્ય અલ્પ કષાય ! હવે તમે ઉપશમ થાઓ. ક્ષીણ થાઓ. અમારે કાંઇ તમારા પ્રત્યે રૂચિ રહી નથી.
હે સર્વજ્ઞપદ ! યથાર્થ સુપ્રતીતપણે તું હૃદયાવેશ કર, હૃદયાવેશ કર.
હે અસંગ નિર્ગ્રંથપદ ! તું સ્વાભાવિક વ્યવહારરૂપ થા !
હે પરમ કરૂણામય સર્વ પરમહિતના મૂળ વીતરાગ ધર્મ ! પ્રસન્ન થા, પ્રસન્ન.
હે આત્મા ! તું નિજસ્વાભાવાકાર વૃત્તિમાં જ અભિમુખ થા ! અભિમુખ થા. ૐ
હે વચનસમિતિ ! હે કાય ચપળતા ! [હાથનોંધ ૩ જી, પૃષ્ઠ ૬૧.]
હે એકાંત વાસ ! અને અસંગતા ! તમે પણ પ્રસન્ન થાઓ ! પ્રસન્ન થાઓ !

ખળભળી રહેલી એવી જે આભ્યંતર વર્ગણા તે કાં તો અભ્યંતર વેદી લેવી. કાં તો તેને સ્વચ્છ પુટ દઇ ઉપશમ કરી દેવી.

જેમ નિસ્પૃહતા બળવાન તેમ ધ્યાન બળવાન થઇ શકે—કાર્ય બળવાન થઇ શકે.

૨૭. [હાથનોંધ ૩ જી, પૃષ્ઠ ૬૩.]

ઇણમેવ નિગંથ્થં પાવયણં સચ્ચં અણુત્તરં કેવલિયં પડિપુણ્ણ સંસુદ્ધં ણેયાઉયં સલ્લકત્તણં સિદ્ધિમગ્ગં મુત્તિમગ્ગં વિજ્જાણમગ્ગં નિવ્વાણમગ્ગં અવિતહસંદિદ્ધં સવ્વ દુસવ પહિણમગ્ગં એથ્થં ઠિયા જીવા સિઝ્ઝંતિ બુઝ્ઝંતિ મુચ્ચંતિ પરિણિવ્વાયંતિ સવ્વ દુખાણ મનકરંતિ તંમાણાએ તહા ગચ્છામો તહા ચિઠ્ઠામો ગિસિ તહા યામો, તહા સુયઠ્ઠામો તહા ભુંજામો તહા ભાસામો તહા અબ્ભુઠ્ઠામો તહા ઉઠ્ઠાએ ઉઠ્ઠે મોતિ પાણાણં ભૂયાણં જીવાણં સત્તાણં સંજમેણ સંજમોતિ.

૨૮.[1]

દિ૦ આ૦ શુ૦ ૬૦ ૧૯૫૪.

ૐ નમઃ

સર્વ વિકલ્પનો, તર્કનો ત્યાગ કરીને.

મનનો વચનનો કાયાનો ઈંદ્રિયનો આહારનો નિદ્રાનો	} જય કરીને.

નિર્વિકલ્પપણે અંતર્મુખવૃત્તિ કરી આત્મધ્યાન કરવું. માત્ર અનાબાધ અનુભવ સ્વરૂપમાં લીનતા

---

[1] હેતુ સ્પષ્ટ છે,—સંશોધક.

થવા દેવી, બીજી ચિંતવના ન કરવી. જે જે તર્કાદિ ઉઠે, તે નહીં લંબાવતાં ઉપશમાવી દેવા.

વીતરાગ દર્શન સંક્ષેપ.

મંગળાચરણઃ—શુદ્ધ પદને નમસ્કાર.

ભૂમિકાઃ—મોક્ષપ્રયોજન.

તે દુઃખ મટવા માટે જૂદા જૂદા મતો પૃથક્કરણ કરી જોતાં તેમાં વીતરાગદર્શન પૂર્ણ અને અવિરૂદ્ધ છે, એવું સામાન્ય કથન; તે દર્શનનું વિશેષ સ્વરૂપ.

તેની જીવને અપ્રાપ્તિ અને પ્રાપ્તિએ અનાસ્થા થવાનાં કારણો.

મોક્ષાભિલાષી જીવે તે દર્શનની કેમ ઉપાસના કરવી.

આસ્થા—તે આસ્થાના પ્રકાર અને હેતુ.
વિચાર— તે વિચારના પ્રકાર અને હેતુ.
વિશુદ્ધિ તે વિશુદ્ધિના પ્રકાર અને હેતુ.
મધ્યસ્થ રહેવાનાં સ્થાનક—તેનાં કારણો.
ધીરજનાં સ્થાનક—તેનાં કારણો.
શંકાનાં સ્થાનક—તેનાં કારણો.
પતિત થવાનાં સ્થાનક—તેનાં કારણો.

ઉપસંહાર.

આસ્થ

પદાર્થનું અચિંત્યપણું, બુદ્ધિમાં વ્યામોહ, કાળદોષ.

વર્ષ ૩૪ મું.

૫૮૮.

અંતિમ વચનો.

ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો; ત્યાં વચ્ચે સહરાનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવીર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રઘટના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક, ગ્રહણ કર્યો.

જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી; એ જ અદ્ભુત આશ્ચર્ય છે. અવ્યાબાધ સ્થિરતા છે. પ્રકૃતિ ઉદયાનુસાર કંઈક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે.

રાજકોટ, ફાગણ વદ ૩, શુક્ર, ૧૯૫૭. ॐ શાંતિ:

૫૮૯.

ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ. ૧
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩
જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રીસદ્ગુરુ, સુગમ અને સુખખાણ. ૪
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિસહીત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટીત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ.
પ્રાપ્તિ શ્રી સદ્ગુરૂવડે, જિન દર્શન અનુયોગ. ૬.
પ્રવચન-સમુદ્રબિંદુમાં, ઉલટી આવે એમ;
પૂર્વે ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭.
વિષય વિકાર સહીત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮.
મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરૂણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯.
રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦.
નહીં તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહી ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિત લોભ. ૧૧.
આવ્યે બહુ સમ દેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઈ, ૧૨.
ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર. ૧૩

સુખ ધામ અનંત સુસંત ચહિં, દિન રાત્ર રહે તદ ધ્યાનમહિં,
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે. ૧

રાજકોટ, ચૈત્ર શુદ ૯, ૧૯૫૭.

વૃદ્ધિપત્ર.

(૧)

જેમ નિર્મલતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે.
તે જિનવિરે રે ધર્મ પ્રકાશિઓ, પ્રબલ કષાય અભાવ રે.

નમસ્કારપૂર્વક. સહજ દ્રવ્ય અત્યંત પ્રકાશિત થયે એટલે સર્વ કર્મનો ક્ષય થયે જ અસંગતા કહી છે; અને સુખસ્વરૂપતા કહી છે.

જ્ઞાનીપુરૂષનાં તે વચન અત્યંત સાચાં છે, કેમકે સત્સંગથી પ્રત્યક્ષ-અત્યંત પ્રગટ-તે વચનોનો અનુભવ થાય છે.

નિર્વિકલ્પ ઉપયોગનો લક્ષ, સ્થિરતાનો પરિચય કર્યાથી થાય છે. સુધારસ, સત્સમાગમ, સત્શાસ્ત્ર, સદ્વિચાર, અને વૈરાગ્ય, ઉપશમ એ સૌ સ્થિરતાના હેતુ છે.

જે જ્ઞાનીપુરૂષના દ્રઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે; તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરૂષના દ્રઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ હોય? કેમકે તે ઉપયોગના એકાગ્રપણાવિના તો મોક્ષપદની ઉત્પત્તિ છે નહીં. જ્ઞાનીપુરૂષના વચનનો દ્રઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરૂષોએ કર્યો છે; તો પછી અમે કહીએ છીએ કે, આ વૃત્તિઓનો જય કરવો ઘટે છે. તે વૃત્તિઓનો જય કેમ ન થઈ શકે? આટલું સત્ય છે કે, આ દુષમકાલને વિષે સત્સંગની સમીપતા, કે દ્રઢ આશ્રય વિશેષ જોઇએ; અને અસત્સંગથી અત્યંત નિવૃત્તિ જોઇએ; તોપણ મુમુક્ષુને તો એમ જ ઘટે છે કે, કઠણમાં કઠણ આત્મસાધન હોય તેની પ્રથમ ઇચ્છા કરવી, કે જેથી સર્વ સાધન અલ્પ કાલમાં ફળિભૂત થાય.

શ્રી તીર્થંકરે તો એટલા સુધી કહ્યું છે કે, જે જ્ઞાનીપુરૂષની દશા સંસારપરિક્ષીણ થઈ છે તે જ્ઞાનીપુરૂષને પરંપરા કર્મબંધ સંભવતો નથી, તોપણ પુરૂષાર્થ મુખ્ય રાખવો, કે જે બીજા જીવનો પણ આત્મસાધનપરિણામનો હેતુ થાય. સમયસારમાંથી જે કાવ્ય લખેલ છે તે, તથા તેવા બીજા સિદ્ધાંતો માટે સમાગમે સમાધાન કરવાનું સુગમ થશે, એમ જાણી પત્રમાં લખવાનું કર્યું નથી. જ્ઞાનીપુરૂષને આત્મપ્રતિબંધપણે સંસારસેવા હોય નહી, પણ પ્રારબ્ધપ્રતિબંધપણે હોય એમ છતાં પણ તેથી નિવૃત્તવારૂપ પરિણામને પામે એમ જ્ઞાનીની રીત હોય છે; જે રીતનો આશય કરતાં હાલ ત્રણ વર્ષ થયાં વિશેષ તેમ કર્યું છે; અને તેમાં જરૂર આત્મદશાને ભૂલાવે એવો સંભવ રહે તેવો ઉદય પણ જેટલો બન્યો તેટલો સમપરિણામે વેદ્યો છે; જો કે તે વેદવાના કાલને વિષે સર્વસંગનિવૃત્તિ કોઇ રીતે થાય તો સારૂં; એમ સુજ્યાં કર્યું છે; તોપણ સર્વસંગનિવૃત્તિએ જે દશા રહેવી જોઇએ તે દશા ઉદયમાં રહે, તો અલ્પકાલમાં વિશેષ કર્મની નિવૃત્તિ થાય એમ જાણી જેટલું બન્યું તેટલું તે પ્રકારે કર્યું છે; પણ મનમાં હવે એમ રહે છે કે, આ પ્રસંગથી એટલે સકલ ગૃહવાસથી દૂર થવાય. તેમ ન હોય તોપણ વ્યાપારાદિ પ્રસંગથી નિવૃત્ત-દૂર-થવાય તો સારૂં, કેમકે આત્મભાવે પરિણામ પામવાને વિષે જે દશા જ્ઞાનીની જોઇએ તે દશા આ વ્યાપારવ્યવહારથી મુમુક્ષુ જીવને દેખાતી નથી. આ પ્રકાર જે લખ્યો છે તે વિષે હમણાં વિચાર કયારેક કયારેક વિશેષ ઉદય પામે છે તે વિષે જે પરિણામ આવે તે ખરૂં. આ પ્રસંગ લખ્યો છે, તે લોકોમાં હાલ પ્રગટ થવા દેવાયોગ્ય નથી. મહા શુદ બીજ ઉપર તે તરફ આવવાનું થવાનો સંભવ રહે છે. એ જ વિનંતિ.

આ૦ સ્વા. પ્રણામ.

(૨)

આપને સહજ વાંચનના ઉપયોગાર્થે આપના પ્રશ્નનો ઉત્તરવાળો કાગલ આ સાથે બીડું છું.

પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તોપણ કરવો યોગ્ય જ છે. સરલ વાટ મલ્યા છતાં ઉપાધિના કારણથી તન્મય ભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઉભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે, અને વારંવાર વનવાસની ઇચ્છા થયા કરે છે; જો કે વૈરાગ્ય તો એવો રહે છે કે, ઘર અને વનમાં ઘણુંકરીને આત્માને ભેદ રહ્યો નથી, પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહે છે; કે જેથી પરમ સ્નેહપર તે વેળા આવરણ આણવું પડે, અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઇચ્છા થતી નથી; કદાપિ સ્વાત્માની એવી જ ઇચ્છા હશે; તો ગમે તેવી દીનતાથી પણ તે ઇચ્છા ફેરવશે; પણ પ્રેમભક્તિની પરિપૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે; અને વારંવાર એ જ રટના રહેવાથી "વનમાં જઇએ" "વનમાં જઇએ" એમ થઈ આવે છે. આપનો નિરંતર સતસંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે.

ગોપાંગનાની શ્રીમદ્ ભાગવતમાં સુંદર આખ્યાયિકા આપી છે. એ દશા વારંવાર સાંભરી આવે છે; અને એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે, એ દશા વિદેહી હતી. ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઇ હતી; અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા. એવા કારણથી મને પણ અસંગતા બહુ જ સાંભરી આવે છે, અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે, તે અસંગતાવિના પરમ દુઃખ થાય છે. યમ (?) અંતકાલે પ્રાણીને દુઃખદાયક (નહિ ?) લાગતો હોય પણ અમને સંગ, દુઃખદાયક લાગે છે; એમ આંતર વૃત્તિઓ ઘણી છે; કે જે એક જ પ્રવાહની છે, લખી જતી નથી. રહ્યું જતું નથી; અને આપનો વિયોગ રહ્યા કરે છે. સુગમ ઉપાય કાંઈ જડતો નથી. ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી. ભવિષ્યની એક ક્ષણનો ઘણુંકરીને વિચાર પણ રહેતો નથી.

સત્ સત્, અને સત્નું સાધન, તમે તે ત્યાં છો અધિક શું કહીએ. ઇશ્વરની ઇચ્છા એવી છે. અને તેને રાજી રાખ્યા–રહ્યા–વિના છુટકો નથી; નહીં તો આવી ઉપાધિયુક્ત માં ન રહીએ. અને ધાર્યું કરીએ. પરમ······લઇને પ્રેમભક્તિમય જ રહીએ, પણ પ્રારબ્ધકર્મ બલવત્તર છે.

(૩)

આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું. એ વિષે આપને ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહી. તથાપિ આપને અંગત સમજાયું છે તે જણાવું છું કે જે કંઈ થાય છે તે થવા દેવું. ન ઉદાસીન—ન અનુદ્યમી થવું. ન પરમાત્મા પ્રત્યે પણ ઇચ્છા કરવી અને ન મુંઝાવું. આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય, તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો; અને તેમ છતાં પણ તે ટળતું ન હોય તો તેને ઇશ્વરાર્પણ કરી દેવું, તથાપિ દીનપણું ન આવવા દેવું. "શું થશે" એવો વિચાર કરવો નહીં, અને જે થાય તે કર્યા રહેવું. અધિક ઝાવાં નાંખવા પ્રયત્ન કરવું નહીં. અલ્પ પણ ભય રાખવો નહીં. ઉપાધિ માટે ભવિષ્યની એક પળ પણ ચિંતા કરવી નહીં; કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે તે વિસ્મરણ કર્યા રહેવું; તો જ ઇશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમ ભક્તિ પામ્યાનું ફળ છે: તો જ અમારો તમારો સંગ થયો યોગ્ય છે; અને ઉપાધિ વિષે શું થાય છે તે આપણે આગળ ઉપર જોઈ લઇશું. જોઈ લઇશું એનો અર્થ બહુ ગંભીર છે. સર્વાત્મા હરિ સમર્થ છે. આપ અને મહંત પુરૂષોની કૃપાથી નિર્બળ મતિ ઓછી રહે છે. આપના ઉપાધિયોગ વિષે જો કે લક્ષ રહ્યા કરે છે, પણ જે કંઇ સત્તા છે, તે તે સર્વાત્માને

હાથ છે; અને તે સત્તા નિશ્ચયેથી નિરાકાંક્ષ તેવા જ્ઞાનીને જ પ્રાપ્ત હોય છે: જ્યાંસુધી તે સર્વાત્મા હરિની ઇચ્છા જેમ હોય તેમ જ્ઞાનીને પણ ચાલવું એ આજ્ઞાંકિત ધર્મ છે, ઇત્યાદિક વાત ઘણી છે. શબ્દે લખી શકતો નથી; અને બીજો કોઈ-સમાગમ શિવાય-એ વાત કરવાનો ઉપાય હાથમાં નથી; જેથી જ્યારે ઇશ્વરેચ્છા હશે ત્યારે એ વાત કરશું, ઉપર જે ઉપાધિમાંથી અહંપણું મૂકવાનાં વચનો લખ્યાં છે. તે ઉપર આપ થોડો વખત વિચાર કરશો. ત્યાં જ તેવી દશા થઈ રહે એવી આપની મનોવૃત્તિ છે; અને એવી ગાંડી શિક્ષા લખવાની સર્વાત્મા હરિની ઇચ્છા હોવાથી મેં આપને લખી છે માટે જેમ બને તેમ એને અવધારજો.

ફરી પણ આપને વિજ્ઞાપન છે કે ઉપાધિ વિષે જેમ બને તેમ નિઃશંકપણે રહી ઉદ્યમ કરવો. "કેમ થશે" એ વિચાર મુકી દેવો. આથી વિશેષ ચોખી વાત લખવાની યોગ્યતા હાલ મને ઇશ્વરે અનુગ્રહ કર્યો નથી. અને તેનું કારણ મારી તેવી આધીન ભક્તિ નથી. આપે સર્વ પ્રકારે નિર્ભય રહેવું એવો મારી ફરી ફરી વિનંતિ છે. એ શિવાય હું કંઈ બીજું લખવા યોગ્ય નથી. આ વિષય વિષે સમાગમે આપણે વાતચિત કરીશું. કોઈ રીતે આપે દિલગીર થવું નહીં. આ ધીરજ આપવા તરીકેની જ સમ્મતિ છે. વધારે લખી શકાતું નથી; પણ આપે આકુલ રહેવું ન જોઇએ; એ જ વિનંતિ ફરી ફરી માનજો. બાકી અમે તો નિર્બળ છીએ. જરૂર માનજો કે નિર્બળ છીએ. પણ ઉપર જે લખી છે તે સમ્મતિ તે સબળ છે. જેવી તેવી નથી; પણ સાચી છે. આપનેમાટે એ જ માર્ગ યોગ્ય છે. આપ જ્ઞાનકથા લખશો. પ્રબોધશતક ભાઇ રેવાશંકર હાલ તો વાંચે છે. રવિવાર સુધીમાં પાછું મોકલવું ઘટશે તો પાછું મોકલીશ. નહીં તો રાખવા વિષે લખીશ; અને તેમ છતાં તેના માલિક તરફની ઉતાવલ હોય તો જણાવશો તો મોકલી આપીશ. આપના બધા પ્રશ્નોનો મારી ઇચ્છાપૂર્ણ ઉત્તર લખા શકયો નથી. ઉપાધિયોગને લીધે; પણ આપ મારા અંતરને સમજી લેશો. તમને નિઃશંકતા છે.

લી૦ આજ્ઞાંકિત રાયચંદ.

(૪)

તમારા ત્રણેક પત્રો પહોંચ્યા છે. એક પત્રમાં બે પ્રશ્ન લખ્યાં હતાં; જેમાંના એકનું સમાધાન નીચે લખ્યું છે. જ્ઞાનીપુરૂષનો સતસંગ થયે, નિશ્ચય થયેઅને તેના માર્ગને આરાધ્યે જીવને દર્શનમોહનીય કર્મ ઉપશમે છે, કે ક્ષય થાય છે, અને અનુક્રમે સર્વ જ્ઞાનની પ્રાપ્તિ થઈ જીવ કૃતકૃત્ય થાય છે એ વાત પ્રગટ સત્ય છે; પણ તેથી ઉપાર્જિત પ્રારબ્ધ પણ ભોગવવું પડતું નથી એમ સિદ્ધાંત થઇ શકતો નથી. કેવળજ્ઞાન થયું છે એવા વીતરાગને પણ ઉપાર્જીત પ્રારબ્ધરૂપ એવાં ચાર કર્મ વેદવાં પડે છે; તો તેથી ઓછી ભૂમિકામાં સ્થિત એવા જીવોને પ્રારબ્ધ ભોગવવું પડે તેમાં આશ્ચર્ય કાંઇ નથી. જેમ તે સર્વજ્ઞ એવા વીતરાગને ઘનઘાતિ ચાર કર્મ નાશ પામવાથી વેદવાં પડતાં નથી અને ફરી તે કર્મ ઉત્પન્ન થવાના કારણની તે સર્વજ્ઞ એવા વીતરાગને સ્થિતિ નથી; તેમ જ્ઞાનીનો નિશ્ચય થયે અજ્ઞાન ભાવથી જીવને ઉદાસીનતા થાય છે; અને તે ઉદાસીનતાને લીધે ભવિષ્ય કાળમાં તે પ્રકારનું કર્મ ઉપાર્જવાનું મૂખ્ય કારણ તે જીવને થતું નથી. ક્વચિત્ પૂર્વાનુસાર કોઇ જીવને વિપર્યય ઉદય હોય, તોપણ તે ઉદય અનુક્રમે ઉપશમી ક્ષય થઇ જીવ જ્ઞાનીના માર્ગને ફરી પામે છે; અને અર્ધપુદ્ગલપરાવર્તનમાં અવસ્ય સંસારમુક્ત થાય છે; પણ સમકિતી જીવને, કે સર્વજ્ઞ વીતરાગને, કે કોઇ અન્ય યોગી કે જ્ઞાનીને જ્ઞાનની પ્રાપ્તિને લીધે ઉપાર્જીત પ્રારબ્ધ વેદવું પડે નહીં; કે દુઃખ હોય નહીં એમ સિદ્ધાંત ન હોઈ શકે. તો પછી અમને તમને માત્र

સતસંગનો અલ્પ લાભ હોય ત્યાં સંસારી સર્વ દુઃખ નિવૃત્ત થવાં જોઇએ; એમ માનીએ તો પછી કેવલ જ્ઞાનાદિ નિરર્થક થાય છે, કેમકે ઉપાર્જિત પ્રારબ્ધ અવેદ્યું નાશ પામે તો પછી સર્વ માર્ગ મિથ્યા જ ઠરે. જ્ઞાનીના સતસંગે અજ્ઞાનીના પ્રસંગની રૂચિ આળસે; અનેસત્યાસત્ય વિવેક થાય; અનંતાનુબંધી ક્રોધાદિ ખપે; અનુક્રમે સર્વ રાગ દ્વેષ ક્ષય થાય; એ બનવા યોગ્ય છે અને જ્ઞાનીના નિશ્ચયે તે અલ્પ કાળમાં અથવા સુગમપણે બને એ સિદ્ધાંત છે; તથાપિ જે દુઃખ અવશ્ય ભોગવ્યે નાશ પામે, એવું ઉપાર્જિત છે તે તો ભોગવવું જ પડે એમાં કાંઇ સંશય થતો નથી. આ વિષે વધારે સમાધાનની ઇચ્છા હોય તો સમાગમે થઈ શકે, મારૂં અંતરનું અંગ એવું છે કે પરમાર્થ પ્રસંગથી કોઇ મુમુક્ષુને મારો પ્રસંગ થાય તો જરૂર તેને મારા પ્રત્યે પરમાર્થના હેતુની જ ઇચ્છા રહે તો જ તેનું શ્રેય થાય; પણ દ્રવ્યાદિ કારણની કાંઇ પણ વાંછા રહે; અથવા તેવા વ્યવસાયનું મને તેનાથી જણાવવું થાય, તો પછી અનુક્રમે તે જીવ મલિનવાસનાને પામી, મુમુક્ષુતાનો નાશ કરે; એમ મને નિશ્ચય રહે છે. અને તે જ કારણથી તમને ઘણીવાર તમારા તરફથી વ્યાવહારિક પ્રસંગ લખાઇ આવ્યો હોય ત્યારે ઠપકો આપી જણાવ્યું પણ હતું કે, મારાપ્રત્યે તમે આવો વ્યવસાય જણાવવાનું જેમ ન થાય તેમ જરૂર કરી કરો. અને મારી સ્મૃતિપ્રમાણે આપે તે વાત ગ્રહણ કરી હતી; તથાપિ તે પ્રમાણે થોડો વખત બની પાછું વ્યવસાય વિષે લખવાનું બને છે; તો આજના મારા પત્રને વિચારી જરૂર તે વાત તમે વિસર્જન કરશો; અને નિત્ય તેવી વૃત્તિ રાખશો; તો અવશ્ય હિતકારી થશે; અને મારી આંતર્‌વૃત્તિને અવશ્ય ઉલ્લાસનું કારણ આપ્યું છે એમ મને થશે. કોઇ પણ સતસંગપ્રસંગમાં એમ કરે તો મારૂં ચિત્ત બહુ વિચારમાં પડી જાય છે, કે ગભરાય છે; કેમકે પરમાર્થને નાશ કરનારી આ ભાવના આ જીવને ઉદયમાં આવી એમ તમે જ્યારે જ્યારે વ્યવસાય વિષે લખ્યું હશે, ત્યારે ત્યારે મને ઘણુંકરીને થયું હશે; તથાપિ આપની વૃત્તિ વિશેષ ફેર હોવાને લીધે કંઇક ગભરાટ ચિત્તમાં ઓછો થયો હશે. પણ હાલ તરત તરતના પ્રસંગ પરથી આપે પણ તે ગભરાટની લગભગમાં ગભરાટનું કારણ આપ્યું છે એમ ચિત્તમાં રહે છે. આ વાતનો વિશેષ નિશ્ચય રાખજો. રવજીભાઇના કુટુંબને માટે જેમ વ્યવસાય મારે કરવો પડે છે, તેમ તમારે માટે મારે કરવો હોય; તો પણ મારા ચિત્તમાં અન્યભાવ આવે નહીં.

(૫)

ૐ

મદનરેખાનો અધિકાર ઉત્તરાધ્યનના નવમા અધ્યયનને નમિરાજ ઋષિનું ચરિત્ર આપ્યું છે તેની ટીકામાં છે. ઋષિભદ્રપુત્રનો અધિકાર ભગવતિસૂત્રના શતકને ઉદ્દેશે આવેલો છે. આ બન્ને અધિકાર અથવા બીજા તેવા ઘણા અધિકાર આત્મોપકારી પુરૂષપ્રત્યે વંદનાદિ ભક્તિનું નિરૂપણ કરે છે; પણ જનમંડળના કલ્યાણનો વિચાર કરતાં તેવો વિષય ચર્ચવાથી તમારે દૂર રહેવું યોગ્ય છે. અવસર પણ તેવો જ છે; માટે તમારે એ અધિકારાદિ ચર્ચવામાં તદન શાન્ત રહેવું; પણ બીજી રીતે જેમ તે લોકોની તમારાપ્રત્યે ઉત્તમ લાગણી, કિંવા ભાવના થાય તેમ વર્તવું. કે જે પૂર્વાપર ઘણા જીવોના હિતનો જ હેતુ થાય. જ્યાં પરમાર્થના જિજ્ઞાસુ પુરૂષોનું મંડળ હોય ત્યાં, શાસ્ત્રપ્રમાણ આદિ ચર્ચવા યોગ્ય છે; નહીંતો ઘણુંકરી તેમાંથી શ્રેય થતું નથી. આ માત્ર એક નાનો પરિષહ છે. યોગ્ય ઉપાયથી પ્રવર્તવું, પણ ઉદ્દેગવાળું ચિત્ત ન રાખવું.

(૬)

વસ્તુનું યથાર્થસ્વરૂપ જેવું જાણવું, અનુભવવું તેવું જ કહેવું તે સત્ય તેના બે પ્રકાર છેઃ પર-

માર્થસત્ય અને **વ્યવહારસત્ય. પરમાર્થસત્ય** એટલે આત્મા શિવાય બીજો કોઇ પદાર્થ આત્માનો થઈ શકતો નથી એમ નિશ્ચય જાણી ભાષા બોલવામાં વ્યવહારથી દેહ, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્ય, ગૃહ આદિ વસ્તુઓના પ્રસંગમાં બોલતાં પહેલાં એક આત્મા શિવાય બીજું કાંઈ મારૂં નથી; એ ઉપયોગ રહેવો જોઇએ. અન્ય આત્માના સંબંધી બોલતાં આત્મામાં જાતિ, લિંગ, અને તેવા ઉપચારિક ભેદવાલો તે આત્મા ન છતાં માત્ર વહેવારનયથી કાર્યને માટે બોલાવવામાં આવે છે; એવા ઉપયોગપૂર્વક બોલાય તો તે પારમાર્થિક ભાષા છે એમ સમજવાનું છે. ૧. દ્રષ્ટાંતઃ એક માણસ પોતાના આરોપીત દેહ ઘરની, સ્ત્રીની; પુત્રની, કે અન્ય પદાર્થની વાત કરતો હોય તે વખત સ્પષ્ટપણે તે તે પદાર્થથી વક્તા હું ભિન્ન છું, અને તે મારા નથી; એમ સ્પષ્ટપણે બોલનારને ભાન હોય તો તે સત્ય કહેવાય. ૨. દ્રષ્ટાંત—જેમ કોઈ ગ્રંથકાર શ્રેણિક રાજા અને ચેલણા રાણીનું વર્ણન કરતા હોય, તો તેઓ બંન્ને આત્મા હતા અને માત્ર શ્રેણિકના ભવ આશ્રયી તેમનો સંબંધ, અગર સ્ત્રી, પુત્ર, ધન, રાજ્ય વગેરેનો સંબંધ હતો; તે વાત લક્ષમાં રાખ્યા પછી બોલવાની પ્રવૃત્તિ કરે એ જ પરમાર્થસત્ય. વ્યવહારસત્ય આવ્યા વિના પરમાર્થસત્ય વચન બોલવાનું બને તેમ ન હોવાથી વ્યવહારસત્ય નીચે પ્રમાણે જાણવાનું છેઃ વ્યવહારસત્ય જેવા પ્રકારે વસ્તુનું સ્વરૂપ જોવાથી, અનુભવવાથી, શ્રવણથી અથવા વાંચવાથી આપણને અનુભવવામાં આવ્યું હોય તેવા જ પ્રકારે યથાતથ્યપણે વસ્તુનું સ્વરૂપ કહેવું, અને તે પ્રસંગે વચન બોલવું તેનું નામ વ્યવહાર સત્ય. (દ્રષ્ટાંત) જેમ કે, અમુક માણસનો લાલ અશ્વ જંગલમાં દિવસે બાર વાગે દીઠો હોય, અને કોઇના પૂછવાથી તે જ પ્રમાણે યથાતથ્ય વચન બોલવું તે વ્યવહારસત્ય. આમાં પણ કોઈ પ્રાણીના પ્રાણનો નાશ થતો હોય, અગર ઉન્મત્તતાથી વચન બોલાયું હોય, યદ્યપિ ખરૂં હોય તો પણ અસત્ય તુલ્ય જ છે એમ જાણી પ્રવર્ત્તવું. સત્યથી વિપરીત તેને અસત્ય કહેવાય છે.

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુર્ગંછા અજ્ઞાનાદિથી બોલાય છે; ક્રોધાદિ મોહનીયના અંગભૂત છે તેથી સ્થિતિ બીજા બધા કર્મથી વધારે એટલે (૭૦) સીતેર કોડાકોડી સાગરોપમની છે. આ કર્મ ક્ષય થયા વિના જ્ઞાનાવર્ણાદિ કર્મ સંપૂર્ણપણે ક્ષય થઈ શકતાં નથી; જો કે ગણીતમાં પ્રથમ જ્ઞાનાવર્ણાદિ કર્મો કહ્યાં છે; પણ આ કર્મની ઘણી મહત્વતા છે, કેમકે સંસારના મૂલભૂત, રાગદ્વેષનું આ મૂળ સ્થાન હોવાથી ભવભ્રમણ કરવામાં આ કર્મની મુખ્યતા છે; આવું મોહનીય કર્મનું બલવાનપણું છે, છતાં પણ તેનો ક્ષય કરવો સહેલ છે; એટલે કે જેમ વેદનીયકર્મ વેદ્યા વિના નિષ્ફળ થતું નથી તેમ આ કર્મને માટે નથી. વિપક્ષ ભાવનાથી મોહનીય કર્મની પ્રકૃતિરૂપ, ક્રોધ, માન, માયા, અને લોભાદિ કષાય તથા નોકષાયના અનુક્રમે ક્ષમા, નમ્રતા, નિરાભિમાનપણું, સરળપણું. નિર્દંભતા અને સંતોષાદિની વિપક્ષ ભાવનાથી એટલે માત્ર વિચાર કરવાથી ઉપર દર્શાવેલા કષાયો નિષ્ફળ કરી શકાય છે. નોકષાય પણ વિચારથી ક્ષય પમાડી શકાય છે; એટલે કે તેને સારૂં બાહ્ય કાંઈ કરવું પડતું નથી. 'મુનિ' એ નામ પણ આ પૂર્વોક્ત રીતે વિચારીને વચન બોલવાથી સત્ય છે. ઘણું કરીને પ્રયોજન વિના બોલવું જ નહીં તેનું નામ મુનિપણું. રાગ દ્વેષ ને અજ્ઞાનવિના યથાસ્થિત વસ્તુનું સ્વરૂપ કહેતાં બોલતાં છતાં પણ મુનિપણું–મૌનપણું–જાણવું. પૂર્વે તીર્થંકરાદિ મહાત્માઓએ આમ જ વિચાર કરી મૌનપણું ધારણ કરેલું; અને સાડાબાર વર્ષ લગભગ મૌનપણું ધારણ કરનાર ભગવાન્ વીરપ્રભુએ આવા ઉત્કૃષ્ટ વિચારે કરી આત્મામાંથી ફેરવી ફેરવીને મોહનીય કર્મનો સંબંધ કાઢી નાંખી કેવલ જ્ઞાન દર્શન પ્રગટ કર્યું હતું. આત્મા ધારે તો સત્ય બોલવું કંઈ કઠણ નથી. વ્યવ-

હારસત્યભાષા ઘણીવાર બોલવામાં આવે છે પણ પરમાર્થસત્ય બોલવામાં આવ્યું નથી; માટે આ જીવનું ભવભ્રમણ મટતું નથી. સમ્યક્ત્વ થયા બાદ અભ્યાસથી પરમાર્થ સત્ય બોલવાનું થઇ શકે છે; અને પછી વિશેષ અભ્યાસે સહજ ઉપયોગ રહ્યા કરે છે. અસત્ય બોલ્યાવિના માયા થઈ શકતી નથી વિશ્વાસઘાત કરવો તેનો પણ અસત્યમાં સમાવેશ થાય છે. ખોટા દસ્તાવેજો કરવા તે પણ અસત્ય જાણવું; પછી તપ પ્રમુખ માનાદિની ભાવનાથી કરી આત્મહિતાર્થે કરવા જેવો દેખાવ તે અસત્ય હોય એમ જાણવું. અખંડ સમ્યક્ દર્શન આવે તો જ સંપૂર્ણપણે પરમાર્થ-સત્ય વચન બોલી શકાય; એટલે કે તો જ આત્મામાંથી અન્યપણે પદાર્થ ભિન્નપણે ઉપયોગ લઇ વચનની પ્રવૃત્તિ થઇ શકે. કોઇ પૂછે કે લોક શાશ્વત કેમ કહેવામાં આવ્યો, તેનું કારણ ધ્યાનમાં રાખી તે બોલે તો તે સત્ય ગણાય. આ વ્યવહારસત્યના પણ બે વિભાગ થઈ શકે છે. એક સર્વથા પ્રકારે અને બીજો દેશથી. નિશ્ચય સત્યપર ઉપયોગ રાખી પ્રિય એટલે જે વચન અન્યના અથવા જેના સંબંધમાં બોલાયું હોય તેને પ્રીતિકારી હોય; અને ગુણકારી હોય એવું જ સત્ય વચન બોલનાર સર્વવિરતિ મુનિરાજ પ્રાયે હોઇ શકે છે. સંસાર ઉપર અભાવ રાખનાર હોવા છતાં પૂર્વકર્મથી, અથવા બીજા કારણથી સંસારમાં રહેનાર દેશથી સત્ય વચન બોલવાનો નિયમ રાખવા યોગ્ય છે. તે મુખ્ય આ પ્રમાણેઃ મનુષ્યસંબંધી (કન્યાલિક) પશુસંબંધી (ગોવાલિક) ભૂમિસંબંધી (ભોમાલિક) ખોટી સાક્ષી અને થાપણ, ભરૂસો એટલે વિશ્વાસથી રાખવા યોગ્ય આપેલા દ્રવ્યાદિ પદાર્થ તે પાછા મંગાવી, તે સંબંધી ઇનકાર જવું તે. આ પાંચ સ્થૂળ પ્રકાર છે. આ વચન બોલતાં પરમાર્થસત્ય ઉપર ધ્યાન રાખી, યથાસ્થિત એટલે જેવે પ્રકારે સમ્યક્ વસ્તુઓનાં સ્વરૂપ હોય તેવા પ્રકારે જ કરવાનો નિયમ તેને દેશથી વ્રત ધારણ કરનારે અવશ્ય કરવા યોગ્ય છે. આ કહેલા સત્ય વિષે ઉપદેશ વિચારી તે ક્રમમાં આવવું એ જ ફળદાયક છે.

આંક ૩૯૭ (પ્રથમાવૃત્તિ આંક ૩૮૫) પૃષ્ટ ૩૨૩ (પ્રથમાવૃત્તિ પૃષ્ટ ૩૨૦) ના પત્રમાં પ્રથમનો નીચેનો ભાગ મુદ્રિત થવો રહી ગયેલ. આ ભાગ પ્રથમાવૃત્તિના વૃદ્ધિપત્ર ૧ લાની અંદર મૂકાયેલો હતોઃ—

શ્રી ઠાંણાગ સૂત્રની એક ચોભંગીનો ઉત્તર વિશેષ સમજવા માગ્યો હતો તે સંક્ષેપમાં અત્રે લખ્યો છે:–એક આત્માનો ભવાંત કરે, પણ પરનો ન કરે તે પ્રત્યેક બુદ્ધ કે અશોચ્ચા કેવળી, કેમકે તેઓ ઉપદેશ માર્ગ પ્રવર્ત્તાવતા નથી એવો વ્યવહાર છે. ૨ એક આત્માનો ભવાંત ન કરે તે અચરિમ શરીરિ આચાર્ય એટલે જેને હજુ અમુક ભવ બાકી છે, પણ ઉપદેશ માર્ગને આત્મા એ કરી જાણ્યો છે તેથી તેનાથી ઉપદેશ સાંભળી સાંભળનાર જીવ તે ભવે ભવનો અંત કરી શકે.

અપ્રકટ લખાણ.

(૧)

નીરાગી પુરૂષોને નમસ્કાર.

ઉદય આવેલાં કર્મોને ભોગવતાં નવાં કર્મો ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરૂષો નો મહાન્ બોધ છે.

આત્માભિલાષી:

જો ત્યાં તમને વખત મળતો હોય તો જિનભક્તિમાં વિશેષ વિશેષ ઉત્સાહની વૃદ્ધિ કરતા રહેશે; અને એક ઘડી પણ સત્સંગ કે સત્કથાનું સંશોધન કરતા રહેશો.

(કોઇ વેળા) શુભાશુભ કર્મના ઉદય સમયે હર્ષ શોકમાં નહીં પડતાં " ભોગવ્યે છુટકો છે; અંતે આ વસ્તુ તે મારી નથી" એમ ગણી સમભાવની શ્રેણીને વધારતા રહેશો. વિશેષ લખતાં અત્યારે અટકું છું.

મહા વદ ૧૦, ૧૯૪૫, વવાણીઆબંદર.

વિ૦ રાયચંદના સત્પુરૂષોને નમસ્કાર સમેત પ્રણામ વાંચશો

(૨)

આજ્ઞામાંજ એકતાન થયા વિના પરમાર્થના માર્ગની પ્રાપ્તિ બહુજ અસુલભ છે. એકતાન થવું પણ બહુજ અસુલભ છે.

આશો શુદ ૬, રવિ ૧૯૪૬ (હાલારી)

લ૦ રાયચંદના યથા૦

(૩)

વિયોગથી થયેલા તાપ વિષેનું તમારૂં એક પત્ર ચારેક દિવસ પહેલાં પ્રાપ્ત થયું હતું તેમાં દર્શાવેલી ઇચ્છા વિષે ટુંકા શબ્દોમાં જણાવવા જેટલો વખત છે: તે એ કે, તમને જેવી જ્ઞાનની જિજ્ઞાસા છે તેવી ભક્તિની નથી. ભક્તિ પ્રેમરૂપ વિના જ્ઞાન શૂન્યજ છે. તો પછી તેને પ્રાપ્ત કરીને શું કરવું છે? જે અટક્યું તે યોગ્યતાની કચાશને લીધે અને જ્ઞાની કરતાં જ્ઞાનમાં વધારે પ્રેમ રાખો છો તેને લીધે, જ્ઞાની પાસે જ્ઞાન ઇચ્છવું તે કરતાં બોધસ્વરૂપ સમજી ભક્તિ ઇચ્છવી એ પરમ ફળ છે વધારે શું કહીએ? **ઇશ્વરકૃપા** કરે તેને કળિયુગમાં એ પદાર્થની પ્રાપ્તિ થાય: — મહા વિકટ છે.

મન વચન કાયાથી તમારો કોઇપણ દોષ થયો હોય તો દીનતાપૂર્વક ક્ષમા માગુ છું. આવતી કાલે અહીંથી રવાના થઇ વવાણીઆભણી જવું ધાર્યું છે.

(૪)

કળિયુગ છે એટલે વધારે વખત ઉપજીવિકાનો વિયોગ રહેવાથી યથાયોગ્ય વૃત્તિ પૂર્વાપર ન રહે.

ભાદરવા વદ ૧૩ બુધ, ૧૯૪૭.

વિ૦ રાયચંદના યથા૦

(૫)

(સત શ્રદ્ધા પામીને) જે કોઈ તમને ધર્મ નિમિત્તે ઇચ્છે તેનો સંગ રાખો.

કાર્તિક શુદ ૧૪, બુધ, ૧૯૪૭, મુંબઈ.

(૬)

૧. તરવાને માટે જીવ પ્રથમ શું જાણવું ?

૨. જીવનું પરિભ્રમણ થવામાં મુખ્ય કારણ શું ?

૩. તે કારણ કેમ ટળે ?

૪. તે માટે સુગમમાં સુગમ એટલે થોડા કાળમાં ફળદાયક થાય એવો કયો ઉપાય છે ?

૫. એવો કોઈ પુરૂષ હશે કે, જેથી એ વિષયનો નિર્ણય પ્રાપ્ત થાય. આ કાળમાં એવો પુરૂષ હોય એમ તમે ધારો છો ? અને ધારો છો તે કેવાં કારણોથી ? એવા પુરૂષના કંઇ લક્ષણો હોય કે કેમ ? હાલ એવો પુરૂષ આપણને કયા ઉપાયે પ્રાપ્ત હોઈ શકે ?

૬. જો ૦૦૦ સંબંધી કંઇ પ્રસંગ આવે તો, પૂછવું કે, " મોક્ષમાર્ગ " ની ૦૦૦ પ્રાપ્તિ છે એવી નિઃશંકતા તમને છે ? અને હોય તો શું કારણોને લઇને ? પ્રવૃત્તિવાળી દશામાં વર્ત્તતો હોય, તો પૂછવું કે, આ વિષે તમને વિકલ્પ નથી આવતો ? ૦૦૦૦૦ સર્વ પ્રકારે નિસ્પૃહતા હશે કે કેમ ? કોઈ જાતના સિદ્ધિ જોગ હશે કે કેમ ?

૭. સત્પુરૂષની પ્રાપ્તિ થયે જીવને માર્ગ ન મળે એમ બને કે કેમ ? એમ બને તો તો તેનું કારણ શું ? જો જીવની " અયોગ્યતા " જણાવવામાં આવે, તો તે અયોગ્યતા કયા વિષયની ?

ચૈત્ર શુદ ૧૫, ગુરૂ, ૧૯૪૭, મુંબઈ.

---

(૭)

ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે એમ લાગે છે. એવો ભગવતને લોભ શા માટે હશે ?

વવાણીઆ, ભાદરવા વદ ૦)) શુક. ૧૯૪૭.

લા. રાયચંદના પ્રણામ.

---

(૮)

" છોટમકૃત પદસંગ્રહ " વગેરે પુસ્તકો વાચવાનો હાલ તો પરિચય રાખજો. વગેરે શબ્દથી સત્સંગ, ભક્તિ અને વીતરાગતાનું માહાત્મ્ય વર્ણવ્યું હોય તેવા પુસ્તકો સમજશો.

સત્સંગાદિકની જેમાં માહાત્મ્યતા વર્ણવી છે તેવાં પુસ્તકો અથવા પદો–કાવ્યો હોય તે વારંવાર મનન કરવાં અને સ્મૃતિમાં રાખવા યોગ્ય સમજશો.

જૈનસૂત્રો હાલ વાંચવાની ઇચ્છા થાય તો તે નિવૃત્ત કરવાયોગ્ય છે, કારણ કે તે વાંચવા સમજવામાં વધારે યોગ્યપણું હોવું જોઇએ; તે વિના યથાર્થ ફળની પ્રાપ્તિ હોતી નથી; તથાપિ બીજાં પુસ્તકોની ગેરહાજરી હોય, તો " ઉત્તરાધ્યયન " અથવા ' સૂયગડાંગ 'નું બીજું અધ્યયન વાંચશો.—વિચારશો.

ગમે તે ક્રિયા જપ તપ કે શાસ્ત્ર વાંચન કરીને પણ એકજ કાર્ય સિદ્ધ કરવાનું છે; તે એ કે, જગતની વિસ્મૃતિ કરવી; અને સતના ચરણમાં રહેવું.

અને એ એકજ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે ? અને શું કરવું અયોગ્ય છે ? તે સમજાય છે—સમજાતું જાય છે.

એ લક્ષ અચળ થયા વિના જપ, તપ, ધ્યાન કે દાન કોઇની યથાયોગ્ય સિદ્ધિ નથી; અને ત્યાંસુધી ધ્યાનાદિક નહીં જેવા કામના છે.

માટે એમાંના જીવથી જે જે સાધનો થઈ શકતાં હોય તે બધાં એક લક્ષને થવાને અર્થે કરવાં; કે જે લક્ષ અમે ઉપર જણાવ્યો છે; જપ તપાદિ કંઈ નિષેધવા યોગ્ય નથી; તથાપિ તે બધાં એક લક્ષને અર્થે છે; અને એ લક્ષ વિના જીવને સમ્યકત્વ સિદ્ધ થતું નથી. વધારે શું કહીએ? ઉપર જણાવ્યું છે તેટલુંજ સમજવાને માટે સઘળાં શાસ્ત્રો પ્રતિપાદિત થયાં છે.

કારતક શુદ ૭, રવિ, ૧૯૪૮.

(૯)

ૐ સત્.

તમારા વૈરાગ્યાદિ વિચારોવાળું એક પત્ર ત્રણેક દિવસ પહેલાં સવિસ્તર મળ્યું છે. જીવને વિષે વૈરાગ્ય ઉત્પન્ન થવો એ એક મોટો ગુણ જાણીએ છીએ, અને તે સાથે શમ, દમ, વિવેકાદિ સાધનો અનુક્રમે ઉત્પન્ન થવારૂપ જોગપ્રાપ્તિ થાય, તો જીવને કલ્યાણની પ્રાપ્તિ સુલભ થાય છે, એમ જાણીએ છીએ. (ઉપલી લીટીમાં 'જોગ' શબ્દ લખ્યો તે તેનો અર્થ 'પ્રસંગ' અથવા 'સત્સંગ' એવો કરવો.)

અનંત કાળ થયાં જીવનું સંસારને વિષે પરિભ્રમણ છે, અને એ પરિભ્રમણને વિષે અનંત એવાં જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો કર્યાં જણાય છે; તથાપિ જેથી યથાર્થ કલ્યાણ સિદ્ધ થાય છે એવાં એકે સાધન થઇ શકયાં હોય એમ જણાતુ નથી. એવો જપ, તપ કે વૈરાગ્ય અથવા બીજાં સાધનો તે માત્ર સંસારરૂપ થયાં છે. તેમ થયું તે શા કારણથી? એ વાત અવશ્ય ફરી ફરી વિચારવાયોગ્ય છે (આ સ્થળને વિષે કોઇપણ પ્રકારે જપ, તપ, વૈરાગ્યાદિ સાધનો નિષ્ફળ છે એમ કહેવાનો હેતુ નથી; પરંતુ નિષ્ફળ થયાં છે તેનો હેતુ શો હશે તે વિચારવા માટે લખવામાં આવ્યું છે. કલ્યાણની પ્રાપ્તિ જેને થાય છે એવા જીવને વિષે વૈરાગ્યાદિ સાધનો તો ખચિત હોય છે). તમે આ પત્ર જેના તરફથી લખવામાં આવ્યો છે તે માટે જે કંઇ શ્રવણ કર્યું છે તે યથાતથ્ય છે કે કેમ તે પણ નિર્ધારવા જેવી વાત છે.

નિરંતર અમારા સંગને વિષે રહેવા સબંધી તમારી જે ઇચ્છા છે તે વિષે હાલ કંઇ લખી શકવું અશકય છે.

તમારા જાણવામાં આવ્યું હોવું જોઇએ કે અત્ર અમારૂં જે રહેવું થાય છે તે ઉપાધિપૂર્વક થાય છે; અને તે ઉપાધિ એવા પ્રકારથી છે કે તેવા પ્રસંગમાં શ્રી તીર્થંકર જેવા પુરૂષને વિષેનો નિર્ધાર કરવો હોય તોપણ વિકટ છે. કારણ કે અનાદિ કાળથી માત્ર, જીવને બાહ્ય પ્રવૃત્તિ અથવા બાહ્ય નિવૃત્તિનું ઓલખાણ છે; અને તેનેઆધારેજ તે સત્પુરૂષ. અસત્પુરૂષ કલ્પતો આવેલ છે. કોઈ સત્સંગના જોગે જીવને પ્રવૃતિરૂપ જોગ દેખીને જેવો જોઈએ તેનો નિશ્ચય રહેતો નથી; અથવા તો નિરંતર વધતો એવો ભક્તિભાવ નથી રહેતો; અને વખતે તો સંદેહને પ્રાપ્ત થઈ જીવ તેવા સત્પુરૂષના જોગને ત્યાગી જેની બાહ્ય નિવૃત્તિ જણાય છે એવા પુરૂષને દ્રઢગ્રહે–સેવે–છે; માટે નિવૃત્તિ પ્રસંગ જે કાળમાં સત્પુરૂષને વર્ત્તતો હોય તેવા કાળમાં તેમની સમીપનો વાસ તે જીવને વિશેષ હિતકર જાણીએ છીએ. આ વાત અત્યારે આથી વિશેષ લખવી અશકય છે; જો કોઇ પ્રસંગે સમાગમ થાય, તો તમે તે વિષે પૂછશો; અને કંઇ વિશેષ કહેવાજેવો પ્રસંગ હશે, તો કહી શકવા સંભવ છે.

દીક્ષાની વારંવાર ઇચ્છા થતી હોય તોપણ હાલ તે વૃત્તિ સમાવેશ કરવી; અને કલ્યાણ શું, અને તે કેમ હોય તેની વારંવાર વિચારણા અને ગવેષણા કરવી. એ પ્રકારમાં અનંતકાલ થયાં ભૂલ થતી આવી છે, માટે અત્યંત વિચારે પગલું ભરવું યોગ્ય છે. અત્યારે એજ વિનંતિ.

સંવત્ ૧૯૪૮ ના ભાદરવા શુદ ૧, મુંબઇથી. રાયચંદના નિષ્કામ યથાયોગ્ય.

(૧૦)

અત્રક્ષણ પર્યંત તમપ્રત્યે કોઇ પણ પ્રકારે પૂર્વાદિ કાળને વિષે મન, વચન અને કાયાના જોગથી જે જે અપરાધાદિ કંઈ થયું હોય તે સર્વ અત્યંત આત્મભાવેથી વિસ્મરણ કરી ક્ષમા ઇચ્છું છું. હવે પછીના કોઇ પણ કાળને વિષે તમપ્રત્યે તે પ્રકાર થવો અસંભવિત જાણું છું; તેમ છતાં પણ કોઇ અનુપયોગ ભાવે દેહપર્યંતને વિષે તે પ્રકારે ક્વચિત્ થાય તો તે વિષે પણ અત્ર અત્યંત નમ્ર પરિણામે ક્ષમા ઇચ્છું છું; અને તે ક્ષમારૂપ ભાવ આ પત્રને વિચારતાં વારંવાર ચિંતવી તમે પણ તે સર્વ પ્રકાર અમ પ્રત્યેના પૂર્વ કાળના વિસ્મરણ કરવાને યોગ્ય છે, કોઇ પણ સત્સંગવાર્ત્તાનો પરિચય વધે તેમ યત્ન કરવો યોગ્ય છે. એજ વિનંતિ.

ભાદ્રવા શુદ ૧૦, ગુરૂ, ૧૯૪૮.

(૧૧)

તમારૂં પત્ર ૧ આજે પહોંચ્યું છે; અને તે મેં વાંચ્યું છે. અત્રથી લખેલું પત્ર તમને મળવાથી થએલો આનંદ નિવેદન કરતાં તમે દિક્ષાદિ વૃત્તિ હાલ ક્ષોભ પામવાનું લખ્યું તે ક્ષોભ હાલ યોગ્ય છે. ક્રોધાદિ અનેક પ્રકારના દોષો પરિક્ષીણ પામી ગયાથી સંસારત્યાગરૂપ દિક્ષા યોગ્ય છે; અથવા તો કોઈ મહાપુરૂષના જોગે તેમ કરવું યોગ્ય છે. એ શિવાય બીજા પ્રકારે દિક્ષાનું ધારણ કરવું તે સફળપણાને પ્રાપ્ત થતું નથી. તેવી બીજા પ્રકારની દિક્ષારૂપ ભ્રાંતિએ ગ્રસ્ત થઇ અપૂર્વ એવાં કે છે, અથવા તે તેથી વિશેપ અંતરાય પડે એવા જોગ ઉપાર્જન કરે છે, માટે હાલ તો તમારો તે ક્ષોભ યોગ્ય જાણીએ છીએ.

તમારી ઇચ્છા અત્રે અમારા સમાગમમાં વિશેષે રહે છે એમ જાણીએ છીએ; તથાપિ તે જોગની ઇચ્છા નિરોધ કરવાયોગ્ય છે; અર્થાત્ તેવો જોગ મળવો અશકય છે, અને તે ખુલાસો પ્રથમના પત્રમાં લખ્યો છે, તે તમે જાણી શકયા હશો. આ તરફ આવવા વિષેની ઇચ્છામાં તમારા વડીલાદિ તરફથી જે નિરોધ છે તે નિરોધથી હાલ ઉપરવટ થવાની ઇચ્છા કરવી યોગ્ય નથી. અમારૂં તે પ્રદેશની લગભગથી કોઇ વાર જવા આવવાનું હોય ત્યારે વખતે સમાગમ જોગ થવા જોગ હશે તો થઈ પડશે.

મતાગ્રહ વિષેની બુદ્ધિને ઉદાસીન કરવી યોગ્ય છે; અને હાલ તો ગૃહસ્થધર્મને અનુસરવું પણ યોગ્ય છે. પોતાના હિતરૂપ જાણી કે સમજીને આરંભ પરિગ્રહાદિ સેવવા યોગ્ય નથી; અને આ પરમાર્થ વારંવાર વિચારી સદ્ગ્રંથનું વાંચન, શ્રવણ મનનાદિ કરવું યોગ્ય છે. એજ વિનંતિ.

ભાદરવા વદ ૩, શુક્ર, ૧૯૪૮.

નિષ્કામ યથાયોગ્ય.

(૧૨)

થોડા વખત માટે મુંબઈમાં પ્રવર્ત્તનથી અવકાશ લેવાનો વિચાર સુજી આવવાથી એક બે સ્થળે લખવાનું બન્યું હતું, પણ તે વિચાર તો થોડા વખતમાટે કોઇ નિવૃત્તિક્ષેત્ર પ્રત્યે સ્થિતિ કરવાનો હતો. વવાણીઆ કે કાઠિયાવાડ તરફની સ્થિતિનો નહીં હતો. હજુ તે વિચાર ચોકસ વ્યવસ્થામાં આવ્યો નથી. ઘણું કરી આ પક્ષમાં અને ગુજરાત તરફના કોઈ કોઈ નિવૃત્તિ ક્ષેત્રને વિષે વિચાર આવવા સંભવ છે. વિચાર વ્યવસ્થા પામ્યેથી લખી જણાવીશ. એજ વિનંતિ.

૧૯૪૯ ના શ્રાવણ વદ ૪, બુધ.

સર્વેને પ્રણામ પ્રાપ્ત થાય.

(૧૩)

વિષમ સંસારબંધન છેદીને ચાલી નીકળ્યા તે પુરૂષોને અનંત પ્રણામ.

મહા શુદ એકમ બીજપર વખતે નીકળાય તોપણ ત્રણ દિવસ રસ્તામાં થાય તેમ છે, પણ મહા શુદ બીજપર નીકળાય તેવો સંભવ નથી. શુદ પાંચમ પર નીકળાય તેવો સંભવ છે. વચ્ચે ત્રણ દિવસ થવાના છે, તે ન ચાલતાં રોકાવાનું કારણ છે. ઘણું કરી શુદ ૯ ના લગ્ન છે; તો અત્રેથી મહા શુદ ૫ મે નિવૃત્ત થઇ શુદ ૮ વવાણીએ પહોચાઇ શકાય તેમ છે; એટલે બાહ્ય કારણ જોતાં......આવવાનું ન બની શકે તેવું છે; તોપણ કદાપિ એક દિવસ વળતાં અવકાશ મેળવ્યો હોય તો મળી શકે, પણ આંતર્કારણ જૂદું હોવાથી તેમ કરવાનું હાલ કોઇપણ પ્રકારે ચિત્તમાં આવતું નથી............સ્ટેશને......ની કે તમારી મને મળવાની ઇચ્છા હોય તે અટકાવતાં મન અસંતોષ પામે છે; તોપણ હાલ અટકાવવાનું મારૂં ચિત્ત રહે છે; કેમકે ચિત્તની વ્યવસ્થા યથાયોગ્ય નહીં હોવાથી ઉદયપ્રારબ્ધ વિના બીજા સર્વ પ્રકારમાં અસંગપણું રાખવું યોગ્ય લાગે છે; તે એટલે સુધી કે જેમનો ઓળખાણ પ્રસંગ છે તેઓ પણ હાલ ભૂલી જાય તો સારૂં; કેમકે સંગથી ઉપાધિ નિષ્કારણ વધ્યા કરે છે, અને તેવી ઉપાધિ સહન કરવા યોગ્ય એવું હાલ મારૂં ચિત્ત નથી. નિરૂપાયતા શિવાય કંઈ પણ વ્યવહાર કરવાનું હાલ ચિત્ત હોય એમ જણાતું નથી; અને જે વ્યાપાર વ્યવહારની નિરૂપાયતા છે તેથી પણ નિવૃત્ત થવાની ચિંતના રહ્યા કરે છે. તેમ ચિત્તમાં બીજાને બોધ કરવા યોગ્ય એટલી મારી યોગ્યતા હાલ મને લાગતી નથી; કેમકે જ્યાં સુધી સર્વ પ્રકારનાં વિષમ સ્થાનકોમાં સમવૃત્તિ ન થાય ત્યાં સુધી યથાર્થ આત્મજ્ઞાન કહ્યું જતું નથી, અને જ્યાં સુધી તેમ હોય ત્યાં સુધી તો નિજ અભ્યાસની રક્ષા કરવી ઘટે છે, અને હાલ તે પ્રકારની મારી સ્થિતિ હોવાથી હું આમ વર્તું છું, તે ક્ષમા યોગ્ય છે, કેમકે મારા ચિત્તમાં અન્ય કોઇ હેતુ નથી.

વળતી વખતે...સમાગમ કરવાનું થઇ શકે તેવું મારાથી બની શકે તેમ હશે, તો આગળથી તમને લખીશ, પણ મારા સમાગમમાં તમે આવ્યાથી મારૂં આવવું...થયું હતું એમ બીજાઓના જાણવામાં તે પ્રસંગને લઇને આવે, તો તે મને યોગ્ય લાગતું નથી; તેમ વ્યવહારિક કારણથી તમે સમાગમ કર્યો છે એમ જણાવવું તે અયથાર્થ છે; જેથી જો સમાગમ થવાનું લખવાનું મારાથી બને, તો જેમ વાત અપ્રસિદ્ધ રહે તેમ કરશો એમ વિનંતિ છે.

ત્રણેના પત્ર જૂદા લખી શકવાની અશક્તિને લીધે એક પત્ર લખ્યું છે. એજ વિનંતિ.

૧૯૫૧ ના પોશ વદ ૧૦, રવિવાર.

આ૦ સ્વ૦ પ્રણામ.

(૧૪)

વિચારવાનને સંગથી વ્યતિરિક્તપણું પરમ શ્રેયરૂપ છે.

ચૈત્ર વદ ૧૧, શુક્ર, ૧૯૫૧.

(૧૫)

તમને તથા બીજા કોઈ સત્સમાગમની નિષ્ઠાવાળા ભાઇઓને અમારા સમાગમ વિષે જિજ્ઞાસા રહે છે તે પ્રકાર જાણ્યામાં રહે છે, પણ તે વિષેનો અમુક કારણો પ્રત્યે વિચાર કરતાં પ્રવૃત્તિ થતી નથી;-જે કારણો જણાવતાં પણ ચિત્ત સંક્ષેપ થાય છે. જો કે કંઈ પણ તે વિષે સ્પષ્ટાર્થથી લખવાનું બન્યું હોય તો પત્ર તથા સમાગમાદિની રાહ જોયાં કરાવ્યાનું, અને તેમાં અનિશ્ચિતપણું થતું હોવાથી કંઇ ક્લેશ પ્રાપ્ત થવા દેવાનું જે અમારા પ્રત્યેથી થાય છે તે થવાનો સંભવ

ઓછો થાય, પણ તે વિષે સ્પષ્ટાર્થથી લખતાં પણ ચિત્ત ઉપશમ પામ્યા કરે છે એટલે સહજે કાંઈ થાય તે થવા દેવું યોગ્ય ભાસે છે.

વવાણીઆથી વળતી વખત ઘણું કરી સમાગમનો યોગ થશે.

ઘણું કરી ચિત્તમાં એમ રહ્યા કરે છે કે, હાલ વધારે સમાગમ પણ કરી શકવા યોગ્ય દશા નથી. પ્રથમથી આ પ્રકારનો વિચાર રહ્યા કરતો હતો, અને જે વિચાર વધારે શ્રેયકારક લાગતો હતો, પણ ઉદયવશાત્ કેટલાક ભાઇઓનો સમાગમ થવાનો પ્રસંગ થયો; જે એક પ્રકારે પ્રતિબંધ થવા જેવું જાણ્યું હતું, અને હાલ કંઈ પણ તેવું થયું છે એમ લાગે છે. વર્તમાન આત્મદશા જોતાં તેટલો પ્રતિબંધ થવા દેવા યોગ્ય અધિકાર મને સંભવતો નથી.

અત્રે કંઇક પ્રસંગથી સ્પષ્ટાર્થ જણાવવા યોગ્ય છે. આ આત્માને વિષે ગુણનું વિશેષ વ્યક્તત્વ જાણી તમ વિગેરે કોઈ મુમુક્ષુ ભાઇઓની ભક્તિ વર્તતી હોય તો પણ તેથી તે ભક્તિની યોગ્યતા મારે વિષે સંભવે છે એમ સમજવાને યોગ્યતા મારી નથી, કેમકે બહુ વિચાર કરતાં વર્તમાનમાં તો તેવો સંભવ થાય છે, અને તે કારણથી સમાગમથી કેટલોક વખત દુર રહેવાનું ચિત્ત રહ્યા કરે છે. તેમજ પત્રાદિદ્વારા પ્રતિબંધની પણ નિરિચ્છા રહ્યા કરે છે. આ વાત પ્રત્યે યથાશક્તિ વિચાર કરવો યોગ્ય છે.

પ્રશ્ન સમાધાનાદિ લખવાનો ઉદય પણ અલ્પ વર્તતો હોવાથી પ્રવૃત્તિ થઇ શકતી નથી; તેમજ વ્યાપારરૂપ ઉદયને વેદવામાં લક્ષ વિશેષ રાખ્યાથી પણ તેનો આ કાળમાં ઘણો ભાર ઓછો થઈ શકે; એમ વિચારથી પણ બીજા પ્રકાર તેની સાથે આવતાં જાણીને પણ સંક્ષેપે પ્રવર્ત્તાય છે. આગળ જણાવ્યું તે પ્રમાણે વળતી વખતે ઘણું કરી સમાગમ થવાનો લક્ષ રાખીશ.

એક વિનંતિ અત્રે કરવા યોગ્ય છે કે, આ આત્મા વિષે તમને ગુણવ્યક્તત્વ ભાસતું હોય, અને તેથી અંતરમાં ભક્તિ રહેતી હોય તો તે ભક્તિ વિષે યથાયોગ્ય વિચાર કરી જેમ તમને યોગ્ય લાગે તેમ કરવા યોગ્ય છો; પણ બહાર આ આત્મા સંબંધી હાલ કંઇ પ્રસંગ ચર્ચિત થવા દેવા યોગ્ય નથી, કેમકે અવિરતિરૂપ ઉદય હોવાથી ગુણવ્યક્તત્વ હોય તો પણ લોકોને ભાસ્યમાન થવું કઠણ પડે; અને તેથી વિરાધના થવાનો કંઈ પણ હેતુ થાય; તેમજ પૂર્વ મહા પુરૂષના અનુક્રમનું ખંડન કરવા જેવું પ્રવર્ત્તન આ આત્માથી કંઈ પણ થયું ગણાય.

આ પત્રપર યથાશક્તિ વિચાર કરશો, અને તમારા સમાગમવાસી જે કોઇ મુમુક્ષુ ભાઇઓ હોય, તેમને હાલ નહીં–પ્રસંગે પ્રસંગે એટલે જે વખતે તેમને ઉપકારક થઈ શકે તેવું સંભવતું હોય ત્યારે આ વાત પ્રત્યે લક્ષિત કરશો. એજ વિનંતિ.

અશાડ વદ ०)) સોમ, ૧૯૫૧.

(૧૬)

મુંબાઇમાં નાણાભીડ વિશેષ છે. સટ્ટાવાળાઓને ઘણું નુકસાન ગયું છે. તમને સૌને ભલામણ છે કે, સટા જેવે રસ્તે ન ચડાય તેનું પુરતું ધ્યાન રાખશો.

માતુશ્રી તથા પિતાશ્રીને પાયલાગણ,

મુંબઇથી, ચૈત્ર શુદ ૧૪, શનિ..

રાયચંદના યથાયોગ્ય.

(૧૭)

બ્રહ્મરંધ્રાદિને વિષે થતા ભાસ વિષે પ્રથમ મુંબઇ કાગળ મળ્યો હતો. હાલ બીજો તે વિષેની વિગતનો અત્રે કાગળ મળ્યો છે–તે તે ભાસ થવા સંભવે છે. જણાવવામાં કંઇક સમ-

જણુભેદથી વ્યાખ્યાભેદ થાય. શ્રી વૈજનાથજીનો તમને સમાગમ છે તો તેઓ દ્વારા તે માર્ગનો યથાશક્તિ વિશેષ પુરૂષાર્થ થતો હોય તો કરવો યોગ્ય છે. વર્તમાનમાં તે માર્ગ પ્રત્યે અમારે ।વિશેષ ઉપયોગ વર્ત્તતો નથી. તેમ પત્રદ્વારા તે માર્ગનો ઘણું કરીને વિશેષ લક્ષ કરાવી શકાતો નથી. જેથી તમને શ્રી વૈજનાથજીનો સમાગમ છે તો યથાશક્તિ તે સમાગમનો લાભ લેવામાં વૃત્તિ રાખો તો અડચણ નથી. આત્માના કંઇક ઉજ્વળપણાને અર્થે તેનું અસ્તિત્વ તથા માહાત્મ્યાદિ પ્રતીતિમાં આવવાને અર્થે તથા આત્મજ્ઞાનના અધિકારીપણાને અર્થે ને સાધન ઉપકારી છે. એ શિવાય બીજી રીતે ઘણું કરીને ઉપકારી નથી; એટલો લક્ષ અવશ્ય રાખવો યોગ્ય છે. એજ વિનંતિ. સ્થંભતીર્થ સમીપ વડવાથી.

સંવત્ ૧૯૫૨ ભાદ્રપદ શુદ ૧૧, ગુરૂવાર.

સહજાત્મસ્વરૂપે યથાયોગ્ય પ્રણામ પ્રાપ્ત થાય

(૧૮)

આજ દિવસ પર્યંતમાં આ આત્માથી મન, વચન, કાયાને યોગે તમારા સંબંધી જે કંઇ અવિનય, આસાતના કે અપરાધ થયો હોય તે ખરા અંતઃકરણથી નમ્રતા ભાવે મસ્તક નમાવીને બે હાથ જોડી ખમાવું છું. તમારા સમીપવાસી ભાઇઓને તેજ પ્રમાણે ખમાવું છું.

શ્રી સ્થંભતીર્થ પાસે વડવા,

સંવત્ ૧૯૫૨ ના ભાદ્રપદ શુદ ૧૧, ગુરૂ.

(૧૯)

અગમ્ય છતાં સરલ એવા મહત્પુરૂષોના માર્ગને નમસ્કાર.

સત્સમાગમ નિરંતર કર્ત્તવ્ય છે.

મહત્ ભાગ્યના ઉદય વડે અથવા પૂર્વના અભ્યાસ યોગવડે જીવને સાચી મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે. જે અતિ દુર્લભ છે તે સાચી મુમુક્ષુતા ઘણું કરીને મહત્ પુરૂષના ચરણકમલની ઉપાસનાથી પ્રાપ્ત થાય છે, અથવા તેવી મુમુક્ષુતાવાળા આત્માને મહત્પુરૂષના યોગથી આત્મનિષ્ટપણું પ્રાપ્ત થાય છે. સનાતન અનંત એવા જ્ઞાની પુરૂષોએ ઉપાસેલો એવો સન્માર્ગ પ્રાપ્ત થાય છે. સાચી મુમુક્ષુતા જેને પ્રાપ્ત થઇ હોય તેને પણ જ્ઞાનીનો સમાગમ અને આજ્ઞા (અપ્રમત્તયોગ) સંપ્રાપ્ત કરાવે છે. મુખ્ય મોક્ષમાર્ગનો ક્રમ આ પ્રમાણે જણાય છે.

વર્ત્તમાન કાળમાં તેવા મહત્પુરૂષનો યોગ અતિ દુર્લભ છે. કેમકે ઉત્તમ કાળમાં પણ તે યોગનું દુર્લભપણું હોય છે; એમ છતાં પણ સાચી મુમુક્ષુતા જેને ઉત્પન્ન થઇ હોય, રાત્રિ દિવસ આત્મકલ્યાણ થવાનું તથારૂપ ચિંતન રહ્યા કરતું હોય, તેવા પુરૂષને તેવો યોગ પ્રાપ્ત થવો સુલભ છે.

'આત્માનુશાસન' હાલ મનન કરવા યોગ્ય છે. શ્રાવણ વદ૦)) ૧૯૫૩ મોહમયી.

(૨૦)

પત્ર મળ્યું છે, દિવાળીપર્યંત ઘણું કરીને આ ક્ષેત્ર સ્થિતિ થશે.

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી જે સત્પુરૂષોને પ્રતિબંધ નથી તે સત્પુરૂષોને નમસ્કાર.

સત્સમાગમ સત્શાસ્ત્ર અને સદાચારમાં દૃઢ વિશ્વાસ એ આત્મદશા થવાના પ્રબળ અવલંબન છે. સત્સમાગમનો યોગ દુર્લભ છે, તોપણ મુમુક્ષુઓએ તે યોગની તીવ્ર જિજ્ઞાસા રાખવી અને પ્રાપ્તિ કરવી યોગ્ય છે. તે યોગના અભાવે, તો અવશ્ય કરી સત્શાસ્ત્રરૂપ વિચારનાં અવલંબને કરી સદાચારની જાગૃતિ જીવે રાખવી ઘટે છે.

મુંબઈ, સંવત્ ૧૯૫૩ ના શ્રાવણ વદ ૧૨.

(૨૧)

આજપર્યંત તમારો કંઈ પણ અપરાધ કે અવિનય મારાથી થયો હોય તે ખમાવું છું.

બાહ્ય ક્રિયા અને ગુણસ્થાનકાદિએ વર્તતી ક્રિયાનું સ્વરૂપ ચર્ચવું હાલ સ્વપર ઉપકારી ઘણું કરીને નહીં થાય. એટલું કર્તવ્ય છે કે તુચ્છ મતમતાંતર પર દૃષ્ટિ ન આપતાં અસદ્વૃત્તિના નિરોધને અર્થે સત્શાસ્ત્રના પરિચય અને વિચારમાં જીવની સ્થિતિ કરવી યોગ્ય છે.

મુંબઈથી, સંવત ૧૯૫૩ ના ભાદરવા શુદ ૯, રવિ.

(૨૨)

આત્મસ્વભાવની નિર્મળતા થવાને માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય કરીને સેવવા યોગ્ય છે; સતશ્રુત અને સત્સમાગમ. પ્રત્યક્ષ સત્પુરૂષોનો સમાગમ ક્વચિત્ ક્વચિત્ જીવને પ્રાપ્ત થાય છે, પણ જો જીવ સદ્દૃષ્ટિવાન હોય, તો સત્શ્રુતના ઘણા કાળના સેવનથી થતો લાભ પ્રત્યક્ષ સત્પુરૂષના સમાગમથી બહુ અલ્પકાળમાં પ્રાપ્ત કરી શકે છે. કેમકે પ્રત્યક્ષ ગુણાતિશયવાન્ નિર્મળ ચેતનના પ્રભાવવાળાં વચન અને વૃત્તિક્રિયાચેષ્ટિતપણું છે. જીવને તેવો સમાગમ યોગ પ્રાપ્ત થાય એવો વિશેષ પ્રયત્ન કર્ત્તવ્ય છે. તેવા યોગના અભાવે સત્શ્રુતનો પરિચય અવશ્ય કરીને કરવા યોગ્ય છે. શાંતરસનું જેમાં મુખ્યપણું છે, શાંત રસના હેતુ એ જેનો સમસ્ત ઉપદેશ છે, સર્વે રસ શાંત રસ ગર્ભિત જેમાં વર્ણવ્યા છે, એવા શાસ્ત્રનો પરિચય તે સત્શ્રુતનો પરિચય છે.

મોરબી, મહા શુદ ૪ બુધ, ૧૯૫૪. ૐ.

(૨૩)

"મોક્ષમાર્ગ પ્રકાશ"[1] ગ્રંથ વિચાર્યા પછી "કર્મગ્રંથ"[2] વિચારવાથી અનુકુળ થશે.

દ્રવ્યમન આઠ પાખડીનું દિગમ્બર સંપ્રદાયમાં કહ્યું છે. શ્વેતામ્બર સંપ્રદાયમાં તે વાત વિશેષ ચર્ચિત નથી. "યોગશાસ્ત્ર"માં તેના ઘણા પ્રસંગો છે. સમાગમે તેનું સ્વરૂપ સુગમ્ય થવા યોગ્ય છે.

શ્રાવણ શુદ ૧૫, સોમ સં૦ ૧૯૫૪ મોહમયી ક્ષેત્ર.

(૨૪)

ૐ

સમાધિ વિષે. યથાપ્રારબ્ધ વિશેષ અવસરે.

સંવત્ ૧૯૫૪ ના શ્રાવણ વદ ૪, શુક્ર મોહમયી ક્ષેત્ર.

(૨૫)

અવિક્ષિપ્ત રહેશો. યથાવસરે અવશ્ય સમાધાન થશે. અત્રે સમાગમાર્થે આવવા યથાસુખ વર્તશો.

સંવત્ ૧૯૫૪, આશો શુદ ૬, શુક્રવાર ખેડા. ૐ

(૨૬)

ૐ નમ:

હાલ એક અઠવાડયું થયાં અત્રે સ્થિતિ છે. "આત્માનુશાસન" ગ્રંથ વાંચવા માટે પ્રવૃત્તિ કરતાં આજ્ઞાનો અતિક્રમ (ઉલંઘન) નથી. વારંવાર તે ગ્રંથ હાલ વાંચવા તથા વિચારવાયોગ્ય છે. "ઉપદેશ પત્રો" વિષે ઘણું કરીને તરતમાં ઉત્તર પ્રાપ્ત થશે. વિશેષ યથાવસર.

માર્ગ. શુદ ૧૪, સોમ, ૧૯૫૫ ઈડરથી.

---

૧. દિગંબર સંપ્રદાયનો છે ૨. શ્વેતાંબર સંપ્રદાયનો છે.—સંશોધક.

(૨૭)

વીતરાગશ્રુતનો અભ્યાસ રાખજો.

માર્ગ. શુદ ૧૪. સોમ, ૧૯૫૫, ઇડરથી.

(૨૮)

ૐ નમઃ

અત્રે સમાગમ હાલ થવો અશક્ય છે. સ્થિતિ પણ વિશેષનો હવે સંભવ જણાતો નથી.

તમને જે સમાધાન વિશેષની જિજ્ઞાસા છે તે કોઇ એક નિવૃત્તિયોગ્ય સમાગમમાં પ્રાપ્ત થવા યોગ્ય છે. છે. જિજ્ઞાસાબળ, વૈરાગ્યબળ, ધ્યાનબળ અને જ્ઞાનબળ વર્ધમાન થવાને અર્થે આત્માર્થીજીવને તથારૂપ જ્ઞાની પુરૂષનો સમાગમ વિશેષ કરી ઉપાસવા યોગ્ય છે. તેમાં પણ વર્તમાનકાળના જીવોને તે બળની દ્રઢ છાપ પડી જવાને અર્થે ઘણા અંતરાયો જોવામાં આવે છે; જેથી તથારૂપ શુદ્ધ જિજ્ઞાસુ વૃત્તિઓ દીર્ઘકાળ પર્યંત સત્સમાગમ ઉપાસવાની આવશ્યક્તા રહે છે.

સત્સમાગમને અભાવે વીતરાગ શ્રુત (પરમાર્થરસપ્રતિપાદક વીતરાગ વચનો) ની અનુપ્રેક્ષા કર્તવ્ય છે. ચિત્તસ્થૈર્યને માટે તે પરમ ઔષધ છે

સં૰ ૧૮૫૫ માર્ગ૰ વદ ૧૪, શનિવાર, ઇડરથી.

(૨૯)

પત્ર સંપ્રાપ્ત થયું. યથાર્થ જોઈએ તો શરીર એજ વેદનાની મૂર્ત્તિ છે. સમયે સમયે જીવ તે દ્વારાએ વેદનાજ વેદે છે. માનસિક અસાતા અને પ્રાયે અસાતાજ વેદે છે. માનસિક અસાતાનું મુખ્યપણું છતાં તે સૂક્ષ્મ સમ્યગ્દ્રષ્ટિવાનને જણાય છે. શારીરિક આશાતાનું મુખ્યપણું સ્થૂળ દ્રષ્ટિવાનને પણ જણાય છે. જે વેદના પૂર્વે સુદ્દઢ બંધથી જીવે બંધન કરી છે, તે વેદના ઉદય સંપ્રાપ્ત થતાં ઇંદ્ર, ચંદ્ર, નાગેદ્ર કે જિનેંદ્ર પણ રોકવાને સમર્થ નથી. તેનો ઉદય વેદવોજ જોઇએ. અજ્ઞાનદષ્ટિ જીવો ખેદથી વેદે, તો પણ કઇ તે વેદના ઘટતી નથી, કે જાતી રહેતી નથી. સત્યદ્રષ્ટિવાન્ જીવો શાંત ભાવે વેદે તો તેથી વેદના વધી જતી નથી, પણ નવીન બંધનો હેતુ થતી નથી. પૂર્વની બળવાન નિર્જરા થાય છે.: આત્માર્થીને એજ કર્તવ્ય છે કે " હું શરીર નથી પણ તેથી ભિન્ન એવો જ્ઞાયક આત્મા છું. તેમ નિત્ય શાશ્વત છું. આ વેદના માત્ર પૂર્વ કર્મની છે; પણ મારૂં સ્વરૂપ નાશ કરવાને તે સમર્થ નથી, માટે મારે ખેદ કર્તવ્યજ નથી, " એમ આત્માનું અનુપ્રેક્ષન હોય છે. (હેતુ છે.)

માર્ગ૰ વદ ૦)) ગુરૂ, ૧૯૫૫, ઇડરથી.

(૩૦)

કાગળ મળ્યો. વિશેષ યથાવસર.

માર્ગ૰ વદ ૦)) ગુરૂ, ૧૯૫૫, ઇડરથી.

(૩૧)

૧. ' નાંકે રૂપ નિહાળતાં ' એ ચરણનો અર્થ વીતરાગમુદ્રાસૂચક છે. રૂપાવલોકન દ્રષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે સ્વરૂપાવલોકનદ્રષ્ટિમાં પણ સુગમતા પ્રાપ્ત થાય છે.

૨. 'દર્શન મોહ'નો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકન દ્રષ્ટિ પરિણમે છે.

૩. મહંત પુરૂષોનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવન અને ગુણ જિજ્ઞાસા દર્શનમોહનો અનુભાગ ઘટવાનો મુખ્ય હેતુ છે.—તેથી સ્વરૂપદ્રષ્ટિ સહજમાં પરિણમે છે.

ફાગણ શુદ ૧, રવિ, ૧૯૫૫, મોરબી.

(૩૨)

ૐ નમઃ

'પુરૂષાર્થસિદ્ધયુપાય'નું ભાષાન્તર ગુર્જર ભાષામાં કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી. આત્મસિદ્ધિશાસ્ત્ર સ્મરણાર્થે યથાવસર આજ્ઞા પ્રાપ્ત થવા યોગ્ય છે.

શિથિલતા ઘટવાનો ઉપાય જીવ કરે, તો સુગમ છે.

ફાલ્ગુન શુદ ૧, રવિ ૧૯૫૫, મોરબીથી.

(૩૩)

આત્માર્થીએ બોધ ક્યારે પરિણમી શકે છે એ ભાવ સ્થિર ચિત્તે વિચારવા યોગ્ય છે; જે મૂળભૂત છે.

અમુક અસદ્‌વૃત્તિઓનો પ્રથમ અવશ્ય કરી નિરોધ કરવો યોગ્ય છે. જે નિરોધના હેતુને દૃઢતાથી અનુસરવુંજ જોઇએ; તેમાં પ્રમાદ યોગ્ય નથી.

વવાણીઆ, ફાગણ વદ ૧૦ બુધ. ૐ

(૩૪)

ૐ

આત્મહિત અતિ દુર્લભ છે, એમ જાણી વિચારવાન પુરૂષો અપ્રમત્તપણે તેની ઉપાસના કરે છે.

સં. ૧૯૫૫, ચૈત્ર વદ ૯, ગુરૂવાર.

(૩૫)

હવે સ્થંભતીર્થથી કિસનદાસજીકૃત 'ક્રિયાકોષ' નું પુસ્તક પ્રાપ્ત થયું હશે. તેનું આદ્યંત અધ્યયન કર્યા પછી સુગમ ભાષામાં એક નિબંધ તે વિષે લખવાથી વિશેષ અનુપ્રેક્ષા થશે; અને તેવી ક્રિયાનું વર્તન પણ સુગમ છે એમ સ્પષ્ટતા થશે એમ સંભવે છે. સોમવાર પર્યંત સ્થિતિનો સંભવ છે.

રાજનગરમાં પરમતત્ત્વદૃષ્ટિનો પ્રસંગોપાત ઉપદેશ થયો હતો તે અપ્રમત્ત ચિત્તથી વારંવાર એકાંત યોગમાં સ્મરણ કરવા યોગ્ય છે. એજ વિનંતિ.

ઇડરથી, વૈશાખ વદ ૧૦, શનિ ૧૯૫૫.

(૩૬)

વ્યવહાર પ્રતિબંધથી વિક્ષેપ ન પામતાં ધૈર્ય રાખી ઉત્સાહમાન વીર્યથી સ્વરૂપ નિષ્ટ વૃતિ કરવી યોગ્ય છે.

મુંબઈ, જયેષ્ઠ વદ ૭, શુક્રવાર ૧૯૫૫.

(૩૭)

ૐ નમઃ

" બિના નયન પાવૈ નહીં, બિના નયનકી બાત " એ વાક્યનો હેતુ મુખ્ય આત્મદૃષ્ટિ પરત્વે છે. સ્વાભાવિક ઉત્કૃષ્ટાર્થે એ વાક્ય છે. સમાગમના યોગે સ્પષ્ટાર્થ સમજાવા યોગ્ય છે; તેમજ બીજા પ્રશ્નોનાં સમાધાન માટે હાલ પ્રવૃત્તિ બહુ અલ્પ વર્તે છે. સત્સમાગમના યોગમાં સહજમાં સમાધાન થવા યોગ્ય છે.

" બિના નયનાદિ " વાક્યનો સ્વકલ્પનાથી કંઇપણ વિચાર ન કરતાં અથવા શુદ્ધ ચૈતન્ય દૃષ્ટિ પ્રત્યેનું વલણ તેથી વિક્ષેપ ન પામે, એમ વર્તવું યોગ્ય છે.

દુષમ કાળ છે, આયુષ્ અલ્પ છે; સત્સમાગમ દુર્લભ છે; મહાત્માઓનાં પ્રત્યક્ષ વાક્ય, ચરણ અને આજ્ઞાનો યોગ કઠણ છે; જેથી બળવાન અપ્રમત્ત પ્રયત્ન કર્તવ્ય છે. તમારી સમીપ વર્તતા મુમુક્ષુઓને યથાવિનય પ્રાપ્ત થાય.

અશાડ વદ ૮, શનિ, ૧૯૫૫, મુંબઈ.

શાંતિ.

(૩૮)

તમારા કાગળમાં ન્યૂનાધિક લખાયું હોય એવો વિકલ્પ દર્શાવ્યો તેવું કાંઈ ભાસ્યમાન થયું નથી. નિર્વિક્ષિપ્ત રહેશો. ઘણું કરીને અત્ર તેવો વિકલ્પ સંભવિત નથી.

ઇંદ્રિયોના નિગ્રહપૂર્વક સત્સમાગમ અને સત્શ્રુત ઉપાસનીય છે.

ભાદ્રપદ શુદ ૫, રવિ, ૧૯૫૫, મુંબઈ

(૩૯)

ૐ નમઃ.

ૐ

કાગળ મળ્યો છે. કોઈ માણસે જણાવેલ સ્વપ્નાદિ પ્રસંગ સંબંધી નિર્વિક્ષિપ્ત રહેશો, તથા અપરિચયી રહેશો. તે વિષે કંઈ ઉત્તર પ્રત્યુત્તરાદિનો પણ હેતુ નથી.

ઇંદ્રિયોના નિગ્રહપૂર્વક સત્સમાગમ, સત્શ્રુત ઉપાસનીય છે. આજ દિવસ પર્યંત તમારા પ્રત્યે તથા તમારા સમીપવસતા બાઈઓ ભાઈઓ પ્રત્યે યોગના પ્રમત્ત સ્વભાવવડે કિંચિત્ જે અન્યથા થયું હોય તે અર્થે નમ્રતાભાવથી ક્ષમા માગીએ છીએ.

મુંબઈ, ભાદ્રપદ શુદ ૫, રવિ, ૧૯૫૫.

(૪૦)

મહાત્મા મુનિવરોના ચરણની, સંગની ઉપાસના અને સત્શાસ્ત્રનું અધ્યયન મુમુક્ષુઓને આત્મબળની વર્દ્ધમાનતાના સદુપાય છે.

જેમ જેમ ઇંદ્રિયનિગ્રહ, જેમ જેમ નિવૃત્તિયોગ, તેમ તેમ તે સત્સમાગમ અને સત્શાસ્ત્ર અધિક અધિક ઉપકારી થાય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મહાત્મા મુનિવરોને સપ્રેમભક્તિથી નમસ્કાર સંપ્રાપ્ત થાય.

મોહમયી ક્ષેત્ર, પોશ વદ ૧૨, રવિવાર, ૧૯૫૬.

(૪૧)

' અષ્ટપ્રાભૃત ' ના ૧૧૫ પાનાં સંપ્રાપ્ત થયાં.

સ્વામી વર્દ્ધમાન જન્મતિથિ, સં. ૧૯૫૬, ધર્મપુર.

(૪૨)

શ્રીમત્ પરમગુરૂભ્યો નમઃ

જનવૃત્તિ જ્યાં સંકુચિત ન સંભવતી હોય અને નિવૃત્તિને યોગ્ય વિશેષ કારણો જ્યાં હોય તેવાં ક્ષેત્રે મહત્પુરૂષોએ વિહાર-ચાતુર્માસ સ્થિતિ કર્તવ્ય છે.

ચૈત્ર વદ ૫, ગુરૂ, ૧૯૫૬, ધર્મપુર.

શાંતિઃ

(૪૩)

ૐ

મુમુક્ષુઓ:—

તમે લખેલો કાગળ મુંબઇ મળ્યો હતો. અત્ર વીશ દિવસ થયાં સ્થિતિ છે.

કાગળમાં તમે લખેલા બે પ્રશ્નોનું સમાધાન અત્રે સંક્ષેપમાં લખ્યું છે.

૧. ઉપશમ શ્રેણિમાં મુખ્યપણે 'ઉપશમસમ્યક્ત્વ' સંભવે છે.

૨. ચાર ઘનઘાતી કર્મનો ક્ષય થતાં 'અંતરાયકર્મ'ની પ્રકૃતિનો પણ ક્ષય થાય છે, અને તેથી 'દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, અને ઉપભોગાંતરાય એ પાંચ પ્રકારનો અંતરાય ક્ષય થઈ, અનંત દાનલબ્ધિ, અનંત લાભલબ્ધિ, અનંતવીર્યલબ્ધિ, અનંતભોગલબ્ધિ, અને અનંત ઉપભોગલબ્ધિ સંપ્રાપ્ત થાય છે; જેથી તે અંતરાયકર્મ ક્ષય થયું છે એવા પરમ પુરુષ અનંતદાનલબ્ધિ આપવાને સંપૂર્ણ સમર્થ છે, તથાપિ પુદ્‌ગલદ્રવ્યરૂપે સર્વે દાનાદિલબ્ધિની પરમપુરુષ પ્રવૃત્તિ કરતા નથી. મુખ્યપણે તો તે લબ્ધિની સંપ્રાપ્તિ પણ આત્માને સ્વરૂપભૂત છે, કેમકે ક્ષાયિક ભાવે તે સંપ્રાપ્ત છે; ઉદયિક ભાવે નથી તેથી આત્મસ્વભાવભૂત છે, અને જે અનંત સામર્થ્ય આત્મામાં અનાદિથી શક્તિરૂપે હતું તે વ્યક્ત થઇ આત્મા નિજસ્વરૂપમાં આવી શકે છે. તદ્રુપ શુદ્ધ સ્વચ્છ ભાવે એક સ્વભાવે પરિણમાવી શકે છે; તે અનંતદાનલબ્ધિ કહેવા યોગ્ય છે; તેમજ અનંતઆત્મસામર્થ્યની સંપ્રાપ્તિમાં કિંચિત્‌માત્ર વિયોગનું કારણ રહ્યું નથી તેથી અનંતલાભલબ્ધિ કહેવા યોગ્ય છે. વળી, અનંતસામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે પરમાનંદસ્વરૂપે કિંચિત્ માત્ર પણ વિયોગનું કારણ રહ્યું નથી તેથી અનંતભોગલબ્ધિ કહેવા યોગ્ય છે; તથા અનંતઆત્મસામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે—પરમાનંદસ્વરૂપે વારંવાર ત્રિકાળ અનુભવસ્વરૂપે પરિણમીજ જશે, તોપણ કિંચિત્ માત્ર પણ તેમાં વિયોગનું કારણ રહ્યું નથી; તેથી અનંત ઉપભોગલબ્ધિ કહેવાયોગ્ય છે; તેમજ અનંત આત્મસામર્થ્યની સંપ્રાપ્તિ સંપૂર્ણપણે થયા છતાં તે સામર્થ્યના અનુભવથી આત્મશક્તિ થાકે, કે તેનું સામર્થ્ય ઝીલી ન શકે, વહન ન કરી શકે, અથવા તે સામર્થ્યને કોઈપણ પ્રકારના દેશકાળની અસર થઇ કિંચિત્ માત્ર પણ ન્યૂનાધિકપણું કરીને એવું કશું રહ્યું જ નહીં, તે સ્વભાવમાં રહેવાનું સંપૂર્ણ સામર્થ્ય ત્રિકાળ સંપૂર્ણબળસહિત રહેવાનું છે તે અનંત વીર્યલબ્ધિ કહેવા યોગ્ય છે.

ક્ષાયિકભાવની દ્રષ્ટિથી જોતાં ઉપર કહ્યા પ્રમાણે તે લબ્ધિનો પરમ પુરૂષને ઉપયોગ છે. વળી એ પાંચ લબ્ધિ હેતુવિશેષથી સમજાવવા અર્થે જૂદી પાડી છે, નહીં તો અનંતવીર્યલબ્ધિમાં પણ તે પાંચેનો સમાવેશ થઇ શકે છે.

આત્મા સંપૂર્ણ વીર્યને સંપ્રાપ્ત થવાથી એ પાંચ લબ્ધિનો ઉપયોગ પુદ્‌ગલ દ્રવ્યરૂપે કરે તો તેવું સામર્થ્ય તેમાં વર્તે છે, તથાપિ કૃતકૃત્ય એવા પરમ પુરૂષમાં સંપૂર્ણ વીતરાગસ્વભાવ હોવાથી તે ઉપયોગનો તેથી સંભવ નથી, અને ઉપદેશાદિના દાનરૂપે કૃતકૃત્ય પરમ પુરૂષની પ્રવૃત્તિ છે તે યોગાશ્રિત પૂર્વાબંધના ઉદયમાનપણાથી છે, આત્માના સ્વભાવના કિંચિત્ પણ વિકૃત ભાવથી નથી.

એ પ્રમાણે સંક્ષેપમાં ઉત્તર જાણશો. નિવૃત્તિવાળો અવસર સંપ્રાપ્ત કરી અધિક અધિક મનન કરવાથી વિશેષ સમાધાન અને નિર્જરા થશે. સઉલ્લાસિત ચિત્તથી જ્ઞાનની અપેક્ષા કરતાં અનંત કર્મનો ક્ષય થાય છે.

ચૈત્ર વદ ૬, શુક્ર, ૧૯૫૬.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

(૪૪)

ૐ નમઃ

પત્ર અને વર્તમાનપત્ર મળ્યાં, ' આચારાંગસૂત્ર ' ના એક વાક્ય સંબંધીનું ચર્ચાપત્રાદિ જોયું છે. ઘણું કરી થોડા દિવસમાં કોઈ સુજ્ઞ પુરુષથી તેનું સમાધાન બહાર પડશે.

ત્રણેક દિવસ થયાં અત્ર સ્થિતિ છે. આત્મહિત અતિ દુર્લભ છે એમ જાણી વિચારવાન પુરુષો અપ્રમત્તપણે તેમની ઉપાસના કરે છે. તમારા સમીપવાસી સર્વ આત્માર્થી જનોને યથાવિનય પ્રાપ્ત થાય.

ચૈત્ર વદ ૯, ગુરૂવાર, મોરબીથી. ૐ

(૪૫)

ૐ

આર્ય મુનિવરોનાં ચરણકમળમાં યથાવિધિ નમસ્કાર પ્રાપ્ત થાય.

આહારાદિનો જનસમુહનો સંકોચભાવ રહેતો હોય ત્યાં ચાતુર્માસ યોગ્ય નથી. બાકી સર્વ ક્ષેત્ર શ્રેયકારી જ છે. આત્માર્થીને વિક્ષેપનો હેતુ શું હોય ? તેને બધું સમાન જ છે. આત્માએ વિચરતા એવ આર્ય પુરૂષોને ધન્ય છે.

વવાણીઆ, વૈશાખ વદ ૧૩, શનિ, ૧૯૫૬.

ૐ શાંતિઃ

(૪૬)

ૐ

મુનિઓને અર્થે અવિક્ષેપપણુંજ સંભવિત છે. મુમુક્ષુઓએ વિનય કર્તવ્ય છે.

" ક્ષાયોપશમિક અસંખ્ય, ક્ષાયક એક અનન્ય " મનન અને નિદિધ્યાસન કરતાં આ વાક્યથી જે પરમાર્થ અંતરાત્મવૃત્તિમાં પ્રતિભાસે તે યથાશક્તિ લખવો યોગ્ય છે.

વૈશાખ વદ ०)) સોમ, ૧૯૫૬, વવાણીઆ.

શાંતિઃ

(૪૭)

ૐ

આર્ય મુનિવરોને અર્થે અવિક્ષેપપણું સંભવિત છે. વિનયભક્તિ એ મુમુક્ષુઓનો ધર્મ છે.

અનાદિથી ચપળ એવું મન સ્થિર કરવું. પ્રથમ અત્યંતપણે સામું થાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. ક્રમે કરીને તે મનને મહાત્માઓએ સ્થિર કર્યું છે—સમાવ્યું—ક્ષય કર્યું એ ખરેખર આશ્ચર્યકારક છે.

વૈશાખ વદ ०)) સોમ, ૧૯૫૬, વવાણીઆ.

શાંતિઃ

(૪૮)

ૐ

પરમકૃપાળુ મુનિવરોને રોમાંચિત ભક્તિથી નમસ્કાર હો !

ચાતુર્માસ સંબંધી મુનિઓને ક્યાંથી વિકલ્પ હોય ?

નિર્ગ્રંથો ક્ષેત્રને કયે છેડે બાંધે છે. છેડાનો સંબંધ નથી.

નિર્ગ્રંથ મહાત્માઓનાં દર્શન અને સમાગમ મુક્તિની સમ્યક્ પ્રતીતિ કરાવે છે.

તથારૂપ મહાત્માઓનાં એક આર્ય વચનનું સમ્યક્ પ્રકારે અવધારણ થવાથી યાવત્ મોક્ષ થાય એમ શ્રીમાન્ તીર્થંકરે કહ્યું છે તે યથાર્થ છે. આ જીવમાં તથારૂપ યોગ્યતા જોઇએ.

પરમકૃપાળુ મુનિવરોને ફરી નમસ્કાર કરીએ છીએ.

વવાણીઆ, જેઠ શુદ ૧૩, સોમ, ૧૯૫૬.

શાંતઃ

(૪૯)

શરીરપ્રકૃતિ સ્વસ્થાસ્વસ્થ વર્ત્તે છે. વિક્ષેપ કર્ત્તવ્ય નથી. હે આર્ય ! અંતર્મુખ થવાનો અભ્યાસ કરો.

વવાણીઆ, જેઠ વદ ૪, ૧૯૫૬,

શાંતિઃ

(૫૦)

ૐ

—તે માટે ઉભા કર જોડી, જિનવર આગળ કહિયે રે;
સમયચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહિયે રે.
—શ્રીમાન્ આનંદઘનજી.

પત્રો સંપ્રાપ્ત થયા. શરીર પ્રકૃતિ સ્વસ્થાસ્વસ્થ છે; અર્થાત્ કવચિત્ ઠીક, કવચિત્ અસાતા મુખ્ય રહે છે. મુમુક્ષુભાઇઓને તે પણ લોકવિરૂદ્ધ ન થાય તેમ તીર્થાર્થે ગમન કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી.

અશાડ શુદ ૧, ગુરૂ, ૧૯૫૬, વવાણીઆ.

ૐ શાંતિઃ

(૫૧)

વર્ત્તમાન દુષમ કાળ વર્ત્તે છે. મનુષ્યોના મન પણ દુષમ જ જોવામાં આવે છે. ઘણું કરીને પરમાર્થથી શુષ્ક અંતઃકરણવાળા પરમાર્થનો દેખાવ કરી સ્વેચ્છાએ વર્ત્તે છે. એવા વખતમાં કેનો સંગ કરવો, કેની સાથે કેટલું કામ પાડવું, કેની સાથે કેટલું બોલવું. કેની સાથે પોતાના કેટલા કાર્ય વ્યવહારનું સ્વરૂપ વિદિત કરી શકાય એ બધું લક્ષમાં રાખવાનો વખત છે; નહીં તો સદ્વર્ત્તિવાન જીવને એ બધા કારણો હાનિકર્ત્તા થાય છે. આનો આભાસ, તો આપને પણ હવે ધ્યાનમાં આવતો હશે. એજ વિનંતિ.

વઢવાણ કાંપ, સં. ૧૯૫૭, કાર્તિક શુદ ૫, રવિ.

હમણાં તમારે આ તરફ આવવાનું મુળતવતાં અડચણ નથી. એજ.

ચૈત્ર શુદ ૨, શુક્ર, ૧૯૫૭, રાજકોટ.

ૐ શાંતિ.

શાલ નહીં પણ મીતિવાળાં પત્રો.*

(૫૨)[1]

મારો વિચાર એવો થાય છે કે ..પાસે હમેશાં તમારે જવું. બને તો જીભથી, નહીં તો લખીને જણાવી દેશો કે, મારૂં અંતઃકરણ તમારા પ્રત્યે નિર્વિકલ્પીજ છે, છતાં મારી પ્રકૃતિના દોષે કોઈરીતે પણ આપને દુભવવાનું કારણ ન થાય એટલા માટે આગમનનો પરિચય મેં ઓછો રાખ્યો છે તે માટે ક્ષમા કરશો ઇ૦ જેમ યોગ્ય લાગે તેમ કરી આત્મનિવૃત્તિ કરશો. અત્યારે એજ.

વવાણીઆ, આશો શુદ ૨, ગુરૂ.

વિ૦ રાયચંદના યથા૦

(૫૩)

જીવને પરમાર્થપ્રાપ્તિ કરવાને એ શિવાય બીજો ઉપાય નથી.

બીજું કાંઇ શોધમાં. માત્ર એક સત્પુરૂષને શોધીને તેના ચરણકમળમાં સર્વ ભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા; પછી જો મોક્ષ ન મળે, તો મારી પાસેથી લેજે.

સત્પુરૂષ એજ કે નિશદિન જેને આત્મઉપયોગ છે. શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે. અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કાંઈ કહ્યું જાય તેમ નથી.

અને આમ કર્યા વિના તારો કોઈ કાળે છુટકો થનાર નથી. આ અનુભવપ્રવચન ગણ.

આશો વદ ૧૦, શનિ, મોહમયી.

વિ૦ રાયચંદના પ્રણામ.

એક સત્પુરૂષને રાજી કરવામાં તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં તેજ સત્ય માનવામાં આખી જીંદગી ગઇ, તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદર ભવે અવશ્ય મોક્ષે જઇશ.

(૫૪)

તમારા આત્મબોધ માટે થઈને પ્રસન્નતા થાય છે. અહીં આત્મચર્ચા શ્રેષ્ટ ચાલે છે. સત્સંગની બળવત્તરતા છે.

શ્રાવણ શુદ ૧, રવિ, ભરૂચ.

વિ૦ રાયચંદના ત્રિ૦

(૫૫)[2]

પત્ર મળ્યું. નમ્રતાથી, વિનયથી આખા વર્ષમાં થયેલો તમારા પ્રત્યેનો મારો અપરાધ મન, વચન અને કાયાના પ્રશસ્ત યોગથી ફરી ફરી ખમાવું છું. સર્વ પ્રકારે મારા અપરાધનું વિસ્મરણ કરી આત્મશ્રેણીમાં પ્રવર્ત્તન કર્યા રહેો એ વિનંતિ છે.

ભાદ્રપદ શુદ ૪.

---

* નીચેના પત્રોની શાલ નથી મળી શકતી. તેમાં મીતિઓ મળે છે—સંશોધક.

૧. આ ૫૨ થી ૫૩ આંક સુધીના પત્રો વિ૦ સં૦ ૧૯૪૫-૪૬ ની શાલના હોવા સંભવ છે.—સંશોધક.

૨. આ વાકયો 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથની પ્રથમાવૃત્તિમાં ૧૩૨ મા પૃષ્ઠ પર છપાએલ '૭૨' મા આંકવાળા પત્રનો અને આ આવૃત્તિમાં પૃષ્ઠ ૧૫૮ પર છપાએલ ૭૬ મા આંકવાળા પત્રનો પહેલો ભાગ છે. —સંશોધક.

(૫૬)[1]

આજ દિન પર્યંત સર્વભાવે કરી ખમાવું છું.

નીચે લખેલાં વાકય તથારૂપ પ્રસંગ વિસ્તારથી સમજવા યોગ્ય છે.

'અનુભવ પ્રકાશ' ગ્રંથમાંનો શ્રી પ્રહ્લાદજી પ્રત્યે સદ્ગુરૂ દેવે કહેલો ઉપદેશ પ્રસંગ લખ્યો તે વાસ્તવ્ય છે.

તથારૂપે નિર્વિકલ્પ અને અખંડ સ્વસ્વરૂપનાં અભિન્નજ્ઞાન શિવાય અન્ય કોઇ સર્વ દુઃખ ઘટવાનો ઉપાય જ્ઞાની પુરૂષોએ જાણ્યો નથી. એજ વિનંતિ.

વવાણીઆ, ભાદ્રપદ શુદ ૯, ગુરૂ.

(૫૭)[2]

સમાગમ વિષે તમને ઇચ્છા છે અને તે પ્રમાણે અનુસરવામાં સામાન્યપણે બાધ નથી, તથાપિ ચિત્તના કારણથી હાલ વધારે સમાગમમાં આવવાનું કરવા વિષે લક્ષ થતો નથી. અત્રેથી મહા શુદ ૧૫ ઉપર નિવૃત્ત થવાનો સંભવ જણાય છે, તથાપિ તે વખતમાં રોકાવા જેટલો અવકાશ નથી, અને મુખ્ય ઉપર જણાવ્યું છે તે કારણ છે, તોપણ જો કંઇ બાધ જેવું નહીં હોય, તો સ્ટેશનપર મળવા વિષે આગળથી તમને જણાવીશ.

મારા આવવા વિષેના ખબર વિશેષ કોઇને હાલ નહીં જણાવશો, કેમકે વધારે સમાગમમાં આવવાનું ઉદાસીનપણું રહે છે.

મુંબઇથી પોશ વદ ૦)), શનિવાર.

આત્મસ્વરૂપે પ્રણામ.

(૫૮)[3]

છેલ્લા સમાગમ સમયે ચિત્તની જે દશા વર્તતી હતી તે તમે લખી તે યોગ્ય છે. તે દશા જ્ઞાત હતી, જ્ઞાત છે એમ જણાય તો પણ યથાવસરે આ માથી જીવે તે દશા ઉપયોગ પૂર્વક વિદિત કરવી; તેથી જીવને વિશેષ ઉપકાર થાય છે.

પ્રશ્નો લખ્યાં છે તેનું સમાગમયોગે સમાધાન થવાની વૃત્તિ રાખવી યોગ્ય છે, તેથી વિશેષ ઉપકાર થશે. આ તરફ વિશેષ વખત હાલ સ્થિતિ થવાનો સંભવ નથી.

વૈશાખ વદ ૧૩, વવાણીઆ.

(૫૯)[4]

પત્ર અને 'સમયસાર'ની પ્રત સંપ્રાપ્ત થઇ.

કુંદકુંદાચાર્યકૃત 'સમયસાર' ગ્રંથ જૂદો છે. આ ગ્રંથકર્ત્તા જૂદા છે અને ગ્રંથનો વિષય પણ જૂદો છે. ગ્રંથ ઉત્તમ છે.

આર્ય ત્રિભુવને દેહોત્સર્ગ કર્યાના ખબર તમને મળ્યા; તેથી ખેદ થયો તે યથાર્થ છે. આવા

---

૧. આ પત્ર 'સં. ૧૯૪૭' માં લખાયો હોય એમ જણાય છે, કેમકે એ સાલના ભાદ્રપદમાં 'વવાણીઆ' માં સ્થિરતા હતી—સંશોધક.

૨. આ પત્ર 'સં. ૧૯૫૧'માં લખાયો હોય એમ જણાય છે, કારણ કે જે અરસામાં આ પત્ર લખાયો છે તે અરસામાં મુંબઈથી વવાણીઆ તરફ આવવાનો શ્રીમદ્નો વિચાર હતો એમ માગશર વદ ૮, ૧૯૫૧ ને રોજ લખેલા એક પત્રથી જણાય છે.—સંશોધક.

૩. આ પત્ર '૧૯૫૨ માં લખાયો હોવા સંભવ છે, કારણકે તે સમયે શ્રીમદ્ની સ્થિરતા વવાણીઆમાં હતી.—સંશોધક.

૪ આ પત્ર '૧૯૫૬'માં લખાયો છે, કેમકે તે સમયે આ પ્રસંગ બન્યો છે.—સંશોધક.

કાળમાં આર્ય ત્રિભુવન જેવા મુમુક્ષુઓ વિરલ છે. દિનપ્રતિદિન શાંત અવસ્થાએ કરી તેનો આત્મા સ્વરૂપલક્ષિત થયો હતો. કર્મતત્ત્વને સૂક્ષ્મપણે વિચારી, નિદિધ્યાસન કરી આત્માને તદનુયાયી પરિણતિનો નિરોધ થાય એ તેનો મુખ્ય લક્ષ હતો. વિશેષ આયુષ હોત, તો તે મુમુક્ષુ ચારિત્રમોહને ક્ષીણ કરવા પ્રત્યે અવશ્ય પ્રવર્તત.

વવાણીઆ, જ્યેષ્ઠ શુદ ૧૩, સોમ.

શાંતિ: શાંતિઃ શાંતિઃ

શાલ અને મિતિ વિનાના પત્રો.*

(૬૦)

કુટુંબાદિ સંગ વિષે લખ્યું તે ખરૂં છે, તેમાં પણ આ કાળમાં એવા સંગમાં જીવે સમપણે પરિણમવું એ મહા વિકટ છે, અને જેઓ એટલું છતાં પણ સમપણે પરિણમે તે વિકટભવી જીવ જાણીએ છીએ.

આજીવિકાના પ્રપંચ વિષે વારંવાર સ્મૃતિ ન થાય એટલા માટે ચાકરી કરવી પડે તે હિતકારક છે. જીવે પોતાની ઈચ્છાએ કરેલા દોષ તીવ્રપણે ભોગવવા પડે છે, માટે ગમે તે પ્રસંગમાં પણ સ્વેચ્છાએ અશુભપણે પ્રવર્તવું ન પડે તેમ કરવું.

(૬૧)

આત્માનું કલ્યાણ સંશોધવા માટે જે તમારી અભિલાષાઓ દેખાય છે તે, મને પ્રસન્નતા આપે છે. ધર્મ–પ્રશસ્ત ધ્યાન–કરવા માટે વિજ્ઞાપન કરી અત્યારે આ પત્ર પૂર્ણ કરૂં છું.

વઢવાણ કૅમ્પ. રાયચંદ.

(૬૨)

પૂર્વે ઉત્પન્ન કરેલાં વેદનીય કર્મના ઉદય પ્રમાણે રોગાદિ ઉત્પન્ન થાય છે, અને તેપ્રમાણે નિર્બળ, મંદ, ગ્લાન, ઉષ્ણશીતાદિ શરીરચેષ્ટા થાય છે. વિશેષ રોગના ઉદયથી અથવા શારીરિક મંદ બળથી જીવને ભ્રમાદિનો ઉદય પણ વર્તે છે; તથાપિ જે પ્રમાણે જીવને વિષે બોધ અને વૈરાગ્યની વાસના થઇ હોય છે તે પ્રમાણે તે રોગને તે તે પ્રસંગે ઘણું કરી વેદે છે.

(૬૩)

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો. જીવના અનઅધિકારીપણાને લીધે તથા સત્પુરૂષના યોગવિના સમજાતું નથી; તોપણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઇ હિતકારી ઔષધ નથી એવું વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મમરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ ! !

હે જીવ ! આ કલેશરૂપ સંસાર થકી, વિરામ પામ, વિરામ; પામ કાંઇક વિચારપ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા ! ! નહીં તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ ! હવે મારે સત્પુરૂષની આજ્ઞા ઉપાસવા યોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

* આ પત્રો અને લેખોની સાલ કે મિતિ મળતાં નથી.—સંશોધક.

૧. આ વચનો પત્રરૂપે છે કે શ્રીમદ્‌ના અંકિત ઉદ્‌ગારો છે ?—સંશોધક.

(૬૪)[1]

કેટલીક વાતો એવી છે કે, માત્ર આત્માને ગ્રાહ્ય છે, અને મન વચન કાયાથી પર છે; કેટલીક વાતો એવી છે કે, જે વચન કાયાથી પર છે, પણ છે.

શ્રી ભગવાન
શ્રી મધશાપ[1]
શ્રી બખલાધ[2]

(૬૫)

સમજીને અલ્પભાષી થનારને (પાછળથી) પશ્ચાતાપ કરવાનો થોડો જ અવસર સંભવે છે.

ગયેલી એક પળ પણ પાછી મળતી નથી અને તે અમૂલ્ય છે, તો પછી આખી આયુષ્-સ્થિતિ—એક પળનો હિન ઉપયોગ તે એક અમૂલ્ય કૌસ્તુભ ખોવા કરતાં પણ વિશેષ હાનિકારક છે, તો તેવી સાઠ પળની એક ઘડીનો હિત ઉપયોગ કરવાથી કેટલી હાનિ થવી જોઇશે ? એમજ એક દિન, એક પક્ષ, એક માસ એક વર્ષ અને અનુક્રમે આખી આયુષસ્થિતિનો હિન ઉપયોગ એ કેટલી હાનિ અને કેટલાં અશ્રેયનું કારણ થાય—એ વિચાર શુક્લ હૃદયથી તરત આવી શકશે.

સુખ અને આનંદ એ સર્વ પ્રાણી, સર્વ જીવ, સર્વસત્વ (?) અને સર્વ જંતુને નિરંતર પ્રિય છે, છતાં દુઃખ અને આનંદ ભોગવે છે એનું શું કારણ હોવું જોઇએ ? અને તે વડે જીંદગીનો હિન ઉપયોગ—હિન ઉપયોગ થતો અટકાવવાને પ્રત્યેક પ્રાણીની ઇચ્છા હોવી જોઇએ. પરંતુ કયા સાધનવડે ———————————————

(૬૬)

જેમ બને તેમ સદ્વિચારનો પરિચય થાય તેમ કરવા, (ઉપાધિમાં મુંઝાઇ રહેવાથી) યોગ્ય પણે ન વર્તાય તે વાત લક્ષમાં રાખવાયોગ્ય જ્ઞાનીઓએ જાણી છે.

બીજા કામમાં પ્રવર્ત્તતાં પણ અન્યત્વ ભાવનાએ વર્ત્તવાનો અભ્યાસ રાખવો યોગ્ય છે.

વૈરાગ્ય ભાવનાએ ભૂષિત એવા ' શાંત સુધારસાદિ ' ગ્રંથો નિરંતર ચિંતન કરવા યોગ્ય છે, પ્રમાદમાં વૈરાગ્યની તીવ્રતા—મુમુક્ષુતા મંદ કરવા યોગ્ય નથી એવો નિશ્ચય રાખવો યોગ્ય છે.

(૬૭)

આ દુષમકાળમાં સત્સમાગમ અને અસંગપણું અતિ દુર્લભ છે; ત્યાં પરમ સત્સંગ અને પરમ અસંગપણાનો યોગ કયાંથી છાજે ?

(૬૮)

શ્રી કૃષ્ણ ગમે તે ગતિને પ્રાપ્ત થયા હોય, પણ વિચારતાં તે આત્મભાવ ઉપયોગી હતા એમ સ્પષ્ટ જણાય છે. શ્રી કૃષ્ણે કાંચનની દ્વારિકાનું છપ્પન કોટી યાદવોએ સંગ્રહિત પંચવિષયના આકર્ષિત કારણોના યોગમાં સ્વામીપણું ભોગવ્યું તે શ્રી કૃષ્ણે જ્યારે દેહ મૂકયો છે ત્યારે શી સ્થિતિ હતી તે વિચારવા યોગ્ય છે; અને વિચારી આ જીવને જરૂર આકુળપણાથી મુક્ત કરવા યોગ્ય છે. કુળનો સંહાર થયો છે. દ્વારિકાનો દાહ થાય છે તે શોકે શોકવાન એકલા વનમાં ભૂમિપર આધાર કરી સૂતા છે ત્યાં જરાકુમારે બાણ માર્યું તે સમયે પણ જેણે ધીરજને અવગાહી છે તે શ્રી કૃષ્ણની દશા વિચારવા યોગ્ય છે.

સમ્યગ્દૃષ્ટિ અભક્ષ્ય આહાર કરે એ આદિ પ્રશ્નો લખ્યાં. એ પ્રશ્નોના હેતુ વિચારવાથી

---

૧. બારાક્ષરીનો એક ઉતરતો અક્ષર વાંચવાથી ' ભગવાન ' થશે, ૨. બારાક્ષરીનો એક ઉપરનો અક્ષર વાંચવાથી ' ભગવાન ' થશે—સંશોધક.

જણાવવા યોગ્ય છે કે, પ્રથમ પત્રમાં કોઈ એક દૃષ્ટાંત ગ્રહણ કરી જીવે શુદ્ધ પરિણામની હાનિ કરવા જેવું છે. મતિના અસ્થિરપણાથી જીવ પરિણામનો વિચાર નથી કરી શકતો. શ્રેણિકાદિના સંબંધમાં કોઈ એક સ્થળે એવી વાત કોઈ એક ગ્રંથમાં જણાવી છે, પણ તે કોઇએપ્રવૃત્તિ કરવા અર્થે જણાવી નથી. તેમજ તે વાત યથાર્થ એમજ છે તેમ પણ નથી. સમ્યગ્દૃષ્ટિ પુરૂષને અલ્પ માત્ર વ્રત નથી હોતું તોપણ સમ્યક્દર્શન આવ્યા પછી ન વમે તો વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ પામે એવું સમ્યક્દર્શનનું બળ છે એવા હેતુએ દર્શાવેલી વાણીને બીજા રૂપમાં લઈ ન જવી. સત્પુરૂષની વાણી વિષય અને કષાયના અનુમોદનથી અથવા રાગદ્વેષના પોષણથી રહિત હોય છે એવો નિશ્ચય રાખવો.

(૬૯)

ઉંચી ભૂમિકાને પામેલા મુમુક્ષુઓને પણ સત્પુરૂષોનો યોગ અથવા સત્સમાગમ આધારભૂત છે એમાં સંશય નથી. નિવૃત્તિમાન્ દ્રવ્ય, ક્ષેત્ર. કાળ અને ભાવનો યોગ બનવાથી જીવ ઉત્તરોત્તર ઉંચી ભૂમિકાને પામે છે. નિવૃત્તિમાન્ ભાવ પરિણામ થવાને નિવૃત્તિમાન્ દ્રવ્ય, ક્ષેત્ર, અને કાળ જીવે પ્રાપ્ત કરવા યોગ્ય છે. શુદ્ધસાનવગરના આ જીવને કોઇપણ યોગથી શુભેચ્છા-કલ્યાણ કરવાની ઇચ્છા પ્રાપ્ત થાય, અને નિસ્પૃહ પરમ પુરૂષોનો યોગ બને તોજ આ જીવને ભાન આવવું યોગ્ય છે તે વિયોગમાં સત્શાસ્ત્ર અને સદાચારનો પરિચય કર્તવ્ય છે—અવશ્ય કર્તવ્ય છે.

જીવને પરમાર્થ પામવામાં અપાર અંતરાય છે તેમાં પણ આવા કાળને વિષે, તો તે અંતરાયનું અવર્ણનીય બળ હોય છે. શુભેચ્છાથી માંડી કેવળ પર્યંતની ભૂમિકાએ પહોંચતાં ઠામઠામ તે અંતરાયો જોવામાં આવે છે, અને જીવને વારંવાર તે અંતરાયો પરમાર્થ પ્રત્યે પાડે છે. જીવને મહત્પુણ્યના ઉદયથી જો સત્સમાગમનો અપૂર્વ લાભ રહ્યા કરે. તો તે નિર્વિકલ્પપણે કેવળ પર્યંતની ભૂમિકાએ પહોંચી જાય છે. સત્સમાગમના વિયોગમાં જીવે આત્મબળને વિશેષ જાગૃત રાખી સત્શાસ્ત્ર અને શુભેચ્છાસંપન્ન પુરૂષોના સમાગમમાં રહેવાયોગ્ય છે.

શ્રી ડુંગરની દશા લખી તે જાણી છે. શ્રી સોભાગ્યના વિયોગથી તેમને સૌથી વધારે ખેદ થવાયોગ્ય છે. એક બળવાન સત્સમાગમનો યોગ જવાથી આત્માર્થીના અંતઃકરણમાં બળવાન ખેદ થવાયોગ્ય છે. તમે સર્વ મુમુક્ષુઓ નિરંતર સત્શાસ્ત્રનો પરિચય રાખવાનું ચૂકશો નહીં. કોઇ કોઇ પ્રશ્ન અત્રે લખો છો તેના ઉત્તર ઘણું કરીને હાલ લખવાનું થતું નથી. તેથી કાંઇપણ વિકલ્પમાં ન પડતાં અનુક્રમે તે ઉત્તર મળી જશે એમ વિચારવું યોગ્ય છે. થોડા દિવસ પછી ઘણું કરીને શ્રી ડુંગર પ્રત્યે એક પુસ્તક તેમને નિવૃત્તિનું પ્રાધાન્યપણું રહે તેવું વાંચવા અર્થે મોકલવાનું થશે.

સત્શાસ્ત્રનો પરિચય નિયમપૂર્વક નિરંતર કરવાયોગ્ય છે. એક બીજાના સમાગમમાં આવતાં આત્માર્થવાર્તા કર્તવ્ય છે.

આર્ય સોભાગ્યનો સમાગમ વિશેષ વખત તમને રહ્યો હોત તો ઘણો ઉપકાર થાત, પણ ભાવી પ્રબળ છે; તે માટે ઉપાય એ છે કે, તેમના ગુણોનું વારંવાર સ્મરણ કરીને જીવને વિષે તે ગુણો ઉત્પન્ન થાય એવું વર્તન, નિયમિતપણે નિત્ય સદ્‌ગ્રંથનું વાંચન તથા મનન રાખવું યોગ્ય છે.

"કયા ગુણો અંગમાં આવવાથી માર્ગાનુસારીપણું તથારૂપે કહેવાય ?", "કયા ગુણો અંગમાં આવવાથી સમ્યક્દૃષ્ટિપણું તથારૂપે કહેવાય ?", "કયાં ગુણો અંગમાં આવવાથી શ્રુતકેવલજ્ઞાન થાય, અને કેવી દશા આવવાથી કેવલજ્ઞાન તથારૂપપણે થાય, અથવા કહી શકાય ?" એ પ્રશ્નનો ઉત્તર લખાવવા માટે શ્રી ડુંગર કરશો. (વિચારવાનને આ પ્રશ્નહિતકારી છે.)

(૭૦)

પરમપુરૂષની મુખ્ય ભક્તિ ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થાય એવા સદ્વર્તનથી પ્રાપ્ત થાય છે. ચરણપ્રતિપતી શુદ્ધ આચરણની ઉપાસનારૂપ સદ્વર્તન જ્ઞાનીની મુખ્ય આજ્ઞા છે; જે આજ્ઞા પરમ પુરૂષની મુખ્ય આજ્ઞા છે.

ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થવામાં ગૃહવાસી જનોએ સદુદ્યમરૂપ આજીવિકાદિ વ્યવહાર સહિત પ્રવર્ત્તન કરવું યોગ્ય છે.

ઘણા શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં જો જ્ઞાની પુરૂષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે, તો ઘણા શાસ્ત્રોથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.

(૭૧)

આ જીવને ઉતાપનાનો મૂળ હેતુ શું છે? તથા તેની કેમ નિવૃત્તિ થાય અને કેમ થતી નથી? એ પ્રશ્ન વિશેષ કરી વિચારવાયોગ્ય છે. અંતર્માં ઉતારીને વિચારવાયોગ્ય છે. જ્યાંસુધી એ ક્ષેત્રે સ્થિતિ ન રહે ત્યાંસુધી ચિત્તને વધારે દ્રઢ (?) રાખી વર્તવું.

(૭૨)

ૐ

મિથ્યા જગત્ વેદાન્ત કહે છે તે ખોટું શું છે ?

અવિષમભાવ વિના અમને પણ અબંધપણા માટે બીજો કોઇ અધિકાર નથી. મૌનપણું ભજવાયોગ્ય માર્ગ છે!

બધુંય હરિને આધીન છે. પત્રપ્રાસાદિ પ્રાપ્ત થઈ છે. અત્ર સમાધિ છે. વિગતવાર હવે પછી. નિરૂપાયતાને લીધે લખી શકતો નથી.

–શ્રદ્ધાજ્ઞાન લહ્યું છે તોપણ,
  જો નવી જાય પમાયો (પ્રમાદ) રે;
વંધ્યતરૂ ઉપમ તે પામે,
  સંયમઠાણ જો નાયો રે.
ગાયો, ગાયો, ભલે વીર જગત્ ગુરૂ ગાયો.

અનુક્રમે શું થાય છે તે જોવું યોગ્ય છે. "ભગવત્ ભગવત્નું સંભળાશે, પણ જીવ જ્યારે પોતાપણું મૂકશે ત્યારે" એવું જે ભદ્રજનોનું વચન તે પણ વિચારતાં હિતકારી છે. આપ કાંઇ જ્ઞાનકથા લખશો.

છૂટા મનથી ખુલાસો આપી શકાય એવી તમારી ઇચ્છા રહે છે, તે ઇચ્છા હોવાને લીધેજ છૂટા મનથી ખુલાસો આપવાનું બન્યું નથી; અને હવે પણ તે ઇચ્છા નિરોધ્યા શિવાય તમને બીજું વિશેષ કર્ત્તવ્ય નથી. અમે છુટાચિત્તથી ખુલાસો આપીશું એમ ગણી તે ઇચ્છા નિરોધવી ઘટે નહીં, પણ સત્પુરૂષોના સંગનું માહાત્મ્ય જળવાય તે ઇચ્છા સમાવવી ઘટે છે; એમ વિચારીને સમાવવી ઘટે છે. સત્સંગની ઇચ્છાથીજ જો સંસારપ્રતિબંધ ટળવાને સ્થિતિ સુધારવાની ઇચ્છા રહેતી હોય, તોપણ હાલ જતી કરવી યોગ્ય છે, કેમકે અમને એમ લાગે છે કે, વારંવાર તમે લખો છો તે કુટુંબ મોહ છે, સંક્લેશ પરિણામ છે; અને અસાતા નહીં સહન કરવાની કંઇપણ અંશે બુદ્ધિ છે; અને જો પુરૂષને તે વાત ભક્તજનને લખી હોય તો તેથી તેનો રસ્તો કરવાને બદલે એમ થાય છે કે, આવી નિદાન બુદ્ધિ ત્યાંસુધી સમ્યક્ત્વનો નિરોધ રહે ખરો; એમ વિચારી ઘણીવાર ખેદ થઇ આવે છે તેને લખવું તે તમારે યોગ્ય નથી.

(૭૩)

ગમે તે ક્રિયા જપ તપ કે શાસ્ત્રવાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું; તે એ કે જગતની વિસ્મૃતિ કરવી, અને સતના ચરણમાં રહેવું.

અને એ એકજ લક્ષ ઉપર પ્રવૃત્તિ કરવાથી જીવને પોતાને શું કરવું યોગ્ય છે, અને શું કરવું અયોગ્ય છે તે સમજાય છે-સમજાતું જાય છે.

એ લક્ષ આગળ થયા વિના જપ, તપ, ધ્યાન કે દાન કોઇની યથાયોગ્ય સિદ્ધિ નથી, અને ત્યાં સુધી ધ્યાનાદિક નહીં જેવા કામના છે.

માટે એમાંથી જે જે સાધનો થઈ શકતાં હોય તે બધાં એક લક્ષને થવાને અર્થે કરવાં કે જે લક્ષ અમે ઉપર જણાવ્યો છે. જપતપાદિ કંઇ નિષેધવાયોગ્ય નથી; તથાપિ તે બધાં એક લક્ષને અર્થે છે, અને એ લક્ષ વિના જીવને સમ્યક્ત્વસિદ્ધિ થતી નથી.

વધારે શું કહિયે? ઉપર જણાવ્યું છે તેટલું જ સમજવાને માટે સઘળાં શાસ્ત્રો પ્રતિપાદિત થયાં છે.

(૭૪)

નિસ્પૃહી મહાત્માઓને અભેદ ભાવે નમસ્કાર.

"અનંતકાળ થયાં જીવને પરિભ્રમણ કરતાં છતાં તેની નિવૃત્તિ કેમ થતી નથી?" અને "તે શું કરવાથી થાય?"

એ વાક્યમાં અનેક અર્થ સમાયેલા છે. તેને વિચાર્યા વિના કે દ્રઢ વિશ્વાસથી ઝૂર્યા વિના માર્ગના અંશનું અલ્પભાન થતું નથી. બીજા બધા વિકલ્પો દૂર કરી આ એક ઉપર લખેલું સત્પુરૂષોનું વચનામૃત વારંવાર વિચારી લેશો.

સંસારમાં રહેવું અને એક મોક્ષ થવા કહેવું એ બનવું અસુલભ છે.

મૈત્રિઃ—સર્વ જીવ પ્રત્યે હિત ચિંતવના.

પ્રમોદઃ—ગુણજ્ઞ જીવ પ્રત્યે ઉલ્લાસ પરિણામ.

કરૂણાઃ—કોઈ પણ જીવ જન્મ મરણથી મુક્ત થવો (થવાનું કરવું).

મધ્યસ્થતાઃ-નિર્ગુણી જીવ પ્રત્યે ઉદાસીનતા.

(૭૫)

પ્રારબ્ધયોગથી જે બને તે પણ શુદ્ધ ભાવના અનુસંધાનપૂર્વક થવું ઘટે છે.

મહાત્માઓએ નિષ્કારણ કરૂણાથી પરમપદનો ઉપદેશ કર્યો છે તેથી એમ જણાય છે કે, તે ઉપદેશનું કાર્ય પરમ મહત્તજ છે. સર્વજીવ પ્રત્યે બાહ્ય દયામાં પણ અપ્રમત્ત રહેવાનો જેના યોગનો સ્વભાવ છે તેનો આત્મસ્વભાવ સર્વ જીવને પરમપદના ઉપદેશનો આકર્ષક હોય તેવી નિષ્કારણ કરૂણાવાળો હોય તે યથાર્થ છે.

(૭૬)

"મનઃપર્યવજ્ઞાન કેવી રીતે પ્રગટે?"

સાધારણપણે દરેક જીવને મતિજ્ઞાન હોય છે. તેને આશ્રયે રહેલા શ્રુતજ્ઞાનમાં વધારો થવાથી તે મતિજ્ઞાનનું બળ વધારે છે; એમ અનુક્રમે મતિજ્ઞાન નિર્મળ થવાથી આત્માનું અસંયમપણું ટળી સંયમપણું થાય છે, ને તેથી મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે. તેને યોગે આત્મા બીજાનો અભિપ્રાય જાણી શકે છે. લિંગ દેખાવ ઉપરથી બીજાના ક્રોધહર્ષાદિ ભાવ જાણી શકાય છે તે મતિજ્ઞાનનો વિષય છે. તેવા દેખાવને અભાવે જે ભાવ જાણી શકાય તે મનઃપર્યવજ્ઞાનનો વિષય છે.

(૭૭)

પાંચ ઇંદ્રિયોના વિષય સંબંધી.

જે જીવને મોહનીય કર્મરૂપી કષાયનો ત્યાગ કરવો હોય તે તેનો એકદમ ત્યાગ કરવા ધારશે ત્યારે કરી શકાશે તેવા વિશ્વાસ ઉપર રહી તેનો ક્રમે ત્યાગ કરવાનો અભિપ્રાય નથી કરતો તે એકદમ ત્યાગ કરવાનો પ્રસંગ આવે મોહનીય કર્મના બળ આગળ ટકી શકતો નથી; કારણ કર્મરૂપ શત્રુને ધીરે ધીરે નિર્બળ કર્યા વિના કાઢી મૂકવાને એકદમ અસમર્થ બને છે. આત્માના નિર્બળપણાને લઇને તેના ઉપર મોહનું બળવાનપણુંછે. તેનું જોર ઓછું કરવાને આત્મા પ્રયત્ન કરે, તો એકી વખતે તેના ઉપર જય મેળવવાની ધારણામાં તે ઠગાય જ છે. જ્યાં સુધી મોહવૃત્તિ લડવા સામી નથી આવી ત્યાંસુધી મોહવશ આત્મા પોતાનું બળવાનપણું ધારે છે; પરંતુ તેવી કસોટીનો પ્રસંગ આવ્યે આત્માને પોતાનું કાયરપણું સમજાય છે, માટે જેમ બને તેમ પાંચ ઇંદ્રિયોના વિષય મોળા કરવા તેમાં મુખ્યત્વે ઉપસ્થ ઇંદ્રિય અમલમાં લાવવી; એમ અનુક્રમે બીજી ઇંદ્રિય—(અપૂર્ણ)

(૭૮)

જે જે ઇચ્છાઓ તેમાં જણાવી છે તે કલ્યાણકારક જ છે, પરંતુ એ ઇચ્છાની સર્વ પ્રકારની સ્ફુર્ણા તો સાચા પુરૂષના ચરણકમળની સેવામાં રહી છે. આ નિઃશંક વાક્ય સર્વ અનંત જ્ઞાનીઓએ સમ્મત કરેલું આપને જણાવ્યું છે અને ઘણા પ્રકારે સત્સંગમાં રહી છે. (અપૂર્ણ.)

(૭૯)

ઘણીવાર તમ વગેરેથી લિખિત પત્રો અમને મળ્યાં હોય છે; અને તેની પહોંચ પણ લખવાનું અશકય થઇ આવે, અથવા તો તેમ કરવું યોગ્ય ભાસે છે. આટલી વાત સ્મરણમાં રહેવા લખી છે. તેવો પ્રસંગ બન્યે જીવને વિષે કંઇ તમારા પત્રાદિના લેખન દોષથી એમ બન્યું હશે કે કેમ એ આદિ વિકલ્પ ન થવા અર્થે આ સ્મરણ રાખવાને લખ્યું છે.

જેની ભક્તિ નિષ્કામ છે એવા પુરૂષોનો સત્સંગ કે દર્શન એ મહત્ પુણ્યરૂપ જાણવા યોગ્ય છે.

તમારા સમીપ સત્સંગીઓને સમસ્થિતિએ યથા૦

(૮૦)

ૐ નમઃ

અપૂર્વ શાંતિ અને સમાધિ અચળપણે વર્તે જ છે. કુંભક, રેચક પાંચે વાયુ સર્વોત્તમને ગતિને આરોગ્યબળ સહિત આપે જ છે.[૧]

(૮૧)

ૐ

સર્વ પ્રકારના ભયને રહેવાના સ્થાનકરૂપ એવા આ સંસારને વિષે માત્ર એક વૈરાગ્ય જ અભય છે એ નિશ્ચયમાં ત્રણે કાળને વિષે શંકા થવાયોગ્ય નથી.

યોગ અસંખ જે જિન કહ્યા,
ઘટમાંહિ રિદ્ધિ દાખી રે;
નવપદ તેમજ જાણજો,
આતમરામ છે સાખી રે.

૧ આ વાકયમાં કંઇક ક્લિષ્ટતા અને અસ્પષ્ટતા લાગે છે. અમને મૂળપત્ર મળ્યો નથી, બીજાએ કરેલી નકલ ઉપરથી અમે આ ઉતારે કર્યો છે.—સંશોધક.

આત્માને વિષે વર્તે છે એવા જ્ઞાની પુરૂષો સહજપ્રાપ્ત પ્રારબ્ધ પ્રમાણે વર્ત્તે છે. વાસ્તવ્ય તો એમ છે કે, "જે કાળે જ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થયું તેજ કાળે જ્ઞાની મુક્ત છે." દેહાદિને વિષે અપ્રતિબદ્ધ છે; સુખ દુઃખ, હર્ષ શોકાદિને વિષે અપ્રતિબદ્ધ છે; એવા જે જ્ઞાની તેને આશ્રય કે આલંબન નથી. ધીરજ પ્રાપ્ત થવા "ઇશ્વરેચ્છાદિ" ભાવના તેને થવા યોગ્ય નથી. ભક્તિમાનને જે કાંઈ પ્રાપ્ત થાય છે તેમાં કોઇ કલેશના પ્રકાર દેખી, તટસ્થ ધીરજ રહેવા તે ભાવના કોઇ પ્રકારે યોગ્ય છે. જ્ઞાનીને "પ્રારબ્ધ," "ઇશ્વરેચ્છાદિ" બધા પ્રકારો એકજ ભાવના સરખા મુખ્યતા (એ) છે. તેને સાતા અસાતામાં કંઈ કોઈ પ્રકારે રાગદ્વેષાદિ કારણ નથી. તે બન્નેમાં ઉદાસીન છે, જે ઉદાસીન છે તે મૂળ સ્વરૂપે નિરાલંબન છે. નિરાલંબન એવું જેનું ઉદાસીનપણું એ ઇશ્વરેચ્છાથી પણ બળવાન જાણીએ છીએ. 'ઇશ્વરેચ્છા' એ શબ્દ પણ અર્થાંતરે જાણવાયોગ્ય છે. ઇશ્વરેચ્છારૂપ આલંબન એ એ આશ્રયરૂપ એવી ભક્તિને યોગ્ય છે. નિરાશ્રય એવા જ્ઞાનીને બંધુએ સમ છે, અથવા જ્ઞાની સહજ પરિણામી છે, સહજ સ્વરૂપી છે; સહજપણે સ્થિત છે. સહજપણે પ્રાપ્ત ઉદય ભોગવે છે; સહજપણે જે કંઇ થાય તે થાય છે; જે ન થાય તે ન થાય છે. તે કર્તવ્ય રહિત છે. કર્ત્તવ્ય ભાવ તેને વિષે વિલયપ્રાપ્ત થાય છે માટે તેમને–તે જ્ઞાનીના સ્વરૂપને–વિષે પ્રારબ્ધનું ઉદયનું સહજ પ્રાપ્તપણું તે વધારે યોગ્ય છે એમ જાણવું યોગ્ય છે. ઇશ્વરને વિષે કોઈ પ્રકારે ઇચ્છા સ્થાપીત કરી તે ઇચ્છાવાન્ કહેવા યોગ્ય છે. જ્ઞાની ઇચ્છારહિત છે. ઇચ્છા સહિત એમ કહેવું બનતું નથી. તે સહજ સ્વરૂપ છે.

(૮૨)

વૈરાગ્યભાવનાએ ભૂષીત એવા 'શાન્ત સુધારસાદિ' ગ્રંથો નિરંતર ચિંતવવા યોગ્ય છે. વૈરાગ્યની તીવ્રતા–મુમુક્ષુતા–મંદ કરવા યોગ્ય નથી: એ નિશ્ચય રાખવો યોગ્ય છે.

(૮૩)[૧]

મુનિ શ્રી…………પ્રત્યે;

સહજ સમાગમ થઈ આવે અથવા એ લોકો ઇચ્છીને સમાગમ કરવા આવતા હોય તો સમાગમ કરવામાં શું હાનિ છે? કદાપિ વિરોધવૃત્તિથી એ લોકો સમાગમ કરવાનું કરતા હોય તો પણ શું હાનિ છે? આપણે તો તેના પ્રત્યે કેવળ હિતકારીવૃત્તિથી–અવિરોધ દૃષ્ટિથી સમાગમમાં પણ વર્તવું છે. ત્યાં શો પરાભવ છે? માત્ર ઉદીરણા કરીને સમાગમ કરવાનું હાલ કારણ નથી. તેમ સર્વ મુમુક્ષુઓના આચાર વિષે તેમને કંઈ સંશય હોય, તો પણ વિકલ્પનો અવકાશ નથી. …………સમાગમ…આદિનું પ્રશ્ન કરે તો તેના ઉત્તરમાં તો એટલું જ કહેવું યોગ્ય છે કે "તમે અમે સૌ આત્મહિતની કામનાએ નીકળ્યા છીએ; અને કરવાયોગ્ય પણ એજ છે. તે પુરૂષના સમાગમમાં અમે આવ્યા છીએ; તેમના સમાગમમાં તમે આવીને પ્રતીતિ કરી જોશો કે તેમના આત્માની દશા કેમ છે? અને તેઓ આપણને કેવા ઉપકારના કર્ત્તા છે. હાલ એ વાત આપ જવા દો………સુધી સહેજે પણ જવું થઇ શકે, અને આ તો જ્ઞાન…ઉપકારરૂપ પ્રસંગમાં જવું થયું છે એટલું આચા   વિકલ્પ કરવો ઘટતો નથી. રાગદ્વેષ પરિ

          ઉપદેશી કંઇપણ સમજાય. પ્રા   ટલો એ તેવા પુરૂષની કેવા

તેમજ શાસ્ત્રાદિથી વિચારી   નથી.

તમારો મુનિપણાનો સામાન્ય વ્યવહાર એવો છે કે, બાહ્ય અવિરતિ પુરૂષ પ્રત્યે વંદનાદિ વ્યવહાર કર્ત્તવ્ય નહીં તે વ્યવહાર તમારે પણ સાચવવે.. તે વ્યવહાર તમે રાખો તેમાં તમારો

---

[૧]. આ પત્ર ફાટેલો મળ્યો છે. જે ઠેકાણે અક્ષરો ગયા છે તે સ્થળે અવકાશ રાખ્યો છે.—સંશોધક.

સ્વછંદ નથી, માટે રાખવાયોગ્ય છે. ઘણા જીવોને સંશયનો હેતુ નહીં થાય. અમને કંઇ વંદનાદિની અપેક્ષા નથી.

" બીજું, કંઇ સન્માર્ગરૂપ આચારવિચારમાં અમારી શિથિલતા થઈ હોય તો તેમ કહો, કેમકે તેની શિથિલતાને ટાળ્યા વિના હિતકારી માર્ગ પમાય નહીં, એમ અમારી દૃષ્ટિ છે " એ આદિ પ્રસંગે કહેવું ઘટે તો કહેવું; અને તેમના પ્રત્યે અદ્વેષભાવ છે એવું બધું તેમના ધ્યાનમાં આવે તેવી વૃત્તિઓ તથા રીતિએ વર્તવું. તેમાં સંશય કર્તવ્ય નથી.

બીજું સાધુ વિષે તમારે કંઈ કહેવું કર્તવ્ય નથી. સમાગમમાં પછી પણ કંઈ ન્યૂનાધિકપણું તેમના ક્ષેપ પામવો નહીં. પ્રત્યે બળવાન્ અદ્વેષ.

વવાણીઆ સંવત્

(૮૪)

... .વગેરેને જે ઉપાધિ કાર્ય કરવા વિષે અધીરજથી આર્ત્ત જેવાં પરિણામથી પરની આજીવિકાનો ભંગ થાય છે તે જાણ્યા છતાં રાજકાજમાં અલ્પ કારણમાં વિશેષ સંબંધ કરવા યોગ્ય નથી; તે થાય એવું કારણ છતાં જેમાં તુચ્છ એવા દ્રવ્યાદિનો પણ વિશેષ લાભ નથી, છતાં તે માટે ફરી ફરી લખવાનું થાય છે તે શું યોગ્ય છે ? તેવા વિકલ્પને તમ જેવા પુરૂષ મોળો નહીં પાડી શકે, તો આ દુષમકાળમાં કોણ સમજીને સમાઈ રહેશે ?

કેટલી રીતે નિવૃત્તિને અર્થે અત્ર સત્સમાગમને અર્થે તે ઇચ્છા રાખો છો તે વાત લક્ષમાં છે; તથાપિ એકલી જ જો તે ઇચ્છા હોય તો આ પ્રકારની અધીરજ આદિ હોવા યોગ્ય ન હોય.......વગેરેને પણ હાલ ઉપાધિ સંબંધમાં લખવું ઘટતું નથી. જેમ થાય તેમ જોયા કરવું એજ યોગ્ય છે.

આ વિષે જેટલો ઠપકો લખવો જોઇએ તેટલો લખ્યો નથી, તોપણ તે વિશેષતાથી આ ઠપકો વિચારશો.

(૮૫)

કોઈ જાતની ક્રિયા જો કે ઉત્થાપવામાં નહીં આવતી હોય તોપણ તેઓને લાગે છે તેનું કંઇ કારણ હોવું જોઇએ. જે કારણ ટાળવું એ કલ્યાણરૂપ છે.

પરિણામે 'સત'ને પ્રાપ્ત કરાવનારી પ્રારંભમાં 'સત્તા'ની હેતુભૂત એવી તેમની રૂચિને પ્રસન્નતા આપનારી વૈરાગ્યકથાનો પ્રસંગોપાત તેમનાથી પરિચય કરવો, તો તેમના સમાગમથી પણ કલ્યાણજ વૃદ્ધિ પામશે, અને પેલું કારણ પણ ટળશે.

જેમાં પૃથ્વ્યાદિકનો વિસ્તારથી વિચાર કર્યો છે એવાં વચનો કરતાં "વૈતાલિક અધ્યયન" જેવાં વચનો વૈરાગ્યની વૃદ્ધિ કરે છે, અને બીજા મતભેદવાળાં પ્રાણીઓને પણ તેમાં અરૂચિ થતી નથી.

જે સાધુઓ તમને અનુસરતા હોય તેમને સમયપરત્વે જણાવતાં રહેવું કે, 'ધર્મ' તેનું નામ આપી શકાય કે જે ધર્મ થઈને પરિણમે. 'જ્ઞાન' તેનું નામ આપી શકાય કે, જે જ્ઞાન થઇને પરિણમે. આપણે આ બધી ક્રિયા અને વાંચના ઇત્યાદિક કરીએ છીએ તે મિથ્યા છે; એમ કહેવાનો મારો હેતુ તમે સમજો નહીં, તો હું તમને કંઈ કહેવા ઇચ્છું છું આમ જણાવી તેમને જણાવવું કે " આ જે કાંઈ આપણે કરીએ છીએ તેમાં કે.ઇ એવી વાત રહી જાય છે કે જેથી 'ધર્મ' અને 'જ્ઞાન' આપણને પોતાને રૂપે પરિણમતાં નથી; અને કષાય તેમજ મિથ્યાત્વ

(સંદેહ) નું મંદત્વ થતું નથી, માટે આપણે જીવના કલ્યાણનો ફરી ફરી વિચાર કરવો યોગ્ય છે, અને તે વિચાર્યે કંઇક આપણે ફળ પામ્યા વિના રહેશું નહીં. આપણે બધું જાણવાનું કરીએ છીએ, પણ આપણો 'સંદેહ' કેમ જાય ? તે જાણવાનો પ્રયત્ન કરતાં નથી; એ જ્યાંસુધી નહીં કરીએ ત્યાંસુધી 'સંદેહ' કેમ જાય ? અને સંદેહ હોય ત્યાંસુધી જ્ઞાન પણ નહોય; માટે સંદેહ જવાનો પ્રયત્ન કરવો જોઇએ. એ સંદેહ એ છે કે આ જીવ ભવ્ય છે કે અભવ્ય ? મિથ્યાદષ્ટિ છે કે સમ્યગ્દષ્ટિ ? સુલભબોધી છે કે દુર્લભબોધી ? તુચ્છસંસારી છે કે અધિક-સંસારી ? આ આપણને જણાય તેવો પ્રયત્ન કરવો જોઈએ." આવી જાતની જ્ઞાનકથાનો તેમનાથી પ્રસંગ રાખવો યોગ્ય છે.

(૮૬)

પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું યથાખ્યાત ચારિત્રથી પ્રગટેલું એવું પરમ અસંગપણું નિરંતર વ્યક્તાવ્યક્તપણે સંભારૂં છું.

(૮૭)

સત્સમાગમનો પ્રતિબંધ કરવાને જણાવે, તો તે પ્રતિબંધ ન કરવાની વૃત્તિ જણાવી તે યોગ્ય છે-યથાર્થ છે. તે પ્રમાણે વર્તશો. સત્સમાગમનો પ્રતિબંધ કરવો યોગ્ય નથી. તેમ સામાન્યપણે તેમની સાથે સમાધાન રહે એમ વર્તન થાય તેમ હિતકારી છે. પછી જેમ વિશેષને સંગમાં આવવું ન થાય એવાં ક્ષેત્ર વિચરવું યોગ્ય છે, કે જે ક્ષેત્રે આત્મસાધન સુલભપણે થાય.

પરમ શાંત શ્રુતના વિચારમાં ઈંદ્રિયનિગ્રહપૂર્વક આત્મપ્રવૃત્તિ રાખવામાં સ્વરૂપસ્થિરતા અપૂર્વપણે પ્રગટે છે.

ૐ **શાંતિ:**

(૮૮)

હે પરમકૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુઃખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરૂષનો મૂળ ધર્મ અનંત કૃપા કરી આપ શ્રીમતે મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું. વળી આપ શ્રીમત્ કંઇપણ લેવાને સર્વથા નિસ્પૃહ છો; જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરૂં છું.

આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરૂષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવ-પર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ **શાંતિઃ શાંતિઃ શાંતિ:**

(૮૯)

પ્રાણી માત્રનો રક્ષક, બંધવ અને હિતકારી એવો કોઇપણ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મજ છે.

(૯૦)

ૐ સત્શ્રુત.

શ્રી પાંડવ પુરાણે પ્રદ્યુમ્નચરિત્ર,
શ્રી પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય,
શ્રી પદ્મનંદિ પંચવિંશતિ,
શ્રી ગોમટ્ટસાર,

શ્રી રત્નકરન્ડ શ્રાવકાચાર,
શ્રી આત્માનુશાસન,
શ્રી મોક્ષમાર્ગપ્રકાશ,
શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા,
શ્રી યોગદ્રષ્ટિસમુચ્ચય,

આદિ અનેક છે, ઇંદ્રિય નિગ્રહના અભ્યાસપૂર્વક એ સત્શ્રુત સેવવા યોગ્ય છે. એ ફળ અલૌકિક છે–અમૃત છે.

(૯૧)

જ્ઞાનીને ઓળખો; ઓળખી એઓની આજ્ઞા આરાધો જ્ઞાનીની એક આજ્ઞા આરાધતાં અનેકવિધ કલ્યાણ છે.

(૯૨)

જ્ઞાનીઓ જગતને તૃણવત્ ગણે છે એ એઓના જ્ઞાનનો મહિમા સમજવો.

કોઇ મિથ્યાભિનિવેષી જ્ઞાનનો ડોળ કરી જગતનો ભાર મિથ્યા શીર વહતો હોય તો તે હંસીપાત્ર છે.

(૯૩)

જે જે બહુ ભોગવાય છે તે તે બહુ ક્ષીણ થાય છે; કર્મ ભોગવતાં (સમતાએ) નિર્જરે છે. શારીરિક વિષય ભોગવતાં શારીરિક શક્તિ ક્ષીણ થાય છે.

(૯૪)

જ્ઞાનીઓનો માર્ગ સુલભ છે, પણ તે પામવો દુર્લભ છે; એ માર્ગ વિકટ નથી. સીધો છે, પણ તે પામવો વિકટ છે.

ગીચ ઝાડીમાં ભૂલા પડેલા માણસને વનોપકંઠે જવાનો માર્ગ કોઈ દેખાડે કે, "જા, નીચે નીચે ચાલ્યો જા. રસ્તો સુલભ છે. આ રસ્તો સુલભ છે," પણ એ ભૂલા પડેલા માણસને જવું વિકટ છે; એ માર્ગ જતાં પહોંચશું કે નહીં એ શંકા નડે છે.

શંકા કર્યા વિના જ્ઞાનીઓનો માર્ગ આરાધે તો તે પામવો સુલભ છે.

(૯૫)

વસ્તુતઃ બે વસ્તુઓ છે. જીવ અને અજીવ.

સુવર્ણનામ લોકોએ કલ્પિત આપ્યું. તેની ભસ્મ થઇને પેટમાં ગયું વિષ્ઠા પરિણમી ખાતર થયું, ક્ષેત્રમાં ઉગ્યું; ધાન્ય થયું; લોકોએ ખાધું: કાલાંતરે લોહું થયું વસ્તુતઃ એક દ્રવ્યના જૂદા જૂદા પર્યાયોને કલ્પનારૂપે જૂદા જૂદા નામ અપાયાં એક દ્રવ્યના ભિન્ન ભિન્ન પર્યાયો વડે લોક ભ્રાન્તિમાં પડી ગયું. એ ભ્રાન્તિએ **મમતાને** જન્મ આપ્યો.

રૂપીઆ વસ્તુતઃ છે, છતાં લેણદાર દેણદારને મિથ્યા ઝઘડા થાય છે. લેણદારની અધીરાઇથી એને " મન " રૂપીઆ ગયા જાણે છે.

વસ્તુતઃ રૂપીઆ છે, તેમજ જૂદી જૂદી કલ્પનાએ ભ્રમજાળ પાથરી દીધી છે તેમાંથી જીવ જીવનો જડ ચૈતન્યનો ભેદ કરવો એ વિકટ થઈ પડયું છે.

ભ્રમજાળ યથાર્થ લક્ષમાં ઉતરે, તો જડ ચૈતન્ય ક્ષીરનીરવત્ ભિન્ન સ્પષ્ટ ભાસે.

(૯૬)

જ્ઞાનના બે બોલ.

પ્રશ્નો.	ઉત્તર.
૧ જગતમાં આદરવા યોગ્ય શું છે?	૧ સુગુરુનું વચન.
૨ શીઘ્ર કરવા યોગ્ય શું?	૨ કર્મનો નિગ્રહ.
૩ મોક્ષતરુનું બીજ શું?	૩ ક્રિયા સહિતસમ્યગ્જ્ઞાન.
૪ સદા ત્યાગવા યોગ્ય શું?	૪ અકાર્ય કામ.
૫ સદા પવિત્ર કોણ?	૫ જેનું અંતઃકરણ પાપથી રહિત હોય તે.
૬ સદા યૌવનવંત કોણ?	૬ તૃષ્ણા (લોભદશા).
૭ શૂરવીર કોણ?	૭ જે સ્ત્રીના કટાક્ષથી વિંધાય નહીં તે.
૮ મહત્તાનું મૂલ શું?	૮ કોઇની પાસે પ્રાર્થના (યાચના) ન કરવી તે.
૯ સદા જાગૃત કોણ?	૯ વિવેકી.
૧૦ આ દુનિયામાં નરક જેવું દુઃખ શું?	૧૨ પરતંત્રતા (પરવશ રહેવું તે).
૧૧ અસ્થિર વસ્તુ શું?	૧૧ યૌવન, લક્ષ્મી અને આયુષ્ય.
૧૨ આ જગતમાં અતિ ગહન શું?	૧૨ સ્ત્રીચરિત્ર અને તેથી વધારે પુરૂષચરિત્ર.
૧૩ ચંદ્રમાના કિરણો સમાન શ્વેતકીર્તિને ધારણ કરનાર કોણ?	૧૩ સુમતિ ને સજ્જન.
૧૪ જેને ચોર પણ લઇ શકે નહીં તેવો ખજાનો શું?	૧૪ વિદ્યા, સત્ય અને શીયલવ્રત.
૧૫ જીવનું સદા અનર્થ કરનાર કોણ?	૧૫ આર્ત્ત અને રૌદ્રધ્યાન.
૧૬ અંધ કોણ?	૧૬ કામી અને રાગી.
૧૭ બહેરો કોણ?	૧૭ જે હિતકારી વચનને સાંભળે નહીં તે.
૧૮ મુંગો કોણ?	૧૮ જે અવસર આવ્યે પ્રિયવચન ન બોલી શકે તે.
૧૯ શલ્યની પેઠે સદા દુઃખ દેનાર શું?	૧૯ છાનું કરેલું કર્મ.
૨૦ અવિશ્વાસ કરવા યોગ્ય કોણ?	૨૦ યુવતિ અને અસજ્જન (દુર્જન) માણસ.
૨૧ સદા ધ્યાનમાં રાખવા યોગ્ય શું?	૨૧ સંસારની અસારતા.
૨૨ સદા પૂજનીક કોણ?	૨૨ વીતરાગ દેવ, સુસાધુ અને સુધર્મ.

તા. ૧૪-૬-૯૦ સંવત્ ૧૯૪૬.

(૯૭)

શુભ બંધ મોળો હોય અને તેને કોઇ અશુભ કર્મનો જોગ બને તો શુભ બંધ મૂળ મોળો હોય તેના કરતાં વધારે મોળો થાય છે.

શુભ બંધ મોળો હોય અને તેમાં કોઇ શુભ કર્મયોગનું મળવું થાય તો મૂળ કરતાં વધારે દૃઢ થાય છે, અથવા નિકાચિત થાય છે.

કોઇ અશુભ બંધ મોળો હોય અને તેને કોઇ એક શુભ કર્મનો જોગ બને તો મૂળ કરતાં અશુભ બંધ ઓછો મોળો થાય છે.

અશુભ બંધ મોળો હોય તેમાં અશુભ કર્મનું મળવું થાય તો અશુભ બંધ વધારે મજબુત થાય છે, અથવા નિકાચિત થાય છે.

અશુભ બંધને અશુભ કર્મ ટાળી ન શકે અને શુભ બંધને શુભ કર્મ ટાળી ન શકે.

શુભ કર્મબંધનું ફળ શુભ થાય, અને અશુભ કર્મબંધનું ફળ અશુભ થાય. બન્નેના ફળ તો થવાંજ જોઇએ. નિષ્ફળ ન થઈ શકે.

રોગ વગેરે છે તે ઓસડથી ટળી શકે છે તેથી કોઇને એમ લાગે કે પાપવાળું ઓસડ કરવું તે અશુભ કર્મરૂપ છે, છતાં તેનાથી રોગ જે અશુભ કર્મનું ફળ છે તે મટી શકે છે; એટલે કે અશુભથી શુભ થઈ શકે છે; આવી શંકા થાય એવું છે; પણ એમ નથી. એ શંકાનો ખુલાસો નીચે પ્રમાણે છેઃ—

કોઇ એક પુદ્દગળના પરિણામથી થયેલી વેદના (પુદ્દગળવિપાકીવેદના) તથા મંદ રસની વેદના કેટલાક સંજોગોથી ટળી શકે છે; અને કેટલાએક સંજોગોથી વધારે થાય છે; અથવા નિકાચિત થાય છે. તેવી વેદનામાં ફેરફાર થવામાં બાહ્ય પુદ્દગળરૂપી ઓસડ વગેરે નિમિત્ત કારણ જોવામાં આવે છે; બાકી ખરી રીતે જોતાં તો તે બંધ પૂર્વેથી જ એવો બાંધેલો છે કે, તે જાતના ઓસડ વગેરેથી ટળી શકે. ઓસડ વગેરે મળવાનું કારણ એ છે કે, અશુભ બંધ મોળો બાંધ્યો હતો; અને બંધ પણ એવો હતો કે, તેને તેવાં નિમિત્ત કારણો મળે તો ટળી શકે; પણ તેથી એમ કહેવું બરાબર નથી કે પાપ કરવાથી તે રોગનો નાશ થઈ શક્યો; અર્થાત્ પાપ કરવાથી પુણ્યનું ફળ મેળવી શકાયું. પાપવાળા ઓસડની ઇચ્છા, અને તે મેળવવા માટેની પ્રવૃત્તિથી અશુભ કર્મ બંધાવાયોગ્ય છે અને તે પાપવાળી ક્રિયા અશુભ ઉદય આવ્યે ભોગવવી પડે છે; એટલે તે પાપવાળી ક્રિયાથી કંઇ શુભ ફળ થતું નથી. એમ ભાસે કે, અશુભ કર્મના ઉદયરૂપ અસાતાને તેણે ટાળ્યું તેથી તે શુભરૂપ થઇ તો તે સમજવા ફેર છે; અસાતા જ એવી જાતની હતી કે તે રીતે મટી શકે અને તેટલી આર્ત્તધ્યાન આદિની પ્રવૃત્તિ કરાવીને બીજો બંધ કરાવે.

પુદ્દગળવિપાકી એટલે જે કોઇ બહારના પુદ્દગળના સમાગમથી પુદ્દગળ વિપાકપણે ઉદય આવે અને કોઈ બાહ્ય પુદ્દગળના સમાગમથી નિવૃતિ પણ થાય; જેમ રૂતુના ફેરફારના કારણથી શરદીની ઉત્પત્તિ થાય છે અને રૂતુફેરથી તે નાશ થાય છે; અથવા કોઇ ગરમ ઓસડ વગેરેથી નિવૃત્ત થાય છે.

નિશ્ચય મુખ્ય દૃષ્ટિએ તો ઓસડ વગેરે કહેવા માત્ર છે. બાકી તો જે થવાનું હોય તેજ થાય છે.

(૫૮)[૧]

[પ્રથમ શતકઃ—શાર્દૂલવિક્રીડિત વૃતઃ]-

ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા, કોડે કરૂં કામના;
બોધું ધર્મદ મર્મ ભર્મ હરવા, છે અન્યથા કામના;

૧ આ કાવ્યો શ્રીમદે કોઈ ગ્રંથ લખવા ધારેલો તેના મંગલાચરણ રૂપ છે. કયા વિષયપર ગ્રંથ લખવાની તેમની ધારણા હતી અને કયા વર્ષમાં તેનો ઇતિહાસ જો કે નિશ્ચિતપણે જાણવામાં નથી આવતો, પરંતુ ભાષાશૈલી જોતાં એમ લાગે છે કે "ભાવનાબોધ" અને "મોક્ષમાળા" ની રચના તેઓએ સંવત્ ૧૯૪૩ ની લગભગમાં કરી તે પહેલાના વર્ષોનો આ પ્રયાસ હશે.—સંશોધક.

ભાખું મોક્ષ સુબોધ ધર્મ ધનના, જોડે કથું કામના;
એમાં તત્વ વિચાર સત્ય સુખદા, પ્રેરો પ્રભુ કામના. ૧.

[છપ્પય.]

નાભી નંદનનાથ, વિશ્વ વંદન વિજ્ઞાની;
ભવ બંધનના ફંદ, કરણ ખંડન સુખદાની;
ગ્રંથ પંથ આદ્યંત, ખંત પ્રેરક ભગવંતા,
અખંડીત અરિહંત, તંત હારક જયવંતા;
શ્રી મરણ હરણ તારણ તરણ વિશ્વો ધારણ અઘ હરે;
તે ઋષભદેવ પરમેશ પદ, રાયચંદ વંદન કરે. ૨.

પ્રભુપ્રાર્થના.

[દોહરા.]

જળ હળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુંજ પ્રેરજે, ભય ભંજન ભગવાન. ૧.
નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન;
અભિવંદન અભિવંદના, ભય ભંજન ભગવાન. ૨.
ધર્મ ધરણ તારણ, તરણ શરણ ચરણ સન્માન;
વિઘ્ન હરણ પાવન કરણ, ભય ભંજન ભગવાન. ૩.
ભદ્ર ભરણ ભીતી હરણ, સુધા ઝરણ શુભવાન;
કલેશ હરણ ચિંતા ચુરણ, ભય ભંજન ભગવાન. ૪.
અવિનાશી અરિહંતતું, એક અખંડ અમાન;
અજર અમર અણ જન્મ તું, ભય ભંજન ભગવાન. ૫.
આનંદી અપવર્ગિ તું, અકળ ગતી અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૬.
નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિ નિધાન;
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૭.
સચરાચર સ્વયંભૂ પ્રભૂ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન. ૮.
સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન;
ઇચ્છા વિકળ અચળ કરો, ભયભંજન ભગવાન. ૯.
આધિવ્યાધિ ઉપાધિને, હરો તંત તોફાન;
કરૂણાળુ કરૂણા કરો, ભયભંજન ભગવાન. ૧૦.
કિંકરની કંકર મતી, ભૂલ ભયંકર ભાન;
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૧.
શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૨.
નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન. ૧૩.

દયા શાંતિ ઔદાર્યતા, ધર્મ મર્મ મન ધ્યાન;
સંપ જંપ વણ કંપ દે, ભયભંજન ભગવાન. ૧૪.

હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન. ૧૫.

તનમન ધનને અન્નનું, દે સુખ સુધા સમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન. ૧૬.

વિનય વિનંતિ રાયની, ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મ્હારાજને, ભયભંજન ભગવાન. ૧૭.

(૧૦૦)

ત્રણ પ્રકારનાં સમકિતની વ્યાખ્યા લખી છે તે ત્રણેમાંથી ગમે તે સમકિત હોય તોપણ વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ થાય. પણ જો તે સમકિત વમ્યું હોય તો વધારેમાં વધારે અર્ધપુદ્‌ગલપરાવર્ત્તન કાળ સુધી સંસારપરિભ્રમણ કરીને મોક્ષ પામે.

"અજ્ઞાન" શબ્દનો સાધારણ ભાષામાં "જ્ઞાનરહિત" અર્થ થાય છે. પણ નિર્ગ્રંથપરિભાષામાં તેનો "મિથ્યાત્વ સહિત જ્ઞાન" એવો અર્થ થાય છે. નિર્ગ્રંથપરિભાષા પ્રમાણે અજ્ઞાન અરૂપી છે; માત્ર વિપરીત રીતે જાણે છે; માટે તે અજ્ઞાન કહેવાય છે, પણ જાણવા રૂપ સ્વભાવથી કંઈ તે રહિત નથી.

(૧૦૧)

હે શ્રી.........! તમે શંકારૂપ વમળમાં વારંવાર વહો છો તેનો અર્થ શો છે ? નિઃસંદેહ થઇને રહો, અને એ જ તમારો સ્વભાવ છે.

હે અંતરાત્મા ! તમે કહ્યું જે વાકય તે યથાર્થ છે; નિઃસંદેહપણે સ્થિતિએ સ્વભાવ છે, તથાપિ સંદેહના આવરણનો કેવળ ક્ષય જ્યાં સુધી કરી શકાયો ન હોય ત્યાં સુધી તે સ્વભાવ ચલાયમાન અથવા અપ્રાપ્ત રહે છે, અને તે કારણથી અમને પણ વર્તમાન દશા છે.

હે શ્રી.........! તમને જે કંઇ સંદેહ વર્ત્તતા હોય તે સંદેહ સ્વવિચારથી અથવા સત્સમાગમથી ક્ષય કરો.

હે અંતરાત્મા ! વર્ત્તમાન આત્મદશા જોતાં જો પરમસત્સમાગમ પ્રાપ્ત થયો હોય, અને તેમના આશ્રયે વૃત્તિ પ્રતિબંધ પામી હોય તો તે સંદેહની નિવૃત્તિનો હેતુ થવો સંભવે છે. બાકી બીજો કોઈ ઉપાય દેખાતો નથી, અને પરમ સત્સમાગમ અથવા સત્સમાગમ પણ પ્રાપ્ત થવો મહા કઠણ છે.

હે શ્રી ....! તમે કહોછો તેમ સત્સમાગમનું દુર્લભપણું છે, એમાં સંશય નથી, પણ તે દુર્લભપણું જો સુલભ ન થાય તેમ વિશેષ અનાગતકાળમાં પણ તમને દેખાતું હોય તો તમે શિથિલતાનો ત્યાગ કરી સ્વવિચારનું દૃઢ અવલંબન ગ્રહણ કરો, અને પરમપુરૂષની આજ્ઞામાં ભક્તિ રાખી સામાન્ય સત્સમાગમમાં પણ કાળ વ્યતીત કરો.

હે અંતરાત્મા ! તે સામાન્ય સત્સમાગમની અમને પૂછી સંદેહની નિવૃત્તિ કરવા ઇચ્છે છે, અને અમારી આજ્ઞાએ પ્રવર્તવું કલ્યાણરૂપ છે એમ જાણી વશવર્ત્તિપણે વર્ત્યા કરે છે. જેથી અમને તેમના સમાગમમાં તો નિજ વિચાર કરવામાં પણ તેમની સંભાળ લેવામાં પડવું પડે, અને

પ્રતિબંધ થઇ સ્વવિચારદશા બહુ આગળ ન વધે એટલે સંદેહ તો તેમજ રહે, એવું સંદેહ સહિતપણું હોય ત્યાં સુધી બીજા જીવોના એટલે સામાન્ય સત્સમાગમાદિમાં પણ આવવું ન ઘટે માટે શું કરવું તે સૂઝતું નથી.

(૧૦૨)

જેમ છે તેમ નિજસ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાંસુધી નિજસ્વરૂપનાં નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાનીપુરૂષનાં વચનો આધારભૂત છે. એમ પરમ પુરૂષ શ્રી તીર્થંકરે કહ્યું છે.–તે સત્ય છે, બારમે ગુણુ સ્થાનકે વર્ત્તતા આત્માને નિદિધ્યાસન રૂપ ધ્યાનમાં શ્રુતજ્ઞાન એટલે મુખ્ય એવાં જ્ઞાનીના વચનોનો આશય ત્યાં આધારભૂત છે, એવું પ્રમાણુ જિનમાર્ગને વિષે વારંવાર કહ્યું છે.

બોધબીજની પ્રાપ્તિ થયે નિર્વાણમાર્ગની યથાર્થ પ્રતીતિ થયે પણ તે માર્ગમાં યથાસ્થિત સ્થિતિ થવાને અર્થે જ્ઞાની પુરૂષનો આશ્રય મુખ્ય સાધન છે. અને તે ઠેઠ પૂર્ણ દશા થતાં સુધી છે; નહીં તો જીવને પતીત થવાનો ભય છે એમ માન્યું છે તો પછી પોતાની મેળે અનાદિથી ભ્રાંત એવા જીવને સદ્‌ગુરૂના યોગવિના નિજ સ્વરૂપનું ભાન થવું અશક્ય છે. એમાં સંશય કેમ હોય ?

નિજસ્વરૂપનો દૃઢ નિશ્ચય વર્ત્તે છે તેવા પુરૂષને પ્રત્યક્ષ જગત્ વ્યવહાર ચૂકવી દે એવા પ્રસંગ પ્રાપ્ત કરાવે છે, તો પછી તેથી - ન દશામાં ચૂકી જવાય એમાં આશ્ચર્ય શું છે ?

પોતાના વિચારના બળે કરી–સત્સંગ–સત્શાસ્ત્રનો આધાર ન હોય તેવા પ્રસંગમાં આ જગત્ વ્યવહાર વિશેષ બળ કરે છે અને ત્યારે વારંવાર શ્રી સદ્‌ગુરૂનું મહાત્મ્ય અને આશ્રયનું સ્વરૂપ તથા સાર્થકપણું અત્યંત અપરોક્ષ સત્ય દેખાય છે.

(૧૦૩)

શ્રી········પ્રત્યે સુધારસ સંબંધી વાતચિત કરવાનો અવસર તમને પ્રાપ્ત થાય તો કરશો.

જે દેહ યુવાવસ્થામાં અને સંપૂર્ણ આરોગ્યતામાં દેખાતા છતાં પણ ક્ષણુભંગુર છે તે દેહમાં પ્રીત કરીને શું કરીએ ?

જગતના સર્વ પદાર્થ કરતાં જે પ્રત્યે સર્વોત્કૃષ્ટ પ્રીતિ છે એવો આ દેહ તે પણુ દુઃખનો હેતુ છે; તો બીજા પદાર્થમાં સુખના હેતુની શું કલ્પના કરવી ?

જે પુરૂષોએ વસ્ત્ર જેમ શરીરથી જુદું છે એમ આત્માથી શરીર જૂદું છે એમ દીઠું છે તે તે પુરૂષો ધન્ય છે.

બીજાની વસ્તુ પોતાથી ગ્રહણુ થઇ હોય તે જ્યારે એમ જણાય કે બીજાની છે ત્યારે તે આપી દેવાનું જ કાર્ય મહાત્મા પુરૂષો કરે છે.

દુષમકાળ છે એમાં સંશય નથી.

તથારૂપ પરમજ્ઞાની આપ્ત પુરૂષનો પ્રાયે વિરહ છે.

વીરલા જીવો સમ્યગ્દૃષ્ટિપણું પામે એવી કાળ સ્થિતિ થઈ ગઇ છે.

જ્યાં સહજ સિદ્ધ આત્મચારિત્ર દશા વર્ત્તે છે એવું કેવળજ્ઞાન પામવું કઠણુ છે એમાં સંશય નથી.

પ્રવૃત્તિ વિશમ પામતી નથી. વિરક્તપણું ઘણું વર્ત્તે છે.

વનને વિષે અથવા એકાંતને વિષે સહજ સ્વરૂપને અનુભવતો એવો આત્મા નિર્વિષય કેવળ પ્રવર્ત્તે એમ કરવામાં સર્વ ઇચ્છા રોકાણી છે.

(૧૦૪)

ત્યાર પછી અર્ધી ઘડીમાં ભક્તિની, વૃત્તિ ઉજમાળ કરનારા એવા પદો (આજ્ઞાનુસાર) ઉચ્ચારવાં.

અર્ધી ઘડીમાં કાર્યોત્સર્ગરૂપે " પરમગુરૂ " શબ્દનું રટણ કરવું-તથા "સર્વજ્ઞ દેવ" એ નામની પાંચમાળા ગણવી.

હાલ અધ્યયન કરવા યોગ શાસ્ત્રોઃ—વૈરાગ્ય શતક, ઇંદ્રિયપરાજયશતક, શાંત સુધારસ, અધ્યાત્મ કલ્પદ્રુમ, યોગદષ્ટિસમુચ્ચય, નવતત્વ, મૂળ પદ્ધતિ કર્મગ્રંથ, ધર્મબિંદુ, આત્માનુ-શાશન, ભાવનાબોધ, મોક્ષમાર્ગપ્રકાશ, મોક્ષમાળા, ઉપમિતિભવપ્રપંચ, શ્રી આનંદઘનજી ચોવીશીમાંથી નીચે લખેલાં સ્તવનોઃ-૧-૩-૫-૭-૮-૯-૧૦-૧૩-૧૫-૧૬-૧૭-૧૯-૨૨.

(૧૦૫)

અથ સપ્તવ્યસન નામ ચોપાઈ.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
જૂવા આમિષ મદિરા દારી, આહેટક ચોરી પરનારી;
એહી સપ્ત વ્યસન દુઃખદાઈ, દુરિત મૂલ દુર્ગતિ કે ભાઈ.
એ સપ્ત વ્યસનનો ત્યાગ.

રાત્રિ ભોજનનો ત્યાગ.
અમુક શિવાય સર્વ વનસ્પતીનો ત્યાગ.
અમુક મિતિયે અત્યાગ વનસ્પતીનો પણ પ્રતિબંધ.
અમુક રસનો ત્યાગ.
અબ્રહ્મચર્યનો ત્યાગ.
પરિગ્રહપ્રમાણ.

(૧૦૬)

શ્રીમત્ પરમગુરૂભ્યોનમઃ

શરીરમાં વિશેષ રોગાદિ ઉપદ્રવથી, બેભાનપણાથી રાજા અથવા દેવાદિના બળાત્કારથી અત્રે વિહિત કરેલા નિયમમાં પ્રવર્તવા અશક્ય થાઉં તો તે માટે પશ્ચાતાપનું સ્થાનક સમજું છું. સ્વેચ્છાએ કરીને તે નિયમમાં કંઇ પણ ન્યૂનાધિકતા કરવાની પ્રતિજ્ઞા છે. સત્પુરૂષની આજ્ઞાએ તેમાં ફેરફાર કરવાથી નિયમ ભંગ નહીં.

(૧૦૭)

શ્રીમત્ પરમગુરૂભ્યોનમઃ

સવારમાં ઉઠીઃ—ઇર્યાપથિક પ્રતિક્રમી-રાત્રિ દિવસ જે કંઈ અઢાર પાપસ્થાનકમાં પ્રવર્ત્તિ થઈ હોય. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ મોક્ષમાર્ગ સંબંધી કિંચિત્ પણ જે મારાથી અપરાધ થયો હોય, તથા પંચ પરમપદ સંબંધી જે કંઇ અપરાધ થયો હોય, કોઈ પણ જીવ પ્રત્યે કિંચિત્ માત્ર પણ મેં અપરાધ કર્યો હોય તે જાણતાં અથવા અજાણતાં થયો હોય તે સર્વ ક્ષમાવનો, તે અપરાધને નિંદવા, વિશેષ નિંદવા, આત્મામાંથી તે અપરાધ વિસર્જન કરી નિશલ્ય થવું.

(રાત્રીએ શયન કરતી વખતે પણ એજ પ્રમાણે કરવું.)

શ્રી સત્પુરૂષના દર્શન કરી ચાર ઘડી માટે સર્વ સાવદ્ય **વ્યાપારથી** નિવૃત્તિ એક આસનપર સ્થિતિ કરવી. તે સમયમાં "પરમગુરૂ" એ શબ્દની પાંચમાળાઓ ગણી સત્શાસ્ત્રનું બે ઘડી સુધી અધ્યયન કરવું.

ત્યાર પછી એક ઘડી કાયોત્સર્ગ કરી શ્રી સત્પુરૂષોના વચનોનું તે કાયોત્સર્ગમાં રટણ કરી સદ્વૃત્તિનું અનુસંધાન કરવું.

(૧૦૮)

જ્ઞાન જીવનું રૂપ છે માટે તે અરૂપી છે, ને જ્ઞાન વિપરીતપણે જાણવાનું કાર્ય કરે છે, ત્યાં સુધી તેને અજ્ઞાન કહેવું એવી નિર્ગ્રંથપરિભાષા કરી છે, પણ એ સ્થળે જ્ઞાનનું બીજું નામજ અજ્ઞાન છે એમ જાણવું.

જ્ઞાનનું બીજું જ નામ અજ્ઞાન હોય તો જેમ જ્ઞાનથી મોક્ષ થાય એમ કહ્યું છે, તેમ અજ્ઞાનથી પણ મોક્ષ થવો જોઇએ, તેમજ મુક્ત જીવમાં પણ જ્ઞાન કહ્યું છે, તેમ અજ્ઞાન પણ કહેવું જોઇએ; એમ આશંકા કરી છે તેનું આ પ્રમાણે સમાધાન છેઃ—

આંટી પડવાથી ધુંચાએલું સૂત્ર, અને આંટી નીકળી જવાથી વગર ધુંચાયેલું સૂત્ર, એ બન્ને સુત્ર જ છે; છતાં આંટીની અપેક્ષાથી ધુંચાયેલું સૂત્ર, અને વગર ધુંચાએલું સૂત્ર એમ કહેવાય છે; તેમ મિથ્યાત્વ જ્ઞાન તે, અજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન તે "જ્ઞાન" એમ પરિભાષા કરી છે, પણ મિથ્યાત્વ જ્ઞાન તે જડ, અને સમ્યગ્જ્ઞાન તે ચેતન એમ નથી. જેમ આંટીવાળું સૂત્ર અને આંટી વગરનું સૂત્ર બન્ને સૂત્રજ છે; તેમ મિથ્યાત્વ જ્ઞાનથી સંસાર પરિભ્રમણ થાય, અને સમ્યગ્જ્ઞાનથી મોક્ષ થાય. જેમ અત્રેથી પૂર્વ દિશા તરફ દશ ગાઉઉપર એક ગામ છે ત્યાં જવાને અર્થે નીકળેલો માણસ દિશાભ્રમથી પૂર્વને બદલે પશ્ચિમ તરફ ચાલ્યો જાય, તો તે પૂર્વ દિશાવાળું ગામ પ્રાપ્ત ન થાય, પણ તેથી તેણે ચાલવારૂપ ક્રિયા કરી નથી એમ કહી ન શકાય; તેમજ દેહ અને આત્મા જૂદા છતાં દેહ, અને આત્મા એક જાણ્યો છે તે જીવ દેહબુદ્ધિએ કરી સંસાર પરિભ્રમણ કરે છે, પણ તેથી તેણે જાણવારૂપ કાર્ય કર્યું નથી એમ કહી ન શકાય. પૂર્વથી પશ્ચિમમાં ચાલ્યો છે, એ પૂર્વને પશ્ચિમ માનવારૂપ જેમ ભ્રમ છે, તેમ દેહ અને આત્મા જૂદા છતાં બેયને એક માનવારૂપ ભ્રમ છે; પણ પશ્ચિમમાં જતાં, ચાલતાં જેમ ચાલવારૂપ સ્વભાવ છે, તેમ દેહ અને આત્માને એક માનવામાં પણ જાણવારૂપ સ્વભાવ છે. જેમ પૂર્વને બદલે પશ્ચિમને પૂર્વ માનેલ છે, તે ભ્રમ તથારૂપ હેતુ સામગ્રિ મળ્યે સમજાવાથી પૂર્વ પૂર્વજ સમજાય છે, અને પશ્ચિમ પશ્ચિમજ સમજાય છે ત્યારે તે ભ્રમ ટળી જાય છે, અને પૂર્વ તરફ ચાલવા લાગે છે, તેમ દેહ અને આત્માને એક માનેલ છે, તે સદ્ગુરૂ, ઉપદેશાદિ સામગ્રિ મળ્યે બન્ને જૂદાં છે, એમ યથાર્થ સમજાય છે, ત્યારે ભ્રમ ટળી જઈ આત્મા પ્રત્યે જ્ઞાનોપયોગ પરિણમે છે. ભ્રમમાં પૂર્વને પશ્ચિમ અને પશ્ચિમને પૂર્વ માન્યા છતાં પૂર્વ તે પૂર્વ અને પશ્ચિમ તે પશ્ચિમ દિશા જ હતી. માત્ર ભ્રમથી વિપરીત ભાસતું હતું, તેમ અજ્ઞાનમાં પણ દેહ તે દેહ અને આત્મા તે આત્મા જ છતાં તેમ ભાસતાં નથી એ વિપરીત ભાસવું છે. તે યથાર્થ સમજાયે, ભ્રમ નિવૃત્ત થવાથી દેહ દેહજ ભાસે છે, અને આત્મા આત્મા જ ભાસે છે; અને જાણવારૂપ સ્વભાવ વિપરીતપણાને ભજતો હતો તેસમ્યક્પણાને ભજે છે. દિશાભ્રમ વસ્તુતાએ કંઇ નથી અને ચાલવારૂપ

ક્રિયાથી ઇચ્છિત ગામ પ્રાપ્ત થતું નથી, તેમ મિથ્યાત્વ પણ વસ્તુતાએ કંઈ નથી, અને તે સાથે જાણવારૂપ સ્વભાવ પણ છે; પણ સાથે મિથ્યાત્વરૂપ ભ્રમ હોવાથી સ્વસ્વરૂપતામાં પરમ સ્થિતિ થતી નથી. દિશાભ્રમ ટળ્યેથી ઇચ્છિત ગામ તરફ વળતાં પછી મિથ્યાત્વ પણ નાશ પામે છે, અને સ્વસ્વરૂપ શુદ્ધ જ્ઞાનાત્મપદમાં સ્થિતિ થઈ શકે એમાં કંઈ સંદેહનું ઠેકાણું નથી.

(૧૦૯)

ગયા કાગળમાં અત્રેથી ત્રણ પ્રકારનાં સમકિત જણાવ્યાં હતા. તે ત્રણે સમકિતમાંથી ગમે તે સમકિત પામ્યાથી જીવ વધારેમાં વધારે પંદર ભવે મોક્ષ પામે. જઘન્ય તે ભવે પણ મોક્ષ થાય; અને જો તે સમકિત વમે, તો વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્ત્તનકાળ સુધી સંસારપરિભ્રમણ કરીને પણ મોક્ષ પામે. સમકિત પામ્યા પછી વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્ત્તન સંસાર હોય. ક્ષયોપશમ સમકિત અથવા ઉપશમ સમકિત હોય, તો તે કોઈ જીવ વમી શકે; પણ ક્ષાયિકસમકિત હોય તો તે વમાય નહીં. ક્ષાયિકસમકિતી જીવ તે જ ભવે મોક્ષ પામે, વધારે ભવ કરે તો ત્રણ ભવ કરે, અને કોઇ એક જીવની અપેક્ષાએ ક્વચિત્ ચાર ભવ થાય. યુગલીઆનું આયુષ્ બંધાયા પછી ક્ષાયિક સમકિત આવ્યું હોય, તો ચાર ભવ થવાનો સંભવ છે, ઘણું કરીને કોઇક જીવને આમ બને છે.

ભગવત્ તીર્થંકરના નિર્ગ્રંથ, નિર્ગ્રંથીઓ, શ્રાવક, તથા શ્રાવિકાઓ કંઈ સર્વને જીવાજીવનું જ્ઞાન હતું તેથી તેને સમકિત કહ્યું છે, એવો સિદ્ધાંતનો અભિપ્રાય નથી. તેમાંથી કેક જીવોને તીર્થંકર સાચા પુરૂષ છે, સાચા મોક્ષમાર્ગના ઉપદેષ્ટા છે, જેમ તે કહે છે તેમજ મોક્ષમાર્ગ છે એવી પ્રતીતિથી, એવી રૂચિથી અને શ્રી તીર્થંકરના આશ્રયથી નિશ્ચયથી સમકિત કહ્યું છે. એવી પ્રતીતિ-એવી રૂચિ અને એવા આશ્રયનો તથા આજ્ઞાનો નિશ્ચય છે તે પણ એક પ્રકારે જીવાજીવના જ્ઞાનસ્વરૂપ છે, પુરૂષ સાચા છે; અને તેની પ્રતીતિ પણ સાચી આવી છે કે જેમ આ પરમ કૃપાળુ કહે છે તેમજ મોક્ષમાર્ગ છે, તેમજ મોક્ષમાર્ગ હોય, તે પુરૂષના લક્ષણાદિ પણ વીતરાગપણાની સિદ્ધિ કરે છે. જે વીતરાગ હોય તે પુરૂષ યથાર્થ વક્તા હોય, અને તેજ પુરૂષની પ્રતીતિએ મોક્ષમાર્ગ સ્વીકારવા યોગ્ય હોય એવી સુવિચારણા તે પણ એક પ્રકારનું ગૌણતાએ જીવાજીવનું જ જ્ઞાન છે. તે પ્રતીતિથી, તે રૂચિથી, અને તે આશ્રયથી પછી સ્પષ્ટ, વિસ્તારસહિત જીવાજીવનું જ્ઞાન અનુક્રમે થાય છેઃ તથારૂપ પુરૂષની આજ્ઞા ઉપાસવાથી રાગ, દ્વેષનો ક્ષય થઈ વીતરાગદશા થાય છે. તથારૂપ સત્પુરૂષના પ્રત્યક્ષ યોગ વિના એ સમકિત આવવું કઠણ છે. તેવા પુરૂષના વચનરૂપ શાસ્ત્રથી કોઇક પૂર્વે આરાધિક હોય એવા જીવને સમકિત થવું સંભવે છે; અથવા કોઇ એક આચાર્ય પ્રત્યક્ષપણે તે વચનના હેતુથી કોઇક જીવને સમકિત પ્રાપ્ત કરાવે છે.

(૬૬૦)[1]

ૐ

આત્મા.

आत्मा.

सच्चिदानंद.

સચ્ચિદાનંદ.

સર્વવ્યાપક, સત્ ચિત્ આનંદ એવો હું આત્મા એક છું? એમ વિચારવું, ધ્યાવવું.

નિર્મળ, અત્યંત પરમ શુદ્ધ ચૈતન્યઘન પ્રગટ આત્મસ્વરૂપ છે.

સર્વને બાધ કરતાં કરતાં અબાધ્ય અનુભવ રહે છે તે આત્મા છે.

સર્વને જે જાણે છે તે આત્મા છે.

સર્વ ભાવને પ્રકાશે છે તે આત્મા છે.

ઉપયોગમય આત્મા છે.

અવ્યાબાધ સમાધિ સ્વરૂપ આત્મા છે.

આત્મા છે.

આત્મા અત્યંત પ્રકટ છે, કેમકે સ્વસંવેદન પ્રગટ અનુભવમાં છે.

તે આત્મા નિત્ય છે-અનુત્પન્ન અને અમિલન સ્વરૂપ હોવાથી.

ભ્રાન્તિપણે પરભાવનો કર્તા છે.

તેના ફળનો ભોક્તા છે.

ભાન થયે સ્વભાવપરિણામી છે. સર્વથા સ્વભાવ પરિણામ તે મોક્ષ છે.

સદ્‌ગુરૂ, સત્સંગ, સત્શાસ્ત્ર, સદ્‌વિચાર અને સંયમાદિ તેના સાધન છે. આત્માના અસ્તિત્વથી માંડીને નિર્વાણ સુધીના પદ સાચાં છે. અત્યંત સાચાં છે, કેમકે પ્રગટ અનુભવમાં આવે છે.

ભ્રાંતિ પણે આત્મા પરભાવનો કર્ત્તા હોવાથી શુભાશુભ કર્મની ઉત્પત્તિ થાય છે.

કર્મ સફળ હોવાથી તે શુભાશુભ કર્મ આત્મા ભોગવે છે.

ઉત્કૃષ્ટ શુભથી ઉત્કૃષ્ટ અશુભ સુધીના સર્વ ન્યૂનાધિક પર્યાય ભોગવવારૂપ ક્ષેત્ર માટે અવશ્ય છે.

નિજસ્વભાવજ્ઞાનમાં કેવલ ઉપયોગે તન્મયાકાર સહજ સ્વભાવે નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે કેવલજ્ઞાન છે.

તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યક્ત્વ છે. નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તો તે ક્ષાયિક સમ્યક્ત્વ કહીએ છીએ.

ક્વચિત્ મંદ, ક્વચિત્ તીવ્ર, ક્વચિત્ વિસર્જન, ક્વચિત્ સ્મરણરૂપ એમ પ્રતીતિ રહે તેને ક્ષયોપશમ સમ્યક્ત્વ કહીએ છીએ. તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી ત્યાં સુધી ઉપશમ

---

૧. પ્રથમાવૃત્તિના પૃષ્ઠ ૪૦૭-૪૦ ઉપર (ઓળ ૮ પછી) અને આ દ્વિતીયાવૃત્તિના પૃષ્ઠ ૪૨૮ ઉપર (ઓળ ૫ પછી) પ્રકટ થયેલ વિચારોનો મૂળ લેખ પ્રથમ અને દ્વિતીય આવૃત્તિઓનો તે ભાગ મુદ્રિત થયા પછી પ્રાપ્ત થયેલ છે તે ઉપરથી જણાય છે કે, " અસદ્ ગુરૂઓ આવાં ખોટાં આલંબન દે છે " એ વાક્ય પૂર્ણ થયા પછી જે વિષય આવે છે અને જે " તથારૂપપ્રતીતિ થયે અન્યભાવ સંબંધી અહંમમત્વાદિ હર્ષ શોક, ક્રમે કરી ક્ષય થાય. " એ વાક્ય પર્યંત લંબાય છે તે વિષય શ્રીમદ્‌ના મૂળપત્ર જોતાં આ પ્રમાણે છે.—**સંશોધક.**

સમકીત કહીએ છીએ. ઉદય આવરણ આવ્યે આત્મા તે પ્રતીતિને પડી જાય તેને સાસ્વાદન સમ્યક્ત્વ કહીએ છીએ. અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્ગલનું વેદવું જ્યાં રહ્યું છે તેને વેદક સમ્યક્ત્વ કહીએ છીએ.

તથારૂપ પ્રતીતિ થયે અન્યભાવ સંબંધી અહંમમતાદિ હર્ષ શોક ક્રમે અક્રમે કરી ક્ષય થાય.

(૧૧૧)[1]

ૐ

તે શ્રીમાન્ પુરુષોત્તમ, સત્-ચિત્-આનંદરૂપે સર્વત્ર ભરપૂર છે. મૂર્તિમાન ! સ્વરૂપ અક્ષય ધામમાં બિરાજે છે. અમે તે (ગુરુગમ) મૂર્તિમાન સ્વરૂપને શું વર્ણવીએ ? એ સ્વરૂપ વિચારતાં-સંભારતાં અમને તો પરમ સમાધિ આવે છે. અહો તે સ્વરૂપ ! અહો અમારું મહાભાગ્ય કે આ જન્મને વિષે અમને તેની ભક્તિની દૃઢ રુચિ થઇ !

(૧૧૨)[2]

ૐ

સત્

શ્રીમાન્ પુરુષોત્તમ, શ્રી સદ્ગુરુ અને સંત એ વિષે અમને ભેદબુદ્ધિ છે જ નહીં. ત્રણે એકરૂપ જ છે.

આ સમસ્ત વિશ્વ ભગવદ્રૂપ જ છે. તે ભગવદ્ જ સ્વેચ્છાએ જગદાકાર થયા છે.

ત્રણે કાળમાં ભગવત્ ભગવતસ્વરૂપ જ છે. વિશ્વાકાર થયા (થતાં ?) છતાં નિર્બાધ જ છે. જેમ સર્પ કુંડલાકાર થાય તેથી કોઇ પણ પ્રકારના વિકારને પામતો નથી, અને સ્વરૂપથી ચ્યુત થતો નથી તેમ શ્રીહરિ જગદાકાર થયા છતાં સ્વસ્વરૂપમાં જ છે.

અમારો અને સર્વ જ્ઞાનીઓનો નિશ્ચય છે કે, અનંત સ્વરૂપે એક તે ભગવત્ જ છે.

અનંત કાળ પહેલાં આ સમસ્ત વિશ્વ તે શ્રીમાન્ ભગવતથી ઉત્પન્ન થયું હતું. અનંતકાળે લય થઇ તે ભગવત્ રૂપ જ થશે.

ચિત્ અને આનંદ એ બે પદાર્થ જડને વિષે ભગવતે તિરોભાવે કર્યા છે. જીવને વિષે એક આનંદ જ તિરોભાવ કરેલ છે. સ્વરૂપે તો સર્વસત્ ચિત્ આનંદરૂપ જ છે. સ્વરૂપ લીલા ભજવાને અર્થે ભગવતની આવિર્ભાવ અને તિરોભાવ નામની શક્તિઓ પ્રચરે છે.

એ જડ કે જીવ ક્યાંય બીજેથી આવ્યા નથી. તેની ઉત્પત્તિ શ્રીમાન્ હરિથી જ છે. તેના તે અંશ જ છે-બ્રહ્મરૂપ જ છે-ભગવત્ રૂપ જ છે.

સર્વે આ જે કાંઇ પ્રવર્ત્તે છે તે શ્રીમાન્ હરિથી જ પ્રવર્ત્તે છે. સર્વે તે છે. સર્વે તે જ રૂપ

૧-૨. શ્રીમદે આ વિષય ક્યારે લખેલો તે નિર્ણયપૂર્વક કહી શકાતું નથી. સંવત્ ૧૯૪૭ (તેઓનું ૨૩ મું વર્ષ) પૂર્વે જ્યારે તેઓ સર્વ દર્શનોની તુલનાત્મક પર્યાલોચના (Comparative observation) કરતા હતા ત્યારે આ વિષય લખવાયોગ્ય છે કે કેમ તે શોધવાયોગ્ય છે. આ વિષયમાં આત્માને ક્યા ક્યા દર્શનોના અભિપ્રાયપૂર્વક ગાયો છે તે પણ શોધવા યોગ્ય છે. સર્વ દર્શનોની તુલનાત્મક પર્યાલોચના પછી સર્વ દર્શનોના સંબંધમાં તેઓ જે નિર્ણયપર આવ્યા હતા તે નિર્ણય પ્રથમાવૃત્તિના પૃષ્ટ ૫૦૨ (આંક ૫૬૫) અને દ્વિતીયાવૃત્તિના પૃષ્ટ ૫૨૩ (પૃષ્ટ ૫૭૭) પરથી જણાવા યોગ્ય છેઃ-સંશોધક.

છે. ભિન્ન ભાવ અને ભેદાભેદનો અવકાશ જ નથી. તેમ છે જ નહીં. ઇશ્વરેચ્છાથી તેમ ભાસ્યું છે. અને તે તેને (શ્રીમાન્ હરિ) જ ભાસ્યું છે., અર્થાત્ તું તે જ છો. [तत्त्वमसि]

આનંદનો અંશ આર્વીભાવ હોવાથી જીવ તે શોધે છે. અને તેથી જેમાં ચિત્ અને આનંદ એ બે અંશો તિરોભાવે કર્યા છે એવા જડમાં શોધવાના ભ્રમમાં પડ્યો છે; પણ તે આનંદસ્વરૂપે તો ભગવત્માં જ પ્રાપ્ત થવાનું છે. જે પ્રાપ્ત થયે-આવો અખંડ બોધ થયે-આ સમસ્ત વિશ્વ બ્રહ્મરૂપ જ-ભગવદ્રૂપજ ભાસશે. એમ છે જ. એમ અમારો નિશ્ચય અનુભવ છે જ.

જ્યારે આ સમસ્ત વિશ્વ ભગવદ્ સ્વરૂપ લાગશે ત્યારે જીવભાવ મટી જઇ સત્ ચિત્ આનંદ એવું બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત થશે.

अहं ब्रह्मास्मि.

[અપૂર્ણ].

(૧૧૩)

બૌદ્ધ નૈયાયિક, સાંખ્ય, જૈન અને મીમાંસા એ પાંચ આસ્તિક દર્શનો એટલે બંધ મોક્ષાદિ ભાવને સ્વીકારનારાં દર્શનો છે.

નૈયાયિકના અભિપ્રાય જેવો જ વૈશેષિકનો અભિપ્રાય છે: સાંખ્ય જેવો જ યોગનો અભિપ્રાય છે. સહજ ભેદ છે તેથી તે દર્શન જૂદા ગવેષ્યાં નથી.

પૂર્વ અને ઉત્તર એમ મીમાંસા અને દર્શનના બે ભેદ છે; પૂર્વ મીમાંસા અને ઉત્તર મીમાંસામાં વિચારનો ભેદ વિશેષ છે; તથાપિ મીમાંસા શબ્દથી બેયનું ઓળખાણ થાય છે; તેથી અત્રે તે શબ્દથી બેય સમજવાં. પૂર્વ મીમાંસાનું જૈમિનીયો અને ઉત્તર મીમાંસાનું 'વેદાન્ત' એમ નામ પણ પ્રસિદ્ધ છે.

બૌદ્ધ અને જૈન શિવાયના બાકીનાં દર્શનો વેદને મુખ્ય રાખી પ્રવર્ત્તે છે; માટે વેદાશ્રિત દર્શન છે; અને વેદાર્થ પ્રકાશી પોતાનું દર્શન સ્થાપવાનો પ્રયત્ન કરે છે.

બૌદ્ધ અને જૈન વેદાશ્રિત નથી. સ્વતંત્ર દર્શન છે.

આત્માદિ પદાર્થને નહીં સ્વીકારતું એવું ચાર્વાક નામે છઠ્ઠું દર્શન છે.

બૌધ દર્શનના મુખ્ય ચાર ભેદ છે.

૧. સૌતાંત્રિક, ૨ માધ્યમિક ૩ શૂન્યવાદિ અને ૪ વિજ્ઞાનવાદી-તે જૂદે જૂદે પ્રકારે ભાવોની વ્યવસ્થા માને છે.

જૈનદર્શનના સહજ પ્રકારાંતરથી બે ભેદ છે; દિગમ્બર અને શ્વેતામ્બર.

પાંચે આસ્તિક દર્શનને જગત્ અનાદિ અભિમત છે.

બૌદ્ધ, સાંખ્ય અને પૂર્વ મીમાંસાને અભિપ્રાયે સૃષ્ટિકર્ત્તા એવો કોઇ ઇશ્વર નથી.

નૈયાયિકને અભિપ્રાયે તટસ્થપણે ઇશ્વર કર્ત્તા છે. વેદાંતને અભિપ્રાયે આત્માને વિષે જગત્ વિવર્ત્તરૂપ એટલે કલ્પિતપણે ભાસે છે અને તે રીતે ઇશ્વિર કલ્પિતપણે કર્ત્તા સ્વીકાર્યો છે. યોગને અભિપ્રાયે નિયંતાપણે ઇશ્વિર પુરૂષ વિશેષ છે.

બૌદ્ધને અભિપ્રાયે ત્રિકાળ એક વસ્તુ સ્વરૂપ આત્મા નથી, ક્ષણિક છે. શુન્યવાદી બૌદ્ધને અભિપ્રાયે વિજ્ઞાન માત્ર છે; અને બૌદ્ધને અભિપ્રાયે દુઃખાદિ તત્વ છે. તેમાં વિજ્ઞાન સ્કંધ ક્ષણિકપણે આત્મા છે.

નૈયાયિકને અભિપ્રાયે સર્વવ્યાપક એવા અસંખ્ય જીવ છે. ઇશ્વર પણ સર્વવ્યાપક છે. આત્માદિને મનના સાનિધ્યથી જ્ઞાન ઉપજે છે.

સાંખ્યને અભિપ્રાયે સર્વવ્યાપક એવા અસંખ્ય આત્મા છે. તે નિત્ય અપરિણામી અને ચિન્માત્રસ્વરૂપ છે.

જૈનને અભિપ્રાયે અનંત દ્રવ્ય આત્મા છે. પ્રત્યેકે જૂદા છે. જ્ઞાનદર્શનાદિ ચેતના સ્વરૂપ નિત્ય અને પરિણામી પ્રત્યેક આત્મા અસંખ્યાત પ્રદેશી સ્વશરીરાવગાહવર્ત્તિ માન્યો છે.

પૂર્વ મીમાંસાને અભિપ્રાયે જીવ અસંખ્ય છે. ચેતન છે.

ઉત્તર મીમાંસાને અભિપ્રાયે એક જ આ સર્વવ્યાપક સચ્ચિદાનંદમય ત્રિકાલાબાધ્ય છે

[હેમના નિકષ–(કસ)–**Touch**નો નિર્ધાર કરવામાં જેમ હેમનું નિકષોપલ–કસોટી–**(touch-stone)** સાધન છે તેમ જ્ઞાનના નિકષનો નિર્ધાર કરવામાં વ્યવહારજીવન **(wordly life)** એક નિકષોપલ–કસોટીરૂપ છે. વ્યાપારજીવન **(Business life)** એ વ્યવહારજીવનનો એક દેશ અર્થાત્ વિભાગ છે. વ્યાપારનાં પ્રલોભનો **(Business temptations)** માં પણ નૈતિક ચિંતા **(moral responsibility)** પૂર્વક નિર્જીવ લાભના વ્યાપારથી માંડી બળવાન લાભના વ્યાપારમાં પણ સૂક્ષ્મ લક્ષ, દીર્ઘદર્શિતા, નિપુણતા, વ્યાપારનિગ્રહ અને સર્વતતા **(all-roundness)** આદિ વ્યાપારીના લક્ષણો **(Business qualifications)** નો અભિપ્રાય કરવા અર્થે આ થોડાંક વ્યાપાર વિષયક પત્રો અત્ર સ્થિર કર્યા છે. વ્યાપારવ્યવસાયમાં ઘોરતાપૂર્વક નિવાસ છતાં શ્રીમદ્‌ની આત્મસંમુખતા કેવા પ્રકારની હતી તેનો નિર્ણય કરવા માટે વ્યાપારવિષયક વિચારો અને આત્મજ્ઞાનચર્ચક વિચારો નિકટ નિકટ **(side by side)** રાખી અવલોકવાની અગત્ય છેઃ–**સંશોધક.**]

વ્યાપારવિષયક પત્રો.

(૧)[1]

સાયલા, ભાદ્રપદ વદ ૪, રવિવાર, ૧૯૫૧.

ભાઈ રેવાશંકર જગજીવનની કંપની,

શ્રી મુંબઈ.

અત્રે ગઈકાલે આવવું થયું છે. તમારૂં પત્ર મલ્યું છે. વાંચી વીગત જાણી છે. તમારી તરફ **સંઘવી ભેલા વાલજી**નું રેશમી કપડનું કંઇ કામકાજ આવે તો બરાબર તપાસીને કરશો. ભાઈ **અમૃતલાલ**ને જણાવશો. તેમને અવકાશ હોય તે વખતે સાથે લઈ ખરીદ કરશો. રેશમી ઓઢણીઓ મગાવે તો પોત, પનો, રંગ વગેરે બરાબર તપાસીને લેશો. બાંધણી ચોખી જોઈને લેશો. **ભીમજી વલભજી**ને ત્યાં નંગ સારાં હોય છે. પણ કાંઈક પૈસા વધારે પડે છે, અને ભોંયતળીએ નાકાપર જે **ખત્રી** બેસે છે તેને ત્યાંથી આપણે કેટલીકવાર લઈએ છૈએ તે કંઈક ઓછું લે છે. માટે નંગ બરાબર તપાસી **ભીમજી વલભજી**ના જેવાં તેમની પાસેથી મળે તો લેશો. **ભીમજી વલભજી**નો અને તેનો એક જ ભાવ હોય તો જેનાં નંગ સારાં હોય તેનાં લેજો. ઓઢણીમાં આના બે આના મોંઘાં પણ લોકો લેતાં અટકે છે એટલું ધ્યાનમાં રાખશો. સાટીનના અર્ધીઆ મંગાવે તે રંગ, બોજ, ચળકાટ, કુમાશ સારાના તેને ત્યાં ચાલે છે. બાર-ડી. અથવા તેથી રૂપિયે મોંઘી પણ સારા માર્કાની સાટીન તેને ચાલશે. રૂ. ૨૦ થી ૨૧ કે જે તેણે ભાવ લખ્યો હોય તે આશરાની લેશો. રેશમી અતલસ કંઇ રંગાવવાની હોય તે ભાઇ **અમૃતલાલ**નું ધ્યાન પહોંચે ત્યાં રંગાવશો. રંગબોજ, કુમાશ ઠીક થાય તેમ કરાવશો. **સંઘવી ભેલા વાલજી**એ કહ્યું કે આ કપડ મંગાવનું છે, અને તમારી ત્યાં હાજરી નથી તેથી બરાબર વખતે નહીં આવે તો, તેના ઉત્તરમાં મેં કહ્યું હતું કે કોઇ જાતની અડચણ નહીં આવે. ત્યાં મારાથી સારૂં કામ થઇ શકશે. ભાઇ **અમૃતલાલ**પર લક્ષ આપીને આ ઉત્તર આપ્યો છે. જેથી ભાઇ. **અમૃતલાલ**ને સાથે લઈ જેમ મંગાવનારને સંતોષ થાય તેમ કરશો. આટલી નાની બાબત વિશેષ કરીને લખી છે તેનું કારણ એ છે કે રેશમી કપડમાં કાંઇ ફેરફાર આવે તો માણસના મનમાં ઘણું દુઃખ લાગે અને કામ બરાબર થશે એમ મેં કહ્યું હતું તે ખોટું કહેવા જેવો વખત આવે. મોતી સંબંધી વીગત લખી તે ઠીક છે.

[૧. આ કાપડ મોકલતાં શ્રીમદ્‌ની પેઢીને બહુ તો એક બે રૂપીઆની હકસાઇ (Commission Charge) મળવાની હતી. મોતી જેવા પ્રબળ વ્યાપારની ઉપાધિઓ અને આકર્ષણો (attractions) છતાં આવા નિર્જીવ લાભના પ્રસંગમાં પણ તેઓની કર્તવ્ય બુદ્ધિ કેવી હતી તેનો ખ્યાલ આપવા અર્થે આ પત્ર અત્ર મૂક્યો છે.—**સંશોધક.**]

દુકાન સંબંધી કામકાજમાં કંઇ મુઝવણુ જેવું દેખાય તો પણુ ધીરજથી તથા ભાઈ અમૃતલાલ વગેરેની મદદથી કામ લેશો.

અત્રે સુખવૃત્તિ છે. બેન જીજી તથા બેન મેનાને આશિષ કહેશો. આશો શુદમાં મુંબાઈ આવવાનો વિચાર રાખ્યો છે. તેવામાં માતુશ્રી વગેરે સૌ આવે એવો વિચાર રાખ્યો છે તેમ જણાવશો.

ત્યાં તરતમાં મારે આવવવાની જરૂર તમને લાગતી હોય તો લખશો.
એ જ વિનંતિ સં. ૧૯૫૧ ના ભાદ્ર વદ ૪, રવિવાર.

લી. રાયચંદના પ્ર૦

(૨)[1]

આજે પત્ર મળ્યું છે. જર્મનનું પાર્સલ પાછું આવવા સંબંધી લખ્યું તે જાણ્યું છે. સંભાળથી તરત અવેજ તેનો ભરી દેશો. જર્મનેનું ૨૯૨૮) પૌંડની હુંડી લખી છે, તે ઉપરથી એમ જણાય છે કે, તેણે રીટર્ન કમીશન ટકા એક લેખે ચડાવ્યું છે; તે કમિશન ન લેવા માટે આપણને તેણે લખી આપ્યું છે. જે કાગળ ફાઇલમાં છે. અઠાવીશ પૌંડ ઓછા ભરી શકાય કે કેમ ? તે બનાજી વગેરેને પુછી તજવીજ કરશો. વળી, કદી મોહનલાલ મગનલાલ (તેમના એજંટ) એમ જણાવે કે જેટલી હુંડી આપી હોય તેની ટકા એક લેખે આડત લે છે, પણુ આપણે આ વખતે તે આડત આપવાનો ઠરાવ નથી; વેચાત તો આપવી પડત. આ વિષે જેદાશાને પણુ પુછશો. તમે તથા નગીનભાઈ પુરી તજવીજ કરશો. ઉતાવળમાં અઠાવીશ પૌંડ ભરાયા પછી તેની પંચાત પડે. આવતી કાલે વિગતથી પત્ર લખીશ.

વવાણીઆ, સં. ૧૯૫૨ ના શ્રાવણ વદ ૦)) **લી. રાયચંદ.**

શાહ રેવાશંકર જગજીવનની કંપની,

મુંબઈ.

---

૧. પેરીસમાં મોન્શ્યર એ. જર્મનના નામની એક ફ્રેંચ પેઢી હતી. તેના પર લગભગ ૪૫,૦૦૦ રૂા. ની કીમ્મતનું મોતીનું પાર્સલ મોકલેલું. આ પાર્સલ ન વેચાતાં પાછું આવતાં, તેની-પાછાં આવનાર પાર્સલોની-હકસાઈ (Return Commission) નહીં લેવાનો શ્રીમદ્‌ની પેઢી સાથે મો. જર્મને ઠરાવ કરેલો છતાં તેણે તે હકસાઇ ચઢાવીને હુંડી લખી મોકલેલી. પોતાની પેઢીને તે ઠરાવથી પરિચિત કરવાના હેતુઓ શ્રીમદે આ પત્ર લખ્યો છે. આખો પત્ર જો કે શ્રીમદ્‌ની વ્યાપારી કાળજીદર્શક છે, છતાં પણુ તેમાંના નીચેના શબ્દો વિશેષ ધ્યાનને પાત્ર છેઃ—"તે કમિશન ન લેવા માટે આપણુને તેણે લખી આપ્યું છે. જે કાગળ ફાઇલમાં છે." મી. જમશેદજી બનાજી નામના એક સુશીલ પારસી ગૃહસ્થ મુમ્બઇની મેસ્યર્સ ફરામજી સન્સની કંપનીના એક મૅનેજર હતા. તેઓ અને શ્રીમદ્‌નો બહુ પ્રેમાળ પરિચય હતો.—સંશોધક.

(૩)

શ્રી સાયલા, ભાદ્રપદ વદી ૯, શુક્ર.

ભાઈશ્રી રેવાશંકર જગજીવનની કંપની પ્રત્યે,

શ્રી મુંબઈ.

ગયા પરમ દીવસે ભાઈ **મનસુખનું** લખેલું પત્રું મળ્યું હતું. ગઈ કાલે સાંજે તમારૂં લખેલું પત્ર મળ્યું છે. મોતીની માગણીઓ વગેરે લખ્યું તે વાંચ્યું છે.

... ...

અને હવે પછી જે ખરીદ કરવાના હોય અને વિલાયત કરતાં તે મોંઘી થતી હોય એ વગેરે જેવું સ્વરૂપ હોય તે જણાવશો તેમ જ **રેવાશંકરભાઇને** પત્ર લખો તેમાં રોજ રોજ લેવડ દેવડ થાય અને પ્રાંતમાં રકમ હોય તે જણાવશો.

જર્મનવાળાં પાર્સલો વગેરેપર હુંડી લખી છે, તેનો અવેજ હાલ ફૂરામજી **સન્સને** ત્યાં રાખવામાં અડચણ નથી. અમુક રકમ જમે રખાવી હોય તે જણાવશો.

દીવાનખાનામાં બે ભાગ પડાવવા ભાઈ **મનસુખે** લખ્યું તે ખુલાસો હવે પછી લખીશું. અત્રેથી રવિવારે વિદાય થવાનો વિચાર છે. તેનું ઠેકાણું તમને જણાવવાનું ન બને ત્યાં સુધી અત્રેને શીરનામે પત્ર લખશો એ જ વિનંતિ.

વિ. રાયચંદના યથાયોગ્ય.

(૪)[૧]

ખંભાત પાસે, આસો શુદ ૬, ભોમે, ૧૯૫૧.

ભાઈશ્રી રેવાશંકર જગજીવનની કંપની પ્રત્યે તથા ભાઈશ્રી નગીનભાઈ પ્રત્યે.

શ્રી મુંબઈ.

તમારૂં લખેલું પત્ર એક ગઇ કાલે મળ્યું છે.

જેમાં નં. ૧૭૭ ના વેચાણની તથા તા. ૨૪-૧-૮૨ વગેરેની માગણી લખી તે વાંચી છે. તથા સીરી ભુકા વગેરેની ખરીદ લખી તે જાણી છે. તે સીરી ભુકા અરબસ્થાનના કયા આરબના અથવા કયા પ્રગણાનાં, કેવો માલ છે એ વગેરે લખવામાં તમારી તરફથી બરાબર આવ્યું નથી, એટલે તે વિષે

---

૧. શ્રીમદે પોતાના બાવીશમા વર્ષે–સંવત્ ૧૯૪૬ ની સાલમાં વ્યાપારમાં પ્રવેશ કર્યો. મોરબી નિવાસી ભાઈ રેવાશંકર જગજીવનના ભાગમાં મુંબઇમાં આડત અને શરાફી વહિવટનું કામકાજ પ્રારંભ્યું. શ્રીમદની અવધાન–અવસ્થામાં વરોદરાવાળા ભાઇ માણેકલાલ ઘેલાભાઈ ઝવેરીને શ્રીમદનો પરિચય થયો હતો. સંવત્ ૧૯૪૮-૪૯ માં ભાઇ માણેકલાલદ્વારાએ સુરતવાળા ઝવેરી રાવબહાદુર નગીનચંદ ઝવેરચંદને શ્રીમદનો પરિચય થયો. પરસ્પર અનુમતિથી શ્રીમદ્, ભાઇ રેવાશંકર, ભાઈ માણેકલાલ અને ભાઇ નગીનચંદે મોતીનો વ્યાપાર સહચારીપણાપૂર્વક આદર્યો. પાછળથી સુરતના કેટલાક ઝવેરીઓ તથા અમદાવાદવાળા ઝવેરી છોટાલાલ લલ્લુભાઈ જોડાયા. જે સમયે મોતીનો વ્યાપાર આ મંડળીએ શરૂ કર્યો તે સમયમાં આ વ્યાપાર આજ જે વિસ્તૃત સ્થિતિએ પહોંચ્યો છે તેટલી વિસ્તૃત સ્થિતિએ પહોંચેલો નહોતો. તે સમય આજના મોતીના વિસ્તૃત વ્યાપારનો પ્રારંભ સમય હતો. આ મંડળીના વ્યાપારના પ્રારંભ ભાગમાં સર્વ

વધારે અભિપ્રાય આપવાનું બની શકવું કઠણ છે. પણ એટલું અનુમાનમાં આવી શકે છે કે ગયા વર્ષમાં-૧૫-૧૬-૧૭-૧૮-૧૯ એ આદિ ભાવના સુરાના ભાવ આ વર્ષમાં કંઇ વાંચવામાં આવ્યા નહીં. અને વિલાયતવાળાના તરફથી વધારે ભાવ મળવામાં પુરી મહેનત પડશે, અથવા વખતે ભુકામાં કાંઈ ઠીક પરિણામ આવશે, પણ રીરીને માટે તો અમને અંદેશો રહે છે. વળી હુંડી પણ કાંઇ વધી છે. રીરી ગયા વર્ષ કરતાં સારી હોય તો પણ દશ પંદર ટકા ફેર સારી સુધી તો મૂળગા થવાની આશા જેવું રહે છે. કેટલીકવાર આગળ ઉપરનું પરિણામ વિચાર્યા વગર ઘણું કરી ખરીદ થયા કરે છે. અને કોઇ માલમાં વિલાયતથી ઠીક આવે છે, તેને બદલે કોઈ માલમાં ભાવ વધવા જેવું કરી મુકવામાં આવે છે. અને એમને એમ ઉચાજ રહ્યાનું થાય છે. તેથી ભય રહે છે કે તે રીતે તો વખતે ગયા વર્ષની પેઠે આ વર્ષ પણ વેઠનો વેપાર થઈ પડે. અત્રે બેઠાં કંઈ લખવું એ યોગ્ય નથી. તેમ હવે તરતમાં આવવા વિચાર છે એટલે વધારે લખવું કારણભૂત નથી, પણ સહેજે ખેદ થયો કે આપણા લોકો કેટલાક લાભના વેપાર પોતે હાથે કરી ધુળધાણી મેળવે છે. જેનો લક્ષ તેમને ન આવી શકે ત્યાં શું કરી શકાય? કાંઇ પણ વિચારથી, ધીરજથી, અને ક્રમથી કામ લેવાનું હોય તો સામાન્ય રીતે લાભનો વેપાર થયા કરે, પણ તેવાં એક પ્રતિરૂપ પરિણામ નહીં, અને દોરનારનો હેતુ તેવો નહીં. તેમજ તેને પડખે રહેનાર ઉચા અથવા

સહચારીઓની આર્થિક સ્થિતિ મોતીના જેવા બળવાન્ વ્યાપારને પહોંચી વળવાના સંપૂર્ણ સામર્થ્યવાળી નહોતી. આ મંડળીના ખરીદીવિભાગમાં માલની પસંદગીનો આધાર અગ્રતાએ ભાઇ નગીનચંદપર રહેતો, અને આર્થીક-નાણા વિષયક કમાન અને વિલાયતના કામકાજનો વ્યવસાય મુખ્યતાએ શ્રીમદ્દ્પર હોઈ તેઓ આ મંડળીના વ્યાપારના અંતીમ નિયંતા (Regulator) જેવા હતા. અન્ય સહચારીઓ આ વ્યાપારના ભિન્નભિન્ન કાર્યવિભાગોની કુશલતા ધરાવતા હતા. આવા સંબંધપૂર્વક મંડળીએ સંવત્ ૧૯૫૨-૫૨ પર્યંત મોતીનો સમર્થ અને વિસ્તૃત વ્યાપાર ખેડયો. આ સમયમાં મુંબઇના મોતીના બજારમાં આ પેઢી સૌથી અગ્રપદ ધરાવતી પેઢીઓમાંની એક હતી. આ પ્રકારે વ્યાપાર ખેડાયાના પરિણામમાં આ સહચારીઓને સારો લાભ તે સમયની અપેક્ષાએ થયો. સામાન્યતઃ હિંદનું મોતીનું બજાર વ્યાપારમાં ઠીક લાભ દેખાયા પછી, ઘણું કરી આવશ્યક વ્યાપારનિગ્રહ રાખી શકતું ન હોઇ તેના પરિણામમાં તેને વારંવાર ચિંતાયુક્ત થવું પડે છે એવા અભિપ્રાયથી શ્રીમદે આ બે પત્રો લખ્યા છે. આ મંડળીમાં શ્રીમદ્દ્થી સંબદ્ધ ભાગીદારો ભાઇ રેવાશંકર અને ભાઇ માણેકલાલ હતા. અન્ય ભાગીદારો ભાઈ નગીનચંદથી સંબદ્ધ થયેલ હતા. ભાઇ નગીનચંદની મુખ્યતા તળે તેઓ અને તેઓથી સંબદ્ધ થયેલ ભાગીદારોએ વ્યાપાર નિગ્રહપૂર્વક વ્યાપાર કરવા કરતાં સાહસપૂર્વક વ્યાપારના નિયમોને હવે-લાભ મેળવ્યા પશ્ચાત્-પ્રથમપદ આપવા માંડયું. સંવત્ ૧૯૫૧ ના આસો શુદ ૬ ને રોજ પોતાની પેઢી અને ભાઇ નગીનચંદ પ્રત્યે શ્રીમદે લખેલા એક પત્રથી ભાઇ નગીનચંદને નિગ્રહપૂર્વક વ્યાપાર કરવા માટે એક વ્યાપારીને યોગ્ય કળવકળ (Tact), દીર્ઘદર્શિતા (farseeingness) અને નિપૂર્ણતા (Shrewdness) પૂર્વક સમજાવવા માટે શ્રીમદે પ્રયત્ન કરેલો જણાય છે. આ પત્રને બીજે જ દિવસે એટલે સંવત્ ૧૯૫૭ ના આસો શુદ ૭ ને રોજ પોતાની પેઢીને લખેલા એક અંગત (private) પત્રમાં ભાઇ નગીનચંદ આદિ સહચારીઓ વ્યાપારનિગ્રહના નિયમો કરતાં સાહસના નિયમોને વિશેષ માન આપે તો તે નિયમોને ન અનુસરતાં ભાગીદારી બંધ થવાનો પ્રસંગ આવે, તો તે સ્વીકાર કરવા માટે તત્પર રહેવા પોતાની પેઢીને શ્રીમદે સૂચન કરેલું આસો શુદ ૭ ના પત્રથી જણાશે. બહુધા આવા જ કારણવશાત્ પણ સ્નેહપૂર્વક આ ભાગીદારી સંવત્ ૧૯૫૨ ની લગભગમાં બંધ પડી.—

—**સંશોધક.**

પરવશ ત્યાં તે સૌને તેનું સંભાળવાનું કહીયે તો માને નહીં. જ્યારે પછી તેવા પ્રસંગમાં વિચારી વર્તવાનું ચિત્ત રાખવું પડે. સૌને એ વાત રૂચવી મુશ્કેલ. આ કંઈ વેપાર નહીં કરવાની વાત નથી; પણ ક્રમે કરી વેપાર સારા આકારમાં આવી શકે તેવી વાત છે. ઘણું કરીને સુદ ૧૦ તમારી તરફ આવવું થશે. એક બીજાના મનને દુઃખ લગાડવા માટે અથવા ચાલતા કામમાં વચ્ચે ડોળાણ કરવાના હેતુથી આ પત્ર લખ્યું નથી. પણ હવે પછી આપણે સૌ વેપાર કરીએ છીએ તેમાં એક બીજાએ ઉપયોગ રાખ્યો હોય તો આ રસ્તો અંતે લાભકારક છે. બહુ ઉંચા રહેવાનું કે બહુ ઉંચા અભિપ્રાયથી ખરીદી કર્યા કરવાનું પરિણામ ઘણું કરી વિષમ આવે છે. જવલ્લેજ સરખું આવે છે; અને સ્વાભાવિક બજારને અનુસરી કામ લેવામાં આવે એટલે વિચારથી, ધીરજથી તથા ક્રમથી કામ લેવામાં આવે તો તે કામ હમેશ સારા પાયાથી ચાલી શકે છે. ધીરજ રાખવા જતાં માલ મળે જ નહીં એવી કલ્પના આપણા લોકોને સાધારણ રીતે રહે છે તે એક રીતે ઠીક છે. પણ તેથી એવી ધીરજ ત્યાગવી પણ ન જોઇએ કે એમને એમ લેવાના ઘોમાં ઉંચા ભાવે ખરીદ જ કર્યા કરવી, અને ક્રમે મોટા ભયમાં ઉતરવાનું થાય તેમ કરવું. આ મારી વાત નગીનભાઇએ કાંઇ પણ લક્ષમાં જરૂર કરી લેવા યોગ્ય છે. એક બીજાને અરસપરસનો સંબંધ છે. ત્યાં હજાર પાંચસેના નુકશાન ઉપર ધ્યાન આપી આ લખ્યું નથી. પણ આપણે સૌને કંઇપણ આ વાત ધ્યાનમાં રહેતી હોય અને કામ થયા કરતું હોય તો લાંબા વખત સુધી તે કામ ટકે, એવા હેતુથી લખ્યું છે. આ પત્ર નગીનભાઇને આપશો. જો તેઓ જણાવે તો તમે વાંચી સંભળાવશો એ જ વિનંતિ.

લી. રાયચંદના પ્રણામ.

શ્રી ખંભાત પાસે આસો શુદ ૭ બુધે. ૧૯૫૧.

(૫)[1]

ભાઈ શ્રી રેવાશંકર જગજીવનની કંપની પ્રત્યે,

શ્રી મુંબઈ.

ગઈ કાલે અત્રેથી પત્ર નગીનભાઇના નામનું કવર લખી બીડયું હતું તે પહોંચ્યું હશે. એ કવર અત્રેથી બીડવામાં સરતચુક થઇ છે. કેમકે તે પત્ર વાંચીને તમે બીડી આપ્યું હોત તો અડચણ જેવું નહોતું. સીરીના ભાવ ઘણા સખત છે. એથી મને ભય રહે છે કે ગઇ સાલની પેઠે વેઠ કરવા જેવું થશે. અથવા નુકશાનમાં ઉતરવા જેવું થશે. માટે વિચારીને ધીરજથી કામ લેવા જેવું છે. એ વગેરે ભાવાર્થ તે પત્રમાં નગીનભાઈ પ્રત્યે લખ્યો છે. કંઇ પણ તેને અસર થાય એવી રીતે લખવાનું પ્રયત્ન કર્યું છે. જો કે તેનાથી તેમ વર્ત્તાવું બહુ મુશ્કેલ છે. સીરીમાં લાભ નીકળવાના સંભવ કરતાં ત્રોટાનો ભય વિશેષ છે. વળી ગઇ કાલે તમારૂં પત્ર મળ્યું તે પરથી તમારા વિચારમાં પણ એમ આવ્યું. તમારૂં તે પત્ર મળ્યા પહેલાં અમે તો પત્ર લખી ટપાલમાં નખાવ્યું હતું, પણ તમારા મનમાં પણ સીરી વગેરે સંબંધી ખ્યાલમાં આવ્યું, અને તે તમે અમને લખ્યું, એટલી સરળતા માટે ચિત્તને સંતોષ થયો છે.

અત્રેથી આસો શુદ દશમે વિદાય થઈ સુદ ૧૧ ની સવારે તમારી તરફ આવવાનો વિચાર રહે છે, તે પ્રથમ કંઈ માલ લેવાનું કારણ હોય તો તમારા

---

૧. ઉપર આપેલ "૪" આંકવાળા પત્રની નોંધ જુઓ.—સંશોધક.

વિચાર પર રાખીએ છિયે. જેટલી સંભાળ તમારાથી થઈ શકે તેટલી કરશો. પ્રત્યક્ષ નુકશાન દેખાતું હોય તો પછી પડશો નહીં. મૂળગા થાય તેવું દેખાતું હોય અથવા સહજ નુકશાન જેવું દેખાતું હોય, અને તમારૂં ચિત્ત એક બીજાનું ચિત્ત જૂદું થવાના કારણથી ભય રાખતું હોય તો હા કહેશો. પણ સોવસા તો ના કહેશો કે હવે તરતમાં આવનાર છે એટલે તેમના આવ્યા પહેલાં હાલ કંઈ પણ કરવાનો વિચાર નથી. જ્યાંસુધી બને ત્યાંસુધી આમ વર્તશો તો ફાયદો છે. કંઇ પણ આગળપર તેથી લાભ છે, તેમ બીજો ભય–એટલે સંબંધ ત્રુટી જવા વગેરેની કલ્પના પ્રત્યે વિશેષ જઇ ભાગમાં પડવાનું કારણ નથી. તેમ છતાં તમારાપર રાખવાનું કારણ એમ છે કે સહેજસાજ નાની રકમ હોય અને ચલાવવા ખાતર સંબંધમાં રહેવું એમ તમારા મનમાં આવે, તો તેમ કરવા માટે લખ્યું છે.

ગેરહાજર રહેવામાં પ્રથમથી ભય હતો કે તે લોકે ઉંચા રહ્યા કરશે; અને વેપારના યોગને વગર કારણે કઢંગી સ્થિતિમાં લાવ્યા જેવું કરશે, કેમકે તેમની સ્વભાવિક પ્રકૃતિ તેવી છે. હાલ તો તેવું જ બન્યું છે.

[1]ધર્મપુરદરબારને આપેલી અરજીની પ્રત પહોંચી છે. તેમાં ભાઇ મનસુખે તથા ભાઇ પ્રેમચંદ વગેરેએ સારૂં પ્રયત્ન કર્યું છે, તેથી ઘણો સંતોષ થયો છે. યથાશક્તિ સારાં કામની પ્રેરણા કરવી એ વિચારવાન્‌નું કાર્ય છે. બાકી માનવું ન માનવું એ સામા જીવના ઉદયાનુસાર છે.

એજ વિનંતિ. **રાયચંદના પ્રણામ.**

(૬)

ભાઈ શ્રી;

નીચે પ્રમાણે હવાલો નાંખશો.

શ્રી વિગત ખાતે ઉધાર: ફરામજી સન્સની કંપની માર્ફત **લંડન** મે. **આરબથનટ લેથમ**ની કંપનીપર મોકલેલા પાર્સલો તા.   ને રોજ આવ્યાં તે પર હુંડી રૂ. ૬૪૫૪–૧૦–૪ ની મુદત દિન ૩ ત્રણની આવી તે મુદત આજે પાકતાં તેના રૂ. ૬૪૫૪–૧૦–૪ **નૅ**શનલ બૅંક ઑફ ઇંડીયાને ભર્યા.

૪૮૩૩–૯–૯ **શ્રી રંગુનના વેપાર ખાતે ઉધાર.**

૭૮–૩–૧ લંડન પાર્સલ નંબર ૬૦૯ માણેકનાં બંડલ ૨ નું તે પાર્સલ વગર હુંડીએ મોકલેલું તે પાછું આવતાં ખરાજાતની વિગત:—

પૌં. ૨–૮–૦ જતાં આવતાંનો વીમો.
૦–૫–૦ પાછા આવવાનો પોસ્ટેજ.
૨–૮–૦ પૌંડ ૨૪૦ **વે**લ્યુ કરેલ તે પ્રમાણે પાછાં આવતાં આડત ટકા ૧ લેખે.

———

૫–૧૦–૦ પ્રત ૧–૩–૮ લેખે રૂ. ૭૮–૩–૧.

૪૭૫૫–૬–૮ લંડન પાર્સલ નંબર ૬૧૩–૧૪ તે **રં**ગુન ખાતે શા. મનસુખ લાલ સુરજમલના ભાગમાં ખરીદેલાં મોતીનાં પાર્સલો તેપર અત્રેથી હુંડી પૌંડ ૩૦૦ ની લખી હતી.

---

૧. આ અરજી વિજ્યાદશમીના પર્વ પર કરવામાં આવતાં પશુવધને અટકાવવા અર્થે કરવામાં આવેલી.—
—સંશોધક.

પાં. ૩૦૦—૦—૦ અત્રેથી હુંડી લખી હતી તે.
૦—૧૦—૮ હુંડી પાક્યા પછી દિવસ ૧૩ ઉપર થયા તેનું વ્યાજ દર વર્ષે દર સેંકડે ટકા ૫ લેખે ખરાજાત.
૧-૧૩-૪ જતાં આવતાંનો વીમો.
૧-૩-૧૧ તાર ખર્ચ તથા પાછા આવતાં પોસ્ટેજ.
૩-૧૦-૬ પાછા આવવાની આડત ટકા ૧॥ લેખે (હુંડીવાળું પાર્સલ હોવાથી).
૦—૪—૦ બીલ સ્ટેમ્પનો વરાડ.

૬—૧૧—૯

લંડન પાર્સલ નંબર ૬૨૦ દાબો ૧ રંગુન ખાતે શા. ગનસુખલાલ સુરજમલના ભાગમાં મોતી ખરીદિલ તેમાંનો તે પર હુંડી લખી નહોતી. ખરાજાતની વિગતઃ—
પાં. ૦—૦—૮ જતાં આવતાંનો વીમો.
૦—૯—૯ તાર તથા પોસ્ટેજ.
૦—૮—૦ પાંડ ૪૦ નું વેલ્યુ કર્યું હતું તે પ્રમાણે આડત ટકા ૧ લેખે પાછું આવ્યાની.

૧—૬—૮ પ્રત ૧—૩—૮ રૂા. ૧૮—૨—૬.

૧૬૦૨—૧૪—૬ **ત્રણ ભાગ ખાતે ઉધારઃ** લંડન પાર્સલ નંબર ૬૩૫-૭ પાછાં આવ્યાં તેના રૂ. ભરવા પડયા તેની વિગતઃ—
પાં. ૧૦૦—૦—૦ અત્રેથી હુંડી લખી હતી તેનાં.
૦—૬—૧૦ હુંડી પાક્યા પછી દિ. ૨૫ નું વ્યાજ.
૩—૩—૧૭ ખરાજાત.
૦—૧૧—૪ જતાં આવતાંનો વીમો.
૧—૭—૩ તાર અને પોસ્ટેજ પાછું આવતાં.
૧—૪—૦ વેલ્યુ પાં. ૮૦—૦—૦ પાછાં આવતાં આડત ટકા ૧ લેખે.
૦—૧—૦ બીલ સ્ટેમ્પનો વરાડ.

૩—૩—૧૭

૧૦૩—૧૦—૫ તેના પ્રત ૧—૩—૮ લેખે રૂ. ૧૬૦૨—૧૪—૬.
કુલ પાંડ ૪૧૬—૧૭—૩


વિ. રાયચંદ.

(૭)

મદ્રાસ, જ્યેષ્ઠ વદી ૦)), શુક્રવાર સં. ૧૯૫૫.

તમારો કાગળ ૧ આજે મળ્યો.

તમે ચાંદી મોકલી હશે, ન મોકલી હોય તો તરતજ મોકલી આપશો. વખતે લોકોએ ત્યાં કોઈ વેપારીને આપવી કરી હશે. કટકામાં કામ સારો આવે તેમ કરશો.



શ્રીમદ્‌ના હસ્તાક્ષરનો એક પત્ર.

અમારે અવેજની બીલકુલ જરૂર નહીં પડે, માટે તમે અમારે માટે થઇ ચાંદી મોકલતાં અટકશો નહી. ડાલરની સગવડ હોય તો તે પણ મોકલાવશો. નવો મેલ આવ્યે ભાવ ઘટવાની વકી રહેતી હોય તો ખમશો. અત્રેથી ગીની મોકલી છે. માટે તમે મોકલશો નહીં.

અત્રેથી ઘણું કરીને આવતી કાલે પાંચથી દશ હજાર રૂ. તમને તારથી મોકલાવીશું.

ઘણું કરી રવીવાર સુધી અહીં રોકાવું થશે. બપોરના ત્રણ વાગે.

લી. રાયચંદના પ્ર૦

(૮)[૧]

બીજા જેઠ સુદ એકમને દીવસેથી વ્યાપારમાંથી ભાગનો સંબંધ અમે છોડી દીધો છે, તે વાત તમને જણાવવાનો તેવામાંજ વિચાર હતો. પણ કંઇક પ્રસંગોને લઇને તેમ કરતાં વિલંબ થયેલ છે.

બીજા જેઠ પ્રથમ જે કંઇ વ્યાપારાદિ સહચારીપણે કર્યું હોય તે માંડી વાળી એક બીજાએ તે પ્રતિબંધ રહીત થવું યોગ્ય છે. શ્રી છોટાલાલ આદિ સાથેના વેપાર પ્રસંગમાં રહેલો બાકીનો હીસાબ, તથા તમારા પ્રસંગનો હીસાબ એ તરતમાં પ્રથમ માંડી વાળવો યોગ્ય છે. ત્યાર પછી શ્રી રેવાશંકર તથા અમારા સહચારીપણાનો હીસાબ માંડી વાળી જે કંઇ રકમ આ નામપર આવે તે શ્રી મનસુખને નામે શ્રી રેવાશંકરે જમે કરવી, અને શ્રી મનસુખની ઇચ્છા તથા તમારી ઇચ્છા અને તેમની ઇચ્છા અરસપરસ સહચારીપણે રહેવાની હોય તો તમારે સૌએ ઇચ્છાનુસાર કરવું. એ પ્રકારે અમારી વિનંતિ છે.

---

૧. આ પત્ર વંડાદરાવાળા ઝવેરી શ્રીયુત માણિકલાલ ઘેલાભાઇ પ્રત્યે સંવત્ ૧૯૫૨ના વર્ષમાં શ્રીમદ્ રાજચંદ્રે લખેલો જણાય છે. સુરત નિવાસી રાવ બહાદુર નગીનચંદ ઝવેરચંદ ઝવેરી અને અમદાવાદ નિવાસી ઝવેરી છોટાલાલ લલુભાઇ આદિ ભાગીદારોની સાથે મોતીના વ્યાપારનો સંબંધ નિવૃત્ત કર્યા પછી શ્રીમદ્‌ની વૃત્તિ વ્યાપારવ્યવસાયથી નિવૃત્તવાની હોઇ તેઓએ એક સમયે અર્થાત્ આ પત્ર લખાયો તે સમયે ભાગીદારીથી નિવૃત્તિ કર્યારૂપ સંકેત કરેલો આ લેખકની સ્મરણશક્તિ યોગ્ય હોય તો શ્રી રેવાશંકરભાઈ અને આ લેખકને (શ્રીમદ્‌ના ભાઇને) શ્રીમદ્‌ની વ્યાપાર નિવૃત્તિનો સંકેત ખેદક થવાથી તેમજ ભાઇ માણિકલાલનો આગ્રહ પણ તથાપ્રકારનો હતો (જુઓ આ પત્ર પછીનો પત્ર) એ કારણથી શ્રીમદ્‌ને પોતાના સંકેતને પરિત્યાગવો પડયો હતો. જે સમયમાં આ પત્ર લખાયો છે તે સમયમાં શ્રીમદે પોતાનો વ્યાપાર-નિવૃત્તિને અંગે વિચારેલો સંકેત ભાઇ માણેકલાલને એવા ઉદ્દેશથી દર્શાવ્યો છે કે, ઝવેરી છોટાલાલ અને ઝવેરી નગીનચંદ આદિ મોતીના વ્યાપારના ભાગીદારોથી હિસાબ સમજી લઈ પછી તેમની અર્થાત્ ભાઇ માણેકલાલની સાથેનો હિસાબ સમજી લઇ પછી ભાઇ રેવાશંકરભાઇની સાથેનો પોતાનો અર્થાત્ શ્રીમદ્‌ના સહચારીપણાનો હિસાબ સમજી ભાગીદારીનો સમ્બન્ધ નિવૃત્તિને પમાડવો. જે સમયે વ્યાપારનું ફલ જે આર્થીક લાભ—વટાવ—તેની પ્રાપ્તિ થઇ છે તે જ સમયે તેનો ઉપભોગ ન ઇચ્છતાં તે વટાવપરનું પોતાનું સ્વામીત્વ છોડી દેવારૂપ વૃત્તિ આ પત્રથી વ્યક્ત થાય છે. તેઓના નીચેના શબ્દો આ વૃત્તિ સૂચવે છે:— " ત્યાર પછી શ્રી રેવાશંકર તથા અમારા સહચારીપણાનો હિસાબ માંડીવાળી જે કાંઈ રકમ આ નામ પર આવે તે શ્રી મનસુખને નામે શ્રી રેવાશંકરે જમે કરવી, અને શ્રી મનસુખની ઈચ્છા તથા તમારી ઇચ્છા અને તેમની (શ્રી રેવાશંકરની) ઇચ્છા અરસપરસ સહચારીપણે રહેવાની હોય તો તમારે સૌએ ઇચ્છાનુસાર કરવું." આર્થીક લાભ—વટાવ—હાથમાં આવતાંજ પોતાનું સ્વામીત્વ પોતાના એક ભાઇને સુપ્રત કરી આપવાની બુદ્ધિ થવી એ જગત્ વ્યવહારના સામાન્ય ક્રમ કરતાં કાંઇક વિલક્ષણતા—વિશેષતા ગણાવા યોગ્ય છે કે નહીં તે વિચારવા અર્થે આ પત્ર

(૯)[1]

બીજા જેઠ શુદ ૧ શનિએ આપના પ્રત્યે લખેલું પત્ર, × × ×

જેમ ચાલ્યું આવ્યું છે તેમ ચાલ્યું આવે અને મને કાંઇ કંઈ પ્રતિબંધથી વર્ત્તવાનું કારણ નથી એવો ભાવાર્થ આપે લખ્યો તે વિષે સંક્ષેપમાં જાણવા અર્થે નીચે લખું છું.

જૈન દર્શનની રીતિએ જોતાં સમ્યગ્દર્શન અને વેદાન્તની રીતિએ જોતાં કેવલ જ્ઞાન અમને સંભવે છે. જૈનમાં કેવલજ્ઞાનનું સ્વરૂપ લખ્યું છે તેજ માત્ર સમજાવું મુસ્કેલ થઇ પડે છે.

વળી, વર્તમાનમાં તે જ્ઞાનનો તેણેજ નિષેધ કર્યો છે; જેથી તત્સંબંધી પ્રયત્ન કરવું પણ સફળ ન દેખાય.

જૈન પ્રસંગમાં અમારો વધારે નિવાસ થયો છે તો કોઇ પણ પ્રકારે તે માર્ગનો ઉદ્ધાર અમ જેવાને દ્વારે વિશેષ કરીને થઇ શકે, કેમકે તેનું સ્વરૂપ વિશેષે કરીને સમજાયું હોય એ આદિ·········વર્તમાનમાં જૈનદર્શન એટલું બધું અવ્યવસ્થિત અથવા વિપરીત સ્થિતિમાં જોવામાં આવે છે કે, તેમાંથી જાણે જિનના + + + છે, અને લોકો માર્ગ પ્રરૂપે છે. બાહ્ય કુટારો બહુ બહુ વધારી દીધો છે, અને અંત (અંતર ?—) માર્ગનું ઘણું કરી જ્ઞાન વિચ્છેદ જેવું થયું છે. વેદોક્ત માર્ગમાં બસેં ચારસેં વર્ષે કોઇ કોઈ મોટા આચાર્ય થયા દેખાય છે, કે જેથી લાખો માણસને વેદોક્ત રીતિ સચેત થઈ પ્રાપ્ત થઈ હોય. વળી, સાધારણ રીતિ કોઇ કોઈ આચાર્ય અથવા તે માર્ગના જાણનારા પુરૂષો થયા કરે છે, અને જૈનમાર્ગમાં ઘણાં વર્ષ થયાં તેવું બન્યું દેખાતું નથી. જૈન માર્ગમાં ઘણાં વર્ષ થયાં તેવું બન્યુ દેખાતું નથી. જૈન માર્ગમાં પ્રજા પણ ઘણી થોડી રહી છે, અને તેમાં સેંકડો ભેદ વર્તે છે. એટલું જ નહીં પણ મૂળ માર્ગની સન્મુખની વાત પણ તેમને કાને નથી પડતી, અને ઉપદેશકના લક્ષમાં નથી. એવી સ્થિતિ વર્ત્તે છે. તેથી ચિત્તમાં એમ આવ્યા કરે છે કે, જો તે માર્ગ વધારે પ્રચાર પામે તો તેમ કરવું. નહીં તો તેમાં વર્ત્તતી પ્રજાને મૂળ લક્ષપણે દોરવી.

અહીં સ્થિર કર્યો છે. એક અવિભક્ત કુટુમ્બના સભ્ય તરીકે, શ્રીમદે પોતાના ભાઇને, દ્રવ્ય સુપ્રત કરવાની બુદ્ધિ કરી ત્યાં બીજી કોઇ વિશેષતાનું સૂચન થાય છે ? આ સમયે શ્રીમદ્‌ને એક પુત્રનું હોવાપણું હતું, વ્યવહારશાસ્ત્રની દૃષ્ટિએ રકમ પોતાના ભાઇના નામપર ચઢાવતાં અવિભક્ત કુટુમ્બના નિયમોનું પાલન થતું હોય છતાં સગીર પુત્રના હિતની નિર્ભયતાને અર્થે ભાઈ અને પુત્રના સંયુક્ત નામપર ચઢાવવાનું જગત્ જીવો ઇચ્છે એ વ્યવહારનો દૈનિક અનુભવ છે. વળી, આ સમયે પિતાશ્રીની વિદ્યમાનતા હતી, તો અવિભક્ત કુટુમ્બના નિયમોનું પાલન થાય, સગીર પુત્રનું હિત નિર્ભય રાખતાં, ભાઇને પણ ભ્રાતૃભાવ અવિકલ લાગે તેવું થવા અર્થે પિતાશ્રીના નામપર રકમ ચઢાવવાનું ઇચ્છયું હોત, તો તેણે સર્વ પ્રકારે યોગ્ય છતાં, શ્રીમદે પોતાના ભાઇના નામપર રકમ જમે કરવા લખ્યું તે, પ્રસંગો વિચારવાથી શ્રીમદ્ અને તેના ભાઇના પરસ્પરના સમ્બન્ધનો અને શ્રીમદ્‌ની દ્રવ્ય સમ્બન્ધી વિરક્ત મનોધારણાનો કંઇક ખ્યાલ આવી શકવા યોગ્ય છે.—**સંશોધક.**

૧. આ પત્ર ભાઇ **માણેકલાલ** ઉપર લખેલું હોય એમ લાગે છે. બીજા જેઠ શુદ ૧ ને રોજ **સહચારીપણાની નિવૃત્તિનો જે પત્ર લખેલો તેના ઉત્તરમાં ભાઇ માણેકલાલે શ્રીમદને એવા આશયપૂર્વક લખેલું જણાય છે કે, 'શ્રીમદે સહચારીપણાથી નિવૃત્ત ન થતાં સહચારીપણું જેમ ચાલ્યું આવે છે તેમ ચાલ્યા આવવા દેવું, પરંતુ તેઓએ સહચારીનો પ્રતિબંધ ન રાખવો.' ભાઈ માણેકલાલના આવા ઉત્તરના પ્રત્યુત્તરમાં શ્રીમદે આ પત્ર લખી પોતાનો જીવનનું મંતવ્ય શું છે તે જણાવ્યું હોય એમ લાગે છે; પત્ર પૂર્ણ લખ્યો જણાતો નથી.—સંશોધક.**

આ કામ ઘણું વિકટ છે. વળી, જૈન માર્ગ પોતેજ સમજવો તથા સમજાવવો કઠણ છે. સમજાવતાં આડાં કારણ આવીને ઘણાં ઉભાં રહે તેવી સ્થિતિ છે એટલે તેવી પ્રવૃત્તિ કરતાં ડર લાગે છે. તેની સાથે એમ પણ રહે છે કે જો આ કાર્ય આ કાળમાં અમારાથી કંઈ પણ બને તો બની શકે; નહીં તો હાલ તો મૂળ માર્ગ સન્મુખ થવા માટે બીજાનું પ્રયત્ન કામ આવે તેવું દેખાતું નથી. ઘણું કરી મૂળ માર્ગ બીજાનાં લક્ષમાં નથી. તેમ તેવું દૃષ્ટાંતે ઉપદેશવામાં પરમશ્રુત આદિ ગુણો જોઇએ છીએ, તેમજ અંતરંગ કેટલાક ગુણો જોઇએ છીએ તે અત્ર છે; એવું દૃઢ ભાસે છે.

એ રીતે જો મૂળ માર્ગ પ્રકટતામાં આણવો હોય તો પ્રટટ કરનારે સર્વસંગપરિત્યાગ કરવા યોગ્ય; કેમકે તેથી ખરેખરો સમર્થ ઉપકાર થવાનો વખત આવે. વર્તમાન દશા જોતાં સત્તાના કાર્યોપર દૃષ્ટિ દેતાં કેટલાક વખત પછી તે ઉદયમાં આવવો સંભવે છે. અમને સહજ સ્વરૂપે જ્ઞાન છે. જેથી યોગ સાધનની એટલી અપેક્ષા નહીં હોવાથી તેમાં પ્રવૃત્તિ કરી નથી; તેમ તે સર્વસંગપરિત્યાગમાં અથવા વિશુદ્ધ દેશ પરિત્યાગમાં સાધવા યોગ્ય છે. એથી લોકોને ઘણો ઉપકાર થાય છે; જો કે વાસ્તવિક ઉપકારનું કારણ તો આત્મજ્ઞાન વિના બીજું કાંઈ નથી.

હાલ બે વર્ષ સુધી તો તે યોગસાધન વિશેષ કરી ઉદયમાં આવે તેમ દેખાતું નથી. તેથી ત્યાર પછીની કલ્પના કરાય છે. અને ૩ થી ૪ વર્ષ તે માર્ગમાં ગાળવામાં આવ્યાં હોય તો સર્વ સંગ (પરિત્યાગી ?) ઉપદેશકનો વખત આવે; અને લોકોનું શ્રેય થવું હોય તો થાય. નાની વયે માર્ગનો ઉદ્ધાર કરવા સંબંધી જિજ્ઞાસા વર્ત્તતી હતી. ત્યાર પછી જ્ઞાનદશા આવ્યે ક્રમે કરીને તે ઉપશમ જેવી, થઇ; પણ કોઈ કોઈ લોકો પરિચયમાં આવેલાં તેમને કેટલીક વિશેષતા ભાસવાથી કાંઇક મૂળ માર્ગપર લક્ષ આપેલો; અને આ બાજુ તો સૈકડો અથવા હજારો માણસો પ્રસંગમાં આવેલા. જેમાંથી કેંક સમજણવાળા તથા ઉપદેશક પ્રત્યે આસ્થાવાળા સોએક માણસો નીકળે. એ ઉપરથી એમ જોવામાં આવ્યું કે, લોકો તરવાના કામી વિશેષ છે, પણ તેમને તેવો યોગ બાઝતો નથી; જો ખરેખર ઉપદેશક પુરૂષનો જોગ બને તો ઘણા જીવો મૂળ માર્ગ પામે તેવું છે, અને દયા આદિનો વિશેષ ઉદ્યોત થાય એવું છે, એમ દેખાવાથી કંઇક ચિત્તમાં આવે છે કે, આ કાર્ય કોઇક કરે તો ઘણું સારૂં, પણ દૃષ્ટિ કરતાં તેવો પુરૂષ ધ્યાનમાં આવતો નથી એટલે કાંઇક લખનાર પ્રત્યેજ દૃષ્ટિ આવે છે પણ લખનારનો જન્મથી લક્ષ એવો છે કે, એ જેવું એ કે જોખમવાળું પદ નથી અને પોતાની તે કાર્યની યથાયોગ્યતા જ્યાં સુધી ન વર્ત્તે ત્યાં સુધી તેની ઇચ્છા માત્ર પણ ન કરવી, અને ઘણું કરી હજુ સુધી તેમ વર્ત્તવામાં આવ્યું છે. માર્ગનું કાંઇ પણ સ્વરૂપ કેકને સમજાવ્યું છે, તથાપિ કોઇને એક વ્રત પચ્ચખાણ આપ્યું નથી અથવા તમે મારા શિષ્ય છો અને અમે ગુરૂ છીએ એવો ઘણું કરીને પ્રકાર દર્શિત થયો નથી. કહેવાનો હેતુ એવો છે કે, સર્વસંગ પરિત્યાગ થયે તે કાર્યની પ્રવૃત્તિ સહજ સ્વભાવે ઉદયમાં આવે તો કરવી એવી માત્ર કલ્પના છે.

તેનો ખરેખરો આગ્રહ નથી. માત્ર અનુકંપાદિ તથા જ્ઞાનપ્રભાવ વર્ત્તે છે તેથી ક્યારેક તે વૃત્તિ ઉઠે છે અથવા અલ્પાંશે અંગમાં તે વૃત્તિ છે, તથાપિ સ્વવશ છે એમ ધારીએ છીએ. તેમ સર્વસંગ પરિત્યાગ આદિ થાય તો હજારો

માણસ મૂળ માર્ગને પામે અને હજારો માણસ તે સદ્‌માર્ગને આરાધી સદ્‌ગતિને પામે. એમ અમારાથી થવું સંભવે છે. અમારા સંગમાં ત્યાગ કરવાને ઘણા જીવને વૃત્તિ થાય એવો અંગમાં ત્યાગ છે. ધર્મ સ્થાપવાનું માન મોટું છે. તેની સ્પૃહાથી પણ વખતે આવી વૃત્તિ રહે; પણ આત્માને ઘણીવાર તાવી જોતાં તે સંભવ હવેની દશામાં ઓછો જ દેખાય છે અને કાંઇક સત્તાગત રહ્યો હશે તો તે ક્ષીણ થશે એમ અવશ્ય ભાસે છે, કેમકે યથાયોગ્યતા વિના દેહ છૂટી જાય એવી દૃઢ કલ્પના હોય તો પણ માર્ગ ઉપદેશવો નહીં. એમ આત્મનિશ્ચય નિત્ય વર્ત્તે છે. એક એ બળવાન્ કારણથી **પરિગ્રહાદિ** ત્યાગ કરવાનો વિચાર રહ્યા કરે છે. મારા મનમાં એમ રહે છે કે, વેદોક્ત ધર્મ પ્રકાશવો અથવા સ્થાપવો હોય તો મારી દશા યથાયોગ્ય છે, પણ જિનોક્ત માર્ગ સ્થાપવો હોય તો હજુ તેટલી યોગ્યતા નથી; તો પણ પણ વિશેષ યોગ્યતા છે એમ લાગે છે.

(૧૦)

હે નાથ ! કાં ધર્મોન્નતિ કરવારૂપ ઇચ્છા સહજપણે સમાવેશ પામે તેમ થાઓ; કાંતો તે ઇચ્છા અવશ્ય કાર્યરૂપ થાઓ. અવશ્ય કાર્યરૂપ થવી બહુ દુષ્કર દેખાય છે, કેમકે અલ્પ અલ્પ વાતમાં મતભેદ બહુ છે, અને તેનાં મૂળ ઘણાં ઉંડાં ગયેલાં છે. મૂળ માર્ગથી લોકો લાખો ગાઉ દૂર છે, એટલું જ નહીં પણ મૂળ માર્ગની જિજ્ઞાસા તેમને ઉત્પન્ન કરાવવી હોય, તો પણ ઘણા કાળનો પરિચય થયે પણ થવી કઠણ પડે, એવી તેમની દુરાગ્રહાદિથી જડપ્રધાનદશા વર્ત્તે છે.

* * * * * *

ઉન્નતિનાં સાધનોની સ્મૃતિ કરૂં છું.

બોધબીજનું સ્વરૂપનિરૂપણ મૂળ માર્ગ પ્રમાણે ઠામ ઠામ થાય.

ઠામ ઠામ મતભેદથી કંઇજ કલ્યાણ નથી એ વાત ફેલાય.

પ્રત્યક્ષ સદ્‌ગુરૂની આજ્ઞાએ ધર્મ છે એમ વાત લક્ષમાં આવે.

દ્રવ્યાનુયોગ—આત્મવિદ્યા પ્રકાશ થાય

ત્યાગ વૈરાગ્યનાં વિશેષપણાથી સાધુઓ વિચરે.

નવતત્ત્વ પ્રકાશ.

સાધુધર્મપ્રકાશ.

શ્રાવકધર્મપ્રકાશ.

વિચાર.

ઘણા જીવોને પ્રાપ્તિ.

---

(૧)[1]

ૐ અનંત શાંતમૂર્તિ એવા ચંદ્રપ્રભુને નમોનમઃ

અનંત શાંત જ જેનું સ્વરૂપ છે તે પ્રભુની નિરંતર ચરણસેવા સંપ્રાપ્ત હો–રહો. ચિત્ત અવિક્ષિપ્ત રાખશો. વિશેષ યથાવસરે. દેહધારી છતાં આત્મારૂપે રહ્યા એવા જિનવીતરાગને નમસ્કાર.

ચૈત્ર શુદ ૨, શુક્ર, ૧૯૫૭, રાજકોટ. **ૐ શાંતિ.**

(૨)[2]

ૐ અનંત શાંતમૂર્તિ એવા ચંદ્ર પ્રભુને નમસ્કાર હો, નમસ્કાર હો. હાલ શું કહિયે ? યથાવસર.

---

૧. ૨. શ્રીમદ્‌ના દેહાન્ત પૂર્વે ૧૮ દિવસે આ બન્ને પત્રો લખાયાં છે. સંવત્ ૧૯૪૮ ના વર્ષમાં શ્રીમદ્‌ના શરીરનો તોલ ૧૩૮ રતલ હતો. આ પત્રો લખાયાં ત્યારે માત્ર ૪૫ રતલ રહ્યો હતો એવી શરીરપ્રકૃતિ નિર્બળતા પામી હતી.—**સંશોધક.**

વૃદ્ધિપત્ર ૨ જું.[1]

(૩)

તે સર્વ વ્યાપક ચેતન છે ?

તેના કેટલા ભાગમાં માયા સમજવી ?

જ્યાં જ્યાં તે માયા હોય ત્યાં ત્યાં ચેતનને બંધ સમજવો કે કેમ? તેમાં જૂદા જૂદા જીવ શી રીતે માનવા ? અને તે જીવને બંધ શી રીતે માનવો ? અને તે બંધની નિવૃત્તિ શી રીતે માનવી ? તે બંધની નિવૃત્તિ થયે ચેતનનો કયો ભાગ માયારહિત થયો ગણાય ? જે ભાગમાંથી પૂર્ણ મુક્ત થયા હોય તે તે ભાગ નિરાવરણ સમજવો કે શી રીતે ? અને એક ઠેકાણે નિરાવરણપણું તથા બીજે ઠેકાણે આવરણ, ત્રીજે ઠેકાણે નિરાવરણ એમ બને કે કેમ ? તે ચિત્રીને વિચારો.

પ્રકાશસ્વરૂપધામ.

તેમાં અનંત અપ્રકાશ ભાસ્યમાન્ અંતઃકરણ તેથી શું થાય ?

જ્યાં જ્યાં તે અંતઃકરણો વ્યાપે ત્યાં ત્યાં માયા ભાસ્યમાન્ થાય.

આત્મા અસંગ છતાં સંગવાન જણાય; અકર્ત્તા છતાં કર્ત્તા જણાય એ આદિ વિપરીતતા તેથી શું થાય ?

આત્માને બંધની કલ્પના થાય તેનું શું કરવું ?

અંતઃકરણનો સંબંધ જવા માટે તેનાથી પોતાનું જૂદાપણું સમજવું ?

જૂદાપણું સમજ્યે શું થાય ?

આત્મા સ્વસ્વરૂપ અવસ્થા ન વર્ત્તે ?

એક દેશ નિરાવરણ થાય કે સર્વ દેશ નિરાવરણ થાય ?

(૪)

બીજું કોઇ શોધમાં. માત્ર એક સત્પુરૂષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેવો.

સત્પુરૂષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે. શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે. અંતરંગમાં સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે. બાકી તો કંઈ કહ્યું જાય તેમ નથી.

અને આમ કર્યાવિના તારો કોઈ કાળે છૂટકો થનાર નથી. આ અનુભવપ્રવચન પ્રમાણિક ગણવી.

વિ૦ રાયચંદના પ્રણામ.

આશો વદ ૧૦, શનિ, મોહમયી.

એક સત્પુરૂષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશંસવામાં, તેજ સત્ય માનવામાં આખી જીંદગી ગઈ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પંદરભવે અવસ્ય મોક્ષે જઈશ.

મિતિ અને લેખક એજન.

---

૧ શ્રીમદ્‌ના દર્શન પર્યાલોચનકાળનો આ ઉહાપોહ જણાય છે. આ આવૃત્તિના પૃષ્ઠ ૬૫૦ પર પ્રકટ થયેલ આંક ૧૧૨ ના વિષયની અર્થઘટના સ્થળી ત કરતાં પહેલાં આ ઉહાપોહ લક્ષમાં લેવાયોગ્ય છે.—સંશોધક.

૨. આ પત્ર સંવત્ ૧૯૪૪—૪૬ ના અરસામાં લખાયો છે.—સંશોધક.

નીતિવચનો.[1]

૧ સત્ય પણ કરૂણામય બોલવું.
૨ નિર્દોષ સ્થિતિ રાખવી.
૩ વૈરાગ્ય હૃદય રાખવું.
૪ આહાર વિહાર, આળસ, નિદ્રા ઇ૦ ને વશ કરવાં.
૫ ગૃહસ્થાશ્રમ વિવેકી કરવો.
૬ વિવેકી, વિનયી અને પ્રિય પણ મર્યાદિત બોલવું.
૭ સાહસ કર્ત્તવ્ય પહેલાં વિચાર રાખવો.
૮ પ્રત્યેક પ્રકારથી પ્રમાદને દૂર કરવો.
૯ સઘળું કર્ત્તવ્ય નિયમિતજ રાખવું.
૧૦ અસત્ય ઉપદેશ આપું નહીં.
૧૧ ક્રિયા સદોષી કરૂં નહીં.
૧૨ અહંપદ રાખું કે ભાખું નહીં.
૧૩ સમ્યક્ પ્રકારે વિશ્વભણી દ્રષ્ટિ કરૂં.
૧૪ નિસ્વાર્થપણે વિહાર કરૂં.
૧૫ ધર્માનુરક્ત દર્શનથી વિચરૂં.
૧૬ સર્વ પ્રાણીમાં સમભાવ રાખુ.
૧૭ ક્રોધી વચન ભાખું નહીં.
૧૮ પાપી વચન ભાખું નહીં.
૧૯ અસત્ય આજ્ઞા ભાખું નહીં.
૨૦ સુખ દુઃખપર સમભાવ કરૂં.
૨૧ પ્રાણીને દુઃખ થાય એવું મૃષા ભાખું નહીં.
૨૨ અતિથિનું સન્માન કરૂં.
૨૩ પરમાત્મની ભક્તિ કરૂં.
૨૪ પ્રત્યેક સ્વયંબુધને સમાન માનું.
૨૫ તેને દિન પ્રતિ પુજું.
૨૬ કોઈ દર્શનને નિંદુ નહીં,
૨૭ એક પક્ષી મતભેદ બાંધું નહીં.
૨૮ અજ્ઞાન પક્ષને આરાધું નહીં.
૧૯ આત્મપ્રસંસા ઇચ્છું નહીં.
૩૦ પ્રમાદ કોઈ કૃત્યમાં કરૂં નહીં.
૩૧ તૃષ્ણાને સમાવું.
૩૨ તાપથી મુક્ત થવું એ મનોજ્ઞતા માનું.
૩૩ તે મનોર્થ પાર પાડવા પરાયણ થવું.
૩૪ યોગ વડે હૃદયને શુકલ કરવું.
૩૫ અસત્ય પ્રમાણુથી વાતપૂર્તિ કરૂં નહીં.
૩૬ અસંભવિત કલ્પના કરૂં નહીં.
૩૭ લોક અહિત પ્રણીત કરૂં નહીં.
૩૮ જ્ઞાનીની નિંદા કરૂં નહીં.
૩૯ વૈરીના ગુણની પણ સ્તુતિ કરૂં.
૪૦ વૈરભાવ કોઇથી રાખું નહીં.
૪૧ માત પિતાને મુક્ત વાટે ચઢાવું.
૪૨ રૂડી વાટે તેમને બદલો આપું.
૪૩ તેમની મિથ્યા આજ્ઞા માનું નહીં.
૪૪ સ્વસ્ત્રીમાં સમભાવથી વર્ત્તુ.
૪૫ ઉચ્છૃંખલ અભિમાન કરૂં નહીં.
૪૬ ખોટા ભભંકા કરૂં નહીં.
૪૭ દ્રેષ માત્રનો ત્યાગ કરૂં
૪૮ રાગ દ્રષ્ટિથી એકે વસ્તુ આરાધું નહી,
૪૯ વૈરીના સત્ય વચનને માન આપું.
૫૦ ખોટી ઉદારતા સેવું નહીં.
૫૧ કૃપણ થાઉં નહીં.
૫૨ આજીવિકા માટે ધર્મ બોધું નહીં.
૫૩ સત્ય વસ્તુનું ખંડન કરૂં નહી.
૫૪ તત્વ આરાધતાં લોકનિંદાથી ડરૂં નહીં.
૫૫ તત્વ આપતાં માયા કરૂં નહીં.
૫૬ સ્વાર્થને ધર્મ ભાખું નહીં.
૫૭ ચારે વર્ગને મંડન કરૂં.
૫૮ ધર્મ વડે સ્વાર્થ પેદા કરૂં નહીં.
૫૯ ધર્મ વડે અર્થ પેદા કરૂં.
૬૦ જડતા જોઇને આક્રોશ પામું નહીં.
૬૧ ખેદની સ્મૃતિ આણું નહીં.
૬૨ મિથ્યાત્વને વિસર્જન કરૂં.

૧ આ નીતિવચનો શ્રીમદે પોતાની પ્રથમ અવસ્થામાં એટલે તેઓના ૧૮ મા વર્ષે સંવત્ ૧૯૪૨ માં લખ્યા હતાં. તેની સર્વ સંખ્યા ૭૦૦ ની છે. તેમાંથી આ નીચે ટાંકયાં છે તેટલાં અહીં મૂકયાં છે. બાકીનાં ૩૦૦ વચનો સાપેક્ષ હોઈ, સાપેક્ષતાની સમજસમેત આ પછીની આવૃત્તિમાં આવવાયોગ્ય છે. આમાં કેટલાંક વચનો શ્રીમદે પોતને ઉદ્દેશીને અને કેટલાંક ભિન્ન ભિન્ન પાત્રો અર્થે લખ્યાં હોય એમ જણાય છે.—સંશોધક

૬૩ અસત્યને સત્ય કહું નહીં.
૬૪ હિંસાવડે સ્વાર્થ ચાહું નહીં.
૬૫ સૃષ્ટિનો ખેદ વધારૂં નહીં.
૬૬ વિનયને આરાધી રહું.
૬૭ માયા વિનાનો ત્યાગ કરૂં.
૬૮ દત્તા દાન લઉં નહીં.
૬૯ દત્તા અનીતિ લઉં નહીં.
૭૦ દુઃખી કરીને ધન લઉં નહીં.
૭૧ સમભાવથી મૃત્યુને જોઉં.
૭૨ મોતથી હર્ષ માનવો.
૭૩ કોઈના મોતથી હસવું નહીં.
૭૪ વિદેહી હૃદયને કરતો જોઉં.
૭૫ ગુરૂનો ગુરૂ બનું નહીં.
૭૬ અપૂજ્ય આચાર્યને પૂજું નહીં.
૭૭ ખોટું અપમાન તેને આપું નહીં.
૭૮ અકરણીય વ્યાપાર કરૂં નહીં.
૭૯ ગુણ વગરનું વકતૃત્વ સેવું નહીં.
૮૦ તત્વજ્ઞ તપ અકાળિક કરૂં નહીં.
૮૧ પોતાના મિથ્યા તર્કને ઉત્તેજન આપું નહીં.
૮૨ સર્વ પ્રકારની ક્ષમાને ચાહું.
૮૩ સંતોષની પ્રયાચના કરૂં.
૮૪ સ્વાત્મભક્તિ કરૂં.
૮૫ સામાન્ય ભક્તિ કરૂં.
૮૬ અનન્ય ઉપાસક થાઉં.
૮૭ નિરાભિમાની થાઉં.
૮૮ મનુષ્ય જાતિનો ભેદ ન ગણું.
૮૯ જડની દયા ખાઉં.
૯૦ સામાન્યથી મિત્રભાવ રાખું.
૯૧ પ્રત્યેક વસ્તુનો નિયમ કરૂં.
૯૨ મનોવીરત્વની વૃદ્ધિ કરૂં.
૯૩ પ્રત્યેક પરિષહ સહન કરૂં.
૯૪ આત્માને પરમેશ્વર માનું.
૯૫ તારો સિદ્ધાંત તુટે તેમ સંસારવ્યવહાર ન ચલાવું.
૯૬ પ્રત્યેકને વાત્સલ્યતા ઉપદેશું.
૯૭ તત્વથી કંટાળું નહીં.
૯૮ પરિષહ પ્રત્યેક પ્રકારે સહન કરૂં.
૯૯ તત્વજ્ઞાનનો અભ્યાસ કરૂં.
૧૦૦ કોઈ વસ્તુ જોઇ રાચું નહીં.
૧૦૧ આજીવિકા માટે ઉપદેશક થઉં નહીં.
૧૦૨ તારા નિયમને તોડું નહીં.
૧૦૩ શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરૂં.
૧૦૪ તારા નિયમનું મંડન કરૂં.
૧૦૫ રસગારવ થાઉં નહીં.
૧૦૬ કષાય ધારૂં નહીં.
૧૦૭ બંધન રાખું નહીં.
૧૦૮ અબ્રહ્મચર્ય સેવું નહીં.
૧૦૯ આત્મ પરાત્મ સમાન માનું.
૧૧૦ લીધો ત્યાગ ત્યાગું નહીં.
૧૧૧ મૃષા ઇ૦ ભાષણ કરૂં નહીં.
૧૧૨ કોઇ પાપ સેવું નહીં.
૧૧૩ અબંધ પાપ ક્ષમાવું.
૧૧૪ ક્ષમાવવામાં માન રાખું નહીં. (મુનિસામાન્ય.)
૧૧૫ ગુરૂના ઉપદેશને તોડું નહીં.
૧૧૬ ગુરૂનો અવિનય કરૂં નહીં,
૧૧૭ ગુરૂને આસને બેસે નહીં.
૧૧૮ કોઇ પ્રકારની તેથી મહત્તા ભોગવું નહીં.
૧૧૯ તેથી શુકલ હૃદયે તત્વજ્ઞાનની વૃદ્ધિ કરૂં.
૧૨૦ મનને સ્થિતિસ્થાપક રાખું.
૧૨૧ વચનને રામબાણ રાખું.
૧૨૨ કાયાને કૂર્મરૂપ રાખું.
૧૨૩ હૃદયને ભ્રમરરૂપ રાખું.
૧૨૪ હૃદયને કમળરૂપ રાખું.
૧૨૫ હૃદયને પત્થરરૂપ રાખું
૧૨૬ હૃદયને લીંબુરૂપ રાખું.
૧૨૭ હૃદયને જળરૂપ રાખું.
૧૨૮ હૃદયને તેલરૂપ રાખું.
૧૨૯ હૃદયને અગ્નિરૂપ રાખું.
૧૩૦ હૃદયને આદર્શરૂપ રાખું.
૧૩૧ હૃદયને સમુદ્રરૂપ રાખું.
૧૩૨ વચનને અમૃતરૂપ રાખું.
૧૩૩ વચનને નિદ્રારૂપ રાખું.
૧૩૪ વચનને તૃષારૂપ રાખું.
૧૪૫ વચનને સ્વાધીનરૂપ રાખું.
૧૩૬ કાયાને કમાનરૂપ રાખું.

૧૩૭ કાયાને ચંચળરૂપ રાખું.
૧૩૮ કાયાને નીરપરાધી રાખું.
૧૩૯ કોઈ પ્રકારની ચાહના રાખું નહીં.
(પરમહંસ)
૧૪૦ તપસ્વિ છઉં; વનમાં તપશ્ચર્યા કરૂં છઉં.
(તપસ્વિની ઈચ્છા)
૧૪૧ શીતળ છાયા લઉં છઉં.
૧૪૨ સમભાવે સર્વ સુખ સંપાદન કરૂં છઉં.
૧૪૩ માયાથી દૂર રહુ છઉં.
૧૪૪ પ્રપંચને ત્યાગું છઉં.
૧૪૫ સર્વ ત્યાગ વસ્તુને જાણું છઉં,
૧૪૬ ખોટી પ્રશંસા કરૂં નહીં. (સામાન્ય)
૧૪૭ ખોટી વસ્તુ પ્રણીત કરૂં નહીં.
૧૪૮ અસત્યથી રાચું નહી. (૨)
૧૪૯ સ્થિતિનો ગર્વ કરૂં નહીં.
૧૫૦ સ્થિતિનો ખેદ કરૂં નહીં.
૧૫૧ ખોટો ઉદ્યમ કરૂં નહીં.
૧૫૨ અનુદ્યમી રહું નહીં
૧૫૩ ખોટી સલાહ આપું નહીં
૧૫૪ પાપી સલાહ આપું નહીં.
૧૫૫ ન્યાય વિરૂદ્ધ કૃત્ય કરૂં નહીં. (૨-૩)
૧૫૬ ખોટી આશા કોઈને આપું નહીં.
૧૫૭ અસત્ય વચન આપું નહીં.
૧૫૮ સત્ય વચન ભંગ કરૂં નહીં.
૧૫૯ પાંચ સમિતિને ધારણ કરૂં.
૧૬૦ સ્વાર્થે કોઈની આજીવિકા તોડું નહીં.
૧૬૧ વધબંધનની શિક્ષા કરૂં નહીં.
૧૬૨ ભયવાત્સલ્યથી રાજ્ય ચલાવું. (રાજા.)
૧૬૩ નિયમવગર વિહાર કરૂં નહીં.
૧૬૪ વિષયની સ્મૃતિએ ધ્યાન ધર્યા વિના રહું નહીં.
૧૬૫ વિષયની વિસ્મૃતિજ કરૂં.
૧૬૬ સર્વ પ્રકારની નીતિ શીખું.
૧૬૭ ભયભાષા ભાખું નહીં.
૧૬૮ લીધેલો નિયમ કરણોપકરણી રીતે તોડું નહીં,
૧૬૯ પુંઠ ચૌર્ય કરૂં નહીં.
૧૭૦ અતિથિનો તિરસ્કાર કરૂં નહીં.
૧૭૧ ગુપ્ત વાત પ્રસિદ્ધ કરૂં નહીં.
૧૭૨ પ્રસિદ્ધ કરવા યોગ્ય ગુપ્ત રાખું નહીં.
૧૭૩ વિના ઉપયોગે દ્રવ્ય રળું નહીં.
૧૭૪ અયોગ્ય કરાર કરાવું નહીં.
૧૭૫ નાસ્તિકતાનો ઉપદેશ આપું નહી.
૧૭૬ (શૃંગારી ?) પ્રતિમાને નિરખું નહીં.
૧૭૭ (વીતરાગ ?) પ્રતિમાને નિંદુ નહીં.
૧૭૮ (વીતરાગ ?) પ્રતિમાને પૂજું.
૧૭૯ પાપથી ધર્મ માનું નહીં.
૧૮૦ સત્ય વ્યવહારને છોડું નહીં.
૧૮૧ ધ્યાન વિના એકાંતે રહું નહીં.
૧૮૨ આત્માનીજ માત્ર ધર્મ કરણી સાચવું.
૧૮૩ આત્મસ્વતંત્રતા ખોઉં નહીં.
૧૮૪ બંધનમાં પડયા પહેલાં વિચાર કરૂં.
૧૮૫ અયોગ્ય વિદ્યા સાધું નહીં.
૧૮૬ બોધું પણ નહીં.
૧૮૭ નીતિ વિના સંસાર ભોગવું નહીં.
૧૮૮ અયોગ્ય ઉપમા આપું નહીં.
૧૮૯ સ્વાર્થ માટે ક્રોધ કરૂં નહીં.
૧૯૦ વાદયશ પ્રાપ્ત કરૂં નહીં.
૧૯૧ અપવાદથી ખેદ કરૂં નહીં.
૧૯૨ ધર્મ દ્રવ્યનો ઉપયોગ કરી શકું નહી.
૧૯૩ દશાંશ કે ધર્મમાં કાઢું.
૧૯૪ સર્વસંગપરિત્યાગ કરૂં. (પરમહંસ.)
૧૯૫ તારો બાંધેલો મારો ધર્મ વિસારૂં નહીં.
૧૯૬ સ્વપ્નાનંદ ખેદ કરૂં નહીં.
૧૯૭ આજીવિક વિદ્યા શેવું નહીં.
૧૯૮ તપને વેચું નહીં.
૧૯૯ નિરાગીનાં વચનોને પૂજ્ય ભાવે માન આપું.
૨૦૦ તત્વનેજ ગ્રહણ કરૂં.
૨૦૧ નિર્માલ્ય અધ્યયન કરૂં નહીં.
૨૦૨ વિચારશક્તિને ખીલવું.
૨૦૩ જ્ઞાન વિના તારે ધર્મ અંગીકૃત કરૂં નહીં.
૨૦૪ એકાંતવાદ લઉં નહીં.
૨૦૫ નિરાગી અધ્યયનો મુખે કરૂં.
૨૦૬ ધર્મકથા શ્રવણ કરૂં.

૨૦૭ નિયમિત કર્ત્તવ્ય ચૂકું નહીં.
૨૦૮ અપરાધ શિક્ષા તોડું નહીં.
૨૦૯ યાચકની હાંસી કરૂં નહીં.
૨૧૦ સત્પાત્રે દાન આપું.
૨૧૧ દીનની દયા ખાઉં.
૨૧૨ દુઃખીની હાંસી કરૂં નહીં.
૨૧૩ ક્ષમાપના વગર શયન કરૂં નહીં,
૨૧૪ આળસને ઉત્તેજન આપું નહીં.
૨૧૫ નિવૃત્તિસાધન એ વિના સઘળું ત્યાગું છઉં.
૨૧૬ મર્મ લેખ કરૂં નહીં.
૨૧૭ પર દુઃખે દાઝું.
૨૧૮ અપરાધી પર ક્ષમા કરૂં.
૨૧૯ અયોગ્ય લેખ લખું નહીં.
૨૨૦ આસુપ્રજ્ઞનો વિનય જાળવું.
૨૨૧ ધર્મકર્તવ્યમાં દ્રવ્ય આપતાં માયા ન કરૂં.
૨૨૨ નમ્ર વીરત્વથી તત્વ બોધું.
૨૨૩ પરમહંસની હાંસી કરૂં નહીં.
૨૨૪ કલેશને ઉત્તેજન આપું નહીં.
૨૨૫ નિંદા કરૂં નહીં.
૨૨૬ કર્તવ્યનિયમ ચુકું નહીં.
૨૨૭ દિનચર્યાનો ગેરઉપયોગ કરૂં નહીં.
૨૨૮ ઉત્તમ શક્તિને સાધ્ય કરૂં.
૨૨૯ શક્તિ વગરનું કૃત્ય કરૂં નહીં.
૨૩૦ દેશ કાળાદિને ઓળખું.
૨૩૧ કૃત્યનું પરિણામ જોઉં.
૨૩૨ કોઇનો ઉપકાર ઓળવું નહીં.
૨૩૩ મિથ્યા સ્તુતિ કરૂં નહીં.
૨૩૪ ખોટા દેવ સ્થાપું નહીં.
૨૩૫ કલ્પિત ધર્મ ચલાવું નહીં.
૨૩૬ સૃષ્ટિ સ્વભાવને અધર્મ કહું નહીં.
૨૩૭ સર્વ શ્રેષ્ટ તત્વ લોચનદાયક માનું.
૨૩૮ માનતા માનું નહીં.
૨૩૯ અયોગ્ય પૂજન કરૂં નહીં.
૨૪૦ માનની અભિલાષા રાખું નહીં.
૨૪૧ આલાપાદિ સેવું નહીં.
૨૪૨ ટુંકું લક્ષ રાખું નહીં.
૨૪૩ ઉન્માદ સેવું નહી.
૨૪૪ રૈદ્રાદિ રસનો ઉપયોગ કરૂં નહી.
૨૪૫ શાંત રસને નિંદું નહીં.
૨૪૬ સત્કર્મમાં આડો આવું નહીં.
૨૪૭ પાછો પાડવા પ્રયત્ન કરૂં નહીં.
૨૪૮ મિથ્યા હઠ લઉં નહીં.
૨૪૯ અવાચકને દુઃખ આપું નહીં.
૨૫૦ ખોડીલાંની સુખશાંતિ વધારૂં.
૨૫૧ નીતિશાસ્ત્રને માન આપું.
૨૫૨ હિંસક ધર્મને વળગું નહીં.
૨૫૩ અનાચારી ધર્મને વળગું નહીં.
૨૫૪ મિથ્યાવાદીને વળગું નહીં.
૨૫૫ શૃંગારી ધર્મને વળગું નહીં.
૨૫૬ અજ્ઞાન ધર્મને વળગું નહીં.
૨૫૭ કેવળ બ્રહ્મને વળગું નહીં.
૨૫૮ કેવળ ઉપાસના સેવું નહીં.
૨૫૯ નિયતવાદ સેવું નહીં.
૨૬૦ ભાવે સૃષ્ટિ અનાદિ અંત કહું નહીં.
૨૬૧ દ્રવ્યે સૃષ્ટિ આદિ અંત કહું નહીં.
૨૬૨ પુરૂષાર્થને નિંદુ નહિં.
૨૬૩ નિષ્પાપીને ચંચળતાથી છળું નહીં.
૨૬૪ શરીરનો ભરૂસો કરૂં નહીં.
૨૬૫ અયોગ્ય વચને બોલાવું નહીં.
૨૬૬ તત્વધર્મનિંદકપર પણ રોષ ધરવો નહીં.
૨૬૭ ધીરજ મૂકવી નહીં.
૨૬૮ ચરિત્રને અદ્‌ભુત કરવું.
૨૬૯ વિજય કીર્ત્તિ યશ સર્વપક્ષી પ્રાપ્ત કરવાં.
૨૭૦ કોઇનો ઘરસંસાર તોડવો નહીં.
૨૭૧ અંતરાય નાંખવી નહીં.
૨૭૨ શુક્લ ધર્મ ખંડવો નહીં.
૨૭૩ નિષ્કામ શીલ આરાધવું.
૨૭૪ ત્વરિત ભાષા બોલવી નહીં.
૨૭૫ પાપ ગ્રંથ ગુંથું નહીં.
૨૭૬ સ્મશાને વસ્તુ માત્ર ચાખું નહીં.
૨૭૭ શાસ્ત્રની અશાતના કરૂં નહીં.
૨૭૮ ગુરૂવાદિકની તેમજ.
૨૭૯ સ્વાર્થે યોગ તપ સાધું નહીં.
૨૮૦ સમય વિના વ્યવહાર બોલવો નહીં.
૨૮૧ પુત્રીને ભણાવ્યા વગર રહું નહીં.

૨૮૨ સ્ત્રી વિદ્યાશાળી શોધું.-કરૂં.
૨૮૩ તેઓને ધર્મપાઠ શીખડાવું.
૨૮૪ પ્રત્યેક ગ્રહે શાંતિ વિરામ રાખવાં.
૨૮૫ ઉપદેશકને સન્માન આપું.
૨૮૬ અનંત ગુણ ધર્મથી ભરેલી સૃષ્ટિ છે એમ માનું.
૨૮૭ કોઈ કાળે તત્વવડે કરી દુનિયામાંથી દુઃખ જશે એમ માનું.
૨૮૮ દુઃખ અને ખેદ એ ભ્રમણા છે.
૨૮૯ માણસ ચાહે તે કરી શકે.
૨૯૦ શૂર, વીર્ય, બુદ્ધિ ઇ૦ નો સુખદ ઉપયોગ કરૂં.
૨૯૧ કોઇ કાળે મને દુઃખી માનું નહીં,
૨૯૨ સૃષ્ટિનાં દુઃખ પ્રનાશન કરૂં.
૨૯૩ સર્વ સાધ્ય મનોરથ ધારણ કરૂં.
૨૯૪ પ્રત્યેક તત્વજ્ઞાનીઓને પરમેશ્વર માનું.
૨૯૫ પ્રત્યેકનું ગુણ તત્વ ગ્રહણ કરૂં.
૨૯૬ પ્રત્યેકના ગુણને પ્રફુલ્લીત કરૂં.
૨૯૭ કુટુંબને સ્વર્ગ બનાવું.
૨૯૮ સૃષ્ટિને સ્વર્ગ બનાવું તો કુટુંબને મોક્ષ બનાવું.
૨૯૯ તત્વાર્થે સૃષ્ટિને સુખી કરતાં હું સ્વાર્થ અર્પું
૩૦૦ સૃષ્ટિના પ્રત્યેક (-) ગુણની વૃદ્ધિ કરૂં.
૩૦૧ ,, દાખલ થતાં સુધી પાપ પુણ્ય છે એમ માનું.
૩૦૨ એ સિદ્ધાંત તત્વધર્મનો છે; નાસ્તીકનાનો નથી એમ માનું.
૩૦૩ હૃદય શોકિત કરૂં નહીં.
૩૦૪ વાત્સલ્યતાથી વૈરીને પણ વશ કરૂં.
૩૦૫ તું જે કરે છે તેમાં અસંભવ ન માનું.
૩૦૬ શંકા ન કરૂં. ઉથાપું નહી; મંડન કરૂં.
૩૦૭ રાજા છતાં પ્રજાને તારે, રસ્તે ચઢાવું.
૩૦૮ પાપીને અપમાન આપું.
૩૦૯ ન્યાયને ચાહુ, વર્તુ.
૩૧૦ ગુણનિધિને માન આપું.
૩૧૧ તારો રસ્તો સર્વ પ્રકારે માન્ય રાખું.
૩૧૨ ધર્માલય સ્થાપું.
૩૧૩ વિદ્યાલય સ્થાપું.
૩૧૪ નગર સ્વચ્છ રાખું.
૩૧૬ વધારે કર નાંખું નહીં.
૩૧૬ પ્રજાપર વાત્સલ્યતા ધરાવું.
૩૧૭ કોઇ વ્યસન સેવું નહીં.
૩૧૮ અજ્ઞાન ક્રિયા તજી દઉં.
૩૧૯ જ્ઞાન ક્રિયા સેવવા માટે.
૩૨૦ કપટને પણ જાણવું.
૩૨૧ ધર્મ આજ્ઞા સર્વથી શ્રેષ્ઠ માનું છઉં.
૩૨૨ સદ્‌ગતિ ધર્મનેજ સેવીશ.
૩૨૩ સિદ્ધાંત માનીશ, પ્રણીત કરીશ.
૩૨૪ ધર્મ મહાત્માઓને સન્માન દઇશ.
૩૨૫ જ્ઞાનવિના સત્વગી યાચનાઓ ત્યાગું છઉં.
૩૨૬ ભિક્ષાચારી યાચના સેવું છઉં.
૩૨૭ પૌષધાદિ વ્રત સેવું છઉં.
૩૨૮ બાંધેલો આશ્રમ સેવું છઉં.
૩૨૯ અકરણિય ક્રિયા જ્ઞાન સાધુ નહીં.
૩૩૦ પાપવ્યવહારના નિયમ બાંધું નહીં.
૩૩૧ રસ સ્વાદે તનધર્મ મિથ્યા કરૂં નહીં.
૩૩૨ એકાંત શારિર ધર્મ આરાધું નહીં.
૩૩૩ અનેક દેવ પૂજું નહીં.
૩૩૪ ગુણ સ્તવન સર્વોત્તમ ગાઉં.
૩૩૫ સદ્‌ગુણનું અનુકરણ કરૂં.
૩૩૬ શૃંગારી જ્ઞાતા પ્રભુ માનું નહીં.
૩૩૭ સાગર પ્રવાસ કરૂં નહીં.
૩૩૮ કૃષ્ણાદિ પાપ લેશ્યાનો ત્યાગ કરૂં છઉં.
૩૩૯ સમ્યક્ સમયમાં અપધ્યાનનો ત્યાગ કરૂં છું.
૩૪૦ નામ ભક્તિ સેવીશ નહીં.
૩૪૧ મિથ્યા ભાષણ કરૂં નહીં.
૩૪૨ સત્‌શબ્દોને સન્માન આપું.
૩૪૩ કાયાપર ગૃધ ભાવ રાચું નહીં.
૩૪૪ માનાર્થે કૃત કરૂં નહીં.
૩૪૫ કીર્ત્યાર્થે પુણ્ય કરૂં નહીં.
૩૪૬ કલ્પિત કથા દૃષ્ટાંત સત્ય કહું નહીં.
૩૪૭ શક્તિનો ગેરઉપયોગ કરૂં નહીં.
૩૪૮ અકૃત ધન લઉં નહીં.
૩૪૯ મૃત્યુ પાછળ રાગથી રોવું નહીં.
૩૫૦ વ્યાખ્યાન શક્તીને આરાધું.
૩૫૧ ધર્મનામ ક્લેશમાં પડું નહીં.

૩૫૨ તારા ધર્મ માટે રાજદ્વારે કેસ-case-(મુકરદમો) મુકું નહીં.
૩૫૩ બને ત્યાં સુધી રાજદ્વારે ચઢું નહીં.
૩૫૪ શ્રીમંતાવસ્થાએ વિ૦ શાળાદિ કરવું.
૩૫૫ નિર્ધનાવસ્થાનો શોક કરૂં નહીં.
૩૫૬ પર દુઃખે હર્ષ ધરૂં નહીં.
૩૫૭ પાપપર્વ સેવું નહીં.
૩૫૮ ધર્મિ સુયશી એક કૃત કરવાનો મનોર્થ ધરાવું છઉં.
૩૫૯ શુકલ એકાંતનું નિરંતર સેવન કરૂં છઉં.
૩૬૦ ઐક્ય નિયમને તોડું નહીં.
૩૬૧ તન, મન, ધન, વચન અને આત્મ સમર્પણ કરૂં છઉં.
૩૬૨ મિથ્યા પર દ્રવ્ય ત્યાગું છઉં,
૩૬૩ આરોગ્ય શયન ત્યાગું છઉં.
૩૬૪ આરોગ્ય દાન ત્યાગું છઉં.
૩૬૫ બુદ્ધિની વૃદ્ધિના નિયમો તજું નહીં.
૩૬૬ દાસત્વ પરમ લાભ ત્યાગું છઉં.
૩૬૭ ધર્મધુર્તતા ત્યાગું છઉં.
૩૬૮ માયાથી નિવર્તું છઉં.
૩૬૯ પાપમુક્ત મનોર્થ સ્મૃત કરૂં છઉં.
૩૭૦ વિદ્યાદાન દેતાં છલ ત્યાગું છઉં.
૩૭૧ સંતને સંકટ આપું નહીં.
૩૭૨ બે ભાવ રાખું નહીં.
૩૭૩ વસ્તુમાં સેળભેળ કરૂં નહીં.
૩૭૪ જીવહિંસક વ્યાપાર કરૂં નહીં.
૩૭૫ ધર્મ કર્ત્તવ્યમાં ઉત્સાહાદિનો ઉપયોગ કરીશ.
૩૭૬ આજીવિકા અર્થે સામાન્ય પાપ કરતાં પણ કંપતો જઇશ.
૩૭૭ ધર્મમિત્રમાં માયા રચું નહીં.
૩૭૮ ચતુર્વર્ણિ ધર્મ વ્યવહારમાં ભૂલીશ નહીં.
૩૭૯ સત્યવાદીને સહાયભૂત થઇશ.
૩૮૦ ધૂર્ત્તત્યાગને ત્યાગું છઉં.
૩૮૧ પ્રાણીપર કોપ કરવો નહીં.
૩૮૨ વસ્તુનું તત્ત્વ જાણવું.
૩૮૩ સ્તુતિ ભક્તિ નિત્ય કર્મ વિસર્જન કરૂં નહીં.
૩૮૪ અનર્થ પાપ કરૂં નહીં.
૩૮૫ આરંભોપાધિ ત્યાગું છઉં.
૩૮૬ કુસંગ ત્યાગું છઉં.
૩૮૭ મોહ ત્યાગું છઉં.
૩૮૮ દોષનું પ્રાયશ્ચિત કરીશ.
૩૮૯ પ્રાયશ્ચિતાદિકની વિસ્મૃતિ નહીં કરૂં.
૩૯૦ સઘળા કરતાં ધર્મવર્ગ પ્રિય માનીશ.
૩૯૧ તારો ધર્મ ત્રિકરણ શુદ્ધ સેવવામાં પ્રમાદ નહીં કરૂં.
૩૯૨ ત્રિદંડથી ખેદ માનું નહીં.
૩૯૩ મોહદૃષ્ટિથી નિરખું નહીં.
૩૯૪ હૃદયથી બીજું રૂપ રાખું નહીં
૩૯૫ સેવ્યની શુદ્ધ ભક્તિ કરૂં.
૩૯૬ નીતિથી ચાલું.
૩૯૭ તેં ત્યાગ કરાવેલી વસ્તુ ઉપયોગમાં લઉં નહીં.
૩૯૮ પાપથી જય કરી આનંદ માનું નહીં.
૩૯૯ પ્રતિજ્ઞા વ્રત તોડું નહીં.
૪૦૦ તત્ત્વજ્ઞાનમાં શંકિત થાઉં નહીં.

શોધનપત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫	૨૬	નિરૂપયોગી કરૂંછું—	નિરૂપયોગી પણ,
૫	૩૮	મનને	મનન
૬	૨૨	જો	જે
૭	૩૨	પ્રમથી	પ્રેમથી
૮	૨૩	પોતાનેમાટે ક્રોધથી	પોતાને માટે પરને માટે, ક્રોધથી
૮	૨૮	પામ્યા	યાચ્યા
૯	૩૮	જાણુતે	જાણુતો
૧૧	૫	લોપાદેશ	લેપાદેશ
૧૩	૨૪	પરમેશ્વર છે	પરમેશ્વર થાય છે
૧૪	૨૪	વાંચી જો	વાંચી જા
૧૫	૧૪	એ ધ્યાન	એ પણ ધ્યાન
૧૫	૧૫	નવાં	તેવાં
૧૫	૨૧	સમજાતું	સમજતું
૧૬	૮	બ્રહ્માવ્રતમાં	બ્રહ્મવ્રતમાં
૨૦	૧૧	એવી	એમ
૨૦	૩૧	મધુરી	માધુરી
૨૦	૩૫	તેની મોહિનીને	તેના મોહને
૨૧	૩૯	વિપનો	વિષયનો
૨૨	૯	સંસારી	સંસાર
૨૩	૨૨	તાત્પર્ય, એ	તાત્પર્ય કે એ
૨૯	૧૫	આ પરલોકનો	આલોકપરલોકને
૩૦	૧૬	કંણ	કંકણ
૩૧	૨૨	કરવાની	કરવાનો
૩૧	૩૭	સુખયુક્ત	સુસ્વરયુક્ત
૩૨	૨૮	એ મૂર્ખતા	એ કેવળ મૂર્ખતા
૩૨	૩૨	પદાર્થાથી	પદાર્થોથી
૩૪	૧૫	માથું	જરા માથું
૩૫	૪	મદોન્મત્ત	મહોન્મત્ત
૩૫	૨૬	અશુચિમયજ	અશુચિમય તે
૩૬	૨૫	ભોગવવાના	ભોગવવાનું આમંત્રણ કર્યું
૩૬	૨૮	કારણ	કારણરૂપ
૩૭	૩૫	આચરવું	આચરવો
૪૨	૨૧	જાતાં	જતાં
૪૪	૧૨	ધર્મની	ધર્મથી
૪૪	૧૩	” વધારી	વધારી ”
૪૭	૨૬	માટે થઇને	માટે આતુર થઇને
૪૭	૨૬	ભાટકે છે	ભટકે છે
૪૭	૨૬	વચનથી	વચનોથી
૪૭	૨૯	અંધો	અંધ
૪૭	૩૨	લેશ ભાન	લેશ પણ ભાન
૪૭	૩૩	દુઃખનો	દુઃખોનો
૪૭	૩૬	સમર્થ	તે સમર્થ
૪૭	૩૭	ભિન્ન પ્રકારે	ભિન્ન ભિન્ન પ્રકારે
૪૮	૧	કર્મવડે	કર્મોવડે
૪૮	૯	દઉં	દઉંછું
૪૮	૧૧	તે વડે	અને જેઓ તે વડે
૪૮	૧૯	નનાં	નાનાં
૪૮	૨૧	જેવાં	જેવા
૪૮	૩૮	ભાગવતાં	ભોગવતાં
૪૮	૩૯	મોહિની જનિત	મોહજનિત
૫૨	૪	ભવ	સર્વ
૫૪	૨	કુટુંબથા	કુટુંબથી
૫૫	૭	વર્ષ	માસ
૫૫	૧૩	કે	કે તે
૫૫	૨૮	પણ	આર્યદેશમાં પણ
૫૫	૩૫	વેદના	વેદની
૫૬	૮	આવી	આવીને
૫૬	૧૦	કેટલાં	કેટલાં બધાં
૫૮	૨૨	નારદે	પર્વતે
૫૯	૨૯	આંતરૂમાં	અંતરૂમાં
૬૦	૭	માયા વિયોગ	માયાવિયો
૬૦	૩૫	સર્પ	સર્વ
૬૨	૨૧	કર્યાં	કર્યો
૬૪	૨૧	સંબંધી વિશેષ	સંબંધી પછી વિશેષ
૬૪	૨૪	તે તે	તેને
૬૪	૩૬	ચંડાળણી	ચંડાળણીએ

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૬૫	૧	તેના	તેની
૬૬	૧૪	નિક્ષાખીને	નિરખીને
૬૬	૩૨	ઉવાઝઝાયણું	ઉવ્વઝાયાણું
૭૧	૨૦	રાજકુમાર	ગજસુકુમાર
૭૩	૬	શ્રાવસ્તિ	સાવત્થી
૭૬	૨૫	બધાંય	બધાય
૭૭	૫	નિરંતય	નિરંતર
૭૯	૨૦	મલિનના	મલિનતા
૮૦	૧	પરમાત્માતત્ત્વ	પરમાત્મતત્ત્વ
૮૨	૮	જએો	જેઓ
૮૩	૧૭	એક્ર૪	એક૪
૮૭	૫	દ્રોષનો	દોષનો
૮૭	૨૮	કટાળીને	કંટાળીને
૮૮	૩૨	શાસ્ત્રધ્યાન ગૃહસ્થાશ્રમે અભ્યાસ કરીનેજ છતાયછે. અભ્યાસ નિર્ગથતા-	શાસ્ત્રાધ્યયન અભ્યાસ કરીનેજ છતાય છે, એ અભ્યાસ નિર્ગ્રંથતા-
૮૯	૩૭	માં બહુ થઇ શકેછે છતાં સામાન્ય પ- રિચયકરવામાંગીએ	માં બહુ થઇ શકેછે છતાં ગૃહસ્થાશ્રમે સામાન્ય પરિચય કરવા માંગીએ
૯૦	૬	આત્માહિત	આત્મહિત
૯૦	૧૯	બ્રહ્મચારીએ	બ્રહ્મચારીએ
૯૦	૨૭	મેથુન	મૈથુન
૯૩	૧૯	(સંસ્થાન વિચય)	(સંસ્થાન વિચય)
૯૩	૨૯	સંસ્થાન વિચય	સંસ્થાન વિચય
૯૪	૨	સમ્યકત્વ સહ્રત	સમ્યક્ત્વ સહિત
૯૪	૬	આજ્ઞાનો	આજ્ઞા
૯૪	૧૩	ખપાવાએ	ખપાવીએ
૯૪	૨૨	વાચ આલંબન	વાચના આલંબન
૯૫	૨૧	શબ્દોનો	શબ્દનો
૯૫	૩૧	પયર્ટન	પર્યટન
૯૬	૧૫	મહાવિદહ	મહાવિદેહ
૯૬	૨૮	ઉંચ્ચગતિ	ઉચ્ચૈર્ગતિ
૯૭	૩	વરતુનું	વસ્તુનું
૯૭	૪	વરતુઓ	વસ્તુઓ
૯૮	૨૯	તત્ત્વાબોધ	તત્ત્વાવબોધ

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૧૦	૧૦	અનિવૃત્તિ બાદ ગુણ સ્થાનક	અનિવૃત્તિ બાદરગુણ-સ્થાનક
૧૧૧	૧૦	અપૂર્વ	અપૂર્ણ
૧૧૧	૧૬	જન	જૈન
૧૧૧	૨૯	બન્યે	બનાવ્યે
૧૧૧	૩૪	કેમ	કેમ
૧૧૪	૩	અલ્પાહારી	અલ્પહાસી
૧૧૫	૯	ન્યુધિકના	ન્યૂનાધિક
૧૧૭	૨૨	મારૂં	આ મારૂં
૧૧૭	૨૩	સહજ	સહજ સહજ
૧૧૮	૩૩	ન્યાયથી	ન્યાયની
૧૧૯	૩૨	બધન	બંધન
૧૨૦	૧૦	એમાંથી	પરંતુ એમાંથી
૧૨૦	૩૫	નિશ્ચય વાકયનો	નિશ્ચય વાણીનો
૧૨૧	૮	આયા	ઘણા
૧૨૧	૨૮	વિચાયો	વિચાર્યો
૧૨૩	૮	સત્પુરૂષોને	સત્પુરૂષોનો
૧૨૬	૪	શુદ્દ શુદ્દ	શુદ્દ
૧૨૭	૨૧	જ્ઞાતિના છે,	જ્ઞાતિનાછે, જન્મથી કવિ છે,
૧૨૮	૨૮	રૂચી	રૂચિ
૧૩૦	૩૭	દેખઇ	દેખાઈ
૧૩૨	૨	પછી	પાછી
૧૩૪	૧૧	એમ જજ	એમ જે
૧૩૬	૯	દેખાડવા	દેખાડયા અનંતવાર
૧૩૬	૯	કર્યે,	કર્યું,
૧૩૬	૩૯	લગાતું	લાગતું
૧૪૧	૨૯	ત્યાં ત્યાં	ત્યાં
૧૪૧	૨૦	ગૌણના તે	ગૌણતા છે;
૧૪૨	૨૩	આપણે આપને	આપને
૧૪૨	૨૬	કોઈ	કોઇ કોઈ
૧૪૮	૧૩	અનંતમાં	અનંતમા
૧૪૮	૧૯	લક્ષ્મી સંબંધી	લક્ષ્મી સંબંધી દુઃખ
૧૫૦	૨૦	તેમ છે;	તેમાં છે;
૧૫૦	૩૦	એને લઇને	એનેજ લઇને
૧૫૨	૧૯	ભૂમિયા	ભૂમિકા

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૫૨	૨૭	કાંઈક	કંઈક
૧૫૨	૩૩	જગત્ ને જીવથી	જગત્–જીવથી
૧૫૮	૪	ઈચ્છિ	ઇચ્છે
૧૫૯	૧૨	એવી દશા	એવી એની દશા
૧૫૯	૨૯	રંગનનું	રંગનું
૧૬૧	૨	એ	આજ
૧૬૭	૧૬	મંગળરૂપ છે	મંગળરૂપ માન્યાંછે
૧૬૭	૩૦	૬ બોમે	૫ બોમે
૧૬૮	૧૪	કયારેક	કયારેક કયારેક
૧૪૩	૧	વીરે	વીર
૧૭૦	૩૫	વિશેષની	વેદની વિશેષ
૧૭૪	૩૩	જણાવા યોગ્યછે	જણાવા યોગ્યછે. "ઇશ્વર" શબ્દના અર્થ માટે પૃષ્ટ ૬૦૩ જુઓ.–સંશોધક
૧૭૪	૩૪	અમુક	અમુક અમુક
૧૭૫	૩૫	ન કરવી	ન કરવી જોઇએ
૧૭૬	૩૦	શુદ ૧, શુક્ર,	શુદ ૧૧, શુક્ર,
૧૮૦	૩૨	આત્મ	આત્મા
૧૮૦	૩૩	'તુંહિ'	'તુંહિ તુંહિ'
૧૮૧	૧૦	આકાળમાંકોઇ આ કાળનો જન્મેલો આ ક્ષેત્રેથી મોક્ષે	આ કાળમાં કોઇ આ ક્ષેત્રેથી મોક્ષે
૧૮૧	૨૧	સિદ્ધ	સિદ્ધિ
૧૮૧	૨૭	શુદ, શોમ,	શુદ ૪, સોમ,
૧૮૨	૨૪	યોગ	યોગે
૧૮૫	૨૭	પુરૂષેનો યોગ)	પુરૂષોનો યોગ
૧૮૫	૩૦	પ્રાપ્ત થયેજ	પ્રાપ્ત થયેજ 'સત્' પ્રાપ્ત થાય છે.
૧૮૭	૮	અચળ પ્રેમ	અચળ પ્રેમે
૧૯૦	૫		મુંબઈ, ફાગણ શુદ ૪, શનિ ૧૯૪૭
૧૯૨	૪	સસ્પૃહ	સ્પૃહ
૧૯૩	૧૮	વૃત્તિને અનુસરી	વૃત્તિને ન અનુસરી
૧૯૭	૫	રસાભૂત	સારભૂત
૧૯૭	૧૭	સુગમ સુગોચર છે,	સુગમછે,સુગોચરછે,
૧૯૭	૨૯	એમ અસંખ્યાત	એમ સંખ્યાત અસંખ્યાત.
૧૯૭	૨૯	તે	તે જેવી.
૨૦૦	૧૩	ટળ્યો	ટળ્યે
૨૦૨	૨૭	તેથી	તેવી
૨૦૪	૧૩	આવવા,–	આવવાથી,–
૨૦૬	૩૨	એકે	એક
૨૦૭	૧૪	આપ યમ નિયમ સમય	યમ નિયમ સંજમ આપ
૨૦૭	૧૩	તૈપ	તપ
૨૧૦	૧૬	થોડ	થોડે
૨૧૦	૨૮	પણ અમને	પણ જેઓ અમને
૨૧૧	૧૩	વાદિ,	તે વાદિ
૨૧૧	૩૧	બાહ્ય	બ્રહ્મ
૨૧૫	૩૫	આ વસ્તુની	વસ્તુની
૨૧૬	૧૨	સ્વરૂપનો કેવળ	સ્વરૂપનો ત્યાગ કરે; અને એમ તો કોઈ કાળે બને નહીં કે, વસ્તુ પોતાના સ્વરૂપનો કેવળ
૨૧૬	૩૧	વળી	ઘણી
૨૧૭	૩૦	નવા	નાવ
૨૧૮	૩	એ પ્રાપ્ત	એ સમાધિ પ્રાપ્ત
૨૧૮	૧૧	ચોર;	ઓર;
૨૧૮	૧૯	વતે	વર્તે
૨૧૯	૨૩	આબાધાએ	અબાધાએ
૨૨૨	૬	રાગાદિ	શબ્દાદિ
૨૨૨	૧૩	વિષય	વિલય
૨૨૨	૧૩	છે આત્મભાન	છે જે આત્મભાન
૨૨૮	૧૬	થવાને	થવાનો
૨૨૮	૧૯	ઉપદેશ	ઉપદેશે
૨૨૮	૨૭	તેવી	તેવી તેવી
૨૩૦	૨૭	કારણણથી	કારણથી
૨૩૦	૩૪	'વિસાર સાગર'ના	'વિચાર સાગર'ના
૨૩૨	૧૩	સંબંધીને	સંબંધીનો
૨૩૨	૨૨	શિવાયના મુમુક્ષુ	શિવાયના બીજા જે મુમુક્ષુ
૨૩૨	૨૬	જેની	જેની જેની
૨૩૨	૩૧	તેનાં	તેનો

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૩૨	૩૩	કેરો	કરી
૨૩૨	૩૫	વિચારવા યોગ	વિચારવા યોગ્ય
૨૩૪	૨૬	લોકોને ન	લોકોને
૨૩૫	૧૮	વુઠ્યા	મુઠ્યા
૨૩૫	૨૩	અંગીકારવા	અંગીકાર કરવા
૨૩૬	૧	આત્મરૂપ	આત્મારૂપ
૨૩૬	૫	‘ દશ બોલે ’	તે ‘ દશ બોલ ’
૨૩૬	૫	હોય, તો	હોય, અથવા એક બોલ તેમાંનો પ્રાપ્ત હોય, તો
૨૩૬	૨૦	કામના દેખતાં	કામના પ્રત્યે દેખતાં
૨૩૭	૧૮	કૈવલ્ય પદ યુક્ત	કૈવલ્ય પદે યુક્ત
૨૩૭	૧૯	તેને ભમરી	તેને માટે ભમરી
૨૩૭	૨૪	અત્યત	અત્યંત
૨૩૮	૭	જીવે કરવી	જીવે એજ કરવી
૨૩૮	૧૫	એ	એવું
૨૩૯	૨૮	મનન કરવા યોગ્ય છે	મનન કરવા યોગ્ય છે. એ બેનું વિશેષપણું માનવું
૨૪૦	૧	મોટા	માઠા
૨૪૦	૨૧	વિનયાક	વિનયાદિ
૨૪૦	૨૨	શાસ્ત્રાભ્યાસ	સત્શાસ્ત્રાભ્યાસ
૨૪૪	૨૮	આ આ	આ
૨૪૫	૧૮	છે તે	તે
૨૪૫	૨૮	દેતો	દેતી
૨૪૮	૩૫	આત્માના પ્રતિબંધ સ્વરૂપ	આત્માર્થના પ્રતિબંધરૂપ
૨૫૦	૨૬	જીવતો	જીવનો
૨૫૧	૨૬	૨૭૭	૨૭૭[1]
૨૫૨	૭	પ્રવૃદ્ધિના	પ્રવૃત્તિના
૨૫૨	૨૪	કરવાં	કરવો
૨૫૨	૩૩	પ્રવૃત્તિ પૂર્વક	પૂર્વક પ્રવૃત્તિ
૨૫૨	૩૩	અમપ્રત્તતાને	અપ્રમત્તતાને
૨૫૪	૬	પ્રદેશો,	પ્રદેશી,
૨૫૫	૩૭	ક્ષેત્રનું	ક્ષેત્રોનું
૨૫૭	૧૧	જેમ	જેમ જેમ
૨૫૭	૨૨	જીવથી	જીવની
૨૫૯	૧૬	કોઈ	તે કોઈ
૨૫૯	૨૫	અતે	અને
૨૫૯	૩૮	દુઃખમાં	મુખમાં
૨૬૦	૯	અત્યંત	અત્યંત અત્યંત
૨૬૦	૧૨	એકવાર	એકતાર
૨૬૦	૨૬	દોષ	દ્વેષ
૨૬૩	૨૫	જ્ઞાનીમાં	જ્ઞાનીના
૨૬૫	૩	આ માને	આત્માને
૨૬૫	૩	અહોરાત્રમાં	અહોરાત્ર
૨૬૭	૧૨	શાલીભદ્ર	શાલીભદ્રને
૨૭૩	૧૫	પચ્ચખમિ	પચ્ચખામિ
૨૭૩	૩૫	આત્માદશા	આત્મદશા
૨૭૬	૧૨	આવ્યા બાધપણું	અવ્યાબાધપણું
૨૭૯	૨૧	અપર્યાપ્ત-સ્થિતિમાં	પર્યાપ્ત-સ્થિતિમાં
૨૭૯	૨૬	એકલા	એટલા
૨૮૦	૩૩	આત્મા વીર્ય તે	આત્મ વીર્યને
૨૮૩	૨	પ્રત્યક્ષ પુરૂષને	પ્રત્યક્ષ સર્વજ્ઞ પુરૂષને
૨૮૩	૨૯	એક	એક એક
૨૮૩	૩૪	વધતી આવો	વધતી
૨૮૭	૧૦	દેહના	દેહનો અને દેહના
૨૮૮	૧૫	છતે	છે તે
૨૮૮	૧૬	બનાવવાનો	બનવાનો
૨૮૯	૨૩	થયલો	થયેલો
૨૯૦	૧૪	વર્દ્ધમાનસ્વામીના	વર્દ્ધમાનસ્વામીની
૨૯૩	૨૦	અને પત્રમાં	અને આ પત્રમાં
૨૯૩	૩૩	રૂપ	રૂપ પરિણામ
૨૯૩	૩૪	વિચારમાં	વિચારને
૨૯૪	૩	અન્ય અન્યસ્વરૂપ	અન્યસ્વરૂપ
૨૯૪	૧૫	ગણીએ	નિત્ય ગણીએ
૨૯૪	૧૫	કર્માદિને	કર્માદિનો
૨૯૪	૨૦	થવાથી	થવી
૨૯૪	૨૪	જણાય	પણ જણાય
૨૯૪	૩૫	જીવન	જીવને
૨૯૪	૩૫	તથાપિ	તથાપિ તે
૨૯૫	૩૩	ક્ષમા ભાવ	ક્ષમાદિ ભાવ
૨૯૬	૨૧	બીજા	બીજા કોઇ
૨૯૬	૩૫	ઈશ્વરનો	ઈશ્વરને

પાનું.લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૯૭ ૧૮	અનુભવની	આ ભવની
૨૯૮ ૧૫	કોઇ	કોઇના
૨૯૮ ૧૯	વેદાદિ	દેહાદિ
૨૯૮ ૩૨	મને	મને પણ
૨૯૯ ૩૨	વદ	વદ ૬,
૩૦૨ ૪	મનુષ્યનાથી	મનુષ્ય પ્રાણી
૩૦૩ ૧	ભિપ્રાય કોઇથી '૨' બોલીના 'નથી.' એવો અ " સુધી ન જોઇએ.	
૩૦૩ ૨૦	'વક્તવ્ય'	'વક્તવ્ય' અને 'અવક્તવ્ય'
૩૦૪ ૬	અનંત	અનંત પર્યાય
૩૦૪ ૭	વિશેષી	તે વિશેષી
૩૦૪ ૮	અને	મને
૩૦૪ ૨૬	વશેષ	વિશેષ
૩૦૪ ૨૮	મને	ગયે
૩૦૪ ૩૮	નિવૃત્તિના	પ્રવૃત્તિના
૩૦૫ ૧૧	પરિણામી	પરિણમી
૩૦૫ ૧૩	ઘણા	ઘણા ઘણા
૩૦૬ ૨૩	આવજોગ	આત્મજોગ
૩૦૬ ૨૮	અનિત્યપણું,	અનિત્યપણું અસાર-પણું
૩૦૭ ૨૫	કરતાં	કરતાં કરતાં
૩૦૭ ૩૮	૧૫	૯૫
૩૦૮ ૩૫	હિતકર	હિતકારી
૩૦૮ ૩૭	સપીપ	સમીપ
૩૦૯ ૨	તેને	તે
૩૦૯ ૨૦	શુદ ૬,	શુદ ૫.
૩૦૯ ૩૬	વિરોધ	નિરોધ
૩૧૦ ૧૯	વિચારવાની	વિચારવાનની
૩૧૧ ૩૨	વિઘનું	વિઘનું ફળ;
૩૧૧ ૩૫	ને	તે ક્રિયાને
૩૧૨ ૧૭	સમ્ય દર્શનને	સમ્યગ્ દર્શનને
૩૧૨ ૨૦	વિભાવિ	વિભાવ
૩૧૨ ૨૦	એકૃપતા	ઐક્ય

પાનું.લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૧૩ ૨૫	પુરૂષો	પુરૂષો સર્વ
૩૧૫ ૨૨	વચનના	વચનમાં
૩૧૫ ૨૫	યોગ્ય છે,	યોગ્ય ગણાય છે,
૩૧૬ ૧૮	સ્વરૂપ પ્રાપ્તિના	સ્વસ્વરૂપપ્રાપ્તિના
૩૧૬ ૨૧	ભેદ	ભેદ જોવામાં
૩૧૯ ૧૩	૧૫	૧૩
૩૧૯ ૩૧	વાકયોને	વાકયોના
૩૨૦ ૨૩	વિશેષ	વિશેષ વિશેષ
૩૨૦ ૩૦	તે	તે જે
૩૨૦ ૩૨	વિપર્યાસ	વિપર્યાસપણે
૩૨૧ ૩૩	ક્યાં સુધી ?	ક્યાં સુધી હોય ?
૩૨૨ ૧૬	પ્રથમનો ભાગ વૃદ્ધિપત્રમાં છે માટે ત્યાંથી જોવું.	
૩૨૩ ૧૬	વારે	વાટે
૩૨૪ ૨	(સુંદર કહન ઐસો કોઊ શૂરવીર નાંહિ,	સુંદર કહત ઐસો સાધુ કોઉ શૂરવીર,
૩૨૪ ૩૫	તે છે	તેવાજ
૩૨૫ ૯	તેમ	નમ
૩૨૮ ૭	કાર્થનું	કાર્યનું
૩૨૯ ૨	૫	૬
૩૨૯ ૮	૫	૬
૩૨૯ ૧૭	ને	છે
૩૨૯ ૧૮	એના	એવા
૩૩૦ ૨૫	૧૧	૧૩
૩૩૦ ૩૨	૧૨	૧૩
૩૩૩ ૩૧	સમજાવો	સમજવો
૩૩૫ ૨૬	થવે	થવું
૩૩૬ ૧૨	કહ્યું છે	કહ્યું છે તે
૩૩૭ ૭	અવશ્ય આવવું	આવવું અવશ્ય
૩૩૭ ૨૪	તેથી	જેથી
૩૩૭ ૨૭	પરિક્ષીણ	અથવા પરિક્ષીણ
૩૩૮ ૬	વૈરાગ્ય ખેદરૂપથી કર્મબંધનો હેતુ	વૈરાગ્યરૂપ ખેદથી કર્મસંગની નિવૃત્તિ
૩૩૮ ૧૨	અબંધનપણું	અબંધવપણું
૩૩૮ ૧૬	મોહ અનંત	મોહ થવા યોગ્ય નથી,જે મોહ અનંત
૩૩૮ ૨૫	તે	તે મૃત્યુ

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૩૮	૨૭	આવતું	આવવું
૩૩૮	૨૯	અહિતકારીપણું	અહિતકારીપણું લાગ્યું
૩૩૯	૨૧	૫	૬
૩૪૦	૨	એ વિશેષ	એ વિચાર વિશેષ
૩૪૧	૧૦	અહનિશ	અહર્નિશ
૩૪૧	૧૯	‘સ્વધર્મ’	‘ સ્વધર્મ કહેવાય;
૩૪૨	૬	અવલંબ	અવલંબન
૩૪૪	૧૫	શકાય	શકાય નહીં;
૩૪૪	૧૯	નિરાવરણુ	નિરાવરણુપણું
૩૪૪	૨૫	શબ્દ	શબ્દને
૩૪૫	૨૨	(પુદ્દગલાસ્તિકાય)છે	(પુદ્દગલાસ્તિકાય) કહેવાય છે.
૩૪૬	૨૯	બાહ્ય ક્રિયાદિનાં	બાહ્ય ક્રિયાદિનો
૩૪૮	૬	યથાધર્મ	યથા ધર્મે
૩૪૯	૨૨	હતું	નથી
૩૪૯	૩૪	ભોગલવા જેવું કરતું	ભોગવવાના વિચા-રમાં પડતું,
૩૫૦	૧૦	આ	આયુષ્ય
૩૫૦	૨૧	જ્યાં સુધી	જ્યાં સુધીબને ત્યાંસુધી
૩૫૦	૩૦	અને નથી	અને તેથી
૩૫૦	૩૬	તેને	તેનું
૩૫૧	૧૦	અવકાશ	અવકાશ જ
૩૫૧	૨૩	અત્કૃષ્ટ	ઉત્કૃષ્ટ
૩૫૧	૩૪	મનુષ્યાપણું	મનુષ્યપણું
૩૫૪	૪	લય	ભય
૩૫૪	૩૨	આપે	આવે
૩૫૮	૧૩	હોય હોય	હોય
૩૫૮	૨૭	પોતાતું	પોતાનું
૩૫૯	૧૩	માતાર્થના	મતાર્થના
૩૫૯	૨૦	કહ્યું	રહ્યું
૩૫૯	૨૭	આવ્યાબાધ	અવ્યાબાધ
૩૫૯	૩૩	જેણે	જાણે
૩૫૯	૩૪	તેવી	તેથી
૩૬૧	૨૧	સમાજાવો	સમજાવો
૩૬૩	૨૦	ક્યાંશ્રી	ક્યાંથી
૩૬૪	૩૩	કોઇ	કોઈ
૩૬૫	૨૭	પ્રકારે	પ્રકારે છે તે પ્રકારે
૩૬૫	૩૫	રહેતું	કહેતું
૩૬૬	૨૯	થતો	થતો નથી
૩૬૬	૩૫	પોતાથી	પોતાની

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩૬૯	૭	તે	તેને
૩૭૨	૩૨	આત્મજ્ઞાન	આત્માથી
૩૭૪	૭	સવ	સર્વ
૩૭૪	૧૪	દર્શાનાદિ	દર્શનાદિ
૩૭૬	૧૨	સ્વરૂપથી	સ્વરૂપની
૩૭૭	૩૧	સદ્દગુરૂમાં	અસદ્દગુરૂમાં
૩૭૮	૧૬	હોમ	હોય
૩૭૮	૩૧	માને આત્મા	માને તેનો આત્મા
૩૭૯	૪	પૂર્વ	પૂર્વે
૩૭૯	૬	તેશ્રી	તેથી
૩૭૯	૧૫	કોઈ પોતે	કોઈ જીવો પોતે
૩૭૯	૨૬	જો	જો એ
૩૮૨	૩૦	પણુ	પણે
૩૮૩	૨૨	ફળને	પરને
૩૮૪	૧૨	જણુનાર	જાણુનાર
૩૮૪	૨૦	લયનું જ્ઞાન થાય નહીં.	દેહના લયનું જ્ઞાન જેના અનુભવમાં વર્ત્તે છે, તે તે દેહથી જુદો ન હોય તો કોઈપણ પ્રકારે દે-હની ઉત્પત્તિ અને લયનુંજ્ઞાનથાય નહીં.
૩૮૪	૨૮	માટે આવી	માટે અનુભવમાં આવી
૩૮૫	૩૮	વથી	નથી
૩૮૬	૪	તેનું	તેનું
૩૮૮	૬	અસંગપણુ	અસંગપણું
૩૮૮	૧૧	સમાધિ પર્યંત	સહજ સમાધિ પર્યંત
૩૯૦	૫	અસદ્દગુરૂવાદિકનું	સદ્દગુરૂવાદિકનું
૩૯૦	૧૫	તથા	તથારૂપ
૩૯૦	૩૧	વ્યવહાર હેતુ	વ્યવહાર વ્યવહારહેતુ
૩૯૦	૩૩	એતો	એનો
૩૯૧	૩૮	આત્માજ્ઞાન	આત્મજ્ઞાન
૩૯૨	૧૦	‘ હું દેહાદિ	શ્રી સદ્દગુરૂએ કહ્યોછે એવો નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો ! ‘ હું દેહાદિ
૩૯૫	૧	આશાતા	અશાતા
૩૯૫	૨૪	વાળી	વાળી આ
૩૯૫	૩૨	વિરોધ	વિશેષ
૩૯૬	૩૭	ઉપદેષ્ટા	ત્યાગી ઉપદેષ્ટા
૪૦૧	૩૩	શરી	શરીર
૪૦૨	૧૪	ગોશાલાના	ગોશાલાની

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૦૪	૧૨	તેનું	તેવું
૪૦૪	૩૩	કલ્યનાઓથી	કલ્પનાઓથી
૪૦૫	૧૬	ગૌતમસ્ત્રામીએ	ગૌતમસ્વામીએ
૪૦૬	૨૭	સાત્ર	સાવ
૪૦૭	૧૩	જગતપાદિ	જપ તપાદિ
૪૦૮	૩૭	જ્ઞાનની	જ્ઞાનથી
૪૧૦	૧૭	સત્પુરૂનો	સત્પુરૂષનો
૪૧૧	૬	આપવાથી	આપવાની
૪૧૨	૨૫	આત્મરૂપ ભાવે	આત્મસ્વભાવે
૪૨૦	૧૫	બાંધેલો	બોધેલો
૪૨૧	૧૯	પોતપણું	પોતાપણું
૪૨૨	૨૯	અદિ	અનાદિ
૪૨૨	૩૩	સિદ્ધિપદ	સિદ્ધપદ
૪૨૫	૧૬	માન કરે	માન ન કરે
૪૨૫	૨૭	ત્યાને	ત્યારે
૪૨૬	૨૩	આજ્ઞાન	અજ્ઞાન
૪૨૮	૯	આવ્યાબાધ	અવ્યાબાધ
૪૨૮	૬	એવો હું આત્મા	એવો આત્મા
૪૨૮	૭	અત્યંત નિર્મળ	અત્યંત
૪૨૮	૮	જે અબાદ્ય	અબાધ્ય
૪૨૮	૮	જે સર્વને	સર્વને જે
૪૨૮	૯	જે સર્વ ભાવને	સર્વ ભાવને
૪૨૮	૧૧	અનુત્પન્ન	તે આત્મા નિત્ય છે, અનુત્પન્ન
૪૨૮	૧૨	હોવાથી આત્મા નિત્ય છે.	હોવાથી.
૪૨૮	૧૪	માંડી	માંડીને
૪૨૮	૧૬	શુભાશુભ કર્મ આત્મા	શુભાશુભ કર્મની ઉત્પત્તિ થાય છે કર્મ સફળ હોવાથી તે શુભાશુભ કર્મ આત્મા
૪૨૮	૧૬	માટે ઉત્કૃષ્ટ	ઉત્કૃષ્ટ
૪૨૮	૧૭	અવશ્ય છે	માટે અવશ્ય છે.
૪૨૮	૧૯	તે સમ્યત્વ છે	તે કેવળજ્ઞાન છે તથારૂપ પ્રતીતિપણે પરિણામે તે સમ્યક્ત્વ છે.
૪૨૮	૧૯	તેને	તે
૪૨૮	૨૧	પ્રતીતિને	પ્રતીતિ

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૨૮	૨૨	ઉપશમ સમ્યક્ત્વ	ઉપશમ સમકીત
૪૨૮	૨૨	આત્માને આવરણ ઉદય	આવરણ આવ્યે ઉદય આવે ત્યારે આત્મા તે પ્રતીતિને પ્રતિતિથી
૪૨૮	૩૮	અશુભ	શુભ
૪૩૩	૭	બોલતું	બોલવું
૪૩૪	૭	પ્રકાકનાં	પ્રકારનાં
૪૩૫	૨૨	આદિકાળથી	અનાદિકાળથી
૪૩૭	૨૦	બો વાવ્યે	બોલાવ્યે
૪૩૭	૨૮	સાદાચરણ	સદાચરણ
૪૩૯	૧	મૂટતા	મૂઢતા
૪૩૯	૧૦	જૈન માને	જૈન માર્ગને
૪૩૯	૩૪	ભાંતિ	ભ્રાંતિ
૪૪૨	૯	દેહનું	દેહ
૪૪૩	૬	શરણ સહિત	શરણ રહિત
૪૪૩	૧૨	૩	૬
૪૪૩	૧૬	તોપણ	તો પણ ફરી
૪૪૫	૨૯	કહેવાને	કહેવાનો
૪૪૬	૨૯	પણ	પણ ઉપયોગ
૪૪૭	૨૯	આટલો	આટલો જ
૪૪૮	૩૮	છે; તથા	છે; આર્તધ્યાન છે; તથા
૪૪૮	૩૮	સ્વભાવ	સ્વભાવે પરિણમીને યથા અવસરે ફળ આપે છે. જેમ રોગાદિના કારણરૂપ કર્મબંધ પોતાનો જેવો સ્વભાવ
૪૪૯	૨૮	એક મનુષ્ય પ્રાણીનો	એક મનુષ્ય કોઈ એક મનુષ્ય પ્રાણીને
૪૫૦	૧૨	દિશાથી	કઇ દિશાથી
૪૫૦	૧૭	મહદ્ મહદ્	મહદ્
૪૫૨	૩૬	આશ્રમમાં	આશ્રયમાં
૪૫૩	૨૧	એકલી	કોઇ એકલી
૪૫૫	૭	મનુષ્યોની	મનુષ્યોથી
૪૫૬	૩૧	થયા છે.	થયા થાય છે,
૪૫૬	૩૮	કહ્યાં	કહ્યાં છે;
૪૬૧	૧૮	' તુ	' હું
૪૬૫	૨૪	રેખ:	રેખા
૪૬૫	૩૪	વ્ય	ચ
૪૬૬	૨૦	જેનો ધીર	જેનો એવો ધીર
૪૬૬	૯	ચરમ કારણ	ચરમ કરણ
૪૬૭	૧૧	મનને	મનનને

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૬૭	૨૫	આકારૂપ	આકાશરૂપ
૪૬૯	૩૦	દર્શનો પ્રયોગના	દર્શનોપયોગના
૪૭૦	૯	એકય ભાવ	ઐકય ભાવ
૪૭૧	૫	કર્મકળ	કર્મફળ
૪૭૧	૧૫	દિશાએમાં	દિશાઓમાં
૪૭૧	૧૭	રકંધ,	સ્કંધ,
૪૭૧	૨૦	અસત, એક	અસત્, એક,
૪૭૩	૧૦	પદાર્થ પ્રમોદરૂપ	પદાર્થ પ્રભેદરૂપ
૪૭૩	૧૪	થાવો	થયો
૪૭૫	૩	આત્મા સ્વરૂપ	આત્મસ્વરૂપ
૪૭૫	૧૬થી૧૭	નાદિથી થાય	(એ બે લીટીઓ બેવડી થઇ છે)
૪૭૬	૩	તે તે	તે
૪૭૯	૭	બહુ	બહુ બહુ
૪૮૩	૪	જેવામાં	જોવામાં
૪૮૩	૬	જોવાં	જેવાં
૪૮૫	૨૧	ઉલ્લાસિત વીર્યમાન	ઉલ્લાસિત વીર્યવાન
૪૮૭	૩૪	એક એક	એક એમ
૪૮૮	૧	અને બનતો	અને તજવો બનતો
૪૮૮	૧	વેદનાલાં	વેદવામાં
૪૯૩	૧૭	નવ કોટિએ	કોટિએ
૪૯૩	૨૩	આગાઉ	અગાઉ
૪૯૪	૩	ગુણ સ્થાનકો	ગુણ સ્થાનકના
૪૯૫	૮	રહયસ્ના	રહસ્યના
૪૯૬	૨૮	આત્માજનિત	આત્મજનિત
૫૦૦	૮	તેજલું	તેટલું
૫૦૧	૩૪	નિદ્રમાં	નિદ્રામાં
૫૦૨	૧૧	૧૩૭	૧૦૭
૫૦૪	૧૧	તો ગુણ	તે ગુણ
૫૦૪	૧૭	એનુકરણ	અનુકરણ
૫૦૪	૨૪	ગમે	ગમે તે
૫૦૬	૩૧	નીકથી	નીકળી
૫૦૬	૩૧	ગુણસ્રાનક	ગુણસ્થાનક
૫૦૭	૨૪	આત્માજ્ઞાન	આત્મજ્ઞાન
૫૧૦	૭	વણી ગોચર	વાણીગોચર
૫૧૧	૨	કરે	કહે
૫૧૧	૫	શ્વેતામ્બર કહે છે કે,	દિગમ્બર કહે છે કે,
૫૧૨	૭	જબર દસ્ત	જબરજસ્ત
૫૧૫	૮	ક્રોધ સ્વભાવના	ક્રોધ સ્વભાવતા
૫૧૫	૨૧	વર્ત્તે સમભાવ	વર્ત્તે તેજ સ્વભાવ
૫૧૬	૩૫	અટળ	એટલે

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫૧૭	૨	સત્પુરૂષો	સત્પુરૂષોને
૫૧૭	૧૦	સમજાવે	સમ ભાવે
૫૧૭	૨૫	૧૬૧	૫૬૧
૫૧૭	૩૨	સંક્કેશ અગ્નિરૂપે	સંકલેશ અગ્નિરૂપે
૫૧૮	૬	પડે તે જ્ઞાતા	વડે તે સાતા
૫૧૮	૧૪	વ્યવહાર	વ્યવહાર અને
૫૧૮	૩૨	અલ્ય	અલ્પ
૫૧૮	૩૭	થયા	થયા છે.
૫૧૯	૨	માંડલિક	માંડલિકના
૫૧૯	૩	ભોગ ન	ભોગ ભૂમ્યાદિનાં સ્થાન
૫૧૯	૪	એ તિ	એ નિઃસંદેહ છે. જ્ઞાતિ
૫૧૯	૪	સર્વેનો તે	સર્વેનો અનિત્ય અશાશ્વત
૫૧૯	૨૮	જય કર્યો	જય કર્યો તેમણે પરમ પદનો જય કર્યો
૫૨૦	૧૯	મનને	મનનને
૫૨૦	૨૬	સુસુમ	સુક્ષ્મ
૫૨૦	૨૭	દર્શનમાત્રથી	દર્શનમાત્રથી પણ
૫૨૦	૨૯	અવ્ય.બાધા	અવ્યાબાધ
૫૨૨	૩૫	આજે	આજે પણ
૫૨૪	૭	જે	જેથી જે
૫૨૪	૧૮	જ્ઞાનીવરણીયનો	જ્ઞાનાવરણીયનો
૫૨૬	૬	પછી	હવે પછી
૫૨૬	૨૮	અસંખ્યાત,	અસંખ્યાત
૫૨૭	૪	વર્દ્ધનરૂપ	વર્ત્તનારૂપ
૫૩૨	૧૦	બાહ્ય	બહ્ય
૫૩૩	૯	પ્રશસાપાત્ર	પ્રશંસાપાત્ર
૫૩૩	૩૪	છતાં	છતા
૫૩૩	૩૬	૬-૧-૧૯૦૦	૬-૭-૧૯૦૦
૫૩૪	૨૦	થય	થાય
૫૩૭	૭	દુભિક્ષ	દુર્ભિક્ષ
૫૩૭	૩૬	હમણાં	હલકા
૫૪૦	૧૩	હોવાં હોવાં	હોવાં,
૫૪૧	૩	કાયકલેક	કાય કલેશ
૫૪૧	૭	આત્મ	આત્મા
૫૪૪	૩૩	હેવાથી	હોવાથી

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૫૪૪	૨૯	સમ્યકત્વ	'અવગાઢ' સમ્યકૃત્વ
૫૪૬	૨૮	જિને	જિને તે
૫૪૮	૬	પ્રર્ત્તી	પ્રવર્ત્તી
૫૪૯	૩૩	પરર્ષિ	પરમર્ષિ
૫૫૩	૩	સ્વ–ઉપયોગાર્થે	કેવલ સ્વ–ઉપયોગાર્થે
૫૫૩	૭	બીજી	ત્રીજી
૫૫૩	૨૩	ના જ લેખ	ના લેખ
૫૫૩	૨૯	અર્ગે	અર્થે
૫૫૪	૨૩	નિણ્ય	નિર્ણય
૫૫૫	૨૬	ઉશી	ઉદ્દેશી
૫૫૬	૩૨	દેખાય ?	દેખાય ? "દુ:ખી હોય તે દુ:ખી અને સુખી હોય તે સુખી દેખાય."
૫૫૬	૩૫	વ્યાધિએ નથી.	વ્યાધિએ નથી. ઉપાધિએ નથી.
૫૫૭	૧	આપણને	આપણે
૫૫૭	૯	૩૨	૩૧
૫૫૭	૨૧	૪ થી	૪ થો
૫૫૭	૩૧	બારમેજ	બારમોજ
૫૫૮	૫	ભળી	ચાલી
૫૫૮	૧૬	જિન અવગાહના	નિજ અવગાહના
૫૫૯	૧૩	લક્ષણુરૂપ	લક્ષણરૂપ
૫૬૦	૪	કંઇક અનુભવ	કંઇકિચોકસઅનુભવ
૫૬૧	૫	ઇહિ	એહ
૫૬૧	૮	હૈં	હૈ
૫૬૧	૯	જિન બચન સો	સો જિન બચન
૫૬૧	૧૬	જહીં	નહીં
૫૬૧	૧૬	હૈ	હે
૫૬૧	૨૫	મૂકયો છે	મૂકયો નથી–મૂકયો છે
૫૬૧	૨૭	દુર્લભ જ	દુર્લભ તે દુર્લભ જ
૫૬૨	૧૨	તે દશા શાથી અવરાઈ?	મોટું આશ્ચર્ય છે કે નિર્વિકાર મનના મુમુક્ષુઓ જેના ચરણુની ભક્તિ-સેવા ઇચ્છે છે એવા પુરૂષને ઝાંઝવાના પાણી જેવી તે દશા શાથી અવરાઈ ?
૫૬૫	૩૬	પુર્નદિગ્ વિજય	પુનર્દિગ્વિજય
૫૬૬	૩૩	તેઆનું	તેઓનું
૫૬૯	૫	કુમ્મં	કમ્મં
૫૬૯	૫	ઘો	વ્વો
૫૭૦	૨	ધર્યું	ધૈર્યું
૫૭૨	૧૩	જેવામાં આવે	જેવામાં ન આવે
૫૭૬	૨૬	ખંડ	અખંડ
૫૭૮	૧૧	તેવું	તેનું
૫૭૮	૧૩	સિદ્ધ આત્મા લોકાલોક વ્યાપક	સિદ્ધઆત્મા લોકાલોક પ્રકાશક
૫૭૮	૧૪	ઘન	ધન
૫૭૯	૧	૧૩૫	૧૪૮
૫૭૯	૩	પૂર્વકાળે	પૂર્વકાળે તે
૫૭૯	૧૫	વિશેષત હેતુ	વિશેષ હેતુ
૫૭૯	૨૮	અંતકાળનું	અનંતકાળનું
૫૭૯	૩૫	અર્ય	અર્થે
૫૮૦	૧	તે	ને જ્ઞાન
૫૮૧	૩૧	વિરોધમાં	વિરોધનાં
૫૮૨	૨	બ્રહ્મચર્યનું	બ્રહ્મચર્યનું
૫૮૩	૧૦	જે જ્ઞાન રાહિત્ય ચાતમાપણું	જે જ્ઞાનરહિત આત્મપણું
૫૮૩	૩૭	આત્મત્માં	આત્મામાં
૫૮૩	૩૮	આનંતનું	અનંતનું
૫૮૩	૨૭	યોગ્ય પ્રકારે	યોગ્ય શા પ્રકારે
૫૮૪	૨૨	તે	તે તે
૫૮૬	૫	તન્મયાત્મકરૂપ	તન્મયાત્મ સ્વરૂપ
૫૮૮	૧૬	કાળ	આકાશાસ્તિકાય એક છે. કાળ
૫૮૮	૧૯	જિન	જિંદ
૫૯૨	૧૦	બીજદર્શન તત્વ વિચાર.	બીજાં દર્શન તત્વ-વિચાર.